શિષ્ટ, સુંદર અને સસ્તાં પુસ્તકો પ્રગટ કરતી

સાંજ પડે ત્યારે—

સાંજ તો રોજ પડે છે. સવાર ને રાત પણ રોજ થાય છે, પણ જીવનની સવાર, જીવનની બપોર, ને જીવનની સંધ્યા દરેક માણસને એક જ વાર આવે છે.

ને એ સાંજ પડે ત્યારે, જુની જુની વાતો, બચપણ ને યૌવનના બનાવો સંભારવા દરેકને ગમે છે. એમાંથી કંઇ ઔર મીઠાસ માણવા મળે છે.

પણ એ યાદદાસ્ત દાદ ન દે ત્યારે? એ મઝા વીંખાઇ જાય છે, સુંવાળું જાય છે. એવું ન થાય તે માટે

વેન્ગાર્ડના કેમેરાની મદદ લ્યો!

વેન્ગાર્ડના Ultra Modern સ્ટુડીઓમા દર વર્ષે એક ફોટો પડાવવાનો નિયમ કરો અને તમારા જીવનનું આલ્બમ બનાવો. જીવનની સંધ્યાએ તે તમને અતિ પ્રિય થઇ પડશે. તમારા—બાળકો—સંતાનો—તમારો વાડીવસ્તાર એ માટે હરહંમેશ તમારો પાડ માનશે.

ગમે તેવા નાના—ઝાંખા—પીળા અને રફ્ફાતલ ફોટા ઉપરથી પણ સુંદર એન્લાર્જમેન્ટ બનાવી આપીશું

કોઇપણ જાતના ફોટોગ્રાફી—એન્લાર્જમેન્ટ—પેન્ટીંગ—
નોવેલ્ટીઝ વગેરે માટે લખો, મળો યા ફોન કરો.

વેન્ગાર્ડ સ્ટુડીઓઝ: ૩૬૬, હોર્નબાગ, પોષ્ટ પાસે, મુંબઇ.
ફો. નં. ૨૫૬૮૭

...ચું પૂઠું દેશમાં	રૂપિયા ત્રણ	કાચું પૂઠું પરદેશમાં	શિલિંગ છ
...કું પૂઠું ,,	રૂપિયા ચાર	પાકું પૂઠું ,,	શિલિંગ આઠ

ગ્રાહક થવા માટે લખો:—

અંજલિ ગ્રંથમાળા • ડેન્સો હૉલ • કરાચી.

શિષ્ટ, સુંદર અને સસ્તાં પુસ્તકો પ્રગટ કરતી

અંજલિ ગ્રંથમાળા

જીવનમાં સંસ્કાર પૂરે અને નવયુગનો પ્રકાશ લાવે એવું ધ્યેયલક્ષી સાહિત્ય આપતી આ ગ્રંથમાળાના પુસ્તકોને તમારા કુટુંબમાં સ્થાન આપી માળાને વધુ સુંદર, સસ્તી અને સમૃદ્ધ બનાવો.

અમારો હેતુ

- સમાજ, ધર્મ અને રાષ્ટ્રની આજે નવરચના થઈ રહી છે તેમા અલ્પાંશે પણ ઉપયોગી થઈ શકે તેવું સાહિત્ય સહેલામા સહેલી અને આકર્ષક રીતે અત્યંત સસ્તા મૂલ્યે આપવાનો અમારો હેતુ છે.
- કેવળ મનરંજન અર્થે અમારાં પ્રકાશનો નથી. લોકોમા જે વાચનભૂખ ઉઘડી છે એનો ઉપયોગ લઈ એ દ્વારા સમાજને મુંઝવતા કૂટ પ્રશ્નો એમના ખ્યાલમાં લાવવાનો અમારો પ્રયત્ન છે.
- જીવનમા જે વિચારોની જરૂર પડે છે તે વિચારો અમે નવલકથા, નાટકો, વાર્તાઓ, સાહસકથાઓ જીવનચરિત્રો, પ્રવાસવર્ણનો, પત્રો ઇત્યાદિના રૂપમાં સહેલામાં સહેલી અને રસિક રીતે પ્રજા સમક્ષ મૂકીએ છીએ.

એક વિનંતિ

આ હેતુ અમે કેટલે અંશે પાર પાડી શકયા છીએ તે આપ અમારાં પ્રકાશનો ઉપરથી જ નક્કી કરો. માત્ર ત્રણ અને ચાર રૂપિયા જ લવાજમ છે. કંઈ નહિ તો આપ એક વર્ષ માટે ગ્રાહક બની એટલું જોખમ ખેડો અને જૂઓ કે આ પુસ્તકો, આજે પ્રગટ થતાં સેંકડો પુસ્તકો કરતાં જૂદાં પડે છે કે નહિ ? આપને લાગે કે આપના ઘરમાં આ પુસ્તકો સંઘરવા જેવાં છે, આપના કુમારોમાં સંસ્કારો મુકી જનારા છે, આપના જીવન-પ્રશ્નોમાં કંઈક મદદ કરી શકનારાં છે તો જ બીજે વરસે ગ્રાહક રહેજો.

ગ્રાહક થશો ?

ઉત્ક્રાંતિના વિચારો ફેલાવતું ઓછામાં ઓછું બારસો પાનાનું વાચન નીચેના લવાજમે ઘેર બેઠા મળી શકશે. લગભગ બધાં પુસ્તકો દ્વિરંગી મુખચિત્રવાળા હશે. છપાઈ સુંદર અને બાંધણી મજબૂત હશે.

કાચુ પૂઠું	દેશમા	રૂપિયા ત્રણ	કાચુ પૂઠું	પરદેશમા	શિલિંગ ૭
પાકું પૂઠું	,,	રૂપિયા ચાર	પાકું પૂઠું	,,	શિલિંગ આઠ

ગ્રાહક થવા માટે લખો:—

અંજલિ ગ્રંથમાળા • ડેન્સો હૉલ • કરાચી.

બીજા વર્ષનું પહેલું પુસ્તક

સંજીવની

(એક રાષ્ટ્રિય નવલકથા)

આ પુસ્તકની સાચી લોકપ્રિયતાનો ખ્યાલ તો છ મહિનામાં જ એની પહેલી આવૃત્તિ ખલાસ થવા આવી છે અને પ્રતિદિન ગ્રંથમાળાની ગ્રાહક સંખ્યા વધતી જાય છે તે ઉપરથી આવી શકશે, પણ જેમણે પુસ્તક જોયું નથી તેમને નીચેના અભિપ્રાયો ઉપરથી કંઇક ખ્યાલ આવી શકશે ધ્યેયલક્ષી સાહિત્યનો પ્રચાર ઇચ્છનારાઓ આ વાચીને જરૂર આનંદ પામશે અને બીજાને વંચાવ્યા વિના રહી શકશે જ નહિ

:: અભિપ્રાયો ::

પ્રવેશક

'લેખકે મને કહ્યું અને પુસ્તક વાચતા મને જણાયું કે લેખકનો ઉદ્દેશ સાહિત્યની ખાતર સાહિત્ય સર્જન કરવાનો નહિ પણ સવિનયભંગની લડત મોકુફ રહ્યા પછી આપણા સૈનિકોએ જે મનોવેદનાઓ ને હૃદયમંથનો અનુભવ્યા તેનું વર્ણન કરવાનો જ છે આ પુસ્તકમા જે સૈનિકોના ચિત્રો છે તે પૈકીના જ લેખક પોતે પણ છે એટલે સૈનિકોની આશાઓ, આકાંક્ષાઓ સંકલ્પો, મુશ્કેલીઓ ધર્મસંકટો વગેરેનું જે વર્ણન તેમણે કર્યું છે તે સંપૂર્ણરીતે સ્વાનુભવનુ છે પુસ્તકની ભાષા જોરદાર અને ભાવપૂર્ણ છે તથા શૈલી સીધી અને સરળ છે સેવાના વિવિધ ક્ષેત્રોમા પરોવાયેલા આપણા યુવક યુવતીઓને આ પુસ્તક બહુ પ્રેરણાદાયી અને નવીન ઉત્સાહ આપનારુ થઈ પડશે તેમા સંદેહ નથી

લડત ચાલુ જ છે એ ન ભૂલાવુ જોઇએ એ ધ્વનિ આખા પુસ્તકમા ગુંજી રહ્યો છે વિરોધો અને મુશ્કેલીઓનો, તેમ જ મરજીવા સેવા-વીરોની પોતાના સાથીઓ તથા કુટુંબીજનો પર પડતી અસરોના સાચા ચિત્રો આ પુસ્તકમા લેખકે સરળ અને આકર્ષક રીતે આલેખ્યા છે '

કિશોર

શ્રી નરહરિભાઇએ લખેલા પ્રવેશકમાથી ઉપરનો ફકરો છાપીને આ માસિક લખે છે "દરેક કુમારો અને યુવાનો આ પુસ્તક જરૂર વાચે "

જન્મભૂમિ

" નૈસર્ગિક પ્રવાહમા વહેતી એ સંપૂર્ણ વાર્તા છે વિચારસામગ્રીમા, પાત્રનિરૂપણમા નરી નૈસર્ગિકતા છે લેખકને જટીલ અથવા આકારી કશું જ કહેવાનુ નથી અમુક પરિસ્થિતિ વચ્ચે દેશસંગ્રામમાથી ફારગ થએલા યુવાનોની આંતરિક ઊર્મિધારાઓના જેટલા વહેનો હોઇ શકે તેટલા તેમણે કર્યા કરીએ તેવી સોહામણી વેગીલી શૈલીમા આલેખી બતાવ્યા છે

કેટલુ મધુર વાતાવરણ આખી વાર્તામા ફોરી રહ્યુ છે! જરીક ડંફાસ નથી એક બાળક બીજા બાળકોની વાતો જે લાલિત્યભરી સહજતાથી કરે તે જ સહજતાથી સોપાને સ્વાનુભાવોને નિર્વ્યાજ બાલભાવની વાણીમા ઉતાર્યા છે

ને એક પણ પાત્ર એમા દુષ્ટ villain of the peace—નથી કાન્તાનો પિતા અમુક માનસિક પરીવર્તન સેવે છે ને અનંતનો પિતા, 'એ બધુ ભાઇ, અમારે માટે તો આવતે ભવ!' કહી છુટો પડે છે બન્નેમા નિર્મલ તથ્ય છે, અનંતનો મરતી બા જોડેનો મેળાપ અતિ તીવ્ર છે એની બહેનો જોડેના વાર્તાલાપમા શી સરલ વેધકતા છે! જરીકવાર ડોકાઇ જતી ભાભીનુંય સંપૂર્ણ ચિત્ર છે, કાન્તાના રીઢા બનેલા સંસારી પિતાનું પણ પુત્રીપ્રેમી હૃદય બરાબર આલેખાયુ છે આખી કથાને જીવન્ત રાખતી નાની મોટી સામગ્રી અને વાતાવરણ તમામમા નિર્વ્યાજતા રેલાય છે, માનવતા પથરાય છે **સુરુઁ બનેલા યુવાન માનસને માટે આ કથા સંજીવની બનશે**

એમા છલોછલ પ્રચારશક્તિ છે છતા પ્રચારવેગની કલાહીનતા નથી, પાવનકારી માનવતા છે એમા એ એક નિર્દંભશૈલીએ આલેખાએલી કથા છે '

ગુજરાત :

આ જ લેખકના આગલા પુસ્તક "અંતરની વાતો"ની સમાલોચના 'ગુજરાત'ના જાન્યુઆરી અંકમા પ્રસિદ્ધ થઇ ગઈ છે એમા જ અમે લખેલુ કે "આ કૃતિના લેખક માત્ર શુષ્ક જીવનકથાકાર નથી, જડ ઇતિહાસકાર નથી પણ ઉચ્ચ આશા આપતા સાહિત્યકાર છે' આ એમના બીજા પુસ્તકથી અમારા એ કથનને પુષ્ટિ મળે છે નવલકથા કોને કહેવી એ મિથ્યા ચર્ચામા ઉતર્યા પછી પૂરી કર્યા સિવાય મૂકી

શકાય તેવી કથા નથી. આપણે ત્યાંનું અહિંસક યુદ્ધ અનેક રીતે જગતના ઈતિહાસમાં અપૂર્વ રહેશે એ વિષેના સર્વ પ્રકારના સાહિત્યના ગ્રંથો આવકારદાયક હોય જ. તેમાં વળી આ તો નવલકથાના પ્રકારમાં છે એટલે વાચકો ઘણા આનંદથી વાંચશે એવી ખાતરી રહે છે.

ગુણસુંદરી :

"...એમાં જે વસ્તુ અને વિચારમંથનો રજુ કરવામાં આવ્યાં છે તે તદ્દન વાસ્તવિક છે. અને વસ્તુના વિકાસના ચોક્કસ અંગો લેખકની કલ્પનાના પરિપાકરૂપ હોવા છતાં તે આપણી નજર સમક્ષ બની રહેલાં દેખાય છે...વસ્તુને લેખકે ઘણી જ કુશળતાથી વિકસાવ્યું છે અને યુવાનોના વિચારમંથનો એમાં સચોટ રીતે રજુ કર્યા છે. કાન્તાનું પાત્ર આલેખવામાં તો લેખકે કમાલ કરી છે અને એ પાત્રને છેવટ સુધી દૃઢ અને સંયમવાળું, ઉચ્ચ આદર્શોને વળગી રહેનારૂં ચિતરીને લેખકે નારીજીવનનો એક આદર્શ રજુ કર્યો છે આખીય નવલકથા આજના વાતાવરણનો તાદૃશ ચિતાર રજુ કરનારી હોઇ, રસિક છે અને એનો પ્રવાહ પણ અસ્ખલિત રીતે વહ્યા કરે છે."

પુસ્તકાલય :

"સ્વરાજ્યની લડત પછી અત્રે શું ચાલી રહ્યું છે તેમ જ ચુસ્તમાં ચુસ્ત સત્યાગ્રહીની પણ કેવી સ્થિતિ થાય છે અને મનોદશા સંજોગવશાત્ કેવી બદલાય છે તે અનંત અને કાન્તા વગેરેનાં પાત્રોથી બહુ સારી રીતે સમજાય છે. કાન્તાનું પાત્ર બહુ ચેતનવન્તું અને પ્રેરણાત્મક છે. એના સત્યાગ્રહ આગળ પિતાની દૃઢતા નિર્માલ્ય થઇ જાય છે અને અપત્યપ્રેમ તેમ જ આગ્રહની સત્યતા વેપારી દૃષ્ટિના પિતાને પોતાની ભૂલ દર્શાવી સ્વદેશસેવામાં અગ્રસ્થાને લાવે છે. સત્યાગ્રહમાં કેટલાંયે યુવક યુવતીઓ લગ્નનો લ્હાવો લેવા લલચાયાં છે અને પોતાનું ધ્યેય ભૂલી ગયાં છે. એ ધ્યેય ફલીભૂત ન થાય ત્યાં સુધી સ્વાર્થત્યાગ કેવો હોવો જોઇએ. એ કાન્તા, અનંત તથા વિનુભાઇનાં પાત્રો ઉપરથી સમજી શકાય છે. ધ્યેય ચુકનારી વ્યક્તિઓને પોતાના કર્તવ્યનું ભાન કેવી રીતે કરાવવું એ પણ અનંત અને કાન્તા દ્વારા લેખકે કહી બતાવ્યું છે.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની નવીન રચના જે અત્રે થોથી રહી છે તેમાં આ પુસ્તક બહુ ઉપયોગી થઇ પડશે. અંજલિ ગ્રંથમાળાના આ સાહસ માટે અમે એને અભિનંદન આપીએ છીએ."

લોકવાણી:

"એક ગ્રામસેવકની કથની સંજીવનીમાં રજૂ થાય છે. સંજીવનીના લેખક સોપાન સેવા કાર્ય કેટલું કઠન છે, સેવકસેવિકાઓને કેટલી મુશ્કીલનો નડે છે, એમને કેટલી નિરાશા સાંપડે છે, કૌટુંબિક પ્રશ્નો એમને કેવા મુંઝવી નાખે છે, દેશસેવા પહેલી કે કુટુંબસેવા પહેલી, દેશ ખાતર ફના થવું કે કરજમાં ડૂબેલા કુટુંબને ઉગારવું. નાનાં મોટાં ભાઇબ્હેનોને ભણાવવાં, પરણાવવાં, માતાપિતાની સેવા કરવી, ધંધો ધાપો કે નોકરી કરવી, એવા અનેક મહાપ્રશ્નો દેશસેવાની તમન્ના રાખનારને પણ ભૂતની માફક વળગે છે તેનો અચ્છો ચિતાર સંજીવનીદ્વારા આલેખવાનો સુપ્રયત્ન કરે છે.

લેખકે નવીન જ વસ્તુ વાંચક સમક્ષ રજુ કરવાનો ઇરાદો રાખ્યો છે. પ્રેમલા પ્રેમલીઓની વાતોથી વાંચકના મનને કલુષિત કરવા કરતાં આવી આદર્શો પોષતી નવલિકાઓ હાલના સમાજને વધારે ઉપયોગી થઇ પડે એમ સુવાચકને લાગ્યા વગર નહિ રહે.

સંજીવની દેશસેવાની ધગશ રાખનાર એક આત્માની મંથનકથા છે તે જેણે એવા મંથનો અનુભવ્યા છે તે સૌને પોતાની મંથનકથા હોય એમ લાગે છે.

બે ઘડી મોજ :

'સાહિત્યના સૂર'માં લખતા શ્રી. મેઘાણી લખે છે:

'**સંજીવની**' નામની એક તાજેતરમાં પ્રગટ થયેલ નવલના લેખકને જૂના—નવાની હાસ્યજનકતા નથી વ્હોરવી પડી. એ નવીન લેખક છે: નવદૃષ્ટિવાળા લેખક છે. એમનો વાર્તાપ્રદેશ અત્યારના સમય પૂરતો, ગ્રામસેવા કરી રહેલ સત્યાગ્રહ સંગ્રામના સૈનિકોની મનોવ્યથાઓ દોરવા પૂરતો જ પરિમિત છતાં, એમણે કેટલુંક સુંદર પૃથક્કરણ નીપજાવ્યું છે. કેમકે એને 'આ નવીન—આ જૂનું' વાળું ભૂત વળગ્યું નથી જણાયું. એની દૃષ્ટિ ચિરકાલમાં રમે છે.

મોડર્ન રીવ્યુ :

"સવિનય ભંગની લડત મોકુફ રહ્યા પછી, એ લડતમા ભાગ લેનારની સામે કુટુંબજીવન અને ગૃહજીવનના પ્રશ્નો ઉભા થયા. જેલમાંથી છૂટીને આવેલા યુવાનોએ ભારતવર્ષની સેવામાં જ જીવન વિતાવવા અર્થે જે જીવનમાર્ગ નક્કી કર્યો તેમાં માતાપિતા પત્ની અને મિત્રો પ્રત્યેની ફરજ મુંઝવણરૂપ થઇ પડી. શું તેણે કુટુંબના ઋણની અવગણના કરીને તેના પિતાને કરજ ભરવામાં મદદ ન કરવી? અથવા તો તેણે એ વિષે નિશ્ચિંત બનીને કુટુંબને તેમના નસીબ ઉપર છોડી મૂકવું? આ અને બીજા આવા જ કોયડાઓ વાર્તારૂપે ચર્ચવામાં આવ્યા છે. શ્રી નરહરિ પરીખની પ્રસ્તાવનામાં આખી વાર્તાનો ખ્યાલ આવી જાય છે. સારી અને સરસ બંધાને લીધે પુસ્તક વધારે આકર્ષક બન્યું છે.

બીજા વર્ષનું પહેલું પુસ્તક

સં જી વ ની

(એક રાષ્ટ્રિય નવલકથા)

આ પુસ્તકની સાચી લોકપ્રિયતાનો ખ્યાલ તો છ મહિનામાં જ એની પહેલી આવૃત્તિ ખલાસ થવા આવી છે અને પ્રતિદિન ગ્રંથમાળાની ગ્રાહક સંખ્યા વધતી જાય છે તે ઉપરથી આવી શકશે; પણ જેમણે પુસ્તક જોયું નથી તેમને નીચેના અભિપ્રાયો ઉપરથી કંઇક ખ્યાલ આવી શકશે. ધ્યેયલક્ષી સાહિત્યનો પ્રચાર ઇચ્છનારાઓ આ વાંચીને જરૂર આનંદ પામશે અને બીજાને વંચાવ્યા વિના રહી શકશે જ નહિ.

:: અભિપ્રાયો ::

પ્રવેશક :

"લેખકે મને કહ્યુ અને પુસ્તક વાચતા મને જણાયુ કે લેખકનો ઉદ્દેશ સાહિત્યની ખાતર સાહિત્ય સર્જન કરવાનો નહિ પણ સવિનયભંગની લડત મોકુફ રહ્યા પછી આપણા સૈનિકોએ જે મનોવેદનાઓ ને હૃદયમથનો અનુભવ્યા તેનુ વર્ણન કરવાનો જ છે આ પુસ્તકમા જે સૈનિકોના ચિત્રો છે તે પૈકીના જ લેખક પોતે પણ છે એટલે સૈનિકોની આશાઓ, આકાક્ષાઓ, સકલ્પો, મુશ્કેલીઓ, ધર્મસકટો વગેરેનું જે વર્ણન તેમણે કર્યું છે તે સપૂર્ણરીતે સ્વાનુભવનુ છે. પુસ્તકની ભાષા જોરદાર અને ભાવપૂર્ણ છે તથા શૈલી સીધી અને સરળ છે. સેવાના વિવિધ ક્ષેત્રોમા પરોવાયેલા આપણા યુવક યુવતીઓને આ પુસ્તક બહુ પ્રેરણાદાયી અને નવીન ઉત્સાહ આપનારુ થઈ પડશે તેમા સદેહ નથી.

. લડત ચાલુ જ છે એ ન ભૂલાવુ જોઇએ એ ધ્વનિ આખા પુસ્તકમા ગુજી રહ્યો છે વિરોધો અને મુશ્કેલીઓનો, તેમ જ મરણિયા સેવા–વીરોની પોતાના સાથીઓ તથા કુટુબીજનો પર પડતી અસરોના સાચા ચિત્રો આ પુસ્તકમા લેખકે સરળ અને આકર્ષક રીતે આલેખ્યા છે."

કુમાર :

મુ. નરહરિભાઇએ લખેલા પ્રવેશકમાથી ઉપરનો ફકરો છાપીને આ માસિક લખે છે "દરેક કુમારો અને યુવાનો આ પુસ્તક જરૂર વાચે."

જન્મભૂમિ :

". નૈસર્ગિક પ્રવાહમા વહેતી એ સપૂર્ણ વાર્તા છે. વિચારસામગ્રીમા, પાત્રનિરૂપણમા નરી નૈસર્ગિક્તા છે. લેખકને જટીલ અથવા આકારી કશુ જ કહેવાનું નથી. અમુક પરિસ્થિતિ વચ્ચે દેશસગ્રામમાથી ફારગ થએલા યુવાનોની આતરિક ઊર્મિધારાઓના જેટલા વહેનો હોઇ શકે તેટલા તેમણે ઇર્ષ્યા કરીએ તેવી સોહામણી વેગીલી શૈલીમા આલેખી બતાવ્યા છે.

કેટલુ મધુર વાતાવરણ આખી વાર્તામા ફોરી રહ્યુ છે! જરીક ડફાસ નથી. એક બાલક બીજા બાલકોની વાતો જે લાલિત્યભરી સહજતાથી કરે તે જ સહજતાથી સોપાને સ્વાનુભાવોને નિર્વ્યાજ બાલભાવની વાણીમા ઉતાર્યા છે

ને એક પણ પાત્ર એમા દુષ્ટ–villain of the peace–નથી. કાન્તાનો પિતા અમુક માનસિક પરીવર્તન સેવે છે. ને અનતનો પિતા, 'એ બધુ ભાઇ, અમારે માટે તો આવતે ભવ!' કહી છુટો પડે છે. બન્નેમા નિર્મલ તર્પણ છે, અનતનો મરતી બા જોડેનો મેળાપ અતિ તીવ્ર છે. એની બહેનો જોડેના વાર્તાલાપમા શી સરલ વેધક્તા છે! જરીકવાર ઊંડાઇ જતી ભાભીનુય સપૂર્ણ ચિત્ર છે, કાન્તાના રીઢા બનેલા સસારી પિતાનું પણ પુત્રીપ્રેમી હૃદય બરાબર આલેખાયુ છે. આખી કથાને જીવન્ત રાખતી નાની મોટી સામગ્રી અને વાતાવરણ તમામમા નિર્વ્યાજતા રેલાય છે, માનવતા પથરાય છે. **સુંદું બનેલા યુવાન માનસને માટે આ કથા સંજીવની બનશે.**

એમા છલોછલ પ્રચારશક્તિ છે. છતા પ્રચારવેડાની કલાહીનતા નથી, પાવનકારી માનવતા છે એમા. એ એક નિર્દંભશૈલીએ આલેખાએલી કથા છે."

ગુજરાત :

આ જ લેખકના આગલા પુસ્તક "અતરની વાતો"ની સમાલોચના 'ગુજરાત'ના જાન્યુઆરી અકમા પ્રસિદ્ધ થઇ ગઈ છે. એમા જ અમે લખેલું કે "આ કૃતિના લેખક માત્ર શુષ્ક જીવનકથાકાર નથી, જડ ઇતિહાસકાર નથી પણ ઉચ્ચ આશા આપતા સાહિત્યકાર છે " આ એમના બીજા પુસ્તકથી અમારા એ કથનને પુષ્ટિ મળે છે નવલકથા કોને કહેવી એ મિથ્યા ચર્ચામા ઊતર્યા પછી પૂરી કર્યા સિવાય મૂકી

શકાય તેવી કથા નથી. આપણે ત્યાંનું અહિંસક યુદ્ધ અનેક રીતે જગતના ઈતિહાસમાં અપૂર્વ રહેશે એ વિષેના સર્વ પ્રકારના સાહિત્યના ગ્રંથો આવકારદાયક હોય જ. તેમાં વળી આ તો નવલકથાના પ્રકારમાં છે એટલે વાચકો ઘણા આનંદથી વાંચશે એવી ખાતરી રહે છે

ગુણસુંદરી :

" ..એમાં જે વસ્તુ અને વિચારમંથનો રજુ કરવામાં આવ્યા છે તે તદ્દન વાસ્તવિક છે. અને વસ્તુના વિકાસના ચોક્કસ અંગો લેખકની કલ્પનાના પરિપાકરૂપ હોવા છતાં તે આપણી નજર સમક્ષ બની રહેલા દેખાય છે ..વસ્તુને લેખકે ઘણી જ કુશળતાથી વિકસાવ્યુ છે અને યુવાનોના વિચારમંથનો એમાં સચોટ રીતે રજુ કર્યાં છે. કાન્તાનુ પાત્ર આલેખવામાં તો લેખકે કમાલ કરી છે અને એ પાત્રને છેવટ સુધી દૃઢ અને સંયમવાળુ, ઉચ્ચ આદર્શોને વળગી રહેનારૂં ચિતરીને લેખકે નારીજીવનનો એક આદર્શ રજુ કર્યો છે આખીય નવલકથા આજના વાતાવરણનો તાદૃશ ચિતાર રજુ કરનારી હોઇ, રસિક છે અને એનો પ્રવાહ પણ અસ્ખલિત રીતે વહ્યા કરે છે. "

પુસ્તકાલય :

" સ્વરાજ્યની લડત પછી અત્રે શું ચાલી રહ્યુ છે તેમ જ ચુસ્તમાં ચુસ્ત સત્યાગ્રહીની પણ કેવી સ્થિતિ થાય છે અને મનોદશા સંજોગવશાત્ કેવી બદલાય છે તે અનંત અને કાન્તા વગેરેના પાત્રોથી બહુ સારી રીતે સમજાય છે. કાન્તાનું પાત્ર બહુ ચેતનવન્તુ અને પ્રેરણાત્મક છે. એના સત્યાગ્રહ આગળ પિતાની દૃઢતા નિર્માલ્ય થઇ જાય છે અને અપત્યપ્રેમ તેમ જ આગ્રહની સત્યતા વેપારી દૃષ્ટિના પિતાને પોતાની ભૂલ દર્શાવી સ્વદેશસેવામાં અગ્રસ્થાને લાવે છે. સત્યાગ્રહમાં કેટલાયે યુવક યુવતીઓ લગ્નનો લ્હાવો લેવા લલચાયા છે અને પોતાનું ધ્યેય ભૂલી ગયા છે. એ ધ્યેય ફલીભૂત ન થાય ત્યાં સુધી સ્વાર્થત્યાગ કેવો હોવો જોઇએ એ કાન્તા, અનંત તથા દિનુભાઇના પાત્રો ઉપરથી સમજી શકાય છે. ધ્યેય ચુકનારી વ્યક્તિઓને પોતાના કર્તવ્યનુ ભાન કેવી રીતે કરાવવુ એ પણ અનંત અને કાન્તા દ્વારા લેખકે કહી બતાવ્યુ છે

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની નવીન રચના જે અત્રે ચોલી રહી છે તેમાં આ પુસ્તક બહુ ઉપયોગી થઇ પડશે. અંજલિ મંથમાળાના આ સાહસ માટે અમે એને અભિનંદન આપીએ છીએ. "

લોકવાણી:

"એક ગ્રામસેવકની કથની સંજીવનીમાં રજૂ થાય છે. સંજીવનીના લેખક સોપાન સેવા કાર્ય કરતું નંદન છે, સેવકસેવિકાઓને કેટલી મુશ્કેલીઓનો નડે છે, જેમને કેટલી નિરાશા સાંપડે છે, કૌટુંબિક પ્રશ્નો એમને કેવા મુંઝવી નાખે છે, દેશસેવા પહેલી કે કુટુંબસેવા પહેલી, દેશ ખાતર ફના થવું કે કરજમાં ડુબેલા કુટુંબને ઉગારવું નાના મોટા ભાઇબ્હેનોને ભણાવવા, પરણાવવા, માતાપિતાની સેવા કરવી, ધંધો ધાપો કે નોકરી કરવી, એવા અનેક મહાપ્રશ્નો દેશસેવાની તમન્ના રાખનારને પણ ભૂતની માફક વળગે છે તેનો અચ્છો ચિતાર સંજીવનીદ્વારા આલેખવાનો સુપ્રયત્ન કરે છે.

લેખકે નવીજ વસ્તુ વાચક સમક્ષ રજુ કરવાનો ઇરાદો રાખ્યો છે. પ્રેમલા પ્રેમલીઓની વાતોથી વાચકના મનને કલુષિત કરવા કરતાં આવી આદર્શો પોષતી નવલિકાઓ હાલના સમાજને વધારે ઉપયોગી થઇ પડે એમ સુવાચકને લાગ્યા વગર નહિ રહે

સંજીવની દેશસેવાની ધગશ રાખનાર એક આત્માની મંથનકથા છે તે જેણે એવા મંથનો અનુભવ્યા છે તે સૌને પોતાની મંથનકથા હોય એમ લાગે છે.

બે ઘડી મોજ :

' સાહિત્યના સૂર 'માં લખતા શ્રી. મેઘાણી લખે છે

' સંજીવની ' નામની એક તાજેતરમાં પ્રગટ થયેલ નવલના લેખકને જૂના—નવાની હાસ્યજનકતા નથી વ્હોરવી પડી. એ નવીન લેખક છે' નવદૃષ્ટિવાળા લેખક છે. એમનો વાર્તાપ્રદેશ અત્યારના સમય પૂરતો, ગ્રામ સેવા કરી રહેલ સત્યાગ્રહ સંગ્રામના સૈનિકોની મનોવ્યથાઓ દોરવા પૂરતો જ પરિમિત છતાં, એમણે કેટલુક સુંદર પૃથકરણ નીપજાવ્યુ છે. કમકે એને ' આ નવીન–આ જૂનું ' વાળુ ભૂત વળગ્યુ નથી જણાયું. એની દૃષ્ટિ ચિરકાલમાં રમે છે.

મોડર્ન રીવ્યુ :

"સવિનય ભંગની લડત મોકુફ રહ્યા પછી, એ લડતમાં ભાગ લેનારની સામે કુટુંબજીવન અને ગૃહજીવનના પ્રશ્નો ઉભા થયા. જેલમાંથી છૂટીને આવેલા જુવાનોએ ભારતવર્ષની સેવામાં જ જીવન વિતાવવા અર્થે જે જીવનમાર્ગ નક્કી કર્યો તેમાં માતાપિતા પત્ની અને મિત્રો પ્રત્યેની ફરજ મુંઝવણરૂપ થઇ પડી. શું તેણે કુટુંબના ઋણની અવગણના કરીને તેના પિતાને કરજ ભરવામાં મદદ ન કરવી ? અથવા તો તેણે એ વિષે નિશ્ચિંત બનીને કુટુંબને તેમના નસીબ ઉપર છોડી મૂકવું ? આ અને બીજા અગત્યના કોયડાઓ વાર્તારૂપે ચર્ચવામાં આવ્યા છે શ્રી નરહરિ પરીખની પ્રસ્તાવનામાં અખી વાર્તાનો ખ્યાલ આવી જાય છે. સાદી અને સરળ ભાષાને લીધે પુસ્તક વધારે આકર્ષક બન્યુ છે

પશ્ચિમની કલાકૃતિઓ: લેખક · રામચંદ્ર દામોદર શુક્લ

આ પુસ્તકમાં રશિયન, ફ્રેંચ અને બ્રિટીશ નવલિકાઓનાં અને ગાલ્સવર્ધીનાં નાટકનું ભાષાંતર છે. લેખક કહે છે. "રૂપાંતર કે અનુવાદમાં કૃતિની સાચી કલાનો આપણને ખ્યાલ આવતો નથી તેથી મેં શુદ્ધ ભાષાન્તર કરેલા છે અને શક્ય એટલો રસ જાળવવાનો યત્ન કરેલો છે એ કૃતિઓમાં મને જે રસ પડેલો છે એ જ આનંદનો અન્ય પણ આસ્વાદ લે એ આમાં હેતુ છે."

પ્રાયશ્ચિત્ત લેખક : સોપાન (દીવાળી ઉપર પ્રગટ થશે)

આ વાર્તાની સવિતા માત્ર મારી કલ્પનાનું સર્જન નથી. વાચનારને તો કદાચ એવું લાગશે. સાચી સવિતા આજે આ દુનિયામા નથી. મે આમા ચિતરી છે એવી જ એ નહોતી, પણ ભાગ્યયોગે અંત્યજને ત્યા જન્મી એક સુખી સવર્ણ કુટુંબમા ઉછરી હતી અને સોળ વર્ષની થઈ ત્યા સુધી એ સવર્ણ હતી, પ્રતિષ્ઠિત હતી, એક પ્રસગે એની ઓળખાણ આપી અને ક્ષણ માત્રમા એ અસ્પૃશ્ય બની ગઈ..ત્યાર પછી એ જીવી શકી નહિ આ સત્ય ઘટના ઉપર મેં કલ્પનાના નહિ કે તરગોના-મિનારા ચણ્યા છે વાચનારને એ કેવું લાગશે તે હું કેમ કહી શકું? હું એટલું જાણુ છું કે આના છાપેલા પાનાઓએ ઘણાને રડાવ્યા છે અને જેમને વાકયો સાથે ઓછો સંબધ છે અને અક્ષરો સાથેજ માત્ર ઓળખાણ છે તે કંપોઝીટરો પણ સવિતાની કથા ગોઠવતા ગળગળા થયા છે મારી પોતાની દશા પણ આ વાર્તા લખતા એવી જ થઈ છે.

મેં આ નવલકથા શા માટે લખી છે, એવો મને પ્રશ્ન થાય છે. વાચનારને પણ કદાચ થાય. પૂ. બાપુએ આખો ન આપી હોત તો હું કદાચ આનુ ન જોઇ શકત અને તો પછી લખી પણ ન શકત. એટલે આનો હેતુ તો અસ્પૃશ્યતા નિવારણના મહાકાર્યમા નમ્રભાવે સાથ આપવાનો છે, પણ એવું લખતા મને પારાવાર સંકોચ થાય છે, કારણકે જે પ્રશ્ન દુનિયાભરના મોટામા મોટા માણસને યજ્ઞવેદી ઉપર ચડી જવા પ્રેરે છે અને જેની પ્રેરણાથી ધર્મશુદ્ધિનો મહાન યજ્ઞ મડાયો છે ત્યા શાહીથી ચિતરેલી આ ચોપડીની શી કિંમત? પણ આ લખતા જે મનોભાવ મેં સેવ્યા છે તે વાચનાર પણ સેવી શકે એટલું જોર આમા હશે તો આની પ્રસિદ્ધિ નકામી નહિ જાય." [પ્રસ્તાવનામાંથી

પહેલાં વર્ષનાં પ્રકાશનો

પલટાતાં તેજ ઈન્દુલાલ ગાંધી
પાચ સામાજીક નાટકો

પ્રતિબિંબ ચંદુલાલ ત્રિવેદી
કુટુંબજીવનની સાત વાર્તાઓ

દરિયાના મામલા ચારુદત્ત
ભૂગોળ શીખવતી સાહસકથા

અંતરની વાતો સોપાન
ત્રણ સૈનિકોની જીવનકથા (જપ્ત થયુ છે)

વેરાનમાં ઝવેરચંદ મેઘાણી
માનવતાનું દર્શન કરાવતાં જીવનચિત્રો

કાળાપાણીને પેલેપાર રામનારાયણ ના. પાઠક
બ્રહ્મદેશનું પ્રવાસવર્ણન

ધૂપદાની વિનોદરાય ભટ્ટ
દસ સામાજીક વાર્તાઓ

આ સાત પુસ્તકોમાથી 'અંતરની વાતો' તો મળી શકે એમ નથી બાકીનાં છ પુસ્તકો, આપ પહેલા વર્ષના ગ્રાહક થાઓ તો ઘેર બેઠાં કાચાં પૂઠાંના રૂા. સવા બેમાં અને પાકા પૂઠાના રૂા. ત્રણમાં મળી શકશે

: ગ્રંથમાળાના ગ્રાહક બની આ નવીન સાહિત્યનો પરિચય કરો :

મળવાનાં મુખ્ય સ્થળો

અંજલિ ગ્રંથમાળા
ઇન્સોહોલ–કરાંચી

નૂતન સાહિત્ય ભંડાર
રમકડાં મારકેટ–અમદાવાદ

શ્રી સૂર્યપ્રકાશ પ્રિ. પ્રેસ, અમદાવાદ.

સૌને માટે
તાકાત–તાજગીથી ભરપૂર
લહેજતદાર

ઝંડુ દ્રાક્ષાસવ

— વિના વિલંબે —
વાપરવા માંડો

ખાસ સ્ત્રીઓને માટે
તન્દુરસ્તી–તાકાતથી ભરપૂર
સ્ત્રીઓની નબળાઇમાં
આબાદ અસર કરનાર

ઝંડુ અશોકારિષ્ટ

પ્રદરાદિ રોગોનો
અકસીર ઇલાજ
દરેક ઘરમાં હોવો જોઇએ

મેલેરીઆને મારી હટાવનાર

ઝંડુ મેલેરીઆ મિક્શ્ચર

ટાઢીયા તાવની રામબાણ દવા
એકવાર અજમાવી જુવો

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ લી. પો. બો. નં. ૫૫૧૩ મુંબઇ નં. ૧૪
સિંધના સોલ એજંટઃ ડાહ્યાલાલ બ્રધર્સ. સ્વામીનારાયણ બીલ્ડીંગ, બંદર રોડ, કરાચી.
○ આયુર્વેદિક દવાઓનું સૂચીપત્ર આજેજ મંગાવો ○

ડૉ. રવિશંકર ગણેશજી અંજારીકૃત પુસ્તકો

૧૯૩૭ ના માર્ચ આખર સુધીમા ખરીદનારને નીચેની ખાસ ઘટાડેલી કિંમતે આપવામાં આવશે .

	મૂળ કિંમત	ઘટાડેલી કિંમત
૧ વગર ડોકડાનો વૈદ્ય	૨–૦–૦	૦–૧૧–૦
૨ પ્રભાત પ્રાર્થનામાળા	૨–૦–૦	૦–૧૧–૦
૩ વૃદ્ધવસ્થામા તંદુરસ્તી	૧–૮–૦	૦– ૮–૦
૪ વહુને શિખામણ	૧–૦–૦	૦– ૫–૦
*૫ આદર્શન	૧–૦–૦	
*૬ હિંદના હિતનો ઉકેલ	૧–૦–૦	
૭ હઠયોગ	૧–૪૦–૦	૭–૦–૦
*૮ શતશ્લોકી		૦–૧–૦
૯ આરોગ્ય દોહાવલી		૦–૧–૦
		કુલ કિંમત રૂ. ૯–૧૪–૦

* આ પુસ્તકો છુટક મળી શકશે નહિ આખા સેટમાં જ અપાશે **પોસ્ટેજ ખર્ચ અલગ.**

નવ પુસ્તકોના આખા સેટની મૂળ કિંમત રૂ. ૯-૧૪-૦ થાય છે તે રૂ. ૩-૪-૦ મળશે

ઉપરના પુસ્તકો મુંબઇ તેમજ અમદાવાદમાં નીચે જણાવેલા ઠેકાણેથી મળી શકશે પરંતુ મુંબઇમા ઘટાડેલી કિંમત ઉપર રૂપીએ ૦–૨–૬ અને અમદાવાદમા રૂપીએ ૦–૧–૬ ખર્ચ જોગુ વધુ લેવાશે.

વડોદરામા.—**પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.**

મુંબાઈમાં—**આર. આર. શેઠની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં. ૨**

અમદાવાદમા—**ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ-અમદાવાદ**

દરેક સાવર્જનિક પુસ્તકાલયમા અને દરેક સંસ્કારી ગૃહમા ખાસ રાખવા જેવાં રૂચિકર, બોધક, ઉદ્ધારક અને મનુષ્ય જીવનને માર્ગદર્શક થાય તેવા શિષ્ટ વાચન માટે પસંદગી પામેલા ઉત્તમ કોટિના પુસ્તકો—

	મૂળ કિંમત	લેવાની કિંમત
૧ શ્રી ધોંડો કેશવ કર્વેનું આત્માચરિત્ર	૩– ૦–૦	૧–૮– ૦
૨ વીર ગાર્ફિલ્ડ	૧– ૮–૦	૧–૦–૦
૩ બૂકર ટિ. વૉશિંગ્ટન	૧–૧૨–૦	૦–૦–૦
૪ ફ્રોગ્રમ પુસ્તક ૧–૨	૧–૧૩–૦	૧–૦–૦
૪ અપંગની પ્રતિભા (હેલન કેલરની આત્મકથા)	૦–૧૨–૦	૬–૧૨–૦
૬ જગતના સીતારા	૦– ૮–૦	૦–૧૫–૦
૭ અમારા જીવનની કેટલીક યાદગીરીઓ	૧– ૮–૦	૧–૪–૦
ગાંધીજીની આત્મકથા ભાગ ૧–૨	૧– ૦–૦	૧–૦–૦

પોસ્ટેજ તથા રવાનગી ખર્ચ જુદુ.

લખો.—**પુસ્તકાલય સ. સહકારી મંડળ લિ.**
રાવપુરા–વડોદરા.

કલાદર્શન

ગુજરાતની ચિત્રકલાનો પ્રતિનિધિ સંગ્રહ

રવિશંકર રાવળ, રવિશંકર પંડિત, કનુ દેસાઇ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, કૃષ્ણલાલ ભટ્ટ, ચન્દ્રવદન ભટ્ટ, એ સાતે ગુજરાતી કલાકારોનાં, ૧૦"×૧૧"ના માપનાં વિવિધરંગી માઉન્ટ ઉપર ચોડેલાં દસ સુનંદાં, પૂર્ણરંગી ચિત્રોનો અભિનવ સંગ્રહ.કાચું ૧–૪–૦; પાકું ૧–૮–૦ રજિ.–પોસ્ટેજ ૦–૬–૦

ચિત્રશતક

સવા રૂપિયામાં સો ચિત્રોનો સંગ્રહ

કોણે કહ્યું કે કલાનો ઉપભોગ શ્રીમંતો જ કરી શકે? શુદ્ધ ઊંચી પસંદગીની, વિવિધતાવાળી અને સંસ્કારી કલાનો સુસમૃદ્ધસંગ્રહ, મધ્યમ સ્થિતિનો ગમે તે ગૃહસ્થ કે કરકસર-વાળો કોઈ પણ વિદ્યાર્થી ખરીદી શકે એટલી કિંમતે મળે છે. સુંદર ઉઠાવ · મજબૂત બાંધણી · કિં. ૧-૪-૦ પોસ્ટેજ ૦-૩-૦

જેને વિષે હવે વિશેષ જાહેરખબર કરવાપણું રહ્યું નથી એવું ઘરઘરનું જાણીતું અને જનજનનું માનીતું આવતી પ્રજાનું માસિક એની વિશુદ્ધ ગૌરવાન્વિત કલા, એના સંસ્કાર સંપન્ન જ્ઞાનપ્રચૂર લેખો, એની એકધારી ઊંચી કાવ્યસામગ્રી, એની મનોહારી વિવિધતાભરી માસેમાસની નવીનતા, બધું અનોખું. છે–અજોડ છે

વાર્ષિક લવાજમ રૂ. ૬–૦–૦ :: ::: :: પરદેશ ૧૨ શિ

નમુનાના અંકના પૈસા પડતા નથી.

એનો કોઇ પણ અંક જુઓ અને તમે ગ્રાહક થવા લલચાશો

કુમાર કાર્યાલય · ૧૪૫૪ · રાયપુર · અમદાવાદ

પત્ની—પુત્રી—ભગિની

એમને

લગ્ન—વર્ષગાંઠ કે બીજે શુભ પ્રસંગે

શું ભેટ આપશો ?

સ્ત્રીશકિત ગ્રંથમાળાનાં પુસ્તકો

જે આખા ગુજરાતમાં વખણાયાં છે.
જેને સરકારે પણ મંજુર કર્યાં છે.
જે સચિત્ર અને રસિક છે,
જે ઉપયોગી અને જ્ઞાનદાયક છે.

તે—

કુલ ૬૦ પુસ્તકો બહાર પડયાં છે જે રૂા. ૨૫)માં આપવામાં આવે છે.

થોડાંક નામો

સુઘડતા અને સુંદરતા	૦-૮-૦	વીર રાજા	૧-૦-૦
ક્રમનસિબ સવિતા(વંધ્યા)	૦-૪-૦	દેવી ચોધરાણી	૧-૮-૦
કાયદામા સ્ત્રીઓનુ સ્થાન	૦-૩-૦	રઝીયા બેગમ	૦-૬-૦
અર્ધાંગના	૦-૪-૦	માંદગી અને માવજત	૦-૪-૦
ભરત ગુંથણ	૦ ૧૦ ૦	પ્રભુ પ્રભુ છે	૦-૨-૦
પારસી વાનીઓ	૦-૬-૦	વાતનુ વતેસર	૦-૧-૦
ઘરેણાનો શોખ	૦-૨-૦	પારસી લગ્નગીતો	૦-૬-૦
જીવન પલટો	૦-૪-૦	સુખી ઘર	૦-૩-૦
સ્ટવનું શાસ્ત્ર	૦-૩-૦	વહેમી પતિ	૦-૩-૦

લખો:—

સ્ત્રીશકિત • કળાપીઠ • સુરત

ASVAN

The Supreme Tonic

વૃદ્ધ કે યુવાન નબળા, કે માંદલા
કોઇ પણ માણસ માટે અકસીર ગણાય છે

શક્તિની સર્વોત્તમ દવા

અ શ્વ ન

ગુમાવેલી તાકાત ઝપાટાબંધ ઉત્પન્ન કરે છે
અ ને
નવું જીવન અને ઉત્સાહ રેડે છે.
શરીરના સ્નાયુઓ અને મગજને
અજબ રીતે વિકસાવે છે.

દરેક દવાવાળાઓની દુકાને મળશે

બેંગાલ કેમીકલ વર્કસ, કલકત્તા

કરાચીના એજન્ટઃ— જે. તીરથ એન્ડ કું.

બંદર રોડ, કરાચી

ગાંડીવની કુરમામાળા

માધ્યમિક શાળાઓમા ઇતર વાચન તથા
ઇનામ વગેરે માટે ખાસ ઉપયોગી
કુમારોને જોમ આપે ને શૂરવીર બનાવે
તેવા હેતુથી ખાસ રચાયલુ વીર સાહિત્ય

૧. ગોરીલાનો પ્રેમ: આ પુસ્તક ગુજરાતી ભાષામા એક નવું જ પાનુ ખોલે છે. દોડતી દુનિયામા થતા મ ન્યા સાહસોની કહાણીઓ આમા આપી છે (૧)ગોરીલાનો પ્રેમ (૨)જીવતા સમાધી (૩) ચાચીયા (૪) રામપૂરી વાઘ! (૫) શેમોય શિકાર (૬) અજબ હિમત! આવી તદ્દન સાચી બનેલી ને છતા રૂવેરૂવા ખડા કરનારી અદભુતતાથી ભરેલી આ વાતો અપૂર્વ તાઝગીથી ભરેલી છે અને તે વાચતા હૃદય થનગની ઉઠે છે રોમરોમ પ્રાણ પ્રગટે છે કિમત માત્ર આઠ આના

૨. પૂછડિયા પ્રદેશમાં: ચાર ગુજરાતી જુવાનડાને મન થઇ જાય છે કે શિર માટે કઇ શોધ ખોળ કરવા નીકળી પડવુ અને એ ચાર મરણિયાની નીકળેલી ટોળી કઇ કઇ વિઘ્નો અને મ કટો વટાવીને એક નવીજ જાતની પ્રજાના અજબ પ્રદેશમા જઇ પહોચે છે અને ત્યા અદ્‌ભુત અનુભવો મેળવે છે એ રસભર કથા એટલી તો તનમનાટભરી છે, કે તમારૂ રૂવેરૂવુ ખડુ થઇ જાય અને નસેનસમા શૂરાતન જાગે કિ ૦ ૮-૦

૩. શિકારિકા: લે શ્રી જીવરામ જોશી ગુજરાતી જુવાને જાતે અને કોઇની સાથે કરેલા શિકારોની સાચી કહાણીઓ તેની પોતાની કલમમાથી ઉતારેલી આ બ્યાનો વાચીને દરેક ગુજરાતી સ્ત્રી પુરૂષના રૂવા ખડા થશે અને છાતી ગજ ગજ ફુલશે સાથે ફોટો પણ આપેલા છે સાપનો શિકાર રીંછનો શિકાર, શિયાળનો શિકાર સૂવરનો શિકાર, મરઘીનો શિકાર બધી જાનસાટોની રમતો કિ ૦- -૦, ૦-૫-૦નો ટિકીટો જરૂર મંગાવી લ્યો

૪-૫. ગેબી સૃષ્ટિ: બે ખડમા સર આર્થર કોનન ડાઇલની લખેલી વિજ્ઞાન અને સાહસના સમન્વયવાળી રમીલી વાતા દરેકના ૧૦ આના બે ભાગ સાથેજ મળશે

ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત.

ગુજરાત

હરેક અંકમાં

આદ્યતંત્રી: શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી

સાહિત્ય સંસદનું મુખપત્ર

•

પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ અને રાજાધિરાજ એ નવલત્રિપુટિના પૂર્વ સમયની શ્રી. મુનશીની ગુજરાતની અસ્મિતાનું ભાન કરાવતી. વેગવંતી નવલકથા

જય સોમનાથ

(દરમાસ એક હફતો છપાય છે)

•

શ્રી ધનસુખલાલ મહેતા, 'ધૂમકેતુ', વિનોદિની નીલકંઠ, [illegible] વગેરેની મનોહર નવલિકાઓ. એકાંકી અને દીર્ઘ ચાલુ નાટકો.

ચન્દ્રવદન મહેતા, બેટાઈ, ઉમાશંકર, મનસુખલાલ, સુન્દરમ્, પૂજાલાલ, બાદરાયણ, રમણિક અરાલવાળા વગેરે કવિઓનાં કાવ્યો.

સાહિત્ય પરિષદનાં વિવેચનપૂર્ણ વ્યાખ્યાનો

વાર્ષિક લવાજમ } હિંદમાં-પુસ્તકાલયો અને સંસદના સભ્યો માટે રૂા. ૪; અન્ય ગ્રાહકો માટે રૂા. ૫ પરદેશમાં ૧૨ શીલીંગ

આપને ગુજરાતીઓમાં જાહેરાત કરવી છે ?

આપનો સંદેશો પહોંચાડવાનું 'ગુજરાતને' સોંપો

કાકાસાહેબ કાલેલકરની

જ્ઞાનસમૃદ્ધિ અને અનુભવનો લાભ આપના બાળકોને આપવો છે ?
તેઓશ્રી દર મહિને

"કિશોર"

માસિકના વાચકોએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર 'કિશોર' દ્વારા
આપે છે એ અમોલો લાભ આપનાં બાળકોને જરૂર આપો.

'કિશોર'ની બીજા વર્ષની વિશેષતાઓ :

(૧) હિંદુસ્તાનના સચિત્ર પ્રવાસ લેખો નવા વર્ષની શરૂઆતથી આપવા માંડ્યા છે.

(૨) 'ખગોળની વાતો' નામની સચિત્ર લેખમાળા આ વર્ષે શરૂ થાય છે.

(૩) 'ભૂસ્તર વિદ્યા' વિષેની ત્રણ હપ્તાની લેખમાળા અપાશે.

(૪) આખા વર્ષ દરમ્યાન પ્રકૃતિ સૌંદર્યના તથા પશુ—પક્ષીનાં ચિત્રો મોટે ભાગે આપવાની યોજના કરી છે

(૫) વર્ષ દરમ્યાન બાળકો ભજવી શકે એવી છ નાટિકાઓ અપાશે જીવન-ચરિત્રો, ઐતિહાસિક લેખો, વૈજ્ઞાનિક લેખો, નિત્યનો આચાર, કાવ્ય પરિશીલન, જીવનની ફોરમ વગેરે તો હશે જ.

ખાસ લાભ

ચાલુ માસના મે માસની ૩૧મી તારીખ સુધીમાં બીજા વર્ષના ગ્રાહક થનારને પહેલા વર્ષના બહાર પડી ચૂકેલા બાર અંકો અર્ધી કિંમતમાં (ફક્ત રુપિયા બેમાં) મળી શકશે

લવાજમ: હિંદમાં રૂ. ૪) પરદેશમાં રૂ. ૬)

કિશોર કાર્યાલય

પારસી અગિયારી સામે,

અમદાવાદ

ઊર્મિ ફેબ્રુઆરી મહિને

જીવન પ્રતિમા	(નવલિકા)	અનિલ
ગૃહ પ્રવેશ	(નાટિકા)	નગીનદાસ પારેખ
માનસશાસ્ત્ર અને સંયમધર્મ		મૂળશંકર મો. ભટ્ટ
કલ્યાણમૂર્તિ	(ચાલુ નવલકથા)	સોપાન
આંતર રાષ્ટ્રિય આંદોલનો		ભાસ્કરરાવ વિદ્વાંસ
આટલું તો જાણજો		વસંતરાવ હેગીષ્ટે

આ ઉપરાંત ઇન્દુલાલ ગાંધી, સુંદરમ્, પૂજાલાલ, મોહિનિચંદ્ર વગેરે પ્રસિદ્ધ કવિઓના કાવ્યો, પ્રવાસ વર્ણન, અભ્યાસપૂર્ણ નોંધ, જીવનચરિત્ર, અવલોકનો અને ભાવના વગેરે આવશે.

અમારી વિનંતિ છે કે 'ઊર્મિ' ના દરેક અંકને ધ્યાનપૂર્વક જોયા વિના મૂકી ન દેશો.

- દર મહિનાની દસમી તારીખની અંદર અચૂક પ્રગટ થશે.
- ઓછામાં ઓછી ચોસઠ પાનાનું વાચન અપાશે.
- વાર્ષિક લવાજમ રૂા. ચાર : પરદેશમાં શિલિંગ દસ.

ગ્રાહક થવા માટે આજે જ લખો

ઊર્મિ કાર્યાલય : ડેન્સો હૉલ : કરાચી

ધી બોમ્બે મ્યુચ્યુઅલ

લાઈફ ઇન્સ્યોરન્સ સોસાયટી, લી૦

છેલ્લું આંકણી પરિણામ

આગળના રેકર્ડ બોનસને
પકડી રખાયું છે.

૦	બોનસ	૦
તા. ૧લી જુલાઈ ૧૯૩૪ થી વાર્ષિક પ્રીમીયમ પર **૨।।** ટકાનું વળતર	રૂ. **૨૬** જીંદગીની પોલીસીઓ પર રૂ **૨૧** જીવતા મેળવવાની પોલીસીઓ પર એક હજારના વીમા પર એક વરસ માટે	આજે જ આ હિન્દુસ્તાનમાંની જુનામાં જુની જીંદગીના વીમાની કું૦ ના

● પ્રોસ્પેકટસ અને એજન્સીની શરતો માટે લખો ●

ગોવીંદરામ એન્ડ કું૦

બંદર રોડ,—કરાચી. ફ્રીયર રોડ,—સક્કર.

સિંધનું જાણીતું ગુજરાતીઓનું માનીતુ

"ખોરશેદ પ્રકાશ"

એપ્રીલ માસથી મહિનામા ત્રણવાર બહાર પડે છે.

દર મહિનાની **૧** લી એ **૧૧** મી એ **૨૧** મી એ

દર અંક ચાલુ વાર્તા, બે ટૂંકી વાતાઓ, (ડીટેકટિવ કે મંઝારી) ઉંચા કાવ્યો દેશ પરદેશને લગતા જાણવા જેવા લેખો, દુનિયાઈ રંગઢંગ, અઠવાડિક ડાયરી અને ચાર પાના અંગ્રેજી મળી ભરપુર બહાર પડશે

છુટક નકલ બે આના

વાર્ષિક લવાજમ રૂ. સાડાચાર (વી. પી. થી રૂ. પાંચ)

આખા વર્ષનું લવાજમ (માર્ચ ૧૯૩૭ સુધીનું) ભરી દેનારને

"જમશેદ મહેતા સુવર્ણ મહોત્સવ ગ્રંથ"

ભેટ આપવામાં આવશે

એ ઉપરાંત દર અંકના કુપનો ને ચિત્રો એકઠા કરનારને વધુ ભેટ મળશે

તંત્રી : રૂસ્તમ એન. આર. મહેતા.

"ખોરશેદ પ્રકાશ" કાર્યાલય બંદર રોડ, કરાચી.

ફ્રીર ચાલજી એન્ડ સન્સ
સોલ એજન્ટસ

બંદર રોડ, કરાંચી



મુદ્રક • ધનશંકર કું. શુકલ
પ્રભાત પ્રેસ • ડેન્સો હોલ • કરાચી

ઊર્મિ

પ્રકાશક • ભૂપતરાય મો. દવે
ઊર્મિ કાર્યાલય • ડેન્સો હોલ • કરાચી

વર્ષ છઠ્ઠું
અંક પહેલો

સળંગ અંક
૬૧

અનુક્રમણિકા

સાહિત્ય અને કલા	શ્રી	૧
મુક્ત વિહંગ	મોહિનીચંદ્ર	૩
એસ્વર	સ્વપ્નસ્થ	૪
પ્રહ્લાદનું લગ્નજીવન	શ્રીકાંત	૫
ડોસીનો વીંઝણો	રમણીક અરાલવાળા	૧૫
સ્મરણ	નંદલાલ જોષી	૧૫
કાશી વિદ્યાપીઠ	એક વિદ્યાર્થી	૧૬
ગૃહ-પ્રવેશ	નગીનદાસ પારેખ	૨૧
સુપ્તપ્રાણ	પૂજાલાલ	૨૬
"મુન્શીની પુરૂષત્વની ભાવના"	પ્રભુરામ જ. રાજ્યગોર	૨૭
પત્રધારા	રમેશ	૩૦
સર્વનાશ	પૂજાલાલ	૩૪
શ્રીમદ્ શંકરાચાર્ય	રામનારાયણ ના. પાઠક	૩૫
આંતરરાષ્ટ્રિય આંદોલનો	ભાસ્કરરાવ વિદ્વાંસ	૪૪
નવી ભીખ	અજ્ઞાત	૫૦
ઊધઈનો પ્રશ્ન	મગનભાઈ પ્રભુદાસ દેસાઈ	૫૧
અંધ બનેલા પંડિતને	રમણીક અરાલવાળા	૫૬
કલ્યાણમૂર્તિ	'સોપાન'	૫૭
વૈમનસ્ય	સુરેન્દ્રપ્રસાદ ત્રિપાઠી	૬૧
વિરાટને ખોળે	મોહનલાલ મહેતા	૬૨
અગ્નિસંસ્કાર	શિશિર શેલત	૬૮
અવલોકનો	મો. ચાં. મૂ.	૬૯
ગયે મહિને		૭૪

અમારા મુખ્ય એજન્ટો:—

સી. જમનાદાસની કું.,	પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ ૨
નૂતન સાહિત્ય ભંડાર	રમકડાં માર્કેટ અમદાવાદ
એલ. કે. મેઘાણી	૧૪, અમરતલા સ્ટ્રીટ કલકત્તા
પુસ્તકાલય સ. સ. મંડળ લી.	રાવપુરા, વડોદરા
ગાંડીવ લવાજમ એજન્સી	હવાડીયા ચકલો, સુરત

વાર્ષિક :::: લવાજમ :: રૂપિયા ચાર

છુટક અંકની કિંમત છ આના

ઊર્મિ

* વર્ષ છઠ્ઠું * * જાન્યુઆરી ૧૯૩૭ * * અંક પહેલો *

સાહિત્ય અને કલા

હું તો એને જ સાહિત્ય કહીશ જે મને પર્દેનશીન દુનિયાના પર્દાની આરપાર જોવાની દૃષ્ટિ આપશે.

હું તો એને જ સાહિત્ય કહીશ જે મને જગતના કોલાહલની વચ્ચે નિરંતર મધુર સંગીત બજી રહ્યું છે તે સાંભળવાની શક્તિ આપશે.

હુ તો એને જ સાહિત્ય કહીશ કે જે મને તમામ બદબોનો નાશ કરનારા પ્રાણવાયુની સુગંધ આપશે

•

હું તો એને જ કલા કહીશ કે જે મારા હૃદયની ભોગળો ઉઘાડી મારી રૂંધાયેલી જીવનકલાને મુક્ત કરશે.

હું તો એને જ કલા કહીશ જે મારાં કલેજાંનું પથ્થરતળિયું ફોડશે અને મહીં પડેલા નિર્મળ નીરને બહાર આણશે.

હું તો એને જ કલા કહીશ જે મને ભીનાશ આપશે, માધુર્ય આપશે, જડ થયેલી વૃત્તિઓને ઓગાળનારૂં રસાયન આપશે.

●

મારે મન એ જ સાહિત્ય છે અને એ જ કલા છે જે મારી બુદ્ધિને જ નહિ, કલ્પનાને જ નહિ, લાગણીઓને જ નહિ પણ સમગ્ર જીવનને એના રંગે રંગી દે

મારે મન એ જ સાહિત્ય છે અને એ જ કલા છે જે મારા આંતર-પ્રકાશને પ્રગટાવવામાં મદદ કરે કે જેથી મારે દીવડે ક્યાંકનો અંધાર ભેદાય.

મારે મન એ જ સાહિત્ય છે અને એ જ કલા છે જે મને મારી જાતનું ભાન ભૂલાવી વિશ્વના સર્જનમાં શમી જવાની પ્રેરણા આપે.

●

જે ક્યાંક આવી મને પંપાળી જાય તે મારે ન જોઇએ, જેને જોવા આંખ માંડું, બુદ્ધિ કસુ છતાં ન ઓળખું તે મારે ન જોઇએ. જે મને શાંતિ ન આપે, શક્તિ ન આપે, આંખ ન આપે, આરામ ન આપે તે મારે ન જોઇએ.

હું સાહિત્ય અને કલાને ઝંખુ છું. એ કોઇ પણ રૂપમાં આવે તેની મને પરવા નથી. ભલે કાવ્યની ઊર્મિના રૂપમાં આવે, ભલે સંગીતના ઝંકારના રૂપમાં આવે, ભલે પથ્થરમાં પ્રાણ મૂકતા શિલ્પના રૂપમાં આવે, ભલે ચિત્રની ફલકપાટે નિસર્ગના રંગો પાથરીને આવે પણ એણે મને નિર્મળતા આપવી પડશે, પ્રકાશ આપવો પડશે, ઓજસ્ આપવું પડશે, વીર્ય આપવું પડશે.

એ રંગભૂમિના તખ્તા ઉપર આવે કે ચિત્રપટના રૂપેરી પડદા ઉપર આવે, એ ભિખારીના તંબુરમાં આવે કે અમીરોના સમુહવાદ્યમાં આવે, એ ઉદયશંકરની નૃત્યમંડળી બનીને આવે કે વલ્લાતોલની કથકલી બનીને આવે. ગમે ત્યાં, ગમે તે રૂપમાં આવે પણ એણે મારી શરતો પાળવી પડશે. નહિ તો હું એને કલા નહિ કહું, સાહિત્ય નહિ કહું, એને માયા કહીશ, જગતને ભમાવનારી ઇંદ્રજાળ કહીશ. સભાનને બેભાન બનાવનારી સુરાપ્યાલી કહીશ.

શ્રી

મુક્ત વિહંગ

મોહિનીચન્દ્ર

: અનુષ્ટુપ :

'તારા આ બાગના વૃક્ષે, હવે ના પળ તો રહું,
બુઝ ના કામની, માળી! સડયાં ના ફળને ચહું;
સાત વર્ષો સુધી ગાયાં પ્રેમના ભાવનાં ગીતો,
માનવી! ગમ ના તૂંને, કઢંગી તાહરી રીતો:
સત્ય છું, ધીર ટેકી છું, આખરે શૂરવીર છું,
યુવાની ઉછળે અંગે, રોમે રોમે સજીવ છું:
કોણ કોને જગે પોષે? હું મારે બળ ઝૂઝતો
અન્યાયો ના સહું લેશે, મારી ભોમ અનંત તો.
ઘૌધરિત્રી કરી એક રાતદિ રઝળીશ હું,
મર્મચ્છેદી તમિસ્રેથી તેજવર્ષા ઝીલીશ હું;
દીન ના, ઉદ્યમી હું છું, સ્વાશ્રયે તપનાર છું,
ટીપેટીપાં પસીનાનાં પાડીને રળનાર છું.'

: મિશ્રોપજાતિ :

વેણો વદીને, તરૂડાળીઓથી
વાડી તણા એ ચખ રશ્મિઓથી
દિગંતના આંતર્ગર્ભને ખણી,
મારી હલેસાં નિજ પક્ષરૂપી,
બ્રહ્માંડનો સાગરઓઘ કાપતાં,
વારિ ઊડંતા ઉદ્દ્ઘોષ સૂણતાં,
શકુની છૂટયું.

: શિખરિણી :

અને જ્યેષ્ટિકા જે ખગપર ઉગામી, હતી ધરી,
મહા અન્યાયોની રજરજ લઇ જે હતી ઘડી,
પગો વચ્ચે તે થૈ ઝપટભર માળી પર પડી,
પડયો માળી શીલા ઉપર, બબડાટો બહુ કરી.

: મન્દા ક્રાન્તા :

ગેબે ગેબે કવન રમણા આદરી ત્યાં વિહંગે!
પૃથ્વી સિંધુ રસભર છલ્યાં, ઊછળ્યાં શાં ઉમંગે!

૩-૪-૩૬

●

' એ સ્વર '

ફેવાંતસ્થ

ધીમું સુણ્યું મેં ગીત એક રાતે
તારા જડયાં શ્યામળ આભ નીચે
મેદાનમાં કોઇ નદી કીનારે
ગાઇ રહ્યો રાખ લિપેલ બાવોઃ–

" પુષ્પ તણાં કોમળ અંતરમાં
મૃદુલ સુરભિની વિમલ જવનિકા
ખોલી : શાંત પથારી સૂતા
જોયા પરમાત્મા. "

મેં કીધું :– " શું અગડંબગડં
ગાતા ? " કોણ તમો છો તિકડં ?
અલ્લાને જોયા તોયે કાં
ખા પી કર ભમના ?"

" દેખ બિરાદર! ગડબડ કર ના!
દિખના હો તો શાંત રહેના
મુખસે ચાહે સો બડબડના
મગર નહીં દિલસે "

ને મેં નિહાળ્યું મુખ રાખ ચોળ્યું
કઠોર, તો યે સ્મિતપૂર્ણ આંખો;
ઘમંડ મારા ઉરના સરી ગયા,
હસી રહ્યું અંતર મુગ્ધતા ભર્યું.

તારા તણાં એ અજવાળિયાંમાં
ઉંચો કર્યો 'માંસલ હસ્ત કાળો :–
"તું દેખના દોસ્ત! અનંત આભમેં
આ પુષ્પમાંથી પ્રકટેલ સૂર્યો !"

શું વાત ના અંતર આ કળી શકે
છતાંય ભેજું તરતું અપારે
જ્યાં હું અને મંગલ સૂર્ય જૂઇ
ફુલો સમાં શાંતિ મહીં પર્યાં હતાં.

બાવો કહે " ત્યાં દિખના ન અચ્છા
તું મુંઘ આ સૂર્ય મિચેલ આંખે
ને સુધતો ત્યાં ઉર પ્રેમભીનું
ઝંખી રહ્યું સૂર્ય વિલીન થાવા.

ને કોણ જાણે પણ મૃત્યુ પ્રાય
થઈ ગયો હોઈશ એ જ કારણે :
બાવો કહેઃ "ભાઇ! તું જાગ આજે
આ ભસ્મ આચ્છાદીત છાતી માથે
તું સૂઈ જાજે કરજે ન ચિંતા."

ને મેં કહ્યું મૂરખ જેમ રાડા–
–પાડી અને કેઃ- "નહિ આમ ચાલે
મારી મળી અંતરેમાં જવું એ
તું એ જ છે તો તવ અંતરે લે !"
ને મેં ઝનૂને શિરને પછાડયું
વૃક્ષઃ સ્થળે એ...પણ ક્યાંહિ બાવો!

આજે અહીં પત્થરખાણ ખોદતાં
મને બધું સાવ વિચિત્ર લાગે
છતાં ય છે યાદ પુરેપુરૂં મને :
એ રાખ ચોળેલ વિશ્યામ અંગો,
એ તેજ, આંખો, નભમાં સરી જતો
કાળો અને માંસલ દીર્ઘ બાહુ,
ને તારલા કોમળ તેજ બિન્દુડાં!
જેવાં અટાણે પરસ્વેદ બિન્દુડાં
ઝઝૂમતાં આ મુજ શ્યામ દેહ પે.

બાવો હતો એ નહિ સ્વપ્ન સાચે
પીવા દીધી શું કંઇ ભાંગ એણે ?
મૂકી મને ઘેન મહીં વહી ગયો ?
કાળી શિલાને ખખડંત લોહમાં
આ ગ્રીષ્મના રૂંધક ઉષ્ણ વાયુમાં
છતાંય હું એ સ્વર શાંત સાંભળું:–

" પુષ્પ તણાં કોમળ અંતરમાં
મૃદુલ સુરભિની વિમલ જવનિકા
ખોલી : શાંત પથારી સૂતા
જોયા પરમાત્મા ! "

૧૦-૪-૧૯૩૫

પ્રહ્‌લાદનું લગ્નજીવન

શ્રીકાંત

પ્રહ્‌લાદ અને ચંદ્રા પરણ્યાં ત્યારે બંને વચ્ચે અદ્‌ભુત પ્રેમ હતો. બંનેના પ્રેમ અને ઉલ્લાસની કોઈ સીમા નહોતી. નજીકનું મિત્રમંડળ જ નહિ, પણ દૂરના જોનારા પણ એમ કહેતાં કે આવો સુમેળ તો દુનીઆમાં ભાગ્યે જ સધાય. પ્રહ્લાદ અને ચંદ્રા પણ એમ જ માનતાં. સ્નેહલગ્ન એ જ આદર્શ લગ્ન છે એમ પોતાના લગ્નજીવનથી સિદ્ધ થશે એવી બંનેને ખાત્રી હતી. અને આ પ્રકારની એ બંનેની કે આજુબાજુના મિત્રો કે ઓળખીતાઓની માન્યતા નિષ્કારણ નહોતી. પ્રહ્લાદ પચીસ વર્ષનો શિક્ષિત, રૂપેરંગે શોભતો, સુંદર અને નિરોગી જુવાન હતો અને ચંદ્રા પણ ઓગણીસ વીશ વર્ષની રૂપલાવણ્યને વરેલી શિક્ષિત કુમારિકા હતી બંને છેલ્લા ચાર વર્ષથી તો એક બીજાને ઓળખતા હતા અન લગ્ન પહેલાંનું એક વર્ષ અત્યંત નિકટમાં રહીને જ ગાળ્યું હતું. એકબીજાની પસંદગી જાતે જ થઈ હતી અને વડીલોએ પણ હર્ષપૂર્વક સંમતિ આપી હતી એટલે એમનો લગ્નપ્રસંગ કોઈનાયે નિઃશ્વાસ વિનાનો નિર્મળ આનંદરૂપ બન્યો હતો.

આમ છતાં હમણાં હમણાં પ્રહલાદને ઘરમાં કંઈક સૂનું લાગતું હતું અને લગ્ન સમયે પ્રેમના દરીઆવ જેવી લાગતી ચંદ્રામાં કંઈક ન કળાય એવી ઉણપ લાગતી હતી. પ્રહ્લાદ પોતાને સમજી જ શકતો નહોતો. એ ખૂબ વિચાર કરતો હતો કે પ્રફુલ્લતા કેમ નથી લાગતી? ચંદ્રાને જોઈ રસની છોળો ઉડતી તે હવે કેમ નથી ઉડતી? રાતદિવસ ચંદ્રાનું સ્મરણ હૃદયને કોઈ આલ્હાદક ભાવે ભરી રાખતું તે હવે કેમ નથા થતું? એને જવાબ જડતો નહીં.

લગ્નને બે વર્ષ થઈ ગયાં હતાં પણ ચંદ્રા એની એ જ હતી ચંદ્રાને બાળક પણ નહોતું. કે પ્રહ્લાદ એમ પણ મન મનાવે કે એ માતા થઈ તેથી આમ લાગતું હશે! ચંદ્રાનું રૂપ કે યૌવન જરાયે કરમાયું નહોતું. એનાં કંઠની મિઠાશ એવી ને એવી જ હતી. હજુએ એને સતારનો શોખ

હતો, અને એ દરરોજ વગાડતી કામ કરતાં કરતાં ગાવાની એની ટેવ કાયમ જ રહી હતી. પ્રહ્લાદ ઘણાએ વિચારો કરતો, બે વર્ષ પહેલાંની ચંદ્રાને અને આજની ચંદ્રાને સરખાવ્યા કરતો, પણ એના મનમાં કશુયે સમાધાન થતું નહિ, આખરે એ થાકતો અને પરાણે આનંદ ભોગવવા પ્રયત્ન કરતો, કયારેક આત્મનિરિક્ષણ કરવા લાગી જતો ત્યારે વળી પોતામાં કંઈક ફેરફાર થયા છે કે નહીં તે તપાસવા-બેસતો પણ એ તો એનો એ જ હતો. એવું જ સુંદર ઘાટીલુ શરીર, એવો જ રમત અને વ્યાયામનો શોખ, એવી જ બુદ્ધી અને લેખન વાંચનની વૃત્તિ ત્યારે ફેર શું પડી ગયો ? કોનામાં પડી ગયો ! પ્રહ્લાદને એ પ્રશ્નો અનેકરૂપે ઉઠતા, પણ જવાબ ન મળતો

ચંદ્રાના મનમાં આવા પ્રશ્નો નહોતા. પણ પ્રહ્લાદને ગમગીન જોઈ તેને કયારેક લાગી આવતું. પોતાના કારણે તો એને ઓછુ નહીં આવ્યુ હોય, એમ વિચારી બધા પ્રસંગો સંભારી જતી અને એક પણ કારણ ન મળ્યુ હોય તો પણ ભરપૂર હેતથી —જાણે પોતે વાંક કર્યો હોય એવા નમ્રભાવથી એ પ્રહ્લાદને પંપાળતી એનામાં લય પામવા ઇચ્છતી હોય એવા ભાવ બતાવતી. પરંતુ પ્રહ્લાદના હૃદયને એથી આરામ ન મળતો; પણ પોતાને સાલતી ઉણપનું વધુ તીવ્ર પણે ભાન થતું જેમ દિવસો વીતવા લાગ્યા, તેમ જીવનનો ભાર વધુ ને વધુ લાગવા માંડયો, એમના નાનકડા ઘરમાં કલ્લોલ મચી રહેતો તેને બદલે હવે વધુ સમય અમલ મૌનનું વાતાવરણ રહેવા લાગ્યુ.

પ્રહ્લાદે હવે વધુ સમય બહાર રહેવા માંડ્યું. ચંદ્રાએ હવે વધુ સમય પ્રહ્લાદની ચિંતામાં રહેવા માંડ્યું. પ્રહ્લાદનું દુઃખ શોધવા એણે પ્રયત્નો શરૂ કર્યા. એક દિવસ એણે પૂછ્યું:

'તમે કેમ આમ રહો છો ?'

જવાબમાં પ્રહ્લાદ ફીક્કુ હસ્યો

'હું તમને ન પૂછત, પણ બહુ વિચારવા છતાં મને કારણ મળ્યું નહિ એટલે જ પૂછું છું.'

'કંઈ નથી, અમસ્તુ.'

'છેલ્લા છ મહિનાથી હું જોઈ રહી છું કે દિવસે દિવસે તમે કરમાતા જાવ છો તમારા મોં ઉપરથી આનંદ જ ઉડી ગયો છે. પહેલા તો ઘરમાં પગ મૂકતા જ તમે હૃદય નાચી ઉઠે એવું હસતા હવે ધીમે પગલે અને નીચી આંખે પ્રવેશ કરો છો. મને કહો, આમ શા માટે ? તમને શાની ઉણપ લાગે છે ?'

'કંઈ નહિ, ચંદ્રા' પ્રહ્લાદ મોં ઉપરની દુઃખરેખા ન છુપાવી શકયો એટલે એણે મોં ફેરવી લીધુ

'નહિ, આજ તમારે કહેવું જ પડશે. જુઓને, તમારી આંખોમાં જ દુઃખનો ભાર દેખાઈ આવે છે મને નહિ કહો ? પ્રહ્લાદ !'

'અત્યારે નહિ અત્યારે નહિ' પ્રહ્લાદે ઉભા થઈ બહારની અટારી તરફ જવા માંડયુ.

ચંદ્રા પાછળ ગઈ, એણે પ્રહ્લાદનો ખભો પકડયો પ્રહ્લાદે પાછળ જોયુ. ચંદ્રાનું મોં જોતા એનાથી ફરી જવાયુ ચંદ્રા કશુ ન બોલી, પ્રહ્લાદ પણ ન બોલ્યો, પણ ચંદ્રાનુ માથુ પ્રહ્લાદના ખભા પાસે ઢળી પડયુ આંખના બે આંસુ પ્રહ્લાદના પહેરણ ઉપર પડયા.

* * *

પ્રહ્લાદના વિદ્યાર્થી જીવનમાં એને ઘણાં મિત્રો હતા. સ્ત્રીમિત્રો પણ હતા પરંતુ ચંદ્રા સાથેની મૈત્રીએ લગ્નનું રૂપ લીધા પછી બીજી મૈત્રીઓ ઘસાવા માંડી હતી પ્રહ્લાદની તમામ લાગણીઓને ગ્રહણ કરવાનુ સ્થાન મળી ગયુ

હતું. પ્રહ્લાદને કશાની ભૂખ નહોતી રહી. બીજું કોઈ નિકટનું મિત્ર નહોતું છતાં એને કોઇ દિવસ એકલતા લાગી જ નહોતી. ચંદ્રામાં એણે સંપૂર્ણ સાંત્વન મળી રહેતું હતું. પ્રહ્લાદ ભાવનાશીલ અને જેને ઊર્મિવશ કહીએ એવો જુવાન હતો. નાનપણથી જ એનામાં મસ્તી હતી. તીવ્રબુદ્ધિનો હતો છતાં એના જીવન વ્યવહારનું સુકાન બુદ્ધિ નહિ પણ લાગણી જ હતી. ચંદ્રાને એ ચાહવા લાગ્યો ત્યારથી જ એણે પોતાના હૃદયમાં ચંદ્રાના પૂર્ણરૂપની પ્રતિષ્ઠા કરી દીધી હતી. જીવનનો વ્યવહાર એને શુષ્ક લાગતો અને ક્ષુલ્લક પણ લાગતો. ચંદ્રાના સ્મરણની, સહવાસની, સંબંધની રસમસ્તીમાં એ હંમેશ રમ્યા કરતો. લગ્ન પહેલાંનું એક વર્ષ અદ્દભુત ગયું હતું અને લગ્ન પછીનું વર્ષ પણ એટલું જ રસમય વીત્યું હતું પ્રહ્લાદ સમજી નહોતો શકયો ને ચંદ્રાને પણ એ ખબર નહોતી પડી કે એક વર્ષ વિત્યા પછી પ્રહ્લાદના રસજીવનમાં ઓટ આવવા લાગી હતી. કોઇ કોઇ ક્ષણે ચંદ્રામાં એને મસ્તીને બદલે શાંતિ લાગવા માંડી હતી. અને કોઇ વિરલ ક્ષણે હૈયાના તાલ મીલાવતી, કલેજાંના ધબકારા ઝીલતી જીવન સહચરીને બદલે ચંદ્રામાં કોઇ વત્સલ જનનીમાં હોય એવી વત્સલતા દેખાતી હતી. પ્રહ્લાદને આ કશું સમજાતું નહિ, પણ ચંદ્રામાંથી કંઇક ઓછું થયું છે એવું લાગ્યા કરતું.

ચંદ્રા એની એ જ હતી. પ્રહ્લાદ, ઉપરનો પ્રેમ એના દિલમાંથી લેશ માત્ર ઓછો થયો નહોતો પ્રહ્લાદ પ્રત્યેની પ્રેમભાવના એના અંતરમાં સદૈવ વ્યાપેલી જ રહેતી. પ્રહ્લાદને સુખ મળે, આનંદ મળે, જીવનમાં રસ અને સંતોષ પ્રાપ્ત થાય, જગતના ઝંઝાવાતોમાં એ કોઈથી ડગે નહિ–પડે નહિ એવા એ પ્રયત્ન કરતી અને ઊંડાં અંતઃકરણથી એવી જ ભાવના ભાવતી.

પ્રહલાદ પણ એનો એ જ હતો. ચંદ્રાના સાંનિધ્યમાં એની હૃદયવીણાનાં તાર હજુ યે ઝણઝણતા હતા. ચંદ્રાના સ્પર્શે હજુ યે એ મીઠો રોમાંચ અનુભવતો હતો, ચંદ્રાના કંઠમાંથી નીકળતા શબ્દો કે સુરો હજુએ એને ડોલાવતા હતા, પણ કયારેક વીણા ઉપર ફરતી આંગળીઓ થીજી જતી, રોમાંચ શમી જતો અને આખા અંગમાં શીતળતા પ્રસરી જતી. પ્રહ્લાદ એ શીતળતાથી ડરતો હોય એમ ક્ષણભર સ્તબ્ધ બની જતો અને મધુર સ્મિત ફરકાવતી ચંદ્રા સામે નજર માંડી આઘો ખસી જતો. પળવારમાં ચંદ્રાનું સ્મિત વિખરાઈ જતું.

કંઇ નહોતું. સંપૂર્ણ પ્રેમ હતો, સંપૂર્ણ વફાદારી હતી, સંપૂર્ણ કર્તવ્યભાવ હતો છતાં બંને એક બીજાથી તો નહીં પણ પ્રહલાદ ચંદ્રા પાસેથી ખસતો ખસતો દૂર જતો હોય એવું બનવા લાગ્યું.

ચંદ્રાના દુઃખનો પાર નહોતો. પ્રહ્લાદને નિશ્વાસ નાખતો એણે કોઇ દિવસ જોયો જ નહોતો. એમના સંવનનના દિવસોમાં પ્રહ્લાદની નમેલી આંખ એણે નીરખી જ નહોતી. એ દિવસોમાં પ્રહલાદની વાણીમાં કોઈ દિવસ થડકાર નહોતો આવ્યો. એનાં અંગમાં શૈથિલ્ય નહોતું જણાયું. એના હલનચલનમાં ચૈનનનો અભાવ નહોતો જણાયો. હવે તો પ્રહ્લાદ ધીમુ બોલવા લાગ્યો, ધીમું હસવા લાગ્યો, ધીમું ચાલવા લાગ્યો અને જાણે ધીમું–અતિ ધીમું જીવવા લાગ્યો.

ફરીને ચંદ્રાએ એક દિવસ એને પૂછ્યું.

'તમે આમ શા માટે રહો છો ?'

જવાબમાં એ જ ફીકકું હાસ્ય મળ્યું.

'તમારે કહેવું પડશે, તમારે ખાતર નહિતો મારે ખાતર તો કહો ! હું આમ નથી જીવી શકતી.'

અંતરમાં જાગેલી જ્વલંત વેદનાએ પ્રહ્લાદને દબાવી મૂક્યો. એણે ચંદાના મુખ સામે નજર માંડી કરુણ સ્વરે કહ્યું:

'ચંદા! કંઈક ન સમજાય એવું થયા કરે છે. તું પહેલાંની ચંદા જ ન હો એવું લાગ્યા કરે છે. પણ શો ફેર પડ્યો છે તે સમજાતું નથી. ચંદા! તું દુઃખી ન થા. તારી લાગણીમાં ઉણપ નથી, પ્રેમમાં ઉણપ નથી, તારી વફાદારીમાં ઉણપ નથી. મારામાં— હા, મારામાં જ કાંઈક ઉણપ પેસી ગઈ છે. તું તો એ જ છો. એવું જ સુમધુર હાસ્ય, એવી જ ગલતેસની વાણી, એવી જ અમૃતઝરતી દૃષ્ટિ. ચંદા! તું દુઃખી ન થઈશ.'

'ના, ના, તમે તો એવા જ છો. મને તો એવા જ લાગો છો.'

'તો કોણ જાણે!' પ્રહ્લાદને થાક ચડ્યો હોય એમ એ ઢીલો થઈ બોલ્યો, ને અડખાપડખે ઢળી પડ્યો.

પ્રહ્લાદના દેહ ઉપર એક પછી એક ચડતા રોગોને હજી ઉખેળ્યા નહિ, પણ સાજા બનાવ્યા. દિવસો વીતતા ગયા તેમ પ્રહ્લાદના અંતરમાં ચંદાની ઊણપનું ભાન વધવા લાગ્યું.

ઉણપ સમજાઈ નહિ, પણ ઉણપ છે એવી ભાવના બંધાવા લાગી. ચંદાને પ્રહ્લાદના વિષાદનું કારણ મળ્યું નહિ, પણ વિષાદ વધી રહ્યો છે એવું લાગવા માંડ્યું. નાના મોટા પ્રસંગોએ એ વિચારોને પોષણ આપ્યા કર્યું અને બંનેની વચ્ચે જીવનને જુદા પાડનારી ખાઈ ખોદાવા લાગી.

પ્રેમનું ઝરણું સુકાવા લાગ્યું. મદહવાસની મધુરતા ચાલી ગઈ. એક બીજાને જોતાં ઊર્મિ ઉછળતી હતી તે મરી ગઈ. કેવળ સહાનુભૂતિ અને સદ્ભાવ રહ્યા. જૂનાં સ્મરણોનું દુઃખ રહ્યું. વર્તમાન સ્થિતિના અંતની આશા હતી એટલે એનું ચિંતન અને ચિંતા ગયાં.

સૂના પડેલા પ્રહ્લાદના દેહમાં પોતાનું નાનપણ રમવા લાગ્યું. વિદ્યાર્થી અવસ્થાનાં સ્મરણો તાજાં થવા લાગ્યાં. સુખદ બનાવો, પ્રસંગો ને મૈત્રીઓ યાદ આવવા લાગી. કૉલેજ જીવનના તોફાની રંગો અને રમતગમતના ઉલ્લાસના દિવસો એનાં અનેક પ્રસંગો સાથે ખડા થવા લાગ્યા. પ્રહ્લાદને એ દિવસોની ગમત રમતી, ફૂદતી કલ્લોલની લાગી. થોડીક હાલો એ ચંદા સાથે પ્રહ્લાદ રહ્યો, પણ આજની ચંદાએ એને એ સ્થાનેથી ખસેડ્યો. પ્રહ્લાદને બીજી મૈત્રીઓ યાદ આવી: સુધા, સુશીલા, પ્રમિલા. એની આંખ આગળ આવ્યાં. પ્રહ્લાદને કશી લાગણી ન થઈ, પણ એમને જોવાની અને મળવાની સહજ ઇચ્છા થઈ આવી. સુધા પરિણીત જીવન ગાળતી હતી અને સુશીલા સુરેન્દ્ર સાથે જ પરણવાની હતી એ પ્રહ્લાદ જાણતો હતો. પ્રમીલા હજી કુમારિકા હતી. એ કોને પરણશે કે એને કોણ પરણશે તે કોઈ જાણતું નહોતું. પ્રહ્લાદને વિચારો આવ્યા: સુધાનું દાંપત્યજીવન કેવું ચાલતું હશે? સુશીલા ને સુરેન્દ્ર જીવનભર લગ્નની રમત માણી શકશે? પ્રમિલા પ્રેમલગ્ન જ પસંદ કરી શકશે? પ્રહ્લાદના મનમાં સૌને મળવાની અને સહજ ભાવે ઊંડા એ રસોના રહસ્ય જાણવાની ઇચ્છા થઈ આવી.

વાતચીત થયાં પછી થોડાક દિવસ તો ચંદાએ પ્રયત્નપૂર્વક ધ્યાન નાખી રાખ્યું. દિવસો વીતતા ગયા તેમ તેમ આ પ્રશ્ન અતિ ગંભીર છે એમ એને લાગવા માંડ્યું. પોતે હજી યુવતી છે અને જિંદગીની સફર હજી લાંબી છે એવું ભાન થતાં જ ભાવી જિંદગીનો પંથ વિકટ જણાવા લાગ્યો. ચંદાની આંખ આગળ અંધારાં ઉભરાવા લાગ્યાં. દિલમાં ઉજાસ હતો તો યે બહાર અજવાળું ન થઈ શક્યું. તેમાં એણે એક દિવસ પ્રહ્લાદને સુધા વિષે, સુશીલા વિષે, પ્રમિલા વિષે ઝીણવટથી પૂછતા જોયા ત્યારે તો પોતાના

દીવાનુ દીવેલ ઢોળાઇ જતું હોય એમ એને લાગ્યુ પ્રહ્લાદ ઉપર એને પૂરો વિશ્વાસ હતો પ્રહ્લાદ કોઇ રંગીલો જુવાન કે પુરુષભ્રમર નહોતો એ ચંદ્રા જાણતી હતી, પણ એ મિત્રોને મળવાની આજ બે વરસ પછી પ્રહ્લાદને ઇચ્છા થઇ એનો સ્પષ્ટ અર્થ એ જ થયો કે 'પ્રહ્લાદના હૈયાને ચંદ્રા તરફથી પૂરતુ પોષણ નથી મળતુ ' ચંદ્રા એ સમજી ગઇ એના જીવનમાથી પ્રહ્લાદ ખરી જશે, સરી જશે એમ લાગવા માડયુ.

ચંદ્રાની ચિંતાનો પાર ન રહ્યો જોનાર કોઇ જાણે નહિ, સાભળનાર કોઇ માને નહિ અવલોકનાર કોઇ કલ્પે નહિ, એવું એના જીવનમા બનવા લાગ્યુ ચંદ્રા અને પ્રહ્લાદના લગ્નજીવનમા રસ લેનાર મિત્રોમા કોઇને એ કલ્પના નહોતી કે આજે પ્રતિક્ષણે એ લગ્નજીવનનો રસ સુકાઇ રહ્યો છે!

ચંદ્રાથી ન રહેવાયુ સામાન્ય રીતે, નહિ રડનારી ચંદ્રાથી એક દિવસ રડી જવાયુ. એ રુદને એના મો ઉપરની સૌમ્ય તેજસ્વીતા હરી લીધી મુખ ઉપર દુ ખના અને લાચારીના ભાવો ફરી વળ્યા ચંદ્રાનુ પ્રેરણા આપતુ વદન દયામણુ બની ગયુ રડી લીધા પછી મો ધોઇને ઉંડા વિચારમા એ બેઠી હતી ત્યા કોઇકના પગનાદો કાનમા અથડાયા એનુ હૃદય ફફડી ઉઠયુ. આખ ઉંચી કરી એણે જોયુ પ્રહ્લાદ અને પ્રમિલા હતા પ્રહ્લાદના મો ઉપર હાસ્ય હતુ. પોતે ઘણીવાર જોયો હતો એવો આખમા પ્રકાશ હતો બાજુમા પ્રમિલા હતી એ સ્મિત ફરકાવતી ઓરડામા આવી પ્રહ્લાદ બાજુના ઓરડામા ગયો પ્રમિલાને જોતા જ ચંદ્રાએ ફફડતા હૈયાને દબાવવા-સ્થિર રાખવા પ્રયત્ન કર્યો અને મુખભાવને બદલવા માડયા પણ પ્રમિલાથી છાનુ ન રહ્યુ આસુથી ધોવાયેલી આખો પ્રમિલા જોઇ શકી એ સમજી છતા હસતી હસતી જ અંદર આવી.

' આવ પ્રમિલા, ઘણા દિવસે!' ચંદ્રાએ આવકાર આપ્યો.

' હા, પણ હું તને આમંત્રણ આપવા આવી છુ '

' શાનુ ? '

' શાનુ ? બે વરસ પહેલાં તે મને શાનુ આમંત્રણ આપ્યુ હતુ ? ' પ્રમિલા હસતી હસતી બોલી

ચંદ્રા હસવા ઇચ્છતી હતી પણ હસી શકી નહિ એની આખમા ગભરામણ તરી આવી.

' કયા ? કોની સાથે ? ' ચંદ્રાએ પૂછ્યુ

' મધુકર '

'એમ ? સારુ, બહુ સારુ!'

બાજુના ઓરડામા કોટ-ટોપી મૂકી પ્રહ્લાદ આવી પહોચ્યો

' ચંદ્રા! વાત સાભળી?' ખુરસી ઉપર બેસતા બેસતા પ્રહ્લાદે સસ્મિત પૂછ્યુ

' હા ' ચંદ્રા ધીમુ હસી

' કાલે સવારે તમારે બનેએ આવવાનું છે!' પ્રમિલા ઉઠવા લાગી

' એટલી બધી શી ઉતાવળ છે ? બેસ તો ખરી '

' શી ઉતાવળ ? તમારુ કામ તો પૂરુ થયુ તમારે હવે શી ચિંતા?—હં, ચંદ્રા, તમારે બનેએ મને તમારા લગ્નજીવનના અનુભવ તો કહેવા જ પડશે હો '

પ્રહ્લાદ અને ચંદ્રાથી એકમેક સામે જોવાઇ ગયુ

' મને ખબર તો પડે કે લગ્નની વસંત કેટલો

સમય ચાલે છે અને પાનખર ક્યારથી બેસે છે ?'

બંને ચમક્યાં.

'જુઓ હું સાચું કહું ! ' પ્રમિલા જરા ગંભીર થઈને બોલી ' મેં તો મોટી આશાઓ રાખી જ નથી. મધુકર મને ચાહે છે, હું એને ચાહું છું. માતપિતાની નામરજી છે પણ તેઓ વાંધો નથી લેતાં. અમારાં શરીર, વય, બુદ્ધિ સરખા લાગે છે, એટલી બાબતમાં તો કજોડાં જેવું નથી લાગતું. છતાં અમે બંનેએ સમજી લીધુ છે કે લગ્નજીવનની તૈયારીમાં ને કલ્પનામાં જે રસ છે તે કદાચ વાસ્તવિક જીવનમાં નહિ રહે. કજોડાં જેવું નથી લાગતું છતાં એવું થઈ પડે. મનની સૂક્ષ્મ લાગણીઓને, પરાપૂર્વના સંસ્કારોને, હૃદયના આવેગોને આપણે પૂરી રીતે ક્યાંથી સમજી શકીએ ?'

ચંદાને એમ થયું કે પ્રમિલા પોતાને જ કહી રહી છે. પ્રમિલાની વાત સાચી લાગી, પણ ચંદાને એ સાંભળવી ગમી નહિ. એનાં મો ઉપર અણગમો પણ દેખાયો. પ્રમિલા સમજી ગઈ.

'ઠીક ત્યારે, કાલે આવવાનું ન ભૂલતા. અને ભેટ પણ લાવવાની હો કે ?' પ્રમિલા હસતાં હસતાં બોલી.

'ભેટમાં શું લાવવું ?' પ્રહ્લાદે પૂછ્યું.

'બે વસ્તુઓ લાવવાની. બંને સજીવ. પ્રકૃતિના બે અંગો જેવી અવિભાજ્ય.'

'એટલે અમે બે જ !' પ્રહ્લાદ હસીને બોલ્યો.

'હા, ત્રીજું તો હજી કોઈ છે નહિ.' પ્રમિલાએ આજુબાજુ જોઈ હસીને કહ્યું.

ચંદા શરમાઈ ગઈ

'જરૂર હો !' પ્રમિલા ઉભી થઈ. પ્રહ્લાદ અને ચંદા એને દરવાજા સુધી મૂકવાં ગયાં.

પ્રમિલા ગયાં પછી થોડીક ક્ષણો જ આનંદનું વાતાવરણ ટકી શક્યું. ફરી પાછી એ જ ગંભીરતા પ્રસરી ગઈ. એ ઓરડામાં જ ગંભીરતા નહોતી, કુદરત પણ ગંભીર બનતી જતી હતી. સૂર્ય આથમી જવા આવ્યો હતો. ઓરડાની પાછળની બારીમાંથી એનાં છેલ્લાં કિરણો આવતાં બંધ થયા હતાં. આકાશ ઘેરા લાલ રંગનું બની ગયું હતું. થોડી જ વારમાં બધું શાંત પડી જશે એવો સ્પષ્ટ ખ્યાલ આપે એ પ્રકારનો કલરવ થતો હતો

'ચંદા !' પ્રહ્લાદે સંધ્યાના રંગો જોતા જોતાં કહ્યું 'ફરવા જશું !'

'ભલે' ચંદા તૈયાર જ હતી.

બંને તૈયાર થઈ બહાર નીકળ્યાં. ઘરની પાછળ એક સડક જતી હતી તે ઉપર ચાલવાં લાગ્યાં સરતા પગનો સડકનો પૂગ રવાં લાગ્યો બંને મૂંગા મૂંગા જ ચાલ્યા. એકાંત મળતા પ્રહ્લાદે વાત શરૂ કરી.

'આપણે ક્યાંક બહારગામ જઈએ તો ?'

'બહારગામ ?' ચંદા ચમકી, 'શા માટે ?'

'ખાસ તો કંઈ કારણ નથી, પણ હમણાં માનસિક અસ્વસ્થતા રહે છે તેથી એમ થાય છે કે ક્યાંક ફરી આવીએ. પ્રમિલા તો એકલા જ જવાની છે, પણ તને પછી અહીં કેમ ફાવે ?'

ચંદા તરફથી જવાબ ન મળ્યો.

'તારી ઇચ્છા હોય તો જ જઈએ. મારો આગ્રહ નથી.'

'તો મારા પિતાને ત્યાં જ જઈએ તો ?'

'ત્યાં ફાવશે ?'

'કેમ નહિ ફાવે ? તેઓ ત્રણચાર મહિનાથી આપણને બોલાવે પણ છે, અને હમણાં તો એ તબીઅતના કારણે ગામડામાં જ રહે છે, એટલે આપણને શાંતિ મળશે અને નવીનતા પણ મળશે.'

'ભલે એમ કરીએ.'

બંને એકાદ માઇલ જેટલે દૂર નીકળી આવ્યાં હતાં. રાત પડી ગઇ હતી એટલે પાછા વળ્યાં.

'પ્રહ્લાદ,' ચંદ્રા ધીમેથી ગંભીરતાપૂર્વક બોલી. 'તમે મને નહિ જ કહો ? આમ ને આમ આપણે શી રીતે જીવન પૂરું કરી શકીશું ?'

'કઇ કહેવાનું જ નથી, ચંદ્રા !'

'તો હું કહું ?' ચાલતાં ચાલતાં ચંદ્રા ઉભી રહી ગઇ. પ્રહ્લાદ પણ ઉભો રહી ગયો. 'તમને હવે મારામાં રસ રહ્યો નથી.'

'ના, માત્ર એમ તો નથી. પણ ઓછપ લાગ્યાં કરે છે અને દિવસે દિવસે વધુ લાગ્યાં કરે છે.'

'પણ તમે કહો તો મને ખબર પડે ! તમારા માટે હું ન કરી શકું એવું શું છે ? પ્રહ્લાદ ! તમે મને ચાહો છો તે હું જાણું છું. તમે મારા જ છો એવો મને પૂરો વિશ્વાસ છે પણ આમ ને આમ રહેશું તો સાથે રહ્યાં છતાં આપણી વચ્ચે માઇલોનું અંતર પડી જશે.'

'મને કંઇ ખબર નથી પડતી, ચંદ્રા ! માટે જ હું એકલો જવા માગતો હતો. ક્યાંક દૂર જઇ બધું સમજવા ને ઠીક થવા ઇચ્છતો હતો.'

'આજે ઘણા દિવસે મેં તમને ઉલ્લાસમાં જોયા. !' સહેજ થડકતા અવાજે ચંદ્રા બોલી.

'હા, પ્રમિલા સાથે આવતો હતો, ત્યારે તને એવું લાગ્યું હશે. મને પણ એવું લાગે છે અને એટલે જ હું અહીંથી ભાગવા માગું છું. ચંદ્રા ! તું વિશ્વાસ રાખજે. મારા મનમાં બીજું કશું નથી.'

'મને વિશ્વાસ જ છે, મને તો એમ થાય છે કે તમારા ચિત્તની અશાંતિનું કારણ હું જ છું.'

બંને વાતો કરતા ઘર પાસે આવી પહોંચ્યાં. અંદર આવીને એમણે પાછી વાતો શરૂ કરી.

'પ્રમિલાએ કહ્યું તેમ આપણા લગ્ન-જીવનની પાનખર તો નહિ બેઠી હોય ?' ચંદ્રા બોલી.

'બેઠી હોય તો યે શું ? એ કંઇ ચિરકાળ થોડી જ ટકવાની છે ?'

'તમે આપણી આજની સ્થિતિ વિષે કંઇ જ નથી વિચારી શકયા ?'

'ના.'

'કંઇક અસ્પષ્ટ તો વિચાર્યું હશે.'

'ક્યારેક એમ લાગ્યા કરે છે કે આપણા *સંવનન કાળે અને લગ્નના આરંભ કાળે* આપણામા ઉછળી ઉછળીને એકબીજાને મળવાની જે વૃત્તિ હતી તે ઓછી થતી જાય છે. એક બીજા વિના ચેન જ ન પડતું તે હવે નથી થતું અને ચંદ્રા !' પ્રહ્લાદ જરા અટકયો 'સાચું કહું ? આ ફેરફાર મને તારામાં લાગે છે.'

ચંદ્રા પ્રહ્લાદ સામે જોઇ રહી. એનાથી એક અક્ષર પણ બોલાયો નહિ. પ્રહ્લાદ ચંદ્રાની આંખો જોઇ જરા પાછો પડયો. એ આંખોમાં કશું ચિંતન નહોતું, લાગણી નહોતી, વિચારનું પ્રતિબિંબ નહોતુ, એકલી સ્તબ્ધતા હતી.

* * *

પ્રમિલાનું પ્રેમભર્યું આમંત્રણ હતું પણ બંનેમાંથી કોઈએ એ યાદ ન કર્યું અને સવારની ગાડીમાં ચંદ્રાના પિતાને ત્યાં જવા માટે બંને ઉપડ્યાં ચંદ્રાનાં માતપિતા આ બંનેને જોઈ ખૂબ આનંદ પામ્યાં ચંદ્રાની નાની બેન ઉર્મિલા પણ ખૂબ ખુશ થઈ આખા ઘરમાં આનંદનું વાતાવરણ પ્રસરી ગયું

છેલ્લા એક વર્ષ થયા ચંદ્રા ત્યાં આવી નહોતી એટલે બે ત્રણ દિવસ તો એ એક વર્ષમાં નાના મોટા જે પ્રસંગો બન્યા હતા તેની જ વાતો થઈ એ વાતોમાં એક પણ વાત ગંભીર નહોતી એકબીજાએ એકબીજાને આનંદના સમાચાર જ આપ્યા ચંદ્રાએ પોતાના સંસાર જીવનની વાત છૂપાવી બાકીની અનેક વાતો કહી સૌને ખૂબ ખુશ કરી દીધા આ બધામાં પ્રહ્લાદે પણ ઠીક રસ લીધો

આઠેક દિવસ સુધી વાતાવરણમાં ભરતી રહ્યા કરી પછી સામાન્ય જીવન શરૂ થયું પ્રહ્લાદ અને ચંદ્રાના મોંમાં ફરી પાછી એ ચિંતા પ્રસરવા લાગી હાસ્ય ઓછું થયું ગાંભિર્ય વધવા લાગ્યું માતાપિતાએ આ જોયું પણ એમને નવાઈ ન થઈ 'મોટા થયાં' માની એ તો ઊલટા રાજી થયા ઉર્મિલાથી આ ગાંભિર્ય ન સહેવાયું ઉર્મિલા અઢાર વર્ષની, ચંદ્રાની બીજી મૂર્તિ જેવી જ હતી એના રોમેરોમમાં ચેતન સ્ફુરતું હતું અને હોઠ ઉપર નિરંતર મંદમંદ હાસ્ય રમતું રહેતું ચંદ્રાને એણે કોઈ દિવસ ગંભીર જોઈ જ નહોતી પ્રહ્લાદને પણ નીચી મુંડીએ ચાલતો એણે જોયો નહોતો એને આ બંનેનું ગાંભિર્ય અકળાવવા લાગ્યું

એક દિવસ ચંદ્રા બા પાસે બેઠી હતી અને પ્રહ્લાદ ઘરના એક મોટા આયના સામે બેસી વિચારમાં ડૂબ્યો હતો ઉર્મિલા ધીમે પગને પ્રહ્લાદના ઓરડામાં આવી પ્રહ્લાદને ખ્યાલ ન રહ્યો ઉર્મિલા એક બાજુએ શાંતિથી ઉભી રહી પ્રહ્લાદનું મોં એ જોઈ શકતી હતી એ ઉપરથી ચિંતા પણ જોઈ શકતી હતી. પ્રહ્લાદનું મોં જોઈ ઉર્મિલાને લાગી આવ્યું એ ધીમે પગલે એની પાછળ જોઈને ઉભી રહી આયનામાં પ્રતિબિંબ આવતાં જ પ્રહ્લાદ ચમક્યો મોં ઉપર ખોટું હાસ્ય લાવી એણે પાછળ જોયું ઉર્મિલા હસી નહીં પણ ગંભીરમુખે ઉભી રહી

'કેમ, મારી મશ્કરી કરવા આવ્યા હતા?' પ્રહ્લાદે સ્વસ્થતા બતાવવા પૂછ્યું

એ પ્રશ્ન અને હાસ્ય પાછળ પ્રહ્લાદની દુઃખભરી ગંભીરતા છુપાઈ રહી હતી તે ઉર્મિલા એકીટસે જોઈ રહી

'કેમ, શું જૂઓ છો?'

'તમારું નાટક!'

પ્રહ્લાદ ચમકી ગયો. નાટકનો વેશ ને અભિનય ઉતરી ગયા મોં ઉપર દુઃખની ઘેરી રેખાઓ ફરી વળી થોડીક ક્ષણ મૌન વ્યાપી ગયું કોઈ કશું બોલ્યું નહિ—બોલી શક્યું નહિ

'ઉર્મિલા!' બહારથી ચંદ્રાનો અવાજ આવ્યો પ્રહ્લાદ અને ઉર્મિલા ચમક્યા નિષ્કારણ ડર્યા ઉર્મિલા ત્યાંથી ખસીને દૂર ઉભી ચંદ્રા હસતી હસતી અંદર આવી પ્રહ્લાદ ગંભીર મુખે એમ ને એમ બેસી રહ્યો ઉર્મિલાના મુખ ઉપર પણ ગંભીરતા હતી ચંદ્રાના આશ્ચર્યનો પાર ન રહ્યો છતાં એણે હસીને કહ્યું

'ઉર્મિલા, ચાલતો બા પાસે, મઝાની વાત છે' ઉર્મિલા પણ હસી અને બંને બહેનો ઓરડાની બહાર નીકળી પ્રહ્લાદ એકલો પડ્યો 'ચંદ્રાને શંકા ગઈ હશે?' એના મગજમાં પ્રશ્ન ઉઠ્યો આખા શરીરમાં એક કંપારી આવી ગઈ ખૂબ અકળામણ થવા લાગી

બહાર જવા માટે એ ત્યાંથી ઉઠયો. ઓરડા બહાર પગ મૂકે ત્યાં ચંદ્રા અને ઉર્મિલાને બહાર ઉભાંઉભાં ધીમેથી વાતો કરતાં એણે સાંભળ્યાં, એ થંભી ગયો. અયોગ્ય લાગ્યું છતાં ત્યાંથી ન ખસી શકયો.

'બેન, એ બહુ દુઃખી લાગે છે.' ઉર્મિલા બોલતી હતી.

'હું જાણું છું પણ મને એમનું દુઃખ સમજાતું નથી. ઉર્મિલા તને ખબર પડશે? તું એમનાં અંતરના ઘાવ પારખી શકીશ?'

પ્રહ્લાદનાં મનમાંથી ભય અને શંકા સરી પડયાં.

'પણ બેન, સંભાળજે. એમણે મને કહ્યું કે મારામાં હવે લાગણીનો થનગનાટ નથી. તારામાં એવો થનગનાટ એમને કદાચ લાગશે.....'

પ્રહ્લાદ ધ્રૂજવા લાગ્યો.

'એમની વાત પછી મને થાય છે કે લગ્નકાળની જ રસમસ્તી એમનામાં રહી છે. મારો મસ્તીનો કાળ પૂરો થયો છે અને પ્રેમનો શાંત પ્રવાહ જ હવે મારા જીવનને દોરે છે.'

પ્રહ્લાદથી ન સંભળાયું, ન ઉભું રહેવાયું. એ પાછો વળ્યો અને ખુરશી ઉપર ઢગલો થઇને પડયો. બંને બેનો વચ્ચેની વાતના સ્વરો એના કાનમાં અથડાતા હતા પણ કશું જ સ્પષ્ટપણે સમજાતું નહોતું.

* * *

અર્ધી રાત વીતી ગઈ હતી, નિરવ શાંતિમાં આખું ગામ ડૂબેલું હતું. ઘરનાં બધાં ઘસઘસાટ ઉંઘતા હતાં એક પ્રહ્લાદ પોતાની પથારીમાં આળોટયા કરતો હતો, એનાં ચિત્તમાં શાંતિ નહોતી. આંખમાં ઉંઘ નહોતી. આમથી તેમ પડખાં ઘસતો એ ઉંઘવા પ્રયત્ન કરતો હતો. એને કોઇ સતાવી રહ્યું હતું. એની છાતીને કોઇ ભીંસી રહ્યું હતું. એનાં હૃદયને કોઈ આવરી રહ્યું હતું. પ્રહ્લાદે દુઃખ અસહ્ય થતું હોય એમ એક નિઃશ્વાસ મૂકયો. પથારીમાં ઉંધો થઇને સૂતો, મોં ઢાંકી દીધું. શરીરને શિથિલ બનાવી મૂકયું. પણ થોડીક ક્ષણોમા, ફરીને અંગે અંગે આગ પ્રગટી હોય એમ એ બેઠો થઇ ગયો. વિકળ નેત્ર એણે ચારે કોર નજર ફેરવી. બારીમાંથી પાછલી રાતના ચંદનું અજવાળું આવતું હતું. ઓરડાની એકેએક ચીજ સ્પષ્ટ દેખાતી હતી. પોતા સિવાય ઓરડામાં બીજું કોઇ નહોતું એણે ધબ લઇને પથારીમાં પડતું મૂકયું અને સૂવા માટે ફરી ફાંફાં મારવા શરૂ કર્યાં.

સવાર સુધી એનો એ જ દશા રહી. સવારે એની આંખો લાલ અને ભારે દેખાતી હતી, એ પથારીમાં જ જાગતો પડયો રહ્યો. ઉર્મિલાએ આવી એની પથારીમાં દાતણ મૂકયું. દાતણ મૂકી એ તુરત પાછી વળી. પ્રહ્લાદે એને રોકવા હાથ સહેજ લાંબો કર્યો અને ખેંચી લીધો. ત્રુટતા અવાજે એનાથી બોલી જવાયું: 'ઉર્મિલા!'

ઊર્મિલા પાછી વળી.

'કેમ!'

'કંઇ નહિ, હં, ચંદ્રા ઉઠી છે!'

'અમે તો બે કલાક થયાં ઉઠયાં છીએ. તમારી પેઠે આળસુ નહિ તો.' ઊર્મિલા હસતી હસતી બોલી અને જવા લાગી.

'કેમ ઉતાવળાં થાવ છો? બેસોને જરી.' પ્રહ્લાદ ભારે અવાજે બોલ્યો.

ઊર્મિલાને આ અવાજ અસ્વભાવિક લાગ્યો. પ્રહ્લાદની આંખમાં પણ ઘેન જણાયું. છતાં એ બાજુમાં પડેલી ચટાઇ નજીક લઇને બેઠી. પ્રહ્લાદ પથારીમાં બેઠો થયો.

'તમે આજ કેમ વિહ્વળ જણાવ છો?' ઊર્મિલાએ પ્રશ્ન કર્યો.

'હું–હું ! ના, ના...રાત્રે ઉંઘ નથી આવી એટલે જ તમને એમ લાગતું હશે !'

અવાજમાં ધ્રૂજારી હતી તે ઊર્મિલા જોઈ રહી

'તમને ને ચંદ્રાને હમણાં નથી ફાવતું ?' ઊર્મિલાએ પ્રશ્નનું બીજું તીર છોડયું.

'કોણે કહ્યું ?' અવાજમાં ગભરામણ સ્પષ્ટ જણાઈ આવતી હતી

'હું જોઉં જ છું ને !'

'ઊર્મિલા !' બહારથી બાનો અવાજ સંભળાયો. ઊર્મિલા તુરત જ ઉઠી અને હસતાં હસતાં બહાર જતી રહી

ઊર્મિલા ગઈ પ્રહ્લાદની ગભરામણ કંઈક ઓછી થઈ. 'અમને નથી ફાવતું ! હા, નથી ફાવતું.' એના મનમાં વિચારો ઘોળાવા લાગ્યા 'શા માટે ?...ચંદ્રાના પ્રેમનો શાંત પ્રવાહ !.. અને !........." ત્રુટક વિચારો શરૂ થયા 'ઊર્મિલામાં યૌવન છે, તેજ છે, થનગનાટ છે .. પણ ..' ચંદ્રાના શબ્દો કાનમાં ખીલાની પેઠે ઠોકાવા લાગ્યા 'પણ બેન, સંભાળજે !' પ્રહ્લાદ ધ્રૂજી ઉઠયો 'આ શું પ્રહ્લાદ ?' પોતાની જાતને પડકાર થયો. 'હું...હું ક્યાં જઈ રહ્યો છું ? ચંદ્રા ,ચંદ્રા...આ તો બેવફાઈ–વિશ્વાસઘાત ! ..'

વિચારમાં આગળ વધે ત્યાં ઊર્મિલા આવી એના હાથમાં એક કાગળનો કટકો હતો કંઈ પણ બોલ્યા વિના પ્રહ્લાદની પથારીમાં કાગળ મૂકી એ ચાલતી થઈ પ્રહ્લાદે ધ્રૂજતા હાથે કાગળ ઉપાડયો ને વાંચવા માંડયો

'હું આવી ત્યારે તમારી આંખમાં ઘેન હતું શબ્દોમાં ભાર હતો. અંગમાં કંપારી હતી તમે મારા મોટાભાઈ છો ચંદ્રા તમારા માટે ઝૂરે છે એનો !'

આટલા જ શબ્દો હતા. પ્રહ્લાદ ઉઠયો અને એ જ સ્થિતિમાં ઊર્મિલા અને ચંદ્રા પાસે જવા તૈયાર થયો. એક ક્ષણમાં અનેક વિચારો મગજમાં ફરી વળ્યા. ઉતાવળે પગલે એ બાજુના ઓરડા તરફ વળ્યો એના કાને શબ્દો અથડાયા.

'તારે એવું નહોતું લખવું. એમનું હૃદય ભાંગી પડશે ચિત્તની લાગણીઓને ફેરવવાનું કામ એમ ન થાય, ઊર્મિલા ! તેં સારૂં કરવા જતાં ખૂરૂં કરી નાખ્યું હું હવે એમને સમજી ગઈ છું, એમનું દર્દ પણ પારખી ગઈ છું હું એમને સાચે રસ્તે વાળી લેત. તારે આમ નહોતું કરવું જોઈતું ઊર્મિલા !'

પ્રહ્લાદે પડી ન જવાય માટે દીવાલનો ટેકો લીધો. એની આંખે અંધારા આવવા લાગ્યા

'એમને ક્યાંથી ખબર હોય કે જીવનભર રમતી મસ્તી ન રહી શકે ? એ રીતે તો જીવન તૂટી જાય ભાંગેલા વહાણના જેવી દશા થાય. પ્રેમનો ઘુઘવાટ તો અલ્પકાળ રહે, શાંત સરોવરની ગંભીરતા જીવનભર ટકે. ઊર્મિલા ! બેન ! હું એમને સમજાવી લેત. એમના સંતપ્ત હૃદયને ધીમે ધીમે શાંત કરી દેત. એમના ઉછળતા ધોધને શમાવી દેત.... .'

લથડતા પગે પ્રહ્લાદ ઓરડામાં દાખલ થયો. બને બહેનો ચમકી ગઈ. ચંદ્રા સફાળી ઉઠીને પ્રહ્લાદની નજીક આવી પ્રહ્લાદે બોલવાનો પ્રયત્ન કર્યો પણ ગળે ડૂમો ભરાયો. એનું માથું ચંદ્રાના ખભા ઉપર ઢળી પડયું. એક હાથે માથું દબાવી બીજે હાથે ચંદ્રા પ્રહ્લાદનો વાંસો પંપાળવા લાગી

તાપ નહોતો, થનગનાટ નહોતો, ઉકળાટ નહોતો, શિતળતા હતી, શાંતિ હતી છતાં પ્રહ્લાદના પ્રાણ એ સ્પર્શે જાગવા લાગ્યા થીજી ગયેલી આંગળીઓમાં ચેતના આવી અને હૃદયવીણા ફરીને ઝણઝણી ઉઠી

એ હૃદયવીણાનું મૂક સંગીત ઊર્મિલા સાંભળી રહી હતી

ડોસીના વીંઝણા

રમણિક અરાલવાળા

: મિશ્રજાતિ :

સોહામણા સુરત સ્ટેશનેથી
ખજૂરીના નાજુક વીંઝણા ત્હને !
હતો ખરીદ્યો જમુનાજી જાતાં
મુસાફરીના તનતાપ ટાળવા.
નિહાળતાં નિત્ય નિસર્ગબાગ,
સ્થાપત્ય જે શિલ્પતણા સુહાગ,
ગમ્યુ ઘણું તે જડી મુગ્ધ હૈયે
ફર્યાં પછી ચોમડ તીર્થમાં અમે.

નિહાળું હાવાં ઘર આવી ત્હારી
ચૂંથાયલી નિષ્ક્રિય ચારૂકાયા,
'ફેંકો હવે' સર્વ કહે છતાં આ
હૈયેથી છૂટે નવ ત્હારી માયા-

પંખા પડયા સુન્દર છાજલી પરે
ઝૂલે ભરેલા વહુઆરૂઓએ,
મ્હારે નકામા મરવાની રાહે
જીવી રહી હું અળખામણી બલા.

દલ્લા વિનાની હું બની છું ડોસી,
આશા ધરી સર્વ રહ્યું તું પોપી;
થોડીઘણી સીલક તે ય કાલે
ગંગાજીના પૂજનમાં પુરી થશે.

ને કારમી કાળતણી તરાકમાં
કંતાઇને પૂણી સમાન કાયા,
થશે પથારીવશ જીર્ણ ખાટલે,
અંધારીયા એકલ ઓરડામહીં.
મોઘા થશે ત્યાં પદધોય પુત્રના,
એ.જે રમાડયાં નહિ બાળ આવશે
પાણીય પાવા, પરગામી પુત્રીઓ
પત્રો લખી ગાઠવશે ન ચાલે,
'લાચાર છું માડી ! રજા ન આલે'

અખંડ મૌન સહવાનું ત્યારે
વ્હાલા તણુ વર્તન મર્મવેધી.
મોઘો હશે માનવલોક સારો,
એથી ય મોઘો યમનો સહારો.

એ ઓશિયાળા અણખૂટ જીવને
ખજૂરીના નિષ્ક્રિય વીંઝણા તું
પાસે રહી અંતરતાપ ટાળજે
જગાડી મીઠા સ્મૃતિના સમીરો.

સ્મરણ

નંદલાલ જોષી

: પૃથ્વી :

ત્હમે સ્મરણ દૂરનાં શીદ અહીં મ્હને ઊડતાં ?
વહાવી ચખબિન્દુ સ્થિર દિલને હલાવી જતાં !
સુદૂર સ્વજનો રહ્યાં, તજી દઇ મીઠી ગોઠડી
પ્રિયા નયનની, અને ઉર-સતારતંત્રી બધી
વિછોડી વિખુરી પડી, વિજનપંથનો પંથી હું
રહ્યો ધસમસી સુદૂર ક્ષિતિજાન્ત ઓળંગવા.

નિશા તિમિર ઊભરે, ગગન મેઘઘંટા બજે,
મહા મરૂતગાજ તાણ્ડવ પ્રચંડ માંડે, અને
તુફાની દળ શ્યામ વાદળ તણાં પથે ત્રાટકે !
બનાવી દિલ વજ્રનું ધસી રહું જ ધ્યેય પ્રતિ
તદા સ્મરણ પ્રિયનાં શીદ મ્હને પીગાળી જતાં ?,
ભલે સ્મરણ હો ત્હમે સ્વજનનાં, ન આવો હવે
ચહું ન સ્મૃતિ પાંગળી ડગમગાવતી ધ્યેયને.

તા. ૨૭-૬-૩૬

કાશી વિદ્યાપીઠ

આછો પરિચય :

એક વિદ્યાર્થી

"અધ્યાત્મવિદ્યાના પાયા ઉપર ભારતીય સભ્યતાનો વિકાસ સાધવો, ભારતમા વસેલી બધી જાતિઓને ભારતીય સમાજમા યોગ્ય સ્થાન આપવુ તથા ભારતમા પ્રચલિત થયેલા આચારવિચારનો યોગ્ય સમન્વય સાધવો, સ્વાધીનતા અને સ્વદેશપ્રેમના ભાવની સાથે લોકસેવા અને વિશ્વબંધુત્વની ભાવનાનો પ્રચાર કરવો તથા સંસારના પ્રાચીન અને અર્વાચીન શાસ્ત્ર, હુન્નર કલા, જ્ઞાન, વિજ્ઞાન વગેરેની વૃદ્ધિ અને પ્રચાર અર્થે પ્રયત્નો કરવા"

સ્થાપના

આવો ઉદ્દેશ ધારણ કરી અસહકારયુગમા આ વિદ્યાપીઠ હસ્તીમા આવી આજ તો એ વાતને સોળ વર્ષ વીતી ગયા છે સોળ વર્ષમા વિદ્યાપીઠે અનેક રંગો જોયા છે રાષ્ટ્રીય જીવનના ભરતી ઓટની સાથે સસ્થામા પણ ભરતી-ઓટ થયા કરે છે અને ભારે મંદીના દિવસોમાં પણ રાષ્ટ્રની નાડીઓમા પ્રાણના ધબકારા માલુમ પડે છે તેમ જ વિદ્યાપીઠમા પણ એનો એ જ પ્રાણ રહ્યો છે. કેટલાકીના અનેક પ્રસંગોએ ખાત્રી આપી છે કે વિદ્યાપીઠ જીવંત સંસ્થા છે ૧૯૨૦–૧૯૨૧મા હિન્દની ભૂમિમાં જે બીજ વવાયુ એ જ તેજસ્વી બીજ આજસુધી સસ્થાના મૂળમા પડ્યુ છે તેની સાબીતી બીજુ કોઇ તો ઠીક પણ સંયુક્ત પ્રાંતની સરકાર પણ આપશે એ બીજમાંથી જે ફળો નિપજ્યા છે તે વિદ્યાપીઠની નજીક રહેનારાઓ જાણે છે, વાચનાર આ પરિચયથી સહેજમાજ જાણી શકશે

કાશી બહુ પ્રાચીન સ્થળ છે એ આપણા દેશનુ તિર્થક્ષેત્ર જ નથી વિદ્યાક્ષેત્ર પણ રહ્યુ છે એથી જ ભારતભૂષણ માલવીજીએ ત્યા 'બનારસ હિંદુ યુનીવર્સીટી'ની સ્થાપના કરી છે. અસહકારયુગ પહેલા જ નવીન શિક્ષણના વિચારો ત્યાના વિદ્યાપ્રેમી સજ્જનોને કંઇક કરવા માટે પ્રેરી રહ્યા હતા એ માટે થોડાક પ્રયત્નો પણ થયા હતા એ અરસામા જ આખા દેશમાં રાષ્ટ્રિયતાનુ મોજુ ફરી વળ્યુ કન્યાની

મહાસભાએ અસહકારનો ઠરાવ કર્યો. આખા દેશમાં ત્રિવિધ બહિષ્કારનું આંદોલન ઉપડ્યું. રાષ્ટ્રિય રંગે રંગાએલાં માબાપોએ પોતાના બાળકોને સરકારી શાળાઓમાંથી ઉઠાડી લીધા. લડાઇના રણશીંગાથી જાગી ગયેલા સેંકડો જુવાનોએ શાળા-કોલેજો છોડી દીધી. આજના આપણી મહાસભાના મહામંત્રી આચાર્ય કિપલાનીજીએ ત્યારે લડતમાં ઝૂકાવી દીધું હતું. એમણે પોતાની અગ્નીઝરતી જબાનમાં વિશ્વ-વિદ્યાલયના વિદ્યાર્થીઓને પડકાર કર્યો અને થોકબંધ વિદ્યાર્થીઓ મેદાનમાં આવ્યા. એ બધા વિદ્યાર્થીઓને લઇ ઇશ્વરગંગી તળાવના કિનારા પર એક મકાન લઇ આચાર્યજીએ વિદ્યાલય શરૂ કર્યું. એ સંસ્થાનું ત્યારનું નામ: ગાંધી આશ્રમ. એ દિવસોમાં જ પૂ. ગાંધીજીએ બાબુ ભગવાનદાસ ઉપર એક પત્ર લખી જણાવ્યું કે 'મારી એવી ખાત્રી થઇ ચુકી છે કે બનારસમાં એક વિદ્યાપીઠ સ્થાપવાનો અવસર આવી પહોંચ્યો છે.' આવી પ્રેરણાની જ રાહ જોવાતી હોય એમ બનારસના રાષ્ટ્રિય કાર્યકરો અને વિદ્યાપ્રેમીઓ એકઠા મળ્યા, સ્થિતિ, સંજોગોનું અવલોકન કર્યું અને વિદ્યાપીઠની સ્થાપના કરવાનો નિશ્ચય જાહેર કર્યો.

વિદ્યાપીઠની ઉદ્‌ઘાટન ક્રિયા બીજું કોણ કરે? ગાંધીજીને આમંત્રણ મોકલવામાં આવ્યું અને રાષ્ટ્રના સુકાનીઓ સમા પંડિત મોતીલાલ નહેરૂ, મૌલાના મહમદઅલી, મૌલાના અબુલ કલામ આઝાદ, શ્રી જમનાલાલ બજાજ, આપણા રાષ્ટ્રપતિ જવાહરલાલ વગેરેની હાજરીમાં ગાંધીજીએ સંસ્થાની ઉદ્‌ઘાટન ક્રિયા કરી.

પ્રથમ દર્શન

૧૯૩૪ સુધી આ વિદ્યાપીઠનું મેં નામ જ સાંભળેલું, એથી વધુ હું કશું જ જાણતો નહોતો. આચાર્ય નરેન્દ્રદેવ વિષે પણ મને કશી માહિતી નહોતી. પહેલવહેલા મેં એમને મુંબઇ મહાસભામાં સાંભળ્યા. ત્યારપછી એમના વિષે મને વધારે જાણવાનું મળ્યું. ગુજરાત મહાસભા સમાજવાદી પરિષદનું પ્રમુખસ્થાન લેવા ગુજરાતમાં આવ્યા ત્યારે તો એમના વિષે હું ઠીક જાણતો થઇ ગયો. એ દિવસોમાં જ હું કોઇ રાષ્ટ્રિય શિક્ષણસંસ્થામાં અભ્યાસ કરવા જવાનું વિચારતો હતો. એમનો પરિચય થયાં પહેલાં 'કાશી વિદ્યાપીઠ'માં જવાનું હું લગભગ નક્કી કરી ચૂક્યો હતો અને પરિષદ પછી થોડાજ દિવસોમાં બે મિત્રો સાથે હું ત્યાં ઉપડી ગયો. શરૂઆતમાં તો 'શાંતિનિકેતન'માં જવાની ઇચ્છા કરેલી પણ મારામાં કલા કરતાં રાષ્ટ્રીયતાનું તત્ત્વ વધારે હતું એટલે બંને સંસ્થાઓની વાતો સાંભળ્યા પછી કાશી વિદ્યાપીઠનું જ આકર્ષણ બળવાન બન્યું.

બનારસ છાવણીના સ્ટેશનથી જરાક આગળ જ 'વિદ્યાપીઠ રોડ' આવે છે અને એ રસ્તા ઉપર જ બે મજલાનું એક લાંબું ને ભવ્ય મકાન છે તે 'કાશી વિદ્યાપીઠ.' આપણી બાજુ જે આ સંસ્થા વિષે નથી જાણતા તેઓ 'કાશી વિદ્યાપીઠ'ને 'હિંદુ યુનીવર્સીટી'નું ગુજરાતી કે હિંદી નામ જ સમજે છે. જ્યારે એ બંને સંસ્થા જૂદી છે. 'કાશી વિદ્યાપીઠ' સંપૂર્ણ રાષ્ટ્રીય સંસ્થા છે. જેમ આપણી 'ગુજરાત વિદ્યાપીઠ.'

અમે પહોંચ્યા ત્યારે ત્યાં રજાઓ ચાલતી હતી એટલે અધ્યાપકોમાંથી કોઇ નહોતું. થોડાક વિદ્યાર્થીઓ હતા તેમની પાસેથી જાણ્યું કે 'ગૃહપતિજી ખૂબ સારા છે, ભલા છે, માત-પિતાને પણ ભૂલાવે એવા છે' અમે દક્ષિણામૂર્તિના વાતાવરણમાંથી આવતા હતા એટલે અમે એવી આશાઓ રાખી જ હતી.

વિદ્યાપીઠનું મકાન વિશાળ છે. નીચે મોટા મોટા ૭ ઓરડા, ઉપર આજુબાજુ બે ઓરડા

અને વચ્ચે મોટી બેરેક જેવડો લાંબો ઓરડો સામેની બાજુએ પણ છ મોટા ઓરડાની હાર. પાસે જ એક રમતનું મોટું મેદાન મને થયું કે રમવાની ને ફરવાની તો ખૂબ મઝા આવશે આ મકાનને મેં વિશાળ કહ્યું તે મારા મનમાં એના નાનાપણા વિષેની કલ્પનાને લઈને જ, બાકી 'હિંદુ યુનીવર્સીટી' પાસે તો આ બાળક પણ ન લાગે, પણ એ તો જ્યાંસુધી આપણી સરકાર ન સ્થપાય ત્યાંસુધી શોભવાનું જ

બીજે દિવસે મે વિદ્યાપીઠનું વાચનાલય અને પુસ્તકાલય જોયું મારે કહેવું જોઈએ કે ત્યાર પહેલા આવું સમૃદ્ધ વાચનાલય કે પુસ્તકાલય મે જોયું નહોતું હિંદના દરેક પ્રાંતમાંથી નીકળતા એકેએક સારા અંગ્રેજી અને હિંદી દૈનિકો, એક આંતરરાષ્ટ્રિય દૈનિક, એ ઉપરાંત સાપ્તાહિકો, માસિકો. ત્રિમાસિકો તો અનેક રાજકારણ, અર્થશાસ્ત્ર સમાજશાસ્ત્ર, માનસ શાસ્ત્ર, આંતરરાષ્ટ્રિય પ્રશ્નો ઇત્યાદિ દરેક વિષય ઉપરનું એક એક વિશિષ્ટ માસિક તો ખરૂં જ આ જોઈ મારૂં મન પ્રસન્ન થઈ ગયું પણ મે જ્યારે પુસ્તકાલય જોયું ત્યારે તે મને થયું કે પાંચેક વર્ષ આ મારણામાં મઘ્ન કરીને જ બેસી જાઉં. પુસ્તકાલયમાં હિંદી, અંગ્રેજી, બંગાળી, ગુજરાતી, સંસ્કૃત ઇત્યાદિ ભાષાઓના ચૂંટેલા વીસ હજાર કરતા વધુ પુસ્તકો એક લાખ રૂપિયા ઉપરની કિંમતના છે ખાસ કરીને ઇતિહાસ, અર્થશાસ્ત્ર રાજકારણ, તત્ત્વજ્ઞાન વગેરે વિષયોને લગતા, રશિયન સાહિત્ય જ્યોતિષ સાહિત્ય અને માનસશાસ્ત્ર અંગેના પુસ્તકો ઘણા છે ને દર વરસે એમાં વધારો થયા કરે છે આ પુસ્તકાલયને શ્રી બનારસીદાસ જૈની, શ્રી ઉમેદસિંહ સુમરીનાથ, આચાર્ય નરેન્દ્રદેવ, શ્રી ભગવાનદાસજી, શ્રી પ્રકાશજી, ઇન્ટર નેશનલ લેબર ઓફીસ સ્વામી કૃષ્ણાનંદ ગિરિ તથા કુમારી સિલિયન એડગર તરફથી વારંવાર પુસ્તકો ભેટ આપવામાં આવે છે

વિદ્યાપીઠનું મકાન, વ્યાયામની અને ફરવાની સગવડો, પુસ્તકાલય અને વાંચનાલય, શૌચ, સ્નાનાદિની સગવડો, વગેરેથી અમને ખુબ આનંદ થયો પણ રસોડાનું દર્શન કરતા જ અમને જેલ યાદ આવી અમારા લખાણો અર્ધો ઉત્સાહ ઓસરી ગયો કટાણે મોઢે અમે જમાવા બેઠા અને જેલના ભુલાઈ ગયેલા દિવસોને યાદ કરી હસવાના પ્રયત્નો કર્યા. અમને ચિંતા થવા લાગી કે અહીં આ ખોરાકમાં દિવસો કેમ જશે !

બે ત્રણ દિવસ પછી ગૃહપતિ આવ્યા અને અમને પહેલો જ પ્રશ્ન પૂછ્યો "**यहांका भोजन तो शायद अच्छा नहि लगता होगा**" અમે માથું હલાવી હા પાડી પણ અમારો ઉત્સાહ બતાવવા માટે ઉમેર્યું કે "**धीरे धीरे आदत हो जायगी**" પણ એ આદત ન જ પડી અમારા આવ્યા પછી બીજા ગુજરાતી વિદ્યાર્થીઓ પણ આવ્યા હતા એ બધા ભોજનથી ત્રાસવા લાગ્યા બે ભાઈઓ તો બિમાર પણ પડી ગયા એ ભાઈઓ થાકીને પાછા ગયા આમ આ વિદ્યાપીઠમાં ગુજરાતીઓ! માટે અગવડનો પ્રશ્ન હોય તો માત્ર ભોજનનો સંચાલકો આ અગવડ દૂર કરવા ઘણા પ્રયત્નો કરે છે પણ રસોઇયાને રસોઈ જ આવડે નહિ ને! અને ત્યાંની અત્યંત ગરીબાઈમાં વધુ ખર્ચ તો પોસાય જ નહિ એ બાજુના વિદ્યાર્થીઓને તો કશી મુશ્કેલી આવતી જ નથી, એમને તો સરસ રીતે ફાવે છે એમના મોટા ફુલકા, જે અમને તો સાવ કાચા જ લાગે તે તેઓ હોંસે હોંસે ખાઈ જાય અમે ફુલકાને વધારે પકાવીએ તો ઉલટું એમને આશ્ચર્ય થાય વિદ્યાપીઠના સંચાલકોને ગુજરાત અને મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓને ફાવે એવું ભોજન આપવાનો પ્રશ્ન એ મોટો પ્રશ્ન થઈ પડ્યો છે તેઓ ફેરફાર કરે છે પણ એ બાબતમાં તુરતમાં જ મહત્ત્વનો ફેરફાર થઈ જાય એવો સંભવ નથી લાગતો

કાર્ય વિભાગો અને પરિણામ

કાશીનગરીના હજારો નરનારીઓની હાજરીમાં વેદમંત્રો અને કુરાનની આયાતોની વચ્ચે જે સંસ્થાની સ્થાપના થઇ અને જેનો હેતુ હિંદી સભ્યતાનો વિકાસ કરવાનો છે તે સંસ્થાના કાર્ય વિભાગો આ પ્રમાણે છે. **મહાવિદ્યાલય વિભાગ:** જેમાં ઉચ્ચ કેળવણી આપવામાં આવે છે અને વિનિત અથવા મેટ્રીક થયેલ વિદ્યાર્થીને દાખલ કરવામાં આવે છે. ચાર વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો છે. અંગ્રેજી, સંસ્કૃત, હિંદી આદિ ભાષાઓ, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, રાજકારણ, અર્થશાસ્ત્ર તથા પૂર્વ અને પશ્ચિમની પ્રાચીન અને અર્વાચીન ફિલસુફી વગેરે વિષયો શિખવવામાં આવે છે.

કુમાર વિદ્યાલય વિભાગ જેમાં માધ્યમિક કેળવણી અપાય છે. અને સિવણ, સુથારીકામ આદિ ઉદ્યોગો શિખવવાના હોય છે. આ ઉપરાંત **પ્રકાશન વિભાગ** અને **રાષ્ટ્રભાષા પ્રચાર વિભાગ** પણ છે

છેલ્લાં સોળ વર્ષોથી આ સંસ્થા પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે જે પ્રવૃતિઓ કરી રહી છે તેના પરિણામોનો પુરો ખ્યાલ માત્ર આંકડાઓ ઉપરથી ન આવી શકે. સમગ્ર ભારતવર્ષના રાષ્ટ્રિયજીવનના ઘડતરમાં આ સંસ્થાનો શો હિસ્સો છે, સંયુકત પ્રાંતને ઘડવામાં એનો શો ફાળો છે વગેરે કયા માપથી માપી શકાય ? આપણે ગુજરાત વિદ્યાપીઠની સિદ્ધિ માટે પણ કેટલાક આંકડાઓ મૂકી શકીએ ? આપણે કયાં નથી જાણતા કે નવગુજરાતને ઘડવામાં મહાસભા પછી કોઈ સંસ્થાને ફાળે વધુમાં વધુ યશ જતો હોય તો એ સંસ્થા ગુજરાત વિદ્યાપીઠ છે. એ રીતે કાશી વિદ્યાપીઠનું સ્થાન સંયુકત પ્રાંતમાં છે કે નહિ તે હું બરાબર નથી જાણતો પણ આ દેખાઇ આવે એવાં થોડાંક પરિણામો ઉપરથી મને લાગે છે સંયુકત પ્રાંતમા રાષ્ટ્રિય જાગૃતિ આણનારાં બળોમા આ સંસ્થાનું મહત્વનું સ્થાન હશે જ. એનાં દેખાય એવા પરિણામો આ રહ્યાં.

રાષ્ટ્રિય આંદોલનમાથી જન્મ પામેલી સંસ્થાઓ દેશની જાગૃતિની પારાશીશી જેવી રહી છે. કાશી વિદ્યાપીઠનુ પણ એવુજ બન્યું છે. અનેક ભરતીઓટમાંથી પસાર થઇ એ પોતાના માર્ગે આગળ વધતી રહી છે. ૧૯૩૧–૩૨ માં સરકારે મકાન જપ્ત કર્યું હતું અને એનાં પરિણામે અઢી વર્ષ સુધી સંસ્થા બંધ રહી હતી. એ સિવાયનાં વર્ષોમાં આ સંસ્થાની નીચે કેટલીક શિક્ષણ સંસ્થાઓએ કામ કર્યું છે અને તેમાં પ્રયાગની વિદ્યાપીઠ, કાશી કુમાર વિદ્યાલય અને તાડીખેત પ્રેમ વિદ્યાલય મૂખ્ય રહ્યા છે. વિદ્યાપીઠમાથી આજ સુધીમાં રીતેર જેટલા શાસ્ત્રીઓ (સ્નાતકો) બહાર પડયા છે, જેમાંના મોટા ભાગના શાસ્ત્રીઓએ દેશસેવાને જ પોતાનુ જીવનધ્યેય બનાવ્યું છે અને આજે સેવાના વિવિધ કાર્યક્ષેત્રોમાં તેઓ કામ કરી રહ્યા છે. આ સોળ વર્ષમાં જેટલીવાર રાષ્ટ્રિય સંગ્રામ અને તેને લગતી મહાસભાની હિલચાલ થઈ તેટલીવાર સંસ્થાના અધ્યાપકવર્ગે અને વિદ્યાર્થીવર્ગે એકસરખો હિસ્સો આપ્યો છે. ઘણાખરા વિદ્યાર્થીઓએ અને અધ્યાપકોએ જેલની મિજમાની માણી છે, એક વાર નહિ પણ ઘણીવાર.

આ ઉપરાંત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓમાંથી ત્રણ કે ચાર વિદ્યાર્થી ફ્રાન્સ, જર્મની આદિ દેશોમાં જઇને વિદ્યાભ્યાસ કરી આવ્યા છે વિદ્યાપીઠના એક વિદ્યાર્થી શ્રી. ચંદ્રદત્ત શાસ્ત્રી ફ્રાન્સ જઇને પેરીસ યુનીવર્સીટીની 'ડોકટર ઓફ લીટરેચર'ની પદવી લઇ આવ્યા છે. શ્રી. બાલકૃષ્ણ કેસકરજી પણ ફ્રાન્સમાં ત્રણ વર્ષ અભ્યાસ કરી આવ્યા છે. વિદ્યાપીઠનાં બીજા બે શાસ્ત્રીઓ શ્રી. ઇન્દ્રબહાદુરસિંહ અને શ્રી. મદન.રાયજીએ જર્મનીમાં

પી. એચ. ડી. ની પદવી મેળવી છે. વિદ્યાપીઠના એક શાસ્ત્રીએ ઇટલી–એબીસીનીયન યુદ્ધ વખતે એબીસીનીયામાં લડાઇનાં ક્ષેત્ર ઉપર રહીને ખબરપત્રીનું કામ બહુ સુંદર રીતે બજાવ્યું છે. શ્રી ગુણવંત દેશમુખ ઝેકોસ્લોવાકીયામાં રહીને રંગાટ, વણાટ અને કાંતણનું કામ શીખી આવ્યા છે.

પ્રકાશન વિભાગ તરફથી આજ સુધીમાં જુદા જુદા વિષયો ઉપર ચૌદ પુસ્તકો પ્રગટ થયાં છે. તેમાં પ્લુટાર્કના જીવનચરિત્રોના અનુવાદ, ટ્રોટસ્કીનું જીવન અને આચાર્યશ્રીએ લખેલું 'લેનીન કા સામ્રાજ્યવાદ' મુખ્ય છે. છેલ્લું પુસ્તક જપ્ત કરવામા આવ્યું છે.

ઉદ્યોગમાં આજસુધીમાં કાતણ, પીંજણ, વણાટ આદિ ખાદીકાર્ય અને એ સિવાય શીવણ અને સુથારી કામ થયું છે. છેલ્લા બે ઉદ્યોગોમાંથી થોડાક વિદ્યાર્થીઓએ અર્થપ્રાપ્તિ પણ કરી છે.

હિન્દી–કોવિદ્‌નો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ છે, તેમા ચાળીસેક જેટલા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે અને એમાના મોટો ભાગ દક્ષિણ હિન્દમા હિન્દી પાઠશાળાઓમા શિક્ષકનુ કામ કરી રહ્યો છે.

આ ઉપરાત સેવાની નાની મોટી તકોનો વિદ્યાર્થીઓએ પૂરેપૂરો ઉપયોગ કર્યો છે. બિહાર ધરતીકંપ વખતે વિદ્યાપીઠ ઘણાનું આશ્રયસ્થાન હતી અને કાશામા અન્ન, વસ્ત્ર અને નાણા ઉઘરાવવાની વ્યવસ્થા વિદ્યાપીઠે જ કરી હતી. છેલ્લે છેલ્લે લખનૌ મહાસભામા, મેરઠ ગાધી આશ્રમની સાથે મળીને વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ કલામંદિર અને મડપો વગેરે ઉભા કરવાનું, શણગારવાનું, સાચવવાનું અને વ્યવસ્થાનું લગભગ તમામ કામ કર્યું હતું.

સંયુક્ત પ્રાંતના રાજકિય જીવનમાં વિદ્યાપીઠનું શું સ્થાન છે એ કહેવા જેટલુ મારૂં જ્ઞાન નથી. પણ હમણાં જ સંયુક્ત પ્રાંતની રાજકિય પરિષદના પ્રમુખસ્થાનેથી આચાર્ય નરેન્દ્રદેવે થોડાક શબ્દો ઉચ્ચાર્યા છે તે વિદ્યાપીઠનું સ્થાન સમજવામાં ઉપયોગી થશે.

'પોતાના પ્રાંતના મહાસભાના કાર્યમાં હું ઉચ્ચ સ્થાન ધરાવતો નથી છતાં તમે મને પ્રમુખ તરીકે કેમ પસંદ કર્યો? વર્ષોથી હું કોઈ શહેર કે જીલ્લા મહાસભા સમિતિનો સભ્ય પણ નથી રહ્યો એટલે હું તો માનુ છું કે જે શિક્ષણસંસ્થાનો હું મુખ્ય અધ્યાપક રહ્યો છુ એ કાશી વિદ્યાપીઠના કાર્ય પર જ આપે આપની પસંદગીની મહોર મારી છે. આ સસ્થામાથી નીકળેલા વિદ્યાર્થીઓ ઘણે ભાગે રાષ્ટ્રીય કાર્ય અને લડતમા પડયા છે ને એમનામાં વિદ્યા અને કર્તવ્ય રેડવાના કાર્યમા મારો પણ હાથ રહ્યો છે એ માટે હું ગર્વ અનુભવું છું વિદ્યાપીઠની સેવા એ જ મારી પુંજી છે અને હું જાણું છું કે એ પુંજીના બળ ઉપર જ મારૂં રાજકારી કામકાજ ચાલે છે."

આવી આ વિદ્યાપીઠ આજે પણ આચાર્ય નરેન્દ્રદેવના હાથ નીચે પોતાનો વિકાસ સાધી રહી છે ગુજરાતના રાષ્ટ્રિય સંસ્કારો પામેલાં વિદ્યાર્થીઓમા આજે આ વિદ્યાપીઠ ખૂબ જાણીતી થઇ ગઇ છે. મહાસભાનાં આજના પ્રધાન મડળના સભ્ય આચાર્ય નરેન્દ્રદેવ, મહાસભા તરફથી વડીધારાસભામાં બેઠેલા શ્રીપ્રકાશ, બાબુ ભગવાનદાસ અને સમાજવાદી આગેવાન શ્રી સંપૂર્ણાનંદ વગેરે આગેવાનો ત્યાનું એક આકર્ષણ છે. હું એક વર્ષ ત્યાં રહ્યો અને મારે કબૂલ કરવુ જોઇએ કે મેં ત્યાંથી ઘણું મેળવ્યુ છે. ગુજરાતના રાષ્ટ્રિય સંસ્કાર પામેલા વિદ્યાર્થીઓને ત્યાનું આકર્ષણ થયું છે એ મને ઉજ્જવળ નિશાની લાગે છે.

ગૃહ-પ્રવેશ: દ્વિઅંકી નાટિકા

રવિન્દ્રનાથ ટાગોર

અનુવાદક

નગીનદાસ પારેખ

અંક પહેલો

યતીનની પાસેનો ઓરડો

[પાડોશણ અને યતીનની બેન હિમિ]

પાડોશણ: યતીનને આજ કેમ છે, હિમિ?

હિમિ: સારું નથી, ફોઇ.

પાડોશણ: કહું જે ભૂખ તો લાગે છે ને હજી?

હિમિ: ના, એક ચમચો કાંજીયે લેવાતી નથી.

પાડોશણ: હું કહું છું તે એક વાર કરી જુઓને બહેન. અમારા મોટા જમાઇને પણ બરાબર આવું જ થયું હતું. ભગવાનની દયાથી ખાઇ શકતા હતા—ભૂખ નહોતી મરી ગઇ એટલે જ બચ્યા, પણ જરા પાસું ફરવા જતાં જ—યતીનને ય તો એવું જ પાંસળાનું દરદ.

હિમિ; ના, એમને તો કાંઇ દરદ નથી.

પાડોશણ: તે ભલેને ન હોય. મોટા જમાઇ પણ બરાબર આમ જ કેટલાયે મહિના સુધી પથારીવશ રહ્યા હતા. એટલે જ કહું છું કે બહેન, ફરિદપુરથી મંગાવી લો ને પેલા કપિલેશ્વર મહારાજની-કહેનાં હો તો મારા છોકરા અતુલને—

હિમિ: તમે એકવાર મામીને કહી જુવો, તે જો—

પાડોશણ: તા...રી મા...મી—! તે તો સાંભળતી જ નથી. તે ક્યાં કશું માને છે? માનતી હોય તો તેની આ દશા થાય ખરી? કહું જે હિમિ તમારી વહુ તો યતીનના ઓરડા તરફ સુદ્ધાં જતી નથી.

હિમિ: ના, ના, મહીં મહીં તો—

પાડોશણ: મારી આગળ છુપાવવાથી શું વળવાનું છે, બહેન? તમોએ તો ભારે હોંસથી આવી રૂપાળી કન્યા ઘરમાં આણી હતી—હવે દુઃખના દિવસોમાં આ તમારી પરી-વહુનું રૂપ શું કામ આવવાનું-કહેને વારું? એનાં કરતાં તો કાળી કૂબડી—

હિમિ : એવુ બોલશો નહિ, ફોઈ, અમારી વહુ નાદાન—

પાડોશણ : ઓ મા ! નાદાન કોને કહે છે ? ખોટી ઉંમર કહીને લગ્ન કર્યાં હતા એટલે શું અમારે આંખો જ નથી ? આવો છોકરો યતીન, તેના નસીબમાં આવી—પેલી આવી મણિ [મણિનો પ્રવેશ] આવ, બહેન, આવ. અગાશીએ હતી કે શુ ?

મણિ : હા

પાડોશણ શીલના ઘરનો વરઘોડો નીકળ્યો છે, એટલે જોવા ગઇ'તી કે શુ ? આહ ! નાદાનને રાત દિવસ માંદાના ઓરડામાં શી—

મણિ મારા ટબના ઝાડને પાણી પાવા ગઇ તી

પાડોશણ ઠીક વાત યાદ કરી આપી, તારી ગુલાબની કલમ એકએક મને આપવી પડશે અતુલને ભારે ફૂલઝાડનો શોખ છે—મગબર તારા જ જેવો

મણિ આપીશ

પાડોશણ અને માભગ મહેન—તારા સામો કોનને આજ કાન તુ અડતી નથી—એ કહતી હોય તો પછી અમારા ખરચે મમરાવી લઇ—

મણિ તો લઇ જાઓને

પાડોશણ તમારો વહુનો હાથ ખૂબ ઉદાર ન કેમ હોય ? કેવા મોટા ઘરની છોકરી બહુ જ આળસ પેલી આવે તમારી માસી—હુ જાઉં યતીનનુ બારણું રોકીને બેઠા જ છે રાગને તો રોકી શકતા નથી એટલે આપણને જ રોકી રાખે છે [જાય છે]

હિમિ શુ શોધો છો, ભાભી ?

માણુ : મારા કુરકુરિયાને દૂધ પાવાની પેલી રકાબી

રોગીની પાસેનો ઓરડો

[માનીનો પ્રવેશ]

માસિ વહુ તારા પગલા સાભળવાને યતીન કાન માંડી રહ્યો છે તેની ખબર છે ? આ સાંજને વખતે તેના ઓરડામાં જઇને પોતાને હાથે દીવો મગગાવી આવ, તેનુ મન તો ખુશી થાય — શું થયું ? કહુ જે કહુ તેનો કંઇ જવાબ દે.

મણિ : હમણા જ આપણા—

માસી છો ને ગમે તે આવે, તને બહુ વાર રહેવાનું કયા કહુ છુ જે ? આ તેને મકરધ્વજ ખાવાનો વખત થયો તારે માટે લ્હેવા દઇ આવી છુ તુ ખલ લઇ તેની પાસે ઉભી રહીને ધીમે ધીમે મધ સાથે મેળવી દેજે ત્યારપછી દવા પાઇ રહે એટલે પાછી આવી રહેજે.

મણિ : હુ બપોરે તો તેમના ઓરડામા ગઇ'તી.

માસી . ત્યારે તો તે ઊંઘી ગયો હતો

મણિ : સાંજના વખતે તે ઓરડામા જતા મને બીક લાગે છે—

માસી : કેમ તને બીક શાની ?

મણિ એ ઓરડામા જ મારા મમગજીનુ મૃત્યુ થયું હતુ — તે બહુ યાદ આવે છે

માસી કોઇ મર્યું ન હોય એવી જગા પણ જગ્યા આખી પૃથ્વીમા કયા યે પણ છે ?

મણિ બોલશો નહિ, માસી બોલશો નહિ સાચુ કહુ છુ મને મરવાની બહુ બીક લાગે છે

માસી : વારુ બહેન, તો દિવસે જ તું જના વધારે—

મણિ મે પ્રયત્ન તો કર્યો છે જવાનો. પણ મારૂં શરીરજ કંપી ઊઠે છે એ મારા મો તરફ કંઇ એવી રીતે જુએ છે— મને આખો ભમૂરી ચઢે છે

માસી તેમા બીવાનુ શુ છે ?

મણિ એવુ થાય છે કે તેઓ જાણે બહુ જ દૂરથી મારા તરફ તાકી રહ્યા છે જાણે આ પૃથ્વીમા જ નથી !

મસી : વારૂ, બાપુ. તો બહારથી જ આ દવાદારૂ વગેરે તૈયાર કરી આપ. તું મનથી પોતાને હાથે કાંઇ કરે છે એ સાંભળશે તો પણ કંઇક–

મણિ : માસી, મને તમે લોકો છોડી દો. મારાથી રાત દિવસ આ માંદાનું કામ નહિ દશરડાય.

માસી : એક વાર પૂછું છું કે તું પોતે જો કદી સખત માંદગીમાં પડે તો–

મણિ : કદી માંદી પડી હોઉં એવું તો યાદ આવતું નથી. કૃષ્ણનગરના બાગમાં રહેતાં હતાં ત્યારે એકવાર તાવ આવ્યો હતો. માએ મને ઘરમાં ગોંધી રાખી હતી હું તો સંતાઇને નાસી ગઇ ને એક સડેલા તળાવમાં નહી આવી. બધાએ જ ધાર્યું હતું કે ન્યુમોનિયા થવાનો. કંઇ જ થયું નહિ તે જ દિવસે તાવ ઉતરી ગયો.

માસી : તારે ઘેર કોઇને માથે કદી આપત વિપત આવી જ નથી ?

મણિ : મેં તો કદી જોયું નથી. આ ઘરમાં આવીને પહેલું મરણ જોયું. એવું થાય છે કે ક્યારે છૂટું અને ક્યે નાસી જાઉં માલીસની ગંધ આવતાં જ થાય છે કે હવાને જાણે ઇરિપતાલનું ભૂત વળગ્યું છે.

માસી : તારો જો આવોજ મિજાજ હોય તો તારી સાથે સંસાર–

મણિ : કોણ જાણે મને તમારા બાગમાં માળી બનાવી દો ને– તે કામ મારાથી બરાબર થશે

[ઉતાવળી ઉતાવળી ચાલી જાય છે]

હિમ : જુઓ માસી, ભાભીનો સ્વભાવ જ એવો છે કે પ્રયત્ન કરીયે તો પણ ગુસ્સે થાય જ નહિ ! કોઇ પણ જાતનો બોજો દીધા વિના જ વિધાતાએ એને પૃથ્વીમાં મોકલી આપી હોય એવું લાગે છે. એને મન દુઃખ કષ્ટનો કશો અર્થ જ નથી.

માસી : એની બહારની બાજુ બહુ જતન-પૂર્વક ઘડવા જતાં તેનું અંતર પૂરું કરવાનો ભગવાનને હજુ વખત જ મળ્યો નથી. તારા મોટાભાઇના આ ઘરની માફક જ તો ? ભારે ઠમામથી શરૂ કર્યું હતું– પણ અંદર કશું થયું નહિ. આજે હવે એને વારેવારે ભોળવવો પડે છે. ઘરની બાબતમાં પણ અને મણિની બાબતમાં પણ

હિમિ : કંઇ સમજાતું નથી, આ શું આપણું સારૂં થાય છે ?

માસી : શું સમજી હિમિ ? મૃત્યુ જ્યારે સામે ઊભું છે ત્યારે ઘર પૂરૂં થાય કે ન થાય તો ય શું વહી ગયું ? એટલે જ એને કહ્યા કરૂં છું કે તેં એક મનથી જે સંકલ્પ કર્યો હતો તે પૂરો થયો છે. ને હિમિ એ જ સાચું છે.

હિંમ : ઘરનું જાણે તેમ, પણ ભાભી ?

માસી : હિમિ, તારી ભાભીને જેમણે સુંદર ઘડી છે તેમના સંકલ્પમાં તે સંપૂર્ણ છે. ચિરદિનનો જે મણિ– ભગવાનના પોતાના હૃદયનું ધન જે મણિ તે તો કૌસ્તુભ રત્ન, તેમાં ક્યાંય પણ કશી યે ખોડખાંપણ નથી. મરણ સમયે યતીન વિધાતાના તે માનસ મણિને જ જોવા પામે તો સારૂં.

હિમિ : માસી ! તારી વાત સાંભળીને મારા મનમાં અજવાળું અજવાળું થઇ જાય છે.

માસી : હિમિ, હું માત્ર વાતો કરૂં છું, પણ વહુ ઉપર ગુસ્સો કરવાનું છોડતી નથી બધું સમજું છું પણ ક્ષમા ય કરી શકતી નથી. પણ હિમિ ! તેં જાણ્યું કે તું ભાભી ઉપર ગુસ્સો જ કરી શકતી નથી ! તે ઉપરથી જ હું સમજી શકું છું, કે તું યતીનની જ બહેન છે. જાઉં યતીનની પાસે.

[જાય છે]

રોગીનો ઓરડો

યતીન : માસી ત્રીજે માળે બધા પથ્થરો બેસાડાઇ ગયા છે ?

માસી હા, કાલે બેસાડાઈ ગયા બધા.

યતીન બસ, આટલે દિવસે પૂરૂ થયુ. મારૂં કેટકેટલા વખતનું ઘર બાંધવાનું પૂરૂ થયુ. મારૂ કેટલાય દિવસોનુ સ્વપ્ન !

માસી કેટલા ય લોકો જોવા આવે છે તારૂ આ ઘર, યતીન !

યતીન . તે લોકો તો બહારથી જુવે છે હુ અંદરથી જે જોઇ શકુ છુ તે હજી પૂરૂ નથી કોઇ કાળે પૂરૂં થવાનુ પણ નથી કલ્પલોકનો છેલ્લો પથ્થર બેસાડીને આજ સુધીમા કયા કળાકારે કહ્યુ છે કે હવે મારૂ કામ પૂરૂ થયુ ? વિશ્વના સરજનહાર પણ એવુ કહી શક્યા નથી તેમનુ પણ કામ ચાલુ જ છે

માસી યતીન પણ હવે નહિ ભાઇ, હવે તુ જરા ઊંઘી જા

યતીન : ના માસી આજે તુ મને વહેના વહેના ઊંઘી જવાને કહીશ નહિ–

માસી – પણ ડાક્ટર–

યતીન : રહેવા દે ડાક્ટરને આજે મારૂ જગત રચવાનું પૂરૂ થયુ આજે હુ ઊંઘવાનો નથી– આજે ઘરના બધા દીવાઓ સળગાવી દા, મારી મણિ ક્યા છે ? તને એકવાર–

માસી તને પેલા ત્રીજા માળના ખંડમાં ફૂલથી શણગારીને બેસાડી દીધી છે

યતીન એ તને શી રીતે સૂઝ્યુ ? બહુ જ સુંદર બારણાની બન્ને બાજુએ મંગળકળશ મૂક્યા છે ?

માસી હા મૂક્યા છે, નહિ તો !

યતીન અને જમીન પર પદ્મનો સાથિયો ?

માસી એમા વળી કહેવાનુ હોય ?

યતીન : એકવાર, ગમે તેમ કરીને, મને પકડીને ત્યા નહિ લઇ જવાય ? એકવાર માત્ર જોઇ આવું, મારી મણિને પોતે સજાવેલા ઘરમા બેઠેલી

માસી ના યતીન તે કેમેય ના બને ડાક્ટર બહુ ગુસ્સે થશે

યતીન હુ મનમા મનમા જોઈ શકુ છુ કઇ સાડી પહેરી છે ?

માસી પેલી લગ્નની લાલ સાડી

યતીન આ ઘરનુ નામ શુ રહેશે તે ખબર છે, માસી ?

માસી શુ ? કહે ને ?

યતીન મણી–સૌધ

માસી : સરસ નામ છે

યતીન તને એના આખાનો અર્થ નહિ સમજાતો હોય માસી

માસી ના બધો કદાચ નયે સમજાતો હોય

યતીન સૌધનો અર્થ માત્ર ઘર જ નથી કરવાનો એમા સુધા છે–

માસી તે તો છે જ યતીન– એ કાંઇ રૂપિયાથી થોડુ જ થયુ છે–તારા મનની સુધા એમા ઢળી છે

યતીન તમે કદાચ સાંભળીને હસશો

માસી ના, હસીએ શા માટે, યતીન ? –કહે શુ કહેતો હતો ?

યતીન આજે હુ સમજી શકુ છુ કે તાજમહાલ બાંધીને શાહજહાં શી સાંત્વના પામ્યો હતો તે સાંત્વના તેના મરણને પણ વટાવીને આજ સુધી–

માસી હવે બોલીશ નહિ યતીન– ઊંઘ નહિ હોય તો ના ઊંઘતો, ચુપચુપ વિચાર કર્યા કરજે તો

યતીન : મણિએ લગ્ન વખતની પેલી લાલ બનારસી સાડી પહેરી છે! આજ તેને એકવાર-

માસી : ડાક્ટર ના પાડે છે, યતીન-

યતીન : ડાક્ટર ધારે છે કે રૂપે ને મને-

માસી : તારે માટે નહિ, મણિને માટે જ- એ બહારથી સમજી શકાતી નથી, પણ એના અંતરમાં-

યતીન : દુર્બળતા છે. ડાક્ટરે કહ્યું કે શું!

માસી : એ તો અમે સૌએ જ જોયું છે-

યતીન : આ-હા. બીમારી, તો તો સાવચેત રહેજો- કંઇ કામ નથી. રોગીના ઓરડાથી દૂર ને દૂર રહું એ જ સારું.

માસી : એને તો આવવા મળે તો જાણે નવો જીવ આવે, પણ અમે-

યતીન : ના, ના, કામ નથી, કંઇ કામ નથી. મારી પેલી શેલ્ફ ઉપર આલ્બમ છે તે આપ તો.

[આલ્બમ આણી આપે છે]

તને તાજમહેલની વાત કહેતો હતો. હવે યાદ આવે છે. મારું પણ જાણે તે શાહજહાંનના જેવું જ થયું.- હું ક્ષીણ જીવનને આ કિનારે છું-ને પૂર્ણ જીવનને સામે કિનારે છે- બહુ દૂર છે. હવે તેને પહોંચાય એમ નથી. જેવી પેલા શહેનશાહની મુમતાઝ, તેને અર્પણ કરી દીધું મારું આ ઘર.- મારો આ તાજમહાલ- એમાં જ તેનો વાસ છે. ચિરકાળ રહેશે. આમ છતાં મારી નજર આગળ તે નથી.

માસી : ઓ યતીન, હજી શાને બોલબોલ કરે છે! જરા વાર બંધ પડ.- ઊંઘની દવા આણી આપું.

યતીન : ના, માસી, ના. આજે ઊંઘ કેવી! હું જાગતો રોજ છું તો કંઇક કંઇક મળે છે- ઊંઘમાં તો બધું જ ચાલ્યું જાય છે માસી તારી આગળ હું જ્યારે ત્યારે માત્ર મણિની જ વાત કરું છું. કંઇ ખોટું તો નથી લાગતું ને?

માસી : જરાય નહિ, યતીન. મને કેટલું બધું ગમે છે એ કહી શકતી નથી. જાણે છે, કોની વાત મને યાદ આવે છે તે!

યતીન : કોની વાત?

માસી : તારી માની. આમ એક દિવસ તેના મનની વાતો પણ મારે સાંભળવી પડતી હતી. તારા બાપુ તે વખતે અમારે ત્યાં રહીને મેડીકલ કૉલેજમાં ભણતા હતા. તારી માની તે દિવસની વાત મારા વિના ઘરમાં કોઇ જાણતું નહિ. બાપુ જ્યારે લગ્નને માટે બીજો જ વર શોધી લાવ્યા ત્યારે મેં જ તેમને-

યતીન : એ તારી પાસે સાંભળ્યું છે. મા આગળ દાદાજીનું કંઇ જ ચાલ્યું નહિ હોય, એટલે છેવટે બાપુ સાથે જ લગ્ન કરવા પડ્યાં. તે દિવસોની વાતોની કલ્પના કરવામાં એવો આનંદ પડે છે!

માસી : તારી માનો સ્નેહ એ તો તપસ્યા હતી. પાંચ વરસ સુધી તેના હોમનો અગ્નિ બળતો રહ્યો, ત્યારપછી તેને વર મળ્યો. યતીન, તારામાં હું તે જ અગ્નિ જોઉં છું અને આશ્ચર્ય પામીને વિચાર કરું છું.

યતીન : મા તેમના હોમનો અગ્નિ મારી રગોમાં રેડતાં ગયાં છે-મારી તપસ્યાનું પણ ફળ મળશે. કોણ જાણે કેમ પણ એવું લાગ્યા જ કરે છે. માસી, મારો તે વર પામવાનો સમય બહુ જ પાસે આવ્યો છે. આ બંસી ક્યાં વાગે છે?

માસી : લગ્નની શરણાઇ છે. આજે લગ્નનું મુહૂર્ત છે.

યતીન : કેવી નવાઇની વાત! મણિએ આજે લાલ બનારસી સાડી પહેરી છે! જીવનમાં લગ્નનું મુહૂર્ત વારેવારે આવે છે. આજે જ્યારે

રીવાઓ સમઝાવવાને કહી દેને, માસી, દેવડીથી માંડીને—

માસી : આંખે બહુ તેજ લાગશે તો ઊંઘ નહિ આવશે તે, યતીન—

યતીન : કાંઈ 'વાંધો' નહિ, જાગવાથી જ ઊંઘ કરતાં વધારે શાંતિ મળશે. ખબર છે —માસી, કે મંદિર પૂરું થયું,—હવે થવાની દેવીમૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા. મારા જીવતાં જીવતાં આટલું બધું થઈ શકશે એમ ધાર્યું નહોતું.

માસી : હું છું ત્યાંસુધી તારી વાત અટકવાની નહિ. જાઉં છું. ઊંઘવું નહિ હોય તો છેવટે મૂંગો રહે.

યતીન : વારુ, ઘરનો જે પ્લાન મેં કર્યો હતો તે મને આપી જા— અને મારી પેલી રમત-ઘરની પેટી, રમત-ઘર ખોલવા જતાં પેલું ગીત યાદ આવી ગયું-હિમિ, હિમિ—

માસી : અધિરો મ થા યતીન, હું બોલાવું છું.

[જાય છે.]

[હિમિનો પ્રવેશ.]

હિમિ : કેમ મોટાભાઈ ?

યતીન : પેલું ગીત ના બેન— પેલું રમત ઘર—

હિમિ : (ગીત)

ખેલાઘર બાંધતે લેગેછ
મનેર ભિતરે.
કત રાત તાઈ તો જેગેછિ
બોલ્બો કી તોરે !

પથે જે પથિક ડેકે જાય,
અવસર પાઈને આમિ હાય,
બાહિરેર ખેલાય ડાકે જે
જાબો કિ કરે ?

જાહાતે સબાર અબહેલા,
જાય જા છડાછડિ,
પુરાનો ફેલાગા દિનેર ઢેલા,
તાઈ દિયે ઘર ગડિ.

જે આમાર નિત્ય ખેલાર ધન,
તારિ એઈ ખેલાર સિંહાસન,
ભાંગારે જોડા દેબે સે
કિસેર મંતરે.

(ચાલુ)

સુપ્ત પ્રાણ

: શાર્દૂલવિક્રીડિત :

મોનાનાં શતકો પરાક્રમતણાં પૂરા પ્રસાદે ભરી
સૂતો છે વનરાજ શાંત હવણાં સ્વાતંત્ર્યની બોડમાં,
શું તેથીજ મતંગજો મદભર્યા સ્વચ્છંદથી લૂંટતા
લક્ષ્મી આ વિપુલા મહાવનતણી, મ્હાલે લઈ સોડમાં
પેલી હસ્તિનીઓ, વિલાસસરની હેલે રહેલી સરી ?

પૂજાલાલ

"મુન્શીની પુરૂષત્વની ભાવના"

પ્રભુરામ જ. રાજ્યગોર.

બેન :

> क्व सूर्यप्रभवः वंशः क्व चाल्प विषयामतिः।
> तीतीर्षुं दुस्तरं मोहात् उडुपेनास्मिसागरम्॥

રઘુવંશ લખતાં કાલિદાસે અનુભવેલી આ પ્રકારની અલ્પતા આજે તારો પ્રશ્ન વાંચીને હું અનુભવી રહ્યો છું; કારણ કે 'મુન્શીની પુરૂષત્વની ભાવના' પારખવાને તો જોઈએ મુન્શીનાં પુસ્તકોનો ઊંડો અભ્યાસ ને અવલોકનકારની વેધક દ્રષ્ટિ-સચોટ ને સાવધાન. આ મારા જેવો સાધારણ ગુજરાતી સાહિત્યનો એકડો ઘૂંટતો વિદ્યાર્થી ક્યાંથી લાવે? છતાંયે અધુરા જ્ઞાને અને અવલોકનની અણઆવડતવાળી દ્રષ્ટિએ અધુરા પણ 'મુન્શીની પુરૂષત્વની ભાવના' વિષેના મારા વિચારો નીચે રજુ કરૂં છુ; સંતોષ માનીશને?

દુનિયાના સાહિત્યમુગટમણીમાં કોહીનુર શો વિરાજતો કાલિદાસ લે કે શેકસ્પિઅર લે, વાલ્મીકી લે, વ્યાસ લે, પણ આ બધાય એના સ્ત્રી પાત્રોના આલેખનમાં વધુ ભવ્ય ને તેજસ્વી લાગશે: એમની કલમોએ ત્યાં અજબ મોહક સ્વરૂપ લીધેલું માલુમ પડશે. આનું કારણ શું? સાચું કહું તો પુરૂષની વિજાતીય પક્ષની આકર્ષણ વૃત્તિ. વધારે ટુંક શબ્દમાં કહું તો લાલસાવૃત્તિ. તું પૂછીશ કે આમ કેમ? તો મારો એકજ જવાબ છે, કે આટઆટલાં પુસ્તકો પુરૂષને હાથે લખાયાં છતાં પુરૂષની ગાન-કથા તેં સ્ત્રીની ગાન-કથા જેટલી ભવ્ય ક્યાંય નિહાળી? શું પુરૂષ જાતમાં એક પણ વખાણવા લાયક ગુણ જ નથી? ઘણાય છે! છતાં પુરૂષ-વખાણ નહી ને સ્ત્રી-વખાણનાં પાને પાનાં; અરે! જો જગત સાહિત્યમાંથી સ્ત્રી એવી વસ્તુ લઈ લઈએ તો સાહિત્ય નિર્જીવ બની જાય. આનું કારણ હું તો એમજ માનું છું કે પુરૂષોએ પોતાની આકર્ષણવૃત્તિને શાન્તિ અર્પવા સ્ત્રીઓનાં બારોબાર વખાણ કર્યાં છે.

આમ બધાય લેખકોની માફક મુન્શી પણ તેનાં સ્ત્રી-પાત્રોમાં ભવ્ય ને અનુપમ લાગે છે. એની પંડિતા મંજરી, હરસાદાર કાશ્મીરા, પતિપરાયણ રાણક, કોમળ તનમન કે ઉશ્રૃંખલ શશીલેખા ગુજરાતી સાહિત્યમાં અજોડ ઉભાં હોય એમ નથી લાગતું? પણ સહેજ ઊંડો દ્રષ્ટિપાત કરતાં મુન્શીમાં એક બીજી વસ્તુ તરતજ માલુમ પડશે; તેને

મન સ્ત્રીત્વ કરતાં પુરુષત્વ શ્રેષ્ઠ છે, મહાન છે અનુપમ છે

મુન્શી પુરુષત્વને ઘવાતું, ઝૂરતું કે કરગરતું જોઈજ નથી શકતા પણ પુરુષત્વને હંમેશા સત્તાશીલ ને ગૌરવવાન જ કલ્પી શકે છે ને ચીતરી શકે છે થોડાએક દાખલાઓ આ વસ્તુને તદ્દન સ્પષ્ટ કરી દેશે આપણે પ્રથમ દાખલો લઈશું મુંજ ને મૃણાલનો

પીંજરે પડેલ કેસરી મુંજને મૃણાલ પ્રથમ જેલમાં મળે છે તૈલપરાજની સત્તથી મદમાતી ને કટવેન બેન મુંજને હસી કાઢે છે તેનો ઉપહાસ કરે છે અપમાન કરે છે પણ મુંજ શું કરે છે? એ નથી થતો ક્રોધાયમાન કે નથી એની આંખો વરસતી આગતણખા પણ એતો હસે છે મૃદુ ને કામણગારું ને ભીંજવી નાખે છે! એ હાસ્યછાળે ખડક શા ખડતલ મૃણાલની દેહપાળોને અને પીગળાવી નાખે છે એના પત્થર શા હૃદયને પણ મુંજ આટલેથી અટકતો નથી એ નફ્ફટ થાય છે ને મૃણાલને નિમંત્રણ આપે છે આવતી કાલે મળવાના ને સાચેજ કોઈ અગમ્ય આકર્ષણે દોરવાઈને કોઈ અકલ્પ્ય જાદુમોહમાં અંજાઈને, પુરુષત્વને હસી કાઢતી એ મૃણાલ વગતે દિવસે મુંજ દર્શને પધારે છે આમાં સ્ત્રીત્વ હારતું નથી લાગતું? પુરુષત્વનો વિજય ટંકાર તને આમાં નથી ભાસતા?

બીજો દાખલો મિનળ ને મુંજાલનો ગૂજરાતની મહારાણી મિનળે ચાણક્યમૂર્તિ મુંજાલના શમનો હંમેશને માટે સ્વીકારેલા પણ એક દિવસ એવો આવ્યો કે મિનળે મુંજાલને તરછોડ્યો અપમાન્યો ને પછી શું મુંજાલે કાલાવાલા કર્યા? ના, ના, પુરુષત્વ અપમાન શે સહી શકે? એ વિફર્યું ને એણે રૂપ લીધાં અનંત ને અકલ્પ્ય એનો કા ગો કોપાગ્નિ ફરી વળ્યો ગામડે ગામડે મહારાણી મુંઝાણી, શરણે ગઈ ને સદાય મુંજાલના શામનો સ્વીકારવાના કોલ આપ્યા સ્ત્રીત્વ હાર્યું પુરુષત્વે વિજય-ગર્વનો દમ લીધો

આથી પણ વધુ 'મુન્શીની પુરુષત્વની ભાવનાને સ્પષ્ટ કરતો દાખલો તો છે કાક ને મંજરીનો

તેમના જીવનના બે જ પ્રસંગો મુન્શીની પુરુષત્વની ભાવના' ને સમજવાને બસ થશે એક પ્રસંગ કાકની પરણ્યાની પ્રથમ રાત્રીનો ને બીજો પ્રસંગ કાક ને મંજરી, જુનાગઢનો ટેકરો ઉતરી નાસી છૂટે છે તે

કાશ્મીરી પંડિતની પંડિતા પુત્રી મંજરી લાટના એક અભણ ને અજાણ્યા યોદ્ધાને પરણવાની કેમ હા ભણે! કાકની પ્રણયયાચનાને એ હસી કાઢે છે, ધુત્કારી કાઢે છે કાશ્મીરા જેવી આંને પણ એ નાની શી છોકરી દાદ નથી દેતી બધા પુરુષો તેને વામણા લાગે છે પણ સંજોગો મંજરીને કાક સાથે જોડે છે ને પરણ્યાની પહેલી જ રાત્રીએ મંજરી કાકને કુતરા માફક શયનખંડમાંથી હાંકી કાઢે છે એવું અપમાન પુરુષ સહન કેમ કરી શકે! કાકે મંજરીને જીતવાનો નિશ્ચય કર્યો મંજરી પ્રત્યે એ અતડો બન્યો, ક્રુર થયો બેપરવા બન્યો

કાકની આ બેપરવાઈ ને તેનું અતડાપણું મંજરીને પાટણથી જુનાગઢની અખાગ મુસાફરી દરમિયાન સાલે છે મંજરી ઘેલી બને છે વિરહી થાય છે, અને અન્તે એ જ અભંગ યોદ્ધા માટે એ પુરુષનો સ્વાંગ સજે છે ને ખેંગારની જેલમાંથી કાકને છોડાવે છે પણ કાક કદમ ચૂક્યો ન હતો એનું પુરુષત્વ મંજરી સાથે સમાધાન કરવામાં અટકતું હતું મંજરી પ્રત્યે એ તદ્દન બેપરવા બન્યો હતા

તેની સામું પણ જોવાની એ દરકાર નહોતો કરતો. ટેકરો ઉતરતાં મંજરીને રસ્તામાં ઠેસ વાગે છે, પણ કાક તે પર ધ્યાન પણ નથી આપતો ને મંજરીના દુઃખની પરવા કર્યા વગર આગળ ધપે છે; બસ થઇ રહ્યું. સ્ત્રી-ગર્વની મર્યાદા આવી રહી, મંજરી રડી પડી. પુરુષત્વે અતડાશ મૂકી સ્ત્રીત્વને અપનાવ્યું: મંજરી કાકમા સમાઇ ગઇ. વેંતીઓ લાગતો એ કાક તેન વિરાટ સ્વરૂપ થઈ ગયો.

'કાકાની શશી'માં પણ આજ સ્થિતિ. શશીલેખા બહુ બહુ ટેકડા મારે છે, પુરુષને ધુતકારાય એટલો ધુતકારે છે પણ અન્તે 'કાકા'ની 'કાકી' થવામાં જ એના ટેકડાઓનો અન્ત આવે છે

આમ જોયું તો માલુમ પડે છે કે મુન્શી સ્ત્રીને જેટલું કુદવું હોય તેટલું કુદાવે છે પણ અન્તે તેને પુરુષ રૂપી ખીલે બાંધી દે છે. મુન્શીને મન પુરુષત્વ મહાસાગર છે; સ્ત્રીત્વ મહાનદી છે. નદી ગમે તેટલી મહાન કે તોફાની હોય પણ જેમ તેનું સ્થાન સાગર જ છે, તેમ સ્ત્રીત્વને ભલે જેટલું ઉડવું હોય એટલું ઉડે, કુદવું હોય તેટલું કુદે કે વિફરવું હોય એટલું વિફરે, પણ અન્તે પુરુષત્વમાં સમાયે જ તેનો છૂટકો છે. એમ મુન્શી માનતા લાગે છે.

આમ છતાં યે મુન્શીમાં એક બીજી વસ્તુ માલુમ પડે છે કે સ્ત્રીવિહોણો પુરુષ તેને મન એક પાંખ વગરનો ગરુડરાજ છે. સ્ત્રી પુરુષ જીવનની વિધાત્રી છે; પ્રેરણામૂર્તિ છે. 'કાકાની શશી'માં વાપરેલ મુન્શીના શબ્દોમાં કહું તો "સ્ત્રી દૈવી છે. પુરુષ આસુરી છે"

આ ઉપરાંત મુન્શીના પુરુષની બીજી ઘણી ખાસીયતો છે. મુન્શીનો પુરુષ હંમેશાં મશ્કરો હોય છે. અને આ મશ્કરી ખુબ નફટ પ્રકારની માલુમ પડે છે. બીજું મુન્શીનો પુરુષ નીતિમાં બહુ માનતો હોય તેમ લાગતું નથી. મુંજાલે મિનળ માટે સ્ત્રીને હણી ને મુંજ જેવાની તો વાત જ શી કરવી? વળી મુન્શીનો પુરુષ મતલબી, એકધ્યેયી, ગર્વીલો ને આપખુદ આપણને ઠેરઠેર માલુમ પડશે.

વિલાસને વીરતા એના પુરુષમાં હમેશાં સાથેસાથ જોવામાં આવે છે.

દેવપ્રસાદ જેટલો વીર યોદ્ધો હતો તેટલો જ વિલાસી નીવડયો. એનો રંગીલો કૃષ્ણદેવ ખેંગાર રૂપે એક વીર પુરુષ તરીકે આપણી સમક્ષ નથી તરતો લાગતો? આભને પણ, પોતાની ઇચ્છીત વસ્તુ માટે, ભેદી નાખે એ મુન્શીનો પુરુષ; ને એટલાજ માટે મુન્શી પુરુષત્વના આદર્શ તરીકે આપણી સમક્ષ પરશુરામને અને વિશ્વામિત્રને ધરે છે.

પણ પુરુષત્વની ભવ્ય ગાન-ગાથા જો તારે વાચવી હોય તો વાંચજે, ભારતીએ આપેલી સુદર્શનને નિજ નાથની ઓળખાણ એકે એક ફકરે પુરુષત્વનો એક એક આદર્શ રજુ કરે છે.

(ટુંકામાં કહી દઉં તો મુન્શીને મન પુરૂષત્વ એટલે 'વ્યવસ્થાત્મક સર્જકતાથી' ઓપતો પ્રાણ ભાવનાને નિશ્ચયાત્મક બુદ્ધિમાંથી જાગતું બંડને સત્તા, આશાનો અવતાર, મહત્વાકાક્ષાનો બળતો અંગાર.)

લી: તારાભાઇના
વં. મા.

પત્રધારા

સંપાદક રમેશ

વ્હાલા,

એક વાર્તા છે. બે બ્હેન મધ્યાન્હે નદીએ પાણી જાય છે. પાછા ફરતા ગાઢ વડનું જુથ આવે છે. નાની બ્હેનનું હૃદય ધડકી ર્હે છે—તેના હૃદય સાથે તાલ દેતુ હૃદય, તેના દર્શનાતુર નયનદ્વય વડના પાછળ ખડા છે. તેનાં ડગલાં વિક્ષિપ્ત પડે છે, ધીમાં થાય છે ને પછી ઘસડાય છે—નયનોને પાછળ પરોવતા.

ટપાલી આવ્યો ને તમારા હસ્તાક્ષરે એવો જ થડકાર જગાવ્યો. બીજા માનોથી ચોરાવતા પત્ર ખીસામા સરકાવી દીધો. પણ હૃદય તો વણઉખેડયા પરબીડિયાની આરપાર અક્ષરો ઉકેલતુ હતુ.

તમારી નસોમાં સભા-જીતના પંડિતનું કે Suffragist[1] ગાર્ગીનું લોહી વહેતું લાગે છે. પણ એક લાલબત્તી ધ્યાનમાં રાખી લેજો. ચર્ચા કરનાર ચર્ચાથી પર નથી જઇ શકતો. ચર્ચા તેના જીવનનો ભાગ બની જાય છે ને પછી "Art for art's sake" ની જેમ તે ચર્ચા માટે જ જીવે છે. જ્યારે જીવનની ભવ્ય ને સુંદર ઘડીઓ તેની પરવા કર્યા વિના વહી જાય છે. કાર્યકારણની ફૂટપટ્ટીથી જીવનનો દરેક પ્રસંગ નથી મપાતા. ચુંબનની મીઠાશ કે સ્પર્શની વિદ્યુત પુસ્તકના પાનામા નથી સાંપડતી. નહિતર આશ્રમ પુસ્તક જ વાંચી લેતે.

મને ભય રહે છે કે ચર્ચા કરતા શંકરાચાર્ય સમા સંસારને અનુભવ લેવા પરાણે પરકાયાએ ન જાવ.

તમે Bernard Shaw નું "Getting Married" તો વાંચ્યુ જ હશે. નહિ વાંચ્યુ હોય તો તમારા જેવાએ તો ખાસ વાંચવુ જોઇએ. ચર્ચા માટે અનેક મુદ્દાઓ મળી રહેશે. તમારી કલ્પનામાં પણ

૧. ગાર્ગી—પુરાણનુ પાત્ર છે ને કદાચ તે સમયના સ્ત્રીપાત્રોમા અજોડ. ત્યારે હજી સ્ત્રીમતવાદની (Suffragism) ની હીમાયતી ને અનેક સભા જીતનારી

ન હોય એવા પણ એ બધા પ્રયોગોને અભિપ્રાયોનો નિકષ જાણો છો ? યુરોપમાં કે આપણે ત્યાં લગ્નની જે પ્રથા પ્રચલીત છે તે શકય હોય તેટલી સારી છે—બીજી એનાં કરતાં સારી શોધાય અને રૂઢ થાય ત્યાં સુધી. પણ આ તો લગ્નની જરૂરીઆત લાગે તો જ. ને તેને માટે મને હંમેશાં મુંઝવે છે, તે આજ છે જે સમદ્દષ્ટિ ઉચ્ચ કક્ષાએ પહોંચેલો માણસ પણ નથી કેળવી શકતો તેની આશા, આપણા જેવા અનુભવ વિનાનાં પાસે શી રીતે રાખી શકાય ! જ્યાં ત્યાં અધિકાર વગરનું વાંચન પ્રવર્તે છે. બધાંને હનુમાન કુદકા મારવો છે. Sex ને Hygiene ના વિચારો જ્યારે ઉમરે પહોંચેલા માણસ પણ નથી પચાવી શકતા ત્યારે " ફોર્થ સ્ટેન્ડર્ડ " ભણતા ૧૦–૧૨ વર્ષની વયના વિદ્યાર્થીને " સમાજ સ્વાસ્થય "નું વાંચન કઈ અસર ઉપજાવી શકે ? ને પછી સમદ્દષ્ટિનો અભાવ જીવનની તુલા એક પળે એક બાજુએ ને બીજી પળે બીજી બાજુએ નમાવે છે. એમાંથી પ્રાપ્ત થાય છે જીવનભરની અનિશ્ચિતતા ને વિચાર દારિદ્રય

પણ આપણે વિષયાંતર કર્યો.

પ્રેમ સ્વયંભુ છે. શોધ્યો જડતો નથી. દોર્યો દોરવાતો નથી. એ તો જન્મે છે અને પ્રેરાય છે કો અદ્દશ્ય અંગુલી નિર્દેશે. બીચારી મૃણાલ જીવતી આવી હતી, જીતાઈ ગઈ ને દુનીયાના કોઈ અંધાર ખુણામાંથી મુંજના નામાક્ષર સાથે સંલગ્ન ઇતિહાસને પાને અમર બની રહી. ભીખ માગતાં ભવ્ય બની.

કવિતા કલા, ધર્મ, જગતની સુંદરતમ વસ્તુઓએ પ્રેમની કદમ બોસી કરી છે. તો હું અને તમે કોણ માત્ર ? યુગે યુગે ભર્તૃહરીએ નીતિશતક લખ્યાં છે તો યક્ષે રામગીરી પરથી મેઘ સંદેશ પાઠવ્યા છે. માનવી માત્રને લાગે છે કે પ્રેમનો ગૂઢાર્થ સ્વયં સમજી શકશે. પ્રકૃતિ ને પુરૂષ અનુભવ મેળવવા -બહાર- પડે . છેવટે પછી તો જેવા જેના અનુભવ.

તમે માલીકીની વાત કરી નહિ ? માલીકીની ભાવના, મારા, તમારામાં કે નિર્દોષ બાળકોમાં એ કયાં નથી હોતી ? ગુલાબને ઉદ્યાનમાં હીંચતું તમે નીહાળો. ઉદ્યાનમાં ને સારીયે દુનિયાને આનંદ ને સુવાસ અર્પે છે. પણ તમને-આપણને એ નથી પાલવતું. તમે એને ચુંટો છો ને તમારી વેણી એ સોહાવે છે. તમને અને તમારા પરીચયમાં આવનારને તે આનંદ ને સુવાસ આપે છે. કોઈ ભેદ જડયો ! એના પ્રશંસકોનું એના ઉપભોગ લેનારનું વર્તુળ નાનું થયું—તમે કર્યું. બસ એજ એ માલીકી

ને માલીકી મીઠીમનગમતી ને કડવી અણગમતી યે હોય. એનો આધાર તો ચુંટનાર ઉપર છે. મારા તમારા જેવાં રસીક ગુલાબ કરમાયે એની પાંદડી પ્રિય પુસ્તકમાં સાચવી રાખે—રસ્તામાં ફેંકાયેલુ કોઈ અભિમાનીની એડી નીચે એ કચરાય ને કોઈ અજ્ઞાનનું ચાવણું એ બને.

સંતતિનીયમનનો ઉકેલ તો હવે સાવ સરળ બન્યો છે. આજીવીકા માટે મારે કે તમારે હમણાં તો પ્રશ્ન જ નથી. બાકી જન્મ્યા એ પહેલું જોખમ ને કદાચ એને માટે આપણે જવાબદાર ન હોઈએ—તો જીવી એ જોખમ લંબાવીએ શ્રીએ– એ તો તમે યે ના નહિ પાડો.

તમે મૈત્રી ઉપર ભાર મુકો છો. પણ એ સંબંધમાં આપણે સમાજમાં છીએ ત્યાંસુધી બંધનો ને દિલાસો છે ને જ્યારે તમારે સાંનિધ્ય પ્રાણતત્ત્વ જેટલું જરૂરી હોય, જ્યારે તમારી હાજરી અંગના અણુએ અણુ પોકારતું હોય ત્યારે પ્રિય એવાં તમે દુર દુર મને પ્રોત્સાહન

કે પ્રેરણા ન આપી શકો–પણ એ સ્થિતિ જ અકલ્પ્ય છે વસ્ત્રના તાણાવાણા સમાં આપણાં અણુ-પરમાણુ લગભગ વણાઇ રહ્યાં છે ને મારે માટે તમ વિનાનું જીવન મૃત્યુ જ બની રહેશે.

તમે પૂછો છો એ ભાવભીની ભક્તિને ધૂપસળીના ધૂપ કોને પહોંચે છે? માટીની પ્રતિમા કે રવિવર્મા પ્રીન્ટરીના ચીત્રોમાં પૂજ્ય-ભાવ પ્રેરે એવું કશું જ નથી. એ જ માટી કદાચ કોઇ કુંભારના ઉપયોગમા આવી હત ને એ જ કાગળ કોઇ ગાંધીને પડીકાં બાંધવા જરૂરી થઇ પડત સમજી શા મહત્તા એ વસ્તુમા નથી. આપણે જ એ વસ્તુઓની આસપાસ મહત્તાને પૂજ્ય ભાવની દિવાલ સરજીએ છીએ. –કારણ મનુષ્યનો મૂળ સ્વભાવ કશાકમાં શ્રદ્ધા માગી લે છે–પછી તો એના જુજવા પ્રકાર છે. આપણે યે કયાં એનાથી મુકત છીએ? show કે નાનાલાલમા ભાવાનુરોપણ કરીએ છીએ જ ને? ને એ પૂજાને પૂજ્યભાવનું અવિરત વહેણ એ આપણી તમારી શ્રદ્ધાની કસોટી છે.

આમ્રમંજરી આવી ખરી ગઇ

કોયલો કંઠ માર્યા કરી રહી હવે તો ટહુકાર પણ કવચિત જ સંભળાય છે

આકાશમા વાદળાના સમુહ પર સમુહ ખડકાયા છે. તાપ અસહ્ય છે વરસાદનું ટીપું યે પડતું નથી. સૂક્કા ખેતર,–સૂક્કા માનવી ને સ્નેહ તરસ્યા હૈયા આકાશ સામે મીટ માંડી બેઠા છે—તપસ્વીના તપની સ્પર્ધા કરતા.

મારા એ જીવન ક્ષિતિજ ઉપર કાળા જલ ભર્યાં વાદળાં ઘેરાયા છે. કોને ખબર તોફાની ઝંઝાવાતના પ્રવાહમાં એ ખેંચાઇ વિખરાઇ જશે કે રસતરસ્યા હૈયાને અખંડ જલધારા વરસાવી તરબતર કરશે.

૨

વ્હાલા,

તારો પત્ર મળ્યો

આટલો લાગણીવાદ તો છોકરીમાં હોય તારી પાસે હું પ્રેમની પરીકથા નથી માંગતી. જ્વલંત પૌરુષત્વની આશા રાખું છું, જેમા પડતી હરેક વસ્તુ ભસ્મીભૂત થાય ને અખંડ જ્યોત ઓર તેજથી પ્રકાશી રહે

વ્યક્તિનો પરસ્પર સ્નેહ પરિચયે થોડો પડે છે–આપણે કોઇ ત્રીજી જ વ્યક્તિ કે સામાન્ય આદર્શને ચાહી રહીએ–તેની પ્રગતિ અર્થે પ્રયત્ન કરી રહીએ તો સ્નેહ અખંડ તો રહેશે જ પણ સાથે નવી તાઝગી જન્મશે એમા કદી પશ્ચાતાપની ઘડી નથી આવવાની. કદીયે સ્મરણો પર જીવવાનું નથી રહેવાનું. જીવનપર્યંતની એકેએક પળ અનુભવ બની રહેશે– પછી ભૂતકાળની સુગંધ સંઘરવાના જરૂર જ કયાં રહી

ને હવે તારા પત્ર તરફ વળું છુ તારી બધી કલ્પનાઓનો સરવાળો ક્ષુધાતુરને એક વખત ભોજન પણ ન આપી શકે? તું જરૂર પુછવાનો કે આ સાહિત્યને જોખવાની નવી તુલા કયાંથી શોધી કાઢી?

પણ એક વાત કહી દઉં–સ્પષ્ટ શબ્દોમા. ચિતાની આગ ભડભડ જળતી હોય, દુખીયાના રૂદન વાતાવરણને કરૂણદેશની હુંડી આપતાં હોય –ત્યારે પ્રણયગાન શા અર્થના?

પ્રેમ તૃપ્તિનો ઓડકાર છે. ભરાએલા ખીસાની મનમોજ છે. કંગાલનો પ્રેમ કોઇ કવિતામા વણાએલો દીઠો છે?

કવિતા, કલા ને તારો પ્રેમ મૂળ તત્ત્વો નથી. આભૂષણ છે સમૃદ્ધ રૈન રૈયાની હોમ

ત્યારે તાજમહાલ, કે અજંટાના ચિત્રો, કાલિદાસનું મેઘદૂત કે મનુસ્મૃતિની જરૂરિયાત છે. પ્રજામાનસ તેનાં દર્શને રાચે, તેના રસમાં તરબતર બને–તેને અપનાવી લે. પણઆજે તો જન્મ ને જીવનવિરુદ્ધ થઇ રહ્યાં છે મહેનત કરનારને મજુરી નથી મળતી ત્યારે શ્રમિત, અનિદ્ર માનવીને તાજમહાલનાં કે અજંટાના ચિત્રો કયો સંતોષ આપી શકે? કવિતા ને કલા કયું મન રંજન કરી શકે? ને ધર્મ કેવું ને કેટલું આશ્વાસન આપી શકે? કોઇ નહિ.

હું જૂની બૌધ ગુફાઓ જોવા ગઈ હતી. ઘણીખરી મૂર્તિઓ ખંડિત હતી. એ ખંડેર મને તો પ્રજા માનસના ઉતરતા જુવાળના પ્રતિક રૂપ લાગ્યાં. એ મૂર્તિઓ એ મંત્રો પ્રજાને ન તો પરદેશીના જુલ્મમાંથી કે લુંટમાંથી ઊગારી શકી ન તો પ્રોતાનું રક્ષણ કરી શકી. પ્રાર્થના કરતા ભકતનું મસ્તક પવનની તરવાર ધારે પ્રતિમાના પાદયુગલ ઊન્હા લોહીથી ભીંજવી રહ્યું— ને સાથે એ સંસ્કૃતિની કબર રચાઇ.

ચતુર્વર્ણનો આરંભ હતો ત્યારે બ્રાહ્મણ સંસ્કૃતિ ને જ્ઞાનના પાલક, પોષક ને મોક્ષનું દ્વાર ચીંધનારા લેખાતા. આજે જ્યારે દરેક માણસ વિચાર કરતો થઇ ગયો છે ત્યારે એમનું સ્થાન કયાં છે? બામણિયા ચાની હોટલોમાં કે ભિક્ષુકોના ટોળામાં?

આજે તો નવો યુગ આવ્યો છે. રામનું એક પત્નીવ્રત (જો કે આદર્શ ઉતમ છે.) સનાતનીના સ્વપનામાં એ નહિ હોય. યુધિષ્ઠિરનો ન્યાય ને સત્યાગ્રહ શંકરાચાર્યમાં દેખાવો મુશ્કેલ ત્યારે એને માથે લઇ ફરનાર સમાજનું કે પ્રજાનું કયું ઘડતર કરે છે? સનાતન ધર્મ નથી—કોઇ વસ્તુ સનાતન નથી. દરેક વસ્તુની ઉપયોગિતા આથમ્યે, વિશ્વક્રમમાં તેનું કામ પુરું થયે, ખાકમાં ભળી જાય છે–પણ આપણે તો આજે એ પાકને વળગી રહ્યા છીએ.

પ્રજાજીવનને ઘડનારી દરેક વસ્તુ સ્થાન ભ્રષ્ટ થઇ છે. તેને સ્થાને ખોટા સિક્કા ચલણમાં આવ્યા છે.

સમાજને તેની તે જ સ્થિતિમાં જાળવી રાખવાને નિયમોનો સમૂહ ઘડાયો. તેને ધર્મનું પદ આપ્યું. તેના શિસ્ત પાલન માટે પાપ ને પુણ્યની કલ્પનાની જરૂરીઆત જણાઇ.

સ્ત્રી ને પુરુષનાં સ્વર્ગીય આકર્ષણ ખુંચવા લાગ્યાં. તેને પ્રેમનું સુવાળું નામ અપાયું. તેના કાવ્યો ગવાયાં–પ્રણય અસ્તિત્વમાં આવ્યો.

વીરપૂજા અધૂરી લાગી એટલે મૂર્તિઓ ઘડાઇ મૂર્તિઓ દેવ બની. મુખ્ય વસ્તુઓ ભુલાઇ ગઈ–તેનું સ્થાન ગૌણ વસ્તુઓએ લીધું.

આપણી સર્જેલી એ વસ્તુઓ, માનવ કુળનાં શ્રેય માટે સર્જાએલી એ જમાના જતાં રૂઢ થઇ–ને આપણી ઉપર આધિપત્ય ભોગવે છે.

આપણું સાહિત્ય પણ એક ને એકજ વર્તુલમાં ઘૂમ્યા કરે છે. પ્રેમની એ પરીકથા બચ્ચાં જેવી પરાધીન મનોદશા સરજે છે. આપણે આપણા ઉદ્ધાર માટે પરી ને દેવદૂતની રાહ જોઇએ છીએ.

આપણી આસપાસ ઉષ્માગૃહનું વાતવરણ ઘૂમે છે. સાહિત્ય ને આપણાં પ્રજાજીવનને સ્વતંત્ર હવાની જરૂર છે. કદાચ સ્વતંત્ર વાતાવરણમાં આપણું સાહિત્ય વધુ જીવંત વધુ સમૃદ્ધ થશે.

જીવનનું દરેક ક્ષેત્ર સેવા માગે છે. તારો સંપૂર્ણ સહકાર ને સહચાર આ સેવા માટે હું માગી લઉં છું. આપણે નયનોના વ્યોમમાં નથી વિહરવું. જીવનની કરુણ, વણપીછેલી અવસ્થાન

માપ લેવાં છે સ્પર્શની વિદ્યુત નથી અનુભવવી આપણા ભાઈઓએ જ સરજેલા દુ:ખને યાતનાનાં પ્રહાર હળવા કરવા છે પ્રેમ માટે પછી ફુરસદ મળી રહેશે

હું સમુદ્ર તટે ફરવા ગઇ હતી રેતીના કણો ચંદ્રના કિરણો ઝીલી ચમકતા હતા—પ્રેમના પારસમણી-સ્પર્શ્યાં મનુજહૈયા દિવ્ય પ્રકાશે પુનિત બની ચમકી રહે એમ ઘુઘવતાં મોજા એક બીજાને પકડવા ધસતાં હતા પણ કિનારાને સ્પર્શી તેમની મસ્તી, સ્ફૂર્તિ વેરાઇ પથરાઈ જતી હતી થોડાં ફીણની યાદ મૂકીને યૌવનની વસંતમાં ગૌરવભર્યાં પગલે જીવનની અગાધ અણુજાણ મુસાફરી આદરીએ ને જીવનાંતે લાકડીને ટેકે ચાલતાં થાકેલાં મૃત્યુની રાહ જોઇ રહીએ તેમ રેતીમાં હું લેટી હતી

તાડનાં પાંદડાં વાયુ લહેરતા હાલતા હતા દૂર આછેરો એક સઢ તરતો હતો શૂન્ય એકાંતતા જગત પર પથરાઇ રહી હતી

પવન જોરથી ફુંકાવા લાગ્યો થોડીક ક્ષણોમાં તો જાદુગરની લાકડી ફરી જાય ને મહોલાત સરજાય એમ વાદળીના ગજ ખડકાયા તાડવૃક્ષોએ વિનાપ આરંભ્યો! અમૃતફોરા વરસવા લાગ્યાં ઓવરકોટનું બક્તર મજબૂત કરી હું પડી રહી વરસાદના ટીપાં જોરથી પડવાં લાગ્યા

પંદરેક પળ વીતી વાદળાંઓ અવકાશની કોઈ ગહન ગુફામાં સંતાઇ ગયા તારાઓ ચમકવા લાગ્યા ચંદ્ર પણ ઓર તેજથી રજત રેલાવી રહ્યો

શરદના માવઠાને આષાઢની હેલી તો નથી માની લેતાને ?

લી
તમારી ઇ

●

સર્વનાશ

સ્રગ્ધરા

મોટા વૃક્ષો વનોના કરી બહુ બળજોરી ગયા સર્વ ચૂસી
નાનેરા ઝાડવાના રસ રસ વણુ એ બાપડા રે! સુકાયા
ફાટી ઉઠયો સતે તે દવ-અનળ મહાકાળના કોપ જેવો,
ને સૂકા ઝાડવાનો જ્વલિત કરી પચીતો વડા વૃક્ષ લીલા
ચેતાવ્યા સર્વ એણે, પળ ન પળ થઇ ત્યા બધે રાખ છાઇ,
નાના મોટા બધાને લઈ વનહરિયાળી થઇ ભસ્મશાયી!

પૂજાલાલ

૨૪ ૫ ૧૯૩૫

શ્રીમદ્ શંકરાચાર્ય

રામનારાયણ ના. પાઠક.

જે સમયે ભારતખંડમાં સત્તાને જોરે ધર્મનું સામ્રાજ્ય સ્થાપવામાં આવતું હતું, જે સમયે સારાયે ભારતવર્ષ ધાર્મિક મતમતાંતરને કારણે એક પ્રકારની ગુંગળામણ અનુભવતો હતો, જે સમયે સામાજિક બંધનો તદ્દન શિથિલ બની ગયાં હતાં, જે સમયે કર્મકાંડ અને મૂર્તિપૂજામાં જડતા વ્યાપેલી હતી, જે સમયે હિંદુધર્મનું અને આ ધર્મપ્રધાન રાષ્ટ્રનું નાવ ભરદરીએ તોફાને ચડ્યું હતું, એ સમયે–આજથી લગભગ અગીઆરસો વર્ષ પહેલાં[1] દક્ષિણાપથના કેરલ પ્રાંતમાં એક મહાપુરુષ પાક્યો.

જન્મ

કેરલ પ્રાંતના કાલટી ગામમાં શિવગુરુ નામનો પવિત્ર બ્રાહ્મણ પંડિત રહેતો હતો. શિવગુરુને સતી નામની સુશીલ પત્ની હતી. આધેડ અવસ્થાએ એ વ્રતસ્થ દંપતિને ત્યાં એક તેજસ્વી પુત્ર અવતર્યો. જ્યોતિષશાસ્ત્રીઓ એ બાલકની હસ્તરેખા જોઈ મુગ્ધ થયા. માતપિતાના આનંદનો પાર ન રહ્યો ને શંકરની કૃપાથી મળેલા એ પુત્રનું નામ શંકર રાખ્યું.

શંકર માત્ર ત્રણ વર્ષનો થયો ત્યાં તેના પિતાનું અકાળ મૃત્યુ થયું. પાંચમે વર્ષે માતાએ બાળક શંકરને ગુરુને ઘેર ભણવા મોકલ્યો. સાતમે

૧. શંકરાચાર્યના જન્મ સમય માટે પુષ્કળ મતભેદ છે. દરેક વિદ્વાન પોતાના મતના સમર્થનમાં અનેક પ્રમાણો ટાંકે છે. એક પુસ્તક ભરાય તેટલા પ્રમાણો અપાયાં છે. મેં સદ્ગત્ યજ્ઞેશ્વર શાસ્ત્રીનું પ્રમાણ ખરું માન્યું છે. તેઓએ પોતાના આર્યવિદ્યાસુધાકરના ૨૨૬મે પાને લખ્યું છે:–शंकराचार्य प्रादु-र्भवस्तु विक्रमार्क समयादतीते पञ्चचत्वारिंशदधिकाष्टशतीमिते संवत्सरे केरलदेशे कालटीग्रामे આ ગ્રંથમાં તેમણે અનેક પ્રમાણભૂત દલીલો કરી છે.

વર્ષે શંકર ભણીને ઘેર આવ્યો. માતાએ આશ્ચર્યથી પૂછ્યું, 'તું કેમ પાછો આવ્યો ?'

'મા મે સર્વ શાસ્ત્ર ભણી લીધાં હવે મારે ગુરુ પાસેથી કશું મેળવવાનું બાકી રહેતુ નથી !'

અને ખરેજ પોતાના હૃદયમાં વિકસી રહેલા બ્રહ્મજ્ઞાનને પરિણામે બાળક શંકર સાતમે વર્ષે સર્વશાસ્ત્રમાં પારંગત થયો હોય તેમ કોઇપણ પંડિત સાથે જ્ઞાનમા હરીફાઈ કરવા લાગ્યો. પૂર્વજન્મના ચમત્કારિક સંસ્કારોને લીધે આ બાળક અદ્ભૂત છે એવી વાત આખા પ્રાંતમા પ્રસરી ગઇ

રાજાની ભેટ

કેરલ દેશના રાજવી રાજશેખરને કાને વાત પહોંચતા તેણે પોતાના પ્રધાનને શણગારેલા હાથી સાથે શંકરને તેડવા મોકલ્યો. ગરીબ બ્રાહ્મણને આંગણે હાથી આવેલો જોઇ લોકો એકઠા થયા સતીએ શંકરને બહાર બોલાવ્યો. પ્રધાને નીચે ઉતરી શંકરના ચરણમા પ્રણામ કર્યા સાત સાત વર્ષે અતિશય ગાંભીર્ય ધરતા એ કુમારે આશીર્વચન ઉચ્ચાર્યા અને આટલી તકલીફ ઉઠાવવાનું કારણ પૂછ્યુ. પ્રધાને નમ્રભાવે રાજાના આમંત્રણની હકીકત રજુ કરી ત્યારે મંદ હાસ્ય કરીને બાળક શંકર બોલ્યા 'અમારે બ્રહ્મચારીઓને ભિક્ષા માગીને જમવુ, મૃગચર્મ પહેરવુ, ત્રિકાલ સ્નાન વગેરે કરવું, એ ધર્મ છે હાથી પર ચડીને ગજ્જરબારમા આવી શોભા વધારવી એ અમારૂ કામ નથી રાજાને મારો સંદેશ આપજો કે તમારી ભેટની શંકરને જરૂર નથી રાજાનો ધર્મ છે કે દરેક વર્ણને આજિવિકા મળે તેવી સગવડ કરી આપવી

રાજાને શંકરનો સંદેશો મળતાં જ એ પોતે કાલડી ગામે આવી પહોંચ્યો અને બાળમિત્રોથી વીંટળાએલા શંકરને ચરણે પડ્યો. પોતે રચેલાં ત્રણ સંસ્કૃત નાટકો[2] એણે ભેટ ધર્યાં શંકરે રાજા સાથે વાર્તાલાપ કરી ભેટ લાવેલ ધન આસપાસના ગરીબ લોકોને વહેંચી આપવા કહ્યું

બાલશંકરની કીર્તિ જેમ જેમ પસરવા લાગી તેમ તેમ વિદ્વાનો તેને મળવા આવવા લાગ્યા શંકર શાસ્ત્રો, ઉપશાસ્ત્રો અને પ્રગટ અપ્રગટ ગ્રંથો વાંચવામાં ગુંથાએલ રહેતો હતો એના મનમા સંસાર પ્રત્યે પૂર્ણ વિરક્તિ અને સંન્યાસ પ્રત્યે પૂર્ણ આસક્તિ જામતી જતી હતી ચોમેર ફેલાઇ રહેલા મતમતાંતર અને અસત્ય અનાચાર સાંભળીને એના બાલમન ઉપર ગંભીર અસર થતી હતી પોતાની માતા પાસે વારંવાર પોતાની ઇચ્છા એ પ્રગટ કરતા હતા છિન્નભિન્ન થઇ ગયેલા સમાજને એકમતમા લાવી, સન્માર્ગે દોરવા માટે અને પોતાના આત્માના કલ્યાણ સારૂ સંન્યાસ એ જ ઉત્તમ માર્ગ લાગતો હતો પણ આ એક પુત્ર જ જેનો આધાર હતો એવી માતા સંન્યાસ માટે રજા આપતી ન હતી

સંન્યાસ

એકવાર અકસ્માત બન્યો શંકર નદીમા ગયેલ ત્યાં એનો પગ મગરે પકડ્યો શંકરે બૂમ પાડી માને બોલાવી મા દોડી આવી 'મા, મા મગરે મારો પગ પકડ્યો છે અને મને છોડતો નથી મને તુ સંન્યાસ લેવાની રજા આપતો છોડે' આવા શંકરના વચન

---

૨ बाल रामायणम्, बाल भारतम् અને 'विद्धशाल भंजिका એ ત્રણ પ્રસિદ્ધ નાટકો શંકરાચાર્યના સમકાલીન રાજશેખરસુરિ નામના રાજાએ રચેલા છે એ જ આ રાજા રાજશેખર એવુ અનુમાન વિદ્વાનો કરે છે કારણ કે શંકરવિજયમા શ્રી માધવાચાર્યે રાજશેખરના મેળાપનુ જે વર્ણન કર્યું છે તે વાચતા ઉપરોક્ત હકીકત ખરી હોય એમ લાગે છે

સાંભળી પુત્રપ્રેમી માતાએ રજા આપી. મગરે પગ મૂકી દીધો અને શંકરે બહાર નીકળી તુરત જ સંન્યાસ લઇ ઘર છોડી દેવાની તૈયારી કરી. આ પ્રસંગ એક રૂપક જેવો લાગે છે. 'સંસારરૂપી મગરે મને પકડયો છે અને સંન્યાસ લઉં તો જ છૂટું' એવું શંકરનું કથન હોવું જોઇએ એવી કેટલાક વિદ્વાનોની વાત મને વધારે વ્યાજબી લાગે છે.

ગમે તેમ હો પણ માતા પ્રત્યેના અનન્ય પ્રેમને લીધે તેને આઘાત પહોંચાડી સંન્યાસ ન લેતાં શંકરે આ રીતે સંન્યાસ લેવા માટે ગૃહત્યાગ કર્યો. માતાને આશ્વાસન આપ્યું કે માંદગીમાં તારી સારવાર કરવા હું જાતે હાજર થઇશ અને તારી એવી માન્યતા છે કે પુત્ર પિંડ ન આપે તો અસદ્ગતિ થાય તો હું તને પિંડદાન આપીશ!'

આથમતા સૂર્યનાં લાલ કિરણો, વડલાની ડાળે સૂકાતાં વલ્કલની રતાશમાં ભળી જતાં હતાં તે સમયે; નર્મદાના તટ ઉપર આવેલા ગોવિંદનાથના આશ્રમમાં શંકરે પ્રવેશ કર્યો. ગોવિંદનાથ શંકરના ઉર્જ્વલ લલાટ સામે અને ચમકતી આંખો સામે જોઇ રહ્યા. એમણે અતિહર્ષથી સંન્યાસની દીક્ષા આપી.

એ વખતે શંકરની ઉંમર ફક્ત આઠ વર્ષની હતી.

ગુરુ ગોવિંદ સ્વામીના આશ્રમમાં શંકર ૭ વર્ષ રહ્યા. તે દરમ્યાન તેમણે જુદાં જુદાં શાસ્ત્રોનું અવલોકન કર્યું. અને પોતાના મનમાં અદ્વૈતમતની દૃઢ શ્રદ્ધા પ્રગટ થઇ. એ શ્રદ્ધાને જોરે અને અત્યંત કુશાગ્ર બુદ્ધિથી પોતાના મતનું સમર્થન કરવા અને એકમતના ઝંડા નીચે આખા રાષ્ટ્રને એકત્રિત કરી સમાજને સુવ્યવસ્થિત કરવા કાશી તરફ પ્રયાણ કર્યું.

કાશીમાં આવતાં જ ગંગા કિનારે શંકરાચાર્ય ફરતા શિષ્યો વીંટળાવા લાગ્યા. પંદર વર્ષના આ અદ્ભુત કુમાર પાસે પંચાવન વર્ષના વૃદ્ધો શિર ઝુકાવવા લાગ્યા.

અભેદભાવ

એકવાર એક અતિશય કાંતિમાન કુમાર શંકરને ચરણે આવી પહોંચ્યો. એ છેક કાવેરીને તીરેથી આવેલો હતો. શંકરે એની જિજ્ઞાસા જોઇને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો. અને સર્વ વાદમાં અદ્વૈતવાદ શ્રેયસ્કર છે એ અનુભવગમ્ય ભાષામાં સમજાવ્યું. એ શંકરનો પ્રથમ શિષ્ય બન્યો. એનું નામ સનંદન. ત્યારબાદ એક પછી એક તરુણો અને વૃદ્ધો શંકરનું શિષ્યત્વ ગ્રહણ કરવા લાગ્યા.

શંકરાચાર્યની બાળવય, અગાધ જ્ઞાન, ચમત્કારિક વ્યક્તિત્વ એ બધું જોઇને દૂર દૂરથી પંડિતો એના દર્શન માટે આવવા લાગ્યા.

એમાં એકવાર વિરોધીઓને શંકરની પ્રતિષ્ઠા તોડવાનું મોટું બહાનું મળ્યું. અને શંકરાચાર્યના અદ્વૈતવાદની આકરી કસોટી થઇ.

બપોરે ગંગાતીરે શિષ્યો સાથે શંકરાચાર્ય ચાલ્યા જતા હતા એ વખતે એક ચંડાળ ચાર મોટા શિકારી કુતરા સાથે સામો મળ્યો. શંકરાચાર્યે એકદમ બૂમ પાડી 'ચંડાળ, એક બાજુ ખસી જા' એટલે એ વિદ્વાન ચંડાળ ત્યાં જ ઉભો રહ્યો અને શંકરને કહ્યુંઃ—

गच्छ दूरमिति देहमुताहो
देहिनं परिजिहीर्षसि विद्वन्।
भिद्यतेऽन्नमयतोऽन्नमयं किं
साक्षिणश्च यतिपुङ्गव साक्षी॥

'હે પંડિતરાજ, તમે કોને દૂર જવાનું કહો છો? જો આ શરીરને 'દૂર હટ' કહેતા હો

તો એ તમારા શરીરની માફક અન્ન વિગેરેથી બનેલું છે. જો દેહના સાક્ષીરૂપ આત્માને દૂર ન એમ કહેતા હો તો તે તમારા આત્માથી જુદો છે?'

આવો વિલક્ષણ જવાબ સાંભળીને શંકરાચાર્યના હૃદયમાં એકદમ ઉજાસ થયો તેમણે નિરભિમાન મણે પ્રત્યુત્તર આપ્યો કે 'તમારું કહેવું તદ્દન સત્ય છે. આજથી તમારા આત્મવેત્તાના કથન અનુસાર હું આ ચાંડાળ છે, અસ્પૃશ્ય છે એવી ભેદબુદ્ધિનો ત્યાગ કરું છું'

કાશીક્ષેત્રમાં શંકરાચાર્યના આ અભેદભાવ સામે ખળભળાટ મચ્યો પણ કોઈ પંડિતની હિંમત એમની સામે આવીને વાદ કરવાની ચાલી નહિ અને શંકરના આ આત્મતાની શિષ્યોએ શ્રદ્ધાપૂર્વક, બુદ્ધિપૂર્વક અભેદભાવનો સ્વીકાર કર્યો.

કાશીમા કેટલોક સમય ગાળ્યા બાદ શંકરાચાર્ય હિમાલયની તળેટીમા બદ્રિકાશ્રમ જઈ વસ્યા. ત્યાં ઉપનિષદ અને વેદાંત ઉપર ભાષ્યો રચ્યા અને શિષ્યોને તે ભણાવ્યા

મત પ્રચાર

હિમાલયના શાંત સાત્વિક સ્થળમા, તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસમાં, શંકરાચાર્યના દિવસો ચાલ્યા જતા હતા. પરંતુ સારા ભરતખંડમાં વ્યાપી રહેલ મતમતાંતર એમનાથી સહ્યા જતા ન હતા અને એ પ્રત્યેક? મતાગ્રહની પાછળ જે પાંડિત્ય, બુદ્ધિપૂર્વકની દલીલો, શાસ્ત્રોના પ્રમાણોમા કલ્પિતપણું રહેલા હતાં, તેને પંડિતાઈ, કુશાગ્રબુદ્ધિ અને શાસ્ત્રોના પ્રમાણથીજ પરાજિત કરવા જોઈએ એમ શંકરાચાર્યને લાગ્યુ અને શિષ્યો સહિત હિમાલયના શિખર ઉપરથી જડતાની ઝાડીને બાળવા દાવાનળ ઉતરે તેમ ઊતરી આવ્યા

અને સોળવર્ષના એ તરુણ સંન્યાસીએ હિંદનો એક છેડેથી બીજા સુધી પ્રવાસ શરૂ કર્યો. અસ્તવ્યસ્ત થયેલ સમાજને એકત્ર અને વ્યવસ્થિત કરવા માટે માથુ હાથમાં લઈને અદ્વૈતવાદનો ધ્વજ ધારણ કરીને સંગ્રામ શરૂ કર્યો.

કાશીક્ષેત્રમાં પુન: પ્રવેશ કરતાંજ શંકરાચાર્યને સમાચાર મળ્યા કે કુમારિલ ભટ્ટ નામનો વિદ્વાન અગ્નિપ્રવેશ કરે છે. શંકરાચાર્ય તેમની પાસે ગયા. કુમારિલ ભટ્ટે છૂપે વેશે બૌદ્ધશાસ્ત્રોનો અભ્યાસ કરી તેનું ખંડન કર્યું હતું. એક શબ્દ જેની પાસે શીખ્યા તે ગુરુ, એ ન્યાયે બૌદ્ધગુરુનો દ્રોહ કર્યો એના પ્રાયશ્ચિત રૂપે બળી મરવાનો એમણે નિર્ણય કર્યો હતો. શંકરાચાર્યે તેમને એ નિર્ણય યથાર્થ નથી એમ અનેક રીતે સમજાવ્યું પણ એ વૃદ્ધ તપસ્વી જીવતરથી કંટાળ્યા હતા તેમણે શંકરાચાર્યનું શારીરક ભાષ્ય જોયુ. તેના એક એક અધ્યાય ઉપર હજાર હજાર વાર્તિક પોતે કરી શકે એમ કહ્યું. આખરે રજા લેતા શંકરાચાર્યને કહ્યુ, તમે માહિષ્મતી નગરીના મહાપંડિત મંડનમિશ્રને મળો તે મોટા કર્મકાંડી છે, તેની સાથે શાસ્ત્રાર્થ કરી તેને તમારો સિદ્ધાંત સમજાવશો તો હજારો પંડિતો અને અનેક કર્મકાંડીઓ કર્મકંપણામાંથી મુક્ત થશે.

મંડનમિશ્ર

શંકરાચાર્ય શીરા નર્મદા તીરે આવેલી એ મહાનગરીમા આવી પહોંચ્યા મંડનમિશ્ર સમર્થ પંડિત હતો. શાસ્ત્રવિદ અને અગ્નિહોત્રી હતો. શંકરાચાર્યે પાદરમા પાણી ભરતી પાણીઆરીઓને પૂછ્યુ કે મંડનમિશ્રનુ ઘર ક્યા છે?

જે ઘરના બારણામા પ્રેમતાજ સામે સુવર્ણ-પિંજરમા બેઠેલી મનોહર મેનાઓ, 'વેદવાક્ય સ્વત પ્રમાણ છે કે શાસ્ત્રાધારે પ્રમાણ છે,' 'કર્મ ફળ આપે

કે ઈશ્વર ફળ આપે છે ?' જગત નિત્ય છે કે અનિત્ય છે ? એવા તત્વજ્ઞાનના ગહન પ્રશ્નો પર દિનરાત વિચાર કરે છે એ ઘર મંડન પંડિતનું છે એમ જાણજો.

મંડનમિશ્ર કોઈપણ સંન્યાસીને પોતાના ઘરમાં આવવા દેતો નહિ તેમજ ભિક્ષા આપતો નહિ પણ સન્યાસી શંકરની તેજસ્વિતા અને પ્રશ્નોત્તર થતા એણે 'બોલો ભિક્ષામા શું લેશો? એમ પૂછ્યું.'

શંકરાચાર્યે દ્વૈત અને અદ્વૈતવાદ ઉપર વિવાદ કરવાની યાચના કરી. મંડનમિશ્રે એનો સહર્ષ સ્વીકાર કર્યો.

જે સમયે ધનધાન્યથી દેશ સમૃદ્ધ હતો. જે સમયે પહેરવાઓઢવા, ખાવાપીવા વગેરેનો પ્રશ્ન ન હતો તે સમયે ધાર્મિક અને નૈતિક સિદ્ધાંતો ના મતભેદને કારણે પ્રજા માનસમા તીવ્ર મંથન ચાલી રહ્યું હતુ અને કોઈને સુખશાન્તિ મળતી ન હતી. એવે સમયે મહાપંડિતો પોતાના મતનુ સમર્થન કરી જગતના હિતને માટે એજ એક માન-શાંતિનો-કાયમી સુખનો કલ્યાણકારી માર્ગ છે એમ સાબીત કરવા મથતા હતા.

મહાન સંવાદ

માહીષ્મતી નગરીના મહાપંડિતોની મહાસભા મળી દેશભરમા સુપ્રસિદ્ધ એવા બે વિદ્વાન શિરોમણી તત્વચર્ચા કરવા તૈયાર થયા હતા એ તત્વના નિર્ણય ઉપર સમાજના આખા વહેનને નવીન વળણ મળવાનુ હતુ એક પ્રકારની મહાન ક્રાંતિ થવાની હતી દૂર દૂરના નગરોમાથી પંડિતો આ વાદ સાભળવા એકઠા મળ્યા

ભારતવર્ષના સામાજિક ઇતિહાસની દ્રષ્ટિએ જેટલુ મહત્વ પાડવકૌરવના યુદ્ધને છે તેટલુંજ મહત્વ હતુ આ વાદનું. શંકરાચાર્યે મંડનમિશ્ર સાથેના વિવાદ પછી લગભગ અઢાર મતનું ખંડન કર્યું. એ દરેક વાદને કોઈ મહાન વિજેતાના સંગ્રામ જેટલું જ મહત્ત્વ હતું. કોઈ ચક્રવર્તિ એક પછી એક દેશ ઉપર વિજય મેળવતો સમસ્ત દેશનો સમ્રાટ બની એક ઝંડા નીચે આખા રાષ્ટ્રને લાવે તેમ શંકરાચાર્યે અન્ય મતોનુ ખંડન કરી સમસ્ત ભારતવર્ષમાં એક અદ્વૈતમતનુ સામ્રાજ્ય ફેલાવ્યુ.

દેશદેશના વિદ્વાનોથી સભામંડપ ચિક્કાર ભરાઈ ગયો બે ઉંચા આસન ઉપર એક બાજુ તરુણ સંન્યાસી શંકરાચાર્ય અને સામી બાજુ મહાપંડિત મંડનમિશ્ર બિરાજ્યા. અને હારજીત નક્કી કરવા માટે સરપંચ તરીકે મંડનમિશ્રની વિદુષી પત્ની ઉભયભારતીને શંકરાચાર્યે પસંદ કરી મંડનમિશ્રે એ વાતનો સ્વીકાર કર્યો સાક્ષાત સરસ્વતી જેવી ઉભયભારતી સર્વ શાસ્ત્રના સારને જાણનારી હતી. એણે મધ્યસ્થ આસનનો સ્વીકાર કરી વાદ શરૂ કરવાની આજ્ઞા કરી

સભાઓ, ઠરાવો, મતપ્રતિપાદન, મતભેદ, દ્વેષભાવ વગેરે આ યુગમા પ્રધાનપણે ચાલી રહ્યા છે પુરાણા કાળમાં એને માટે કેવી રીત હતી તે જોવા માટે થોડી વિગતમા ઉતરીએ –માધવા-ચાર્યની અત્યંત પ્રાસાદિક વાણીનો થોડો પરિચય કરવા જરા સંસ્કૃત શ્લોકોનો નમુનો પણ જોઈએ

ઉભય ભારતી એ વાદ શરૂ કરવાનુ કહેતા જ યતિવર્ય શંકરે પોતાનો અદ્વૈતમત નીચે પ્રમાણે રજુ કર્યો.

ब्रह्मैकं परमार्थ सच्चिदमल
विश्वप्रपञ्चात्मना
शुक्तीरूप्य परात्मनेव
बहुलाज्ञानावृतं भासते ॥

तज्ज्ञानान्निखिलप्रपंचनिलया
स्वात्मल व्यवस्थापरम् ।
निर्वाणं, जनिमुक्तमभ्युपगत
मानं श्रुतेर्मस्तकम् ॥

નિર્દોષ, ચૈતન્યમય, સતરૂપ એવું જે પરબ્રહ્મ એ જ એક જગતના આધાર રૂપ છે અજ્ઞાનને કારણે છીપનીમા રૂપાનો ભાસ થાય છે તેમ તેનામા આ પ્રપંચનો આભાસ માત્ર થાય છે. એ પરમ ચૈતન્યનો જ્ઞાને કરીને અનુભવ કરવો એ જ પરમ શાંતિનો ઉપાય છે. આને માટે ઉપનિષદો (વેદાંત સાર રૂપ) પ્રમાણ છે.

આ રીતે પોતાનો મત રજુ કરતા સાથો-સાથ પ્રતિજ્ઞા કરી કે:–

वादे जये यदि पराजयभागह स्यां ।
सन्यासमङ्ग परिहृत्य कषाय चैलम् ।
शुक्लं वसीय वसनं हृय भारतीय
वादे जयाजयफलप्रतिदीपिकास्तु ॥

જો કે વાદમા મારી જીત ચોક્કસ છે, છતાં કદાચ મારો પરાજય થશે તો હું આ ભગવાનો ત્યાગ કરી સફેદ વસ્ત્ર ધારણ કરીશ આપણી હારજીતનો નિર્ણય આ ઉભયભારતી કરશે

આવી ઉદાર પ્રતિજ્ઞા સાંભળીને મંડનમિશ્રે પણ પોતાનો મત રજુ કર્યો

वेदान्ता न प्रमाणं चितिवपुषि
पदे तत्र संगत्ययोगा-
त्पूर्वो भागः प्रमाणं
पदचयगमिते कार्यवस्तुन्यशेषे ।

शब्दानां कार्यमात्र प्रति
समधिमता शक्तिरभ्युन्नतानां
कर्मभ्यो मुक्तिरिष्टा तदिह
तनुभृतामायुषः स्यात्समाप्ते. ॥

કાર્ય કારણ રહિત ચૈતન્યરૂપ પરબ્રહ્મને સાબીત કરવા માટે શબ્દોની પદાર્થશક્તિવાળા ઉપનિષદ્ પ્રમાણભૂત થઈ શકે નહિ. અને વેદોના પહેલા ભાગમા યજ્ઞાદિ કર્મ કરવાનો અનુરોધ કરેલો છે. મનુષ્યોએ મૃત્યુ પર્યંત કર્મ કરતા રહેવું જોઈએ અને એને અંતે જ પરમ શાંતિ પમાય છે એવો મારો દૃઢ મત છે.

મત રજુ કરીને તરત જ પ્રતિજ્ઞા કરી કે–

वादे कृतेऽस्मिन्यदि मे जयान्य-
स्त्वयोदितात्स्याद्विपरीत भाव ।
येच त्वयाऽभूद्भदिता प्रसाव्ये
जानाति चेत्सा भविता वधुर्मे ॥

જો આ વાદમા મારો પરાજય થશે તો હું ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સંન્યસ્ત ગ્રહણ કરીશ અને તમારા કહેવા મુજબ હારજીતના નિર્ણય માટે આ ઉભયભારતી મધ્યસ્થ અને તે મને કબુલ છે

સર્વ શાસ્ત્રનો પાર પામેલા જગતના હિતાર્થે આયુષ્ય ગાળવાવાળા એ બે મહારથીઓ વિવાદ ચલાવવા લાગ્યા ત્યારે સકળ સભા આશ્ચર્યમુગ્ધ બનીને સાંભળી રહી

આ મહાન અને અદ્ભુત સંવાદનું માધવાચાર્યે અત્યંત રોચક ભાષામા વર્ણન કરેલું છે. એ જેટલું તત્ત્વ નિરૂપણાની દૃષ્ટિએ ઉત્તમ છે એથી વિશેષ સાહિત્યની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ છે

દિવસો વિતવા લાગ્યા તેમ વાદનો રસ જામતો ગયો, તેમ સાંભળનારા વિદ્વાનોની ભીડ જામતી ગઈ બન્નેના મનમા એક બીજાના મતનું ખંડન કરવાની તીવ્ર ઇચ્છા છતાં કોઈના હૃદયમા રજ માત્ર ક્રોધ આવતો ન હતો.

અને મધ્યસ્થ નીમાયેલી પંડિતા ઉભય ભારતી સવારમા વાદ શરૂ થતા બન્નેના ગળામા

માળા નાખી રસોઈ પકાવી આવતી હતી અને બપોર થતાં બન્નેને જમવા માટે બોલાવી જતી હતી.

अन्योन्यमुक्तमेखण्डयतां प्रगल्भे
वद्धासनौ स्मितविकासि मुखारविंदौ
न स्वेदकम्प गगनेक्षणशालिना वा
न क्रोधवाक्छलमवादि निरुत्तराभ्याम्॥

એક બીજાના મતનું ખંડન કરતા બન્ને જણ દઢ આસન વાળીને સામસામા બેઠા હતા. સંવાદ તીવ્રપણે ચાલી રહ્યો હતો છતાં કોઈને પરસેવો વળતો ન હતો, શરીર કંપતું ન હતું, જવાબ મેળવવા માટે આકાશ સામે જોવું પડતું ન હતું, એકાએક નિરુત્તર થઈ જવાથી ભોંઠાપણ છુપાવવા યુક્તિપ્રયુક્તિ કરવી પડતી ન હતી. બન્નેનો વિવાદ સરળતાથી વહેતા ઝરણ માફક વહી રહ્યો હતો.

આખરે મંડનમિશ્ર નિરુત્તર થયો એટલે ઉભયભારતીએ શંકરાચાર્ય જીત્યા છે તેવો નિર્ણય જાહેર કર્યો. પરંતુ પ્રતિજ્ઞા પ્રમાણે મંડનમિશ્ર સંન્યાસ ગ્રહણ કરે તે પહેલાં એ બુદ્ધિમાન સ્ત્રીએ નવો મુદ્દો રજુ કર્યો:—

अपि तु त्वयाद्य न समग्रजितः
प्रथितामणीर्मम पतिर्यदद्ग्
वपुर्धमस्य न जिता मतिमन्नपि मां
विजित्य कुरु शिष्यमिमम्

પ્રસિદ્ધ પુરુષોના આગેવાન એવા મારા પતિને આપે હજી પૂરેપૂરા જીત્યા નથી. કારણ કે એની અર્ધાંગના હજી અપરાજિતા છે. માટે મારી સાથે વાદ કરો અને મને જીત્યા પછી જ એને આપના શિષ્ય બનાવો.

ઉભયભારતી સાથે વાદ શરૂ થતાં ફરી પાછી સભા મંડળી ઉભરાઈ. ઉભયભારતી સર્વ શાસ્ત્રોમાં નિરુત્તર થઈ ત્યારે એણે કામશાસ્ત્ર ઉપર પ્રશ્નો પૂછ્યા. શંકરાચાર્ય બાલયોગી મૂક રહ્યા. પછી એક માસની અવધિ માગી કામશાસ્ત્રનો અભ્યાસ કરવા નીકળી પડયા. સંન્યાસીના દેહે કામશાસ્ત્રનો અભ્યાસ ન થઈ શકે તેથી અમરક રાજાના તાજા મૃત શરીરમાં પ્રવેશ કરી એ શાસ્ત્રમાં નિપુણતા મેળવી.

ઉભયભારતીનો પરાજય થતાં મંડનમિશ્રે સંન્યસ્ત ગ્રહણ કર્યું. ઉભયભારતી પણ શંકરાચાર્યની શિષ્યા બની.

બલિદાન

શંકરાચાર્ય માહીષ્મતીથી નીકળી મહારાષ્ટ્ર તરફ ગયા. પોતાના મતનો પ્રચાર કરતા તેઓ શ્રીપર્વત નામના પહાડપર આવી પહોંચ્યા. તાન્ત્રિક ક્રિયાઓ કરનાર કાપાલિકોનું ત્યાં જોર હતું. કાપાલિકો ભયંકર રૂપ ધારણ કરતા હતા. અજ્ઞાન લોકો માટે એમની વિદ્યા અગમ્ય અને ભયપ્રદ હતી. શંકરાચાર્યે જ્યાં મુકામ કર્યો હતો તેની નજીકના પ્રદેશમાં એક ઉગ્રભૈરવ નામનો કાપાલિક રહેતો હતો તે ઉગ્રભૈરવ શંકરાચાર્ય પાસે આવીને કહેવા લાગ્યો 'મહારાજ, આપની પાસે એક યાચના કરવા આવ્યો છું. આપ સર્વજ્ઞ છો, નિર્મળ પરબ્રહ્મસ્વરૂપ છો. મારે શંકરના હોમ માટે કોઈ રાજા અથવા સર્વજ્ઞનું મસ્તક જોઈએ છીએ. કૃપા કરી આપ મારી આટલી યાચના પૂર્ણ કરો.'

શંકરાચાર્યે હસીને કહ્યું કે 'જો કે મારા મસ્તકથી તારો હેતુ સિદ્ધ નહિ થાય છતાં તું યાચવા આવ્યો માટે તારી ઇચ્છા પૂરી કરવા મારું માથું તને આપીશ. પણ અત્યારે મારા શિષ્યો તારા પર ક્રોધે ભરાશે માટે હે સાધનશ્રેષ્ઠ ! હું સામેના પહાડ પરના વટવૃક્ષ નીચે કાલે સવારે સમાધિમાં બેસીશ ત્યારે આવીને મારું માથું કાપી જજે.'

ઉગ્રભૈરવ રાજી થઈને ઘેર ગયો. નીમેલે સ્થળે ઠરાવેલા વખતે ઉગ્રભૈરવ ખડ્ગ લઈને આવ્યો. જુએ તો નાકની અણી ઉપર દૃષ્ટિને સ્થિર કરીને બલિદાનની ભાવનાથી સ્વસ્થપણે શંકર સ્વામી બેઠા છે. મૃત્યુંજયની શાંતિ ચહેરા પર વિલસી રહી છે. કાપાલિકે ખડ્ગ ખેંચ્યું, શંકરાચાર્યનું માથું ઉડાવવા જાય છે ત્યાં તેમનો પ્રિય શિષ્ય સનંદન અચાનક એ સ્થળે આવી પહોંચ્યો અને કાપાલિકના હાથમાં ખડ્ગ જોતાંજ દોટ દીધી ઉગામેલું ખડ્ગ જોર કરીને ઝુંટવી લીધું અને ઉગ્રભૈરવનું શિર ધડથી જુદું કર્યું. શંકરાચાર્ય સમાધિમાંથી જાગી ગયા; જુએ તો ઉગ્રભૈરવનું માથું તરફડે છે. સનંદનના હાથમાં લોહીવાળી તલવાર જોઈ ઠપકાભરી આંખે કહ્યું 'આવી જીવહિંસા યોગ્ય નથી. આવું કામ હવે કદી ન કરવું.'

ત્યાંથી ઉઠીને સ્નાન કરી શંકરાચાર્ય સનંદન સહિત પર્ણકુટિમાં આવ્યા અને જાણે કશું બન્યું જ નથી તેમ ભાષ્ય શીખવવા લાગ્યા

હસ્તામલક

કેટલાક સમય પછી ફરતા ફરતા શંકરાચાર્ય શ્રીવલી નામના ગામડામાં આવી પહોંચ્યા. ત્યાં એક પ્રભાકર નામનો પંડિત રહેતો હતો. એને કોઈ જાતનું દુ:ખ ન હતું પણ એકનો એક પુત્ર તેર વરસનો થયો. છતાં જડની માફક બોલ્યા ચાલ્યા વિના એકઠોર બેસી રહેતો હતો. ભણવા જાય નહિ, રમવા જાય નહિ, મરજી પડે તો ખાય નહિ તો ભૂખ્યો રહે. છોકરાઓ ગમ્મતમાં મારી જાય તો પણ બોલે નહિ. શંકરાચાર્યને આ બાળક બતાવ્યો. શંકરે બાળકને માથે હાથ મૂકી પૂછ્યું, 'તું કોણ છે ? શા માટે આમ વર્તે છે ? ' જવાબ અદ્ભુત મળ્યો. મા-બાપને આમ-ગામ ઊભેલા ચકિત બન્યા:

नाहं जडः किंतु जडः प्रवर्तते
मत्सन्निधानेन न संदिहे गुरो
षडूर्मि षड्भावविकारवर्जितं
सुखैकतानं परमस्मि तत्पदम् ॥

'હે ગુરો ! હું જડ નથી પણ આ શરીરાદિ જડપદાર્થ છે તે મારા સમીપ રહેવાથી પ્રવર્તે છે. આ વાતમાં મને કશો સંદેહ નથી. *૬ ઊર્મિ અને ૬ ભાવવિકાર રહિત કેવળ સુખરૂપ પરમપદ તે હું છું.' આટલું કહીને એણે બાર શ્લોકમાં આખું તત્ત્વજ્ઞાન રજુ કર્યું. એ ઉત્તમ પ્રેરણાત્મક કાવ્યો 'હસ્તામલક સ્તોત્ર'ને નામે ઓળખાય છે. હાથમાં આંબળાની માફક જેને સત્ય લાધ્યું તેનું નામ હસ્તામલક જ રાખ્યું શંકરાચાર્ય એને પોતાની સાથે લઈ ગયા.

માતાની ઉત્તરક્રિયા

એવામાં એકાએક સમાધિ વેળાએ શંકરાચાર્યને માતાનું સ્મરણ થયું. તરતજ તેઓ પોતાને ગામ ગયા. જઈને જુએ તો માતા બિમાર હતા. શંકરને મળીને શાંતિથી તેમણે દેહ મૂક્યો.

માતાની ઉત્તરક્રિયા શંકર જાતે જ કરવાના હતા. 'સંન્યાસીએ માતાની અંત્યેષ્ટિક્રિયા કરી શકાય નહિ.' એમ કહી પિતરાઈ તથા કુટુંબીઓએ વાંધો ઉઠાવ્યો. પરંતુ શંકરાચાર્યે તેની દરકાર ન કરતાં માતાને આપેલ વચન મુજબ સર્વ ક્રિયા જાતે કરી આખી નાતિમાં મોટો કોલાહલ મચ્યો. 'સંન્યાસી નથી પણ શંકર ધુતારો છે. પંડિત નથી પણ કોઈ ધર્મદ્રોહી છે' એવી નિંદા સાંભળતા અને લોકોના અજ્ઞાન ઉપર હસતા શંકરાચાર્ય પ્રવાસે નીકળ્યા.

---

* શોક, મોહ, ક્ષુધા, પિપાસા, જરા અને મૃત્યુ ૬ ઊર્મિ; જન્મવું, જન્મ્યા પછી જીવવું, વધવું, ફેરફાર થવો, ઘટવું અને નાશ પામવો એ ભાવવિકાર

મઠસ્થાપન અને નિર્વાણ

શંકરાચાર્યે હવે પોતાના જીવનનું મહત્વનું કાર્ય સર્વમતવાદી સાથે સંવાદ અને મઠ-સ્થાપવાનું શરૂ કર્યું. પોતાના મુખ્ય શિષ્યો સુરેશ્વર, પદ્મપાદ, હસ્તામલક, તોટકાચાર્ય વગેરે સાથે દેશભરમાં ફરવા નીકળ્યા. રામેશ્વરથી કાશ્મીર સુધી પ્રવાસ કર્યો. શાકત, બૌદ્ધ, જૈન, સાંખ્ય, સ્માર્ત, વૈષ્ણવમત અને ગણપતિ, વરૂણ, વાયુ, અગ્નિ, યમ, કુબેર, ઇંદ્ર, મન્મથ, ભૈરવ, વરાહ, શિવચિહ્ન, સર્ય, ચંદ્ર, મંગળ, વગેરેના ભક્તો સાથે વિવાદ કરી પોતાનો અદ્વૈતવાદ ફેલાવવાનો પ્રયાસ કર્યો. બધા મળીને ૧૦૩૨ મતાનુયાયી સાથે સંવાદ કર્યો. અને ભારતવર્ષ ઉપર અદ્વૈતવાદનું મોજું ફરી એક-વાર ફરી વળ્યું. આ દિગ્વિજય યાત્રા દરમ્યાન અનેક મઠો સ્થાપ્યા. મુખ્ય દ્વારકા, શૃંગેરી, કાશ્મીર મંડળ અને ગોવર્ધન મઠ છે. ચારે મઠમાં ચાર મુખ્ય શિષ્યોનો અભિષેક કર્યો. દરેક મઠમાં ફરતા રહી વિદ્યાવિવાદમાં છેવટનો અભિપ્રાય દર્શાવી એકમત રાખવા ઉભય-ભારતીને યોજવામાં આવી. શંકરાચાર્યના ચાર મહાન શિષ્યો સુરેશ્વરાચાર્ય, (મંડનમિશ્ર) હસ્તામલક, તોટકાચાર્ય અને પદ્મપાદનું એક જ શ્લોકમાં માધવાચાર્યે યથાર્થ વર્ણન કર્યું છે:—

पुमर्थाश्चत्वारः कियुत
निगमा ऋक्प्रभृतयः
प्रभेदा वा मुक्तेर्विमलतर
कालोस्य मुखराः ।
मुखा न्याहो धातुश्चिरमिति
विमृश्याथ विबुधा
विदुः शिष्यान्हस्तामलक
मुखराञ्शांकरगुरोः ॥

કંઠથી ઘૂંટી સુધી ભગવું અંબર, હાથમાં દંડ કમંડળ, ગળામાં રૂદ્રાક્ષની માળા, તેજસ્વી કપાળ, ધીર ગંભીર ચાલે ચાલ્યા જતા એ ચાર સંન્યાસીઓને જોઇને લોકો ઘડીભર વિચારમાં પડી જતા હતા. કે આ તે મૂર્તિમંત ચાર પુરૂષાર્થ છે? ઋગ્વેદાદિ ચારવેદો સ્વરૂપ ધારણ કરી આવ્યા છે? મુકિતના નિર્મળ એવા ચાર પ્રકારો ઉતરી આવ્યા છે કે બ્રહ્માનાં ચાર મુખ છે? એમ આશ્ચર્યથી જોઇ રહી, નહિ નહિ આ તો શંકરાચાર્યના પ્રસિદ્ધ શિષ્યો છે એમ બોલી તેમને પ્રણામ કરતા હતા.

કાશ્મીર મંડલમાં થોડો વખત રહી શંકરાચાર્ય બદરિકાશ્રમ ગયા. ત્યાં કેટલોક કાળ ધ્યાન અને અધ્યયનમાં ગાળી કૈલાસ પર્વત પર ગયા. કાર્ય પૂરૂં થયાનો સંતોષ શંકરાચાર્યના ચહેરાપર સ્પષ્ટ જણાતો હતો, શારીરક ભાષ્ય આદિ ગ્રંથો અને સ્તોત્રો મળી તેમણે ૧૧૯ પુસ્તકો લખ્યાં હતાં. કૈલાસમાં જ શંકરાચાર્યે સમાધિ લીધી. એ સમયે તેમની ઉમર ફકત ૩૨ વર્ષની હતી.

હિંદુધર્મ અને આ ધર્મપ્રધાન રાષ્ટ્રના સુકાનીઓમાં શંકરાચાર્ય જેવા યુગપુરુષ વિરલે છે.

આંતરરાષ્ટ્રિય આંદોલનો

શ્રી. ભાસ્કરરાવ વિદ્વાંસ

સ્પેનનો આંતરવિગ્રહ

સ્પેનનો આંતરવિગ્રહ આજે લગભગ પાંચ માસથી ચાલુ છે. આ વિગ્રહનું પરિણામ ચોક્કસ શું આવશે તે કહી શકાય એવી સ્થિતિ નથી. છેલ્લા એક માસથી બળવાખોરોએ રાજધાની માડ્રિડ ને પણ ઘેરો નાખ્યો છે. અને હલ્લા ચાલુ છે. હજી માડ્રિડ પડયું નથી. બળવાખોરોના નેતાએ જેટલો જલ્દી વિજય કલ્પ્યો હતો તેટલો જલ્દી વિજય મળે તેવા ચિહ્નો નથી. સરકાર પક્ષે મદદ અને સાધનની ઉણપ હોવા છતા દેશનું તેમજ રાજધાનીનું રક્ષણ કરવામાં પુરુષો સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાં સામાન્ય જનતાએ જે પરાક્રમ બતાવ્યુ છે તે ખરેખર પ્રસંશનીય છે, અને સાધનોની પ્રચૂરતા સામે સામાન્ય લોકોનો મક્કમ નિશ્ચય કેટલું કરી શકે છે તેનો પુરાવો છે.

યુરોપમા નવા યુગની શરૂઆત થયા પછી અને સ્પેને દક્ષિણ અમેરિકાની સંપત્તિ પોતાને ઘેર આણ્યા પછી સ્પેનનો પ્રભાવ કમી થયો. અને ઔદ્યોગિકસાહસો આગળ આવ્યાં, સ્પેન ઔદ્યોગિક રાષ્ટ્ર બની શક્યુ નહિ અને તેથી પાછળ પડતુ ગયુ છેલ્લા મહાયુદ્ધ પછી પણ સ્પેન પ્રથમ પંક્તિના રાષ્ટ્ર તરીકે ગણાતું નહોતું, ત્યાં શું ચાલે છે તે જાણવાની કોઈને ઝાઝી દરકાર પણ નહોતી, યુરોપમા થતી ઉથલપાથલોની અસર સ્પેન ઉપર થઈ નહોતી. તેમ સ્પેનમાં થતી ઉથલપાથલોની અસર બહાર જણાઈ નહોતી.

યુરોપમાં બધે રાજાઓની સત્તા નાબૂદ થઈને પાર્લામેન્ટરી પ્રથા શરૂ થઈ, છતાં ૧૯૩૧ સુધી સ્પેનમા તો રાજાશાહી ચાલુ હતી જેને અંગ્રેજીમાં ફ્યુડેલીઝમના નામથી ઓળખવામાં આવે છે, તેવી સ્થિતિ સ્પેનમાં ચાલતી હતી અંતે ૧૯૩૧ માં પ્રજાપક્ષનું જોર વધતા ત્યાંના રાજા આલ્ફોન્ઝોને ગાદીત્યાગ કરવો પડયો અને પ્રજાતંત્રની સ્થાપના થઈ

ત્યારથી આજસુધીમા સ્પેનમાં અસ્થિરતા રહી છે. લગભગ પાચવાર આજસુધીમાં બળવા થયા છે. પ્રજાતંત્ર નવુંજ સ્થપાયેલું હોવાથી ત્યા હજી જૂના પક્ષો ચાલુ છે અને નવા જુના પક્ષો વચ્ચે નિરંતર સંઘર્ષણો થયા કરે છે. પણ ધીમેધીમે પ્રજાપક્ષ–જેમા મજૂરો અને ખેડુતોનો સમાવેશ થાય છે–જોર ઉપર આવતો ગયો અને અત્યારસુધી જેમના હાથમા સત્તા હતી તેમની સત્તા ઘટવા માડી. જમીનદારોની જમીનો ખેડુતોને સોપવાના કાયદા પણ થયા. રાજકીય બાબતોમા અને શાળાઓમા ધર્મની સત્તાઓ હતી તે બિલકુલ કમી કરી નાખવામાં આવી. ઉદ્યોગપતિઓની સામે મજૂરવર્ગે પણ પોતાનું માથુ ઉચક્યું. આ અને આવા અનેક બનાવોથી આજદિન સુધી જે લોકોના હાથમા સત્તા હતી તે વર્ગ અસતુષ્ટ થતો ગયો

આજે સ્પેનમા જાણે કે ફેસીસ્ટ અને સામ્યવાદી એવા બે જ પક્ષો હોય અને તે બન્નેની વચ્ચે આ વિગ્રહ ચાલતો હોય એવુ દેખાય છે ખરી રીતે ત્યા અત્યારે જે સરકાર છે તે પુરેપુરી સામ્યવાદી નથી પણ મજૂર, ખેડૂત વિગેરેના ઉદ્દામ તેમ જ વિનીત પક્ષો, બધા જ આ વખતે પોતાના વિરોધો ભૂલી જઇને એક થઇ ગયા છે અને બળવાખોરોએ તેમને એક થવાની ફરજ પાડી છે બળવાખોરોમા રાજાવાદી, ધર્માધિકારીઓ, જમીનદારો, ઉદ્યોગ પતિઓ વિગેરે લોકો છે તે લોકોએ સ્પેનમાથી સામ્યવાદ હાકી કાઢવાનું બીડુ ઝડપ્યુ છે, અને તેમ જાહેર પણ કર્યું છે આ બધા લોકોને ફેસીસ્ટ ગણવામા આવે છે એટલે બન્ને પક્ષોમા મતમતાતરો હોવા છતા સ્વાભાવિક રીતે જ સ્પેન આજે બે પક્ષોમા વહેચાઇ ગયેલું છે એક ફેસીસ્ટ અને બીજો સામ્યવાદી.

ગયા જુલાઈની ૧૮ મી એ સ્પેનમા ફેસીસ્ટ લોકોએ બળવાનો ઝડો ફરકાવ્યો. શરૂઆત મોરોક્કોમાથી થઇ યોજના એમ હતી કે ઉત્તરમાંથી જનરલ મોલા રાજધાની ઉપર ધમરો કરે અને દક્ષિણમાથી જનરલ ફ્રાન્કો ધસારો કરે. ઉત્તરના સૈન્યે પ્રમાણમાં ઠીક પ્રગતિ કરી. પણ દક્ષિણના સૈન્યને માડ્રિડ સુધી પહોચતાં ભારે પડ્યું. બહુ જ ટુંક વખતમા આખા સ્પેનમાં ફેસીસ્ટ સત્તા સ્થાપન કરી દેવાની જનરલ ફ્રાન્કોની મુરાદ હતી અને જેટલી ઝડપે જુદી જુદી જગાએ બળવો ફાટી નીકળ્યો તે જોતાં તેણે રાખેલી આશા યોગ્ય હતી એમ લાગે પણ લોકપક્ષે ધાર્યા કરતાં વધારે કડક સામનો કર્યોઃ તેથી આજે આ વિગ્રહને પાચ માસ વીત્યા છતા હજી અંત આવ્યો નથી.

આજે સ્પેનના આતર વિગ્રહે આંતરરાષ્ટ્રિય વિગ્રહનું સ્વરૂપ લીધું છે. જો કે ખુલ્લી રીતે આજે કોઇપણ રાષ્ટ્ર કોઇ પક્ષની મદદે ગયેલું નથી છતાં જુદાં જુદા રાજ્યો જુદી જુદી મદદો એક યા બીજી રીતે મોકલ્યા કરે છે. સ્પેનના બળવાખોરોને ઇટલી અને જર્મનીએ મદદ આપી છે અને આજ દિવસ સુધી તેમની મદદ ચાલુ છે આ મદદના જોર ઉપરજ બળવાખોરો ટકી રહ્યા છે. રશિઆએ પણ પાછળથી સ્પેનની સરકારને મદદ આપ્યાનુ કહેવાય છે ફ્રાન્સ આ આતરવિગ્રહમાં ન પડવાને માટે પ્રયત્નો કર્યા કરે છે અને તેના પ્રયત્નમા બ્રિટન પોચો પોચો પણ સાથ પુરાવે છે છતાયે આ બધાંજ રાજ્યો આજે સ્પેનના વિગ્રહમા રસ લઈ રહ્યા છે અને તેથી સ્પેનનો પ્રશ્ન એ યુરોપનો પ્રશ્ન થઇ પડયો છે વસ્તુત આ યુદ્ધ માત્ર દેશની અદરનું જ છે એવુ નથી, તેમજ બહારના રાષ્ટ્રો વિગ્રહમા આડકતરી રીતે મદદ આપ્યા કરે કે તેની પાછળ અર્થ ગણ્યની ગષ્ટિયાતની

પણ કલ્પના નથી આજે આખો યુરોપ જુદા જુદા રાજ્યોમા વિભક્ત થયેલો છે એમ કહેવાને બદલે બે ભાવનાઓમા વિભક્ત થયેલો છે એમ કહેવુ વધારે યોગ્ય છે આ બે ભાવના તે ફેસીઝમ અને સોશ્યાલીઝમની છે જર્મની અને ઇટાલી ફેસીસ્ટ છે અને તેથી સ્પેનમા બળવાખોરો જીતે એમ તેઓ ઇચ્છે છે રશિયા સોશ્યાલીસ્ટ છે અને તેથી ત્યાની સરકાર જીતે એમ તે ઇચ્છે છે ફ્રાન્સની સરકાર આજે સામ્યવાદી નથી પણ છતા થોડે ઘણે અંશે સમાજવાદી તત્વો ઉપર ચાલવાનો પ્રયત્ન કરે છે એટલે સરકાર જીતે એ તેને ગમે છે પણ જર્મનીની બીકે આજે સ્પેનના પ્રશ્ન ખાતર યુદ્ધનુ જોખમ ખેડવા તૈયાર નથી તથી કોઇએ કોઇ પક્ષને મદદ ન કરવી એવા પ્રયત્નો તે કર્યા કરે છે અને બ્રિટનને પોતાનામા ભેળવવા માગે છે

પણ સ્પેનના આંતરવિગ્રહનુ મહત્વ બીજુ પણ છે આજે ભૂમધ્ય સમુદ્ર ઉપર [illegible] ધીમે ધીમે પોતાની સત્તા વધારતુ જાય છે. છેલ્લા બે ત્રણ વર્ષોના બનાવો ઉપરથી ભૂમધ્ય સમુદ્રનો કાબુ મેળવવાની ઇટાલીની યોજના વધારેને વધારે સ્પષ્ટ થતી જાય છે એમ સમજાય છે કે બળવાખોરોની સાથે મુસોલીનીએ સંધી કરી છે એ સંધી મુજબ ઇટાલી બળવાખોરોને મદદ આપે તેના બદલામા સ્યૂટા (Ceutа) અને માઇનોર્કા ટાપુઓ ઇટાલીને આપવાના છે આ બન્ને જગ્યાએ ઇટાલી કિલ્લેબંદી કરે એટલે ઇંગ્લાંડનુ જીબ્રાલ્ટર જોખમમા આવે અને જીબ્રાલ્ટર અને માલ્ટા વચ્ચેની લાઇનમા ઇટાલી ભંગાણ પાડી શકે ઇટાલીનો આ ભૂમધ્ય સમુદ્ર કબજે કરવાનો ઉદ્દેશ ધ્યાનમા લઇએ તો તે બળવાખોરોને શા માટે મદદ આપે છે તે સમજાય એવુ છે

જર્મનીએ સામ્યવાદને યુરોપમાંથી દેશનિકાલ કરવાનુ બીડુ ઝડપ્યુ છે એટલે જ્યા જ્યા સામ્યવાદની વિરુદ્ધ પ્રયત્નો કરવામા આવે ત્યા ત્યા શક્ય હોય તો મદદ કરવા સદાય તૈયાર છે મધ્ય યુરોપમા જર્મની ફેસીસ્ટોની સત્તા સ્થાપન કરવા માગે છે પોર્ટુગાલ ફેસીસ્ટ છે અને સ્પેનમા પણ જો ફેસીઝમ શરૂ થાય તો માત્ર ફ્રાન્સનો જ—સવાલ બાકી રહે ફ્રાન્સની બન્ને બાજુએ ફેસીઝમની સ્થાપના કરીને ફ્રાન્સને જર્મની દબાવવા માગે છે તેથી જર્મની પણ બળવાખોરોને મદદ કરે છે જો સમાજવાદી સરકાર સ્પેનમા જીતે તો સ્પેન, ફ્રાન્સ અને રશિયા એક બાજુ થતા જર્મની જોખમમા આવી પડે તેવુ છે એટલે હરકોઇ ઉપાયે બળવાખોરોને જીતાડવા તેના પ્રયત્નો ચાલુ છે

રશિયા સ્વાભાવિક રીતે જ સ્પેનની સમાજવાદી સરકારને મદદ કરે જોકે સ્પેનને મદદ આપવા માટે રશિયાને કોઇની અનુજ્ઞા નથી અને [illegible] બને તો યુદ્ધમા ન ઉતરવુ એવી રશિયાની નીતિ છે

પણ જર્મની અને ઇટાલી બળવાખોરોને મદદ આપ્યા કરે તો એકે [illegible] મદદ પણ સ્પેનની સમાજવાદી સરકારને ન કરતા હાથ જોડીને બેસી રહેવુ તેને પાલવે તેમ નથી જર્મનીને એ રીતે બળવાન થવા દેવા રશિયા માગતુ નથી એટલે મોડી મોડી પણ મદદ આપ્યાનુ સમજાય છે

ફ્રાન્સની પરિસ્થિતિ વિકટ છે જર્મની અને ફ્રાન્સની દુશ્મનાવટ વર્ષોથી ચાલી આવે છે છેલ્લા મહાયુદ્ધ પછી જર્મનીને જે હીન દશામા ફ્રાન્સે મૂકી દીધુ હતુ તે હીટલર ભૂલ્યો નથી જર્મની તરફના આક્રમણની બીક ફ્રાન્સને સતત લાગ્યા જ કરી છે અને તેથી જર્મનીની સત્તા વધતી અટકાવવાના દરેક પ્રયત્નો ફ્રાન્સે કરવા જોઇએ ઉપરાંત ભાવનાની દૃષ્ટિથી પણ ફ્રાન્સની અર્ધસમાજવાદી સરકાર સ્પેનની સમાજવાદી સરકારને મદદ આપે તે બરાબર છે છતા ફ્રાન્સ

યુદ્ધનું જોખમ ખેડવા તૈયાર જણાતું નથી અને તેથી સ્પેનના આંતરવિગ્રહમાં કોઇ માથું ન મારે એ માટે તેણે પ્રયત્નો કર્યા. અલબત્ત! એ પ્રયત્નોમાં પ્રથમથીજ નડતર નડયા કરી છે ઇટાલી અને જર્મનીએ શાબ્દિક સંમતિ દર્શાવ્યા છતાં વાસ્તવિક રીતે બળવાખોરોને મદદ આપ્યા જ કરી છે અને પરિણામે ફ્રાંસનો હેતુ બર આવતો નથી જોકે ફ્રાંસનું હિત તો સ્પેનમાં બળવાખોરોની સત્તા ન જામે તેમાં જ સમાયલું છે

ઇંગ્લેંડની સ્થિતિ પણ ફ્રાંસના જેવી જ વિકટ છે ફેસીઝમ અને કોમ્યુનીઝમમાં જો પસંદગી કરવી પડે તો જરૂર ફેસીઝમને જ ઇંગ્લેંડ પસંદગી આપે જીબ્રાલ્ટરના પોતાના માર્ગ ઉપર સમાજવાદી લોકો બળવાન થાય તેવું ઇંગ્લેંડ ઇચ્છી શકે જ નહિ અને તેથી સ્પેનની ચાલુ સરકારને ઇંગ્લેંડ મદદ ન કરે એ સમજિત છે પણ ઇંગ્લેંડને ભય છે તે તો ઇટાલીનો ઇંગ્લેંડનો ભૂમધ્ય સમુદ્રનો રસ્તો એ સામ્રાજ્યની ધોરી નસ છે એબીસીનીયાના વિજયથી તેમ જ ટ્રીપોલીની છતથી આ રસ્તાને ઇટાલીએ જોખમમાં મૂકેલ છે અને હવે જો ઉપર બતાવ્યા મુજબ જીબ્રાલ્ટરની પડખે ઇટાલી થાણું નાખે તો ઇંગ્લાંડનું હિત પુરેપુરૂં જોખમમાં આવે આ દૃષ્ટિએ જોતાં કોઇપણ ઉપાયે ભૂમધ્ય સમુદ્ર ઉપર ઇટાલી બળવાન ન થાય એવી ખબરદારી ઇંગ્લાંડે રાખવી જોઇએ પણ ઇંગ્લાંડની દ્વિધા સ્થિતિ હોવાને લીધે કોઇ પણ નિર્ણયાત્મક પગલું ઇંગ્લેંડ ભરી શકતું નથી ઇંગ્લેંડમાં કેટલોક વર્ગ આજે જર્મનિ સાથે સહાનુભૂતિ ધરાવે છે તેથી પણ જર્મનિની સામે પગલાં લેતાં ઇંગ્લેંડ અચકાય છે આ બધું જોતાં બળવાખોરોને ન છતે એમાં જ ઇંગ્લાંડને લાભ રહેલો છે કારણ, તોજ જીબ્રાલ્ટર ઉપર ઇંગ્લાંડનો કબજો સુરક્ષિત રહે; આમ કરવા જતાં સમાજવાદી સરકાર સ્થપાય તેનું શું? ઉપરાંત સ્પેનમાં જો સમાજવાદી સરકાર સ્થપાય તો પોર્ટુગાલ પણ સમાજવાદી બને. અને આજે પોર્ટુગાલ ઉપર ઇંગ્લાંડનો જેટલો પ્રભાવ છે તે કમી થઇ જાય. જર્મનિની વસાહતો ઇંગ્લાંડે લીધી છે. આજે જર્મનિ વસાહતોની માગણી કરે છે. ઇંગ્લાંડનો ઇરાદો પોર્ટુગાલની વસાહતો જર્મનિને આપીને હિટલરને સંતોષવાનો હોય એમ જણાય છે પણ એ બાબત સિદ્ધ કરવાને માટે પોર્ટુગાલ પર બ્રિટનનો પ્રભાવ કાયમનો રહેવો જોઇએ. અને સમાજવાદી સરકાર સ્પેનમાં સ્થપાતાં આ પ્રભાવને ધક્કો લાગવાનો પુરેપુરો સંભવ છે. આ બધું જોતાં ઇંગ્લેંડ શા માટે પોતાની નીતિમાં અનિશ્ચિત છે તેનો ખ્યાલ આવી શકે તેમ છે.

આ વિવેચન ઉપરથી જોઇ શકાશે કે સ્પેનનો આંતરવિગ્રહ માત્ર સ્પેનનો જ રહ્યો નથી પણ આખા યુરોપનો બની ગયો છે. છતાં ઇટાલી અને જર્મનિ જેવાં રાજ્યો જોખમ ખેડીને પણ પોતાના ઉદ્દેશને પહોંચી વળવા જેટલાં તત્પર છે તેટલી તત્પરતા બીજાં રાજ્યે બતાવી નથી પરિણામે સ્પેનમાં બળવાખોરોનું બળ વધતું જાય છે અને એકવાર રાજધાની હસ્તગત થઇ જાય તો પછી બળવાખોરોનો વિજય નિશ્ચિત વસ્તુ બને અને તો યુરોપમાં ફેસીસ્ટ સત્તા સબળતર બનતી જાય. અને લોકશાહીને થોડા વખત માટે દેશવટો મળે પણ છેલ્લા દિવસોના બનાવો બતાવે છે કે મેડ્રીડ જીતવું જનરલ ફ્રાંકોને ભારે પડ્યું છે પ્રજા પોતાના સ્વાતંત્ર્ય માટે છેલ્લામાં છેલ્લી હદ સુધી કેવો બચાવ કરી શકે છે અને કેવું જોર બતાવી શકે છે તે જોર સાથે જેના જુદાં જુદાં શબ્દોએ કરવા બચાવના વર્ણનો વાંચવા જેવાં છે

સ્પેનમા કયો પક્ષ જીતશે અને આતર વિગ્રહ કયુ સ્વરૂપ લેશે તેનું ભવિષ્ય ભાખી શકાય નહિ તે સયોગો ઉપર આધાર રાખે છે પણ કયાં કયા આતર રાષ્ટ્રિયબળો આ વિગ્રહમા કામ કરી રહ્યા છે તે સમજાવવાનો આ પ્રયત્ન છે દુનિયા સામે આજે 'ફેસીઝમ કે કોમ્યુનીઝમ' એ આજનો પ્રશ્ન છે જ યુરોપની સામે એ પ્રશ્ન ઉગ્ર સ્વરૂપમા છે અને સ્પેનની ભૂમિ ઉપર જ આ સવાલનો નિકાલ થવાનો હોય તો ના નહિ દરમ્યાન દરેક પ્રગતિશીલ વિચારકની સહાનુભૂતિ લોકપક્ષ તરફ હોય તે સ્વાભાવિક છે

•

સોવીએટનુ નવું બંધારણ

સોવીયેટ રશીઆએ પોતાનુ નવુ બંધારણ ઘડી કાઢ્યુ છે અને હવે તેનો અમલ પણ ચાલુ થશે તેની સામે સાધક બાધક અનેક પ્રકારની ટીકાઓ પણ થઇ છે સમાજસત્તાવાદીઓ આ નવા બંધારણને સોવિયેટની પ્રગતિરૂપે ગણાવે છે જ્યારે મુડીવાદીઓ તેને પીછેહઠ કરનારૂ કહે છે, અને અંતે મૂડીવાદીનો વિજય રશિયામા કેમ થતો જાય છ–રશિયા પોતના બધા અખતરા પછી મૂડીવાદ તરફ પાછુ કેમ આવતુ જાય છે એ બાબત આ બંધારણ ઉપરથી સિદ્ધ કરે છે અને રાચે છે

અલબત્ત નવુ બંધારણ એમ તો નથી જ બતાવતુ કે રશિયા સંપૂર્ણ સામ્યવાદી બન્યુ છે પણ સંક્રાતિકાળમાથી પસાર થતા થતા પોતાના નવા તંત્રને જોખમમા નાખે એવા તત્ત્વો ઉભા ન થવા દેવા માટે જે કંઇક આ નવા તંત્રમાં ઓછી વતી સ્પષ્ટરૂપે જોઈ શકાય છે અને પોતાની વર્ગવિહીન સમાજ રચનામા ઉત્પન્ન થતો જતો વિશ્વાસ બતાવે છે સામાન્ય માણસ તરીકે આ બંધારણમા જેટલુ ધ્યાન આપવા જેવુ દેખાય તે બાબત ઉપર આપણે માત્ર દ્રષ્ટિપાત કરી લઇશુ

બંધારણનો સૌથી અગત્યનો ફેરફાર આજ સુધીની ચાલતી એકજ વર્ગની સત્તા બંધ કરવામા આવી તે છે આજ સુધી રશિયામા માત્ર મજુરવર્ગના હાથમા જ સરમુખત્યારી હતી અને વર્ગવિહીન સમાજ પ્રસ્થાપિત ન થાય ત્યાસુધી આ રીતે એકજ વર્ગની સરમુખત્યારી(Proletarion Dictatorship) હોવી જોઇએ એવુ પ્રતિપાદન કરવામા આવતુ હતુ નવા બંધારણને આ મજુરવર્ગની સરમુખત્યારી લઇ લીધી છે અને ખરી પ્રજાકીયસંસ્થા પ્રતિનિધિસત્તા દાખલ કરવામા આવી છે એટલે આજે સામાન્ય રીતે બીજા બધા દેશોમા જેવી પાર્લામેન્ટરી પ્રથા દાખલ કરવામા આવી છે, એવાજ સ્વરૂપની પ્રથા દાખલ કરી છે માત્ર નવા બંધારણમાં કોઇ એક વર્ગ બીજા વર્ગ ઉપર સત્તા ચલાવતો નથી કારણ કે રશિયમા વર્ગો હવે નાબુદ થયા છે અથવા તો જે કાંઈ અવશેષો રહ્યા હશે તે સમાજસત્તાવાદના સિદ્ધાંતને અડચણ કરી શકે એવા પ્રબળ નથી એવી લોકોને ખાતરી થઇ લાગે છે અને તેથી તેમણે આ પગલુ ભર્યું છે ડીમોક્રસી તરફનુ તેમનુ આ પગલુ એ સૌથી મહત્ત્વનો ફેરફાર છે મૂડીવાદી લોકો આ ફેરફારને પીછેહઠ માને છે પણ વસ્તુતઃ તેમ નથી મજુરવર્ગની સરમુખત્યારી એ તો સંક્રાતિકાળનીવ્યવસ્થા હતી એકવાર સમાજ વર્ગો વગરનો થઇ જાય પછી એક વર્ગની સરમુખત્યારીનો સવાલ રહેતોજ નથી અને એ અનુસાર બહુ થોડા કાળમા સોવિયેટ એ સ્થિતિએ પહોચી શક્યુ ગણાય મતલબ આજ સુધી રશિયામા એક વર્ગના હાથમા રાજકીયસત્તા હતી તેને બદલે હવે આખા સમાજના હાથમા સત્તા આવી છે

આ સિદ્ધાંતને જ અંગે તેમણે હવે નવો ફેરફાર કર્યો તે ચુંટણીનો અત્યાર સુધી અમુક વર્ગજ ચુંટણીનો અધિકારી હતો તેને બદલે હવે ખાસ કોર્ટે કોઇનો અધિકાર છીનવી ન લીધો હોય એવી વ્યક્તિઓ મત આપી શકે

યુનિયનની દરેક ૧૮ વરસની ઉપરની ઉંમર લાયક વ્યક્તિને જાતિભેદ રંગભેદ વર્ગભેદ વગર મતાધિકાર આપવામાં આવ્યો છે.

ખાનગી મિલકત.

ખાનગી મિલકતની બાબતમાં ત્રણ વર્ગો પાડવામાં આવ્યા છે. ઉત્પત્તિનાં કારખાનાં, રેલ્વે, બેંક વગેરે જેવા મોટાં અને અગત્યનાં સાધનો બધાં રાજ્યહસ્તક છે. સામૂહિકખેતીની પ્રથા શરૂ છે ત્યાંનો સામાન તેમજ જમીન કાયમને માટે તેમને સોંપી દેવામાં આવી છે ખેડૂત પોતે પોતાના જ શ્રમથી ઉત્પાદન કરતો હોય તો જેટલા પ્રમાણમાં તેનું ખેતર, હથીયારો, ઘરનું રાચરચીલું વગેરે ઉપર પણ તેને ખાનગી માલીકીનો હક આપવામાં આવેલ છે, તેવીજ રીતે કોઇ કારીગર જો માત્ર પોતાનાજ શ્રમથી કોઇ ધંધો ચલાવવા માગતો હોય તો તેવો ધંધો ચલાવવાનો અને તેમાંથી નિપજતી સંપત્તિની માલેકીનો અધિકાર નવા બંધારણ પ્રમાણે આપવામાં આવ્યો છે. એટલે વ્યક્તિની પોતાની કમાણી ઉપરના અને તેના ભોગવટા ઉપરના હક્કને રાજ્યે સ્વીકાર્યો છે. અને એટલા પ્રમાણમા ખાનગી માલેકીના તત્ત્વને સ્વીકાર્યું છે. માત્ર જે મિલકત બીજાનું શોષણ કરી શકતી હોય એવી મિલકતનો અધિકાર નથી. તેમજ બીજાનુ શોષણ થઇ શકે એવા ધંધાની છૂટ નથી. બાકી વ્યક્તિ પોતાની કમાણી કરે બચત કરે, અને ઘરનું રાચરચીલું બનાવે અને પોતાને માટે તેનો ઉપભોગ કરે એવા પ્રકારની છૂટ આપેલી જણાય છે.

ન્યાયખાતાને કારોબારીથી બીલકુલ સ્વતંત્ર રાખવામા આવ્યું છે. અને ન્યાયાધિશો ઉપર ત્યાંની સુપ્રીમ કાઉન્સીલની સત્તા છે. અને દર પાંચ વરસે આ સુપ્રીમ કાઉન્સીલ ત્યાંની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની ચૂંટણી કરશે ન્યાયાધીશો માત્ર કાયદાનેજ આધીન રહેશે.

શહેરીના હક્કો

યુનિયનના દરેક શહેરીને કેટલાક ધ્યાન ખેંચે તેવા હક્કો આપવામાં આવ્યા છે. જેમકે કામ કરવાનો હક્ક સમાજની કોઈ પણ વ્યક્તિને બેકાર ન રહેવા દેવાનું અને એ રીતે કમાણી વગરની ન રહેવા દેવાનું અભયવચન આપવામાં આવ્યુ છે. સાત કલાકનો દિવસ રાખવાનું તથા દરેક વ્યક્તિને ચડતે પગારે વરસમા અમુક દિવસ રજા મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો છે, વૃદ્ધાવસ્થામા, માંદગી એવી બાબતો માટેના વેતન-નો અધિકાર પણ આપવામા આવેલ છે, એટલે કે રાજ્યની શાળામાં દરેકને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજીયાત રાખ્યું છે અને ઉચ્ચ શિક્ષણ પણ યોગ્યતા પ્રમાણે અને મફત મેળવવાનો દરેકને અધિકાર છે

જીવનના દરેકે દરેક ક્ષેત્રમાં સ્ત્રીને પુરુષની જેટલાજ બધા અધિકારો આપવામા આવ્યા છે ઉપરાંત સ્ત્રીઓની ગર્ભાવસ્થા દરમ્યાન તેમજ પાછળથી પણ બાળકની સંભાળ લેવાનું રાજ્ય માથે લ્યે છે.

ધાર્મિકવિધિ કરવાની તેમજ ધર્મવિરુદ્ધ પ્રચાર કરવાની છૂટ દરેક વ્યક્તિને આપવામાં આવી છે. તેમજ વાણીસ્વાતંત્ર્ય, મુદ્રણસ્વાતંત્ર્ય મંડળો બનાવવાનું સ્વાતંત્ર્ય, તથા સભાસ્વાતંત્ર્ય દરેક વ્યક્તિને આપવામા આવ્યું છે.

સોવીયેટ રાજ્યતંત્રની સામે આજ સુધી ઘણાનો વિરોધ આ વ્યક્તિ સ્વાતંત્ર્યના અભાવ સંબંધેજ હતો. અને સાચો પણ હતો. જે વર્ગ પદભ્રષ્ટ થયો છે–એ વર્ગ પોતાનું ગઠ એકત્ર કરીને ગમે ત્યારે પણ પોતાની નવી સ્થપાયેલી સમાજ સત્તાને ઉથલાવી ન પાડે એની સાવચેતી આજ દિન સુધી રાખવામા આવતી હતી પણ હવે નવા બંધારણમા જેમ ઉપર જોઇ ગયા તેમ લગભગ દરેક પ્રકારનું સ્વાતંત્ર્ય વ્યક્તિને

આપવામાં આવ્યું છે વાણી સ્વાતંત્ર્ય અને સભાસ્વાતંત્ર્ય સાથોસાથ સંઘો બનાવવાનું સ્વાતંત્ર્ય પણ આપવામાં આવ્યું છે. અલબત્ત સમાજસત્તાવાદના મૂળ સિદ્ધાંતની વિરુદ્ધ તો કશું જ થઈ નહિ શકે. રાજ્યના મૂળભૂત પાયાને ઉથલાવી પાડવાનો પ્રયત્ન તો રાજદ્રોહ જ ગણાય છે પણ એ સિવાયની બાબતોમાં મતભેદ બતાવવાની અને વિરોધ પ્રગટ કરવાની તથા ટીકા કરવાની છૂટ મળી હોય તેવું જણાય છે. મતલબ બીજા કોઈપણ રાજ્યોમાં જેટલા પ્રમાણમાં વ્યક્તિસ્વાતંત્ર્ય છે તેટલા પ્રમાણમાં તો છે જ. કેટલાક રાજ્યોમાં રાજ્યના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધમાં પણ સંઘો સ્થાપી શકાય છે ખરા, પણ એ તો એવા દેશમાં આવા સંઘો તદ્દન મૂળભૂત સિદ્ધાંતોમાં જુદા પડતા જ હોતા નથી. અથવા છે તો તેઓ હજી એટલા નિર્બળ કે સ્થાપિત સરકારને તેનો ભય નથી, અને જ્યાં એવો ભય લાગ્યો ત્યાં દરેક જગ્યાએ પ્રતિનિધિ સત્તાત્મક પદ્ધતિ નાબુદ થઈને સરમુખત્યારી શરૂ થઈ ગયેલી આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. એટલે વ્યક્તિસ્વાતંત્ર્યને આપણે આટલી મર્યાદામાં સમજવું જોઈએ

બંધારણની બીજી વિગતોમાં ઉતરવાની જરૂર નથી જણાતી પણ જેટલી બાબતો ધ્યાન ખેંચે તેવી જણાય કે એટલી તરફ જ ધ્યાન ખેંચ્યું છે. સોવિયેટ તંત્ર તરફ ગમે તેવો મત ધરાવનારા ને આ બંધારણ જરૂર વિચારણીય લાગશે અને આજ સુધીની સોવિયેટ શાસન પ્રથાથી જેઓ જ્ઞાત હશે તેઓને જણાયા વગર રહેશે જ નહિ કે સોવિયેટે રાજ્યપ્રથામાં અને પોતાની સ્થિરતાની બાબતમાં ઘણી વાર પ્રગતિ કરી છે આજની દુનિયામાં પ્રતિનિધિ સત્તાક-પ્રજાસત્તા રાજ્યોમાં એક નવીન ઉમેરો થાય છે ઉપરાંત આ ડીમોક્રસી હોવા છતાં વર્ગવિહીન સમાજની સત્તા છે એટલે સાચા અર્થમાં સમાજના હાથમાં સત્તા સોંપાય છે અને તેથી જ્યાં જ્યાં પાર્લામેન્ટરી પ્રથાનું ભવિષ્ય આજે તોળાઈ રહ્યું છે એવા દેશોમાં આ બંધારણ અને તેના અખતરા અભ્યાસ કરવા યોગ્ય બનશે એમાં શંકા નથી

●

નવી ભીખ

'હું તો શેઠ, કરો ખરીદ, ખટવો આ ટંકને,' બોલીને,
ઊભો ઝૂમખું આર્જવ પ્રતિકૃતિ જેવો અરે ફેરીઓ
એ શું વેચી રહ્યો ન તે નિરખવા આંખે ગયું. પૂછતું
વીંધાતું ઉર આ નવી ભીખ વિષે 'કોનું હશે મૂલ્ય કયાં'?

અજ્ઞાત

ઊધઈનો પ્રશ્ન

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

શ્રીમદ્ રાજચંદ્રની જયંતિને નિમિત્તે બોલવાનો આ બીજો પ્રસંગ સાંપડતાં મને સહેજે થયું કે મારે શી વાત કરવી? આપને ખબર હશે કે આ જયંતી ઉત્સવ શ્રી જૈન સાહિત્ય પ્રકાશન મંડળના ઉપક્રમથી આપણે ઊજવીએ છીએ. આવા ઉત્સવોમાં એ જ ઉચિત કાર્ય છે કે, પ્રસ્તુત મહાપુરુષનો આપણે ગુણાનુવાદ કરીએ. પણ તેમાંથી એક ધારાપણાની અરુચિ ન જન્મે તે માટે આપણે ગુણાનુવાદ કરવાની લોકપ્રિય પદ્ધતિઓ યોજવી જોઈએ. જો કે કરવો છે તો ગુણાનુવાદ જ, કેમકે નહીં તો જયંતી ઊજવીએ શું કામ?

આથી કરીને, ઉપરોક્ત મંડળે એક એવો ખ્યાલ રાખ્યો છે કે, શ્રીમદ્‌ને પ્રિય એવા ધર્મ, અહિંસા, સત્ય, જીવન આદિ સનાતન તત્ત્વોનું જ અનુશીલન આ પ્રસંગે હોવા છતાં, તે જો વર્તમાન પ્રશ્નોની છાયામાં કરાય તો ઉત્તમ અર્થ સરે: ગુણાનુવાદની એ પદ્ધતિ લોકરુચિકર થાય, અને એ જ સાચો 'અનુવાદ' પણ નથી?

મંડળના આ વિભાગને માન આપી મેં મારો આજનો વિષય નક્કી કર્યો છે તેનું મથાળું "ઊધઈનો પ્રશ્ન' રાખ્યું છે તે પરથી કદાચ કોકને એમ થશે કે, આપણાં કપડાં કાગળ અને કાષ્ઠમાલાદિના શત્રુ સમાન આ જંતુનું શું કરવું એ હું વિચારીશ[1] કે તેને અંગે બહુ તો, એમ ઘણી બતાવીશ કે એવા ત્રાસદાયી પ્રાણીઓ પર ક્રોધ આવે છતાં તેમને ન મારવા એ જૈનધર્મની શીખ સાચી છે કે સાચ છે વગેરે વગેરે આપને આરંભમાં જ ખાતરી આપી દઉં કે એવું કામ કરવાનો મારો વિચાર નથી. એવો પ્રશ્ન આટલી બધી ગૌરવભરી ચર્ચા ને આવો ગંભીર પ્રસંગ ખમી પણ શકે? મારો વિષય તો ઊધઈએ જીવનસમસ્તને અંગે ઉગાવેલો જે પ્રશ્ન છે તે અહીં જગાડ઼ ઉકેલવાનો છે

1 અમદાવાદમાં ઊજવાયેલી શ્રીમદ્ રાજચંદ્ર જયંતિ (તા. ૨૮-૧૧-'૩૧) ને પ્રસંગે આપેલું વ્યાખ્યાન

૧

આપને ખબર હશે કે આ નાનકડું લાગતું પ્રાણી એની સમાજવ્યવસ્થામાં અને આખી જીવનવ્યવસ્થામાં પણ માણસને આગી ગયેલું છે. આટઆટલા સૈકા બાદ પણ આપણે બુદ્ધિગર્વી પ્રાણી કયા આગળ આવીને ઉભા છીએ? ભાઇ ભાઇના ગળા કાપતા આપણું હૃદય ધડકે છે? ઉલટું ગર્વ અને અધમ આનંદ નથી માણતું? ધર્મ અને વિચાર તથા વિજ્ઞાનના નામ લેતા છતાં એ બધાની વિડંબના જ સારાશે નથી થઈ રહી? વ્યવસ્થાશક્તિ અને યોજનાબુદ્ધિ તથા સંગઠનબળ હોવા છતા એનો ઉપયોગ સફસ વાડા બાંધી અન્યોન્યના મોરચા માંડવામા નથી આવી રહ્યો? અપાર વિજ્ઞાન-ભાર વધતાં છતા, જગતમા રોગ અશૌચ અને ત્રાસ તથા અર્થતંત્રનો ગોટાળો જ નથી વિકરયા? યા તેમા કાંઇક થયુ છે તો તેનું મુખ્ય લક્ષણ સ્વાર્થ અને સંકુચિત અનુદારતા જ નથી? આ દુઃખદ ચિત્ર લંબાવવા જરૂર નથી—આપણ સૌ સમક્ષ તે આજ તરવરે છે

એની સામે આ ક્ષુદ્ર જંતુ ઊધઇ જુઓ. સમૂહજીવનની સંપૂર્ણતાએ પહુંચેલું એ લાગે છે એણે ભારે જ્ઞાનપૂર્ણ લાગતી અને સંપૂર્ણ વિજ્ઞાનશુદ્ધ જીવનવ્યવસ્થા ને સમાજતંત્ર રચ્યા છે એનુ ચિત્ર અહીં આલેખવા બેસતુ મને માટે અસ્થાને લંબાણ થઈ જાય આટલુ કહું કે, જેમને આ અદ્ભુત પ્રાણી વિષે ખબર ન હોય, તથા જેઓ સમાજ વ્યક્તિ અને જીવન જેવા ગંભીર વિષયોનો કાંઇક આમૂલાગ્ર વિચાર કરવા ઇચ્છતા હોય તે સૌને મારી આગ્રહભરી વિનતી છે કે, તેઓ સમર્થ યુરોપીય ફિલસૂફ મેટરલિંકકૃત 'ઊધઇના જીવન'[૨] નો શ્રી કિશોરલાલ ભાઇએ કરેલો સુંદર અને સરળ અનુવાદ વાંચે

એ ગ્રંથ જીવનવિષયક તત્ત્વજ્ઞાનની ચર્ચા કરનારો છે અને આજના મારા વ્યાખ્યાનનો વિષય મૅટરલિંકે જ એમા ઉઠાવેલો છે તે કહે છે ઊધઇ ની આ જીવન કળા મનુષ્યને માટે એક ભારે પ્રશ્ન ઉઠાવે છે એ વાંચવા પરથી તમે જોશો કે આ જંતુનું જીવન આપણે માટે આદર્શભૂત છે એવું જીવન હજી આપણે નથી ઘડી શક્યા તેથી કરીને આજ આપણને લાગે છે કે એવું સંપૂર્ણ સમૂહજીવન ઘડવામા આપણા સુખશાંતિની ચાવી છે' જેમકે, આજ યુરોપમા વર્તતી સામાજિક ફિલસૂફીઓ લગભગ એમજ બતાવે છે કે માનવ પુરુષાર્થની ઇતિ સમૂહજીવનમા થઇ છે સમૂહજીવન સુંદર ને શાસ્ત્રશુદ્ધ ઘડો તો સૌ સારા વાના થશે આ ગ્રંથની મૅટરલિંક ની ચર્ચા આ માન્યતા પર કુહાડો મારનારી મને લાગી છે તે કહે છે 'આ દષ્ટિ ટૂંકી ને એકાંતિક છે એ ઊધઇઓએ શું આ રાગને એમના જીવન પ્રયોગથી નથી બતાવ્યુ? જુઓ તેમનું સંપૂર્ણ સમુદાયજીવન છતાં ક્યાં એમને સુખશાંતિ છે? એમનો રાફડો એક જેલજ નથી શુ? અને એ જેલમા સડીસડીનેય આગળ હવે શું? तत किम् तत किम्? એમના નયય જ ને? મરવુ એજ ને? બહુ તો વચ્ચે તમે વંશપરંપરા નિર્મી જાઓ તે પણ એજ દુ ખપર પરા સતત રાખવા સારૂ ને?

આ ટૂંકમા ત્યારે ઊધઇનો પ્રશ્ન છે 'કે શુદ્ધ સમૂહજીવન સ્થાપી સુખીને શાંત થવા ભરમાયેલા હે જંતુરાજો અમારા પરથી તમે બોધ લેજો કે એ તમારો મોહમાત્ર છે અમે તો નિસર્ગપ્રેરિત છીએ એટલે તમ સચિત નથી જેમ કદાચ દુ ખી નથી એમ તમે માની કે મનાવી શકો પરંતુ તમે બુદ્ધિગર્વી લોક યાદ રાખજો કે સમૂહની એ શિસ્ત એથી તો એકધારી ને નીરસ તમા થશે અરે આપણે તો માનવ કે આટલ ઠરીશું કે આપણું સુખ સઘાશ પણ બધુ કયાંય ઉત્તર ન મળતો ત્યાજ છો

---

૨ આ પુસ્તક નવજીવન પ્રકાશન મંદિર તરફથી પ્રસિદ્ધ થયેલું છે

અને આ પ્રશ્નનું આજ ખાસ મહત્ત્વ છે, કેમકે આજનો આપણો જમાનો સમૂહસંગઠન ને સમાજરચનામાં જ માનવજીવનની સર્વ સિદ્ધી માની બેસે એવો પૂરો ભય છે. આ બાહ્ય રચનાની વસ્તુઓ જો વિના તારતમ્યભંગથી સમતોલપણે સાધવી હોય, તો તેની પાછળની તત્ત્વદૃષ્ટિ નિર્મળ ને પરિપુષ્ટ હોવી જોઈએ. કામ પૂરતીજ ફિલસૂફી જોવી ને યોજવી એવું પ્રાધાન્ય જો કાર્યને—અને ખાસ કરી તે જડ કાર્યને અપાય, તો ઇતિહાસસિદ્ધ છે કે, તેમાંથી અનુદારતા, ધર્માંધતા અને ઝનૂન જ જન્મે. આજના આપણા યુગનું આ મોટામા મોટું ભયસ્થાન છે. આ ઊધઈના જીવનનો પ્રશ્ન એ જ સ્થાને સંભાળવા આપણને ચેતવે છે.

શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાંથી પણ આપણે એ બોધ નથી જોઇ શકતા ? બે વર્ષ પર આજ પ્રસંગે કહેલાં વાક્યો હું આજ યાદ કરું તો માફ કરશો :—

"જીવન સતત પુરુષાર્થમાં સમાયેલું છે, અને તેની પરિસમાપ્તિ માત્ર સમાજની ઐહિક પ્રાપ્તિથી નથી થતી, પણ તેનાથી પર રહેલી એવી આત્મસિદ્ધિથી થાય છે. એ એમના જીવનનો મોટામા મોટો બોધ હું માનું છું. આજના સંઘસત્તાના ને સમૂહબળના યુગમા સામાજિક સિદ્ધિઓ પર આપણે સહેજે વધારે ભાર મૂકીએ છીએ અને તે યુગાનુકૂળ છે. પણ એ ભાર જો જીવનની વ્યાપ્તિમા યોગ્ય પ્રમાણમાં નહી હોય તો તે વિકૃતિ જ કરશે, એ આપણે જોતા જઇએ છીએ. ધન, કીર્તિ, સુખ સંગઠ્ઠન ઇત્યાદિ સમાજસિદ્ધિઓ એવી પરિમિત વસ્તુઓ છે કે એમને જો જીવનમાં અંતિમ સાધ્યો મનાય ને એ અનુસાર વર્તાય, તો પરસ્પર ઝઘડા, ઇર્ષ્યા, મદમત્સર, વગેરે જાગવાનાં ને જામવાનાં જ, કોઇ પણ રીતે જીવનના મૂળ સિદ્ધાંત સહકારને નહિ સાચવી શકવાના; અનિષ્ટ હરીફાઇ જાગ્યા વિના નહીં રહેવાની. પરિમિત વસ્તુ માટે અપરિમિત આકાંક્ષા રાખનારા અનેક જણ હોય, ત્યાં બીજું શું થાય ? એટલે આ સમાજસિદ્ધિઓ એ જ ને એટલીજ માનવસિદ્ધિઓ છે ને તેની પાર કંઇ નથી એવી જ જે માન્યતા આજે.......જાય છે એ ખોટી છે, એમ શ્રીમદ્‌ના જીવનનો પ્રમુખ બોધ આજ યાદ કરવા જેવો છે."

૨

ગયે વર્ષે પંડિત શ્રી સુખલાલજીએ શ્રીમદ્‌ના જીવનના આ અંગ વિષે એક રસિક પ્રશ્ન ઉઠાવેલો કે, 'સમૂહજીવન ને સમાજકાર્યના પ્રાધાન્યયુગમાં, શ્રીમદ્ જેવા, એના વિનાના કોરા કેમ રહી ગયા હશે ?" આ આપણા યુગ માનસનો લાક્ષણિક પ્રશ્ન છે. આપણને સમાજકાર્ય જ ભારે ને ધ્યાનપાત્ર લાગે છે. તેથી કોઇ માણસ અન્ય એકાકી જીવન ગાળે તો આપણને એમાં નિરર્થકતા ને શૂન્યતા કે અનુપયોગિતા જેવું પણ લાગે.[૩] [અરે, કેટલાક આવું આધ્યાત્મિક જીવન જોઇ એમેય કહેનારા પડ્યા છે, "કેવો સ્વાર્થ ? પોતાના આત્માની શાંતિ સારૂ જ મથે છે !" જાણે કે, સમાજકાર્યમાં મથનારો જીવ એની જ એકાદ સ્થૂળ–સૂક્ષ્મ વાસના ન ફૂટતો હોય એમ ! જાણે કે, સમાજસેવીઓ વીતરાગભય- ક્રોધ થઇ, ત્રિગુણાતીત આચાર કરતા હોય એમ ! અને આ અવધ્ય ગણાતા આત્મજિજ્ઞાસુનો સ્વાર્થ શો, કયો, એ તો વિચારો ? તે જગતના કયા સ્વાર્થમાં ભાગ પડાવવા આવે છે ? એનો કયો સ્વાર્થ છે ભલા ? એ આખા જગતના કામાર્થયુક્ત પુરૂષાર્થમાંથી જ નીકળી નથી ગયો ? પછી

---

૩ અહીં એટલું કહેતો જાઉં કે, પં. સુખલાલજીએ આ પ્રકારનું કહ્યું નથી. તેમણે તો એક રસપ્રદ શંકા ઉઠાવી છે ને એમ કહી સામાધાન કર્યું છે કે એ રાયચંદભાઈ સ્વભાવે નિવૃત્તિપરાયણ જ હતા, તેથી એમ બન્યું હશે.

સ્વાર્થ જેવી વસ્તુ જ એની આગળ કર્યા રહે છે ? જગતને અભય અર્પવા એ નથી જતો શું ? અને એના કાર્યની સામાજિક કિંમત જ નથી એમેય કેમ કહી શકાય ? એટલે, આવું કહેનાર એક જ વસ્તુ બતાવે છે કે આજનો જમાનો સમાજના સમૂહકાર્યોની જોહાકીનો છે અને તે એટલે સુધી કે, 'એ જ છે ને બીજું કાંઇ નહીં' એવા આગ્રહવાદ–એકાંતવાદ સાથે

આ જ પ્રશ્નને આપણા પ્રમુખ સાહેબે જરા વધારે ઊંડાણમાં જઇ હમણાં એક વ્યાખ્યાનમાં છેડયો હતો, [પ્રસ્થાન–૪૬૬] અને તેમાં એક મહત્ત્વની ચર્ચા ઉપાડી હતી તેમનું કહેવું છે કે, 'આજે સમાજધર્મોના મહત્ત્વનો જમાનો છે, ને તે યોગ્ય જ છે પરંતુ, તેથી એક એવી ભૂલ કરવામાં આવે છે કે સમાજકાર્ય કર્યા વિના તમારો પરમ પુરુષાર્થ–મોક્ષ–નથી સધાવાનો, અરે એ કરો તો જ ને તે દ્વારા જ સધાવાનો છે,' –આમ સિદ્ધાંત કરાય છે અને તે ઉપર જણાવે છે, 'સમાજકાર્ય', એ ને કે ધર્મઅર્થ કામના ત્રિવર્ગની સાધના ને મોક્ષની સાધનારૂપે સમજવામાં બુદ્ધિ વ્યામોહ થતો દેખાય છે

ઉપર હું કહી આવ્યો તે પરથી આપ અનુમાનશો કે આ વિધાન સાથે હું ઘણે અંશે મળતો થાઉં છું ને તે બરોબર છે તેથી તો મેં કહ્યું કે, સામાજિક ક્રિયાશ્રીના એકાંતવાદો આજના યુગના લક્ષક ચિહ્ન છે છતાં તેમાં ભયસ્થાનો છે. ઊધઇનો જ દાખલો લો તેની ઉત્તમતા શી છે ? તણે આ ત્રિવર્ગ-સાધના જ ઉત્તમોત્તમ સાધી એ જ ને ? પણ માત્ર એ એકાંતિક સિદ્ધિથી શું નિપજ્યું ? મેટરલિંક કહે છે એમ ઊનગી એની કેળ ઊંડી જ ગઇ છે અને શાખાઓ, કેમકે જેમ જેમ ઊધઇ આગળ વધે છે, તેમ તેમ તે વધુ ઊંડી જમીનના અંધારપટમાં પેસે છે ! એટલે ઊધઇની પણ આપણને ચેતવણી એ જ છે જે શ્રી રસિકભાઇએ આપી છે

પરંતુ, એ પરથી જો એમ જ સમજાય કે તારવાય, કે ત્રિવર્ગસાધના મોક્ષસાધનાથી એક સ્વતંત્ર, નિરાળી ને શુદ્ધ છે, તો મને પૂરો ડર છે કે, આપણે એવી જ ભૂલ સામી દિશામાં જઇને કરીશું મને લાગે છે કે આપણી ગૌરવપ્રદ શ્રમણસંસ્કૃતિમાં આ જ ભૂલ કંઇક અંશે થઇ છે કે, જગજીવનના ત્યાગ વગર પરમ શાશ્વત સુખ નથી એમ એમાં બહુ અંશે મનાયું છે આવા પ્રકારનો સિદ્ધાંત ખુદ ખ્રિસ્તે ય નહોતો બતાવ્યો ? " ઇશ્વરના રાજ્યમાં પ્રવેશવું હોય, તો પરિગ્રહ ને જગ જંજાળ ખંખેરીને આવ ને ' શ્રમણસંસ્કૃતિના આ તત્ત્વનું પૂરેપૂરું સત્ય માનતા છતાં, એમાં એક વસ્તુ તરફ આપનું ધ્યાન ખેંચવા માગું છું, અને તે એ કે, મોક્ષ–પુરુષાર્થને ત્રિવર્ગથી જુદા જ વાડામાં પૂરવાથી મેંઇને નિહાળવામાં દોષ થાય છે એટલું જ નહીં બેઉ અધૂરાં ને દોષિત જ લાગે છે સાચી દૃષ્ટિ તો એ છે કે જે આ ચારે પુરુષાર્થો એકીભૂત એકાકાર જીવનાર્થ સમાજે અને પુરુષાર્થની ચતુર્વર્ગની આપણી મૂળ કલ્પના પણ એક જ અવિભિન્ન પુરુષાર્થની નથી ? માણસની વાસનાની મૂળભૂત દોષિતતાને માન્ગે આ અન્યોન્યાશ્રિત એકાકાર નથી દેખાતો પણ તે જ તો આપણા પુરુષાર્થનું રહસ્ય છે કે, જેવો અર્થ અને કામને ધર્મવિરુદ્ધ કરવા અને ધર્મને મોક્ષના શુદ્ધ મન સર્વાતીત લક્ષ્યની છાયામાં વિચારવો તો જ વ્યક્તિજીવન ને સમાજજીવન સુસંગત થશે મારે મન આજ આપણી આર્યસંસ્કૃતિનું મોટામાં મોટું ને સર્વોત્તમ શિક્ષણ છે

કામ અને અર્થને આત્યંતિક કરો અને તે પૂરતી તે સધાય તેટલા પૂરતી નિયમ નિયંત્રણાદિથી નીતિ કે સંયમ એ અમારા–

આજ દષ્ટિબિંદુથી રાક્ષસસંસ્કૃતિઓ નિર્માતી આર્યશાસ્ત્રોએ નથી બતાવી ? રાવણનું રાજ્ય ખરાબ હતું એમ કોઈ કહી શકે ? પણ એના રાજ્ય બહાર ? આજ જર્મની, ઇટલી, ઇંગ્લંડ જેવા રાષ્ટ્રોની નીતિમાંય શું છે ? એમનાં અર્થકામ પૂરતો ધર્મ એ જ આત્યંતિક ધર્મનીતિ, એમ માનીને જ નથી ચલાતું ? એમાં જ એનું દૂષણ છે.

અને ધર્મ ? એની કલ્પના પણ મોક્ષ-વિચ્છિન્નરૂપે વિચારાય તો કેવી થાય ? ઊધઈના રાફડાનું જીવન એના જ ધર્મની પરાકાષ્ઠાનો નમૂનો છે ? ધર્મનાં બે મોટાં અંગ –(૧) નીતિ–સદાચાર (૨) પણ એ નીતિ સદાચારને સનાતન દષ્ટિ ને સર્વવ્યાપકતા અર્પનાર એનું બીજું અંગ તે સાંપરાયત્વ અથવા ઇશ્વરતત્ત્વ કહો. આ બધા દરયથી પર-ગામી દષ્ટિ, જ્યાં જઈને જીવ એનાં મૌલિક તત્ત્વોનો વિચાર કરે છે. ધર્મો આ દષ્ટિથી ન વિચારાય, તો તે કેવા ખોટા નિર્ણયો પર લાવી મૂકે, એ પણ આજની આપણા અનેક અનુગમોની સ્થિતિ ઉપરથી નથી જણાતું ? અરે ! કામ અને અર્થની સેવા સારૂ ય એક પ્રકારનો ધર્મ–એક પ્રકારની ઉગ્ર સંયમબદ્ધ સાધના–નથી જોઈતી ? જો મોક્ષ-વિચ્છિન્ન ધર્મ વિચારાય તો આમ જ બને. અને ઊધઈનો પ્રશ્ન આપણને એ ચેતવણી આપે છેઃ કે માત્ર ત્રિવર્ગની સાધનામાં મનુષ્યની સર્વાંગીણ સાધના ને વાસના ક્ષય કે શાંતિ નથી. જીવન જો પરિપુષ્ટિ હોય, પરિપૂર્તિ હોય, તો તમને, અમારી જેમ સમાજસાધના પૂરી કર્યે પણ, ઊણપ જ લાગવાની છે, કેમકે મનુષ્યનો સાચો સવાલ એની ઊંડી હૃદયગુહામાં રહેલી મહાન ઊણપ–મુમુક્ષા છે.

ત્રિવર્ગ વિરુદ્ધ મોક્ષ કલ્પવાથી એક બીજી વિકૃતિ પણ આપણા સમાજમાં જોઈ શકીએ છીએ. તેનું પણ અહીં આંગળીચીંધણું કરવું આવશ્યક છે. મોક્ષ એ કોઈ વેવલાવિદ્યા નથી. તે તો ગુહ્યતમ એવી જ્ઞાન સાધના છે. અને એક મામુલી વેપારી પણ કેટલી અગમચેતી રાખે તો ફાવે છે ? એના શત્રુઓ કેટલા ? અને એક વિદ્યોપાસક કેવી જાગ્રતિ બતાવે છે ? જ્યારે આ મોક્ષમાં તો અનેકવિધ, ગુપ્ત અને પ્રગટ,–પ્રગટ કરતાં ગુપ્ત વધારે,–અરે શત્રુ છતાં મિત્ર રૂપે,–કેટલાં બધાં ભયસ્થાનો આવે છે ? ત્યાં આગળ જરૂરી ગુણો સામે, વેપારીની હોંશિયારી ને વિદ્યોપાસકનો અપ્રમાદ, કાંઈ જ વિસાતમાં નથી. તેથી તો ઉપનિષદ્કારે કહ્યું, '**नायमात्मा बलहीनेन लभ्यः**'। પણ આપણે ત્યાં એમ લાગે છે કે, જગત છોડી વૈરાગી બન્યા એટલે મોક્ષમાર્ગે ચાલ્યા ! આ ભ્રમ પણ એ જ પેલા પુરુષાર્થવિશ્લેષની ભ્રમિત દષ્ટિથી ઊપજે છે.

શ્રીરાજચંદ્રનું જ જીવન જુઓ. તે નિપુણ ગૃહસ્થ ને વેપારી હતા. તેમાં તેમની બુદ્ધિ પરિપક્વ થઈ હતી. પણ તે કામકામી નહીં પણ મોક્ષકામી હોવાથી તેમાં જ ન લપટાઈ રહ્યા. પ્રવૃત્તિને નિવૃત્તિની દાસી બનાવી. અને એ જ, મને લાગે છે કે, આજના જમાનાનો સાચો જીવનમંત્ર છે. ત્રિવર્ગ સાધો, પણ તે તેનાં ભોગૈશ્વર્ય માણવા માટે નહીં, પણ તેમાં ધર્મબુદ્ધિથી, સેવાબુદ્ધિથી. તે દ્વારા આપણું માનવ્ય ને સ્વભાવ વધારે કસવા સારૂ, તે અનિત્ય દ્રવ્યો દ્વારા નિત્યનાં દર્શનની શક્તિ કેળવવા સારૂ. તો જ ઉપર મેં કહ્યા પ્રમાણે તે ભયસ્થાનોથી આપણે ને આપણી સંસ્કૃતિ તથા સમાજ ઊગરી શકવાનાં છે. વ્યક્તિજીવન અને સમાજજીવનનો દેખતો વિચ્છેદ પણ ત્યારે જ મટશે. ને જીવનમાં સમાધાન, શાંતિ અને અને અવિરત પુરુષાર્થનો રસ પણ તો જ જામશે. ઊધઈના જીવનમાંથી આ પ્રશ્ન મને સઝ્યો ને મેં તે આપની સમક્ષ. આ પુણ્ય દિવસે રજૂ કરવાનું યોગ્ય માન્યું છે.

એક વાત હેવટે ચેતવણીની કહીને પૂરં કરીશ. મોક્ષ કે ધર્મ વગેરે પુરુષાર્થ સાવ વૈયક્તિક મનાય છે, એ આપે જોયું હશે કે, મેં આ ચર્ચામાં નથી માન્યું. હું એને પણ સમાજ હિતના જ માનું છું. હા મુખ્યત્વે તે વ્યક્તિના આંતર જીવનને અંગેના છે એ ખરૂં. પણ ત્યારે સમાજનો સારાંશ એ આંતર જીવનના જ પ્રકારનો પડઘો કે પ્રતિછાયા નથી ? તેથી તો જ્યારે જ્યારે સમાજની આ મૂળ પુરુષાર્થ વિષેની કલ્પના ભ્રષ્ટ થાય છે, ત્યારે ત્યારે તે સમાજને પડે છે. કેમકે, વ્યક્તિઓનાં જીવન, સમાજને ધારણ કરવા ઊણાં નીવડે તો ઇંટા ખરતાં મકાન જેવા તેના હાલ કરે છે. એટલે આ ચર્ચાને, મારી તમને નમ્ર ભલામણ છે કે, સમાજ હિતના એક સવાલ તરીકે વિચારજો. ને સમાજહિતના સાચા વિચારમાં વ્યક્તિનો એટલે કે વ્યક્તિ સ્વાતંત્ર્ય, વ્યક્તિવિકાસ ને વ્યક્તિ-સાધનાનો અહીં આગ્રહ સમાજહિત એટલે કોઇ પણ પ્રકારનો વર્ગોદય નહીં, પણ સર્વોદય. અને આ 'સર્વ' એટલે ૯૫ કે તેથી વધારે, પણ ૧૦૦ થી ઓછા, એમ નહીં પણ પૂરેપૂરા સો ટકા.

●

અંધ બનેલા પંડિતને

: પૃથ્વી :

દઇ નયનહીનને નયન દિવ્ય દાતાર તું
બન્યો નયનહીન જ્યોત જગવી જગે જાગતી.
ઉગ્યો અરૂણ શો ખીડેલ યુગપદ્મ ઊઘાડતો,
તપ્યો સુરજ જેમ છાવરી સમસ્ત વિદ્વદ્પ્રભા.

પરંતુ બહુમૂલ્ય યૌવનરૂધિર રંગે રચ્યા
રહ્યા નવ નિહાળવા જીવનસાન્ધ્યના સાથિયા,
બધો જનસમૂહ અંગુલિથી દોરનારા ત્હને
રહ્યાં તિમિર ખૂંદવા અવરઅંગુલીથી હવે !

ભલે તિમિર હો ! ભલે અવર પેંજ આલંબ સૌ
પરાજય નથી જ પંડિત! પરંતુ ત્હારાં સમા
બહુશ્રુત સમર્થને સુભગ છે સમુત્ક્રાન્તિ આ.

વિશાલરણ-બુદ્ધિ-તર્ક-અતિજ્ઞાન ગોટે ભર્યાં
હમેશ ભમનાર પાન્થ ! અપનાવ અણ આત્મનો
અસીમ અતલાબ્ધિ શાશ્વત શિવાંબુએ ડોલતો.

રમણીક અરાલવાળા

કલ્યાણમૂર્તિ

શ્રી. સોપાન

પ્રકરણ પહેલું

વર્ષા અને ભારતી

'ભારતી! બીજા કશા ખાતર નહિ તો સંપૂર્ણ સ્ત્રી બનવા ખાતર પણ તારે લગ્ન કરવું જોઈએ.'

'પણ એ માટે મારે સંપૂર્ણ પુરુષ જોઈએને! સંપૂર્ણ નહિ તો અંતે સંપૂર્ણ થવાની મહેચ્છાવાળો તો હોવો જોઈએ!'

'પુરુષો તો એવા મળશે. સંપૂર્ણ થવાની મહેચ્છાવાળી સ્ત્રી જ મળવી મુશ્કેલ છે. પુરુષ તો પ્રગતિમાન છે. યુગે યુગે એ આગળ વધતો જ જાય છે. જોને, આપણામાં કોઈ વિભૂતિ જન્મે છે? રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઈસુ, દયાનંદ એ કોઈની સાથે સરખાવી શકાય એવી સ્ત્રી સાંભળી છે?'

વર્ષા ઝીણી આંખે ભારતી સામે જોઈ રહી. ભારતીની આંખો જમીન ઉપર ખોડાઈ ગઈ હતી.

'હું તને ઉશ્કેરવા માટે આ બધું નથી બોલતી. તું તો ભણેલી છે. દેશ દેશના ઇતિહાસ તેં વાંચ્યા છે. સમગ્ર રાષ્ટ્રની સુકાની બની હોય એવી કોઈ સ્ત્રીને તું જાણે?'

'નથી જાણતી.' ગંભીર સ્વરે ભારતી બોલી.

'એટલે જ કહું છું કે તારે પુરુષની મદદ લેવી જોઈએ. એ શક્તિમાન છે, બુદ્ધિમાન છે, એનો ભૂતકાળ યશસ્વી છે, એનો વર્તમાન ઉજ્જ્વળ છે, એનું ભાવી દેદીપ્યમાન છે. એની સહાય વિના આપણો ઉદ્ધાર નથી. એની ઇચ્છા વિના આપણી મુક્તિ નથી. ભારતી! હું પણ સ્ત્રી છું. નાની હતી ત્યારે તારી પેઠે જ ઘમંડ સેવતી હતી કે

પુરુષ અને સ્ત્રી બન્ને સમાજના સરખા જ પ્રતિષ્ઠાપાત્ર અંગો છે, અને હું પુરુષને ઉંચે ઉભેલો જોઈ એનો તિરસ્કાર કરતી વર્ષો જતા ગયા, મને અનુભવ મળતો ગયો એકને હાથે જગત ખેડવાના પ્રયત્નો ધૂળમાં મળ્યા અને હું પુરુષની મહત્તા સમજી હું પુરુષની ખુશામત નથી કરતી પણ એની શકિતની કદર કરું છું. તારી આંખો શા માટે મોટી થાય છે? શા માટે રોષે ભરાય છે? જે છે તેનો યે તું સ્વીકાર નહિ કરે? ખુલ્લી આંખે જોઈ શકાય એવા સત્યની પણ તું અવગણના કરશે?

'હું એ સત્ય જાણું છું દસ વરસની હતી ત્યારથી રોજ ને રોજ એ સત્ય મારા કાનમા રેડાયા કરે છે હવે મને એનો કંટાળો આવ્યો છે, વર્ષા બેન, તમારો પુરુષ ભલે પૂર્ણતાની નજીક રહ્યો, ભલે શકિતમાન બુદ્ધિમાન અને તેજસ્વી રહ્યો હું તો એને જાલિમ તરીકે ઓળખુ છુ નિરોગી માનવી તરીકે નહિ પણ બીજાનુ જીવન ચૂસી મસ્ત બનેલા તરીકે હું એને પિછાનુ છુ તમારી વાત સાચી છે સ્ત્રીજાતીએ એકેય જગત્માન્ય વિભૂતિને જન્મ નથી આપ્યો પણ એથી મને પુરુષની મહત્તા નથી સમજાતી વિભૂતિ રૂપે દેખાતા પુરુષે તો સ્ત્રીને કચડી જ છે સ્ત્રીના સ્ત્રીત્વને રૂંધનાર એ પુરુષ ગમે તેટલો સમર્થ હોય પણ એની સહાય હું લઈ શકીશ જ નહિ મારે સ્ત્રી બનવુ છે, પુરુષ નથી બનવુ હું માનુ છુ કે શકિતઓનુ બીજ જે પુરુષમા છે તે મારામા પણ છે હું માનુ છુ કે પુરુષમા સ્વતંત્ર વ્યકિતત્વ છે તો મારામા પણ છે હું પુરુષને શરણે નહિ જાઉં, એ મારા બીજને નહિ પોષી શકે, મારા વ્યકિતત્વને નહિ વિકસાવી શકે. પુરુષનો ઇતિહાસ ઉજ્જવળ લાગે છે પણ સ્ત્રીના વ્યકિતત્વને રૂંધનારા ધાબા એમા પડયા છે તે તમે કેમ નથી જોઈ શકતા?'

'ભારતી! તું આમ ને આમ વિચાર કર્યા કરીશ તો પુરુષની દુશ્મન બની જઈશ'

'ના, હું કોઈની દુશ્મન બનવાની નથી પુરુષના દુશ્મન મારે શા માટે બનવુ જોઈએ? પણ એક વાત તો નક્કી છે, હું એને મારી છાતી ઉપરથી ખેસવી તો નાખીશ જ એનો વિકાસ કરવા, એને પ્રકાશ આપવા, એને ઉંચે ચઢાવવા હું મારી જાતને તો નહિ જ હોમુ'

'ભારતી, સ્ત્રીનો મહાન ગુણ ત્યાગધર્મ છે તે તું કેમ ભૂલી જાય છે? એ ધર્મે જ આપણામાં જીવન રહેવા દીધુ છે'

'વર્ષાબેન, આ વિચારોમા આપણી વચ્ચે કોઈ દિવસ મેળ નહિ ખાય હું માનતી જ નથી કે આપણામા આજે ત્યાગધર્મ છે અથવા કોઈ દિવસ હતો ત્યાગ શુ એ આપણે જાણતા જ નથી. ગાય દુધ આપે છે તે શુ ત્યાગ કરે છે? બળદ ભાર ખેંચે છે તે શુ ત્યાગ છે? ગુલામો મજુરી કરે છે તે શુ સ્વાર્પણ છે? એ બધી ગુલામીની કરામતો છે સ્ત્રીએ કયે દીવસે ત્યાગ કર્યો છે? અને વર્ષાબેન, ત્યાગની સાચી વાત તો હું જ કરું છું એમ નથી લાગતુ? જૂઓ, હું પુરુષની સહાયનો 'ત્યાગ' કરું છુ, એના તરફથી મળતી સુખસામગ્રી અને રક્ષાનો 'ત્યાગ' કરું છુ મારા હૃદયમાંથી ભયનો, લાગણીનો, કીર્તિનો ત્યાગ કરું છુ'

'તું સાચુ કહે છે બેન,' વર્ષાના અવાજમા દુખનો ભાર સ્પષ્ટ જણાતો હતો પણ પુરુષ એ પુરુષ છે, એને ઘણી મગરૂરી છે એ તને આગળ નહિ વધવા દે હું યે તારા જેવુ જ બોલતી હતી મારા માતાપિતા તો એવુ ઇચ્છતા પણ હતા કે મારો સ્વતંત્ર વિકાસ થાય હું પુરુષની હરોળમા ઊભી શકું એટલી સમર્થ થાઉં પણ ભારતી, પુરુષની ઇચ્છા હોય કે ન હોય એનો સ્વભાવ જ એવો છે કે આપણને પોતાને વશ રાખે પ્રેમ આપે લાગણી આપે જોઈએ તેટલી સહાય આપે

પણ પણ સ્વતંત્ર વ્યક્તિત્વ તો ન જ આપે. સુધારાની વાત કરે, સમાનતાની વાત કરે, સ્ત્રીના ગુણોની પણ વાત કરે પરંતુ પોતાનું આધિપત્ય છોડવા કદી તૈયાર ન થાય એક યા બીજા સ્વરૂપમાં પોતાનું વર્ચસ્વ તો કાયમ જ રાખે. ભારતી! તારી વાણી મારા મૃત્યુ પામેલા મનોરથોને સજીવ કરે છે પરંતુ હું જાણું છું કે તું નહી ટકી શકે. આ મહાયુદ્ધમાં તું કાંતો પુરુષને વશ થઇ જશે અને કાંતો નામશેષ થઇ જશે. હું તને નિરાશ કરવા નથી ઇચ્છતી. મેં તને કહ્યું ને, કે પુરુષની મહત્તા મને સમજાઈ અને મેં એનો સ્વીકાર કર્યો. સાચું કહું? મને એની મહત્તા એક રીતે જ સમજાઈ છે કે એ મારાથી બળવાન છે, એની પાછળ ભૂતકાળનું બળ છે, ધર્મનું બળ છે, લોકમતનું બળ છે, અરે, સ્ત્રીજાતીની માન્યતાઓનું પણ બળ છે. એ બળ સામે હું ન ઝૂઝી શકી. હું હારી. મારામાં એટલું ખમીર નહોતું. નહિ તો પુરુષને વશ થવા કરતાં હું વન વન રઝળવાનું કે મરવાનું વધુ પસંદ કરત.'

વર્ષા ક્ષણવાર અટકી અંતરમાં ઉતરતી હોય એમ એણે પાંપણો નમાવી હૃદયની ગંભીરતાને મોં ઉપર આવવા દીધી. ભારતી અનિમિષ નયને વર્ષાના મુખભાવ જોઇ રહી.

'અને ભારતી, એક પરાજય ભોગવ્યા પછી હું કોઇને એ યુદ્ધના મેદાનમા જવા નથી દેતી. મને એમ થાય જ છે કે સ્ત્રી નહિ જીતી શકે. એ લડવાં જતાં બધું ખોઇ બેસશે. ભારતી, છેલ્લા આઠ દિવસ થયા હું તને જોઉં છું. આખા દિવસના તારા કામ ઉપર અને વાતો ઉપર ઊંડો વિચાર કરૂં છું. સુપ્ત ગયેલી ચેતના ક્યારેક મળવળી ઉઠે છે પણ મારી આંખ આગળ આખો ભૂતકાળ ખડો થાય છે ને મારા તમામ ગાત્રો શિથિલ બની જાય છે. બેન. હું આજે પુરુષની દુશ્મન નથી તેમ મિત્ર પણ નથી. દુશ્મન હતી પણ હું હારી એટલે મેં દુશ્મનાવટ છોડી દીધી. મિત્ર તો થઈ શકું એમ જ નથી.'

'વર્ષા બેન, તમારી વાત તો મને અદ્દ્ભુત લાગે છે. તમારા અંતરમાં જ્વાલામુખી ધીકી રહ્યા હશે એવી મને કલ્પના પણ નહોતી. મને તમારી વાત કહેશો? જે યુદ્ધમાં તમે પરાજય પામ્યા તે યુદ્ધની કથા મને પ્રેરણા આપશે, માર્ગદર્શન આપશે.'

'પણ.'

'ના, તમે ભય ન રાખશો. એથી હું મારૂં નિશાન બદલી નહિ નાખું. તમારા પરાજયની કથા મારા ઉત્સાહને ભાંગી નહિ શકે તેની હું ખાત્રી આપું છું. મારા અણુએ અણુમાં એક જ ભાવ ભર્યો છે કે મારા સામે પડેલા બધા અંતરાયોને ભેદીને મારે સંપૂર્ણ સ્ત્રી બનવું. મને લગ્નની હોંશ નથી તેમ કૌમાર્યની પણ હોંશ નથી એક જ હોંશ છે: સ્ત્રી બનવાની. એ માટે જે કરવું પડશે તે કરીશ. આજે હું ક્યાંય સ્ત્રી જોતી જ નથી. બધે જ શણગારેલી પુતળીઓ જોઉં છું. મદારીની દોરી ઉપર નાચતી એ પુતળીઓને જોઇ મારા અંતરમાં લાહ્ય લાગે છે. પણ હું શું કરૂં? મેં તો નિશ્ચય કરી લીધો છે કે કોઈ મદારીની સાથે નથી પરણવું, પુતળી બની કોઇને રીઝવવા માટે નથી જીવવું. વર્ષાબેન, હું તો ઝુઝીશ. સ્ત્રી તરીકે જીવવા માટે આખી જીંદગી મથીશ અને યુદ્ધમાં તમે કહ્યું તેમ નામશેષ થવું પડશે તો થઇ જઇશ પણ કોઇને વશ તો નહિ જ થાઉં.'

'મારા અંતરમાં અત્યારે શા શા અભિલાષો ઉઠતા હશે તે તું કલ્પી શકે છે ભારતી? જે ઉજ્જવળ ભાવીની કલ્પનાઓ મેં દોરી હતી તે પાછી આજે દૂરના ક્ષિતિજમાં દેખાતી હોય એવું લાગે છે. આંખ સામે એવાં દશ્યો ખડાં થાય છે કે જેને જોઇ ઘડીભર

પાગલ બની જવાય છે ભારતી તને હું નિરુત્સાહ નહિ કરું હું તને મારી કથા કહું હા કહું જ એમાંથી જરૂર તને જાણવાનું મળશે'

વર્ષાના મુખ ઉપર ફરી ગાંભીર્ય પ્રસરી ગયું એ જ ગંભીરતાનું પ્રતિબિંબ ધારણ કરી ભારતી વર્ષા સામે જોઈ રહી થોડીક ક્ષણો મૌન રહ્યું વર્ષા ભૂતકાળનો સાક્ષાત્કાર કરતી હોય એમ જરા ભયભીત બની ભારતીએ જોયું કે વર્ષાના અંગમાં એક કંપારી આવી ગઈ એક પણ શબ્દ બોલ્યા વિના સમભાવભર્યાં નેત્રે ભારતી વર્ષાની મુખરેખાઓ નિહાળી રહી ભયપૂર્વક બોલતી હોય એમ વર્ષાએ કહ્યું

'આપણે રાત્રે વાતો કરીએ તો?'

ભલે'

બંને ઊઠયા અને 'કુમારિકા સંઘ'ના મકાનમાં દાખલ થયાં ભારતીએ સામે પડેલાં ઘડીઆળ સામે જોયું પાંચ વાગ્યા હતા

રાત્રે તમે મારે ત્યાં આવશો?'

હા, આઠેક વાગે'

'પછી ત્યાંજ સૂઈ રહેશોને? ભારતીએ પૂછ્યું

'ના ના દસેક વાગે તો પાછા જવું જોઈએ વાત અધૂરી રહેશે તે આવતી કાલે રાત્રે કરીશ અથવા બપોરે અહીંઆ

'બપોરે તો હું અહીં કામમાં હોઈશ પછી તો રાત્રે જ બની શકે

'ભલે રાત્રે'

પરસાળ અને ઓરડા વગાવી બંને અંદરના ચોગાનમાં આવ્યાં આખા મકાનમાં કોઈ નહોતું ચોગાનના અને મકાનના દેખાવ ઉપરથી સ્પષ્ટ જણાતું હતું કે આજે ઉત્સવનો દિવસ હતો ચોગાનમાં રંગોળી પૂરી હતી તે તરફ જોતાં જોતાં ભારતીએ વર્ષાને પૂછ્યું.

'આજનો ઉત્સવ તમને કેવો લાગ્યો?'

'સરસ' વર્ષા હસીને બોલી

નહિ, નહિ હું સાચો અભિપ્રાય માગું છું'

'મેં સાચો જ અભિપ્રાય આપ્યો છે ન ગમે એવું કાંઈ હતું જ નહિ રમતો રાસ, સંગીત ઇતર એમાં ન ગમે એવું શું હોય?'

'પણ તમારા મન ઉપર છાપ કેવી પડી?'

છાપ? મને થયું કે આ બધી પંખીડીઓ આવતી કાલે પીંજરમાં પૂરાઈને તરફડવાની છે'

'એટલે લગ્નબંધનમાં જકડાશે એમને?'

'ખાસ તો એમજ પણ લગ્ન વહેલાં મોડાં કરે તો યે આવો કલ્લોલ તો હવે બહુ વર્ષો નહિ કરી શકે મને તો એમ પણ લાગે છે કે તરફડાટ શરૂ જ થઈ ગયો હશે અહીં તો સ્વતંત્ર વાતાવરણ છે અને પુરુષની છાયા નથી એટલે ઉલ્લાસ લાગે છે ને વડીલો એ ઉલ્લાસ ચાલવા દે છે બાકી ઘેર કે બહાર આવો કલ્લોલ થોડો જ કોઈ કરી શકવાની હતી?'

'તમને અમારા કાર્યના અહેવાલ ઉપરથી શું લાગ્યું?'

'ભારતી બહુ ઝીણું ઝીણું પૂછવાથી શો ફાયદો? મારા દિલની વાત તો તું જાણે છે તે મારામાં જરાક આશા પ્રગટાવી છે, નહિ તો મેં સદાય માન્યું છે કે આ બધી પ્રવૃત્તિ આપણા મૂળ રોગના નિવારણમાં નજીવી જ મદદ કરી શકે છે'

'સંઘ સમક્ષ હું બોલી એ તમને કેવું લાગ્યું?'

'ત્યારે તો મને થયું કે ભારતીને વાસ્તવિક જગતનો ખ્યાલ નથી અત્યારે એમ લાગે છે

કે એ સાવ ઉશ્કેરાટ નહોતો. પણ ભાગ્તી, આ સંઘ બહુ લાંબો નહિ ચાલી શકે. તારી સાથે ભાગ્યે જ કોઇ કૂચ કરી શકશે અને તું જોજે, આ સંઘની કુમારિકાઓ જ તારી નિંદા કરશે, તારી દુશ્મન બનશે અને તારા માર્ગમાં હજાર અંતરાયો ઉભા કરશે.'

'તમને જ્યાં ત્યાં આવું જ દેખાય છે.'

'એમ ને એમ નથી દેખાતું. જોયું છે ને અનુભવ્યું છે તે બધું યાદ આવી જાય છે એટલે એમ દેખાય છે.'

'તમે જોજો, હું આ સંઘ દ્વારા જ સમાજમાં ક્રાંતિ કરીશ.'

'તો મારા જેટલો આનંદ બીજા કોઇને નહિ થાય.'

વાતો કરતાં બંને પાછાં ફર્યાં.

[ચાલુ]

વૈમનસ્ય

[પૃથ્વી-સૉનેટ]

છુપો નભ વિરાજતા રવિ! શશી! અને તારલા!
ભરો પૃથિવી વ્યોમનાં અણુ અણુંય અંધારથી,
ભલે ઘન તમિસ્રમાં જન સહુ જગે આથડે
અને અનુભવે હૃદે, મમ દુઃસહ્ય અંધત્વને.

પ્રમત્ત ઘનગર્જનો? અનિલ? મેઘ? ભેગાં મળી
ક્ષણેક પ્રસરાવી દો થરથરાટ પૃથ્વી પટે,
ખરો ગગન તારલા? નભગ્રહો ય? નક્ષત્ર સૌ?
પ્રચંડ ભૂમિકંપ હો, નિધિજલે ધરા ગેબ હો.

કર્યાં પુરવજન્મમાં અધમકૃત્ય કૈં કૈં, અને
હજી ય ઉર-ક્ષુદ્ર આ કરત ક્રુર સંકલ્પ શા?
ન કંટક ઉછેરવા અબ ઘટે ઉરે ઘાનમાં,
સહ્યે જ છુટકો હવે દુઃખ અદમ્ય આયુષ્યનાં.

દુઃખી અવરને અહું કંઈ ન તોય મ્હારૂં વળે,
બન્યું હૃદય અંધ આ ઘટિત એ ન શિક્ષા મ્હને?

સુરેન્દ્રપ્રસાદ અંબાલાલ ત્રિપાઠી

વિરાટને ખોળે

: મહાસભાના સંસ્મરણો :

શ્રી. મોહનલાલ મહેતા

મહાસભાના પચાસ વર્ષના ઇતિહાસમાં ઘણી રીતે ફૈઝપુરનું અધિવેશન અજોડ લાગે છે મુંબઈની બેઠકમાં મહાત્માજીએ નિવૃત્ત થતાં થતાં મહાસભાને ગામડામાં લઈ જવાની જે પ્રેરણા આપી તે આખરે ફળી ખરી મહાસભામાંથી નિવૃત્ત થયેલા દેખાતા એ નેતાની કાંધ ઉપર જ ફૈઝપુરમાં મહાસભા ભરવાનો ભાર હતો તે સૌ કોઈ જાણતું હતું ઘણાને એની સફળતા વિષે શંકા હતી રાષ્ટ્રપતિએ પણ કહ્યું કે 'હું શંકાશીલ હતો' પરંતુ ફૈઝપુરમાં પગ મૂકતાં જ નેતાઓની અને જનતાની શંકા નિર્મૂળ થઈ. ફૈઝપુર અદ્વિતીય બની ગયું અને શહેરી જાહેરજીવન જીવનારને પણ એણે ગામડામાં મહાસભા ભરવાનું આકર્ષણ જનમાવ્યું ફૈઝપુરની મહાસભા જેટલું સહકારભર્યું અને સંયુક્ત મોરચાની મનોદશાવાળું વાતાવરણ ભાગ્યે જ બીજા કોઈ અધિવેશનમાં દેખાયું હશે આ વાતાવરણે આપણા દુશ્મનોને અકળાવ્યા છે દુશ્મનોની છાવણીમાંના જે જે દૂતોએ મહાસભાના દર્શન કર્યા હશે તેની તો છાતી જ બેસી ગઈ હશે. બે લાખની માનવ મેદની એણે ક્યાં જોઈ હોય? ખેતરની માટી ઉપર વસેલું 'તિલકનગર' એણે ક્યાં નિહાળ્યું હોય? નમ્રતાની મૂર્તિ સમી સ્વયંસેવકોની સેના એણે ક્યાંથી જોઈ હોય? કોઈ પણ પ્રકારની સત્તા વિનાનું આવું સામ્રાજ્ય એણે ક્યારે કલ્પ્યું હોય? અને આટલું જ નહિ પણ 'આપણે એક છીએ' 'આપણું એક નિશાન છે' 'આપણે એક સાથે જ જીવવાનું છે ને મરવાનું છે' એવી ભાવના એણે ક્યાં ધારી હોય?

મહાસભાનું અધિવેશન ફૈઝપુરમાં ભરવું એમ નક્કી થયું ત્યારથી જ એની અદ્વિતીયપણાની શરૂઆત થઈ. પંડિત જવાહરને શિરે ફરીને તાજ મૂકાયો અને પંડિતજીએ એનું એ જ પ્રધાન મંડળ રાખ્યું ત્યારે તો એવું જ ભાન થયું કે સાચેસાચ આપણે કોઈ કૂચ કરી રહ્યા છીએ એક આદેશ લઈ, એકની રાહબરી નીચે આપણે ધપી રહ્યા છીએ રાષ્ટ્રપતિને રથમાં બેસાડીને લાવ્યા એ દૃશ્ય અદ્ભુત હતું રથ [illegible]

શણગાર, ઉપર ફરફરતા રાષ્ટ્રધ્વજ અને વચ્ચે સ્મિત વેરતા જવાહર જ્યારે એ ધરતી ઉપરથી પસાર થતા હતા ત્યારે બન્ને બાજુએ હજારો માનવીઓ માત્ર કુતૂહલથી નહિ પણ કંઈક નવું આવે છે એ ખ્યાલથી જોઈ રહ્યા હતા એ નવમા એમના જીવનની આશા હતી એમના જીવનદીપનું છેલ્લું ટીપું ખલાસ થવા આવ્યું હતું એમ હજારો ટમટમતી આંખોમાં સ્પષ્ટ જોઈ શકાતું હતું એ દીવામાં દીવેલ પૂરવા કોઈ આવતું હોય, નિરાશાના અંધારામાં મશાલ લઈને કોઈ આવતું હોય, ન સમજાય, ન બોલી શકાય પણ થીજી ગયેલ લોહીને કોઈ ગતિમાન કરવાને આવતું હોય એવા ભાવથી હજારો મૂંગા, ભાવશૂન્ય દેખાતી હોય એવી આંખોવાળાં માણસો ઉભરાતાં હતાં રાષ્ટ્રપતિએ હિંદુસ્તાનને જોયું છે પણ સંભવ છે કે આવું દૃશ્ય એમણે ન જોયું હોય.

ફૈઝપુરની મહાસભા સફળ ગણાય કે ન ગણાય એ પ્રશ્ન મારા મનમાં નથી ઉઠતો હા, આ અધિવેશનમાં બહુ ચર્ચાઓ ન થઈ એક બીજાની દલીલો તોડતાં હોય એવાં ભાષણો ન થયાં એક બીજા ઉપર સરસાઈ ભોગવવા કે મહાસભાનો કબજો લેવા બે પક્ષો મથતા હોય એવું એક પણ ચિહ્ન ન દેખાયું એ રીતે 'રમ' લેવાની બુદ્ધિથી આવનારને બહુ મઝા નહિ પડી હોય આખું અધિવેશન એમને એક મેળા જેવું લાગ્યું હશે પણ જેના દિલમાં ગુલામીનું શલ્ય ભોંકાયા કરતું હશે તેને તો ત્યાં કંઈક શાંતિ જ મળી હશે પોતાને ઉત્સાહ અને પ્રેરણા આપે એવું જ વાતાવરણ જોયું હશે આખા રાષ્ટ્રે, નાના મોટા તમામ પક્ષોએ જાણે ગાંઠ જ વાળી હોયને, કે ગમે તેવો ભોગ આપીને પણ એકતા જ જાળવવી અને દુશ્મનોને ખ્યાલ આપવો કે અમારી વચ્ચે ગમે તેટલા વિચાર-ભેદો ને પક્ષો હોય પણ એક વિચાર અમારા સૌના અંતરમાં કદી યે ન બૂઝાય એવા આતશની માફક એક સરખો સળગ્યા કરે છે. એ વિચાર દેશને આઝાદ કરવાનો. અને એમાં અમે એક પક્ષ રૂપે જ છીએ. રાષ્ટ્રપતિએ કહ્યું કે હિંદમાં બે જ પક્ષ છે આપણા મુસ્લીમ નેતા મી ઝીણાએ હમણાં વાંધો લીધો 'ના, અમે પણ છીએ અમારો ત્રીજો પક્ષ છે' મને થયું કે આવા હજાર પક્ષો અત્યારે ગણાવી શકાય પણ જ્યારે 'બ્યૂગીઓ' વાગે છે ત્યારે બરાબર બે જ પક્ષો દેખાય છે. એ 'બ્યૂગીઓ'ના વાતાવરણનો ઝીણાસાહેબને ક્યાંથી ખ્યાલ આવે? જવાહરના અંતરમાં એ નગારું અહોનિશ બજ્યા જ કરે છે એટલે એ જોઈ શકે છે કે આપણું કોણ છે અને આપણી સામે કોણ છે

મહાસભાનું વર્ણન શી રીતે કરવું? વધારેમાં વધારે જે વસ્તુએ હૃદય ઉપર અસર જન્માવી છે તે તો લખવી મુશ્કેલ છે જે હજારો લોકો ત્યાં એકઠા મળ્યા હતા એ દૃશ્ય વર્ણવ્યું જાય એમ નથી ગામડાની મહાસભાની સફળતા એ હજારોની હાજરીએ બતાવી આપી વ્યવસ્થા સુંદર હતી લખનૌથી તો સારી હતી જ ગામડું છતાં કોઈ વગડામાં આવી પડ્યા હોઈએ એવું નહોતું લાગતું મને થયું કે આવી વ્યવસ્થા તો ઉભી કરી શકાય પણ આ વ્યવસ્થાની પાછળ જે પ્રાણ અને જે પ્રેમ દેખાતો હતો તે ઉભો કરી શકાય? કેવળ પ્રેમના બળે જ બધું ચાલતું હોય એમ હર પળે લાગ્યા કરતું હતું સ્વાગત પ્રમુખ શંકરરાવ દેવને જોતાં જ કોઈ ભક્તનો ખ્યાલ આવે એમનું વ્યાખ્યાન પણ એવું જ હતું આરંભમાં અને અંતમાં એણે જે ભક્તિભર્યા શબ્દો ઉચ્ચાર્યા તે આજે યે મારા કાનમાં ગૂંજે છે. પોતે કશું કર્યું જ ન હોય કોઈ નિયામકના સાધન રૂપે જ પોતાનો ઉપયોગ થવા દીધો હોય એવી નમ્રતા એમની વાણીમાં અને વ્યવસ્થાનું મૂર્ત થયેલા વર્તનમાં દેખાતી હતી સ્વયંસેવકોનો મોટો ભાગ ગામડાંનો જ હતો મજબૂત છે કે

એમના જીવનમાં આવો પ્રસંગ આ પહેલો જ આવ્યો હોય. એમના માથે એકેય દોષ મૂકી શકાય તો માત્ર નમ્રતાનો જ મૂકી શકાય. તેઓના મો ઉપર થાકનાં કે કંટાળાના ચિહ્નો મેં ક્યારેય નથી જોયા. એ બધા સાચે જ સ્વયં-સેવકો હતા. અને બહેનો? આપણને એમ થાય જ કે આપણે આપણા કુટુંબ વચ્ચે છીએ. મારા મન ઉપર આ બનાવની અસર તો થઈ પણ કદી ન ભૂલાય એવી. અસ—સાચું કહું તો શરમ થઈ—આપાસાહેબ અને જુગતરામ ભાઈની મંડળી જોઈને કેટલાના હૈયાને એમણે હલાવ્યા હશે તે હું ન કહી શકું. પણ હાથમાં ઝાડુ લઈને ઘૂમતી સવારની અને રાતની ઠંડીમાં જાજરૂની વ્યવસ્થા કરતી એ મંડળી અમારા આરોગ્યની તો રક્ષા કરતી હતી પણ અમારામાં માનવતા પડી હોય તો એને જાગૃત કરી કરોડો લોકો પ્રત્યે આજ લગી આપણા સમાજે જે અન્યાય કર્યો છે તેનું તીવ્રપણે ભાન પણ કરાવતી હતી. મને થાય છે કે ત્યાં હજારો લોકો એકઠા મળ્યા હતા તે સૌને એ ખબર તો પડી હશે કે જન્મે બ્રાહ્મણ એવા અનેક સેવકો હિંદુ જાતી ઉપરનું કલંક ધોવા ભંગી બન્યા છે અને ભંગીનો ધંધો એ બ્રાહ્મણના ધંધા કરતા લગીર પણ હલકો નથી એમ સાબીત કરી રહ્યા છે. મહાસભાની વ્યવસ્થામાં અનેક માણસોએ પોતાનો સાથ અને શક્તિ આપી હશે પણ "આ કામ કરનારની તોલે બીજું કોઈ ન આવી શકે એમ હું માનું છું. ફૈઝપુરે અનેક રીતે મહાસભાના પ્રવાહને વિશેષ મગરૂરીકે આમ જનતા તરફ વાળ્યો છે, તેમાં સ્વયંસેવકોએ ભંગી બનવાની આ રીત મારે મન સૌથી મહત્વની છે. ગુજરાતની મહાસભામાં પણ સઘળું જ ભંગી હશે એમ હું માનું છું. અને જેમ મહાસભા હવે લગભગ ગામડામાં જ ભરાશે ને લોકનો સંસર્ગ સાધશે તેમ અસ્પૃશ્યતા નિવારણના મહાન કાર્યને વેગ આપવા અને ભંગીના ધંધાને નતિષ્ઠા આપવા આ કામ પણ આપણા માંહેના જ કરશે.

બધાએ કહ્યું કે મહાસભાની વ્યવસ્થા અનેક મુસીબતો વચ્ચે જાળવવાનું માન મૂખ્યત્વે દેવ અને દાસ્તાનેને જાય છે. તેમ મહાસભાને ગ્રામ્ય-સંસ્કારે શણગારવાનું માન હિંદના એક મહાન કલાકાર શ્રી નંદલાલ બોઝને જાય છે. શ્રી બોઝની બધાય નેતાઓએ પ્રશંસા કરી છે અને મને એમાં જરાયે અતિશયોક્તિ નથી લાગી. ધૂળ જેવી વસ્તુઓમાંથી એમણે જે સૌંદર્ય ઉપજાવ્યું તે ખરે જ પ્રશંસાપાત્ર હતું. આખું 'તિલકનગર' મોટે ભાગે ગામડાની ચીજોથી જ શણગારાયેલું હતું. તેમાંયે વાંસનું કામ તો ખાસ ધ્યાન ખેંચે એવું હતું. મોટા મોટા દરવાજા, કમાનો વગેરે સુંદર રીતે શણગારેલા હતા. હિંદમાં કલાકારો કંઈ ઓછા નહિ હોય પણ ધનપતિઓ સામેથી નજર ખેસવી ગામડીઆની દૃષ્ટિએ પોતાની કલાનો ઉપયોગ આપી આમજનતાને સંસ્કારવતી બનાવવામાં કેટલા પોતાની કલાને વાપરતા હશે?

મુંબઈની મહાસભામાં પ્રદર્શનની વ્યવસ્થા 'ગ્રામ ઉદ્યોગ સંઘ' અને 'ચરખા સંઘ'ને સોંપાઈ ત્યારથી પ્રદર્શનનો રંગ જ બદલી ગયો. ઠે. લખનૌમાં એ ગામડાંના ઉદ્યોગનું પ્રદર્શન છે એમ લાગતું હતું, પણ એમાંનો ચિત્રકળા વિભાગ અને શહેરી ઢબે કરેલી ગોઠવણી પ્રદર્શનને એક જોવા લાયક સ્થળ જેવું રાખતા હતા. ફૈઝપુરનું પ્રદર્શન તો સ્પષ્ટ બનાવતું હતું કે 'આ મેળો નથી, જોવાની વસ્તુઓનું આ સંગ્રહસ્થાન નથી.' અને એ પ્રદર્શન જોતા ખરેખર એમ લાગ્યું કે આપણા દેશમાં એક મહાન પ્રયોગ ચાલી રહ્યો છે અને એ પ્રયોગનું દર્શન કરવા માટે આ નાનું સરખું પ્રદર્શન છે. હું ખાત્રીપૂર્વક કહું છું કે શહેરથી આવેલા ઘણાખરાને એ પ્રદર્શન તદ્દન નમાલું અને અનાકર્ષક લાગ્યું હશે. પણ ગામડીઆઓના ટોળા ત્યાં ઉભરાતા હતા તે માત્ર જોવા માટે જ

નહોતા જોતા. ત્યાં જે હતું તેની સાથે એમને સંબંધ હતો. એમાંના હજારો લોકો ઉદ્યોગ વિનાના હતા અને એમની પાસે એક પણ આશા નહોતી. એટલે એમને જૂદી જૂદી જાતના રેંટિયા ને પીંજણ, શાળ ને ચરખા જોવામાં રસ આવતો. એની ક્રિયાઓ એકી ટસે તેઓ જોઇ રહેતા હતા. ખાદીની શણગારેલી દુકાનો એમને આશ્ચર્ય પમાડતી હતી. ઘેર બેઠાં આવું સુંદર કાપડ બની શકે એવો એમને ક્યાંથી ખ્યાલ હોય ? અને કાગળની બનાવટ, મધમાખીનો ઉછેર, ગોપાલન ને દૂધનું પૃથક્કરણ, જૂદી જૂદી જાતના અનાજો ને બીયાં, તેલની ઘાણી વગેરે એમના જીવન સાથે જડેલી વસ્તુઓ હતી. એક નાનકડું ગામ પણ રચવામાં આવ્યું હતું. હું ત્યાં ઉભો રહી ખેડૂતો કેમ જૂએ છે તે જોઇ રહ્યો હતો. એ ગામની ઝીણામાં ઝીણી વિગતો એ લોકો ચર્ચતા હતા અને જોતા હતા. એટલે જેમ મહાસભાનું અધિવેશન એક ઉત્સવ જેવું નહિ પણ સંયુક્ત મોરચાની તૈયારી જેવું લાગતું હતું, તેમજ પ્રદર્શન કોઇ 'અજાયબ ઘર' જેવું નહિ પણ પ્રયોગમંદિર જેવું લાગતું હતું.

રસોડાની વ્યવસ્થા સારી હતી. ગ્રામઉદ્યોગની વસ્તુઓ જ ત્યાં વપરાતી હતી. બાજુમાં સ્ત્રીઓનો સમુદાય ઘંટી ફેરવતો હોય કે અનાજ સાફ કરતો હોય એ દૃશ્ય સુંદર લાગતું હતું પણ ધાર્યા કરતાં બમણાથી યે વધારે માણસો આવી પડવાથી જમવા માટે કયારેક તો કલાકો સુધી ખોટી થવું પડતું હતું પણ શ્રી. ગોકુળભાઇનો અને બીજા કાર્યકરોનો પ્રેમાળ સ્વભાવ એ કંટાળાને હરી લેતો હતો. વ્યવસ્થા અને સ્વચ્છતા સુંદર હતી એમ તો કહેવુંજ પડશે.

ફૈઝપુરની વિરુદ્ધ ઘણી બૂમો પડતી હતી તેમાં સૌથી મોટી બૂમ પાણીની તંગીની હતી. પણ પાણીની તંગી અમને દેખાઇ જ નથી. પાણીની પૂરતી વ્યવસ્થા હતી. એના નિકાસની વ્યવસ્થા પણ સંપૂર્ણ હતી. આ રીતે પાણી, જાજરૂ વગેરેની વ્યવસ્થા તો કોઇ પણ શહેરની મહાસભાને ટક્કર મારે તેવી હતી. એક વસ્તુ ઉપર અમને બહુ જ હસવું આવતું હતું: ફૈઝપુરમાં સૌથી વધુ કંઇ દેખાતું હોય તો 'મુતરડી'. જ્યાં ત્યાં 'મુતારી' 'પેશાબઘર' એવું લખ્યું હોય અને સાદડીનું નાનકડું એવું 'પેશાબઘર' ઉભું હોય. જો કે ઠંડીને લઇને એ સારૂં તો લાગતું હતું પણ એમ થયું કે જરૂર મહારાષ્ટ્રના લોકોને પેશાબ કરવા બહુવાર જવું પડતું હશે !

આ તો મહાસભાના દેહનું વર્ણન કર્યું. મહાસભાનો પ્રાણ કયા માર્ગે હતો તે હવે જોઇએ.

ફૈઝપુરમાં કેટલીક તો નવીનતા જ હતી. સૌથી પહેલી અને મોટી નવીનતા પચાસ વર્ષ પછી મહાસભાએ ગામડાંમાં–પોતાનાં સાચાં સ્થાને પ્રવેશ કર્યો તે હતી. બીજી નવીનતા જવાહરલાલના હાથમાં જ સુકાન રહેવા દીધું અને સમસ્ત પ્રજાનું ભાવી એમના હાથમાં સલામત છે એવો વિશ્વાસ પ્રગટ કર્યો તે. ત્રીજી નવીનતા બે વર્ષ પછી મહાત્માજીએ પોતાના અંતરમાં લાવારસ ઉકળી રહ્યો હતો તેના સહેજ દર્શન કરાવ્યા તે. ચોથી નવીનતા જૂના જ મોરચા ઉપર લડતા બિરાદર 'રોય' મહાસભાના સિપાહી બનીને આવ્યા તે. પાંચમી નવીનતા મહાસભાના સૌથી પ્રૌઢ સેવક હિંદને આઝાદ જોવા માટે મૃત્યુ સાથે ઝગડતા ભારતભૂષણ માલવીજી ફરીને મહાસભાની ગોદમાં સમાયા તે. છઠ્ઠી નવીનતા એનું એ જ પ્રધાનમંડળ રાખી રાષ્ટ્રપતિએ જગતને જણાવ્યું કે 'હિંદને આઝાદ કરવામાં અમે સૌ એકમત છીએ' તે. સાતમી નવીનતા ખુલ્લી બેઠકમાં એક ઠરાવ સિવાય બધા જ ઠરાવો એક મતે પસાર થયા તે.

આમ અનેક નવીનતાઓ ફૈઝપુરમાં બની છે. ટીકાકારને આ ન દેખાય એને તો એમ

લાગે કે આપણે આ શોધી કાઢ્યું છે પણ આપણા દેશના વર્તમાન રાજકારણને ઝીણી નજરે જોનાર આ સાતેય નવીનતાનું રહસ્ય સમજી શકશે. આ નવીનતા હું કહું છું કે મુંબઈમાં નહોતી લખનૌમાં નહોતી, એનાં આછાં દર્શન મુંબઈમાં ભરાયેલી મહાસમિતિમાં થયાં હતાં પણ ફૈઝપુરમાં જે જોયું તે ત્યાં નહોતું. ફૈઝપુરે પોતાની કાર્યવાહીથી સાબીત કર્યું કે 'અહીં એકઠા થયેલા થોડા બુદ્ધિની પટાબાજી ખેલનારા નથી તેમજ આંખો મીંચી ગ્રામાઈ જનારા પણ નથી. અહીં તો બધા વ્યવહાર કુશળ લડવૈયાઓ ભેગા થયા છે. અહીં બેઠેલી દેશનું ભાવી ઘડનાર નેતાઓને પોતાની જવાબદારીનો અને કરોડો માણસો પ્રત્યેના વિશ્વાસનો પૂરો ખ્યાલ છે.' મને એમ થાય છે કે ફૈઝપુરમાં આટલી સફળતા મળવાનું કારણ શું? પંડિત જવાહરલાલનું વ્યક્તિત્વ? નવા સુધારારૂપી દુશ્મનના એક બળવાન શસ્ત્રને નિષ્ફળ કરવાની મનોવૃત્તિ? શ્રદ્ધાભર્યા ચહેરે ઉતરી પડેલા લાખો ગામડીઆઓ દ્વારા હિંદની સાચી સ્થિતિનો ખ્યાલ? મને લાગે છે કે આ ત્રણેય કારણોએ પૂરો ભાગ ભજવ્યો છે. પંડિત જવાહરલાલે સંયુક્ત મોરચાની વાતને કે સ્થાન આપી અનેક મતભેદોને ભુલાવી દીધા અને સૌનું લક્ષ સામેની લાગણી ઉપર જ રહે એવું વાતાવરણ ખડું કર્યું. સરકારે નવા સુધારા રજુ કરી આપણને એક થવાની પ્રેરણા આપી. આપણે સમજી ગયા કે અંદરના ઝગડા ને મતભેદ પછી પતાવી લેશું, પહેલા આ નવા તંત્ર સામે લડી રહીએ. અને મહાસભાની કાર્યવાહી સાંભળવા જે માનવ સમુદાય મળ્યો હતો અને જેના નામે જ બધી કાર્યવાહી ચાલતી હતી તે કોઈના મન સામેથી ખસી શકે એમ નહોતું. સૌની એ ઇચ્છા હતી જ કે એ મૂંગા લોકોને અહીંથી આપણે ખાત્રી આપવી જોઈએ કે આપણી એકતામાં જ આપણા ઉદ્ધારની આશા છે. હું તો ખરેખર એમ માનું છું કે મહાસભાની વ્યાસપીઠ ઉપરથી બોલનાર દરેકને એમ થતું હશે કે 'હું કોઈ ઠરાવનો વિરોધ કરતાં કે સુધારો રજુ કરતાં એવું ન બોલી બેસું કે જેને પરિણામે આ લાખો માનવીના અંતરમાં મહાસભા પ્રત્યેનું બહુમાન જરા પણ ઓછું થાય.' રાષ્ટ્રપતિના અને સૌના ભાષણમાં આ વખતે વિશેષ કરીને આમજનતાની ભાષા અને આમ જનતાના પ્રયોગો જ વપરાતા હતા. ઠરાવો અને ભાષણો મરાઠીના પણ થતા હતા. તે ઉપરથી મહાસભા કરોડો ગામડીઆની છે એમ લાગતું હતું.

એક દિવસ મહાસભા ઠરાવો કરનારી સંસ્થા હતી. માત્ર ઠરાવો કરી આપણી આંતરિક ઇચ્છા જ પ્રગટ કરી હોય તો ઠરાવને ગમે તેવા સખત શબ્દોમાં ને ઉંચામાં ઉંચા આદર્શોમાં મુકી શકાય પણ ૧૯૧૯ પછી મહાસભા એક વ્યવહારકુશળ સંસ્થા બની છે. એના દરેક ઠરાવની પાછળ જબર દસ્ત ક્રિયાશક્તિ પડેલી હોય છે. એનો એકે એક ઠરાવ સરકારને વિચારવો પડે છે. સરકાર જાણે છે કે મહાસભાની વ્યાસપીઠ ઉપરથી જે આદેશ છૂટે, તે ગમે તેટલો કપરો હોય પણ એનો અમલ થવાનો જ છે. મહાસભાના નામે આજ લગીમાં રાષ્ટ્રે ભારે બલિદાન આપ્યાં છે તે સરકાર જાણે છે. એટલે મહાસભાનો ઠરાવ એ એક પ્રકારની આખા રાષ્ટ્રની પ્રતિજ્ઞાના સ્વરૂપે હોય છે. એટલા માટે જ મહાસભાના ઠરાવોમાં ક્યારેક સહેજ ઢીલાશ માલુમ પડતી હોય છે. આ વખતના ઠરાવોમાં આપણે હમણાં જ અમલ કરવો પડે એવા ઠરાવો ચૂંટણીનો જંગ જીતવો, ધારાસભામાં જવું પણ બંધારણને તોડવાના એક માત્ર હેતુથી જ, શહેનશાહના આગમનમાં કોઈ પ્રકારે ભાગ ન લેવો, નવા બંધારણના વિરોધરૂપે આખા દેશમાં

મજબૂત હડતાળ પાડવી. આ અને આવા ઠરાવો પણ થયા. બંગાળ નાગપુર રેલ્વેના સાઠ હજાર કામદારોની હડતાળ તરફ મહાસભાએ સહાનુભૂતિ બતાવી આ વખતે એક મોટું કામ કર્યું છે. એક દિવસ આપણા દેશની એ સેના વ્યવસ્થિત રીતે મહાસભાના ઝંડા નીચે આવશે એવી આશા આ ઠરાવથી બંધાય છે. સરકારી દમનનીતિનો વિરોધ, સરહદ ઉપર ગુજારાતા જુલ્મોનો વિરોધ વગેરે ઠરાવો તો થયા પણ એ ઠરાવ ઉપર બોલનાર દરેકની વાણીમાં એક પ્રકારનો અગ્નિ અને એક પ્રકારનું દુઃખ હતું, તેની પ્રજાના મન ઉપર ઘણી અસર પડી હશે. અગ્નિ તો આ સ્થિતિને ભસ્મરૂપ કરવાનો અને દુઃખ આજની આપણી લાચાર સ્થિતિનું.

બિરાદર રોય મહાસભામાં આવ્યા અને વિષય વિચારિણી સમિતિમાં થોડુંક બોલ્યા પણ ખરા. જ્યારથી એ આવ્યા છે ત્યારથી હજારો જુવાનો એમના તરફ આશાપૂર્વક જોઇ રહ્યા છે. એમની આજની વાણી કેટલાક મિત્રોને નિરાશ કરે છે અને એ લોકો એમ મન મનાવે છે કે આવતી કાલે એ કંઇક જુદું બોલશે. ખરેખર તો જે હોય તે ખરું. મને પોતાને અને મારા જેવા ઘણા છે એમને, એમનું આજનું વલણ બરાબર લાગ્યું છે. એમાં સંયુક્ત મોરચાનો ભાવ ઠાંસી ઠાંસીને ભર્યો છે. એમને કોઈ નરમ દળના કહી શકે એમ નથી. એ આગનો કટકો છે એમ સૌ કોઇ જાણે છે. દુનિયાના અનુભવો એમના જેટલા બીજા કોઇ પાસે ભાગ્યે જ હશે. બીજા દેશોની ક્રાંતિમાં એમણે અગ્રભાગ લીધો છે. એ અહીં આવીને મહાસભાની છત્રછાયા નીચે બધાં બળોને મળવાનું કહે તેની મોટી અસર છે.

ફૈઝપુરમાં સમાજવાદી પરિષદ અને કિસાન પરિષદ પણ મળી. આ વખતે સમાજવાદી પરિષદે મહાસભાને પોતાના રંગે-અલ્પાંશે પણ રંગી છે એમ મહાસભાના ઠરાવો ઉપરથી જોઇ શકાય છે. એ કાંઇ ઓછી ફત્તેહ નથી. જો કે ફૈઝપુરની કાર્યવાહી ઉપર કેટલાક સમાજવાદી મિત્રો પોતાનો સંતોષ પ્રગટ કરે છે અને કેટલાક એમ માને છે કે સમાજવાદીઓએ ઢીલા થઇ સમાધાનની વૃત્તિમાં પડી મહાસભામાં પોતાની લડતને મોળી પાડી નાખી. કેટલાકને ફૈઝપુરની મહાસભા એ ગાંધીવાદનો મોટો વિજય લાગે છે કેટલાકને સમાજવાદનો વિજય લાગે છે. મને તો થાય છે કે સંયુક્ત મોરચાની રાષ્ટ્રપતિની ભાવનાનો ફૈઝપુરમાં વિજય થયો છે. એ ભાવનાએ ગાંધી માનસવાળાઓને સહિષ્ણુ બનાવ્યા છે અને સમાજવાદીઓને જરા ધીમા પાડયા છે.

એક વાત નક્કી છે કે ફૈઝપુરના અધિવેશને દેશમાં જાગૃત થવા પ્રાણ ને જોશ આપ્યું છે. આખા દેશમાં એક નવી હવા પેદા કરી છે અને હિંદની વિરાટ જનતાની આ મહાસભા છે એમ એક એક પ્રસંગથી, એક એક ઠરાવથી સાબીત કર્યું છે. મહાત્માજીએ જે ભવિષ્ય વાણી ઉચ્ચારી તે નવી નહોતી પણ આટલી ગંભીર કોઇ દિવસ નહોતી લાગી. એમના દિલમાં જ્વાલામુખી સળગે છે એમ સ્પષ્ટ જોઇ શકાય એવી એમની વાણી હતી. એ દુર નથી ગયા, એ નિવૃત નથી થયા, એ વૃદ્ધ નથી બન્યા. એ એ જ છે જે દાંડી કૂચ વખતે હતા. એ એજ છે જે 'લોહીની ગંગા રેલાવવાનું' અને 'દસ લાખ માનવીને' હોમ આપવાનું કહેતા હતા. પોતે શા માટે સંગાથ છે. પોતે શા માટે આ રાષ્ટ્રધ્વજને ઉઠાવી મોખરે નથી ચાલતા તે એમણે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું. મહાસભાનુ પ્રધાનમંડળ ગાંધીજીની અમર તળે છે અને દેશનું રાજકારણ ઘડવામાં આજે યે એમનું નેતૃત્વ છે તે આખો દેશ જાણે છે પણ પોતે દેશને આગળ ધપાવવાનો બોજો

જવાહરલાલ ઉપર નાખી આ માટે શાંતિ રાખી છે તે એમણે કહી દીધું અને પોતાની શરતો પણ મૂકી. આજ એ શરતો કેટલાક સ્વીકારશે એ પ્રશ્ન છે પરંતુ ફૈઝપુરમાં એવું તો લાગ્યું કે આ માનવી જ્યાં સુધી જીવતો બેઠો છે ત્યાં સુધી એનું સ્થાન કોઇ લઇ શકે એમ નથી, અને એનો પ્રાણ ક્યાં જરા યે મંદ પડયો છે ! આજે યે એની વાણી લાખ્ખોના હૈયાને હલાવી મૂકે છે. આપણે એવી આશા રાખીશું કે એ આપણી વચ્ચે આવે અને આપણા રાષ્ટ્રપતિ કહે છે તેમ ફરીને આપણને દોરે ?

મહાસભા વિરાટને ખોળે મળી હતી. ઉપર ખુલ્લું આસમાન હતું. આજુબાજુ ખેતરો હતા. હજારોનો માનવ મહાસાગર હિલોળા લેતો હતો અને આપણી સ્વતંત્રતાની મૂર્તિને અનેક શિલ્પીઓ સાથે મળીને ઘડી રહ્યા હતા. એ દશ્ય અદ્ભુત, પ્રેરણામય અને પાવનકારી હતું.

●

અગ્નિસંસ્કાર

[અંજની]

અન્તર રાતદિવા ભ ડ ભ ડ તી,
રૂધિર કણેકણ ધીક ધગધગતી,
અણુઅણુ સકલ વિકલ તનુ જલતી
શમશે આગ કદા ?

ઉગ્ર, નિબિડ, નિઃશબ્દ ધખારા,
ત પ ત પ તા, લોહિત અ ગારા,
દગ્ધ, સુકા, નિર્જન રણક્યારા
સિંચાશે જ કદા ?

ભરખી ભર ! જીવ સહસ્ર તણુખે,
ચણચણચણ ઉરહુતાશ ડંખે;
'જલજલ' જીવ ઝંખે ને ઝંખે;
ક્યાં છે જલધારા ?

ક્યાં જાઉં, ક્યાં લગી મુંઝાઉં ?
આન્તર અગન કહીંક બુઝાવું ?
નહિ, નહિ, રહ્યુંસહ્યું સર્વ દઝાવું,
ઓ સરજનહારા !

શિરીષ શેલત

●

અવલોકનો

મહાવીર સ્વામીનો સંયમધર્મ: સંપાદક: ગોપાલદાસ જીવાભાઈ પટેલ. પ્રાપ્તિસ્થાન: નવજીવન કાર્યાલય અમદાવાદ પૃષ્ટ ૧૬+૨૬૨ મૂલ્ય રૂા. ૧-૦-૦

જૈન આગમના 'સૂત્રકૃતાંગ' નામના ગ્રંથનો આ છાયાનુવાદ છે. બે ખંડમાં પુસ્તક લખાયું છે.

'જીવનાં બંધનનું કારણ જાણી તેને દૂર કરવું જોઈએ' એ વાક્યથી શરૂ થતાં પુસ્તકમાં સરળ અને મનોહર શૈલીએ સંયમધર્મ સમજાવવામાં આવ્યો છે. પુસ્તક જૈન દર્શનનું છે પણ સંયમમાં પ્રયત્નશીલ કોઈ પણ મુમુક્ષુને ઉપયોગી થાય એમ છે. મહાવીરના સમયમાં જ સ્વછંદને ધર્મ માનનારા, સુખોપભોગને જ જીવનનો હેતુ માનનારા પ્રખર બુદ્ધિશાળી પુરુષો પોતાના ગ્રંથો રચી પોતાના વાદનો પ્રચાર કરતા હતા એ આ પુસ્તકમાં ઠેર ઠેર માલુમ પડે છે. એ બધા વાદોની દલીલોના સચોટ જવાબ આપી સંયમધર્મનો મહિમા આમાં બતાવવામાં આવ્યો છે. જેને ધર્મ નામ માટે સૂગ પેદા ન થઈ હોય અને જે જીવનની અને સમાજની રક્ષા માટે સંયમ આવશ્યક છે એમ માનતા હોય તે કોઈ પણ ધર્મ કે કોમના આત્માર્થીને આ પુસ્તકમાંથી ઘણું મળશે.

શ્રી. આનંદશંકર ધ્રુવે પ્રસ્તાવના લખી આ પુસ્તક માત્ર જૈનો માટે જ નથી અને બ્રાહ્મણધર્મ ને જૈનધર્મ તાત્વિક રીતે વિરોધી હોઈ જ ન શકે એમ બતાવ્યું છે.

મહાવીર સ્વામીનો આચારધર્મ: સંપાદક–પ્રકાશક ઉપર પ્રમાણે પૃષ્ટ ૨૦+૨૦૮ મૂલ્ય ૦–૧૨–૦

જૈન આગમના 'આચારાંગ' નામનાં ગ્રંથનો છાયાનુવાદ છે. આ પુસ્તક પણ બે ખંડમાં છે. બીજા ખંડમાં સાધુ સાધ્વીના આચારોને અંગે વ્યવહારિક સૂચનો છે. પ્રથમ ખંડ વાંચતા તો એમ જ લાગે છે કે આપણી પાસે બેસીને કોઈ પ્રેમપૂર્વક સમજાવતું ન હોય ! વાક્યોના વાક્યો અહીં મૂકી દેવાની ઇચ્છા થઈ આવે એવું છે. જૈન-દર્શનના પુસ્તકો વિષે મારાં અલ્પ વાંચનમાં મારા મન ઉપર એવી છાપ પડી છે કે એમાં બિનાશ બહુ ઓછી હોય છે. આ પુસ્તકના

પ્રથમ ખંડમાં મને એ અભિલાષ મળી, ઉપનિષદ્ અને ગીતાના વચનો યાદ આવે એવુ તો આમાં ઘણુ છે જેને ધર્મજીવનમા રસ હશે તે તો આ પુસ્તકની ભાષા, શૈલી અને વસ્તુને કોઇ મધુરરસનુ આસ્વાદન કરતો હોય એમ જોઇ શકશે 'મનુષ્યે અન્ય પ્રાણીઓની બાબતમાં બેદરકાર ન રહેવુ' એ વાક્ય પુસ્તકનુ મધ્યબિંદુ છે એ સમજાવવા માટે દલીલો મૂકી છે પણ એ દલીલો નથી લાગતી આપણુ કોઇ પ્રિયજન–પૂજ્યજન વાંસે હાથ ફેરવતુ આપણા કાનમાં અમૃત રેડી આપણા અંતરને જાગૃત કરતુ હોયને !– એવુ લાગે છે જેને આવા પુસ્તકમા રસ હોય તે ઓછામા ઓછા પ્રથમ ખંડના ૮૦ પાનાં તો જરૂર વાંચી જાય મો.

મનન અને મન્તવ્યો લે પ્ર રતનલાલ વિ ખાડવાલા સુરત કિંમત આઠ આના

આ પુસ્તકની ઉપયોગીતા અને આકર્ષણ કેટલુ છે તે સમજવા એક પ્રસંગ રજુ કરવો ઠીક લાગે છે અવલોકન માટે હુ પુસ્તક વાચવા લાવ્યો હતો, હજુ વાચ્યુ નહોતુ, અને મારા એક મિત્રના હાથમા એ આવ્યુ એઓ વાચવા લાગ્યા એક પછી એક પ્રકરણ વાચતા જ ગયા પછી એમણે મને કહ્યુ, આ રહ્યા આ પુસ્તકના પૈસા તમને પુસ્તક પાછુ નહિ મળે મે કહ્યુ પણ એ વેચવા માટે નથી આવ્યુ મને એ વાચી રહેવા દો અને પછી તમે વાચજો પણ એમણે તો જીદ પકડી અને 'બીજુ ખરીદી લેજો પણ આ નકલ તો મારી જ થઇ સમજો' અમારા શહેરમા આવી વેચવા માટે નકલો જ નથી આવી છતા મિત્ર તો પૈસા ફેંકી ભાગી જ જવા લાગ્યા ખૂબ વીનવણીઓ પછી મને પુસ્તક પાછુ મળ્યુ

આ પુસ્તકમા સમાજ, અર્થ, રાજકારણ અને કેળવણી તેમજ અન્ય ઘણા નવા અને જુના વિષયો પર મનન કરવામાં આવ્યુ છે, ઘણા ઉપર મન્તવ્યો વ્યકત કરવામા આવ્યા છે ઘણા વિષયો જુના છે છતા તે પ્રકરણ પણ આપણી પાસે વિચારો કરાવે છે

શૈલી તો એટલી સાદી અને સીધી છે કે કુંડિયામણ જેવો વિષય કે જેની સમજ મેળવવા મે કેટલો પ્રયત્ન કરેલો છતા પૂરો નહિ સમજાએલો તે આમાં તે પ્રકરણના એક વારના ઝડપી વાચન પરથી સમજાઇ જાય તેવી રીતે સમજાવ્યો છે

લખક ખાનદાન અને પૈસાદાર કુટુંબના નસીબ હોવા છતા આમ જનતા અને નીચલા થર વિષે બરાબર અભ્યાસ ધરાવતા જણાય છે નીચલા થર વિષે કેવળ હમદર્દી નહિ પરતુ અવ્યવસ્થિત સમજમાથી ઉભી થએલી શાહુકારોની સરજામા પોતે હોવાની એમને શરમ જણાતી હોય તેવુ દેખાય છે અને એટલે જ જ્યા ત્યાં પૈસાદારોની ફરજોનુ ભાન કરાવે છે કોઅમના દુશ્મને માન આપવામાં પૈસાદારોની પીછે હઠ એઓ સહન નથી કરી શકતા તે આ પાનાઓમાથી વાચવા મળે છે

દરેકે દરેક કંડિકા ઉપયોગી છે દળ ખાતર કે લંબાણ ખાતર એક પણ વાક્ય નથી લખાયુ, વિશાળ અભ્યાસથી સભર એના આંકડાઓ અને ઉદ્દરણો છે, આવુ આ (૩૨૫) પાનાનુ પુસ્તક આઠ આનામા મળે છે એની છપાઇ એના પાના એની બાંધણી અને ઉઠાવ બતાવે છે કે પુસ્તક પાણીને મૂલે વેચાય છે

સુખમની (શીખગુરુ અર્જુનદેવ કૃત) અનુવાદક મગનભાઇ પ્રભુદાસ દેસાઇ પ્રકાશક નવજીવન પ્રકાશન મંદિર કિંમત બારઆના

સત્ય એ દરેક ધર્મનુ સમાન તત્ત્વ છે દરેક મહાપુરુષનુ વેણ જનહિતને અનુલક્ષીને હોય છે એટલે જ તો દરેક ધર્મમાથી રહસ્યો

શોધી શોધી ને તે ધર્મના સંસ્થાપકોનાં વચનામૃતો પીવાની આપણને ઇચ્છા રહે છે.

શીખધર્મ દરેક ધર્મથી કંઇ જુદી જ વિશિષ્ટતાઓ ધરાવે છે. એના મંદિરમાં કોઈ દેવની કે ગુરુની અથવા કોઇ પ્રતીકની પૂજા નથી થતી પરંતુ પ્રથમ ગુરુ શ્રી નાનક પછી થએલા ગુરુઓ તથા ભક્તોના વાણી પ્રસાદમાંથી નીતારીને નાનકદેવના નામે એ બધું પાંચમા ગુરુ અર્જુનદેવે એક ગ્રંથમાં સંગ્રહ્યું અને તેની પૂજા કરવાનું ફરમાન થયું. આમ કરવા જતાં ગુરુ અર્જુનદેવને શી શી યાતનાઓ ભોગવવી પડી તે બધું 'સુખમની' માં સફળ અને વહેતી ભાષામાં ચીતરાયું છે.

ઉપરોક્ત ગ્રંથસાહેબના એક ભાગ રૂપ કાવ્ય 'નામ મહિમા' ની પદ્યાનુબંધ રચનાનું નામ 'સુખમની' છે. એના કવતનો રસ લેવાની તક મળે એ સદ્‌ભાગ્યની નિશાની છે; જો કે આ ગૂજરાતી અનુવાદ સફળતાએ પહોંચ્યો જણાતો નથી. એનું કારણ એમ પણ હોય કે જેમ નરસિંહ મહેતાનાં અન્ય ભાષામાં સારામાં સારી રીતે ઉતરેલાં ભજનો પણ ગૂજરાતીમાં મળે છે તેવી મજા નથી આપી શકતાં તેમ આનું ય હોય.

રોકિયું: લે. ચંદ્રભાઇ કા. ભટ્ટ. પ્ર. 'ચાલો પલટીએ' ગ્રંથમાળા, એલીસબ્રીજ, અમદાવાદ. કિંમત દસ આના.

. ચંદ્રભાઇ કા. ભટ્ટનાં આગલાં પુસ્તકોમાં જે ? ι: લી ધીરગંભીર શિક્ષણ પ્રવાહ હતો તે આમાં નથી. આમાં ચાર વાર્તાઓ છે. સમાજવાદના પ્રચાર અર્થે વાર્તાઓની ગૂંથણી થઇ છે છતાં "પ્રેમનો ભ્રમ" એ કોટિની ન કહી શકાય. બીજી ત્રણ વાર્તાઓમાં મજુરોને આજની સામાજિક પરિસ્થિતિને કારણે રોટી માટે જે માર્ગો-જેમાંના ઘણાખરા તો 'ઘૃણાસ્પદ' છે-લેવા પડે છે તેનું ભયંકર છતાં સાચું ચિત્ર આપ્યું છે. સાથે સાથે એ પણ લાગે છે કે લેખકનો પુસ્તક લખવાનો ઇરાદો રાષ્ટ્રીય મહાસભાને ગાળો દેવાનો તો નહિ હોય? મને લાગે છે કે પ્રચારની સાચી રીત આ ન હોવી જોઇએ.

એક હતો છોકરોઃ લે. ચંદ્રભાઇ ભટ્ટ પ્ર. 'ચાલો વિચારીએ' ગ્રંથમાળા. એલીસબ્રીજ, અમદાવાદ. કિંમત ૭ આના.

ચંદ્રભાઇ ભટ્ટે આ પુસ્તક લખવાની નાહકજ તસ્દી લીધી. તેથી સમય અને નાણાંનો તો વ્યય થયો જ છે. 'રોકિયાં' માં આવી ગએલી વાર્તાઓ જેમ તેમ કરી એક દોરે ગૂંથી એક લાંબી વર્તા ઘડી કાઢી છે. પાત્રોનાં નામ જુદાં હોવા સિવાય પાત્રાલેખન કે પ્રસંગોમાં જરાયે ફેર નથી પડયો. પેરેગ્રાફો તો શું પણ વાકયો યે એ જ અને શબ્દોમાં સંજ્ઞાવાચક નામના શબ્દ સિવાય બધા એના એ જ. મહાસભાને આપવાની ગાળો પણ એ જ.

ઓતરાતી દિવાલોઃ દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર. પ્ર. નવજીવન પ્રકાશન મંદિર, પૃષ્ટ ૧૩૦, કિં. ૭ આના.

મને લાગે છે કે કાકા સાહેબનાં પુસ્તકો વાર્તાઓ કે નવલકથાઓનાં ન હોવા છતાં ઘણા માણસો તે ફરી ફરી વાંચતાં જ હશે

'ઓતરાતી દિવાલો' વાંચતાં વાચનાં હોઠ બસ મરકયા જ કરે. "બોડકું માથું" કે "નકટું નાક" વાંચવામાંથી ન પરવારતા હોય તેમણે "ઓતરાતી દિવાલો" અવશ્ય એકવાર હાથમાં લેવી. "બોડકું માથું" પછી એને વાંચતું જ નહિ ગમે.

આજ સુધીમાં આપણી ભાષામાં લેખકોએ જેલજીવન વિષે થોડાંએક પુસ્તકો લખ્યાં છે તેમાં

" જેલઓફિસની બારી " (શ્રી મેઘાણી), " અંતરની વાતો " (શ્રી સોપાન) " ઇન્સાન મીટા દુંગા " (શ્રી શ્રીધરાણી) " જીવતાં કબ્રસ્તાન " (શ્રી દર્શક) અને એ ઉપરાંત પણ બીજાં પુસ્તકો જેલ જીવન ઉપર લખાયાં છે, પણ આ તો અનોખું જ છે જેલ જેવા સ્થળે પણ કેદીઓ કેવા મધુર આનંદમાં દિવસો વીતાવી શકે તેનું સુંદર બયાન તાદસ્ય પણે આપણી નજર સમક્ષ તરી રહે છે જો કે અહીં સામાન્ય દૃષ્ટિને તો તલવારનો ચકચકાટ જ દેખાશે પણ એ ચકચકાટ પાછળ જે કાતીલ ધાર રહેલી છે તે કદાચ નહિ દેખાય જેલ જીવનનું મનશ્ચિત્ર ખૂબ સુંદર છે પણ એની પાછળ જે ભયંકર અમાનુષિકતા રહેલી છે તેની પીછાન બહુ ઓછાને ગમશે

અને પ્રચારસાહિત્ય લખવા બેસનારાઓએ તો કાકા સાહેબના લખાણોનો (આ પુસ્તકનો તો ખરો જ) અભ્યાસ કરી લેવો જરૂરી છે આજના આપણા રાજ્યતંત્ર અને સમાજ ઉપરના વેધક મર્મકટાક્ષો વાચકને સહેજે એ તંત્ર ઉપર ઘૃણા ઉપજાવી દે

અને કાકા સાહેબ એટલે ભાષાની કે વ્યાકરણની ભૂલ હોય જ શાની ?

ઘા

અખિલ ત્રિવેણી લે ગિરીશ મ ભટ્ટ પ્રકાશક શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર ભાવનગર પ્ર ૧૮૦ કિંમત બાર આના

ટુંકી વાર્તાનો આ જમાનો છે એમ કહીએ તો ચાલે અને એ પ્રદેશે હરકોઇ લેખકને આકર્ષેલ છે પ્રસ્તુત સંગ્રહની અંદર પંદર ટુંકી વાર્તાઓ છે ટુંકી વાર્તાઓના વસ્તુને માટે દૂર જવું નથી પડતું, એની આ સંગ્રહ સાક્ષી પૂરે છે આપણા રોજીંદા સામાજીક જીવનમાં અનેક પ્રસંગો અનેક બનાવોમાંથી સૂચન શોધનારને જોઇએ તેટલા મળી આવે છે, અલબત્ત લેખકમાં એ મહત્ત્વ કરવા જેટલી અવલોકનશક્તિ હોવી જોઇએ

શાંત રીતે વહી જતી શૈલી એ આ પુસ્તકનું મુખ્ય અંગ છે દરેક વાર્તામાં એના લેખકને માનવ માનસના સૂક્ષ્મ પ્રકારને આલેખવાના પ્રસંગો મળી આવે છે એ આપણી પાસે આપણા સમાજમાં વ્યાપી રહેલી જીવનની કટુતા અને થોડી ઘણી મધુરતાની રજુઆત સુંદર રીતે કરે છે એ રીતે એમણે પ્રાપ્ત કરેલી સફળતા ભવિષ્યના એક અચ્છા અને સફળ વાર્તાનવેશ તરીકેની આગાહી આપે છે

રશ્મિ લે રસિકલાલ જોષી પ્રકાશક જીવણલાલ અમરશી મહેતા અમદાવાદ કિંમત રૂા અઢી

આપણે ત્યાં નવનકથાઓ બહુ ઓછી લખાય છે અને તેમાંયે શ્રેષ્ઠ પ્રકારની તો ગણી ગાંઠી જ એટલા જ માટે આપણા નવનકથા કારોમાં મુખ્યત્વે બે જ લેખકની ગણત્રી થાય છે એ વાતની યથાયતા પુરવાર કરતી હોય તેમ આ નવનકથા આપણા સાહિત્યમાં ઉમેરો કરે છે એની જા ખમા એ ઇનામી હરિફાઇમાં શ્રેષ્ઠ તરીકે જણાવાઇ છે પોતે રમન પોતાના માટે એમ કહે છે કે ' તે હમેશા કલાસમાં પહેલે નંબરે પાસ થતો, પરંતુ એના પિતા એને પૂછતા કે પહેલે નંબરે તો ઠીક પણ સોમાંથી કેટલા ટકા ઓછા માર્ક મળ્યા કમ નશીબે સોથી ઓછા મળ્યા હોય તો મારે ઠપકો સાંભળવો પડતો ' કલાસમાં બધા છોકરાઓ ઠોઠ હોય તો તેમાં તું પહેલો નંબર આવે તેમાં તે શું હોંશિયારી દાખવી હોશિયાર તો ત્યારે કહેવા કે સોએ સો ટકા માર્ક મેળવે ' અને મારી અત્યારની સફળતામાં કોઇએ મને મેં ટામાં મોટી મદદ કરી હોય તો એ પિતાજીના શબ્દે

'સોએ સો ટકા માર્ક મેળવ ત્યારે જ ખરો હોંશિયાર.'

આ શબ્દો અહીં યાદ કરવાનું કારણ માત્ર એની જાહેરાત. જો આ જ નવલકથા સર્વથી શ્રેષ્ઠ ગણાઇ તો પછી અન્ય કથાઓ કેવી લખાઇ હશે! આ બધા પછીયે વધુ વિચારજન્ય વાત તો એ છે કે એક ઉગતા લેખકની પહેલી જ નવલકથા આવી રીતે શ્રેષ્ઠ બની એ લેખકના વિકાસમાં કેટલો જબ્બર અવરોધનું કારણ બની હશે એનો એના પ્રકાશકોને કદાચ ખ્યાલ પણ નહિ હોય. ગુણદર્શનના અમે વિરોધી નથી, જો એ એની મર્યાદામાં રહીને થાય તો કાંઇ સારું પરિણામ આવે. બાકી તો એ નુકશાન કરે છે:

સાદી શૈલીએ લખાયેલી આ નવલિકામાં નવયુગના કેટલાંક તત્વો છૂટથી વેરાએલા માલુમ પડશે. વસ્તુસંકલનામાં એટલું બધું ધ્યાન ન અપાયા છતાં, એના સફળ નિરૂપણને અંગે અંત સુધી વાંચી જવાની ઉત્કંઠાને જાગ્રત રાખે છે. અને એમાં જ એના લેખકનો વિજય છે. લેખકનો પહેલો જ પ્રયાસ હોઇ, અમુક કચાશ સ્વાભાવિક છે, પરંતુ 'શ્રેષ્ઠ નવલકથા'ના લેખક તરીકેની મળેલ ખ્યાતીથી યોગ્ય અભ્યાસિતા અને જાગ્રતિ નહિ ભૂલે, તો ગણ્યાં ગાંઠયા આપણા નવલકથાકારો વચ્ચે પોતાનું સ્થાન ભવિષ્યમાં અવશ્ય જમાવશે જ એમ અમારું માનવું છે.

મૂ૰

જે જે લેખક મિત્રોએ અને પ્રકાશન સંસ્થાઓએ પોત પોતાના પુસ્તકો 'ઊર્મિ'માં અવલોકનાર્થે મોકલ્યાં છે તે સૌના અવલોકનો વહેલી તકે ઊર્મિમાં આવે એવી ગોઠવણ થઈ ગઈ છે. અને હવે પછી પણ જે પુસ્તકો આવશે તે સૌનું અવલોકન બનતી ત્વરાએ આવશે.

સં. ઊર્મિ

ગયે મહિને

—ઇગ્લાંડ ઓસ્ટ્રેલીયાની પ્રથમ ટેસ્ટ મેચમાં આસ્ટ્રેલીઆનો સખત પરાજય થયો.

—સિલોન સરકારે ત્યાંની પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકો માટે શાળાના સમયમાં ચોકખો ખોરાક આપવા રૂા. દસ લાખ ખર્ચવા ઠરાવ્યું.

—કોંગ્રેસના પ્રથમ દિવસનાં પ્રભાતે સળગતી જ્યોત ને રાષ્ટ્રીયધ્વજ પહોચતાં કરવા દિલ્હીથી તથા મુંબઇથી બે ટુકડીઓ પગે ચાલીને ફૈઝપુર પહોંચી.

—યુગોસ્લોવીયામાં આંતરરાષ્ટ્રીય મહિલા સંમેલન મળ્યું. ગુજરાતી મહિલા શ્રી તારાબ્હેન માણેકલાલ પ્રેમચંદ મંડળના ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા.

—બંગાળ નાગપુર રેલ્વે પર ૬૦ હજાર કામદારો હડતાળ પર ગયા

—લખનૌમાં લીબરલોનું ૧૮ મું સંમેલન સર કાવસજી જહાંગીરના પ્રમુખપદે ભરાયું

—ખાનસાહેબ અબ્દુલ ગફારખાનને સરહદમા દાખલ નહિ થવાનો મનાઇહુકમ ફૈઝપુર કોંગ્રેસમા પહોંચતો કરી તેની મુદત ૧૯૩૭ નવેંબરની ૨૯ મી તારીખ સુધીની લંબાવાઇ

—ઇંગ્લાંડના કોન્ઝર્વેટીવોએ વિશ્વશાંતિ માટે જાહેરાત કરી કે રાષ્ટ્રસંઘના કોવેનન્ટના કોઈ-પણ જાતના સુધારામાં વિઘ્ન અટકાવવા માટે સામુદાયિક સલામતીની શરતને મજબુત બનાવવી જોઇએ.

—હિન્દનાં મોટાં મોટાં શહેરોમાં નવા વર્ષનાં શુભ મંદિશાની લશ્કરી પેરેડ થઇ.

—અમેરીકાથી ૨૦ વર્ષનો દેશવટો ભોગવી ૪૪ વર્ષની ઉંમરે પાછા ફરતા શ્રી સૈલેન્દ્ર ઘોષ કરાચીમાં આવ્યા. એમણે એક મુલાકાતમાં જણાવ્યું કે મેં એક સજ્જન તરીકે સરકારને, હિંસાવાદી તથા વિપ્લવવાદી પ્રવૃત્તિઓમાં નહીં જોડાવાનો કોલ આપ્યો છે હું રાજદ્વારી જીવનમાં જોડાવા માગું છું. મારૂં-કામ દેશની આર્થિક સ્થિતિ સુધારવાનું ને નિરક્ષરતા ટાળવાનું છે.

—રેવાના મહારાજા સાહેબે ખાસ ગેઝેટ દ્વારા હિન્દુ વિધવાને હરેક પ્રકારના બંધનો તોડી લગ્ન કરવાની કાયદેસર છૂટ આપી

—જાપાન અને આસ્ટ્રેલીયા વચ્ચે નવા વેપારી કરારની મુદત ૧૮ માસની થઇ.

—સ્વીડનના રાજાએ ગ્રેટા ગાર્બોને સાહિત્ય અને કળાને લગતા કાર્યને માટે સૌથી ઉંચામાં ઉંચો સ્વીડીશ મેડલ લીટેરીસ એટ આર્ટીબસ આપ્યો

—કરાચી ખાતે અખિલ હિન્દ તબીબી પરિષદ ડૉ. બી એમ ભામના પ્રમુખપદે મળી એમાં જણાવવામાં આવ્યું કે ભવિષ્યમાં તબીબોનું કામ હવે લાખો ગામડીઆઓની સેવા કરવામાં જવાનું છે એમનું ભાવી ત્યાંજ અજમાવવું પડશે.

—નિઝામ રાજ્યમાં હરિજનોને શિક્ષણ આપવા માટે ચાલુ નિશાળો ઉપરાંત બીજી સો વધુ શાળાએ ખોલવામાં આવનાર છે. તેની પાછળ ત્રણ લાખ રૂા ખર્ચવામાં આવશે.

—મદ્રાસ ખાતે અખિલ હિન્દ ફિલ્મ પરિષદ્ સાગર ફિલ્મ કંપનીના માલીક શ્રી ચીમનલાલ લુહારના પ્રમુખપદે ભરાઈ. હિન્દને. ઝાંખપ લગાડનારી પરદેશી ફિલ્મો સામે સખ્ત વિરોધ અને ફિલ્મોને કેળવણીનાં અંગ તરીકે સ્વીકારવાને પ્રાંતીક સરકારને વિનંતિના ઠરાવો થયા.

—ફૈઝપુર મહાસભાની પૂર્ણાહુતી, મહાસભાના પ્રમુખપદેથી પં. જવાહરલાલે આઝાદીની લડતમાં આમવર્ગનો સંપર્ક સાધવાની હિમાયત કરી.

—કુલ અઢી લાખ માણસોએ તિલકનગરની મુલાકાત લીધી.

—મહાસભાના સપ્તાહ દરમ્યાન તિલકનગરની ઓફીસમાંથી કુલ પચાસ લાખ શબ્દો મોકલવામાં આવ્યા.

—ફૈઝપુરમાં અખિલ હિંદ કિસાન મહાસભા મળી. ખેડુતના કરજની સંપૂર્ણ માફી. હાલની જમીન મહેસુલ પદ્ધતીનો સર્વાંગી ત્યાગ વગેરે ઠરાવો થયા.

—મુંબઈમાં કોમી રમખાણને અંગે બહાર પડેલો કર્ફ્યુ ઓર્ડર ખેંચી લેવાયો.

—હિન્દ-બ્રહ્મદેશ રેડિઓ ટેલીફોન સરવીસ શરૂ થઈ.

—અખિલ હિન્દ મુસ્લિમ લીગના પ્રમુખ શ્રી જીન્નાએ ૩૦૦૦ મુસ્લીમો ને હિન્દુઓની સભાને જાહેર કર્યું કે દેશની પ્રગતિ માટે હિન્દુઓ ને મુસ્લીમોએ સંયુક્ત મોરચો રચવો જોઈએ.

—નાઝી પક્ષને હીટલરે નવાં વર્ષનો સંદેશો પાઠવતાં પોતાની સત્તા દરમ્યાન જર્મનીએ જે મેળવ્યું તેનો ઉલ્લેખ કરી કહ્યું કે માનવજાતના શત્રુસમા બોલ્શેવીઝમ સામે યુરોપીઅન સંસ્કૃતિનાં રક્ષણ માટે જર્મની કિલ્લા સમાન બનશે.

—અખિલ હિન્દ મહિલા પરિષદ્નું ૧૧મું અધિવેશન અમદાવાદમાં શ્રી માર્ગરેટ કઝીન્સના પ્રમુખ પદે ભરાયું ગ્રામસેવાનો આગ્રહ, હિન્દુસ્થાની ને રાષ્ટ્રભાષા બનાવવા, ગલીચ સાહિત્ય અને જાહેરખબરો સામે વિરોધ. સ્ત્રીઓ અને બાળકોની બેકારી ટાળવા માગણી કરતા ઠરાવો થયા.

—અમદાવાદની મીલોનો ઝઘડો ઉેવટના નિકાલ માટે શ્રી મડગાંવકરને સોંપાયો.

—ગયે વર્ષે મહાસભાના કુલ સભ્યો ૪૫૭૬૧૫ હતા. આ વર્ષે ૧૭૬૫૩૬ સભ્યો વધ્યા.

—બંગાલ સરકારે પ્રાથમિક શાળાના શિક્ષકોને તાલીમ આપવા માટે શાંતિનિકેતનમાં બે વર્ષ સુધી વ્યવસ્થા કરી છે,

જ્ઞાન

• ભાવી વિરાટ શિલ્પીઓનું માસિક •

આપે આ માસિક જોયું છે ? એમાં વિદ્યાર્થીને ઉપયોગી તેમજ બાલોપયોગી ભિન્ન ભિન્ન વિષયો પરત્વે મનનીય લેખો હશે, વાર્તા સાહિત્યની અણમોલી કૃતિઓ હશે. ઐતિહાસિક કથા, પ્રવાસવર્ણન, જીવન ચરિત્ર, સંચય વિભાગ, નાટિકા તેમજ જીવનનુ સિંચન કરાવતી અત્યારના કવિઓની કાવ્યકૃતિઓ હશે.

જાન્યુઆરી મહિનાથી એનું નવું વર્ષ શરૂ થાય છે. ત્યારથી 'કુમાર' કદનાં ચાલીસેક પાના આપવામાં આવશે. અને એ છતા લવાજમ માત્ર સ્થાનિક રૂા બે અને બહારગામ રૂા. રાા છે.

ગ્રાહક થવા માટે લખો—

જ્ઞાન કાર્યાલય, કૃષ્ણ નિવાસ, જેમ્સ ટેરેશ સ્ટ્રીટ
નાનકવાડા, કરાચી.

અંતરની વ્યથા

આ પુસ્તકમા ચાર સૈનિક કથાઓ આપવામા આવી છે. આજના જુવાનોને હરક્ષણે સહવ પાડના મથનો, પરિતાપો અને વેદનાનો યથાર્થ પરિચય આમા આલેખવામા આવ્યો છે.

થોડા વખતમાં આ પુસ્તક બહાર પડશે.

નૂતન સાહિત્ય ભંડાર
ડુન્સો હોલ
કરાચી

નૂતન સાહિત્ય ભંડાર
રમકડાં મારકેટ
અમદાવાદ

મારી જીવનકથા

જવાહરલાલ નહેરુ

ગુજરાતીમાં ઉતારનાર

મહાદેવ હરિભાઇ દેશાઈ

આ પુસ્તકને હવે વધુ કોઈ ઓળખાણની જરૂર
નથી. એની અંગ્રેજી આવૃત્તિની તો લાખો નકલો ઉપડી
ગઇ છે. અને આપણા દેશની બધીયે મુખ્ય પ્રાંતિય
ભાષાઓમાં આનો અનુવાદ બહાર પડી ગયો છે.
છેવટે ગુજરાતી ભાષામાં પણ એ થોડા દિવસ
થયા પ્રગટ થઇ ચૂકી છે.

એક હજાર ઉપરાંત પાના. ૭ સુંદર ચિત્રો પાકી બાંધણી, મનોહર જેકેટ.

કિંમત રૂ. ત્રણ

પોસ્ટેજ અલગ

મળવાનું સ્થળ

નૂતન સાહિત્ય ભંડાર :: નૂતન સાહિત્ય ભંડાર

ડેન્સો હોલ, કરાચી] [રમકડા માર્કેટ, અમદાવાદ

જ્ઞાન

• ભાવી વિશારદ શિલ્પીઓનું માસિક •

આપે આ માસિક જોયું છે ? એમાં વિદ્યાર્થીને ઉપયોગી તેમજ બાલોપયોગી ભિન્ન ભીન્ન વિષયો પરત્વે મનનીય લેખો હશે, વાર્તા સાહિત્યની અણપ્રીછેલી કૃતિઓ હશે, ઐતિહાસિક કથા, પ્રવાસવર્ણન, જીવન ચરિત્ર, સંચય વિભાગ, નાટિકા તેમજ જીવનનું સિંચન કરાવતી અત્યારના કવિઓની કાવ્યકૃતિઓ હશે.

જાન્યુઆરી મહિનાથી એનું નવું વર્ષ શરૂ થાય છે. ત્યારથી 'કુમાર' કદનાં ચાલીસેક પાના આપવામાં આવશે. અને એ છતાં લવાજમ માત્ર સ્થાનિક રૂ. બે અને બહારગામ રૂ. રા છે.

ગ્રાહક થવા માટે લખો:—

જ્ઞાન કાર્યાલય, કૃષ્ણ નિવાસ, જેમ્સ ટેરેશ સ્ટ્રીટ
નાનકવાડા, કરાચી.

અંતરની વ્યથા

આ પુસ્તકમાં ચાર સૈનિક કથાઓ આપવામાં આવી છે. આજના જુવાનોને હરક્ષણે સહવા પાડતા મંથનો, પરિતાપો અને વેદનાનો યથાર્થ પરિચય આમાં આલેખવામાં આવ્યો છે.

થોડા વખતમાં આ પુસ્તક બહાર પડશે.

નૂતન સાહિત્ય ભંડાર
હેન્સો હોલ
કરાચી

નૂતન સાહિત્ય ભંડાર
રમકડાં મારકેટ
અમદાવાદ

: સંપાદક :

ઈશ્વરલાલ મોહનલાલ દવે

વર્ષ છઠ્ઠું : અંક બીજો   ફેબ્રુઆરી ૧૯૩૭

અમારા ગ્રાહકોને

લગ્ન એક સમસ્યા

સંભવ છે કે આવું પુસ્તક આજ સુધીમાં આપે ન વાંચ્યુ હોય આ આખુ પુસ્તક પત્રો રૂપે લખાયુ છે આમા લગ્નની જેટલી બાજુ જોઈ શકાય તેટલી જોવાનો પ્રયત્ન થયો છે પુસ્તકની શરૂઆતમા લગ્નના પ્રેરક કારણોની ચર્ચા છે પરણવુ કે ન પરણવુ એ વિચારમા ઝોલા ખાતા જુવાનને આમાથી ઘણુ જાણવાનુ મળશે ન પરણવાનો આદર્શ ક્યારે રાખી શકાય અને ક્યારે પાળી શકાય તે આ પ્રકરણમાં વિસ્તારથી બતાવ્યુ છે લગ્ન એ હજારો માણસો માટે આવશ્યક મર્યાદા છે અને જીવનનુ નિરીક્ષણ કર્યા વિના ન પરણવાની ધૂન સેવનાર સમાજજીવનને કેટલો ભયરૂપ છે તે જણાવવામાં આવ્યુ છે

ત્યારપછી આજની સામાજિક સ્થિતિનો કરુણ વાસ્તવિક ચિતાર આપ્યો છે એમા દોષો વર્ણવ્યા છે એ દોષોના મૂળ શોધવાનો પ્રયત્ન કર્યો છે અને એમાથી કેમ ઉગરી શકાય તેનુ આછુ માર્ગદર્શન આપ્યુ છે

એ પછી પૃથક્કરણ કર્યું છે માણસમાં રહેલી દુર્દમ વૃત્તિને માર્ગ આપવા કે નિયમનમા રાખવા લગ્ન જરૂરી છે? મુક્તપણે એ વૃત્તિ ન સંતોષી શકાય? એ પ્રશ્નો વિચાર્યા છે અને લગ્નમર્યાદા વિના સમાજજીવનમા અવ્યવસ્થા મચી જાય એમ લેખકે બતાવ્યુ છે એ પછી સ્નેહલગ્ન, સવર્ણ, ક્રાંતિકારી લગ્ન ઇત્યાદિ નવા પ્રવાહોમા રહેલા દોષોનુ દર્શન કરાવ્યુ છે સવર્ણમા કેટલી મર્યાદા જરૂરી છે અને ક્રાંતિકારી લગ્નમાં ભયસ્થાનો કયા કયા છે તે બતાવ્યુ છે

ત્યારપછી આજના કેળવાયેલા યુવક યુવતીઓના માનસના અનેક દાખલાઓ આપીને સ્પષ્ટ ચિતાર આપ્યો છે, એના પરિણામોની કલ્પના આપી છે, અને એમા રહેલા વિચારદોષો અને આચારદોષો જણાવ્યા છે

પુસ્તકના અંત ભાગમા લગ્ન કરતા પહેલા જીવનમા કેટલી તૈયારીઓ જરૂરી છે અને બીજુ પાત્ર શોધવામાં આજની પરિસ્થિતિમા કયો માર્ગ હિતકર છે તે જણાવવાનો પ્રયત્ન કર્યો છે

લગ્ન વિષે પુષ્કળ વિચારો આપ્યા પછી પણ લેખક જણાવે છે કે લગ્ન અંતે એક સમસ્યા જ છે આપણે સૂક્ષ્મ વિચારને અંતે એને જેટલી ઉકેલી શકીશુ તેટલા આપણે સુખી થઈશુ

આ પુસ્તક ૨૨૭ પાનાનુ પાકુ બાઈન્ડિંગ કિરણોથી જેકેટવાળુ, અને છૂટક કિંમત રૂા સવા છે આ પુસ્તક અંજલિ ગ્રંથમાળાના ગ્રાહકોને ઘેર બેઠા માત્ર બાર આનામા મળી શકે એવી યોજના છે ઊર્મિના ગ્રાહકોને પણ જો આ પુસ્તક જોઈતુ હોય તો બાર આને મળી શકશે જેને જોઈતુ હોય તે બાર આનાની ટિકિટ ઊર્મિ કાર્યાલયમા અથવા નૂતન સાહિત્ય ભંડારમા મોકલી આપે

આ પુસ્તક મંગાવનાર ભાઈએ પોતાનો ગ્રાહક નંબર જણાવવો અને કોઈને એક નકલ કરતા વધુ નકલ મોકલવામા આવશે નહિ

નૂતન સાહિત્ય ભંડાર : ડેન્સો હાલ : કરાચી

અમારા ગ્રાહકોને

લગ્ન એક સમસ્યા

સંભવ છે કે આવું પુસ્તક આજ સુધીમાં

લગ્ન, મવનન ક્રાંતિકારી લગ્ન ઇત્યાદિ

પ્રવાહોમા રહેલા દોષોનુ દર્શન કરાવ્યુ છે મવનનમા કેટલી મર્યાદા જરૂરી છે અને ક્રાંતિકારી લગ્નમા ભયસ્થાનો કયા કયા છે તે

બતાવ્યુ છે

આપે

આ પુસ્તક મગાવનાર ભાઇએ પોતાનો ગ્રાહક નબર જણાવવો અને ગ્રાહકને એક નકલ કરતા વધુ નકલ મોકલવામા આવશે નહિ

નૂતન સાહિત્ય ભંડાર : ડેન્સો હાલ : કરાચી

સૌને માટે

તાકાત-તાજગીથી ભરપૂર

લિજ્જતદાર

ઝંડુ દ્રાક્ષાસવ

— વિના વિલંબે —

વાપરવા માંડો

ખાસ સ્ત્રીઓને માટે

તન્દુરસ્તી-તાકાતથી ભરપૂર

સ્ત્રીઓની નબળાઇમાં

આબાદ અસર કરનાર

ઝંડુ અશોકારિષ્ટ

પ્રદરાદિ રોગોનો

અકસીર ઇલાજ

દરેક ઘરમાં હોવો જોઇએ

મેલેરીઆને મારી હઠાવનાર

ઝંડુ મેલેરીઆ મિક્સ્ચર

ટાઢીયા તાવની રામબાણ દવા

એકવાર અજમાવી જુવો

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ લી. પો. બો. નં. ૫૫૧૩ મુંબઇ નં. ૧૪

સિંધના મોખ એજન્ટ: ડાહ્યાલાલ બ્રધર્સ. સ્વામીનારાયણ બીલ્ડીંગ, બંદર રોડ, કરાચી.

○ આયુર્વેદિક દવાઓનું સૂચીપત્ર આજેજ મંગાવો ○

ડૉ. રવિશંકર ગણેશજી અંજારીકૃત પુસ્તકો

૧૯૩૭ ના માર્ચ આખર સુધીમા ખરીદનારને નીચેની ખાસ ઘટાડેલી કિંમતે આપવામાં આવશે

	મૂળ કિંમત	ઘટાડેલી કિંમત
૧ વગર ડોકડાનો વૈદ્ય	૨–૦–૦	૦–૧૧–૦
૨ પ્રભાત પ્રાર્થનામાળા	૨–૦–૦	૦–૧૧–૦
૩ વૃદ્ધવસ્થામા તંદુરસ્તી	૧–૮–૦	૦–૮–૦
૪ વહુને શિખામણ	૧–૦–૦	૦–૫–૦
૫ આદર્શન	૧–૦–૦	
૬ હિંદના હિતનો ઉકેલ	૧–૦–૦	
૭ હઠયોગ	૧–૪૦–૦	૭–૦–૦
*૮ શતશ્લોકી		૦–૧–૦
*૯ આરોગ્ય દોહાવલી		૦–૧–૦
કુલ કિંમત રૂ		૯–૧૪–૦

*આ પુસ્તકો છુટક મળી શકશે નહિ આખા સેટમા જ અપાશે પોસ્ટેજ ખર્ચ અલગ.

નવ પુસ્તકોના આખા સેટની મૂળ કિંમત રૂ ૯–૧૪–૦ થાય છે તે રૂ ૩–૪–૦ મળશે

ઉપરનાં પુસ્તકો મુંબઇ તેમજ અમદાવાદમા નીચે જણાવેલા ઠેકાણેથી મળી શકશે પરંતુ મુંબઇમા ઘટાડેલી કિંમત ઉપર રૂપીએ ૦–૨–૬ અને અમદાવાદમા રૂપીએ ૦–૧–૬ ખર્ચ જોગ વધુ લેવાશે

વડોદરામા—પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.

મુંબઈમા—આર. આર. શેઠની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં. ૨

અમદાવાદમા—ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીરોડ-અમદાવાદ

દરેક સાર્વજનિક પુસ્તકાલયમા અને દરેક સંસ્કારી ગૃહમા ખાસ રાખવા જેવાં રૂચિકર, બોધક, ઉદ્ધારક અને મનુષ્ય જીવનને માર્ગદર્શક થાય તેવા શિષ્ટ વાચન માટે પસંદગી પામેના ઉત્તમ કોટિના પુસ્તકો —

	મૂળ કિંમત	લેવાની કિંમત
૧ શ્રી ધોંડો કેશવ કર્વેનું આત્માચરિત્ર	૩–૦–૦	૧–૮–૦
૨ વીર ગાર્ફિલ્ડ	૧–૮–૦	૧–૦–૦
૩ બૂકર ટિ વૉશિંગ્ટન	૧–૧૨–૦	૦–૦–૦
૪ કોગ્રેસ પુસ્તક ૧–૨	૧–૧૩–૦	૧–૦–૦
૪ અર્પણની પ્રતિભા (હેલન કેલરની આત્મકથા)	૦–૧૨–૦	૦–૧૨–૦
૬ જગતના સીતારા	૦–૮–૦	૦–૭–૦
૭ અમારા જીવનની કેટલીક યાદગીરીઓ	૧–૮–૦	૧–૪–૦
ગાંધીજીની આત્મકથા ભાગ ૧–૨	૧–૦–૦	૧–૦–૦

પોસ્ટેજ તથા રવાનગી ખર્ચ જુદુ

લખો —પુસ્તકાલય સ. સહકારી મંડળ લિ.
રાવપુરા-વડોદરા.

સૌને માટે

તાકાત-તાજગીથી ભરપૂર

લજ્જતદાર

ઝંડુ દ્રાક્ષાસવ

— વિના વિલંબે —

વાપરવા માંડો

ખાસ સ્ત્રીઓને માટે

તન્દુરસ્તી-તાકાતથી ભરપૂર

સ્ત્રીઓની નબળાઇમાં

આબાદ અસર કરનાર

ઝંડુ અશોકારિષ્ટ

પ્રદરાદિ રોગોનો

અકસીર ઇલાજ

દરેક ઘરમાં હોવો જોઇએ

મેલેરીઆને મારી હઠાવનાર

ઝંડુ મેલેરીઆ મિક્શ્ચર

ટાઢીયા તાવની રામબાણ દવા

એકવાર અજમાવી જુવો

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ લી. પો. બો. નં. ૫૫૧૩ મુંબઇ નં. ૧૪

સિંધના સોલ એજંટ: ડાહ્યાલાલ બ્રધર્સ. સ્વામીનારાયણ બીલ્ડીંગ, બંદર રોડ, કરાચી.

○ આયુર્વેદિક દવાઓનું સૂચીપત્ર આજેજ મંગાવો ○

ગાંડીવની કુમારમાળા

માધ્યમિક શાળાઓમાં ઈતર વાચન તથા
ઈનામ વગેરે માટે ખાસ ઉપયોગી
કુમારોને જેમ આપે ને શૂરવીર બનાવે
તેવા હેતુથી ખાસ રચાયલું વીર સાહિત્ય

૧. ગોરીલાનો પ્રેમ: આ પુસ્તક ગુજરાતી ભાષામાં એક નવું જ પાનું ખોલે છે. દોડતી દુનિયામાં થતા સાચ્ચા સાહસોની કહાણીઓ આમાં આપી છે. (૧) ગોરીલાનો પ્રેમ (૨) જીવતા સમાધી (૩) ચાંચીયા (૪) રામપુરી વાઘ! (૫) શેમોય શિકાર (૬) અજગ હિંમત! આવી તદ્દન સાચી બનેલી ને છતાં રૂંવેરૂંવા ખડાં કરનારી અદ્ભુતતાથી ભરેલી આ વાતો અપૂર્વ તાઝગીથી ભરેલી છે. અને તે વાંચતાં હૃદય થનગની ઉઠે છે. રોમરોમ પ્રાણ પ્રગટે છે. કિંમત માત્ર આઠ આના.

૨. પૂછડિયા પ્રદેશમાં: ચાર ગુજરાતી જુવાનડાને મન થઇ જાય છે કે વિર માટે કંઇ શોધ ખોળ કરવા નીકળી પડવું... અને એ ચાર મરણિયાની નીકળેલી ટોળી કંઇ કંઇ વિઘ્નો અને સંકટો વટાવીને એક નવીજ જાતની પ્રજાના અજબ પ્રદેશમાં જઇ પહોંચે છે અને ત્યા અદ્ભુત અનુભવો મેળવે છે એ રસભર કથા એટલી તો તનમનાટભરી છે, કે તમારૂં રૂવેરૂવુ ખડું થઇ જાય, અને નમેનસમાં શૂરાતન જાગે. કિ. ૦-૮-૦

૩. શિકારિકા: લે શ્રી જીવરામ જોશી, ગુજરાતી જુવાને જાતે અને કોઇની સાથે કરેલા શિકારોની સાચ્ચી કહાણીઓ, તેની પોતાની કલમમાથી ઉતારેલી આ બ્યાનો વાંચીને દરેક ગુજરાતી સ્ત્રી પુરૂષનાં રૂંવા ખડા થશે અને છાતી ગજ ગજ ફુલશે. સાથે ફોટો પણ આપેલા છે. સાપનો શિકાર, રીંછનો શિકાર, શિયાળનો શિકાર, સુવરનો શિકાર, મરઘીનો શિકાર બધી જાનસાટોની રમતો. કિં. ૦- -૦, ૦-૫-૬ની ટિકીટો જરૂર મંગાવી લ્યો.

૪-૫. ગેબી સૃષ્ટિ: બે ખંડમાં સર આર્થર કોનન ડોઇલની લખેલી વિજ્ઞાન અને સાહસના સમન્વયવાળી રંગીલી વાર્તા દરેકના ૧૦ આના બે ભાગ સાથેજ મળશે.

ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત.

ઊર્મિ માર્ચ મહિનામાં

લોકસેવાનો ધંધો	(નવલિકા)	શ્રીકાંત
સંસ્કૃતિના વહેણ	(પ્રવાસવર્ણન)	મૂળશંકર મો. ભટ્ટ
ગૃહ પ્રવેશ	(નાટિકા)	નગીનદાસ પારેખ
જલતરંગ		મોહનલાલ મહેતા
કલ્યાણમૂર્તિ	(ચાલુ નવલકથા)	સોપાન
આંતરરાષ્ટ્રિય આંદોલનો		ભાસ્કરરાવ વિદ્વાંસ
સમર્થ રામદાસ		રામનારાયણ ના. પાઠક
આપણો દેશ		છોટાલાલ માનસીંગ કામદાર

આ ઉપરાંત ઇન્દુલાલ ગાંધી, સુંદરમ્, પૂજાલાલ, મોહિનિચંદ્ર વગેરે પ્રસિદ્ધ કવિઓના કાવ્યો, અભ્યાસપૂર્ણ નોંધ, અવલોકનો અને ભાવના વગેરે આવશે.

અમારી વિનંતિ છે કે 'ઊર્મિ' ના દરેક અંકને ધ્યાનપૂર્વક જોયા વિના મૂકી ન દેશો.

- દર મહિનાની દસમી તારીખની અંદર અચૂક પ્રગટ થશે.
- ઓછામાં ઓછા ચોસઠ પાનાનું વાચન અપાશે.
- વાર્ષિક લવાજમ રૂ. ચાર : પરદેશમાં શિલિંગ દસ.

ગ્રાહક થવા માટે આજે જ લખો

ઊર્મિ કાર્યાલય : ડેન્સો હૉલ : કરાચી

પત્ની—પુત્રી—ભગિની

એમને

લગ્ન—વર્ષગાંઠ કે બીજે શુભ પ્રસંગે

શું ભેટ આપશો ?

સ્ત્રીશક્તિ ગ્રંથમાળાનાં પુસ્તકો

જે આખા ગુજરાતમાં વખણાયાં છે.
જેને સરકારે પણ મંજુર કર્યાં છે.
જે સચિત્ર અને રસિક છે,
જે ઉપયોગી અને જ્ઞાનદાયક છે.

તે—

કુલ ૬૦ પુસ્તકો બહાર પડયાં છે જે રૂા. ૨૫)માં આપવામાં આવે છે.

થોડાંક નામો

સુઘડતા અને સુંદરતા	૦-૮-૦	વીર રોઝા	૧-૦-૦
કમનસીબ સવિતા(ત્રંબ્યા)	૦-૪-૦	દેવી ચોધરાણી	૧-૮-૦
કાયદામાં સ્ત્રીઓનું સ્થાન	૦-૩-૦	રઝીયા બેગમ	૦-૩-૦
અર્ધાંગના	૦-૪-૦	માંદગી અને માવજત	૦-૪-૦
ભરત ગુંથણ	૦-૧૦-૦	પ્રતિ પ્રભુ છે	૦-૧-૦
પારસી વાનીઓ	૦-૬-૦	વાતનું વતેસર	૦-૧-૦
ઘરેણાંનો શોખ	૦-૧-૦	પારસી લગ્નગીતો	૦-૬-૦
જીવન પલટો	૦-૪-૦	સુખી ઘર	૦-૩-૦
સ્ટવનું શાસ્ત્ર	૦-૩-૦	વહેમી પતિ	૦-૩-૦

લખોઃ—

સ્ત્રીશક્તિ • કળાપીઠ • સુરત

ગુજરાત

આદ્યતંત્રી : શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી

સાહિત્ય સંસદનું મુખપત્ર

●

દરેક અંકમાં

પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ
અને રાજાધિરાજ એ નવલત્રિપુટિના
પૂર્વ સમયની શ્રી. મુનશીની
ગુજરાતની અસ્મિતાનું ભાન
કરાવતી, વેગવંતી નવલકથા

જય સોમનાથ

(દરમાસ એક હફ્તો છપાય છે)

●

શ્રી. ધનસુખલાલ મહેતા, ધૂમકેતુ, વિનોદિની નીલકંઠ, સનત્કુમાર વીણ વગેરેની
સચોટ નવલિકાઓ, એકાંકી અને દીર્ઘ ચાલુ નાટકો.

ચન્દ્રવદન મહેતા, બેટાઈ, ઉમાશંકર, મુનઃસુખલાલ, સુન્દરમ્, પૂજાલાલ,
બાદરાયણ, રમણિક અરાલવાળા વગેરે કવિઓનાં કાવ્યો.

સાહિત્ય પરિષદનાં વિવેચનપૂર્ણ વ્યાખ્યાનો

વાર્ષિક લવાજમ { હિંદમાં-પુસ્તકાલયો અને સંસદના સભ્યો માટે રૂ. ૪;
અન્ય ગ્રાહકો માટે રૂ. ૫ પરદેશમાં ૧૨ શીલીંગ }

આપને ગુજરાતીઓમાં જાહેરાત કરવી છે ?

આપનો સંદેશો પહોંચાડવાનું 'ગુજરાતને' સોંપો

કાકાસાહેબ કાલેલકરની

જ્ઞાનસમૃદ્ધિ અને અનુભવનો લાભ આપના બાળકોને આપવો છે?
તેઓશ્રી દર મહિને

"કિશોર"

માસિકના વાચકોએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર 'કિશોર' દ્વારા
આપે છે એ અમોલો લાભ આપનાં બાળકોને જરૂર આપો.

'કિશોર'ની બીજા વર્ષની વિશેષતાઓ:

(૧) હિંદુસ્તાનના સચિત્ર પ્રવાસ લેખો નવા વર્ષની શરૂઆતથી આપવા માંડયા છે.

(૨) 'ખગોળની વાતો' નામની સચિત્ર લેખમાળા આ વર્ષે શરૂ થાય છે.

(૩) 'ભૂસ્તર વિદ્યા' વિષેની ત્રણ હપ્તાની લેખમાળા અપાશે.

(૪) આખા વર્ષ દરમ્યાન પ્રકૃતિ સૌંદર્યના તથા પશુ—પક્ષીનાં ચિત્રો મોટે ભાગે આપવાની યોજના કરી છે

(૫) વર્ષ દરમ્યાન બાળકો ભજવી શકે એવી છ નાટિકાઓ અપાશે. જીવન-ચરિત્રો, ઐતિહાસિક લેખો, વૈજ્ઞાનિક લેખો, નિત્યનો આચાર, કાવ્ય પરિશીલન, જીવનની ફોરમ વગેરે તો હશે જ.

ખાસ લાભ

ચાલુ સાલના મે માસની ૩૧મી તારીખ સુધીમાં બીજા વર્ષના ગ્રાહક થનારને પહેલા વર્ષના બહાર પડી ચૂકેલા બાર અંકો અર્ધી કિંમતમાં (ફક્ત રુપિયા બેમાં) મળી શકશે

લવાજમ: હિંદમાં રૂ. ૪) પરદેશમાં રૂ. ૬)

કિશોર કાર્યાલય
પારસી અગિયારી સામે,
અમદાવાદ

કેળવણી બાળ[illegible]

કોઇ એવું સ્થાન હોય

જ્યાં બાળકેળવણીની પૂરી વ્યવસ્થા હોય.

જે શહેરી ઘોંઘાટથી દૂર કુદરત ખોળે હોય

જ્યાં શરીરસંધારણ માટે સુકી હવા, નિર્મળ પાણી ને પોષક ખોરાક હોય.

જ્યાં બાળક નાનપણથી જ ચોવીસે કલાક રહી પોતાની જ્ઞાનતૃષા છીપાવી શકતું હોય.

જ્યાં બાળકેળવણીના જાણકાર બાળકના સર્વતોમુખી વિકાસ માટે અહર્નિશ મગ્ન રહેતા હોય

જ્યાં બાળકોના વિકાસ માટે પૂરતાં સાધનો હોય.

જ્યાં બાળકને કુટુમ્બ જેવી પ્રેમની હુંફ મળતી હોય.

કોઇ આવું સ્થાન હોય

તો માબાપો

પોતાનાં બાળકોને એવા કુદરતજીવનથી તંદુરસ્ત ને ખડતલ બનાવી શકે.

'આ શું?' 'એમ કેમ?' પૂછી સદાય જ્ઞાન લેવા ઝંખતા પોતાનાં બાળકોને જ્યાં ચોવીસે કલાક બાળકેળવણીના જાણકાર શિક્ષકો બાળકોની એ ભૂખ સંતોષવા ખડે પગે હોય, ત્યાં મૂકી માબાપો સાચી કેળવણી આપી શકે.

તો માબાપો જ્યાં ખાસ બાલકેળવણીના અદ્યતન અને શાસ્ત્રીય સાધનો હોય ત્યાં પોતાનાં બાળકોને મૂકી શાસ્ત્રીય શિક્ષણનો લાભ અપાવી શકે.

તો તેથી એ બાળકો

જ્ઞાનને દવાના ડોઝ તરીકે શાળામાં પીએ છે. તેને બદલે જ્ઞાન તેમના આત્માનો સાચો ખોરાક બને.

ને તેથી એ બાળકો-

શેકસપીયર ને મેકોલે કે મીલ્ટનની બુધ્ધિનો ભાર ભરી મગજને માત્ર વખાર બનાવે છે તેને બદલે પોતે વિચાર કરતા થાય ને પરબુધ્ધિએ દોરાવાને બદલે કે બાપે પગે ઝૂલવાને બદલે પોતાની વિવેકબુધ્ધિ વિકસાવે.



શિષ્ટ સાહિત્યના તમામ પ્રકાશન માટે
એક વખત નીચેના શરનામે પુછાવો
અને તમને સંતોષ જનક માહિતી
મળી રહેશે.

નૂતન સાહિત્ય ભંડાર

રમકડા માર્કેટ : અમદાવાદ   ડેન્સો હૉલ : કરાચી.

મહાગુજરાતનું માનીતું માસિક

શારદા

વાર્ષિક લવાજમ
હિંદમાં વા. ૩-૮-૦
પરદેશ શીલીંગ ચૌદ

તંત્રી
ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા

ગુજરાતિ માસિકોમાં શારદા કઈ રીતે ભાત પાડે છે ?

'શારદા' એ એકલુ ગુજરાતી માસિક છે જે દર મહિને બે ત્રિરંગી ચિત્રો આપે છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે જે સોરઠી લોકસાહિત્યની રમઝાણ માટે સુપ્રસિદ્ધ છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે કે જેના તંત્રી અંક, નવલિકા અંક, લોકસાહિત્ય અંક અને દીપોત્સવી અંક માટે હજારો લોકો દર વખતે રાહ જુએ છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે કે જે શિષ્ટવર્ગ અને આમવર્ગના સાહિત્યનો સુમેળ સાધે છે

'શારદા' એ એકલું ગુજરાતી માસિક છે જે દર વર્ષે સોરઠી ઇતિહાસની ના[illegible] રાયચુરાકૃત નવલકથા ગ્રાહકોને ભેટ તરીકે આપે છે

'શારદા' એ એકનું ગુજરાતી માસિક છે કે જે રોજના એક પૈસામાં સાહિત્ય અને [illegible]નો રસથાળ દર માસે તમારે ત્યાં પહોંચાડે છે,

'શારદા' બાર વર્ષથી પ્રગટ થાય છે તમે એના ગ્રાહક થયા હજી જ ન થયા હો તો નીચેના કોઈપણ સ્થળે આજ ને આજ ખબર આપો એટલે 'શારદા' શરૂ થશે

તંત્રી **'શારદા'** ચોગ્વાડ (ભરીયાવાડ)

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લી. વડોદરા
આર. આર. શેઠની કંપની, બુકસેલર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨

ASVAN

The Supreme Tonic

વૃદ્ધ કે યુવાન નબળા, કે માંદલા
કોઇ પણ માણસ માટે અકસીર ગણાય છે

શક્તિની સર્વોત્તમ દવા

અ શ્વ ન

ગુમાવેલી તાકાત ઝપાટાબંધ ઉત્પન્ન કરે છે
અ ને
નવું જીવન અને ઉત્સાહ રેડે છે.
શરીરના સ્નાયુઓ અને મગજને
અજબ રીતે વિકસાવે છે.

દરેક દવાવાળાઓની દુકાને મળશે

બેંગાલ કેમીકલ વર્કસ, કલકત્તા

કરાચીના એજન્ટઃ— જે. તીરથ એન્ડ કું.
બંદર રોડ કરાચી

મુદ્રક · ધનશંકર કું. શુકલ
પ્રભાત પ્રેસ · ડેન્સો હૉલ · કરાંચી

ઊર્મિ

પ્રકાશક · સુરેશ શા. બાબરીઆ
ઊર્મિ કાર્યાલય · ડેન્સો હૉલ · કરાંચી

વર્ષ છઠું
અંક બીજો

સળંગ અંક
૬૨

અનુક્રમણિકા

પ્રેરક અતીત	શ્રી. પૂજાલાલ	૧
નીંદર મોરી	ઈન્દુલાલ ગાંધી	૩
માશીબા	મોહિનીચંદ્ર	૪
જીવનપ્રતિમા	" અનિલ "	૫
નેતરને	અજ્ઞાત	૧૩
નવીન માનસશાસ્ત્ર અને સંયમ	મૂળશંકર મો. ભટ્ટ	૧૪
કવિ	જનક	૨૦
ગૃહપ્રવેશ	નગીનદાસ પારેખ	૨૧
આંતરરાષ્ટ્રિય આંદોલનો	ભાસ્કરરાવ વિદ્વાંસ	૨૭
કલ્યાણમૂર્તિ	સોપાન	૩૬
ગુણગ્રહણ	પૂજાલાલ	૪૨
ગયે મહિને	રતિલાલ મહેતા	૪૩
ગૂમ થયેલી ગુલાબ	પતીલ	૫૧
અવલોકન	'શિરીષ' ઇ.	૫૩
સમાચાર સાર		૬૧

અમારા મુખ્ય એજન્ટોઃ—

શ્રી જમનાદાસની કું.,	પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨
નૂતન સાહિત્ય ભંડાર	રમકડાં મારકેટ, અમદાવાદ
એલ. કે. મેઘાણી	૧૪, અમરતલા સ્ટ્રીટ, કલકત્તા
પુસ્તકાલય સ. સ. મંડળ લી.	રાવપુરા, વડોદરા
ગાંડીવ લવાજમ એજન્સી	હવાડીયા ચકલો, સુરત

વાર્ષિક :::: લવાજમ :: રૂપિયા ચાર

છુટક અંકની કિંમત છ આના



* વર્ષ છઠ્ઠું *   * ફેબ્રુઆરી ૧૯૩૭ *   * અંક બીજો *

માહિતીઓનો ભંડાર હોવો કે તાર્કિક કુશળતા હોવી એ ભલેને 'બુદ્ધિ' ન કહેવાય પણ એ વિના ચાલે ખરૂં? એ વિના પાંગળા ન બની જવાય? એકલી કુશાગ્ર બુદ્ધિ શું કરી શકે? માહિતીઓનો ભંડાર એ તો બુદ્ધિએ વાપરવાનો ખજાનો છે અને તાર્કિક કુશળતા એ બુદ્ધિના શસ્ત્રાસ્ત્ર છે. એ બધું સાથે હોય તો જ શોભે ને જરૂર પડયે પ્રતિપક્ષીને વશ કરવાના કે મહાત કરવાના ઉપયોગમાં આવે.

બુદ્ધિ ભલેને શ્રદ્ધા કરતાં હીણી વસ્તુ હોય પણ એ આંખની કીકી જેવી નથી? એ વિના ડગલું પણ ભરી શકાય? અને શ્રદ્ધા ભલેને કોઇ ભેદભર્યું તત્ત્વ લાગતું હોય પણ એ વિના આપણા કાર્ય વિષે ને એના ભાવી વિષે અચલ વિશ્વાસ રાખી શકાય? મને તો થાય છે કે બુદ્ધિ વિના એક પગલું પણ ન ભરી શકાય અને શ્રદ્ધા વિના થોડુંક ચાલતાં જ થાક લાગે. એ બંનેમાંથી કોઇની અવગણના કર્યે ન ચાલે.

ધી.

પ્રેરક અતીત

પૂજાલાલ

: વસંતતિલકા :

જે સ્વર્ણ ભાવિ ગમ પ્રેરત વર્તમાન
તે ભવ્ય ભૂતની શું ફોગટ કલ્પનાઓ?
રોમાંચકારી ગત ગૌરવનાં સુગાન
ગાવાં ગણાય કંઇ પાગલ-જલ્પનાઓ!

પૃથ્વી અને પરમ ધામ પરાક્રમોએ
જે પૂર્વના પુરુષ હાથ કરી ગયેલા
શું તે પ્રભાતસ્મરણીય સદૈવ ન્હોયે?
ના કોણ ધન્ય સ્મૃતિએ ગરવા થયેલા?

આશાળ અદ્યતન! ઉજ્જવળ ભાવિપંથે
તું વાધ વેગભર રૂઢ થઇ વિમાને;
લે કિંતુ મંત્ર અપનાવી અતીતગ્રંથે
અંકાયેલા અમર અક્ષર પાન પાને.

છે ભૂત, અદ્યતન, ભાવિ ભર્યા પ્રવાહે
જાતો મહાનદ વહી અમૃતાબ્ધિગાહે.

●

નીંદર મોરી

ઇન્દુલાલ ગાંધી

કલ્પના, ક્યાં મને જાય છે દોરી?
ઊડી ગઇ હવે નીંદર મોરી!

ઇન્દ્રધનુતણા રંગ દેખી દેખી પાંપણો કરતી નૃત્ય,
સંધ્યાની કેસરવેલને હીંચકે એજ હીંચકતું સત્ય:

નથી જોવા એવા રંગ ખીલોરી
ઊડી ગઈ હવે નીંદર મોરી?

વિરાટ કેરી હથેળીએ ચાંદની આસન માંડતી રોજ,
રજનીઅંકમાં રમવા આવતી તારલિયા તણી ફોજ:

તારાઓને નથી લાવવા ચોરી
ઊડી ગઇ હવે નીંદર મોરી!

ડાળીએ ડાળીએ બાંધી રહી પેલી કોયલ ગીતના માળા,
કાનમાં આવી આવી અથડાતા આલાપ એજ રૂપાળા:

કંઠ–કિતાબને રાખજે કોરી
ઊડી ગઇ હવે નીંદર મોરી!

ફૂલમાં સુંદરતા નથી શોધવી સંઘરું કેમ સુગંધ?
ઝાડવે, ઝાડવે છો લટકાતી ભાન વિનાની વસંત:

વસંતડી! નહિ આવજે ઓરી
ઊડી ગઇ હવે નીંદર મોરી!

માશીબા[1]

મોહિનીચંદ્ર

: છન્દલેય :

શશીની જ્યોત્સ્નાની અધરમધ ધારા વરસતી,
હતી તેવી તારી રજતવરણી વાણી વહતી;

અમારી કુંજોમાં,
ગુલોની ખુશ્બોમાં, હૃદયદલમાં, ચિત્તબીણમાં,
સિંચી તેજે સ્હેજે, ઝગમગઝગાવી સ્વસ્મિતમાં
મુકે, સન્ધાને એ, નવજીવન અંકુર ફૂટતા,
અમોને હૈયે ત્યાં રસસભર રોમાંચ ઉઠતા;

અમારી સૃષ્ટિમાં,
અને સૌ દૃષ્ટિમાં, વદન તુજનું જ્યાં લસલસ્યું,
મહો ઉલ્લાસે ત્યાં અણુ અણુ બધુંયે હસી ઉઠયું;

અમારી આ નાની મધુતમ કલા મીટ ભરતી
તુંથી, ને મારાં સૌ સુખવિક્રિરતાં ગોદ પરથી;

કલા માશીબાના શબદ પ્રિયથી ગેલ કરતી
તને હંમેશાં, ને બની રહી તું એની સુપગથી;

'આજે તારી રૂપેરી અવિરત સરતી વાક્ધારા શમી શું?
સોનેરી મૌન માંહી વદન કમળને અંગવેલી નમી શું!
મૃત્યુના મંડપે શું!

ભલે ને; કિંતુ તે અમ હૃદમમાંહી સ્વનયને
પ્રતિબીજો બોયાં, અફળ નહિ થૈ એ ફળશે.
કંઇ જન્માંતે એ તરૂ બની ફળો-છાંય ધરશે,
તરસ્યાંને, ભૂખ્યાંને, જગતરણના કો પથિકને.

૧ નાની પુત્રી કલાવતી (કલા) અને તેનાં માશીબા (પાડોશમાં રહેનાર સ્વ. શ્રી. નર્મદાબહેન) ના ગાઢ સ્નેહને અંગે, શ્રી, નર્મદા બહેનના થયેલા અચાનક મૃત્યુ પ્રસંગે, તેમના તરફ હવનાગેથી કાવ્યમય અંજલિ.

જીવનપ્રતિમા

"અનિલ"

રાત્રિનો વેગ ત્વરિત ગતિએ વધતો હતો. આકાશ નિરભ્ર હતું. ચંદ્રનો રૂપેરી પ્રકાશ ધરતી પર પથરાતો હતો. અને તારકો પણ તટસ્થપણે ગંભીરતા જાળવી પોતાનું શાંત તેજ ફેલાવી રહ્યા હતા. વાતાવરણમાં મૌન વ્યાપી ગયું હતું. માત્ર ક્વચિત્ શીતલ પવનથી ઝાડ પરના પાંદડાં સૃષ્ટિની જાગૃતિના પ્રતિનિધિ બની ફરફડી ઉઠતાં હતાં.

આ સમયે એક જીર્ણ મકાનમાંથી એકધારો અવાજ આવ્યા કરતો હતો. રાત્રિનું સામ્રાજ્ય ધસારાબંધ વધવા લાગ્યું. અને પેલો અવાજ તો નિયમિત આવતો હતો. –ટક–ટક–ટક. મકાનમાં કોઇ ઘેલો પુરૂષ રહેતો હતો કે શું? નહિ તો મધ્ય રાત્રિએ નિરર્થક અવાજ કરવાથી તેને શો ફાયદો? ત્યારે શું એ ધંધાદારી માણસ હતો? ના. તે શિલ્પી હતો. તે પત્થરમાંથી પ્રતિમા રચનાર હતો. અત્યારે પણ એ પોતાના કામમાં નિમગ્ન થઇ ગયો હતો કોઇનો ય અવાજ સાંભળવાની જાણે તેને ફુરસદ ન હોય તેમ, જાણે દુનિયાની કોઇ પણ પાર્થિવ વસ્તુ પોતાના કામમાંથી તેને અટકાવી શકશે નહિ એવા આત્મ-વિશ્વાસ સાથે હાથમાં ટાંકણું લઇ તેના ઉપર પોતાની હથોડી ચલાવી રહ્યો હતો.–ટક–ટક–ટક.

અને વાતાવરણમાં તેનો પડઘો પડયો. શિલ્પીની સામે જ એક લાવણ્યવતી યુવતીની તસવીર હતી એ તસવીર પરથી પોતાના શિલ્પમાં ભાવશ્રેણી પૂરી રહ્યો હતો.

પરંતુ તસવીર પરથી આબેહુબ ભાવો પ્રતિમામાં મૂર્તિમંત કરવા માટે અપૂર્વ કલાવિધાનની આવશ્યકતા જોઇએ. એ પ્રકારનું કલાવિધાન યોજવા એ સમર્થ હતો કે નહિ એ ખબર નથી, પરંતુ એટલું તો ખરૂં કે તેણે કલાની સાધનામાં જગતની નજરે પડતા જીવનના કરતાં ય અમૂલ્ય આહુતિ અર્પણ કરી હતી. જગતના કલાકારોમાં મુકુટમણી થવાની હોંસમાં તેણે શું શું કરી નાખ્યું હતું!

તેને પોતાની શક્તિઓનો બરાબર ખ્યાલ ન હતો. તે વેળાએ એક અજાણી છોકરીએ તેના જીવનમાં સમભાવ કેળવ્યો હતો. એ

છોકરીનું નામ રોહિણી હતું. તે જો કે હતી શ્રીમંત પિતાની પુત્રી, પરંતુ તેનામાં ધનમદ જરા યે ન હતો તે હતી લાવણ્યમયી, પણ તેને પોતાના રૂપનું જરા સરખું પણ ગુમાન ન હતું દેવને કાજે મંદિરમા પૂજાના ફૂલ લઇ જતી વેળાએ તે ઘણીવાર શિલ્પીની નાનકડી ઓરડીએ આવી ઉભી રહેતી જાત જાતના કલાની છોળ ઉડાડતા અનુપમ શિલ્પનું સંગ્રહ સ્થાન એ એકીટસે નિહાળી રહેતી પોતાની કલાનું સ્થિર દષ્ટિયે આસ્વાદન કરતી બાલિકાને રોહિત ઓળખતો થયો હતો પણ તેને વાત કરવાની ભાગ્યે જ ઇચ્છા થતી પરંતુ એક દિવસ પોતાને લાગેલી પિપાસા સંતોષવા એ કામ પરથી ઊઠયો ત્યારે તેણે રોહિણીને પોતાની નજીકમા ઉભેલી જોઇ રોહિતને પહેલી જ વાર લાગ્યું કે રોહિણી અપૂર્વ વદન ધરાવતી સ્વરૂપવાન બાલિકા છે. તેણે ઉભી રહેલી છોકરીને નીચે બેસવાની સંજ્ઞા કરી રોહિણી પ્રથમ તો સંકોચ પામી પણ પેલી સંજ્ઞા જાણે તને આદેશ કરી રહી હોય તેમ તેને એ અનુસરી

'આવી સરસ કૃતિઓ તમે બનાવી શકો છો ?' રોહિણીએ પહેલી જ વાર ઉચ્ચારણ કર્યું

'એમ ? તમને એ બધી ગમી ?'

'હા તો સુંદર વસ્તુ કોને પ્રિય ન લાગે ?'

શિલ્પીએ હાસ્ય કર્યું તેના હાસ્યમાં અવિશ્વાસ અને નિરાશા જણાયા

'તમને કદાચ ખબર હશે કે આ પહેલી તારીખે શિલ્પકલાપ્રદર્શન ભરાવાનું છે'

શિલ્પી બાલિકાના કથનમા રહેલો આશય સમજ્યો અને એણે જવાબ આપ્યો 'હા પણ મારાથી એ બની શકે એમ નથી મારાથી એ કદાપી બનવાનું નથી.'

'ત્યારે શું તમે પ્રદર્શનમા તમારી પ્રતિમા નહિ મોકલો ?'

'ના' કહી શિલ્પીએ દીર્ઘ નિશ્વાસ મૂક્યો

'શા માટે? તમને તમારી પ્રસિદ્ધિનો મોહ જરાયે નથી ?'

'પ્રસિદ્ધિ ? પ્રસિદ્ધિનો આધાર તો કલા ઉપર છે'

'એટલે તમારી પાસે કોઇ કલામંડિત કૃતિ છે જ નહિ ?'

'ખરી વાત કહું ? મને કોઈ યોગ્ય પ્રતીક મળી આવતું નથી'

'પ્રતીક! તમને પ્રતીક ન મળે એ તો નવાઇ! કહે છે ને કે કલાકારો પ્રકૃતિમાથી પોતાનું સર્જન ઘડે છે!'

'એ વાત ખરી પણ આવી જાતના કલા-વિધાન માટે કોઇ ચોક્કસ પ્રતીક જરૂરી છે એ વગર રેખાઓ અને ભાવ ધાર્યા પ્રમાણે ઉતારી શકાય નહિ'

'તમે એની કૈં તપાસ કરી નથી ?'

'કરી તો છે પણ'

શિલ્પીએ જરા ગળું સાફ કરી આગળ ચલાવ્યું ' પણ મળી આવતું નથી એ પિડા છે ને!'

'તમારે કેવી જાતનું પ્રતીક જોઇએ ?' રોહિણીએ પૂછ્યુ

રોહિત રોહિણીને અનિમિષ નેત્રે જોઇ રહ્યો રોહિણીના હાથમાં વિકસિત ગુલાબના પુષ્પો હતા વાત કરતા એ વારે વારે ઉછાળતી હતી અને અચાનક રોહિતની આંખ નવા તેજે ચમકી ઉઠી જાણે તે ગાંડો બની ગયો હોય તેમ બબડયો, 'ફૂલમાળા! ફૂલમાળા!' અને પછી ઉમેર્યું, 'મહેરબાની કરી થોડો વખત તમે આમ જ બેસી રહેજો!' અને રોહિણીએ સંમતિ દર્શાવી રોહિણી કેટલીય વખત સુધી શિલ્પીને ત્યા બેસી રહી તે ઘેર જવા ઉઠી ત્યારે શિલ્પીએ પૂછ્યુ

'ત્યારે હવે કાલે આવશો ને ?'

'હા, હા, જરૂર. તમારી કૃતિ પ્રદર્શનમાં પ્રથમ જ આવવી જોઈએ. હો !'

અને શિલ્પીએ જીવનમાં પહેલી જ વાર સુખી હાસ્ય કર્યું.

* * *

બીજે દિવસે રોહિણી સમય થતાં બરોબર રોહિતની ઓરડીએ આવી પહોંચી ત્યારે તેના વદન પર હર્ષની છોળો ઉછળતી હતી. તેનું કલાવાન હૃદય કલાકારના ઉત્કર્ષ કાજે અધીરૂં બની ગયું હતું.

'કેમ આવી ગયાં.' રોહિત એટલું જ બોલ્યો.

'હા. આજે તો ઘેર કહીને જ આવી છું. જરા મોડું થશે તો માલતીબ્હેનને સમજાવી લઈશ.'

'તમારે બ્હેન પણ છે ?'

'હા. એ મારી એકડી બ્હેન છે. પણ એને આવો શોખ નથી. માલતીબ્હેન સંગીત સારૂં જાણે છે. હું તેને આ કૃતિ સંપૂર્ણ થશે ત્યારે જોવા બોલાવી લાવીશ. હો !'

'સારૂં, સારૂં. મારાં એવડાં ભાગ્ય ક્યાંથી ?'

પછી તે શિલ્પીના સૂચન મુજબ બેઠી. અને શિલ્પી પોતાનું ટાંકણું અને હથોડી લઈ પત્થરમાંથી કલામૂર્તિ ઉપજાવવા લાગ્યો.

આમ કેટલાક દિવસ સુધી રોહિણી નિત્યક્રમ મુજબ પ્રતીક તરીકે બેસવા આવી. પ્રતિમા પૂર્ણ થવાની તયારીમાં જ હતી પહેલી તારીખ નજીક આવવા લાગી. અને હવે પ્રદર્શનમાં પોતાની કૃતિના મૂલ્યાંકનની ચિંતા રોહિતને થવા લાગી. શું પોતાના જેવા અપ્રસિદ્ધ શિલ્પીની યોગ્ય કદર નહિ થાય ?

ચિંતામાં બેઠેલા રોહિતને એક દિવસ રોહિણીએ પ્રશ્ન કરી જાગૃત કર્યો.

'તમને આવું એકલવાયું જીવન કેમ ગમે છે ?'

'હું એનાથી ટેવાઈ ગયો છું.' રોહિતે જવાબ દીધો.

'પણ એ અવાસ્તવિક નથી લાગતું ?'

'શા માટે લાગવું જોઈએ ?'

'તમારે પ્રેરણાની જરૂર પડે કે નહિ ?'

'હા. એ સિવાય મનને મુગ્ધ બનાવે એવી કૃતિ ઉદ્ભવે જ નહિ.'

'તો મારી એક માગણી કબૂલ રાખશો ?'

'શી ?'

'હું તમારી પ્રેરણાશક્તિ બનીશ; તમારી જીવનપ્રતિમા બનીશ; મને તમારી સહધર્મચારિણી બનાવો !'

'અરે! રોહિણી! આપણો સંબંધ શું આટલી......'

'તમે ભલે તેમ ન માનો. પણ મારો નિશ્ચય અભંગ છે.'

'નહિ, નહિ, રોહિણી! મારા જીવનમાં હું તને દાખલ કરી શકીશ નહિ.'

'એટલે ? મારી શ્રીમંતાઈ બાબતમાં તમને અવિશ્વાસ ઉપજે છે ! પણ એટલું યાદ રાખજો કે હું ધનની પરવા કરતી નથી. 'સાચા સ્નેહ વગરની સાયબી મારે નથી જોઈતી.'

'આ વાત શક્ય જણાતી નથી ?'

'તમને ડર લાગે છે ? મને સમાજનો જરાયે ડર નથી. આપણે ક્યાંક ચાલી જઈશું પછી શો વાંધો ?'

અને શિલ્પી જીવનમાં પહેલી જ વાર મૂંઝવણ ભરી સ્થિતિમાં આવી ઉભો રહ્યો.

* * *

તે વરસે રોહિતને પ્રથમ પારિતોષિક મળ્યું. તેની કૃતિની સહુએ પ્રશંસા કરી પણ પોતાની

શ્રેષ્ટ કૃતિની અપ્રગટતાનો આનંદ તેને માટે નિર્માયો ન હતો. રોહિણીના સૂચન મુજબ બન્ને અન્ય ગામમાં ચાલી ગયા હતાં. રોહિણીના પિતાએ પુત્રી ગુમ થવાની વાત સાંભળી ખૂબ કલ્પાંત કર્યું. સર્વ સ્થળે તપાસ કરવામાં આવ્યા છતાંય રોહિણીનો પત્તો ન લાગ્યો. અનેક જગ્યાએ રોહિણીની ભાળ માટે પત્રો લખવામાં આવ્યા પણ રોહિણી જડી શકી નહિ. અસહ્ય માનસિક ચિંતાઓથી ઘવાયેલું પિતાનું મન સાન ભાન ખોઈ બેઠું. નવી આવી પડેલી આફતથી વૃદ્ધ શરીર એક દિવસ લથડ્યું, ને તે પણ સંસારની યાત્રા પૂરી કરી સુદૂરની મુસાફરીએ ચાલી નીકળ્યા.

રોહિણીની બેન માલતીને તેના પિતાએ સારું ઘર શોધી આપ્યું હતું. એકજ માતાની બન્ને સમવયસ્કા પુત્રીઓ હોવા છતાં તેમના સ્વભાવમાં ભારે ફેર હતો. માલતીનો સ્વભાવ ગર્વિષ્ટ હતો. અને એ સ્વભાવને ધનની અનુકૂળતાએ પોષ્યો હતો. સમરા તરફથી પણ તેને કોઈ વાતનું દુઃખ ન હતું. જ્યારે જ્યારે એ પિયેરમાં આવતી ત્યારે ઘરના સ્વામિનીની જેમ નોકર ચાકરો પર હકુમત ચલાવતી, પોતાની બ્હેન રોહિણીને પણ ધમકાવતી. રોહિણીએ પોતાની સલાહ માનવી જ જોઈએ એવી તેની માન્યતા હતી પછી એ સલાહ ગમે તે પ્રકારની હોય! પોતે વયમાં મોટી તો નહતી પરંતુ ગૃહિણીપદની મામતમાં એ રોહિણીથી પોતાને મનમાં મોટી સમજતી હતી. માલતી જ્યારે ધમકાવતી ત્યારે રોહિણી કંઈ જ જવાબ આપતી નહિ. ક્યારેક સામનો કરવા જતી ત્યારે માલતી પોતાની સલાહ નહિ માન્યાથી ભવિષ્યમાં તેને જ ભોગવવું પડશે એવા ભાવના વાક્યો સંભળાવી રોહિણીને ડારતી.

માલતીનો પતિ ચન્દ્રમોહન પ્રખ્યાત વેપારી હતો. શહેરમાં તેની પેઢીનો વ્યાપાર ધીખતો રહેતો. અનેક નોકરચાકર, રસોઈયા, અને ખુશામતિયા- ઓથી તેનું ઘર સર્વદા ભર્યું ભર્યું લાગતું. રોહિણીના પિતાએ પુત્રીની ભાળ માટે ચન્દ્રમોહનને પણ પત્ર લખી જોયો હતો. પરંતુ તેના તરફથી તેમને કંઈ વિશેષ માહિતી મળી શકી ન હતી. એટલે ઘણો સમય થઈ ગયેલો હોવાથી રોહિણીના જીવતપણા માટે પણ સૌને શંકા હતી.

આજે ચન્દ્રમોહન સિનેમા જોઈ આવ્યો હતો. રાત્રિ વધતી હતી છતાંય તેને આજે નિદ્રા પ્રસન્ન થતી નહતી. સવારે વહેલા ઉઠી પોતાની પેઢી ઉપર જવાની તેને ખાસ જરૂર હતી, તેથી માલતીને વહેલા ઉઠાડવાનું કહીને તે સૂતો હતો પરંતુ તેનું અસ્વસ્થ મન તેને સુખેથી સૂવા દે તેમ ન હતું. તેને કંઈ સમજ પડી નહિ. કેટલીય વખત સુધી એ શૂન્યદશામાં પડી રહ્યો. પણ પછી તો તેનાથી રહેવાયું નહિ.

રાત્રિની નિરવતામાં હથોડાનો એકધારો અવાજ તેને ત્રાસ આપી રહ્યો હતો.

'કયો મૂર્ખ આમ અવાજ કર્યા કરે છે!' ઓચિંતો પથારીમાં બેઠો થઈ ચન્દ્રમોહન બોલી ઉઠ્યો. જાગતી રહેલી માલતીથી હસ્યા સિવાય રહેવાયું નહિ.

'તમને તે આજે થયું છે શું?' તે બોલી.

'પણ જોને આમ અવાજ કરે છે તે!'

'પણ એમાં મને શું પૂછો છો?'

'જોને ડેલામાંથી આવે છે નહિ?'

'કોણ જાણે પણે ડેલાની પાસે પડી રહેલી ઓરડીમાં કો'ક રહેવા આવ્યું છે. ખડ ક્યાંય એ ખિલીઓ મારતો હોય તો શું કહેવાય નહિ!'

'પણ આવે વખતે! સવારે ઠોકતા એને શું થાય છે? કેવા લોક છે! સુખેથી ઉંઘવા પણ દેતા નથી!'

અવાજ નિયમિત ચાલુ રહ્યો–ઠક–ઠક–ઠક.

ચન્દ્રમોહનથી આ સહન થઈ શક્યું નહિ. તે પોતાના મકાન પરથી ઉતર્યો અને જ્યાંથી

અવાજ ઉત્પન્ન થતો હતો ત્યાં આવ્યો. તેણે ઓરડીનું બારણું ધકેલ્યું. વાસ્યા વિનાનું બારણું ઝડપથી ખુલ્લું થઈ ગયું.

તે કમાડ સુધી અંદરનું દૃશ્ય જોતો ઊભો રહ્યો. તેના કપાળ ઉપર રોષ સૂચવતી કરચલીઓ પડી. તેના નયન પરની કાળી ભમ્મરો સંકુચિત બની ગઈ. તેનું આખું મુખ તંગ બની ગયું. તેની આંખ જાણે અગ્નિ નીકળવાનો હોય તેમ સંધ્યાના રંગનો આવિર્ભાવ કરવા લાગી.

તેની સામે પીઠ ફેરવીને ગાંડા અર્ધચક્ર જેવો લાગતો યુવક પત્થરને નિરર્થક કોતરી રહેલો તે જોઈ શક્યો. ઓરડીનું વિચિત્ર વાતાવરણ અત્યારે તેને અકળાવી રહ્યું હતું. ધારીને જોતાં તેને જણાયું કે તે યુવક છબી પરથી મૂર્તિ ઘડી રહ્યો હતો. પણ ઓરડીમાં પથરાયેલી દરિદ્રતાના અવતાર સરખી સામગ્રી તરફ તેનું ધ્યાન ન હતું. એ માત્ર પેલા યુવકને જ જોઈ રહ્યો હતો. ગતિને સમયે આવો નિરુપયોગી કંટાળો સહેવા તેની લાગણી તૈયાર નહોતી. પોતે આટલા વખત સુધી ઊભો હોવા છતાંય યુવક તો કામમાં મસગુલ બની ગયો હતો! આ વખતે ચંદ્રમોહન ચિડાઈ ગયો. ક્રોધની ભયાનક ઝણઝણાટી તેના શરીરમાં પ્રવેશી. તે અચાનક આગળ ધસ્યો અને પેલી છબી ઝડપથી હાથમાં લઈ પત્થર પર પટકી.

'અત્યારે પણ જવાબ દેતો નથી! મૂર્ખ!'

ચંદ્રમોહન બબડ્યો, અને પેલા યુવકની મનોદશાનો ખ્યાલ રાખ્યા વિનાજ ગુપચુપ પોતાના મકાનમાં જઈ નિરાંતે સૂતો. જડવત્–પ્રતિમાવત્ –તે યુવક કેટલીય વાર સુધી બેસી રહ્યો અને તસવીર તૂટવાનું ભાન આવતાં એ ચમક્યો.

'રોહિણી! રોહિણી!' તે મોટે અવાજે બોલ્યો અને જમીન પર માથું ઢાળી દઈ એક નિરાધાર બાળકની જેમ રડ્યો.

આજે તેનું હૃદય બીજી વખત તૂટ્યું હતું.

રોહિતનું અસ્વસ્થ મન ચક્કર ચક્કર ફરવા લાગ્યું. તેની પત્ની રોહિણી તેને મૂકી ચાલી ગઈ હતી. ક્યાં એ ગઈ હતી, એ તે જાણતો હતો. પણ તે પોતાને મૂકી કેમ ચાલી ગઈ હતી? કલાની પૂજામાં તો એ દિવાનો હતો અને રોહિણી પણ તેની કલાની સર્વદા પ્રશંસક હતી.

રોહિણીએ કલાકારની સાથે જીવન વ્યતીત કરવાના મનસૂબા ઘડી રાખ્યા હતા. અને તેની અભિલાષા સંતોષે એવો નર તેને મળી ગયો હતો. પરંતુ તેના પરિણીત જીવનમાં તોડ કાઢી શકાય નહિ તેવી પરિસ્થિતિ રચાતી ચાલી. તેને જણાવા લાગ્યું કે કલાકાર રોહિત પોતાના કરતાં પત્થરની પ્રતિમામાં વધુ સૌંદર્ય નિહાળે છે. જીવંત હાસ્ય કરતાં કલાકારને નિર્જીવ મૂર્તિના અબોલપણામાં વધારે રસ મળતો હતો એમ તેની ખાતરી થવા માંડી.

રોહિણીને ધીમે ધીમે જણાયું કે રોહિત પોતાને ચાહતો નથી. તેણે ખૂબ વિચાર કરવા માંડ્યો. શું તેણે એવા પુરુષને સહાય આપવામાં અઘટિત કાર્ય નહોતું કર્યું? શા માટે ક્ષણિક મોહમાં વિવશ બની જઈ તે રોહિતને પરણી? તેને પોતાના સગાંસંબંધી યાદ આવ્યાં અને પિતાનો વિચાર આવતાં જ તેની બુદ્ધિ બહેર મારી ગઈ. તેને કંઈ પણ ઉપાય સૂઝ્યો નહિ. માલતીને ત્યાં જઈ પોતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવું એમ તેણે વિચાર્યું. એ વિચારની કલ્પના પણ તેને અસહ્ય લાગી. માલતી પોતાની ભૂલ પર હસશે તો! તે ચોક્કસ વિચાર કરી શકી નહિ. તેનું હૃદય વ્યથિત બન્યું હતું. ગત દિવસ આવા વિચારો કરવાથી તેનું મગજ પણ નબળું પડ્યું હતું ને તેને જોતજોતામાં જ્વર લાગુ પડ્યો. રોહિતે મૃત્યુશય્યા પર પોતાની પત્ની જોઈ અને આંખમાં આંસુ સરી ગયાં

મરતાં મરતા રોહિણીએ જાણ્યું કે રોહિતનો પ્યાર તો એવોને એવોજ હતો! અને તેની આંખો સુખમય બેભાનપણામાં મિંચાઈ

પણ રોહિતના દુઃખનો પાર રહ્યો નહિ તેણે પોતાનું ટાંકણું અને હથોડી દૂર ફેંક્યા. તે લગભગ ગાંડા જેવો બની ગયો અને તે એક દિવસ પોતાનો સરસમાન લઇ પેલા ડેલા જોડેની ઓરડીએ રહેવા આવ્યો.

રોહિતે નવુ જીવન શરૂ કર્યું હતું. પોતાની મૃત પત્નીનો એક ફોટો જે તેણે પહેલા પડાવ્યો હતો તેની સામે તે કલાકોના કલાક બેસી જોયા કરતો. જાણે કોઈ અવનવા ભાવની શોધ કરતો હોય તેમ અનિમિષ નયને તે તાકી રહેતો કવચિત્ તેની આંખ પાણીથી છલોછલ ભરાઇ જતી

પત્નીની તસવીર જોતા તેને એક વિચાર આવ્યો શું તે રોહિણીને પોતાના જીવનની પ્રતિમામા મૂર્ત કરી શકે નહિ? એ વિચારથી તે પત્નીની તસવીર સામે ગોઠવી પ્રતિમા ઘડવા બેઠો જીવનની સમગ્ર શક્તિનો વ્યય કરી એ પ્રતિમા બનાવવી જ એવી દૃઢ માન્યતાસહ તે પોતાના ટાંકણા પર હથોડી ચલાવી રહ્યો હતો પરંતુ તસવીર તે તસવીર! જીવંતપણાના ભાવના કેવી રીતે સરજાવી શકાય? છતાંય તેણે પ્રયત્ન શરૂ કર્યો પરંતુ ચંદ્રમોહનના ઘાતકી કૃત્યે તેને બીજી વેળા હૃદયવ્યથાનો અનુભવ કરાવ્યો ભાર હૈયે તેણે એ રાત વીતાવી.

મૂર્તેની કલ્પનાશક્તિને જાગૃત કરે એવુ પ્રભાત ઉઘડયુ. એ ખુશનુમા પ્રભાતમા સમીરની મંદમંદ લહરીઓમાં અવર્ણનીય આલ્હાદ અનુભવતી કોઈ લાવણ્યવતી આ ઉદ્યાનમા પુષ્પો ચુંટી રહી હતી એ ઉદ્યાન અને તેમા ઉભેલી આલીશાન ઇમારતની સ્વામિની તે હોય તેમ અપૂર્વ સ્વાસ્થ્યથી એ પોતાના કામમા ઓત-પ્રોત થયેલી હતી

સવારમા દિલ બહેલાવવા કાજે ફરવા નીકળેલો રોહિત બગીચામાં સ્ત્રીને નિહાળી ચમક્યો. તે વધુ પાસે આવ્યો, ને એકદમ ઊર્મિના આવેગમાં બોલી ઉઠ્યો. 'રોહિણી! રોહિણી!'

યુવતીએ એ ઘેલા માનવી તરફ જોયું અને પછી હસી. 'એ જ એ જ! રોહિણી! બરાબર એવું જ મધુર હાસ્ય!' બબડતો બબડતો રોહિત સુંદરીની નિકટમા આવ્યો

'કોને શોધે છે?'

'તુ રોહિણી..'

'ના, પણ એની બ્હેન છું. કેમ?'

'તારૂ નામ રોહિણી જ છે તું રોહિણી જ છુ કેમ?'

'ગાંડો!' તે મનમા બોલી, અને રોહિતને કહ્યુ, 'હુ તો એની બ્હેન માલતી છુ. રોહિણી તો બિચારી ક્યારની ય આ દુનિયામાથી ચાલી ગઇ.' આ શબ્દો બોલતા યુવતીના અવાજમાં કંપ ઉત્પન્ન થયો રોહિતે નિરાશામાં પોતાનુ મસ્તક બે હાથમા છુપાવી દીધુ

'તુ રોહિણીને ક્યાથી ઓળખે?' માલતીએ પૂછ્યુ

'ગઇ! મારી જ એ ચાલી ગઇ!'

'હા, ભાઇ હા! તારૂ નામ શુ?'

'રોહિત' અવાજમા એટલી દયામયતા હતી કે તે સાભળી માલતીનુ હૃદય અનુકંપાથી આર્દ્ર બન્યુ

'કોણ! તુ પેલો શિલ્પી તો નહિ?'

'હા'

'તમને પ્રથમ પારિતોષિક મળ્યુ હતુ નહિ?'

'ના મને તેની ખબર નથી' રોહિતે જવાબ આપ્યો

'હા. હા, હું તે જાણું છું. તમે "ફૂલવાળી" ની કૃતિ પ્રદર્શનમાં મુકી હતી ને ?'

'હતી, પણ તેનું શું થયું ?'

'મેં કહ્યું નહિ ?–તમને પહેલું ઇનામ મળ્યું હતું.'

'એમ ?' શિલ્પી આશ્ચર્ય થયો.

'હા મને પહેલેથી જ વહેમ હતો. મેં એ કૃતિ પ્રદર્શનમાં જોઇ અને મને રોહિણીના મુખસામ્યનો આભાસ થયો. તમે રોહિણીને ક્યાંથી ઓળખો ?'

'બહેન! એ મારી પત્ની હતી. એના માત-પિતાની રજા સિવાય એ મારી સાથે ચાલી આવી હતી.'

'એમ!' માલતી ચમકી ગઇ. 'એ ક્યાં છે ? ક્યાં ગઇ ?' માલતીએ આતુરતાથી પૂછ્યું.

શિલ્પીએ ખિન્ન વદને આકાશ તરફ આંગળી ચીંધી. માલતી સમજી ગઇ. શિલ્પીના મુખ પર વ્યાપેલી વેદનાની છાયા રોહિણીના મૃત્યુ કરતાંયે એને વધુ કરુણ લાગી. એ વિચારતી હતી ત્યાં જ શિલ્પીએ પૂછ્યું

'તમે તમે બેન, કોણ છો ?'

'તમે મને ન ઓળખી ?' માલતીએ દયાર્દ્ર સ્વરે કહ્યું.

શિલ્પી આંખ ખેંચીને જોવા લાગ્યો. 'હું સમજ્યો.' એનું મન સ્વસ્થ થવા લાગ્યું.

'તમે અંદર રહો છો ?' માલતીએ પૂછ્યું.

'પેલી ઓરડીમાં' કહી તેણે પોતાની ઓરડી બતાવી.

'સ્વપ્ના કરતાં આપણી ત્યાં રહેતા હો તો !'

શિલ્પીએ કૈં જવાબ આપ્યો નહિ.

અચાનક માલતીને યાદ આવ્યું કે પોતાનો પતિ ને ગઇ આ શિલ્પીના કલાકારની જ તસ્વીર તોડીને આવ્યો હતો! તેને રોહિતની સ્થિતિ પર અનુકંપા ઉપજી. ગમે તેમ પણ એ રોહિણીનો પતિ હતો. પોતે શ્રીમંતાઇના વૈભવમાં ગરીબની દુનિયા ન નિહાળવા બદલ પશ્ચાતાપ કરવા લાગી. રોહિતને એ કઇ રીતે ઉપયોગી નિવડે એમ હતી ?

'તમારે કૈં આવક તો હશે જ.'

શિલ્પીએ ફિક્કું હાસ્ય કર્યું.

'મૂર્તિઓ વેચવામાં ગુજરાન ચાલી શકે છે ?' માલતીએ ફરીથી પૂછ્યું.

'એ વાત કરવામાં કૈં સાર જ નથી.'

'હાલમાં કોઇ મૂર્તિ બનાવો છો ?'

'હા. તમે કેવી રીતે જાણ્યું ?'

'હું એમ નહિ જાણું ? પણ ભાઇ તમને ખબર નથી કે તે રાત્રે તમારી તસ્વીર કોણે તોડી નાખી હતી ?'

'ના એ કોણ હતું ?'

'એ મારા પતિ હતા... ...!' જાણે ખેદ શરમ અનુભવતી હોય તેમ માલતી બોલી અને પછી તરત ઉમેર્યું 'પણ હું તમને મદદ કરીશ હો! તમારે જે કૈં જોઇતું હોય તે માગજો ?'

'તમારો ઉપકાર' રોહિતે જવાબ આપ્યો.

'અરે એ શું બોલ્યા ? એમાં ઉપકાર શાનો ? જરૂર માગજો! હો!'

અને માથું હલાવી રોહિત ખિન્નહૃદયે ચાલ્યો ગયો.

* * *

રોહિણીનું અવસાન શિલ્પીના હૃદયમાં અકથ્ય વેદના ઉપજાવી ગયું હતું. પોતાની કલા ખાતર રોહિણીએ કેવો જવલંત ભોગ આપ્યો હતો! અને પોતે રોહિણીના અંતરને સમજી શક્યો નહિ! રોહિણી સિવાય જીવન-રથની ગતિ કેમ ચાલશે? તે દિવસે રોહિણીએ પ્રેરણાની વાત કરી હતી. રોહિતને એ વાત યાદ આવી. પ્રેરણામૂર્તિ વિના કલા સાધ્ય કરી શકાય

ભરી ? અને તેમ ન બને તો કલાકૃતિમા ભાવનાના રંગો ક્યાંથી પુરી શકાય ? કેટલાક દિવસથી એ 'જીવનપ્રતિમા' નામની મૂર્તિ બનાવવા માટે પ્રયત્ન કરી રહ્યો હતો. પરંતુ એ પ્રતિમા તૈયાર કરવામાં તેને કૈંક ન્યૂનતા જણાતી હતી એ ઉણપ કેવી રીતે પૂર્ણ કરી શકે ? રોહિતને માલતીએ દીધેલું વચન અચાનક યાદ આવ્યું. તેથી રોહિત માલતીને ત્યાં ગયો

એ વખતે માલતી હિંચકા ઉપર બેસી હળવે હળવે ઝોલા ખાતી હતી. તેનો દેહ ભરાવદાર જણાતો હતો તથા તેના વદન પર સૌંદર્યની ઝલક રહેલી હોય એવો શિલ્પીને ભાસ થયો. માલતીએ સુઘડતાથી વસ્ત્ર પરિધાન કર્યાં હતાં, ને તેમાય તેની આસમાની રંગની સાડી તેની ખૂબસુરતીમા ઓર વધારો કરી રહી હતી રોહિત આવ્યો જાણી માલતીએ હિંચકો થોભાવ્યો

'હું તમારી પાસે એક યાચના કરવા આવ્યો છું.'

'શી ?'

'હું "જીવનપ્રતિમા" નું શિલ્પ તૈયાર કરવાનો છું એ તો તમે જાણો છો ને ?'

'હા '

'એ શિલ્પમા તમે સહકાર ન આપો ?

'ખુશીથી તમે કહો તેવી રીતે કે પૈસા

'ના, ના ના મારે તેની જરૂર નથી માત્ર શિલ્પ કેમ ઉતારવુ તેના વિચાર મે કરી જોયા

'પછી શુ નક્કી કર્યું ?'

'કુ ? પ્રતીક તરીકે તમે આમેહમ-યોગ્ય —આવી રહેશો માટે તમે જો એ સ્થાન શોભા '

'સારુ સારુ હુ આવીશ હા

અને રોહિતના આનંદની સીમા ન રહી

* * *

તે દિવસથી માલતી હરરોજ શિલ્પીને ત્યા જવા લાગી કામ સમાપ્ત થવા તાવ ગો ત્યાથી ઉઠે નહિ તે વિવિધ પ્રકારની વાતો કરવા લાગે રોહિણીના મૃત્યુ વિષે એણે ધીમે ધીમે જાણી લીધુ એ વાતે એના મનમા શિલ્પી વિષે આદરયુક્ત અનુકંપા જગાવી.

માલતી કલાની શોખીન હતી. તેણે મદદ કરવા લેવા માંડ્યો હતો અને ખરેખર ! એ પ્રતિમા રોહિતની કલાને પરાકાષ્ઠાએ પહોંચાડી રહી હતી

'પ્રતિમા તૈયાર થવાની અણી પર હતી બધું જ તૈયાર થઇ ગયુ હતું એ આંખો જ બાકી રહી હતી. અને અને એ આંખોમા તો રોહિતને રોહિણીની આંખની અદ્‌ભૂત ચમક મૂકવાની હતી માલતીએ રજા લેવા માંડી ત્યારે રોહિતે કહ્યું '

'કાલનો દિવસ જ છે પછી કે કામ નહિ રહે ?' માલતી મુખ પર હાસ્ય પાથરી ચાલી ગઈ તે ઘેર આવી ત્યારે તેનો પતિ ચંદ્રમોહન આરામખુરશીમા સૂતો સૂતો સિગારેટ ફૂંકી રહ્યો હતો માલતી પોતાના પતિની પાસે આવી ઉભી રહી

'માલતી !'

હમેશથી જુદો અવાજ સાભળી માલતી ચમકી

'તેના ભિખારી કરતા બીજો કોઇ સારો '

અરે ! અરે ! તને શુ થયો છે ? એ ભિખારી નથી ?'

'ચૂપ કર ! આના ઢોંગથી હુ છેતરાતો નથી

'પણ તમને આવો નિર્દય વહેમ—'

'—વહેમ ! હુ કે જાણતો જ નથી, એમ ?' મોટી પતિવ્રતા ! દરરોજ સવારે ' માલતીનું હૈયુ જાણે પતિના એક એક બોલથી—આગ ઝાળથી દ્રવતી વતા જ્યા તેમ ક્યરાનુ હતુ

તેની કાળી ચમકતી આંખમાં અશ્રુબિંદુ ઉભરાઈ આવ્યાં. વ્હેમનાં વમળમાં સપડાયેલા પતિને તે કેવી રીતે તેની ભૂલ સમજાવી શકે ?

'તમને ખબર નથી...? એ તો આપણો...'

'એક શબ્દ પણ મારે નથી સાંભળવો.'

'પણ તમે મારૂં કહેવું તો......'

'એક શબ્દે ય નહિ! આજે આ બંગલો ખાલી કરવાનો છે અને શહેરની બહાર આપણો બંગલો છે ત્યાં જવાનું છે.'

માલતી પોતાની નિર્દોષતા સાબીત ન કરી શકી તેનું એને પારાવાર દુઃખ થયું. દયામણી આંખે એ ચંદ્રમોહન સામે જોઇ રહી.

'હું સમજુ છું. તારી આજીજીથી હું ભોળવાઈ જાઉં એમ નથી. ચાલ તૈયારી કરવા માંડ.'

અને તે દિવસે જ એ બંગલો સૂનો થયો. શિલ્પીએ માલતીની રાહ જોઇ બે દિવસ સુધી 'જીવનપ્રતિમા' પાસે બેસી રહીને રાહ જોઇ પણ માલતી ન આવી. શિલ્પી ઉઠ્યો, માલતીના બંગલા તરફ એણે નજર ફેંકી પણ બંગલામાં કોઇ નજરે ન પડ્યું. ધીમે પગલે એ બંગલા તરફ ગયો, આખોએ. બંગલો ફરી વળ્યો એને કોઇ ન જણાયું. 'માલતી પણ ગઇ?' એના ચિત્તપ્રદેશ-માં એ પ્રશ્ન વ્યાપી ગયો. ગાત્રો શિથિલ થઈ ગયાં, એ માંડ માંડ પોતાની ઓરડીમાં આવ્યો અને ચક્ષુ વિનાની જીવનપ્રતિમાને બાથ લઇ બેઠો. એનું હૃદય ભાંગી ગયું હતું. અંતરનું અમી નીતરતું હોય એમ અસ્ખલિત અશ્રુપ્રવાહ વહેતો હતો. એની 'જીવનપ્રતિમા' એનાથી ભીંજાતી હતી. બરાબર એજ વખતે ચંદ્રમોહને પોલીસના અધીકારી સાથે એ ઓર-ડામાં પ્રવેશ કર્યો અને જડ જેવા થઇ ગયેલા શિલ્પીને જીવનપ્રતિમાથી છુટો પાડી ગીરફ્તાર કરાવ્યો. પાછળથી છાપામાં સમાચાર આવ્યા કે કેસ ચાલતો હતો એ દરમ્યાન જ કાચી જેલમાં શિલ્પી ગાંડો બની ગયો હતો. ચંદ્રમોહનને એટલું દુઃખ રહી ગયું કે એ શિલ્પીને બરાબર સજા ન કરાવી શક્યો.

●

નેતરને

શાર્દૂલ

ચાળામાં પગ મૂકતાં નિત થતું તારૂં મને દર્શન,
આંખો સાવધ થઇ તને નિરખતી, વિહ્વળ થાતું મન
જોઈને તુજ સ્થાન શિક્ષક તણી સ્હામેજ સુસ્પર્શન
દીધે કંપ હશે કશો ટકરતો હું નિત્ય હે નેતર!

અજ્ઞાત

માનસશાસ્ત્રની દૃષ્ટિએ મનુષ્યના વર્તનને અને તે વર્તનની પાછળ કામ કરતાં તત્વોનો વિચાર કરવાથી આપણને આનાથી જુદુ અને નવુ જાણવાનુ મળી શકશે નવીન માનસશાસ્ત્રે એમ જોયુ છે કે મનુષ્યમાં જીવન-શક્તિ (Psychic energy, Libido) પડેલીજ છે આ જીવન-શક્તિ સદા વહનશીલ છે મનુષ્ય બાલ અવસ્થાથી તે વૃદ્ધાવસ્થા સુધી પહોંચે છે, ત્યા સુધી મનુષ્યની એક એક ક્રિયામા, વર્તનમા, વિચારમા, લાગણીઓમા આ જીવન-શક્તિ વહ્યા જ કરતી હોય છે જે ક્રિયામા ચેતન દેખાય છે તે ક્રિયામા આ જીવન-શક્તિ જ રહેલી છે

બાળક જન્મે છે, ત્યારે તે જીવન-શક્તિ લઈનેજ જન્મે છે, બાળક જેમ જેમ સમાજના સમ્પર્કમા આવતુ જાય છે તેમ તેમ તેની દરેક ક્રિયા હેતુપૂર્વકની બનતી જાય છે તે પહેલાની તેની બધી ક્રિયાઓમા હેતુ નથી હોતો છતા જીવન-શક્તિ તો વહેતીજ હોય છે અને આથીજ આપણે બાળકને હાથપગ ઉછાળતુ એકલુ હસતુ, રમતુ જોઇ શકીએ છીએ બાળક જેમ જેમ પોતાની જાતનો અને સમાજના સબધ બાધતુ જાય છે, તેમ તેમ તેના માનસમા નાની મોટી ગ્રથિઓ બધાવા લાગે છે એટલે કે તેની દરેક ક્રિયા પાછળ હેતુ ઉભો થાય છે અને એ વખતે આ જીવન-શક્તિ આ દરેક ગ્રથિમા વીજળીની જેમ Charge થવા માડે છે અને એ રીતે તે તે ગ્રથિને ગતિ આપે છે અને તેના પરિણામે મનુષ્ય વર્તન કરતો દેખાય છે

આ જીવન-શક્તિ પોતે જળની જેમ રગહીન ન આકારહીન છે ગ્રથિઓમા દાખલ થયા પછીજ તે રગ ધારણ કરે છે જેવી ગ્રથિ તેવો તેનો રગ બની જાય છે આ ગ્રથિઓનો એક એવો સ્વભાવ છે કે તે કદી છૂટતી જ નથી હા તે કોઇ વાર મજબૂત તો કોઇ વાર નબળી બને છે કોઇ વાર અદૃશ્ય થઈ જાય છે કેટલીક ગ્રથિઓ આખર સુધી નબળી જ પડી રહે છે પણ કોઇ ગ્રથિ મરતી નથી તે પડી જ રહે છે મનુષ્યના અજ્ઞાત મનમા આવી કેટલીય ગ્રથિઓ સુપ્ત અવસ્થામા પડીજ હોય છે આ સુપ્ત ગ્રથિને જાગ્રત કરે એવો કોઇ પણ પ્રસગ જ્ઞાત મન ઉપર બને છે, ત્યારે તે ગ્રથિ અજ્ઞાત મનમાથી જ્ઞાત મનમા આવે છે અને તેને આપણે સ્મૃતિ કહીએ છીએ જે ગ્રથિમા જીવન-શક્તિ વધારે પ્રમાણમા charge થઈ હોય, એટલે કે જેમા મનુષ્યની વધારેમા વધારે ઉત્કટ લાગણી હલી ઉઠી હોય તો તે ગ્રથિ મનુષ્યના વર્તન ઉપર વધારે અસર કરે છે જો તે ગ્રથિ સામાન્ય હોય તો અનુરૂપ ઉત્તેજનાથી જાગ્રત તથા જ્ઞાત થઇને પાછી સુઇ જાય છે આપણે આપણા જ જીવનમાં આવા પ્રસગોનો અનુભવ કરીએ છીએ કોઇ વાર એકાદ બનાવ જોઇ વાચી કે સાભળીને તેને અનુરૂપ એવો બાળપણનો બનાવ આપણી સમક્ષ તાદૃશ થાય છે અને આપણા મનને ઘેરી લે છે કોઇ સ્મૃતિ વારવાર મન ઉપર આવે છે કેટલીક સ્મૃતિઓ કાયમને માટે મન ઉપર અકાઇ રહે છે તેવી નજીવુ કારણ મળતાજ તે હલી ઉઠે છે અને આવી સ્મૃતિયો મોટે ભાગે મનુષ્યની બાળપણમા કોમળ છતા ઉગ્ર લાગણીઓથી ભરેલી સ્મૃતિયોજ હોય છે આ બધુ એજ બતાવે છે કે બાળપણમાથીજ બધાયેલ ગ્રથિઓમા જીવન-શક્તિ પોતાનો ઓછોવત્તો પ્રવાહ રેડ્યા જ કરે છે

અને બીજી રીતે આપણે આ જીવન-શક્તિનો વિચાર કરીએ આ જીવન-શક્તિ મનુષ્યજીવનના ધારણ-પોષણ તથા સવૃદ્ધિના મહત્વના અગોમા સૌથી વધારેમા વધારે અને પહેલી રોકાની જોઇએ નહિતો મનુષ્યજીવન આગળ વધે જ નહિ જ્યારે જગતની મનુષ્યને જ્યારે પોતાની પેટ ભરવાની તથા જગતની પશુઓથી બચતા રહેવાની પ્રાથમિક જરૂરિયાતોમા એટલી બધી મુશ્કેલી હતી કે ત્યારે તેનો જીવન-શક્તિનો બધો પ્રવાહ તેમાજ વપરાતો અને

એટલેજ તે જંગલી કહેવાતો. જ્યારે તે મુશ્કેલીઓ કુદરતના પરિચયથી ઓછી થવા લાગી, તેમ તેમ તેની જીવન-શક્તિ ફાજલ પડવા લાગી, અને તેમાંથી સાંસ્કૃતિક વિકાસનો પાયો નખાયો. કુદરતથી સમૃદ્ધ દેશમાં સંસ્કૃતિનો ઉદય વહેલો થયો છે, એ ઐતિહાસિક સત્ય પાછળ આ માનસશાસ્ત્રીય સત્ય રહેલું છે.

મનુષ્યજીવનમાં આપણે અનેક પ્રકારના ભિન્ન પ્રવાહો જોઈએ છીએ. કેટલાંય એકબીજાથી વિરોધી તત્વો એકજ જીવનમાં વહેતાં આપણે અનુભવી શકીએ છીએ. અને આ બાબતમાં આપણે બીજા પ્રાણી-જીવનથી જુદાં પડીએ છીએ પણ આપણા પ્રાચીન ધર્મશાસ્ત્રોએ આ બધા ભિન્ન ભાસતા પ્રવાહના મૂળમાં બે મુખ્ય પ્રવાહો જોયા. એક **અહંભાવ** અને બીજું **રાગદ્વેષ**. આ બન્ને પ્રવાહોની પ્રબળતા માટે ધર્મશાસ્ત્રો જેટલું કરી શક્યા છે, તેટલું તેમણે કર્યું છે. અને આશ્ચર્યની વાતતો એજ છે અત્યારનું નવીન માનસશાસ્ત્ર પણ આજ વસ્તુ રજુ કરે છે. નવીન માનસશાસ્ત્રી કહે છે કે મનુષ્યમાં ego (અહં) અને sex (જાતીયતા) આ બે પ્રધાન આવેગો છે. પણ વિરોધ તો ત્યાં જ ઉભો થાય છે કે ધર્મશાસ્ત્ર આ બન્ને આવેગોનો નકારાત્મક રીતે એટલે કે તિરસ્કારપૂર્વક વિચાર કરે છે. અને માનસશાસ્ત્ર એક વૈજ્ઞાનિક તટસ્થતાથી તેનો વિચાર કરે છે. અને આ દૃષ્ટિભેદથી જ આટલું મોટું અંતર ઉભું થવા પામ્યું છે. આપણે તો અહીં માનસશાસ્ત્રની દૃષ્ટિએ જ આનો વિચાર કરીએ છીએ, એ ખ્યાલમાં રાખવું જરૂરી છે.

અહં અને જાતીયતા, એ પ્રાણી જીવનના પાયામાં જ છે. એ ન હોય તો જીવનશાસ્ત્રની દૃષ્ટિએ વિકાસક્રમ (evolution) અટકી જ પડે. પોતાની જાતનું રક્ષણ કરવાની વૃત્તિ અને પોતાના વંશની વૃદ્ધિ કરવાની વૃત્તિ વગર પ્રાણી જગત આટલે સુધી કેમ પહોંચી શકે.

અસ્તુ. પણ મનુષ્યને આટલી બે 'અધમ' વૃત્તિઓનો બનેલો કહીને માનસશાસ્ત્ર અટકી નથી પડતું. માનસશાસ્ત્ર તો મનુષ્યજીવનની અત્યારની ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિનું પણ પૃથક્કરણ કરે છે. અને આપણે જીવન-શક્તિના પ્રવાહમાં રહેલી પ્રબળતા જોઈ શકીએ તો મનુષ્ય જીવન કેટલું ઉંચે ચડી શકે છે, અને કઈ સહેલાઈમાં સહેલી રીતે તે બની શકે છે, તેનું કંઈક દર્શન કરી શકીએ છીએ.

જીવનશક્તિ આ ઉપર કહ્યા તે બે પ્રબળ આવેગોમાં વધારેમાં વધારે રોકાઈ રહે છે. પણ આ બે આવેગો કેવળ પોતાની જાતનું સ્થૂળ રક્ષણ કરવામાં, કે સ્થૂલ રીતે પ્રજોત્પત્તિ કરવામાં જ રોકાઈ રહે છે એમ નથી. આ આવેગોમાં પણ 'સૂક્ષ્મ' બનવાનો એક સ્વભાવ રહેલો છે. સ્થૂલ ભૂખ જ્યારે સહેલાઈથી સંતોષાઈ શકે, અથવા તો સૂક્ષ્મ ભૂખ તરફ આવેગ અભિમુખ થાય, તેવી પરિસ્થિતિ તેને મળે તો તે આવેગો જરૂર 'આધ્યાત્મિક' રૂપ ધારણ કરે છે અને આપણાં જીવનમાં જેટલાં ઉમદા તત્વો આપણે જોઈએ છીએ, તે આ આવેગોનાં સંસ્કૃતિકૃત (Sublimated) સ્વરૂપોજ છે. તે સ્વરૂપો એવાં રૂપે આપણી આગળ દેખાય છે કે તેનું મૂળ સ્વરૂપ આ બે આવેગો છે, એ માનવું મુશ્કેલ થઈ પડે છે; પણ આમાંથી એક વસ્તુ તો આપણે સમજી જ લેવાની કે એ આવેગો જ આવાં 'Sublimated' સ્વરૂપો ધારણ કરે છે. આ આવેગોમાં વહેતી જીવનશક્તિ જ આ બધું કરાવે છે. એ જીવનશક્તિને આપણે મારી નહિ શકીએ. વાળી શકશું.

અને અહીં આપણે માનસશાસ્ત્રના સૌથી મહત્વના પ્રદેશમાં પ્રવેશ કરીએ છીએ. ધર્મશાસ્ત્રે અત્યાર સુધી માણસને નિષેધો જ આપ્યા કર્યા છે. માનસશાસ્ત્ર આ જીવન-શક્તિને પારખ્યા પછી મનુષ્યને વિધેયાત્મક સંદેશ આપે છે. ધર્મશાસ્ત્ર કહે છે કે આ અહં અને રાગદ્વેષને હણો.

માનસશાસ્ત્ર કહે છે કે જીવનશક્તિને આવેગોની સૂક્ષ્મ ભૂમિકા પર લઈ જાઓ સયમ શબ્દ જ નિષેધાત્મક છે મનુષ્યને ગતિ આપવા પહેલા લગામ આપવાનુ રૂઢિચુસ્ત નીતિશાસ્ત્ર કરે છે આપણી પ્રાચીન શાસ્ત્રપ્રણાલીમા 'બ્રહ્મચર્ય' એ શબ્દ મને અત્યારની માનસશાસ્ત્રની ભાષાને વધારે અનુરૂપ લાગે છે બ્રહ્મચર્યનો જે મૂળ અર્થ છે, તેનો અહીં હુ ઉલ્લેખ કરુ છુ અત્યારનો સકુચિત અર્થ હુ નથી કહેતો તેમા મનુષ્યને ગતિનો આદેશ છે અને એ ગતિના પૂરમા સયમ એ તેનુ ગૌણ આનુષગિક બની જાય છે કહો કે તેજીને જ લગામ શોભે ટારડુ હોય તેને ભુંડી લાગે લગામ ઉપર આજનો બધો ભાર એ અત્યારે નિર્વીર્યતાનુ પોષક બની ગયુ છે અને એવે વખતે સયમ' શબ્દ ઉપર અને તેની પ્રાચીન પર રચાયેલી ભાવના ઉપર તિરસ્કાર ઉભો થાય તો તેમા નવાઈ નથી આપણી બાળકોની કેળવણીની શરૂઆત જ 'Don't' થી આપણા ઘરોમા તથા નિશાળોમા કરીએ છીએ તેની પાછળ પણ એવી વિચિત્ર માન્યતા ભરાઈ ગયેલી દેખાય છે કે ઘોડો આગળ વધે ન વધે તેનુ ફીકર પણ લગામ પહેલી બાંધી લો 'Safety first

સાચી વાત તો માનસશાસ્ત્ર કરે છે કે મનુષ્ય ગતિશીલ છે તેને ગતિ આપવી જ જોઈએ તેને માટેના ગતિના સીધા માર્ગો નહીં ઉભા હોય તો તે આડા ગણાતા માર્ગે જશે જીવન-શક્તિને આડા કે સીધા માર્ગની ખબર નથી તેને તો નદીની જેમ માર્ગ જોઈએ છે જીવન-શક્તિ પામે માર્ગ રજુ કરો એવી રીતે રજુ કરો કે તેને વહેવામા સરળતા પડે બાળકેળવણીમા સ્વાતત્ર્ય અને સ્વયસ્ફુર્તિના સિદ્ધાતોની પાછળ આજ તત્વ રહેલુ છે, મનુષ્ય એ પ્રગતિશીલ છે એવા વિશ્વાસ પાછળ પણ આજ તત્વ રહેલુ છે

પણ સમાજ ખોટા વિધિ-નિષેધોને પરિણામે એટલો દબી અને સડેલો બની ગયો છે કે અત્યારના વૃદ્ધો યુવાનોને ગતિશીલ થવાનુ કહેતા અચકાય છે, અથવા તો મોઢેથી કહેવા ખાતર કહે છે, પણ અદરથી તો ગભરાય છે અને એને જ સયમ ઉપર ઘણીવાર વધારે પડતો ભાર મૂકે છે બાળકના હાથમાથી રમકડુ ઝુટવી લઈને પણ તેનાથી વધારે રસિક વસ્તુ તેના હાથમા ન મૂકો અને બાળક જ્યારે રોવા માડે ત્યારે તેને કજીયાખોર કે તોફાની કહો, તેના જેવુ જ કઈ વૃદ્ધો એને કે રૂઢિચુસ્તો કહે છે, અને એનુ પરિણામ આખો સમાજ ભોગવી રહ્યો છે એક બાજુ જીવનશક્તિનો મોટો ધોધ નિષ્ક્રિયતાના રણમા રોળાઈ રહ્યો છે, કારણકે તેની આડી વિધિનિષેધોની દિવાલ છે જ્યારે બીજી બાજુ વૃદ્ધો કળિયુગ આવ્યાની બળતરા કરી રહ્યા છે

સાચો માર્ગ એ છે કે એ ધોધને માટે નહેરો બતાવો એ નહેરોને એવા પ્રદેશોમા જ લઈ જાઓ કે જ્યા સમાજ ફળદ્રુપ બને 'સયમ' એમા સમાઈ જશે

સયમ પોતે કોઈ જીવનનુ લક્ષ્ય નથી સયમ એ તો એક ચેતનશીલ પ્રાણીના વિકાસક્રમમા ગુથાઈ ગયેલો ધર્મ છે સયમને ખાતર સયમ કરનાર એ તો સયમના પ્રયોગો કરનાર એક નટ છે અને મનુષ્યને કોઈ ઉચ્ચ ભાવનાથી પ્રેરાયેલો હશે તો સયમ ને નામે ઓળખાતી વસ્તુ તેના જીવનમા પાણીની અદર સાકરની જેમ ભળી ગઈ હશે પુષ્પમા જેમ સુગધ મળેલી છે તેમ ઉચ્ચ જીવનમા સયમ ભરેલો છે સુગધ ભર્યા પછી ફૂલ નથી બનતુ સયમ એ તો મનુષ્યજીવનનુ એક લાવણ્ય છે આ રીતે જે સયમને જુએ છે તેને સયમ દુઃસાધ્ય અથવા કષ્ટ આપનાર વસ્તુ નહિ બને પણ તે એક આનદજનક વસ્તુ બની જશે કેટલાય મહાન ચિત્રકારો શૂરવીરો સતો કવિઓના જીવનમા આપણે સયમ વણાઈ ગયેલો જોઈએ છીએ તેમણે સયમ સાધ્યા પછી આ ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરી એમ કહેવુ એ મિથ્યા

છે. કોઇ મહાન ભાવનાથી પ્રેરિત થતાં તેમના જીવનના દરેક અંશો આ ભાવનાથી અભિમુખ થવા લાગે છે, અને એક પરિણામરૂપ સંયમ' આપણને દેખાય છે.

અને આ રીતે જોઇએ તો સંયમની એક કસોટી એ પણ મૂકી શકીએ કે જો તે સંયમ માણસના જીવનમાં આનંદ, પ્રફુલ્લતા, નવો ને નવો પ્રાણ આપ્યા કરતો હોય તો જ તે સંયમ કામનો. ને સાચો. બાકી એથી જુદું કે ઊલટું હોય તો તે બનાવટી સંયમ સમજવો. સંયમ જો મનુષ્યની બધી જીવન-શક્તિ તેની સેવામાં રોકી રાખતો હોય તો તે સંયમ નથી, પણ તેનો આભાસ છે.

આવેગોનું સંસ્કૃતિકરણ થવાની (Sublimation of primary instincts) ક્રિયામાં આ સંયમનો સમાવેશ થઇ જાય છે. સંયમમાં એકાદ આનંદદાયક વસ્તુનો ત્યાગ કરવો પડે છે. પણ આ Sublimation ની ક્રિયામાં જ મન એટલો આનંદ ભોગવતું હોય છે કે આ ક્ષુદ્ર આનંદને તે પીછાંની જેમ ખેરવી નાખે છે. અને એ રીતે જ માણસ સમાજના કામમાં, બીજાને ખાતર પોતાનું સર્વસ્વ સમર્પી દેવામાં, લોકહિતાર્થે જ જીવવામાં આનંદ માણે છે. અને એ રીતે સંસ્કૃતિને વધારે ઉંચી કક્ષાએ લઇ જાય છે.

પણ આ આવેગોના સંસ્કૃતિકરણની ક્રિયા અનેકવાર માણસ જ્ઞાત રીતે નથી કરતો હતો. તેમ તે ક્રિયા માટેના કોઇ નિયમો બહારથી ઉભા કરી શકાતા જ નથી. તે આખી ક્રિયા અજ્ઞાત રીતે ચાલ્યા જ કરતી હોય છે. મનુષ્ય ધારે તો આ અજ્ઞાત ક્રિયાને પણ જોઇ શકે છે. અને તે કેમ જોવાય, તે નવીન માનસશાસ્ત્રે પોતાની પૃથક્કરણ પદ્ધતિથી આપણને સમજાવ્યું છે. પણ આપણને એ પદ્ધતિની અંદર અહીં નહિ ઉતરીએ. આપણે તો અહીં એટલું જ કહેશું કે આ આવેગોને સંસ્કૃતિ-કરણની ક્રિયામાં બહારના કામ જરાથી પણ જરા ચલાશે નહિ. તેને જો બાળકની જેમ સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફુર્તિના ક્રમે જ આગળ લઇ જઇ શકાશે. આ ક્રિયા અલબત ખૂબ જ ધીમી અને કંટાળા ભરેલી છે, પણ તે જ સાચી છે, અને દૃઢ છે.[1]

એટલે આપણે જોયું કે માનસશાસ્ત્ર સંયમનું વિરોધી નથી. પણ સંયમ એ મનુષ્યની જીવન-શક્તિનું રોધક ન બને, તો જ તે સંયમનો અર્થ છે, એના ઉપર ભાર મૂકે છે. અને એથી જ એમ કહે છે કે સંયમ ઉપર આટલી પીંજણ કર્યા કરતાં માણસની જીવન-શક્તિ ઉપર વિશ્વાસ રાખીને તેને સ્વતંત્ર રીતે વિકસવા દેવાનો, અને મનુષ્ય જીવનના મહાન આદર્શો તરફ વળવા માટેનો માર્ગ ચોકખો કરો અને જુઓ કે મનુષ્યની અત્યારે વેડફાઇ જતી શક્તિ કેટલું ચમત્કારીક પરિણામ બતાવે છે.

---

૧ The goal of development to which Psycho-analytic theory Points is that of sublimation—a goal which signifies at once mental health for the individual and cultural progress for Society. Psycho-analysis has made us realise, however, that the achievement of sublimation is not an easy task, but is on the contrary an end which can only be attained by slow and gradual steps. neurosis comes about largely through a sort of moral impatience on the part of the individual and society. To achieve a maximum of Sublimation we shall find it necessary to be more

tolerant to the demands of instinct than has hitherto been the case. Sublimation it self is an unconscious process which is outside the sphere of voluntary control. All we can do is to provide the means for its occurrence, remembering meanwhile the inevitable gradualness of the whole process this is one of the great lessons. of Psycho-analysis both to the educator and to the Social reformer.

(Outline of modern knowledge નામના પુસ્તકમાંથી J. C. flugel ના Theories of Psycho-analysis નામના લેખમાંથી ઉતારો.)

"વાસનાનો ઉચ્છેદ એવા શબ્દો હું નથી વાપરતો પણ વાસનાની ઉત્તરોત્તર શુદ્ધિ કરવી, એમ કહું છું. અશુભ વાસનાનો શુભ વાસનાવડે ત્યાગ કરવો અને શુભ વાસનાને નિર્મૂળ કરતાં જવી. જેમ અત્યંત ઝીણું કરેલું અંજન આંખમાં ખૂંચતું નથી, જેમ ફુલનો સૂક્ષ્મ પરાગ વાતાવરણને બગાડતો નથી, તેમ વાસનીનું અત્યંત નિર્મળ સ્વરૂપ ચિત્તને કે જગતને અશાંતિકર થતું નથી. નિર્વાસનિકતા અને આની વચ્ચે ભેદ નથી."

(શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળાના 'તત્વજ્ઞાન એટલે શું' નામના 'સાબરમતીના' ત્રીજા વર્ષના છેલ્લા અંકમાં આવેલા લેખમાંથી ઉતારો.)

●

કવિ

અમર્ત્ય આ માનવવેલ માંહી,
સહે પ્રહારો કંઇ પ્રાણઘાતક
સુકોમળાં પુષ્પ; છતાં અભંગ
જો હોય કો' તો કવિ માત્ર એક !

जनक

●

ગૃહપ્રવેશ: દ્વિઅંકી નાટિકા

રવીન્દ્રનાથ ટાગોર

અનુવાદક

નગીનદાસ પારેખ

અંક પહેલો [ચાલુ]

[ડૉક્ટરનો પ્રવેશ]

ડૉક્ટર ગીત ચાલે છે? સારું સારું. બહુ સરસ દવા જેવા આ. યતીન, મન ખુશ રાખ, બધું સારું થઈ જશે. પચાવ્યુંથી ઓછું છેવટું એ ભાર અફસોસ ન કરવો જ દેવી જોઈએ.

યતીન મન તો મારું ખૂબ ખુશ છે. ખબર છે, ડૉક્ટર સાહેબ, કે આજે દિવસે મારું ઘર પૂરું થયું. બધોય મારો પોતાનો પ્લૅન.

ડૉક્ટર એમ જ જોઈએ. પોતે તૈયાર કરેલા ઘરમાં પોતે રહીએ ત્યારે તે શોભે. બાકી વાતે તો આખીકું ઘર પણ ભાડાનું જ ઘર કહેવાય, પોતાનું નહિ. તારા બાપ મારા ખાસ ફ્રેન્ડ હતા. છતાં સિવાય વડવાનું કંઈ ઘરબાર એવું કશું જ તેની પાસે હતું નહિ. પોતાનું બધું તેણે જાતે જ જોત-જોતામાં મેળવી લીધું. એ કાંઈ ઓછા આનંદની વાત છે? તેના મરણ વખતે તું નાનો જ હતો એટલે તેણે રીતસર કરીને સમજાવી શિખામણ લીધી જ નહિ. તે પણ તારું ઘર જાતે બાંધી લીધું એ પણ ખુશીની વાત જ છે ને?

યતીન. હું ભારે આનંદમાં છું.

ડૉક્ટર સારું, સારું. હવે વાસ્તુ થતાં કે અમને જમાડવા? આમ સુનું રહે મહીં ચાલવાનું છે?

યતીન મને આજે એવું લાગે છે કે વાસ્તુ થશે એ વાર પચાસ જેટ વર્ષ જો પહેલાં સારો દહાડો હોય તે જ દિવસે —

ડૉક્ટર વાહ વાહ, પચાસ નહિ, બાપુ. બધું મન ઉપર આધાર રાખે છે. મન જ્યારે સારો દિવસ નક્કી કરી આપે ત્યારે સારો દિવસ આવે.

યતીન· મન તો મારું કહે છે કે સારો દિવસ આવ્યો છે. તેના જ તો દિનને બોલાવવાનું ગીત સાંભળું છું. વાસ્તાની શરૂઆતમાં જાતે આજે ઘરના આંગણમાં વાગી રહ્યું થઈ ગયું છે.

ડાકટર વાગવા દો તેગનામા નાડી જોઉં, અને છાતી તપાસી લઉં પેટ—અરીની ફરમાશ રવા પહેલાં આ બંગી ભભી પીએ પનારી નાખીએ કેમ ભાઈ?

યતીન નાડી ગમે તેવી હોય તેમાં શુ થયુ?

ડાકટર શુ જ નહિ મનને બોલાવવાને એ બધુ કરવુ પડે છે અમે તો ધન્વન્તરીના વૈદ્ય લઈને રોગીને ઠગે, પાડ પેટ, પાછ જો મે હાથ ફેરવીએ છીએ અને યમ બેઠા ગેઠા હસ છે આ ડાક્ટર વિના યમની ગનીગના કોઈ તોડી શકે એમ નથી હિમિ બહેન તુ પાસેના ઓરડામા જા ત્યા જઈને ગીત ગાજે પખીની જેમ ગીત ગાજે મે એક પુસ્તક લખવા માડ્યુ છે તેમા હુ લખવાનો છુ કે ગીતની લહરીઓ આવતાં રામાથી રોગ કેવી રીતે તણાઈ જાય છે ગેગા બના બેસુર ખગને— એ ગના તેનાન વૈતાનનુ ધા, રોગના તાનમા ભગ પાડે છત, મેન સમ જા સિ સા ગીત ગાજે

હિમિ શુ ગાઉં, મોગભાઈ?

યતીન નેવુ નવુ લગ્નનુ ગીત

ડાકટર હા હા એ બરાબર છે આજે લગ્નનુ મુહૂર્ત છે પણ આમા ત્રણ વધા વગની આવ્યુ પણ તેમા જ તો મોડુ થઈ ગયુ

પાસેના ઓરડામા જઈને હિમિ

ગીત ગાય છે

ગાજે રે બાશરી બાજે!
સુદરી ચદન માળે
મગલ સધ્યાય સાજે
આજિ મધુ ફાગુન માને
ચચલ પાથ કિ આને?

મધુકર—પદભર—કપતિ ચપક
અંગને ફોટેનિ કિ આજે?
લજ્જિત અસુક માથે
કિંશુક કકણ હાતે,—
મજિર—ઝકૃત પાયે
સૌરભ—સિંચિત વાયે,
વદન—મગીત—ગુજન—ગુંજરિત
નદન કુજે વિરાજે

પાસેનો ઓરડો

(ડાકટર મારી)

ડાકટર ખરી વાત તો એજ કે એ એજ આરૂ જે દૂખ ભોગવવુ જ પડવાનુ છે તેનો સ્વીકાર જ ગી લેવો જોઈએ ભોગવીને દુખ ટાળવા જતા દુખ વધી જ જાય છે

મારી ડાક્ટર આપનુ બધુ માની લ્યો છો?

ડાકટર , , , તમારે તૈયાર થવુ પડશે

મારી ડાકટર મોટના આ બે શબ્દોથી તમે મને તૈયાર કરવાના છો, એમ ધારો છો? મારી જ્યારે અગાર વરસની ઉમર હતી ત્યારથી ભગવાને તેને માટે તૈયાર કરી મૂકી છે—બહી પગારી છે પરવે તેમ માગ અ માનવની શરૂઆત તો કેવા દિવસો થ ગેરી છ હતે તો માત્ર ત્યારે થાગ ભાગ ભાગ્ય ઠ વિધાતાને મોટે સર્વ ફોરાનુ રનુ તે અ, એ રીતે જ કહુ કે તમે શા ગાગ ગાળ બોલો છો?

ડાકટર યતીનની ઘરે આજની થાક વિશ રાશ

માસી જાણ્યુ એ છેલ્લા દિવસોનુ સગા નુ નામ પૂછી લઉં! ત્યાર પછી ડાક્ટરજી જ્યા કરશે તો રહ્યા દિવસોમા તેમની સેવામા ગણી લેજો

ડાક્ટર મ્હા જરા મની આપી છે હવે એના મનને હમેશા પ્રફુલ્લ રાખવુ જોઈએ મન રહ્યા જોગ નથી

માસી મા! હાય રે! તેથે માગથી ભોગવ થો તેનુ મૌક્ષ

ડાક્ટર તમારી વહુને રોજ રોજ જરા ગેગીની પાસે જતા દે તે મને લાગે છે કે તમે લોકો એને જરા વધુ અળગી રાખો છો

માસી ગમે તેમ તોયે માગ ને એને ગેગીની ચાકરીનો ભાર કઈ સહેવાય?

ડાક્ટર એમ કઈ ન ચાલે તમે પણ તેને જરા અન્યાય કરો છો મે તો જોયુ છે કે વહુનુ મન મડુ જ ઉદાર છે આવી મોટી ચિંતા માથે ઝઝૂમે છે તોયે ભાગી પડ્યા નથી

માસી તોપણ મનમા મનમા તો જરા–

ડાક્ટર અમે તો રોગ જ રહ્યા, રોગીના દુઃખની વાત જ જાણીએ નીરોગીના દુઃખની ચિંતા નહિ એના સ્વભાવ વહુને જરા મારી પાસ બોલાવો તો તેમને કહી જાઉં

માસી ના ના, જરૂર નથી–તે તો, તો

ડાક્ટર જુઓ આપણા ઘરમા માણસો સ્વભાવ ઘણો ભાગે સમજ તેવાની મૂળ જ મગરૂર કે રોગી તો મે રાખ્યુ છે કે વહુ ઉપર આગુની જે સ્વાભાવિક રીસ હોય છે તે બાર દુઃખ દિવસમા પણ શમતી નથી વહુ ઉપરની નારાજી કરી તેનુ મા મેળા વે એ તેનાથી રમે કહું–

માસી વાત બોલીનથી રીસ નાપ પાપ મા મા કેના પાપો છુપાઈ રહે છે તે ભલે ભોગવ્યા વિના ભાગુ જાગે છે?

ડાક્ટર મા! ભાભીજી ના સારુ વહુ પ્રત્યે પણ ફરજ તો છે તમે પોતે જ મનમાં વિચાર કરો કે તેના મનને કેવુ થતુ હશે જરા બીમારી ઓરડામાં આ સાંભળને માટે તરફડિયા મારી મારી મરી ગઈ હશે!

માસી વિવેકશક્તિ ગોખી એને એનો શો વિચાર નડતો હશે જોયો તો

ડાક્ટર જુઓ હુ તો બન્નેનો ભલો ખરી વાત કહેના મને નામ નહિ કઈ ખોટુ લગાડશો નહિ

માસી ખોટુ શા માટે લગાડુ ડાક્ટર અન્યાય જો કોઈ જગ્યાએ પણ હોય તો તેની નિન્દા થયા વિના તે સુધરશે શી રીતે? તમારી વાત ધ્યાનમા રાખીશ કોઈ વાતની ફિકર નહિ કરો

[ડાક્ટર જાય છે]

માસી હિમિ, શુ કરે છે?

હિમિ મોટાભાઈને માટે દૂધ ગરમ કરુ છુ

માસી ઠીક દૂધ હુ ગરમ કરી લઉ તુ જા મની નને જરા ગીત સંભળાવ જરી જા. તારું ગીત સાંભળતાં સાંભળતાં વળી એની આંખમાં જરા ઊંઘ આવે છે

[પાડોશણનો પ્રવેશ]

પાડોશણ મોટીબેન ધનીની કેમ છે આજ?

માસી સારું નથી, બેન

પાડોશણ મારી વાત સાંભળો, મોટીબેન એક વાર આમારા જાણ દાક્તરને બતાવો જોઈએ

મારી દાક્તરનું નાક સૂજી ગયુ હતું પીડાઈ પીડાઈને મરતી જ હતી ! આખરે જગુ ડાક્ટરે આવીને તેના જમણા નસકોરામાંથી આવડો મોટો કાચનો મણકો કાઢી આપ્યો. એના હાથને બહુ જશ છે. મારો છોકરો તેનુ સરનામું જાણે છે

માસી વારુ કહેજો સરનામુ મોકલી આપે

પાડોશણ પેલે દહાડે તમારી વહુને મેં અલિપુરના જ ચીડિયાખાનામાં જોઈ હતી

માસી એને જીવજંતુ ઉપર બહુ માયા છે. ઘણી વાર ત્યાં જાય છે

પાડોશણ જનાવરો ઉપર માયા હોય એટલે કંઈ ધણી ઉપર માયા નહિ રાખવી એમ ?

માસી : કોણે કહ્યુ કે માયા નથી ! નાદાન બાળક, આખો દહાડો રોગી પાસે શી રીતે રહી શકે ? અમે જ એને પરાણે પરાણે—

પાડોશણ તે ગમે તે કહો પણ આપણી પોતાની સ્ત્રીઓ બધી એની વાત—

માસી પોતાની સ્ત્રીઓ તો એને પરણી નથી બેન, મારો યતીન એને સમજે છે તે તો કદી—

પાડોશણ તે મોટી બેન તે કશું બોલતો નથી એટલે—

માસી બોલતો નથી એટલુ જ નહિ એ કોઈ વાર મ્યુઝિયમ કોઈ વાર પ્રાણીઓ વગેરે જોવા જાય એથી જ એને આનંદ થાય છે

પાડોશણ શું કહો છો મોટીબેન ! ચાકરી શું એના કરતાં—

માસી એ તો કહે છે કે મણિને માટે તો એ જ ચાકરી છે, યતીન બિછાનામાં પડી રહે છે અને મણિ ફરી આવે છે તેટલાથી જ તેને ભારે આરામ થાય છે રોગીને એટલુ ઓછુ છે ?

પાડોશણ કોણ જાણે બેન, અમો તો જૂના માણસો, આ બધું સમજી શકતા નથી બને, મારા છોકરાને મોકલી આપીશ મોટીબેન, તેને જગુ ડાક્ટરનુ સરનામુ ખબર છે એક વખત તેને બોલાવીને બતાવવામાં શુ ગયુ ?

[જાય છે]

રોગીનો ઓરડો

યતીન કેમ, હિમિ ! આવ, આહા ! ઓરડામાં જીવ આવ્યો પેલો ફોટો ક્યાંય શોધ્યો જડતો નથી. તુ જરા જોને બેન

હિમિ કયો ફોટો, મોટાભાઈ ?

યતીન પેલો, બોટનિકલગાર્ડનમાં મણિની સાથે ઝાડ નીચે મારો ફોટો પડાવેલો તે

હિમિ તે તો તમારા આ ઓરડામાં હતો ?

યતીન હમણાં, જરા પહેલાં જ મેં આ ઓરડામાંથી કાઢી લીધો હતો બિછાનામાં જ ક્યાંક છે—કે નીચે પડી ગયો છે

હિમિ આ રહ્યો મોટાભાઈ, ઓશીકા નીચે

યતીન જાણે બીજા જન્મની વાત હોય એમ લાગે છે પેલા લીમડા તળે મણિએ પહેરી હતી કસુંબી રંગની સાડી અંબોડો નાખ્યો હોય પગે વાળ્યો હતો, યાદ છે ને હિમિ ક્યાંકથી એક પપૈયા શોર મચાવી રહ્યો હતો નદીમાં ભરતી આવી હતી શો તે પવન ! અને કેવો તે સડ સડ ઝાડનો ઝરમર શબ્દ ! મણિ સરૂના ફૂલ વીણીને તેની ડાળ ઉખાડીને સૂંઘતી હતી—કહેતી હતી કે મને આ ગંધ બહુ ગમે છે એને શું નથી ગમતુ એ જ કોણે ખબર ? તેની રુચિ

મારફતે જ મે આ પૃથ્વીને ઘણી ભોગવી છે તે દિવસે ગાયુ હતુ, તે ગીત ગા તો, હિમિ. બહુ ડાહી છે યાદ છે ને ?

હિમિ   હા યાદ છે.

યૌવન નગ્નીનીરે -
મિલન શતદલ,
કોન ચચલ બન્યાય ટલમલ ટલમલ
શરમ-રક્તરાગે
તાર ગોપન સ્વપ્ન જાગે,
તારી ગ ધ-કેશર-માઝે
એક બિ દુ નયન-જલ
ધીરે બઓ ધીરે બઓ સમીરણ-
સવેદન પરશન.
શ કિત ચિત મોર
પાછે લાગે વૃન્તડોર,
તાઇ અકારણ કરૂણાય
મોર આંખિ કરે છલછલ

યતીન   તે દિવસે ઝાડનુ તળિયુ સુખાઓની ઢાંક્યુ હતુ. આજે આ દિવાઓમા રંગાયેલી પૃથ્વી બિલકુલ ચૂપ છે આ દિવાઓ તેના ફીકા હોઠ જેવી લાગે છે. હિમિ, દીવો જરા ધીમો કરી દે આ કિનારે ઝાડને લીધે કેવા જાત જાતના લીના રગની આભા આકાશમા ચિત્તરેલી હતી અને અને પેલે કિનારે મીનોના ભૂગર્ભામાથી ધુમાડો આકાશે ચડતો હતો તેનો પણ ર ગ કેવો સુદર હતો, અને કેવો સુદર આકાર હતો ! બધુ ય મારુ લાગતુ હતું અને તમારો પેલો કૂતરો-પાણીમા ઘણી વાર વાર દોડ નાખી દેતી હતી અને તે તરીને-

હિમિ . મોટાભાઇ, પણ તમે હવે બોલશો નહિ

યતીન   વારુ નહિ બોલુ હુ આખ મીચીને સાભળીશ, પેલા મરૂના ઝરઝર શબ્દ પણ હિમિ, તે જે આજે ગાયુ તે બરાબર તેનુ જ હતુ-કોણ જાણે? હજી જરા અધારુ થવા દે પછી હુ આપોઆપ જ સાભળી શકીશ—" ધીરે બઓ ધીરે બઓ સમીરણ" વારુ-તુ જા હવી ક્યા મૂકી ?

હિમિ   આ રહી !

[જાય છે]

પાસેના ઓરડો

[માસી અખિલ]

અખિલ   કેમ બોલાવ્યો કાકી ?

માસી   ભાઇ, તું વકીલ રહ્યો. તારે કંઈ કરવુ જ પડશે

અખિલ : પેના તો હવે સબૂર કરી શકે એમ નથી-ડીક્રી કરી છે, હવે બજાવવાને માટે-

માસી : બહુ દિવસ નહિ સબૂર કરવું પડે તે લોકો તારા જ અધીન છે ને જરા સમજાવીને કહેજે ડાકટરે કહ્યુ છે-

અખિલ : ડાકટરે એક વાર પહેલા પણ કહ્યુ હતું ને એટલે આ વખતે તે લોકો વિશ્રામ રાખવા માગતા નથી ઘર મૂકીને ઘર બાધવુ, એ તે યતીનને કેવી બુધ્ધિ સૂઝી ?

માસી   એનો વાક નથી, વાક નથી એની બુધ્ધિને ઠેકાણે મણિ બેઠી છે શનિ થઇને એણે તો ધાર્યું હતું કે એની મણિને-એના એ ઝાઝરા ના જળને છટના ચોકઠામા પકડી રાખવુ.

અખિલ   એની પાસે તો થોડા રોકડ રૂપિયા હતા

માસી : બધા શણના વેપારમાં નાખ્યા છે.

અખિલ : યતીનને વળી શણનો વેપાર? નરેણીને વળી લાકડાં ફાડવાં! હસવું કે રડવું?

માસી : ભારે ખરચ કરવા બેઠો હતો એટલે એણે ધાર્યું કે શણની ઉથલપાથલ કરીશું એટલે તરત નફો મળશે. આકાશમાં ઊડતી માખીને કેવી ઘાની ખબર પડે છે—સત્યાનાશની જરા ગંધ આવતા કોણ જાણે કયાથી બધા કુમંત્રીઓ આવી મળે છે

અખિલ : સત્યાનાશ! હમણા શણનો બજાર એવો થઇ ગયો છે કે ખેતરમાનો પાક કાપવાનુ પણ ખેડૂતને બોજતું નથી.

માસી . રહેવા દે, રહેવા દે હવે બોલીશ નહિ ચિંતા કરવાની પણ હવે જરૂર નથી—દિવસ ભરાઇ ચૂકયા છે

અખિલ : કાકી, લેણદારોને એના શણના વેપારની ખબર પડી ગઇ હોય એમ લાગે છે તે લોકો સમજી ગયા છે કે ઘણા ગીરડા ભેગા શશે, એટલે જલદી જલદી પોતાનું લેણું કઢાવી લેવાની તૈયારી કરે છે

માસી : ઓ રે અખિલ, હમણા થોડા દિવસ સબૂર કરવાને કહે - જમકૂતની સાથે અદાલતનો દૂત હરીફાઇ કરવા નહિ આવે એવુ કર. નહિ તો લઇ જા મને તારા અસીલની પાસે હું બ્રાહ્મણની દીકરી તેને પગે માથું મૂકું

અખિલ . વારુ, તેમની સાથે એકવાર વાત કરી જોઉં જો જરૂર પડે તો તામારે આવવુ પડશે એકવાર યતીનને મળતો જાઉં

માસી . ના, તને જોતાં જ તેને વેપારની વાત યાદ આવશે

અખિલ : વારું, એણે મણિને નામે પુંકળ રૂપિયાનો જિંદગીનો વીમો ઉતરાવેલો હતો, તેનું શું થયું?

માસી : તે મેં ગમે તેમ કરીને બચાવ્યો છે. મારું બધું એમાં જ ગયું—એમાં ને ડાકટર ખર્ચમાં યતીનને તો બચાવી શકવાની નથી. યતીનના આ દાનને બચાવી શકી એટલું તો સુખ મનને રહેશે યાદ તો છે ને કોઇ કોઇ વાર વીમાનું પ્રીમિયમ જયારે તેને ભરવાનું આવતું ત્યારે કેટલી ધમાલ થતી હતી તે! માફ કર અખિલ તારા અસીલને કહીને—

અખિલ જુઓ માસી, હું સાચી વાત કહું છુ એના ઉપર મને રહેજ પણ દયા આવતી નથી. આવી મોટી બાદશાહી બેવકૂફી—

માસી પણ એના ઉપર ભગવાનની દયા કેટલી છે તે જરા જો, પ્રાણ ખરચીને એ આ ઘર બંધાવવા બેઠો હતો. પૂરું તો ન થયુ, પણ એનો રમતનો સાથી એનુ ભાગેલુ રમકડુ ઉપાડી એને પણ સાથેજ લેતો જાય છે. હવે કઇ રમતનુ નિમંત્રણ આવ્યુ છે, કોને ખબર!

અખિલ કાકી, અમારા કાયદાના પુસ્તકમાં સારે નસીબે આ તમારી રમતની વાત લખેલી નથી તેથીજ કમાઇને બે મૂઠી ખાવા પામુ છુ. નહિ તો આમજ રમતના ખ્વનમાં બિલકુલ દેવાળાને ધારે જઇને મરત

[જાય છે]

[ચાલુ]

શ્રી. ભાસ્કરરાવ વિદ્વાંસ

અમેરિકાનો શાંતિ સ્થાપવાનો નવો પ્રયત્ન

ગયા ડિસેમ્બર માસમાં આર્જેન્ટાઇનાના બ્યુએનોસ આઇરીસ શહેરમાં ઇન્ટર અમેરિકન કોન્ફરંસ ભરવામાં આવી હતી. આ પરિષદનો ખાસ ઉદ્દેશ તો શાંતિસ્થાપનાનો હતો અને એને માટે જ ત્યાંના અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો તથા બીજા પ્રજાસત્તાક રાજ્યો વચ્ચે શાંતિસ્થાપના માટે સંધિ કરવામાં આવી છે. જેના ઉપર અમેરિકાના ૨૧ પ્રજાસત્તાક રાજ્યોએ સહીઓ કરી છે.

આ સંધિમાં સામાન્ય રીતે નીચેના મુદ્દાઓ તરી આવે છે:- અમેરિકામાં શાંતિભંગ થવાનાં ચિહ્નો જણાય કે તરત જ બધાં રાજ્યોએ એકત્ર થઇને એમ બનતું અટકાવવાના પ્રયત્નો કરવા; શાંતિભંગ થાય જ તો પછી બાકીનાં રાજ્યોએ એકત્ર થઇને શાંતિભંગના કારણો દૂર કરીને યુદ્ધ અટકાવવું; અમેરિકા ઉપર જો કોઇ પરદેશી સત્તા કોઇ પણ પ્રકારની ચડાઇ કરે તો બધાં અમેરિકાનાં સહી કરનારાં રાજ્યોએ એકત્ર થઇને તેનો સામનો કરવો; આર્થિક બાબતોમાં એકબીજાની વચ્ચે આવવું નહિ...વગેરે.

આજથી લગભગ ૫૦ વરસ પહેલાં પાન અમેરિક કોન્ફરંસ ભરીને અંદર અંદરની તકરારો શાંતિથી પતાવવાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો હતો. હવે એવો જ આ ફરી પાછો શાંતિસ્થાપના માટેનો વધારાનો પ્રયત્ન છે. અને આજે જ્યારે યુરોપમાં યુદ્ધની નોબતો વાગ્યા જ કરે છે, તથા લીગ ઑફ નેશન્સનો પ્રભાવ કમી થતો જાય છે ત્યારે આવી જાતનો આ પ્રયત્ન દુનિયામાં શાંતિ સ્થાપવા માટે એક અગત્યનું પગલું ગણાશે.

આ સંધિ એક બે દૃષ્ટિથી મહત્વની બને છે. છેલ્લા મહાયુદ્ધ

પછી યુનાઇટેડ સ્ટેટસની જ પ્રેરણાથી યુરોપમા આખી દુનિયાના રાજ્યોનો રાષ્ટ્રસંઘ નિર્માણ કરવામાં આવ્યો પણ તેમાં અમેરિકા પોતે ન ભળ્યુ આજે આટલા વર્ષો પછી એવાં બનાવો કામ કરી રહ્યા છે કે આખી દુનિયામા શાતિ સ્થાપવા માટે આ રાષ્ટ્રસંઘ નિષ્ફળ નીવડયો છે અને યુરોપમા યુદ્ધનો દારૂગોળો ભરપૂર તૈયાર થવા લાગ્યો છે એ વખતે યુનાઇટેડ સ્ટેટસના નેતૃત્વ નીચે આખુ અમેરિકા જૂ. પડીને હવે શાતિ સ્થાપવા માગે છે યુદ્ધ પહેલા તેની નીતિ યુરોપના ધમાલમા ન પડવાની અને તટસ્થ રહેવાની હતી પણ વધતા જતા આર્થિક હિતોને પરિણામે યુદ્ધમા ઉતરવુ પડયુ આજની પરિસ્થિતિમા ફરી પણ અમેરિકા યુરોપના ગજકારણમાથી છુટુ થઇને પોતાનો જૂદો જ, એક રાષ્ટ્રસઘ સ્થાપવા પ્રયત્ન કરે છે અને આખો અમેરિકા એ રીતે સ્વય સપૂર્ણ થવા માગે છે ભૌગોલિક રીતે તે જૂદો છે જ, હવે રાજકીય ક્ષેત્રમા પણ તે જૂદો રહેવા માગે છે એ આ સધિથી સિદ્ધ થાય છે

યુનાઇટેડ સ્ટેટસ પોતે જૂદુ થાય છે એમ જ અમેરીકાના બીજા રાજ્યોને પણ જૂદા રાખવા માગે છે દક્ષિણ અમેરિકા હજી ઘણુ પછાત છે તેના વિકાસ માટે હજી ત્યા ઘણો અવકાશ છે તે વખતે યુનાઇટેડ સ્ટેટસ પોતે જ ત્યાં એકનો પ્રભાવ જમાવવા માગે છે એ આ સધિની પાછળનો ધ્વનિ છે એટને અમેરીકાના નેતૃત્વ નીચે એક આખો આર્થિક સમૂહ નવો તૈયાર થશે જેમા યુનાઇટેડ સ્ટેટસ આર્થિક પ્રભુત્વ ભોગવશે—અને સ્વાભાવિક રીતે જ તેને પરિણામે તેનો પ્રભાવ રાજકીય ક્ષેત્રમાં પણ વધવાનો જ અનગત આજે તેણે આ બાબતમા ઘણુ ઉદાર ધોરણ અખત્યાર કરેલુ જણાય છે નહિ તો ૨૧ રાજ્યોએ આ પ્રકારની સધિ ઉપર સહેના ધાથી સહીઓ ન કરી હોત

પરિષદની યોજના પાછળ આ અતર્ગત કારણ ગણાવી શકાય અને તે અમેરિકા વિભાગને સ્વયમપૂર્ણ બનાવશે જેમા યુનાઇટેડ સ્ટેટસ આર્થિક પ્રભુત્વ ભોગવે કારણ કે યુ સ્ટેટનો મૂડીવાદ આજે એની હદે વિકસિત થયો છે કે તેને પોતાની મૂડીના નિકાસ માટે બીજા ક્ષેત્રોની જરૂર પડે એમ થાય તો જ તેનુ આર્થિક ઘડતર સ્થિર રહી શકે બહારના દેખીતા કારણો પણ છે જ છેલ્લાં વરસોમા દક્ષિણ અમેરીકાના કેટલાક ભાગોમા યુદ્ધો ચાલ્યા જ કર્યા છે વળી યુરોપનો રાષ્ટ્રસઘ ૧૯૩૧ ની સાલથી તો નિર્બળ થવા લાગ્યો છે અને હવે તો માત્ર તેનુ અસ્તિત્વ જ છે—બાકી તો નિષ્પ્રાણ બની ગયો છે ઉપરાત યુરોપમા યુદ્ધના વાદળો ઘેરાવા લાગ્યા છે આ બધામાથી બચી જવાનો અને અમેરિકા પૂરતી શાતિ સ્થાપનાનો પણ ઉદ્દેશ ચોકખો છે

બહારના આક્રમણો સામે એકત્ર થઇને સામનો કરવાનો મુદ્દો ધ્યાન ખેચે છે એકવાર યુનાઇટેડ સ્ટેટસે પોતાનો પ્રખ્યાત મનરો સિદ્ધાત જાહેર કર્યો હતો એટલે કે યુરોપના રાજ્યો જો અમેરિકાના કોઈ ભાગ ઉપર ચાલતા પ્રજાતત્રો મા દખલ કરવા માગશે તો આખા અમેરિકાની શાતિ સ્થાપવાની જવાબદારી યુનાઇટેડ સ્ટેટસની છે એમ તેના તરફથી જાહેર કરવામાં આવ્યુ હતુ આ જ સિદ્ધાત આજે બીજા સ્વરૂપમા દુનિયા સમક્ષ ખડો થાય છે. પહેલી વખત એ અવાજ એકલા યુનાઇટેડ સ્ટેટસનો જ હતો આજે એ અવાજ બધા રાજયો એકત્ર થઇને ઉઠાવે છે અને એટલા પરતુ તે સામર્થ્યવાન ગણાય આમ થવાથી યુનાઇટેડ સ્ટેટસનો તો સ્વાર્થ સરે છે પણ નાના રાજ્યોને પ્રથમ જે અપમાન લાગેલુ તેને બદલે હવે તેમને સતોષ મળ્યો કારણ કે તેઓ બધા હવે સમાન કક્ષાએ આવ્યા ગણાય

આ સધિ કરીને યુનાઇટેડ સ્ટેટસે એક બીજી ચિંતામાથી પણ મુક્ત થવાનો પ્રયાસ

કર્યો છે. યુ. સ્ટે. ના એક મહત્ત્વના અધિકારીને પૂછવામાં આવ્યું કે, 'રૂઝવેલ્ટ આટલું બધું નૌકાસૈન્ય કેમ વધારે છે? જાપાન સાથેનું યુદ્ધ તાત્કાલિક થવાનો ડર છે?' આ પ્રશ્નનો જવાબ આપવામાં આવ્યો કે, 'ના, જાપાન સાથે તાત્કાલિક યુદ્ધનો સંભવ નથી. પણ આખા અમેરિકાખંડની રક્ષાનો સવાલ તાત્કાલિક આવીને ઉભો રહે તેમ છે.' નાઝી લોકો દક્ષિણ અમેરિકામાં પોતાનું પ્રચારકાર્ય જોરશોરથી કરવા લાગ્યા છે એ બીના હવે લગભગ જાણીતી છે. અને બ્રાઝીલની અંદર તો જર્મનીના પ્રયત્નોની અસર પણ સારી રીતે થવા લાગી છે. જર્મની પોતાનો વિકાસ યુરોપમાં સાધે અને તેમાં કદાચ ન ફાવે તો પણ બને તો બ્રાઝીલમાં ફાવી શકે તેમ છે. તેનો વિસ્તાર ઘણો જ મોટો છે અને એ પ્રદેશ હજી આખો અણવિકસિત છે એટલે તેના વિકાસને પણ પુષ્કળ અવકાશ છે. તેવા પ્રદેશમાં જો જર્મની પગપેસારો કરીને બળવત્તર થાય તો યુનાઇટેડ-સ્ટેટસનો મોટો હરીફ પોતાના જ પ્રભાવક્ષેત્રમાં ઉભો થાય આ વાત યુનાઇટેડ સ્ટેટસ સહન કરે નહિ. અને તેથી જ આ ફેસીસ્ટ આક્રમણની સામે બચાવ કરવા માટે આ સંધીનો ઉદ્‌ભવ થયો છે.

એટલે શાંતિસ્થાપનાના આ પ્રયત્નને ઉપર બતાવેલી વસ્તુસ્થિતિ લક્ષમાં રાખવાથી સારી રીતે સમજી શકાશે.

સ્પેનનો વિગ્રહ

સ્પેનનો વિગ્રહ હજુ ચાલુ છે. આ વિગ્રહે આંતરવિગ્રહને બદલે આંતરરાષ્ટ્રિય વિગ્રહનું સ્વરૂપ લીધું છે. સ્પેનનો ઘણો ભાગ જનરલ ફ્રાંકોના હાથમાં છે. પણ ફ્રાન્કોની મદદે સ્પેનની પ્રજા લગભગ નથી એમ કહીએ તો પણ ચાલે. મોરોક્કોના મૂર, ઇટાલીયનો અને જર્મનોની મદદથી ફ્રાંકો સ્પેનની સરકારને હરાવીને આખા સ્પેન ઉપર કબજો મેળવી લેવા ધારે છે. સ્પેનના જે લોકો ચાલુ સરકારને મદદ કરે છે તે લોકો એમ કહે છે કે અમારે વસ્તુતઃ તો જર્મનો અને ઈટાલીયનો સાથે જ લડવાનું છે પણ જ્યાં સુધી અમારામાં એક પણ માણસ જીવતો હશે ત્યાં સુધી અમે ફ્રાન્કોને તે જીતશે તો પણ સુખે રાજ્ય ભોગવવા દેશું નહિ.

આખા માસ દરમ્યાન પરિસ્થિતિમાં મહત્વનો ફેરફાર થયો નથી. પણ જનરલ ફ્રાન્કોને જો બહારની મદદ ન મળે તો તે ઝાઝો વખત ટકી શકે એમ નથી

ડીસેમ્બર માસની આખર સુધીમાં ફ્રાન્કોનો પક્ષ વિકટ સંયોગોમાં આવી પડયો હતો. તેના લશ્કરમાં સ્પેનીશ લોકોની સંખ્યા તો ઝાઝી છે નહિ, મૂર લોકોનું મોટું સૈન્ય તે પોતાની સાથે લાવ્યો હતો. આ સૈન્યમાંના ઘણા માણસો આજ સુધીમાં મરાયા છે, અપંગ થયા છે, કે માંદા પડયા છે. જે બાકી રહ્યા છે તેઓ સ્પેનમાં રહેવાથી થાકી ગયા હોય એવું સમાચારો ઉપરથી જાણી શકાય છે. એક તો સ્પેનની આબોહવા તેમને માફક આવતી નથી અને બીજું સ્પેનમાં જે જાતનું યુધ્ધ તેમને કરવું પડે છે તે યુદ્ધથી તેઓ ટેવાયેલા નથી.

સ્પેનનો જે પ્રદેશ તેણે હસ્તગત કર્યો છે તે પ્રદેશના ખેડુતો સંપૂર્ણપણે તાબે થયા નથી. તે લોકો ઉપર ત્રાસ ગુજારીને જ તેમને કબજે રાખવા પડે. અને બળવો ન કરી બેસે માટે લશ્કરનો અમુક ભાગ પણ રોકી રાખવો પડે. નહિ તો એક બાજુથી જ્યારે ફ્રાંકો માદ્રીડ ઉપર હલ્લો કરવામાં રોકાયો હોય ત્યારે પાછળના ભાગમા આ અસંતુષ્ટ ખેડુતો જો બળવો કરે તો ફ્રાન્કોનું લશ્કર વચ્ચે સપડાઇ જાય અને નવી મદદ પણ મળવી મુશ્કેલ થઈ જાય. રશિયામાં જ્યારે

સોવિયેટ તંત્ર સ્થપાયુ ત્યારે મિત્ર રાજ્યોની મદદથી રશિયન પ્રતિક્રાન્તિવાળાઓએ મોરકો ઉપર હુમલો કર્યો તે વખતે જ પાછળના ખેડુત લોકોએ બળવો કર્યો અને મદદના માર્ગો બધા કાપી નાખ્યા, પરિણામે આખા લશ્કરને ભાગતા ભોય ભારે થઈ આ હકીકતની પુનરાવૃત્તિ સ્પેનમાં પણ થવાનો સંભવ છે અને ફ્રાન્કોના લક્ષ બહાર આ બાબત નથી માટે પોતાનું બાકી રહેલુ બધુ સૈન્ય લઈને માડ્રિડ પર હુમલો કરી શકે એવુ નહોતુ

માડ્રિડે ધાર્યા કરતા વધારે લાંબો સમય ટકાવ કર્યો સ્પેનની સરકારે પોતાની રાજધાની માડ્રિડથી ફેરવીને વેલેન્શિયામા રાખી છે શરૂઆતમા લશ્કર બરાબર કેળવાયેલુ નહોતુ પણ વખત જતાં લશ્કર કેળવાતુ જાય છે—શિસ્ત દાખલ થતી જાય છે પ્રજાનો દરેકે દરેક સશક્ત માણસ યુદ્ધમા ભાગ લેવા તૈયાર થયો છે બાર્સિલોના અને વેલેન્શિયા તરફના ભાગમા યુદ્ધ સામગ્રી તૈયાર કરવાના કારખાના પણ ધમધોકાર ચાલુ છે પૈસા સંબંધેની જોગવાઈ સારા પ્રમાણમા છે અને કહેવાય છે કે સોનાનો મોટો ભાગ ફ્રાન્સમા રાખ્યો છે રશિયા તરફથી સનાહકારોની તેમજ ખાદ્યપદાર્થોની સારી એવી મદદ મળે છે. અલબત્ત માડ્રિડનો મોટો ભાગ નાશ પામ્યો છે ત્યા ખાવાખોરાકી પણ ખૂટવા આવી છે છતા જે દ્રઢતાથી શહેરનો બચાવ ત્યાના લોકો કરે છે તેણે વફાદાર પક્ષમા પ્રાણ પૂર્યો છે

શરૂઆતમા ઇટાલી અને જર્મનીએ ફ્રાન્કોને મદદ આપી ત્યારે સ્પેન જીતવાનુ કામ ટુંક મુદતમા પુરુ થશે અને જનરલ ફ્રાન્કો વધારે કુનેહથી આખા યુદ્ધની દોરવણી કરશે એવુ તેમણે ધાર્યું હતુ, પણ એમની એ ધારણા ખોટી પડી છે જે વખતે ફ્રાન્કો જીતમા હતો ત્યારે અતિ ઉત્સાહમા આવીને આ બન્ને રાજ્યોએ ફ્રાન્કોની સરકારને જ સ્પેનની કાયદેસર સરકાર તરીકે સ્વીકારી લીધી છે હવે ફ્રાન્કોનો પક્ષ નબળો પડતા હારતા પક્ષને મદદ આપવી કે કેમ એ મહાપ્રશ્ન જર્મની અને ઇટાલીની સામે ખડો થયો ક્રિસમસ વખતે તો લગભગ એવી પરિસ્થિતિ જણાતી હતી કે ઇટાલી અને જર્મની કદાચ પોતપોતાની મદદ આસ્તે આસ્તે પાછી ખેંચી લે આ મહિનાની ૧ લી તારીખે ઇટાલી અને બ્રિટનની વચ્ચે થયેલા ભૂમધ્ય સમુદ્રના કરારો જોતા આ મતને ટેકો મળતો હતો અને પ્રથમ ઇટાલી મદદ પાછી ખેંચી લેશે એવી આશા હતી

પણ આજનુ રાજકારણ વિગતોમા વધારે અટપટુ છે એક બાજુથી બ્રિટનની સાથે ઇટાલીએ સંધિ કરી જ્યારે બીજી બાજુથી તેજ દિવસે ૫૦૦ ઇટાલીઅન સ્વયંસેવક સૈન્ય કેડીઝ બંદરે ઉતર્યું દસ પંદર દિવસો દરમ્યાન દશથી બાર હજારનુ ઇટાલીઅન સ્વયંસેવક સૈન્ય ઉતર્યાના સમાચાર આવ્યા છે ભૂમધ્ય સમુદ્રમા ઇટાલીની પોતાની સત્તા જમાવવાની નેમ તેણે છોડી નથી એ વસ્તુ બ્રિટનની સાથેના કરારો હોવા છતા સિદ્ધ થતી જોઈ શકાય છે

જર્મની ઇટાલી કરતા વધારે સંડોવાયેલુ છે ફ્રાન્કોને તેણે મોટી લોન આપી છે એ લોનના બદલામા આજે સ્પેનના ઉત્તરના પ્રદેશમાથી પુષ્કળ લોખંડ જર્મની જાય છે, મનુષ્યની મદદ પણ જર્મનીએ વધારે આપી છે ફ્રાન્કોની સરકારનો ઉતાવળ કરીને સ્વીકાર કરી લીધો છે હવે ફ્રાન્કોની સરકારને ટકાવી રાખવાનો સવાલ એ પ્રતિષ્ઠાનો સવાલ થઈ પડ્યો છે પચાસથી સાઠ હજારનુ જર્મન સૈન્ય સ્પેનમા ન ઉતારવામા આવે તો બળવાખોરો ટકી શકે તેવુ નથી આટલુ બધુ સૈન્ય સ્પેનમા રોકી રાખવુ કે કેમ તે પણ વિચારવાનુ રહે છે એટલુ સૈન્ય દૂર દેશમા હોય અને એ દરમ્યાન જો બીજી કોઈ આફત આવી પડે તો પોતાના દેશ માટે સૈન્યની તાણ પડે આ કારણથી હિટલરના લશ્કરી સનાહકારો હારતા જતા ફ્રાન્કોની મદદ ખાતર

આટલા મોટા જોખમમાં ઉતરવા તત્પરતા દર્શાવતા નથી. આ પરિસ્થિતિ હોવા છતાં જર્મનીએ આગળ વધવાનો નિશ્ચય કર્યો હોય એવું જણાય છે. તેની લડાયક તૈયારીઓ લગભગ પૂરી થઇ છે. એવા પણ સમાચાર મળે છે કે આખા દેશમાં લશ્કરની જમાવટ કરવા માટેના અને હુકમ મળ્યે અમુક અમુક દિવસોએ અમુક સ્થળોએ લશ્કરમાં જોડાવાના હુકમો અપાઇ ચૂક્યા છે. કોઇ પણ ઉપાયે જે પગલું ભર્યું છે તેમાંથી પાછા ન હટવાનો અને મહાયુદ્ધમાં ઉતરવું પડે તો તેમ કરવાનો ઇરાદો સ્પષ્ટ જણાય છે.

આમ કરવાના બે કારણો હોઈ શકે, ફ્રાન્સ કે બ્રિટન કોઇ દેશોમાં આજે લડાયક માનસ નથી. ઇંગ્લેન્ડ તો જરા દૂર છે. પણ ફ્રાન્સ તદ્દન પડખે છે. ફ્રાન્સની અકર્મણ્યતાનો લાભ લેવાનું હિટલર જેમ આજ સુધી ચૂક્યો નથી તેમ હવે પણ ચૂકે એવું લાગતું નથી. એક વાર સ્પેન ઉપર પોતાની સીધી કે આડકતરી સત્તા જામી જાય તો ફ્રાન્સની આસપાસ ફેસીસ્ટ વાડ સ્હેજે ઉભી થઇ જાય અને પછી ફ્રાન્સને કચડી નાખતાં વાર લાગે નહિ. ઉપરાંત સ્પેનની ખનીજ સંપત્તિનો ઉપયોગ જર્મની કરી શકે અને ઉદ્યોગ ધંધાઓને વધારી શકે.

એક બીજું કારણ પણ હોવાનું બહાર આવે છે. એમ માનવામાં આવે છે કે, જર્મનીની આંતરિક પરિસ્થિતિ વધારે વિકટ બની છે તેમાંથી જર્મન પ્રજાનું લક્ષ સ્પેનમાં મળનારા વિજય તરફ વાળવાની અગત્ય છે. અને એટલા માટે ફ્રાન્કોના પક્ષને મદદ આપ્યા કરે છે. આ હકીકત કેટલે અંશે સત્ય છે તે ચોક્કસ કહી શકાય એવું નથી પણ બીલકુલ ખોટી છે એમ પણ માનવાને કારણ નથી.

આમ કોઇને કોઇ કારણે સ્પેનનો વિગ્રહ ઇટાલીઅન અને જર્મન સ્વયંસેવક સૈન્યો ચલાવી રહ્યાં છે અને દેશના સ્થાપિત સરકારને હરાવવાના પ્રયત્નો ચાલુ છે. ત્યારે ફ્રાન્સ અને બ્રિટન દરમ્યાનગીરી ન કરવાના કરારો થઇ રહ્યાં છે. આ કારણો ઉપર જર્મની ઇટાલી, રશિયા અને પોર્ટુગાલ વગેરે દેશોએ પોતાની સમ્મતિ પણ આપી છે. અને છતાં સ્પેનની મદદ તેમણે ઓછી કરી નથી. તેઓ જવાબ આપે છે કે સ્પેનની ભૂમિ ઉપર અમારું સૈન્ય નથી પણ માત્ર સ્વયંસેવકો ત્યાં જાય છે. બ્રિટને ફરીવાર આ જાતના સ્વયંસેવકો પણ ન જાય એવી સંપૂર્ણ બીનદરમ્યાનગીરી રાખવા માટે બધાં લાગતાં વળગતાં રાજ્યોને જણાવ્યું છે. આનો જવાબ જર્મની અને ઇટાલી તરફથી બહુ મોડો વાળવામાં આવ્યો અને તે પણ એવા પ્રકારનો કે દરેક દરેક પક્ષ કોઇ પણ પ્રકારની એટલે કે આર્થિક મદદની કે ચળવળ કરનારાઓની મદદની બંધી કરે તો જ અમે સ્વયંસેવકોની બંધી કરી શકીએ. મતલબ કે, બીનદરમ્યાનગીરીની વાતો કરવાની સામે આ લોકોને વાંધો નથી પણ તેનો અમલ દરેક રાજ્યે પોતાની ઇચ્છા પ્રમાણે કરવાનો છે. આજે બ્રિટન અને ફ્રાન્સનો યુરોપના રાજકારણમાં હજી એટલો પ્રભાવ છે કે જરા જોર દઇને આકરાં પગલાંની વાતો કરે તો પણ સ્પેનનો વિનાશ થતો અટકે. પણ એટલી હદે જઇને હિટલર કે મુસોલિની ને માઠું લગાડવાની તૈયારી બ્રિટનના રાજકર્તાઓમાં હોય એવું જણાતું નથી. પરિણામ એ આવે છે કે બ્રીટન અને ફ્રાન્સ સ્થાપિત સરકારને મદદ કરતાં નથી અને જર્મની, ઇટાલી, પોર્ટુગલ વગેરે દેશો ફ્રાન્કોને મદદ કર્યા કરે છે. આ રીતે થનારો સ્પેનનો વિધ્વંસ બ્રિટન અને ફ્રાન્સ નીરાંતે નિહાળી રહે છે.

આ યુદ્ધને અંગે ભૂમધ્ય સમુદ્રમાં આજે ચાંચીયાગીરી ચાલુ થઈ છે. બળવાખોરોનાં લડાયક જહાજો ભૂમધ્ય સમુદ્રોમાંથી નીકળતાં બીજાં પરદેશી જહાજોને મરજી મુજબ અટકાવે છે, તપાસ કરે છે, અને પછી જવા દે છે. રખેને કોઇ રાજ્ય સ્પેનની સરકારને મદદ કરે. પણ આ ચાંચીયાગીરીની નીતિથી ભૂમધ્ય સમુદ્રનો મામલો ચિંતાજનક બન્યો છે. રશિયાની સ્ટીમર પકડી તેનાથી રશિયામાં ખળભળાટ થયો છે બ્રિટનની સ્ટીમરોને અટકાવવામાં

આવી. તેની સામે ગ્રેટબ્રિટને સખત વિરોધ ઉઠાવ્યો છે. નોર્વેની એક સ્ટીમરને પણ આજ રીતે અટકાવવામાં આવી છે. સ્પેનીશ મોરોક્કોમાં જર્મનીના સૈન્ય માટે બરાકો બંધાય છે એવા સમાચાર પણ બહાર આવ્યા છે, જો કે જર્મન સરકારે આ હકીકતની ના પાડી છે. પણ ભૂમધ્ય સમુદ્રમાં બનતા આ બધા બનાવો ધ્યાન ખેંચે તેવા છે અને આ ચાંચીયાગીરી જો ચાલુ રહે તો ભૂમધ્ય સમુદ્રનો મામલો વિકટ બને એવો પૂરો સંભવ છે. ભૂમધ્ય સમુદ્રમાં અનેક પ્રજાના હિતો પરસ્પર અથડાયા કરે એવું છે. પણ અહીં એ વિષય છણી શકાય એમ નથી.

જાપાન-જર્મની સંધિ

ગયા નવેમ્બરની ૨૫ મી એ જાપાન અને જર્મની વચ્ચેની સંધિની જાહેરાત કરવામાં આવી છે. તે દિવસે બર્લીનમાં રહેતા બધા દેશોના એલચીઓની સમક્ષ આ સંધિને જાહેર રીતે જણાવવામાં આવી. ધ્યાન ખેંચે એવી બાબત સોવિયેટના વકીલની ગેરહાજરી હતી. માનવામાં આવે છે કે સોવિયેટના વકીલને આમંત્રણ આપવામાં આવ્યું નહોતું. સંધિની જાહેરાત કર્યાં પછી ભાષણ પુરૂં કરતાં જર્મની તરફથી જણાવવામાં આવ્યું કે આ સંધિ અતિ અગત્યની છે. યુરોપીઅન સંસ્કૃતિનું રક્ષણ કરવાને માટે અમે બંને રાજ્યોએ આ સંધિ કરી છે.

સામાન્ય રીતે આ સંધિ સોવીએટ રશિયાની સામે કરવામાં આવી છે એવું મનાય છે. જો કે સંધિમાં એવી સ્પષ્ટતા નથી. સંધિમાં તો યુરોપીઅન સંસ્કૃતિ ઉપર આજે કમ્યુનીઝમનું આક્રમણ થયું છે એનો વિરોધ કરવાનો ઉદ્દેશ જણાય છે. હિટલરે યુરોપમાંથી કમ્યુનીઝમને દેશનિકાલ કરવાનું બીડું ઝડપ્યું છે. કમ્યુનીઝમના સિદ્ધાન્તને તે જંગલી સિદ્ધાન્ત ગણે છે. અને યુરોપ આ સિદ્ધાન્તના પ્રચારથી ફરી જંગલી અવસ્થામાં ન આવે એ માટે હિટલરે કમર કસી છે. બધા દુશ્મનોમાં કમ્યુનીઝમને તે મોટામાં મોટો દુશ્મન ગણે છે. છેલ્લા મહાયુદ્ધ વખતે જર્મનીની હાર થવાનું મુખ્ય કારણ આ સામ્યવાદનો પ્રચાર જ હતો એમ તે કહે છે. જો એ વાર સામ્યવાદનો પ્રચાર યુરોપમાં થઇ જાય તો દુનિયા આખી રસાતાળ જાય. એવો એને બીક છે, અને માટે તેનો નાશ કરવા તે પ્રયત્ન કરે છે. અને પોતાની સાથે બીજાં રાજ્યોને આ કાર્ય માટે મેળવવા માગે છે.

આ સંધિ જાહેર થયા પછી તેના ઉપર અનેક જાતની ટીકાઓ થઇ છે. જુદા જુદા દેશો ઉપર આ સંધિની જુદી જુદી અસર થઇ છે. લગભગ બધા દેશોનાં છાપાંઓએ આના ઉપર કાંઇ ને કાંઇ અભિપ્રાયો દર્શાવ્યા છે. આંતરરાષ્ટ્રિય રાજકારણમાં એ રીતે આ સંધિ અત્યંત મહત્વની માનવામાં આવે છે. જર્મની અને જાપાન શા માટે સંધિ કરે? ઇટાલી અને જર્મનીની સંધિ સાથે આનો કાંઇ સંબંધ ખરો કે નહિ? બ્રિટિશ સામ્રાજ્ય અને ફ્રાન્સના રાજકારણ ઉપર આ સંધિની શું અસર છે? વગેરે પ્રશ્નોનો વિચાર આ સંધિની સમજણ માટે આવશ્યક છે.

જર્મની અને રશિયાની દુશ્મનાવટ તો જાણીતી છે. એકવાર જર્મનીમાં કમ્યુનીસ્ટ લોકોનું જોર બહુ જામ્યું હતું. તેને કચડીને હિટલરે પોતાના હાથમાં સત્તા લીધી છે. સામ્યવાદના સિદ્ધાન્તનો પ્રચાર એટલે અત્યારસુધી માનવસમાજે જે મહેનત લઇને ઉત્પન્ન કરેલી સંસ્કૃતિનો નાશ એમ તે માને છે. રશિયા સામ્યવાદનો પ્રચાર કરે છે એટલા માટે જર્મની અને રશિયા વચ્ચે દુશ્મનાવટ હોય તે સ્વાભાવિક છે.

પણ આજ કારણ પૂરતું નથી. બીજો અંતર્ગત હેતુ પણ એમાં સમાયેલો છે. છેલ્લા મહાયુદ્ધ

પછી જર્મનીનો અંગભંગ કરવામાં આવ્યો છે, અને પરદેશની વસાહતો તેની પાસેથી આંચકી લેવામાં આવી છે. આજે જર્મન પ્રજા પોતાને વિકસવા માટે અવકાશ માગે છે. આજ દિવસ સુધી સામાન્ય રીતે તેણે પશ્ચિમમાં પોતાની સરહદ વધારવાનો પ્રયત્ન કર્યો હતો. પણ અત્યારના સંયોગોમાં પશ્ચિમ તરફ આગળ વધવું એટલું બધું સહેલું નથી. ફ્રાન્સ અને ઇંગ્લેન્ડ જેવાં પ્રબળ રાજ્યો પશ્ચિમમાં છે. ઉપરાંત બન્ને વચ્ચે મૈત્રી પણ છે. એ જોખમમાં ઉતરવા કરતાં જર્મની પ્રથમ પૂર્વ તરફ આગળ વધવા માગે છે. પૂર્વ તરફ રશિયા અને જર્મનીની સરહદ વચ્ચે પોલેન્ડ આવે છે. રશિયા મોટું રાજ્ય છે ખરું પણ હજુ ઉભું થતું રાષ્ટ્ર છે. અને સિધ્ધાંતની દૃષ્ટિએ રશિયાને આજનાં લગભગ બધાં રાજ્યો દુશ્મન ગણે છે. આથી જો કોઈની સાથે તેને પૂર્વમાં લડવું પડે તો રશિયા સાથે લડવું પડે. જો પોલાન્ડને સમજાવીને પોતાના પક્ષમાં લઈ શકાય તો કાળા સમુદ્ર ઉપરનો રશિયાના તાબાનો યુક્રેઇનનો પ્રદેશ હાથ આવે. એ પ્રદેશ ઉપર સીધો અધિકાર અથવા તો બીજા કોઇ દેશ મારફત આડકતરો અધિકાર જો મેળવી શકાય તો જર્મનીની અનાજની ભૂખ ભાંગે તેમ છે કારણ આ પ્રદેશ યુરોપમાં અનાજને માટે સૌથી સમૃદ્ધ પ્રદેશ છે, અને જર્મનિની વધતી જતી પ્રજા માટે જર્મનીમાં પૂરતું અનાજ છે નહિ. પૂર્વ તરફ આગળ વધવાની અને પોતાની અનાજની ખોટ પૂરવાની આ જરૂર તે રશિયાની દુશ્મનાવટનું બીજું અંતર્ગત કારણ ગણાવી શકાય.

પણ આજે રશિયાનું લશ્કરી સામર્થ્ય એટલું બધું છે કે, એકલે હાથે જર્મની રશિયાની સામે ઉભું રહી શકે નહિ. આથી રશિયાનો બીજો દુશ્મન જે જાપાન તેની સાથે જર્મનીને સંધિ કરવી પડી. વસ્તુતઃ હિટલર આર્યન સંસ્કૃતિની હિમાયત કરે છે, અને જાપાન મોંગોલિયન સંસ્કૃતિવાળો દેશ ગણાય. યુરોપની સંસ્કૃતિનું સંરક્ષણ કરવા માટે આર્યત્વનું અભિમાન ધરાવતા હિટલરને એશિયાના મોંગોલિયન લોકોનો સાથ લેવો પડે એ પણ એક નવાઇ તો ખરી જ. વ્હેપારની બાબતમાં જાપાન અને જર્મની એકબીજાના હરીફ છે. પેસિફિકમાં આવેલાં જર્મન સંસ્થાનો મહાયુધ્ધને અંતે જાપાને કબજે કરી લીધાં છે. આમ બન્ને રીતે જોતાં જાપાન અને જર્મની વચ્ચે મેળ નથી. પણ જાપાન રશિયાનું કટ્ટું દુશ્મન છે એ એક જ હકીકત જર્મની અને જાપાનને ભેગાં કરી શકી છે.

જાપાનને પણ રશિયા સાથે મેળ નથી. જાપાન ચીનમાં પોતાનું પ્રભુત્વ સ્થાપવા માગે છે. પણ આ કામમાં રશિયા અડચણ નાખે છે. ચીનના મધ્ય ભાગમાં આજે સોવિયેટતંત્ર સ્થપાયું છે. આઉટર મોંગોલિયા સોવિયેટ પદ્ધતિ પ્રમાણે જ પોતાનું રાજતંત્ર ચલાવે છે. જાપાનીઝ સામ્રાજ્યના જુલ્મ સામે ચીનની પ્રજા ગમે ત્યારે બળવો કરવા તત્પર છે. અને સોવિયેટ તેને મદદ કર્યા વિના રહે નહિ. એટલે ચીનમાં રશિયા અને જાપાનની જાણે કે હરિફાઇ ચાલે છે. ઉપરાંત સોવિયેટની સરહદ જાપાનના ટાપુઓની અડોઅડ આવી ગઇ છે. રશિયાએ પોતાનું લશ્કરી સામર્થ્ય પૂર્વભાગની અંદર એકત્રિત કર્યું છે. રશિયન હવાઇ વિમાનો બહુ જ ટુંક સમયમાં જાપાનના ટાપુઓ અને ઔદ્યોગિક શહેરોનો નાશ કરી શકે તેમ છે. જાપાનને માથે રશિયાનાં આ હવાઇ વિમાનો એ લટકતી તરવાર છે. બૈકલ સરોવરથી પૂર્વ તરફનો સાઇબિરિયાનો ભાગ જ્યાંસુધી જાપાનના કબજામાં ન આવે ત્યાંસુધી જાપાન ભયમુક્ત થઇ શકે તેમ નથી.

પણ જાપાન એકલે હાથે રશિયાની સાથે લડવાની હામ ભીડી શકે તેમ નથી. જે વખતે જર્મની પશ્ચિમ તરફથી હુમલો કરે તે વખતે જાપાન જો પૂર્વ તરફથી હુમલો કરે તો જ રશિયાને હરાવી શકાય. અને તેથી જાપાન અને જર્મનીની મૈત્રી શક્ય બને છે. રશિયાનાં આ બે

કેન્દ્રો વચ્ચે એટલું બધું મોટું અંતર છે કે પાંચ હજાર માઇલ દૂર આવેલાં બે સ્થાનો ઉપર લડત ચલાવી શકાય કે કેમ એ પ્રશ્ન રશિયા માટે મુશ્કેલ છે.

રશિયા આ પરિસ્થિતિથી જ્ઞાત છે. હમણાં જ લીટ્વીનૉફે કોઈ પણ ભયની સામે પહોંચી વળવાની રશિયાની તૈયારી છે એવું જાહેર કર્યું છે. આજ દિવસ સુધી રશિયાએ જે શક્તિ નહોતી બતાવી તે શક્તિ આજે તેણે બતાવી છે. એટલે બન્ને બાજુથી બે પ્રજા હલ્લો કરે તો પણ બચાવ કરવા જેટલું સામર્થ્ય પોતાનામાં છે એમ રશિયા માને છે. જાપાન અને જર્મનીની સંધિનો જવાબ વાળવા રશિયા તત્પર છે

ઇટાલી અને જર્મની વચ્ચે પણ સંધિ થઇ છે જે સંધિનો ઉદ્દેશ સામ્યવાદના હલ્લામાંથી યુરોપીન સંસ્કૃતિને ઉગારી લેવાનો બતાવવામાં આવ્યો છે. માત્ર ઇટાલી અને જાપાન વચ્ચે હજી સંધિ થઇ નથી પણ એ સંધિ નહિ થાય એવું માનવાને ખાસ કારણ નથી

આટલા વિવેચન ઉપરથી આ વસ્તુ ખ્યાલમાં આવી શકશે કે ભવિષ્યમા ઇટાલી, જર્મની અને જાપાન એ ત્રણ દેશો સાથે રહેવાનો સંભવ છે. આનો પડઘો ઇંગ્લેન્ડમાં પડ્યા વગર રહ્યો નથી. ઇંગ્લેન્ડ આજે જાપાનને પોતાનો મિત્ર ગણી શકે એવી સ્થિતિમાં નથી. અને એટલા જ ખાતર સિંગાપોરમા તે લશ્કરી થાણું મજબુત કરે છે પૂર્વમાં જાપાન જો પ્રબળ થાય તો વધારેમાં વધારે ભય આજે બ્રિટીશ સામ્રાજ્યને છે એ વસ્તુથી ઇંગ્લંડના રાજનીતિજ્ઞો અજ્ઞાત નથી. ઇટાલીએ તો ભૂમધ્ય સમુદ્ર ઉપર પોતાનો કબજો મેળવવા માંડ્યો જ છે. અને તેથી જર્મની-જાપાન સંધિ અને ઇટાલીની તેમાં જોડાવાની સંભવિતતા સંબંધે ઇંગ્લેન્ડ ચિંતાતુર બન્યું છે.

હિટલર આ સમજે છે. અને કોઇ પણ ઉપાયે ગ્રેટબ્રિટનની સાથે મૈત્રી જાળવી રાખવા માગે છે. જ્યાંસુધી પૂર્વમાં હિટલર પોતાની મજબુતી ન કરી લે અથવા તો પોતાના લશ્કરી સામર્થ્યની પુરતી સગવડ ન કરી લે ત્યાંસુધી તે બ્રિટનને આશ્વાસન આપ્યા કરે છે કે, અમારી સંધિનો ઉદ્દેશ બ્રિટીશ સામ્રાજ્યના હિતને જોખમમાં નાખવાનો નથી.

આ સંધિનો ભય જેટલો રશિયાને છે એટલો જ ફ્રાન્સને પણ છે. ફ્રાન્સ અને જર્મનીની દુશ્મનાવટ તો ઐતિહાસિક બની ગઇ છે. કોઇ પણ વખતે જર્મની ફ્રાન્સમાં ઉતરશે એ લગભગ નક્કી છે. વળી સ્પેનમાં પણ જો બળવાખોરો બળવાન થાય અને પોતાનું સામ્રાજ્ય જમાવે તો ફ્રાન્સ ફેસીસ્ટ રાજ્યો વચ્ચે ઘેરાઇ જાય છે. ફ્રાન્સ અને રશિયા વચ્ચે સંધિ થયા પ્રમાણે રશિયાને મદદ આપવા ફ્રાન્સ બંધાયેલું છે, અને એ કારણથી સ્પેનમાં ફેસીસ્ટ રાજ્યની સ્થાપના કરવા માટે હિટલર આતુર બન્યો છે. જ્યારે જર્મની રશિયા ઉપર ચડાઇ કરે ત્યારે સ્પેન ફ્રાન્સ ઉપર ચડાઇ કરે. એમ કરવાથી ફ્રાન્સને સ્પેનની સરહદ ઉપર પોતાનું રક્ષણ કરવા માટે રોકાવું પડે અને જર્મની ઉપર તે ચડાઇ કરી શકે નહિ

સંધિની જાહેરાત પછી જેમ રશિયાએ જવાબ વાળ્યો છે તેવી જ રીતે ફ્રાન્સે પણ સામો જવાબ વાળ્યો છે. તેણે જાહેર કર્યું છે કે ફ્રાન્સનુ લશ્કર અજીત્ય છે અને કોઇ પણ પ્રજાનો સામનો કરવા માટે તત્પર છે. વળી પોતાની આખી સરહદ ઉપર જે કિલ્લેબંધી કરેલી છે તેને વધારે મજબુત બનાવવાનુ કાર્ય શરૂ કરી દીધું છે.

જાપાન-જર્મનીની સંધિ પાછળ કયા બળો કામ કરે છે તથા જુદાં જુદાં રાજ્યો ઉપર આ સંધિની શી અસર થઇ છે તેનું આ દિગ્દર્શન

છે. બીજાં નાના નાના રાજ્યો ઉપર પણ આ સંધિની અસર થઇ જ છે પણ તેની વિગતમાં ઉતરવાની જરૂર નથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં આ સંધિએ ઘણો ઉહાપોહ મચાવ્યો છે, અને ભવિષ્યમાં યુદ્ધ કોની કોની વચ્ચે થશે અને તે વખતે ક્યા ક્યા દેશો ક્યા પક્ષમાં ભળશે એ લગભગ સ્પષ્ટ થતું જાય છે.

જાપાન-જર્મન સંધિ અને ફ્રાન્સ અને રશિયાની સંધિ અરસપરસના જવાબરૂપે છે સમાન માન બાકીના રાષ્ટ્રોનો રહે છે પણ એ રાષ્ટ્રોના હિતાહિત અરસપરસ એટલા ગુંચવાએલા છે કે તેઓ ક્યો પક્ષ લેશે એ નિશ્ચિતતાથી કહી શકાય તેમ નથી

પોલાંડ

જાપાન-જર્મન સંધિની જાહેરાત હમણા થઇ, પણ વસ્તુતઃ આ બીના નવીન નથી-પરંતુ માસ અગાઉથી જ આ વાત લગભગ નક્કી થઇ હતી પોલાંડ પણ તેમાં ભળેલું હતું પણ હવે પોલાંડ જાગૃત થયું છે મોટા રાજ્યો વચ્ચે પોલાંડ ચગદાઈ જવા માગતું નથી એટલે છેવટે છેવટે પોલાંડે જાપાનના એલચીને ચોખ્ખો જવાબ આપી દીધો છે કે, પોલાંડ પોતાની તટસ્થતા જાળવી રાખવા માગે છે અને કોઇ પણ જાતના ઉશ્કેરણી થાય એવા કારણ વગર જ જો ઝેકોસ્લોવેકિયા જેવા મધ્ય યુરોપના દેશો ઉપર આક્રમણ કરવામાં આવશે તો પોલાંડને પોતાની નીતિનો ફરીથી વિચાર કરવો પડશે

પોલાંડના આ વલણથી જર્મનીની આક્રમણ નીતિને જરા આંચકો લાગ્યો છે પણ તેથી તેના હેતુમાં કશો અંતરાય આવતો નથી, માત્ર તેણે ધાર્યા જેટલું રશિયા ઉપર ચડાઈ કરવાનું અને યુક્રેન છીની લેવાનું કાર્ય સરળ રહ્યું નથી, પણ ઉલટું વધારે વિકટ બન્યું છે

એંગ્લો-ઇટાલીઅન કરાર

જાપાન-જર્મન સંધિની અગાઉ જ જર્મન ઇટાલિની સંધિ થએલી હોવાથી ઇંગ્લાંડની ચિંતા વધી જ હતી અને તેમાં સ્પેનમાં ઇટાલિ તથા જર્મની સાથે રહીને પોતાની સત્તા બળવાન બનાવતા હતા, તથા અમુક ટાપુઓ ઉપર ઇટાલિએ સ્વજે મેળવી પણ લીધો હતો એ બધી બાબતોની ચોખવટ કરવા માટે ઇટાલિ અને બ્રિટન વચ્ચે વાટાઘાટ ચાલતી હતી અને નવા વર્ષે બન્ને દેશો વચ્ચે ભૂમધ્ય સમુદ્ર સબંધે કરાર પણ કરવામાં આવ્યો છે જેમાં ભૂમધ્ય સમુદ્રમાં બ્રિટનના હિતોને નુકસાન પહોંચાડવાનો, રસ્તો અટકાવવાનો તથા બેલેરિક ટાપુઓમાંના કોઈ ટાપુ ઉપર કબજો મેળવવાનો ઇટાલિનો ઇરાદો નથી એવું ઇટાલિએ જાહેર કર્યું છે તેમજ સ્પેનને અભંગ રાખવાની પણ ઇટાલિએ બાંહેધરી આપી છે જો કે તેજ દિવસે સ્પેનમાં ઇટાલિના સ્વયંસેવકો ઉતર્યાના સમાચાર મળ્યા છે

આ કરારથી જર્મની તથા ઇટાલિ વચ્ચેના કરારોને પણ બાધ નથી આવતી, એવું આશ્વાસન જર્મનીને ઇટાલિએ આપ્યું છે

કન્યાકુમારી

શ્રી. ગોપાન

પ્રકરણ બીજું

વર્ષા ભારતીનો અભ્યાસ કરે છે

વર્ષાથી જુદા પડ્યા પછી ભાની ઊંડા વિચારમાં પડી ગઈ. હૃદયપ્રદેશમાં એક પ્રકારનું ગાંભીર્ય છવાઈ ગયું. વર્ષા સાથે વાતો કરતાં પોતે જે શબ્દો ઉચ્ચાર્યા તે જાણે કોઈની સમક્ષ પ્રતિજ્ઞા લીધી હોય એવા લાગવા માંડ્યા. સ્ત્રીજીવનના ઉત્કર્ષ માટે પોતે રાતદિવસ ઝંખતી હતી અને એને અંગે પોતાના વિચારો પણ પ્રગટ કરતી હતી. પરંતુ આવી શ્રદ્ધાપૂર્વક બોલવાનો પ્રસંગ એના જીવનમાં પહેલો જ આવ્યો હતો અને તે પણ વર્ષા પાસે કે જેનાથી ન સમજાય એવો ગભરાટ પોતે કરતી હતી, ગૌરવ પામતી હતી. ભાનીએ ગાંભીર્યનો ભાર ઓછો કરવા માટે મનને મનાવવા માંડ્યું: 'મેં નવું શું કર્યું છે? એ તો હું ચાર વર્ષ થયાં માનું છું ને જાહેર કર્યા કરું છું. એમાં ગંભીર થવા જેવું શું બની ગયું છે?' પણ ભાર ઓછો ન થયો.

બીજે દિવસે કુમારિકા સંઘના કામમાં પડી ત્યારે પણ એ ભાર ઓછો ન થયો. એની સાથે કામ કરનારી કુમારીકાઓને ભારતીમાં આજે કંઈક નવું-નવું લાગ્યું. બીજાને એવું લાગે છે તે ભાની જોઈ શકતી હતી અને મનમાં મૂંઝાતી હતી. 'શા માટે એમ થયું હશે?' એ પ્રશ્ન ઊઠ્યો અને અનુત્તર રહ્યો. એ બાકી કોઈ દિવસે નહિ અને તે દિવસે સભા પૂરી થતાં પહેલાં એ કુમારિકા સંઘમાંથી ઘેર ચાલી આવી.

[illegible]

એણે બહાર ફરવા જઈ મન પ્રફુલ્લ કરવાનુ યોગ્ય ધાર્યું હજી દિવસ આથમ્યો નહોતો અને રસ્તા ઉપર માણસોની ભીડ હતી ફરવા જવાનો સમય નહોતો થયો છતા એણે 'જવાહર બાગ' તરફ જવા માડ્યુ રસ્તામા કોઈના તરફ ધ્યાન આપ્યા વિના એ ચાલવા લાગી

બાગમા દાખલ થતા જ સામેથી ત્રિલોક આવતો દેખાયો ત્રિલોક ભારતીનો મિત્ર હતો છતા અત્યારે તેના મનમા સહેજ અણગમો આવી ગયો

'કેમ આજ અત્યારમા ?' નજીક આવી હસતા હસતા ત્રિલોકે પૂછ્યુ

'તમારા કરતા તો મોડી છુ ને ?' ભારતીએ સહેજ હસીને જવાબ આપ્યો

'બહેનો હમેશા આટલી મોડી તો હોય જ છે '

ભારતીને આ કટાક્ષ ન ગમ્યો એનુ મો બદલાઈ ગયુ સામાન્ય રીતે કોઈ પણ કટાક્ષને હાસ્યથી વધાવી સામુ તીર ફેકવાની એની મનોવૃત્તિ અત્યારે બહાર ન આવી ત્રિલોક જરા શરમાઈ ગયો

'માફ ' ત્રિલોક દબાતા અવાજે બોલ્યો અને એણે છૂટા પડવાની તૈયારી બતાવી

ભારતીએ ગભીરપણે માથુ હલાવી સમતિ દર્શાવી અને બન્ને જુદા પડ્યા પાચ ડગલા આગળ ચાલતા ભારતીથી પાછળ જોવાઈ ગયુ એને થયુ કે પોતે નજીવી બાબતમા ત્રિલોકનુ અપમાન કરી નાખ્યુ ખુલાસો કરવાની ઇચ્છા થઈ પણ ઉતાવળે પગલે ચાલ્યા જતા ત્રિલોકને બોલાવવાની હિંમત ન ચાલી મનના વધેલા ભારમા ઉમેરો કરી એણે બાગમા ફરવા માડ્યુ

સાજ પડતા ધીમે ધીમે માણસો આવવા માડ્યા હતા ભારતી બાગના એક છેડાની એકાત જગ્યા શોધી બાકડા ઉપર બેઠી એના મનમા વિચારો ઉઠવા લાગ્યા. વર્ષાની સાથે થયેલી વાતોના વર્ષા વિષે વિચારો આવવા લાગ્યા છેલ્લા એક મહિનાથી જ એણે વર્ષાને જોઈ હતી અને જોતા જ એના પ્રભાવથી અમુક અશે અજાઈ ગઈ હતી વર્ષાના પતિ શ્રીમોહન ભારતીના પિતાના સબધી હતા અને એને અગે જ પોતે વર્ષા સાથે પરિચયમા આવી હતી શ્રીમોહનને એક સજ્જન જુવાન તરીકે ભારતી ઓળખતી હતી બન્ને વચ્ચે વાતનો પ્રસગ આવ્યો ન હતો પણ એકમેકને આખથી ઓળખતા હતા.

ભારતીએ પોતે જ વર્ષાને કુમારિકા સઘમા આવવાનુ અને બની શકે તો દરરોજ આવવાનુ આમત્રણ આપ્યુ હતુ આમત્રણ મળ્યા પછી બે ત્રણ દિવસ સુધી તો વર્ષા ગઈ નહોતી પણ ભારતીએ ફરીને આગ્રહ કર્યો ત્યારથી એણે જવા માડ્યુ હતુ પોતાના કામને વર્ષા કઈ રીતે જુએ છે તેનુ નિરીક્ષણ ભારતી કર્યા કરતી હતી વર્ષા હસમુખી હતી સૌમ્ય હતી કોઈ ચર્ચાત્મક વાતો નીકળે તો બનતા સુધી પોતે હસીને જ વાતને ટાળી લેતી હતી વર્ષા જેમ જેમ ભારતી અને ભારતીના કામ તરફ મૌન રાખવા લાગી તેમ તેમ એનો અભિપ્રાય જાણવાની ભારતીની જિજ્ઞાસા વધવા લાગી એક દિવસ એકાત મળતા ભારતીએ સીધો જ પ્રશ્ન કર્યો

'તમે કેમ કોઈ દિવસ તમારો અભિપ્રાય ઉચ્ચારતા નથી ?'

વર્ષા હસી

'ના ના હુ ગભીરપણે પૂછુ છુ અમારી ત્રુટીઓ હોય તો તમારે કહેવુ જોઈએ ' આ શબ્દો બોલતા ભારતીએ, પોતને ન ગમે એવી નાનપ અનુભવી

'મારે અભિપ્રાય શો આપવાનો હોય ?'

'તમે વાતને ઉડાવો નહિ !'

'હું ઉડાવતી નથી દરેક વખતે અભિપ્રાય વ્યક્ત કરવામાં શ્રેય જ હોય છે એવું નથી'

'તમે એમ માનો છો કે તમારી ટીકાથી મને રોષ ઉપજશે?'

'રોષ કદાચ ન ઉપજે, પણ એમ તો થાયને કે આનમાં ગુણદષ્ટિ નથી?'

'હું એવું છીછરું હૃદય નથી ધરાવતી'

વર્ષાએ અર્થસૂચક દૃષ્ટિએ ભારતી સામું જોયું ભારતીના મો ઉપર વ્યાપેલી ઝલક વર્ષાએ જોઇ. સૌમ્ય અને સ્મિતભર્યું લાગતું વર્ષાનું મો જરા ગંભીર થઇ ગયું.

'બીજે કોઈ સમયે મારો અભિપ્રાય કહું તો?'

'અત્યારે શો વાંધો છે?'

'મારે થોડું ક વિચારવું તો જોઈએને!'

'આમા વિચારવાનું શું છે? જોતા સાથે જ તમારા મન ઉપર કંઈ છાપ નહિ પડી હોય'

'પણ એ છાપ ખોટી હોય તો?'

'જેવી હોય તેવી' ભારતી જરા હસી 'તમને અભિપ્રાય બદલવાની અને ફરીને જાહેર કરવાની છૂટ'

'પણ એવું ન થાય તો સારું ને?'

'તમારે કોઈપણ બહાને ચૂપ જ રહેવું છે એમ કહો ને?'

'ના, એવું નથી'

'તો બીજું શું છે?'

'મને થાય છે કે ત્યાર પહેલા આ પ્રવૃતિ વિષે અને પ્રવૃતિની સંચાલિકા વિષે પૂરેપૂરું જાણી લઉં'

'એ જાણવામાં શી અડચણ આવે છે?'

'કંઇ નહિ, પૂછ્યું નથી એટલું જ.'

'તો પૂછી લ્યો'

'અત્યારે નહિ ફાવે, બીજી કોઇ વખત'

'પણ એમ શા માટે?'

'અત્યારે વાતાવરણમા જરા ગાંભીર્ય આવી ગયું છે. મારે પૂછવું છે તે તો અમસ્થું, જરા ઉપરછલ્લું'

ભારતી પાસે જવાબ ન રહ્યો વર્ષાનું વલણ એને ગમ્યું નહિ વર્ષા એ જોઇ શકી એ ધીમું ધીમું હસતી બોલી.

'તમે પરણવાના છો કે નહિ?'

ભારતી ચમકી ગઇ 'ના' એટલું એ તુરત બોલી ગઇ.

'આખું જીવન કૌમાર્ય જ સેવવું છે?'

'હા'

'શા માટે?'

'શા માટે?' એક પળવાર ભારતી ચોંકી 'જીવનમા કંઇક કરી શકાય એ માટે'

'આ પ્રવૃતિ તમે કેટલા વરસ થયા ઉપાડી છે?' વર્ષાએ પ્રશ્ન બદલ્યો ભારતીને મનમાં થોડી નિરાત થઇ

'ત્રણ વર્ષ થયા.'

'હતું?'

ભારતીને આ સવાલ વિચિત્ર લાગ્યો જરા તોછડો પણ લાગ્યો, છતા એણે શાંતિથી જવાબ આપ્યો

'સ્ત્રીજીવનનો ઉત્કર્ષ સાધવો'

'ઉત્કર્ષ એટલે?'

'એટલે એનાં સ્વતંત્ર વ્યક્તિત્વની સ્થાપના કરવી' ભારતી જરા દૃઢ સ્વરે બોલી

'તમે કોઇ પણ પરિસ્થિતિમા પરણવાના નથી?' વળી પ્રશ્ન બદલાયો

'ના'

'માતાપિતા તમારા વિચાર સાથે સંમત છે?'

'ન પરણવા સિવાયના વિચારો સાથે સમંત છે.'

'તમે અભ્યાસ કેમ છોડી દીધો ?'

'એમાં કંઈ અર્થ ન લાગ્યો.'

'એટલે અત્યારની સ્ત્રીકેળવણી યોગ્ય માર્ગે નથી એમ તમને લાગે છે ?'

'કંઈક એવું ખરૂં.'

'ખાસ કયો દોષ તમને એમાં લાગે છે ?'

'એમાં મેં કહ્યું તેમ સ્ત્રીનું સ્વતંત્ર-વ્યક્તિત્વ નથી ખીલતું.'

'આ સંઘનો ઉદ્દેશ એ ખોટ પૂરી પાડવાનો જ હશે.'

'જરૂર.'

વર્ષા થોડીવાર વિચાર કરીને બોલી.

'હવે આ બધા ઉપર વિચાર કરીને હું મારો અભિપ્રાય આપું તો ?'

ભારતી ના ન પાડી શકી. મૂંગા રહી એણે સંમતિ દર્શાવી.

આ વાત થયા પછી ભારતી વર્ષાની આંખ તરફ વિશેષ નજર રાખવા લાગી. સંઘની કોઈ કુમારિકા સાથે વર્ષા વાતો કરે તે પણ ખૂબ ધ્યાનપૂર્વક સાંભળવા લાગી. પાંચ સાત દિવસ વિતી ગયા પણ વર્ષાએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો નહિ. ભારતી જાણવા ઇચ્છતી હતી પણ ફરીને પૂછવાનું યોગ્ય ન લાગ્યું. વર્ષા અને ભારતી વચ્ચે પેલી પ્રશ્નોત્તરી થઈ ગયા પછી અવાર નવાર વાતો થતી પણ એમાં વર્ષાના વિચારો ભારતી કોઈ દિવસ જાણી શકતી નહોતી. ભારતી સમજતી હતી કે નાના મોટા પ્રસંગોમાં ને વાતોમાં વર્ષા પોતાનો અભ્યાસ કરી રહી છે. ભારતીના જીવનમાં કશું ગુપ્ત નહોતું છતાં વર્ષાનું નિરીક્ષણ અને અભ્યાસ એને ચિંતા કરાવવા લાગ્યા. વર્ષાથી એ દિવસે દિવસે સંકોચ પામવા લાગી.

એમાં 'કુમારિકા સંઘ'ની ત્રીજી જ્યંતિનો ઉત્સવ આવ્યો. ભારતીને થયું કે આ ઉત્સવ જોયા પછી વર્ષા પોતાની પ્રકૃતિ પ્રત્યે ખેંચાશે ને પ્રશંસાના ઉદ્‌ગાર કાઢ્યા વિના રહી શકશે નહી. ભારતીએ હર્ષપૂર્વક ઉત્સવની તૈયારી કરવા માંડી અને પોતાના કામમાં વર્ષાને સાથે રાખવા લાગી. વર્ષાએ પણ સહર્ષ ભાગ લેવા માંડયો. ઉત્સવની તૈયારીના ચાર પાંચ દિવસોમાં ભારતી અને વર્ષા વચ્ચે હતી તે કરતાં યે વધુ નિકટતા આવી. વર્ષા એ નિકટતાનો ઉપયોગ ભારતીને વધુ ને વધુ સમજવામાં કરતી હતી તે ભારતી જાણતી હતી પણ એથી દૂર રહી શકતી નહોતી. ધીમે ધીમે વર્ષાએ ભારતીના જીવન વિષે ઘણું જાણી લીધું. આખરે ઉત્સવનો દિવસ આવી પહોંચ્યો.

પ્રકરણ ત્રીજું
કુમારિકા સંઘનો ઉત્સવ

ઉત્સવને દિવસે ભારતીના મુખ ઉપર હર્ષના ચિન્હો સ્પષ્ટ જણાતાં હતાં. એનાં હલનચલનમાં તરવરાટ અને વાણીમાં સંતોષનો આનંદ વ્યક્ત થતો હતો. સવારના ૭ વાગે એ કુમારિકા સંઘમાં આવી પહોંચી હતી. એના આવ્યા પછી શ્વેત વસ્ત્રોમાં સજ્જ થએલી એક પછી એક કુમારિકાઓ આવવા લાગી અને ઉત્સવને અંગેની છેલ્લી તૈયારીઓ કરવા લાગી. સાત વાગતાં ધ્વજવંદનનો કાર્યક્રમ હતો. એ પછી ગયા વર્ષનો અહેવાલ અને ભાવી યોજના સંઘ સમક્ષ રજુ થવાના હતાં. સાત થતા આવ્યા ત્યાં તો સેંકડો કુમારિકાઓ હાજર થઇ ગઈ હતી. એ લગભગ સેંકડોને જોઇ ભારતીના મુખ ઉપરનું તેજ વધવા લાગ્યું. સૌના ઉપર એની આંખ ફરતી હતી અને

એ આખમા આશાની જ્યોત ઝગમતી હોય એવું શિતળ તેજ વ્યાપેલું હતુ ભારતીના અવાજમા પણ હર્ષનો ઉભરો હતો. વાતાવરણમા આનંદ અને આશા ઉછળતા હતા.

સાત વાગવાની તૈયારી હતી ત્યા વર્ષા આવી સૌનુ ધ્યાન તેના તરફ ખેચાયુ વર્ષા ધીમુ હસતી હસતી ભારતી તરફ ચાલી ભારતીએ આનંદભર્યા મુખે એના સામુ જોયુ અને તુરત એની નજર, સામે બેઠેલી દોઢસો કુમારિકા તરફ વળી ભારતીના મો ઉપર ગૌરવની રેખાઓ ફરી વળી તે વર્ષાએ જોઇ એણે પણ શ્વેત વસ્ત્રધારી કન્યાઓને પોતાની દ્રષ્ટિમા સમાવી

સાત વાગ્યા ભારતીએ ધ્વજ ફરકાવ્યો સૌએ ગભીર મુખે ધ્વજની સલામી લીધી અને દોઢસો કંઠમાથી 'ઝંડા ઉંચ રહે હમારા' એ ગીત ગુજવા લાગ્યુ હવામા એક પ્રકારની ઉષ્મા વ્યાપી ગઇ ભારતી ગભીર અવાજે બોલી

"ઇસકી સાન ન જાને પાવે
ચાહે જાન ભલે હી જાવે'

"એ એક જ વાક્ય રાતદિવસ આપણે સ્મરણમા રાખીએ તો બસ છે જે દિવસે આનુ અપમાન સાખી લીધુ તે દિવસે આપણો જ ગર્વિષ્ઠ આત્મા મૃત્યુ પામ્યો એમ સમજજો. એમ તો રોજને રોજ સૂક્ષ્મ રીતે આનુ અપમાન થયા જ કરે છે, આપણા ઉપર રાજ કરતી પરદેશી સરકારનુ એક એક કાર્ય આ ધ્વજનુ અપમાન જ છે, પરતુ એ મીટાવવાનો આપણે સકલ્પ કર્યો છે આ ઝડાને ફરફરતો જોઇ એ સકલ્પને આપણે દઢ કરીએ અને આની સામે કોઇ સત્તા ભરી આખે જોઈ જ ન શકે એવી સ્થિતિ ન આવે ત્યા સુધી જપીએ નહી, પણ એ સ્થિતિ ક્યારે આવશે ? આવશે નહી પણ આપણે એને લાવી પડશે આપણે શી રીતે લાવશુ ? સરકાર સામે સશસ્ત્ર બળવો કરીને ? આખા દેશમા ખૂનનો મારો કરીને ? છૂપા કાવતરાઓ કરીને ? પેલી બગાળી કુમારિકાઓની પેઠે ગોળી અમલદારોની છાતી વીધીને ? શી રીતે એ સ્થિતિ લાવશુ કે જે સ્થિતિમાં આ ઝંડો અણનમ રહે ? લંડનના મુગટધારીઓને પણ અહી ઝૂકવુ પડે ? ઝડામા તો રેંટિયાનુ નિશાન છે અને એના રગો શાતિનુ સૂચન કરે છે, પરતુ મારે અત્યારે શાતિ અને અહિંસાની વાત નથી કરવી હિંસા અને મારફાડની વાત પણ નથી કરવી મારે તો એ કહેવુ છે કે આપણે માત્ર દોઢસો કુમારિકાઓ એ સ્થિતિ લાવી શકશુ ? આપણા દેશની સત્તર કરોડ સ્ત્રીઓ જ્યા છે ત્યા જ રહેશે તો આપણે કૂચ કરી શકશુ ?"

"અને આપણે એ પણ યાદ કરીશુ કે આપણી સ્વતંત્રતાના અવરોધકો કોણ કોણ છે ? શુ પરદેશી સરકાર જ આપણી પ્રગતિને રૂંધી રહી છે ? શુ આર્થિક ગરીબી જ આપણને પાયમાલ કરી રહી છે ? શુ રાજકિય પરાધિનતા જ આપણા આત્માને ગુંગળાવી રહી છે ? આખો દેશ આ દુ ખોથી તો પીડાય છે પણ આપણા સ્ત્રીઓના દુ ખો અને બધનો તો એથીયે વધુ છે. પહેલા તો જેની સાથે ઉભા રહીને આપણે લડવાનુ છે એ અર્ધું ભારતવર્ષ એટલે આખી પુરુષજાત આપણી દુશ્મન હોય એમ વર્તે છે જે માનવ જાતને અમૃત પાવા અને આખી સૃષ્ટિમા પ્રેમ અને કર્તવ્યનુ સામ્રાજ્ય સ્થાપવાનો દાવો કરે છે તે આપણા શાસ્ત્રો અને શાસ્ત્રકારો પણ આપણી કૂચને રોકી રહ્યા છે અને સૌથી કરૂણ અને વિચિત્ર વાત તો એ છે કે આપણે પોતે જ, આપણી જાતિની કરોડો વ્યક્તિઓ આપણા માર્ગની વચ્ચે જ પડી છે આ સ્થિતિમા આપણે શુ કરીશું ? પુરુષે આપેલી બેડીઓ પહેરી આપણે રાજકિય પરાધિનતાની બેડીઓ તોડી શકીશુ ? આપણા વ્યક્તિત્વને હણી નાખતુ આ ધર્મશાસ્ત્ર સાથે રાખી આપણે ન્યાયક્રમ કરી શકીશુ ? સત્તર કરોડ સ્ત્રીઓનો

સમુદાય આપણા માર્ગની વચ્ચે પડયો છે તેને જાગ્રત કરી સાથે લીધા વિના આપણે પગનુ ભરી શકીશુ ? ”

“મને તો થાય છે કે આ ઝડામાથી આપણે પ્રેરણા લઈએ કે આ ઝડો સપૂર્ણ સ્વતત્રતાનો છે, નહિ કે રાજકિય સ્વતત્રતાનો જ આ ઝડો સર્વ રોગનો હરનારો છે, નહિ કે ગરીબી અને ભૂખમરાના રોગનો જ આ ઝડો શાતિ અને એકતાનો અવતાર છે પણ એ શાતિ ગુલામીની નહિ અને એ એકતા પ્રગતિના રોધકો સાથેની નહિ એટલે આપણે આજે કુમારિકા સઘનો ધ્યાનમત્ર– સમાનતા અને સ્વતત્રતા– યાદ કરી એ ઝડાને ફરીને વદન કરીએ, એમાથી પ્રેરણાનુ પાન કરી આપણા હૃદયમા બળ ભરીએ અને આપણી કૂચને આખર સુધી જારી રાખીએ ”

ભારતીના શબ્દોએ ‘કુમારિકા સઘ’મા એક ઝણઝણાટી ફેલાવી દીધી ઝડો ફરકતાની સાથે જ મસ્તીભર્યુ વાતાવરણ અદશ્ય થયુ હતુ અને ગાભિર્ય પ્રસરી ગયુ હતુ પણ એ ગાભિર્યમા ભારતીએ દીવાગળી ચાપી અનેક કુમારિકાના મો ઉપર અગ્નિરગ છવાયો હતો તે ભારતીએ જાયુ એના રક્તવર્ણા મુખ ઉપર એક અનદ લહર આવી ગઈ એણે વર્ષા ઉપર નજર ફેકી પણ એની આખ પાછી પડી વર્ષાના મો ઉપર કશો જ ફેરફાર થયો નહોતો એ શાત સૌમ્ય મુખમા ભારતીને એક પડનાર પોતાની મશ્કરીનો ભાર દેખાયો પણ તુરત એ ક્ષુદ્ર વિચારને એણે મનમાથી હાકી કાઢયો

સૌ પોતપોતાની જગાએ બેઠા ભારતીએ અહેવાલ વાચવા માડયો વર્ષા કાન માડીને સાભળી રહી હતી અહેવાલ પૂરો થતા ભારતીની નજર ફરીને વર્ષા ઉપર પડી વર્ષા એવીને એવી જ હતી

અહેવાલ વચાઈ રહ્યા પછી પણ એક ગીત ગવાયુ ગીત પૂરુ થતા ભારતી ઉભી થઈ ધીમા પણ ગભીર અવાજે એ બોલી

“આ અહેવાલમા આપણી પ્રગતિનો ઇતિહાસ છે હુ એ વાચીને જરાએ સતોષ નથી લઈ શકતી હુ જાણુ છુ કે આખા પ્રાતમા આપણી સસ્થાની પ્રશસા થઈ રહી છે દેશના મોટા મોટા નેતાઓ પોતાના આશીર્વચનો અને અભિનદનો પાઠવે છે કોઈ આ કામને અદભૂત તરીકે વર્ણવે છે. કોઈ આને સમગ્ર ભારતવર્ષમા અજોડ ગણે છે પરંતુ જ્યારે હુ આગળ નજર કરુ છુ ત્યારે આપણુ નિશાન મને ઘણુ ઘણુ દૂર લાગે છે હું પાછળ નજર કરું છુ તો આપણે હજી બહુ ઓછો જ પથ કાપ્યો છે એમ મને લાગે છે આપણી ગતિ આ પ્રમાણે જ રહે તો કોણ જાણે કેટલા વર્ષે આપણુ નિશાન આપણે પ્રાપ્ત કરી શકીએ ! મને એમ થાય છે કે દેશસેવામા બીજી કોઈ ભારતી નથી કે જે એક એક આવા સઘો ઉભા કરે ? મારામા તો એવી કોઈ ચમત્કારિક શકિત હુ નથી જોતી કે જે તમારામા યે ન હોય હા મારામા સકલ્પશકિત છે, પણ એ તો તમારામા યે છે આપણે બે વર્ષ પૂરા કર્યા બે વર્ષ પછી આપણે બીજી સસ્થા ઉભી ન કરી શકીએ ? બીજા શહેર કે ગામડાના સમૂહમા જઈ આપણે નવા નવા સઘો ન સ્થાપી શકીએ ? છેલ્લા ચાર દિવસ થયા આ વિચાર મારા મનમા ઘૂમે છે અને મને થાય છે કે આવતા વર્ષ માટેનુ આપણુ કામ આપણી નજીકના ભવિષ્યની યોજના જ્યા શકય હોય ત્યા સઘની સ્થાપના કરવાની છે આ એક યોજના ઝીલી લઈ આપણે આજના ઉત્સવને ઉજવીએ એવી મારી આતરિક ઇચ્છા છે ”

ભારતીનુ બોલવાનુ પૂરુ થયુ અને સઘમા ગણગણાટ શરૂ થયો ભારતી કાન માડી એ ગણગણાટમાથી શબ્દો પકડતી હતી અને આખથી અવલોકન કરતી હતી એના મો ઉપર સતોષ તરવરવા લાગ્યો એનાથી વર્ષા સામે જોવાઈ ગયુ, વર્ષાએ પણ હસતી આખે ભારતી સામે જોયુ

ભારતી ઉઠીને એની પાસે ગઈ, વર્ષાએ ધીમેથી એક સવાલ પૂછ્યો.

'બીજા સઘો પણ કુમારિકાઓના જ થશે કે તમામ સ્ત્રીઓના?'

'કુમારિકાઓના જ.'

'તમે તો સત્તર કરોડ સ્ત્રીઓના ઉદ્ધારની વાત કરો છો.'

'એમને કુમારિકાઓ જ જાગ્રત કરી શકશે.'

'પણ કુમારિકા એ પૂર્ણ સ્ત્રી જ ન કહેવાય એ તમે જાણો છો?'

'કેમ?' ભારતી ચમકી.

'કુમારિકા સ્ત્રીઓના પ્રશ્નને પૂરી રીતે સમજી શકે જ નહિ.'

'હું એ નથી માની શકતી.

'તમે ભલે ને ન માનો.'

સમુદાયમાં ગણગણાટ વધવા લાગ્યો. બંનેનું ધ્યાન એ તરફ ગયું. ભારતીએ ઉત્સવના બીજા કાર્યક્રમોની તૈયારી કરવા માટે વર્ષાની રજા લીધી અને 'પછી વાત કરીશું' એમ કહીને ઉઠી. વર્ષાએ જોયું કે ભારતીના પગલાં પડવાં જોઈએ તે કરતાં ધીમાં પડતાં હતાં.

[ચાલુ]

ગુણગ્રહણ

: શાર્દૂલવિક્રીડિત :

છો ને સિંધુ કરાલ કોટિક ફણાધારી સમો ક્રોધથી
ફુત્કારી, વિષવારિ નીલગિરિ શાં ગર્વે અફાળી ધસે;
છો એને ઉર મૃત્યુદૂત સરખા નિઃસંખ્ય સત્ત્વો વસેઃ
છે મોતી મણિ ને પ્રવાલ ભરિયા ભંડાર એની કને
તો ના કેમ બળે કળે જઇ તહીં એ રિધ્ધની શોધથી
થાઉં ધન્ય? વૃથા 'દુરાત્મ' કહીને શાને તજું એહને?

પુજાલાલ



શ્રી. રતિલાલ મહેતા

ચૂંટણી-જંગ

નવા બંધારણ હેઠળની પ્રાંતિક ધારાસભાઓ માટેનો ચૂંટણીજંગ રોજને રોજ વધુને વધુ જોશભેર આગળ ધપે છે. બંગાળ, બિહાર, અને આસામ જેવા કેટલાક સ્થળોએ તો મતનોંધણીનું કામ પણ શરૂ થઈ ગયું છે. આ વખતે મહાસભાએ પોતાની તમામ શક્તિઓ સાથે આ જંગમાં ઝુકાવ્યું છે, એવી એમા ઓર જોશ આવ્યું છે. મહાસભાની અને દેશની આ ચૂંટણીમાં કસોટી થવાની છે. મહાસભા આમાંથી વિજયવંત બનીને બહાર આવશે, એમાં હવે શંકા રહેતી નથી. જે પરિણામો અત્યાર સુધીમાં બહાર આવ્યા છે, એ મહાસભાની જવલંત ફતેહ બતાવે છે. રાષ્ટ્રપતિથી લઈને સામાન્ય સ્વયંસેવક સુધી તમામ, દેશની આઝાદી ઇચ્છતા માણસો, આ જંગમાં એક યા બીજી રીતે મહાસભાને વિજયવંત બનાવવા પાછળ પડયા છે

પણ આ જંગ સરળ સીધા માર્ગે ચાલે એવો નથી: અનેક મુશ્કેલીઓ, મારામારી, ઝઘડા, વેરઝેર, પક્ષાપક્ષી આ ચૂંટણીના કાર્યમાં ઉપર તરી આવે છે. પશ્ચિમના દેશોમાં જે બનતું રહ્યું છે, એ અહીં પણ આ વખતે બનતું દેખાય છે. પણ એ અનિવાર્ય છે, કારણકે લડનારા પક્ષોનો એમાં કટ્ટર સ્વાર્થ રહેલો છે.

પણ મહાસભાને સંબંધ છે ત્યાં સુધી એની અંદર હમણાં હમણાં શિસ્તભંગ થવાના ઘણા દાખલા બહાર આવતા જાય છે, એ ખેદજનક બીના છે. કેટલીક જગ્યાએ મહાસભાવાદી કાર્યકરો મહાસભાના ઉમેદવારની વિરૂદ્ધ પ્રચાર કરતા દેખાયા, કેટલાક, મહાસભાને નામે, પોતેજ મહાસભાના ઉમેદવારની સામે ચૂંટણીમાં ઉભા રહેલા જણાયા. મહાસમિતિના સભ્ય શ્રી. કાગે મુંબઈમાં ટ્રેડ યુનિયન કોંગ્રેસ તરફથી ઉભા રહેલા

જોગલેકરના ટેકામાં બોલતા દેખાયા. પં. મદનમોહન માલવિયા જેવા પ્રૌઢ મહાસભાવાદી નેતાએ પણ, સંપૂર્ણ વિનય વાપરીને, આવો શિસ્તભંગ કર્યો.

આ બધા શિસ્તભંગ કરનારાઓ સામે તાકીદે પગલાં લેવાયાં છે, એ યોગ્ય જ થયું છે. કારણ કે એક સંગઠિત અને લડાયક પક્ષમાં શિસ્ત એ સૌથી મહત્વની અને જરૂરી વાત છે. એ વિના કોઈ પણ પક્ષ પ્રગતિ સાધી શકે નહિ. મહાસભા જેવા વિશાળ આમવર્ગ પર ઊભા રહેલા વ્યાપક પક્ષમાં તો ચુસ્તપણે શિસ્તનું પાલન થવું જોઈએ

અલબત, પાર્લમેન્ટરી બોર્ડ તરફથી ચુંટાતા તમામ માણસો આપણે ઇચ્છીએ એવા લાયક ન પણ હોય, એ વિષે મતભેદ રહી શકે એ ઉપર પહેલાંથી લડત ચાલે એ પણ જરૂરી છે છતાં એકવાર નિર્ણય થઈ ગયા પછી એની સામે બંડખોર જગવવી પક્ષના કોઈ પણ જવાબદાર સભ્ય માટે છાજે નહિ મુંબઈમાં નિખાલસ પ્રકારે આ ચુંટણીમાં ટ્રેડ યુનિયન કાર્યકર્તાઓની ટૂંકી દૃષ્ટિ બતાવી છે, એ ખરેખર શોચનીય છે આખરે તો, આ ચૂંટણી અંતિમ ધ્યેય છે નહિ ધારાસભામાં જનારાઓ મહાસભાની દોરવણી હેઠળ જ રહેવાના છે એ વાત કેમ ભુલાય છે? ખરેખર તો બહાર પડવું છે, એ વસ્તુ તરફ કેમ ધ્યાન નથી રહેતું?

આ બધી મુશ્કેલીઓમાંથી પસાર થઈને પણ મહાસભા આ કસોટીમાંથી પાર ઉતરી દેશનો મક્કમ નિશ્ચય જાહેર કરી દેશે, એ વાત ગમતી પણ છે.

ફ્રાન્કો-ટર્કીશ ઝગડો

યુદ્ધનો જાણે પવન ને પવન નથી. વાદળા ભાગતા હોય એમ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં એક પછી એક બનાવો ઉભરાતા જ રહે છે. એન્ટીઓક અને એલેકઝાન્ડ્રેટાનો પ્રશ્ન લાંબા વખતથી તુર્ક પ્રજાને મુંઝવી રહ્યો છે મહાયુદ્ધ પછીની સંધિની રુએ અમુક શરતોમાં, તુર્કીએ આ બે બંદરો ફ્રાન્સને સુપ્રત કરેલાં હવે તુર્કી એ પાછાં લેવા માગે છે. એણે એ માટે રાષ્ટ્રસંઘને અપીલ પણ કરેલી. ગયા ડિસેમ્બરમાં રાષ્ટ્રસંઘે એવો નિર્ણય કર્યો કે ત્યાં રાષ્ટ્રસંઘ તરફથી તપાસ કરાવવી, તાજેતરમાં ફ્રાન્સે ત્યાં કરેલી સૈન્ય ભરતીને પાછી ખેંચી લેવી, અને ફ્રાંકો-સીરિયન કરારોને બહાલી આપવાનું મુલતવી રાખવું

પણ ગઈ તા. ૧૪મી જાન્યુ. ને દિવસે કમાલઅતાતુર્ક એકદમ દક્ષિણ આનાતોલીઆ ઉપડી જવાથી અનેક આશંકાઓ જન્મી, ફ્રાંસે તુર્કીની શરતો હજી કબુલી નથી, એ એક શોચનીય બાબત છે. અને બધા કમાલ મુત્સદ્દી માણસ છે હિટલરની જેમ એ કંઈ એકદમ સાહસ કરી બેસે એવો નથી. ડાર્ડેનેલ્સ કરારોના સફળ ઉકેલમાં એનો હિસ્સો નોંધપાત્ર છે, એટલે ફ્રાન્સ સાથેની એની વાટાઘાટો સારું પરિણામ લાવશે એવી આશા રહે છે એલેકઝાન્ડ્રેટાને સીરિયા અને લેબેનોનની જેમ સ્વતંત્ર કરી નાખવાની તુર્કીની સૂચના ફ્રાન્સે સ્વીકાર્ય કરી પડવી જોઈએ

ફ્રાન્સ-પોલાંડ-જર્મની

હિટલરને બીજી કેટલીક બાબતોમાં પોલાંડ પણ બહુ ખૂંચે છે. કારણ કે રશિયા પર ચડાઈ કરવા જતાં એ વચ્ચે આવે છે-એટલે એને જીતી લેવાની એ વર્ષોથી પેરવી કરી રહ્યો છે. પણ હજી સુધી તો એ ફાવ્યો નથી એથી ઉલટું, ફ્રાન્સની દોસ્તી વધારવામાં પોલાંડે ચાલાકપણું દાખવ્યું છે, એટલું જ નહિ, રશિયા સામેના જર્મન-જાપાની કરારમાં જોડાવાની પણ એણે સાફ ના સંભળાવી દીધી છે. અને જર્મનીનો રોષ ઉછળ્યો છે એણે એકદમ પોલીશ-જર્મન સરહદની જર્મન બાજુ પર જર્મન લશ્કરી વિમાનો સિવાય બીજા કોઈ પણ દેશના વિમાનોને ઉડવાની મનાઈ કરી દીધી. ફ્રાન્સ સાથેની પોલાંડની દોસ્તીએ એની તમામ ગણતરીઓ ઉપરતળી પાડી છે. હવે એ ગંભીર થઈને વિચાર

કરવો પડશે, આ દોસ્તીથી નાનાં રાજ્યો Little Entente (રૂમાનીઆ, યુગોસ્લાવીઆ, ઝેકોસ્લોવેકીઆ) ને પણ બળ મળી રહેશે, ને એથી ઇટાલીની પ્રવૃત્તિઓને પણ રૂકાવટ મળી જશે. નાનાં રાજ્યો આમ સંગઠિત બને એટલે બાલ્કન રાજ્યો (ગ્રીસ, આલ્બેનિયા) એમની સાથે ઉભા રહેવા પ્રેરાશે આમ જર્મની અને ઇટાલી અલગ પડી જાય, વચ્ચે એક જબરદસ્ત ચોકડું–Block બની રહે, તો ફેસીઝમનો ધુધવતો પ્રવાહ એકદમ થંભી જાય, ને દુનિયા મહાવિનાશમાંથી બચી જાય. પણ રાજદ્વારી શેતરંજ આપણે ઇચ્છીએ એમ હંમેશા રમાતી નથી.

મોરોકકોનો પ્રશ્ન : અને સ્પેન

સ્પેનનો આંતરવિગ્રહ, વધતી જતી ક્રૂરતાથી, લંબાતો જાય છે તેમાં મોરોક્કોના પ્રશ્ને વળી નવી ગંભીરતા ઉભી કરી છે આ મોકો લઇને જર્મની પોતાની સંસ્થાન–ભૂખ શમાવવા માટે સ્પેનીશ મોરોક્કો પર આંખ ઠેરવે છે. ત્યાં પુષ્કળ જર્મન લશ્કર ઉતરતું આવે છે. એવી ફ્રાન્સની ફરિયાદ છે, બ્રિટન પણ ચોંકી ઉઠયું છે, કારણ કે સ્પેનીશ મોરોક્કોમાં જર્મનીનો પગપેસારો થાય તો હિંદ આવવાના શાહી માર્ગને કાયમી અનિષ્ટનો સામનો કરવો પડે સ્પેનીશ મોરોક્કો પછી ફ્રેન્ચ મોરોક્કોનો વારો આવે, એટલે ફ્રાન્સની ચિંતા પણ વધી છે. અલબત્ત જર્મની તો એની હંમેશની રીત મુજબ મોરોક્કોમાં કોઇ જાતનું લશ્કર ઉતાર્યાનો ઇન્કાર કરે જ છે. સાથે સાથે બ્રિટન અને ફ્રાન્સમાં ય હજી એટલી આત્મશ્રદ્ધા ક્યાં આવી છે, કે આ તુંડમિજાજી હિટલરને સારો જેવો જવાબ આપી શકે, દરમ્યાનમાં સ્પેનના બળવાખોર સરદાર ફ્રાંકો હિટલર અને મુસોલીની સાથે સોદા કર્યે જાય છે એક સાથે મોરોક્કોનો, અને બીજા સાથે બેલેરીક ટાપુઓનો

ખુદ સ્પેનની ધરતી પર તો હવે બળવાખોરો-ને જર્મની અને ઇટાલીની સક્રિય મદદ છતાં, સખત ફટકો પડતો જાય છે સ્પેન સરકારના વીર સૈનિકો, આંતરરાષ્ટ્રિય બિરાદરોની મદદથી ઉત્સાહિત બની માડ્રીડને ટકાવી રહ્યા છે, પણ આ બચાવ નીતિ (Defensive) ને સ્થાને હવે જોશદાર આક્રમણ (Offensive) થવું જોઇએ છે, એ થશે એવાં ચિન્હો પણ દેખાવા લાગ્યાં છે.

ચીનનો ભેદી મામલો

યુરોપ આમ અનેક ગૂંચવણો વચ્ચે ખળભળે છે, ત્યારે દૂર પૂર્વમાં ય ભેદી રમતો રમાઇ રહી છે ઉત્તર ચીનમાં સીઆન્ફુ ખાતે ચાંગ–સુ–લીઆંગનો બળવો હજી તો હમણાં જ ભેદી સંજોગોમાં શમી ગયો પકડાયેલો સરમુખત્યાર ચાંગ–કાઇ–શેક છુટી ગયો, ને ચાંગ–સુ–લીઆંગને દશ વર્ષની સજા થઇ ને માફી પણ મળી ગઇ, છતાં એને કડક દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો છે એમ લાગતું હતું કે હવે શાંતિ સ્થપાઇ જશે પણ અસંતોષ તીવ્ર છે જાપાનના આક્રમણને હવે ચીન સાંખી શકે તેમ નથી થોડા દિવસ થયા, ત્યાં પાછું સીઆન્ફુ ઝબક્યું ત્યાં ઉદ્દામ તત્વોએ અડ્ડો જમાવી દીધો સાથે સામ્યવાદીઓ પણ હતા એમના કાર્યક્રમમાં જાપાન વિરોધી લડત મોખરે છે ખબર નથી પડતી કે આ ધુંધવાતો અગ્નિ ક્યારે ભભડી ઉઠશે ? ચાંગ–કાઇ–શેકની સરમુખત્યારીથી પ્રજા રાજી નથી સુખી નથી, છતાં કોણ જાણે કેમ પણ રશિયન પત્રો કંઇ અજબ રીતે શેકની તરફદારી કરી રહ્યા છે, અને ચાંગ–સુ–લીઆંગને જાપાની 'એજંટ' માની લેવા સુધી તેઓ દોરાય છે રશિયાની આંતરરાષ્ટ્રિય ભુલભુલામણીનું દષ્ટાંત, એમ પણ હોય કે યુરોપમાં, તેમ એશિયા-માં પણ ગમે તેવી પણ 'રાષ્ટ્રિય' સરકાર સાથે સહકાર રાખવો અને 'યુનાઇટેડ ફ્રંટ'ની નીતિએ જાપાની–શાહીવાદનો સામનો કરવો એવી રશિયાની –એટલે કામીન્ટર્નની–નીતિનું આ પરિણામ હોય

ગઝનવી–બર્દવાન કરારનામું

કોમ અને ધર્મના હિતોનું રક્ષણ કરવાને નામે ફાટી નીકળેલી સંસ્થાઓ અને બહાર પડેલા આગેવાનો દેશની રાષ્ટ્રીય લડતને ભારે હાનિ પ્હોંચાડી રહ્યા છે, એ વિષે હવે બહુ કહેવાપણું પણ રહેતુ નથી હમણાજ બંગાળમાં–જ્યા ચૂકાદાના મણધમાં હિંદુ અને મુસ્લીમ આગેવાનો વચ્ચે ભારે રસાકસી થતી રહી છે, ત્યાં–હિંદુઓ તરફથી બર્દવાનના મહારાજા અને મુસ્લીમો તરફથી સર એ એચ ગઝનવીએ સાથે મળીને એક જે કરારનામુ ઘડયુ છે, એ તરફ સામાન્ય રીતે લક્ષ આપવા પણુ ન રહે પણ એવી પ્રવૃત્તિઓ રાજદ્વારી આંટીઘૂંટીઓથી અજ્ઞાત એવી જનતાને ઉંધે માર્ગે દોરી જનારી થઇ પડે છે, એટલે એમને બરાબર ઉઘાડી પાડી દેવી જોઇએ છે ખુશ નસીબે ઘણાખરા બહુ ઓછા આગેવાનો એને વધાવશે કવિવર રવિન્દ્રનાથ ટાગોર શ્રી બી એ રોય, આચાર્ય નરુફલચંદ્ર રોય, શરત બોઝ તેમજ શ્રી ઝીણા જેવા નેતાઓએ એ કરારને વખોડી કાઢયા છે અને કરારની કલમો તો જુઓ કોમી ચૂકાદો કાયમ રહે, દશ વર્ષને અંતે એમા ફેરફાર થાય કે એને સ્થાને કોમો વચ્ચે પરસ્પર સમજુતી ભને થાય બંગાળની કેબિનેટમા હિંદુ અને મુસ્લીમ પ્રધાનોની સરખી સંખ્યા રહે પ્રાંતિક સરકારના તમામ ખાતાઓમા હિંદુ મુસ્લીમોનુ સમાન પ્રમાણ રહે આમ આ કરારમા હિંદુ કે મુસ્લીમ જનતાના હિતની તો વાત જ નથી પણ કેટલાક બની બેઠેલા નેતાઓની સરસારી હોદ્દાઓ મેળવવાની અને લુંટના ટુકડા વહેંચી પાડવાની પડાપડી જ માત્ર છે આ કરારની સૌથી વધારે સાફ સાફ ઝાટકણી તો જવાહરલાલે જ, અમૃતસરમાં તાજેતરના એક ભાષણ દરમ્યાન, આ પ્રમાણે કરી છે "It was the height of hypocricy and shame It was a vulgar attempt to divide safely and secure a few jobs and ministries among a few selfish people "

બંગાળ–નાગપુર રેલ્વે હડતાળ

બંગાળ–નાગપુર રેલ્વેની હડતાળ ચાલુ છે સાઠ હજાર જેટલા કામદારો એમા જોડાયા છે ને હજી વધુ જોડાતા રહે છે હડતાળનો અવાજ એકંદરે બધો સંયમ અને એકમત છે, કે કામદારોની ફરીઆદો ખૂબ જ ગંભીર અને સાચી હોવા વિષે કોઇ પણ તટસ્થ પ્રેક્ષકને શંકા નહિ રહે રેલ્વે તંત્ર આ સંજોગોમાં ચાલે, નવા કામદારોને વધારાના પગારની લાલચ આપીને તેડવા મથે છે બીજી રેલ્વેઓમાંથી કામદારો બોલાવવા મથે છે પણ કામદારોની મક્કમતા અને ધીરજ અડગ રહ્યા છે એમની સહનશક્તિ પણ અજબ જણાય છે એક મહિનાથી વધુ દિવસ થઇ ગયા છતાં, અનેક હાડમારીઓની સામે ભારે વિરોધી પ્રચારકાર્ય વચ્ચે રહીને પણ એમણે પોતાનું સંગઠન ટકાવી રાખ્યુ છે એ હકીકત ભાવિ કામદાર પ્રવૃત્તિનુ, અને રાષ્ટ્રીય લડતમાં એની ઉચ્ચ શક્યતાનું આશાસ્પદ ચિહ્ન છે

આ હડતાલના કારણો ખૂબ ઉંડા છે, લાંબા વખતથી ચાલુ રહેલા ઉકળાટે આ સ્વરૂપ ધારણ કર્યું છે કામદારોને ઉંચેથી નીચી પાયરીઓ પર ઉતારી નાખવામાં આવ્યા હતા જ્યાં કામ તો એનું એ અને એટલુંજ કરવુ પડતુ ઉપરાંત પગાર પર સખત કાપ પડ્યો અને કામના કલાકો પણ વધ્યા છે. ના મહીના વરસોમાં પોતાના યુનિયનની મારફત માગણી ગણીને કામદારોએ ઓછા કલાકો કામની વાત સ્વીકારી હતી પણ આજે જ્યારે રેલ્વેની આવક વધી છે ઉચ્ચ હોદ્દેદારોના પગાર પરનો કાપ કાઢી લેવાયો છે ત્યારે આ કામદારોની હાલત તો એની એ રહી છે રેલ્વે એડમીનીસ્ટ્રેશને કામ

દારોની આ ફરીઆદોના ઉકેલમાં એમના યુનિયન સાથે મસલત કરવાની ના પાડી છે એને તો યુનિયન તોડી પાડવું છે પણ હડતાળિયાઓ મક્કમ છે, એમની વીરતા ભારે ઉત્સાહપ્રેરક છે બીજી રેલ્વેઓના કામદારોની અને જાહેર પ્રજાની એમના પ્રત્યે હમદર્દી છે, બની શકે ત્યાં કોંગ્રેસ તરફથી પણ એમની રાહત માટે પ્રયાસો થાય છે છતાં, આ બાજુ સરકારે તો વચ્ચે પડવાની ચોકખી ના પાડી છે ટ્રેડ ડીસ્પ્યુટ્સ એક્ટને લાગુ પાડવાની એને જરૂર નથી જણાઈ શ્રી ગીરી જેવા વિનીત આગેવાનોના તમામ પ્રયાસો વ્યર્થ ગયા છે અને જાણે કંઈ ન બન્યું હોય તેમ એજન્ટ હમણાંજ ધમકી આપે છે કે કામદારો તરતજ કામે નહિ ચડે તો એમને સ્થાને બીજા માણસોને રાખી લેવામાં આવશે સરકાર અને રેલ્વેતંત્રની આ તુંડમીજાજીને તોડવાનો એકજ માર્ગ છે ને તે સામાન્ય હડતાળનો પણ આ પ્રચંડ પ્રવૃત્તિ માટે ભારે જવાબદારી ભરી પૂર્વ-તૈયારીઓ જોઈએ જાહેર પ્રજાની ફરજ તો ચોકખી છે આ લખાય છે ત્યાં સુધી આ સામનાની ગંભીરતા જરાય ઓછી થઈ નથી, છતાં શ્રી ગીરી અને રેલ્વે એજન્ટ વચ્ચે મંત્રણાઓની દોડધામ ચાલી રહી છે, અને એસોસીએટેડ પ્રેસના જણાવ્યા પ્રમાણે હડતાળમાં સમાધાન થવાની આશા રહે છે

ટ્રોટસ્કી મેક્સીકોમાં

દુનિયાના એ ધગધગતા અંગારથી સૌ દૂર નાસતા ફરે છે, અથવા એને દૂર ફેંકતા રહે છે વિશ્વનો એ જબ્બર ક્રાન્તિકાર લીયો ટ્રોટસ્કી, ૧૯૨૭ માં સ્ટેલિને એને રશિયામાંથી હદપાર કર્યો ત્યારથી નિવાસ અને આશ્રયસ્થાન માટે દેશ દેશ ભટકતો ફરે છે તુર્કી, ફ્રાન્સ, હોલાંડ, બેલ્જીયમ, નોર્વે અને હવે છેક મેક્સીકો એને આશ્રય આપતા પહેલાં દરેક સરકાર એની પાસેથી કડક કબૂલાત માગી લે છે કે તમારે સામ્યવાદી કે ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ભાગ લેવો નહિ, આ કબૂલાત આપતાં આ જનતા અગ્રણીને સખ્ત દાઝ થતી હશે, છતાં સ્વાસ્થ્ય અને જીજીવિષાને લઈ એ એટલું માગી લે છે, પણ એની કલમ તો સતત ચાલ્યા જ કરે છે– અનેક નતિગનો છતાં નોર્વેથી એને જાકારો મળ્યો, ને મેક્સીકોએ એને આશરો આપ્યો છે, પણ ત્યાં રૂઝવેલ્ટને ગભરામણ છૂટી છે એકલો, સત્તાહીન, અશક્ત-શરીરી એવો આ ક્રાંતિકાર આટલો બધો ભય કેમ ફેલાવે છે? કારણ કે વર્ગવિહીન સમાજરચના માટે વિશ્વભરમાં ક્રાંતિ જગાવવાની એની તમન્ના કોઈ ચાંપી શકતું નથી

સ્વાતંત્ર્યદિન

૧૯૩૦ માં જ રાષ્ટ્રપતિની સરદારી નીચે આખા દેશે પહેલવહેલો સ્વાતંત્ર્યદિન ઉજવ્યો હતો એ જ રાષ્ટ્રપતિની સરદારી નીચે આ વર્ષે પણ એ દિવસ ઉજવાયો આજ એ વાતને સાત વર્ષ વીતી ગયાં સાત વર્ષમાં તો કંઈ કંઈ બની ગયું ૧૯૩૦ નો રાષ્ટ્રવ્યાપી સત્યાગ્રહ સંગ્રામ, ગાંધી-અર્વિન સંધિ, ગોળમેજી પરિષદ, ફરીને સત્યાગ્રહ, ગાંધીજીના ઉપવાસ, હરિજન આંદોલન, વ્યક્તિગત સત્યાગ્રહ, સત્યાગ્રહ મોકૂફ, ધારાસભાનો કાર્યક્રમ, સમાજવાદનો પ્રવાહ, ગાંધીજીની નિવૃત્તિ, જવાહરલાલનું નેતૃત્વ, પ્રાંતિક ચૂંટણીઓની તૈયારી, ગામડાની મહાસભા, ચૂંટણીનો જંગ, આ બધું એક પછી એક આંખ સામે આવી હર્ષ શોકના ભરતીઓટ ચડાવે છે પણ આ સઘળામાંથી એક વસ્તુ તો દેખાઈ જ આવે છે કે હિંદની સ્વરાજ્યકૂચ અટકી નથી આજ સુધી તો એનો પુરાવો આપવાની મુશ્કેલી હતી પણ પ્રાંતે પ્રાંત ધારાસભાનો કબજો મહાસભાના સિપાહીઓ લેવા માંડ્યા છે તે સ્પષ્ટરીતે મહાસભાની અને દેશની તાકાતનો પરિચય આપે છે મહાસભાની સામે માત્ર સરકાર જ નહિ પણ પ્રગતિવિરોધી સમાજ

બળો લડવાં ઉભાં છે અને અનેક પ્રકારની ભૂંડી રમતો રમે છે છતાં મહાસભા એક પછી એક વિજય મેળવતી જ જાય છે. આમ પ્રજાના હૃદય ઉપર કોનું રાજ ચાલે છે તેની સાબિતી હંમેશાં મળ્યા કરે છે. આ બધા પુરવા ઓછા હોય તેમ સરકારે એક મહાન પૂરાવો આપી આપણને ખાત્રી કરાવી છે કે 'મહાસભા સરકારને પડકાર કરે છે.' મને લાગે છે કે આ વાતમાં તો એણે કશું ખોટું નથી કહ્યું. પણ આ પડકાર એને આજે જ કેમ લાગ્યો? ૧૯૩૦ થી '૩૬ સુધી સરકાર નિદ્રાવશ હતી? ત્યાં સુધી પોતાના બળ ઉપર એને વિશ્વાસ હતો અને આજે નથી? ૧૯૩૦ની સાલમાં તો સ્વાતંત્ર્યદિનના ઠરાવમાં સવિનયભંગની પણ પ્રતિજ્ઞા હતી અને ઘોડા-પૂરના વેગે લડાઇ ધસી આવતી હતી તે એણે નહોતી જોઇ? આવા ઘણા સવાલો ઉઠે છે આખા દેશમાં સ્વાતંત્ર્યદિન ઉજવાયો ત્યારે દરેક સ્થળે સરકારના આ પ્રતિબંધ વિષે આશ્ચર્ય પ્રગટ થયું. પણ આપણા રાષ્ટ્રપતિએ કહ્યું એ સાચું છે કે 'સરકાર મહાસભાની શક્તિને સમજી શકી છે અને તેથી જ વિવશ થઇ છે' ૧૯૩૦માં થયેલી ભૂલ સરકાર ફરીને કરવા ઇચ્છતી નથી ૧૯૩૦ કરતાં એ વધુ મજબૂત હાથે એ રાષ્ટ્રીય જુવાળને પાછો વાળવાનો નિર્ધાર કરી બેઠી છે. એપ્રિલની પહેલી તારીખે આવનાર સુધારાઓનું સ્વરૂપ કેવું હશે તેની ઝાંખી કરાવવા માટે જ આ પ્રતિબંધ મૂક્યો હોય એવું લાગે છે

પરંતુ આ તો જાણે કુદરતી કાનુન થઇ ગયો હોય એવું લાગે છે કે જેમ જેમ બંધનો મજબૂત થતાં જાય તેમ તેમ એની તાકાત પણ ઘટતી જાય જેમ જેમ પાણીના પૂરને પાછું ઠેલવવાનો પ્રયાસ થતો જાય તેમ તેમ એ પૂરની શક્તિ વધતી જાય સરકારનો પ્રતિબંધ આ વાતની સાક્ષી નથી પૂરતો? ચૂંટણીના જંગમાં પડેલો દેશ આ સ્વાતંત્ર્યદિનની ઉજવણીમાં કદાચ ક્યાશ રાખત. રાષ્ટ્રપતિના નિવેદનમાં તો એવો ડર દેખાતો હતો પરંતુ સરકારને એ નહિ રુચ્યું હોય. એણે પ્રતિબંધ મૂક્યો અને આખા દેશમાં 'આપણે કોઇકની ગાળે લડી રહ્યા છીએ' એ ભાનને જાગૃત કર્યું. પરિણામ શું આવ્યું? જે શબ્દો ઉપર પ્રતિબંધ મૂકાયો હતો એ શબ્દો ન ઉચ્ચારાયા પરંતુ પ્રતિજ્ઞા તો લેવાઇ જ. સ્પષ્ટ રીતે અને નવીન ઉત્સાહપૂર્વક લેવાઇ. પ્રતિજ્ઞાનો મર્મ નહિ સમજનારાઓ પણ સમજ્યા સ્વાતંત્ર્યદિનની ઉજવણી જોયા પછી સરકારને પણ કદાચ થયું હશે કે પ્રતિબંધ મૂકીને પોતે મહાસભાના બળમાં વધારો જ કર્યો છે.

સ્વ. નરસિંહરાવ

ગુજરાતનો એક પ્રખર મહારથી અદૃશ્ય થયો છે, પોણી સદી ઉપરાંતનો ઓકરંગી ઇતિહાસ પાછળ મૂકીને નરસિંહરાવ દીવેટીઆ ચાલ્યા ગયા છે આજે તો એમનું સ્મરણ ઓગણીસમી સદીના, જુનાં અને નવાં તત્ત્વોની અથડામણમાં ખળભળતા ગુજરાતનું સ્મરણ કરાવે છે. જુનવાણીને ફેંકી દઇ નવાં તત્ત્વોનો નાદ ગજવનારા જે કેટલાક મનીષીઓ એ વખતે હરતા ફરતા હતા એમાંના નરસિંહરાવ એક હતા સંસારસુધારકોમાં એમનું સ્થાન મોખરે હતું છતાં મુખ્યપણે તો એમનું જીવન અક્ષરધારીનું જ જીવન હતું ગુજરાતી સાહિત્ય માટે એમણે કરેલી સેવાઓ વિરલ છે. કવિ, વિવેચક, સંગીતશાસ્ત્રી અને ભાષાશાસ્ત્રી તરીકેની એમની નામના ઘણા વર્ષો સુધી ટકી રહેશે બાકી એમનું આંતરિક જીવન તો કારુણ્યથી જ છવાયું હતું. જીવનભર તેઓ અકળપથી રહ્યા. એમના જીવન-કારુણ્યના નિતાર સમી 'સ્મરણમુકુલિકા' ચિરંજીવ બની રહેશે.

ગૂમ થયેલી ગુલાબ

: સમાનિકા છંદ :

પતીલ

સમી કૃપાણ શોભની
પ્રચંડ સેજ પાથરી
પ્રગાઢ રેવ, ત્યાં હતી
જણાતી એક ટેકરી. ૧

તમે નથી નિહાળ્યું એ
અમારૂં સ્થાન શોકનું ?
ન કોઇ વાર ભાળ્યું એ
સ્મશાન હિંદુ લોકનું ? ૨

અહીં કરાળ કોતરો,
પ્હણે મીઠી લીલોતરી :
વિનોદનો મીઠો ઝરો
જતો વિષાદમાં સરી ! ૩

મસાણની રસાળતા
તમે ઘણી અનુભવી ;
છતાંય કોઇ વારના
ન ત્યાંયની કદી, કવિ, ૪

સુણી સ્વકર્ણ એટલું
મને ગુલાબ સાંભરી :
કથા હું તેહની કહું
પ્રયત્ન પ્રામના કરી. ૫

નજીક પેલી ટેકરી
મરાલ પેર મહાલતી
હતી ગુલાબ કુંવરી
પિતાની ગાય ચારતી. ૬

શું શોક તે ન જાણતી
હજી સમેણ ચારની[1]
ન પાપને પિછાનતી
દશાથી દૂર પ્યારની ! ૭

ઉછેરી તેહને હતી
વિનમ્ર ગોપ વાલદે
બધીય વત્સ સંપત્તિ
રહેલ ચાંપવા રુદે. ૮

અને હતી જ તેથી એ
બહુજ લાડલી બની ;
હતી પછાડી વેરીએ
ન જેહને વિવાહની. ૯

હતું કુટુંબ એ ભલું
રહેતું સ્વાશ્રયે પડી,
બધાંથી દૂર, એકલું,
વસાવી અલ્પ ઝૂંપડી, ૧૦

ગુલાબ માત એક દિ'
હતી ગઇ શહેરમાં
સુશાંત ઊતરી નદી,
કંઇક તેહ કામમાં. ૧૧

રબારી બેસી આંગણે
હતો મહોરી ભાગતો.
કંઇક ગૂઢ કારણે
વિમર્શ માંહી એ હતો. ૧૨

હતી ઋતુ તુષારની
દિનો તણી ઉતાવળા :
ગયેલ ડૂબી ક્યારની
પ્રતાપરશ્મિની કળા. ૧૩

વદ્યો પિતા ગુલાબને,
"ન આવી તારી મા હજી;
હવી ન શ્હેરમાંહી એ
કદીય આવતું ટકી ૧૪

"હુ જાશ તેહ ભારમાં,
તું ભે કશો ન રાખતી
હશે જ ઘાટથી જુના
અવશ્ય એહ આવતી." ૧૫

ઉચારી એમ તેહનું
અધૂરૂં કામ નાખતો
મ્હોરી ભાગવા તણું
થયો રબારી ચાલતો. ૧૬

[1] (સમેણ એટલે બે) આઠ વરસની.

હવે પ્રવર્તી ત્યાં નિશા
 ચઢે [illegible] નાભિમાં,
સમસ્ત ગૈ ગળી દિશા
 મહા [illegible] નાભિમાં ૧૭

થયો ક્વાક એમ, ને
 ગમે બીજે ય ત્યાં વળી
ઝના ગૃહે રમાડીને
 ન કોઇ આવ્યું, ગા નહીં! ૧૮

થયું ઉરે [illegible] લુચાનને,
 ગ્રહી [illegible] તાપણી
નિમાતો માતતાતને
 [illegible] જોવા [illegible] ૧૯

જણાયું દૂર તેમને
 [illegible] ચેતનું વળી
'લહ્યું આવું એમને
 [illegible] લુચાય [illegible] ૨૦

ઉતાવળી ઉજાગમાં
 અહીં તહીં ફરી ઘણું
પણ ન કોઈ ભાગમાં
 નિશાન [illegible] ૨૧

ઉંચે નીચે અહીં તહીં
 ભમત [illegible]
ન [illegible] જતી ક્યહીં
 વિમાર્ગ વિશ્રમે વસી ૨૨

ગણેન [illegible] હતો
 વળો જ [illegible] ત્યાં [illegible]
સહ્ય માર્ગ [illegible]
 [illegible] વિચિત્ર [illegible] ૨૩

સની [illegible]
 અહીં [illegible] એ [illegible]
પ્રમાદ ને પવિત્રતા
 તણો સુયોગ સાધી ૨૪

[illegible] તણી
 [illegible] એ ખસી,
અને ૭ વાર તે [illegible]
 [illegible] એ [illegible] ૨૫

હમેશ સાથ લેઈને
 જતી [illegible] ચાલવા
[illegible] ન તેમને
 [illegible] નિકર્તા? ૨૬

[illegible] આગળે
 ન [illegible]
ન ખેલ તેમને [illegible]
 ન [illegible] ભીતિ [illegible] ૨૭

અવ્ય એમ એ થતી
 ગઈ લુચાય ફરી
હવે [illegible] ન વાગતી
 પગોની [illegible] ૨૮

ફક્ત ક્યાંય એ હતી—
 ક્યા પ્રદેશમાં વસી?
નહીં જહાં [illegible]
 [illegible] રમી! ૨૯

અરે [illegible] આ રીતે
 [illegible] ને [illegible]
ફક્ત આની ના ફરી
 લુચાય [illegible] ૩૦

ઘણાં એમ પૂછે
 'લુચાય [illegible]?
શું [illegible] લુચાયને [illegible]
 બતાવશો ગયા લઈ?' ૩૧

ઘણા [illegible] વળી
 [illegible] ને [illegible]
'અમે ન પૂરી માહણી
 તમારી અસુની કથા' ૩૨

[Wordsworth ના 'Lucy grey' કાવ્યની અનુકૃતિ]



એક કરૂણ પ્રશસ્તિ

રા. નરસિંહરાવની સ્મરણસંહિતાના[1] પૃષ્ઠો ઉથલાવતાં પ્રથમ રા. આનંદશંકર ધ્રુવની પ્રારંભની ઉપોદ્ઘાત અને અંતમાં તેમણે આપેલ ટીકા– તેના રસિક અવતરણો સહિત– ખૂબ આકર્ષે છે. એમ લાગે છે કે તેઓ જાણે આખાય કાવ્યનું અવલોકન રસદષ્ટિથી કરીને અને અમુક કાવ્યોમાંથી રસિક અવતરણો ટાંકીને, કાવ્ય ને અવલોકન એ બન્ને સર્જનોમાં વધારે ઉત્તમ કયું તે વિષય પર વાચકને રમણિય મૂઝવણમાં નાખી દેતા ન હોય !

ગુજરાતી-સાહિત્યમાં સ્મરણસંહિતા એ સુંદર કરૂણ પ્રશસ્તિ છે. પુત્રવિયોગનો શોક, તેમાંથી નિષ્પન્ન થતા ચિન્તનો, ઘડી ઘડી જાગતા મધુર સ્મરણો અને મૃતપુત્રના ગુણાનુવાદને કવિ કાવ્યમાં રસિકતાથી ગૂંથે છે. અન્ય કરૂણ પ્રશસ્તિઓમાં–' In Memoriam ' ' La Saisiaz ' વિગેરેમાં– જેમ હોય છે તેમ ' આ કાવ્યમાં કરૂણરસ, શાન્ત અને ભક્તિરસની ખેવડમાં રહી, એ બે રસની અંદરથી– વચ્ચે લપેટેલા સંગમનીય મણિની માફક– બહુ સુંદર રીતે પોતાની છાંપ પ્રકટાવ્યાં કરે છે.'

કરૂણ પ્રશસ્તિમાં મુખ્ય ત્રણ વસ્તુઓનો સમાવેશ થાય છે– સ્વજનના મૃત્યુભારે શોકોદ્ગાર, તેના ગુણની પ્રશસ્તિ અને તેમાંથી ઉપજતાં તત્ત્વચિન્તનો. આ ત્રણેય વસ્તુઓની સમતોલતા જળવાઇ રહે

---

1. સ્મરણસંહિતા : લે. નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆ. પ્ર. સી. જમનાદાસની કું. મુંબઇ–૨. કિંમત રૂ. ૧

અને યોગ્ય પ્રમાણમા તેનુ કલામય મિશ્રણ બને તો જ આખુ કાવ્ય દીપી નીકળે. સ્મરણ સંહિતામા અમુક સ્થળે તત્ત્વચિન્તનોના ન્હાના ન્હાના વમળો કાવ્યરસની સરિતામા સ્વચ્છન્દ અને હર્ષભર તરતા વાચકને ગોળગોળ ફેરવી ઘડીભર મૂઝવે છે અને આ રીતે કાવ્યની સ્વતંત્ર ગતિમા અવરોધ કરે છે કરુણરસ ધીમે ધીમે ઉચ્ચ કાવ્યશિખર પર પહોચતા આવે ત્યા તો ચિન્તનની પ્રચંડ લહરીઓ આવી તેને ઘડીભર ઉથલાવી પાડે એવુ દર્શન અમુક સ્થળે થાય છે. આમ હોવા છતા અમુક ચિન્તનોમા ઉચ્ચ કાવ્યનુ દર્શન પણ થાય છે.

પરંતુ આ બ્રહ્માણ્ડનો
ગૂઢ નિયમે ચાલતો
એક લક્ષ્યસ્થળ ભણી
જતો વિકાસે મ્હાલતો

આ અને આ પછીની ચિન્તનયુક્ત પંક્તિઓ ઊર્મિના તરંગોથી ભરપૂર છે આખા ય વિશ્વમા ભવ્ય સંગીત રેલાઈ રહ્યું છે અને એ સંગીતમા વિશ્વની ન્હાની કે મોટી સર્વ કૃતિ પોતાના ગંભીર, ઘેરા આછા મનોહર કરુણ કે હર્ષભર્યા સૂરો પૂરે છે એ વિશાળ અને રમણીય કલ્પનાને આ મધુર પંક્તિઓમા પૂરી અંતે

ગૂઢ છે કંઈ યોજના,
ભવ્ય એ સંગીતની
એક યોજક [illegible] તે
સંગીત નાયક રહે [illegible]ની

આ પંક્તિઓ દ્વારા કવિ ઈશ્વરને સંગીતનો નાયક અને યોજક કહી એ કલ્પનાને અત્યંત વિશાળ અને ઉચ્ચ બનાવે છે

સ્મરણસંહિતાનો કલ્પનાવૈભવ કવિના અન્ય કાવ્યસંગ્રહોની આગળ કંઈક અંશે ઝાંખો લાગે છે પ્રથમખંડને અંતે દીપ્તિથી દીપતા મૃત્યુની દિવ્યમન્દિરના બંધ દ્વાર આગળ ઉભા રહી રાની પ્રાર્થનામા રહેલી મનોહર અને ભવ્ય કલ્પના, ખંડ ત્રીજામા વિશ્વનુ ભવ્ય સંગીત અને તે સંગીતના કર્તા, ભોક્તા, અને અનુમન્તા તરીકેની ઈશ્વરની વિશાળ કલ્પના અને 'મૃત્યુ મરી ગયુ રે લોલ' એ કાવ્યમા રહેલ જીવનની અનંતતાની કલ્પના રમણીય, હૃદયસ્પર્શી અને ઉન્નત છે પરંતુ સમગ્ર કાવ્યનો વિચાર કરતા આ કાવ્યની કલ્પનાસમૃદ્ધિ કુસુમમાળાના કાવ્યો જેટલી વિપુલ ઉચ્ચ અને હૃદયંગમ નથી લાગતી 'અમૃતત્ત્વ સિન્ધુ'મા રહેલ અનંતતાના સાગરની કલ્પના 'મરેલરમા ઉમેના બાગ'મા જીવનના ક્ષિતિજની પેલે પાર પડેલ ભાવિ જીવનના સિન્ધુની કલ્પના અને 'ગર્જના' 'દિવ્યકાવ્ય' 'ચંદા' 'પ્રેમીજનનો મંડપ' 'જગબોધ' અને 'દિવ્ય ગાયકણ' વગેરે કાવ્યોમા દર્શન દેતા ઉચ્ચ કલ્પના કુસુમોની સુગંધ કવિના આ સંગ્રહમા ઉત્કટપણે મહેકતી નથી દિવ્યકાવ્યની આરંભની

ગગને અતિગૂઢ અખંડ લિપિએ
કંઈ કાવ્ય ગંભીર ધ્યાનનિધિએ,
ચળકંત રૂડા કર્યું તારનિધિ
જહિં શબ્દ અનુપમ રહે [illegible]

આ કડીમા કવિને આકાશ અને તારાઓમા ગૂઢ કાવ્યલિપિના દર્શન થાય છે લગભગ આવા પ્રકારની મધુર કલ્પના ગ. ન્હાનાલાલની નીચેની પંક્તિઓમા પણ જણાય છે

[illegible] પાથર્યાં આભના પટ કાળા
લખી તેજના [illegible]થી મનમાળા
[illegible] ગૂંથ્યા [illegible]
[illegible]

અહિઆ કવિ આકાશ અને તારાની ગૂઢ લિપિમાથી બ્રહ્મનુ અસ્તિત્વ કહે છે

કુસુમમાળાના 'ગર્જના' કાવ્યની અંતની ચાર લીટીઓમા કલ્પના કેવી મનોહર લાગે છે!

આ જીવનનો રહેન ચંડ ત્યા મનુષ્યજાતિ
તે પાછળ ગંભીર ગર્જના કરી દેડી ચાલી

તે સુણી આત્મમયૂર કરે કેકારવ મ્હેરો,
ત્ર બે મળી ગંભીર નાદ ઉપની રહે ત્યારો!

પરજીવનના જ્ઞાનનો પડઘો કવિના આત્મામાં પડે છે અને આત્મમયૂર એ અલૌકિક અનુભવથી કેકારવ કરી ઉઠે છે. આવી મનોહર કલ્પનાઓનાં દૃષ્ટાન્ત ઘણાં ઉતારી શકાય

સ્મરણસંહિતાનાં ચિત્રોમાં 'આશા' નું ચિત્ર ઘણું જ સુંદર છે; પરંતુ તે ચિત્રનું વર્ણન આપતી પંક્તિઓમાં ઊર્મિનું પ્રાબલ્ય નથી. ચિત્ર કેટલું મનોહર છે, ત્યારે તેનાં ભાવો સ્પષ્ટ કરતી પંક્તિઓ શુષ્ક ભાષાદ્વારા ચિત્રના બાહ્ય-અંગને જ માત્ર સ્પર્શતી હોય તેવી લુખ્ખી લાગે છે. ખંડ-૩ શ્લોક ૨૦ માટે દોરાયેલું ચિત્ર આકર્ષક લાગે છે. વિશ્વના સંગીતના કર્તા, ભોક્તા, નાયક અને અનુમન્તા તરીકે કવિ ઇશ્વરને ગણે છે અને મનુષ્ય એ સંગીતમાં પોતાના સૂર ઝીલાવી રહ્યો છે. સાગરની ઊર્મિ-માળામાં પણ વિશ્વસંગતિના પડઘા પડે છે. આ રીતે આખુંય ચિત્ર વિશ્વસંગતિની કલ્પનાને અનુરૂપ સુંદર ભાવો વ્યક્ત કરે છે.

સવિસ્તર વર્ણનો દ્વારા તાદૃશ ચિત્રો ઉત્પન્ન કરવાની શક્તિ કુસુમમાળાનાં કાવ્યોમાં સવિશેષ જણાય છે. કુસુમમાળાના 'નદી કિનારે' 'વિધવાનો વિલાપ' 'સરોવરમાં ઉભેલો બગ' 'ચંદ્ર' વિ. કાવ્યોમાં અને હૃદયવીણાના 'અજ-શિશુ' અને અન્ય કાવ્યોમાં સુંદર ચિત્રકૌશલ્ય જણાય છે. 'વિધવાના વિલાપની પ્રારંભમાં

ચણ્ડ પવનશું વડ ઝૂઝ્યું,
ઝૂઝ કરંતુ જ્યહારે પડ્યું,
ઘોર ધુધાટ કરંતુ તેહ,
સુણી કમ્પે સરિતાની દેહ,

આ અને તે પછીની પંક્તિઓમાં ચિત્ર-રચનાની કારીગીરી અને તદુપરાન્ત જીવન્ત વાતા-વરણ ઘડવાની શક્તિ પણ દૃષ્ટિગોચર થાય છે. ચિત્રરચના અને પ્રકૃતિવર્ણનો અધિક રમણીયતાથી અને વિશેષ પ્રમાણમાં કુસુમમાળામાં આલેખાયાં છે તે વસ્તુ લક્ષમાં રાખવા જેવી છે.

અહિંઆં એક બાબતનો ઉલ્લેખ કરવો આવ-શ્યક છે. પ્રથમખંડને અંતે શ્લોક ૫૮ મે ખંડની સમાપ્તિ કરવામાં આવી હોત તો કાવ્યનું સૌંદર્ય અધિક જળવાઇ રહેત–જો કે પછીના શ્લોક કાવ્યદેહ સાથે બંધબેસતા આવે છે તેની ના ન કહી શકાય. રા. નરસિંહરાવે આ વસ્તુનું સ્પષ્ટીકરણ યોગ્ય રીતે સ્મરણસંહિતાની પાછળ આપેલ ટીકામાં કર્યું છે.

આ રીતે કવિનાં અન્ય કાવ્યો સાથે મૂકતાં સ્મરણસંહિતાના કલ્પનાવૈભવ, ચિત્રકૌશલ્ય અને ઊર્મિતરંગ ઝાંખા લાગે છે; વળી અંતઃક્ષોભથી જાગેલ ઊર્મિપ્રવાહ અસ્ખલિત ન વહી શકે એ વસ્તુને લક્ષ્યમાં રાખતાં લાંબાં કાવ્યોમાં કલાના ઓપની આવશ્યકતા ઓછી નથી. કલ્પનાના વિવિધ પ્રદેશમાં મ્હાલતા કવિને કાવ્યરસનું સાતત્ય જાળવવા માટે કલાનાં ભિન્ન ભિન્ન અંગોનો આશ્રય લેવો પડે છે. આ કાવ્યની વસ્તુસંકલના તપાસતાં અને કરુણ પ્રશસ્તિનાં આવશ્યક લક્ષણોનો વિચાર કરતાં કવિએ કલાનાં સૂક્ષ્મતત્ત્વોનો ઝીણવટથી અભ્યાસ કર્યો હોય તેવું સ્હેજે જ લાગે છે. એ કલારસનાં મર્યાદાસ્થાનો આપણે નિહાળ્યાં. છતાંય સંધ્યાસમયે આછાં આછાં પછડાતાં સાગરનાં મોજાંઓમાંથી નીકળતાં ઘેરાં ગંભીર સૂરો જેવું ઘેરું કારુણ્ય આખાય કાવ્યમાં આદિથી અંત સુધી ધીમું ધીમું સંભળાયા જ કરે છે. અને કાવ્યના કરુણરસમાં વાચકને તરબોળ કરી કાવ્યપ્રવાહમાં ખેંચે છે.

ધીર વિચારક અને બહુશ્રુત મનુષ્યમાં મૃત-પુત્રના શોકને લીધે કેવાં ચિંતનો, વમળો અને સ્મરણો જાગે છે તેનો આખોય ઇતિહાસ સ્મરણસંહિતામાંથી દોરવા જેવો છે; કારણ કે આ સનાતન અને ચિરંજીવ તત્ત્વો સામાન્યરીતે અન્ય કવિઓનાં કરુણકાવ્યોમાં અને અન્ય વિદ્વાનોના

સ્વજનના મૃત્યુમયના ચિંતનમાં પણ દર્શન દે છે.

ગૂઢ દૈવીશક્તિ અને મનુષ્યપ્રયત્નોના યુદ્ધમાં અસમાનતાને લીધે હમેશાં દૈવીશક્તિની જ જીત થાય છે મનુષ્ય સ્વજનને બચાવવા વૃથા પ્રયત્નો કરે છે ગૂઢ શક્તિ પાસે માનવી અસહાય છે એ કલ્પના કવિ સુંદર રીતે વ્યક્ત કરે છે

દાવ રમિયે નવ નવા
શોગઠાં જ બચાવવા
ગૂઢ શક્તિ સમર્થ એ
ના દે કંઈ પણ ફાવવા

સૃષ્ટિના વિકાસના નિયમમાં વૃદ્ધિ અને ક્ષય —જીર્ણનો નાશ અને નવિનનો વિકાસ—ની યોજના જગનિયંતાએ ઘડી છે એ યોજનાભંગ પુનને ખિલ્યા પહેલાં કાપી લઈ કેમ કરવામાં આવ્યો એ પ્રશ્ન કવિ ઈશને પૂછે છે આ વિચાર વ્યક્ત કરતી રમ્ય પંક્તિઓ અહીં ઉતારવા જેવી છે

જીર્ણ ઘટના જાય ને
સ્થાન હેતુ નવિન લે
એહ વિશ્વવિકાસમાં
વ્યાપક નિયમ સરજો પ્રભો

સત્યની અને કવિની વચ્ચે [illegible] ઊભી થાય છે અને આનંદને દુઃખ સત્ય વસ્તુનાં દર્શન થવા દેતાં નથી એ ન

[illegible]
[illegible]
[illegible]
[illegible]

આ પંક્તિઓમાં કવિ પોતાને અજ્ઞાનના [illegible] પડળ ચીરવા ધર્મ અને શ્રદ્ધાની અંતરની ઊંડી લાગણીથી પ્રાર્થના કરે છે. આ પછી કવિ પ્રથમ [illegible] જ [illegible] માનવીને [illegible] [illegible] વિચાર છે [illegible] ધર્મ માનવી? એ વિચાર અને તે પછીની

જીત નહિ તો હાર શું?
હાર નહિ, પછી જીત શી?
જીવવું સુખ સેવવું
એથી મધુર સ્થિતિ બીજી શી?

આ પંક્તિઓમાં જૈન ચાર્વાકમત ઘડીભર કવિને મૂંઝવણમાં નાખે છે પરંતુ અન્ય પળે જ દિવ્યમંદિર આગળ પોતાના પુત્રને ઈશની પ્રાર્થના કરતો નિહાળે છે દિવ્યમંદિર એ સદ્ભાવ અને ભાવભરી પ્રાર્થનાના મર્મે ઊપડે છે અને બાળને તાત્પર્ય [illegible] કવિ સંતોષ અનુભવે છે આ રીતે ધર્મભરી [illegible] પછી ચાર્વાકમતની પોકળતા કવિને જણાય છે

દ્વિતીય ખંડના આરંભમાં કવિના અન્ય [illegible] પણ દેખાતું એવું [illegible] ચિંતન જણાય છે [illegible] અથવા મૃત્યુ [illegible] સ્વજન [illegible] આગળ ખડી કરવાની કવિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible] વિચાર [illegible] [illegible] કવિને પોતાની ઈશ્વર [illegible] [illegible] [illegible] [illegible] રસિક [illegible]

કવિ મૃત્યુની [illegible] છે કવિ મૃત્યુ [illegible]

ઓ મૃત્યુ ! ઓ દુઃખ ! ભલે જ મ્હાલો !
આ વિશ્વમાં પૂર્ણ પ્રતાપ ધારો !
તમે ખગ બન્ધુ ગાતી વતાનુ
દંષ્ટ્રા કરાલ નિરખી નહિ ખિન્ન થાઉં.

મૃત્યુની ભયંકરતા કવિ હૃદયને શોકમગ્ન નથી કરતી કારણ કે

હજાર વાદો ન કરી શક્યા જે
તે એક તીક્ષ્ણ તમ શસ્ત્રસમર્થ સાધે.

મૃત્યુનું પણ માનવજીવનના વિકાસમાં ઉચ્ચ સ્થાન છે એ ઉન્નત વિચાર કવિ પ્રગટ કરે છે, જીવનનું મૃત્યુ આત્મવિકાસમાં મદદ કરે છે

રોગ શાન્તિ સધાવવા
આત્મબલને પોષવા
પાયું ઔષધ પીવું તે
મુજ વૈદ્યને દઉં દોષ ના?

આ રીતે પોતાના બાળના મૃત્યુને પરમ વૈદ્યે મોકલેલ ઔષધ સમાન કવિ આલેખે છે.

આવો સુન્દર અને નાદ વહાવતો બાળ આ સ્વપ્નમય જગતમાં કેમ જીવીને વિજયી થશે? એવા પ્રકારનું કવિના હૃદયમાં મનોમંથન હતું તેના માટે જ બાળનું મૃત્યુ કેમ ન હોય? એ કલ્પના ઉદ્ભવતાં જ કવિ ઈશ્વરને પ્રશ્ન કરી દે છે કે 'ભાર એ સમ ઉપાડો હશે ન નિશ્ચય તુજ કો?'

'તૃતીય આ ચિન્તાપ્રવાહ' નામના ગીતમાં છે 'ઈશ્વરેચ્છા મનવની, ન ગૂંથાવું તેં તો' આ ... ઉચ્ચારેલ ... વચનો કવિને આશ્વાસનરૂપ થઈ પડે છે કારણ કે આવા લાચારીભર્યા વચનો ઉચ્ચારવામાં કવિને નિજ ગીતા ... છે અને અન્ય સર્વેનો માર્ગ કવિને જ જડી આવે છે

સ્વર-દ્વારા સંગમાં
બેસું દ્વાર માંડવી
મેં પ્રવાહે એકલા
થાતા મધુરતા કે ભરી

આ ખંડમાં એક સુંદર ચિન્તા કવિ જણાવે છે કે વિશ્વના મહા સંગીતમાં દીકરી દ્વાર ... સ્વર મેળવી તે ગાનના સૂર બગાડ કરવાની તેમની ઇચ્છા નથી

ઈશની ઇચ્છા તણા
સ્વરની સંગે મેળવ
મ્હારી છોટા ના સ્વરો –
સંગીત એ તો અવનનું

પોતાના પુત્રે જ્યારા માંડેલ કાવ્ય અપૂર્ણ રહી ગયું હતું તે માનતા નથી કારણ કે તે ગાન ભલે અધૂરું પણ વિશ્વના મહાસંગીતમાં તો તેનું ગાન મૃત્યુ પછી પણ સતત વગાડ્યા કરે છે, કારણ કે

મર્ત્યજીવન તો ખરે
માન પૂનાયપ છે
પૂર્ણ ગીત સમૃદ્ધિ તો
પરકાલ સંગીતે વસે

અને 'મૃત્યુ તે ઉત્થાન છે અન્યરૂપ–' એ રહસ્ય કવિને પુત્રનું મૃત્યુ શિખવે છે અને આવા દુઃખ–અગ્નિમાં તપવાથી આત્મ–ઉજ્જ્વળતા વધે છે, પરંતુ આવા રહસ્યો શીખવા માટે જગતના દુઃખના અસંખ્ય દૃષ્ટાંતો હોવા છતાં પોતે દુઃખાનુભૂતિ માટે પ્રિયજન શા વાસ્તે ખોવાં ?

નિત્ય નિત્ય સમાનરે
જાય જન્મ હજારો તે !
એથી વાસના નહિ શમે ?
શું પ્રિયજનો ખોવા પડે ?

અને આ પ્રશ્નનો ઉત્તર

આપ દુઃખસમ અન્ય કો
નવ દિયે શાસન ખરું—

આ રીતે મળી જાય છે. અંતમાં દિવ્યસ્વરૂપ ધારણ કરેલ મૃતબાળ નિજ પાંચભૌતિક રૂપમાં ફેરવાઈ જાય એવી અધમસ્થિતિ કવિને અરૂચિકર લાગે છે અને મૃત્યુ એ નવજીવનનું દ્વાર છે એ સત્ય સમજાતાં મૃત્યુને રચનાર કલ્યાણી ઈશ્વરની મહત્તાનું દર્શન થાય છે. મૃત્યુની શ્યામ છાયાની પાછળ પ્રકાશના દેદીપ્યમાન ચિરજીવન બિન્દુનું દર્શન થતાં કવિના ઉરમાં 'જ્યોતિ ઝરતું સત્ય' પ્રગટે છે. 'મૃત્યુ મરી ગયું રે લોલ.'

કાવ્યના અંતમાં મૃત્યુની ફિલસૂફી કવિને સમજાય છે. આ જીવન અને પરજીવનને જોડનાર મૃત્યુ તો માત્ર જીવનસાગરમાં ઉત્પન્ન થતા બુદ્બુદ સમાન છે એ રીતે કવિના મનનું સમાધાન થાય છે. એક વિદ્વાન ચિન્તકના ઉરમાં પુત્રવિયોગનો શોક જેવા સ્મરણો અને ચિન્તનો જગાડે તેવાં અહિં આખાય કાવ્યમાં વેરાયેલાં પડ્યા છે. એક બે અન્ય ચિન્તનો—કવિના બીજા કાવ્યોમાં પણ સ્થળે સ્થળે જણાતા એવા—અહિંઆ સુંદરરીતે મૂકાયા છે

આ જીવનના અંત સાથે જીવનનો નાશ નથી થયો, પરંતુ વિશાળ પરજીવનમાં મનુષ્ય પ્રવેશે છે. એ પરજીવનની કલ્પના

મૃત્યુ નવ પૂરું કરે
જીવનનું જીવન અહિં.
અધિક અધિક વિકાસની
છે ભૂમિ અન્ય, જતું તહિં

ખંડ. ૩, શ્લો. ૨૭

જીવન પરજીવન બે એક
અખંડ પ્રવાહ છે રે લોલ.

રૂપ બદલતું જીવન તે પર—
જીવનમાં વસે રે લોલ.

(ખંડ ૩,—શ્લો - ૩૪)

આ બન્ને શ્લોકો દ્વારા બરાબર વ્યક્ત થાય છે.

આ બ્રહ્માંડ એક લક્ષ્ય સ્થાન ભણી ચાલ્યું જાય છે અને ઉત્તરોત્તર તેનો વિકાસ થતો જાય છે તે વિશ્વવિકાસની કલ્પના મનોહર છે

યન્ત્ર આ બ્રહ્માંડનો
ગૂઢ નિયમે ચાલતો,
એક લક્ષ્ય સ્થાન ભણી
જતો વિકાસે મહાલતો.

આપણે ઉપર જોઈ ગયા તેમ સ્મરણમંદિરમાં સ્મરણો ચિન્તનો છે, અહિંતહિં કલ્પનાના રમ્ય પ્રદેશો દેખાય છે, પ્રકૃતિનાં આછાં વર્ણનો રસતૃષાને તૃપ્ત કરે છે, પ્રસન્ન ઊર્મિભર્યા કાવ્યશકલો ઉરમાંગને ડોલાવે છે અને હૃદયભાવનાં સૂક્ષ્મ પૃથક્કરણો મનને બહલાવે છે કાવ્યમાંથી નીરસતા દૂર કરવા માટે યોજવામાં આવેલ ગરબી ભૈરવી, વસંતતિલકા વિગેરે છંદો વૈવિધ્યથી ઉરને આનંદ આપે છે 'મંગળ મંદિર ખોલો' થી શરૂ થતું ભૈરવી રાગનું કાવ્ય 'મૃત્યુ મરી ગયું રે લોલ' એ ગરબી, અને 'યન્ત્ર આ બ્રહ્માંડનો' એ પાંકતીથી શરૂ થતા સાત શ્લોકો રિફ઼ વદતા ક્રમમાં ક્રમબદ્ધ કાવ્યત્વ વહાવી કલ્પનાને ઊર્મિની ભવ્યતાનું દર્શન કરાવે છે

સ્તુતિપ્રબંધના ચિન્તન પ્રવાહની પાછળથી ધીરે ધીરે કારુણ્યનો સુધવાટ કર્ણે અથડાયા જ કરે છે. ભૂતકાળના મધુર સ્મરણો પણ કારુણ્યના રંગને અધિક ઘટ્ટ બનાવે છે. એ કારુણ્ય સામાન્ય નથી. પુત્રશોકના પ્રબળ આઘાતને ભૂલવા વિદ્વત્તાભર્યાં ચિન્તનોમાંથી સમાધાન મેળવવા પ્રયાસ કરતા પ્રેમાળ પિતાના હૃદયના ઊંડા

કાવ્યનો પ્રવાહ આખ્યાયિકાના દેહ નીચે ધીરે ધીરે હૃદય ચીરતો વહ્યા કરે છે.

રા. નરસિંહરાવની ભાષા પ્રભાતમાં તૃણપર્ણ પર પડી રહેલા ચળકાટ મારતાં ઝાકળનાં બિંદુઓ જેવી પારદર્શક, મનોહર અને મધુર છે. દરેક સ્થળે યોગ્ય શબ્દો વાપરવામાં ચોકસાઈ, ચીવટ અને ઝીણવટથી કામ લીધું હોય તેમ સ્પષ્ટ જણાય છે. શબ્દચૂંટણી સાથે કર્ણકટુ શબ્દો કાવ્યપંક્તિઓને દૂષિત ન કરે એ બાબત પર પણ ખાસ ધ્યાન અપાયું છે. કાવ્યમાં યોગ્ય ભાષા, માધુર્ય અને કલ્પનાનો સુમેળ ક્વચિત્ જ સધાયલો જોવામાં આવે છે. દૃષ્ટાન્ત માટે નીચેની પંક્તિઓ લઈએ.

નામ મધુર તમ રટો નિરન્તર,
શિશુ સહ પ્રેમે બોલો.
દિવ્યતૃષાતુર આવ્યો બાલક,
પ્રેમ-અમીરસ ઢોળો,
દયામય !
મંગલ મન્દિર ખોલો !

અને કુસુમમાળાના 'ચંદ્ર' કાવ્યમાંથી પણ નીચેની પંક્તિઓ સુન્દર કલ્પના, માધુર્ય અને યોગ્ય શબ્દ પસંદગીના દૃષ્ટાન્તરૂપે ઉતારવાનો લોભ રોકી શકતો નથી.

સ્વચ્છ સર્વ્યા સખી પ્રિયભુજ, ભેટ લેવા તે નમી
મુગ્ધ હોડલામાં બેસીને જાઉં ક્યાં હું બની ઠની,—
મંદ પવનથી, આગળું પાણી સમાયું સ્નેહથી,
વેર્યાં કુસુમ નવરંગ તેમાં ઝીણઝીણા મેહથી

આ દૃષ્ટાન્તો પરથી એટલું તો સ્પષ્ટ થશે કે રા. નરસિંહરાવના શબ્દમાધુર્ય, શબ્દસમૃદ્ધિ અને અર્થ ને શબ્દની સમાન સમતોલતા વાચકને મુગ્ધ બનાવે છે. પ્રખર ભાષાશાસ્ત્રી અને નીડર વિદ્વાન વિવેચક રા. નરસિંહરાવના અન્ય કાવ્યગ્રન્થો સાથે સ્મરણસંહિતા પણ તેના કરુણ પ્રશસ્તિ તરીકેના નાવીન્યથી અને અન્ય અંગોને લીધે સર્વને વાંચવા અને વિચારવા યોગ્ય છે. લગભગ વીસ વર્ષ પછી તેની આ દ્વિતીયાવૃત્તિ બહાર પડે છે. તેમાં જેના સનાતન અને ચિરંજીવ તત્ત્વોને લીધે આટલા લાંબા ગાળા પછી પણ નવીન ગ્રન્થની જેટલો જ આ ગ્રન્થ આકર્ષક થઈ પડે છે।

અંતમાં સ્મરણસંહિતાને સંપૂર્ણ વાંચ્યા પછી ઉદ્ભવેલ ભાવ કુસુમમાળાના 'અવસાન' કાવ્યની મધુર પંક્તિઓ દ્વારા વ્યક્ત કરી વિરમીએ છીએ.

મૃદુ એહવું ગાન વહી વિરમે
તદપિ શ્રવણે ધ્વનિ તેની રમે,
ધનુ ઇંદ્રનું પ્રગટી જ શમે,
તદપિ મનમાં મૃદુ રંગ ભમે ।

'શિરીષ'

જૂની ગુજરાતી ભાષા : શ્રી સયાજી સાહિત્ય-માળા-પુષ્પ ૨૩૯ મું (ભાષા-સાહિત્ય ગુચ્છ); લેખક ને પ્રકાશક, ચતુરભાઈ પુરુષોત્તમ પટેલ, બી. એ.; ભાદરણ. પાના, ૩૯૦

નામ પ્રમાણે જૂની ગુજરાતી ભાષાના જુદાં જુદાં અંગોને વ્યક્ત કરતું આ સુંદર પુસ્તક છે. શરૂમાં લોકભાષાનો થોડો ઇતિહાસ આપ્યો છે. ને પછી વ્યાકરણના જુદા જુદા અંગો કેવી રીતે જૂની ગુજરાતીમાંથી ઊતરી આવ્યા એ પુષ્કળ ઉદાહરણોથી દર્શાવ્યું છે. છેવાડેનાં પરિશિષ્ટમાં આપેલ વ્યુત્પત્તિઓ બહુ ઉપયોગી નીવડે એવી છે. લેખકે પ્રસ્તાવનામાં મૂળ વિષય ભાષણરૂપે શરુ થઈ પુસ્તકરૂપે કેવી રીતે પરિપાકને પામ્યો એનો ઇતિહાસ આપ્યો છે. એ ઉપરથી સમજી શકાય છે કે લેખકે પુસ્તક તૈયાર કરવામાં ઘણો પરિશ્રમ લીધો છે એટલું જ નહિ પણ જેમ જેમ એક પછી એક પ્રકરણ જોતા જઈએ છીએ તેમ તેમ લેખકના અભ્યાસની પૂર્ણતાનો ને સંશોધકવૃત્તિનો ખ્યાલ આવતો જાય છે. આ વિષયના અભ્યાસીઓને આ પુસ્તક વગર ચાલે એમ નથી એ તો ઠીક પણ દરેક વાચકવર્ગને માટે એ અનિવાર્ય છે.

કરીમ મહુમદનાં કાવ્યો અને લેખો: લેખક. પ્રે. કરીમ મહમદ માસ્તર, જુનાગઢ; પાનાં ૨૧૬.

મુસલમાન લેખકો પૈકી પણ શુદ્ધ ગુજરાતી લખનારાઓમાં શ્રી. કરીમ મહમદ માસ્તરનું સ્થાન આગળ પડતું છે. આ પુસ્તકમાં ૧૯૦૩ થી ૧૯૩૪ સુધીમાં લખાયેલાં બાવીસ કાવ્યો તથા ૧૯૦૮ થી ૧૯૩૬ સુધીમાં લખાયેલા ઓગણીસ લેખોનો સમાવેશ થયો છે. કાવ્યો પ્રાસંગિક અથવા અનુવાદિત છે. કાવ્યોની શૈલી-માં પ્રાગ્બોધિક જમાનાની અસર પુરી છે, કાવ્યો વાંચવા ગમે એવાં છે. લેખોમાં કેટલાંક પ્રાસંગિક છે ને કેટલીક બાળસાહિત્યની વાર્તાઓ છે. પણ ઐતિહાસિક ભૂમિકાવાળા લેખો આનંદ-દાયક છે એટલું જ નહિ પણ સામાન્ય વાચક-ગણને કેટલીક જાણવા જેવી હકીકતો પુરી પાડે છે. જુનાગઢ રાજ્યમાં અગાઉ શિક્ષક ને હાલ ન્યાયાધીશ તરીકે હોઇ સોરઠની ઐતિહાસિક તવારીખ વિષે લેખકને સારી માહિતી છે એનો લાભ એમના લેખોને મળ્યો છે તેથી સોમનાથ, વેરાવળ, ને જુનાગઢ વિષેના લેખો વાચવા લાયક બન્યા છે.

પ્રિયા આગમન : લેખક, કૌલક પ્રકાશક, રી, જમનાદાસની કું, મુંબઇ; પાનાં ૧૯ ; કિંમત બે આના.

આ ખંડકાવ્યના બે વિભાગ પાડયા છે—પ્રિયા-આગમન ને પ્રિયા આતિથ્ય. શ્રી જ્યોતીન્દ્ર હ. દવે-એ પ્રસ્તાવના લખી સમીક્ષા કરી છે. પ્રિયતમાના આગમનથી કવિહૃદયનાં બીનને જે ઝણઝણાટ થયો એની પ્રસાદીરૂપે આ કાવ્ય આપણને પ્રાપ્ત થાય છે. કવિએ અનુભવેલ ઝંકાર આખા કાવ્યમાં પ્રસરી રહેલ છે અને પ્રિયાનું આતિથ્ય કરતાં-કરતાં પોતે અશરા બની કહે છે કે ‘તું ખલાસી ને હું નાવ. પ્રેમસાગરમાં ઝુકાવ. તોફાને પ્રિય ચઢાવ! મોક્ષ પન્થની સીમા લાવ!’ રા ઢોલકી કવિતા હજી આરંભકાળે છે ત્યાં જ એમનો હાથ સારો બેસી ગયો છે. વિદ્વાન સમીક્ષાકારે કરેલી સૂચનાઓ લક્ષમાં રાખવાથી પોતે કહે છે એવો આસ્વાદ પામવાનો સંતોષ કવિને જરૂર મળી શકશે.

એકનો એક એ ચંદ્ર ભિન્ન ભિન્ન રૂપે રમે
નિર્મળ વ્યોમને ચોકે નિહારિકા તણે ઉરે.

હ.

સમાચાર સાર

—ગાંધીજીની ત્રાવણકોર રાજ્યમાં મુસાફરી. ત્રાવણકોર નરેશને ગાંધીજીએ અભિનંદન આપ્યાં. અને કહ્યું કે "ત્રાવણકોરના મંદિરો હવે મારે માટે ખુલ્લા થયા."

—બિહાર ધારાસભાની કુલ ૧૫૨ બેઠકામાંથી મહાસભાએ ૯૨ બેઠકો સર કરી.

—પતીઆળા કૉલેજમાં સમાજવાદ અને મૂડીવાદ વિષે ચર્ચા થતા સમાજવાદની તરફેણનો ઠરાવ કરનારને રાજ્યે પકડયા, આખરે છોડી મૂકયા.

—'માતૃભૂમિ' 'મહારાષ્ટ્ર' ને 'ઇંડીપેન્ડન્ટ' પત્રોના પ્રેસની જામીનગીરી જપ્ત કરી. 'માતૃભૂમિ' પ્રેસ ઉપર પોલીસે દરોડો પાડયો.

—વડીધારાસભામાં પૂછાયેલા સવાલ જવાબમાં સરકારે જાહેર કર્યું કે 'શ્રી સુભાષ બોઝને હાલ મુક્ત કરી શકાય એમ નથી પણ જરૂર કરતા વધું સમય નહિ રાખવામા આવે.'

—ગુજરાતી સાહિત્યસૃષ્ટિમા ઉન્નત સ્થાને બિરાજનાર શ્રી નરસિંહરાવ દિવેટીઆ ૭૮ વર્ષની વયે મુંબઈમા અવસાન પામ્યા.

—શ્રી જમનાલાલજીએ જામિયા મિલિયા રાષ્ટ્રિય મુસ્લીમ વિદ્યાપીઠને રૂ ૧૬૦૦૦ ની બાદશાહી બક્ષિસ કરી.

—વડીધારાસભાની સ્ટેન્ડીંગ ફાઇનાન્સ કમિટિએ નવી ટેલીફોન લાઇન તથા આદામાનના જંગલોમા ટ્રામ નાખવા રૂ ૭૦,૮૦,૦૦૦ મંજુર કર્યા.

—બી. એન રેલ્વેના એજન્ટે હડતાલીઆઓને અમુક શરતોએ ફરી કામે લગાડવાનુ જણાવ્યા મુજબ એ લોકોને ૭ દિવસમા કામે હાજર થવાનુ નહિતર બીજા રાખી લેવાનું જાહેર કર્યું.

—શ્રી. રાજગોપાલાચાર્યે ગાંધીજી અને સત્યમૂર્તિના આગ્રહથી જાહેર જીવનમાં ફરી પ્રવેશ કર્યો અને મદ્રાસ ધારાસભા માટે ઉમેદવારી જાહેર કરી.

—અમદાવાદમા શ્રીમતી હરીમીંગ અને સૌમેન્દ્ર નાથ ટાગોરનું સિવિલ ઍક્ટ મુજબ લગ્ન રજીસ્ટર થયુ

—સેવાસી ગામે વડોદરા તાલુકા પ્રજામંડળની પ્રથમ પરિષદ શ્રી પ્રાણલાલ મુનશીના પ્રમુખ પણા નીચે મળી, જમીન મહેસુલના ઘટાડા સબંધમા ઠરાવ થયો.

—મુંબઇની વેપારી ચેમ્બરના પ્રમુખ તરીકે શ્રી. રાજા બહાદુર ગોવિંદલાલ શિવલાલ ચૂંટાયા.

—મેડ્રિડનાં સંરક્ષણમા ભાગ ન લેતાં બધા સનદી નોકરોને જેમ બને તેમ જલદી મેડ્રિડ છોડી જવાનો હુકમ કરવામા આવ્યો

—શ્રી કમલાદેવી ચટ્ટોપાધ્યાય સામે બેંગ્લોરમાં ભાષણ કરવાની મનાઇ કરવામાં આવી.

—હિન્દભરમા ઠેર ઠેર સ્વાતંત્ર્યદીન ઉજવાયો.

—લંડનમા ઇન્ડીયન સ્વરાજ લીગે હિન્દ સ્વાતંત્ર્ય દીન ઉજવ્યો

—અમદાવાદની મીલ મજુરની તકરારમા જસ્ટીસ મડગાંવકરે લવાદ તરીકે ફેંસલો આપ્યો છે કે 'મજુરોના પગાર કાપવાનું કંઇ કારણ નથી.'

—મિલ્કતમાં હીન્દુ સ્ત્રીઓના હકકનું ડૉ. દેશમુખનુ બીલ કોઇપણ જાતના સુધારા વગર ધારાસભામા પાસ થઈ ગયું

—કવિવર ટાગોર શાંતિનીકેતનના ફાળા માટે 'ચિત્રાંગદા' નાટક ભજવવા તા. ૧૮ મી

એ અમદાવાદ આવશે.

—કાઠિયાવાડ રાજકીય પરિષદ ભરવાનાં આંદોલનો ફરીથી ગતીમાન થયા છે.

—જવાહરલાલજીએ ચૂંટણી જંગને સફળ બનાવવા પંજાબ, બિહાર, યુ. પી. વગેરે પ્રાંતોમાં એરોપ્લેનમાં પ્રવાસ કર્યો.

—બિહાર, આસામ, ઓરિસા ને બંગાળમાં ધારાસભાની ચૂંટણીમાં મહાસભાએ બહુમતી મેળવી અને ઘણે સ્થળે હરિફ ઉમેદવારોની જામીનગીરી પણ જપ્ત થઇ

—કોમરેડ ડાંગે અને બીજા કેટલાક મહાસભાવાદીઓ સામે શિસ્તભંગના પગલાં લેવાયાં

—બર્લીનમાં મળેલી રીસ્ટેગની બેઠકમાં ભાષણ કરતાં હિટલરે જણાવ્યું કે 'નાઝી અમલના ચાર વર્ષમાં જર્મનીએ ભારે પ્રગતિ કરી છે, બેકારી ટાળી છે તથા જર્મનીને એક રાષ્ટ્ર તરીકે માનવંત સ્થાન અપાવ્યું છે.'

—મીસીસીપી નદીમાં ભયંકર રેલ આવી. નદીની સપાટી કરતા એંસી ફુટ પાણી ચડી ગયુ. ત્રીસ અબજ ડોલરનું નુકશાન. ચારસો જાનની ખુવારી. દસ લાખ ઘરબાર વગરના થયા.

—ભાવી વિગ્રહમાં કેનેડા તટસ્થ રહેશે એ ઠરાવ કેનેડાની આમ સભાએ મત ગણત્રી કર્યા વીના ઉડાવી દીધો.

—જનરલ ફ્રાન્કોના સૈન્યોએ અસ્તોરા વિસ્તારમાંના સરકારી મથકો પર મજબુત હુમલો કર્યો હતો, પણ ભારે ખુવારી સાથે પાછા હઠવું પડયું.

—કાર્લ રાડેક તથા બીજા ૧૬ સોવીએટ અધિકારીઓએ મોસ્કોમાં રાષ્ટ્રદ્રોહના અપરાધનો સ્વીકાર કર્યા પછી તેમાથી ૧૩ જણાને ફાંસીની સજા અને કાર્લ રેડેક તથા બીજા ત્રણને દશ-દશ વર્ષની કેદની સજા થઇ છે.

—જર્મનીની સેનાભરતી અને ઇટાલી તથા જાપાન સાથે જર્મનીએ કરેલ દોસ્તીનાં કરારો ને લીધે ફ્રેંચ નૌકાબળમાં ૩૫ હજાર ટનની બે મનવારો અને બીજાં લડાયક બારકસો બાંધવાનું નક્કી કરવામાં આવ્યું છે.

—નોબેલ ઇનામ કોઇપણ જર્મન શહેરી હવે પછી કબુલ રાખી શકે નહિં એવો વટહુકમ હીટલરે બહાર પાડયો છે.

—જર્મનાની પાર્લામેન્ટે હીટલરને બીજા ચાર વર્ષ સુધી સરમુખત્યાર તરીકે કુલ સત્તા સુપ્રત કરી છે.

મારી જીવન કથા

જવાહરલાલ નેહરુ

[સચિત્ર]

[આ પુસ્તકના અભ્યાસથી જે તાકાત અને શિક્ષણ મળે છે જે તાજગી મળે છે -અને સ્ફુર્તિ અને ચેતન મળે છે તે આપણા ઇતિહાસના કોઇપણ અભ્યાસીને છોડયે પાલવે એમ નથી.]

ગુજરાતીમા ઉતારનાર

મહાદેવ હરિભાઈ દેશાઇ

કિમત ત્રણ રૂપિયા

[પોસ્ટેજ અને રજીસ્ટ્રેશન ચાર્જ બાર આના]

'ઊર્મિ' ના વાચક બંધુઓને અમારી આગ્રહભરી વિનતિ છે કે આપ આ પુસ્તક અવશ્ય વાંચજો પહેલી આવૃત્તિની થોડી જ નકલો બાકી છે એટલે આપ આપની એક નકલ સત્વર મગાવી લેશો

નૂતન સાહિત્ય ભંડાર

રમકડાં મારકેટ : અમદાવાદ

ડેન્સો હૉલ : કરાચી.

Rgd. No S.

અમારું પહેલું પ્રકાશન

લેખક: સોપાન

પૃષ્ઠ ૨૨૭ : પાકું પૂઠું : દિરંગી જેકેટ : મૂલ્ય સવા રૂપિયો : પોસ્ટેજ બે આના

નૂતન સાહિત્ય ભંડાર: રમકડાં માર્કેટ અમદાવાદ

કરાચી

: સંપાદક :

...ાલ મોહનલાલ દવે

આ અંકમાં

જેનરરિકન
ગૃહપ્રવેશ
ગયે મહિને
કલ્યાણમૂર્તિ
કવિતાની થેલીમાંથી
આંતરરાષ્ટ્રિય આંદોલનો
જીવનનું કરુણ પ્રકરણ
જવાહરલાલ અને એમની જીવનકથા

મુદ્રક • ધનશંકર કૃ. શુકલ
પ્રભાત પ્રેસ • ડેન્સો હૉલ • કરાચી

ઊર્મિ

પ્રકાશક • સુરેશ રા. બાબરીઆ
ઊર્મિ કાર્યાલય • ડેન્સો હૉલ • કરાચી

વર્ષ છઠ્ઠું
અંક ત્રીજો

સળંગ અંક ૬૩

અનુક્રમણિકા

ભાવના	શ્રી	૧૩૭
તમે હોળી માતા !	મોહિનીચંદ્ર	૧૩૮
જતાં રહ્યાં ?	પ્રેમશંકર હ. ભટ્ટ	૧૩૯
હિમશિલા	હરિલાલ ગો. પંડ્યા	૧૩૯
જન્મગાંઠ	નટવરલાલ મો. ગાંધી	૧૪૦
જીવનનું કરુણ પ્રકરણ	શ્રીકાંત	૧૪૧
વિચાર જડતા	અજ્ઞાત	૧૫૫
જોન રસ્કિન	કાન્તિલાલ મ શાહ	૧૫૬
ગૃહપ્રવેશ	નગીનદાસ પારેખ	૧૬૬
આંતરરાષ્ટ્રિય આંદોલનો	ભાસ્કરરાવ વિદ્વાંસ	૧૭૨
જવાહરલાલ અને એમની જીવનકથા	જૈનેન્દ્રકુમાર	૧૭૯
પ્રવેશે પ્રવેશે	મળેલું	૧૮૫
કવિતાની ચેલીમાંથી	મન્દુલાલ ગાંધી	૧૮૬
ગયે મહિને	રતિલાલ મહેતા	૧૯૩
બાવળને	ગજાનન વિ. જોશી	૨૦૧
કાવ્યોત્પત્તિ	રણભાઇ ન દેસાઇ	૨૦૨
કલ્યાણમૂર્તિ	સોપાન	૨૦૩
અવલોકનો	ચા. હ.	૨૦૯

અમારા મુખ્ય એજન્ટો:—

શ્રી જમનાદાસની કું.,	પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨
નૂતન સાહિત્ય ભંડાર	રમકડાં મારકેટ, અમદાવાદ
એલ. કે. મેઘાણી	૧૪, અમરતલા સ્ટ્રીટ, કલકત્તા.
પુસ્તકાલય સ. સ. મંડળ લી.	રાવપુરા, વડોદરા
ગાંડીવ લવાજમ એજન્સી	હવાડીયો ચકલો, સુરત

વાર્ષિક :::: લવાજમ :: રૂપિયા ચાર | દસ શિલિંગ

છુટક અંકની કિંમત છ આના

સૌને માટે

તાકાત-તાજગીથી ભરપૂર

લજ્જતદાર

ઝંડુ દ્રાક્ષાસવ

— વિના વિલંબે —

વાપરવા માંડો

ખાસ સ્ત્રીઓને માટે

તન્દુરસ્તી-તાકાતથી ભરપૂર

સ્ત્રીઓની નબળાઇમાં

આબાદ અસર કરનાર

ઝંડુ અશોકારિષ્ટ

પ્રદરાદિ રોગોનો

અકસીર ઇલાજ

દરેક ઘરમાં હોવો જોઇએ

મેલેરીઆને મારી હઠાવનાર

ઝંડુ મેલેરીઆ મિક્શ્ચર

ટાઢીયા તાવની રામબાણ દવા

એકવાર અજમાવી જુવો

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ લી. પો બો નં. ૫૫૧૩ મુંબઇ નં. ૧૪

સિંધના મોત એજન્ટ ડાહ્યાલાલ બ્રધર્સ. સ્વામીનારાયણ બીલ્ડીંગ, બંદર રોડ, કરાચી.

○ આયુર્વેદિક દવાઓનું સૂચીપત્ર આજેજ મંગાવો ○

મહાગુજરાતનું માનીતું માસિક
શારદા

વાર્ષિક લવાજમ .
હિંદમાં : વા. ૧-૮-૦
પરદેશ શીલીંગ ચૌદ

તંત્રી :
ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા

ગુજરાતી માસિકોમાં શારદા કઈ રીતે ભાત પાડે છે ?

'શારદા' એ એકલુ ગુજરાતી માસિક છે જે દર મહિને બે ત્રિરંગી ચિત્રો આપે છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે જે સોરઠી લોકસાહિત્યની રસલ્હાણ માટે સુપ્રસિદ્ધ છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે કે જેના તંત્રી અંક, નવલિકા અંક, લોકસાહિત્ય અંક અને દીપોત્સવી અંક માટે હજારો લોકો દર વખતે રાહ જુએ છે.

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે કે જે શિષ્ટવર્ગ અને આમવર્ગના સાહિત્યનો સુમેળ સાધે છે

શારદા' એ એકલું ગુજરાતી માસિક છે જે દર વર્ષે સોરઠી ઇતિહાસની રા રાયચુરાકૃત નવલકથા ગ્રાહકોને ભેટ તરીકે આપે છે.

'શારદા' એ એકલુ ગુજરાતી માસિક છે કે જે રોજના એક પૈસામાં સાહિત્ય અને કલાનો રસથાળ દર માસે તમારે ત્યાં પહોંચાડે છે,

'શારદા' બાર વર્ષથી પ્રગટ થાય છે તમે એના ગ્રાહક થયા હશો જ. ન થયા હો તો નીચેના કોઇપણ સ્થળે આજ ને આજ ખબર આપો એટલે 'શારદા' શરૂ થશે

તંત્રી : '**શારદા**' ચોરવાડ (કાઠીયાવાડ)

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લી. વડોદરા,
આર. આર. શેઠની કંપની, બુકસેલર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨

ASVAN

The Supreme Tonic

વૃદ્ધ કે યુવાન, નબળા કે માંદલા
કોઇ પણ માણસ માટે અકસીર ગણાય છે

શક્તિની સર્વોત્તમ દવા

અ શ્વ ન

ગુમાવેલી તાકાત ઝપાટાબંધ ઉત્પન્ન કરે છે
અ ને
નવું જીવન અને ઉત્સાહ રેડે છે.
શરીરના સ્નાયુઓ અને મગજને
અજબ રીતે વિકસાવે છે.

દરેક દવાવાળાઓની દુકાને મળશે

બેંગાલ કેમીકલ વર્કસ, કલકત્તા

કરાચીના એજન્ટ:— જે. તીરથ એન્ડ કાં.
બંદર રોડ કરાચી

ડૉ. રવિશંકર ગણેશજી અંજારી કૃત પુસ્તકો

૧૯૩૭ ના માર્ચ આખર સુધીમા ખરીદનારને નીચેની ખાસ ઘટાડેલી કિંમતે આપવામાં આવશે

	મૂળ કિંમત	ઘટાડેલી કિંમત
૧ વગર દોકડાનો વૈદ્ય	૨–૦–૦	૦–૧૧–૦
૨ પ્રભાત પ્રાર્થનામાળા	૨–૦–૦	૦–૧૧–૦
૩ વૃદ્ધવસ્થામા તંદુરસ્તી	૧–૮–૦	૦– ૮–૦
૪ વહુને શિખામણ	૧–૦–૦	૦– ૫–૦
૫ આદર્શન	૧–૦–૦	
*૬ હિંદના હિતનો ઉકેલ	૧–૦–૦	
૭ હઠયોગ	૧–૪–૦	૭–૦–૦
*૮ શતશ્લોકી	૦–૧–૦	
*૯ આરોગ્ય દોહાવલી	૦–૧–૦	
કુલ કિંમત	રૂ. ૯–૧૪–૦	

*આ પુસ્તકો છુટક મળી શકશે નહિ આખા સેટમાં જ અપાશે પોસ્ટેજ ખર્ચ અલગ.

નવ પુસ્તકોના આખા સેટની મૂળ કિંમત રૂ. ૯–૧૪–૦ થાય છે તે રૂ. ૩–૪–૦ મળશે

ઉપરનાં પુસ્તકો મુંબઇ તેમજ અમદાવાદમાં નીચે જણાવેલા ઠેકાણેથી મળી શકશે. પરંતુ મુબઇમાં ઘટાડેલી કિંમત ઉપર રૂપીએ ૦–૨–૬ અને અમદાવાદમાં રૂપીએ ૦–૧–૬ ખર્ચ જોગુ વધુ લેવાશે

વડોદરામાં.—પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.

મુંબઈમાં—આર. આર. શેઠની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં. ૨

અમદાવાદમાં —ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ–અમદાવાદ

દરેક સાર્વજનિક પુસ્તકાલયમા અને દરેક સંસ્કારી ગૃહમા ખાસ રાખવા જેવાં રૂચિક, બોધક, ઉપકારક અને મનુષ્ય જીવનને માર્ગદર્શક થાય તેવા શિષ્ટ વાચન માટે પસંદગી પામેલા ઉત્તમ કોટિના પુસ્તકો —

	મૂળ કિંમત	લેવાની કિંમત
૧ શ્રી ધોંડો કેશવ કર્વેનું આત્મચરિત્ર	૩– ૦–૦	૧–૮–૦
૨ વીર ગાર્ફિલ્ડ	૧ –૮–૦	૧–૦–૦
૩ બુકર ટિ. વોશિંગ્ટન	૧–૧૨–૦	૧–૦–૦
૪ ફોરમ પુસ્તક ૧–૨	૧–૧૩–૦	૧–૦–૦
૪ અપંગની પ્રતિભા (હેલન કેલરની આત્મકથા)	૦–૧૨–૦	૦–૧૨–૦
૬ જગતના સીતારા	૦– ૮–૦	૦–૭–૦
૭ અમારા જીવનની કેટલીક યાદગીરીઓ	૧– ૮–૦	૧–૪–૦
ગાંધીજીની આત્મકથા ભાગ ૧–૨	૧– ૦–૦	૧–૦–૦

પોસ્ટેજ તથા રવાનગી ખર્ચ જુદુ.

લખો —પુસ્તકાલય સ. સહકારી મંડળ લિ.,
રાવપુરા–વડોદરા.



* વર્ષ છઠ્ઠું * * માર્ચ ૧૯૩૭ * * અંક ત્રીજો *

ઘણીવાર એવું બને છે કે આપણી પ્રવૃત્તિમાં આપણે જે સિદ્ધાંતોનું પાલન કરીએ છીએ તે સિદ્ધાંતો એટલા જ દૃઢસ્વરૂપમાં આપણા જીવનમાં નથી દેખાતા. હું બાલમંદિરનો શિક્ષક હોઉં એટલે બાલમંદિરની પ્રવૃત્તિમાં બાળકો ઉપર પ્રેમ કરું, એનો આદર કરું, એનું ચિંતન કરું, પણ એ સિવાયના જીવનમાં દરેક પ્રસંગે એમ નથી વર્તી શકતો. એ જ રીતે હું સેવક હોઉં તો મારા સેવાક્ષેત્રમાં ગમે તેવા બદમાસ લુચ્ચા કે ઠગ માણસને પણ હું સહન કરી લઈશ અને એના હૃદયને જાગૃત કરવા માટે જે કરવું પડશે તે હું કરીશ પરંતુ એ સેવાક્ષેત્રની બહાર કોઈ ટ્રેનમાં, કોઈ થીએટરમાં, કોઈ સભા સરઘસ કે મેળાવડામાં કોઈને સાંખી શકીશ નહિ

મને વિચાર આવે છે કે આમ થવાનું કારણ શું હશે? મિત્રો પાસે વફાદાર રહેનાર હું બીજે બેવફા કેમ થાઉં છું? પ્રિયજન પાસે જાગૃત થતી ત્યાગબુદ્ધિ બીજે કેમ સૂઈ જાય છે? ઘરમાં, ગામડામાં કે સેવાના ક્ષેત્રમાં દેખાતી સાદાઈ અને સેવાવૃત્તિ બીજે સ્થળે કેમ લોપ પામે છે?

વિચાર કરતાં મને લાગે છે કે મારા હૃદયમાં એ ગુણોનો વિનાશ નથી થયો. એ ગુણોને જન્મ આપવા માટે મેં પ્રસવવેદના સહન નથી કરી, એને ઉછેરવા માટે મેં મારા આહાર નિદ્રાને નથી રોક્યા. કોઈની પાસેથી એ ગુણોને ઉછીના લઈ હું મારું કામ ચલાવું છું અને પારકો પોશાક પહેરી મારી જાતને શોભાવું છું. જો એમ ન હોય તો જીવનના એક ક્ષેત્રમાં દેખાતો ગુણ સમગ્ર જીવનમાં કેમ ન દેખાય?

ધી.

તમે હોળી માતા !

મોહિનીચંદ્ર

: છન્દલય :

તમે હોળી માતા ! વરસદિનમે ક્યાં પ્રકટીને
ધરાપેં પેટાવો અનલભડકા આભ ઉડતા,
પ્રવેશી પેટાળે અણુઅણુ વસી જે, ભડભડે
રજનીદિન સારા વરસમાં.

ને તેના તણખા દગો ધરતીનાં દીપ્તિભરેલાં બને,
જ્યાંથી કિરણ કોટી કૈક ફૂટતાં, છેડાવતી સ્પર્શતાં
ઘોપેં તારકરૂપ રમ્ય ગ્રહી જે, રાત્રિલિપે આથડે
પૃથ્વી નિદ્રિત સ્તૂતા, વિયતમાં

પૂછું તમોને —

'એકેક એ તારકની કણોથી
ઊઠે ન ક્યાં એવી પ્રચંડ જ્વાળા,
અધીનતાના અમબંધ કાળા
કરી શકે ભસ્મ નવાં બળોથી ?'

પછી આ વેરાને —

ભાલપ્રદેશે અમ માતૃભૂમિને,
સમૃદ્ધિનાં સોનલ રશ્મિ રેલીને,
સહસ્રરશ્મિ ફરી ઊગતો હસે !
ચરાચરોનાં મુખપત્ર સૌ લસે !

●

જતાં રહ્યાં ?

પ્રેમશંકર હ. ભટ્ટ

જતાં રહ્યાં હયા ભડકા જગાવી,
લીલી મજાની રમણીય વાડીમાં
કો હાર્દની, ને પળવાર માહરા
મટ્યા ન'તાં તે થઇ અન્યના ગયા ?
ગયા સ્વયં વા સખિ ! ક્હો જવું પડ્યું ?

સંધ્યા તણી પાલવકોર સૂખરી
નિરાશ કો અંતર શી, ધીમેધીમે
છવાય, તોયે નહીં ગામ પાદરે
લાવણ્યની લોલ વીલોલ વેલશી
અનેક નારી, નિજ કંઠની વીણા
બજાવતી'તી, વપુ પેં વીંટ્યા તવ
પાનેતરે ગાંઠ અખંડ વાળી
ઝૂલી રહ્યું 'તું ઉપવસ્ત્ર કોકનું !

વદાય વેળા હતી આપની તદા,
કૌમાર્યનાં મંગલ સંપુટે ઝીલી,
અતીવ આકર્ષક ઝાંઝરા જલ,
પીવા અદીઠ ભવના રણો મહીં

વગાડવા ત્યાં જન કૈંક આવીયા
હતા, હતો હુંય ઉમેદ એકલો
ભર્યા આશ, પૂછે મને 'ફરિ આવશો ?'
ને હું ? હું પે શું નજરેય ન્યાળવા ?
એ પ્રશ્નભાવે જરી જોઉં ત્યાં દીઠું
કારુણ્યની કો નિમણી કણી શું
અશ્રુતણું એકલ બુંદ નેનમાં !

અબોલ તોયે ઉરભાવ ઉચ્ચરી,
ગ્હેન અશ્રુ 'નવ હું, ગઇ પ્રિય !'
—અને નિહાળું નજરે જતા, છતાં
હજી રહું હું નથી કળાય એ ગતા !

હિમશિલા

હરિલાલ ગો. પંડ્યા

૧૬

ત્હને હિમશિલા અરે ! મનુજ બેસમા શાયનુ
ગમે ન, જગ આવડું નવ કદીય તૃષ્ણા પિયે !
પ્રચંડ ઉરવેગવા, ભ્રમણ સાંભ સ્હેજે બને,
વિરાટ પૃથ્વી પરે, પ્રતિક વિશ્વ સૌન્દર્યનું ?

ગણુંય રૂપગર્વિતા, પ્રણયગીત ગાને તદા
જગાડ જનસુમને, સહજ જાડ્યને સંહરી,
અમીરસ વહાવજે, અધર લોલ-ઓષ્ઠે ભરી,
બની રહીશ શું અનુપ મુજ બાગની કોકિલા ?

અરે ! નવ કશુંય તે—ઉજ્વળ ક્લ્પધાન વદી,
ન મોહ શુભચીતને પ્રણય ભોગવા ઉછળી,
અશાન્ત ભવ સાગરે, ખડક શું મહીં ઠોકરો,
ફૂટી જવું કદી અપકાર મુજ કાયના કુંભને !
વિરાજત વિલાસિની હિમશિલા ગિરિ શૃંગ પે,
અહનિંશ ત્હું-સંગતે, જવું અનંતને આંગણે !

એમ છે, પરંતુ હું એને સ્પર્શ ન કરી શકી, એ મારી શક્તિની બહાર હતું હજાર વખત મેં ઇચ્છા કરેલી, રાતદિવસ મારા હૃદય ઉપર મેં એ ભાર વેઠ્યો પણ હું એ ન જ કરી શકી અંતરના એક ખૂણામાંથી મને સહાનુભૂતિ ન મળી

મને ફરી ફરીને એ વિચાર આવે છે કે પ્રેમમાં પોતાનું પ્રતિબિંબ પાડવાની કે પડઘો પાડવાની શક્તિ નહિ હોય! પ્રેમ પરમ શક્તિ છે એમ તો મેં ઘણીવાર સાંભળ્યું છે પણ મને આ પ્રસંગમાં એનો અનુભવ કેમ ન થયો? નવનીતના પ્રેમમાં કાંઈ ઊણપ હશે? પ્રતિબિંબ ન ઝીલી શકનાર મારા હૃદયના આયનામાં કાંઈ દોષ હશે?

નવનીતને મૃત્યુ પામ્યે આજે એક મહિનો થયો મારી આંખ આગળથી એ ઠેવું દશ્ય ખસતું નથી એનો સુકાઈ ગયેલો ફિક્કો ચહેરો મારી આંખ સામે જ તરવરે છે એની યાચનાભરી આંખો અને લાગણીઓને હલાવી મૂકનારી વાણી મારાથી ભૂલાતાં નથી મરતાં પહેલાં એ સંતોષથી આંખ મીંચી શક્યો હોત તો કેવું સારું હતું! એના બીડાયેલા પોપચા ઉપર મેં આંગળીઓ તો મૂકી હતી પણ એ આંગળીઓમાં પ્રેમનું ચેતનતત્ત્વ ક્યાં હતું કે એના ઠરી જતા હૃદયને જાગૃત કરી દે!

ચેતી ગયા હોત તો કેવું સારું હતું! હું તો ચેતી ગઈ હતી મેં નવનીતને જણાવી પણ દીધું હતું પરંતુ એ ન ચેત્યો એને પોતાના પ્રેમની શક્તિ માટે શ્રદ્ધા હશે કદાચ મારી સ્પષ્ટતાને એ સાચી નહિ માનતો હોય કદાચ એ પણ લાચાર બની ગયો હશે પ્રભુ જાણે શું હશે! પણ એ મારે માટે ઝૂરતો જ રહ્યો અને હું એને શાંત કરવાનો નિષ્ફળ પ્રયત્ન કરતી જ રહી

મિત્રોને શી રીતે સમજાવું કે મારાથી નવનીત પ્રત્યે એ સ્ત્રીનો હોય એવો પ્રેમ થઈ શક્યો જ નહોતો? એ મારા માટે બધું જ કુરબાન કરવા તૈયાર હતો તે હું જાણું છું મારા કરતાં વધુ વહાલું એને કોઈ નહોતું તે પણ હું જાણું છું, પણ એથી તો હું એના વિષે ચિંતાતુર રહેતી અને એની લાગણીઓ ઘણીવાર મને અકળાવતી છતાં હું એના માટે મૈત્રી રાખતી અને એ પ્રેમમગ્ન એવા ગાંડપણ પ્રયત્નો કરતો

તમને આટલા જ ઉપરથી મારી સ્થિતિ કદાચ નહિ સમજાય અમારા બેની લાગણીઓમાં મૂળભૂત કેવાં વિરોધી તત્ત્વો હતાં તે સ્પષ્ટપણે નહિ જણાય તમને પણ કદાચ લાગશે—જેમ ઘણાને લાગે છે તેમ—કે મેં નવનીતને વિશ્વાસ આપ્યો પ્રેમ આપ્યો અને નવનીતે એનું સર્વસ્વ મારા ઉપર મૂક્યું એ પછી હું વિશ્વાસઘાતણી બની. મેં પ્રેમ અને વિશ્વાસ ઉપર દગો દીધો. ઉદારચિત્ત અને સાચો પ્રેમી નવનીત એવું ન કરી શક્યો પરિણામે નવનીત ઘસાતો ચાલ્યો. એનો પ્રેમદીપ બળતો જ રહ્યો અને છેવટે બૂઝાઈ ગયો—આવું નથી તમો અને તમારા દ્વારા બીજા સ્નેહીઓને મારી વાત સમજાય એ માટે અમારી મૈત્રીની આખી કથા હું કહું છું લોકો આ માને કે ખોટી માને તેની મને પરવા નથી.

એમના ઉના ઉનાં નિશ્વાસોથી મારી જાતને મારે બચાવી લેવી જોઈએ

+ + +

નવનીત અને હું આજથી સાત વર્ષ પહેલાં એટલે મને પન્દરમું અને એને વીસમું વર્ષ ચાલતું હતું ત્યારે ....ને ત્યાં મળ્યા. ત્યાર પહેલાં અમારે મુદ્દલ ઓળખાણ નહોતી. એનું સુગઠિત શરીર તેજસ્વી બુદ્ધિ અને આનંદી સ્વભાવ મને આકર્ષક લાગ્યાં. એને મારામાં કયું આકર્ષણ અનુભવ્યું હશે તે હું બરાબર ન કહી શકું, પણ એણે મને અનેકવાર કહ્યું છે કે, "તે દિવસે મારા સામે જોતા જ એ ખેંચાયો હતો." એના જ શબ્દોમાં કહું તો મારી આંખમાં એણે ઉત્કૃષ્ટ સૌંદર્ય જોયું હતું.

તે દિવસે અમારે સાથે જ જમવાનું હતું. જમતાં જમતાં અમે વાતો કરતા હતાં. અને હસતાં હતાં. એ મારા તરફ લાગણીપૂર્ણ નેત્રે જોતો હતો તે હું સમજતી હતી. મારું ધ્યાન ખેંચાય એ રીતે એ વાતો કરતો હતો તે પણ હું જાણતી હતી, પરંતુ મને એથી અણગમો નહોતો આવ્યો. ત્યાં એકઠી થયેલી મંડળીમાં એ બુદ્ધિમાં, શરીરમાં અને તેજસ્વીતામાં ચઢીઆતો હતો એવું મેં એ ક્ષણે જ અનુભવ્યું હતું. આખી મંડળીમાં એનું વ્યક્તિત્વ પણ તરી આવતું હતું અને લગભગ બધાં એની જ આજુ-બાજુ રહેતા હતા અને એને જ સાંભળતા હતા.

એ પ્રસંગને ત્રણ મહિના વીત્યા પછી અમે એક વખત રસ્તામાં મળી ગયા હતા. એકબીજાની નજર મળતાં અમે સ્મિત કર્યું. એ ઉભો રહ્યો એટલે હું પણ ઉભી રહી. એ પ્રસંગ મને બરાબર યાદ છે. એ મારા સામે જોઈને જે રીતે વાત કરતો હતો એ રીતમાં એની ઉછળતી લાગણી હું જોઈ શકતી હતી. મારા અંતરમાં એવી ભરતી તો નહોતી ચડી પણ મારા પ્રત્યે નિર્વ્યાજભાવે એને લાગણી વર્તાવતો જોઈ મારું હૃદય પણ ભીનું થઈ ગયું હતું. એણે મારા ખબર અંતર અને ઠામ ઠેકાણું પૂછ્યું હું ત્યારે, ક્યાં મળી શકું એ જાણી લીધું. મારા કુટુંબમાં કોણ કોણ છે અને કેવું વાતાવરણ છે તે સમજી લીધું. મેં પણ વિવેક ખાતર એવું જ બધું પૂછ્યું અને અમે જૂદા પડ્યા.

ત્યારપછી વળી મહિનાઓ વીત્યા. મારા મનમાં એનું સ્મરણ પણ નહોતું રહ્યું. અચાનક એક દિવસે એનો કાગળ આવ્યો. કાગળ આફ્રીકાથી લખેલો હતો. એમાં પોતાની વિશેષ ઓળખાણ હતી અને કેટલીક હકીકત હતી. ત્યાંનું થોડુંક વર્ણન હતું અને છેવટે લાગણીભર્યા શબ્દો અને કાગળના પ્રત્યુત્તર માટે આગ્રહ હતો. કાગળ વાંચી હું જરા વિચારમાં પડી ગઈ. પણ મને યાદ છે કે હું બહુ વિચાર કરી શકી નહોતી. અંદરથી કાંઈક એવું થતું હતું કે જો મને એ સંબંધ આગળ વધારવાની ના પાડતું હતું. બહારથી વળી એમ લાગતું હતું મારે સંકોચ-શરમ ન રાખવા જોઈએ અને પુરુષ મિત્રો હોવા જોઈએ. નવનીતના ગુણોનું આકર્ષણ પણ થોડુંક થયું હતું.

મેં એને ટૂંકો જવાબ લખ્યો. વળતી ટપાલે જ એનો લાંબો કાગળ આવી પડ્યો. એમાં ત્યાંના પ્રદેશનું સુંદર વર્ણન, પોતે અનેકની વચ્ચે હોવા છતાં પોતાને લાગતી એકલતા, જીવનના અભિલાષો અને મારી મૈત્રીની કલ્પનાની મધુરતાનું સુંદર બયાન હતું. મારે કબૂલ કરવું જોઈએ કે એ કાગળ વાંચીને તુરત તો મને કંટાળો આવી ગયો હતો. 'કંઈક બફાય છે' એવી પણ મને શંકા ગઈ હતી, છતાં વિવેક ખાતર મેં એને ટૂંકો જવાબ લખ્યો અને ઉમેર્યું કે 'હવે તો કોણ જાણે કેટલા વરસે તમને રૂબરૂ મળવાનો લાભ મળશે!' આ વાક્યે એને ભ્રમમાં નાખ્યો એમ હું એના જવાબ ઉપરથી જાણી શકી. એ

પોતે અહોનિશ મારું ચિંતન કરી રહ્યો છે અને પોતાના સંયોગો અનુકૂળ થતા જ એ દેશમાં આવશે ને મને મળશે, એટલું જ નહિ: પોતાના ભાવી જીવનનો ક્રમ ગોઠવતા પહેલાં મારી સલાહ પણ લેશે એવું એવું એણે કાગળમા લખી નાખ્યું.

હવે મારાથી ન રહેવાયું. મને થયુ કે ગોટાળો વધતો જ જાય છે હુ એની પેઠે જ એનુ ચિંતન કરતી હોઇશ એવો એ ખ્યાલ સેવતો હશે એમ મને સ્પષ્ટ જણાયું ત્યાર પછી મે એને એક લાંબો કાગળ આ પ્રમાણે લખ્યો

મુ. નવનીતભાઇ,

તમે મારાથી જ્ઞાન, અનુભવ અને વયમા મોટા છો એટલે મારે તમને મુરબ્બી લખવુ જ જોઇએ. 'પ્રિય' લખવાનો શિષ્ટાચાર છોડવાનુ મને ઠીક લાગ્યુ છે. આપણે એકબીજાને 'પ્રિય' કહી શકીએ એટલી આપણી વચ્ચે નિકટતા જ ક્યા છે? તમારા દરેક કાગળમા મારા પ્રત્યેની તમારી લાગણી હુ જોઇ રહી છુ એ લાગણીને ઝીલવાનુ મારૂ સામર્થ્ય નથી એટલે હું ઘણીવાર અકળાઇ છુ મારૂં વર્તમાન જીવન પણ મારા કાબૂમા નથી ત્યા મારા ભાવી જીવનની કયા વાત? હુ તો એક સામાન્ય છોકરી છુ અને સામાન્ય રીતે જ જીવી શકીશ એમ મને લાગે છે. તમે મારા પ્રત્યે લાગણી ધરાવો છો એ માટે તમારો આભાર તો શું માનું, પણ એમ થાય છે કે મારી સ્થિતિ તમારા પાસે સ્પષ્ટ કરી દઉં તમે કલ્પતા હો એટલું મારામા બળ નથી એટલી ઊંચી મારી ભાવના પણ નથી. તમારા જેટલી મારા હૃદયમાં ઉદારતા પણ નથી અને એટલે તમારા તરફ કે કોઇ તરફ હુ લાગણી ધરાવી શકતી જ નથી મને દરેક વખતે એમ થઇ

માફું ન લગાડશો. મારા મનમાં હતું તે અચકાતા અચકાતા મેં આમાં લખ્યું છે કંઈ અસ્પષ્ટ રહેતું હોય તો પણ આ કાગળનો મર્મ સમજી લેજો

તમારી બેન
પ્રભા

મેં ડરતાં ડરતા આ કાગળ પોસ્ટ કર્યો પણ અમારાં દુર્ભાગ્ય કે આ કાગળનો પણ પૂરો મર્મ ન સમજાયો જવાબમાં એનો કાગળ આવ્યો તે આ રહ્યો

પ્રિય બેન પ્રભા,

તારો કાગળ મળ્યો. મને મુરબ્બી લખી શા માટે ગાળ દે છે? હું મુરબ્બી છુ? મારા જેવડા ૨૦–૨૨ વર્ષનો જુવાન મુરબ્બી ગણાશે તો પછી મુરબ્બીવટનું પણ અપમાન જ થશે કૃપા કરી ફરીને મને મુરબ્બી લખીશ નહિ. મને 'પ્રિય' ન લખી શકાય તો કાંઇ નહિ એમ ને એમ મારૂ નામ લખજે. શિષ્ટાચાર ખાતર જ 'પ્રિય' ન લખવું જોઇએ તે તારી વાત બરાબર છે, પણ ત્યારે આજ સુધી તુ શિષ્ટાચાર ખાતર જ લખતી એમ મારે સમજવું? ના મારે એવું નથી સમજવુ. હું એ માની શકુ જ નહિ મને તો આશ્ચર્ય થાય છે કે તારા જેવી શિક્ષિત કુમારિકા 'પ્રિય' શબ્દથી ડરે છે કેમ? એનો અનર્થ થશે એમ તને લાગે છે?

અને આ બીજુ બધુ ય શું લખી નાખ્યુ છે? આટલી બધી નમ્રતા ક્યાંથી શીખી ગઇ? તું ગમે તે કહેને, તારામા કેટલી શક્તિ છે તે હુ જાણું છું. તુ પણ જાણે છે છતા ખોટો વિનય કરે છે. તું સામાન્ય છોકરી છે જ નહિ તારા કાગળના મર્મને હું સમજ્યો છું કે નહિ તે તો પ્રભુ જાણે પણ મને માઠું નથી લાગ્યું

કે મારાં ઊંડા અંતઃકરણમાં તારૂં કેવું સ્થાન છે !

હવે તો થાય છે કે એક વખત ત્યાં આવીને મળું. મારા જીવન વિષે નિરાંતે વાત કરૂં અને તને પણ વિશેષ ઓળખું.

તારો ભાઇ

નવનીત.

આ કાગળ મેં ત્રણચાર વખત વાંચ્યો. મારા મન ઉપર બોજો લાગવા માંડયો. મારી અનિચ્છા છતાં હું કોઇ વમળમાં આવી પડી હોઉં એવું લાગવા માંડયું. મેં બે ત્રણ દિવસ આ વસ્તુ ઉપર વિચારો કર્યા, પણ મને કોઇ માર્ગ સૂઝયો નહિ. અંતે મેં જવાબ આપવાનું જ માંડી વાળ્યું, પરંતુ મારો જવાબ ન મળ્યો એ કાગળનો પણ જવાબ ન આપ્યો. આમ મારા પાસે એના પાંચેક કાગળો જવાબ આપ્યા વિનાના એકઠા થઇ ગયા. છેલ્લો કાગળ જરા દર્દભર્યો આવ્યો અને મને થયું કે મારે જવાબ આપવો જ જોઇએ. એનો કાગળ આ રહ્યોઃ

બેન પ્રભા,

મારા આટલા બધા કાગળોનો જવાબ ન મળવાથી મને કંઇ કંઇ વિચારો આવે છે. તું મારાથી દુભાઇ હશે ! મારાથી અજાણતા ન લખવા જેવું લખાઇ ગયું હશે. ! અથવા તો તારા જીવનમાં કોઇ અવનવા બનાવો બની ગયા હશે ! મારાથી કાંઇ સમજાતું નથી. છેલ્લા પંદર દિવસ થયા મારી તબિયત પણ સારી રહેતી નથી. રાતદિવસ આ જ વિચારો આવ્યા કરે છે. તારે આટલા બધા કઠોર ન થવું જોઇએ. બીજા કશા ખાતર નહિ તો મારા માનસિક સ્વાસ્થ્ય ખાતર તો એક કાગળ લખ. હું નથી માનતો કે તું મારી આ વિનતીને પણ ઠોકરે મારીશ.

તારા સ્મરણમાં

ઝૂરતો ભાઇ

આ કાગળનો મેં નીચે પ્રમાણે જવાબ આપ્યો.

પ્રિય ભાઇ,

તમારા બધા કાગળો મને મળ્યા છે. તમે અનુમાનો કર્યાં એવું મને કશું નથી થયું. મે તમને એક કાગળમાં લખ્યું હતું કે હું તમારી મૈત્રીને યોગ્ય નથી, હજી પણ આ કાગળથી જણાવું છું કે મારૂં સ્મરણ કરી નાહક દુઃખી ન થશો. મને તમારા પ્રત્યે સદ્‌ભાવ છે. તમારૂં ભલુ થાય એવી મારી હંમેશ ઇચ્છા રહે છે. એથી વધારે હું અનુભવી જ ન શકતી હોઉં ત્યાં શું કરૂં ?

તમે દુઃખી ન થશો. મારા માટે ઝૂરવાનું છોડી દેજો. તમારામાં જે બળ અને સંસ્કાર છે તેનો યોગ્ય માર્ગે ઉપયોગ કરજો. મને તો એ જ વસ્તુ લાગી આવે છે કે તમારા જીવનપથમાં હું કયાં આવી પડી ! મારી મૈત્રી તમારી શકિતઓને રૂંધે, ગુંગળાવે, અસ્વસ્થ બનાવે એ મારે માટે અસહ્ય છે. હું પણ તમારા જેટલા જ દર્દથી તમને વિનંતિ કરૂં છું કે, તમે તમારા કર્તવ્યમાં મશગૂલ રહેજો.

આ વરસે મારે અહીં ભણવાનું પૂરૂં થશે. પછી મારે વડોદરા જવાનું થશે તે માત્ર જાણવા માટે લખું છું.

તમારૂં કલ્યાણ ઇચ્છતી

બેન.

આ કાગળનો મેં તુરત જવાબ ધારેલો પણ જવાબ ન આવ્યો. બે ત્રણ મેલ સુધી મેં રાહ જોઇ . પછી તો મને ચિંતા થવા લાગી. મને

પોતે અહોનિશ મારું ચિંતન કરી રહ્યો છે અને પોતાના સંયોગો અનુકૂળ થતા જ એ દેશમાં આવશે ને મને મળશે, એટલું જ નહિ, પોતાના ભાવી જીવનનો ક્રમ ગોઠવતા પહેલા મારી સલાહ પણ લેશે એવું એવું એણે કાગળમાં લખી નાખ્યું.

હવે મારાથી ન રહેવાયું મને થયું કે ગોટાળો વધતો જ જાય છે હું એની પેઠે જ એનું ચિંતન કરતી હોઇશ એવો એ ખ્યાલ સેવતો હશે એમ મને સ્પષ્ટ જણાયું ત્યાર પછી મે એને એક લાંબો કાગળ આ પ્રમાણે લખ્યો

સુ. નવનીતભાઇ,

તમે મારાથી જ્ઞાન, અનુભવ અને વયમાં મોટા છો એટલે મારે તમને મુરબ્બી લખવું જ જોઇએ 'પ્રિય' લખવાનો શિષ્ટાચાર છોડવાનું મને ઠીક લાગ્યું છે. આપણે એકબીજાને 'પ્રિય' કહી શકીએ એટલી આપણી વચ્ચે નિકટતા જ ક્યાં છે? તમારા દરેક કાગળમાં મારા પ્રત્યેની તમારી લાગણી હું જોઇ રહી છું એ લાગણીને ઝીલવાનું મારું સામર્થ્ય નથી એટલે હું ઘણીવાર અકળાઇ છું મારું વર્તમાન જીવન પણ મારા કાબૂમાં નથી ત્યાં મારા ભાવી જીવનની કયાં વાત? હું તો એક સામાન્ય છોકરી છું અને સામાન્ય રીતે જ જીવી શકીશ એમ મને લાગે છે તમે મારા પ્રત્યે લાગણી ધરાવો છો એ માટે તમારો આભાર તો શું માનું, પણ એમ થાય છે કે મારી સ્થિતિ તમારા પાસે સ્પષ્ટ કરી દઉં તમે કલ્પતા હો એટલું મારામાં બળ નથી એવી ઊંચી મારી ભાવના પણ નથી તમારા જેટલી મારા હૃદયમાં ઉદારતા પણ નથી અને એટલે તમારા તરફ કે કોઇ તરફ હું લાગણી ધરાવી શકતી જ નથી મને દરેક વખતે એમ થઇ આવે છે કે તમારા સાથે હું પત્રવ્યવહાર બંધ કરું, કારણ કે તમારી મૈત્રીને હું યોગ્ય નથી

માઠું ન લગાડશો મારા મનમાં હતું તે અચકાતા અચકાતા મે આમાં લખ્યું છે કંઇ અસ્પષ્ટ રહેવું હોય તો પણ આ કાગળનો મર્મ સમજી લેજો

તમારી બેન
પ્રભા

મે ડરતા ડરતા આ કાગળ પોસ્ટ કર્યો પણ અમારા દુર્ભાગ્ય કે આ કાગળનો પણ પૂરો મર્મ ન સમજાયો જવાબમાં એનો કાગળ આવ્યો તે આ રહ્યો

પ્રિય બેન પ્રભા,

તારો કાગળ મળ્યો. મને મુરબ્બી લખી શા માટે માન દે છે? હું મુરબ્બી છું? મારા જેવડો ૨૦-૨૨ વર્ષનો જુવાન મુરબ્બી ગણાશે તો પછી મુરબ્બીવટનું પણ અપમાન જ થશે કૃપા કરી ફરીને મને મુરબ્બી લખીશ નહિ મને 'પ્રિય' ન લખી શકાય તો કાંઇ નહિ એમ તો એમ મારું નામ લખજે શિષ્ટાચાર ખાતર જ 'પ્રિય' ન લખવું જોઇએ તે તારી વાત બરાબર છે, પણ ત્યારે આજ સુધી તું શિષ્ટાચાર ખાતર જ લખતી એમ મારે સમજવું? ના મારે એવું નથી સમજવું હું એ માની શકું જ નહિ મને તો આશ્ચર્ય થાય છે કે તારા જેવી શિક્ષિત કુમારિકા 'પ્રિય' શબ્દથી ડરે છે કેમ? એનો અનર્થ થશે એમ તને લાગે છે?

અને આ બીજું બધું ય શું લખી નાખ્યું છે? આટલી બધી નમ્રતા ક્યાંથી શીખી ગઇ? તું ગમે તે લખેને, તારામાં કેટલી શક્તિ છે તે હું જાણું છું, તું પણ જાણે છે છતાં વિનય કરે છે તું સામાન્ય છોકરી છે જ નહિ તારા કાગળના મર્મને હું સમજ્યો છું કે નહિ તે તો પ્રભુ જાણે પણ મને માઠું નથી લાગ્યું એટલું તને જણાવી દઉં તારાથી મને માઠું લાગે જ નહિ તને ક્યાંથી કલ્પના આવી કે

કે મારાં ઊંડા અંતઃકરણમાં તારું કેવું સ્થાન છે !

હવે તો થાય છે કે એક વખત ત્યાં આવીને મળું. મારા જીવન વિષે નિરાંતે વાત કરું અને તને પણ વિશેષ ઓળખું.

તારો ભાઇ
નવનીત.

આ કાગળ મેં ત્રણચાર વખત વાંચ્યો. મારા મન ઉપર બોજો લાગવા માંડયો. મારી અનિચ્છા છતાં હું કોઇ વમળમાં આવી પડી હોઉં એવું લાગવા માંડયું. મેં બે ત્રણ દિવસ આ વસ્તુ ઉપર વિચારો કર્યા, પણ મને કોઇ માર્ગ સૂઝયો નહિ. અંતે મેં જવાબ આપવાનું જ માંડી વાળ્યું, પરંતુ મારો જવાબ ન મળ્યો એ કાગળનો પણ જવાબ ન આપ્યો. આમ મારા પાસે એના પાંચેક કાગળો જવાબ આપ્યા વિનાના એકઠા થઇ ગયા. છેલ્લો કાગળ જરા દર્દભર્યો આવ્યો અને મને થયું કે મારે જવાબ આપવો જ જોઇએ. એનો કાગળ આ રહ્યોઃ

બેન પ્રભા,

મારા આટલા બધા કાગળોનો જવાબ ન મળવાથી મને કંઇ કંઇ વિચારો આવે છે. તું મારાથી દુભાઇ હશે ! મારાથી અજાણતા ન લખવા જેવું લખાઇ ગયું હશે. ! અથવા તો તારા જીવનમાં કોઇ અવનવા બનાવો બની ગયા હશે ! મારાથી કાંઇ સમજાતું નથી. છેલ્લા પંદર દિવસ થયા મારી તબિયત પણ સારી રહેતી નથી. રાતદિવસ આ જ વિચારો આવ્યા કરે છે. તારે આટલા બધા કઠોર ન થવું જોઇએ. બીજા કશા ખાતર નહિ તો મારા માનસિક સ્વાસ્થ્ય ખાતર તો એક કાગળ લખ. હું નથી માનતો કે તું મારી આ વિનતીને પણ ઠોકરે મારીશ.

તારા સ્મરણમાં
ઝૂરતો ભાઇ

આ કાગળનો મેં નીચે પ્રમાણે જવાબ આપ્યો.

પ્રિય ભાઇ,

તમારા બધા કાગળો મને મળ્યા છે. તમે અનુમાનો કર્યા એવું મને કશું નથી થયું. મે તમને એક કાગળમાં લખ્યું હતું કે હું તમારી મૈત્રીને યોગ્ય નથી, હજી પણ આ કાગળથી જણાવું છું કે મારું સ્મરણ કરી નાહક દુઃખી ન થશો. મને તમારા પ્રત્યે સદ્‌ભાવ છે. તમારું ભલુ થાય એવી મારી હંમેશ ઇચ્છા રહે છે. એથી વધારે હું અનુભવી જ ન શકતી હોઉં ત્યાં શું કરું ?

તમે દુઃખી ન થશો. મારા માટે ઝૂરવાનું છોડી દેજો. તમારામાં જે બળ અને સંસ્કાર છે તેનો યોગ્ય માર્ગે ઉપયોગ કરજો. મને તો એ જ વસ્તુ લાગી આવે છે કે તમારા જીવનપથમાં હું કયાં આવી પડી ! મારી મૈત્રી તમારી શક્તિઓને રૂંધે, ગુંગળાવે, અસ્વસ્થ બનાવે એ મારે માટે અસહ્ય છે. હું પણ તમારા જેટલા જ દર્દથી તમને વિનંતિ કરું છું કે, તમે તમારા કર્તવ્યમાં મશગૂલ રહેજો.

આ વરસે મારે અહીં ભણવાનું પૂરું થશે. પછી મારે વડોદરા જવાનું થશે તે માત્ર જણાવા માટે લખું છું.

તમારું કલ્યાણ ઇચ્છતી
બેન.

આ કાગળનો મેં તુરત જવાબ ધારેલો પણ જવાબ ન આવ્યો. બે ત્રણ મેલ સુધી મેં રાહ જોઇ . પછી તો મને ચિંતા થવા લાગી. મને

થયું કે જરૂર કંઈક અનિષ્ટ થયું હશે. મને અનેક અશુભ શંકાઓ આવવા લાગી અને મારા પ્રત્યે રોષ ઉપજ્યો. મને થયું કે મારે એની લાગણીને આ રીતે ઠોકરે નહોતી મારવી જોઈતી. મારે નિષ્ઠુર નહોતું થવું જોઈતું. સારા, લાગણી ભર્યા કાગળો લખનારાના મારું શું જતું રહેવાનું હતું! આવા વિચાર કરી મેં એને એક કાગળ લખ્યો.

પ્રિય ભાઈ,

ઘણા વખત થયાં તમારો કાગળ નથી. તમે મારાથી નારાજ થયા લાગો છો. તમારા જેવા ભાઈઓએ નારાજ ન થવું જોઈએ. મારા કાગળથી તો માઠું નથી લાગ્યું ને?

હું અહીં વડોદરા આવી ગઈ છું. હવે અહીંના સરનામે જવાબ લખજો.

તમારા કાગળ વિના વધુ શું લખું?

તમારી બેન.

તરત જ એણે જવાબ આપ્યો. એ જવાબમાં આનંદની ભરતી હતી. મારી સાચી લાગણીએ જ એને જીવનરસ આપ્યો છે એમ લખ્યું હતું અને અંતે લખેલ કે એકાદ મહિનામાં હું દેશમાં આવું છું પછી આપણે નિરાંતે મળી શકીશું.

મને તો આ કાગળ ચિંતારૂપ થયો. એક મહિના પછી નવનીત આવશે એ સમાચારે મને ગભરાવી મૂકી. એના સાથે મારે કેવો સંબંધ રાખવો? એની લાગણીને મારે કયાં સુધી પ્રત્યુત્તર આપવો? મારી ને એની સ્થિતિની ક્યારે ચોખવટ કરવી?

મહિનો વીતી ગયો. નવનીત મુંબઈ થોડા દિવસ રહીને વડોદરા આવી પહોંચ્યો. આવતા પહેલાં મને કાગળ લખ્યો હતો એટલે હું સ્ટેશને ગઈ. આજે મને એ દંભ માટે ઘણી શરમ થાય છે પણ તે દિવસે મેં એની પાસે ખૂબ હર્ષ બતાવ્યો અને હું એને યાદ કરતી હતી એવો ડોળ કર્યો.

બસ, એના જીવનનો પ્રારંભ ત્યારથી જ શરૂ થયો અને મારા જીવનમાં ખરી મથામણ પણ ત્યારથી જ જાગી.

એ તો વડોદરામાં રહ્યો. એક સંસ્થામાં એણે કામ શોધી લીધું. દરરોજ મને મળવા લાગ્યો. અમે સાથે ફરવા લાગ્યાં. આજુબાજુના મિત્રોમાં અમારા વિષે કલ્પનાઓ દોડવા લાગી અને થોડાક દિવસોમાં તો અમે ગાઢ મિત્રો છીએ એમ જાહેરાત અમારી નાનકડી દુનિયામાં થઈ ગઈ.

પણ એ વાત કેટલી જૂઠી હતી! અમે મિત્રો હતાં જ નહિ. એ મારા પ્રત્યે ખૂબ પ્રેમ ધરાવતો હતો અને મને મળતાં અને જુદા પડતાં પાણી પાણી થઈ જતો હતો. પણ મારી સ્થિતિ જુદી હતી. મને એના પ્રત્યે સદ્ભાવ હતો. હા, સદ્ભાવ જ, પ્રેમ નહિ. એનું ભલું થાય એ હું ઇચ્છતી હતી. એના ઉદ્ધારમાં [illegible] હતી પણ એ તો મારા નામે જીવનો દાવ ખેલ્યો. બસ, મારી [illegible] આવી [illegible] હતો.

એક પછી એક દિવસો પસાર થવા લાગ્યા. એની લાગણીઓ વધુ ને વધુ તીવ્ર બનતી ગઈ. મારા મન ઉપરનો બોજ પણ વધતો ગયો. અંતે મને આ બધું અસહ્ય લાગવા માંડ્યું. એક વખત ખૂબ વિચાર કરીને મેં મારા મન સાથે નિર્ણય કર્યો કે એની ભ્રમણા દૂર કરું. એનું પણ ભલું થશે અને મારું પણ [illegible]

અમે બંને આ વિકટ પરિસ્થિતિમાંથી ઉગરી જશું

એક દિવસ એ આવ્યો એટલે અમે બંને બહાર નીકળ્યાં સાંજ પડી ગઈ હતી ધીમે ધીમે અંધારું થતું જતું હતું અમે મૂંગે મોંએ ચાલવા લાગ્યાં મારા મનમાં એને કહી દેવાની વાત ઉછાળા મારતી હતી મોં ઉપર ગંભીરતા હતી તે જોઈને નવનીતે પૂછ્યું

'આજ કાંઈ ચિંતામાં છો?'

'ખાસ તો કાંઈ નહિ, પણ મને થાય કે તમને મારી સ્થિતિ હું જણાવી દઉં'

આ ગાંભીર્યતાજ એનું મોં પડી ગયું પગ ઢીલા પડી ગયા કંઈક જ ભાગી જશે એવી આંખે એ મારા સામે જોઈ રહ્યો

'તમે મારા પ્રત્યે ખૂબ લાગણી રાખો છો' મેં સ્મિત કરીને કહેવા માંડ્યું 'મને ઘણીવાર થાય છે કે ભાવી જીવનમાં તમને એ દુઃખરૂપ થશે'

'હું એવી ફિકર માનું છું' એણે જવાબ આપ્યો

'તમે ભલે એમ માનો, પણ મારી મૈત્રી તમને જીવનભર નહિ મળી શકે' મેં બધું એકઠું કરીને કહી દીધું

'કંઈ ફીકર નહિ' એ બેફિકરાઈ બતાવતો હોય એમ બોલ્યો, પણ એનું અંતર વલોવાઈ જતું હતું તે હું જોઈ શકી 'તારી કલ્પના કરીને સુખ માનીશ' એણે પૂરું કર્યું

'કલ્પના ઉપર આખી જીંદગી ન જીવાય નવનીતભાઈ, તમે લાગણીવશ ન થાવ હું સાચું કહું છું હવે તમારે લગ્ન પણ કરવું જોઈએ'

'હું લગ્ન નથી કરવાનો'

'કેમ, શા માટે?' હું ચમકી ગઈ

'બસ, અમસ્થો'

મને એ વખતે વધુ બોલવાનું કંઈ સૂઝ્યું નહિ 'વાગતું છે' એમ કરી મેં પાછા ફરવાનું સૂચવ્યું અને અમે મૂંગે મોંએ પાછાં વળ્યાં

ત્યારપછી એક અઠવાડિયા સુધી નવનીત ન આવ્યો ફરી મને ચિંતા થવા લાગી એ લાગણીપ્રધાન છે તે હું જાણતી હતી આવેશમાં આવી કંઈનું કંઈ કરી નાખશે એવી મને બીક હતી બીજી બાજુ આમાંથી કશાનો ઘાત કર્યા વિના નીકળી જવાનો બીજો કોઈ માર્ગ સૂઝતો નહોતો હું થાકી મને વિચાર આવ્યો કે મારે શા માટે એના પ્રત્યે એવી જ લાગણી ન રાખવી? અને જીવનભરનો સંબંધ કેમ ન સાધવો? નવનીતમાં શું નથી? એ મારા કરતાં કંઈ ઉતરતો છે? સમાજના હજારો જુવાનો કરતાં તો એ શક્તિશાળી અને ઓજસ્વી છે, એ કરતાં યોગ્ય સાથી મને ક્યાંથી મળવાનો હતો?' પણ આ દલીલો ન ટકી શકી 'મને એવો ઉમળકો જ ન આવે ત્યાં શું થાય? હું એની પાસે અંતરનાં કમાડ જ ક્યાં ઉઘાડી શકું છું? એની ગેરહાજરીમાં પણ એનું સાંનિધ્ય અનુભવી શકું, એવો પ્રેમ જ મારામાં ક્યાં છે? આ રીતે જોડાવાથી તો અમે એકબીજાને ભારરૂપ જ થઈએ' મને બીજા, મારા ભાવી જીવન અંગેના વિચારો પણ આવી ગયા પણ એ વિચારોને મેં દૂર કર્યા અહીં તો આ પ્રશ્ન પૂરતું જ વિચારવું એમ મેં નક્કી કર્યું

બસ એ દિવસે જ, હું વિચારતી બેઠી હતી ત્યાં જ નવનીત આવ્યો એનો ચહેરો ઉતરી ગયો હતો આંખમાં શોક અને નિરાશા જણાતાં હતાં ધીરેક હસતો એ સામે આવીને ઊભો રહ્યો

એને જોતાં મને લાગી આવ્યું એક ક્ષણ હું મને અપરાધી લાગી એના ગમગીન વદન ઉપર લાગણીભર્યો હાથ ફેરવવાની ઇચ્છા થઇ આવી, પણ મેં એ ઇચ્છાને રોકી. હું મારા અનુભવ ઉપરથી સમજતી હતી કે એ સ્પર્શથી નવનીત લગીરવાર તો પ્રફુલ્લ થશે પણ પોતાના જીવનમાં એનો અનર્થ કરશે અને અવનવી કલ્પનાઓ કરી દુઃખી દુઃખી થઇ જશે

'આવો, બેસો' કહી મે તેને ખુરશી આપી એ મારા સામે જોતો, મૂગી ફરીઆદ નોંધાવતો બેઠો.

'કેમ, તબિયત તો સારી છે ને?' મે હસીને પૂછ્યું.

'એવી ચિંતા રાખો છો?'

'તમારા જેવાની ચિંતા શું રાખવાની હોય? પણ જરા ફીકા લાગો છો એટલે પૂછ્યું.

'એ તો અમસ્થું'

ફરી વાતને થંભવનારો અવાજ આવ્યો હું મૂગી રહી

બહાર જશું?' થોડીવાર રહી નવનીતે પૂછ્યું

'કેમ, કંઇ કામ છે?' મારાથી પૂછી જવાયું

'ના, ના કામ શા હોય?' એ અસ્વસ્થ બની આજુબાજુ જોવા લાગ્યો અને ઉઠવાની ચેષ્ટા કરતો બોલ્યો 'ઠીક ત્યારે'

'કેમ, બેસોને' ઉતાવળ છે?' મે પૂછ્યું

'ઉતાવળ તો હોતી જ નથી, પણ તમારો સમય શા માટે બગાડવો?'

'મારો સમય નથી બગડતો, એવું મહાનું કાઢવું હોય તો તમારી ઇચ્છા'

એ ઉભો થઇને વળી બેઠો થોડીવાર શાંતિ જળવાઇ ગઇ.

'પ્રભાબેન' મારે તમને એક વાત પૂછવી છે'

'પૂછો' મે જવાબ આપ્યો

'મારી લાગણી તમને બોજારૂપ તો નથી થતી?'

'એવું કેમ પૂછવું પડ્યું?'

'મને કેટલીકવાર એવું લાગે છે'

'હું સાચું કહું?' એની સામે જોઇને મે કહ્યું 'મને પોતાને પણ આ વિચારો આવે છે અત્યારે આપણો સબંધ જે રીતે ચાલે છે તેમાં મને તો બહુ નુકશાન નથી પણ તમારી જીવન શક્તિ વિખરાઇ જશે એમ મને લાગે છે તમે મન ઉપર ન લાવશો હું મારી સાચી સ્થિતિ કહી દઉં હું તમારા જેટલો પ્રેમ અનુભવી શકતી જ નથી શા માટે, એ તો હું પણ નથી જાણતી

'પણ હું ક્યાં એવી ઇચ્છા રાખું છું?

'તમે એવી ઇચ્છા રાખો છો તમારા અંતરાત્માને શાંતિપૂર્વક પૂછી જુઓ મારા તરફથી આવકાર ન મળતા તમારૂ મો કરમાઇ નથી જતું? તમારૂ હૃદય આઘાત નથી અનુભવતું?'

'પણ એમાં હું શું કરૂં? એ વસ્તુ મારા હાથની નથી'

'એ હું જાણું છું અને એટલે જ કહું છું કે તમે મારા માટે મનોરથો ન બાંધશો'

'પણ હું ક્યાં ' નવનીતે વાક્ય પૂરૂ ન કર્યું મે તુરતજ કહ્યું 'હા હા બોલો' પણ ન બોલ્યો અને વચ્ચે મારી એક મિત્ર આવવાથી વાત અટકી પડી વાત પૂરી ન થઇ શકી તેનું મને ખૂબ લાગી આવ્યું કેમકે

મહિને આજે બધું જ કહી શકાય ને સમજી શકાય એવો પ્રસંગ પ્રાપ્ત થયો હતો.

એ વખતે થોડીવાર બેસીને નવનીત ચાલ્યો ગયો. એ દિવસની વાતે એના ઉપર ગંભીર અસર કરી. એણે આવવાનું ઓછું કરી નાખ્યું અને આવે ત્યારે પણ સામાન્ય વાતો ઉપરાંત એ કશું બોલતો નહિ. મને જોતાં હર્ષની ભરતી ચડતી તે પણ ઓછા પ્રમાણમાં દેખાવા લાગી.

આમ વડોદરાનું દોઢેક વર્ષ વીતી ગયું.

નવનીત ત્યારપછી પણ મળવા તો આવતો હતો, પણ કોઈ દિવસ ફરવા જવાની કે જેમા ઉલ્લાસ આવે એવી વાત જ કરતો નહોતો. હું જોતી હતી કે દિવસે દિવસે એ સૂકાતો જતો હતો. એના મુખ ઉપરની ગ્લાનિ મને મૂંઝવતી હતી, પણ હું શું કરું? મારા પાસે કોઈ ઇલાજ જ નહોતો. એ દિવસોમાં નવનીત વધારે દુઃખી હતો કે હું હતી તેનો જવાબ કોઈ નહિ આપી શકે. મારા હૃદય ઉપરનો ભાર વધતો જ ચાલ્યો. ક્યારેક તો હું પોતે જ મને ત્રાસરૂપ લાગવા માંડી - નવનીત જડ થતો જતો હતો. તેને મારે કઈ રીતે બચાવવો એ પ્રશ્ન મારા માટે અત્યંત વિકટ બન્યો.

એમાં એ માંદો પડયો. દુઃખથી ઘવાએલા એણે મને ખબર પણ ન આપ્યા. ચાર દિવસ સુધી એ ન આવ્યો એટલે મને ચિંતા થવા લાગી મેં તપાસ કરી ત્યારે જ મને સમાચાર મળ્યા. હું તુરત જ એની ઓરડીએ ગઈ. એની ઓરડીએ જવાનો આ મારો પહેલો જ પ્રસંગ હતો. હું ગઈ ત્યારે એ એક ખાટલા ઉપર સૂતો હતો, બાજુની ખુરસીઓમાં એના બે મિત્રો બેઠા હતા. ટીપોય ઉપર દવાની શીશી, થરમૉમીટર અને પાણીનો પ્યાલો પડયાં હતાં. મને જોતાં જ એ બેઠો થઈ ગયો. એની આંખો હસી ઊઠી. જીવનજ્યોતી સાધના ફળતી હોય એમ એના મોં ઉપર આનંદની સુરખી ફરી વળી.

હું ખાટલા ઉપર જ જઈને બેઠી અને એને સૂઈ જવાનું કહ્યું. એ સૂતો તો ખરો, પણ શરીરમાં રોગનું નામનિશાન ન હોય એવો ચહેરો થઈ ગયો. અંગમાં તરવરાટ પણ દેખાવા લાગ્યો.

હું થોડીવાર બેઠી એટલે પેલા મિત્રો ઊઠયા. 'હમણાં તો તમે બેઠાં છો ને?' એકે મને પૂછ્યું. મેં હા પાડી. 'અમે એકાદ કલાકમાં આવીએ છીએ' એમ કહીને એ બંને બહાર ગયા. એમના ગયા પછી મેં નવનીતને કહ્યું.

'મને ખબર પણ ન આપ્યા.'

'એમાં ખબર શું આપવા હતા!'

'વાહ!—કેટલા દિવસ થયા તાવ આવે છે?' મેં એના હાથનો સ્પર્શ કરીને પૂછ્યું. એણે જવાબ આપવાને બદલે અમૃત પીતો હોય એમ આંખ મીંચી. હું સમજી ગઈ. મને એના પ્રત્યે અપાર લાગણી થઈ આવી. મારે કબૂલ કરવું જોઈએ કે એ લાગણીનું ઉદ્ભવ સ્થાન દયા હતું. મેં એના કપાળ ઉપર હાથ મૂકયો. એણે ધીમે રહી મારા હાથ ઉપર હાથ મૂકયો અને થોડીક પળો એ આંખ મીંચીને સ્થિર પડયો રહ્યો.

'કાલે તો સાજા થઈ જશો, ખરું?' મેં હાથ ઉપાડી હસતાં હસતાં પૂછ્યું.

'જરૂર.' એણે ઉત્સાહમાં જવાબ આપ્યો.

'ફરીને માંદા પડવાનું નહિ હો!'

'એક શરત.'

'શી?'

'ક્યારેક ક્યારેક મારા કપાળ ઉપર હાથ મૂકવો.'

હું ચિંતામાં પડી મારી ચિંતા છુપાવવા મે પ્રયાસ કર્યો પણ હું બોલી શકી નહિ, મારા મૌને ફરી એને ગભીર બનાવી મૂકયો

'જૂઓ, આમ તો તમે સાજા નહિ થાવ' મે તુરતજ કહ્યુ

'સાજા થવામા લાભ છે કે માદા રહેવાથી એ જ મને તો સમજાતુ નથી' એણે જવાબ આપ્યો હુ એનો મર્મ સમજી ગઇ મને કઇ બોલવાનુ સૂઝ્યુ નહિ

'પ્રભાબેન,' એ ધીરે સ્વરે બોલ્યો 'તમારા મનમા શુ હશે તે હુ કપી શકતો નથી, પણ હુ તો તમારા વિના નહિ જીવી શકુ એ સ્પષ્ટ છે તમને ઠીક લાગે તેમ કરો, હુ તમને નહિ ભૂલી શકુ '

મારે શો જવાબ આપવો ? એટલો જ પ્રેમ હુ અનુભવી શકિત હોત તો કેવુ સારૂ હતુ ! મેં એ વાતને બદલાવવા એના માથા ઉપર હાથ મૂકીને કહ્યુ

'હવે તમે સૂઇ જાવ જૂઓ, તાવ ઉતરી ગયો છે તે પાછો ચડશે'

'તમે એવુ ખોટુ આશ્વાસન ન આપો ! એણે વાત સ્પષ્ટ કરી હુ આજ તમને પૂછી લઉ છુ કે તમને મારા પ્રત્યે લાગણી છે કે નહિ ?

'લાગણી તો છે' મે અચકાતા અચકાતા જવાબ આપ્યો

'તો પછી ?'

'તમને મારા પ્રત્યે છે એટલા પ્રમાણમા નથી'

પણ તમે મારા માટે કઇ કરી શકો કે નહિ ?

'હુ શુ કરી શકુ ? તમારુ ભલુ થાય એવી ભાવના ઉપરાત મારાથી શુ થઇ શકે ?'

'ઘણુ થઇ શકે તમે એક વખત કહો કે તમે મારા માટે ગમે તે કરી શકો અને જૂઓ મને ઓર પ્રેરણા મળશે હુ કોઇ દિવસ તમારો ઉપયોગ નહિ લઉં હમેશ તમારા માટે મારૂ સર્વસ્વ આપવા તત્પર રહીશ પણ તમે મારા છો એ ખ્યાલ મારા જીવનની પ્રેરણા બનશે હુ તમને શુ કહુ ? જગતમા એવુ કશુ નથી જે મને તમારાથી વધુ વહાલુ હોય'

નવનીતના શબ્દોએ મને અકળાવી મૂકી જરીક વિચાર કરી હુ ઉઠી ' ઠીક, હુ વળી સાજે આવીશ અત્યારે તમે સૂઇ જાવ' એમ કહી મે જવાની તૈયારી બતાવી એણે મારો હાથ પકડી રાખ્યો એ હાથમાં શરીર અને મનની નબળાઇનો કપ હતો એ હુ જોઇ શકી મે હાથ છોડાવવા પ્રયાસ કર્યો પણ એણે ન છોડયો હુ કચવાતે મને બેઠી પણ મને બોલવાનુ સારૂ ન લાગ્યુ

'તમને માઠુ લાગ્યુ ?' એ દર્દભર્યા સ્વરે બોલ્યો

'ના, ના' મે ડોળ કર્યો

'ત્યારે કેમ મૂગા થઇ ગયા ?'

'મારે હવે જવુ જોઇએ એટલે

'હુ તમને આજે તો નહિ જ જવા દઉં.'

'કઈ કારણ ?'

'તો જ હુ સાજો થઇશ'

'એવુ ન હોય'

'તો ભલે જાવ' અત્યત કરુણ સ્વરે એ બોલ્યો મને જવાનું ઉચિત ન લાગ્યુ હું એકી આખો દિવસ બેઠી એણે મારા સાથે પુષ્કળ વાતો કરી એણે અત્યત પ્રસન્નતા રાખી

પણ મેં ઓછામાં ઓછી વાતો કરી. એની વાતોમાં શબ્દે શબ્દે મારા પ્રત્યેનો પ્રેમ નીતરતો હતો. પણ એટલું જ નહોતું, એમાં મારા પ્રેમની યાચના પણ હતી અને એ મને અકળાવતી હતી. મેં છેવટે એને કહ્યું, 'તમે બહુ જ લાગણીપ્રધાન છો. તમારે પુરુષોએ ખાસ કરીને આમાંથી બચવું જોઈએ. આ, કેવું વિચિત્ર લાગે છે?' એણે મને જવાબ આપ્યો: 'મને વિચિત્ર નથી લાગતું. તમારી પાસે નાના બાળક થવામાં પણ મને શરમ નથી લાગતી.'

સાચું, એને શરમ નહોતી લાગતી તે હું સમજતી હતી, પણ મને લાગતી હતી તેનું શું? પણ નવનીતને એ વિચારવું જ નહોતું, નવનીત આજે નથી. એ બિચારો તો મારા નામનું રટણ કરતો ચાલ્યો ગયો. એને મારે શું દોષ દેવો? પણ મારા સાથેના સંબંધમાં એની આંખ આગળ ધુમ્મસ જ હતું એમ તો મારે કહેવું પડશે.

એ વખતે તો એ સાજો થઈ ગયો અને અમે પૂર્વવત્ મળવા લાગ્યા. એ માંદગી પછી એક મહત્વનો ફેરફાર એનામાં થયો. આજ સુધી એ મારા પ્રત્યે ખૂબ સ્નેહ રાખતો પણ કોઈ દિવસ પોતાનાં કે મારા લગ્નની વાત કરતો નહોતો. અમારા વિશે આજુબાજુના મિત્ર મંડળમાં ને ઓળખીતાઓમાં વાતો થતી હતી તે અમે બંને જાણતાં હતાં છતાં અમે ઇરાદાપૂર્વક એવી વાત નહોતાં કરતાં. હવે એણે વાતો કરવા માંડી. આરંભમાં તો એવી વાતો એ દુઃખપૂર્વક અને વાતો કરનાર પ્રત્યે તિરસ્કારપૂર્વક કરવા લાગ્યો. પણ ધીમે ધીમે એને એમાં રસ આવતો હોય એમ મને લાગ્યું. હું ડરવા લાગી. મારા મનની શંકાઓ સાચી પડશે કે શું એમ મને થવા લાગ્યું. આટલો આગળ વધેલો સંબંધ હવે કઈ રીતે અટકાવવો એ જ પ્રશ્ન મને ફરીફરીને મૂંઝવવા લાગ્યો.

'માણસો કેવાં વિચિત્ર છે?' એક દિવસે એણે મને કહ્યું 'આપણે લગ્ન કરવાનાં હોઈએ તો શું એટલા બધા ડરપોક છીએ કે વાતને છાની રાખીએ?'

'પણ આપણે લોકોને આવી વાત કરવાનો અવકાશ જ ન આપવો જોઈએ.' મેં કહ્યું.

'આપણે શું અવકાશ આપીએ છીએ? લોકો વાતો કરે એટલે આપણે મૈત્રી પણ ન રાખવી?'

'મૈત્રી તો રાખવી, પણ નવનીતભાઈ!' મારા અવાજથી જ એ ચમક્યો ને મારા સામે જોઈ રહ્યો. 'મને તો લાગે છે કે તમારા મનમાં કોક દિવસ લગ્નની ઇચ્છા પણ જાગશે.'

મને બરાબર યાદ છે કે આ શબ્દો સાંભળી એ અસ્વસ્થ બન્યો હતો અને મારા સામે આતુર નયને જોઈ રહ્યો હતો

'ના, ના. મારા મનમાં એવું કશું નથી.' એણે મને જવાબ આપ્યો.

'તો તો સારું.'

તે દિવસે વધુ વાત ન થઈ. અમે બંને કંઈક ગંભીર બનીને જુદા પડ્યા. હું મારે સ્થાને આવી. મને ઉપરા ઉપરી વિચારો આવવા લાગ્યા. હવે તો કંઈક ફેંસલો આવવો જ જોઈએ એમ મને થવા લાગ્યું. ફરીને મેં એના સાથેની લગ્નની શક્યતાઓનો વિચાર કરી જોયો, પણ અંતરના એકેય ખૂણામાંથી સહાનુભૂતિ ન મળી. શા માટે? તે હું સ્પષ્ટ નથી કહી શકતી. સંભવ છે કે એના અતિ પ્રેમથી હું અકળાતી હોઉં સંભવ છે કે એમાં સ્વાભાવિકતા–નિરોગિતા ન લાગતી હોય. સંભવે છે કે એની આંખ આડે જેમ મને ધુમ્મસ લાગતું હતું તેમ એના હૃદય આડે પણ લાગતું હોય. ગમે તેમ હોય પણ તે રાત્રે મેં નિશ્ચય કરી નાખ્યો કે નવનીતના સંબંધનો મારે અંત આણવો. અમારાં બંનેના હિતની દૃષ્ટિએ એ જ મને યોગ્ય લાગ્યું. અને મેં એને એક કાગળ લખ્યો.

પ્રિય નવનીતભાઈ,

ખૂબ વિચારમંથન ભોગવ્યા પછી આ કાગળ લખું છું. જે ક્ષણે આ અક્ષરો લખી રહી છું એ ક્ષણે મારા મનમાં મંથન નથી રહ્યું. જે સ્પષ્ટ સૂઝે છે તે જ લખું છું. મને લાગ્યું છે કે આપણો સંબંધ આજ સુધી અકુદરતી રીતે ચાલ્યા કર્યો છે. તમને આ શબ્દો આઘાત પહોંચાડશે પણ એ જોખમ ખેડીને પણ હું તમને લખી નાખું છું કે, જો હજી યે આ વસ્તુ અસ્પષ્ટ રહે તો આપણી જીવનનૌકા ખરાબે ચડી જાય અને પરિણામે આપણી વચ્ચે આજે જેટલો સ્નેહ છે તેટલો પણ સુકાઈ જાય અથવા એથી ઊલટું જ બની જાય. પ્રથમથી જ મેં જોયું છે કે તમને મારા પ્રત્યે અત્યંત લાગણી રહી છે. હુ એનો પડઘો પાડી શકી નથી. શા માટે નથી પાડી શકી તે પૂરેપૂરું મને સમજાતું પણ નથી, પણ તમે મારા ઉપર વિશ્વાસ મૂકો તો હું કહેવા ઇચ્છું છુ કે પ્રયત્ન છતા હું પડઘો પાડી શકી નથી. હું જાણુ છું કે લાગણીના આ પ્રદેશમાં પ્રયત્નને અવકાશ નથી હોતો ઊલટું પ્રયત્ન તો ઘણીવાર નાના સરખાં પ્રાણતત્વને પણ મારી નાખે છે. પણ તમારા જીવનસુખનો ખ્યાલ કરી મે પ્રયત્નો પણ કર્યાં છે ને હુ નિષ્ફળ ગઈ છુ. અને મને લાગ્યું છે કે મારી સ્થિતિ તમારા પાસે ચોક્ખી કરી દઉં અને તમે જે માર્ગે આગળ વધી રહ્યા છો ત્યાંથી તમને પાછા વાળુ

મિત્રોમાં આપણા વિષે કલ્પનાઓ થાય છે, કોઇ કોઇ સ્થળે તો ચોક્કસ પાયા ઉપર વાતો થતી હોય એવું પણ આપણે સાંભળીએ છીએ. પણ એ વાતો ને કલ્પનાઓ કેટલી ભ્રામક છે તે આપણે જાણીએ છીએ. આપણા લોકો–શિક્ષિતો પણ એવાકુક છે. કોઈ પણ યોગ્ય વયના કુમાર--કુમારિકાને સાથે જોઇ આવા અનુમાન બાંધે છે. આપણે પોતે પણ એ જ મંથના છીએ, તમે જ કેટલાક વિષે વાતો નથી કરતા ! પણ એની સાથે આપણને નિસ્બત નથી. હું તમારા સાથેના સંબંધનો પહેલેથી વિચાર કરું છું તો મને લાગે છે કે આટલા લાંબા કાળ સુધી હું તો ધમકાતી જ આવી છું. તમને માઠું ન લાગી જાય, તમને આઘાત ન લાગી જાય, મારાથી વિનય કે સૌજન્યનો ભંગ ન થાય એવી ચિંતા કરતી હું તમારી મૈત્રીમા અહી સુધી આવી પહોંચી છું. મારે દુઃખ સાથે કહેવું જોઇએ કે મેં કોઇ દિવસ તમારા પ્રત્યે ઉમળકો અનુભવ્યો નથી. તમારા દુઃખથી મને લાગી આવ્યું છે, પણ તમારી છાતીનું દર્દ મારી છાતીમા કોઇ દિવસ નથી પ્રગટ્યુ. નવનીતભાઇ, તમે મારા તરફ આટલા બધા કેમ આકર્ષાયા છો એ પણ મારા મનમા કોયડો જ રહ્યો છે. મેં સ્પષ્ટ અને અસ્પષ્ટ રીતે અનેક વખત મારી સ્થિતિની તમને જાણ કરી છે તમારી લાગણીના પ્રવાહને ક્યારેક તો નિર્દય બની મેં પાછો વાળ્યો છે છતાં તમે મારા પ્રત્યે વધુ ને વધુ લાગણીવશ રહ્યા છો.

તમારી આંતરિક અવસ્થાનું તમેજ પૃથક્કરણ કરજો. એ માટે મારે કાંઇપણ લખવુ તે વ્યાજબી ન ગણાય, પણ હું એટલું તો લખું છું કે તમે પૃથક્કરણ કર્યાં વિના ન રહેશો, અને મને વિશ્વાસ છે કે તમે પણ પૃથક્કરણ કરશો તો આપણે કયા કારણે ભિન્ન માર્ગના પ્રવાસી છીએ તે સમજાઇ આવશે.

તમે મારા પ્રત્યે ખૂબ પ્રેમ રાખો છો, પણ મને લાગે છે કે ઘણીવાર તમે પ્રેમનો અતિરેક કરો છો અને અતિરેક થતાં જ પ્રેમ 'પ્રેમ' મટી જાય એ તમે ભૂલી જાવ છો. તમારો પ્રેમ મને સાંત્વન નથી આપતો, મને પ્રફુલ્લ નથી બનાવતો, મારામાં કોઇ મંજુલ ઊર્મી નથી જગાડતો પણ મને અકળાવે છે, ભારરૂપ લાગે છે. એટલે મને એ પ્રશ્ન ઊઠે છે કે તમારા પ્રેમમાં કંઇ દોષ છે ? કે

પ્રેમની મારી સમજણમાં કંઇ દોષ છે?

ગમે તેમ હોય, આપણી આજની સ્થિતિ બંનેને અહિતકર છે. જીવનની સઘનતાને તોડી નાખનારી છે. આપણી શકિતઓને વેરણ છેરણ કરી નાખનારી છે. આપણે આમાંથી બચવું જ જોઇએ. અને બચવાનો મને એક જ માર્ગ લાગે છે; આપણે આજ પછી આ સંબંધને ભૂલી જવાનો યત્ન કરવો અને આપણી વૃતિને આપણી શકિતઓના સંશોધનમાં જ રોકી દેવી. મેં તો એ નિશ્ચય કરી નાખ્યો છે. હું તમારા પાસેથી આશા રાખું છું કે મારા આ નિશ્ચયને તમારા તરફથી કશો વિક્ષેપ નહિ આવે

હું આ કાગળ ખૂબ દુઃખપૂર્વક પણ એટલા જ લાગણીપૂર્વક તમને મોકલું છું. મારે આનો જવાબ નથી જોઇતો. જવાબ હવે ઉપયોગનો પણ નથી. તમારા સાથેનો સંબંધ, આપણા હિતની દષ્ટિએ હવે બંધ કરવો એ નિર્ણય મેં કરી નાખ્યો છે. હવે એમાં ફેરફારને લગીર પણ સ્થાન નથી.

તમારું કલ્યાણ ઇચ્છતી

પ્રભાના સ્મરણ

મારા આ કાગળના જવાબમાં નવનીતે માત્ર આટલું જ લખ્યું: 'તમે તમારા મનની સ્થિતિ અને આપણા હિતની તમારી કલ્પના જણાવી એ માટે તમારો ઉપકાર માનું છું. મારા મનની સ્થિતિ અને આપણા હિતની મારી કલ્પના આ કાગળમાં નથી લખતો. મને લાગે છે કે એ નિરૂપયોગી થશે. તમારી ઇચ્છાને માન આપવાનું, એટલે આ સંબંધનો અંત લાવવાનું મેં નક્કી કરી લીધું છે. હું જાણું છું અને એ તમને કહી પણ દઉં કે, સંબધનો અંત હું સ્થૂલ રીતે જ લાવી શકીશ. મારી કે કોઇની સૂક્ષ્મ સૃષ્ટિ ઉપર મારો કાબૂ નથી. સ્થૂલને બળાત્કારે રોકવાનું પરિણામ શું આવશે તે હું નથી જાણતો. મારૂં સૂક્ષ્મ, સ્થૂલ વિના ક્યાં સુધી જીવિત રહેશે તે પણ હું નથી જાણતો. તમારૂં કલ્યાણ ઇચ્છું છું' કાગળ ઉપર સંબોધન નહોતું, તેમ નીચે પોતાનું નામ પણ નહોતું.

મેં એ કાગળ બે વખત વાંચ્યો ને રાખી મૂક્યો. મારા મનનો નિશ્ચય ડગ્યો નહિ. મને લાગ્યું કે લાગણીવશ થવાથી અમારા બેયનું જીવનસત્વ હોમાઇ જશે; પણ આનું પરિણામ મેં ધાર્યું હતું એનાં કરતાં અત્યંત ખૂરું આવ્યું. મારી ધારણા હતી કે ધીમે ધીમે નવનીત આ પરિસ્થિતિ ઉભી થતાં પોતાના સૂક્ષ્મ મનોવ્યાપારને ઓળખશે અને એનું સંશોધન કરશે પણ એવું ન થયું. એની ચેતના કોઇએ હરી લીધી હોય એમ એ દિવસે દિવસે કરમાવા લાગ્યો અને બે મહિનામાં તો ગંભીર માંદગીમાં પટકાઇ પડ્યો.

એ ત્યાર પછી મારા પાસે કોઇ દિવસ આવ્યો નહોતો કે, એણે એક પણ કાગળ લખ્યો નહોતો, એટલે એના વિષે હું કશી કલ્પના કરી શકતી નહોતી. એક દિવસ મારી એક મિત્રે કહ્યું: 'તારા ઉપર ગંભીર આક્ષેપો આવી રહ્યા છે. તેં નવનીતનો વિશ્વાસઘાત કર્યો છે. હવે એ બિચારો એ આઘાતને કારણે પથારીમાં પડ્યો છે.' આ સમાચારે મને એક ક્ષણવાર ડોલાવી પણ તુરત જ મેં માનસિક શક્તિ મેળવી લીધી અને ત્યાં જવાની ઇચ્છા દબાવી દીધી. આઠેક દિવસ પછી નવનીતની ગંભીર સ્થિતિના ખબર મળ્યા. એ સાંભળ્યા પછી મારાથી રહેવાયું નહિ એમ હું નહિ કહું. કારણકે એમ કહું તો ખોટું ગણાશે. મને થયું કે સૌજન્ય ખાતર પણ મારે જવું જોઇએ અને એને બચાવવા પ્રયત્નો કરવા જોઇએ.

હું ગઇ. સાચે જ એની સ્થિતિ ગંભીર હતી. એને જોતાં મેં કલ્પ્યો નહોતો એવો મને

આઘાત થયો હું જઈ એના ખાટલા ઉપર બેઠી એ બેભાન જેવી સ્થિતિમા આખો મીંચી પડયો હતો. મે ધીમે રહીને એનાં બીડાયેનાં પોપચા ઉપર આંગળીઓ મૂકી એ જાગ્યો. આખ ઉઘાડી એ આશ્ચર્યવત્ મારા સામે જોઈ રહ્યો હુ ગુનેગારના જેવું હસી એના મો ઉપર સતોષ ન પ્રગટયો. મને મથામણ થવા લાગી

'નવનીતભાઈ,' હું માડ માડ બોલી એણે મારા ઉપર આખ ફેરવી અત્યત ધીમા સ્વરે કહ્યું 'પ્રભા...' હું ધારુ છુ કે એ 'બેન' ન બોલી શકયો એના અતરાત્માએ ના પાડી હશે મેં એના કપાળ ઉપર હાથ મૂકી આશીમથી સૂઈ જવાની સંજ્ઞા કરી એણે આખો મીંચી દીધી.

સાજ પડી પણ એની પાસેથી જવાનુ મને યોગ્ય ન લાગ્યુ એની ચેષ્ટા ઉપરથી લાગતુ હતુ કે એ પ્રયાણની તૈયારી કરી રહ્યો છે 'મારે શુ કરવુ જોઈએ?' એ પ્રશ્ન અત્યંત કટોકટીની પળે ઉભો થયો હુ જવાબ ન મેળવી શકી, એ ખાટલા ઉપર જડવત્ બેસી રહી રાત પડતા 'અહીં રોકાઈશ' એવુ મે મારે ત્યા કહેવડાવી દીધુ અને નવનીતના મિત્રોને પણ મે એ જણાવ્યુ એમને સતોષ થયો

રાત પડી ઉજાગરાથી ઘેરાયેલી આખોવાળા પેલા મિત્રોને મે સૂઈ જવાનું કહ્યુ. તેઓ સૂઈ ગયાં બેભાન જેવી સ્થિતિમાં પડેલા નવનીત પાસે હુ એકલી જ રહી. રાતની પળો એક પછી એક પસાર થતી જતી હતી અને જગતનો કોલાહલ શાત થતો જતો હતો. નવનીત પાસ બેસવાનુ આ મારે પહેલુ જ હતુ. રાત મને ભયકર લાગી નવનીતના જોરથી ચાલતા શ્વાસો ચ્છવાસ એથી યે ભયકર લાગ્યા મારા આખા શરીરમા ધ્રુજારી આવી ગઈ. નવનીત સામે જોતા રોમેરોમ અનુકપા પ્રગટી ઉઠી મે સજળ નેત્રે એના સામે જોયુ. એ આખ મીંચી પડયો હતો.

થોડીવારે એણે પાણી માગ્યુ. મે ચમચેથી આપ્યુ જરા શાંતિ થઈ હોય એવું એના મો ઉપર લાગ્યું. એણે ધીમેથી મને કહ્યુ, 'આ ઓશિકુ...' એ વધુ બોલી ન શકયો. મે ઓશિકુ ઠીક કર્યું એણે માથુ ધુણાવ્યુ હુ સમજી કે એ બીજું કઈક કહેવા માગે છે એણે ઓશિકા ઉપરથી માથું આઘું ખસેડી લીધુ. મે ઓશિકું ઉપાડયું નીચે એક કાગળ પડયો હતો મે ધડકતી છાતીએ એ કાગળ ઉપાડયો અને વાચ્યો આના જ શબ્દો હતા 'હુ તો હવે જઈશ એ નક્કી છે તમને હુ મુદ્દલ દોષ નથી આપતો મે મારે હાથે જ મારો ઘાત કર્યો છે મારા જીવનનુ આ કરુણ પ્રકરણ આજકાલમાં પૂરુ થશે તમે શાતિ રાખજો અને યોગ્ય માર્ગે વિહાર કરજો'

કાગળ વાચીને મે આભારની નજરથી એના સામે જોયુ. મારા મનમા નવનીત પ્રત્યે પહેલ વહેલો અદરભાવ પ્રગટ થયો એ પણ પણ એની જ આશાપૂર્વક મારા પ્રતે જોઈ રહ્યો હતો

રાતના બે વાગ્યા હશે એને ગભરામણ થવા લાગી મને ડર લાગ્યો મેં પેલા મિત્રોને જગાડયા એમાથી એક દોડીને ડૉક્ટરને બોલાવવા ગયો પાછળથી નવનીતના શ્વાસ જોરશોર ચાલવા લાગ્યા છાતીની ધમણ ઉછળવા લાગી ગળામાથી ઘરઘર અવાજ આવવા લાગ્યો અમે બન્ને ય જણ મીને ઉભા હતા એની છેલ્લી દૃષ્ટિ ઝીલવા હુ એની આખ સામે જોઈ રહી હતી પણ એ આખ ન ઉઘડી એ શ્વાસ શમી ગયો અને ગળાનો અવાજ બધ થઈ ગયો બરાબર એ જ ક્ષણે ડૉક્ટર આવ્યા ને નાડ તપાસી ચાલ્યા ગયા

આમ નવનીત ગયો. મારી એ ક્ષણો કેવી ગઈ હશે તેની તમે કલ્પના કરી લેજો. પછી શું બન્યું એ લખવામાં શો સાર છે? મારે તમને જે જણાવવું હતું તે જણાવી દીધું. મારી આંખ આગળ એનો ખાટલો પાડયો છે. છેલ્લા દિવસના નાનામાં નાના પ્રસંગો સજીવ બની મને મૂંઝવી રહ્યા છે. એ બધું હું ક્યારે ભૂલી શકીશ એ હું નથી જાણતી. આજે એ વાતને એક મહિનો વીતી ગયો છે પણ ગઈ રાતનો જ પ્રસંગ હોય એવું મને લાગ્યા કરે છે. આ પ્રકરણ ઉપર મારો અભ્યાસ અને મારો આરામ ગૂમાવી મેં વિચારો કર્યા છે. હું પરમાત્માની માફીએ કહું છું કે મને મારો દોષ નથી લાગ્યો. હોય તો હું નથી જાણતી. હું એના મૃત્યુનું નિમિત્ત બની છું તે કબૂલ કરું છું પણ મારો દોષ નથી. મને તો લાગે છે કે જેમ નવનીતના જીવનમાં તેમ મારા જીવનમાં :પણ આ કરુણ પ્રકરણ બની ગયું.

વધુ શું લખું? અમારી આ કથા વિચારજો, નિર્દોષ લાગું તો તમારા અંતરની એ પ્રતીતિ મને જણાવજો.

તમારી બેન
પ્રભા

વિચાર જડતા

ગાડીથી ઉતરી હું બ્હાર પળવા જેવો ઝપાટે જઉં
તેવો ત્યાંજ ઉલેક્ષ સામન પરે દૃષ્ટિ હમેશાં દઈ
તાકી જોઈ રહેલ,–હાથ પર ના બિલ્લો–હીણો દીસતો
એવો કૂલી ધસી કહે "લઈ લઉં લાવો હું એ શેઠ." ને
વિચારું મુજ હાથમાં ટીનુકડી આ ઝોળીનો ભાર શો?
તોયે દીન સહાતી ના મજુરની મુદ્રા અને આપતાં
પૂછે દૈયું મને, "વિચારજડતા આ, એનું છે મૂળ ક્યાં?"

અજ્ઞાત

જોન રસ્કિન

—:કલાકાર અને સુધારક:—

: અનુવાદક :

કાન્તિલાલ મ. શાહ

જોન રસ્કિનનું અવસાન સને ૧૯૦૦ માં થયું હું એ વખતે લંડનમાં હતો. ઈંગ્લાંડના બધા જ વર્ગના લોકોએ રસ્કિનના મૃત્યુથી શોક અનુભવ્યો. તેઓએ રસ્કિન પ્રત્યે પ્રેમ અને માનની જે લાગણી વ્યક્ત કરી તેવી લાગણીનું દર્શન મેં જીવનમાં ભાગ્યે જ જોયું છે. પ્રેમની ભાવનાનું આ પ્રદર્શન માત્ર ઈંગ્લાંડના સીમાડામાં જ પુરાઈ ગયું ન હતું. અમેરિકા અને બીજા દેશોએ પણ એવો જ પ્રેમ દાખવ્યો હતો. ત્યાંના વર્તમાન પત્રોની કટારોમાં રસ્કિનને અંજલિ આપવામાં આવી હતી. કારણ કે રસ્કિન માત્ર ઇંગ્લાંડનો જ ન હતો પણ સમસ્ત સરકારી જગત તેને પોતાનો ગણતું હતું.

વિક્ટોરિયા રાણીના રાજ્યને કીર્તિવન્ત બનાવનાર જગ-વિખ્યાત સાહિત્ય-સ્વામીઓના મંડળનો રસ્કિન છેલ્લો સિતારો હતો. એ વખતે કાર્લાઈલ, ટેનીસન, બ્રાઉનીંગ, થેકરે, ડીકન્સ, બુલ્વર, લીટન, જયોર્જ ઇલિયટ, મેકોલે, મેથ્યુ આર્નોલ્ડ, જેમ્સ માર્ટીનો વિગેરે લેખકો સાહિત્ય-જગતમાં ખુબ જાણીતા હતા. આ બધા જ સાહિત્યકારો ઉચ્ચ પ્રકારની બુદ્ધિપ્રભા અને સાહિત્યપ્રતિભા ધરાવતા હતા. આવું મંડળ ઈંગ્લાંડે પોતાના સમસ્ત ઈતિહાસમાં ભાગ્યે જ નિહાળ્યું હશે. ગેથે અને શીલરના મંડળને બાદ કરીએ તો યુરોપભરમાં આવું એક પણ મંડળ નજરે પડતું નથી.

વિક્ટોરિયા યુગના સાહિત્ય-સમ્રાટોમાં રસ્કિનને સૌથી મહાન સાહિત્યકાર કદાચ ન કહી શકાય. પણ પ્રશ્ન એ થાય છે કે, તો પછી એ યુગમાં તેના કરતા વધારે તેજસ્વી બીજો કોણ હતો? ઈંગ્લાંડના અનેક પ્રકારના વહેમો અને જુનવાણી રૂઢીના કોટકિલ્લા ઉપર આવું અસરકારક આક્રમણ કરવાની હિમ્મત (કાર્લાઈલને બાદ કરીએ તો) કોણ કરી શક્યું હતું? મને તો લાગે છે કે અંગ્રેજ વિચારસરણી ઉપર જે જબરદસ્ત અને કાયમી નૈતિક અસર રસ્કિન કરી શક્યો તે બીજો કોઈ ભાગ્યે જ કરી શક્યો હોત.

'મોડર્નરીવ્યુ' ના જાન્યુઆરી અંકમાંના સન્ડરલેન્ડના લેખમાંથી

રસ્કિનના સારા યે જીવનમાં એ મુખ્ય કામો હતાં. તેનાં લખાણો, તેની રસવૃતિ, તેની ઇચ્છાઓ અને અભિલાષાઓ જોતાં ઉપર ઉપરથી તો આપણને એમ જ લાગે કે તે એક જ જીવનમાં પરસ્પર વિરોધી અને અસંગત એવા બે વેષ ભજવી રહ્યો છે. પણ જ્યારે આપણે તેનો ઉંડાણથી અભ્યાસ કરીએ છીએ ત્યારે જ આપણને માલુમ થાય છે કે સપાટી ઉપર દેખાતા વિરોધી કાર્યોના ઉંડાણમાં તો એકતાનું તત્વ જ પડયું છે. પ્રથમના રસ્કિનમાંથી જ બીજીનો રસ્કિન પ્રગટયો. તદ્દન અંધુ અને છીછરા જણાતા રસ્કિનના જીવનમાંથી જ વધારે ઉંડાણવાળા સંપૂર્ણ અને સાચા રસ્કિનનો જન્મ થયો.

એણે જાહેર જીવનની શરૂઆત 'કલા' વિષે લેખો લખીને કરી. પોતાની શિશુ અવસ્થાથી જ એ કલાને પીછાનવાની સાચી જીજ્ઞાસા અને ઉત્સાહ ધરાવતો હતો. કલાના અભ્યાસ માટે જેવો અસાધારણ ઉત્સાહ તે ધરાવતો એવી જ અસાધારણ તક કલાનું અધ્યયન કરવાની તેને સાંપડી. જુવાનીના ઉંબરમાં પગ મૂકતાં જ તેણે ઇંગ્લાંડની લગભગ બધી જ અગત્યની કલાઓ અને યુરોપની કેટલીક વિશિષ્ટ કલાઓનો પરિચય કરી લીધો. હજી તો આયુષ્યની વીશીમાં જ હતો એટલામાં તો તેણે 'Modern Painters' નામનું પુસ્તક ત્રણ ભાગમાં લખીને બહાર પાડયું. આ પુસ્તકે કલામાં રસ લેતી આરી આલમનું ધ્યાન ખેંચ્યું. એ જ પુસ્તકે એ વખતના ઇંગ્લાંડના તમામ પ્રમાણભૂત અને શક્તિશાળી કલા-લેખક અને કલા-વિવેચકોમાં તેને પ્રથમ સ્થાન અપાવ્યું.

જીવનની શરૂઆતમાં જ કલાના ક્ષેત્રમાં જે માણસે આવી જ્વલંત સફળતા મેળવી તે તો પોતાનું આખું જીવન કલાદેવીની આરાધનામાં જ વીતાવશે અને એ રીતે પોતાની શક્તિને બીજે કોઇ ઠેકાણે રોકી, વિભાજિત ન કરતાં એક જ વસ્તુ ઉપર કેન્દ્રિત કરીને જીવનમાં અસાધારણ સફળતા મેળવશે; એમ દરેક જણ માનવા લાગ્યા.

પણ લોકોની આ ધારણા ખોટી પડી. જો કે તેને કલા તરફ છેવટ સુધી એટલો જ પ્રેમ રહ્યો. જીવનના અંત સુધી તેનો કલાનો અભ્યાસ ચાલુ જ રહ્યો. કલા પ્રત્યેનો પ્રેમ અને ભક્તિ એવાં ને એવાં જ રહ્યાં. છેલ્લે સુધી તેનો ઉત્સાહ પણ જરા યે નરમ ન પડયો. મધ્ય જીવનમાં પણ તેણે કલા-લેખક અને કલા-શિક્ષકનું જ મનપસંદ કામ કર્યા કર્યું. આ બધું છતા, જીવનની મુસાફરીના મધ્યમાર્ગે પહોંચતા તેને બીજાં એટલાં જ ઉત્સાહજનક કાર્યો પ્રત્યે આકર્ષણ થયું. જો કે એ આકર્ષણ પણ તેના કલાપ્રેમને જ આભારી હતું. સામાજિક અને ઔદ્યોગિક સુધારણાનું એ કાર્ય. આ કાર્ય પાર પાડવા તેણે જીવનનાં અંત સુધી પ્રયાસ કર્યો.

અત્યાર સુધીમાં જેટલું તેણે કલા વિષે લખેલું તેટલું, કે તેથી યે વધારે, હવે તેણે 'Social Economy' અને 'Political Economy' ઉપર લખ્યું. આ બધા લખાણથી જાહેર પ્રજામાં ખળભળાટ ઉઠી. ચારે બાજુએથી વિરોધના સુરો ઉઠયાં. પણ આખરે તો આથી જાહેર પ્રજાને લાભ જ થયો.

કલાની આરાધનાનું લોકપ્રિય કામ છોડીને તેણે જ્યારે સામાજિક અને ઔદ્યોગિક સુધારણાનું કામ હાથ ધર્યું ત્યારે લોકોએ તેની નિંદા કરી. ટીકાઓ અને કડવા શબ્દોનો તેના ઉપર વરસાદ વરસ્યો. જો ફરી પોતે સામાજિક સુધારણાનું કામ છોડીને કલાના ક્ષેત્રમાં જ કામ કરતો થઈ જાય તો બધી જ ટીકાઓ, ગાળો અને તિરસ્કારના વચનો બંધ થઇ જાય એમ પોતે જાણતો હતો. તો પણ તેણે સમાજ-સુધારાનું

મહદ્ કાર્ય છોડયું નહિ કારણ કે ખુદ કલાના જ વિકાસ માટે તેને આ સુધારાની જરૂર લાગતી હતી. તે કહેતો કે: 'જો કલાએ પોતાનું સ્થાન મેળવવું હોય તો એ કલા લોકોને માટે જ હોવી જોઇએ. જે મુઠ્ઠીભર શ્રીમંત અને અમીર ઉમરાવને સંતોષ આપી શકે એ કલા, કલા જ ન કહેવાય.' પણ એ વખતે અંગ્રેજ પ્રજાના મોટા ભાગની શી સ્થિતિ હતી અને આમવર્ગનું જીવન કેટલું દુઃખદ હતું તે રસ્કિન જાણતો હતો. અને પોતાની સમર્થ કલમદ્વારા તેણે એ બધું શબ્દોમાં ઉતાર્યું. તેના સીધા, સાચા અને સચોટ શબ્દો ખંજરની પેઠે હૃદયમાં પેસી જતા. તેના લખાણમાં એટલી સચ્ચાઇ હતી કે તેની વિરુદ્ધ લોકો એક હરફ પણ ઉચ્ચારી શકતા નહિ આમપ્રજા કેવાં દુઃખોમાં સબડી રહી છે તેનું સ્પષ્ટ ભાન તો રસ્કિને જ્યારે તેમનું જીવન પોતાની નજરે નિહાળ્યુ ત્યારે થયું. એ વખતની કલા પણ શ્રીમંતોના બંગલામાં બંદીવાન થઇને પડી હતી આમજનતાનો મોટો ભાગ તો આ વિષે કઇ જાણતો પણ ન હતો. રસ્કિને આ કેદખાને પડેલી કલાને બહાર લાવવા માટે ઉત્તરથી દક્ષિણ સુધી પર્યટન કર્યું. શ્રીમંતોના બંગલાઓમાં પહોંચ્યો—અને ઠેર ઠેર આમપ્રજાના પરિચયમાં પણ આવ્યો. પ્રજાના સમગ્ર જીવનનું તેણે નિરીક્ષણ કર્યું, માત્ર કલા જ જોઇને સંતોષ ન માન્યો. કલાના નિરીક્ષણનું રસિક કાર્ય ઘડીભર બાજુએ મૂકીને તેણે જમીનના ખેડનાર ગરીબ કિસાનવર્ગને ચિંથરેહાલ જોયો. કામના અતિશય બોજા તળે કચડાતા અને ઓછી મજુરી પામતા અર્ધભૂખ્યા ખીલકામદારો અને ફેકટરીમાં કામ કરનાર મજુરોને જોયા. કોલસાની ઉંડી ખાણોમાં પસીનો પાડતા ને પશુ કરતાં યે ખરાબ સ્થિતિ ભોગવતા ખાણોના મજુરોના જીવન તરફ દૃષ્ટિ કરી અને ખરી કલાના વિકાસ માટે આ લોકોના જીવનમાં જ મોટા ફેરફાર કરવાની આવશ્યકતા છે એમ તેને જણાયું.

રસ્કિનને યંત્રોમાં જરાયે શ્રદ્ધા ન હતી. કોઇપણ વખતે યંત્રનો ઉપયોગ કરવાની અનિવાર્ય જરૂર ઉભી થાય ત્યારે લોકોના હિતને ખાતર જ તેનો ઉપયોગ કરી શકાય અને તેમાંયે યંત્ર ઉપર મોટા ભાગનો કે સંપૂર્ણ કાબુ લોકોનો જ હોય એમ તેનું માનવું હતું. જેને પરિણામે લોકો વધારે કચડાય અને ગુલામ બને એટલી હદ સુધી યંત્રનો ઉપયોગ નહિ જ થવો જોઇએ એમ એ માનતો હતો. પ્રચલિત ઉદ્યોગિક પદ્ધતિમાં નફા માટે જ વસ્તુઓ ઉત્પન્ન કરવામાં આવે છે અને શ્રીમંતોના કે કોરપોરેશનના જે જંગી કારખાનાઓ ચાલે છે તે સંપત્તિ ઉત્પન્ન કરવા માટે પસીનો પાડનાર ગરીબ અને શ્રમજીવી વર્ગના હિત માટે નથી ચાલતાં પણ શ્રીમંત વધારે શ્રીમંત બને અને લાખપતિ કરોડપતિ બને એ હેતુને લક્ષમાં રાખીને ચલાવવામાં આવે છે. પરિણામે દરેક જગાએ મજુરોને માલિકોની દયા ઉપર છોડવામાં આવ્યા છે. આ પદ્ધતિમાં તેને ગુલામીના દર્શન થયાં લોકોનો અધઃપાત જોયો. અન્યાય જોયો. એણે મધ્યયુગની ગુલામ પદ્ધતિને વધારે નિર્દય અને અધઃપતન કરનારા સ્વરૂપમાં ફરી પ્રવેશ કરતી જોઇ. પોતાની આસપાસ નજર કરી તેણે જે ઇંગ્લાંડ જોયું તેનું વર્ણન થોડા વખત પછી એક વિખ્યાત અંગ્રેજ લેખકે આ પ્રમાણે કર્યું :

"Lo! my lords, we gave you England-
and you give us back a waste—
Hamlets breaking, homesteads *drifting*
peasants tramping, towns erased:
Yes, a desert, labelled England, where
you know (and well you know)
That the village hampdon wither and
the village idiots grow."

આ વિચાર તણખો રસ્કિનના હૃદયમાં જાગ્યો અને તેણે તેના આત્માને પણ દઝાડયો. તેને વિચારો આવવા લાગ્યા. જ્યારે પ્રજાનો મોટો ભાગ– ખરી પ્રજા– દુઃખી હોય ભૂખથી રીબાતી હોય ત્યારે મારે શીષ્ટિવત્તો અને કરોડપતિને સંતોષ આપવા શા માટે ચિત્રો દોરવા? દરેક સમજુ, વિચારક અને માનવપ્રેમી અંગ્રેજ જે કામ કરવા પ્રેરાય, તેના સ્વદેશાભિમાનને છાજે એવું કામ તો પોતાના દેશબંધુઓને અજ્ઞાનના અંધકારમાંથી ઉંચા લાવી જ્ઞાન પ્રકાશ આપવાનું નથી શું? જે કાર્યને પરિણામે એકબીજાને ખાઇ જતી કાતીલ હરીફાઇને સ્થાને ન્યાયી હરિફાઇ આવે, સમાજમાં એવી સ્થિતિ ઉભી થાય કે સમાજનો દરેક મનુષ્ય કલાને માણી શકે, તેની કદર કરી શકે એવું કાર્ય જ દરેક દેશાભિમાની અંગ્રેજે કરવું જોઇએ. આમ-પ્રજા ઉપરના દમન ઓછા થાય, તેમના પશુ કરતાયે હલકા જીવનમાં માનવતાનો સંચાર થાય એવું કાર્ય કરવા દરેક સાચા માનવપ્રેમી મનુષ્યે કદમ ઉઠાવવા જોઇએ. આ વિચારોને લીધેજ રસ્કિને લોકોની નિંદા, તિરસ્કાર વિગેરે બધું વેઠીને પણ પોતાનું કર્તવ્ય છોડયું નહિ. કલાકારની સસ્તી કીર્તિ રળવાનો ખ્યાલ પણ તેને આવ્યો નહિ. લોકોએ તેના સામાજીક અને રાજકીય સુધારના કાર્યની કદર ન કરી છતાંયે તે તો પોતાના કર્તવ્યપથમાં અડગ રહ્યો.

સમાજસુધારાના કામ તરફ બહુ કાળજી રાખ્યા વિના પોતાનો બધો જ સમય, શકિત અને બુદ્ધિ કલાદેવીને ચરણે જ ધરવી જોઇએ એવો આગ્રહ ધરાવનારાઓને રસ્કિન આવો જવાબ આપતોઃ 'તમે કલાની માગણી કરો છો ને? ઇંગ્લાંડ માટે તમારે વધારે સારી કલા જોઇએ છે ને? એ તમને એક શરતે, માત્ર એક જ શરતે મળી શકે એમ છે પહેલાં તો તમારી પ્રજામાં કલાની કદર કરવાની શકિત જોઇએ. એટલું જ નહિ પણ કલાનું સર્જન કરવાની પણ શકિત જોઇએ. એવી શકિત જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સુંદર કલાનું સર્જન શકય જ નથી. એટલા માટે હું તમને વિનંતિ કરું છું, આગ્રહ કરીને કહું છું, કે પ્રજાને એવી કઇ પરિસ્થિતિ અને બળો ઉંચે ચડાવી શકે, સદ્‌ગુણી બનાવે, શાંત અને સંતોષી બનાવે, સ્વાયત્ત બનાવે, તે તમે શોધી કાઢો. અને હું કહું છું કે પછી ઇંગ્લાંડમાં કલા મોજે કળાયે પ્રકાશી ઉઠશે.

રસ્કિનના જીવન અને કાર્ય સબંધી આટલું સામાન્ય વિવેચન કર્યા પછી આપણે એનો વિસ્તારપૂર્વક વિચાર કરીએ. આપણે જોયું તેમ રસ્કિનનું કાર્ય બે દિશાઓ તરફ જતું હતું. કલા સંબંધી તેણે જે મૂખ્ય મૂખ્ય પુસ્તકો લખ્યા તેમાંના 'મોડર્ન પેઇન્ટર્સ', 'સ્ટોન ઓફ વેનીસ', 'સેવન લેમ્પ્સ ઓફ આર્કીટેકચર' અને 'વેરીઅસ લેકચર્સ ઓન આર્ટ' વિગેરે હતા. તથા સામાજિક અને આર્થિક સુધારણા માટે લખેલા અગત્યના પુસ્તકોમાં 'અનટુ ધીસ લાસ્ટ,' પોલીટીકલ ઇકોનોમીના પ્રથમ સિદ્ધાંતો ઉપરના ચાર નિબંધો. 'મુનેરા પલ્વેરીસ.' પોલીટીકલ ઇકોનોમી ઉપરના ૭ બીજા નિબંધો, 'ધી ક્રાઉન ઑફ વાઇલ્ડ ઓલીવ્સ, 'Work, Traffic War' વિષે તથા 'ફયુચર ઑફ ઇંગ્લાંડ' વિષે નિબંધો, 'ટાઇમ એન્ડ ટાઇડ' 'ફોર્સ ક્લેવીજેરા'. મજુરોને ઉદ્દેશી લખેલા પત્રો. આ બધા તો ખૂબ ખૂબ અગત્યના છેઃ આ ઉપરાંત 'સીસેઇમ અને લીલીઝ' અને 'એથીકસ ઓફ ડસ્ટ' રસ્કિન-પ્રેમી દરેકને ગમે છે અને તેનું જીવનચરિત્ર દર્શાવતાં પુસ્તકો 'પ્રેટેરીટા' જેમાં પોતાના બાલજીવનના સુંદર સ્મરણો આપ્યા છે. એ તો ખૂબ લોકપ્રિય થયું છે.

'પોલીટીકલ ઇકોનોમીમાં કંઇ પણ તેણે

જહેમત ઉઠાવી. અને એ રીતે તેની વિચારસરણીને સમજવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો. તેના આ નવા હેતુઓ તરફ તેઓએ સહાનુભૂતિ બતાવી - જેમ તેઓ જુના ક્ષેત્રમાં વળગી રહ્યાં હતાં તેમજ - નવા ક્ષેત્રમાં સાચા અનુયાયી બનીને વફાદારીથી કામ કરવા લાગ્યાં.

એ દરમ્યાન તે એક નવા જ વર્ગ પાસે પહોંચી શક્યો. તેઓના અંતર ઉઘાડવામાં તેને સફળતા મળી. જે લોકો તેના કલા ઉપરના લખાણો નહોતા સમજી શક્યા, તેઓ આધુનિક ઉદ્યોગવાદ અને સામાજિક અન્યાય ઉપરના તેના લેખો સહેલાઇથી સમજવા લાગ્યાં. આ રીતે અસંખ્ય માણસો જેઓના હૃદય પર નિરાશાનું હિમ પડ્યું હતુ તેઓમાં આશાનું ચેતન રેલાવા લાગ્યું

આ રીતે અપકીર્તિના ખાડામાંથી ફરી એક વાર તે લોકોનો લાડીલો બન્યો. પ્રસંશાને પ્રાપ્ત થયો. તેના નામની આસપાસ ફરી એક વાર માન અને પ્રેમની લાગણીઓ ઉભરાવા લાગી.

તેના ભૂતકાળ ઉપર નજર કરતાં આ બધું વિચિત્ર લાગે છે. ૧૮૭૦ અને ૧૮૮૦ ના વર્ષો દરમ્યાન લોકપ્રિયતા અને કીર્તિનો સુવર્ણમુગટ મેળવનાર માણસ ઉપર જ પછીથી અપકીર્તિ અને નિંદાના કાળા ઓછાયા ઉતરે છે. ને ત્યાર બાદ ફરી એક વાર કીર્તિદેવી તેને વિજયમાળ પહેરાવે છે. તેના અંધકારમય દિવસો દરમ્યાન તે પહાડ જેવી અડગતા ધારણ કરીને ઉભો રહ્યો. તેની ઉપર વરસતા ટીકાઓના વરસાદને પરિણામે તેણે કોઇવાર મનનું સમતોલપણુ ગુમાવ્યું. લોકોનો વિરોધ, પૂર્વગ્રહ અને ગેરસમજુત જોઈ તેને ખૂબ લાગી આવ્યું. કોઇ વાર તેણે આ પરિસ્થિતિમાં માનસનું સમતોલપણું ગુમાવી ગુસ્સાઓને ગુસ્સામાં અણછાજતા અને કડવા વેણ પણ કાઢ્યા છે. પણ એ બધું છતાં કોઇ દિવસ પોતાનું નિશાન પ્રાપ્ત કરવા આરંભેલી કૃત્યમાંથી એક પગલું પણ પાછો હઠયો નથી. કારણ કે એ ધ્યેયની સચ્ચાઇમાં તેને અડગ શ્રદ્ધા હતી. તેણે તો અટક્યા સિવાય એક સરખા વેગથી પોતાનો સંદેશો જનતા સમક્ષ રજુ કર્યો. અને તેઓને સાંભળવું જ પડે એવી પરિસ્થિતિ ઉભી કરી.

સમાજસુધારા વિષેના તેના બધા વિચારો, જેઓ અમલમાં મૂકી શકવા અસમર્થ હતા તેઓ પણ જોઇ શક્યા કે તેના આદર્શો અને હેતુ કેટલા ઉંચા અને ઉમદા હતા. એ માટે તેના ઉપર તેઓ પ્રેમ રાખતા અને માનની લાગણી ધરાવતા.

રસ્કિનના આ અનુભવો ઘણા જ સૂચક અને શિક્ષાપ્રદ છે. કારણ કે એ બતાવે છે કે જે માણસો જગતમાં સુધારાનું કામ માથે લે છે તેને વિરોધોનો સામનો કેવી હિંમત અને શ્રદ્ધાથી કરવો પડે છે. એવો પ્રસંગ પણ આવે છે કે બધા સાથીઓનો સાથ ગુમાવીને એકલા કૃત્ય કરવાનો વખત આવે છે. જગતની નિંદા, ધિક્કાર અને બદનામી વેઠીને આગેકૂચ કરવાના પ્રસંગો ઉભા થાય છે. આખરે તો અડગ શ્રદ્ધા અને અખૂટ હિમ્મતને લઇને જ સત્ય જીતે છે ને જગત વિકાસ પામતું આગળ વધે છે

આ બધા ઉપરથી કોઇએ એમ માનવાનું નથી કે રસ્કિનની સામાજિક યોજનાઓ અને સામાજિક આદર્શો બધા જ વ્યવહારુ હતા. તેના સારામાં સારા પ્રસંશકો, પણ એ દાવો ધરાવતા નથી. તેની બધી યોજનાઓ અને પ્રવૃતિઓ સફળ થઇ એમ હું કહેતો જ નથી કેટલીક સફળ થઇ. કેટલીક થોડે ઘણે અંશે

સફળ થઈ.' બીજી કેટલીક જેનાં મૂળમાં જ નિષ્ફળતાના બીજ પડયાં હતાં તે કદી સફળ ન થઈ. બીજા મહાન આત્માઓ અને સુધારકોની જેમ એ પણ સુંદર સ્વપ્નોમાં રાચતો સ્વપ્નદ્રષ્ટા હતો. પણ સુંદર સ્વપ્નોની કલ્પના કરવી અને તેને પાર પાડવી એ બન્ને વસ્તુ વચ્ચે આસમાન જમીનનું અંતર છે.

રસ્કિનની સૌથી જાણીતી થયેલી 'તરંગી-યોજના' 'સેંટ જ્યોર્જ ગીલ્ડ' હતી. તેના બંધારણમાં દર્શાવ્યા મુજબ તેનો હેતુ આ પ્રમાણે હતો.

'ઇંગ્લાંડમાં જમીન ખરીદવી. જેટલાં સ્ત્રી-પુરુષો અને બાળકો એ જમીન ઉપર સુખ મગવડથી રહી શકે એટલું પોષણ જમીન આપી શકે તેટલાંને ત્યાં રાખવાં. ત્યાં તેઓ ખૂબ તન્દુરસ્તી અને સંસ્કારપૂર્ણ જીવન જીવી શકે. એક રાષ્ટ્રીય ધનનો ભંડાર સ્થાપવો જે તેમને અને તેમના વંશજોને કામમાં આવે. આ બધા લોકોનું સુવ્યવસ્થિત રાજ્યતંત્ર ચલાવવું, તેમની મિલકતોની ન્યાયી વ્યવસ્થા કરવી. આ બધામાં કાયદાની જરૂર પડે પણ એ કાયદાનું મંડાણ ઇશ્વરી નિયમના તત્વ ઉપર જ થાય. જેથી બધા કાયદા ન્યાયી હોય.'

આ મહાજન પ્રવૃત્તિએ વિશાળ પાયા પર લોકોનું ધ્યાન ખેંચ્યું. બધા યે એક વાત કબૂલ કરી કે આ યોજનામાં ઘણાં યે સારા તત્વો છે. પણ ધીરજથી વિચાર કરનાર એ પણ જોઈ શકયા કે તેમાં કેટલીક અવ્યવહારુ બાબતોનો પણ સમાવેશ થયો છે. એ પ્રવૃત્તિના સંચાલકના વ્યક્તિત્વ અને લોકપ્રિયતાને પરિણામે શરૂઆતમાં તો ઘણા યે મદદગાર માણસો તેમાં સામેલ થયા પણ તેના મૃત્યુ પહેલાં ઘણા સમયે તેણે પોતે જ કબૂલ કરેલું જણાય છે કે એ માહસમાં તેને નિષ્ફળતા મળી.'

કેટલીક બાબતોમાં એ યુગના માણસો કરતાં તે ઘણો જ આગળ હતો તેમ ઇંગ્લાંડના બુદ્ધિશાળી માણસો અને જગતના બીજા વિદ્વાનો સ્વીકારે છે.

તેના અવ્યવહારૂમાં અવ્યવહારૂ સ્વપ્નો પણ કંઈક શુભતત્ત્વ દર્શાવતાં હતાં. એથી કરીને લોકો નવી નવી દિશાઓમાં વિચાર કરવાને પ્રેરાતાં હતાં. અને આમ તાત્કાલિક એને સીધી રીતે તો યોજના નિષ્ફળ જતી પણ આડકતરી રીતે આખરે તેનાં ઘણાં જ સુંદર પરિણામો આવતાં. એક વાતની કોઈથી ના નહિ કહી શકાય, કે અત્યારના ઇંગ્લાંડના રાજકીય અને આર્થિકશાસ્ત્રોની ભૂમિકામાં માનવતા, મહદયતા અને નીતિમત્તા પડયાં છે અને બધાં કરતાં લોકો અને તેના હિતોના વિચારને જે પ્રથમ સ્થાન મળે છે તે બધું રસ્કિનના લખાણો અને જીવનકાર્યને આભારી છે. તેણે આ લખાણો ન લખ્યાં હોત અને વિરોધીના પ્રબળ જુવાળ સામે બાથ ભીડી ન હોત, તો ઉપર કહ્યું તેવું પરિણામ ન જ આવી શકત.

આજના યુરોપ અમેરિકાના ઉંડા વિચારકો સમાજશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ, જે ઔદ્યોગિક, સામાજિક અને રાજકીય સુધારાઓનું પ્રતિપાદન કરે છે તે જ સુધારાઓનું પ્રતિપાદન આ મહાન અંગ્રેજ ફિરસ્તા અને શૂરવીર યોધ્ધાએ ૭૦ વર્ષ પહેલાં કર્યું. અને એ સુધારાઓને અમલમાં લાવવા માટે એ જીવનભર ઝૂઝયો. રસ્કિન સ્વભાવથી જ ધાર્મિક હતો. તેના દરેક લખાણમાં તે ધર્મ ઉપર ભાર મૂકે છે. તેના સારાયે જીવનમાં ધર્મને પ્રધાન પદ આપે છે. ધર્મની કિંમત તેમે મન સૌથી ઉંચી છે. જેમ જેમ તેની ઉમર વધતી ગઈ તેમ તેમ તેના વિચારો વધારે વિવેકશીલ, વિશાળ, ઉંડા અને નીતિમય થતા ગયા.

પચાસ વર્ષની ઉંમરે તે પોતાને માટે લખે છે કે ધર્મ ઉપરના તેના પહેલાનાં લખાણ મોટે ભાગે ભૂલ ભરેલા હતા કારણ કે તેને સંકુચિત અર્થમાં ધર્મનું શિક્ષણ આપવામા આવ્યુ હતું અને પરિણામે તેણે ઇતિહાસનું અધ્યયન એક પંથવાદી જેટલી સંકુચિતતાથી અને સત્ય હકીકતોને મરડીને કરે તેમ કર્યું હતું. પણ પછીના જીવનમાં તેણે પંથ અને વાડાઓની મર્યાદા તોડી નાખી અને તેનો ધર્મ, વિશાળ, બુદ્ધિયુક્ત અને પ્રગતિકારક વિચારો સાથે મેળ ખાય તેવો થયો

જ્યારે તેણે સેન્ટ જ્યોર્જ કમ્પનીની સ્થાપના કરી ત્યારે તેણે એક પદ્ધતિ નક્કી કરી અથવા કહો કે આદર્શો અને સિદ્ધાન્તોનું એક તારણ કર્યું. જે આદર્શો અને સિદ્ધાન્તોને પહોંચી વળવાનો મંડળમા જોડાવા ઇચ્છનાર દરેક સભ્યને પ્રયાસ કરવાનો હતો. એ તારણમા વ્યવહારધર્મનો સૌથી વધારે સચોટ, સાદો અને ઉંચો ખ્યાલ આપવામા આવ્યો છે જેવો ખ્યાલ ભાગ્યે જ બીજેથી આપણે મેળવી શકીએ

એ પ્રતિજ્ઞાપત્ર હુ અહિં મૂકુ છુ.

૧ જીવન્ત ઇશ્વરમા મારી શ્રદ્ધા છે તેજ સર્વ શક્તિમાન છે, તે જ પૃથ્વી અને સ્વર્ગનો કર્તા છે તે દયામય છે અને હમેશા માત્ર જ કરે છે એવો મારો વિશ્વાસ છે હુ તેની ભક્તિ કરીશ, તેના નિયમનુ પાલન કરીશ અને જીવનના અંત સુધી તેની વૃદ્ધિના દર્શન કરીશ

૨ મને માનવસ્વભાવના ઉમદાપણામા વિશ્વાસ છે જેટલો મારી જાત ઉપર પ્રેમ રાખુ છુ તેટલો જ પ્રેમ મારા પાડોશી ઉપર રાખીશ ત્યારે તેમ કરવા હું અશક્ત હોઉં ત્યારે પણ એવુ વર્તન રાખીશ જેથી હું તેના પ્રત્યે પ્રેમ કેળવી શકુ

૩ મારા ઉદરપોષણને માટે હુ હમેશા જાત મહેનત કરીશ અને મારા હાથ વડે જે કામ કરવાનું હશે તે મારી શક્તિ વાપરીને પુરૂ કરીશ

૪ મારા લાભ અથવા આનંદને માટે હુ કોઇને છેતરીશ નહિ, ઇજા કરીશ નહિ, કે લૂંટીશ નહિ

૫ હુ કોઇ જીવતા પ્રાણીનો જરૂર વગર ઘાત કરીશ નહિ, કે એને ઇજા પહોંચાડીશ નહિ કોઇ સુંદર વસ્તુનો નાશ કરીશ નહિ

૬ મારા શરીર અને આત્માનો હમેશા વિકાસ થાય કે જેથી હુ મારી ફરજ વધારે ને વધારે બજાવી શકુ અને સાચુ સુખ મેળવી શકુ એ માટે પ્રયાસ કરીશ

૭ હુ મારા દેશના બધા જ કાયદાનુ વફાદારીથી એક શરતે પાલન કરીશ એ શરત એ છે કે જેને હુ ઇશ્વરી નિયમ સમજુ છુ તેની સાથે એ કાયદા બંધબેસતા હોવા જોઇએ

અહીં આપણે સમજવાનુ છે કે આ જાતની જીવનનીતિ એ પોતે જે વિચારે છે અથવા માન્યતા ધરાવે છે તેનો માત્ર અહેવાલ જ નથી પણ તે શુ કરવા માગે છે અને ક્યા રીતે જીવન જીવવાનો એનો નિશ્ચય છે તે બતાવે છે

રસ્કિનના બધા જ ધાર્મિક અને બીજા લખાણોનો મધ્યવર્તી વિચાર એ છે કે આ જગતમા મનુષ્યજીવન એ સૌથી કિંમતીમા કિંમતી વસ્તુ છે તેની તોલે નથી જ મિલ્કત, સોનું રૂપું હીરામાણેક કે ઝવેરાત કશુ જ ન આવી શકે એ બધુ માણસ પાસે આવે છે અને જાય છે મનુષ્યત્વ એ જ માણસની સાચી મૂડી છે.

તેના આ વિચારો તેના જ પ્રખ્યાત કથનો કરતા સુંદર રીતે કોણ પ્રદર્શિત કરી શકે?

સંપત્તિ જેવું કંઇ છે જ નહિ, માત્ર જીવન જ છે જીવન, અને તેની સાથે જકડાએલી બધી જ શક્તિઓ પ્રેમ, આનંદ અને પ્રશંસા એ જ માત્ર છે

જે દેશ ઉમદા અને સુખી માણસોની મોટી વધારે સંખ્યાને પોષે છે તે જ દેશ સંપત્તિવાન ગણાય

'એ જ માણસ શ્રીમાન્ કહેવાય જે પોતાના જીવનના તમામ કર્તવ્યો પુરાં કરીને બીજાના જીવન ઉપર પોતાના અંગત જીવનની અને સંપત્તિની સહાય આપીને સારી અસર કરે છે.' સંપત્તિ વિષેનો આ વિચાર, માણસની અને જીવનની કિંમત વિષેની તેની આ માન્યતા પ્રમાણે બધા ચાલે તો જગત કેટલું ઉંચુ આવે?

પોતે સૌન્દર્યપ્રેમી હોવા છતા માત્ર વસ્તુઓની જ બાહ્ય સુન્દરતામાં તેને નિરાંત મળતી નહિ. તેને સ્થૂળની સુન્દરતા સાથે આત્માની સુન્દરતા જોઇતી હતી. તેણે ઇંગ્લાંડને ચિત્રોથી ભરી કાઢવા અદ્વિતીય ધગશથી કામ કર્યું. પણ એ કરતાયે વધારે ધગશથી તેણે ઇંગ્લાંડમાં આત્માની સુન્દરતા જન્મ પામે એ માટે મહેનત કરી પોતાના અવિરત શ્રમથી તેણે ઇંગ્લાંડને એક જ બોધપાઠ આપ્યો અને તે એ, કે સુન્દર અને ઉચ્ચ કલાના વિકાસને માટે સુન્દર અને ઉમદા આત્માઓની જરૂર છે આ કરતા વધારે ઉંચો હેતુ બીજો ક્યા માણસના જીવનમાં હોઇ શકે! આ કરતા વધારે ઉમદા કાર્ય આ માણસે હજી સુધી કર્યું નથી

પોતાના જીવનનો કુદરતી રીતે અંત આવે એટલા બધા વર્ષો સુધી ઇશ્વરની ઇચ્છાનુસાર રસ્કિન જીવ્યો ત્યારે ઇંગ્લાંડમાં એવા સમાચાર ફેલાયા કે રસ્કિનનું મૃત્યુ નજીક છે ત્યારે હજારો સરિતાઓના ઘોષ જેવો તેને ચાહનાર કરોડો માણસોનો અવાજ સંભળાયો કે તેની અંતિમ ક્રિયા પવિત્ર વેસ્ટમીનીસ્ટરમાં થાય અને તેનો આત્મા ત્યાં આરામ લે, પણ એમ ન થતાં એથી યે વધારે યોગ્ય સ્થળમાં તેને સ્થાન મળ્યું જે પર્વતો, જંગલ અને નદીઓના પાણીમાં તે ઘૂમી વળ્યો હતો એવા એક સરોવરની પાસેના વિભાગમાં તેને પોઢાડ્યો એ સ્થાનમાં આવેલા ઘરમાં તે ઘણા વર્ષો સુધી રહ્યો હતો. લીલા પાણીથી લહેરાતા કોનીસ્ટન સરોવરની બાજુમાં તેની તરત જ બનાવેલી અને આરામદાયી નવા ઇંગ્લાંડના પવિત્ર સ્થાનોમાં ઉમેરો કરે છે તેની કબર લાંબા વખત સુધી એ રીતે યાત્રાનું ધામ બની રહેશે ઘણા દેશોમાંથી કલા અને સૌન્દર્યના પ્રેમીઓ આ સૌન્દર્યપ્રેમી અને મહાન સ્નાતકની આરામદાયક સમાધિ ઉપર ફુલ ચઢાવશે અને માનવતાના પ્રેમીઓ ત્યાં મંદિરમાં જતા હોય એ ભાવથી જશે કારણ કે એ એવી જગા છે જ્યાં પોતાની જાતને જગત્ મચાવ્યા સિવાય બીજા માટે સતત જીવન જીવનાર એક મહાન આત્માનું નાશવંત ખોળિયું પડ્યું છે!

ગૃહપ્રવેશ: દ્વિઅંકી નાટિકા

રવીન્દ્રનાથ ટાગોર

: અનુવાદક :

નગીનદાસ પારેખ

અંક પહેલો [ચાલુ]

(મણિનો પ્રવેશ)

માસી વહુ, તારે પિયેરથી કાંઇ ખબર આવી છે કે શું ? તારો પિત્રાઇ ભાઇ અનાથ મને મળ્યો

મણિ હા, માએ કહેવડાવ્યું છે કે આવતે શુક્રવારે મારી નાની બેનને અન્નપ્રાશન કરાવવાનું છે. એટલે વિચાર કરું છું કે–

માસી બહુ સારું–તો બધી–એક સોનાનો હાર મોકલી આપ. તારી મા રાજી થશે.

મણિ હું તો જવાનો વિચાર કરું છું મારી નાની બેનને મેં જોઇ નથી ને એટલે જોવાનું મન થાય છે.

માસી : ઓ મા, આ શું કહેવાય ! યતીનને એકલો નાખીને જવાની !

મણિ : પાછા આવતા મને કંઇ બહુ મોડું નહિ થાય

માસી : બહુ મોડું થશે કે નહિ તે કોણ કહી શકે બેન ! સમય કાંઇ આપણા હાથમાં છે ! આંખના પલકારામાં મોડું થઇ જાય

મણિ ત્રણ ભાઇ પછી મારે લાડની દીકરી–ધામધૂમથી અન્નપ્રાશન થશે હું નહિ જાઉં તો મા બહુ–

માસી તારી માનું હેત–બહેન, કંઇ સમજાતું નથી–રુદનના સાત સમુદ્રે વીંટાયેલું જેમનું જીવન છે એવી માતાઓની જ જાતની તારી મા પણ છે ને. તો પણ તેઓ માણસનું આવડું મોટું દુ:ખ સમજતા નથી અને વારેવારે તને બોલાવી લઇ જવા કરે છે–

મણિ જુઓ, માસી, તમે મારી માને મહેણાં મારશો નહિ, કહી મૂકું છું. વળી સગી સાસુ હોત તો વખતે સહી લેત પણ–

માસી : વારુ મણિ, ભૂલ થઇ, માફ કરજે, હું સાસુ થઇને તને કશું કહેતી નથી–એક સામાન્ય સ્ત્રી તરીકે જ હું તને વિનતી કરું છું – યતીનને આવે વખતે તું છોડીને ના જઇશ. જો જશે તો તારા બાપ

ગુસ્સે થશે, એ હું બરાબર જાણું છું.

મણિ : મને ખબર છે. તમારે ચિઠ્ઠી લખી આપવી પડશે. માસી, લખજો કે મારા જવાથી ખાસ કાંઇ—

માસી : તારા જવાથી કંઇજ વહી જવાનું નથી એ શું હું જાણતી નથી? પણ જો તારા બાપ ઉપર લખવું પડે તો તો મારા મનમાં જ છે તે ખુલ્લે ખુલ્લું લખીશ.

મણિ : બહુ સારૂં. તમારે નહિ લખવું પડે. હું એમને જઇને કહીશ એટલે તરતજ—

માસી : એ બહુ, બહુ સાંભળ્યું છે—પણ આ વાતને માટે જો તું યતીન પાસે ગઇ તો હું કેમે કર્યું સાંખી લેવાની નથી.

મણિ : સારૂં, રહી તમારી ચિઠ્ઠી." પિયેર જવું છે તેમાં આટ આટલી ધમાલ શી? એ જ્યારે જર્મની ભણવાને માટે જવા તૈયાર થયા હતા ત્યારે પાસપોર્ટની જરૂર પડી હતી. મારૂં પિયર જર્મની છે કે શું?

માસી : સારૂં, સારૂં. આટલે તાણીને બોલીશ નહિ. પેલો મને બોલાવતો લાગે છે! આવી યતીનનાં સાંભળ્યું કે શું—કોણ જાણે?

[જાય છે]

યતીનનો ઓરડો

માસી : મને બોલાવતો હતો યતીન?

યતીન : હા. માસી, સૂતાં સૂતાં વિચારતો હતો કે કોઈ ઉપાય નથી, હું તો કેદી થઇને પડ્યો છું: માંદગીની જાળથી બંધાયેલો, દિવાલ વડે ઘેરાયેલો—સાથે સાથે મણિને શા માટે બાંધી રાખું?

માસી : તું શું બોલે છે યતીન, તેનું યે ઠેકાણું નથી. તારી સાથે તો એનું જીવન બંધાયેલું છે, તું છોડી મૂકવા માગે એટલે જ શું તેનું બંધન છૂટી જશે?

યતીન : એક દિવસ એવો હતો કે જ્યારે સ્ત્રી સહગમન કરતી; તે અન્યાય તો હવે બંધ થઇ ગયો છે. પણ મણિને તો આજે આ પળે પળે સહમરણ, જીવતાં જીવત સહમરણ છે. વિચાર કરતાં પણ મારો પ્રાણ અકળાઇ ઊઠે છે—એમાંથી એને છુટી આપો!

માસી : આજ આવું એકાએક કેમ બોલે છે, યતીન? સ્વપ્નમાં તેં કાંઇ ભળતું જ સાંભળ્યું કે શું?

યતીન : ના, ના. બહુ વારથી વિચાર કરતો હતો—સરતાં ઝાડનો ઝર્ઝર શબ્દ, નદીનો જુવાળ, દૂર દૂર પપૈયાનો પોકાર,—મને યાદ આવતાં હતાં મણિની પેલી કસુંબી રંગની સાડી, અને કુતરાની સાથેની રમત અને વિના કારણ હાસ્ય. એનાં મસ્તપ્રાણને આ મરેલી દિવાલોમાં શાને પુરવો? આપો છુટ્ટી તેને. કેટલા ય દિવસથી આ ઘરમાં તેનું હાસ્ય જ સાંભળ્યું નથી. એના જીવન પ્રવાહમાં તો તાજો જુવાળ આવેલો છે, તેને વળી આ બધાં દવાના શીશા અને રોગીના પથ્યાપથ્યનાં બંધનો વડે બાંધી દેવો છે? મને લાગે છે કે એ અન્યાય છે, ભારે અન્યાય છે.

માસી : કંઇ અન્યાય નથી, જરા યે ખોટું નથી! જેને પ્રાણ હોય છે તે જ પ્રાણ દઇ શકે છે. વરમાક તો ભર્યો મેઘ જ વરસાવી શકે, ઊઠીને બેસીશ નહિ યતીન સઇ જા—આમ છટકટ નહિ કરીએ. મણિને ક્યાં મોકલવી છે, બોલ. મને કાંઇ સમજાતું નથી.

યતીન : કંઇ નહિ તો મણિને એને પિયેર—ભૂલી જવાય છે. એના બાપ અત્યારે ક્યાં છે—

માસી : સીતારામપુર.

યતીન : હા, સીતારામપુર. તે ખુલ્લી જગ્યા

માસી : ના, બાપુ. ખોટું સમજ્યાં હતાં, વખત આવ્યે જ માણસ ઓળખાય છે.

યતીન : તું માનતી હતી કે મણિથી હું સુખ પામ્યો નહિ, અને એટલા માટે તેના ઉપર કોપ કરતી હતી. પણ સુખ વસ્તુ તો પેલા તારાઓ જેવી છે, અંધકારની તડોમાં પથને દેખા દે છે. જીવનની તડોમાં શું સ્વર્ગનો પ્રકાશ નથી ઝળકતો! મારે જે મેળવવાનું હતું તે મેં મેળવ્યું છે કંઈ કહેવાપણું રહ્યું નથી. પણ માસી, એની તો ઉમ્મર નાની છે, એ શેને આધારે રહેશે ?

માસી : ઉમ્મર નાની કેવી ? અમે પણ બાઈ એટલી જ ઉમરે દેવતાને મંદિરમાંથી વિદાય આપી અંતરમાં ખેંચી લીધા છે. તેમાં કાંઈ નુકસાન થયું છે ખરું? વળી એ પણ કહું છું કે સુખનીય વળી એટલી બધી શી જરૂર છે?

યતીન : જ્યારથી મેં સાંભળ્યું છે કે મણિ રડી'તી ત્યારથી જ હું સમજી ગયો કે એનું મન જાગ્યું છે. એને જરા બોલાવો, માસી બપોરે એકવાર આવી હતી. તે વખતે સૂર્યનો તાપ આકરો હતો– જોતાં જ મનમાં થયું કે એનામાં રૂપણે સહેજ પણ બાધા નથી. એકવાર આ સંધ્યાના અંધકારમાં જોવા દે, કદાચ એના અંતરનાં પેલાં અશ્રુઓ જોઈ શકું.

માસી : તારી આગળ એનો પ્રેમ ઘૂમટો ખોલતાં હજી શરમાય છે એટલે એનું બધુંય રુદન છૂપું હોય છે.

યતીન : વારું. ભલે થયું. ભલે છૂપું રહેશે. પણ એ છૂપા રુદનની ખબર માસી, તું મને આપી જજે. કારણ કે જ્યારે તેનો પડદો ખસી જશે ત્યારે કદાચ–પણ આજે સાંજે મારે તેની સાથે ખાસ વાત કરવી છે.

માસી : તારે એવી તે વળી ખાસ વાત શી છે ! કહે તો.

યતીન : મારો 'મણિસૌધ' પૂરો થઈ ગયો. એ ખબર પોતાને મોઢે તેને કહેવી છે. વાસ્તુ મારે નહિ પણ તેને જ કરવાનું છે–તેને જ માટે મેં આ સૃષ્ટિ રચી છે–મારું આ ઈંટકાંકરની વાણીનું ગીત છે.

માસી : તેને ખબર નહિ હોય ?

યતીન : તો પણ સમર્પણ તો કરવું જ પડશે. હિમિને કહીશ તે બારણાં બહારથી પેલું ગીત ગાશે–

મોર જીવનેર દાન
કરો ગ્રહણ કરો પરમ મૂલ્યે ચરમ મહીયાન્.

જા, માસી, તું બોલાવી લાવ. માસી, પેલો જુઓ, નરહરિ મારી સાથે વાત કરવા માગે છે–મારા શણના વેપારની પેઢીનો ગુમાસ્તો. એને આજ અહીં આવવા દેશો નહિ ના, ના, ના. મારે કશું જ સાંભળવું નથી. ગમે તે ખબર હોય હું તે પછીથી સમજી લઈશ.

[માસી જાય છે]

યતીન : હિમિ, સાંભળ સાંભળ.

[હિમિનો પ્રવેશ]

તને એક ગીત સંભળાવું. એ તારે શીખવું પડશે.

હિમિ : ના, મોટાભાઈ, તમે ગાશો નહિ. ડાક્ટર ના પાડે છે.

યતીન : હું ધીમે ધીમે ગાઈશ. ઘણે દિવસે આપણા કિનુ બાઉલનું પેલું ગીત મને યાદ આવે છે.

(ગીત)

આરે મન જખન જાગલિ નારે,
તખન મનેર માનુષ એલો દ્વારે
તાર ચલેજાવાર શબ્દ શુને

ઝાંઝલોરે ઘુમ,
ઓ તોર ઝંઝલોરે ઘુમ અંધકારે.
તાર ફિરે જાવાર હાવાખાના
ખુફેર માઝે દિલીહાના,
ઓરે સી હાવા તોર આશ્રિતર
તુલીખે તુફાન હાહાકારે
રે મન જ્યારે જાગ્યું તારે
ત્યારે અંતર જન આવ્યો દ્વારે
તેના વિદાય કેરા શબ્દો સુણી
નિદ્રા ભાગી
ઓ તારી નિદ્રા ભાગી અંધકારે, રે મન.
તેની વિદાય કેરા વાયુ આવે
હૈયાને આ હલમલાવે
ઓરે તે વાયુ તો હૈયું તારું
ભરશે આંસુ હાહાકારે, રે મન.

તારી પાસે વાત સાંભળી, હિમિ, હું સમજ્યો છું કે મણિનું મન જાગ્યું છે. તું કદાચ મારી વાત નહિ સમજી શકતી હોય. ભલે રહેવા દે. આ ઘર બધું તેં જોયું છે?

હિમિ : બહુ જ સુંદર થયું છે.

યતીન : ઉપરના જે ઓરડામાં પથ્થર બેસાડવાને કહ્યું હતું—ક્યાં છે પ્લાન ક્યાં છે? આ રહ્યા. આ ઓરડામાં—એની વચ્ચોવચ્ચ ઢાંકતો લાકડાનો એક ચંદરવો થયો છે ને?

હિમિ : હા, થયો છે સ્તો.

યતીન : તેમાં નકશી કેવી છે, કહે તો?

હિમિ : ચારે બાજુએ જાડી નીલરંગની કોર, વચમાં લાલ પદ્મ અને સફેદ હંસની જોડ—બરાબર તમે કહ્યું હતું તે જ પ્રમાણે.

યતીન : અને દિવાલ ઉપર?

હિમિ : દિવાલ ઉપર બગલાની હાર છીપો બેસાડીને આંકેલી છે.

યતીન : અને જમીન ઉપર?

હિમિ : જમીન ઉપર શંખની કોર. તેની વચમાં મોટું એવું પદ્માસન.

યતીન : બારણાં બહાર બે બાજુએ સફેદ પથ્થરના બે કળશ બેસાડયા છે કે?

હિમિ : હા, બેસાડયા છે. તેમાં બે ઇલેક્ટ્રિક લાઇટના ગ્લોબ બેસાડયા છે. કેવા સુંદર!

યતીન : ખબર છે—એ ઓરડાનું નામ શું છે તે?

હિમિ : ખબર છે. મણિમંદિર.

યતીન : પેલે દહાડે અખિલ તારી માસી પાસે આવ્યો હતો. શું કહેતો હતો કાંઇ સાંભળ્યું છે? આ ઘરની વાત?

હિમિ : તેઓ કહેતા હતા કે કલકત્તામાં આવું સુન્દર ઘર બીજું એકે નથી.

યતીન : ના, ના, તે વાત નહિ. અખિલ શું આ ઘર—જવા દે, જરૂર નથી. માસી કહેતાં હતાં કે આજે બપોરે મૌરલા માછલીનું ઝોલ થયું હતું તે કહે છે કે મણિએ બનાવ્યું હતું—બહુ જ સરસ સ્વાદ હતો! તું શું—

હિમિ : હું એ નહિ કહી શકું.

યતીન : છટ્, છટ્, બેન, તારી ભાભીની સાથે તને બરાબર બન્યું જ નહિ, એ મને—

હિમિ : હું નણંદ ખરીને—તેથી જ કદાચ—

યતીન : તું શાસ્ત્રને અનુસરીને દ્વેષ અને રીસ કરતી હશે?

હિમિ : હા, મોટાભાઇ, પેલા હિન્દી ગીતમાં છે ને "નનદિયા રહિ જાગી"—

યતીન : તેં મને લાગે છે તેને જરા બદલીને 'નનદિયા રહિ રાગી' કરી લીધું છે.

હિમિ : હા, મોટાભાઇ, રાગમાં ખરાબ લગતું નથી. (ગાય છે)

"નનદિયા રહિ રાગી"—

યતીન : પણ બેસૂર કરતી નહિ, બેન.

હિમિ : તે કેમ બને? તમારી પાસે જ તો સૂર શીખી છું. [ચાલુ]

આંતરરાષ્ટ્રિય આંદોલનો

શ્રી. ભાસ્કરરાવ વિદ્વાંસ

દુર્ભાગી ચીન

ગયા વર્ષના અંતમા ચીનના મરમુખત્યાર અને રાષ્ટ્રિય લશ્કરના સેનાધિપતિ ચ્યાંગ–કૈ-શેકને લશ્કરે પકડયો છે એવા સમાચારથી ભારે સનસનાટી ફેલાઇ હતી આ બનાવમાથી ચીનમા, આંતરવિગ્રહ જાગવાનો ભય લાગ્યો હતો. પણ ત્યાર પછી બહુ અજબ રીતે આ બનાવનો અંત આવી ગયો

હકીકત આ પ્રમાણે હતી

ચીનની રાષ્ટ્રિય સરકાર તરફથી ઉત્તરના પરગણાઓમા–સુયાન પ્રાંતમા એક લશ્કર મોકલવામા આવ્યુ હતુ ઉત્તરના આ પ્રાંતમા જાપાન અને મચુરીયાનુ લશ્કર ઉતર્યું હતું તેનો સામનો કરવાનુ કાર્ય આ લશ્કરને સોપવામ આવ્યુ હતુ લશ્કરના ઉપરી તરીકે ચાગ–સુ–લ્યાગને નીમવામા આવ્યો હતો પણ પછી પડખેના પ્રાન્તમાના કોમ્યુનિસ્ટ લોકોને દાબી દેવા માટે આ લશ્કરને જવાનો હુકમ કરવામાં આવ્યો પરિણામે લશ્કર વિફર્યું ચ્યાંગ–કૈ–શેકને કેદ કર્યો અને ત્રણ શરતો તેની સામે મૂકવામા આવી જપાનનો સામનો કરવો, મચુરીયાનો કબજો મેળવવો અને ચીનના સામ્યવાદીઓ સાથે સહકાર કરવો નાનકીંગની સરકાર આ બનાવથી ગભરાઇ ગઈ લશ્કરની તૈયારી થવા લાગી અને યાદવાસ્થળી જામે એવુ વાતાવરણ ઉત્પન્ન થયુ પણ અચાનક ગજ કારણે ફરી પલટો ખાધો જે સરદારે બળવો કર્યો હતો તે સરદારે પોતાની ભૂલ કબૂલ કરી ચ્યાગ–કૈ–શેકને છોડી મૂકયો અને તેની સાથે તે નાનકીગ પણ આવ્યો નાનકીંગની અંદર વિદ્રોહી સરદાર ઉપર મુકદમો ચાલ્યો સજા થઇ ચ્યાગ–કૈ–શેકે તેને માફી આપી અને આમ આ નાટક પુરૂ થયુ

આ આખો પ્રસગ સમજવો મુશ્કેલ છે. વિદ્રોહી સરદાર વિદ્રોહ કરે છે અને તરત જ તેને માટે પોતે પશ્ચાતાપ પણ કરે છે સામ્યવાદીઓ

માથે સત્કાર કરવાની માગણી કરે છે અને તરત જ તેને માટે કશાં પગલાં લેવાની ઉતાવળ કરતો નથી. એટલે ખરેખરો હેતુ શું હોવો જોઈએ તે સમજી શકાય તેમ નથી. છતાં છેલ્લા પંદર બે વરસથી ચીનના રાજતંત્રનો પ્રવાહ કઈ દિશામાં વહી રહ્યો છે તે જોવાથી આ બનાવનો કાંઈક ઉકેલ આવે એમ છે.

ચીન અને જપાન વચ્ચેનો ચાલુ તકરાર બહુ જુનો છે. જપાનને ખંડસ્થ સામ્રાજ્ય જમાવવાની ભૂખ જાગી છે. પાસેમાં પાસેનું રાજ્ય અને છતાં નિર્બળ રાજ્ય ચીન છે. એટલે જ્યારે જ્યારે પ્રસંગ મળ્યો છે ત્યારે ચીનનો એક પછી એક કોળીઓ ભર્યા કર્યો છે. ચીનના ટાપુઓ અને કોરીઆ તો તેણે અગાઉ જીતી લીધા હતા. પણ ૧૯૩૧ની સાલમાં મંચુરીઆને સ્વતંત્ર બનાવીને પોતાનો મહોરો રાજા ગાદીએ બેસાર્યો. પછી ચીનના એક પછી એક ભાગોને ચીનથી છુટા પાડવાનો બહુ જબરો યત્ન તેણે આરંભ્યો છે. મંચુરીઆ પછી બીજે કે ત્રીજે વર્ષે જેહોલ કબજે કર્યું અને હમણાં ચીનની મહાન દીવાલની અંદર ઘુસીને હોપે અને ચહારમાં સ્વતંત્ર પ્રાન્તો તરીકેની મંચુરીઆની નવી આવૃત્તિ તેણે કાઢી. આખા ઇનર મોંગોલીઆના પાંચે પ્રાન્તોને સ્વતંત્ર પ્રાન્તો બનાવવાની અને તેમને પોતાના રક્ષણ નીચે લેવાની જપાનની નેમ છે.

એક બાજુથી આ રીતે ચીનના ભાગના ભાગલા પાડવાનું અને એક પછી એક પ્રાન્તોને સ્વતંત્ર બનાવવાનું કામ જેટલી ઝડપથી થાય તેટલી જ ઝડપથી ચીનમાં રાષ્ટ્રિય અસ્મિતાની જાગૃતિ વધતી જાય છે. આજે અંદર અંદરના વિગ્રહમાં નિર્બળ થએલા છિન્નભિન્ન ચીનમાં એકતા થવાનાં ચિહ્નો દૃષ્ટિગોચર થવા લાગ્યાં છે.

આ જપાનની સામે થવાની વૃત્તિ તો અંશમાં જાગી તો ઉપરના બનાવની કુંચી જડે તેમ છે. ૧૯૧૧ પછી ચીનમાં કોઈ એક કેન્દ્ર સત્તા રહી નથી. જુદા જુદા પ્રાન્તોના સુબાઓ લગભગ સ્વતંત્ર જેવા થઈ ગયા છે અને એક એક સુબાની પાસે લાખોનું સૈન્ય છે. આખા ચીનનું રાષ્ટ્રિય સૈન્ય કહી શકાય એવું એકેય લશ્કર નથી અને આ સ્વતંત્ર થએલા સુબાઓ રાષ્ટ્રિય સરકારને કોઈવાર સ્વીકારે છે અને કોઈવાર નથી પણ ગણકારતા. દક્ષિણ ચીનની કેન્ટોનની સરકાર અને મધ્યચીનની નાનકીંગની સરકાર એ બંને અંદર અંદર હરિફાઈ કરે છે. આવી રાજકીય અંધાધુંધીમાં ૧૯૨૭ની સાલમાં ચ્યાંગ-કૈ-શેક નાનકીંગ જીત્યું અને પોતે લગભગ સરમુખત્યાર જેવો થઈ પડ્યો. ગાદીએ આવ્યા પછી સામ્યવાદી લોકોને હાંકી દેવા માટે તેણે પોતાનું સઘળું બળ ખર્ચ્યું. આ આંતરવિગ્રહનો લાભ લઈને તથા અમેરિકા, ગ્રેટબ્રિટન કે ફ્રાન્સ પોતપોતાની તકલીફમાં પડ્યાં હતાં એ તકનો લાભ લઈને જપાને ઉત્તરમાં પોતાનો પગપેસારો કરવા માંડ્યો. આર્થિક દૃષ્ટિએ પણ જપાનનો પગપેસારો વધતો જતો હતો, તેના આ ઉત્તર ચીનમાં નવા પ્રાન્તો સ્વતંત્ર બનાવવાની એવી ઉતાવળ જપાને કરી કે એકેએક ચીનો જપાનનો વિરોધી થઈ ગયો છે.

ચ્યાંગ-કૈ-શેકની પાસે બે પ્રશ્નો પડેલા છે: એક જપાનનો ભય અને બીજો સામ્યવાદીઓનો ભય. શરૂઆતનાં વર્ષોમાં પરદેશી જપાન કરતાં દેશના સામ્યવાદીઓ તેને વધારે ભયંકર લાગ્યા અને તેથી તેનું જોર તોડવા માટે ૭ વાર મોટી લડાઈ સામ્યવાદીઓ ઉપર લઈ જવામાં આવી. જ્યારે જપાન ચીનના ટુકડા તોડતું જતું હતું છતાં તેની સામે તેણે આંગળી પણ ઊંચી ન કરી. પણ આ પરિસ્થિતિ લાંબો વખત ટકે એમ નહોતું. જપાને ચીનને છિન્નભિન્ન કરવાનો અને નિર્બળ કરવાનો નિશ્ચય કરી લીધો હતો.

અને આની સિદ્ધિ માટે નાનકીંગની સરકાર ઉપરાઉપરી અનેક પ્રકારની માગણીઓ કર્યાં કરી હતી. પરિણામે જપાન વિરોધી વાતાવરણ વધારે ને વધારે ઉગ્ર બનવા લાગ્યુ ઉદ્દેશ વરસમાં જપાનીઝ લોકોના ઉપરાઉપરી ખૂન પણ થવા લાગ્યાં જપાનીઝ અમલદારો ઉપર હુમલા કરવામાં આવ્યા જપાનીઝ બાળકોને સુરક્ષિત શાળાઓમા પહોંચતા કરવા માટે લશ્કરી પહેરો રાખવો પડે એ પરિસ્થિતિ પણ આવી જપાન ઉશ્કેરાયુ અને તેણે નીચેની માગણીઓ નાનકીંગ સરકાર ઉપર કરી

હોપે, ચહાર શાનટુંગ, શાનસી અને સુઇયાન પ્રાન્તોને સ્વતંત્ર બનાવવા

ચીનના સરકારી ખાતાઓમા જપાનીઝ સલાહકારોને નીમવા

નાનકીંગના રાષ્ટ્રીય સૈન્યમાં ચીનાઓ સાથે જપાનીઝ લોકોને રાખવા

ચીનના સામ્યવાદીઓને તત્કાળ દાબી દેવામા જપાનને મદદ કરવી વગેરે

આ અને આની જાતની શરતો રજુ કરવામા આવી જેને પરિણામે ચીનાઓનુ સ્વમાન જાગ્રત થયુ અને જપાન વિરોધી વાતાવરણ એટલુ ઉગ્ર બન્યુ કે ચ્યાંગ-કૈ-શેક પણ આ વિરોધની અવગણના ન કરી શક્યો મંચુરીઆના સૈન્ય સામે સૈન્ય તેને મોકલવુ પડ્યુ

આજે જપાનનો વિરોધ કરવા માટે ચીનના બધા પક્ષો એકત્ર થવા માગે છે હાલમાંથી કેન્ટોનની સરકારે અને નાનકીંગની સરકારે સમાધાન કરી લીધુ છે ચીનના સામ્યવાદી લોકો પણ જપાન વિરોધી કાર્યમા સહકાર આપવા તૈયાર છે એટલે સુધી કે પોતાના પ્રાન્તોનુ નામ પણ બદલવા માગે છે અને જે કાંઇ એક રાષ્ટ્રીય સરકારી તંત્રમા ચાલતુ હોય તેજ પોતાને ત્યા ચાલુ કરવા તૈયાર છે આમ આજે ચીન એકત્ર થવાથી જપાનનુ વિરોધી થવા લાગ્યુ છે વિદ્રોહી સરદાર ચાંગના હાથમા મંચુરીઆ હતુ, અને એ મંચુરીઆ જપાન ગળી ગયુ છે એ વાત ચાંગ ભૂલી શકે એમ નથી અને માટે જ જપાન લશ્કરને દાબી દેવાને બદલે પોતાના જ સામ્યવાદી ભાઇઓને જ ખતરી નાખવાનો હુકમ જ્યારે કરવામા આવ્યો ત્યારે ચાંગ વિદ્રોહ કરે તે સમજી શકાય તેવુ છે

ચ્યાંગ કૈ-શેક પાસે બે માર્ગો ખુલ્લા છે મનો મેળ ચીનની સરકારી લઇને જપાનનો વિરોધ કરવો અથવા તો જપાનને નમી જઇને તેનુ મહત્ત્વ ભાળીને નાનકીંગની રાજધાનીમા રાજ્ય કરવુ પહેલા રસ્તામા ગૌરવ સમાયેલુ છે જ્યારે બીજા રસ્તામા નામોશી અને નિર્બળતા છે સેનાધિપતિ તરીકે ચ્યાંગ કૈ-શેક કોઇથી ઉતરે તેમ નથી પણ તેને મદદ કરનાર ધનપતિઓ સામ્યવાદીઓની સાથે સહકાર કરવા તૈયાર નથી અને તેથી જ સામ્યવાદીઓની સાથે એક થવા કરતા જપાનને નમી જવાનુ આજ દિવસ સુધી ચાલુ રહ્યુ પણ હવે ચીનના જાહેર મતને તથા જપાન પ્રત્યેના પ્રજાના ઉગ્ર રોષને અવગણી શકાય તેમ નથી અને ચીનનો સામ્યવાદી વર્ગ પણ પોતાના સિદ્ધાંતો જતા કરીને જપાનનો વિરોધ કરવા માટે એકત્ર થવા તૈયાર છે ત્યારે ચીનના બધા પક્ષો રાષ્ટ્રધ્વજના ઝંડા નીચે અને જપાનના વિરોધ માટે એકત્રિત થાય તેવા સંયોગો છે એથી ઉલટું જપાનને નમી જવાની પ્રકૃતિ ચાલુ રહે તો જપાનનો વિરોધ કરનારા સામમા લડાઇ આદરવી પણ ખોવુ પડે છે પોતાના ભાઇઓનો આ સાથ છોડવા ચ્યાંગ કૈ-શેક આજે તૈયાર હોય તેવુ જણાતુ નથી અને તેથી જ જપાનની માગણીઓનો ચ્યાંગ કૈ-શેકે અનાદર કર્યો છે

આ સંયોગોમા ચીનમા રાષ્ટ્રીયતાનુ નવુ મોજુ ફરી વળે અને આખુય ચીન પોતાની

નિર્બળના ફ્રગાવીને ફરી પાછું પોતાનું ગૌરવ એશિયામાં પ્રાપ્ત કરે તો નવાઇ નહિ. પણ આમ કરવા જતાં જપાનની સાથે તેને મરણાન્તિક યુદ્ધમાં ઉતરવું પડશે, એ યુદ્ધ માટે આવનાની તૈયારી પૂરેપૂરી હોવા છતાં સાધનોમાં ચીન નિર્બળ છે. અને એ નિર્બળતાને લીધે સ્હેલાઇથી જપાનની સામે ટક્કર લઇ શકે તેવી સ્થિતિ નથી. જો યુદ્ધ કરવાનું જ નક્કી થાય તો દરિયા કિનારે તો ચીન બચાવ કરી શકે તેમ નથી દરિયા કિનારો છોડીને પહાડી પ્રદેશમાં તેણે જવું પડશે અને લડતને લંબાવીને જપાનને થકવી નાખવાની નીતિનો તેમજ સોવિયેટની મદદનો આશરો લેવો પડશે. તો જ ચીન જપાનના સામ્રાજ્યપાશમાંથી મુક્ત થઇ શકે તેમ છે.

આમ ચીનના જપાન વિરોધી કાર્યમાં એકત્રિત સામનો કરવાના સંપૂર્ણ સંયોગો હોવા છતાં પણ ધનપતિઓ અને મૂડીવાદીઓ તથા સરદારોની બનેલી ત્યાંની મહાસભા જેને યોમીંગટાંગ કહેવામાં આવે છે તે ચીનને કોઇ જૂદે જ રસ્તે દોરવવા માગે છે. હાલમાં તેનું અધિવેશન ચાલે છે. અને તેના તરફથી જે જાહેરાત કરવામાં આવી છે તેમાં બે બાબતો મહત્વની છે.

એક તો જપાન સાથેના સંબંધોમાં તડફડ ન કરતાં સમાધાનીભર્યા માર્ગે આગળ ચલાવાની નાનકીંગની સરકારની નીતિને તેણે ટેકો આપ્યો છે. બીજી બાબત તે ચીનનો મોટો દુશ્મન સામ્યવાદ છે. માટે તેને જડમૂળથી ઉખેડી નાખવાની નીતિનું અનુસરણ કરવાની સલાહ આપવામાં આવી છે.

કવોમીંગટાંગની આ જાહેરાત એ સ્પષ્ટ રીતે જપાનની જોહુકમી સામે માથું નમાવવાની છે. તેમાં ચીનનું ગૌરવ નથી. ઉલટું આમ કરવા છતાં જપાનનો વિરોધ કરનારા એક મોટા વર્ગની મદદ ગુમાવશે. અને આંતરવિગ્રહની જવાળામાં ફરી પાછું ચીન સપડાશે. જપાનને આજ વસ્તુ જોઇએ છે. કમ્યુનીઝમને દાબી દેવાનાં કાર્યમાં મદદ કરવા માટે તેણે માંગણી કરી જ છે કવોમીંગટાંગનો આ જાહેરાત પ્રમાણેનો માર્ગ આત્મઘાતનો માર્ગ છે. તેનાથી ચીનને લાભ થાય એવું જણાતું નથી.

કેટલાક લોકો એમ ધારે છે કે, આજે જપાનની સામે થવા જેટલી શકિત ચીનમાં નથી, એટલે ચ્યાંગ–કૈ–શેક હાલ તુરત જપાનની સાથે સમાધાનીથી વર્તીને પણ પોતાની સત્તા બળવાન કરતો જાય છે. અને ચીનના અંદર અંદર લડી મરતા તથા મધ્યસ્થ સરકારને ન ગણકારતા સેનાપતિઓને એક કરીને ચીનની એકતા કરતો જાય છે, તથા રાષ્ટ્રિય સૈન્ય ઉભું કરીને ચીનને વધારે શકિતવાન બનાવવા માગે છે. આ એક દૃષ્ટિ છે, પણ એમ કરવા જતાં ચીનનો કટકે કટકે જે અંગભંગ થઇ રહ્યો છે એ દીવા જેવી વાત છે. અને જપાન વખત જતાં આજે છે તે કરતા વધારે નબળું નહિ થાય, પણ વધારે બળવાન થશે. એટલે આ દૃષ્ટિ સ્વીકારી શકાય એમ નથી. ચીનનું ભાવિ આ રીતે બહુ ઉજળું દેખાતું નથી. એ દુર્ભાગી દેશના નસીબમાં હજી બીજાં ઘણાં વીતકો વેઠવાનાં લખાયાં હોય એવું જણાય છે.

જપાનનો લશ્કરવાદ

જપાનમાં આજે Military fascisam ચાલે છે એમ કહી શકાય. ત્યાંના રાજકારણમાં લશ્કરનું પ્રભુત્વ વધારે છે. લશ્કર જે માગણી કરે તે પ્રજાએ પૂરી પાડવી જ જોઇએ, અને લશ્કરની ઇચ્છાની આડે કોઇએ આવાય જ નહિ એવી પરિસ્થિતિ ઉભી થવા લાગી છે. એટલે જપાનમાં દેખાવે પ્રજાતંત્રની પ્રથા ચાલુ છે છતાં વસ્તુતઃ લશ્કરી અમલદારોના હાથમાં જ

રાજકારણ ચાલ્યું જતું જણાય છે. એના પરિણામે ત્યાંના રાજકારણમાં પ્રસંગોપાત ખળભળાટ થઇ જાય છે. આવો ખળભળાટ ગયા વરસના ફેબ્રુઆરીમાં થયો હતો; જુવાન લશ્કરી અમલદારોએ બળવો કર્યો અને ત્રણ પ્રધાનોનાં ખૂન થયાં. ત્યાર પછી હીરોટાએ પ્રધાનમંડળ રચ્યું અને લશ્કરી અમલદારોએ તેને સાથ આપ્યો. પણ ગયા મહિને ફરી રાજકારણમાં ખળભળાટ થયો, અને પરિણામે હિરોટાના પ્રધાનમંડળે રાજીનામું આપ્યું.

લશ્કરી અમલદારો પ્રધાનમંડળ રચવામાં આડે આવી શકે છે, અને પોતાના હાથમાં વાસ્તવિક સત્તા રાખી શકે છે તેનું કારણ ત્યાંનું બંધારણ છે. પાર્લામેંટની બહુમતિ હોય એવો પક્ષ પ્રધાનમંડળ રચે ખરો, પણ એ પ્રધાનમંડળમાં લશ્કરમાં નોકરી કરતા હોય એવો લશ્કરી અમલદાર એક હોવો જોઇએ. આવો કોઇ અમલદાર જો તૈયાર ન થાય તો પ્રધાનમંડળ રચી શકાય નહિ અને તેથી જ બધા પ્રધાનો તૈયાર થાય છતાં પણ જો લશ્કર એ પ્રધાનમંડળને સ્વીકારવા તૈયાર ન હોય તો પ્રધાન થવાની ના પાડીને એને તોડી શકે છે અને તેથી જ લશ્કરી અમલદારોના વિચારોને ટેકો આપનારૂં પ્રધાનમંડળ જ રચાઇ શકે; એથી વિરુદ્ધ વલણ ધરાવનાર પ્રધાનમંડળ રચી શકાતું નથી. જાપાનના રાજકારણમાં લશ્કરી અમલદારોના પ્રભુત્વનું આ એક કારણ છે.

પાર્લામેંટના બીજા સિવિલિયન સભાસદોની સાથે આને પરિણામે લશ્કરને ઝગડામાં ઉતરવું પડે છે. ગયા મહિનામાં આવો જ બનાવ બન્યો. જાપાનનું બજેટ રજુ કરતાં અમુક વર્ષો સુધી લશ્કરી ખર્ચના વધારાની માગણી રજુ કરવામાં આવી. એના ઉપર ગરમા ગરમ ચર્ચા થઇ. લશ્કરી અમલદારો જે ઝડપથી ખર્ચો કરી રહ્યા છે અને જાપાનને વધારે પડતા જોખમમાં ઉતારવાની નીતિ અખત્યાર કરી રહ્યા છે એ બાબતની પણ ચર્ચા થઇ. પણ લશ્કરી પ્રધાને ખર્ચ ઓછો કરવાની સ્પષ્ટ ના કહી. આ તકરાર બહુ વધી પડી અને અંતે હિરોટાના પ્રધાનમંડળે રાજીનામું આપ્યું.

થોડો વખત સુધી તો કોઇ પ્રધાનમંડળ રચવા તૈયાર ન થયું. આખરે જનરલ હયાશીએ પ્રધાનમંડળ રચ્યું છે. જાપાનના લડાયક માનસ ધરાવનાર જનરલ આરાકી પોતાની નીતિ માટે પ્રખ્યાત છે. આજના જુવાન લશ્કરી અમલદારો પોતાની નીતિમાં આરાકીને ગુરુ માને છે. અને હયાશી પોતે આરાકીના વફાદાર શિષ્ય છે. એટલે ફરીવાર જાપાન યુદ્ધને માર્ગે વળશે અને પોતાની સાથે દુનિયાને પણ ધમકશે એવાં ચિહ્નો જણાય છે.

પાર્લામેંટના સિવિલિયન સભ્યો અને લશ્કરી અમલદારોને મતભેદ ક્યાં છે? વાસ્તવિક રીતે બન્ને વર્ગો સામ્રાજ્ય વધારવાના પક્ષના જ છે. ધીમેધીમે આખા ચીન ઉપર અને એશિયાખંડ ઉપર જાપાનનું સામ્રાજ્ય જમાવવાની નીતિમાં મતભેદ છે જ નહિ. પણ જે ઝડપે લશ્કરી અમલદારો આગળ વધે છે એ ઝડપે અને એ રીતે મૂડીવાદી લોકો આગળ વધવા માગતા નથી. મૂડીવાદીઓને સામ્રાજ્ય જમાવવું છે. પણ તે સામ્રાજ્યમાંથી લાભ મળવો જોઇએ.

જાપાનનો લશ્કરવાદ કશો પણ વિચાર કર્યા વગર આગળ ને આગળ ઝંપલાવ્યે જાય છે. પણ એમ કરતાં યુદ્ધનો ખર્ચ એટલો બધો વધી ગયો છે કે કર ભરનારાને ભારે પડે છે. મૂડીવાદી લોકો શાહીવાદ ઇચ્છે છે આખા એશિયાખંડ ઉપર જાપાની સામ્રાજ્ય ફેલાય એમ પણ ઇચ્છે છે. પણ એ સામ્રાજ્ય માટે નફાનો ભોગ આપવા માગતા નથી. લશ્કરનો ખર્ચાળ સામ્રાજ્યવાદ શાહીવાદ તેઓને નથી જોઇતો અને તેથી ખર્ચની

બાબતમાં મૂડીવાદી પાર્લામેન્ટ અને લશ્કર વચ્ચે અથડામણના પ્રસંગો ઉભા થાય છે.

યુધ્ધસામગ્રીની વૃધ્ધિ માટે સરકારી મહેસુલ ઉપર વધારે ને વધારે માગણી થતી જાય છે, પણ તેનું વળતર વળતું નથી. બે ત્રણ વર્ષોથી બજેટમાં ઉધાર પાસું વધી ગયું છે. અને આવતાં થોડાંએક વર્ષ સુધી જમા પાસું વધવાનાં ચિહ્નો જણાતાં નથી. પરિણામે મૂડીવાદી સભ્યો સ્હેજે લશ્કર ઉપર ટીકા કરે છે. પણ લશ્કરી માણસો આ ટીકા સહન કેમ કરે? તેઓ તો પોતાના વિરોધીઓનાં ખૂન કરવા સુધીની હદે જવા તૈયાર છે. તેમના રાજ્યની કલ્પના જમીનદારશાહીની કલ્પના છે. ઉદાર મૂડીવાદની કલ્પના નથી. આ જમીનદારશાહીને નભાવવા માટે મૂડીવાદી લોકો પૈસા આપવા તૈયાર થતાં નથી છતાં લશ્કરી સામર્થ્ય આગળ અને ઉપર બતાવેલ બંધારણની ગૂંચ આગળ તેઓનું કશું ચાલતું નથી.

મૂડીવાદી લોકો હિરોટાના પ્રધાનમંડળથી અને ચાલુ લશ્કરની જોહુકમીથી અસંતુષ્ટ થયા છે. તેમના મત પ્રમાણે જર્મન–જાપાન કરાર કરવામાં ઉતાવળ થઇ છે. તેઓ આવા કરારથી વિરૂધ નથી પણ રશિયાની સાથે મચ્છીમારીની જગ્યાઓ સંબંધે જે વાટાઘાટ ચાલી રહી હતી તે વાટાઘાટ પૂરી થયા પહેલાં આ સંધિ જાહેર કરવામાં ભૂલ થઈ છે. આ સંધિ જાહેર થતાં વેંત રશિયાએ મચ્છીમારીની જગ્યાની સમાધાની કરવાની ના પાડી. જાપાનની પ્રજાની ખોરાકીનો આધાર ચોખા અને માછલી છે. આ માછલીનો સંગ્રહ તેઓને મળે એ વાતના કરાર એકવાર જાપાનના ખિસ્સામાં પડી ગયા પછી જો જર્મન–જાપાન સંધિની જાહેરાત થઇ હોત તો તેમને વાંધો નહોતો. પણ લશ્કરે એટલી બધી ઉતાવળ કરી જેથી રશિયા છંછેડાયું અને કરાર કરી આપવાની ના પાડી જો કે એક વર્ષને માટે અંતે કરારો થયા છે ખરા પણ આ નિકાલ કાયમી ન ગણાય.

ચીનમાં પણ જાપાનના મૂડીવાદીઓને લાભ મળતો બંધ થયો છે. ૧૯૩૫માં ઇંગ્લાંડનું એક મિશન ત્યાં ગયા પછી ઇંગ્લાંડની મૂડી ચીનમાં ઘૂસવા લાગી છે. હોંગકોંગને પડખે આવેલા હેનાન ટાપુની ખીલવણી બ્રિટીશ મૂડીથી કરવાનું નક્કી થયું છે. કેન્ટોનથી ક્યાંગસી સુધીની રેલ્વે બ્રિટીશ મૂડીથી બંધાવાની છે. બીજી પણ કેટલીક રેલ્વે સાધનોમાં બ્રીટીશ મૂડી રોકાવા લાગી છે. ચીનના ડોલરને સ્ટર્લીંગ સાથે જોડવામાં આવ્યો છે. ચીનની બજાર ઉપર ઇંગ્લાંડની મૂડીનું આ આક્રમણ જાપાનના મૂડીવાદી લોકો કેમ સહન કરે? તેઓ તો ચીનની સાથે તો એવી જાતની સમાધાની કરવા માગતા હતા કે જેને પરિણામે ચીનની બધી ખીલવણી જાપાનની મૂડી મારફતે થાય. પરંતુ અધીરા અને ઉદ્દામ બનેલા લશ્કરી અમલદારોએ ચીનની સાથે સમાધાની કરવાને બદલે જાણી જોઇને પોતાનું વિરોધી બનાવી મૂક્યું તેથી જાપાન વિરોધી ઉગ્રતા ચીના લોકોમાં આવી અને આજે જાપાનનો સામનો કરવા સુધીની હદે આ વિરોધ પહોંચ્યો છે.

મંચુરીયાની ખીલવણી પણ જાપાની મૂડીવાદી લોકો પોતાની મૂડીના લાભ માટે કરવા માગતા હતા, પણ લશ્કરી અમલદારોએ તેની ખીલવણી લડાયક હેતુથી કરવા માંડી છે અને તેથી મંચુરીયામાં પણ જે નફો મૂડીવાળાઓને જોઇતો હતો તે નથી મળી શક્યો.

ઉત્તર ચીનમાં સ્વતંત્ર પ્રાન્તો બનાવવાનું કાર્ય પણ અધુરૂં રહી ગયું અને ત્યાં પણ પીછે હઠ કરવી પડી

આમ બધી રીતે છેલ્લાં વર્ષોમાં ક્રમે

બોજો વધતો ગયો. લશ્કરની નવી ને નવી આશાઓને પૂરી કરવા માટે યુદ્ધખર્ચ વધતો ગયો. જ્યારે કોઇ પણ પ્રકારનો લાભ મળી શક્યો નહિ. ઉલટું રશિયા, ચીન અને થોડે ઘણે અંશે ઈંગ્લાંડને દુશ્મન બનાવવાનું કાર્ય લશ્કરે કર્યું છે. આ બધાં કારણોને લીધે જાપાનનું રાજકારણ એવી સ્થિતિએ પહોંચ્યું છે કે યુવાન લશ્કરી અમલદારો તથા જાપાનના મૂડીવાદીઓ વચ્ચેની અથડામણ અનિવાર્ય બને. હવે પછી રચાનાર નવું પ્રધાનમંડળ આ બધી વસ્તુનો ખ્યાલ રાખશે કે કેમ અને તંગ થયેલા સંબંધો ઢીલા કરશે કે કેમ તે કહી શકાય નહિ લશ્કરી અમલદારો તો એટલી ઝડપે આગળ ધસી રહ્યા છે અને જાપાનને પોતાની સાથે ઘસડી રહ્યા છે કે જેનું પરિણામ ભારે ભયંકર આવવાનો સંભવ છે. પણ જાપાને કદાચ આ જ કલ્પનાથી જર્મની સાથેના કરાર કર્યા છે. જતે દહાડે સોવિયેટની સાથે લડવું જ પડશે એમ તેને લાગે છે. અને તેણે સ્વીકારેલી નીતિનું પરિણામ પણ સોવિયેટ સાથેની અથડામણ સિવાય બીજું આવી શકે નહિ. વળી જાપાને આજ દિવસ સુધી ઈંગ્લાંડને પોતાનું ગુરુપદ આપ્યું હતું. આજે હિટલર અને મુસોલિનીને પોતાના ગુરુ બનાવવા માગે છે. રાષ્ટ્રસંઘની અને ઇંગ્લાંડની આંખમાં ધૂળ નાખીને ઇટાલી એબિસીનીયા છતી શક્યું અને ફ્રાન્સ, ઈંગ્લાંડ વગેરેની નજર તળે જર્મનિ અને ઇટાલી સ્પેનના આંતરવિગ્રહના આગને વધારેને વધારે ચેતાવી શકે. અને ફ્રાન્કોને મદદ આપ્યા જ કરે તો જાપાન પણ એ જ નીતિનું અનુસરણ કરીને ચીનમાં કેમ ન પેસે ?

એટલું ખરું કે જેમ યુરોપમાં હિટલરે અને મુસોલિનીએ યુદ્ધની તૈયારી કરી રાખી છે. માત્ર ચિનગારીની જ વાર છે, તેમ જ એશિયામાં પણ જાપાને દારૂગોળો ભરી રાખ્યો છે. અને જ્યારે હિટલર યુરોપમાં યુદ્ધનો અગ્નિ સળગાવે ત્યારે જાપાન પણ એશિયામાં યુદ્ધ સળગાવીને તેમાં ચીન અને જરૂર પડયે સોવિયેટને પણ હોમવા તૈયાર થયું છે. અને જે નીતિનું અનુસરણ અત્યાર સુધી કરવામાં આવ્યું છે તેનું પરિણામ આ સિવાય કશું આવી શકે નહિ.

●

પ્રેમગોષ્ટિ !

શાં કોટનું કાપડ આવું લીધું, ને રંગ આવો કયમ છે ખમીસનો ?
આ કોટ લાંબો બહુ છે તમારો, આ પોલકા શો કયમ છે ટુંકો ઘણો ?
નીચા બહુ વાળ શું ઓળતા હશો, ઓળો ઉંચા શું બહુ શોભતા હશો ?
નીચે નિહાળી કયમ ચાલવું ગમે ? ઉંચું જુએ ઠેસથી ક્યાં પડી જશો.
ઓછું વદો મૂક મને જણાવ છો, પહોંચી શકી છું તમ અંતરે કદિ ?
ચોથા તમારા કયમ છે વધી પડયા, આ આપના કાગળ પત્નીમાં નથી ?
આ ને બીજા પ્રશ્ન પરંપરાથી મુંઝાવતી મારી 'સખી' સદા મને
ને હું વિમાસું અમ પ્રેમગોષ્ટિ આ રખે બીજા કોઇક સાંભળી જશે.

રસનિધિ.

જવાહરલાલ અને એમની જીવનકથા

શ્રી. જૈનેન્દ્રકુમાર

[જવાહરલાલ નહેરૂની આત્મકથાનું એક સુંદર, અભ્યાસપૂર્ણ અને કાવ્યસ્વરૂપ અવલોકન હિંદી સાપ્તાહિક 'સૈનિક'માં જોવામા આવ્યું તેનો અનુવાદ અહીં મૂકયો છે. આ અવલોકન અંગ્રેજી પુસ્તક ઉપરથી લખાયું છે. એનો સર્વાંશે સફળ અનુવાદ આપણને મહાદેવભાઇ દેશાઈ તરફથી મળ્યો છે તે ગુજરાતી વાંચકોના ધ્યાન બહાર નહિ હોય. સંપાદક]

અનુવાદિત હિંદી પુસ્તકનું નામ છેઃ 'મેરી કહાની.' (ગુજરાતી નામ છેઃ 'મારી જીવનકથા') આપણું ગત જીવન આપણી પાસે વાર્તાસ્વરૂપ બની જાય છે. વીતેલી ઘટનાઓ પ્રતિ આપણને વાસના નથી રહેતી, માત્ર ભાવના જ રહે છે. અને એ ભાવનામાં રસ હોય છે, વાસનાનું ઝેર એમાં નથી હોતું. એટલે જ આરંભની જીંદગીના શત્રુ, અંતમાં શત્રુ નથી રહેતા અને જીવનમાં આગળ વધતા તો શત્રુમિત્ર જેવું કાંઇ નથી રહેતું. ત્યાં તો આપણે જ આપણી જાતના નિરીક્ષક બની જઇએ છીએ. સામાન્ય રીતે આપણે જીવનમાં પ્રદર્શક જ રહીએ છીએ. જાતનું પ્રદર્શન કરી અહંકારમાંથી આપણા રસને પોષીએ છીએ પણ જ્યારે આપણી જાત ઉપર આપણે નજર નાખવી શરૂ કરીએ ત્યારે જીવનનું દર્શન જુદી જ રીતે થાય છે. તે વખતે જીવનનો અર્થ આપણી જાત એમ નથી રહેતો, આપણે એક યાત્રી છીએ અને જીવનપથ ઉપર ચાલવાનો જ આપણો એક માત્ર હેતુ હતો એમ આપણને લાગે છે.

જવાહરલાલ રાજનૈતિક ક્ષેત્રમાં જેવા દેખાય છે તેવા જ એમના જીવનચરિત્રમાં વિશેષ ઘનિષ્ટતાથી વ્યક્ત થાય છે. રાજનૈતિક ક્ષેત્રમા એમના વ્યક્તિત્વની ઝાંખી જ થાય છે. ત્યાં આજ અને કાલના ભાગલા દેખાય છે જયારે જીવનચરિત્રમાં એમના જીવનનું સમગ્ર રૂપદર્શન આપે છે અને જીવનના આજ અને કાલ એક દોરામાં પરોવાઇ જાય છે. જે જવાહરલાલને આપણે જોઇએ છીએ તે જવાહરલાલની પાછળ કયું તત્વ પડ્યું છે, એનો આત્મા કયાં છે એ જાણવાનો અને પ્રગટ કરવાનો પ્રયત્ન પુસ્તકમાં દેખાય છે. એમાં જીવનની ઘટનાઓનું વર્ણન નથી. જીવન-સિદ્ધાંતને પ્રાપ્ત કરવાનો સુંદર પ્રયત્ન છે.

એ રીતે જીવનની મોટામાં મોટી ઘટના એક વાર્તા બની જાય છે અને કોઈ પણ ઘટના પોતે જ મહત્વપૂર્ણ કે સંપૂર્ણ નથી રહેતી પણ દરેક ઘટનાનો અર્થ માત્ર એટલો જ રહે છે કે આપણી જીવનયાત્રામાં એ સહાયક હોય કે બાધક હોય, એટલો જ એનો અર્થ છે ને ઉપયોગ છે

જવાહરલાલનું આત્મચરિત્ર આરંભમાં એક કાવ્ય જેવું લાગે છે પોતાનું બાળપણ અને જુવાની એમણે મધુર તટસ્થતાથી જોયાં છે ને લખ્યાં છે જાણે એમ લાગે છે કે એ ગતજીવન સાથે એને સંબંધ છે પણ લગીરે ય આસક્તિ નથી! એ પોતાના જ અભિનયના દર્શક પણ બન્યા છે

જ્યાં જૂની સ્મૃતિ જાગી ઉઠી છે અને જેનું વિવેચન પણ કર્યું છે ત્યાં તો જાણે પોતાનું જ કાવ્ય ન રચ્યું હોય! ત્યાં સાહિત્યની અદ્‌ભૂત છટા દેખાય છે એવા પ્રસંગોનો પુસ્તકમાં તોટો નથી

એટલે આ પુસ્તક શુદ્ધ સાહિત્ય પણ છે સાહિત્યનું લક્ષણ છે વેદનાની વાણી જે માત્ર પોતાની પ્રજાની જ નહિ, પણ જગની હોય એવી વેદના પુસ્તકમાં ભારોભાર ભરી છે એ જ એને સાહિત્યનું રૂપ આપે છે

એ વેદનાનો હૃદયસ્પર્શ કરવા આપણે જરી વાર જવાહરલાલની જીવનધારા તરફ વળીએ અને એ ઝરણા ઉપર પહોંચીએ —

જુવાન નહેરૂએ જીવનમાં પ્રવેશ કર્યો છે એના મનમાં ઉત્સાહ છે પ્રેમ, પ્રશંસા અને સંપન્નતા એની ચારે બાજુ છે એની સામે જીવનના અનેક પ્રશ્નો છે અનેક આકાંક્ષાઓ છે અને ભાવીનો પડદો ધીમે ધીમે ખૂલતો જાય છે હજી એ અજેય છે ને અધીર છે પર ? આશા છે એટલે અસંતોષ છે ભવિષ્ય પ્રત્યે ઉત્કંઠા છે કારણ કે વર્તમાન પ્રત્યે અતૃપ્તિ છે એ વિલાયતમાં રહ્યા છે ને ત્યાં જ ઉછર્યા છે એ જાણે છે કે આઝાદી શું છે જાણે છે કે જીવન શું છે સાહિત્યનું અધ્યયન કર્યું છે અને સામે આદર્શો છે પણ એ જુવાન હિંદુસ્તાનમાં શું જૂએ છે? જૂએ છે ભયાનક ગુલામી! જૂએ છે ગંદકી! જૂએ છે પારાવાર ગરીબી! એને મનમાં થાય છે કે આ શો અંધકાર છે? આ શો ગજબ છે! એને મનમાં ચટપટી ઉઠે છે એવા બીજા પણ જુવાનો હતા જે પરેશાન હતા ને ત્યાં આમાંથી છૂટવાના પ્રયત્નો ચાલતા હતા જુવાન નહેરૂ અહીં તહીં ઘૂમે છે, પણ કયાંય તૃપ્તિ મળતી નથી આ લોકો કેમ સ્વરાજ લેશે? એના દિલમાં અશાંતિ પેદા થાય છે જેનો એ પ્રશંસક હતો તેનો એ સમાલોચક બને છે એ આદર્શી મુગ્ધ અધીર સંપન્ન અને વિદ્વાન યુવક એવું પ્રજળવા લાગ્યો કે જે વાસ્તવિક નહિ પણ સ્વપ્ન જેવું લાગતું હતું સ્વપ્ન તો ગયું નિરાકાર અશરીર અને મનુષ્ય તો રહ્યો સાકાર સશરીર પણ જવાહરનું મન એ પ્રાપ્ત કરવા માટે તલસવા લાગ્યું એના વ્યથિત મને કહ્યું કે આ ઉદાર લોકો જુના છે અને આ ક્રાંતિકારી લોકો બચ્ચા છે હોમરૂલમાં શું છે? ને જ સુધારણાથી શું થશે? અરે, કંઈક બીજું જોઈએ કંઈક બીજું મેરીઅર જવાહરની શક્તિએ અને અભ્યાસે એનામાં અજંપ ભૂખ પેદા કરી 'કંઈક બીજું' 'કંઈક બીજું'

અને જવાહરલાલને એ 'કંઈક બીજું' પણ મળી ગયું સ્વપ્નની ઇચ્છા હતી એ સ્વપ્ન પણ મળ્યું જવાહરલાલને ગાંધી મળ્યા

જવાહરલાલે પોતાની તમામ શક્તિ સાથે ગાંધીનો સાથ પકડી લીધો સાથ પકડી જ રાખ્યો પકડી જ રાખ્યો પણ ગાંધી તો ચાલી રહ્યો હતો જવાહરલાલને પોતાના જ રાગમાં મસ્ત

નો ભેરો થયો હોય એવું તો નહોતું એટલે થોડો પંથ કાપતાં જ એના મનમાં થવા લાગ્યું; 'અરે, આ શું છે? હું ક્યાં જઈ રહ્યો છું? શું આ જ માર્ગ છે? આ માણસ ક્યાં લઈ જાય છે? અરે, એ માનવી તો સાચો જાદુગર લાગે છે! પણ મારે સંભાળવું જોઈએ!'

ગાંધીનો સાથ તો ન છોડ્યો પણ શંકાઓ એના મનમાં ઘેરાવા લાગી. પકડેલો સાથ છોડે એવો તો જવાહરલાલ નહોતો. ગમે તે હોય, એણે તો પોતાની શંકાઓને ઘુંટીઘુંટીને પીવાનો યત્ન કરવા માંડ્યો.

એના મનમાં તોફાન ઉઠ્યું. શંકાઓ દબાવી દબાતી નહોતી. એણે આખરે લાચાર બની જાદુગર ગાંધીને કહ્યું: 'થોભો જરા મને બતાવો કે આ શું છે? પેલું શું છે? આવો આપણે, જરા થોભીએ અને આ પ્રવાસ વિષે સમજી લઈએ!'

ગાંધી: આ તો આ છે, અને તે તે જ છે હું જાણું છું. બધું બરાબર છે. થોભો નહિ, ચાલવા માંડો.

જવાહરલાલ: થોભો, થોભો. સમજ્યા વિના હું નહિ ચાલું.

ગાંધી: હા, એ બરાબર છે. બધું સમજી લ્યો, પણ હું તો જાઉં છું.

ગાંધી એ ક્ષણ રોકાયો હતો તે ચાલી નીકળ્યો. જવાહરલાલે કહ્યું: 'ચાલવામાં હું પાછો નહિ પડું, લ્યો હું પણ ચાલું છું, પણ સમજીશ તો ખરો જ!'

ગાંધીએ ચાલતાં ચાલતાં કહ્યું: હા, હા. જરૂર.

પણ મુશ્કેલી તો એ હતી કે ગાંધીનો ધર્મ એનો ધર્મ નહતો ગાંધી બહુ દૂરથી આવતો હતો. એ જાણતો હતો કે કયા માર્ગ ઉપર ચાલું છું અને ક્યાં જઈ રહ્યો છું. જવાહરલાલ તો પરેશાન અને અધીર બની કોઈ પંથ માટે કોઈ સ્વપ્નદૂતની રાહ જોઈ રહ્યો હતો. એને માર્ગ મળ્યો નહોતો ત્યાં આવ્યો ગાંધી અને જવાહરે એ માર્ગ પકડી લીધો, પણ એ માર્ગે એને તૃપ્તિ ક્યાંથી મળે? એટલે એ તો ચાલતાં ચાલતાં અટક્યો અને એણે ગાંધીને કહ્યું: 'નહિ! નહિ!! નહિ!!! હું પહેલાં સમજી લઈશ અને જાણી લઈશ. અરે, સાંભળો તો! ઈકોનોમિક્સ આમ કહે છે અને પોલિટીક્સ તેમ કહે છે. હવે કહો આપણે કેમ ન સમજી લઈએ?

ગાંધી: જરૂર સમજી લે અને જરૂર જાણી લે. ઈકોનોમીક્સની વાત પણ સાંભળ પણ થોભવાનું કેવું! મારો પંથ બહુ લાંબો છે.

જવાહરલાલ: હું બાળક નથી.

ગાંધી: તું વીર છો.

જવાહરલાલ: હું હાર્યો નથી, હું ચાલવાનું નહિં છોડું.

ગાંધી: તો ચાલ્યે રાખ.

એ યાત્રા તો ચાલુ જ છે પણ જવાહરલાલના મનનો સંતાપ વધતો જ જાય છે અંતરની અશાંતિ અંદર રહી શકતી નથી. ગાંધી કોઈ સ્વપ્નપુરુષની પેઠે એને મળ્યો. અત્યારે પણ એ જાદુગર જ લાગે છે......પણ અરે આ શું છે? જૂઓ. પોલિટીક્સ આમ કહે છે, ઈકોનોમિક્સ તેમ કહે છે અને ગાંધી કહે છે ધર્મ ધર્મ! ન સમજાય એવી વાત છે કે નહિ?...... ગાંધી છે મહાન પણ અંતે તો માનવી છે. પૂરી રીતે ભણવા ભણાવવાનો એને સમય પણ નથી મળ્યો. ઈન્ટરનેશનલ પોલિટીક્સ એ ઓછું સમજે એમાં આશ્ચર્ય પણ શું?...અને હા, કદાચ આ રસ્તો ખોટો તો ન હોય?.. પોલિટીક્સ...ઈકોનોમીક્સ ...પણ ગાંધી મહાન છે, સાચો આગેવાન છે.

જવાહરલાલ. ગાંધી! સાંભળો, તમારે જરૂર થોભવું પડશે આપણી પાછળ મહાસભાની આ લાખ્ખોની ભીડ આવી રહી છે તમે ને હું ભલે ખાડામાં પડીએ પણ મહાસભાને ખાડામાં નહિ નાખી શકાય બતાવો, તમારૂં આ સ્વરાજ શું છે, જ્યાં તમે અમને સૌને લઈ ચાલ્યા છો?

ગાંધી પણ થોભો નહિ, ચાલ્યે રાખો હા, સ્વરાજ? એ રામરાજ્ય છે

'રામરાજ્ય? પણ અમને તો સ્વરાજ જોઈએ આર્થિક, રાજનૈતિક સાંસ્કૃતિક'

'હા, હા એ બરાબર છે આર્થિક, રાજનૈતિક પણ ધીરા ન પડો ચાલતા માંડો'

'ધીરા? પણ તમારો રસ્તો જ ખોટો હોય તો?'

'સાચા હોવાની શ્રદ્ધા ન હોય તો અવશ્ય બીજો શોધી લ્યો હું તો જાઉં છું'

જવાહરલાલ સમજવા-જાણવા માટે થોભી ગયા ગાંધી પોતાને માર્ગે આગળ નીકળી ગયો જવાહરલાલે દુ:ખપૂર્વક જરા ચીડાઈને કહ્યું 'પણ સાંભળો તો ખરા, અરે જરા સાંભળો તો! તમારો રસ્તો ખોટો છે મને સાચો માર્ગ થોડો થોડો દેખાય છે'

ગાંધી હા હશે પણ જવાહર મારે લાંબો પથ કાપવાનો છે તું મને ખૂબ યાદ રહીશ હું તો જાઉં છું.

જવાહરલાલને એક ગુરૂ મળ્યો હતો એક જ સાથી એ એના હૃદયમાં કેવો વસી ગયો હતો! પોતાના પ્રાણથી યે અધિક એનો પ્યાર જવાહરલાલના અંતરમાં જાગૃત છે એનો સાથ છૂટી ગયો પણ રસ્તો એ નથી જ એ જ છે એ વાત એના મનમાં ગૂંજ્યા જ કરે છે

એટલામાં પાછળથી મહાસભાની ભીડ આવી પહોંચે છે

પૂછે છે જવાહર શું થયું છે? હારી કેમ રહ્યા છો? રોકાઈ કેમ ગયા?

જવાહરલાલ રસ્તો આ નથી

ભીડના એક ભાગે કહ્યું પણ ગાંધી તો એ ચાલ્યા જાય!

જવાહરલાલ હા જાય છે, ગાંધી મહાન છે પણ રસ્તો એ નથી પોલિટીક્સ બીજું કહે છે

ભીડમાંથી થોડાક લોકો કહે છે—સાચું છે રસ્તો આ નથી અમે પહેલેથી જાણતા હતા આવો, જરા વિસામો લઈએ, પછી પાછા વળીએ

જવાહરલાલ હા, રસ્તો આ નથી જ આવો, જરા વિસામો લઈએ પણ પાછા ફરવાનું કેવું? જૂઓ જમણા હાથ તરફ રસ્તો જાય છે એ બાજુ જવાનું છે

ભીડમાંથી થોડાક બોલી ઉઠ્યા પણ ગાંધી!

જવાહરલાલનો કંઠ ભરાઈ આવ્યો મહા મુશ્કેલીએ એ બોલ્યા ગાંધી મહાન છે, પણ રસ્તો

એનાથી વધુ ન બોલાયું વાણી થંભી ગઈ આંખમાં આંસુ ઉભરાઈ આવ્યાં

આ બાજુ લોકોએ પોકાર કર્યો જવાહરલાલ કી જય કોઈએ એ પુરાણો પોકાર કર્યો ગાંધી કી જય

અને ગાંધી એ જ માર્ગ ઉપર આગળ ધપી રહ્યા હતા, જ્યાં એ જયકારનો અવાજ અસ્પષ્ટ રૂપમાં પહોંચતો હતો

આ કલ્પનાચિત્રથી જવાહરલાલની વ્યથાનો અનુભવ આપણને થઈ શકે છે એ વ્યથાનું મૂલ્ય પ્રતિક્ષણ એને ચૂકાવવું પડે છે એથી જ

જવાહરલાલ મહાન છે. એ વ્યથાનો ધ્વની પુસ્તકમાં વ્યાપેલો છે એટલે પુસ્તક પણ સાહિત્ય છે. જેના પ્રત્યે રહી રહીને એનું મન ખેંચાયા કરે છે એના સામે બુદ્ધિની લડાઇ જાગી ઉઠે છે. કદાચ મનમાં થાય છે કે આ બુદ્ધિયુદ્ધ વ્યર્થ છે, પરંતુ વ્યથાનો ચઢાવો એકાએક પૂરો નથી થઇ જતો. આજ તો પોતાના વ્યુહમાં જ પેસી જઇ યોદ્ધાની પેઠે જવાહરલાલ લડી રહ્યા છે, પણ એમાંથી નીકળવાનું નથી જાણતા.

અહીં મને મારા જ એ શબ્દો યાદ આવે છે–સાંભરતું નથી કે મેં કયાં લખ્યા છે:

"While Gandhi is a consummation, Jawaharlal is a noble piece of tragedy. Describe Gandhi as inhuman if you please, but Gawaharlal is human to the core. May be, he is concertingly so."

જ્યાંથી જવાહરલાલ જૂદો માર્ગ લ્યે છે અને પોતાનો મતભેદ સ્પષ્ટ કરતા દેખાય છે ત્યાંથી પુસ્તકની 'કથા' ઓછી થઇ જાય છે, પ્રતિપાદન અધિક થઇ જાય છે. ત્યાં લેખકને પોતા પ્રત્યે તટસ્થતા નથી રહેતી, ત્યાં લેખક જાણે વાંચનાર પાસે પ્રત્યાશા રાખે કે જેને હું સાચું સમજું છું તેને તું પણ સાચું સમજી લે અને હું જેને ખોટું કહું છું તેને તું ખોટું માન. ત્યાં લેખક દર્શક જ નથી, પ્રદર્શક પણ છે, ત્યાં ભાવના સાથે વાસના પણ આવી જાય છે. એમ તો વાસના કોનામાં નથી હોતી ? એ માનવીનો અધિકાર છે, પણ લેખકને પોતાની કૃતિમાં વાસનાહીન હોવું એ જ સંબંધ સાચો સંબંધ છે. એ જ કલાત્મક છે. જવાહરલાલજીની કૃતિમાં એ આવી ગયું છે તે અકલાત્મક છે, અસુંદર છે. આધુનિક રાજનીતિ–અથવા કહો કે મહાસભાની રાજનીતિમાં જે સમયથી જવાહરલાલ અધિકારપૂર્વક પ્રવેશ કરે છે, તે સમયથી પોતાના જીવન વિષેના નિરીક્ષણમાં એટલા નિસ્સંગ નથી દેખાતા.

આત્મકથા લખવી એ એક પ્રકારના આત્મસમર્પણનું જ સ્વરૂપ છે. નહિ તો મારે કોઇની જીવનઘટનાઓને જાણવામાં કે મારી જીવનઘટનાઓને જણાવવામાં શો ફાયદો ? પરિસ્થિતિ સૌની જૂદી જૂદી હોય છે. એટલે જીવનપ્રસંગો બધાના જીવનનાં એક સરખા નથી હોતા પરંતુ તો યે એ વ્યક્ત કરવામાં લાભ હોય છે, એ લાભ એ છે કે બીજાના જીવનમાં આપણે આપણા જીવનની ઝાંખી કરી શકીએ છીએ, જીવનતત્વ બધાં જીવનમાં એક જ હોય છે અને દરેક જીવનમાં એ તત્વ હોય જ છે એટલે એથી લાભ થાય છે. વસ્તુતઃ જીવન એક નાટક છે. બધાના પાઠ જૂદા જૂદા હોય છે, તો પણ એકને બીજા સાથે સંબંધ હોય છે, પરંતુ એક બીજાનું કંઇ પ્રાપ્ત કરી શકે તો એનો આત્માનુભવ , નહિ કે અહંતા.

એ રીતે આત્મકથા પોતાના અનુભવોનું સમર્પણ છે. જવાહરલાલની આત્મકથા સંપૂર્ણતઃ એ નથી. એમના સમર્પણની સાથે આરોપણ પણ છે અને આગ્રહ પણ છે લેખકનો અનુભવ જ ત્યાં નથી મૂકયો, પોતાનો અભિમત, પોતાના વિધિનિષેધ, પોતાનો મતવિશ્વાસ પણ રજુ થયા છે. અને એ એટલું બધું આગળ આવી જાય છે કે લેખકનું વ્યક્તિત્વ કેટલીકવાર પાછળ રહી જાય છે.

અહીં હું એક વાત કહું ? એવું લાગે છે કે વિધાતાએ જવાહરલાલને પ્રાણશક્તિની જેટલી શ્રેષ્ઠ મૂડી આપી એટલી અનુકૂળ પરિસ્થિતિ હોવાની કૃપા ન કરી. પરિસ્થિતિની જે સગવડ સામાન્યજનને મળે છે એથી જવાહરલાલને વંચીત રાખ્યા. જવાહરલાલ એ યોગ્ય ફરિયાદ કરી શકે કે એમને આટલી બધી સુખ-સામગ્રી વચ્ચે શા માટે પેદા કર્યા ? એ દુર્ભાગ્ય માટે

જવાહરલાલ જરૂર નારાજ થઈ શકે અને એ માટે કોઈ એને દોષ આપી શકે નહિ. એ સહ્યઅસહ્ય ભાગ્યના પરિણામમાંથી આજે પણ એમનું વ્યક્તિત્વ મુક્ત નથી થઈ શક્યું.

એ કટ્ટર સમાજવાદી છે. એટલા રાજનૈતિક છે કે બીલ્કુલ ગ્રામ્ય નથી–એમ શા માટે? એ માટે તો નહિ કે પોતાની સંપન્નતા અને કુલિનતાની વિરુદ્ધ એના મનમાં ગાંઠ બંધાઈ રહી છે? એ ભાવ પોતાના વ્યક્તિત્વમાંથી એ હઠાવી નથી શકતા અને એથી એ બેચેન રહે છે 'એમ તો ન હોય?

વીસથી ચોવીસ વર્ષની અવસ્થાનો જુવાન પોતાને દુનિયાની સામે ઉભેલો લાગે છે. એને અથડાવું પડે છે અને ત્યારે જ એના માટે જીવન શક્ય બને છે. જગત એની ઉપેક્ષા કરે છે અને એની સામે ટક્કર ઝીલતા જ જુવાન આત્મજાગૃતિ અનુભવે છે કદાચ એ જુવાન એ યુદ્ધમાં પરાજિત થાય છે અથવા વિજયથી ઝબકી ઉઠે છે.

ઇતિહાસના મહાપુરુષોમાં એક પણ ઉદાહરણ એવું નથી કે જ્યાં વિધાતાએ એને આવો જીવનસંઘર્ષ આપવામાં પોતા તરફથી કંજુસાઇ કરી હોય!

પણ હું આજ વિધાતાને પૂછી શકું?–કે જવાહરલાલને પ્રાણ આપીને શા માટે એને લાડપ્યાર અને પ્રશંસાના વાતાવરણમાં ઉછરવાની લાચારી આપી? હું કહું છું કે વિધાતાએ એ દગો દીધો છે

પરિણામ એ આવ્યું કે જવાહરલાલ પૂરી રીતે 'સ્વ' ન થઇ શક્યા. એ એટલું વ્યક્તિત્વ ન થઇ શક્યા કે વ્યક્તિ રહે જ નહિ. 'થીયરી' એમને શોધવા નથી આવતી એ 'થીયરી' શોધવા જાય છે. શાસ્ત્રીય જ્ઞાનનો ટેકો એ એમનો ટેકો છે, હા, શાસ્ત્ર આધુનિક છે– પુસ્તકમાં કેટલાં અને કેવાં અવતરણો અને ઉદાહરણો છે!–શાસ્ત્ર એમના મસ્તિકમાં છે. હૃદયમાં નહિ. હૃદયમાં શાસ્ત્રનો સાર જ પહોંચી શકે, બાકી બધું રહી જાય. એથી અજાણપણે એ શાસ્ત્રને આધિન છે. અને બીજા શાસ્ત્ર પ્રત્યે અવજ્ઞાશીલ છે. એટલા માટે કે એ સમસ્યાઓનો એમને સામનો નથી કરવો પડ્યો કે જે સમસ્યાઓ સામાન્ય માણસને નિત્યજીવનની છે. એટલે એમના જીવનમાં જીવનસમસ્યાઓથી વધુ અને ભિન્ન ભિન્ન પ્રકારની બૌધ્ધિક સમસ્યાઓ ઘેરાઇ ગઇ.

માણસનું મન અને બુદ્ધિ ખાલી નથી રહેતાં સાથેસાથ એને કોઈ મંથન નથી જાગતું તો એ મંથન જગાવી મૂકે છે. જીવનસમસ્યા ન હોય તો બુદ્ધિસમસ્યાને બૌધિક રૂપ આપી દે છે શું એથી જ એમની બૌધ્ધિક ચિંતા રોટી અને કપડાંના રાજનૈતિક કાર્યક્રમમાં ઉત્સાહિત દેખાય છે? કારણ કે રોટી અને કપડાની સમસ્યા સાથે એમના 'રોમાન્સ' નો સંબંધ છે!

સ્થૂળ અભાવનું જીવન એમના માટે 'રોમાન્સ' છે. શું એટલા માટે એમ છે કે એમનું વ્યવહારિક જીવન ગ્રામ્ય નથી એટલે બુધ્ધિ એ માટે તપસ્યા કરે છે?

લોકો ચાલે છે ધરતી ઉપર, કલ્પના આભ સુધીની કરે છે. જવાહરલાલને એ નિયમ નથી લાગુ પડતો. આપણે વિધાતાને પૂછી શકીએ કે આ વિષમતા શા માટે?

જવાહરલાલને જોઇને મન પ્રશંસાથી ભરાઇ જાય છે પુસ્તક વાંચીને પણ સભર થયા વિના નથી રહેતું. જ્યારે એ મુખ ઉપર ચિંતા જોઉં છું ત્યારે તુરત જ લાગે છે કે એની પાછળ હાસ્ય ચાલ્યું આવે છે.

પણ એનો હરતો ચહેરો જોઇને એક ભય પણ લાગે છે કે એક ઘડી પછી એને પાછા તો નહિ પડવું પડે !

પુસ્તકમાં તાલેવંત અને કુલીન પણ મિલનમાર, વેદનાથી ભીની, પ્રગટ અને સાફ પ્રકૃતિની ઝલક દેખાયા કરે છે. મનની ઓછપ કયાંય નથી દેખાતી પણ મિજાજ સ્થળે સ્થળે દેખાયા કરે છે. આખા પુસ્તકમાં એક વિશેષ પ્રકારની સચ્ચાઇ અહીં તહીં વ્યાપ્ત થયેલી માલુમ પડે છે.

પુસ્તકના અંતમાં લાંબુ વિવેચન અને વિવાદ છે. આપણા અધિકતર વિવાદો શબ્દની મોઘમનાના જ હોય છે. જ્યાં સુધી મતિ ભિન્ન પ્રકારની હોય છે ત્યાં સુધી એક શબ્દનો એક અર્થ થઇ શકતો જ નથી. મહત્ત્વ શબ્દ અનેકાર્થે વાપી રહ્યા વિના છૂટી જ કેમ શકે ? એટલે વિગત પૂર્વક થયેલા વિવાદોની ચર્ચા આપણે છોડી દઇએ. એ પોતપોતાની સમજનો પ્રશ્ન છે. કોઇ ન કહી શકે કે જવાહરલાલ ખોટા છે. ભલે એ એમ કહે કે એ અને એજ સાચું છે.

જવાહરલાલજી આજે હિંદની રાજનીતિમાં એક જીવિત શક્તિ છે. એમનો વિશ્વાસ ભલે રેખાબંધ હોય પણ એ ધેરો છે. મારે કહેવાનું એ છે કે રેખાબંધ હોવાથી એની શક્તિ વધતી નથી પણ ઘટે છે અને સ્વરૂપ સાફ નહિ પણ વિકૃત થાય છે. ઉપરાંત એ કર્મપરાયણ છે. વિનોદ એમની રાજનીતિની જડ છે. એ જન્મથી બ્રાહ્મણ છે, વર્ગથી ક્ષત્રિય છે પણ એમનું હૃદય અત્યન્ત માનવી છે. સૂર્યોદયવેળાના પ્રભાત સાથે એમને પ્રીતિ છે, પશુ–પક્ષીઓમાં, વન-વનસ્પતીઓમાં, પ્રકૃતિમાં, તારાથી ચમકતી અંધારી–અજવાળી રાત્રીઓમાં, ભવિષ્યમાં, આ અજ્ઞેય અને અજેય શક્તિઓમાં, જે છે અને નથી પણ– એ બધામાં જવાહરલાલને પ્રેમ છે અને રસ છે. એ મનમાં કટ્ટર દેખાય છે પણ જીજ્ઞાસાથી ભરપુર છે. એ જીજ્ઞાસાના ભીના સ્નેહનો રસ જ્યારે અલૌકિક રીતે એમના હાસ્યમાં સ્ફુરે છે ત્યારે કટ્ટરતા પણ અમૃતમાં નહાતી હોય એવું લાગે છે. એ નેતા છે અને એમનો મધ રાજનૈતિક છે પણ એ તો ઉપરની અને બહારની વસ્તુ છે. જવાહરલાલનું સાચું મૂલ્ય તો એમા છે કે એ એક તત્પર અને સજાગ વ્યક્તિ છે. એ નિર્મમ તત્પરતા અને જાગૃતિની છાપ પુસ્તકમાં છે અને મારી માન્યતા પ્રમાણે એથી જ એ પુસ્તક સુંદર અને ચીરંજીવ સાહિત્યની ગણનામાં રહી જશે.

●

પ્રવેશે પ્રવેશે

કાવ્યો ? હા, હા તમારા મૃદુલ દમકતી ને વળી રંગભીની,
પાનીની સૂક્ષ્મ ચાલે, અભિનવ ઋજુતા શા શુચિ પ્હેરવેશે
લીટી લીટી લખીને કવિતડું રૂડું, માંડપરૂં મથીને,
શ્લોક શ્લોકા રચ્યો છો ચપલદ્યુતિતમે તો પ્રવેશે પ્રવેશે.

મળેલું

કવિતાની થેલીમાંથી

પારસમણિ[1]

"યાત્રિક"

: ભક્તમાળ :

વૃંદાવને તીર સરિતની જ્યાં
જપે હરિનામ સદા સનાતન,
એવે સમે બ્રાહ્મણ દીન વેશે
પ્રણામ કરતો આવી પડે ત્યાં ૧

પૂછે સનાતન "ક્યહીંથી પધારો ?
શું નામ છે ઠાકુર આપનું કહો ?"
શું વાત કહું ? દૂર ભમ્યા પછી અહો
પામ્યો છું આજે દર્શન." વદે દ્વિજ ૨

"છે નામ જીવન, ઘર માનકારે
જીલ્લાતણું નામ જ વર્ધમાન
મારા સમો ભાગ્ય વિહિન પૂરો
રે દીન દુઃખી મળશે ન ક્યાંય" ૩

"જમીન થોડી કરી વેઠ પૂરી
નિર્વાહ મુશ્કેલીથી હું કરૂં છું,
ખ્યાતિ હતી યજ્ઞક્રિયા વિષે પુરી
કિન્તુ ન આજે કંઇ શેષ તેમાં" ૪

"આરાધના મેં શિવની કરી ને
વરદાન મેં ઉન્નતિ કાજ માગ્યું,
પરોઢીએ સ્વપ્ન વિષે કહ્યું શિવે
'તારી વિનતી પૂરશે જજે તું- ૫

કાલિન્દીને તીર જઇ સનાતન-
ગોસ્વામીના પાદસરોજને નમે
માની પિતા તુલ્ય-ખરે જ તેમના
છે હાથમાં માર્ગ જ લક્ષ્મી પ્રાપ્તિનો" ૬

વાણી સુણી વ્યાકુળ સંત થાયે
વિચારતા, "મારી કને શું છે ?" વદે,
"જે કંઇ હતું તે સહુ ત્યાગી આવ્યો
ભિક્ષાતણું પાત્ર હવે જ હાથે" ૭

ઓચિંત ચિત્તે સ્મૃતિ કંઇક જાગે
હસી વદે સાધુ "ખરે ! ખરે ! છે !
નદી તીરે એક દીને ફરતાં
મળ્યો હતો પારસનો મણિ ત્યાં. ૮

"મ્હાપિ તેનું કરવા સુપાન
ત્યાં રેતીની માંહી જ દાટી દીધો
લઇ જાવ ઠાકુર, ટળી જશે દુઃખ
રે સ્હેજમાં સ્પર્શ થતાં જ માત્ર" ૯

વિપ્રે જઇ વેગથી શોધી કાઢ્યો
રેતી તણા રાશી થકી મણિને
ને સ્પર્શ કરતાં તત્કાળ ત્યાંહે
લોહાની બે બાંગી સુવર્ણ થાયે ૧૦

રેતી પરે-ત્વરમયથી કુબેરો-
બેસી, વિચારે દ્વિજ તે ઘડીએ
કલ્લોલ ગાને યમુના લવતી
વિચારતાને શ્રવણે વદે કંઇ ! ૧૧

નદી તીરે રક્ત છબી દિનાન્તે
અસ્તાચલે ક્લાન્ત રવીની નામે,
ત્યારે ઉઠી બ્રાહ્મણ સાધુ પાયે
આળોટતો, અશ્રુજળે વદે છે, ૧૨

'ધનિક જે લક્ષ્મી થકી થઇને-
માનો મણિના મણિને-કણીને
વિનમ્ર શિરે લઉં માગી" બોલી
નદી નીરે ફેંકી દીધો પછી મણિ* ૧૩

* કથાઓ કાહિની

સરિતાને તીરે[2]

તનસુખ

ધીમેધીમે વ્હેતી જાતી સરિતા કેરે કાંઠલડે
ધીમેધીમે વાતો કરતાં, સખિ બેઠાં'તાં આપણુ બે.
ઘેરાઘેરા રંગ ઉછળતા,
અજવાળે નભ ત્યાં:
સંધ્યા સુંદરીના ચમકારા
ચમકે દસ દિશમાં.

મીઠા, મીઠા કલરવથી સંધ્યામાં પંખી ગાન કરે,
આથમતા દિવસ માટે શું છેલ્લાં હર્ષોચ્ચારણુ કે?
એ ચમકારાથી યે ઉજળા,
ચમકારા તુજમાં,
એ કલરવથી યે પણુ મીઠાં
ગુંથન હૃદયોમાં.

છેલ્લા છેલ્લા મળીઆ તો ફરી આપણુ કો' દિ' મળીઆના,
આવે આવે ગુંજનનાં સ્મૃતિ-સ્વપ્નાં વિરહ નિશાઓમાં.

●

કોક દિન આવજે[3]

નન્દકુમાર પાઠક

જગતે જડે તો પથ કોક દિન આવજે,
પંથો અનેક ટેક પાળજે રે લોલ:
જગતે જડે તો પંથ કોક દિન આવજે

આત્માનાં પરમ હેત હૈયે તું પોષજે,
આતમના તાપને તું ટાળજે રે લોલ:
જગતે જડે તો પંથ કોક દિન આવજે.

સ્મરણોને સંતાડી સંસારે લાવજે,
જીવનના ઉપવનમાં વેરજે રે લોલ:
જગતે જડે તો પંથ કોક, દિન આવજે.

તારલા અનેક હોય ચાંદલિયો એક છે,
એકને અનેક ભેદી આવજે રે લોલ·
જગતે જડે તો પંથ કોક દિન આવજે.

●

મહારાજાના મહેલો[૪]

સુધાંશુ

મહાકાલ તણી મૂકી માનવતા
યુગને સળિયે ભીડી વજ્ર ભુજા
નિજ બંધુ ને માતપિતા ય સમા
સહુને વિસરી નિજ આતમરાગને છેદતો માનવી પૃથ્વી વિષે,
વ્હાગે જાવું ય ક્યાં ભૂલી! બાંધવતા-રસ ખૂંદીને વૈભવવાટ મળે?

નીલ સાગર-સ્ફટિક રમ્ય લસે,
સ્હામે પ્રકૃતિના પ્રૌઢ નેન હસે,
એને દૂર ને દૂર ઊંચે ઉગશે
રસ તારલીની રૂપેરી રમ્ય પ્રભા, અને શેરડા ચાંદનીના ભરશે
મુંગી સાન્ધ્ય ગુફા: સહુના દિલમાં એજ આગ અનંત શિખે ભભકે.

જરી નીરખને રાજ! તાજ જળે,
મહા દોઝખની ચંડ અગ્નિ ચડે,
મગરૂ વરમંડ પ્રચંડ સગે,
બધે રાસ રમે તવ પાપની જોગણી ખડિંગતા ભયકાર બને
તમે મોતના શાપ સમી તવ પાપની પૂતળીના પાયા કેમ ચણે?

આજ ગોઝારા વર્ષોના વર્ષો પડે,
કૃશ કૃષિકારો ય બધા તરફડે,
ટીપું આભથી પાણી ય શેનું પડે?
જહીં માનવતા દુઃખમાં કકળે, નહિ ઓય બચાવની ક્યાંય મળે,
ત્હારા પાતાળ પેટની પોલ કહે, ભાઈ! ભાર હદીએ એનો ય હશે?

ત્હારી છાકેલ રાજમતા જો રડે,
એની નસે નસો દૂપાઇ કથળે,
એની અંતિમ મોત ઘડી બગડે;
હવે જાતાં જાતાં એને સુખ્યન્ત લોકનિસાસા તણા દેવા કેમ હરે?
તને આવડાં માનવી-ખોળિયા પ્હેરીને રૂધિરછાકના ગમ ઘરે?

ઊભી આસમાને ગોઝારા ઝગે
તવ મ્હેલમિનાર: દીવા ભડકે
જળે: આકાશી તારકને ય પીડે

ત્હારી કરપીણ કલા રંગબેરંગી: એ મેઘધનુ પાસે લાજી મરે,
એ તો આજનો માળજ એવો કે મેઘ ને વીજના દાન એ દીનને દે!

રોટી કાજ જે માનવી માળ ચ્હડે,
માથે બેલાં-ગદ્દેલાંના ભાર સહે;
કદી પગ લથરતાં આવી પડે
સાત માળથી વજ્રમહી વસુધાતલ, શ્વાસ ને પ્રાણ તો શેના રહે?
એનાં કકળતાં નિરાધાર બાલુડાંને નોધારાં ત્હારાં આ મ્હેલ કરે!

●

એનું હાસ્ય[૧]

ભાસ્કર વ્હોરા

એ હાસ્ય ત્હારે નજરે છ જોવું?

અગાધ અવકાશમાં તિમિર છાઈ જ્યારે રહે,
ઝૂઝે દિગદિગન્તને જીવન મૃત્યુ વટોળમાં
અહા! ફૂદડીઓ ફરી પ્રલયમેઘ વર્ષી રહે—

વિદ્યુતના નર્તન્ માંહી ત્યારે
હૈયે ધરી હિંમત શાંત ચિત્તે,
વિશ્વેશનું હાસ્ય ઉકેલવું છે?

સહસ્ત્ર વરસો ગયા, શત સહસ્ત્ર જાશે હજી,
છતાં પ્રલયમાં પ્રભુ સ્મિત કેર, અહા! ચિત્રએ,
નહિં જ મનુ-કલ્પના મહીં કદાપિ આવી શકે?

અણુસમો માનવ બુદ્ધિ ચક્ષુ,
સમાવશે કેમ વિરાટ વિભુ?
એ હાસ્ય ત્હારે નજરે છ જોવું?

●

નિષ્ક્રિય કવિ[૧]

પ્રબોધ

"કવિ કરે તો કવિતા કરી શકે,
બની શકે બોંબ એ બહુ તો.
ક્રિયા બધી સચલતા સમસ્ત તો—
પડી રહે એ નિજ પોપચાં બીડી"
કહે જનો "કોઈ કવિ દીઠો છે
જેણે શોધી હોય અજેય બોમ્બ?
વિજ્ઞાનિક કે અપર પ્રયોગીમાં—
કો એ કદિ યે કવિ ક્યાંય જોયો?"
"ના, ના. અરે નિષ્ક્રિય સાવ છે કવિ
બેઠો રહે એ નિજ તાનમાં ડૂબી"

વિશ્વોના ઘર્ષણો જોતા રહી નિષ્ક્રિય સતત છે.
સઘળાં માત્ર એમાંથી શક્યો અભિજ્ઞ કવિ.

અને જ્યારે હરી ગર્વિત ઓલાયો ચેતનાવહ,
પ્રશાન્ત ઓષધી એના, વિદ્યોતાગ્નિ ફરી જગી.

●

સાગરને[૭]

ચંદનલાલ વખારીઆ

વસંતતિલકા

ઓ વારિધિ, પ્રમત્તપૂર નિરભ્રગા,
શ્રદ્ધાભર્યા પ્રગતિજીવનના વિજેતા!
તારી પીઠે સુસવતો વહે માતરિશ્વ
ચગી જતું ગર્જને તુજ, રૂક્ષ વિશ્વ.

તારો પ્રચંડ મદશોર ભર્યો જુવાળ,
પૃથ્વીપટે ધસમસે બની વિકરાળ.
તું શૌર્ય-સાહસ તણો અણજીત યોદ્ધો
ને યુદ્ધ આ પરમ મથન, પુણ્યશ્લોક!

તારે શિરે ગગનચંદરવો અફાટ,

ઝીલે છ નિત્ય તુજ અંતરશ્રોપણાને:-
સત્તા, દયા, સહજ ધીરતણું ક્ષમત્વ
અર્પેલી તેં જગતે સર્વ વિશાળ દષ્ટિ,
વિતર્કમગ્ન જગના અવિરામ મિત્ર:
દોરી શકું કયમ કરી તુજ ભવ્યચિત્ર ?

●

ઉપર જે કવિતાઓ આપી છે-ને બીજી, ગણી ગણાય નહિ એટલી થેલીમાં પડી છે-તે બધી નાપસંદગી વહોરીને તેમના કર્તાઓને પરત થવાની તૈયારીમાં હતી. અમુક અમુકમાં તો કાવ્યતત્ત્વો સારા પ્રમાણમાં હાજર હોવાં છતાં એમા કઈ ભૂલો શોધી હતી એના પરીક્ષકે ? કે બંને વચ્ચે રૂચિભેદ આવી ઉભો હતો ? સાચી વસ્તુ તો એ છે કે સુઘટિત રૂપમા ન યોજાએલી કાવ્યમાંડણી ક્યારેક દૃષ્ટિને પણ કર્કશ લાગે છે. ને કર્તાનું વિચારપ્રાબલ્ય પણ નિર્માલ્ય દેખાય છે. વળી ખીચોખીચ બોધકતત્ત્વો- જે આજની કવિતામા ઓછાં છે- ને શબ્દચમકો, અર્થસાધક ન હોય તો મૂંઝવે છે.

અહી કૃતિઓના ગુણદોષને વ્યક્ત કરવાનો યત્ન કર્યો છે. એમાં ગુણદોષ શોધકના મંતવ્યને છેલ્લો શબ્દ માની ન લેવાની સૌ કવિમિત્રોને પ્રાર્થના છે. એ સૌ કાવ્યોનાં અંગોપાંગો પીંખવાની વેળા નથી અત્યારે. ને આવી કૃતિઓ તથા પરીક્ષકનો એવો અધિકાર પણ ઓછો અહીં તો સમભાવશીલતાથી અમે યે તમારી જેમ એ વિષયના વિદ્યાર્થી છીએ એમ માની આ રચનાઓની વચ્ચે ઉભા છીએ એટલું વિચારશો.

(૧) 'કથાઓ કાહીની'ની એક ભક્તિકથા ઉપરથી આ કાવ્યની રચના થઇ છે. વસ્તુને જીવત આપવા માટે છંદને કેટલું ખમવું પડયું છે ? એક બે ડગલાં મૂક્યાં કે ધરતી ખડબચડી આવી જ છે. અતિસરલ બનતાં જતાં મિશ્રોપજાતિમાં આ ક્ષતિઓ અસહ્ય છે. થોડીઘણી લીટીઓ બાદ કરતાં જે સામ્યતા આણી રચનામાં ઉપસેલી રહેવી જોઇએ તે રહેતી નથી, ને મૂળના વિશાળ અર્થને પહોચવાની અશક્તિ છતી થઇ જાય છે. તેમાયે ત્રીજી, ચોથી, સાતમી, દસમી, અને બારમી કડીની વિચારગૂંથણી પરિપક્વ નથી.

(૨) વિચારમાં ભાવતત્વ છે પણ લય બાંધણીમા શિથિલતા છે. આઠમી, નવમી અને દશમી લીટીઓ સારી છે. ત્રીજી, ચોથી ખૂબ નબળી છે. ગેયકાવ્યોમાં જે એકધારૂં ચઢાણ-ઉતરાણ જોઈએ તે આમાં નથી ને ભૂલો પણ છે.

(૩) ગેય કવિતાનું આ બીજું સ્વરૂપ નિર્મળ છે ને નિર્ભેળ પણ છે. શબ્દનો મર્મ ઓળખવાની વિવેકદષ્ટિ લેખકને વરી છે. ચણતર ભવ્ય નથી પણ શ્રદ્ધાનું વ્યાપકસ્વરૂપ એને મળ્યું છે. ગતિના મર્યાદાને પણ એણે સંભાળી છે.

(૪) આપણે જોઈએ છીએ કે ધીમે ધીમે લલિત સુશોભન કલ્પનાનો રંગ ઝાંખો પડ્યો છે ને શબ્દરમણે ચડી છે નવી કવિતા ને સાથે સાથે દરિદ્ર, દુઅનિવારણનો પ્રચાર પણ ફૂલ્યો ફાલ્યો છે જે આવશ્યક પણ છે ને અનાવશ્યક પણ કારણકે વિષયમાંથી વૈવિધ્ય ઓછું થયું છે "વ્યથા અને વ્યગ્રતા પિવારતર' જેવી શોભે છે ને ભાવુકતા લાગણીની જોડાજોડ બેઠેલી ભાવુકતાએ નવા કવિમિત્રોને ઘેરી લીધા છે હરેકને એક જ વસ્તુ નિરૂપવી છે એને માટે નવી નવી માંડણીઓની શોધ થાતી છે મેઘાણી કે સુન્દરમના અનુકરણકારો પાસે હવે તો મુદ્દાઓ પણ નવા નથી રહ્યા, ને શબ્દો પણ ખૂટ્યા છે સુરુચિની સભાન માટે તો પૂછવાનું જ શું ?

(૫) આમાં કવિ શ્રદ્ધાની વાણી ઉચ્ચારે છે કે અશ્રદ્ધાની? સંસારભરની સુમંગળ વ્યવસ્થા જેને શિર છે તેને મૃત્યુદંડનો પ્રેરક માનવાની જિજ્ઞાસા ના કહે છે પણ માનવીની બુદ્ધિ, અણુતમ માનવીની બુદ્ધિ એ વિરાટ સત્વને સ્પર્શી શકે કઈ રીતે? અમે પણ એમ જ કહીએ છીએ કશીએ 'અર્થસાધક દક્ષતા' ના મોહમાં પડ્યા વિના સીધેસીધી ઉતરી આવેલી આ પંક્તિઓમાં સાચું કલ્પનાદર્શન છવાયું છે તેમજ કલ્પના પાછળ જે ગાંભીર્ય અને ભાવની સચોટતા જોઈએ તે પણ એને મળ્યાં છે

(૬) ભાષાવ્યક્તિ માન ઉત્પન્ન કરાવે છે તેમાંયે દસ લીટીનું પહેલું ચોસલું, વિચાર-સામર્થ્યમાં ય ચડી જાય તેવું, છેલ્લી ચાર લીટીમાં આપેલું સમાધાન પણ આશાસ્પદ હયાતીની પ્રતીતિ કરવે તેવું છે

(૭) સંબોધાત્મક કાવ્યનું આ સ્વરૂપ જરા નિરાળું છે ને વિચિત્ર પણ છે ઉપમા કે અલંકારસુજણની કુમાશ કવિતાને બાધ કર્તા નથી એમ અમે સચો અપવા ખોગી રીતે માનીએ છીએ ને છંદશૈથિલ્ય પણ ભાવસ્થિતિને હાનિ ન કરે તેવું હોય તો તેને પણ આજની ગ્રેહીશવું નોતરૂં છે માત્ર એક વસ્તુ હાડોહાડ ખૂચે છે ને તે દુર્બોધતા કર્તા કુશળ કસબી છે છતાં આરોપણ પાછળની આખી ભોને એમણે ટાંકણે ટાંકણે ત્રોફી નાખી છે 'ધરતી જડ ગરજને ગુંજ રક્ત તિશ' એટલે શું ? સાગરગર્જનાથી સંસારની કઈ ક્રિયાપ્રક્રિયાઓ અટકી પડી? વસ્તુની નિર્મળ સુંદરતાને જાદુઈ કલ્પનાથી ગંગોળવાનો મોહ હવે કયા કારણે? ને છેલ્લી લીટીઓમાં ફરી પાછો 'અવિરામમિત્ર' બને છે એ જગતનો! આ વિરોધોક્તિ સાંખી લેવાય તેવી નથી અને આવી અસંબદ્ધતા તો લગભગ પ્રત્યેક ભાવને નાગણની જેમ વીંટાઈને બેઠી છે

ઇન્દુલાલ ગાંધી



શ્રી. રતિલાલ મહેતા

ફ્રાન્સ અને તુર્કી :

ગયા વખતની નોંધમાં આશા રાખી હતી એ પ્રમાણે એલેક્ઝાન્ડ્રેટાના સંબંધમાં ફ્રાન્સ અને તુર્કી વચ્ચે સમજુતી થઇ ગઇ છે અને રાષ્ટ્રસંઘ તરફથી પણ એને બહાલી મળી ચૂકી છે

આ સમજુતીમાં એમ ઠરાવવામાં આવ્યું છે, કે સન્જાકને એક સ્વતંત્ર એકમ તરીકે માનવામાં આવશે એના આંતરિક કારોબારમાં એને સંપૂર્ણ સ્વતંત્રતા મળશે અને એલેક્ઝાન્ડ્રેટાની પરદેશ નીતિ સન્જાક પ્રજાસત્તાકના હાથમાં રહેશે આ પ્રજાસત્તાક નવા સીરીયન પ્રજાસત્તાકનો અંતર્ગત ભાગ બનશે

સત્તાવાર ભાષા તુર્કી રહેશે બીજી ભાષા કઇ રહે, અને એના વપરાશની કેવી શરતો રહે તે રાષ્ટ્રસંઘ પાછળથી નક્કી કરશે

એક કલમ એવી પણ છે, કે સન્જાકમાંથી લશ્કર ઉઠાવી લેવામાં આવશે, અને સન્જાકની પ્રાદેશિક એકતા અને અટૂટતાની બાંહેધરી આપતા કરાર ફ્રાન્સ અને તુર્કી વચ્ચે થશે

ડાન્ઝીગ અને પોલાંડ :

રાષ્ટ્રસંઘને હમણાં હમણાં મૂઝવી રહેલા પ્રશ્નોમાં ડાન્ઝીગનો પ્રશ્ન પણ એક હતો. મહાયુદ્ધ પછી યુરોપમાં વર્સેલ્સ કરારોને પરીણામે પ્રદેશોની જે ભાગફાડ થઇ, વેરણછેરણ થઇ, એમાં કપાયેલા ટુકડાઓમાં આ ડાન્ઝીગ પણ હતું વર્સેલ્સના કરારની રૂએ એને રાષ્ટ્રસંઘના અંકુશ

હેઠળ મુકવામાં આવ્યું. જર્મની અને પોલાંડ વચ્ચે આવેલું આ બંદરી શહેર ભારે મહત્વનું સ્થાન ધરાવે છે. એટલે વર્ષોથી નાઝીઓ એમાં પગપેસારો કરતા રહ્યા છે, ને તોફાનો જગાવવામાં કારણભૂત બન્યા છે.

હમણાંજ પોલાંડની સરકાર અને ડાન્ઝીગના સત્તાવાળાઓ એવી સમજુતી પર આવ્યા છે, કે પોલાંડને ડાન્ઝીગ બંદરનો ઉપયોગ કરવા દેવાની સત્તા આપતો ૧૯૩૩ના સપ્ટેંબરનો પ્રોટોકોલ (કરાર) વધુ ત્રણ વર્ષની મુદત માટે લંબાય. બદલામાં પોલાંડની સરકારે ડાન્ઝીગ અને ઝીની-ઓને સમાન વર્તન આપવાની ખાત્રી આપી છે. એ રીતે ડાન્ઝીગના એ 'સ્વતંત્ર' શહેરની વ્યાપારિક સ્થિતિ કાયમ બની રહેશે.

રાષ્ટ્રસંઘમાં બ્રિટીશ પરદેશ મંત્રી મિ. એન્થની એડન, જેના પર ડાન્ઝીગના સવાલની વિચારણા છોડવામાં આવી હતી એ, પોલાંડના પરદેશ મંત્રી કર્નલ બેક અને ડાન્ઝીગના પ્રમુખ નાઝી વડા અમલદાર હર ગ્રીઝર વચ્ચે ડાન્ઝીગના સવાલ પર આ સમજુતી થવા પામી છે ડૉ. ગ્રીઝરે તો ખૂબ ખૂબ સંતોષ વ્યક્ત કર્યો. આ સમજુતીમાં એમને યુરોપીયન સુલેહશાન્તિને સારો ટેકો મળેલો દેખાય, એ તો કુદરતી છે. પણ ખરી રીતે તો ઇંગ્લાંડે તેમજ પોલાંડે ડાન્ઝીગની પ્રજાને દગો જ દીધો છે ત્યાં નાઝીઓ માત્ર સમાજવાદીઓ સામેજ નહિ, વિનીતો અને કેથોલીકો સામે પણ ત્રાસ ચલાવી રહ્યા છે. મિ. એડનને એ અત્યાચારો રોકવાની કંઇ પડી નથી. એમણે તો સમજુતી કરી દીધી, ને ફેસીસ્ટોનું દમન હવે વધુ જોરથી ચાલશે.

પણ ડૉ. ગ્રીઝરના અપમાનભર્યા, ત્રાસવાદી વર્તન પ્રત્યે લોકો આંધળા નથી. નવા લીગ કમીશનર તરીકે ત્યાં રહેવા માટે હોલાંડના એડમીરલ દમાકને આમંત્રણ આપવામાં આવેલું. પણ એમણે એ આમંત્રણ સ્વીકારવાની ચોકખી ના સુણાવી દીધી છે. આખરે જીનીવા ખાતેના ઇન્સ્ટીટ્યુટ ઑફ ઇન્ટરનેશનલ સ્ટડીના અધ્યાપક પ્રો. કાર્લ બુર્કહાર્ટે આ હોદ્દો સ્વીકાર્યાના સમાચાર મળે છે.

બેલ્જીયમમાં ભંગાણ!

બેલ્જીયમમાં મુડીવાદી અને લોકસત્તાવાદી એવું મિશ્રતંત્ર ચાલે છે. પ્રધાનમંડળમાં સમાજવાદીઓ પણ રહેતા આવ્યા છે, જો કે તેઓ કશું નોંધપાત્ર કરી શક્યા નથી. થોડા વખત પહેલાં બેલ્જીયમના રાજાએ ભવિષ્યના કોઇ પણ યુદ્ધમાં બેલ્જીયમ તટસ્થ રહેશે એવી જાહેરાત કરી, અને એ રીતે ફ્રાંકો—બેલ્જીયમ મૈત્રીને ભયમાં મૂકી ત્યારે પ્રધાન મંડળમાં સારો ખળભળાટ મચ્યો હતો. વાન્ઝીલાંડ અને વેન્ડર વેલ્ડે— જેઓ જુના સમાજવાદી છે એમના પક્ષો વચ્ચે સખત ઝઘડો ચાલુ રહ્યો છે સ્પેનમાંની બિનદરમ્યાનગીરીની વાત પર પણ બેલ્જીયમના સમાજવાદીઓ અસંતુષ્ટ રહેતા આવ્યા છે. કેથોલિક પક્ષમાં હમણાં ભંગાણ પડયું તેથી વાન્ઝીલાંડ વધારે જમણી બાજુએ (એટલે વિનીત વાદ તરફ) ઢળ્યા છે. આમ મતભેદ ઉગ્ર બન્યો છે મો. વેન્ડરવેલ્ડેએ પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું છે, પણ એ આશાસ્પદ ચિહ્ન નથી કારણ કે આમ ભંગાણ પડશે તો દેશના ફેસીસ્ટો (રેક્સીસ્ટ પાર્ટી) વધારે સબળ બની જશે.

રૂમાનીઆ કઇ તરફ?

ફ્રાન્સ તરફી પરદેશ મંત્રી ટીટ્યુલેસ્કુ દૂર થતાં થોડી વાર એમ લાગતું હતું કે રૂમાનીઆ નાઝીઓના હાથમાં પડી જશે. રૂમાનીયામાંના હિટલરના એજન્ટ ગોગાનું જોર વધતું દેખાતું હતું. પણ આ બાજુ કર્નલ બેકના જવાથી

અને જનરલ રીઝ-સ્મીગ્લીના આવવાથી પોલાંડની જર્મની તરફી વલણ ઠંડી પડતી ગઈ, વધુને વધુ ફ્રાન્સ-તરફી બનતી ગઈ, તેમ રૂમાનીયાના પરદેશ સંબંધો પણ જરા વધુ લોકસત્તાપક્ષી બનવા લાગ્યા છે, ઝેકોસ્લોવેકીઆ સાથેનો એનો સંબંધ સુધર્યો છે.

પણ તે છતાં અંદરની સ્થિતિ તો હજુયે ફેસીસ્ટ ભયથી ધ્રૂજી રહી છે. આયર્ન ગાર્ડઝનો ત્રાસવાદ શમ્યો નથી. રૂમાનીયાના સમાજવાદી નેતા ડૉ. ટોટાર રાડાસીઆનુએ હમણાંજ કહ્યું કે: આજે યુરોપમાં બીજા કોઈ પણ દેશ કરતાં રૂમાનીઆને વધારે ગંભીર અને વધારે સીધી રીતે ફેસીઝમનો સામનો કરવાનો છે;

હમણાંજ ત્યાં-રાજધાની બુખારેસ્ટમાં-એક બનાવથી ભારે ખળભળાટ મચી રહેલો. સ્પેનીશ બળવાખોર લશ્કર સાથે લડતાં લડતાં આયર્ન ગાર્ડસના બે માણસો માર્યા ગયા. એમની અંતિમક્રિયામાં ભાગ લેવા માટે જર્મની, ઇટાલી, ઓસ્ટ્રીઆ વગેરે ફેસીસ્ટ રાજ્યોના મુત્સદ્દીઓ અને રૂમાનીઆના ગેરકાયદે ફેસીસ્ટ મંડળના સભ્યોની - યુનીફોર્મમાં- જંગી જમાવટ થઈ હતી રાજા કેરોલ પણ રોષે ભરાયલા, પણ કેરળ રોષથી કોઈ આજે ડરતું નથી.

મધ્ય યુરોપનો કોયડો !

"એક પાટીમાં ઝેકોસ્લોવેકીયા સરકારે જર્મન લઘુમતિને જે છુટછાટો આપી છે, તેની કલમો પ્રગટ કરવામાં આવી છે, જર્મન કામદારોને વધુ નોકરી મળશે, જર્મનોને વધુ પ્રમાણમાં સીવીલ સર્વીસમાં ગણવામાં આવશે, અને જર્મન ભાષાનો વધારે ઉપયોગ કરવામાં આવશે. લંડનના રાજદ્વારી મંડળોમાં મનાય છે કે આ છુટછાટથી મધ્ય યુરોપના એક ઘણા જ મુશ્કેલ પ્રશ્નનો નીવેડો લાવવાનો માર્ગ ખુલ્લો થશે."

રૂટર

બ્રિટનનો મજુર પક્ષ :

બ્રિટનની લેબર પાર્ટી હંમેશાં વિનીતમાં વિનીત અને મોળું રાજકારણ ધરાવે છે. એને મજુર પક્ષનું નામ આપવું એ પણ બરાબર નથી, કારણ કે મજુરો માટે એ પક્ષ કદિ લડવાને શક્તિમાન દેખાયો નથી.

થોડાજ સમય પહેલાં આ સત્તાવાર પક્ષની અંદરના સમાજવાદી પક્ષે-સોશીયાલિસ્ટ લીગે- સ્વતંત્ર કામદાર પક્ષ-આઈ. એલ. પી.-અને સામ્યવાદી પક્ષ-સી. પી. સાથે મળીને ફેસીઝમ સામે એક સંયુક્ત મોરચો ઉભો કરવાનું ઠરાવ્યું. આ મોરચાનો હેતુ કામદાર ચળવળને વધારે લડાયક બનાવવાનો, રાષ્ટ્રીય સરકારને ઉથલાવી પાડવાનો, અને યુરોપના બીજા સંયુક્ત મોરચાઓ સાથે સહકાર સાધવાનો હતો. આ વાત લેબર પાર્ટીના તંત્રવાહકોને રૂચી નહિ, ને એમણે આ ઉદ્દામ સમાજવાદી પક્ષને અલગ કર્યો. એથી નુકશાન એનેજ થયું છે, કારણ કે હેરોલ્ડ લાસ્કી, બ્રેલ્સફર્ડ, સ્ટ્રેફર્ડ ક્રિપ્સ જેવા શક્તિશાળી કાર્યકર્તાઓ એ ગુમાવી બેસશે. એથી સંયુક્ત મોરચાની જોરદાર લડત જરાયે અટકી નથી.

ઓટો પાછો આવશે ?

નાઝી ચાન્સેલર ડૉ. શુશ્નીગની ઓસ્ટ્રીઆ પરની પકડ ઢીલી પડતી જાય છે. ત્યાં નાઝીઓ તેમજ સમાજવાદીઓનું લગભગ સરખું બળ છે, અને સમાજવાદીઓ અને સામ્યવાદીઓ વચ્ચેનો સંયુક્ત મોરચો છૂપી છૂપી રીતે પણ ત્યાંની કામદાર વર્ગની લડતને ખૂબજ મજબૂત કરી રહ્યો છે. અને તેમ તેમ નાઝીઓ છૂટ પર આવી

જતા દેખાય છે દેશની આંતરિક, આર્થિક મુશ્કેલીઓ પણ વધતી જાય છે આવી હાલતમા શુસ્નીગ કદાચ જાય ને ઓટો પાછો ગાદીએ આવે તો કહેવાય નહિ

હિટલર શું કરશે?

નાઝી અમલની ચોથી જયંતી ઉજવત હિટલરે જાહેર કર્યું કે 'હવે ધડાકાઓનો યુગ ખતમ થયો છે, હવે સુમેળ શાંતિ જોઈએ છે' એજ વાત એણે પાછળથી માજી–લશ્કરી માણસોને કહી આ એકરાર સાચો હશે? યુરોપના ઘણા મુત્સદ્દીઓ પણ એથી આશ્ચર્યમા પડી ગયા હશે કેમ્બ્રાક–એન્થની એડન જેવા–રાહતનો નિશ્વાસ મુક્યો હશે

પણ વાત એટલી સાદી નથી ધૂમધડાકાનો ધાકધમકીઓનો કાળ ભલે પુરો થયો હોય પણ પરસ્પર આજે જે અવિશ્વાસ અને ભયની લાગણી પ્રસરી છે, એ જરાય કમ થઇ નથી હિટલરે પોતાના એ ભાષણમા યુરોપની શાંતિ માટે જે આઠ શરતો મૂકી છે, એથી કોઇ સંતોષ પામે તેમ નથી બ્રિટીશ પત્રોએ સુદ્ધા એ ભાષણને અસંતોષકારક ગણાવ્યુ છે ફ્રાન્સે પણ એનો સખત વિરોધ કર્યો છે

હિટલર, ફ્રાન્સ અને બ્રિટન સાથે મિત્રાચારી સાધવા ચાહે છે, પણ કઇ રીતે? સંસ્થાનો પાછા મેળવવાના નિશ્ચયથી? સંસ્થાનો પરની જર્મનીની આ કડક આંખ બ્રિટનને હવે ખૂંચવા લાગી છે અને ફ્રાન્સ હિટલરના આક્રમણને લગભગ ચોકકસ માની લઇ એની સામે સાવચેત રહેવા લાગ્યુ છે એ દનાદીઅરે ચૌદ કરોડ પૌંડનુ લવાજમના શસ્ત્રો માટેનુ અંદાજપત્ર રજુ કરતા કહ્યુ યુરોપનુ આવતી કાલનુ યુદ્ધ આંતરરાષ્ટ્રીય હશે ને આ ઉદ્ગાર સાચો લાગે છે આગામી વિગ્રહ દેશ દેશ વચ્ચે નહિ પણ ચીન બતાવે છે તેમ, દુનિયાના પ્રગતિગામી અને પ્રત્યાઘાતી તત્વો વચ્ચે હશે હિટલરનો રશિયા અને 'બોલ્શેવિઝમ' પ્રત્યેનો બળાપો કદિ શમનાર નથી શાંતિની વાતો કરીને એ તૈયારીજ કરી રહ્યો છે

સોવિયેટ-મુકદ્દમાઓ

દુનિયા આખી રશિયામા હમણા હમણા એકાએક ફાટી નીકળેલા કાવત્રા કેસો પ્રત્યે સ્તબ્ધ બનીને જોઇ રહી છે એમ તો ચાલુ તંત્ર સામેના નજીવા વિરોધો અને કાવત્રાઓ, અને એમનો સામનો કરવા માટેના ઉપચારો થતા આવતા હતા એ પ્રત્યે ખાસ ચિંતા કે ધ્યાન નહોતા અપાતા પણ ગયા ઓગસ્ટમા ઝીનોવીવ, કામેનેવ અને બીજા ચૌદ આરોપીઓ સામે ચાલેલા કેસે સૌને ચકિત કરી દીધા રશિયન ક્રાંતિમા જેમણે આગળ પડતો ભાગ લીધો હતો, પ્રાણની ય પરવા કર્યા વિના ક્રાંતિની સેવામા જેમણે અનેક મુશ્કેલીનો સામનો કર્યો હતો એવા એ ક્રાન્તિકારીઓ હતા એમની સામે આરોપો હતા સ્ટેલિન વગેરે સોવિયેટના અત્યારના આગેવાનોના ખૂન કરવાના અજબ જેવી વાત હતી કે તમામે તમામ આરોપીઓએ એક બીજા પર ચડસાઈ કરતા હોય તેમ પોતાની સામે મુકાયેલા તમામ આરોપોનો નીચી મુંડીએ એકરાર કર્યો એમને ઠાર કરવામા આવ્યાની વાત જગજાહેર થઈ

એ પછી ફરીને આ વર્ષની શરૂઆતમા બીજો ને પહેલા કરતા વધારે ભયંકર સ્વરૂપનો, કેસ ચાલ્યો આ વખતે રાડેક, સોકોલનીકોવ વગેરે મશહુર માનવીઓ સામે જે રાડેકે સ્ટેલિનની કૃપા મેળવવા ચાહતો હોય તેમ ઝીનોવીવ વગેરેને "હડકાયા કુતરા" ગણાવી એમને તાબડતોબ પુરા કરી નાખવાની ભલામણ કરી હતી એ જ રાડેક પોતે આ વખતે ઝડપાઇ ગયો અને આ વખતે તો આરોપીની તરફેણની કોઇ હદ નહોતી એમણે મતા કબજે કરવા માટે,

દેશમાં રેલ્વે વગેરે વ્યવહાર સાધનો અને કારખાનાઓમાં નુકશાની કરી, વિનાશનાં કાવત્રાં રચ્યાં, જર્મની અને જાપાન સાથે ભળી એમને રશિયાના ટુકડા વેચી દેવાનું ગોઠવ્યું. રશિયામાં મુડીવાદ ફરીથી સ્થાપવાની એમની નેમ હતી વગેરે વગેરે. કયાં સુધી કહીએ? આરોપીઓએ આ વખતે પણ, પોતાની મેળે જ જાણે, 'એકરારો' કર્યા!

સ્તબ્ધ થઇ જવાય છે! સરકારી ફરિયાદ-નામા સિવાય બીજા કોઇ પુરાવા ન મળે. ખુદ આરોપીઓ સિવાય બીજા કોઇ સાક્ષીઓ ન મળે. ફરિયાદી વકીલ વીશીન્સ્કી જે કહે તેમા આરોપી-ઓ તરતજ 'હા' પુરી દે. "તમે આમ કર્યું હતું એ ખરી વાત?" એવા પ્રશ્નમાં જવાબ આવતો: "હા.હા. એથીયે ખરાબ કર્યું."

ખબર નથી પડતી આ મુકદ્દમાઓ પાછળ શો ભેદ રહેલો હશે, શા માટે સ્ટેલિને આ વખતે-જ્યારે જર્મની અને જાપાનની આંખ રશિયા પર પડી છે ત્યારે—આમ પોતાની અશક્તિઓની જાહેરાત કરવાનું યોગ્ય ધાર્યું? દુનિયાભરના જાણકાર પત્રકારો અને મુત્સદ્દીઓ આ પાછળનો ખરો ભેદ ઉકેલી શકયા નથી. અમેરિકામાં મેકમ શાસ્ટમેને "Behind the Moscow Trials" નામની પુસ્તિકા લખીને આ કેસોની બારીક છણાવટ કરી છે, ને તમામે તમામ આરોપો સદંતર જુઠાણાં છે, એમ સાબીત કરવાનો પ્રયત્ન કર્યો છે. કોઇ પણ વિચારક, અને આ ક્રાંતિકારીઓની કારકીર્દીનો જાણકાર માણસ આ આરોપો તરફ હસ્યા વિના નહિ રહે. પણ એને દર્દ થયા વિના પણ નહિ રહે.

ટ્રોટ્સ્કી ન્યાય માગે છે:

પણ સૌથી ચોંકાવનારી વાત તો એ છે કે આ તમામ કાવત્રાંઓનો મુખ્ય સંચાલક રશિયાથી હદપાર બની આજે આઠ આઠ વર્ષથી પરદેશોમાં આશરો શોધતો ભટકતો ટ્રોટ્સ્કી છે, એમ આ મુકદ્દમાઓમાં ઠોકી ઠોકીને કહેવાયું છે. ટ્રોટ્સ્કી સામેની જેહાદે આ વખતે તો હદ ઓળંગી છે. દુનિયાની અને રશિયાની આંખમાં એને સદંતર ઉતારી દેવાની આ ચાલબાજી માત્ર છે, પણ એ પણ નમે-એવો નથી તો. પહેલા મુકદ્દમા વખતે નોર્વેમાંથી એણે કડક નિવેદનો કરેલાં. આ વખતે મેકસીકોથી એણે આ તમામ આરોપોને huge frame ups તરીકે ગણાવ્યાં છે. એણે પહેલા વખતની જેમ આ વખતે પણ એક આંતરરાષ્ટ્રીય તટસ્થ તપાસ સમિતિ પાસે પોતાનો કેસ રજુ કરવાની તૈયારી બતાવી છે. ન્યુયોર્કમાં ૭ હજાર સામ્યવાદીઓની મળેલી સભા સમક્ષ વંચાયેલા એના ભાષણમાં પણ એણે એજ ન્યાયની માગણી કરી. જગતના અભિપ્રાયનું ધ્યાન દોરી એ કહે છે કે: મારા પર આંતરરાષ્ટ્રીય સમિતિ સમક્ષ કામ ચલાવાય. એમાં, જો હું કોઇ પણ આરોપો માટે ગુનેગાર સાબીત થાઉં, તો હું પોતાની મેળેજ રશિયાની 'ઓગપુ' ને આધીન થવા તૈયાર છું. સ્ટેલિન જો સાચો હોય તો એણે આગળ આવીને આ વ્યાજબી માગણીનો સ્વીકાર કરવો જોઇએ છે.

આ બધી વાતોમાં એક વાત આપણે ન ભૂલીએ, અને તે રશિયામાં આજે નજરે પડેલા સમાજવાદી ઘડતરમાંનો આપણો વિશ્વાસ. નેતાગીરી કે વ્યક્તિગત કાર્યો ભલે ગમે તેટલાં અવળાં પુરવાર થાય પણ સમાજવાદ તરફ રશિયાએ કરેલી કૂચ કદિ ન અટકે. બ્રેલ્સફર્ડ કહે છે તેમ: "This should not shake our faith in Russia."

ચોથી ટેસ્ટ મેચ:

એડીલેઈડ ખાતે રમાયેલી ચોથી ક્રિકેટ ટેસ્ટ મેચમાં એમ. સી. સી. ને ૧૪૮ રન જેટલા

સરસ માર્જીન વડે હરાવીને ઑસ્ટ્રેલીઅન ખેલાડીઓએ પોતાની પ્રતિષ્ઠા પાછી મેળવી, એટલું જ નહિ પણ ફરીવાર ક્રિકેટની રમતમાં પોતાની આગેવાની પુરવાર કરી. પહેલી બન્ને મેચોમાં હવામાન નિર્ણયાત્મક તત્ત્વ હતું, અને ત્રીજી મેચમાં અંગ્રેજોની હારમાં 'ટૉસ' ઘણે અંશે જવાબદાર હતો એમ કહી શકાય. પણ ઍડીલેઇડમાં તો સરસ 'પીચ' હતી, અને ત્યાં અંગ્રેજોના બૅટ્સમેનો પોતાની શક્તિ સંપૂર્ણપણે દાખવી શક્યા હોત એટલે અહિંનો 'ઑસીસ' નો વિજય એમને ગૌરવ આપે એવો છે. આવતી તા. ૨૬મી માર્ચને દિવસે મેલ્બોર્ન ખાતે શરૂ થનારી પાંચમી અને છેલ્લી ટેસ્ટમાં ફરીને જ્વલંત વિજય મેળવવાની એમની ખાત્રી વ્યાજબી ગણાય. બ્રેડમેને ફરીને પોતાનો પરચો બતાવ્યો.

રેલ્વે બજેટ:

ચુંટાયલા સભ્યોની મોટા ભાગની ગેરહાજરી વચ્ચે વડી ધારાસભામાં તા. ૧૬ મી ફેબ્રુઆરીને દિવસે રેલ્વે ખાતાના સભ્ય સર ઝફરૂલ્લાખાને ૧૯૩૭-૩૮નું રેલ્વે બજેટ પેશ કર્યું. જમા ઉધારનો હિસાબ કરતાં આગળ ધારવામાં આવેલા ખોટને બદલે ૧૫ લાખનો વધારો જણાશે એમ કહેવાયું છે. છેલ્લા વર્ષમાં યુદ્ધની અફવાઓથી આંતરરાષ્ટ્રિય વેપારમાં તેજી આવી હતી અને એ કારણે આવકમાં વધારો થયો. ઉપરાંત વેપાર પણ સુધરવા માંડ્યો છે ને જો અનુકૂળ પરિસ્થિતિ ચાલુ રહી તો આવતા વર્ષે દરમ્યાન ૧૫ લાખનો વધારો થશે એવી રેલ્વે સભ્ય આશા દર્શાવે છે.

પણ એ આશા પર વિશ્વાસ રખાય નહિ. રેલ્વે તંત્રમાં ચાલતો ગેરવહીવટ તેમજ બીજાં રાજકીય કારણે રેલ્વેઓને ચાલુ ખોટ આપ્યા કરે છે. રેલ્વે ખાતાના સભ્યનું આખું ભાષણ દેવાળીઆ વેપારીના મગરૈયા જેવું લાગે છે. હિંદી રેલ્વેઓ દર કરોડ રૂપિયાનું દેવું ભરપાઇ કરી શકે તેવી હાલતમાં છે નહિ, ત્યાં સરકારની સામાન્ય આવકમાં પોતાનો હિસ્સો આપવાની વાત ક્યાં રહી ? સાચી વાત તો એ છે કે રેલ્વેના સમગ્ર વહીવટમાં ભારે ફેરફાર કરવાની જરૂર છે. હિંદી સરકારની રેલ્વે-નીતિ જે રાજકીય અને લશ્કરી દૃષ્ટિબિંદુનેજ આગળ રાખે છે તેમાં ફેરફાર થવો જરૂરી છે. મુસાફરોની કે વેપારીઓની સગવડ કદિ જોવાતી નથી. એકંદરે રેલ્વે-સભ્યનાં વચનો બહુ આશાજનક લાગતાં નથી

શિક્ષણ અને ભાષા:

કલકત્તા યુનિવર્સિટીએ ઇતિહાસ સર્જ્યો છે. આ વર્ષના પદવીદાન સમારંભમાં બંગાળી ભાષામાંજ વ્યાખ્યાન આપવાને એણે કવિવર ટાગોરને નોતર્યા. કવિવરે પોતાના એ વિચારપૂર્ણ ભાષણમાં યુનિવર્સિટી શિક્ષણનાં માધ્યમ- medium- તરીકે, અંગ્રેજી નહિ, પણ દેશી ભાષાનેજ રાખવાનો આગ્રહ કર્યો. આ પ્રશ્ન વિષે અત્યારસુધીમાં ઘણો ઉહાપોહ થઇ ગયો છે, અને કવિવરના આ આગ્રહ સામે કોઇજ વિચારશીલ માણસ વાંધો ઉઠાવી શકે નહિ, કવિવરે કહ્યું તેમ, જ્યાં સુધી શિક્ષણ પોતાનીજ, સ્વભાષામાં, માતૃભાષામાં નહિ અપાય ત્યાં સુધી શિક્ષિતો અને આમજનતા વચ્ચેનું કૃત્રિમ અંતર કદિ સંધાવાનું નથી. હર્ષની વાત છે કે કલકત્તા યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરે યુનિવર્સિટીના તમામ શિક્ષણક્રમમાં માધ્યમ તરીકે બંગાળી ભાષાનોજ ઉપયોગ થશે એવી જાહેરાત કરી છે.

આમ છતાં કવિવરે અંગ્રેજી ભાષાની ઉપયોગિતા વિસારી નથી. પશ્ચિમના વૈજ્ઞાનિક અને વિસ્તારક જ્ઞાન માટે અંગ્રેજીનું સાધન આજે જરૂરી જ નહિ અનિવાર્ય છે. એમ એમણે ભાર-

પૂર્વક જણાવ્યું શિક્ષણમાં અંગ્રેજીને ફરજિયાત બીજી ભાષા તરીકેનું સ્થાન મળવું જોઈએ, એ વાત વિવાદાસ્પદ ન હોય

ઝાંઝીબારમાં હિંદી હિતો :

સૈકાઓથી અનેક સાહસો ખેડીને, અને મુસીબતો વેઠીને હિંદીઓ ઝાંઝીબારમાં, બીજા આફ્રિકન પ્રદેશોમાં કર્યું તેમ, પોતાની વસાહત કરી, ઝાંઝીબારને પોતાના વતનની માફક ગણીને ત્યાં તેઓ રહ્યા ને વેપાર સમૃદ્ધ કર્યો પણ આજે એમના પર ત્યાંની સરકાર તરફથી અનેક અંકુશો પડ્યા કરે છે હાલમાં જ ત્યાંના સરકારી કાયદાઓનો વિરોધ કરવા માટે મુંબઈમાં મળેલી જાહેર સભામાં ઝાંઝીબારથી આવેલા શ્રી તૈયબઅલીએ ૧૯૩૪ માં ઘડી કાઢેલા હિંદી હિત વિરોધી ત્રણે કાયદાઓની યોગ્ય સમજુતી આપી હતી લવિંગના વેપારનો ઇજારો ગોરાઓ લઈ લેવા માગે છે જમીન ધરાવવાનો હક હિંદીઓ પાસેથી છીનવી લેવાશે ત્યાંના આવા આવા પગલાંઓ વિષે તપાસ ચલાવનાર શ્રી મેનનનો રિપોર્ટ સરકારે કેમ દાબી રાખ્યો છે? બ્રિટીશ સામ્રાજ્યમાં હિંદી ગમે ત્યાં જાય તેને સરખી રીતે ગણવામાં આવશે એવા પ્રકારના સરકારના વચનની ઝાંખી અહિં થાય છે? આ બધા પ્રશ્નો આપણી સ્વતંત્રતાના પ્રશ્ન સાથે સંકળાયેલા છે જ્યાં જ્યાં બ્રિટીશ હકૂમત છે, ત્યાં ત્યાં હિંદી હિતોની આવી જ અવગણના સ્થાપિત હિતોને હાથે થવાની જ આ અપમાનોનો એક માત્ર ઉકેલ આપણી આઝાદી છે

સ્કાઉટ-જાંબુરી:

નવું દિલ્હી ખાતે, વડા સ્કાઉટ લોર્ડ બેડન પોવેલની હાજરી વચ્ચે ભરેલી હિંદી બોય સ્કાઉટોની જાંબુરી એક અગત્યનો બનાવ હતો તકનથી આવેલો વાઈસરૉયનો સંદેશો સ્કાઉટોની તારીફ કરી ગયો શહેનશાહે 'હિંદના ઉછરતા શહેરીઓના શરીર, મન અને આત્માના ગુણોની સરસ તાલીમ આપનાર' આ સ્કાઉટ ચળવળને ટેકો આપવાની હિંદની જનતાને આમંત્રણ કરી સ્કાઉટીંગનો મૂળભૂત સિદ્ધાંત-જુવાનોમાં બહાદુરી અને જાહેર સેવાકાર્યની ભાવના જગવવાનો સિદ્ધાંત-બેશક સુંદર છે, સ્વીકાર્ય છે, પરંતુ આજે અહિં હિંદમાં તો કમનસીબે આ ચળવળ અર્ધ-સરકારી સ્વરૂપ ધારણ કરી બેઠી છે, ગાંધીવાદ અને નોકરશાહી તંત્ર સાથે એ જોડાઈ ગઈ છે સ્કાઉટોમાં વતનપ્રેમ અને આઝાદીની તમન્ના જાગે એ સ્કાઉટ અધિકારીઓને પાલવતું નથી એટલે વતનપ્રેમી જુવાનો આ ચળવળ પ્રત્યે કદિ સહાનુભૂતિ ધરાવી નહિ શકે, એમને પોતાની બહાદુરી, સાહસશૌર્ય અને રાષ્ટ્રસેવાની તાલીમ માટે દેશની રાષ્ટ્રવાદી સંસ્થાઓમાં કામ કરવાનું વધારે ગમશે

નરેન્દ્રોની મૂંઝવણ:

ફેડરેશનમાં જોડાવા માટે નરેન્દ્રોએ પહેલેથી જ પોતાને માટે લાભકારક એવી શરતોનો મોટો રજુ કર્યો છે, ને સરકારે બની શકે એટલી ઉદારતાથી એમને એ શરતોમાંની ઘણીખરી મંજુર કરવાનું કબૂલ્યું છે તેમ છતાંય આખરી પડતીના ઓછાયા હેઠળ વધુને વધુ પકડ રાખવા મથતા નરેન્દ્રોને એ છુટછાટો પુરતી નથી લાગતી એમની મનામણી કેમે કરી સ્થિર દેખાતી નથી એમના હક્કો અને અધિકારો, હિતો અને સ્વાર્થોમાં ક્યાંય કાપ પડે એ કેમ પાલવે? એટલે સરકારી દબાણ નીચે ફેડરેશનના બંધારણની, સરકારી કાયદાની, પ્રવેશનામાની કલમોની બારીકમાં બારીક તપાસ ચલાવવા એમને ધુરંધર ધારાશાસ્ત્રીઓને રોક્યા છે નરેન્દ્રમંડળ અને એની અનેક સમિતિઓની ચોક્કસ બેઠકો

મળતી રહે છે. મુસ્લિમની જોડમાં એમના પ્રધાનોએ દેશમાં રાજાઓ, મૂડીવાદીઓ, જમીનદારો અને એવા બીજા સ્થાપિત હિતોનો 'સંયુક્ત મોરચો' ઉભો કરવાનું સ્વપ્ન પણ જોયું! સરકાર તરફથી એ માટે તો એમને પૂરું ઉત્તેજન મળે છે. એમને પોતાની આસં-ખોમ મતા કાયમ રાખવી છે. ફેડરેશન જેવા એમના સંધિ-લક્ષો 'મવમ, અટલ અને અભંગ' રહેવા જોઈએ આવકના હતા ગાંધીનો રહેવા જોઈએ વગેરે અને છેલ્લે છેલ્લે આદેશ ધારાશાસ્ત્રી મિ. મોર્ગન એમને મદદ આપે છે, કે બીજી શરતોમાં એક શરત એ પણ હોય કે, નરેન્દ્રોને ગમે ત્યારે તેઓ ફેડરેશનમાંથી અલગ થઈ શકે! ..કોણ જાણે ફેડરેશન આવશે-એ આવવાનું જ હોય તો-ત્યારે પ્રવેશમાત્રનું કેવું સ્વરૂપ હશે!

સરપંચનો ચુકાદો:

અમદાવાદના પગાર-ભથ્થા ઝઘડામાં આખરે એક રીતનું સમાધાન થયું છે. સરપંચ સર ગોવિંદ માડગાંવકરે પોતાનો ચુકાદો આપી દીધો છે. એમણે મિલમાલિકોના પગારકાપના દાવાનો સ્વીકાર કરી, દિલ્હી કરારનું યોગ્ય પાલન ન કરવાનો આરોપ મિલમાલિકો પર મૂક્યો છે. એમણે કહ્યું છે 'દિલ્હી કરારમાં મુકરર મજૂર મહાજનને સાડા છ ટકા પગારકાપ એજ શરતે સ્વીકાર્યો હતો કે સમાન ધોરણ તથા પગારની વધ-ઘટ આપો આપ નક્કી કરવાની યોજના તરતમાં જ અમલમાં આવે. એ પગારકાપ તો એક વર્ષ માટે કામચલાઉ હતો અને તે મુદતમાં પગારનું સમાન ધોરણ અને તેજી મંદી પ્રમાણે પગારના વધારા ઘટાડાની યોજના અમલમાં આવે. પગારધોરણ અને રેશનલાઇઝેશનનો લાભ લેવા છતાં અને ઉપરની વ્યવસ્થા તરત કરવા બંધાયા છતાં મિલમાલિક મંડળે એ માટે કશું ગંભીર પ્રયત્નો કર્યા નથી દિલ્હી કરારની કલમો ૨, ૩ અને ૯નો અમલ થયો નથી અને તેની જવાબદારી મુખ્યત્વે મિલમાલિકોને શિરે છે.'

સર ગોવિંદે વધુ પગારકાપ માટેની મિલમાલિકોની દલીલ પણ રદ કરી છે. 'મિલમાલિકોના નિવેદન પ્રમાણે ૫૩ મિલોમાંથી ૩૧ મિલો નફો કરી રહી છે. અને એવી દલીલ નથી કરવામાં આવી કે મિલોને નુકસાન ન થયું કે નફો થયો એટલે પગાર આપવાની ના છે. એવા અનુમાન પર નથી આવી શકાતું કે જે ૨૨ મિલોએ નુકસાન કર્યું તેમને માટે મુખ્ય કારણ પગારનું ઊંચું ધોરણ હતું અને પગારકાપ એજ એક ઉપાય હતો.'

આ ચુકાદો આમ તો ઠીક છે પણ તે એ મતલબનો નથી અને મિલમાલિકો એને બંધાયેલા હોય એમ પણ ત્યાં લગી ચાલુ રહે અસ્થિર હાલત પરથી લાગતું નથી. પરિણામ આખરે નિર્ણય જ શું?

હિંદુ સ્ત્રીઓના હક્કો:

વડી ધારાસભામાં ડૉ. દેશમુખનું હિંદુ સ્ત્રીઓના મિલ્કત અંગેના હક્કોને લગતું બીલ પસાર થયું, એ એક નોંધપાત્ર બનાવ છે. એથી કંઈ બહુ સિદ્ધિ મેળવી શકાય છે, એમ નહિ, પણ વર્ષો સુધી કાયદામાં હિંદુ સ્ત્રીઓને વારસામાં મિલ્કત મેળવવાના અધિકારનો જે ઇન્કાર થતો આવ્યો છે, એ કાયદા પુરતો તો દૂર થયો છે. તેમ છતાંય આ બીલ એના મૂળ સ્વરૂપથી તો ઘણું નબળું ગયું છે. પ્રત્યાઘાતી તત્વોનો એ સામે ભારે વિરોધ નહોતો. ચર્ચા દરમ્યાન એમાંની ઘણી મહત્વની કલમો દૂર થઈ, અથવા એ ફરી ઉદાર બનાવાઈ ડૉ. દેશમુખનો, અને એમના દ્વારા સમાજ સુધારકોનો, આ માત્ર નૈતિક વિજય મળી શકાય. સમાજમાં ઊંડે ઊંડે જડ ઘાલી

બેઠેલી પ્રથાઓને દુર કરવા માટે તો વધારે લડાયક કાર્યક્રમની જરૂર રહેશે.

ચુટણી પછી શું ?

દેશભરમાં ચુંટણીનું કાર્ય હવે લગભગ સંપૂર્ણ થવા આવ્યું છે. અત્યાર સુધીમાં બિહાર, ઓરિસ્સા અને સંયુક્ત પ્રાંતમાં તો કોંગ્રેસની સારી જેવી બહુમતી મળી ગઇ છે. મધ્યપ્રાંતના આવતાં જતાં પરીણામો પણ કોંગ્રેસના વિજયની ખાત્રી આપે છે. બાકી રહ્યાં મુંબઈ અને મદ્રાસ. આમાં પણ, બન્ને પ્રાંતોમાં કોંગ્રેસ બહુમતી મેળવશે એવી આશા રહે છે, આમ અગીઆર પ્રાંતોમાંથી ૭ પ્રાંતો કોંગ્રેસની બહુમતીવાળા હશે પંજાબ, બંગાળ, સિંધ અને સરહદ પ્રાંતમાં મુસ્લીમ વસ્તીનો મોટો ભાગ છે અને ત્યાં કોમીવાદનું અનિષ્ટ વધારે પ્રમાણમાં છે, એટલે રાષ્ટ્રવાદને ત્યાં સ્હેજ ખમવું પડ્યું છે.

આમ ચુંટણીનું કાર્ય ખતમ થવા આવતાં હવે સૌનું ધ્યાન હોદા સ્વીકારવાના પ્રશ્ન પર ગયું છે. આ પ્રશ્ન પર કેટલોય ઉહાપોહ અત્યાર સુધીમાં થઇ ગયો છે. શરૂઆતમાં લાગતું હતું કે ઘણા ખરા પ્રાંતોમાં કોંગ્રેસ હોદા સ્વીકારવાનું કબૂલશે પણ મહાસમિતિના નિર્ણય પહેલા આ વિષે કોઈ જાતની ઉતાવળ કરવી અયોગ્ય છે, એવી રાષ્ટ્રપતિની ચેતવણી પછી ઉકળાટ જરા શમ્યો છે, એમાં અલ્હાબાદ જીલ્લા કોંગ્રેસ કમીટીએ તો હોદા સ્વીકારવાની સામે ચોકખો નિર્ણય કરી લેતાં હોદા સ્વીકારવાની તરફેણ કરનારાઓ જરા મૂંઝવણમાં પડી ગયા છે, ને સમાજવાદીઓ તેમજ બીજા ઉદ્દામ તત્વોના હાથ મજબૂત બન્યા છે. આખરી નીર્ણય તો મહાસમિતિ જ માર્ચમાં કરશે.

ભાવનગરની 'પ્રગતિ':

લીલીયા મહાલમાં વર્ષોથી સેવાકાર્ય કરી રહેલા ત્રણ સેવકો પર રાજ્યની કરડી આંખ પડી. તાબડતોબ એમને ત્યાંથી ચાલ્યા જવાનું ફરમાન છુટ્યું. કોઈ કારણનું નામ નહિ, અપરાધનો ઉલ્લેખ નહિ. સેવકોને આ ફરમાન આપખુદ લાગ્યું. એમણે એ હદપારી ફરમાનનો ભંગ કર્યો. અદાલતે એમને ૭ માસની કેદની સજા કરી. આમ ભાવનગર, પ્રજાજનોના હકકો પર કાપ મુકી મુકીને પોતાની 'પ્રગતિ' સાધી રહ્યું છે.

તા. ૨૮ : ૨ : ૩૭

●

બાવળને

ગજાનન વિ. જોશી

જીર્ણ પાન, અમિષ્ટ ક્ષુદ્ર ફળને, છાયા નહીં પાથરી,
અંગે કંટક કોટિ કોટિક ધર્યાં, મત્કુણ સૂઝો મહીં ;
તો યે છેવટ તાહરી વિષમતા, જો ક્યાંસુધી રે ! વસી-
મિઠાં કલ્પતરુ, સુમિષ્ટ ફળદા વૃક્ષોની વાઢ્યે ગયો.

(અચિત)

કાવ્યોત્પત્તિ

રેવુભાઈ ના. દેસાઈ.

: પૃથ્વી—અનુષ્ટુપ મંદાક્રાન્તા :

સુધન્ય પળ કોકમાં હૃદય હોજ હેલે ચડે
અને વિપુલ વેળ ભાવ ભરતી વહી ત્યાં રહે,
સુધન્ય પળ કોકમા નયન સૂક્ષ્મ સામે તરે–
અનંત રસ, કલ્પના, સુભગ સ્વપ્ન મીઠાં સરે!

ગ્રહી કલમને કરે ચિતરવા મથું તે જરી
લખ્યું નવ લખાય હા, વિશદતા જતી ઓસરી
રહે કલમ સ્થિર, રે, હૃદયનીર ડો'ળાયતું,
સુકાય ઝરણાંય ને કપળતું રહે સોણલું!

\+ \+ \+

ઘેરાઈને અતિ ઘોર, ગાજતો વ્યોમમાં ઘન;
જલધારે પછી વર્ષે, ઠારતો વસુધા મન.

આલેખીને નિજ કરવડે, રંગીલું ઇન્દ્ર-ચાપ,
ધીરે ધીરે સ્થિર થઈ જઈ મેઘ આનંદ આપે.

ચિત્તના વ્યોમની તેમ, ઘટા શ્યામ ખસી જતી,
પ્રકાશો કાવ્યના વ્હેતા, લેખીની ધસતી જતી.

ધીમે ધીમે વિકસિત ધનુ વ્યોમ શોભા વધારે,
ધારે શોભા અધિક અધિકી કાવ્ય મારાં વધારે?

●



શ્રી. સોપાન

પ્રકરણ ચોથું

વિશેષ ઓળખાણ

ઉત્સવનો બીજો કાર્યક્રમ શરૂ થયો એટલે ભારતી વર્ષા પાસે આવી. વર્ષાએ હસીને એને આવકાર આપ્યો. ભારતીએ એની પાસે બેસતાં જ વાત શરૂ કરી:

'તમારું એમ માનવું છે કે હું સ્ત્રીઓના પ્રશ્નને સમજી જ નહિ શકતી હોઉં!'

'જરૂર. પરણિત સ્ત્રી કરતાં તો તમે ઓછું જ સમજો.'

'મને એવું નથી લાગતું.'

'હું પરણેલી તમને કહું છું ને!' વર્ષાએ હસીને કહ્યું.

'એટલે સ્ત્રીસમાજના ઉદ્ધારના ક્ષેત્રમાં સેવનારે પરણવું જ જોઈએ એમ તમે કહો છો ને?'

'સાવ એમ તો નહિ, પણ સ્ત્રીના સમગ્ર જીવનમાં ક્રાંતિ કરવા ઈચ્છનારે તો પરણવું જ જોઈએ.'

ભારતી જરા વિચારમાં પડી. કાર્યક્રમમાં એની જરૂર જણાતાં વળી એ ત્યાંથી ઉઠી અને કામ કરવા લાગી. થોડીવારમાં કેટલીક કુમારિકાઓ એની પાસે આવી આવીને કંઈક પૂછી ગઈ.

કામ પૂરું થતાં જ એણે વર્ષા તરફ જોયું. વર્ષા કોઈ સાથે વાત કરતી હતી એટલે એ ત્યાં ન ગઈ. ઉત્સવ જોતી એ વિચાર કરવા લાગી. 'લગ્ન!' એના મનમાં પ્રશ્ન ; ખડો થયો અને એ જ ક્ષણે વર્ષાએ એના તરફ જોયું. સહસા ભારતીની આંખ પણ એ આંખ સાથે મળી. ભારતી વર્ષાની આંખ ન ઝીલી શકી. એણે આંખ ઢાળી દીધી. વર્ષાએ જોયું કે ભારતીનું મોં શરમથી લાલચોળ થઈ ગયું. એ પોતાની જગ્યાએથી ઉઠીને ધીમે પગલે ભારતી પાસે આવી. આજુબાજુ બેઠેલી કુમારિકાઓને જરા કુતૂહલ થયું. ભારતી તુરત જ એ સમજી ગઈ અને પ્રયત્નપૂર્વક એણે મોં ઉપરની ગંભીરતા હટાવી દીધી.

વર્ષા પાસે આવીને બેઠી. આજુબાજુની કુમારિકાઓ જરા બાજુમાં ખસી ગઈ. વર્ષા અને ભારતી વચ્ચે વાત શરૂ થવા લાગી:

'શું વિચાર કરો છો ?'

'ખાસ કંઈ નહિ.'

'એમ ન હોય. મે તો તમને આજે જ આટલાં ગંભીર જોયાં.'

પોતે પરાજય પામતી હોય એવું ભારતીને લાગવા માંડ્યું. એણે જવાબ આપવાને બદલે સ્થિર આંખે વર્ષા સામે જોયું.

'ભારતી બેન....' પ્રેમાળ સ્વરે વર્ષા બોલી.

'તમે મને બેન કેમ કહો છો ? અને તમે તમે પણ શા માટે ?'

'અમસ્થી.' વર્ષાએ હસીને કહ્યું. 'ચાલો, હવે તું કહું. હં, આપણે એક વખત વાત થઈ હતી એ યાદ છે ?'

'શાની ?'

'તું લગ્ન કરવાની છે કે નહિ એ સંબંધીની'

'હા.'

'આજે પણ તારા એ જ વિચારો હશે.'

'ફેરફાર કરવાનું કંઈ કારણ નથી.'

'કૌમાર્ય સેવવાનો હેતુ તો સ્ત્રીજીવનનો ઉત્કર્ષ જ છે ને !'

'તો શું ?'

'કદાચ લગ્નમાં એ હેતુ વિશેષ સરળતાથી અને સંપૂર્ણ રીતે સાધી શકાય, એવું લાગે તો તું લગ્ન કરે કે નહિ ?'

'મને તો આ વિચાર જ નકામો લાગે છે. હું જોઈ વિચારીને જ કૌમાર્ય સેવવાના નિર્ણય ઉપર આવી છું'

'મને લાગે છે કે તેં એ વિષે પૂરું નથી જોયું ને નથી વિચાર્યું.'

'હશે' ભારતી સહેજ કટાક્ષમાં બોલી. 'આ આંખેથી જોવાય એટલું જોયું છે ને આ બુદ્ધિથી વિચારી શકાય એટલું વિચાર્યું છે છતાં અધૂરું રહેતું હોય તો ભલે રહે. કોઈની આંખ કે બુદ્ધિ શા ખપમાં આવે !'

'મારા બોલવાનો તારે આવો અર્થ ન કરવો જોઈએ !'

'બીજો અર્થ નીકળતો જ નથી. નીકળતો હોય તો હું જાણતી નથી.'

'તારા વિચારવામાં ભૂલ જ ન થાય એમ તું માને છે ?'

'એમ નથી માનતી, પણ હું કોઈ પ્રશ્ન મારા પૂરતો પણ ન વિચારી શકું એવું યે નથી માનતી. અને કોઈ ઉપર એવો વિશ્વાસ પણ નથી

ધરાવતી કે એની ભૂલ તો ન જ થાય.'

'બરાબર છે,' શાંત અવાજે વર્ષાએ કહ્યું.

બંનેના મોં ઉપર ગાંભીર્ય છવાઇ ગયું. બંનેને એ ગાંભીર્ય ભારે લાગ્યું. પણ કોઇ એ ખેસવી શક્યું નહિ. બંને મૂંગા મૂંગા ઉત્સવના કાર્યક્રમો જોવા લાગ્યાં. વર્ષાએ એક વખત આ વાતાવરણને હઠાવવા માટે વાત શરૂ કરવાનો વિચાર કર્યો પણ ભારતીનાં મોં સામે જોતાં એને ઉત્સાહ ન આવ્યો.

ભારતી વિચારમાં ડૂબી ગઇ. વર્ષાની સામાન્ય વાતને પોતે ગંભીર સ્વરૂપ આપી દીધું એમ એને લાગ્યું. એણે થોડીક ગ્લાની પણ અનુભવી પરંતુ તુરત જ એ પોતાની વચ્ચે ચર્ચાતા ગંભીર પ્રશ્ન ઉપર વિચારવા લાગી. એણે પોતાના મન સાથે તો લગ્ન વિષેનો નિર્ણય કરી નાખ્યો હતો, પણ વર્ષાએ એ પ્રશ્ન ઉખેળ્યો એટલે વિચારો આવવા લાગ્યા. ' વર્ષાની વાતમાં થોડુંક તો તથ્ય છે. કુમારિકા અને પરિણીતામાં ફેર તો ખરો જ. એક જીવન જૂએ છે ને બીજી અનુભવે છે...પણ એમ બધુ જ કયાં અનુભવવાય ! અને અવલોકનથી અને બીજાના અનુભવોની વાતો ઉપરથી જરૂર પૂરતું સમજી લેવાય છે. પ્રત્યેક વસ્તુ માણસથી અનુભવી જ ન શકાય... અને આ પ્રશ્નનો નિકાલ કયાં એક વ્યક્તિથી જ આવી શકે એમ છે ? એ માટે તો પુરુષ... અને પુરુષને સ્ત્રી જોઇએ...નકામું છે. એ બધું બંધનરૂપ છે. શક્તિઓને રૂંધનારૂં છે. કૌમાર્યની પ્રચંડ શક્તિ જ બધા અંતરાયોને ભેદી શકે.'

એ વિચારતી હતી ત્યાં એક કાર્યક્રમ પૂરો થયો અને રાસની શરૂઆત થઇ. એમાં ભારતીએ પણ જોડાવાનું હતું. થોડો સમય વીત્યો અને થોડા વિચારો આવી ગયા એટલે ગાંભીર્ય ઓછું થઇ ગયું હતું. ભારતીએ ઉભાં થતાં થતાં વર્ષા સામે હસીને જોયું અને કહ્યું : 'તમે આવશો ?' 'ભલે' કહી વર્ષા પણ ઉઠી. બંનેને શામેલ થતાં જોઇ આખા સંઘમાં આનંદનું વાતાવરણ ગાજી રહ્યું.

રાસ પૂરો થતાં સુધી વર્ષાની નજર તો ભારતી ઉપર જ હતી. એના મનમાં થવા લાગ્યું કે ' આ સામાન્ય કુમારિકા નથી ' પણ સાથે જ એને થયું કે ' એની શક્તિઓ એક પહાડને હઠાવવામાં નિરર્થક ખર્ચાઇ જશે.'

રાસ પૂરો થયો એટલે બંને એક બાજુ જઇને ઉભાં રહ્યાં. એકબીજાંની સામે જોતાં એમનાથી સહજ હસી જવાયું.

' આ ઉત્સવ પછી શું કરવાના છો ? '

' કંઇ નહિ. ' હસીને ભારતીએ જવાબ આપ્યો.

' આજ ભોજન તો અહીં જ લેવાનું છે. તો પછી એ બધું પૂરૂં થાય એટલે આપણે થોડુંક બેસીએ, વાતો કરીએ. તમારે ખાસ કંઇ કામ તો નથી ને ! '

' તમે વળી મને તમે તમે કહેવા લાગ્યાં ? હું તમારાથી નાની છું અને વળી કુમારિકા છું.'

' એટલે એ લાયકાત તમે બતાવી ખરું ?'

' વળી પાછું તમે ! '

' પણ ભારતી, આ ઉપરથી એમ સિદ્ધ નથી થતું કે કુમારિકા ગમે તેટલી બુદ્ધિ-શક્તિ ધરાવતી હોય તો યે પરિણીતા કરતાં નાની જ ગણાય ? '

' તમે પરણેલાંનો બહુ પક્ષપાત કરો છો ! '

' દરેક પરણેલાંનો નથી કરતી, એમ તો



જીવનનો આનંદ[1]

કાકા સાહેબે આપણી ભાષામાં વિચારધન અને શૈલીની રોચકતામાં કોઈ અનેરું જ તત્ત્વ ઉમેરી દીધું છે, તે માટે ગુજરાતી ભાષા અને ભાષાભાષીઓ એમનાં ખૂબ જ ઋણી છે.

'જીવનનો આનંદ' એમના આ પહેલાં પ્રગટ થઈ ચૂકેલાં લખાણોનો સંગ્રહ છે. પ્રગટ થઈ ચૂક્યાં છે માટે તેનો વિશેષ ઉપયોગ નથી, એમ કોઈ આ પુસ્તક વાંચ્યા પછી નહિ કહી શકે. માણસ સૃષ્ટિમાં ક્યાં ક્યાંથી, કયા કયા વિષયોમાંથી કેટલી ઉચ્ચ કોટિનો આનંદ લઈ શકે છે, તેનું યથાર્થ ભાન આ સંચયદ્વારા મળી શકે છે. આમાં આનંદનાં વિશિષ્ટ સ્થાનોને પુસ્તકોના વિભાગો દ્વારા અંગુલીનિર્દેશિત કરી બતાવ્યાં છે.

પહેલો ભાગ જેલની ખાવા ધાતી સ્મશાન ભૂમિમાં લખાયેલાં લખાણોના સંગ્રહનો છે. આ ભાગ ઘણા લોક ન ગમે એવાને રસપ્રદ નથી જણાતો. પણ એવાઓ જો આ ભાગ ઉપર ઉડતી નજર નાખીને જ ન રહેતાં પૂરું વાંચે તો જરૂર આનંદ મેળવી શકે. એમાં વસ્તુનો કેટલાં સજીવ છે! એમાં ભાષાનો દંભ નથી, શાંત વહેતી નદીનો એ પ્રવાહ છે. વચ્ચે ઉલ્લાસિત કલ્પના નાદ છે, આછું આછું હાસ્ય છે, જડતા સામે કટાક્ષના મર્મ પ્રહાર છે અને સૌંદર્ય સાથે સુગેયતા છે.

આવાં પુસ્તકો 'ઉડતી નજર' માટે નથી હોતાં. એમાં તો વાક્યે વાક્યે આનંદનાં ઝરણાં છે. 'મંગલકનું કાવ્ય' વાંચ્યું ? બપોરનો ધામ ધખતો

---

૧. જીવનનો આનંદ: લે. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર
પ્ર. નવજીવન કાર્યાલય, ગાંધીરોડ. અમદાવાદ કિં. રૂા. ૨ા૮.

ગુજરાત

સ્થાપકતંત્રી: શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી

સાહિત્ય સંસદનું મુખપત્ર

દરેક અંકમાં

પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ અને રાજાધિરાજ એ નવલત્રિપુટીના પૂર્વ સમયની શ્રી. મુનશીની ગુજરાતની અસ્મિતાનું ભાન કરાવતી, વેગવંતી નવલકથા

જય સોમનાથ

(દરમાસ એક હપ્તો છપાય છે)

શ્રી. ધનસુખલાલ મહેતા, ધૂમકેતુ, વિનોદિની નીલકંઠ, મનતકુમાર વીણ વગેરેની સચોટ નવલિકાઓ, એકાંકી અને દીર્ઘ ચાલુ નાટકો.

ચન્દ્રવદન મહેતા, બેટાઈ, ઉમાશંકર, મનસુખલાલ, સુન્દરમ્, પૂજાલાલ, બાદરાયણ, રમણિક અરાલવાળા વગેરે કવિઓનાં કાવ્યો.

સાહિત્ય પરિષદનાં વિવેચનપૂર્ણ વ્યાખ્યાનો

વાર્ષિક લવાજમ { હિંદમાં-પુસ્તકાલયો અને સંસદના સભ્યો માટે રૂ. ૪; અન્ય ગ્રાહકો માટે રૂ. ૫ પરદેશમાં-૧૨ શીલીંગ }

આપને ગુજરાતીઓમાં જાહેરાત કરવી છે?

આપનો સંદેશો પહોંચાડવાનું 'ગુજરાતને' સોંપો

ગાંડીવની કુમારમાળા

માધ્યમિક શાળાઓમાં ઈતર વાચન તથા
ઇનામ વગેરે માટે ખાસ ઉપયોગી
કુમારોને જોમ આપે ને શૂરવીર બનાવે
તેવા હેતુથી ખાસ રચાયલું **વીર સાહિત્ય**

૧. ગોરીલાનો પ્રેમ: આ પુસ્તક ગુજરાતી ભાષામાં એક નવું જ પાનું ખોલે છે. દોડતી દુનિયામાં થતા સાચ્ચા સાહસોની કહાણીઓ આમાં આપી છે. (૧)ગોરીલાનો પ્રેમ (૨)જીવતા સમાધી-(૩) ચાંચીયા (૪) શામપુરી વાઘ! (૫) શેમોચ શિકાર (૬) અજબ હિંમત! આવી તદ્દન સાચી બનેલી ને છતાં રૂંવેરૂંવા ખડાં કરનારી અદ્ભુતતાથી ભરેલી આ વાતો અપૂર્વ તાઝગીથી ભરેલી છે. અને તે વાંચતાં હૃદય થનગની ઉઠે છે. રોમરોમ પ્રાણ પ્રગટે છે **કિંમત માત્ર આઠ આના.**

૨. પૂછડિયા પ્રદેશમાં: ચાર ગુજરાતી જુવાનડાંને મન થઇ જાય છે કે શિર માટે કંઇ શોધખોળ કરવા નીકળી પડવું. અને એ ચાર મરણિયાની નીકળેલી ટોળી કંઇ કંઇ વિઘ્નો અને સંકટો વટાવીને એક નવીજ જાતની પ્રજાના અજબ પ્રદેશમાં જઇ પહોંચે છે અને ત્યાં અદ્ભુત અનુભવો મેળવે છે એ રસભર કથા એટલી તો તનમનાટભરી છે, કે તમારૂં રૂંવેરૂંવુ ખડું થઇ જાય અને નસેનસમાં શૂરાતન જાગે કિ. ૦-૮-૦

૩. શિકારિકા: લે શ્રી જીવરામ જોશી ગુજરાતી જુવાને જાતે અને કોઇની સાથે કરેલા શિકારોની સાચ્ચી કહાણીઓ. તેની પોતાની કલમમાથી ઉતારેલી આ બયાનો વાંચીને દરેક ગુજરાતી સ્ત્રી પુરૂષનાં રૂંવા ખડા થશે અને છાતી ગજ ગજ ફુલશે. સાથે ફોટો પણ આપેલા છે, સાપનો શિકાર, રીંછનો શિકાર, શિયાળનો શિકાર, સુવરનો શિકાર, મરઘીનો શિકાર બધી જાનસાટેની રમતો. કિં. ૦-.-૦, ૦-૫-૬ની ટિકીટો જરૂર મંગાવી લ્યો.

૪-૫. ગેબી સૃષ્ટિ: બે ખંડમાં સર આર્થર કોનન ડોઇલની લખેલી વિજ્ઞાન અને સાહસના સમન્વયવાળી રમીલી વાર્તા દરેકના ૧૦ આના બે ભાગ સાથેજ મળશે.

ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત.

આ અંકના વધારો

તમારે ત્યાં આવે છે?

એ નવું, રંગ રેલું, સમૃદ્ધ થયેલું રૂપ — અને ગુણવત્તામાં ચઢેલું 'કુમાર' તમારે ત્યાં આવે છે?

પહેલાં આવતું હતું ને હવે બંધ થયું છે?
કે પહેલાં અથવા હમણાં કદિ તમે એ જોયું જ નથી?
તેર વર્ષનું જૂનું એ માસિક ગુજરાતી સાહિત્યમાં પ્રતિષ્ઠિત એટલું જ ગૌરવાન્વિત છે

'જૂનું એટલું સોનું' એની સાબિતી આપતું છતાં જમાનાનું બંધિયારપણું તેનામાં નથી, પણ અનુભવના પીઠબળ સાથે નૂતનતાની તાજપ એ ધરાવે છે

એણે ખાતરી કરી આપી છે કે
(૧) એની વાચનસામગ્રીની વિશુદ્ધિ અને સંગીનતા હમેશાં ઉચ્ચ કોટિનાં રહ્યાં છે
(૨) કલા અને સંસ્કારિતાનો સૌથી મોટો ફાળો આપનાર માસિક એ એક જ છે
(૩) એના લેખોની વિવિધતા અને ચિત્રમયતા હમેશાં અદ્વિતીય હોય છે
(૪) રૂપવિધાન, ઉઠાવ, કલાત્મક રચના અને રંગમયતામાં તો એ અજોડ છે
(૫) જ્ઞાનપિપાસુ, સંસ્કારવાંછુ, પુરુષાર્થપ્રેમી કે સાહસશોખી—સૌ રસના ઇચ્છુ-
જેને એકસરખી તૃપ્તિ અને આનંદ આપનાર એ અગ્રણી માસિક છે

એ માસિક 'કુમાર' તમે જોયું છે?
તમે જોયું હશે તો આટલી વાતની તમારી ખાતરી થઈ જ ચૂકી હશે
ન જોયું હોય તો નમૂનાનો અંક મગાવીને ખાતરી કરી શકો છો મફત મળશે
એનો કોઈ પણ અંક જુઓ, અને તમે ગ્રાહક થવા [illegible]
મંગાવી જુઓ
જાન્યુઆરીથી નવું વર્ષ શરૂ થાય છે
લવાજમ છ રૂપિયા.



કુમાર કાર્યાલય ૧૪૫૪, રાયપુર અમદાવાદ

ચિત્રો વિનાનું ઘર સ્મશાન સમું છે

એમ હિંદુ શાસ્ત્રો કહે છે.

૧૧×૧૪' ના માપના મોટા જાડા આર્ટબોર્ડ પર મનોરમ ત્રિરંગી છપાઈથી છાપેલા, ગુજરાતના અગ્રણી કલાકારોની કલ્પના, સુન્દરી ભાવના વાળા છ સુન્દર ચિત્રો—

એક રૂપિયાની કીમતમાં—

દરેકનું શું થયું?—

પૂરા પોણા ત્રણ આના પણ નહિ—

અરે આટલી કિંમતે છાપેલ [illegible] આઠ આનાથી એક નથી મળતી!

ત્યારે આ ઊંચી કલાસામગ્રી આટલી સસ્તી મળે છે!

એનો લાભ કેમ ન લો?

ગુજરાતના કલાકાર રવિશંકર રાવળ નું સા[illegible] [illegible] એમ [illegible]
[illegible] એ પાંચ કલાકારોના [illegible] ચિત્રો [illegible] તેવાં [illegible] શ્રી ૧૦૦ [illegible]

એવુંજ એક બીજું સસ્તું કલા-પ્રકાશન

આજ દિવસ સુધી ગુજરાતી ભાષામાં જેની ઉણપ હતી તે વિષય અજંતાની કલા ઉપર, રવિશંકર રાવળ જેવા જાતે [illegible] હાથે લખાએલું [illegible] સહૃદય, વિશદ વર્ણન—

નવ ત્રિરંગી ઉત્તમ ચિત્રો—

[illegible] ભરીને ચિત્રો તથા [illegible] ફોટોગ્રાફો અને પાનેપાને અજંતાની [illegible] રેખાત્મક સુશોભનો—

એ બધાથી સભર ભરેલું પુસ્તક—

માત્ર દોઢ જ રૂપિયાની કીમતમાં!

પોસ્ટેજ રજિસ્ટ્રેશન પાંચ આના

વિશુદ્ધ સંસ્કારવતી કલાને ઘરઘર પહોંચતી કરીને દેશમાં કલાસંસ્કાર કેળવવાના પ્રયત્ન તરીકે આ સસ્તા કલાપ્રકાશનની માળા શરૂ કરી છે એમાં સાથ આપો અને [illegible]

અજંતાના કલામંડપો

અમારાં નવાં પ્રકાશનો

સંજીવની:

લેખક; સોપાન. ૩૬૪ પાના, સુંદર બાંધણી, મનોહર જેકેટ. કિંમત રૂા. બે.

આ પુસ્તકની બીજી આવૃત્તિ આ વર્ષમાં જ બહાર પાડવી પડશે એવી અમારી ગણત્રી નહોતી. કેટલા નજીક મહિના થયા અમારા પાસે **સંજીવની**ની પ્રતો ખલાસ થઈ ગઈ છે એટલે, છ કે સાત મહિનામાં જ એની ૨૨૦૦ નકલ ખપી ગઈ. આપણા સાહિત્યમાં આ વસ્તુ સામાન્ય ન ગણાય પરંતુ એ માટે અમારે બુકસેલરોનો અને અમારા ગ્રાહકોનો જ આભાર માનવાનો રહે છે કારણ કે એમના સહકારથી જ અમે આટલી નકલો છપાવી શકયા છીએ. અમને આશા છે કે આ બીજી આવૃત્તિને પણ એટલી જ ઝડપથી ગુજરાત ઉપાડી લેશે.

લગ્ન-એક સમસ્યા:

લેખક: સોપાન. ૨૨૭ પાના, મજબૂત બાંધણી, આકર્ષક ઉઠાવ કિંમત રૂા. સવા.

આ પુસ્તક ખરીદવામાં મોડું ન કરશો. ૨૧૦૦ નકલની પહેલી આવૃત્તિ થોડા જ વખતમાં ખલાસ થશે અને અમારી પ્રવૃત્તિના ગ્રાહકોને અત્યારે જે લાભ (બાર આનાની કિંમતે) મળે છે તે પછી નહિ મળે.

પચાસ વર્ષ પછી:

લેખક **રામનારાયણ નાગરદાસ પાઠક**. ૨૪૦ પાના, સુંદર જેકેટવાળા, પાકાં પૂઠાંના પુસ્તકની કિંમત માત્ર રૂા. સવા.

નવા જ રૂપરંગથી શોભતું આ પુસ્તક ફરીને ગુજરાત સમક્ષ રજુ થાય છે. એની પહેલી આવૃત્તિ તો થોડા જ વખતમાં ખલાસ થએલી, આ બીજી આવૃત્તિ પાંચ વરસ પછી થોડાક સુધારાઓ સાથે બહાર પડે છે.

શિષ્ટ સાહિત્યના તમામ પુસ્તકો મળવાનું
મુખ્ય સ્થળ:

નૂતન સાહિત્ય ભંડાર

રમકડાં માર્કેટ
અમદાવાદ

રન્ચો લેન
કરાચી

જાહેર

ગ્રંથમાળા

ઉત્ક્રાંતિના વિચારો ફેલાવતી ગુજરાતની સસ્તી ગ્રંથમાળા

એપ્રિલની પહેલી તારીખથી આ ગ્રંથમાળા ત્રીજા વર્ષમાં પ્રવેશ કરે છે. બે વર્ષમાં તો, ગુજરાતી સાહિત્યમાં ઘણા પ્રકાશનો થઈ ગયાં. અને પાંચ-સાત ગ્રંથમાળાઓ નવી થઈ છે. પરંતુ ઈશ્વર કૃપાથી આ ગ્રંથમાળાએ ધારેલી લોકપ્રિયતા મેળવી છે. ગુજરાતી સાહિત્યમાં કોઈ પણ પુસ્તકની દશ હજાર નકલો ખપી હોય તેવું બન્યું નથી. પરંતુ અમે ગ્રાહકોની મનોદશા જાણી આ વર્ષની યોજના વિચારેલી. એટલે અમે અમારી આંખ સામે પાંચ હજાર ગ્રાહકોનું નિશાન રાખ્યું છે. અમોને આશા છે અને અમારા ગ્રાહકોનો સહકાર મળશે તો આ વર્ષે અમે એ નિયમને પહોંચી વળીશું અને દરેક ત્રણસો ઉપરાંત પાનાનાં પુસ્તકો આપશું.

આ વર્ષે ઓછામાં ઓછા પાંચ પુસ્તકો આપવાં છે. તેમાં સંપૂર્ણ વિવિધતા રહેશે. પહેલું પુસ્તક "એ પત્ની કોની?" સુપ્રસિદ્ધ મહારાષ્ટ્રીય લેખિકા શ્રીમતી ... મહત્ત્વનું છે. એનો અનુવાદ આપણા જાણીતા લેખક ... કરેલો છે. પુસ્તકનો સમગ્ર ખ્યાલ વાંચવાથી જ આવી શકે એમ છે. મહારાષ્ટ્રમાં તો આ પુસ્તક બહાર પડતાં જ અનેક ... આ પુસ્તકે ત્યાંનાં સામયિકોમાં પુષ્કળ ઊહાપોહ જગાવેલ છે.

એપ્રિલના પહેલા અઠવાડિયામાં સૌ ગ્રાહકોને આ પુસ્તક રવાના થશે. જે પહેલાં જે ભાઈઓ બહેનો ... ગ્રાહક થઈ જાય અને આ ગ્રંથમાળાને વિકસાવવામાં મદદ આપે.

ત્રણસો પાનાનાં પુસ્તકો નીચેના લવાજમે ઘેર બેઠાં મળશે

ક્રાઉન ૧૬		ડેમી ૧/૮
રૂપિયા ત્રણ		રૂપિયા ચાર
શિલિંગ છ	પરદેશ	શિલિંગ આઠ

: સંપાદક :

રલાલ, મોહનલાલ દવે

આ અંકમાં

ભગવો ઝંડો
ગયે મહિને
ગૃહ પ્રવેશે
સુમિત્રાનું દર્દ
મિલન — મુહૂર્ત
કવિતાની થેલીમાંથી
આંતરરાષ્ટ્રીય આંદોલનો
કણ કિનોરાની સફર

મુદ્રક • ધનશંકર કૃ. શુક્લ
પ્રભાતપ્રેસ • ડેન્સો હૉલ • કરાચી

ઊર્મિ

પ્રકાશક • સુરેશ રા. આંબરીઆ
ઊર્મિ કાર્યાલય • ડેન્સો હૉલ • કરાચી

વર્ષ છઠું
અંક ચોથો

સળંગ અંક
૬૪

અનુક્રમણિકા

ભાવના	શ્રી	૨૧૩
નિરુદ્ધ નિર્ઝરો	પૂજાલાલ	૨૧૪
પુણ્ય સ્મૃતિ	પ્રેતરામ ને. રાવળ	૨૧૫
ન. ભો. દી.	શિશુ	૨૧૫
અપત્યદેવને	ઋતુગાકુસુમાકર	૨૧૬
સુમિત્રાનું દર્દ (નવલિકા)	શ્રીકાન્ત	૨૧૭
ભગવો ઝંડો (જીવન ચરિત)	રામનારાયણ ના. પાઠક	૨૨૫
જનનીઅંક	મળેલું	૨૩૨
ગૃહપ્રવેશ (નાટક)	નગીનદાસ પારેખ	૨૩૩
આંતરરાષ્ટ્રિય આંદોલનો	ભાસ્કરરાવ વિદ્વાંસ	૨૩૮
વિસંવાદ	મળેલું	૨૪૪
મિલન-મુહૂર્ત (નવલિકા)	રમણીક કીશનલાલ મહેતા	૨૪૫
કવિતાની થેલીમાંથી	ઇન્દુલાલ ગાંધી	૨૫૨
ગયે મહિને	રતિલાલ મહેતા	૨૫૬
કોઈણ કિનારાની સફર	રામનારાયણ ના. પાઠક	૨૬૪
અવલોકનો	મુ. સુ. વા. ઇ.	૨૭૧

અમારા મુખ્ય એજન્ટો:—

સી. જમનાદાસની કંપની,	પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨
નૂતન સાહિત્ય ભંડાર	રમકડાં માર્કેટ, અમદાવાદ
એલ. કે. મેઘાણી	૧૪. આરમેનિયન સ્ટ્રીટ, કલકત્તા.
પુસ્તકાલય સ. સ. મંડળ લી.	રાવપુરા, વડોદરા
ગાંડીવ લવાજમ એજન્સી	હુમાયુંગો ચકલો, સુરત

વાર્ષિક : : : : લવાજમ : : રૂપિયા ચાર
પરદેશ દસ શિલિંગ
છુટક અંકની કિંમત છ આના

સૌને માટે
તાકાત-તાજગીથી ભરપૂર

લજ્જતદાર

ઝંડુ દ્રાક્ષાસવ

— વિના વિલંબે —
વાપરવા જોગ

ખાસ સ્ત્રીઓને માટે
તન્દુરસ્તી-તાકાતથી ભરપૂર

સ્ત્રીઓની નબળાઇમાં
આબાદ અસર કરનાર

ઝંડુ અશોકારિષ્ટ

પ્રદરાદિ રોગોનો
અકસીર ઇલાજ

દરેક ઘરમાં હોવો જોઇએ

મેલેરીઆને મારી હઠાવનાર

ઝંડુ મેલેરીઆ મિક્સ્ચર

ટાઢીયા તાવની રામબાણ દવા
એકવાર અજમાવી જુવો

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્ક્સ લી. પો. બો. નં. ૫૫૧૩ મુંબઇ નં. ૧૪
સિંધના સોલ એજન્ટઃ ડાહ્યાલાલ બ્રધર્સ. સ્વામીનારાયણ બીલ્ડીંગ, બંદર રોડ, કરાચી.
○ આયુર્વેદિક દવાઓનું સૂચીપત્ર આજેજ મંગાવો ○

ડૉ. રવિશંકર ગણેશજી અંજારી કૃત પુસ્તકો

૧૯૩૭ ના માર્ચ આખર સુધીમા ખરીદનારને નીચેની ખાસ ઘટાડેલી કિંમતે આપવામાં આવશે

	મૂળ કિંમત	ઘટાડેલી કિંમત
૧ વગર દોકડાનો વૈદ્ય	૨–૦–૦	૦–૧૧–૦
૨ પ્રભાત પ્રાર્થનામાળા	૨–૦–૦	૦–૧૧–૦
૩ વૃદ્ધવસ્થામા તંદુરસ્તી	૧–૮–૦	૦– ૮–૦
૪ વહુને શિખામણ	૧–૦–૦	૦– ૫–૦
૫ આદર્શન	૧–૦–૦	

	મૂળ કિંમત	ઘટાડેલી કિંમત
*૬ હિંદના હિતનો ઉકેલ	૧–૦–૦	
૭ હઠયોગ	૧–૪–૦	૭–૦–૦
*૮ શતશ્લોકી	૦–૧–૦	
*૯ આરોગ્ય દોહાવલી	૦–૧–૦	
કુલ કિંમત રૂા	૯–૧૪–૦	

*આ પુસ્તકો છુટક મળી શકશે નહિ આખા સેટમા જ અપાશે પોસ્ટેજ ખર્ચ અલગ.

નવ પુસ્તકોના આખા સેટની મૂળ કિંમત રૂ. ૯–૧૪–૦ થાય છે તે રૂ. ૩–૪–૦ મળશે

ઉપરના પુસ્તકો મુંબઇ તેમજ અમદાવાદમા નીચે જણાવેલા ઠેકાણેથી મળી શકશે પરંતુ મુંબઇમા ઘટાડેલી કિંમત ઉપર રૂપીએ ૦–૨–૬ અને અમદાવાદમા રૂપીએ ૦–૧–૬ ખર્ચ જોગુ વધુ લેવાશે

વડોદરામા—પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.

મુંબઈમા—આર. આર. શેઠની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં. ૨

અમદાવાદમા—ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ–અમદાવાદ

દરેક સાર્વજનિક પુસ્તકાલયમા અને દરેક સંસ્કારી ગૃહમા ખાસ રાખવા જેવા રૂચિકર, બોધક, ઉપકારક અને મનુષ્ય જીવનને માર્ગદર્શક થાય તેવા શિષ્ટ વાચન માટે પસંદગી પામેલા ઉત્તમ કોટિના પુસ્તકો —

	મૂળ કિંમત	લેવાની કિંમત
૧ શ્રી ધોંડો કેશવ કર્વેનુ આત્મચરિત્ર	૩–૦–૦	૧–૮–૦
૨ વીર ગારફિલ્ડ	૬–૮–૦	૧–૦–૦
૩ બુકર ટિ. વૉશિંગ્ટન	૧–૧૨–૦	૧–૦–૦
૪ કેળવણી પુસ્તક ૧–૨	૧–૧૩–૦	૨–૦–૦
૫ અપંગની પ્રતિભા (હેલન કેલરની આત્મકથા)	૦–૧૨–૦	૦–૧૨–૦
૬ જગતના સીતારા	૦–૮–૦	૦–૭–૦
૭ અમારા જીવનની કેટલીક માહગીરીઓ	૧–૮–૦	૧–૪–૦
ગાંધીજીની આત્મકથા ભાગ ૧–૨	૧–૦–૦	૧–૦–૦

પોસ્ટેજ તથા રવાનગી ખર્ચ જુદુ.

લખો—પુસ્તકાલય સ. સહકારી મંડળ લિ.

રાવપુરા–વડોદરા.

ઊર્મિ એ મહિને

છાનાં પ્રવાહો	(નવલિકા)	શ્રીકાંત
ગૃહપ્રવેશ	(નાટિકા)	નગીનદાસ પારેખ
સંસ્કૃતિનાં વહેણ	(પ્રવાસવર્ણન)	મૂળશંકર મો. ભટ્ટ
પ્રેસીડેન્ટ મસારીક	(જીવનચરિત્ર)	કાન્તિલાલ શાહ
કલ્યાણમૂર્તિ	(ચાલુ નવલકથા)	સોપાન
આંતરરાષ્ટ્રિય આંદોલનો		ભાસ્કરરાવ વિદ્રાંસ
રંગભૂમિનાં સ્વરૂપો		ઇન્દુલાલ ગાંધી
અનંત સ્મિત	(નવલિકા)	ક્ષ
તંત્રીની વિચારમાળા		જયસુખ મહેતા

આ ઉપરાંત ઇન્દુલાલ ગાંધી, સુન્દરમ્, પૂજાલાલ, મોહિનિચંદ્ર વગેરે પ્રસિદ્ધ કવિઓના કાવ્યો, કવિતાની થેલીમાંથી, અભ્યાસપૂર્ણ નોંધ, જીવનચરિત્ર, અવલોકનો અને ભાવના વગેરે આવશે.

અમારી વિનંતિ છે કે 'ઊર્મિ' ના દરેક અંકને ધ્યાનપૂર્વક જોયા વિના મૂકી ન દેશો.

- દર મહિનાની દસમી તારીખની અંદર અચૂક પ્રગટ થશે.
- ઓછામાં ઓછા ચોસઠ પાનાનું વાચન અપાશે.
- વાર્ષિક લવાજમ રૂ. ચાર : પરદેશમાં શિલિંગ દસ.

ગ્રાહક થવા માટે આજે જ લખો:

ઊર્મિ કાર્યાલય : ડેન્સો હૉલ : કરાચી

ખાસ ધ્યાન આપજો

"પચાસ વર્ષ પછી"

'અંજલિ ગ્રંથમાળા'નું બીજું વર્ષ પુરું થયું છે. બીજા વર્ષના પુસ્તકો સંબંધમાં એક ગોટાળો થયો છે. બીજા વર્ષે **'પશ્ચિમની કલાકૃતિઓ'** નામનું પુસ્તક અપાયું હતું તેની પ્રથમ આવૃત્તિ ખલાસ થતાં **હવે પછી** ગ્રાહક થનારને એ પુસ્તકની જગ્યાએ **'પચાસ વર્ષ પછી'** નામનું પુસ્તક આપવાનું ઠરાવ્યું છે. ત્યારે કેટલાક ગ્રાહકો એમ સમજ્યા છે કે 'પચાસ વર્ષ પછી'નું પુસ્તક બીજા વર્ષના પુસ્તકોમાં છે, અને એની માગણીના અમારા ઉપર પુષ્કળ કાગળો આવી પડ્યા છે. આ ખુલાસાથી હવે સૌએ સમજી લેવાનું છે કે **'પચાસ વર્ષ પછી'**નું પુસ્તક **હવે પછી** (બીજા વર્ષના) ગ્રાહક થનારને જ મળવાનું છે અને તે પણ 'પશ્ચિમની કલાકૃતિઓ' નથી એટલે એને બદલે જ.

વ્ય. અંજલિ ગ્રંથમાળા

સ્થળ સંકોચને કારણે આ અંકમાં 'કલ્યાણમૂર્તિ' ચાલુ વાર્તાના પ્રકરણો નથી આપી શકાયા. આવતે અંકે જરૂર આવશે.

વ્ય. ઊર્મિ





* વર્ષ છઠ્ઠું * * એપ્રિલ ૧૯૩૭ * * અંક ચોથો *

સમસ્ત વિશ્વનું સંચાલન કરનારા પ્રેમતત્વ ઉપર તમે કોઇ મર્યાદા મૂકો એટલે એ ગુંગળાવા લાગે અને તમારામાં મંથન, વેદના, વ્યથા અને હર્ષશોકની પછાટ વગેરે પેદા કરે. એ તત્વને રૂંધનારાં કારણો જેમ જેમ દૂર થતાં જાય તેમ તેમ આપણા જીવનમાં સક્રિય શાંતિ પેદા થાય.

મનુષ્યજીવનનું અંતિમ ધ્યેય જ એ હોઈ શકે કે, એ પ્રેમતત્વ ધીમે ધીમે સ્રી, મિત્ર, કુટુંબ, સમાજ, દેશ, વર્ગ એ તમામની આરપાર નીકળી આખા વિશ્વને વ્યાપી લ્યે. એ ધ્યેયના માર્ગે ચાલતાં માનવીના જીવનની પ્રત્યેક ક્રિયામાં શાંતિ, આશા, સ્વાર્પણ અને કર્મયોગના સ્પષ્ટ દર્શન થયાં જ કરે. આપણે એ ધ્યેયને પંથે છીએ કે નહિ તે પારખવાનું આ સહેલામાં સહેલું સાધન છે.

ધી.

અપત્યદેવને

ઋતૂનાં કુસુમાકરઃ

: મ્હારુનીટીંચ :

ત્હમને શું કહું અપત્યદેવ ! ત્હમે સ્વર્ગનાં જાણે સરોજ,
હણુ હણુ ઉગોને સ્વયમેવ, મ્હારે ઉરસરંકરોને મોજ.
મ્હારી જવાબની ખડકમાં ખોજ,
મ્હોરો એટલો શો દાવોજ. ત્હમને

નાજુક ફૂલ સમાં સુકુમાર, શરીરનો નમણો ઘાટ,
ન્હાનકડા દેહમાંહી વસતો, આત્મા દિવ્ય વિરાટ.
લસતી લાવણ્યશ્રી લલાટ,
ગાત્રો ગોપુર ગંગાના ઘાટ. ત્હમને

ખીલતી કુન્દ કલિકા શી શકિત રૂપભરી ન્હાનુંજ,
ન્હાનામાં શું ન્યૂન છે આત્મા પુણ્યપ્રભા રસપુંજ.
ન્હાનાં નેત્રોમાં કાવ્યોની કુંજ,
ગુણિયલ ઉરમાં ગવરવીગુંજ. ત્હમને.

ગરવાં ગગન-ચુમ્બી શું સ્વપ્ન, અનંત કરોછો વિહાર,
વ્યોમ વીંઝતી પાંખોકયાં ? ઘુમીએ !–પામર અમ આચાર.
ઇન્દ્રધનુ ભૂમિતમ સંચાર,
લઘુ પણ કહીએ નવલાચાર! ત્હમને

સ્વર્ગદ્વાર ઉઘાડે ત્હમારૂં આરૂને ચકોર ચિત્ત,
દ્વારની બ્હાર અમે ઉભા રહીએ, બનીએ ધન્ય નિમિત્ત
ત્હમે વસુન્ધરાનાં છો વિત્ત,
ચૌદ બ્રહ્માંડ ત્હમારે ચિત્ત. ત્હમને

જોવાત્હમારા સ્વર્ગ વિહારો, ચનગનતા આભવ્ય,
અમ આચાર વિચારથી ભ્રષ્ટ ન થાય એલવ, કર્તવ્ય,
સર્વતો ભદ્રતમ દ્દષ્ટિ નવ્ય,
શું કરીએ, શું સંવ્યાપસવ્ય ? ત્હમને.

ન્હાનકડી મુઠીમાં શું સમાયે, સનાતનસર્વગના સત્ય,
માવાના મુખમા જશોદાએ જોયુંજે, સર્જોએ સર્વઅપત્ય,
દેવ ! તમથી સહ્રળદામ્યત્ય,
કોની તમથી વધુ છે અગત્ય ?

સુમિત્રાનું દર્દ

શ્રી કાંત

"આ જગતમાં એવું શું છે કે જે હું તારા માટે ન ત્યાગી શકું ?" સુધીરે એનું એ અર્થવાળું વાક્ય ફરીને ઉચ્ચાર્યું.

"મને એમા શંકા જ નથી, પણ માતાપિતાનો વિચાર જરા મૂંઝવે છે. અને સાચું કહું તો સમાજનો યે થોડોક ડર લાગે છે." સુમિત્રાએ પણ એ જ ભાવનો જવાબ ફરીને આપ્યો.

"સુમિ !" સુધીર જરા ગંભીર બનીને બોલ્યો. "તો મારે હવે શું સમજવું ? આ પ્રશ્ન ઉપર વિચાર કરતાં આપણને મહિનાઓ નહિ પણ વર્ષો વીતી ગયાં. છેલ્લાં બે વરસ થયાં તો આપણે દરરોજ આ પ્રશ્નની ચર્ચા કરીએ છીએ અને આવું આવુ બોલીને જ જુદા પડી જઇએ છીએ."

"હું શું કરું, મારામાં તમારા જેટલી હિંમત નથી."

"હિંમત ન હોય તો લાવવી જોઇએ. સાચો પ્રેમ હોય તો હિંમત આવે જ."

"મને સાચો પ્રેમ નથી એમ તમે માનો છો ?"

"એવું હું નથી માનતો, મારે એવું માનવું પણ નથી પરંતુ પ્રેમ કોઇ ને કોઇ રૂપમાં પ્રગટ પણ થવો જોઇએ ને ? આપણે એકબીજાને માત્ર ઝંખ્યા કરીએ એ પ્રેમ કહેવાય ? એક બીજા માટે પ્રસંગ આવ્યે સર્વસ્વ ગુમાવવા પણ તૈયાર રહેવું જોઇએ." સુધીર જરા અટક્યો અને સુમિત્રા સામે આંખ માંડીને બોલ્યો. "હું સમજું છું કે તને ભવિષ્યનો ડર લાગે છે. માબાપને છોડયા પછી તારું શું થશે એની તને ભીતિ રહ્યા કરે છે !"

"ના, ના. મને એવો ભય નથી."

"તો હું સમજી નથી શકતો કે હવે શી વાર છે ! તને ભલે ડર

ન હોય, પણ હું તો તને ખાત્રી આપું છું કે આખી જીંદગી હું તારો જ રહીશ. તારા માટે મારા જીવનનું અમૂલ્યમાં અમૂલ્ય તત્વ હું તુચ્છ સમજીશ સુમિ! તારા મનમાં ભયની આછી રેખા પણ પ્રગટતી હોય તો એ ભૂંસી નાખજે. તું જાણે છે કે આ ગીચોગીચ ભરેલી દુનિયામાં પૂરતી જગા મેળવી લેવાની મારામાં તાકાત છે દુનિયામાં ગમે તેવી અંધાધુંધી આવે પણ આપણને ઉની આંચ આવવાની નથી તું કેમ બોલતી નથી? શા વિચારમાં પડી ગઈ છો? તને મારા બોલવા ઉપર વિશ્વાસ નથી આવતો?"

"તમે કેવું ધારી લ્યો છો?"

"ત્યારે?"

"મને થાય છે કે હું હજી લગ્નને લાયક નથી"

"શું બાકી છે?"

સુમિત્રા જરા અચકાઈને બોલી 'મારામાં તમારા જેટલી તાકાત નથી'

"એટલે?"

' મારામાં એકને હાથે આ દુનિયામાં ઝૂઝવાનું સામર્થ્ય નથી"

"એકને હાથે! તું કેવું બોલે છે? આપણે જોડાઈએ એટલે આપણે બંને મળીને જ એક કહેવાઈએ મારી શક્તિ એ તારી જ શક્તિ છે'

સુમિત્રા ન બોલી

"કેમ મેં કહ્યું નહિ કે તને ભવિષ્યનો ડર છે."

"ડર નથી પણ તમારી પેઠે મારે પણ શક્તિઓ મેળવવી જોઈએ"

'તું વિચિત્ર બોલે છે"

"કેમ?"

"તો તો તારામાં જેટલી શક્તિઓ હોય તે મારે પણ મેળવવી જોઈએ અને એમ એક બીજાના બરોબરીઆ થતાં આ જીંદગી પૂરી કરવી જોઈએ!"

"હું એમ નથી કહેતી દુનિયામાં ઉભવા જેટલી શક્તિ તો મારે મેળવવી જોઈએ ને!"

"વાહ! મને તું કોઈ રસ્તે ચાલતો પ્રવાસી સમજે છે? સુમિ! મને તો કલ્પના પણ નહોતી કે તારા હૃદયમાં આવું આવું પડ્યું હશે. હું તો હમેશ એ ભ્રમમાં જ હતો કે માતાપિતાનું દુઃખ અને કાંઈક સમાજની બીક એ બે જ તત્વો તને રોકનારાં છે"

'એ તો છે જ."

"ત્યારે આ બધું શું?"

"કંઈ નહિ" સુમિત્રા થાકીને બોલી 'તમે અત્યારે જાવ. આપણે ફરી વાત કરશું'

'આજ તો હું નિશ્ચય કરીને જ આવ્યો છું કે આ પ્રશ્નનો અંત આણવો જ. તેં ના કહેવી હોય તો ના કહી દે"

સુમિત્રા જવાબ આપવાને બદલે સુધીરના મો સામે જોવા લાગી. સુધીર ઢીલું મો કરીને બેઠો

"મારો વિચાર ન કરીશ. મારૂં જે થવાનું હશે તે થશે. મારી એક જ ભાવના છે કે આ તોફાની જગતમાં તને શાંતિ મળે, સુખ મળે, જીવનનો આનંદ મળે. સુમિત્રા! પાંચ પાંચ વર્ષના સહવાસ પછી પણ તારા દિલમાં શંકાઓ ઉઠી શકતી હોય તો તું ભલે મારાથી દૂર થા અને જ્યાં વિશ્રામ પેદા થઈ શકે ત્યાં જા. હું તને કહી દઉં કે મેં તો મારૂં હૃદય તને આપી જ દીધું છે. એ હું પાછું મેળવવા ઇચ્છું તો યે મેળવી શકું નહિ એ પાછું લેવાનું મારામાં જોર જ નથી. સુમિ! હું બહુ જોરાવર લાગું છું પણ આ બાબતમાં અત્યંત દીનો છું. હો! મને તારા પર કેટલો પ્રેમ છે?" સુધીર લાગણીભેર બોલ્યો. સુમિત્રા

સામે ટાંપી રહ્યો. સુમિત્રાની આંખો ભીનાશથી ચમકવા લાગી.

"હું તને લાગણીથી ખેંચવા નથી માગતો. તારું હૃદય અને બુદ્ધિ સ્વીકારતાં હોય તો જ તું હા પાડજે"

"તમે કાલે આવજો, આજ મને ઠીક નથી, મારું મગજ જ ઠેકાણે નથી."

"ભલે." સુધીર ઉઠયો અને ઝપાટાબંધ પાંચ ડગલા ચાલ્યો પણ સુમિત્રા હજી એને જોતી ઉભી હતી ત્યાં જ એ પાછો વળ્યો.

"સુમિ! મને થાય છે કે હું થોડીક વાતો સ્પષ્ટ કરી લઉં."

"તમે કાલે આવજો ને!"

"નહિ, હું તને કહી દઉં. તું એ બધા ઉપર વિચાર કરી છેલ્લો નિર્ણય મને જણાવજે"

"શાની વાત કરવી છે?"

"આપણે બેસીએ. વાત કરતાં થોડીક વાર લાગશે."

"તમે કાલે જ આવો, અત્યારે મને કશું યાદ જ નહિ રહે"

સુધીરના મોં ઉપર જરા રોષ આવી ગયો. સુમિત્રાએ એ જોયું, પણ એ વિદાય આપતી ત્યાં ઉભી જ રહી.

"ઠીક, તો કાલે. પણ તેં સાંભળી લીધું હોત તો લાભ હતો. બંનેના જીવન વિષેનો તું સ્પષ્ટ નિર્ણય કરી શકત."

સુમિત્રા કંઇ ન બોલી એટલે સુધીર પાછો વળ્યો અને વિચારમાં ડૂબી ગયો હોય એમ ધીમે પગલે માથું નીચું ઢાળીને છાત્રાલયના મકાનની બહાર નીકળ્યો. મકાનથી થોડે દૂર જતાં એણે માથું ઉંચું કર્યું અને ઉતાવળે ચાલવા માંડ્યું.

\+ + +

સુમિત્રા પાંચ વર્ષ થયાં એ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી હતી. ગુજરાતના ગામડામાં એ ઉછરી હતી પણ માતાપિતા કાંઇક સંસ્કારી અને સાધનસંપન્ન હોવાથી એ આટલી કેળવણી પામી શકી હતી. એ પંદરેક વર્ષની થઇ એ પછી એને ભણાવવા વિષેનો માતાપિતાનો ઉત્સાહ ઓછો થઇ ગયો હતો પરંતુ સુમિત્રામાં એ ઉત્સાહ આવી ગયો હતો એટલે ફીકર નહોતી. માતાપિતાને એના ઉપર પ્રેમ હતો એટલે એમણે સુમિત્રાને છૂટ સંમતિ આપી હતી.

સુમિત્રા સુંદર હતી જ. સૌંદર્યની ગમે તે વ્યાખ્યા કરો પણ એમાં સુમિત્રાને સ્થાન આપવું જ પડે એમ હતું. બહુ ગૌર નહિ પણ તેજસ્વી અને નમણું વદન, સૌજન્ય પ્રગટ કરતી આંખો, વિનય અને મર્યાદા ભરેલું હલનચલન એ બધું બીજી વિદ્યાર્થીનીઓ કરતાં સુમિત્રામાં વિશિષ્ટ પ્રકારનું હતું. પ્રથમ નજરે જોનારને એનામાં વધું પડતા ભોળપણનો ખ્યાલ આવે, પરંતુ એવું નહોતું. બીજા સાથે ઓછા સહવાસમાં આવતી સુમિત્રાની અવલોકન શક્તિ બળવાન હતી અને એ ઉપરથી છાત્રાલયમાં રહેતી શાણી, ભોળી, લુચ્ચી કે મસ્તીખોર કુમારિકાઓને એ સારી રીતે પિછાનતી હતી. પોતાના અવલોકન ઉપરથી જ એ એવા નિર્ણય ઉપર આવી હતી કે બહુ મૈત્રીઓ કરવામાં સાર નથી. એ જોઇ શકતી હતી કે એથી જીવનની સ્વાભાવિકતા મારી જાય છે. અને આખું જીવન નાટકના પાત્ર જેવું બની જાય છે. સુધીર સાથેની મૈત્રી તો અનિચ્છા છતાં એનાથી થઇ ગઇ અને થયા પછી એ એને વશ બની, જાણે સંઘરી રાખેલો પ્રેમરસ એક જ ઝપાટે ઢળી જતો હોય!

સુધીર સુમિત્રાની જ્ઞાતિનો નહોતો, પણ એ બંનેમાંથી કોઇ જ્ઞાતિ વિષે બહુ વિચાર કરે એવું જ નહોતું. એક જાહેર ઉત્સવમાં સુધીરને

વ્યાખ્યાન આપતા જોયા પછી સુમિત્રા એના તરફ સહેજ ખેંચાઇ હતી અને એક દિવસ કૉલેજમા જતાં 'બસ'માં એ સાથે થઇ ગયા ત્યારે થોડી વાત થઇ હતી એ પછી તો એ સબંધ આગળજ વધતો ગયો આરંભમા સુમિત્રાને ક્યારેક નવીનતાની અકળામણ થઇ આવતી પણ ધીમે ધીમે એમા મીઠાશ આવવા લાગી અને બને એકબીજાની નજીક આવવા લાગ્યાં.

'આપણે લગ્ન કરીએ તો?' એ વિચાર પહેલ વહેલો કોના અંતરમા ઊગ્યો હશે તે કહેવું મુશ્કેલ છે પણ લગભગ એક વરસ સુધી મનમા ઘોળાયા પછી સામાન્ય વાતોમા, બીજાની વાતોમા, અંગત જીવનની અને ભવિષ્યની વાતોમા પરસ્પરનુ આકર્ષણ પ્રગટ થવા લાગ્યું સુમિત્રાને સુધીરનો સહવાસ પ્રિય લાગવા માંડ્યો પણ સુધીરને તો સુમિત્રાને પોતાની કરવાની તાલાવેલી લાગી એક દિવસ હિંમત કરી એણે સુમિત્રા પાસે સ્પષ્ટીકરણ પણ કરી નાખ્યુ સુમિત્રાએ જવાબ ન વાળ્યો પણ એના મો ઉપર શરમની છાયા આવી ગઇ અને આંખો નમી ગઇ તે ઉપરથી સુધીર સમજી ગયો સુધીર એટલો સમજુ હતો જ અને બીજે દિવસે સુમિત્રાએ વાણીથી સમ્મતિ દર્શાવી ત્યારે તો શકાને સ્થાન જ ન રહ્યુ

સુમિત્રાએ સમ્મતિ તો આપી પણ જેમ દિવસો જવા લાગ્યા તેમ એ સમજતી ગઇ કે અંતરમાથી ઊગેલા આ વિચારને વ્યવહારમા ઉતારવો સહેલો નથી 'હું ચાહુ છુ, મને પ્રેમ છે' એટલુ બસ નથી થતુ જેને રસ્તે ઉછરીને મોટી થઇ એ માતાપિતાનો માગ પર હક ખરો કે નહિ? જે સમાજ નિયમોથી અમે જીવીએ છીએ તેના નિયમોનુ બંધન ખરૂ કે નહિ? સુમિત્રા વિચારવા લાગી અને લગ્ન પછી શું કરીશુ? એ વિચાર પણ પેદા થયો

સુધીર શુ કરે છે, કેમ રહે છે તે બધુ એણે ઝીણવટથી જાણી લીધું. મન મૂઝાતુ હતુ પણ સુધીર તરફ ખેચાવા લાગી

સુધીરના આનંદને સીમા નહોતી સુમિત્રા પ્રત્યેના પોતાનો પ્રેમ કેમ વ્યક્ત કરવો એ જ એના જીવનનો વ્યવસાય થઇ પડ્યો એણે બેગ સોગાદોથી સુમિત્રાને નવાજવા માંડી બંને લગભગ દરરોજ ફરવા જવા લાગ્યાં સુમિત્રા માટે કઇ પણ છોડવામા સુધીરને આનાકાની તો ન થતી પણ મોંઘામા મોંઘી વસ્તુ છોડવામા આનંદ આવતો એના સ્વભાવ પ્રમાણે એને સહજભાવે એવી ઇચ્છા રહ્યા જ કરતી કે પોતાનો ત્યાગ સુમિત્રાની જાણ બહાર ન રહે પ્રત્યેક ભેટ વખતે એ સુમિત્રાને કહેતો "સુમિ! તુ પોતે કેમ કઇ માગતી નથી? તું જાણે છે કે તને કઇ પણ આપવામા મને કેટલો આનંદ આવે છે!" સુમિત્રા એના સામે જોઇ ધીમુ હસતી અને સુધીરને એટલાથી પૂરો સતોષ મળી જતો

સુધીર ધનવાન હતો અને કમાતા હતો બુદ્ધિશાળી હતો અને એની બુદ્ધિ પ્રમાણે સમજમા ને મિત્રોમા એની પ્રતિષ્ઠા હતી એની જ્ઞાતિમા સુધીર જેવો પચીસ વર્ષનો રહ્યે સુધી અપરિણીત રહે એ અસાધારણ બનાવ હતો પણ સુધીર નવા વિચારોથી રંગાયેલો હતો સુમિત્રા સહવાસ પછી એને ખાત્રી થઇ ગઇ હતી કે પોતે પ્રેમલગ્ન કરી શકવાને ભાગ્યશાળી થઇ ગયો છે

બંને વચ્ચે સ્પષ્ટતા થઇ ગઇ પછી અનેક વખત એ પ્રશ્નની ચર્ચા થતી હતી સુધીરના માતાપિતા આવા આંતરજાતિય લગ્નને સમ્મતિ આપે એવા નહોતા પણ સુધીરે એ તરફ વધુ જ આપ્યુ નહોતુ સુમિત્રાને એ પ્રશ્ન મૂઝવ્યા જ કરતા હતો એ રજાના દિવસોમા ઘેર જતી ત્યારે પ્રેમાળ માતાપિતા આડકતરી રીતે એના લગ્નની વાત કરતા પણ સુમિત્રા એ વાતને મન ન આપતી

એક દિવસ એક મિત્ર દ્વારા સુમિત્રાના પિતાએ એનું હૃદય જાણવાનો પ્રયત્ન કર્યો પણ સુમિત્રા હૃદય બતાવી શકી નહિ. સુધીરની પ્રતિમા છૂપાવીને એણે એ વાતને હસવામાં કાઢી નાખી.

દિવસો ને મહિનાઓ વીતવા લાગ્યા. સુમિત્રાના અભ્યાસનું છેલ્લું વર્ષ આવી પહોંચ્યું. સુધીર જરા ચિંતાતુર થયો. એને થયું કે આ વરસે નિર્ણય નહિ થાય તો ભાવી સલામત નથી. એણે સુમિત્રા પાસે ઉતાવળ કરવા માંડી. સુમિત્રા પણ મનમાં તો આખી સ્થિતિ સમજતી હતી, પણ પોતાના મનની વાત દબાવી એણે સુધીરને મીઠાશથી થોભાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો. એક બાજુ એ એને થોભાવતી હતી બીજી બાજુ એના અંતરનું ઘમસાણ વધતું જતું હતું. શું થશે ? એ પ્રશ્નનો જવાબ વિચારસૃષ્ટિની ક્ષિતિજમાં પણ એને દેખાતો નહોતો.

એક દિવસે સુધીરે એના હાથમાં ચામડાની સુંદર કારીગરીનું પાકીટ મૂક્યું. સુમિત્રાએ આનંદપૂર્વક સ્વીકારતાં પૂછ્યું:

"આની કિંમત કેટલી ?"

"બાવન રૂપિયા."

"બાવન !" સુમિત્રાના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ પાકીટ ઉપરનું ચિત્ર જોવા લાગી.

"કેમ, વધારે લાગે છે ?"

"વધારે નહિ ? આટલું બધું ખર્ચ શા માટે કર્યું ?"

સુધીર હસીને બોલ્યો: 'આ તે કોઈ સવાલ છે ?'

સુમિત્રા વધુ ન બોલતાં પાકીટ જોવા લાગી.

"સુમિ ! કમાનાર માણસને આ રકમ વધારે ન લાગે હો !"

"તમે શું કમાવ છો ?"

"આ વાતમાં તને ક્યાંથી રસ આવ્યો ? જો, આવા ઘણા પાકીટો હું તને ભેટ આપી શકું એટલું કમાઉં છું."

"તમારા પિતા ધનવાન છે ખરું ?"

"હા, પણ આ એમનું ધન નથી. એ ધનની ભેટ આપવામાં શી મીઠાશ ! આ તો મારું–સુમિ ! મેં જાતે જ પેદા કરેલા ધનનું પરિણામ છે."

"મારે પણ અભ્યાસ પૂરો કરીને કમાવું છે." સુમિત્રા સહેજ હસીને બોલી.

"તારે શા માટે એમાં પડવું જોઈએ ? આપણી આનંદસામગ્રી માટે હું એક બસ થઈ પડીશ."

"પણ મારેય સ્વતંત્ર થવું જોઈએને !"

"તે નહિ કમાય તો પરતંત્ર થઈ જઈશ ?"

"પણ સ્ત્રીઓએ આર્થિક રીતે હવે સ્વતંત્ર થવું જોઈએ."

"શા માટે ?"

"શા માટે કેમ ? થવું જોઈએ."

"કોઈ ગમાર સાથે લગ્ન થયાં હોય અને ન બને તો કામમાં આવે અથવા વૈધવ્ય પ્રાપ્ત થાય તો કામમાં આવે, એટલા માટે ને ?"

"હા." કહી સુમિત્રા ચૂપ રહી.

"સુમિ !" સુધીર ધીમેથી બોલ્યો. "તારે એ તરફ લક્ષ જ આપવાનું નથી. તું તારો સંગીતનો શોખ ખીલવ. તારી કમાણી આપણા જીવનમાં રસ નહિ પૂરી શકે. એ તો મારા પાસે છે જ. તું સંગીતમય થઈ જા એટલે આપણા જીવનમાં સંગીત આવે."

"એ તો હું કરું જ છું"

"પણ આ કમાવાના વિચાર તને બીજું કરવા પ્રેરતા હશે."

"હા, ઘણા વિચાર આવી જાય છે"

"એનુ જ મને દુઃખ છે. એથી જ તો હું તમને કોઈ દિવસ વાત કરતી નહોતી તમે તમારુ સર્વસ્વ મને આપી રહ્યા છો ત્યારે પણ મને શાંતિ ન થાય તો એ મારો જ દોષ"

"સુમિત્રા !" સુધીર વિચાર કરતો જરા અટકીને બોલ્યો

"તને ક્યારથી આવુ લાગે છે ?"

"સમય તો હું નથી જાણતી પણ એવુ લાગે છે કે પહેલુ વર્ષ મારા આનંદનુ ઉદ્‌ગમ તમે હતા. બીજે વર્ષે મારું સંગીત અને ત્રીજે વર્ષે કઈ નહિ. હા, હુ આનંદમાં રહેવાનો-દેખવાનો ડોળ કરતી, પણ એ તો તમારા સુખ માટે."

"એટલે ? તું અંદરથી દુખી થઈ રહી છે ?"

"દુખ હોય તો સમજાતુ નથી પણ જીવનની સ્વાભાવિકતા મરી ગઈ હોય એવુ લાગ્યા કરે છે શાથી એમ લાગે છે એ સમજાતુ નથી ક્યારેક એમ થાય છે કે તમારી પેઠે મારે ય પ્રવૃત્તિઓ હોત તો આવું ન થાત"

"પ્રવૃત્તિ ? પ્રવૃત્તિ તો છે જ તારો દિવસ ક્યા આળસમાં જાય છે ? તુ એકલી પણ ક્યારે રહે છે ?"

"એમ નહિ"

"ત્યારે ?"

"ખબર નથી પડતી" સુમિત્રા બોલતાં બોલતા થાકી ગઈ

\+ + +

ત્યાર પછીનો જીવનપ્રવાહ મુશ્કેલ બન્યો સુધીર પણ મૂઝાવા લાગ્યો, સુમિત્રાનુ દુખ એ એનુ જ દુખ હતું. સુમિત્રાની એકલતા કેમ ટળે અને સુમિત્રા ફરીને કેમ કલ્લોલતી થાય એના વિચારમાં એ પડ્યો એક દિવસ શહેરમાં ભરાયેલુ એક મોટું પ્રદર્શન જોવા એ ગયો સુમિત્રાને સાથે આવવા કહેલું પણ એણે નામરજી બતાવી હતી એ નામરજી અને નિત્યના પ્રશ્નો ઉપર વિચાર કરતો એ પ્રદર્શનમાં ગયો પ્રદર્શનમા પગ મૂકતા જ સુમિત્રા માટે શું લઈ જાઉ ? એ શાથી આનંદ પામશે ? એ વિચાર એના મગજમા અથડાયો. એ આખુ પ્રદર્શન ફર્યો થોડાક ચિત્રો લીધા, હાથ કારીગરીની થોડીક ચીજો લીધી બે ત્રણ પુસ્તકો લીધા પણ એટલાથી સંતોષ ન થયો સુમિત્રા આનંદથી નાચી ઊઠે એવુ કંઈક એને જોઈતુ હતુ, એ વળી પાછો આખુ પ્રદર્શન ફરી વળ્યો પોતાને ગમતો થાય એવુ કઈ ન મળ્યુ. છેવટે થાકીને જે હતુ તે લઈને ઘેર આવ્યો

"સુમિ ! અહીં આવ તો"

સુમિત્રા અંદરના ઓરડામાથી ધીમે પગલે દિવાનખાનામા આવી સુધીરે વચ્ચે પડેલા ગોળ ટેબલ ઉપર બધી વસ્તુઓ મૂકી અને સુમિનુ સ્મિત ઝીલવા એના તરફ જોઈ રહ્યો સુમિ તુરત હસી નહિ પણ સુધીરને પોતા સામે એકીટ રહેલો જોતા જ એણે સ્મિત કર્યું સુધીરનુ મો પડી ગયુ

"સુમિ ! બીજુ કંઈ ન મળ્યુ હુ આખુ પ્રદર્શન ફરી વળ્યો પણ તને ગમે એવુ બીજુ કંઈ દેખાયુ જ નહિ"

"આ સરસ છે" એક ચિત્ર ઉપાડતા સુમિત્રાએ કહ્યુ, સુધીર એના સામે તાકી રહ્યો હતો સુમિના શબ્દોએ એને આનંદ ન આપ્યો

\+ + +

સુધીરના કિસ્મતે પલટો લીધો એનો વેપાર ધીમે ધીમે તૂટવા લાગ્યો, અને થોડા જ વખતમા એ સામાન્ય માણસ બની ગયો જેમ એ ગરીબ થતો ગયો તેમ સુમિત્રા વિષે એને વધારેને વધારે લાગવા માડ્યુ. એક તો સુમિત્રા દુખી લાગતી જ હતી એમાં ધનવૈભવ જતા આનંદના સાધનો

(અનુસંધાન પાન ૨૬૯)

ભગવો ઝંડો

શ્રી. રામનારાયણ ના. પાઠક

સોળમા સૈકામાં બાદશાહ બાબરે દિલ્હી લીધું અને હિંદને સદાને માટે પોતાનું કરવાનો વિચાર કર્યો ત્યારે રહ્યા સહ્યા રજપૂતબળ સાથે રાણાસંગે એ પરદેશી સત્તાનો ધ્વંસ કરવા ફત્તેહપુરસિક્રિના મેદાનમાં મોરચા માંડયા. જીવ સટોસટનો જંગ ખેલવા છતાં અંદરની ખટપટથી મહારાણાને હાર મળી. તે દિવસે મોગલાઈની જડ ઉંડી પેઠી.

એ જ રીતે અઢીસો વર્ષથી એકધારા ચાલતા વિજયનગરના સામ્રાજ્યને તોડી પાડવા દક્ષિણની ત્રણ મુસલમાની સત્તા એકત્રિત રીતે તૈયાર થઈ. સામ્રાજ્યથી છૂટા પડી સ્વતંત્ર આપખુદી ચલાવવા ઇચ્છતા રજપૂત રાજાઓએ સામ્રાજ્યને તોડવામાં સહાય કરી. આદિલશાહી અને કુતુબશાહીએ દક્ષિણમાં પરદેશી સત્તાને કાયમ કરી.

આમ સોળમા સૈકાની અધવચમાં સારાયે હિંદુસ્તાનમાં ધર્મ-ઝનૂની મુસલીમોની સત્તા પ્રસરી ગઈ અને એક પ્રાચીન, મહાનપ્રજાની સંસ્કૃતિ જોખમમાં આવી પડી.

આવે કટોકટીના વખતે નિઝામ સરકારના જાબ ગામમાં એક સમર્થ પુરુષ પાકયો. જેણે ગૂંગળાઇ જતા હિંદુધર્મને અને નષ્ટપ્રાય થએલી સ્વતંત્રતાને પાછી પ્રાપ્ત કરવા પ્રજામાં નવપ્રાણનો સંચાર કર્યો. મોગલશાહી, નિઝામશાહી, વિજાપુરશાહી વગેરે શાહીઓથી રંગાઇ ગયેલા ભારતવર્ષને એકતાનો અમરમંત્ર આપીને ફરી એકવાર સ્વતંત્રતાનો સ્વાદ ચખાડયો.

શિવાજીના મૃત્યુ પછી શંભાજીને હાર કરી ઔરંગઝેબે મરાઠી-સત્તાને જેર કરવા પોતાની સર્વ શક્તિ વાપરવા છતાં નાના નાના સરદારોએ માત્ર સ્વરાજ અને સ્વધર્મની ઉન્નત ભાવનાથી મરાઠી સામ્રાજ્યને ટકાવી રાખ્યું એટલું જ નહિ પણ ભગવા ઝંડાને સિંધુને પેલેપાર છેક અટક સુધી પહોંચાડયો.

એ ભગવા ઝંડાની ઉન્નત ભાવનાના મંત્રદાતાની પ્રેરક જીવન-કથા ટૂંકાણમાં અહીં આપવામાં આવી છે.

*　　　*　　　*

નિઝામ રાજ્યના ઔરંગાબાદ જીલ્લામાં, મનમાડ–હૈદરાબાદ રેલ્વે લાઇન ઉપર જાંબ નામનું ગામ આવે છે. એ ગામમાં આજથી લગભગ સવાત્રણસો વરસ પહેલાં (ઇ. સ ૧૬૦૮) ચૈત્ર સુદ નોમને દિવસે બપોરે બાર વાગે મંદિરોમાં રામજયતિના ઘંટાનાદ થતા હતા એ વેળાએ સૂર્યાજીપંત નામના બ્રાહ્મણને ત્યાં એક પુત્ર અવતર્યો. એનું નામ નારાયણ પાડ્યું.

સૂર્યાજીપંત સદાચારી હતા. ગ્રામાધિકારી હતા. પ્રતિષ્ઠા સારી હતી. તેમના પત્ની રાણુબાઇ સુશીલ અને શાંત સ્વભાવનાં હતાં આવાં માતપિતાનો નારાયણ નાનપણથી તોફાની નીકળ્યો.

પાંચમે વરસે જનોઇ આપી નિશાળમા ભણવા બેસાડ્યો. ધુળી નિશાળમાં લખતા, વાંચતાં અને થોડું નામુંઠામુ શીખ્યો નાગરી અક્ષર નારાયણ સુંદર કાઢતો કુદવું, લખોટીએ રમવુ, તરવુ એ નારાયણની પ્રિય રમતો હતી પણ નારાયણ રમતમાં હજી ખીલતો હતો ત્યા જ ઉમરને સાતમે વરસે એના પિતાનું મૃત્યુ થયું.

આઠ નવ વરસનો નારાયણ સૂર્યાજીપંતના મૃત્યુથી દુઃખી થવાને બદલે ગમ્મતમા લીન રહે છે એ જોઇ માતાએ એકવાર કહ્યુ 'પુરુષોએ સંસારની ચિંતા કરવી જોઇએ ' બસ એ શબ્દો સાભળતાં જ ભાઇસાહેબ ઘરના એક ખૂણામાં જઇને બેઠા. મા અને મોટાભાઈ શોધાશોધ કરવા લાગ્યા મોડેથી મા ઘરમા આવીને જુએ તો અંધારા ખૂણામાં નારાયણ પલોઠીવાળી ધ્યાનમા બેઠા છે. માએ રીસમા પૂછ્યુ. 'શું કરે છે નારાયણ !'

'વિશ્વની ચિંતા કરું છું ' મા હસી પડ્યાં અને બાવડે પકડી બહાર લાવ્યા.

એકવાર રાણુબાઇએ કહ્યુ 'નારાયણ ! મારે છાશની જરૂર છે પણ તને કહેવાથી શો ફાયદો ? તુ કંઇ થોડો જ ચીંધ્યું કામ કરે છે ! '

નારાયણ કંઇ બોલ્યો નહિ. બીજે દિવસે વહેલો ઉઠી કુંભારને ઘેર જઇ અગીઆર પાટીઆ લઇ આવ્યો અને પાડોશમાં અગીઆર ઘેરથી છાશ લઇ ઘરમાં ગોઠવી આવ્યો માએ જોયું ત્યારે આશ્ચર્યથી અને આનંદથી નારાયણને ભેટી પડ્યાં

દસ વર્ષનો નારાયણ પકા જુવાન જેવો લાગતો હતો. રિવાજ મુજબ હજી તે લંગોટી પહેરીને જ ફરતો હતો. એનું સુંદર, સુદૃઢ, સુડોળ શરીર અત્યંત દેખાવડું .લાગતું અને સૌને એ પરાણે વહાલો લાગતો. નારાયણને માટે માગાં આવવા લાગ્યાં સ્વરૂપવાન કન્યાઓ જોઇ રાણુબાઇ લોભાયા. નારાયણને માટે વાતચીત શરૂ થઇ. નારાયણના ગોઠીઆઓએ નારાયણની મશ્કરી શરૂ કરી 'તારાં લગ્ન થવાનાં, નારાયણ તારે વહુ આવશે'. નારાયણ આથી એકવાર ખૂબ ચીડાયો અને નદી કાંઠે ઉંચા ઝાડ પર ચડી ત્યાંથી નદીમા કૂદી પડ્યો. પડતાં પથ્થર વાગ્યો, માથુ ફૂટ્યું. મોટાભાઇને ખબર પડતા નદીએ દોડયા ગયા અને નારાયણને ઘેર લાવ્યા

વરસ બે વરસ બીજાં નીકળી ગયાં. એકવાર રાણુબાઇથી ન રહેવાયું તેણે નારાયણને પૂછ્યું 'નારોબા, લગ્નની વાત નીકળતાં તું ખીજાઇ જાય છે, એ ઠીક નથી તું મારું એક વેણ રાખીશ ?''

'હા બોલો'.

'અંતરપટ થતા સુધી લગ્નની બાબતમા હા ના કરતો તને મારા સમ છે.'

નારાયણ બોલ્યો 'આજ્ઞા માથે ચડાવુ છું.'

માતાને આનંદ થયો નારાયણના મોટાભાઇ ને શંકા પડી કે નારાયણ આમ જલદી કેમ માન્યો. છતા એણે તૈયારી શરૂ કરી. કન્યા શોધી કાઢી "સગાંસંબંધીઓને કંકોત્રી લખાઇ. જાન લઇ વાજતે ગાજતે નારાયણ રામાં પરણવા ચાલ્યા

મંડપમાં બંને પક્ષનાં મહેમાનો ઠાઠમાઠથી બેઠા. વિવાહવિધિ શરૂ થઈ. કન્યાને માંડવામાં લાવવામાં આવી. અંતરપટ ખેંચાયો અને બ્રાહ્મણોએ મંગલાષ્ટક શરૂ કર્યાં. પહેલું મંગલાષ્ટક પૂરૂં થતાં ઉપાધ્યાય શુક્લે લહેકાદાર સ્વરે ઉચ્ચાર કર્યો: ' શુભ લગ્ન સાવધા......ન '

શાંત, ગંભીર મુખવાળો, માત્ર બાર વર્ષનો નારાયણ અંતરપટ સામે ઊભેલી કન્યા તરફ મીટ પણ ન માંડતાં નીચાં નેણ ઢાળી ઊભો હતો, એની આંખો જમીન પર નહિ પણ અંતરના ઉંડાણ તરફ વળી હતી, કોઈ ઉંડા વિચારમાં એ ગરકાવ થયો હતો. એવામાં 'સાવધાન' શબ્દ સાંભળતાં જ એ ચોંકી ઉઠ્યો. માતાને આપેલ વચન યાદ આવ્યું. અંતરપટ રાખતાં સુધી કશું ન બોલવું એવી અક્ષરશઃ પ્રતિજ્ઞા પળાઇ ચૂકી. બસ આજુબાજુના કશા વિચાર ન કરતાં મહેઠે રામદર્શન પામવાની પોતાની અભિલાષા સિધ્ધ કરવાના મહાન્ હેતુને પાર પાડવા એ મંડપમાંથી ભાગી છૂટ્યો.

એક વિપળ સૌ સ્તબ્ધ બન્યા. બીજી જ પળે નારાયણના ભાઈ વગેરે દોડયા. માતા તો આભી જ બની ગઈ. સસરા ઢીલા થઇ ગયા. આવનાર મહેમાનો બહેબાકળા બની જોઇ રહ્યા.

ઘણી શોધ કર્યા પછી નિરાશ થઇને મોટાભાઇ પાછા વળ્યા. સસરાએ 'નારાયણ પાછો આવશે તો બીજી કન્યા પરણાવીશ' એમ કહી એ કન્યાને એજ મંડપમાં બીજા મૂરતીયા સાથે પરણાવી દીધી.

માતા રાણુબાઇના શોકનો પાર ન રહ્યો.

નારાયણ તીરવેગે નાસી છૂટયો. શિકારી કૂતરાથી બીધેલું હરણ નાસે તેમ નાસ્યો. રાતોરાત ઘોર જંગલમાં થઇ ગોદાવરી તીરે નાશિક તરફ નીકળ્યો.

માત્ર એક પહેરેલું ધોતીયું અને ઓઢેલી ઉપરણી સિવાય બીજું વસ્ત્ર નારાયણ પાસે હતું નહિ. ગોદાવરી અને નંદિનીના સંગમતીરે ટાકળી નામનું ગામ છે. ત્યાં એક નાનકડી ગુફામાં નારાયણે તપશ્ચર્યા શરૂ કરી. તેર કરોડ ત્રયોદશ અક્ષરનું પુરશ્ચરણ કરવાનો નિર્ણય કર્યો. નિત્ય નિયમ ગોઠવી લીધો. સૂર્યોદય પહેલાં સ્નાનાદિ આટોપી લઇ બે પહોર સુધી ગોદાવરીના કેડ સમાણા પાણીમાં ઉભા રહી જપ કરવા લાગ્યા. માછલીઓ કરડે તો પણ બહાર નીકળે નહિ. બપોરે બ્રહ્મયજ્ઞ કરી મધુકરી માટે ગામમાં જાય. પંચવટીમાં રામને નૈવેદ્ય ધરી, ટાકળી ગુફામાં આવી ભોજન કરે. પાછલે પહોરે પંચવટીમાં કથા-શ્રવણ કે વાચન કરી સંધ્યાકાળનાં કર્મ કરી ગુફામા વિશ્રાંતિ માટે આવે.

આ રીતે એક માસ બે માસ નહિ, વરસ બે વરસ નહિ પણ બાર વરસ સુધી તપ કર્યું. દરમિયાન વેદ, ઉપનિષદ્, ભાગવત, ગીતા, રામાયણ આદી ગ્રંથોનું અધ્યયન કર્યું.

નારાયણે ત્યાં જ પોતાનું નામ રામદાસ રાખ્યું. એજ અરસામાં શાહજી રાજાનો મુકામ નાશિકમાં થયો. તેમને કાને રામદાસની ખ્યાતિ આવી. આ યુવાન તપસ્વીનાં દર્શને શાહજી રાજા આવ્યા.

રામદાસને પંચવટીમાં જ કાવ્ય સ્ફુર્તિ થઈ. પહેલું કરૂણાષ્ટક બનાવ્યું. લગ્ન-મંડપમાંથી એકાએક નાસી છૂટયા તેથી વહાલી વૃદ્ધ માતા, પ્રિય મોટાભાઇ, દોસ્તમિત્રો વગેરેનો વિયોગ તીવ્રપણે સાલવા લાગ્યો અને મનની મથામણ થતાં જે કાવ્યો નીકળ્યા તે અતિશય કરુણ છે :—

चपळपण मनाचें मोडितां मोडवेना,
सकळ स्वजन माया तोडता तोडवेना ।
घडघडि विघडे रा निश्चगे अन्तरीचा,
म्हणउनि करुणा हे बोलतो दीनवाचा ॥

રામદાસે ચોવીસમે વર્ષે પંચવટિથી તીર્થયાત્રા શરૂ કરી. રામદાસને જ સમર્થ કહેવામાં આવે છે. પણ રામદાસ પોતાની જાતને 'દાસ' અને શ્રીરામને 'સમર્થ' કહેતા હતા.

રામદાસ સીધા નાશિકથી કાશી ગયા. કાશીમાં હનુમંત ઘાટ ઉપર મારુતિની સ્થાપના કરી. રામચંદ્રના એકનિષ્ઠ ભક્ત મારુતિ એ રામદાસનો આદર્શ હતો. અને પોતાની તીર્થયાત્રા દરમિયાન તેમણે ઠેર ઠેર મારુતિની સ્થાપના કરી. કાશીથી અયોધ્યા ગયા. ત્યાં કેટલાક માસ રહ્યા. અયોધ્યાથી ફરતા ફરતા મથુરા, હરિદ્વાર, બદરી, કેદાર, ગંગોત્રી, કાશ્મીર, અવંતિકા, ઓંકારેશ્વર, દ્વારકા, પ્રભાસ, ત્યાંથી દક્ષિણમાં આવી જગન્નાથ પુરી, રામેશ્વર, શ્રીરંગમ્ સમસ્ત ભારતમાં બાર વર્ષ સુધી પરિભ્રમણ કર્યું

પણ આ પરિભ્રમણમાં તેમણે જે જોયું તેથી એમની આંતરડી કકળી ઊઠી. જનસમુદાયના હૃદયમાં બેઠેલા રામને હર્નિશ દુભાતો જોઈ એ સંત કકળી ઊઠ્યો :

फिरे दास उदास लोकाम पाहे ।
मनमाजि चकित रोउनि रहे ॥

પ્રવાસ દરમિયાન 'આસમાની સુલતાની' અને 'પરચકનિરૂપણ' નામના બે કાવ્યો લખ્યાં તેમાં એ વખતની સમાજસ્થિતિનું રોમાંચકારી તાદૃશ વર્ણન કર્યું.

દુકાળથી બેહાલ બનેલા લોકો, વિધર્મી અને પરદેશી રાજસત્તાએ દેવળો તોડ્યાં. મૂર્તિઓ ભાંગી, બળાત્કારથી ધર્મભ્રષ્ટ કર્યા, સ્ત્રીઓ ઉપર અત્યાચાર કર્યો. સ્ત્રીઓ અને પુરુષોને પકડી જઈ પર પ્રદેશમાં વેચી આવતા, ધનમ પત્તિનો નાશ વગેરે સમાજની સ્થિતિનું સૂક્ષ્મપણે અવલોકન કરીને હૃદયદ્રાવક વર્ણન રામદાસે ઉપરોક્ત બે કાવ્યોમાં કર્યું છે. એ કાવ્યો વિષે સદ્દગત પ્રતિભામાચાર્ય ગજવાડે લખે છે 'એ વર્ણન અપ્રતિમ છે. ભયાનક અને કરુણરસ એટલા ઉદાહરણ છે કે અંગ્રેજી, સંસ્કૃત કે પ્રાકૃત કોઈપણ ભારતીય વાઙ્મયમાં મેં જોયા નથી.' એ વર્ણનનું 'ગુજરાતી ભાષાંતર અશક્ય છે. મૂળ મરાઠી ગુજરાતી વાંચક સમજી શકે તેવું હોય થોડો નમૂનો જોઈએ:

कितीएक मृत्युग ते योग्य झाले,
कितीएक ते देश त्यागुन गेले ॥
कितीएक ग्रामेचि ते ओस झाली,
पिकें गेलीं धान्येंचि नाना बुडाली ॥
कितीएक धाडीवरि धाडि येती,
हुया कुनिश्चाचोंन संहार होती ॥
माणसा खावया धान्य नाहीं,
आंथरूण पांघरूण तेंहि नाहीं ॥
घर करावया सामग्री नाहीं,
काय करिती ॥
कितीएक अनाचारी पडिली,
कितीएक जातिभ्रष्ट झाली ॥
कितीएक त आवदली मुलें बाळें.
कितीएकी विषें घेतलीं ॥
कितीएक जळीं बुडालीं,
जाळिलीं नापुलीं कितीएक ॥
प्राणिमात्र झाले दुःखी,
पाहतां कोणी नाहीं सुखी ॥

સમાજની આવી દીનહીન પરિસ્થિતિ જોઈને રામદાસ ત્રાસી ઉઠ્યા. તેમણે આનો ઉપાય શોધવા મથામણ કરી આખરે એક જ ઉપાય સૂઝ્યો. પરધર્મી અને પરદેશી રાજ્યના ફંદામાંથી દેશને મુક્ત કરવા સ્વધર્મ અને સ્વરાજ્ય સ્થાપનાનો જ રસ્તો ઉકાવ્યો. કંગાળ અને ભયથી હતાશ થયેલા લોકોને એકત્ર રીતે નિર્ભય સામને કરવા પ્રેરવા એજ એક ઉપાય તેમને જડ્યો, એને માટે જ્યાં જ્યાં ફર્યા ત્યાં મહિનો માસ રહી મારુતિની સ્થાપના કરી મારુતિ એટલે શરીરબળ, બુદ્ધિબળ

મનોબળ અને આત્મબળવાળો આદર્શ, સેવક: આદર્શ સૈનિક: આદર્શ સરદાર: આદર્શ સલાહકાર: પશુબળથી પ્રજાને પીડનારા રાક્ષસરાજનો સંહારક મારુતિની ઉપાસના મારફત રામદાસે ભારતવાસીમાં સ્વમાન પેદા કર્યું. સંપ પેદા કર્યો: નિર્ભયતા પ્રગટ કરી

બાર વર્ષના પ્રવાસમાં તેમણે જોયું કે સારાએ હિંદુસ્તાનમાં જો કોઈ પણ સ્થળ ઓછામાં ઓછા સમયમાં એકત્ર સામનો કરી સ્વધર્મ અને સ્વરાજ સ્થાપના કરી શકે તેવું હોય તો તે મહારાષ્ટ્ર.

કૃષ્ણાતીરે ચાફળમાં આવી રહ્યા. રામજયંતિ અને હનુમાનજયંતિના ઉત્સવો શરૂ કર્યા. ઉત્સવો મારફત પ્રજામાં સંગઠન અને શક્તિનો સંચાર કર્યો. સેંકડો અને હજારો લોકો રામદાસના બોધવચનો સાંભળી, એના સચોટ મર્મવેધક શબ્દો સાંભળી ખુમારીમાં આવી ગયા.

પહેલાં બાર વરસ જન્મ ગામમાં ખેતરો ખુંદવામાં, શરીરને મજબૂત બનાવવામાં ગાળ્યાં, બીજાં બાર વરસ મનને મજબૂત કરવા પંચવટીમાં તપશ્ચર્યામાં ગાળ્યાં, ત્રીજાં બાર વર્ષ દેશનું દર્શન કરવામાં ગાળ્યાં અને છત્રીસમે વરસે શરીરે, મને અને અનુભવે પીઢ થયેલા રામદાસ મહારાષ્ટ્ર મારફત ભારતવર્ષને સ્વધર્મ અને સ્વરાજ્ય સ્થાપનાના અણમોલા પાઠ શીખવવા લાગ્યા.

ગામેગામ મારુતિની સ્થાપના, રામજયંતિ અને હનુમાન જયંતિના ઉત્સવ, રામમંદિર, મારુતિમંદિર અને વ્યાયામ મંદિર, નિઃસત્ત્વ બનતા જતા રાષ્ટ્રને સ્વત્વરક્ષાના નવા પાઠ પઢાવવા લાગ્યા. વ્યાયામમંદિરમાં મેળવેલી નવશક્તિ નિર્ભયપણે મારુતિની માફક જનકલ્યાણ અર્થે વાપરવાની કળા મહારાષ્ટ્રના એ સમર્થ ગુરુ રામદાસે બતાવી.

પણ મહારાષ્ટ્રે મંત્રદાતાની સાથોસાથ મંત્રનો ઝીલનાર પેદા કર્યો. માર્ક્સના મંત્રને લેનીનના આગમન સુધી વાટ જોતાં બેસી રહેવું પડ્યું પણ રામદાસના મંત્રનો ઝીલનાર વિધિએ ઘડી રાખ્યો હતો.

રામદાસે પોતાનું કાર્ય શરૂ કર્યું એ સાલ ૧૬૪૪ની હતી એ વખતે બાલશિવાજી કુમારાવસ્થામાં આવ્યો હતો. માતપિતાએ રાષ્ટ્રભક્તિથી એના હૃદયને રંગી નાખ્યું હતું. શાહજી રાજાનું સૈન્ય પચ્ચાસ હજારનું હતું. વિજાપુરના એક સરદાર એ ગણાતા હતા. છતાં એક વખત એવો હતો નિઝામશાહ અને વિજાપુરશાહ જ નહિ પણ ખુદ બાદશાહ શાહજહાં પણ એનાથી ચેતીને ચાલ્યો હતો. ઈ. સ. ૧૬૩૩માં જ્યારે શાહજહાંએ નિઝામશાહીને નબળી પાડી દીધી અને એના બે કિલ્લા જીતી લીધા ત્યારે એક સગીર બાળકને લઈ શાહજી રાજાએ નિઝામની ગાદીએ બેસાડયો અને પોતે જ રાજ ચલાવવા લાગ્યા.

કર્ણાટક જેવા દૂર પ્રદેશમાં કાયમ એને રહેવું પડતું તેનું કારણ પણ વિજાપુરનો આદિલશાહ એમનાથી ડરતો હતો. શાહજી રાજાએ એક બે વાર મુસલમાન સત્તા સામે માથું ઉંચકવાનો પ્રયત્ન કરેલો પણ એ નિષ્ફળ ગયો. વિજયનગરના સ્થાપક સમા પડિયા રાજાઓને જેર કરવા ગોવળકોંડાના કુતુબખાને અને વિજાપુરના આદિલશાહે મોટા લશ્કર સાથે ચઢાઈ કરી વિજાપુરના શાહે મુસ્તફાખાન અને શાહજી રાજાને સેનાપતિ બનાવી મોકલ્યા હતા. પણ કર્ણાટકમાં પગ મૂકતાં જ મુસ્તફાખાને જોયું કે શાહજી હિંદુરાજ્ય તોડવામાં આડખીલીરૂપ થશે એટલું જ નહિ પણ કદાચ સામો થયો તો ભારે થઈ પડશે આથી એણે વિજાપુરથી તાબડતોબ હુકમ મગાવી શાહજી રાજાને કેદ કર્યા!

જ્યારે બાજી ઘોરપડે શાહજીને કેદ કરવા આવ્યો ત્યારે નાનકડું યુદ્ધ થયું એ વખતે

પટેલજી પાટીલ સિવાય કોઇ એમને પડખે ઊભું ન રહ્યું. સૈન્યમાં એકલોહીયા રાષ્ટ્રભક્તો જોઇએ એ વાત શાહજી રાજાના આ દાખલાથી રામદાસને સૂઝી.

પિતાનું વર્ચસ્વ સાચવી રાખે એટલું જ નહિ પણ સવાયું કરે એવા મોતીલાલ-જવાહર જેવા પિતા પુત્ર વિરલ હોય છે શિવાજી શાહજીનો એવો પુત્ર હતો. એણે સત્તરમે વરસે તોરણગઢ જીતી, સ્વરાજ્ય સ્થાપનાના તોરણ બાંધ્યા

વીશ વરસનો તરુણ શિવાજી રામદાસને મળવા વ્યાકુળ બન્યો ત્યારે સમર્થ શિગણવાડીમા હતા. દિવાકર ગોસ્વામી શિવાજીને સમર્થ પાસે લઇ ગયા એ વખતે સમર્થ પોતાનો દાસબોધ નામનો પ્રસિદ્ધ ગ્રંથ લખતા હતા રામદાસને ખબર મળી ચૂક્યા હતા કે દક્ષિણની ત્રણ સુલતાનશાહી અને ઉત્તરની વડી મોગલશાહી, એ ચારે શાહીઓ સામે શિવાજીએ જંગ શરૂ કર્યો છે શાહજી નાશિકમા મળવા આવ્યા ત્યારે સાથે બાળશિવાજી હતો તે દિવસથી જ રામદાસની નજર એના પર ઠરી હતી જ્યારે રામદાસે સાંભળ્યું કે શિવાજીએ તોરણગઢ, કોંડાણાગઢ વગેરે બે ત્રણ કિલ્લાઓ જીતી વિજાપુર સામે પડકાર કર્યો છે ત્યારે એમની ખાત્રી થઇ કે શિવાજી સ્વરાજ્ય સ્થાપના કરી સ્વધર્મનું રક્ષણ કરશે, અને મરે શિવાજીના સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમા પૂરતી મદદ કરવી

પહેલો જ મંત્ર એકતા અને સંગઠનનો આપ્યો

"मराठा तितुका मेळवावा।
महाराष्ट्र धर्मवाढवावा॥

દગાખોર અને વિશ્વાસઘાતીથી ચેતતા ચાલવાની ખાસ સલાહ આપી –

अमर्याद फितवेखोर यांचा करावा संहार।
शोधिला पाहिजे विचार यथातथ्य।

સાચા સાથીનું જતન કરવા માટે બે શબ્દ કહ્યા

आई तिलके जतन करावे।
पुढें आणीक मिळवावें।
महाराष्ट्र राज्य करावे।
जिकडे तिकडे।

રામદાસની આજ્ઞા લીધી અને આકરી હતી. લડાયકભાવ એમા ભરપૂર હતો શિવાજીના હૃદય સોસરા એ શબ્દો ઉતરી જતા હતા

बहुतां दिवसांचे हे बंड। म्लेंच्छ झाले उदंड। याचे करून उखड राज्य करावे।

બાદશાહ સામે મરાઠાઓનું બંડ નહોતું પણ ભારતવર્ષમા વરસો થયા ઘુસી જઇ આખી પ્રજાને સંસ્કારભ્રષ્ટ કરનાર પરદેશી સત્તાધારીઓ સામે હતું આ વાત સ્પષ્ટરીતે રામદાસે શિવાજીને અને મહારાષ્ટ્ર મારફત સારા હિંદુસ્તાનને સમજાવી

મોટા અધિકારની આશાએ પ્રબળ ધનની આશાએ બ્રાહ્મણો તથા મરાઠાઓ પરદેશી રાજ્યની નોકરી કરતા હતા આની સામે રામદાસે પ્રચંડ વિરોધ ઉઠાવ્યો

એક બાજુ શિવાજી કિલ્લાઓ જીતી મરાઠા સરદારોના હાથમા સોંપતા ગયા બીજી બાજુ રામદાસ મારુતિ સ્થાપી એક એક શિષ્યને બેસાડવા લાગ્યા સ્વરાજ્ય અને સ્વધર્મ સ્થાપનનું કાર્ય બમણા જોરથી શરૂ થયું તીર્થયાત્રા દરમિયાન ઉત્તર હિંદમા અને પછી દક્ષિણમાં પોતાના જીવનકાળ દરમિયાન રામદાસ સમર્થે અગીઆરસો નાના મોટા મઠ સ્થાપ્યા એ મઠ માત્ર પાઠપૂજા અને કર્મકાંડી ન હતા પણ આ પ્રજાની લડાયક જાગૃતી જેવા હતા એના મહંતોમાં

૧ મરાઠાનો મૂળ અર્થ વીર થાય છે

પણ બુઝાઇ જતા સંસ્કારદીપને સતેજ કરવા પોતાના પ્રાણનું સિંચન કરતા હતા.

સમર્થ-શિવાજીની જોડીએ જોતજોતામાં મહારાષ્ટ્રને ઉંચે ઉપાડી લીધો. વિજાપુરશાહી કમજોર બની ગઇ. દિલ્હીનો બાદશાહ પણ શેહ ખાઇ ગયો. રજપુત રાજા જયસિંહ સામે ટક્કર ઝીલવાથી શિવાજીને આગ્રા જવું પડ્યું. યુક્તિથી નાસી છૂટયા. પાછા મહારાષ્ટ્ર સુધી સલામત પહોંચવામાં મારૂતિમંદિરોનો આશરો સારી રીતે મળ્યો. શિષ્યને સહીસલામત પાછો આવેલો જોઇ ગુરુના હર્ષનો પાર ન રહ્યો:

શિવાજીએ રાયગઢમાં રાજ્યાભિષેકનો વિચાર કર્યો. પ્રથમ છત્ર અને રાજદંડ ગુરુચરણે ધર્યા અને પછી જ પોતે ધારણ કર્યાં.

સતારા પાસે સજ્જનગઢ ઉપર સમર્થ મંદિર બાંધ્યું. શિવાજી વારંવાર ત્યાં આવતી રહેતા હતા સમર્થને ભિક્ષા માગીને જીવન નિર્વાહ ચલાવવો પડે છે તે શિવાજીને ન રૂચ્યું. એમણે પૈસા, અનાજ વગેરે મોકલી આપ્યું અને સમર્થને આવવા જવા ખાસ પાલખી મોકલી.

જવાબમાં રામદાસે કહાવ્યું: 'હવેથી એક દોકડો કે મુંડી પણ ન મોકલશો અમારે સાધુને પાલખી પણ ન જોઇએ' પાલખી પાછી મોકલી

એકવાર ચાફળ પરગણાનાં અગીઆર ગામ સમર્થમંદિરને ભેટ ધર્યાં. સમર્થે અત્યંતનિસ્પૃહતાથી જવાબ લખ્યો. **फक्त ११ बीघे जमीन आवी व बाकी देवाचा प्रसाद म्हणुन जमा करावी।'**

એકવાર શિવાજીના આંગણામાં સમર્થ ભિક્ષાની ઝોળી લઇ આવી ઉભા. શિવાજીએ હાથ જોડીને એક ચિઠ્ઠી અંદર નાખી. એમાં માત્ર ત્રણ શબ્દ લખ્યા હતા. 'આખું રાજ્ય અર્પણ.'

સમર્થે રાજ્યનો સ્વીકાર કર્યો અને પ્રજાના પ્રતિનિધિ તરીકે ઇશ્વરને નામે રાજ્ય કરવા કહ્યું. અને એની નિશાની રૂપે ભગવો ઝંડો આપ્યો.

એકવાર કર્ણાટકથી વળતાં સામાનગઢનું ચણતર કામ જોવા શિવાજી રોકાયા તે જ વખતે રામદાસ સ્વામી ત્યાં આવી ચડયા. સેંકડો માણસોને કામ કરી મજુરી મેળવતા જોઇ શિવાજીના મનમાં સહેજ ગર્વ આવ્યો. સમર્થ રામદાસે શિવાજી સામે નજરી કરી. સમજી ગયા: એક પથ્થર ઉપાડયો. દરીઆકાંઠાનો પોચો-પોલો પથ્થર પછાડતાં બે કકડા થયાં. તેમાંથી એક દેડકી નીકળી અને કુદીને પાણીમાં જઇ પડી. સમર્થે શિવાજીને પૂછ્યું: **'शिववा, हा बेडकीचा पालन तुम्हींच करता काय?'**

શિવાજીએ નેણ નીચે ઢાળ્યા, દબાતે સ્વરે અત્યંત નમ્રભાવે ઉત્તર દીધો: **'अपराधी आहे क्षमा करावी'।**

સમર્થનું ઇમારતી જ્ઞાન પણ સારૂં હતું. શિવાજીએ પહાડી અને જંગમાં મળીને કુલ ૩૬૦ કિલ્લા બાંધ્યા તેમાં પણ રામદાસના અનુભવનો લાભ ઉઠાવ્યો હતો.

મહારાષ્ટ્રના ઘડતરનું કામ સુંદર રીતે, અસ્ખલિતપણે ચાલી રહ્યું હતું એમાં એકાએક ગુરુશિષ્યની જોડી ખંડિત થઇ. ઇ. સ. ૧૬૮૦ માં શિવાજીનું રાયગઢ ઉપર અવસાન થયું સમાચાર મળતાં **'श्रीची इच्छा'** એમ બોલી અંદર ઓરડામાં ચાલ્યા ગયા. અન્ન છોડયું, બહાર ફરવાનું છોડ્યું, સખત આઘાત લાગ્યો. હજી તો સ્વરાજ્યની ઇમારતનો પાયો માંડ નંખાયો ત્યાં કુશળ કારીગર ચાલ્યો ગયો!

અને પાછળથી શંભાજીએ શિવાજીના વિશ્વાસુ અને દેશ ખાતર ફકીર થયેલા માણસોને દગો દીધો. બાલાજી રાવજી, અણ્ણાજી દત્તો, સોમાજી ફર્જાંદ વગેરેને ઘાતકી રીતે મરાવી

નાખ્યા. અને ઔરંગઝેબે આ તકનો લાભ લઇ મરાઠાને જેર કર્યા. સમર્થને આથી ખૂબ લાગી આવ્યું. તેમણે નાના મોટા મરાઠાઓને એકત્ર થઈ સ્વરાજ કાર્ય ચાલુ રાખવાની હાકલ કરી. દાસબોધમાં ઉત્સાહ પ્રેરે તેવી ઓવીઓ લખી ફરી ઊઠવા આદેશ દીધો.

સમર્થે કરુણાષ્ટક, અસ્માની સુલ્તાની, પરમાર્થનિરૂપણ, મનોબોધ, રામાયણ અને દાસબોધ એટલાં પુસ્તકો લખ્યાં છે. મહારાષ્ટ્રી સંતોમાં જ્ઞાનદેવ, એકનાથ, તુકારામ અને રામદાસ પહેલી પંક્તિના કવિઓ ગણાય છે. રામદાસનું દાસબોધ સુપ્રસિધ્ધ છે તેમણે અધ્યાયને દશક અને વિભાગને સમાસ એવાં નામ આપ્યા છે– કુલ વીસ દશક છે. બસો સમાસ છે. બધી મળીને ૭૭૫૦ ઓવીઓ છે પહેલા આઠ દશક એક બેઠકે લખ્યા. પાછળથી બાકીના પ્રસંગાનુસાર.

રામદાસના શિષ્યોમાં પ્રથમ શિષ્ય ઉદ્ધવ, પટ્ટશિષ્ય કલ્યાણ સતકોટિના જીવ હતા. બીજા અનેક રાજદ્વારી પુરુષો પણ રામદાસના શિષ્યો બન્યા. રામદાસના અનુયાયીઓએ 'રામદાસી' એવો સંપ્રદાય ચલાવ્યો. આજે પણ એ સંપ્રદાય જીવંત છે.

મહારાષ્ટ્રી વિદ્વાનોએ સમર્થના-જીવન અને કાર્ય ઉપર અનેક વિદ્વતાપૂર્ણ ગ્રંથો લખ્યા છે.

રામદાસ સ્વામીના છેવટના દિવસો સજ્જનગઢ ઉપર જ ગયા. રોગ મટાડવા ચાકળ જવા શિષ્યોએ વિનવ્યા પણ ન ગયા. આખરે ઇ.સ. ૧૬૮૧ માં સજ્જનગઢ ઉપર દેહ મૂકયો.

સમર્થના ગયા પછી શંભાજીને ઔરંગઝેબે ઠાર માર્યો જ્યાં એ મહાન શિક્ષકના કુશળ વિદ્યાર્થીઓએ નિર્ભયતાથી સ્વરાજકાર્ય ચાલુ રાખ્યું. ઉત્તરોત્તર સ્વરાજની ઇમારત ઉંચી ને ઉંચી વધતી ચાલી. શિવાજીના ગયા પછી નષ્ટપ્રાય થઇ ગયેલા સ્વરાજકાર્યને મરાઠા સિપાહીઓએ એકતાના અમર છત્ર નીચે એકઠા થઇ ભગવા ઝંડાને છેક સિંધુને પેલેપાર અટક સુધી ફરકતો કર્યો.

રામદાસ સોળમા સૈકાનાં સમર્થ પુરુષ તરીકે અમર છે.

જનનીઅંક.

કવિતાને દાસી કહી પજવશો ના કવિ તમે,
વળી એની હૂંફે નબળી પ્રભુતામાં ન સરશો,
કવિતા તો છે સંજીવન સ્વર સુના જગતના
યમુના શું એનું વહન જનનીઅંક સફલા.

" મળેલું "

ગૃહપ્રવેશ: ત્રિઅંકી નાટિકા

રવીન્દ્રનાથ ઠાકુર

: અનુવાદક :

નગીનદાસ પારેખ

અંક પહેલો [ચાલુ]

યતીન : અરે, આજે જ આ બધા કામગરા લોકોની ગરદી જામી છે. નરેનખાનો માણસ પણ આંટા મારી રહ્યો છે. હિમિ, એક કામ કરતો–ગમે તે રીતે જરા ખબર નહિ મેળવે આજના બજારમાં–ના, ના, રહેવા દે. પેલું બારણું બંધ કરી દે.

પાસેના ઓરડામાં

માસી : આ શું વહુ! ક્યાંઈ જાય છે કે શું?

મણિ : સીતારામપુર જવાની છું.

માસી : આ તે શું કહેવાય? કોની સાથે જવાની?

મણિ : અનાથ લઈ જાય છે.

માસી : બેન, માડી, જજે તું, જવું હોય તો, તને અટકાવતી નથી, પણ આજે નહિ.

મણિ : ટિકિટ ખરીદીને ડબ્બો રિઝર્વ કરાવી નાખ્યો છે. માએ ખરચના પૈસા મોકલ્યા છે.

માસી : ભલે, એ નુકસાન સહન થશે. નહિ તો તું કાલે સવારની ગાડીમાં જ જજે. આજની રાત—

મણિ : માસી, હું તમારી તિથિ વાર માનતી નથી. આજ જવામાં ખોટું શું?

માસી : યતીને તને બોલાવી છે, તારી સાથે તેને કાંઈ ખાસ વાત કરવાની છે.

મણિ : તો સારું. હજી દસ મિનિટની વાર છે. હું તેમને કહી આવું છું.

માસી : ના, તેને કહેતી નહિ કે તું જાય છે.

મણિ : તો નહિ કહું; પણ મોડું કરાય એમ નથી. હસે જ અન્નપ્રાશન છે, આજે ન જાઉં તો આવે જ નહિ.

માસી : હાય જોયું છું, જહુ. એક દિવસ પૂરતું મારું કહ્યું માન. મન જરા શાંત કરીને યતીનની પાસે બેસ. ઉતાવળ કરીશ નહિ.

મણિ : ત્યારે શું કરું, કહો. મારી કંઇ એવી ચોરી જ રહેવાની છે. અનાથ તો બહાર ગયો છે, હમણાં જ તે આવશે અને તેની જરી એટલામાં એને મળી આવું.

માસી : ના, એ તો રહેવા દે. તું જા. આવી રીતે તેની પાસે જવા નહિ દઉં. અરે અભાગણી ! જ્યાં સુધી જીવશે ત્યાં સુધી આજની વાત તને યાદ રહેશે.

મણિ : માસી, મને આમ શાપ દેશો નહિ, કહી મૂકું છું.

માસી : અરે,, બાપરે ! હૃદય શાને છૂવે છે ! દુ:ખનો તો પાર નથી હું નહિ અટકાવી શકી.

[મણિ જાય છે]

[શૈલનો પ્રવેશ]

શૈલ : માસી, તમારી વહુના આ તે કેવાં આચરણ, બોલો તો ! છે શું ? ધણીની આવી સ્થિતિમાં શો વિચાર કરીને એ પિયર ચાલી !

માસી : જરા જેટલી તો છોકરી, જાણે માખણની જ ન બનાવી હોય એવી લાગે છે. પણ શા પથ્થરના એના પ્રાણ છે !

શૈલ : એને તો હું ઘણા દિવસથી જોતો આવ્યો છું પણ આટલે સુધી જશે એ ખબર ન હતી. એક બાજુ જુઓ. કૂતરાં, બિલાડાં, વાંદર, મોર જનજનાવર કેટલાં પાળ્યાં છે તેનો કાંઇ હિસાબ નથી—તેમને કશું થતાં વેંત જ ધમાલ મચાવી મૂકે છે, આમ જેનાં ધણી ઉપર–હું તો એને સમજી જ નથી શકતો.

માસી : યતીન એને અંતરથી ઓળખી ગયો છે. એક દિવસ જોઉં છું તો યતીન માથે હાથ દઇને બિછાનામાં પડ્યો હતો અને મણિ ટેણું લઇને નાટક જોવા ચાલી. નહિ રહેવાયું એટલે હું યતીનને પંખો લઇને પવન નાખવા ગઇ. તેણે મારા હાથમાંથી પંખો છીનવી લઇને ફેંકી દીધો. અરે, શી એ વેદના ! તે બધા દિવસોની વાતો યાદ આવતાં છાતી ફાટી જાય છે.

શૈલ : એ પણ કહું છું માસી, કે એવી પથ્થર જેવી સ્ત્રી ન હોય તો પુરુષોનાં ઊંડાં મનને દબાવી નહિ રાખી શકે. જેમ નરમ હોય તેમ પુરુષો વધારે ફરી જાય.

માસી : શી ખબર, શૈલ. કહાય એ જ માણસનો ધર્મ હશે. બંધનમાં કંઇ એક બંધન વસ્તુ ન હોય તો તે બંધન જ ન કહેવાય. પછી શું પુરુષને કે શું સ્ત્રીને પ્રેમની માયામાં ફૂલ હોય છે પારિજાતનાં–પણ તેનો દોરો હોય છે વજ્રનો.

શૈલ : હજી પણ જો તે ગાડીમાં નહિ બેઠી હોય તો જઇ સમજાવી જોઉં જઇને.

[જાય છે]

[પાડોશણનો પ્રવેશ]

પાડોશણ : મોટીબેન ! ઓ મા ! આ તે શું કહેવાય ! તમારી વહુ કહે છે કે પિયર ચાલી !

માસી : તે શું થયું છે ? તેમાં તમને આટલી બધી ફિકર શાને ?

પાડોશણ : તે ખરું. અમારે શું ? આ તો યતીનબાબુ ઉપર આખી પોળના માણસોને હેત છે એટલે—

માસી : હા, તેટલા માટે જ યતીન જેના ઉપર હેત રાખે છે તેને તમો બધા મળીને.

પારાશર : તો બહુ સારું. મોટીબેન. મણિએ બહુ સારું કામ કર્યું છે. આટલું સારું કામ બહુ ઓછી સ્ત્રીઓ કરી શકે.

માસી : સ્વામીની ઇચ્છા પ્રમાણે જે ચાલે તેને જ તમે સારી સ્ત્રી કહો છો ને. મારી મણિ પણ એમ જ કરે છે.

પારાશર : હા, તે તો જોઈએ જ છીએ.

માસી : મણિ હજી નાદાન છે એટલે તેને રોગી પાસે ગોંધાઈ રહેલી જોઈને યતીન અકળાતો હતો. આખરે ડાક્ટર સાહેબની રજા લીધી અને પછી—જવા દે તમો થાય એટલી નિંદા પોળે પોળે ફરીને કરોને. પણ યતીનના કાન આગળ કોલાહલ કરશો નહિ.

પારાશર : વાહ રે ! મણિ શા દુઃખે વારે વારે પિયર જાય છે તે સમજી શકાય છે.

[જાય છે]

[ડાક્ટરનો પ્રવેશ]

ડાક્ટર : આ છે શું ? દરવાજા આગળ જોઉં છું તો ટ્રંક, પેટી ગાડીમાં ચડાવીને વહુ તેના ભાઈની સાથે ક્યાંક ઊપડની હતી. મને જોઈને જરા થોભી સુદ્ધાં નહિ. રોગીની હાલત જરા પૂછીએ, પણ તેયે નહિ. તેની સાથે ઝઘડો કર્યો છે કે શું ? (માસી નિરુત્તર) રોગીની આ અવસ્થામાં, કંઈ નહિ તો હમણાં થોડા દિવસ તો વહુની સાથે તમારે મળતાપણું બાંધ રાખવું જોઈતું હતું.

માસી : અને ત્યારે કે, ડાક્ટર ? સ્વભાવ તો મર્યે પણ નહિ જાય. ઘરમાં બેગાં રહીએ એટલે જરા બોલાચાલી તો થવાની જ.

ડાક્ટર : આ વહુ ગાડી મંગાવીને ચાલી ગઈ, તે તમે જરા ના પાડી હોત તો યે બસ થાત. (માસી નિરુત્તર) કોણ જાણે. કદાચ એ ગઈ એથી જ તમને ટાઢક વળી હશે, પણ હું તો તમને ચોખ્ખે ચોખ્ખું જ કહું છું કે તમો આવી રીતે વહુને કાઢી મૂકીને ક્ષણે ક્ષણે યતીનની આશાનો ભંગ કરો છો, તેથી તેના જીવનને હાનિ જ થાય છે. રોગી પ્રત્યેની અમારી ફરજ સૌ પહેલી, તેટલા માટે જ મારે આવી સ્પષ્ટ વાત કહેવી પડી, નહિ તો તમારા સાસુવહુના ઝઘડામાં વચ્ચે પડવાનો મને અધિકાર નથી.

માસી : જો વાંક કર્યો હોય તો તે વિષે દલીલ કરવાથી કાંઈ વળવાનું નથી. હું પોતાને હલકી પાડીને વહુને પાછી આવવાને કાગળ લખું એ તો આ જનમમાં થવાનું નથી, પછી તમે ગાળ દો કે ગમે તે કરો. હજી તમે એક કામ કરી શકો, ડાક્ટર.

ડાક્ટર : શું, કહો.

માસી : સીતારામપુર વહુના બાપાને એક કાગળ લખી નાખો. તેમાં લખો કે યતીનની શી સ્થિતિ છે. વહુના બાપને હું જેટલા ઓળખું છું તેટલા ઉપરથી મને તો ખાત્રી છે કે તે કાગળ મળતાં જ વહુને લઈને અહીં આવશે.

ડાક્ટર : ઠીક, લખું છું, પણ વહુ પિયર ગઈ છે એ વાત કેમે કરી યતીન જાણવા ન પામે એ જો જો. હું તમને કહી મૂકું છું કે એ ખબર ઉપર મારી કોઈ પણ દવા ચાલશે નહિ. હિમિ, બેન, તું ત્યાં બેસી રહી છે તે એક કામ કર. તેને જે ગીત ગમતું હોય તે તેનાં બારણાં આગળ બેસીને ગા. તેને વહુની ખબર પૂછવાનો સહેજ પણ વખત જ મળવો ન જોઈએ ! સાંભળ્યું ને બેન ! હમણાં રોવાનો વખત નથી. રોવાનું પછી થઈ રહેશે હમણાં તો ગીત ગા. તને કહ્યું તો છે મેં કે હું એક પુસ્તક લખું છું. તેમાં સિદ્ધ કરી આપીશ કે ગીતના તરંગો (વાઇબ્રેશન) અને રોગનાં બીજની ગતિ બિલકુલ ઊલટી છે. નોબેલ પ્રાઇઝની જ તૈયારી કરી રહ્યો છું એમ જ માનો ને ! સમજી ?

[જાય છે]

[હિમિનું ગીત]

એ મરણેર સાગર પારે ચુપે ચુપે
એલે તુમિ ભુવનમોહન સ્વપન-રૂપે.

કાન્ના આમાર સારા પ્રહર તોમાય ડેકે
ઘુરેછિલ ચારિદિકે બાધાય ઠેકે,

બન્ધ છિલેમ એઈ જીવનેર અંધકૂપે.
આજ એસેછો ભુવનમોહન સ્વપન-રૂપે.
આજ કિ દેખિ કાલોચુંલેર આઁધાર ઢાલા
સ્તરે સ્તરે સંધ્યાતારાર માણિક જ્વાલા.

આકાશ આજિ ગાનેર વ્યથાય ભ'રે આછે,
ઝિલ્લિરવે કાઁપે તોમાર પાયેર કાછે.

બંદના તોર પુષ્પબનેર ગંધરૂપે.
આજ એશેછો ભુવનમોહન સ્વપન રૂપે

(નેપથ્યે જોઈને) આવું છું, મોટાભાઈ અંદર જ આવું છું.

[અખિલનો પ્રવેશ]

અખિલ : કેમ બોલાવ્યો, કાકી?

માસી : તને બોલાવવાને માટે યતીન મને કાલથી કહી રહ્યો છે. આજે હવે હું નહિ વારી શકી.

અખિલ : એનાં પેલાં ઘર ગીરવીની વાતને માટે!

માસી : એ વાત એના મનમાં ભારે જડાઈ ગઈ છે; પણ તે વિષે એ પૂછવા માગતો નથી. જેટલી વાર એ વિચાર ધક્કો મારતો આવે છે તેટલી વાર તે તેને ખસેડી મૂકે છે. ને વાત તું તેની આગળ કેમે કરી કાઢનો જ નહિ—તે પણ કાઢવાનો નથી.

અખિલ : તો મારી શી જરૂર પડી?

માસી : વીલ કરવાને માટે.

અખિલ : વીલ? હદ કરી!

માસી : હું જાણું છું, કે કશી જરૂર ન હતી. પણ મારા સોગન દઉં છું કે આટલું તો તારે કરવું જ પડશે. એ જેને જે કાંઈ આપવાનું કહે તે સંભવિત હોય કે અસંભવિત બધું જ તું બરાબર લખી લેજે. હસતો નહિ, વાંધો પણ ઉઠાવતો નહિ. પછી વીલની શી દશા થવાની છે તે હું જાણું છું.

અખિલ . જાણું છું રતો. જ્યોર્જ પિફ્થનું આખું સામ્રાજ્ય હું યતીનને હાથે વીલ કરાવીને લઈ લઈ શકું. મને ખાત્રી છે કે સમ્રાટ બહાદુર અણઘટતા દબાણ (undue influence)નો આરોપ મૂકીને અદાલતમાં મુકદમો માંડવા નહિ જાય. પણ જુઓ, કાકી, હવે તમારી સાથે આ ઘરની વાત કરી લઉં. મારો અસીલ—

માસી : અખિલ, હવે એક બે સાચી વાત કહેવા દે ઘરમાં ને બહાર જુદી વાત બોલી બોલીને મારો શ્વાસ રુંધાઈ ગયો છે. હવે સાંભળ, તારો અસીલ તું પોતે જ છે, એ વાત હું પહેલેથી જ જાણું છું.

અખિલ · આ શું કહો છો, કાકી!

માસી : બસ, બોલાવવાની કાંઈ જરૂર નથી. તેં સારું જ કર્યું છે. હું જાણું છું કે મારી મિલ્કતમાં તમારો જ હક્ક છે એટલા માટે તમો સદા તેના ઉપર નજર રાખતા આવ્યા છો—

અખિલ : છી, છી એવું—

માસી : તેમાં ખોટું શું છે, કહેને? તમે મારા છોકરા જેવા જ તો છો. તમને જ બધું આપી જાત અમો બે બેનો હતી. પણ બાપુ મોટી બેન ઉપર ક્રોધે ભરાઈને મને જ બધી મિલ્કત આપી ગયા. તે ક્રોધ શમવા પહેલાં જ તેમનું મૃત્યુ થયું. આજે તેઓ સ્વર્ગમાં છે, તેમનો ક્રોધ આજે રહ્યો નથી એટલા માટે જ બાપુની સંપત્તિ તેમના દૌહિત્રને માટે મેં ખરચી નાખી છે. લક્ષ્મીની કૃપાથી તમારે કોઈ વાતની ઊણપ નથી.

અખિલ : એ વિશે તમને મેં કાંઇ કહ્યું છે કોઇ દહાડો !

માસી : બુદ્ધિ હોય તો બોલવાની કાંઇ જરૂર પડતી નથી. ઘર બંધાવવાનો નિશો યતીનને વળગ્યો. એ નિશામાં કેટકેટલાં અસહ્ય દુઃખો રહેલાં છે તે તમો પાકી બુદ્ધિના કાયદાવાળાઓ નહિ સમજો. હું આ–એની માસી–એટલે મારી છાતી ફાટવા લાગી–ઉછીના કાઢવા ક્યાંથી ? તારી પાસે જ આવવું પડ્યું. તેં એક ખોટો અસીલ ઉભો કરી—

[હિમિનો પ્રવેશ]

હિમિ : માસી, ગેરાણી આવ્યાં છે.

માસી : બેન, તું તેમને જરા બેસવા કહે. હું હમણાં આવું છું.

[હિમિ જાય છે]

અખિલ : કાકી, તમારી આ ભાણેજની ઉમ્મર કેટલી હશે ?

માસી : સત્તર હમણાં જ પૂરાં થયાં. આ વરસે જ આઇ. એ. ની પરીક્ષા આપશે.

અખિલ : અવાજ બહુ જ મીઠો છે. બહારથી એમનું ગીત મેં સાંભળ્યું છે.

માસી : એ બંને ભાઇબેન એક જ જાતનાં છે. મોટાભાઈ ઘર બાંધે છે, એ ગીત ગાય છે, બંનેમાં જ એક જ સુરની લીલા છે.

અખિલ ; વિવાહ સંબંધ–

માસી : ના, એના મોટાભાઇ માંદા પડ્યા ત્યારથી એ વાત કોઇને બોલવા પણ દેતી નથી. ભણવા કરવાનું બધું છોડીને અહીં જ પડી છે.

અખિલ : પણ સારો વર શોધી આપી શકું એમ છે–જો કહો—

માસી : જેવો અસીલ શોધી આપ્યો હતો તેવો જ ને ?

અખિલ : નહિ કાકી, મશ્કરી નથી કરતો. મને થાય છે, કે એને જો એકાદ હારમોનિયમ મોકલું તો તેમાં તમારે—

માસી : કાંઇ વાંધો નથી. પણ એને હારમોનિયમ તો ગમતું નથી.

અખિલ : ગીતની સાથે ?

માસી : ગીતની સાથે એસ્રાજ વગાડે છે.

અખિલ : વારું તો એસ્રાજ—

માસી : એની પાસે તો છે એસ્રાજ.

અખિલ : બીજો એક થશે. સંપત્તિ વધારવી એનું નામ જ તો શ્રીવૃદ્ધિ.

માસી : ભલે- આપજો એસ્રાજ. હવે મારી વાત સાંભળ. આજ સુધી આ તારા અસીલને મારાં બાપીકા ઘરેણાં વેચીને જ વ્યાજ આપતી આવી છું. કોઇ કોઇ વાર અસીલ જ્યારે ત્રણ દિવસમાં જ વસૂલ કરવાની તાકીદ આપતો પત્ર લખતો ત્યારે હું વ્યાજ વધારી આપ્યા કરતી એટલે આજે હવે મારી પાસે કંઇ રહ્યું નથી. આમ કાકીની સંપત્તિ ભત્રીજાની તિજોરીમાં જ ગઇ છે. પ્રેતલોકમાં મારા સસરાને સંતોષ થયો હશે–પણ મારા બાપુ, યતીનની મા–પરલોકમાં તેમની આંખમાંથી જો આંસુ પડતાં હોય—

[હિમિનો પ્રવેશ]

હિમિ : મોટાભાઇ તમને બોલાવ બોલાવ કરે છે. માસી. છટ્ફટ્ કરે છે અને વારેવારે ભાભીની વાત પૂછ્યા કરે છે. તેનો જવાબ કેમે કર્યો મારા મોંમાંથી તો નીકળતો નથી. મારું તો ગળું જ રૂંધાઇ જાય છે.

(બે હાથે મોં દાબીને રડે છે.)

માસી : રડીશ નહિ, બેન, રડીશ નહિ. હું યતીનની પાસે જાઉં છું.

અખિલ : કાકી, હું જો કાંઇ કરી શકું એમ હોય તો કહેજો. હું કહો તો યતીનની પાસે જઇને–

માસી : હા, યતીનની પાસે જવું પડશે. તેનું પેલું વીલ- [જાય છે]

[ચાલુ]

કરવો ? રશિયન સમાજ ઉપર આની અસર પડયા વગર રહે એમ લાગતું નથી. જો કે રિપોર્ટો તો એવા મળે છે, કે બધી પ્રજાએ પણ રાજ્યના કાર્યને સભાઓ ભરીને સંમતિ આપી છે.

ખરું તો ટ્રાટસ્કીપક્ષ અને સ્ટાલીનપક્ષમાં, જે કાર્યપધ્ધતિના ભેદને કારણે ઝઘડો ઉભો થયો છે તેના જ આ પરિણામો છે. અને સ્ટાલિને હવે સામા પક્ષને નિર્મૂળ કરવાનું નક્કી કર્યું હોય એમ જણાય છે.

જ્યાં સુધી આખી દુનિયામાં સામ્યવાદ ન સ્થપાય ત્યાં સુધી એક દેશ સાચા અર્થમાં સામ્યવાદી રહી શકે નહિ, માટે એક જ દેશમાં સામ્યવાદને સ્થિર કરવાનાં પ્રયત્નો કરવા કરતાં બીજા દેશોમાં પણ ક્રાંતિ થાય એ માટેનાં પગલાં લેવાં જોઈએ એવો મત ટ્રાટસ્કી અને તેનો પક્ષ ધરાવે છે. જ્યારે સ્ટાલિન અને તેનો પક્ષ એવું માને છે કે, જગતમાં બીજે તાત્કાલિક ક્રાંતિ ન થાય તો પણ એક દેશમાં સામ્યવાદ સ્થિર થઇ શકે છે. આજે આખી દુનિયામાં સામ્યવાદની સ્થાપના થઇ શકે એવાં બળો અસ્તિત્વમા આવ્યા નથી તેવે વખતે એક દેશમાં જ્યાં સામ્યવાદની સ્થાપના થઇ શકી છે ત્યા એનો વિકાસ કરવો, અને ક્રાંતિએ કરેલા કાર્યને ટકાવી રાખવું તથા બહારના આક્રમણોની સામે ટકી રહેવા માટે ઉદ્યોગો ઉભા કરાને પૂર્ણ તૈયારી કરવી, આમ થશે તો દુનિયાનાં બીજાં દેશોના, મજૂરોની સામે સામ્યવાદનો એક આદર્શ ઉભો કરી શકાશે, જેનાથી બીજાંને પ્રેરણા મળશે આજના પ્રતિકૂળ સયોગોમા જો રશિયા જગતમાં ક્રાંતિ કરવાના કાર્ય પાછળ પોતાની શક્તિ ખરચશે તો જે કાર્ય થયું છે એ પણ ભાગી પડશે અને તેની અસર દુનિયાના બીજા દેશોની મજૂર ચળવળ ઉપર ઘણી ખરાબ પડશે આ જાતની વિચારસરણી સ્ટાલિન ગ્રુપની છે. જે લોકો ચુસ્ત-સિદ્ધાન્તવાદીઓ છે તેઓને આ બીજી વિચારસરણી કરતાં પહેલી વિચારસરણી યોગ્ય લાગે છે, જ્યારે બીજા પ્રકારની વિચારસરણી વ્યવહારકુશળ છે, એવું માનનારા પણ ઘણાં છે. આ વાદ ૧૯૨૭ માં ઉભો થયો, અને ત્યાર પછી એને લીધે ફાટફૂટ વધતી ગઇ, આ ફાટફુટનો પડઘો આ કેસમાં જોઇ શકીએ છીએ. પોતાની કેફિયતમાં કાર્લ રેડેક સ્પષ્ટ જણાવે છે કે, આજે જગતભરમાં ક્રાંતિની ચળવળ ચલાવવા પાછળ પડતાં યુદ્ધને નિમંત્રણ આપવા જેવું થાય છે, અને એ રીતે દુનિયા ઉપર આફત ઉતારવામાં અને શાંતિભંગ કરાવવામાં મદદ કર્યા બરોબર છે, એટલે હાલ તુરત આ એક જ દેશમા સ્થપાએલ સામ્યવાદી તંત્ર વધારે મજબૂત બનાવવાનો પ્રયત્ન કરવો એમાં જ ડહાપણ છે. આમ સ્ટાલિન પક્ષ વધારે સાચો છે એમ આ કેસ દ્વારા સાબીત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પણ તેના વિરોધીઓને આટલાથી કદાચ સંતોષ ન પણ થાય. દુનિયાનાં મૂડીવાદી રાષ્ટ્રોની વચ્ચે એક જ દેશ કદી સામ્યવાદી ધોરણે ટકી શકે જ નહિ, અને છતાં જો તે ટકે તો સામ્યવાદી રહી શકે જ નહિ: બીજાં મૂડીવાદી રાષ્ટ્રોની સામે આર્થિક સહકાર કરવો પડે અને રાજકીય સહકાર પણ કરવો પડે, અને તેને પરિણામે મૂળ સિધ્ધાન્ત ઉપર જ ઘા કરવા જેવું થાય. આજનુ રશિયા ધીમે ધીમે સામ્યવાદમાંથી પીછે હઠ કરતુ જાય છે એવુ આ લોકોનું ધારવું છે અહીં આ ચર્ચામા આપણે ઉતરવાની જરૂર નથી રશિયામાં જે આ બધા ચોંકાવનારા કાવતરાંની તપાસો ચાલે છે તેની પાછળની આ પરિસ્થિત જો લક્ષમા લઇએ તો કેટલીક બાબતોનો ફોડ આપોઆપ આવી જશે.

આજે રશિયાની સામે જર્મની અને જપાન એક પગે લડવા માટે ઉતાવળાં થયા છે તેની સામે રશિયા ટકવા માગે છે, એકલાના પગ ઉપર ટકી શકે એમ નથી, અને તેથી ફ્રાન્સ, ઇંગ્લાંડ કે

અમેરિકાની મદદની તે અપેક્ષા રાખે છે. ફ્રાંસ સાથે તો તેણે રીતસરની સંધિ કરેલી પણ છે. પણ બીજાં મૂડીવાદી રાજ્યો રશિયાને કઇ રીતે મદદ કરી શકે? રશિયા બળવાન થાય અને આખી દુનિયામાં ક્રાંતિ કરવા લાગે તો? બ્રિટન અને અમેરિકા જેવાં રાજ્યો પોતાના જ દુશ્મનને બળવાન કરવા તત્પર ન થાય. આ લોકોને શાંત પાડવા, અને અમારો આશય જગતક્રાંતિનો નથી, અમે તો હાલ તુરત અમારા જ દેશમાં સામ્યવાદને સ્થિર કરવા પાછળ પડયા છીએ એવું આશ્વાસન આપવું જરૂરી છે. આવાં આશ્વાસન વગર બીજાં મૂડીવાદી રાષ્ટ્રોની મદદ તો શું પણ સહાનુભૂતિ પણ અશક્ય થઇ પડે. આ મહત્વના હેતુથી પ્રેરાઇને જ સોવિયેટનું પરરાષ્ટ્ર ધોરણ આજે કામ કરી રહ્યું છે.

બધા કેસો આ એક બાબત પુરવાર કરવા માટે મુખ્યત્વે ચલાવવામાં આવે છે, અને રેડેકની આખી કેફિયત બરાબર વાંચી જવાથી આ જ વસ્તુ ફલિત થાય છે. અને તે એ કે રશિયાનો આખી દુનિયામાં ક્રાંતિ કરવાનો ઇરાદો નથી; અને એ રીતે રશિયા યુદ્ધ ઉભું કરવા માગતું નથી પણ શાંતિ સ્થાપવા માગે છે.

દેશની અંદર જ આવા વિરોધી પક્ષોને રહેવા દેવામાં તો કોઇ પણ સરમુખત્યારી જોખમ જ જુએ; એમાં પણ જ્યારે આવો વિરોધ એ પરરાષ્ટ્રીય રાજકારણ ઉપર ભારે અસર ઉપજાવનારો હોય ત્યારે તો આવો વિરોધ સહન કરવામાં ન આવે એ સમજી શકાય છે અને માટે જ આ વિરોધીઓને કચરી નાખવામાં આવે છે. પણ આમ કરવાથી આ આંતરવિગ્રહ શમી જશે કે કેમ એ શંકા જ છે.

એક પ્રશ્ન એ ઉભો થાય છે, કે જ્યારે યુદ્ધની નોબત ચારેબાજુ ગડગડી રહી છે, ત્યારે આવાં કાવતરાંની ખુલ્લી તપાસ કરવાની પાછળ શું હેતુ હશે? આ તપાસની વિગતો બહાર આવે છે તેને પરિણામે તો દેશનાં કારખાનાંઓ અવ્યવસ્થિત છે, રેલ્વેમાં ગમે ત્યારે ભંગાણ પડે છે, કામકાજમાં શિથિલતા છે, અને મોટા મોટા કાર્યકરો પણ વિશ્વાસપાત્ર નથી, તથા અંદર અંદર વિરોધો પુષ્કળ છે, એવી વિગતો બહાર આવે છે. દુનિયાની દષ્ટિએ રશિયાની નિર્બળતા બહાર આવે છે. આવી નિર્બળતાનું પ્રદર્શન કરવાનો શો અર્થ? આનો જવાબ સહેલાઇથી મળી શકે એમ નથી. જો કે ઉપર બતાવ્યું એ બાબત તો સિધ્ધ થાય છે જ, અને આજના રશિયાનો શાંતિ સ્થાપવાનો હેતુ પણ સિધ્ધ થાય છે. પણ સ્ટાલીનના પક્ષને પૂરતો ટેકો છે એવું સિધ્ધ થાય છે કે કેમ એ વિષે શંકા છે. કદાચ જર્મની અને જપાનના આક્રમણકારી હેતુઓ બહાર આવે, અને એની સામેનાં પોતાનાં પગલાં યોગ્ય છે એવું દુનિયાને તેમજ પોતાની પ્રજાની સમક્ષ સિધ્ધ કરવામાં આનો ઉપયોગ થાય.

એક બાબત સ્પષ્ટ છે, કે હજી રશિયામાં શાંતિની સ્થાપના થઇ નથી. હજી અંદર અંદર ધુંધવાટ ચાલુ છે, અને તે પણ પ્રમુખ નેતાઓમાં જ સિધ્ધાન્ત ભેદ અને તેને લીધે કાર્યક્રમના ભેદો છે. અને વિરોધીઓ બીજી કોઇ રીતે જ્યારે પોતાનો વિરોધ બતાવી શકતા નથી ત્યારે તેઓ આવા કાવતરાંનો આશરો લે છે. એક બાજુથી જ્યારે રશિયા પોતાનું નવું બંધારણ અમલમાં મૂકે છે ત્યારે બીજી બાજુથી આવા ધુંધવાટ પણ બહાર આવતા જાય છે. અને હજી બુખારિન વગેરેને માથે પણ તરવાર લટકયાં જ કરે છે. તેમનો પણ થોડાક વખતમાં જ વારો આવે તો ના નહિ. જૂના બોલ્શેવિકોમાં હવે કોઇ મહત્વના માણસો બાકી રહેલા જણાતા નથી. આ રીતે વિરોધી પક્ષનું બી ઉખેડી ને, જૂના વિચારકો અને સાથીઓનો નાશ કરીને તથા આકરી રીતે પોતાના જ દેશની નિર્બળતાઓ બહાર આણીને સ્ટાલિન કયો હેતુ સિધ્ધ કરવા માગે છે

એ સમજાતું નથી. માત્ર કોઈ પણ રીતે પોતાનો બચાવ કરવા માગે છે અને ફ્રાંસ અને ઈંગ્લાંડની મદદ જર્મની-જપાનની સામે મેળવવા માગે છે. આ એક જ જવાબ આ કાવતરાની તપાસ પાછળ હોઈ શકે પણ એમ કરવા જતાં રશિયા સામ્યવાદી કેટલા પ્રમાણમાં રહી શકશે? દુનિયાનાં બીજા રાષ્ટ્રોની માફક જ રશિયા પણ રાષ્ટ્રવાદ તરફ જ ઘસડાતું જતું નથી ને? ઘણા લોકો રશિયા તરફ જે આશાની નજરે જોઈ રહ્યા છે તેમની સહાનુભૂતિ પણ રશિયા ખોતું જતું હોય એવું જણાય છે.

રશિયામાં માર્ક્સીઝમ નહિ, લેનિનિઝમ નહિ, પણ સ્ટાલિનીઝમ શરૂ થતું જતું જણાય છે

ઇંગ્લાંડની તૈયારી

આખરે ઈંગ્લાંડ પણ આગામી નરમેધની સામગ્રી તૈયાર કરવા લાગ્યું છે. નિઃશસ્ત્રીકરણની વાતો તો હવામાં ક્યારની વિલીન થઈ ગઈ છે અને આજે તો ઝડપભેર દરેક દેશમાં શસ્ત્રસરંજામ તૈયાર થવા લાગ્યો છે. ગાંડો માણસ જેમ આડુંઅવળું જોયા વગર દોડ્યો જ જાય એવી દોડ શરૂ થઈ છે. દરેક રાજ્ય શસ્ત્રસજ્જતામાં એક બીજાથી ચઢિયાતું થવા માગે છે. જર્મની અને ઇટાલિ તથા રશિયાએ આની પહેલ કરી છે. ઈંગ્લાંડ બાકી રહી ગયું હતું. તેણે પણ નવા શસ્ત્રોની સામગ્રી તૈયાર કરવાની અને પાંચ વરસ સુધીમાં પૂરી તૈયારી કરી લેવાની યોજના ઘડી છે.

આ કાર્ય માટે તેણે હમણાં જ ૫૫૦ કરોડ રૂપિયાની લોન કાઢવાની જાહેરાત કરી. આ બધા પૈસા યુદ્ધ સામગ્રીમાં ખરચવામાં આવશે. પણ વાત આટલી જ નથી. આ ઉપરાંત કરો વધારીને અને નવા કરો બેસારીને બીજા પણ કેટલાક રૂપિયા આ પાછળ ખરચવાના છે. પાંચ વર્ષ દરમ્યાન કુલ ૧૮૫૦ કરોડ રૂપિયા આ રીતે ખરચવામાં આવશે અને તેમાંથી નવા વિનાશક બારકસો, સૈન્ય, વિમાનો, વિમાનો રહી શકે એવા જહાજો, કિલ્લેબંધી, દારૂગોળો તથા ઝેરી ભોગકીની સામગ્રી તથા ગેસના મારામાંથી બચવાના બુરખા વગેરે તૈયાર કરવામાં આવશે.

ઈંગ્લાંડની આ જાહેરાતે યુરોપના પ્રમુખ રાજ્યોમાં ખળભળાટ પેદા કર્યો છે. જર્મનીને ઈંગ્લાંડનો આ વિચાર અને તૈયારી નકામાં લાગે છે. ઇંગ્લાંડને પોતાના સંરક્ષણની કાળજી એટલી ઓછી છે કે આટલો બધો ખરચ એ માત્ર રક્ષણ પુરતો નથી પણ એની પાછળ બીજો કોઈ હેતુ હોવાની શંકા હિટલરને જાય છે. મુસોલિનીએ તો આ જાહેરાત પછી દસ લાખ માણસોને હુકમ બહાર પડતાં હાજર થવાનો હુકમ પણ ફરમાવ્યો છે. ઈંગ્લાંડની આટલી બધી તૈયારી શા માટે? આજ સુધી યુરોપના રાષ્ટ્રસંઘમાં અને નિઃશસ્ત્રીકરણની પરિષદમાં ઈંગ્લાંડને વિશ્વાસ હતો અને એ સાધનો દ્વારા યુરોપનો ભાવિ નરમેધ અટકાવી શકે એમ તેની માન્યતા હતી. ઉપરાંત કદાચ ઈંગ્લાંડના લોકો ઉપર કરનો બોજો ન વધારવાની વૃત્તિ પણ હોય. ઇટાલિએ જ્યારે એબિસિનિયા જીતી લીધું, અને કોઈ રીતે મુસોલિનીને આ કાર્ય કરતાં અટકાવી શકાયો નહિ ત્યારે ઈંગ્લાંડની આંખો ઉઘડી. હિટલરે તો એક પછી એક ધડાકા જ કરવા માંડ્યા. સ્પેનનો આંતરવિગ્રહ જે દિશાએ યુરોપને લઈ જઈ રહ્યો છે, તેનાથી પણ ઈંગ્લાંડ ચેતી ગયું છે અને છેલ્લે જપાન-જર્મન કરારો તથા હિટલરના ભાષણે ઈંગ્લાંડ જાગ્રત થઈ ગયું છે. ૧૯૨૪ થી ૧૯૩૧ સુધીમાં જ્યારે બધા રાજ્યોમાં ઝડપભેર શસ્ત્રોના કારખાના ચાલી રહ્યાં હતાં ત્યારે ઈંગ્લાંડે કશું કર્યું નહિ અને પછી ગયે વરસે ઉપરના બનાવો બની ગયા ત્યારે ઈંગ્લાંડે પોતાની આસપાસ જોયું કે બધા જ રાજ્યોમાં યુદ્ધસરંજામ

વધી રહ્યો છે, જ્યારે ઇંગ્લાંડ જ એક પાછળ રહી ગયું છે. તેનું લશ્કરી બળ ઓછું હોવાથી જ મુસોલિનીને અટકાવી શકાયો નહિ. સ્પેનમાં બધા રાજ્યોએ તટસ્થતા જાળવી રાખવાના ઇંગ્લાંડના પ્રયત્નો પણ આજ ખામીને લીધે અટકી પડયા હતા. ઇંગ્લાંડના બોલવા પાછળ આજના શસ્ત્રના ખખડાટવા ગાજી રહેલા વાતાવરણમા પીઠબળ નહોતું. ઇંગ્લાંડે આ સ્થિતિ પારખી અને અંતે તેણે પણ ઝંપલાવ્યુ

વસ્તુતઃ કોઇપણ દેશ કરતાં ઇંગ્લાંડને જ આજે શસ્ત્રસજ્જતાની વધારે જરૂર છે. એક કાળ એવો હતો કે ઇંગ્લાંડ સમુદ્રરાણીનું પદ ભોગવતુ હતું આજે તેનું એ પદ ઝુંટવી લેવા માટે અનેક હરીફો ઉભા થયા છે ઇંગ્લાંડનુ સામ્રાજ્ય સૌ કરતા વધારે પથરાએલું પડયું છે એ છૂટા-છૂટા વેરાએલા ભાગોનું સંરક્ષણ કરવા માટે પુષ્કળ સાધનોની જરૂર છે ઉપરાત તેના મસ્થાનો ઉપર ઇંગ્લાંડ આજે વિશ્વાસ કરી શકે એમ પણ નથી. એટલે કટોકટીને પ્રસંગે તેણે પોતાના બળ ઉપર જ આધાર રાખવો રહ્યો

બીજુ કારણ સામ્રાજ્યના માર્ગોનુ સંરક્ષણ કરવું. આ છૂટા વેરાએલા ભાગોને સાંધવાનો એક જ માર્ગ વચ્ચેના સમુદ્રના રસ્તાઓ છે. આ રસ્તાઓને સુરક્ષિત રાખવા માટે જૂના જૂના થાણાઓને હરલામા છેલ્લી ઢબે સજ્જ કરવાની જરૂર છે

ત્રીજું કારણ ઇંગ્લાંડનો બધો જ આધાર બહારથી આવતી વસ્તુઓ ઉપર છે. ખાધા-ખોરાકી પણ તેને બહારથી મંગાવવી પડે છે, અને કાચો માલ પણ બહારથી મંગાવવો પડે છે જો કોઇ એક કે દોઢ મહિનાને માટે જ ઇંગ્લાંડમાં આવતા બધા દરિયાઇ રસ્તાઓ બંધ કરી દે તો ઇંગ્લાંડ વગર લડાઇએ હારે એવી વિકટ પરિસ્થિતિ છે એટલે માત્ર સંરક્ષણની દૃષ્ટિએ પણ ઇંગ્લાંડને આ તૈયારીની જરૂર છે

આજે ઇંગ્લાંડ જાહેર તો એમ કરે છે કે, આ તૈયારી યુદ્ધ કરવા માટે નથી, પણ શાંતિની રક્ષા કરવા છે! પણ એમ તો હિટલર પણ મોટું લશ્કર જમાવે છે તે શાંતિ જાળવવા માટે જ, મુસોલિની પણ શાંતિની રક્ષા કરવા માટે જ મહેનત કરે છે, અને એણે જ પાડેલા ચીલાએ આજે ઇંગ્લાંડ પણ શાંતિને માટે જ શસ્ત્રો સજી રહ્યુ છે!

આ રસ્તે શાંતિ સચવાશે? આ પ્રશ્નનો જવાબ સરળ નથી પણ જ્યારે બધાં જ રાજ્યો શસ્ત્રો સજી રહ્યા હોય ત્યારે ઇંગ્લાંડ હાથ જોડીને બેસી રહે, અને પોતાના મેળવેલા સામ્રાજ્યને, માત્ર રાષ્ટ્રસંઘ કે શાંતિને કાજે ગુમાવવા તૈયાર ન જ હોય એ દેખીતુ છે શાંતિ સચવાશે કે ભડકો ફાટી નીકળશે એ તો ભવિષ્યની વાત છે!

સિંગાપોર અને સિલોન

આ માસમાં બ્રિટિશ સરકારે સિંગાપોરમા લડાયક હલચાલનું રીહીઅર્સલ કરી લીધુ છે લાખો રૂપિયાના ખરચે આ સ્થળને લડાયક દૃષ્ટિબિંદુથી તૈયાર કરવામા આવ્યું છે ત્યા નૌકાસૈન્ય, વિમાનો તથા લશ્કરની જબરી તૈયારી કરવામાં આવી છે. અને હમણા કરવામાં આવેલા તેના ઉપરના બનાવટી મારા ઉપરથી તે કોઇ પણ પ્રકારના જળમાર્ગના કે વિમાની આક્રમણની સામે અજેય છે એની ખાતરી કરી લીધી છે

સિંગાપોર એ મલાયા દ્વીપકલ્પને છેડે આવેલું બંદર છે. અને પૂર્વ તરફ ચીન, જાપાન અને ઑસ્ટ્રેલિયા જવાના કે આવવાના માર્ગના દરવાજા જેવું છે. હિંદી મહાસાગરમા મેડીટરનું સામાન્ય આવેલુ છે અને પૂર્વ તરફથી આવના

એ સમજાતુ નથી માત્ર કોઇ પણ રીતે પોતાનો બચાવ કરવા માગે છે અને ફ્રાંસ અને ઈંગ્લાંડની મદદ જર્મની–જાપાનની સામે મેળવવા માગે છે આ એક જ જવાબ આ કાવતરાની તપાસ પાછળ હોઇ શકે પણ એમ કરવા જતા રશિયા સામ્યવાદી કેટલા પ્રમાણમાં રહી શકશે? દુનિયાનાં બીજા રાષ્ટ્રોની માફક જ રશિયા પણ રાષ્ટ્રવાદ તરફ જ ધસડાતુ જતુ નથી ને? ઘણાં લોકો રશિયા તરફ જે આશાની નજરે જોઇ રહ્યા છે તેમની સહાનુભૂતિ પણ રશિયા ખોતુ જતું હોય એવુ જણાય છે

રશિયામા માર્ક્સઝિમ નહિ, લેનિનિઝમ નહિ, પણ સ્ટાલિનીઝમ શરૂ થતુ જતુ જણાય છે

ઇંગ્લાંડની તૈયારી

આખરે ઈંગ્લાંડ પણ આગામી નરમેધની સામગ્રી તૈયાર કરવા લાગ્યુ છે નિઃશસ્ત્રીકરણની વાતો તો હવામાં ક્યારે વિલીન થઇ ગઇ છે અને આજે તો ઝડપભેર દરેક દેશમા શસ્ત્રસરંજામ તૈયાર થવા લાગ્યો છે ગાંડો માણસ જેમ આડુ અવળુ જોયા વગર દોડયો જ જાય એવી દોડ શરૂ થઇ છે દરેક રાજ્ય શસ્ત્રસજ્જનામા એક બીજાથી ચડિયાતુ થવા માગે છે જર્મની અને ઇટાલિ તથા રશિયાએ આની પહેલ કરી છે ઇંગ્લાંડ બાકી રહી ગયુ હતુ તેણે પણ નવા શસ્ત્રોની સામગ્રી તૈયાર કરવાની અને પાચ વરસ સુધીમા પૂરી તૈયારી કરી લેવાની યોજના રચી છે

આ કાર્ય માટે તેણે હમણા જ ૫૫૦ કરોડ રૂપિયાની લોન કાઢવાની જાહેરાત કરી આ બધા પૈસા યુદ્ધ સામગ્રીમા ખરચવામાં આવશે પણ વાત આટલી જ નથી આ ઉપરાંત કરો વધારીને અને નવા કરો બેસારીને બીજા પણ કેટલાક રૂપિયા આ પાછળ ખરચાવાના છે પાચ વર્ષ દરમ્યાન કુલ ૧૮૫૦ કરોડ રૂપિયા આ રીતે ખરચવામા આવશે અને તેમાથી નવાં લડાયક બારકસો સૈન્ય વિમાનો, વિમાનો રહી શકે એવા જહાજો, કિલ્લેબંધી દારૂગોળો તથા ખાધા ખોરાકીની સામગ્રી તથા ગેસના મારામાથી બચવાના બુરખા વગેરે તૈયાર કરવામા આવશે

ઇંગ્લાંડની આ જાહેરાતે યુરોપના પ્રમુખ રાજ્યોમા ખળભળાટ પેદા કર્યો છે જર્મનીને ઈંગ્લાંડનો આ વિચાર અને તૈયારી નકામા લાગે છે ઇંગ્લાંડને પોતાના સંરક્ષણની કાળજી એટલી ઓછી છે કે આટલો બધો ખરચ એ માત્ર રક્ષણ પુરતો નથી પણ એની પાછળ બીજો કોઇ હેતુ હોવાની શંકા હિટલરને જાય છે મુસોલિનીએ તો આ જાહેરાત પછી દસ લાખ માણસોને હુકમ બહાર પડતાં હાજર થવાનો હુકમ પણ ફરમાવ્યો છે ઇંગ્લાંડની આટલી બધી તૈયારી શા માટે? આજ સુધી યુરોપના રાષ્ટ્રસંઘમા અને નિઃશસ્ત્રીકરણની પરિષદમા ઈંગ્લાંડને વિશ્વાસ હતો અને એ સાધનો દ્વારા યુરોપનો ભાવિ નરમેધ અટકાવી શકે એમ તેની માન્યતા હતી ઉપરાંત કદાચ ઇંગ્લાંડના લોકો ઉપર કરનો બોજો ન વધારવાની વૃત્તિ પણ હોય ઇટાલિએ જ્યારે એબિસિનિયા જીતી લીધું, અને કોઈ રીતે મુસોલિનીને આ કાર્ય કરતા અટકાવી શકાયો નહિ ત્યારે ઇંગ્લાંડની આંખો ઉઘડી હિટલરે તો એક પછી એક ધડાકા જ કરવા માંડયા સ્પેનનો આંતરવિગ્રહ જે દિશાએ યુરોપને લઇ જઇ રહ્યો છે તેનાથી પણ ઇંગ્લાંડ ચેતી ગયુ છે અને છેલ્લે જાપાન–જર્મન કરારો તથા હિટલરના ભાષણે ઇંગ્લાંડ જાગ્રત થઇ ગયુ છે ૧૯૨૪ થી ૧૯૩૧ સુધીમા જ્યારે બધા રાજ્યોમાં ઝડપભેર શસ્ત્રોના કારખાના ચાલી રહ્યા હતા ત્યારે ઇંગ્લાંડે કશુ કર્યુ નહિ અને પછી ગયે વરસે ઉપરના બનાવો બની ગયા ત્યારે ઇંગ્લાંડે પોતની આસપાસ જોયુ કે બધા જ રાજ્યોમા યુદ્ધસરંજામ

મિલન-મુહૂર્ત

અનુવાદક
રમણીક કીશનલાલ મ્હેતા.

વાસવદત્તાનું સૌન્દર્ય પૂર્ણ ચન્દ્ર કરતાં યે અધિક પૂર્ણ હતું. તેનો દેહ કમળ કરતાં યે અધિક કોમળ હતો. તેની વાણી વીણાનો તિરસ્કાર કરતી હતી. તેની લજ્જાભરી આંખો હરિણીને લજ્જિત બનાવતી હતી. સ્વર્ગના સૌન્દર્યે પોતાની રુચિ અનુસાર, પોતાના કોમળ હસ્તે જ એ સુવર્ણ પ્રતિમાનું સર્જન કર્યું હતું. આવી ભુવનમોહિની શોભા, આવી અનુપમ રૂપરાશિ આપીને પણ વિધાતાએ તેને વેશ્યા બનાવી એ શું ઉચિત હતું? નરકમાં કમળ અને કંટકમાં પુષ્પને ખિલવનાર જ એ જાણે!

તે દિવસે બાલવસન્તના સુ[illegible]પ્રભાતમાં જ્યારે કોયલના [illegible] નાનને હૈયે ચાંપી મલય સમીરની લહરીઓ [illegible] હતી ત્યારે એક શ્રમણ [illegible] નાની [illegible] અટ્ટાલિકાના [illegible] ભિક્ષાને માટે આવીને ઊભો રહ્યો. અચાનક વાસવદત્તાની દૃષ્ટિ એ બૌદ્ધ ભિક્ષુ પર પડી. તેણે તેને એક વાર જોયા [illegible] જોયો, અને તે [illegible]

તેનું નામ ઉપગુપ્ત હતું. સામાજિક દૃષ્ટિએ તે એક ભિખારી હતો, પરંતુ સ્વર્ગીય દૃષ્ટિએ તે [illegible] હતો. [illegible] શ્રી અને સુવિખ્યાત [illegible] નથી. ઉપગુપ્તે પોતાના એ મન પર વિજય પ્રાપ્ત કર્યો હતો. તે [illegible] હતો. સર્વ ઇન્દ્રિયો તેની [illegible] હતી.

વિશ્વની ચળવળ અને અશાન્તિનો તેને પૂર્ણ અભાવ હતો. તેની આંખો અચંચળ અને શાન્ત હતી. સ્વર્ગીય દિવ્ય જ્યોતિથી તેનું મુખમંડળ પ્રકાશી રહ્યું હતું. [illegible] વસ્ત્ર તેને અપૂર્વ શોભા અર્પી રહ્યાં હતાં.

[illegible] પોતાના [illegible] વાસવદત્તા તે ભિક્ષુની [illegible] તેના સૌન્દર્ય પર મુગ્ધ બની ગઈ. તેનો [illegible] એમાં [illegible] વિશ્વ [illegible]!

તેણે ઉપગુપ્તની સમીપમાં આવીને કહ્યું 'ભિક્ષુ ! ભિક્ષાપાત્ર આગળ લાવો !"

ભિક્ષાપાત્ર આગળ ધરી સહસા ઉપગુપ્તે આશ્ચર્યથી કહ્યું 'પરંતુ તમારા બંને હાથ તો ખાલી છે એ મને શું આપી શકશે ?'

વાસવદત્તા તમને આ સંસારમાં ક્યાર મળી ન હોય તેમજ આ હસ્તે આજદિન સુધી કોઈને અર્પણ કરી નથી એવી વસ્તુ તે તમને આપશે "

ઉપગુપ્ત એટલે ?

વાસવદત્તા "આ હાથ ખાલી નથી "

ઉપગુપ્ત હું આ સુવર્ણભૂષણોને શું કરીશ ?'

વાસવદત્તા હું આ સુવર્ણાલંકારોની વાત નથી કરતી અમોઘ યુવક ! આ હાથ ખાલી નથી એ પ્રેમના આલિંગનથી પૂર-ભરપૂર છે હું તે આલિંગન તમને આપીશ કલ્પના કરો ! ભિક્ષુ ! જે વાસવદત્તાની છાયાને સ્પર્શવાને માટે મોટા મોટા રાજરાજેશ્વરો વ્યાકુળ રહે છે તે તમને પ્રેમનું આલિંગન આપશે

ઉપગુપ્તના મુખ ઉપરના ભાવમાં કશું પરિવર્તન થયું નહીં વાસવદત્તાએ ફરીથી કહ્યું 'ભિક્ષાપાત્ર આગળ લાવો હું તમને ભિક્ષામાં મારું હૃદય આપીશ

"એનો અર્થ ? ઉપગુપ્તે પૂછ્યું

વાસવદત્તા એનો અર્થ એ કે તમારો સુકુમાર દેહ ભિક્ષાવૃત્તિને માટે સરજાયો નથી આ અનુપમ સૌન્દર્ય-સુમન સંસારના સ્પર્શથી દૂર વનપથમાં કરમાવાને માટે નથી, આવો ભિક્ષુ મારા સદનમાં આવો હું વિશ્વની સ્વામિની છું તમારી દાસી બનીશ '

ઉપગુપ્તના વાસનાના પ્રભાવથી મુક્ત મુખ મંડળ પર હાસ્યની એક ક્ષીણ રેખા નજરે પડી તે મૌન રહ્યો

વાસવદત્તાએ વિહ્વળ બની કહ્યું 'ઉત્તર આપો ભિક્ષુ !

'કિન્તુ કેટલાક કારણોને લીધે અત્યારે સમય નથી " ઉપગુપ્તે ઉત્તર આપ્યો

'તો પછી ક્યારે ?' વાસવદત્તાએ પૂછ્યું

ઉપગુપ્ત પછી થોડા દિવસો બાદ હું આવીશ."

'પછી થોડા દિવસો બાદ હું આવીશ !'

વાસવદત્તા મનમાં વિચારવા લાગી 'રમણીના રૂપનું આ અપમાન ? એક સામાન્ય ભિક્ષુ તેના સૌન્દર્યનો તિરસ્કાર કરી શકયો ! જોઉં જરી હું તે દિવસની પ્રતીક્ષા કરીશ "

ઉપગુપ્તે વેગપૂર્વક સંઘ તરફ પ્રયાણ કર્યું વાસવદત્તા સુવર્ણમૂર્તિની માફક તેને નિરંતર નિર્નિમેષ નયને જોઈ રહી

* * *

પોતાના ટૂંકા જીવનની એક જ્યોતિ દાખવીને સંધ્યા તીવ્રગતિએ ચાલી ગઈ હતી શારદીય શુભ્ર આકાશમાં ઉદય પામતા ચન્દ્રના કિરણો જ્યોત્સ્ના ચાંદની બિછાવી રહ્યા હતા !

એક સદન વનના ચરણોને ધોતી કલરવ કરતી ગંગા વહી રહી હતી. દિવસભરના ભિક્ષા ભારથી મુક્ત ઉપગુપ્ત એ વનમાં થઈને પોતાના મઠ તરફ ચાલ્યો જતો હતો

તે ભયંકર હિંસ્ર પશુ સિંહની ઉપર કરુણાના અવતાર બુદ્ધના ઉપદેશની કાંઈ પણ અસર ન થઈ તેની રાક્ષસી પ્રકૃતિમાં પરિવર્તન થયું નહીં ઉપગુપ્તને આવતો જોઈને સિંહ વેગપૂર્વક તેના પર તૂટી પડવાને તત્પર બન્યો ભિક્ષુએ એ જોઈને પોતાનું મસ્તક ઝુકાવી દીધું

એક તરફ સિંહ ઉપગુપ્તનું ભક્ષણ કરવાને માટે તૈયાર હતો. બીજી તરફ ઉપગુપ્ત સિંહનું ભોજન બનીને ઊભો હતો!

પાસે જ એક ગીચ ઝાડી હતી. ગીચ ઝાડીના હૃદયમાં એક છિદ્ર હતું. વસન્તે નવપ્રાણ પૂરવા છતાંયે પાંદડાંઓ એ છિદ્રને ઢાંકી શક્યા નહોતાં! એ છિદ્રમાંથી એક શિકારીએ તે ભયંકર દૃશ્ય જોયું.

સિંહ ભિક્ષુ પર તૂટી પડવાને તત્પર બન્યો તેવો જ શિકારીએ પોતાના ધનુષ્ય પર તીર ચડાવ્યું અને સામેની ઝાડીનું વક્ષસ્થળ ભેદીને સિંહને ધરાશાયી કરી દીધો.

ઉપગુપ્તે ચકિત થઈને ચારે તરફ જોયું. પોતાના કાર્યની સફળતા પર હસતો-મલકાતો ધનુર્ધારી શિકારી તેના તરફ આવી રહ્યો હતો.

ભિક્ષુએ દુઃખભર્યા શબ્દોમાં શિકારીને કહ્યું "હાય! તમે આ શું કર્યું? સિંહે તમારું શું બગાડ્યું હતું? વિના કારણે નિરપરાધની હત્યા શા માટે કરી?"

શિકારીએ મનમાં ને મનમાં વિચાર્યું "સિંહ અને તે વળી નિરપરાધ?"

પોતાના દયાહીન કઠોર જીવનમાં શિકારીએ પહેલવહેલાં અહીં કરુણાદેવીનાં દર્શન કર્યાં. તે ચિત્રાંકિત મૂર્તિની માફક ઘણીવાર સુધી ઉભો રહ્યો. ઉપગુપ્તે પોતાની કરુણાભરી દૃષ્ટિ તેના પર નાખી. આંખોએ જોયું અને હૃદયે હૃદયનો સંદેશ ઝીલી લીધો.

શિકારીના બન્ને હાથ હાલ્યા. તેણે ખભા પરના તીરનું ભાથું ઉતારીને ગંગામાં ફેંકી દીધું—એની નિર્દયતા ગંગામાં ડૂબી ગઈ. પોતાના બળવાન હાથથી ધનુષ્યના બે ટૂકડા કરીને ધરતી પર પટકી દીધા—એની કઠોરતા આખરી શ્વાસ લેવા લાગી ત્યાર પછી શિકારીએ ભિક્ષુનાં ચરણોમાં પડીને કહ્યું:—"દેવ! આ મારી અંતિમ હત્યા છે!"

ઉપગુપ્તે પ્રસન્નમુખે તેને આશીર્વાદ આપ્યા. શિકારી પોતાના નવીન સંસારમાં પ્રવેશ કરવા માટે ચાલ્યો ગયો. કરુણા તેની માર્ગદીપિકા બની.

ત્યાર ઉપગુપ્તે મૂર્છિત સિંહ તરફ જોયું—તેની છાતીમાં તીર ખરાબ રીતે પેસી ગયું હતું. ભિક્ષુ તેને અત્યંત કઠિનતાપૂર્વક ગંગાતટપર લઈ ગયો અને ત્યાં જઈને ઘા ધોવા માંડ્યો.

ગંગાના ચંચળ હૃદયમાં—દશે દિશાઓમાં ગીત—સુધાની વૃષ્ટિ કરતું એક નાવ ચાલ્યું જતું હતું. શરદની નિર્મળ ચાંદની પૂરબહારમાં ખીલી હતી. વનપ્રાન્ત અને ગંગાની લહરીઓમાં અપૂર્વ શોભા અંકિત થઈ રહી હતી.

ઉપગુપ્ત પોતાના કાર્યમાં પ્રવૃત્ત થયો. સિંહના જીવનની આશા બહુ ઓછી હતી; પરન્તુ ભિક્ષુ એકાગ્ર બની પોતાનું કાર્ય કરી રહ્યો હતો.

નૌકા તેના તરફ આવવા લાગી. ગીતનો સ્વર હવે ઉપગુપ્તને સ્પષ્ટ સંભળાવા લાગ્યો. તેણે જોયું—નૌકામાં અન્ય કોઈ નહીં, પરન્તુ પેલી મુક્તકુંતલા રૂપવતી વાસવદત્તા શરદચન્દ્ર સાથે આંખો લડાવતી ગાઈ રહી હતી.

ભિક્ષુએ સિંહની છાતીમાંથી તીર બહાર કાઢવાને હાથ લંબાવ્યો. અચાનક ગીત બંધ પડી ગયું. નૌકા ભિક્ષુની સમીપમાં આવી પહોંચી.

નૌકામાંથી વાસવદત્તા ચકિત બનીને બોલી ઊઠી: "ભિક્ષુ! તમે આ શું કરો છો? જીવન પ્રાપ્ત કરીને આ ભયંકર હિંસ્ર પશુ પોતાના જીવનદાતાને નહિ ઓળખે એ શું તમે નથી જાણતા? નથી જાણતા કે એ તમારો સર્વનાશ કરી નાખશે?"

ઉપગુપ્તે કહ્યું: "રમણી તમે ભલાં છો! બહારથી સુન્દર દેખાતા હિંસ્ર પશુનાં કરતાં તે

વધારે ભયંકર નથી. જેના ઓઠા નીચે મનુષ્યોનો શત્રુ કામ તેનો વધ કરવાને માટે કાન પર્યંત કમાન ખેંચીને ઊભો છે તેના કરતાં તે વધારે ભયંકર નથી. પોતાના બંધનથી મનુષ્યને બંદીવાન બનાવી રાખનાર સુન્દર મોહ કરતા તે વધારે ભયાનક નથી. જેની પાછળ મનુષ્ય ,પોતાના ધ્યેય ધર્મને ભૂલીને અનન્ત જન્મ અને જગતમા ફરી રહ્યો છે તે હાથમાં સુવર્ણમુકુટ લીધેલી છાયા સમાન નિસ્સાર લોભ–લાલસા કરતાં તે અધિક બીહામણું નથી."

વાસવદત્તા કાંઇ સમજી શકી નહીં પ્રેમથી અધીર બનીને તેણે કહ્યું· "ભિક્ષુ ! હું તમારી પ્રતીક્ષા કરતી રહી અને તમે ન આવ્યા શું તમે ભૂલી ગયા હતા ?"

"ના, ભૂલ્યો નથી. હું આવીશ થોડા દિવસ પછી અવશ્ય આવીશ"

"આજે જ ચાલો ભિક્ષુ ! આથી અધિક સુન્દર અવસર પછી ક્યારે આવશે ? આજે ચન્દ્ર સંસારને આલોકિત કરી રહ્યો છે તમે મારા ગૃહનો અન્ધકાર દૂર કરો !"

"થોભી જાઓ !" કહીને ભિક્ષુ ધીમે ધીમે સિંહની છાતીમાથી તીર કાઢવા લાગ્યો

વાસવદત્તાએ કહ્યુ "તમે તમારા સૌન્દર્યના તીરથી મને ઘાયલ કરી છે. પ્રથમ મને પ્રાણદાન આપો !"

"ધીરજ રાખો સુન્દરી ! હું જરૂર આવીશ !"

"ક્યારે આવશો ?–તમારી પ્રતીક્ષા કરતા કરતાં મારી નયનજ્યોતિ ચાલી જાય ત્યારે ? દિવસો ગણતાં ગણતા સમય મારું યૌવન છીનવી લે ત્યારે ?"

ઉપગુપ્તે તેના તરફ જોઇને વિચાર્યું "હે ! આ શું ? આટલું જ્ઞાન હોવા છતા યે તે ઊંડી ગર્તામા પડી રહી છે ?"

વાસવદત્તાએ ફરીથી પૂછ્યું: "ક્યારે આવશો?"

"આ જીવનમાં."

"આ જીવનમાં ? એ બહુ લાંબો અવધિ છે!"

"તો પછી ?"

"આ ક્ષણે કહો"

"નહીં."

"આ મહીને !"

"આ વર્ષે આવીશ એટલું સાચું માનો."

"હું મારી આંગળીઓના વેઢે દિવસો અને શ્વાસમાં ક્ષણો ગણતી રહીશ"

વાસવદત્તા ચાલી ગઇ. ઉપગુપ્ત મૃતપ્રાય સિંહના હૃદયમાંથી તીર કાઢવાના કામમા પ્રવૃત્ત થયો.

* * *

શરદ ગયો, શિશિર ગયો, હેમન્ત ગયો, પરન્તુ ઉપગુપ્ત ન આવ્યો વાસવદત્તાએ અનેકવાર અશ્રુપૂર્ણ પ્રતીક્ષા કરી, પરન્તુ તે ન આવ્યો. તેણે અનેકવાર શૃંગાર સજ્યા, પણ સર્વ વ્યર્થ ગયું

સુમન, સુગંધિ અને મલયાનીલને લઇને આખરે વસન્તઋતુ આવી, છતા યે ઉપગુપ્ત ન આવ્યો. જોતજોતામાં અવધિ પણ પૂરો થવા આવ્યો, પરન્તુ ઉપગુપ્ત ન આવ્યો. વાસવદત્તા અતૃપ્ત–અશ્રાન્ત નયને એ કંઇએ ન આવનારને જોતી રહી બધા આવ્યા, ન આવનારમાં એક્લો ઉપગુપ્ત હતો !

અવધિ પૂરો થવામાં બે માસ બાકી રહ્યા–એક માસ રહ્યો. સંસારના પાન્થનિવાસમા થાકેલો પથિક વર્ષ જવાની તૈયારી કરવા લાગ્યો એણે શિશિરનો કામળ ખભે નાખી લીધો હતો, હેમન્તનો બિસ્તરો બાંધી લીધો હતો વસન્તના પુષ્પવસ્ત્ર સંભાળી લીધા હતા. ગ્રીષ્મની છત્રી હાથમાં, જોડા પગમા પહેરી લીધા હતા વર્ષાનો ખભી

છોરો અને દોરી પણ લઈ લીધાં હતા. તેણે પોતાની અંતિમ વસ્તુ ચાંદનીને સમેટી લેવા માટે હાથ લંબાવ્યો. એવામાં વાસવદત્તાએ વિકળ બનીને કહ્યું: "સાચે જ શું મારાં પ્રિયતમ આ વર્ષે નહીં આવે ?"

રાત્રીનો સમય હતો. સમસ્ત પૃથ્વી અંધકારમાં ડૂબી ગઇ હતી. વાસવદત્તાનો મહેલ સહસ્ર આલોક-માલાઓથી ઝગઝગી રહ્યો હતો. જ્યોતિનાં કિરણ તેનાં સુવર્ણાભુષણોમાં પ્રતિબિમ્બિત થઇને વિલાસકક્ષને અપૂર્વ શોભા અર્પી રહ્યાં હતાં. અસંખ્ય દીપક તારિકાઓનાં સુમન હતાં; અને તેની મધ્યમાં વાસવદત્તાનું મુખ ચન્દ્ર બનીને શોભતું હતું.

તે દિવસે વાસવદત્તાને ત્યાં ઉત્સવ હતો. તે ઉત્સવ તેના એક પ્રેમી લખપતિના સ્વાગતાર્થે યોજવામાં આવ્યો હતો. એક બાજૂએથી સંગીતની, અને બીજી બાજૂએથી સુરાની ધારો વહી રહી હતી. તેની વચમાં અભાગી લખપતિ ડૂબી રહ્યો હતો.

અર્ધરાત્રિ વીતતાં અગાઉ જ લખપતિ સુરાના પ્રભાવથી પૂર્ણ અચેતન બની ગયો. તેને પોતાનાં-પરાયા-ની કોઈ જાતની શુદ્ધિ રહી નહીં. સંગીત બંધ પડયું. દાસી, પરિચારિકા વગેરે સર્વે વિદાય થઇ ગયાં. કક્ષમાં લખપતિ અને વાસવદત્તા સિવાય બીજું કોઇ ન રહ્યું. નહીં, નહીં. એક બીજી પિશાચિની પણ બેઠેલી હતી. તે કોણ હતી ? કેશ્યા વાસવદત્તાની પરિછાયા !

વાસવદત્તાએ ચારે તરફ જોઇને પોતાના ઓશિકેથી એક કટાર કાઢી. રાત્રિના સમયે એક વેશ્યાના હાથમાં કટાર ! તે શું કરવા માગતી હતી ? જે મુખચન્દ્ર સંગીતસુધા વરસાવે છે, તે શું વજ્ર પણ ફેંકી શકે છે ?

તે પેલા અચેત લખપતિનો વધ કરવાને માટે આગળ વધી. તેનો કટારવાળો હાથ ઉંચો થયો, તે જાણે કહેતો હતોઃ "સાવધાન ! ઉપર ઈશ્વર છે. તેનો ડર રાખ !" પાપીયસી વાસવદત્તા તે મૂક હાથના સંકેતને સમજી શકી નહીં. તેણે તે કટાર લખપતિની છાતીમાં ભોંકી દીધી. તેના આખરી શબ્દો હતા: "હાય દગાબાજ પિશાચિની !"

રૂપવતી રાક્ષસી-સુકુમાર પિશાચિની પોતાના વિજય પર પ્રસન્ન થઇ ! આ સમયે બહારથી કોઇએ કરુણ કંઠે પુકાર કર્યો : "વાસવદત્તા !"

કંપિત વાસવદત્તાએ ગવાક્ષદ્વાર ખોલીને પૂછયું, "કોણ ?"

ઉત્તરની આવશ્યકતા ન રહી. ગવાક્ષદ્વારમાંથી કક્ષની જ્યોતિ તે વ્યક્તિના મુખમંડળ પર પડી. તે શ્રમણ ઉપગુપ્ત હતો !

વાસવદત્તાએ હર્ષપૂર્વક કહ્યું : "ભિક્ષુ તમે આવી પહોંચ્યા ?"

ઉપગુપ્ત : "નહીં; પણ તુર્ત જ આવીશ."

વાસવદત્તા : "તો પછી આવી કવેળાએ આવવાનું કારણ ?"

ઉપગુપ્ત : "કાંઇ નહીં. હું મારા વિહાર તરફ જઇ રહ્યો હતો અહીં મને તમારું સ્મરણ થયું. તમે જાગો છો કે સૂઇ રહ્યાં છો એ જાણવાને હું ઉત્સુક બન્યો હતો."

વાસવદત્તા : "હું જાગૃત છું"

ઉપગુપ્ત : "પણ તમારી બંને આંખો બંધ છે. વારુ, હું જાઉં છું. આજ મને બહુ વિલંબ થયો છે !"

વાસવદત્તા : "ઊભા રહો ! તમને તમારી પ્રતિજ્ઞા તો યાદ છે ને ?"

ઉપગુપ્ત : "હા"

વાસવદત્તા : "તમે આ વર્ષમાં મને મળવાનું વચન આપ્યું છે."

ઉપગુપ્ત : "હજૂ વર્ષ પૂરું થવામાં કેટલા દિવસ બાકી છે !"

વાસવદત્તા : "ફક્ત એક પખવાડિયું."

ઉપગુપ્ત : "હું તે સમય દરમ્યાન અવશ્ય આવીશ."

વાસવદત્તા : "તમે જૂઠું બોલો છો. મને છેતરી રહ્યા છો."

ઉપગુપ્ત : "તથાગતનો શિષ્ય કદાપિ જૂઠું નથી બોલતો. છળકપટ તેનો ધર્મ નથી."

ઉપગુપ્ત રજનીના અંધકારમાં ભાગી જઇ અદશ્ય થઈ ગયો. વાસવદત્તા ગવાક્ષના દ્વારબંધ કરીને છુપાઇ ગઇ

* * *

વાસવદત્તાએ ધનને માટે લપપતિનું ખૂન કર્યું હતું બધો ભેદ ખુલી ગયો. તેને ન્યાયાલયમાં વિચારને માટે ઉભી કરવામાં આવી.

તેનું ધન તેના કામમાં ન આવ્યુ. તેના પ્રેમી તેના કામમા ન આવ્યા તેનુ અનુપમ સૌન્દર્ય પણ તેને શિક્ષામાથી મુક્ત કરી શક્યુ નહીં

હતભાગિનીને ન્યાયાલયમાંથી શૂળીની શિક્ષા મળી. પ્રાણદંડ તેના અશાંત જીવનને માટે શાંતિ હતી તે શિક્ષા નહોતી, આશીર્વાદ હતા

તેનું રૂપ કુરૂપ કરવામા આવ્યુ. તેના ચંદ્ર-ક્રનની આંખો કાઢી નાખવામાં આવી. નાક–કાન કાપી નાખવામાં આવ્યા : તેના મૃણાલ કર છિન્ન કરવામાં આવ્યા તેની ધનસંપત્તિ છીનવી લેવામા આવી.

જે સમયે વાસવદત્તાને આ ભીષણ શિક્ષા થઇ. તે સમયે તેણે અત્યત કરૂણ સ્વરે પ્રાર્થના કરી : "હુ એક અઠવાડિયાની મુદત માગુ છુ. મારે મારા એકપ્રેમીને મળવું છે. તે આ અઠવાડિયામાં આવી જશે. પછી હું અત્યત પ્રસન્નતાપૂર્વક ઘાતકને હાથ ન્યાયની તલવારને મારો દેહ સોપી દઇશ."

કોઇએ તેની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો નહીં. ઘાતકે વાસવદત્તાને કુરૂપ અને કુત્સિત બનાવીને રાજમાર્ગમાં છોડી દીધી. એક મનુષ્યને તેની સાથે મૂકવામાં આવ્યો, જે ઉચ્ચ સ્વરે સમસ્ત પ્રજાને તેના પાપની કથાને કહી સંભળાવતો હતો.

કેટલું ભયાનક અને બીભત્સ દૃશ્ય હતું એ ! તેના ઘામાંથી લોહી અને પરૂ વહેતાં હતાં, અને તેના પર માખીઓ બણબણી રહી હતી. હાથ નહીં હોવાને લીધે તે માખીઓને ઉડાડી શકતી પણ નહીં. તે કરૂણશબ્દે કેવળ રુદન કરી રહી હતી.

આજ પૂર્વે તેના સૌન્દર્યના જે ઉપાસકો હતા, તે સૌ તેની ઘૃણા કરવા લાગ્યા–દૂરથી જ તેને જોઇને નાસી જતા. સર્વે તેના પર થુંકતા હતા. માર્ગ પરનો એકાદો ભિક્ષુક, લૂલો, લંગડો, કુષ્ટ રોગી-પણ તેના સ્પર્શથી બચવાનો પ્રયાસ કરતો હતો

જ્યારે તેની પાસે વિશ્વને આકર્ષિત કરવા-વાળુ રૂપ ન રહ્યુ, યૌવન ન રહ્યું, ધન ન રહ્યું. જ્યારે સમસ્ત સંસાર તેની ઘૃણા કરી રહ્યું હતુ ત્યારે તે જીવમાત્રની સમવેદનાથી દૂર હતી આ દુર્દિનમાં ઉપગુપ્તે આવીને તેના મસ્તક પર પોતાનો હાથ મૂક્યો

વાસવદત્તાએ ચકિત થઇને પુકાર્યું "કોણ?"

"હુ છું" ઉપગુપ્તે ઉત્તર આપ્યો

વાસવદત્તા કાંઇક અંશે કંઠસ્વર ઓળખી ગઇ. પરન્તુ પોતાનો ભ્રમ ટાળવા માટે તેણે પૂછ્યું " "કોણ તમે ઉપગુપ્ત છો ?"

ઉપગુપ્ત : "હા હુ ઉપગુપ્ત છુ !"

વાસવદત્તાએ દીર્ઘ નિશ્વાસ નાખી કહ્યું. "પાછા જાઓ ! તમે શા માટે આવ્યા ? શુ તમે મારો ઉપહાસ કરવા માટે આવ્યા છો ?"

ઉપગુપ્ત : "તમે મને પાછા ચાલ્યા જવાનું કહો છો ? હુ તો તમારા કથનાનુસાર તમારી

પાસે આવ્યો છું. મારા આવવામાં વિલંબ નથી થયો. વર્ષ પૂરું થવામાં હજુ બે દિવસ બાકી છે."

વાસવદત્તાએ નિરાશાના સ્વરે કહ્યું : "હાય! જ્યારે મારો દેહ વસન્તની સુરભિથી સૌરભવન્તો હતો ત્યારે તમે ન આવ્યા! જ્યારે મારી શોભાનો ચન્દ્ર પૃથ્વી પર સુધા વર્ષાવી રહ્યો હતો ત્યારે તમે ન આવ્યા! જ્યારે ઘાતક મારા યૌવનનો અન્ત લાવવા માટે શિલાખંડ પર પોતાનું શસ્ત્ર સજી રહ્યો હતો ત્યારે પણ તમે ન આવ્યા. ભિક્ષુ! શું તમે એટલા અબોધ છો? મારા સૌન્દર્યનો દીપક બુઝાઈ ગયો છે. મારી શોભાનો સૂર્ય અસ્ત પામી ગયો છે! એવા સમયે તમે શા માટે આવ્યા?"

ઉપગુપ્ત : "ભગિની! હું ઇન્દ્રિયસુખ અથવા અન્ય કોઈ સ્વાર્થથી પ્રેરાઈને તારી પાસે નથી આવ્યો. શારીરિક સૌન્દર્ય વ્યર્થ છે, અને તેની સાક્ષી તારું આ શરીર આપશે. ધન પણ નિસ્સાર છે. તારું અતુલ ઐશ્વર્ય તેનો ઉત્તર આપશે. હું તારી પાસે આવ્યો છું, કહે તારે શું કહેવું છે?"

વાસવદત્તાની આંખો ખુલી ગઈ. તેણે કહ્યું : "હું શું કહું, ભિક્ષુ! તમારા આ પ્રશ્ને મારા ઉત્તરને છીનવી લીધા છે. જાણે હું એક સ્વપ્ન, એક છાયા અને એક મરીચિકાની પાછળ દોડી રહી હતી એવું મને સમજાય છે. મારે કાંઈ નથી કહેવું. તમે મારી સમીપમાં થોડીવાર ઊભા રહો. તમારા સ્પર્શથી મારી યાતના ઓછી થઈ રહી છે તમારા વચનોથી મારો સંતાપ દૂર થઈ રહ્યો છે ભિક્ષુશ્રેષ્ઠ! તમે જ કાંઈક કહો!"

ઉપગુપ્તઃ "સંસારના સૌ દુઃખનું મૂળ તૃષ્ણા છે, અને તું એ તૃષ્ણાની દાસી બનીને ભટકતી રહી. તેં કામનાં હાથમાં તારો ધર્મ વેચી દીધો. તેં ધનને માટે તારા પ્રેમી લખપતિનું ખૂન કર્યું. આજે આ દુઃખની વેળાએ કોઈ તારે કામમાં આવ્યું નહીં"

વાસવદત્તાઃ "હાય! ભિક્ષુ, તમે આથી વહેલા આવીને મને ઠોકર ખાતાં પહેલાં શા માટે ન બચાવી? તમે આવ્યા, પરન્તુ બહુ મોડા!"

ઉપગુપ્ત. "કાંઈ મોડું નથી થયું. હજી બહુ સમય છે તું અત્યારે બાહ્ય નેત્રો વિનાની છે, પરન્તુ તારા અન્તરચક્ષુ ખુલી ગયાં છે. ઉઠ, ભગવાન બોધિસત્વનો હાથ પકડ. તે તારાં દુઃખ દૂર કરશેઃ તને મુક્ત કરશે."

વાસવદત્તાના મરુમંદારમાં આકાશમાર્ગે સુધા-બિન્દુ વરસી ગયાં. તેની સાત્વિક પ્રકૃતિ જાગૃત થઈ. તેને સંસારની ક્ષણભંગુરતાનું જ્ઞાન થયું જ્ઞાન જ નહીં, અનુભવ પણ થયો. તેણે ભિક્ષુનાં ચરણોમાં પોતાનું મસ્તક મૂકી દીધું; અને તે બોલીઃ "હું તૈયાર છું. મને લઈ જાઓ. મારો પાલવ પકડીને મને શાન્તિના સામ્રાજ્યમાં લઈ જાઓ"

ભિક્ષુએ પોતાના પવિત્ર કર વડે તેને સ્પર્શ કર્યો, અને બન્નેએ સંઘ પ્રતિ પ્રયાણ કર્યું.

પાપસ્તાપથી વિદગ્ધ વાસવદત્તાએ પ્રાયશ્ચિતના સુરસરોવરમાં સ્નાન કર્યું, પ્રવ્રજ્યા ગ્રહણ કરી, અને પોતાના શેષ જીવનમાં તેણે શાંતિ પ્રાપ્ત કરી.[1]

---

1 મૂળ લેખક શ્રી. ગોવિન્દવલ્લભ પન્ત.

કવિતાની થેલીમાંથી

સુહૃદો[1]

"આર્ય"

• માલિની •

પ્રિય સુહૃદ તણી જે ઊર્મિયો ચિત્ત વાધે,
સદય હૃદયવાળી ઊર્મિ યે તેહ સાધે,
હિતકર વચનોનો મર્મ સાચો વિચાર્યે
અહિ–હિત વિણ એનો અર્થ બીજે ન ધારે

જન જગત મહીં તો મિષ્ટમોના ઘણા છે,
હિતકર વચનોનો મિત્ર કહેનાર ક્યાં છે?
યશ અપયશ કેરી મિત્ર સમ્બન્ધ વાર્તા
સદય હૃદયને એ હર્ષ ને શોક દાતા

હૃદય નિજ સખાનું મિત્ર એ માત્ર વાંચે,
સરસ કૃતિ નિહાળી મિત્રની મિત્ર રાચે
સકલ સરસ થાતાં મિત્રને હર્ષ વાધે,
અવર જન કદીયે માપ તેનું ન કાઢે

સકલ સરસ થાવા મિત્રનું મિત્ર વાંછે
સુહૃદ સરલ એવા સુહૃદો જોઈ રાચે

ડગભરણું[2]

ભાસ્કર દવે

: શિખરિણી :

ભરે ધીમે ધીમે ડગમગ થતાં પાદ કુમળાં
જનેતાના હાથે નિજ કર મુકી બાળ ગરવા
નમાલી મસ્તીમાં નયન નમણાં માત ઉરમાં
જગાવે કો ઝરણાં સ્મિત સુભગ વાત્સલ્ય અમિનાં

'હવે માડી, મૂકો ડગભરણમાં વાત વળી શી?'
વદી મનમાં એને દયિત છટકે માત કરથી
ધરે ના હૈયે કે જનની શીખ શબ્દો પણ વળી
અને દોડે ઘેલો સ્વબળ પગ મુસ્તાક મનથી

પડ્યો ખુણામાં નિજ રમણું આહિ ય ડગનો
જતો લેવા ત્યાં તો ચરણ અટવાયા–પડી ગયો

વિસારી શ્રદ્ધાના પરમહિતના બોધ વચનો
અને છોડી ચાલ્યો હિતકર સુખનો માર્ગ શિરનો
અહંતી આંધીમાં નિજ મતિમહીં મસ્ત બનીને
વિનષ્ટિ પંથે કાં મનુજ ધસતો ભાન ભુલીને?

ઉચિત રસ વાંછા[3]

હરિલાલ ગો. પંડ્યા

–અને આવી એણે અરવ પગને, હસ્ત કમળે
દીધાં ચાંપી મ્હારાં નયન સહસા, વિસ્મય થતાં
હું યે એની હેળે રસમય બની, પ્રેરક મને
અહો! અજાણ્યો ને ક્ષણ સહજ કમ્પે થડકતા
રડું ઉચ્ચારી 'ઓ પ્રકૃતિ પ્રમદે! આવરણને
કરે છેદું, હેતુ તિમિર વશ મુંઝાઈ મરશે!'

ફરી સમ્યગ્જ્યોતિ સ્થિર થઈ હતાં પાંપણ ઢળી
સુધા એરો રેલી સ્મિત મભર 'ઓ તું મહચરી!
મ્હને હૈયે ધેરા, અવિશદ રસાલાપ ભૂરતી
પ્રભુ શાને શાણી! તિમિરત મેન જીવનને?'
કહે 'ના શું જાણો પ્રભુ! પથ શ્યો ચમકતી
વિમાસી ના ભરતી, ઉચિત રસ વાંછા ઈહ મનો?'

સમાગમની ઝંખના[4]

ભાનુશંકર પો. શાસ્ત્રી.

: પૃથ્વી-સૉનેટ .

પ્રભો ! ચિત-કુરંગને ગગનરોચ ભાવે લઇ,
ક્ષણાર્ધ ચરવા દઇ, ગહન ગર્તમાં ફેંક તું !
અને કઠિન વેદના ઉરની એથી જાણે ન તું ?
મને સ્વપ્ન ભ્રમને પજવ ખૂબ વારે વળી !

સુશબ્દ તુજ પાદનો શ્રવણ પૂગવા થંભુ હું,
પ્રકમ્પ-પરમેત્વથી થરથરું, ગળી જાઉં હું;
વિવર્ણ તન માહરું તુજ વિયોગ-તાપે તપે :
ઉદગ્ર સહુ રોમ આ પ્રભુજી ! વાટ તારી જુવે !

અહોનિશ નિરાશમાં શ્રમથકી સરે આંસુડાં,
પ્રજાગર-પરંપરા મરણતોલ મુને કરે !
સમાગમની ઝંખના સપનમાંય ભૂલું નહિ,
છતાં હૃદયનાથ ! તું દરશ-દાન દેતો નથી !

અહેતુ અનુરાગ આ મુજ ઉરે રહે સર્વદા :
ઝુરી ઝુરી ઘણી પણ પરમ પ્રેમનો પાન્થ હું !

પ્રલય પ્રેમી[5]

પ્રભુકુમાર કાપડિયા

: પૃથ્વી :

ગભીર સુર ફુંકતાં ઘનરવે ચડી મસ્તીમાં
રમે અવનિ આગળે દવ તમિસ્ર આમંત્રના,
પ્રકાશ પ્રગટી નમે તુમુલ યુદ્ધના ઘાણે
નિપાત ક્ષમમાં પડે ગડગડી જતા મેઘના.

તહીં શ્વસન થંભિયાં પ્રબળ દુઃખ એમના
લગે હૃદય વિશ્વના કદમ પંથ લીધા ગયા.

પરંતુ નવનેન કૈં નિરખતો જરા માર્ગમાં
અનંત દૃગ લક્ષમાં જ્યમ કૂચ જોડી રહ્યો,
પણે ગગન છત્રને ઝીલન સ્થંભ-આધાર-શા
ડગંત ગિરિ ગાજ ને પ્રખર ઓગળે [illegible]
ઉભો અડગ માનવી :

વને વિટપ પલ્લવો તિમિરમાં નથી દીસતા,
વિહંગ નવનો દિશા સકલ વિશ્વની ઘૂમતા

કરાળ સ્વર કાળ શો ગરજતો નદી વારિધિ
ઉરે અખિલ વિશ્વને શમવવા ધગ્યો રોષમાં,
અને ગગન ગુંજતી જલધિ અંકમાં [illegible]
ઝગંત રમણે ચડી મરણ મંદિરે [illegible]
સમસ્ત જગ જ્વાળથી જલન ભસ્મ ભૂખાળવી

અનાદ્ય જડ પિંજરે વિરમ શાન્તિ આશ્રમમાં,
સમેત દિન દુઃખમાં [illegible] ઘડી [illegible],
દગે પ્રથમ વાર ને અકાલ [illegible].
પ્રભા પ્રલયની ભર્યું પ્રકૃતિ-તાંડવ દેખિયું.

ઉભો ધુમસમાં છતાં ચમકતી નથી આંખડી,
હસે [illegible] વિરંગની પાંખડી.
અને [illegible] મંદિરે નર્તની,
રહે નિરખતો પ્રિયા-પ્રકૃતિ [illegible]

પ્રભુને ઘાટ[1]

કોલક

મારો આતમ તલસે આવવા આ તારે ધામ!
પ્રભુજી આવવા તારે ધામ!

સૂની મારી ભોમ પડી છે,
મૂક બધાં આ રાન પડ્યાં છે,
ઘન અંધાર ચોમેરે છે—
એક જ છે આ વેગ—
પ્રભુજી! આવવા તારે ધામ!

મરુભુમિમાં દિશા સૂની
જંગલ ગોદે રજની રોતી
દૂર દૂર મારી નજર જોતી
દિવ્ય દ્યુતિનાં તેજ!
પ્રભુજી! આવવા તારે ધામ!

નીલ ગગનમાં તારલિ ટમકે
વીજ તણા ચમકારા ચમકે
વાદળિયાનાં હૈયાં મલકે
ધરતાં હૈયે હોશ!
પ્રભુજી! આવવા તારે ધામ!

સ્વામી! તારો બાલક આવે,
દિવ્ય ભોમને કંઠે આવે
અગાધ ઉર-ભર આંસુ લાવે
છોડી આ પગ વાટ.!
પ્રભુજી! આવે મંગલ-ઘાટ!

●

(૧) ભાવનિરૂપણમાં વધુ અંશે લોકોક્તિનો જ આશ્રય કવિ લીધો છે. કવિ તરીકે નવી દૃષ્ટિ-વિશિષ્ટ રૂપ કે કડી, સાંકળ પૂરી થતા સુધીમાં હાથ લાગતી નથી. એટલે મૈત્રીનું સાધારણ દર્શન, સજ્જનતાની છાટ વગરનું આપણને મળે છે. આમને આમ પંક્તિઓની છટા, વગર મહેનતે મૂકાતી આવે એ સહેલું ખરું, પણ છેવટનો ધ્વનિ અસાધારણ નહિ તો આશ્ચર્યકારક જરૂર હોવો જોઈએ, જિજ્ઞાસા ઉપર ટકોરો મારે તેવો જરાક વિચાર કરતા-નવું શોધતા કરી મૂકે આપણને.

કોઈ પણ છંદ લ્યો. ઉપાડ સામાન્યરીતે થાય તેની પરવા નહિ; સ્વીકારાઇ ગયેલી જુની માન્યતાઓને ભરડો લઈ એનો અંત લાવો.

(૨) શરૂઆત જ કૃત્રિમ લાગે છે, બાલિશતાથી ભરેલી; એટલે 'ડગભરણુ' ના ઉત્સાહની રોનક મારી જાય છે. ભાષાની ગતિને વેગ આપવા માટે, પ્રબળ વિચારણાને પોથી રૂ જેવી શા માટે કરી મૂકો છો? 'અહંની આંધીમાં' કે 'વિનિષ્ટને પંથે' જેવા શબ્દપ્રયોગો અહી અપ્રસ્તુત છે.

(૩) વસંતના કેશુડાં વેરાયાં છે પંક્તિએ પંક્તિએ. પ્રણયની પૂંજી ઉપર મુસ્તાક એવો પ્રણયી, સૂક્ષ્મ સૌન્દર્યનાં સંવેદનોવાળું કવિજીવન, તેનું આંતરમંથન તથા તત્વજ્ઞાન એ બધું રસિકતાથી કહેવાયું છે. 'સાચી સૌન્દર્યવૃતિ જ કવિતાની જનની' એ કેટલું સાચુ છે?

(૪) नितन्त कठिनां रुजं मम न वेद सा मनसीम् ।
प्रभावविदितानुरागमवमन्यते वापि माम् ॥
अलब्धफलनीरसं मम विधाय तस्मिञ्जनो ।
समागम मनोरथं भवतु पंचबाण. कृती ॥

विक्रमोर्वशीय

એ વિપ્રલમ્ભશૃંગારને ભક્તિનું રૂપ આપવાનો કે ઉન્નત કરવાનો પ્રયોગ અહીં થયો છે. પહેલી ચાર લીટી 'ચિત કુરંગને ગગન ટોચે' લઇ જાય એવી, જ્યોતિર્મૂય જેવી મનોગમ્ય છે. પાછળનું ઉતરાણ થકવી દે તેવું છે. 'આસુડાં' અને 'મુને' જેવા પ્રયોગો છંદોબદ્ધ કાવ્યોમાંથી જવા જોઇએ. દસમી લીટી અસ્પષ્ટ છે. છેલ્લી બે અત્યંત સુંદર છે.

(૫) સાવ કાચી કૃતિ છે, છતાં આશાસ્પદ છે. પ્રલય સામે માનવીને અડગ ઉભો રાખવાની જે નેમ કવિએ વિચારી છે તે છંદબાધગી વિચારી જોતાં નબળી લાગે છે. ચૌદથી અઢાર લીટી સુધીના માર્ગમાં અર્થાન્તર થઇ ગયું છે. એટલે કે કર્તાની નિરૂપણકળા માર્ગ ભૂલી છે. ઘણીવાર સિદ્ધ હસ્ત કલમ પણ અંતરમાં હોય એટલું છંદબાંધણીમાં બાંધી શકતી નથી. ઓ છંદબદ્ધતા! શું સાચે જ તેં અમારી બેવફૂફીને કબજે કરી લીધી છે? સાચ્ચે જ?

(૬) 'ઘન સૂનકાર ચોમેર છે' એ ઉપરની બે પંક્તિઓ પકડીને કેવી લટકી રહી છે એ પંક્તિ? કંઠને નચાવની નચાવની દોરી જાય એનું નામ સાચી ગેયરચના. પ્રભુને ધામ જવાની કે શોધવાની જિજ્ઞાસામાં સામર્થ્યનો ચળકાટ નથી. તેમજ આવી કરુણ-મંગલ પ્રાર્થનામાં વિનમ્ર ફિલસૂફીની ગેરહાજરી પણ ખૂચે છે.

ઇન્દુલાલ ગાંધી



શ્રી. રતિલાલ મહેતા

મુસોલિનીનો હુંકાર:

આ રબી અશ્વ પર સ્વાર બનીને, કોઈ જુલીયસ સીઝર કે ઓગસ્ટસ કે માર્ક એન્ટની દિગ્વિજય કરીને નગર પ્રવેશ કરે તેમ મુસોલિનીએ ટ્રીપોલીમાં વિજયપ્રવેશ કર્યો. આફ્રિકન વતનીઓની નમ્ર સલામી ઝીલીને ભાવિ યુદ્ધની વ્યૂહ રચના જોતા જોતા એ પાછો ફર્યો.

લીબિયા ખાતેથી પાછા ફરીને એણે ફેસીઝમની ૧૮મી સંવત્સરીની ઉજવણી પ્રસંગે પીઆઝા વેનીઝીયામાં જુસ્સાદાર ભાષણ કર્યું. એણે નવ માસના આર્થિક ઘેરાનો (economic sanctions) ઉલ્લેખ કર્યો ને કહ્યું કે ઘેરો ઘાલનારાઓને જ આખરે શરણે થવું પડ્યું હતું. એટલું જ નહિ આ ઘેરાએ શાંતિવાદીઓને શાંતિના ખરેખરા ભયંકર શત્રુઓ તરીકે બહાર પાડ્યા છે.

“જે એમ કહે છે કે ઇટાલીયન પ્રજા બધું ભૂલી જવાને તૈયાર છે એ થાપ ખાય છે. ઇટાલીયનોએ ૪૦ વર્ષ બાદ એડોવાનું વેર લીધું. અનેક શર્તો યાદ રાખો અને તૈયાર થાઓ એજ આજના ઉત્સવની ચેતવણી છે,”

એના આ હુંકારની ગંભીરતા આડે સર્વ દેશો આંખ મીચી રહેશે ?

હબ્સીનીઆમાં અત્યાચાર

બીજા દેશોમાં સભ્યતા અને સંસ્કૃતિ ફેલાવવાની આકાંક્ષા સેવનાર ઇટાલીએ હબ્સીનીઆમાં હમણાં જે મોટો કેર વર્તાવ્યો છે, એને

ઇતિહાસ કદી ભૂલશે નહિ. તૈમુરની કત્લેઆમ એની પાસે ક્ષુદ્ર બની જાય છે. ગ્રેઝીઆની પર કોઇકે બોંબ ફેંક્યો. એના બદલામાં મુસોલિનીએ એડીસઅબાબા પર પોતાના ક્રૂર ધાડાં છુટાં મુકી દીધાં. હજારોની આંખમીંચીને કતલ ચાલી લોર્ડ કેન્બેરોને પણ કબૂલ્યું કે જે 'ગૃહસ્થ' સાથે બ્રિટને તાજેતરમાં જ હાથ મિલાવ્યા છે (ભુમધ્ય કરારમાં) એ વર્ણવી ન શકાય એવા જંગલીપણાં માટે જવાબદાર છે. કકળતા કોંગો પછી આ બીજો હાહાકાર હતો.

સ્પેન—અને ઇટાલી :

સ્પેનનો સંગ્રામ અવિરત પણે ચાલે છે, પણ છેલ્લે છેલ્લે એનું સ્વરૂપ બદલ્યું છે, જે વધારે ગંભીર બન્યું છે. બીન-દરમ્યાનગીરીના કરારોને ઠોકરે મારીને ઇટાલીના હજારો સૈનિકો સ્પેનની ધરતી પર ઉતરી પડ્યાં છે, ને સરકાર સામે લડી રહ્યાં છે. સોનોર ડેલવાયોએ કહ્યું તેમ હવેનો સંગ્રામ ખુલ્લે ખુલ્લી રીતે ઇટાલી અને સ્પેનીશ સરકાર વચ્ચે છે, પણ બ્રિટનના એન્થની એડન લગભગ એમ કહેવાની ધૃષ્ટતા કરે છે, કે સ્પેનમાં ઇટાલીના નિયમસરના સૈનિકો છે નહિ, અને ઇટાલીએ બિન-દરમ્યાનગીરીના કરારોનો ભંગ કર્યો નથી. પણ ફ્રેન્ચ પરદેશ મંત્રીમાં ડેલબોસે ભારપૂર્વક કહ્યું છે કે ઇટાલીએ પોતાનું લશ્કર ત્યાં ઉતાર્યું છે, તેના ઘણાં પુરાવા મળે છે. આ ભયંકર સ્થિતિ છે. અને ઇટાલી પોતે પણ ચોક્ખું કહે છે કે અમે સ્પેનમાંથી અમારા 'સ્વયંસેવકો' પાછા બોલાવવા તૈયાર નથી! ફ્રાન્સે આ સામે વિરોધ તો ઉઠાવ્યો છે, પણ બ્રિટનની દ્વિઅર્થી વર્તણુંક એને દબાવી રાખે છે, જ્યાં સુધી બ્રિટન અને ફ્રાન્સ મળીને સખત ચેતવણી નહિ આપે ત્યાં સુધી મુસોલિની પાછું વાળીને નહિ જુએ. બ્રિટન જો સ્પેનની જેમ ફ્રાન્સને પણ દગો દેશે, તો ઇટાલી અને ફ્રાન્સ વચ્ચેની અથડામણ વધારે નજીક આવી લાગશે.

ફિલિપાઇન્સની સ્વતંત્રતા :

પ્રેસીડન્ટ કવેઝોન અને અમેરિકન અમલદારો વચ્ચે થએલી સમજુતી પ્રમાણે ફિલિપાઇન્સ ટાપુઓને હવે ૧૯૪૬ ને બદલે ૧૯૩૮—૩૯માં જ સંપૂર્ણ આઝાદી મળી જશે. વિગતો નક્કી કરવા માટે નિષ્ણાતોની એક સમિતિ નીમાશે. આ નિર્ણયથી કેટલાકનું એમ માનવું છે કે ફિલિપાઇન્સની સ્થિતિ ખરાબ થઇ પડશે, કારણ કે અમેરિકાથી છુટું પડતાં એ જાપાની આક્રમણનો ભોગ થઇ પડશે. પણ ફિલીપીનોને એની બીક રહેલી નથી.

રશિયન સામ્યવાદી પક્ષ :

સોવિએટ રશિયાના સામ્યવાદી પક્ષની મધ્યસ્થ સમિતિએ પક્ષના સમગ્ર બંધારણને લોકતંત્રવાદી બનાવવાને લગતો ઠરાવ પસાર કર્યો છે. તાજેતરમાં પસાર થએલા નવા બંધારણ હેઠળ થનારી સામાન્ય ચુંટણીમાં આગળ પડતો ભાગ લેવાનો. સાથે સાથે પક્ષ લોકતંત્રવાદી રીતિઓ અનુસરશે. સભ્યોને ટીકા કરવાનો હક્ક રહેશે. પક્ષની તમામ સમિતિઓના સભ્યપદ માટેના ઉમેદવારોની ચુંટણી છુપી મતનોંધણીથી થશે.

આ નિર્ણય આવકારદાયક છે, છતાં એમાં વિશ્વાસ આવતો નથી, કારણ કે "ટ્રોટસ્કીવાદી અનિષ્ટ" ને નામે હજીયે ત્યાં દમન અને ત્રાસ ચાલતા હોવાના ખબરો આવ્યા કરે છે.

કાચા—માલ પરિષદ .

દુનીયામાં વારંવાર જે અનેક ફારસો ભજવાય છે, એમાંનું એક ફારસ હમણાં ભજવાયું. કાચા માલની વ્હેંચણી માટે ઉપાયો શોધવા માટે રાજ્યોની એક પરિષદ (રૉ મટીરીઅલ્સ કૉન્ફરન્સ) મળી. આંતરરાષ્ટ્રીય દંભ અને કપટનો એ નમૂનો હતો. ઇટાલી અને જર્મનીએ આવવાની ના પાડી એટલે પરિષદમાં કાચા માલ માટે દાવો કરનાર

છે, કોઇ અમલી પગલાં પણ લેવાય છે, છતાં એ તમામ નિષ્ફળ કે અપૂર્ણ જ રહી જવા પામે છે.

હમણાં જ બનારસ હિંદુ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં વ્યાખ્યાન આપતાં આર્થિક સંયોજનાના નિષ્ણાત ગણાતા સર વિશ્વેશ્વરય્યાએ દેશની આ કંગાળ હાલતના નિવારણ માટે ઉદ્યોગીકરણની ભારે હિમાયત કરી, એમણે કહ્યું.

"આજે જે સ્થિતિ હિંદમાં પ્રવર્તે છે તે અસહ્ય છે, ને તેને નાબૂદ કરવા કોઇ ઉદ્દામ પગલાં ભરવાં જોઇએ ગરીબાઇ ને બેકારીને લઇને આપણા વિચારો પ્રથમ ગરીબો વિષે હોવા જોઈએ. તેમનું જીવનધોરણ કેવી રીતે વધારવું તથા તેમને વધારે અવનત થતા કેવી રીતે બચાવવા એ જ આપણી યોજના હોવી જોઇએ."

એમણે આંકડાઓ અને હકીકતો ટાંકીને લોકોની ગરીબી અને કંગાલિયતનો ચિતાર આપ્યો અને કહ્યું

"આજે હિંદના ખેતી પ્રદેશમાં વધારે આવકની આશા નથી લોકોની સ્થિતિ સુધારવાની એક જ આશા ઉદ્યોગ અને વેપારમાં છે, આપણા દૃષ્ટિબિંદુમાં હવે પરિવર્તન આવવું જોઇએ છે પ્રગતિમાન દેશોમાં ઉદ્યોગોને વિકસાવવા માટે રાજ્ય તરફથી મદદ મળે છે, પણ હિંદમાં તેની અવગણના થાય છે, ઉદ્યોગો ખીલવવા માટે યંત્રો, મૂડી અને વ્યવસ્થાની જરૂર છે, ઉદ્યોગો એ જ આજે કોઇ પણ રાષ્ટ્રનો પ્રાણ છે"

આજે કોઇ દેશ દુનિયાના બીજા દેશોથી અલગ રહીને પ્રગતિ કે વિકાસ કરી શકતો નથી દુનિયા આજે આર્થિક સંબંધોથી બંધાઇ છે. એટલે કોઇ પણ દેશનો આર્થિક વિકાસ બીજા દેશોના સહકારમાં જ શક્ય બને હિંદને ઉદ્યોગીકરણની તો જરૂર છે જ, પણ ખેતીની સુધારણાની પણ એટલી અથવા એથી વધારે જરૂર છે, પણ ઉપર કહ્યું તેમ આનો વિકાસ આઝાદી વિના શક્ય નથી જ.

કાઠિયાવાડની માગણી :

માર્ચની શરૂઆતમાં કાઠિયાવાડને જુદો પ્રાંત ગણી એને જુદી પ્રાંતિક સમિતિ આપવા માટે ગુજરાત પ્રાંતિક સમિતિ મહાસભાને ભલામણ કરશે એવી વાત ઉડી હતી અને એથી કાઠિયાવાડના કાર્યકર્તાઓમાં ભારે ખળભળાટ જાગ્યો હતો

વાત એમ છે કે પ્રાંતોની રચના કરતી વેળાએ મહાસભાનું બંધારણ ઘડનારાઓએ ભાષાવાર વિચાર કર્યો છે એ બંધારણ પ્રમાણે ૧૯૩૪ સુધી કચ્છ કાઠિયાવાડ અને પીંપળા તથા લાખ ગુજરાતની પ્રાંતિક સમિતિ ચાલતી હતી. ૧૯૩૪માં કેટલાક મૂળભૂત ફેરફારો થયા અને પરિણામે ગુજરાત અને કાઠિયાવાડના દેશી રાજ્યોની પ્રજાને થઇ રહેલો અન્યાય ભૂંસાયો, કાઠિયાવાડે મહાસભા અને પ્રાંતિક સમિતિમાં પોતાના પ્રતિનિધિઓ મોકલવાનો અધિકાર પણ મેળવ્યો અને છતાં ય ગુજરાત કાઠિયાવાડના દેશી રાજ્યોની સમિતિઓ આડેનો પ્રતિબંધ તો ચાલુ જ રહ્યો અલગ સમિતિઓ આપવાને બદલે દેશી રાજ્યોને બ્રિટિશ હિંદના તાલુકાઓ સાથે જ જોડી દીધા, એટલે આખો કચ્છ અને અર્ધો કાઠિયાવાડ વીરમગામ તાલુકા સાથે બંધાઇ ગયો. બાકીના કાઠિયાવાડની સોળ લાખ જેટલી પ્રજા ધંધુકા તાલુકાને સુપ્રત થઇ

પાછલાં વર્ષોના અનુભવ પરથી જણાયું છે કે આ રચના સારી નથી, એમાં સગવડ કે વ્યવસ્થા નથી કાઠિયાવાડના રાજકીય વિકાસને

એ રચના રોચક નથી. અને કાઠિયાવાડના કાર્યકરોએ એ સામે પોતાનો અસંતોષ પણ વ્યક્ત કર્યો. પરીણામે ગુજરાત પ્રાંતિક સમિતિએ કાઠિયાવાડનો જુદો પ્રાંત બનાવવાની મહાસભાના મંત્રી મંડળને ભલામણ કરતો ઠરાવ ગયા નવેમ્બરમાં કર્યો હતો. એ પ્રત્યે ખેદ દર્શાવાયો છે. ખરી માગણી સમજાઇ નથી. કાઠિયાવાડ, ગુજરાત પ્રાં. સમિતિ સાથેનું પોતાનું ભાવિ તોડવા નથી ઇચ્છતો. એને તો એક બે છુટ્ટા સમિતિઓ જ જોઇએ છે. એને પોતાના રાજકિય વિકાસ માટેના અંતરાયો ને અગવડો દુર કરવાં છે.

સુભાગ્યે ઉભી થએલી પરિસ્થિતિ પછી ગુજરાત પ્રાંતિક સમિતિની સભામાં એ ઠરાવ માત્ર સ્પષ્ટતા કરવા ખાતર રજુ થયો હતો અને ચર્ચા પછી પાછો ખેંચી લેવાયો હતો. આશા રાખીએ કે કાઠિયાવાડની માગણી સંતોષાશે.

નાણાંબીલની કહાણીઃ

હજી તો થોડા જ દિવસ પહેલાં દિલ્હીમાં કોંગ્રેસના પ્રતિનિધિઓ ધારાસભાઓમાં જઈ પ્રધાનપદો સ્વીકારી, ગવર્નરો તરફથી ખાસ સત્તાઓનો ઉપયોગ નહિ કરવાની ખાત્રી મેળવી કંઇક 'લોક હિતકારી, કાર્ય કરવાની આશા સેવી રહ્યા હતાં તેજ વખતે પોતાના તરફથી એક ભલી લાગણી–gesture–પ્રદર્શિત કરતાં વાઇસરોય સાહેબે કહ્યું કે: લોક કલ્યાણ માટે સરકાર તેમજ ગવર્નરો તરફથી દરેક જાતનો સહકાર, સહાનુભૂતિ અને શુભેચ્છા મળી રહેશે

પણ બીજીજ ક્ષણે એમના એ શબ્દો જુઠ્ઠા પડ્યા છે, વાઇસરૉય સાહેબના ઉપલા શબ્દોને ઠેર ઠેર વધાવી લેવામાં આવ્યા હતા. પણ એ શબ્દો પાછળ કેવું ગુલામી અને તંત્રબદ્ધ માનસ રહેલું છે એની સાબીતી પાછળથી થવાની હતી. ખાંડ પરની આવે જકાતમાં ઘટાડો કરવાની અને પોસ્ટકાર્ડના દર બે પૈસા ઠેરવાની વડીધારાસભાની બહુમતીની માગણી હતી. સરકાર તરફથી પેશ થએલું નાણાબીલ સભાએ ઉડાવી દીધું. પણ વાઇસરોયે પોતાની ખાસ સત્તા વાપરી એને સર્ટીફાઇડ કર્યું. સભાએ એ સામે પણ પોતાની નાપસંદગી વ્યક્ત કરી. સર કાવસજી જહાંગીર જેવા બિલકુલ વિનીત અને સરકાર પક્ષી માણસ પણ પોતાનો વિરોધ વ્યક્ત કરે ત્યારે એ વસ્તુ કેટલી વિઘાતક હશે તેનો ખ્યાલ સ્હેજે આવી શકે, અને સર્ટીફીકેશનની જરૂરજ શી હતી ? વિરોધ પક્ષે જે 'કાપ' ની દરખાસ્તો મૂકી હતી એમાં કુલ ૧૬૫ લાખ જેટલી રકમ જ આવી જતી હતી. કરોડોના અંદાજપત્રમાં આટલી નજીવી રકમ જતી કરતાં સરકાર અચકાય છે!

આ સર્ટીફીકેશન ચોકખી વાત કરી દે છે: ગમે તેટલા ભલા લાગતા શબ્દો પાછળ પ્રત્યાઘાતી અને પ્રજાહિત વિરોધી તંત્રની સાંકળો પડેલી છે.

કન્વેંશન અને પછી :

બે બે વર્ષથી કોંગ્રેસ રાજકારણમાં ગંભીર ચર્ચા અને વિરોધોનો વિષય બની રહેલાં પ્રશ્નનો આખરે નિકાલ થઇ ગયો. માર્ચની ૧૫ મી થી ૨૦ મી સુધી દિલ્હીમાં મળેલા સંમેલનમાં આ હોદ્દા સ્વીકારવાના પ્રશ્નની આખરી જાહેરાત થઈ ગઈ. હોદ્દા સ્વીકારના પક્ષકારો અને એના વિરોધીઓ બન્નેએ આગલા સમય દરમ્યાન પોતાના પક્ષને મજબુત બનાવવા. સખત શ્રમ ઉઠાવ્યો હતો, કારણ કે આ વખતે એનો આખરી ચુકાદો થવાનો હતો.

પહેલા બે દિવસોએ–૧૫ મી અને ૧૬મી એ કારોબારી સમિતિની સંભાળ બેઠકો જોર બારમે મળી. એણે મહાસમિતિને ભલામણ કરતો ઠરાવ તૈયાર કર્યો. બીજા બે દિવસોએ મહાસમિતિ મળી અને એ ઠરાવ પર સખત ચર્ચા ચાલી.

છે, કોઇ અમલી પગલાં પણ લેવાય છે, છતાં એ તમામ નિષ્ફળ કે અપૂર્ણ જ રહી જવા પામે છે

હમણા જ બનારસ હિંદુ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં વ્યાખ્યાન આપતા આર્થિક સંયોજનાના નિષ્ણાત ગણાતા સર વિશ્વેશ્વરય્યાએ દેશની આ કંગાળ હાલતના નિવારણ માટે ઉદ્યોગીકરણની ભારે હિમાયત કરી એમણે કહ્યુ

> " આજે જે સ્થિતિ હિંદમા પ્રવર્તે છે તે અસહ્ય છે, ને તેને નાબૂદ કરવા કોઇ ઉદ્દામ પગલા ભરવા જોઇએ ગરીબાઇ ને બેકારીને લઇને આપણા વિચારો પ્રથમ ગરીબો વિષે હોવા જોઈએ તેમનુ જીવનધોરણ કેવી રીતે વધારવુ તથા તેમને વધારે અવનત થતાં કેવી રીતે બચાવવા એ જ આપણી યોજના હોવી જોઈએ "

એમણે આંકડાઓ અને હકીકતો ટાંકીને લોકોની ગરીબી અને કંગાલિયતનો ચિતાર આપ્યો અને કહ્યુ

> " આજે હિંદના ખેતી પ્રદેશમા વધારે આવકની આશા નથી લોકોની સ્થિતિ સુધારવાની એક જ આશા ઉદ્યોગ અને વેપારમા છે આપણા દષ્ટિબિંદુમા હવે પરિવર્તન આવવુ જોઇએ છે પ્રગતિમાન દેશોમા ઉદ્યોગોને વિકસાવવા માટે રાજ્ય તરફથી મદદ મળે છે, પણ હિંદમા તેની અવગણના થાય છે, ઉદ્યોગો ખીલવવા માટે યંત્રો, મૂડી અને વ્યવસ્થાની જરૂર છે ઉદ્યોગો એ જ આજે કોઇ પણ રાષ્ટ્રનો પ્રાણ છે "

આજે કોઇ દેશ દુનિયાના બીજા દેશોથી અલગ રહીને પ્રગતિ કે વિકાસ કરી શકતો નથી દુનિયા આજે આર્થિક સંબંધોથી બંધાઇ છે એટલે કોઇ પણ દેશનો આર્થિક વિકાસ બીજા દેશોના સહકારમા જ શક્ય બને હિંદને ઉદ્યોગીકરણની તો જરૂર છે જ, પણ ખેતીની સુધારણાની પણ એટલી અથવા એથી વધારે જરૂર છે, પણ ઉપર કહ્યુ તેમ આનો વિકાસ આઝાદી વિના શક્ય નથી જ

કાઠિયાવાડની માગણી :

માર્ચની શરૂઆતમા કાઠિયાવાડને જુદો પ્રાંત ગણી એને જુદી પ્રાંતિક સમિતિ આપવા માટે ગુજરાત પ્રાંતિક સમિતિ મહાસભાને ભલામણ કરશે એવી વાત ઉડી હતી અને એવી કાઠિયાવાડના કાર્યકર્તાઓમા, ભારે ખળભળાટ જાગ્યો હતો

વાત એમ છે કે પ્રાંતોની રચના કરતી વેળાએ મહાસભાનુ બંધારણ ઘડનારાઓએ ભાષાવાર વિચાર કર્યો છે એ બંધારણ પ્રમાણે ૧૯૩૪ સુધી કચ્છ કાઠિયાવાડ અને પીગા તથા લાન ગુજરાતની પ્રાંતિક સમિતિ ચાલતી હતી ૧૯૩૪મા કેટલાક મૂળભૂત ફેરફારો થયા અને પરિણામે ગુજરાત અને કાઠિયાવાડના દેશી રાજ્યોની પ્રજાને થઈ રહેલો અન્યાય ભૂસાયો કાઠિયાવાડે મહાસભા અને પ્રાંતિક સમિતિમા પોતાના પ્રતિનિધિઓ મોકલવાનો અધિકાર પણ મેળવ્યો અને છતાંય ગુજરાત કાઠિયાવાડના દેશી રાજ્યોની સમિતિઓ આડેનો પ્રતિબંધ તો ચાલુ જ રહ્યો અલગ સમિતિઓ આપવાને બદલે દેશી રાજ્યોને બ્રિટિશ હિંદના તાલુકાઓ સાથે જ જોડી દીધા એટલે આખો કચ્છ અને અર્ધો કાઠિયાવાડ વીરમગામ તાલુકા સાથે બંધાઇ ગયો બાકીના કાઠિયાવાડની સોળ લાખ જેટલી પ્રજા ધંધુકા તાલુકાને સુપ્રત થઈ

પાછલા વર્ષોના અનુભવ પરથી જણાયુ છે કે આ રચના સારી નથી એમાં સગવડ કે વ્યવસ્થા નથી કાઠિયાવાડના રાજકીય વિકાસને

એ રચના રોચક નથી. અને કાઠિયાવાડના કાર્યકરોએ એ સામે પોતાનો અસંતોષ પણ વ્યક્ત કર્યો. પરીણામે ગુજરાત પ્રાંતિક સમિતિએ કાઠિયાવાડનો જુદો પ્રાંત બનાવવાની મહાસભાના મંત્રી મંડળને ભલામણ કરતો ઠરાવ ગયા નવેમ્બરમાં કર્યો હતો. એ પ્રત્યે ખેદ દર્શાવાય છે. ખરી માગણી સમજાય નથી. કાઠિયાવાડ, ગુજરાત પ્રાં. સમિતિ સાથેનું પોતાનું ભાવિ તોડવા નથી ઇચ્છતો. એને તો એક બે જીલ્લા સમિતિઓ જ જોઇએ છે. એને પોતાના રાજકિય વિકાસ માટેના અંતરાયો ને અગવડો દૂર કરવાં છે.

સુભાગ્યે ઉભી થએલી પરિસ્થિતિ પછી ગુજરાત પ્રાંતિક સમિતિની સભામાં એ ઠરાવ માત્ર સ્પષ્ટતા કરવા ખાતર રજુ થયો હતો અને ચર્ચા પછી પાછો ખેંચી લેવાયો હતો. આશા રાખીએ કે કાઠિયાવાડની માગણી સંતોષાશે.

નાણાંબીલની કહાણી:

હજી તો થોડા જ દિવસ પહેલાં દિલ્હીમાં કોંગ્રેસના પ્રતિનિધિઓ ધારાસભાઓમાં જઈ પ્રધાનપદાં સ્વીકારી, ગવર્નરો તરફથી ખાસ સત્તાઓનો ઉપયોગ નહિ કરવાની ખાત્રી મેળવી કંઇક 'લોક હિતકારી, કાર્ય કરવાની આશા સેવી રહ્યા હતાં તેજ વખતે પોતાના તરફથી એક ભલી લાગણી–gesture–પ્રદર્શિત કરતાં વાઇસરોય સાહેબે કહ્યું કે: લોક કલ્યાણ માટે સરકાર તેમજ ગવર્નરો તરફથી દરેક જાતનો સહકાર, સહાનુભૂતિ અને શુભેચ્છા મળી રહેશે

પણ બીજી જ ક્ષણે એમના એ શબ્દો જુઠ્ઠા પડયા છે, વાઇસરોય સાહેબના ઉપલા શબ્દોને ઠેર ઠેર વધાવી લેવામાં આવ્યા હતા. પણ એ શબ્દો પાછળ કેવું ગુલામી અને તંત્રમદ માનસ રહેલું છે એની સાબીતી પાછળથી થવાની હતી. ખાંડ પરની ભારે જકાતમાં ઘટાડો કરવાની અને પોસ્ટકાર્ડના દર બે પૈસા કરવાની વડીધારાસભાની બહુમતીની માગણી હતી. સરકાર તરફથી પેશ થએલું નાણાબીલ સભાએ ઉડાવી દીધું. પણ વાઇસરોયે પોતાની ખાસ સત્તા વાપરી એને સર્ટીફાઇડ કર્યું. સભાએ એ સામે પણ પોતાની નાપસંદગી વ્યક્ત કરી. સર કાવસજી જહાંગીર જેવા બિલકુલ વિનીત અને સરકાર પક્ષી માણસ પણ પોતાનો વિરોધ વ્યક્ત કરે ત્યારે એ વસ્તુ કેટલી વિઘાતક હશે તેનો ખ્યાલ સ્હેજે આવી શકે, અને સર્ટીફીકેશનની જરૂરજ શી હતી ? વિરોધ પક્ષે જે 'કાપ' ની દરખાસ્તો મૂકી હતી એમાં કુલ ૧૬૫ લાખ જેટલી રકમ જ આવી જતી હતી. કરોડોના અંદાજપત્રમાં આટલી નજીવી રકમ જતી કરતાં સરકાર અચકાય છે!

આ સર્ટીફીકેશન ચોકખી વાત કરી દે છે: ગમે તેટલા ભલા લાગતા શબ્દો પાછળ પ્રત્યાઘાતી અને પ્રજાહિત વિરોધી તંત્રની સાંકળો પડેલી છે.

કન્વેશન અને પછી :

બે બે વર્ષથી કોંગ્રેસ રાજકારણમાં ગંભીર ચર્ચા અને વિરોધોનો વિષય બની રહેલાં પ્રશ્નનો આખરે નિકાલ થઇ ગયો. માર્ચની ૧૫ મી થી ૨૦ મી સુધી દિલ્હીમાં મળેલા સંમેલનમાં આ હોદા સ્વીકારવાના પ્રશ્નની આખરી છણાવટ થઈ ગઈ. હોદા સ્વીકારના પક્ષકારો અને એના વિરોધીઓ બન્નેએ આગલા સમય દરમ્યાન પોતાના પક્ષને મજબુત બનાવવા. સખત શ્રમ ઉઠાવ્યો હતો, કારણ કે આ વખતે એનો આખરી ચુકાદો થવાનો હતો.

પહેલા બે દિવસોએ–૧૫ મી અને ૧૬મીએ કારોબારી સમિતિની લંબાણ બેઠક જાહેર બારણે મળી. એણે મહાસમિતિને ભલામણ કરતો ઠરાવ તૈયાર કર્યો. બીજા બે દિવસોએ મહાસમિતિ મળી અને એ ઠરાવ પર સખત ચર્ચા ચાલી.

હોદ્દા સ્વીકારવાના પ્રશ્નનો ઉકેલ કારોબારીએ વચનો જ માર્ગ ગ્રહણ કરીને આપ્યો હતો. એણે હોદ્દા સ્વીકારવાની તરફેણ કરી પણ એમાં એક મોટી શરત મૂકી દીધી અને તે એ કે જે પ્રાંતોમાં કોંગ્રેસ પક્ષ બહુમતીમાં હોય ત્યાં ત્યાં હોદ્દા સ્વીકારવા પણ તે એ શરતે કે ગવર્નરો પક્ષના નેતાઓને એવી ખાત્રી આપે કે તેઓ પોતાની ખાસ સત્તાઓનો પ્રધાનોની બંધારણીય પ્રવૃત્તિઓમાં ઉપયોગ નહિ કરે. આ નવીન વાત હતી અને આ માર્ગ દર્શાવનાર ગાંધીજી હતા. કોંગ્રેસ નેતાઓની મૂંઝવણ ટાળવાને શોધાવનો આ સંત હમેશાં ખડે પગે તૈયાર હોય છે, એનો એક વધુ પુરાવો મળી ગયો.

મહાસમિતિની ચર્ચામાં કારોબારીનો ઠરાવ મૂકતાં રાજેન્દ્રબાબુએ ખૂબ જુસ્સો અને લાગણી દર્શાવ્યાં. એમના સમર્થનમાં રાજાજી અને સરદાર વલ્લભભાઈ પટેલે પણ સરસ ભાષણો કર્યાં. વિરોધ પક્ષ તરફથી સૌથી સરસ ભાષણ શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતનું હતું. આખરે કારોબારીનો ઠરાવ મહાસમિતિએ સ્વીકાર્યો.

છેલ્લા બે દિવસોએ નેશનલ કન્વેન્શન મળ્યું. એમાં ધારાસભાઓમાં ચૂંટાઈ આવેલા કોંગ્રેસ સભ્યો અને મહાસમિતિના સભ્યો એકઠા મળ્યા હતા, અને ધારાસભાઓની અંદર કેવી રીતે કામ લેવું અને કયા કાર્યક્રમ માટે લડવું તે વિષે નિર્ણયો થયા. પણ એમાં સૌથી અસરકારક ક્રિયા પ્રતિજ્ઞા લેવાની થઈ. રાષ્ટ્રપતિએ પ્રતિજ્ઞાનો એક એક શબ્દ સામે ઉભા રહેલા ધારાસભાના સભ્યો પાસેથી હિંદી જબાનમાં ઉચ્ચારાવ્યો. એ પ્રતિજ્ઞામાં દેશની સેવા માટે હમેશાં તત્પર રહેવાની અને સંપૂર્ણ આઝાદી માટે લડવાની તૈયારી વ્યક્ત થતી હતી.

આ સંમેલન એકંદરે કોંગ્રેસ અધિવેશન કરતાંય વધારે મહત્વનું અને અસરકારક બન્યું. રાષ્ટ્રપતિએ જે કુનેહથી અને ગૌરવથી કામ ચલાવ્યું, એથી દેશની રાહબરી લેવાની એમની સત્તાયોગ્યતાનો વધારે પુરાવો મળ્યો. કોંગ્રેસમાંના પરસ્પર-વિરોધી પક્ષોને એક સાથે રહીને લડત ચલાવવાની એમની અપીલ સર્વનું દિલ હરી લે એવી હતી, હોદ્દા સ્વીકાર પ્રત્યે પોતાનો વિરોધ એમણે હમેશ કરતાં વધારે દૃઢતાથી વ્યક્ત કર્યો ને છતાં મહાસમિતિના નિર્ણયને વશ રહીને કામ કરવાની એમની અડીનતા એટલી જ દૃઢ હતી.

કોંગ્રેસના આ નિર્ણયથી ઉદ્દામ પક્ષને સંતોષ તો ન જ થયો. એમને વિનીત પક્ષનો એમાં વિજય દેખાયો. એમને એમ પણ લાગ્યું કે આ નિર્ણયથી કોંગ્રેસ ક્રાંતિકારી લડતનો માર્ગ તજી પાછો સહકારનો માર્ગ પકડી રહી છે. સરકાર સાથે ઝગડો અને સમાધાનો કરવા ચાલી છે. શરતો રાખવા કરતાં તો એકદમ ચોકખા હોદ્દા સ્વીકારવાનો નિર્ણય કર્યો હોત તો વધારે સારૂં થાત. પણ પીઢ ગણાતા વિનીતોએ એમની આ વિચારસરણીને ખોટી ઠરાવી છે.

ભંગાણ[1] :

ચાર્યા કરતાં બધાએ ભંગાણ મ્હેંતું આવી પડ્યું. કોંગ્રેસની જ્યાં બહુમતિ છે ત્યાં, એટલે કે મુંબઈ મદ્રાસ યુક્તપ્રાંત મધ્યપ્રાંત બિહાર અને ઓરિસ્સા એ છ પ્રાંતોમાં કોંગ્રેસ પક્ષના નેતાઓ અને ગવર્નરો વચ્ચે મુલાકાતો થઈ ગઈ, અને ગવર્નરોએ પોતાની ખાસ સત્તાઓનો ઉપયોગ નહિ કરવાની ખાત્રી આપવાની અશક્તિ બતાવી અને એટલે કોંગ્રેસ પક્ષના નેતાઓએ હોદ્દા સ્વીકારવાની પોતાની અશક્તિ પણ જણાવી દીધી. હવે ગવર્નરો ચૂંટણીમાં પરાજય પામેલા અને હમેશાં સરકારના ખાંધીયા બની રહેલા માણસોને પ્રધાનપદાં સોંપવાની તૈયારી કરી રહ્યા છે. જેઓ સમજુ છે તેઓ કદિ આવા કામમાં પડવાનું માન્ય ન કરે. એ તો મહાત્મા શ્રીનિવાસ

શાસ્ત્રીએ અને મુંબઈમાં દહેલ્વીએ ગવર્નરોની વિનંતિને નકારી તેથી જણાઈ આવે છે. છતાં દેશનો દ્રોહ કરનારા પણ પડ્યા છે, એની સાબીતી નવા રચાતા પ્રધાનમંડળોમાંથી મળે છે. ગાંધીજી પોતાના છેલ્લાં નિવેદનમાં કહે છે, તેમ હવે કલમનું કે નિઃશંક બહુમતીનું નહિ, પણ તલવારનું રાજ્ય ચાલશે. છતાં જે બન્યું છે, એથી કોંગ્રેસની પ્રતિષ્ઠા અને એની એકતા વધી છે. જનતાને વધારે સંગઠિત કરવાની સારી તક મળી ચુકી છે.

હડતાળ :

ફૈઝપુર કોંગ્રેસે પસાર કરેલા ઠરાવ અનુસાર દેશમાં ઠેર ઠેર ૧લી એપ્રિલને દિવસે બંધારણનો વિરોધ કરવા હડતાલ પાડવામાં આવી હતી. ઠેર-ઠેર જંગી સરઘસો નીકળ્યાં, સભાઓ મળી અને નવા બંધારણનો સખ્ત વિરોધ કરતા અને લોક પ્રતિનિધિસભા જ હિંદનું બંધારણ ઘડી શકે એવો નિશ્ચય જાહેર કરતા ઠરાવો પસાર થયા. એક બે અપવાદ સિવાય સર્વત્ર આ દિવસ શાંતિથી પસાર થઈ ગયો હતો. પટનામાં સરકારે સમાજવાદી આગેવાનો સામે પ્રતિબંધ મૂક્યો હતો, એટલે સરઘસ લઈ જવા માટે એમની અને બીજા કોંગ્રેસ કાર્યકર્તાઓની ધરપકડ કરવામાં આવી છે. એજ રીતે દિલ્હીમાં વાહન વ્યવહારમાં દખલ કરવા માટે અને હડતાળ પાડવા માટે 'દબાણ' કરવા માટે કેટલાક કોંગ્રેસ કાર્યકર્તાઓની ધરપકડ થઈ છે. અત્યાર સુધીમાં (૨ જી એપ્રિલે) મળેલા સમાચારો પરથી જણાય છે કે કોંગ્રેસની આ હાકલનો દેશે સરસ જવાબ વાળ્યો છે, પંજાબમાં સૌ કરતાં વધારે સંપૂર્ણ હડતાલ હતી. હિંદુઓ, શીખો અને મુસ્લીમો તમામ ભેદ ભૂલી ગયા હતા. લખનૌમાં પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ પોતાનો વિરોધ વ્યક્ત કરવા એક મીનીટ સુધી ઉભા રહ્યા હતા

તા. ૨ : ૪ : ૩૭

મુંબઈમાં લોકોનો ઉત્સાહ માતો નહોતો. સવિનય ભંગના દિવસો તાજા થતાં હતાં, આ વખતે કામદારોનો પ્રચંડ ઉત્સાહ આગળ તરી આવતો હતો, અને કોંગ્રેસ સાથેનો ઉદ્દામ પક્ષોનો સહકાર આનંદજનક હતો.

ભયંકર દુષ્કાળ :

ગુજરાતના પંચમહાલ જીલ્લામાં હાલ્મે ભયંકર દુષ્કાળ પ્રવર્તી રહ્યો છે. ભીલ સેવામંડળના પ્રમુખ શ્રી અમૃતલાલ ઠક્કર હમણાં જ એ પ્રદેશનો પ્રવાસ કરી આવ્યા છે, ને એમણે ત્યાંની કરૂણ હાલત દર્શાવતું એક નિવેદન બહાર પાડ્યું છે.

ગયું ચોમાસું નિષ્ફળ ગયું, અને ખરીફ પાક પણ તદ્દન નિષ્ફળ ગયો. દિવાળીના દિવસોમાં થોડો ઘણો વરસાદ પડ્યો છતાં ય રવી પાક પણ એળે ગયો હતો. આથી ત્યાંનો ભીલોની હાલત ભયંકર બની ગઈ. અત્યારે લગભગ એક લાખની વસ્તીમાંથી વીસ ટકા જેટલા લોકો રાહતકાર્યમાં જોડાયા છે, અને છતાં સરકારને ત્યાં દુકાળ જાહેર કરવાની જરૂર જણાતી નથી. એને તો ત્યાં માત્ર 'અછત' જ જણાય છે. પાણીની તંગી ખૂબ છે. ઢોરો માટેના ચારાની પણ સખત અછત છે. સરકારે છેલ્લા વર્ષોમાં સંઘરેલો ઘાસચારો પણ સસ્તે ભાવે વેચવાની ગોઠવણ કરી છે, અને ભીલ મંડળ પણ એવી ગોઠવણ કરે છે, છતાં એથી બહુ રાહત મળી શકે તેમ નથી.

દુકાળની હાલત કેટલી ગંભીર છે, એનો એક દિલ કંપાવનારો દાખલો દાહોદમાંથી મળે છે. ભુખના દુખે પીડાતો એક ભીલ પાંચ વર્ષના પોતાના એક ભાઈને માત્ર પાંચ રૂપિયામાં જાહેરમાં એક સ્ત્રીને વેચી દેવાનો પ્રયાસ કરતો હતો, વેચાણ ખત માટે જોઈતા સ્ટેમ્પની ખરીદ પણ કરેલી પણ આ બાબતની મામલતદારને જાણ થતાં એમણે આ ભીલને રોકયો હતો.

કોંકણ કિનારાની સફર

શ્રી. રામનારાયણ ના. પાઠક

ભારતમાતાની કેસરીઆ સાડીની લીલી કિનાર! રત્નાકર સાગરની મર્યાદા પશ્ચિમઘાટનો પગથાર વિદ્વાન, ત્યાગી અને વીર પુરુષોની જન્મભૂમી એવી કોંકણપટ્ટી પ્રવાસીઓના મનને લોભાવતી મુંબઈથી ગોવા સુધી પથરાઈ પડી છે

કોંકણ કિનારાની રાણી દીપાવતીએ બાઉચા ધક્કામાંથી લંગર ઉપાડ્યું ત્યારે મુસાફરો સરકી જતા મુંબઈ સામે જોઈ રહ્યા કિનારા સાથે બાંધેલા પ્રેમનાં દોરડા વળાવવા આવેલા સ્વજનોના હૃદયના તારની માફક ખેંચાઈને છૂટી પડ્યા હિંદની લક્ષ્મીને પરદેશ ઘસડી જવા આવેલા તોતીંગ જહાજોથી સહેજ ખસતી ચાલતી ખાડીમાંથી બહાર નીકળવા આગળ વધી આમ સામે કારખાનાઓના ભુંગળા મૂડીદારોના મેલા સ્વાર્થને દલિતોના ઉના ઉચ્છ્વાસ સાથે બહાર કાઢતા હતા આગળ ચાલતાં ભારતની પ્રાચીન ભવ્યતાના અર્વાચીન નમુનારૂપ હિંદનું પ્રવેશદ્વાર ઉભું હતું એની બાજુમાં જ રાજામહારાજાઓનું પ્યારું અતિથિગૃહ તાજમહાલ દેખાતું હતું તાજની પાછળ શ્રિમંતોના મકાનોનો કોટ ચણાયેલો હતો કોટથી કોલાબા સુધી લંબાયેલો ભૂશીરનો છેડો ઠેઠ દીવાદાંડી સુધી પહોંચતો જણાતો હતો ત્યાં જ હિંદી નૌકાના તૂતકના રક્ષક પેઠે ગગનના મહાલો ખડા હતા

લાલ, સફેદ અને લીલા ત્રિરંગી રંગે રંગાયેલી દીવાદાંડી પછી નજર ખમી પડતા આફ્રિકા સુધી અફાટ સાગરમાં અનંત જળરાશિ ઉછળી રહ્યો હતો

બીજી બાજુ નજર કરતા કિનારીની પહાડીઓ નાળીએરીના ઝાડ શિરાળાની ઠંડીમાં એકબીજાની ગોદમાં લપાઈ ગઈ હોય તેમ પડી હતી

દીપાવતી ખાડીમાંથી બહાર નીકળતા સાસરવાસ છોડી પીયર જતી નવવધુની માફક ઉમંગે ચાલી નીકળી રેડિયો શરૂ થયો મનના વિવિધ તરંગોનો ખ્યાલ આપતા અવનવા ગાયનો શરૂ થયા હાસ્ય રમુજ,

શૃંગાર, વીર વગેરે રસોથી ઉતારૂઓના મનને બહેલાવવા લાગ્યા ગોઆનીઝ અને દક્ષિણી ગૃહસ્થો આડા પડ્યા પડ્યા માણતા હતા. કોઈ પગથી, હાથથી, કોઈ ડોકની સીસોટીથી તાલ દેતા હતા

જંજીરા

દીપાવતી ગોવા લાઇનની મેલ સ્ટીમર નાના બંદરે એ થોભતી નથી પણ કિનારો છેક સુધી દેખાયા કરે છે

ભાવનગરથી મુંબઈ આવતા મુસાફરો જાફરાબાદ બંદરે કોઈ વિચિત્ર પોશાકના અમલદારને કે કેદીઓ સાથેના રખેવાળને જુએ છે તો તેમને જંજીરા યાદ આવે છે કાઠિયાવાડનું બંદર જાફરાબાદ જંજીરાના નવાબને તાબે છે જંજીરા નાનકડું સંસ્થાન છે એનો નવાબ મૂળ એબિસીનીયન છે જંજીરાદુર્ગ પાણીમાં તરતો છે બંદર પર બે ત્રણ નાના મકાનો છે ટેકરી પાછળ ગામ છે

જંજીરાથી આગળ જતા શ્રીવર્ધન આવે છે નજીકમાં જ મહાદેવનું પુરાણું મંદિર, ઘીચ ઝાડી અને શાંત એકાંત સ્થળ છે શ્રીવર્ધન પછી હરનૈ જંકશન આવે છે દાભોળ લાઇન જુદી પડતા હરનૈમાં સ્ટીમરો એકઠી થાય છે રાત્રિના વખતમાં હરનૈ બંદરનો દેખાવ તરતા ઇન્દ્રભુવન જેવો થઈ જાય છે

હરનૈથી પાલશેત ઘુંગ ઘુંગ ઝુંડમાં ઝુંપા ખાડવાની ઝુંપડીઓ આંગણામાં તાડી નાળ ડીઓ પાલશેતથી ઘીચ ઝાડીમાં ડોકીયું કરતું બોરીયા જણાય છે અને પછી તરત જયગઢ આવે છે

જયગઢ

દીપવતી મુંબઈથી છેક સીધી રત્નાગીરી ઉભી રહે છે પણ જયગઢ જોવા અમે ખાસ નાની સ્ટીમરમાં ગયા ઝાડીથી ઢંકાયેલી પહાડી તદ્દન કિનારાપરથી છેક ટોચ સુધી મકાન નીચેના ભાગમાં મુસ્લીમ વસ્તી, ઉપરના ભાગમાં હિંદુ મસ્જીદો નવચાર છે તહેવારનો દિવસ હોઈ મસ્જીદો પર શણગાર કર્યો હતો મોટું ગામ અને સાધારણ બજાર નાનકડી સ્ટીમર જેવી લાલ ભુંગળાવાળી લૉંચ ઉભી હતી મોટા સઢવાળા વહાણ પડ્યા હતા પહાડી પર તૂટેલા ગઢના કોઠા હતા લૉંચ ખાડીમાં છેક સંગમેશ્વર સુધી જાય છે

સંગમેશ્વર

કોંકણ કિનારે અંદરના ભાગમાં જવા માટે પહાડીઓની વચ્ચે વચ્ચે ખારી જઈને જળકેડીઓ બનાવી છે. જયગઢથી સંગમેશ્વર, જૈતાપુરથી રાજાપૂર, વિજયદુર્ગથી ખારેપાટણ એમ અંદરના ભાગમાં પંદર, વીશ, પચીસ માઇલ સુધી ખાડીઓ ચાલી જાય છે ખાડીની બન્ને બાજુ હરિયાળી ટેકરીઓ, ટેકરીઓની ગોદમાં ઘટાદાર ઝાડીની ગોદમાં ગામડાં નાળીએરી સોપારી અને આંબાની વૃક્ષરાજિ નિહાળતા આ જળકેડીઓનો પ્રવાસ કરવો એ એક જીવનનો લહાવો છે

રત્નાગિરિ

રત્નાગિરિ રત્નની ખાણ છે કુદરતી સંપત્તિ અને પુરૂષરત્નોથી રત્નાગિરિ સમૃદ્ધ બનેલું છે શિવાજી મહારાજને ભવાની તલવાર મળ્યાની વાતકથા રત્નાગીરીના ભવાની દુર્ગ પર સાંભળવા મળે છે ભવાનીગઢ મોગલ અંગ્રેજની માફક અહિં વાડી શહેરની બાજુમાં પડેલો છે ગઢની ત્રણ બાજુ દરિયો છે બે બાજુ રત્નાકર એક બાજુ ક્ષીરસાગર મધ્ ઉપરનું દીવાદાંડીનું સફેદ મકાન ગઢના દંડ જેવું શોભે છે દીવાદાંડી પરથી શહેરનો દેખાવ રમણીય લાગે છે આંબા, નાળીએરી અને વાડીઓ વચ્ચે ટપકા જેવા બંગલાના છાપરા દેખાય છે દૂર ક્ષિતિજના પીળા ગગનને ન છોડે ગમે તો મંદિર

દેખાય છે. પહાડી પર ગામથી સહેજ ઉંચે પોસ્ટલ સુપરિન્ટેન્ડેન્ટનું મકાન દેખાય છે. શહેરની વચ્ચોવચ્ચ નવા બંધાયેલા પતિતપાવન મંદિરનું શિખર દેખાય છે.

ગઢના એક ખભા ઉપર ભવાનીમંદિર છે, બીજા ઉપર દીવાદાંડી. તારના બે થાંભલા વચ્ચે ઢોળાવ પડતા ભાગની માફક નમેલી પહાડી પર થઈને દીવાદાંડીથી ભવાની મંદિરમાં જવાય છે. મંદિરના કિલ્લામાં જતાં વચ્ચે દરિયામાં મોટી ખોલ છે. તેમાંથી દરિયામાં નાસી જવાય એવી યુક્તિ કરેલી છે. ચંપાના પાંચ છ ઝાડ પરથી ખુશબોદાર સફેદ પુષ્પ ઢગલાબંધી ખરી પડેલાં હતાં. પાછલા ભાગમાં કોઠા પર જઈને તેમના કાણામાંથી અમે નજર કરી તો સાગરનો સપાટ-પ્રદેશ દૂરથી ક્ષીણથી ખરબચડો થતો જતો હતો.

મંદિરેથી શહેરમાં આવતાં ગઢ ઉપર જ નીચેના ભાગમાં ભગેશ્વર મહાદેવનું મંદિર છે. સર્વ હિંદુને માટે એ ખુલ્લુ છે. આખા કોકણમાં ન મળે તેવી મીઠાશવાળાં દળદાર નાળીએર અમે ત્યા ચાખ્યાં. નાળીએરની આટલી મીઠાશનુ કારણ પહાડીનું મીઠું પાણી સતત રેંટ મારફત મળ્યા કરે છે તે છે

અગીઆરવર્ષ બાદ

અગીઆર વર્ષ પછી પણ એ મુદ્રા એવી જ તેજસ્વી હતી આકર્ષક હતી. એવીને એવી એ વાણી સચોટ હતી. નિશ્ચિત કરેલા ધ્યેય પ્રત્યેનો અડગ વિશ્વાસ એવો ને એવો અડગ હતો. દેશ-ભક્ત સાવરકરે હિંદી જમાનમાં હિંદુસંગઠન ઉપર વિચારપ્રવાહ ચલાવ્યો. હિંદુસગઠનને અંગે અછૂતોદ્ધારની પ્રવૃત્તિ કેવા જોરથી પોતે ચલાવી રહ્યા છે તે જણાવ્યું. પતિતપાવનનું મંદિર જે સાત વર્ષ પહેલાં જ બંધાયું છે તેમાં હરિજનો પ્રવેશ પામે છે એટલું જ નહિ પણ મંદિરનો સફાઈકાર મંદિરના ચોગાનમાં ઓરડીની અંદર રહે છે. દરવાજામાં પેસતાં જ બે બાજુ બે ઓરડીઓ છે. એકમાં સફાઈકાર રહે છે, એક ઉપહારગૃહ છે. અસ્પૃશ્યોથી માંડીને ઉચ્ચ બ્રાહ્મણ સુધીના દરેક વર્ગના સભ્યો એક સાથે બેસીને એ ઓરડીમાં ઉપહાર લે છે. અવારનવાર એવી મિજબાનીઓ ગોઠવવામાં આવે છે. નવા આવનારનાં નામ નોંધાય છે અને વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થાય છે. અમારી સાથે આવેલા ભાઈને પતિતપાવન મંદિરના બધા ભાગ બતાવવા કહ્યું. નમસ્કાર કરી અમે રજા લીધી.

પતિતપાવનનું મંદિર અછૂતોદ્ધાર ઉપરાંત બ્રાહ્મણ-અબ્રાહ્મણ, બ્રાહ્મણ બ્રાહ્મણના વાડા તોડવાનુ ધામ બન્યું છે. અંદરના મંડપમાં અવારનવાર વ્યાખ્યાનો અપાય છે. દેશભક્ત સાવરકરનો આમાં મોટો ફાળો છે

રત્નાગિરિ જીલ્લાનું મુખ્ય શહેર છે. ગાંડાની હોસ્પિતાલ, જેલ, દવાખાનું, કચેરીઓ, બજાર વગેરે જોઈ ઉતારે આવ્યા. અગીઆર વર્ષ પહેલાં ગોઠણ સુધી પાણીમાં પલળતા આવેલા ત્યાં આજે પાકો ધક્કો બાંધેલો છે.

જૈતાપુર

રત્નાગિરિથી પુરંદર નામનું નાનું બંદર મૂકયા પછી મુસાકાજી અને જૈતાપુરનું સંયુક્ત બંદર આવે છે. સ્ટીમર ઉભી રહે છે ત્યા મુસાકાજી બંદર છે અને જૈતાપુર ખાડીના મુખ પર બે અઢી માઈલ અંદરના ભાગમા છે મુસાકાજીની હવા ખુલ્લી, ઠંડી અને સ્થળ એકાંત હોઈ ત્યાં બે ત્રણ બંગલા બાંધેલા છે તેમાં અવારનવાર કસ્ટમના, સ્ટીમર કંપનીઓના અમલ-દારો હવાફેર કરવા થોડા દિવસ આવી રહે છે. મુસા ગાજી નામના મુસલમાનના નામ પરથી બંદરનું નામ પડ્યું છે. ગામ ટેકરાની પાછળ છે. ચાર્‌પાંચ નાળીએરી, પાંચસાત બીજાં ઝાડ, મુસા-કાજી બંદર દૂરથી શાંત, એકાંત સુંદર સ્થળ લાગે છે.

અમે સીધા જૈતાપુર ગયા. ખાડીમાં પેસતાં જ ડાબે હાથે યશવંતગઢ જીર્ણ સ્થિતિમાં પડયો છે. રાજાપૂરના મુસ્લીમ સુબા સાથે શિવાજીએ અહિં રહીને લડાઇ કરેલી યશવંતગઢથી આગળ જતાં શાકરી નામનું માછીમારોનું ગામ આવે છે. ઘીચોઘીચ એક હજાર જેટલાં ઘર છે. છાણાનું મોટું ખડકું હોય તેમ મકાન ગોઠવાયાં છે

જમણા હાથ તરફ જૈતાપુર શરૂ થાય છે છૂટક છૂટક વ્યવસ્થિત રીતે ઉગાડેલી નાળીએરીઓનાં ઝુંડ વચ્ચે મકાનો બાંધેલા છે. ત્રણેક હજારની વસ્તીઃ નાનું બજાર, પોસ્ટ, તાર, સ્ટીમર કં. ની ઓફીસો: ધર્મશાળા, વૈતાલિનીનું પ્રાચીન મંદિર, પહાડી પર કિલ્લો. નાનાં નાનાં ખેતરો વચ્ચેથી કેડી એક ઝુંડમાથી બીજે ઝુંડે જાય છે. જૈતાપુરથી બાર માઇલ રાજાપૂર સુધીની ખાડીના દશ્યો અદ્દભુત છે. ખાડીમાં લૉંચ નિયમિત રીતે જાય છે.

જૈતાપુરની દીવાદાંડી નવી બંધાયેલી છે ત્રણ લાખનું ખર્ચ કર્યું છે. પચાશી હજારનો માત્ર ગ્લોબ હોવાથી વાતો કરતા લોકો આ દીવાદાંડીને એક ચમત્કાર ગણે છે!

વિજયદુર્ગ

જૈતાપુરની પહાડીને પ્રદક્ષિણા કરીને સ્ટીમર બહાર નીકળે છે ત્યાં તરત જ સામે વિજયદુર્ગ દેખાય છે આખા કિનારા પરના દુર્ગોમાં વિજયદુર્ગ મજબુતાઇ અને ઉંચાઇમાં અજોડ છે શિવાજીએ પહાડીગઢ અને અને જલદુર્ગ મળી ૩૬૦ કિલ્લા બાંધ્યાનું કહેવાય છે. તેમા વિજયદુર્ગ અને સિંધુદુર્ગ જલદુર્ગોમાં શ્રેષ્ટ છે. શિવાજી મહારાજનો દરીઆઇ સેનાપતિ કાનોજી વિજયદુર્ગમાં રહેતો. ફિરંગીઓ સાથેની અનેક લડાઇઓ કાનોજીએ વિજયદુર્ગમા રહીને જીતી હતી. પોર્ચુગીઝ, ફ્રેંચ અને અંગ્રેજ જહાજોને અનેકવાર વિજયદુર્ગ આગળ હાર ખાવી પડી હતી.

સ્ટીમરમાંથી જ એ ભવ્ય ગઢ મુસાફરોનું ધ્યાન ખેંચે છે. સ્ટીમર ખાડીમાં ધક્કાની તદ્દન નજીક ઉભી રહે છે. ધક્કા પાસેથી જ ગઢમાં દાખલ થવાનો માર્ગ છે.

ગઢ એવડો બાંધેલો છે. કેટલીક જગ્યાએ દરવાજાની દોઢ્ય વાળેલી છે. બહારની દિવાલ દરિયા બાજુ નીચી છે. અંદરની દિવાલ પચાસેક ફીટ ઉંચી છે. ત્રણ બાજુ દરિયો દિવાલોને થપાટો મારે છે છતા કાંકરી પણ ખરતી નથી. દરેક જગ્યાએ ઉંચા બુરજ પરથી દરીયાઇ જહાજો પર તોપગોળા ફેંકી શકાય તેવી ગોઠવણ કરેલી છે બહારના ગઢમાંથી અંદર જવા માટે ભોંયરા બનાવ્યાં છે. કિલ્લામાં બે ત્રણ મકાનો છે. એક પોલીસ લાઇન છે છેક છેડા પર મેડીવાળું મકાન છે. નીચે કાચી જેલ જેવું કર્યું છે. ઉપર હવા મસ્ત આવે છે.

ગઢની અંદર વગડો થઇ ગયો છે, અનાજ ભરવાના કોઠાર હોજ જેવા બાંધેલા છે. લશ્કર સંતાડવામા ઉંચી દિવાલો કરી બનાવ્યા છે. જુના વડલા પોતાના પુરાણા મિત્રોની યાદ આપતા ઉભા છે. વડવાઇઓ જમીનમાં ઉતરીને મૂળ થડ કયું તેની શોધ મુશ્કેલ બનાવે છે. ગઢ ઉપરથી દરિયાનો, પહાડીઓનો અને વિજયદુર્ગ ગામના દેખાવ જોવાલાયક છે. આ મજબુત, પ્રાચીન અને વિશાળ દુર્ગને સાચવવા માટે જુની ઇમારતોના રક્ષણનો કાયદો દરવાજે પાટીયામાં કોતરવામાં આવ્યો છે.

ગામ નાનું છે છતાં તાર, ટપાલ, નિશાળ, ધર્મશાળા, વીશીઓ વગેરે છે. ફોંડાઘાટ થઇને છેક કોલ્હાપુર સુધી મોટર સર્વીસ જાય છે. હાપુસના આંબાની કલમોના બગીચા કર્યા છે. મુખ્ય ખોરાક ભાત છે.

આરોગ્યમંદિર

વિજયદુર્ગથી ખારેપાટણ ૨૪ માઇલ સુધી ખાડી લંબાયેલી છે. બી. એમ. એન કં. ની

એણે હસતા હસતા સુધીરને કહ્યું "હુ આજથી કમાવા જઇશ."

'કેમ! ક્યા?" સુધીર ચમક્યો.

સુમિત્રાએ બધી વાત કરી સુધીરે શાતિપૂર્વક વાત સાભળી પણ એનું મો ઉતરી ગયુ સુમિત્રા એ ઢીલા પડતા વદન સામે જોઇ રહી સુધીરની આખોમાથી પાણી આવ્યાં, સુમિત્રાએ એના ગાલ ઉપર હાથ મૂકતા પૂછ્યુ "કેમ, તમને આ ન ગમ્યુ ?"

"સુમિ!" એ ખોખરા અવાજે બોલ્યો "મારી આ દશા આવશે એવી મને કલ્પના પણ નહોતી"

"પણ હવે શું છે? હુ કમાઇશ એટલે ઘર ખર્ચમા તો કશી હરકત નહિ આવે અને તમે સાજા થશો એટલે આપણે સંયુક્ત પ્રયત્નથી કરજ ફેડી નાખશુ"

"સુમિ! એવુ ન બોલ તારે કમાવા નથી જવુ હુ બે ચાર દિવસમા જ હવે કામે ચડી જઇશ"

"પણ એમ શા માટે?"

'તને શું કહુ? તારા પરિશ્રમ "

'શુ?"

"સુમિ! એવુ ન બને મારી સુમિને હુ કમાતી, રોટલા માટે પરિશ્રમ કરતી ન જોઇ શકુ હુ એવું ન કરીશ."

સુમિત્રા આશ્ચર્ય પામતી સુધીર સામે જોતી રહી

"કેમ, શુ જૂએ છે? તારે કમાવા નથી જવાનુ તારી મહેનતનુ મારાથી કેમ ખવાય? સુમિ! મારે તો તને આપવાનુ હોય"

સુમિત્રા આખો ફાડીને આશ્ચર્યવત્ જોવા લાગી.

"તુ કેમ આશ્ચર્ય પામે છે? તારા માટે જીદગી ખરચવામા મને આનદ આવે છે તને નોકરી કરતી હુ કદી જ ન શકું તું આનદ કર સુમિ! બધુ ઠીક થઇ રહેશે."

"મને નોકરીમા આનદ જ આવશે" સુમિત્રા ગંભીર મુખે કઇક સમજીને બોલતી હોય એમ બોલી

"નહિ, નહિ નોકરીમા આનદ આવે જ નહિ"

"તો તમને કમાવામા કેમ આનદ આવે ?"

"મને? એની પાછળ તને સુખ આપવાની પ્રેરણા પડી હોય માટે"

"મારામા પણ એ પ્રેરણા છે"

"એવુ ન હોય સુમિ! તું મૂકી દે આ હઠ મારે જ કમાવાનુ હોય"

"ના, હુ આજે જવાની જ." સુમિત્રા દૃઢ સ્વરે બોલી સુધીર એના મો સામે જોઇ રહ્યો આવો અવાજ એણે સાભળ્યો જ નહોતો

"પણ હુ ."

"હું સમજી ગઇ મારે કમાવા જવુ છે એ ચોક્કસ છે."

"હુ ના પાડુ તો યે?"

"તમારે ના પાડવી જ ન જોઇએ જે આનંદ તમે આજ સુધી લીધો તે તમારે હવે મને લેવા દેવો જોઇએ"

"તું શુ બોલે છે સુમિ?"

"હુ બરાબર બોલુ છુ મને એકવુ કમ લાગતુ હતુ અને બેચેની કેમ રહેતી હતી તેનુ કારણ મને સમજાયુ"

"શુ?"

"બસ, હુ કમાઇશ એટલે એ કારણ દૂર થઇ જશે"

"પણ કયુ મરણ?"

(અનુસધાન પૃષ્ઠ ૨૭૭)



વાસ્તવિકતાનું પ્રતિબિંબ

પ્રિય,

પત્ર લખવામાં કરેલી ઢીલનો કાંઈપણ ઉત્તર ન આપવો પડે એમ ધારીને તમે પુસ્તકોનું બંડલ મોકલી આપ્યું, તમે તો એમજ સમજ્યા હશો કે તમારી એ લુચ્ચાઈ નહિ જ પકડાય. પણ તમે એ ભૂલી ગયા કે કુમારીએ પણ તમારો જ સહવાસ સેવ્યો છે. એટલો યે બુદ્ધિનો વિકાસ ન થયો હોય તો પછી?...ચા...લો, એ રીતે પણ તમે મારું મોઢું બંધ કરવામાં થોડા ઘણા સફળ થયા છો. તમે મોકલેલા પુસ્તકો હજુ બધાયે વાંચવાની ફુરસદ મળી નથી, પરંતુ નામની વિચિત્રતાને અંગે પહેલું પુસ્તક[1] જે વાંચવા લીધું હતું, તે માટેજ આ વખતે લખીશ.

લેખકને રામનારાયણ વિ. પાઠક જેવા વિદ્વાન પરિચય લેખક સાંપડ્યા છે એ એમનું અહોભાગ્ય છે. એમણે પરિચયમાં એટલું બધું કહી નાખ્યું છે કે અન્ય માટે મત પ્રદર્શન જેવું રહ્યું નથી એમ કહીએ તો ચાલે. પેલા જન્મભૂમીવાળા કલમ કિતાબના લેખકે આ પુસ્તકના કરેલાં મોંફાટ (? છાપાંના છાપાભરી–મં) વખાણ સાંભળ્યા (? વાંચ્યા-સ) પછી મને એમ થયું હતું કે એ પુસ્તક તે કેવું છે. પરંતુ સાદ્યંત વાંચી ગયા પછી એમ તો થયેલું કે પુસ્તક છે તો સારૂં પણ એના વખાણ કરવામાં હદ ઓળંગાઈ ગઈ છે. અલબત્ત જે વસ્તુ વખાણવા જેવી હોય તે જરૂર વખાણવી જોઈએ, પણ કેટલી? એવું તો નથી જ કે એ 'ન ભૂતો ન ભવિષ્યતિ' છે પણ આપણા વિવેચનકારો માટે શું કહેવું?

---

1. સાપના ભારા: લે ઉમાશંકર જોષી. પ્રકાશક, કૌમુદી કાર્યાલય. વડોદરા. પૃષ્ઠ સં. ૧૯૬. કાચું પુઠું, છુટક કિંમત રૂા. ૦-૧૨.

અગાર નાટકોના આ સંગ્રહમાં છ નાટકો સ્ત્રીજીવનને સંપૂર્ણ રીતે સ્પર્શ કરે છે, બાકીના જૂદા જૂદા માનવ સ્વભાવનું આલેખન કરે છે એક રીતે પહેલાં નાટકના નામ ઉપરથી આખા સંગ્રહનું નામ રાખ્યુ છે એ સૂચક છે કારણ કે અમે સ્ત્રીઓ કોઇ પણ સ્વરૂપમાં સાપના ભારા જેવી જ ગણાઇએ છીએ અલબત્ત આજના જમાનામા એ ભારા બદલાતી જાય છે પણ એ સંપૂર્ણપણે બદલાતા તો કઇ જમાના ચાલ્યા જશે પુરાણાગર્ભમા સ્પંદનના દાખલા ઓછા નથી બનતા, પણ જીવનમા એકાદો એવો બને એટલે સાપના ભારાની ભાવનામા આવતો જતો પલટો, ફરી બમણા જોરથી મૂળ સ્વરૂપને પકડે છે નસિબ, બીજુ શુ ?

આ નાટકોને ગ્રામ્ય જીવનના કહેવાયા છે વસ્તુસ્થિતિ એમ નથી ખરેખર તો એ હિંદુસમાજનાં છે શુ ગામડુ કે શુ શહેર આવુ તો બધે બને જ છે રહેંસાતી મેના, કુળના મોહનો ભોગ બનતી ચંદણી, અંતરના સગાઓની લુચ્ચાઇનો ભોગ બનતી ભીખી શક્યાઓને જ જન્મ આપતી ગોદાવરી, ઘરની આબરૂ સાચવવા સર્વસ્વ જેવુ જતી કરતી હેતી નવા જમાનાના વેદીઆ પતિની મુર્ખાઇનો ભોગ થયેલી દુર્ગા, વગેરે ખરેખર તો હિંદુસમાજના છે સ્ત્રીજીવન એક યા બીજા સ્વરૂપે એમા ક્યાંક તું નજરે પડે છે એટલે ખરેખર તો હિંદુસમાજની સુધારણામા જ આ સૌનો ઉધ્ધાર છે બહુ અસરકારક રીતે આ વસ્તુ સમાજ પાસે રજુ થઇ છે એજ એના કર્તાનો વિજય છે

બાકી એક રીતે આ નાટકો ચરોતરી બોલીના અમલ નમૂનાઓ રજુ કરે છે તગ કાઠીઆવાડ કે એ બાજુના વાચનારને એ સમજવાના પૂરી તકલીફ પડવાની, પણ એમ બધાનો વિચાર કરીને લખવા બેસે તો કાંઇ લખી શકાય જ નહિ કારણ આખરે એ પણ વિરાટ જનતા જ છે ને'

એમ તો સૌદામીની બ્હેન એક વખત આવી ચડેલા, મને આ પુસ્તક વાચતી જોઇને, એમણે મોઢુ મચકોડેલુ, મે પૂછ્યુ 'કેમ?' તો એમણે કહ્યુ કે એ તો ચરોતરી બોલીને રજુ કરવા જ એ લખાયા છે બાકી એને નાટકો કોણ કહે? મે કહ્યુ એ તે કાંઇ વાત છે એમા શુ ? ચરોતરી બોલીથી એમાં જે કાંઇ રજુ થયુ છે, એ કાંઇ ખોટું તો નથી એટલે એમણે કહ્યુ 'એ સમજવાને હજુ તમારે ઘણી રાહ જોવી પડશે' મે કહ્યુ તો પછી તમે જ સમજાવો ને એ તો ગ્હુ ભલે સમજાવીશ પણ અત્યારે નહિ 'મને ફુરસદ નથી કોઇ વખત વાત.' અને એ તો ચાલ્યા હુ એમને જતા જોઇ જ રહી મારાથી બોલી ઉઠાયુ 'એ પણ વિરાટ જનતા છે'

આખાએ સંગ્રહમા કારુણ્યની આછી રેખા માળાના મણકાને બાંધી રાખતા દોર જેવી અકાઇ રહી છે કર્તાએ થોડોક ફેરફાર કરી એમા બે ત્રણ આનંદજનક નાટકો મૂક્યા હોત તો નિરાશાનુ પલ્લુ સાવ બેસી જાય છે તે સમતોલ રહેત પુસ્તક પૂરૂ કર્યા પછી ગમગીન બની જવાય છે તેમા જરાક રાહત મળત, એવુ છતા અનેક રીતે આપણા પરિમિત નાટ્ય સાહિત્યમા આ નાટકોથી મહત્વનો ઉમેરો થયો છે

આમ આ નાટકોએ સમગ્ર રીતે મારા પર જે છાપ પાડી છે, તે તમને જણાવુ છુ વધુ લખવા જેટલી અત્યારે ફુરસદ પણ નથી સૌદામીની બ્હેન મને એમનુ દષ્ટિબિંદુ સમજાવશે તો ભવિષ્યમા લખીશ, એટલે અત્યારે તો સાહેબજી

લી. તમારી જ
'કુમારી' ના શુ ?

સુવર્ણ-રજ મંગ્રહિકા સૌ શ્રીમતી બાના
મજમુદાર પ્રકાશક આર આર
શેઠની કાં મુબઇ પૃષ્ઠ ૫૨૮,
કિંમત રૂા ૩-૦-૦

છેલ્લા એક દસકામાં ગુજરાતિ સાહિત્યમા ન ઉવેખી શકાય તેવો પ્રકાશ પાડનાર શ્રી રમણલાલ દેસાઇના અત્યાર સુધીમાં બહાર પડેલ ૧૫ પુસ્તકોમાથી તારવી કાઢેલ વિચારકણિકાઓ આ પુસ્તકમાં સગ્રાહાયેલ છે. આપણા સાહિત્યમા આ તરેહનું પુસ્તક આ પહેલુ જ છે આપણે ત્યા સસ્કૃત શુભાષિતો સગ્રાહાયેલા છે અને એનો ઉપયોગ દાખલા દલીલોમા કરવામાં આવે છે. પણ આ જાતની વિચાર કણિકાઓનો ઉપયોગ એ રીત ન થઈ શકે છતા શ્રી દેસાઇના અમુક વિષય ઉપરના શા વિચારો છે, એ જાણવા માટે આ પુસ્તક ખૂબ ઉપયોગી જણાશે અલબત્ત જરા વધુ વિવેકદષ્ટિ એના સગ્રહમા વપરાઈ હોત તો કેટલાક તદ્દન સામાન્ય જણાતા વિચારો જતા કરી શકાત આટલુ છતા સગ્રાહિકા બહેને લીધેલ મહેનત ખૂબ પ્રશસનીય છે.

મૂ

તારા અને ગ્રહો લેખક મગનભાઇ પટેલ પ્રકાશક દક્ષિણામૂર્તિ પ્રકાશન મન્દિર ભાવનગર કિમત પાચ આના

દક્ષિણામૂર્તિએ બાલસાહિત્યના ક્ષેત્રમા નવીજ ભાત પાડી છે વિવિધ વિષયોની અણખેડાએની ભોમમા એ નવા ચાસ દોરે છે

બાલસાહિત્યના ત્રીજા ક્રમનુ બાલસાહિત્ય વાટિકાનુ—આ અઢારમુ પુષ્પ છે એ જેટલુ ઉપયોગી કિશોર માટે છે એટલુ જ, એ મોટાઓને પણ છે

ગેલ કરતા, ખડખડાટ હસતા, કુદતા, બાળકોની સામે જ્યારે કુદરતની અગાધતા ને નિગૂઢ શક્તિઓ દેખાય છે ત્યારે એની જીજ્ઞાસા એ ભેદ ઉકેલવાને, એના વિષે સાચી સમજણ મેળવવાને મથે છે

માબાપો ને શિક્ષકો ગમે તેમ—અધુરા જ્ઞાને કે સાચી વૈજ્ઞાનિક દ્રષ્ટિની ખામીને લીધે કુદરતની અગાધતા અને વિશાળ વિસ્તારમા પૃથ્વીને આવરી લેતા આકાશની સમૃદ્ધિ વિષે, પુરાણોમા ચાલી આવતી માન્યતાઓ અનુસાર, ખોટી ધાર્મિક ભાવના જોડી વહેમ ને શ્રધ્ધા રૂપી જ્ઞાન પીરસે છે બાળક એમા સંપૂર્ણ વિશ્વાસ રાખી માનતા લાગે છે પણ એને સતોષ થતો નથી અને એ સાચી દષ્ટિથી વિમુખ થાય છે

પુસ્તકમા એ સંબધી પૌરાણિક ખ્યાલો આપીને સમજણ આપી છે પણ એનો ઉકેલ અને ચર્ચા વૈજ્ઞાનિક દષ્ટિએ કર્યા છે

દરેક કુટુંબમા કાળી અધારી રાતીએ, હીરા મઢેલા, ઝુમરશા લટકતા, આખ મીચીને ઉઘાડતા, તારકવૃંદોથી ભરપુર આકાશદર્શનની, દૂર દૂર ફરવા જઇને કે ઘરના ચોગાનમા બેસીને કેટલા કુટુબો મઝા માણતા હશે!

હંમેશા આપણી સામે દેખાતુ, ક્ષણે ક્ષણે નવા રગો બદલતુ, અને કોઇ અદભ્ય કલ્પનાઓ ને ઉડ્ડયનોની મીઠાશ આપતુ આકાશ અને એની સમૃધ્ધિનુ રમતીયાળ, સરળ ને સવાદાત્મક શૈલીએ આ પુસ્તકમા સમજાવવામા આવ્યુ છે

છેવટમા આપણે ધ્યાન રાખીએ કે બાળક જીવતું જાગતુ, અને જીવનરસને જ્યા ત્યા મધમાખીની જેમ ચૂસતુ પ્રાણી છે, એને સમજી એની જીજ્ઞાસા વૃત્તિને, આપણે ન જાણતા હોઇએ તે વિષયનુ શાસ્ત્રીયજ્ઞાન પ્રાપ્ત કરીને પોષીએ તો!

પ્રાથમિક શાળાઓએ, આ પુસ્તકને જરૂર આવકાર આપવા જોઇએ પણ એને માટે આપણાં કેળવણી ખાતાઓને આગળ વધનાર જોઇએને?

સુ.

ઋતુના રંગ લેખક ગિજુભાઇ, પ્રકાશક, કિંમત ઉપર પ્રમાણે

બાળસાહિત્યની સૃષ્ટિ ઉઘાડયા પછી પણ એના અનુગામીઓને ગિજુભાઇ હમેશા માર્ગદર્શક

બની રહ્યા છે બાળકોને મઝાની શૈલીમાં એની આજુબાજુ ઋતુને અંગે જે ફેરફારો થઈ રહ્યા છે તે પુસ્તકમાં બતાવે છે ઉપરાંત એમાંથી શું જાણવાનું શું મેળવવાનું તે પણ વિશદ રીતે કહે છે

ટેકરીની વનસ્પતિ – લેખક અને પ્રકાશક ઉપર પ્રમાણે કિંમત પાંચ આના

'ઋતુના રંગ' જેવું જ ઉપયોગી અને સરસ આ પુસ્તક છે ભાવનગરમાં બાળમંદિરની ટેકરી ઉપર જે વનસ્પતિ ઉગે છે તેનું જ આમાં વર્ણન છે પણ એ વર્ણન વાંચનાર કોઈ પણ શહેરી જીવડો પણ આનંદ અને જ્ઞાન મેળવી શકે તેમ છે પણ એ માટે એ શહેરી જીવે જરા ઉજ્જડમાં ફરવા નીકળી જવું પડે આમાં બીજું કંઈ ન હોય તો પણ આપણને એ જોવા માટે એક દૃષ્ટિ આપી દે છે જ

ટારઝન અનુવાદક શંકર રાવળ પ્રકાશક કિંમત ઉપર પ્રમાણે

વિકટ પરિસ્થિતિમાં આફ્રિકાના નિર્જન અરણ્ય જંગલમાં આવી પડેલી એક દંપતિ એક વાંદરાને હાથે મૃત્યુ પામે છે અને એમનું એક વર્ષની ઉંમરનું બાળક ટારઝન આ અપક્વ વાંદરાઓને હાથ પડે છે પછી શું ? આખી સૃષ્ટિનો આ પહેલો ભાગ ખૂબ ચમત્કારક છે બાળકોને એમાં ખૂબ જ રસ પડે તેમ છે કારણ કે ભાષા અને વસ્તુ બન્નેનું જાદુ છે આ પુસ્તક વાંચ્યા પછી ટારઝનની એકાદ પણ ફિલ્મ જોવાનું અવશ્ય મન થાય

ચન્દ્રિકા – લેખક ઇન્દુકુમાર શહેરાવાળા પ્રકાશક એલ્બર્ટ સ્ટોર વડોદરા કિ રૂ સવા

વાંચતા વાંચતા કંટાળો ઉપજાવે એવી એક આ નવલકથા છે આડંબરી શબ્દો કવિ નાનાલાલની શૈલીનું બેહૂદું અનુકરણ અને ઢંગધડા વગરના નિરર્થક લાંબાલાંબા વાર્તાલાપો એ આ નવલકથાના વિશિષ્ટ તત્ત્વો છે શબ્દોના અપપ્રયોગો પણ ઘણે સ્થળે થઈ જતા જોવાય છે

એ લેખક આડંબરને છોડી મૂળ વસ્તુને જ પ્રાધાન્યપદ આપે તો તેઓ જરૂર સફળ નવલકથાકાર બની શકે એવી આશા એમણે સફળ રીતે આલેખેલાં પાત્રો અને પ્રસંગોની યથાર્થતા દ્વારા જાગે છે

જો લેખકે સાધારણ માણસો પર નજર ન નાખી હોત તો આ નવલકથાના બે ખંડ શું અખંડ પણ મુશ્કેલીથી બનત

લાલ પડછાયા અનુવાદક ધૂમકેતુ પ્રકાશક નવી દુનિયા ગ્રંથમાળા અમદાવાદ કિંમત રૂ એક

શ્રી ...ની કમ્યુનિસ્ટ ચળવળને લગતી ઉપયોગી વાર્તાઓનો સુંદર અનુવાદ છે વાર્તાઓમાં જુદી જુદી રીતે જુદા જુદા લેખો આપી સમર્થ છે જાપાની વાર્તાઓ તો હિંદી પાત્રોમાં લખી છે પણ ચીની વાર્તાઓ ચીની પાત્રોમાં હોવા છતાં બધું વાતાવરણ હિંદી જ લાગે છે એ અનુવાદકને જ ઘટે છે

વીર નર્મદ લેખક વિશ્વનાથ મગનલાલ ભટ્ટ પ્રકાશક ગુજરાત ... રાવપુરા વડોદરા કિ રૂ ૧

ગુજરાતી સાહિત્યમાં સમર્થ વિવેચક તરીકે પુરવાર થઈ ચૂકેલા શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વીર નર્મદના જીવન ઉપર સુંદર વિવેચન રજૂ કરતું આ અમૂલ્ય પુસ્તક ગુજરાતી જનતાને આપ્યું છે જીવન ચરિત્રના આલેખન કરતાં જીવન વિવેચનનું આલેખન જેવું જરૂરનું અને પ્રતિપાદન હેતુ લેખકે તેનું દર્શન આ પુસ્તકથી જરૂર થાય છે

કવિ નર્મદ ગુજરાતનો સાચો કવિ હોવા છતાં એની પ્રતિભામાં એ ચાપલ્યનું અતિશય

હોવા છતાં લેખક એમાં ખેંચાઈ ન જતાં કવિના જીવન અને કવન ઉપર ખૂબ તટસ્થપણે મત રજૂ કરી શક્યા છે નર્મદ વીર હતો, ટેકીલો હતો, જ્યોતિર્ધર હતો પણ સારો કવિ તો નહોતો જ

કવિની ગરીબાઈનું દર્શન ક્યારેક વાચનારનું કાળજું ચીરી નાખે એવું રજૂ થયું છે પણ મને લાગે છે કે અહીં જરા શોભવાની જરૂર છે કવિ અતિખર્ચાળ હતા અને પરિણામે એમને એ ગરીબાઈ વહોરે જ છૂટકો બીજાઓને મદદ કરવા માટે એઓ જે નાણાં વાપરતા તે ખર્ચ તેમના અંગત અને ઘરના ખર્ચ આગળ નાનો અંશ માત્ર હતો આવા પ્રકારની ગરીબાઈ તરફ સહાનુભૂતિ હોઈ શકે કે નહિ એ એક પ્રશ્ન છે

પ્રત્યેક ગુજરાતી વાચનાર માણસે આ પુસ્તક અવશ્ય વાંચવું જોઈએ પુસ્તકાલયોએ તો સત્વર ન ખરીદ્યું હોય તો ખરીદવું જોઈએ

જીવન સંસ્કૃતિ લેખક—જેઠાલાલ છોટાલાલ શાહ પ્રકાશક મૂલજી નાથજી ભૂલેશ્વર મુંબઈ

'સજીવન' નામના શાંતિના માસિકનું આ ભેટ પુસ્તક છે લેખક તરીકે શ. ઊર્મિલનું નામ છે પણ એમના લેખો પ્રસિદ્ધ કરનારે નકામાં નિવેદન આગળ મૂકી નાખ્યાં દેખાય છે 'જીવન સંસ્કૃતિ' 'સજીવન' માસિકની ઉત્પત્તિ ઈ ની તકરારોનું પુસ્તક ગણાવું જોઈએ પણ તે ય ઊર્મિલના કેટલાક લેખો તો ઘણા સારા અને આશાસ્પદ છે

જીવન્ત પ્રકાશ કર્તા ગોવિન્દભાઈ પટેલ પ્રકાશક ગોરધનભાઈ પટેલ વડોદરા મૂલ્ય રૂપિયો એક

સારી રીતે લખાયેલાં એવાં બે ખંડકાવ્યો આમાં સંગ્રહાયાં છે વાંચતાં વાંચતાં એવી શંકા થઈ આવી ખરી કે કોઈના અનુકરણમાં આ કાવ્યોનું વ્યક્તિત્વ ઢંકાયું હશે પણ એ શંકા ખોટી ઠરી છે એ અમે સાનંદ નોંધીએ છીએ કવિની એ સ્વતંત્ર કૃતિઓ છે લાંબાં કાવ્યોના પ્રવાહને વચગાળે જે શિથિલતા નડે છે તેનાથી આ બંને રચનાઓ મુક્ત નથી ને પુનરુક્તિદોષો—જે ગમે તેવા બંડખામાંથી પણ નિવારવા અશક્ય—પણ ક્યાંક દેખાયા છે છતાં કવિતાના મૂલ્યમાન અંશો ઠેરઠેર જડે છે ઉર્વશીના વિષયોત્તેજક આકર્ષણને પ્રશ્નાધીન અર્જુને મતોમનથી હઠાવ્યું એ પહેલા કાવ્ય 'જીવન્તપ્રકાશ'નો વિચારવિકાસ છે શૈલીને અતિસંસ્કૃત બનાવતાં જતાં વસ્તુમાંથી મોહકતા અને કુમાશ ઉડી ગયાં છે, ને કિલષ્ટતા પણ આવી છે ચણતરમાં તેજરૂપ મૌલિક તત્ત્વો પ્રવેશતાં હોય એવે ટાણે કવિ શબ્દો શોધવા બેસી જાય એ જરાય ગમતું નથી દાખલા તરીકે

ધાણી ભૂત મજીવની, જગત આ વર્તુલ ત્રિભુવન
આકર્ષે લઈ સ્વર્ગધામ કરમાં અવ્યક્ત કેવી સજા,
પહોંચે ના મુખ, સારા લેશન ફળે તેથી સહુ હારતા
યત્નોની અવધી થતી જનથકી સાચી સ્થિતિ જાણતા

નવા કવિની ઉછાળવીવૃત્તિથી બંને કાવ્યો મુક્ત છે એટલે તો વિષયને સારું પીઠબળ આપી શકાયું છે વળી ગતિને અનુકૂળ એવી છંદયોજના પણ મુગ્ધ કરે તેવી છે બીજું કાવ્ય 'અગ્નિશિખા' વિશે પણ અમારે તો એજ કહેવાનું છે યતિની બાંધણીમાં એક જ હથોટી છે છતાં બીજા કરતાં પહેલું વધારે સુવાચ્ય છે 'વસંતવિજય' અને 'દેવયાની' પછી ઘણે વર્ષે એ જાતનાં કાવ્યો ગૂજરાતને મળે છે, એ કવિતારસિકો માટે આનંદનો વિષય છે

પાછળ અનુપૂર્તિ આપીને પુસ્તકના મૂલ્યમાં વધારો કર્યો છે—ને અનુપૂર્તિકારનું નામ છૂપાવીને ગુનો પણ કર્યો છે કૃતિને સચિત્ર કરવામાં અમારી ધારણા તો કાંઈક આવી છે કે કવિતાના અધૂરા રંગો એ ચિત્રોમાંથી શોધી લેવાય અમે ધારીએ છીએ એજ હેતુથી જે આમાં ચિત્રો

મૂકાયા હોય તો અમે એ ચિત્રોને બાતલ કરવાની સલાહ આપીએ છીએ

સચિત્ર કાવ્યસરિતા કર્તા, પ્રકાશક મહાસુખભાઇ ચુનીલાલ શેઠ, વિસનગર, મૂલ્ય રૂ ચાર

કાવ્યસરિતાની આ ત્રીજી આવૃત્તિ પહેલી બે ને મુકાબને વધુ દળદાર બની છે, ને પાને પાને ચિત્રો પટેરી મોહિનીરૂપ પણ ધારણ કર્યું છે એણે કવિતાના અત્યારના બીજા પ્રકાશનો જોતા, કર્તાની નિરૂપણરીતિ ગના જમાનાની કહી શકાય પ્રત્યેક કાવ્ય કઈ ને કઇ બોધકતત્ત્વ લાવીને હાજર થયુ છે એક તો લેખક પાસે વિશિષ્ટ ભાષાસમૃદ્ધિ નથી વિચારોમા ઉદારતા નથી અને કલ્પના પણ નથી એટલે કર્તા કવિ થવાને બદલે શિક્ષાગુરુ બની ગયા છે

કવિતામા બોધકતત્ત્વો આવે એ ખોટુ નથી પણ તે માનવતાને સ્પર્શે તેવા, ચિંતનથી ભરેલાં અને ઉર્ધ્વગામિમુખ હોવા જોઈએ સર્વભોગ્ય કલા કવિતાને હાનિકર્તા નથી હાનિકર્તા છે એનું રૂઢિચુસ્ત સ્વરૂપ જીવનની નિગૂઢ ગભીરતાને વણી આપવી એનુ નામ કવિતા અને આ જાતિની કવિતા માટે તો એવી ગભીરતાની ખાસ જરૂર રહે છે કવિ જીવન ઉપર આત્મવિકાસનો સૂર્ય વિશેષ ઉગ્રતાથી તપવા ન દીધો હોય તો તો એવી સિદ્ધિ મળવી વિરલ

શ્રી રમણલાલ દેસાઇની પ્રસ્તાવનાનો ગમે તે હેતુ હોય અમે એમના મતવ્યો સાથે સહમત થઇ શકતા નથી ગુણની દૃષ્ટિએ પ્રત્યેક કાવ્યને ફરીફરીને તપાસીએ તો યે એમાથી ગુજરાતી કવિતાની પ્રાથમિકદશા પણ દેખાવાની નથી દલપત યુગનુ સહેલામા સહેલુ ઉર્મિનાદત્વ પણ એના કર્તાને મળ્યુ નથી

પ્રકૃતિકાવ્યોમા કર્તા ક્યાક ક્યાક દૃષ્ટિવાન બન્યા છે પણ ચઢાણની મર્યાદા એમના લક્ષમા નથી એટલે કેટલાક વર્ણનોમા પ્રમાદની ખામી જણાઇ આવે છે 'ગિરિમાળાનો દેખાવ'ની છઠ્ઠી ધારામાં–

> દેવાલયે કઇ કઇ રચના રૂક્ષરૂન્દે !
> ન્યાતીનના લઘુ ઉપાશ્રય કોઇ શૃંગે
> યાત્રાળુ લોક શ્રમથી શિખરે ચડે છે
> કો' ઉતરે ધીરજથી, રડી કો' પડે છે

પહેલી ત્રણ લીટીઓ વાચકી વિચારતી ગમે તેવી છે, પણ ચોથી લીટીમા ઉતરનારા યાત્રાળુને શા સારૂ રડાવ્યા છે તે સમજાતુ નથી આ લીટી એ ઉદાહરણ માટે મૂકી છે આવી અસગતતાથી કોઈ કોઇ કાવ્ય જ મુક્ત છે

કવિતાના પુસ્તકો વેચાતા નથી એવી જોરશોર ફરિયાદોની વચ્ચે કર્તાને આવુ મર્યાદિત પ્રકાશન પ્રગટ કરવા બદલ ધન્યતા ઘટે છે ચિત્રો તો કવિતાની ભાવનાને અનુલક્ષીને તૈયાર થયા હોવાથી તે વિશે અમારે ચિત્રકરમપને કશુ કહેવાનુ નથી પણ સ્વ ત્રિભુવન પટેલ પછી શ્રી કનાબ્ધિએ એમની કુમાશ ભરેલી પીંછીના આશાસ્પદ દર્શન અહીં કરાવ્યા છે એ આનંદદાયક બીના છે

કો

રશ્મિ અંક ત્રીજો ગુજરાતી સાહિત્ય મંડળ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ મુંબઇ તંત્રી પ્રો ગૌરીપ્રસાદ ઝાલા, એમ એ

સાધારણ રીતે આજના શિષ્ટ સામયિકોમા દેખા દે છે તે જાતનુ સાહિત્ય –કાવ્યો–વાર્તાઓ નિબંધિકાઓ –વિવેચનાઓ– આ અંકમા સગ્રહાયેલુ છે કવિતાઓનુ ધોરણ ઉચ્ચ પ્રતિનુ છે. ચર્ચાત્મક રીતે રજુ થતા 'કુસુમપાળ 'વાર્તાકના લેખો તેમજ 'સ્ત્રીનુ સાચુ સ્થાન ક્યા' એ ચર્ચાનો હેવાલ રસપ્રદ છે સામાજિક સેવાના ક્ષેત્રો હિંદ અને ઉદ્યોગવાદ વગેરે નિબંધિકાઓ ધ્યાન ખેંચે તેવી છે આમ અનેક રીતે રશ્મિનો વિકાસ ધ્યાન ખેંચે તેવો છે

સુમિત્રાનું દર્દ

"હું કમાઈશ એટલે આપણે બંને સરખાં થઈશું."

"આપણે સરખાં જ છીએ."

"ના, હું કમાઈશ એટલે તમે મને ભેટ આપીને નહિ પણ નિર્વ્યાજ પ્રેમ આપીને જ આનંદ લઈ શકશો."

"અરે, અરે સુમિ!..."

"હું સાચું કહું છું. પછી મને ભાર નહિ લાગે, તમને પણ ભાર નહિ લાગે. આપણે બંને હળવા બનશું."

"મને ભાર નથી લાગતો, તું આવું બધું ક્યાંથી સમજી ગઈ?"

"તમને ભાર લાગે છે, જૂઓને, તમે મારા માટે કંઈ નથી કરી શકતા એનો તમને કેવો ભાર લાગે છે! હું કમાવા જાઉં છું એનો ભાર પણ તમને ક્યાં નથી લાગતો?"

"તુ વિચિત્ર બોલે છે"

"ના, સાચું જ બોલું છું. તમે જોજો, થોડાક દિવસો વીતશે એટલે તમને પણ આ સાચું લાગશે."

"મને સમજાતું નથી સુમિ! કે તને શું થઈ ગયું છે?"

"મને કંઈ નથી થયું. આપણા દર્દનું સાચું કારણ સમજાયું છે."

"શું?"

"કોઈએ કોઈના ઉપર ઉપકાર ન કરવો."

"એટલે?

"એટલે કાંઈ નહિ."

"તું ચોકખું બોલ."

"ચોકખું જીભથી નહિ બોલી શકાય."

"તો પછી?"

"જૂઓ, હું હમણાં મારા કામ ઉપર જાઉં છુ અને સાજા થયા પછી તમે પણ જજો-બસ, પછી બધું બરાબર થઈ રહેશે"

સુમિત્રા ઉઠીને ચાલવા લાગી.

"પણ ..."સુધીરે હાથ લાંબો કરી કહ્યું.

"પણ કંઈ નહિ." સુમિત્રા જવાબ આપી બહાર ચાલી ગઈ. સુધીર નિસાસો નાખતો એને જોઈ રહ્યો

દાની ભિખારણ

: શાર્દૂલ :

નિત્યે બેઠી નિહાળું એક જ સ્થળે રસ્તા પરે, ટેકવી
વાંસો પાછલી પત્થરોની ભિંતપે, હાથે કટોરું લઈ;
દુઃખો ઠોકતી ભાજને સ્વર ઉઠે ઊંડા, ધીમો, બોખરો.
'રાખો ઈશ્વર આપને સુખી', ન કે' કો દી 'મને કાંઈ દો'.

અજ્ઞાત

કૌમુદીના ગ્રાહકોને લાભ

૧૯૩૯ના વર્ષમાં તમે કૌમુદીના ગ્રાહક હો તો
જીવનચરિત્ર, નાટકો, નવલિકાઓ, નવલકથા, પ્રવાસવર્ણન, વિજ્ઞાન
વગેરે વિષયોનાં
મૌલિક છ–સાત પુસ્તકો મનોહર ઉપરંગમાં આપની અદ્યતન છતાં ગમતી

કૌમુદી ગ્રંથમાળાનાં

ગ્રાહક થઈ જાઓ ને !

કારણ કે આશરે રૂ. દસ ઉપરાન્તની કિંમતના ૧૨૦૦ ઉપરાંત પૃષ્ઠનાં આ
પુસ્તકો છૂટક ખરીદવા મોંઘા પડશે

પહેલાં ચાર પુસ્તકો

વીર નર્મદ :	વિશ્વનાથ મ. ભટ્ટ	છૂટક કિં. રૂ	૧
સાપના ભારા :	ઉમાશંકર જોશી	,,	૧ાા
હવે પછી			
દક્ષિણ હિંદનો પ્રવાસ :	સુન્દરમ્	,,	૨
ખમાં બાપુ ?	ચન્દ્રવદન મહેતા	,,	૨

વાર્ષિક લવાજમ રૂ. ૫ પોસ્ટેજ સાથે

કૌમુદીના ગ્રાહકોને રૂ. ૪ ,,

આ અંકનો વધારો

તમારે ત્યાં આવે છે?

એ નવું, સંસ્કારેલું, સમૃદ્ધ થએલું, રૂપ રંગ અને ગુણવત્તામાં વધેલું 'કુમાર' તમારે ત્યાં આવે છે?

પહેલાં આવતું હતું ને હવે બંધ થયું છે? કે પહેલાં અથવા હમણાં કદિ તમે એ જોયું જ નથી? તેર વર્ષનું જૂનું એ માસિક ગુજરાતી સાહિત્યમાં પ્રતિષ્ઠિત એટલું જ ગૌરવાન્વિત છે.

'જૂનું એટલું સોનું' એની સાબિતી આપતું છતાં જૂનાનું બંધિયારપણું તેનામાં નથી. પણ અનુભવના પીઠબળ સાથે નૂતનતાની તાજપ એ ધરાવે છે.

એણે ખાતરી કરી આપી છે કે

(૧) એની વાંચનસામગ્રીની વિશુદ્ધિ અને સંગીનતા હમેશાં ઉચ્ચ કોટિના રહ્યાં છે.
(૨) કલા અને સંસ્કારિતાનો સૌથી મોટો ફાળો આપનારૂં માસિક એ એક જ છે.
(૩) એના લેખોની વિવિધતા અને ચિત્રમયતા હમેશાં ચડિયાતી હોય છે.
(૪) રૂપવિધાન, ઉઠાવ, કલાત્મક રચના અને રંગમયતામાં તો એ અજોડ છે.
(૫) જ્ઞાનપિપાસુ, સંસ્કારવાંછુ, પુરુષાર્થપ્રેમી કે સાહસશોખી—સૌ રસના ઇચ્છુકોને એકસરખી તૃપ્તિ અને આનંદ આપનારૂં એ અગ્રણી માસિક છે.

એ માસિક—'કુમાર' તમે જોયું છે?
તમે જોયું હશે તો આટલી વાતની તમારી ખાતરી થઈ જ ચૂકી હશે.
ન જોયું હોય તો નમૂનાનો અંક મંગાવીને ખાતરી કરી શકો છો. મફત મળશે.
એનો કોઈ પણ અંક જુઓ, અને તમે ગ્રાહક થવા લલચાશો.
મંગાવી જુઓ.
જાન્યુઆરીથી નવું વર્ષ શરૂ થાય છે.
લવાજમ છ રૂપિયા.

કુમાર કાર્યાલય ૧૪૫૪, રાયપુર : અમદાવાદ

ચિત્રો વિનાનું ઘર સ્મશાન સમું છે

એમ હિંદુ શાસ્ત્રો કહે છે.

૧૧×૧૪" ના માપના મોટા જાડા આર્ટબોર્ડ પર મનોરમ ત્રિરંગી છપાઈથી છાપેલા, ગુજરાતના અગ્રણી કલાકારોની કલમના નમસ્કારી ભાવનાવાળા છ સુન્દર ચિત્રો—

એક રૂપિયાની કીમતના—

દરેકનું શું થયું?—

પૂરા પોણા ત્રણ આના પણ નહિ—

અરે, સાદી મજાક છાપા પણ ચાર આનાથી ઓછે નથી મળતી!

ત્યારે આ ઊંચી કલાસામગ્રી આટલી સસ્તી મળે છે!

એનો લાભ કેમ ન લેો?

ગુજરાતના ચાર રવિશંકર રાવળ કનુ દેસાઈ રસિકલાલ પરીખ સોમાલાલ શાહ અને છગનલાલ જાદવ [illegible] ચિત્રો [illegible] રૂ. ૧.૦૦ [illegible]

એવુંજ એક બીજું સસ્તું કલા-પ્રકાશન



આજ દિવસ સુધી ગુજરાતી ભાષામાં જેની ઊણપ હતી તે વિષય અજન્તાની કલા ઉપર, રવિશંકર રાવળ જેવા જાણકારને હાથે લખાએલું પરિચયાત્મક, સહૃદય, વિશદ લખાણ—

નવ ત્રિરંગી ઉત્તમ ચિત્રો—

મોટા પાના ભીંતોભીંત ભરીને ચિત્રો તથા શિલ્પના ફોટોગ્રાફો અને પાનેપાને અજન્તાની ગુફાઓના વેરતા કલાત્મક રેખાંકનો—

એ બધાથી સભર ભરેલું પુસ્તક

માત્ર દોઢ જ રૂપિયાની કીમતમાં!

પોસ્ટેજ રજિસ્ટ્રેશન પાંચ આના

અજંતાના કલામંડપો

વિશુદ્ધ સંસ્કારવતી કલાને ઘરઘર પહોંચાડવાની કરીને દેશમાં કલાસંસ્કાર ફેલાવવાના પ્રયત્ન તરીકે આ સસ્તાં પ્રકાશનો સ્વીકારનો માળા શરૂ કરી છે એમાં સાથ આપો અને લાભ લ્યો.

ગુજરાત

આદ્યતંત્રીઃ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી

સાહિત્ય સંસદનું મુખપત્ર

દરેક અંકમાં

પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ
અને રાજાધિરાજ એ નવલત્રિપુટિના
પૂર્વ સમયની શ્રી. મુનશીની
ગુજરાતની અસ્મિતાનું ભાન
કરાવતી, વેગવતી નવલકથા

જય સોમનાથ

(દરમાસ એક હફતો છપાય છે)

શ્રી ધનસુખલાલ મહેતા, ધૂમકેતુ, વિનોદિની નીલકંઠ, મનહરકુમાર વીણ વગેરેની
સચોટ નવલિકાઓ, એકાંકી અને દીર્ઘ ચાલુ નાટકો.

ચન્દ્રવદન મહેતા, બેટાઈ, ઉમાશંકર, મનસુખલાલ, સુન્દરમ્, પૂજાલાલ,
બાદરાયણ, રમણિક અરાલવાળા વગેરે કવિઓના કાવ્યો.

સાહિત્ય પરિષદનાં વિવેચનપૂર્ણ વ્યાખ્યાનો

વાર્ષિક લવાજમ { હિંદમાં-પુસ્તકાલયો અને સંસદના મણ્ડપો માટે રૂા ૪;
અન્ય ગ્રાહકો માટે રૂા. ૫ પરદેશમાં ૧૨ શીલીંગ

આપને ગુજરાતીઓમાં જાહેરાત કરવી છે ?

આપના સંદેશો પહોંચાડવાનું ‘ગુજરાતને’ સોંપો.

કાકાસાહેબ કાલેલકરની

જ્ઞાનસમૃદ્ધિ અને અનુભવનો લાભ આપના બાળકોને આપવો છે?
તેઓશ્રી દર મહિને

"કિશોર"

માસિકના વાચકોએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર 'કિશોર' દ્વારા
આપે છે એ અમોલો લાભ આપના બાળકોને જરૂર આપો.

'કિશોર'ની બીજા વર્ષની વિશેષતાઓ :

(૧) હિંદુસ્તાનના સચિત્ર પ્રવાસ લેખો નવા વર્ષની શરૂઆતથી આપવા માંડયા છે.

(૨) 'ખગોળની વાતો' નામની સચિત્ર લેખમાળા આ વર્ષે શરૂ થાય છે.

(૩) 'ભૂસ્તર વિદ્યા' વિષેની ત્રણ હપ્તાની લેખમાળા અપાશે.

(૪) આખા વર્ષ દરમ્યાન પ્રકૃતિ સૌંદર્યના તથા પશુ—પક્ષીનાં ચિત્રો મોટે ભાગે આપવની યોજના કરી છે

(૫) વર્ષ દરમ્યાન બાળકો ભજવી શકે એવી છ નાટિકાઓ અપાશે. જીવન-ચરિત્રો, ઐતિહાસિક લેખો, વૈજ્ઞાનિક લેખો, નિત્યનો આચાર, કાવ્ય પરિશીલન, જીવનની ફોરમ વગેરે તો હશે જ.

ખાસ લાભ

ચાલુ સાલના મે માસની ૩૧મી તારીખ સુધીમાં બીજા વર્ષના ગ્રાહક થનાર પહેલા વર્ષના બહાર પડી ચૂકેલા બાર અંકો અર્ધી કિંમતમાં (ફક્ત રુપિયા બેમાં) મળી શકશે

લવાજમ: હિંદમાં રૂ. ૪) પરદેશમાં રૂ. ૬)

કિશોર કાર્યાલય
પારસી અગિયારી સામે,
અમદાવાદ

પત્ની–પુત્રી–ભગિની

એમને

લગ્ન–વર્ષગાંઠ કે બીજા શુભ પ્રસંગે

શું ભેટ આપશો ?

સ્ત્રીશક્તિ ગ્રંથમાળાનાં પુસ્તકો

જે આખા ગુજરાતમાં વખણાયાં છે.
જેને સરકારે પણ મંજુર કર્યાં છે.
જે સચિત્ર અને રસિક છે,
જે ઉપયોગી અને જ્ઞાનદાયક છે.

તે–

કુલ ૬૦ પુસ્તકો બહાર પડયાં છે જે રૂા. ૨૫)માં આપવામાં આવે છે.

થોડાંક નામો

સુઘરતા અને સુંદરતા	૦–૮–૦	વીર રોઝા	૧–૦–૦
કમનસિબ સવિતા(વંધ્યા)	૦–૪–૦	દેવી ચોધરાણી	૧–૮–૦
કાયદામાં સ્ત્રીઓનું સ્થાન	૦–૩–૦	રઝીયા બેગમ	૦–૩–૦
અર્ધાંગના	૦–૪–૦	માંદગી અને માવજત	૦–૪–૦
ભરત ગુંથણ	૦-૧૦ ૦	પ્રતિ પ્રભુ છે	૦–૧–૦
પારસી વાનીઓ	૦–૬–૦	વાતનું વતેસર	૦–૧–૦
ઘરેણાંનો શોખ	૦–૧–૦	પારસી લગ્નગીતો	૦–૬–૦
જીવન પલટો	૦–૪–૦	સુખી ઘર	૦–૩–૦
સ્ટવનું શાસ્ત્ર	૦–૩–૦	વહેમી પતિ	૦–૩–૦

લખોઃ–

સ્ત્રીશક્તિ • કેળાપીઠ • સુરત

ગાંડીવની કુમારમાળા

માધ્યમિક શાળાઓમાં ઈતર વાચન તથા
ઇનામ વગેરે માટે ખાસ ઉપયોગી
કુમારોને પ્રેમ આપે ને શૂરવીર બનાવે
તેવા હેતુથી ખાસ રચાયલુ વીર સાહિત્ય

૧. ગોરીલાનો પ્રેમ: આ પુસ્તક ગુજરાતી ભાષામા એક નવું જ પાનું ખોલે છે. દોડતી દુનિયામા થતા સાચ્ચા સાહસોની કહાણીઓ આમા આપી છે (૧)ગોરીલાનો પ્રેમ (૨)જીવતા સમાધી (૩) આચીયા (૪) રામપૂરી વાઘ (૫) શેમોય શિકાર (૬) અજબ હિંમત! આવી તદ્દન સાચી બનેલી ને છતા રૂંવેરૂંવા ખડા કરનારી અદ્ભુતતાથી ભરેલી આ વાતો અપૂર્વ તાઝગીથી ભરેલી છે અને તે વાચતા હૃદય થનગની ઉઠે છે રોમરોમ પ્રાણ પ્રગટે છે કિંમત માત્ર આઠ આના.

૨. પૂછડિયા પ્રદેશમાં: ચાર ગુજરાતી જુવાનડાને મન થઇ જાય છે કે શિર માટે કઇ શોધખોળ કરવા નીકળી પડવુ અને એ ચાર મરણિયાની નીકળેલી ટોળી કઇ કઇ વિઘ્નો અને સંકટો વટાવીને એક નવીજ જાતની પ્રજાના અજબ પ્રદેશમા જઇ પહોચે છે અને ત્યા અદ્ભુત અનુભવો મેળવે છે એ રંગભર કથા એટલી તો તનમનાટભરી છે, કે તમારૂં રૂંવેરૂંવુ ખડુ થઈ જાય અને નસેનસમા શૂરાતન જાગે કિ ૦-૮-૦

૩. શિકારિકા: લે શ્રી જીવરામ જોશી ગુજરાતી જુવાને જાતે અને કોઇની સાથે કરેલા શિકારોની સાચ્ચી કહાણીઓ તેની પોતાની કલમમાથી ઉતારેલી આ બ્યાનો વાચીને દરેક ગુજરાતી સ્ત્રી પુરૂષના રૂંવા ખડા થશે અને છાની ગજ ગજ કુદશે સાથે ફોટો પણ આપેલો છે. સાપનો શિકાર, રીંછનો શિકાર, શિયાળનો શિકાર સૂવરનો શિકાર, મરઘીનો શિકાર બધી જાનસાટેની રમતો. કિ ૦-[illegible]-૦, ૦-૫-૬ની ટિકીટો જરૂર મંગાવી લ્યો

૪-૫. ગેબી સૃષ્ટિ: બે ખંડમા સર આર્થર કોનન ડોઇલની લખેલી વિજ્ઞાન અને સાહસના સમન્વયવાળી અનોખી વાર્તા દરેકના ૧૦ આના બે ભાગ સાથેજ મળશે

ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત.

અંજલિ ગ્રંથમાળા

ત્રીજા વર્ષનાં પ્રકાશનો

૧૯૩૭–૩૮

ગ્રંથમાળાએ દર વરસે પ્રગતિ જ કરી છે. આ વરસે નીચે લખેલાં પાંચ પુસ્તકો, નીચે જણાવેલા સમયે અચૂક પ્રગટ થશે અને તરત જ ગ્રાહકોને મોકલવામાં આવશે.

એ પત્ની કોની?

લેખિકા : ઇંદિરા સહસ્રબુદ્ધે

[પ્રગટ થઇ ચૂક્યું છે]

'સ્ત્રીજીવનનાં પ્રશ્નો', મુખ્યત્વે સ્નેહલગ્ન અને છૂટાછેડાના, આ પુસ્તકમાં આત્મકથાના રૂપમાં ગૂંથવામાં આવ્યા છે. એક માતા મરતા પહેલાં પોતાના જીવનની દર્દમય અને રહસ્યમય વાતો એની પુત્રીને કહેતી જાય છે, એ આશા સાથે કે અંધારા માર્ગે એની પુત્રીને ચાલવું ન પડે.

અંતરની વ્યથા

લેખક : સોપાન

[જુલાઇમાં પ્રગટ થશે]

'અંતરની વાતો' જેવી જ પાંચ સૈનિકકથાઓ આ પુસ્તકમાં રજૂ થાય છે. પાંચેય કથાઓમાં વિવિધતા છે અને સૈનિકજીવનનાં ભિન્નભિન્ન પ્રશ્નોની ચર્ચા છે. અંતરની વાતો જેટલી જ પ્રવાહી અને રસમય શૈલીમાં આ કથાઓ આલેખાયેલી છે. આ કથાઓ વાંચતા નૂતન ગુજરાતના શિલ્પીઓના હૃદયનો તમને પરિચય થશે.

આવતી કાલ

લેખક : રામનારાયણ ના. પાઠક

[સપ્ટેમ્બરમાં પ્રગટ થશે]

આ નવલકથા છે. એમાં આવતીકાલ કોની છે એ બતાવ્યું છે. પ્રથમે સામાન્ય ખેડૂત પછી ચોર અને છેવટે રાષ્ટ્રવીર થતા એક શ્રમજીવીની આમાં કથા છે. આખી કથામાં આજની અર્થવ્યવસ્થા અને રાજવ્યવસ્થાની માર્મિક ચર્ચા છે. રિદ્ધિવંતો અને સિદ્ધિવંતોથી પીસાતી પ્રજાનું માનસ આમાં ચિતરાયું છે. આ નવલકથા આ લેખકની પ્રથમ કૃતિ 'પચાસ વર્ષ પછી' ની જેમ જ ગુજરાતને નવી લાગશે.

વિજ્ઞાનવીરો

લેખક : મૂળશંકર મો. ભટ્ટ

[નવેમ્બરમાં પ્રગટ થશે]

આ પુસ્તકના નામમાં કદાચ ફેરફાર થશે. જગત-કલ્યાણને અર્થે મોતની સાથે બાથ ભીડી મહાન શોધો કરનાર વિજ્ઞાનવીરોના જીવનપરિચયો અને એમની સાહસકથાઓ આમાં આપી છે. જેણે પ્રજાના કલ્યાણ અર્થે પોતાનું જીવન તુચ્છ ગણ્યું છે અને પોતાને મળેલા આયુષ્યની પળેપળ ખર્ચવામાં જેણે અદ્ભુત ત્યાગ, વીરતા અને ઉદારતા બતાવ્યાં છે, તે વીરોનાં જીવનચરિત્રો ગુજરાતને પ્રેરણા આપશે.

આત્મભાન

લેખક : સોપાન

[જાન્યુઆરીમાં પ્રગટ થશે]

'સંજીવની' તમે વાંચ્યું હોય તો અનંત, કાન્તા, વિનુ, સુમન, ચંદ્રા વગેરેને પિછાનતા હશો. એ પાત્રો દ્વારા જ આ નવલકથાની રચના થાય છે. આમાં ક્રાંતિની દૃષ્ટિએ ગ્રામસેવા ગ્રામસેવકોના બહાર અને અંદર જીવનની સમસ્યાઓ, ગામપ્રજાનું માનસ, ઉપર ઝઝૂમી રહેલી રાષ્ટ્રવ્યાપી લડતની તૈયારી ઇત્યાદિ પ્રશ્નોને ગૂંથવામાં આવ્યા છે. 'સંજીવની'ના પાત્રોથી જ આ કથા શરૂ થશે છતાં સ્વતંત્ર નવલકથા રહેશે.

: ગ્રાહક થવા માટે લખો :

અંજલિ ગ્રંથમાળા : : રમકડાં માર્કેટ : : અમદાવાદ



એ પત્ની કોની?

સંપાદક — યજ્ઞેશ હ. શુક્લ

પુસ્તક વાચનારને જણાશે કે આ કોઇ નવલકથા નથી, પણ પોતાની સમસ્ત સ્થાઈ રહેલા સમાજજીવનનો કરુણ ઇતિહાસ છે એક સ્ત્રીની દર્દકથા છે આમા ન સમજાય કે ન મનાય એવુ કશુ નથી, આપણા જીવનમા અને આપણા ઓળખીતાના જીવનમા જોઇ શકીએ એવા બનાવો કલામય રીતે આલેખવામા આવ્યા છે આ એક નવીન ઢબે લખાએલુ પુસ્તક છે

: અં જ લિ ગ્રં થ મા ળા :

ર મ ક ડાં મા ર કે ટ : અ મ દા વા દ



સંપાદક

શ્વરલાલ મોહનલાલ દવે

આ અંકમાં

છાના પ્રવાહો
અનંત સ્મિત
ગૃહ પ્રવેશ
કલ્યાણમૂર્તિ
પ્રેસીડન્ટ મસારિક
લેખક અને વિવેચક
આંતરરાષ્ટ્રિય આંદોલનો
એક તંત્રીની વિચારમાળા.

HINDU HIGH SCHOOL
BOMBAY.

મુદ્રક • ઘનશંકર કૃ. શુકલ
પ્રભાતપ્રેસ • ડેન્સો હૉલ • કરાચી

ઊર્મિ

પ્રકાશક • સુરેશ રા. બાબરીઆ
ઊર્મિ કાર્યાલય • ડેન્સો હૉલ • કરાચી

વર્ષ છઠ્ઠું
અંક પાંચમો

સળંગ અંક
૬૫

અનુક્રમણિકા

ભાવના	શ્રી	૨૭૯
જ્યોત્સ્નાક્રાંતિ	જયદેવ દવે	૨૮૦
કાવ્યપ્રેરણા	નટવરલાલ મો. ગાંધી	૨૮૦
જ્યોતત્રયી	ઇન્દુલાલ ગાંધી	૨૮૧
સરહદપ્રાંત	અજ્ઞાત	૨૮૨
વિરાટપૂજા	નન્દકુમાર પાઠક	૨૮૨
છાના પ્રવાહો	શ્રીકાંત	૨૮૩
પ્રેસીડેન્ટ મસારિક	કાન્તિલાલ શાહ	૨૯૧
લેખક અને વિવેચક	ચ	૨૯૯
ગૃહપ્રવેશ	નગીનદાસ પારેખ	૩૦૨
આંતરરાષ્ટ્રિય આંદોલનો	ભાસ્કરરાવ વિદ્વાંસ	૩૦૯
એક તંત્રીની વિચારમાળા	જયસુખ મહેતા	૩૧૭
અનંત સ્મિત	'ક્ષ'	૩૨૦
ભ્રમણપિપાસા	શાંતિલાલ શાહ	૩૨૪
ગયે મહિને	... ...	૩૨૫
કલ્યાણમૂર્તિ	સોપાન	૩૩૩
અવલોકન	... ...	૩૩૭

અમારા મુખ્ય એજન્ટો:—

શ્રી જમનાદાસની કું.,	પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨
નૂતન સાહિત્ય ભંડાર	રમકડાં મારકેટ, અમદાવાદ
એલ. કે. મેઘાણી	૧૪, અમરતલા સ્ટ્રીટ, કલકત્તા.
પુસ્તકાલય સ. સ. મંડળ લી.	રાવપુરા, વડોદરા
ગાંડીવ લવાજમ એજન્સી	હવાડીયો ચકલો, સુરત

વાર્ષિક : : : : લવાજમ : : : : રૂપિયા ચાર

છૂટક અંકની કિંમત છ આના • પરદેશ દસ શિલિંગ

BOMBAY.
हा विद्या या विमुक्तये।

સૌને માટે
તાકાત-તાઝગીથી ભરપૂર
લિજ્જતદાર

ઝંડુ દ્રાક્ષાસવ

— વિના વિલંબે —
વાપરવા માંડો

ખાસ સ્ત્રીઓને માટે
તન્દુરસ્તી-તાકાતથી ભરપૂર
સ્ત્રીઓની નબળાઇમાં
આબાદ અસર કરનાર

ઝંડુ અશોકારિષ્ટ

પ્રદરાદિ રોગોનો
અકસીર ઇલાજ
દરેક ઘરમાં હોવો જોઇએ

ચાંદની જેવી શીતળ

ઝંડુની (શિલાજીત યુક્ત) ચંદ્રપ્રભા ગુટી

પેશાબનાં તથા ધાતુનાંદર્દોની રામબાણદવા
આજથીજ અચૂક અજમાવો

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ લી. પો. બો. નં. ૫૫૧૩ મુંબઇ નં. ૧૪
સિંધના સોલ એજંટ. ડાહ્યાલાલ બ્રધર્સ. સ્વામીનારાયણ બીલ્ડીંગ, બંદર રોડ, કરાચી.
○ આયુર્વેદિક દવાઓનું સૂચીપત્ર આજેજ મંગાવો ○

મહાગુજરાતનું માનીતું માસિક
શારદા

વાર્ષિક લવાજમ :
હિંદમાં : રૂા. ૧-૮-૦
પરદેશ શીલીંગ ચોક

તંત્રી :
ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા

ગુજરાતી માસિકોમાં શારદા કઈ રીતે ભાત પાડે છે ?

'શારદા' એ એકલું ગુજરાતી માસિક છે જે દર મહિને બે ત્રિરંગી ચિત્રો આપે છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે જે સોરઠી લોકસાહિત્યની રસલ્હાણ માટે સુપ્રસિદ્ધ છે.

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે કે જેના તંત્રી અંક, નવલિકા અંક, લોકસાહિત્ય અંક અને દીપોત્સવી અંક માટે હજારો લોકો દર વખતે રાહ જુએ છે.

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે કે જે શિષ્ટવર્ગ અને આમવર્ગના સાહિત્યનો સુમેળ સાધે છે

'શારદા' એ એકલું ગુજરાતી માસિક છે જે દર વર્ષે સોરઠી ઇતિહાસની રા રાયચુરાકૃત નવલકથા ગ્રાહકોને ભેટ તરીકે આપે છે

'શારદા' એ એકલું ગુજરાતી માસિક છે કે જે રોજના એક પૈસામાં સાહિત્ય અને જ્ઞાનનો રસથાળ દર માસે તમારે ત્યાં પહોંચાડે છે,

'શારદા' બાર વર્ષથી પ્રગટ થાય છે તમે એના ગ્રાહક થયા હશો જ. ન થયા હો તો નીચેના કોઈપણ સ્થળે આજ ને આજ ખબર આપો એટલે 'શારદા' શરૂ થશે

તંત્રી '**શારદા**' ચોરવાડ (કાઠિયાવાડ)

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લી: વડોદરા.
આર. આર. શેઠની કંપની, બુકસેલર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨



પેન્ટની લંબાઈનું માપ.

એકાર દુનીઆને મહાન આશિર્વાદ
સ્વતંત્રપણે જીવન ગાળવું હોય
આરામથી જીવન ગુજારવું હોય
કોઈના તાબેદાર ન રહેવું હોય
—: અને: —
વગર પૈસે વેપાર કરવો હોય તો
છાયા ટેલરીંગ કોલેજમાં
આજેજ દાખલ થાવ, અને શીવણ તથા
વેતરકામ શીખી લો.
શીવણ કામ શીખનારને ઉપયોગી પુસ્તક
માસ્ટર કટર—અથવા—હોમ—ટેલર
કિં. રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ ૦-૫-૦ સાથે મોકલી
મંગાવો.

છાયા ટેલરીંગ કોલેજ
વડોદરા

તા. ક. સવા આનાની ટીકીટ બીડી સુચિપત્ર મંગાવો

क्षणभंगुर जीवनज्योत

જીંદગીની ક્ષણભંગુરતાથી આપણે સૌ વાકેફ છીએ. સુજ્ઞ માણસો દીર્ઘદષ્ટિ વાપરીને પોતાના બાળબચ્ચાની પૂરતી સગવડ કરે છે આપણી સ્થિતિ સારી હોય ત્યારે આ કામ ઘણી સહેલાઇથી થાય છે અને કુટુંબને હમેશને માટે અપાર મુશ્કેલીઓમાંથી બચાવી શકાય છે. તમારી જીંદગીનો વીમો અશોક ઇન્સ્યુરન્સ કંપનીમાં ઉતરાવશો. પોલીશીની જુદી જુદી યોજનાઓની વિગતવાર હકીકત માટે આજે જ પ્રોસ્પેક્ટસ મંગાવો.

अशोक इन्स्युरन्स कं. लि.

બ્રાંચ ઓફીસઃ કચેરી રોડઃ કરાચી

ઊર્મિ જુન મહિને

ઝાંઝવાના જળ	(નવલિકા)	શ્રીકાંત
ગૃહપ્રવેશ	(નાટિકા)	નગીનદાસ પારેખ
સંસ્કૃતિનું સંગમસ્થાન	(વ્યાખ્યાન)	કવિવર ટાગોર
વીર મેઝીની	(જીવનચરિત્ર)	ચ
કલ્યાણમૂર્તિ	(ચાલુ નવલકથા)	સોપાન
આંતરરાષ્ટ્રિય આંદોલનો	(લેખ)	ભાસ્કરરાવ વિદ્વાંસ
આપણો દેશ	(આંકડાઓ)	છોટાલાલ કામદાર
રામુનુ ઘર	(નવલિકા)	ક્ષ
એક તંત્રીની વિચારમાળા		જયસુખ મહેતા
માંદગીનું મૂળ	(લેખ)	કાન્તિલાલ ગાંધી
ગૌરીના પતિને	(એક પત્ર)	પ્રબોધ

આ ઉપરાંત ઇન્દુલાલ ગાંધી, સુન્દરમ્, પૂજાલાલ, મોહિનીચંદ્ર વગેરે પ્રસિદ્ધ કવિઓના કાવ્યો, કવિતાની થેલીમાંથી, અભ્યાસપૂર્ણ નોંધ, જીવનચરિત્ર, અવલોકનો અને ભાવના વગેરે આવશે.

અમારી વિનંતિ છે કે 'ઊર્મિ'ના દરેક અંકને 'ધ્યાનપૂર્વક' જોયા વિના મૂકી ન દેશો.

- દર મહિનાની દસમી તારીખની અંદર અચૂક પ્રગટ થશે
- ઓછામાં ઓછા ચોસઠ પાનાનું વાચન અપાશે.
- વાર્ષિક લવાજમ રૂ. ચાર : પરદેશમાં શિલિંગ દસ.

ગ્રાહક થવા માટે આજે જ લખો

ઊર્મિ કાર્યાલય : ડેન્સો હૉલ : કરાચી

કિશોર મુંબઇ ઇલાકાના કેળવણીખાતા તરફથી મંજુર થયું છે.
વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સિમાં 'કશોર' શાળાઓ માટે મંજૂર થયું છે.

બે વર્ષ પૂરાં કરી 'કિશોરે' ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

અનેકવિધ સાહિત્ય અને સુંદર ચિત્રોથી સમૃદ્ધ ગુજરાતના કિશોર વિદ્યાર્થીઓનું માસિક

કિશોરોની જિજ્ઞાસાને ઉત્તેજી સંતોષે એવી અનેકવિધ અને રસમય સામગ્રી પૂરી પાડતું માસિક

ॐ કિશોર ॐ

તંત્રી : નગીનદાસ પારેખ

આવકાર

"કિશોર માસિક મને ખુબ ગમી ગયું છે. એટલું બધું ગમ્યું છે કે વડોદરા રાજ્યનાં પુસ્તકાલયોનું બજેટ મંજુર કરવાની તક મને મળી હોત તો રાજ્યનાં ઘણાં પુસ્તકાલયોમા 'કિશોર' દાખલ કરી દીધુ હોત ... ... માસિક માટે મારાથા બનતું કરીશ."

શ્રી મોતીભાઇ અમીન
વડોદરા

"...મને તો એક શિક્ષક તરીકે આ કક્ષાનુ બીજુ કોઇ સામયિક નથી, માલમ પડ્યું. બીજાં પણ પડતાં છીછરાં કે વધુ પડતાં ગંભીર છે, જ્યારે આ વિદ્યાર્થીને જોઇએ તેવુ જ છે 'સાહિત્ય પાઠાવલિ'ની યોજનાને અંગે મેં આપણાં બધાં માસિકો ઠીકઠીક ઉથલાવ્યા છે અને મને તો એમ લાગ્યું છે કે 'કિશોર' પાસે એટલું વૈવિધ્ય છે કે પાચ સાત વર્ષ કોઇ નવો સંગ્રાહક નીકળશે તો તેને પોતાના સંગ્રહનુ નામ 'કિશોર પાઠાવલિ' કે એવુ જ રાખવુ પડશે એટલા બધા પાઠો તેને 'કિશોર'માંથી લેવા પડશે. વિદ્યાર્થીઓ સમજે એવી ભૂમિકા ઉપર એનું લખાણ વિહરે છે. છતાં તેના સાહિત્યગુણ તેણે બરાબર જાળવી રાખ્યા છે, એટલે મને તો આનંદ સાથે ગર્વ પણ થાય છે.....હું તમને સતત રીતે મારાથી બનતી મદદ કરીશ."

ઝીણાભાઈ રતનજી દેસાઈ
[સ્નેહરશ્મિ]
પ્રિન્સિપાલ: જી. પી. હાઇસ્કુલ:
વિલેપારલે.

"... ... એની ભાતભાતની વાનીઓ વિદ્યાર્થીવર્ગની જુદી-જુદી જરૂરિયાતો અગર ઇચ્છા પરિપૂર્ણ કરે એમ છે. અને તેથી આખાય વિદ્યાર્થીવર્ગને એ પ્રિય થઇ પડશે જ, એ નિઃશંક બાબત છે. મારા જેવા વિદ્યાર્થીશિક્ષકને પણ એમાંથી ખૂબખૂબ રસ અને આનંદ મળે છે. મને તો પુરતી ખાત્રી છે કે તમારું આ નવિન માસિક દરેકે દરેક બાળક જોડે પ્રિય થઇ પડશે.

શ્રી શંકરપ્રસાદ શુક્લ
પ્રિન્સિપાલ ફેલોશીપ
સ્કુલ: મુંબઇ

શરૂઆતથી ગ્રાહક થનારને પહેલા વર્ષના બધા અંકો અડધા લવાજમે મળશે

તમે પણ ગ્રાહક થઈ અમારા આ સાહસને ઉત્તેજન આપશોજી.

કિશોર કાર્યાલય: પારસી અગિયારી સામે : અમદાવાદ.

લવાજમ હિંદમાં રૂા. ૪) — પરદેશમાં રૂા. ૬)

ઊર્મિ

જેમ જીવનમાં એક કરતાં બીજા ગુણો વધુ ઉપયોગી હોઇ શકે છે એમ જ લોકસેવાની પ્રવૃત્તિમાં એક કરતાં બીજી પ્રવૃત્તિ ઓછીવત્તી ઉપયોગી હોય, પણ એ નિયમને બરાબર સમજીએ તો જીવનમાં એક ગુણને સંપૂર્ણપણે ખીલવવા તરફ લક્ષ આપી બીજા ગુણો તરફ બેદરકાર નથી રહી શકાતું તેમ જ પ્રવૃત્તિ વિષે થવું જોઇએ. આપણે બધા જ પ્રકારની પ્રવૃત્તિ ન કરી શકીએ એ સાચું પણ સમાજના સર્વતોમુખી વિકાસમાં ઉપયોગી હોય એવી નાની મોટી દરેક પ્રવૃત્તિ તરફ આપણી સહાનુભૂતિ રહેવી જ જોઇએ અને સહાનુભૂતિ હોય તો વિના પ્રયત્ને પણ આપણા તરફથી એ પ્રવૃત્તિને બળ મળ્યા જ કરે. જીવન જેમ એક અને અખંડ છે તેમ જ સમાજ અને રાષ્ટ્રનું જીવન પણ એક અને અખંડ છે. શરીરનો નાનામાં નાનો રોગ જેમ ધીમે ધીમે આખા શરીરને રોગી કરે છે, મનનો નાનામાં નાનો વિકાર જેમ આખા મનને કલુષિત કરી મૂકે છે, જીવનની નાનામાં નાની ખરાબ ટેવ કયારેક આખા જીવનને જોખમમાં મૂકી દે છે તેમ જ સમાજ અને રાષ્ટ્રના નાનામાં નાના રોગ વિષે સમજવું જોઇએ. રાજકારણ અને પૂર્ણસ્વરાજની વાત કરનારાઓએ સામાજિક કુરૂઢિઓ તરફ, અસ્પૃશ્યતાના ભૂંડા રિવાજ તરફ, દિલથી કંઇક ઓછી કરી શકાય એવી ગરીબી તરફ, અક્ષરજ્ઞાન વિનાના અંધાપા તરફ લક્ષ આપવું જોઇએ. કોઇ કંઇ પ્રવૃત્તિ કરી તે તો સૌ ભલે જ નહીં કરી શકે પણ સમાજજીવનને શુદ્ધ અને બળવાન બનાવતી પ્રત્યેક પ્રવૃત્તિ પોતાની વિશિષ્ટ પ્રવૃત્તિને પણ બળ આપનારી છે એમ સમજવું જોઇએ. આપણે સતત યાદ રાખવું જોઇએ કે જીવનના ઘડતર માટે જે નિયમો વ્યક્તિને લાગુ પડે છે તે જ નિયમો સમાજને અને રાષ્ટ્રને પણ લાગુ પડે છે.

થી.

વર્ષ છઠ્ઠું * * અંક પાંચમો
* મે ૧૯૩૭ *

જ્યોત્સ્નાક્રાંતિ

જયદેવ દવે

અરે, શાને વ્હાલી, હૃદય તુજ રોપે સભર આ?
હતી ત્હારે હૈયે પ્રણયવિણુ વાતો અવર ના!
નહિ બોલે શું કૈં? પ્રણિપત કરું: કાં ફરી જતી?
મ્હને તો એ વ્હાલાં પદકમલ ચે, ઓ કમલિનિ!

પ્રિયે, બાલા મીઠી, ઉર મૃદુનું શ્વાસે ધડકવું,
વળી બિમ્બોષ્ઠોનું કિસલય સમું શે' ફરકવું?
કહે, આંસુ યે આ ટમટમી રહ્યાં શાં છલકતાં?
મહામોંઘી એરે પ્રિય નયન શી મૌકિતકલતા!

બતાવું શી રીતે હૃદય મુજ ચીરી, પ્રિય સખિ!
તહીં તું બિરાજે! ઉર અવર ના કો ઉરછબી.
વહું છું સુગંધી, કવિત શમણાંમાં પણ વહું,
પ્રિયે, ત્હારી મૂર્તિ: હૃદય હૃદયે આવ, જડ, તું!

અરે, જ્યોત્સ્નાક્રાંતિ પ્રણયરસભીના નયનની
ઉષાના રંગે આ અરુણ બની આજે ફરી જતી!

●

કાવ્યપ્રેરણા

નટવરલાલ મો. ગાંધી

: પૃથ્વી :

હતી કવિતપ્રેરણા! પ્રણયપાનની ઝંખના
સુકોમળ સુરેખ અંતરતરંગ પૈ નર્તતી,
સુહ્રદ વિપુવેલની વિવિધ ઇન્દ્રચાપો રચી
અગાધ રસરંગમાં, પ્રણયધોધ સંગીતમાં
થવા લીન હતું મને મન; હતી તદા પ્રેરણા!

અને, મન હવે નહીં?
નહીં! મન મને ઘણું પ્રણયમસ્તિમાં ડોલવા,
સુધા સકલદેહને રસદ આત્મ, મંજુપ્રભા
પીવા તલબ તો ઘણી હૃદયમાં હતી ને હજી
ઘણીય છે!

છતાં, ઉમળકા બધા સમિપ આવી તું જ્યારથી
શમ્યા, શરમમુગ્ધમાં ગહનમૌન આળોટતા!!

●

જ્યોતત્રયી

ઇન્દુલાલ ગાંધી

સીતા

નિશ્વાસની પાતળી વજ્રરેખા
ફરીફરી મુખ પરે છવાઇ,
આંખો બીડેલી-જરી અર્ધખુલ્લી
જોઈ રહી માનવ-પૂર- મેદની'
અનેક હોઠે હતું સ્મિત રોકતું,
અનેક આંખોમહીં ધીખતી ચિતા.
એ સ્મિત ને શોકની શૂન્યતાને
શોભાવતી મેં નિરખી તને સીતા!
બાંધી લઇ અંતર-તંતુ-બંધને,
દોરી રહી જોડ અજોડ બંધુની
ઉતારવા પાર અનંત અંતને
નૌકા બની જીવન-પ્રાણ-સિંધુની,
વેરાયલા કંટકને હથેળીએ
ઝીલી નવાં ફૂલ ધરેલ કેડીએ.

દેવકી

વેચાયલું અંતર વેચી અન્યને
એણે પરાયું ઉર પંડનું કર્યું:
ઉન્માદ ને શોકની અર્ધ ઘેલછા
છુપાવવા યત્ન કરે અશોકા
પરંતુ કારાગૃહની કણેકણે
વીંટાયલી કંસની ક્રૂર આંખો;
હસી પડી દંપતીની દયામણી
દશાપરે, ઉજ્જડ ભાવિ ઊપરે.
'નહિ, નહિ' હાથ દઈ દિવાલને
રોકી રહી દેવકી કાળવાણી:
'પ્રભાતની નિર્મળ ચારુતાથી
તને નહિ આ દુહિતા હણી શકે.
ખંડિત માતૃત્વની ખાખ ઊપરે
દે બે ઘડી થાક ઉતારવા મને.'

દ્રૌપદી

સુભાગ્ય શાંત હતું, અચેતના,
વીંટાઇને નાગણ શી પડી હતી.
ત્યાં મેં તને ખંડિત ચંદ્રબિંબશી
પડેલ દીઠી ગૃહની વચોવચ.
છુપાવશે કેશકલાપ છૂટો,
આછા, અબોટાયલ ઉત્તરીયમાં:
અંગાંગની પ્રેરક વીજળીને.
સમાધિ જાણે નિરખેલ નેને
હું ક્યાં હતો? કૃષ્ણની પાદુકાની
દૈ પૂજ આવેલ હું દ્વારિકાથી:
પદેપદે લોક-ચરિત્રી કંદને
વાટની એ જ આપ વાણી-
ચિનંત્ર ચૂંથ્યું સતીનું દુઃશાસને.
તેં પંડને પાવકતા લપેટી,
બાળી રહી કૌરવાધમારતી.

સરહદ પ્રાન્ત

'અજ્ઞાત'

: પૃથ્વી :

પડયુ જમણી પાંખ કાશમીર સ્વર્ગશુ, ડાબીમાં
બલૂચ નગ્મિહનો પથરિયાળ પટ વિસ્તર્યો,
અચૂક પદ એક સિંધ પર, અન્ય પંજાબના
શિરે સબળ ટેકવી, મરદશો કટિ હાથ દૈ
ઉભો, નયન લાલઘૂમ ઘુમાવતો શંભુશો.
સદા ઉકળતુ વહે રુધિર જે પરાધિનતા
લગીર સહવા અશક્ત, વહવા ટકોરી થતાં
જરાક પણ માનભંગની, પ્રમત્ત લાવા સમું.

મહમદ વજીરી, ખેલ કઈ ખૈબરે, ગોમલે,
બગોલ, પિશુ, ખાઈમાં લઈ મશાલ ચોકી ભરે;
સુણાય પદપાત લેશ પણ જો બીજાં પ્રાણીનો
સ્વભૂમિપર, તાકવા, નિધનદૂત સંપ્રેશવા
ખડા મરદ રક્તરેલ ઝિલી નિત્ય રે' પેટતી
પઠાણભૂમિમા દિનેદિન દીપાવલિ મુક્તિની.

●

વિરાટ પૂજા

નન્દકુમાર પાઠક

મને પ્રજ્ઞા આપી જગજટિલતાને સમજવા,
અને આંખો ખોલી ગહનતત્વ સૌન્દર્ય કળવા;
હતુ ખાલી ખાલી હૃદય કરનો સ્પર્શ જ થતા,
હગી નાચી ઊઠયુ અમિત પડદાઓ ઊપડતાં

નથી મારે માટે ઋણ હૃદયના શક્ય જગતે,
તને શાથી આપું વિરલ બદલો, ના ગમપડે
નથી બોલાતુ યે પર મહુ દિસે ભાવ જગમાં
ખરે! આત્માના આ–'મણુષ' જન જે કદી વિરમતાં.

તને આપું યે શુ ? વિભવ જગના, તુચ્છ મુજને,
નથી તારી તોલે અવર જગ સૌન્દર્ય ઉરને,
તને આપું મોઘી અમરપલમા ભેટ જ કદા.
નથી શુ તે તારી પરમ સખિ! સૌન્દર્યકણિકા ?

વાયુ, આકાશ ને પૃથ્વી, તેજ વારિ બધાં મળી
ઊતારે મંગલા તારી આરતી કોણ હું પછી!

●

છાના પ્રવાહો

શ્રી કાંત

ભવસુખરાય વિષે હું તમને જે વાત કહું છું તે તમે માની જ નહિ શકો પણ મારા ઉપર વિશ્વાસ મૂકજો. હું કહું છું તે સત્ય હકીકત છે. તેઓ ખાદીધારી છે, જાહેર સેવક છે, એમના જીવનમાં ત્યાગ અને સંયમના સ્પષ્ટ દર્શન કરી શકાય છે. પોતે ધનવાન હતા પણ એમનું મોટા ભાગનું ધન એમણે દેશસેવામાં અર્પી દીધું છે. છેલ્લા કેટલાયે વરસથી તેઓ ગરીબીવ્રત ધારણ કરીને રહે છે. આ જગતમાં કોઈને બોજારૂપ ન થવું એ એમના જીવનનો સિદ્ધાંત છે. સાદાઈ અને જાતમજુરીથી તેઓ એ સિદ્ધાંતનું યથાશક્તિ પાલન પણ કરી રહ્યા છે.

એમનું આમજીવન જોતાં જરૂર તમને આદર ઉપજે. સવારથી રાત સુધીની તમે એમની દિનચર્યા જૂઓ તો તમને પગે પડવાની ઇચ્છા થઈ આવે. સવારના ચાર વાગે એમના કંઠમાંથી પ્રાર્થના છૂટે. પ્રાર્થનાનો ભાવ આપણે એમના સ્વરમાં પણ જોઈ શકીએ. દર્દભર્યો અવાજ ઘડીભર તો આપણને હલાવી મૂકે અને આપણા ચિત્તમાં પડેલા પશ્ચાત્તાપના ભાવો જાગી ઉઠે.

એમનું આ બાહ્યજીવન સૌ કોઈને પ્રેરણા આપે એવું છે. એમના મોં ઉપર કઠોરતા દેખાય છે, પણ એ તો આપણને કડક જીવનની કઠોરતા લાગે. એમની આંખો સદાય ચિંતાથી ભારે લાગતી હોય છે પણ એ તો આપણને દેશબાંધવોના દુઃખભારને લઈને હોય એમ લાગે. એમનામાં સહેજ ચંચળતા પણ દેખાય પરંતુ એમના બાહ્યજીવનની છાપને લઈને એ આપણને ચપળતા હોય એવું લાગે. આમ એમના આચારની ઝલક એમની આંખમાં કે મુખ ઉપર પ્રગટ થતી આપણે ન જોઈ શકીએ તો યે આપણને એમના વિષે શંકા ન ઉપજે કારણ કે આપણે બહુ જ ઊંડે ન ઉતરીએ ત્યાં સુધી એમનાં જીવનની એક જ બાજુ અને તે બહારની બાજુ આપણે જોઈ શકીએ જે બાજુમાં સાધુતા, ત્યાગ, સંયમ, સાદાઈ અને કર્મઠતાના પડયા છે.

પણ એમના જીવનની એક બીજી બાજુ છે- અંદરની બાજુ છે જ્યારે મેં એ સાંભળ્યું ત્યારે મારાથી માની શકાયું જ નહિ આવો માણસ એવો હોઈ શકે જ નહિ એમ મને લાગી ગયું, પણ હું વિશ્વાસપાત્ર સ્થળોએથી એ વિષે વધુ ને વધુ જાણવા લાગ્યો તેમ મારી માન્યતા બદલવા લાગી. ત્યારે તો 'મહાદંભી' એમ મારા મનમાં થવા લાગ્યું, પણ એય ખોટું હતુ એ દંભી ન હોતા જ મેં ઝીણી આંખે એમનુ જીવન જોવા માંડ્યું. મેં એમની ચાર વાગ્યાની પ્રાર્થના છાની રીતે સાંભળી, એ પ્રાર્થના વખતે બીજુ કોઈ ત્યાં હાજર ન હતુ છતાં તેઓ દર્દભર્યા સ્વરે બોલતા હતા અને त्वमेक शरण्यम् ...વગેરે બોલતા એમની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં તે મેં જાતે જોયાં તે દર રોજ રોજનિશી લખે છે પણ પ્રયત્ન છતાં ઘણા દિવસ સુધી એ મારા હાથમાં ન આવી એક રાત્રે મેં એમને બહાર ફરવા જતા પણ જોયા હતા અને કુતૂહલથી પ્રેરાઈ હું એમની પાછળ પાછળ ગયો હતો પણ ત્યાં જે મેં ધાર્યું હતુ એથી ઊંધુ જ બન્યું તેઓ અવનત મસ્તકે ચાલતા હતા. એમની ચાલમાં જ પશ્ચાત્તાપનો ભાવ જણાઈ આવતો હતો ત્રણ માઈલ દૂરની ટેકરી, જ્યાં ઘણા માણસો ફરવા આવતા હતા ત્યાં આવીને તેઓ જરાક થોભ્યા અને પછી એ ટેકરી વટાવીને આગળ ચાલ્યા ગયા મેં ટેકરી ઉપર ઊભા ઊભા જોયું તો એકાદ ખેતરવા દૂર ગયા પછી તેઓ મેદાનમાં બેસીને પ્રાર્થના કરતા હોય એમ લાગ્યું

આવા આચારની સાથે એમના આંતરજીવનની વાતનો મેળ બેસતો નહોતો મને એમના જીવનમાં વધુ રસ આવ્યો. એમના પાસેથી મેં એમના આંતરજીવનની વાતો સાંભળી હતી એમને મેં ફરીને બધું પૂછ્યું ફરીને એમણે વધુ વિસ્તારથી બધી વાત મને કહી સમજાવી મારી જિજ્ઞાસા વધવા લાગી મેં પણ એક બહાનું કાઢી એ ગામડામાં જ સેવા કરવાનું ઠરાવ્યું. મને આવેલો જોઈ તેઓ આનંદ પામ્યા. એમણે આજુબાજુના ગામોની મને માહિતી આપી અને સેવાનો મર્મ સમજાવ્યો જો હું એમના શબ્દોની વાત કહું તો એ શબ્દેશબ્દમાં સત્ય અને દિનદુખિયા માટેનું દર્દ ભર્યું હતુ, જો હું એમના સ્વરની વાત કહું તો એ મને તે દિવસે સાવ નિષ્પ્રાણ લાગ્યો. મારા આ 'લાગવા' ને મેં મન ઉપર ન લીધું મને થયું કે કદાચ મારા પૂર્વગ્રહને લઈને મને આમ લાગતુ હોય, પણ જ્યારે હું એમના આંતરજીવનનું અવલોકન કરી શક્યો ત્યારે એ શબ્દો અને સ્વરો વચ્ચેનો ભેદ મને સમજાઈ ગયો.

એમની ઉંમર લગભગ પીસ્તાળીસ વર્ષની હતી સામાન્ય રીતે તેઓ ઓછાબોલા હતા અ ગંભીર રહેતા પણ પ્રસંગ આવ્યે એમની નમ્રતા પ્રગટ થયા કરતી ક્યારેક જીવનની કઠીન સમસ્યાઓની વાતો નીકળે ત્યારે તેઓ ગળગળા થઈ જતા અને પ્રગટ રીતે કહેતા કે 'હું તો પાપનું પૂતળું છું ઈશ્વરની કૃપા વિના મારો ઉદ્ધાર નથી ' પણ અનેક વખત આવું બોલનારને જ્યારે હું બીજાના પતન વિષે રોષ કે તિરસ્કાર કરતા જોતો ત્યારે મને બહુ જ આશ્ચર્ય થઈ આવતું મારા મનમાં શંકાઓ ઊઠતી કે આ બંને સ્થિતિ તો સાચી ન હોઈ શકે, કાં તો એમનો રોષ ખોટો છે અને કાં તો એમની આત્મનિંદા ખોટી છે, પરંતુ બંને વખતે એમની વાણીમાં ને મુખભાવમાં તો નિખાલસતા જ લાગતી

તેઓ પરિણીત હતા પણ પ્રથમના પાંચ વર્ષ પછી તેઓ સંયમી જીવન ગુજારતા હતા સંયમમાં મદદ મળી રહે એ માટે તેઓ કેટલા દસેક વર્ષથી ઘર કરતા ઘરની બહાર વધુ રહેતા

હતા. પત્નીના નિર્વાહ માટે પૂરતી વ્યવસ્થા હતી. બાળકોમાં એક પુત્રી જ હતી. એનું નામ સુધા. ભવસુખરાયને એના ઉપર બહુ પ્રેમ હતો પણ એના વિકાસ માટે પોતે નહિ જેવું જ કરી શકે છે એ વસ્તુનું એમને દુઃખ હતું. એમનું આ કુટુંબ એમના ગામડાંથી બાર માઈલ દૂરના એક શહેરમાં રહેતું હતું. ભવસુખરાય અવારનવાર ત્યાં જઈ આવતા પણ કોઈ વખત ત્યાં રાતવાસો રહેતા નહોતા.

એક દિવસે સવારે મેં જાણ્યું કે એમણે સાત ઉપવાસ કરવાનો નિશ્ચય કર્યો છે. મેં ઉપવાસનું કારણ પૂછ્યું પણ એમણે 'આત્મશુદ્ધિ' એટલો જ મને જવાબ આપ્યો. આ પ્રસંગે મારી જિજ્ઞાસાને તીવ્ર કરી મને થયું કે આમાંથી એમના જીવનનો મર્મ હું જાણી શકીશ. એમને વધુ પૂછવામાં કંઈ સાર નહોતો. મેં મૂંગે મોંએ આંખ અને કાનને સતેજ રાખ્યાં. ઉપવાસનો એક દિવસ પસાર થઈ ગયો.

બીજે દિવસે એમની રીતભાત ઉપરથી મને લાગ્યું કે તેઓ હરક્ષણે કોઈકની રાહ જોઈ રહ્યા છે. આજુબાજુ ફરતી આંખો એમની ચંચળતા પ્રગટ કરતી હતી અને મુખ ઉપર બદલાતા ભાવો અંતરનું પ્રતિબિંબ પાડતા હતા. હું એમની સામે બેસી મારું કામ કર્યો કરતો ત્રાંસી આંખે એમના સામે જોઈ રહ્યો હતો. તેઓ ક્યારેક ચમકીને મારા સામે જોઈ જતા પણ હું એમની નજર ચૂકાવી દેતો હતો.

સાંજ સુધી એમણે પ્રતિક્ષા કરી પણ કોઈ નવું માલૂમ ન આવ્યું. રાત પડી ત્યારે તેઓ સહેજ ચિંતાતુર જણાયા. ફરવાને બહાને તેઓ શહેરની સડક તરફ ગયા. હું પણ બીજે રસ્તેથી સડક ઉપર જવાને વિચાર કરવા લાગ્યો પણ ત્યાં તો જેમની એ રાહ જોતા હતા તેઓ આવી પહોંચ્યા. એમને જોઈ ભવસુખરાયનું મો ગંભીર અને કરુણ બની ગયું. દુઃખને ઘોળીને પીતા હોય એમ એમણે આંખો પણ નમાવી દીધી. આવનાર બીજું કોઈ નહિ પણ એમનાં પત્ની અને પુત્રી જ હતાં. એ બન્ને પણ ગંભીર જ હતાં.

એક પણ શબ્દ બોલ્યા વિના તેઓ બેઠાં. વાતાવરણ જોતાં મને ત્યાં હાજર રહેવાનું અનુચિત લાગ્યું. 'ગામમાં કામ છે' એવું બહાનું કાઢી હું ત્યાંથી ખસી ગયો. ખસીને ક્યાંય જવું નહોતું પણ છાનાં જ રહેવું હતું એટલે હું હળવેકથી બાજુની ઓરડીની દીવાલને અઢેલીને બેઠો.

મેં કાન માંડ્યા હતા પણ પાંચેક મિનિટ સુધી મને કાંઈ સંભળાયું નહિ. મને વહેમ પડ્યો કે વાતો ચાલતી હશે, પણ હું સાંભળી નહિ શકતો હોઉં પણ તુરત જ મારો વહેમ ટળ્યો. જે દિવાલને અઢેલીને હું બેઠો હતો તે દિવાલ સાથે કંઈક અફળાયું. 'હાં હાં' કરતાં ભવસુખરાયના પત્ની સફાળા ઊઠ્યાં અને દીવાલ તરફ આવ્યાં તે ઉપરથી હું સમજ્યો કે ભવસુખરાયે દીવાલ સાથે માથું અફળાવ્યું છે.

'હવે મારે જીવીને શું કરવું ?' ભવસુખરાય બોલ્યા. 'તારી આ રીતભાતથી હું ક્યાંય મોઢું બતાવી શકું એમ નથી.'

'તમને આ ભૂત ભરાઈ ગયું છે. એ તો મારે બાપ સમાન છે.' પત્નીએ જવાબ આપ્યો.

'એવું બોલી પાપમાં ન પડ. બાપ જેમ બાપ ન રહે એને રાત્રે આવવાની શી જરૂર ?'

'પણ તમે આંખે જોયું ?'

'મારું કાળજું ચસકી ગયું નથી. આંખ સિવાય હું જોઈ શકું છું.'

'તો તમને ઠીક લાગે તેમ કરો. તમારે ત્યાં આવીને એક દિવસ પણ મેં શાંતિ ભોગવી નથી.'

'એમાં મારો વાંક છે ?'

'ત્યારે મારો વાંક છે ? હું તમારી પરણેતર હતી છતાં તમે માગ સાથે રહ્યાં છો ?'

' 'તને આ ઠીક મળ્યું છે. તારા પાપને ઢાંકવા તેં ઠીક બહાનું શોધી કાઢ્યું છે. એ તો મારી બહેન છે. મને જીવતો રહેવા દેવો હોય તો એના વિષે એક અક્ષર પણ ન બોલીશ. બોલ, તને મારા સાત ઉપવાસથી શાંતિ નથી થતી ? તો ચૌદ કરૂં ! એકવીશ કરૂં !' ભવસુખરાય ઉશ્કેરાટથી બોલ્યા અને થોડીકવાર શાંતિ છવાઈ ગઈ.

'અને સુધા' શાંતિનો ભંગ કરી ભવસુખરાય બોલ્યા 'તું પણ મને દુઃખી જ કરશે !'

'હું શું કરું છું ? હું ભણવા જાઉં એમાં તમને શો વાંધો છે ?'

'વાંધો ! તું કોલેજની છોકરીઓ જેવી થઈ જઈશ.'

'પણ બધી છોકરીઓ ખરાબ નથી'

'એ હું જાણું છું ! મારે કપાળે તમે લોકો કલંક ચોંટાડવાના જ છો !'

વળી શાંતિ છવાઈ ગઈ

'હવે તમે કેમેય કરી ઉપવાસ છોડશો ?' ભવસુખરાયના પત્ની બોલ્યા.

'એ તો નિશ્ચય થઈ ગયો.'

'પણ તમે કહો એમ હું કરું'

'હું કહું એમ ? હું કહું છું એ તને સાચું નથી લાગતું ? તને પોતાને નથી થતું કે આ ઘોર પાપમાંથી બહાર નીકળવું જોઈએ ?'

'પણ મેં કાંઈ કર્યું જ નથી'

'જો તારે કબૂલ પણ ન કરવું હોય તો તમે તમારે ઘેર જાવ અને શાંતિથી પ્રાયશ્ચિત કરજો.'

'બાપુજી !' સુધા બોલી 'ઉપવાસ છોડી દોને !'

'તું ન બોલ સુધા ! તને ભણવા જવાનું હોય તો તારે માટે મારે ઉપવાસ ન કરવા પડે એટલું ધ્યાનમાં રાખજે.'

હું કોઈના મોઢાં જોઈ નહોતો શકતો પણ સુધા ડઘાઈ ગઈ હશે એવું મેં અનુમાન કર્યું. થોડીક પળો કોઈ ન બોલ્યું.

'લ્યો, હવે તમે ઘેર સિધાવો. મને શાંતિ લેવા દો.'

'પણ તમે ઉપવાસ છોડો તો અમનેય નિરાંત થાય. મારી ભૂલ થઈ ગઈ બસ.'

'પણ આવી ભૂલ તો દર અઠવાડીએ ને પખવાડીએ થાય છે.'

'હવે નહિ થાય.'

'આવી કબૂલાત પણ મેં હજાર વાર સાંભળી.'

'ત્યારે શું કરું તો તમને વિશ્વાસ આવે ?'

'તું ને સુધા અહીં મારી નજર સામે આવતા રહો.'

'પણ સુધાને તો ભણવું છે.'

'ભણીને શું કરવું છે ? હું અહીં અત્યારથી મને એના દિવસની વધુ ચિંતા છે.'

'ઘેર ન ભણાય. ત્યાં વાતાવરણ જ અભ્યાસનું હોય'

'અભ્યાસનું નહિ, છોકરાઓ સાથે આનંદ કરવાનું હોય એમ કહે !'

'તમે શું બોલો છો ?' ભવસુખરાયના પત્ની બોલ્યા

'હું સાચું કહું છું તારા સંસ્કારથી મારી મરઘની જેવી છોકરી રખડુ થઈ જવાની છે'

'મેં શું સંસ્કાર આપી દીધા ? એનું ધ્યાન તો નાનપણથી તમે જ રાખ્યું છે પણ વસ્તુ તો તમારા જેવી જ હતી'

'પણ તારા જ કામની વાતો મને ગમે !'

'મારે કાંઈ બોલવું જ નથી. તમારી આંખમાં જ કહું પડ્યું છે.'

'બસ, બચાવ માટે તને આ ઠીક મળ્યું છે.'

'એ સાચું મળ્યું છે' ભવસુખરાયના પત્ની બોલ્યાં. જરા અટકીને એમણે સુધાને કહ્યું. 'સુધા તું બાજુના ઘરમાં જા તો.'

પગલા ઉપરથી હું જાણી ગયો કે સુધા બાજુના ઓરડામાં ચાલી ગઈ. મને ડર હતો કે કદાચ માગ જ ઓરડામાં આવશે પણ હું બચી ગયો.

'કેમ, સુધાને કેમ ખસેડી દીધી?'

'શું કરું ત્યારે? તમને બોલવાનું કાંઈ ભાન જ નથી આપણી આવી વાતો સાંભળવાથી એને ફાયદો થવો હશે!'

'મારે કોઈ રીતે એને તારા સહવાસમાંથી છોડાવવી છે.'

'મારે એને તમારી સાથ નથી રહેવા દેવી. કેમ?'

'કેમ શું? મારી સાથે રહે કે તમારી સાથે રહે એ સરખું જ છે.'

'ને વળી એ જ રસ્તો નહિ.'

'બીજો રસ્તો છે જ નહિ. તમે મને સાચવી હોત તો આપણી આ દશા ન આવત.'

'તું મને ગુનેગાર માને છે?'

'મારા વખત!'

'તું વિચાર કરીને જોય, મારે એ માટે [illegible] પાછો હું [illegible] મારે [illegible] ર્યો.'

'એ [illegible] તમે [illegible] છો, તે 'હું એ રોગ [illegible] એ [illegible] રહેવી [illegible] દવે [illegible]'

મેં [illegible] તીવ્ર [illegible] પણ થોડીકવાર સુધી કાંઈ સંભળાયું નહિ.

'હવે સુધાને એને મગજ જવા દો, એને રોગ શીખવાડો મા.'

'હું રોગ કરું છું?'

'હા, બીજું શું? મારી પાને ... આજે એમાં તમારે ગામ ઉપવાસ કરવા પડ્યા. તમે ને ત્યાં જાવ છો એ નથી જાણતી શું? એ હવે બાળક નથી. જુઓ, હું તમને કહી દઉં એ ચક્રકાન્ત સાથે પરણવાની છ.'

'હે!.....નહિ, એ નહિ બને. મારે એને નથી પરણાવવી. એને [illegible] છે.'

'એવું બોલોમા [illegible] તમારું પોતાનું [illegible] સુધાને એટલે બસ.'

'પણ હું એને નહિ પરણવા દઉં સુધા!' ભવસુખરાયે બૂમ પાડી બાજુના ઓરડામાંથી સુધા આવી.

'તારી મા શું કહે છે? તું કોની સાથે સંબંધમાં છે?'

'હા ચક્રકાન્ત સાથે મારે મૈત્રી છે.'

'ચક્રકાન્ત સાથે [illegible] મેં તને કહ્યું નહોતું કે કોઈ [illegible] સાથે સંબંધ રાખીશ મા.'

'પણ એમાં શો વાંધો?'

'શો વાંધો? તું આ કોની સામે બોલે છે?.. ..આ બાબુ [illegible] મેં નહોતું કહ્યું.'

'પણ મારે તો એની સાથે મૈત્રી છે. અને પરણવાનો નિશ્ચય કર્યો છે અને [illegible] અને [illegible]'

'[illegible] કેમ જોયા!'

'[illegible]' [illegible] બોલ્યા '[illegible]'

'તે જ મારી દીકરીને બગાડી છે. તારા સંસ્કાર.........'

'મારા સંસ્કારથી એ બગડી નથી. એણે સાચો રસ્તો લીધો છે. તમારા ભેળી રહી હોત તો એ ઢોંગ શીખત'

'એમ ?' ભવસુખરાય બોલ્યા અને શાંતિ વ્યાપી ગઈ.

*　　　*　　　*

તે દિવસ ભવસુખરાય ન જ માન્યા એમના પત્ની અને પુત્રી બીજે દિવસે ઘેર જવા નીકળ્યા ત્યારે ભવસુખરાયે સુધાને રોકવા પ્રયત્ન કર્યો પણ સુધાએ ન માન્યુ. એમને એ ઘડીએ તો રોષ ઉપજ્યો પણ પાછળથી તેઓ ઘણા જ ઢીલા પડી ગયા. બીજા દિવસથી મે એમના હાવભાવમાં આશ્ચર્યકારક ફેરફાર જોયા સામાન્ય રીતે સ્થિરચિત્ત દેખાતા ભવસુખરાય કયારેક અમર્યાદ રીતે આનંદમા આવી જતા અને કયારેક ખૂબ દુ ખ પામતા અને રડવા મંડી જતા લગભગ વીસેક દિવસ એમની આ સ્થિતિ રહી હુ ઝીણવટથી એમનુ અવલોકન કરી રહ્યો હતો વીસેક દિવસ પછી એ વળી ગંભીર બન્યા પ્રથમના કરતા આ ગાંભીર્યમા વિશેષ કઠોરતા હતી. કંઇક નિશ્ચય કરી લીધો હોય એવુ દેખાતુ હતુ આ દિવસોમા પણ તેઓ રોજનિશી તો લખતા જ. મારી એ રોજનિશી ઉપર આંખ હતી પણ એ જોવાનો લાગ મળતો જ નહોતો. એક દિવસ તેઓ નહાવા જતી વખતે પોતાની પેટીને તાળુ દેવાનુ ભૂલી ગયા. હુ પણ થોડોક કમનસીબ કે તુરત મારુ એ તરફ ધ્યાન ન ગયુ. એમના પાછા આવવાનો સમય થયો ત્યારે મારી નજર પેટી ઉપર પડી હુ ઊઠયો એક ક્ષણમાં મારા મનમાં ઘણા વિચાર પસાર થઇ ગયા પણ મે મન અને શરીરને આંચકો મારી એની પાસે કામ કઢાવ્યુ

ઝપાટાબંધ મે રોજનીશીના પાના ફેરવવા માંડયા. મારૂં ચિત્ત ભયભીત હતુ એટલે હુ પૂરૂ વાંચી શકયો નહિ તેમ સમજી શકયો નહિ. છેલ્લા દિવસની થોડીક મને લીટીઓ આછી યાદ રહી ગઈ.

'મારે હવે તો ચેતવુ જ જોઇએ ત્યા જવાનુ બંધ કરવુ જોઇએ. મારા પાપનુ જ પ્રતિબિંબ મારી આંમા દેખાય છે અને સુધા પણ એ માર્ગે જ જાય છે. મારે ગમે તેમ કરી સુધાને ઉગારી લેવી જોઇએ. ...'

પણ આટલા ઉપરથી મને પાકી ખાત્રી થઈ ગઈ કે ભવસુખરાય જેવા દેખાય છે તેવા તો નથી. તેમ એમને પાપનો પશ્ચાત્તાપ નથી થતો એમ પણ નથી. પરંતુ મારા મનમા એક વાતનો મેળ ત્યારે ન જ બેઠો. તેઓ પશ્ચાત્તાપ કરતા હતા ઉપવાસ કરતા હતા આખો દિવસ કામ કરતા હતા ગરીબી અને જાતમહેનતથી જીવતા હતા છતાં એ પાપમાથી છૂટતા કેમ નહોતા ? મને હવે શંકા રહી જ નહોતી કે તેઓ વર્તમાનકાળમા પણ એવુ જ જીવન ગુજારી રહ્યા છે અને બાહ્ય દબાણ વિના પણ એ માટે પોતાની જાતને સજ્જ કરી રહ્યા છે હુ આના ગૂઢ કારણો ન સમજી શકયો

તે દિવસે પાંચેક વાગે ભવસુખરાય ત્યાથી શહેરમા જવા નીકળ્યા. એમના ગયા પછી થોડીવારે હું પણ ગયો. મારા પહેલાં એ શહેરમા પહોંચી ગયા હતા એટલે મારે એમની તપાસ કરવાની હતી. અંધારૂ થઇ જવા આવ્યુ હતું એટલે તેઓ કયા હશે તે હું વિચારતો હતો પણ મારા આશ્ચર્યની વચ્ચે મે જોયુ કે હુ જે રસ્તા ઉપર ચાલતો હતો એ રસ્તાને કાપતા એક રસ્તા ઉપર જ તેઓ ચાલ્યા જતા હતા મે મારુ સુકાન ફેરવ્યુ તેઓ મને ન જોઈ શકે એમ હુ એમની પાછળ ચાલ્યો

તેમની ધીમી અને ઉતાવળી ચાલ ઉપરથી મને લાગ્યું કે તેઓ પણ કોઇકની પાછળ જ ચાલી રહ્યા છે. મેં એમની આગળ નજર કરી. અંધારું થઇ ગયું હતું એટલે હું કોઇને જોઇ શકયો નહિ પણ થોડીવારમાં જ મને સમજણ પડી ગઇ. એમનાથી સો એક પગલાં દૂરની બત્તી નીચેથી સુધા અને ચંદ્રકાન્તને પસાર થતા મેં જોયાં. મારી આંખ ફાટી રહી. ભવસુખરાય તરફ મારા મનમાં તિરસ્કાર છૂટયો પણ તુરત જ મને પણ થઈ આવ્યું કે ' હું સારું કરી રહ્યો છું ' ? મેં એ વિચારને પરાણે દબાવી દીધો અને ભવસુખરાયનું ધ્યાન રાખવા માંડયું.

સુધા અને ચંદ્રકાન્ત થોડેક દૂર ગયા પછી એક મેદાનમાં વળ્યા. ભવસુખરાયે ઝડપથી પગ ઉપાડયા. હું પણ ઝપાટાબંધ એમની લગોલગ પહોંચી ગયો. મેદાનમાં એકાંત હતું. અંધારીઉં હતું એટલે માણસના ઓળા સિવાય વધુ જોઇ શકાય એમ નહોતું. સુધા અને ચંદ્રકાન્તને હું બરાબર નહોતો જોઇ શકતો. ભવસુખરાય તરફ તો મારી બરાબર આંખ હતી. થોડેક દૂર ગયા પછી ભવસુખરાય વાંકા વળ્યા અને બેઠા. મેં અનુમાન કર્યું કે સુધા અને ચંદ્રકાન્ત પણ નજીકમાં બેઠા હશે. હું બેસવાને બદલે ત્યાં સૂતો. મારી સ્થિતિ સૌથી સલામત હતી. મને જોઇ શકવાનો ઓછો સંભવ હતો. હું સૂતો સૂતો ભવસુખરાયને અને સુધા તથા ચંદ્રકાન્તને જોઇ શકતો હતો. મેં જોયું તો સુધા અને ચંદ્રકાન્ત એક બીજાની સામે બેઠાં હતાં. બંને વચ્ચે એકાદ ફુટનું અંતર પણ હતું. લગભગ અર્ધો કલાક એમ પસાર થઇ ગયો. મારા મનમાં એ બંને માટે માન પેદા થયું પણ ભવસુખરાય એકદમ ઊઠયા અને હું ચમકયો. તેઓ ઉતાવળે પગલે સુધા અને ચંદ્રકાન્ત તરફ ગયા. હુ પાછળ ગયો. સુધા અને ચંદ્રકાન્ત કોઇને પોતા તરફ આવતા જોઇને બેઠા થઇ ગયા.

" સુધા ! " ભવસુખરાયનો મોટો અવાજ મેં પણ સાંભળ્યો. એમણે આજુબાજુ જોઈ લીધું. મેં સીફતથી એમની નજર ચૂકાવી. મને થયું કે છાના રહેવું એ મારે માટે મુશ્કેલ છે પણ નજીકનું એક ઝાડ મારા માટે આશ્રય સ્થાન બન્યું. હું ધીમે પગલે એની પાછળ ચાલ્યો ગયો. ત્યાંથી હું બધું સાંભળી શકતો હતો. શરીરનું હલનચલન પણ જોઇ શકાતું હતું. મુખભાવ દેખી શકાય એવું નહોતું.

ભવસુખરાય ત્યાં જઇને ઉભા જ રહ્યા. સુધા અને ચંદ્રકાન્ત પણ મૂગાં મૂગાં સામે ઉભા રહ્યાં. ભવસુખરાયની આંખમાં ક્રોધ વ્યાપી ગયો હશે એવું મેં અનુમાન કર્યું. થોડીવારની શાંતિ પછી એમણે સુધાનો હાથ પકડયો અને આંચકો મારતા કહ્યું. 'ચાલ મારી સાથે જ.'

ચંદ્રકાન્ત સ્થિર જ ઉભો હતો. મને થયું કે કંઇક ટપાટપી થઇ જશે પણ કંઈ ન બન્યું. ચંદ્રકાન્ત ઉભો રહ્યો અને ભવસુખરાય સુધાનો હાથ ઝાલી એને થોડે દૂર લઇ ગયા. અને પછી ચાલવા લાગ્યા. મને થયું કે હવે મારે શું કરવું ? એક ક્ષણમાં મેં નિર્ણય કરી લીધો. હું બીજે રસ્તે જતા ચંદ્રકાન્તની પાછળ ચાલ્યો. અમે સડક ઉપર આવ્યા એટલે મેં એને સલામ કરી. સલામ જેટલી ઓળખાણ અમારા વચ્ચે હતી એટલે એણે હસીને સલામ ઝીલી. હું ઉભો રહ્યો પણ એની ઉભા રહેવાની ઇચ્છા ન જણાઇ.

' ચંદ્રકાન્ત ! મારે થોડુંક તમને પૂછવું છે. ' એ ચમકયો ને ઉભો રહ્યો. ' બોલો, શું ! '

' સીધું જ પૂછી લઉં. સુધાબેન અને તમે લગ્ન કરવાના છો. ? '

' અમે કરી લીધાં. '

' કયારે ? '

' થોડીવાર પહેલાં જ. '

' શું કહો છો ? ' મને આશ્ચર્ય થયું.

'સાચું કહું છું. તમે મેદાનમાં હતા ને?' એણે મારા સામે આંખ સ્થિર કરતાં કહ્યું. હું જરા ડરી ગયો. મેં હા પાડી.

'તો બસ. તમે જોઇ રહ્યા હશો ત્યારે જ અમારી લગ્નવિધિ ચાલતી હતી.'

'હું એથી આનંદ પામ્યો છું.' મેં સ્વસ્થ થતાં કહ્યું

'તો સારૂં' એ ઠંડી રીતે બોલ્યો. 'ચાલો, ત્યારે.' એમ કહી એણે ચાલવા માંડયું. હું સ્તબ્ધ બની એને જોઇ જ રહ્યો

હવે શું કરવું? મેં અનુમાન કર્યું કે ભવસુખરાય ગામડાને માર્ગે જ હશે. મેં એ બાજુ મારી મૂકયા. હું જાણતો હતો કે તેઓ મોટરમાં ગયા હશે પણ હવે મારે ઉતાવળ નહોતી રહી. મારા મનનું સમાધાન થઇ જવા આવ્યું હતું. છેલ્લી વાત સાંભળવા માટે જ હું ત્યાં જતો હતો

હું ત્યાં પહોંચ્યો તે પહેલાં બે કલાકે ભવસુખરાય અને સુધા આવી ગયા હતા. હું વિના સંકોચે તેઓ બેઠા હતા ત્યાં જ ગયો મને જોઇ ભવસુખરાય ચમકયા પણ તુરત જ સ્વસ્થતા ધારણ કરી એમણે મને પૂછ્યું

'કયાં ગયા હતા?'

'જ્યાં તમે ગયા હતા!' મેં શાન્તિપૂર્વક જવાબ આપ્યો.

'એટલે?' સહેજ ગુસ્સે થઇને તેઓ બોલ્યા

'સુધાબેનના લગ્નમાં'

'જરા વિચારીને બોલો.' જરા ત્રાડ પાડીને તેઓ બોલ્યા

'હું વિચારીને જ બોલું છું મને થાય છે કે તમે હવે વિચારીને વર્તો તો સારૂં.'

'એટલે તમે શું કહેવા માગો છો?' એમણે રોફથી કહ્યું.

'બીજું કાંઇ નહિ, એ પ્રમાણે જીવન છોડી દો'

'જુઓ, તમે........'

'હા, હું જાણું છું. મારે અહીં રહેવું પણ નથી હું તમારા હિત માટે જ કહું છું કે આ જાતની જાસૂસીવૃત્તિ છોડી દો. તો જ તમે તમારા પાપમાંથી બચી શકશો.'

'મારે નથી સાંભળવું. ચાલ્યા જાવ અહીંથી.' તેઓ ઉભા થઇ ગયા. સુધા પણ ઉભી થઇ ગઇ.

'સુધાબેન, તમારા નિશ્ચયને વળગી રહેજો એથી પિતાની અવસ્થા પણ સુધરશે' મેં બહાર નીકળતાં નીકળતાં કહ્યું. ભવસુખરાયે મારા સામે આંખ કાઢી પણ મને એ આંખની પરવા નહોતી. ઓરડીની બહાર નીકળીને હું ઉભો રહ્યો. મારી જીભ સળવળતી હતી. મેં ત્યાં ઉભા ઉભા જ કહ્યું.

'મેં તમારી રોજનીશી વાંચી છે ને હું બધું જાણું છું.'

'હેં!' તેઓ ગભરાઇને મારી નજીક આવ્યા. એમનું મોં પડી ગયું.

'અને તે ઉપરથી હું કહું છું કે તમે નીચ વૃત્તિના નથી. તમે પાપમાંથી ઉગરવા પ્રયત્ન કરો છો પણ બીજાને ઉગારવાની જંજાળમાં તમારા પાપને ભૂલી જાવ છો.' તેઓ આંખ નીચી કરીને ઉભા રહ્યા 'તમારા સ્વભાવના પ્રયત્નો છતાં સુધાબેન બચી ગયાં છે એમણે માર્ગ સ્વતંત્ર લીધો છે. એમને આશીર્વાદ આપજો'

ફરી એમણે માથું ઉંચું કર્યું અને આંખ કાઢી જરી

'મને તમારા ગુસ્સાની પરવા નથી તમારા હિત માટે જ હું કહું છું' એમ કહીને હું ચાલતો થયો. થોડે દૂર જઇ મેં જોયું તો પિતા પુત્રી મારી સામે જ જોઇ રહ્યાં હતાં.

પ્રેસીડન્ટ મસારિક

શ્રી. કાન્તિલાલ શાહ

મારા જીવનવિકાસનું અંતિમ સોપાન કયું ગણાય એમ તમે પૂછો તો હું કહીશ કે પ્રમુખ તરીકેની મારી ચૂંટણી અને મારો કાર્યભાર વહન કરવા હું શક્તિમાન છું એ હકીકતનું સ્પષ્ટ ભાન

મને પોતાને મારા જીવનમાં પરમ સંતોષ છે કારણ કે મારી કંગાલ હાલતમાં જ્યારે હું ગરીબ વિદ્યાર્થી હતો અકિંચન વિવેચક કે રાજકારણી પુરુષ હતો ત્યારે જે સિદ્ધાન્તોમાં વિશ્વાસ ધરાવતો અને જેનું પ્રતિપાદન કરતો તે બધા સિદ્ધાન્તોનો પ્રમુખ તરીકે પણ મારે લેશમાત્ર ત્યાગ કરવો પડ્યો નથી સત્તાનું સ્થાન ભોગવતો હોવા છતાં જે નીતિના નિયમો અને બંધનો પહેલાં મને દોરતા હતા તે જ નિયમો અને બંધનો મારી પ્રજા, બીજા રાષ્ટ્રો અને જગત સાથેના મારા સંબંધોમાં આજે પણ દોરી રહ્યા છે મારી દરેક માન્યતાને મારા પ્રમુખ તરીકેના સ્થાને વધારે સંપૂર્ણ અને દૃઢીભૂત કરી છે એથી કરીને માનવજાતમાં, પ્રજાતંત્રમાં અને સત્યની શોધમાં હું જે શ્રદ્ધા ધરાવું છું એમાંથી એક અંશમાત્ર પણ ઓછી કરવાની મને કદી જરૂર જણાઈ નથી માનવજાત તરફ પ્રેમ રાખવો જોઈએ એ સનાતન સત્યમાં મારી શ્રદ્ધા વધારે અચલ અને અડગ થઈ છે મારા પોતાના જીવનનો અનુભવ તો એમ કહે છે કે આ બધા નીતિના નિયમો નાના મોટા અને તેનું તત્ત્વ સદ્ભાવનાને એકધારા લાગુ પડે છે જેટલા વ્યક્તિને એટલા [illegible] મુશ્કેલીઓ અને ડામાડોળ પરિસ્થિતિથી [illegible] માન સાથે જીવન દરમ્યાન હું મારા સ્વત્વનું રક્ષણ કરી શક્યો છું એ મને [illegible] જાણ છે, પણ એથી વધુ મને [illegible] ભાન તો એ છે કે જેમાં હું પરમ શ્રદ્ધા ધરાવું છું એ માનવજાત અને સમાજના આદર્શો જ [illegible] મુશ્કેલીઓમાંથી પસાર થઈ [illegible] શક્યા અને લોકોએ તેને અપનાવ્યા. [illegible] નવા [illegible] [illegible] [illegible] પ્રસન્ન [illegible] [illegible] હતો એ [illegible] મને [illegible] [illegible] જીવન [illegible] [illegible]

એ શ્રધ્ધા બસ છે ”

આ શબ્દોમા ઝેકોસ્લોવાકીયાનો એ યુગવર્ગ પ્રમુખ મસારિક પોતાના જીવનમા સાંપડેલી સફળતા અને સત્ય, પ્રેમ, આદિ માનવ જાતના આદર્શમા પોતાની અડગ શ્રદ્ધા વ્યક્ત કરે છે.

ગરીબ કુટુંબને ત્યા જન્મીને પણ એક સત્યપ્રિય, અને કર્તવ્યનિષ્ઠ માણસ શું કરી શકે છે એ વસ્તુ મસારિકનું જીવન આપણને બતાવે છે

એ જન્મ્યો ત્યારે તેના માતાપિતા તદ્દન ગરીબ હતા એની પાસે સાધન નહોતા, સપત્તિ નહોતી, અમીર ઉમરાવને ત્યા જન્મવાનુ ભાગ્ય નહોતુ જીવનવિકાસને માટે સગવડો પણ નહોતી પણ પોતાના પુરૂષાર્થથી એણે ધીરે ધીરે બધુ જ મેળવ્યુ અને વ્યવસ્થિત રીતે સતત ઉદ્યોગપરાયણ રહીને તે કેમ આગળ વધ્યો અને સૈકાઓથી ગુલામીમા સબડતી એક પ્રજામાથી તેણે સ્વતત્ર રાષ્ટ્રનુ સર્જન કેમ કર્યું એ કથા જેટલી રસીક છે તેટલીજ પ્રેરણાદાયી છે

ઓસ્ટ્રીયા–હગેરી સામ્રાજ્યની થોડીક જાગીર હોડોનીનની આસપાસ હતી ત્યા મસારિકનો પિતા રાજકુટુબમા ગાડીવાનનુ કામ કરતો હતો ત્યા આવેલા એક વિશાળ સરોવરને કિનારે એક ઝૂપડામા મસારિકના બાલ્ય જીવનની શરૂઆત થઇ રાજકુટુબમા નોકરી હોવાથી સામ્રાજ્યના જે જે સ્થળે રાજકુટુંબ જતુ ત્યા ત્યાં મસારિકના પિતાને પણ ફરવું પડતુ એ વખતે સર્ફ પદ્ધતિ ચાલુ હતી અમીર ઉમરાવો અનેક વખત શિકાર ખેલવાને આવતા એમના તુમાખીભર્યા વર્તન અને વાતવાતમાં નોકરોને ઉતારી પાડવાની ટેવથી મસારિકને બાળપણથી જ તેઓના તરફ ગુસ્સો ચડતો પોતાના પિતાને લાચાર અને અપમાનભરી સ્થિતિમા જોઇને પડતુ એ જોઇને મસારિકને ખૂબ લાગી આવતુ. તેના અતરમા રાજકુટુંબ પ્રત્યે રોષના બીજ ત્યારથી રોપાવા લાગ્યાં.

સરોવર અને તેની પાસેના વિશાળ મેદાને નાનપણથી જ તેની કલ્પનાને વિશાળ કરી અને કુદરત સાથેના સીધા સહવાસે તેના જીવન ઉપર અદ્‌ભૂત અસર ઉપજાવી એના પિતા નિરક્ષર હતા તેની ટેવો અને સસ્કાર ગ્રામ્ય હતા, શહેરમા રહેવુ તેને ફાવતુ નહોતું જંગલ અને ગામડાઓમા ભટકવાથી તેનુ હૃદય નાચી ઉઠતુ. આ બધાના પરિણામે ઘરનો બધો જ કારભાર તેની માતાના શિરે જ રહેતો

માતા સંસ્કારી હતી બુદ્ધિશાળી હતી ધાર્મિક હતી કુટુબની સ્થિતિ ગરીબ હોવાથી અને કામનો સારી પેઠે બોજો રહેતો હોવાથી ધર્મ છતા એ દેવળમા હમેશા ન જઇ શકતી પણ બાઇબલ તો નિયમિત વાચતી, અને રોજ ઘેર પ્રાર્થના કરતી બાઇબલના અદરના એક ચિત્રની અસર તેની ઉપર ખૂબ પડી હતી 'ભગવાન ઇસુ ક્રોસ પર ચડે છે તેના શરીરમાથી લોહી ચાલ્યુ જાય છે અને આખમાથી પ્રેમ ટપકે છે' એ ચિત્રને કેટલીયે વખત અનિમિષ નયને જોઇ રહેતી અને એ ચિત્ર અને ચિત્રને નિહાળતી માતાની ભાવના ભરપુર આખોને બાળક મસારિક પણ એકધ્યાને જોઇ રહેતો.

મસારિકની માતા ઉચ્ચ કુટુબોમા રસોઇનુ કામ કરીને પોતાના પતિને આર્થિક મદદ કરતી અને સાથે સાથે સસ્કારી કુટુંબોમા રહેતા લોકોની રીતભાત, રહેણીકરણી અને કેળવણીનુ અવલોકન કરતી પોતાના બાળકો પણ ખુબ ભણીગણીને એ લોકો જેવા જ કેમ થાય તેવા વિચારો કરતી આ બધાનું પરિણામ એ આવ્યુ કે પોતાના બાળકોને તમામ પ્રયત્નો કરીને પણ ખૂબ ખૂબ ભણાવવાની તેણે મનમા ગાંઠ વાળી

એક સર્ફના છોકરાને કેળવણીની શી સગવડ હોઈ શકે? પણ માતાના મક્કમ નિશ્ચયથી તે ઑસ્ટ્રિયાના એક ગામડામાં મિશન તરફથી ચાલતી નિશાળમાં દાખલ થયો. દેવળમાં કૅથોલિક પંથના ક્રિયાકાંડો, પૂજાવિધિઓ, પ્રાર્થના વિગેરે થતા તેની સારીમાઠી બધી અસર મસારિક પર પડતી. ભૂત પ્રેતાદિ એ વખતના અનેક પ્રચલિત વહેમોની છાપ એના મન ઉપર પડતી હતી.

મોટો થયા પછી એની માતાના પિયર હુસ્ટોપેક નામના ગામની હાઈસ્કૂલમાં એ દાખલ થયો. બે ત્રણ વરસ ભણ્યા પછી એ કમાવાના વિચારો કરવા લાગ્યો. ગામડાંના વિદ્યાર્થીને મોટી મહત્વાકાંક્ષા સેવવાનું ક્યાંથી બને! બહુ નજર દોડાવે તો શિક્ષક થવાનું કે ધર્મના પાદરી થવાનું સૂઝે. પણ અધ્યાપન મંદિરમાં દાખલ થઈ શકાય એમ નહોતું એટલે વિએનાના એક કારખાનામાં કોઈની સલાહથી એણે કામ કરવાનું સ્વીકાર્યું. મસારિકને નાનપણથી જ વાંચનનો અદ્દભૂત શોખ હતો. સવારના ત્રણથી રાતના અગીઆર સુધી કારખાનામાં કામ કરવાનું હતું છતાંયે વચ્ચે વચ્ચે સમય મેળવીને પોતાની સાથે લાવેલાં પુસ્તકો એ વાંચતો. તેને ભૂગોળનો અદ્દભૂત શોખ હતો. નકશાપોથી જોતો જોતો અનેક વખત આખી દુનિયા ઘૂમી વળતો. એકનું એક કામ યંત્રવત કરવાથી તેને કંટાળો તો આવતો જ પરંતુ એક દિવસ કોઈ તેના પુસ્તકો અને એટલાસ ચોરી ગયું. એટલે એ તદ્દન હતાશ થઈ ગયો. ત્યાર પછી એને ત્યાં ફાવ્યું જ નહિ. થોડા દિવસ રહીને એણે ઘરનો રસ્તો લીધો.

થોડા વખતમાં એક જૂના અધ્યાપકની મદદથી તેને જેકોવિસના લૅવાની શાળામાં શિક્ષકની નોકરી મળી. ત્યાં પણ તેણે પોતાનો અભ્યાસ ચાલુ જ રાખ્યો. લૅટીન ભાષા શીખવાની તક પણ એને ત્યાંજ મળી ગઈ ત્યાંના પાદરી ફાધર સૅટોરાએ તેને શાળાન્તની પરીક્ષા આપવાની સલાહ આપી. મસારિકને એ ઠીક લાગ્યું. તે બ્રુનોની શાળામાં દાખલ થયો, તેને બેચાર ટ્યુશન પણ ત્યાં મળી ગયા. એમાંથી એ પોતાના અને એના નાના ભાઈના ખર્ચની ચિંતામાંથી મુક્ત થઈ શક્યો.

માધ્યમિક શાળામાં દાખલ થયા પછી તો તે વર્તમાનપત્રો વાંચતો થઈ ગયો હતો. ૧૮૬૬ની પ્રુશિયા અને ઑસ્ટ્રિયા વચ્ચેની લડાઈ એ તે વખતના વિદ્યાર્થીઓનો રસિક વિષય હતો. વિદ્યાર્થીઓની સહાનુભૂતિ હમેશાં ઑસ્ટ્રિયન તરફ જ રહેતી. એક વખત એવું બન્યું કે ઑસ્ટ્રિયન સૈન્યની હાર થઈ. મસારિકને એ હારથી લાગી આવ્યું. લડાઈમાં હારેલી એક ટુકડીની પાછળ જર્મનો પડેલા એ વખતે મસારિકે ઘાયલ થયેલા કૅપ્ટનને પાટાપીંડી કરીને અમુક માઈલો સુધી છૂપા રસ્તા પણ બતાવ્યા. મસારિક એ પ્રદેશનો ભોમિયો હતો. આમ યુવાનીમાં જ તેનામાં સાહસિકતા, નિડરતા અને મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની શક્તિઓનો વિકાસ થતો ગયો. તેણે તો કૅપ્ટનને સૈન્યમાં દાખલ થવાની ઇંતેજારી પણ બતાવી પણ મસારિકની નાની ઉંમર જોઈ એ વાત કૅપ્ટને માન્ય કરી નહિ.

બ્રુનોમાં એ હંમેશા પ્રથમ નંબરે પાસ થતો. પણ પાછળથી એને થયું કે પાઠ્ય-પુસ્તકોની ગોખણપટ્ટીમાં સમય અને શક્તિનો વ્યય શા માટે કરવો એ કરતાં પાસ થવા પુરતાં જ એ વિષયો તૈયાર કરી પછી ઇતિહાસ, તત્વજ્ઞાન, કલા અને ભાષાઓ શીખવામાં શક્તિ શા માટે ન વાપરવી?

તેને ધર્મ, તત્ત્વજ્ઞાન, અને રાષ્ટ્રીયતામાં રસ હતો અને એ જ કારણે તે પુસ્તકોના ગંજના ગંજ વાંચી નાખતો. ૧૮૭૨માં એણે મૅટ્રીકની પરીક્ષા પસાર કરી અને એ વીએના યુનીવર્સીટીમાં ઉચ્ચ કેળવણી લેવા માટે દાખલ થયો.

મસારિક હવે જુવાન થયો હતો અને પોતાની આજુબાજુ જોતો હતો કે જાતીય પ્રશ્ન હજારો જુવાનોને મૂંઝવે છે કેટલાયે તેજસ્વી વિદ્યાર્થીઓ જાતીય કુટેવોના ભોગ બની કંગાળ અને નિસ્તેજ બની જાય છે પોતાની આસપાસ સામાજિક વાતાવરણ એટલું જ ભય ભરેલું હતુ લોકોમા પારાવાર અજ્ઞાન પડેલુ હતુ. મોટા મોટા બુદ્ધિશાળીઓ, વિદ્વાનો અને સમાજના આગેવાન જેવા માણસોનું (Sex) જાતીય જ્ઞાન અવળે માર્ગે હતુ. 'બ્રહ્મચર્યથી નુકસાન થાય છે યુવાનોએ પોતાની જાતીવૃત્તિને સતોષવી જ જોઇએ' એવા ડૉક્ટરોના અભિપ્રાય હતા આવુ બધુ છતા મસારિક એવી કુટેવમાથી બચી ગયો તેનુ મુખ્ય કારણ એના કહેવા પ્રમાણે એ હતુ કે તેના વિદ્યાભ્યાસની સાથે સાથે જ અર્થોપાર્જનનો ભાર પણ એને શીરે રહેતો એટલે તેને આવા દુર્ગુણોમા પડવાનો વખત જ મળ્યો નહિ યુવાનોની આ વૃત્તિને કૃત્રિમ રીતે ઉશ્કેરવાનુ કામ રંગભૂમિ, સાહિત્ય અને વર્તમાન-પત્રો કરે છે એવી તેની માન્યતા છે પોતાના અનુભવો ઉપરથી એ કહે છે 'હુ યુવાવસ્થાની પવિત્રતામા માનુ છુ. બાળપણથી જ છોકરા છોકરીઓને મિત્રોરૂપે પવિત્ર વાતાવરણમા ઉછેરવામા આવે તો કેટલાય અનિષ્ટોમાથી સ્ત્રી પુરુષો બચી જાય એ માટે માબાપ, અધ્યાપક અને સમાજ આદર્શ દૃષ્ટાન્તરૂપ બનવા જોઇએ. બધાએ મળી બાળકોની સમક્ષ પવિત્ર જીવનના દૃષ્ટાતો પૂરા પાડવા જોઇએ'

કોલેજ જીવનમા તેની અભ્યાસની વૃત્તિએ ખૂબ જ જોર પકડ્યુ હતુ હવે તો ઇતિહાસ, રાજકારણ તત્ત્વજ્ઞાન ભાષા વિગેરે વિષયોને તે બહુ ઉંડાણથી સમજી શકે એટલુ ઉંડાણ તેની દૃષ્ટિમા અને સમજણશક્તિમા આવી ગયુ હતુ ધીરે ધીરે તેણે યુરોપની લગભગ બધી જ ભાષાઓ ઉપર ઠીકઠીક કાબૂ મેળવી લીધો

એક સાહિત્ય તો તેણે શરૂઆતમા જ વાચ્યું હતું. હેવલીસેકના કટાક્ષમય અને રાષ્ટ્રીયભાવના જગવનારા લખાણો તેને વાચવા ગમતાં. લેટીન અને ગ્રીક જેવી પ્રાચીન ભાષા ઉપર પ્રેમ હતો કારણ કે એ શીખવાથી ગ્રીક અને રોમન લોકોના જીવન, કલા અને સાહિત્યના બારણા તેને માટે ખુલ્લા થતા હતા જર્મન ભાષા શીખીને તેણે ગોથે અને ફ્રોસ્ટ વાચ્યા શેક્સપીઅર અને બીજા અગ્રેજી કવિઓને સૌથી પ્રથમ તો જર્મન ભાષામા એણે વાચ્યા. સૌથી વધારે ગમે એવી ભાષા તેને ફ્રેન્ચ લાગતી યુગો, ડ્યુમા વગેરેની જગપ્રસિદ્ધ નવલકથાઓમા તે ખૂબ રસ લેતો મોલીયર, રૂસો, ડીસ્કાર્ટીસ, પેસ્કલ અને કોમ્ટના લખાણો તેણે ખૂબ ખૂબ વાચ્યા એ રીતે જ રશિયન લેખકોમા પુશ્કીન, ગોગોલ અને ગોર્કી તેના પ્રિય લેખકો હતા ટૉલ્સ્ટોય લેખક તરિકે ગમતા પણ તેના કેટલાક વિચારો સાથે એ સમ્મત ન થતા

મસારિક યુરોપ અમેરિકાના લગભગ તમામ તત્ત્વવિદો, વિચારકો અને કવિઓના લખાણોનો લાભ લીધે છે અને એ તો એમ પણ કહે છે કે તત્ત્વવિદો કરતાયે જીવન અને તેના ઉંડાણને કવિઓ અને કલાકારો વધારે સારી રીતે સમજે છે અને એ લોકો જ જીવનની કેટલીયે ઉંડી કંદરાઓમા પહોચીને કેટલાયે સત્યોને વધારે નક્કર સ્વરૂપમા રજુ કરી શકે છે

યુરોપીઅન સસ્કૃતિની છાપ મસારિકના જીવન ઉપર વધારે પડી છે ભારતવર્ષ, ચીન અને જાપાન જેવા પૌર્વાત્ય દેશોનુ સાહિત્ય, કલા અને તત્ત્વજ્ઞાન એ ભાષાની અણઆવડતને લીધે એ જાણી શક્યા નથી એવી માન્યતા એની છે કે પશ્ચિમની સંસ્કૃતિ, પૂર્વની સસ્કૃતિ કરતા ઉચ્ચતર છે સાથે સાથે એ વાત પણ કબુલ કરે છે કે 'આંધળો માણસ રંગની કદર કરે' એવી જ કદર હુ પૂર્વની સસ્કૃતિની કરી શકુ'

વીએનામા કૉલેજના અભ્યાસની સાથે સાથે એક ખાનગી સંસ્થામા એ શિક્ષકનુ કામ કરતો અને એમાંથી એને ખર્ચ મળી રહેતુ. હાઇસ્કૂલના પાચમા ધોરણમા તે જ્યારે હતો તે વખતનો એક પ્રસગ છે

બહોળા વાચન સાથે સાથે એની લેખન પ્રવૃત્તિ પણ ચાલુ હતી એમ તો એ હાઇસ્કૂલમા વિદ્યાર્થી હતા ત્યારેજ એક નવનકથા એણે લખેલી. એના વર્ગના વિદ્યાર્થીઓને એ નવનકથાએ કેટલાયે દિવસ સુધી હાસ્ય રસ પૂરો પાડયો હતો

એનુ સૌથી પહેલવહેલુ પ્રકાશન 'પ્લેટોની સ્વદેશભક્તિ' બહાર પડયુ ત્યારપછી બીજો નિબધ 'પ્રગતિ' બહાર પડયો

૧૮૭૬–૭૭મા એ એક વરસ લીપ્ઝીગ રહ્યો ત્યારે તેને પી. એચ ડી ની ડીગ્રી મળી ચૂકી હતી એ વખતે તેણે 'અમરત્વ વિષે પ્લેટોના વિચાર' એ પુસ્તક લખ્યુ

એ વખતના એક પ્રસગે તેની જીવનનૌકાની દિશા નક્કી કરી આપી તેની પત્ની મીસ ગેરીગ ચાર્લોટનો પ્રથમ પરિચય તેને લીપ્ઝીગમા થયેલો

૧૮૭૭મા સૌથી પ્રથમ ગેરીગ ચાર્લોટ તેના પિતા સાથે આવેલી આખુ કુટુંબ સસ્કારી અને કેળવાયેલુ હતુ ૧૮૭૭મા અમેરીકાથી ફરીને એ લોકો લીપ્ઝીગ આવ્યા ત્યારે મસારિકે તેના વિષે ખૂબ વાતો સાભળેલી ધીરે ધીરે તે ચાર્લોટના પરિચયમા આવ્યો તેઓ સાથે વાચતા, ફરતા મળતા અને સાથે જ ફરવા જતા મસારિકનુ તેના પ્રત્યે આકર્ષણ થયુ અને બંનેએ પાછળથી અમેરિકા જઇને લગ્ન કર્યા

ચાર્લોટ સુદર, તેજસ્વી અને બુદ્ધિશાળી હતી ગણિતમા તેને ખૂબ રસ પડતો અને મસારિકને કવિતાનો શોખ હતો શેક્સપીઅર અને પ્લેટો સ તેને ગમતા ત્યાયે કોઇ પણ વસ્તુના હાર્દને પકડવાની શક્તિમા ચાર્લોટ મસારિક કરતા ચડિયાતી હતી એમ મસારિક પોતે જ કહે છે સ્વભાવે ધાર્મિક હતી. મૃત્યુ તેને મન એક ઓરડામાથી બીજા ઓરડામા જવાના માર્ગ સમાન હતુ તેને આત્માના અમરત્વમા સપૂર્ણ શ્રદ્ધા હતી સત્યપ્રિયતા અને સિદ્ધાતની કોઇ પણ વાતમા સમાધાન ન કરવાની વૃત્તિ તેના આ બે ગુણોએ મસારિકના આખા જીવન ઉપર ઉડી અને અદ્દભૂત છાપ પાડી છે

આમ મસારિકના જીવનમા માતાપિતા શાળા અને કૉલેજની કેળવણી પછી પણ જે કઇ ખૂટતુ હતુ તે આ લગ્ને પૂરુ કર્યુ

ચાર્લોટ અમેરિકા ગયા પછી તે માદી પડી મસારિક તરત જ અમેરિકા જવા ઉપડયો રસ્તામા ભયકર તોફાન થયુ આગબોટ ડૂબી જશે એવી સૌને ભીતિ લાગવા માડી પણ ઈશ્વરે તે અમેરિકા પહોચ્યો એ વખતે ગેરીગ ચાર્લોટની તબીયત સારી થઇ ગઇ હતી ત્યા જ તેણે લગ્ન કર્યુ સસરા પાસેથી ૧૦ પાઉન્ડ મુસાફરીનુ ભાડુ લઇને ફરી એ ઑસ્ટ્રીઆ પાછો ફર્યો

ત્યા તેણે 'આત્મઘાત' એ વિષય ઉપર નિબધ લખીને વિદ્યાર્થીજીવન પૂરુ કર્યુ એ નિબધે પાછળથી ખૂબ ચમત્કાર જગાવેલો અને તેના દુશ્મનોએ તેની ખૂબ નિદા પણ કરી

૧૮૮૨ સુધી વીએનાની યુનીવર્સીટીમા 'રીડર' તરીકે કામ કર્યુ આ વર્ષો દરમ્યાન તેની લેખન-વાચનની પ્રવૃત્તિ તો ચાલુ જ હતી એ વખતે પ્રેગમા એક યુનીવર્સીટીની સ્થાપના થઇ અને ત્યા મસારિકની પ્રોફેસર તરીકે નીમણુક થઇ અમેરિકન પત્ની સાથે લગ્ન કરવાથી લોકો એમ માનતા કે મસારિક શ્રીમત બની ગયો છે પણ ખરી વાત એ હતી કે એ વખતે કેટલાયે પ્રસગે તેને આર્થિક મુશ્કેલીઓ આવ્યા કરતી

પ્રેમમાં બીજી મુશ્કેલીઓનો પણ તેને ઠીક ઠીક સામનો કરવો પડેલો તેણે રાજદ્વારી ચર્ચાઓમાં રસ લેવા માંડ્યો હતો એના રાજદ્વારી વિચારોના વિરોધીઓ પુષ્કળ હતા. રાષ્ટ્રીયતા અને સ્ટેટ બંનેનું મંડાણ નીતિના પાયા ઉપર થવું જોઈએ, આ જાતના તેના વિચારોનો કેટલાક કટ્ટર રાષ્ટ્રવાદીઓ વિરોધ કરતા

એ વખતે અતિશય વાચન અને વિચારને પરિણામે કૅથોલિક-ચર્ચમાંથી તેનો વિશ્વાસ ઊડી ગયો તેના જીવનમાં ધર્મને સ્થાન તો હતું જ. શ્રદ્ધા વિનાનું જીવન નિર્બળતા અને અનિશ્ચિતતાને જન્મ આપે છે એવી તેની માન્યતા હોવા છતાં લોકો તેને નિરીશ્વરવાદી કહીને તેની નિંદા કરતા આવા લોકો વિષે તેણે દુઃખોદ્ગાર કાઢ્યા છે "લોકો આટલા દુષ્ટ હોઈ શકે છે તેનો મને ખ્યાલ પણ નહોતો જો તેઓ એક બીજાને સમજવાની પણ દરકાર કરે તો આજે જ પ્રજાતંત્ર દાખલ થાય પરસ્પર સમજણ અને સહિષ્ણુતા વિના સાચી સ્વતંત્રતા શક્ય નથી એક બીજા તરફ પ્રેમ અને સત્યનિષ્ઠાથી વર્ત્યા સિવાય સામા પક્ષને આપણે સાચી રીતે પીછાની શકીએ જ નહિ"

૧૮૯૦ થી ૧૯૦૦નો દસકો એના જીવનનો એક અગત્યનો ભાગ ગણાય એ વખતે ઑસ્ટ્રિયન સામ્રાજ્યમાં યંગઝેક અને ઓલ્ડઝેક એવા બે રાજદ્વારી પક્ષો હતા એ વખતે સમાજવાદની અસર પણ રાજકારણ ઉપર ઠીક ઠીક થવા લાગી હતી શરૂઆતમાં ક્રિશ્ચિયન-સમાજવાદ દાખલ થયો, પાછળથી યુરોપમાં જેમ જેમ ઉદ્યોગ વિકાસ થતો ગયો તેમ તેમ શુદ્ધ સમાજવાદે રાજકારણને રંગવા માંડ્યું

પ્રેગ અને ક્લેડોનની હડતાળ વખતે મજૂર સભાઓમાં જઈને એ ભાષણો કરતો વળી તેણે 'કામદાર મંડળ' નામનું મંડળ સ્થાપવાની પણ સૂચના કરી, જ્યાં મજૂરોને અને તેમાં કામ કરતા જુવાનોને રાજકારણની તાલીમ આપી શકાય. ૧૯૦૫માં તેણે જાહેર સભામાં ભાષણ આપ્યું હતું અને સરઘસમાં પતિપત્ની બન્નેએ ભાગ લીધેલો.

તે રાજદ્વારી પક્ષોમાં બે વખત દાખલ થયેલો એકવાર યંગઝેક પાર્ટીના સભ્ય તરીકે અને બીજી વખત રીઆલીસ્ટ પાર્ટીમાં. ૧૯૦૦માં આ રીઆલીસ્ટ પક્ષની સ્થાપના થઈ તેણે જાહેર જીવનમાં વૈજ્ઞાનિક પદ્ધતિ સૌથી પ્રથમ દાખલ કરી

વર્તમાનપત્રોમાં રાજકારણ ઉપર લેખો લખવાનું કામ તો લગભગ ૧૮૭૬થી શરૂ કરી દીધેલું ત્યારથી ઑસ્ટ્રિયાના 'ન્યુઈરા' 'ટાઇમ' વગેરે વર્તમાનપત્રોમાં તેના લેખો આવતા દરમ્યાન, બીનીસ અને કુન્ટે જેવા તેના સાથીદારો સાથે તે ખૂબ ચર્ચા કરતો અને એમાંથી લેખોને માટેનું વસ્તુ મળી રહેતું

એ અરસામાં તેણે એક પ્રશ્ન એ ઉઠાવ્યો કે ઝેક લોકોએ રાજદ્વારી એકતા મેળવવા સ્લોવાક સાથે મળીને કામ કરવું જોઈએ તેના કેટલાયે સાથીદારોએ વાંધો ઉઠાવ્યો જોકે કેટલાક એ મતના પણ હતા કે ઝેક અને સ્લોવાક પ્રજા વચ્ચે રાજકીય કરતા સાહિત્યક સંબંધ વધારે છે ૧૮૯૦માં સ્લોવાક પ્રજાની એક સભા બોલાવવામાં આવી, ત્યાં કેટલાયે યંગઝેકના સભ્યો મસારિકને મળ્યા તેની સાથે ચર્ચા કરીને સાંસ્કૃતિક અને રાજકીય કાર્યક્રમ ઘડવામાં આવ્યો પરિણામે '[illegible]' પત્રની સ્થાપના થઈ પાછળથી જ્યારે ૧૯૧૪માં તે પરદેશ ગયો ત્યારે આ સ્લોવાક પ્રજા તેને ખૂબ ઉપયોગી થઈ પડી

૧૯૧૪માં જ્યારે મહાયુદ્ધ શરૂ થયું ત્યારે મસારિક જર્મનીમાં હતો તેણે પોતાની ગણતરીથી નક્કી કરી લીધું કે આખરે જર્મનીની ચોક્કસ હાર થવાની છે આ બાજુ પ્રેગમાં આવ્યા પછી તેણે જોયું કે ઑસ્ટ્રિયન સરકાર જે રીતે લશ્કરમાં ભરતી કરાવી રહી તે અન્યાયી હતું ઝેક લોકો અનિચ્છાએ અને કંટાળીને જ ભરતી થવાનું પસંદ કરતા હતા. મસારિકને લાગ્યું કે સરકારે આમ ન કરવું જોઈએ અને પોતે પાર્લમેન્ટને

ચૂંટાયેલો સભ્ય હોવાથી લોકો તરફની ફરજનું પણ ભાન થયું હતું. એટલે તે પ્રેગથી હોલેન્ડ ગયો. અને ઑસ્ટ્રિયન સામ્રાજ્ય વિખેરી નાખવું એ મધ્ય યુરોપના રાજકારણની દૃષ્ટિએ કેટલું વ્યાજબી છે એ પ્રકારનો પોતાનો કેસ રજુ કરવાની શરૂઆત તેણે ઠેકઠેકાણે કરવા માંડી. ત્યાંથી તે ઇટલી ગયો. યુરોપના બધા જ દેશના પાસપોર્ટ તેની પાસે હતા.

૧૯૧૫માં જીનીવામાં ઑસ્ટ્રિયન સરકારની સામે દેખાવો કરવામાં આવ્યા અને ત્યાં મસારિકે મોટી સભા પણ ભરી. એના મિત્ર બીનીસને તેણે પેરિસ મોકલ્યો અને ત્યારપછી તેણે ઇંગ્લાંડ જવાની તૈયારી કરી. ઇંગ્લાંડમાં મસારિકને પુષ્કળ કામ રહેતું, ત્યાંના અગ્રગણ્ય વર્તમાન પત્રો Morning Post, Specator વિગેરેમા અવારનવાર લેખો લખવા, ઓક્સફર્ડ, કેંબ્રીજ વિગેરે વિદ્યાપીઠોમાં ભાષણો આપવા અને એ રીતે લોકમતને પોતાની તરફ વાળવા માટે તેને વહેલી સવારથી મોડી રાત સુધી કામ કરવું પડતું, મુલાકાતો, લેખો, ચર્ચાઓ, સભાઓ એક પણ સાધનોનો ઉપયોગ કરવાનું એ ચૂકતો નહિ. આ ઉપરાંત પ્રેગ સાથે પત્રવ્યવહાર અને સંદેશાઓ તો ચલાવવા પડતા આ બધા કાર્યમાં બ્રિટીશ પોલીસ કેટલીક વાર વિઘ્ન નાખતી.

પ્રચાર કામ કરવાની મસારિકની રીત જ અનોખી હતી. દુશ્મનોને ગાળો દેવી, તેની શક્તિની તરફ બેદરકાર રહેવું કે અવગણના કરવી, ખાલી વચનો આપવા, ગપ્પા મારવાની કે સત્ય હકીકતોને મરડવી, લોકોની પાસે ભિખારી તરીકે ઉભા રહેવાનું આ બધું તેના સિદ્ધાન્તની વિરૂદ્ધ હતું. તે તો કહેતો, કે 'સત્ય આખરે પ્રકાશ્યા વિના નહિ જ રહે. જુઠાણું ચલાવવું કે અતિશયોક્તિ કરવી એ પ્રચાર કરવાની ખરાબમાં ખરાબ રીત છે.' આ બધું જાણતાં છતાંયે એ સંપૂર્ણ સત્યને અમલમાં મૂકી શકયો નહિ. એના આગ્રહને પરિણામે એ ન છૂટકે જ જુઠાણું ચલાવતો. યુરોપના રાજદ્વારી પુરૂષ માટે એ બીના જેવી તેવી નહોતી.

રશિયામાં પણ નેશનલ કાઉન્સીલની એક શાખા હતી. તેની ઇચ્છા એવી હતી કે મસારિકને ઇંગ્લાંડથી અહીં લાવીએ તો અહીંનું લશ્કર કાબૂમાં રહે. સિપાહીઓ બધા જ તેને ખૂબ ચાહતા હતા એટલે મસારિકને ત્યાં જવાનું હતું. ઝારનું ખૂન થયું ને કેરેન્સ્કીની સરકાર સત્તામાં આવી એ વખતે પરદેશી ખાતાના પ્રધાન મીલજુકોવ હતો તેને ને મસારિકને સારૂં બનતું હતું પણ જ્યારે મસારિક રશિયામાં પહોંચ્યો ત્યારે મીલજુકોવે રાજીનામું આપી દીધું હતું અને થોડાજ વખતમાં બોલ્શેવીકોએ ફરી ક્રાન્તિ કરી.આથી રશિયામાં રહેલા ઝેક સૈન્યની સ્થિતિ કફોડી થઇ પડી. આવા જબરદસ્ત, અને હથીયારોથી સુસજ્જિત સૈન્યનો ડર લાગવાથી બોલ્શેવિક સરકારે તેમના હથિયારો ખૂંચવી લેવા પ્રયાસ કર્યો. પણ એમાં એ ન જ ફાવી શકી. રશિયામા મસારિકે આવીને પોતાનું કામ શરૂ કર્યું. બોલ્શેવિક સરકાર સાથે સંદેશા ચલાવીને પોતાના લશ્કરને સહિસલામત રીતે રશિયામાંથી બહાર લઇ જવાનું નક્કી કર્યું. રશિયન સરહદ ઉપર તો મહાયુદ્ધ બંધ થઇ ગયું હતું એટલે તેની ઇચ્છા ફ્રાન્સની સરહદ પર થતી લડાઈમાં જર્મનો સામે લઇ જઇ ફ્રાન્સને મદદ કરવાની હતી. આ વાત જાહેર પણ થઇ ચૂકી હતી. પરંતુ જર્મની એ તો દુશ્મનોનો દેશ હતો. ત્યા થઇને ફ્રાન્સ જવું અશક્ય હતું એટલે મસારિકે સાઇબીરીયાના જંગલોમાંથી રસ્તો કાઢી આખા સૈન્યને જાપાન–અમેરિકાને રસ્તે પૃથ્વી પ્રદક્ષિણા કરાવીને ફ્રાન્સ લઇ જવાની યોજના મૂકી. સિપાહીઓને આ વાત અશક્ય લાગી પણ અનેક

અશક્યતાઓને શક્ય બનાવનાર સેનાપતિએ પહેલ કરી અને સૈનિકો તેની પાછળ પાછળ આવ્યા. પચાસ હજારની એ જંગી સેનાને મસારિક અદ્‌ભૂત કાર્યકુશળતાથી ધારેલે સ્થળે લઈ જઈ શક્યો.

એજ અરસામાં (ઓક્ટોબર, ૧૯૧૮મા) ઝેકોસ્લોવાક પ્રજાએ ઑસ્ટ્રીયા હંગેરી સામ્રાજ્ય સામે બળવો જગાવી સ્વાતંત્ર્યની જાહેરાત કરી મહાયુધ્ધ ખતમ થયું એટલે મસારિક પણ સૈન્યને લઈને પોતાના દેશમા આવી પહોંચ્યો. મહાયુધ્ધ વખતે મસારિકે મિત્રરાજ્યોને આપેલી મદદની પૂરેપૂરી કદર કરવામા આવી તેઓએ ઝેકોસ્લોવાકીઆને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્ય રાખ્યુ અને એ પ્રદેશની નજદીક વસતી જર્મન મેગીર અને રુથેનીયન પ્રજાના કેટલાક ભાગને એ રાષ્ટ્રની સાથે જોડી દેવામા આવ્યો.

આમ ઑસ્ટ્રીયા હંગેરીના સામ્રાજ્યમાથી છૂટું પડીને ઝેકોસ્લોવાકિયાના એક સ્વતંત્ર રાષ્ટ્રની ઉત્પત્તિ થઈ દોઢ કરોડની વસ્તીવાળા આ નાનકડા રાષ્ટ્રે મસારિકની શક્તિ, પ્રમાણિકતા, કાર્યકુશળતા રાષ્ટ્રપ્રેમ વિગેરે અનેક ગુણોના દર્શન કર્યાં હતા સમસ્ત રાષ્ટ્રની મુક્તિની લડતમા અંત સુધી ઝૂઝીને સફળતા મેળવનાર મસારિકને પ્રજા કેમ ભૂલી શકે ? સ્વતંત્ર રાષ્ટ્રના રાષ્ટ્રપતિનો કાંટાળો તાજ પ્રજાએ મસારિકને શીરે જ મૂક્યો. અને ત્યારપછી અઢાર અઢાર વર્ષ સુધી જ્યારે જ્યારે ચૂંટણીના પ્રસંગ આવ્યા ત્યારે ફરી ફરીને પ્રજાએ તેને જ પ્રમુખ તરીકે ચૂંટ્યો આ હકીકત જ તેની લોકનાયક તરીકેની લાયકાત પુરવાર કરે છે

બે દસકા પહેલા જે રાષ્ટ્રની હસ્તી પણ નહોતી એજ રાષ્ટ્રને મસારિકે યુરોપના રાજકારણમા અગત્યનુ સ્થાન અપાવ્યુ

તેનુ સમગ્ર જીવન જોતા એ શુષ્ક રાજદ્વારી પુરૂષ નહિ પણ જીવન ફિલસુફ લાગે છે તેને મન જીવન અને રાજકારણ એ જુદા ન પડી શકાય એવા તત્વો છે યુરોપના કેટલાક આદર્શ રાજદ્વારી પુરૂષોમાના એક તરીકે તેની ગણના થાય છે

ઝેકોસ્લોવાકિયામાં અનેક રાષ્ટ્રની પ્રજાઓ હોવા છતાં પ્રેસીડેન્ટ મસારિક બધી પ્રજાઓનો વિશ્વાસ મેળવી શક્યો તેમનો પ્રેમ સંપાદન કરી શક્યો અને તેમના સહકારથી આખા દેશનો ધીરે ધીરે ઔદ્યોગિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસને માર્ગે એ લઇ જઇ શક્યો

ઝ્યાશી વર્ષ સુધી એક સરખા ઉત્સાહ અને ખંતથી તેણે પ્રજાની સેવા કર્યાં કરી આખરે વૃદ્ધાવસ્થાને લઇને જ્યારે પોતાને જ રાજતંત્રનો ભાર ઉતારી નાખવાનુ યોગ્ય લાગ્યુ ત્યારે તેણે પોતે જ રાજીનામું આપ્યુ પ્રજાને એ વાત ગમે તેમ નહોતી છતાએ જેણે પોતાની શક્તિનો છેલ્લા દિવસ સુધી ઉપયોગ આપ્યો એનો આરામનો હક્ક પ્રજાએ મંજુર રાખ્યો.

રાજકારણ પ્રત્યેનુ તેનુ દ્રષ્ટિબિંદુ યુરોપના બીજા રાજદ્વારી પુરૂષો કરતા સાવ જૂદુ જ છે એના રાજકિય જીવનનો વિચાર કરીએ છીએ ત્યારે જ એ રાજપુરૂષ લાગે છે, બાકી તો એ વિશ્વની સૌ દર્શનીનામા રમ લઈ શકે એવો ફિલસુફ, લેખક અને કલાકાર દેખાય છે એણે ધર્મ, કેળવણી, તત્વજ્ઞાન, રાજકારણ ઇત્યાદી વિષયો ઉપર પોતાના વિચારો રજુ કર્યા છે એ જોતા સ્પષ્ટ જણાઇ આવે છે કે આ પુરૂષ જીવનના ભાગના પાડનારો નથી એ જીવનને એક અને અખંડ સમજે છે અને તે પણ માત્ર વ્યક્તિના જ નહિ, સમાજ અને રાષ્ટ્રના જીવન વિષે પણ એની એજ માન્યતા છે એ વ્યક્તિ અને સમાજના ધર્મોને જૂદા નથી ગણતો આ પુરૂષની સરખામણી યુરોપના ક્યા લોકનાયક સાથે કરી? એ ગાંધીજી તો નથી જ પણ લગીરે એના જીવનતત્વની સરખામણી કોઇ સાથે થઇ શકે તો ગાંધીજી સાથે જ થઇ શકે એ યુરોપના લોકનાયક આજે એ ઝેકોસ્લોવાકિયાની પ્રજાને પોતાની શીળી છાયાથી પ્રેરણા આપી રહ્યો છે આ મહાનપુરુષનુ જીવન આપણા દેશના જુવાનોને પ્રેરણા આપો

લેખક અને વિવેચક

શ્રી. 'ચં'

એક દિવસ અમે ત્રણ મિત્રો સાહિત્યવિષયક વાતો કરતા હતા. નવલિકા, નવલ, કાવ્ય ઇત્યાદિની વાતો કરતાં વાતનું વહેણ નાટકો તરફ વળ્યું. ત્રણમાંથી એક મિત્ર નાટ્યકાર હતા અને નાટ્ય સંબંધી કોઈ પણ વિવેચન થાય તેમાં ભારે રસ લેતા હતા. એમના જ નાટકોની કેટલીક ખૂબીઓ ચર્ચાયા બાદ એમના પાત્રાલેખનની વાત નીકળી અને સહેજે એકે ટકોર કર્યો કે એમના સર્જેલા સ્ત્રીપાત્રો વસ્તુત: એક પાત્ર જેવાં જ હતાં. ફરક માત્ર એટલો હતો કે અભિનયકુશળ નટ વસ્ત્રપરિધાનની [illegible]થી જેમ પ્રેક્ષકવર્ગના મનનું રંજન કરે છે તેમ એમના સ્ત્રીપાત્રો જુદાંજુદાં નામધારી બની વાચકનું ધ્યાન ખેંચે છે. પણ ચકોર આંખવાળો પ્રેક્ષક જેમ એવા કુશળ નટથી છેતરાતો નથી તેમ કુશળ વાચક એમની સર્જેલી સ્ત્રીઓથી છેતરાતો નથી. તે જાણે છે કે લેખકની આંખ સામે માત્ર એક જ સ્ત્રી છે, માત્ર જુદા જુદા પ્રસંગે જુદું જુદું નામ ધારે છે. ઓળખનાર શરૂ કરે તે પહેલાં તો નાટ્યકારના ચહેરાએ કંઈક રંગો ધારી લીધા. બોલનારે પોતાનું બોલવું બંધ કર્યું. મિત્રો જુદા પડ્યા અને મૈત્રીએ સદાને માટે વિદાય લીધી.

વિવેચકોની વિવેચનાથી લેખક જ્યારે અસ્વસ્થતા અનુભવે છે ત્યારે એની આંતરવ્યથાઓ સહેજે એના ચહેરા ઉપર અને વાણીમાં મૂર્ત બને છે. એ તો કુદરતી છે કે લેખકે વ્યક્ત કરેલા ભાવને વિવેચક જ્યારે મારી મચડીને ઉંધી રીતે મૂકે—અથવા જાણી કરીને મૂકેલા કથનના અર્થને લેખક ઉંધી રીતે જુવે ત્યારે પોતાને થતા અન્યાય માટે લેખક વિવેચક તરફ ધીક્કારથી જુવે. એની સામે પોતાની શક્તિ પ્રમાણે ઝુંબેશ ઉપાડે માત્ર લેખકનો જ નહિ પણ હરકોઈ માનવીનો એ જન્મસિદ્ધ હક્ક છે પણ, [illegible] રીતની વિવેચનાને લેખક સ્પષ્ટતા અને [illegible] કરે ત્યારે એવા કથનને [illegible] પરંતુ તર્કશક્તિથી કે સ્થાપિત અને સર્વમાન્ય સિદ્ધાન્તોથી પોતાનો બચાવ ન કરનાર લેખક [illegible]

ક્રોધ વિવેચક પર ઠાલવે એમાં એ પોતાની જ નિર્બળતા જાહેર કરે છે.

સૌ કોઇને પોતાની વિરુદ્ધ થયેલી ટીકા વસમી લાગે છે. અંગત, 'જીવનમાધુરી' ઉપર આપેલા ઉદાહરણ પ્રમાણે વાચાળ અને મત્ય ઉચરનાર મિત્ર કંડવેઝિર થઇ પડે છે. રાત અને દિવસ, અથાક શ્રમ લઇ તૈયાર કરેલા લખાણને જ્યારે એક અજાણ્યો વિવેચક 'દમ વગરનું' 'સામાન્ય' 'આમ કર્યું હોત તો વિશેષ સુંદર બન્યું હોત' ઇત્યાદિ વિશેષણોથી નવાજે ત્યારે લેખકને માટે એ એક અસહ્ય મશ્કરી બને છે દરેક દેશમાં અને દરેક યુગમાં, સાહિત્યમાં અજોડ સ્થાન મેળવનાર એવા સાહિત્યકારો પડ્યા હોય છે કે જેઓ એમની કૃતિઓના ભારોભાર વખાણ કર્યા પછી 'આમા આટલીજ ખોટ છે' એટલું કહેનાર વિવેચક તરફ તિરસ્કારથી જોવા માંડે છે વખાણની બધી માત્રા એમને માટે ઓગળી પડે છે એમની આંખ સામે પેલી નાની શી ટીકા રમ્યા કરે છે કઇક લેખકોએ જાહેરમા અને ખાનગી પત્રવ્યવહારમા પોતાની આવી નબળાઇ પ્રસિદ્ધ કરી છે

વિવેચક માત્ર તટસ્થ બુદ્ધિવાળા, ક્ષીરનીર ભેદ જાણનાર માનસ હંસ જેવાજ હોય છે એમ માની લેવાની કશી જરૂર નથી શાસ્ત્રમા જેવી લેખકની કોટિઓ ગણાવી છે એવી અને એટલીજ વિવેચકોની પણ છે કનિષ્ઠ કોટિના વિવેચકો ઇર્ષાભર્યા વિવેચનો લખે છે સુંદરમા સુંદર કોટિની કૃતિઓને ઉતારી પાડે છે મામિકોની કાઇલો ઉથલાવનારને ડગલે અને પગલે આ વિકૃત ભાઇબંધોના દર્શન થશે પણ આવા વિવેચકો તરફ પણ ક્રોધ કરવો ઉચિત નથી કારણ કે એમના વિકૃત માનસને લીધે વિકૃતિ સિવાય બીજું કશુ દેખાતુ નથી

અમુક લેખક માટે અમુક વિવેચકને સુગ જ હોય છે એની ગમે તેવી સારી કૃતિને એ ઉતારી પાડવામાં જ પોતાની વિશેષતા અને વિશિષ્ટતા જુવે છે. અંગત વેરઝેરના રંગો સાહિત્યને પણ રંગે છે.

સાસુના સંતાપથી ત્રાસી ઉઠેલી વહુ પોતે જ્યારે સાસુ બને છે ત્યારે પોતાની સાસુથી સવાઇ ક્રૂર બને છે, તેવીજ રીતે વિવેચકોને હાથે સંતાપાયેલો લેખક પોતે જ્યારે વિવેચના કરવા બેસે છે ત્યારે પોતાને થયેલા અન્યાયનો ક્રોધ નવા આગંતુક ઉપર ઠાલે છે. વિવેચક વિવેચના લખે છે ત્યારે માનવી સ્વભાવને અભેરાઇ પર ચડાવતો નથી. એની આકૃતિઓ એના લખાણમા વ્યક્ત બને છે મનુષ્ય સ્વભાવની ઇર્ષા અને ઉદારતા ક્રૂરતા અને સહનશીલતા, નિન્દા અને પ્રશંસા ઇત્યાદિ વિવેચનમા હમેશાં દૃગોચર થાય છે. સાહિત્યપ્રદેશના પ્રવાસીઓથી એ પણ અજાણ્યુ નથી કે સાહિત્યકારોના પણ નાના નાના સમૂહો બની ગયા હોય છે અંગ્રેજી સાહિત્યનો અજોડ નિબન્ધકાર લેમ્બ હુન્ટનો મિત્ર હતો માટે બ્લેકવુડ્સપત્રે એને વખોડયો; હેઝલીટનો મિત્ર હતો માટે 'ક્વોર્ટર્લી', એ અને કોબ્બીજનો મિત્ર હતો માટે 'એડીનબરો' કીટ્સને એ ત્રણે પત્રોમા આવેલા વિવેચનો પક્ષાપક્ષીને અંગે જન્મેલા વેરઝેરમાંથી ઉત્પન્ન થયા હતા આપણે પણ ક્યાં આવા વિવેચનો ઓછાં થયા નથી? જીજ્ઞાસુઓને જોઇએ તેટલાં ઉદાહરણ મળી રહેશે

છતા એક વાત સાચી છે કે લેખકો લખાણોમા વેરઝેર હોય છે તેના કરતા તેની વિશેષ માત્રા વખાણમા જુવે છે. તેઓ પોતે જ્યારે વિવેચન કરવા બેસે છે ત્યારે કડકમા કડક ધોરણ ધારણ કરે છે, લેખકને ઉતારી પાડે છે અને જ્યારે કોઇ ટકોર કરે છે ત્યારે 'મારું

અંગત મત' 'સત્યને ખાતર' ઇત્યાદિ શસ્ત્રાસ્ત્રોથી પોતાનો બચાવ કરે છે માત્ર એમની કૃતિઓનું જ સારું, પણ કડવું વિવેચન કરનાર 'અસત્ય' બોલનાર અને 'અપ્રમાણિક' હોય છે ઘણીવાર અદ્ભુત કવિઓ અને શ્રેષ્ઠ ચિંતકો પણ આવા રોગથી પીડાતા જોવામા આવે છે

ઘણીયે વાર શક્તિશાળી લેખક પ્રજાનો લાડીલો હોતો નથી એમા વળી વિવેચકો પોતાની ટીકા સમીક્ષાથી એને વધુ અપ્રિય બનાવે છે વિવેચનાનો ધર્મ વસ્તુની સાચી કિમ્મત આકવાનો અને પ્રજામા એ વસ્તુ માટે રસ ઉત્પન્ન કરવાનો છે, લેખકની પ્રશંસા કરવાનો કે તેની ખુશામત કરવાનો નથી પોતાના પુસ્તક વિષે વિવેચકને સ્વતંત્ર મત આપતા અટકાવવાનો કોઇ પણ લેખકને હક્ક નથી જો ચર્ચા સહન ન થતી હોય તો બહેતર છે કે તે પોતાની પ્રકાશનપ્રવૃત્તિ સંકેલી લે.

ઘણાયે કવિઓ અને લેખકો પોતાને અન્યાય થાય છે એવો ભાવ સેવતા હોય છે, પોતે એ વસ્તુ વિવેચનાને કઇ હિસાબમા લેખતા નથી એમ માને-મનાવે છે છતા પ્રસંગે પ્રસંગે એમના અંતરમા વસેલી કડવાશ, એક અથવા બીજી રીતે બહાર આવે છે એમનું ચાલે તો, જેમ આજે જર્મનીમા છે તેમ, કાયદાદ્વારા વિવેચકને મોઢે તાળા મારી દે

ભવિષ્યના લખનારાઓ આવો રોગ ન સેવે એટલા માટે કહેવું પડે છે કે લેખકને લખવાની જેટલી સ્વતંત્રતા છે તેટલીજ વિવેચકને તુલના કરવાની છે." વિવેચકો સિદ્ધાન્તહીન પશુઓ નથી. વિવેચક પોતે પણ એક પ્રકારનો લેખક જ છે એ વાત ભૂલાવી ન જોઇએ.

રાજકીય પ્રતિપક્ષી સામે વર્તમાનપત્રનો તંત્રી મુખલેખ લખે છે અને તેમા સ્વપક્ષની દૃષ્ટિએ એ જેટલો પ્રમાણિક હોય છે તેટલોજ વિવેચક પોતાની વિવેચનામા પ્રમાણિક હોય છે જેમ રાજકીય બાબતોમા મતમતાતરો અને પક્ષો હોય છે, જેમ તેમા પણ ઉંચી નીચી શ્રેણીઓ હોય છે તેવીજ રીતે વિવેચનક્ષેત્રમા પણ પક્ષો અને શ્રેણીઓ હોય છે ઉદ્દામમતવાદીઓ, સંરક્ષણવૃત્તિવાળાઓ અને વિનીતો જીવનના દરેક ક્ષેત્રમા મળે છે પોતાને વિવેચનથી પર માનનાર લેખકને 'મૂર્ખ' સિવાય બીજો ઇલકાબ શોભે તેમ લાગતુ નથી

વેચાણની, પ્રચારની અને પ્રશસાની દૃષ્ટિએ વિવેચકોને મોઢે તાળા મારતા એટલે લેખક પોતાના પગ ઉપર કુહાડો મારી આજીવન અપંગ બનવા બરાબર છે એ વાત કદી પણ વીસરાવી ન જોઇએ ¹

¹ રોબર્ટ લીન્ડના એક નિબંધ ઉપરથી ફેરફાર સાથે.

ગૃહપ્રવેશ: ત્રિઅંકી નાટિકા

રવીન્દ્રનાથ ઠાકુર

અનુવાદક

નગીનદાસ પારેખ

અંક પહેલો [ચાલુ]

રોગીનો ઓરડો

યતીન મણિ આવી નહિ? આટલી બધી વાર કરી કે?

માસી તે તો ભારે થઈ! જઈને જોઉં છું તો દૂધ ગરમ કરવા જતાં ઢાળી નાખ્યું હતું એટલા માટે રડવા માંડ્યું હતું. મોટા ઘરની છોકરી દૂધ ખાતાં જ આવડે, ગરમ કરતાં શીખી હોત તો ને! તારું કામ કરવાનો જીવ થાય એટલે કરે છે. બહુ સમજાવી સમજાવીને શાંત પાડીને તેને બિછાનામાં સુવાડીને આવી છું. છો જરા ઊંઘતી.

યતીન માસી!

માસી શું ભાઈ?

યતીન મને સમજાય છે કે હવે દિવસ પૂરા થવા આવ્યા, પણ કોઈ વાતનો ખેદ નથી. મારે માટે શોક કરશો નહિ.

માસી ના બાપુ, શોક કરવાનો મારો વારો પૂરો થયો છે. ભગવાને મને એટલું સમજાવ્યું છે કે જીવવું એ જ સારું અને મરવું એ જ ખરાબ એમ નથી.

યતીન મૃત્યુ મને મધુર લાગે છે. આજે સામે પારના ઘાટ પરની સરણાઈ સાંભળી શકું છું. હિમિ હિમિ ક્યાં છે?

માસી પેલી શું બારી આગળ ઊભેલી!

હિમિ કેમ મોટાભાઈ, શું જોઈએ?

યતીન બેન, મારી, હું આમ છુપાઇ છુપાઇને રડીશ નહિ—તારા આંસુનો અવાજ હું જાણે મારા હૈયામા સાંભળી શકુ છુ જોઉં તારો હાથ. મને બહુ સારુ છે પેલુ ગીત ગા તો બેન "યદિ હેનો જાગર ક્ષણ"

હિમિ ગાય છે

યદિ હોયો જાગાર ક્ષણ
તબે જાગ્યો દિયે જાગ્યો શેષેર પવન
બારેબારે જે થાય આપન ગાને
સ્વપન ભાશાઇ દૂરેર પાને
માઝે માઝે દેખે જેઓ શૂન્ય બાતાયન—
શે મોર શૂન્ય બાતાયન
વનેર પ્રાંતે એ માલતીર લતા
કરુણ ગંધે કય કી ગોપન કથા!
ઓરિ ડાલે આર શ્રાવણેર પાખી
રમરણખાનિ આનબે ના કિ?
આજ શ્રાવણેર સજલ છાયાય વિરહ મિલન
આમાદેર વિરહ મિલન!

મામી હિમિ, શીશીમાં ગરમ પાણી ભરી લાવ પગે લગાડવી પડશે

[હિમિ જાય છે]

યતીન વેદના થાય છે મામી, પણ જેટલુ માનો છો તેટલુ કશુ નથી મારો અને મારી વેદનાનો જાણે ધીમે ધીમે વિચ્છેદ થતો જાય છે ભાંગેલી નૌકાની પેઠે જીવન જહાજની સાથે તે બાંધેલી હતી—આજે બંધન કપાઇ ગયા છે, તેને જોઇ શકુ છુ પણ તે હવે મારી સાથે વળગેલી નથી આ ત્રણ દિવસમા મણિને દિવસના કે રાતના એકવાર પણ જોઇ નહિ

મામી ભાઇ, જરા દાડમનો રસ પી તારુ ગળુ સુકાઇ ગયુ છે

યતીન મારુ વીલ કાલે લખાઇ ગયુ છે—મે તે તને બતાવ્યુ કે નહિ? યાદ આવતુ નથી

મામી મારે જોવાની જરૂર નથી, યતીન

યતીન : મા જ્યારે મરી ગઇ, ત્યારે તો મારુ કશુ જ હતુ નહિ તારુ ખાઇને તારે જ હાથે હુ મોટો થયો એટલે કહેતો હતો—

મામી આ વળી શુ બોલે છે? મારુ તો માત્ર આ એક ઘર અને થોડી સંપત્તિ હતી બાકીની બીજી તો બધી તારી પોતાની જ કમાણી છે

યતીન પણ આ ઘર—

મામી શાનુ મારુ ઘર? કેટલાય ઓરડા તે ઉમેર્યા છે મારુ જે હતુ તે તો હવે ગોત્યુયે જડતુ નથી

યતીન મણિ તને મનમા મનમા ખૂબ—

મામી હું શુ તે જાણતી નથી? તુ હમણા ઊંઘી જા

યતીન મે મણિને બધુ લખી આપ્યુ છે ખરૂ પણ તારુ જ મ્હોતાય એ મણ થોડી જ કોઈ દિવસ તારી આમન્યા લોપવાની છે?

મામી એની આટલી ચિંતા શાને કરે છે ભાઇ?

યતીન તારો આશીર્વાદ એ જ મારુ સર્વસ્વ છે. તુ મારુ વીલ જોઇને એવુ કશી મનમા ધારીશ નહિ—

મામી આ તુ શુ બોલે છે યતીન? તારી વસ્તુ તુ મણિને આપે તેમા હું ખોટુ લગાડું—એવુ બધુ મનેન મરુ મા છે?

યતીન પણ તને પણ હુ—

મામી જો યતીન હવે હુ ચિંતા જરૂર તુ ચાલ્યો જવાનો અને મને રૂપિયાથી બોળતો ગણી જવાનો?

યતીન મામી, રૂપિયા કરતા જે બીજુ વધારે મહત્ત્વનુ છે તને—

મામી દીધુ છે, યતીન ઘણુ દીધુ છે. મારુ સૂનુ ઘર ભરી દીધુ હતુ એ મારાં અનેક જન્માના ભાગ્ય આજ સુધી તો હૃદય ભરીને માણ્યુ છે

આજે જો મારુ લેણુ પૂરુ થઇ ગયુ હોય તો ફરિયાદ કરવાની નથી આપી દે લખી આપ ઘરબાર, સરસામાન, ઘોડાગાડી, જર જમીન—જે હોય તે મણિને નામે બધુ લખી આપ—એ બધો ભાર મારાથી નહિ સહેવાય

યતીન : તને ભોગ ઉપર રૂચિ નથી પણ મણિની ઉમર નાની છે એટલે—

માસી એવું બોલીશ નહિ,—ધનસંપત્તિ હેાી હોય તો દેજે પણ ભોગવવી—

યતીન શા માટે નહિ ભોગવે માસી ?

માસી : નહિ રે નહિ ભોગવી નહિ શકે કહુ છુ કે એને રૂચિ નહિ રહે ગળુ સૂકાઇને લાકડુ થઇ જશે કેમે કર્યો કશો રસ નહિ, પામે

યતીન (મૂગો રહી નિશ્વાસ નાખીને) આપવા જેવી વસ્તુ તો કાઇ—

માસી ઓછુ શુ આપી જાય છે ? ઘરબાર ધનદૌલતને રૂપે જે આપી ગયો તેનુ મૂલ્ય શુ એ કદી સમજવાની નહી ?

યતીન મણિ મને આપી હતી ! મને તો નથી આવતુ

માસી આપી હતી તુ જીવનના દનો માયા આગળ ઘરબાર સુધી મેગા મેળો—

યતીન આતો ભાગે નરક ! મને ગામગ તે જ વખતે સ્વપ્ન આવ્યુ હતુ કે મણિ બાબ મારા ઓરડામા આવવાને માગે છે —બારણા સહેજ માત્ર ઉઘાડા થયા છે—ફેનાફેની કરે છે પણ કેમે કર્યા વધારે ખુલતા જ નથી પણ માસી, તમો જરા વધારે પડતુ કરો છો એને જોવા દો કે સંધ્યા સમયના પ્રકાશની માફક કેવી અતિ સહજ રીતે મારુ ધીરે ધીરે—

માસી : ભાઇ તારા પગ ઉપર આ પશમની શાલ ઓઢાડી દઉ—તમના તળિયા ઠંડા થઇ ગયા છે

યતીન ના, માસી શરીર પર કંઇ પણ ઓઢવાનુ ગમતુ નથી

માસી ખબર છે યતીન, આ શાલ મણિએ તૈયાર કરેલી છે રાતદિવસ આટઆટલા ઉજાગરા કરીને તારે માટે તૈયાર કરી છે કાલે જ પૂરી કરી

(યતીન શાલ લઇને બે હાથ વડે જરા ફેરવે છે તેના પગ ઉપર ઢાંકી દે છે)

યતીન મને તો લાગે છે કે જાણે હિમિએ શાલ ભરતી હતી મણિને તો ભરવાનુ ગમતુ નથી તેને આવડે છે શુ !

માસી સ્નેહને જોરે સ્ત્રી શીખે હિમિએ એને શીખવ્યુ છે સ્તો ! એમાં ભરતની ભૂલ ઘણીએ છે—

યતીન હિમિ, તુ પખો બધ કર, બેન આવ મારી પાસે બેસ આજે જ પંચાગમા જોઇને તને કહી દઇશ કે ક્યારે વાસ્તાનુ મુહૂર્ત આવશે

હિમિ રહેવા દો મોટાભાઇ એ નથી વાત—

યતીન હુ હાજર રહી શકવાનો નથી એમ ધારીને કદાચ—હુ હાજર રહીશ જો ! ને હિમિ ઘરની લક્ષ્મી આણુએ આવતાં હુ હાજર નહીં— તમો સમજી શકશો જે ગીત ગાવનુ છે તે મે નક્કી કરી મૂકયુ છે—પેલુ અગ્નિશિખા—એકવાર સભળાવતો—

હિમિનુ ગીત

અગ્નિશિખા એશો, એશો,
આનો આનો આલો
દુખે ગુખે શૂન્ય ઘરે પુણ્યદીપ જ્વાલો
આનો શકિત, આનો દીપ્ત,
આનો શાંતિ, આનો તૃપ્તિ
આનો સ્નિગ્ધ ભાલોબાશા
આનો નિત્ય ભાલો
એશો શુભ લગ્ન બેયે
એશો હે કલ્યાણી
આનો શુભ સુપ્તિ આનો

જાગરણખાનિ
દુઃખ રાતે માતૃવેશે
જેગે થાકો નિર્નિમેષે,
ઉત્સવ આકાશે તવ
શુભ્ર હાસિ ઢાલો

યતીન ગીતમાં ક્યા ઉત્સવની વાત છે, ખબર છે હિમિ?

હિમિ ના!

યતીન અરે! અનુમાન તો કર!

હિમિ હું અનુમાન કરી શકતી નથી

યતીન હું કરી શકું છું જે દિવસ તારા લગ્ન થશે તે દિવસે ઉત્સવની સવારથી—

હિમિ બસ કરો, મોટાભાઈ બસ કરો

યતીન હું જાણે તેની શરણાઈ સાંભળી શકું છું એની આ સૂર વાગી રહ્યા છે મેં લખી મૂક્યું છે, તારા લગ્નના ખરચને માટે—

હિમિ મોટાભાઈ ત્યારે હું જાઉં?

યતીન ના, ના એમ પણ વાસ્તાને દિવસે મારે મારે તારે જ બધું શણગારવું પડશે યાદ રાખજે, થોડા પણ જેટલા મળે તેના ઓરડામાં જે આમન તૈયાર થાય તે ઉપર અમારા લગ્નની પેલી લાલ બનારસી ચાદર—

(શંભુનો પ્રવેશ)

શંભુ: ડાક્ટર સાહેબ પૂછાવે છે કે મારે આજે રાત્રે રહેવું પડશે?

માસી હા, રહેવું પડશે

[શંભુ જાય છે]

યતીન પણ આજે ઊંઘની દવા નહિ આપના તેવી તે મારી ઉપર પણ ઢોળાઈ જાય છે અને સ્મરણ પણ ઢોળાઈ જાય છે વૈશાખની બારસે અમારા લગ્ન થયા હતા, માસી કાલે તે જ તિથિ છે મણિને મારે એ જ વાતની યાદ આપવી છે એ મિનિટ બોલાવી લાવ ચૂપ થઈ ગઈ કેમ? મારું મન તેને કંઈ કહેવા માગે છે એના માટે જ આ બે રાત મને ઊંઘ નહિ આવી હવે મોડું ન કરો પછી વખત મળવાનો નથી ના, માસી, તમો આ રોવું મારાથી સહન નથી થતું આટલા દિવસ માસી શાંત હતી આજ કેમ—

માસી અરે યતીન મેં તો ધાર્યું હતું કે મારું રોવાનું બધુંય પૂરું થઈ ગયું છે—પણ આજે હવે રહેવાતું નથી

યતીન: હિમિ ઉતાવળી ઉતાવળી કેમ ચાલી ગઈ?

માસી થાક ખાવા ગઈ હમણાં પાછી આવશે

યતીન મણિને બોલાવી લાવ

માસી જાઉં છું, ભાઈ. શંભુ બારણા પાસે છે જો કંઈ જોઈએ તો તેને બોલાવજે.

[જાય છે]

(પાસેનો ઓરડો)

[અખિલનો પ્રવેશ ઉતાવળે ઉતાવળે આંસુ લૂછીને હિમિ ઊઠી ઊભી થાય છે]

હિમિ. માસીને બોલાવું છું

અખિલ જરૂર નથી એવું બનવાનું કંઈ કામ નથી

હિમિ : મોટાભાઇના ઓરડામા જવાના છો ?

અખિલ . ના, અહીથી જ ખબર લઇ જઇશ. યતીનને કેમ છે ?

હિમિ ડાક્ટર કહે છે કે આજ સ્થિતિ સારી નથી.

અખિલ કેટલાય દિવસથી તમો રાત દિવસ મહેનત કરો છો હુ તો આવ્યો છુ તમને જરા આરામ દેવાને મને લગે છે કે રોગીની સેવા હુ પણ કઇક—

હિમિ ના, તે બને જ નહિ મને જરાયે થાક લાગ્યો જ નથી

અખિલ વારુ તો હુ તમારી સાથે સાથે કામ કરવા લાગુ

હિમિ એ બધુ કામ–

અખિલ ખબર છે કે વકિલાત કરતા બહુ ભારે છે

હિમિ ના હુ એવુ નથી કહેતી

અખિલ ના, સાચી વાત છે મારે જો કાઇ તૈયાર કરવી પડે તો કદાચ ઘરને જ આગ લગાડી મૂકુ

હિમિ શુ બોલો છો તમે !

અખિલ જરા પણ અતિશયોક્તિ કરતો નથી ઘરમા આગ લગાડવાનો અમને અભ્યાસ છે સમજતી નથી ?— જોતી કેમ નથી, તુ તો યતીનને માટે કાઇ તૈયાર કરે છે, હુ કદાચ એવુ કાઈ તૈયાર કરીને બેઠો છુ કે જે એને માટે પથ્ય ન હોય, એટલુ જ નહિ પણ નિરોગીને પણ ભારે પડે તુ બેસ બે વાત તારી સાથે કરી લઉ

હિમિ હમણા પણ વાત કરવા જેવો–

અખિલ રામ રામ વાત કરતા જો આવડતી હોત તો ધધો જ છોડી દીધો હોત બીજો બધોય ચાહુ જ થઇ ગયો હોત હવે છે શુ ? અમારે ઘણી વાતો બનાવવી પડે છે, એ જરા પણ ગમતુ નથી વાતો જો બનાવી શકતો હોત તો આ ધધો છોડી દેત પણ તે શુ વાર્તા લખવાનું શરૂ કરી દીધુ છે ?

હિમિ ના

અખિલ નાટક લખવા–

હિમિ ના મને એ બધુ આવડતુ નથી

અખિલ કેમ જાણ્યુ ?

હિમિ . ભાષા સૂઝતી નથી.

અખિલ નાટક તૈયાર કરવામા ભાષાની જરૂર પડતી નથી નોટ બોટ કશુ જ જોઇતું નથી કદાચ અત્યારે જ તારો નાટક શરૂ થઈ ગયો હોય પણ કોણ કહી શકે ?

હિમિ હુ જાઉ છુ, માસીને બોલાવી લાઉ છું

અખિલ ના, કાઇ જરૂર નથી હુ નકામી વાત બધ કરૂ છું કામની વાત જ કહુ છુ મે તો યતીનને જ કહેવાનો વિચાર રાખ્યો હતો પણ તેનૂ શરીર હમણા—

હિમિ તેમના વેપાર વિશે કાઇ વાત સારે કાને આવી છે કે નહિ એમ મને હમેશા પૂછ્યા કરે છે તમો કદાચ–

અખિલ હુ જાણુ છુ વેપાર ડૂબી ગયો છે

હિમિ પણ વારુ છુ એ વાત તેમને કહેશે

નહિ. બીજું જે થવાનું હોય તે થાય, તેમનું આ ઘર તો—

અખિલ : યતીન ઘરની વાત કરે છે ખરો !

હિમિ : માત્ર એ એક જ વાત કરે છે. એક દિવસ ભપકા સાથે વાસ્તુ થવાનું છે, તેની જ યોજના—

અખિલ : વાસ્તાની તૈયારી તો થઇ ગઇ છે—

હિમિ : તમે કેવી રીતે જાણ્યું ?

અખિલ : મારી ઑફિસમાંથી જ થઇ છે—પટાવાળાઓ કપડાં પહેરીને લગભગ તૈયાર—

હિમિ : જુવો, અખિલબાબુ, આ હસવાની વાત નથી—

અખિલ : તે શું હું જાણુંં નથી ! તારી આગળ છુપાવવાથી શું વળવાનું હતું ! આ ઘર દેણામાં—

હિમિ : ના, ના. તે બને જ નહિ—અખિલબાબુ દયા કરો—

અખિલ : પણ આટલી બધી ચિંતા શાને કરે છે ? તને તો બધી ખબર છે. તારા મોટાભાઇ તો હવે બહુ દિવસ—

હિમિ : ખબર છે, ખબર છે. મોટાભાઇ ન રહે એ સહન થાય પણ તેમનું આ ઘર સુદ્ધાં જો જાય, તો તો મારી છાતી જ ફાટી જાય. એ તો તેમના પ્રાણ કરતાં—

અખિલ: જો, તું સાહિત્ય, ગણિત, લૉજિક વગેરેમાં વર્ગમાં પૂરા માર્ક પામતી હશે—પણ સંસારજ્ઞાનમાં ત્રીજા વર્ગમાં પણ પાસ થઇ નહિ શકે. સંસારકર્મમાં ધર્મ નામે કોઇ ચીજ નથી. એના નિયમ—

હિમિ : મને ખબર નથી. તમારે પગે લાગું છું. આ ઘર તમારે બચાવવું જ પડશે. આપની ઑફિસના—

અખિલ : પટાવાળાઓને દોસ્ત બનાવવા પડશે. તેમના હાથમાં સરણાઇ દેવી પડશે. લૉ-કૉલેજમાં લગ્નતત્ત્વના બધા અધ્યાય ભણ્યો છું. માત્ર તાનલયનો અભ્યાસ કર્યો નથી. એ કદાચ તારી પાસેથી જ—

[માસીનો પ્રવેશ]

માસી : અખિલ, શું ચાલે છે ? હિમિ રડે છે કેમ ?

અખિલ : વાસ્તાની યોજનામાં જરા વાંધો પડયો છે માટે—

માસી. તે એની સાથે એ બધી વાત શું કામ—

અખિલ : એના મોટાભાઇએ એની ઉપર જ વાસ્તાનો બધો ભાર નાખ્યો છે, એવું મેં સાંભળ્યું છે. તેથી કામમાં કોઇ પણ જાતની મુશ્કેલી ન આવે તે માટે બધાને છોડીને એણે મને જ પકડયો છે. તો તમે બધાં જ જો મનમાં લો તો તો જોઇએ જ શું, વાસ્તાના કામમાં હું પણ કમ્મર કસીને લાગી જાઉં. વાત તો સમજો છો ને, કાકી ?

માસી : સમજી છું. માત્ર કમર બાંધે ના ચાલે. બંધન વધારે પાકું કરવું પડશે. હમણાં તેનો વિચાર કરવાનો વખત નથી. હમણાં તો યતીનને તું આશ્વાસન આપ કે તેના ઘર ઉપર કોઇનો હાથ નહિ પડે.

અખિલ : બહુ સારું, શાનો બજાર ચઢયો છે એમ કહેશો એટલે યશું હવે એમનાં આંસુ લૂછી નાખવાને કહો—

[ડાક્ટરનો પ્રવેશ]

ડાક્ટર વકીલ કે ! ત્યારે તો થયું

અખિલ જુઓ શનિ મોટો કે કલિ એ વિષે ચર્ચા કરવાથી લાભ શો ? બંગાળ દેશમાં આપના હાથમાંથી બચીને જે થોડા ઘણા લોકો જીવતા રહે છે તેમના જેવા તેવા ગર ઉપર જ અમારો ધંધો—

ડાક્ટર આ ઘરમાં તે ધંધો ચલાવવાને બહુ વાર નથી હું જોઈ આવ્યો છું

અખિલ ભય બતાવશો નહિ મહાશય, મરણથી જ તમારો વેપાર પૂરો થાય છે અમારો તો ત્યાર પછી જ સારી રીતે જામે છે ના ના બહુ થયું રહેવા દો એ વાત—કાંઈ આ ફરી જાઉં છું વાસ્તાના બંદોબસ્તનો બધો ભાર લેવાને હું તૈયાર છું—તે સાથે સાથે બીજો યે થોડો ભાર પણ— બહારના ઓરડામાં બેઠો છું જ્યારે જરૂર પડે ત્યારે બોલાવજો

[જાય છે]

ડાક્ટર હજી યે વહુ નહિ આવી તમે પણ ઘણી વારથી તેના ઓરડામાં ગયા નથી

મામી મણિની વાત પૂછતાં શો જવાબ દેવો તે સૂઝતું નથી હવે તો મારાથી વાતો ઉપજાવી કઢાતી નથી જાત પર જ ધિક્કાર વછૂટે છે તે જરા ઊંઘી જાય પછી ઓરડામાં જઈશ

ડાક્ટર હું બહાર રાહ જોઉં છું રોગી કેમ છે તે કલાકેક પછી કહેવડાવજો એટલામાં વકીલને અટકાવી રાખવો પડશે એ લોકનું મોઢું જોતાં સ્વાભાવિક અસ્વસ્થતાથી જ નાડી જાઉં જાઉં કરી ઉઠે છે

[જાય છે]

પહેલો અંક પૂરો

[અપૂર્ણ]

આંતરરાષ્ટ્રિય આંદોલનો

શ્રી. ભાસ્કરરાવ વિદ્વાંસ

નબળી પ્રજાના શિકારીઓ : જર્મની–ઇંગ્લાંડ–ફ્રાંસ

જર્મની હવે પોતાનાં સંસ્થાનો પાછાં માગે છે. હમણાં હમણાં છાપામાં આ જર્મનીનાં સંસ્થાનોની માગણીનો પ્રશ્ન મહત્ત્વનો બન્યો છે. અનેક પ્રકારનાં મન્તવ્યો આ બાબતમાં રજુ કરવામાં આવે છે. કોઈ જર્મનીની માગણીને વ્યાજબી ગણે છે, કોઈ ગેરવાજબી ગણે છે. મોટો વર્ગ જર્મનીની આ માગણીને યોગ્ય ગણતો જણાતો નથી. યુદ્ધ ઉભું કરવાનું આ એક બહાનું ગણાવે છે.

હીટલર ૧૯૩૩માં સત્તા ઉપર આવ્યા પછી તેણે જર્મનીને ફરી પાછું યુરોપના રાજકારણમાં અગ્રસ્થાને આણી મૂક્યું છે. વર્સાઈની સંધિથી જર્મનીની સત્તાને સાવ નિર્મૂળ કરી નાખવામાં આવી હતી. જર્મન પ્રજા પોતાનું એ અપમાન ભૂલી નહોતી. પણ આજે હવે હીટલર જેવો પ્રજાનેતા મળતાં ગયેલી આબરૂ, સત્તા બધું પાછું મેળવવા તત્પર થઈ છે. આમ કરવામાં માત્ર નસીબ જોઈને જ દરેક પ્રજા દરેક કાર્ય કરે છે એવું હોતું નથી. પણ એક ઐતિહાસિક સત્ય સામાન્યપણે સ્થાપિત થાય છે કે કોઈ પણ પ્રજાને દબાવીને કચરી નખાતી નથી. પ્રજા આત્મઘાત કરી શકે ખરી. જર્મનીની પણ આજે એ દશા છે. એને કચરી નાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, એને પરિણામે આજે એનું પુનરુત્થાન એટલા જોરથી શરૂ થયું છે અને યુરોપની શાન્તિ જોખમમાં આવી પડી છે. યુરોપમાં જો શાન્તિભંગ થશે તો જર્મની તરફથી થશે એવું ઘણાનું અનુમાન છે. આજ સુધીમાં તેને માથે નાખવામાં આવેલી એક પછી એક શરતોની બેડીઓ તેણે તોડી નાખી છે. હવે ચાર વરસના હીટલરના નાત્સ અમલ પછી જૂની એક પણ બેડી જર્મનીના પગમાં રહી નથી. દરેક બેડી તોડતી વખતે શાન્તિભંગનો ભય ઉપસ્થિત થયો હતો, પણ બીજા દેશો લડાયક માનસમાં નહીં હોવાથી જર્મની આજની સ્થિતિએ પહોંચી શક્યું.

આજ સુધી જર્મનીએ પોતાના ગુમાવેલ સંસ્થાનોની ફરી માગણી કરી નહોતી પણ હવે જર્મનીની શક્તિ એટલા પ્રમાણમા વધી છે કે સંસ્થાનોની માગણી કરીને ઇંગ્લાંડ–ફ્રાંસની દુશ્મનાવટ વહોરી લેવા તત્પર છે

જર્મનીના બધા મુખ્ય મુખ્ય માણસો જૂદી જૂદી રીતે આ સંસ્થાઓની માગણી હવે આગ્રહ કરે છે અને તેનાં જૂદાં જૂદાં કારણો પણ બતાવે છે 'જ્યારે બીજા બધા દેશોમા દૂધ અને માખણની રેલમછેલ થઇ રહી હોય ત્યારે અમે ભૂખે મરતા હોઇએ એ કેમ બને ?' આવા પ્રકારના વાક્યો ભાષણોમા આવે છે પોતાની આ સંસ્થાનોની માગણી કરતા જર્મની ત્રણ કારણો બતાવે છે

મુખ્ય કારણો

મુખ્ય ત્રણ કારણો ગણાવવામા આવે છે (૧) કાચા માલ માટે અને માલની નિકાસ માટે (૨) વધતી જતી વસ્તીના વસવાટ માટે અને (૩) જર્મનીની પ્રતિષ્ઠા માટે આ કારણોના સબંધમા અનેક બાધક સાધક દલીલો થાય છે આપણે એક પછી એક તપાસીએ

આજના જમાનામા કાચો માલ મેળવવાની બાબત વધારે મહત્ત્વની બની છે એક જમાનામા કારખાનામાં તૈયાર થએલ માલ ખપાવવા માટે બજારો મેળવવાની બાબત વધારે મહત્ત્વ ધરાવતી હતી પણ હવે ધીમે ધીમે કાચા માલ ઉપરનો કાબૂ મેળવવાની બાબત વધારે મહત્ત્વની બનતી જાય છે જર્મની તો આ બન્ને માટે વસાહતોની માગણી કરે છે પોતાને કબજે જે દેશો હોય તેના ઉપર પોતાનો માલ વધારે સહેલાઇથી લાદી શકાય છે તેમજ પોતાના જ તાબાના દેશોમાંથી જોઇતો કાચો માલ મેળવી શકાય છે પરદેશની બજારોમા માલનુ વેચાણ તથા કાચા માલની ખરીદી થઇ શકે છે ખરી, પણ યુદ્ધ વખતે આમ બનવુ મુશ્કેલ બની જાય છે આજે તો રીતસર યુદ્ધ ન ચાલતું હોય તો પણ આર્થિક યુદ્ધ ચાલુ જ રહે છે આથી સંસ્થાનોનુ મહત્ત્વ વધારે ગણાય છે

મહાયુદ્ધ પહેલાના જર્મનીના સંસ્થાનો મુખ્યત્વે આફ્રિકામા હતા આ સંસ્થાનોમાથી તે વખતે જર્મની બહુજ ઓછો માલ મગાવતુ હતુ કુલ આયાતનો માત્ર ૧ / માલ સંસ્થાનો આપતા હતા તેવીજ રીતે જર્મનીમાંથી જે નિકાસ થતી હતી તેના ૧ / થી પણ ઓછો માલ સંસ્થાનો લેતા હતા આ દૃષ્ટિએ જોઇએ તો જર્મનીના સંસ્થાનો જર્મનીની બધી માગણીને સંતોષી શકે નહિ એવુ જણાય છે

કાચો માલ જોવા જઇએ તો આ સંસ્થાનો એવો કોઇ મહત્ત્વનો કાચો માલ ઉત્પન્ન કરતા નથી અને દુનિયાના બીજા રાજ્યો જેઓની પાસે સંસ્થાનો છે તેઓ પણ સંસ્થાનોમાંથી મોટા પ્રમાણમા કાચો માલ મેળવતા જણાતા નથી પણ આમા અપવાદો છે માટે એની વધારે એક બાજુએ મૂકીએ તો પણ જે સંસ્થાનો જર્મનીએ ખોયા છે તે કાચો માલ મોટા પ્રમાણમાં પૂરો પાડી શકે એવુ પણ નથી આ રીતે જોતા જર્મનીની આ માગણી બહુ જોરદાર જણાતી નથી છતા એટલા ખાતર જર્મની માગણી ન કરે કે ન કરવી જોઇએ એમ ઠરાવવુ જરા ભારેતુ છે આજે ત્યાં મહત્ત્વ ઓછુ દેખાતા પણ ભવિષ્યમા આ પ્રદેશોની ખીલવણી કરવાની આશા જર્મની જેવી કુશળ પ્રજા કેમ ન રાખે? અને જો સંસ્થાનો ખરેખર અત્યારે તેમ જ કહેવાતા માલ માટે નકામા હોય તો જે પ્રજાઓ એના સંસ્થાનો દબાવીને બેઠી છે તે કેમ સંસ્થાનો છોડી દેતી નથી?

બીજી બાબત છે જર્મનીની વધતી જતી વસ્તી જર્મનીમા આજે વસ્તી ઘણી છે તે ...

વધારે વસ્તી છે. આ વધારાની વસ્તીને ક્યાંક બહાર વસવા માટે મોકલવી જોઈએ. માટે પોતાનાં ગએલાં સંસ્થાનો પાછાં માગવામાં આવે છે. આનો જવાબ કંઈક સહેલો છે.

પ્રથમ વાત તો એ કે જર્મનીનાં સંસ્થાનો પૈકી પૂર્વ આફ્રિકાનો થોડોક જ ભાગ યુરોપીયન લોકો વસી શકે એવો છે. બાકીના ભાગો બધા વસવાટ માટે બહુ અનુકૂળ નથી. મહાયુદ્ધ પહેલાં જર્મનીનાં બધાં સંસ્થાનોમાં થઈને માત્ર ૨૩૦૦૦ જર્મનો જ વસતા હતા, આજે પણ બહુ મોટી સંખ્યા એ ભાગોમાં વસવા જાય એવું જણાયું નથી. દરેક મહાપ્રજા વસ્તીના વસવાટ માટે સંસ્થાનો માગે છે ખરી પણ અનુભવ એવું બતાવે છે કે, કોઈ પ્રજા પોતાના સંસ્થાનોમાં વધારે પ્રમાણમાં હજી ગઈ જ નથી. ઇટાલિ પણ આવી જ માગણી કરે છે, અને માટે જ આબિસિનિયા તેણે જીત્યું, પણ ત્યાં તે વસવાટ કરી શકે એવું જણાતું નથી.

બીજી વાત એ જણાય છે કે એક બાજુથી વસ્તી વધતી જાય છે માટે સંસ્થાનોની માગણી કરવામાં આવે છે, જ્યારે બીજી બાજુથી વસ્તી વધારવા માટેના ખાસ પ્રયાસો કરવામાં આવે છે, જો વસ્તી વધારે હોય તો વસ્તી વધારવાના પ્રયાસો શા માટે કરવા જોઈએ એ સમજાતું નથી. વિચારસરણી એવા પ્રકારની છે કે વસ્તી વધે તો યુદ્ધનું સામર્થ્ય વધે અને તો દેશની પ્રતિષ્ઠા વધે. યુદ્ધ સામર્થ્ય એ પ્રતિષ્ઠા વધારવાનો મોટામાં મોટો ધોરીમાર્ગ જ જણાય છે. અને તેથી વસ્તી વધારવામાં આવે છે. એટલે વધારે વસ્તીને માટે વસાહતોની જરૂર છે. એમ કહેવું તે પણ બરાબર નથી.

સાચું કારણ-પ્રતિષ્ઠા :

ઉપરનાં બન્ને કારણો અધૂરાં છે. સંપૂર્ણ નથી. પણ ખરૂં કારણ તો પ્રતિષ્ઠા છે. પરદેશમાં વસાહતો ધરાવનારાં સામ્રાજ્યો આજે પ્રતિષ્ઠા ભોગવે છે. જર્મની પણ આવી જ પ્રતિષ્ઠા ધરાવતું હતું. પણ મહાયુદ્ધ પછી જર્મન પ્રજાને કચરી નાખવામાં આવી. આ અપમાનનો ઘા એ પ્રજા ભૂલી શકે એમ નહોતું. અને જ્યારે આજે તે જોઈ શકે છે કે હવે માથું ઊંચું કરી શકાય એમ છે. બીજાં બધાં રાજ્યો યુદ્ધથી ભડકે છે, ત્યારે પોતાની આ પ્રતિષ્ઠા પાછી મેળવવાનો લાગ એ શા માટે ચૂકે? સંસ્થાનોમાં માલ જાય કે ન જાય, કાચો માલ મળે કે ન મળે, અને વધારાની વસ્તી ત્યાં મોટા પ્રમાણમાં ભલે વસી ન શકે, પણ પોતાના સામ્રાજ્યમાં બીજા અનેક દેશો છે એ પ્રતિષ્ઠા ઓછી છે! કોઈ જર્મન આ માનહાનિ ભૂલ્યો નથી. ખુદ યુરોપમાં પણ તેને માથે એવાં આકરાં બંધનો મૂકવામાં આવ્યાં હતાં કે એક વખતની આખી દુનિયાને કંપાવનારી જર્મન પ્રજાને નીચું માથું નાખીને ફરવું પડ્યું હતું. આજે એણે ફરી માથું ઊંચક્યું છે. યુરોપનાં બધાં અપમાનજનક બંધનો તેણે ફગાવી દીધાં છે. અને હવે સંસ્થાનો પાછાં લેવા માગે છે. જે ઝડપે તેને વિજય મળતો ગયો છે, તેથી તેની આ મહત્ત્વાકાંક્ષા હતી એ કરતાં પણ વધી ગઈ છે.

પ્રતિષ્ઠાનું આ ભૂત જર્મન પ્રજાને આજે ધક્કો મારી રહ્યું છે. અને યુરોપને યાદવાસ્થળી તરફ ઘસડી લઈ જાય છે.

મહાયુદ્ધ પછી જર્મનીનાં સંસ્થાનો મુખ્યત્વે ઇંગ્લાંડ અને ફ્રાંસે લીધાં છે. અને તેમાં પણ મોટા ભાગનાં તો ઇંગ્લંડે જ લીધાં છે. એટલે જર્મનીની આ માગણીની અસર ખાસ કરીને ઇંગ્લાંડ ઉપર જ થવાની છે, ઇંગ્લાંડ જર્મનીની સંસ્થાનોની માગણી સમજી શકે છે અને એ બાબતમાં પોતે વિચાર કરવા પણ તત્પરતા દર્શાવે છે. પણ જે સંસ્થાનો ઇંગ્લાંડે લીધાં છે

તેના સબંધે વિચાર કરવાની તત્પરતા તે બતાવતું ન હતું પોર્ટુગાલ પાસેથી કંઇક સંસ્થાનો લઇને કોઇ રીતે તે જર્મનીને અપાવવા તથા એ રીતે તેને શાંત કરવું એવો ઇંગ્લાંડનો ઇરાદો હતો પણ હીટલરે પોતાના છેલ્લા ભાષણમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે "જેણે અમારાં સંસ્થાનો લીધાં નથી તેની પાસે અમારી માગણી છે જ નહિ" આનો સ્પષ્ટ અર્થ એ થયો કે ફ્રાંસ તથા ઇંગ્લાંડની પાસે જે પોતાનાં સંસ્થાનો છે તે જ પાછાં લેવાં છે

ઇંગ્લાંડ શું કરશે ?

હવે આપણે એ જોવું જોઇએ કે ઇંગ્લાંડ તથા ફ્રાંસ આ સંસ્થાનોની માગણીનો શું જવાબ આપી શકે એમ છે

ઇંગ્લાંડમાં તો આ માગણીની વિરુદ્ધ જબરો પ્રચાર થઈ રહ્યો છે પાર્લામેંટમાં પણ આ બાબત અનેકવાર સ્પષ્ટતા કરી લેવામાં આવી છે, કે ઇંગ્લાંડને તાબે આજે જે મુલક છે તેમાંથી એક તસુ જમીન પણ તે જતી કરવા તૈયાર નથી આમ ઇંગ્લાંડનો લોકમત એકી અવાજે જર્મનીની સામે છે

કાચા માલની બાબતમાં ઇંગ્લાંડ કહે છે કે જર્મની અમારા મુલકોમાંથી તે ખરીદે તો અમારે તેની સામે વાંધો જ નથી અમે કોઈ પ્રકારનો પ્રતિબંધ મૂકતા નથી અને આખરે તો જર્મનીને કાચો માલ ખરીદવો જ પડે છે પછી સંસ્થાનો પોતાને તાબે હોય કે બીજાને તાબે હોય તેનાથી શું તફાવત પડવાનો છે ?

રાષ્ટ્રસંઘે આ મુલકો ઇંગ્લાંડને સોંપ્યા છે ત્યાંની પ્રજાનું રક્ષણ આજે ઇંગ્લાંડ કરે છે આવી પોતાના શત્રુ નીચેની પ્રજાને જર્મનોને હવાલે અંગ્રેજો કરી શકે એમ નથી એમાં પણ ખુદ જર્મનીમાં યહુદી ઉપર જે જાતનો ત્રાસ ગુજારવામાં આવે છે, અને ત્યાંથી જે રીતે હાંકી મૂકવામાં આવે છે તે જોતાં તો સંસ્થાનોની જે પ્રજાનું રક્ષણ કરવાનું માથે લીધું છે તે પ્રજાને જર્મનોને હવાલે કરવામાં કેવળ જોખમ છે એમ કરવાથી પ્રજાનો વિશ્વાસભંગ કરવા જેવું થાય છે

ઉપરનાં બન્ને કારણો તો દલીલ ખાતરની દલીલ ગણી શકાય પરંતુ જર્મનીનાં સંસ્થાનો પાછાં આપવામાં સામ્રાજ્ય જોખમમાં ઉતરે છે કેપ ટુ કેરો સુધીની આફ્રિકાની દક્ષિણેથી ઉત્તરે જતી રેલ્વેની એક યોજના છે આજે પ્રખ્યાત એ અંગ્રેજોનો રક્ષિત મુલક છે અને પછી એંગ્લો ઇજીપ્શીયન સુદાનથી કેપટાઉન સુધીનો બધો મુલક અંગ્રેજોનો છે જૂના ટાંગાનીકા ટેરીટરી જર્મનીનું હતું પણ હવે એ ભાગ અંગ્રેજોને મળ્યાથી આ આખો સળંગ રસ્તો હવે બ્રિટિશ રસ્તો બન્યો છે આફ્રિકાની ખીલવણી માટે અને સામ્રાજ્યના રક્ષણના માર્ગની દૃષ્ટિએ આ રસ્તો અગત્યનો છે હવે પાછું જો આ ટાંગાનીકા ટેરીટરી જર્મનીને પાછું સોંપવામાં આવે તો આ રેલ્વે રસ્તો જોખમમાં મૂકાય છે અને તો સળંગ માર્ગ તૂટી જાય છે આથી અંગ્રેજો આ મુલક પાછો આપવા તૈયાર નથી માટે જ ઇંગ્લાંડના પ્રધાનો એકી અવાજે કહે છે કે આ મુલક જર્મનોને કદી સોંપાશે નહિ અને જો નહિ જ્યારે ઇચ્છા ને ગમે તે અને મરજી પ્રમાણે મુલક છે

હિંદની કિલ્લેબંદી

બીજું મહત્વનું કારણ હિંદી મહાસાગરના માર્ગનું રક્ષણ આજે હિંદી મહાસાગરી માર્ગનું રક્ષણ આસપાસ લગભગ બધે જ બ્રિટનનું છે તે કોઇ પ્રકારે પ્રબળ છે મુખ્ય મથકમાં થઈને એક તો હિંદી મહાસાગરમાં જવાય છે આ માર્ગ આજે અનેક રીતે જોખમમાં છે અને તેથી કેપ ઓફ ગુડ હોપથી પણ હિંદી મહાસાગરમાં પ્રવેશ કરવાના માર્ગને મજબૂત

બનાવવા તરફ અંગ્રેજોનું ધ્યાન ગયું છે, પણ પશ્ચિમ આફ્રિકામાં કે ટંગાનીકામાં જો જર્મનો પોતાનું નૌકાનું કે હવાઇ જહાજોનું થાણું નાખે તો આ એક રસ્તો જે સહીસલામત હજી રહ્યો છે તે પણ પૂરેપૂરો જોખમાય એમ છે, અને એમાં પણ વૈજ્ઞાનિક શક્તિમાં જર્મન લોકો બહુ આગળ હોવાથી એવી પ્રજા જો હિંદી મહાસાગરને કાંઇ એકજ થાણું નાખે તો પણ બહુ ભારે નુકશાન કરી શકે એમ છે. આ કારણથી પણ હરકોઇ ઉપાયે અંગ્રેજો આ મુલકો પાછા આપવા તૈયાર નથી. ઇંગ્લાંડનું સામ્રાજ્ય છૂટું છૂટું વેરાએલું હોવાથી માર્ગોનું સંરક્ષણ સામ્રાજ્યના સંરક્ષણ માટે અત્યંત મહત્વનું ગણાય.

ઉપરનાં બન્ને કારણો જર્મનીનાં સંસ્થાનો પાછાં ન આપવાનાં ઇંગ્લાંડને માટે સબળ કારણો છે અને છેલ્લું કારણ જેમ જર્મનીની પ્રતિષ્ઠા છે, તેમ ઇંગ્લાંડની પણ પ્રતિષ્ઠા છે. ઇંગ્લાંડ પણ એમ જરૂર માને કે ચાર વરસના યુધ્ધ પછી અને અંગ્રેજ પ્રજાના ભોગ પછી આ સંસ્થાનો તેમણે મેળવ્યાં છે. આ તલવારથી મેળવેલાં સંસ્થાનો ઇંગ્લાંડ શા માટે છોડે? જર્મનીને પોતાની પ્રતિષ્ઠા વહાલી છે, તો ઇંગ્લાંડને પણ પોતાની પ્રતિષ્ઠાની કિંમત છે. અને તે તો જીત મેળવનારી પ્રજા છે. જર્મનીની માત્ર ધમકીથી ઇંગ્લાંડની પ્રજા ડરી જઇને મુલક પાછો આપવા જેટલી કાયર જરૂર નથી.

આટલા વિવેચન ઉપરથી જોઇ શકાય છે કે ઇંગ્લાંડ જર્મનીની આ માગણીને સહેલાઇથી સ્વીકારી શકે એવું નથી.

ફ્રાંસની સ્થિતિ:

જર્મનીની સંસ્થાનોની માગણી ફ્રાંસને પણ અસર કરે છે. એટલે ફ્રાન્સની બાજુ હવે આપણે તપાસીએ.

આ પ્રશ્ન સંબંધે ઇંગ્લાંડમાં જેટલો ઉહાપોહ થયો એટલો ઉહાપોહ ફ્રાંસમાં થએલો જણાતો નથી. મોટા ભાગનાં અને મહત્વનાં જર્મનીનાં સંસ્થાનો ઇંગ્લાંડને જ મળ્યાં છે. એટલે ફ્રાંસ તો એમ સમજે છે કે આ પ્રશ્ન સાથે પ્રથમ સંબંધ હોય તો ઇંગ્લાંડને છે. ફ્રાંસનો વારો પાછળથી આવે છે. ફ્રાંસને જે મુલકો મળ્યા છે તે બહુ નાના અને અગત્યના પણ ઓછા છે. જર્મનીને કદાચ વધારે અગત્યના હશે, તો પણ ફ્રાંસને તેનું મહત્વ ઝાઝું નથી. ઇંગ્લાંડનું સામ્રાજ્ય આખું આ સંસ્થાનો પાછાં આપતાં જેમ જોખમમાં આવે છે, તેવો ડર ફ્રાંસને નથી. કારણ કે ગિનીના કિનારા ઉપરનો થોડોક ભાગ ફ્રાંસને મળ્યો છે. અને આથી ઇંગ્લાંડ જે પગલાં ભરે તેના ઉપરથી ફ્રાંસ પોતાનો નિર્ણય બાંધશે. જરૂર ઇંગ્લાંડથી ફ્રાંસ આ બાબતમાં વિરુદ્ધ તો નહિ જ જાય એનો સ્વાર્થ ઇંગ્લાંડની પડખે જ ઊભો રહેવામાં છે. ઇંગ્લાંડ પ્રથમ નમતું આપે એ લગભગ અશક્ય હોવાથી આ બાબતમાં ફ્રાંસ પણ નિશ્ચિંત છે.

આફ્રિકાનો ઉત્તર કિનારો ફ્રાંસને વધારે અગત્યનો છે. કારણ કે ફ્રાંસના કિનારાની બરાબર સામે આ ભાગ આવે છે. ત્યાંથી સાધન તથા માણસની સહાય આવી શકે એમ છે, અને ફ્રાંસના કિનારા ઉપર મારો કરવો હોય તો પણ આ કિનારો સરળ થાણું ગણાય, એટલે જો જર્મની આ ભાગમાં પગપેસારો કરે તો ફ્રાંસને ચિંતા જેવું છે. આ ભાગમાં જર્મનીએ પગપેસારો શરૂ પણ કર્યો છે. પણ સંસ્થાનો પાછાં મેળવવાની માગણી સાથે આ પ્રશ્નને સંબંધ નથી. એ આખો જુદો પ્રશ્ન છે એટલે અહીં આપણે ચર્ચીશું નહિ. ફ્રાંસનો સ્વાર્થ બીજાં સંસ્થાનો જર્મનીને પાછાં મળે કે ન મળે તેમાં ઝાઝો નથી. પણ આફ્રિકાના ઉત્તર કિનારે આવેલા મોરોક્કોના ભાગમાં કોઇ પણ રીતે જર્મની પ્રબળ ન થાય એમાં છે. અને આ હેતુથી જર્મનીને દબાવવાના કોઇ પણ કાર્યમાં ફ્રાંસ ઇંગ્લાંડને જરૂર મદદ કરશે.

બીજાં રાષ્ટ્રો ઉપર આ માગણીની ખાસ અસર નથી. ઉપરની ચર્ચામાં જોઈએ છીએ તેમ ઇંગ્લાંડને જ વધારે નિસ્બત છે. એટલે તેમનું દૃષ્ટિબિંદુ તથા જર્મનીનું દૃષ્ટિબિંદુ સમજવાનો આપણે વિચાર કર્યો છે. જર્મનીનું વધતું જતું જોર અને આ સંસ્થાનોની તેણે કરેલી માગણી સીધી રીતે ઇંગ્લાંડને જર્મની સાથે ફરીવાર યુદ્ધમાં ઉતારે એવો પૂરો સંભવ છે. માત્ર ઇંગ્લાંડની હજી લડાયક શક્તિ પૂરી સમૃદ્ધ થઈ નથી ત્યાં સુધી તાત્કાલિક ઇંગ્લાંડ કંઈ પગલું ભરે એવું જણાતું નથી. પણ જર્મનીએ ઇંગ્લાંડની મૈત્રીને જોખમમાં નાખી છે એ વાત ચોક્કસ છે.

પણ એ પ્રજાનું શું ? :

મહારાષ્ટ્રોના અંદર અંદરના સંબંધોની દૃષ્ટિએ આ માગણીનો આપણે વિચાર કર્યો. પણ બીલકુલ તટસ્થ રીતે વિચાર કરીએ તો જર્મનીની વસ્તી વધારે હોય, માલ ખપાવવો હોય, કાચો માલ ખરીદવો હોય, કે જર્મનીની પ્રતિષ્ઠાને હાનિ પહોંચતી હોય તો પણ બીજા પછાત પ્રદેશોને એ કારણસર કબજે કરવા, ત્યાંની પ્રજાને પરાધીન બનાવવી અને શોષણ કરવું એ કોઈ રીતે ન્યાયી ન જ ગણાય. વસાહતો દબાવીને બેઠેલા સામ્રાજ્યોની દૃષ્ટિએ માગણી વ્યાજબી કે ગેરવ્યાજબી છે એનો વિચાર શક્ય હોઈ શકે. પણ જે પ્રજાને પરાધીન બનાવવી છે તેનો કોઈ વિચાર ખરો કે નહિ ? પણ બળિયાના બે ભાગના આ જમાનામાં ન્યાય અન્યાયના માપ પણ જુદા જ હોય છે જો ઇંગ્લાંડને નુકશાન ન થતું હોત તો જર્મનીની માગણી ન્યાયી ગણાત. પણ ઇંગ્લાંડને નુકશાન થાય છે માટે તેની માગણી અન્યાયી ગણવામાં આવે છે. સંસ્થાનોની પ્રજાને તો અંતે ગુલામી જ તેમને સ્વતંત્ર રહેવાનો હક્ક ન્યાયી છે કે અન્યાયી તેનો વિચાર આ મોટા શિકારીઓ શા માટે કરે ?

જાપાન–ઇંગ્લાંડનું હરીફ

પૂર્વમાં જાપાન અને ઇંગ્લાંડ વચ્ચે વિષમતા ઉત્પન્ન થવાનું એક નવું કારણ ઉપસ્થિત થવાનો ભય ઉભો થયો છે. આ ભય તે ક્રા કેનાલનો છે.

વર્તમાનપત્રોમાં થોડા વખત અગાઉ એવા ખબર પ્રગટ થયા હતા કે સિયામનો અખાત તથા બંગાળાના ઉપસાગરની વચ્ચે આવેલી ક્રાની સંયોગીભૂમીમાંથી એક નહેર ખોદીને બન્ને સમુદ્રોને એક કરી દેવાની યોજના ચાલે છે અને આ યોજના માટે જાપાન પૈસા પૂરા પાડવાનું છે.

હજી આ યોજનાને મૂર્ત સ્વરૂપ મળ્યું નથી. પણ જેમ સ્વેઝની નહેર, પનામાની નહેર, કીલકેનાલ વગેરે અગત્યની નહેરો છે, તેવી જ અગત્યની આ નહેર થવાનો સંભવ છે. આજે હિંદી મહાસાગરમાં થઈને ચીન–જાપાન તરફ જવું હોય તો મલાયાદ્વીપકલ્પને ફેરો ફરીને સિંગાપોર પાસેથી જઈ શકાય છે. તેને બદલે જો આ કેનાલ તૈયાર થાય તો બે થી ચાર દિવસ મુસાફરીના બચી જાય છે. અને આખો ફેરો લેવાને બદલે સ્ટીમરો સીધી સિયામના બંદરે પહોંચે–કે પૂર્વમાં ગમે ત્યાં જઈ શકે.

સિયામની સરકાર આ નહેર ખોદવાનો વિચાર કરી રહી છે બ્રહ્મદેશની સરહદની દક્ષિણે પાકચાન નામની નદી વહે છે. તે નદીની સાથે જ આ નહેર જોડી દેવામાં ઓછો ખરચ લાગે એવું છે. આ ભાગ માત્ર ૨૫ માઈલ જેટલો લાંબો છે ત્યાંની માટી પણ પથરીલી નથી: કાચી બનેલી છે. એટલે ખોદવાનો ખર્ચ પણ લાગે એમ નથી

તથા બન્ને બાજુના સાગરોનું લેવલ પણ સરખું જ છે એટલે પનામાની નહેરમાં જેમ દરવાજા કરીને સ્ટીમરને ઉંચે લેવી પડે છે અને નીચે ઉતારવી પડે છે એવું પણ કરવાની જરૂર નથી આમ ઓછે ખરચે આ નહેર બાંધી શકાય એવું છે પણ સિયામની સરકારે આ કામકાજ શરૂ કર્યું નથી કારણ કે બ્રિટનના હિતને આથી ધક્કો લાગે એમ છે જો નહેર ખોદવી જ હોય તો ઇંગ્લાંડની દુશ્મનાવટ વહોરી લેવી પડે

આ નહેરથી ઇંગ્લાંડને શા માટે વાંધો આવે એમ છે ?

આજ સુધી હિંદી મહાસાગર અને પાસિફિકની વચ્ચે એક જ દરવાજો હતો સિંગાપોર આથી તો એનું મહત્વ વધી ગયું છે અને હમણાં જ ઇંગ્લાંડે ત્યાં કરોડો રૂપિયા ખરચીને અભેદ્ય કિલ્લેબંધી બાંધી છે સિંગાપોરની બંદર તરીકે પણ ઉન્નતિ આ કારણથી થઈ છે અને યુદ્ધના એક અગત્યના સ્થાન તરીકે તો તેનું મહત્વ ઘણું વધારે છે જો આ કેનાલ હવે ખોદવામાં આવે તો સિંગાપોરની ગરદન ઉપર નગારી કાપ મૂકવા માફક થાય છે પછી સિંગાપોર સુધી કોઈ પણ વ્યાપારી સ્ટીમરને જવાની જરૂર રહે નહિ બધી સ્ટીમરો આ કેનાલ નહેરમાંથી જ ચાલી જાય સિંગાપોરની જાહોજલાલી બંધ થઈ જાય પણ એથી ય વધારે તો સિંગાપોરની કિલ્લેબંધીનું મહત્વ ઘટી જાય ત્યાં ખરચેલા પૈસાનો ઘણો ભાગ પાણીમાં જાય, અને ક્રા કેનાલની આસપાસ નવું મથક તૈયાર કરવું પડે ઉપરાંત આજ સુધી એક જ બારણું રક્ષણ કરવાથી હિંદી મહાસાગરના સામ્રાજ્યનું રક્ષણ થતું હતું તેને બદલે હવે બે દરવાજા ઉપર ચોકી રાખવી પડે

પૂર્વમાં ઇંગ્લાંડને મોટી બીક જાપાનની છે અગાઉ આ બીક નહોતી પણ આજે આજે બન્નેની હરીફાઈ વધતી ચાલી છે અને એ ઉદ્દેશથી જ સિંગાપોરનું થાણું બ્રિટિશ સરકારે મજબૂત બનાવ્યું છે હોંગકોંગના થાણાને પણ મજબૂત બનાવવાનું કામ ચાલુ છે જો આ નવી નહેર ખોદાય તો ત્યાં પણ થાણું બેસાડવું પડે અંગ્રેજોને એવો ડર છે કે આ નવી નહેર ખોદવાના કાર્યમાં જાપાન મદદ આપશે એટલે કે આખી નહેર લગભગ જાપાનના જ હાથમાં રહેશે જો આમ થાય તો અંગ્રેજોને વિશેષ ચિંતાનું કારણ મળે છે

૧૯૩૨ સુધી સિયામમાં અંગ્રેજોનો પ્રભાવ હતો તે સાલ સુધી ત્યાં જે રાજા હતો તેનું વલણ અંગ્રેજોની મૈત્રી સાચવી રાખવા તરફ વિશેષ હતું અને એથી એ બાજુથી અંગ્રેજોને જરાકે ચિંતા નહોતી પણ ૧૯૩૨માં અને ત્યારપછી ત્યાં જે રાજકીય ઉથલપાથલ થઈ તેને પરિણામે અંગ્રેજોનો પ્રભાવ ઘટી ગયો છે પ્રથમ અંગ્રેજ સલાહકારો હતા તે હવે ઓછા થવા લાગ્યા છે હાલનું પ્રધાનમંડળ જાપાનનું પક્ષપાતી છે અને સિયામમાં એવી પણ કલ્પનાઓ સેવાય છે કે પશ્ચિમના કોઈ પણ આક્રમણની સામે પૂર્વનું એક સંગઠન તૈયાર થાય અને તેનું નેતૃત્વ જાપાન ભોગવતું હોય ધર્મની દૃષ્ટિએ પણ બન્ને દેશોને વધારે મેળ છે આવી જાતનું સત્તાપરિવર્તન અને તેથી થએલ રાજનીતિ પરિવર્તનને લીધે સિયામમાં બ્રિટનની ખાલી પડેલી જગા જાપાને લીધી છે અને તેનો પ્રભાવ છેલ્લાં ત્રણ ચાર વરસોમાં વધી ગયો છે.

સિયામના નૌકાખાતાના માણસો અને હવાઈ વિભાગના માણસો પણ જાપાનીઝ લોકો મારફત કેળવવામાં આવે છે બીજી પણ ઘણી બાબતોમાં જાપાનીઝ સલાહને માન્ય રાખવામાં આવે છે વેપાર પણ જાપાનનો વધતો ગયો છે સિયામના

લોકોની ખરીદશક્તિ ઓછી છે એટલે જાપાનીઝ માલની બજાર માટે સિયામ અનુકૂળ છે આજથી ચાર વરસ પહેલાં જાપાન સાથે સિયામનો વેપાર ઘણો ઓછો હતો, તેમાં હવે ઘણો વધારો થવા લાગ્યો છે અને એને અંશે બ્રિટિશ માલને ધક્કો લાગ્યો છે

સામાન્ય સંયોગોમાં આ નહેર ખોદાવાથી બ્રિટિશોને આટલી ચિંતા ન થાત પણ ઉપર જોઈ ગયા તેમ સિયામમાં એક બાજુથી જાપાનનો પગપેસારો થતો જાય છે અને બીજી બાજુથી જાપાન-જર્મનીના જે કરાર થયા છે તેની બહાર નહિ આવેલી કેટલીક શરતોનો વિચાર કરવામાં આવે ત્યારે આ નહેરનું મહત્વ સમજાય એમ છે એ કરાર પ્રમાણે જર્મની-જાપાન બન્નેએ પૂર્વના બધા દ્વિપસમૂહોને ઉત્તર દક્ષિણ ભાગ પાડીને વહેંચી લેવાનું ઠરાવેલું છે એમ માનવામાં આવે છે। દક્ષિણ ભાગમાં જર્મનીને પોતાનો પ્રભાવ વધારવાની છૂટ આપવામાં આવી છે ત્યારે ઉત્તર તરફ જાપાનને પોતાનો પ્રભાવ વધારવાની છૂટ આપવામાં આવી છે અને તો જાપાનના હેતુઓ કેટલા આક્રમણશીલ છે એનો ખ્યાલ આવશે સિયામ કદાચ પોતાના જ પૈસાથી નહેર ખોદે તો પણ જ્યાં સુધી સિયામના રાજદરબારમાં જાપાનનો પ્રભાવ વધારે હશે ત્યાં સુધી નહેરનો ઉપયોગ જાપાન પોતાના હેતુઓ બર લાવવા માટે કરવા માગશે ત્યારે જરૂર કરશે જ એવું માનવાને કારણ છે

સિયામનો ઇરાદો તો એવો છે કે આ નહેર ખોદાવ્યા પછી આંતરરાષ્ટ્રીય સમિતિને સોંપવી-માત્ર આ રાજ્યો સિયામનું સ્વાતંત્ર્ય અબાધિત સાચવવાની બાહેંધરી આપે છતાં પણ બ્રિટન સહેલાઇથી આ નહેર ખોદવા દેશે કે કેમ એ શંકા જ છે કારણ કે પોતાના સામ્રાજ્યને ઉઘાડું પાડવા દેવા એ શા માટે રાજી થાય?

નહેર ખોદવા માંડે જ્યારે પહેલી કોદાળીનો ઘા એ ભૂમિ ઉપર પડશે ત્યારે જરૂર નવા સંયોગો ઉભા થશે ગ્રેટબ્રિટન પોતાના બચાવ માટે આકાશપાતાળ એક કરશે આ હકીકત જ્યારથી બહાર આવી છે ત્યારથી જ બ્રિટિશ સરકારનું પરદેશખાતું સતેજ થયું છે અને એ બાજુ લખાપટ્ટી ચાલુ પણ થઇ છે.

સિયામનો અધિકારી વર્ગ પણ જાપાન તરફ પક્ષપાત ધરાવતો હોવા છતાં અંગ્રેજોના વિરોધની અવગણના કરી શકે એમ નથી સિયામ ફ્રાંસ અને બ્રિટનના શાસનની ભીંસમાં આવેલું છે અને આજે બન્ને રાજ્યોને સંપૂર્ણ મિત્રાચારી છે આવા સંયોગોમાં સિયામ જાપાનના હાથનું રમકડું બની જાય એવો સંભવ નથી જાપાનની અને ગ્રેટબ્રિટનની તકરારને પોતાની ભૂમિ ઉપર ઉતારવામાં તેને આજે લાભ નથી અને માંડ જ આ યોજના બીજી બધી રીતે લાભદાયક હોવા છતાં હજી હાથ ધરવામાં આવી નથી.

એક તંત્રીની વિચારમાળા

શ્રી. જયસુખ મહેતા

"....પણ એમાં શું ? મેં મારું કર્તવ્ય બજાવ્યું છે. વર્તમાનપત્રની ફરજ છે કે સમાજશુદ્ધિની રક્ષા કરવી....મારો શો દોષ ? મેં તો ફરજ બજાવી...એનું ગમે તે થાય...હા, હા, મારા મનમાં થોડો રોષ હોય કે દ્વેષ હોય તેથી શું ? તેથી એણે આચરેલી અનીતિ કંઈ નીતિ થોડી બની જાય છે ?...પણ...મારું જીવન ! એ તો એવા અનેક દોષથી ભરપૂર છે. એણે કર્યું છે તે બધું હું કરું છું . પણ હું ક્યાં સેવાનો ડોળ કરું છું ? મેં કયે દિવસે મને સાધુપુરુષ તરીકે વર્ણવ્યો છે.. લોકો મને એમ સમજે એમાં હું શું કરું ? લોકોએ સમજવું જોઈએ કે મારા છાપાંના અગ્રલેખ ઉપર 'લોકસેવા અમારો મુદ્રાલેખ છે' એમ લખું છું તેનો અર્થ એવો નથી થતો કે હું સેવા કરું છું અમે-'અમે' એટલે હું નહિ...ત્યારે કોણ ? અમે–અમે...અમે એટલે કોઈ નહિ...કેવો મઝાનો ધંધો છે ? અધિકાર બધા, જવાબદારી લેશમાત્ર નહિ આઈઝન્હોવરની ટીકા પણ કરી શકાય અને મહાત્મા ગાંધીને પણ શિખામણ આપી શકાય. ઘરનું તંત્ર ભલે ન ચલાવી શકીએ, નાનકડું છાપું ચલાવવામાં ભલે લાખ ભૂલો કરી બેસીએ પણ મહાસભાનું તંત્ર કેમ ચલાવવું, આ વખતે પ્રમુખ કોને ચૂંટવા, ઠરાવો કેવા લાવવા, ભાવિ કાર્યક્રમ શો રાખવો અને સ્વરાજ્ય મળ્યા પછી શું કરવું એ વિષે પ્રજાને સલાહ આપી શકીએ...પણ એમાં શું ? વર્તમાનપત્રનું એ કર્તવ્ય છે: પ્રજાને દોરવી અને બીજું કર્તવ્ય: પ્રજાનો અવાજ બહાર આણવો...અવાજ ? પ્રજાને અવાજ છે ? તો તો એ બધા મારી પેઠે છાપું ન કાઢે ? એ મૂંગાં યંત્રો. ક્યારેક જરૂર પડે તો એની પાસે સભાઓ ભરીને બોલાવીએ...પણ પ્રજાને દોરવાની વાત તો સાચીને ? ભલેને હું મારી જાતને કે મારા કુટુંબને કે મારા આજુ-બાજુનાને ન દોરી શકતો હોઉં, એ તો મારી શક્તિનો અભાવ છે, હું બુદ્ધિથી તો સમજું છું કે આમ કરવું જોઈએ ને તેમ કરવું જોઈએ આમ કરવાથી આવું પરિણામ આવશે અને તેમ કરવાથી તેવું પરિણામ આવશે અને મારી પાસે માહિતિનો તો ભંડાર છે. મારા પાસે પાર વિનાની સામગ્રી

પડી છે તેમાંથી હું દાખલા પણ ટાંકી શકું અરે, અહીં તો ઠીક પણ અમેરીકાએ શું કરવું જોઈએ ને જાપાનની શી ફરજ છે તે પણ મારે પ્રજાને જણાવવું જોઈએ, કારણ કે હું તો ડહાપણનો ભંડાર છું મને તો બધી ખબર પડે અને એકેય વિષય મારાથી અજાણ્યો છે? એટલે જ તો મેં છાપામાં અનેક વિભાગો રાખ્યા છે હું હું પણ મૂળ વાત તો હું ભૂલી જ ગયો વિચારમાં ને વિચારમાં ક્યાં ચડી ગયો! વિચારને કંઈ બંધન છે? અને આ તો કામ જ એવું એકના મગજનું જ કામ અને તે પણ કેટલી ઝડપે કરવાનું કોઈ પ્રશ્ન ઉઠ્યો કે તુરત એ ઉપર અભિપ્રાય આપવો ચોક્કસ અભિપ્રાય ન આપી શકાય તો ગોળગોળ પણ સુંદર ભાષામાં ને શૈલીમાં લખવાનું વાચનારને ખબર ન પડવી જોઈએ કે આપણે જાણતા નથી એ તો મોટા મોટા નામ, અવતરણો, થોડીક જૂની વાત અને થોડીક ભવિષ્યવાણી વાંચીને મુગ્ધ જ થઈ જવા જોઈએ પણ આ ધંધામાં સુંવાળી ચામડી રાખ્યે ન ચાલે લોકો આક્રંદ પોકારે ત્યારે હરામાઈ પણ ન જવું જોઈએ અને ટીકાઓ કરવા લાગી જાય ત્યારે ગભરાઈ પણ ન જવું જોઈએ એ રીતે તો યોગીઓની જેમ હર્ષ શોક તે રહે અતીતા એ જ અમારો ધર્મ પણ નભવું હોય અને ચામડી ઠેકાણે રખાવવી ન હોય તો લોકરુચિનું ધ્યાન રાખ્યા વિના ન ચાલે . હું આ બાબતમાં તો કમાલ છું ખાડ બજારના મુસલમાન ગાડાવાળાએ એક હિંદુ ગાડાવાળાને માર્યો એ સમાચાર મેં કેવી સરસ રીતે છાપ્યા કોઈ ગમાર જેવો છાપાવાળો હોય તો આમાં એને હિંદુ-મુસ્લીમ હુલ્લડની ગંધ પણ ન આવે છાપાવાળા જો ચોકસી ન રાખે તો એ છાપાવાળા શેના? અને આ ચોખલીઆ લોકો? સાચના ટુકડા! જ્યાં હોય ત્યાં બોલ્યા કરે છે કે 'છાપા તો આજે ઠગના જેવું કામ કરી રહ્યા છે' બેવકૂફના સરદાર! ત્યારે શેના જેવું કામ કરે? સૌથી વધારેમાં વધારે ચેપી થવું એ તો અમારો ધર્મ છે એ પાજીઓ કહ્યા કરે છે કે અમારે પ્રજાકલ્યાણના જ ખબર આપવા જોઈએ અને ગોળાઓ નહિ ઉડાડવા જોઈએ એ લોકોએ અમારી દૃષ્ટિએ કોઈ દિવસ વિચાર્યું છે? પ્રજાકલ્યાણ? કેવું લોભામણું નામ! અમે એનું શરણું લઈએ છીએ પણ પ્રસંગ આવ્યે જાહેરમાં અને ખાનગીમાં કહી દઈએ છીએ કે એ તો ભાઈ ઉપરનો દેખાવ છે અંદર તો અમારા ને અમારા બાપડાં છોકરાંના જઠરમાં આગ લાગી છે તે ઠારવાનું જ કામ છે ને દિવસે પેલો પ્રાણનાથ મને પૂછવા આવ્યો કે તમે તમે ખદ્દીધારી થઈને આવી જાહેર ખબરો લો છો? 'ચોવીસ કલાકમાં તાકાત આપનારી' અને 'વીર્યનો અખૂટ ઝરો' વહેડાવનારી જાહેર ખબરો હું શા માટે લઉં છું તે એ મૂર્ખો સમજ્યો જ નહિ અને હું . પુ શા માટે ચલાવું છું તેનું યે એને ભાન નહોતું મેં એને કેવું સંભળાવી દીધું મેં જાહેર ખબર વિના છાપું ચલાવી તો દો અક્કલના ઓથમીરે જવાબ આપ્યો કે 'તો છાપાનો મોહ છોડવો જોઈએ' એ ગમાર એટલું ય નહિ સમજતો હોય કે અમે એવા મોહથી પર હોઈએ છીએ અહીં મોહ કે નિર્મોહ કંઈ છે જ નહિ અહીં તો દુનિયામાં જન્મી પડ્યા છીએ તો દુનિયા માગી લેતી છે ખડું ડાહ્યા થવા જઈએ તો ભૂખે મરીએ ને લેણા હેઠા ખાઈએ એ જ પ્રાણનાથ હું છાપાનો તંત્રી ન હોત મારે ઘરનાં મકાન અને મોટર ન હોત તો મને બોલાવવા આવવાનો હતો? અને આ બધા જ ચોખલીઆ લોકો એ કોઈ દિવસ મારો ભાવ પૂછવાના હતા? આ દુનિયા તો અજબ છે મારી મા! છાપાની નીતિરીતિની અને આ જાહેરખબરોની બારોબાર ટીકા કરનારા

પણ છાપું વાંચે તો છે જ, અરે વાંચીને પડ્યા રહેતા હોત તો યે એના અણગમાની મને કોઈક દિવસ અસર થાત. એ બધા તો પાછા પોતાની પ્રવૃત્તિના અહેવાલો મોકલે છે અને હું ન છાપું તો મોઢાં ચડાવે છે. શા માટે 'પ્લેગ' પાસે પોતાની જાતને મૂકતાં હશે? મારી સુશોભિત જાહેરખબરોની વચ્ચે જ એ ભાઈના સમાચારો ને ફોટાઓ આવે છે ત્યારે કેમ હરખાઈ જાય છે? મને તો થાય છે કે યાર, આ દુનિયામાં શોક ઉતરવા જેવું કાંઈ નથી જીંદગી મળી છે તે માણી લેવી. એક બાબતમાં ખબરદાર રહેવું કે આ જમાનામાં જે પાણીએ મગ ચડતા હોય એ પાણીએ જ ચડાવવા. એ બાબતમાં જો 'સિદ્ધાંત' અને 'સ્વતંત્ર મત' ધરાવવા ગયા તો મૂઆ જ પડ્યા છીએ. ખાનગીમાં ભલે કોંગ્રેસને અને કાગ જેવા લાગતા જવાહરને ગાળો દેતા હોઈએ પણ જો સલામત રહેવું હોય તો એમની વાહવાહ પોકારવી. અને બીજું યે ધ્યાન રાખવું જોઈએ એકે ય વાતની મન ઉપર અસર ન થવા દેવી જોઈએ એ બાબતમાં તો કદાચ મારી તાલે કોઈ નહિ આવે. ભયાનક વર્ણનો કે કરુણતમ પ્રસંગચિત્રો ચા ને બીસ્કીટ ઉડાવતા ઉડાવતાં ન લખી શકાય તો તંત્રી તરીકે નાલાયક છીએ એમજ માનવું. પોતાના જીવનને હૃદયને, બુદ્ધિને તો છાપાંથી તદ્દન અલગ જ રાખવી એ તો નિર્ગમકેન ભાવે એકજ પાનામા લગ્નના, મરણના, ધરતીકંપના, મેળાવડાના, ઉપવાસના, ખૂનખાર જંગના, રાજ્યારોહણના, ઉઠાવગીરીના, ચોરીના, લૂંટના, બલીદાનના, સાહસના એવા અનેકવિધ સમાચારો– એક પણ સમાચાર તરફ પક્ષપાત રાખ્યા વિના મૂકવા જોઈએ. તો જ છાપું નભે અને આપણા મોટર બંગલા પણ નભે. લોકરુચિને નહિ ભૂલવી જોઈએ. એ ભૂલ્યા તો મોત જ આવ્યું એમ સમજવું. કઈ દિશાએ પવન વાય છે તે બરાબર ધ્યાનમાં રાખવું જોઈએ. એમ લાગે કે હિંદુ-મુસ્લીમ હુલ્લડના સમાચારો લોકોને આંચકા આપે એમ છે તો એમ દબાવવું. એમ લાગે કે મહાત્મા ગાંધીને રાજકારણમાં લાવવાથી લાભ છે તો એમને આવવું હોય કે ન આવવું હોય પણ આપણે તો લઈ આવવા જ. વળી એમ થાય કે ના, ના, ભલે સેગાંવમાં બેઠા તો મુલાકાત લઈને એ સમાચારને ખોટા ઠરાવવા એમ થઈ આવે કે અત્યારે તો જવાહર–ગાંધી વચ્ચે લડાઈ થાય તો જ લોકહૃદયને આંચકો લાગે એમ છે તો એ લડાઈ આપણે ત્યાંથી જ 'ગતિમાન' કરવી. પછી ભલે એમને ના પાડવી હોય તો ના પાડે. એ બને સમાચારોમાં લોકોને તો રસ આવશે જ.

અને આપણે બહુ દૂર જોવું જ નહિ. એક દિવસનું આપણું આયુષ્ય. એમાં ઝાઝી ગડભાંજ શી? આ અનંત વિશ્વના અનંતકાળમાં ચોવીસ કલાકની શી વિસાત? હજારો છાપામાં મારા એક છાપાની શી ગણતરી? લાખો વિચારપ્રવાહમાં મારી એક લહેરનો શો હિસાબ? એટલા માટે ઝાઝી જંજાળ શી? સત્ય અને સિદ્ધાંતના ચૂંથણા શા? એને એટલું મહત્વ પણ ન આપવું જોઈએ. એ તો હાંક્યે રાખવું મારા ભાઈ! મોટર અને બંગલાને વાંધો ન આવે એટલું જ માત્ર ધ્યાન રાખવાનું... સાચે જ મારો ધંધો કમાલ છે. હું પણ કમાલ છું. આ ધંધાના અને મારો સુયોગ પણ કમાલ છે.

અનંત સ્મિત

શ્રી. 'ક્ષ'

રૂમઝુમ કરતી ચાલી જતી સન્ધ્યા મધમાખીઓનો ગુંજારવ સાંભળી ઘડીભર થંભી ગઇ. મધુસંચયની વાતો કરતી મધમાખો આછા સોનેરી પ્રકાશમાં થઇને ઘર ભેગી થતી હતી. ચેરીના મોર ઉપર પરવાળા જેવી એક વાદળી ટીંગાઇ રહી હતી.

બન્ને વૃદ્ધો બગીચાની બહારની પરસાળમાં ચા પીતા બેઠા હતા. શાન્તિ બન્નેને આલ્હાદક લાગતી હતી. સદાયે ઘૂઘવાટમાંજ પોતાની મહત્તા સમજતો સમુદ્ર કોણ જાણે કેમ પણ ઘુમસુમ બની ગયો હતો. મોજાંઓની પરંપરા કાંઠા પર પછડાવાનો પોતાનો નિત્યધર્મ ભૂલી ગઇ હોય એમ લાગતું હતું.

'મને તારી અદેખાઇ આવે છે, જીરોહ' કાઉન્ટ નાગાટોએ કહ્યું. જીરોહ ઓકાશીએ હોઠ સુધી આવેલું પ્યાલું નીચે મૂક્યું. 'મારી અદેખાઇ નામદાર! જીવનને આરે પહોંચેલા એક પેન્શનરની અદેખાઇ!' તેણે કહ્યું.

'હા કેમ નહિ!' કાઉન્ટે હસતાં હસતાં કહ્યું. 'આ અનંત શાન્તિ તને લપેટીને પડી છે. મારે તો રાત અને દિવસ દોડિયાં.'

જીરોહે ધીમેથી નિસાસો નાખ્યો. પોચા હાથીદાંત જેવો એનો ચહેરો હતો. દાઢીએ થોડા વાળ હતા. બાળકની આંખ જેવી એની આંખ હતી. શરીર પ્રચંડ નહિ પણ ખડતલ હતું. પોતાના બગીચામાં ફળફૂલ પોતેજ વાવતો. મધમાખો પાળતો. બગીચાને સાફસૂફ કરતો. વખત હોય ત્યારે દૂર ઝાડીઓમાં સંતાએલા કાઉન્ટનાં પાડોશી બંગલામાં ફળફૂલ રોપી આવતો.

મધપૂડામાં માખીઓ આવી ગઈ હતી. સૂર્યાસ્ત થઈ ગયો હતો. દિવસ ખરીરીતે ગરમ હતો પણ કાઉન્ટને ઠંડી લાગતી હતી. એણે પોતાના હાથ ગજવામાં નાખ્યા.

'જીરોહ! તું નસીબદાર છો. જે જાપાનને જાપાન કહી શકાય તે તારી પાસે છે. બાકીનું જાપાન જાપાન નથી.'

'નામદાર! ટોકિઓ તો મોટું શહેર છે.'

'હા, મોટર, ટેલીફોન, રેડીઓ અને સીનેમાનું એ શહેર છે. પશ્ચીમી રંગમાં આઠકલા બનેલા જુવાનીઆઓનું શહેર છે વાંદરશાહી વાળ કપાવતી અને ઉંચી એડીએ ચાલતી છોકરીઓનું શહેર છે. તને ટોકિઓ ગમે ખરૂં?'

જીરોહે માથું ધૂણાવ્યું. 'નામદાર! હું તો ઘરડું પાન. તમારી વાત જુદી. તમે શહેનશાહના સલાહકાર. તમે જુવાન રાજનીતિજ્ઞોના સારથિ'

'સારથિ! સલાહકાર! ભાઇ, મારી સલાહની કોઇને પડી નથી. મારી દોરવણી કોઇને ગમતી નથી. મને તો બધા મૂર્ખ ગણે છે!

જીરોહ જરા ભોંઠો પડયો. કાઉન્ટની કરચલીવાળી બન્ને આંખો તિરસ્કારભર્યું હસી રહી હતી

'જીરોહ, માણસ ઘરડો થાય છે તેમ મૂર્ખ બનતો જાય છે તેમને જોઇએ જુનવટ મારી દીકરી અંબોડો વાળે અને વેણી ગૂંથે તોજ મને ગમે. પણ એ તો વાળ કપાવી મારી મૂર્ખતા પર હસે છે. જુવાન છોકરાઓ ખેની કરે એ મને ગમે પણ તેમને જોઇએ કારખાના. હું કહું છું કે શાન્તિ જોઇએ: લશ્કરી અફસર કહે છે કે યુદ્ધ જોઇએ રાષ્ટ્રનું સ્વમાન યુદ્ધથી જળવાય.'

'આપણે ગૌરવ ચાહનારી પ્રજા છીએ' જીરોહે કહ્યું.

'હા પણ આપણામાંથી કોઇ ગૌરવનો અર્થ જ સમજતા નથી'

'ગૌરવ એટલે શહેનશાહની સેવા' જીરોહે કહ્યું 'તમે એ સેવા કરો છો. કહો હવે તમારે મારી અદેખાઇ શા માટે હોય?'

'જીરોહ! તને કોઇ વરદાન આપે તો તું સેવા જ સ્વીકારે. પણ મને કોઇ આપે તો હું સાઠ વર્ષ પહેલાનું જાપાન ધરતી ઉપર ફરીથી ઉતારૂં.'

'નામદાર! પછી મુસાફરીની અગવડ પડશે સંઘ જાત્રાએ પહોંચે કેવી રીતે? અને આ મોટરોનું શું થાય?'

'આપણી સંસ્કૃતિ સાઠ વર્ષ પાછી જાય એમ માનવાનું કોઇ કારણ નથી. જીરોહ! મારા બાપને શસ્ત્રાસ્ત્રો સજતાં અને વાપરતાં આવડતું હતું. સાઠ વર્ષ પહેલા આપણે સંસ્કૃતજ હતા'

ચેરીની શાખો ઉપર થઇને પવનનો એક ઝપાટો સૂસવતો ચાલ્યો ગયો. જ્યારે પવન આથમતા સૂર્યતાપમાં થઇને આવતો હતો ત્યારે વાતાવરણ સુવાસિત કરી મૂકતો. પણ અત્યારે અંધકારમાં ધૂળની રજકણો ફેલાવીને વાતાવરણ ગમગીન બનાવતો હતો.

'જીરોહ! તું સુખી છો. તારે ટોકિઓની ખટપટ નથી. તને કોઇ મૂર્ખ ગણતું નથી કારણ કે તારે કોઇને સલાહ આપવી પડતી નથી. નસીબદાર છો જીરોહ! પશ્ચિમી ઢબ અને તેના રંગો તને સ્પર્શ્યા નથી' કોઇ ભૂતનાં ખોખરાં હાસ્ય જેવું હસતો કાઉન્ટ બોલ્યો.

'આટલી સાહ્યબી છતાં નામદાર દુ:ખી છે.' જીરોહ નિસાસો નાખતો બોલ્યો.

'હા, કારણ કે જુવાનોને મત હું આડખીલી છું. અનાજ્ઞાંકિત છોકરાને આજ્ઞાંકિત બનાવવા મથતાં બાપ જેવી મારી સ્થિતિ છે. છોકરાઓ જો બગડે કરે...'

'પણ તમારી જુવાનીના દિવસોમાં આવી કશીયે ખટપટ નહોતી'

'હા, અને હવે આપણે ધરડાં છીએ.'

કાઉન્ટ ઉભો થયો. ઝીરોહ ઉભો થવા જતો હતો તેના ખભા પકડી કાઉન્ટે એને બેસાડી દીધો

'ઝીરોહ! મારો આત્મા આ શાંતિ વાંછે છે. મારું મન રાત અને દિવસ ટોકિઓના તંત્રમાં લીન રહ્યા કરે છે તું નસીબદાર છો, સુખી છો, દુનિયામાં જ્ઞાતા બનવું તેના કરતા અજ્ઞાન રહેવું બહુ લાભદાયક છે' વધતા જતાં અંધારામા, ઝાડીઓ વચ્ચે થઇને, કાઉન્ટ પોતાના બંગલા તરફ જવા ઉપડયો, ઝીરોહ એને વ્યાકુલ અને અસ્વસ્થ દૃષ્ટિએ જોઇ રહ્યો ધરણીને ડોલાવનાર, શહેનશાહનો જમણો હાથ એક સામાન્ય, જીવનને આરે પહોંચેલા વૃદ્ધ પેન્શનરમા એવું તે શું જોતો હશે કે તેને તેની અદેખાઇ આવે? આવા પશ્નોની પરમ્પરાથી ઘેરાયેલો ઝીરોહ પોતાની પથારીમા પડયો

ઝીરોહને ઉંઘ આવી ગઇ એની આખ જ્યારે ઉઘડી ત્યારે વૃક્ષોમા વસતા પખીકુલોએ પોતાની પ્રાત પ્રાર્થના શરૂ કરી દીધી હતી

ઝીરોહ તૈયાર થયો, મોતીની ભુરાશવાળા આકાશના પરીધ પર ઝાઝતા પથરાયા હતા ગરમી પણ ખૂબ પડશે એની એ આગાહી હતી પચાસ વારને અતરે સમુદ્ર હજી નિદ્રા કરતો હતો

ઝીરોહે ધાર્યું કે ટોકિઓના ખટપટીઆ જીવન પછી નામદારને આવી ગ્રામ્ય શાન્તિ આશ્વાસન રૂપ બનતી હશે અત્યારે તે નિરાંતે સતા હશે ઝીરોહ બગીચામા કામે લાગી ગયો

દૂર, નામદારના બગલા તરફ, બંદુકની ગોળી છૂટી હોય તેવો અવાજ થયો. કોદાળી પર શરીર ટેકવી તેણે એ દિશામાં મીટ માડી જુવાન હોત તો કોદાળી લઇ તે ત્યાં પહોચી ગયો હોત પણ ઘડપણ એના પર દિનપ્રતિદિન વિજય મેળવતું આગળ ધસતું હતું. વળી નામદારને વાળ કોઇ કાળા માથાંનો માનવી વાંકો કરી શકે એ ન માની શકાય તેવી વાત હતી.

થોડીવારમાં શ્વાસની ધમણ ચાલતી હોય તેવો અવાજ તેને કાને પડયો. અવાજ નજીક આવતો હતો. લથડીઆં ખાતાં પગલાં હવે સ્પષ્ટ થતાં હતાં તે ચમકયો એણે બને તેટલી ત્વરાથી વાડના છીંડા તરફ જવા માડયું. દેશનો વારસ, કાઉન્ટ નાગોટા, ગતવાસી કપડાંમાં પડું-પડું થતો આવતો હતો,

'આવી પહોચ્યા' મહામુસ્કેલીએ શ્વાસ લેતા કાઉન્ટે કહ્યું. 'એ અફસર અને તેમનું લશ્કર મોટરમાં આવ્યા'

કાઉન્ટને પોતાના શરીરનો ટેકો દઇ, મહામુશ્કેલીએ વચ્ચે આવેલી કેડીમાં થઇને, આગળ લઇ જતા ઝીરોહ બોલ્યો 'નામદાર, મને સમજાતું નથી.'

હું મૂર્ખ વૃદ્ધ છું, આંધળીની છુ તને રાતે જ કહ્યું હતું 'ભાગ્યું હતું કે મોડું આ બનશે આટલું જલ્દી બનશે એવી તો કલ્પના યે નહોતી'

ઝીરોહનું મોઢું ફાગી ગયું. 'નામદાર! જાપાનને ગાડપણ લાગ્યું છે.' શ્વાસ નીચે બેસતા કાઉન્ટે ભૂત જેવું ઓછું હાસ્ય કર્યું.. 'ગાડપણ લાગ્યું છે પણ સાવ ગાડું થયું નથી, ઝીરોહ! કેટલીક ટુકડીઓએ બળવો કર્યો છે લશ્કરવાદમા રાષ્ટ્રનું ગૌરવ ન જોનાર મૂર્ખ જ્હોનો તેઓ નાશ કરી રહ્યા છે!

'પણ પેલો બંદુકનો અવાજ કાંઈ આવ્યો હતો?' ઝીરોહે ગભરાતા પૂછ્યું.

'મરોહનો એ મરણઘંટ હતો. લશ્કર આવતા તે ટેલીફોન પાસે પહોંચી ગયો. સંદેશો

પૂરેપૂરો પહોંચાડયો અને તરતજ ગોળી વછૂટી. એને વીંધીને ચાલી ગઇ. અડધા કલાકમા મદદ આવી પહોંચશે.

'એ તો ઘણીવાર કહેવાય', કહી જીરોહે નામદારને પોતાના બંગલા તરફ ઢસડવાની હિમ્મત કરી.

કાઉન્ટ એક નાની પીઠિકા પર બેઠો. 'જીરોહ ! મને જીવ વહાલો છે એમ રખે માનતો ! પણ એ લેવાનો હક્ક માત્ર શહેનશાહનો છે. મારો બંગલો લશ્કરે ફીંદી નાખ્યો છે. મારી શોધ કરે છે પણ પત્તો લાગતો નથી. અહીં આ તપાસ કરવા જરૂર આવશે' કાઉન્ટ બોલ્યો. એના હોઠ, મરેલા લોહીના બન્યા હોય તેવા કાળા પડી ગયા હતા.

'જીરોહે દિવાલ પર ટીંગાતી તલવાર ધ્રૂજતે હાથે ઉતારી.

કાઉન્ટ હસ્યો. 'જીરોહ ! પાછી મૂકી દે.'

'પણ...નામદાર...'

'જીરોહ ! પાછી મૂકી દે. બગીચામા જા અને કામે લાગી જા. જો તેઓ અહીં આવે તો કહેજે કે અહીં નથી. આટલું કરીશ તોયે ઘણુ'

'બસ !' બાળક જેવી ભોળી આંખોમાં પાણી ભરાઈ આવ્યું.

'મારૂં કહ્યું કર' કાઉન્ટ હસતા હસતા બોલ્યો. જીરોહ બગીચા તરફ વળ્યો

હજી કોદાળી ઉપાડી નહોતી ત્યાંજ એને કાને ભારે પગલાંનો અવાજ આવ્યો. શસ્ત્રાસ્ત્રોના રણકાર પરથી આવનાર કોણ હશે એ કલ્પી શકાય તેમ હતું.

વાડ વીંધી લશ્કર અંદર આવ્યું. એક અફસર અને છ સૈનિકો. અફસરના હાથમાં નાગી તલવાર ચમકતી હતી. શિકાર આંખે ચઢે કે વીંધી નાખવા સૈનિકોએ બંદુક તૈયાર રાખી હતી.

'એય બુઢ્ઢા !' અફસરે કહ્યું 'કાઉન્ટ નાગારો ક્યાં છે ? આ રસ્તે આવ્યો હતો.'

કોદાળી ઉપર શરીર ટેકવી જીરોહે નકાર સૂચવવા માથું ધૂણાવ્યું 'ખોટી વાતઃ મવારથી અહીં કોઇ ફરક્યુંજ નથી.'

'જુઠું બોલ મા ! લબાડ !' કહેતોક અફસર આગળ વધ્યો. શિકારની શોધમાં એ અને એનાં માણસો રઘવાયા બન્યા હતા.

'બોલ ! કાઉન્ટ ક્યાં છે. સાચું કહી દે નહિ તો......'

'મને ઘરડાને મોતની બીક ન હોય'

'પણ ઘરડાં જુઠાં ન હોય એમ નથી ડાહ્યો થયા વિના કહી દે કે કાઉન્ટ ક્યાં છે' તમંચા અને તલવારથી સજ્જ થએલો અફસર આગળ વધ્યો. તલવારની અણીથી ચેરીની શાખ વીંધાઇ જમીન પર પડી.

જીરોહે પહેલા આભ અને પછી અફસર તરફ મીટ માંડી.

લશ્કરમાંથી કોઇએ સૂચવ્યું 'ચાલો તેનો બંગલો તપાસીએ' જેવા તેઓ બંગલા તરફ વળ્યા કે જીરોહે ઝડપભર ચાલવા માંડયુ. એનું શરીર થાકયું હતું. પગ ભાંગી ગયા હતા, બાવડામાં બળ નહોતું. એકાએક એને કંઇક સૂઝયું. એણે એક મધપૂડો ઉડાડયો.

સોનેરી અને ભૂરી મધમાખીઓએ આકાશ છાવરી દીધું. ક્રોધમાં આવેલી માખીઓએ લશ્કરી અફસર અને તેના સાથીઓને દંશ દેવા માંડયા. ત્રણ જણાએ કાળી ચીચિયારી પાડી. એમના ગરમ લોહીની માખીઓએ ઠીક ઉજાણી

ફરી. ચોથાએ બંદુક ઉપાડી અને ગોળી છોડી.

જીરોહ લથડ્યો. તેનો જમણો હાથ ઠમણો થઇ ગયો. ડાબા હાથે એણે બીજો મધપૂડો ઉડાડ્યો.

'કમબખ્ત' ફેધાઉર અફસરે ગાલિપ્રદાન શરૂ કર્યું. એની તલવાર હવામાં વીંઝાતી હતી પણ માખીઓ તેના પર વિજય મેળવતી જતી હતી.

અફસરે બે હાથોથી મોઢું ઢાંકી દીધું. ગાડાની જેમ દરિયાકાંઠ તરફ એણે નાસવા માંડયું. વાતાવરણ અસહ્ય બનતું જતું હતું.

પડતાં પડતાં જીરોહે બીજા બે મધપૂડા ઉડાડ્યા. બગીચામાં એક પણ સૈનિક ઉભો રહ્યો નહિ.

જ્યારે મદદ આવી પહોંચી ત્યારે બે વૃદ્ધમિત્રો એકબીજા સામે સ્મિત કરતા પડ્યા હતા. જીરોહના માથાને કાઉન્ટે પોતાના ખોળામાં લીધું હતું. જીરોહનું સ્મિત અનંત હતું.[1]

૧ અંગ્રેજી ઉપરથી.

●

ભ્રમણ પિપાસા[1]

: શિખરિણી-સૉનેટ :

મ્હને જે જે વ્હાલા સ્વજન દિસતા વિશ્વભરમાં
ઉરે વ્યાપે ઊર્મિ ભ્રમણ કરવા છોડી સઘળાં;
દિસે પૂર્વે ઘેરા રવિઉદયનાં રંગ મધુરા,
અને પશ્ચિમે તો ઉદધિપ્રતિ ભાસે રસઝરા
નથી દીઠા માર્ગો દુર ક્ષિતિજ હંકારે વિચરવું,
ગ્રહીને સંગાથી ઉડુગણ અને ભાનુ ભમવુ;
ન રોકયો રોકાતો શ્રવણ પડતા સાદ પ્રબળો
નિમંત્રે વાહિની, વિહગયુથ ને પંથ સઘળો.

અહા! જો! જો! દુર ક્ષિતિજ વિસ્તીર્ણ દિસતી!
જુની હંકારાતી ક્ષિતિજ થકી નૌકા ગૃહપ્રતિ;
અને ત્યાગે નૌકા નિધિતટ નવી મુલ્ક ગમને.
જવું મ્હારે નિશ્ચે. પ્રતિગમન શંકાસ્પદ મ્હને
ફરી પૂછે પ્રશ્નો જગતજન તુંને મુજ પ્રિયે!
ભલે દેજે દોષો સુરજ-પથ-તારા-ગગનને.

શાન્તિલાલ શાહ

૧ Gerald Gould ના "Wander-thirst' નો અનુવાદ.

ચારે પાસે

ધારાસભાનો મામલો :

મહાસભાપક્ષના અગ્રગણીઓને ગવર્નરોએ ખાત્રી ન આપ્યાને પરિણામે જે સ્થિતિ ઉભી થઇ છે તે સ્થિતિમાં કશો જ પલટો આવ્યો નથી, દિવસે દિવસે સ્થિતિ વધુ ગંભીર બનતી જાય છે એટલો જ માત્ર ફેર પડયો છે. ગવર્નરોએ જેની પાછળ પ્રજાનું પીઠબળ નથી એવા પ્રધાનોને નવા બંધારણનો અમલ કરવાનું સોંપ્યું છે અને લગભગ બધા પ્રાંતમાં એ પ્રધાનો પ્રજાહિતની વાતો કરવા મંડી પડ્યા છે. મહાસભાએ અપમાનભર્યાં પ્રધાનપદને ઠોકર મારી ત્યારે જ કહ્યું હતું કે 'હવે કાયદો ઉંચે મૂકાશે અને સરકારની દોરી ઉપર નાચતા પ્રધાનો પ્રજાને ભરમાવવાના પ્રયત્નો કરશે, લાભ આપી દેવાની મોટી મોટી વાતો કરી થોડીક રાહત આપશે અને પ્રજાને મહાસભાથી વિમુખ કરવાનો પ્રયત્ન કરશે.' હકીકત તો એ છે કે આ પ્રધાનો થોડીક રાહતો પણ હજી સુધી આપી શક્યા નથી. મુંબઇ સરકારના વડાપ્રધાન સર ધનજીભાઇ તો કોઇને યાદ નથી આવતા પણ જેમણે હંમેશ રાષ્ટ્રસેવાનો ઝભ્ભો પહેર્યો છે અને ક્રાંતિની વાતો કરી છે એવા શ્રી. જમનાદાસ મહેતા આજ લગી કશું જ કરી શક્યા નથી. પંચમહાલના ભયાનક દુષ્કાળને તેઓ દુષ્કાળ તરીકે જાહેર પણ કરી શકતા નથી. જ્યાં અઢી લાખ માણસો દુષ્કાળના ભરડામાં સપડાયા છે અને જેમાંથી માત્ર ૩૫૦૦૦ માણસને કામ અને ૨૫૦૦ માણસોને મફત રાહત મળે છે તે પ્રદેશમાં લોકો ભૂખને લઇને ટપોટપ મરતા, દુઃખના માર્યા આપઘાતનો રસ્તો લેતા અને પોતાના બાળબચ્ચાંને વેચતા માલુમ પડે છે. સગી આંખે આ પ્રદેશ જોયા પછી પણ આ સ્થિતિને 'અછત' કરતાં વધુ કાંઇ હોય એમ શ્રી. જમનાદાસ મહેતા જણાવતા નથી.

શ્રી જમનાદાસ મહેતાની આ મનોદશાનું કોઇને આશ્ચર્ય નથી. એ પ્રધાન છે એમ પ્રજા માનતી પણ નથી. જો હોય તો એ સરકારના પગારદાર નોકર છે, પ્રજાના પ્રતિનિધિ તો નહિ જ. અને આ સ્થિતિ

વિચારોને જાગૃત કરી દે છે ટોલ્સ્ટોયની કલમ એટલી બળવાન છે કે વાંચનાર ઇચ્છે તો યે એની અસરમાંથી મુક્ત થઇ શકે એમ નથી ભાગ્યે જ આવી સિદ્ધિ કોઇ લેખકને સાંપડતી હશે

શ્રી કિશોરલાલભાઇના વેશાંતર-ભાષાંતર વિનાના વિચારો સાથે અમે સંમત છીએ એમણે જો ભાષાંતર જ કર્યું હોત તો આ પુસ્તક આટલી પ્રિયતા ન મેળવી શકત. આ તો વાંચનારને 'આપણું જ' લાગે છે શ્રી કિશોરલાલભાઇ આવાં ઘણાં વેશાંતરો આપી અમને આભારી કરવા દે કે તેઓ સ્વીકાર પણ છે

સ્ત્રી-પુરુષ-મર્યાદા લે કિશોરલાલ ઘ મશરૂવાળા પ્ર પ્રસ્થાન કાર્યાલય પારસી અગિયારી સામે અમદાવાદ પાના ૧૬ + ૮૪ કિં પાંચ આના

આ નાનકડી પુસ્તિકાનું નામ જ એવું સૂચક છે કે એ ઉપરથી અંદરની વસ્તુનો ખ્યાલ આવી જાય છે શ્રી કિશોરલાલભાઇ ગુજરાતના એક સમર્થ ચિંતક અને વિચારક ગણાય એમના બધા પુસ્તકોમાં એમની વિવેકબુદ્ધિનું તેજ દેખાઇ આવે છે કોઇ પણ વિષયને છણીછણીને રજૂ કરવામાં આપણે ત્યાં એમના જેટલી કાળજી ભાગ્યે જ કોઇ લેતું હશે બીજાના વિચારોનું હાર્દ પકડવાની શક્તિ પણ અદ્ભુત છે ગાંધીવિચારદોહન એમની એ શક્તિનો પુરાવો છે 'જીવન શોધન' અને 'કેળવણીના પાયા' જેવા પુસ્તકો એ તો બીજા જોયાં નથી આવા સમર્થ પુરુષના કોઇ પણ વિચારને બહુ ઉતાવળે નિર્ણય ઉપર નહિ મૂકી દેવો જોઇએ આ પુસ્તિકાના લેખો વાંચતા એમ લાગ્યું છે કે એમના વિચારોનો વિરોધ કરનારાઓના મોટા ભાગે ધીરજથી અને ઝીણવટથી એમના વિચારોને તપાસ્યા જ નથી અને એને કઇ વસ્તુ ઉપર શ્રી કિશોરલાલભાઇએ કેટલો ભાર મૂક્યો છે તેનું પ્રમાણ સમજ્યા વિના જ ટીકા કરી છે આમાંના ઘણાખરા લેખો 'હરિજન બંધુ' અને 'પ્રસ્થાન'માં પ્રગટ થઇ ગયા છે એટલે એ ઉપરની ચર્ચાઓ પણ સંભળાઇ ગઇ છે અમને આ વિચારોમાં વ્યક્તિ અને સમાજના જીવનનું ઊંડું અવલોકન માલુમ પડ્યું છે અને બધા વિચારોની પાછળ નિજ અનુભવનું બળ પણ જણાયું છે આજના વાતાવરણમાં અનેક વિચારોનાં મોજાંઓ ઊછળી રહ્યાં છે ત્યારે અંધારામાં અહીંથી તહીં સપડાતાં યુવક યુવતીઓને આ નાનકડી પુસ્તિકા દીવા જેવી જણાશે એમ અમારું માનવું છે શ્રી કિશોરલાલભાઇ આ પ્રકારનું હજી વધુ લખે એવું ઇચ્છીએ

કન્યાને પત્રો લે નરહરિ દ્વા પરીખ અને મહાદેવભાઇ દેસાઇ પ્રકાશક પ્રસ્થાન કાર્યાલય પારસી અગિયારી સામે અમદાવાદ કિંમત છ આના

આ નાનકડી પુસ્તિકાની બીજી આવૃત્તિ થોડા સુધારા વધારા સાથે બહાર પડી છે તે ખરેખર હર્ષની વાત છે આ પ્રકારના પુસ્તકો આપણે ત્યાં છે જ ક્યાં ? નવલકથાઓ અને વાર્તાઓનાં પાત્રો તરુણ યુવકયુવતીઓનાં દિલમાં ચિત્રો ઊભાં કરી જાય છે પણ મોટે ભાગે એ ચિત્રો કલ્પનામય હોવાના કારણે જીવનમાં ઉતારી શકતા નથી અને કોઇ ઉતારે છે તો બનાવટી જ લાગે છે કુમાર અવસ્થામાં પ્રવેશતાં જ આજના યુવક-યુવતીની સામે અનેક સમસ્યાઓ ઊભી થઇ એને મૂંઝવી નાખે છે થોડા વખત એ મૂંઝવણમાંથી નીકળવા માટે

કાંકાં મારી યોગ્ય માર્ગદર્શનના અભાવે એ કાં તો થાકીને જૂને ચીલે ચાલવા માંડે છે અને કાં તો નિરંકુશ બની જાય છે. જીવનની અત્યંત મૂંઝવણભરી આ અવસ્થામાં માર્ગદર્શન આપી શકે એવાં પુષ્કળ પુસ્તકો લખાવા જોઇએ પણ એ પુષ્કળ આવા અનુભવી અને વત્સલ પિતાઓને હાથે લખાય તો જ ઠીક, નહિ તો આવી એકાદ પુસ્તિકાથી પણ ચલાવી લેશું.

આ નાનકડી પુસ્તિકા તારુણ્યમાં પ્રવેશતી કન્યા માટે લખાઇ છે પણ કુમારોને પણ એમાંથી વિચારવાનું મળી રહેશે. મુ. નરહરિભાઇ પાસે આશા રાખીએ કે કુમારો માટે પણ તેઓ આવું માર્ગદર્શન આપે.

એ પત્ની કોની ? : અનુ મહેશ હ. શુકલ પ્રકાશકઃ કાન્તિલાલ મ શાહ અંજલિ ગ્રંથમાળા રમકડાં મારકેટ, અમદાવાદ. કિં. રૂા. બે.

'બાળુતાઇ ધડા ઘે.' નામની મરાઠી નવલનો આ અનુવાદ છે. અનુવાદની ભાષામાં મરાઠીની છાયા આવી જાય છે. એટલે પુસ્તકની વસ્તુને થોડી ઝાંખપ લાગે છે 'આખું પુસ્તક એક માતાની આત્મકથા રૂપે લખાયું સ્ત્રીજીવનના પ્રશ્નોને એટલી સ્વાભાવિક રીતે રજુ કર્યા છે કે કોઇ અંતરકથની આપણે સાંભળતાં હોઇએ એવું જ લાગે. ધનવાન સંસ્કારસંપન્ન પિતાને ત્યાં ઉછરેલી સોનું મેટ્રીક સુધીની કેળવણી લે છે ત્યાં સુધીનું એનું જીવન સ્ત્રીના દલિત અને અનાથપણાંથી મુક્ત છે પણ લગ્નનો પ્રશ્ન ઉભો થતાં જ સુધારક દેખાતા પિતા વિફરે છે. સોનુના પ્રિય પણ ગરીબ મિત્ર સાથે એને ન પરણાવતાં એક ધનવાન વિધુરની સાથે એના લગ્ન કરે છે. પિતાની આબરૂ સાચવવા સોનું દુઃખાતે દિલે પરણે છે પણ આખું જીવન એ તરફડીઆ જ માર્યા કરે છે. લગ્નજીવનમાં પૂરતો અસંતોષ હોવા છતાં કાયદો એ લગ્નને અખંડ રાખે છે અને એ અખંડ ચિંતામાં સોનું, એનો પતિ તાત્યાસાહેબ અને પ્રેમી ભાસ્કર સળગ્યા કરે છે. અંતે સોનુ ભસ્મરૂપ બને છે. આખી કથા કરુણ છે. વાંચનારને પોતાનું સ્વજન દુઃખ પામતું હોય એવી લાગે એટલી સુંદર શૈલી છે પણ નબળી ભાષા અને કંઇક લંબાણ છેવટ સુધી ખૂંચ્યા જ કરે છે.

'સાપના ભારા'

'ઊર્મિ'ના એપ્રિલના અંકમાં 'સાપના ભારા'નું અવલોકન આવ્યું હતું તે સંબંધમાં શ્રી. ત્રિભુવનદાસ લુહાર તરફથી અમારું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. અવલોકનમાં 'સાપના ભારા'ની ભાષાને ચરોતરી કહેવામાં આવી છે. જ્યારે એ ભાષા ઇડર બાજુની છે અને એ વિષે પ્રસ્તાવનામાં લેખકનો ખુલાસો પણ છે.

સં.

કૌમુદીના ગ્રાહકોને લાભ

૧૯૩૭ના વર્ષમાં તમે કૌમુદીના ગ્રાહક હો તો
જીવનચરિત્ર, નાટકો, નવલિકાઓ, નવલકથા, પ્રવાસવર્ણન, વિજ્ઞાન

વગેરે વિષયોના
મૌલિક છ-સાત પુસ્તકો મનોહર રૂપરંગમાં આપતી અદ્યતન છતાં સસ્તી

કૌમુદી ગ્રંથમાળાનાં

ગ્રાહક થઈ જાઓ ને !

કારણ કે આશરે રૂ ૯) ઉપરાંતની કિંમતના ૧૨૦૦ ઉપરાંત પૃષ્ઠના આ
પુસ્તકો છૂટક ખરીદવા મોંઘા પડશે

પહેલાં ચાર પુસ્તકો

વીર નર્મદ :	વિશ્વનાથ મ ભટ્ટ	છુટક કિં રૂ	૧
સાપના ભારા:	ઉમાશંકર જોશી	,,	૧॥
હવે પછી			
દક્ષિણ હિંદનો પ્રવાસ:	સુન્દરમ્	,,	૨
ખમાં બાપુ?	ચન્દ્રવદન મહેતા	,,	૨

વાર્ષિક લવાજમ રૂ. ૫ પોસ્ટેજ સાથે

કૌમુદીના ગ્રાહકોને રૂ. ૪ ,,

કૌમુદી કાર્યાલય : રાવપુરા : વડોદરા.

કલાદર્શન

ગુજરાતની ચિત્રકલાનો પ્રતિનિધિ સંગ્રહ

રવિશંકર રાવળ, રવિશંકર પંડિત, કનુ દેસાઇ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, કૃષ્ણલાલ ભટ્ટ, ચન્દ્રવદન ભટ્ટ, એ સાતે ગુજરાતી કલાકારોનાં, ૧૦"×૧૧"ના માપના વિવિધરંગી માઉન્ટ ઉપર ચોડેલાં દસ સુનંદાં, પૂર્ણરંગી ચિત્રોનો અભિનવ સંગ્રહ કાચું ૧–૪–૦; પાકું ૧–૮–૦ રજિ.–પોસ્ટેજ ૦–૬–૦

ચિત્રશતક

સવા રૂપિયામાં સો ચિત્રોનો સંગ્રહ

કોણે કહ્યું કે કલાનો ઉપભોગ શ્રીમંતો જ કરી શકે? શુદ્ધ ઊંચી પસંદગીની, વિવિધતાવાળી અને સંસ્કારી કલાનો સુસમૃદ્ધ સંગ્રહ, મધ્યમ સ્થિતિનો ગમે તે ગૃહસ્થ કે કરકસરવાળો કોઈ પણ વિદ્યાર્થી ખરીદી શકે એટલી કિંમતે મળે છે.

સુંદર ઉઠાવ • મજબૂત બાંધણી • કિં. ૧-૪-૦ પોસ્ટેજ ૦૦-૩-

જેને વિષે હવે વિશેષ જાહેરખબર કરવાપણું રહ્યું નથી એવું ઘરઘરનું જાણીતું અને જનજનનું માનીતું આવતી પ્રજાનું માસિક એની વિશુદ્ધ ગૌરવાન્વિત કલા, એના સંસ્કાર સંપન્ન જ્ઞાનપ્રચુર લેખો, એની એકધારી ઊંચી કાવ્યસામગ્રી, એની મનોહારી વિવિધતાભરી માસેમાસની નવીનતા, બધું અનોખું છે–અજોડ છે

વાર્ષિક લવાજમ રૂ. ૬–૦–૦ :: ::: :: પરદેશ ૧૨ શિ

નમુનાના અંકના પૈસા પડતા નથી.

એનો કોઇ પણ અંક જુઓ અને તમે ગ્રાહક થવા લલચાશો

કુમાર કાર્યાલય • ૧૪૫૪ • રાયપુર અમદાવાદ

ગુજરાત

આદ્યતંત્રી : શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી

સાહિત્ય સંસદનું મુખપત્ર

પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ અને રાજાધિરાજ એ નવલત્રિપુટિના પૂર્વ સમયની શ્રી. મુનશીની ગુજરાતની અસ્મિતાનું ભાન કરાવતી, વેગવતી નવલકથા

જય સોમનાથ

(દરમાસ એક હફતો છપાય છે)

દ
રે
ક
અં
ક
માં

શ્રી ધનસુખલાલ મહેતા, ધૂમકેતુ, વિનોદિની નીલકંઠ, સનત્કુમાર વીણ વગેરેની સચોટ નવલિકાઓ, એકાંકી અને દીર્ઘ ચાલુ નાટકો.

ચન્દ્રવદન મહેતા, બેટાઈ, ઉમાશંકર, મનસુખલાલ, સુન્દરમ્, પૂજાલાલ, બાદરાયણ, રમણિક અરાલવાળા વગેરે કવિઓનાં કાવ્યો.

સાહિત્ય પરિષદના વિવેચનપૂર્ણ વ્યાખ્યાનો

વાર્ષિક લવાજમ } હિંદમાં-પુસ્તકાલયો અને સંસદના સભ્યો માટે રૂ. ૪; અન્ય ગ્રાહકો માટે રૂ. ૫ પરદેશમાં ૧૨ શીલીંગ

આપને ગુજરાતીઓમાં જાહેરાત કરવી છે ?

આપના સંદેશો પહોંચાડવાનું 'ગુજરાતને' સોંપો

ગાંડીવની કુમારમાળા

માધ્યમિક શાળાઓમાં ઇતર વાચન તથા
ઇનામ વગેરે માટે ખાસ ઉપયોગી
કુમારોને જોમ આપે ને શૂરવીર બનાવે
તેવા હેતુથી ખાસ રચાયલું વીર સાહિત્ય

૧. ગોરીલાનો પ્રેમ: આ પુસ્તક ગુજરાતી ભાષામાં એક નવું જ પાનું ખોલે છે. દોડતી દુનિયામાં થતા સાચ્ચા સાહસોની કહાણીઓ આમાં આપી છે (૧)ગોરીલાનો પ્રેમ (૨)જીવતા સમાધી (૩) ચાંચીયા (૪) રામપૂરી વાઘ! (૫) શેમોય શિકાર (૬) અજબ હિંમત! આવી તદ્દન સાચી બનેલી ને છતા રૂવેરૂંવા ખડાં કરનારી અદ્ભુતતાથી ભરેલી આ વાતો અપૂર્વ તાઝગીથી ભરેલી છે અને તે વાંચતાં હૃદય થનગની ઉઠે છે. રોમરોમ પ્રાણ પ્રગટે છે. કિંમત માત્ર આઠ આના.

૨. પૂછડિયા પ્રદેશમાં: ચાર ગુજરાતી જુવાનડાંને મન થઇ જાય છે કે શિર માટે કંઇ શોધખોળ કરવા નીકળી પડવું....અને એ ચાર મરણિયાની નીકળેલી ટોળી કંઇ કંઇ વિઘ્નો અને સંકટો વટાવીને એક નવીજ જાતની પ્રજાના અજબ પ્રદેશમાં જઇ પહોંચે છે અને ત્યાં અદ્ભુત અનુભવો મેળવે છે એ રસભર કથા એટલી તો તનમનાટભરી છે, કે તમારૂં રૂવેરૂવું ખડું થઇ જાય અને નસેનસમાં શૂરાતન જાગે. કિં. ૦-૮-૦

૩. શિકારિકા: લે. શ્રી છવરામ જોશી ગુજરાતી જુવાને જાતે અને કોઈની સાથે કરેલા શિકારોની સાચ્ચી કહાણીઓ. તેની પોતાની કલમમાંથી ઉતારેલી આ બ્યાનો વાંચીને દરેક ગુજરાતી સ્ત્રી પુરૂષનાં રૂંવાં ખડા થશે અને છાતી ગજ ગજ ફુલશે. સાથે ફોટો પણ આપેલો છે. સાપનો શિકાર, રીંછનો શિકાર, શિયાળનો શિકાર, સૂવરનો શિકાર, મરઘીનો શિકાર. બધી જાનસાટેની રમતો. કિં. ૦-૪-૦, ૦-૫-૬ની ટિકીટો જરૂર મંગાવી લ્યો.

૪-૫. ગેબી સૃષ્ટિ: બે ખંડમાં સર આર્થર કોનન ડોઇલની લખેલી વિજ્ઞાન અને સાહસના સમન્વયવાળી રમીલી વાર્તા દરેકના ૧૦ આના બે ભાગ સાથેજ મળશે.

ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત.

પત્ની—પુત્રી—ભગિની

એમને

લગ્ન—વર્ષગાંઠ કે બીજા શુભ પ્રસંગે

શું ભેટ આપશો ?

સ્ત્રીશક્તિ ગ્રંથમાળાનાં પુસ્તકો

જે આખા ગુજરાતમાં વખણાયાં છે.
જેને સરકારે પણ મંજુર કર્યાં છે.
જે સચિત્ર અને રસિક છે,
જે ઉપયોગી અને જ્ઞાનદાયક છે.

તે–

કુલ ૬૦ પુસ્તકો બહાર પડયાં છે જે રૂ. ૨૫)માં આપવામાં આવે છે.

થોડાંક નામો

સુઘડતા અને સુંદરતા	૦–૮–૦	વીર રોઝા	૧–૦–૦
કમનસીબ સવિતા(વંધ્યા)	૦–૪–૦	દેવી ચૌધરાણી	૧–૮–૦
કાયદામાં સ્ત્રીઓનું સ્થાન	૦–૩–૦	રઝીયા બેગમ	૦–૩–૦
અર્ધાંગના	૦–૪–૦	માંદગી અને માવજત	૦–૪–૦
ભરત ગુંથણ	૦-૧૦-૦	પતિ પ્રભુ છે	૦–૨–૦
પારસી વાનીઓ	૦–૬–૦	વાતનું વતેસર	૦–૧–૦
ઘરેણાંનો શોખ	૦–૨–૦	પારસી લગ્નગીતો	૦–૬–૦
જીવન પલટો	૦–૪–૦	સુખી ઘર	૦–૩–૦
સ્ત્રીત્વનું શાસ્ત્ર	૦–૩–૦	વહેમી પતિ	૦–૩–૦

લખોઃ—

સ્ત્રીશક્તિ • કળાપીઠ • સુરત

અંજલિ ગ્રંથમાળા

ત્રીજા વર્ષનાં પ્રકાશનો

૧૯૩૭–૩૮

ગ્રંથમાળાએ દર વરસે પ્રગતિ જ કરી છે. આ વરસે નીચે લખેલાં પાંચ પુસ્તકો, નીચે જણાવેલા સમયે અચૂક પ્રગટ થશે અને તરત જ ગ્રાહકોને મોકલવામાં આવશે.

એ પત્ની કોની?

લેખિકા : ઇંદિરા સહસ્રબુદ્ધે

[પ્રગટ થઇ ચૂકયું છે],

'સ્ત્રીજીવનના પ્રશ્નો' મૂખ્યત્વે સ્નેહલગ્ન અને છૂટાછેડાના, આ પુસ્તકમાં આત્મકથાના રૂપમાં ગૂંથવામાં આવ્યા છે. એક માતા મરતા પહેલાં પોતાના જીવનની દર્દમય અને રહસ્યમય વાતો એની પુત્રીને કહેતી જાય છે, એ આશા સાથે કે અંધારા માર્ગે એની પુત્રીને ચાલવું ન પડે.

અંતરની વ્યથા

લેખક : સોપાન

[જુલાઇમાં પ્રગટ થશે]

'અંતરની વાતો' જેવી જ પાંચ સૈનિકકથાઓ આ પુસ્તકમાં રજૂ થાય છે. પાંચેય કથાઓમાં વિવિધતા છે અને સૈનિકજીવનના ભિન્નભિન્ન પ્રશ્નોની ચર્ચા છે. અંતરની વાતો જેટલી જ પ્રવાહી અને રસમય શૈલીમાં આ કથાઓ આલેખાયેલી છે. આ કથાઓ વાંચતા નૂતન ગુજરાતના શિલ્પીઓના હૃદયનો તમને પરિચય થશે.

આવતી કાલ

લેખક : રામનારાયણ ના. પાઠક

[સપ્ટેમ્બરમાં પ્રગટ થશે]

આ નવલકથા છે. એમાં આવતીકાલ કોની છે એ બતાવ્યું છે. પ્રથમ સામાન્ય ખેડૂત પછી ચોર અને છેવટે રાષ્ટ્રવીર થતા એક શ્રમજીવીની આમાં કથા છે. આખી કથામાં આજની અર્થવ્યવસ્થા અને રાજવ્યવસ્થાની માર્મિક ચર્ચા છે. રિદ્ધિવંતો અને સિદ્ધિવંતોથી પીલાતી પ્રજાનું માનસ આમાં ચિતરાયું છે. આ નવલકથા આ લેખકની પ્રથમ કૃતિ 'પચાસ વર્ષ પછી' ના જેવીજ ગુજરાતને નવીન લાગશે.

વિજ્ઞાનવીરો

લેખક : મૂળશંકર મો. ભટ્ટ

[નવેમ્બરમાં પ્રગટ થશે]

આ પુસ્તકના નામમાં કદાચ ફેરફાર થશે. જગત કલ્યાણને અર્થે મોતની સાથે બાથભીડી મહાન શોધો કરનાર વિજ્ઞાનવીરોના જીવનપરિચયો અને એમની સાહસ કથાઓ આમાં આપી છે. જેણે પ્રજાના કલ્યાણ અર્થે પોતાનું જીવન તુચ્છ ગણ્યું છે અને પોતાને મળેલા આયુષ્યની પળેપળ ખર્ચવામાં જેણે અદ્ભૂત ત્યાગ, વીરતા અને ઉદારતા બતાવ્યાં છે, તે વીરોનાં જીવનચરિત્રો ગુજરાતને પ્રેરણા આપશે.

આત્મભાન

લેખક : સોપાન

[જાન્યુઆરીમાં પ્રગટ થશે]

'સંજીવની' તમે વાંચ્યું હોય તો અનંત, કાન્તા, વિનુ, સુમન, ચંદ્રા વગેરેને પિછાનતા હશો. એ પાત્રો દ્વારા જ આ નવલકથાની રચના થાય છે. આમાં ક્રાંતિની દૃષ્ટિએ ગ્રામસેવા ગ્રામસેવકોના જાહેર અને અંગત જીવનની સમસ્યાઓ, ગ્રામપ્રજાનું માનસ, ઉપર ઝઝૂમી રહેલી રાષ્ટ્રવ્યાપી લડતની તૈયારી ઇત્યાદિ પ્રશ્નોને ગૂંથવામાં આવ્યા છે. 'સંજીવની'ના પાત્રોથી જ આ કથા શરૂ થશે છતાં સ્વતંત્ર નવલકથા રહેશે.

: ગ્રાહક થવા માટે લખો :

અંજલિ ગ્રંથમાળા : : રમકડાં માર્કેટ : : અમદાવાદ

Regd No. S. 426

આ પુસ્તકમાં એક માતા મરતા પહેલાં પોતાની પુત્રીને પોતાના જીવનની સઘળું આવિકતી કહે છે ... જીવનમાં એ સમસ્યાઓ ઉકેલી ન શકાય, તારે આવી સાંકડા ...

આ 'અંજલિ ગ્રંથમાળા'નું બીજું પુષ્પ પહેલું પુસ્તક છે. વાચકો અને વાંચનશોખીનોના ... છે. સહુ સૌદર્યશીલે આ પુસ્તક દ્વારા મંગળી હશે, અને આ નવીન સાહિત્યનો પરિચય કરે.

પુસ્તક વાચનારને જણાશે કે આ કોઇ નવલકથા નથી, પણ પોતાની સમક્ષ રચાઈ રહેલો સમાજજીવનનો કરુણ ઇતિહાસ છે. એક સ્રીની દર્દકથા છે. આમાં ન સમજાય કે ન મનાય એવું કશું નથી; આપણાં જીવનમાં અને આપણાં ઓળખીતાંના જીવનમાં જોઇ શકીએ એવા બનાવો કલામય રીતે આલેખવામાં આવ્યા છે. આ એક નવીન ઢબે લખાએલું પુસ્તક છે.

· અં જ લિ ગ્રં થ મા ળા :



: સંપાદક :

...રલાલ મોહનલાલ દવે

આ અંકમાં

સૌંદર્યનો મર્મ
ઝાંઝવાનાં જળ
ગૃહ પ્રવેશ
માંદગીનું મૂળ
સંસ્કૃતિનો સમન્વય
અમરસીગ દરબાર * વીર મેઝીની
આંતરરાષ્ટ્રિય આંદોલનો
'ઘરભણી' – એક પરિચય

...BIBAI HINDU HIGH SCHOOL
BOMBAY.

વર્ષ છઠ્ઠું : અંક છઠ્ઠો

જુન ૧૯૩૭

મુદ્રક • ઘનશંકર કું. શુકલ
પ્રભાતપ્રેસ • ડેન્સો હૉલ • કેરાચી

ઊર્મિ

પ્રકાશક • સુરેશ શ. બાબરીઆ
ઊર્મિ કાર્યાલય • ડેન્સો હૉલ • કરાચી

વર્ષ છઠ્ઠું
અંક છઠ્ઠો

સળંગ અંક
૬૬

અનુક્રમણિકા

સૌંદર્યનો મર્મ	દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર	૩૪૩
બાઉલ ભિખારી	સુરેશ ગાંધી	૩૪૪
જલ સુન્દરી	સુધાંશુ	૩૪૫
ખરાબ નાટક	પનીલ	૩૪૬
ઝાંઝવાનાં જળ	શ્રીકાંત	૩૪૭
સમર માનવી જીતશે	ભાનુશંકર પો. શાસ્ત્રી	૩૫૪
માંદગીનું મૂળ	કાન્તિલાલ ગાંધી	૩૫૫
ફૂલોનું મત	પૂજાલાલ	૩૬૫
ગૃહ પ્રવેશ	નગીનદાસ પારેખ	૩૬૬
પ્રિયતમાને	વેણીભાઇ જ. પુરોહિત	૩૬૯
વીર મૅઝીની	ઘ	૩૭૦
આક્ષેપ	પૂજાલાલ	૩૭૩
સંસ્કૃતિનો સમન્વય	કવિવર રવીન્દ્રનાથ ટાગોર	૩૭૪
આંતરરાષ્ટ્રીય આંદોલનો	ભાસ્કરરાવ વિદ્વાંસ	૩૮૦
અમરસીંગ દરબાર	સાંદીપનિ	૩૮૬
મહાત્મા	પૂજાલાલ	૩૯૦
રામુનું ઘર	ક્ષ	૩૯૧
ગયે મહિને	... ...	૩૯૩
અવલોકનો		
'પરમાણી'-એક પરિચય	ઝવેરચંદ મેઘાણી	૩૯૬

અમારા મુખ્ય એજન્ટો:—

સી જમનાદાસની કું.,	પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨
નૂતન સાહિત્ય ભંડાર	રમકડાં માર્કેટ, અમદાવાદ
એલ. કે. મેઘાણી	૧૪, અમરતલા સ્ટ્રીટ, કલકત્તા.
પુસ્તકાલય સ. સ. મંડળ લી.	રાવપુરા, વડોદરા
ગાંડીવ લવાજમ એજન્સી	હવાડીયો ચકલો, સુરત

વાર્ષિક :::: લવાજમ :::: રૂપિયા ચાર

છૂટક અંકની કિંમત છ આના • પરદેશ દસ શિલિંગ

BAI KABIBAI HINDU HIGH SCHOOL
BOMBAY.
या विद्या या विमुक्तये

કલ્યાણમૂર્તિ

આ ચાલુ નવલકથા અમારે હજી આરંભ થયો છે ત્યાં જ બંધ કરવી પડે છે. 'ઊર્મિ'ના મર્યાદિત પાનાંઓમાં બે વરસ ઉપરાંત ચાલે ત્યારે પૂરી થાય એવડી મોટી આ કથા થવાનો સંભવ છે. અમને લાગે છે કે નવા થનાર ગ્રાહકોને તો એ આકર્ષણરૂપ ન જ થાય, પણ ચાલુ ગ્રાહકોને પણ કદાચ કંટાળારૂપ બને.

આ નવલકથા વિષે શ્રી. ગોપાનની સંમતિથી અમે આવી યોજના વિચારી છે· આ આખી નવલકથા આ વર્ષમાં જ તૈયાર કરી નાખવી, અને ડીસેમ્બર પહેલાં પ્રગટ કરવી. લગભગ સાડા ત્રણસો પાનાં થશે જેની છુટક કિંમત રૂા. બે કે અઢી રહેશે. માત્ર 'ઊર્મિ'ના ગ્રાહકોને જ એ રૂપિયા કે સવા રૂપિયામાં મળી શકશે અત્યાર સુધી લખાયેલા પ્રકરણો ી એના લેખકને સંતોષ થયો નથી એટલે એ પ્રકરણો પણ ફરીને લખાશે અને નવલગૂંથણીમાં સ્ત્રી જીવનની સમગ્ર બાજુની ચર્ચા થઇ જાય એવો પ્રયત્ન થશે.

આશા છે કે 'ઊર્મિ'ના ગ્રાહકો 'કલ્યાણમૂર્તિ' બંધ કરવા બદલ અમને દરગુજર કરશે અને નવી યોજનાને વધાવી લેશે.

સં. 'ઊર્મિ'

ગૃહપ્રવેશ

ચાલુ વર્ષના પહેલા અંકથી શરૂ થએલી આ દ્વિઅંકી નાટિકા આ અંકે પૂરી થાય છે.

ઊર્મિ જુલાઇ મહિને

મોજાંઓનો તાંડવયોગ		દ. બા. કાલેલકર
બિચારો !	(નવલિકા)	શ્રીકાંત
પરિશોધ	(નાટિકા)	ઇન્દુલાલ ગાંધી
સંસ્કૃતિનાં વહેણ	(પ્રવાસ વર્ણન)	મૂળશંકર મો ભટ્ટ
એક પુનિત પરિચય	(જીવનરેખા)	ભિખ્ખુ ધ્રૂવ
સેવક ધંધાદારી કે પગારદાર ?		......
આંતરરાષ્ટ્રિય આંદોલનો	(લેખ)	ભાસ્કરરાવ વિદ્વાંસ
આપણું કાર્ય	(લેખ)	મગનભાઈ દેશાઇ
સિંધ હિંદી સંમેલન		દ. બા. કાલેલકર
પૈસાનું નૈતિક મૂલ્ય	(લેખ)	અજ્ઞાત
સ્કૉલરશીપ	(નવલિકા)	....

આ ઉપરાંત ઇન્દુલાલ ગાંધી, સુન્દરમ્, પૂજાલાલ, મોહિનિચંદ્ર ઋતુનામ્ કુસુમાકર અને બીજા પ્રસિદ્ધ કવિઓના કાવ્યો, કવિતાની થેલીમાંથી, અભ્યાસપૂર્ણ નોંધ, જીવનચરિત્ર, અવલોકનો અને ભાવના વગેરે આવશે.

અમારી વિનંતિ છે કે 'ઊર્મિ' ના દરેક અંકને ધ્યાનપૂર્વક જોયા અને વાંચ્યા વિના મૂકી ન દેશો.

- દર મહિનાની દસમી તારીખની અંદર અચૂક પ્રગટ થશે.
- ઓછામાં ઓછા ચોસઠ પાનાનું વાચન અપાશે.
- વાર્ષિક લવાજમ રૂા. ચાર : પરદેશમાં શિલિંગ દસ.

ગ્રાહક થવા માટે આજે જ લખો:

ઊર્મિ કાર્યાલય : ડૅન્સો હૉલ : કરાચી

ધી બોમ્બે મ્યુચ્યુઅલ

લાઈફ એશ્યુરન્સ સોસાયટી લીમીટેડ

સ્થાપના ઇ. સ. (૧૮૭૧)

લોકપ્રિયતાની સચોટ સાબીતી :

૧૯૩૬ના આંકડા : નોંધાએલું કામકાજ : રૂ. ૨,૫૧,૩૫,૧૦૦

ભરાઇ ગએલું કામકાજ : રૂ. ૨,૦૧,૪૫,૫૦૦

છેલ્લાં જાહેર થએલાં બોનસ : જીંદગીના વિમા પર રૂ. **૨૬**

મુદતી વીમા પર રૂ. **૨૧**

જુનામાં જુની સંપૂર્ણ સ્વદેશી અને પ્રગતિમાન વીમા કંપનીમાં તમારો વીમો ઉતરાવી નર્ભય બનો.

ધી બોમ્બે મ્યુચ્યુઅલ લાઇફ એશ્યુરન્સ સોસાયટી લી.

બોમ્બે મ્યુચ્યુઅલ બીલ્ડીંગ, કોટ, મુંબઇ.

પ્રોસ્પેકટસ અને એજન્સીની શરતો માટે લખો :-

ગોવીંદરામ એન્ડ કું.

બંદર રોડ—કરાચી ફ્રીઅર રોડ—સક્કર

હિન્દુ ધર્મની રક્ષા અર્થે

સમાજે ત્યજેલા, નિરાધાર, રઝળતાં ગરીબ બાળકોને ઉછેરી, પાળીપોષી, મોટાં કરી, ઔદ્યોગિક તથા બીજી કેળવણીઆપી, ઠેકાણે પાડવામાં આવે છે.

અશક્તોને પણ આશ્રય મળે છે.

માનવદયા ખાતર આ **અનાથાશ્રમને** યથાશક્તિ મદદ કરો. દરેક પ્રકારનું દાન લેવાય છે અને દાનની પાવતી અપાય છે. રિપોર્ટ મંગાવો અને તમારો હાથ લંબાવો.

આજે જ તમે કંઇક મોકલી આપો

મંત્રી :-

હિંદુ અનાથાશ્રમ, નડીઆદ (ગુજરાત)

કિશોર મુંબાઇ ઇલાકાના કેળવણીખાતા તરફથી મંજુર થયું છે.
વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સિમાં 'કિશોર' શાળાઓ માટે મંજૂર થયું છે.

બે વર્ષ પૂરાં કરી 'કિશોરે' ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

અનેકવિધ સાહિત્ય અને સુંદર ચિત્રોથી સમૃદ્ધ ગુજરાતના કિશોર વિદ્યાર્થીઓનું માસિક

કિશોરોની જિજ્ઞાસાને ઉત્તેજી સંતોષે એવી અનેકવિધ અને રસમય સામગ્રી પૂરી પાડતું માસિક

卐 કિશોર 卐

તંત્રી : નગીનદાસ પારેખ

આવકાર

"કિશોર માસિક મને ખુબ ગમી ગયું છે. એટલું બધું ગમ્યું છે કે વડોદરા રાજ્યનાં પુસ્તકાલયોનું બજેટ મંજુર કરવાની તક મને મળી હોત તો રાજ્યનાં ઘણાં પુસ્તકાલયોમાં 'કિશોર' દાખલ કરી દીધું હોત ... ... માસિક માટે મારાથી બનતું કરીશ."

શ્રી મોતીભાઇ અમીન
વડોદરા

"...મને તો એક શિક્ષક તરીકે આ કક્ષાનું બીજું કોઇ સામયિક નથી માલમ પડ્યું બીજાં વધુ પડતાં છીછરાં કે વધુ પડતાં ગંભીર છે જ્યારે આ વિદ્યાર્થીને જોઇએ તેવું જ છે 'સાહિત્ય પાઠાવલિ'ની યોજનાને અંગે મેં આપણાં બધાં માસિકો ફીંફીંને ઉથલાવ્યાં છે અને મને તો એમ લાગ્યું છે કે 'કિશોર' પાસે એટલું વૈવિધ્ય છે કે પાંચ સાત વર્ષે કોઇ નવો સંગ્રાહક નીકળશે તો તેને પોતાના સંગ્રહનું નામ 'કિશોર પાઠાવલિ' કે એવું જ રાખવું પડશે એટલા બધા પાઠો તેને 'કિશોર'માંથી લેવા પડશે. વિદ્યાર્થીઓ સમજે એવી ભૂમિકા ઉપર એનું લખાણ વિહરે છે. છતાં તેના સાહિત્યગુણ તેણે બરાબર જાળવી રાખ્યા છે, એટલે મને તો આનંદ સાથે ગર્વ પણ થાય છે...... હું તમને સતત રીતે મારાથી બનતી મદદ કરીશ."

જીણાભાઈ રતનજી દેસાઈ
[સ્નેહરશ્મિ]
પ્રિન્સિપાલઃ જી. પી. હાઇસ્કૂલઃ વિલેપારલે.

"... ... એની ભાતભાતની વાનીઓ વિદ્યાર્થીવર્ગની જુદી-જુદી જરૂરિયાતો અગર ઇચ્છા પરિપૂર્ણ કરે એમ છે. અને તેથી આખાય વિદ્યાર્થીવર્ગને એ પ્રિય થઇ પડશે જ, એ નિ:શંક બાબત છે મારા જેવા વિદ્યાર્થીશિક્ષકને પણ એમાંથી ખૂબખૂબ રસ અને આનંદ મળે છે. મને તો પૂરતી ખાત્રી છે કે તમારૂં આ નવિન માસિક દરેકે દરેક બાળક જોડે પ્રિય થઇ પડશે"

શ્રી શંકરપ્રસાદ શુક્લ
પ્રિન્સિપાલ : ફેલોશીપ સ્કુલ મુંબઇ

શરૂઆતથી ગ્રાહક થનારને પહેલા વર્ષના બધા અંકો અડધા લવાજમે મળશે

તમે પણ ગ્રાહક થઇ અમારા આ સાહસને ઉત્તેજન આપશોજી.

કિશોર કાર્યાલય : પારસી અગિયારી સામે : અમદાવાદ.

લવાજમ હિંદમાં રૂ. ૪)

પરદેશમાં રૂ. ૬)

સૌને માટે
તાકાત-તાજગીથી ભરપૂર

લિજ્જતદાર

ઝંડુ દ્રાક્ષાસવ

— વિના વિલંબે —
વાપરવા માંડો

ખાસ સ્ત્રીઓને માટે
તન્દુરસ્તી-તાકાતથી ભરપૂર

સ્ત્રીઓની નબળાઇમાં
આબાદ અસર કરનાર

ઝંડુ અશોકારિષ્ટ

પ્રદરાદિ રોગોનો
અકસીર ઇલાજ
દરેક ઘરમાં હોવો જોઇએ

ચાંદની જેવી શીતળ

ઝંડુની (શિલાજીત યુક્ત) ચંદ્રપ્રભા ગુટી

પેશાબનાં તથા ધાતુનાં દર્દોની રામબાણદવા
આજથીજ અચૂક અજમાવો

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્ક્સ લી. પો. બો. નં. ૫૫૧૩ મુંબઇ નં. ૧૪
સિંધના સોલ એજંટ: ડાહ્યાલાલ બ્રધર્સ. સ્વામીનારાયણ બીલ્ડીંગ, બંદર રોડ, કરાચી.

○ આયુર્વેદિક દવાઓનું સૂચીપત્ર આજેજ મંગાવો ○

મહાગુજરાતનું માનીતું માસિક
શારદા

વાર્ષિક લવાજમ :
હિંદમાં : રૂા. ૧-૮-૦
પરદેશ શીલીંગ ચોદ

તંત્રી :
ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા

ગુજરાતી માસિકોમાં શારદા કઈ રીતે ભાત પાડે છે ?

'શારદા' એ એવું ગુજરાતી માસિક છે જે દર મહિને બે ત્રિરંગી ચિત્રો આપે છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે જે સોરઠી લોકસાહિત્યની રસલ્હાણ માટે સુપ્રસિદ્ધ છે.

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે કે જેના તંત્રી અંક, નવલિકા અંક, લોકસાહિત્ય અંક અને દીપોત્સવી અંક માટે હજારો લોકો દર વખતે ગઢ જુએ છે.

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે કે જે શિષ્ટવર્ગ અને આમવર્ગના સાહિત્યનો સુમેળ સાધે છે

'શારદા' એ એકલું ગુજરાતી માસિક છે જે દર વર્ષે સોરઠી ઇતિહાસની રા રાયચુરાકૃત નવલકથા ગ્રાહકોને ભેટ તરીકે આપે છે

'શારદા' એ એવું ગુજરાતી માસિક છે કે જે રોજના એક પૈસામાં સાહિત્ય અને કલાનો રસથાળ દર માસે તમારે ત્યાં પહોંચાડે છે,

'શારદા' બાર વર્ષથી પ્રગટ થાય છે તમે એના ગ્રાહક થયા હશો જ. ન થયા હો તો નીચેના કોઇપણ સ્થળે આજ ને આજ ખબર આપો એટલે 'શારદા' શરૂ થશે

તંત્રી : 'શારદા' ચોરવાડ (કાઠિયાવાડ)

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લી વડોદરા,
આર. આર. શેઠની કંપની, બુકસેલર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨



બેકાર દુનીઆને મહાન આશિર્વાદ
સ્વતંત્રપણે જીવન ગાળવું હોય
આરામથી જીવન ગુજારવું હોય
કોઈના તાબેદાર ન રહેવું હોય
—. અને —
વગર પૈસે વેપાર કરવો હોય તો
છાયા ટેલરીંગ કોલેજમાં
આજેજ દાખલ થાવ, અને શીવણ તથા
વેતરકામ શીખી લો.
શીવણ કામ શીખનારને ઉપયોગી પુસ્તક
માસ્ટર કટર—અથવા—હોમ—ટેલર
કિ. રૂ. ૨-૧૨-૦ પોસ્ટેજ ૦-૫-૦ સાથે મોકલી
મંગાવો.
છાયા ટેલરીંગ કોલેજ
વડોદરા
તા. ક. સવા આનાની ટીકીટ બીડી સુચિપત્ર મંગાવો

ક્ષણભંગુર જીવનજ્યોત



જીંદગીની ક્ષણભંગુરતાથી આપણે સૌ વાકેફ છીએ સૂજ્ઞ માણસો દીર્ઘદ્રષ્ટિ વાપરીને પોતાના બાળબચ્ચાની પૂરતી સગવડ કરે છે આપણી સ્થિતિ સારી હોય ત્યારે આ કામ ઘણી સહેલાઈથી થાય છે અને કુટુંબને હંમેશને માટે અપાર મુશ્કેલીઓમાથી બચાવી શકાય છે તમારી જીંદગીનો વીમો અશોક ઇન્સ્યુરન્સ કંપની મા ઉતરાવશો પોલીસીની જુદી જુદી યોજનાઓની વિગતવાર હકીકત માટે આજે જ પ્રોસ્પેક્ટસ મંગાવો

अशोक इन्स्युरन्स कं. लि.

બ્રાંચ ઓફીસ: કચેરી રોડ: કરાચી

ડૉ. રવિશંકર ગણેશજી અંજારી કૃત પુસ્તકો

૧૯૩૭ ના માર્ચ આખર સુધીમા ખરીદનારને નીચેની ખાસ ઘટાડેલી કિંમતે આપવામાં આવશે

	મૂળ કિંમત	ઘટાડેલી કિંમત		મૂળ કિંમત	ઘટાડેલી કિંમત
૧ પગર દોકડાનો વૈદ્ય	૨–૦–૦	૦–૧૧–૦	*૬ હિંદના હિતનો ઉકેલ	૧–૦–૦	
૨ પ્રભાત પ્રાર્થનામાળા	૨–૦–૦	૦–૧૧–૦	૭ હઠયોગ	૧–૪–૦	૭–૦–૦
૩ વૃદ્ધવસ્થામા તંદુરસ્તી	૧–૮–૦	૦– ૮–૦	*૮ શતશ્લોકી		૦–૧–૦
૪ વહુને શિખામણ	૧–૦–૦	૦ ૫–૦	*૯ આરોગ્ય દોહાવલી		૦–૧–૦
૫ આદર્શન	૧–૦–૦		કુલ કિંમત રૂા		૯–૧૪–૦

*આ પુસ્તકો છુટક મળી શકશે નહિ આખા સેટમા જ અપાશે પોસ્ટેજ ખર્ચ અલગ.

નવ પુસ્તકોના આખા સેટની મૂળ કિંમત રૂ ૯–૧૪–૦ થાય છે તે રૂ ૩–૪–૦ મળશે

ઉપરના પુસ્તકો મુબઇ તેમજ અમદાવાદમા નીચે જણાવેલા ઠેકાણેથી મળી શકશે પરંતુ મુબઇમા ઘટાડેલી કિંમત ઉપર રૂપીએ ૦–૨–૬ અને અમદાવાદમા રૂપીએ ૦–૧–૬ ખર્ચ જોગુ વધુ લેવાશે

વડોદરામા —પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.

મુબઈમા —આર. આર. શેઠની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુબઇ નં. ૨

અમદાવાદમા —ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ–અમદાવાદ

દરેક સાર્વજનિક પુસ્તકાલયમા અને દરેક સંસ્કારી ગૃહમા ખાસ રાખવા જેવા રૂચિકર, બોધક, ઉપકારક અને મનુષ્ય જીવનને માર્ગદર્શક થાય તેવા શિષ્ટ વાચન માટે પસંદગી પામેલા ઉત્તમ કોટિના પુસ્તકો —

	મૂળ કિંમત	લેવાની કિંમત		મૂળ કિંમત	લેવાની કિંમત
૧ શ્રી ધોંડો કેશવ કર્વેનું આત્મચરિત્ર	૩– ૦–૦	૧–૮–૦	૫ અપંગની પ્રતિભા (હેલન કેલરની આત્મકથા)	૦–૧૨–૦	૦–૧૨–૦
૨ વીર ગાર્ફિલ્ડ	૧ –૮–૦	૧–૦–૦	૬ જગતના સીતારા	૦– ૮–૦	૦–૭–૦
૩ બૂકર ટિ વૉશિંગ્ટન	૧–૧૨–૦	૧–૦–૦	૭ અમારા જીવનની કેટલીક યાદગીરીઓ	૧– ૮–૦	૧–૪–૦
૪ ફોરમ પુસ્તક ૧–૨	૧–૧૩–૦	૧–૦–૦	ગાંધીજીની આત્મકથા ભાગ ૧–૨	૧– ૦–૦	૧–૦–૦

પોસ્ટેજ તથા રવાનગી ખર્ચ જુદુ

લખો —પુસ્તકાલય સ. સહકારી મંડળ લિ.
રાવપુરા–વડોદરા.



* વર્ષ છઠ્ઠું * * જુન ૧૯૩૭ * * અંક છઠ્ઠો *

સૌંદર્યના મર્મ

સાહિત્ય એ એક વાસણ છે. એમા કઇ જાતનો ભાવ ભરવાનો માગીએ તેના ઉપરથી સાહિત્યની કીમત નક્કી થાય છે

કેટલાક લોક માને છે કે સાહિત્યની આખી કલ્પના રૂપ અને સૌંદર્ય ઉપર રચાએલી છે કોઇ પણ વિચાર કે કલ્પના આકર્ષક રૂપમા મૂકાઇ હોય, એમાથી ચમત્કૃતિ પેદા થતી હોય તો તે સાહિત્ય છે ભારેમા ભારે કીમતી વિચાર કે અનુભવ તેમજ આકાશ સુધી ઉડતી કલ્પના જો રોચક રૂપમા મૂકયા ન હોય તો એને સાહિત્ય આપણે ન કહીએ અને તત્વજ્ઞાન કહો, ધર્મશાસ્ત્ર કહો કે સંતવાણી કહો પણ એને સાહિત્ય ન કહી શકા

એથી ઉલટુ જો કોઈ વિચાર સાવ સામાન્ય હોય કલ્પના ગાભરી હોય પણ જો એ મનોરંજન કરતી હોય અને એનુ રૂપ ચિત્તાકર્ષક હોય તો એ ઉચ્ચ કોટિનુ સાહિત્ય કહેવાય વિનાદ,—ચિત્તાકર્ષણ અને રૂપલાવણ્ય એ જ સાહિત્યના પ્રાણ છે

એ વિષે શક નથી કે કોઇ પણ વાગ્વ્યાપાર જો ચિત્તાકર્ષક રૂપમા ન મૂકાયો હોય તો આપણે એને સરસ સાહિત્ય તરીકે નથી ઓળખતા પણ જો એ સાહિત્યમા મુકેલો વિચાર હીન હોય, અનુભવ છીછરો હોય અને કલ્પના સડેલી હોય તો કેવળ રૂપ ઉપરથી આપણે એને ઉત્તમ સાહિત્ય નથી કહેતા

હવે જરા રૂપનુ સ્વરૂપ તપાસીએ કોઇ પણ જુવાન અથવા કોઇ બાળા શરીર અને મનથી નિરોગી હોય, કસરત, મહેનત અને પ્રસન્નતાને કારણે એણે પોતાનુ યૌવન બરાબર જાળવ્યુ હોય તો એની મેળે એનામા અમુક સૌંદર્ય આવી જ જાય છે. એ સૌંદર્ય સાબુની જાતજાતના સુવાસી તેલો વાપરવાથી અથવા નવી ઢબના અનેક રંગો અને દવાઓ લગાડવાથી ન આવી શકે. આરોગ્ય અને યૌવન પોતાની મેળે સુંદર હોય છે. સુંદરતા અને આકર્ષકતા એ એની સહજ સુવાસ હોય છે પણ એના બદલામા જો શરીર રોગી હોય, મન વિકૃત હોય, સ્વભાવ સ્વાર્થી, ચિડીઓ, કે અહંપ્રેમી હોય અને એ બધુ ઢાંકવા માટે કપડાની ટાપટીપ, વિવેકની ઠાવકાઈ અને હલનચલનના નખરા એની મારફતે સૌંદર્ય આણ્યુ હોય તો કેટલાક ભૂખ્યા લોકો એ ચમકદમકથી ભલે આકર્ષિત થતા હોય પણ જાણકાર લોકો, સ્વચ્છ અભિરુચિવાળા લોકો એ બધા પ્રયાસ જોઇ દુખી જ થવાના એમના મનમા ગ્લાની જ પેદા થવાની

સાહિત્યમા પણ એમ જ છે, સાહિત્ય એ જીવનનું પ્રતીક છે જીવન જો નિરોગી પ્રસન્ન સેવાપરાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો એના બધા જ વ્યપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના જે વિચારમા આર્યતા છે ઉદાત્તતા છે અને સર્વમંગળકારી કલ્યાણની ભાવના છે એનુ શબ્દ-શરીર એની મેળે ભાવગંભીર, લલિત કોમળ અને પ્રસાદપૂર્ણ થવાનુ જ ઉચ્ચ સાહિત્ય રૂપાળુ હોય જ છે પણ રૂપ લાવવાથી કઇ સાહિત્ય ઉચ્ચ કે ઇષ્ટ થતુ નથી

માટે કેવળ સાહિત્યની ઉપાસના ન કરતા જો આપણે આર્ય અને પ્રસન્ન જીવનની ઉપાસના કરીએ તો સાહિત્યની સુંદરતા એની મેળે ફૂટી નીકળશે વૃત્તિની આર્યતા એ જ વિવેકનો આત્મા છે ઠાલો વિવેક હાંસીપાત્ર થાય છે, અથવા અકળાવનારો હોય છે ઠાલી સૌન્દર્યોપાસના એથી જુદી અસર ઉપજાવી ન શકે

જે સાહિત્યમા પ્રગતિશીલ જીવનની પ્રેરણા અથવા પડઘો પડયો હોય તે સાહિત્ય પ્રગતિશીલ એમા બાકી બધુ હોય કે ન હોય અનુકરણ તો ન જ હોવુ જોઇએ, બાકી બધુ હોય કે ન હોય ઉદ્દેશનો અભાવ તો ન જ હોવો જોઇએ

કરાચી : તા ૬ · ૬ : ૩૭ — શ્રી દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર

બાઉલ ભિખારી

સુરેશ ગાંધી.

સખી સખી બેસું જ્યારે વાળ મારા હોળવને
સિંદુરની સેંથી પૂરી કરવા શૃંગાર;
કરતાલે ગાને ગાને ઉર મારું ભરી દેતો
બાઉલ ભિખારી કોઈ આવે મારે દ્વાર:

કોણ હશે અજાણ્યો એ હું તો નહિ જાણું સખી
કોના કાજે આવે મારા ગૃહ તણે દ્વાર?

માત્ર જાણું આટલું આ સખી કથા કહું આજ
મધ્યાહ્નને સમેટી જ્યારે બધા ગૃહ કાજ,

ઓશરીમાં બેસું મારા શૃંગાર હું સજવાને
ભિક્ષુ કોઈ આવી ઉભો રહે મારે દ્વાર;

અને એના કરતાલે હૈયું મારું નાચી ઉઠે
અધુરા રહે છે મારા શૃંગારનો સાજ:

નીત એના કરતાલ બાજી ઉઠે વાતાયને
જાણું નહિ સખી કોના ભરે એમાં ગાન!

માત્ર જાણું આટલું કે ગાય એ તો પ્રેમલીલા
રાધાકૃષ્ણ પૂરે જાણે એમાં પદતાલ:

સખી થાય એવું જાણે સુંદર એ બાઉલની
રાધા બની વાંસે વાંસે હું યે દોડી જાઉ!

એના કરતાલ તાલે પૂરી મારો પ્રેમસૂર
ધન્ય એના પગલાનો પ્રાણ બની જાઉ!

જલસુન્દરી

સુધાંશુ

તપ્ત દેહે મરી જાની સુન્દરી રતિશ્રાન્ત કો
ત્યમ આ વ્યોમની પાળે મરે છે સાન્ધ્યસુંદરી.
પાછલા નભને ખુણે ગલિમા મહ ચન્દ્રિકા
ઝંખાયે આત્મદીપ્તિએ, ને નીચે જ્વલતાનમાં
આનંત્ય ઓજ, ને વાયુ વહેતાં શાન્ત ખડમાં,
મોખરે તેહને મોજાં ઘૂમે પ્રેમ ઘચાડનાં ।

એ તેજને પ્રખર છાયની મધ્ય હારે
વાંકી કમાન વળગી કંઇ ગૂઢ કાને
તેના પરે નમણી આરસ પાદ દંડી
માંડી, અને પર થકી કંઇ યાત્રિજૂથો
ચાલી ગયા નિજ મહા ઉતરાણ કાજે
ને તેહની સપનધૂલ અહીં પડેલી.

સૂના સ્મશાનને થાળે અજંપા અત્રની લહે
કબ્રરૂપે થઇ ભસ્મ પડી'તી કંઇ કાલથી

પદાંકિતમાલા કંઇ પ્રેમજૂની
સુની તહાં સૌરભ સાથ સાધી
ફુલો તણી, સ્નેહલ સાધ્ય વાટે
અર્ચા અમીની ઉદધિ ઉતારે ।

દીઠી ત્હાં ભદ્રમૂર્તિની પ્રતિચ્છાયા સુહાસિની
ને સ્મૃતિભંગ તાજો ત્હાં થયો જીવનવાસમાં

મનોધરાની પડતી કમાનો
થતી તહાં ખંડિત શૃંખલાઓ
નિશાબ્દ જન્મક્ષયની અને ત્યાં
પડી રહી સ્પષ્ટ પ્રયાણ કેડી ।
પડે જ પંથે નભબીજ શી ધને
અને સમારે નિજ સાળુ કોરને,

સુહાગ ઘેરો જલના લચી જઇ
ઉંચે રહ્યા તારકવૃંદને નમે
પુષ્પોના શય્યે સીંચી એની મ્હેં પદપંજરી,
ઉઘાડી ત્યાં જ મ્હેં મ્હારી કાયાનીય કથાવહી

ત્હાં દોડની નભથકી સ્મરશ્મિ કેરી
આશીઃ માજ ઉતરી, તહીં કાન્તિરેખા
આકાશગંગ મુખથી ચરણે વિરાજે
ને પૃથ્વી યે પદ ચુમે જલસુંદરીનાં

કથની કથની કે, મં સ્મશાનના સંગીત શી
ઉભી'તી જલને દ્વારે સંયોગી ચાપ કેમ્તી

મૃત્યુની જીવની લૈ કથનસુભગમાં આરખે શબ્દબ્રહ્મ,
ને એમાં વહાવે સકળજીવન સૌંદર્યના ગાન જૂનાં
પ્રિયા મ્હારી પ્રવાસી થઇ અડગ અહીં પૃથ્વીના પાટલાએ,
કેવા એ સન્તમોઘા પ્રણય પદધ્વનિ કાલિમામાં ઉછાળે
કે દીને ગાઢ માયા રસમ અવનિની જ્યોતને તીર થંભી,
કંપાવી મોતદોરો, કનકકળશને દાટિયા પૃથ્વીકૂખે
મ્હારી એ કીર્તિદાના ચરણ પગથીયે ભસ્મના છે ખરીતા
ને ત્હેને કો ઉકેલે નિજનયનબધે સત્યથી ધ્યાનમગ્ન ?

તારવે સૃષ્ટિના સત્વો કો મહાજન મેરુઓ
મ્હારા દેહમહીડાને તાવ્યાં છે નિજભાર્ગવે ।

જલે ભળે છે ગીત ગુંજતાં નદો
ચહે જ એની રમણીયતા હદો,
પસારી મ્હારી ઉર વાસડી જહાં
બધી સમાધિ સરકી જ સર્વદા
કંઇક કલ્પો વટતો છતાં તહિ
ન પ્હોંચું છું તો જલસુન્દરી જહિં ।

ખરાબ નાટક

પતીલ

પૃથ્વી છંદ

કરે તુજ વખાણ કેમ નહિ ! સાંભળી ને સુણે
ચકાય કદી જે તને મુજ થકી રહેલે મુખે
હતી કદી ન જેહણે દુભની સ્નેહની લાગણી
શકે કવણ જ તે વૃથા સુકનની કરી માગણી ?

પ્રયત્ન તુજ ગાનનો સમગ્ર છંદમાં આદરે
જશે ખીજવાઇ ના કહુ કદાચ જો હૈ ખરે
જબાન પર મારી તે વિનય વચનો ના વહે
અનાનતનશીન જે અમનદાર લોકો ચહે !

ગયેલ જયમ ફાગી 'સ્હા' મુખ મહીં પરાણે પડે,
થવાથી નવી ઓળખાણ મિજમાનને માચડે
થયુ કઇક તેહવુ જ ગત રાત્રિએ માહરૂ
મળે મીઠી ઉજાણીનુ સુદર નોતરૂ તાહરૂ

ઝીણા નિપુણ વાપરી અગણ જોજનેથી દગે
પડે ઉમગી સામટા કુસુપભક્ષ્યએ ગી ગો
થતાં સમય તે વિષે નીકળી ઘેરથી સજ્જનો
રહેલ નિજ યોગ્ય લેઇ તુજ આગજે આસનો

કમાડ તણી સાકજો કરી સુતાતી તાણી રડે
કમાટ કાળથી વળી, ઉજમના બળે બેનડે
હતાં કઇક યુગ્મ હાજર થયેન આશભવા
અમે પણ સુખે ત્યહી ન્થિત તનો અમારાં ક્યાં

હતી નિરખવાની ન તક મળી કદી જહને
પ્રકામ નિરખી શકાઇ સહમા જે તે દહને
પરન્તુ અફસોસ તેથી ઉરમાંહી જાગ્યા નવા
અને મગજ કેરૂ સ્વાસ્થ્ય પણ સાથ લાગ્યુ જવા

જણાય હતી એકદા પ્રણયભાવ જે પેલો
પ્રતીતિ નહિ તેહના હૃદય કેરી હાવા થની
હતી મૃદુલ લાગતી પ્રથમ મીણબત્તી સમી
બની નખર જવાળ તે સહુને રહેતી દમી

અરે શુ ય બિચારી તે ગુરુજનોથી સેવાયની
કરે આર રોર ના ? નજરથી નવાઝાયની !

હતી નહી ખરેખરી તરફ તેહની તે રૂકી
છતાય દહતા ગઇ સજુય 'આશના'ની ઉંડી

હતા સુખી સનેહ ત્યા થઇ ફિસાદ પેદા ઘણી
પચાની પડતા જગા હતી ન જેહ પોતા તણી
પડ્યાં જખમ તો નહીં પણ ખમીસ ફાગી ગયા
થઇ નરમ મોથી મ્હેજ– નહિ વાગ હોત્યા રહ્યા

જમીન મહીં મેવડા દરની જેમ ડૂડા લમે
શિરો સભર તેહવા રસિક પ્રેક્ષકોના દિસે
કરે તૃષિત ચાતકો નિરખી મેઘમાળા નભે
રહ્યા કરી મહુય તમ વદનાર માથા ખભે !

નિહાળી વળી સેજ વાદળ કર મધુર સ્વનો
રચ્યાં કરી અવાજ અન્ય ત્યમ સૌ અધીરાં જનો
સજીવ સમ બેઠકો પડ–નિઘોષથી લાગતી
ન માનનકરાગુની મુમની ગાળીઓ વગની

કઇક મનુ ઇચ્છુના વરી ગયા કરેથી ફૂલા
ચવાઇ ત્યમ પાનના કઇક કેટલારે ફૂચા,
હતી અગર ! તેગ્રી મળી નિમાળીઓ ગઇ
કથા જવનિકા તણા ઉપડવાની ત્યારે થઇ !

લઇ શ્રમ શિરે મહા હતુ વધેલુ લક્ષ્મીફળુ
ન તમ કરતા પરતુ મજ્જુ કોપરૂ ઊજળુ !
કરી રમની લાલસા પણ મળી તુરી ઓગની
ચખાય કમ હેમતાન મહીં મેશની રોગની ?

પરાસ્ત થઇ યુદ્ધમા સુભટ જેમ પાછા ફરે
અનીકથી લથડતા મુખથી શોભતા મંદિરે
ફીમ વૃષભ જેહવા અમર કોસ પેટ્યા ત્યાં
અમારૂ પણ તેવુ છે થયુ તને નિહાળ્યા પછી !

અહો અજબ વચનો કથમ શકાય જીભે કહી !
હતી ઉરની આશ જે ઉર મહીં ગઇ તે રહી
રહી ન સુખી બેસવા અગર હામ ચાલ્યા જવા
તને કહું હુ બેન કે કહુ ઉજાણીની દશા ?

ઝાંઝવાનાં જળ

શ્રીકાંત

'કેવો બનાવ્યો ?'

રવિન્દ્ર હજી દાદરના બે પગથિયા જ ઉતર્યો હશે ત્યા કિશોરીએ બારણામા પેસતા કહ્યું વિચારમગ્ન બેઠેલી સુરેખા જવાબ આપવાને બદલે દુઃખદ આશ્ચર્યપૂર્વક એના સામે જોઈ રહી

'કેમ, તને ન ગમ્યું ?' કિશોરી હસવા લાગી 'આવા બેવકૂફોને તો બનાવવા જ જોઈએ '

'બિચારાની જીંદગી બરબાદ થઈ જશે'

'આ બધા એ જ લાગના છે આવી ઠોકરો વાગે એટલે એ સમજી જાય કે અહીં એના રૂપ, યૌવન કે પૈસાથી ખરીદી શકાય એવી કોઈ ચીજ નથી '

એવી જ ચીજ છે !' સુરેખા જરા કરડાકીથી બોલી

'એ ..મ !' કિશોરીના નસકોરાં ફૂલ્યા અને એ ત્યાથી ચાલતી થઈ

એકાદ કલાક પછી પ્રેમરાય આવ્યો. કિશોરીનો એ બીજો મિત્ર મુલાકાતના ઓરડામા બેઠેલી સુરેખાએ એના સામે ધ્યાનપૂર્વક જોયુ. આવનારના મો ઉપર તો ભરપુર આનંદ હતો એ દેખાવે જ રંગીલો જુવાન લાગતો હતો સુરેખાએ કિશોરીને બોલાવી. કિશોરી હસતી હસતી આવી એણે પ્રેમરાય સાથે હાથ મિલાવ્યો અને બન્ને બેઠા, થોડીકવાર ટીખળ કર્યા પછી બન્ને બહાર જવા નીકળ્યા. સુરેખા કિશોરી સામે જોઈ રહી હતી કિશોરીએ ત્રાંસી આંખે સુરેખાના ડહાપણ ઉપર એક હાસ્ય કર્યું અને પ્રેમરાય સાથે બહાર ચાલી ગઈ

અર્ધોક કલાક વીત્યો ત્યા રવિન્દ્ર આવ્યો એના હાથમા શાનુ' બંડલ હતુ. બારણામા ઉભા રહી એણે કિશોરીના ખબર પૂછ્યા સુરેખા

ત્યાં જ બેઠી હતી છતાં જવાબ આપવામાં એકાદ ક્ષણનો વિલંબ થઈ ગયો 'એ તો... એ તો ફરવા ગયા '

'એમ? ક્યારે આવશે ?' રવિન્દ્રે અધિરાઈથી પૂછ્યુ.

'કંઈ કહી શકાય નહિ, પણ નવ વાગ્યા પહેલા તો નહિ આવે.'

'તો એમને કહેજો ને કે હું આવ્યો હતો'

'ભલે, કહીશ.'

રવિન્દ્રના પગ પાછા વળ્યા સુરેખાને એક ક્ષણ એને ઊભા રાખવાની ઇચ્છા થઈ આવી પણ એની પીઠ ઉપર દયાભરી નજર ફેંકીને જ એણે શાંતિ લીધી.

* * *

કિશોરી અને સુરેખા છેલ્લા ત્રણ વર્ષ થયા આ છાત્રાલયમા રહી સાથે જ અભ્યાસ કરતા હતા. બંને વચ્ચે મૈત્રી તો નહોતી જ પણ એક જ ગામમાથી ભણવા આવ્યા હતા એથી મૈત્રી જેવુ દેખાતું હતુ. સ્વભાવમા આસમાન જમીનનું અંતર હતુ પણ સાથે જ રહેવાનુ હતુ અને વેકેશન પડયે સાથે જ ઘેર જવાનુ થતુ એટલે એ બંને વચ્ચે અમુક નિકટતા આવી ગઇ હતી. સુરેખાને બહુ મૈત્રીઓ નહોતી, જયારે કિશોરી જેટલા મિત્રો આખા છાત્રાલયમાં કોઈને નહોતા સહુને કિશોરીની આટલી બધી મૈત્રીઓનો કંટાળો હતો, પણ સુરેખા કંઇક ઊંડે સુધી જાણતી હતી એટલે એને કંટાળો જ નહિ પરંતુ દુઃખ પણ થયા કરતુ હતું. રવિન્દ્ર છેલ્લા બે વર્ષ થયા કિશોરીનો મિત્ર થયો હતો પ્રેમરાય એક વર્ષ થયા એ પહેલા નીરૂ અને યોગેશ કિશોરીની ગાઢ મૈત્રી ભોગવી ગયા હતા સામાન્ય ઓળખાણોનો તો કિશોરીને પાર નહોતો. છાત્રાલયમા એને મળવા આવનારની સંખ્યા સૌથી વધારે હતી. બીજા કિશોરી પ્રત્યે જરા ઘૃણાથી જોતા ત્યારે કિશોરી એની મૈત્રી બદલ અભિમાન લેતી દિવસમા દસબાર વખત એ બોલતી કે આ લોકોને તો બરાબર બનાવવા જોઈએ

યોગેશ અને નીરૂ બંને ગાઢ મિત્રો હતા કિશોરી સાથેની મૈત્રીએ એ બંનેની મૈત્રીમા ધીમે ધીમે ઝેર રેડયું હતુ. બંને એક વરસ સુધી એમ સમજતા હતા કે કિશોરીને પોતા પ્રત્યે વધુ મમત્વ છે, જયારે કિશોરી એવી મોહ-માયાથી પર હતી. બંનેને રીઝવતી, ખુશ રાખતી અને ધાર્યું કામ કરાવી રસ લૂંટતી. એકાદ વર્ષની એક સરખી મૈત્રી પછી બંને સમજ્યા કે પોતે જેને સત્ય સમજી બેઠા છે તે તો એક નાટક છે. કિશોરી એ જાણે છે અને નાટકને યોગ્ય હાવભાવ અને મર્યાદાઓ પાળે છે. પોતે એ જાણતા નથી અને તેથી હૃદય ઉપર નાટકનો ભાર વહ્યા કરે છે

યોગેશ અને નીરૂ કિશોરના ગાઢ મિત્રો હતા એ દરમ્યાન જ અનેક ઓળખાણોમાંથી રવિન્દ્રની ઓળખાણ મૈત્રીનુ સ્વરૂપ લેવા માડી હતી કિશોરીના મનમા તો બધી ઓળખાણો સમાન હતી. એ સમદૃષ્ટિએ જોનારી હતી પણ સંકુચિત હૃદયનો રવિન્દ્ર એમ સમજી બેઠો હતો કે કિશોરી પોતાની મૈત્રીને લાયક છે અને પોતે કિશોરીની મૈત્રીને લાયક છે એણે તો દૂર દૂરના સ્વપ્નો પણ રચવા માડયા હતા

સુરેખા આ બધુ જોયા કરતી અને મનમાં ને મનમા કિશોરી ઉપર ચીડાતી કિશોરી એ જાણતી હતી પણ એને સુરેખાની કે કોઈની પરવા નહોતી. એ હમેશ સગર્વ કહેતી મેવકુફોને બનાવતા આવડવુ જોઇએ.' સુરેખા જવાબ આપતી. 'એના ભવિષ્યનો તો કંઇક વિચાર કર.' કિશોરી જવાબ આપતી 'મારે શા માટે એવા વિચારો કરવા જોઈએ? હું એને બોલાવવા નથી જતી, એ જાતે અહી આવે છે' અને કિશોરીની એ વાત સાચી હતી કિશોરી કોઈને બોલાવવા નહોતી

જતી. આટલી બધી ઓળખાણોમાં એક પણ એવી ઓળખાણ નહોતી કે જે કિશોરી તરફથી શરૂ થઇ હોય. કોઇ એના સામે જૂએ ને કિશોરી હસે એમાં એનો શો દોષ? ચાલતાં ચાલતાં પોતાના હાથમાંથી કોઇ વસ્તુ પડી જાય અને પાછળ ચાલનાર કોઇ જુવાન હસીને-દોડીને આપવા આવે ત્યારે કિશોરી સસ્મિત આભાર માને એમાં શું ખોટું? આવી મૈત્રી રચવી એ જો ગૂનો હોય તો એ ગૂનો કરનાર કિશોરી નહોતી. કિશોરી માથે વધુમાં વધુ દોષ મૂકી શકાય તો એટલો મૂકી શકાય કે એ દીવાની પેઠે પ્રજ્વલિત રહેતી, પતંગીઆ તો એની મેળે જ દોડ્યા આવતા.

રવિન્દ્રે જ્યારે કિશોરી પ્રત્યે લાગણી પ્રગટ કરવા માંડી ત્યારે કિશોરીએ પણ એની સાથે વધુ ફરવા માંડ્યું. બીજા કેટલાયને તો એ સાથે ફરવા જવાની કે સિનેમા જોવા જવાની ના સુણાવી દેતી પણ રવિન્દ્રની એવી માગણીઓને એણે સંતોષવા માંડી. કયારેક કયારેક તો બીજા મિત્રોની વચ્ચેથી પણ કિશોરી રવિન્દ્રને મળવા આવતી અને બીજા કઇંક ઈર્ષા અને કંઇક હતાશથી જોઇ રહે એમ એ રવિન્દ્ર સાથે એકલી ચાલી જતી. રવિન્દ્ર પોતાની જાતને શાણો અને બુદ્ધિશાળી સમજતો હતો એટલે એણે માનવા માડ્યું કે આ વિશાળ જગતમાં કિશોરીનો સાચો મિત્ર તો હું જ છું અને આ મૈત્રી જ કોઈ દિવસ .... સ્વરૂપ લેશે.

પ્રેમે ત્યાગ તો કરવો જ જોઇએ. ન કરે તો પ્રેમ શાનો? રવિન્દ્રે ત્યાગ કરવા માંડ્યો. પૈસાનો ત્યાગ સૌ કોઇ કરે પણ રવિન્દ્રે તો સ્વમાનનો અને પોતાના વ્યક્તિત્વનો પણ ત્યાગ કરવા માંડ્યો. કિશોરીનું કૃપાકટાક્ષ ઝીલવા માટે પ્રાણની આહુતિ આપવી પડે તો યે શું, એવું માનનાર એ પ્રેમી બન્યો. કિશોરી માટે એણે પોતાની મૈત્રીઓ ત્યાગી. ઘરના સંબંધો ને મીઠા સહવાસો ત્યાગ્યા. પોતાના મનની મોટી મોટી મહત્વાકાંક્ષાઓ પણ એ સમય પૂરતી ત્યાગી. એના દિલમાં એક જ વસ્તુ વસી રહી. 'કિશોરી' 'કિશોરી' એ રાત દિવસ ઝંખવા લાગ્યો.

અને કિશોરી પણ એને એટલો આનંદ આપતી. બંને ફરવા જતા ત્યારે કયાં જવું એ કિશોરી જ સૂચવતી અને એ સ્થળ પ્રેમીઓને માટે અદ્ભૂત હતું એમ રવિન્દ્ર કબૂલ કરતો. કયું ચિત્ર જોવું એ કિશોરી નક્કી કરતી પરંતુ એ ચિત્રના પ્રેમદૃશ્યો સાથે કિશોરી પોતાની મૈત્રીના સંસ્મરણો જોડતી ત્યારે તો રવિન્દ્ર ઘેલો ઘેલો થઇ જતો. કોઇ કોઇ વખતે કિશોરી કોઇ અંગ્રેજી-ગુજરાતી પ્રેમકાવ્ય લઇ આવતી અને હસતી હસતી રવિન્દ્રને એનો અર્થ સમજાવવાનું કહેતી. રવિન્દ્ર બિચારો ત્યારે અવાક બની ઘેનથી ચકચૂર આંખે કિશોરી સામે જોઇ રહેતો. કિશોરી હસતી, આંખો નચાવતી અને રવિન્દ્રના ઓગળી જતા મુખ ઉપર ટપલી મારતી. રવિન્દ્ર એ ટપલીમાંથી કંઇ કંઈ ગૂઢ સંદેશા સાંભળતો અને થોડો ઘણો સંતોષ પામતો.

એક વર્ષ વીતી ગયું. રવિન્દ્રને દૂર રહેવાનું હવે અસહ્ય થતું હતું. કિશોરી વિનાની પ્રત્યેક ક્ષણ એને યુગો જેવી લાગતી હતી અને કિશોરી વિનાનું આ ભર્યું ભર્યું જગત એને વેરાન સમું ભાસતું હતું. એ રાહ જોતો હતો દિવસો અને મહિનાઓથી એ રાહ જોતો હતો કે કિશોરી તરફથી કંઇક સૂચના આવે, પણ કિશોરી તો જેટલું આપવું જોઇએ તેટલું આપી ચૂકી હોય એમ એક ડગલું યે આગળ વધતી નહોતી કે બોલવાનું હતું એ સિવાયનો એક શબ્દ પણ નવો બોલતી નહોતી. એના હાવભાવમાં અને વાતોમાંથી રવિન્દ્ર ઘણા અર્થ કાઢતો પણ મનમાં જોઇએ તેવી શાંતિ નહોતી થતી. એક

દિવસ એણે ગંભીર મુખે વાત શરૂ કરી. 'તું ક્યારે લગ્ન કરવાની છે?'

કિશોરી ખડખડાટ હસવા લાગી. રવિન્દ્ર ક્ષોભાઇ ગયો. એના મો ઉપર પણ ફેરફાર થઇ ગયા.

'કેવો વિચિત્ર સવાલ!' કિશોરી બોલી.

'કેમ, હવે વિચારવું ન જોઇએ?'

'વિચારો, કોણ ના પાડે છે?' આંખ સ્થિર કરીને કિશોરી બોલી.

રવિન્દ્રની આંખ એ દ્રષ્ટિ ઝીલતાં જ સંકોચી ઉઠત પણ કિશોરી તુરત જ હસવા લાગી.

'અત્યારે જ કેમ આ પ્રશ્ન ઉઠ્યો?'

'અમસ્થો.'

'નહિ નહિ તમને માઠું લાગ્યું?'

શબ્દોની મધુરતામાં રવિન્દ્રને ખ્યાલ ન રહ્યો કે પોતાને માઠું લાગ્યું છે કે નહિ. એ જરા હસી ગયો. કિશોરીએ તુરત જ રવિન્દ્રનો હાથ પોતાના હાથમાં લીધો અને આંગળીઓ સાથે રમત કરતાં કહ્યું.

'આવતીકાલથી રજા છે, આપણે લોનાવલા જઇશું?'

રવિન્દ્ર પ્રેમ નીતરતી આંખે જોઇ રહ્યો. એવી નજરથી કિશોરી પરિચિત હતી એટલે એ સમજી ગઇ.

'ચાલો ત્યારે' એ ઉઠી. 'કાલે દસ વાગે હાર્બરમાં આવજો.'

બંને છૂટાં પડ્યાં.

* * *

કિશોરીને કંઇક કામ આવી પડ્યું અને એ લોનાવલા નહિ આવી શકે એવી ચિઠ્ઠી રવિન્દ્રને સવારના આઠ વાગ્યામાં મળી. 'આજ આખો દિવસ હું નહિ મળી શકું' એવું પણ ચિઠ્ઠીમાં હતું એટલે રવિન્દ્ર કારણ પણ ન જાણી શક્યો. બીજે દિવસે રવિન્દ્ર મળ્યો ત્યારે કિશોરીએ એને લોનાવલા નહિ આવી શકવાના મહત્વના કારણો આપી પૂરતો સંતોષ આપી દીધો.

'ત્યારે હવે?'

'હમણાં તો નહિ જઇ શકાય મારે.' કિશોરીએ એક પછી એક કારણો જણાવ્યાં. રવિન્દ્ર એ કારણો દૂર થઇ શકે એવા જવાબો આપ્યા પણ કિશોરીએ જણાવ્યું કે 'આવી શકત તો હું જરૂર આવત. આપણે ત્યાં ખૂબ મઝા કરી શકત.' રવિન્દ્રને સંતોષ ન થયો પણ 'તું નજીવા કારણોને મહત્વ આપે છે' એટલું કહી એણે વાત પડતી મૂકી.

* * *

કોણ જાણે કેમ પણ છેલ્લો બનાવ બન્યા પછી કિશોરીનું રવિન્દ્ર તરફથી મન ઉઠી ગયું. ઘડીક તો એની મૈત્રી તોડી નાખવાના વિચારો આવી ગયા, પણ એ હોશિયાર હતી અને મૈત્રી તોડી નાખવામાં કશો જ સાર નથી એટલું સમજતી હતી એટલે એણે મૈત્રી ચાલુ રાખી. રવિન્દ્ર વધુ ને વધુ ખેંચાતો જતો હતો અને પ્રત્યેક પ્રસંગે લાગણીવશ થતો હતો એથી કિશોરીને ખૂબ ગમ્મત આવતી હતી. થોડા દિવસમાં તો એ રવિન્દ્રમાંથી પૂરેપૂરો રસ ઉઠાવવા લાગી. કિશોરી સાવ સ્વાર્થી નહોતી એટલે એણે એની મિત્રોને પણ રસમાં ભાગીદાર બનાવવા માંડ્યા. રવિન્દ્ર આવતો ત્યારે એ સહવિદ્યાર્થીનીઓ સામે આંખના મીચકારા કરતી રવિન્દ્ર પાસે જતી અને કંઇ ને કંઇ એવી વાતો કરી રવિન્દ્રને લાગણીમાં તરબોળ બનાવી દેતી. રવિન્દ્ર કિશોરી સામે અનિમિષ નયને જોઇ રહેતો ત્યારે કિશોરીનું હૃદય વિજયથી નાચી

ઉઠતું. કોઇ ને કોઇ બાબતમા રવિન્દ્રને ટગવવામા એને અદ્દભૂત રસ આવવા લાગ્યો દિવસો જતાં તો એનો એ દૈનિક કાર્યક્રમ થઇ ગયો. રવિન્દ્ર દાદરનુ પગથિયુ ઉતરે કે કિશોરી બોલી જ હોય' 'કેવો બનાવ્યો ?'

એજ અરસામા એને પ્રેમરાય સાથેની મૈત્રી વધતી જતી હતી સુરેખા અને બીજા પ્રેમરાય તરફ દયાભીની આંખે હમેશ જોઇ રહેતા પ્રેમરાય તો રોજ વિજેતાની પેઠે ત્યા આવતો અને કોઇ રસવીર હોય એમ પાછો જતો એ યોગેશની, નીરૂની કે રવિન્દ્રની વાત જાણતો નહોતો જુવાની મસ્તાની છે એટલુ એ સમજતો હતો અને એ માણી લેવી જોઇએ એવું એ માનતો હતો. મહિનાઓ વીત્યા પછી રવિન્દ્રે જાણ્યું કે કિશોરી અને પ્રેમરાય વચ્ચેનો પ્રેમસબંધ વધતો જાય છે એ કિશોરી જેવા ઉદાર હૃદયનો નહોતો એટલે એના દિલમા ઇર્ષા પ્રગટી એણે કિશોરીને એક દિવસ સાફ સાફ શબ્દોમાં પૂછવા માંડયું એકાદ બે જવાબો ઉડાવ્યા પછી કિશોરી સમજી ગઇ. એણે પણ રવિન્દ્રને સાફ શબ્દોમા કહી દીધુ. 'હું તમારી પત્ની નથી. બેવકુફ ન બનો' રવિન્દ્ર રાતોપીળો થઇ ગયો પણ ખાલી મુઠીઓ વાળવા સિવાય એની પાસે કોઈ ઉપાય નહતો. એણે રોષમા ને રોષમા ટેબલ ઉપર હાથ પછાડી ચાલવા માંડયુ. દાદર ઉપર પગ મૂકતા જ કાને શબ્દો અથડાયા 'પધારજો' અને ખડખડાટ હસવાનો અવાજ પણ સંભળાયો.

એ બારણામાથી બહાર નીકળતો હતો ત્યા જ પ્રેમરાય મળ્યો રવિન્દ્રની આંખમા આગ ભભૂકી ઉઠી મહામહેનતે એ ગુસ્સો દબાવી ઉતાવળે પગલે ચાલતો થયો. પ્રેમરાય એની વિચિત્રતા ઉપર એકલો એકલો હસતો ઉપર આવ્યો

'આ તો ભયંકર કહેવાય કિશોરી !'

પ્રેમરાય બારણા બહારની ઘંટડીના બટન ઉપર આંગળી દાબતો હતો ત્યા એના કાને શબ્દો આવ્યા.

'કાંઇ નહિ, મને એની પરવા નથી.'

'તને ભલે પરવા ન હોય પણ આ તો વેશ્યાવૃત્તિ કહેવાય'

'વેશ્યાવૃત્તિ ?' કિશોરીનો અવાજ ફાટયો. 'તમને નપાયને હુ ઓળખુ છું !'

પ્રેમરાય હળવેકથી બટન ઉપરથી આંગળી ઉપાડવા જતો હતો પણ 'વેશ્યાવૃત્તિ' શબ્દ સાંભળતા જ એ ચમકયો અને એનાથી બટન દબાઇ ગયુ કિશોરી સાવધ થઇને બેઠી નોકરે બારણું ઉઘાડતાજ પ્રેમરાય ગંભીર મુખે અંદર દાખલ થયો અર્થસૂચક દષ્ટિ ફેંકતી સુરેખા ત્યાથી પોતાની ઓરડીમા ચાલી ગઇ.

'કેમ, મોડા પડયા ?' કિશોરી હસીને બોલી. પ્રેમરાય જવાબ આપવાને બદલે આજુબાજુ જોવા લાગ્યો

'શુ છે ? કઇ ખાસ કામ છે ? બહાર જશુ ?' કિશોરીથી ગભરાયેલે ચહેરે. બે ત્રણ પ્રશ્નો પૂછાઇ ગયા

'કંઇ નહિ, હું તને પૂછવા માગતો હતો' . પ્રેમરાય જરા અટકીને આજુબાજુ જોવા લાગ્યો.

'ચાલો આપણે બહાર જ જઇએ'

'ચાલો' કહી પ્રેમરાય ઉઠયો બંને બહાર ગયા આજ પહેલ વહેલો જ પ્રસંગ હતો કે કિશોરી એના મિત્ર સાથે ધીરે પગલે અને ગંભીર મુખે બહાર જતી હતી

'શુ પૂછવા માગતા હતા ?' થોડેક ગયા પછી કિશોરીએ પૂછ્યુ.

'હું લગ્ન કરવાનો વિચાર કરૂં છુ'

કિશોરી અકારણ ચમકી ગઈ. આવી વાતમાં એણે ખડખડાટ હસવું જોઈએ પણ એ હસી શકી નહિ. પ્રેમરાય સ્થિર આંખે એના ગભરાયેલા ચહેરા સામે ટાંપી રહ્યો હતો.

'શું કેમ ચમકે છે? હું તારી સલાહ માગું છું.'

'હું શું સલાહ આપું?'

'પ્રેમલીલા તને કેમ લાગે છે?'

કિશોરીએ ચમકીને ઉપર જોયું 'એ તો દમ્પતીને ચાહે છે'

'એવું તો હોય જ'

'તો તમારા સાથે શી રીતે બની શકશે?'

'એ તો બની શકે એ મને પણ ચાહે છે'

'તમે એને ચાહો છો?'

'હું તો ઘણાંને ચાહું છું' પ્રેમરાય જરા આડું જોઈને બોલ્યો.

'એ ભયંકર . ...' આગળ બોલવા જતાં કિશોરીના અંતરમાં સુરેખાના શબ્દો જાગી ઉઠ્યા એ વધુ ન બોલી

'એમાં ભયંકર કશું નથી પ્રેમ બધા સાથે કરવો, અને લગ્ન તો જ્યાં ફાવે એવું હોય ત્યાં જ કરવું'

'પણ પ્રેમ અને લગ્ન જૂદી વસ્તુ છે?'

'જૂદી જ તો.' પ્રેમરાય જરા હસ્યો 'પ્રેમ તો આપણે બંને પણ કરીએ છીએ, પણ એથી લગ્ન થોડાં જ થઈ શકે.'

'હું કરું પણ નહિ' કિશોરી જરા સખત અવાજે બોલી.

'હું પણ' પ્રેમરાય હસીને બોલ્યો.

થોડીક પળો મૌન છવાઈ ગયું. કિશોરીનું મોં લાલ થતું જતું હતું તે પ્રેમરાય જોતો હતો પણ એના મો ઉપર લગારે ગભરામણ નહોતી. એ ધીમું ધીમું હસતો કિશોરી સામે જોયા કરતો હતો

'આપણે પાછા જઈએ' કિશોરી બોલી

'ભલે' પ્રેમરાયે પગલાં ફેરવ્યાં. બંને મૂગાં મૂગાં છાત્રાલયના મકાન પાસે આવ્યાં નીચેની ફુટપાથ ઉપર કિશોરી જરા અટકી પ્રેમરાય પણ અટક્યો પણ એકાદ મિનિટ સુધી સ્થિર ઉભાં રહ્યાં, છતાં બંનેમાંથી કોઈ બોલ્યું નહિ કિશોરી કંઈ પણ બોલ્યા વિના પગથીઆં ઉપર ચઢી પ્રેમરાય એની સામે જોવાની દરકાર કર્યા વિના ચાલવા માંડ્યો

*　　　*　　　*

દિવસો ને મહિનાઓ વીત્યા છે પ્રેમ ભ આવતો બંધ થયો છે રવિન્દ્ર મિત્રો અને ઓળ ખીતાઓમાં પોતાની બેવફાઈની કથની કહ્યા કરે છે કિશોરીના કાને વાતો અથડાય છે પણ એ ગભરાતી નથી એની મૈત્રીઓ વધતી જ જાય છે નવા રવિન્દ્રો ને પ્રેમરાયો સાથે મોજ ઉડાવે છે ને જુવાની માણે છે-પણ દિવસો થોભતા નથી પાણીના પ્રવાહની પેઠે ચાલ્યા જાય છે

*　　　*　　　*

કિશોરીનો અભ્યાસ પૂરો થયો. એ સુરેખા સાથે પોતાને ગામ આવી થોડા દિવસ ત્યાં રહી પણ એને ફાવ્યું નહિ વડીલોએ લગ્નની વાત કરી પણ એ કરી નહિ એ પાછી હતી ત્યાં જ આવવા ઉત્સુક થઈ, પણ ઘરનાં સંજોગોમાં એક વરસ સુધી નીકળી શકી નહિ એ એક વરસમાં એણે સુરેખાના અને એવા ઘણાના લગ્નો જોઈ નાખ્યા પણ એનું મન તો લગ્ન તરફ વળ્યું જ નહિ એ બધા તરફ તુચ્છ ભાવે જોતી વધુ અભ્યાસના બહાને જ્યાં હતી ત્યાં આવીને રહેવા લાગી મિત્રો

સાથે પત્રવ્યવહાર તો ચાલતો હતો એટલે એ આવી કે તુરતજ મિત્રોનું મળવાનું શરૂ થયું કિશોરીના એક વર્ષના વિયોગે ઘણા મિત્રોને બેચેન બનાવી મૂક્યા હતા સામાન્ય ઓળખીતા હતા તે મિત્રો બની ગયા હતા અને મિત્રો હતા તે ખરા દિલથી એને ચહવા લાગ્યા હતા કિશોરી આવી કે સૌએ એના ઉપર પ્રેમ ઠાલવવા માંડ્યો થોડા દિવસ તો કિશોરીને ખૂબ મઝા આવી છેના એક વરસની ગુંગળામણ હતી તે સંપૂર્ણ રીતે દૂર થઈ ગઈ એનું હૈયું પહેલાની પેઠે જ મિત્રોમાંથી રસ લૂંટવાને તત્પર થઈ ગયું

—પણ એક દિવસ પનો પ્રેમરાગ આવ્યો એ રુચ્યો નહોતો એણે કિશોરીને કહ્યું કે તું મારી સાથે લગ્ન કર ' કિશોરીએ એને ચોખી ના સુણાવી દીધી પ્રેમગય રોષે ભરાયો અને જ્યાં હોય ત્યાં કિશોરીને ભાંડવા લાગ્યો

થોડા દિવસ વીત્યા એટલે નવનીતે કિશોરી પાસે પ્રેમની માગણી મૂકી એ નવો અને નિખાલસ મિત્ર હતો કિશોરીએ એને પણ ના સંભળાવી, પણ એ કેટલાકને ના સંભળાવે? થોડા થોડા દિવસને અંતરે એની પાસે આ માગણીઓ આવવા જ માંડી એ અનેગણી એની મૈત્રીઓ તૂટવા લાગી પ્રેમભગ્ન થયેલા મિત્રો એને નિન્દવા લાગ્યા એ સામે નિન્દવા લાગી પણ કેટલા દિવસ? ધીમે ધીમે એના ચિત્તની સ્થિરતા ડગમગવા લાગી એક દિવસ સાંજના વખતે કોઈને જણાવ્યા વિના એ દરિયા કિનારે ફરવા ચાલી ગઈ એના મગજમાં ઘણા ઘણા વિચારો ઉભરાવા લાગ્યા જેમ જેમ વિચારોનો વેગ વધવા લાગ્યો તેમ તેમ ચાલવાની ગતી વધવાને બદલે મંદ થવા લાગી એને થોડોક થાક જણાયો એટલે એ નજીકના એક બાંકડા ઉપર બેઠી. એની આંખ રસ્તા ઉપર હતી જ્યોત્સ્ના—પોતાની સહવિદ્યાર્થીની સાથે રવિન્દ્રને જતો જોતાં એના મનમાં આગ લાગવા માંડી

રવિન્દ્ર એને ન ઓળખી શકે એ માટે એણે મોઢું ફેરવ્યું, પરંતુ એ કમનસીબ હતી રવિન્દ્ર વાતો કરતાં કરતાં આડું જોયું અને એની નજર કિશોરી ઉપર પડી એણે જ્યોત્સ્નાનું ધ્યાન ખેંચ્યું. બંને ધીમે પગલે કિશોરી પાસે આવવા લાગ્યા આડું જોઈને બેઠેલી કિશોરીના કાનમાં એ ધીમા પગલાના પડઘા પડતા હતા એનું હૃદય ફફડવા લાગ્યું એ પોતે સમજી નહિ પણ એના અંગમાં ધ્રુજારી આવી ગઈ

'કેમ કિશોરી બેન!' રવિન્દ્રનો અવાજ આવ્યો એટલે કિશોરીથી મોં ફેરવ્યા સિવાય રહી શકાયું નહિ એ ફીકું હસી

'મઝામાં?' રવિન્દ્ર પૂછ્યું જ્યોત્સ્ના કંઈ બોલ્યા વિના જોઈ રહી હતી

'હા' માંડ બોલાયું અને આંખો વિકળ બની રવિન્દ્રે એ આંખો જોઈ અવાજનો રણકાર પણ જોયો વધુ ઉભા રહેવું એને ઠીક ન લાગ્યું તે જવા લાગ્યો

'કેમ જશો?' કિશોરીએ પરાણે સભ્યતા મેળવી વિનય કર્યો

'હા' કહી રવિન્દ્રે ચાલવા માંડ્યું જ્યોત્સ્ના એની પાછળ ચાલી કિશોરી એ બંનેની પીઠને દેખાયા ત્યાં સુધી જોઈ રહી

રાતનું અંધારું થવા આવ્યું. પણ કિશોરી ત્યાંથી ખસી નહિ એ બેઠી લગભગ અગીઆર વાગ્યા સુધી બેઠી કોઈ દિવસ નહિ અને આજે જ એકલી બેઠી એ એકલી હતી છતાં એની આજુબાજુ ઘણા લોક છે એમ એને લાગતું હતું એનું મન વિકળ બન્યું પોતે ભાન ખોતી હોય એમ એને લાગ્યું. ચિત્તની કઈ વૃત્તિઓ જાગી નીકળી તે એ ન સમજી શકી પણ એની આજુબાજુ એક પ્રકારનું ઘોર નૃત્ય શરૂ થયું એના સઘળા જ મિત્રો એ નૃત્યમાં સામેલ હતા

બધા જ પ્રેમથી એના નામનો પોકાર કરતા હતા અને એને ખેંચવાનો પ્રયત્ન કરતા હતા કિશોરી થાકી એને એમ થયુ કે હમણા આ બધા મને ફાડી ખાશે એણે મહામહેનતે ચીસને રોકી. આંખો ઉપર હાથ દાબી એ થોડી વાર બેસી જ રહી ધીમે ધીમે ઉભી થયેલી સખીઓ રમવા લાગી. એ પણ ત્યાંથી ઉઠીને નિવાસસ્થાને આવી એ ઓરડામા આવી ત્યારે ઘડીયાળમા બારનો ડકા થયા.

બીજે દિવસે સવારે એના મિત્રો આવવા લાગ્યા પણ બધાએ જાણ્યુ કે એ અભ્યાસ પડતો મૂકી પોતાને ગામ ચાલી ગઈ છે કેમ ગઈ, શા માટે ગઈ વગેરેની પૂછપરછ થઈ પણ કોઈ સાચુ કારણ જાણી શક્યુ નહિ સૌએ એવુ અનુમાન કર્યું કે પોતા સિવાય કોઈકની સાથે એણે લગ્નની ગોઠવણ કરી હશે

●

સમર માનવી જીતશે

ગુફામહિ અરણ્યમા ભટકી જાય ? ધ્યાની બને ?
સ્વરૂપમહિ ગર્થીને મનુજ શાન્તિને શુ કરે ?

ધરા અહિ દુઃખે ડુબે મનુજ ક્રન્દનો ના શમે
સમુદ્ધરણ-કાર્યને નહિ જ માનવી છોડશે

ટીપાઈ ખુબ એરણે અગન-ગર્ભમા છો જળે
પરાજય સહી મહી વિવિધ નામરૂપો ચડે,

વિપત્તિમહિ છો પડે, અસહ્ય યાતના છો સહે,
હિરણ્ય જ્યમ માનવી સહજસિદ્ધ છે આખરે.

મનુષ્ય-અવતારના પરમ ધ્યેયને સાધવા
વરાહ જ્યમ ભૂમિને પ્રલય-દુઃખથી તારશે,

સમુદ્ધરણ-કાર્યમા નિમિત્તમાત્ર, નિર્ગર્વ એ
મનુષ્ય બની પૂર્ણ એ મનુજ સર્વને તારશે

જીવી પરમ તેજને સકલ સૃષ્ટિ આ ખીલશે,
ધરાય હળવી થશે સમર માનવી જીતશે

ભાનુશંકર પો. શાસ્ત્રી

માંદગીનું મૂળ

શ્રી. કાન્તિલાલ ગાંધી

આજથી એકજ સદી પૂર્વેના માનવજીવનમાં આપણે ડોકીયું કરીશું તો એક ખાસ નોંધવાલાયક તત્વ એ મળી આવશે કે તે સમયના માણસો વહેમીલા બહુ હતા. માણસનું મગજ કુદરતે એવું ઘડ્યું છે કે તેને ડગલે ને પગલે કુતૂહલ તો થયા જ કરવાનું. દિવસ પછી રાત્રી કેમ આવે છે, પંદર પંદર દિવસે ચંદ્ર સંતાકુકડી કેમ રમે છે, એવા ખગોળના પ્રશ્નોથી માંડીને માણસ માંદો કેમ પડે છે, અને પ્રાણીઓ મરી કેમ જાય છે એવા પ્રશ્નો જેમ આજે આપણને ઉઠે છે તેમ તે લોકોને પણ ઉઠતા જ. આજે આપણે વિજ્ઞાનયુગમાં ઉછરીએ છીએ તેથી ઘણા પ્રશ્નોના ઉત્તર આપણને સહેલાઇથી મળી રહે છે પરન્તુ આપણે પણ જો સો વર્ષ ઉપર જન્મ્યા હોત તો આપણા પૂર્વજોની જેમ રાહુ ચંદ્રને ગળી જાય છે તેથી ચંદ્રગ્રહણ થાય છે એમ જ માનતા હોત અરે આજે પણ એવું માનનારા પડ્યા છે તો તે સમયે એમ માનતા હોય તો તેમાં શી નવાઇ ?

આપણા એ પૂર્વજોની ખરી ખામિયત તો એ હતી કે વાતવાતમાં એ લોકો દેવોના નામ ગોઠવી દેતા. સૂર્યદેવ, ચંદ્રદેવ જેવા અનેક ગૃહો-ઉપગૃહોને તો આપણા પૂર્વજોએ દેવો તરીકે સ્વીકાર્યા છે જ પણ વાત એટલેથી જ અટકી નથી. કોઇને ઓરી નીકળી હોય અથવા અછબડાના ફોલ્લા થયા હોય તો "બળીઆ બાપજી ઘરમાં પધાર્યા છે" એમ કહેતા અને આ 'બાપજી'ને પ્રસન્ન કરવા તેમની બાધાઓ રાખતા. રોગના તે વળી દેવ હોતા હશે કે આમ ઘેરઘેર પધારવાની તસ્દી લે ! પણ બીજું કંઇ કારણ ના જડે એટલે આપણા પૂર્વજો એને દેવોના રહસ્ય તરીકે ઠોકી બેસાડતા. શીતળામાતાની વાર્તા તો ઘણાએ સાંભળી હશે. શ્રાવણસુદ સાતમ-શીતળા સપ્તમી- ને દિવસે જો કોઇના ઘરમાં રસોઇ કર્યા પછી ચૂનો લીપ્યા વગરનો રહી જાય તો શીતળામાતા-કે જે તે દિવસે ઘેર ઘેર ફરવા નીકળે છે એમ મનાય છે તે ચૂલામાં આવીને આળોટી જાય છે અને

ચૂનો લીપ્યા વગરનો હોવાના કારણે તેમને ફોલ્લા થાય છે આ ફો નાથી તેઓ ગુસ્સે થાય છે અને કુટુંબ ઉપર શાપ વરસાવે છે જેથી તે કુટુંબના બાળકોને ફોલ્લા નીકળે ! આમ થયુ કે લોકો 'માતાજી પધાર્યા છે' કરીને તેની બાધા રાખતા

આ પ્રમાણે એ લોકો કોઈ પણ રોગ થાય એને દેવની અવકૃપા થઈ હશે એમ માની લેતા. દેવ જલદી પાછા ખુશ થાય એના ખાતર એ લોકો દેવકૃપાના ઇજારદાર ધર્મગુરુઓ પાસે રોગની લ્હાણી લઈને જતા કેમ જાણે ધર્મગુરુ મોટા ડૉક્ટર ના હોય ! અને ધર્મગુરુઓ શુ કરતા ? એમના માથે આ મોટુ જવાબદારીવાળુ ધર્મ-સંકટ આવી પડતુ એને મનમા તો તેઓ બહુ ગભરાય જતા જો કોઈ પણ રગને તેઓ રોગ મટાડી ન શકે તો લોકોની તેમના ઉપરની શ્રદ્ધા ઊડી જાય તો પછી પૈસા ક્યાથી મળે ? આ દુખે ધર્મગુરુઓ દવા બનાવવાનુ શીખતા તુલસી સોનામકાઈ, હરડે બેડા વિગેરે વનસ્પતિઓ ભેગી કરી તેમાંથી કઈ ને કઈ દવા બનાવી લેતા અને પછી દવાની ગોળીનો પ્રસાદ જાણે ખુદ પ્રભુને ત્યાંથી આવ્યો હોય તેમના દમામથી દર્દીને આપતા અને તેના કાનમા પાછો કઈક મંત્ર પણ ફુંકતા જેથી તેમનુ મહત્વ જળવાઈ રહે પછી 'જા બચ્ચા, તુ સાજો થઈ જઈશ' એવુ આશ્વાસન પણ આપતા સદ્ભાગ્યે જો વનસ્પતિની પ્રસાદી ગોળી રોગને અનુકૂળ આવી જતી તો પેલો દર્દી સાજો થઈ જતો અને ગુરુનો પાડ માનતો ધર્મગુરુઓને આ પ્રમાણે પરાણે વૈદ બનવુ પડતુ

ત્યાંસુધી તો ગુરુઓની આ કરામત છૂપી રહી શકી પરંતુ તેવામા સ્વતંત્રરીતે વિચાર કરનારા લોકો પણ પેદા થયા ગ્રીકો અને આરબોએ વનસ્પતિઓનો ઊંડો અભ્યાસ કર્યો અને આરબ ડૉક્ટર આવેરોઝે Averroes તો દવાઓ વિશે એક પુસ્તક પણ લખ્યુ અનુભવ કરતા કરતા અમુક વનસ્પતિ અમુક રોગ માટે રામબાણ છે એવુ જેમ જેમ જણાતુ ગયુ તેમ તેમ તે વનસ્પતિનો પ્રચાર થતો ગયો આપણુ વૈદકશાસ્ત્ર પણ આવી રીતે અનુભવ ઉપર જ રચાયુ

આમ રોગ મટાડવાનુ તો આપણા પૂર્વજો શીખી ગયા હતા પરંતુ રોગ અટકાવવાનુ તેમને હજી આવડ્યુ નહોતુ રોગ શાથી ઉત્પન્ન થાય છે તેનુ ખરૂ કારણ તો તેમને સમજાતુ જ નહોતુ "પ્રભુની અવકૃપા ગ્રહદશા, પાપનો બદલો એવીજ આ લોકોની ફિલસૂફી હતી પણ એકલા પાપીનેજ ક્યા રોગ થતો હતો ? ખુદ ધર્મગુરુઓજ માંદા તો પડતા હતા ! બે સદી પૂર્વે લંડનમા મોટો પ્લેગ ફાટી નીકળ્યો હતો અને ટાઇફસથી રોજરોજ હજારો માણસો મરી જતા હતા ત્યારે શુ બધાજ જીવો પાપી હતા ? આખા શહેર ઉપર શુ વજુ રૂઠ્યો હતો ? એ લોકો તો એમજ માનતા હતા

રોગ અટકાવવા તરફ પહેલુ લક્ષ વિક્ટોરીયન યુગના ફિલસૂફ હર્બર્ટ સ્પેન્સરનુ ગયુ હતુ એને અનુભવ ઉપરથી એવી વસ્તુ ઉપર ભાર મૂકો હતો કે જો માણસ કુદરતી નીતિમય જીવન અને સ્વચ્છ આહાર વ્યવહાર રાખે તો રોગ તેને સ્પર્શી શકે નહિ પરંતુ તેમ કરવાથી શામાટે રોગ નથી થતો અને તેમ નહિ કરવાથી શામાટે રોગ થાય છે તેનુ રહસ્ય તે પણ સમજતો નહોતો

આખરે ખરૂ તત્વ સમજનારો એક મહાપુરૂષ જન્મ્યો તેનુ નામ લુઇસ પેશ્ચર તે એક ફ્રેંચ વૈજ્ઞાનિક હતો એણે લોકોને સમજાવ્યુ કે રોગ એ કોઈ દેવો નથી મોકલતા તમારામાથી અને તમારામાથીજ રોગોની ઉત્પત્તિ થાય છે વાસી દૂધ પીઓ છો વાસી પાણીએ નહાવ છે, વાસી ખોરાક ખાવ છો, વાસી કપડા પહેરો છો અને વાસી ઘરમા રહો છો તેથીજ તમે માંદા પડો છો

શુદ્ધ હવા, શુદ્ધ ખોરાક, સ્વચ્છ કપડાં અને ચોકખું પાણી વાપરતા હો તો તમે કદીએ માંદા ન પડો. પણ લોકો માને શેના ? દેવોની વિરૂદ્ધ બોલનારા નાસ્તિક પેસ્ચરમા આ શ્રદ્ધાળુઓને જરાએ વિશ્વાસ બેસે ખરો ? એમને તો ધર્મગુરૂઓની ગોળીઓજ ભાવતી હતી !

પણ લોકો માને કે ન માને છતા પેસ્ચરે તો તેનુ કામ ચાલુજ રાખ્યુ. **તેણે એક મહાન રહસ્ય શોધી કાઢયુ કે બધા રોગોનુ મૂળ જંતુઓજ** છે જતુ સિવાય કોઇપણ રોગ સંભવી શકેજ નહિ એમ પેસ્ચરે જાહેર કર્યું. લોકો એને પૂછતા કે "જતુ કયા છે તે તો બતાવ કે પછી અમથોજ જતુ જતુ કર્યા કરીશ ?" પેસ્ચર કહેતો કે "તમારી આખે જતુ નહિ દેખાય. એ જોવા હોય તો આવજો મારે ઘેર" અને પછી પેસ્ચર લોકોને સૂક્ષ્મદર્શક યત્રમા જતુના દર્શન કરાવતો. વાસી દૂધનુ એકજ ટીપુ કાચના એક ટુકડા ઉપર મૂકીને પછી ઉપર સૂક્ષ્મદર્શક યત્ર માંડીને લોકોને અંદર જોવાનું કહેતો.

"જોયુ ને ! આટલા એક ટીપા વાસી દૂધમાં આટલા બધા જંતુઓ સળવળ સળવળ કરે છે તો તમે એવુ બગડેલ દૂધ પીઓ તો પેટમા આવા કેટલા જતુ ભરી દો ?" લોકોને ખાત્રી થઇ કે નરી આખે આ જતુઓ નથી દેખી શકાતા પણ સૂક્ષ્મદર્શકમા તો ઢગલો જંતુઓ જોઇ શકાય છે

આથી પણ આગળ વધીને પેસ્ચર લોકોને કહેતો કે "અરે આનાથી પણ ખુબ નાનકડા જતુઓ હોય છે પરન્તુ તેને જોવા માટે તો ખુબ ઉચી જાતનો સૂક્ષ્મદર્શક કાચ જોઇએ આમ કહીને તે દૂધ ઉપરાત લોહી, વાસી પાણી, વાસી ખોરાક, થુંક વગેરેના જતુઓ પણ સૂક્ષ્મદર્શકમા લોકોને દેખાડતો. ત્યારે સ્વાભાવિક પ્રશ્ન એ જ થાય છે કે આટલા બધા જતુઓ આવે છે કયાથી ? અને રોગને અને જંતુને શો સબધ છે ?

પેસ્ચરે આનો ખુલાસો બહાર પાડયો. ધૂળ, ભેજ, કાદવ, ગદકી આ બધી ચીજો જંતુઓના ઉછેરસ્થાનો—nursing homes—છે મચ્છર, માકડ, ચાચડની વાતતો હજી જુદી છે એ જતુઓ તો આખથી દેખી શકાય તેવડા મોટા હોય છે અને વિપુલ સખ્યામા જન્મતા પણ નથી પણ બીજા અસખ્ય જંતુઓ તો એટલા નાના—ઇચના ૧૫૦૦૦મા ભાગ જેટલા નાના—હોય છે કે આપણી આખે તો તે દેખી શકાતાજ નથી **આ જંતુઓ મચ્છર માંકણની જેમ દેખીતો ડંખ મારીને અટકી જતા હોય તો તો ઠીક એ લોકો તો અદ્રશ્યરીતે આપણાને પાયમાલ** કરે છે. આપણા હવા, પાણી, ખોરાક, સ્નાનાદિ ક્રિયાઓ ભેગા શરીરમાં તેઓ હજારોની સખ્યામા દાખલ થાય છે અને આપણા લોહીમા જાતજાતના ઝેર રેડે છે લોહી બગડયુ એટલે જાતજાતના રોગો થવા માંડવાના જે જાતનો જતુ *શરીરમાં દાખલ થયો હોય તે* જાતનો રોગ થવાનો

પેસ્ચરે કુતરા, મરઘાં, ઢોર ઇત્યાદિ પ્રાણીઓના રોગોની ચિકિત્સા કરી તો એને જણાયું કે બધા રોગો જતુઓનુજ પરિણામ છે. જતુઓને મારી નાખે એવા [1]પદાર્થોની રસી વિવિધ પ્રાણીઓના શરીરમા મૂકીને અખતરો કરવામા પેસ્ચર સફળ થયો પ્રાણીઓ રોગમુક્ત થઇ ગયા આજ પોણીસદી ઉપરનીજ વાત છે રશિયાના ઝારે પેસ્ચરની આ અસાધારણ ફતેહની કદર

---

૧. આ પદાર્થો કાતો ઝેરનો નાશ કરે (neutrelise)તેવા રસાયણો હોય છેઅથવા તો કાટો કાટાને કાઢે તે નિયમ મુજબ બીજા જતુઓનુ ઝેરજ હોય છે કઇ પણ રોગ થયા વગર રસી મુકાવવી એ શરીરમા ઝેર દાખલ કર્યા બરોબર છે.

કરીને **સૅન્ટએની** St Anne નો હીરાજડીત ક્રોસ પેશ્ચરને ભેટ મોકલ્યો અને વિજ્ઞાનની શોધખોળ કરવા માટે એક **પેશ્ચર ઈન્સ્ટીટયુટ** બાંધવા એક લાખ ફ્રેન્કનું ઇનામ પણ આપ્યું

જંતુ વિજ્ઞાન *Bacteriology*–નો પહેલવહેલો શોધક તો એક ડચમેન હતો એનું નામ Van Leeuwenhoek હતું સતરમી સદીમા એ લંડનની રોયલ સોસાયટી ઉપર કાગળો લખ્યા કરતો હતો. એકવાર તેણે લખી જણાવ્યુ કે આપણા 'થુંકમા જંતુઓ હોય છે બધા લોકોએ એની ઠેકડી કરી "ગાડો લાગે છે ! થુંકમાં તે વળી જંતુઓ હોતા હશે ?" પણ ઓગણીસમી સદીમા આ ભેદ ખુલતો ગયો. **રોગીની સુશ્રુષા કરનારને પણ તેજ રોગ લાગુ પડતો હતો.** આનું કારણ શું ? લોકોને બીજું તો કંઇ સમજાતું નહેતું તેથી તેઓ જવાબ દેતા કે 'રોગ ચેપી છે ' પણ આ ચેપ કઇ જાતની બલા છે તે કોઇ જાણતું નહોતું

૧૮૩૭મા એક જર્મન ડોકટર હેન્લે Henle એ જણાવ્યુ કે ચેપ એ જીવંત વસ્તુ છે આ જીવાત દેખી શકાતી નથી પણ અદૃશ્ય રીતે આપણી ચામડીમાંથી શરીરમા દાખલ થઇ અંદર ઉત્પાત મચાવે છે, તેથી આપણું શરીર બગડે છે. પેશ્ચરે અખતરા કરીને આ વાત સાબીત કરી બતાવી ફક્ત ચામડીદ્વારા જ નહિ પણ ખોરાક પાણી અને હવા ભેગા પણ આ જંતુઓ શરીરમા ચાલ્યા આવે છે એવી ખાત્રી તેણે લોકોને કરાવી દીધી.

ફ્રાંસમા આ પ્રમાણે પેશ્ચરનુ કામ ચાલતુ હતુ તેવામા જર્મનીમા રોબર્ટ કોચ Koch નામનો એક મહાપુરૂષ જન્મ્યો કોચે જંતુવિજ્ઞાન ખુબ ખીલવ્યું એણે તો આંધળાને પણ દેખાતું કરી આપ્યું કે બધા રોગોનું મૂળ જંતુઓજ છે તાવના રોગીનુ લોહી કાઢીને બીજા નિરોગી માણસના શરીરમા દાખલ કર્યું તો જણાયું કે તે નિરોગી માણસને તાવ જ આવ્યો અને ખાસીવાળા રોગીના લોહીથી ખાસી જ થઇ આમ એણે એ પણ સ્પષ્ટ કરી બતાવ્યું કે દરેક રોગના જુદા જુદા જંતુઓ હોય છે ૧૮૮૨મા કોચ બર્લીનમા સરકારી હોદ્દા ઉપર હતો તે સમયે તેને Tuberculosis–ક્ષય અને કોલેરાના જંતુઓ શોધી કાઢ્યા જે બદલ ૧૯૦૫મા તેને **નોબલ પ્રાઇઝ** મળ્યુ ૧૯૧૦માં જ્યારે તે મરી ગયો ત્યારે વિશ્વનો એક મહાન જંતુશાસ્ત્રી મૃત્યુ પામ્યો એમ તેને વિશે કહેવામા આવ્યુ હતુ.

આ દરમ્યાન ૧૮૬૭માં ઇંગ્લેન્ડમા વાઢકાપના એક ડૉક્ટર લૉર્ડ જોસેફ લીસ્ટરે પણ જંતુવિજ્ઞાનમા પોતાનો જબરો ફાળો આપ્યો હતો જંતુઓને પકડી પકડીને મારી કેવી રીતે નાખવા તેના રસ્તા શોધવામા તે ગુંથાયો હતો એણે પૂરવાર કરી આપ્યુ કે ઉકળતા પાણીમા, સખત તડકામા, પોટાશ પર્મેન્ગેનેટ, ફીનોલ, ક્રેસોલ, સ્પીરીટ, આયોડીન, ક્લોરીન, મરક્યુરીક ક્લોરાઇડ (રસકપૂર) જેવા રસાયણોમાં જંતુઓ ઘડીભર પણ જીવી શકતા નથી. લીસ્ટરે વાઢકાપમાં જબરો સુધારો કર્યો પેશ્ચરનુ લક્ષ પણ આ દિશામા દોડયુ હતુ આ બન્ને મહારથીઓ દર્દીને ત્યાં દોડાદોડ કરતા હતા કોઇ ડોક્ટર તેના દર્દીને દવા પીવડાવવામા કે વાઢકાપ કરવામાં તત્પર થયો હોય તેવામાંજ આ બેમા ત્યા જઇ પહોચતા અને ડૉક્ટરના હાથમાંથી દવાની પ્યાલી અને વાઢકાપના ઓજારો ખૂંચવી લઇને દૂર ફેંકી દેતા બધા ચકિત થઇ જતા "દવા કરે છે તેને રોકવા શુ કામ હશે ?" આ પ્રશ્ન બધાને થતો. પેશ્ચર ચીડાઇ જઇને કહેતો "કરી તમે દવા ! ઉલટા રોગીને વધારે રોગી તો બનાવી દેશો ! જુઓ આ તમારી દવાની પ્યાલી જુઓ, તમારો વાઢકાપનો અસ્ત્રો; કર્યું છે આમાંનું કંઇપણ ઉકળતા પાણીમાં

સાફ ? જો નથી કર્યું તો જાવ, સાફ કરીને પછી આવો આમને આમ તો રોગીને તમે દવા કરતા જતુઓ વધારે પાઇ રહ્યા છો અને વાઢકાપને બદલે દર્દીના જખમમા તમે જતુઓનો લેપ કરી રહ્યા છો ! સમજાય છે કે નહિ મારી વાત ?"

પેસ્ચર અને લીસ્ટરની આ ચળવળથી વાઢકાપમા નવો યુગ બેઠો ત્યારથી વાઢકાપના ઓજારોને વાપરતા પહેલા ગરમ વરાળમા સાફ કરવાની પધ્ધતિ–Sterilisation–દાખલ થઇ ઓજારોને ધોઇને સાફ કર્યા પછી પણ તેની ઉપર જતુનાશક દવાઓ–Antiseptics– ચોપડ્યા વગર તે વાપરવાની પ્રથા બધ થઇ આ સુધારો દાખલ કરવા બદલ જગત આખુ આજે આ મહાપુરુષોનુ ઋણી છે. પહેલા ઓપરેશન જોખમનો ધધો કહેવાતો હતો જ્યારે આજે સોમા પચાણુ ઓપરેશન સફળ થાય છે તે આ સુધારાને જ આભારી છે

સર રોનાલ્ડ રોઝ–Ross કે જે તાજેતર મા જ (૧૮૩૨) મૃત્યુ પામ્યા તેમણે મેલેરીઆનો જતુ શોધી કાઢ્યો અને આ જતુની ઉત્પત્તિ મચ્છરના ડંખમાથી થાય છે એમ તેમણે બતાવી આપ્યુ

હવે તમને એક જ પ્રશ્ન રહેશે કે જતુ રોગ ફેલાવી શકે છે કેવી રીતે ? આનો જવાબ આપતા પહેલા આપણે જતુ શી ચીજ છે તેનો વિચાર કરવો પડશે

હુ કહીશ કે આપણે બધા જતુઓ જ છીએ ત્યારે તમને હસવુ આવશે, પણ સત્ય વાત તેમજ છે આપણે માનવીઓ કોણ છીએ ? જતુઓ જ ખુબ મોટા ખુબ અક્કલવાળા બાળી આપણા આ મોટા દેહનો વિકાસ Evolution એમોમા Amoeba નામના જતુમાથી જ થયેલો છે આ જતુ–જીવબીજ–પ્રોટોપ્લાઝમ Protoplasm પાણીમા જ જીવી શકે છે અને ખરેખર પ્રોટોપ્લાઝમ જીવત વસ્તુ છે એવી પ્રતીતિ તેના એક બિદુને સૂક્ષ્મદર્શક કાચ તળે તપાસી જોવાથી થઇ શકે છે પાણીમા આ જતુનુ હલનચલન થાય છે તે ઉપરથી સહેજે સમજી શકાય છે કે આ આપણા જેવી કોઇ જીવતી વસ્તુ જ છે

આમ છતાં આપણામાં અને જતુઓમા ભેદ તો છે જ. આપણી પ્રજનન reproduction ની ક્રિયા નરમાદાના સયોગથી થાય છે, જ્યારે જતુઓની વસ્તી જુદી જ રીતે વધે છે જતુઓ પ્રાણી કરતા વનસ્પતિને વધારે મળતા હોય છે **શ્રી જગદીશચંદ્ર બોઝે** સપ્રયોગ દર્શાવ્યુ છે કે વનસ્પતિ જીવત વસ્તુ છે વનસ્પતિના અણુઓમા નીચા પ્રકારના જતુઓ જેટલો જીવ હોય છે અને તેથી જ તેની ઉપર છેક નિર્જીવ પદાર્થો (લોખડ, પત્થર જેવા) કરતા હવા, પાણી, પવન વિગેરેની જુદી અસર થાય છે વનસ્પતિમા ક્લોરોફીલ Chlorophyll નામનો પદાર્થ મુખ્યત્વે હોય છે અને સૂર્યકિરણોના શક્તિથી એમા જીવનો સચાર થાય છે પ્રોટોપ્લાઝમ જેવા જંતુઓમા આ ક્લોરોફીલ હોતું નથી તેથી જંતુઓ છેક વનસ્પતિની ગણત્રીમા પણ આવી શકતા નથી છતા જતુઓ **પ્રાણી અને વનસ્પતિની વચગાળાની ઓલાદ** છે એ વાત તો ચોક્કસ છે અતિસૂક્ષ્મ જીવત વીર્યકણો પાતળા તારોમા પૂરાઇને ગુચળા રૂપે સાકળ રૂપે કે ગોળીઓ રૂપે જે સૃષ્ટિ રચે છે તે જતુઓ છે જતુઓને માઇક્રોબ બૅક્ટેરીઆ ઍમીબી, લૉઅર ઑર્ગેનીઝમ વિગેરે ભીન્ન ભીન્ન નામે ઓળખવામા આવે છે જતુઓનુ જીવન બહુ નીચી કોટીનુ છે જ્યા જન્મ્યા ત્યાજ જીવી મરનાર આ જીવો હોય છે કીડી મકોડા કે મચ્છરની જેમ આ જતુઓ અહિથી તહિ જઇ શકતા નથી જો પડ્યા પડ્યા પોષણ

મત્યા કરતું હોય તો તેઓ વરસ સુધી પણ જીવે છે નહિ તો પોષણ વગર તેઓ ફક્ત અડધા જ કલાકમાં મરી જાય છે

આ જંતુઓના આકાર પણ ચિત્રવિચિત્ર હોય છે માઇક્રોસ્કોપમાં જોવાથી આ આકાર પારખી શકાય છે કોકી Cocci નામનો જંતુ જીણતાનની ગોળી જેવો સાવ ગોળાકાર હોય છે જ્યારે બેસીલી Bacilli નામનો જંતુ સેવ ગાંઠીઆ જેવો લાંબો હોય છે બીજા અનેક વાંકાચૂકા આકારના જંતુઓ પણ હોય છે

આપણે જ્યાં જ્યાં થુંકીએ કફ નાખીએ, નાક નશીકીએ ગૂમડાં ફોડીએ, ચીપડાં લૂછીએ પેશાબ કરીએ શૌચ કરીએ ત્યાં ત્યાં આ જંતુઓનું જોર જામે છે ગંદકી અને ધૂળની ભેગા આપણે હજારો જંતુઓ હવામાં ફેંકીએ છીએ આ જંતુઓમાંનો દરેક જંતુ દર વીસ મીનીટે બે જંતુ રૂપે તૂટી જાય છે પગમાંથી વાંગો નીકળે છે અને તે જેમ તૂટી જઇને પાછો જીવતો જ રહે છે તેમ આ જંતુઓ પણ જીવતા જ રહે છે આ રીતે એક જ જંતુમાંથી ચોવીસ કલાકમાં ૧૪૦૦૦,૦૦૦ જંતુઓ પેદા થાય છે આ જંતુઓ એટલા બધા સૂક્ષ્મ હોય છે કે એક દીવાસળીની ટોચમાં આઠના મા જંતુઓ ખુશીથી માઈ રહે

આ જંતુઓ વજનમાં ખુબ હલકા હોય છે તેથી હવા અને ધૂળ ભેગા ઉડી શકે છે અને તેથી આપણા શ્વાસ વાટે તેઓ આપણા શરીરમાં દાખલ થાય છે શરીરમાં એકવાર દાખલ થઇ ગયા પછી એમને જોઇતું પોષણ મળી રહે છે આપણા લોહી જેવા પ્રવાહીમાં તેઓ આનંદથી જીવી શકે છે—વરસ બે વરસ સુધી પાણી વગર જંતુઓ જીવી શકતા જ નથી અને તે પણ ઠંડા પાણીમાં જ તેઓ જીવી શકે છે ગરમ પાણીમાં તો તે બધા મરવા પડે છે આપણી નાડીની ગરમી તેમને ઠીક માફકસર આવે છે એટલે એમાં તેઓ અનમસ્ત રહીને જીવી શકે છે

પણ લોહીમાં પડીને જંતુઓ બહુ ફાવતા નથી એમના દુશ્મનો પણ લોહીમાંજ હોય છે લોહીમાં રક્તકણો અને શ્વેતકણો નામના જુદા જુદા પદાર્થો હોય છે હીમોગ્લોબીન નામનો લોહનો યોગ લોહીને રાતો રંગ આપે છે જ્યારે ઓપ્સોનીન (Opsonin) નામનો પદાર્થ આગન્તુક જંતુઓને મારી નાખવાનું કામ કરે છે જ્યાંસુધી લોહીમાં આ ઓપ્સોનીનનો જથ્થો સારા પ્રમાણમાં હોય છે ત્યાં સુધી જંતુઓનું કશું ચાલી શકતું નથી ઓપ્સોનીન એ બધા જંતુઓને ખાઇ જાય છે **જંતુઓનાં મુડદાં લોહીમાંથી જો કોઇપણ રીતે બહાર કાઢી નાખવામાં ન આવે તો તે લોહીમાં ઝેર ફેલાવે છે જેના પરીણામે આપણે માંદા પડીએ છીએ** અનગત લોહીના શ્વેતકણો આ ઝેરનો સતત્ સામનો કર્યા કરતા જ હોય છે પરન્તુ આ દ્વન્દ્વનું પરીણામ ઘણીવાર ખરાબ આવે છે જંતુઓ જો આ જંગમાં જીતી જાય છે તો લોહીમાં ઝેર ફેલાઇ જાય છે અને આ ઝેર રોગરૂપે ફૂટી નીકળે છે જેનું ઝેર તવે રોગ ગળામાં કાકડા કરે ચામડી ઉપર ધમી આવીને ગૂમડાં કરે, ફેફસામાં જઇ ખાંસી કરે મગજમાં પહોંચી જાય તો માથું દુખાડે નાકમાં જાય તો શળેખમ કરે પેટમાં કે આંતરડામાં ભરાય તો તાવ આણે આમ અનેક અંગોમાં આ ઝેર ઉથલપાથલ મચાવી મૂકે છે

ઝેરની આ ઉથલપાથલને લીધે શરીરના જુદા જુદા અંગોમાં લોહીનું દબાણ ઓછુંવત્તુ થાય છે જેથી અંગ તેનું સમતોલપણું ગુમાવી બેસે છે અને પરીણામે આપણને દુઃખ થાય છે શરીરના કોઇ પણ ભાગનું સમતોલપણું (Equilibrium) ખમે છે ત્યારે નાડીનું દબાણ હૃદય અને હાથની નાડી આગળ પણ ઓછું

વનું થાય છે. તેથી હૃદય અને નાડીના ધબકારા પણ વધઘટ થાય છે. વૈદ ડોકટરો આ ધબકારા ઉપરથી રોગનું માપ કાઢી શકે છે.

જંતુઓનું ઝેર અને જંતુઓના મુડદાં શરીરમાં ભેગાં થાય છે તે નિયમીત રીતે જો દસ્તવાટે શરીરમાંથી નીકળી ન જાય તો શરીરનું સમતોલપણું વધારે ને વધારે ખસતું જાય છે અને જે દિવસે શરીરનું મુખ્ય અંગ હૃદય કે જ્યાંથી આખા શરીરને લોહી પૂરૂં પડે છે તે સમતોલપણું ગુમાવી બેસે છે તે દિવસે આપણું મૃત્યુ થાય છે. આટલા ખાતર દસ્ત રોજ સાફ આવે તેની ખાસ કાળજી રાખવાની સૂચના હરહંમેશ વૈદ, ડોકટરો આપતા રહે છે. આપણા દસ્તનો અડધો અડધ ભાગ તો બેકટેરીઆનાં મુડદાં જ હોય છે. બીજા અડધા ભાગમાં ખાધેલા ખોરાક પાણીની રસાયણિક પ્રક્રિયાઓમાંથી ઉત્પન્ન થયેલા પદાર્થો, આંતરડાની ખવાઇ ગયેલી દિવાલો, કેલ્શીઅમ અને ફોસ્ફેટનાં ફોતરાં, નહિ પચેલી ચરબી, નહિ પચેલો મેદો અને પાણી એટલી ચીજો હોય છે. આ બધી ચીજો શરીરમાં પડી રહે તો શરીરનાં અંગો વારાફરતી સમતોલપણું ગુમાવતા જાય છે અને રોગો ફાટી નીકળે છે મોટરની અકસ્માત કે દરીઆમાં ડૂબવા જેવા અકસ્માતોથી શરીરનું સમતોલપણું છેક જ ખસી જાય છે તેથી આપણું મૃત્યુ તુરત જ થય છે, જ્યારે રોગોથી અમુક અંગો જ સમતોલપણું ગુમાવે છે તેથી મૃત્યુ નથી થતું પરંતુ ફક્ત તે અંગજ માંદુ પડે છે.

પરન્તુ ઘણા રોગના જંતુ એટલા બધા ભયંકર હોય છે કે તે તુરત જ સમતોલપણું ખુબ ખસેડી દે છે. ક્ષય, ટાઇફોઈડ, કોલેરા, ન્યુમોનીઆ, મેલેરીઆ, ડાયાથેરીઆ, લૉકજો, મેનીનજાઇટીસ વિગેરે દર્દોના જંતુ માનવદેહ માટે બહુ ભયંકર છે. એક જણાને જ નથી મારતા પણ અનેકને મારે છે આવા રોગવાળા દર્દીઓની સારવાર કરનારાને પણ તેઓ વળગે છે અને તેમના શરીરનું પણ સમતોલપણું ખસી જાય છે. તેથી આવા રોગોને ચેપી રોગ કહેવાય છે. ચેપી રોગ ફાટી નીકળે છે ત્યારે પ્લેગ અથવા Epidemic થયો કહેવાય છે. ૧૯૧૯માં હિંદમાં આવો એપીડેમીક થયો હતો. ઇન્ફ્લુએન્ઝાથી ૭ લાખ માણસ આઠ દિવસમાં મરી ગયા હતા. પ્લેગના જંતુઓના ઝેરથી ઝાડા ઉલટી થાય છે અને આના આંચકા હૃદયનું સમતોલપણું ખસેડી મૂકે છે જેથી માણસ મરી જાય છે. પ્લેગના જંતુઓ ચોવીસ કલાકમાં કરોડો ગણા વધી જાય છે.

આ અટકાવવા જંતુને મારી નાખે એવા પદાર્થની રસી તુરત મુકાવવી જોઇએ. દરેક રોગના જંતુને હવે પૂરેપૂરા ઓળખી લેવામાં આવ્યા છે અને દરેકને મારી નાખે એવી દવાઓ—Antidotes પણ શોધાઈ ગઇ છે. તાત્કાલીક મદદ આવી ન પહોંચે તો જંતુઓ અબજોની સંખ્યામાં શરીરમાં પેદા થઇ જાય છે અને માણસનો જાન લે છે. આટલા ખાતર પ્લેગ ફાટવાનો સંભવ જણાય તેવામાં જ રસી મુકાવી દેવી યોગ્ય છે નાનપણમાં આપણા હાથ ઉપર રસી મુકાવી દેવામાં આવે છે તેનું કારણ આજ છે બળીઆ થયા પહેલા જ બળીઆનો સામનો કરે તેવા પદાર્થો શરીરમાં દાખલ કરી દીધા હોય તો બળીઆ કદી થાયજ નહિ, કાળક્રમે જો એ પદાર્થ લોહીમાંથી કદાચ ધોવાઇ જાય તો પાછા બળીઆ થવાનો સંભવ રહે છે, તેવે વખતે ફરી રસી મુકાવી જોઇએ.

આપણી સામાન્ય બિનકાળજીને પરીણામે જ આપણે ભયંકર દર્દોના ભોગ થઇ પડીએ છીએ. વધારે ખોરાક ખવાઇ જવાથી આપણે માંદા પડી જઇએ છીએ તે કરતાં વધારે અસ્વચ્છતાથી આપણે વધારે માંદા પડીએ છીએ. વધારે ખોરાકનું તો ફક્ત એ પરીણામ આવે છે કે આંતરડામાં દબાણ વધારી તે થોડુંક દુઃખ ઉત્પન્ન કરે

છે અને છેવટ દસ્તમા અણુપચેલી ચરબી અને મેદ બહાર નીકળી જાય છે બીજી બાજુ અસ્વચ્છતાના પરીણામે શરીરમા ઘૂસેલો જતુ તો પારાવાર નુકશાન કરી મૂકે છે

દૂધ અથવા પાણીને વધારે વખત ખુલ્લુ મૂકી રાખવાથી અસખ્ય બેક્ટેરીઆ વધી જાય છે અને તેથી તેવા દૂધ પાણી શરીરમા રોગ ઉત્પન્ન કરે છે ગરમ અવસ્થામા બેક્ટેરીઆ જીવી શકતા નથી દૂધ અથવા પાણીને ગરમ કરવાથી બધા બેક્ટેરીઆ મૃત્યુશરણ થાય છે દૂધ ઠડુ પડયુ પડયુ ફાટી જાય છે તેનુ કારણ એ જ છે કે ઠડા દૂધમા ખુબ બેક્ટેરીઆ વધી પડવાથી દૂધમા તેજાબ ઉત્પન્ન થાય છે આ તેજાબ દૂધની ચરબીને ફાડી નાખે છે (Lydrolysis) પરતુ દૂધને જો ગરમ કરીશુ તો તે ફાટી નહિ જાય કારણ કે ગરમ દૂધમા બેક્ટેરીઆ મરી જાય છે પાછુ ઠડુ પડતાની સાથે હવા અને ધૂળ ભેગા બેક્ટેરીઆ પણ દૂધમા ભળે છે અને ટુક સમયમા તો તેમની વસ્તી ખુબ વધી જાય છે

પાણીમા પણ આ પ્રમાણે જ બેક્ટેરીઆ વધી જાય છે બરફના ઠડા પીણા પીનારાને શરદી કેમ થઇ જાય છે? ઠડા પાણીમા શરદીના અસખ્ય બેક્ટેરીઆ જીવી શકે છે નવુ પાણી ખુલ્લુ મૂકી રાખવાથી હવાના બેક્ટેરીઆને અદર આવવાનુ આમત્રણ મળે છે જોતજોતામા બેક્ટેરીયા વધી જાય છે અને તે લોહીમાં દાખલ થઇ ને શરીરમા શરદી ફેલાવે છે આજના માટે હમેશા પાણીને ઉકાળીને બધ વાસણમા ભરવુ જોઇએ ઉઘાડા લોટાનુ પાણી કદી પણ ન પીવુ કારણ કે હવામાથી કઇ નહિ કઇ નહિ તોયે હજારેક બેક્ટેરીઆ તો અદર કૂદી પડવાના જ જ્યારે અમુક સખ્યાએ આકડો પહોચે ત્યારે તે રોગ ફેલાવે હોટેલોના ખુલ્લા મૂકેલા ખોરાક પાણી આ દ્રષ્ટિએ રોગને નોતરનારા જ કહી શકાય એકના પીધેલા પ્યાલામા બીજો પાણી પીએ અને એકનુ ખાધેલુ બીજો ખાય એ પણ રોગનો ફેલાવો કરવાની જ રીતો છે

આ ઉપરાત વ્યભિચારી સ્ત્રી પુરૂષો પણ રોગના જતુઓનો ખુબ ફેલાવો કરતા હોય છે ચાદી અને પરમાના જતુ એવા ભયકર હોય છે કે વ્યભિચારીઓના વારસદારોને પણ એ છોડતા નથી સીફીલીસનો રોગ વારસામાં પણ ઉતરે છે ચાલુ જમાનામા અમેરીકા જેવા દેશોમા વ્યભિચાર ખુબ વધી જવાથી ત્યાની વીસ ટકા વસ્તી સીફીલીસના રોગ વાળી છે આ ઉપરથી એક લેખકે આધુનિક સસ્કૃતિ—મોડર્ન સીવીલીઝેશન—ને—મોડર્ન સીફીલીઝેશન—તરીકે વર્ણવી છે

વાગેલા ઘાને ખુલ્લો મૂકી રાખવાથી પણ હવાના બેક્ટેરીઆ તેમા પ્રવેશે છે અને લોહીમા ભળીને આ જતુઓ સડો ઉત્પન્ન કરે છે વાસી પાણી વડે ઘા ધોવાથી પણ પાણીના બેક્ટેરીઆ ઘામાં પ્રવેશે છે, તેથી ઘા હમેશા ડિસ્ટીલ્ડ વોટરથી ધોવો જોઇએ બને તો અદર બોરીક એસીડ કે પોટાશીઅમ પર્મેન્ગેનેટ જેવી જતુનાશક દવા પણ નાખવી જોઈએ

જતુઓની આટલી ભયકરતા જોવા છતા આપણને ઘણા જતુઓ વગર ચાલે તેમ નથી Euzymes નામના જે જતુઓ આવે છે તે આપણી ઘણી સેવા બજાવે છે રોટલીનો કણક બાંધ્યા પછી લોટમાનો ડાયાસ્ટેઝ Diastate નામનો જતુ યોગ્ય મેદાને પચે તેવા રૂપમા ફેરવી નાખે છે મહુડામાથી દારૂ પણ જતુની મદદ વગર કદી બની શકતો નથી જતુઓ જ મહુડા કહોવડાવવાની ક્રિયા (Fermentation) પાર પાડે છે

જતુઓની બીજી અગત્યની સેવા તો આપણા પેશાબને ખાતર તરીકે ઉપયોગી બનાવવામા છે પેશાબમાં યુરીઆ Urea નામનો એક પદાર્થ હોય છે તે તદ્દન નકામો છે પરતુ જમીનમા

ઉંડો ઉતરી ગયા પછી જંતુઓ આ યુરીઆને ફોલી ખાય છે અને તેમાં રહેલા નાઇટ્રોજનના યોગો જુદા પાડે છે. નાઇટ્રોજનના આ યોગો ખેતીવાડી માટે બહુજ ઉપયોગી છે. ખાતર માટે રસાયણોના પુષ્કળ સાંસા છે. કારણકે નાઇટ્રોજન-વાળા પદાર્થો બનાવવાની મુશ્કેલી પુષ્કળ છે. હવામાંનો નાઇટ્રોજન યોગ રૂપે બાંધી લેવાનો પ્રશ્ન (Fixation cf Mitrogen) ઘણા વર્ષોથી રસાયણશાસ્ત્રીઓને મુંઝવી રહ્યો હતો. સુરોખાર એ એકલીજ ચીજ એવી છે કે જે જગતના બધા નાઇટ્રોજનના યોગો પૂરા પાડે છે. પરંતુ સુરોખાર તો ક્યાં સુધી પહોંચે? અડધી સદી ઉપરજ એક રસાયણશાસ્ત્રીએ જગતનો મૃત્યુઘંટ વગાડ્યો હતો. એકજ સદી પછી સુરોખાર ખૂટી જશે એટલે જગતનું બધું ખાતર ખૂટી જશે અને ખાતર ખૂટી જશે એટલે કશું અનાજ પાકશે નહિ અને જગતનો પ્રલય થશે. આ આગાહીમાં કશીજ અતિશયોક્તિ નહોતી. એ ભય સાચોજ હતો. પરંતુ હેબર (Haber) સર્પેક (Serpeok) વિગેરે રસાયણ-શાસ્ત્રીઓએ આનો તોડ કાઢ્યો અને હવાના આ જડવાયને એમોનીઆ, સાઇનેપાઇડ, નાઇટ્રાઇડ વિગેરે રૂપે બાંધી લેવાની રીતો શોધી કાઢી.

યુરીઆ આપણા શરીરમાં નત્રયોગોવાળા ખોરાકમાંથી ઉત્પન્ન થાય છે. જંતુઓ આ યુરીઆને પાછી નત્રયોગોમાં તોડી પાડે છે (Decompox) જેથી ખાતર પાછું મળી રહે છે.

શરીરમાંના કેટલાક ઉપકારક જંતુઓ જો આ યુરીઆને નિયમીત રીતે પાણીમાં દ્રવી શકે તેવા (Sobable)નત્રયોગોમાં તોડી પાડતા ન હોત તો આપણે જીવીજ ન શકત. આપણું કહેવાતું કુદરતી મૃત્યુ આ યુરીઆને જ આભારી છે, નહિ તો ;ખોળામાં ઓછું ૧૯૦૦ વર્ષનું આયુષ્ય તો આપણા બધાનું હોઇ શકે. યુરી-આનો જે થોડો ભાગ શરીરમાં રહી જાય છે તે જ્યારે પેટમાંના ગાસ્ટ્રીક જુઇસ સાથે મળે છે ત્યારે તેમાંથી યુરીક એસીડ નામનો ભયંકર પદાર્થ શરીરમાં પેદા થાય છે. આ યુરીક એસીડનું પ્રમાણ જ્યારે શરીરમાં ખુબ વધી જાય છે ત્યારે આપણે મરી જઇએ છીએ. નખમાં ધોળાં ચાઠાં થાય, પગે વા–Gont થાય એ બધી યુરીક એસીડ શરીરમાં પેદા થવાની નીશાનીઓ છે. લીથીઆવૅાટરમાં આ પથરી પીગળી શકે છે બાકી બીજા કશામાં પીગળીને તે શરીરમાંથી બહાર નીકળી શક્તી નથી. પેશાબ બંધ થવાથી પેટમાં યુરીઓ પડી પડી યુરીક એસીડમાં ફેરવાઇ જાય છે જેના પરિણામે શરીરનું સમતોલપણું ખોઈ જઈ આપણું મૃત્યુ થાય છે.

આ જંતુવાદ આજના વૈદક વિજ્ઞાનનું મહત્વનું પ્રકરણ છે. લગભગ બધા જ વૈજ્ઞાનિકોએ સ્વીકાર્યું છે કે બધા રોગોનું મૂળ જંતુઓ જ છે કારણ કે અખતરાઓએ પુરવાર કરી બતાવ્યું છે કે શરીરમાં જંતુના પ્રવેશથી જ રોગ નામની ગરબડ ઉભી થાય છે. સ્વચ્છ હવાપાણી અને ખોરાકનું તથા નીતિમય જીવનનું સેવન કરનારને જંતુનો સ્પર્શ કરવાનો સમય જ નથી આવતો એટલે તેવા માણસને કદી રોગ થતોજ નથી. પણ આવા નિરોગી માણસો બહુ થોડા હોય છે કારણ કે કોઇને કોઇ માર્ગે જંતુઓવાળા પદાર્થો આપણા શરીરમાં દાખલ થાય છેજ અને પરિણામે એક જંતુમાંથી અનેક જંતુઓ જન્મે છે અને રોગનો ઉદ્‌ભવ થાય છે.

એક બાજુ આ આખો જંતુવાદ શરીરશાસ્ત્રી-ઓએ પ્રમાણભૂત ગણ્યો છે ત્યારે બીજી બાજુ તે આખા વાદને સાવ વાહીયાત ગણનારો વર્ગ પણ થોડા વર્ષોથી અમેરીકામાં અસ્તિત્વમાં આવ્યો છે, આ વર્ગ છે નિસર્ગોપચારકો-Naturo

Climicઇ–નો એ લોકોનું કહેવું એમ છે કે રોગોનું મૂળ જંતુઓ નથી પણ જંતુનું મૂળ રોગો છે, અને જંતુ તો સદા લાભકારક જ હોય છે. રોગ મટાડનારી કોઈ ચીજ હોય તો તે જંતુઓ જ છે. આમ છેક જ ઊંધું તેઓ માને છે. પણ ત્યારે આ લોકો માટે મોટી સમસ્યા રોગનું મૂળ શું તે રહે છે. તેઓ માનતા મનાવતા ફરે છે કે અકુદરતી જીવન એ રોગોનું મૂળ છે. પણ ભલા! આવ્યું તો એકનું એક જ ને? જંતુશાસ્ત્રીઓ અકુદરતી જીવનથી શરીરમાં શું થાય છે તેની શાસ્ત્રીય નોંધ કર્યા પછી જણાવે છે કે અકુદરતી ખાનપાનથી જંતુઓ શરીરમાં આવે છે અને તેમના ઝેરથી રોગ થાય છે જ્યારે નિસર્ગોપચારકો તો પેલા વિક્ટોરીઅન યુગના ફિલસૂફ હર્બર્ટ સ્પેન્સરના જ મંતવ્યની પુનરાવૃત્તિ કરે છે કે અકુદરતી જીવનથી રોગો ઉત્પન્ન થાય છે. કેવી રીતે રોગ થાય છે અને શરીરમાં એવું તે શું થાય છે કે જેથી રોગ થાય છે તે સમજાવવા માટે તેઓ અસમર્થ છે કારણ કે શરીરના ફેરફારો સમજાવવા તેઓ પ્રાણી, વનસ્પતી કે રસાયણ શાસ્ત્રની મદદ લેવા ખુશી હોતા નથી. શાસ્ત્રોની મદદ જો તેઓ લે તો એ તેમને સીધીભાઈના ડાબા કાનની જેમ દ્રાવિડી પ્રાણાયમ કરીને પાછું સ્વીકારવું જ પડે કે અકુદરતી જીવનથી શરીરમાં કંઈક ગડમથલ થાય છે, રાસાયણિક પ્રક્રિયાઓની અથવા તો જંતુઓના તુમુલની. આવું સ્વીકારવું ન પડે તેટલા ખાતર તેઓ ઊંધું કહે છે કે રોગને લીધે જંતુઓ પેદા થાય છે. પણ ત્યારે રોગ શેનાથી થાય છે? હજારો સંપૂર્ણ નિરોગી સ્ત્રી પુરુષો એકાએક પ્લેગના ભોગ શાથી બને છે? શું તે બધા જ એકદમ અકુદરતી જીવન જીવવા માંડી જાય છે? ચોખ્ખું જ દેખી શકાય છે કે પ્લેગના જંતુનો ફેલાવો જ આ સર્વે નિરોગીઓને રોગી બનાવવા માટે જવાબદાર છે, બીજી કોઈ પણ ચીજ આને માટે જવાબદાર નથી. જંતુવાળું દૂધ પીવાથી રોગ થાય છે એમ કહેવાને બદલે નિસર્ગોપચારકો એમ કહેવું વધારે પસંદ કરશે કે અકુદરતી રીતે દૂધ પીવાથી રોગ થયો છે. પણ આવે એકનું એક. જંતુશાસ્ત્રીઓ સીધેસીધું કહી દે છે કે આ અકુદરતી રીત તે જંતુ. જ્યારે નિસર્ગોપચારકો ફક્ત અડધો જ ખુલાસો કરે છે. બાકી જંતુઓ જો રોગનું મૂળ ન હોત તો આપણે રોજ ખુશીથી જંતુવાળો ખોરાક ખાઈ શકીએ અને છતાં નિરોગી રહી શકીએ. વસ્તુતઃ તેમ કરવા જતાં આપણે બીછાનું જ સેવવું પડે છે.

અલબત્ત નિસર્ગોપચારકોનું મંતવ્ય માંદગીના મૂળ માટે સંદિગ્ધ છે છતાં માંદગીના તેમના ઉપચાર ઉમદા કોટીના છે. રોગના જંતુઓને મારી નાખીને શરીરની બહાર કાઢવા માટે એલોપથીના રસાયણિક દવાઓ અને ઇન્જેક્શનના ઉપાયો ઉપરાંત નિસર્ગોપચારના દવા વગરના સૂર્યસ્નાન, વ્યાયામ, મર્દન વિગેરે ઉપાયો વધારે સારા છે એ વાત નિઃશંક છે પણ તેથી તેમનું રોગોના મૂળ વિશેનું મન્તવ્ય પણ ખરું છે એમ તો નહિ જ કહી શકાય. શરીરમાં પેદા થયેલા જંતુઓનો કોઈપણ રીતે નાશ કરવાથી રોગ તો નાબુદ થાયજ; તેથી સૂર્યસ્નાનથી રોગ નાબુદ કરનારે એમ ધારી લેવું ખોટું છે કે સૂર્યસ્નાને જંતુઓ મારીને નહિ પણ બીજી રીતે રોગ મટાડ્યો છે. જંતુઓ ઘાને કહોવડાવે છે તે વખતે તે જંતુઓ ઔષધથી પણ મારી શકાય છે, અને સૂર્યકિરણોથી પણ મારી શકાય છે. પોટાશિઅમ પર્મેન્ગેનેટથી પણ મારી શકાય છે. પછી ત્રણે ઉપાય અજમાવનારા પોતપોતાની રીતને મહત્વ આપવા જંતુ માર્યાનું ન સ્વીકારે તો કોઈથી કંઈ થઈ શકે તેમ નથી.

આમ છતાં નિસર્ગોપચારકોનું મન્તવ્ય છેક કાઢી નાખવા જેવું છે એમ તો નથી જ. જંતુ ઉપરાંત રોગોના મૂળ તરીકે બીજી વસ્તુઓનો સ્વીકાર પણ ઉત્સા થોડાક વર્ષોમાં

થયેલો છે. ૧૯૧૨માં સર ગોલેંડ હોપ્કીન્સે Gowland Hopkins કેટલાક એવા રોગો શોધી કાઢયા છે કે જે વગર જંતુએ પણ થાય છે. આવા રોગોના નામ સ્કર્વી, રીકેટ્રસ, બેરીબેરી વિગેરે છે. એ રોગોનું મૂળ જંતુઓ નથી પણ ખોરાકમાં વીટામીન નામના પોષક તત્વોનો અભાવ છે. સર હોપ્કીન્સે પૂર્વાર કરી બતાવ્યું છે, જે બાળકોને પૂરતું દૂધ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ પોષક તત્વોવાળો ખોરાક નથી મળતો તેમને ઉપલા દર્દો હાડમાથી જ લાગુ પડે છે અને તેમના શરીરનો બાંધો પણ નબળો રહી જાય છે. આવા પ્રકારના રોગોમાં જંતુઓ જરાપણ હોતા નથી પણ વીટામીનોનો અભાવજ હોય છે.

આ પ્રમાણે રોગોના મૂળમાં ફક્ત જંતુઓ જ નથી પણ બીજા પણ કેટલાક તત્વો જરૂર છે પરન્તુ જંતુઓનો હિસ્સો મોટો છે. મોટા ભાગના દર્દો જંતુઓને જ આભારી છે. બીજા કેટલાક દર્દો પોષણનો અભાવ, સખત શરીરશ્રમ, ભૂખ તરસ, સખત ટાઢ તડકો વિગેરેમાંથી પણ ઉત્પન્ન થાય છે પરન્તુ જંતુની માંદગી જેટલી પ્રાણઘાતક (Fatal) માંદગી બીજી કોઇ પણ હોતી નથી. ક્ષય, કોલેરા, મેનીનજાઈટીસ વિગેરે દર્દો આ વાતના સાક્ષી છે.

●

ફૂલોનું વ્રત

• શાર્દૂલવિક્રીડિત •

ફૂલોનું વ્રત સંતને મન ગમ્યું:–પાવિત્ર્યની પાંખડી
હૈયાએ વિકસાવવા, સુભગ એ પાત્રે મધુ સ્નેહનાં
ઔદાર્યે ઉભરાવવા, અણુ અણુ બ્રહ્માંડના દેહના
આનંદે પુલકાવવા પરિમલે એની તપે આંખડી.

પૂજાલાલ

ગૃહપ્રવેશ: ત્રિઅંકી નાટિકા

રવીન્દ્રનાથ ઠાકુર

: અનુવાદક :

નગીનદાસ પારેખ

અંક બીજો

રોગીનો ઓરડો

[બારણા પાસે શંભુ પડોશણનો પ્રવેશ]

પડોશણ : શંભુ કે ?

શંભુ : હા, મોટીબેન

પડોશણ : જરા યતીનને મળવું છે. માસી નથી ઓરડામાં—

શંભુ : શું કરશો ત્યાં જઈને, મોટી બેન ?

પડોશણ . નાટોરના મહારાજાને ત્યાં એક નોકરી ખાલી પડી છે મારા છોકરાને માટે યતીનની પાસે ચિઠ્ઠી લખાવવી.

શંભુ : મોટીબેન એ કદી નહિ બને. માસી જો જાણશે તો જીવતાં નહિ રહીએ.

પડોશણ : જાણશે શી રીતે ? હું ઝટપટ પાંચ મિનિટમાં—

શંભુ : માફ કરો, મોટી બેન, એ કદી નહિ બને.

પડોશણ : નહિ બને ! તારી માસી માને છે કે અમારો ચેપ લાગવાથી તેનો ભાણેજ જીવશે નહિ. આમ પોતાનો તો જરા વિચાર કરી જો. ધણીને ખાધો, એક પૂરી છોકરી તે પણ ગઈ, બાપ મા કોઈને રહેવા ન દીધાં. હવે બાકી રહ્યો છે આ યતીન. એને પૂરો કરશે ત્યારે એ ખસશે. ત્યાં વિના એ મરવાની નથી. હું કહી રાખું છું, શંભુ, જોજે માસી જ એને વળગી છે એટલે યતીનની આશા નથી

શંભુ પેલો મને બોલાવે છે. તમે હવે જાઓ.

પડોશણ: ગભરાઇશ નહિ, હું આ ચાલી.

[જાય છે]

: ઓરડામાં શંભુનો પ્રવેશ :

યતીન: (પગલાના અવાજથી ચમકીને) મણિ!

શંભુ. બાબુ, એ તો હું શંભુ! મને બોલાવતા હતા?

યતીન: જરા તારી શેઠાણીને બોલાવી લાવ

શંભુ કોને?

યતીન તારી શેઠાણીને.

શંભુ તે તો હજી આવ્યાં નથી.

યતીન: ક્યાં ગયાં છે?

શંભુ સીતારામપુર

યતીન આજે ગયાં?

શંભુ ના, આજે ત્રણ દિવસ થયા

યતીન: તું કોણ છે? મને શું આંખે બરાબર દેખાય છે?

શંભુ. હું શંભુ

યતીન બરાબર બોલતો મારી કાંઈ ભૂલ તો નથી થતી ને?

શંભુ ના બાબુ

યતીન કયા ઓરડામાં છું હું? આ શું સીતારામપુર છે?

શંભુ. ના, કલકત્તામાં એ તો આપનો સૂવાનો ઓરડો

યતીન: ખોટું નથી? આ બધું જૂઠું નથી?

શંભુ હું માસીમાને બોલાવી લાઉં

[જાય છે]

: માસીનો પ્રવેશ :

યતીન: હું મરી ગયો નથી એ મારે શી રીતે જાણવું, માસી?

માસી: આ તું શું બોલે છે, યતીન?

યતીન: તું જ મારી માસી ને?

માસી. તારે શું યતીન?

યતીન: હિમિને બોલાવને. તેને મારી પાસે બેસવા દે હમણાં કેથે જાય નહિ

માસી: આવ તો હિમિ, અહીં બેસ તો!

યતીન પેલી બંસી બંધ કરાવી દેને, એ વાગવાને માટે મંગાવી છે? એની હવે જરૂર નથી

માસી પાસેને ઘેર લગ્ન છે, એ તો ત્યાં વાગે છે

યતીન. લગ્નની બંસી? એમાં આટલું બધું રુદન કેમ છે? બિહાગ છે કે શું? તને મારા સ્વપ્ન ની વાત મેં કહી કે નહિ માસી?

માસી કયું સ્વપ્ન?

યતીન મણિ જાણે ઓરડામાં આવવાને માટે બારણું હડસેલતી હતી કોઈ પણ રીતે બારણું આટલાથી વધારે ઊઘડ્યું જ નહિ તે બહાર ઊભી ઊભી જોવા લાગી કોઈ પણ ઉપાયે અંદર આવી જ ન શકી! બહુયે બોલાવી પણ તેનાથી ગૃહપ્રવેશ થયો જ નહિ નહિ થયો, નહિ થયો, નહિ થયો (માસી નિરુત્તર) સમજ્યો છું માસી, સમજ્યો છું હું દેવાળિયો છું સિંદુર દેવાળિયો છું, બધી બાજુથી આ ઘર પણ રહ્યું નથી—બધું વેચાઈ ગયું છે, માત્ર પોતાને બોળવતો હતો

માસી ના, યતીન, ના, સમ ખાઈને કહું છું કે તારું ઘર સલામત છે—અખિલ આવ્યો છે, જો કહેતો હોય તો તેને બોલાવું

યતીન: ઘર ક્યાં છે? તે તો રાત જોઈ શકશે, મારી માફક તે કાંઈ છાયા નથી વરસોના વરસો બારણાં પુંઠા ગણી ઊભું રહ્યું. કેમ માસી?

માસી ઊભું રહેજો તો યતીન! તારા સ્નેહથી ભર્યું ભર્યું રહેશે

યતીન બેન હિમિ તું રહેજે મારા ઓરડામાં એક દિવસ કદાચ વખત આવશે, ને તે

ઓરડામાં પ્રવેશ કરશે તે દિવસે હું ગમે તે લોકમાં હઈશ તોપણ મને ખબર પડશે હિમિ, હિમિ !

હિમિ શું, મોટાભાઈ ?

યતીન તારે માથે ભાર છે, બેન યાદ છે ને, કયું ગીત ગાવાનું છે તે ?

હિમિ છે ''અગ્નિ શિખા''

યતીન બેન, કોઈના ઉપર ગુસ્સો કરીશ નહિ બધાંને ક્ષમા કરજે અને મને જ્યારે સંભારે ત્યારે યાદ કરજે "મારા ઉપર મોટાભાઈ હમેશા હેત રાખતા આજે પણ રાખે છે ' ખબર છે, માસી, મારા આ ઘરમાં હિમિના લગ્ન થશે, આપણા પેલા જૂના મકાનમાં જ્યાં મારી માના લગ્ન થયા હતા ત્યાં તે મકાનને હું જરા પણ અડ્યો નથી

માસી એમ જ કરશું ભાઈ

યતીન માસી બીજે જન્મે તું મારી છોકરી થઈને જનમજે, તને લાડથી મોટી કરીશ

માસી શું કહે છે, યતીન ? વળી પાછી સ્ત્રી થઈને જનમવાની ? તારા જ ખોળામાં છોકરો થઈને જન્મું એવી જ કામના કરને

યતીન ના, છોકરો નહિ છી નાનપણમાં જેવી હતી, તેવી અજોડ સુંદર થઈને તું મારે ઘેર આવશે હું તને શણગારીશ

માસી હવે લવારો ન કર, જરા ઊંઘી જા,

યતીન તારું નામ પાડીશ લક્ષ્મીરાણી

માસી એ તો કૈં નવા જમાનાનું નામ થયું ?

યતીન' ના, નવું નહિ તું તો મારે હમેશની જૂના જમાનાની તે તારો સુધારાયેલો જૂનો જમાનો લઈને તું મારે ઘેર આવજે.

માસી તારા ઘરમાં કન્યાદાનનું દુખ લઈને આવવાની ઈચ્છા હું તો રાખતી નથી.

યતીન તું મને દુર્બળ માને છે ? માસી હું ખમાથી મને બચાવવા માગે છે ?

માસી બાપુ, મારું તો સ્ત્રીનું હૃદય, હું જ દુર્બળ છું એટલે તને બહુ જ બીની બીતી બધાં દુખોમાંથી હમેશાં બચાવવા માગતી આવી છું. પણ મારું શું ગજું ? કંઈ જ કરી શકી નહિ.

યતીન માસી, એક વાત ગર્વથી કહી શકું છું. જે મળ્યું નથી તેને માટે કદી મેં ખેંચતાણ કરી નથી. આખો જન્મારો હાથ જોડીને પ્રાર્થના જ કરી છે મિથ્યા જોઈતું નહોતું એટલે જ મારે આટલી ધીરજ રાખવી પડી સત્ય કદાચ હવે દયા કરશે—પેલું કોણ, માસી પેલું કોણ છે ?

માસી કયાં રે ! કોઈ તો નથી–,યતીન

યતીન તું એકવાર પેલા ઓરડામાં જોઈ આવ, મેં જાણે—

માસી ના ભાઈ, કોઈ જણાતું નથી

યતીન પણ મેં સ્પષ્ટ જોયે—

માસી કંઈ નથી યતીન

ડાકટરનો પ્રવેશ

યતીન આ કોણ છે એ ? ક્યાંથી આવે છે ? કંઈ ખબર છે ?

માસી એ તો ડાકટર

ડાકટર તમે એની પાસે રહેશો નહિ, તમારી સાથે બહુ જ બોલે છે

યતીન, ના, માસી જવાનું નથી

માસી વારુ ભાઈ, હું પેલા ખૂણામાં જઈને બેસું છું

યતીન, ના, ના, માસી પાસે બેસ મારો હાથ પકડી. ભગવાન તારા હાથમાંથી જ મને પોતાના હાથમાં લેશે

ડાકટર: વારુ ત્યારે. પણ બોલશો નહિ. પેલી દવા ખાવાનો વખત થયો.

યતીન: વખત થયો! વળી ભોળવવાને આવ્યો છે? વખત હવે હવે થઈ ગયો છે. ખોટી સાંત્વનાની મને જરૂર નથી. વિદાય કરી દો–બધાને વિદાય કરી દો. માસી, મારી તો માત્ર તું છે કોઈ પણ મિથ્યા મારે જોઈતું નથી. ચાલ બેન હિમિ, મારી પાસે બેસ.

ડાકટર: આટલો બધો ઉશ્કેરાટ સારો નહિ.

યતીન: તો હવે મને ઉશ્કેરશો નહિ

[ડાકટર જાય છે]

ડાકટર ગયા, હવે મારા બિછાના પર બેસ. તારા ખોળામાં માથું રાખીને સૂઉં.

માસી: સૂ, ભાઈ જરા ઊંઘી જા.

યતીન: ઊંઘવાનું કહેશો નહિ. હજી પણ મારે જરા જાગવાની જરૂર છે સંભળાય છેને? આવે છે. હમણાં આવશે. આંખ ઉપર કેટલું બધું ઘેન ચડે છે! ગોરજ લગ્ન, ગોરજ લગ્ન હતું મારું. વાસરઘરનાં બારણાં ઊઘડશે. હિમિ ત્યાં સુધી પેલું ગીત.

(હીમી ગાય છે)

માસી : ભાઇ યતીન, જરા જો તો, એ–આવે.

યતીન : કોણ? સ્વપ્ન?

માસી : સ્વપ્ન નહિ, મણિ. આ તારા સસરા.

યતીન : (મણિ તરફ જોઇને) તું કોણ છે!

માસી : ઓળખાતી નથી? એ તો તારી મણિ.

યતીન : બારણું બધું ઊઘડી ગયું?

માસી : બારણું બધું ઊઘડી ગયું.

યતીન : પણ પગ પર પેલી શાલ નહિ જોઈએ. એ શાલ કાઢી નાખ, કાઢી નાખ.

માસી : શાલ નથી. યતીન, વહુ તારે પગે પડી છે. એને માથે હાથ દઇને જરા આશીર્વાદ આપ.

●

પ્રિયતમાને

· ખણ્ડપૃથ્વી ·

ત્હને નયન આ નમે!
અને હૃદય ના નમે!–નમન તો રહ્યાં દ્વૈતમાં.
ન સેવક ન સેવ્ય કો' અનઘ આત્મઅદ્વૈતમાં!
કયમે નમન હું કરું—તવ સ્વરુપને શી તમા?

કદીક દિલ ના ગમે!
અને જીવન કયાં ભમે?–વિવિધ કલ્પનાવ્યોમમાં
પ્રિયે! તવશું પ્રેમથી વિહરું સ્વર્ગશી ભોમમાં!
ઘડીક રણચણ્ડી તું અસિ બને રમે જોમમાં!

મ્હને વિરહ કાં દમે!
વિમોહિત બનું કયમે–સતત પ્રીતિપન્થે પળી?
અને થનગનાટ શા જીવનકૃષ્ણની વાંસળી?
ભલે હૃદય ના નમે જીવન તો રહ્યું આ લળી!

વેણીભાઈ જ. પુરોહિત

વીર મેઝીની

શ્રી. 'ચ'

"તમારો પહેલો અને અગત્યનો ધર્મ માનવજાત પ્રત્યે છે. એ જ્યાંસુધી નહિ સમજાય ત્યાંસુધી અદા કરેલી બીજી ફરજો અધૂરી જ રહેવાની. જેઓ નીતિધર્મને કુટુંબ, નાતજાત કે દેશ પ્રત્યેની ફરજમાં જ પર્યાપ્ત થતો માને છે તેઓ એક પ્રકારનો સાંકડો અહંભાવ જ શીખાવે છે, જે અન્યની અને તમારી અધોગતિ કરે છે. દેશ અને કુટુંબ એક વિશાળ વર્તુલમાં સમાઈ જતાં બે નાના વર્તુલો છે. સીડીનાં એ બે શરૂઆતના પગથિયાં છે અને એ ચઢ્યા વિના આગળ વધાય જ નહિ. પણ એ પગથિયાં પર સ્થિર બની જનાર ટૂંકી દ્રષ્ટિ-વાળો ગણાય. રાષ્ટ્ર એ આંતરરાષ્ટ્રીયતાનું સાધન માત્ર છે."

મેઝીની

નેપોલીયને જ્યારે લોમ્બાર્ડીનો લોહમુગટ માથે ધર્યો અને ઈટાલીનો રાજદંડ ધારણ કર્યો ત્યારે, જુન ૨૨, ૧૮૦૫માં, જીનોઆમાં મેઝીનીનો જન્મ થયો. એકહથ્થુસત્તાવાદમાં માનનારા રાજ્યોએ એકત્ર બની નેપોલીયનનું સ્વપ્ન છિન્નભિન્ન કર્યું ત્યારે મેઝીની નાનો બાળક હતો. યુરોપમાં ભજવાતા નાટકમાંથી નેપોલીયનનું પાત્ર ખસી જતાં ઈટાલી ફરીથી એકવાર, નાના નાના રાજ્યોમાં વહેંચાઈ ગયું. ફરીથી એકવાર ઑસ્ટ્રીયન સત્તાની એડી તળે ઈટાલી ગુંગળાવા માંડ્યું.

મેઝીનીનો પિતા વૈદ હતો અને વિશ્વવિદ્યાલયમાં શરીરશાસ્ત્રનો અધ્યાપક હતો. તે સ્વશક્તિથી આગળ વધ્યો હતો. ૧૭૯૭માં થયેલી ક્રાન્તિમાં એણે ભાગ લીધો હતો. ઈટાલીની સ્વતંત્રતા વિશે એને બહુ આશંકા હતી. રાજકારણમાં એ નિરાશાવાદી હતો. મેઝીનીના દરેક ચરિતકારે એને અગત્યનું સ્થાન આપ્યું નથી, પણ એટલું ચોક્કસ છે કે એ ફદી અધ્યાપક ઉચ્ચ ચારિત્ર્યવાળો અને બહુ જ દયાભાવવાળો હતો. ગરીબ લોકો એને પૂજતા. ૧૮૩૬માં કોલેરા ફાટી નીકળ્યો ત્યારે એણે રાત અને દિવસ ખંતભેર દરદીઓની સેવા કરી હતી. ખુદ ઈટાલીના રાજાએ એની આ સેવા માટે મુક્ત કંઠે પ્રસંશા કરી હતી. મેઝીનીની માતા સુંદર અને બુદ્ધિમાન હતી. પોતે કેથોલીક ધર્મમાં માનતી અને

અને તેથી પોતાની ત્રણ પુત્રીઓ અને પુત્રને એજ ધર્મના સંસ્કાર આપ્યા હતા. એની ઉંડી ધર્મશ્રદ્ધા, એનાં મેઝીની ઉપરના પત્રોમાં ઝગી ઉઠે છે. સ્વીટઝર્લેન્ડમાં મેઝીની જ્યારે સંતાતો ફરતો હતો ત્યારે એક વાર તેની માતાએ તેને લખ્યું હતું, "તને શ્રદ્ધા નથી. મારામાં એ ભરપૂર છે. ઇશ્વરે તને એના ફિરસ્તા તરીકે ચૂંટયો છે. માનવજાતના કલ્યાણકરોમાં તારૂં નામ અમર રહેવા સર્જાયું છે. આ વાતમાં મને જરાયે શંકા નથી. ઇશ્વરનું એ નિર્માણ છે."

શરૂઆતના પાંચ વર્ષ મેઝીનીએ કરોડના દર્દથી પીડાતાં પથારીમાં જ કાઢ્યા હતા. આ માંદગી દરમિયાન એની બુધ્ધિએ અસાધારણ વિકાસ સાધ્યો. માતાના સતત સહવાસે જે અસર જન્મી તે આજીવન ટકી રહી. 'અપૂર્વ શ્રધ્ધા'ના બીજનું આરોપણ આ અરસામા થયું.

૧૮૨૭ માં તેને ઉપાધી મળી. એજ વર્ષમાં કાર્બોનારીના ક્રાન્તિકારી મંડળનો તે સભ્ય બન્યો. ધંધા તરીકે એણે વકીલાત સ્વીકારી હતી અને તેમા સારી ખ્યાતિ મેળવી હતી. પણ એથીયે વધુ ખ્યાતિ 'એન્ટોલોજીઆ માં પ્રગટ થતા એના તેજસ્વી નિબંધોએ આપી. ૧૮૩૦ મા ક્રાન્તિકારી મંડળનો ભૂદ સરદાર ખૂટયો. યોજનાઓ બહાર આવતા ક્રાન્તિકારોને પકડવામા આવ્યા. ત્રણ મહિના સેવોનાની એકાંત ઓરડીનો એ કેદી બન્યો. ૧૮૩૧ ના જાન્યુઆરીમાં એ છૂટયો અને દેશનિકાલ બન્યો.

સેવોનાના કેદીજીવન દરમિયાન એની સાચી શક્તિઓ જાગ્રત બની. વેરણછેરણ પડેલાં વિચારો એકીકરણ પામી ચોકકસ રૂપમા પલટાયાં એના રાજકીય અને તાત્વીક વિચારોના મૂળભૂત સિધ્ધાન્તો અહીં જન્મ્યા. આમ કેદી જીવનથી જ એના જીવનની સાચી શરૂઆત થઈ અને ૧૮૭૦ માં ગેઇટાના કેદીજીવનમાં એના જીવનનો અંત આવ્યો. પીસામાં, માર્ચ ૧૦, ૧૮૭૨માં એ મૃત્યુ પામ્યો.

મેઝીનીનાં રાજકીય જીવનનો પહેલો તબકકો એટલે ૧૮૩૦-૩૭. આ સાત વર્ષ દરમિયાન એણે પ્રજામાં પોતાના વિચારોનો પ્રચાર કર્યો. ૧૮૩૧ માં માર્સેલ્સમાં 'નવયુવાન ઇટાલી' નું દળ ઉભું કર્યું યુવક પ્રવૃત્તિનો આદ્યજનક મેઝીની છે. નવયુવાનોના આવાં મંડળો દ્વારા વિચારોનો, આદર્શોનો પ્રચાર કરી અભિનવ ઇટાલી ઉભું કરવાની એની મહત્વાકાંક્ષા હતી અને એ મહત્વાકાંક્ષા પાર પડતાં સ્વતંત્ર ઇટાલી દ્વારા સમસ્ત વિશ્વમાં લોકશાહી ઉભી કરવાની એને ઉમેદ હતી. આવા ઉચ્ચ આદર્શથી પ્રેરાઇ 'નવયુવાન જર્મની' 'નવયુવાન પોલાન્ડ' 'નવયુવાન સ્વીટઝર્લેન્ડ' ઇત્યાદી મંડળો ઉભાં કરી 'નવયુવાન યુરપ' માં કેન્દ્રસ્થ કર્યાં હતાં.

કેળવણીની દષ્ટિએ આ પ્રવૃત્તિ જોતજોતામાં ચારેકોર ફેલાઇ ગઇ અને બહુ જ સફળતા પામી. લોકોમાં એ એટલો તો આદર પામી હતી કે આજે પણ ક્રાન્તિકારી રાજકારણની એને કવિતા ગણવામાં આવે છે. સ્વપ્નોને સંઘરતાં, અતુલ બળવાળાં ધુરંધર રાજ્યો સામે ઝૂઝતા મેઝીની માટે આ એક અભૂતપૂર્વ વિજય હતો. એના લેખો છાની રીતે ઇટાલીમાં પ્રવેશ પામતા, છાની રીતે ઇટાલીમાં જ છપાતા અને લોકો આતુરતાથી અને ભાવપૂર્વક એને વાંચતા. જ્યારે એની સંસ્થાનો વેલો લોમ્બાર્ડીથી સીસીલી પહોંચ્યો ત્યારે એના વિચારોના લાવાએ લગભગ આખા યુરોપને સળગાવી દીધું હતું. જે જ્યોત એણે જગાવી હતી તે દંડ, કેદ કે ફાંસીથી હોલવાય તેમ નહોતી. એ વખતે ખલાસીનું કામ શીખતો વીર ગેરીબાલ્ડી મેઝીનીના વિચારોથી આકર્ષાયો અને ક્રાન્તિના પંથમાં ભળ્યો. એ લખે છે:

"મારી આખ સામે ત્યારે કોઇ દિવ્ય તેજ ઝળકી ઉઠ્યું વહાણમાં વેપારી માનને બદલે મને કોઇ ખુદાઇ ખીદમતગાર દેખાયો અને ફિરસ્તાની પવિત્ર તલવાર દેખાઇ." મેઝીનીએ ઇટાલીઅનોનું ધ્યાન હક્ક નહિ પણ ધર્મ તરફ, સ્વાર્થ નહિ પણ સિધ્ધાન્ત તરફ જાતિય અભિમાન નહિ પણ માનવજાતની સેવામાં જ તરબોળ બનેલી રાષ્ટ્રીયતા તરફ ફેર્યું દેશજને એ એનો પડતો બોલ ઝીલ્યો ઇટાલીયન એકતા અને ગાંડપણ એ બન્ને એકબીજાના જ્યારે પર્યાય શબ્દો ગણાતા હતા ત્યારે એ ગાંડપણને જ પોતાના ધંધા તરીકે સ્વીકારી એણે ઇટાલીના એક છેડેથી બીજે છેડે એ એકતા પ્રાપ્ત કરવા ઝંડો ઉપાડ્યો

અહીં કબૂલ કરવું જોઇએ કે નવયુવાન ઇટાલી' રાજકિય ક્રાન્તિમાં નિષ્ફળ નિવડ્યું કંઇક મિત્રોએ, કંઇક સગાથીઓએ નાયકના શબ્દ ઉપર વિશ્વાસ રાખી જીવન ફગાવી દીધાં ક્રાન્તિકારો નિષ્ફળ નિવડ્યા આ નિષ્ફળતા માટે ઘણે અંશે મેઝીની પોતે જવાબદાર હતો ઇટાલીયન સરકારે મેઝીનીને ફાંસીએ લટકાવવાનો હુકમ છોડ્યો હતો.

એના જીવનનો બીજો તબક્કો (૧૮૩૭–૧૮૪૮) બહુ જ અગત્યનો છે એ વખતે તે લંડનમાં હતો મોંઘીમાં ઘેરાયો હતો ઉપર ફોજદારની તલવાર લટકતી હતી પણ મુશ્કેલીમાં જ એનું ખરું હીર પ્રકટ થયું એણે નવું જીવન શરૂ કર્યું હોટેલોમાં કામ કરતા ગરીબ ઇટાલીઅન બાળકો માટે એણે રાત્રિશાળા શરૂ કરી એમના હિતનું રક્ષણ કરે તેવું એક મંડળ ઉભું કર્યું. ઇટાલીઅન કામદારોનું મંડળ શરૂ કર્યું ધીમેધીમે પણ મક્કમપણે તૂટેલ રાજકિય તારોને એણે સાંધવા માંડ્યા ફરીથી જે જાળ એણે પાથરી તેના તાણાવાણા અમેરીકા માલ્ટા અને કોર્શીકા સુધી લંબાણા પત્રો અને પત્રિકાઓ દ્વારા ક્રાન્તિનો પ્રચાર એણે શરૂ કર્યો પુત્રના આ પરાક્રમો પિતાને અશાંત બનાવતા હતા ધંધાર્થી ધોરણના પૈસાનો હિસાબ મળતો નહોતો અને મળે પણ કેમ! પૈસાનો ઉપયોગ ગરીબો અને પ્રચારકામમાં થઇ ગયો હતો પિતાએ એને રાજકારણ મૂકી દઇ સાહિત્યમાં પડવાની સલાહ આપી કાર્લાઇલ એનો પરમ મિત્ર હતો એનો પિતા જ્યારે એના કાર્યને ઉતારી પાડતો ત્યારે કાર્લાઇલ એ નર્યો દ્વારા ઉભી થવાની અભિનવ સૃષ્ટિનો વિચાર કરતો અને મેઝીનીના દરેક કાર્યને ટેકો આપતો જીવનના ધખતા રણમાં એની વીરડી હતી એક માત્ર એની માતા માતા ઉત્સાહ અને ધન બન્ને આપતી

ત્રીજા તબક્કાની શરૂઆતમાં (૧૮૪૮) ક્રાન્તિનું એક જબરૂ મોજું યુરપમાં ફરી વળ્યું અઢાર અઢાર વર્ષ સુધી પરદેશમાં રઝળ્યા પછી એણે જન્મભૂમિમાં પગ મૂક્યો સમસ્ત દેશે એને વધાવ્યો રાજવીને પણ અપ્રાપ્ય એવું ભારે હમેશાં ભર્યું માન દેશબાંધવોએ એને આપ્યું. રાષ્ટ્રીય પ્રજાશાહીવાદ જો કે સફળ ન થયો તો પણ 'રિપબ્લિક ઓફ રોમ'નું એનું સ્વપ્નું સિદ્ધ થયું રાષ્ટ્રની વ્યવસ્થા માટે નિમાયેલી પ્રધાન નિયુક્તિમાં એ મુખ્ય હતો એની સત્તા સરમુખત્યાર જેટલી હતી એને કશો મેળ ઝીલાતો—એની બુદ્ધિની તેજસ્વિતા સૌ કોઇને આંજી દેતી એની મહત્તા સૌ કોઇને સ્વીકારવી પડતી મે કેટલાંક વર્ષ થયા રોમે જે રાજતંત્ર નહોતું જોયું તે મેઝીનીએ જોતજોતામાં એને આપ્યું છે' પામર્સ્ટને પણ કબૂલ્યું

પણ ક્રાન્તિઓને સફળતા સહજ જ મળતી હોય તો ક્રાન્તિ રહે જ શાની? હારેલા પોપે ધર્મવીરોની મદદ માગી ઓસ્ટ્રીઆ આવ્યું નેપલ્સ આવ્યું સ્પેઇન આવ્યું ફ્રાન્સ આવ્યું ક્રાન્તિકારો હાર્યા ફરીથી એકવાર મેઝીનીએ ઇટાલીને સલામ કરી ફરીથી એકવાર તે લંડનમાં આવ્યો મિત્રોએ એને ફરી રાજકારણ મૂકી દેવા સમજાવ્યો એની કલમની તેજસ્વિતા સૌને પરિચિત હતી સાહિત્યમાં પડે તો એ કલમ કંઇક અમરકૃતિઓ મૂકી જાય એવી

આશા હતી પણ મેઝીનીની પ્રકૃતિ જ એવી હતી કે જેમ જેમ તેને હાર મળતી તેમ તેમ એનામાં નવો પ્રાણ સંચરતો. માથાના વાળ રૂની પુણી જેવા થયા હતા, શરીર ખખડી ગયું હતું પણ આત્મા અણનમ હતો. સ્વાતંત્ર્ય પામવાને કરેલાં એકેએક યુદ્ધમાં એ હાર્યો હતો એની એકેએક મુક્તિ નિષ્ફળ નિવડી હતી. દરેક વખતે જીવ મહામુશ્કેલીએ બચ્યો હતો. વિનિતો ને મન એ લોકદુશ્મન હતો. પણ લોકમાનસમાં એની મૂર્તિ કોતરાઈ ગઈ હતી. કેવાઉરે કબૂલ્યું છે કે મેઝીનીને પહોંચી વળવા એને આંતરિક વ્યવસ્થા હાથમાં લેવી પડી. મેઝીનીનો જ સમસ્ત કાર્યક્રમ એણે અપનાવી લીધો. મેઝીનીમાં દૃષ્ટિ હતી, કલ્પના હતી તો કેવાઉરમાં કાર્યદક્ષતા અને તત્પરતા એટલી જ પ્રબળ હતી

૧૮૭૦માં એણે છેલ્લો પાસો ફેંક્યો. પણ ક્રાન્તિની યોજના નિષ્ફળ નિવડી એ પકડાયો, જેલમાં પૂરાયો અને છૂટ્યો. ઇટાલી અને રોમ એકત્ર થયા પણ એનું સ્વપ્ન અધૂરું જ રહ્યું. ૧૮૭૨માં એ મરણ પામ્યો.

તે આજીવન કુંવારો હતો. ગીયુદીશાના સહિલી સાથેની ગાઢ મૈત્રી લગ્નમાં પરિણમશે એમ સૌ માનતું પણ એ ન બન્યું. રાજકારણમાં એ પડયો ન હોત તો ઇટાલીયન સાહિત્યના અમર સ્વામીઓમાં એનું સ્થાન અનોખું જ હોત. એટએટલી રઝળપાટ છતાયે એ ઘણું લખી ગયો છે. વીક્ટરહ્યુગો અને ડાન્ટે ઉપરનો અભ્યાસ પૂર્ણ નિબન્ધો, શ્રધ્ધા અને ભાવી, યુરોપની લોકશાહી પર વિચારો, માનવીના ધર્મો ઇત્યાદી કૃતિઓ દ્વારા આજે પણ તે વંદનિય રહ્યો છે.

એનું આખું જીવન સ્વપ્નો સર્જવામાંજ વીત્યું હતું. ભૌતિકવાદનો એ કટ્ટો શત્રુ હતો. સ્વપ્નોમાં એ જીવતો. એ માનતો કે ઇશ્વર એક છે, માનવજાત એક છે, સંસ્કૃતિ પણ એક જ છે, લીગ ઓફ નેશન્સ અસ્તિત્વમા આવી તે પહેલાં સાઠ વર્ષ એ એનાં સ્વપ્નમાં જીવતી હતી. દરેક દરેક પ્રજા એક એકમ રૂપે એ લીગમાં હોય, દરેક દરેક પ્રજાનું એકમ સમસ્ત માનવજાતનું હિત સાધે એવી એની મુરાદ હતી. આજની લીગ એને કેટલે અંશે સંતોષી શકત એ પ્રશ્નનો ઉત્તર દીવા જેવો દેખાય છે.

અને છેલ્લે, આજનું સ્વતંત્ર ઇટાલીનું રાજતંત્ર એને કેવું લાગત? મુસોલીનીની મહત્વાકાંક્ષાને એ કયા શબ્દોમાં વર્ણવત ? આજે એ હોત તો પણ એના દેશી એને દેશવટો જ આપ્યો હોત.

●

આક્ષેપ

: સ્રગ્ધરા :

"પોતીકું તેજ ક્યાં છે, શશિયર લસતો આમ દેખાય તોયે ?
જાતે કાળો કલંગો, પણ રવિકિરણોને હરી એ સુહાય."
એવો આક્ષે! મૂકી વિધુવદન પરે ચંદ્રિકા જે જનોએ
ત્યાગી આનંદકારી, સુજન! વદ, મહામૂર્ખ એ ના ગણાય ?

પૂજાલાલ

સંસ્કૃતિનો સમન્વય

કવિવર રવીન્દ્રનાથ ટાગોર

જે યુગમાં કુદરતી વિઘ્નોને હટાવવા અસાધારણ શૌર્યની જરૂર પડતી અને માનસિક અંતર દૂર કરવા ઉચ્ચ પ્રકારના નૈતિક બળની જરૂર પડતી એવા મુશ્કેલીના યુગમાં પણ ચીનની પ્રજા અને ભારતવર્ષની પ્રજા વચ્ચે સંબંધ બંધાયો હતો. એ યુગમાં આ પ્રજાઓ આધિપત્ય માટે સમરાંગણમાં ભેગા થતા દુશ્મનોની માફક નહોતી મળી, પણ ઉમદા મિત્રો તરીકે મળી હતી. તેઓ મિત્રોની માફકજ ભેટ સોગાદની આપલે કરવામાં ગૌરવ લેતા. ધીરે ધીરે એ સંબંધ શિથિલ થતો ગયો. બંને પ્રજાઓએ એકબીજા તરફ ઉદાસીનવૃત્તિ ધારણ કરી અને એ ગાઢ સંબંધ કાળે કરીને સાવ ભૂલાઈ ગયો. આજે ફરીને આપણા જુના મિત્રોએ આપણને બોલાવ્યા છે અને એ ભૂલાઈ ગયેલા સંબંધને ફરી તાજો કરવા ઉદારતાથી પોતાનો હાથ લંબાવ્યો છે.

ખરેખર, આજનો દિવસ મારે માટે મહાન દિવસ છે. જે દિવસની હું લાંબા કાળથી રાહ જોઈ રહ્યો હતો. જેની હું ઝંખના કરતો હતો એવો આ દિવસ છે. આજે હુ આપણી પ્રજાની ભૂતકાળમા આપેલો એક પ્રાચીન કોલ ફરી તાજો કરવા શક્તિમાન થયો છું. એ પ્રાચીન કોલ શું હતો ? એ કોલ હતો ચીનની પ્રજા અને આપણી પ્રજા વચ્ચે સંસ્કૃતિ અને મિત્રતાનો સંબંધ જાળવી રાખવાનો. એ સંબંધના મૂળમાં આપણા પૂર્વજોએ અઢારસો વર્ષ પહેલાં અખૂટ ધૈર્ય અને બલિદાનના જળ સીંચ્યાં હતાં. ભારતવર્ષની જીવન-સંસ્કૃતિનો પ્રવાહ પર્વતો અને રણો ઓળંગીને દૂરના એ દેશમા ફરી વળ્યો અને ચીનનાં લોકહૃદયને ભીંજાવી દીધું હતું. થોડાં વર્ષો અગાઉ જ્યારે હું ચીન ગયો હતો ત્યારે એજ પ્રવાહના જીવન્ત સ્પર્શનો આહ્લાદ મેં પણ અનુભવ્યો હતો.

એ વખતે મને એ ઉમદા વીરોએ આદરેલી મહાન યાત્રાનું સ્મરણ થયું. પોતાની શ્રદ્ધાને જીવન્ત રાખવા તેમણે કેટકેટલાં સંકટો વેઠ્યાં હતાં

પ્રાણીમાત્રને જોડનાર પ્રેમતત્વનો સાક્ષાત્કાર કરવા, આત્માની મુક્તિના આદર્શને સિદ્ધ કરવા તેમણે ઘર તજ્યાં, ઘરના મીઠાં સંબંધો તજ્યા, સ્વજનો અને સ્નેહીજનોનો સહવાસ તજી સ્વેચ્છાએ દેશવટો સ્વીકાર્યો, અને કેટલીએ વાર જીવનાં જોખમ પણ ખેડયાં. એમાનાં ઘણા મૃત્યુને ખોળે પોઢયા એમનું કંઇ નામ નિશાન પણ ન રહ્યું. માત્ર થોડાક જણ પોતાની આપવીતી કહેવા જીવતા રહ્યા.

એમનાં જીવનની કથા લૂંટારૂ અને ધાડપાડુના જીવનની કથા જેવી ન હતી. એમની શૂરવીરતા અને હિંમત લૂંટ અને ધાડની કુરુપતાને ઢાંકી દે છે. એમની કથા તો પ્રેમ અને જ્ઞાનની લહાણી કરનાર યાત્રાળુઓની કથા જેવી હતી એ કથા તેમના યજમાનોની સ્મૃતિમા કદી ન ભૂસાય એવી છાપ મૂકતા ગયા છે. એક માનનીય પ્રજાના પ્રતિનિધિ તરીકે જ્યારે મારૂં સ્વાગત કરવામાં આવ્યું ત્યારે મેં એમાં તેમની જીવનકથાનું પ્રતિબિંબ જોયું. આપણા પૂર્વજો પોતે મે ત્રેવી અવિનાશી સિદ્ધિઓના નિશાન પાછળ મુકતા ગયા એ જોઇ હું મગરૂબ થયો. બીજી બાજુ એ મહાન ઐતહાસિક સંબંધને સેંકડો વર્ષથી આપણે ભૂંસી નાખ્યો એ જોઇ મારૂં માથું શરમથી નીચું નમી ગયુ

મારા ચીના યજમાનોને મેં એ પ્રસંગે કહેલું "મિત્રો, આપણી વચ્ચેના વ્યવહારનો માર્ગ—જે ત્યા પડેલો જ છે—ને ફરીથી ખુલ્લો કરવાનું તમને કહેવા અહીં આવ્યો છું. જો કે એ માર્ગને આજે વિસ્મૃતિના જાળાંઝાંખરાએ ઢાંકી દીધો છે છતાયે ફરી એની રેખા દો શોધી શકાય. મારા પૂર્વજોની પાસે જે અવાજ હતો તે મારી પાસે નથી. એમની પાસે જે જ્ઞાન હતું તે જ્ઞાન હું ધરાવતો નથી. આ મંદિરને ફલદાયી બનાવવા માટે જે જીવનસિદ્ધિનું ભાન જોઇએ તે મેં મેળવ્યું નથી. અમે, ભારતવર્ષના લોકો એક પરાજિત પ્રજા છીએ. અમારી પાસે નથી રાજકીય શક્તિ, નથી લશ્કરી શક્તિ, કે નથી વ્યાપારી શક્તિ તમને અમે ભૌતિક દ્રષ્ટિએ થી મદદ કરી શકીયે કે શું નુકશાન પહોંચાડી શકીયે એ અમે જાણતા નથી; પણ સદ્‌ભાગ્યે હજીયે તમારા યજમાન તરીકે, તમારા પરોણા તરીકે, મિત્ર તરીકે કે ભાઇ તરીકે અમે તમને જરૂર મળી શકીયે. ઇશ્વરેચ્છાએ એમ થાઓ. જેમ તમે અમને આમંત્રણ આપ્યું છે તેમ હું પણ અમને તમારે ત્યાં આવવાનું આમંત્રણ આપું છું. અમારા દેશમાં મેં એક સંસ્થા સ્થાપી છે; એ વિષે તમે સાંભળ્યુ હશે કે નહિ તે હું નથી જાણતો. એ સસ્થાનો એક આશય તો ભારતવર્ષ જગતના તમામ રાષ્ટ્રોનું સહૃદયતાથી સ્વાગત કરે એ છે. આજે આપણા માર્ગમાં જે અંતરાયરૂપ લગે છે તેજ આવતી કાલે સરળ માર્ગનું નિમિત બનો. આપણામાં રહેલી ભિન્નતાઓ દ્વારા જ આપણે એકતા પ્રાપ્ત કરીએ. કારણ કે એવી ભિન્નતાને કદી ભૂંસી શકાય નહિ એ વગર જીવનરની કિંમત પણ ઓછી થઇ જાય. જગતની તમામ પ્રજાઓ પ્રથમ પોતાનું વ્યક્તિત્વ સાચવતાં છતાંયે એકતા તરફ પ્રયાણ કરે આપણે નિર્જીવ એકસરખ પણું નથી જોઇતું પણ જીવન્ત એકતા ઇચ્છીએ છીએ.

આવી એકતા તરફ પ્રયાણ થઇ રહ્યું છે અને ચીનમાંથી કેટલાક મિત્રો મિત્રભાવના અને સહકારની ભેટ લઇને અહીં આવ્યા છે. આજે જે મંદિરની ઉદ્‌ઘાટનક્રિયા થવાની છે તે બન્ને પ્રજા વચ્ચેના સંબંધનું મધ્યબિન્દુ થશે અને બન્ને વચ્ચેની ઉદાર સમજણનાં ચિહ્ન રૂપે રહેશે. કાળના વ્હેણની સાથે બન્ને પ્રજા વચ્ચેનો સંપ વધતોજ જશે. ચીનમાંથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો આવશે. આપણાં જીવનમાં ભાગ લઇને ને એમનાં જીવનમાં આપણને સ્થાન આપીને આપણો જ એક વિભાગ હોય એમ તેઓ રહેશે. દશ દશ સૈકાઓથી આપણી પ્રજાઓ વચ્ચેના

વ્યવહારનો જે મહાન માર્ગ ભૂંસાઈ ગયો છે તેને ફરીને સ્થાપિત કરવામાં મદદ કરશે એ એકજ ઉદ્દેશની સિદ્ધિ માટે તેઓ તન મન અને ધનની તમામ શક્તિઓ ખર્ચી નાખશે કારણ કે જે વ્યક્તિઓને માનવજાતની એકતામા શ્રદ્ધા હોય અને એની સિદ્ધિ માટે જે જાનફેસાની કરવા પણ તૈયાર હોય તેની તમામ વ્યક્તિઓને પછી તે પૂર્વની હોય કે પશ્ચિમની હોય આ વિશ્વભારતીમા સ્થાન રહેશે

કદાચ એવુ ધારવામાં આવશે કે રેલ્વે, આગબોટ અને વિમાનોથી ગુંથાયેલી આ દુનિયા અને પચરંગી પ્રજાનાગા તેના મોટા શહેરોમા આવા આમંત્રણ ઉપરછલ્લાં જ હોય છે પણ આજે જે જાતના સંબંધો બાંધવામાં આવે છે તે મોટા ભાગે કૃત્રિમ હોય છે અને તેના સંબંધો જ માનવજાતિની એકતા સાધવામા ભૌતિક વિઘ્નો કરતા વધારે આડા આવ્યા છે એટલુ જ નહિ પણ કયારેક કયારેક આપણા દુર્ભાગ્યે દુશ્મનાવટ પણ પેદા કરી છે આપણને એ કડવા સત્યનો જાતઅનુભવ થતો જાય છે કે કૃત્રિમ નિકટતા આપણી વચ્ચે જે જુદાઈ ઊભી કરે છે તે જુદાઈ બીજી એક પણ વસ્તુ કરતી નથી લોકો એકબીજાના માર્ગમા આડા આવતા અને એકબીજાને કચડતા હોય એમ લાગે છે આપણે એકબીજાને ફાલતુ મુસાફર તરીકે મળીએ છીએ અથવા તો એક યા બીજા રૂપમા લૂંટારૂ તરીકે મળીએ છીએ બન્ને રીતે આપણે તો સામા માણસના જીવનની માત્ર સપાટીને જ સ્પર્શી શકીએ છીએ

આપણે એવા જગતમા રહીએ છીએ જ્યા તમામ રાષ્ટ્રો મુખ્યત્વે બે વર્ગમા વહેંચાઈ ગયા છે એક, બીજાની સ્વતંત્રતાને હરી લેનારો વર્ગ અને બીજો પોતાની સ્વતંત્રતાનુ રક્ષણ કરવા અસમર્થ વર્ગ એથી જ્યારે આપણે બીજાના હક્કો દબાવી બેસીએ છીએ ત્યારે તેમની સંસ્કૃતિના સંસર્ગમા ભાગ્યેજ આવી શકીએ બીજા ઉપર બળજબરીથી આધિપત્ય જમાવવાના પ્રયાસમાથી ત્રાસ બીક અને શંકાથી કલુષિત થયેલુ વાતાવરણ સર્જાય છે ત્યાં શાંતિ ચાહનારી પ્રજાઓ લુટારાઓના ડરથી પોતાની સહીસલામતી માટે અલગ અલગ વાડાઓ બાધે છે

આ પ્રસંગે અમે શાગહાઈથી નાનકીંગ સુધી યાંગસે નદીમા રાત્રીએ કરેલા નૌકાવિહારનો અનુભવ મને યાદ આવે છે તે સારી રાત દરમ્યાન નદી કિનારા પરના સુંદર દૃશ્યો જોવા મારી કેબીનમાથી વારંવાર હુ બહાર નીકળતો હતો સૂતેલી શિબિરોમા ક્યાંક ક્યાંક ઝાંખા દિવા ઝબૂકતા હતા હિમાચ્છાદિત ટેકરીઓમાં શાંતિ પથરાયેલી હતી પ્રભાતના સોનેરી કિરણો ફૂટતાંની સાથે જ હવામા છેક ઊંચે સુધી શઢ ફરફરાવતી, નદીના જળપ્રવાહમા વહેતી નૌકાઓ દેખાવા લાગી મે તેમા સ્વતંત્રતાના સૌન્દર્યથી સુશોભિત થયેલ જીવનની ક્રિયાનુ ચિત્ર જોયુ આ દૃશ્યે મને હલાવી મૂક્યો મને લાગ્યુ કે મારી જીવન–નૌકાના શઢ પણ પવન ભરતા હતા અને મને બંધનના અંધકારમાથી, સુષુપ્ત ભૂતકાળમાથી ઉંચકીને મનુષ્યની મહાન દુનિયાના અજવાળામા લઈ જતા હતા એ દૃશ્યે મને માનવ જાતના વિકાસના ઇતિહાસમા રહેલી જૂદીજૂદી ભૂમિકાઓનુ ભાન કરાવ્યુ

રાત્રે દરેક ગામ પોતપોતામા જ કેન્દ્રિત થયુ હતું દરેક કુટિરને અજ્ઞાનની સાંકળે કેદ કરી હતી એ દૃશ્ય ઉપર નજર નાખી ત્યારે મે જાણ્યુ કે આ નિદ્રિત આત્માઓની અસંપ્રજ્ઞાના વાતાવરણમા અસ્પષ્ટ સ્વપ્નો ભમતા હતા એ કરતાયે વધારે મને એ

વસ્તુ જાણવા મળી કે જ્યારે લોકો ઉપર નિદ્રાનું સામ્રાજ્ય હોય છે ત્યારે તેઓ પોતાનાં વ્યક્તિગત જીવનના સંકુચિત વાડાઓમાં પૂરાય જાય છે દરેક દિવા માત્ર પોતપોતાની કુટિરને જ અજવાળતા હતા. આથી દરેક કુટિર બહારનાં અંધકારમાં અલગ અલગ ઉભેલી દેખાતી હતી. ચોરના ટોળાંઓ સૂતેલા માણસોની નબળાઇનો લાભ લઇ ખાતર પાડવાની તૈયારી કરતા જાગતા હતા.

જ્યારે દિવસનો પ્રકાશ ફૂટે છે ત્યારે આપણે આપણા વ્યક્તિગત જીવનનાં બંધનમાંથી અને એકલપેટાપણાંમાંથી મુક્ત થઇએ છીએ. ત્યારેજ આપણને એ પ્રકાશના દર્શન થાય છે જે પ્રકાશ બધાંને સારૂ હંમેશને માટે નિર્માણ થયેલો છે. ત્યારેજ આપણે એક બીજાને વધારે પીછાનીએ છીએ અને જીવનક્ષેત્રમાં સહકાર આપવા હાથ લંબાવીએ છીએ. સવારમાં ઝડપથી વહેતી આવતી નૌકાઓ આ સંદેશો લાવી હતી. પવનમાં ફરફરતા શઢોમાં જે જીવન ધબકતું હતું તેની સ્વતંત્રતા મને આ બધું કહી રહી હતી. મારૂં હૃદય આનંદથી પુલકિત થયું. તે દિવસે મેં માનવ જગતમાં સાચાં પ્રભાતનાં આગમનની આશા બાંધી અને એ પ્રભાતના કિરણોના અંકુરો ફુટતા જોઇ મારા અંતરમાંથી પ્રાર્થના સરી પડી.

જે યુગમાં આપણે જીવીએ છીએ તે યુગ માનવજગતમાં આવેલી રાત્રિનું સૂચન નથી કરતો શું? વ્યક્તિગત પ્રજાઓ પોતાના જ સંકુચિત વાડાઓમાં પૂરાઇ રહીને પોતાને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ઓળખાવે છે અને પેલી સુલુપી કુટિરોની માફક પોતપોતાના બારણાં બંધ કરીને એક બીજા ની સામુ ભેદની દીવાલો ઉભી કરે છે. આ હકીકતો સંસ્કૃતિનો અંધકારયુગ નથી સૂચવતી શું? આપણે શું એવું નથી અનુભવી રહ્યા કે જગતમાં કોઇ જાગ્રત અને બન્ધન મૂક્ત રહ્યા હોય તો તે ફક્ત લૂંટારાઓ જ રહ્યા છે?

આ બધું છતાંયે હું નિરાશ થતો નથી. સવારનો અંધકાર પૂરો નાશ ન પામ્યો હોય એટલામાં જ જેમ પંખીનું મીઠું ગાન પ્રભાતનું આગમન સુચવે છે તેમ જે ઉજળા ભવિષ્ય ઉપર આજે પડદો પડ્યો જણાય છે તે ભવિષ્યના આગમનનું સૂચન મારા હૃદયમાંથી ઉઠતા સંગીતના સૂરો કહી રહ્યા છે. આ નવા યુગનું સ્વાગત કરવા આપણે તૈયાર થવું જોઇએ. એવા કેટલાક લોકો છે જે પોતાને ડાહ્યા વ્યવહારૂ અને મગરૂબ સમજે છે, તેઓનું એમ કહેવું છે કે મનુષ્યના સ્વભાવમાં જ ઉદારતા નથી. માણસો તો એકબીજા જોડે હંમેશાં લડશે-ઝઘડશે; બળવાન નિર્બળને હડસી દેશે. એથી કરીને માનવ સંસ્કૃતિના ચણતરને માટે ખરો નૈતિક પાયો જ મળશે નહિ, તેઓ જે વસ્તુનું પ્રતિપાદન કરવા માગે છે તે હકીકત સાચી છે છતાં તે એકાંગી હોવાથી સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારવાની હું ના પાડું છું.

સહકારની ભાવના, પરસ્પર વિશ્વાસ અને પરસ્પર સહાયમાંથીજ ખરી તાકાત ઉદ્‌ભવે છે અને એ વસ્તુઓજ સંસ્કૃતિને શોભાવે છે. લોકો વિજ્ઞાનમાંથી નીપજતા લાભોનો પૂરો ઉપયોગ કરી શકે, તેમનાં ઓજારો હથિયારો અને યંત્રો ઉપર તેઓ પૂરો કાબુ મેળવી શકે એટલા માટે નવી આધ્યાત્મિક અને નૈતીક શક્તિઓનો સતત વિકાસ સાધવો જોઇએ. નહિ તો આ યંત્રો તેઓની ઉપર સત્તા ધરાવશે અને તેમને પોતાનાં ગુલામ બનાવશે. ચીન અને ભારતની નબળાઇ તરફ આંગળી ચીંધીને કેટલાક લોકો એમ કહેશે કે જગતની બીજી શક્તિશાળી અને લડાયક પ્રજાના પંજામાં ફસાયલા હોઇને આપણે તો શક્તિ અને વિકાસ ઉપર ભાર મૂકવો જોઇએ જેથી આપણે આપણોજ વિનાશ ન નોતરીએ.

આપણે નબળા છીએ, છિન્નભિન્ન છીએ એ વાત સાચી છે દરેક પ્રકારના જંગલી બળોની દયા ઉપર જીવીએ છીએ પણ આનું કારણ આપણો શાંતિ પ્રત્યેનો પ્રેમ નથી. એનું કારણ તો એ છે એ શાંતિમાં રહેલી શ્રદ્ધા માટે મરી ફીટવાની આપણી તૈયારી નથી પશુબળના હુંકાર સામે લડીને આપણે આપણી માનવતાનું રક્ષણ કરતા શીખવું જ જોઈએ માત્ર એટલી સભાળ રાખીએ કે આપણે તેમની રીતોનું અનુકરણ કરીએ નહિ આપણે તેમના જેવા રાની પશુ બનીને જે ગુણોને લઈને માનવતા સ્પૃહણીય બની શકે એવા ગુણોનો નાશ ન કરી બેસીએ. લગભગ એક સૈકાથી પશ્ચિમ આપણા ઉપર સફળતાપૂર્વક જાદુ ચલાવતું આવ્યું છે. આપણે તેના રથની પાછળ ઘસડાતા ગયા, એ રથની ધૂળે આપણને ગુંગળાવ્યા, તેના કર્કશ અવાજે આપણને બધિર બનાવ્યા. તેની રાક્ષસી ગતીએ આપણને હંફાવ્યા, નિરાધાર કર્યા નિર્વીર્ય બનાવ્યા છતાં એજ ગતિને આપણે વિકાસની ગતિ માની બેઠા અને એ કહેવાતા વિકાસને સંસ્કૃતિનું સુંદર નામ આપ્યું 'પણ કઈ તરફ એ વિકાસ? કોને માટે એ વિકાસ?' એવો પ્રશ્ન અત્યંત નમ્રતાપૂર્વક પૂછવાની જો આપણે હિંમત કરીએ તો તેને ખામ જુનવાણી ગણીને હસી કાઢવામાં આવશે અને વિકાસની સંપૂર્ણશીલતામાં શંકા લાવનારની ક્રૂર મશ્કરી ઉડાવવામાં આવશે માત્ર થોડાજ વખતથી થોડા થોડા પણ આપણે એક અવાજ તરફ ધ્યાનપૂર્વક કાન માંડવાનું શરૂ કર્યું છે એ અવાજ જાણે કે આપણને આદેશ દઈ રહ્યો છે. 'સંસ્કૃતિના રથની વૈજ્ઞાનિક સંપૂર્ણતાનો જ ખ્યાલ નહિ કરો પણ સાથે સાથે તેના માર્ગમાં આવતી પીડિતોના ઉંહકારાને પણ લક્ષમાં લ્યો' આજે આપણે હિંમતભેર પ્રશ્ન પૂછી શકીએ જો પ્રગતિ મનુષ્યના સુંદર જગતને વેરાન બનાવતી હોય તો એની શી કિંમત છે? અને જો કે એક અપમાનિત, પદદલિત, લોહી નીગળતી, ધૂળમાં રગદોળાયેલી પ્રજાના પ્રતિનિધિ તરીકે હું આ શબ્દો ઉચ્ચારી રહ્યો છું છતાં અમારી પ્રજા એ હાર કદી સ્વીકારી લેશે નહિ. કારણ કે એ હારનો સ્વીકાર એટલે આપણું હેલું અપમાન પરાજિત આત્માનો સંપૂર્ણ નાશ આપણી શ્રદ્ધાનું લીલામ. એકબીજાના માથા વાઢતા અને મનુષ્યનો ભક્ષ કરતા આ જગતમાં એક વાત આપણે ફરી ફરીને સાંભળવાની જરૂર છે અપમાનિતાથી લોકો જરૂર તાલેવંત થાય છે પોતાના દુશ્મન ઉપર વિજય પણ મેળવી શકે છે ઇચ્છિત વસ્તુ અચૂક મેળવે છે પણ તેમના અસ્તિત્વના મૂળીયા જ ખવાઈ જાય છે અને અંત તેઓ વિનાશને પામે છે આપણાં રીતરિવાજોનું મૃતશરીર સંઘરવા માટે નહિ પણ આપણી સંસ્કૃતિને શોભા અર્પનાર અને માનનીય બનાવનાર નૈતિકબળનો રક્ષા કરવા હું ચીનની પ્રજાને તેમના ઋષિ લાઓત્સેના એ યાદગાર શબ્દોનું સ્મરણ કરીને સહકાર આપવા નિમંત્રી રહ્યો છું "જેઓ સદ્ગુણી છે તેઓ પોતાના કર્તવ્ય બજાવવામાં તલ્લીન રહેશે જેઓ સદ્ગુણી નથી તેઓ હકોની જ માગણી કર્યા કરશે" જે પ્રગતિ અંદરના આદર્શોની સાથે સંબંધ ન ધરાવતા માત્ર બાહ્ય આકર્ષણ સાથે જ સંબંધ રાખે છે તે અપાર હકોના પાલનનો જ આગ્રહ રાખે છે પણ જે સંસ્કૃતિ આદર્શરૂપ છે તે તો કર્તવ્યપાલનમાં જ બદ્ધાચિત્ત અને આનંદપ્રાપ્ત જોશે

તેણે આપણે તો કર્તવ્યને જ વળગી રહીએ પોતપોતાની સંસ્કૃતિના વિશિષ્ટ ગુણોનું પોષણ કરીએ તેની રક્ષા કરીએ જુનું એટલું ખરાબ અને નવું એટલું બધું જ સારું એવી ખોટી માન્યતા ધરાવતા ન થઈ જઈએ જ્યારે આપણે

વસ્તુઓનું નવું અને જુનું એમ વર્ગીકરણ કરીએ છીએ ત્યારે આપણે તારીખીયું જોવામાં મોટી ભૂલ કરી બેસીએ છીએ. આપણે જાણીએ છીએ કે વસંતઋતુના ફૂલો જુનાં છે અને તે પૃથ્વી ઉપર જીવનના આગમનનું સૂચન કરે છે પણ એથી એ વિનાશ અને મૃત્યુની નિશાનીરૂપ છે શું ? એ ફૂલોની જગાએ ભલેને ગઈ કાલેજ બનાવેલા જીર્ણ કપડાંના કૃત્રિમ ફુલો આપણે કદિ મૂકીશુ ? કોઈ વસ્તુ જુની કે નવી હોય એટલાજ ઉપરથી આપણે તેની ઉપર પ્રેમ કરવો નહિ જોઈએ. પણ જે વસ્તુ માનવતાની દ્રષ્ટિએ સાચું શાશ્વત મૂલ્ય ધરાવતી હોય તેનેજ વળગી રહેવું જોઈએ. એ રીતે ચીનની સંસ્કૃતિની સુંદર ભાવના કરતાં વધારે પ્રેમને પાત્ર બીજી કઈ વસ્તુ હોઈ શકે ? એ ભાવના ભૌતિક વસ્તુઓ ઉપર નિષ્કામ પ્રેમ રાખવાનુ શીખવ્યુ છે. એ ભાવનાએ તેમને આ જગતની વસ્તુઓનું જડતાથી રક્ષણ કરી કલા વડે સુશોભિત કરતાં શીખવ્યું છે. તેઓ વસ્તુઓના તાલની અંદર છૂપાયેલો ભેદ કુદરતી પ્રેરણાથીજ પામી ગયા એ ભેદ તે વિજ્ઞાનની અંદર રહેલી શક્તિઓનો નહિ પણ ભાવોને શબ્દોનું રૂપ આપવાની કલા. આ અગમ કલા એક મહાન બક્ષીસ છે કારણ કે માત્ર જગન્નિયંતાજ એ કલા જાણે છે. મને તેમની આ બક્ષીસની અદેખાઈ આવે છે અને હું ઇચ્છું કે આપણા લોકો એમની એ બક્ષીસમાં ભાગ પડાવે.

આપણા ચીનના મિત્રો અને બીજા લોકો ભાગ પડાવવા ઇચ્છા કરે એવી ખાસ વિશિષ્ટ વસ્તુઓ આપણી પાસે કઇ છે તે હું નથી જાણતો. એટલું ખરૂં કે એક વખત આપણા ઋષિમુનિઓએ જ્ઞાનદ્વારા મુક્તિ મેળવવા અને દયાદ્વારા ઉચ્ચ પ્રેમ પ્રાપ્ત કરવા પૂર્ણ અનુકંપા અને જ્ઞાનના આદર્શને ચરણે પોતાનાં જીવન અર્પણ કર્યાં હતાં આજે આપણે એવું પૂર્ણ જ્ઞાન કે હૃદયની વિશાળતા ધરાવતા હોવાની બડાઇ હાંકી શકીએ એમ નથી, પણ આપણે એટલી હદ સુધી એ બન્ને વસ્તુ ગુમાવી બેઠા નથી કે જેથી એમની સહૃદતાથી પરોણાગત ન કરી શકીએ કે આપણી સંકુચિતતાના દુર્ગને ઓળંગી એ પ્રજાની નજીક ન જઇ શકીએ. અને એ રીતે મનુષ્યના અનેક જુદાજુદા સર્જક પ્રયાસોનું મહત્વ ન પીછાની શકીએ.[1]

૧. શાંતિનિકેતનમાં Chinese Hall ની ઉદ્‌ઘાટનક્રિયા વખતે આપેલું માંગલિક વ્યાખ્યાન.

આંતરરાષ્ટ્રિય આંદોલનો

લે. શ્રી. ભાસ્કરરાવ વિદ્વાંસ

ઇજીપ્તનું સ્વાતંત્ર્ય

ગયા સાત આઠ માસ દરમ્યાન ઇજીપ્તે પોતાના ગએલ સ્વાતંત્ર્યને મેળવવામાં પ્રમાણમાં સારી એવી પ્રગતિ કરેલી ગણાય છે. અલબત્ત, એ સ્વાતંત્ર્ય કેટલું પોકળ છે એ પણ આપણે જોઇશું. છતાં ચાલુ સંયોગોમાં ઓછામાં ઓછી શક્તિ ખરચીને જેટલું મેળવી શકાય તેટલું મેળવવામાં એ ફળીભૂત થયું છે એમ તો આપણે ગણવું જોઇએ. ઑગસ્ટ માસમાં ઇંગ્લાંડ અને ઇજીપ્ત વચ્ચે કરાર થયા. આ કરાર પ્રમાણે ઇજીપ્તમાં બ્રિટિશ લશ્કરે કબજો જમાવ્યો હતો તે કબજો ઉઠાવી લેવાનું ઇંગ્લાંડે કબૂલ કર્યું. મે માસના બીજા અઠવાડિયામાં યુરોપીય પ્રજાઓના ઇજીપ્તમાં જે ખાસ હક્કો હતા, તે હક્કો જતા કરીને ઇજીપ્તને પોતાનું બરોબરીયું ગણ્યું. અને એજ માસના અંતમા રાષ્ટ્રસંઘે ઇજીપ્તને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે સ્વીકાર્યું તથા રાષ્ટ્રસંઘનું સભ્ય બનાવ્યું.

ઇ. સ. ૧૫૩૬ માં ફ્રાંસે ઇજીપ્તમાં પોતાને માટે તથા પોતાના પ્રજાજનો માટે કેટલીક સગવડો મેળવી. અને એને પગલે ચાલીને ઇંગ્લાંડે પણ ૧૫૮૩ માં પોતાને માટે તથા પ્રજાજનો માટે કેટલીક સગવડતાઓ મેળવી. આ અરસામાં ઇજીપ્ત તુર્કીનું તાબેદાર હતું. આ રાજ્ય તેમજ ઇજીપ્તની દુર્બળતાનો લાભ લઇને બીજી યુરોપીય પ્રજાઓનાં મન પણ લલચાયાં. અને એક પછી એક પ્રજાઓ અહીં પોતાનો અડ્ડો જમાવવા લાગી ઇંગ્લાંડને આ બધામાં સૌથી વધારે લાભ મળ્યો હતો. પણ એક લાભ તો લગભગ ૧૨ જેટલી યુરોપીયન પ્રજાઓને એક સરખો મળ્યો હતો આ બધા યુરોપીયનોને ઇજીપ્તના કોઇ કાયદા લાગુ પડતા નહોતા. આ યુરોપીયન લોકોએ પોતપોતાનાં નાના નાના થાણાં જમાવ્યાં હતાં અને પોતાને માટે ન્યાય ચલાવવાની પોતાની જ કોર્ટો સ્થાપેલી હતી. ઇજીપ્ત દેશમાં ગમે તે ગુન્હો આ પરદેશીઓ કરે છતાં ઇજીપ્તની કોઇ

ન્યાયકોર્ટ આ લોકોનો ન્યાય તોળી શકે નહિ. યુરોપીયનો જેટલી ન્યાયપધ્ધતિ આ દૂર આવેલાં રાજ્યોમાં વિકસેલી નહોતી યુરોપ સિવાય બીજી બધી પ્રજાઓને અસંસ્કૃત ગણવામાં આવતી હતી. આવી અસંસ્કૃત પ્રજા સંસ્કૃત પ્રજાનો ન્યાય કેમ તોળી શકે? પછી ભલે એ ગુન્હો ગમે તે પ્રકારનો હોય. આ અધિકારને કેપિચ્યુલેશન્સ ગણવામાં આવે છે. પરદેશી પ્રજાના આ અધિકારો ઇજીપ્તને શલ્યની માફક ખૂંચતા હતા. કારણ કે રાજકારણ ઉપર પણ આની અસર સારી થતી નહિ. આ અપમાન ધોઇ નાખવા ઇજીપ્તના લોકો આતુર હતા. આખરે ગયા ઑગસ્ટ માસમાં ઇંગ્લાંડ તથા ઇજીપ્ત વચ્ચે જે કરારો થયા તે કરાર મુજબ બીજી યુરોપીય પ્રજાઓ આ અધિકારો જતા કરે એવી મહેનત કરવાનું ઇંગ્લાંડે માથે લીધું અને તેથી આખરે બારે પ્રજાઓએ ભેગા થઇને આ અધિકારો જતા કર્યા છે. જૂદાં ન્યાયમંદિરો નાબૂદ કરવામાં આવ્યાં છે. અને તેની જગાએ મિશ્ર ન્યાય મંડળોની સ્થાપના કરવામાં આવી છે. જેમાં બીજી પ્રજાના ન્યાયાધીશો અને ઇજીપ્તના ન્યાયાધીશો સાથે બેસીને પરદેશી ગુન્હેગારોનો ન્યાય તોળે અને પછી અમુક યોજના પ્રમાણે આ મિશ્ર ન્યાયમંડળોમાંથી પરદેશી ન્યાયાધીશોની સંખ્યા ઘટાડતાં ઘટાડતાં અંતે ઇજીપ્તના ન્યાયાધીશો જ ન્યાય આપે એવી પરિસ્થિતિ ઉભી કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

આ રીતે એક અપમાનમાંથી ઇજીપ્તની પ્રજા ઘણે અંશે આજે મુક્ત થઇ છે.

બીજી બાબત તે ઇજીપ્તના સ્વાતંત્ર્યની. ૧૮૮૨ માં ઇંગ્લાંડે અલેકઝાંડ્રીયા બંદર ઉપર મારો ચલાવીને ઇજીપ્તમાં પોતાનો લશ્કરી કાબુ જમાવ્યો હતો. અને ત્યારથી આ કાબુ ચાલુ જ હતો એ પહેલાં ઇજીપ્ત તુર્કીના સુલતાનના હાથ નીચે હતુ. ૧૮૮૨ પછી એ રહ્યું તો તુર્કીનું તાબેદાર જ. છતાં ઇંગ્લાંડનું વજન વધવા લાગ્યું. અને ઇજીપ્તના લશ્કરમાં તથા મુલ્કી ખાતામાં પણ અંગ્રેજ સલાહકારોની ઇચ્છા મુજબ જ કારભાર ચાલવા લાગ્યો. ૧૯૧૮ પછી સુલતાને પોતાનો કાબુ છોડયો અને ઇજીપ્ત ઇગ્લાંડનું રક્ષિત રાજ્ય બન્યું. ત્યાર પછી આખરે ગયા ઑગસ્ટમાં ઇંગ્લાંડે ઇજીપ્તને 'શરતી સ્વાતંત્ર્ય' આપ્યું એમ ગણી શકાય.

આ સ્વાતંત્ર્ય આપવાનું ઇંગ્લાંડે શા માટે કબૂલ કર્યું? જે સ્વાતંત્ર્ય આપ્યું છે તે કેટલું વાસ્તવિક છે? આ બે પ્રશ્નોનો વિચાર આવશ્યક છે. પણ એ પહેલાં ઇજીપ્તમાં અંગ્રેજો કેમ આવ્યા તે જરા જોઈ લઈએ તો તે અસ્થાને નહિ ગણાય.

ગુલામીનો ઇતિહાસ

ઓગણીસમાં સૈકાના ઉત્તરાર્ધમાં ઇજીપ્તના રાજાને પોતાના દેશની ખીલવણી કરવાનું મન થયું ખીલવણી માટે મૂડી જોઇએ આ મૂડી ઇંગ્લાંડે આપી. યોજના ઘડનારા યોજકો અને યોજનાને પાર ઉતારનારા ઇજનેરો પણ ઇંગ્લાંડેજ પૂરા પાડયા. પણ આમ કરવામાં ખરચ વધી પડયો, લીધેલી મૂડીનું વ્યાજ આપવાનું પણ મુશ્કેલ બન્યું. અને ઇજીપ્તનું બજેટ ડામડોળ થવા લાગ્યું. આમ ઇંગ્લાંડે નાણાંખાતાની યોગ્ય વ્યવસ્થા કરવા માટે સલાહકારો નીમ્યા છતાં આવકનો મોટો ભાગ આશરે ૭૦ %. જેટલો ભાગ વ્યાજપેટે આપવો પડતો હતો. આ બધો ભાર ગરીબ ખેડૂત પ્રજા ઉપર પડવા લાગ્યો. પ્રજા આ પરદેશી સલાહકારો સામે ઉકળવા લાગી અને નાનાં મોટાં બંડો પણ થવા લાગ્યાં અંતે સલાહકારો ફેરવવા પડયા પણ એમ અંગ્રેજો છોડે એવા નહોતા. ફરી પાછા સલાહકારો આવ્યા. અને ફરી પાછો એજ ઉકળાટ અને ઉશ્કેરાટ શરૂ થયો. આખરે બહુજ નજીવા કારણસર ૧૮૮૨ માં અલેકઝાંડ્રીયા

બંદરમાં અંગ્રેજી કાફલાએ તોપમારો ચલાવ્યો અને મોટાં મોટાં શહેરોમાં પોતાનું લશ્કર બેસાડ્યું. એકવાર ઇજીપ્તની છાતીએ આ લશ્કર બેઠા પછી ઇજીપ્તની છાતી ભીંસાવા લાગી. પણ તે વખતે ઇંગ્લાંડનો સિતારો ચડતો હતો. એટલું ઇજીપ્ત ઇંગ્લાંડની સામે ભાગ્યે જ કરી શક્યું નહિ અને દબાતું ચાલ્યું. છેવટે તો ઉપર જોઈ ગયા તેમ ઇંગ્લાંડે તેને પોતાના રક્ષિત રાજ્ય તરીકે પણ જાહેર કર્યું. આખરે ગયા વરસે જ્યારે ઇટાલીએ આબિસિનિયા ઉપર ચડાઈ કરી ત્યારે તે તકનો લાભ લઈને ફરી ઇજીપ્તે પોતાની માગણી રજૂ કરી અને ઇંગ્લાંડે અમુક અંશે એ સ્વીકારી, જેને પરિણામે આજે ઇજીપ્ત પોતાની જાતને સ્વતંત્ર દેશ ગણી શકાવે છે અને તેના પ્રતિનિધિઓને રાષ્ટ્રસંઘમાં મોકલી શકે છે.

સ્વેઝની નહેર

જ્યારથી સ્વેઝની નહેર ખોદવામાં આવી છે ત્યારથી ઇજીપ્તનું મહત્ત્વ વધી ગયું છે. ઇંગ્લાંડનું આખું સામ્રાજ્ય હિંદી મહાસાગરની આસપાસ આવેલું છે અને એ મહાસાગરમાં પહોંચવાનો ટુંકો રસ્તો સ્વેઝની નહેરનો છે. સ્વેઝની નહેરનો કબજો આ રીતે સામ્રાજ્યના રક્ષણની અગત્યની ચાવી છે. આ નહેર જો બીજી કોઈ પ્રજાના હાથમાં હોય તો ઇંગ્લાંડનો સામ્રાજ્ય ઉપરનો કાબુ તૂટી પડે. સ્વેઝની નહેર ઇજીપ્તની હદમાં આવે છે અને તેથી આ નહેરનું રક્ષણ કોણ કરે એ પ્રશ્ન અગત્યનો બને છે. સ્વતંત્ર અને સશક્ત ઇજીપ્ત પોતાની હદમાં પારકું લશ્કર પેસવા જ ન દે, પણ ઇજીપ્ત રહ્યું નિર્બળ. એટલે સ્વેઝનું રક્ષણ કરવાનું કામ ઇજીપ્તથી થઈ શકે નહિ અને માટે જ ઇજીપ્તમાં ઇંગ્લાંડનો કાબુ રહેવો જોઈએ એમ ઇંગ્લાંડ માને છે. સ્વેઝના કાબુ માટે તો તેણે અનેક યોજનાઓ ઘડી છે અને આસપાસના ઘણા પ્રદેશો ઉપર ઇંગ્લાંડને પોતાનો કાબુ એક કે બીજે પ્રકારે જમાવવો પડ્યો છે. ઇજીપ્તે પણ પોતાના સ્વાતંત્ર્યનો બલિ આ સ્વેઝને કારણે જ બ્રિટિશ સામ્રાજ્યવાદને ચરણે ધરવો પડ્યો છે.

ઇજીપ્તને કબજે રાખવાનું આ મોટામાં મોટું અને મહત્ત્વનું કારણ. બીજું કારણ ઇજીપ્તનો અને સુદાનનો કપાસ અને બીજો પાક. ઇજીપ્ત બહુ ફળદ્રુપ પ્રદેશ છે. એ ફળદ્રુપ પ્રદેશનો લાભ પણ સામ્રાજ્યને મળી શકે.

સામ્રાજ્યનો એક છેડો કેનેડા અને બીજો છેડો ઑસ્ટ્રેલિયા છે. એ બન્નેની બરાબર વચમાં ઇજીપ્ત આવેલું છે. આથી તેનું સ્થાન લશ્કરી દૃષ્ટિબિંદુથી આદર્શ સ્થાન ગણી શકાય. એક જમાનો એવો હતો કે ઇંગ્લાંડમાં જ મોટો લશ્કરી કાફલો રાખવો પોસાય એવું હતું. પણ આજે હવે એ સ્થિતિ રહી નથી. સ્વેઝની પાસે જ ભૂમધ્ય સમુદ્રમાં પણ અંગ્રેજ કાફલો રાખવાની આવશ્યકતા ઉભી થઈ છે. એટલે ત્યાંથી બન્ને બાજુ સહેલાઈથી મદદ મોકલી શકાય. તેમજ ભૂમધ્ય સમુદ્રમાં પણ આ કાફલો રાખી શકાય. અનેક રીતે જોતાં આ જાતનું કાફલો રાખવા માટેનું સ્થળ ઉત્તમ છે. ઇંગ્લાંડ અને ભૂમધ્યની વચ્ચેનો રસ્તો કદાચ કોઈ સત્તા બંધ કરે તો પણ અનેક રીતે આ કાફલો તો ઉપયોગમાં લઈ શકાય, જ ઇંગ્લાંડને હાથ જોડીને બેસી રહેવું ન પડે.

ઉપરાંત આજે તો સાધન સામગ્રી પણ મહત્ત્વના છે. આ સાધન સામગ્રીને માટે પણ થોડા થોડા થાણાં નાખવા જરૂરી છે. આવું થાણું પણ જો ઇજીપ્તમાં નાખવામાં આવે તો ઠેઠ ઇંગ્લાંડથી માલ પહોંચાડવાનો ખર્ચ ન ઉઠાવવો પડે. તેમજ કોઈ પરદેશી સત્તા માર્ગ રોકી લે એ વાંધો પણ બેસવાનો નહિ.

બ્રિટિશ સામ્રાજ્યના રક્ષણ માટે સ્વેઝની નહેર અગત્યની છે અને એ નહેરના રક્ષણ માટે ઇજીપ્ત ઉપરનો ઇગ્લાંડનો લશ્કરી કાબુ મહત્ત્વનો છે. અને માટે જ ઇજીપ્તના ખેદિવ પાસેથી સ્વેઝની નહેરના શેર એકદમ ખરીદી લેવામાં આવ્યા તથા ઇજીપ્ત ઉપર ઇગ્લાંડનો લશ્કરી અમલ શરૂ કરવામાં આવ્યો. જે આજ સુધી દઢ થતો ચાલ્યો હતો. આજે તો યુધ્ધનાં નગારા ફરી વાગી રહ્યાં છે તે વખતે બ્રિટિશ સામ્રાજ્યમાં આવું મહત્ત્વનું સ્થાન ધરાવતું હોવા છતાં ઇજીપ્ત ઉપરથી લશ્કરી કાબુ ઉઠાવી લેવાનું કેમ કબુલ કર્યું એ પ્રશ્ન સહેજે થાય એમ છે.

ઇટાલીની બીક

ઇજીપ્તના લોકો તો સ્વતંત્ર થવા માટેના બધા શકય પ્રયત્નો કરતા જ હતા. પણ ગયે વરસે ઇટાલિએ જ્યારે આબિસિનિયા ઉપર ચડાઇ કરી ત્યારે ઇજીપ્તને વિચાર કરવાનો અને કાંઇક પગલું ભરવાનો મોકો મળ્યો. આ વખતે ઇટાલિએ ઇજીપ્તની આસપાસ લશ્કરી હીલચાલ શરૂ કરી હતી. એલેકઝાંડ્રીયા બંદર ઉપર પણ તેનાં વિમાનો ઉડી આવ્યાં હતાં. સ્વેઝની નહેરમાં થઇને ઇટાલિયન લશ્કર આબિસિનિયા તરફ જતું હતું. એટલે ઇગ્લાંડ અને ઇટાલી વચ્ચે યુધ્ધ શરૂ થઇ પણ જાય એવા સંયોગો હતા આ વખતે ઇજીપ્તના લોકોને સંતુષ્ટ રાખવાની જરૂર હતી. ઇગ્લાંડના લોકો સમજતા હતા કે ઇજીપ્ત ઉપરનો લશ્કરી કાબુ અન્યાયી છે, સુદાન ઉપરની સત્તા પણ અન્યાયી છે.આ પરિસ્થિતિમાં જો ઇજીપ્તના લોકો અસંતુષ્ટ હોય તો ? ઇટાલિ ઇજીપ્તને સ્વતંત્ર થવા માટે જરૂર મદદ કર્યા વગર રહે નહિ તેનાં કારસ્થાનો ચાલતાં જ હતાં. એટલે ઇજીપ્તના લોકો જો ઇટાલિ સાથે ભળી જાય તો આબિસિનિયા જવાનો ઇટાલિનો રસ્તો ખુલ્લો થાય; અને તેનું જોર વધી પડે સ્વેઝની નહેર પણ તેના કબજે જાય. ઇગ્લાંડની બાજુએ વિચાર કરતાં સ્વેઝની નહેર હાથમાથી જાય. ભૂમધ્ય સમુદ્રમાં ચારે બાજુ ઇટાલિનું જોર વધે, એંગ્લો ઇજીપ્શીયન સુદાન પણ પછી ઇગ્લાંડના હાથમાં રહે નહિ, હિંદી મહાસાગરમાં આવવું ઇગ્લાંડને માટે અશકય થઇ પડે. આ બધી પરિસ્થિતિનો વિચાર કરતાં ઇજીપ્તને સંતુષ્ટ રાખવામાં જ લાભ હતો. અને માટે જ ઇજીપ્તની વાતો ઉપર ધ્યાન આપવાનું કબુલ કર્યું. અને ઑગસ્ટમાં આખરે ઘણી વાટાઘાટ પછી લશ્કરી કાબુ ઉઠાવી લેવાનું ઇગ્લાંડે કબૂલ્યું.

પંજો મજબુત જ છે

પણ ઇગ્લાંડ મુત્સદી છે. ઇજીપ્તના લોકોને સંતોષવાની સાથોસાથ પોતાનું ધ્યેય ઇગ્લાંડે સાચવી રાખ્યું છે. સંધિની કલમો જો એક પછી એક વાંચીએ તો આ બાબત સમજાય એવી છે

સંધિ મુજબ ઇજીપ્તમાથી લશ્કરી થાણાં ઉઠાડી લેવાનું ઇગ્લાંડે કબૂલ રાખ્યું પણ સ્વેઝની નહેર બ્રિટિશ સામ્રાજ્ય માટે અત્યંત અગત્યની છે અને ઇજીપ્ત એનુ રક્ષણ આજે કરી શકે એમ નથી માટે સ્વેઝની આજુબાજુ ૧૦ હજાર સુધીનું લશ્કર અને ૪૦૦ જેટલાં હવાઇ વિમાનો ઇગ્લાંડે રાખવાના છે. અને પછી ૨૦ વરસે જ્યારે 'બંને પક્ષોને' ખાતરી થાય કે હવે ઇજીપ્ત નહેરનું સ્વતંત્ર રીતે રક્ષણ કરવા સમર્થ થયું છે ત્યારે બ્રિટિશ લશ્કર બીલકુલ ઉઠાડી લેવામાં આવે. સ્વેઝ ઉપર ઇગ્લાંડનો કાબુ સ્થિર છે એમ આ કલમ સ્પષ્ટ બતાવે છે.

એક બીજી કલમ પણ ધ્યાન ખેંચે એવી છે. ઇજીપ્ત ઉપરનો કાબુ પણ સ્વેઝના રક્ષણ માટે જરૂરી તો છે જ. અને માટે જ આજ સુધી ઇજીપ્તનાં મોટાં મોટાં શહેરોમાં અંગ્રેજ લશ્કરી થાણાં સ્થપાએલાં છે. આ થાણાં ઇજીપ્શીયનોને બીલકુલ ગમતાં નથી. પરદેશી લશ્કર આમ છાતીએ ચડીને બેસે એ લોકોને કેમ ગમે ? આ થાણા

ખસેડી લેઇને કેનાલના પ્રદેશમાં લઇ જવાનું ઇગ્લાંડે કબૂલ કર્યું. પણ સાથે એવી શરત મૂકી છે કે આજથી પાંચ વરસ સુધીમાં મુખ્ય મુખ્ય શહેરોથી સ્વેઝ સુધી પાકી સડકો ઇજીપ્તે પોતાને ખરચે બંધાવવી–અને એ કામ પૂરું થયા પછી બ્રિટિશ લશ્કરની છેલ્લી ટુકડી ખસેડવી. એલેક્ઝાંડ્રીયાને માટે તો આઠ વરસની મુદ્દત નાખેલી છે. એટલે પાંચથી આઠ વરસ સુધી તો બ્રિટનનો લશ્કરી કાબુ રહ્યો છે જ. અને પછી પણ આ કાબુ ઢીલો પડવાનો સંભવ નથી. લશ્કરી ફીલ્ડમાર્શલનો થોડોક પણ અભ્યાસ કર્યો હશે તે રસ્તાઓનું મહત્વ સમજી શકશે. રણમાં એકવાર રસ્તાઓ બંધાઇ જાય તો પછી એ રસ્તાઓ મારફતે લશ્કરી ગાડીઓ તથા લશ્કરની હેરવણી ફેરવણી બહુ જ થોડા વખતમાં થઇ શકે આ રસ્તાઓ બંધાયા પછી એલેક્ઝાંડ્રીયા કે કેરોમાં લશ્કર રાખવાની જરૂર નહિ રહે. ગમે ત્યારે ચાર કે પાંચ કલાકમાં સ્વેઝના પ્રદેશમાંથી કેરોમાં લશ્કર આવીને ઉભું રહી શકશે. અને હવાઇ વિમાનો તો એથી પણ ઓછા સમયમાં આવી પહોંચશે. તો પછી ઇજીપ્તના લોકોને આવો સંતોષ આપવામાં ઇંગ્લાંડનું શું જાય છે? લશ્કરી સકંજામાંથી ઇજીપ્ત છૂટવાનું તો નથી જ

ઇંગ્લાંડ કોઇની સાથે યુદ્ધમાં ઉતરે તે વખતે ઇજીપ્તે દરેક દરેક પ્રકારની સગવડ ઇંગ્લાંડને આપવાની છે. એટલે કે બંદરો, વિમાનો ઉતારવાની જગાઓ, રેલ્વે, નહેરો, રસ્તાઓ, તાર, ટપાલ વગેરે બધું ઇંગ્લાંડને વાપરવા આપવાનું, લશ્કરી હેતુને પહોંચી વળે એવા કાયદા ઘડવાનું પોતાના દેશની વસ્તુઓ વાપરવા આપવાનું તથા છેલ્લે લશ્કરી કાયદો પણ ઇજીપ્તમાં ચાલુ કરવાનું વચન ઇજીપ્તે આપ્યું છે. યુદ્ધ વખતની આ બધી મદદનો હારો જોઇએ તો ઇજીપ્તને સ્વાતંત્ર્ય આપવામાં ઇંગ્લાંડને ઝાઝું નુકશાન પડતું નથી

ઉપર બતાવેલી સંધિની અગત્યની બાબતો ધ્યાનમાં લઇએ તો જણાશે કે ઇજીપ્તને કબજે રાખવાનો ઇંગ્લાંડનો જે ઉદ્દેશ છે તે ઉદ્દેશને હાનિ પહોંચતી નથી. એ ઉદ્દેશ તો તેણે સાચવીજ રાખ્યો છે. બાકીની બાબતોમાં કેટલુંક જતું કર્યું છે જેમ આજે મુલ્કી ખાતામાં જે અંગ્રેજો હતા તેને ખસેડી લીધા, ઇજીપ્તના લશ્કરમાં પણ જે અંગ્રેજો હતા તેને ખસેડ્યા, તથા રાજકારણ ઉપર જે અંગ્રેજોનો કાબુ હતો તે ઢીલો કર્યો. પણ ઇટાલિની મહત્વાકાંક્ષા અને ઇજીપ્તના લોકોનો અસંતોષ બન્નેનો વિચાર કરીએ તો આટલું તો જતું કરવું જ પડે એમ હતું. ઇજીપ્તને આપેલું સ્વાતંત્ર્ય કેટલું પોકળ છે એ તો આપણે જોઇ શકીએ એવું છે.

ઇજીપ્ત શું કરે ?

તો પ્રશ્ન એમ ઉભો થાય કે આવું ખોટું કે નામનું સ્વાતંત્ર્ય ઇજીપ્તે કબુલ કેમ કર્યું? ખરી રીતે જોઇએ તો આવા સંજોગોમાં જેટલું શક્ય હતું એટલું ઇજીપ્તે કર્યું એમ કબુલ કરવું જોઇએ, સંપૂર્ણ સ્વાતંત્ર્ય એ તેમને પણ ગમે છે ખરું, પણ જ્યાં સુધી પ્રજા નિર્બળ હોય ત્યાં સુધી ઇંગ્લાંડની નાગચૂડ કેમ છોડાવવી? વિચાર જેટલો સહેલો અને રમ્ય છે એટલો વ્યવહાર વિકટ છે. ઇંગ્લાંડ એમ સહેલાઇથી આ નાગચૂડ છોડે એવો સંભવ જ નથી અને તેથી આટલાથીજ હાલતુરત તેમણે સંતોષ માન્યો હોય. યુરોપમાં ચારે બાજુએ મોટી મોટી શક્તિઓ પ્રબળ થતી જતી હોય ત્યારે સ્વેઝ જેવા મહત્વના સ્થાને આવેલ ઇજીપ્ત જેવો નિર્બળ દેશ માત્ર પોતાના જ પગ ઉપર યુદ્ધ કરીને સ્વતંત્ર થઇ શકે એ આશા નકામી છે તેણે કોઇકનો આશરો લેવાનો જ. આજ સુધી ઇંગ્લાંડને આશરે ઇજીપ્ત રહ્યું. હવે તેની પાસે બીજો વિકલ્પ ઇટાલિનો આશરો શોધવાનો. ઇટાલિ કે ઇંગ્લાંડ બન્નેની વચ્ચે પસંદગી કરવાની હતી.

જો ઇજીપ્તને ઇંગ્લાંડનો આશ્રય ન હોત તો ઇટાલિએ આબિસિનિયા જેવા ડુંગરી મુલક ઉપર ચડાઈ કરવાને બદલે ઇજીપ્ત જેવા ફળદ્રુપ મુલક ઉપર પ્રથમ ચડાઈ કરી હોત. ઇગ્લાંડનુ રક્ષણ હોવાથી ઇટાલિ આ સાહસ કરતાં અટક્યું. તાબેદારીની દ્રષ્ટિએ તો ઇટાલિનું પણ તાબેદાર જ રહેવાનુ અને ઈંગ્લાંડનું પણ તાબેદાર જ રહેવાનું ઇટાલિ તાજી ભૂખ લઇને દેશમાં આવે તો શું નું શું કરી નાખે ? એના કરતાં જેમની સાથે જૂનો સંબંધ ચાલુજ છે એવા અંગ્રેજો શુ ખોટા ? તેની પાસેથી કંઇક હકો પડાવી શકાય એટલે ઇજીપ્તના રાજકારણી પુરુષોએ આ તકનો લાભ લઇને શકય તેટલું મેળવ્યું પણ ઈટાલિ અને ઇગ્લાંડ વચ્ચે ઇગ્લાંડનીજ મૈત્રી પસંદ કરી એ વ્યવહારૂ પગલું લાગે છે.

ઈજીપ્તને મળેલું સ્વાતંત્ર્ય એ આવા પ્રકારનું છે. પરદેશી પ્રજાઓના હક્કો ઉઠાવી લેવામાં ઇંગ્લાંડે જે મદદ કરી તે મહત્ત્વની ગણાય તેમજ મુંકી અમલમાં અને અમુક અંશે લશ્કરી અમલમાં પણ જે ઇજીપ્તને સ્વાતંત્ર્ય મળ્યું એટલું લાભમાં આથી વધારે ઇજીપ્ત સ્વાતંત્ર્ય મેળવી શકે એમ નહોતુ અલબત્ત તેમના પ્રયત્નો તો ચાલુ જ રહેવાના પણ સુવેઝ જેવા મહત્ત્વના રસ્તાને કિનારે રહીને કોઇ નિર્બળ પ્રજા સાવ સ્વતંત્ર રહી શકે એ બનવું અસંભવિત છે. જો તેમણે સ્વતંત્ર રહેવું હોય તો તેમણે આમ રસ્તાને કાંઠે નહિ પણ દૂર અંદરના ભાગમાં પોતાનું રહેઠાણ બનાવવુ જોઇએ.

રાષ્ટ્રસંઘમાં પણ ઇજીપ્તને સ્વતંત્ર દેશ તરીકે દાખલ કર્યું એ બહુ ભારે બાબત છે એમ નથી. એમ તો હિન્દુસ્તાન પણ પોતાના પ્રતિનિધિઓ ત્યાં મોકલે છે, છતાં કોણ કહેશે કે હિન્દુસ્તાન સ્વતંત્ર છે ? આવી જ પોકળ સ્વાતંત્ર્ય ઈજીપ્તનું ગણી શકાય. રાષ્ટ્રસંઘમાં દાખલ થવું એ માન છે ખરૂં પણ મર્યાદિત પ્રમાણમાં. આજે તો રાષ્ટ્રસંઘ જ મરવા પડયો છે તેવે વખતે તેમાં દાખલ થઇને ભારે લાભ મળવાનો સંભવ નથી વ્યવહારમાં ઇજીપ્ત પોતાને મળેલી આ સ્વતંત્રતા કેમ ભોગવી શકે છે અને વધારે બળવાન થવામાં એનો કેવો ઉપયોગ થઇ શકે છે તેના ઉપર આ કરારનું તથા મળેલા સ્વાતંત્ર્યનુ મહત્વ આંકી શકાય.

અમરસીંગ દરબાર

[એક રેખાચિત્ર]

શ્રી. સાંદીપનિ

દરબાર તો એની અટક છે બાકી એ તો અમારી મીલનો એક જુનો અને જવાન મુકરદમ છે નાનપણમાં એના મોટાભાઈનું ભાત લઈને એ મીલમાં આવતો, અને મિજાજ ઠેકાણે હોય ત્યારે ઘડીઘડી સંચા ચલાવીને ચાલ્યો જતો પણ એ ઘડીઘડીમાંય તેણે ગજબ વિકાસ સાધ્યો છે ચૌદ વરસની ઉંમરમાં તો એ સૌથી સારૂં છતાં વધારે કામ આપનારો અને કોઈપણ મુકરદમને પોતાના ખાતામાં રાખી લેવાની લાલચ થાય એવો હોશિયાર કારીગર બની ગયેલો તે વખતે તો ફેક્ટરી ઇન્સ્પેક્ટર કોઈ વાર ખાતામાં ફરવા આવનાર હોય તો તેના મુકરદમને તેની નાની વયને લઈને તેને સંતાડી દેવાની પેરવી કરવી પડતી તેના મુકરદમને તેને લઈને ખૂબ સુખ હતું, કેમકે અમરસીંગ પોતાના બે સંચા સરસ રીતે ચલાવતો એટલુંજ નહિ પણ આખા ખાતાની કડક દેખરેખ રાખતો મારતુ ચામડું તૂટયું હોય ત્યાંથી માંડીને તે પટ્ટા ચડાવવા ઉતારવા, નવા બાંધવા ચક્કરોનું ગણિતિક સંયોજન કરવું, પાસ વહેંચવા અને અધિકારીઓને સમજાવીને પોતાના ખાતાના નુકસાની કાપકનો કુનેહથી બચાવ કરવો એવી એવી મુકરદમ તરીકેની તમામ જવાબદારીઓ તે ઉત્સાહથી ઉપાડી લેતો ને સફાઈથી પતાવતો, અને તેનો મુસલમાન મુકરદમ તો ફક્ત દિવસમાં બે વાર સાહેબ સાથે ખાતામાં લાઈન જ મારી જાય, પછી આખો દિવસ હૉટલમાં ગપ્પાં હાંકે પણ તે વખતે તો અમરસીંગની જુવાનીને જપ નહોતો કારીગર તરીકે તેણે ફક્ત એકાદ વરસ કામ કર્યું ના કર્યું ને પોતે પોતાની આવડત પર મુસ્તાક રહીને મુકરદમ બન્યો અને મૂછનો દોરો ફૂટયો ન ફૂટ્યો ત્યાં તો એ મીલના સર્વશ્રેષ્ઠ મુકરદમ તરીકે પંકાવા લાગ્યો.

આજે તો સત્તાવીશેકની એની વય છે, ઊંચો, પાતળો, મજબુત અને વિશાળ છાતીવાળો ઉજળવર્ણ દેહ, કાળા ભમર જેવા વાળ, નાની પણ

સુન્દર વળાંકો વાળી મૂછો, ભૂરી નીણી આંખોથી અધિક દીપતુ મ્હો, અને મર્દાનગીભરી ટટાર ચાલથી, મીલના વ્હેતીયા અને નિસ્તેજ માનવીઓમા એ અનાયાસે અને ખો તરી આવે છે ફ્લેક્ષનાબૂટ, ઘુંટણ જરાય જણાય નહિ ને કિનારી બૂટની દોરી સાથે ગેલ કર્યાજ કરે એવીરીતે ચીપીચપસીને પહેરેલુ બારીક સુતરનુ સ્વચ્છ ધોતીયું, છેલ્લી ઢબની ડીઝાઇનવાળી ભારેમા ભારે પીકની રંગીન ટિકો લાઇનનું ખમીસ, કાશ્મીરી પટુ અથવા વિલાયતી સર્જનો રંગીન કોટ, અને સુંવાળા બાલવાળી ઊંચી ફ્લાવની કાળી બાવલા ટોપી આ એનો હમેશનો પોષાક. કંઠમાં કાળી ઊનનો પાતળો દોરો, ખમીસના બટન પર ઝૂલતીસોનેરી સેર, મજબુત ચપટા કાંડાપર ચામડાના પટાથી બાધેલુ સુશોભિત ઘડીઆળ, અને ડાબા હાથની ટચલી અને તર્જની આંગળીઓએ ચાંદીના વેઢ આ એના આભૂષણ

સવારના સાતની વ્હીસલને થોડીક વાર હોય છે તે પહેલા તે મીનના ઝાપાની બહાર આવેલી સડક પરની હોટેલમા આવીને ચા પીવા બેસે છે વ્હીસલ થઇ જાય છે, બધા કારીગરો કામે લાગી જાય છે, થોડા ઘણા અધિકારીઓ પણ આવી જાય છે ત્યારે તે હોટેલમાથી ઊઠે છે, અને મ્હોમાની બીડીને મીલના ઝાપા સાથે ઘસીને બૂઝાવતો, ટોપીને જરા વાંકી કરતો ગૌરવભરી ચાલે આસાનથી અંદર દાખલ થાય છે સામાન્ય રીતે તો હરકોઇ મુકરદમે વ્હીસલ પહેલાજ હાજર થઇ જવુ જોઇએ એવો કાયદો છે. પણ જમાદાર એને રોકતો નથી ને ઝુકીને માર્ગ આપે છે કેટલાક અધિકારીઓ પણ આથી બળી જાય છે પણ એને કંઇ કહી શકતા નથી. કારણ કે તે શેઠનો માનીતો અને લાડકો મુકરદમ છે.

અમરસીંગ એક પ્રખર યંત્ર નિષ્ણાત છે એટલુંજ નહિ પણ કુનેહબાજ વ્યવસ્થાપક પણ છે. મીલમા ઘણીવાર ઉપરી અધિકારીઓ બદલાય છે ત્યારે ઘણુંકરીને જુના અધિકારીઓની સાથે જુના કારીગરો પણ ચાલ્યા જાય છે, અને નવાની સાથે નવા આવે છે તે વખતની અંધાધુંધી, તોફાન અને નુકસાની કાપડ વધી પડવાના ભયમાથી મીલને બચાવી લેવા, શેઠ અમુક દિવસ માટે અમરસીંગને શાળ ખાતાના સર્વસતાધીશ–હેડજોબર–તરીકે નીમે છે અને બધુ રાગપર આવી જાય ત્યા સુંધી મામલો કાબુમાં રાખવાની તેને ખાસ ભલામણ કરે છે રાત દહાડાના ઉજાગરા ગણ્યા સિવાય અને પગારની રકમ સામું જોયા સિવાય આવી ઘણી આંધીઓમા અમરસીંગે મીલનુ તંત્ર સ્થિર અને તંદુરસ્ત રાખ્યું છે, અને રાખે છે

અને હવે તો કાયમનો હેડજોબર થઇ જવા માટે શેઠ તેને વારવાર આગ્રહ કરે છે, પણ અમરસીંગ ના કહે છે. તેના લાગતા વળગતાઓ તેના આ વિચિત્ર વલણ માટે જ્યારે જ્યારે તેને પૂછે છે ત્યારે તે આવો જવાબ આપે છે.

"એમા માર નથી, અનેકના ગળે છૂરી મુકવી પડે છે, અનેકના વેરી થઇને ઊંઘ વગર જીવવુ પડે છે, અનેકને ઘેર બેસાડવા પડે છે, ને અનેકની ભલામણોની ઉપેક્ષા કરવી પડે છે. કેટલાના આંસુ લ્હોવા ? ને કેટલાને રડાવવા ? અને બધાથી વધારે ખરાબ તો એ છે કે ઓછામા ઓછી મહેનત કરીને વધારેમા વધારે પૈસા લઇ જવાનું પાપ કરવુ પડે છે. મ્હારે છે તેટલું જ બસ છે- વધારેની જરૂર પડશે ત્યારે જોઇ લેવાશે"

અમરસીંગના આ વલણથી કેટલાક મહીના થયા શેઠે હુકમ કર્યો છે કે તેના ખાતાનો જે પગાર ઉતરે તેમાં રૂપીયા પચાસનો માસિક વધારો આપવો. પણ એટલામા તો શેઠને તે એવી સલાહ આપે છે કે જે હજારનો મેનેજર પણ ભાગ્યે જ આપી શકે

નવા આવનાર પ્રત્યેક વીવીંગ માસ્તરે શરૂઆતમા અમરસીંગને અનુકૂળ બનીને અને

જામી ગયા પછી પણ માનભરી રીતે જ રહેવું પડે છે. નહિ તો કાજી બનાવવામાં, નવા દાગીના મંગાવવામાં, નવા માણસો મૂકવામાં, ખાતામાં જોઈતી કૃત્રિમ ઠંડી અને ગરમીનું પ્રમાણ સાચવવામાં તેને ક્યાં ક્યાં અને કઈ કઈ રીતે છબરડા વાળ્યા છે તે અમરસીંગ મારફતે શેઠ આગળ ખુલ્લું પડી જાય અને અમુક સમય માંજ પાણીચું મળે

ટેકનીકલ સ્કૂલોમાં શાસ્ત્રીય અભ્યાસ કરીને આવેલા દેશી અને ઉપદેશી અમલદારો પણ એના યંત્ર પરના કાબુ પર આફ્રિન પોકારે છે કોઈ પણ ખાતા કરતાં તેના ખાતાનું ઉત્પન્ન પ્રમાણમાં વધારે અને ચોખ્ખું આવે છે આનું કારણ તે હોશિયાર છે એટલું જ નહિ પણ તેના બધા કારીગરો પણ હોશિયાર છે કારણ કે બીજાઓની જેમ તે જુના કારીગરોને રજા આપતો નથી, ને લાંચ લઈને નવા રાખતો પણ નથી. અસલ કારીગરો પાસેથી જ નાનીકુલાવીને વ્યવસ્થિત અને કડક રીતે કામ લે છે ને કોઈપણ વખતે તેમને વધારે પૈસાની જરૂર પડે તો વગર વ્યાજે પોતા તરફથી મળે તેની ગોઠવણ કરીને પઠાણોના પંજામાંથી પણ બચાવી લે છે અને આ રીતે એકજ મીલના એકજ ખાતામાં તે કામ કરતો હોવાને લીધે તેની નોકરી એ તેને મન હવે માત્ર કંટાળાભર્યું રમત બની ગઈ છે

તેના ખાતામાં તો વીવીંગ માસ્તરને જરાય ધ્યાન આપવું પડતું નથી પણ બીજા કોઈ પણ ખાતામાં કોઈ સંચો ગમે તે અટક્યો હોય બધાય મુકરદમો, હેડજોબર અને ખુદ ગોરો સાહેબ પણ પાણી ઉતારીને થાક્યો હોય ને જો તેને બોલાવવામાં આવે તો તે તુરત જાય છે અને ગયો એટલે તો ખલાસ, કાં તો સાંચો તૂટે કાં તો તેની કાયા તૂટે, પણ બરાબર કરે ત્યારે જ જંપે, અને તે આવી રીતે કામ કરતો હોય ત્યારે કેવો લાગે છે!

નીચોવી શકાય તેવા કપડામાંથી બહાર તરી આવતા ગોરા માંસલ અને મજબૂત સ્નાયુઓ, રેતમઢેલ અને કાળા ડાઘા વાળું મ્હોં, કૃત્રિમ હવામાં ફરફરતા વિખરાયેલા વાળ, તીણું, સ્વચ્છ, અને નિશ્ચયાત્મક નિગાહ, સાંચાની ચાંપને ધાર્યા વેગે ચલાવતો ને બંધ કરતો ડાબો હાથ ને જમણા હાથમાં સ્ફૂર્તિથી ફરતી તેની જીવનસંગીની જેવી એક નંબરની ચકચકિત ચાવી જીવનની ધાર્મિક લાગણીમાં અથુધડ ભક્ત જાણે પોતાની પ્રિય પ્રભુમૂર્તિ આગળ પ્રાર્થના કરતાં તદાકાર ન બની ગયો હોય!

ખાતાના કામમાંથી પરવારીને હાથ મ્હોં લૂછતો તે બહાર આવે છે ત્યારે મીલના બધા મજુરો જ્યાં બેસીને ચા પીએ છે તે ગંદા ગીચ અને બીભત્સ વાતાવરણ વાળી હોટેલમાં બેસવા ન જતાં રહીને અમારા રૂમમાં આવે છે અમારા ખાતાનો ઉપરી મને કમને તેને બેસવા જ દે છે અને અમારા રૂમમાં આગમનો તો શણગાર થઈ જાય તે સાવ સ્વાભાવિક છે કારણ કે રોજ તેના ભેજામાંથી એકાદ નવો ટુચકો નીકળવાનો અને નવો રંગ જામવાનો એ નક્કી અને કશું નહિ તો છેવટે ચા પાણી તો ફોગટમાંજ એટલું તો તેઓ જાણતાજ હોય છે અમરસીંગ સંગીત જાણતા નથી ખાનગીમાં અમસ્થો અમસ્થો ગુંજતો પણ નથી છતાંય તે સંગીન પાછળ ઘેલો છે તાજેતરમાં કોઈ ફીલ્મ નીકળી હોય, અને તેમાંનું એકાદું ગાયન તેને ગમ્યું હોય તો તે ગવરાવવાનો આનંદ અમારા જેવા ઉજડ ગામના એરંડાઓ ઠીક પાડે તે વરવર કરે કે પણ અમારી ટુકડી એ બાબતમાં ગુમ્નામીનો લાભ લેતા શીખી ગઈ છે. અને જ્યાં સુધી બધા માણસોને ગાતાં ન આવે ત્યાંસુધી તે એક લીટી કે એક લહેકો પણ સાંભળવા માગતો નથી માનેમાં નાટક અને દરેકનું સંગીત તેના આમોદ પ્રમોદના અનેરાં ધામ છે. સવારના પહોરમાં ગુજરાતી સમાચાર' ખરીદી

પછી ચોથી પડેલા તે સીનેમાની જાહેર ખબરો જોઇયે છે પછી ચોરી ખૂન અને વ્યભિચાર બળાત્કારની વિગતો, પછી મીલ હડતાલના મામલા, અને છેવ્યે મોજમા હોય તો સરદાર પટેલ જેવાનુ ભાષણ વાચે છે ને તેય ટુકુ હોય ત્યારેજ, સાભળવામા પણ તેને તો રોમેન્ટીક શૈલીવિહારી વક્તાજ રીઝવી શકે છે. અને તેથીજ તે સરદાર જેવી ઢબના વકતાઓને સાભળવા અણધાર્યો જાઇ ચડે છે

એક અઠવાડીઆમા શહેરમા જેટલી ફીલમ ચાલતી હોય તે બધીજ લગભગ તે જોઇને છે અનિવાર્ય સન્જેગોમા ધાર્યો નથી જઇ શકતો ત્યારે દરરોજની ત્રણ ત્રણ ફીલમ જોઇ લે છે, થીએટર પર જતા મોડુ થઇ ગયુ હોય અને ટિકીટ બધ થઇ ગઇ હોય ત્યારે તે નિરાશ થઇને પછો ફરતો નથી—એવે સમે તે બીજાની ટિકીટનુ મ્હો માગ્યુ મૂલ આપીને ખરીદી લેઉ, ને જોઇનેજ પાછો ફરે છે

કોઈપણ નવુ નાટક રગભૂમિ પર રજુ થવાનુ હોય ત્યારે તના પ્હેલા ખેલમા તે જાય ત્યારેજ જપે છે આમ કરવા જતા ઘણીવાર તેણે એક એક ટિકિટના પચાસ પચાસ રૂપીઆ ખરચ્યા છે, અને જો તે ગમ્યુ તો વારવાર જવાનો જ પણ જ્યારે ફરીથી જોવા જાય છે ત્યારે અમુક સીન કે અમુક ગાયન જેના પર તે આફ્રીન હોય તેટલુ જ જુએ છે અને બાકીનો મમય હોટેલ પર લહેર કરે છે

અમરસીગ ચાર સરખા જુવાનોની વચ્ચે બેઠો હોય છે ત્યારે ગાતા નથી આવડતુ તોય ઘણીવાર આકસ્મિક રગ જમવે છે ચાનો પ્યાલો મ્હોએ માડે કે ન લલકાર છે

'પદમણી રીઝવે પીયુને પી લ્યો રાજકુમાર'

સાવગીગા તો ઘણીવાર એની મણી થઇ જાય છે

નદી કિનારે શીમળો ને
ભુડા કયા ના ઉગ્યો તુ દૂર !
મારૂ જોબન તારા ફૂલડા
વ્હેતા જાયે વણમૂલ !

*   *   *

મે માર્યો હોય તો હુ મરૂ
નહિ તો મરજો ભાભી તારો વીર,
ડાબી તે આખને ફરકડે
કોઇ કાગી પડયો જ ફકીર !

મા ગણીગાને મળવા સદૈવ ત શ્રીનો વેશ સજે છે તે તેના રજપુત ખમીરને નથી ગમતુ એટલે તે પાનને તે ખૂબ ધિક્કારે છે અને આવા ઘણા દોહરા, એ પાઇ લાગણી ને કહેતો તેના મગજમાં પડ્યા છે અને સામાન્ય વાતચીતમા પણ ખરે પ્રસગે સચોટ ઉપયોગ કરીને રગ જમાવવાના ગુણ ખાટી જાય છે ચાન્ણોને નોતરવાની ને તેમનો સમપૂર્વક લાભ લેવાની વ શપર પગની પ્રણાલી તેણે હજીય માચવી રાખી કે તનુ જ આ પરિણામ છે

મહાસભાના કોઇ કાર્યક્રમને અગે ખાદી ખપાવવાની હોય અથવા ચૂટણી જગમા મહાસભાના ઉમેદવારો માટે પ્રચાર કરવાનો હોય ત્યારે તેની મદદ તેની લાગવગને પરિણામે ઘણી અગત્યની થઇ પડે છે, પણ એટલુ ખરુ કે તેને 'મોગી ભા' કરવો જ પડે

ચા પાનનો ઉપયોગ તે વારવાર કરે છે ને મારોય નિયમ બીડીઓ ટુકે ઉ પણ એ વખત જમ્યા પછી અને ઉઘને સુતી વેળાએ તો તેને હાથી છાપ સીગરેટ જોઈએજ

અમરસીંગ બહુ થોડુ ભણ્યો છે પણ ઠીકઠીક વાચી શકે છે શિષ્ટ સાહિત્યની કલાત્મક કૃતિઓ

જામી ગયા પછી પણ માનભરી રીતે જ રહેવું પડે છે, નહિ તો કાચ બનાવવામાં, નવા દાગીના મગાવવામાં, નવા માણસો મૂકવામાં, ખાતામાં જોઈતી કૃત્રિમ ઠંડી અને ગરમીનું પ્રમાણ સાચવવામાં તેને ક્યાં ક્યાં અને કઈ કઈ રીતે છબરડા વાળ્યા છે તે અમલદાર મારફતે શેઠ આગળ ખુલ્લું પડી જાય અને અમુક સમય બાદ પાણીચું મળે.

ટેકનીકલ સ્કૂલોમાં શાસ્ત્રીય અભ્યાસ કરીને આવેલા દેશી અને પરદેશી અમલદારો પણ એના યંત્ર પરના કાબુ પર આફરીન પોકારે છે. કોઈ પણ ખાતા કરતાં તેના ખાતાનું ઉત્પન્ન પ્રમાણમાં વધારે અને ચોકખું આવે છે. આનું કારણ તે હોશિયાર છે એટલું જ નહિ પણ તેના બધા કારીગરો પણ હોશિયાર છે, કારણ કે બીજાઓની જેમ તે જુના કારીગરોને રજા આપતો નથી, ને લાંચ લઈને નવા રાખતો પણ નથી. અસલ કારીગરો પાસેથી જ [illegible] ફુલાવીને વ્યવસ્થિત અને ઠાવકી રીતે કામ લે છે. ને કોઈપણ વખતે તેમને વધારે પૈસાની જરૂર પડે તો વગર માગ્યે પોતા તરફથી [illegible] ગોઠવણ કરીને પગારોના [illegible]માંથી પણ [illegible] લે છે અને આ રીતે એકજ ભાવના એકજ ખાતામાં ને કામ કરતો હોવાને લીધે તેની નોકરી એ તેને મન હવે માત્ર કામની રમત બની ગઈ છે.

તેના ખાતામાં તો [illegible] માસ્તરને જરાય ધ્યાન આપવું પડતું નથી. પણ બીજા કોઈ પણ ખાતામાં કોઈ સવાલ [illegible] થયો હોય [illegible], મુકરદમો, ડે. જોબર અને ખુદ ગોરો સાહેબ પણ પાણી ઉતરીને થાક્યો હોય ને જો તેને બોલાવવામાં આવે તો તે તુરત જાય છે અને ગયો એટલે તો ખલાસ, કાં તો સાચો [illegible] કાં તો તેની [illegible] પણ [illegible] કરે ત્યારે જ જંપે અને [illegible] તે આથી રીતે કામ કરતો હોય ત્યારે કેવો લાગે છે!

નીચેની [illegible] તેવા [illegible]માંથી બહાર તરી આવતા ગોરા માંસલ અને મજબૂત સ્નાયુઓ, [illegible] અને કાળા બધા વાળ, મ્હોં [illegible] કૃત્રિમ હવામાં ફરફરતા વિખરાયેલા વાળ, તીણી સ્વસ્થ અને નિશ્ચયાત્મક નિગાહ, મોંમાંની ચલમને ધીમી વેગે ચઢાવતો ને બંધ કરેલો ડાબો હાથ ને જમણા હાથમાં સ્ફૂર્તિથી ફરતી તેની [illegible] જેવી એક નંબરની ચકચકિત ચાવી [illegible] બાબતોમાં [illegible] જાણે પોતાની પ્રિય પ્રભુમૂર્તિ આગળ પ્રાર્થના કરતાં તદાકાર ન બની ગયો હોય!

ખાતાના કામમાંથી પરવારીને હાથ મોં લૂછતો તે બહાર આવે છે ત્યારે મીલના બધા મજુરો જ્યાં બેસીને ચા પીએ છે તે ગંદા ગીચ અને બીભત્સ વાતાવરણવાળી હોટેલમાં બેસવા ન જતા [illegible] અમારા રૂમમાં આવે છે. અમારા ખાતાનો ઉપરી મને કમને તેને બેસવા જ દે છે અને અમારા રૂમવાળા માણસો તો [illegible] જાય તે તદ્દન સ્વાભાવિક છે કારણ કે રોજ તેના [illegible]માંથી એકાદ નવો ટુચકો નીકળવાનો અને નવો રંગ જામવાનો એ નક્કી. અને કશું નહિ તો [illegible] આ [illegible] તો [illegible] તે તેઓ [illegible] છે. [illegible] જાણતા નથી. ખાનગીમાં અમારો [illegible] પણ [illegible] તે સંગીત [illegible] છે. તાજેતરમાં કોઈ ફિલ્મ જોઈ હોય અને તેનું એકાદું ગાયન તેને ગમ્યું હોય તો તે [illegible]. [illegible] જેવા [illegible] ગામના [illegible] પણ અમારી [illegible] આ મજૂરજાતિનો [illegible] અને [illegible] માણસો [illegible] ત્યાંસુધી [illegible] કે એક [illegible] પણ [illegible] તેના [illegible] સંગીત તેના [illegible] ગુજરાતી [illegible]

પછી સૌથી પહેલાં તે સીનેમાની જાહેર ખબરો જોઇલે છે. પછી ચોરી ખૂન અને વ્યભિચાર બળાત્કારની વિગતો, પછી મીલ હડતાલના મામલા, અને છેલ્લે મોજમાં હોય તો સરદાર પટેલ જેવાનું ભાષણ વાંચે છે. ને તેય ટુંકું હોય ત્યારેજ, સાંભળવામાં પણ તેને તો રોમેન્ટીક શેલીવિહારી વકતાજ રીઝવી શકે છે. અને તેથીજ તે સરદાર જેવા ઢબના વકતાઓને સાંભળવા અણધાર્યો જઇ ચડે છે.

એક અઠવાડીઆમાં શહેરમાં જેટલી ફીલમ ચાલતી હોય તે બધીજ લગભગ તે જોઇલે છે. અનિવાર્ય સંજોગોમાં ધાર્યો નથી જઇ શકતો ત્યારે દરરોજની ત્રણ ત્રણ ફીલમ જોઇ લે છે, થીએટર પર જતાં મોડું થઇ ગયું હોય અને ટિકીટ બંધ થઇ ગઇ હોય ત્યારે તે નિરાશ થઇને પાછો ફરતો નથી—એવે સમે તે બીજાની ટિકીટનું મ્હોં માગ્યું મૂલ આપીને ખરીદી લેછે, ને જોઇનેજ પાછો ફરે છે.

કોઇપણ નવું નાટક રંગભૂમિ પર રજુ થવાનું હોય ત્યારે તેના પહેલા ખેલમાં તે જાય ત્યારેજ જંપે છે. આમ કરવા જતાં ઘણીવાર તેણે એક એક ટિકિટના પચાસ પચાસ રૂપીઆ ખરચ્યા છે, અને જો તે ગમ્યું તો વારંવાર જવાનો જ. પણ જ્યારે ફરીથી જોવા જાય છે ત્યારે અમુક સીન કે અમુક ગાયન જેના પર તે આફ્રીન હોય તેટલું જ જુએ છે. અને બાકીનો સમય હોટેલ પર લહેર કરે છે.

અમરસીંગ ચાર સરખા જુવાનોની વચ્ચે બેઠો હોય છે ત્યારે ગાતાં નથી આવડતું તોય ઘણીવાર આકસ્મિક રંગ જમવે છે. ચાનો પ્યાલો મ્હોંએ માંડે છે ને લલકારે છે

'પદમણી રીઝવે પીયુને પી લ્યો રાજકુમાર'

માવજીંગા તો ઘણીવાર એની સખી થઇ જાય છે.

નદી કિનારે શામળો ને
ભુંડા કયાં ના ઉગ્યો તું દૂર!
મારૂં જોબન તારાં ફૂલડાં
વ્હેતાં જાયે વણમૂલ!

* * *

મેં માર્યો હોય તો હું મરૂં
નહિ તો મરજો ભાભી તારો વીર,
ડાબી તે આંખને ફરૂકડે
કાંઇ ફાટી પડયો જ ફકીર!

સાવજીંગાને મળવા સદેવંત શ્રીનો વેશ સજે છે તે તેના રજપુત ખમીરને નથી ગમતું એટલે તે પાત્રને તે ખૂબ ધિક્કારે છે અને આવાં ઘણાં દોહરા, ચોપાઇ, લાવણી ને કહેવતો તેના મગજમાં પડ્યાં છે. અને સામાન્ય વાતચીતમાં પણ ખરે પ્રસંગે સચોટ ઉપયોગ કરીને રંગ જમાવવાના ગુણ ખાટી જાય છે ચારણોને નોતરવાની ને તેમનો રસપૂર્વક લાભ લેવાની વંશપરંપરાની પ્રણાલી તેણે હજુય સાચવી રાખી છે તનું જ આ પરિણામ છે

મહાસભાના કોઇ કાર્યક્રમને અંગે ખાદી ખપાવવાની હોય, અથવા ચૂંટણી જંગમાં મહાસભાના ઉમેદવારો માટે પ્રચાર કરવાનો હોય ત્યારે તેની મદદ તેની લાગવગને પરિણામે ઘણી અગત્યની થઇ પડે છે, પણ એટલું ખરૂં કે તેને 'મોટા ભા' કરવો જ પડે.

ચા પાનનો ઉપયોગ તે વારંવાર કરે છે ને સારોય દિવસ બીડીઓ ફુંકે છે પણ બે વખત જમ્યા પછી અને છેલ્લે સૂતી વેળાએ તો તેને હાથી છાપ શીગરેટ જોઇએ જ.

અમરસીંગ બહુ થોડું ભણ્યો છે. પણ ઠીકઠીક વાંચી શકે છે. શિષ્ટ સાહિત્યની કલાત્મક કૃતિઓ

તેની પાસે બેસીને સમજાવવામાં આવે છે ત્યારે તે રસ લઈ શકે છે પણ એ વર્ગમાંના સાહિત્ય માંથી તેને સ્વયંભૂ આનંદ તો મેઘાણીનાં પુસ્તકો માંથી જ મળે છે મેઘાણીની સૃષ્ટિ એ તેની પવિત્રમાં પવિત્ર અને ઉન્નતમાં ઉન્નત સૃષ્ટિ છે

શત્રુના જ આંગણામાં શત્રુના બાપ પાછળ મુક્ત હૈયે રુદન કરતા જોગીદાસ જીવનમેર મેહાર ને ભેટવા કાંધાબડાની જમીનગીરી ઉપર સિન્ધુ જેવા મહાનદને કાપ્યા ધીરનારી સુહિણી, લેચો થઈને નીકળી પડતાં આંતરડાને ભેટથી તાણી બાંધીને સ્વાર્પણ સાચવનાર હીપો ખુમાણ અને મેઘાણીની સરાણે ચઢેલા આવા આવા અનેક સોરઠી રત્નો તેનાં સ્મૃતિભંડારમાં ઝગમગે છે પાર ન ર મુઠીએ મુઠીએ બહાર કાઢે છે, રસ લુંટે છે અને લુંટાવે છે!

અમરસીંગ હિંદી કરતા હિન્દુ વધારે છે વર્ષો થયા મુસલમાનો સાથે ભાઈચારાથી કામ કરતો હોવા છતાંય કોણ જાણે કેમ તેના અંતરનો આ કાંટો હજીય ઓગળ્યો નથી પ્રત્યેક મુસલમાન તેને મન જીવતા જાગતા તૈમુર જંગીસખાન, ઘોરી, ગીઝની, અને અલાઉદ્દીન ખૂની બની જાય છે પણ તે ભાવો ભાગ્યે જ તેની મુખરેખાઓ દ્વારા વર્તી શકાય છે,

'પગમાર બૂટ હાઉસ' અને રંડોડ ટેનરીંગ વર્કસ' ના પાટીઆ વાંચીને તે સળગી જાય છે રાણાપ્રતાપ અને છત્રપતિ શિવાજી તેના આરાધ્ય દેવ છે પણ પૃથ્વીરાજ ચૌહાણ અને કરણઘેલા ની વાત કરતા એનું હૈયું હાથ નથી રહેતું અને ખૂબ લાગણી વશ થઈને બેને જ દિલ્હી અને પાટણની ગાદીઓને છેલ્લા દીપાવનારા કે ડુબાડનારા આ બે રાજપૂત રાજવીઓ વિશે તે જ્યારે વાત કરે છે ત્યારે તે બે વ્યક્તિઓ કેવળ ઐતિહાસિક પાત્રો મટી જાય છે અને તેનાં હૈયામાં નવેનવ રસનું સિંચન કરનારા મહાદેવ બની રહે છે

●

મહાત્મા

અનુષ્ટુપ

મેઘાડંબરના જેવા જન જ્યાં ત્યાં જડે જગે
નીલાકાશ સમું શીલ વિરલા આત્મમાં ઝગે

પૂજાલાલ

રામુનું ઘર

શ્રી. 'ક્ષ'

'બા, પેલો શેઠ તને શું કામ વઢતો હતો?'

'બેટા! ભાડું ચઢી ગયું છે માટે.'

'ભાડું શું, બા?'

'બેટા! આ ઘર એનું છે એમાં રહેવા માટે આપણે એને પૈસા આપવા જોઇએ.'

'શું આ ઘર એનુ છે? ત્યારે આપણું ઘર ક્યાં, બા?'

'બેટા! આપણું ઘર હતું. હવે નથી.'

'ક્યાં ગયુ? કહેને, બા.'

'હવે વાત ન કર સૂઇ જા ભાઇ, નહિ તો પાછો તાવ ચઢી આવશે.' એમ કહી આંખો લૂછતી માતાએ દસ વર્ષના, તાવથી પીડાતા, છોકરાને પંપાળવા માંડયો. છોકરો પણ માતાનું દર્દ સમજ્યો હોય તેમ સૂઈ ગયો.

છેલ્લા આઠ દિવસ થયાં રામુ તાવમાં સપડાયો હતો. એની મા —ગોમતી—એક આટાની મીલમાં કામ કરતી હતી. મહિને દહાડે પંદરેક રૂપિયા કમાઇ તે પોતાનું અને છોકરાનું પેટ ભરતી. અચાનક આવેલી આ માંદગીના ખર્ચમાં તે ભાડું વખતસર દઇ ન શકી તેથી મહેતાએ તકાદો કરવા માંડયો હતો. સૂતાં સૂતાં છોકરાએ પોતાની મા અને મહેતા વચ્ચે ચાલેલો સંવાદ સાંભળ્યો હતો, બીજું તો એ સમજ્યો નહોતો પણ એટલું તો એ સમજ્યો હતો કે એની માને મહેતો વઢતો હતો. 'આ ઘર આપણું નથી' એ વાતે એને ગમગીન બનાવી મૂકયો હતો.

તાવ ઉતર્યા પછી એક દિવસ સાંજે વાળુ કરી મા દીકરો વાતો કરતા બેઠા હતા. રામુ માંદગીમાંથી ઉઠયા પછી માત્ર એક જ પ્રશ્ન એની માને પૂછતો. 'આપણું ઘર ક્યાં, બા?' બા મૂંગી બની જતી અને

તુરતમાં મળેલા સમાચારો આવે છે પરંતુ ગાંધીજીના નિવેદન ઉપર એની મહોર ન લાગે ત્યાં સુધી એના વિષે કંઈ ઉચ્ચારી શકાય એમ નથી.

એક વાત નક્કી છે. દિલ્હીમાં ઠરાવ થયો ત્યારથી ગાંધીજીએ જે ઠરાવને સ્પષ્ટ કરતાં જેટલાં નિવેદનો કર્યાં તેમાં એક વાત તો ફરીફરીને એક યા બીજા રૂપમાં આવ્યા જ કરી છે કે મહાસભા પ્રધાનપદ લેવા ઇચ્છે છે પણ બંધારણને સફળ બનાવવા માટે નહિ પરંતુ આ બંધારણ દ્વારા થઈ શકે તેટલું પ્રજાહિત કરવા અને રાષ્ટ્રની—મહાસભાની તાકાત વધારવા—જે તાકાત એ બંધારણને અને ગુલામીને ફગાવી દઈ શકે. આ વસ્તુ પ્રાપ્ત કરવા માટે જ ગવર્નર પાસેથી 'ગુડ બિહેવિયરના કરાર' રૂપે ખાત્રી માગવાનો મુદ્દો અનિવાર્ય બન્યો હતો. બંધારણમાંથી ઉપસ્થિત થતી એકેએક વસ્તુનો ઉપયોગ ગવર્નરની દખલ વિના થઈ શકે, એમ હોય તો જ પ્રધાનપદનો અર્થ સરે, નહિ તો ત્યાં ગયા પછી વહેલી તકે પાછા આવવાનું જ બને. ઉપરાંત આવી ખાત્રી માગતાં સરકારી દાનત પણ વધુ ચોખ્ખી થાય. જો મહાસમિતિના ઠરાવનો આ મર્મ હોય તો ગાંધીજીનું છેલ્લું નિવેદન એથી વિરુદ્ધ જતું નથી. છેલ્લા બે ત્રણ મહિનાના ગાંધીજીના નિવેદનોએ જરાયે સંકોચ અનુભવ્યા વિના સાફસાફ જણાવ્યું છે કે મહાસભા પૂર્ણસ્વરાજ માગે છે એ પૂર્ણસ્વરાજ હાંસલ કરવા માટેની પોતાની લડતના એક અંગ તરીકે જ ધારાસભાને સ્વીકારે છે. ગાંધીજીના જ શબ્દોમાં કહીએ તો એ સરકારના હાથમાંથી સત્તા પ્રજાના હાથમાં સોંપવા માગે છે. ગાંધીજીના આવા નિવેદન પછી ગાંધીજી આજે સમાધાન અને સહકાર માટે મહાસમિતિના ઠરાવના ભોગે પણ મથી રહ્યા છે એવો અર્થ ન ઉઠવો જોઈએ. ગાંધીજીનું છેલ્લું નિવેદન એ સ્વતંત્ર નિવેદન નથી પણ ઉની થએલી ઊની પરિસ્થિતિનો પરિપાક છે. મહાસમિતિના ઠરાવને સ્પષ્ટ કરતાં જ્યારે કાર્યવાહક સમિતિએ પણ કહ્યું કે આ પત્રનો અર્થ એવો નથી થતો કે પ્રધાનોને બરતરફ કરવાની સત્તા ગવર્નરો ન વાપરી શકે ત્યારે આ પ્રશ્ન અંગેની આખી ચર્ચા 'બરતરફી' ઉપર કેંદ્રિત થઈ ગઈ. સરકારી સૂત્રધારોએ અને બંધારણશાસ્ત્રીઓએ આ ઉપર પોતાનાં ભેજાં અજમાવવા માંડ્યાં. ધીમે ધીમે એવું જાહેર થવા લાગ્યું કે 'મહાસભાપક્ષને કોઈ તત્ત્વનો આગ્રહ નથી પણ પ્રતિષ્ઠાનો સવાલ આડો આવે છે. ગવર્નર ઉપર બરતરફીનો ભાર ન મૂકવો જોઈએ.' જ્યારે હકીકત એ [illegible] જુદી જ હતી. મહાસભા તત્ત્વ માટે જ લડી રહી હતી. ગાંધીજીએ સ્પષ્ટ કર્યું હતું કે 'હું તો ખાત્રી એટલા માટે માગું છું કે પ્રધાનોની સલાહની અવગણના કરતાં ગવર્નરને પચાસ વખત વિચાર કરવો પડે, અને એ પછી પણ એ પ્રધાનોને અનુકૂળ ન થઈ શકે તો પ્રધાનોને દૂર કરવાની અને એ રીતે બંધારણને જોખમમાં મૂકવાની જવાબદારી પોતાને શિરે લે.' આ મૂળ અર્થની રક્ષા માટે જ ગાંધીજીએ પોતાના છેલ્લા નિવેદનમાં બરતરફીનો આગ્રહ છોડ્યો છે અને એવી સ્થિતિ ઊભી થાય ત્યારે ગવર્નરે પ્રધાનો પાસે રાજીનામાં માગવાં એવી માગણી કરી છે. આ માગણી મહાસમિતિના કે કાર્યવાહક સમિતિના ઠરાવના શબ્દાર્થમાંથી નીકળતી હોય એમ અમને નથી લાગતું અને એથી જ ગાંધીજીએ એ અંગત રીતે જ રજુ કરી છે પણ એ માગણી મહાસમિતિના ઠરાવથી અસંગત છે એમ અમે નથી માનતા. ઠરાવના ભાવાર્થમાં આ માગણીનો સમાવેશ થઈ જ શકે.

પરંતુ લોર્ડ ઝેટલેન્ડે આ માગણીને પણ એ જ સુંવાળપથી ઠોકર મારી છે. એટલું જ નહિ પણ પોતાના એક ભાષણમાં બોલે છે કે 'બંધારણને

તોડી નાખવાના ફૈઝપુરના નિરધારમાં હજી મહાસભાએ ફેરફાર કર્યો નથી ' લોર્ડ ઝેટલેન્ડની વાત સાચી છે. એ નિરધારમા ફેરફાર થયો નથી અને કદી થવાનો પણ નથી ગાંધીજીનુ નિવેદન અંશમાત્ર ફેરફાર સૂચવતું નથી. મહાસભામા ઘણા મતભેદો છે. પ્રધાનપદ અંગેના મતભેદો અતિ તિવ્ર છે પણ આ બંધારણને ફગાવી દેવા વિષે તો એક મત જ છે એ મત કોઇ દિવસ ફરે એમ નથી આવા ગુલામી બંધારણોના અંત માટે જ મહાસભાની હસ્તી છે લોર્ડ ઝેટલેન્ડના છેલ્લા ભાષણો ઉપર ગાંધીજીએ હાલને તબક્કે નિવેદન કરવાની ના પાડી છે પણ એમાં એમણે તનવારનો ખખડાટ વધુ ઉગ્ર રૂપે સાભળ્યો હશે એમા અમને શંકા નથી ગાંધીજીની આ છેલ્લી માગણીને કાર્યવાહક સમિતિ પોતાની મહોર મારશે કે કેમ એ આજે સવાલ છે અમને લાગે છે કે મહોર મારશે જ એ માગણીને નકારીને સરકાર પોતાની સત્તાનુ વિકરાળ પ્રદર્શન કરીને કરાવશે જે પ્રદર્શન આપણા માહેના નરમમા નરમ માણસના અંતરમા તણખો ચાંપશે અને ઉપરથી શાંત લાગતી આજની હવા બદલાઈ જશે એ દિવસ દૂર કરવાની મહાસભાની મનોવૃત્તિ આજે દેખાય છે પણ એ દિવસ તુરતમા જ આવશે, સરકાર જ લાવશે અમને લાગે છે કે આપણા માટે એ દિવસ અશુભ નહિ હોય સરકાર માટે કેવો હશે તે તો એજ જાણે

અમને એ ભીતી નથી ;

ગાંધીજીના છેલ્લા નિવેદનમા ડૉ. પટ્ટાભી સિતારામૈયાએ એક ભીષણ આગાહી વાચી છે. બ્રિટન અને હિંદ વચ્ચેનું જોગ ટાળવા જરૂર પડશે તો ગાંધીજી પોતાના પ્રાણની પણ આહુતિ આપશે એવા અર્થના નિવેદનમા ગોળ મેજીમા હરિજનો માટે ઉચ્ચારેના શબ્દોના ભણકારા જરૂર વાગે છે અને એના પરિણામ રૂપે યરવડાના ઉપવાસ પણ તાજા થાય છે, પરંતુ આ પ્રશ્નમા એવું બને એમ નથી લાગતુ. બંને પ્રજાઓ વચ્ચે વેરઝેરના મયોગો જ નથી બ્રિટન તરફથી અવશ્ય ઝેર જ વરસે છે જ્યારે હિંદ તરફથી, એનું યુદ્ધ અહિંસક હોવાના કારણે આત્મબલિદાન જ આપ્યા કરે છે છેલ્લા અઢાર વર્ષો થયા ગાંધીજીએ આ દેશને જે મંત્ર આપ્યો છે તે હવે નવીન નથી રહ્યો, એની શક્તિનો પણ દેશને પરીચય થઇ ગયો છે અહિંસક યુદ્ધનો આ માર્ગ હિંદ જે દિવસે છોડશે તે દિવસે ગાંધીજીને જીવવું ભારે થઇ પડશે એમ એ અનેક વખત કહે છે, પણ એવી સંભાવના દેખાતી નથી છેલ્લા અઢાર વર્ષનો ઇતિહાસ અને રાષ્ટ્રિય ઉત્થાન ન સમજી શકે એવા માણસો બહુ જુજ છે એટલે ડૉ. પટ્ટાભી જેવી ભીતી અમને નથી. અમને તો એમ લાગે છે કે પ્રતિપક્ષીના પશુબળના વારવાર દર્શન કરીને ગાંધીજી અકળાય અને આખા દેશને ધાર્યા સમય કરતા વહેલા રાષ્ટ્રયજ્ઞમા ઉતારે અનબત, જ્યા ગાંધીજી હોય ત્યા અહિંસા જ હોય, આત્મબલિદાન જ હોય, એટલે એ યજ્ઞમાં જાતે જ હોમાવાનું હોય

કોટાપટ્ટમનો પ્રતિબંધ :

કોટાપટ્ટમની ગ્રીષ્મશાળા ઉપર સરકારે પ્રતિબંધ મૂક્યો. કેટલાકને પકડયા ને લાઠીમાર ચલાવ્યો. આન્ધ્ર યુનીવર્સીટીની લાયબ્રેરીમા સમાજવાદી સાહિત્ય લવવાની મનાઈ ફરમાવી આ બધા બનાવો પરદેશી સત્તાના દમનનો ખ્યાલ આપે જ છે, પણ સાથે સાથે મૂર્ખાઈનુ પ્રદર્શન પણ કરે છે. આ રીતે આ દેશમાંથી નવા વિચારોની,—ભલે સામ્યવાદના—જડ ઉખેડી શકાશે ? આ રીતે તો એવુ સાહિત્ય વાચવા તરફ અને એવુ જ્ઞાન પ્રાપ્ત કરવા તરફ વિદ્યાર્થીઓનુ લક્ષ વધુ ખેંચાશે. જે પ્રવૃત્તિ ગેરકાયદેસર નથી તે અટકાવવામા સત્તાની ઘેલછા સિવાય અમને બીજુ કશુ નથી લાગતુ. જો ત્યા રાજદ્રોહ કે સામ્યવાદ શિખવાતો હોય તો સરકાર પોતાની કોર્ટમા એમને ખડા કરે ને ! શુદ્ધ વિચારો અને ઇતિહાસના શિક્ષણને પણ સરકાર રોકશે ? અને એમ કરીને ક્રાંતિને દૂર ઠેલી શકશે ? આ દેશમા એવા લાખ્ખો પુસ્તકો છે, જેમાના ઘણા તો અંગ્રેજ લેખકોએ જ લખ્યાં છે, જે કાયદેસર પણ છે તેને સરકાર શી રીતે અટકાવશે ? પોતાની હકુમત નીચે આવતી શાળા કૉલેજો ફરતી ભલેને કિલ્લેબંદી રચી દે પણ જે નવો વાયુ છે તે ખાળી શકાવાનો હતો ? એ વાયુનું ઉદ્‌ભવસ્થાન ઇતિહાસ, સામ્યવાદ કે રાજદ્રોહના પુસ્તકો નથી, પણ હિંદની કારમી ગુલામી અને ભયાનક ગરીબી જ છે, સરકાર જો

એ વાયુને પલટવા માગતી હોય તો એણે આવા પ્રતિબંધોના નિષ્ફળ પ્રયત્નો છોડી પ્રજાકલ્યાણના સાચા માર્ગો જ લેવા જોઇએ, પણ તલવાર ઉપર મુસ્તાક રહેનાર કોઇ સત્તાધારીને પોતાના અંત સુધી સાચા માર્ગો સૂઝતા જ નથી. આપણી સરકારના ભાગ્યમાં એ કરતાં જુદું હોય એમ અત્યારે તો નથી લાગતું.

મુંબઇનું હુલ્લડ :

મુંબઇમાં હુલ્લડ થવાના સમાચારો જે દિવસે છાપામાં આવ્યા તે દિવસે દેશના લાખો માણસોએ ધ્રુજારી અનુભવી હશે. લગભગ સૌને આગલા હુલ્લડોના બીહામણા અને કરુણ પ્રસંગો તાજા થયા હશે. સદ્‌ભાગ્યે એ હુલ્લડ થતાં જ શમી ગયું છે, એની નોંધની પણ જરૂર ન હોય. પરંતુ આ હુલ્લડે એક રહસ્યને સ્પષ્ટ કર્યું કે દરેક હુલ્લડને કોમી હુલ્લડ ન માની લ્યો, આ તો હિંદુ ગુંડાઓ અને મુસલમાન ગુંડાઓ વચ્ચેનું હુલ્લડ હતું. હિંદુ અને મુસલમાનનો પ્રશ્ન આ દેશમાં એટલો બધો નાજુક બની ગયો છે કે કોઇ હિંદુ અને કોઇ મુસલમાન વચ્ચેના સામાન્ય ઝગડાને પણ કોમી રૂપ મળી જાય છે. આજે જ્યારે મહાસભાએ મુસ્લીમ સંપર્કના વિશાળ યોજના અમલમાં મૂકી છે ત્યારે તો આપણે વધારે જાગૃત રહેવું જોઇએ અને હિંદુ-મુસ્લીમો વચ્ચે વિખવાદ થાય એવા બધા પ્રસંગોને ટાળવા જોઇએ.

ચારિત્ર્યનો પુરાવો :

મદ્રાસની સ્કાઉટ હિલચાલના પ્રાંતિક મંત્રીને હમણાં એક સુવર્ણ ચંદ્રક ભેટ મોકલવામાં આવ્યો હતો. પ્રાંતિક મંત્રી શ્રી. સત્યમૂર્તિએ એ ભેટને પાછી મોકલી આપી બેડન પોવેલને ખાત્રી કરાવી આપી કે આપ માનો છો તેમ હિંદીઓમાં ચારિત્ર્યનો અભાવ નથી. આવી જ ખાત્રી બીજા સ્થળેથી પણ મળવા માંડી છે, પરંતુ સ્કાઉટ હિલચાલને સ્થાને હિંદી સેવાદળની સ્થાપના નહિ થાય ત્યાં સુધી લોર્ડ બેડન પોવેલને પાકો પુરાવો નહિ મળે અને ત્યાં સુધી પોતાના ઉચ્ચારેલા વચનોને એ પાછા ગણવા પણ તૈયાર નહિ થાય. એમને પાકો પુરાવો જલદી મળે એવી આપણે આશા રાખીએ.

હરિપુરામાં મહાસભા :

મહાસભાને પોતાને આંગણે બોલાવવા માટે ભાગ્યે જ કોઈ પ્રાંતમાં આટલી સ્પર્ધા જામી હશે. ગુજરાતની મહાસભા અપૂર્વ થશે એમાં શંકા નથી. પણ એની અપૂર્વતા પહેલા દિવસથી જ શરૂ થઇ જશે એમ નહોતું લાગતું. ભરૂચ, બેડા ને સુરત વચ્ચેની હરિફાઇ કેટલો આનંદ આપનારી હતી! રાસના પાયમાલ થએલા ખેડૂતો પોતાની રહી સહી જમીનો, ઘરબાર ને માલમત્તા મહાસભાને ચરણે ધરવા તૈયાર થયા એ સાચે જ ગર્વનો વિષય છે. ઘણી તપાસને અંતે, જ્યાં સ્વરાજ-પ્રાપ્તિના સત્યાગ્રહનું બીજારોપણ થયું એ બારડોલી તાલુકાને જ પસંદગી મળી ગાંધીજીએ રાસની પાસે શક્તિશાળીને શોભે એવો તંબુ રાખ્યો અને હરિપુરાની મહાસભાને સફળ બનાવવાની જવાબદારી આખા ગુજરાતની છે એમ જણાવ્યું. હરિપુરાની મહાસભાના રંગો કેવા હશે તે, નિત્ય પલટાતા જતા આજના રાજકારણમાં ન કહી શકાય પણ એની રચનાત્મક બાજુ બળવાન હશે એમ તો લાગે જ છે. ગુજરાત પોતાની ..., વ્યવસ્થા, આતિથ્યપ્રેમ અને ... ત્યાં જરૂર બતાવશે.

ગાંધી સેવા સંઘ :

હમણાંમાં 'ગાંધી સેવા સંઘ'ના વાર્ષિક સંમેલનને ઠીક ઠીક સમય થઇ ગયો પણ આ વખતે ત્યાં જે ચર્ચાઓ થઇ, ઠરાવો થયા, ગાંધીજી અને કિશોરલાલભાઇના ભાષણો થયા તે દરેક હિંદીએ જાણવા જેવા છે. ધારાસભા પ્રવેશ અંગેના, સૌથી ચર્ચાત્મક પ્રશ્ન અંગે ત્યાં જે બન્યું તે ગાંધીજીની રાજકીયદૃષ્ટિ, સાચું કહીએ તો જીવનદૃષ્ટિ જાણવા ... ખૂબ ઉપયોગી થઇ પડશે. જેને જાણવા હોય તેણે 'હરિજનબંધુ'માં આવેલા એ ભાષણો વાંચી લેવા જોઇએ. 'ગાંધી સેવા સંઘ'ની એટલી મહત્તા થયા જ એને એ 'ભાગ્યશ' એવું કહેવું પણ નિરૂપયોગી મનાય.

રાષ્ટ્રપતિનો પ્રવાસ :

રાષ્ટ્રપતિનું આસન લીધા પછી આખા દેશની પરીક્રમા કરવી જોઈએ એવું નબળા શરીરના રાજેન્દ્રબાબુએ ઠરાવ્યું. પરંતુ છેતાલીસમે વર્ષે પણ આપણા મનમાં પચીસ ત્રીસ વર્ષના જુવાન લાગતા હોય એવા રાષ્ટ્રપતિ જવાહરલાલે તો હિંદના સીમાડાઓ પણ ઘૂમવા માંડ્યા. બર્મા, મલાયા, સીંગાપોર આદિ સ્થળોએ ઘૂમી એમણે હિંદની લડતનો મર્મ સમજાવ્યો અને બધી જ પીડિત પ્રજાઓનો રોગ એક છે અને એનો ઉપચાર પણ એક છે એવી ઘોષણા કરી. જ્યાં લગી પૃથ્વીના પટ ઉપર સામ્રાજ્યની હસ્તી છે ત્યાં સુધી જગતશાંતિની આશા મિથ્યા છે. એ શાહિવાદનો અંત લાવવાનું યુદ્ધ જ્યાં ખેડાતું હોય ત્યાં એ આપણું–પીડિતોનું યુદ્ધ છે એમ માનવાનો આદેશ રાષ્ટ્રપતિએ આપ્યો. રાષ્ટ્રપતિ જ્યાં જ્યાં ગયાં ત્યાં ત્યાં એમણે જાદુઇ અસર ઉપજાવી ત્યાંની પ્રજાએ એમને પોતાના કરીને બહુમાન આપ્યું. રાષ્ટ્રપતિના દિલમાં દેશ-કાળની સીમાઓ નથી તે આપણા પાડોશીઓપણ જોઇ શક્યા.

કલકત્તાની હડતાલ :

શણની મીલોની હડતાલનું જે સમાધાન થયું તે ચલુ છે, સર ફઝલુલ હકક–બંગાળના વડા પ્રધાન સમાધાન કરાવવા ઉપરાંત બહુ નથી કરાવી શક્યા. જે હકીકતો બહાર આવી છે તે બતાવે છે કે ત્યાંની પરિસ્થિતિ હજી ઉકળે છે. લગભગ ૬૦૦ જેટલાં મજુરો હજી પણ કિન્નાખોરીના ભોગ બનેલા છે અને ૨૦૦ જેટલા મુકર્દમાઓ ચાલે છે. સમાધાન વખતે અમને જે ભય હતો તે સાચો પડતો લાગે છે. ઉકળાટનું પરિણામ કેવું આવશે તે કહી શકાય એમ નથી કારણ કે ઘણો આધાર માલિકોની શુભનિષ્ટા ઉપર રાખવામાં આવ્યો હતો, જે શુભનિષ્ટા મજુરોમાં શક્તિના દર્શન થાય ત્યારે જ માલિકોમાં દેખાય છે. એમ તો લાગે છે કે એ શુભનિષ્ટાના દર્શન વહેલી તકે નહિ થાય તો મામલો બગડશે.

લાઠીનું મંદિર :

લાઠીના ઠાકોરસાહેબે રાજ્યની માલિકીનું એક મંદિર હરિજનો માટે ખૂલ્લું મૂકયું એ આનંદની વાત છે. હરિજનની હિલચાલના મહત્વના અંગ જેવી મંદિરપ્રવેશની હિલચાલ સામે પણ સુધારકોને વિરોધ છે. મંદિરો આજે મંદિરો નથી રહ્યા પણ વહેમ અને અનાચારના ધામો બની ગયા છે, એવા મંદિરોમાં જવાથી હરિજનોની કશી જ ભલીવાર થવાની નથી એમ એમનું કહેવું છે. મંદિરો જોઇએ કે નહિ, આજની કક્ષાથી માનવજાત એ વિના ચલાવી શકે કે કેમ, મંદિરોમાં સુધારા શકય છે કે એનો નાશ જ કરવો જોઇએ વગેરે પ્રશ્નો મહત્વના છે. પણ સૌથી મહત્વનો પ્રશ્ન તો એ નથી કે લાખ્ખો કરોડો હિંદુઓના દિલમાં સૌથી પવિત્ર સ્થાન મંદિર છે ? એક વખત એ સ્થાને હરિજન પોતાની જોડાજોડ બેસી શકે તો નિત્યના વ્યવહારમાં એને કશો જ સંકોચ ન રહે. બીજા કશા ખાતર નહિ પણ આભડછેટ ઉપરના માર્મિક ઘા તરીકે પણ મંદિરપ્રવેશની હિલચાલને અમે વધાવીએ છીએ. અને લાઠીનું મંદિર ખૂલ્લું થતાં આનંદ પ્રદર્શિત કરીએ છીએ.

સરહદ દિન :

તા. ૨૯મી મેનો દિવસ 'સરહદ દિન' તરીકે ઉજવવાની જાહેરાતને મહાસભાના મંત્રી આચાર્ય કૃપલાનીએ ટેકો આપ્યો તેથી કેટલાક હિંદુ છાપાંઓ અને હિંદુ મહાસભાના આગેવાનો રોષે ભરાયા. દરરોજના છાપાં વાંચનારાને માહિતિ હશે કે થોડા વખત પહેલાં જ આચાર્ય કૃપલાની ઉપર મુસ્લીમ નેતાઓ પણ છેડાયા હતા. આ બને બાજુથી પ્રગટ થતા રોષથી એક વસ્તુ તો ફલીત થાય છે કે મહાસભા એ કોઇ પણ કોમની

સંસ્થા નથી, પણ શુદ્ધ રાષ્ટ્રિય સંસ્થા છે સરહદદિનનો હેતુ એ હતો કે સરકાર ત્યાંની પહાડી જાતીઓ ઉપર જે પ્રકારનો કેર વર્તાવે છે તેનો વિરોધ કરવો, હિંદુ મહાસભા આ દિનનો એટલા માટે વિરોધ કરે છે કે એ પહાડી જાતીઓ મુસલમાન છે અને હિંદુઓને રંજાડે છે સ્ત્રીઓને ઉપાડી જાય છે, કોઇ કોઇ ખૂનો કરે છે આ હકીકતમાં તથ્ય છે પણ એથી સરકારનું કૃત્ય ન્યાયી નથી ઠરતું. આવા ગુના કરનારાઓને વશ કરવાનો આ રસ્તો નથી કે ત્યાં મોટી ફોજો ઉતારી કેર વર્તાવવો, આકાશમાંથી બોંબનો વરસાદ કરી ભયાનક ખુંવારી કરવી એ કોઈ પણ સભ્ય રાજસત્તાને શોભે નહી દરેક દેશને પોતાની સરહદના પ્રશ્નો હોય છે, એ પ્રશ્નો હંમેશ નાજુક હોય છે પણ સરકારે નિત્યની શાંતિ માટે ત્યાં સમાધાન કરી જ લેવું જોઇએ આ સરકારની સરહદની નીતિનો કોઇ રીતે બચાવ થઇ શકે એમ નથી. ત્યાંના પહાડીઓનો અસંતોષ જાણવાનો સરકારે પ્રયત્ન કર્યો નથી, એટલું જ નહિ પણ કોઇને એવો પ્રયત્ન કરવા દેતી નથી સરકાર સરહદથી તો એટલી બધી ડરે છે કે ત્યાં કોઇને ફરકવાની પણ પરવાનગી આપતી નથી સરહદના એ જુલ્મોનો હમણાં જ અંત આવે જો શાંતિના દૂતો સમા ગાંધીજી કે ખાન અબ્દુલ ગફારખાન કે રાષ્ટ્રપતિ જેવાને ત્યાં જવા દે, પણ સરકાર એ કરવા ઇચ્છતી નથી. કેમ જાણે પોતાના લશ્કરને અને લશ્કરી સામગ્રીને કામ આપવું હોય એમ એ ત્યાંના આસમાનમાં વીમાનોનાં ગીધડાં ઉડાડી સરહદી પ્રજાને ચૂંથી નાંખે છે અને પરિણામે આ દેશની સામે એના પાડોશીઓના દિલમાં ઊંડું ઝેર રેડે છે. સરકારની આ નીતિને વખોડી જ કાઢવી જોઇએ આ નીતિને વખોડી કાઢવામાં સરહદી ટોળીઓના કૃત્યનો બચાવ નથી થતો પણ એ પ્રશ્નને શાંતિપૂર્વક ઉકેલવાનો માર્ગ મોકળો થાય છે

તા ૧૫ : ૬ : ૩૭

સિંધ હિંદી સંમેલન :

રાષ્ટ્રભાષા, હીંદીના પ્રચાર અર્થે અનેક પ્રયત્નો આજે થઇ રહ્યા છે કરાંચીમાં પણ આ પ્રવૃત્તિને વેગ આપનાર એક સંમેલન શ્રી. કાકા સાહેબ કાલેલકરના પ્રમુખપદે આ મહિનાની ૪-૫ ૬ તારીખે ભરાઇ ગયું, આ પ્રસંગે સિંધ અને સિંધ બહારના અનેક પ્રખ્યાત કાર્યકરોએ હાજરી આપી હતી અને હિંદી પ્રચારની પ્રવૃત્તિ ખૂબ વ્યાપક અને એ પ્રકારના મનનીય ભાષણો આપ્યા હતા સંગીનતાની દૃષ્ટિએ આ સંમેલનમાં ખૂબ ખૂબ કામ થયું કહેવાય. કાકા સાહેબે પ્રમુખપદેથી પ્રેરક ભાષણ[1] આપી, હિંદી પ્રચારની અગત્યતા અનેક દૃષ્ટિબિન્દુથી સમજાવી હતી એમનું ભાષણ નવિનતાથી ભરપૂર હતું

સંમેલનની સાથે સાથે હિંદી સાહિત્ય પ્રદર્શન પણ ભરવામાં આવ્યું હતું જેમાં હિંદી સાહિત્યના પ્રખર લેખકોના ફોટાઓ એમની લેખન પ્રવૃત્તિની ટૂંક પરિચય નોંધ સહિત રજુ કરવામાં આવ્યા હતા હિંદીમાં નિકળતા માસિકો, અઠવાડિકો તેમજ દૈનિકોની રજુઆતથી હિંદી વાઙ્મયની સેવા કરનાર પત્રોનો અચ્છો ખ્યાલ આવી શકતો હતો

સંમેલનની પૂર્ણાહુતિ પછી કાકા સાહેબે સિંધની મુસાફરી કરી મુખ્ય મુખ્ય શહેરોમાં ફરી ત્યાંના કાર્યકરો સાથે હિંદીના પ્રચાર અંગે મહત્વની મંત્રણાઓ કરી અને પ્રવૃત્તિને સ્થાયી સ્વરૂપ મળે એ માટે દરેક સ્થળે સમિતિઓ સ્થાપી રાષ્ટ્રભાષા હિંદીના પ્રચાર માટે પ્રાંતે પ્રાંતમાં આવાં સંમેલનો અને પ્રવાસો યોજાવા જોઇએ

૧ આ ભાષણ જુલાઇ અંકમાં આવશે



'ઘરભણી'—એક પરિચય[1]

શ્રી. ઝવેરચંદ મેઘાણી

ઘણીવાર-અથવા ખરું કહીએ તો હમેશાં સરલ વાર્તા લખવાનું કામ મુશ્કેલ હોય છે. સંસારની ગાદામાં સાદી વસ્તુ-સામગ્રીમાં જે રસ રહેલો છે તે લેખકની આંખને ચૂકાઈ જાય છે. વાર્તાકાર જટિલતાની શોધમાં અટવાય છે ઘણીવાર એ જૂનાં રહસ્યોનાં જાળાં વણે છે. ઘણીવાર એ બનાવટી અદ્ભુતતા આણવાની લાલચમાં પડે છે. પણ બાઇબલની ને જાતક વાર્તાઓની, લોકકથાઓની અને બાલકથાઓની સરલતાભરી વસ્તુગૂંથણી આજે જમાનાઓના ધોધમાર પૂર વહી ગયા પછી નાના નાના રોપાઓ જેવી પ્રસન્ન રહી છે તે દુનિયાની ઘણી અદ્ભુત હકીકતોમાંની એક છે.

'ઘરકી રાહ' નામની હિન્દી વાર્તા એક ગુજરાતી જુવાનની છે. ત્રણેક વર્ષ પર સ્વ. પ્રેમચંદજીના આશીર્વાદ મેળવીને એ પ્રગટ થઇ અને હિન્દી સાહિત્યમાં એ પ્રશંસા પામી. પણ લેખક ઇન્દ્ર વસાવડા એક ગુજરાતી છે એ વાત હિન્દીઓને માટે ગૌરવની હોવી જોઈએ છતાં કોણ જાણે કેમ અછતી રહી. આજે એ કથા ગુજરાતીમાં ઉતરે છે. તે એક રીતે જોતાં બીનજરૂરી હતું. મૂળ હિન્દી કથા જ એની સરળતાએ કરીને ગુજરાતીઓને સુગમ અને પ્રિય થઇ પડે તેવી છે. પરંતુ ગુજરાતીઓ હજુ પોતાની જ ભાષાને પ્રાણભરથી નથી કરી શક્યા ત્યારે હિન્દી પુસ્તકને

---

૧ ઘરભણી: લે. ઇન્દ્ર વસાવડા, પ્ર. નૂતન સાહિત્ય ભંડાર, કમાટાં માર્કેટ, અમદાવાદ: પૃ. ૨૫૦ કિંમતી મનોહર જેકેટ કિં. રૂપિયો દોઢ.

તેઓ પહોંચે એ આશા વધુ પડતી ગણાય 'ધરતી રાક' ગુજરાતને કેવળ ભાષાની દિવાલના કારણે ન પહોંચી શકે એ પણ માગ જોવાને ગ્લાનિ ઉપજાવે એટલે લેખનપ્રવૃત્તિના પ્રારંભને આરે ઉભેલા એક અલ્પજ્ઞાત જુવાનની આ નામનાવિહોણી કૃતિને અનુવાદનું યોગ્ય મહત્ત્વ આપવા માટે પ્રકાશન સંસ્થા ધન્યવાદની અધિકારી કહેવાય

રૂઢિચુસ્ત સમાજની વચ્ચોવચ્ચ એક 'અછૂત' 'અસ્પૃશ્ય' પાત્રને ઊભું કરી તેની આસપાસ હિન્દુત્વને એની તમામ જડતા ક્રૂરતા સમેત ગુંથવાનો પ્રયોગ હું જાણું છું ત્યાં સુધી સૌ પ્રથમ તો આ 'ધરતી રાક'માં જ થયો છે નાના નિરાધાર ભિખારી બાળક લચરાને વાર્તાકાર વાર્તામાં જે રીતે પ્રવેશ કરાવે છે તેમાં જ એક વિશિષ્ટતા લાગે છે લચરાને સતાવનારા પણ એના જેવડા અથવા એનાથી નાના મોટા બાળકો જ છે બાળકોને જ્ઞાન કે ભાન જ નથી કે અછૂત' શું કહેવાય બાળકોએ પોતાના સવર્ણ માબાપોના ઘર કુટુંબ તેમજ શેરીમાં પડેલા સમાજની રૂઢિમાંથી જ આ ક્રૂરતા પકડી લીધી છે એ કરતા પોતે જ જેટલી દયાજનક છે તેટલી દયાજનક લચરાની અવસ્થા કદાચ નહિ લાગે અથવા બેમાંથી કયું વધુ કરુણ છે? આપણા મનમાં સમસ્યા રહી જાય છે બાળકોમાંના કેટલાક લચરા પ્રત્યે ખેંચાય છે ને બીજા કેટલાક રમત રૂપે જ હિંસા આચરી રહ્યા છે તે હિંસાનો શિકાર બનનાર લચરે—

"જાડું બેડોળ શરીર લાંબા લાંબા ગંદા વાળ જાડા પગ જાડા હોઠ અને મોટા કાન ઠીંગણું કદ અને ભજીયા જેવી ફૂલેલી કેડી એવે અવતારે આંખો ઝીણી ઝાંખુડાના ઝાડ નીચે જ સૂઈ રહેતો અને કેવળ રમતને ખાતર એને તાળીને કાંકરો મારવામાં આવતો ત્યારે એ ન હાલતો ન ચાલતો, એમ ને એમ પડ્યો રહેતો તે પછી બીજા કાંકરાના માર વખતે એની આંખો ચારે બાજુ જોવા માંડી એ ઉઠ્યો ગુસ્સાથી આંખ ફાડી રહ્યો અને પછી મોટીઓના ફટકા પડ્યા ત્યારે જ એનો ગુસ્સો આંસુમાં પરિણમ્યો જેના જીવનનો પ્રારંભ આવા વાતાવરણથી થાય તે બાળકને આખા સમાજનો હિંસક શત્રુ બનવાનો હક્ક છે એવું ચરિત્રાલેખન કરવું એ સૌ કોઈ લેખકના મનની પહેલી લાલચ છે પીડિત પાત્રને ખડું કરનારા વાર્તાકારો 'બળવાખોરી'ના બીજ રૂપે જ એવા પાત્રોને પણ પાઈ મોટાં કરે છે પણ લચરાનો ભાગ્ય સંબંધ એ ગામડાના એક પ્રકૃતિથી જ ઉદાર અને માનવપ્રેમી દાક્તરના ઘર સાથે જોડીને લેખક લચરાની પ્રકૃતિમાં માનવપ્રેમનું બીજ મૂકી દે છે સાગરમાં દૈત્ય ઉચાડીને તરતી સ્વાત-દીપ પ્રથમ બિંદુ ઝીલે છે

દાક્તરના પત્ની ધર્મચુસ્ત છે લચરો કોઈ 'અછૂત' હોવાની શંકા થઈ છે નાના ગામડાનો સમાજ દાક્તર સાહેબની નિંદા કરે છે નુકશાન કરવા તત્પર બને છે, ઉપરાંત એક બાજુથી ઘરના બે છોકરાની જોડે રમનારાને દાવે રમતા જીવવાની લચરાની માનવવૃત્તિ ને બીજી બાજુ એને આશ્રિત બનીને ઘરના ચાકર તરીકે જ જીવવા દેવાની દાક્તરપત્નીની જૂની વૃત્તિ એ બે વચ્ચે અટપટી દશા ભોગવતો લચરો દાક્તર પુત્રી સરૂ બેનની ભેદ રહિત મમતામાં પોતાના જીવનની એક અણમૂલ દીવડી અનુભવે છે પોતાનું સ્થાન એ કુટુંબમાં ન જ હોઈ શકે એવું નક્કી થતાં લચરો ઘર છોડે છે પોતાનું જૂનું હલકું નામ ભૂલીને 'રાજુ' એવું કૃત્રિમ નામ પડતાં છતાં કુલનત! લચરો તો પોતાને એ ઘરમાં સમાતા નથી પગને પગલે ઠપકા ને રહેંસાણ જ જડે છે ડગલે ને પગલે એની પોતાની નજરે ભૂલો થઈ જાય છે પોતે કુટુંબને નામનું કારણ બનેલો છે પોતાને બહુ પાપ થાય છે એવો વિચાર અદૃશ્ય બને છે તેને એ ઘરને નાસરૂપ બનેલો મરવા માટે હારી છૂટે છે ત્યારે એ સાથે લેતો જાય છે પેલી અણુ

મૂક પ્રેમ-દીરી સરજેનનો નિર્મળ પ્રેમ અને બીજું 'ધન્ની યાદ' જે ઘરમાં મરેણાંટૂણાં ને ગાળો તિરસ્કાર ખાધાં છતાં પોતાનું બાળ-પણ વીત્યું હતું જે ઘરમાં દાક્તરપત્નીના હૃદયની સમતાને કેવળ રૂઢીએ જ મુરઝી હતી, સ્વભાવમાં જ્યાં દુષ્ટતા નહોતી તે ધન્ની સતત યાદ.

એટલે છતું જગતમાં ગયો, પણ મૂકતાની લાગણી ન વેતો ગયો ગૃહજીવનનો પ્રેમ-તાતણો, એ દૂર દૂર ગયો તો પણ ન તૂટી ગયો

એ જ્યાં ગયો ત્યાં અછૂત છે જાણી સૌએ એનો તિરસ્કાર કર્યો ખેતીકામના ખેડૂતે પણ આ મજુરી કરતા 'અછૂત'ને લીધે પોતાનું ખેતર અભડાયેલું માન્યું ન મજુરી મળી, ન ભીખ પણ જડી આટલી બધી ક્રૂરતાનો માર પણ એને મૂઢ કે હિંસક ન બનાવી શક્યો કેમકે એને સરજેન સાહેબની હતી જે દુનિયામાં સરજેન હોય તે દુનિયા સામે છતું વેર કેમ બાંધી શકે? અને સરજેન ઉપરાંત છતુને એક બીજી પણ માતા મળી—શહેરના ફૂટપાથ પરથી અછૂત ભિખારણ 'જીવતી' જડી ને મમદુ ખાંઓના મિલનની એક રાતમાંથી સદભાગીપણાના, સંસારી દાંપત્યના ઉંડા ઉંડા સૂરો બજ્યા પોલીસની બીક અને સિપાહીના દંડા વચ્ચે એક ઝૂંપડીમાં એક એક ગોદડી પર સૂતાં ભિખારણ તરીકે પાવરધી બની ગયેલી જીવતી પણ, 'છતુના ગળામાં હાથ નાખીને હાલણીવશ બની ગઈ લાગી'

વધુમાં વધુ મર્મવેધકતા આપણને આ પ્રસંગમાં લાગે છે એના આલેખનમાં સર્વોત્કૃષ્ટ મંગલતા છે. દુઃખ અને પ્રેમ જેમાં સાથ છે જેમનું સાસરામાં કોઈ નથી તેઓનું આ મિલન અનંત લગ્નજીવનના ઉભરાતી ફળવું છતાં અબોલ છે સમગ્ર પૃથ્વી સામે એક પણ તિરસ્કારનો શબ્દ નથી પાડેને, બેગરખીને આ સામાજિક સુખમંગલી લાગે જેણેના બેય કંઈના નથી વારંવાર

જીવનને એ જેવું છે તેવું જ વર્ણવે છે મમદુ ખાં-પણાની સ્થિતિ અને સ્નેહનો ગમી તરફ અનિર્વચનીય કોઈ દુઃખની લાગણી દુઃખનાં છૂપાં કારણો સમજવાની અશક્તિ આ બધું જ સ્વાભાવિક છે

તે પછી માનવપ્રેમનો બીજો વ્યાપક સ્પર્શ તેમને ખ્રિસ્તીઓના મીશનમાં મળે છે મીશન તેમને ઉભયને મુક્તિ આપે છે — છરવાની મુક્તિ ભણવાની મુક્તિ, અને સૌથી મોટી ચઢવાની મુક્તિ માનવ-જીવન નિઃસીમ મુક્તિના મેદાનો વચ્ચે લઈ મૂકી દે છે. પણ એ મેદાનની ક્ષિતિજ-રેખા પર એક દેવાલય ઉભેલી જ્યારે દૃષ્ટિગોચર થાય છે, ત્યારે મુક્તિનો આનંદ ક્ષય પામે છે એ મુક્તિ પર ધર્માન્તરના ઓળા પડે છે

છતુના મનમાં વાર્તાકારે અહીં જે વિચારણા અને આત્મમંથન મૂકેલ છે, તે મને સ્વાભાવિક અથવા કહો કે સરલ નથી લાગતું સરોજ મહાદેવ પાર્વતીને પૂજતી માટે આ ધર્મપરિવર્તન છતુને અકારૂં થઈ પડે, તેનું માહી કલ્પનામાં ઉતરતું નથી. એ કહીનો એક પંડિત છે છતુ પંડિત ન હોય કારણ ગરબાથી જ લાગી છૂટીને છતુ જુવાની ગટીયામાં ઘરનો આશરો લે ને પછી ગાંઠી આશ્રમમાં એને મોકલવામાં આવે એટલે એનો ઉદ્ધાર થઈ જાય વગેરે વિગતો જે રીતે વણી છે તે રીતે બનાવટી લાગે છે આખી વાર્તામાં જે 'નવી મનતા' વહે છે, તેમાં આ ખ્રિસ્તી મીશન વિ ગાંધી આશ્રમવાળી કડી મને અતિ આડંબરની લાગે છે વાર્તાનો એ વિભાગ આપણા માનસિક પૂર્વગ્રહોના ચોગઠાના જેવો કે જકડાય છે પણ એ કૃત્રિમતામાં લેખકે એક બળવાન માનવતત્ત્વ મૂક્યું છે છતુ પોતાને મુક્તિ આપનાર મીશન મંડળ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી જેવી ને તેવી ભરેલી જ રાખે છે

જીવનમાં સાફલ્ય મળ્યા પછી પણ જીતુના અંતરમાં એ સાફલ્યના કરતાંય વધુ મોટો સાદ ઊઠે છે તે આ વાર્તાકારનું પણ પરમ સાફલ્ય છે જીતુની પાસે જીવતી—એટલે કે શૈલિની—છે પોતે અચ્છો ચિત્રકાર બન્યો છે ત્યજનારા જગતે જ એને અપનાવી લીધો છે, તેવી સ્થિતિમાં પોતાના બાલ્યકાળની દુઃખ-સ્મૃતિઓ જીતુને વધુ કટુ અને તેથી અનાકર્ષક બનવાનો વિશેષ સંભવ પરંતુ સાચો દુઃખી પોતાના પ્રત્યે પહેલવહેલી માનવતા દાખવનારને કેમ ભૂલી શકે? એ માનવતા એને નાનપણમાં સાંપડી હતી માટે જ વધુ તીવ્રપણે સાંભરવા જોગ થઈ ગઈ અને સરૂબેનનો નિર્મળ પ્રેમ તો અણબુઝ દીવા જેવો એના પ્રાણની સાથે ને સાથે રહ્યો છે. જીતુને જંપ વળ્યો નહિ એણે પોતાની પ્રથમ સંભાળ લેનારાઓએ ચિરકાળના બાંધેલા સ્નેહ-તાંતણા વડે ખેંચ્યો ને એ પાછો સરૂબેનને મળ્યો પણ એથી વધુ તીવ્ર લાગણી તો વાર્તાકારે જીતુના અને બા'ના (ડાક્તર પત્નીના) મિલનમાં મૂકી દીધી છે જીતુના નાસી જવા પછી કુવા શોધાવરાવ્યા, અને છોકરા પાસે પોતાની મેમાંથી એક આંગળી પકડાવીને 'જીતુ આજ સાંજના આવી જશે' એવું માનવા મથનારાં 'બા' જીતુને પોતાના પગમાં પડેલો જુવે છે, ત્યારે—

"જીતુ, બેટા, મને ક્ષમા આપજે' કહી જીતુને ઉપાડીને છાતીમાં લે છે પ્રેમનો ત્યારે પરમ વિજય આપણા અંતરમાં ઉજવાઈ રહે છે

ને વૈર, ધિક્કાર તેમ જ બગવાના સૂચક તમામ જીવન-મળો કરતાં પ્રેમનું બળ શું વધુ મહાન નથી? યુદ્ધક્ષેત્રમાં ઘુમી ઘુમીને આખરે તો આપણે સૌએ પણ જીતુ અને શૈલની જેમ માનવ પ્રેમના ઘરભણી જ પાછા વળવું છે ના!

તદ્દન સાદી, મનોવિજ્ઞાનનો એક પણ કોયડો છોડવાનો દાવો ન કરનારી, વસ્તુગૂંથણીમાં એક પણ રહસ્યને ખડું કરવાના પ્રયત્ન વિનાની આ કથા આપણને સ્પર્શે છે, કેમકે લેખકના સંસારના સ્વાનુભવમાંથી એ નીપજેલી છે. જીવનની ખુલ્લી ધૂળમાંથી પાકેલી એ પેદાશ છે

મૂળ હિન્દી મેં વાંચ્યું છે ને વખાણ્યું છે ગુજરાતી વાંચ્યું ત્યારે મને નવીન જ કોઈ ચોપડી વાંચતો હોઉં એવો આનંદ મળ્યો છે ફરી ફરી વાંચવા મન થાય છે અનુવાદ જાણે કે આ છે જ નહિ

સારા અનુવાદો કદિ અનુવાદો હોતા જ નથી અનુવાદકોએ પોતાની આત્મિક એકરસતામાં જ કલમ બોળીને લખેલા એ મર્મલેખો બને છે

શાયરી (ભાગ પહેલો બીજો) કર્તા હાશિમ બિન યૂસુફ ભરૂચા પ્રકાશક 'વહશી સાહિત્ય કાર્યાલય' સુરત કિં આઠ આના,

ફારસી છંદરચના ગુજરાતી કવિતા માટે કેટલી અને ક્યા ક્યા ઉપયોગી થઈ શકે તેને ઉદાહરણો આપીને શાસ્ત્રીયરીતે સમજાવવાનો આ અમૂલ્ય પ્રયત્ન છે આ વિષયપરત્વેનું કર્તાની દ્રષ્ટિનું ખેડાણ વિસ્મયજનક છે સંસ્કૃતમાંથી અનેક છંદો ગુજરાતી ભાષાને મળ્યા છે. એ તમામમાં ગેયતા તો છે પણ મર્યાદાના બંધનમાં પડેલી એ ગેયતા જોઈએ તેટલો લોકાદર પામી શકી નથી ફારસી છંદરચના પણ એ મર્યાદાથી મુક્ત નથી ગુજરાતી કવિઓ એને સ્વતંત્રરીતે બહલાવવાને યત્ન કરે તો સંસ્કૃત-ફારસીના મિશ્રણથી ખોવાઈ ગયેલી ગેયતા પાછી આવવાનો સંભવ છે ખરો ગુજરાતી ભાષાના આ જાતના અલ્પ સાહિત્યમાં આ પુસ્તકનો ઉમેરો આવકાર પાત્ર છે કર્તાને અભિનંદન

ઈ

યોગપ્રદીપ પ્રકાશક શ્રી અરવિન્દ ગ્રંથમાળા, હેયર સ્ટ્રીટ કલકત્તા મુલ્ય આઠ આના

શ્રી અરવિંદ બાપુએ પોતાના શિષ્યોના પ્રશ્નોના ઉત્તર આપતાં જે પત્રો લખેલા તેમાંથી

તારવીને આ પુસ્તક હિંદીમાં તૈયાર કરવામાં આવ્યું છે, આમ છતાં પુસ્તક યોગ માટેનું પ્રવેશક પુસ્તક બની શક્યું છે.

શ્રી. અરવિંદ અને એમના યોગ વિષે ઘણી વિચિત્ર માન્યતાઓ શિક્ષિતોમાં પણ ચર્ચાય છે. અમારા એક શિક્ષક કે જેઓ પોતાને શ્રી. ઇન્દુલાલ યાજ્ઞિક અને છેલશંકર વ્યાસના મિત્ર તરીકે ઓળખાવતા તેઓએ એક વખત જે કહેલું તે મને અત્યારે પણ યાદ છે. એમણે એવું કહેલું કે તેઓ થોડા મિત્રો શ્રી. અરવિંદ દેવને આશ્રમે ગએલા, મુલાકાત મેળવેલી અને શ્રી. અરવિંદે એમની જિજ્ઞાસા સંતોષવા અમેરિકાની એક ખાદ્ય વસ્તુ ચમત્કારથી એક જ સ્થાને બેસી રહીને તે ઓરડામાં હાજર કરેલી.

ઉપલા ચમત્કારની વાત સાચી છે અથવા અમારા શિક્ષકે તે ઉત્સાહમાં આવી જઇને અતિશયોક્તિ તરીકે કહી છે એ હું જાણતો નથી પરંતુ આ પુસ્તક વાંચવાથી અપણને એટલું તો સમજાય છે કે યોગ આચરનારમાં કોઇક કાળે પણ આવા આધિભૌતિક ચમત્કારો કરી શકવાની શક્તિ આવી શકે ખરી. પણ યોગનો સાચો અર્થ સમજનાર એવા ચમત્કારો કરવાની કદિ ઇચ્છા જ ન કરે. એવી ઇચ્છાથી થએલો યોગ માણસ જે માટે યોગ આચરે છે તે તેને મળતું નથી.

શ્રી. અરવિંદ બાજુનો યોગ પૂર્ણયોગ કહેવાય છે કારણ કે તેમાં અંતર અને બહિર બન્ને પ્રકારને સમાન સ્થાન છે. કેવળ ધ્યાન કે ભક્તિ અથવા કેવળ સંસારનાં પ્રપંચો (કર્મો) મનુષ્યની પૂર્ણતાને મદદકર્તા નથી, ગીતામાં જે છે તે બધું આમાં છે. ઉપરાંત આમાં વિજ્ઞાનશક્તિ અને પ્રકૃતિનું દિવ્યીકરણ આરોપવામાં આવેલ છે.

પુસ્તકની ભાષા ખૂબ પ્રવાહી, મધુર અને સાદી છે. છપાઇ તથા ઉઠાવ પણ સુંદર છે. પુસ્તક આવકારદાયક છે. ચા.

જ્યોતિર્ધર (પખવાડીક) તંત્રીઓ: ગટુલાલ ગો. ધ્રુવ: પ્રાણલાલ દેસાઈ. ગાંધી રોડ, અમદાવાદ. વાર્ષિક લ. બે રૂપીઆ.

ગૂજરાતના સામાજીક પ્રશ્નોને ચર્ચે એવા મુખપત્રની ભારે જરૂર હતી. સત્યાગ્રહ લડત શરૂ થઇ તે પહેલાં રાજકીયની સાથે સામાજીક પ્રશ્નો ગાંધીજીના નવજીવનમાં ઠીક ચર્ચાતા. નવજીવન બંધ થયા પછી આ ખોટ ભારે જણાતી. અઠવાડીકો અને પંખવાડીકોમાં સામાજીક ચર્ચાઓ નહોતી આવતી એમ કહેવાનો આશય નથી પણ એવી ચર્ચાઓ બીજા વિષયો સાથે સેળભેળ થઇ જતાં જે અસર ઉપજવી જોઇએ તે ઊપજતી નહોતી. જ્યોતિર્ધરનો મુખ્ય હેતુ જ સમાજમાં સુધારણા કરવાની છે. પહેલા ત્રણ અંકો જોતાં લાગે છે કે આ નવું પ્રકાશન પોતાની નેમ પાર પાડશે એટલું જ નહિ પણ ગૂજરાતમાં થનારી સામાજીક ક્રાન્તિમાં અગત્યનો ભાગ ભજવશે. અમે એની ફતેહ ઇચ્છીએ છીએ.

શામળદાસ કૉલેજ મેગેઝીન

ભાવનગરથી પ્રગટ થતું આ કૉલેજ મેગેઝીન અંગ્રેજી અને ગુજરાતી એમ બે વિભાગમાં બહાર પડે છે. અ ગ્રેજી વિભાગના ૬૬ પાનાઓમાંથી લગભગ ૪૫ પાનાઓમાં વિચારણીય લેખો સંઘરવામાં આવ્યા છે. અંગ્રેજી વિભાગ જેટલો જ ગૂજરાતી વિભાગ સમૃદ્ધ કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. કવિતાઓમાં હજીપણ ઝીણવટ ભરી પસંદગીની જરૂર છે. ગદ્યવિભાગમાં ખાસ ધ્યાન ખેંચે તેવા લેખોમાં 'અર્વાચીન કવિતા' અને 'સૌન્દર્ય ચિત્રો' ગણાવી શકાય. 'મુન્શીની 'પુરાતત્વની ભાવના' 'ઊર્મિ'માં આવી ગયેલ છે. તે સિવાય વાર્તાઓ હજી આરંભકાળની ગણી શકાય તેવી છે. એટલે આખોએ અંક એના સંપાદકો કહે છે તેમ 'આપણા વિદ્યાર્થીઓની અગાવની શક્તિઓનું દર્શન કરાવે છે.'

બાલમિત્રનું ... પાપાચિન એના ચિત્રકારની પીંછીને જશ આપે છે

મુંબઈ બાલવિનોદમાળા : નાગરદાસ ઇ. પટેલ પ્રકા: (મુંબઈ)

અત્યારના ગાંધીયુગની પછી આપણે ત્યાં સાહિત્ય સર્વદેશીય બન્યું છે તેમ તેણે બાલ સાહિત્યને પણ નવો જ એક અને વેગ આપેલ છે. તે પહેલાં પણ બાલ સાહિત્યનું પ્રકાશન થતું તો હતું જ. પણ આટલું વિવિધતાવાળું અને ... પ્રમાણ તો ત્યાર પછી જ. આજના બાલ સાહિત્યના સ્થાપિતાઓમાં શ્રી નાગરદાસ પટેલનું સ્થાન મહત્ત્વનું છે એમના હાથે અત્યાર સુધીમાં અનેક પુસ્તિકાઓ પ્રકાશન પામી ચૂકી છે અને બાલકોમાં એ પ્રશંસાને પણ પામ્યા છે. પ્રસ્તુત પુસ્તિકામાં મુંબઈનું વર્ણન પ્રવાસરૂપે આપવામાં આવ્યું છે અને એ જ એની વિશિષ્ટતા છે. પ્રવાસરૂપે અપાતા વર્ણનમાં સરળતા ખૂબ રહે છે. ગોરી બંદરથી લઈને ક્રાફર્ડ માર્કેટ સુધી એક ભાગ અને પછી જુમા મસ્જિદ તરફ જતાં એ બાજુનો આખો ભાગ ઠેઠ બાબુલનાથના મંદિર સુધી, એમ બે રસ્તે આખું મુંબઈ ચિત્રો સહીત નજર આગળથી પસાર થાય છે. બાળકોને એ રસમય વાચન આપશે એટલું જ નહિ પણ હિંદના એક મુખ્ય શહેરનો સંપૂર્ણ ખ્યાલ આપશે. શ્રી નાગરદાસ આ રીતે હિંદના મુખ્ય મુખ્ય શહેરોની પુસ્તિકાઓ બહાર પાડી બાળકોના જ્ઞાનમાં અવશ્ય વધારો કરશે. એમની આ પ્રવૃત્તિમાં અમે એમની સફળતા ઈચ્છીએ છીએ.

વિજ્ઞાનના દૃષ્ટાંતો અનુ. શ્રી મોંઘીબેન

બાળ જોડકણાં લે. શ્રી ગીજુભાઈ

વિજ્ઞાનની રમતો અનુ. શ્રી મોંઘીબેન

પરીની વીંટી લે. શ્રી ચંદ્રશંકર ભટ્ટ

પ્રકાશક શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર ભાવનગર

દરેકની કિંમત પાંચ આના.

પ્રસ્તુત પુસ્તિકાઓ બાળ સાહિત્ય વાટિકાના અનુક્રમે ૨૦, ૨૧, ૨૨, ૨૩,માં પુષ્પો છે. તેમાં વિજ્ઞાનની રમતો એ આજના જમાનાને ખાસ આવકારવા જેવી છે.

પશ્ચિમમાં વિજ્ઞાનનો ઉપયોગ દરેક દરેક બાબતમાં થઈ શકે એટલું સહેલું બનાવી બાળકોને નાનપણથી જ પરિચય અપાય છે. આપણે ત્યાં એથી તદ્દન વિપરીત સ્થિતિ છે, નાના બાળકોને માટે તો ઠીક પણ યુવાનોને પણ સમજ પડે એવું સાહિત્ય મળતું નથી. અત્યારે આ સ્થિતિમાં કેટલાં થોડાં વરસોથી જ ફેર પડ્યો છે. વિજ્ઞાનનું જ્ઞાન નાનપણથી જ અપાવું જોઈએ. એમ જોરશોરથી કહેવામાં આવે છે.

આ બન્ને પુસ્તિકાઓ આપણાં બાળકોની વિજ્ઞાન પ્રત્યેની અભિરુચિ જરૂર વધારશે. જેમાં વસ્તુ આપણી નજરે જાદુ જણાય તે ખરેખર વિજ્ઞાનના નિયમ પ્રમાણે તદ્દન સાચી હોય છે. બાળકો વિજ્ઞાનના દૃષ્ટાંતો તેમ જ રમતોને નિરાંતે વધાવી લેશે.

નાના હતા ત્યારે એક બીજાને ઉખાણાં પૂછતા ત્યારે જેને જે આવડે તે ખૂબ ખૂબ ઉમંગથી બોલી જતા, એ વખતે એનું ક્ષેત્ર બહુ મર્યાદિત હતું. આ પુસ્તિકાથી ગીજુભાઈ ઉખાણાં પૂછનાર માટે એક જબરો ભંડાર ખુલ્લો મૂકે છે. બાળકો એ ભંડારમાંથી વપરાય એટલું ધરાઈ ધરાઈને વાપરશે. પરીની વીંટી એ અંગ્રેજીમાંથી રૂપાંતર આપેલી પરી કથા જ છે એમાં રમુ કમુ નામના બે બાળકો સ્વપ્ન પરીની સાથે આકાશની સહેલ ગાળે જાય છે અને ત્યાં ખૂબ આનંદ કરે છે. બાળકોને વાચતાં ખૂબ મજા પડે એવું રસમય શૈલીએ લખાયેલું છે.

કલાદર્શન

ગુજરાતની ચિત્રકલાનો પ્રતિનિધિ સંગ્રહ

રવિશંકર રાવળ, રવિશંકર પંડિત, કનુ દેસાઈ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, કૃષ્ણલાલ ભટ્ટ, ચન્દ્રવદન ભટ્ટ, એ સાતે ગુજરાતી કલાકારોનાં, ૧૦"×૧૧"ના માપના વિવિધરંગી માઉન્ટ ઉપર ચોડેલાં દસ સુંદર, પૂર્ણરંગી ચિત્રોનો અભિનવ સંગ્રહ કાચું ૧-૪-૦; પાકું ૧-૮-૦ રજિ.-પોસ્ટેજ ૦-૬-૦

ચિત્રશતક

સવા રૂપિયામાં સો ચિત્રોનો સંગ્રહ

કોણે કહ્યું કે કલાનો ઉપભોગ શ્રીમંતો જ કરી શકે? શુદ્ધ ઊંચી પસંદગીની, વિવિધતાવાળી અને સંસ્કારી કલાનો સુસમૃદ્ધ સંગ્રહ, મધ્યમ સ્થિતિનો ગમે તે ગૃહસ્થ કે કરકસર-વાળો કોઈ પણ વિદ્યાર્થી ખરીદી શકે એટલી કિંમતે મળે છે.
સુંદર ઉઠાવ - મજબૂત બાંધણી કિં ૧-૪-૦ પોસ્ટેજ ૦-૦-૩-

જેને વિષે હવે વિશેષ જાહેરખબર કરવાપણું રહ્યું નથી એવું ઘરઘરનું જાણીતું અને જનજનનું માનીતું આવતી પ્રજાનું માસિક એની વિશુદ્ધ ગૌરવાન્વિત કલા, એના સંસ્કાર સંપન્ન જ્ઞાનપ્રચુર લેખો, એની એકધારી ઊંચી કાવ્યસામગ્રી, એની મનોહારી વિવિધતાભરી સામગ્રીની નવીનતા, બધું અનોખું છે—અજોડ છે
વાર્ષિક લવાજમ રૂ. ૬-૦-૦ :: ::: :: પરદેશ ૧૨ શિ

નમૂનાના અંકના પૈસા પડતા નથી.

એનો કોઈ પણ અંક જુઓ અને તમે ગ્રાહક થવા લલચાશો

કુમાર કાર્યાલય · ૧૪૫૪ · રાયપુર અમદાવાદ

પત્ની–પુત્રી–ભગિની

એમને

લગ્ન–વર્ષગાંઠ કે બીજે શુભ પ્રસંગે

શું ભેટ આપશો ?

સ્ત્રીશકિત ગ્રંથમાળાનાં પુસ્તકો

જે આખા ગુજરાતમાં વખણાયાં છે.
જેને સરકારે પણ મંજુર કર્યાં છે.
જે સચત્ર અને રસિક છે,
જે ઉપયોગી, અને જ્ઞાનદાયક છે.

તે–

કુલ ૬૦ પુસ્તકો બહાર પડ્યાં છે જે રૂા. ૨૫)માં આપવામાં આવે છે.

થોડાંક નામો

સુઘડતા અને સુંદરતા	૦–૮–૦
કમનસિબ સવિતા(વંધ્યા)	૦–૪–૦
કાયદામા સ્ત્રીઓનું સ્થાન	૦–૩–૦
અર્ધાંગના	૦–૪–૦
ભરત ગુંથણ	૦ ૧૦ ૦
પારસી વાનીઓ	૦–૬–૦
ઘરેણાંનો શોખ	૦–૧–૦
જીવન પલટો	૦–૪–૦
સ્ટવનું શાસ્ત્ર	૦–૩–૦
વીર રોઝા	૧–૦–૦
દેવી ચોધરાણી	૧–૮–૦
રઝીયા બેગમ	૦–૩–૦
સાદગી અને માવજત	૦–૪–૦
પ્રતિ પ્રભુ છે	૦–૨–૦
વાતનું વતેસર	૦–૧–૦
પારસી લગ્નગીતો	૦–૬–૦
સુખી ઘર	૦–૩–૦
વહેમી પતિ	૦–૩–૦

લખોઃ–

સ્ત્રીશકિત • કળાપીઠ • સુરત

અંજલિ ગ્રંથમાળા

ત્રીજા વર્ષનાં પ્રકાશનો

૧૯૩૭–૩૮

ગ્રંથમાળાએ દર વરસે પ્રગતિ જ કરી છે. આ વરસે નીચે લખેલાં પાંચ પુસ્તકો, નીચે જણાવેલા સમયે અચૂક પ્રગટ થશે અને તરત જ ગ્રાહકોને મોકલવામાં આવશે.

એ પત્ની કોની?

લેખિકા : ઇંદિરા સહસ્રબુદ્ધે

[પ્રગટ થઇ ચૂક્યું છે]

'સ્ત્રીજીવનના પ્રશ્નો' મુખ્યત્વે સ્નેહલગ્ન અને છૂટાછેડાના, આ પુસ્તકમાં આત્મકથાના રૂપમાં ગૂંથવામાં આવ્યા છે. એક માતા મરતા પહેલાં પોતાના જીવનની દર્દમય અને રહસ્યમય વાતો એની પુત્રીને કહેતી જાય છે, એ આશા સાથે કે અંધારા માર્ગે એની પુત્રીને ચાલવું ન પડે.

અંતરની વ્યથા

લેખક : સોપાન

[જુલાઇમાં પ્રગટ થશે]

'અંતરની વાતો' જેવી જ પાંચ સૈનિકકથાઓ આ પુસ્તકમાં રજૂ થાય છે. પાંચેય કથાઓમાં વિવિધતા છે અને સૈનિકજીવનના ભિન્નભિન્ન પ્રશ્નોની ચર્ચા છે. અંતરની વાતો જેટલી જ પ્રવાહી અને રસમય શૈલીમાં આ કથાઓ આલેખાયેલી છે. આ કથાઓ વાંચતા નૂતન ગુજરાતના શિલ્પીઓના સ્વપ્નો તમને પરિચય થશે.

આવતી કાલ

લેખક : રામનારાયણ ના. પાઠક

[સપ્ટેમ્બરમાં પ્રગટ થશે]

આ નવલકથા છે. એમાં આવતીકાલ કોની છે એ બતાવ્યું છે. પ્રથમ સામાન્ય ખેડૂત પછી ચોર અને છેવટે રાષ્ટ્રવીર થતા એક શ્રમજીવીની આમાં કથા છે. આખી કથામાં આજની અર્થવ્યવસ્થા અને રાજવ્યવસ્થાની માર્મિક ચર્ચા છે. રિદ્ધિવંતો અને સિદ્ધિવંતોથી પીસાતી પ્રજાનું માનસ આમાં ચિતરાયું છે. આ નવલકથા આ લેખકની પ્રથમ કૃતિ 'પચાસ વર્ષ પછી' ના જેવી જ ગુજરાતને નવી લાગશે

વિજ્ઞાનવીરો

લેખક : મૂળશંકર મો. ભટ્ટ

[નવેમ્બરમાં પ્રગટ થશે]

આ પુસ્તકના નામમાં કદાચ ફેરફાર થશે. જગત કલ્યાણને અર્થે મોતની સાથે બાથ ભીડી મહાન શોધો કરનાર વિજ્ઞાનવીરોના જીવનપરિચયો અને એમની સાહસ કથાઓ આમાં આપી છે. જેણે પ્રજાના કલ્યાણ અર્થે પોતાનું જીવન તુચ્છ ગણ્યું છે અને પોતાને મળેલા આયુષ્યની પળે પળ ખર્ચવામાં જેણે અદ્ભુત ત્યાગ, વીરતા અને ઉદારતા બતાવ્યાં છે, તે વીરોનાં જીવનચરિત્રો ગુજરાતને પ્રેરણા આપશે

આત્મભાન

લેખક : સોપાન

[જાન્યુઆરીમાં પ્રગટ થશે]

'સંજીવની' તમે વાંચ્યું હોય તો અનંત, કાન્તા, વિનુ, સુમન, ચંદ્રા વગેરેને પિછાનતા હશો. એ પાત્રો દ્વારા જ આ નવલકથાની રચના થાય છે. આમાં ક્રાંતિની દૃષ્ટિએ ગ્રામસેવા ગ્રામસેવકોનાં જાહેર અને અંગત જીવનની સમસ્યાઓ, ગ્રામપ્રજાનું માનસ ઉપર ઝઝૂમી રહેલી રાષ્ટ્રવ્યાપી લડતની તૈયારી ઇત્યાદિ પ્રશ્નોને ગૂંથવામાં આવ્યા છે. 'સંજીવની'ના પાત્રોથી જ આ કથા શરૂ થઇ છતાં સ્વતંત્ર નવલકથા રહેશે.

: ગ્રાહક થવા માટે લખો :

અંજલિ ગ્રંથમાળા :: રમકડાં માર્કેટ :: અમદાવાદ



પુસ્તક વાંચનારને જણાશે કે આ કોઇ નવલકથા નથી, પણ પોતાની સમક્ષ ગ્યાઈ જ્હેલો સમાજજીવનનો કરુણ ઇતિહાસ છે એક સ્ત્રીની દર્દકથા છે. આમાં ન સમજાય કે ન મનાય એવું કશું નથી, આપણા જીવનમાં અને આપણાં ઓળખીતાંના જીવનમાં જોઇ શકીએ એવા બનાવો કલામય રીતે આલેખવામાં આવ્યા છે. આ એક નવીન ઢબે લખાએલું પુસ્તક છે.

: અં જ લિ ગ્રં થ મા ળા :



BOMBAY.

આ

અંકમાં

પરિશોધ

જંતુવાદ

રાષ્ટ્રભાષા હિંદી

અંતરના ઓળા

એક પુનિત પરિચય

મોજાંઓનો તાંડવયોગ

આંતરરાષ્ટ્રીય આંદોલનો

સશાસ્ત્ર વિ. સારૂં અને સરળ

ના પ્રેમીઓને

લીએ છીએ કે આ યોજના 'ઊર્મિ'ને જરૂર ચેતનવંતું બનાવશે અને વિશિષ્ટ સ્થાન અપાવશે, પરંતુ એમ નહિ બની શકે તો અમે ખાત્રી આપીએ છીએ કે સામાન્ય જીવન કરતાં 'ઊર્મિ' મરવાનું વધુ પસંદ કરશે.

એક વસ્તુ જણાવીએ કે જેમ 'ઊર્મિ'ની સાહિત્ય સામગ્રી બદલ અમને પૂરતો સંતોષ નથી, તેમ જ 'ઊર્મિ'ની વ્યવહાર બાજુ તરફ પણ અસંતોષ જ છે. 'ઊર્મિ' અત્યારે ખોટમાં ચાલે છે અને કદાચ આ આખું વર્ષ એણે ખોટમાં પસાર કરવું પડે. અમારી તમામ સાહિત્યપ્રવૃત્તિની પાછળ અમે એક દૃષ્ટિ તો રાખી જ છે કે એક પણ પ્રવૃત્તિ અમારે ખોટમાં નથી ચલાવવી. ગમે તેટલી શુભ પ્રવૃત્તિ હોય તો પણ એ માટે જાહેર દાન ઉપર આધાર નથી રાખવો. અમારી એ માન્યતા છે કે આ પ્રકારની સાહિત્ય પ્રવૃત્તિ તો જ ટકી શકે અને લાંબો કાળ જીવી શકે, જો એનામાં પોતાના પગ ઉપર ઊભા રહેવાની તાકાત હોય. એટલે જેમ

'આપણી સ્વરાજયાત્રા' આ વિભાગનું નામ જ એ લ સૂચક છે કે એ ઉપરથી સંપૂર્ણ ખ્યાલ આવી શકશે આપણું રાષ્ટ્રજીવન કઈ દિશામાં પગલાં માંડી રહ્યું છે તે આ ઉપરથી સમજાશે. આમાં રાજકારણની અને મહાસભાની વાતો આવશે એમ નહિ પરંતુ રાષ્ટ્રઘડતરમાં ઉપયોગી થતા એકેએક બનાવોની ચર્ચા આવશે. ત્રીજો વિભાગ: 'સાહિત્યના પ્રદેશમાં' આ વિભાગમાં અવલોકનો તો આવશે જ, પરંતુ તે ઉપરાંત દરવખતે સાહિત્યના લેખન, પ્રકાશન અને વેચાણને અંગેનો એક લેખ આવશે. અમને લાગે છે કે આ વિભાગ સાહિત્ય ક્ષેત્રમાં લેખક, પ્રકાશક, વિક્રેતા કે વાંચક તરીકે જોડાયેલા વિશાળ સમુદાયને રસિક અને ઉપયોગી થઈ પડશે.

બસ, યોજના પૂરી થઈ. કાગળ ઉપર મૂકેલી આ યોજના કોઈને અતિશયોક્તિ ભરેલી લાગશે. પરંતુ 'અમારા ઉપર વિશ્વાસ રાખો' એ ઉપરાંત અમે કશું કરી શકીએ એમ નથી. આ યોજનાની ગણતરી તૈયારી અમે કરી લીધી છે એટલે એની સફળતા વિષે અમને લેશ માત્ર શંકા નથી. આ જુલાઈથી આવતા જુન સુધીના ચાર વિશિષ્ટ-અંકો અમે નક્કી કરી લીધા છે તે અહીં જણાવી દઈએ.

સપ્ટેમ્બરમાં 'નવલકથા'અંક પ્રગટ થશે

એક મહાન અમેરીકન લેખકની સામાજિક નવલકથાનો અનુવાદ સુપ્રસિદ્ધ વિવેચક શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ તરફથી રજુ થશે અને એ સાથે જ એમના તરફથી એક ચિંતનપ્રધાન નિબંધ પણ રજુ થશે.

ડીસેમ્બરમાં 'જીવન-સાહિત્ય' અંક પ્રગટ થશે

આ પ્રસંગે જ કરાંચીમાં સાહિત્ય સંમેલનનું અધિવેશન મળવાનું છે એટલે આ અંક વધુ આવકાર-પાત્ર બનશે. આ અંકમાં જીવનને લક્ષમાં રાખીને

'ઊર્મિ'ને અમે વિશિષ્ટ ન બનાવી શકીએ તો ન છાજીએ તેમ એક વર્ષને અંતે એને પોતાના પગ ઉપર ઊભું ન રાખી શકીએ તો પણ ન છાજીએ.

આ બંને દૃષ્ટિબિંદુઓ ધ્યાનમાં રાખીને અમે **નવી યોજના** તૈયાર કરી છે. અમારી બીજી સાહિત્ય પ્રવૃત્તિથી જે વાકેફગાર હશે તે જાણતા હશે કે અમારા તંત્ર નીચે ચાલતી તમામ પ્રવૃત્તિ ચોક્કસ ધોરણે નફા સમતા રાખીને જ ચાલે છે અને એટલે એ જેમ જેમ વિકાસ પામતી જાય છે તેમ તેમ એના માની શકાય એટલી સસ્તી પણ બનતી જાય છે. આ વાતના પુરાવા રૂપે મોટામાં મોટા બે દાખલા છે. અમારા તરફથી પ્રગટ થતું 'બાલમિત્ર' માસિક અને 'અરવિંદ ગ્રંથમાળા' ગુજરાતભરના આ પ્રકારના સાહિત્યમાં સસ્તામાં સસ્તાં છે. [illegible]

સાહિત્યના અનેક પ્રકારો અને પ્રદેશોને લગતા લેખો વગેરે આવશે. અમે અત્યારે જ જાહેર કરી શકીએ એમ છીએ કે આ અંકમાં ગુજરાતના સમર્થમાં સમર્થ લેખકોનો સહકાર હશે.

ફેબ્રુઆરીમાં મહાસભા અંક પ્રગટ થશે.

સૌને ખબર હશે કે આ વરસે ગુજરાતને આંગણે આપણી વિરાટ સંસ્થાનું અધિવેશન મળવાનું છે. એ ભવ્ય પ્રસંગે અમે અમારી સુંદરમાં સુંદર ભેટ રજુ કરશું. આ અંકમાં મહાસભાના ટૂંકા ઇતિહાસ ઉપરાંત રાષ્ટ્રના સમગ્ર જીવન ઉપર આ સંસ્થાની શી અસર છે, દુનિયાની મહાનમાં મહાન સંસ્થાઓની સરખામણીમાં મહાસભાનું શું સ્થાન છે, મહાસભાની કાર્યપ્રણાલીમાં કયા ગુણો અને કયા દોષો છે ઇત્યાદી વિષયોની ચર્ચા થશે અને જો શક્ય હશે તો આ અંકને ફોટાઓથી પણ શણગારવામાં આવશે

જુનમાં નવલિકા અંક પ્રગટ થશે.

આ અંકમાં સારામાં સારી નવલિકાઓને જ સ્થાન મળી શકશે અને વાર્તાકલા અંગેનો એક અભ્યાસપૂર્ણ નિબંધ સુપ્રસિધ્ધ વિવેચકની કલમથી લખાયેલો અપાશે

એક વિનંતિ :

આ અમારી યોજના આપને સુંદર લાગે તો આપનાથી બને તે રીતે 'ઊર્મિ'ના વિકાસમાં મદદગાર થજો

- 'ઊર્મિ' દર મહિનાની છેલ્લી તારીખોમાં પ્રગટ થાય છે.

- 'ઊર્મિ'નું વાર્ષિક લવાજમ પાંચ રૂપિયા છે.

- 'ઊર્મિ'ના જાન્યુઆરીથી કે જુલાઇથી ગ્રાહક થઇ શકાય છે. વચ્ચે થનારને પ્રગટ થયેલા અંકો લેવા પડે છે

'ઊર્મિ' નું લવાજમ નીચેના સ્થળોએ ભરી શકાય છે

ઊર્મિ કાર્યાલય, ડેન્સો હૉલ, કરાચી.

ગુજરાત સાહિત્ય ભંડાર, બંદર રોડ, કરાચી

નૂતન સાહિત્ય ભંડાર, રમકડાં માર્કેટ, અમદાવાદ.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રીચી રોડ, અમદાવાદ.

સી. જમનાદાસની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ

સૌરાષ્ટ્ર સ્ટોર્સ, ભાવનગર

ન્યુ સ્ટોર્સ, રાજકોટ.

નોવેલ્ટી સ્ટોર્સ, ભરૂચ.

ગાંડીવ કાર્યાલય, હવાડીઆ ચકલા, સુરત.

પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરા.

ખાદી ભંડાર, વડોદરા.

પ્રકાશ સ્ટોર્સ, જામનગર.

એલ કે. મેઘાણી, ૧૪, અમતુલા સ્ટ્રીટ, કલકત્તા

ઊર્મિ કાર્યાલય ડેન્સો હાલ : કરાચી

ધી બોમ્બે મ્યુચ્યુઅલ

લાઈફ એશ્યુરન્સ સોસાયટી લીમીટેડ

સ્થાપના ઇ. સ. (૧૮૭૧)

લોકપ્રિયતાની સચોટ સાબીતી .

લખો:-કે. એન. અજાણી સ્વદેશી મારકેટ મુંબઈ : નં. ૨

ઊર્મિ ઑગસ્ટ મહિને

શક્તિ એટલી ભક્તિ	વિશ્વનાથ મ. ભટ્ટ
સમાજવાદ કે સમાજધર્મ ?	કિશોરલાલ મશરૂવાલા
ત્રણ પગલાં (નવલિકા)	શ્રીકાંત
જીવનમાં સૌંદર્યનું સ્થાન	કાકા સાહેબ કાલેલકર
સંસ્કૃતિનાં વહેણ (પ્રવાસ વર્ણન)	મૂળશંકર મો. ભટ્ટ
ડૉ. રામકૃષ્ણ ભાંડારકર (જીવનરેખા)	ઊર્મિલ
આંતરરાષ્ટ્રિય આંદોલનો (લેખ)	ભાસ્કરરાવ વિદ્વાંસ
રાષ્ટ્રિય શિક્ષણ (લેખ)	રામભાઈ પાઠક
જંતુવાદ	રમણલાલ એન્જિનીઅર
પૈસાનું નૈતિક મૂલ્ય (લેખ)	અજ્ઞાત
લોહીનું ખાતર (પ્રસંગચિત્ર)	સોપાન
કલાત્મક અંત	પ્રભુરામ ગજ્જરગોર
ત્રણ નવલકથાઓ	મોહનલાલ મહેતા

આ ઉપરાંત ઇન્દુલાલ ગાંધી, સુન્દરમ્, પૂજાલાલ, મોહિનિચંદ્ર ઋતુનામ કુસુમાકર, કરસનદાસ માણેક અને બીજા પ્રસિદ્ધ કવિઓના કાવ્યો, કવિતાની શૈલીમાંથી, અભ્યાસપૂર્ણ નોંધ, જીવનચરિત્ર, અવલોકનો અને ભાવના વગેરે આવશે

ઊર્મિ કાર્યાલય : ડેન્સો હૉલ : કરાચી

મનુષ્યનો વિકાસ

એની આંખના સંરક્ષણમાં,
એની આંખના જતનમાં
રહેલો છે.

ચશ્મા એ આંખના સંરક્ષણનું
ઉત્તમ સાધન છે.



સુશોભિત અને ટકાઉ ફ્રેમો તથા વિજ્ઞાનની
છેલ્લી શોધ મુજબના ગ્લાસના ચશ્મા
તૈયાર કરનાર.

મનસુખલાલ એન્ડ કું. માં

આજે જ મુલાકાતે પધારો.

શો રૂમ

૩૫૬ કાલબાદેવી રોડ, મુંબઇ ૨.

ટેલીગ્રામ : બાઇફોકલ્સ — ટેલીફોન :૨૧૫૦૩

ફક્ત ત્રણ મિનિટમાં

રડતો હસે છે. એટલે કે જ્યારે માણસોને માથાનો દુખાવો એટલો બધો થતો હોય કે દુ:ખથી બેજાર થઇ રડી જવાય ત્યારે—

——— બીકસનનું બામ ———

ખરેખર રડતાને હસાવે છે જરા આંગળી ઉપર લઇ કપાળે લગાડો કે જાદુઇ અસર થઇ રડવું હસવામાં ફરી જાય છે. આ સિવાય હાથપગની કળતર, કમરનો દુખાવો, આધાશીશી, સંધીવા, શરદીથી છાતીનો દુખાવો, ગરદનની નસનુ અકડાઇ જવું કે શરીરના કોઇ પણ ભાગનો દુખાવો ફક્ત ત્રણ મીનીટમાં બંધ કરી આરામ આપે છે. કીમત બાટલી ૧ના ૭ આના
ત્રણ બાટલી રૂ. ૧)

દાંતનાં દરદો

આજકાલ જ્યાં જુઓ ત્યાં દાતના દરદોની ફરીયાદ સાધારણ થઇ પડી છે તે માટે—

——— બીકસનનો વિગનો ટુથ પાઉડર ———

હલતા કે કળતા દાંત એકદમ અટકાવે છે દાંતનો સડો તથા દાતમાં પરૂ થવું (પાયોરીઆ) જેવા ભયંકર દરદો મટાડે છે. દાંત ઉપર બાઝેલી છારી કાઢી નાખી સફેદ મોતી જેવા બનાવી મોઢું તો એવું સાફ રાખે છે કે આખો દિવસ મીંનપમર્ક વાસ આવ્યા કરે છે

કીમત ૧ અઉંસની ડબીના ૪ આના, રૂતલ ૧ના રૂ. ૩) અર્ધા આનાની ટીકીટ મોકલી નમુનો મફત મગાવો.

હીરાચંદ ભીમજી, ગનબાઉ સ્ટ્રીટ કોટ, મુંબઇ.

કિશોર મુંબઈ ઇલાકાના કેળવણીખાતા તરફથી 'મંજુર થયું છે.
વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સિમાં 'કિશોર' શાળાઓ માટે મંજૂર થયું છે.

બે વર્ષ પૂરાં કરી 'કિશોરે' ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

અનેકવિધ સાહિત્ય અને સુંદર || કિશોરોની જિજ્ઞાસાને ઉત્તેજીત તેવે

તમે પણ ગ્રાહક થઈ અમારા આ સાહસને ઉત્તેજન આપશોજી.

લવાજમ હિંદમાં રૂ ૪)

પણ થાય છે .. હું તમને સતત રીતે મારાથી બનતી મદદ કરીશ "
ઝીણાભાઈ રતનજી દેસાઈ
[સ્નેહરશ્મિ]
પ્રિન્સિપાલ જી. પી હાઈસ્કુલ
વિનેપારને

પારસી અગિયારી સામે :
અમદાવાદ.

પરદેશમાં રૂ. ૬)

BOMBAY

સૌને માટે
તાકાત-તાઝગીથી ભરપૂર

લિજ્જતદાર

ઝંડુ દ્રાક્ષાસવ

— વિના વિલંબે —
વાપરવા માંડો

ખાસ સ્ત્રીઓને માટે
તન્દુરસ્તી-તાકાતથી ભરપૂર

સ્ત્રીઓની નબળાઇમાં
આબાદ અસર કરનાર

ઝંડુ અશોકારિષ્ટ

પ્રદરાદિ રોગોનો
અકસીર ઇલાજ
દરેક ઘરમાં હોવો જોઇએ

ચાંદની જેવી શીતળ

ઝંડુની (શિલાજીત યુક્ત) ચંદ્રપ્રભા ગુટી

પેશાબનાં તથા ધાતુંનાંદર્દોની રામબાણદવા
આજથીજ અચૂક અજમાવો

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્ક્સ લી. પો. બો. નં. ૫૫૧૩ મુંબઇ નં. ૧૪
સિંધના સોલ એજંટઃ ડાહ્યાલાલ બ્રધર્સ. સ્વામીનારાયણ બીલ્ડીંગ, બંદર રોડ, કરાચી.
○ આયુર્વેદિક દવાઓનું સૂચીપત્ર આજેજ મંગાવો ○

ડૉ. રવિશંકર ગણેશજી અંજારી કૃત પુસ્તકો

૧૯૩૭ ના માર્ચ આખર સુધીમા ખરીદનારને નીચેની ખાસ ઘટાડેલી કિંમતે આપવામાં આવશે

	મૂળ કિંમત	ઘટાડેલી કિંમત		મૂળ કિંમત	ઘટાડેલી કિંમત
૧ વગર દોકડાનો વૈદ્ય	૨–૦–૦	૦–૧૧–૦	*૬ હિંદના હિતનો ઉકેલ	૧–૦–૦	
૨ પ્રભાત પ્રાર્થનામાળા	૨–૦–૦	૦–૧૧–૦	૭ હઠયોગ	૧–૪–૦	૭–૦–૦
૩ વૃદ્ધવસ્થામા તંદુરસ્તી	૧–૮–૦	૦–૮–૦	*૮ શતશ્લોકી		૦–૧–૦
૪ વહુને શિખામણ	૧–૦–૦	૦–૫–૦	*૯ આરોગ્ય દોહાવલી		૦–૧–૦
૫ આદર્શન	૧–૦–૦		કુલ કિંમત	રૂ. ૯–૧૪–૦	

*આ પુસ્તકો છુટક મળી શકશે નહિ આખા સેટમાં જ અપાશે પોસ્ટેજ ખર્ચ અલગ.

નવ પુસ્તકોના આખા સેટની મૂળ કિંમત રૂ. ૯–૧૪–૦ થાય છે તે રૂ. ૩–૪–૦ મળશે.

ઉપરનાં પુસ્તકો મુંબઇ તેમજ અમદાવાદમા નીચે જણાવેલા ઠેકાણેથી મળી શકશે. પરંતુ મુંબઇમા ઘટાડેલી કિંમત ઉપર રૂપીએ ૦–૨–૬ અને અમદાવાદમાં રૂપીએ ૦–૧–૬ ખર્ચ જોગુ વધુ લેવાશે.

વડોદરામાં:—પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.

મુંબાઈમાં:—આર. આર. શેઠની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં. ૨

અમદાવાદમાં:—ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ—અમદાવાદ

દરેક સાર્વજનિક પુસ્તકાલયમાં અને દરેક સંસ્કારી ગૃહમાં ખાસ રાખવા જેવાં રૂચિક, બોધક, ઉપકારક અને મનુષ્ય જીવનને માર્ગદર્શક થાય તેવા શિષ્ટ વાચન માટે પસંદગી પામેલા ઉત્તમ કોટિનાં પુસ્તકો.—

	મૂળ કિંમત	લેવાની કિંમત
૧ શ્રી ધોંડો કેશવ કર્વેનુ આત્મચરિત્ર	૩–૦–૦	૧–૮–૦
૨ વીર ગાર્ફિલ્ડ	૧–૮–૦	૧–૦–૦
૩ બુકર ટિ. વૉશિંગ્ટન	૧–૧૨–૦	૧–૦–૦
૪ ફોરમ પુસ્તક ૧–૨	૧–૧૩–૦	૧–૦–૦
૪ અપંગની પ્રતિભા (હેલન કેલરની આત્મકથા)	૦–૧૨–૦	૬–૧૨–૦
૬ જગતના સીતારા	૦–૮–૦	૦–૭–૦
૭ અમારા જીવનની કેટલીક યાદગીરીઓ	૧–૮–૦	૧–૪–૦
ગાંધીજીની આત્મકથા ભાગ ૧–૨	૧–૦–૦	૧–૦–૦

પોસ્ટેજ તથા રવાનગી ખર્ચ જુદું.

લખો:—પુસ્તકાલય સ. સહકારી મંડળ લિ.
રાવપુરા—વડોદરા.



* વર્ષ છઠ્ઠું * * જુલાઇ ૧૯૩૭ * * અંક સાતમો *

સશાસ્ત્ર વિ. સારું અને સરળ

એક વાર કુટુંબી જેવા એક મિત્રને ત્યાં જમવા ગયો હતો. ત્યાં બે જુદી જાતની જમવાની વ્યવસ્થા જોઇ. એક નોકરને મેં ગમ્મતમાં પૂછ્યું, 'આ કોને માટે?' નોકરે કહ્યું, 'આ મોટા લોકોને માટે છે.' 'અને પેલી બીજી?' નોકર જવાબ આપતાં જરા મૂંઝાયો, પણ પછી બોલ્યો, 'એ સારા લોકો માટે છે.' 'ત્યારે હું સારા લોકોમાં બેસીશ' — હું બોલ્યો. 'ના, તમારે તો અહીં બેસવાનું છે' — એણે આગ્રહ કર્યો મેં કહ્યું, "ના, મોટા લોકો કરતાં સારા લોકો ઠીક."

મોટા અને સારા લોકો વચ્ચે વિરોધ દેખાડવાનું એની કલ્પનામાં યે નહોતું. પણ અજાણ્યે જ એણે વિરોધાભાસ ઉત્પન્ન કર્યો, અને તે ગમ્મતનો વિષય થયો. મોટા લોકો સારા ન જ હોય એમ તો કોઇ કહી શકે નહિ, પણ સારા લોકો મોટા ન હોય એવું બને, અને કેટલાક મોટા લોકો સારા ન હોય એવું યે બને.

મોટા લોક અને નાના લોક, એવા પ્રકારની ભાષાથી ભેદ દેખાડવા કરતાં આ નોકરે વાપરેલી ભાષા મને વધારે સારી લાગી. અનેક બાબતોમાં સમાજમાં પ્રત્યક્ષપણે રહેલા આવા ભેદોને એકને ખરાબ બતાવ્યા વિના દેખાડી શકાય.

એવો જ એક ભેદ શુદ્ધ સાહિત્ય અને સારા સાહિત્યનો કરી શકાય. શુદ્ધ સાહિત્ય સારું ન જ હોય એમ નહિ, કેટલુંક સાહિત્ય સારૂં છતાં શુદ્ધ ન હોય એમ બને. અહીં, અર્થાત્, શુદ્ધ શબ્દ નૈતિક નહિ, પણ કલામય એ દૃષ્ટિએ વાપર્યો છે. એને કલામય અથવા સશાસ્ત્ર સાહિત્ય કહેવું જોઇએ, પણ શુદ્ધ શબ્દ વપરાયેલો હોવાથી, અને તે સરળ હોવાથી તે જ વાપર્યો છે.

આ ઉપરથી શબ્દોના ઉપયોગમાં યે શુદ્ધ શબ્દો અને સરળ શબ્દોનો ભેદ પાડી શકાય એમ છે. દા. ત. 'અક્ષિ', 'એંજિનિયર' વગેરે શુદ્ધ શબ્દો છે; 'આંખ', 'ઇજનેર' સરળ છે. કેટલાક શુદ્ધ અને સરળ બન્ને હોય — જેમકે 'દીનતા'. પણ એ જ અર્થનો 'કાર્પણ્ય' શબ્દ શુદ્ધ છે, પણ સરળ નથી. અને આ 'સરળ' શબ્દ પણ શુદ્ધ છે, છતાં ટેવને પરિણામે 'સહેલો' જેટલો સરળ નથી.

મહત્વનું શું? શાસ્ત્રીયતા કે સારાપણું અને સરળતા?

વર્ધા : તા. ૮ : ૭ : ૧૯૩૭

શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળા

પ્રથમ પુત્ર પર લખેલી લીટીઓ

ફોલ્ક

પ્રવાસી ઊતારૂ મુજ સદન સોહાવ પગલી
કૂણી તારી પાડી જનક જનનીના ચરણમાં
અદીઠુ આનદી સ્મિત કરી મહોલ્લાસ શિશુ તુ
જગાવી લે વ્હાલા અમ ઉર ઉરે ગીત ગણુકા
અહીં કાવ્યોદ્યાને પથિક શિશુ તું સ્નિગ્ધ વદને
પ્રવેશ્યો, રેલાવી ત્રિઉર તટની જાન્હવી સુધા

હતુ માન્યુ ખાવે!
સીમા ઓળગ્યા છે જીવન પ્રણયોદ્યાન તણીને–
પડયા મ્હાડી બીડે પ્રભુ પદ સમીપે સચરતા
નીરવ વદને અર્ઘ્ય આલ્હાદ ધરવા

ત્યહીં હર્ષાનદે અચલ ધ્રુવ તારો અમીભર્યો
ઊગ્યો ઓજસ્વી તુ અમ અતલ વ્યોમે અનુપમો

અમે માણ્યુ આજે સફળ સુખ એ પ્રેમ વનનુ
થયુ, વિશ્વોકન્તા વિમલ પ્રભુ શુ રશ્મિ નવ તુ!

જશુ આઘે આઘે
ઊષા ભર્ગાખારો મહીં થઇ હવે પન્થ કરશું
અને કુજે મુગ્ધા નયન દઇ, ગાનો જગવશુ
મહાન દોર્મિએ મહુ દિગદિગન્તો ગજવશુ

થયો સાક્ષી તુ યે અમ ઉભયના પ્રેમ જીવને
રૂડી વાટિકામા મધુર ગીત ગાવા સુભુવને
સ્વિકારી આતિથ્યો હસ રડ રમી તાત કુટિરે
અને શિશુ વ્હાલા! હુ પણ નચવુ ગીત રણકે
સુદ ભર અમારા નવ પથે

●

ક્યાંથી નાચે ?

દેવજી રા. મોઢા

છાયા નાચે શશિની સરમાં વ્યોમમા અભ્ર નાચે,
કાસારોની તટ પર ઉભા ઝાડના ઝુડ નાચે,
વાયુ સ્પર્શે વિટપ પર સોહામણા પુષ્પ નાચે,
સાથે સાથે કુસુમ કળીને ભીંસતો ભૃગ નાચે!

ચદ્રી કેરા સ્મિત કિરણથી સિન્ધુના હાર્દ નાચે,
સિન્ધુ કેરા નીર સરકતા લોધીની નાવ નાચે,
નાવે બેઠી દૉમર તનયા કેરૂ હૈયુ ય નાચે
સાથે સાથે હૃદયજડિયા મુગ્ધ ભાવો ય નાચે

નાચે કેવી પ્રકૃતિ સઘળી આજ થૈ એકતાન!
નાચે કેવુ યુગલ જડ ને ચેતના ભૂલી ભાન!

નાચે કેવા હુંપદ ભૂલી જૈ, ગાય શા ઐક્યગાન!
શાને મારૂ ઉર અતડુ ના નાચતુ દેઇ તાલ?

ક્યાથી નાચે? ગળીં જીરવવા કૈંક માનાપમાન
ક્યાથી નાચે? ઉંડુ ઉતરતુ શલ્ય શુ તિક્ષ્ણભાન
ક્યાથી નાચે? ફરજતણી યે સાલતી તીણી સાન
ક્યાથી નાચે? હજી ય અધૂરા છેડતા દર્દગાન

ક્યાથી નાચે? સહન કરવા આકરા ક્રૂર સાદ
ક્યાથી નાચે? સ્વયમ સ્ફૂરતો રૂન્ધવો ઉરનાદ
ક્યાથી નાચે? સતવી રહી કૈં મીઠડી તીવ્ર યાદ
ક્યાથી નાચે? વહન કરવા કૈંક ઘેરા વિષાદ

તુરંગદ્વય

કરસનદાસ માણેક

ભ્રમ

દિવાલ સળીઆ ભલે મથી રહે મને ડારવા,
"તુરંગમહિં તું" કહી ભયની ભ્રાન્તિ સર્જવવા;
મહા તિમિર-અબ્ધિની ફરી વળે ભલે ઊર્મિઓ
પ્રયત્ન કરતી વૃથા હૃદયક્ષોભ જન્માવવા;
કરાળસુર સંતરી ઉછળી છો ડપે કર્દુ ને;
કવાયત કરે ભલે મનુજ વ્યાઘ્રવાઘા સહુ;
કટાક્ટ બિડાય છો કડણ વજતાળાં બધાં;
ધમંડથી ઝુલે ભલે અબુઝ ચાવીઓના ઝુડા!

અરે અવસ્થા બધી જડમતિની લીલા નરી
નિહાળી અટહાસ્યને નવ હું રોધી કેમે શકું!
બિડાઇ ઉઘડાય જ્યાં નયનનાં કુણાં પોપચાં
ત્યહાં અખિલ વિશ્વમાં ફરી વળું મનોવેગથી!
શરીર જડી શૃંખલા અબુઝ પોરસે ફૂલતા:
પડ્યા ભ્રમતુરંગમાં નિરખી તેમને હું હસું!

સત્ય

મને ઘડીઘડી પ્રહાર નાખી લઈ આપદા
સહજ મહિં, તું થકી વિમુખ રાખવા સર્વદા
મથે; પળછિન્ન દુઃખદર્દનો પ્રવાહ ને
વિનોદ ક્ષણજીવિ ઇન્દ્રિયસુખોના આગને
ઉંડા તિમિરપીતમાં ડુબવવા ઉગે ને જગે
અને નિરખું કે પ્રસંગ ઘનછાંય મૂકી ગયે:
ગુમાય સહુ જે થકી જટિલ જાલ ભ્રામણી
અદર્શિત, તુરંગ શી જીવનનાં ગમ અંધારણી!

દિવાલ જડ ઈંટ પથ્થર ચુનાની બેઠી ખડી.
ઘણું પડિક, અલ્પનાં, પ્રિયતમ, આદ્યનાં સૌ ગયાં—
ઘણું પડિક, આવિભ્યા અવધિ-કાલડા! કોઈના
અને ભ્રમણ ઉજ્જવળું સહુનું મિથ્યા [illegible]!
ઘણું પડિક-નું ન્યારું નીરખી જ્યાં હારી! અહે,
નહીં અવધ થે હવે, જીવનું [illegible] આવા પળે!

રહું સ્મરણમાત્ર કાં ?

હરિલાલ શી. પંડ્યા

રહું ઉરમહીં જ શું સ્મરણમાત્રને તાહરો
અસહ્ય પરિતાપ દાહ જગનું વૃથા ચિંતને
અલભ્ય મુજ કલ્પના ? નયન બિન્દુઓ ન્હાળવાં,
નિસાસ, કરુણા પ્રિયે ! પ્રબળ રોષ ઉદ્દીપન-
કરે શિથિલ ગાત્રને, મધુર સંહિતા સૂર શી
શમે વચનમાધુરી, પ્રણયની મહા શાન્તિ યે,
અહીંક ઉરમંથને, વિકૃત અંગ લાવણ્યની !

રહું સ્મરણમાત્ર કાં ? તપ અમોઘની સાધના
ત્હને જ વરવા ધરું ન જન્મ જન્માન્તરે ?
નિદાઘ બનવું હવાં શિદ પ્રિયે ! લતાપ્રાણને
સદા વિફળ શોષવા સ્મરણ રશ્મિએ સર્વથા ?

અને ગતગુરાગની વિમલ સૃષ્ટિમાં એકલી
સહર્ષ રમજે સખિ ! ઉર અપૂર્ણતા ચાહશે-
કદીય મુજ સ્પર્શ તો સુભગ માતરિશ્વા બની
હ .શ મૃદુ ગુમ્ફનો, સુલભ વાટિકા સ્થાનમાં !

નિશામણિ

અજ્ઞાત

'કલાપિ' ય થયો ન હોત યદી મુગ્ધ તુજ તેજપે,
અને લખત કાવ્ય ના લઘુત્વે મને વાંચવા,
રસમદ સુકલ્પના, ક્લિષ્ટગુંથી, દયાભાવના
તણા મધુર ઘૂંટડા શકત પામી હું શું કદા ?
અને રચન આટલી લઘુ પ્રશસ્તિરૂપ પંક્તિઓ
નિશામણિ ! નિહાળીને તુજ સ્વરૂપ ચમકંત આ ?

તપેલ પૃથિવિ ચૂસે નભરસાર્દ્રના ઉનથી,
ચુમી પ્રગટતી રૂડા હરિતભાવ ખંખેરવા
અલસ્ય જગનું, દઇ સુલભ ઠંડી સહુ નેનને
ત્યહાં પરણ ઝૂંડમાં શીતળ તેજ ત્હારૂં ઝગે
દિવા સ્વપ્ન શું દીસે જીવન ત્હારૂં ઠંડુ વળી
ટૂંકું સુઘડ સંસ્કૃતિભર, ધરિત્રિના તારલા !
મને ય જીવવી ગમે તુજ સમી લઘુ જીંદગી
ઝગી વિમળ થોડું લુપ્ત થવું હું ચહું આગિઆ !

વગડાઉ ફૂલને

નટવરલાલ શ્રી. ગાંધી

(મિશ્ર)

ભલે તમે આકુલ શ્વાસ લેતાં
રૂડાં છુપાઇ દલઝૂંપડીમાં;
ભલે વળી વલ્લરી છાંય ઓથે
વિદગ્ધહૈયે ય બળીઝળીને,
નિઃશેષ થઇ કાતરગદ્ગદ્સ્વેર શું
એકાંતમાં, જંગલમાં, સુદૂરે
ટીપું ટીપું આંસુ ય ઢાલવીને
સૌન્દર્યને પોષી રહ્યા અકારણે !

એ જોઇને રે ! ઘડી એમ થાતું
મને ય કે, વિશ્વમહીં કંઇક
વસ્યાં હશે માનવ દગ્ધહૈયે
રીબાઇ, પીસાઇ ઉંડા વિષાદે
આંસુ વિષે સુદસ્તા પિગાળવા
વહાવતં નિર્મલ ગંધરંગને !!

મોજાંઓનો તાંડવયોગ

શ્રી. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

[કરાચી પાસે કીઆમારીથી સહેજ દૂર મનોરા કરીને એક બેટ આવેલ છે. ત્યા એક મજાનું મંદિર છે. બેટ ઉપર મોટે ભાગે પોર્ટટ્રસ્ટના લોકો અને થોડુંક લશ્કર રહે છે. મનોરા બેટ કરાચીનું ઘરેણું અને સમુદ્રનું રમકડું છે. એ બેટને દક્ષિણ છેડે એક મોટી કરાડ આવેલી છે, જ્યાં સમુદ્રનાં મોજાંઓ અથડાય છે. અને એથી આગળ ઠીક દૂર સુધી એક મોટી દિવાલ બાંધી મોજાંઓને પ્રતિબંધ કરેલો છે. તેથી ત્યા મોજાંઓનો અખંડ સત્યાગ્રહ જોવાને મળે છે. આ દૃશ્ય જોવા હું એકવાર ગયો હતો. હિન્દી સાહિત્ય સંમેલન માટે આ વર્ષે કરાચી જતાં ફરીવાર એ દૃશ્ય જોઈ આવ્યો. મોજાંઓની અસર પેલા પત્થરાઓ ઉપર ભલે ન થાઓ પણ હૃદય ઉપર એમની અસર થયા વિના કેમ રહે? હૃદય અને સમુદ્ર બંને સ્વભાવે જ ઊર્મિલ હોય છે.]

કોઈ પણ કુદરતી દૃશ્ય પહેલીવાર જોઈને જે અસર થાય છે તે અસર બીજીવાર જોઈને નથી થતી. પહેલીવાર બધું નવું નવું હોય છે અજ્ઞાત વસ્તુનો પરિચય કરવાનો હોય છે. ડગલે અને પગલે આશ્ચર્ય અને ચમત્કૃતિનો અનુભવ થાય છે. બીજીવાર એ જ ઠેકાણે જવાથી ત્યાં કઈ કઈ વસ્તુની અપેક્ષા કરવી તેનો ખ્યાલ માણસને હોય છે. એટલે એટલા પ્રમાણમાં ચમત્કૃતિને અવકાશ ઓછો હોય છે. પરિચિત વસ્તુ પ્રત્યે પ્રેમ બંધાઈ શકે છે પણ આશ્ચર્ય અને ચમત્કૃતિ તો અપરિચિત વસ્તુ માટે જ હોઈ શકે છે.

એવી જ કંઈક પ્રેમપૂર્ણ પણ ઔત્સુક્યરહિત વૃત્તિથી હું કરાચી પાસે આવેલા મનોરાનાં મોજાં જોવા આ વખતે ગયો. જૂના પણ જુવાન મિત્રો સાથે આ રમ્ય ઠેકાણે વિસ્રબ્ધ વાર્તાલાપ થઈ શકશે તે આશાએ ત્યાં ગએલો. મોજાંઓ તો ત્યાં છે જ. એમને જોતાં આનંદ થવાનો છે જ; એથી વિશેષ કાંઈ નહિ એમ મનને સમજાવીને ત્યાં ગયો.

ગયે ફેરે ઊછળતાં મોજાંઓનું ધવલ હાસ્ય પકડવા માટે જાતજાતના ફોટા લીધા હતા પણ એમાંથી એકે સારો આવ્યો નહોતો એટલે એ મોજાંઓ પ્રત્યે મનમાં થોડીક ચીડ હોવાં છતાં વાર્તાલાપ માટે અનુકૂળ વાતાવરણ ત્યાં મળવાનું જ છે એટલો વિશ્વાસ હતો.

પણ ત્યાં જઈને મેં શું જોયું? ગયે ફેરે જે દૃશ્ય જોયું હતું અને એનાં કાવ્યમય ચિત્રો જે ચિત્તમાં સંઘરી રાખ્યાં હતાં એમને ફિક્કા પાડી ભૂંસી નાખનારાં મોજાંઓનું એક અખંડ તાંડવ જ એક એક નજરે પડ્યું હવે વાર્તાલાપ શાનો અને વિસ્રબ્ધ કથા શાની? મને તો ત્યાં ઉન્મત્ત કરનાર નશો જ મળી ગયો. આ ઠેકાણે એકલો હોત તો એ મોજાંઓના

નાચમા ઝંપલાવીને એની સાથે એકરૂપ થવાના અદમ્ય ખેંચાણને હું રોકી શકત કે કેમ એ હું નિશ્ચયપૂર્વક ન કહી શકું

એક જણ ગાય એટલે બીજાને ગાવાનું સ્ફુરણ થાય જ એક શિયાળ રાત્રીની શાંતિ સામે બળવો જગાડે એટલે સઘળા જ ક્રાંતિકારી શિયાળવા પોતાના ફેફસાની કસરત એમા ઉમેરવાના જ અરે ! તગતગતી મનોહર તારો પોતાના પ્રાણથી છૂટી જુઓ તરત નીચેની તારો એની મેળે પોતાનો આનંદઝંકાર શરૂ કરી દે છે તો પછી મારા જેવો કુદરતનો જીવ કુદરતની ભવ્યતાનું દર્શન કરી એની સાથેની પોતાની જુદાઈ ભૂલી જાય તો માનવીકલાપરની દૃષ્ટિએ એમા ભલે આશ્ચર્ય હોય પણ એ કંઈ અનહોની વાત નથી

જેમ હાથીની આખી શોભા એના ગંડસ્થળમા કેન્દ્રીભૂત થાય છે, કિલ્લાની શોભા એના ગગનચુંબી બુરજમા રહ્યા છે, જહાજની શોભા એના ઉપરના તૂતકના પરિપૂર્ણ થાય છે તેમ જ મનોરાના આ ઠેઠ જે કિલ્લા જેવી દિવાલો છે તેને કારણે આ મોજા અહીં વિશેષ શોભે છે અને સમુદ્રના મોજામા પણ આ કેફ તેની નપ્રક્રીડા ચલવી પોતાનો કલ શમાવે છે આ કલ્પવિનોદ સતત ચાલે તોયે એમાની કટાક્ષ ઊભરાતો નથી એટલે એ દૃશ્ય ચિરમનોહારી હોય જ છે પણ આ સ્થળે માણસે એ નવી દિવાલ બાંધી દરિયાના મોજાને અનહદ છેડયા છે અને આગળ વર્ષ થયા એ મોજા એવો આક્રોશ હજી સાંખી શકયા નથી અને કેઈ કાળે સાંખીને બેસવાના નથી જેટલી વાર એ અપમાનનું સ્મરણ એમને થાય છે એટલી વાર તેઓ ભારે કટક થઈ આવીને એ દિવાલ પર ધમધમ કરે છે અને પથ્થરને પડકાર કરવાને એકબીજાને સિસકારતા જાય છે શો એમનો એ ઉન્માદ ! શી એમની દૃઢ પ્રતિજ્ઞા ! શો એ જીવનનો ધબકારો ! આજે તો એમના એ અમરને પૂરી ભરતી આવી હતી પછી પૂછવું જ શું ! જાણે વીરમદ તમામ શિવગણોને ભેગા કરી મોજાના રૂપમા અહીં પ્રલયનાગ બજવવા મથે છે !

એકએક મોજું જાણે ઉન્નતની ટેકરી એમની ઉત્તુંગ શોભા જોઈ બીજા મોજાએ એનું કૌતુક જ કરતું વરે છે પણ તેમ કરવાને બદલે બન્ને જણા એક થઈ એક નવી જ ઊંચાઈએ પહોંચે છે અને આસપાસના મોજાને પણ પોતાના જેટલી ઉંચાઈએ ચઢવાને ઉત્તેજન આપતા જાય છે અને આ નાચ એક ક્ષણ પણ થોભ્યા વિના અખંડ ચાલુ જ રહે છે ઠીક મીટ માંડીને આ તાંડવ જોયા કરો એટલે એમા એક પ્રચંડ તાલ દેખાઈ આવે છે જાણે શિવનાં ડમરુઓનું પ્રમ ઊંકારણ પોતાની શક્તિ અજમાવવા માંડે છે અને હૈયું ભરાઈ આવે એટલે બોધ વધવાથી જોતજોતામાં પ્રમાણિકાનું પંચચામર થઈ જાય છે અને પછી પોતાના તોરનું ભાન છોડી દઈ એ તાલ સાથે પુષ્કળ પણ તાંડવનૃત્ય નાચવા માંડે છે

જે બાજુએ મોજાઓનો ધમારો વધારેમા વધારે છે અને જ્યાં અફળાતા મોજાના ચૂરેચૂરા થાય છે અને આકાશમા એનો ઇન્દ્રધનુષ્ય ઝીણો મોટો પ્રયોગ તૈયાર થાય છે ત્યાં જ કેટલાક પગથિયા અખંડ સ્નાન કરતા ઋષિઓની પેઠે તપ કરતા બેઠા છે મોજાનું પાણી એમને માથે પડી હસતું હસતું અભિષેક કરતું પગથિયા ઉતરતું જાય છે દિલ્હી-આગ્રામા, કાશ્મીર કે મૈસુરના વૃંદાવનમા માણસે વિરામના જે સાધનો ઉપજાવ્યા છે અને પાણીનો પ્રવાહ શ્રાવણ ભાદરવાના ઘેઘૂમાં વહેતા કર્યા છે તેનું સ્મરણ અહીં થયા વિના નથી રહેતું

પણ કેટલાક મોજાઓ તો પેલી લાંબી દિવાલ સાથે અથડાઈને એને માથે પાણીની ચાદર નાખી બેસે કે તરત જ મશગૂલ રહે છે મોજું અથડાય દિવાલ ઉપર મરજી થાય અને દિવાલની પરોણાગતિ અનાદર કરી સામી બાજુ કૂદી પડે અને આ દોડતી પિચકારીએ દરથી આપણી તરફ દોડતી આવે એ દૃશ્ય દરેક રીતે ઉમદા હોય છે અને આવો મહોત્સવ માણવા આવેલા આપણે જાણે સ્વાગત કરવાની ફરજ પોતાને માથે આવી પડી હોય તેવી રીતે આ સેરોમાંથી અને પેલા પથ્થરમાંથી ફેલાતું પાણીનું ઝરણ આપણી તરફ કરી મૂકે છે આ બાજુ ઝાંખા આભની પાછળ ઉતરતા કોનાના ટેરવા ઉપર

અને આશ્ચર્યથી ખુલા થએલા હોઠો પર જ્યારે જામે છે ત્યારે આપણને થાય છે કે આપણે પણ નાગરિક કે ગ્રામવાસી નથી પણ વરુણના સામુદ્રિક રાજ્યની પ્રજા છીએ.

અને મહાસાગર ઉપરથી દોડતો આવતો શુદ્ધ પવન કહે છે કે "આ દરિયની મહેમાનગિરી સ્વીકારવાની શક્તિ તમારા પામર હૈયામા ક્યાથી હોય ! ચાલો હુ તમને દૂર દૂરથી આણેના ઓઝોનની (પ્રાણવાયુની) દીક્ષા આપુ, ભાથુ આપુ ઓઝોન જ્યારે હૈયામા ભરાશે ત્યારે તમારા દેહમા પવિત્ર થશે પ્રાણપૂર્ણ થશે અને પછી જ અહીંનુ વાતાવરણ અને ઉદ્દાવરણ તમે ખમી શકશો અને ખરેખર પ્રાણવાયુના શ્વાસોચ્છ્વાસથી દરેકના મોઢા ઉપર ઉત્સાહની રતાશ આવી હતી અમે આઠ જણા આઠે બાજુ જોઈ જોઈને ધરાતા નહોતા

એ જ ઠેકાણે અમારા પહેલા ગોર સિંધીભાઈ એક મોટા પત્થર ઉપર બેસી ચૂપચાપ એ આ મા દરિયાના તરંગોનુ તાંડવ નાટક જોતા હતા ન બોલે ન ચાલે ન હલે ન ગાય તલ્લીન થઈ એ મહેરામણ જોતા જોતા અમે વાતો કરતા હતા હસતા ઉદ્ગારો કાઢતા હતા પણ પહેલા ભાઈને એનુ શુ ! એને માણસની મોજ માણવી નહોતી પણ મોજાની મસ્તી અપનાવી હતી પી જવી હતી એક પગ ઉપર બીજા પગની પલાંઠી વાળીને તેના ઉપર હાથની કોણી ટેકવીને વાંકી ડોકે એ સમુદ્રપાન કરતો હતો એના એ ભવ્ય વાંકડિયા કેશમાં સીકરબિન્દુની મુક્તામાળા ચમકતી હતી જાણે સમુદ્રદેવે પોતાનો વર હસ્ત એને માથે રાખ્યો હોય !

અમે સ્થાન ફેરવી ફેરવીને અનેક દૃષ્ટિકોણથી એ દરિયા જોયુ એટલે મોજાઓના મનમા અમારા પ્રત્યે સદ્ભાવ જાગ્યો તેઓ કહે "આવો આવો આમ દૂરથી શુ નિહાળો છો ? તમે કાંઈ પરાયા નથી પાસે આવો મોજ માણો હસો અને ફરો આ ક્ષણ અને અનન્ત કાળ વચ્ચે કશો ફરક નથી ચાલો આવો મોજાઓનો વિવેક જોઈ ખુશ થઈ તેઓ આમ અર્ઘ્ય આપતી વખતે હાથ આપતા નથી પણ પગ પખાળે છે અમે વિવેકસર એ સ્વાગતનો સ્વીકાર કરી કહ્યુ 'ખરે ખર આવવાનુ મન થાય છે પણ હમણા નહિ હજી અમારૂ કામ પૂરૂ થયુ નથી ઘણુ બાકી છે કેટલાયે સંકલ્પો પાર પાડવાના રહ્યા છે જે ભારતમાતાના ચરણોનુ અખંડ પ્રક્ષાલન તમે કરો છો તે ભારતમાતા હજી સ્વતંત્ર થઈ નથી માણસ માણસ વચ્ચેનો વિગ્રહ હજી શમ્યો નથી ગરીબ અને કમજોરી જનતા સાથે એકતા જ્યાં સુધી પૂરેપૂરી અનુભવી નથી ત્યાં સુધી તમારી સાથેની એકતા માણવાનો અધિકાર અમને ક્યાથી આવે ! તમે મુક્ત છો અખંડ કર્મયોગી છો, સતત કાર્ય કરતા છતા કર્તવ્ય જેવુ તમને કશુ રહ્યુ નથી અમે તો કર્તવ્યનો ઢગલો દૃષ્ટિ આગળ જોતા છતા આળસમા પડ્યા છીએ અમને તમારી હારમા જઈ નાચવાનો અધિકાર નથી તમે અમને પ્રેરણા આપો, અમારા હૈયામા તમારી મસ્તી ભરી દો, તમારો વેદાંત અમારા ચિત્તમા વાવી દો પછી અમારૂ કાર્ય પૂરૂ કરતા, ભારતને આઝાદ કરતા વાર લાગવાની નથી અને એ એક સંકલ્પ પૂરો થયો એટલે કશા વિષાદ વગર તમારી પાસે દોડી આવીશ તમારી સાથે અદ્વૈત માણીશુ અને તેમ કરતા આ હાડકાં ચામડી અને માંસ વાધા ઉડાને તો જેમ અગવડ કરતા કપડા ફાડી નખાય તેમ આ શરીરના ચૂરેચૂરા કરી નાખીશુ અને એ લોચાના નવા નવા આકાર થતા જોઈ હસવા માંડીશુ'

'વારુ, તમારે ફાવે ત્યારે આવજો તમો આવો કે ન આવો અમારૂ આ તાંડવનૃત્ય ચાલવાનુ જ જીવનનો રાસ ફરી ફરી ગોપીઓ આમા ભળી છે સંસારના બંધનામાથી મુક્ત થએલા તમામ સાધુસંતો, ફકીરો ઓલિયાઓ આમા ભળ્યા છે વિજ્ઞાનીઓ અને સત્યના ઉપાસકો આમા ભળીને શાંત થયા છે અને તેથી જ અમારો આ સંઘ અખંડ અશાંતિ મચાવતા છતા શાંતિનુ સામગાન મચાવી શકે છે સમજાય છે એ સંગીત ? "

"આશા નિરાશા"

ઋતુનાં કુસુમાકર:

: સ્રગ્ધરા :

ત્યારે આશા નિરાશા મુજ જીવનમાં હીંચવું એ હિન્ડોળે?
આશા ત્હારી હુથેલી કુંણી શીળી શિરશું, જમ્પીએ માતૃખોળે,
પ્રત્યક્ષ પ્રાણમાં તું અમીઝરણી શકે દેવદૂતી, સુહાગી,
શાતા તું નિર્ઝરે છે કિરણ કિરણ શું અંતરે જ્યોતિ જાગી.

ડોળા આ ઘૂરકાવે જીવન રજની નૈ–રાશ્યની કાલિમા જ્યાં,
સંજોગો સૌ અટાણે પ્રતિકૂળ બનતા, સ્વપ્નની લાલિમા ક્યાં?
આદર્શોની શું નૌકા ડુબું ડુબું થતી આ, સંશયે ક્યાં સમાશે?
ઘેરી લ્યે છે નિરાશા તિમિર જવનિકા, નેત્રની જ્યોતિ ઝાંખે.

ઊંડા કોઇ ધ્વનિ શું તિમિર ઉદરથા થાય ને ચિત્ત ડોળે,
આદર્શો શા નકામા મૃગજળની પુઠે કા ધસી શાન્તિ ખોળે?
હૈયું જાણે છુંદાતુ, ખલુ અકથિતકો વેદના ક્રુર ભારે,
ત્યારે ચૈતન્યધારા સમી હૃદય મંહી દેવી આશા પધારે.

ના છે સત્વહીણીકે જરૂર વગરની ચીજ આ જીન્દગાની,
એ છે દુર્જેય શકિત પ્રમુદિત ઉજળી, શું પછી લાભ હાની?
એવો તુ શાન્તિદાઇ હૃદય ઝઝુકતો દીવડો પેટવે છે,
આશાદેવી! અમોલી અભિનવહૃદયે ચેતના ચેનવે છે

●

પરિભ્રમણ

ભાસ્કર દવે

માયાવી જાળ ગૂંથીને નાસવા ઇશ શેં ગમે?
ઉષા સંધ્યા અને ચંદ્રી સૂર્ય ને મધરાતનાં,
નિરાશા આશના દુઃખો, માનને અપમાનના
તેજ અંધાર ચક્રાવે આથડે જન ક્યાં સુધી?

જન્મને મોતના ભૂતો ખેલતા મનુ બાળથી
સજાવી બાણુ યૌવનના વૃદ્ધના વળી સાજ સૌ.
વિંટાળી વેષ મર્કટને નાચતા શું બજાણીયા
દેખવા ખેલ આ તારો શેં ગમે ઇશ ના તને?

ખૂઝતા દીપ શ્રદ્ધાના, ધર્મ સંયમના વળી.
ભુલતો માનવી આજે થાકીને ઇશ ઓ, તને.
અહમ્ ને સ્વાર્થની આંધી, બુદ્ધિના તિમિરાબ્ધમાં
શોધવા શેં વિભો તારા હાસ્યના ચમકાર ત્યાં?

તૂટતા દેહના તાણા, નૂર આતમના ખૂટે,
છતાં યે અન્નપૂર્ણાના રૂસણા જન શેં ખમે?
ભમે પૃથ્વી અને તારા, ચંદ્ર ને ગ્રહ સૌ ભમે,
ભમે સૌ માનવી ત્યારે તાત, કાં ભમવા ગમે?

અંતરના ઓળા

શ્રી કાંત

'એ હું માની શકું જ નહિ' અનિરૂધ્ધે મક્કમતાથી પોતાનો અભિપ્રાય ઉચ્ચાર્યો.

'નહિ, આપણે એના વચન ઉપર વિશ્વાસ મૂકવો જોઈએ. એ ડરપોક નથી. એવું હોય તો એ સાફ સાફ કહી દે એવો છે.' બટુકે નીરૂનો બચાવ કર્યો.

'મને એના ઉપર તારા જેટલો વિશ્વાસ નથી, પરંતુ એટલો વિશ્વાસ હોય તોયે હું એમ કહું કે એને પોતાને પોતાની ચિત્તવૃત્તિઓનું ભાન નથી. એમનાં વચ્ચેની મૈત્રીનાં લક્ષણો જ બતાવી આપે છે કે એ એકબીજા પ્રત્યે ખેંચાતા જાય છે—અને જેમ પ્રેમીઓ ખેંચાય એમ જ ખેંચાતા જાય છે, ભલે એને એ લોકો શુધ્ધ મૈત્રીનું સ્વરૂપ આપે. એ શુધ્ધ મૈત્રી હોય જ નહિ, હોઇ શકે જ નહિ.' અનિરૂધ્ધ એક શ્વાસે બોલી ગયો.

'પણ તું એવાં ક્યાં લક્ષણો એમાં જોઈ ગયો ? તેં કોઇ દિવસ નીરૂ અને ભદ્રાને અમર્યાદ રીતે બેસતાં, ઉઠતાં કે ફરતાં જોયાં ?'

'એમ જોયાં હોય તો તો એમને પોતાને પણ કબૂલ ન કરાવી આપું ?'

'તો પછી ?'

'એકબીજાને મળવાની આટલી બધી વ્યાકુળતા, એકમેકનાં કાગળ માટે આટલી ઉત્પતા અને તિવ્રતા. એ બધું શું બતાવે છે ?'

'એટલા ઉપરથી આવો આરોપ ન મૂકી શકાય એક વાત મારાથી સમજાતી જ નથી કે જો તું કહે છે એમ એ બંનેની મૈત્રી લગ્નમાં પરિણમે એવી હોય તો એ લોકો છુપાવે શા માટે ? આપણે સામે ચાલી પૂછીએ છતાં ન કહેવાનો શો અર્થ ?'

'એનાં ઘણાં કારણો હોઇ શકે.'

'તું એકેય બતાવી શકીશ ?'

'જોઈએ તેટલાં. જો, એક તો આજસુધી એમ કહ્યા કર્યું છે કે અમારી વચ્ચે આવા સંબંધની શક્યતા જ નથી. બીજું કંઇ આંતરિક મુશ્કેલી પણ હોય...'

"આશા નિરાશા"

ઋતૂનાં કુસુમાકર.

: સ્રગ્ધરા :

ત્યારે આશા નિરાશા મુજ જીવનમાં હીંચવું એ હિન્ડોળે?
આશા ત્હારી હથેલી કુંણી શીળી શિરશું, જમ્પીએ માતૃખોળે,
પ્રત્યક્ષ પ્રાણમાં તું અમીઝરણી શકે દેવદૂતી, સુહાગી,
શાતા તું નિર્ઝરે છે કિરણુ કિરણુ શું અંતરે જ્યોતિ જાગી.

ડોળા આ ધૂરકાવે જીવન રજની નૈ-રાશ્યની કાલિમા જ્યાં,
સંજોગો સૌ અટાણે પ્રતિકૂળ બનતા, સ્વપ્નની લાલિમા ક્યાં?
આદર્શોની શું નૌકા ડુબું ડુબું થતી આ, સંશયે ક્યાં સમાશે?
ઘેરી હ્યે છે નિરાશા તિમિર જવનિકા, નેત્રની જ્યોતિ શ્રાસે.

ઊંડો કોઇ ધ્વનિ શુ તિમિર ઉદરથી થાય ને ચિત્ત ડોળે,
આદર્શો શા નકામા મૃગજળની પુઠે કા ધસી શાન્તિ ખોળે?
હૈયું જાણે છુંદાતુ, ખલુ અકથિતકો વેદના ક્રુર ભારે,
ત્યારે ચૈતન્યધારા સમી હૃદય મંહી દેવી આશા પધારે.

ના છે સત્વહીણીકે જરૂર વગરની ચીજ આ જીન્દગાની,
એ છે દુર્જેય શક્તિ પ્રમુદિત ઉજળી, શું પછી લાભ હાની?
એવો તુ શાન્તિદાઇ હૃદય અમુક્તો દીવડો પેટવે છે,
આશાદેવી! અમોલી અભિનવહૃદયે ચેતના ચેતવે છે

●

પરિભ્રમણ

ભાસ્કર દવે

માયાવી જાળ ગૂંથીને નાસવા ઇશ શેં ગમે?
ઉષા સંધ્યા અને ચંદ્રી સૂર્ય ને મધરાતનાં,
નિરાશા આશના દુઃખો, માનને અપમાનના
તેજ અંધાર ચક્રાવે આથડે જન ક્યા સુધી?

જન્મને મોતના ભૂતો ખેલતા મનુ બાળથી
સજાવી બાણુ યૌવનના વૃદ્ધના વળી સાજ સૌ.
વિંટાળી વેષ મર્કટને નાચતા શું બજાણીયા
દેખવા ખેલ આ તારો શેં ગમે ઇશ ના તને?

બૂઝતા દીપ શ્રદ્ધાના, ધર્મ સંયમના વળી.
ભૂલતો માનવી આજે થાકીને ઇશ ઓ, તને.
અહમ્ ને સ્વાર્થની આંધી, બુદ્ધિના તિમિરાભ્રમાં
શોધવા શેં વિલો તાગ હાસ્યના ચમકાર ત્યાં?

તૂટતા દેહના તાણા, નૂર આતમના ખૂટે,
છતા યે અન્નપૂર્ણાના રૂસણાં જન શેં ખમે?
ભમે પૃથ્વી અને તારા, ચંદ્ર ને ગ્રહ સૌ ભમે,
ભમે સૌ માનવી ત્યારે તાત, કાં ભમવા ગમે?

'મને પણ ક્યારેક એમ લાગે છે.'

'ક્યારેક નહિ, હવે તો હું દરેક નાના મોટા પ્રસંગે જોઈ રહ્યો છું. અને નીરૂ માટે તો કોણ જાણે એના મનમાં શું ભરાઈ ગયું છે!

'આશ્ચર્યની વાત તો એ છે કે અનિરૂદ્ધ પોતે જ એમ કહેતો કે 'પુરુષજીવનમાં સ્ત્રીત્વની આવશ્યકતા તો છે જ, પણ એ માટે લગ્ન કરવાની જરૂર નથી. નીરૂ અને ભદ્રાની પેઠે મૈત્રીથી એ ઉણપ પૂરી શકાય' આજે હવે એ એવી મૈત્રીને દંભ માને છે.'

'પણ કાન્તિ! આમ થવાનું તને કારણ શું લાગે છે?

'કંઈ ખબર નથી પડતી, પણ બહુ અભ્યાસી થઈ ગયો છે એ કારણ તો ન હોય! હમણાં માનસશાસ્ત્રનાં પુસ્તકો બહુ વાંચે છે.'

'હા. એમાંથી આ બધું શોધી કાઢ્યું હોય!'

'પણ એણે અંતે તો નીરૂના શબ્દને આ બાબતમાં પ્રમાણ તરીકે સ્વીકારી લેવો જોઈએ.'

'એ શી રીતે બની શકે? જ્યાં નીરૂમાં હવે એને દંભ દેખાતો હોય!'

'ગઈ કાલે એને મોઢેથી એક બીજી વાત પણ મેં સાંભળી.'

'શી?'

'એ હવે માને છે કે માણસમાં જુવાની અને સમજણ આવે ત્યારે એણે પરણી લેવું જોઈએ, બ્રહ્મચર્યની વાતો કરવી એ એક પ્રકારની ઘેલછા છે.'

'આવું એને ક્યારથી લાગવા માંડ્યું.'

'એ કહે છે કે છેલ્લા એક વર્ષ થયાં આ વિચારો એના મનમાં ઘોળાય છે.'

'તો એ કેમ નથી પરણી જતો?'

'એ તો મેં ન પૂછ્યું. મને પૂછવું ઠીક ન લાગ્યું.'

'તેં પૂછી લીધું હોત તો તું વધુ જાણી શકત. કદાચ એના વિચારપલટાનું કારણ પણ સમજાત.'

'મને એવી અંગત વાતોમાં ઉતરવાનો રસ નથી. હું માનું છું કે ગમે તેવી ગાઢ મૈત્રી હોય તોયે અમુક મર્યાદા તો પાળવી જોઈએ.'

'તારી વાત સાચી છે, મેં જોયું કે આ પ્રકારની મર્યાદાના ઉલ્લંઘનથી આપણામાં ધીમે ધીમે એક પ્રકારની રસવૃત્તિ જાગે છે અને સામા પક્ષે આછો પાતળો દંભ ઉભો થાય છે.'

'એટલે જ મેં અનિરૂદ્ધને ન પૂછ્યું. વાત કરતી વખતે મારા મનમાં હતું કે એ પોતે જ મને કહેશે પણ એ ન બોલ્યો એટલે મેં વાત ફેરવી નાખી.'

'બીજી ખાસ વાતો થઈ?'

'કંઈક સંતતિનિયમન અંગેની.'

'એમાં એ શું માને છે?

'એ કહે છે કે સંતતિનિયમનની તરફેણમાં હું ઢળતો જાઉં છું, મારી બુદ્ધિએ તો એનો સ્વીકાર કરી લીધો છે, હૃદય જરા પાછું પડે છે પણ એનું કારણ તો આટલા વર્ષોના સંસ્કાર અને રૂઢ માન્યતા છે.'

'આ સમાચાર વધુ ચોંકાવનારા છે કાન્તિ! અનિરૂદ્ધના હૃદયની ભૂમિકા જ હવે બદલાની હોય એમ મને લાગે છે.'

'એમાં શો વાંધો? આપણા ઘણા મિત્રો આવા વિચારો ધરાવે છે.'

'પણ અનિરૂદ્ધની વાત જુદી છે. એ ગઈ કાલ સુધી આ બધી વસ્તુનો વિરોધ કરતો અને અને આપણી સંસ્કૃતિના વખાણ કરતો.'

'હવે એના વિચારો બદલાયા હશે. આ બુદ્ધિયુગમાં એવી આશા તો કેમ જ રાખી શકાય કે માણસ એકના એક વિચારોમાં જીવ્યા કરે!'

'હું' બટુક જરા ગંભીર બન્યો. 'મારે હવે એજ જાણવું છે કે એના વિચારપલટાનું કારણ શું.'

'કારણ શું હોય? વધુ વાંચતાં, વિચારતાં ને સમાજનું અવલોકન કરતાં આ સાચું લાગ્યું હશે.'

'એમ ન હોય,' ઊંડા વિચારમંથનમાંથી બોલતો હોય એમ બટુક બોલ્યો.

'ત્યારે તું શું કારણ ધારે છે?'

'બીજું ગમે તે કારણ હોય. તું કહે છે એ કારણ તો ન જ હોય. અનિરૂદ્ધે બહુ વખત પહેલાંનું એ બધું વાંચી લીધું છે ને જોઈ લીધું છે...હા પણ એ કહે છે કે ત્રણ વર્ષ પહેલાં એ અણસમજુ હતો બાળક જ તો!'

બટુક વિચારમાં પડ્યો હોય એમ જરા અટક્યો 'હં, કાન્તિ, ગમે તેમ હોય અનિરૂધ્ધના વિચાર પલટાને મારે સમજવો છે '

'એક ઉપાય છે '

'શો ? '

'તું એને સીધા પ્રશ્નો પૂછી જો '

'એ મરખા જવાબ નહિ આપે '

'આપશે '

'હવે ન જ આપે '

'તો યે તું કંઇક જાણી શકીશ '

બટુકને કાન્તિની વાતની ઠીક લાગી

× × ×

'જોયું ! અનિરૂધ્ધ બોલ્યો 'બટુક ! હું નહોતો કહેતો કે આ મૈત્રી નથી ભાઇબેનનો સબંધ નથી આ તો પ્રેમીઓના ઝૂરતા હૃદયો છે નહિ તો ભલાની એ નાનકડી ચિઠ્ઠીના આટલા ઝીણા ઝીણા ટુકડા કરી નાખવાની શી જરૂર ? કોઇ બે અક્ષરો વાંચી જશે એ ભય જ ને ? જ્યાં ભય હોય ત્યાં ગુપ્તતા હોય અને ગુપ્તતા હોય ત્યાં પાપ હોય જ '

'પણ એમાં પાપ શાનું !'

'પાપ જ, બીજું શું ? પાપ એટલે મનિતના, અસભ્યતા મિત્રો અને સમાજ પ્રત્યેની અમુક બેવફાઇ '

'તું ગજબ કરે છે અનિરૂધ્ધ ! તારાથી એમનો પ્રેમ નથી સખાતો કે શું ? '

'શું !' અનિરૂધ્ધની આંખો પહોળી થઇ 'તું મને ઓળખતો નથી બટુક ! હું તો ધીમેધીમે 'મુક્ત વિહાર' માં માનતો થતો જાઉં છું હું ઇચ્છું છું કે નીરૂ ને ભદ્રા જે કરે તે ખુ બ ખુશીથી કરે '

'કેવી વિચિત્ર વાત કરે છે ! '

'તને બધું વિચિત્ર જ લાગશે નીરૂમાં તું ઇશ્વરના દર્શન કરી ગયો છે હું તો હવે ખાત્રીપૂર્વક માનું છું કે આટલા ગાઢ સબંધ પછી માણસ અલિપ્ત રહી શકે જ નહિ, અને જ્યાં એકના મળવાની ઇચ્છા થઇ કે છાના કાગળ લખવાની ઇચ્છા થઇ ત્યાં પેલું આકર્ષણ આવી જ ગયું છે એમ માની લેવું '

બટુકે શાન્તિથી સાંભળી લીધું એ વિચારમાં હતો અને તેનું માન કે ન માન પણ જવતન અને નાગા ... પણ હું એમ જ માનું છું જયંતા

તબિયત ખરાબ થવાનું બીજું એકે ય કારણ નથી અને શારદા શા માટે હજી અપરણિત રહે ? એના જીવનમાં એવો કયો આદર્શ છે કે લગ્નજીવન તરફ ન પ્રેરાય ? '

'તને હમણાં હમણાં આવું જ કેમ સૂઝે છે ? '

'હું પણ જુવાન છું બટુક ! હું હવે સમજી શકું છું કે જુવાન સ્ત્રીપુરુષોના હૃદયો કેમ કામ કરી રહ્યા હોય છે તું ચોંકી ઉઠે એવા ચમત્કારીક દાખલાઓ હું તને આપી શકું એમ છું તું નાનપણમાં પરણી ગયો છે એટલે આ બધું તું નહિ સમજી શકે '

'એક વાત પુછું અનિરૂદ્ધ ? ' બટુક ગંભીર સ્વરે બોલ્યો અનિરૂદ્ધ જરા ચમકી ગયો પણ એક પળમાં જ સ્વસ્થ થઇને એણે કહ્યું જરૂર '

લગ્ન વિષે તારા મનની શી સ્થિતિ છે ? '

મારી ? હા ... લગ્ન કરીશ.'

'તું તો અપરણિત રહેવાનો હતો ને ? '

હા પણ ત્યારે હું મને ઓળખતો નહોતો

'ક્યારથી તેં તને ઓળખ્યો ? ' બટુકથી આ સવાલ પૂછતાં વારસી આંખે જોવાઇ ગયું અનિરૂધ્ધે બીજી જ રીતે જવાબ ન આપ્યો એટલે એનાથી પૂછી જવાયું કમળાની મૈત્રી પછી ? '

શું ? અનિરૂદ્ધ ચમક્યો 'અમારી મૈત્રી તો મૈત્રી મૈત્રી જ છે '

એની હું ક્યાં ના પાડું છું ? પણ એ પછી તારા વિચારો બદલાયા ? '

'નહિ એ પછી મને વિચારવામાં મદદ મળી પણ મારા વિચારો તો સ્વતંત્ર છે અભ્યાસ ચિંતન અને અવલોકનના પરીણામે ઘડાએલા છે

'હમણાં કમળાબેન ક્યાં છે ? ' બટુકે ધીરેથી પૂછ્યું

વડોદરા

'ત્યાં કેમ ? '

'અભ્યાસ કરે છે '

'પછી એ શું કરવાના છે ? '

'કંઇ ચોક્કસ નથી લાગતું '

'અરે અનિરૂદ્ધ !' કંઇક થાક્યો હોય એમ બટુક બોલ્યો આજ કાલ કમળાની મઝા છે એ તને ખબર છે ? '

[અનુસંધાન પાનું ૪૬૪

આંતરરાષ્ટ્રીય આંદોલનો

શ્રી. ભાસ્કરરાવ વિદ્વાંસ

સ્પેનની આંતરજ્વાળા :

સ્પેનના વિગ્રહને લગભગ એક વરસ પૂરું થવા આવ્યું પણ તેની દુર્દશા હજી ચાલુ જ છે બીજા રાજ્યો આ લડાઈમાં ઉતર્યાં હોવાથી એનો અંત પણ વહેલો આવે એમ લાગતું નથી આજે લગભગ પોણા કરતા પણ વધારે મુલક બળવાખોરોએ કબજે કર્યો છે, છતા પણ સ્પેનની સરકાર ટકી રહી છે કારણકે આખો લોકપક્ષ તેના પક્ષમાં છે, ઉપરાંત કાચો માલ ઉત્પન્ન કરનારો કેટલોક મુલક તથા કારખાનાઓનો કેટલોક મુલક હજી તેના કબજામાં છે બળવાખોરો તરફ જર્મન-ઇટાલિની એટલી બધી મદદ છે કે તેને મદદનું નામ આપવા કરતા તેમણે સ્પેન ઉપર ચઢાઈ કરી છે એમ કહેવામા આવે તો ઝાઝી અતિશયોક્તિ નથી છતાં પણ સરકારપક્ષ ટકી ગયો છે અને રાજધાની માડ્રિડ પડ્યું નથી ઉલટું એ બાજુ તો સુમારેની જગાઓ પણ સરકારપક્ષે પાછી મેળવેલી છે. સંગઠિત લોકસમૂહ કેટલું કરી શકે છે એનો આ સબળ પુરાવો છે

જે જૂદાં જૂદાં પક્ષોને જૂદાં જૂદાં રાષ્ટ્રો મદદ આપ્યા કરે છે એને લીધે આમાંથી મહાન વિગ્રહ ફાટી નીકળવાની દહેશત શરૂઆતથી જ લાગવા માંડી હતી. યુરોપમા ચારે બાજુ દારૂગોળો ઢાંકીને ભરવામાં આવ્યો છે, અને હજી ભરાતો જાય છે. તેમા એક તણખો જ ભડકો ઉડાડી દેવા બસ છે છેવટે મહાયુદ્ધે આવા યુદ્ધની ભયંકરતા પૂરી પૂરવાર કરી અને તેથી ભવિષ્યમાં યુદ્ધો થાય નહિ માટે રાષ્ટ્રસંઘની સ્થાપના થઈ. પણ મંચુરીઆ અને આબિસિનિયાના બનાવોએ રાષ્ટ્રસંઘની નિર્બળતા પુરવાર કરી છે ઉઘાડાં કે પ્રચ્છન્ન આક્રમણોને અટકાવવાની રાષ્ટ્રસંઘની તાકાત રહી નથી. આથી યુરોપની શાંતિ સ્પેનના બનાવ વખતે વધારે ભયમા આવી પડી. તેમાં પણ બ્રિટન અને ફ્રાંસનાં હિતો જરારે પ્રમાણમા જોખમાતા હોવાથી તેમને ચિંતાનું કારણ વધારે હતું.

આથી સ્પેનનો આંતરવિગ્રહ સ્પેનમાં જ મર્યાદિત રહે તેના તણખા બહાર ઉડે નહિ એવી યોજનાની આવશ્યકતા ઉભી થઈ અને બીનદરમ્યાનગિરિ સમિતિ સ્થાપવામાં આવી. તેમા ગ્રેટબ્રિટન, ફ્રાંસ, રશિઆ, જર્મની, ઇટાલિ અને પોર્ટુગાલ મુખ્ય રાજ્યો હતા. અને આજ

શસ્ત્રો કોઇ ને કોઇ સ્વરૂપે મદદ કરી રહ્યાં હતાં તેમાં પણ જર્મન, ઇટાલિની મદદ તો બહુ જ ઉઘાડી હતી એમ કહી શકાય. આ પ્રમાણે કોઇ પણ પ્રકારની દરમ્યાનગીરી ન કરવાના પ્રયત્નનો ઉદ્ભવ તો ઘણો વહેલો થયો હતો, પણ બળવાખોરોને મદદ કરનારા જર્મની તથા ઇટાલિના જવાબોમાં ઢીલ થઇ, અને એના બંધારણ તથા કાર્ય પરત્વે પણ એટલી બધી વાટાઘાટો ચાલ્યા કરી કે આખરે ગ્રેટબ્રિટનને પોતે તો દરમ્યાનગીરી ન કરવાનો નિશ્ચય જાન્યુઆરીની ૧૦મીએ કર્યો. અને એ જ અઠવાડિયામાં ફ્રાંસે પણ કર્યો. આથી ન્યાયથી પ્રસ્થાપિત થએલ સરકારને મદદ મળતી બંધ થઇ, પણ બંડખોરોને મળતી મદદનો પ્રવાહ ચાલુ જ રહ્યો. આખરે જર્મની, ઇટાલિ તથા પોર્ટુગાલ મનાયાં અને ફેબ્રુઆરીની ૨૦મી એ દરમ્યાનગીરી ન કરવાના કરારો કરવામાં આવ્યા

પણ જર્મની–ઇટાલિને આ કરારો પાલન કરવા જ નહોતા. તેઓ ફ્રાંસ અને ગ્રેટબ્રિટનને ઉપર ઉપરથી સારૂં લગાડવા જ માગતા હતા, અંદર ખાનેથી તો શસ્ત્રસરંજામ, હવાઇ વિમાનો, સ્વયંસેવકો વગેરે દરેક જાતની મદદ મોકલ્યા જ કરતી હતી. આની મક્કમતાના દાખલાઓ મળવા લાગ્યા. તે સંબંધે તે તે રાષ્ટ્રોનું ધ્યાન ખેંચવામાં આવ્યું છતાં પણ આ મદદો મળ્યા જ કરી. તે તે રાષ્ટ્રોએ એમાં કશું ધ્યાન આપ્યું નહિ. પરિણામે માત્ર દરમ્યાનગિરી ન કરવાનું વચન અધૂરૂં છે. એમ માનીને સ્પેનની આસપાસ ચોકી રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ચોકીદારો ! :

આ ચોકીમાં જર્મની, ઇટાલી, ગ્રેટબ્રિટન, ફ્રાંસ, પોર્ટુગાલ અને રશિયાને નીમવામાં આવ્યા. અને જૂદી જૂદી જગાએ ધ્યાન રાખવાનું સોંપવામાં આવ્યું. આ મુદ્દા ઉપર પણ ઘણી વાટાઘાટો ચાલતાં ચાલતાં બંડખોરોને પુષ્કળ મદદ પહોંચાડ્યા પછી આખરે એપ્રિલની ૨૦ મીથી આ ચોકીની વ્યવસ્થા શરૂ થઇ.

પણ જેને દરમ્યાનગીરી કરવી જ હતી તેને રોકવા કોણ સમર્થ હતું ! આમાં તો ચોરને જ તિજોરીની ચાવી સોંપાયા જેવું થયું હતું. કારણ કે આ ચોકી સંબંધેના જે કરારો અને નિયમો કરવામાં આવ્યા તે એવા અધૂરા હતા કે દગડાઇ જેને કરવી જ હોય તે ખુશીથી કરી શકે.

જેમ કે સ્પેનનાં વહાણોને અટકાવવાનો નિર્ણય થયો નથી. આનું પરિણામ એ આવેલું છે કે ઇટાલિના વહાણો સ્પેનના કિનારા પાસે પહોંચે છે એટલે ઇટાલિનો વાવટો ઉતારી નાખીને સ્પેનનો ચડાવે. આમ ચોકીદારોની આંખમાં ધૂળ નાખીને દારૂગોળો તથા બધી જ સામગ્રી બંડખોરોને મળવા લાગી.

બીજી બાબત હવાઇ વિમાનો સંબંધેની. હવાઇ વિમાનો રોકવા સંબંધે કશો નિર્ણય નથી. એટલે હવાઇ વિમાનો દ્વારા જર્મનીની મદદ ખુશીથી ચાલી આવે છે અને ફ્રાંસની હદ ઉપર થઇને જ આવે છે. આવાં અનેક જર્મન વિમાનો પકડવામાં આવ્યા છે, છતાં તેની સામે કડક પગલાં લેવાતાં નથી.

બિનદરમ્યાનગિરિ કમિટિમાં જે ન હોય તેમનાં વહાણો અટકાવવાનો કશો નિર્ણય કરવામાં આવ્યો નથી. અને એકવાર આવો કરારોનો ભંગ થયો છે એવી ચોકીદારોને ખબર પડ્યા પછીની વિધિ પણ એવી સ્પષ્ટ અને કડક નથી કે પગલાં તાત્કાલિક અને અસરકારક બને. અમુક પ્રદેશમાં એક જ રાષ્ટ્રના વહાણો ફરતાં રાખ્યાં છે અને તે વહાણો ઉપર બીજા કોઇ રાષ્ટ્રના એક પણ માણસને રાખવામાં આવતો નથી આથી ખરેખર આ ચોકીદારો જ દરમ્યાનગીરી કરે છે કે નથી કરતા, તેની ખાત્રી કરવાનાં સાધનો પણ અધૂરાં રહે છે. આવા પ્રકારની મિશ્ર ચોકી રાખવાની યોજના વિચારવામાં આવી હતી પણ તેનો સ્વીકાર કરવામાં આવ્યો નથી.

પોકળ વાતો :

આવી અનેક ત્રુટિઓ આ બિનદરમ્યાનગીરીની યોજનામાં છે. આને લીધે સરકાર પક્ષને બિલકુલ મદદ મળતી નથી. સરકાર રાષ્ટ્રસંઘે સ્વીકારેલ સત્તા છે.

તેને દરેક રાષ્ટ્ર તરફથી મદદ મેળવવાનો કાયદેસર હક છે ગ્રેટબ્રિટન અને ફ્રાંસ એ આંતરરાષ્ટ્રીય કાયદા પ્રમાણે સરકારને મદદ કરી શકે છે પણ દરમ્યાનગીરી ન કરવાની કોઈને વધારે કાળજી હોય તો તે આ બે રાષ્ટ્રોને જ છે અને તેથી સરકાર પક્ષની મદદ સાવ નબળી પડી ગઈ છે. જ્યારે જર્મની-ઈટાલી બન્ને તો બિનદરમ્યાનગીરીના શબ્દોમાં જ માને છે, કાર્યમાં માનતા જ નથી એક બાજુથી બિનદરમ્યાનગીરીની સમિતિ ઉપર તેના સભ્યો બેસે છે, જ્યારે બીજી બાજુથી બંડખોરોને મદદ મળ્યે જ જાય છે મલાગાની જીત ઈટાલિયન નૌકાસૈન્યે કરી છે એ જગજાહેર વાત છે બીલ્બાઓ તરફની જીતમાં જર્મનીનો હાથ જબરો છે વિમાનો જર્મનીનાં આવ્યે જ જાય છે દારૂગોળો વગેરેની પણ તાણ પડતી નથી જેટલાં વિમાનો આજે બંડખોરો તરફના લડે છે તેનો મોટો ભાગ જર્મનીનો છે, અને જે સ્વયંસેવકોનું સૈન્ય લડે છે તેનો મોટો ભાગ ઈટાલિયનોનો છે જર્મની-ઈટાલીએ તો ફ્રાંકોના પક્ષને- બળવાખોરોના પક્ષને રાજ્ય તરીકે સ્વીકારી લીધો છે. બળવાખોરોને તેઓ હવે બળવાખોર ગણતા જ નથી અને તેથી સ્પેનનો આંતરવિગ્રહ તેમને મન આંતરવિગ્રહ નથી પણ બે સ્વતંત્ર રાજ્યો વચ્ચેની લડત છે

આવી વિકટ પરિસ્થિતિમાં બિનદરમ્યાનગીરી સમિતિનું તથા ચોકીનું નાટક ચાલ્યા કરતું હતું પણ જેને દરમ્યાનગીરી કરવી હોય તેને અટકાવવા મુશ્કેલ છે. તેઓ તો કોઈ પણ રીતે આ ઝગડાને મહત્ત્વનું સ્વરૂપ આપવા માગે છે અને પોતાની સત્તા પ્રસ્થાપિત કરવા માગે છે એટલે જર્મનીએ પોતાના વહાણ 'ડ્યુશલેન્ડ' ઉપર સરકાર તરફથી હુમલો કરવામાં આવ્યો છે એવી ફરિયાદ કરી અને તરત જ આલ્મીરા ઉપર બોમ્બમારો કરીને આનો બદલો તેણે લીધો આ બનાવે ગંભીર પરિસ્થિતિ ઉભી કરી પણ વળી ગ્રેટબ્રિટન અને ફ્રાંસે વચ્ચે પડીને સમાધાની કરી અને ચોકી કરતાં વહાણોને સંરક્ષણ આપવાની ખાતરી જર્મનીને આપી. પણ જર્મન વહાણ 'લીપ્ઝીગ' ઉપર અગારી સામ્યવાદીઓ તરફથી

હુમલો કરવામાં આવ્યાની ફરિયાદ તેણે ઉભી કરી અને તેનો બદલો લેવાનું સૂચવ્યું

આ બનાવે ભારે ગંભીર પરિસ્થિતિ ઉભી કરી છે જર્મનીએ એવી માગણી કરી છે કે ખાતરી આપ્યા છતાં ચોકી કરતાં વહાણો ઉપર આ જાતના હુમલાઓ થવા માટે ગ્રેટબ્રિટન, ફ્રાંસ, જર્મની અને ઈટાલિ ચારેએ મળીને વેલેન્શીયાની સ્પેનની સરકાર સામે સંયુક્ત દેખાવો કરવા જોઈએ. ગ્રેટબ્રિટને સ્વાભાવિક રીતે જણાવ્યું કે આવો બનાવ ચોક્કસ બન્યો છે એવી તપાસ કરીને ખાતરી ન થાય ત્યાં સુધી આવા દેખાવોમાં તે તથા ફ્રાંસ ભાગ લઈ શકે એમ નથી. જર્મની તપાસ કરવા માટે તૈયાર શા માટે હોય? તેને આ અપમાન લાગ્યું પોતાનાં વહાણો ધાસ્તીમાં છે એમ જાહેર કરીને તેમની સહીસલામતી માટે લડાયક બાગબો તૈયાર કરીને ત્યાં મોકલવામાં આવ્યાં અને ચોકી કરવામાંથી તેણે રાજીનામું આપ્યું તેની પાછળ ઈટાલિ અને પોર્ટુગાલ પણ ખસી ગયાં

આ બનાવે યુરોપના રાજકીય વાતાવરણને ગંભીર કરી મૂક્યું છે કારણ કે જે ભાગ આ બન્ને રાષ્ટ્રોને ચોકી કરવા માટે આપ્યો હતો તે મોકળો થયો છે ત્યાંથી હવે મદદ મળી શકે એવું થયું આથી બીજે નિર્ણય ન થાય ત્યાં સુધી ગ્રેટબ્રિટન તથા ફ્રાંસ આ ભાગની ચોકી કરવાનું માથે લે એવી યોજના સિદ્ધ કરી પણ ઈટાલિ તથા જર્મનીને આ માગણી કેમ કબૂલ હોય? તેમણે આ માગણીની સામે વિરોધ ઉઠાવ્યો પોતાની જગ્યા કોઈ ન પૂરી શકે એવું જાહેર કર્યું અને ઉલટું આ બે રાજ્યો જ એમનાં સામ્યવાદીઓને મદદ કરે છે એવા ખુલ્લા આરોપો ઈટાલિનાં વર્તમાનપત્રો તરફથી કરવામાં આવ્યા છે આ વિવાદ ખુલ્લો થયો તેમાં જ જર્મની તથા ઈટાલિને લાભ છે કારણ હવે વધારે સહેલાઈથી બળવાખોરોને મદદ પહોંચાડી શકાય યુરોપનો મામલો આમ વધારે ગંભીર બન્યો છે હજી આ ઝીણા ઓછા થયા નથી.

ઈટાલિ અને જર્મનીએ ફ્રાંસની સામે ફરિયાદ કરી છે સરકારે નાકું ખોલી છે અને તેમને મદદ કરનાર

એટલી હદે સંગાવાએલા છે કે હવે તેમાથી પણ છુટી શકે એવુ નથી એટલે તેઓનો દરેકે દરેક પ્રયત્ન ફ્રાંકોના પક્ષને વધારે મજબૂત બનાવવા તરફ જ નાખવામા આવે છે એની સામે ફ્રાન્સ અને ગ્રેટબ્રિટન આ આખા મામલાને સ્પેનમા જ રાખવા માગે છે એટલે તે એવો પ્રયત્ન કરે છે કે કોઈ પણ પ્રકારની મદદ સ્પેનના બન્ને પક્ષોને અપાતી અટકે અને સ્પેન પોતે પોતાનુ ફોડી લ્યે આ બન્ને દૃષ્ટિબિંદુઓને મેળ નથી તેથી બિનદરમ્યાનગીરીમાં ભંગાણ પડ્યુ છે તેને કેમ સાધવુ તેની વાટાઘાટો હાથ ધરવામા આવે છે

ડરપોક નીતિ :

આ બધા મામલામા ગ્રેટબ્રિટનની નીતિ આજે ડરપોકનીતિ જેવી લાગે છે જર્મની અને ઈટાલિ જોર કરીને ડરાવે છે અને ઈંગ્લાંડ એક પછી એક પગલુ પાછળ હઠતુ જાય છે ઈટાલિ અને જર્મનીની જેમ એક પછી એક કરવામા આવતી માગણીઓ ઉપર ધ્યાન આપવામા આવે છે તેમ તેઓનુ જોર વધતુ જ જાય છે તેમની નીતિ જ ડરાવીને-ધમકાવીને કામ કઢી લેવાની છે અને તે જાણે છે કે ગ્રેટબ્રિટન હમણા કંઈ કરી શકે એમ નથી ફ્રાન્સ ગ્રેટબ્રિટનથી વિરુદ્ધ જઈ શકે એમ નથી આથી તેઓ અનિયમિત થઈ ગયા છે અને ઘડીએ ઘડીએ ડરાવીને યુરોપના વાતાવરણને ભયભીત બનાવી મૂકે છે

ગ્રેટબ્રિટન આવી નીતિ અખત્યાર કરે છે તેનુ કારણ આજે તેને ગમે તે ભોગે શાંતિ જોઈએ છીએ હમણા જ વડાપ્રધાને ભાષણ કરતા જણાવ્યુ છે કે આજે જે કંઈ પગલા લેવાય તે બધા બહુ વિચારપૂર્વક લેવાવા જોઈએ કારણ આપણુ એકાદ ઉતાવળીયુ પગલુ પણ મહાયુદ્ધ સળગાવવા બસ થશે અને પછી બાજી હાથમા નહિ રહે આ જાતનુ તેનુ વલણ છે જ્યા સુધી આ રીતે ગ્રેટબ્રિટન યુદ્ધથી ડરતુ જ રહેશે ત્યા સુધી ધમકાવવાના કીમિયા ઉપર જ જોર કરનારા જર્મની-ઈટાલી યુદ્ધની ધમકી આપ્યા જ કરવાના ગ્રેટબ્રિટન અને ફ્રાન્સ જો ભેગા મળીને જરા મામલો ગરમ કરે, કડક થાય તો મામલો હજી પણ સરળ થાય અને સરકાર પક્ષ જેના પક્ષમા ન્યાય છે તેને ન્યાય મળે પણ ગ્રેટબ્રિટનની વૃત્તિ ન્યાય આપવાની છે તે કરતા યુદ્ધને મર્યાદિત કરવાની જ છે સ્પેનમા ગમે તે પક્ષ જીતે તેની સાથે તેને ઓછી નિસબત છે

વળી ગ્રેટબ્રિટનમા એક વર્ગ એવો પણ છે જે ફ્રાંકોનો પક્ષ જીતે એમ માને છે આ વર્ગ મોટા પૈસાદારોનો છે જેઓના ઘણા પૈસા સ્પેનમા રોકાયા છે તેઓ પોતાના પૈસાના આ સ્વાર્થ ખાતર પણ ફ્રાંકોને ચિડવવા માગતા નથી ઉલટુ તે જીતે એમ માનનારા પણ છે આ બન્ને કારણોને લીધે ગ્રેટબ્રિટન નિર્ણયાત્મક પગલુ ભરી શકતુ નથી

પણ હમણા હમણા છેલ્લે જર્મનીએ પડેલ ભંગાણ સંબંધે કરેલી માગણી તરફ ઈંગ્લાંડે જે વલણ બતાવ્યુ એની થોડી ઘણી અસર થઈ જણાય છે જર્મનીએ એવી માગણી કરી કે, બંડખોર અને સ્પેની સરકાર બન્નેને જેમ કોઈ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના યુદ્ધાધિકારો હોય એવા અધિકારો મળવા જોઈએ આ માગણી કબૂલ કરવામા આવે અને જર્મન સ્ટીમરો ઉપર જે હુમલાઓ થયા તેવા ન થવાની જો ફરી ચોકસી રાખવામા આવે તો ભંગાણ સંધાય અને બિન દરમ્યાનગીરીનુ કામકાજ ચાલુ રહે પણ આ બાબત ઈંગ્લાંડે હજી સ્વીકારી નથી કારણ જો સ્વીકારે તો ફ્રાંકોના પક્ષને પણ એક સ્થાપિત સરકાર તરીકે સ્વીકારવા જેવુ થાય છે ઈંગ્લાંડ એ કરવા તૈયાર નથી તે તો પોતાની મૂળ યોજનાને જ વળગી રહેવા માગે છે

હમણા એવા સમાચાર આવે છે કે બિનદરમ્યાનગીરીની આખી સમિતિની બેઠકમા ઈંગ્લાંડને લવાદ તરીકેનુ કામ સોંપવામા આવ્યુ છે હવે એ શુ કરે છે એ જોવાનુ છે પણ બિનદરમ્યાનગીરીનુ ભવિષ્ય કોઈ રીતે સારુ દેખાતુ નથી જૂના દાખલાઓ જોતા આ પડેલ ભંગાણ ફરી સંધાય તો પણ તેનાથી સ્પેનની દુર્દશા અટકે એવુ લાગતુ નથી કારણ કે આ યોજનામા જ આગળ જણાવ્યા પ્રમાણે જે દોષો છે તે

[અનુસંધાન પાનું ૪૫૯]

એક પુનિત પરિચય

શ્રી. ભિખ્ખુ ધ્રુવ

કલકત્તાને પેલેપાર હાડકાં–ચામડાંના કામમાં પોતાનું જીવન નિચોવી રહેલા આપણા દેશના એક સાધુ પુરુષનો ગુજરાતને પરીચય આપતાં હું આનંદ અનુભવું છું. એ પુરુષ જો માત્ર સાધુ જ હોત તો હું પરીચય આપવાને ન લલચાત. એ વિજ્ઞાની જ હોત તો પણ મને એટલું આકર્ષણ ન થાત. માત્ર કર્મવીર હોત તોએ એમના જીવન ઉપર હું મુગ્ધ ન થાત. એ પુરુષમાં મેં કર્મયોગ, સાધુતા, વિજ્ઞાન, ભક્તહૃદય અને પ્રખર બુદ્ધિનો સુમેળ જોયો એટલે જ હું એમનો પરીચય આપવાને તત્પર થયો છું. એમનું આખું જીવન પ્રયોગાત્મક છે. પ્રયોગવીરની ખુમારી એમના જીવનમાં ડગલે ને પગલે દેખાય છે. બેંગાલ કેમીકલના હાથપગરૂપ એ હતા પણ એ છોડી દેતાં એમણે આંચકો ન ખાધો. નવીન જીવનની દિશા લેતી વખતે એમની પાસે ત્રણ લાખ રૂપિયાની પુંજી હતી તે કશીયે જાહેરાત વિના એમણે તજી દીધી. આવા પુરુષો જે દેશમાં હોય તે દેશ ખરેજ ધન્ય છે.

એ પુરુષનું નામ સતીશચંદ્ર દાસગુપ્તા. સતીશબાબુના ટૂંકા નામે એ ઓળખાય છે. આજે જીવનનાં અનેક ક્ષેત્રોમાં ગાંધીજીએ નવદૃષ્ટિ આપી છે તેમાંનું એક [illegible]–ચર્માલય એ આજે એમનો મુખ્ય વ્યવસાય છે. એમનું આખું જીવન ઉપાસનાના સિદ્ધાંત ઉપર રચાયેલું છે. એમના સમગ્ર જીવનમાં વિજ્ઞાન વ્યાપેલું છે એટલે એ દરેક પ્રવૃત્તિને એ રીતે ઊભી કરે છે અને એ રીતેજ ચલાવે છે. એક કામનો જ્યાંસુધી ભાગ ન મળે ત્યાંસુધી બીજું કામ હાથમાં ધરતા નથી. આધ્યાત્મિકતા એ એમના જીવનનું મૂળ છે. બધીજ પ્રગતિ એમાંથી જ ફલિત થાય છે. આ પુરુષના જીવનપ્રસંગો અને જીવનપ્રવૃત્તિ આપણે જોઈએ

જ્યારે સતીશબાબુ એકવીસ વર્ષના જુવાન હતા અને કલકત્તાની કોલેજમાં વિજ્ઞાનનો મુખ્ય વિષય લઈને અભ્યાસ કરતા હતા ત્યારે આપણા દેશના વિજ્ઞાનવીર સર પ્રફુલ્લચંદ્ર રેનું એમના તરફ ધ્યાન ખેંચાયું. પ્રો. પી. સી. રેય એ વખતે પરદેશથી અભ્યાસ કરીને આવેલા અને આજે મશહૂર બનેલા બેંગાલ ફાર્માસ્યુટિકલ વર્ક્સની સ્થાપનાના વિચારો કરતા હતા. પ્રથમ સાથીઓમાં એમણે આ તેજસ્વી જુવાનને પોતાની સાથે લીધો. અને બંગાળી ઢબના નાનકડા ઝુંપડાની અંદર એક મહાન સંસ્થાનું બીજારોપણ કર્યું. સતીશબાબુએ પોતાના સ્વભાવ મુજબ આ ઉગતી સંસ્થામાં એકાગ્રતાથી કામ કરવા માંડ્યું. ધીમે ધીમે કારખાનાનો

વ્યવસ્થાભાર એમના ઉપર આવતો ગયો અને થોડા સમયમાં તો એ મેનેજર બની ગયા, પરંતુ ઉંમરે એ ઘણા નાના હતા કારખાનાના માણસોને પોતાથી નાના અને તાજા જ કોલેજમાથી આવેલા જુવાનની નીચે કામ કરવાનું ફાવતું નહિ શરૂઆતમા જ એમને એવી મુશ્કેલીઓ નડવા લાગી

એક વખત ફાર્મસીની સાથે ચાલતા છાપખાનામા કંઈક બગાડ થયો અને સતીશબાબુ કંઈક સૂચના આપવા ગયા પ્રેસના સંચાલકે એમને સુણાવ્યુ કે તમારૂ કામ ફાર્મસીની દવાઓમા, આમા તમને ખબર ન પડે' સતીશબાબુએ તરત જ એને રજા આપી અને પોતાને સૂઝયો હતો એ સુધારો કરી પોતે જ પ્રેસ ચલાવવા લાગ્યા આ એક પ્રસંગે ફાર્મસીના માણસો વચ્ચેનુ એમનુ સાચુ સ્થાન નક્કી કરી આપ્યુ એ પછી એ દરેક નાના મોટા કારીગરોના માનીતા થઈ પડયા

રાત અને દિવસ તેઓ કારખાનામા જ રહેતા એ જ એમનો રસનો વિષય હતો ધીમે ધીમે એમના અવિશ્રાન્ત શ્રમનુ પરીણામ આવવા લાગ્યુ કારખાનુ પ્રગતિ કરવા લાગ્યુ ઝૂંપડામાંથી પાકા મકાનો થવા લાગ્યા દિવસ અને રાત પ્રયોગશાળામા જુદી જુદી દવાઓ બનાવવાના પ્રયોગો કરવા લાગ્યા દવાઓનો ચારે તરફ પ્રચાર થવા લાગ્યો જે દવાઓ પરદેશી લેવી પડતી હતી તે હિંદમા જ બનવા લાગી, અને તેના કરતા સસ્તા દરે વેચાવા લાગી જનતામા કારખાનુ પ્રસિધ્ધી પામવા લાગ્યુ આજસુધી હિન્દુસ્તાનમા આવુ એકપણ સાહસ કોઈએ ખેડેતું નહિ પરદેશી દવાઓ જેટલી જ અસર કારક દવાઓ બનવા લાગી ક્રમશ વિકાસ થતા થતા આજે એનો વિકાસ ખૂબ જ વધી ગયો છે જુદે જુદે સ્થળે શાખાઓ ખોલાવા લાગી છે, બાબુજીએ વીસથી બાવીસ વર્ષ આ કારખાનામા મેનેજર તરીકે કામ કર્યું દવાઓ શોધવી, બનાવવી, તેનો પ્રચાર કરવો, માણસો ઉપર દેખરેખ રાખવી ઉપરાંત કારખાનાની ઝીણામા ઝીણી વ્યવસ્થાથી માંડી મોટી મોટી શોધો કરવા સુધીની દરેક બાબતમા તેમને ધ્યાન રાખવુ પડતુ કારખાનાના સાચા પ્રાણ બાબુજી હતા ડૉ પી સી રોયને બાબુજી ઉપર અત્યંત પ્રેમ હતો અને કારખાનું છોડયુ છતા તેટલો જ પ્રેમ અત્યારે છે તેમને પોતા કરતા વધારે કાર્યદક્ષ અને વ્યવહાર માને છે વ્યવસ્થાશક્તિ તેમનામાં ગજબ છે આ બધાની પાછળ તેમની સચ્ચાઈ અને એકનિષ્ઠ કામ કરી રહ્યા હતા

આખા દેશમા મોટા નાના શહેરોમા મુસાફરી કરી તેનો પ્રચાર કરવા લાગ્યા તેમની કામ કરવાની પધ્ધતિ સાવ નિરાળી છે તેઓ દરેક શહેરમા ફરેલા છે છતા તે શહેરમા જોવા અને જાણવા લાયક કયા કયા સ્થળો છે તે પૂછશુ તો તેમને ખબર નહિ હોય જે કામ માટે નીકળ્યા હોય તે કામ જ તેમની દ્રષ્ટિ સમક્ષ હોય-બીજી વસ્તુ જોવા તરફ તેમની ઇચ્છા થાય જ નહિ. તેમને બીજી એકપણ વસ્તુમા રસ પડતો નહિ, સાહિત્ય જેવુ કાંઈ ન હતુ તે કલાના સાચા ઉપાસક હતા. તેમની કલાનો અર્થ જુદો હતો કલા એટલે ચિત્રકલા નૃત્યકલા કે બીજી કોઈ સંગીતકલાઓ નહિ, પણ જે કલાથી પ્રજાનુ અને પોતાનુ હિત થતુ હોય, જેમાથી પોતાના આત્માનો ઉત્કર્ષ થતો હોય, જેમાથી પ્રજાની કાંઈક ઉન્નતિ થતી હોય તે જાતની કલાના તે ઉપાસક હતા અને છે

આજે બેંગાલ કેમિકલમા દરેક જાતના ટીંચર્સ, Extracts, Patent Medicines, Acids પ્રયોગશાળાનો દરેક જાતનો સામાન, ઓપરેશનના એપેરેટસ ઇન્જેક્શન વિ દરેક ચીજો પરદેશની સાથે હરિફાઈ કરી શકે તેવી સારી ટકાઉ અને સુંદર બને છે છે ને ઉંડેને જ્યારે તેમણે બેંગાલ કેમિકલ વર્કસ છોડ્યુ ત્યારે ત્યા લગભગ બેથી અઢી હજાર માણસો કામ કરતા તેમના ઉપર દરેકનો ખૂબ જ પ્રેમ હતો બધા મજુરોને તેમનુ મનુષ્યત્વ જળવાય તે રીતે સાચવતા હતા તે વ્યવસ્થા અને શિસ્તમાં ઘણા જ કડક હતા છતાં કકળાટ કોઈને ખૂંચતી નહિ તેમની આજ્ઞાને સર્વ સૌ સ્વીકારતા કારખાનુ છોડતા પહેલા કારખાનાને મદદની બેગ આપતાં ગયા, અને તે Sulphuric Acid બનાવવાનું Lead

-House Lead-House એટલા માટે કે Sulphuric acid બનાવવા તેમણે એક આખું સીસાનું ઘર તૈયાર કર્યું, તેની યોજના આખી તેમણે તૈયાર કરી આ આખો વિજ્ઞાનનો વિષય રહ્યો એટલે તેને હું બહુ સુંદર રીતે નહિ મૂકી શકું તેમજ સ્પષ્ટ ભાષામા સમજાવી પણ નહિ શકું Lead-House આપણને અજાયબઘર જેવું જ લાગે કઇ રીતે Sulphuric Acid તૈયાર થતું હશે તેની આપણને ખબર પડે નહિ Lead-House ની નીચે એક મોટી ભઠ્ઠી કરવામા આવેલી છે તેમા ગંધક બાળવામા આવે છે તેનો ધુમાડો એક નળી વાટે ઉપર ચડે છે ઉપર એક મોટું સીસાનું ઘર બનાવેલું હોય છે એ ઘરમા બધો ધુમાડો એકઠો થાય છે એ ધુમાડાને So_2 sulphur Dioxide કહેવામા આવે છે બીજી નળી વાટે તેમા No 2 Nitrogen peroxide આવે છે તે Stable Compound નથી એટલે o oxygen નો એક પરમાણુ આપીને તે નળી દ્વારા બહાર નીકળી જાય છે આ ઉપરાંત તેની અંદર Steam આપવામા આવે છે એટલે $So_2+H_2o=o=H_2 So_4$ Sulphuric Acid બને છે તેના ટીપા નીચે પડવા લાગે છે તે કાચના મોટા Jars મા ભરવામા આવે છે આ પ્રમાણે રોજ પંદર ટન Sulphuric Acid તૈયાર થાય છે પણ ઘણામાનું આ એક મોટામા મોટું તેમનું કામ છે

ગાંધીજીનો તેમને અંગત પરિચય નહતો ૧૯૨૦ માં તેમના કામ અને તેમની જુદી જુદી પ્રવૃત્તિનો અનુભવ થયો, ત્યારથી તેમના પ્રત્યે આકર્ષાયા ખાદી પહેરતા થયા તેમજ નિયમિત કાંતતા થયા ગાંધીજીના કામનો વધારે નજરથી અભ્યાસ કર્યો, તેમના કામના સમાગમમાં આવતા ગયા તેમ તેમનો કારખાનામાંથી રસ ઓછો થતો ચાલ્યો જે કામમાંથી આનંદ ને ઉત્સાહ મેળવતા તે બોજારૂપ લાગવા માંડ્યું પચાસ વરસના જીવનથી બંધાયેલા કારખાનું છોડીને બીજા કોઇ ક્ષેત્રમા પડી જવા તત્પર થયા ૧૯૨૪મા બાપુને મળવા ગયા "હવે એક પળ પણ હિસાબ કારખાનાના કામ માટે આપવી નથી જે કાંઇ થાય તે તે શક્તિ ભોગે થાય છે જે કામ કરવાનું હૃદય અને મન ના પાડે, તો શરીર ક્યાંથી તૈયાર થાય? જે કામ સોંપશો તે મારી શક્તિ અનુસાર પૂરેપૂરું નિભાવીશ" બાપુને બાબુજી કારખાનું છોડે તે ગમતું નહિ "નિસ્વાર્થ વૃત્તિથી કામ કરવું તેમા સેવા જ રહેલી છે હજુ આ કારખાનાને ખીલવવાનો પૂરતો અવકાશ છે તમારા જેવા વૈજ્ઞાનિકોની દેશને ખાસ જરૂર છે જેથી વિકસાવાય દવાઓનો પ્રચાર થાય તેવો કરો, પરદેશી દવાની જગાએ તમારી દવા ચાલુ કરો નવીનવી શોધો કરી ગરીબમા ગરીબ માણસ ખરીદી શકે તેવી સસ્તી અને અકસીર દવાઓ બનાવો આ પણ એક પ્રકારની ગરીબોની સેવા જ છે" બાબુજીની ઇચ્છા કારખાનામા રહેવાની જરાય ન હતી તેમજ તેમની શક્તિનો નાશ થતો હોય તેમ લાગતું હતું. બાબુજીની અંતરેચ્છા ન હતી બાપુએ તેમને આશીર્વાદ આપ્યા અને બંગાળમા ખાદીનું કામ કરવાનું કહ્યું

ડા. પી. સી. રૉયને ખબર પડી બાબુજીને ખૂબ સમજાવ્યા કે માત્ર કેમિકલમા રહીને જ જે મહા પ્રવૃત્તિ કરી હોય તે કરવાનું કહ્યું તેને માટે જેટલું ખર્ચ થાય તેટલું આપવા તૈયાર થયા ચોવીસ કલાક ખાદી કામ કરવું હોય તો ભલે કરે પણ મેનેજર તરીકે ચાલુ રહેવા આગ્રહ રાખ્યો તેમના મન સાથે એક વખત નક્કી કર્યા પછી તેમના નિશ્ચયમા ફેરફાર થતો નથી કારખાનું છોડવું જ જોઇએ અને તેમણે છોડ્યું કારખાનું છોડતા પહેલા તેના વિકાસ અને પ્રગતિ તરફ છેલ્લી એક નજર ફેરવી લીધી આજે તેને બાર વર્ષ વીતી ગયા એક પણ વખત તે કારખાનામા ગયા નથી, તેમજ તેના સામે નજર સરખી નાખી નથી જીવનનું એ એક સ્વપ્ન જ હતું. એમ માની તેમના જીવનવિકાસના ચાલીસ વર્ષો પળના વાયુમા ઊડી ગયા છે

મે આગળ કહ્યું તેમ કારખાનાના દરેક મજૂરો તેમના પ્રત્યે ખૂબ પ્રેમ હતો દરેક જણ તેમની આત્મિક પ્રેરણાને માન આપતો બાબુજીને જપું પ્રભુ ભક્તિ હતી ખરેખર મહા હતી કારખાનામાં મજૂ

પણ ખાદી પહેરતા થયા અને મોટા ભાગના નિયમિત કાંતવા લાગ્યા આ ભલે ક્ષણિક આવેગ હોય, પણ તેમના પ્રત્યે મજુરોનો પ્રેમ નિતરતો હોય તેમ લાગતુ હતું. તેઓ પોતે મેનેજર છે એ રીતે રહ્યા જ નથી. તેમના જીવનનું ધોરણ તે વખતે મજુરો કરતા વિશેષ ઉચું હતુ, છતાં કામ કરવામાં મજુર સાથે મજુર બનીને કરતા કારખાનુ છોડતા પહેલાં દરેક ભાઈઓને મળ્યા પોતાનું સ્વજન-પ્રિયજન કાયમ માટે તેમનાથી દૂર ચાલ્યું જતું હોય તેવું લાગ્યુ સ્વજન તો હતા જ. પણ સાથે તેમને મુરબ્બી તરીકે સૌ સ્વીકારતા તેમના આશ્વાસનનું એક સ્થાન હતું તે હવે ગયું અશ્રુભીની આંખે સૌએ વિદાય આપી. વિદાય આપતા જાણે તેમની અશ્રુભીની આંખો, શ્યામ્ળા ઉતરી ગયેલા મોઢાના ચહેરા થોડો સમય વધારે રહી જવા આજીજી કરી રહ્યા હોય તેમ લાગતુ હતુ બાબુજીનું હૃદય બહુ જ નરમ છે. ગરીબોનું દુખ જોઇ દ્રવે છે છતાં સમય આવ્યે હૃદયને વજ્ર જેવું કરી શકે છે કારખાનાને છોડયું. હજાર માણસોના અશ્રુ તેમને રોકી શક્યા નહિ. છોડતાં તેમને દુખ થયું નહિ. બાબુજી ત્યા કામ કરનાર માણસોના સુખ દુખથી પૂરા પરિચિત હતા આ કરતા પણ વિશેષ દુખી અને કંગાળ માણસો તેમને સાદ કરી પુકારી રહ્યા હતા, કે "અમારા દુખમા ભાગ લેવા તમે આવો" "દુઃખમાથી ઉગરવાનો કાંઇક રસ્તો બતાવો" તે દુખદ સાદે તેમને પાષાણહૃદયી બનાવી દીધા છેલ્લી વિદાય લેતાં મજુરોનો પ્રેમ, લાગણી કે મમતા તેમને ખેંચી શક્યા નહિ વિજય, દુખ ને દારિદ્રયથી પીડાતા લોકોનો થયો.

કારખાનામાથી નીકળ્યા ત્યારે તેમની પાસે તેમની અંગત માલિકીના ત્રણ લાખ રૂપીઆ હતા બધાનો સદુપયોગ કરવો હતો, જેમાથી સમાજના નીચલામા નીચલા થરને લાભ થાય, જુદા જુદા કામનો વિચાર કરતા તેમને ખાદીનુ કામ સર્વોત્તમ લાગ્યુ ત્રણ લાખ રૂપીઆ ખાદીના કામમા રોકી બગાળની અંદર સાગમાં સારૂ ખાદી ઉત્પત્તીનુ કેન્દ્ર ઉભુ કરવુ તેમ નક્કી કર્યું વિચાર સાથેજ તે વિચારને મૂર્ત સ્વરૂપ આપવા તેને ક્રિયામા ઉતારે છે કેવળ બીજાની જેમ વિચાર જ ર્યા કરતા નથી. એક કામને સંપૂર્ણ રીતે વિચારી લીધુ, એટલે તરતજ તેનો અમલ કરે છે કલકત્તાથી થોડેક દૂર શોધપૂર નામનું નાનકડું પરુ છે ત્યા તેમના આશ્રમની સ્થાપના કરી આશ્રમનો ક્રમશ વિકાસ કેમ થયો તેની મને ખબર નથી તે વિષે મે ખાસ પૂછ્યું નથી, આશ્રમ જોવા માટે હું ગયો હતો ત્યા ચાલતી જુદી જુદી પ્રવૃત્તિઓ જોઇને મારા ઉપર જે અસર પડી તેને હું ભૂલી શકતો નથી

આશ્રમ ગંગાનદીથી થોડેક દૂર છે ચારે બાજુ લીલા ઝાડોની ઘટા જામેલી છે ચારેબાજુનો પ્રદેશ કુદરતી સૌંદર્યથી ભરપૂર છે, નાના નાના લીલાછમ ફળઝાડોથી છવાયેલા બગીચા, વચ્ચે સુંદર નાનકડા તળાવો, વૃક્ષોની ઘટામાંથી મધુરા ટહુકાર કરતા પક્ષીઓ, જાણે વાતાવરણને કુદરતમય ન બનાવતા હોય! નિર્દોષ હવા માણસના મન ઉપર કોઈ ઓરજ અસર ઉપજાવતી. કુદરતી સમૃદ્ધિ પુષ્કળ હતી તેમા બાબુજીના આશ્રમે આવી વૃદ્ધિ કરી તેમની સેવા અને ચારિત્ર્યની સુવાસે ત્યાના વાતાવરણને વધારે પવિત્ર બનાવ્યુ. આશ્રમની રચના ઘણી સાદી હતી દરેકને માટે નાના નાના બેઠા ઘાટના મકાનો બાંધેલા છે. વચ્ચે મોટુ ચોગાન છે એક તરફ ખાદી રંગવાનું, ધોવાનુ, જુદી જુદી ડીઝાઈનો છાપવાનુ મકાન આવેલુ છે બીજી તરફ ગૌશાળા માટે મકાન તથા ત્યા કામ કરતા મજુરોના ઝુંપડા આવેલા છે ગૌશાળાની બાજુમા વિશાળ જમીન રાખી છે તેમાં હાડકા માંસના ખાતરનો ઉપયોગ કરી કપાસ, ચોખા, સોયાબીન્સ વિ. નો ઓછા ખર્ચે વધારે પાક કેમ લઇ શકાય તેના અખતરા કરી રહ્યા છે વચ્ચે ચોગાનમા સુંદર મજાનો બગીચો બનાવેલો છે ન્હાવા માટે નાનુ તળાવ છે પગથીઆ બાંધી ન્હાવાનો ઘાટ બનાવેલો છે શહેરથી પણ માઈલ દૂર આવેલુ ચારે તરફ નિરવ શાન્તિ પ્રસરેલી હોય છે આશ્રમમા દાખલ થતાજ ત્યાંના પવિત્ર વાતાવરણની અમર છાપ આપણા હૃદય ઉપર થાય છે હું એકજ દિવસ ત્યાં

હતો પણ મેં ખૂબ શાન્તિ અનુભવી. વધારે દિવસ રહેવાની ઇચ્છા હતી. ચર્માલયનું કામ છોડી રહી શકાય તેમ ન હતું. કલકત્તા રહ્યો તેટલો સમય મને આશ્રમમાં જવાની હંમેશા ઇચ્છા રહ્યા કરી છે. આશ્રમમાં બાબુજી ન હતા. તેમની પાછળ તેમના કાર્યની શુભ નિષ્ઠાની સુવાસ મૂકતા ગયા હતા. તે તપશ્ચર્યાના બળે આખો આશ્રમ વ્યવસ્થિત રીતે ચાલતો હતો. માનસિક આનંદ, સ્થિરતા, ચિત્તની શાંતિ-આંતરિક પ્રસન્નતા, આ બધું અહિં શા કારણે મળતું હશે તેની મને સમજણ પડી નહિં, તેના કારણો મને કોઇ પૂછે તો હું ન આપી શકું. પણ મેં અનુભવ્યું છે તેમ હું દરેકને કહું. "We can not reason but we can feel." ગુણોનો સર્વાંગી વિકાસ કરવાનું-સાધનાનું સ્થળ હોય તેવું મને લાગ્યું. ત્યાંની રહેણી કરણી, ત્યાંના વાતાવરણમાં પ્રસરેલી સાદાઇ આકર્ષક લાગતા હતા. તેના પ્રત્યે કોઇને ઘૃણા કે કંટાળો આવે તેમ ન હતું.

તેમનું રસોડું સાવ જુદું હતું. ખોરાક ખૂબ જ સાદો તેમજ પુષ્ટિકારક હતો. બાબુજી પોતે વૈજ્ઞાનિક રહ્યા, જુદા જુદા પ્રયોગો અને અખતરા કરી બધા માટે સર્વ સામાન્ય ખોરાક નિયુક્ત કર્યો હતો, તેમાં દરેકને સંતોષ હતો. કોઇને વધારે સારો ખોરાક જોઇતો હોય તો તે પ્રમાણે તેને વધારાની ચીજ આપવામાં આવતી, તેના પ્રત્યે કોઇ ઘૃણાથી જોતું નહિ. સૌ કોઇ પોતાની શારીરિક જરૂરિયાત પ્રમાણે લેતું હતું. સવારના નાસ્તામાં પૌંઆ, અને ગોળ સાથે પાંચ તોલા દહીં, બપોરે દાળ, ભાત, તરકારી, કાચુ શાક, (પોતાની વાડીમાં તૈયાર થયેલું) અને જે બંગાળ બહારના હોય તેને માટે ઘઉંની રોટી, ઘી નહિ. જેને ઇચ્છા હોય તેને મીઠું તેલ અઢી તોલા આપવામા આવતુ. સાંજે પણ બપોર પ્રમાણેનો ખોરાક. આ પ્રમાણે તેમના ભોજનનું ખર્ચ સરેરાશ સાડા ચારથી પાંચ રૂપીઆ આવતું હતું. દર અઠવાડિયે વજન કરવામાં આવતુ હતું. જેનું વજન ઘટે તેના ખોરાકમાં ફેરફાર કરવામાં આવતો. વજન ઘટવાના કારણો શોધી તે દૂર કરવામાં આવતા.

આશ્રમમાં નાની એવી ગૌશાળા ચલાવવામાં આવે છે. દરેક ગાય પાછળ ઘણી જ કાળજી અને સંભાળ રાખવામાં આવે છે. તેમના માટે જુદું એક છાપરું બનાવવામાં આવ્યુ છે. તેમના છાણ તથા મુતરનો ખાતરમાં પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવે છે. હું ગયો ત્યારે ગાયોને ચરાવવા બહાર લઇ ગયા હતા. દૂઝણી ગાયોના વાછડા વાછડીને એક ઝૂંપડીમાં રાખવામાં આવ્યા હતા. બધા તંદુરસ્ત તો હતા જ પણ સાથે દરેકને રમાડવા ને પંપાળવાનું મન થાય એટલા ચોકખા ને સ્વચ્છ હતા. સાંજે ગાયો પાછી આવી, ત્યારે દરેકને જોઇ શકયો. દરેક ગાયના નામ પાડવામાં આવ્યા છે. હું એક ગાયનું નામ લઇ પંપાળવા ગયો. કે તુરત જ હેતથી મને ચાટવા લાગી. હું સાવ અજાણ્યો હતો. તેમના માટે અપરિચિત હતો. છતાં મૂંગા પ્રાણીઓમાં આ જાતનો પ્રેમ હશે તેની મને ખબર ન હતી. પ્રેમ હશે તો તે તેના વાછડા પ્રત્યે કરી જાણતી હશે. તેની વિશાળતાનો ખ્યાલ મને તેની પાસે જતાં આવ્યો. મને થયું કે ગાયમાતાને માતાનું બિરૂદ આપેલું છે તે અક્ષરશઃ સાચું છે. માતા જેટલો જ વાત્સલ્યભાવ દરેક જીવ પ્રત્યે રાખી શકતી હશે તેની મને ખબર ન હતી. મને ચાટવા લાગી એ ન ગમ્યું. હું તેને પંપાળવા લાગ્યો એટલે ડોક ઉંચી કરી મારા માથા પાસે લાવી ઉભી રહી. મનમાં એક જ પ્રશ્ન ઉદ્ભવતો હતો કે આ બધું શેને આભારી હશે ?

ગાયોના છાપરાની બાજુમાં મજુરોના ઝૂંપડા હતાં. તેની નજીક એક નાનકડું વાંસની સાદડીનું બનાવેલું ઝૂંપડું હતું, તેમાં બાબુજી રહેતા હતા. બાબુજી આશ્રમમાં જ્યાંસુધી રહ્યા ત્યાંસુધી મજુરો વચ્ચે એક ઝૂંપડામાં જ રહેતા. બધાની જેમ સામાન્ય ખોરાક પોતે લેતા. સવારના ચાર વાગે ઉઠી રાતના દસ વાગ્યા સુધી જરા પણ આરામ લીધા સિવાય અવિરત કામ કર્યા જ કરતા. આશ્રમમાં રહેલા માણસોને ચુસ્તપણે આશ્રમના નિયમોનું પાલન કરવું પડતું. બાબુજી તેમના આચરણ અને કડક જીવનથી જ તેમને સૂચના કરી દેતા. બંગાળમાં બે મોટા આશ્રમ છે. એક અભય

આશ્રમ અને બીજો સોદપુરનો ખાદી આશ્રમ ખ્યાતી પામેલો છે. સોદપુરના આશ્રમ વિષે કોઈ વિશેષ કંઈ સાંભળવામાં આવેલું નથી. આનું કારણ છે, અને તે આગળ ઉપર આપીશ. નિયમપાલનમાં અને જીવનની કડકાઈની દ્રષ્ટિએ જોતાં સોદપુરનો આશ્રમ પહેલી પંક્તિમાં આવે. સોદપુરના આશ્રમમાં રહેનાર નિરામિષાહારી હોય છે ત્યારે અભય આશ્રમમાં તેના માટે આગ્રહ નથી હોતો. આ બન્ને આશ્રમોની તુલના કરી શકું તેટલું મારું જ્ઞાન નથી. સોદપુરના આશ્રમની વિશિષ્ટતા જણાવવા પૂરતો અભય આશ્રમનો ઉલ્લેખ કર્યો છે.

આશ્રમની શરૂઆત કર્યાં પછી તેમણે તેમના નવું લાખ રૂપીઆ ખાદીના કામને વેગ આપવા રોક્યા. સોદપુર આશ્રમ ખાદી ઉત્પત્તિનું એક મોટું કેન્દ્ર બન્યું. તે ખાદી પ્રતિષ્ઠાનના નામે ઓળખાય છે. તેની દેખરેખ નીચે બીજા કેટલાય નાના નાના ઉત્પત્તિના સ્થળો છે જ્યાં ખાદી ઉત્પન્ન કરવામાં આવે છે. દરેક સ્થળે પગારદાર સેવાભાવી માણસો રોકવામાં આવ્યા છે જેઓ પૂરી ધગશથી કામ કરે છે.

ખાદી ઉત્પન્ન કરાવી સોદપુર આશ્રમમાં લાવવામાં આવે છે ત્યાં તેના ઉપર રંગાટ કામ, છપાઈ કામ, ધોલાઈ કામ Scientifically થાય છે. તે દરેક કામ નાના નાના મશીનો દ્વારા કરવામાં આવે છે જે બાબુજીએ પોતેજ પોતાની દેખરેખ નીચે તૈયાર કરાવ્યા છે. મેં આગળ કહ્યું તેમ તે એકલા Scientist નથી Engineer પણ છે. ખાદીના કામને વિકસાવવા જેટલી બને તેટલી આર્થિક સગવડ રાખવા મહેનત કરી. ખાદી હની અત્યારે સૌથી મોટું કોટીંગનું કેન્દ્ર ખાદી પ્રતિષ્ઠાનનું આવે છે. કોટીંગનું કપડું બજારમાં ચાલતું નથી. ફક્ત બહારના પ્રાંતો માટે તૈયાર કરવામાં આવે છે. જ્યાં કોઈ કોટ જ ન પહેરતું હોય ત્યાં કોટીંગ કોણ ખરીદે? મધ્યસ્થ સરકારે મજુરીના દરમાં ફેરફાર કર્યા ત્યારથી ત્યાં પણ ખાદીના કામમાં મંદતા ને ફેરફાર કરી નાખવો પડ્યો. ખાદીને મોંઘવારીની હરિફાઈમાં ટકાવી રાખવા માટે જુદી જુદી ડીઝાઈનો કરવા પાછળ શક્તિ ખર્ચાતી હતી તે બંધ થઈ. ખાદીને બહારના પ્રાંતો માટે તૈયાર કરવામાં આવતી તે બંધ રહ્યું. બહારના પ્રાંતમાં ખાદી વેચવાનો પ્રબંધ કરવામાં આવતો અટકાવી તેમણે તેમના ઉત્પત્તિ કેન્દ્રમાંજ ખપાવવી શરૂ કરી. દરેકને ખાદી પહેરતાં કરવાં અને એ ઉત્પાદનની વપરાશની ખાદી બહારના પ્રાંતોમાં વેચવા માટે મોકલવી. આ રીતે બહારનો દેખાવ ઓછો થયો. ગામડાંઓ વધારે સ્વાવલંબિ બનવા લાગ્યા. કામ વધારે સંગીન બનવા માંડ્યું.

૧૯૩૦માં બાપુએ સાબરમતિ આશ્રમમાંથી કૂચ કરી એજ રીતે સોદપુર આશ્રમમાંથી બાબુજીએ પણ કૂચ કરેલી. એમણે પણ એજ જાતની પ્રતિજ્ઞા લીધેલી કે સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી આશ્રમમાં પાછા આવવું નહિ. ત્યાર પછી તે આશ્રમમાં આવ્યા નથી. અત્યારે આશ્રમની દરેક પ્રવૃત્તિ—ખાદી તેમજ અન્ય તેમના પત્ની હેમપ્રભાદેવી સંભાળે છે. તેમના પત્ની પણ ખૂબ શક્તિશાળી છે. દરેક જાતના કામમાં તેમનો પૂરેપૂરો સહકાર હોય છે. કેટલીક વખત તેમનો કામનો બોજો બમણો કરે છે. ખૂબ જ પ્રેમાળ છે. આશ્રમમાં સર્વે ભાઈઓ તેમને 'માતાજીના' નામે સંબોધે છે. માતા જેટલું જ તેમનું હૃદય કોમળ અને નિર્મળ છે. નમ્રતાની સાક્ષાત મૂર્તિ હોય તેવા લાગે છે. તેમના વિરોધીઓ પ્રત્યે પણ એ ઘણી જ અમીભરી દ્રષ્ટિથી જુએ છે. પ્રતિષ્ઠાની ભાવના નથી. ગરીબો વચ્ચે રહી ગરીબ બની તેમનાથી બની શકે તેટલી સેવા કરવી છે. મારે બાબુજી વિષે કંઈપણ જાણવું હોય તો હું તેમના પાસે જતો. તે મને તેમની બંગાળી મીઠી ભાષામાં સમજાવતાં. બાબુજી પાસે મારા વતનમાં અને ભાષામાં મર્યાદા જાળવી પડતી. માતાજી પાસે હું છૂટથી વર્તી શકતો. તેમનું શરીર બહુ નાજુક છે. અતિશય કામનો બોજો તેમના શારીરિક સ્વાસ્થ્યને ઘણી વખત નુકશાન કરે છે. શારીરિક નિર્બળતા હોવા છતાં તેમનામાં આત્મિક શક્તિ ઘણી જ છે. કામ પ્રસંગે શરીરની નબળાઈની ગણના કરતા નથી. કામને દ્રષ્ટિ સમક્ષ રાખી તેને પુરૂં કરવામાં જ બધી શક્તિ ખર્ચે છે.

૧૯૩૦ ની લડતમાં સરકારે બાબુજીને પકડી જેલમાં ધકેલી દીધા. વચ્ચેની સુખેદ દરમ્યાન તેમનાથી બની

શકે તેટલી લોકજાગૃતિ લાવવામાં તેમની શક્તિ ખર્ચી. સરકારે સુલેહનો ભંગ કર્યો અને ફરીથી સતીશબાબુને જેલમાં મોકલી દીધા. જેલમાં તેમને પહેલા વર્ગમાં રાખવામાં આવતા. પોતે ખોરાક ક વર્ગનો લેતા. કેદીઓ તેમજ જેલ અમલદારોને તેમની ખૂબજ સારી અસર થએલી છે. અમલદારો તેમના ચારિત્ર્યબળથી ડરતા. તેમની ઈચ્છા વિરુદ્ધ કાંઈ કરાવી શકતા નહિ. બંગાળના માણસો તેમને 'બંગાળના ગાંધી' તરીકે સંબોધે છે. ગાંધીજીએ હરિજનોના જુદા મતાધિકારને એકત્રિત કરવા મરણ પર્યંતના ઉપવાસ શરૂ કર્યા, ત્યારે વગર ઉપવાસે બાબુજીની સ્થિતિ ઉપવાસ કરતા હોય તેવી થઈ ગયેલી. આઠ દિવસના ઉપવાસ પછી ગાંધીજીને તેમની ઈચ્છા પ્રમાણે મતાધિકાર મળ્યા, અને સાથે જેલમાંથી હરિજન પ્રવૃત્તિ ચલાવવાની પરવાનગી મળી. બાબુજી જેલમાંથી છૂટયા કે તરતજ ગાંધીજીનો કાગળ આવ્યો. દરેક કામ છોડી હમણા હરિજન કામમા લાગી જવાનું કહેવામાં આવ્યું. ત્યારબાદ તેમણે હરિજન કામ કરવુ શરૂ કર્યું.

સતીશબાબુને ગાંધીજી તરફ અનહદ ભક્તિભાવ અને પૂજ્યભાવ છે. તેમના વચનને તે પ્રમાણ વચન માને છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિમા તેને અનુસરવા પ્રયત્ન કરે છે. પોતે ખૂબ જ બુદ્ધિશાળી છે. વૈજ્ઞાનિક તો છે જ પણ સાથે હિન્દુ ધર્મશાસ્ત્રના પ્રખર અભ્યાસી છે. વેદવેદાન્ત Preaching બહુ સારી રીતે કરી શકે છે. મેં તેમના હિન્દુ ધર્મ ઉપરનો પ્રવચનો અમારા ધર્માલયમાં સાંભળ્યા છે. સવારના ચાર વાગે પ્રાર્થના પછી એકથી દોઢ કલાક સુધી અમને હિન્દુ ફીલોસોફી સમજાવતા હતા. બાબુજીના દરેક પ્રવચન અને કિશોરભાઈના 'જીવન શોધન'ના એક એક પ્રકરણ જેવાં લાગતાં હતાં. ત્યારે 'જીવનશોધન' વાંચતા ન હોઈએ? બન્નેમાં વિચારોનું તાત્વિક દૃષ્ટિએ આટલું બધું સામ્ય હશે તેની મને ખબર નહોતી.

વિજ્ઞાન તો તેમના જીવનમાં ઓતપ્રોત થઈ ગયું છે. વિજ્ઞાન એ અઘરો અને કંટાળાભર્યો વિષય છે. આપણે ત્યાં તેની ઉપયોગીતા સમજાણી નથી. અમારે સમોધા માટે બી. એમ. સી. જેટલી વિજ્ઞાનની તૈયારી દોઢ વર્ષમાં કરવાની હતી. સવારના દરરોજ એક કલાક જુદા જુદા Elements ઉપર ભાષણ આપી જતા. અમને બધાને એટલા બધા રસ લેતા કરી દીધા કે અમને તેમના ભાષણમાંથી ઉઠવાનું મન થતુ નહિ. આ પ્રમાણે કલાકો સુધી ભાષણ ચાલ્યા જ કરે તેવી મનમા ઈચ્છા રહ્યા કરતી. એક કલાક પૂરો થાય કે તુરત ઉઠીને ચાલ્યા જાય. બીજા દિવસનું ભાષણ સાંભળવાની અમારી જીજ્ઞાસાવૃતિને સતેજ કરતા જાય. તેમના ભાષણો સાંભળતાં લાગતું હતુ કે જાણે વિજ્ઞાનને ઘોળીને પી ન ગયા હોય! દરેક પ્રશ્નને ખૂબ સ્વાભાવિક રીતે સમજાવતા હતા. જીવનના દરેક ક્ષેત્રમાં વિજ્ઞાન જ નજરે આવતું. તેમણે વિજ્ઞાનને જીવનના વ્યવહારમાં ઉતાર્યું હતુ. કેવળ પુસ્તકનું જ્ઞાન ન હતું, તેમજ પ્રયોગશાળાના માત્ર પ્રયોગો પણ નહતા. તેમના વિજ્ઞાને દેશને ઘણો ફાયદો કરી દીધો છે. બીજા દેશમાં જેમ વિજ્ઞાનની શોધખોળ કેવળ પોતાના ભાઈઓના નાશના બીજ રોપવામાં કરવામા આવે છે તેવી હિંસક શોધખોળ તેમની નહતી. જે શોધની પાછળનો હેતુ શુદ્ધ હોતો નથી—જેની પાછળ પોતાની સત્તાનું સામ્રાજ્ય સ્થાપવાની આકાંક્ષા રહેલી હોય છે—બીજાને લૂંટી સુખ શોધવાની લાલસા રહેલી હોય છે એ શોધોને વિકાસ કહેવામા જ ભૂલ થાય છે. ખરેખર તો તે તેના ભાઈઓ—અને તેના વિનાશની શોધ હોય છે. બાબુજીએ તેમના વિજ્ઞાનનો ઉપયોગ દુઃખી ભાઈઓને સુખી કરવામાં કર્યો. તેમણે ગાંધીજીની ઈચ્છાને માન આપી એક દવાખાનું શરૂ કર્યું. તેની અંદર દરેક જાતની દવાઓ બનાવવાની શરૂઆત કરી. સસ્તામા સસ્તી દવા બનાવવી, ઇન્જેક્શન બનાવવા અને લોકોમાં તેનો પ્રચાર કર્યો. બે કે ત્રણ પૈસાની કિંમતના ઇન્જેક્શનથી ગામડાંમાં ભયંકર દરદો જેવા કે કાલાજ્વર, મેલેરીયા, ટાઇફોઇડને બહુ ઓછા ખર્ચે નાબૂદ કરવામાં આવે છે. કોઈ બજારના ડૉક્ટર પાસે ઉપચાર લેય પણ તેમની દવા કરાવવા જઈએ તો ઓછામા ઓછા બસોથી અઢીસો રૂપિયા ખર્ચ થઈ જાય ત્યારે અહિં ચાર પાંચ રૂપિયાના ઇન્જેક્શનથી પતી જાય. એક ઇન્જેક્શનની કિંમત

તેમને બેથી ત્રણ પૈસા પડે છે જ્યારે બહાર તેવા ઇન્જેક્શન લેવા જઇએ તો કેટલી કિંમત આપવી પડે! આને માટે તેમણે એક શાસ્ત્રીય ચોપડી તૈયાર કરી છે જેનુ નામ Cheap Remedies રાખવામા આવ્યુ છે Cheap Remedies નો અર્થ જ સસ્તા ઉપચારો થાય છે આ ચોપડી વાચી જવાથી સામાન્ય પ્રચલિત દર્દોનો ખ્યાલ આવી જાય છે તેનુ સ્પષ્ટ નિદાન કરતાં આવડે છે દર્દો પારખવા અને તેનો ઉપચાર કરતા ઘણાજ થોડા સમયના અનુભવે શીખી શકાય છે

હરિજન સઘનુ કામ કરતા તેમણે એક દવાખાનુ હરિજન લત્તામા શરૂ કર્યું ત્યાથી હરિજનો અને બીજા ગરીબ દુખી માણસોને મફત દવા આપવાનુ અને જે ભયકર રોગથી પીડાતા હોય તેમને In door Patient તરીકે દાખલ કરવાનુ રાખવામા આવ્યુ અહિના દવાખાનામા દવા અને ઇન્જેક્શન બનાવવામા ખુબ પ્રગતી કરી તેની ખ્યાતી વધતી ગઇ શહેરમાની ડોક્ટરો પણ દવા મગાવવા લાગ્યા દવા અને દવાખાનાની સફળતા જોઇ તેમને બીજા પ્રાતના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની ઇચ્છા થઇ વિદ્યાર્થીઓ ફક્ત સેવાભાવથી જ શીખવા આવેલા હોવા જોઇએ તેને ઉપયોગ તેના પોતાના ઉપાર્જન માટે કરવાનો નહિ હોય પણ સેવાના કામમા કરવાનો હશે આવેલા વિદ્યાર્થીને ડીગ્રી વગરના ડોક્ટર જેટલુ જ્ઞાન એક વર્ષમા મળી જાય તે પ્રમાણે તેનો અભ્યાસક્રમ ગોઠવાયો છે રોગનુ diagonize કરતા તેના કારણો જાણતા, તેના ઉપચાર કરતા અને જરૂર પડે તો ઇન્જેક્શન આપતા શીખવાનુ હોય છે આ ઉપરાત તેમને ઉપયોગની દવા બનાવતા તેમજ ઇન્જેક્શન બનાવતા શીખવાનુ આટલુ એક વર્ષની અંદર વિદ્યાર્થીએ જાણી લેવાનુ, અને સાથે દવાખાનામા આવતા દર્દીઓની તપાસ કરાવી તેમને પ્રત્યક્ષ અનુભવ કરાવવો અહિ બને તેટલુ શિક્ષણ theoratical and practical સાથે આપવામા આવતુ. પૂરો અનુભવ લીધા પછી તેમને પ્રમાણપત્ર આપવામા આવતુ જેથી કોઇપણ સસ્થામા ડીગ્રી વગરના ડોક્ટર જેટલુ કામ કરી શકે ગામડામા કામ કરનાર ગ્રામસેવકે Cheap Remedies ની દવા વિગેરે જાણી લેવી જોઇએ ગામડાના કામને અનુરૂપ થાય તેવુ છે દરેક પ્રાતમાં Cheap Remedies (સસ્તા ઉપચારોની) શાખા ખોલી ત્યાં કામ કરનાર ગ્રામસેવકને શિક્ષણ આપવું જોઇએ. આજે આપણે મોઘા ભાવની દવાઓ વાપરીએ છીએ ગામડાના દવાખાના ભારે પડી જાય છે પ્રાતવાર એકાદ મુખ્ય શાખા હોય જેમા દવા, ઇન્જેક્શન વિગેરે બનાવવામા આવે અને ગામડાના દવાખાનામા પૂરા પાડવામા આવે તો દવાખાનું ખર્ચ ઓછા ખર્ચે ચાલે આ દવાઓ બીજી દવાઓ જેટલી જ અસરકારક હોય છે ઇન્જેક્શન માટે બહારથી દવાઓ ખરીદવી પડે છે જેની કિંમત બહુ આપવી પડતી નથી કારણકે તેનુ Prescription આપણે ત્યા બનાવવાનુ હોય છે બાપુજીના કામનો આ એક અગત્યનો ફાળો છે જેમ આનો પ્રચાર થશે તેમ આ કામની માણસોને કિંમત સમજાશે

હુ ભણતા હતો ત્યારે બાપુજી Cheap Remedies જેવુ એક મોટુ પુસ્તક લખી રહ્યા હતા આજે લગભગ પૂરુ થઇ ગયુ હશે બાપુજી કહેતા હતા કે તે પુસ્તક વાચવાથી માણસ ઘેર બેઠા સાધારણ ડોક્ટર જેટલુ જ્ઞાન મેળવી શકશે

મહાત્માજીની આજ્ઞાને માન આપી બાપુજી હરિજન કામ કરવા લાગ્યા દવાખાનાની શરુઆત ત્યાર પછી થયેલી દવાખાનાના કામ ઉપરાત તેઓ હરિજન ભાઇઓ સાથે જાજરૂ મદદ કરવા જતા જાહેર તેમજ અગત માલિકીના મકાનમા જ્યા જ્યા જાજરૂ હોય ત્યા હરિજન ભાઇઓ સાથે બાપુજીના આશ્રમના ભાઇઓ તેમને મદદ કરવા જતાં અને જ્યા શક્ય હોય ત્યા જાજરૂની વ્યવસ્થામા ને સફાઇમા ફેરફાર કરાવતા, માથે મેલા ડબા ઉપાડી મળની ગાડીમા નાખી આવતા હરિજનોને તેથી રાહત મળતી કામ કરવામાં ત્રાસ ઓછો પડતો તે ઓછો થતો ઘણા જાજરૂમા મળની વ્યવસ્થા બરાબર થતી નહિ માણસો બેદરકારીથી જાજરૂ બગાડી ચાલ્યા જતાં, મળ પણ અસ્તવ્યસ્ત પડ્યો હોય આ બધી મુશ્કેલીને દૂર કરવાનો ત્યારથી સાથે ઝંપલાવ્યું

ખાજરૂ સાફ કરવા જતા ઘણે ઠેકાણે તેમના માન જવાથીજ ઘણો ફેરફાર અને સુધારા થઇ જતા ખાજરૂ સાફ કરવા જતા, કેટલો ત્રાસ સહન કરવો પડતો તેનો એક પ્રસંગ યાદ મને આવે છે અમારે ત્યા ચર્માલયનુ કામ કરનાર એક ભાઇ ખાજરૂ સાફ કરવા જતાં એક દિવસ ખાજરૂના મળ ઉપાડવા નીચે ગયા માથું નીચે હતુ ઉપરથી કોઇએ મળ ફેંક્યો, નીચે જોવાની પણ દરકાર ન કરી, સાફ કરનાર ભાઈનુ આખુ માથુ મળથી ભરાઇ ગયું. આતો એક પ્રસંગ મે મૂક્યો. હરિજનો ઉપર આથી ક્યાયે વિશેષ ત્રાસ ગુજારવામા આવે છે આવો કોઈ પ્રસંગ બને ત્યારે તેઓ તેમના નસીબનો વાંક માની દુ ખ ને અપમાન સહન કરવાનો તેમનો જન્મસિદ્ધ હક્ક હોય તે રીતે સહન કર્યે જાય છે. અતિ ત્રાસ અને જુલ્મનુ તો આ પરિણામ નહિ હોય ને? તેમના દુ ખનો ખ્યાલ બુદ્ધિથી કરી શકાતો નથી તેમની સાથે તેમના જેવા થઇને રહેવાથી આવે છે તેનો અનુભવે ખબર પડે છે—કલ્પી શકાતો નથી સેંકડો વર્ષોથી આ વર્ગ કચડાયેલો અને દબાયેલો છે તેમને માથું ઉંચકવાની હોંશ પણ નથી રહી તેમની સાચી સ્થિતિનું ભાન કરવા બાપુજી અને તેમના માણસો તેમના સાથે રહેવા લાગ્યા તેમના જેવુ કામ કરવા લાગ્યા તેમને શિક્ષણ આપવા લાગ્યા સાંભળ્યુ છે કે એક વખત બાપુજીએ હરિજનોને દારુ છોડાવવા આઠ દિવસના ઉપવાસ કરેલા ઉપવાસના પરિણામની મને ખબર પડી નથી એટલે એ વિષે હું કાંઇ કહી શકુ નહિ, આટલુ કામ કરવા છતા એક પણ ઠેકાણે તેમના કામ વિષે વાંચવામાં આવ્યુ નથી

હરિજન પ્રવૃત્તિ હાથમા લેતા તેમના સુખદુ ખ, કામ વિગેરે બાપુજી વિચાર કરવા લાગ્યા તેમણે ચમારોની સ્થિતિનો અભ્યાસ કર્યો અત્યારની પરિસ્થિતિમા ચમારો પોતાનો ધંધો મૂકીને શા માટે મીલમા મજુરી કરવા કે બીજું કામ કરવા જતા હશે? હિન્દુસ્તાનમા કાપડ સિવાયનો બીજો મોટામા મોટો ઉદ્યોગ ચામડાનો છે દર વર્ષે કરોડો રૂપીઆનું આખું ચામડું (Raw hides) પરદેશ ચડે છે ને કરોડોનુ તૈયાર કમાવેલું ચામડુ (Tanned Leather) આયાત થાય છે મહાત્માજીએ ચામડાંના બે ભાગ પાડી દીધા છે એક મડદાલ—કુદરતી મોતે મરેલા ઢોરનુ ચામડું બીજુ હલાલી—કતલખાનામાંથી આવેલું ચામડુ. મોટા શહેરોમાંથી મોટે ભાગે ચામ કતલખાનામાંથી આવે છે આજસુધી આપણામા એ માન્યતા જડ ઘાલી બેઠી હતી કે મોટે ભાગે ચામડા હલાલી જ આવે છે અને ચામડા માટે કતલ કરવામા આવે છે ચામડાનો ઝીણવટથી અભ્યાસ કર્યા પછી ખબર પડી છે કે સેંકડે પોણોસોથી એંસી ટકા ચામડ મડદાલી આવે છે ચામડાંની બજારોમા બન્ને જાતના ચામડા સાથે આવે છે વેચનાર માણસ મડદાલી—હલાલીનો ભેદભાવ રાખતો નથી તે તો હલાલીને નામે જ બધો માલ વેચે છે મડદાલી ચામડા એને બગડેલા, કુતરાએ ખાધેલા કે ગીધડાએ કાણા પાડેલા નહિ પણ હલાલીચામડા જેટલા જ સારા, ટકાઉ અને દરેક કામમા ઉપયોગમા આવી શકે એવા હોય છે આપણે ત્યા ચામડાની કિંમત નથી તેના તરફ ચમારો બેદરકાર છે. બીજા પ્રાંતોમા તેની ખૂબ સંભાળ રાખવામાં આવે છે ચામડું એકપણ ઠેકાણે ઘસાય નહિ તેમજ બગડે નહિ તેની પૂરતી કાળજી રાખવામા આવે છે ચામડાની કિંમત તેની જાત ઉપરથી થાય છે તેના દરેકનાં ખાસ નામ આપવામા આવ્યા હોય છે મડદાલી ચામડા સારા હોય તો તેની હલાલ જેટલી કિંમત આવે છે સારા ચામડાંને કોઈ મુડદાલી સમજીને લેતુ જ નથી

આ ઉદ્યોગને સંપૂર્ણ રીતે ખીલવવો હોય તો ચમારોએ રૂપડે રૂપડે દાખલ થઇ એમને નવી પધ્ધતિએ ચામડુ કમાવતા શીખવવુ જોઇએ ગામડે ગામડે આ ઉદ્યોગને ચમારો શરૂ કરી દે તો આજે કરોડો રૂપીઆનું આખુ ચામડુ (Raw hides) પરદેશ જતું અટકે આજે જે તૈયાર ચામડું આયાત કરવુ પડે છે તેના બદલે તૈયાર ચામડાંનો નિકાસ થાય

આ હેતુને ધ્યાનમા લઇને હરિજન સેવક સંઘે એક મોટા ચર્માલયની યોજના તૈયાર કરી, તેનું કામ બાપુજીને સોંપવામાં આવ્યું. ચર્માલયનું કામ શાસ્ત્રીય પધ્ધતિએ શરૂ કરવું હોય તો તેમાં વિજ્ઞાનની ખાસ જરૂર પડે વિજ્ઞાન વગર તો કામમા સફળતા મળે જ નહિ

સતીશબાબુએ તો વિજ્ઞાનને જીવનના વ્યવહારમાં ઉતાર્યું છે. આ કામને સફળ બનાવવામાં તેમને જરા પણ મુશ્કેલી આવે નહિ. કલકત્તામાં હરિજનોની વસ્તીવાળા ભાગમાં આ ચર્માલય ખોલવામાં આવ્યું. તેની આજુબાજુ મોટા મોટા ચર્માલયો (Tanneries) આવેલાં છે. ચર્માલયની ખોટ શરૂઆતમાં પૂરી કરવા મશીન વિભાગ શરૂ કરવામાં આવ્યો. એક તરફ ગૃહ વિભાગ– જેમાં દરેક કામ હાથથી કરવામા આવે છે. બીજો મશીન વિભાગ–જેમાં મશીનથી ચામડું તૈયાર કરી બહાર વેચવામાં આવે છે. હરિજન સેવકસંઘે દસ હજાર રૂપીઆ આ ચર્માલય પાછળ રોક્યા છે. દરેક પ્રાંતના એક એક વિદ્યાર્થીને બોલાવી ચર્માલયનું કામ શાસ્ત્રીય પધ્ધતીએ શીખવવું. કોઈ વર્ષનો અભ્યાસક્રમ ગોઠવી તેમને Practical અને Theoratical ચામડાંનું કામ શીખવવું. સાથે વિજ્ઞાનનું ચર્માલય પરતું જરૂરી જ્ઞાન આપવુ, જેથી પ્રાતીય ચર્માલયો નિષ્ફળ ન જાય ચામડા કમાવવાનો આધાર મૂખ્યત્વે વિજ્ઞાન ઉપર હોય છે. ક્રુમ, પેટન્ટ વિ. જાતના ચામડાં જુદા જુદા કેમિકલથી તૈયાર કરવામાં આવે છે.

 જ સુધી મોટા મોટા Tanneries એમ માને છે કે ક્રુમનું ચામડું મશીનરી સિવાય તૈયાર થઇ શકે જ નહિ. શ્રી. સતીશબાબુએ તેમની એ માન્યતાને ખોટી ઠરાવી. ક્રુમ ચામડાંને કેવળ હાથથી જ–મશીનની મદદ સિવાય તૈયાર કરાવવા લાગ્યા. ત્યાંની જ પધ્ધતીએ અજ્ઞાન હરિજનનો છોકરો પણ તેના ઝૂંપડામાં ક્રુમનું ચામડું તૈયાર કરી શકે છે તે ત્યાંના સ્થાનિક ચમારોના છોકરાને શિક્ષણ આપી ગામડામાં ચર્માલય શરૂ કરાવી સિધ્ધ કરી બતાવ્યું.

સતીશબાબુના કામની અને જીવનની મારા જેવા વિદ્યાર્થી ઉપર શી અસર થઇ તે અને એમના બીજા પ્રસંગો હું કોઇક વેળા જણાવીશ. અત્યારે તો એટલું કહુ કે કલકત્તા તરફ કોઇ સહેતુક સફર કરો તો આ પુરુષના દર્શન કરી આવજો.

ઉપહાર

ધરી ઉરે ઢાલ સહિષ્ણુતાની
સંસારના સૌ ઝીલવા પ્રહારો,
આપેલ મોંઘા મૂલ ઉપહારો
મારાથી હા! કેમ શકાય ઠેલી?

દેવજી રા. મોઢા

પરિશોધ : એક ગીતનાટિકા

શ્રી. ઇન્દુલાલ ગાંધી

પાત્રો

વાસંતી પાનખર
કુંજકન્યા ફૂલકન્યાઓ
પનીહારીઓ

ખુલાસો

તપશોભના, આશાભરેલી અને વાદળીનાં મોતીની જેમ આ બાળનાટકને પણ ગીતોમાં જ ખેંચી જવાની ઉમેદ હતી. અને કલ્પનાની આંખે અનેક વખત એ નાનકડા પગની કુદડીઓ અને ગીતલહરીઓ જોઇ-સાંભળી હતી પણ પ્રયોગ કરતાં જણાયુ કે નાની વયની બહેનો માટે એ અતિ પરિશ્રમશીલ કાર્ય હતું. શ્વાસને અને પગને વિસામો ન લેવા દે એવી એ આખીયે સંકલના રૂડી રીતે પાર ઉતરે તેમ લાગ્યું નહિ એટલે વચ્ચે નાનકડા સંવાદોની દોરીથી ગીતોને ગૂંથી લેવાં પડયાં છે.

ભજવનારી બહેનોનું વય કયાં સુધીનું હોવું જોઈએ તેની મર્યાદા નકકી કરવાનું કાર્ય ભજવાવનારી સંસ્થાઓનુ હોય છે. વેષપરિધાન માટે, છાયાપ્રકાશની ગોઠવણી માટે, નેપથ્યસંગીત માટે કર્તાનો આગ્રહ હોય છે ખરો, પણ એ તો માત્ર આગ્રહ જ હોય છે. સાધનો વિપુલ હોય, પાત્રો અભિનયકુશળ તથા તાલ, લયની શાસ્રીયતા સમજનારાં હોય તો કર્તાની કલ્પનાથીયે વધારે ભવ્ય ને સુંદર કાર્ય બની શકે. સાધનો ઓછાં હોય તો દરિયાઇમોજાંની ખર્ચાળ સાડીઓને બદલે છાપેલાં-સાદાં છાયલો કે બાંધણીની સસ્તી ચુંદડીઓથી પણ કામ ચલાવી લેવાય. એટલે કલ્પનાસ્વામી-કર્તાના આગ્રહને તો ફકત સૂચના રૂપે જ માની લેવાનો છે. પછેડી હોય એવડી સોડ તાણવી.

સંગીતમાં પાંચસાત વાજિંત્રોવાળી વાદ્યમંડળીની જરૂર નથી લાગતી મને. એકાદું મધુર વાયોલીન કે દિલરૂબા હોય, મૃદંગ કે તબલાની જોડ હોય અને બજવૈયા થાકી ન જાય એવા ઉત્સાહી હોય તો લગભગ કલાકેક ચાલનારી આ મ્હેફીલ આનંદમૂર્છા પમાડી જાય નિ:સંશય.

ગુજરાતની અસ્મિતા જેમને હૈયે છે એવા આપણા કેટલાક કલાકારોએ એવી શંકા જાહેર કરી છે કે, પરપ્રાંતિય સંગીતના મોહમાં આપણે, ગુજરાતી સંગીત પ્રત્યે દુર્લક્ષ્ય થયાં છીએ. આ શંકા સાચી હોય તો પણ શરમાવાનું કાંઈ કારણ નથી, કારણ કે મૂળ સંસ્કૃતમાથી જન્મેલી બીજી અનેક ભાષાઓમાંથી ચળાઇને ગુજરાતી ભાષાને આજનું રૂપ મળ્યું છે તેમ મૂળ તો તમામ સંસ્કૃત રાગણીઓ જ છે. તાલ, લયની ચોકસાઇ સીધી ત્યાંથી જ અહીં ઉતરી આવી છે. છોને એની અસર આપણામાં ઉતરતી. કદાચ એમાંથી જ ગુજરાતી સંગીતને સાચી દિશા મળશે, રૂપ મળશે..

પહેલીવાર

[સળગતુ કોડિયું પાલવમાં સંતાડીને, વાસંતી કાંઇક શોધતી હોય તેમ ગાતી નાચતી પ્રવેશે છે]

ગીત

વાસંતી·

કોણે દીઠી એને ?
કોણે દીઠેલ એનાં પગલાં પીતાંબરી ?
કોણે દીઠેલ એની આંખડી આંસુભરી ?
કોણે દીઠી એને ?
છોડની ઢળેલ પાંખો
ફૂલની મીંચેલ આંખો
તારલા ટીંગાય લાખો
શોધી શકે શેણે ?
કોણે દીઠી એને ?
કોકિલાની સીતારીએ, જાગી ઉઠેલા વન,
કયાય દીઠુ તમે, વિલાયલુ એનું વદન ?
સૂકી ફુલ પાદડીની અજલી ભરી જોણે
કયાય દીઠી એને ?

[ગીતને છેલ્લે ચરણે થાકી ગઇ હોય તેમ વાસતી નીચે બેસી જાય છે]

ફૂનની સુગંધીમાથી આવતી હોય તેમ ચાર ફુલકન્યાઓ પ્રવેશે છે પ્રત્યેકના હાથમા ફુલશણગાર છે.

ગીત

ફુલકન્યાઓ

ઓરી ઓરી ચંદનીઓ આવે,
તારકમઝળીઓ લાવે,
ગીત વસતલ ગવડાવે
પાનખરજાય ત્યારે,
પરાગહિણી ધરાને:
નૂતનપરિમલ પહેરાવે
ઓરી ઓરી ચ દનીઓ.
આભભરેલ અલકારે
શા ગુજન કયારે કયારે
નમતી સમીરણને ભારે
જો, ફુલમજરીઓ આવે
ગીત વસતલ ગવડાવે
ઓરી ઓરી ચ દનીઓ

ફુલકન્યા પહેલી: (નીચે બેઠેલી વાસંતીને જોઇ) તમે નિરાશ થઇને અહીં કેમ બેઠાં છો બહેન ?

ફુલકન્યા બીજી: ઊંચી રાખેલી હથેળીનું કોડિયું કેટલી જીજ્ઞાસાથી બળે છે ? જાણે હથેળીમાં સુરજ પ્રગટ્યો.

ફુલકન્યા ત્રીજી: દીવો લઇને કો'કને શોધવા નીકળ્યાં લાગે છે.

વાસંતી: (ઊભી થઇ) શોધવા જ નીકળી છું તો ! મારી મોટી બહેન પાનખરને શોધવા નીકળી છું. ક્યાંય તમે એને દીઠી ?

ફુલકન્યા ચોથી: પાનખર કોણે નહિ દીઠી હોય ?

ફુલ કન્યા પહેલી: પાન ખરી ગયાં પછી જેવું ઝાડ દેખાય એવું એનું રૂપ હતું.

ફુલકન્યા બીજી: સુક્કાં પાન ખખડે એવું એનું હાસ્ય હતું.

ફુલકન્યા ત્રીજી: વડવાઇઓ જેવા એના કેશ હતા.

ફુલકન્યા ચોથી: બાવળની છાલ જેવાં એનાં વસ્ત્રો હતાં.

વાસંતી: હા, હા એજ. :અને એના ખોબામાં કરમાએલાં ફૂલો હશે. આંખોનાં આંસુ ગાલ ઉપર ઠરી ગયા હશે. શરીરે ઉઝરડા પડયા હશે.

ફુલકન્યા પહેલી: હા, એ નિશાની પ્રમાણે જ બરાબર.

વાસંતી: તમે એને ક્યાં જોઇ હતી બહેન ?

ફુલકન્યા બીજી: એ તો સરોવરે સરોવરે ભટકતી'તી. કૂવે કૂવે મોં ધોતી'તી. ઝાડવે ઝાડવે ચડીને પાન ખંખેરતી'તી.

વાસંતી: તમે એને પૂછ્યું હતું કાંઇ ?

ફુલકન્યા ત્રીજી: ઓય મા ! એને કાંઇ પૂછાય ખરૂં ? એનું રૂપ જોઇને તો અમને બીક લાગતી'તી.

વાસંતી: અ રે રે, હવે તો એ બહુ દૂર ચાલી ગઇ હશે.

ફુલકન્યા ચોથી: વાસંતીબહેન ! તમે એને ઘર બહાર શા માટે નીકળવા દીધી ?

વાસંતી: (આંસુ લૂછતી) એમાં મારો જ વાંક છે બહેન !

ફુલકન્યા ચોથી: તમારો વાંક કેવી રીતે વાસંતી બહેન ?

વાસંતી: વાડીને હીંચકે એ હીંચકતી'તી. ત્યાં હું ગઇ અને મને હીંચકવા દેવાની મેં જીદ કરી. એ તો ખડખડ હસી પણ નીચે ઉતરી નહિ એટલે હું મારી બાને બોલાવી લાવી.

ફુલકન્યા ત્રીજી: તમારાં બાએ એને ઘરમાંથી કાઢી મૂકી ?

વાસંતી: હા, ને મને હીંચકે બેસાડી પણ બહેન વિના હીંચકો હલાવે કોણ ? એટલે હું એને શોધવા નીકળી. સવારની ગઈ છે તે અત્યાર સુધી આવી નથી. જુઓને હવે તો ચાંદો પણ આકાશની અધવચ્ચે આવ્યો છે.

ફુલકન્યાઓ: ચાલો ચાલો વાસંતીબહેન ! અમે પણ તમારી જોડે આવીએ છીએ. આપણે સૌ મળી પાનખરને જરૂર શોધી લાવીશું.

વાસંતી–ફુલકન્યાઓ: (જતાં જતાં) :

ગીત

જોને બળે પણે ચાંદની દીવો
દીપ ઝાલી આવે રાતની રાણી
આગે આગે મારા પાય પરિક્રમે
શોધવા નુપૂરવાણી
દિનકરતણા અંતિમ શ્વાસે
દિવસની દોરી ખેંચાઇ જાશે
તાગ વિના કોણ ગીત ગાશે ?
શ્વેતામ્બરા
સખી પાનખરા !
મને આવતી જાણી
પૂછવી કયા તારી પંથકહાણી ?

[જાય છે]

બીજીવાર

[ફટાફટ પનીહારીઓ આવ્યે જાય છે ને ગીતની સાંકળ અતૂટ રાખે છે.

પનીહારીઓ:

ગીત

આંબલીયાની ડાળે,
ને પનઘટની પાળે,
બેસીને કોયલરાણી પૂછે છે પરાણે
ફૂલમાં કેસુડા કોણે વેર્યાં વાસંતીબ્હેન ?
આંબલીયાની ડાળે,
ને પનઘટની પાળે,
બેસીને ઢેલડરાણી પૂછે છે પરાણે
આભે ઇન્દ્રધનુ કોણે ચીતર્યાં વાસંતીબ્હેન ?
આંબલીયાની ડાળે,
ને પનઘટની પાળે,
બેસીને સુરજરાણી પૂછે છે પરાણે
પાને પાને સોના કોણે પાથર્યાં વાસંતીબ્હેન?

[વાસંતી અને ફૂલકન્યાઓ ગાતી ગાતી પ્રવેશે છે]

વાસંતી-ફૂલકન્યાઓ

ગીત

આંખડી દેખે ને જેનું
અંતર ન દેખતું
એવાં રે અજવાળાં મારે લાવવાં પીતાંબરી!
ફૂલની પરાગ તણું
જેને નથી પારણું

તાગને ક્યાંથી વીણી મંગાવવા પીતાંબરી ?
ખારા સમુંદરની મીઠી વીરડી વસંતડી !
ઊંડાં અંધારાની તારકદીવડી વસંતડી !
એ વનવનની વાણી
ને પરિમલની પટરાણી
અંધારાની આંચ જેને આવે નહિ ઊગતાં
એવાં પ્રભાત મારે પામવાં પીતાંબરી !

[પનિહારીઓ ઉભી રહે છે.]

પહેલી પનિહારી: અંધારાની આંચ હવે કોઈને નહિ આવે વાસંતીબહેન, જુઓને ધરતીને અંગે અંગે પરાગની વાણી ફૂટી છે.

બીજી પનિહારી ને કૂવાનાં પાણીયે કેસુડારંગી થઇ ગયા છે.

ત્રીજી પનિહારી કળીઓ જન્મે છે ને ખીલે છે. ને પતંગીઆની પાંખો પણ કોઈ જાદુઈ ચીતારો ચીતરી ગયો છે પવન પણ ગીત ગાતો હોય તેમ ઉડે છે

વાસંતી મને એમાંનું કશું ગમતુ નથી.

પહેલી પનિહારી (આશ્ચર્ય). કેમ વાસંતીબહેન ?

વાસંતી: મારી મોટી બહેન પાનખરનો ગઈ કાલથી પત્તો નથી. અમે આખો વગડો ખૂંદી જોયો, જ્યા જઈએ છીએ ત્યાં ઉત્સવો મંડાયા છે. ધરતીએ ઝાડે ઝાડને નવું જીવન આપ્યુ છે, આકાશે ફુલોને રંગ આપ્યા છે. પવને પંખીઓને વાચા આપી છે આમા હું મારી બહેનને ક્યાથી શોધી કાઢુ ?

ત્રીજી પનિહારી: વાસંતીબહેન, પાનખરને મેં ગઇ કાલે અહીં કૂવાકાંઠે જોઈ હતી.

વાસંતી (જીજ્ઞાસાથી) ગઇકાલે સવારે ?

ત્રીજી પનિહારી· હા, હા. તડકો આવ્યો ને એ ચાલી ગઇ.

પહેલી પનિહારી અને આખા દિવસની ભૂખી હશે એટલે આમલીનાં કુણાં કુણાં બધાં યે પાન ચાવી ગઇ. (બતાવી) જુઓને આ પાન તો આજે પરોઢીએ ફૂટયા છે

વાસંતી· (શ્વાસ ખેચી) ભૂખનું દુખ કોઇનાથી કેમ નહિ ખમાતુ હોય ?

[દૂર કોયલ બોલે છે.]

ચોથી પનિહારી· ગઈકાલે તો પંખીઓ પણ બોલતા નહોતા એ ચાર કોયલો તો માળા વિના ટાઢથી ઠૂંઠવાઇને મરી ગઇ

વાસંતી આખા વગડાની એ ફરીઆદ હતી ઝરણાંના વહેતા પાણી પણ એમજ બોલતાં હતા સુંવાળી ધરતી પણ ઢાલકાચબાની પીઠ જેવી બની ગઇ હતી. (બૂમ પાડી) ઓ બહેન ! ઓ મોટી બહેન ! આ તે શું કર્યું ?

[નીચે બેસી જાય છે]

ફુલકન્યા પહેલી બહેન, એમ થાકીને નીચે બેસી જશો તો આપણાથી પાનખરને કેમ શોધી શકાશે ? હજી આપણે કુંજોને તો જોઇ નથી.

વાસંતી થાક પગને નથી લાગ્યો, અંતરને લાગ્યો છે મને વારે ઘડીએ એમ થયા કરે છે કે વગડાના જુલ-ગુલાબી પરિવારનો શાપ વહોરીને પાનખર ક્યાં સંતાઈ શકશે?

પહેલી પનિહારી. અમે એના પગના સાચવ્યા છે (બતાવી) જુઓ આ રહ્યા

[બધા નીચા નમી પગનાને જોઈ રહે છે]

વાસંતી હા, એજ મારી મોટી બહેનના અણીશુદ્ધ પગના

કુલકન્યા બીજી આ પગલે પગલે પાનખરને જરૂર શોધી શકાને

વાસંતી ચાલો ત્યારે (પનિહારીઓને) પનિહારી બહેનો, અમે તમારો ઉપકાર નહિ ભૂલીએ

પનિહારીઓ અમે પણ તમારી સાથે આવીએ છીએ. જ્યાં જાઓ વાસંતીબહેન, ત્યાં ત્યાં પાણીની હેલ

[સૌ ગાય છે]

વાસંતી, કુલકન્યાઓ, પનિહારીઓ

ગીત

ચલો ચલો ચલો પગલા વીણો
મારગ આ સુરભિભીનો
ચલો ચલો ચલો.
આ ઉડતો પાલવ કોનો?
કુલગુલાબી સંધ્યાનો
કેસરવરણી કન્યાનો
ચલો ચલો ચલો
જો સંધ્યાના પાલવમાં
તારકની પ્રગટી નેના
તેજ છલોછલ એ નેના
ચલો ચલો ચલો

[જાય છે]

ત્રીજીવાર

[સવાર, કુંજકન્યા ગાતી ગાતી આવે છે સામે વૃક્ષોની ઘટા છે આમલીને પાનેપાને કોન ફૂટ્યો છે વાતાવરણ અત્યંત મોહક અને ફૂલગુલાબી છે

કુંજકન્યા:

ગીત

આવરે વસંત, ઓલી આવરે વસંત,
હરિયાળી ધરતીનું બિછાનું હસંત
ઓલી આવરે વસંત
ફૂલે ફૂલે રૂપ તારૂં,
શિતલ સ્વરૂપ તારૂં,

પાને પાને ભેગી આજે બોલતી સુગંધ
એલી આવરે વસંત.

પવનના પંથ ખૂલ્યા,
પંખીઓના કંઠ ખૂલ્યા,

કુંજે કુંજે ખુલી તારી આંખડી અનંત
એલી આવરે વસંત.

[કરેણની સૂકી ડાળખીઓ અંજલિમાં લઇને પાનખર પ્રવેશે છે. ડાળખીઓ જેવું જ ફિક્કું એનુ મો છે. બીતી હોય તેમ તે આવે છે, ધીમેધીમે ગાતી ગાતી, દૂરથી કોયલની સ્વરધારા સંભળાય છે]

પાનખર

ગીત

મારે કોયલશું બ્હેનપણા
બ્હેનપણાં તોય રીસામણાં,
ઉભી વચ્ચોવચ્ચ શી ભ્રમણા ?
મારી હથેલીએ બેગી બેસી
ચણે કોયલ રેખા
સ્વજનો યે મારા કેવા અદેખાં ?
ખ ખેરી પાન-પીતાંબર જૂનાં,
મોર બેસાડું વસંતઋતુના,
તોય બેઉ તણાં અંતર સૂનાં.
સ્મિત ગયાં મારા,
ગીત ગયા એનાં.
અંતરને વગડે ઉડી આગ
એ ઠારવા રાગ
નથી સરજાણા
ઓરે વસંતની નાચતી સેના ?

[વાસંતી એકલી શોધતી હોય તેમ પ્રવેશે છે. પાનખર વૃક્ષઘટામાં છૂપાય જાય છે.]

વાસંતી·

મેં તો દીવે દીવે એનાં પગલાં દીઠાં
એ તો હૈયે ઝીલાય એવાં હળવાં હોજી.
એને પગલે પગલે પડેલ પડઘા મીઠા
કોની વાણીમાં એને સંઘરવા હોજી ?

કુંજકન્યા વાસતી, વાસતી, હું તને શોધી રહી છું

પાનખર (નેપથ્યમાં) બધા વસંતને જ શોધે છે, કોઇ પાનખરને શોધતું નથી

વાસતી (આમતેમ જોઇ) કોણ બોલ્યું એ ?

કુંજકન્યા ક્યારામાં છૂપાયેલી પાનખર બોલી

વાસતી (ઝૂમપાડી) પાનુ પનુ બહેન, અહીં આવ હું તને શોધી રહી છું

પાનખર (નેપથ્યમાં) હું શું મો લઇને ત્યાં આવું ? આખે વગડે મને તિરસ્કારી છે બાએ ઘરમાંથી કાઢી મૂકી છે મારૂં ક્ષીણ શરીર હવે તો મારથી ઊંચકાતું પણ નથી

વાસતી (કરગરતી) બહેન ! અહીં આવ અહીં આવ તારો તિરસ્કાર કરનારા સૌને હું મનાવી આવી છું આખા વગડાને રંગબેરંગી વસ્ત્રો પહેરાવ્યાં છે બા તો હવે તારા વિના ચોધાર આંસુએ રડે છે તને અમે ઊંચકીને ઘેર લઇ જઇશું પાનુ જો જો નૃત્યમંડળીઓ તને પગલે પગલે શોધી રહી છે

પાનખર (નેપથ્યમાં) મને નૃત્ય ગમતું નથી હું તો અપંગ બની છું તારા શબ્દોમાં પણ કુમાશ નથી કુમાશ જોઉં છું ને એને કરડી ખાઉં છું હું તે અહીંજ રહીશ ક્યારામાં, સૂકા પાન થઇને પડી રહીશ, આપણે કદિ સાથે નહિ રહી શકીએ બેન વાસતી !

વાસતી: (નરમ બની) તારા પગના જ જોયાં છે મેં મોનો અણસાર પણ ભૂલી ગઇ છું દીવાને અજવાળે જોયેના એ પગની રેખા મેં કલ્પનામાં સાચવી રાખી છે બહેન, ઓ બહેન એકજ વખત, છેલ્લીવાર તારાં દર્શન થયા હોત—

પાનખર (નેપથ્યમાં ધીમા અવાજે) એ નહિ બની શકે મને અહીં જ પડી રહેવા દે

વાસતી (હતાશ થઇ, નીચે બેસી) ત્યારે મારે તો માત્ર એ પગના જ સાચવવા રહ્યાં રેતીમાં પડેલા પગલા

[દૂરથી ફૂલકન્યાઓ અને પનિહારીઓ ગાતી નાચતી પ્રવેશે છે પાનખરને શોધવા જતા ઝૂની પડેલી વાસતીને શોધતી]

ફુલકન્યાઓ
પનિહારીઓ

અહીં પગલા મળ્યા જ્યોતિના
એ વસંતના કે કોના ?
વહેતા ઝરણાને કંઠ મળ્યા,
આડે વગડે કમળો પ્રગટ્યા
તૃણબિન્દુ બન્યા મોતીના
એ વસંતના કે કોના ?

[પડદો.

રાષ્ટ્રભાષા હિંદી

એનું સ્થાન અને પ્રચાર

શ્રી. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

આજના જમાનાનું એક લક્ષણ એ મણાય છે કે જુદા જુદા પ્રાંતના લોકો પોતપોતાની પ્રાંતીયતા બાજુએ મૂકીને રાષ્ટ્રહિતનાં કાર્યોમાં એક બીજાની સાથે સહકાર કરવા લાગ્યા છે. મારો જન્મ મહારાષ્ટ્રમાં થયો છે. મારું વતન કર્ણાટક ગણાય છે. વીસ વર્ષ સુધી મેં ગુજરાતમાં રહીને તેની થઇ શકી તેટલી સેવા કરી અને આજે સિંધમાં આવીને આપ લોકોને હિંદી પ્રચારના કાર્યમાં સાથ આપી રહ્યો છું। પણ કોઇ એમ ન સમજે કે આજના જમાનાનું જ આ ખાસ લક્ષણ છે. કેરલ પ્રાંતના શ્રી. શંકરાચાર્યના ગુરુ કુમારિલ ભટ્ટ આસામના હતા તોપણ તેમણે તે વખતની રાષ્ટ્રભાષા સંસ્કૃત મારફતે લોકો સાથે ધર્મવિદ્યાનો વિનિમય કર્યો હતો.

ભારતવર્ષ હમેશાં અખંડ રહ્યું છે. કોઇ એમ નથી માનતું કે શ્રીકૃષ્ણ ગુજરાતના હતા અને શ્રી રામચંદ્ર સંયુકત પ્રાંતના હતા. જ્યારે દેશની સંસ્કૃતિ નિર્બળ બની જાય છે ત્યારે તેના નાના નાના વિભાગો પોતપોતાને અલગ માને છે અને લોકો સંકુચિત બને છે. પણ જ્યાં સુધી દેશનો આત્મા શકિતસંપન્ન રહેશે ત્યાં સુધી ભારતીય એકતા સહેલાઇથી પ્રગટ થતી રહેશે.

એમ તો સિંધપ્રાંત સાથેનો મારો સંબંધ ૧૯૦૬–૭ જેટલો જૂનો છે. કેટલાક સિંધી વિદ્યાર્થીઓ પૂનામાં અભ્યાસ કરવા આવ્યા હતા. તે દિવસોમાં પણ અમે પ્રાંતીયતા દૂર કરવાની જરૂરિયાત માનતા હતા એટલે તે સિંધી વિદ્યાર્થીઓ સાથે અમારી મિત્રતા બંધાઇ. તેમાંના જીવતરામ કૃપાલાની સાથેનો મારો સંબંધ ગાઢો થયો અને તેમના કહેવાથી સને ૧૯૧૪ માં હું હૈદ્રાબાદમાં રહેવા આવ્યો. તેજ અરસામાં ડૉકટર ચોઇથરામ અને નારાયણ મલકાની સાથેનો મારો પરિચય બંધાયો અને વધ્યો અને કેટલાએ નવયુવકો સાથે પણ મિત્રતા બંધાઇ. સિંધમાં ચાર છ મહિના કરતાં વધારે વખત હું ન રહી શકયો પણ સિંધ સાથેનો મારો પ્રેમ તે દિવસથી જાગ્યો તે જાગ્યો.

તે દિવસોમાં હું અહીંના વિદ્યાર્થીઓ સાથે મારી ભાંગીતૂટી હિન્દી ભાષામાં બોલતો હતો અને થોડી થોડી સિંધી ભાષા પણ સમજવા લાગ્યો હતો. જો અહીં વધારે વખત રહ્યો હોત તો જરૂર સિંધી શીખી લેત. તે દિવસોમાં સિંધુ બ્રહ્મચર્યાશ્રમમાં નાગરી લિપિમાં છાપેલી

સિંધ હિંદી સંમેલન, કરાચી (તા. ૫-૬-૩૭)ના પ્રમુખસ્થાનેથી આપેલું વ્યાખ્યાન. હિન્દી પરથી

સધી વાચનમાળા શીખવાતી હતી એટલે મારે માટે સધી ભાષા વધારે નજીકની હતી પણ આજે હુ સિધી શીખવા ઇચ્છુ તો મારે સિંધમા આવીને જ રહેવુ પડે પુસ્તકો મારફતે સિંધી શીખવાનુ મારે માટે મુશ્કેલ બન્યુ છે કારણ કે આપની અરબીસિંધી લિપિ મને આવડતી નથી નાગરિલિપિ છોડીને તમે મારા જેવાને દૂર રાખ્યો છે

હુ થોડો સમય કર્ણાટકમાં રહ્યો અને કાનડી સમજવા લાગ્યો બગાળામા પાચ છ મહિના રહ્યો અને બગાળી સમજતો થયો ગુજરાતમા ઘણો વખત રહ્યો એટલે ગુજરાતી ભાષા તો મારે માટે માતૃભાષા જેવી જ બની ગઇ સિંધમા વધારે વખત રહ્યો હોત તો જરૂર સિંધી ભાષાને મે મારી ભાષા બનાવી લીધી હોત

આ બધુ મે એટલા માટે કહ્યુ છે કે શરૂઆતથી જ મારે એક મહત્ત્વનો સિદ્ધાંત આપની સમક્ષ રજૂ કરવો છે કે હિંદમાં સૌથી વધુ મહત્ત્વ પ્રાંતીય ભાષાઓનુ છે હુ કોઇ ખાસ ભાષાનો ભક્ત નથી હુ તો જનમેવાનો ભક્ત છુ જ્યાં જે ભાષાદ્વારા આમ જનતાના હૃદય સુધી હુ પહોચી શકુ ત્યા તે ભાષા મારે માટે મુખ્ય છે હુ એમ નથી ઇચ્છતો કે સિંધી ગુજરાતી, મરાઠી, બગાળી તેલુગુ, કાનડી વગેરે ભાષાઓ નાશ પામે અને કેવળ એક જ રાષ્ટ્રભાષા આ દેશમા રહે હુ તો એ માગુ છુ કે આપણા દેશની જનતા જાગૃત થાય, એની શકિત વધે જ્ઞાન અને સસ્કારિતાની વૃદ્ધિ થાય અને આ ગણો દેશ આબાદ થાય આ સાધના માટે ન તો સસ્કૃત કામ આવે ન હિંદીથી કામ ચાલશે અને અગ્રેજી તો એક દિવસ પણ કામમા નહિ આવે સિંધની જનતાના હૃદય સુધી પહોચવા માટે એકલી સિંધી ભાષા જ સમર્થ છે તથી આ પ્રાતના લોકોએ સિંધીની તરફ જ વધારેમા વધારે ધ્યાન આપવાની જરૂર છે જો સિંધીમા જરૂરી શકિત ન હોય અથવા સિંધીમા ઊંચી કોટીનુ સાહિત્ય ન હોય અથવા સિંધનુ સાહિત્ય ગામડા અને શહેરોના ભનાઓણા લોકોની સેવા કરીને એમનુ જ્ઞાન વધારતુ ન હોય તો સિંધમાં પરિપૂર્ણ શકિત નહિ આવે અને સ્વભાષાનો દ્રોહ થતો હોવાથી લોકોમા મૌલિકતા પણ કદી નહિ આવે જનની જન્મભૂમિ અને જન્મભાષાનો શાપ બહુ આકરો હોય છે. ને બધી શકિતને હરી લે છે

જન્મભાષાની જે ઉત્તમ સેવા કરે છે તે જ રાષ્ટ્રભાષાનુ મહત્ત્વ સમજી શકે છે આપણી રાષ્ટ્રભાષા તો સિંધુ નદીના જેવી છે જેમ ચિનાબ રાવી બિયાસ સતલજ વગેરે નદીઓના પાણી જો ઓછા થઇ જશે તો સિંધુના પાણી પણ ઓછા થઇ જશે આપણી પ્રાંતીય ભાષાઓ પુષ્ટ થશે તો જ આપણી રાષ્ટ્રભાષાને પુષ્ટિ મળશે અને જેમ સિંધુ નદીએ પૂર્વ તરફની નદીઓના પાણી લેવા ઉપરાત પશ્ચિમથી આવતી કાબુલ અને સ્વાત નદીના પાણી લીધાં છે તેમ આપણી રાષ્ટ્રભાષામા સસ્કૃત કુટુબની આપણી પ્રાંતીય ભાષાઓનો ફાળો હોવા ઉપરાત અરબી અને ફારસી શબ્દોનો ફાળો પણ હશે.

પ્રાચીન કાળમા આપણી રાષ્ટ્રભાષા સસ્કૃત હતી કોઇ પણ પ્રાંતમા જાઓ તો પણ જેને સસ્કૃત ભાષા આવડતી હોય તેને કોઇ જાતની મુશ્કેલી પડતી નહિ સસ્કૃત ભાષા બધા પ્રાંતોને જોડનાર સીમેંટ જેવી હતી બૌદ્ધ સમયમા એ સ્થાન પાલીએ લીધુ માગધી પણ એ જ કામ કરતી હતી આજે આખા ભારતવર્ષને એક કરવાનુ કામ હિંદીને માથે આવ્યુ છે હિંદના બાદશાહોએ ફારસી ભાષા ચલાવવાની ભારે કોશીશ કરી ઉપરાત આપણા દેશના લોકોએ પણ અરબી અને ફારસીમા ઊંચી કોટિની લાયકાત મેળવી તો પણ એ પરદેશી ભાષા અહી કોઇ રીતે ચાલી શકવાની હતી! રાજ્યવ્યવહાર પૂરતા નવા શબ્દો સ્વીકારીને આપણી ભાષાએ પોતાનુ જ રાજ્ય ચલાવ્યુ અને એની સમર્થ રાજ્યકર્તાઓને પોતાનુ શિર નમાવવુ પડ્યુ આ ભાષાનુ નામ પડ્યુ ઉર્દૂ છે, એટલે છાવણીની અથવા બજારની ભાષા ધીમે ધીમે આ ભાષાનુ પણ સાહિત્ય તૈયાર થયુ

પણ લોકોમા સ્વભાષાનો જેટલો આગ્રહ હતો એટલો લિપિનો ન હતો આપણા દેશમાં બહુ જ થોડા લોકો લખી વાચી શકતા હતા મોટા મોટા વિદ્વાનો

પણ લખવાનો મહાવરો રાખતા નહીં. લખવાનું કામ તો લહિયાનું ગણાતું. ઘણા વિદ્વાનો લખવાની તકલીફ જ ઉઠાવતા નહિ. વ્યાસજીએ આખું મહાભારત રચ્યું પણ તે લખવા માટે તેમને ગણેશજીને વિનંતી કરવી પડી. લખનારાઓની એક અલગ જાતિ હતી જે કાયસ્થ કહેવાતી હતી. આજે પણ દરેક માણસ શોર્ટ–હૅન્ડ ટાઇપિંગ જાણતો નથી. પણ જરૂર પડ્યે કોઇ સ્ટેનો-ટાઇપિસ્ટને રાખી લે છે. તે જ સ્થિતિ પ્રાચીન સમયમાં લખવા વિષે હતી. રાજ્યકર્તાઓએ પોતાની સગવડ ખાતર પોતાની લિપિ જ ચલાવી, લોકોએ પોતપોતાની પ્રાંતીય લિપિથી સંતોષ માન્યો અને સામાન્ય જનતા માટે તો કાળા અક્ષર ભેંસ બરાબર હતા. આ કારણે આ દેશમાં લિપિના સવાલનું નિરાકરણ ન થયું. લિપિનો સવાલ આપણે ત્યાં છેલ્લાં સો વરસમાં જ ઊઠ્યો છે. આજે આપણે રાષ્ટ્રભાષાના સવાલ સાથે લિપિના સવાલની પણ ચર્ચા કરવાની છે. એની વાત હું પછીથી કરીશ

જેમ આપણા દિલ્હીના બાદશાહોએ આપણી રાષ્ટ્રભાષાનો પ્રચાર કર્યો અથવા તેમને કરવો પડ્યો, તે જ રીતે આપણા સાધુસંતોએ પણ રાષ્ટ્રભાષાનો પ્રચાર ખૂબ જોરથી કર્યો છે. એનો ઇતિહાસ સમજવા જેવો છે. આપણું ધાર્મિક સાહિત્ય વૈદિક ભાષામાં હતું. બ્રાહ્મણોએ એનો ઇજારો માન્યો અને કહેવા લાગ્યા કે વૈદિક ભાષા તો અમે જ જાણી શકીએ બીજાનો એ માટે અધિકાર નથી. ત્યારે વ્યાસજી જેવા લોકસેવકોએ જનતા માટે પુરાણો રચ્યાં અને એને પંચમ વેદની પદવી આપી. આગળ ચાલતાં બ્રાહ્મણોએ આખી સંસ્કૃતભાષાનો ઇજારો પોતા પૂરતો કરી લીધો અને કહેવા લાગ્યા કે સંસ્કૃત તો દેવવાણી છે, ભૂદેવો જ એ શીખી શકે. વેદોનો ઠેકો લઇને વેદો સમજવાનું જ તેમણે મુશ્કેલ કરી મૂક્યું અને કહેવા લાગ્યા કે વેદો અર્થ કરવા માટે નથી, એ તો ઉચ્ચારણ માટે જ છે. પછી સંસ્કૃતનો એજ જાતનો ઠેકો કરી લેવાયાથી એનો પણ પ્રચાર કમી થઇ ગયો. એટલે સાધુસંતોએ સંસ્કૃત છોડીને દેશી ભાષામાં ધર્મજ્ઞાનની ગંગા વહેવરાવી અને તુલસીદાસ, સૂરદાસ, કબીર વગેરે સંતોની ભાષા રાષ્ટ્રભાષા બની ગઇ. આજે જોઇએ તો પણ કોઇ પણ પ્રાંતમાં સાધુ-સંન્યાસીઓ હિંદીમાં જ બોલે છે તથા લખે છે. સ્વામી દયાનંદ સરસ્વતી મૂળે તો ગુજરાત–કાઠિયાવાડના હતા પણ તેમણે હિંદીને અપનાવી અને એનો ભારે પ્રચાર કર્યો હિંદી ભાષા જનતાની ભાષા થઇ સંસ્કૃત એક ખાસ વર્ગની જ ભાષા રહી ગઇ. ફારસી રાજ-કર્તાઓની ભાષા હતી પણ પરદેશી ભાષા હતી. તેની જડ જનતાના હૃદય સુધી ન પહોંચી. અંગ્રેજી ભાષાની પણ એ જ દશા છે. એ પણ પરદેશી રાજકર્તાઓની ભાષા છે. એણે અંગ્રેજી ભણેલા લોકોનો એક નવો વર્ગ ઊભો કર્યો છે. એ લોકો પોતાની જુદી ન્યાત કરી રહે છે, એ વર્ગ પોતાના સ્વાર્થને મુખ્ય ગણે છે, સામાન્ય જનતાના ધોરણ કરતાં એ વર્ગ વધારે ખર્ચાળ છે અને પ્રત્યેક બાબતમાં પાંગળો છે. એટલે એનું દેશાભિમાન ઉજ્જવળ હોવા છતાં પરિણામદાયી નીવડ્યું નથી. અંગ્રેજી જાણનારા લોકો ભારે વેતન માગે છે, તે કારણે તેમને પ્રજાને ચૂસનારી નીતિમાં સામેલ થવું પડે છે. પરિણામે જનતાને ચૂસનારા વર્ગો સાથે જ આપણા 'અંગ્રેજી ભણેલાઓ' ભળે છે, એમણે અંગ્રેજીની ગમે તેટલી સેવા કરી હશે તો પણ અંગ્રેજી આ દેશની ભાષા કદી બનવાની નથી.

સૌભાગ્યવશ આ અંગ્રેજી જાણનાર લોકોમાંથી થોડા એવા જાગૃત બન્યા છે અને જનતાની સાચી સેવા કરવા લાગ્યા છે. તેમને જણાઇ ગયું છે કે જનતાની સેવા તો લોકોની ભાષા મારફતે જ થઇ શકવાની છે તેથી કોઇ પણ એક દેશી ભાષાને રાષ્ટ્રભાષા બનાવી તેની મારફતે જ રાષ્ટ્રની સેવા કરવી જોઇએ. આજે અંગ્રેજીને જે સ્થાન અપાયું છે તે અસ્વાભાવિક છે. તેનાથી આપણું રાષ્ટ્રીય જીવન બગડતું જાય છે. અંગ્રેજી ભાષા સાથે આપણે દ્વેષ નથી. એની મારફતે આપણને દુનિયાની ઘણી ચીજો મળી શકે છે પણ આપણું રાષ્ટ્રીય જીવન અંગ્રેજીને આધારે આપણે નહિ જીવી શકીએ. આપણી આંતરપ્રાંતીય મંત્રણા 'રાષ્ટ્રભાષા' મારફતે જ થવી જોઇએ. પ્રાંતીયભાષા અને

રાષ્ટ્રીયભાષા વચ્ચે જો સુંદર સહયોગ જામી જશે તો એ બન્ને મળીને અંગ્રેજીને એનું પોતાનું સ્વાભાવિક સ્થાન નક્કી કરી આપશે

આપણો હિંદી પ્રચાર કોઇ એક ખાસ ભાષા પ્રત્યેના પ્રેમથી પ્રેરાયેલો નથી આપણે તો ભારતની ઐતિહાસિક સંસ્કૃતિનો ખ્યાલ કરીને સારા રાષ્ટ્રનું ઐક્ય સાધવા ઇચ્છીએ છીએ જે ભાષા બધાને એકત્ર કરીને ઐક્ય સ્થાપી નહિ શકે તે રાષ્ટ્રભાષાનું સ્થાન કદી પણ નહિ પામી શકે. આ ભાષામાં ભારતવર્ષના બધા ઐતિહાસિક તથા સાંસ્કૃતિક તત્ત્વ મોજૂદ રહેવા જોઇશે આર્ય સંસ્કૃતિ અને ઇસ્લામી સંસ્કૃતિની સાથે સાથે દક્ષિણની દ્રાવિડી સંસ્કૃતિ પણ એમાં ભળવી જોઇશે અને આ ત્રિગુણાત્મક ત્રિવેણી મારફતે જ ભારતીય સંસ્કૃતિ સંપૂર્ણ અને સમૃદ્ધ બનશે ભારતીય સંસ્કૃતિ કોઇ પણ ચીજનો બહિષ્કાર કરતી નથી એ તો બધાનો સમન્વય માગે છે 'यस्मान्नो द्विजते लोको लोकान्नो द्विजते च य' એવું એનું સ્વરૂપ બનશે આપણી રાષ્ટ્રભાષાનું સ્વરૂપ પણ એવું બનો

આપણી આ રાષ્ટ્રભાષાનું નામ હિંદી રાખ્યું છે એ નામ આપણને મુસલમાનોએ આપ્યું અને આપણે તે મંજૂર રાખ્યું અંગ્રેજોના આવ્યા પછી આ ભાષાને એક નવું નામ મળ્યું—હિન્દુસ્તાની અને તે પણ આપણે મંજૂર રાખ્યું જ્યારે દક્ષિણમાં શિવ અને વિષ્ણુના ઉપાસકો અંદર અંદર લડવા લાગ્યા ત્યારે કોઇ સમન્વયવાદી ઋષિએ કહ્યું કે હરિ અને હર એ બંનેના સ્વરૂપમાં જુદાઇ ભલે હોય પણ તત્ત્વમાં તો બન્ને એક જ છે આટલું કરીને એણે સંતોષ ન માન્યો પણ હરિહરની એક મૂર્તિ બનાવી તેની સ્થાપના કરી જેની પૂજા આજે પણ દક્ષિણમાં ચાલી રહી છે. આપણે પણ એ રીતે બન્નેનો સમન્વય કરવાની દૃષ્ટિથી જ હિંદી-હિન્દુસ્તાની શબ્દ બનાવીને આપણી રાષ્ટ્રભાષાનું સ્વરૂપ નિશ્ચિત કર્યું છે હિંદી-હિંદુસ્તાની એ ભાષા છે કે જે ઉત્તર હિંદના શહેરોમાં અને ગામડામાં વસતા હિંદુ મુસલમાન વગેરે બધા લોકો જાણે છે તથા બોલે છે, અને જે દેવનાગરી તથા ફારસી એ બે લિપિઓમાં લખાય છે

સિંધમાં હિંદી-હિંદુસ્તાનીનો પ્રચાર મુશ્કેલ નથી કારણ કે સિંધી ભાષા હિંદીથી બહુ દૂર નથી પણ મુશ્કેલી તો એ છે કે અહીંના લોકો હીંદી સહેલાઇથી સમજી શકતા હોવાથી એનો પદ્ધતિસર અભ્યાસ કરતા નથી. પોતાના નોકરોના સાથે વાત કરવા પૂરતી ભાંગીતૂટી હિંદી આવડી ગઇ એટલે માની લે છે કે પોતાનું કામ પત્યું. રાષ્ટ્રભાષાનો પ્રચાર થઇ રહ્યો છે એવું તો ત્યારે કહી શકાશે કે જ્યારે એને માટે બધા પ્રાંતોમાં પહોંચી જઇને ત્યાંના લોકોમાં ચૈતન્ય જાગૃત કરવાની શક્તિ આપણામાં આવે

સિંધમાં હિંદુધર્મ તેમજ ઇસ્લામ બન્નેનું સ્થાન છે બન્નેના મૂળ ઊંડાં છે પડોશની ભાષાઓ સાથે પણ ઠીક ઠીક સંબંધ રહ્યો છે, પંજાબી અને રાજસ્થાની તો હિંદીના જ રૂપાંતરો છે કચ્છી અને ગુજરાતી સિંધી સાથે મોટે ભાગે મળતી આવે છે એક રીતે તો સિંધીમાં આ બધા સંસ્કારોનું સ્નેહસંમેલન થયું છે અને મારી મરાઠી ભાષાનો પણ સિંધી સાથે સંબંધ છે જ્યારે અંગ્રેજી રાજ્ય સ્થાપન થયું ત્યારે કેટલાએ મહારાષ્ટ્રીઓએ અહીંની ભાષા શીખીને અહીંના કેળવણી ક્ષેત્રમાં સેવા કરી છે અને તે એટલે સુધી કે અહીંના નિશાળીઆઓ ગણિતને 'ગોડબોલે' કહે છે સિંધના લોકો ધારે તો તેઓ રાષ્ટ્રભાષાની ઉત્તમ સેવા કરી શકે સિંધમાં શીખ ધર્મની સુંદર અસર છે, સૂફીવાદનો પણ ઊંડો પ્રભાવ છે, બ્રહ્મસમાજ અને વેદાન્તની અસર ઓછી નથી થઇ છતાં કહેવું પડે છે કે આજના જમાનાના સિંધીઓ સંસ્કૃતનો અભ્યાસ જેટલો કરવો જોઇએ તેટલો કરતા નથી શ્રી દયારામ ગિદુમલે અહીં સંસ્કૃત પાઠશાળા ખોલી એનો બહુ જ ઓછા લોકોએ લાભ લીધો ચાર બ્રાહ્મણ ગોરના છોકરાઓ થોડુંક સંસ્કૃત શીખે એથી કાંઇ આપણું કલ્યાણ થવાનું હતું? સંસ્કૃત સંસ્કૃતિનો પરિચય થાય અને એની અસર જીવન સાહિત્ય અને સંસ્કારિતા ત્રણે પર પડે ત્યારે સંસ્કૃત શીખ્યું

પ્રમાણ ગણાય. સંસ્કૃત સાહિત્યનો જેટલો અભ્યાસ કરવો જોઈએ એટલો અહીંના લોકોએ ન કર્યો. ઇતિહાસ સંશોધનમાં પણ સિંધનો હિસ્સો ઓછો છે છેલ્લા પચાસ વર્ષમાં સમાજમાં જે પુનઃરચના આવી રહી છે એની મીમાંસા કરનારા લોકોને સિંધ પાસેથી બહુ ઓછું મળી શકયું છે. આ કારણે જ સિંધી સાહિત્યમાં બીજા પ્રાંતો સાથે સરખાવતા ઓછી પ્રગતિ થઈ છે. જો ગુજરાતી, મરાઠી, બંગાળી અને હિંદી સાહિત્યનો અભ્યાસ અહીં કરવામાં આવે અને તેની મારફતે સિંધી ભાષાને સંપૂર્ણ કરવામાં આવે તો સિંધી ભાષા જરૂર પોતાની શક્તિ અને મૌલિકતા પ્રગટ કરી શકશે.

સિંધમાં હિંદુમુસલમાનનો પ્રશ્ન છે. જે રીતે અંગ્રેજો પહેલવહેલા ગુજરાતમાં આવ્યા તેવી રીતે મુસલમાન લોકો પહેલવહેલા સિંધમાં આવ્યા. ૧૨૦૦ વર્ષ થયા છતાં નથી હિંદુ લોકો ઇસ્લામને દૂર કરી શકયા કે નથી મુસલમાનો હિંદુ ધર્મને દાબી શકયા. ઇશ્વરની રચના જ એવી દેખાય છે કે બન્ને સમાજ હંમેશ માટે એક સાથે રહે, એક બીજા પાસેથી શીખે અને એકબીજાની સેવા કરતા કરતા એક બની જાય.

આર્ય અને નાગ લોકો વચ્ચે જે ઝગડો ચાલી રહ્યો હતો તેને ખતમ કરવા માટે રાજા જનમેજયે કતલનો રસ્તો અખત્યાર કરી જોયો પણ મનુષ્યજાતિ ઉપર વિશ્વાસ રાખનાર આસ્તિક ઋષિએ તેની મના કરી અને કહ્યું કે બન્નેએ સાથે રહેવું જોઈએ. આજે પણ આપણે હિંમતપૂર્વક એક બીજાની સાથે મેળ રાખવો જોઈએ દૂર દૂર રહેવાથી અવિશ્વાસ વધે છે નજદીક આવવામાં થોડી મુશ્કેલી નડશે પણ એક બીજાને સારી રીતે ઓળખી શકીશું અને બન્ને વચ્ચે પ્રેમ પણ વધારી શકીશું.

રાજનૈતિક ક્ષેત્રમાં એકતા લાવવાના દિવસો કદાચ દૂર હશે જો કે આપણે માનીએ છીએ એટલી મુશ્કેલીઓ તેમાં ન પણ નડે પણ બીજા કેટલાયે ક્ષેત્રો પડ્યા છે જેમાં એકબીજાની નજીક આવી શકીએ. તેમ છે જનતાનું અજ્ઞાન અને ખાસ વર્ગની સંકુચિતતા તથા સ્વાર્થ શેતાનની જબરી શક્તિઓ છે એને દૂર કરવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ. જો પરદેશથી આવેલા મિશનરીઓ આપણી જનતાની સેવા કરી શકતા હોય તો એક દેશમાં રહેનારા, એક ભાષા બોલનારા અને એક હાડચામવાળા આપણે એક બીજાની સેવા નહિ કરી શકીએ એવું કેવી રીતે બને!

ભણેલા લોકો ઓછા પ્રમાણમાં ગામડામાં જઈને રહે છે. ગામડાંમાં રહેવાની લોકોની હિંમત ઘટી રહી છે એ વાત સારી નથી. જો આપણે સ્વાર્થ દૂર કરીને અથવા ઓછો કરીને ગામડાંમાં જઈને રહીએ અને જનતાની સેવા કરીએ તો આજે જે બાબતો મુશ્કેલ દેખાય છે તે આસાન બની જશે અને પરિણામે ભાષાનો સવાલ આટલો અટપટો નહિ રહે. સિંધી ભાષા અને હિંદી વચ્ચે એક સામ્ય છે એ બન્ને ઉપર સંસ્કૃત અને ફારસીની અસર પૂરેપૂરી પડી છે. જો તમે લોકો આ બન્ને ભાષાઓ સાથેનો પરિચય થોડોથોડો વધારશો તથા નાગરી અને ઉર્દૂ લિપિ શીખી લેશો તો તમે સિંધીની ઉત્તમ સેવા કરશો અને હિંદીની અસાધારણ સેવા કરશો.

કહે છે કે સિંધનું સાહિત્ય ગરીબ છે પણ સિંધનું લોકજીવન ગરીબ નથી. અહીંનું લોકસાહિત્ય સમૃદ્ધ છે. સિંધમાં ફકીરોનો ફાલ ઓછો નથી. અહીંની સંતવાણી આખા દેશમાં આદરપાત્ર છે. તમે લોકો અંદર અંદરનો વહેવાર ગમે તે લિપિમાં કરો પણ તમારું લોકસાહિત્ય, તમારી સંતવાણી અને તમારી કવિતાઓ અમારે ખાસ પઢવી છે એ બધું અમને નાગરી લિપમાં આપો અને તે સમજવા માટે અમને સિંધી–હિંદી ભાષાનો કોષ નાગરીમાં કરી આપો.

જો આખા દેશની સાથે તમે તમારો સંબંધ રાખવા ઇચ્છતા હો તો ગુજરાતી મરાઠી અને હિંદી માંથી સારા સારા ગ્રંથોનો સિંધી અનુવાદ કરીને ખૂબ સસ્તી કિંમતે લોકોને આપો, લોકો ચોપડીઓ વાચવા તૈયાર ન હોય તો ગામડામાં જઈ લોકોને ભેગા કરી તે સંભળાવો, હિંદી કવિતાઓ લોકો સમક્ષ ગાઓ. તેમજ નાટકમંડળીઓ કાઢી ગામડામાં પહોંચે. આ બધામાં લિપિનો સવાલ નડવાનો નથી. તમે કંઠથી બોલશો અને તેઓ કાનથી સાંભળશે. આ કામ અહીં રહેનારા સિંધી હિંદી તેમજ ગુજરાતી એ બધાનું છે. સેવા કરીને જ આપણે રાષ્ટ્રભાષાનો પ્રચાર કરી શકવાના છીએ.

શ્રદ્ધા

શ્રી. ગૌતમ

સંસારસાગરમાં અનેક હોડકાં તરે છે તેમ, મેં પણ મારી હોડી તરવા મૂકી છે સાગરના મોજાં ઉપર નાચવાના પ્રલોભને, તેનાં સપ્તરંગી પાણી જોવાને, આથમતો સૂરજ ક્યાં સંતાય છે એ શોધવાને માટે, મેં પણ બીજાની જેમ મારી હોડી તરતી કરી છે

લંગર ઉપાડીને થોડા વામ ન કાપ્યા ત્યાં આ શું ? પવનના ઝાપટાં મારી હોડીને ક્યાં ધકેલે છે ! ગાંડાતૂર આવ્યાં આવતાં મોજાનાં ઉછાળા હોડીને અસ્થિર કરી મૂકે છે કઈ તરફ જવું તેની પણ સૂઝ પડતી નથી જે ફીણના ફીસોટા મોહ પમાડતા હતા, જે મોજાંઓ પર ગેલ કરવો હતો, તે સૌ મારી હોડીમાં પછડાવા લાગ્યાં છે પાણી ભગવાન આ હોડી ડૂબશે કે તરશે ? વેંતભર પાણી માપ એટલી જગ્યા બાકી છે, હવે શું ? ડૂબશે કે તરશે ? મેં ભાગ્યે આવો વસમો સમો કદી પણ જોયો નથી ભગવાન ! શું કરું ! તારી સમીપ પ્રાર્થનાના કરુણ સ્વરો ગુંજવા ગમતા નથી રુદનના આલાપો પણ ગાવા ગમતા નથી તું તારે હોડી ડૂબાડી દે જીવીશ તો એકનો ભામે કાંઠે આવવા નીકળીશ મને સદાય એવી શ્રદ્ધા છે કે તું સદાય સાથે જ છે તારો સંગાથ હોય પછી શી ચિંતા ?

પણ આ શું ? પવનની દિશા પલટાઈ મોજાંના ઉછાળા મોળા પડ્યા સમુદ્રની લગામો ચંદ્રમાનો અસવાર ખેંચતો હોય એમ લાગ્યું હોડી સલામત તરવા લાગી, હાશ કરીને સાચો મારગ શોધવા લાગ્યો ત્યારે એક અજાણ્યા ખડક સાથે અથડાવા તે તૈયાર થઈ

ભગવાન ! તેં ઠીક કર્યું હું ધારતો જ હતો કે તું મારી પરીક્ષા કરવા ચાહે છે કાંઈ નહીં ! અફળા દે ખડક સાથે એવી અફળાવ કે એના પાટિયાનો એક પણ ટૂકડો હાથ ન આવે અને સુકાનને એવું ફગાવી દેજે કે સાગરના તરંગો ઉપર સદાય ઊછળતું રહે જો હું બચીશ તો ખડક પર ઊભો રહીને, બે હાથ જોડીને પ્રાર્થના કરવાનો મારો ઈરાદો નથી રખેને તું મને અભિમાની ગણતો, જે મને હેરાન કરશે તે મને રક્ષશે એવી મારી પ્રબળ શ્રદ્ધા આવા પ્રસંગોમાં એકિકરાઈના માર્ગે દોરી જાય છે

મારી બાલબુદ્ધિ જોઈ, રખે મને તરછોડી ગણો પણ મને એમ જ થાય છે કે તું મારી વધુ પરીક્ષા કર આ ઉછળતા સાગરને ધરતીમાં શમાવી દઈ પૃથ્વીના મહાન રણ કરતા પણ ભયાનક રણ અહીં ઊભું કર જ્યાં રેતીના વંટોળ વીંઝાતા હોય, હજારો ખાડી રેતીના ડુંગરો એક ગતમાં સ્થળ બદલતા હોય મૃગજળની માયાવી સૃષ્ટિ ચોતરફ ફેલાયલી હોય અને તને ગમે તેવા અવનવીન અનેક કૌતુકો ઉત્પન્ન કરી તું મને છક્ક કરી દે સૂરજના તીખા તાપમાં રુધિર ચૂસી લે તેવી જ્વાલાઓ ઉત્પન્ન કર અને જો કદાચ તું આવું કરે તો એમાંથી હું પાર ઊતરું ખરો ? પ્રભો ! તું એમ ન માનતો કે હું મુંઝાઈ જવાનો છું કે નિસહાયની જેમ રડી પડવાનો છું મારી બાળબુદ્ધિને આ દર્શન નવતર જ લાગશે તોપણ મને એવી હામ છે કે તારા સંગાથમાં મારે પ્રાર્થના યાચના કે કરુણ વિલાપ નહીં કરવો પડે

ગમે ત્યાં લઈ જા હોડીમાં, રણમાં, કે કોઈ ખડક ઉપર મારો વિચાર તારા નામની માળા ફેરવવાનો નથી તેમ ભજનો લલકારવાનો નથી

અમાસની અંધારી રાતે અચળ ધ્રુવ તારો બની મારી સમીપ ચળકયા કરી મને સન્માર્ગે દોરજે એવી નમ્ર ની કવિત્વ ઉક્તિ ઉચ્ચારવાનો મારો વિચાર નથી અંધારામાં એકાદ આશાકિરણ દે એવી માગણી મારે કરવી નથી તીખા તેજ હોય કે ભયાનક અંધાર હોય ફિકર નહીં, હું મારે ત્યાં યે જ જવાનો છું જ્યાં જવાય ત્યાં

મારી પ્રબળ શ્રદ્ધા જે મને તારામાં જોઈ રહી છે એજ મને બસ છે

જંતુવાદ – એક અર્વાચીન પાખંડ

શ્રી. રમણલાલ એન્જિનીઅર

[આ લેખના લેખક શ્રી. રમણલાલ એન્જિનીઅર નિસર્ગોપચારના એક મિશનરી છે. ગયા અંકમાં 'માંદગીનું મૂળ' નામનો લેખ આવેલો તેનો એક મિશનરીની ભાષામાં આપેલો આ જવાબ અમે સહર્ષ પ્રગટ કરીએ છીએ. સહર્ષ એટલા માટે કે ભાઇ કાન્તિલાલ ગાંધી, જે વિજ્ઞાનના વિદ્યાર્થી અને અભ્યાસી છે તે અને શ્રી. રમણલાલ મિત્રભાવે અને શોધકબુદ્ધિથી જ આ ચર્ચા કરે છે. 'ઊર્મિ'ના પાનાં ઉપર 'માંદગીનું મૂળ' છપાયા પહેલાં અમારી હાજરીમાં આ બંને વચ્ચે ઠીક ઠીક ચર્ચા ચાલી હતી અને એ ચર્ચાને વ્યવસ્થિત અને લોકોપકારક સ્વરૂપ આપવાના હેતુથી જ બંનેએ પોતાના વિચારો 'ઊર્મિ'મા આપવાનું ઠરાવ્યું હતું. આશા છે કે આ દૃષ્ટિએ જ 'ઊર્મિ'ના વાંચકો આ લેખો વાચશે. સં.]

'ઊર્મિ'ના જુનના અંકમાં શ્રી કાન્તિલાલ ગાંધીએ એક સનસનાટી ભરેલો લેખ લખ્યો છે. એમાં 'માંદગીનું મૂળ' જંતુઓ છે, એમ એમણે ઢગલાબંધ માહિતી આપીને સાબીત કર્યું છે. વળી એમાં રોગના કારણો વિષે આપણા વડવાઓ કેવાં વહેમી અને અજ્ઞાન હતા, એ દર્શાવવામાં આવ્યું છે, અને આશરે પોણોસો વર્ષ ઉપર પાશ્ચુર નામના મહાત્માએ દિવ્ય કાચ વડે યમદૂત બેક્ટેરીઆઓનું શી રીતે દર્શન કર્યું, એનું એમણે રોમાંચક વર્ણન કર્યું છે. એ ઉપરાંત નિસર્ગોપચારકો નામના ચક્રમોના સંદિગ્ધ મંતવ્યો ઉપર, એ વિષય વિષે કશુંય વાંચ્યા વિચાર્યા વિના એમણે પ્રહારો કર્યા છે. એલોપથી વિષે અધકચરૂં જ્ઞાન, અને નેચરોપથી વિષે નીરવધી અજ્ઞાન ધરાવતા હોવા છતાં, આ બન્ને શાસ્ત્રોની તુલના કરતો આવો સુંદર લેખ લખવા માટે એમને ખરેખર ધન્યવાદ ઘટે છે !

નિસર્ગોપચારકોના મંતવ્યો સંદિગ્ધ હોય તો એમણે બદલામાં સ્પષ્ટ મંતવ્યો રજુ કરવા જોઇતાં હતા. પણ એમણે એવું કશું કર્યું નથી. એમનો આખોએ લેખ વાંચ્યા પછી મને લાગ્યું કે, જન્મ, જીવન ને મરણ કે રોગ, આરોગ્ય ને ચિકિત્સાના ભેદભરમો ઉપર પૂરતો પ્રકાશ પાડવાને બદલે, એમણે આ વિષયોને વિંટળાયલો અંધકાર વધારે ગાઢ કર્યો છે.

જંતુવાદ વૈજ્ઞાનિક છે એ સિદ્ધ કરવા માટે એમણે ઘણી શાહી બગાડી છે. પણ જંતુવાદ જે વૃક્ષની શાખા છે, એ વૃક્ષ દવાવાદ વૈજ્ઞાનિક છે કે નહિ, એ વિષે એમણે કશું જ લખ્યું નથી. એ માની બેઠા છે કે દવાવાદ એ એક વૈજ્ઞાનિક વાદ છે.

નિસર્ગવાદ માને છે કે દુનિયા નિયમથી ચાલે છે. દવાવાદ માને છે દુનિયા

નગીમથી આવે છે નિસર્ગવાદ માને છે કે માંદા પડવું કે સાજા રહેવું એ આપણા હાથની વાત છે દૈવવાદ માને છે કે રોગ એ કેવળ અકસ્માત છે નિસર્ગવાદ માને છે કે માણસ પોતાની મૂર્ખાઈથી માંદો પડે છે, અને શાણપણથી સાજો થાય છે દવાવાદ માને છે કે કુદરતે રોગો ફેલાવવા માટે જ જંતુઓ સરજ્યાં છે બિચારા માનવીઓ એમના નિરાધાર શિકારો છે અનેક નિર્દોષ માણસોને કોઈ અકલ્પ્ય કારણથી આ જીવડાઓ ચોંટી પડે છે એમની ઝોડઝપટમાં આવેલા માનવીઓને આ હવાઈ દૈત્યો નિર્દય રીતે ફાડી ખાય છે માંદો માણસ જો વખતસર દવા ન પીએ તો એનો સામનો ખલાસ થાય છે જંતુથી રોગ થાય છે, અને દવાથી એ મટી જાય છે

એમાંથી કયો વાદ વૈજ્ઞાનિક છે, એ કોઈ પણ બુદ્ધિશાળી માણસ સમજી શકે એમ છે

દવાવાદ વૈજ્ઞાનિક છે, એવું માનવાને એમની પાસે શું કારણ હશે? મહાન તબીબોએ એ હકીકત વારંવાર કરી છે કે વૈદામાં વિજ્ઞાન નહોતું, વૈદામાં વિજ્ઞાન નથી અને વૈદામાં વિજ્ઞાન આવશે પણ નહિ! આમ હોવા છતાંયે મોટા ભાગના લોકો વૈદા જેવી અટકળની કળાને વૈદક-વિજ્ઞાન Medical Science એવા આડંબરી નામથી ઓળખે છે આ લોકપ્રિય ભ્રમનો ભાઈ કાન્તીલાલ ભોગ થઈ પડ્યા લાગે છે જો એલોપથી વિજ્ઞાન હોય તો રોગ, આરોગ્ય, જીવન અને મરણની પાછળ કયા નિયમો કામ કરી રહ્યા છે, એ એણે બતાવવું જોઈએ આ બધી ઘટનાઓની પાછળ કામ કરી રહેલો એક પણ નિયમ એલોપથીને હાથ આવ્યો નથી તેઓ તો રોગ અને આરોગ્યના સાચા સ્વરૂપ વિષે એમના દર્દીઓ જેટલા જ અંધારામાં અથડાતા હોય છે એલોપથી જેવી મશ્કરીને વિજ્ઞાનનું નામ આપવું એ 'વિજ્ઞાન' શબ્દનો ભારેમાં ભારે દુરુપયોગ છે ખરી રીતે તો વિજ્ઞાન કેવું ન હોવું જોઈએ, એનો એલોપથી એ એક આદર્શ નમૂનો છે

પ્રજા સેંકડો રોગોથી પીડાઈ રહી છે એમના વ્યાધીઓ દૂર કરવાનો દાવો કરનારી અનેક તબીબી શાળાઓ દુનિયા ઉપર અસ્તિત્વ ધરાવે છે

હવે એલોપથીનો જંતુવાદ, આયુર્વેદનો ત્રિદોષવાદ, હોમીયોપથીનો [illegible]વાદ, બાયોકેમીસ્ટ્રીનો [illegible], નેચરોપથીનો નિસર્ગવાદ, ક્રીશ્ચીયન સાયન્સનો નેતીનેતીવાદ, ઑસ્ટીઓપથીનો અસ્થીવાદ, કાયરોપ્રેક્ટીકનો [illegible], ભૂવાનો ભૂતપ્રેતવાદ અને દેશીવૈદાનો વનસ્પતિવાદ[illegible] જો એલોપથીનો જીવજંતુવાદ જ સાચો હોય તો બીજા બધા વાદો શું વાહીયાત વાદો છે? એમની નીરર્થકતા સહેલાઈથી સિદ્ધ કરી શકાશે? કે પછી એમનામાં કાંઈક પણ સત્યાંશ છે? અને હોય તો કેટલો?

કદાચ એલોપથી લોકોના રોગો 'મટાડે' છે, એમ માટે ભાઈ કાન્તીલાલ એનને વૈજ્ઞાનિક માનતા હશે પણ એમનો દાક્તર દવાથી, ફકીર દુવાથી, ભૂવો ધૂણવાથી, જંતુર રસીથી, અને મંત્રવાદી મંત્રથી લોકોના રોગ 'મટાડે' છે।

એટલું જ નહિ પણ વૈદની પડીકી, હકીમની ફાકી, હોમીયોપથીની હળવી ડોઝ, નેચરોપથના વિધિનિષેધ, માતાની બાધા, પીરનું તાવીજ, જતીના જંત્ર, દીવાનીના મંત્ર, હજામની હીકમત અને ઉંટવૈદનો ડામ પણ રોગો 'મટાડે' છે! તો પછી જો દાક્તર વૈજ્ઞાનિક હોય તો ઉંટવૈદ વૈજ્ઞાનિક શા માટે નહી?

ભૂવો ધૂણવાથી જેનો રોગ જતો રહ્યો હોય એ ભૂતપ્રેતમાં માને, અને દવા પીવાથી જેનું [illegible] દરદ ગયું હોય એ જીવજંતુમાં આસ્થા રાખે એ બન્ને સ્વાભાવિક બનાવો છે

આમ હોવા છતાંયે ભાઈ કાન્તીલાલ ભૂતિક ભૂત વાદીઓને અને ધર્મઘેલા લોકોને વહેમી માને છે ત્યારે એથી પણ વધારે અંધશ્રદ્ધાળુ જંતુવાદીઓને પ્રકાશ પામેલા જણાવે છે!

દરેક માને છે કે મારા જ કહેલા કારણથી રોગ થાય, દરેક સમજાવે છે કે મારા જ ઉપાયથી એ મટે

જો શાણા દર્દીઓ ઉપર જણાવેલા ત્રિવિધ ઉપાયોમાંથી એકપણ ન અજમાવે અને દરરોજ ઘેર બેઠાબેઠા કનાક કનાક પોતાની ઘડી સામે તાકી રહે તોપણ જેટલા

દર્દીઓ દવા કે બાધાથી સાજા થાય છે એટલા જ દર્દીઓ ટુટી સામે દ્રષ્ટિપાત કરવાથી સાજા થાય! જ્યારે સમય તો બન્ને પધ્ધતિઓમાં સરખો લાગે

જેમને સાદા માણસોને સાજા કરવાનો શોખ હોય, તેઓ વૈદકના સહેજે અભ્યાસ વિના, આજે દાકતરો દવા આપીને કે જતુ મારીને જેટલા દર્દીઓ સાજા કરે છે એટલા જ દર્દીઓને ફક્ત કાન આમળવાથી પણ સાજા કરી શકશે આવી રીતે ૫૦૦-૬૦૦ દર્દીઓ સાજા કર્યા પછી નીચે મુજબ એક નવી "થીયરી" રજુ કરી શકાય "માણસમાં અક્કલ ઓછી થવાથી એને રોગ થાય છે કાન આમળવાથી માણસની અક્કલ વધે છે અક્કલ વધવાથી રોગ મટી જાય છે

શા માટે એકલા જતુઓને જ વળગી પડવું? ચાલો, આપણે એક નવું ધતીંગ જમાવીએ!

દવા, દારૂ રસી અને ફકીરી, રોગો જોડે ઝપાઝપી કરીને જેટલા દર્દીઓને એક શૂરવીર એમ ડી સાજા કરે છે, એટલા જ દર્દીઓને ગમે તે માણસ, કોઈપણ જાતની ઝેરી દવાઓ આપ્યા વિના ઉપયોગી અવયવો કાપ્યા વિના, વારંવાર સોયા ભોંક્યા વિના કે બીજી કોઈપણ જાતની માનવદેહ સાથે ભાંગફોડ કર્યા વિના, કેવળ દિવસમાં દસદસ વખત દર્દીઓના કાન આમળવાથી સાજા કરી શકશે

આજે ચોતરફ ખૂબ ઉંટવૈદુ ચાલી રહ્યું છે જેવું ઉંટવૈદુ અહીં ચાલે છે, એવું જ યુરોપ અમેરિકામા ચાલે છે આવું ઉંટવૈદુ ચાલવાનું કારણ એજ છે કે વૈદ્ય અને ઉંટવૈદ્ય વચ્ચે તાત્વિક દ્દષ્ટિએ કશોજ તફાવત નથી વ્યવહારુ દ્દષ્ટિએ જોઈએ તો ડિગ્રીવાળા દાકતર કરતા ડિગ્રી વગરનો ઉંટવૈદ વધારે સારો છે બર્નાડ શો કહે છે કે ડિગ્રીધારી દાકતર અને ઉંટવૈદ વચ્ચે કશોય ફેર નથી અનેક પ્રામાણિક દાકતરોના જાહેર એકરારો એના કથનને ટેકો આપે છે એનોપથી ઉંટવૈદા કરતા કઈ રીતે ચઢીયાતી છે એ મને પણ સમજ પડતી નથી

આ બધી અંધાધૂંધીમાં એક હકીકત હીરા જેવી ચોકખી છે કે માણસ માંદો પડે, પછી જો એ સાજો થવાનો જ હોય તો એ દવાથી પણ થાય છે, અને દવા વગર પણ થાય છે મરણ કે માંદગી એ શરીરનો કચરો સાફ કરવાનો કુદરતનો પ્રયત્ન છે ગ્રહણ થાય એટલે હિંદુઓ પુણ્ય અને દાન કરે છે, અને માને છે કે આ વિધીથી રાહુ ચંદ્રને છોડી દેશે ચીનાઓ ઢોલ વગાડીને ચંદ્રને પકડનાર રાક્ષસને બીવડાવે છે અને અંગ્રેજો કશુંય કર્યા વિના એમને એમ બેસી રહે છે જ્યારે ગ્રહણ દૂર થાય છે, ત્યારે તેમ થવાનું કારણ હિંદુઓ પુણ્ય અને ચીનાઓ ઢોલ માને છે

એજ રીતે વહેમી લોકો માંદા પડે છે, ત્યારે અભણ ભૂવાને ત્યાં, અને ભણેલો દાકતરને ત્યાં દોડે છે! પછી ભૂવો ડાકલું વગાડીને ભૂતપ્રેતને નસાડી દે છે, અને દાકતર દવા આપીને બેકટેરીઆના વળગાડમાંથી માણસને મુક્ત કરે છે! જો એના એ લોકો ઘેર પડ્યા રહે તો પણ એમની માંદગી નીર્વિવાદ રીતે મટે

'રોગો આપોઆપ થાય છે' અને "દવા, દુવા કે ધૂણવાથી એ મટી જાય છે' આ બે પુરાણા વ્હેમો છે, એ જેટલા જૂના અને જાણીતા છે, એટલા જ લોકપ્રિય છે

કોઈ પણ રોગ કારણ સિવાય થતો નથી અને દવાથી એ મટતો નથી દવાથી જો રોગ મટતા હોત તો માનવજાત ક્યારની યે રોગમુક્ત થઈ ગઈ હોત

"આમ રોગ મટાડવાનું તો આપણા પૂર્વજો શીખી ગયા હતા, પરંતુ રોગ અટકાવવાનું તેમને હજી આવડ્યું નહોતું રોગ શાથી ઉત્પન્ન થાય છે તેનું ખરું કારણ તો તેમને સમજાતું જ નહોતું"

આ વાક્ય સંપૂર્ણ રીતે અર્થહીન છે આપણા પૂર્વજોને નહોતો રોગ મટાડતા આવડતો કે નહોતો અટકાવતા આવડતો જો તેઓને હાથ રોગનું સાચું નિવારણ આવ્યું હોત, તો રોગનું મટવું તો આપોઆપ સમજાત કારણ જાણ્યા સિવાય નિવારણ આવી જ કઈ રીતે શકે? એટલું જ નહી પણ આજના દાક્તરોને પણ નથી રોગ અટકાવતા આવડતું કે નથી મટાડતા આવડતું જો એમને રોગ મટાડવાનું આવડતું હોત તો માનવજાત સેંકડો રોગોથી પીડાતી નહિ જો અટકાવતા

મળી આવે છે. એનો અર્થ એ થયો કે: 'જંતુ હોવા છતાં રોગ નથી.'

(૨) મધુપ્રમેહ, કેન્સર, પાંડુરોગ અને અન્ય રોગોના જંતુઓ નથી. એટલું જ નહિ પણ શીતળા જેવા ચેપી રોગનો જંતુ નથી. અને ડીપ્થેરીઆ જેવા જંતુજન્ય રોગોના અનેક ઉગ્ર કેસોમાંય જંતુનો સમૂળગો અભાવ હોય છે, એટલે કે: 'રોગ હોવા છતા જંતુ નથી.'

(૩) ટાયફોઇડના દર્દીને ટાઇફોઇડ મટી ગયા પછી એ એના ઝાડામાં ટાઇફોઇડના જંતુઓ પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. એનો અર્થ એ છે કે: 'જંતુને માર્યા વિના રોગ મટ્યો.'

(૪) રોગનો ઉપદ્રવ ચાલતો હોય ત્યારે અનેક ભણેલા માણસો જંતુઓ મારવાની પુરતી કાળજી રાખે છે છતાયે એમાંથી ઘણાને રોગ થાય છે. એટલે કે: 'જંતુને મારવા છતાએ રોગ થયો.'

હવે જો જંતુ હોવા છતાં રોગ ન હોય, રોગ હોવા છતાં જંતુ ન હોય, જંતુ માર્યા વિના રોગ મટતો હોય, અને જંતુ માર્યા છતાંય રોગ થતો હોય તો પછી જંતુવાદ એ એક વાહિયત વાદ નથી શું ?

તાત્વિક દષ્ટિએ જોઇએ તો એલોપથીનો જંતુવાદ એ કેવળ બકવાદ છે. વ્યવહારુ દષ્ટિએ જોઇએ તો એ એક જીવલેણમાં જીવલેણ વાદ છે, કારણ કે પ્રત્યક્ષ પ્રમાણો અને ખેતરુશી ભરેલા અનુમાનોથી એમણે જંતુવાદ રચ્યો. અને એ જંતુઓના સંહાર માટે ઝેરી દવાઓ અને જીવલેણ રસીઓ ખોળીને, એમણે દર્દીઓની જે કતલ ચલાવી છે, એનો માનવ ઇતિહાસમા જોટો નથી આ અપૂર્વ કત્લેઆમ આગળ નાદિર અને તૈમુરની કતલોના ઐતિહાસીક વર્ણનો સાવ ફિક્કા પડી જાય છે.

[અપૂર્ણ.

માનવી

જોવાની બસ મારે જીવનમાં આ માત્ર બે બાબતોઃ
મારાથી ન બની જવાતું ભૂલથી ક્યારે અતિ માનવી;
ને બીજી, ન બની જઉં અમનુજે: એકકે નથી ચાહતો
મારે તો બસ વિશ્વમાં વિહરવું રે! માત્ર રે' માનવી!

દેવજી મોઢા

આપણું કાર્ય

શ્રી. મગનભાઈ દેસાઈ

તમારી આગળ વાત કરવાનો, મારે માટે, આ બીજો પ્રસંગ છે પ્રથમ, આ વર્ષના આદિમાં વર્ગોથી આવેલો ત્યારે મેં તમને સામાન્ય રીતભાત અને વિનયવિવેક વિષે કેટલાક ટુચકા કહ્યા હતા તે યાદ હશે. આજ એથી કાંઈક ભારે ને આગળની છતાં એ જ પ્રસંગની, થોડીક વાતો કરવાનું વિચારી આવ્યો છું.

૧

પ્રથમ તો મારે તમને જે સંસ્થામાં તમે ભણો છો એનો કાંઈક પરિચય કરાવવો છે મહિનાઓથી તમે અહીં રહેનારને તે વળી શો પરિચય કરાવવાનો હશે, એમ સહેજે પ્રશ્ન તમને ઊઠશે. મારું આગળનું કથન જ એના ઉત્તરરૂપ છે.

આ સંસ્થા સામાન્ય ભણાવી ખાનારી શાળા નથી એ તો આંધળોય અહીં આવીને જોઈ જાણી શકે એમ છે એના ૧૭ જ વર્ષના ઇતિહાસમાં એણે ગુજરાતના અંગાંગમાં નવું જોમ, નવી પ્રેરણા અર્પી છે, અને અનેકદિશ વિકાસમાર્ગો નવા જ ખોલ્યા છે, એમ આજ તો સૌ કોઈ કબૂલશે તમે જરાક મોટા થઈ ગુજરાતના જીવનમાં પડશો તો આ તો તમને તરત જ દેખાય એવી સ્પષ્ટ વાત છે. માના ગુણ દીકરો ગાય એમાં કાંઈ ખોટું તો નથી જ. પરંતુ હું તમને આટલું સૂચન જ કરી જઈશ કે, તમે આ સંસ્થાની જીવત શક્તિ શાથી ને શામાં રહેલી છે તે પારખો ને કાંઈક સમજો, તો તમે આ સંસ્થાના વિદ્યાર્થીઓ છો એવું તમને દિલમાં ગૌરવ વસશે. અને એ ભાવના તમને સમૃદ્ધ કરશે, ઉન્નતગામી બનાવશે સેવા અને પુરુષાર્થના અનેક બારાં દેખાડશે. એ ભાવના તમે મોડા-વહેલા ય સેવો ને તમારી વિદ્યામાતાને એ રીતે તમારામાં જિવાડો એ તો તમારે શિર રહેલું જ છે. પરંતુ આજ એ બધું ય તમે ઝીણવટથી ન ય સમજો તેની ફિકર નથી. એક બે વસ્તુઓ તમને સમજાય એવી કહું.

૧૯૨૧ માં અસહકાર કર્યા બાદ કેટલેક વર્ષે એક મિત્રે મને પૂછ્યું, "તું તારી જૂની શાળા કે કૉલેજ આજની આંખે જુએ ત્યારે તને કેવો ભાવ નીપજે છે?" સવાલ સૂચક હતો મેં સાનંદાશ્ચર્ય કહ્યું, "મને તો એમની પ્રત્યે કૃતજ્ઞતા ને મમતાનો ભાવ ઊપજે

છે–, અસહકારી હોવા છતા એનાં સુખદુઃખની વાતો આજેય મમતાથી માણું છુ " અને મને થયુ, "આ ભાવ શાથી હશે ? એ ઠીક છે ?' મને લાગે છે કે એ ઠીક છે એમ જ નહિ, સ્વાભાવિક છે જેમ એક બેકના સસર્ગથી મમતા જન્મે છે, તેમ જ અહીં પણ બનતુ જોઈએ એકમેકથી ઈર્ષા, તિરસ્કાર પણ જન્મે તો તો આપણે તે વસ્તુને છોડીએ જ ને ? આ તમને સહેજે સમજાય એવી વાત થઈ ને તમે અહીં ભણો છો ને તેને તિરસ્કારો તો છોડજો નહિ તો તમને એને વિષે મમતાભાવ ઉપજશે એઈએ એ ન ઉપજે તો જાણજો કે તમારૂ અહીં રહેવુ ક્યાંક ઊણુ કે દોષિત છે

અને આ કહેતી વેળા મને એ યાદ આવે છે કે કૉલેજમા અમને ભારે મોટા અધ્યાપકો ભાગ્યે જ મળેલા હેમતભાઈ હસે છે કારણ એ ને હુ ચારેક વર્ષ લગભગ સહાધ્યાયી હતા– એમનુ જ અનુભૂત કદાચ હુ કહેતો હોઉં, કદાચ ઉલટુ ભારે અધ્યાપકો નહિ છતા કૉલેજનુ મમત મને છે એ તપાસુ છુ ત્યારે તેનુ મને એક પ્રકારનુ વિચિત્ર કારણ મળે છે, શાથી ત્યારે શાની ઉપર મમતા ટકની હશે ? ' મને લાગે છે કે કૉલેજના મારા પુરોગામીની એક પ્રેમમૂર્તિ–મમતામૂર્તિ જ જાણે ભૂતની જેમ ત્યા ન ભમતી હોય ! અને એ જ ભૂત જાણે અમને હવામાથી ન વળગતુ હોય ! એ કૉલેજમા સ્વ૦ દેશભક્ત દાદાભાઈ, ગોખલે અને કેટલાય અન્ય અનેકવિધ સેવકો ને પ્રેરણાદાતાઓ પાકયા છે એ બધાની સૂક્ષ્મ ભાવના મૂર્તિ જાણે અમને ઊડીને વળગતી હુ તમને કહુ છુ "આ વિદ્યાપીઠમા પણ એને જ મળતુ એક ઉદાત્ત અને અદ્‌ભુત જીવનમય દિવ્ય છે એને તમે ઓળખજો "

૨

બીજી વસ્તુ પર આવુ ઉપરની ભૂતકાળની સ્મૃતિ પર જ અવલબવાનુ યે નથી આજ પણ આપણુ કાર્ય આપણને ઉત્સાહપ્રદ છે અસહકારના પાયા ઉપર આપણી સસ્થા ચણાઈ એના વાયરા આજ દેશમાં વાયા છે પ તુ એનુ તત્ત્વ–એનો સ્થાયી ભાવ ઓછો જ થયો છે ?

પણ એ અસહકારની વાત છોડી આજ આખ દેશને–સરકારને મુઝવતો–મૂઝવતો એક પ્રશ્ન લઉં હમણા સરકારી શિક્ષકસમેલન સત્ર (Refresher Course) ભરાયેલુ, તેની પૂર્ણાહુતિ કરતા મુબઈના ઉપવિદ્યાધિકારીએ એક વાત કરી કે "આપણા મુબઈમા ગયા ૩૫ વર્ષમા વિદ્યાર્થીઓ ૩ ગણા ને ખરચ ૯ ગણુ વધ્યા છે પણ આથી સતોષપ્રદતા ન ગણાય "

આ જ વસ્તુ પર એક અગ્રેજ કેળવણીકારે હમણા લડનમા સમીક્ષા કરતા શુ કહ્યુ એનો ટૂક હેવાલ છાપામાં આવ્યો છે તેમનુ નામ સર જ્યૉર્જ એડરસન મને લાગે છે કે મારી જ કૉલેજમા તે ઇતિહાસના અધ્યાપક પહેલા હતા ત્યાથી ચડતા ચડતા છેવ્ટે એ હિંદી સરકારના કેળવણીના દફતર પર હતા એટલે અહીંની શિક્ષણપ્રથાના એ પૂરા જાણકાર ગણાય તેમણે પ્રથમ તો કૌતુક કર્યુ કે 'વિદ્યાર્થીઓને ઘર છોડી શહેર કસ્બે (માધ્યમિક ?) શિક્ષણ લેવા જવુ પડે એ વૈચિત્ર્ય હિંદમા છે એ સાવ ગાંડપણ જ છે" એ તો ઠીક પણ એથી આગળ એમણે કહ્યુ તે પ્રસ્તુત મહત્ત્વનુ છે — 'કેવડી મોટી તેમની સખ્યા છે ! ને દરવર્ષ ૫ કરોડ રૂપિયા તેમની પાછળ ખરચાય છે " અને હેવાલમા ઉમેર્યુ કહ્યું છે, "હિંદનો વિદ્યાર્થી અજ અક્ષરજ્ઞાન પાછળ નાહક સમયનો નુકસાનકારક અપવ્યય કરી રહ્યો છે, ન તે કેવડી મોટી સખ્યામા !'

આ કહેતા મને મારી કૉલેજના ફ્રેન્ચ અધ્યાપક યાદ આવ્યા એક દહાડો એ કહે, 'તમારે ત્યા આ હુ વિચિત્ર જોઉં છુ કે Arts કૉલેજોમા આવતા બધા લોક ! અમારે ત્યા તો અમીર કે ગરીબ પણ પડિતશક્તિ ધરાવતો વિદ્યાપ્રેમી જ આ કૉલેજોમા હોય " જાપાન અમેરિકા ઈંગ્લડ આદિ સ્વતત્ર દેશોમા એમનુ નવયુવકધન ખૂબ કાળજી ને કરકસરથી સચવાય છે ને સમવાય રાષ્ટ્રમાતે જમા થય છે અપણે ત્યા એમ તો સમાજ–સરકારે કરવુ જ જોઈશે પરતુ આજ જે ચાલે છે, એથી તો સરકારેય ખળભળી ઊઠી છે સરકારી કેળવણીકારો ને કમિટીઓ એ ચિંતામાં આજ

પડી છે કે, મેટ્રિક, બી. એ. ને આગળની આ જે ઘરેડ જામી છે ને બેકારી વધી છે તેનું શું કરવું?

મને લાગે છે કે, આ પ્રશ્ન આપણી સામેય છે. આજ ગુજરાતમાં કેળવણીનો પ્રયત્ન કરનારા કૉલેજો સ્થાપવા લાગ્યા છે. એ દિશામાં આ પ્રશ્નનો ઉકેલ છે કે કેમ એ શંકા છે. આપણું મહાવિદ્યાલય કાળબળે જ બંધ થયું છે એ, આ રીતે જોતાં, આજના વિષમ કાળે, ઇષ્ટાપત્તિ જ છે. એટલે તમે વિદ્યાપીઠમાં પેલી ઘરેડના રૂપાંતરની આશા તો નહિ જ રાખો. વિદ્યાપીઠે જો કાંઈ શોધવા જેવું હોય તો આજ તો આ છે કે—રાષ્ટ્રના આમ યુવકની કેળવણી એટલે શું? એને કેટલાં વર્ષ તમે ભણાવશો? શું ભણાવશો? શી તાલીમ આપશો? તેની પાછળ શો ખર્ચ કરશો? સૌને પહોંચી વળશો કે નહિ? આજની ચાલુ કેળવણી અમુક ઉપલા વર્ગથી નીચે ઉતરી જ નથી ને ત્યાંય તેમને અપંગ જ બનાવે છે. તેથી આમ કેળવણી કઈ હોય, કેવી હોય એનો અનુભવ તો નવો જ. એનો પ્રયોગ ક્યાંક કોઈ કરવો જોઈશે. એ પ્રયોગ પણ સ્વરાજ પ્રેમી કેળવણીકારોને જ માથે છે એમ આજ તો દેખાય છે.

૩

આ વ્યાપક પ્રશ્નને તમારા ખ્યાલથી વિચારું તો મારે કહેવાની છેલ્લી વાત આવે છે અને એ કે તમે શું કરશો? એટલે કે, એ જ સવાલ કે જે વરસેક ઉપર શ્રી કિશોરલાલભાઈએ તમને પૂછ્યો હતો: જીવનમાં તમારે શું કરવું છે, શું કરવા ધારો છો, એ તમે વિચારજો. પેલા બી.એ.એમ.એ.ની જેમ આપણા આધળાને દોરે છે એમ ન ચાલતા.

આ જ પ્રશ્ન હમણાં તમારી જ્ઞાતિના એક યુવકે મારી પાસે ચર્ચ્યો, તો મેં તમને મારી દૃષ્ટિએ પ્રશ્નના મેં ત્રણ અંગ બતાવ્યાં (૧) તમે ધંધો શો કરશો? એટલે કે રોટીનો ઉપાય શો કરશો? આની સામે એમ કહેવાય છે ' Men does not live by bread alone" રોટીનો વિચાર મને કે તો ... કે, ના Man lives on bread રોટીથી તેનું શરીર નભે છે ને તેણે તે પ્રામાણિક પરસેવો પાડીને કમાવી જોઈએ. એટલે આ બાબત તમને વિચારો આવે તેને યોજનાપૂર્વક સેવજો, શુદ્ધ કરજો ને ઘડજો.

આ કહેવાની સાથોસાથ મેં પેલા યુવકને એ કહ્યું 'હવે હું કહું છું કે ધંધા માનથી તારો જીવ ઠરવાનો નથી. આજ તું હસતાં હસતાં વારંવાર વટ પાડવાની વાતો કરે છે, પણ તે મનુષ્યની એક ઊંડી વાસના છે. તે ગમે તેવો જડ હશે તોપણ તેના ગજા પ્રમાણે તે આ વટ પાડવાની વાત સેવે છે." એક જ દાખલો લઉં. આજ નાતજાતમાં દેવાં કરીને પણ નાતવરા કરનાર શું દેવાના દુઃખ નહિ જાણતો હોય એમ? એ બરોબર જાણે છે. પરંતુ નામના, કીર્તિની કિંમત એ વધારે આંકે છે અને નામનાનો એનો ખ્યાલ પ્રવાહપતિત જ છે. તેથી લાચારી ભોગવીને પણ તે જ લે છે.

એટલે જરૂર માનો કે ધંધો એટલો પછી આ વટ-વાળી વાત તમારી આગળ આવશે જ ને જો તમે આ વટની ભાવના શુદ્ધ ને સ્વતંત્ર નહિ કરી હોય તો તમે લાચાર બની પ્રવાહે પડવાના.

આજના યુવાનને સમાજમાં ઘણું ઘણું નકામું ને નહિ ગમતું લાગે છે પણ એણે જો એને બદલે સ્વતંત્ર દૃષ્ટિ ને તે અમલમાં આણવાની શક્તિ નહિ કેળવી હોય તો તે પછડાશે જ.

અને એ પછી હું પેલા પ્રશ્નના ત્રીજા અંગને સૌથી મહત્ત્વના અંગ ઉપર આવું છું. અને તે છે ચારિત્ર્ય. ઉપરના બેય અંગ જો મજબૂત હોય તો તે ચારિત્ર્ય ધન મજબૂત જ કરી મૂકશે. અને ચારિત્ર્યની વ્યાખ્યા તમને સહેલીસટ આપું. અમેરિકન કહેવત છે કે, 'વાટ બેઠે છેડે ન બળી શકે'—કેમ કે, તેની બાજુ બગાડે તોય જ્યારે એક કોર સંકોરો ત્યારે બીજી કોર તેલમાં પડી ઓલવાય જ. અને કોઈ છિદ્ર કોડીમાં પાણી ભરાય આવે એ જ મુશ્કેલ છે; આ એ માપવા જેવી ગામ ગામ રીતે એનું જ એક ને સુંદર નામ મળ્યું એ તમારે કેળવવો જ પડશે—અને એ દિન ના કરશો.

અને એમાં મોટી વાતોનો સમાવેશ થાય છે તે તો ખરું જ પણ તમારી આગળ એ નથી ચીંધતો? બેંકની નોટ ઉછીની લઈ વખતસર પાછી ન આપો, આપો તો ચૂંથીને કે ફાટીતૂટી દશામાં— આ પણ ચારિત્ર્ય જ છે. તમારી જ નોટને કોઈ આમ કરીને આપી જાય તો તમે એ માણસની કેવી કદર કરો? એ પરથી તમે સમજી જશો કે ચારિત્ર્યમાં કેવી કેવી ચીજો આવી જાય. નાનામાં નાનેથી બધા જ આચરણને વિશે આ સૂક્ષ્મ વિવેક કેળવો તો જ તમને જે જીવન ભાથું ભરવું છે તે ભરી શકો. શું રાજનો ગાઈ મેઘનો ગૌરવ કરી રહે છે? ઉત્તર તો આપણું આત્મબળ, મનશક્તિ ને ચારિત્ર્યની ફોરમ પરથી ઊપજતી હિંમત પર જ નથી અવલંબતો? અને ચારિત્ર્યહીન માણસનો વટ નમ્ર હોય તોય કેટલો ટકે છે? પહેલા નવનું આ ટૂંકમાં ત્રિવિધ પૃથક્કરણ થયું.

મોટે ભાગે એનો ક્રમ ઊલટો અપાય છે— પ્રથમ ચારિત્ર્ય પછી વિદ્યા કે ઉદ્યોગધંધો ને રોટી તો ઈશ્વર આપે એમ કહેવાય છે. વસ્તુતાએ એ કથનમાં ભેદ નથી. મેં તો માત્ર સહજક્રમે જેમ વિચાર વળે છે તે પદ્ધતિએ તમારા આગળ રજૂ કર્યું છે. જીવનમાં શું કરવાનું છે એનો આ ત્રિવિધ ઉત્તર સારરૂપે એક છે. ત્રણે અંગ એક અવિચ્છેદ્ય છે. ત્રણે ન સંભાળો એમ બની જ ન શકે, કેમ કે કોઈકનો કાંઈક એનો ઉત્તર તો તમે સંઘરવાના જ. એ ઉત્તર તમે વિચારમય કરો, વિવેકશુદ્ધ કરો, સાર્થ કરો તો જ તે વિદ્યાનું લક્ષણ કહેવાય. આપણો ધ્યાનમંત્ર તો હમેશ યાદ રાખીએ—

। सा विद्या या विमुक्तये ।

આ મુક્તિ ઉપરોક્ત ત્રિવિધ વિચાર વગર નથી જ

૧ વિદ્યાપીઠ વિનયમંદિરનું સત્ર ખૂલતાં આપેલા માંગલિક વ્યાખ્યાનનો સાર.

ભેટતાં

રે રે ચાલી ગઈ વસંત પણ ના તારું થયું દર્શન
ને હાવાં ઉત્તાપ ગ્રીષ્મ-પ્રભવે મ્હીં તપતો અંતર
લેશે સહ્ય ન, આવ, આવ વ્યથિતા તપ્તા વદે જ્યાં ધરા
આકાશે ગણુભેરીનાદ ઘૂઘવી વર્ષાગનો સ્વાગ ત્યાં
મેહુલો ઝૂમતો સહસ્ત્ર કરથી, હર્ષે ભૂમિ ભેટતા

'અજ્ઞાત'

હબીબ

[એક રેખાચિત્ર]

શ્રી. સાંદીપનિ

સંજોગોને આધીન થઈને કેટલાય ઑફીસરોને રાજીનામાં મૂકવા પડે છે; અનેક પ્રકારની અનાવડતને લઈને કેટલાય મુકાદમોને ખડકૂસ મળે છે, અને ખોટું કામ આપવાને પરિણામે કેટલાય કારીગરોને કૂતરાની ભમાલ ઝાંપા બહાર હાંકી મૂકવામાં આવે છે, પણ હબીબ તો એનો એજ, વર્ષો થયા એજ ખાતું, એજ ખાતાના એજ સાંચા, અને તેને ચલાવનારો એજ હબીબ.

કાળા ગોળ દડા જેવું તેનું ભરપુષ્ટ બદન હમેશા રેશમી લુંગી, અમર ડબલ-ઘોડા બૉસ્કીનું શર્ટ અને જરા જ્યેકટના કોટમાં મઢેલું રહે છે. ટૂંકા જાડા પગ ઉપર અરીસા જેવા ગણીકાપના બુટ ચમકી રહે છે મોટી મોટી કાળી ભમર મૂછો અને કાનની બૂટ સુધી નીચા રખાવેલા થોભિયા તેના ભરાવદાર અને ચપ્પુના અનેક ઘા વાળા ગાલના પર રમતી હસીથી અને કપાળની ભાવરેખાઓમાં ગાઢા રંગો પૂરે છે લાલાશ પડતી વિશાળ આંખોમાંથી ડોકને ડામી રહેલું ઝનૂન અને રંગીલી હરામખોરી નીતરે છે અને કુદરતી રીતે જ હોઠેલા લાગતા વાંકડીયા ખુશનોદાર જુલ્ફાં ને તે પર એક બાજુ ઢળતી મૂકેલી કાળા સુંવાળા વાળવાળી ઊંચી નિવાલની ટોપી તો તેની સમગ્ર મૂર્તિ પર ભવ્ય લાપરવાહીની પીંછી ફેરવી દે છે

આજ સ્વરૂપે તે હમેશ વ્યક્તિચક્ર સાયકલ પર સવાર થાય છે. અને કોટની ઉપરની ખીસીમાં ગુલાબના ફૂલ સાથે સંયોજિત કરેલો રેશમી રૂમાલ મધુરો પમરાટ છોડતો ફરફરી રહે છે પાનના રસથી રંગાઈ ગયેલા કાળા હોઠને એક ખૂણે 'પાસીંગ શો' ગોઠવી રહે છે. એક હાથે ગવર્નર પકડે છે, અને બીજા હાથના કાંડા પર રીસાના ગજરાવાળો ને ચામડાના પટાવાળો દડો ભરાવે છે પછી એ ડાબા જ હાથે વિચિત્ર અવાજ આપતું હૉર્ન એકધારું વગાડીને તમામ રાહદારીઓનું ધ્યાન ખેંચતો ભગતી જેમ ચાલ્યો જાય છે. વળી વચ્ચેવચ્ચે ક્યારેક ગવર્નરને અનાધાર છોડી દે છે અને મોં દેખાય તે રીતે ગોઠવેલા ગવર્નરના આયનામાં જોતા જોતા મૂછોને વળ દેતો દેતો ને આજુબાજુ મરકતો મરકતો મીલના ઝાંપે ઉતરી પડે છે.

મીલમાં એ જેટલો જુનો છે તેટલો જ અનાડી અને બેદરકાર છે. ખાતાના સાધારણમાં સાધારણ કારીગર કરતાંય તેનું કામ પ્રમાણમાં ઓછું અને વધારે નુકશાનવાળું હોય છે. તેમ છતાંય તે ચોકડી–ચાનશાળ– ચલાવે છે. ખરી વાત તો એ છે કે તેને કામ કરવું

પણ આવી કરામતો અજમાવતાં પ્હેલાં તે સામાની શક્તિ અને સંયોગો અચૂક માપી લે છે; ગોરા અમલદારો ખાતામાં ફરવા આવે છે ત્યારે પણ પાટલુનના ખીસામાં નાનું જીવલેણ હથીઆર રાખે છે જ એ વાત તેની ધ્યાન બહાર નથી હોતી. એટલે ગોરાની ખફગીમાંથી બચી જઈને મીલમાં ટકી રહેવા ખાતર તે અવળો જ ઇલમ અજમાવે છે. જાણીતા મુકરદમો મારફતે ગોરાના પરિચયમાં આવ્યા પછી તો હબીબના પાસા પોબાર જ હોય છે. પોતે અચ્છો શિકારી હોવાથી સાહેબને સાથે લઈ જાય છે; ને ત્યાં પોતાનું ખરૂં પાણી બતાવી સાહેબને ખુશ કરી નાખે છે. વળી માંસાહારીને અગત્યની ઉમદા ચીજો વિના મૂલ્યે લાવી દે છે. અને સાથે સાથે મીલ કેવા નિર્જન સ્થળે આવેલી છે, રોજ કેવાં તોફાનો ફાટી નીકળે છે, આજ સુધીમાં કેટલા ઑફીસરો તોફાની કારીગરોના હાથથી પીટાઈને ચાલ્યા ગયા છે, ને પોતે કેટલાને કેટલી વફાદારીથી બચાવ્યા છે તેનું ભભકભર્યું વર્ણન છટાદાર હિન્દી જબાનમાં કરે છે. દિવસો જતાં પરિસ્થિતિના અભ્યાસે ગોરા ઑફીસરને સમજાય છે કે હબીબને પોતાનો કરી લેવામાં અંગત રીતે તો કશું જ ગુમાવવાનું નથી.

પણ હબીબની દાદાગીરીનો દોર કેવળ મીલમાં જ પર્યાપ્ત થતો નથી. તેના લતામાં પણ તેની હાક વાગે છે. લત્તાની કોઈપણ હોટેલમાં તે ગમે તેટલા બિરાદરો સાથે વિના મૂલ્યે ચા પી શકે છે. અને ઘોડાગાડીઓ તો જાણે ઘરની જ છે. ભાડે ફરતી મોટરોને માલીકની અદાથી ઉભી રખાવે છે, અમલદારની અદાથી મૂછ આમળતો ને રેશમી રૂમાલથી મ્હોં લૂછતો ડ્રાઈવરને પડખે ગોઠવાય છે અને આસાનીથી સીગારેટ ચેતાવે છે.

નાટક સીનેમાનો તો તેને પૈસોય શાનો ખરચવો પડે? એક બે થીએટરની દાદાગીરીનો ઇજારો તો તેણે રાખેલો જ છે. અને બીજા દાદાઓની દોસ્તીને લઈને લગભગ તમામ સીનેમાનાં બારણાં તેને માટે ખુલ્લાં છે. પણ અચૂક ફીલ્મ જ જોવાના ઇરાદાથી તે ભાગ્યે જ ક્યાંય જાય છે. ડગ્લાસ ફેરબેંક્સ, રીચર્ડ ટાલ્મેજ, માસ્તર વિઠ્ઠલ, સ્ટન્ટકીંગ નવીનચન્દ્ર, ગણપત બકરે અને ફિયરલેસ નાદિયા સિવાય બીજાઓના કામમાં તેને રસ નથી. હબીબ સમજે છે કે દાદાગીરીના ક્ષેત્રમાં પણ ધીરેધીરે બળ કરતાં કળનો જમાનો આવતો જાય છે અને એટલે જ બાબુરાવ પેંઢારકરનું એકપણ ચિત્ર તે છોડતો નથી. બાકી અભિનયકલા યા સંગીતની તેને જરાય પડી નથી. મીલમાં પણ એવું જ, ચાર સાંચાના મામુલી પગાર ઉપર તેનું સ્વચ્છંદી અને રંગીલું જીવન નભે જ નહિ. એટલે આ માતેલો સાંઢ મીલની અને સીનેમાની નોકરી કરે છે ફક્ત દાદાગીરીની મહત્વાકાંક્ષાને પોષવા ને તે માર્ગે ચરી ખાવા.

અમદાવાદથી પીરાણા, બારેજા, સરખેજ, નરોડાને વાડજ જતાં સડકો પર રજાઓના દિવસોમાં તે ઘણીવાર તેના જુગારી મિત્રો સાથે જાય છે. અને કોઈ વિશાળ આમલીઓની ઘટામાં થાણું જમાવીને સાવચેતીથી બેસે છે. હબીબ આજુબાજુ ફરતો રહે છે, કોઈકોઈ રાહદારી-ઓ પેલા થાણા પાસે કૌતુકવૃત્તિથા પ્રેરાઈને જોવા થંભે છે કે તુરત ફૂટી નીકળે છે. એક મુગ્ધ પ્રેક્ષકની દૃષ્ટિથી પેલાઓ સાથે પૂછપરછ કરે છે, ધનલોભી ગૃહસ્થની અદાથી રમે છે, જીતે છે ને પાંચ પચીસ રોકડા ખખડાવતો સીધો જ સીધો ચાલ્યો જાય છે. પછી તો પેલા ભોળા પતંગ માવાની પ્રકાશમાં સાફ થઈ જાય છે ને તે સાંજે વિના મૂડી યા વિના જવાબદારીએ હબીબને અર્ધી ભાગીદારી મળે છે.

શહેરમાં ચાલતા ખાનગી જુગારના અખાડાઓ પણ હબીબની હાજરી વિહોણાં નથી—પણ હવે તો તે તેવાં સ્થાનોમાં ખેલાડી તરીકે નહિ કિન્તુ ચોકીદાર તરીકે જ જાય છે. તેની છત્રછાયા નીચે ખેલાડીઓ નિરાંતથી બેસે છે, ને દરેક દાવે હબીબના નામની મુકરર કરેલી રકમ વેગળી મૂકે છે અને પકડવા આવનાર સપાઈ-મુકરરો તો હબીબનાં રમકડાં છે, પણ એ રમકડાંનેય રીઝવવા ખાતર તો તેને અમુક હિસ્સો કાઢવો જ પડે છે. અને આવો રાગ કંઈ હંમેશ નથી ચાલતો, કેટલીક વખત ઝાઝી પણ

જાય છે પણ તેને શું ? તે તો હરેક પળે જેલમાં જવા તૈયાર હોય છે જ તેને મન જેલ એટલે દાદાગીરીના નવાં સ્વરૂપોની રૂપરેખા દોરવાનું ભવ્ય એકાન્તભુવન હસતો હસતો જાય છે ને હસતો હસતો છૂટે છે. પણ છૂટયા પછી સામી પાર્ટીને ભાગ્યે જ છોડે છે ફરી પાછો ધકેલાય છે ને છૂટે છે અને એમ પરંપરા ચાલુ જ રહે છે

હબીબ આજે તો જુગારીઓનો રખવાળ છે, પણ થોડાક વરસ પહેલા ત્રણ પાનાના ખેલાડી તરીકે તે ખરેખર મશહૂર હતો તેની સામે બેસનારા જીતવાની આશા છોડી દેતા તેની જીગર અને સામાની આંખો પરથી તેનું બળ માપનારી માનસશાસ્ત્રીય નિગાહ તેને ખાલી દાવ પર રૂપીઆના ખોબા ભરાવી આપતા પણ એક દિવસ અજમેરથી કેટલાક પ્રખ્યાત રમનારા આવેલા, પીધેલી હાલતમાં તો તે રમવા કદી નહોતો બેસતો, પણ પોતે એક સમર્થ ખેલાડી છે અને કેટલી બેદરકારીથી પણ દરેકને જીતી શકે છે એવી છાપ તેને પરદેશીઓ પર પાડવી હતી એટલે તે ચકચૂર થઈને રમવા બેઠો જીતથી વિશેષ ગુમાવતો ગયો જેમજેમ ગુમાવતો ગયો તેમતેમ તેનો કિન્નો અને ક્રોધ વધતા જ ગયા અને આખરે તેની પાસે જે કંઈ હતુ તે બધુ જ ગુમાવી બેઠો પોતાના હમેશના ખેલાડીઓ હોત તો હબીબે તેમની પાસેથી ઉગીના પડાવ્યા હોત, ધરાઈને રમ્યો હોત ને પ્રાય જીતીને જ ઊઠયો હોત પણ પરદેશીઓ પાસેથી તો મનાય જ કેમ ? અને તે હબીબ ખાલી હાથે તે ઘેર આવ્યો

રમઝાનનો ચાંદ આસમાનમાંથી ધરતી પર અમૃત ઢોળી રહ્યો હતો પિત્તળની સાંકળોવાળા હીંચકા પર બેસીને ઊંચી ને ઉજળી, પાતળી ને પ્રેમભરી રહીમા તેના જીવનસૂર જેવું કરુણ ગાણુ ગાઈ રહી હતી હીંચકાની સૂરાવટ સાથે રહીમાનો મધુર સુન્દર સંવાદ સાધી રહ્યો હતો ને હબીબ આવ્યો તે ગમે તેવો હોવા છતાંય રહીમાના મિલન પુરતી પળોમાં ઇન્સાન બની જતો—બનતુ પાતુ પણ આજ એક પળ માટે પણ ઇન્સાન બનવુ તેને પાલવે તેમ નહોતુ પરદેશીઓએ તેને સખત શિકસ્ત આપી હતી કિન્નાની કોટિકોટિ જ્વાળાઓ તેના અણુ અણુમાં ઊઠી રહી હતી રહીમા શિખામણ આપીને થાકી ગયેલી હોવા છતાંય કદાચ તેને પૈસા આપત, પણ રમઝાનના દિવસોમાં તેના જેવી પાક ઓરત પાસેથી પાઈ પણ નહિ મળે એવી તેની ખાત્રી હતી અને આજ પેલા પરદેશી ખેલાડીઓ તેને જીતીને જાય તો આવતી કાલથી સ્થાનિક જુગારીઓમાં તેની કિંમત શું ? છંછેડાયેલા સર્પ જેવા હબીબે પાછળથી આવીને રહીમાને જમૈયો ભોંકી દીધો, ને ઘરમાંથી જે કંઈ મળ્યુ તે લઈને ચાલતો થયો આગ થતા જતા નિશામાં તેણે સાવધાનીથી રમવા માંડ્યુ સારી પેઠે જીત્યો, પરદેશીઓને પહેરેલે કપડે વિદાય કર્યા ને પરોઢ તો પોતાની મેળે પોલીસ પાસે પહોંચી ગયો

અને તે સજા ભોગવીને આવ્યા પછી તે રમતો નથી પણ રમાડીને જ સંતોષ માને છે પણ એક સમર્થ ખેલાડી તરીકેની તેની પ્રતિષ્ઠા અને ધાક તો જેવા ને તેવા જ છે. અને કેમ ન હોય ? રહીમા જેવી રહીમાની કિંમત આપીને ખરીદ્યા છે વ્યભિચારની તો તેને ઓછેપ નવાઈ નથી પણ શરાબ અને બલાત્કારમાં હવે તેને રસ નથી

તટસ્થ દૃષ્ટિએ જોઈએ તો આવા માનવીઓની પણ એક સ્વતંત્ર સૃષ્ટિ છે, અને તેમાં પોતાનું સ્થાન જાળવી રાખવા હબીબને અવિરામ અમાનુષી પુરુષાર્થ કરવો પડે છે ભલી લોય ફૂન તો નથી જ પાથર્યો 'ચોરની મા કોઠીમા મો ઘાલીને રૂવે' એ ન્યાયે હબીબની ઉપાધિ ફક્ત હબીબ જ જાણે છે અને જીરવે છે જીવનની હરેક પળ જીવનમરણને હાથમાં મૂકીને તેને જીવવી પડે છે, છતાય તેના ક્રૂર ને કઠોર ચહેરા ને પૌરૂષભર્યા ચહેરા પર થાક, ચિંતા, કંટાળો કે વિષાદની એક પણ રેખા વર્તી શકાતી નથી સિવાય કે જુમેરાત

દૂધેશ્વરની આગગાડીના ભયંકર એકાન્તમાં આવેલી રહીમાની કબર પર તે દર જુમેરાતને ફૂલ ચડાવા જાય છે તત્ત્વજ્ઞાન યા વિજ્ઞાનની વાસ્તવિકતા ગમે તે કહે, પણ હીંચકાની પેલી સુરવટ અને રહીમના દેહની અંદર સમી તીણી મીઠી હાય એ કબરમાંથી હબીબને તો હજીયે સંભળાયા કરે છે ને તેના જેવાને દુર્લભ એવા બે સાચા આંસુની મોજ તેને કોઈ અગમ્ય તત્ત્વ તરફથી મળે છે

દોષોને લીધે તથા જર્મની-ઇટાલિના વલણને લીધે એક પક્ષને મદદ મળ્યા જ કરે છે. અને બીજો પક્ષ જે કાયદેસર મદદ મેળવવાનો હકદાર છે તેને મદદ મળતી જ નથી. પરિણામે બિનદરમ્યાનગીરી એ નાટક બની જાય છે

સ્વયંસેવકોનો પ્રશ્નઃ

સ્વયંસેવકોનો પ્રશ્ન હજી બાકી રહે છે બિન દરમ્યાનગીરી સમિતિ પાસે જે કામો કરાવવાના હતા તેમાં આ કામ પણ મહત્ત્વનું છે અને ઇંગ્લાંડ હજી સુધી આશા સેવી રહ્યું છે કે ચોકી કરવાના કાર્યમાં ભલે ભંગાણ પડ્યું પણ સ્વયંસેવકો પાછા બોલાવી લેવામાં જો બધા કબૂલ થાય, તો મામલો સુધરી જશે અને મહાયુદ્ધની બીક નહિ રહે

આજે ઓછામાં ઓછી ગણતરી કરવામાં આવે તો પણ સ્પેનમાં આશરે ૭૫૦૦૦ બહારના માણસો લડે છે આ બધા સ્વયંસેવકો કહેવાય છે અને લગભગ બધા જ દેશોમાંથી આવા સ્વયંસેવકો આવ્યા છે પણ જર્મની અને ઇટાલિના સ્વયંસેવકોની સંખ્યા સૌ કરતા વધારે છે. વધારે નવા સ્વયંસેવકો ન દેવાનું આ રાજ્યોએ વચન આપ્યું છે છતાં પણ જુદા જુદા બંદરોએ આવા સ્વયંસેવકો આવ્યાના બનાવો બન્યા જ કરે છે. વાસ્તવિક રીતે આ સ્વયંસેવકો છે જ નહિ પણ સૈન્ય જ છે જેમકે ઇટાલીથી માત્ર સૈનિક તરીકે નહિ પણ સ્વયંસેવક તરીકે તેમને મોકલવામાં આવ્યા છે વાસ્તવિક તો એ સૈન્ય જ છે અને એમાંના ઘણાને આબિસિનિયા જવાના બહાને સ્ટીમરમાં બેસાડીને સ્પેનમાં ઉતારવામાં આવ્યા છે મલાગાની જીત પણ ઇટાલિના નૌકાસૈન્યનો જ વિજય હતો સરકારપક્ષમાં આંતરરાષ્ટ્રીય. સ્વયંસેવક સૈન્ય છે ખરું પણ આની સંખ્યા નાની છે

ઇંગ્લાંડ આ લડતા સ્વયંસેવકોને પાછા ખેંચી લેવરાવવાના પ્રયત્ન કરવા માગે છે આ તેની આશા આકાશકુસુમવત્ છે મુસોલિની તથા તેની તરફથી બોલનારા તેના પ્રતિનિધિઓએ આ બાબત ઉપર જુદી જુદી રીતે ઘણીવાર પોતાના મત પ્રદર્શિત કર્યા છે કે "જ્યાં સુધી ફ્રાંકોનો પક્ષ જીતશે નહિ ત્યાં સુધી એક પણ સ્વયંસેવક સ્પેનની ભૂમિમાંથી પાછો બોલાવી શકાય એમ નથી સરકારે આ સ્વયંસેવકોને મોકલ્યા પણ નથી આથી તેમને બોલાવવાની સત્તા પણ સરકારને છે નહિ" આ બધાનો અર્થ એ છે કે કોઇ રાષ્ટ્ર સ્વયંસેવક પાછું ખેંચી લેવા તૈયાર નથી વચ્ચે એક બે વાર એવા સંયોગો આવી ગયા હતા ખરા પણ આજે હવે એ સંયોગો બદલાઇ ગયા છે. આજે ફ્રાંકો હારે તો ઇટાલિ અને જર્મની હાર્યા એવો દેખાવ થવાનો છે તેમ થાય તો તેમની પ્રતિષ્ઠા તૂટે તેમ છે ગ્વાડાલાજારામાં ઇટાલિયન સૈન્ય હાર્યું હતું તેથી તેની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચ્યો જ છે અને તેથી તો મુસોલિનીએ જાહેર કર્યું છે કે 'એ હારનો બદલો ઇટાલિ લીધા વગર રહેશે નહિ ક્યારે અને કેમ લેશે એ સવાલ જુદો છે'

સ્વયંસેવકોને મોકલવા પાછળની નીતિ, તેમને ત્યાંથી પાછા ન બોલાવવાની આવી સ્પષ્ટ જાહેરાત અને ફ્રાંકો પક્ષની જીતની સાથે તેમની ટકેલી પ્રતિષ્ઠા આ બધું જોતા છતા ઇંગ્લાંડ સ્વયંસેવકો પાછા ખેંચી લેવાની આશા સેવી રહ્યું છે, એ અદ્ભુત છે આપણે ઇચ્છીએ કે જરૂર ઇંગ્લાંડ પોતાની આ મુરાદમાં સફળ થાય. કારણ કે જો એમ થશે તો સ્પેનમાં માત્ર સ્પેનના જ પક્ષો લડનારા રહેશે અને તો સરકાર પક્ષનો વિજય નક્કી છે ન્યાયનો પક્ષ તો જીતશે. અને ઇંગ્લાંડે કાયદેસરની સરકારને જીવતદાન આપ્યું ગણાશે પણ ઇંગ્લાંડ જો એ આશામાં સફળ ન થાય તો ભવિષ્ય જુદું જ છે દરમ્યાનગીરી વધ્યા જ કરશે. અને *પ્રાણાન્તે પોતાનાં ઘરબારનું રક્ષણ કરનારી પ્રજા* પરાધીન બનશે. આ આક્રમણખોરો સફળ થશે પ્રજાતંત્રનો નાશ થશે અને સ્પેનની દુર્દશાનો પાર નહિ રહે.

બીજો પણ ઇંગ્લાંડ પાસે રસ્તો છે, અને તે ઇટાલિ અને જર્મનીને હરાવવાનો. તેની મહેજ કહકાઈ

અને ચોક્કસ પગલાં જર્મની તથા ઇટાલિને જરૂર શેહ આપી શકશે. હજુ તેનામાં એટલી તાકાત છે. ફ્રાંસ તેની પાછળ જ છે અને રશિયા પણ આ કામમાં મદદ કરશે. જો સ્પેનમાં થતી આ દરમ્યાનગીરી અને આક્રમણ અટકાવવામાં આવું હિંમતભર્યું પગલું ઉપાડ લે તો યુરોપના નાના રાજ્યો જેઓ પોતાનો કોઇ મોટો આશ્રયદાતા શોધી રહ્યા છે તેઓ પણ જરૂર મદદ કરશે અને ફેસીઝમની વધતી જતી સત્તાને ખાળી શકાશે. પણ ઉપાડ એવું કરશે ખરું ?

સામ્રાજ્ય પરિષદ :

સામ્રાજ્ય પરિષદની પૂર્ણાહુતિ આશરે એક મહિનો થવા આવ્યા પછી ગયા માસમાં થઇ. આ પરિષદમાં શું શું ચોક્કસ નિર્ણયો આવ્યા કે સ્પષ્ટ વાતચીતો થઈ એ સંબંધી હકીકતો ઝાઝી બહાર આવી નથી. સામાન્ય સમજુતીઓ, અને સામાન્ય મદદના વચનો જ આપણને થયાં છે, તથા ભવિષ્યમાં સામ્રાજ્યનું વલણ કેવા પ્રકારનું રહેશે એ સંબંધેનું ઝીણું સૂચન થયું છે. પણ એ બાબત ઉપર કોઇને જેવો જોઇએ તેવો સંતોષ થાય એવું પરિણામ આવ્યાનું જણાતું નથી.

આજે યુરોપ ઉપર યુદ્ધનું વાદળ ઝઝૂમી રહ્યું છે. ક્યારે યુદ્ધ ફાટી નીકળશે એ કહી શકાય એવું નથી. આ યુદ્ધમાં બ્રિટનની અને તેના સામ્રાજ્યની સ્થિતિ ચિંતા ઉપજાવે તેવી છે. ગ્રેટબ્રિટનના વલણ ઉપર પણ યુદ્ધના સમયનો થોડો ઘણો આધાર છે. આજની તેની નીતિ અનુસાર ગ્રેટબ્રિટન આ યુદ્ધ ખાળવા શક્તિ અનુસાર મહેનત પણ કરી રહ્યું છે. છતાં જો યુદ્ધમાં ઉતરવું જ પડે તો સામ્રાજ્યના બીજા અંગો કેટલી મદદ આપી શકે એમ છે એનો કયાસ કાઢવાની આવશ્યકતા હતી. સંયોગો પણ આવી પરિષદ માટે અનુકૂળ થયા. નવા બાદશાહના રાજ્યારોહણને અંગે બધા સંસ્થાનોના મુખ્ય માણસો લંડનમાં એકઠા થયા હતા. આ તકનો લાભ લઇને લંડનમાં સામ્રાજ્ય-પરિષદ યોજવામાં આવી. અને એક માસ સુધી અરસપરસ વિચારોની આપ-લે થયા પછી આ પરિષદ ખતમ થઇ છે. હવે આ પરિષદના હેતુઓ તથા તેની સફળતા ઉપર થોડો ઘણો વિચાર અસ્થાને નહિ ગણાય.

પંચમ જ્યોર્જ બાદશાહના રાજ્યારોહણ પ્રસંગે પણ આવી જ જાતની સામ્રાજ્ય-પરિષદ ભરાઇ હતી. આજે જે જાતની આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ છે તેવી જ એ વખતે પણ હતી. યુદ્ધની નોબતો પણ ગગડતી હતી. એવે વખતે યુદ્ધમાં ઉતરવું પડે તો સંસ્થાનોનો સાથ કેટલે હશે એ જાણવાની જરૂર હતી. એ પરિષદની પૂર્ણાહુતિ પછી થોડા જ વખતમાં મહાયુદ્ધ ફાટી નીકળ્યું હતું. એ જ જૂનો પ્રસંગ આજે ફરી પાછો જાગ્યો હોય એવું લાગે છે. પરિસ્થિતિનું સામાન્ય સ્વરૂપ પણ એ જ જાતનું છે. ઉગ્રતામાં તફાવત છે.

તે વખતના બ્રિટનના સંસ્થાનો સાથેના સંબંધો આજના કરતાં વધારે સારા હતા. તે વખતે સામ્રાજ્યની જેટલી એકતા હતી તેટલી એકતા આ વખતે જણાતી નથી. આયર્લાંડ સંસ્થાન નવું ઊભું થયેલું ગણાય. એણે પોતાનો પ્રતિનિધિ પણ આ પરિષદમાં મોકલ્યો નહોતો. તે સામ્રાજ્યથી સાવ જ જુદું પડવા માગે છે. તેનાથી બીજે છેડે હિંદુસ્થાન છે જેને સામ્રાજ્યના અગત્યના અંગ તરીકે ગણવામાં આવે છે. છતાં તેના અભિપ્રાયની કોઇને કશી પરવા નથી. તેને બ્રિટિશ કેબિનેટ જે ઠરાવે તેને સંપૂર્ણપણે વળગી રહેવું પડે છે. માત્ર ગુલામ છે— સ્વતંત્ર અભિપ્રાય જ નથી. બાકીના સંસ્થાનો આ બન્ને છેડાની વચ્ચે ઊભા છે. બધાના સ્વાર્થો પણ ભિન્નભિન્ન છે. આવી ભિન્નતા આજે સામ્રાજ્યના અંગોમાં જણાય છે. અગાઉની પરિષદમાં આવી ભિન્નતા નહોતી. તે વખતે સંસ્થાનો બ્રિટનનું કહેવું સ્વીકારી લેતા હતા. આજે દરેક પોતે

પોતાનો નિર્ણય કરવા સ્વતંત્ર છે. અને પાર્લામેન્ટના નિયમોને કે વિચારોને વગર વિચાર્યે સ્વીકારી લેવા બંધાએલ નથી. માટે તો આજની આંતરરાષ્ટ્રીય ડામાડોલ પરિસ્થિતિમાં આવી પરિષદની આવશ્યકતા વિશેષ હતી. પણ આવા જુદાજુદા હિત સંબંધો ધરાવનારાં સંસ્થાનોની સભામાં કોઈ ચોકકસ રસ્તો સ્વીકારાય એ સંભવિત નથી અને તેથી જ પરિષદનું સમગ્ર અવલોકન કરતાં એમ લાગે કે જેટલી હદે સફળતા થવી જોઇએ એટલી સફળતા આ પરિષદને મળી નથી. છતાં આપણે જોઇશું તેમ ગ્રેટબ્રિટનને નિરાશા પણ મળી નથી.

મહત્વના મુદ્દાઓ :

પરિષદમાં ચર્ચા માટેના ત્રણ મુદ્દાઓ મહત્વના હતા—આર્થિક યોજના, પરરાષ્ટ્રીય નીતિ અને સામ્રાજ્યનું સંરક્ષણ.

પહેલા આર્થિક મુદ્દા ઉપર પરિષદ કશા ચોકકસ નિર્ણય ઉપર આવી જણાતી નથી. આંતરરાષ્ટ્રીય વ્યાપાર આજે છે એ કરતાં વધારે વધવો જોઇએ એવી ઇચ્છા—હેતુ—પ્રદર્શિત કરવામાં આવી છે. પણ કશી ચોકસ વિગતો નકકી થઇ શકી હોય એવું જણાતું નથી. આ પહેલાં ઓટાવા પરિષદમાં આ પ્રશ્ન ચર્ચાઇ ગયો છે. સામ્રાજ્યાંતર્ગત સંરક્ષણનીતિ અખત્યાર કરવાનો નિર્ણય થઇ ગયો છે અને તે રીતે પરદેશી માલની આયાત જકાત વધારવામાં પણ આવી છે. પણ આ યોજનાથી જે લાભ થવો જોઇતો હતો તે થયો હોય એવું જણાતું નથી. સામ્રાજ્યની અંદર વ્યાપાર વધારવા જતાં કેટલાંક દેશોનો પરદેશો સાથેનો વ્યાપાર તૂટ્યો છે. અને તેટલા પ્રમાણમાં સામ્રાજ્યની અંદરનો વ્યાપાર વધેલો જણાતો નથી. સંસ્થાનો આજે એવી અવસ્થાએ પહોંચ્યાં છે કે તેઓ પોતાનો વેપાર પુષ્કળ વધારવા માગે છે. ઓટાવા કરારો તેમને બંધનકર્તા માલમ પડે છે. કેનેડા ગ્રેટબ્રિટનનું તાબે એ કરતાં અમેરિકા તેને પાસે હોવાથી તથા તેની સાથે વ્યાપારી સંબંધ વધારે હોવાથી બ્રિટનને રાજી રાખવા કરતાં અમેરિકાને રાજી રાખવાની વધારે ઇચ્છા કરે એ સ્વાભાવિક છે. ઓસ્ટ્રેલિયાનો જપાન સાથે વ્યાપાર વધતો જાય છે, એ પણ ઉપરના જેવી જ પરિસ્થિતિ ઉત્પન્ન કરે છે. આમ દરેક સંસ્થાનો સંબંધેની એક નીતિ નકકી થઇ શકે એવું ધોરણ ઘડવું મુશ્કેલ છે. આજે જેમ હિંદ–બ્રિટન વચ્ચે જુદા વ્યાપારી કરારોની વાટાઘાટો ચાલુ છે એ રીતે જુદી જુદી વાટાઘાટો ચાલે એ પદ્ધતિ કદાચ અખત્યાર કરવી પડશે. અને માટે જ સામ્રાજ્ય પરિષદમાં આ સંબંધની ચોકસ વિગતો નકકી થઇ શકી નથી.

પરરાષ્ટ્રીય નીતિનો પ્રશ્ન વધારે મહત્વનો હતો. ૧૯૧૪ વખતે તો યુરોપના મહાયુધ્ધમાં ઈંગ્લાંડે ઝંપલાવ્યું એટલે સાથોસાથ બધાં જ સંસ્થાનોએ ઝંપલાવ્યું હતું. પણ આજે એ પરિસ્થિતિ દેખાતી નથી. યુધ્ધનું રણક્ષેત્ર આ વખતે પણ યુરોપ બને એવો વધારે સંભવ છે, સંસ્થાનો બધાં યુધ્ધક્ષેત્રથી દૂર છે. ઇંગ્લાંડને યુરોપના યુધ્ધમાં ઉતરવું જ પડે, કારણ તે ખંડસ્થ સત્તા છે. પણ ઈંગ્લાંડની સાથોસાથ સંસ્થાનો આ યુધ્ધમાં સંડોવાવા માગતાં નથી. આ બધાં સંસ્થાનો રાષ્ટ્રસંઘની યોજનામાં વિશ્વાસ મૂકતા હતાં અને હજી પણ મૂકે છે. પણ ગ્રેટબ્રિટનનું વલણ રાષ્ટ્રસંઘને મજબૂત બનાવવા તરફનું નથી એવો તેમનો આરોપ છે. એબિસિનિયાના યુધ્ધ વખતે ઈંગ્લાંડે જેવાં પગલાં લેવાં જોઇતાં હતાં તે નથી લીધાં, અને સ્પેનમાં તો રાષ્ટ્રસંઘ સાવ નિષ્ક્રિય બની ગયો છે, આમ થવામાં બ્રિટનની નબળાઇ છે એવું સંસ્થાનો માને છે.

ગ્રેટબ્રિટનની આજની પરરાષ્ટ્રનીતિને પરિણામે જર્મની તથા ઇટલિ વધારે ને વધારે બળવાન થતાં જાય છે. આમ બનવામાં ઇંગ્લાંડનું માત્ર ડરપોકપણું છે એમ નથી. મી. ઇડને જે વ્યાખ્યાનો આપ્યાં તે ઉપરથી સંસ્થાનોની ભ્રમણા ભાંગી છે, અને ઈંગ્લાંડની નીતિ ફેસીસ્ટ પ્રજાઓનો પક્ષપાત કરનારી છે એવું તેમને ભાન થયું છે. આ નીતિ કોઇને ગમતી નથી. તેઓ માગે છે કે રાષ્ટ્રસંઘને આજે છે એ કરતાં વધારે બળવાન બનાવવાના પુરતા પ્રયત્નો કરવા અને ફેસીસ્ટપક્ષપાતિની નીતિનો ત્યાગ કરવો. હીટલર તરફની બીક બધાને

નથી એટલી ઇટાલિના મુસોલિનીની બીક વધારે છે. એનું જોર વધવાથી સામ્રાજ્યનો માર્ગ રૂંધાયો છે અને આફ્રિકામાં સામ્રાજ્ય સ્થાપવાનાં મુસોલિનીનાં સ્વપ્નાંએ દક્ષિણ આફ્રિકાને ચિંતાગ્રસ્ત બનાવ્યું છે એ મુજબ ઑસ્ટ્રેલિયા તથા ન્યુઝીલાંડ જાપાન, સોવિએટ, અમેરિકા તથા ગ્રેટબ્રિટન વચ્ચેની કોઈ સંધિની અપેક્ષા રાખે છે. અને પાસિફિકની શાંતિ જાળવવા માગે છે. પણ આ સંબંધમાં કશો ચોક્કસ અભિપ્રાય ઉપર આવી શકાયું નથી. આ રીતે ટૂંકમાં હાલની ઇંગ્લંડની પરરાષ્ટ્રનીતિથી બધાને સંતોષ થયો નથી અને તેથી ઇંગ્લાંડનો સ્પષ્ટ સત્કાર આપવાની કોઈએ બાહેંધરી લીધી જણાતી નથી. પરિણામે પરિષદે નો ગોળગોળ નિર્ણય આપણી પાસે આવે છે કે હવેથી રાષ્ટ્રસંઘને મજબૂત બનાવવા માટે બધાએ પ્રયત્ન કરવો શાંતિરક્ષણ માટે રાષ્ટ્રસંઘ ઉપરનો વિશ્વાસ પણ પરિષદે વ્યક્ત કર્યો છે એક વાત આ નિર્ણય ઉપરથી સ્પષ્ટ છે કે ઇંગ્લાંડના પર રાષ્ટ્રીય ધોરણ સાથે બધાં સંસ્થાનોનું ઐક્યમત્ય નથી.

ઉન્નો અને અત્યંત મહત્ત્વનો પ્રશ્ન સંરક્ષણનો હતો. પરરાષ્ટ્રનીતિને સંરક્ષણના સાથે અગત્યનો સંબંધ છે શરૂઆતમાં જોઈ ગયા તેમ આજે યુદ્ધના વાદળો યુરોપના આકાશમા ઘેરાએલા છે ઇંગ્લાંડને આ યુદ્ધમા ઊતરવું પડે એવું પણ છે પણ છેલ્લા મહાયુદ્ધ વખતે ગ્રેટબ્રિટનની જે શક્તિ હતી તે આજે રહી નથી. તે વખતે નૌકાદળમા તેની બરોબરી કરનારાં રાષ્ટ્રો નહોતાં. આજે જાપાન, અમેરિકા તો બરોબરીના છેજ, પણ જર્મની અને ઇટાલિ પણ હરિફાઈમા ઊતર્યાં છે ભૂમધ્ય સમુદ્રનો રસ્તો ઇટાલીએ રોક્યો હોવાથી ઇંગ્લાંડનું નૌકાસૈન્ય આજની જરૂરીઆતને પહોંચી વળે એવડું શક્તિશાળી નથી. વળી ભાવી યુદ્ધમાં આ રસ્તો જોખમમાં હોવાથી કેપનો રસ્તો સુદૃઢ કરવાની જરૂર છે. હિંદી મહાસાગરમાં અને પાસિફિકમાં પણ એટલું જ સામર્થ્ય એકત્રિત કરવાની જરૂર છે. આ બધું જોતાં આજે એકલું બ્રિટન યુદ્ધનો ભાર ઉપાડવા અશક્ત છે. આથી તો તેણે પાંચ વરસની જંગી લશ્કરી યોજનાની શરૂઆત કરી છે. પણ એનો આવડો મોટો ખર્ચ પોસાવો પણ મુશ્કેલ છે. આવી કટોકટીને વખતે જો સામ્રાજ્યનાં બધાં અંગો એક થાય, સ્નેહસંબંધ સ્થપાય, તથા પૈસાની તેમજ લશ્કરી મદદ આપવાનું કબૂલ કરે તો ઇંગ્લાંડના પગ મજબુત બને. આથી પરિષદમાં આ વિચાર અત્યંત મહત્ત્વનો ગણાતો હતો.

આના સંબંધમા ઇંગ્લાંડની બધીજ માગણીઓને પૂરો ટેકો મળ્યો હોય એવુ જણાતું નથી, પણ આ પ્રશ્ન થોડેઘણે અંશે પણ સંસ્થાનોનો બને છે, કારણ કે તેમના હિતો જોખમાય છે અને એટલા પ્રમાણમાં થોડી થોડી મદદ આપવાનાં વચનો મેળવેલાં પણ જણાય છે

સંરક્ષણનો ભાર.

ગ્રેટબ્રિટનની સત્તા આજ સુધી સર્વોપરિ હોવાથી તથા લશ્કરી સામર્થ્ય બધાં કરતાં પ્રબળ હોવાથી દૂર સુધી ફેલાએલા સામ્રાજ્યના રક્ષણનો ભાર એકલા ગ્રેટબ્રિટનને માથે પડતો હતો, અને તે ઉપાડી શકતું હતું. તેના બદલામા સંસ્થાનો પણ પાર્લામેંટની અધીનતા સ્વીકારતા હતા આજે સંસ્થાનો વધારે સ્વતંત્રતા મેળવવા લગ્યા છે, પણ સંરક્ષણનો ભાર તેમને માથે ઝાઝો પડ્યો નથી. સામ્રાજ્યની આબાદીની શક્તિની પ્રતિષ્ઠાને લીધે જ સંસ્થાનો સામે કોઈ નજર નાખી શકે એમ નહોતુ. આજે ગ્રેટબ્રિટનની એ પ્રતિષ્ઠા અને શક્તિ નથી ગ્રેટબ્રિટનની શક્તિ ઘટતાંની સાથે સંસ્થાનોએ લશ્કર વધારવાની જરૂર હતી, પણ રાષ્ટ્રસંઘની સ્થાપના એ અરસામાં જ થઈ, સાંઘિક સલામતી– Collective Security–એ આ રાષ્ટ્રસંઘનો ઉદ્દેશ હતો એટલે કોઈ પણ આક્રમણની સામે રાષ્ટ્રસંઘ સંગઠિતપૂર્વક પગલાં ભરી શકશે એવો વિશ્વાસ આ સંસ્થાનોને હતો આથી તેમણે લશ્કરમાં વધારો કર્યો નહિ આજે લશ્કર અને સંરક્ષણ પાછળ ઑસ્ટ્રેલિયા પોતાના ખર્ચના ૫.૮%, કેનેડા ૪.૨%, આયર્લાંડ ૭.૨%, અને દક્ષિણ આફ્રિકા ૩.૫%, જેટલી નાની રકમ ખરચે છે. આ ખરચ યુદ્ધ વખતની જરૂરીઆતને પહોંચી વળે એવો નથી. માત્ર હિંદુસ્તાન પોતાના ખર્ચના ૪૫.૨૯% જેટલી ભારે રકમ ખરચે છે, પણ તેનું કારણ હિંદુસ્તાન

પરાધીન છે, ગરીબ છે, અને સામ્રાજ્યના સંરક્ષણનો જે બધો જ બોજો ગ્રેટબ્રિટન માથે પડે છે તેનો ભાર હળવો કરવા કમન્વેલ્થ ઉપર થોડોક બોજો નાખવામાં આવ્યો છે આમ સંસ્થાનોની પાસે લશ્કર નથી

આજે પરિસ્થિતિમાં ફેર થયો છે રાષ્ટ્રસંઘ ઉપરનો વિશ્વાસ ઊઠી ગયો છે, ઇટાલિ કે જપાન કે જર્મનીના આક્રમણ સામે આજે નિર્બળ રાષ્ટ્રોને બચાવવાની રાષ્ટ્રસંઘની તાકાત રહી નથી એટલે દરેક સંસ્થાનોને હવે ભય લાગવા લાગ્યો છે ખરો, આબિસિનિયામાં ઇટાલિના વિજય પછી અને ભૂમધ્યમાં તેની સત્તા વધતી જવાથી મુસોલિનીની મહત્ત્વાકાંક્ષા આફ્રિકામાં સામ્રાજ્ય વધારવાની હોય એવું દેખાય છે આથી દક્ષિણ આફ્રિકાને ચિંતા પેઠી છે ઉપરાંત હીટલરે પોતાના સંસ્થાનોની માગણી કરી તેથી ચિંતા વધી છે. આફ્રિકાના આ સંસ્થાનો દ. આફ્રિકાની સરકારને રાષ્ટ્રસંઘ તરફથી સોંપાયાં છે આ સંસ્થાનોમાં નાઝી ચળવળ શરૂ પણ થઈ ગઈ છે આ બન્ને કારણોને લીધે દ. આફ્રિકા ગ્રેટબ્રિટનની ગોદમાં જવા ખુશી છે ગ્રેટબ્રિટનને પણ તેની જરૂર છે કારણ જ્યારે ભૂમધ્યસમુદ્રનો માર્ગ બંધ થશે ત્યારે કેપટાઉનનો માર્ગ મહત્ત્વનો બનશે આમ પરસ્પરી ગરજને લીધે બન્ને વચ્ચે થોડી સમાધાની થઈ છે અને લશ્કરી મથક ઊભું કરવાની યોજનાને દ. આફ્રિકાએ બહાલી આપી છે તથા અમુક હિસ્સો પણ આપશે

ઑસ્ટ્રેલિયાને જપાનનો ડર છે પાસિફિકમાં ગ્રેટ-બ્રિટન જો રક્ષણ કરવાનું સ્વીકારે તો ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલૅંડ મદદ આપવા તૈયારી બતાવી છે સિંગાપોરનું મોટું ખર્ચે તૈયાર થતું મથક આ ગરજ સારે છે અને ઑસ્ટ્રેલિયાને ઉત્તર કિનારે બીજું એક મથક તૈયાર કરવાની યોજના વિચારવામાં આવી છે ન્યુઝીલૅંડે પણ રક્ષણના બદલામાં પૈસાનો થોડો ભાર ઉપાડવાની કબૂલાત આપી છે હિંદુસ્તાનને ભય તો છે જ, પણ તેને પૂછવા પણું રહેતું જ નથી. તેના ગજા ઉપરાંત જ હાલ તો લશ્કર રાખવામાં આવ્યું છે આથી વધારે બોજો ઉપાડવો મુશ્કેલ છે.

કૅનેડા વડાઈના પ્રશ્નથી તેનાથી જુદું છે અને તે ગ્રેટબ્રિટનની મૈત્રી કરતાં અમેરિકાના સંયુક્ત સંસ્થાનોની મૈત્રી વધારે પસંદ કરે છે એટલે એને બીજા સંસ્થાનો જેટલી સામ્રાજ્યનું સંરક્ષણ મેળવવાની અને તેમાં હિસ્સો આપવાની ઝાઝી ગરજ નથી

આમ સંરક્ષણમાં પણ એકવિધતા તો નથી જ છતાં આ બાબતમાં દરેકને જેટલું લાગે વળગે છે ત્યાં સુધી કૅનેડાને થોડોઘણો ટેકો આપ્યો હોય એવું જણાય છે અને કૅનેડે જંગી લશ્કરી યોજનાનો અમલ શરૂ કર્યો છે. ગ્રેટબ્રિટનની શક્તિમાં સંસ્થાનોને વિશ્વાસ પણ બેસવા લાગ્યો છે, તથા તેની કૃપા મેળવવાની લાગણી ઊભી થઈ છે છતાં કૅનેડાનો ભાર ખરેખરી રીતે હળવો થાય એવો નિર્ણય તો થયો હોય એવું જણાતું નથી લંડન મસલતે ખરી સામ્રાજ્ય એ ધોરણ રાખી છે સામ્રાજ્યના છત્ર નીચે દરેકને પોતાનું રક્ષણ જોઈએ છીએ પણ એ સંરક્ષણના ખર્ચને ઉપાડવા માટે જે ફાળો આપવો જોઈએ તે આપવા કોઈ ઝાઝું તૈયાર નથી પરિણામે સામ્રાજ્યના સંરક્ષણનો ભાર મોટે ભાગે ગ્રેટ-બ્રિટનને માથે જ રહે છે.

આ બોજો ઉપાડનારી પોતાની આજની ધનિકની અશક્તિનું બ્રિટનને ભાન છે અને તેથી જ યુરોપના રાજકારણમાં ઢચુપચુ નીતિ પકડવી પડતી જણાય છે

પૂર્ણાહુતી:

સામ્રાજ્ય પરિષદ આમ પૂરી થઈ છે આ પરિષદને પરિણામે સામ્રાજ્યનાં અંગ પરી જતાં અંગોને પાછાં એકત્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને ચઢિત વધારવાના પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે આ પ્રયત્નો કેટલે અંશે સફળ થયા છે, પણ સંસ્થાનો અને ગ્રેટબ્રિટન વચ્ચે જે તો સુમેળ નથી એ બાબત ઓછાવત્તા અંશે સ્વીકાર કરવી જોઈએ

જો થોડાંઘણાં પણ પર બીજા સંસ્થાનોને અને ગ્રેટબ્રિટનને થયા હશે તેમ તો પણ હિંદુસ્તાનને મળ્યા છે કે કેમ એ શંકા છે હિંદ બાબતમાં છે પાર પણ

પરાધીન છે. તેનો કશો અવાજ નથી વિચારણામા માત્ર પ્રેક્ષક તરીકે જ તેણે કામ કરવાનુ હતુ અને તેમ કર્યું છે હિંદની જરૂરીયાતો શુ છે એ પૂછવાની પણ કોઇને જરૂર નહોતી સામ્રાજ્યના દરેક અગની પ્રધાન મડળને જેટલી ચિંતા રહે છે તેટલી હિંદુસ્તાનની રહેતી જ નથી હિંદુસ્તાનની આ બાબતની વફાદારી વિષે મેટબ્રિટનનો આત્મવિશ્વાસ જબરો છે.

બીજી બાજુથી સામ્રાજ્ય પરિષદે હિંદને તેની પરાધીનતાનુ અને અસહાયદશાનુ સ્પષ્ટ ભાન કરાવ્યુ છે સામ્રાજ્યના કોઇ પણ ભાગનો માણસ બીજા સ્થાનમા જાય અને ત્યા જો તે ત્યાના વતનીની જેમ જ રહેવા લાગે–ત્યાના રહેવાસી જેવો જ જો થાય તો તેને તે તે ભાગના શહેરી તરીકેના હકો મળવા જોઈએ એવો વિચાર થયો પણ એક કલમ એવી ઉમેરવામા આવી કે તે તે દેશની સરકારે આવનાર વ્યક્તિની આ યોગ્યતા સ્વીકારવી જોઇએ આ એક કલમથી જ ઉપરના હકો ઉપર પાણી ફરી વળે છે દક્ષિણ આફ્રિકાની રગદ્વેષી સરકાર કોઇ હિંદીને નાગરિકોના હકો આપવા માગતી જ નથી અને સામ્રાજ્યના મોટા સ્તભો આ પરિસ્થિતિ માટે આખમીંચામણા કરે છે સરવાળે હિંદુસ્તાનને માટે તો સામ્રાજ્ય પરિષદનો કશો લાભ મળ્યો જ નથી એણે તો દુનિયામા પોતાનુ સ્થાન મેળવવુ હોય તો પોતાની જ શક્તિ ઉપર અને આત્મવિશ્વાસ ઉપર મેળવવુ પડશે. આત્મવિશ્વાસ અને શક્તિના પ્રદર્શન સિવાય દુનિયામા તો તેને સ્થાન નથી જ, પણ ખુદ સામ્રાજ્યમા પણ તેને માટે તો જગા નથી એ સત્ય આ પરિષદે બતાવ્યુ છે

૧૧–૭–૩૭

અનુસધાન પાન ૪૨૪થી ચાલુ

'પાય વાગે ને ?'

'હા'

'તે શુ છે ?'

'કઇ નહિ મે ધાર્યું કે તને ખબર નહિ હોય'

'વાત બદલાવ નહિ બટુક !' અનિરુદ્ધ ગભીરતાથી બોલ્યો 'તુ મારા ને કમળાના સબધ વિષે જાણવા માગે છે ખરૂ ?'

બટુક શરમાતો હોય એમ હસ્યો

'અમારી મૈત્રી કુદરતી રીતે વિકાસ પામી છે અને આજે પણ તદ્દન કુદરતી સ્થિતિમા જ છે'

'એમા હુ સમજ્યો નહિ'

'હુ કહેવા માગુ છુ કે નીરૂ અને ભદ્રા કે જયત અને શારદા કરતા અમારી મૈત્રી જૂદા પ્રકારની છે'

'હુ પણ એ જ માનુ છુ

અનિરુદ્ધ બટુકના આ શબ્દોનો મર્મ સમજવા એના સામે તાકી રહ્યો

'શા ઉપરથી ?' એણે પૂછ્યુ

'તમે આઠ દિવસ પહેલા સુરત નહિ પણ વડોદરા ગયા હતા એમ આજ સવારે મે જાણ્યુ તે ઉપરથી'

'નહિ હુ સુરત ગયો હતો મારા પાસે પ્રમાણ છે' 'હા, હા તમે સુરત ગયા હતા પરતુ વડોદરા ઉતર્યા હતા એ સાચુ કે નહિ ?'

'એમા કોઇ ગુનો છે ?'

'એ તો તમને ખબર પડે મને તો આજ સવારની ટપાલમા

'કોનો કાગળ હતો ?'

'કમળાબેનના ભાઇનો'

'શુ હતુ ?'

'તમારા સામે થોડા બખાળા કાઢ્યા હતા'

'બધી જુદી વાત છે' અનિરુદ્ધ ઉશ્કેરાઇ ગયો

'હુ પણ એમ જ માનુ છુ'

અનિરુદ્ધ ફરીને બટુક સામે તાકી રહ્યો બટુક ત્યારે હસતો હતો

'હસે છે શુ ? કમળાની અને મારી મૈત્રી મૈત્રી જ છે, એ લગ્નમા'

'મને એ સબધે કશો જ વાધો નથી હુ ઇચ્છુ છુ કે એ લગ્નમા પરીણમે અને જલદી પરીણમે જેથી નીરૂ ને ભદ્રા જેવા ઉપરથી તમારી આખ ખસે' બટુક ગભીર બની ગયો અનિરુદ્ધ ડોળા કાઢીને એના સામે તાકી રહ્યો

'એટલે મારા મનની આ વિકૃતિ છે એમ ?' થોડીવાર રહીને અનિરુદ્ધ બોલ્યો

'નહિ, આ વિકૃતિ કહેવાય જ નહિ, તમારા મનની આ સહજ પ્રકૃતિ છે'

અનિરુદ્ધ જવાબ આપવા જતો હતો ત્યા બટુક બોલ્યો 'હુ સમજી ગયો હવે આપણે છુટા પડીએ' બટુક ચાલવા માડ્યુ

'બટુક !' અનિરુદ્ધે બૂમ મારી

'હવે તમે જલદી પરણી લો' બટુક જતા જતા બોલ્યો

અનિરુદ્ધ કઈક વિમાસણમા અને કઇક ક્રોધમા ત્યા ને ત્યા ઘડીક ઉભો રહી ગયો

આપણી સ્વરાજયાત્રા

આખરી નિર્ણય

વર્ધામાં મળેલા મહાસભાના પ્રધાનમંડળે એક મહત્વનો ઠરાવ કરી રાજકીય વાતાવરણમાં એક વિઘ્ન મૂકી છે. ત્રણ ત્રણ મહિનાના મંથનો, ખુલાસાઓ, નિવેદનો, પોકળ પ્રધાનોના નાટકો એ તમામ વસ્તુઓ આ ઠરાવથી અદૃશ્ય થઈ છે. હિંદ અને બ્રિટનના રાજદ્વારી મુત્સદ્દીઓ અને વર્તમાનપત્રો હર્ષના પોકારો કરી, અભિનંદનો પાઠવી આ ઠરાવને આવકાર આપે છે. શ્રી સત્યમૂર્તિ જેવા અકથ્ય આનંદમાં આવી સ્વરાજના સ્વપ્ન જોવા લાગે છે. ધારાસભાના કામચલાઉ પ્રધાનો પોતાનો સરસામાન ઉપાડી ભાડાનું મકાન ખાલી કરતા હોય એમ રાજીનામા આપી વિદાય લે છે અને મહાસભાના નેતાઓ, જે બંધારણીય રીતે મકાનના સાચા માલિક છે તે પોતાના સાથીઓ સાથે પ્રવેશ કરે છે.

આ ઠરાવને પરિણામે આપણા દેશમાં ત્રણ પ્રકારની મનોદશા અત્યારે દેખાય છે. એક તો અતિ હર્ષની, એમાં વિનીતો, વફાદારો અને થોડાક મહાસભાવાદીઓ છે. બીજી દુ:ખ અને રોષની, એમાં થોડાક સમાજવાદીઓ છે. ત્રીજી ગાંભીર્યની. એમાં નવાં મોરચાના મર્મને સમજનારા મહાસભાના અગ્રણીઓ અને કદાચ થોડાક સરકારના પણ અગ્રણીઓ છે. આ ત્રણ મનોદશામાં અમને સાચી મનોદશા ત્રીજી લાગે છે. પહેલી મનોદશા વસ્તુસ્થિતિના અજ્ઞાનની છે. હર્ષ પામનારા થોડા મહાસભાવાદીઓ એમ માની બેઠા છે કે 'ઉજળું એટલું દૂધ' છે. હિંદની બેડીઓ મજબૂત કરનાર બંધારણ પ્રધાનપદ સ્વીકારવાનો નિર્ણય થતાં જ એમને મન 'પ્રાંતિક સ્વરાજ' બની ગયું છે. વિનીતોને એમ લાગ્યું છે કે દેશમાં મહિને અશાંતિ મચાવનારું આ મંડળ આખરે અમારે માર્ગે—બંધારણીય માર્ગે ઠીક આવી ગયું! હવે એમને ખબર પડશે કે રાજતંત્રની જવાબદારીઓ કેટલી મહાન અને મુશ્કેલ હોય છે! વફાદારો અને ઉપલી નજરે જોનાર સરકારી માનમરતબાઓ આમાં પોતાની બુદ્ધિનો અને બંધારણનો વિજય જુએ છે. મહાસભાએ જે ત્રણ મહિના પહેલાં થૂંકી દીધું તે આજ નીચી મુંડીએ ગળી લીધું એમ માને છે. પ્રથમ વર્ગની આ મનોદશા બંધારણનો અમલ થતાં જ બદલાઈ જશે એમ અમે માનીએ છીએ, કારણ કે પ્રધાનપદનો ઠરાવ કરનાર એમ માને છે અને ઠરાવ પણ સાફ સાફ શબ્દોમાં જણાવે છે કે બ્રિટન અને હિંદ વચ્ચેનો સંબંધ મૈત્રીનો નહિ પણ શોષક અને શોષિત છે. આ બંધારણ અમલ કરવા લાયક નહિ પણ દફનાવવા

નાયક છે પ્રધાનપદનો સ્વીકાર પણ એ હેતુથી જ કરવામા આવે છે કે જેથી મહાસભાની તાકાત વધે, દેશના દુખો દૂર કરવામા મદદ મળે અને બધારણનો અંત આવે આજે દર્દના પોકારો કરનારા વિનીનો ને વફાદારો દિલ્હીના ઠરાવ વખતે પણ દર્દના પોકારો કરતા હતા પણ બીનાના મુદ્દા ઉપર ઝગડો ઉભો થતા જે તે મહાસભાને નિદવા લાગ્યા એજ રીતે એ લોકો મહાસભાના પગલાના રહસ્યને, કાગળમા સ્પષ્ટ હોવા છતા સમજતા નથી અને ધારાસભાગૃહમા જ્યારે બે વિરોધી દળો વચ્ચે યુધ્ધ મડાશે ત્યારે ચોપડી ઉઠશે ને મહાસભાને ઝગડાખોર તરીકે સબોધશે એમને દર્દની લાગણી એ ખોટી અને ભરમાવનારી છે

સમાજવાદીઓની દુખ અને રોષની લાગણી પણ સમય જતા નામશેષ થઇ જશે, કારણ કે મહાસભા કદીએ સામ્રાજ્યની જાળમા ફસાય એમ નથી અને બટકુ રોટલા માટે નિરતરની ભૂખને ભૂલી જાય એમ નથી મહાસભાના પ્રધાનો ગમે તેટલા શક્તિશાળી હોય પણ એક મહાન તત્વના એ પ્રતિનિધિ માત્ર છે એમણે પોતાની તમામ બુધ્ધિ-શક્તિનો ઉપયોગ એમના મજેના આદેશને પરીપૂર્ણ કરવા માટે જ કરવાનો છે પ્રધાનપદના કટ્ટર વિરોધી રાષ્ટ્રપતિ કહે છે કે એ સાચી વાત નથી કે જો આપણે જાગૃત રહેશુ તો આ પગલુ પણ આપણી તાકાત વધારનારુ નીવડશે' અને આટલા આટલા અનુભવ પછી આપણી જાગૃતિ વિષે શકા છે? કોણ ઊંઘતુ બેઠુ છે? ગાધીજી? જવાહરલાલ? વલ્લભભાઇ? રાજેનબાબુ? અરે રાષ્ટ્રના હજારો લોકો અખડ જાગૃતિ રાખીને બેઠા છે સમાજવાદીઓને થોડા વખતમા જ ખાત્રી થશે કે આ પગલુ ખરેખર યોગ્ય હતુ

ત્રીજી મનોદશા—ગાભીર્યની એ સાચી અને આવશ્યક છે આ પગલુ સામાન્ય પગલુ નથી ધારાસભાનો સ્વીકાર કરવો એ પગલુ પણ મહત્વનુ હતુ એ તો માયામદિરમા માત્ર પ્રવેશ કરવા જેવુ જ હતુ પરતુ આ તો એના ગર્ભદ્વારમા પ્રવેશ થઇ ગયો છે ત્યા જઇને એ મદિરની માયાને ઉખેડી નાખવાની છે અને કોઇ યુદ્ધના આ મોરચામા પણ સરકારને હરાવવાની છે મહાસભાએ પ્રતિષ્ઠાને ખાતર કે જેટલુ મળે તેટલુ શાસન ચલાવવાની ખાતર એ સ્થાન સ્વીકાર્યું જ નથી એ સ્થાનનો ઉપયોગ પૂર્ણ સ્વરાજની પ્રતિજ્ઞા પૂરી કરવા માટે જ થવાનો છે

એમને કારોબારીના આ ઠરાવને અમે આવકાર આપીએ છીએ અને એનો અમલ કરવાનો જે આદેશ મળ્યો છે તેની પાસે શીર ઝુકાવીએ છીએ

એ યુદ્ધસમિતિ હતી

કારોબારીના ઠરાવ સામે એક અસતોષ છે કે એણે મહાસમિતિના હક્ક ઉપર તરાપ મારી છે, દિલ્હીના ઠરાવના શબ્દ અને મર્મની એણે અવગણના કરી છે અમને લાગે છે આમ કરવામા પડ સય નથી શબ્દની જરૂર અવગણના કરી છે પણ મર્મની તો રક્ષા જ કરી છે દિલ્હી ઠરાવનો મર્મ 'ખાત્રી' નહોતો પણ બધારણનો સામનો કરવા માટે પ્રધાનપદનો સ્વીકાર હતો ખાત્રી તો એ કાર્યને સરળ બનાવવા માટે એક આવશ્યક વસ્તુ હતી આખો દેશ જાણે છે કે એ ખાત્રી મેળવવા માટે મહાસભાએ શક્ય એટલા બધા પ્રયત્નો કર્યાં હતા અને એ પ્રયત્નને પરિણામે જ છેલ્લા ત્રણ મહિનામા બધારણના અનેક આગીયાઓ અને સરકારી મનોદશા બહાર આવી શક્યા કોઇ એમ કહેતુ હોય કે ત્રણ મહિના પહેલા હોદ્દા સ્વીકારવા કે આજે સ્વીકારવા એ બને સરખુ જ છે તો સપૂર્ણ વિનય સાથે કહેવુ જોઇએ કે એમ બોલનારે ત્રણ મહિનાની પરિસ્થિતિને સમજવાની તસ્દી જ નથી લીધી આ ત્રણ મહિનામા હિંદી વજીર નાયબ વજીર વાઇસરોય વગેરે ઘણુ બોલી ગયા અને એ પ્રત્યેક બોલમા એમણે પોતાની મતાનો હુકાર પણ જાહેર કર્યો પરતુ એ સાચી વાત નથી કે કે એ હુકાર અને એ તલવારનો ખખડાટ નબળો જ પડતો ગયો છે? એટલુ જ નહિ પણ છેવટે તો એ સ્થિતિ આવી પહોચી હતી કે દેશ-પરદેશમા એમ જ લાગવા માડ્યુ કે મહાસભા જવાબદારી લેતા ડરે છે અથવા કેવળ પ્રતિષ્ઠા માટે જ હવે અળગી રહે છે અને બીજી બાજુ શુ બન્યુ? જો છ પ્રાતના અહેવાલો સાચા હોય તો વિશાળ મતદાર મડળને એમ લાગવા માડ્યુ કે મહાસભા એ અમારા દુખો દૂર કરવા કઇક કરવુ જોઇએ દેશની હવામા જોશભેર એ વિચાર ઉછળવા લાગ્યો કે 'બને થોડા વખતમા જ બધુ તૂટી પડે, બાકી તો એવા

માટે જ જોઈતી હતી ને, દરરોજ અથડામણ ઉભી ન થાય ખાત્રી ન આપે તો કાંઈ નહિ. અથડામણના સંપૂર્ણ જોખમ સાથે આપણે પ્રયોગ શરૂ કરી દઈએ '

આ હવા કોઈ એક વર્ગ કે પ્રાંતની નહોતી માત્ર બે ચાર અગ્રણીઓની પણ નહોતી એનો સબળ પુરાવો તો એ ઠરાવ થયા પછી દેશનું માનસ જે રીતે વ્યક્ત થઈ રહ્યું છે તે ઉપરથી મળે છે એટલે કારોબારીના ઠરાવની પાછળ દેશની સંમતિ છે એ વિષે શંકા નથી અને મહાસમિતિના ઠરાવના મર્મને કારોબારીએ કબૂલ રાખ્યો છે અને જાહેર કર્યું છે કે જો બની શકત તો જરૂર આ ઠરાવ ઉપર મહાસમિતિની મંજુરી લેત પણ સંજોગો જોતાં એમ લાગે છે કે નિર્ણય કરવામાં વિલંબ થાય તો દેશના હિતને હાની પહોંચે એમ છે ' દેશનો રાજકીય મામલો સમજનાર માણસ તુરત જ કબૂલ કરશે કે આ પરિસ્થિતિમાં તત્કાળ નિર્ણય જ આવશ્યક હતો કારોબારી સમિતિએ મહાસમિતિના ઠરાવના મર્મની રક્ષા કરી, શબ્દ ફેરવવા માટેનું જે પગલું ભર્યું છે તે નિંદાને પાત્ર નથી પણ ધન્યવાદને પાત્ર છે. મહાસભાની કારોબારી એ એક પ્રકારની યુદ્ધસમિતિ છે, એણે સિદ્ધાંતની રક્ષા કરી, વાતાવરણ ઉપરથી પ્રજાની સંમતિ જાણી લઈ હિંમતપૂર્વક પગલું ભરવું જ જોઈએ એમ ન થાય તો રાજકીય મામલાઓમાં ઘણીવાર થપ્પડ જ ખાવી પડે

હવે શું ? :

મહાસભાએ પ્રધાનપદ સ્વીકારવાનો નિર્ણય કર્યો તેનો અમલ પણ શરૂ થઈ ગયો છે શ્રી રાજાજી હમણાં બોલ્યા કે દરેક મહાસભાવાદીએ સમજવું જોઈએ કે પ્રધાનપદની મહાન જવાબદારીમાં પોતે પણ ભાગીદાર છે આ વાત સાવ સાચી છે. પ્રધાનપદ સ્વીકારનાર આપણા જ પ્રતિનિધિ છે પ્રજાના બળમાં જ એમનું બળ રહેલું છે એટલે યુદ્ધના આ મોરચાને સફળ બનાવવો હોય તો પ્રજાએ પૂરેપૂરો સાથ આપવો જોઈએ કાર્યવાહક સમિતિનો ઠરાવ બંધારણનો સામનો કરવાની બે બાજુ બતાવે છે એક તો છે રચનાત્મક બાજુ એ બાજુ પ્રજાએ તત્કાળ ઉપાડી લેવી જોઈએ. આપણા હાથમાં જે સત્તા આવે તે સત્તા વડે આપણે મહાસભાની–પ્રજાની તાકાત વધારવી જોઈએ આ પ્રધાનો ધારાસભામાં તો સરકારને હંફાવશે પણ સુધારણાના તૂટ્યા ફૂટ્યા સાધનો વડે સરકારી તંત્ર ઉપર જેટલા ઘા કરી શકાશે તેટલા પણ કરશે આ આ ઘા શું હશે ? કેવા હશે ? મોટામાં મોટો ઘા તો એ છે કે પ્રજામાં રાષ્ટ્રીય અસ્મિતા પેદા કરી એ અમુક અંશે હવે બની શકશે પ્રજાને રાજકારી કેળવણી આપવામાં અમુક સગવડો તો મળશે જ. બીજું પ્રજામાં એ ભાન પ્રગટાવવું જોઈએ કે જો પ્રજા તંત્ર હોય તો આપણે કેટલું કરી શકીએ અને કઈ રીતે કરીએ ? ત્રીજુ કેટલાક સામાજીક અન્યાયો ને અંતરાયો દૂર કરી શકીએ, પણ આ બધું કોણ કરશે ? ધારાસભાના પ્રધાનો ? માત્ર કાયદાઓ ? કે એમની સામાન્ય મદદથી આપણે ? એ પ્રજાનું જ કર્તવ્ય છે એજ પ્રધાનોને આપણે આપેલો સાચો સાથ ગણાશે. આપણે હવે એમ બતાવવું પડશે કે તો પગાર થતા કાયદાની પાછળ અમારા કાર્યનું બળ રહેલું છે અને ત્યાં થતી અથડામણની પાછળ વિરાટ પ્રજાનો અસંતોષ ધીખી રહ્યો છે

મુસ્લીમો અને મહાસભા :

મહાસભા એ મુસ્લીમોથી જુદી ગણાય એવી કોઈ સંસ્થા નથી, છતાં આજના વાતાવરણની સમાલોચના માટે આ મથાળું પસંદ કર્યું છે. હિંદીના મુસ્લીમ સંપર્કના ઠરાવ પછી શ્રી ઝીણા ખળભળી ઉઠ્યા છે અને અનેક ગેરસમજણોથી ભરેલા નિવેદનો પ્રગટ કરે છે, પરંતુ અમને આ શુભ ચિહ્ન લાગે છે. જો આ અથડામણ શરૂ ન થઈ હોત તો મહાસભાની અને શ્રી ઝીણાની મુસ્લીમ લીગની સાચી સ્થિતિ દેશને ન સમજાત આ અથડામણમાંથી એક બાબત તો દીવા જેવી સ્પષ્ટ થઈ ગઈ છે કે મુસ્લીમ લીગ દેશના મુસલમાનોની પ્રતિનિધિ સંસ્થા નથી જ નથી કારણ કે દેશના જે પાંચ પ્રાંતો મુસ્લીમ બહુમતીવાળા છે ત્યાં મુસ્લીમ લીગને ઠીક રીતે ઉભા રહેવાનું પણ સ્થાન નથી. બંગાળ, પંજાબ, સિંધ, સરહદ અને આસામ એ પાંચમાંના એકે પ્રાંતમાં મુસ્લીમ લીગની સત્તા નથી અને બીજો મહાન પુરાવો એ છે કે મહાસભાના દફતર ઉપર જેટલા મુસ્લીમ સભ્યો છે તેટલા મુસ્લીમ

ામની પ્રતિનિધિ હોવાનો દાવો કરતી આ કોમી સંસ્થામાં પણ મુસ્લિમો નથી આ બે વાત ઉપરથી શ્રી ઝીણાની નેતાગીરીની પોકળતા સ્પષ્ટ થઇ જાય છે.

શ્રી ઝીણાના નિવેદનોના સચોટ જવાબો મળ્યા જ કરે છે, પરંતુ મહાસભા એટલેથી અટકતી નથી એ જાણે છે કે શ્રી ઝીણાને અને કોમીવાદીઓને સાચો પદાર્થપાઠ તો ત્યારે જ આપી શકાશે કે જ્યારે મુસ્લીમોના ટોળેટોળા રાષ્ટ્રધ્વજ નીચે આવીને ઉભા રહેશે મહાસભાએ પોતાની આ પ્રવૃત્તિ પૂરા વેગથી જારી રાખી છે ને એમાં સફળતા મળતી જ જાય છે

નિવૃત્તિ તો નહિ જ :

વયોવૃદ્ધ વિજ્ઞાનાચાર્ય શ્રી પ્રફુલ્લચંદ્ર રોય કલકત્તા યુનીવર્સીટીમાંથી હમણાં નિવૃત્ત થયા. એમની નિવૃત્તિ પછી એક પત્રકારે મુલાકાત લીધી અને પૂછ્યું કે 'આપ હવે શું કરશો?' તુરત જવાબ મળ્યો કે 'ગામડાની પુનર્રચના' 'ત્યારે આ નિવૃત્તિ શાની?' 'એ જ નિવૃત્તિ છે, મારો જીવનનો આરામ જ એ છે' આ શબ્દો કેટલા પ્રેરણાદાયી છે? આચાર્ય પ્રફુલ્લચંદ્રનું નામ મશહૂર છે એ હિંદના મહાન રસાયણવેત્તા મનાય છે, પરંતુ એ માત્ર વિજ્ઞાની જ નથી, સાધુ પણ છે, મહાન કર્મવીર પણ છે. એમની શક્તિનાં દર્શન એમની અનેક પ્રવૃત્તિઓમાં દેખાય છે એમની સાધુતાનાં દર્શન એમના અપરીણિતપણામાં ને અપરીગ્રહમાં દેખાય છે પોતે જ સ્થાપેલા અને ઉછેરેલા 'બેંગાલ કેમીકલ અને ફાર્માસ્યુટીકલ વર્કસ' ના પોતાના ભાગના નફાના પંદર લાખ રૂપીયા જ્યારે એમણે વિજ્ઞાનના વિકાસ માટે આપ્યા ત્યારે જ દૂર રહેલા જાણી શક્યા કે આ મહાન પુરૂષ માત્ર ચાળીસ રૂપીયામાં જ પોતાનો ગુજારો ચલાવે છે

આ વૃદ્ધ પુરૂષ અનેક જુવાનો કરતાં જુવાન છે. એમના ઉત્સાહને કોઇ સીમા નથી એમની નિવૃત્તિ એ પ્રવૃત્તિ જ છે એમને આપણાં વંદન હો.

હિંદી સરાફીનો પિતા :

સર સોરાબજી પોચખાનવાલાના અવસાન ઉપર દેશના દરેક વર્તમાન પત્રોએ અને અનેક મંડળોએ હૃદયપૂર્વક અંજલિ આપી છે. સર પોચખાનવાલાનું જીવન કોઇ પણ પુરુષાર્થીને પ્રેરણા આપનારૂં છે. એ પોતે તો પુરુષાર્થની જીવંત પ્રતિમારૂપ જ હતા દેશના અર્થવ્યવહાર અને સરાફીના સમજનાર દરેક માણસ કબૂલ કરશે કે આ ક્ષેત્રમાં સેંટ્રલ બેંકના પિતા સ્વરૂપ સર સોરાબજી પોચખાનવાલાથી વધુ પુરુષાર્થી, અભ્યાસી અને કૃતનિશ્ચયી પુરુષ હિંદે જોયો નથી માત્ર વીસ રૂપરડીના પગારથી બેંકના એક કારકુન તરીકે જીવનનો આરંભ કરનાર એક કાળે હિંદી સરાફીનો પિતા ગણાશે એમ કોણ માની શકે ?

એમનું મૃત્યુ દેશને અને સ્વદેશી સાહસોને એક મોટી ખોટ રૂપ છે પરંતુ એમની શક્તિનાં ઝરણાં સમું છે. ત્રીસ ત્રીસ વરસ સુધી એમણે અવિશ્રાંતપણે કામ કર્યું છે જે કાળે આ દેશમાં એક પણ સંપૂર્ણ હિંદી બેંક નહોતી અને જે કાળે એના ગજવામાં કશું જ નહોતું એ કાળે એણે સેંટ્રલ બેંકની શરૂઆત કરી બે ખુરસી અને બે ટેબલથી શરૂ થયેલી બેંક કેવી તુચ્છ લાગતી હશે! પણ એ દિવસોમાં કોને ખબર હતી કે એક ખુરસી ઉપર રાત દિવસ ચોંટી રહેનારો જુવાન સોરાબજી હૃદયમાં લોખંડી નિશ્ચય રાખીને બેઠો છે! ઇન્ડીઆ બેંકમાં એક તુમાખી યુરોપીઅન મેનેજર તરફથી મળેલા અપમાને જ એનામાં આ વિચાર દાખલ કર્યો હતો અને એ દાખલ થતાં જ, ભવિષ્યની કશીયે ચિંતા ન કરતાં એણે નોકરી છોડી દીધી હતી સર પોચખાનવાલા પુરુષાર્થી હતા, સાહસિક હતા બુધ્ધિશાળી હતા

સેંટ્રલ બેંકનો ઇતિહાસ આખા દેશ સમક્ષ અત્યારે મોજુદ છે એ ઇતિહાસનો ઘડનાર સર સોરાબજી એમાં અંકિત થયેલો છે એના મૃત્યુ ઉપર આંસુ સરે છે પણ સાથે જ ધન્યવાદ પણ છૂટે છે પરમાત્મા એના આત્માને શાંતિ આપો અને અમને એમના પુરુષાર્થી જીવનની પ્રેરણા ઝીલવાની શક્તિ આપો

સંસ્કૃતિનાં વહેણ

: એક પ્રવાસવર્ણન :

શ્રી. મૂળશંકર મો. ભટ્ટ

હિન્દુસ્તાનની સંસ્કૃતિનું ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકન કરવું એ જેટલું મનોહર છે, તેથી પણ વધારે ભૌગોલિક દૃષ્ટિએ કરેલું અવલોકન મનોહર હોવું જોઇએ. પ્રાકૃતિક ભૂગોળ ઇતિહાસ રચવામાં મોટો ફાળો આપે છે. અને એજ રીતે ઇતિહાસ પાછો રાજકીય ભૂગોળ રચે છે. આમ દુનિયાના તમામ દેશોમાં ઇતિહાસ અને ભૂગોળ ગૂંથાયેલાં છે.

પણ હિન્દની સંસ્કૃતિનો પ્રવાહ જ્યારે જોઇએ છીએ ત્યારે તો કોઇ મહાન નદીનો ખ્યાલ આંખને ભરી મૂકે છે. આપણી સંસ્કૃતિનો ઇતિહાસ જોઇએ તો એમાં ગંગોત્રીમાંથી નીકળેલી અને બંગાળના ઉપસાગરને મળતી ગંગાના જેટલી જ વિવિધતા નથી લાગતી? કોઇ જગ્યાએ જોશથી વહેતી, કોઇ જગ્યાએ છીછરી ને વિશાળ બનતી, કોઇ જગ્યાએ ગંભીર અને વિશાળ બનતી, કોઇ જગ્યાએ બીજી નદીને સમાવી દેતી, કોઇ જગ્યાએ કાળી જમનાના પ્રવાહની સાથે ભળીને વિવિધ રંગ ધારણ કરતી, કોઇ જગ્યાએ સાગર જેવી મહાન બનતી, કોઇ જગ્યાએ વળી નહેરો વાટે બીજા શુષ્ક પ્રદેશોને પણ ફલકુપ બનાવતી, એમ અનેક રૂપે આપણે ગંગાને તેમજ આપણી સંસ્કૃતિને ઐતિહાસિક દૃષ્ટિથી જોઇ શકીએ છીએ.

અને વળી ભૌગોલિક દૃષ્ટિએ સંસ્કૃતિને જોઇએ તો? મુંબઇ અને મધ્યપ્રાંતના જંગલો, કાશ્મીર અને મદ્રાસ, આસામના ખાસીઓ, અને બર્માના બૌદ્ધો, મહારાષ્ટ્રના મરાઠા અને રજપૂતાનના રજપૂતો, ગૂજરાતના વેપારીઓ, અને બંગાળના બાબુઓ, એમ વિવિધ વર્ણી પ્રજામાં પણ આપણી સંસ્કૃતિનાં જુદાં જુદાં રૂપો પથરાઇને પડ્યાં છે.

આ બધું જોઇને જ્યારે આપણને એમ થાય છે કે આ હિન્દી સંસ્કૃતિનાં જ રૂપો છે ત્યારે ઘડીભર આપણી સંસ્કૃતિની વિશાળતાનું ભાન થાય છે, એટલું જ નહિ પણ અભિમાન થાય છે. પણ જ્યારે સાથે સાથે એમ પણ દેખાય છે કે આ સંસ્કૃતિના પ્રવાહમાંથી કોઇ કોઇ જગ્યાએ ખાબોચીયાં થઇ ગયાં છે. પ્રવાહનું જોર ઘટી ગયું છે. મૂળ સુકાતું જાય છે અને ખાબોચીયાં ગંધાવા લાગ્યાં છે, ત્યારે એમ પણ થાય છે કે હવે તો એકાદવાર આ પ્રવાહમાં પાછું મોટું ગાંડુ પૂર આવે અને બધું વહેતું કરી મૂકે!

મને લાગે છે કે આ બધા વિચારો આવે, તેની સાથે હિન્દુસ્તાનની સંસ્કૃતિનું ભૌગોલિક દૃષ્ટિએ અવલોકન કરવું ઘણું જરૂરી છે

અલબત્ત અમે આ દિવાળીની રજામાં ઉદેપુરની મુસાફરીએ નીકળ્યા, ત્યારે કંઈ આવું વિચારીને નહોતા નીકળ્યા તે વખતે તો અહીંથી થોડા વખતને માટે બહાર નીકળી પડવું, એજ ઉદ્દેશ મુખ્ય હતો થોડા બચાવેલા પૈસામાં વધારેમાં વધારે કેટલું જોઈ શકાય તે ગણત્રી કરતાં કરતાં અમારી નજર ઉદેપુર સુધી પહોંચી અને એટલે જ અમે ઉદેપુરનો પ્રવાસ ગોઠવ્યો

સંસ્કૃતિના પ્રવાહમાં તમને સફર કરાવવાને બદલે હું અહીં મારા પ્રવાસના વર્ણનના પ્રવાહમાં તમને ખેંચવા નથી માગતો પણ મને મારી પોતાની બીક છે કે કદાચ તેમાં ખેંચાઈ જઈશ કારણ કે પ્રવાસ બીજા કોઈપણ ઉદ્દેશ વગર પણ પ્રવાસ તરીકે જ એટલો રસિક હોય છે અને એમાંય જ્યારે સમોવડીયા સાથીઓની સાથે મુસાફરી કરવાની હોય ત્યારે પ્રવાસ વર્ણન Objective થવાને બદલે Subjective બની જાય છે અને તેની અસર તો પ્રવાસના વર્ણન ઉપર પણ પડે છે અને એ અસરમાંથી મુક્ત રહીને લખવાનો મારો પ્રયાસ હોવા છતાં તેમાં અમારા વ્યક્તિત્વની છાપ દેખાય તો એટલું નભાવી લેવા વિનંતિ

તો પછી પહેલાં જ હું પાલણપુર અને બાલારામ એ બે સ્થળોના વર્ણન છોડી દઉં બાલારામને છોડતાં જેટલું દુઃખ થયું હતું, તેટલું જ દુઃખ તેનું વર્ણન છોડતાં થાય છે અને આ લખતી વખતે એ ઢળતી સાંજ સમયનું બાલારામનું એકાન્ત ગંભીર અને ભવ્ય દર્શન નજર આગળ તાજું થાય છે આસપાસના ગાઢ જંગલમાંથી બોલતા પક્ષીઓની સાથે જ બાલારામ મહાદેવના લિંગ પરથી વહેતો પાણીનો અખંડ પ્રવાહ કોઈ મહાન મૃદંગની જેમ કાનને ભરી મૂકે છે જેમ સાંજ જામતી જાય છે અને સંધ્યાનું વસ્ત્ર ઓઢવા માંડે છે, તેમ તેમ ટ્રેન સાથે દોડતો કઠોર કાળ અમને એક તરફથી સ્ટેશન તરફ ખેંચે છે બીજી બાજુ મન અહીં ચોંટેલું છે ગુજરાતના શુષ્ક ભાગમાં પાલણપુરથી નજીકમાં આવેલું આ સ્થળ ખરેખર રમણીય છે

રાત્રે ટ્રેનમાં જો ઉંઘવાની સગવડ બહારથી અને અંદરથી મળતી હોય એટલે કે ટ્રેનમાં ભીડ ન હોય, અને પાસે જોખમ ન હોય તો ખરેખર આપણને આપણા બાળપણાની નીંદરનો અનુભવ કરાવે છે જાણે આપણે ઘોડીયામાં સુતા હોઈએ અને કોઈ આપણને સતત ઝુલાવ્યા કરતું હોય એમ લાગે છે. બધાને આ અનુભવ થવો જ જોઈએ એમ હું નથી કહી શકતો કારણ કે કેટલાકને તો આખી રાત ટ્રેનમાં જ બગડે છે અને વખતે ચાના પ્યાલાઓની સ્ફુર્તિ રાખવી પડે છે પણ એ તો જેનું જેનું શારીરિક અને ખાસ કરીને માનસિક બંધારણ અને આખું રોડથી ચા પીને 'લની બીચી' ડબ્બો ઠેઠ ઉદેપુર સુધીનો હતો એટલે અમને ઉદેપુર પહોંચાડવાની બધી જવાબદારી ટ્રેને લઈ લીધી હતી પછી તો ઊંઘ આવવામાં શું બાકી રહે? મારવાડ જંક્શનનો મધરાતનો કોલાહલ મને ન ઉઠાડી શક્યો એક તો જંક્શન હતું અને એ પાછું મારવાડીઓના મારવાડનું જંક્શન હતું છતાં હું ન ઉઠી શક્યો એનું બધું માન મારા કરતાં પણ હું તો ટ્રેનને જ આપવા માગું છું

ફુલાદ જંક્શન પછીનો ૩૦–૩૫ માઈલનો ટુકડો એ ઉદેપુર જોવાની પૂર્વ ભૂમિકા જેવો છે ઉદેપુર પહોંચવા માટેનો આ ફુલાદ જંક્શનથી જતો માર્ગ હમણાં જ શરૂ થયો છે તે પહેલાં ઉદેપુર પહોંચવા માટે ટ્રેનને દાંડી પ્રાણાયામ કરવો પડતો કે તો વડોદરાથી ખુમાનન ને છોટે ર થઈને ચિત્તોડગઢ આવીને ત્યાંથી માવલી જંક્શનેથી ઉદેપુર જવાતું અથવા તો આમ ઠેઠ અજમેર સુધી જઈને ત્યાંથી ત્રિકોણાકારે નીચે ઉતરીને માવલી જંક્શને થઈને ઉદેપુર પહોંચાતું આમ તો મારવાડ જંક્શનથી ભૌગોલિક દૃષ્ટિએ ઉદેપુર ઘણું નજીક છે છતાં આમ કેમ કરવું પડતું તેનું કારણ આ ફુલાદ જંક્શનથી કમલીઘાટ સુધીનો ૩૫ માઈલનો રસ્તો આ ૩૫ માઈલમાં ટ્રેન ન હોવાને

કારણ આટલું મોટું ચક્કર લેવું પડતું. આ ૩૦ કે ૩૫ માઇલમાં આરાવલ્લીના પહાડો અને તેની ખીણો આડાં આવીને પડયાં છે. તેમાંથી ટ્રેનને માટે માર્ગ કરવો, એ સહેલી વાત નહોતી અને એ કરે પણ કોણ? એટલો ખર્ચ કોણ ઉપાડે? આખરે ઉદેપુર રેલ્વેએ એ સાહસ ખેડયું. અને આજે એ આરાવલ્લીના પહાડોની કેડ ઉપર થઇને આ ટ્રેનનો રસ્તો જાય છે. લગભગ સવાર પડવા આવ્યું હતું અને આ રસ્તો શરૂ થયો, ખરેખર આટલા નાના ભાગમાં પણ કુદરત અને માણસે સામસામા લડીને કઇ રીતે એક બીજાને નમતું આપ્યું છે, તેનું બહુ જ સુંદર દૃશ્ય અહીં નજરે પડે છે. રેલ્વેએ કોઇ જગ્યાએ મોટી ખીણ ઉપર ૧૦૦ થી ૧૫૦ ફુટ ઉંચા પુલ બાંધ્યા છે, કોઇ જગ્યાએ મોટા પર્વતને ફરીને તેની કેડ ઉપર કંદોરાની જેમ પોતાનો માર્ગ કર્યો છે, કોઇ જગ્યાએ નાનો પહાડ લાગે તો તેના પેટને ચીરીને પણ માર્ગ કર્યો છે. કોઇ જગ્યાએ તો નીચેની ભયંકર ખીણો ટ્રેનને ઘડીભર થંભાવી દે છે. અને જાણે હમણાં જો આ પહાડ જરાક ધક્કો મારશે તો આખી ટ્રેન આ ઉંડી ખીણોમાં એક જૂના અવશેષ બની જશે. દૃશ્ય ભયંકર છતાં રમણીય હતું.

આ આરાવલ્લીના પહાડોથી વીંટળાઇને ઉદેપુર લપાએલું છે. એમ જાણવા પહેલાં આરાવલ્લીના પહાડો એટલે શું તે જાણવું જરૂરી છે, અને આ રસ્તે તે આપોઆપ જણાઇ આવે છે. જાણે આડાઅવળા બીડીને દુશ્મનોની સામે કોર્ડન કરીને આ બધા પહાડો ઉભા છે. ચોમાસું હમણાં જ ગયું હતું છતાં ખીણો સિવાય તમને ક્યાંય લીલોતરી ન દેખાય. કઠોરતા અને ભીતરમાં કોમળતા, બન્ને આ ભૂમિનો સ્વભાવ છે.

હવે વચ્ચે હું બહુ નહીં રોકાઉં. કમનીબાટે તો સવાર પડી ગઇ હતી. લાંબો વખત સુધી એક ને એક ડબ્બામાં રહેવાથી ડબ્બાના તરફ ઘર જેવો ભાવ ઉત્પન્ન થાય, અને તેમાં ય ગાતે નિરાંતે ઉંઘ એવી હોય, ત્યારે તો વધારે થાય, એ તમે સમજી શકશો. વળી એથી વધારે તો અમારી જ પડખેના નાના ખાનામાં એક ભાઇ સ્ટવ પર ચા બનાવતા હતા, એટલું જ નહિ, પણ જેને જોઇતી હોય તેને આપતા હતા (અલબત્ત પૈસા લઇને) એટલે તો અમને વધારે આ જાતનો અનુભવ થયો.

માવલી જંકશન આવ્યું. આ જંકશન નાનું છતાં ઘણું અગત્યનું છે. ઉદેપુરથી ગમે ત્યાં જવું હોય તો આ માવલી જંકશનના દર્શન કર્યા સિવાય ન જ જઇ શકાય. અહીં અમે બે કલાક લગભગ પડયાં રહ્યા. કદાચ એવું હોય કે આ બાજુની હવામાં જ ઝડપને સ્થાન નહિ હોય, લોકોમાં, તેમ જ ટ્રેનમાં સુધરેલા પ્રદેશની સ્ફુર્તિ આ બાજુ જોવામાં ન જ આવે. ટ્રેન પર આની અસર થઇ હોય તો ના નહિ. એટલે અમે તો નવરા બેઠાં હજામત કરી અને કરાવી (વાચ્યાર્થમાં) આ બાજુ 'રબડી' નામની મીઠાઇ થાય છે, એવું કર્ણોપકર્ણ સાંભળેલું. તેનું પ્રત્યક્ષ દર્શન જ નહિ પણ તેનો અનુભવ પણ અમે કર્યો, તેને ટુંકામાં સમજાવવું હોય તો એમ કહી શકાય કે રબડી એટલે 'પ્રવાહી શિહોરી પેંડા'

આખરે અમે ઉદેપુર તરફ ઉપડયા. અમારી ટ્રેન ઉદેપુર જાય છે કે કોઇ પહાડોની સામે ભટકાવા જાય છે એ ખબર નહોતી પડતી. ભીંસોભીંસ પહાડો અમારી સામે પડયા હતા. આમાં ટ્રેન ક્યાં જશે?

આખરે 'દેબારી' સ્ટેશન આવ્યું. આ ઉદેપુરનું પરું ગણો તો પરું પણ નાકું ગણો તો વધારે યોગ્ય ગણાય. ઉદેપુરમાં પ્રવેશ કરવા માટે આ એક બારી છે. તેને 'દેબારી' એટલે કે એ બારી કહેવામાં આવે છે. અમલના વખતમાં જ આ રસ્તો જ ઉદેપુરમાં પ્રવેશ કરવા માટેનો છે. બીજા એક બે રસ્તાઓ છે, પણ તે પણ આવી રીતે નાકાબંધી વાળા છે. ઉદેપુરની આસપાસ આરાવલ્લીનો કુદરતી જ કિલ્લો છે અને એ કિલ્લામાં પેસવાનાં જે જે નાકા છે, ત્યાં આવા દરવાજા કરી લીધા છે. આ દેબારીમાંથી અમારી ટ્રેને ઉદેપુરમાં પ્રવેશ કર્યો.

જમાને જમાને અને દેશે દેશે સંસ્કૃતિના વહેણનાં પ્રમાણ બદલાય છે. કોઇ જમાનામાં સંસ્કૃતિ નદીના કાંઠા ઉપર વહેતી હોય છે. કોઇ જમાનામાં દરિયા

કિનારે ધુનવતી હોય છે ઇજીપ્તમાં નાઈલને મોઢે કાંઠે સંસ્કૃતિના મધપુડા જામ્યા હતા હિન્દમાં ગંગા, જમુના તથા સિન્ધુના પ્રદેશમાંથી સંસ્કૃતિ જન્મી અને ત્યાંથી જ પ્રસરી

અત્યારે હિન્દમાં સંસ્કૃતિ રેલના પાટાની સડકને કાંઠે કાંઠે જામેલી છે, અને જામતી જાય છે રેલ્વે જંગલમાં મંગલ કરી મૂકે છે સાવ ભૌગોલિક દૃષ્ટિએ મહત્વહીણું ગણાતા સ્થળને મથક બનાવી મૂકે છે અને એ રીતે રેલ્વેના પાટા ભૂગોળની નવી સીમા આંકે છે આનાથી એમ પણ બન્યું કે જુના વખતના મહત્વના સ્થળો અત્યારે રેલ્વેની દૃષ્ટિએ મહત્વનું સ્થાન ન ટકાવી શકવાથી નિસ્તેજ થઈ ગયા છે અને તેનું મહત્વ કેવળ પુરાતત્વ પૂરતું રહ્યું છે

ઉદેપુર વિષે કંઈક આવું બન્યું છે અમદાવાદને અને દિલ્હીને, અને મુંબઈ તથા દિલ્હીને સીધેસીધું જોડી દેનાર રેલ્વે આરાવલીના પહાડોમાં છુપાએલું ગૌરવવંતું ઉદેપુરને બાજુએ મૂકી દે છે અને ઉદેપુર એ તેની દુર્ગમતા પૂરતું જ મુસાફરો માટે આકર્ષક રહ્યું છે

અરાવલીના કુદરતી કિલ્લાઓ મુસલમાન અને મોગલ કાળમાં જેટલા રક્ષક બન્યા, તેટલા જ અત્યારે તે રોધક બન્યા છે મરણ કે ઇતિહાસે ભૌગોલિક પરિસ્થિતિનું મૂલ્યપરિવર્તન કર્યું છે આથી એક વખતનું હિન્દુ અને રાજપુત સંસ્કૃતિનું રક્ષક ઉદેપુર રાજ્ય મેવાડ રાજા રાણા પ્રતાપની વીરગર્જનાથી ગાજતા આરાવલીના પહાડો અત્યારે સૃષ્ટિસૌંદર્ય અને યુરોપીઅન શોખીનોના શિકારના સ્થળો થઈ પડ્યા છે એટલે જ આજે ઉદેપુરની રેલ્વેની દૃષ્ટિએ જે જાહેરાત થાય છે, તેમાં ઉદેપુર City of the lakes તરીકે ઓળખાવાય છે સરોવરની કુદરતી શોભાની આકર્ષકતા કરતાંય બતકાં મારવાની આકર્ષકતા ઘણા Tourist ને ત્યાં ઉપાડી જતી હશે

પણ આ તો ઉદેપુરના ભોગીયાની વાતો છે ખરેખર ઉદેપુર અને તેની આસપાસનો ભાગ તેની ઉપરના જોધપુરના રણનો ખ્યાલ આવતાં તો સ્વર્ગભૂમિ જેવો જ લાગે છે મોટા મોટા પહાડોની વચ્ચેની ગીચ ઝાડીવાળી ખીણોની વચ્ચે ક્યાંક ક્યાંક કાચ પડ્યા હોય એવાં નાના સરોવરો સૂર્યના તાપમાં ઝગારા મારતા નજરે પડે છે એમાંય તમે ઉદેપુરથી લગભગ ૩૫ માઇલ આવેલું 'જયસમુદ્ર' નામનું સરોવર જોવા જાઓ, ત્યારે તમને ઘડીભર એમ જ થાય કે સૃષ્ટિસૌંદર્યની અહીં અવધિ થઈ 'જયસમુદ્ર'નો રસ્તો પણ જંગલમાંથી પસાર થાય છે ત્રણ બાજુ કુદરતે ડુંગરાઓની બાંધેલી પાળ અને એક બાજુ કુદરતની સાથે સરસાઈમાં ઉતરવા મથતા મનુષ્યે બાંધેલો ૧૦૦ ફૂટ પહોળો અને ૫૦૦ ફૂટ લાંબો અને ૨૦૦ ફૂટ ઉંચો બંધ, એ બન્નેનો કેવો સુંદર મેળ અહીં જામેલો છે એમાંય અમે તો વળી શરદ પુનેમની રાતે ત્યાં પહોંચેલા અમારી મોટર જ્યારે બંધ ઉપર આવી પહોંચી ત્યારે એકાએક જાણે અમારી સામેથી કોઈ પડદો હટી ગયો હોય તેમ 'જયસમુદ્ર' પથરાઈ રહ્યો જાણે આરાવલી ડુંગરાએ પોતાનું બધું સૌંદર્ય સંગ્રહીને આ એકાંત સ્થળમાં ભરી મૂક્યું હતું જેમ સમરની શાંતિ હોય છે, તેમ સ્થળની પણ શાંતિ હોય છે અહીં બેઉ શાંતિનો યોગ સધાયો, ખરેખર 'જયસમુદ્ર' કદી ભુલાશે નહિ પ્રથમ દૃષ્ટિએ બંધાયેલા પ્રેમ પછી પ્રેમપાત્ર કરતા ઘણા સુંદર આકારો પણ કુરૂપ લાગે છે

પણ જયસમુદ્રને જેમ અમારે બીજે જ દિવસે છોડવો પડ્યો તેમ અહીં તેના વર્ણનને પણ છોડીશ પણ તેનો ઇતિહાસ પણ એટલો જ આકર્ષક છે જયસિંહ રાજાએ આજથી લગભગ ૨૦૦ વર્ષ પહેલા આરાવલીના વેડફાઈ જતા પાણીનો સંચય કરવા આ બંધ બંધાવેલો મનુષ્યકૃત આવો બંધ હિંદુસ્તાનમાં બીજો કે ત્રીજો જ છે ગમે તેવા દુકાળમાં આ 'સમુદ્ર' (આ સરોવરને અહીંના લોકો સમુદ્ર કહે તે સ્વાભાવિક જ છે) આસપાસના ઘણા મોટા ભાગમાં પાણી પૂરું પાડી શકે તેમ છે જો આ બંધ તૂટે તો તેનું પૂર ગુજરાતના ઉત્તર ભાગ સુધી પહોંચે એટલી તેની શક્તિ છે અને આ જ કારણે એ બંધને વળી એક બીજી

એથી જાડી દિવાનનો ટેકો આપવામાં આવ્યો છે. લગભગ ૧૧ થી ૧૨ માઇલની જગ્યા આ 'સમંદર' રોકે છે. અહીં રાણાએ બે મહેલો બંધાવ્યા છે એક જયસમુદ્રના બંધની ઉપર, બીજો એક તે બંધ પાસે આવેલી ટેકરી ઉપર ત્રીજો એક મહેલ વળી તે બંધની સામેની એક ટેકરી ઉપર શિકાર માટે બાંધેલો છે આ બધાં રમકડાં જેવા લાગતા મહેલો પણ આ કુદરતના સૌંદર્યનો ભંગ કરવા અસમર્થ નીવડ્યા છે.

હવે આહીં બહુ રોકાયાં આવાં સૃષ્ટિસૌંદર્યના અને બીજાં ત્યાંના રાણાઓએ બંધાવેલા જુદા જુદા સ્થળો, જેવા કે સજ્જનગઢ, ખાસહોદી, જગમહાલ, જગમંદિર, વિગેરે સ્થળોના વર્ણનો કરવા બેસીશ તો આ લખાણ ક્યારે અટકશે, તે મારા કાબુની વાત નહિ રહે.

પણ આ બધી વાતો તો ઉદેપુરની આસપાસની જડ સૃષ્ટિની વાતો થઇ. જડ સૃષ્ટિમાં પણ અનુપમ સૌંદર્ય હોય છે. એ સૌંદર્ય પોતે જડ નથી. ચતુર તો માણસ આમાંથી જ ચેતનની પ્રેરણા પામે છે. "કુદરતે બધું સુંદર, અને ફકત માનવી અધમ" એવુ એક કવિ જગતના માનવીઓથી ત્રાસીને બોલી ગયો છે પણ માનવસૃષ્ટિ એટલી મનોહર નથી. એ મનોહરતા એ પ્રત્યક્ષ કરતાં પરોક્ષ વધારે છે. તે સૃષ્ટિને નિહાળવા માટે ઐતિહાસિક અને સામાજીક દૃષ્ટિની થોડીક વધારે જરૂર છે.

ઉદેપુર એ ૪૫ થી ૫૦ હજારની વસ્તીનું શહેર છે. મેવાડની પ્રાચીન રાજધાની એ છે. મેવાડ રાજ્ય એ ઘણું જુનું અને રાજપૂત સંસ્કૃતિના મુગટ જેવુ રાજ્ય છે મેવાડના રાણાઓ પોતાને રામચંદ્રજીના વંશજો માને છે. સૂર્ય એ તેમનું ધ્વજચિહ્ન છે. રાજપૂતાનાના બધા રાજ્યોમા આ મેવાડના રાજ્યનો ઇતિહાસ જવલંત છે. મુસલમાન અને મુગલ કાળમાં સામ, દામ, દંડ, અને-ભેદ આ ચારેય ઉપાયોથી પરદેશી સત્તાઓએ આપણા જ વફાદાર માણસો મારફત અનેક પ્રયત્નો કર્યા છતાં તે રાજ્યે અણનમ રહી ની પ્રતિજ્ઞા સાચવી છે. અલબત તે વખતે દેશાભિમાન અને ધર્માભિમાન એટલાં એકમેક થઇ ગયેલાં હતા કે એ બેમાંથી કઇ લાગણી એમા જોર પૂરતી હતી, એ કહેવું મુશ્કેલ છે. એમાં ય રાણો પ્રતાપ આ આખા ઇતિહાસમાળામાં મણિ જેવો શોભે છે. પ્રતાપને યાદ કરતાં જ આપણી સમક્ષ કરુણાથી ભરેલી વીરતા નજરે પડે છે. પ્રતાપની કલ્પિત મૂર્તિ સામું જોતાં જ એમ લાગે છે કે તે જાણે આપણી અંદર ઉભી થએલી તેના પ્રત્યેની કરુણાભરી સહાનુભૂતિને પોતાની વિશાળ આંખોથી શરમાવી દે છે.

અમે હલદીઘાટની ઐતિહાસિક જગ્યા જોવા ગયેલા. શ્રી નાથદ્વારથી ૭ એક માઇલ દૂર ખમણોર કરીને એક ગામડુ છે આ ગામની પાસેથી એક ટેકરી ઉપર સાવ પડી ગયેલો નાનો કિલ્લો છે. એ ગામનુ ઐતિહાસિક મહત્વ અમે તો જાણતા જ નહોતા. પણ એટલામાં કયાયથી મળ્યું પણ નહિ આ ગામથી ડુંગરાની ગાળીમા થઇને કેડીએ કેડીએ હલદીઘાટ તથા 'ચેતક કા ચબુતરા' ની જગ્યાએ જવાય છે આ જગ્યા જોવા માટે તો બહુ જ થોડા માણસો જાય છે. કારણ કે એ સાવ એકાંતમા છે. એમ સાંભળ્યુ છે કે વરસે એક વાર અહીં ચેતક કા ચબુતરા'ની જગ્યાએ આસપાસના ગામડાના લોકોનો મેળો થાય છે. એની પાછળ નુ ઉદ્દેશ છે, તે હજુ અમને ખબર પડી નથી. એ સિવાય તો અમારા જેવા રડયાખડયા 'મુસાફરો' ખાલી એક નાનુ મેદાન જોવા માટે જાય છે.

ખમણોરથી અમારી સાથે અમે એક ભોમિયો લીધેલો. તેનુ નામ કમરુદ્દીન તેની ઉમ્મર ૫૦ થી થોડી ઉપર પણ ઓછી નહિ. તેને પોતાને ઉમ્મરની ગણત્રી કરવા જેટલુ સંખ્યાજ્ઞાન નહોતુ વળી આવો બુઢો ભોમિયો અમને ક્યારે હલદીઘાટ પહોંચાડશે, એમ મનમા થયુ. પણ જ્યાં તેણે લાકડી લઇને ચાલવા માંડ્યું ત્યાં અમે શરમાયા. એમાંય વળી તેણે જ્યારે એમ કહ્યું કે 'ભાઇ સાહેબ, તમે આગળ ચાલો, તો હુ પાછળ ચાલીશ. કારણ કે સાથેથી ધીમે ચલાતું નથી. અને હુ જો આગળ હઇશ, તો આપણી વચ્ચે ઘણું અંતર પડી જશે' ત્યારે અમે વધારે શરમાયા. જેમ સુકલકડી શરીરવાળો રજપૂત હાથમાં તલવાર લે ત્યારે તેનું સ્વરૂપ પ્રગટ થાય છે, તેમ આવા ડોસાઓની ચાલ ઘર ઘણ

ત્યારે જ તેનું ખરું સ્વરૂપ દેખાય છે અમારે તેની ચાન સાથે લગભગ દોડવું પડતું ડુંગરાઓની ગાળીમાં થઈને અમારી પગદંડી વાંકીચૂકી ચાલી જતી હતી આખરે એક વિશાળ મેદાન આવ્યું મેદાનની ચારે બાજુ ઉંચા ડુંગરો હતા આ મેદાનમાં સલીમ અને પ્રતાપના લશ્કરને આખરી ભેટો થયેલો એ મેદાનમાં જ 'અલ્લાહો અકબર અને 'હરહર મહાદેવ'ની બૂમોના પડઘા આ પહાડે જ્યારે ઝીલતા હશે, ત્યારે જાણે ડુંગરાઓ પણ યુદ્ધમાં ઉતર્યા હોય એવો દેખાવ થતો હશે આખા આ દૃશ્યમાં પ્રતાપનો ઘોડો સાફ જુદો તરી આવે છે મેવાડના સૂર્યવંશી કુળનો રાણો પ્રતાપ આખરી નિર્ણય માટે મરણીયો થઈને ઘૂમતો હશે 'શૂરા બાવીસ હજાર' સીસોદીયા એક પછી એક કપાતા જતા હશે પ્રતાપના મેવાડ છત્રની પાછળ દુશ્મનો પડ્યા હશે માના ઝાલો એ છત્ર પોતાને માથે ઓઢી લઈને ત્યાં સૂતો પ્રતાપનો ઘોડો આ ભાગ્યો પણ આપણે યુદ્ધ જોવામાં રોકાયા પણ જે જગ્યાએ સલીમનું આખું લશ્કર સાંકડી ગાળીમાં પ્રતાપના ભીલોએ તથા રજપૂતોએ ભીડાવેલું તે જગ્યા જોતી રહી ગઈ આ જ જગ્યા તે ભારતની થર્મોપોલી તે ગાળીમાં એકી સાથે ત્રણ માણસો હાથ પહોળા રાખીને ઉભા રહી શકે તેમ છે ઘોડા તો એકી સાથે બે ભાગ્યે જ પસાર થઈ શકે માથે બન્ને બાજુ સીધા ચઢાણવાળી ટેકરીઓ છે એ ગાળીમાં માટી સાવ પીળી છે હળદર જેવી પીળી છે લોકોની કલ્પનામાં આ માટી તે માટી નથી પણ પ્રતાપના લશ્કરનું માટીમાં ભળીને પીળું બની ગયેલું લોહી છે આ જગ્યાએ જ પ્રતાપના ભીલ સૈનિકોએ સલીમના લશ્કર ઉપર મોટા પત્થરો ગબડાવેલા અને બાણોનો મારો ચલાવેલો પણ મોગલનું પ્રબળ સૈન્ય આમાં હાર તેમ નહોતું યુદ્ધનું પરિણામ તો પહેલેથી જ ચોક્કસ હતું

પ્રતાપનો ઘોડો નાઠો તે ગાઈ એકાદ ધવાયેલો નહોતો પ્રતાપ પણ જખમના એટલા પહેરીને જ ઘે। ઉપર બેઠેલો હતો પ્રતાપની પાછળ બે મોગલો અને મોગલોની પાછળ પ્રતાપનો ભાઈ શક્તસિંહ દોડતા જોઈએ છીએ આ આખો પ્રસંગ વીર અને કરુણ રસથી ભરપૂર છે દ્વિજેન્દ્રલાલ રોયનું પ્રતાપ નાટક જાણે અહીં ભજવાતું હોય એમ લાગ્યું અમે આગળ ચાલ્યા હલદીઘાટથી ઘણે દૂર 'ચૈતકકા ચબુતરા' નામની જગ્યા છે અહીં ચેતક આખરે પડ્યો ચેતક પડીને તો રાણા પ્રતાપની માથે વીરત્વમાં હરિફાઈ કરતે દેખાય છે આ અમારા 'ચેતકકા ચબુતરા' સુધીના પ્રવાસ દરમ્યાન જાણે અમે અત્યારના સમયમાંથી ચાલતા ચાલતા ઠેઠ પ્રતાપના સમય સુધી ચાલ્યા હોઈએ એમ લાગ્યું જાણે ચારેય બાજુ ઘોડાઓના ડાબલા સંભળાય છે

આજ ગાળીમાં હિંદુસ્તાનના શૌર્યનો પ્રવાહ અટકી જઈને સૂકાઈ ગયો હોય એમ અમને લાગ્યું

પણ ગઢમે ગઢ ચિતોડગઢ જ્યારે જોયો ત્યારે તો વળી હૃદયમાં શું નું શું તોફાન મચી ઉઠે છે પણ એ વાત હવે પછી

[અપૂર્ણ]



ચિંતનનું સૌંદર્ય[1]

નવલકથાકાર તરીકે રમણલાલે આપણને આકર્ષ્યા છે. સંયમ અને સહાનુભૂતિની અમુક માત્રાઓમાં વહેંચાઈને તૈયાર થયેલી એમની નાજુક શૈલીએ ઘણાં વાચકોને પરવશ કરી લીધાં છે. વસ્તુમાં વૈવિધ્ય હોય કે ન હોય પણ રસોત્પત્તિ માટેની એમની કાળજી અથવા આગ્રહ માન ઉત્પન્ન કરાવે એવાં હોય છે. વાર્તાપ્રવાહની વચ્ચે વધુ પડતાં બોધવચનો ગોઠવવાની એમની 'કુટેવે' જેમ ઘણાને ચર્ચાપાત્ર બનાવી દીધા છે તેમ મને-આશક બનાવી દીધો છે. 'જીવન અને સાહિત્ય'નાં સવા ત્રણસો પાનાં વાંચ્યા પછી પણ મને તો એમ જ થયું કે, કલ્પનાના અદૃશ્ય જીવોની નકામી જ જાળ ઊભી કરવાનું છોડી રમણભાઈ બધું ચિંતનાત્મક જ લખતા હોય તો તેમાં ભવિષ્યના ગુજરાતને વધુ લાભ થવાનો સંભવ છે. સાહિત્યનો જીવન સાથેનો સબંધ અનેક વિચારો માગે છે. સાહિત્ય ઘણે અંશે સમભાવ અને કલ્પનાદંપતીનું સંતાન છે. લખનારનું અહર્નિશ હૃદય સાચું અને ચિત્ત શુધ્ધ હોય એટલે સમભાવ જાગે છે, અને તે સમભાવ કલ્પનાની વેલ પર ચઢીને સાહિત્ય પ્રગટાવે છે. સાચો અનુભવ બહુ કપરો છે. ત્યાં સમતોલપણું જાળવવું જ મુશ્કેલ થઈ પડે છે. એટલે સાહિત્ય તત્કાળ લખાય એવી પરિસ્થિતિ રહેતી નથી. જો કે સાહિત્યસંવેદનોની પરંપરા ઊછળે છે. સાહિત્યસામગ્રી તો જગતભરમાં સભર ભરી છે. અને રસાનુભવમાં એ હોય એમાં નવાઈ નથી. સમભાવશીલ કલ્પનાનુસાર સાહિત્ય છે: સમભાવશીલ જીવનાનુસાર એ ચારિત્ર્ય છે. ચારિત્ર્ય વાણી વિચાર અને કાર્ય દ્વારા પ્રગટે. સાહિત્ય મૂક શબ્દ દ્વારા પ્રગટે. અને ચારિત્ર્ય તથા સાહિત્ય એ ઉભયનું એકરૂપ પ્રાગટ્ય બની શકે એ આપણા ગુજરાત અને આપણી ગુજરાતી ભાષા માટે મહા ગૌરવનો વિષય હશે. આજે એ દિશા તરફ આપણા વિદ્વાન લેખકોએ સારો અને સાચો પ્રયાસ શરૂ કર્યો છે એમ 'જીવન અને સાહિત્ય' તેમજ બીજાં એવાં જ થોડાંક પ્રકાશનો જોતાં કહી શકાય.

---

૧ જીવન અને સાહિત્ય: લે. રમણલાલ દેસાઈ, પ્ર. આર. આર. શેઠ, પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઈ-૨, પૃષ્ઠ ૩૨૮, દ્વિરંગી સુંદર જેકેટ, કિંમત રૂપિયા અઢી.

'જીવન અને સાહિત્ય'માં એજ શિક્ષકનો ગોમતો પ્રથમ લેખ બીજા તમામને મુકાબલે વધુ તેજસ્વી છે જીવનની પ્રત્યેક અવસ્થા જાગૃતિ માગે છે, ઉચ્ચ વિચારો માગે છે સાહિત્યની તમામ ક્રિયાઓને અજવાળવાનું પરમ સામર્થ્ય પણ એમાં જ છે એ આખા લેખનો ધ્વનિ છે ઊંચી જિજ્ઞાસા એ એમનું અંતઃકરણ અપાર તૃષ્ણા બતાવે છે 'વર્તમાન ગુજરાતી સાહિત્ય—તેના લક્ષણો'માં ગતા સાક્ષરયુગની ટૂંકી સમીક્ષા મૂકી છે એ સમીક્ષાને ચાર યુગોમાં વહેંચી નાખી છે પહેલા યુગના સંસ્કારસ્વામીઓમાં એમણે કવિ દલપતરામ અને નર્મદાશંકરને ગણ્યા છે બીજા યુગને સાક્ષરયુગ કહ્યો છે એમાં ગોવર્ધનરામ નરસિંહરાવ મણિલાલ નભુભાઈ બળવંતરાય ઠાકોર હરિલાલ ધ્રુવ અને મણિશંકર ભટ્ટ વગેરેને એ યુગના સર્જકો કહ્યા છે ત્રીજા યુગને એમણે કવિ નાનાલાલના યુગ તરીકે ઓળખાવ્યો છે અહીં વિચારોમાં ઘણાના વિચારોમાં મતભેદ પડે તો નવાઈ નહિ એવું માનું કે ગુજરાતના આજના કુમારકુમારિકાના પાત્રો એમણે ગર્ભ કાને આલેખી મનાવ્યા છે કવિ દ્રષ્ટા છે એ રીતે અહીં આગળ કવિનો વિજય થયો છે પણ પછી હાન એ કયાં અપ્રસ્તુત છે કવિ જાણે છે કે પોતાની વિભૂતિઓ ને ઉતારો, જયાઓ અને જયંતે કયાં જઈને આશ્રમ બાંધે છે' એક રસ્ય વક્તાના હૃદયનું પ્રમાણભૂત કથન તો આમ પણ છે કે કવિ નાનાલાલને ગુજરાતના ટાગોર કહી શકીએ? હા, કહી શકીએ કારણ ટાગોરની જીવનકળા ઉંચી કક્ષાએ ને વિશાળ ભૂમિકાએ વિરાજે છે આજનો વિશ્વપ્રેમી ટાગોર અભૂતપૂર્વ છે વિવિધ કળાઓનો એ રસિયો કળાકાર છે સંગીત ચિત્ર ને સાહિત્ય તો એમની કળાઓ છે જ પરંતુ કૃષિ પ્રવાસ સંસ્કૃતિવિનિમય, પુરાતત્ત્વ કૌમારજગતની—ને સૌની વિકાસપ્રગતિનો—અને માનવ સંબંધોની શાંતિનો એ સંદેશવાહક માનવદૂત છે કવિ ટાગોરનો એ મહાવિજય છે' કવિ નાનાલાલ એ કક્ષાએ જઈ શકે—અવશ્ય જઈ શકે જો—પણ એ બધું જવા દઈએ નાનાલાલ યુગના પાંચ મહાન વ્યક્તિઓમાં કનાપી નાનાલાલ, લલિતજી ખબરદાર અને મુનશી એમની ગણાવી છે

તે પછીના યુગપુરુષ ગાંધીજી છે આખા સાહિત્ય પર એમની સર્વવ્યાપી અસર થઈ છે એમના હાથે સાહિત્યનું સ્વરૂપ જ નવેસર તૈયાર થયેલું દેખાય છે 'સાહિત્યસેવા'માં કલમના મજૂરો માટે રમણલાલ એક અગત્યની બીના સ્પષ્ટ કરે છે અગાઉ એ વિશે કયાંક કયાંક અલ્પ લખાયું છે પણ આટલી નિખાલસપૂર્વક લખાયેલો આ પહેલો જ લેખ છે એમ મારે માનવું છે એ સ્પષ્ટીકરણ આ પ્રમાણે અર્થઘટન છે 'આપણે કવિઓ લેખકો વિવેચકો મૂળ તો માનવતાની પરમ ઉચ્ચ દૃષ્ટિના શોધક છીએ જગત કલ્પેલી કે કલ્પાશ ભવિનની વિશાળ કલ્પનાના આપણે મૌ સંગ્રાહક છીએ પ્રકૃતિના કલ્યાણકારી તત્ત્વોના પ્રશંસક છીએ આવું આવું તો ઘણું યે કરનારા કહેનારા આપણે છીએ ને આ બધું શોધાઈ નખાઈ ગયા પછી જિજ્ઞાસુ કે અજિજ્ઞાસુ પ્રજાસમૂહની વચ્ચે એ અપાર્થિવ વસ્તુની વહેંચણી કરનારા પણ આપણે છીએ પણ આ તો બધું કેવળ અકસ્માતરૂપે બનતું હોય છે ચિંતનની કોઈ ધન્ય ક્ષણોએ આપણી સ્મરણજાગૃતિ સાચવી રાખી હોય છે પછી તો આપણે સામાન્ય મનુષ્ય જ બની જઈએ છીએ બીજાની જેમ અનેક વૈમનસ્યો ઊભાં કરતા આપણને પણ આવડે છે પાડોશીને વિરોધી બનાવી મૂકવામાં પણ પાવરધા છીએ આપણે સંસ્કાર વાહકો હોવાની નોકરીથી માંડીને ન્યાયાસન સુધીનો માનસિક પ્રવાસ કરી લીધો હોય છે આપણે માનવતાની વધુમાં વધુ રક્ષા કરવાનો ડોળ કરનારા આપણે, અમાનવતાની ગાળાગાળીમાં જ રચ્યાપચ્યા રહીએ છીએ આ વિષય પરત્વે અંતર્ગત રીતે પણ રમણભાઈએ સરસ અજવાળું આપ્યું છે અનુસાર દૃષ્ટિ કોઈ પણ ક્ષેત્ર માટે આવશ્યક છે

તે પછી સામાન્ય કોટિના જનો અભ્યાસની દૃષ્ટિએ ઉપયોગી એવા ચારપાંચ લેખો વટાવ્યા પછી કવિ નર્મદની સંયમમૂર્તિ આંખો સામે સ્થિર થાય છે એ આવે છે એકનો ને ઉત્સાહભર્યો યુદ્ધે ચડનારી સામુની સામગ્રી લઈને એ પ્રાણ પ્રાણમાં ફૂંકાતો ચાલ્યો આવે છે રમણલાલે એને નાગરતાનો પ્રતિનિધિ કહ્યો છે 'વીર નર્મદ'ના કર્તાની હાલની ને ગંભીર શૈલી કઈક

નર્મદની પ્રશસ્તિમાં જ રોકાઈ ગઈ છે બીજા પણ અનેક નિરંકુશ વ્યક્તિપૂજા હોગી છે એ મરણિયાની રાખ ઉપર જેને જેમ ફાવ્યું તેમ ગાયા કર્યું છે આ જાતની ઊર્મિલતા કરતાં 'ધૂમકેતુ'નું વિચારદર્શન વધારે ભવ્ય છે એમનો નર્મદ આપણને પ્રેરણા આપી શકે એવો તેજસ્વી મનુષ્ય છે રમણલાલ અને વિશ્વનાથનો નર્મદ સુધારક વીર નર્મદ નથી લાગતો. એ તો ક્ષણે ક્ષણે મહાપુરુષ થવાની દરેન–હિમ જેવી કલ્પનામાં જીવતો ડોળઘાલુ નર્મદ લાગે છે. ધૂમકેતુનો નર્મદ એ તો સુધારાનું વાવાઝોડું કે વિકાસની પળેપળને સંહરી નાખવાની ખેવના નથી એને; એક જમાનો કચરો સાફ કરવાની યોદ્ધાની મનોવૃત્તિ જ અહીં પ્રાધાન્ય ભોગવે છે મને એ વધારે પ્રેરક લાગે છે. આના સમર્થનમાં એમની એક લીટી: "એ આજન્મ સૈનિક હતો એનામાંથી ગમે તેવાં પ્રલોભન સમયે પણ સૈનિકનો આનંદ ગયો નથી'

'કલાપી અને તેની ગઝલો'માં એક ભાગ અભ્યાસીને છાજે એ રીતે નિરૂપણ કર્યું તેમજ 'ગોપીજન-વલ્લભ'નો રસિયો કવિ દયારામ પણ આછી રેખાઓમાં વહુચાપને ઠીક શોભે છે જે વસ્તુ વધારેમાં વધારે વખાણ માગતી હોય તેને રંગરસમહીન મિતાક્ષરીમાં ઘડાવવી એ કેટલું દુર્ઘટમર્મ છે તે આ ટૂંકી નોંધો ઉપરથી દેખાઈ આવે છે. છેલ્લા બે લેખોમાં પહેલો નવલરામ વિષે કેટલુંક નવું અજવાળું આપે કે નિડર વિવેચક, નાટકકાર–કવિ ઉપરાંત નવલરામ એક અજોડ શિક્ષણશાસ્ત્રી હતા એટલું અહિં પહેલવહેલું જાણવા મળે છે. છેલ્લા લેખમાં ગાંધીજીને સાહિત્યકાર ગણી શકાય કે નહિ એવી જે ચર્ચા બારમા સાહિત્ય-સંમેલનમાં ઉપડી હતી તેનો જડબેસલાખ ચૂકાદો છે.

ઇ.

સુહિણી' તેરમા ગુજરાતી સાહિત્યસંમેલનની માસિક પ્રચારપત્રિકા લવાજમ, બહારગામ ટપાલખર્ચ સહીત રૂપિયો એક સ્થાનિક બાર આના. પ્રકાશક, કારોબારી સમિતિ, યાકુબખાન રોડ, રણછોડલાઇન ક્વાર્ટર કરાચી

આવતા ડિસેમ્બરની છ'ઠ્ઠી તારીખે મા કરાચીમાં ભરાનારા તેરમા ગુજરાતી સાહિત્યસંમેલનના સર્વાંગી પ્રચારાર્થે 'સુહિણી'નું માસિક પ્રકાશન શરૂ થયું છે બાર બાર અધિવેશનો ગુજરાતમાં ભર્યા પછી, સંમેલન પહેલીવાર ઘરબહાર પગ મૂકે છે એ બૃહદ્ ગુજરાતના, ખાસ કરીને સિંધના અહોભાગ્ય છે, સંમેલન આટલે દૂર પોતાને આંગણે આવે છે જાણીને કરાચીની ગુજરાતી પ્રજાએ અપૂર્વ ઉત્સાહ બતાવવા માંડયો છે અને એને સફળ બનાવવા માટે સંપૂર્ણ તૈયારીઓ થઈ ચૂકી છે. 'સુહિણી'નું પ્રકાશન એ શ્રધ્ધાને મજબૂત બનાવે છે લગભગ સવાસો વર્ષ થયા સિંધમાં આવીને સ્થિર થયેલી ગુજરાતી પ્રજાએ, સાંસ્કારિક, સામાજીક, આર્થિક કેટકેટલી પ્રગતિ સાધી તેનું સમગ્રાવલોકન 'સુહિણી' દ્વારા ગુજરાતને પહોંચાડવાનો આશય દેખાય છે એના પ્રકાશકોનો, સાવ સસ્તા લવાજમમાં–લગભગ પડતર કીમતે–સંમેલનની પ્રતિનિધિ બનીને ગુજરાતને ઘેર ઘેર જઈ પહોંચવાની આ પત્રિકાની ઉમેદ છે પ્રત્યેક સંમેલનોમાં દર વખતે કાંઈ ને કાંઈ વિશિષ્ટતા રહી હોય છે આ વખતના સંમેલનમાં 'સુહિણી' એ એનું વિશિષ્ટ અંગ ગણાશે પત્રિકાના પહેલા અંકમાં શ્રી દેશળજી પરમાર, કુસુમનદાસ માણેક, ચંદ્રુલાલ ગાંધી વગેરેની એકએક ઉત્તમ કૃતિ આપી છે તેમના નિવેદનમાંથી એક કંડિકા અહીં ઉતારીએ છીએ

'સંમેલનના સર્વાંગી પ્રચારને માટે જ 'સુહિણી'નું માસિક પ્રકાશન શરૂ કરવામાં આવ્યું છે જુનથી ડિસેમ્બર સુધીમાં એના ૭ અંકો પ્રગટ થશે. એમાં આધુનિક ગુજરાતી સાહિત્યની સર્વોત્તમ રચનાઓ ઉપરાંત, સિંધની પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિના, ભાષા સાહિત્યના, પ્રેરણાદાયી વિભૂતિઓના પ્રમાણભૂત અને પ્રથમ પરિચયો અપાશે બીજું તો ઘણું યે આવશે એ પત્રિકા જ સંમેલનના આકર્ષણનું મધ્યબિંદુ બની રહેશે'

અમે ઇચ્છીએ છીએ કે ગુજરાત અને બૃહદ ગુજરાતના ગુજરાતીઓ 'સુહિણી'ને સત્કારશે જ.

ક.

નવલગ્રંથાવલિ તારણ કાર્ના નરહરિ દ્વારકાદાસ પરીખ નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, ૧૯૩૭ પૃ ૧૮+૫૨૮ કિં રૂ ૨-૦-૦

સ્વ નવલરામ લક્ષ્મીરામ પંડ્યાના વિધવિધ લખાણોનો સમગ્ર સંગ્રહ નવલગ્રંથાવલિના ચાર ભાગોમાં થયો છે પરંતુ એ લખાણો મિશ્ર કોટિના તેમ જ મિન્ન વિષયોનાં છે તેથી એમાંથી ચૂંટણી કરીને શાળામહાશાળાને ઉપયોગી બને એવો એક સંગ્રહ બનવાનો પ્રસ્તુત પ્રયત્ન છે પ્રયાસ સ્તુત્ય છે

નવલરામભાઈના લખાણની વાનગીને સબરી રીતે વિદ્યાર્થીઓ પાસે મૂકવાની ખાસ જરૂર છે તે તેઓ આપણા સુન્દર ગદ્યલેખક હતા વિવેચક હતા વગેરે કારણોથી નહીં પણ ચારેબાજુથી અસ્થિર અને ઉકળતા એ જમાનામાં પણ એમના વિચારો સ્થિર અને હિતાવહ હતા તેથી આ બધાં લખાણો વાચતાં નવલરામના મનની નિર્મળતા અને સ્થિરતા સ્પષ્ટ રીતે સમજાય છે આ બન્ને ગુણોની જરૂર દરેક જમાનામાં હોય છે આજે પણ આ ગુણો તો આપણા સાહિત્યકારોમાં વિરલ જ છે

આ સંગ્રહમાં એમના શિક્ષણવિષયક લખાણોનો સમાવેશ નથી કરવામાં આવ્યો વિવેચન તેમજ ભાષાવિષયક લેખોમાં એમના ઘણાખરા પ્રાતિનિધિક ગણાય તેવા લખાણો આવી ગયા છે પુસ્તકની શરૂઆતમાં નવલરામનું જીવનચરિત્ર સંપાદકે લખ્યું છે તે ઠીક છે, પણ ગોવર્ધનરામનું લખેલું જીવનચરિત્ર સંપાદક પોતે કહે છે તેમ ઘણું વ્યાપક છે અને એની લેખનશૈલીથી વિશિષ્ટ છે નવલરામનાં વ્યક્તિત્વની મર્યાદા છાપ ગોવર્ધનરામના લખાણથી ઉપજે એવી અહીંના લખાણથી ઉપજતી નથી પણ સરળતા આણવા માટે કદાચ સંપાદકે આ લખ્યું હશે

આ સંગ્રહ સર્વથા અભિનંદનીય છે 'પ્રસ્થાન'ના તંત્રીએ આવી બીજી ગ્રંથાવલિઓની જરૂરત જણાવી છે તેની સાથે પણ અમે સર્વથા સંમત થઈએ

શારીરિક માનસિક તંદુરસ્તી તથા આધ્યાત્મિક રીતે સારવાર અનુવાદક ગણેશજી અન્તરિયા, માંગરોળ, સં ૧૯૯૩ પૃ ૨૨+૧૭૮+૧૪+૪૬ કિં રૂ ૧-૪-૦

મૂળ અંગ્રેજી ઉપરથી ભાષાન્તરિત આ પુસ્તક ઉપયોગી છે એનો વિષય એના નામથી જ સ્પષ્ટ થાય છે એમાં એ વિષયને લગતી પુષ્કળ ચર્ચા અને વ્યાવહારિક સૂચનાઓ છે દરેક પૃષ્ઠની ઉપર અને નીચે સંતની એકેક કડી છાપેલી છે એમ એક આખું કાવ્ય આમાં છાપ્યું છે મુખ્ય વિષય આધ્યાત્મિક છે, પણ કાવ્ય પ્રમાદિક છે અને એમાં કવિત્વ પણ છે સમગ્ર પુસ્તક વાચવા વિચારવા જેવું છે

ડોલરરાય રંગીલદાસ માંકડ

ગુજરાતી સાહિત્ય એનું મનન અને વિવેચન લે ન શ્રી રામચંદ્ર દામોદર શુક્લ પ્રકાશક ... પૃ ૩૦૮ કિંમત રૂ બે

ગુજરાતના વિવેચન સાહિત્યમાં પ્રગતિમાન વધારો થતો જાય છે, છેલ્લાં ચારેક વરસમાં વિવેચનના ગ્રંથો લઈને એક પછી એક વિવેચક બહાર આવતા જાય છે વિવેચનના છૂટક છૂટક લેખો ઉપરથી કોઈ વિવેચકની શક્તિનું માપ ન નીકળી શકે એ હિસાબે શ્રી રામચંદ્ર શુક્લને છેલ્લાં બારેક વરસ થયાં વિવેચનાનું કામ કરે છે છતાં એક સમર્થ વિવેચક તરીકે એમની ગણના અત્યાર સુધી ભાગ્યે જ થઈ હશે આ પુસ્તકનું પ્રકાશન ઘણું વહેલું થવું જોઈતું હતું પરંતુ મોડું મોડું પણ આ પ્રકાશન આપણા મર્યાદિત વિવેચન સાહિત્યમાં મહત્ત્વનો ઉમેરો કરે છે

પ્રસ્તુત પુસ્તકમાં સંગ્રહાયેલા ૧૪ લેખોમાં ચાર લેખો આપણા ૧૯૨૫થી૧૯૩૭ એમ આઠેક વરસના સાહિત્યની સમાલોચનાથી રોકી લે છે ત્રણ લેખો મુનશીના સાહિત્યની વિવેચના કરે છે બાકીનામાં નવલકથા નવલિકા અને કવિતા આદિનું વિવેચન કરે છે એમ સાહિત્યના મુખ્ય મુખ્ય અંગોનું વિવેચન આ પુસ્તકમાં આવી જાય છે એમના વિવેચનમાં પૃથક્કરણ વધુ હોય છે લેખકના ચિન્તનમાંથી આન્તર રહસ્ય શોધી સુરેખ રેખ વિશ્લેષણ કરવાની એના સ્વરૂપો માન્ય થઈ રહે એવું જણાય

નથી, એટલે આ વિવેચનો ઘણી વખત સાર ભાગ આપતા હોય તેવા બની જાય છે

એનું કારણ એ પણ હોય શકે કે એમણે કરેલા લગભગ ઘણાખરા વિવેચનો સમગ્ર રીતે થયેલાં હોય, વિવેચનના દરેક અંગને ન્યાય ન આપી શકાયો હોય, જ્યાં જ્યાં એક જ વસ્તુ પર એમણે પોતાનું સમગ્ર ધ્યાન કેંદ્રિત કર્યું છે. ત્યાં ત્યાં એ અજબ રીતે ખીલી નીકળ્યા છે ન્હાનાલાલની લગ્ન ભાવના, મુનશીના રાજકીય વિચારો, ધનસુખલાલનો હાસ્યરસ વગેરે એના દ્રષ્ટાંતો છે.

સાહિત્યના પ્રાથમિક વાંચનારાઓ માટે આ પુસ્તક ખૂબ ઉપયોગી થઇ પડશે.

આ પુસ્તકથી આપણને લગભગ સાત વરસનું આપણા સાહિત્યનું સરવૈયું મળે છે એ દ્રષ્ટિએ પણ આ પુસ્તકની ઉપયોગીતા વધી જાય છે. શ્રી મુનશીએ જમાના નવલ સાહિત્ય ઉપરથી કરેલી ગૂજરાતના ઇતિહાસની વિકૃતિ અહીં ઘણી અસરકારક રીતે બતાવી છે. શ્રી ધૂમ-કેતુ અને દ્વિરેફની કૃતિઓની તુલનાત્મક વિવેચના અહીં સુંદર રીતે આપી છે. આમ અનેક રીતે આ પુસ્તક આપણા વિવેચન સાહિત્યમા મહત્વનો ઉમેરો કરે છે. ઇચ્છીએ છીએ કે શ્રી. શુકલ પોતાના અભ્યાસના આવા અનેક ફળો ગૂજરાતને આપે.

દુલારી અને બીજી વાર્તાઓ લે. શ્રી સ્નેહરુ જ પ્ર શ્રી સોમચંદ શાહ, તંત્રી ખેડાવર્તમાન, ખેડા કિં ૧-૦-૦ 'ખેડાવર્તમાન'નું ૧૯૩૭ની સાલનું આ ભેટ પુસ્તક છે ૩૦૦ પાનાના આ પુસ્તકમા બાર વાર્તાઓ સંગ્રહાએલી છે. આપણા જુના વાર્તા સાહિત્યની યાદ આપતી આ વાર્તાઓ સાધારણ વાચનારને ગમશે એટલું સત્વ એમાં ભારોભાર ભર્યું છે એકાદ વાર્તા સિવાય બધી વાર્તાઓ આજના પ્રગતિમાન જમાના પહેલાની છે. લેખકે હજુ વર્તમાન સાહિત્યના વલણને બહુ જ ઓછો બલ્કે નહિ જેવો જ સ્પર્શ કર્યો છે. એમનામાં શક્તિ ખૂબ જ છે એટલે પોતે ધ્યાનપૂર્વક વર્તમાન સાહિત્યના વલણ પારખીને કલમ ચલાવશે તો એક અચ્છા નવલિકાકાર બનશે.

મૂ.

વિરાટ જાગે છે ત્યારે: લે. ગુણવંતરાય આચાર્ય પ્ર યુગધર્મ મંડળ, સલાપોસ રોડ, અમદાવાદ. પાના ૨૫૮ કિં રૂા દોઢ.

વનરાજના સમયના ઐતિહાસિક આધારો લઇને લખેલી આ નવલકથા છે. ઇતિહાસની વાત બાજુએ રાખી નવલકથાની દ્દષ્ટિએ જ જોઇએ તો નવલકથા રસભેર વંચાય એવી છે 'વિરાટ જાગે છે ત્યારે' નામ સૂચક છે અને નથી. નવલકથામાં જનતાને- વિરાટને જગાડવાનો પ્રયત્ન છે પણ એ એટલો જોરથી ઝડપી છે કે ઉઠાવ નથી પામી શકતો. શ્રી. આચાર્યની કલમનો સામાન્ય એવો વેગ, શબ્દભંડાર વગેરે આમા છે પરતુ ઉપમાઓ અને સરખામણીઓ અકળાવે એવી ને એટલી બધી છે. શબ્દભાર ઓછો કરવામાં આવે અને વિકાસક્રમ યોગ્ય રીતે સપ્રમાણ મૂકાય તો આખી વસ્તુ વધુ દીપી ઉઠે.

મો.

જ્યોતિર્ધર [પાક્ષિક]

તમે જોયું છે ? અત્યાર અગાઉ એણે એનું સ્થાન નક્કી કરી લીધું છે નમૂનાનો એક અંક મગાવી જુઓ તેના પૈસા પડતા નથી

સમાજના મૂંઝવતા પ્રશ્નોની તેમાં સમભાવી અને તલસ્પર્શી ચર્ચા કરવામાં આવે છે સ્ત્રીઓના વ્યક્તિગત હક્કો ઉપર તેમાં પ્રકાશ પાડવામાં આવે છે તેમાં કેળવણી વિષયક નિરોગી અને સૂક્ષ્મ માર્ગ દર્શાવવામાં આવે છે તેમાં જનકલ્યાણી કૂટ કોયડાઓનું નિદાન કરવામાં આવે છે

તેમાં નથી આડંબરયુક્ત અનંભરી શૈલી, સનસનાટી ભરેલી ખબરો કે હેવાલો અતિશયોક્તિવાળાં અને ચિત્તને વ્યાકુળ કરે તેવા મથાળાં અંગત નિંદા કે આક્ષેપો, ધાર્મિક કે કોમી ઝઘડા, અધૂરા તથા અર્ધસત્યવાળા ઉદ્ગારો

તેમાં તો જલતી રહે છે સમસ્ત જનકલ્યાણની સમાજની દૃષ્ટિવાળી તેજસ્વી ભાવનાઓની અમૂલ જ્યોતિ

ટૂંકમાં 'જ્યોતિર્ધર' પત્રે સમાજસુધારાના પંથે અડગ કૂચ કરતા યુવક યુવતીઓ સમક્ષ Search light ફેંકવાનું બીડું ઝડપ્યું છે અત્યાર સુધીમાં પ્રગટ થએલા અંકોમાંથી કોઈ પણ અંક જુઓ તમને તેની ખાત્રી થશે

એક વર્ષમાં છવીશ અંકો એટલે ફૂલ્સ્કેપ સાઈઝના ચોથીઆના કદના ૨૦૮ પાનાનું સંગીન વાચન વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂપિયા ૩। એ આજે જ ગ્રાહક થાઓ

મેનેજર 'જ્યોતિર્ધર' કાર્યાલય પ્રાર્થના સમાજ, વલ્લભભાઈ રોડ, અમદાવાદ

'ઊર્મિ' અંજલિ ગ્રંથમાળા અને નવરચના'ના ગ્રાહકોને ઘેર બેઠા માત્ર બાર આનામાં મળી શકશે

લગ્ન - એક સમસ્યા

લેખક સોપાન

પાકું પૂઠું સવાસોનો પાના મૂલ્ય સવા રૂપિયો

'ઊર્મિ'ના વાચકોને કદાચ ખબર નહિ હોય કે આ ઉત્તમ પુસ્તકનો મરાઠી અનુવાદ થઈ રહ્યો છે અને હવે હિંદી અનુવાદની માગણી આવી છે મુંબઈથી પં. नरेनदेव साहित्यालंकार લખે છે -

"आपकी 'लग्न-एक समस्या' नामक पुस्तक मैंने पढी। पुस्तक मुझे बहुत पसन्द आइ। मेरी उत्कट अभिलाषा है कि मै आपकी इस विचारधारा का हिन्दी में अनुवाद करूं। क्या आप इजाजत देंगे?

केवल गुजरात के युवक-युवतियों को ही नहीं; अपितु भारतभर के युवक-युवतियों को इस विचारधारा की आवश्यकता है।

यदि आपकी विचारधारा को मैं हिन्दी भाषा भाषियों तक पहुचा सका तो मैं अपने को कृतकृत्य समझुगा।'

આ સુંદર પુસ્તકની પ્રથમાવૃત્તિ ખલાસ થાય તે પહેલા અમારી પ્રવૃત્તિના ગ્રાહકોએ અર્ધી કિંમત જેવો આ લાભ ઉઠાવી લેવો જોઈએ

નૂતન સાહિત્ય ભંડાર રમકડાં માર્કેટ **અમદાવાદ**

કલાદર્શન

ગુજરાતની ચિત્રકલાનો પ્રતિનિધિ સંગ્રહ

રવિશંકર રાવળ, રવિશંકર પંડિત, કનુ દેસાઈ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, કૃષ્ણલાલ ભટ્ટ, ચન્દ્રવદન ભટ્ટ, એ આદિ ગુજરાતી કલાકારોના, ૧૦"×૧૧"ના માપના વિવિધરંગી માઉન્ટ ઉપર ચોડેલાં દસ સુંદર, પૂર્ણરંગી ચિત્રોનો અભિનવ સંગ્રહ કાચું ૧-૪-૦; પાકું ૧-૮-૦ રજિ.-પોસ્ટેજ ૦-૬-૦

ચિત્રશતક

સવા રૂપિયામાં સો ચિત્રોનો સંગ્રહ

કોણે કહ્યું કે કલાનો ઉપભોગ શ્રીમંતો જ કરી શકે? શુદ્ધ ઊંચી પસંદગીની, વિવિધતાવાળી અને સંસ્કારી કલાનો સુસમૃદ્ધ સંગ્રહ, મધ્યમ સ્થિતિનો ગમે તે ગૃહસ્થ કે કરકસર-વાળો કોઈ પણ વિદ્યાર્થી ખરીદી શકે એટલી કિંમતે મળે છે. સુંદર ઉઠાવ • મજબૂત બાંધણી • કિં. ૧-૪-૦ પોસ્ટેજ ૦૦-૩-

જેને વિષે હવે વિશેષ જાહેરખબર કરવાપણું રહ્યું નથી એવું ઘરઘરનું જાણીતું અને જનજનનું માનીતું આવતી પ્રજાનું માસિક એની વિશુદ્ધ ગૌરવાન્વિત કલા, એના સંસ્કાર સંપન્ન જ્ઞાનપ્રચુર લેખો, એની એકધારી ઊંચી કાવ્યસામગ્રી, એની મનોહારી વિવિધતાભરી માસેમાસની નવીનતા, બધું અનોખું છે—અજોડ છે

વાર્ષિક લવાજમ રૂ. ૬-૦-૦ .. . : .. પરદેશ ૧૨ શિ.

નમુનાના અંકના પૈસા પડતા નથી.

એનો કોઈ પણ અંક જુઓ અને તમે ગ્રાહક થવા લલચાશો

કુમાર કાર્યાલય • ૧૪૫૪ • રાયપુર અમદાવાદ

ગુજરાત

આદ્યતંત્રી: શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી

સાહિત્ય સંસદનું મુખપત્ર

દરેક અંકમાં

પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ અને રાજાધિરાજ એ નવલત્રિપુટિના પૂર્વ સમયની શ્રી. મુનશીની ગુજરાતની અસ્મિતાનું ભાન કરાવતી વેગવતી નવલકથા

જય સોમનાથ

(દરમાસ એક હપ્તો છપાય છે)

શ્રી ધનસુખલાલ મહેતા, 'ધૂમકેતુ', વિનોદિની નીલકંઠ, મનત્કુમાર વીજુ વગેરેની મનોહર નવલિકાઓ એકાંકી અને દીર્ઘ ચાલુ નાટકો

ચન્દ્રવદન મહેતા, બેટાઈ, ઉમાશંકર, 'મન સુખલાલ, સુન્દરમ્, પૂજાલાલ, બાદરાયણ, રમણિક અરાલવાળા વગેરે કવિઓના કાવ્યો

સાહિત્ય પરિષદનાં વિવેચનપૂર્ણ વ્યાખ્યાનો

વાર્ષિક લવાજમ { હિંદમાં-પુસ્તકાલયો અને સંસદના સભ્યો માટે રૂા ૪; અન્ય ગ્રાહકો માટે રૂા. ૫ પરદેશમાં ૧૨ શીલીંગ

આપને ગુજરાતીઓમાં જાહેરાત કરવી છે ?

આપના સંદેશો પહોંચાડવાનું 'ગુજરાતને' સોંપો

ગાંડીવની કુમારમાળા

માધ્યમિક શાળાઓમાં ઈતર વાચન તથા
ઇનામ વગેરે માટે ખાસ ઉપયોગી
કુમારોને જોમ આપે ને શૂરવીર બનાવે
તેવા હેતુથી ખાસ રચાયલું **વીર સાહિત્ય**

૧. ગોરીલાનો પ્રેમ: આ પુસ્તક ગુજરાતી ભાષામાં એક નવું જ પાનું ખોલે છે. દોડતી દુનિયામાં થતા સાચ્ચા સાહસોની કહાણીઓ આમાં આપી છે (૧)ગોરીલાનો પ્રેમ (૨)જીવતા સમાધી (૩) ચાંચીયા (૪) રામપૂરી વાઘ! (૫) શેમોય શિકાર (૬) અજબ હિંમત! આવી તદ્દન સાચી બનેલી ને છતાં રૂવેરૂંવા ખડાં કરનારી અદ્દભુતતાથી ભરેલી આ વાતો અપૂર્વ તાઝગીથી ભરેલી છે અને તે વાંચતાં હ્રદય થનગની ઉઠે છે. રોમરોમ પ્રાણ પ્રગટે છે. **કિંમત માત્ર આઠ આના.**

૨. પૂછડિયા પ્રદેશમાં: ચાર ગુજરાતી જુવાનડાંને મન થઇ જાય છે કે શિર માટે કંઇ શોધખોળ કરવા નીકળી પડવું....અને એ ચાર મરણિયાની નીકળેલી ટોળી કંઇ કઇ વિઘ્નો અને સંકટો વટાવીને એક નવીજ જાતની પ્રજાના અજબ પ્રદેશમાં જઇ પહોંચે છે અને ત્યાં અદ્દભુત અનુભવો મેળવે છે એ રસભર કથા એટલી તો તનમનાટભરી છે, કે તમારૂં રૂવેરૂવું ખડું થઈ જાય અને નસેનસમાં શૂરાતન જાગે. કિં. ૦-૮-૦

૩. શિકારિકા: લે. શ્રી જીવરામ જોશી. ગુજરાતી જુવાને જાતે અને કોઇની સાથે કરેલા શિકારોની સાચ્ચી કહાણીઓ. તેની પોતાની કલમમાંથી ઉતારેલી આ બ્યાનો વાંચીને દરેક ગુજરાતી સ્ત્રી પુરૂષનાં રૂંવાં ખડા થશે અને છાતી ગજ ગજ ફુલશે. સાથે ફોટો પણ આપેલો છે. સાપનો શિકાર, રીંછનો શિકાર, શિયાળનો શિકાર, સૂવરનો શિકાર, મરઘીનો શિકાર. બધી જાનસાટેની રમતો. કિં. ૦-૪-૦, ૦-૫-૬ની ટિકીટો જરૂર મંગાવી લયો.

૪-૫. ગેબી સૃષ્ટિ: બે ખંડમાં સર આર્થર કોનન ડોઇલની લખેલી વિજ્ઞાન અને સાહસના સમન્વયવાળી રસીલી વાર્તા દરેકના ૧૦ આના બે ભાગ સાથેજ મળશે.

ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત.

પત્ની–પુત્રી–ભગિની

એમને

લગ્ન–વર્ષગાંઠ કે બીજા શુભ પ્રસંગે

શું ભેટ આપશો ?

સ્ત્રીશક્તિ ગ્રંથમાળાનાં પુસ્તકો

જે આખા ગુજરાતમાં વખણાયાં છે.
જેને સરકારે પણ મંજુર કર્યાં છે.
જે સચિત્ર અને રસિક છે,
જે ઉપયોગી અને જ્ઞાનદાયક છે.

તે–

કુલ ૬૦ પુસ્તકો બહાર પડ્યાં છે જે રૂા. ૨૫)માં આપવામાં આવે છે.

થોડાંક નામો

સુઘડતા અને સુંદરતા	૦–૮–૦	વીર રાજા	૧–૦–૦
કમનસિબ સવિતા(વંધ્યા)	૦–૪–૦	દેવી ચોધરાણી	૧–૮–૦
કાયદામાં સ્ત્રીઓનું સ્થાન	૦–૩–૦	રજીયા બેગમ	૦–૩–૦
અર્ધાંગના	૦–૪–૦	માંદગી અને માવજત	૦–૪–૦
ભરત ગુંથણ	૦–૧૦–૦	પ્રતિ પશુ છે	૦–૨–૦
પારસી વાનીઓ	૦–૬–૦	વાતનું વતેસર	૦–૧–૦
ઘરેણાનો શોખ	૦–૨–૦	પારસી લગ્નગીતો	૦–૬–૦
જીવન પલટો	૦–૪–૦	સુખી ઘર	૦–૩–૦
સ્વપ્નનું શાસ્ત્ર	૦–૩–૦	વહેમી પતિ	૦–૩–૦

લખોઃ–

સ્ત્રીશક્તિ • કળાપીઠ • સુરત

અંજલિ ગ્રંથમાળાનું નવું પ્રકાશન



અંજલિ ગ્રંથમાળા : રમકડાં માર્કેટ : અમદાવાદ.

આ પુસ્તકમાં સૈનિકજીવનની પાંચ કથાઓ સંગ્રહાએલી છે. પુસ્તક વાંચતા વાંચતા, 'આ આપણીજ વાત છે' એમ લાગ્યા વિના નહિ રહે

૨૨૦ પાના : દ્વિરંગી આકર્ષક જેકેટ : કિં. રૂ. સવા.

"ઊંડે હિન્દુસ્થાનમાં મહાન લાગે નોકરી"

આ માટે વધુ જાણવા

મા. અશરફખાનની

એમ એમ. ૯૬૨૧ રેકર્ડ પર

મુલાકાત લ્યો.

નોકરી માટે આજનો દિવો કેવા લખ્યા માટે
કે તેનું કામ તમારી સમક્ષ ખડું કરશે

"જ્યોતિ પૂજન કરી આદર્શે
કઈ નવલ ધવલ તેજે ફૂદીયે"

ગરબાઓ

વાસંતી બહેન

ડી એ ૫૧૯૯ રેકર્ડ પર રજુ કરે છે

મા. અવિનાશ

અને

કાન્તા કુમારીના

ડયુએટ

'હરિ દર્શનકી પ્યાસી'
'તુમ બીન કોન સહાય'

ડી. એ ૫૨૦૨ રેકર્ડ
તમોને મુગ્ધ બનાવશે

BOMBAY.

"ભી વાગ્યા હૈયા બાવળ લાગ્યા
આંખો ક્યાંથી ફૂટે?"

આ સનાતન સત્ય સમજાવવા માટે

મેર કેશવ ભગત

ડી. એ. ૫૨૯૯ રેકર્ડ લઈને
આપની પાસે આવ્યા છે માટે જરૂર સુણો

સટ્ટો કેટલો વિનાશકારક છે તે જાણવા માટે

પુરુષોત્તમ પાટીલ

ડી એ. ૫૨૯૨ રેકર્ડ પર
રજુ કરેલ
'સટ્ટાની ઝોળ બાવા
અને
[illegible]ના ઉજાળા'
સાંભળો.

શ્રી રામહરિ મરાઠે

ડી. એ. ૫૨૯૩ રેકર્ડ પર
[illegible]
તમામ હૃદયના [illegible]
આપની પાસે લાવેલ છે.

== ગુજરાતના સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ ==

ધી ગ્રાન્ડ નેશનલ મ્યુઝીકલ હાઉસ.

[illegible] રસ્તા, અમદાવાદ

== કાઠીયાવાડના સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ ==

મેસર્સ માલવીયા બ્રધર્સ

રાજકોટ (કાઠીયાવાડ)

વધુ કેટલોગ માટે અમારા ઓથોરાઇઝડ ડીલર્સને પુછપરછ કરો —

ધી નેશનલ ગ્રામોફોન રેકર્ડ મેન્યુફેક્ચરીંગ કંપની લીમીટેડ

૧૧૦, મેડોઝ સ્ટ્રીટ, મુંબઈ, ૧



સંપાદક

શ્વરલાલ મોહનલાલ દવે

આ
અંકમાં

ત્રણ પગલાં
રાષ્ટ્રીય શિક્ષણ
સાહિત્યના પ્રદેશમાં
શક્તિ તેટલી ભક્તિ
લોહીનું ખાતર પુરનારા
સર જેમ્સ મેથ્યુ બૅરી
સમાજવાદ કે સમાજ ધર્મ
જીવનમાં સૌંદર્યનું સ્થાન

મુદ્રક • ધનશંકર કૃ. શુક્લ
પ્રભાત પ્રેસ • ઉન્મો હૉલ • કરાચી

ઊર્મિ

પ્રકાશક • સુરેશ શ. બાબરીઆ
ઊર્મિ કાર્યાલય • ઉન્મો હૉલ • કરાચી

વર્ષ છઠ્ઠું
અંક આઠમો

સળંગ અંક ૬૮

અનુક્રમણિકા

શક્તિ તેટલી ભક્તિ	વિશ્વનાથ મગનલાલ ભટ્ટ	૪૮૧
ફેરફાર	સુંદરમ્	૪૮૩
મૌન	પ્રભુદાસ કાલિદાસ વ્યાસ	૪૮૩
હાસ્ય-સંગમ	" "	૪૮૩
મૂર્છના	જયદેવ દવે	૪૮૪
કોના નૂપુર બાજે ?	સુરેશ ગાંધી	૪૮૪
સમાજવાદ કે સમાજધર્મ ?	કિશોરલાલ ઘ. મશરૂવાળા	૪૮૫
ઊર્વશીનું અવસાન	બાલક	૪૮૮
ત્રણ પગલાં	શ્રીકાન્ત	૪૮૯
ભગ્ન હૃદય	ઋતુના કુસુમાકર .	૪૯૫
ફોટોગ્રાફ	દેવજી ગ. મોઢા	૪૯૬
જીવનમાં સૌંદર્યનું સ્થાન	દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર ,	૪૯૭
રાષ્ટ્રીય શિક્ષણ	રામનારાયણ ના. પાઠક	૪૯૯
આંતરરાષ્ટ્રીય આંદોલનો	ભાસ્કરરાવ વિદ્વાંસ	૫૦૩
સર જેમ્સ મેથ્યુ બૅરી	ઘા.	૫૧૨
મરજીવાને પ્રશ્ન	જેઠાલાલ ત્રિવેદી	૫૧૫
જંતુવાદ—એક અર્વાચીન પાખંડ	રમણલાલ એન્જિનીયર	૫૧૬
જ્વાલામુખીને	પારાશર્ય	૫૨૭
લોહીનું ખાતર પુરનારા	સોપાન	૫૨૩
કલાત્મક અંત	પ્રભુરામ રાજ્યગોર	૫૨૯
આપણી સ્વરાજયાત્રા	...	૫૩૧
મોતીનાયક	સાંદીપનિ	૫૩૬
સાહિત્યના પ્રદેશમાં		૫૩૯

અમારા મુખ્ય એજન્ટો —

શ્રી જમનાદાસની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨
નૂતન સાહિત્ય ભંડાર, રમકડાં માર્કેટ, અમદાવાદ
એલ. કે. મેઘાણી, ૧૪, અમરતલા સ્ટ્રીટ, કલકત્તા
પુસ્તકાલય સ. સ. મંડળ લી., રાવપુરા, વડોદરા
ગાંડીવ લવાજમ એજન્સી, હવાડીયો ચકલો, સુરત

વાર્ષિક :::: લવાજમ :::: રૂપિયા પાંચ
છૂટક અંકની કિંમત સાત આના • પરદેશ બાર શિલિંગ

શિષ્ટ સાહિત્ય અને સંસ્કારવાંછુઓનું માસિક.

બે આશિર્વચનો

પૂજ્ય ગાંધીજી જોડે હરિજન પ્રચારને અંગે કરાચી ગયો હતો, ત્યારે 'ઊર્મિ' નું દર્શન થયુ હતું તે વખતે એ કેવળ સાહિત્યિક માસિક હોયે એમ લાગ્યું. આ વખતે જ્યારે હિન્દી પ્રચારને અંગે કરાચી ગયો ત્યારે 'ઊર્મિ' નું ફરી દર્શન થયું અને એના પ્રત્યે આકર્ષણ વધ્યું કેમકે એમાં સાહિત્ય સાથે રાષ્ટ્રીયતા અને પ્રજાજીવનની મિમાસાના તત્ત્વો ઉમેરેલા દેખાયા. કોઈપણ નિયતકાલિક કેવું દેખાય છે એ જોવા કરતાં એની પાછળ કેવું મંડળ કામ કરે છે એ જોવું વધારે મહત્ત્વનું છે. મને એ મંડળ રાષ્ટ્રપ્રેમી, તત્ત્વનિષ્ઠ, મહેનતુ અને રસપીલુ લાગ્યું તેથી 'ઊર્મિ' વિષે હું ઘણી આશાઓ સેવતો થયો છુ.

શબ્દોની પણ એક અસર હોય છે. ઊર્મિ શબ્દ સાથે આત્મવિલોપનથી અમર થયેલી ઊર્મિલાનુ સ્મરણ થાય જ છે. સેવાધન લક્ષ્મણને શ્રી. રામચંદ્રના સહવાસનું એટલુ બધું વળતર મળ્યું કે એની અદેખાઈ જ થાય. બંધુપ્રેમી ભરતે શ્રી. રામચંદ્રની ગેરહાજરીમા પ્રજાનુ એટલુ તો સરસ ભરણપોષણ કર્યું કે આખી પ્રજાએ એના પ્રત્યે ભક્તિ-ભાવ કેળવ્યો. બિચારી ઊર્મિલા સીતા જેમ રામ સાથે વનવાસ જઈ શકી તેમ લક્ષ્મણ સાથે એ ન જઈ શકી. એણે તમામ લાગણીની ઊર્મિઓ દબાવી પોતાનું દુઃખ પી જઈ સાસુઓની સેવા કરી અને રામચંદ્રને અભાવે ઝેરી બનેલા વાતાવરણમાં મૂક સેવાથી અમૃતસિંચન કર્યું એ જ આદર્શ આજે આપણા અહિંસક યુદ્ધના સૈનિકો આગળ છે. એવા સેવકોની વિચારસૃષ્ટિ અને કલ્પનાસૃષ્ટિ તેમજ યોજનાસૃષ્ટિ જો 'ઊર્મિ'મા પ્રગટ થાય તો સાહિત્યની એ અપૂર્વ સેવા થશે. 'ઊર્મિ' એ આદર્શ પાર પાડો એ જ પ્રાર્થના છે.

વર્ધા તા. ૧૭-૮-૩૭ કાકા સાહેબ કાલેલકર

'ઊર્મિ' ના છેલ્લા સાને અંક જોઇ ગયો. નવા વરસથી તેને સંવ-ર્ધન યોગ્ય અને અનેક બાજૂથી સમૃદ્ધ બનાવવાના યત્ન સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. એ દૃષ્ટિએ દર માસે એકાદ ચરિત્રલેખ, પ્રવાસલેખ, રાજકારણચર્ચા વગેરે જે સામગ્રી આપવાની રાખી છે તે ખરેખર આવકારપાત્ર છે. કાકાસાહેબ અને કિશોરલાલભાઇ જેવા સમર્થ લેખકોના લખાણોને લીધે છેલ્લા બે અંકો તો ખાસ ધ્યાન ખેંચે એવા બન્યા છે. એવા લેખકોનો સહકાર ચાલુ રહેશે અને વધતો જશે તો 'ઊર્મિ' નિઃશંક ગુજરાતના અગ્રગણ્ય શિષ્ટ માસિકોમાં મહત્ત્વનુ સ્થાન મેળવી શકશે.

કરાચી તા. ૨૨-૮-૩૭. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ

૧૯૩૭ના વાંઙ્મયની સમીક્ષા

સને ૧૯૩૭ ના ગુજરાતી વાઙ્મયની સમીક્ષાનુ કામ ગુજરાત સાહિત્ય સભા તરફથી આ વખતે પ્રો. રાવળને સોપાયુ છે તો સભા તરફથી દરેક પ્રકાશકોને તેમજ લેખકોને વિનતી કરવાની કે તેઓએ પોતાના પુસ્તકો પ્રો રાવળને નીચેને સરનામે મોકલી આપવા

પ્રો. અનતરાય મ. રાવલ
બગલો ન ૧૦ હીરાબાગ
એલીસબ્રીજ અમદાવાદ

રૂવાબદાર વાળ

રાખવા માટે એકજ ઉત્તમ માર્ગ

કાશ્મીર બ્રિલિયન્ટાઈન હમેશા વાપરવાથી માથાના ગમે તેવા કડક વાળને પણ વ્યવસ્થિત રાખી શકાય છે તેમજ વાળને સુવાળા અને ચકચકિત રાખે છે દરેક સ્ટોરના વેચાય છે

કાશ્મીર બ્રિલિયન્ટાઈન

THE NATIONAL TRADING CO.
Princess Street, Bombay 2.

એજન્ટ ધી સ્ટાન્ડર્ડ ઈમ્પોરટીંગ કુ
કરાચી

જ્યોતિર્ધર [પાક્ષિક]

તત્રીઓ ગટુલાલ ગો ધ્રુવ તથા પ્રાણલાલ કિ દેસાઈ

તમે જોયુ છે ? અત્યાર અગાઉ એણે એનુ સ્થાન નક્કી કરી લીધુ છે નમૂનાનો એક અક મગાવી જુઓ તેના પૈસા પડતા નથી

સમાજના સળગતા પ્રશ્નોની તેમા સમભાવી અને તલસ્પર્શી ચર્ચા કરવામા આવે છે સ્ત્રીઓના વ્યક્તિગત હક્કો ઉપર તેમા પ્રકાશ પાડવામા આવે છે તેમા કેળવણી વિષયક નિરોગી અને સક્ષમ માર્ગ દર્શાવવામા આવે છે તેમા જનઉપયોગી કૂટ કોયડાઓનુ નિદાન કરવામા આવે છે

તેમા નથી આડબરયુક્ત અનર્ગળ શૈલી સનસનાટી ભરેલી ખબરો કે હેવાલો અતિશયોક્તિવાળા અને ચિત્તને વ્યાકુળ કરે તેવા મથાળા અંગત નિંદા કે આક્ષેપો, ધાર્મિક કે કોમી ઝઘડા, અધૂરા તથા અર્ધસત્યવાળા ઉદ્ગારો

તેમા તો જલતી રહે છે સમસ્ત જનકલ્યાણની સમાજની દષ્ટિવાળી તેજસ્વી ભાવનાઓના અમૂલ્ય જ્યોતિ

ટૂકમા જ્યોતિર્ધર' પત્રે સમાજસુધારાના પથે અડગ કૂચ કરતા યુવક યુવતીઓ સમક્ષ Search light ફેકવાનુ બીડુ ઝડપ્યુ છે અત્યાર સુધીમા પ્રગટ થયેલા અકોમાથી કોઈ પણ અક જુઓ તમને તેની ખાત્રી થશે

એક વર્ષમા ચોવીશ અકો એટલે ફૂલ્સકેપ સાઈઝના ચોથીઆના કદના ૨૦૮ પાનાનુ સગીન વાચન વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે ફક્ત રૂા બે આજે જ ગ્રાહક થાઓ

મેનેજર 'જ્યોતિર્ધર' કાર્યાલય પ્રાર્થના સમાજ, વલ્લભભાઈ રોડ, અમદાવાદ

ધી બોમ્બે મ્યુચ્યુઅલ

લાઈફ એશ્યુરન્સ સોસાયટી લીમીટેડ

સ્થાપના ઈ. સ. (૧૮૭૧)

લોકપ્રિયતાની સચોટ સાબીતી :

૧૯૩૮ના આંકડા : નોંધાએલું કામકાજ : રૂ. ૨,૫૧,૩૫,૧૦૦

ભરાઈ ગએલું કામકાજ : રૂ. ૨,૦૧,૪૫,૫૦૦

છેલ્લાં જાહેર થએલાં બોનસ : જીંદગીના વિમા પર રૂ. ૨૬

મુદતી વીમા પર રૂ. ૨૧

જુનાનાં જુની સંપૂર્ણ સ્વદેશી અને પ્રગતિમાન વીમા કંપનીમાં તમારો વીમો ઉતરાવી નર્ભય બનો

ધી બોમ્બે મ્યુચ્યુઅલ લાઈફ એશ્યુરન્સ સોસાયટી લી.

બોમ્બે મ્યુચ્યુઅલ બીલ્ડીંગ, કોટ, મુંબઈ.

પ્રોસ્પેકટસ અને એજન્સીની શરતો માટે લખો :-

ગોવીંદરામ એન્ડ કું.

બંદર રોડ—કરાચી   ફ્રીઅર રોડ—સક્કર



લખો:- કે. એન. અજાણી સ્વદેશી માર્કેટ મુંબઈ : નં. ૨

મનુષ્યનો વિકાસ

એની આંખના સંરક્ષણમાં, એની આંખના જતનમાં રહેલો છે.

ચશ્મા એ આંખના સંરક્ષણનું ઉત્તમ સાધન છે.



સુશોભિત અને ટકાઉ ફ્રેમો તથા વિજ્ઞાનની છેલ્લી શોધ મુજબના ગ્લાસના ચશ્મા તૈયાર કરનાર.

મનસુખલાલ એન્ડ કું. માં

આજે જ મુલાકાતે પધારો.

શો રૂમ

૩૫૬ કાલબાદેવી રોડ, મુંબઇ ૨.

ટેલીગ્રામ : બાઇફોકલ્સ | ટેલિફોન :૨૧૫૦૩

ફક્ત ત્રણ મિનિટમાં

રડતો હસે છે. એટલે કે જ્યારે માણસોને માથાનો દુખાવો એટલો બધો થતો હોય કે દુઃખથી બેજાર થઇ રડી જવાય ત્યારે—

બીકસનનું બામ

ખરેખર રડતાને હસાવે છે. જરા આંગળી ઉપર લઇ કપાળે લગાડો કે જાદુઇ અસર થઇ રડવું હસવામાં ફરી જાય છે. આ સિવાય હાથપગની કળતર, કમરનો દુખાવો, આધાશીશી, સંધીવા, શરદીથી છાતીનો દુખાવો, ગરદનની નસનું અકડાઇ જવું કે શરીરના કોઇ પણ ભાગનો દુખાવો ફક્ત ત્રણ મીનીટમાં બંધ કરી આરામ આપે છે. કીમત બાટલી ૧ના છ આના ત્રણ બાટલી રૂ. ૧)

દાંતનાં દરદો

આજકાલ જ્યાં જુઓ ત્યાં દાંતના દરદોની ફરીયાદ સાધારણ થઇ પડી છે તે માટે—

બીકસનનો બિંગનો ટુથ પાઉડર

હલતા કે કળતા દાંત એકદમ અટકાવે છે. દાંતનો સડો તથા દાતમાં પરૂ થવું (પાયોરીઆ જેવા ભયંકર દરદો મટાડે છે. દાંત ઉપર બાઝેલી છારી કાઢી નાખી સફેદ મોતી જેવા બનાવી મોઢું તો એવું સાફ રાખે છે કે આખો દિવસ મનપસંદ વાસ આવ્યા કરે છે.

કીમત ૧ અઉંસની ડબીના ૪ આના. રતલ ૧ના રૂ. ૩) અર્ધા આનાની ટીકીટ મોકલી નમુનો મફત મંગાવો.

હીરાચંદ ભીમજી, ગનબાઉ સ્ટ્રીટ કોટ, મુંબઈ.

સૌન્દર્ય, સુગંધ, અને
તેજસ્વી મુખકાન્તિ માટે
મલબાર
ગ્લોરી

ન્હાવાનો સાબુ વાપરો.
વેજીટેબલ સોપ વર્કસ
(પ્રસિધ્ધ લીમડા સાબુ વાળા) કલીકટ, મુંબઈ, મદ્રાસ.

ધી લક્ષ્મી

[સ્થાપના ૧૯૨૪]

જીંદગીના વીમાના સઘળા ક્ષેત્રોમાં આગળ પડતી

૩૦ મી એપ્રિલ ૧૯૩૭ સુધીમાં પુરા તથા વર્ષ દરમ્યાન
પુરૂં કરેલું કામકાજ
રૂા. ૧,૫૧,૦૦,૦૦૦ (રૂપીયા એક કરોડ અને એકાવન લાખ)

બોનસ — આખી જીંદગીપર રૂા. ૨૦ દર વર્ષે દર હજારે
એન્ડોવમેન્ટ પર રૂા. ૧૬ " "

+ તુરત દાવાઓ ચુકવવા માટે જાણીતી થયેલી +

સમસ્ત હિંદ, બર્મા અને સાઉથ આફ્રીકામાં શાખાઓ ધરાવે છે
વધુ વિગતો માટે લખોઃ—બ્રાંચ સેક્રેટરી.

ધી લક્ષ્મી ઇન્સ્યુરન્સ કું. લી.

બંદર રોડ. કરાચી.

બંદર રોડ પર બંધાનારૂં કંપનીનું નવું મકાન

જે ચાલુ વર્ષ દરમ્યાન લગભગ પાંચ લાખને ખર્ચે ૭ માળ સાથનું તૈયાર થશે આ આલીશાન મકાન અને તેના ઉપરના જંગી કલોક ટાવરથી બંદર રોડની સુંદરતામાં ઓર વધારો થશે એ નિઃસંશય છે.

કિશોર મુંબઇ ઇલાકાના કેળવણીખાતા તરફથી મંજુર થયું છે.
વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સિમાં 'કિશોર' શાળાઓ માટે મંજૂર થયું છે.

બે વર્ષ પૂરાં કરી 'કિશોરે' ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

અનેકવિધ સાહિત્ય અને સુંદર ચિત્રોથી સમૃદ્ધ ગુજરાતના કિશોર વિદ્યાર્થીઓનું માસિક

કિશોરોની જિજ્ઞાસાને ઉત્તેજી સંતોષે એવી અનેકવિધ અને રસમય ખોરાકી પૂરી પાડતું માસિક

卐 કિશોર 卐

તંત્રી : નગીનદાસ પારેખ

આવકાર

" કિશોર માસિક મને ખુબ ગમી ગયું છે. એટલું બધું ગમ્યું છે કે વડોદરા રાજ્યનાં પુસ્તકાલયોનું બજેટ મંજુર કરવાની તક મને મળી હોત તો રાજ્યનાં ઘણાં પુસ્તકાલયોમાં 'કિશોર' દાખલ કરી દીધું હોત ... ... માસિક માટે મારાથી બનતું કરીશ "

શ્રી મોતીભાઇ અમીન
વડોદરા

શરૂઆતથી ગ્રાહક થનારને પહેલા વર્ષના બધા અંકો
[illegible]

"...મને તો એક શિક્ષક તરીકે આ કક્ષાનું બીજું કોઇ સામયિક નથી માલુમ પડયું. બીજા વધુ પડતાં છીછરાં કે વધુ પડતાં ગંભીર છે. જ્યારે આ વિદ્યાર્થીને જોઇએ તેવુંજ છે 'સાહિત્ય પાઠાવલિ'ની યોજનાને અંગે મેં આપણા બધા માસિકો હીકહીક ઉથલાવ્યા છે અને મને તો એમ લાગ્યુ છે કે 'કિશોર' પાસે એટલુ વૈવિધ્ય છે કે પાંચ સાત વર્ષે કોઇ નવો સંગ્રાહક નીકળશે તો તને પોતાના સંગ્રહનું નામ 'કિશોર પાઠાવલિ' કે એવુંજ રાખવુ પડશે એટલા બધા પાઠો તેને 'કિશોર'માંથી લેવા પડશે. વિદ્યાર્થીઓ સમજે એવી ભુમિકા ઉપર એનું લખાણ વિહરે છે. છતા તેના સાહિત્યગુણ તેણે બરાબર જાળવી રાખ્યા છે, એટલે મને તો આનંદ સાથે ગર્વ પણ થાય છે .... હું તમને બનતી રીતે મારાથી બનતી મદદ કરીશ "

ઝીણાભાઇ રતનજી દેસાઇ
[સ્નેહરશ્મિ]
પ્રિન્સિપાલઃ છ. પી. હાઇસ્કુલઃ
વિલેપારલે.

"... ... એની ભાતભાતની વાનીઓ વિદ્યાર્થીવર્ગની જુદી જુદી જરૂરિયાતો અગર ઇચ્છા પરિપૂર્ણ કરે એમ છે, અને તેથી આખાય વિદ્યાર્થીવર્ગને એ પ્રિય થઇ પડશે જ, એ નિશંક બાબત છે મારા જેવા વિદ્યાર્થીશિક્ષકને પણ એમાંથી ભરપૂર રસ અને આનંદ મળે છે. મને તો પૂરતી ખાત્રી છે કે તમારૂં આ નવિન માસિક દરેકે દરેક બાળક જોડે પ્રિય થઇ પડશે "

શ્રી શંકરપ્રસાદ શુકલ
પ્રિન્સિપાલ : ફેલોશીપ
સ્કુલ : મુંબઇ

તમે પણ ગ્રાહક થઇ અમારા આ સાહસને ઉત્તેજન આપશોજી.

કિશોર કાર્યાલય : પારસી અગિયારી સામે : અમદાવાદ.

લવાજમ હિંદમાં રૂા ૪) પરદેશમાં રૂા. ૬)

દાંતની સ્વચ્છતા

ઉપરજ શરીરની નિરોગિતા, સુદ્દઢતા અને મુખની સુંદરતા અવલંબે છે અને
તે મેળવવા તેમજ સાચવવા ટુથ બ્રશ એક અગત્યની જરૂરીઆત છે.



આર્યન ટુથ બ્રશ

નો આકાર દાંતના પ્રખ્યાત દાકતર પી. ધારગલકરની સલાહ પ્રમાણે
દાંતની રચના અનુસાર યોજાએલ હોઈ દાંતને સર્વ બાજુએથી
સાફ કરી પેઢા મજબૂત કરવાની શકિત ધરાવે છે. તેના
બ્રિસલ ઉંચી કક્ષાના-સ્થિતિસ્થાપક-અને વૈજ્ઞાનિક
પદ્ધતિએ શુદ્ધ કરેલા (Sterilized) છે.

સીંધ અને પંજાબના એજન્ટઃ-મેસર્સ એમ. જી. શહાની એન્ડ કંપની
વીકટોરીયા રોડ-કરાંચી.

અસંખ્ય ડૉકટરો ભલામણ કરે છે.
સેંકડો હોસ્પીટલો ચાલુ વાપરે છે.
લાખો લોકોની પ્રશંસા પામ્યું છે.

લાઈફગાર્ડ કોલન વૉટર

Guaranteed strength of 150 Proof

એકલા બનાવનાર —

હોમ એજન્સી.
મુંબઈ નં. ૪

દરેક ઠેકાણે વેચાય છે.

જલકુમારી
બ્રાહ્મી હેર ઓઇલ

આ તેલ વાપરવાથી માથાના વાળ વધે છે તેમજ કાળા અને સુંવાળા રેશમ જેવા રહે છે. તે ઉપરાંત મગજને ઠંડક આપે છે અને ખરી પડતા વાળને અટકાવી મજબુત બનાવે છે

એક વખત વાપરવાથી ખાત્રી થશે.

: સ્ટોકીસ્ટ :

ચાંપશી નરશી દવાવાળા
પ્રીન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨.

યુવક

છેલ્લાં છ વર્ષથી મહાગુજરાતમાં ઘેર ઘેર વંચાતું માસિકપત્ર

- દરરોજની એક પાઈમાં તમારા ઘર આંગણે પ્રેરણા પ્રોત્સાહન અને નવા યુગની પુનર્રચના ફેલાવે છે.
- એના પાને પાને નવી તાઝગી કલ્પના પ્રાણ અને ભાવનાનાં દર્શન થાય છે.
- યુવક જીવનને સ્પર્શતા અનેક વિષયોથી ભરપુર લેખો, વાર્તાઓ, કાવ્યો. નિબંધો અને જીવન ચરિત્રો તેમજ ચાલુ બનાવો વિષે વિવિધ વાચન એમા આપવામા આવે છે.
- એના આકર્ષણોમા ખાસ કરીને પહેલે પાને જીવન જ્યોત, ઉઘડતે પાને, અજ્ઞાન કૂપ, તરણાઓથે ડુંગર, મારી નોધ પોથી. નારી વિભાગ, ને તંત્રીની નોંધ એટલાં સરસ અને પ્રેરણાત્મક લખાય છે.
- ઉછળતી પ્રજાને પ્રેરણાત્મક સાહિત્ય આપવામાં જ એ હંમેશા પ્રયત્ન કરે છે.

ઉંચા, ચીકણા ને સફેદ દુધ જેવા કાગળો સુઘડતા ને સુંદર છપાય અને પુંઠા

ઉપરનું બેરંગી કવર ચિત્ર હોવા છતાંએ
વાર્ષિક લવાજમ દેશમાં રૂપિયા બે
પરદેશ માટે શિલિંગ પાંચ

:લખો:

યુવક ઑફીસ: વડોદરા.

કાશ્મીર સ્નો : હમેશા વાપરવાથી ચહેરાની સુંદરતા વધારે છે તેમજ ચામડી ઉપરના ખીલ, ફોલ્લા, ડાઘા વીગેરે સાફ કરી તેને સુંવાળી અને શોભાયમાન રાખે છે. દરેક સ્ટોરમાં વેચાય છે.

કાશ્મીર સ્નો

THE NATIONAL TRADING CO.,
Princess Street, . . . Bombay, 2.

એજન્ટ: ધી. સ્ટાન્ડર્ડ ઈમ્પોરટીંગ કું. કરાચી.

હીરપરા
બ્રાહ્મી હેર ઓઇલ

આ તેલ વાપરવાથી માથાના વાળ વધે છે તેમજ કાળા અને સુંવાળા રેશમ જેવા રહે છે. તે ઉપરાંત મગજને ઠંડક આપે છે અને ખરી પડતા વાળને અટકાવી મજબૂત બનાવે છે.

એક વખત વાપરવાથી ખાત્રી થશે

: સ્ટોકીસ્ટ :

વિઠ્ઠલદાસ નારાણદાસ

જુમા મસ્જીદ : મુંબઇ ૨.

મહિલા-શિષ્ટાચાર

મૂળ લેખિકા

શાંતાકુમારી અગ્રવાલ

તથા

કુમારી લીલાવતી ઝંવર એમ. એ.

અનુવાદક : હર્ષદ પટેલ,

: એક અભિપ્રાય :

"પુસ્તક મેં જોયું. તે એક સારૂં પુસ્તક છે. કુમારિકાઓને તેમજ સ્ત્રીઓને ઘણું ઉપયોગી છે. એમાં સ્વચ્છતા, શૃંગાર, વાર્તાલાપ વગેરે વિષયો બહુ સરળતાથી સમજાવવામાં આવ્યા છે. દરેક સ્ત્રીઓએ આ પુસ્તક વાંચવું જોઈએ."

સૌ. વીરમતિ મણિલાલ દેશાઈ
ઉપપ્રમુખ
ભરૂચ સ્ત્રી મંડળ

: આજેજ મંગાવો :

કિંમત છ આના : પોસ્ટેજ એક આનો

મળવાનું સ્થળ

નાવેલ્ટી સ્ટોર્સ

લલ્લુભાઈ ચકલા, ભરૂચ.



એકાર દુનીઆને મહાન આશિર્વાદ

સ્વતંત્રપણે જીવન ગાળવું હોય
આરામથી જીવન ગુજારવું હોય
કોઈના તાબેદાર ન રહેવું હોય

—: અને: —

વગર પૈસે વેપાર કરવો હોય તો

છાયા ટેલરીંગ કોલેજમાં

આજેજ દાખલ થાવ, અને શીવણ તથા વેતરકામ શીખી લો.

શીવણ કામ શીખનારને ઉપયોગી પુસ્તક

માસ્ટર કટર—અથવા—હોમ—ટેલર

કિં. રૂ. ૨-૧૨-૦ પોસ્ટેજ ૦-૫-૦ સાથે મોકલી મંગાવો.

છાયા ટેલરીંગ કોલેજ

વડોદરા

તા. ક. સવા આનાની ટીકીટ બીડી સુચિપત્ર મંગાવો

क्षणभंगुर जीवनज्योत

જીંદગીની ક્ષણભંગુરતાથી આપણે સૌ વાકેફ છીએ. સુન માણસો દીર્ઘદ્રષ્ટિ વાપરીને પોતાના બાળબચ્ચાની પૂરતી સગવડ કરે છે આપણી સ્થિતિ સારી હોય ત્યારે આ કામ ઘણી સહેલાઇથી થાય છે અને કદુ બને હમેશને માટે અપાર મૂશ્કેલીઓમાથી બચાવી શકાય છે તમારી જીંદગીનો વીમો અશોક ઇન્સ્યુરન્સ કં લી મા ઉતરાવશો. પોલીસીના જુદી જુદી યોજનાઓની વિગતવાર હકીકત માટે આજે જ પ્રોસ્પેકટસ મંગાવો

अशोक इन्स्युरन्स कं. लि.

બ્રાંચ ઓફીસ: કચેરી રોડ: કરાચી

મહાગુજરાતનું માનીતું માસિક

શારદા

વાર્ષિક લવાજમ
હિંદમાં વા ૬-૯-૦
પરદેશ શીલીંગ આઠ

તંત્રી
ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા

ગુજરાતી માસિકોમાં શારદા કઈ રીતે ભાત પાડે છે ?

'**શારદા**' એ એકજ ગુજરાતી માસિક છે જે દર મહિને બે ત્રિરંગી ચિત્રો આપે છે

'**શારદા**' **એ એક જ ગુજરાતી માસિક છે જે સોરઠી લોકસાહિત્યની રસલ્હાણ માટે સુપ્રસિદ્ધ છે**

'**શારદા**' એ એક જ ગુજરાતી માસિક છે કે જેના તંત્રી અંક, નવલિકા અંક, લોકસાહિત્ય અંક અને દીપોત્સવી અંક માટે હજારો લોકો દર વખતે રાહ જુએ છે

'**શારદા**' એ એક જ ગુજરાતી માસિક છે કે જે શિષ્ટવર્ગ અને આમવર્ગના સાહિત્યનો સુમેળ સાધે છે

'**શારદા**' **એ એકજ ગુજરાતી માસિક છે જે દર વર્ષે સોરઠી ઇતિહાસની રા. રાયચુરાકૃત નવલકથા ગ્રાહકોને ભેટ તરીકે આપે છે**

'**શારદા**' એ એકજ ગુજરાતી માસિક છે કે જે રોજના એક પૈસામાં સાહિત્ય અને જ્ઞાનનો રસથાળ દર માસે તમારે ત્યાં પહોંચાડે છે,

'**શારદા**' બાર વર્ષથી પ્રગટ થાય છે તમે એના ગ્રાહક થયા હશો જ ન થયા હો તો નીચેના કોઈપણ સ્થળે આજ ને આજ ખબર આપો એટલે 'શારદા' શરૂ થશે

તંત્રી '**શારદા**' ચોરવાડ (ગરાસાડ)

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લી. વડોદરા
આર. આર. શેઠની કંપની બુકસેલર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨



* વર્ષ છઠ્ઠું * * ઑગષ્ટ ૧૯૩૭ * * અંક આઠમો *

શક્તિ તેટલી ભક્તિ

શ્રી. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ

માનવ હૃદયની પ્રબળમાં પ્રબળ વાસના શી? મનુષ્યના જીવનમાં રસ પૂરે અને એને ટકી રહેવાનું બળ આપે એવું તત્ત્વ કયું? એની પ્રવૃત્તિમાત્રનું પરમ પ્રયોજન શું? એક જ અને તે સૌની પૂજા પ્રાપ્ત કરવાનું, સૌનું માન મેળવાનું, સૌમાં આદરપાત્ર બનવાનું. જગતના વ્યવહારનું સૂક્ષ્મ અવલોકન કરીશું તો તરત જણાશે કે આ એક જ વૃત્તિ સર્વત્ર કામ કરી રહી છે. એક સાદો જ દાખલો લ્યો. સામાન્ય દૃષ્ટિએ જોઈએ તો મનુષ્યોનો મોટો ભાગ ધન પાછળ પડેલો દેખાશે. પણ આ ધનતૃષ્ણા પાછળનું પ્રેરક તત્ત્વ શું? માણસ પૈસા પૈસા કરે છે તે શું પૈસાને જ ખાતર? નહિ જ. માણસ પૈસાને ઝંખે છે તે એ જનસમાજમાં પ્રતિષ્ઠાનું પ્રતીક છે તેથી. પૈસામાં પ્રતિષ્ઠા રહેલી છે તેટલા પૂરતી જ માણસની તેને માટેની સઘળી દોડધામ છે. ધનથી માણસનું જીવન સમાજદૃષ્ટિએ ધન્ય ગણાય છે તેટલા માટે જ માણસનો એને માટે મોહ છે. અને તેથી જ ધન અમુક અંશે સુખચેનનું મહત્ત્વનું સાધન હોવા છતાં જ્યાં જ્યાં એ માન કે પ્રતિષ્ઠાનું વિઘાતક માલૂમ પડ્યું છે, ત્યાં ત્યાં તેને તિરસ્કારપૂર્વક લાત મારવામાં જ સઘળા સમજુ માણસોએ સર્વદા ગર્વ લીધો છે. એટલે આ સામાન્ય દાખલા ઉપરથી પણ જોઈ શકાશે કે માનવીની મોટામાં મોટી વાસના તે સર્વત્ર પૂજાવાની, સૌનું માન મેળવવાની, સૌમાં વાહવાહ કહેવડાવવાની છે. માણસને જીવનમાં રસ પણ એને જગતમાં જેટલું માન મળતું હોય તેટલો જ પડે છે ગમે તેટલી પ્રતિકૂળતામાં એને જીવનમાં ઝૂઝવાનું બળ પણ આ આદરની ભાવના જ આપે છે. માણસ જેટલે અંશે આદર મેળવી શકતો હોય—પછી એ આદર લોકોનો હોય કે પોતાના અંતર્યામીનો હોય એ જુદી વાત—તેટલે જ અંશે એ જીવનમાં આનંદ અનુભવી શકે છે. જેને જગતમાં કોઈનોએ આદર ન હોય એનું જીવન આપોઆપ કરમાઈ જવાનું.

અને આ આદર શાથી મળે છે? વિવિધ રૂપોમાં, વિવિધ પ્રકારે જગત પૂજે છે તે શાને? સૌનું માનપાત્ર બનતું હોય એવું તત્ત્વ કયું? એક જ, અને તે શકિત. આદિકાળથી વિશ્વ એક જ વસ્તુને પૂજી રહ્યું છે અને તે શકતિને. જ્યાં જ્યાં જગત કોઈપણ પ્રકારની શકિત જુએ છે, ત્યાં

ત્યા તે સ્વયમેવ મસ્તક નમાવે છે વિજ્ઞાનને પૂછો, 'એનો ગુરુત્વાકર્ષણનો નિયમ, એનો જીવનકલહ (struggle of existence) અને સર્વોત્તમની જીવનક્ષમતા (survival of the fittest) નો ભાવ આ જ વાત કહેશે ધર્મને પૂછો, એની ઈશ્વરની ભાવના, એનો પ્રભુનો ખ્યાલ, એ બન્ને શબ્દોની વ્યુત્પત્તિદ્વારા (ઈશ્વર=શાસક, સમર્થ, શક્તિમાન, પ્રભુ=સમર્થ, બળવાન) એ જ વાતની સાક્ષી પૂરશે. કલાને પૂછો, એની સૌન્દર્યની ઉપાસનામા માનવચિત્તને આકર્ષવાની, રંજિત કરવાની, આનંદ પમાડવાની શક્તિનુ જ પૂજન થઇ રહેલું જણાશે આમ જ્યા જુઓ ત્યા જગત એક નહિ તો બીજે પ્રકારે શક્તિને જ પૂજી રહ્યુ છે અને આ શક્તિ એટલે કેવળ સ્થૂળ બળજ નહિ, કેવળ શારીરિક સામર્થ્યજ નહિ, પણ શરીર મન, આત્મા એમાથી કોઇનું પણ સાચુ સત્ત્વ એટલે જ જગત રણવીરને પૂજે છે તેટલુંજ ધર્મવીર તેમ વિદ્યાવીરને પણ પૂજે છે શક્તિ એટલે કેવળ કાંડ બળ જ નહિ, પણ બુદ્ધિબળ, મનોબળ, આત્મબળ પણ ખરું. એટને વિદ્વત્તા એ પણ શક્તિ છે, નીતિમત્તા કે સાધુતા એ પણ શક્તિ છે, અને તેથી જ જગત યોદ્ધાની પેંઠે વિદ્વાનને તેમ સાધુને પણ માન આપતું આવ્યું છે એટલે તમારે જો માન મેળવવું હોય,' તો બીજુ કઇ નહિ પણ એક જ વાત કરીઃ કોઇપણ વિષયની, કોઇપણ પ્રકારની શક્તિ પ્રાપ્ત કરવી, એટલે જગત તમને પોતાની મેળાએ માન આપશે પણ સાથે એ પણ લક્ષમા રાખજો કે તમે એ શક્તિ જેટલા પ્રમાણમાં બતાવશો તેટલા પ્રમાણમા જ તમને માન મળશે જેટલા પ્રમાણમા તમારામા કોઇપણ શક્તિનો અભાવ, કોઇપણ આવડતની ન્યૂનતા, તેટલા પ્રમાણમા જગત તમારો તિરસ્કાર, ઉપહાસ કે ઉપેક્ષા કરવાનુ એ પણ એટલુ જ ચોકકસ. જગત જ શુ, તમારો અંતરાત્મા પણ, તમારામા જેટલુ સાચુ સામર્થ્ય દેખશે એટલે અંશે જ તમને આદર આપશે, અને જેટલે અંશે તમારામા નબળાઇ દેખશે તેટલે અંશે તમારો તિરસ્કાર કરશે. એ તો શક્તિ તેટલી ભક્તિ એજ સમસ્ત વિશ્વનો—બાહ્ય જગત તેમ આપણા આતર ચેતન ઉભયનો—સનાતન સિદ્ધાત છે સમસ્ત વિશ્વ જાણે આપણને પગલે પગલે પોકારી પોકારીને કહી રહ્યુ છે કે જગતમા ટકી રહેવા માટે જ નહિ પણ જીવનનો સાચો આનંદ માણવા માટે બને તેટલી વિશેષ શક્તિ પ્રાપ્ત કરો, બને તેટલા વિષયમા સમર્થ બનો.

ફેરફાર[1]

સુંદરમ્

કંટાળિયો છું
આ પત્થરોની જકડાયેલા- બધે
મિટ્ટી તણા આ ઘરમાં રહી રહી,
હું તો હવે ભાર જઈશ ચાલી
અરણ્યમાં એકલડો સદાનો.

જઈશ હું શાન્ત અરણ્યમાં અને
રહીશ હું ને,
અવર્ણ્ય આ વૈખરીથી જ જે તે
કો વહ્નિના વર્ણથી રંગી વૃત્તિઓ
સમાં ઊડંતાં વન પંખીઓનાં
સ્પર્શીશ હું સાવ નિસર્ગરૂપને

હું એકલો બેસીશ ને અગમ્યનાં
સેવીશ સ્વપ્નો, તહીં શુષ્ક કાળની,
ધૂલી થકી હું સહસા ખિલી ઉઠું
કો વૃક્ષશો ને પ્રતિ રોમ મારે
પુષ્પો તણું ભાન રહે સ્ફુરી ત્યાં.

ને સાંઝ ટાણે તહીં આવશે તું
ને શાંત એના મુળિયે તું બેસતાં–
તને નહિં માલુમ કે હું એજ છું:
ઉરે તને ભૂખ જ લાગશે મહા
અનંતને કારણ સાધ્ય વ્યોમના
તે છત્ર નીચે–

૧ હરીન્દ્ર ચટ્ટોપાધ્યાયના કાવ્યનો અનુવાદ.

મૌન

: પૃથ્વી :

અહીં તપનનાં તપે પ્રબલ તેજ, ધોળાં દિસે
મહીં વિવિધ વર્ણ–ધીર, મૃદુ, તીક્ષ્ણ નિત્યે વસે.
પરંતુ પટુ વૈદ્ય પાસ ગદ[1] કાચથી રંગ તે
પૃથક્કરણથી થતા સકળ–રોગ–હારી; અને
અખૂટ ઉગ્ર શક્તિ ને અકળ સિદ્ધિ દર્શાવીને
જગે જન સમૂહને સતત સૌખ્ય–કારી બને.

અહીં સતત મૌનની સુખદ શાંતિ હારે, ઠરે
મહીં પ્રખર, શાંત, ધીર, કટુ ભાવ ધારે ખરે!
કહીં પુનીતકોપની જલત ઝાળ જ્વાલામુખી
કહીં વિમલ ને ગભીર સ્થિર વારિ વિદ્યાતણાં
કહીં સહન–શક્તિનાં અજર જોમ જામ્યાં ઘણાં
કહીં . વિષ–ઝેર, ક્રાન્તિ મન–આત્મને કાવની.

હશે કુશળ વૈદ્ય શો, પ્રબલ મૌન–ધારી હશે;
સમસ્ત જગ–રોગને ગુણ–બળે વિદારી જશે.

પ્રભુદાસ કાલીદાસ વ્યાસ

૧ ગદ-કાચ=Ultra Violet નો કાચ

હાસ્ય–સંગમ[1]

: પૃથ્વી :

પ્હણે પુનિત પર્વતાળ હિમ–માળ નિત્યે હમે
ધમે મતત, મંદમંદ હિમ–હાસ્ય ને એ લમે.
ઉભા અડગ એ અસીમ અવનિધરો રાજતા
અજેય, અપરાસ્ત ઉન્નત શિરે ઉંડું ગાજતા.

અહા અફર વીર ધીર ગુરૂ ગૌરવે ગર્જતા
ખુમારી પડકારતા, ઉપડતા વિરાટી અહા!
ડગેડગ પ્રમારતા પ્રસિત–હાસ્ય, આગે ધમે,
વિશિષ્ટ વિજયાશાની અમર હોંસ હૈયે વમે.

યગે સકળ–સાધને અણનમ્યાં મહા–માનવો
અને સ્ફટિક તારકો, શશિય સૂર્ય ને સિંધુઓ
હમે; વિજળી વ્યોમ–વાત ખખડાટ રૂંધાં મા હસે;
અને હિમગિરિતશુંય હિમ–હાસ્ય નીચે ધસે.

ગયાં; મસત માનવી મગન ત્યાં મહા– હાસમાં,
વહ્યાં વિરલ હાસ્ય સાહસ–મહેલના પ્હાણનાં[2]

પ્રભુદાસ કાલીદાસ વ્યાસ

૧ 'નંગા' પર્વત પરની ચડાઈ વર્ણવે છે.
૨ સાહસ મહેલના પાણારૂપ એ મહા-માનવોનાં.

મૂર્છના

જયદેવ દવે

અનુષ્ટુપ વસંતતિલકા

અરે, ના ! ના ! અરે, ના ! ના ! કદીએ પણ પૂછ ના !
સખા ! એ તો પડી ટેવ ગાંડાઈ મુજ ઘેલછા !

કો દી તરંગ ઉરમાં ઉછળી રહે છે,
ને ભાર કૈં અકથ આ ધસકાઈ આવે !
એ ભારથી હૃદય આ ઉછળે અહીં, કે
એ ભારને તરલ ઊર્મિ વહાવી લાવે !

સંસારના ભ્રમણશીલ અનુભવોથી,
માયાભરી મનુજલાગણીઓ થકી વા
શાથી ય કિંતુ ઉર આ ઉછળી રહે છે
આજે ય તેમ ઉર મુગ્ધ બન્યું નકી આ

આજે નથી તરલતા, પણ કાંઈ જૂની,
આજે નવો હૃદય ભાર વહી રહ્યું છે !
જૂનો નથી તરવરાટ સચેત પેલો
આજે બીજો જ ઉરમોજ વહી રહ્યો છે !

ના હાસ કે, રુદન એ પણ કાંઈ ના છે
નિર્વેદ શી કશીક ગૂઢ વ્યથા દમે છે

આ મુગ્ધ અંતરંગ શમાવવાને
ના તેન કો હૃદયસાગર ગાજતા છે !

આંસુ ગયા, ક્યહિં કે ઊડી ગયા સુકાઈ,
જે ઊભરાટ ઉરનો કરી શાંત દેતા
નિશ્ચિંત થૈ હૃદયભૂમિ મરુ સમાણી
અંકુર ના ઉમળકે તહીં ફૂટવાના !

વીતી વસંત ઉરપે નવ ખીલવી કૈં,
આશાભર્યાં સુમનઅંકુર ફૂલવી, ને
વીતી ગઈ પ્રખર ભીષ્મ નિદાઘ જોશે
સ્વપ્નાં તણા દૃગ મહીં ચિનગારી ચાંપી !

એ સ્વપ્નો ભડભડે દૃગનો અહીં ને
એ આગમાં હૃદય મૂર્છિત શું પડ્યું છે
વેરાનની ગભીર અબ્ધતા વહે આ
ત્યાં ગાન કે હૃદયના કલ્લોલ શા વા !

ઢંઢોળી પૂછતો શાને ઘા શા વૃથા ઉખેળતો ?
પડ્યું છો મૂર્છનામાં એ સખા ! પાણી ન છાંટતો !

કોના નૂપુર બાજે ?

સુરેશ ગાંધી

આજ કોના નૂપુર બાજે
ઉમા સખ્યા થઈ જો !

મૌન અખંડે સાધનાદ્વારે
બેસું જીવન યાગ વારે
કોની સોનાચુરી આજે
બાજે બાજે રે ?
ઉમા સખ્યા થઈ જો !

આજ નહિ વેગે ધસે
આજ નૌકાબંધન અમે
કોણ વ્યાકુળ પ્રાણે નાચે

ઉમા આનંદ માજે રે !
આજ સખ્યા થઈ જો !

ઓરે શેફાલી ફૂલ ઝૂરે
કોનું નૂતન મેં હણ્યું છુ રે
કોણ અરૂપ યૌવનવેશે ફરે
ક્યારે ક્યારે રે ?
ઉમા સખ્યા થઈ જો !

આજ હૃદયના અંતઃપુરે
કોના નૂપુર બાજે રે
ઉમા સખ્ય થઈ જો !

સમાજવાદ કે સમાજધર્મ?

શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળા

આ એક વિચાર કરવા જેવી વસ્તુ છે આપણને જગતમાં શાની પહેલી જરૂર છે—સમાજવાદની કે સમાજધર્મની? સર્વ લોકો સુખી થાઓ, કોઈ ગરીબ ન હો, સૌને આરોગ્ય, બળ, બુદ્ધિ, વિદ્યા, સંપત્તિ વગેરે સુખનાં સાધનો પ્રાપ્ત થાઓ, સર્વત્ર સમતા પ્રવર્તો વગેરે શુભેચ્છાઓ ઘણા પ્રાચીન કાળથી પ્રાર્થના, નાટકો વગેરેને અંતે પ્રગટ કરવાનો રિવાજ આપણામા ચાલી આવે છે. સારાંશ કે સમાજવાદના આ ધ્યેય સાથે કોઈ પણ સમજુ–વિવેકી માણસને વિરોધ હોઈ શકતો નથી સમાજમાં કોઈક પાસે અઢળક સંપત્તિ, અધિકાર, ઉચ્ચતાનો દરજ્જો અને ફુરસદ હોય, અને અગણિત લોકો અત્યંત પરિશ્રમ કરતાં છતાંયે તંગી અધીનતા, ભય અને 'જી–સાહેબ' કરીને જીવન વીતાડતા હોય એવી સામાજિક સ્થિતિથી કોઈ પણ વિવેકી માણસને સંતોષ ન લાગી શકે. કોઈ પણ આપણા કે પરદેશી મહાપુરુષે આવી સ્થિતિને વખાણી નથી કે એવો ઉપદેશ આપ્યો નથી એમ પણ ન કહેવાય કે આવા પુરુષો હંમેશાં અરણ્યમાં— સમાજથી અલગ પડીને જ— રહેનારા હતા. એમાંથી કેટલાક તો પોતે અને કેટલાકના શિષ્યો રાજસત્તા પ્રાપ્ત કરનારાયે હતા, અને આ ધ્યેયની દિશામાં કંઈક પ્રયત્ન પણ કર્યો હતો. વળી, અનેક પ્રકારના રાજ્યવ્યવસ્થાપણના પ્રયત્નો પણ આજ સુધી થઈ ચૂક્યા છે. એક વ્યક્તિની સત્તા, થોડા શ્રેષ્ઠ અને ઉદાર આશયો રાખનારા પુરુષોની સત્તા, સમગ્ર પ્રજાની સત્તા વગેરે અનેક પ્રકારનાં રાજ્યતંત્રોનો ઈતિહાસોમાંથી ઉલ્લેખ મળી આવે છે. છતાં, હજુ સુધી, મનુષ્ય જાતિ સમાનતાના આદર્શને વ્યવહારમાં સિદ્ધ કરવામાં સફળ નથી થઈ. આનું શું કારણ છે?

મને તો લાગે છે કે જ્યાં સુધી માનવહૃદયમાં સમાજધર્મનો ઉદય ન થાય ત્યાં સુધી સમાજવાદ–એટલે કે સમાનતાનો આદર્શ– અધિકારના બળ પર સ્થપાયેલાં રાજ્યતંત્રો દ્વારા સિદ્ધ થનારી વસ્તુ નથી હજુ સુધી માનવહૃદય એટલું સંસ્કારી થવા પામ્યું નથી કે તે પોતાનાં વ્યક્તિગત સુખ, સ્વાતંત્ર્ય, કીર્તિ, અધિકાર વગેરેની આકાંક્ષાઓને ભૂલી જ જાય અને સાર્વજનિક સુખને જ જીવનનું ધ્યેય બનાવે જ્યાં સુધી માનવહૃદયની આ સ્થિતિ છે, ત્યાં સુધી રાજ્યતંત્રનું બાહ્ય સ્વરૂપ ગમે તે હોય, તે દ્વારા સમાનતાની સિદ્ધિ થવી મને અસંભવનીય લાગે છે. ત્યાં સુધી ક્રાન્તિઓ દ્વારા એટલું જ થાય કે એક પક્ષના હાથમાંથી બીજો પક્ષ રાજ્યલક્ષ્મી છીનવી લે. થોડા દિવસ એ રાજ્યાધિકારનો સદુપયોગ કરે, પછી દુરુપયોગ કરવા માંડે અને છેવટે પોતાનો અધિકાર કાયમ રાખવા પ્રજાનું દમન કરે. જ્યાં સુધી માનવસમાજની સુવ્યવસ્થા બળના પાયા પર રચાયેલાં રાજ્યતંત્રો ઉપર અવલંબિત રહેશે ત્યાં

સુધી રાજ્યતંત્રનું બાહ્ય સ્વરૂપ ગમે તેવું ઘડો એમાંથી વર્ગહીન સમાજ ઉત્પન્ન થઈ જ નહિ' શકે માનવ જાતિમાં ઉત્પન્ન થતા વર્ગો ઈશ્વરનિર્મિત નથી, એટલે કે કુદરતના કાયદાથી અનિવાર્ય નથી પણ પાડોશીના અને પોતાના સુખ વચ્ચે વિરોધ આવતાં પોતાના સુખનો પહેલો ખ્યાલ કરવાની, અથવા પાડોશીનું સુખ વધારવા પોતાને કાંઈ વેઠવું ન પડે પણ બને તો એને ભોગે પોતાનો લાભ કરી લેવાની, અથવા કાંઈ પણ પરિશ્રમ કરવો ન પડે અને બધાં સુખો પ્રાપ્ત થઈ જાય એટલે કે પરિશ્રમ ન પડવામાં આનંદ માનવાની-વૃત્તિ માણસના હૃદયમાં જોર કરે છે ત્યાં સુધી તે સુખનાં સાધનો પર પોતાનો કબજો કરી લેવાનો અને એ કબજો જે રીતે કાયમ રહે તે બળ મેળવવાનો તે પ્રયત્ન કરતો જ રહેશે

ખાનગી મિલકત ન હોવાથી જ માણસ પ્રોલેટેરિયન– નિષ્કિંચન– નથી થતો જ્યાં સુધી માણસના હૃદયમાં એવી ઇચ્છા રમે છે કે પોતાની પાસે મોટી ખાનગી મિલકત થાય અને તે વધે ત્યાં સુધી તે ભલે આજે નિષ્કિંચન હોય એનું માનસ મૂડીવાદી જ છે આથી હું એમ પણ સૂચવવા નથી ઇચ્છતો કે નિષ્કિંચનતા એ કેવળ માનસિક ભાન જ છે, અને સ્થૂળરૂપે મિલકત ધરાવતા છતાં માનસિક નિષ્કિંચનતાનો દાવો કરી શકાય સાધારણ રીતે માનવહૃદયમાં મિલકત પર કબજો રાખવાની લાલસા એવી પ્રબળ માલૂમ પડે છે કે પોતાની સઘળી ખાનગી મિલકતનો ત્યાગ કર્યા પછીયે તેની વ્યવસ્થા અને ઉપયોગમાં એને આગ્રહભર્યો રસ રહે છે એટલું જ નહિ, પણ પછી તો બીજાઓની મિલકતની વ્યવસ્થા અને ઉપયોગ કરવાનો યે મોહ થઈ આવે છે તાત્પર્ય કે સંપત્તિ માનવહૃદય પર અજબ પ્રભાવ ધરાવે છે અને આ જ કારણથી નિષ્કિંચનતા સંપૂર્ણપણે સિદ્ધ થઈ શકતી નથી સાધારણ મનુષ્ય નિષ્કિંચનતાને કષ્ટમય સ્થિતિ જ સમજતો આવ્યો છે આદર્શ કે ઇષ્ટ સ્થિતિ નથી માનતો જ્યાં સુધી માનવ સમાજ આ પ્રકારનો રહે ત્યાં સુધી કાયમ માટે નિષ્કિંચન-વર્ગહીન-સમાજ સ્થાપી શકાશે નહિ

વળી જ્યાં સુધી મનુષ્ય દેહ પર પરિશ્રમને આપત્તિ સમજવાનો અને તેમાંથી જાતને બચાવી લેવામાં સુખ માનવાનો સંસ્કાર જોર કરે છે, ત્યાં સુધી પણ વર્ગહીન સમાજ કાયમ થવો અશક્ય લાગે છે જીવનનિર્વાહના આવશ્યક પદાર્થોને શરીરબળ ખર્ચીને નિર્માણ કરવા કે યંત્રબળથી– એ, મારી દૃષ્ટિએ, ગૌણ પ્રશ્ન છે પરિસ્થિતિ પ્રમાણે જુદે જુદે સમયે યંત્રના ઉપયોગની મર્યાદા નક્કી કરવાનો જ એ સવાલ છે પણ મુખ્ય વાત તો એ છે કે શરીરબળનો અધિક ઉપયોગ કરીએ કે યંત્રબળનો કરીએ, જીવનનિર્વાહ માટેના આવશ્યક પદાર્થો પેદા કર્યા વિના તો ચાલવાનું નથી જ એટલે કે અન્ન, વસ્ત્ર, મકાન રસ્તા, રોશની, સફાઈ બાળ તથા અપંગનું પાલન શિક્ષણ વગેરેની વ્યવસ્થા કરવી જ પડશે આમાંનાં ઘણાં કામો એક બટન દાબવાથી જ થનારાં હોય તોયે એટલું બટન દાબવાની મહેનત અને ચિંતા તો કોઈએ કરવી જ પડશે પણ પરિશ્રમને દુઃખ માનવાનો સંસ્કાર જ્યારે દૃઢ થયો હોય છે ત્યારે બટન દાબવાની મહેનત અને ચિંતામાં પણ અકળામણ લાગે છે અને એટલુંયે કોઈ બીજો કરે અને પોતે આરામ લે અથવા કોઈ 'વધારે મહત્ત્વનું ' કામ કરે એમ માણસ ઇચ્છા કરે છે ઊઠીને માટલામાંથી પાણી લેવું કે પોતાના બૂટની દોરી છોડવી એ કાંઈ બહુ ભારે પરિશ્રમની વાત તો નથી પણ એમાંયે માણસને તકલીફ લાગે છે સ્ત્રી કે છોકરો કે નોકર એટલું કરી આપે એમ ઇચ્છે છે સૂવું તો દરેક માણસને ગમે છે અને તોયે આરામથી પણ ઇચ્છા એ રહે છે કે બિછાનું કોઈ બીજો માણસ તૈયાર કરી દે તો સારું કે જેથી પોતે તેટલા વખતમાં શ્રમજીવીઓની હાલત પર એકાદ લેખ કે કવિતાની ચાર લીટી લખી શકે!

છતાં એમ નથી કે માણસને શરીરશ્રમ ગમતો જ નથી એમ તો એ દંડ બેઠક, કુસ્તી વગેરેનો વ્યાયામ કરવા અને પગે મુસાફરી કરવા તૈયાર થઈ જાય છે પણ અજાયબી એ છે કે જે વસ્તુઓ પર માણસનું જીવન નભે છે, તે માટે થોડો પણ શ્રમ ઉઠાવવામાં એને કષ્ટ લાગે છે। મિત્રો જોડે ગપ્પાં મારવા એ આખી

રાત જાગરણ કરશે, પણ ખેતરની રખવાળી માટે કોઇ બીજો મળી જાય તો સારુ એમ ઇચ્છશે।

ત્યાં, હકીકત એ છે કે જ્યાં સુધી સંકલ્પ માત્રથી જીવનનિર્વાહના સર્વ સાધનો પ્રાપ્ત કરવાની શક્તિ માણસ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી કોઇકને કોઇક પરિશ્રમ તો એક નહિ તો બીજાએ કરવો જ પડવાનો, અને પરિશ્રમનો જ્યાં સુધી તે આપત્તિ લેખશે, ત્યાં સુધી એનો ભાર કોઇ બીજા પર ઢોળવા એ પ્રયત્ન કરતો રહેશે જ. આનું જ નામ વર્ગ ઉભો કરવાનો પ્રયત્ન

વળી, બળદ્વારા અમુક વ્યવસ્થા નિર્માણ કરવા પર જેમનો વિશ્વાસ છે, તેમને માટે છેવટે 'ડિક્ટેટરશિપ' સુધી પહોંચી જવું અનિવાર્ય છે આજે દસ જણ માને છે કે બીજા લોકો કરતાં પોતે વધારે ડાહ્યા છે પ્રજાનો મોટો ભાગ મૂર્ખ અને જડ છે, શામાં પોતાનું કલ્યાણ છે તે તેઓ સમજતા નથી જે થોડા લોકો તેમનો વિરોધ કરે છે તેઓ તો કાં તો સ્વાર્થી છે, અથવા તો મૂર્ખ અને જડ ઉપરાંત હઠી પણ છે આથી લોકના કલ્યાણ માટે એ વિરોધીઓને દાબી દઇ પોતાના હાથમાં સત્તા લઇ લેવા તેઓ ઇચ્છે છે આ રીતે એ દસ જણા અધિકાર હાથ કરે છે અને લોક કલ્યાણના ઉપાય અજમાવવા બેસે છે ધીરે ધીરે એ દસની સમિતિને લાગવા માંડે છે કે એમની બધાની બુદ્ધિ પણ એક સરખી ઊંડી નથી આથી, કોઇ એકના મન પ્રમાણે ચાલવું આવશ્યક છે ઘણાખરા અધિકારો એને સોંપી દઈ બીજાઓએ એને વફાદારીથી તાબે રહેવાની જરૂર છે આ રીતે 'ડિક્ટેટરશિપ' ઉત્પન્ન થાય છે અને જેમ જનકલ્યાણને નામે વિરોધીઓને દાબી દેવાનું તેમને આવશ્યક લાગ્યું, તેમ એ 'ડિક્ટેટર'નો એ દસમાંની કોઇ વિરોધ કરે તો તેનું યે જનકલ્યાણને નામે દમન કરવાનું આવશ્યક લાગે છે મતલબ કે જ્યાં સુધી કોઇ વર્ગ જનકલ્યાણના કે પોતાના હેતુની સિદ્ધિના ઉપાય તરીકે માનવ સંસ્કારોમાં પરિવર્તન કરવા પર નહિ પણ બળાત્કાર કરવાની શક્તિપર શ્રદ્ધા રાખે છે, ત્યાંસુધી જુદી 'ડિક્ટેટરશિપ', તેને પરિણામે એક બળવાન પક્ષનું પ્રભુત્વ અને, અન્તે, વર્ગ નિર્માણ થયા વિના રહેવાનાં નહિ

સમાજવાદના મૂળ ધ્યેયનો વિરોધ કરવા કે વર્તમાન વ્યવસ્થાનું સમર્થન કરવા હું આ વિચારો રજૂ કરતો નથી પણ મારો દૃઢ વિશ્વાસ બંધાયો છે કે બળાત્કારના પાયા પર ઉભી કરેલી કોઇપણ રાજ્ય પ્રણાલિકા માનવ જાતિને પોતાના અંતિમ ધ્યેય પર ન પહોંચાડી શકશે નહિ છતાં, વર્તમાન વ્યવસ્થાને તો ઉડવું પડવાનું જ છે પણ મારો લખવાનો હેતુ તો સમાજવાદીને એવા વિચારોમાં હજુ વધારે ઊંડા ઊતરવાની જરૂર છે એ વાત પર એનું ધ્યાન ખેંચવાનો છે બાહ્ય પરિવર્તનોથી —તે ક્રાન્તિકારી હોય તોયે—કામ નહીં થાય કેવળ અમુક સ્વરૂપનું રાજ્ય બંધારણ ઘડવાની કે અર્થ વ્યવસ્થા કરવાની આ વાત નથી, પણ માનવ સંસ્કારોનું પરિવર્તન કરવાની છે સમાજવાદનું ધ્યેય સફળ કરવા માટે મનુષ્યને વ્યક્તિવાદી મટી સમાજધર્મી થવું જોઇશે પડોશીનું ગમે તે થાય પોતાના વિકાસ ભોગ આરામ, યશ, મોક્ષ વગેરે સિદ્ધ કરી લેવા એ વ્યક્તિધર્મ નથી પણ વ્યક્તિવાદ છે પોતાનું ગમે તે થાય, પણ પડોશીના વિકાસ, ભોગ, આરામ યશ, મોક્ષ વગેરે સિદ્ધ થાય, અને પોતાના વિકાસ, ભોગ, આરામ, યશ, મોક્ષ વગેરેના પ્રયત્નદ્વારા પડોશીને લાભ થાય એ સમાજવાદ નથી પણ સમાજધર્મ છે સમાજધર્મી પરિશ્રમને આફત નહિ સમજે મને લાગે છે કે પરિશ્રમને આફત સમજવો એ વ્યક્તિવાદ છે પરિશ્રમ કરવાની અશક્તિને આફત અને શક્તિને વિભૂતિ સમજવી એ વ્યક્તિધર્મ છે[1]

આપણે શું ઇચ્છીએ છીએ—સમાજવાદ કે સમાજધર્મ?

---

1 ધર્મ શબ્દ અહીં બધે 'લક્ષણ'ના અર્થમાં નહિ, પણ કર્તવ્યનિષ્ઠાના અર્થમાં સમજવો.

ઉર્વશીનું અવસાન

'રોલ્ક

ચારુ પ્રભા સૌમ્ય મુખારવિંદની
બીજેન્દુ શી પાંપણ લોચનોની
કન્યા હતી ધોરણમાં અમારા,
સંધ્યા શી ઘેરા નવરંગી ઓઢણી
ને જાંબુડી ઘાઘરી કોર કેસરી
પ્હેરી નિશાળે નિત મોડી આવતી
કાનો કનેથી સરકી રૂપાળા
કેશો તણી સુંદર ઊતરન્તી
સ્કન્ધેથી તેના કટિ ઠેઠ સુધિ.

ને ખૂંસતી પ્રથમ પુષ્પ સુકોમળાં તે
આવી સમીપ મુજ ટેબલ પે હસીને

ના પૂછું હું થયું કેમ મોડું ?
લે પુષ્પ, સૂંઘું; ઉર ચેતનામયી
થાતું ત્વરાથી ખુરશી ત્યજી દઈ
શિખાવતો પાઠ સમીપ આવીને
ઊભો રહીને

કન્યા તણું કુસુમ કિન્તુ કરેજ રે'તું
ભૂલતો ત્યાજ સર્વે ત્રુટિ ઉરતણાં ગીત જાગતાં અજાણ્યાં.

•

નિત્ય ક્રમે એમ પ્રસન્ન માં
સોકાર્દ હેતુ કુસુમો નિમજ્જન
રે'તું સ્મરીને મુખ કન્યકાનું.
કૈ માસ વિત્યા અમ બેય વચ્ચે
અન્યોન્યના ઉરની સૂચના કરી
એનો ગુરુ હું,

ને એ ગુરુ'ની અવનેય માદરે
ભૂલાવતા શોક વણો દિનાસ્તના
ને કૈંક વેળા લખી હું ય લેતો
કાવ્યોર્મિ મહે સ્મિતને રમાડતો
પ્રફુલ્લ ચિત્તે સહુ શિષ્ય સદ્મમાં
એનું હતું સ્થાન અનુપમું મને

•

નાની પરન્તુ કની એક દી' તે
ને ઉર મહે ઘર ચિતના રમી,
વસંતની કોમળ નતનાવલી
હતી ચકોરે મન મુગ્ધ ભાસતી
ને બાગ બારી ખુરશી મહીં રહી
કન્યા તણું સુસ્મિત પુષ્પ પુષ્પ
નાદબ્ય જાણે રમતું હતું કીડું.

ને વીતતાં દિવસ માન મ્હાલ્યું તાને,
'નોંધી આ ફી લઈને રજીસ્ટર પરથી કન્યકા ઉર્વશી
નાખજો નામ કાઢી'

રજા અપોરે અડધા કલાકની
હતી પડીને, પુરી સદ્ય થાતાં,
સર્વે પ્રવેશ્યા મુજ વર્ગમાં શિશુ

—ને એક બોલી નિકટાન્તરે ઊભી,
'મરી ઉર્વશી ગઈ પરમ દિવસે આપ !'

•

નામ છેક્યું હતું, સ્તબ્ધ બેઠો હતો
શોક વા સ્મૃતિની મૂર્તિને પૂજતો
એકલો હું હતો વિશ્વ ન્હોતું ત્યહીં
સૂણતો સૂર ચિર એક વીણા તણો
મૃત્યુની ઉર્વશી

પૂર્વની સ્મૃતિના ચિહ્ન મૂકી ગઈ
દિવ્ય દેહાન્તરે ગૂઢ સૂક્ષ્મે વસી
કાવ્યની કન્દરાને ભરી શોકથી
ચાલી અનંતના બેનરે ખૂલતી,

જેમ જાતિ હતી વર્ગમાંથી ઘરે
પાઠ ગીતા શિખ્યા હાશ ગાતી ઉરે
સીમ વિતી ગઈ, શૂન્ય દેશે વસી
ના રહી મૂર્ત ક્ષિતિજ તે દેશની

એ જતાં એક આ પૃથ્વીને વ્યોમ આ
સ્વપ્નો, કાવ્યમાં બે વસ્યાં એક થૈ
કે નથી લોક પરલોક આ વિશ્વમાં,
એક આનંત્યની સાંકળે ઝૂલતાં

સર્વ આત્મા વસી ભિન્ન દેહાન્તરે
દેહ દેહે વસે આત્મ આ દેવનાં
દુનિયે દુનિયે પાર પરી-પરે,
જ્યાં મળે યે સ્મ મહત્વાગ દષ્ટિ-સીમે

ને અનંતતાની રે શૂન્ય અવકાશમાં
મૃત્યુના વાદ્યના સૂર ગુંજી રહ્યા
હાય ! તે સર્જના ગીત ડૂબી ગયાં

•

ત્યાં ઘોંઘાટ વધ્યો વર્ગે, ચિત્ત શાન્તથી ગૌતમ
'શાંત થાઓ ! બધો શાન્તો' હાશ! એ દુનિયા હજ

ત્રણ પગલાં

શ્રી કાંત

એમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ જ નથી. ત્રણ વર્ષના લગ્નજીવનના અનુભવ ઉપરથી અને એ વખતે મારાં પગલાં ઉપર હસતા મિત્રોની વર્તમાન દશા નિહાળીને હું કહું છું કે મેં જે પગલું ભર્યું હતું તે સાચું હતું, બુદ્ધિયુક્ત હતું. દુનિયામાં જીવવા ઇચ્છનાર માણસે એમ જ કરવું જોઇએ

હું જાણું છું કે મારું પગલું કોઇને હૃદય હલમલાવી દે એવી વાર્તાનું વસ્તુ ન આપી શકે, પણ જીંદગી કંઇ સારી વાર્તા આપવા માટે નથી જીવી શકાતી! મેં લગ્ન ન કર્યાં હોત તો જરૂર મારું પાત્ર આ દુનિયાના લોકોને વધુ આકર્ષક લાગત. લગ્ન ન કરવાને પરિણામે હું બુદ્ધ જેવો ત્યાગી બનત તો લોકો મને પૂજત, મજનુ જેવો ઘાયલ બનત તો લોકો મારા માટે આફરીન પુકારત. દેવદાસ જેવો પાગલ અને શરાબી બનત તો લોકો મારા પ્રત્યે સમભાવ કેળવત, અને એ ત્રણેય દશા લોકોનાં કલેજાંને જરૂર વલોવી નાખત. અને એથી હું લોકલાગણીને કેટલી ખેંચી શકત? મારા નામને હું કેવું અમર કરી શકત! પણ હું શું કરું? નાનપણથી જ કે પછી પૂર્વજન્મના કર્મને જોરે મારામાં એવાં તત્વો પેસી ગયાં હશે કે જે તત્વોએ મને મારા હૃદયભંગના દિવસો પછી ધીમે ધીમે આ સુંદર લાગતા જગતની વાસ્તવિકતાનું બરાબર ભાન કરાવી દીધું. મને થયું કે બુદ્ધ થવાનું ગજું નથી અને ગજું હોય તો યે એમાં રમના ઘૂંટડા રહ્યા છે કે કેમ એનો અનુભવ નથી. મજનુના વિરહની વાતો સાંભળવામાં ને ચિત્રો જોવામાં તો હું યે સૌની પેઠે રસ લૂંટી શકતો હતો પરંતુ એવા થવામાં હૃદયના તારેતાર ખેંચવા પડે એમ હતા. મને અંદરથી એવા તાર ખેંચવાનું જોમ ઉઠતું હોય તો તો ઠીક પણ જગતનાટકનું એક સુંદર પાત્ર બનવા ખાતર શા માટે મારે આંતરડાંને ખેંચવાં! અને દેવદાસ થવામાં મને કશો સાર જ નહોતો લાગ્યો. દુનિયામાં દેવદાસ, પાર્વતી ને ચંદ્રા જ અસ્તિત્વ ધરાવતાં હોત તો તો મને દેવદાસ થવામાં વાંધો નહોતો પરંતુ આ દુનિયામાં તો માણસોની ભીડાભીડ હતી. મને થયું કે મારે મારી પાર્વતીનો જ નહિ, પણ હું પચીસ વરસનો થયો ત્યાં સુધીમાં મારું જેટલું જગત રચાયું એનો યે મારે વિચાર કરવો જોઇએ. અને હું સાવ ધ્યેયહીન જીવન જીવનારો યે ક્યાં હતો કે પ્રેમભગ્ન થતાં જ મારું કાળજું તૂટી પડે! અને જે તૂટી પડયું નહોતું એવા ખારાપાટ જેવા કાળજામાં ફરીને અંકુર ફૂટશે એવું હું ક્યાં જાણતો હતો?

આ તો બધું મેં મારા ત્રીજાં પગલાંના સમર્થનમાં કહ્યું. એ પહેલાંના બે પગલાંમાં તો ઘણું ઘણું આવી જાય છે. પ્રેમના મનોરમ સ્વપ્નાઓ, વિરહનું મીઠું દર્દ, લગ્નનો અને ફરી

લાગ્યો અને પ્રેમનોયે મેં બહુ ભરોસો ન રાખ્યો. પ્રેમીઓ સામાન્ય રીતે આંખો બંધ કરીને ચાલે છે અથવા તો એમની આંખો ભર્યા જગતમાં એક જ વસ્તુ જોઇ શકે છે, મારું એવું ન થયું. અને એટલા જ ઉપરથી તમે મને પ્રેમીઓની જમાતમાં બેસવાની મનાઇ ફરમાવો તો મારાથી ફરીઆદ થઇ શકે નહિ.

પણ રખે માનતા કે મેં એ ઘાયલ સ્થિતિનો સ્વાદ પણ નહિ ચાખ્યો હોય. એ સ્વાદ મેં ચાખ્યો છે. અંગે અંગે આગ લાગે અને પ્રાતઃકાળના શિતળ પવનમાંયે બળું બળું થયા કરે એ સ્થિતિ તો જાણે નીચી ભૂમિકાની કહેવાય પણ હૈયું અરણ્ય સમું વેરાન ભાસે એ સ્થિતિને તમે શું કહેશો ? કંઇ સુઝે નહિ, ક્યાંય ચેન પડે નહિ, જે ભૂલવા મથું છતાં ભૂલી શકું નહિ એ સ્થિતિ તો પ્રેમીની ખરીને ?

પણ હું તો દૂરની વાતે ઉતરી ગયો. મારા પ્રથમ પગલાંની વાત જ હજી અધૂરી છે. જૂઓ, મારી શશી અને હું જેમ જેમ સહવાસમાં આવતાં ગયાં તેમ તેમ અમારાં બંનેના–ના, મારા એકલાંના, જો કે હું તો માનું છું કે અમારાં બંનેનાં, પણ શશી એ વાતનો ઇન્કાર ભણે છે અને કહે છે કે પ્રેમનું ઝરણું એનાં હૃદયમાં ફૂટયું જ નહોતું. આપણે અત્યારે ક્યાં સત્યને સિધ્ધ કરવું છે ! હું શશીની એ વાત કબૂલી લઇને જ આગળ ચલાવું.

અને મને એ કેટલી સુંદર લાગતી હતી ! મેં તમારી પાસે નિસર્ગદેવીનું વર્ણન કર્યું ને, એ તો મારી શશીનું પ્રતિબિંબ જ માત્ર હતું ! નિસર્ગદેવીની સુંદરતા સ્વયંભુ હોય તો આજે યે મને એ સુંદર ન લાગે ? તમે ભલેને ના પાડો. હું તો માનું છું કે મારી શશીનું અને કંઇક અંશે મારૂં એટલે અમારાં બંનેનાં હૃદયનું દસે દિશાએ મનોહર પ્રતિબિંબ ઉઠયું હતું. એટલે જ ઝાડના ખખડતાં પાંદડામાંથી સંગીતના સૂર ઉઠતા હતા અને સંધ્યાના રીંટાઇ જતા પ્રકાશમાંથી શિતળ તેજની સરણીઓ છુટતી હતી. તમને નથી લાગતું કે નદીની બેખડો વચ્ચેનો પવનનો સુસવાટ અમારા સાનિધ્ય વિના ભયંકર લાગ્યો હોત !

આટલા ઉપરથી તમે સમજી શકયા હશો કે મારી શશી બાહ્યાંતર સુંદર હતી. એ હસતી ત્યારે પેલા કવિની પંકતિઓ મને યાદ આવતીઃ

ઊંઘમાં હોઉં ત્યારે ઉષા આવતી
કોઇ જાણે નહિ તેમ બોલાવતી;
શ્વેત આકાશને રંગવું શી રીતે ?
પ્રશ્ન આ નિત્ય મારી કને લાવતી.

હું હસું: સ્મિતના લાખ જ્યોતિ કણો
છાબડીમાં ભરીને ઉષા લૈ જતી,
છેક નીચી નમી પક્ષ્મની પીંછીએ
પૃથ્વીને પાટલે સાથિયા ચિતરતી.[1]

અને આટલું જ નહોતું. શશી મારા જીવનમાર્ગમાં મદદગાર થાય એવી પણ હતી. એ કહેતી કે વિકટમાં વિકટ પથે પણ હું તમારા સાથે જ ચાલીશ. મારા જીવનપંથમાં ગુલાબો તો નહોતા વેર્યા એ શશી જાણતી હતી અને ગુલાબથી ખેંચાય એવી એ નહોતી એટલું હું પણ જાણતો હતો. એના મિલનથી હું મને ધન્ય માનવા લાગ્યો. મનમાં જે અસ્પષ્ટ હતું તે બે વર્ષો વીત્યા પછી સાવ સ્પષ્ટ થઇ ગયું હતું. અમારી આંખની મૂંગી ભાષા હવે વાણીમાં ઉતરી ગઇ હતી અને અમે એકમેકને સમજવાં લાગ્યાં હતાં. એ દિવસોમાં અમે એક બીજાને કેટલાં ભાગ્યવાન માનતાં હતાં ! અમારાં માંગલ્યને અભડાવે એવો એક પણ સંયોગ નહોતો. અમારી આસપાસની દુનિયા અમારા પ્રેમ ઉપર આશીર્વાદ વરસાવતી હતી.

શશી સાથે લાગલાગટ બે વરસ સુધી મેં આ સ્થિતિ માણી હતી. મને તો સ્વપ્ને ય ખ્યાલ નહોતો કે એક દિવસ હું એવું સાંભળીશ કે 'મને એવું હતું જ નહિ.' આજ તો એ હૃદયવિદારક શબ્દો સાંભળ્યાને પાંચ વરસ વહી ગયા. મેં એ ભેદને ઉકેલવા માટે આ પાંચ વરસમાં અનેક વખત પ્રયત્નો કર્યા છે પણ હજી મને પૂરેપૂરો ઉકેલ નથી મળ્યો. કયારેક એમ લાગે છે કે શશીએ મને જ જોયો હતો એટલે કદાચ મને જ પ્રેમ કરતી

[1] ઇન્દુલાલ ગાંધી કૃત 'ખંડિત મૂર્તિઓ' માંથી.

હોય ! કદાચ એ દિવસોની પ્રેમની ભરતીમાં મારા જીવનની વાસ્તવિકતાને એ ન પામી શકી હોય જેમ હું એને પિછાનું છું એના ભ્રમમાં હતો એમ જ એ પણ મારા હૃદય આડે પડદો ન હોવા છતાં હૃદયની એક બાજુને જ નિહાળી શકતી હોય અને વખત જતાં એ બીજી દુનિયાને જોવા લાગી હોય, કંપવા લાગી હોય ગાઢ સમાગમથી કોઈ કોઈ ક્ષણે મારા જીવનની વાસ્તવિકતાનું એ દર્શન કરી જતી હોય અને ક્યારેક હૃદય-પ્રદેશના ન જોએલા ખાડા ટેકરાની એ ઝાંખી કરી જતી હોય ગમે તેમ હોય મને ઘણા વિચારને અંતે આ સિવાયના કોઈ કારણો સૂઝતા નથી નહિ તો જે મને ન જોતાં વ્યાકુળ બની જતી મારી આંખ સાથે આંખ મળતાં જેની પગની ધરતીથી જાણે લગીર ઉપર આવી જતી અને જેને રોમરોમ એકાકાર થઈ જવાનો ભાવ પ્રગટી ઉઠતો એ એવું કેમ બોલી શકે ?

શશી નવા યુગની હવાને ઝીલનારી હતી પણ એમાંથી એ સુગંધ જ લેતી હતી બીજાને આંજવાની વૃત્તિ એનામાં કોઈ દિવસ હતી જ નહિ હું એમ પણ મન મનાવી શકું એમ નહોતો કે એ બીજા કોઈ તરફ આકર્ષાઈ હશે કારણ કે એ અત્યંત વફાદાર હતી મારે સત્યના રક્ષણ ખાતર અને શશીને ન્યાય આપવાને ખાતર કહેવું જોઈએ કે જે દિવસે એણે મારા પાસેથી વિદાય લીધી તે દિવસે એના મો ઉપર હાનો ઉલ્લાસ નહોતો કોઈ નવીન પ્રદેશમાં જવાનો ઉમળકો કે થનગનાટ નહોતો એના મો ઉપર વિષાદ અને મારા પ્રત્યેની અનુકંપા જ સ્પષ્ટ દેખાતી હતી ત્યારે પણ એ મારા ઉપર પ્રેમ તો કરતી હતી પણ એ પ્રેમનું રૂપ જ બદલાઈ ગયું હતું એમાં ઝગઝગનો પ્રકાશ નહોતો પણ હું દૂર ઊભા ઊભા દર્શન કરી પાવન થાઉં એવા શાંત તેજ જ હતું હું મારા દુઃખને મારો એને અન્યાય નહિ કરું

એ મારા સાથે મધુ બોલતી અને હૃદયની એકે એક વસ્તુ મને બતાવતી પણ જ્યારથી એણે મારા પાસેથી વિદાય માગી ત્યારથી એ મારા પાસે મધુ બોલી જ નહિ મેં વિદાય માટે એને ઘણા કારણો પૂછ્યા અને એના ગુનામ ઘણને રહેવાની મેં તૈયારી બતાવી પણ આશ્ચર્ય તો એ બન્યું કે જેમ જેમ હું લાચાર યાચક બનતો ગયો તેમ તેમ એ મારા ઉપર પ્રેમ કરવાને બદલે અકળાવા લાગી કોઈક વખત તો મને એમ પણ લાગ્યું કે મારી લાગણીનો આ પ્રવાહ એના હૃદયને ભીંજવવાને બદલે એની આંખની અનુકંપાને પણ ધોઈ નાખશે

આજે તો જે સ્થિતિ મારી છે તે સ્થિતિ શશીની પણ છે એ પણ મારા જેવું જ સંતોષી જીવન જીવી રહી છે સદ્ભાગ્યે એને પણ એના આદર્શોને પોષે એવો સહચર મળ્યો છે અમારા બન્ને વચ્ચે મીઠો સંબંધ પણ છે પરંતુ મારે કહેવું તો એ છે કે શશી જેને હું મારા પ્રાણથી અધિક ચહાતો તેના વિના હું જીવી કેમ શક્યો ? મિત્રોને એ હજી યે આશ્ચર્ય રહ્યું છે મને એ આશ્ચર્ય પામતા મિત્રોનો એમાં દોષ નથી જણાતો કારણ કે દેખીતી રીતે મારું જીવું પગનું પ્રથમના મને પગલાની વિરુદ્ધનું હતું પણ મારે કહેવું છે કે એ પગનું મારી જીવનયાત્રા માટે આવશ્યક જ હતું

× × ×

મારા જીવનમાં શશીની વિદાય ધરતીકંપની પેઠે તો નહોતી આવી પણ મને આંચકો તો એ પ્રકારનો જ લાગ્યો હતો છેલ્લા કેટલાક વખતથી એ મારા જેટલો ઉલ્લાસ નહોતી અનુભવી શકતી પણ એ વિચારને મેં કોઈ દિવસ ગંભીર રૂપ નહોતું આપ્યું પરંતુ જે દિવસે લગ્નની તિથિ નક્કી કરવા હું એની સાથે બેઠો તે દિવસે એણે છેલ્લા મહિનાઓમાં કણ કણ કરી જે સંઘર્યું હતું તે મારા સામે ધરી દીધું હું ચોકી ઉઠ્યો ક્ષણભર સ્તબ્ધ બની આખરે હું એના ખોળામાં માથું મૂકી રડી પડ્યો મેં જોયું કે એ ઘણી દુઃખ પામી એણે મને પંપાળ્યો હું એના પ્રેમના સ્પર્શમાંથી આશા મેળવવા લાગ્યો પણ એ આશા જુદી નીવડી હું એની પાસે રડ્યો કરતો ને એનાથી દૂર જઈ મારા આધાર અને ઉત્સાહ લૂંટાયા પણ અનુકંપા સિવાય હું કંઈ ન મેળવી શક્યો મારું હૃદય ભીંજવા લાગ્યું

જીવનનો તમામ રસ સુકાઇ જવા લાગ્યો. મિત્રની મૈત્રી રસહીન લાગવા માંડી. તમામ કર્તવ્ય નિષ્ફળ જણાવા લાગ્યું. જીવનની આશા ને મહત્ત્વાકાંક્ષાના દીવડાઓ બુઝાઇ જવા લાગ્યા.

એ દિવસો દુઃખના હતા. દુઃખના દિવસોમાં કહેવાય છે કે મિત્રો ને વહાલાંઓ તજી જાય છે, પણ એવું મારે નહોતું. મિત્રોનો પ્રેમાળ હાથ મારા વાંસા ઉપર ફરતો જ હતો અને આશાભર્યા શબ્દો મારા કાનમાં રેડાતા હતા, પરંતુ ચિત્તમાં શાંતિ નહોતી થતી મેં માન્યું જ નહોતું કે હું હૃદયનો આટલો - બધો નિર્બળ નીકળીશ. હું એમ માનતો અને કહ્યા કરતો કે હું તો આ પ્રકૃતિને ખાતર જીવી રહ્યો છું, એ જ મારું જીવનતત્ત્વ છે. એ કોઈ ખૂંચવી લ્યે તો નિર્જીવ ખોળીઉં જ બની જાઉં. પણ એ કેટલું ખોટું હતું! શશી જતાં મારી તમામ શુભાશુભ વાસનાઓ જાણે નાશ પામી.

ચિત્ત બધીર જેવી સ્થિતિ ભોગવતું હતું, છતાં એની સાથે લડતાં ઝગડતાં જે હું વિચારતો હતો તે ઉપરથી પણ લાગતું હતું કે જીવન અસહ્ય છે. મને થવા લાગ્યું કે આ રીતે જીવવું એ કરતાં તો જીવનનો અંત આણવો એ જ સારૂં. મિત્રો મારા પાસે જીવનની ઊંચી અભિલાષાઓની વાત મૂકતા. મારા પ્રેમને બુધ્ધના વિશ્વપ્રેમના રૂપમાં પલટાવી નાખવાની પ્રેરણા આપતા પરંતુ મારા દિલ સુધી એ વાત પહોંચતી નહોતી. ત્યાં મજનુ થવાની તમન્ના હતી. કયારેક દેવદાસ થવાનો ભાવ જાગી ઉઠતો, પણ સૌથી બળવાન ભાવના સમાધિસ્થ થઇ જવાની હતી. એક વાત તો હું એ દિવસોમાં પણ સમજતો હતો કે અહેતુક જીવન જીવવા કરતાં મરવામાં વધુ કલ્યાણ છે. મને એમ પણ થતું કે હૃદય ઉપર આટલો બોજો ઉચકીને જીવનનો પંથ નહિ કાપી શકાય તો પછી ન છુટી શકે એવા બોજા સાથે હૃદયને જ શામાટે નિશ્ચેષ્ટ ન બનાવી દેવું?

અને હું આત્મહત્યાના ભયાનક વિચારો કરવા લાગ્યો. લગ્નજીવનનું પહેલું પગલું ભરાઈ ગયું હતું. આ બીજું પગલું હતું. એ પગલાંની જાણ શશીને થઇ ત્યારે એ ફફડી ઊઠી. મને બચાવવા ખાતર એ બિચારી હૃદયના ઊંડા પ્રવાહોને પાછા વાળવા તૈયાર થઇ, પણ એ મને યોગ્ય જ ન લાગ્યું. મેં કોઇ મિત્રોને તો નહોતુ જણાવ્યું પણ શશીને જણાવ્યું એટલાથી મને કંઈક એવું ભાન થયું કે દુનિયામાં હજીયે એવાં કોઇક છે કે જે મારૂં અસ્તિત્વ ઇચ્છે છે. આજે હું સમજું છું કે એથી ઉંધુ સમજવામાં મારી ઘેલછા જ હતી, પણ આ તો એ દિવસની વાત છે કે જે દિવસના પ્રકાશને આજે હું અંધકાર તરીકે ઓળખતો થયો છું.

શશીએ છેવટે મારા પાસેથી આત્મહત્યા ન કરવાનું વચન લીધું અને એ દિવસથી હૈયા ઉપર રાખ વાળી દઇને પ્રવૃત્તિમાં મચી જવાનો મેં નિશ્ચય કર્યો. આ નિશ્ચય પછી આત્મહત્યાની નબળાઇનો વિચાર મેં અંતિ નીકટના મિત્રો પાસે એક જૂની વાત કરતો હોઉં એમ મેં મૂક્યો. એ સૌએ મારા પ્રત્યે સમભાવપૂર્વક જોયું અને મારામાં સંપૂર્ણ રીતે જીવનરસ પ્રગટી ઉઠે એવો એ પ્રયત્ન કરવા લાગ્યા.

આત્મહત્યાનો વિચાર દૂર થયા પછી મારામાં ફરીર થઇને જીવવાનો વિચાર દાખલ થયો હતો. મનમાં એવું પણ માનતો હતો કે 'શશીનો સ્થુળ સંબંધ ભલે મેં ગુમાવ્યો એનાં સૂક્ષ્મ સાથે મારાં અંતરતારને હું જોડી રાખીશ. એનાં ચિંતનમાં હું રસ લઇશ. એનું કલ્યાણ થાય એવી અહર્નિશ પ્રાર્થના કરીશ. હું એનો છું તે આખા જીવનપર્યંત એનો જ રહીશ.' તે દિવસે એ વિચારો મને બળ આપતા હતા. અને જે મિત્રો એ જાણતા તે મારા પ્રેમ ઉપર ધન્ય પોકારતા. એને એ પ્રેમ અને એ ધન્યતા મને જીવનરસ પૂરો પાડવામાં મદદગાર થવા લાગ્યા.

લગભગ એક વરસ વીતી ગયું. હૃદયનો ઘા લગીર પણ રૂઝાયો નથી એમ હું માનતો હતો. કોઇ કોઇ પીઢ સ્વજનોને લાગતું હતું કે "હવે હું લગ્ન કરીને સુખી થાઉં તો સારૂં. આમ ને આમ જીંદગી નહિ ખેંચી શકાય." હું એમની સૂચનાને નિર્દયતાથી પાછી

કહેતો અને એમને વિનતિ કરતો કે 'મારા આગા ધાને ન અડકો' પરંતુ નથી જાણતો કે ક્યાંથી કોઈક વરસ વીત્યા પછી એ વિચાર ધીમે, અતિ ધીમે મનમાં પ્રસરવા લાગ્યો એમ લાગવા માંડ્યું કે 'જીવનને લગામની જરૂર છે, રક્ષા વિના આખી જીંદગી નહિ જીવાય' પણ એ વિચાર ઊઠતાની સાથે જ શમી જતા આંખ સામે શશીની મૂર્તિ ખડી થતી અને હૃદય પણ પાણી પાણી થઈ જતું

આખરે એ દિવસ આવી પહોંચ્યો કે જે દિવસે આ સુલોચનાએ થીજી ગયેલા હૈયાને હલમલાવ્યું હું એને ઓળખતો હતો એ મને ઓળખતી હતી હું શશી પાછળ ઝૂરું છું ને શશી પાછળ આત્મહત્યા સુધી ગયો હતો એ હકીકત એ જાણતી હતી આવું જાણવા છતાં એની ઇચ્છા એક મિત્ર દ્વારા મારા પાસે વ્યક્ત થઈ. મેં તુરત જ ના પાડી દીધી મિત્ર આગ્રહ કરવા જતો હતો તેને મેં સ્પષ્ટ ચેતવણી આપી કે 'તારો ધર્મ પૂરો થયો હવે આગળ વધીશ મા.' અને એ શાંત થયો પરંતુ મારા મનની ઊંડી ઊંડી કંદરાઓ આ સુલોચનાના નામ માત્રથી ઉઘડી ગઈ જે વાતો મિત્રો પાસેથી સાંભળતો હતો તે હૃદયમાંથી ઊઠવા લાગી 'હું ધ્યેયપૂર્વક જીવું છું જીવનની બધી બાબતો મારે ધ્યેયને પહોંચવાની દૃષ્ટિએ જ વિચારવી જોઈએ હું આખી જીંદગી નહિ ખેંચી શકું જ્યારે થાકીશ ત્યારે મને ત્યાં કોઈ પડીશ સુલોચના બધું જાણે છે છતાં મને પોતાનો કરવા ઇચ્છે છે ત્યારે મારા ઉપર એને કેટલો અનુરાગ હશે! અને શશીને હું ક્યાં ભૂલવાનો હતો! હૃદયની સામ્રાજ્ઞી તો એ જ છે અને એ જ રહેશે. જીંદગી લાંબી છે પંથ કપરો છે અનુભવીઓ કહે છે તે માત્ર ભય પમાડવા માટે નહિ મારામાં એટલું ક્યાં જોમ છે? અને શશીને પણ કેટલું સુખ થાય?' આવા અનેક વિચારો ફૂટવા લાગ્યા મારા લગ્નજીવનના ત્રીજા પગલાની તૈયારી થવા લાગી પણ આ વિચારોની સાથે જ મિત્રોની હાંસી, ટીકા, શશીની કટાક્ષથી હસતી આંખ એ બધું મારા મનને પાછું પાડવા લાગ્યું હું મૂંઝાયો બીજે પગલા વખતે ચિત્તમાં જે અધીરતા વ્યાપી હતી ત્રીજા પગલા વખતે પણ વ્યાપી ગઈ, કામમાંથી રસ ઊડી ગયો વિચારોને લઈ માથું ફરવા લાગ્યું 'સાચું શું? મારો ધર્મ શો?' ફરીફરીને હૃદયમાં પ્રશ્ન ઊઠવા લાગ્યા

મને એ મિત્ર ન મળ્યો હોત તો હું શું કરત તે હું કહી શકતો નથી; પણ એ મિત્ર, જેને તમે ઓળખો છો પણ હું નામ નહિ આપું એ એક રાતે મારી પથારી પાસે આવ્યો હું જાગતો પડ્યો હતો એણે મારો હાથ પકડી મને ઊભો કર્યો અમે બંને બહાર નીકળ્યા

'શું કરવું છે?' એનો પહેલો જ પ્રશ્ન હતો

'એ ન બની શકે' થોથવાતી જીભે આપેલો એ જવાબ હતો

અને એણે મને બહારના એક ઓટા ઉપર બેસાડીને સમજાવવા માંડ્યો એની વાતમાં એકેય નવી દલીલ નહોતી જે દલીલો સાંભળી હતી અને જે છેલ્લા કેટલાક દિવસો થયા હૃદયનો કબજો લઈને બેઠી હતી તે બધી દલીલો અંધારી રાતના મેં ફરીને સાંભળી હું બરાબર જાણું છું કે એની દલીલથી હું વશ નહોતો થયો પણ એણે એ દલીલો ન કરી હોત તો હું કદી પણ પગલું ન ભરી શકત એ વાત પણ સાચી હતી હું આજે સમજું છું કે મેં એની પાસે કબૂલ કર્યું એની પાછળ તો માત્ર રક્ષણનો જ ભાવ હતો એને આડો ધરી શકાય, જેમ એવું આડ ધરવા જેવું મારા મનમાં કેટલું યે પેદા થતું હતું તેમ

આમ મેં ત્રીજું પગલું ભર્યું, પરંતુ એ પગલું ભર્યા પછી ભારે આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે જે મિત્રો મને અત્યંત આગ્રહ કરતા હતા તે બધા હર્ષ પામવાને બદલે કહેવા લાગ્યા કે તારા ઉપર અમે દંભનો આરોપ નથી મૂકતા પણ તેં આત્મવંચના તો કરી જ છે શશી પાછળ ફના થઈ જવા એટલો તને પ્રેમ હોય તો તું સુલોચના સાથે લગ્ન કરી શકે જ નહિ મેં એમાંના કોઈની સામે દલીલ કરી નથી માત્ર મનમાં થવા લાગ્યું

કે આ વસ્તુ જાત અનુભવ વિના કોઇથી સમજાશે જ નહિ, એટલે મેં તો મૌન રહીને મારું જીવન જીવવા માંડ્યું.

એ ત્રીજા પગલાને આજ ત્રણ વર્ષ વીતી ગયાં છે. હજી પણ હું સાંભળું છું કે 'શશી પ્રત્યે મને સાચો પ્રેમ હતો જ નહિ અને એની પાછળ હું મરવાની વાત કરતો હતો એ તો માત્ર મિથ્યા જ હતી.' મારે આ સામે દલીલ નથી મૂકવી પણ મારી આ કથા જ મૂકવી છે. આમાં મેં હૃદયનો એક પણ ભાવ છુપાવ્યો નથી એની તમને ખાત્રી આપું છું. આ કથા ઉપરથી તમે મારા પગલાં વિષે ન્યાય તોળજો. ટીકા કરનારા મિત્રો વિષે મારે કાંઇ નથી કહેવું. એમાંના ઘણા ખરાની વર્તમાન સ્થિતિ હું જાણું છું અને એ ઉપરથી તો મને લાગે છે કે ત્રીજું પગલું ભરવામાં મેં ડહાપણ કર્યું છે અને પહેલા અને બીજા પગલાં વિષેની મારા હૃદયની સ્થિતિની મને પૂરેપૂરી ખબર છે. હું ફરીને કહું છું કે હું શશીને પ્રાણથી પે અધિક ચાહતો હતો અને મારા આડે અંતરાયો ઉભા ન થયા હોત તો એના નામ ઉપર આ જીંદગીને મેં ફેંકી દીધી હોત.

બાહ્ય દ્રષ્ટિએ અસંગત લાગતાં આ પગલાંઓની પાછળ તમે કોઇ સંગતતા જોઇ શકો છો? જોઇ શકતા હો તો મારા પ્રત્યે સહાનુભૂતિનો એક શબ્દ કહેજો ને મને આશીર્વાદ આપજો.

⊛

" ભગ્નહૃદય "

માવમેઘની આખેરી સેર

પ્રભો! હૃદય શીદ આ કુસુમ શું ઘડ્યું કોમળ?
અને જગત કાં ઘડ્યું વિષમનાથ! દાવાનળ?

સુકોમળ સ્વભાવના મૃદુલ પ્રેમળ હાસ ક્યાં?
શું કાળમીંઢ પત્થરે ઉર સગેજ ઉલ્લાસવા?
અરેર ઉર અટેનીને નવ ભરી શકે ગોઠડી?
અરેરે દગ પોપચે છુપની આંસુની ધાર કાં?
અસાર મૃદુ લાગણીવિણ સુનો જ સંસાર કાં?
સ્મૃતિ હૃદયસ્વપ્નની લલિત લ્હાણ ક્યાં મીઠડી?
અગાધ જલ વિસ્તર્યાં જગત સાગરે ગર્જતા,
છૂટા ઑહિતલ્હી પડ્યા કંઇક માનવી દ્વીપ ત્યાં
ફિકા ઝરણ હાસની રસસમાધિમહીં ડુબ્યા
મહુ અદ્ભુત એમ્બા નિર્ગમ પૂતળા શા ઉભા?[૧]

અનુષ્ટુપ

શૂન્યમનસ્ક હું ઉભો, એવા અદ્ભુત ખેલ શો,
આશા વા નિરાશાની માનમમૂર્તિ ભેગતો

ऋतूना कुसुमाकर

૧ આને પ્રચ્છન્ન પૃથ્વી ગણવો હોય તો ભલે કોઇક યતિમાં સ્હેજ ફેર પણ હશે. મારે મન તો એ સુગેય રાગ છે. લેખક

ફોટોગ્રાફ

દેવજી રા. મોઢા

મિશ્રોપજાતી·

વિચારને આચરણે ઉતારવા
પે'લા ઘડે જે કરવા વિચારો
કરી લઇ તે સઘળા વિચારો
નક્કી કર્યું મેં મનથી પડાવવા

મારી બીજી જાત સમી પ્રતિ કૃતિ!
બીજે દિને હું સ્ટુડિયો વિષે ગયો
ફોટો વિષે વાત જઇ ઉચ્ચારી
ખુશી થઇને છબી પાડનારો

નજીકના કૈં રૂમમાં લઇ જઇ
જુદી જુદી જાત બતાવીને મને
પૂછ્યું "તમારી ઉતરે પસંદગી
કયી પરે આટલી જાતમાંથી?"

ના બ્લેક ને વ્હાઇટ ગમે મને જરી
રચે બહુ કામ ન ઓઇલ પેન્ટનું
ને ધૂપ ગાથી રજની સમી વળી
પડે નહીં લેશ પસંદ સેપીઆ

એન્લાર્જમેન્ટે થતી આવતી હતી
અભિરુચિ, એય હવે સરી ગઇ
માન્યુ હતુ કે કદ માત્ર વાધતું
કિન્તુ રૂપાલેખનમાં ય ચાલતી

પીંછી ચિતારાની વધુ પડન્તી
એ વાત ના ધ્યાન બહાર રૈ હતી
મંજૂર મેં છેવટ રાખી સેપિઆ
તૈયારીમાં એ છબી પાડનારો

પડી ગયો ને વળી માહરી કને
એ ટાઈ ને કૉલર ઉભયે મૂકી જઇ
તૈયાર થાવા સૂચવી મને ગયો!
મેં હાસ્ય વેરી કરી ભાનદર્શન

જવાબ દીધો નવ કાંઇ જોઇએ
ને મારી આવી રસ-શુષ્કતા પરે
તેણે-રસિકે સ્મિત-પુષ્પ વેર્યાં!
કો' લાટ સાહેબ તણા મહેલની

એકાદ બાજુ ચિતરી'તી તેવો
પછીત રૂપે પડદો ટિંગાડયો
ને ગોઠવી બેઠક ખુરશી તણી
ટીપાઇ મૂકી વળી મધ્ય ભાગમાં

ને ગોઠવ્યું ત્યાં ફૂલદાન, ને મુકયાં
વળી બેય બાજુ ફૂલઝાડનાં કુંડાં!
તૈયારી થાતાં હું તહીં ગયો અને
ત્યાં બેસતાં નક્કી કરેલ સ્થાને.

મારાથી છાનું મરકી જવાયું
મેં પૂછિયું એ છબી પાડનારને
"શું આ બધું યે છબી માંહિ ઉઠશે?
'જરૂર' બોલ્યો છબી પાડનારો,

"બધું ય જો કૅચપ ના કરી શકે
એનું પછી નામજ પ્લેટ શાનું?"
ઇચ્છા થતી પૂર્ણ લહી પડાવવા
મારી બીજી જાત સમી પ્રતિકૃતિ!

"સંસારમાં જન્મ ધરી કઇ સુખો
મેં ભોગવ્યાં હોય, અને વળી મન
માગ રચ્યું હોય કદિ ભર્યું ભર્યું
અને લહી ચિત્ત તણી પ્રસન્નતા

છબી વિષે એ ઉઠશે બધું ય ને?
આ જીંદગાની ધરીને કઈ દુ:ખો
મેં ભોગવ્યાં હોય અને કદિ સહી
ભોગતી હૈયે ગન વેદનાની

તો તીવ્રતા એ જખમો તણી, ને
મારી જ આ માનવ જાત હાથે
અન્યાયની કોદિ મળી પરંપરા
એ આગમાં હોઉં બળ્યો કદાપિ

ચાઠાં શરીરે પડિયાં, રૂઝાયાં
કિન્તુ ભવિષ્યે પણ યાદ આપતાં
સુરેખ અંકાયલી ડાઘમાળા
રહી જવા પામી કદાપિ હોય તો

છબીમહીં એ પણ ઉઠશે જ ને?'
મિજાજ ખોયો છબી પાડનારે
તાડૂકતો એ સહસા વદી ઉઠ્યો
"પડાવો'તી જીંદગીમાં છબી કદી

કે આજ આવ્યા અહીં પ્હેલવ્હેલા
કના અને સૌ ખુબીઓ ખાની
સહો નહીં ને શિર ઝીંક ખાવી!
બીજે જવુ હોય જઇ શકો છો તો

મારે તમારી છબી નાજ પાડવી
ને ત્યાંથી હું સત્વર ચાલતો થયો
ખીજાયનો એ છબી પાડનારો
જોઇ રહ્યો આ દશ ફાટી આંખો

ભેગા કરી બે ત્રણ રાહદારીને
મારા પ્રતિ અંગુલિ ચીંધી ચીંધી
કે વાત કહેતા બસ એ મંડી ગયો
ને મારી આવી નરી મૂર્ખતા પરે

વેરી રહ્યા હસ્ય સહુ અને ધ્વનિ
ના નગી પાછળ આવતો રહ્યો!

●

જીવનમાં સૌંદર્યનું સ્થાન

: એક પ્રવચન :

શ્રી. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

સૌંદર્ય પોતે સુંદર વસ્તુ છે પણ તે વિષેનું વિવેચન કે મીમાંસા સુંદર હોય જ છે એમ નથી કાવ્ય, સંગીત કે વિનોદમાં રહેલો આનંદ આપણે અનુભવીએ છીએ પણ આ સુંદર કલાઓની મીમાંસા કરવા જતાં કદાચ એ કાર્ય આનંદરહિત અને અ-સુંદર પણ થઇ જાય. સૌંદર્યના અનુભવનો આનંદ સૌંદર્યમીમાંસામાંથી નીપજી ન શકે

સૂર્ય તરફ નજર રાખી ચાલતાં પ્રકાશ પણ મળે છે અને છાયા પણ આપણી પાછળ આપમેળે જ ચાલી આવે છે, પરંતુ તેથી અવળી નજર રાખી છાયા પાછળ ચાલતાં પ્રકાશ પણ મળતો નથી અને છાયા તો હાથમાં આવતી જ નથી તે તો આગળ ને આગળ દોડી જાય છે, તેવી રીતે સૌંદર્યની પાછળ પડતાં તે પ્રાપ્ત થતું નથી તેની તરફ બેદરકાર રહેતાં આનંદ અને સૌંદર્ય બન્ને સહેજે મળે છે બાળકોના જીવનમાં વ્યક્ત થઇ રહેતું સૌંદર્ય એને વિષે એને ભાન થતાં અને દરકાર લેવાતાં નષ્ટ થવા માંડે છે સૌંદર્ય વિષે ભાન આવ્યું એટલે તેમાં વિકૃતિ પેસવાની જ જ્યાં સુધી સૌંદર્યભાન ન હોય ત્યાં સુધી જ જીવનમાં સૌંદર્ય માટે સ્થાન રહે છે આમ સુંદરતા વસ્તુ એવી છે કે તેના વિષે તટસ્થતા કે ઉદાસીનતા કેળવવાથી તે સહેજ જ મળી રહે છે પરંતુ તેને માટે પ્રયત્નો કરવા જતાં, તે નરમાઈને દૂર જતી રહે છે જેમાં સૌંદર્ય રહેતું હોય તેની જ ઉપાસના કરવાથી, સૌંદર્ય પણ આપોઆપ આવે છે

આમ છતાં માણસ કોઇ ને કોઈ રીતે પોતાની સુન્દરતા વધારવાનો પ્રયત્ન કરે જ છે બજારમાં સુંદરતાની, એટલે દેખાવડાપણાની કિંમત હોય છે એટલે માણસ કૃત્રિમ સુંદરતા કેળવવાનો પ્રયત્ન કરે છે રાજામહારાજાઓ અમલદારોની નિમણુક કરતા પહેલાં તેમના ફોટા પરથી, તેઓ છાપ પાડી શકે તેવા દેખાવના છે કે નહિ તેની ખાત્રી કરી જુએ છે વેપારમાં પણ દેખાવડો, છાપ પાડી શકે તેવા રૂપરંગનો સેલ્સમેન સફળ થવાનો જ આ સૌંદર્ય કેળવવાનો પ્રયત્ન તે સાચો છે કે ખોટો તે જુદી વસ્તુ છે પણ દરેકના જીવનમાં તેનું સ્થાન હોય છે જ પરંતુ બાળકોના બેદરકારીભર્યા સૌંદર્યમાં તેની જે કલ્પના રહેલી છે તેનાથી આ કલ્પના સાવ જુદી હોય છે જેઓ જીવનને સમૃદ્ધ કરવા માગે છે, જીવનને સુંદર રીતે વ્યક્ત કરવા ઇચ્છે છે,

રાષ્ટ્રીય શિક્ષણ

શ્રી. રામનારાયણ ના. પાઠક

ભારતવર્ષના સદ્‌ભાગ્યે એને એવો જાગરૂક સેનાધિપતિ મળ્યો છે કે જેની નજર દરેક કિલ્લા ઉપર એક સરખી રક્ષા કરે છે. એણે હમણાં જ રાષ્ટ્રીય શિક્ષણને અંગે વિચારણા કરી એના ઉપર ભાર મૂકયો છે 'રાષ્ટ્રીય કેળવણી એ સ્વરાજના ચાર દ્વારમાંનું મુખ્ય દ્વાર નથી પણ સ્વરાજની ઇમારતનો એ પાયો છે.'

સાદું, સુઘડ, ઉદ્યમી, અને સસ્કારી ગ્રામજીવન એ ભારતવર્ષની વિશિષ્ટતા છે. બુદ્ધિના વિલાસ તરફ ધસડી જતી આજની શહેરી કેળવણી આપણી આ પ્રાચીન વિશિષ્ટતાને કચડી રહી છે. આપણા આ મૌલિક લક્ષણોને શિક્ષણદ્વારા વિકસાવી ગ્રામજીવનને સુવાસિત, સુખી અને સંતોષી બનાવવું એ રાષ્ટ્રીય કેળવણીનો આજની સ્થિતમાં મુખ્ય ઉદ્દેશ હોવો જોઈએ.

પરાધીન દશામાં કોઈ પણ પ્રકારની સ્વતત્ર શિક્ષણ પદ્ધતિનાં સચોટ પરિણામો બતાવી શકાય નહિ એ વાત ખરી હોવા છતાં, સ્વાધીન થવા માટે પ્રજામાં જે ગુણોની આવશ્યકતા છે તે પેદા કરવા માટે પણ રાષ્ટ્રીયકેળવણીની પુનર્વિચારણા કરવાની જરૂર છે. આ દ્રષ્ટિએ વિચાર કરતાં લોકકેળવણી એ જ ખરી રાષ્ટ્રીય કેળવણી આજને તબક્કે ગણી શકાય.

પરંતુ ગૂમડા ઉપરનું નસ્તર ગમે તેટલું સફળ થાય તો પણ જ્યાં સુધી રોગના મૂળરૂપ હોજરી, આંતરડાં, અને રૂધિરાભિસરણની શુદ્ધિ થઇ નથી. ત્યાં સુધી એક નહિને બીજી જગ્યાએ ગૂમડું ફૂટી નીકળવાનું જ છે એમ ગ્રામજનતાના મુરબ્બી વર્ગમાં જણાતાં વહેમ, અજ્ઞાન, કુસંપ, બીક, સ્વાર્થ, આળસ, ધંધા પ્રત્યે ઉદાસીનતા વગેરે અવગુણો ટાળવા ગમે તેવા ભગીરથ પ્રયત્ન કરવા છતાં આવતીકાલની ગ્રામજનતાના મન ઉપર એ અવગુણોની છાપ જ્યા સુધી પડયા કરે છે ત્યાં સુધી પેઢી દર પેઢી એ ચાલ્યા જ કરશે.

જુના જમાનામાં ધાડપાડુઓ વારે ચડનારના પગના નળા પર ઘા કરી તેમના ગૂડા ભાંગી નાંખતા અને પોતે લૂંટનો માલ લઈ નાસી જતા. બ્રિટિશ સલ્તનતના બાહોશ ધારાશાસ્ત્રી મેકોલેએ અંગ્રેજી શિક્ષણ પધ્ધતિથી હિંદીપ્રજાના ગૂડા ભાંગી નાખ્યા એમ કહેવામાં મુદ્દલ અતિશયોકિત નથી. માત્ર આજિવિકાની બાબતમાં પરાવલંબી બનાવ્યા છે એમ નહિ પણ સ્વતંત્ર વિચારશકિત ગૂંગળાવી નાંખીને નર્યું ગુલામી માનસ બનાવી દીધું.

અને વણનાનુ રાખવુ મોટા ખેતી, ગોપાલન વણાટ વગેરે કરે તેમા બાળકો સતત મદદ કરે પોતાનાથી સ્વતંત્ર રીતે થઇ શકે તે સ્વતંત્ર રીતે કરે બપોર અને રાતના વખતમા ભાષા ઇતિહાસ ગણિત, સામાન્ય જ્ઞાન વગેરે અભ્યાસ એ ખેડૂત ગોવાળ અને વણકર બનેલા શિક્ષકો કરાવે. મોટુ કસ્બાનુ ગામ હોય, પૈસાની સગવડ હોય તો ખેતી ગોપાલન અને વસ્ત્રવિદ્યા સિવાય સીવણ, સુથારી મોચીકામ માળીકામ, કાગળ બનાવવા, ઘર ચણવુ, સાબુ બનાવવો વગેરે ઉદ્યોગોમાથી બને તેના દાખલ કરી શકે અત્યારે ભાંગીને ભૂકો થયેલા રાષ્ટ્રને જીવાડવા માટે આ ઉદ્યોગો સંજીવન કરવાની જરૂર છે જો વિદ્યાર્થીઓને શીખવવા ખાતર પણ બુદ્ધિશાળી યુવાનો આ ગૃહઉદ્યોગોમા મન પરોવશે તો એમા નવી સૃષ્ટિ રચશે

આવા ગ્રામવિદ્યાલયોનો ઉદ્દેશ ખેડૂત, કારીગર મજુર અને વેપારીના બાળકો પોતપોતાના ધંધાનો બુદ્ધિપૂર્વક અભ્યાસ અને વિકાસ કરી શકે તેમાથી જીવનને જરૂરી એવી આજિવિકા મેળવી શકે અને આધુનિક કેળવણીની વ્યર્થ નીવડેલી પુસ્તકીઆ પ્રથા છોડીને ઉદ્યોગદ્વારા સાચુ શિક્ષણ મેળવી શકે એ જ હોવો જોઇએ

આવા રાષ્ટ્રીયશિક્ષણને ફત્તેહમંદ બનાવવાનો મહાન અખતરો શરૂ થાય એ દરમ્યાન ગુજરાતના ખૂણામા, મહીનદીના કોતરોમા છૂપાયેલા એક ગ્રામ વિદ્યાલયને જોવાનુ સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયુ અને આવી કેળવણી ગુજરાતની પુનર્રચનામા અગત્યનો ફાળો આપી શકશે એવી મારી શ્રદ્ધા દૃઢ થઇ

બાળકોનો સર્વાંગી વિકાસ સધાય તેમનુ જીવન રાષ્ટ્રોપયોગી અને ગ્રામજીવનને અનુરૂપ બને, તેમનામાં સેવા, શ્રમ અને સહકારિતાની ભાવના પોષાય એવી કેળવણી આપવી એ વિદ્યાલયનો ઉદ્દેશ છે

શિક્ષકો અને બાળકો વચ્ચે કુટુંબભાવ જાત મહેનત સાદાઇ અને અભ્યાસનુ સુંદર મિશ્રણ ખાદીનો પહેરવેશ શરીર કપડા અને શાળાની ચીવટ પૂર્વક સ્વચ્છતા, શાળાનુ તમામ કામ હાથે કરવાની પાડેલી સ્વાભાવિક ટેવ આ સસ્થાના આ ખાસિયત છે

પ્રભાતના તાઝગીભર્યાં પ્રફુલ્લિત વાતાવરણમા સુગંધિત પુષ્પો અને ધૂપદીપથી મઘમઘી રહેલા ખંડમા પ્રાર્થનાનુ સંગીત શરૂ થાય છે પ્રાર્થનામા બોલાતા હિંદી, ગુજરાતી, સંસ્કૃત ભજનો અને રાષ્ટ્રગીતો બાળકોના સમૂહકંઠે ગાન સાથે દિલરુબા, તબલા અને મંજીરાના સૂર સંગીત હૃદયના ગૂઢ ભાવોને જાગૃત કરે છે ભાગ્યે જ ગુજરાતના ગામડામા આવુ સંગીતમય વાતાવરણ જોવા મળે છે

સારી રીતે વાચી લખી શકે પોતાના વિચારો દર્શાવી શકે, સાહિત્ય રસનો આસ્વાદ લઇ શકે તેવુ માતૃભાષા ગુજરાતીનુ શિક્ષણ રાષ્ટ્રભાષા લખી, વાચી શકે બોલેનુ સમજી શકે તેવુ હિંદી શિક્ષણ ઉચ્ચાર શુદ્ધિ ભવિષ્યમા આગળ વધવાની જરૂર પડે તો ટેકારૂપ થાય તેવુ સંસ્કૃત વ્યવહારમા ઉપયોગી તેટલુ ગણિત, અને નામુ દુનિયાના ખડો, સમુદ્રો નદીઓ પહાડો પ્રજાઓ, આબોહવા વગેરેની ભૌગોલિક માહિતી સમાજના વિકાસક્રમમા મહત્ત્વનો ભાગ ભજવી ગયેલા સામાજિક રાજકીય અને ધાર્મિક મહાપુરુષોના જીવનનો પરિચય આધુનિક જગતના ધાર્મિક આર્થિક રાજકીય અને સામાજિક આંદોલનોની પૂરી માહિતી શરીર રચના ખોરાક ગ્રામ સ્વચ્છતા, આકાશ પાતાળ, પશુ પખી વનસ્પતિ વિનુ સામાન્ય જ્ઞાન ઉપરાંત તકલી રેંટિયો, પીંજણ નાડી પાણી માળીકામ વગેરે ઉદ્યોગ શિક્ષણ સફાઇ અને બાગકામ અર્ધો વખત ઉદ્યોગ અને અર્ધો સમય અક્ષરજ્ઞાન એમ બે વિભાગમા સમાન રીતે શિક્ષણને વહેચી નાખવામા આવ્યુ છે

સંઘ વ્યાયામ, લાઠી નેતૃત્વ મેદાની રમતો પદ્ધતિસર શીખવાય છે

બધા શિક્ષકો ગ્રામસફાઇ હરિજન સેવા બાલૈયા વગેરે કોમ સાથેનો સંબંધ માબાપોની મુલાકાત વગેરે કામ દ્વારા ગ્રામ સુધારણાનુ કાર્ય પણ કર્યા કરે છે

જમીનનો ટુકડો લઇ તેમાં ગોપાલન, ખેતી વગેરે દ્વારા સસ્થાને વધુને વધુ ઉદ્યોગપ્રધાન બનાવવા સચાલકોની ઉમેદ છે

આવા પ્રયોગો નાના પાયા ઉપર પણ ગામડે ગામડે થાય તો આપણને રાષ્ટ્રીય કેળવણીના મહાન પ્રશ્નને ઉકેલવામા ઘણી મદદ મળે આ પ્રકારની રાષ્ટ્રીય કેળવણીમા ભારતવર્ષનો ઉદ્ધાર રહેલો છે એવી જે શ્રદ્ધા સેવતા હોય તેમણે એક વખત ગંભીરનુ આ ગ્રામ વિદ્યાલય અવશ્ય જોવુ ઘટે

આંતરરાષ્ટ્રીય આંદોલનો

શ્રી. ભાસ્કરરાવ વિદ્વાંસ

બિનદરમ્યાનગિરીનું નાટક :

બિનદરમ્યાનગિરીના નાટકનો હજી પણ અંત આવતો નથી. બિનદરમ્યાનગિરીની અનંત ચર્ચાઓ અને મંત્રણાઓ લંડનના મહેલોમાં વિચારાય છે, જ્યારે સ્પેનની ભૂમિમાં લોહી રેડાયાં જ જાય છે. અને બંડખોરોને જે મદદ મળ્યા કરે છે તે મળ્યા જ કરે છે. બિનદરમ્યાનગિરીના દેખાવે સરકાર પક્ષને નિર્બળ રાખ્યો છે, અને ફ્રાંકો પક્ષ બળવત્તર થતો જાય છે. કેટલાક તો એમ પણ માને છે કે સ્પેનની સરકાર રહેંસાઈ જાય છે તેનું કારણ પણ આ બિનદરમ્યાનગિરી છે. જો બિનદરમ્યાનગિરીનું તત્ત્વ નાબૂદ કરવામાં આવ્યું હોત તો આજપૂર્વે જ સ્પેનના વિગ્રહનો અંત આવી ગયો હોત. એ ગમે તે હો, પણ ગ્રેટબ્રિટન અને ફ્રાંસ આજે જર્મની અને ઇટાલિને ન છંછેડવાના માર્ગે પોતાની નીતિ દોરી રહ્યાં છે તેને પરીણામે સ્પેનની દુર્દશા વધતી જ જાય છે.

જર્મની અને ઇટાલિએ ચોકી કરવાનું બંધ કર્યાં પછી એ ભાગની ચોકી કરવાનું ફ્રાંસ–ગ્રેટબ્રિટને માથે લીધું પણ જર્મની–ઇટાલિએ પડકાર કર્યો કે અમારી ખાલી પડેલી જગાએ કોઇને નહિ આવવા દઇએ, આટલી ધમકીથી ઇંગ્લાંડ–ફ્રાંસ નમી પડયાં અને એ કિનારા ખાલી પડયાં. પોર્ટુગાલની સરહદ ઉપર પણ નિરીક્ષકોની એજ સ્થિતિ થઇ છે. અને ત્યાંથી પણ મદદ પહોંચાડવામાં આવે છે. ઉલટું હવે ઇંગ્લાંડ અને ફ્રાંસને માથે જ બન્ને ફાસિસ્ટ રાજ્યો આરોપ મૂકે છે કે 'સરકારી કિનારા ઉઘાડા છે અને બંડખોરોના પક્ષના કિનારા ઉપર ગ્રેટબ્રિટન–ફ્રાંસ ચોકી રાખે છે એ અન્યાય છે!' 'ગ્રેટબ્રિટન જ સ્પેનની કમ્યુનિસ્ટ રાતી સરકારને મદદ આપ્યા કરે છે, તો પછી બંડખોરોને શા માટે મદદ ન મળે?' વગેરે

ભ્રામક યોજના:

હવે ગ્રેટબ્રિટને નવી યોજના રજુ કરી છે. જો બધાં રાજ્યો પોતપોતાનાં સ્વયંસેવકોને પાછા બોલાવી લેવાનું કબૂલ કરે તો બન્ને લડનારા પક્ષોને યુદ્ધમગ્ન રાષ્ટ્રના અધિકારો આપવા. આનો અર્થ એ કે જનરલ ફ્રાંકો બંડખોર મટી જશે. તેના રાજ્યને પણ રીતસર કાયદેસરના રાજ્ય તરીકે બધા સ્વીકારી લેશે. જર્મનીએ અગાઉ આવી જ

માગણી કરી હતી. પણ આજે હવે ગ્રેટબ્રિટન-એ વસ્તુ સ્વીકારવા તૈયાર થયું છે. અને એકવાર વધારે જર્મની ઇટાલિની ધમકીની સામે પોતાની ગરદન નમાવી છે. પણ આમ કરવામાં ઇંગ્લાંડ એમ માને છે કે જો બધા સ્વયંસેવકો પાછા ખેંચાઇ જાય તો સ્પેનના યુદ્ધમાં થતી દરમ્યાનગિરી ઓછી થશે, યુદ્ધ સમાપ્તિ થશે અને વહેલું અટકશે. પણ આ કાર્ય પણ સરળતાથી બને એવું જણાતું નથી જર્મની-ઇટાલિ સહેલાઇથી કબૂલ કરે શાના? એટલે એમા પણ જર્મની તરફથી એવી માગણી કરવામાં આવી છે કે જો ધારીએ સ્વયંસેવકો પાછા ખેંચી લેવાનું શરૂ થાય કે તરત જ યુદ્ધમાન રાષ્ટ્રના અધિકારો બન્ને પક્ષોને મળવા જોઇએ જ્યારે રશિયાએ જરા મજબૂત વલણ પકડ્યું છે. એટલે ફાસિસ્ટ રાજ્યોએ સ્પેનના આખા વિગ્રહનો દોષ રશિયા-ને માથે ઢોળ્યો છે

ઇંગ્લાંડ જો એમ માનતું હોય કે સ્વયંસૈનિકો પાછા ખેંચી લેવાથી જ દરમ્યાનગિરી અટકી જશે તો એનો એ ભ્રમ છે, અથવા તો ઇરાદાપૂર્વક કેટલીક દીવા જેવી બાબતોની સામે આંખ આડા કાન કરે છે કારણ કે હજી ચોરી કરવાનો પ્રશ્ન તો ઉભો જ છે ગયા અંકમાં બતાવ્યા પ્રમાણે ચોરી કરવાની રીતમાં જ જે દોષો છે તે દોષોને પરિણામે જેમને દરમ્યાનગિરી કરવી જ હશે તે તો તેમ કરતા અટકી શકે એવું છે જ નહિ. ઉપરાંત સ્વયંસેવકો કદાચ જશે પણ એરોપ્લેન, દારૂગોળો લડાઇના ટેંકો વગેરે બધો સામાન તો મળ્યા જ કરવાનો છે. હવાઈ વિમાનો ઉપરના કાબૂ માટે થોડોક પ્રયત્ન કરવાનું જણાવવામાં આવ્યું છે પણ તે પણ ઉપયોગી નીવડે એવું નથી. અને છેલ્લે સ્વયંસેવકો બધા પાછા ખેંચી લેવાશે કે કેમ એ બાબતની જ શંકા છે. કોઇ પણ આ કબૂલ કરવાનો નથી અને જર્મની અને ઇટાલિએ તો આજસુધીના પોતાનાં કેટલાં વચનો પાળ્યાં છે કે આ વચન પણ પાળે? કદાચ સ્વયંસૈનિકો પાછા ખેંચી લેવાની ફરજ તેમને પોતાના દેશમાંથી જ પડી હોય અને તેને માટે આ બિનદરમ્યાનગિરી સમિતિના ઓઠા નીચે પોતાની [illegible] એવા વગર આ કાર્ય સાધી લેવું હોય. પણ છતાં એનો કશો અર્થ નથી ઉપરાંત રશિયાએ એવી પણ માગણી કરી છે કે પરદેશી સ્વયંસૈનિકોમાં મૂર લોકોને પણ ગણવામાં આવે, આનો વિરોધ જર્મની કરવાનું જ છે. ઉપરાંત ડુશલેંડ અને લીપઝીગ જેવા અનેક બનાવો જ્યારે સ્પેનમાં દરમ્યાનગિરી કરતી હશે ત્યારે ક્યાં ઉત્પન્ન નથી કરવામાં આવતા?

બિનદરમ્યાનગિરીએ સ્પેનની સરકારને મદદ ન કરવાનું જાણે કે એક ઓઠું જ હોય એવું બની ગયું છે

ઇંગ્લાંડ શા માટે એક પછી એક જર્મની-ઇટાલિની સામે પીછેહઠ કરતું જાય છે? અગાઉ આવી ગયું છે કે આમાં ઇંગ્લાંડના મોટા પૈસાની ધીરધાર કરનારાઓનો વર્ગ જનરલ ફ્રાંકોના પક્ષમાં છે. જર્મનીએ જ્યારે પ્રથમ એવી માગણી કરી કે સ્પેનના વિગ્રહ કરનારા બન્ને પક્ષોને યુદ્ધમાન રાષ્ટ્રોના અધિકારો મળવા જોઇએ ત્યારે ગ્રેટબ્રિટને સખત સામનો કર્યો. જેને એકવાર બંડખોર ગણ્યા તેને રીતસરના રાજ્ય કેમ ગણી શકાય? પણ જ્યારે પછી બાસ્કનો પ્રદેશ બંડખોરોના હાથમાં ગયો અને ઇંગ્લાંડની લોખંડની ખાણો જે આ પ્રદેશમાં આવેલી છે તે બધી ફ્રાંકોના હાથમાં ગઇ ફ્રાંકોએ પરદેશી મૂડીવાળાઓને ધમકી આપી અને તેને પરિણામે પોતાની લોખંડની ખાણોના રક્ષણનો સવાલ ઇંગ્લાંડના પૈસાવાળાને થયો અને તેથી જ ઇંગ્લાંડે તરતજ પોતાનું વલણ બદલ્યું જણાય છે પોતાની પાઘડી ફેરવી નાંખી છે અને હવે આમ જાણે કે એ યુદ્ધમાન રાષ્ટ્રના અધિકારો આપવા તૈયાર થયું છે. હવે પછીની જર્મનીની માગણી કદાચ એવી થાય કે પ્રથમ યુદ્ધમાન રાષ્ટ્રના અધિકારો આપો પછી સ્વયંસૈનિકો પાછા ખેંચી લેવાનું શરૂ કરવામાં આવે, તો ઇંગ્લાંડ આ માગણીને પણ સ્વીકારવા તૈયાર થાય.

સ્પેનની સમાજવાદી સરકારના હાથમાં આવેલી લોખંડની ખાણોમાં બ્રિટિશ મૂડીવાળાનાં હિતો સચવાય તે કરતાં જનરલ ફ્રાંકોના મૂડીવાદી રાજ્યમાં આ હિતો

વધારે સહીસલામત છે એવું ઈંગ્લાંડને લાગતું હશે અને માટે પણ ગમે તે ભોગે પણ હવે જર્મની ઇટાલિને સંતોષવાની નીતિ ઇંગ્લાંડ રમી રહ્યું છે

આ લખતા લખતા સમાચાર આવે છે કે બિન દરમ્યાનગિરીની ચર્ચાઓ ભાગી પડવાની તૈયારી છે

જર્મનીના પ્રતિનિધિ વોન રિબેન ટ્રોપે આનો ભાર રશિયા માથે ગેર્યો છે કારણકે રશિયાને બળવાખોરોને યુધ્ધમાન અધિકાર રાષ્ટ્રના આપવાનું નકાર્યું છે હવે આ બિનદરમ્યાનગિરીનો તમાશો કેટલો વધારે ચાલે છે એ જોવાનું છે

જાપાનની ગુંડાશાહી

પૂર્વમાં યુદ્ધના વાદળ ઘેરાયા છે અને ગગડાટ પણ થવા લાગ્યા છે હજી યુરોપમા તો ધુંધવાટ ચાલુ જ છે ત્યાં પૂર્વમા પણ પાસિફિકની શાંતિ જોખમમા આવી પડી છે

ગયા માસમા જાપાન અને ચીન વચ્ચે યુદ્ધ શરૂ થઇ ચૂક્યુ છે અલબત્ત યુદ્ધની રીતસરની જાહેરાત તો હજી કરવામા આવી નથી

ઉત્તર ચીનમા પાઈપીંગની નજીક આવેલ ફેંગટાઈમા જાપાનીઝ ટુકડીઓ લશ્કરી દેખાવો કરતી હતી તેને સાચા બનાવ તરીકે માની લઇને ચીના લશ્કરે તેના ઉપર હલ્લો કર્યો બન્ને વચ્ચે ઝપાઝપી થઇ અને પરિસ્થિતિ ગંભીર બની ત્યાર પછી બન્ને પક્ષે સમાધાના પ્રયાસો કરવાના આવ્યા પણ એકે પ્રયાસ સફળ થયો નથી અને રીતસરનું યુદ્ધ પણ શરૂ થઇ ચૂક્યુ છે અને બન્ને પક્ષે નુકસાની પણ થવા લાગી છે ઉત્તર ચીનના લશ્કરને નાનકીંગની મુખ્ય સરકારે પોતાની બધી મદદ આપવાનું વચન આપ્યુ છે મોટા પાયા ઉપર લશ્કરી ટુકડી અને સામાન ઉત્તર તરફ મોકલવાનું શરૂ થઇ ગયુ છે

આજથી પાંચ વર્ષ પહેલા મંચુરીઆનો બનાવ આજે ફરી પાછો તાજો થાય છે તે વખતે પણ આજ રીતે ઝગડો ઊભો થયો અને જાપાને મંચુરીયાને હજમ કર્યું ત્યાર પછીની જાપાનની નીતિ જગજાહેર છે ઉત્તર ચીનના પ્રાંતો ઉપર તેને કોઈપણ રીતે અધિકાર મેળવવો છે આ પહેલા જ મંચુરીયાની સરહદ અને ઉત્તર ચીનની સરહદ ઉપર દાણચોરી વગેરેથી આર્થિક નુકશાનતો ચીનને થતુંજ હતું અને ગયા વરસે આ પાંચે ઉત્તરના પ્રાંતોને સ્વતંત્ર બનાવવાની હીલચાલ શરૂ પણ થઇ ચૂકી હતી પણ તે વખતે અટકી પડયુ હવે આજે ફરી એની પુનરાવૃત્તિ થઇ ચૂકી છે

મંચુરીયા વખતે ચીનની જેટલી તૈયારી હતી તે કરતા આજે ચીન વિશેષ તૈયાર છે ચાંગ કૈ શેક પાસે આજે ઠીક પ્રમાણમા રાષ્ટ્રીય લશ્કર છે જાપાનના લશ્કરની બરોબરી કરી શકે એવુ પણ એ તૈયાર છે એમ કહી શકાય ઉપરાંત જાપાન વિરોધી પક્ષ પણ આજે ચીનમાં પ્રબળ થતો જાય છે આ વખતનું જાપાનનું આક્રમણ જે પ્રદેશ ઉપર છે તે પ્રદેશ એ ચીનની જૂની રાજધાનીનો પ્રદેશ છે અને તેથી એના રક્ષણને ચીનાઓ પોતાના સ્વમાનના રક્ષણનો સવાલ ગણે છે અને તેથીજ આ ઝગડો શરૂ થયો ત્યારથી જ ચીનની સરકારે મક્કમ વલણ અખત્યાર કર્યું છે

ચીનનું કમ્યુનિસ્ટ લશ્કર આ વખતે જો ચીનને પડખે ઉભુ રહે તો ઘણો સફળ સામનો થઇ શકે તેમનો જાપાન વિરોધી કોઇપણ સક્રિય કાર્યમા સાથ આપવાનું આજ અગાઉથી પણ જણાવી દીધુ છે પણ તેમને સાથે મેળવવા કે કેમ એનો આધાર નાનકીંગની ચાંગ કૈ શેકની સરકાર જે જાપાનની વલણ અખત્યાર કરે એના ઉપર આધાર રાખે છે હજી આ સંબંધે કશા સમાચાર આવતા નથી.

ચાંગ કૈ શેકે હમણા જ એક જાહેરાત દ્વારા ચીનાઓને જણાવ્યુ છે કે મે જે ચાર શરતો જાપાન પાસે મૂકી છે એ શરતોએ જ સમાધાની શક્ય છે નહિતો

સ્વમાનનું રક્ષણ કરવામાં હું પાછો નહિ પડું અને પ્રજાને પણ પોતાને ખાતરી થશે કે મારામાં જે વિશ્વાસ ચીની પ્રજાએ મૂક્યો છે તે અસ્થાને નથી ' આ જાહેરાત એ સુચિન્હ છે

પણ આ મક્કમતાથી જાપાનનું આક્રમણ અટકશે ખરૂં ? જાપાનનું લશ્કર આજે દુનિયાનાં ઉંચી કક્ષાના લશ્કરો જેટલું શકિતશાળી છે એની સામે હજી માંડ માંડ ઉભું થતું અને અંદર અંદરના ઝગડાથી ભરેલું નિર્બળ ચીન ટકી શકશે ખરૂં ? આંતરરાષ્ટ્રીય દબાણ જો ન આવે તો જાપાન અટકે એવું લાગતું નથી ગ્રેટ-બ્રિટનના હિત ચીનમાં છે ખરાં પણ આજે એટલા માટે ચીનની વ્હારે આવીને જાપાનને અટકાવી શકે એવું જણાતું નથી

પોતાના પગલાં ક્યારે લેવાં તે જાપાન બરાબર જાણે છે યુરોપનું રાજકારણ ડામાડોળ છે ત્યાં જ યુદ્ધની બીક એટલી બધી છે કે આજે પૂર્વમાં શું ચાલે છે એના તરફ ધ્યાન આપવાની કોઇને ફુરસદ નથી ગ્રેટબ્રિટન અને ફ્રાંસ જર્મની અને ઇટાલિની ચિંતામાં છે ઉપરાંત આજે તે પણ કોઇ જબ્બરદસ્ત આંતરવિગ્રહના ઉંબરા ઉપર ઉભું હોય એમ ત્યાં હમણાં શોધાયેલાં કાવતરાં ઉપરથી લાગે છે આ રીતે બરાબર યોગ્ય સમય સમજીને જ જાપાને ચીનનો એક બીજો ટુકડો તોડવાનું નક્કી કર્યું છે હજી પરિણામ શું આવશે ; તેની અટકળ આજથી કરવી તે વાજબી નથી

શુભ પગલું

એક શુભ પગલું અમેરિકાએ ભર્યું છે ખરૂં પ્રેસિડન્ટ રૂઝવેલ્ટે જાહેર કર્યું છે કે બિનદરમ્યાનગિરીના નામે અમે કોઇને યુધ્ધસામગ્રી આપતા અટકાવવાના નથી આનો અર્થ તો એમ કહી શકાય કે બિનદરમ્યાનગિરીની સમિતિએ સ્પેનનું જે સત્યાનાશ વાળ્યું છે એવું કંઇ ચીનની બાબતમાં અમેરિકા થવા દેવા તૈયાર નથી એટલે કે ચીનની સરકારને અમેરિકા દારૂગોળો વગેરેની મદદ આપશે જ ઉપરાંત તુર્કીના કમાલપાશાએ પણ જાપાનને આજ જાતની એશિયાના રાજ્યોને ગળી જવાની નીતિની સામે પડકાર કર્યો છે આ પડકાર કાર્યરૂપે પરિણત થશે કે કેમ એ સમજવાનો માર્ગ નથી. પણ રશિયાની સાથેની મૈત્રી જાળવી રાખવાનો ઇરાદો પણ તેણે સાથોસાથ જાહેર કર્યો છે એ ઉપરથી રશિયાની ઉશ્કેરણીથી કદાચ તુર્કીએ આ જાહેરાત કરી હોય ખરી.

ઉત્તરમાં આ પ્રદેશ જો જાપાન હસ્તગત કરશે તો મોંગોલિયાનો પ્રદેશ સાવ નિકટ આવી જાય છે એ રશિયા સાંખી લેવા તૈયાર તો ન થાય પણ હજી આ સબંધે તેણે કશું પગલું ભર્યું જણાતું નથી

આમ પૂર્વમાં ઉભી થએલી પરિસ્થિતિની કેવી પૂર્ણાહુતિ થશે તે અત્યારે કહી શકાય એવી ન હોવાથી આથી વધારે કશું ભવિષ્ય ભાખી ન શકાય પણ જો યુરોપના મોટા રાજ્યો નબળા રાજ્યો ઉપરની આ ગુંડાગીરી ચલાવવા દેશે તો આખી દુનિયાના ફાસિસ્ટ રાજ્યો દુનિયા ઉપર તાંડવ મચાવશે એમાં શક નથી

પેલેસ્ટાઇનો અહેવાલ :

આ માસમાં પેલેસ્ટાઇન માટે નીમેલા બાદશાહી કમિશનનો અહેવાલ બહાર પડી ચૂક્યો છે અને સરકારે એ અહેવાલની મુખ્ય સૂચનાઓનો સ્વીકાર કર્યાનું પણ જાહેર કર્યું છે આ અહેવાલની મુખ્ય સૂચના પેલેસ્ટાઇનના વિભાગ પાડવાની છે એક આરબોનું પેલેસ્ટાઇન, એક યહુદીઓનું પેલેસ્ટાઇન અને ત્રીજા વિભાગમાં ધાર્મિક સ્થાનોનો સમાવેશ થાય છે, જેનું રક્ષણ અને સંભાળ ગ્રેટબ્રિટન પોતે રાખવાનું છે ભાગલા પાડવાની યોજના હિંમત ભરેલી છે એમ કહેવું જ જોઇએ આ ભાગલાની સામે આપણા દેશમાં તથા મુખ્ય મુખ્ય આરબ રાજ્યોમાં વિરોધ પણ સારી રીતે કરવામાં આવ્યો છે આ વિરોધના કારણો શું છે ભાગલાનું સ્વરૂપ શું

છે, તથા પેલેસ્ટાઇનમાં કયાં કયાં હિતોની અથડામણી છે એ બધાને સમજવા માટે થોડા જૂના ઇતિહાસમાં જવું પડશે પેલેસ્ટાઇનમાં ગયા વરસના એપ્રિલથી જે રમખાણો ફાટી નીકળ્યાં હતાં તેને પરિણામે આ અશાંતિનાં મૂળ તપાસવા તથા નવી યોજના વિચારી શકાય તો વિચારવા માટે શાહી કમિશન નીમવામાં આવ્યું હતું પેલેસ્ટાઇનમાં થએલ આ અશાંતિનાં કારણો સમજવા માટે પ્રથમ પેલેસ્ટાઇનમાં જે ત્રણ પક્ષો છે તે દરેકની કી શી મહત્ત્વાકાંક્ષાઓ છે તે સમજવાની જરૂર છે આ ત્રણ પક્ષો તે યહુદીઓ, આરબો અને અંગ્રેજ સરકાર છે

પૂર્વ ઇતિહાસ :

ઇસવીસનની પહેલાંથી આ પ્રદેશમાં યહુદીઓની વસ્તી હતી યહુદીઓ તેને પોતાનો સ્વદેશ ગણે છે ત્યાં તેમનો ધર્મ સ્થાપો અને સંસ્કૃતિ પણ સ્થાઇ પણ ત્યાર પછીના કાળમાં આરબ લોકોએ આ પ્રદેશ ઉપર ચઢાઇ કરી આખો પ્રદેશ હસ્તગત કર્યો અને વસાહત કરી પરિણામે યહુદીઓને પોતાના દેશમાંથી બીજા સ્થાનોમાં આશ્રય માટે જવું પડયું દુનિયાના જૂદા જૂદા ભાગોમાં તેઓ જઇને વસ્યા પણ તેઓ પોતાની ધર્મભૂમિ અને જન્મભૂમિને ભૂલ્યા નહિ આ સ્વદેશમાં ફરી જઇને વસવા મટેની પ્રબળ ઇચ્છા એક પ્રજાકીય ઇચ્છા તેમનામાં સતત રહ્યા જ કરી પણ આ ઇચ્છા તૃપ્ત કરવાનો મોકો તેમને મળતો નહોતો

મહાયુદ્ધ વખતે એક નવી પરિસ્થિતિ નિર્માણ થઇ અંગ્રેજ લોકો એવી કટોકટીની પરિસ્થિતિમાં મૂકાયા હતા તેમને યુદ્ધ સામગ્રીમાં અગત્યની એક વસ્તુ ખૂટી ગઈ હતી અને તેના વગર બહુ હાનિ પહોંચે એમ હતું! આ વખતે એક યહુદીએ પોતાની પ્રયોગશાળામાં પ્રયોગો કરીને આ ક્ષતિને દૂર કરી અને સામ્રાજ્યને બચાવ્યું તેના બદલામાં તેણે પોતાની કોમને લાભ મળે, તેમના પ્રદેશમાં પાછા જવાની અને વસવાટ કરવાની સગવડ થાય એવી માગણી કરી બ્રિટિશ સરકારે આ માગણી સ્વીકારી, અને ૧૯૧૭માં જાહેર કર્યું કે, પેલેસ્ટાઇન એ યહુદીઓની જન્મભૂમિ છે (National Home) અને બ્રિટિશ સરકાર આ બાબતનો સ્વીકાર કરીને પોતાની નીતિ નક્કી કરશે આ જાહેરનામાને બાલ્ફોર ડેકલેરેશનના નામથી ઓળખવામાં આવે છે આ નીતિ સ્વીકારવાનું એક બીજું પણ કારણ હતું યહુદીઓ પૈસાની ધીરધાર કરનારા કોમ છે અને દુનિયાના અનેક પ્રદેશોમાં ફેલાઇ ગયેલી છે તેમની સહાનુભૂતિ મેળવવાનો પણ ઇંગ્લાંડનો ઇરાદો હતો

આ જાહેરાત પ્રમાણે જ્યારે મહાયુદ્ધ પૂરૂં થયું ત્યારે પેલેસ્ટાઇનને રાષ્ટ્રસંઘની નીચે લાવીને ગ્રેટબ્રિટનને સોંપવામાં આવ્યું અને ત્યારથી યહુદીઓને ત્યાં વસવાટ કરવા આવવા દેવાની રીતસરની યોજના કરવામાં આવી તથા એ પ્રમાણે યહુદીઓ આવીને વસવા લાગ્યા યહુદી કોમનું ઘણા વર્ષોનું સ્વપ્ન સિદ્ધ થતું હોય એમ તેમને લાગ્યું, છેલ્લા છેલ્લા વરસોમાં યહુદીઓની વસાહત પેલેસ્ટાઇનમાં વધવા માંડી છે આ વસ્તી વધવાના કારણોમાં બીજા ત્રણ કારણોનો ઉમેરો કરી શકાય (૧) અમેરિકા વગેરેએ પરદેશીઓને ન વસવા દેવા માટેના કડક નિયમનો મૂકવા માંડ્યા છે આથી બીજે ક્યાંક વસાહતની જરૂર પડી (૨) જર્મનીમાં હીટલરની સત્તા પછી યહુદીઓને બીનકુલ દેશનિકાલ કરવામાં આવ્યા છે અને કાઢી મૂકવામાં આવ્યા છે, આ બધા ત્રસ્ત લોકોને વસવા ઠામની જરૂર હતી આથી પણ લોકો આવવા લાગ્યા (૩) પોલાંડ વગેરે દેશોમાં જ્યાં યહુદીઓની વસ્તી છે ત્યાં પણ તેમને માથે એટલો બધો ત્રાસ ગુજારવામાં આવે છે કે તેઓ બીજી જગાએ વસવાની ઇચ્છા કરે એ સ્વાભાવિક છે આ ત્રણે કારણોને અંગે તથા પેલેસ્ટાઇનમાં તેમને વસાવવાની સ્પષ્ટ નીતિ અખત્યાર કરવામાં આવેલી હોવાથી છેલ્લે છેલ્લે અહીં ઘણા યહુદીઓ આવીને વસવા લાગ્યા છે

યહુદીઓએ આવીને આરબોની જમીનો ખરીદવાનું શરૂ કર્યું, નકામી જમીનને પણ ખેડવા લાયક બનાવી, પાણી વગેરેની વ્યવસ્થા કરી આમ દરેક રીતે આજના અરસામાં પેલેસ્ટાઇનની આર્થિક પ્રગતી સાધી ઘણી જમીન ખેતીમાં આવી ઉપજ વધી વેપાર વધ્યો,

આરબોને પણ વધારે આવક થવા લાગી, મજૂરોની રોજી પણ વધી, અને નવી સંસ્કૃતિની શરૂઆત પણ થવા લાગી યહુદીઓએ જેમ અહીં આવીને વસ્તી કરી છે, તેમ પોતાની ઘણી મૂડી પણ રોકી છે, અને તે એવી આશાએ કે યહુદીઓની ઘણી મોટી સંખ્યા અહીં આવીને વસવાટ કરી શકશે આથી યહુદીઓ હવે અહીં પોતાના હક્કોનું સંરક્ષણ માગે છે, પેલેસ્ટાઇન પોતાને સાચોસાચ સ્વદેશ છે એવી ખાતરી માગે છે અને સ્વદેશમાં જેટલા હક્કો હોય તેટલા હક્કો માગે છે

યહુદીઓની સામે આરબ લોકોએ વિરોધ ઉઠાવ્યો છે વિરોધ મહાયુદ્ધ પૂરું થયા પછી પ્રથમ ૧૯૨૦ માં જ ઉઠાવવામાં આવ્યો હતો તે વખતે ત્યાં આજની માફક જ રમખાણો થતાં હતાં ૧૯૨૮માં પણ આવો જ ઝઘડો ઊભો થયો હતો અને ગયા વરસમાં પણ આરબોએ બળવાનો ઝંડો ફરકાવ્યો હતો જ્યારથી પેલેસ્ટાઇનને યહુદીઓના સ્વદેશ તરીકે જાહેર કરવામાં આવ્યો, ત્યારથી આરબોએ આનો વિરોધ આ રીતે જાહેર કર્યા જ કર્યો છે આરબ લોકો સ્વદેશાભિમાની છે અપમાન સહસા સહન કરતા નથી ઝટ તાબે પણ થતા નથી

ભૂતકાળમાં દૃષ્ટિ :

આરબોના આ વિરોધનું કારણ સમજવા માટે થોડા ભૂતકાળમાં દૃષ્ટિ નાખવી પડશે આજે ૧૩૦૦ વરસોથી આરબ લોકો પેલેસ્ટાઇનમાં રહે છે ત્યાં તેમણે પોતાના ઘરબાર કર્યાં છે પોતાની સંસ્કૃતિની સ્થાપના કરી છે, તેમના વડવાઓએ પોતાનો સ્વદેશ કરી લીધો છે અને આજે ત્યાં વસતા આરબો પણ પેલેસ્ટાઇનને પોતાનો સ્વદેશ જ ગણે છે ત્યાં જે આરબો ખ્રિસ્તી થઇ ગયા છે તેઓ પણ આ વિરોધમાં મુસલમાન બનેલા આરબોને પડખે જ રહ્યા છે એ બતાવે છે કે ધર્મની બાબત કરતા આરબોના આ વિરોધની પાછળ સ્વદેશની ભાવના જ કામ કરી રહી છે એટલે જેમ યહુદીઓ પેલેસ્ટાઇનને પોતાનો સ્વદેશ ગણે છે તેમજ આરબો પણ તેને પોતાનો સ્વદેશ જ ગણે છે

મહાયુદ્ધની શરૂઆતમાં આ ભાગ અને બીજા આરબ રાજ્યો તુર્કીના આધિપત્ય નીચે હતાં તુર્કી તે વખતે જર્મનીના સાથે ભળેલું હતું અને તેથી હિંદુસ્તાન હાથમાંથી જશે, તુર્કી તેને છીની લેશે એવો ડર ઇંગ્લાંડને પેઠો, આથી તેણે આરબોને ફોડવા અને પોતાના પક્ષમાં લીધા આ વખતે ઇંગ્લાંડે આરબોને વચન આપ્યું હતું કે તમને સ્વતંત્ર બનાવવામાં આવશે સ્વાતંત્ર્ય મેળવવાની આશાએ આરબોએ તુર્કીની સામે બંડ કર્યું યુદ્ધ પૂરું થતા અગાઉ યહુદીઓને પણ ઇંગ્લાંડે વચન આપ્યું કે પેલેસ્ટાઇનને યહુદીઓનો સ્વદેશ ગણવામાં આવશે યુદ્ધ પૂરું થયું, આરબોને આપેલાં વચનનો ભંગ કરવામાં આવ્યો ઇરાક, સીરીઆ, પેલેસ્ટાઇન વગેરે રાષ્ટ્રસંઘ તરફથી ઇંગ્લાંડ અને ફ્રાંસને રાજ્યવહીવટ ચલાવવા સોંપવામાં આવ્યાં, અને આરબ લોકોને આપેલ વચનોનો કશો વિચાર કરવાને બદલે યહુદીઓને આપેલા વચન તરફ વધારે લક્ષ આપીને પેલેસ્ટાઇનમાં તેમને વસાવવાની મહેનત કરવામાં આવી આરબ લોકોએ આ વસ્તુ સાંખી નહિ અને આગળ જોઇ ગયા તેમ ૧૯૨૦ માં જ તેમણે વિરોધ કર્યો પણ ઇંગ્લાંડે પોતાના લશ્કરી સામર્થ્યથી આ વિરોધને દબાવી દીધો અને ત્યાંથી આજસુધી આરબોને શાંત રાખવા માટે લશ્કરી બળનો જ ઉપયોગ કરવો પડે છે

ગયા વરસે જ્યારે આરબોએ બંડ કર્યું ત્યારે તેમણે ત્રણ માગણીઓ મૂકી (૧) યહુદીઓને હવે વસવાટ કરવા આવતા અટકાવવા જોઇએ (૨) આરબોની જમીનો હવે પછી યહુદીઓના હાથમાં જતી અટકાવવી જોઇએ અને (૩) પેલેસ્ટાઇન આરબોનો સ્વદેશ છે એટલે રાજ્યકારભાર મુખ્યત્વે આરબોના હાથમાં રહે એવી ગોઠવણ કરવી જોઇએ

આરબોની આ માગણીઓ ગેરવાજબી છે એમ કહી શકાય એમ નથી અંગ્રેજોએ આરબોને સ્વતંત્ર કરવાનું વચન આપ્યા પછી જ તુર્કીની સામે તેમણે બંડ કર્યું અને અંગ્રેજોને મદદ આપી વળી ૧૩૦૦ વરસથી આરબો જે જમીનમાં રહ્યા, જે જમીન ખેડી અને જેને સ્વદેશ ગણ્યો તેમાં હવે યહુદીઓનું જોર

વધતું જતું તેઓ સાંખી શકતા નથી. અલબત્ત, યહુદીઓ આવ્યા પછી દેશની આબાદી વધવા લાગી છે, વાવેતરના નવા નવા અખતરાઓ થવા લાગ્યા છે, અણખેડાયુ જમીન ખેડાવા લાગી છે, અનેક નવા ધંધાઓ દાખલ થવા લાગ્યા છે, આરબ મજૂરોની રોજી પણ પહેલાં કરતાં વધી છે. આ બધી બાબતો આરબોને લાભકારક છે, એમ ગણાવા લાગ્યું છે ખરું. પણ અનેક આરબ ખેડૂતો જે એકવાર પોતાની જમીનના માલેક હતા તે માલેક મટીને હવે મજૂર થવા લાગ્યા છે. અને જમીનો ધીમેધીમે ધનવાન યહુદીઓના હાથમાં જવા લાગી છે. ગરીબ આરબો આ અટકાવી શકે એમ નથી. સ્વાતંત્ર્યપ્રિય આરબો આ રીતે ગુલામ બને તે તેમને મંજૂર નથી. આ આર્થિક લાભો પેલેસ્ટાઇન દેશ તરીકે ભલે થતા હોય પણ તેમાં વસતા આરબ લોકો માટે તે બહુ લાભકારક નથી. વળી છેલ્લાં વરસોમાં યહુદીઓની વસતી વધતી જાય છે. ૧૮ વરસ પહેલાં માત્ર યહુદીઓ કુલ વસ્તીના ૭ ટકા જેટલા હતા તે આજે કુલ વસ્તીના ૩૦ ટકા જેટલા થયા છે. જો આ હિસાબે યહુદીઓ આવ્યા કરે તો જ્યાં એકવાર આરબોની બહુમતી હતી, ત્યાં યહુદીઓની બહુમતી થઇ જાય અને તેઓ આરબ લોકોને ગુલામ બનાવી મૂકે અને દેશમાંથી બહાર જવાનો રસ્તો પણ શોધવો પડે. એટલે આરબોની ઉપરની ત્રણે માગણીઓ પણ સમજી શકાય એમ છે.

આ યહુદી અને આરબ લોકોના ઝગડાને બરાબર ટૂંકમાં જોઇએ તો યહુદીઓ તેને પોતાનો પુરાણો સ્વદેશ ગણે છે, અને તેથી પોતાના સ્વદેશમાં પાછા આવીને વસવા માગે છે, અને પોતાના જ સ્વદેશમાં પોતે સાચા સ્વામી થવા માગે છે. આરબ લોકો મૂળના ભલે ત્યાં વસનારા ન હોય તો પણ આજે ૧૩૦૦ વરસોથી ત્યાં વસે છે અને તેમણે પોતાના ઘરબાર પણ ત્યાં કરીને તેને સ્વદેશ બનાવ્યો છે. હવે યહુદીઓએ નવાં ઘર વસાવવાનો પ્રશ્ન છે, જ્યારે આરબોને પોતાનાં ઘરબારનો ત્યાગ કરવાનો વારો આવે એમ છે. અને મોટી મુશ્કેલી તો એ છે કે બન્ને કોમોને અંગ્રેજોએ અમાઉ વચનો આપ્યા છે, જેને પરિણામે આ એક જ દેશને બન્ને કોમો પોતાનો સાચો સ્વદેશ બનાવવા માગે છે.

જેને બળવા તરીકે ઓળખવામાં આવે છે તે આરબોને મન તો સ્વાતંત્ર્યયુધ્ધ છે. આ તેમની સ્વાતંત્ર્યની ઇચ્છાને આસપાસની પરિસ્થિતિને લીધે વેગ મળ્યો છે. સિરિયાને આવતા ત્રણ વરસમાં સ્વાતંત્ર્ય આપવાના કરાર ફ્રાંસ સાથે થઇ ગયા છે; ઇરાક ઉપરથી પણ ગ્રેટબ્રિટને પોતાનું સંરક્ષણ હટાવીને તેને સ્વાતંત્ર્ય આપી દીધું છે. ઇજીપ્ત સાથે હમણાં જ ગ્રેટબ્રિટને સંધિ કરી. આ બધા બનાવોની અસર પણ પેલેસ્ટાઇનના આરબો ઉપર થઇ હોય ખરી.

ઉપરનાં કારણો તપાસતાં આરબોએ શામાટે રમખાણો કર્યાં તે સમજાશે. ગ્રેટબ્રિટને પેલેસ્ટાઇન ઉપર પોતાની હકુમત જમાવ્યા પછી, અને યહુદીઓનો સ્વદેશ જાહેર કર્યા પછી તરત જ આરબોએ જે રમખાણો છૂટાંછવાયાં કર્યાં તેમાં ગયા વરસનું વધારે ગંભીર ગણાય. ખોટા પાયા ઉપર હડતાલો પાડવામાં આવી હતી, અને બધાને દબાવી દેવા લશ્કરી કાયદો જાહેર કરવાની પણ સરકારને ફરજ પડી હતી. આથી આ રમખાણોનું મૂળ તપાસીને તેનાં કારણો દૂર થાય એવા ઉપાયો બનાવવા માટે લૉર્ડપીલના પ્રમુખપદે એક બાદશાહી કમિશન નીમવામાં આવ્યું. આ કમિશને આ માસની ૮મીએ પોતાનો અહેવાલ અને યોજના રજુ કરી છે.

નવી યોજના:

આ નવી યોજના પ્રમાણે પેલેસ્ટાઇનના ત્રણ વિભાગ કરી નાખવાનું સૂચવવામાં આવ્યું છે. જેની સામે આરબ તથા યહુદીઓએ વિરોધ જાહેર કર્યો છે. પણ ઉગ્ર વિરોધ આરબોનો જ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, યહુદીઓ આરબોની સંસ્કૃતિ મૂળથી જ જૂદી છે, તેમનો સુમેળ થવો અશક્ય છે આજસુધી એવો સુમેળ સાધવાના કરેલા પ્રયત્નો વ્યર્થ ગયા છે. વળી ગ્રેટબ્રિટને બન્નેને જે વચનો અગાઉ આપ્યાં છે, એ એકી સાથે પાળી શકાય એમ નથી. કારણ બન્નેને સ્વાતંત્ર્ય આપવાનાં વચનો આપ્યાં છે, જે બનવું અસંભવિત છે. જો આ મુલકના બે ભાગ કરી દેવામાં આવે, અને તેમાં એક આરબ રાજ્ય અને બીજું યહુદી રાજ્ય બનાવવામાં આવે તો બન્નેને જૂદા જૂદા રાજ્યો મળે છે.

સ્વતંત્ર રાજ્યો મળે છે, બન્નેનો સ્વદેશ સચવાય છે અને રમખાણોની બીક પછી ઓછી થાય છે ત્રીજો ભાગ બાકી રહે છે તે ખ્રીસ્તી ધર્મસ્થાનોનો. આ ધર્મસ્થાનોમા દુનિયાભરના બધા જ ખ્રિસ્તીઓ આવે છે એ છૂટથી આવી શકે માટે આ ભાગને જૂદો પાડી નાખીને આજની માફક જ ઇંગ્લાંડ તેનો વહીવટ ચલાવે એવું સૂચવવામા આવ્યું છે

આ રીતે પેલેસ્ટાઇનના કટકા પાડી નાખવાની યોજના બહુ ભારે હિંમત બતાવે છે આરબોએ આની સામે જબરો વિરોધ નોંધાવ્યો છે પોતાનો વિશ્વાસઘાત કર્યો છે એમ તેઓ માને છે, પોતાના જ મુલકમાથી કાઢી મૂકવાની તરકીબ અંગ્રેજો રચે છે એમ તેઓનુ કહેવુ છે તેઓ યહુદીઓના વિરોધી નથી, પણ યહૂદીઓની વસ્તી જે ઝડપથી વધે છે એ પ્રમાણે જોતા તેમને પોતાની અસ્મિતા ઘટતી જતી લાગે છે તેઓ પોતાના દેશમાં પોતાની બહુમતી રહે એવો કારભાર માગે છે

બીજી બાબત આરબોને ખૂંચે છે તે એ છે કે, પેલેસ્ટાઇનનો સારો ફળદ્રુપ ભાગ, અને કિનારાઓનો ભાગ યહુદીઓને આપી દીધો છે. જ્યારે આરબોના હાથમા રણનો હલકો પ્રદેશ આપવામા આવ્યો છે અલબત્ત યહુદી રાજ્ય વધારે સમૃદ્ધ થશે એટલે તેમાથી વાર્ષિક ખંડણી આરબ રાજ્યને મળે એવી ગોઠવણ તથા જરૂર પડે બ્રિટિશ તિજોરીમાથી પણ મદદ આપવાની સૂચના કરવામા આવી છે પણ આરબોને આતો પડ્યા ઉપર પાટુ મારવા જેવું લાગે છે તેની પાસે હતુ તે લઇ લઇને પછી ઉદારતાથી તેને થોડુંક પાછું આપવામાં આવે તેમાં આરબોની મશ્કરી છે

નવી યોજના કરવા પાછળ ચેરમિશ્નનો એક હેતુ સ્પષ્ટ છે, તે આરબ લોકોની સત્તા તોડી નાખવાનો ને નવું આરબ રાજ્ય બનાવવામા આવશે તે જો પાસે આવેલ ટ્રાન્સ જોર્ડન નામના આરબ રાજ્ય સાથે ભળી જવા માગે તો તેની વ્યવસ્થા કરવાનુ વચન આપ્યું છે પણ તેમા ઇંગ્લાંડને વાંધો નથી, કારણ આ નાનુ આરબ રાજ્ય ઇંગ્લાંડનુ મિત્ર છે ઇંગ્લાંડે બન્નેને જ્યારે સ્વાતંત્ર્યના વચનો આપ્યાં ત્યારે તેમા તેનો સ્વાર્થ જ હતો અને આજે પણ બે કટકા પાડવાની યોજનામા પણ ઇંગ્લાંડનો પોતાના સામ્રાજ્યનો સ્વાર્થ જ છે તેને નથી યહુદીઓ પ્રત્યે પ્રેમભાવ ઉત્પન્ન થયો, કે નથી આરબો પ્રત્યે. પણ જે નવી યોજના કરી છે, તેમા આરબોની માગણીઓ તરફ ધ્યાન આપવામા આવ્યુ નથી, યહુદીઓને લાભ થાય એવીજ યોજના છે અને ઇંગ્લાંડના હિતો સચવાય છે.

જો ભૂમધ્ય સમુદ્રના નકશા ઉપર નજર નાખવામાં આવે તો અંગ્રેજોનું હિત પેલેસ્ટાઇનમાં કેટલું છે તે ધ્યાનમા આવશે એક તો પેલેસ્ટાઇન એ સ્વેઝની નહેરની બાજુમાં છે. મિસર સાથેના વ્યવહારમાં સ્વેઝની નહેરનુ રક્ષણ કેટલુ મહત્વનુ છે એનુ વિવેચન કરવાની આવશ્યકતા નથી, વળી કોઈવાર સ્વેઝની સમાંતર નવો બીજો રસ્તો કરવો પડે તો પણ પેલેસ્ટાઇન તેને માટે મહત્વનુ સ્થાન છે એજ સમુદ્રમા આજે પોતાનાં થાણા વધારવાની જરૂર ઇંગ્લાંડને પડી છે, અને પેલેસ્ટાઇનમા પોતાની સત્તા સ્થિર થવાથી પૂર્વ ભૂમધ્ય ઉપર કાબૂ રાખી શકાય એમ છે હિંદુસ્તાન અને ઓસ્ટ્રેલિયા સુધી જતો સામ્રાજ્યનો મહત્વનો હવાઇ માર્ગ પેલેસ્ટાઇનમા થઇને જાય છે આ માર્ગના રક્ષણ માટે પણ આ ભાગ અગત્યનો છે અને છેલે મોસલના તેલના કૂવાઓનુ કેરોસીન પેલેસ્ટાઇનમા થઇને હૈફા બંદરે પાઇપો વડે પહોંચાડવામાં આવે છે અંગ્રેજ વહાણો વગેરેને માટે આ પાઇપલાઇન અત્યંત મહત્વની છે આ બધા ઇંગ્લાંડના સ્વાર્થો છે. જેના રક્ષણ માટે પેલેસ્ટાઇન ઉપરની સત્તા જરૂરી છે.

આરબ લોકો જો આ ભાગમા વધારે પ્રબળ થાય તો ઇંગ્લાંડના હિતોને જતે દહાડે નુકશાન પહોંચવાનો ભય છે કારણ મુસોલિની હમણા હમણાં આરબોના પક્ષમા ઉતર્યો છે અને કહેવાય છે કે પેલેસ્ટાઇનના આરબોને ઉશ્કેરવામાં અને હથિયારો તથા દારૂગોળો પહોંચાડવામા તેનો હાથ હતો. બીજાં પડોશના આરબ રાજ્યોનો પણ મુસોલિનીના આ કારસ્થાનો જોતાં ઝાઝો ભરોસો ઇંગ્લાંડને ન બેસે પણ યહુદીઓનો ભરોસો તેમને છે આજે યહુદી કોમ ઘરબાર વગરની

છે ઘણી જગાએ હડધૂત થાય છે તેને બદલે તેમને ઇંગ્લાંડ સ્વદેશ આપશે એથી જર્મની અને તેના મિત્ર હિટલરની વિરૂધ્ધ આખી દુનિયાના યહુદીઓનો ટેકો ઇંગ્લાંડને મળશે પેલેસ્ટાઇનના યહુદી રાજ્યના કિનારા ઉપર તો બધી જ સગવડો મળશે તેઓ કદિ હિટલર કે મુસોલિનીની વાતોમાં ભોળવાઇ જશે નહિ અને તેથી ઉપર ગણાવેલી બધી બાબતો સચવાશે ઉપરાંત યહુદી લોકો પૈસાદાર કોમ છે તેમજ હજી ઘણા રાજ્યોમાં તેના પૈસાને લીધે તેમની સારી લાગવગ પણ છે આ પૈસા તથા લાગવગનો ઉપયોગ પણ ઇંગ્લાંડ કરી લેવા માગે છે

ઉપરાંત યહુદીઓને સંતુષ્ટ રાખવામાં સૌથી મોટી ગણતરી અમેરિકાને સંતુષ્ટ રાખવાની છે અમેરિકામાં યહુદીઓ સારા પ્રમાણમાં છે તથા તેઓ સારી સ્થિતિમાં પણ છે અને રાજ્યમાં પણ તેમની ઘણી લાગવગ છે અને તેથી અમેરિકાના સંયુક્ત સંસ્થાનો તરફથી યહુદીઓને અન્યાય ન થાય એવી જાતની માગણી પણ પરરાષ્ટ્ર ખાતા મારફત કરવામાં આવી હતી આજે ઇંગ્લાંડ કટોકટીની સ્થિતિમાંથી પસાર થાય છે તેવે વખતે અમેરિકાને જો આ રીતે સંતોષ આપી શકાતો હોય તો શા માટે ન આપે?

આની સાથોસાથ આ પ્રશ્ન ઉભો થશે કે આવી કટોકટીને વખતે ઇંગ્લાંડ આરબોને શા માટે દૂભવે છે અને છંછેડે છે? છંછેડવાને બદલે તેમને શાંત કરે તો સામ્રાજ્યનું હિત વધારે ન જળવાય? જરા વિચાર કરતાં જણાશે કે, કેટલીક બાબતોમાં ઇંગ્લાંડે પાણી પેહેલાં પાળ બાંધી લીધી છે ઇજીપ્તની સામે હમણાં જ થએલી સંધિ જોતાં ઇંગ્લાંડની વિરૂદ્ધ તે તુરતમાં જશે નહિ સીરી યાને ફ્રાંસે સંતોષ આપ્યો છે, અને તે બાજુથી તેને બીક ઓછી રહેશે કારણ કે ફ્રાંસે તો ગમે તે વખતે પણ ગ્રેટબ્રિટનની પડખે જ રહેવાનું છે ટ્રાન્સજોર્ડનનો અમીર અંગ્રેજોનો મિત્ર જ છે આમ પેલેસ્ટાઇનની આજુબાજુથી બહુ બીક નથી છતાં ધારો કે બીક હોય તોપણ અમેરિકાની માગણી તરફ પણ તેને ધ્યાન આપ્યા વગર છૂટકો નથી એક બાજુ અમેરિકા અને બીજી બાજુ આરબ રાજ્યો એ બેની વચ્ચે જો કોને મત આપવા એ બાબતમાં પસંદગી જ કરવાની હોય તો અમેરિકાની મૈત્રી ઇંગ્લાંડને વધારે કામની છે આરબો ખાતર અમેરિકાને છંછેડવામાં અર્થ નથી

અહેવાલની બીજી બાબતો બહુ મહત્વની નથી કેટલાક મોટાં શહેરોમાં બન્ને કોમોની વસ્તી ઘણી છે એ બધાં શહેરો ઇંગ્લાંડના જ કાબૂ તળે રાખવાના છે અને દરેક રાજ્ય સાથે છૂટી છૂટી સંધિઓ કરવાની છે આ સંધિઓ જ એવા પ્રકારની હશે કે જેથી અંગ્રેજોનું લશ્કરી વર્ચસ્વ તો એ પ્રદેશમાં રહે જ આજે પણ જો રમખાણો ફરી ફાટી નીકળે તો એવી એક સૂચના કરવામાં આવી છે કે, વહેલામાં વહેલી તકે લશ્કરી અમલ જારી કરવો, અને પ્રથમ આરબોને પછી યહુદીઓને નિઃશસ્ત્ર કરવા આ પગલું ભરાય એમાં પણ સંશય નથી લાગતો હિંદુસ્તાન નિઃશસ્ત્રી થયા પછી જેમ તેને સાચવવો સહેલો પડયો છે, તે અખતરો પેલેસ્ટાઇનમાં પણ અજમાવવામાં શું વાંધો?

આમ સામ્રાજ્યના હિતની દ્રષ્ટિએ પેલેસ્ટાઇનના ભાગલા પાડી નાખવામાં આવ્યા છે સામ્રાજ્યના હિત ખાતર ગમે તે પ્રજાનું સ્વાતંત્ર્ય હણાઇ જતું હોય તો પણ એટલો ભોગ સામ્રાજ્ય કેમ ન માગે? જો આરબ પ્રજાએ સ્વતંત્ર રહેવું જ હતું તો ભૂમધ્ય સમુદ્રમાં થઇને જતા બ્રિટનના સામ્રાજ્યના માર્ગ ઉપર વસવું નહોતું જોઇતું! જો વસ્યા તો સ્વતંત્ર રહેવાની આશા કરવી જોઇએ નહિ!

પેલેસ્ટાઇનનો અહેવાલ સરકારે સ્વીકારી લીધો છે અને તેથી આરબો તરફથી તેનો સખત વિરોધ પણ કરવામાં આવ્યો છે ઇરાકના રાજાએ પણ આ વિરોધમાં સાથ આપવાનું વચન આપ્યું છે હવે આ વિરોધની અસર ગ્રેટબ્રિટન ઉપર કેવીક થાય છે એ જોવાનું રહ્યું તા ૧૮ ૭ ૩૭

વિરોધની અસરઃ

આરબોના તથા બીજા આરબ તેમજ મુસલમાન રાજ્યોના વિરોધની થોડી ઘણી અસર ગ્રેટબ્રિટન ઉપર થશે એમ જણાય છે કમાલપાશાએ પણ પોતાનો સખ્ત વિરોધ આ ભાગલા સામે દર્શાવ્યો છે અને મુસલમાનોના પવિત્ર સ્થાનોની રક્ષા માટે દરેક મુસલમાન પોતાના લોહીની નદી રેલાવવા તૈયાર છે એમ પણ ભાષણમાં જાહેર કર્યું છે એકવાર પેલેસ્ટાઇન તેને તુર્કીને કબજે હતું તે તુર્કી હજી ભૂલ્યું નથી આ બધા પ્રબળ વિરોધને લીધે કદાચ આ પ્રશ્ન આખો જ્યારે રાષ્ટ્રસંઘ પાસે રજુ થશે ત્યારે કંઇક સુધારા વધારા થવાનો સંભવ જણાય છે તા ૧ ૮ ૩૭

સર જેમ્સ મેથ્યુ બૅરી

આંગ્લ નાટ્ય સાહિત્યમાં કિન્નરલોકનો દર્શનકાર

श्री "चा"

આજથી સુમારે સાઠ વર્ષ પૂર્વે યુરોપ આખાની રંગભૂમિ અને નાટકોના સ્વરૂપમાં પ્રચંડ ક્રાન્તિ આવી ત્યાંથી નાટ્ય સાહિત્યમાં નવાયુગની શરૂઆત થઈ ઈંગ્લાંડ પણ આ અસરથી મુક્ત નહોતું રહ્યું ઉગતા દિગ્દર્શકો નટો અને નાટકકારોનો જાણે રાફડો ફાટ્યો પણ આ તમામને શિખરે ચડી પોતાની કીર્તિ ધ્વજા ફરકાવનાર તો સર જેમ્સ મેથ્યુ બૅરી જ હતો થોડા વખતમાં તો એમ પણ કહેવા લાગ્યું કે "ઘણા થયા, ઘણા થશે છે પણ ઘણા, પરંતુ આના (જેમ્સ) જેવો કોઈ બીજો?"

આપણા પ્રાંતમાં આવા આ ચિરંજીવ સાહિત્યિક પુરુષનું નામ કેટલા જાણે છે? બર્નાડ શૉ અને ગાલ્સવર્ધીને નોબેલ પારિતોષિક મળ્યું તેથી તેમની કીર્તિનો રણકાર વળી આપણે કાને અથડાઈ ગયો શૉ વિષે પણ આપણે કેટલું જાણ્યું? એ તો એક ફેશન થઈ પડી છે માટે આપણે શૉ વિષે વાત કરીએ છીએ જો આપણે એ ભૂત દૂર કરી જિજ્ઞાસા અને અભ્યાસવૃત્તિ કેળવી હોત તો કેટલાય સાહિત્યકારોની કૃતિઓને ફેંદી નાખી હોત અને પરિણામે શોધી કાઢત કે એમના સાહિત્યની પ્રજા પર શી અસર પડી છે અને તો આપણે પણ નવી ઢબે આપણું સાહિત્ય ઘડત અને વધુ કસદાર બનાવી શક્યા હોત

ઈંગ્લાંડમાં શૉનું જેટલું ઊંચું માન છે તેટલું જ ઊંચું બૅરીનું છે શરૂઆતમાં શૉનો તો કોઈએ ઘડો સુધ્ધાં કર્યો નહિ બલ્કે ઘૃણા તિરસ્કાર અને ઉપેક્ષા જ તેને મળ્યા પણ બૅરીએ તો પહેલેથી જ ધડાકે પોતાના નામનો સિક્કો પાડી દીધો શૉ અને બૅરી એ બંને સાહિત્યના જબ્બર અતિરથીઓની કારકીર્દીમાં ખૂબ જ લાક્ષણિક અને ચમત્કારિક સામ્ય અને વિરોધ છે બંનેએ પોતાની કારકીર્દી વર્તમાનપત્રોના પાનાંઓ પર શરૂ કરી ત્યારપછી નવલકથાઓ લખવા માંડી તે પણ એક જ સમયે અને નાટકો પર લગ્ન પણ એક જ સમયે બંનેએ કેર્યું એક જ સમયે નવલો લખવાનું પડતું મેલ્યું અને એક જ સમયે નાટકો લખવાનો વ્યવસાય કાયમ માટે કરી દીધો એક જ સમયે બંનેએ પોતાની સર્વોત્કૃષ્ટ કૃતિઓ સમાજ આગળ ધરી

છતાં મહાયુદ્ધ સુધી શૉને કોઈએ લેખામાં જ લીધો નહિ શૉમાં બધું હતું જે બૅરીમાં હતું પણ શૉમાં એક તત્ત્વ વધારે હતું અને તે અમલ અને દાંભિકતા ઉપર પ્રહારો કરવાનું લોકોને આ ગમતું નહિ આથી તેઓ શૉ તિરસ્કૃત રહ્યો હતો મહાયુદ્ધના ભયંકર કાંઉ

લોકોના મન હચમચાવી નાખ્યાં. દભ, ઢોંગ, અને ખોટી ભાવનાનો આડંબર કેટલો દઇ સાહજિક સ્વચ્છ દૃષ્ટિ લોકોને મળી અને તેમણે જોયું કે શૉ સાચો હતો અને પોતે ભૂલેલા હતા પછી તો શૉનો ચડતીકાળ આવ્યો બનાવર બે ત્રણ વર્ષ સુધી શૉ અને બૅરી એક સરખા પ્રતિભાવાન રહ્યા, એક સરખી સુન્દર કૃતિઓ એમણે લખી પણ પછી બૅરીની કલા પર ઓટની અસર આવી ને જીવનની આખર સુધી એણે આશ્રમવાસી મુનિની પેઠે નિષ્ક્રિય એકાંતવાસ પાળ્યો

બૅરીની લેખિનીમા અજબ જેવુ જાદુ હતુ એણે તો એક પ્રવાહનેજ પકડ્યો પચ્ચીસ ત્રીશ વર્ષ સુધી એના નામનો ડંકો લંડન અને ન્યુયોર્કમા બજતો રહ્યો શૉની માફક નાટકની કળાને લોક-કેળવણીનુ સાધન ન ગણી લેતા એણે મનોરંજનનુ સાધન ગણી પોતાની કલમ ચલાવી. એણે જો કે કોઇ નવો વિચાર, નવીન ટીકા નથી આપી પણ એક નવીન ભાત તો જરૂર પાડી છે સામાજિક કે રાજકીય ચર્ચાઓ એણે પોતાના નાટકોમા આવવા નથી દીધા પણ સમાજનુ દિગ્દર્શન તો ઘણુ જ સરસ રીતે કરાવ્યુ છે એની વર્ણનશૈલી અજબ વાતા વરણ સર્જે છે અને એમાથી જ પ્રેક્ષકો-વાચકો અનેરી પ્રેરણા પામે છે આથી જ તો કેવળ કલ્પનામય અને ચિત્ર ન હોય એ કરતા વધુ કીમતી ઉદ્યમ એનો ગણાય સમાજના સામાન્ય ઘરમા વહેતા પ્રેમ અને વાત્સલ્ય ઇર્ષ્યાગ્નિની ભાવનાને એ મારૂણ્યમા મૂર્તિમંત ખડી કરે છે મધુરતા કારુણ્યમા અને ગંભીરતા વિનોદમા પલટાવી નાખવાની એની શક્તિ તો અજબ જ હતી કોઇ પણ વર્ણન કોઇ પણ કથાભાગ ગમે તેટલો અદ્ભુત, ચાહે તેટલો વિલક્ષણ હોય છતા વ્યાપક માનવતાની મૂળભૂત ભાવનાના આધારથી તો કદિ વેગળો નહિ જાય એનાં લખાણોમાથી જે કંઇ વાચ્યુ છે કે ભજવાતુ જોવાયુ છે તેની પકડ મગજ પર ઘાટી મજબૂત રહે છે અને સહેજે જ તેના ટેર્યા ટેરવાઇ જવાય છે

બૅરી એક ઓથમેન હતો અદ્ભૂતરમ્ય જમાવવાની ઓથમેોની શક્તિ બચપણથી ચાલી આવી છે દરેક પેઢીના કથાકારોની અદ્ભૂતરમ્યતા (Romance) જુદા જુદા સ્વરૂપે પ્રકટે છે છતા કલ્પનામય અવાસ્તવ જગતમા વાચકોને ખેંચી જઇ રમિકતામા તરબોળ કરી દેવાની દૃષ્ટિતો એક સરખી જ ચાલી આવે છે

આવી શક્તિ ધરાવનાર પહેલો થયો સર વૉલ્ટર સ્કોટ તેણે ભૂતકાળના ઇતિહાસને રોમાંચકતાથી રંગી દઈ વાચકોને આંજી નાખ્યા પછી થયો રોબર્ટ લુઇ સ્ટીવન્સન એની અદ્ભુત રમ્યતા વળી જુદી જ જાતની છતા એટલી જ મનોરંજક અને ત્રીજો સર જેમ્સ બેરી કે જેની અદ્ભુતરમ્યતા જમ ાનાની ચન્તિ આગના બે કરતા ન્યાય નિરાળી ભાતની અંગ્રેજ વાચકોને તો એ એટલી ગમી ગઈ કે એના પર કીર્તિ અને ધનદારનો જાણે વરસાદ વરસ્યો અદ્ભુતરમ્ય કેવળ મનોરંજનની ભાવનાને વા ! નથી, તે વ્યાવહારિક બુદ્ધિની અને ક્રિયાશક્તિ પણ છે જીવનની બધી વૃત્તિઓનો મનોધર્મોનો અને અંતઃકરણના ઉદ્રેકોનો ઉપયોગ છે, એ જ્યારે મનુષ્ય જાગે છે ત્યારે એ બધાનો આસ્વાદ લેવા તે તત્પર થાય છે આવા સત્યો પકડી પાડી બેરીએ એ બધાનું સુંદર મિશ્રણ નિર્માણ કર્યું અને એવુ વૈચિત્ર્ય દાખવવામા બેરીએ ખરેખર કમાલ જ કરી છે

એની સર્વોત્કૃષ્ટ મનાતી કૃતિઓમા The Admirable Chrichton Peter Ban, Dear Brutus અને Mary Rose નમૂના ગણાય છે, આમાના પ્રત્યેક નાટકનો પ્રકાર એટલો ભિન્ન ભિન્ન છે કે એક જ માણસે એ રચેલ છે એ જાણી આશ્ચર્ય જ થાય

ઇ સ ૧૮૬૦મા એક સાધારણ મજૂરવર્ગના કુટુમ્બમા જન્મેલા આ જેમ્સે એડીનબરો યુનિવર્સીટી માથી પદવી મેળવીને 'છાપાળ જય' કરવા માટે દક્ષિણ તરફ ન જતા કેળા વચ્ચે નોટિંગહામના સ્થાનિક સમાચારપત્રના તંત્રીમંડળમા એક વર્ષ કાઢી નાખ્યા પછી પોતાની લેખિનીની ચમક દેખાડવા ઇ સ ૧૮૮૪માં સાહેબ બદદુરની સ્વારી લંડન પહોંચી

ક્રોધ પ્રજાના જીવનને કેરતી નવલો, નવલિકાઓ, નિબંધિકાઓ અને ચરિત્રો ઇત્યાદિ કા ! લીટી

ગ્રામ્યપ્રયોગમાં સારી ખ્યાતિ મેળવી આ તરુણ નાટ્યકાર રંગભૂમિ તરફ વળ્યો અને ઈ. સ. ૧૮૯૧માં રંગભૂમિદેવીની આરાધના કરવાની શરૂઆત કરી બીજાઓને ગ્રાહ્ય થઈ પડે તેવી આ દેવી બેરીના વિચિત્ર અને ...ગ્રામ ઘેલી પર મૂગ્ધ થઈ. એના એક નાટકના ગુણો, પાંચ-પાંચસો પ્રયોગો લાગલગાટ થાય એ વાત તો રોજની થઈ ગઈ. ઈ. સ. ૧૮૯૭માં The Little Minister જે એની એક નવલકથા હતી તેનું તેણે નાટકમાં રૂપાંતર કર્યું. ઇંગ્લાંડ અને અમેરિકામાં એ ખૂબ જ વખણાયું. અમેરિકાના વિખ્યાત પ્રોડ્યુસર ચાર્લ્સ ફ્રોહમેને એના નાટકોને રંગભૂમિ પર રજૂ કર્યાં. આ ફ્રોહમેનની બેરીના જીવન-કથનમાં પણ મહત્ત્વ છે. કારણ કે જ્યારે બેરી 'નવલ કે નાટક?' એવા સંશયમાં હતો ત્યારે ફ્રોહમેને એની નિર્ણયબુદ્ધિને નાટકમાં સ્થિર કરી હતી. લડાઈ દરમિયાન જર્મને લ્યુસિટાનિયા નામે જહાજ ડુબાડી તેની સાથે ફ્રોહમેનનું મૃત્યુ થયું ત્યાં સુધી બેરી સાથે એની મિત્રતા અજોડ જેવી હતી.

ઈ. સ. ૧૯૦૨માં Quality Street અને The Admirable Chrichton એમ સાથે અનેક વખત લંડનમાં ભજવાયાં. Quality Street નું વસ્તુ ખૂબ જ રોચક છે પણ The Admirable Chrichton તો કોઈ ઓર જ નીવડ્યું. ઇંગ્લાંડના 'ખાનદાન' કુટુંબના દંભી અને જુઠ્ઠા જીવનનો એમાં પડઘો છે. એમાં ક્યાંય તાત્વિક ચર્ચા કે ટીકાનું આછું સ્વરૂપ માત્ર નથી દેખાતું એ જોવા જેવું છે, અને છતાં જે છે તે ચોંકાવનારું છે.

ઇંગ્લાંડના એક લોર્ડ કુટુંબના વડા લોર્ડ લોમને ત્યાં મુસાફરીએ જવાની ઉજાણી છે. લોર્ડ લોમની ત્રણ દીકરીઓ અને બે મિત્રો સાથે ઘરના નોકરો ઉજાણીમાં આમેલ છે. લોર્ડ લોમની દીકરીઓને પૈસા ખાતર પરણવા આનંદવૃત્તિ ધરાવતા એ મિત્રોની વાતચીત અજબ છે. ઉજાણી પછી એ મિત્રો—અર્નેસ્ટ વુલી અને લોર્ડ બ્રોકલહર્સ્ટ—સાથે પોતાની મોટી દીકરી લેડી મેરી અને બીજી બે દીકરીઓને લઈ લોર્ડ લોમ મુસાફરીએ ઉપડે છે. સાથે ક્રાઇટન નામે રસોઇયો લીધો છે. સમુદ્રમાં એમનું જહાજ તૂટે છે. ક્રાઇટનની હોશિયારીને અને બહાદુરીથી તેઓ બધાં દૂર દૂરના એક નિર્જન બેટ પર પહોંચે છે. અહીં એ સર્વનો આધાર ક્રાઇટન જ બની રહે છે. લેડી મેરીને આવા નાચીઝ રસોઇયાને આધારે જીવવું સ્વાભિમાન ઘવાયા જેવું થાય છે પણ કરે શું? પણ ક્રાઇટનના નિરભિમાનપણાથી તે આખરે તેના તરફ લાગણી ધરાવતી થાય છે. એટલામાં બધાં રહ્યાં ત્યાં દૂર એક વહાણ જોવામાં આવે છે. નદીને ત્યાં પહોંચાય તો જ મદદ આવે એવું હોય છે. એ જોખમ કોણ ખેડે? ક્રાઇટનને વિચાર થાય છે. શા માટે અહીંનું આ સાર્વભૌમ ગજવર છોડી ઇંગ્લાંડના એક મામૂલી બબરચી થવા આવું જોખમ ખેડું? આ માણસ ફરી હુકમ ચલાવવા માટે એ પણ ઓછું છે? પણ આખરે સહુની આંખોમાંથી નીતરતી કરુણતા એનાથી સહન નથી થતી અને એ જ પહોંચે છે. ઇંગ્લાંડ આવ્યા પછી અર્નેસ્ટ માટે એ નિર્જન બેટ પરનું પોતાનું જીવન રજૂ કરતું પુસ્તક બહાર કરે છે અને એમાં ક્રાઇટનનો ઉલ્લેખ પણ ન કરતાં કેવળ પોતાના જ બણગાં ફૂંકે છે. સ્વાભિમાની છતાં ન્યાયપ્રિય લેડી મેરીને આ ખૂંચે છે, પોતાના વાગ્દત્ત અને સહુ ખબાગી લોર્ડ બ્રોક સહુને આ વિષે પ્રશ્નો કરવા એનું મન એને અંદરથી ધક્કો મારે છે પણ 'ખાનદાની' એને પાછી પાડે છે. આખર સુધી એ મૌન સેવે છે અને ક્રાઇટન? એ તો જાણે બેટને ભૂલી જ જાય છે. સત્ય હકીકતને એ પોતાના હૃદયમાં જ પૂરી રહેવા દે છે. નાટકના અંતમાં લેડી મેરી એને કહે છે: ક્રાઇટન! તું એકવાર તો મારા તરફ ઘૃણાની નજરથી જો! મને મારી જાતની ઘણી શરમ ઉપજે છે પણ આખર હું એક એવી સ્ત્રી છું કે જેને શરમ તો ચૈતની વાતની ગાથા પડે જ અહીં... મરીને ચાલી જાય છે. અમે ખાનદાનો ખાનદાન નથી. ખાનદાન તો તું છે.

વચ્ચે વચ્ચે આવતો સૌમ્ય પરિહાસ અને સૂક્ષ્મ વિનોદ આખા વાતાવરણને ભરી દે છે. બેરીને 'ઓર્ડર ઓફ મેરિટ'નો બહુમાન્ય ખિતાબ મળ્યો તે માટે આ એક જ નાટક બસ નહોતું શું?

આ પછી ૧૯૦૪ માં જેટલાં નાટકો લખાયાં અને ભજવાયાં તે સૌમાં શ્રેષ્ઠ મનાતું Peter Pan છે. એમાં બાળકોની સૃષ્ટિ રચાઇ છે રાક્ષસો, ચોરો, ચાંચિયાઓ એવા એવી જ અદ્ભૂત રમ્ય વાતોનાં દશ્યો એમાં ઠેર ઠેર છે. બેરીની વિશિષ્ટતા આવાં ચિત્રણોમાં વિશેષ છે કીર્તિ પ્રાપ્ત કરવા માટે આ એનો માનીતો અને સહજ-પ્રદેશ છે. એવું જ 'પણ હાસ્યપૂર્ણ' બીજું નાટક Alice sit by the Fire.

પછી તો દશ બાર વર્ષ સુધી બેરીએ નાટ્ય સાહિત્યમાં જે સપાટો બોલાવ્યો અને જે યશ અને ધનપ્રાપ્તિ એને થઇ તે તો કલ્પનાતીત છે. ૧૯૨૦–૨૧ સુધીમાં એણે ઘણાં નાટકો રચ્યાં. જેમાનું Dear Brutus કેટલાકને મતે સર્વ શ્રેષ્ઠકૃતિ છે Mary Rose એ ભૂતસૃષ્ટિની વાર્તા છે: એક પ્રેમળ દંપતિ પોતાના અઢી વર્ષના નાના બાળકને ઘરમાં એકલું છોડી કોઈ અગમ્યના દોર્યા એક વિચિત્ર પ્રેમમૂર્તિ જેવા બેટમાં ફેરાઇ આવે છે. પણ એ તરુણ સ્ત્રીના મગજપર તો બાળકનું જ વધુ ખેંચાણ રહ્યું છે. ઠેઠ પચ્ચીસ વર્ષ પછી એ ઘેર આવી શકે છે પરંતુ એ પુત્રને નથી જોતી નિરાશામાં એ પ્રેત જેવી બની ભટકે છે. એમાંથી એ માંડ છૂટે છે તેવામાં ઓસ્ટ્રેલિયાથી પાછા ફરેલા તેના પુત્રનો તેને ભેટો થાય છે અને પછી તે દિવંગતને અધીન થાય છે. કેટલું બધું કારુણ્ય! વાત્સલ્યનો અહીં પરાકાષ્ઠા રજુ થાય છે.

બીનકુશળ માટી ભાષા અને સરળ ઘટના પ્રવાહ પ્રેક્ષકોના મનપર ઇચ્છિત અસર પાડે છે. બેરીને મન એ રમત છે.

આશ્ચર્ય એ છે કે આ આવો ઓછા બોલો, માત્ર શરમાળ અને ખૂબ જ એકાન્તપ્રિય માણસ આટલા સુંદર સંવાદો, આટલો લલિત વિનોદ અને આટલી નરેદવાર અનપેક્ષિત ઘટનાઓ આટલી વેધક શૈલીથી એ પોતાની કથામાં કેમ લાવી શકે છે? ભાષણ કરવાનો પ્રસંગ આપવે શ્રોતાઓને અવશ્ય મુગ્ધ કરી દે એવું લાગે છતાં એણે એકપણ ભાષણ કર્યું હશે કે નહિ એ શંકાની વાત છે

અનેક ઠેકાણેથી એને માનપત્રો મળ્યાં છે. એડીનબરા યુનિવર્સીટીએ એને એલ એલ. ડી. ની પદવી આપી, સેંટ એન્ડ્રુઝ યુનિ.એ એનું પોતાના 'રેક્ટર' તરીકેનું બહુમાન કર્યું, ૧૯૨૮માં ઓથર્સ સોસાયટીનો એ અધ્યક્ષ થયો છતાં એની વૃત્તિ તો અબોલ અને એકાંતપ્રિય જ રહી[1].

૧ મરાઠી 'વિહંગમ'ના આધારે.

o

મરજીવાને પ્રશ્ન

શાર્લ વિ૦ :

પૂછે કોઈ: "મરજીવિયા, શીદ ડુબો ઉંડા સમુદ્રો તળે
"જે મોતી કર એક યે નવ રહે, જે જીવ સાટે મળે?"
બોલે ત્યાં મરજીવિયો: "અનળ આ ખારો મહા પેટ છે
"ઉંડા સિન્ધુ થકી વિશેષ નહિ વા કૈં જાણવા માટ તે."

જેઠાલાલ ત્રિવેદી

જંતુવાદ – એક અર્વાચીન પાખંડ

[ગતાંકથી ચાલુ]

શ્રી. રમણલાલ એન્જિનીઅર

[ગતાંકમાં અપાયેલા લેખનો આ ઉત્તરાર્ધ છે. પૂર્વાર્ધ છપાયા પછી ભાઈ કાન્તિલાલ ગાંધીનો અમને પત્ર મળ્યો છે કે 'શ્રી એન્જિનીઅરનો લેખ વાંચી અમારા વિજ્ઞાનના વિદ્યાર્થીઓ ઉકળી ઉઠ્યા છે અને એક સાથે એનો જવાબ આપવા માગે છે. એ માટે 'ઊર્મિ'માં થોડી જગ્યા આપશો?' આ ચર્ચાને લંબાવવામાં અમને કશો વાંધો નથી કારણ કે શુદ્ધ અને ઉપકારક બુદ્ધિથી આ ચર્ચા ચાલે છે, પરંતુ 'ઊર્મિ'ને પાનાની અને બીજી કેટલીક મર્યાદાઓ છે એટલે આ ચર્ચાને ક્યાં સુધી લંબાવી શકાય એ એક પ્રશ્ન છે. આ ઉત્તરાર્ધ પછી શ્રી એન્જિનીઅર 'ત્યારે માંદગીનું કારણ શું છે?' એ વિષય ઉપર લખવાના છે. એમાં જંતુશાસ્ત્ર વિષેના પોતાના વિચારો રજુ કરવાના છે, એટલે શ્રી એન્જિનીઅર આ પછી 'ઊર્મિ'ના બે અંકો રોકશે. એ પછી શ્રી ગાંધી એનો જવાબ આપશે અને આ ચર્ચા પૂરી થશે. સં.]

"તેણે એક મહાન રહસ્ય શોધી કાઢ્યું કે બધા રોગોનું મૂળ જંતુઓ છે"

વાસ્તવિક હકીકત તો એ છે કે

'તેણે એક મહાન પાખંડ ફેલાવ્યું કે બધા રોગોનું મૂળ જંતુઓ છે.'

ઈ. સ. ૧૮૬૧ની સાલમાં જંતુઓથી રોગો થવાની સંભાવના (theory) પાસ્ચરે દુનિયા આગળ રજુ કરી. દાક્તરો એમની હંમેશની ટેવ મુજબ આ નવા વાદની સામા થયા. એનું કારણ એ હતું કે પાસ્ચર નહોતો દાક્તર કે નહોતો શરીરશાસ્ત્રી. એક તબીબી ડીગ્રી વિનાના કેમીસ્ટની શોધો સ્વીકારી લેવામાં એમની ઘમંડ ઘવાતી હતી. છેવટે એમણે જોયું કે આ વૈજ્ઞાનિક યુગમાં વૈદોની પ્રતિષ્ઠા સલામત રાખવી હોય, તો એને પણ એક વૈજ્ઞાનિક બુરખો ઓઢવો જોઇએ. એટલે એમણે ધીમેધીમે જંતુવાદ સ્વીકાર્યો. ઈ. સ. ૧૮૮૦ની સાલ સુધીમાં જંતુવાદે ઊંડાં મૂળ નાખ્યાં. રેતીમાં ખડી કરેલી દવાવાદની ઇમારતને જંતુવાદનો પાયો મળ્યો!

આ પાયો કેવો પોલો છે, એ દાક્તરો સૌથી સારી રીતે સમજે છે. જો જંતુઓથી રોગો થતા હોય, અને જંતુનાશકોથી મટતા હોય, તો પછી જેમને જંતુઓ સાથે કશું જ લાગતું વળગતું નથી એવી હજારો દવાઓને તેઓ શા માટે વળગી રહ્યા છે? શા માટે તેઓ

એસ્પીરીન, સ્ટ્રીકનીન, ડીજીટેલીસ અને બ્રોમાઇડ જેવી દવાઓ વાપરે છે

હવે આ જતુવાદે છેલ્લા પોણોસો વર્ષમા કેટલા વેશ નટવા ર્ક્યા એ જોઇએ

શરુઆતમા પાસ્ચુરવાદીઓ કહેતા

'જતુ એટલે જ રોગ, અને રોગ એટલે જ જતુ'

તે વખતે કેટલાક રોગોના જીવડા એમને જડયા હતા, અને બાકીના રોગોના જડશે એમ એમને અચળ શ્રદ્ધા હતી

જેમજેમ વખત જતો ગયો તેમતેમ જણાયુ કે, કેન્સર, મધુપ્રમેહ, પાડુ, લકવો અને હૃદયરોગ જેવા અનેક રોગો જતુ વીના જ ઉદ્દભવે છે! જતુવાદના કીનામા આ પહેલુ ગાબડુ પડયુ

પછી રોગચાળાઓના અવલોકનમા એ દેખાયુ કે રોગનો વાવર ગમે એટલો સખત હોય તોપણુ લાખ્ખો લોકો તદુરસ્ત રહે છે! એમના શરીરો ઉપર જતુઓ કામના નથી આવુ કારણ શુ? એનુ કારણ જતુવાદીએ રોગપ્રતીબંધક શક્તિ–immunity,– બતાવ્યુ. પણ આ શક્તિ શુ છે, એને વિષે થોડાક હાસ્યાસ્પદ અનુમાનો સિવાય તેઓ બીજુ કઇ જ કહી શક્યા નહિ

પછી વળી એમ જોવામાં આવ્યુ કે ઘણા નીરોગી માણસોના શરીરમા પણ રોગના જતુઓ મળી આવે છે, અને એ બિચારા જીવડા માણસને સહેજે હેરાન કરતા નથી આ હકીકતનો તો સર વીલીયમ ઑસ્લર અને એલોપથીના અન્ય મુખીઓએ પણ સ્વીકાર કર્યો પણ આમ શાથી બને છે એ સમજાવવાને તેઓ અસમર્થ હતા જતુવાદના નીશ્ચલ નિયમમા એક નવો અપવાદ ઉમેરાયો

પ્રજીવકો (Vitamines) ની શોધે જતુવાદ ઉપર એક નવો ફટકો માર્યો એણે સિદ્ધ કર્યુ કે ક્ષારો અને પ્રજીવકોના અભાવથી અનેક રોગો થાય છે. પ્રજીવકો શોધાયા પહેલા દવાખાના દાકતરો કહેતા કે આહાર સુધારાથી અને ઉપવાસથી રોગ મટાડવાનો દાવો કરનાર ઉટવૈદો છે! હવે એમણે મહાદુ:ખીપૂર્વક પીછેહઠ કરીને સ્વીકાર્યુ કે 'કેટલાક' રોગો ખરાબ ખોરાકથી થાય છે ખરા!

આ રીતે 'જતુથી રોગ થાય છે' એ નિયમની આજુબાજુ એટલા બધા અપવાદો ખડકાયા, કે એ સુન નિયમ છે, કે અપવાદ છે, એજ નક્કી કરવાની મારામાર થઈ પડી!

આ બધાયે સમય દરમ્યાન નિસર્ગોપચારકો આ હાસ્યાસ્પદ વાદનો વિરોધ કર્યા જ કરતા હતા એટલુજ નહિ પણ એમણે અનેક વખત એલોપથીના આગેવાનોને ખુલ્લા આવ્હાહન આપ્યા હતા કે તમારી ભેદી પ્રયોગશાળાઓ છોડીને ખુલ્લી વ્યાસપીઠ ઉપર આવીને તમારા સુત્રો સીધ્ધ કરો! આ આવ્હાહનો કદી સ્વીકારાયા નથી!

અહી એ યાદ રાખવુ જોઇએ કે ભાઇ કાન્તીલાલ ધારે છે તેમ નિસર્ગોપચારકો કોઇ ચાલાબોલા ચક્રમો નથી પણ જગત ઉપર અસ્તીત્વ ધરાવતી સૌ ચિકિત્સાપદ્ધતીઓમાથી વધુમા વધુ વૈજ્ઞાનિક પધ્ધતીના તેઓ પ્રતિનિધિઓ છે એટલુ જ નહિ પણ સેકડો મહાન એલોપથો પોતાની પુરાણી શાળા છોડીને આ નવી શાળામા ભળતા છે

હવે નિસર્ગોપચારકોએ પથ્થરની ગણેલી જતુવાદની ઇમારત શી રીતે તોડી પાડી એ જોઇએ

યુનીવરસીટી ઑફ વીયેનાનો ડૉ. પેટેનકોફર એની વિદ્વતા માટે આખી તબીબી આલમમા પંકાતો જતુઓ રોગો પેદા કરી શકે જ નહિ, એ મતનુ સમર્થન એણે વર્ષો સુધી કર્યા કર્યુ પોતાના સિધ્ધાતની સચ્ચાઇ પુરવાર કરવા માટે એણે એક દિવસ યુનીવરસીટીની બેક્ટીરીઓલોજીકલ લેબોરેટરીમાથી એક શીશી આણી, એમા કોલેરાના કરોડો સજીવ જતુઓ ખદબદતા હતા! સૌ વિદ્યાર્થીઓએ એ જોતાં પછી એ દુર્જન શીશી ઉપાડીને મધમા છ્વર ગળી ગયો આખાએ વર્ગમા એક ભયની ભયકર ધ્રૂજારી વ્યાપી ગઇ! પણ પ્રોફેસરને કશુય થયુ નહિ, એ જોઇને ધીમે ધીમે સૌનો છ્વ હેઠો બેઠો

અમેરીકામા વીસ્કૉનસીન પરગણાના તબીબ ડૉ રોઝરમન્ડે આ વાદનુ વાહિયાતપણુ સાબિત કરવા માટે, શીતળાના ફોલ્લાઓ ચીરી પોતાના આખા શરીર ઉપર ચોપડી ત્યારપછી એ અનેક લોકોને સ્પર્શી ચૂક્યો આ એના 'ભયકર ગુન્હા' બદલ એને ક્વોરન્ટાઇનમા નાખવામા આવ્યો એની ઉપર કામ ચાલ્યુ અને એને જેલમા દેયો પણ ન તો એને શીતળા થઇ કે ન તો એ જેને અડ્યો એ લોકોને

ટૉરોન્ટો (કૅનેડા) ના ડૉ જૉન બી ફ્રેઝર એમ ડી એ ટાયફોઇડ, ડીપ્થેરીઆ, ન્યુમોનીઆ, ક્ષય અને મેનીન્જાઇટીસના લાખ્ખો જતુઓ અનેક માણસોને ખવડાવ્યા છે એ પોતાના પ્રયોગ માટે ૫૦ માણસોને એકી સાથે જુદા જુદા રોગોના જતુઓ આપતો છતાય એકકે માણસને એકપણ રોગ થયો નહિ! ટાયફોઇડના લાખ્ખો જતુઓ ખવડાવ્યા છતા કોઇને ચૂક સરખી ઉપડી નહિ!

આવી જ રીતના પ્રયોગો અમેરીકાના ડા ડેનીઅન ઍસ સેગર એમ ડી એ ક્ષયના અને અન્ય રોગોના જતુઓ ઉપર કર્યા છે અને એના પ્રયોગોનુ પણ ડૉ ફ્રેઝર જેવુ પરિણામ આવ્યુ છે

આ પ્રકારના સેકડો પ્રયોગો જાહેરમા કરીને નિસર્ગોપચારકોએ પાસ્ચુરના હવાઇ જીવડાઓ વિશેના હવાઇ ખ્યાલોને હવામા ઉડાડી દીધા છે, અને એ નિર્વિવાદ રીતે સિદ્ધ કર્યુ છે કે જતુથી એકપણ રોગ થતો નથી '

જો ઉપલી હકીકતોની સચ્ચાઇ વિષે ભાઇ કાન્તીલાલને સહેજ પણ શકા હોય તો, એ પસદ કરે એ રોગના, લાખ્ખો જીવડા ખાવાનો જીવનેશ્ (?) અખતરો હુ જાહેરમા શરત સાથે કરવા તૈયાર છુ! રાતદિવસ જીવડાઓ સાથે કામ પાડવાનુ હોવાથી મને એમનો સહેજે ભય રહ્યો નથી! તેઓ કહે છે કે એકજ જતુ રોગ પેદા કરી શકે, હુ કહુ છુ કે લાખ્ખો જતુઓ રોગ પેદા કરવા માટે અસમર્થ છે।

"લગભગ બધા જ વૈજ્ઞાનીકોએ સ્વીકાર્યુ છે કે બધા રોગોનુ મૂળ જતુઓ જ છે '

આ એક હડહડતું જુઠાણુ છે, એ સિદ્ધ કરવા અનેક અભિપ્રાયો ટાકી શકાય ટુકા લેખમા હુ એક જ ટાકીશ

ડૉ એલેક્ઝાન્ડર એમ રોસ એફ આર એસ એફ સી પી એસ પ્રોફેસર ઑફ હાયજીન એન્ડ સેનીટેશન, વાઇસ-પ્રેસીડેન્ટ ઑફ ઍસોશીએશન ઑફ હાયજીનીસ્ટ્સ ઑફ અમેરીકા, મેમ્બર ઑફ ધી ઇન્ટરનેશનલ મેડીકલ કોગ્રેસ મેમ્બર ઑફ ધી બ્રિટીશ ફ્રેન્ચ ઍન્ડ અમેરીકન ઍસોશીએશન ફોર ધી ઍડવાન્સમેન્ટ ઑફ સાયન્સ ઇત્યાદિ ઇત્યાદિ, કહે છે કે—

'હુ એમની (દાક્તરો) ઉપર આક્ષેપ કરૂ છુ કે એમણે 'જતુથી રોગ થાય છે' એમ કહીને વહેમ અને પાખડને ઉત્તેજન આપ્યુ છે હુ સૂક્ષ્મ કીટાણુઓના અસ્તિત્વ વિષે પ્રશ્ન ઉઠાવતો નથી, પણ એ રોગોનુ પરિણામ છે, કારણ નથી એ ભગીઓ છે એમનુ સાજની કાર્ય આપણા દેહની ગદગી સાફ કરવાનુ છે જ્યા જ્યા મડો, પરુ કે બગાડ હોય, ત્યા ત્યા આ નાનકડા જીવરક્ષકો જઇને મારણ સફાઇ ને શુદ્ધિનુ કાર્ય કરે છે એ કચરાની અને મડેલા પ્રાણીજ પદાર્થોની નીજ(?)ની ઉડાવે છે એક ઉપયોગી હેતુ સિદ્ધ કરવા માટે એ કલ્યાણપ્રદ મદદગારો છે''

ભાઇ કાન્તીલાલ કહે છે 'કઇ પણ રોગ થયા વગર રસી મૂકવાથી એ શરીરમા ઝેર દાખલ કર્યા બરાબર છે,' વળી આગળ જતા એ જણાવે છે કે 'પ્લેગ ફાટવાની ખબર જણાય, તેવામા જ રસી મૂકાવી દેવી યોગ્ય છે' કેવો અદ્ભૂત વ્યાઘાત!!

હવે જો જતુઓથી રોગ થવાનો સિદ્ધાન્ત જ જુઠો હોય, તો પછી એ સિદ્ધાન્તના પાયા ઉપર રચેલી આખીયે રસીશાસ્ત્રની ઇમારત આપોઆપ પડી ભાગે છે

અને ખરેખર છે પણ તેમજ.

શીતળાની રસી માટે જેનરે લોકોના ગપ્પા જુઠ્ઠા પુરવાર થયા છે એ શોધાઇ ત્યારથી આજસુધીમા અનેક 'થીયરીઓ' ફરી છે અને એ શીતળાને નિર્વિવાદ અટકાવે છે એ હજી સુધી સિદ્ધ થયુ નથી! ઓસ્ટ્રેલિયામા ફરજિયાત વેક્સીનેશન નથી ત્યારે ત્યા શીતળા પણ નથી જ્યારે ફીલીપાઇન ટાપુઓમા વારવાર વેક્સીનેશન કરાવવામા આવે છે, અને ત્યા તો શીતળા અસંખ્ય માણસોને ઘાણ કાઢી નાખે છે

શીતળા રસી એ એક મહા જગની વહેમ છે એની સરખામણીમા મળિયા બાપજીની માનતાનો વહેમ હજાર દરજ્જે ચઢીઆતો છે શીતળાની રસીથી શીતળા અટકતી નથી એટલુ જ નહિ પણ ખરતુ સીરીનસ ક્ષય અને કેન્સર જેવા રોગો સુધરેલી દુનિયામા પૂર ઝડપથી ફેલાઇ રહ્યા છે એલોપથની એક ભારે ખૂબી તો એ છે કે, એ દરેક રોગનો જે 'ઉપાય' શોધી કાઢે છે એ 'ઉપાય' કોઈ ચમત્કારિક રીતે રોગ કરતાયે વધારે માણસોનો ભોગ લે છે! આજે ફિલીપાઇન ટાપુઓમા જેટલા માણસો શીતળાથી મરે છે એનાથી ત્રણગણા માણસો વેક્સીનેશન'થી મરે છે!!! બ્રિટિશ પાર્લમેન્ટના દફતરો આ હકીકતની સાક્ષી પૂરે છે

જ્યારે ઓસ્ટ્રેલીયામા વેક્સીનેશન નથી ઇગ્લેન્ડ સ્વિટ્ઝરલેન્ડ અને હોલેન્ડની સરકારોએ ખાસ કમીશનો નીમી એનાથી ફેલાતા ભયંકર રોગો વિષે ખાત્રી થતા ફરજીઆત વેક્સીનેશન નાબૂદ કર્યું છે જર્મનીએ જુના કાયદાઓમા ફેરફાર કર્યો છે અમેરીકામા કેલીફોર્નીઆ, ઉટા અને અન્ય સસ્થાનોએ ફરજીયાત વેક્સીનેશન નાબૂદ કર્યું છે અને આખીયે દુનિયામાથી એને નાબૂદ કરવા માટે પ્રચંડ ચળવળ ચાલી રહી છે એવે વખતે એની એકદમ હિમાયત કરતા પહેલા આ પ્રશ્ન વિષે વધુ અભ્યાસ કરવાની જરૂર છે

પાશ્ચુરની હડકવાની રસી એક ફારસથી વિશેષ નથી એણે હડકવા મટાડવાને બદલે વધાર્યા છે એકપણ માણસને હડકવા લાગુ પડયા પછી પાશ્ચુરે કે એના ચેલાઓએ મટાડયો નથી ઉલટપક્ષે નિસર્ગોપચારકોએ અનેકનો હડકવા અટકાવ્યો છે અને મટાડયો છે

જ્યારે 'મહાપુરુષ' કોકે ક્ષયનો જતુ શોધી કાઢયો ત્યારે દાકતરો ગાંડાઘેલા થઇ ગયા એમને ખાત્રી થઈ કે હવે ક્ષયનો ઉપાય પણ હાથ આવશે નવ વર્ષ પછી એણે 'ટયુબરક્યુલીન' નામનો ક્ષયનો ઉપાય શોધી કાઢયો દાકતરોએ એ વાપરી જોયુ એ નિષ્ફળ નીવડયુ અને વિસ્મૃતીમા ફેંકાઇ ગયુ

જ્યા સુધી કોકનો આ રામબાણ ઉપાય વાપરવાનુ ગાંડપણ ચાલ્યા કર્યું, ત્યા સુધીમા તો એણે પૂરતા નાણા એકઠા કરી લીધા

એ એક ઐતિહાસિક સત્ય છે કે કોકના ટયુબરક્યુલીન'થી એક પણ માણસનો ક્ષય મટયો નથી જ્યારે આ જગની ઉપાયથી અનેક બાળકો આંધળા થયા છે, અનેક માણસો અકાળે મૂઆ છે અસંખ્ય કુટુંબો નિરાધાર થયા છે અને સેંકડો ભોળા લોકોના ખીસ્સા હળવા થયા છે

વૈદ્યકના ઇતિહાસમા અપૂર્વ એવી આ નિષ્ફળતા મેળવવા બદલ એલોપેથોએ એની પીર તરીકે પૂજા શરૂ કરી!

લીસ્ટરની એન્ટીસેપ્ટીક સર્જરીની પ્રશંસા કરવાનો જમાનો પૂરો થયો છે! એના જમાનામા દર્દીનો ઘા રૂના ઢગલા નીચે દાબી દેવામા આવતો જેથી અંદર જતુ પ્રવેશી ન શકે મહાયુદ્ધના અનુભવથી એના સૌ શિખવાડેલા ભોગ થયેલા દાકતરો એમના ભૂતના અનુભવથી શીખ્યા કે ઘા જેમ ભયંકર એમ એને હવાની (જેમા જતુઓ તો હમેશા હાજર જ હોય છે!) અને પ્રકાશની વધારે જરૂર હોય છે અને ઘાને વાતાવરણના સંસર્ગમા રાખવાથી બહુ જ ટુંકા વખતમા એ રૂઝાઇ જાય છે જતુનાશકો ફાયદાને બદલે નુકશાન વધારે કરે છે ઘા ધોવા માટે લવણજલ (Saline Solution) એ જ સર્વોત્તમ ઉપાય છે આ સનાતન સત્યો તો નિસર્ગોપચારકોએ ગઇ સદીમાં ક્યારનુ-શોધી

લડાઇ વખતે શોધી કાઢ્યાં હતાં ! પણ અક્કલના દુશ્મન એલોપથોએ હજારો દર્દીઓ અને સેંકડો સૈનિકોના સંહાર પછી જ આ સાદાં સત્યો સ્વીકાર્યાં. લીસ્ટરની એન્ટીસેપ્ટીક સર્જરીનું સ્થાન આજે એસેપ્ટીક સર્જરીએ લીધું છે. એટલે આ જમાનામાં પુરાણા લીસ્ટરવાદની પ્રશંસા કરવાનો કશો અર્થ નથી.

એલોપથીનો કોઇપણ મૂખી મરી ગયા પછી એનું મહાત્મ્ય ઘણું જ વધી જાય છે જેનર, પાસ્ચુર, કોક અને લીસ્ટરના સીધાંતો જેમ જેમ પડી ભાગતા જાય છે, તેમ તેમ એમનું મહત્વ વધતું જાય છે ! તત્વનિષ્ઠાનું સ્થાન વ્યક્તિનિષ્ઠાએ લીધું છે વીરપૂજાની જગ્યાએ પીરપૂજા પેઠી છે

'પહેલા ઑપરેશન જોખમનો ધંધો કહેવાતો હતો, જ્યારે આજે સોમાં પંચાણું ઑપરેશન સફળ થાય છે'

હું પણ કબૂલ કરું છું કે ઑપરેશનો તો સફળ જ થાય છે, પણ બીચારા દર્દીઓ મરી જાય છે તેનું કેમ ?

ભાઇ કાન્તીલાલે જે ઇન્ફ્લ્યુએન્ઝાનું વર્ણન કર્યું છે, એ તો વિશ્વવ્યાપી ઉપદ્રવ હતો. ડીસેમ્બર ૫, ૧૯૧૮મા અમેરીકાના બધા જ છાપાઓમા U S Public Health Department તરફથી આવેલો નીચેનો રીપોર્ટ, પ્રસીધ્ધ થયો

"૧૫મી સપ્ટેમ્બર પછી, ૩૦૦,૦૦૦ અને ૩૫૦,૦૦૦ની વચ્ચે ઇન્ફ્લ્યુએન્ઝા અને ન્યુમોનીઆથી પ્રજામાંથી માણસો મૂઆ જ્યારે યુનાઇટેડ સ્ટેટ્સના લશ્કરમા ૨૦,૦૦૦ મરણો થયા"

જે વખતે ઉપરનું લખાણ છપાયું તે વખતે અમેરીકામાં ૧,૫૦૦,૦૦૦ લશ્કરી સિપાહીઓ હતા જ્યારે એની લોકવસ્તી ૧૧૦,૦૦૦,૦૦ હતી હવે જો પ્રજાકીય મરણનો મોટામા મોટો આંકડો (૩૫૦,૦૦૦) લઇએ, તો આપણે હાથ નીચેનું પ્રમાણ આવે છે. પ્રજામાં દર એક લાખે ૩૦૨ મરણ થયા જ્યારે લશ્કરમા દર એક લાખે ૧૩૩૩ અથવા તો પ્રજાથી ચારગણાથી વધારે મરણો થયા !

પ્રજાની અંદર બુઢ્ઢાં, બચ્ચાં માંદા, અશક્ત, રોગી, અને ભૂખે મરતાઓનો સમાવેશ થતો હતો. જ્યારે લશ્કરમાં નીરોગી, જુવાન, મજબુત, અને ખડતલ સિપાહીઓ લેવામાં આવતાં, એમને પેટપૂર ખાવાનું મળતું. એમના રહેઠાણો સગવડોથી ભરેલા હતાં.

કોઇપણ માણસ પહેલી નજરે કહી શકે કે પ્રજાના મરણપ્રમાણ કરતાં લશ્કરનું મરણપ્રમાણ બહુ જ ઓછું હોવું જોઇએ ઉલટપક્ષે પ્રજા કરતાં સિપાહીઓ ચારગણા મૂઆ એમ શાથી ?

કારણ દેખીતું છે. લશ્કરમાં શીતળાની રસી ફરજીઆત જ હતી એ ઉપરાંત દરેક દરેક સૈનિકને ટાયફોઇડ, પેરાટાયફોઇડ અને મેનીન્જાઇટીસની રસીઓના ઇન્જેક્શન અપાતા !

રસીઓને નામે સિંચાતા પાયપરુનું પરિણામ એ આવ્યું કે ઇન્ફ્લ્યુએન્ઝા અને ન્યુમોનીઆ લશ્કરમાંથી જ ફાટી નીકળ્યા ! અને સૌથી વધારે સૈનિકોનો આ રોગોએ ભોગ લીધો

એલોપથીની રસીઓ રોગોને અટકાવે છે કે વધારે છે ?

પાસ્ચુર અને લીસ્ટરની ચળવળની સમાલોચના કરતા ભાઇ કાન્તિલાલ કહે છે કે, 'આ મુઠ્ઠીભર માણસો જગત આખું આજે આ મહાપુરુષોનું ઋણી છે'

જો જગત જંગીઝખાન અને તૈમુરલંગનું ઋણી હોય તો એમની કતલને ગુજરી કરી નાખે, એવા દર્દીઓની કતલ ચલાવનાર, અને એમની લૂંટને ભૂલાવી દે એવી રીતે પ્રજાને લૂંટનાર 'મેડીકલ સાયન્સ'ના માંધાતાઓનું એ ઋણી છે.

પાસ્ચુરે અને એની પાઠશાળામા પડેલાં પ્રયોગો કરેલાં પ્રયોગોના વર્ણનથી તો ગ્રંથો ભરી શકાય

સ્વાભાવિક રીતે જ પ્રશ્ન ઉદ્ભવે છે કે જો જંતુઓ જ એક માત્ર રોગનો વાદ હોય, તો પછી દાક્તરો અને રસી શા માટે રહ્યા છે ?

ઘડપણમા વધી પડે છે, જે ઝેર વધારીને માણસનુ મરણ નીપજાવે છે આ જતુની રસી અમુક અમુક વર્ષે લેવાથી માણસ સનાતન યૌવન ભોગવી શકશે એટલુજ નહિ પણ લડાઈમા મરણ પામેના સૈનિકોને જો આ રસી તુર્તજ આપવામા આવે તો એ જીવતા થાય છે આ બન્ને શોધો ભવિષ્યમા થનારા મહાયુદ્ધ ઉપર ભારે અસર પહોચાડશે '

ભાઇ કાન્તીનાને કરેલુ પ્લેગનુ વર્ણન તો કૉલેરાને લાગુ પડે છે। આવી રીતે કૉલેરાને પ્લેગને નામે ઓળખાવવામા એમનો શો ઉદ્દેશ હશે એ સમજી શકાતું નથી ! ।

એમણે હેવલોક એલીસનુ વાક્ય ટાંક્યુ છે કે સીવી લાઇઝેશન સીરીલાઇઝેશન થતુ ચાલ્યુ છે માથેમાથે એટલુ ઉમેરવુ જોઇએ કે એમાથી મરક્યુરીનાઇઝેશન થાય છે સીફીલીસથી જેટલા માણસો મડી મરે છે એનાથી અનેક ગણા માણસો એના એનો ટ્રીટ ઉપાયોથી મરે છે દરમ્યાન પારો સોમલ સાલ્વરસન અને ૬૦૬ અસંખ્ય માણસોનો ભોગ લે છે

રોગો જો જતુઓથી ના થતા હોત તો થાય છે શાનાથી? આ પ્રશ્નનો જવાબ આપણે આવતા લેખમા ચર્ચીશુ આ લેખ તો ભાઇ મતિનાનની દલિલોના રૂપે છે

જેઓ જતુઓ વિષે કશુ જ જાણતા નથી, એવા અભણ લોકો એનાથી સહેજે ડરતા નથી જેઓ થોડુ જાણે છે તેઓ બહુ બીવે છે જેઓ બહુ જાણે છે, તેઓ થોડુ બીવે છે જેઓ એને વિષે જાણવા જેવુ બધુ જ જાણે છે, તેઓ બિલકુલ બીતા નથી

જતુશાસ્ત્ર એ એક ઉપયોગી શાસ્ત્ર છે જતુભય એ કેવળ બકવાદ છે જતુરોગ એ બહુ ભયકર રોગ છે એ ચેપી રોગથી સૌ ચેતતા રહે

●

જ્વાલામુખીને

ભારેલી ઉરમા અસહ્ય ધુધવી ઉન્હી વરાળો ઉડી,
કમ્પ્યા ઓષ્ઠ, ન સ્થીર મસ્તક રહ્યુ, જ્વાળા અમૂઝી ઉડી
મૂઝે ધીર દિશા, ધુમે નભ વિંટ્યુ પ્રાંકી ઉડન્તી ધગ
લાવાથી દહશે સમસ્ત જગને જાણે ઘડીમા છતા
દૂરે સ્પર્ધી હિમાદ્રિઓ અવગણી નિશ્ચિંત હાસ્યે હસી
પ્રત્યાઘાત સમા કઠોર નવથી હૈયુ વલોવે ફરી
તેને શક્તિ ફુટી ન તુ દહી શકયો ના પ્રાસ જોઇ શકયો
ક્રોધી અતર હારતા બળી જતા ગર્ભાગ્નિના ક્રન્દનો
અતે શાત બળી ઠરી સમસમી દુખે નિહાળી રહે
પખી ના, પશુ ના ન ઝર્ણ, તરુ ના ચોપાસ ભસ્મો ઉડે
વચ્ચે સર્વ વિનાશ સાથ રડતો જ્વાલામુખી તુ રહે
ક્રોધે આત્મવિનાશ એ જગતને રે ! દાખલો તુ બને

પારાશર્ય

લોહીનું ખાતર પૂરનારા

શ્રી. સોપાન

[અહિંસક યુદ્ધમાં વીરત્વના અને અપૂર્વ આત્મભોગના અનેક પ્રસંગો બન્યા છે. એમ કહેવાય કે એ પ્રસંગોએ જ ઇતિહાસને ઉજ્જવળ બનાવ્યો છે. એ બલિદાનવીરોનાં નામ તો કોઈ જાણતું પણ નહિ હોય. અને નામ જાણવાની જરૂર પણ શી છે ? નામ જાણીને તો એમ થાય ને, કે આપભોગ આપનાર આ જ અને બીજા નહિ. યુદ્ધની વચ્ચે રહેનારા તો જાણે છે કે આપભોગ આપનાર અનેક હતા. પણ એ લહાવો કોઈકને જ મળ્યો છે. જેમને એ મળ્યો છે એમની વાતો અવારનવાર 'ઊર્મિ'ના પાનાંઓમાં મૂકવી છે. એમાં નામ નથી રજુ કરવું, બાકી તો હકીકત જ મૂકાશે. સો.]

તે દિવસની રાત મને ફરી ફરીને યાદ આવે છે. 'સેનિટેરીઅમ'ના એ ઓરડામાં લોખંડના પલંગ ઉપર એમની પથારી હતી. ઉપર મચ્છરદાની ઢાળેલી હતી. મેં માનેલું કે અમે વાતો પૂરી કરી લીધા પછી તેઓ શાંતિથી સૂઈ ગયા હશે પણ વચ્ચે જાગી જતાં મેં જોયું તો એમના પલંગમાંથી એક ધીમો ગણગણાટ આવતો હતો. મેં બત્તી બૂઝાવી નાખી હતી એટલે હું એમને જોઈ નહોતો શકતો પરંતુ અવાજ ઉપરથી મને લાગ્યું કે તેઓ જાગે છે. ધીમે પગલે હું એમની પાસે ગયો. મેં રાતની નિરવ શાંતિમાં મારા કાનને તીક્ષ્ણ કર્યાં. મેં ધારેલું કે દિવસભર સાચવી રાખેલી શાંતિ અત્યારે ડોલતી હશે અને વિનમ્ર બનેલી આંખ અત્યારે વેદનાથી રડતી હશે. પણ મારી માન્યતા ખોટી પડી. અવાજમાં લગીર પણ કંપ નહોતો. ઊંડા અંતરમાંથી ધીમા ધીમા સૂરો આવતા હતા:

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥

ગીતાનો આ શ્લોક સાંભળતાં જ મારા હૃદયમાં અજવાળું થયું. એમનામાં આટલી બધી શક્તિ ક્યાંથી આવી પડી તેનો ભેદ મને સમજાયો. આખો દિવસ અહિંસક યુદ્ધના સિપાહીને અને આગેવાનોને છાજે એવાં વીરત્વભર્યાં જે વચનો નીકળતાં હતાં તેની પાછળ એકાંત રાત્રીનું આત્મશોધન હતું તે મને સમજાયું. એમને બોલાવવાનું મને યોગ્ય ન લાગ્યું. ધીમે પગલે હું ત્યાંથી ખસીને મારી પથારીમાં આવ્યો. મારા મગજમાં અનેક વિચારો ઉભરાવા લાગ્યા. મેં જેલનો ત્રાસ જોયો હતો, લાઠીમાર પણ જોયો હતો, હસતે મોંએ બધું ઝૂઝ કરનારને

પણ મે જોયા હતા પરંતુ આમને જોઈને મને બહુ ઊંડી અસર થઈ.

એ જુવાન નહોતા, એમના ખભા ઉપર ઓઢીઆ નહોતાં ઝૂલતાં. એમની આંખો 'નાતમશાલ' નહોતી. એમનો અવાજ ધનુષ્યના ટંકાર જેવો નહોતો. એમનું હલનચલન કોઈ મત્ત જેવું ચિત્ર અને અવિકલ્પ નહોતું, તેમ યોધ્ધાના જેવું ધારદાર પ્રૂગટતું પણ નહોતું. એ બહુ સામાન્ય માણસ હતા. છાવણીના દિવસોમાં અમે કોઈ દિવસ ધાર્યું નહોતું કે એમનામાં આવડું તેજ પડ્યું હશે! અને અમે ધારીએ પણ શી રીતે? એ પિસ્તાલીસ વર્ષના શરીરે બખડી ગયેલા એક વેપારી હતા. એમને ચા અને બીડીનું વ્યસન હતું. લગભગ આખી જીંદગી વેપારમાં અને કાવાદાવામાં ગાળી હતી. હજારો નહિ, પણ લાખે આંકડા પહોંચે એટલું એ કમાયા હતા અને ગુમાવ્યા હતા. નાનકડું શરીર, માથે ટૂંકા વાળ, મોટી મોટી મૂછો અને કાબેલ સમજુ વેપારીની હોય એવી ભાષા. આ બધું એમની કથા પ્રગટ કરતું હતું. લડતમાં અનેક ક્ષેત્રોના માનવીઓ આવતા એટલે એમનું આગમન નવાઈ રૂપ નહોતું. પણ છાવણીના ઉમંગમાં કોઈ ૨૦–૨૫ વર્ષના જુવાનને જોઈએ ને છાતી ફૂલાય એવું તો એમના આગમનથી થયું જ નહોતું. સભા અને સરઘસોમાં એ ગામના લોકો સાથે જ ચાલતા. અમને એ જ યોગ્ય લાગતું. સરઘસને મોખરે ચાલવાનું એ ઝીણું પોતિયું પહેરનાર વાણીઆનું શું ગજું, એમ અમારા મનમાં હતું. એમના હાથમાં સોંપાયેલો રાષ્ટ્રધ્વજ એમની આંગળીઓ કકડાઈ ગયા પછી જ છૂટે એ મર્મ અમે ઘણું મોડું જાણ્યું.

એને આવ્યે બે વરસ વીતી ગયાં હતાં. બે વરસમાં અમારા પ્રદેશમાં ત્રાસના, જુલમના અનેક કિસ્સાઓ બન્યા હતા, પરંતુ એમાં એ કોઈ દિવસ દેખાતા નહોતા. 'દેખાતા નહોતા' એટલે નાસી જતા હતા એમ નહિ, પણ અનેકની પેઠે એમને યે પોતાનું ખમીર બતાવવાનો પ્રસંગ નહોતો સાંપડ્યો. જેલમાં ગયા હતા, પણ એ તો બહુ સામાન્ય થઈ ગયું હતું. જે ભવ્ય પ્રસંગની હું વાત કરવા માગું છું તેની પાસે તો જેલ કાંઈ હિસાબમાં ન ગણાય.

× × ×

સત્યાગ્રહ સંગ્રામનો જુવાળ ઓસરતો હતો એ દિવસની આ વાત છે. આખા દેશમાં જાણે હિમ પડ્યું હોય એવી ઠંડી છવાતી હતી. ગામોનાં નગરો મંદ ... જેલોમાં હવે નવી ભરતી મંદ થઈ ગઈ હતી. પ્રજા આખી થાકી ... દિવસો એવા હતા. સત્તાધિશો વિજયની ખુમારીમાં હતા. રડ્યા ખડ્યા સત્યાગ્રહીઓ ઉપર જુલમની ઝડીઓ વરસતી હતી. આવા દિવસોમાં પોરબંદરના પીઠા ઉપર પીકેટીંગ ચાલતું હતું. એક દિવસ હતો કે પીકેટીંગ કરવામાં ગૌરવ મનાતું અને ગામના પ્રતિષ્ઠિત જનો એમાં સામેલ થતા. હવે એવો દિવસ આવ્યો હતો કે લડાઈમાં નહિ જીતીએ એવી ખાત્રી થઈ જવાથી પ્રતિષ્ઠાવાળાઓ ને ઉજળાં લૂગડાં પહેરનારા લડાઈના પ્રવાહથી આઘા ખસ્યા હતા, લડાઈ થોડાક સૈનિકોની જ રહી હતી.

પોરબંદરનું દારૂનું પીઠું આખા પ્રાંતની નીતિને પાયમાલ કરનારું હતું. પણ સૌથી મોટી પાયમાલી ત્યાં વસતા સેંકડો ખારવાઓના નસીબમાં હતી. દરિયા સાથે દોસ્તી રાખનારા ખારવાઓમાંથી જૂનું હીર નાશ પામતું જતું હતું. તેમાં આ દારૂએ વેગ આપ્યો હતો. શરાબનો પ્યાલો ગટગટાવી ઘડીભર મસ્ત બનતા ખારવા દિવસેને દિવસે દુઃખની ખીણમાં ઉતરતા જતા હતા તે ... પામેલા કેટલાક ખારવા જુવાનોએ જોયું, અને એમને એ અસહ્ય લાગ્યું. સત્યાગ્રહના હથીઆરને જેવું તેવું વાપરતા આખી પ્રજા શીખી ગઈ હતી. તેમાંથી આ ખારવા જુવાનો બાદ નહોતા. એમણે પીકેટીંગ શરૂ કર્યું.

અને એ દિવસોમાં જ જેની હું વાત કરું છું એ પોરબંદર આવ્યા. પોરબંદર એમનું વતન હતું. પોરબંદર ગાંધીજીનું પણ વતન છે એ વાતનું એમને અભિમાન હતું, પણ સાથે જ પોરબંદરની હીણપતનો પાર નથી તે પણ એ સમજતા હતા. બે દિવસ માટે જ એ પોરબંદર આવ્યા હતા. બે દિવસ પછી તો એ અમદાવાદની

જેલમાં જવાના હતા, પણ વિધિએ એમના માટે કંઇક જૂદું જ નિર્માણ કર્યું હતું. પોરબંદરમાં ચાલતા પીકેટીંગમાં ઉજળિયાત કોમ સાથ નથી આપતી એ જાણતાં એમનું અંતર ઘવાયું. એમને થયું કે મારે પીઠાને દરવાજે ઉભા રહેવું જોઇએ અને મારા વાણિયા બ્રાહ્મણ મિત્રોને એમાં જોડવા જોઇએ.

એ ઉભા રહ્યા. પીકેટીંગનો રંગ બદલાયો. પીવા આવનાર શરમાઇને પાછા જવા લાગ્યા. દૂર ઉભા રહી તમાશો જોનાર શરમાઇને પીકેટીંગમાં જોડાવા લાગ્યા. પીઠાના માલિકને લાગ્યું કે થોડા જ વખતમાં પીઠું બંધ કરવાનો વખત આવશે. આ માણસ ખૂબ સંપત્તિ ધરાવનાર હતો. રાજમાં એની ખૂબ લાગવગ હતી. દારૂ ઉપરાંત પણ ઘણી જાતના વેપાર એ ખેડતો હતો. જાતનો પારસી હતો, અને મહર્ષિ જરથુસ્તના નામને કલંક લાગે એવું કામ એ કરતો હતો.

કોર્ટના ચુકાદાની ખબર નથી પણ એમ સાંભળેલું કે એ પીઠાના માલિકની દોરવણીથી એક ગૂંડાના હાથે, એ કરપીણ કામ થયું.

સવારનો સમય હતો. પીઠાના દરવાજે ચોકી ચાલતી હતી. પીઠું ખાલી પડયું હતું. અંદર બેઠેલો વેપારી ધૂંધવાતો હતો અને ક્યારેક ગાળો બોલતો હતો. પીકેટરો શાંત હતા. કોઇના મોં ઉપર રોષ કે તિરસ્કારની રેખા નહોતી. પીઠાની સામે થોડાક લોકો કુતૂહલથી એકઠા થયા હતા કોઇને કશી શંકા નહોતી

બે શરાબીઓ આવ્યા. પીકેટરોને ગાળો દેતા પીઠામાં દાખલ થયા. સૌ દેખે એમ અંદર બેસી એમણે દારૂના પ્યાલા ગટગટાવ્યા અને બેફામ ગાળો બોલવા માંડી. જેમની હું વાત કરૂં છું એ તો દયાથી એ શરાબીઓ તરફ જોઈ રહ્યા હતા ગાળો સાંભળતા એમને રોષ નહોતો ઉપજતો. પરંતુ ગાળો એ સાચી કસોટી નહોતી. એમની તો આજે અંતિમ પરીક્ષા થવાની હતી,

બેમાંથી એક શરાબી બહાર આવ્યો. એના હાથમાં લાકડાનો જાડો દંડો હતો. શરીર લથડીઆં લેતું હતું. આંખો લાલઘૂમ હતી. મોંમાંથી શરાબની અને ગાળોની દુર્ગંધ છૂટતી હતી. બારણા બહાર ઉભા રહી એણે થોડાક તોફાન કર્યાં પણ પીકેટરો શાંત જ હતા. પીઠાનો માલિક અંદર ચાલ્યો ગયો હતો. લોકોનું ટોળું ધીમે ધીમે વધતું જતું હતું. શરાબીએ દંડો ઉપાડી ફેરવ્યો અને બરાબર એ શાંત પીકેટરના પગમાં ઠોકયો. એનું આખું શરીર ધ્રૂજી ઉઠયું. ટોળામાં એક ચિચિયારી બોલી ગઇ. મારનાર થોડે દૂર ગયો અને ફરીને ડંડો ફેરવી એ જ ભાગ ઉપર ઘા માર્યો. બસ કામ પૂરૂ થયું. પીકેટરનું શરીર નીચે પટકાઇ પડયું. એણે પગ ઉપર હાથ મૂકયા પણ હાડકાના ભૂકા બોલી ગયા હતા. લોહીનો ધોધ છૂટયો હતો ઘુંટણ અને કાંડાની વચ્ચેના હાડકાંના ત્રણ કટકા થઈ ગયા હતા અને એમાંથી બે ઇંચ જેટલો કટકો તો પગથી છૂટો પડી બહાર નીકળી ગયો હતો.

પેલો શરાબી તુરત ત્યાંથી ભાગ્યો. કયાં ગયો તે કોઇને ખબર ન પડી. પણ ગભરાએલા લોકો ઉશ્કેરાયા અને એની પાછળ દોડયા. કેટલાકે પીઠા ઉપર ધસારો કર્યો આપણા પીકેટરના શરીરમાંથી ચેતન ઓછું થતું જતું હતું, પણ જયાં લગી એને શુદ્ધિ રહી ત્યાં લગી એણે લોકોને શાંત રહેવા વિનવ્યા. એ માટે ઘાંટા પાડયા અને હાથ જોડી ઉંચા ચઇ થઇને પ્રાર્થના કરી.

થોડી જ વારમાં આખા પોરબંદરમાં ખબર પડી ગઇ. હાહાકાર મચી ગયો. આપણા પીકેટરને આખું ગામ જાણતું હતું. એ પ્રતિષ્ઠાસંપન્ન હતા. જે આજ લગી આ પ્રવૃતિથી દૂર રહેતા હતા તે પણ ત્યાં દોડી આવ્યા. નિર્માલ્ય પ્રજાની આંતરડી કકળી ઉઠી અને આખા પોરબંદરમાં કોઇએ અગ્નિનો તિખારો ચાંપ્યો હોય એવો ઉશ્કેરાટ ફેલાઇ ગયો.

મોટા દવાખાનેથી સ્ટ્રેચર આવ્યું. બેશુધ્ધ બનેલા પીકેટરને એમાં સુવડાવી લોકોએ દિવાન સાહેબના બંગલા તરફ કૂચ કરી. ઉશ્કેરાટનો કોઇ પાર નહોતો. પીઠાવાળો તો પીઠું બંધ કરીને નાસી ગયો હતો પણ ઉશ્કેરાયેલા લોકોએ પીઠું અને પીઠાવાળાનું ઘર બાળવા તત્પર થઇ ગયા. બીજી બાજુ દિવાન સાહેબના બંગલા તરફ

ધમરો વધવા લાગ્યો પોરબંદરે કદી નહિ જોયેલો જનતાનો રોષ-દાવાનળ ભભૂકી ઉઠ્યો. પોરબંદરના સદ્‌ભાગ્યે ત્યાં થોડાક વેપારીઓ અને પીઢ પુરુષો એવા હતા કે જેમણે ઉશ્કેરાયેલા લોકોને કાબૂમાં રાખ્યા અને દિવાનને સલાહ આપી કે 'પીઠું' બંધ કરવાનો હુકમ આપો અને આ પ્રકરણની તપાસ કરી કડકમાં કડક પગલાં લ્યો.' ગમાર માણસ પણ સમજી જાય એવી પરિસ્થિતિ હતી એટલે દિવાનને આ સલાહ સ્વીકારવામાં વિલંબ ન લાગ્યો એમણે મોટા દવાખાને પણ બંધી બનાવણ કરી અને પોતાની ઊંડી લાગણી વ્યક્ત કરી લોકોને શાંત પાડ્યા

× × ×

અહીં સુધીની વાત તો ઠીક છે પણ મારા મન ઉપર જેની ઊંડી અસર થઈ તે હકીકત તો જુદી છે સુધનના કોઈપણ મોરચાનું રક્ષણ કરતા માણસ પ્રાણ પણ આપી દે તે તો મને જરાયે સમજાતું હતું પ્રાણ આપતા કરતા યે ભયાનક સ્થિતિ તસુ તસુ મોતને પીડા ભોગવતા ભોગવતા મરવાની હોય અને એવું સહન કરનાર પણ નીકળે એમ મારું માનવું હતું પરંતુ ક્ષણે ક્ષણીએ મરવું અને પ્રતિક્ષણે એ મોતમાંથી આનંદ લૂટવો વર્ણન ન થઈ શકે એવી પ્રસન્નતા રાખવી અને પ્રાપ્ત સ્થિતિ માટે ઈશ્વરનો અનુગ્રહ માનવો એ તો કોઈક જ, કોઈ વિરલ પુરુષ જ કરી શકે એ વિરલ પુરુષ થવાની શક્તિ આ પિસ્તાલીસ વર્ષના વાણિયામાં હશે એમ કોણ માની શકે?

દવાખાનામાં લઈ ગયા. રડી એ જ્યારે શુદ્ધિમાં આવ્યા ત્યારે એમની આજુબાજુ કુટુંબીજનો બેઠાં હતાં એક બાજુ એમની પત્ની માથા પછાડતાં હતાં બીજી બાજુ બે પુત્રો ચોધાર આંસુએ રડતા હતા પડખે ગોંડેનો ભાઈ આંસુ ભરેલી આંખે ખોટી હિંમત રાખીને બેઠો હતો એટલા મૌનના મો પડી ગયા હતા આખો બીની હતી

પગનું ઝેર બંધ થતું નહોતું દાક્તરે પોતાની બધી કુશળતા ઠાલવી લીધા પછી કહ્યું કે 'ગંભીર સ્થિતિ છે કદાચ નહિ બચે' આ શબ્દોએ સર્વને કંપાવી મૂક્યા હતા એમના પત્નીની દશા સૌથી કરુણ હતી

'પણ રડો છો શા માટે?' એ પથારીમાંથી બોલતા હતા દાક્તરે એમને શાંત રહેવાનું કહ્યું હતું એટલે બીજા એમને બોલતા રોકતા હતા

'ના, ના મને કહો તો ખરા કે શા માટે રડો છો?'

કોઈએ દાક્તરના અભિપ્રાયના ખબર આપ્યા એક ક્ષણના ગાંભિર્ય પછી એમના મો ઉપર લોહી આવવા માંડ્યું.

'એમાં રડવાનું શું છે? આવું મોત તો ભાગ્યશાળી ને મળે'

દૂર બેઠેલી પત્નીએ પછાટ ખાધી

'એને સાચવો એને સમજાવો કે અત્યારે મારા પાપ ધોવાઈ રહ્યા છે આખી જીંદગી સ્વાર્થમાં ડૂબાડી છે દુષ્કર્મો કરવામાં બાકી નથી રાખી મારે તો લોકો તિરસ્કાર કરે એવા ભયાનક રોગથી રીબાઈ રીબાઈને મરવાનું હોય આવું મોત મારા નશીબમાં હોય? કોઈ રડોમાં મારે મરવાનું જ હોય તો મને શાંતિ આપો ઈશ્વરનું નામ બોલો.'

એમના એકલાના હૃદયચક્ષુ ઉઘડી ગયાં હતાં, બાકી તો બધા દુન્યવી લોકો ચામડાની આંખે જ જોનારા હતા એમને થતું હતું કે આ બોલ્યા કરશે તો તબિયત વધુ બગડશે તેઓ શાંત રાખવા મથતા હતા એ જવાબ આપતા

'મને શાંતિ જ છે શાંતિની જરૂર તે તમારે છે મારું ભલું ઈચ્છતા હો તો પોરબંદરમાંથી દારૂ કાઢજો અને તમે (એમની પત્નીને) શા માટે રડો છો? તમે તો જાણો છો કે આપણી જીંદગી કેવી ગઈ છે? એ બધું અત્યારે સાફ થઈ રહ્યું છે મન ઉપરનો ભાર ઓછો થતો જાય છે મેલના એક પછી એક થર ઉખડતા જાય છે તમે રડો મા.'

પણ એમનું કોણ સાંભળે ને કોણ માને?

બીજે દિવસે ડોક્ટરે આજ્ઞા આપી કે 'વાખો નહિ આવે પણ પગ કપાવવો પડશે' આ સમાચારે વળી બીજાને આઘાત આપ્યો પત્નીનું દુ:ખ એવું ન થાય આપણા ઘરે પહેરે કહ્યું

'પણ શેકકળ શા માટે? તમે વિચાર તો કરો કે ઇશ્વરે આપેલા હાથપગનો આપણે સારા કામમા કોઇ દિવસ ઉપયોગ કર્યો છે? અને પગ કપાઇ જશે તો શી ખોટ જવાની હતી? પરમાત્માએ હાથપગ તો મજુરી ને મહેનત કરવા માટે આપ્યા હતા. તમે કહો, કોઇ દિવસ આપણે હાથપગને મહેનત આપી છે?

કોણ જવાબ આપે? એમને તો થયા કરતુ હતુ કે આ બધું પરમાત્માની કૃપાથી જ થાય છે. અને એ કૃપાને પોતે લાયક નીવડયા એથી પોતાની જાતને એ ધન્ય માનતા હતા.

વખત જતા કઈક ઠીક થવા લાગ્યુ. પગ કપાવવો ન પડયો પણ ઓપરેશન કર્યું. અસહ્ય વેદના થવા છતા એમણે દુ ખનો અવાજ પણ ન કર્યો બે ત્રણ મહીના સુધી એમ લાગ્યુ કે આરામ થઇ જશે પણ ઓપરેશનમા ભૂલ થઇ હતી પગ વાકો વળવા લાગ્યો અદર સડા જેવુ પણ કંઇક લાગવા માડયુ દિનપ્રતિદિન પીડા વધવા લાગી સ્નેહીઓના જીવ ફરીને ગભરાવા લાગ્યા.

ત્યાથી એમને રાજકોટ લઇ ગયા ત્યાંના એક વૃધ્ધ સરજને ફરીને ઓપરેશન કર્યુ ઓપરેશનના બીજે દિવસે પગનું હાડકુ ઠીક કરવા માટે પગના જીવતા ભાગમા કોઇ ધાતુની એક ખીની મૂકવાની હતી સરજન જાણતો હતો કે ભલભલા માણસો પણ એ પીડા સહી શકતા નથી. આ દરદી સહી શકશે? પીડાથી એ હિંમત તો નહિ હારી જાય? સરજન મૂઝાતો હતો. એણે દર-દીને વાત કરી દર્દીએ જવાબ આપ્યો 'હું શરીરને મારૂ માનતો જ નથી.' આ શબ્દોની તો સરજન ઉપર અસર થઇ પણ ખીની મુકયા છતા દર્દીએ એક ઉહકારો પણ ન કર્યો કે પગ પણ ન હલાવ્યો ત્યારે સરજનથી ન રહેવાયું. એ ગદ્ગદ્ કઠે બોલી ઉઠ્યો કે 'આ હાથે સેકડો ઓપરેશન કર્યા છે પણ આવો દર્દી જોયો નથી'

એ અસહ્ય પીડાને લઇ બીજે દિવસે દરદીને તાવ આવી ગયો. સરજને આવીને શરીર જોઇ પૂછ્યુ. 'આમ કેમ?' દરદીએ શાતિપૂર્વક જવાબ આપ્યો: 'ચીસ ન પાડવી કે પગ ન ખસેડવો એ તો મારા હાથની વાત હતી શરીર તો શરીરનો ધર્મ બજાવે જ ને!' સરજન નમ્ર આખે દરદીની સામે તાકી રહ્યો

આ વેદના એમણે બે વરસ સુધી ભોગવી. ત્રણ વખત તો ઓપરેશન કરાવવા પડયા અને અંતે પગ થોડો લગડો જ રહ્યો. જે બે વરસ એમણે પથારીમા ગાળ્યા, એ અદ્ભુત હતા તેઓ નેતા તો હતા જ નહિ પણ આગળ પડતા સૈનિક પણ નહોતા એટલે એ પીડા દરમ્યાન એમની આજુબાજુ શૌર્ય કે યુધ્ધનુ વાતાવરણ નહોતુ એમની સારવારમા એમના કુટુબીઓ જ હતા અને મળવા આવનારાઓમા મુખ્યત્વે સગાઓ જ હતા આ બધા લોકો એમના દુ ખ ઉપર નિસાસા નાખતા અને દૈવને દોષ દેતા, જ્યારે એમની મનોસ્થિતિ તદ્દન ઉલટી જ હતી એ ત્યા પડયા પડયા ઈશ્વરનો અનુગ્રહ માનતા અને રસના ઘૂંટડા પીતા

સૌથી પુનિત ચિત્ર રજુ કરી એમની કથા પૂરી કરૂં. એ જ્યારે પથારીવશ હતા ત્યારે પોરબંદર રાજ્ય ગૂને-ગારની શોધમા હતુ આ શોધમા અનેક બનાવો બન્યા હતા પણ એ અહી જાણવાની જરૂર નથી આખરે ઘા કરનાર માણસ પકડાયો ત્યારે પોલિસે એના ઉપર કેસ કર્યો એજ ગૂનેગાર છે એમ સાબીત કરવા માટે આપણા પીકટરની જરૂર હતી રાજ્યે એમને કોર્ટમા હાજર રહેવાનુ ફરમાન કર્યું. એમની શારિરીક સ્થિતિ હાજર રહી શકે એવી તો નહોતી પણ એ માટે બીજી વ્યવસ્થા કરવા કોર્ટ તૈયાર હતી પરતુ મહત્વનો પ્રશ્ન તો એ હતો કે કોર્ટના કામકાજમા સામેલ થવું કે નહિ એમના મનની સ્થિતિ એવી હતી કે 'આપણાથી કોર્ટમા ભાગ ન લેવાય' પણ સબધીઓ અને થોડાક સૈનિકો પણ, એમ કહેતા, 'દેશી રાજ્યો સામે અત્યારે સત્યાગ્રહ નથી એટલે કોર્ટમાં ભાગ લેવામા વાંધો નહિ અને તમે ભાગ નહિ લો તો ગૂનેગાર છૂટી જશે એનુ પરિણામ એવું આવશે કે કોઇપણ માણસ ગમે તેના પ્રજાજનને રજાડી શકશે' જેમ જેમ એ દલીલો સાભળતા ગયા તેમ તેમ એમના મનની સ્થિતિ ડામાડોળ થવા લાગી ઘડીક

એમને લાગવા માંડયું કે 'આવા ગૂનાઓ ઓછા કરવા મારે કોર્ટમાં ભાગ લેવો જોઈએ' વળી એમ થઈ જતું કે 'નહિ, નહિ. મને એ મારનાર પ્રત્યે દયા સિવાય કંઇ જ નથી તો હું શા માટે કોર્ટમાં ભાગ લઉં?' આખરે એ મૂંઝાયા અને છાવણીના એક સૈનિક, જેમના પ્રત્યે એમને આદરભાવ હતો એમને સલાહ માટે બોલાવ્યા. એમની પાસે પોતાનું હૃદય ઠાલવી સલાહની માગણી કરી.

'તમે કોર્ટમાં ભાગ લ્યો એથી લડતના સ્થૂળ નિયમને કશો બાધ નહિ આવે.' આવનારે સલાહ આપી

'એમ નહિ, મારો ધર્મ શો છે એ મારે જાણવું છે.' સત્યાગ્રહીએ પોતાની સાચી મૂંઝવણ પ્રગટ કરી.

'ધર્મ તો હૃદયને અનુસરવું એ જ હોય.'

'હું એમાં સમજ્યો નહિ.'

'સમજવું સાવ સહેલું છે. મારનાર પ્રત્યે તમને રોષ ઉપજે છે?'

'ના'

'એ છૂટે તો તમને આનંદ થાય?'

'ખૂબ જ.'

'તો પછી કંઇ પૂછવાપણું જ નથી રહેતુ.'

'પણ એથી એવા માણસો વધુ ગૂનાઓ ન કરે?'

'ત્યારે તો આપણે હિંસક સાધનો વડે જ લડવું જોઇએ. જો આપણને આપણા બલિદાનમા અને માનવોચિત ઉદારતામા એટલો વિશ્વાસ ન હોય કે એથી સામા માણસનુ પત્થર જેવું હૈયું પણ પીગળાવશે તો...'

'હું સમજી ગયો...'

'એમ નહિ, તમારા અંતરાત્માને પૂછો એ ત્યાં કરુણા ઉભરાતી હોય અને અંદર એમ પણ થતું હોય કે કોઇ કોઇને સજા કરવાને લાયક નથી તો જ આ નિર્ણય ઉપર આવજો. એક વાત વધારે. એક ક્ષણ એ મારનારના જીવનનો પણ વિચાર કરજો એ અજ્ઞાન અને અમસ્કારી હશે. એ આણસ છતા કેટલાય સંજોગોને લઇ માણસાઇ નહિ રાખી શક્યો હોય સંભવ છે કે પૈસાને લોભે જ આ કામ એણે કર્યું હોય. આ કર્મમા એનો કેટલો ગૂનો હશે તે તો પરમાત્મા જાણે'

'મેં નિશ્ચય કરી લીધો છે.'

'એ તો હું જાણતો જ હતો તમારા ઉજ્જવળ બલિદાનમા આવો પડછાયો પણ ન પડયો એથી મને અપાર આનંદ થાય છે. તમે હવે રાજ્યને લખી નાખજો કે પ્રજાજનનું રક્ષણ કરવુ એ જો તમારો ધર્મ હોય તો એ ગૂનેગારને શિક્ષા કરવાથી તમે એ નહિ કરી શકો, એ માટે તો તમારે તમારી ગરીબ અને રાંકડી પ્રજાને પાયમાલ કરનાર દારૂનું પીઠું જ કાઢી નાખવુ પડશે અને તમે ન્યાય આપવા ઇચ્છતા હો તો એ જ સાચો રસ્તો છે'

અને એ બંનેએ મળી તે દિવસે એક લાંબો કાગળ લખી નાખ્યો. એમા ગૂનેગારને છોડી મૂકવાની આગ્રહપૂર્વક પ્રાર્થના પણ કરી

●

મંજલ

આધી ભાથાં પડશુ પથમાં દિન ઊગે પહેલાં
રોશું, લ્હોશું નયન નયણાં થાકતાં ત્યાં અકેલાં,
થાકયાં પાકયાં પણ ગિરિવનો કો'શ્રમે ઊતરીશુ
પૂરી લાંબી મંજલ કપરી સાંજ પ્હેલાં કરીશું.

કોલક

કલાત્મક અંત

શ્રી. પ્રભુરામ રાજ્યગોર

બેન,

અનેક પ્રશ્નોની પરંપરા છેડતો તારો પત્ર મળ્યો, પણ આ બધાય પ્રશ્નોને એક જ પત્રમાં કેમ ન્યાય આપી શકાય? ને બેન! આ કાળ તો છે સંક્રાન્તિયુગનો મંથનકાળ, તારે હૈયે ઉઠી તને મૂંઝવતા પ્રશ્નો જેવા પ્રશ્નો તો આજે મારા હૃદયમાં પણ ઉઠે છે, ને માનવી જગતના ઉરે પણ ઉઠતા હશે, પણ આ બધા પ્રશ્નો તો પૃથ્વી-વિશાળા પ્રશ્નો કહેવાય તેનો ઉકેલ હું કેમ આપી શકું? તેથી હું તો મારા પ્રિય વિષય સાહિત્યને સ્પર્શતા સરસ્વતીચંદ્રના અન્ત વિષેના પ્રશ્નનો જવાબ આ પત્રમાં તને આપીને વીરમીશ.

"સરસ્વતીચંદ્રનો જે અન્ત ગોવર્ધનરામભાઈએ આણ્યો છે તે બરાબર છે કે નહિ?" આ પ્રશ્ન ખૂબ જ ચર્ચાસ્પદ છે ને કેટલાય વિવેચકોએ તેને જુદી જુદી દૃષ્ટિથી અવલોકયો છે, એટલે તારા આ પ્રશ્નના જવાબમાં હું તને કંઇ નવિન આપી શકું એમ મને નથી લાગતું, છતાં તે પ્રશ્ન પૂછ્યો છે એટલે જવાબ આપવા લલચાઉં છું.

સરસ્વતીચંદ્રના અન્ત વિષે લખતાં મને "રાજાધિરાજ"નો અન્ત યાદ આવે છે, કારણ કે કુમુદની વૈધવ્યદિક્ષામાં ને મંજરીની મૃત્યુસમાધિમાં સમાયેલ કલાવિધાનમાં મને કંઇક સામ્ય લાગે છે.

"ગુજરાતનો નાથ" થી માંડીને તે 'રાજાધિરાજ'ના અંત સુધીમાં વિહરતી મંજરીનું ગૌરવ, તેની મહત્તા અને તેનો પ્રતાપ કોઇ પણ વાચક હૃદયને આકર્ષી રહે છે, પણ 'રાજાધિરાજ'ના અંત નજીક આવતાં મુન્શીની કલાદૃષ્ટિએ બે વસ્તુ પારખી લીધી હોય એમ સ્પષ્ટ લાગે છે, એક તો એ મંજરીનું સ્થાન 'રાજાધિરાજ'ની ભૂમિકા પર હવે વધારે વખત ન હોવું જોઇએ અને જો સ્થાન રાખવું હોય તો મંજરીના ગૌરવ, પ્રતાપ, ને મહત્તાને ભોગે જ રાખી શકાશે, અને બીજી વસ્તુ તે કાક-મંજરીનું પુનર્મિલન થતાં રસનિષ્પત્તિ નહિ થાય પણ રસાભાસ ઉત્પન્ન થશે ત્યારે મંજરી જેવા અનુપમ સર્જનનું કરવું શું?

એને વેડફાય જવા કે નિર્જીવ થઇ જવા તો કેમ જ દેવાય? ને બેન! કથાકાર પોતાના પાત્રને નિષ્પ્રાણ થઇ જવા દેવા કરતાં તેનો નાશ હંમેશા વધુ પસંદ કરે છે, ને મુન્શીએ પણ પોતાના અજોડ પાત્રનો ધ્વંસ પસંદ કરી લીધો. શું કામ ખબર છે? મંજરીને મારી નાખવા નહિ પણ મહાન જીવતી રાખવા, કારણ કે મંજરીના મૃત્યુ સાથે જ તેનો ભવ્ય ભૂતકાળ વાચકના સ્મૃતિપટે તાજો થયો, મંજરીના આકર્ષણ વધ્યાં ને આમ અજોડ

કલાવિધાન ઉભુ કરીને મુન્શીજીએ મંજરીને ગૂજરાતી સાહિત્યમાં અમર ને અજોડ બનાવી દીધી

આવા જ પ્રકારનુ કલાવિધાન મને કુમુદની વૈધવ્ય દીક્ષામા સમાયેલ લાગે છે, અને કુમુદના જીવનમા સરસ્વતીચંદ્રે ગૃહત્યાગ કર્યો ત્યારથી આ કલાવિધાનની શરૂઆત થાય છે ગોવર્ધનરામભાઇ આ કલાવિધાનને અંત સુધી ચતુરાઇથી જાળવી રાખે છે એટલુ જ નહિ પણ ધીમે ધીમે કુમુદની આસપાસ એટલા બધા કરુણાના વ્હેન વ્હેવરાવે છે કે કોઈ પણ સહૃદય વાચકને કુમુદની કથા વાચતાં વાચતા "બિચારી કુમુદ", "દુખી કુમુદ", કે 'ગરીબ કુમુદ' એવા ઉદ્દ્ગારો કાઢ્યા સિવાય ચાલે જ નહિ અને ગોવર્ધનરામભાઇએ એક કલાકાર ને અવલોકનકારની વેધક દૃષ્ટિએ જરૂર માપી લીધુ હશે કે કુમુદ–સરસ્વતીચંદ્રનું લગ્નગ્રથન થતા રસનિષ્પત્તિ નહિ થાય પણ રસાભાસ થશે જરૂર કુમુદ–સરસ્વતી ચંદ્રના લગ્નથી ઘડીભર વાચક–દીલમા હર્ષ લાગણીના પુર આવી જાત પણ લગ્નની બીજી જ ક્ષણે લેખકે ઉભુ કરેલ કલાવિધાન નષ્ટપ્રાય બનત અને એજ કલાવિધાનને પ્રતાપે વાચકના સ્મૃતિપટે રમી રહેલ કુમુદનો ભવ્ય કરુણ ભૂતકાળ પણ વાચક લગ્નની ઘડીભરની સહજ હર્ષ લ્હેરોમા વિસરી જાત અને કુમુદ, બિચારી કુમુદ વૈધવ્યરૂપી નિષ્કલંક ચંદ્ર વિહોણી થતા જ વિનાયને નિષ્પ્રાણ બની જાત એટલુ જ નહિ પણ બીજા બે આત્માનો ભોગ પણ તેનુ મૃત્યુ માગી લેત તુ પૂછીશ કે વળી આ શુ ? ને આ બે આત્મા કોણ ? તો એક તે સરસ્વતીચંદ્ર ને બીજી તે કુસુમ.

સાચુ કહુ તો મૂળથી જ સરસ્વતીચંદ્રનુ પાત્ર મને ઝાખુ આલેખાયેલ લાગે છે જે રેખાઓએ તેની દેહાકૃતિ દોરાયેલ છે તે ઘડીભર સુરેખ તો ઘડીભર ઝાખી થતી હોય એમ સરસ્વતીચંદ્રનુ પાત્ર વાચતા તને નથી લાગતુ ? વળી તેનુ પાત્ર જે કાંઇ ભવ્ય સુરેખ કે લાગણીને સ્પર્શ કરે તેવુ લાગે છે તેનુ કારણ મારે મન તેણે સહન કરેલ દુખ શોકનો ભાર નહિ પણ કુમુદની વૈધવ્ય દીક્ષા જ છે કારણ કે જે ક્ષણે કુમુદના લગ્ન થાત તેજ ઘડીથી વાચક દુખીઆરી કુમુદના લગ્ન હર્ષમા તણાય અને સરસ્વતીચંદ્ર તે લાગણીપુરમાં કોઇની દૃષ્ટિએ પણ ન ચઢત આમ સરસ્વતીચંદ્ર અંતમા કંઇ ભવ્ય ને સુરેખ થતો લાગે છે તે સદા માટે ઝાખો જ રહત તુ પૂછીશ કે દુખી તો સરસ્વતીચંદ્ર પણ હતો, તો તેના લગ્નહર્ષમા કુમુદને વાચક વિસરી ન જાત ? તો મારે કહેવુ જોઇએ કે તમારી જાતિ સ્ત્રીજાત તરફ સહાનુભૂતિ કે પક્ષપાતની નજરે નિહાળે તે તો યોગ્ય છે પણ પુરુષજાત વિશેષ સહાનુભૂતિ ને પક્ષપાતવાળી દૃષ્ટિથી સ્ત્રી–જીવનના દુખો તરફ જુએ છે ને તેથી સરસ્વતીચંદ્ર જ ભૂલાઇ જાત કુમુદ નહિ

હવે આપણે કુસુમના પાત્ર વિષે વિચારીએ આપીએ સરસ્વતીચંદ્રની વિશાળ ને રંગરૂપ ભૂમિકા પર એક દૃષ્ટિપાત કરી જો લતા શી કુસુમને ત્યાં છોડ સોહાવી શકે તેમ લાગે છે ? સરસ્વતીચંદ્ર પણ મને અમુક દૃષ્ટિએ જ યોગ્ય લાગે છે તુ કદાચ પ્રશ્ન કરીશ કે ગોવર્ધનરામભાઇએ કુસુમને કૌમારવ્રતની દીક્ષા દીધી હોત તો શો વાધો હતો ? પણ આ પ્રશ્ન બે દૃષ્ટિએ અયોગ્ય છે એક તો સરસ્વતીચંદ્ર લખાયો તે વખતનો સમાજ દીકરીજીવનમા કૌમારવ્રત સાખી શકે તેવો ન હતો છતાય કદાચ ધાર કે લેખકે એમ કર્યુ હોત તો તે પણ બરાબર યોગ્ય તો ન જ થાત કારણ કે ત્યારે આપણી સમક્ષ એક પ્રશ્ન જરૂર ખડો થાત કે કુસુમ જેવા નવલમા સૌથી વધારે ભવ્ય ને સુરેખ પાત્રનો અંત શો ? તેના અભ્યાસની અને ક્રમિક વિકસતી ઉપયોગીતા શી ? તુ કદાચ કહીશ કે કુસુમને કૌમારવ્રતની દીક્ષા અર્પી ગોવર્ધનરામભાઇ ગુજરાત સમક્ષ એક અજોડ આદર્શ રજૂ કરી શક્યા હોત આ વાત સાચી પણ તેથી કુસુમના પાત્રનુ પૂર્ણ આલેખન થયુ છે એમ તો આપણે ન જ કહી શકત કારણ કે ત્યારે પણ આપણને પ્રશ્ન તો થાત જ કે કુસુમે કૌમારવ્રત સેવ્યુ એ બરાબર પણ પછીના તેના ભાવિ જીવનનુ શુ ? તેના ભાવિજીવનની કાર્યદિશા કંઇ ? વળી જે રીતે વિધવા કુમુદ કોઇની પણ સુરુચિનો ભંગ કર્યા સિવાય કુસુમ-સરસ્વતીચંદ્રના પરણિત જીવનમા ભળી ન શકત તેમ જો ગોવર્ધનરામભાઇએ આદર્શ રજૂ કરવાની ધુનમા કુસુમને કુંવારી રાખી હોત તો કુસુમનુ પાત્ર અધુરૂ આલેખાયેલ રહી જાત, ને કુસુમ હરીણી શી ચકોર કુસુમ ચોક્કસ ધ્યેયવિહોણી સરસ્વતીચંદ્રની ભૂમિકા પર રખડતી ને ભમતી આપણી દૃષ્ટિએ પડત

આમ કુસુમને લગ્નગ્રંથીથી જોડીને તેના ભાવી જીવનની કાર્યરેખા લેખકને આપણી સમક્ષ મૂક્યા સિવાય ચાલે તેમ હતુ જ નહિ ત્યારે કુસુમ તો ગોવર્ધનરામભાઇનુ સૌથી વધારે લાડીલુ અને મોંઘુ પુત્રી ધન તેને કોઇ સામાન્ય પાત્ર સાથે જોડવાનુ મન ગોવર્ધનરામભાઇ જેવા વાત્સલ્યમૂર્તિ પિતાને કેમ જ થાય ? તેથી જ તેમણે કુસુમ સરસ્વતીચંદ્રના વિવાહ પસંદ કર્યા ને કુમુ-સરસ્વતીચંદ્રને આત્મલગ્નથી જોડ્યાં આમ મને તો કોઇ કોઇ વાર સરસ્વતીચંદ્રનો અંત વાચતા કુમુદની વૈધવ્યવેદી પર વિરાજેલ કુસુમ સરસ્વતીચંદ્રના યુગ્મનુ દર્શન ભવ્ય ને અનુપમ લાગે છે

આથી વધુ ભવ્ય ને કલાત્મક અંત બીજો કંઇ હોય શકે, કહીશ ?

લી० ભાડના,

વન્દેમાતરમ

આપણી સ્વરાજયાત્રા

અદ્‌ભુત પગલું:

સંયુક્ત પ્રાંતની સરકારે કાકોરી કેસના કેદીઓને છોડી મૂકયાના સમાચાર આજના છાપામા પ્રગટ થયા છે જ્યા મહાસભાનુ પ્રધાન મંડળ છે એ પ્રાંતોમા છેલ્લા એક મહિના થયા રોજ ને રોજ આ પ્રકારના સમાચારો વાચવા મળે છે આપણુ આખરી નિશાન–પૂર્ણ સ્વરાજ તો હજી ઘણે દૂર છે પરંતુ આવા બનાવો પરાધિન હિંદના ઇતિહાસમા અદ્‌ભુત હોવાથી પૂર્ણ સ્વરાજની કંઈક ઝાખી કરાવનારા લાગે છે. હિંદના બીજા પાચ પ્રાંતો બંગાળ, પંજાબ સિંધ, સરહદ અને આસામ જ્યા પણ મહાસભાના ૭ પ્રાંતોના જેવીજ પ્રજાકીય સરકારો ગણાય છતા ત્યા જે નીતિ ચાલતી હતી તેજ ચાલે છે. ત્યાની સરકારો અને મહાસભાના ૭ પ્રાંતોની સરકારો વચ્ચેનો તફાવત સ્પષ્ટ જણાઇ આવે છે એક બાજુ એનુ એ દમન, એની એ હઠીલાઇ એનુ એ ભયાનક ખર્ચાળપણુ અને નવાણી બીજી બાજુ હાથમા આવેલી નજીવી સત્તાઓને નિચોવી નિચોવીને કરવામા આવતું પ્રજાકલ્યાણ, સાદાઇ, સખત પરિશ્રમ, સેવાની નમ્રતા અને આખરી મુકામે પહોંચવાની વ્યાકુળતા દરરોજના છાપા વાચનારાઓ આ બંને વચ્ચેનો ભેદ તુરત જ સમજી શકે એમ છે

વિરોધીના જ હથિયાર વડે

આજે માત્ર પ્રધાનો જ નહિ પણ મહાસભાનુ મંત્રીમંડળ ગાંધીજી અને રાષ્ટ્રના બીજા હિતચિંતકો આ બંધારણમા રહીને જ પ્રજાનુ કલ્યાણ કરવાના અને પ્રજાની તાકાત વધારવાના મંથનમા ને વિચારણામા ગ્ચ્યા પચ્યા રહે છે એ ઉપરથી ટૂંકી નજરે જોનારને એમ લાગી આવે એમ છે કે મહાસભાએ લડાઇનો માર્ગ છોડયો છે, બ્રિટિશ સત્તાને ઉખેડી નાખવાની વાત આજે કોરે મૂકાઇ છે અને જેને હજાર વખત ગુલામી ખતનુ નામ આપ્યુ હતુ તે બંધારણની ઉપાસના સૌએ કરવા માંડી છે લડાઇની, અસહકાર કે સત્યાગ્રહની આજે વાત નથી થતી એ સાચુ છે પણ આજે જે માર્ગે મહાસભા ગતિ કરી રહી છે એ માર્ગ સંતોષનો, બંધારણનો, સ્વીકારનો કે યુદ્ધમાથી ભાગી ગયાનો નથી જ મહાસભાના મંત્રીમંડળે અને ગાંધીજીએ અનેક વખત સ્પષ્ટ કર્યું છે અને પોતાના આચરણ અને આદેશોથી સિદ્ધ કર્યું છે કે વિરોધીઓએ આપણા રાષ્ટ્રજીવનના નાશ માટે જે હથિઆર યોજ્યું છે તેમા એવી કરામત રહેલી છે કે જો આપણે જાગૃત રહીએ ને શુભ નિષ્ઠાથી, રાષ્ટ્રને વફાદાર રહી એનો ઉપયોગ કરીએ તો આપણી તાકાત ઘટવાને બદલે વધે અને આપણા વિરોધીઓને આગળા કરડવા પડે ગાંધીજીએ હમણા જ જણાવ્યુ કે 'હું ભંગાણ ઉભો નહિ કરું' પણ એ જો

આવી પડશે તો હસતે મોંએ સ્વીકારી લઈશ. બંધારણમાં પડેલી સગવડોનો જો હું મારી શક્તિ વધારવામાં ઉપયોગ ન કરું તો એ બેવકૂફી ગણાય' ગાંધીજીની માન્યતા તો એ છે કે આ બંધારણના ઘડનારાઓની તમામ ધારણાઓ આપણે ધૂળ મેળવી શકીએ એવું આ બંધારણમાં પડ્યું છે. જ્યાં સુધી આ પ્રધાનપદો આપણે સ્વીકાર્યાં નહોતાં ત્યાં સુધી તો આ બધી વાતો કેવળ વાતો જ લાગતી હતી પણ છેલ્લા એક મહિનાના કાર્યથી આપણા પ્રધાનોએ સાબિત કરી આપ્યું છે કે જે માર્ગ મહાસભાએ ગ્રહણ કર્યો છે તે આગે કદમનો માર્ગ છે. પીછેહઠનો નહિ જ. આ માર્ગે પ્રજાને વિશિષ્ટ પ્રકારની તાલીમ મળી રહી છે અને મહાસભાના એંગે જે પ્રજાના હાથમાં સત્તાનાં તમામ સૂત્રો સથે આવે તો શું થઈ શકે તેનો આછો ખ્યાલ આવી રહ્યો છે.

રચનાની મનોદશા :

આપણે આગળ એટલું ઉમેરવું છે કે પ્રધાનપદના સ્વીકાર પછી મહાસભાના બંને પક્ષો એકત્ર થઈ ગયા હોય એમ આ પ્રયોગને સફળ બનાવવાના કામમાં જ લાગી ગયા છે છતાં કોઈ કોઈ સ્થળે એ જ વિરોધી મનોદશા દેખાય છે. આ મનોદશા ધીમે ધીમે પલટાતી જાય છે એ શુભ ચિહ્ન છે. અહીં આપણે વિચારવું તો એ જોઈએ કે અત્યારે સત્તાસ્થાને આપણા જ માણસો છે. આપણે જ એમને મોકલ્યા છે. એમને આપણે તંગ કર્યા કરીએ તો આપણી શક્તિ વધવાની નહિ પણ ઘટશે જ. ગઈકાલ સુધી સરકાર સાથે આપણે જે રીતે કામ લીધું છે તે રીતે લેવાનું નથી જ. જો એ અને આજ સુધી આપણી મનોદશા સામાન્ય રીતે સંહારની જ છે તો તેને બદલે અત્યારે રચનાની કરવી જોઈશે. આપણી અહિંસક લડાઈમાં આવી ભૂમિકાઓ આવ્યા જ કરશે. આપણામાં રચના અને સંહાર એ બંને શક્તિઓ યોગ્ય પ્રમાણમાં નહિ હોય તો આપણો આ મહાન પ્રયોગ નિષ્ફળ જ જવાનો છે.

યુદ્ધ આવશે જ :

એક પ્રશ્ન સૌના મનમાં ઉઠે છે કે હવે શું યુદ્ધ કરવાનો પ્રસંગ જ નહિ આવે? ગાંધીજીએ એક સ્થળે પ્રગટ કર્યું કે એ રીતે અભૂતપૂર્વ સત્યાગ્રહ કરવાનો સમય શું નહિ જ આવે? અમને એમ નથી લાગતું. અમે એમ માનીએ છીએ કે એ સમય આપણે નહિ લાવવો હોય તો પણ આવશે જ. દુનિયાભરમાં કાબેલ ગણાતી બ્રિટિશ સત્તા અહીં ડહાપણ નહિ વાપરી શકે. સત્યાગ્રહને દૂર નહિ રાખી શકે. એક અસ્પષ્ટ કલ્પના મનમાં આવે છે કે જો બંને પક્ષ પોતાની સત્તા સમજતા જાય અને બુદ્ધિપૂર્વક, કંઈક સહાનુભૂતિપૂર્વક પગલું ભરતા જાય તો સત્યાગ્રહનો સમય ન પણ આવે. આ બંધારણદ્વારા પ્રજાની શક્તિ અને સંગઠન આપણે વધારી શકીએ, થોડુંક પ્રજાહિત કરી એમનામાં એમની દાવાનળ જેવી ભૂખને સહેજ સતેજ કરી સંપૂર્ણ તૃપ્તિ શક્ય છે એવી આશા પ્રગટાવી શકીએ. સ્વરાજ વિના એમના દુઃખનો સાચો ને કાયમી નિકાલ નથી એટલી ખાત્રી કરાવી આપી શકીએ અને સાથે જ સ્વરાજનું આછું દર્શન પણ આપી શકીએ. તો પ્રજામાં એવી શક્તિ પેદા થાય કે જે શક્તિનો સામનો કરવાનું દુનિયાની કોઈ પણ સત્તાથી ન બની શકે. આવી પ્રચંડ શક્તિને જો બ્રિટિશ સત્તા ઓળખી શકે તો સુલેહનો દિવસ આવે. પણ જગતના ઇતિહાસમાં હજી એવો બનાવ બન્યો નથી. સત્તા હમેશાં પોતાના મદમાં ચકચૂર હોય છે અને અંધ હોય છે. એ પ્રજામાં વડવાનળ વ્યાપ્યા હોય તો પણ જોઈ શકતી નથી. એવી સત્તાઓ નાશ પામવાને જ નિર્માયેલી હોય છે. એટલે ભલે યુદ્ધ નહિ આવવાની સંભાવના હોય છતાં એ આવશે જ એમ લાગે છે અને એટલે એ આવશે એવા સ્પષ્ટ ભાન સાથે જ આપણું બધું કામ ચાલવું જોઈએ. આટલી વસ્તુ જો આપણા મનમાં દૃઢ થઈ જાય તો આપણાં પ્રધાનપદો કે રચનાત્મક માર્ગો ક્રાન્તિને ગાળી નહિ નાખે પણ વધુ ને વધુ જ્વલંત બનાવશે.

ઉજ્જવળ માર્ગ :

આપણો દેશ દુનિયાભરનો કંગાળમાં કંગાળ અને પતિત દેશ છે છતાં એનું ભાવી જગતની કોઈ પણ પ્રજા કરતાં ઉજ્જવળ હોય એમ લાગે છે. એમ ન હોત તો

આપણને ગાંધી જેવો સુકાની ન મળ્યો હોત, એમ ન હોત તો મહાસભાએ અહિંસાનો પંથ સ્વીકારી આટલાં વર્ષોમાં પ્રજા જાગૃતિનો ચમત્કાર ન બતાવ્યો હોત. આપણે રોજ ને રોજ ખૂનખાર જંગના અને હજારોને લાખોની કતલોના સમાચાર વાંચીએ છીએ. હિંસાના અગ્નિમાં આખું જગત પોતાને હાથે જ પોતાનું સર્વનાશ કરી રહ્યું છે એ વખતે હિંદમાં જગતની મહાન સલ્તનત સામે અહિંસક મોરચો માંડયો છે અને એ અદ્ભુત રીતે સફળ થતો જાય છે આપણા યુદ્ધની એક વિશેષતા તો એમાં આપણા પક્ષે પણ ઓછામાં ઓછો રક્તપાત થાય છે એ છે પરંતુ જગત જેમાંથી બોધપાઠ લઇ શકે એવી વિશેષતા તો બીજી છે. આપણે બળવો કરીએ છીએ છતાં આપણે ભારે અવ્યવસ્થા નથી કરવી પડતી. આપણા બળવામાં પ્રજાનું સુખ, સંસ્કાર અને કેળવણી રહ્યા છે. આપણી તાકાતની સાથે સાથે આખી પ્રજાનું માનસ પણ કેળવાતું જ જાય છે, કોઇ પણ હિંસક યુદ્ધમાં આમ ન બની શકે. આપણા યુદ્ધમાં ઉશ્કેરાટને ઓછામાં ઓછું સ્થાન છે. આપણી પ્રજાના હૃદય અને બુદ્ધિ વિકાસ પામતા જાય છે અને પ્રજાકીય સંગ્રામ આગળ વધતો જાય છે. આજનો જ પ્રસંગ લઇએ તો પ્રધાનપદના સ્વીકારથી રાજ્ય વહીવટ ચલાવવાની અને હિંદીઓનું કૌશલ્ય બતાવવાની આપણને જે તક મળી છે તે બીજી શી રીતે મળી શકત? એટલું જ નહિ પણ થોડીક સત્તા દ્વારા પ્રજાકલ્યાણ કરવાની આપણી ભાવનાઓ આપણને રાષ્ટ્રની પુનર્ઘટનાના કામમાં પણ જોડી દીધા છે. હમણા વર્ષોમાં મહાસભાનું પ્રધાનમંડળ બેઠું ત્યારે નિષ્ણાતોને ત્યાં બોલાવવામાં આવ્યા હતા. ખરેખર આપણું પરમ સૌભાગ્ય છે કે આપણું યુદ્ધ પણ એક રચના સમું બની ગયું છે.

મહાસભાના હાથમાં સત્તા આવ્યા પછી એમણે ઘણું કર્યું છે પણ હજુ પૂરું નથી કર્યું એનો અસંતોષ સમજી શકાય એમ છે, પરંતુ એ માટે આપણે યોગ્ય માર્ગે જ પ્રધાનો ઉપર દબાણ લાવવું જોઇએ. પ્રધાનોએ ઘણું કર્યું છે એ વિષે તો કેઇથી ના પાડી શકાય એમ નથી કારણ કે મહાસભાના ૭ પ્રાંતોની સરખામણી કરવા માટે બીજા પાંચ પ્રાંતો પડયા છે. આપણે એ પ્રાંતોને જરા જોઇએ:

બે નમૂના :

સૌથી ધ્યાન ખેંચે એવો તફાવત પગારનો છે. એક બાજુ પાંચસો અને બીજી બાજુ બેથી ત્રણ હજાર. બંનેની રીતભાતમાં પણ દેખાઇ આવે કે એક પ્રજાના સેવકો છે, બીજા પ્રજા શાસકો છે. આપણે મહાસભાના પ્રાંતોમાં જોયું છે કે મુંબઇએ સેનાપતિ બાપટને છોડયાં, પત્રોની જામીનગીરીઓ પાછી આપી, સંસ્થાઓ ઉપરના પ્રતિબંધો રદ કર્યાં. મહેસૂલ અને તગાવીની વસૂલાતની સખતાઇના પગલાંની મનાઇ ફરમાવી શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક ઉપરનો પ્રતિબંધ રદ કર્યો મદ્રાસે મહેરઅલીને, અને કોહાપદમના કેદીઓને અને કાવત્રાં કેસના કેદી શ્રી. મુકુંદલાલ સરકારને છોડયા. મલબારના બીજા ત્રણ રાજદ્વારી કેદીઓને પણ છોડયા. મજુરોની હડતાલનું સમાધાન કરાવ્યું. જેલમાં ત્રાસ આપવાનો હુકમ કર્યો. રાષ્ટ્રધ્વજને જાહેર સંસ્થા ઉપર ફરકાવવાનો મનાઇ હુકમ રદ કર્યો. સરકારી પેન્સનરોને કોઇ પણ રાજકીય પક્ષમાં ભાગ લેવાની છૂટ આપી. સાલેમ જીલ્લામાં સંપૂર્ણ દારૂનિષેધની યોજના અમલમાં મૂકી. મધ્યપ્રાંતે ક્રાંતિકારી કેદીઓને છોડયા. પોલિસોને જાહેરસભાના રીપોર્ટ લેવા જવાની મનાઇ ફરમાવી, વંદે માતરમ્ ગવાતું હોય ત્યારે ઉભા રહી માન આપવાનું ફરમાન વગેરે. સંયુક્ત પ્રાંતે ખેડૂતો પાસેના લેણાની માફી કરી. કલમ ૧૨૪ અને ૧૦૮ પ્રમાણે પકડાએલા કેદીઓ ઉપરાંત કાવત્રા કેસના કેદીઓને પણ છોડયા. સનંદી અમલદારોને પ્રજાના નોકર તરીકે રહેવાનું ફરમાન આપ્યું. સ્પીકર માટે ઇંગ્લેંડની પ્રથાનો ત્યાગ કર્યો. અને બતાવ્યું કે હિંદનો કોઇ પણ માણસ આઝાદીની લડાઇથી દૂર ન રહી શકે. જાહેર સંસ્થાઓ, મજુર સંસ્થાઓ અને નવજવાન સંઘો ઉપરના પ્રતિબંધો રદ કર્યા. આવું જ બધું બિહાર અને ઓરીસ્સામાં બન્યું.

"હવે હિંસા અને એમ્ગમાંથી વિશ્વાસ ઉઠી ગયો છે" જે ક્રાંતિકારી કેદીઓ મહાસભાના પ્રાંતોમાંથી છૂટ્યા તે પણ પ્રજાને મહાસભામાં જોડાવાનો આદેશ આપે છે એમ આજે આખા ભારતવર્ષમાં મહાસભાનું વર્ચસ્વ જામતું જાય છે અને લોકોના દિલમાંથી હિંસાના માર્ગનો વિશ્વાસ ઉઠતો જાય છે આવા કાળને સરકારે ઓળખવો જોઈએ અને મહાસભાના હાથ મજબૂત બનાવી હિંસક કૃત્યોને અટકાવવાનો માનવીને શોભે એવો માર્ગ લેવો જોઈએ

પણ સરકાર નહિ સમજે સત્તા બનતા સુધી સમજે જ નહિ એ બળ ઉપર જ ઝૂઝનારી હોય છે એટલે જ્યાં લગી પોતાના કરતાં મોટી સત્તા એ ન જૂએ ત્યાં સુધી એ નમે નહિ. એ મોટી સત્તાનું દર્શન કરાવવું એ હિંદની વિરાટ પ્રજાનું કામ છે એટલું થશે તો આંદામાનના કેદીઓ "ખૂની" નહિ પણ વીરો બની જશે

તા ૨૪ ૮ ૩૭

[અનુસંધાન પાનું ૫૩૮થી ચાલુ]

વૃદ્ધો પૂછે– 'અલ્યા મોતી! આ રૂપાંઆના ઢગલાને પછેડીની ફાંગ્યોમાં લેવા માંડીયે ?"

કોઈ શોખીન વણિક પુત્ર વળી જરા ઠાવકાઈથી પૂછે– "નાયક! આખેથી થોડા મરચાં ન ચૂંટી આપો ?'

નિરાશ ચહેરે આછું હસતો મોતી નાયક જવાબ આપે–

'એ તો ચાર ઘડીનું ચાંદરણું બાપા! એના રૂપીઆ રે'તા હોત તો તમને બાપા કે'ના શું કામે ને કરત બાપા ?"

મધરાત વીતી જાય મહિયારીના મધ્યેને ઘેરાયેલી આંખડીઓ ઝોકાવા માંડે, ને મોતી નાયક તેના ભાથા સાથે 'હરાણીયો'ના વેશમાં આવે– લોક તાળીઓથી વધાવી લે

"એ ઇ હરાણીયા આયા "

ઓગાના ઊંઘી ગયેલા છોકરાને વૃદ્ધ પિતાઓ જગાડે

'અલ્યા ઉઠ્યકી હેડય! ઘેર જવા વેળ થઈ હરાણીના આયા જો! જો!" શ્રમજીવી હરાણીયાનું સંતોળી સુગન તરવારો ઉતારે ને પતી પડેથી મોતી નાયક લલકારે

"એ ઈ તરવાર્યો હજો રે તરવાર્યો હજો

મારો માણીગર ભાયડો તરવાર્યો હજો

સરાણીયાના વેશ પછી ખુશખુશાલ વાતાવરણમાં મોતી નાયક રમતને આટોપે, પ્રત્યેકજણ પ્રફુલ્લિત ચહેરે વિખેરાય

બીજે દિવસ તો મોતી નાયકને ગામના મહાજન તરફથી દાળભાત શાક અને ખાંડના લાડુનું જમણ આપવામાં આવે! ને રાત્રિના અર્ધજાગ્યા ને થાકેલો નટવર્ગ નિરાંતે ખાઈને ઊંઘે બે ચાર દિવસ રહીને મોતી નાયક ગામમાંથી થયેલી લાખણી ઉઘરાવી લે, વર્ષ દરમ્યાન જેને ત્યાં પુનર્જન્મ થયા હોય ત્યાં વાળંદ ગાતો જાય અને ઉદાર ખેડૂતો તરફથી વેઢ, વીંટી, શેલું, રૂપેરી હુક્કો કે સવા પાંચ શેર સાકરની ભેટો મેળવે ગામમાંથી પરવારે એટલે મોતી નાયકના ગાડા ભરાય પાદર જઈને એક વખત છેલી ભૂંગળ વગાડીને ગામને આબાદાનીના આશિર્વાદ આપે અમારૂં સિમાડા તો ત્યાં સુધી તેની પાછળ જ હોય, અમે પૂછીએ,

'નાયક! ફરી ક્યારે આવશો ?'

નાયક આકાશ તરફ આંગળી કરી જવાબ આપે

"બાપોજી વરસે તો આવતા શિયાળે તમે બધાય ધ્યાન દઈ ભણજો અને પાસ થઈ જજો તો લગણ માતાજી હૌ ને હાજાનરવા રાખશે તો આવીશું વળી જાવ ભઈ હવે હો!"

બધાય ગાડાની પાછળ ચાલતો મોતી નાયક ગામમાંથી આવેલી સાકરની કોથળી ઊંડે ને અમને બબ્બે ખોબે વહેંચી વિદાય કરે

'જાવ ભઈ જાવ! ખૂબ ભણજો હો! પોર આવીશું" અમે તુરત તો પાછા ન વાળીયે, પણ પાછળ જવાનું બંધ રાખી ત્યાંજ ઉભા રહીયે મોતી નાયક અમારા સામું ને અમારા ગામ સામું પાછું વળીવળીને જૂવે તેના આંખો લૂછે, ને નિરાશ ડગને નીચું ઘાલીને ચાલે તેના ગોરેઢિયા બોય સુધી હોળીના કાળા ચકચકીત વાળ ને રૂપેરી હુક્કામાંથી નીકળતા ધૂમગોટા અદ્રશ્ય થઈ જાય દૂરદૂરથી આવતો બળદની ટોકરીઓનો મંજુલ રણકો કાને પડતો બંધ થઈ જાય, ત્યાં સુધી અમે લીમડા નીચે ઉભા રહીને સાકર ફાકી અને ગળ્યું મ્હોં ને ગમગીન દિલ લઈ ઘેર આવીયે ને નિરાંતે અંતરે સ્નેહ ભેગ મળેલી નિશાળે જઈએ નિશાળમાં ધનીબાઈ ખું માસ્તરની હાજરીમાં અમારા હૈયામાં ઉતરી ગયેલા મોતી નાયકનો સૂર અમારા બાળકંઠમાં ઝીણું ઝીણું ગૂંજ્યા કરે– "અમારે ગોંડાને ભની રૂપડી રે!"

મોતી નાયક

: રેખાચિત્ર

શ્રી. સાંદીપનિ

ગુલાબી ઠંડીની શરૂઆત થાય, અન્નવિહોણી કોઠીઓ ભરાઈ જાય, ખેતરે ખેતરે અનાજના ઢગ ઉપણાતા હોય, ઘાસની ગંજાવર ગંજીઓ ખડકાતી હોય, વણિકોના વ્યાજ અને ગોર, સુથાર, લુહાર, કુંભાર, વાળંદ તેમજ ભંગીઓના વાર્ષિક દાપામાંથી મુક્ત થયેલ ખેડૂતો ડોલતા હોય, સારાય ગામ વિપદી સત્યનારાયણની કથા, તથા માતાની ઉજાણીઓમાં મશગૂલ હોય ને ગામેગામ ફરતા મોતી નાયકના ગાડા રૂમઝૂમ કરતા અમારે ગામ આવી પહોંચે.

મહાદેવનું મંદિર આવે એટલે હાથમાં ભૂંગળ લઈ બધા ગાડાની મોખરે ચાલતો મોતી નાયક ઊભો રહે, ને મંદિરના ઓટલે ચઢી ભૂંગળના ઘેરા ટંકારથી શિવજીને વંદન કરીને ગામમાં પ્રવેશે. કેટલાક નાના નાના રૂપાળા કિશોરો, કેટલાક ગોરા બાંકા વાંકડાવાળા પુખ્ત વયના યુવાનો અને કેટલાક વૃદ્ધોથી બનેલ તેના ટોળા સાથે ગામને ચોરે આવીને પડાવ નાખે. ગાડા છોડાવે, ટોળાના જમણને માટે વ્યવસ્થા કરવાની તેના અમુક કારભારીઓને સૂચના આપે અને પાછો ચોરાના ચોગાનમાં ઊભો રહી ભૂંગળના ટંકારથી ગામને ગજાવી મૂકે. ગામમાંથી ઘરેઘરના છોકરા દોડતા આવે અને "એ ભવૈયા આવ્યા! આવ્યા! મોતી નાયકનું ટોળું આવ્યું" ની બૂમાબૂમ કરતા તેની આજુબાજુ ફરી વળે.

મોતી નાયકની આજુબાજુ ઊભેલા તમામ નટવર્ગ તરફ ગામના બાળકો અને કિશોરોની દ્રષ્ટિ ખૂબ કુતૂહલથી ફરી વળે. સૌથી પ્રથમ 'ભાંડ' ને શોધી કાઢી હસવાની શરૂઆત કરે, પછીનો 'જોરૂ' કોણ થશે? કાળકા માતા અને શિવ ભીલડીનો વેશ કોણ ભજવશે? સધરા જેસંગ અને જસમા ઓડણમાં કઈ જોડ સારી દીપશે! વગેરે પ્રશ્નોની રસભરી ચર્ચા કરતું અમારૂં 'વિદ્યાર્થી' મંડળ વિખરાય. ને કેટલાક શોખીનો તો ઘેર જઈને માબાપોને રીતસરની નોટીસ આપી દે —

'ગામમાં ભવાયા આવ્યા હશે તો સગળું નેહરે નહિ જવાના જાવ'' મારા બચપણના વિદ્યાર્થીજીવન દરમ્યાન મોતીનાયકની ઉમ્મર વીસેક વરસની હશે. આવ્યા પછી બીજે દિવસે મોતી નાયક વહેલો ઊઠીને પરવારે—સહેજ જાડું પણ હીરકોરીયા ધોયાનું બે પાટલીએ ચાપોચીપોને પહેરે ને ઉપર ચાંદીનો કંદોરો ચડાવે. ખોભાળું બાંયુ અંગરખું પહેરી લે અને કેડ ઉપર

જાડા દેશી ચામડાનો પટો બાંધી તેમાં લાકડાની તરવાર પરોવે. લાંબા ઝુલ્ફાવાળા વાળમાં ખુશબોદાર ધૂપેલ નાખી બોચી સુધી હોળે, માથા પર બરાબર બંધ બેસતી ચક્રાકારે બાંધેલી કીરમજી રંગની પાઘડી પહેરે, ખભે ગુલાબી રંગની કાનપુરી કામળી ઓઢે, ગળામાં સોનાનો દુરિયો અને પગમાં ચાંદીનો તોડો પહેરી ચચૂડ ચચૂડ બોલતા દેશી પગરખાં ચડાવે, ચલમમાં બેતવે તમાકુ ભરે, ઉપર બાવળના લાલચોળ અંગારા ચરસ ગંધે ગોઠવી રૂપેરી હુક્કાને શણગારે, સવા વાર લાંબી હુક્કાની રીમમની નહે મોંમાં મૂકી ધુમાડાના આછાઆછા ગોટ કાઢતો ગામમાં ફરવા નીકળે

સૌથી મોખરે મોતીનાયક ને પાછળ તેનો 'ભાથી' તથા બીજા નટ ગામને ફળીયે ફળીયે ફરે. જે કોઈ મળે તેને જાણે નિત્યનો સગો હોય તેમ છૈયાછોકરાથી માંડીને ઢોરઢાંખર સુધીની ખબર પૂછે. જમણો હાથ લાંબો કરે અને—

'રામરામ! રામરામ બાપા!' ઘણુ જીવો મારા બાપો!' કહી રંગતમાં ચઢાવે અને બપોરની કથામાં આવવાનું આગ્રહભર્યું આમંત્રણ આપે

બપોરના જમણ પછી કસુંબો પી હાથમાં હુક્કો લઈ એના એ જ પોશાકમાં તેના તમામ નટવર્ગની સાથે મહાદેવના વિશાળ ચોગાનમાં આવે ને એક વખત ભૂંગળના ભેંકારથી ગામના સીમાડા સુધાતે ગજાવી મૂકી માણસો એકઠા કરે ગામના મુખી મતદારો અને શેઠ શાહુકારોને ત્યાંથી માગી આણેલી લાંબી પહોળી જાજમો પથરાય, વચ્ચે કમરથી ઢીંચણ સુધી ગુલાબી શાલને વીંટાળી ઉભા પગે મોતીનાયક બેસે ને તેની પાસે તબલા, મંજીરા અને પખાજ વગેરે સાજ લઈને તેનો નટવર્ગ બેસે ને તેમની પાસે ગામના પટેલ અને આગેવાન વણિકો ટાંકા થઈને બિરાજે

આજુબાજુ તમામ ખેડૂત મેદની ગોઠવાઈને બેસી સર્વ શાન્ત થઈ જાય એટલે મોતીનાયક એક જોરથી ખૂંખારો ખાય, અને તેની સાધેલી ઢબે સરસ્વતી નીતરે તુલસીકૃત રામાયણના કાંડે કાંડ તો તેને કંઠે હોય, રામચંદ્રજીએ અશ્વમેધ યજ્ઞ આરંભવાનો નિશ્ચય કર્યો અને જગતભરના ક્ષત્રિયોને પડકાર કર્યો કે અમારું ચક્રવર્તિત્વ સ્વીકારો અથવા આ અશ્વ બાંધી યુદ્ધનું નોતરૂ આપો ભાલ જડેલ સોનાના પત્રે આ મતલબનું કહેણુ લઈ પંચકલ્યાણી ઘોડાને દેશ દેશ ફેરવ્યો પણ રામની બીકથી કોઈએ બાંધ્યો નહિ ત્યારે વનમાં ઋષ્યાશ્રમમાં વસતા તેમના પુત્રોએ બાંધ્યો અને પિતાપુત્રો વચ્ચે ભયંકર યુદ્ધ થયું

આ પ્રસંગનું વર્ણન મોતીનાયક તેની ગ્રામ્ય ભાષામાં એટલી સચોટ અને વેગવન્તી રીતે રજુ કરે કે પાસે બેઠેલા વણિક પુત્રોની આંખોય ઝનૂનથી લાલ લાલ થઈ જાય, ને આખી સભા વીરરસના વાતાવરણમાં ઉન્મત્ત બની રહે

હવે મોતીનાયક જરા થાક ખાય, ગામના પટેલ હથેળી ભરીને કસૂંબો પાય, ને હુક્કાના બે દમ ભરી પ્રસંગ બદલીને ફરી પાછો ચલાવે

રાવણને મારી રામચંદ્રજી અયોધ્યામાં પધાર્યા, તેવામાં કોઈ ધોબીએ સીતાનો દાખલો આપી ઘરમાંથી ધોબણને કાઢી મૂકી રાત્રિને વિષે વેશ પરિવર્તન કરી રૈયત હૃદય વાચના નીસરેલા રાજવીએ તે સાંભળ્યું ને બીજી સવારે સગર્ભા સીતાજીને કાળે કપડે દેશવટો દીધો. તે વખતનું પ્રજાનું આક્રંદ રામચંદ્રજીની બેધારી તલવાર જેવી કડક રાજ્યનીતિ, અને પ્રજા, પાટનગર ને પતિને છોડી વનવાસ સિધાવતા સીતાજીએ કાઢેલા કરૂણ પ્રેમોદ્દગારની કથામાં તો મોતીનાયક ભાન ભૂલી જાય, સ્ત્રીની ભૂમિકાને યોગ્ય તેનો કેળવેલો સુરીલો સ્પષ્ટ રણકારતો અવાજ ધીરે ધીરે ગંભીર થતો જાય, શીર પરના વીસ વીસ હાથ લાંબા રંગીન રૂમાલના મેલીયામાં હાથહાથના છોગના મૂખી નાનકડી મૂછોને વળ દેતા બેઠેલા ચરોતરીયા ખેડૂત જુવાનોની કીકીઓ પાણી પાણી થઈ જાય વૃદ્ધોના હુક્કા હાથમાં ને હાથમાં રહી જાય, અને મુખમાંથી "અરે રામ રામ! ગુજરાણીઓને એટએટલું દુખ પડેલ." ની વાણી નીકળે ને મોતીનાયક પૂર્ણાહુતિ કરે

યા બીજી રીતે સાહિત્ય-જ્ઞાની જ ઉપાસના કરી છે એવા કાકાસાહેબને જ સર્વાનુમતે ચૂંટી કાઢવા જોઈએ. ગુજરાતની જનતાને માલૂમ હશે કે કાકાસાહેબ આજે પણ ભારતીય સાહિત્ય પરિષદનું અને રાષ્ટ્રવિધીનું મમ કરી રહ્યા છે અને સાહિત્ય-સેવકોને પ્રેરણા આપી રહ્યા છે

વિભાગિય પ્રમુખો :

વિભાગિય પ્રમુખોના બાબતમા અમારો મત આ છે સાહિત્ય વિભાગના શ્રી રામનારાયણ વિ પાઠક, તત્વજ્ઞાન વિભાગના શ્રી કિશોરલાલ મશરૂવાળા, પત્રકારત્વ વિભાગના શ્રી ઝવેરચંદ મેઘાણી ઇતિહાસના શ્રી નાનાભાઈ અને અર્થશાસ્ત્રના શ્રી નરહરિ પરિખ એમ થવા જોઈએ બીજા વિભાગોને કોણ ન્યાય આપી શકે એ વિષે અમારી પાસે અત્યારે પૂરી માહિતી નથી, પરતુ ઉપર જણાવેલા વિભાગોના સપૂર્ણ ન્યાય આપવાને શક્તિ આ સાહિત્ય સેવકોમા છે એમ અમે માનીએ છીએ અહીં રજુ થએના નામો ગુજરાતને અજાણ્યા નથી શ્રી રામનારાયણ વિ પાઠક ગુજરાતના પ્રથમ કોટિના વિવેચક વાર્તા લેખક અને સાહિત્યક છે શ્રી. કિશોરલાલ મશરૂવાળાની હારમા ઉભા રહી શકે એવા તત્વચિતકો ગુજરાતમા ભાગ્યે જ મળી શકે એમ છે ધર્મ અને તત્વજ્ઞાનનુ એમનુ જ્ઞાન ઘણુ ઊંડુ છે એમ એમના અનેક લેખોથી આપણે જાણી શકીએ એમ છીએ શ્રી મેઘાણી સાહિત્યક પત્રકાર છે શ્રી નાનાભાઈ ઇતિહાસના અને શ્રી નરહરિ અર્થશાસ્ત્રના ભારે અભ્યાસી છે એ કરાચીમા ઘણા માણસો જાણતા હશે

શ્રી કાકાસાહેબ સમેત આ આખુ મંડળ જો કરાચી પધારે—અમને આશા છે કે કરાચીના આમત્રણને તેઓ પાછુ ન ઠેલી શકે—તો કરાચી આજ સુધીમા નહિ જોયેલા જ્ઞાનધનનો પરિચય કરી શકશે

સ્વાગત પ્રમુખ :

સમેલનની સફળતા વિષે ખાત્રી હેવા છતા મનમા એ રહ્યા કરે છે કે આજે કરાચીના સાહિત્ય રસિકોમા જે મતભેદ ઉભા થયા છે અને દિવસે દિવસે ઉગ્ર બનતા જાય છે તે આખર સુધી ટકી રહેશે તો ? અમને તો એવી આશા છે કે પ્રમુખોની ચૂંટણી પહેલાં આ મતભેદો સમી જાય અને કરાચી એકરૂપે ગુજરાત સમક્ષ ઉભું રહે. અત્યારનું વાતાવરણ જોતા કયારેક એમ પણ થઈ આવે છે કે કદાચ છેવટ સુધી આ જ સ્થિતિ રહેશે અને ગુજરાતથી પધારેલા મહાનુભાવો પાસે આપણે લજ્જાથી નીચુ જોવું પડશે આજના મતભેદના કારણો અને ગુણદોષમા ઉતર્યા સિવાય અમે એમ તો કહીએ છીએ કે શ્રી માકડ જેવા જો પરિષદથી દૂર રહે તો એ કરાચી માટે શોભારૂપ નહિ ગણાય કરાચીમા સ્વાગત પ્રમુખ કોણ થશે એ વિચાર પણ અમને આવે છે સ્વાગત સભ્યોની બહુમતી કોઈ ધનપતિને એ સ્થાન આપાવશે એવુ વાતાવરણ જણાય છે, પરતુ અમારો મત તો એ છે કે કરાચીના સ્વાગતપ્રમુખના સ્થાને શ્રી માકડ જ શોભે

સ્થાનિક મતભેદ ભૂલી સભાનુ સચાલન અને કાર્યવાહીના જોતા એમ તો લાગે છે કે પરિષદમા કરાચીના સેકડો ગુજરાતીઓ સાથ આપશે અને મહેમાનોનુ પૂરેપૂરું સ્વાગત થશે પરિષદના સમયે કરાચીના ગણ્યા-ગાંઠ્યા સાહિત્યસેવકોમા આગળ પડતા ગણાતા એવા સજ્જનો દૂર રહ્યા હશે તો એટલી પરિષદને ખામી લાગશે સમેલનમા રસ લેનારા સમસ્ત સજ્જનોને વિનતિ કરવાની ઇચ્છા થાય છે કે કોઈ પણ રીતે આ મતભેદ દૂર કરો સતાના અને શોભાના સ્થાનો જેમને જોઈતા હોય તેમને ભોગવવા દો અને સમસ્ત કરાચીની જેમા શોભા છે તેનું સગઠન ગુજરાતને બતાવો

ગ્રંથસ્વામિત્વનો અધિકાર :

ગયા મહિનામા ગ્રથસ્વામિત્વના અધિકારને અગે એક મહત્વનો બનાવ બની ગયો 'હિઝ માસ્ટર્સ વૉઇસ' નામે જાણીતી ગ્રામોફોન રેકર્ડ કપની સામે શ્રી મેઘાણીએ પોતાના સાત ગીતો પરવાનગી વિના ઉતારવા મદલ નુકસાનીનો દાવો માંડ્યો ત્રણ વર્ષ સુધી એ દાવો ચલ્યા પછી હમણા એનું ઘરમેળે સમાધાન થયુ સમા-

ધાન થયું એટલે નીનું સંકેલાઈ ગયું એમ નહિ પણ ગ્રામોફાન કંપનીએ શ્રી મેઘાણીના અધિકારોનો સ્વીકાર કર્યો અને રૂા. ૨૦૦૦ રોકડા આપ્યા અને આ ગીતો પોતાના પાસે રીનકમાં હોય તે તમામ રેકાર્ડનો નાશ કરવાનું કબૂલ્યું. સાહિત્ય ક્ષેત્રમાં આ બનાવ અત્યંત મહત્ત્વનો છે. આપણે ત્યાં લેખકોની દશા શી છે તે તો અનેકવાર આપણે સાંભળીએ છીએ, પરંતુ એ અત્યંત નબળો હોવાથી એના સર્જનનો એટલે કે માલનો ગમે તે માણસ ઉપયોગ કરે, એમાંથી પૈસા પેદા કરે કે ગમે તે કરે છતાં એ કશું જ ન કરી શકે એવી સ્થિતિ લગભગ આજ સુધી રહી છે. આ પ્રકરણ અંગેનું શ્રી મેઘાણીનું વિસ્તૃત નિવેદન ઘણા ખરા પ્રકાશકો, સંગ્રાહકો, સંયોજકો અને સંપાદકોએ લેખકોએ, ખૂબ ઝીણવટથી વાંચ્યું હશે એમ અમે માનીએ છીએ. એવી આશા રાખીએ કે આ પ્રસંગ પછી સાહિત્યના ધંધામાં પડેલા આ તમામ વર્ગો એક બાજુ લૂટનો અને ચોરીનો ધંધો છોડે અને બીજી બાજુ પોતાના અધિકારો હોય તેનું રક્ષણ કરવાની શક્તિ મેળવે. શ્રી મેઘાણીએ લેખકોની પોતાના હક્કો સંરક્ષવા વિષેની કંગાળ સ્થિતિનું વર્ણન કર્યું છે તે સાવ સાચું છે પણ એ માટે સેવાભાવી વકીલોની દયા માગવા કરતાં લેખકોએ જ પરસ્પરને સહાયરૂપ થવા માટે 'લેખક મંડળ'ની સ્થાપના કરી લેવી જોઈએ. એવા મંડળની વ્યવહારુ યોજના આજે કોઈ રજૂ કરે તો તુરત જ અમલમાં આવી શકે એમ અમે માનીએ છીએ. આવું મંડળ અમલદાર લેખકના હક્કોનું તો રક્ષણ કરશે જ પણ બીજી રીતે પણ લેખકોને જ્યાં જ્યાં અન્યાય થતો હશે ત્યાં ત્યાં તેની પડખે ઊભું રહી તેને ન્યાય અપાવશે.

અવલોકનો

હંસી–અનુવાદક વિપીન વૈદ્ય, પ્રકાશક બાબુભાઈ પ્રાણજીવન વૈદ્ય વૈદ્ય ભુવન જેતપુર (કાઠિયાવાડ), કિંમત બાર આના.

આ પુસ્તક ઇબ્સનના 'Wild Duck'નો અનુવાદ છે. અનુવાદ તરીકે આ નાટક ઘણું સરસ છે. મૂળ વસ્તુ, આયોજન અને મંડન પણ સુંદર છે. આમુખના લેખક શ્રી મનુભાઈ વૈદ્ય ઇબ્સન અને એની કૃતિઓની સારી આલોચના કરતાં બે અગત્યના પ્રશ્નો ઉઠાવ્યા છે. સાહિત્ય વાસ્તવદર્શી વધુ સારું કે રૂપપ્રધાન વધુ સારું? પરભાષામાંથી આપણી ભાષામાં વધુ અસર કારક ભાષાંતર કે અનુવાદ? અને આ પ્રશ્નોની એમના પોતાના મતવ્યો અનુવાદની તરફેણમાં રજૂ કરતાં મારી ચર્ચા કરી છે.

અનુવાદ કે ભાષાન્તર? મને પોતાનો ભાષાન્તર વધુ ગમે છે. અનુવાદ કરવા માટે તો સ્વતંત્ર સર્જન જ ઊભું કરવું પડે. મૂળ કથાનકમાં રહેલ વાતાવરણને ઉઠાવી આપણા સમાજનું તેને વાતાવરણ આપી નવું સર્જન આપીએ તો જ તે મૂળમાંની અમર વ્યક્ત કરી શકે.

'હંસી'નું કથાનક આ પ્રમાણે છે. બે ભાગીદારો છે, એક સીધો સાદો બીજો "આડે રસ્તે" ચડેલો. ભાગીદારીમાંથી ગરબડી ગુનો ઊભો થાય છે. એક ચાલાકીથી છટકી જાય છે, બીજો પાયમાલ થઈ જાય છે. ચાલાક ભાગીદાર તેની નોકરડીને ગર્ભ રહે છે. એ પાપ છુપાવી દેવા અને પોતાના આગના દુઃખી ભાગીદાર પર ઉપકારનો આડંબર કરવા ભાગીદારના છોકરાને એ નોકરડી 'વળગાડી' દે છે અને ધંધાનું પણ સાધન કરી આપે છે. ગમે તેમ બન્યું હોય પણ એ નવદંપતી તો સુખી થાય છે, એમનો સંસાર કિલ્લોલનો પંદર વર્ષ સુધી ચાલે છે. એ સ્ત્રીની છોકરી પણ ચૌદેક વર્ષની થઈ જાય છે. એ પોતાની પુત્રી નહિ હોય એવી શંકા કોઈ વાર પણ 'બાપ'ને થતી નથી. "બાપ દીકરી" વચ્ચે ખૂબ સ્નેહ છે. પણ 'બાપ' કરતાં યે વધુ સ્નેહ તો

છોકરીને તેની પાળેલી "હંસી" ઉપર છે કે જે પેલા શેઠે આપેલ હતી એવામાં શેઠનો છોકરો ઘણાં વર્ષો પછી ત્યાં આવે છે એ બધું જાણતો હોય છે. પેલા દંપતિ અને એમની 'પુત્રી' ભ્રમમાં જીવે તે કરતા સત્ય જાણ્યા પછી વધુ નિકટમાં આવીને તેઓ જીવે તો સુખી થાય એમ માની તે બધું ખુલ્લું કરે છે પણ આનું પરિણામ વિપરીત આવ્યું. 'બાપ' ઉપર પોતાનો ઘણોજ પ્રેમ છે એ બતાવવા 'પુત્રી' પોતાની વહાલી હંસીને પિસ્તોલથી મારવા જાય છે પણ તેનો ભોગ એ પોતે જ થઈ પડે છે. 'બાપ' એ પછી સાચો બાપ થાય છે.

જગત ભ્રમણામાં જ સુખી થઈને જીવી શકે છે શા માટે એમાં 'સત્ય'ની ઘાલમેલ કરીને હળાહળ ઉપર લાવવું?

આજ વાર્તાને, આજ વસ્તુને આપણી ભાષાના પાત્રોમાં ઉતારવા એટલે એ અનુવાદ નથી થઈ જતો. મંગેશ 'પીએ છે' એ વાત નાની હંસા સરળતાથી બોલી જ કેમ શકે? જેનો મુશ્કેલીથી ગૃહવ્યવહાર ચાલતો હોય તેવા એક સાધારણ માણસના બાપ ઈશ્વરરાવને પોતાનો શિકારનો શોખ પૂરો કરવા ઘર પછવાડે એના કબુતર અને એવડો વાડો ક્યાંથી મળે? નાની હંસા હંસીને પિસ્તોલથી મારવા જાય અને એવી બીજી વાતો આપણા સમાજના વાતાવરણમાં ભળે જ કેવી રીતે? જેમ દારૂની ટેવવાળા મંગેશને 'દેશી ભક્ત' ઠેરવવો પડ્યો એમ બીજું પણ ઘણું બદલવું પડે આવું બધું બદલવા જતા મૂળ લેખકના પ્રતિભાબનાવ જળવાઈ શકાય ખરી? તો સારી વાત એ નથી કે ભાષાંતર જ કરવું? મૂળ કથામાંના જ નામો આવતા હોય તો શું થયું? સાચું વાતાવરણ અને સાચી અસર વધુ સારી રીતે એમાંથી જ ઉત્પન્ન થાય એમ અમારું માનવું છે

વિધિના વિધાન: અનુવાદક; પ્રકાશક, અને કિંમત ઉપર પ્રમાણે

આ પુસ્તક ઇબ્સનના Warriors at Hegeland નો અનુવાદ છે. "હંસી" વાચ્યા પહેલા આ નાટક વાચ્યું હોય તો ઇબ્સનની શકિત વિષે અથવા અનુવાદની આવડત વિષે આપણે ખાસ કંઈ મારું ન બોલી શકીએ આ નાટક મૂળ મે વાચેલ નથી એટલે અનુવાદકે કેટલી છૂટ લીધી હશે તે કહી શકું નહિ, "હંસી" (Wild Duck) મૂળ વાચેલ છે તે પરથી અનુવાદકની શકિતની મારા પર સારી છાપ પડી છે

અનુવાદ કરવાની બાબતમાં પુસ્તકની પસંદગીનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ. જે વસ્તુ આપણા સાહિત્યમાં મૌલિક એટલી સારી ન ઉતરી હોય, ન ઉતરી શકી હોય કે ન ઉતરી શકતી હોય તેવા જ પુસ્તકનો અનુવાદ થવો જોઈએ આ પુસ્તકમાં જે વસ્તુ છે, જે પાત્રાલેખનની સુંદરતા અને સચોટતા છે તેવું આપણા સાહિત્યમાં ઉતરી ચૂકેલ છે, એથી અનેક ગણું સારી રીતે ઉતરેલ છે આપણી જુની રંગભૂમિને લક્ષમાં રાખીને અનુવાદ કરેલ હોવાથી હું ધારું છું કે અનુવાદકની એ વિષયમાં ઘણી આવડતની ખામીને લીધે પુસ્તક સુવાચ્ય નથી અને નથી પાત્રો મગજપર અસર કરી શકતા. તેઓ અસર પાડી શકતા નથી બધું હોંકારા અને દેકારામાં જ તણાઈ જાય છે તેમાં વળી દસ્તેક કાવ્યો વચ્ચે આવી પડે. એટલી મિથ્યાગ મૂળ પુસ્તકોને પણ કમનસીબ બગાડી દીધા.

માતર તાલુકાની આર્થિક તપાસ – તપાસક જે. સી. કુમારપ્પા, પ્રકાશક નરહરિ દ્વારકાદાસ પરીખ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ મૂ. ચાર આના

વિશાળ બગીચા જેવા ગૂજરાતમાં ખેડા એક માતબર જિલ્લો છે અને માતર તાલુકો એમાં સૌથી વિશાળ ફળદ્રુપ છે સ. ૧૯૨૯–૩૦માં ગૂજરાત વિદ્યાપીઠ તરફથી અધ્યાપક અને ગૂજરાત વિદ્યાપીઠના કેટલાક વિદ્યાર્થીઓએ મળી માતર તાલુકાની આવક, ખર્ચ, એના કારણો અને પરિણામો અને એ દ્વારા હિન્દુસ્તાનના ખેડૂતની આર્થિક સ્થિતિનો બરાબર ખ્યાલ આપવા તપાસ કરી આ એક જ તાલુકાની તપાસ છે પણ આ ઉપરથી એમ લાગે છે કે આવી ઘણી તપાસો અને

હજુ વધુ ઝીણવટથી કરવામાં આવે તો દુનિયામાં ચાલી રહેલાં આજનાં તમામ અર્થશાસ્ત્રનાં પુસ્તકોમાં મોટા ફેરફાર કરવા પડે. આવા સમૃદ્ધ તાલુકાની સ્થિતિ કમકમા ઉપજાવે એવી છે તો દેશના બીજા ભાગોની હાલત કેવી હશે એની સહેજે કલ્પના થઇ શકે.

ગામડે ગામડે ફરી જેટલાં કુટુંબોએ રાજીખુશીથી પોતાની હકીકતો આપી તેના ઉપરથી અને કંઈક સરકારી દફતરો ઉપરથી તારવાને અહીં ટૂંકાણમાં છતાં ઘણી નક્કર અને ચોક્કસ વિગતો ચીવટતાથી રજુ કરવામાં આવી છે; વાચતા આપણું મગજ ઝડપભેર એની સાથે એ સંબંધે વિચાર કરવા લાગી પડે છે.

આપણા દેશમાં ગરીબી ઘણી જ છે, ખેતીમાં કસ મુદ્દલે નથી, સરકારી કરવેરા ઘણા આકરા છે અને સખ્તાઇથી વસુલ કરવામાં આવે છે એ હકીકતો આપણે વારેવારે બોલીએ છીએ પણ એ બોલતી વખતે આપણને પૂરો ખ્યાલ નથી હોતો કે એ ગરીબી એટલે કેટલી ગરીબી, ખેતીમાં કસ નહિ એટલો કસ, કરનો બોજો વધુ એટલે કે કેટલોક વધુ. આપણી સામાજિક રૂઢિઓ આપણું ઘણું ધન ખેંચી જાય છે એમ આપણે બોલીએ છીએ પણ શું ખરેખર એમ છે? આ પુસ્તકના આંકડાઓ ઘણી જ ચોક્ખી વાતો કહે છે.

થોડાંક અવતરણો નહિ તો સાર આપવાની ઇચ્છા થઇ આવે છે, મૂળ પુસ્તક દરેક વાંચે અને આપણે શા માટે સ્વતંત્ર થવું છે એ એવુ ચોકસાઇથી સમજી લે કે કોઇ દિવસ ફિર એની ધૂનમાંથી પાછું ન હટે.

મરણ પ્રમાણ ઉત્તરોત્તર વધતું જ ગયું છે, તેનું કારણ ખેતીમાં કસ રહ્યો નથી તે છે. પૂરતાં પોષણના અભાવે અને મજૂરી કરવાની ઊંમર બહુ વહેલી શરૂ થઇ જતી હોવાથી જીવનશક્તિ બહુ વહેલી ખલાસ થઇ જાય છે. અકાળે વૃધ્ધ બનેલ માબાપોનાં બાળકો તો માબાપોથીયે ઉતરતા કમવાળાં થાય છે.

અહીં ખેડૂતના જીવનની જરૂરિયાતોમાં ખોરાકના ૭૦ ટકા થઇ જાય છે જ્યારે અમેરિકામાં ૫૦ ટકા ખોરાક માટે જાય છે. આનું કારણ એ કે સત્વોમાં ખોરાક ઘણો જ ઉતરતો હોય છે અને મનને મળતાં ખોરાક દ્વારા શરીરને જે શક્તિ મળે છે તેવું હિંદુસ્તાનના ખેડૂતને માટે નથી રહ્યું. આપણા ખેડૂતને મનનો ખોરાક પૂરો પડી શકે તેવું કયું સાધાન છે?

માત્ર લૂખું સૂકું ખાવું અને સાધારણ ઘરોમાં રહેવું અને ક્યારેક માંદા પડયે ગરીબડી દવામાં થોડા પૈસા ખરચવા—આટલા જ માટે એક માણસને વરસે ઓછામાં ઓછા સો રૂપીઆ તો જોઇએ જ, એટલે કે સરેરાશ પાંચ માણસના કુટુમ્બના નિભાવ માટે વરસે પાંચસો રૂપિયાની કમાણી થવી જોઇએ. આમાં વૃધ્ધાવસ્થા માટેના કરકસરની તો વાત જ નથી કરી. પણ ખેતીમાં પાંચસોની કમાણીને બદલે ઘણાને પાંચસોની ખાધ જ ખમવી પડે છે.

આખા તાલુકાની સરાસરી વાર્ષિક આવક કુટુમ્બ દીઠ રૂા. ૬૭ છે. ૧૨૨૫ કુટુમ્બોમાંથી ૮૬૧ કુટુમ્બોને તો ખોટ જ આવતી હોય છે.

સરેરાશ આવક રૂા. ૬૭ જ હોવાં છતાં લગ્ન અને મરણના જ પ્રસંગો પાછળ વર્ષે રૂા. ૧૦૧ સરેરાસ ખર્ચાય છે એ જાણી આપણને આપણી મૂર્ખાઇ ઉપર તિરસ્કાર છૂટે પણ લેખક એ પ્રત્યે તિરસ્કાર નથી બતાવતા. એઓ કહે છે કે આટલું તો આપણા શહેરી મધ્યમ વર્ગના કુટુમ્બો સિનેમા અને હોટેલોમાં વાપરે છે જ્યારે આ તો એમને માટે આનંદના એક માત્ર પ્રસંગ ઉપર જોઇએ જ.

પણ આને ગામડાની કરજદારીનું કારણ જેમ સરકાર બતાવે છે તેમ આપણે પણ ન કરવા માંડવું. સરકાર આમની પાસેથી શું કર લે છે તે જૂઓ: તમને મહિને સોળ જ રૂપિઆ પગાર મળતો હોય અથવા કહો કે વર્ષે તમારી કમાણી રૂા, ૦૦ હોય અને તમારા ઉપર ઇન્કમટેક્ષ પડે તો? અરે વાર્ષિક રૂા. ૨૦૦૦ ની કમાણી ઉપર ઇન્કમટેક્ષ વ્યાજબી ન ગણવાનાં કારણો રજૂ થએલાં છે પણ ખેડૂતી દાદ સાંભળનાર કોણ? અને ધારો કે તમારી વાર્ષિક રૂા. ૨૦૦૦ ની કમાણી

ઉપર ૬૦૦૦ રૂપિયાનો કર લેવાતો હોય તો? તમે ભરવુ પસંદ કરો પણ હું ધારૂં છું કે કર તો ન જ ભરો. કર બહુ તો રૂપિયે એક આનો હોઈ શકે પણ ખેડૂતને તો રૂપિયે (આ તાલુકામા) પોણા બે રૂપિયા કર દેવાનો હોય છે, આ વસ્તુ જલદીથી સમજી જવાય એવી રીતે નથી હોતુ પણ અધ્યાપક કુમારપ્પાએ વિધવિધ આંકડાઓ મેળવી તે પરથી તારવી આપ્યુ છે તે આવી રીતે એક એકર જમીનના ટૂકડાની કિંમત ૧૦૦ રૂ હોય તો તેવા ટૂકડા ઉપર વાર્ષિક ૪ રૂપિયા સરકાર મહેસૂલ તરીકે માગે એટલે કે જો ૧૦૦ રૂપિયા ઉપર વ્યાજ ૬ રૂ મળતુ હોય તો તે ૬ રૂપિયાની આવક ઉપર ચાર રૂપિયા એટલે કે કમાણીના ૬૬ ટકા સરકારને આપવા પણ આ તો સામાન્ય સ્થિતિની વાત થઈ ઘણા ભાગમા તો ૧૦૦ રૂપિયાની કિંમતની જમીન ઉપર દશ રૂપિયા મહેસૂલ આપવાનુ નીકળતુ હોય છે

આ મહેસૂલની વસૂલાતના હપ્તા એવી રીતે ગોઠવેલા હોય છે કે જ્યારે માલ ખેતરમાથી ઘરમા ન પહોંચ્યો હોય, એટલે સતામણીથી ડરી ખેડૂત શાહુકાર કે વાણિયાઓ પાસેથી પૈસા લઈને સરકારને ભરે અને પછી માલ તો ઘર ખર્ચ મા ચટણી થઈ જાય એટલો જ હોવાથી શાહુકારનુ દેવુ ઊભુ જ રહ્યું હોય છે આ ઉપરથી એ ચોક્ખુ થાય છે કે આવક પર કર નાખવાને બદલે મૂડી પર કર નાખવાથી એ કર આવક કરતાં વધી જાય છે અને એવો કર ભરતાં ખેડૂતને ઊંડા કરજમા ઉતરવુ પડે છે

અને આટલા જમા કરતા બદલામા સરકાર ખેડૂતોને આપે છે શું? નહિ નિશાળની સગવડ નહિ દવાની સગવડ નહિ પાણીની સગવડ નહિ રક્ષણ કે નહિ ટપાલ આપે છે કેવળ મૂ ડી-પટેલો મારફત ત્રાસ અને મામલતદાર-ફોજદાર કે મોટા લાટ માટે વેઠ

આજ સુધી આપણને બધા સમજાવતા આવ્યા છે કે હિંદુસ્તાનની માથા દીઠ સરેરાશ આવક રોજના પાંચ પૈસા છે સાત પૈસા છે ચાર આના છે ઇત્યાદિ પણ આ તપાસો પરથી એવુ જણાય છે કે થોડા ધામો પતિઓને બાદ કરવા માટે ગામ માંથી જ જો સરાસરી તારવવામા આવે તો વધુમા વધુ સાત પાઈ આવી શકે સાત પાઈમા માણસ બાદશાહીથી રહી તો શકે જ

લેખકે ઘણાં સુંદર અને ઉપયોગી સૂચનો કર્યાં છે સરખી રીતે સારી રીતે ખાતાપીતા અને રહેતા જે વધે તેના ઉપર સરકારી કર પડે તેવુ કરવુ ધોરણ હોવુ જોઈએ જો કે આજે તો ખેડૂતોની એ સ્થિતિ છે કે મોટા ભાગને ખાવાપીવા માટે સૂકો રોટલો મળે તે નુ જ ખેતરમાંથી મળે છે અને અને ઘણી વાર આ મોટા ભાગે જો આગના પાંચ વર્ષ કંઈ ગયા હું હોય તો એ યે ગૂમાવવુ પડે ત્યારે સૂકો રોટલો ખાવાની તો વાત ક્યાં જ રહી?

છતા આવી ખેતીને ખેડૂતો કેમ વળગી રહ્યા છે? વાત ખરૂ છે પણ તો બીજુ કરે શું? અને હાથમા કંઈક જમીન હોય તો એ એક પ્રકારની આબરૂ પણ છે ના! આબરૂ ખાતર માણસ જાન પણ નથી દેતા? એક શાખ જાળવવા ખાતર મનુષ્ય શું કરવા તૈયાર ન થાય?

લેખકે કેવળ પોતાની જ તપાસ ઉપર આધાર રાખીને બધા નિર્ણયો નથી આપ્યા હિંદુસ્તાનમા અને બીજા પ્રાંતોમા જ્યાં જ્યા આવી રીતની કંઈક તપાસ થએલ હોય તેના પુરાવા ઉપરથી પોતાના નિર્ણયોને પાકા કર્યાં છે પ્રકરણોની શરૂઆતમા જુના શાસ્ત્રોમાંથી ચૂંટી કાઢેલા રાજા અને ખેડૂતના સબંધમા સુંદર શ્લોકો ટાંકીને પ્રકરણ તરફ આપણને અભિમુખ કરવાનો પ્રયત્ન કર્યો છે

પુસ્તકના અવલોકનમા આખુ પુસ્તક તો કેવી રીતે રજુ કરી શકાય પણ સૌને એ વાંચવાને આગ્રહ છે અને એવી બીજા તાલુકાઓની તપાસો પણ થવી જરૂરી જણાય છે

વિહંગમ (ભારતીય સાહિત્ય પરિષદનું મરાઠી મુખપત્ર) સંપાદક યદુનાથ મુકુંદ પાઠક એમ એ એલ એલ બી સુવિચાર પ્રકાશક મંડળ લિ નાગપુર વાર્ષિક લવાજમ રૂ ત્રણ

છેલ્લા આઠ મહિનાથી આ મરાઠી માસિકનું સંચાલન ભારતીય સાહિત્ય પરિષદની મહારાષ્ટ્ર શાખાએ પોતાને હસ્તક લીધું છે. આ આઠે માસના અંકો જોતાં અમને લાગે છે કે આ થોડા ગાળામાં પણ આ માસિકે મરાઠી ઉચ્ચ કોટીના માસિકોમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. આ માસિકના સંપાદકીય સલાહકારોમાં પ્રખ્યાત નવલકથાકાર શ્રી. વામન મલ્હાર જોષી; શ્રી. કાકાસાહેબ કાલેલકર, શ્રી. વરેરકર વગેરે છે. અને તેથી ઉત્તમ વિચારપૂર્ણ લેખો આપણે આ માસિકમાં જોઇ શકીએ છીએ.

આ માસિકની ખાસિયત એ છે કે મરાઠી સ્વતંત્ર લેખો ઉપરાંત આ માસિકમાં હિંદી ગુજરાતી, બંગાળી અંગ્રેજી વગેરે ભાષાઓના ઉત્તમ લેખોના ઉત્તમ લેખકોએ કરેલા તરજુમા પણ આવે છે. સામાન્ય રીતે તરજુમાની અંદર એક ખામી એ હોય છે કે મૂળ લેખના જેટલું ભાષાનું જોમ તરજુમામાં સ્હેજે નથી ઊતરી શકતું પણ અમારે આનંદ સાથે કહેવું જોઇએ કે આ માસિકમાં આવતા તરજુમાઓમાં ક્યાં યે એ દોષ નજરે નથી પડતો. દાખલા તરીકે શ્રી. કાકાસાહેબ દર મહિને આ માસિકમાં સીરિયાના મહાન કવિ ખલિલ ગિબ્રાનના વિચાર વમળનું દર્શન કરાવે છે. એમનો આ તરજુમો તરજુમો છે એમ જો ઉપર લખ્યું ન હોય તો ખબર પણ ન પડે એટલો સહજ ભાષામાં લખેલો હોય છે. અને દરેક વિચાર-કંડિકાને અંતે એમણે કૌંસમાં લખેલ સમાલોચનાં તો કેટલીકવાર મૂળ વિચાર કરતાં પણ ચઢી જાય છે.

આ માસિકના છેલ્લા (જુન) અંકમાં આવેલ બે લેખો તરફ વાંચકનું અમે ખાસ લક્ષ ખેંચીએ છીએ, એક તો પ્રખ્યાત નાટકકાર જેમ્સ બૅરીનું ચરિત્ર અને બીજુ "'અ'ની બારખડી" વાળા ચર્ચાપત્રો. પહેલાંની અંદર ટૂંકમાં આપણને લેખકની ઉત્તમ ઓળખ કરાવી આપી છે અને બીજામાં શ્રી. બનહટ્ટી અને શ્રી. કાલેલકરના સ્વરયોજના વિષેના અભ્યાસપૂર્ણ વિચારો ચર્ચાના રૂપમાં જાણવાના મળે છે.

આ માસિકનો "પ્રાસંગિક" વિભાગ અમને ખૂબ ગમ્યો. માસિકના તંત્રી પાસે આવતાં પુસ્તકો વિષે સમાલોચના લખીને જ તંત્રીએ બેઠા ન રહેવું જોઇએ એ આ તંત્રી બરાબર સમજતા લાગે છે. આ વિભાગમાં સારાં સારાં નવાં અંગ્રેજી પુસ્તકોની, પરપ્રાંતનાં બીજાં પુસ્તકોનો સમાલોચનાઓ અને બીજી એવી માહિતી આપવામાં આવે છે.

પણ આટલા વખાણ કર્યા પછી અમારે તંત્રીને એક નમ્ર સૂચના કરવાની છે કે એમણે વિચારવાન સાહિત્ય તરફ જેટલું લક્ષ આપ્યું છે તેટલું લઘુકથા વિભાગ તરફ અને કાવ્ય વિભાગ તરફ લક્ષ નથી આપ્યું લાગતું.

પણ એકંદરે આ માસિક પહેલી પંકિતમાં બેસે તેવું છે.

The Indian Readers Digest: પ્રકાશક : યશવંત કંપની, એલ્ફીન્સ્ટન સર્કલ, ફોર્ટ, મુંબઈ. વાર્ષિક લવાજમ રૂ. પાંચ.

અંગ્રેજી માસિકોના પરિચયમાં રહેનાર વાંચકોએ અમેરીકાના પ્રખ્યાત માસિક " રીડર્સ ડાયજેસ્ટ "નું નામ તો સાંભળ્યું જ હશે. શ્રી. વામનરાવ કબાડીએ એ જ ભૂમિકા ઉપર હિંદુસ્તાનના વાંચકો માટે ઉપરનું માસિક શરૂ કર્યું છે.

આજનો જમાનો એટલો ઝડપથી દોડયો જાય છે અને એમાં એટલાં બધાં સાપ્તાહિકો, માસિકો અને વર્તમાનપત્રોનો ધોધ વહ્યો જાય છે કે જમાનાની સાથે રહેવું અને બધાં પ્રકાશનો ઉપર નજર ફેરવવી એ લગભગ અશકય જેવું થઇ પડયું છે. અને છતાં જમાના સાથે રહેવું હોય તો કોને શું કહેવું છે એ જાણ્યા વગર ચાલે એમ જ નથી. એટલે આવી સ્થિતિમાં અમે માનીએ છીએ કે ઉપરનું માસિક હિંદી વાંચકોને માટે ઘણું જ ઉપયોગી નીવડશે.

આ માસિકની અંદર જુદા જુદા, હિંદના તેમજ પરદેશના માસિકોમાં આવેલા સારા સારા લેખોનો સારાંશ અથવા તો ઉતારા આપવામાં આવે છે. હિંદી વાંચકોને રૂચીકર એવી બધી માહિતી-રાજકીય, સામા-

જીક વગેરે બધી જાતની—સારા સારા માસિકોમાંથી ભેગી કરેલી આમ આપણને તૈયાર મળે છે ઉપરાંત આ માસિકમાં પરદેશના છાપાઓમાં આવતા વ્યંગચિત્રો, નવી શોધો, ભારતીય આગેવાનોના રેખાચિત્રો વગેરે અનેક ઉપયુક્ત માહિતી આપવામાં આવે છે

આ માસિક વાચકોને, દેશમાં અને પરદેશમાં ચાલતી ઉથલ પાથલને અને નવા જમાનાના વિચારોથી પરિચિત રાખવામાં ઘણું જ ઉપયોગી થઇ પડશે એમ અમને લાગે છે

વૈદ્ય કલ્પતરૂ તંત્રી રવીશંકર જટાશંકર ત્રિવેદી ગૂજરાત ફાર્મસી ગાંધીરોડ અમદાવાદ લવાજમ રૂા ત્રણ

બ્લડ પ્રેશરના દર્દીઓ હાલમાં ઘણા જોવામાં આવે છે આ રોગ સ્વતંત્ર છે કે બીજા રોગનું ચિન્હ છે એ એક પ્રશ્ન છે તેમજ ડાકતરો સમજાવે છે, એવું ભયંકર અને અસાધ્ય દરદ પણ નથી પરંતુ સમાજની ખાનપાનની બેદરકારી તેમજ પ્રતિકૂળ વર્તનોથી આ દરદ થઇ આવે છે અને ડાકતરો દરદનું સ્વરૂપ સમજાવતા દર્દી તેને જીવલેણ દર્દ માની લે છે જેનું નુકશાન દર્દીને સહન કરવું પડે છે આ બાબતનું બધું રહસ્ય આ અંકમાં આપવામાં આવ્યું છે શરૂઆતમાં બ્લડપ્રેશરનો ખાસ અંક મૂકવાનું કારણ દર્શાવ્યું છે ત્યાર પછી આ દરદનું એલોપેથિક અને આયુર્વેદીક રીતે સવિસ્તર વર્ણન આપેલું છે

તેમજ તંત્રી તરફથી નોંધરૂપે જનતાને ઉપયોગી થાય એવી સૂચનાઓ સાથે દરદ થવાના કારણ લક્ષણ તેના કુદરતી અને આયુર્વેદિક ઉપાયો બતાવવામાં આવ્યા છે તે ઉપરાંત એ દર્દીઓનું વર્ણન પણ કરવામાં આવ્યું છે જે વાંચવાથી આપણને ચોટ અસર થાય છે બીજા અનુભવી વિદ્વાન વૈદ્યોની અનુભવી નોંધ પણ આપવામાં આવી છે

આયુર્વેદના અભ્યાસીઓને આ અંક ખૂબ ઉપયોગી થઇ પડશે સામાન્ય વાચકવર્ગને પણ આમાંથી ઘણી કિંમતી સૂચનાઓ મળી રહેશે આ અંક સૌએ વાંચવો ઘટે

અંકની સાઇઝ રોયલ, ૫૬ પાના ૫ રંગીન ચિત્રો ૩ સાદા ચિત્રો સાથે કિંમત ફક્ત ૦–૮–૦

જન્માષ્ટમી અંકો

જન્માષ્ટમી પ્રસંગે આપણાં કેટલાંક સામયિકો કૃષ્ણ જીવન ઉપર જૂદી જૂદી વિવેચના કરતા અંકો બહાર પાડે છે આ વખતે ગુજરાતી, બે ઘડી મોજ, નવસર્જન, સ્ત્રી શક્તિ, વગેરેએ જન્માષ્ટમી અંકો બહાર પાડયા છે એ બધામાં વિવિધતા સારી રીતે જોવામાં આવે છે 'ગુજરાતી' એ શિરસ્તા મુજબ ગંભીર લેખો અને મંથનો આપ્યા છે 'બે ઘડી મોજે' કૃષ્ણજીવનને સ્પર્શતા લેખો સાથે થોડુંક અન્ય તરેહનું વિવિધતાભર્યું વાચન આપ્યું છે

'નવસર્જને આપેલ કૃષ્ણાવતારથાક તદ્દન નવીજ ભાત પાડે છે શ્રીકૃષ્ણના જીવનમાંથી અમુક પ્રસંગ ઉપાડી એને રમુજી શૈલિમાં વર્ણવ્યા છે આજ અંકથી એ પાક્ષિકમાંથી અઠવાડિક બને છે એની સાધેલી ઉત્તરોત્તર પ્રગતિ માટે અમારા અભિનંદન

સ્ત્રી શક્તિ નો આ બીજો 'જન્માષ્ટમી અંક' છે અગાઉના અંક કરતાં કેટલીક બાબતોમાં આ અંક વધુ સુંદર બન્યો છે. પૂંઠા ઉપરનું ચિત્ર ન મૂક્યું હોત તો વધુ સારૂં હતું લેખન સામગ્રી એકંદરે વૈવિધ્યભરી અને ઉપયોગી સંગ્રાહેલી છે

કલ્યાણ તંત્રી હનુમાનપ્રસાદ પોદ્દાર, ગોરખપુર

'સંત અંક' ગોરખપુરથી પ્રસિદ્ધ થતા 'કલ્યાણે' ખાસ અંકો દ્વારા એટલી પ્રખ્યાતી મેળવી છે કે 'ખાસ અંક' તો કલ્યાણના એ પ્રશંસાવાક્ય કહેવત જેવું બની ગયું છે ચાલુ વર્ષે 'સંત અંક' બહાર પાડીને એ ખ્યાતિમાં ઔર વધારો કર્યો છે

૮૭૪ પાના ૬૧ બહુરંગી ૭૪ એકરંગી અને ૪૦૫ એકરંગી આર્ટથી સમૃદ્ધ અંક ખરેખર આપણા સંત મહાત્માઓના 'એન સાઇક્લોપીડીયા' જેવો આ એક અંક જ બાર મહિનાનું વાચન પુરૂં પાડે છે રૂા ૪–૩–૦ જેવા સામુની લવાજમમાં આ અંક કોઇપણ ધર્મપ્રેમી, સાહિત્યરસીક લાયક સમજવો ન ચૂકે

કલાદર્શન

ગુજરાતની ચિત્રકલાનો પ્રતિનિધિ સંગ્રહ

રવિશંકર રાવળ, રવિશંકર પંડિત, કનુ દેસાઇ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, કૃષ્ણલાલ ભટ્ટ, ચન્દ્રવદન ભટ્ટ, એ સાતે ગુજરાતી કલાકારોનાં, ૧૦"×૧૧"ના માપના વિવિધરંગી માઉન્ટ ઉપર ચોડેલાં દસ સુંદર, પૂર્ણરંગી ચિત્રોનો અભિનવ સંગ્રહ કાચું ૧–૪–૦; પાકું ૧–૮–૦ રજિ.–પોસ્ટેજ ૦–૬–૦

ચિત્રશતક

સવા રૂપિયામાં સો ચિત્રોનો સંગ્રહ

કોણે કહ્યું કે કલાનો ઉપભોગ શ્રીમંતો જ કરી શકે? શુદ્ધ ઊંચી પસંદગીની, વિવિધતાવાળી અને સંસ્કારી કલાનો સુસમૃદ્ધ સંગ્રહ, મધ્યમ સ્થિતિનો ગમે તે ગૃહસ્થ કે કરકસરવાળો કોઈ પણ વિદ્યાર્થી ખરીદી શકે એટલી કિંમતે મળે છે. સુંદર ઉઠાવ • મજબૂત બાંધણી • કિં. ૧-૪-૦ પોસ્ટેજ ૦૦-૩-

જેને વિષે હવે વિશેષ જાહેરખબર કરવાપણું રહ્યું નથી એવું ઘરઘરનું જાણીતું અને જનજનનું માનીતું આવતી પ્રજાનું માસિક એની વિશુદ્ધ ગૌરવાન્વિત કલા, એના સંસ્કાર સંપન્ન જ્ઞાનપ્રચુર લેખો, એની એકધારી ઊંચી કાવ્યસામગ્રી, એની મનોહારી વિવિધતાભરી માસેમાસની નવીનતા, બધું અનોખું છે–અજોડ છે વાર્ષિક લવાજમ રૂ. ૬–૦–૦ :. ::: :· પરદેશ ૧૨ શિ

નમુનાના અંકના પૈસા પડતા નથી.

એનો કોઇ પણ અંક જુઓ અને તમે ગ્રાહક થવા લલચાશો

કુમાર કાર્યાલય • ૧૪૫૪ • રાયપુર અમદાવાદ

ગુજરાત

આદ્યતંત્રી : શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી

સાહિત્ય સંસદનું મુખપત્ર

દ
રે
ક
અં
ક
માં

પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ અને રાજાધિરાજ એ નવલત્રિપુટિના પૂર્વ સમયની શ્રી. મુનશીની ગુજરાતની અસ્મિતાનું ભાન કરાવતી, વેગવતી નવલકથા

જય સોમનાથ

(દરમાસ એક હફતો છપાય છે)

શ્રી ધનસુખલાલ મહેતા, ધૂમકેતુ, વિનોદિની નીલકંઠ સનત્કુમાર વીણ વગેરેની
સચોટ નવલિકાઓ એકાંકી અને દીર્ઘ ચાલુ નાટકો

ચન્દ્રવદન મહેતા, બેટાઈ, ઉમાશંકર, મનસુખલાલ, સુન્દરમ્, પૂજાલાલ,
બાદરાયણ, રમણિક અરાલવાળા વગેરે કવિઓના કાવ્યો

સાહિત્ય પરિષદના વિવેચનપૂર્ણ વ્યાખ્યાનો

વાર્ષિક લવાજમ { હિંદમાં–પુસ્તકાલયો અને સંસદના સભ્યો માટે રૂ. ૪;
અન્ય ગ્રાહકો માટે રૂ. ૫ પરદેશમાં ૧૨ શીલીંગ }

આપને ગુજરાતીઓમાં જાહેરાત કરવી છે ?

આપના સંદેશો પહોંચાડવાનું 'ગુજરાતને' સોંપો

ગાંડીવની કુમારમાળા

માધ્યમિક શાળાઓમાં ઇતર વાચન તથા
ઇનામ વગેરે માટે ખાસ ઉપયોગી
કુમારોને જોમ આપે ને શૂરવીર બનાવે
તેવા હેતુથી ખાસ રચાયલું **વીર સાહિત્ય**

૧. ગોરીલાનો પ્રેમઃ આ પુસ્તક ગુજરાતી ભાષામાં એક નવું જ પાનું ખોલે છે. દોડતી દુનિયામાં થતા સાચ્ચા સાહસોની કહાણીઓ આમાં આપી છે. (૧)ગોરીલાનો પ્રેમ (૨)જીવતા સમાધી (૩) ચાંચીયા (૪) રામપૂરી વાઘ! (૫) શેમોય શિકાર (૬) અજબ હિંમત! આવી તદ્દન સાચી બનેલી ને છતાં રૂંવેરૂંવા ખડાં કરનારી અદ્‌ભુતતાથી ભરેલી આ વાતો અપૂર્વ તાઝગીથી ભરેલી છે અને તે વાંચતાં હૃદય થનગની ઉઠે છે. રોમરોમ પ્રાણ પ્રગટે છે. કિંમત માત્ર આઠ આના.

૨. પૂછડિયા પ્રદેશમાંઃ ચાર ગુજરાતી જુવાનડાંને મન થઇ જાય છે કે શિર માટે કંઇ શોધખોળ કરવા નીકળી પડવું....અને એ ચાર મરણિયાની નીકળેલી ટોળી કંઇ કંઇ વિઘ્નો અને સંકટો વટાવીને એક નવીજ જાતની પ્રજાના અજબ પ્રદેશમાં જઇ પહોંચે છે અને ત્યાં અદ્‌ભુત અનુભવો મેળવે છે. એ રસભર કથા એટલી તો તનમનાટભરી છે, કે તમારૂં રૂંવેરૂંવું ખડું થઇ જાય અને નસેનસમાં શૂરાતન જાગે. કિં. ૦-૮-૦

૩. શિકારિકાઃ લે. શ્રી જીવરામ જોશી. ગુજરાતી જુવાને જાતે અને કોઇની સાથે કરેલા શિકારોની સાચ્ચી કહાણીઓ. તેની પોતાની કલમમાંથી ઉતારેલી. આ બ્યાનો વાંચીને દરેક ગુજરાતી સ્ત્રી પુરૂષનાં રૂંવાં ખડા થશે અને છાતી ગજ ગજ ફુલશે. સાથે ફોટો પણ આપેલા છે. સાપનો શિકાર, રીંછનો શિકાર, શિયાળનો શિકાર, સૂવરનો શિકાર, મરઘીનો શિકાર. બધી જાનસાટેની રમતો. કિં. ૦-૪-૦, ૦-૫-૬ની ટિકીટો જરૂર મંગાવી લ્યો.

૪-૫. ગેબી સૃષ્ટિઃ બે ખંડમાં સર આર્થર કોનન ડોઇલની લખેલી વિજ્ઞાન અને સાહસના સમન્વયવાળી રસીલી વાર્તા દરેકના ૧૦ આના બે ભાગ સાથેજ મળશે.

ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત.

પત્ની–પુત્રી–ભગિની

એમને

લગ્ન–વર્ષગાંઠ કે બીજે શુભ પ્રસંગે

શું ભેટ આપશો ?

સ્ત્રીશક્તિ ગ્રંથમાળાનાં પુસ્તકો

જે આખા ગુજરાતમાં વખણાયાં છે.
જેને સરકારે પણ મંજુર કર્યાં છે.
જે સચિત્ર અને રસિક છે,
જે ઉપયોગી અને જ્ઞાનદાયક છે.

તે–

કુલ ૬૦ પુસ્તકો બહાર પડયાં છે જે રૂા. ૨૫)માં આપવામાં આવે છે.

થોડાંક નામો

સુઘડતા અને સુંદરતા	૦–૮–૦	વીર રોઝા	૧–૦–૦
કમનસિબ સવિતા(વંધ્યા)	૦–૪–૦	દેવી ચોધરાણી	૧–૮–૦
કાયદામાં સ્ત્રીઓનું સ્થાન	૦–૩–૦	રજીયા બેગમ	૦–૩–૦
અર્ધાંગના	૦–૪–૦	માંદગી અને માવજત	૦–૪–૦
ભરત ગુંથણ	૦-૧૦-૦	પ્રતિ પ્રભુ છે	૦–૨–૦
પારસી વાનીઓ	૦–૬–૦	વાતનું વતેસર	૦–૧–૦
ઘરેણાંનો શોખ	૦–૨–૦	પારસી લગ્નગીતો	૦–૬–૦
જીવન પલટો	૦–૪–૦	સુખી ઘર	૦–૩–૦
સ્ટવનું શાસ્ત્ર	૦–૩–૦	વહેમી પતિ	૦–૩–૦

લખોઃ–

સ્ત્રીશક્તિ • કળાપીઠ • સુરત

ઊર્મિ

સપ્ટેમ્બર—ઑકટોબરનો

❀ નવલકથા અંક ❀

પતન અને પ્રાયશ્ચિત

: અનુવાદક :

વિશ્વનાથ મગનલાલ ભટ્ટ

પ્રખ્યાત અમેરિકન લેખક નેથેનિયલ હોથોર્નની ખૂબ વખણાએલી નવલકથા 'સ્કાર્લેટ લેટર' નો આ ભાવવાહી અનુવાદ છે. આ નવલકથા અને એના લેખકને મહાકવી શ્રી. ન્હાનાલાલ પ્રશંસાના પુષ્પોથી વધાવે છે. એઓ એમના "જગત્ કાદમ્બરીઓમાં સરસ્વતીચંદ્રનું સ્થાન" એ નામના પુસ્તકમાં લખે છે—.

"— 'સ્કાર્લેટ લેટર 'માંનુ ' Dramatic Tension ' જબરદસ્ત છે. પૂર્વ ગોળાર્ધમાંથી જે દૈવી સંપદ પશ્ચિમ ગોળાર્ધમાં પૂર્વજો લઇ ગયા હતા, તે જે સત્સંતતિને પરમ પિતૃધન લેખે વારસામાં સોંપી હતી, એ અમુલખ દૈવી સંપદ પોતાની ન્હાની મ્હોટી વાર્તાઓમા, યથા શકિતમતિ, સંગ્રહીને હોથોર્ને અમેરિકાને ને માનવજાતને સમર્પી છે રસ અને આત્મમન્થનના એ પાવનકારી પુણ્યસંગમને કાજે અમેરિકા અને માનવવંશ હોથોર્નના ગુણ ઓશિંગણ છે.—"

અને આ ઉપરાંત નીચેના સમર્થ લેખકોના લેખો આવશે.

એક દુર્દાંત સામાજીક શકિત	કાકા કાલેલકર
નવલકથાની જાતીઓ	વિશ્વનાથ મ. ભટ્ટ
નવલકથાનું પાત્રાલેખન	ગોપાળરાવ કુલકર્ણી

આજસુધીમાં ગુજરાતી સામયિકોમાં આ પ્રકારનો અંક સૌ પહેલો જ છે. આ અંક લગભગ ૧૬૦ થી ૧૭૫ પાનાનો થશે સપ્ટેમ્બર અને ઓકટોબર મહિનાનો અંક સાથે જ નીકળશે એટલે દિવાળી પહેલાં સૌને મળી જશે

વાર્ષિક લવાજમ રૂ. પાંચ : પરદેશમાં શિ. બાર

ઊર્મિ કાર્યાલય : ડેન્સો હૉલ : કરાચી



સંપાદક

લાલ મોહનલાલ દવે

આ અંકમાં

ત્રણ આદર્શો
પ્રકૃતિના વહેણ
સાહિત્યના પ્રદેશમાં
યુરોપનો સન્નિપાત
પૈસાનું નૈતિક મૂલ્ય
વસંતને સુખ આપવા
જીવનવિકાસી સંગઠન
નવલકથાનું કલાવિધાન

તાજાં મોસમી ફળો ખાવાની
પૂજ્ય ગાંધીજી ભલામણ કરે છે

....પણ....

એ દરેક ઠેકાણે સહેલાઈથી મળતાં નથી. ઉપરાંત ફળો ખરીદતી વખતે તે ખરાબ હોવાનો અને છેતરાવાનો કાયમ ભય રહે છે. અને બને છે પણ એમ જ કે જો ફળોનો બહુ અનુભવી માણસ ન હોય તો પૂરતી કિંમત આપવા છતાં છેતરાઈને ખરાબ ફળો જ લાવે છે.

—એટલે—

હવે તમારે જ્યારે કોઈપણ જાતનાં સારાં અને તાજાં ફળોની જરૂર પડે ત્યારે અમને લખી જણાવશો.

વળી મુંબઈ એ ફળો માટેનું સમૃદ્ધ માર્કેટ હોવાથી દરેક જાતનાં ફળો કિફાયત ભાવે મળે છે.

આથી ...

તમો અમારી સાથે એક વખત કામ પાડી જુવો. અનુભવે તમને અમારાથી જરૂર સંતોષ થશે જ.

● તા. ક. — ઓર્ડર આપતી વખતે નજીકના રેલ્વે સ્ટેશનનું નામ જણાવવાનું ભૂલશો નહિ.

એચ. આર. જોખાકરની કું.

કમીશન એજન્ટ

ક્રાફર્ડ માર્કેટ **મુંબઈ : ૧**

ઊર્મિ ના ગ્રાહકોને

નિવેદન

અત્યંત સંકોચપૂર્વક ગ્રાહકોને જણાવવું પડે છે કે આટઆટલું મોડું કર્યા છતાં અમે સપ્ટેમ્બર–ઓક્ટોબરનો ' નવલકથા-અંક ' પ્રગટ કરી શક્યા નથી. કેટલાક સંયોગોને લઈ એનું કામ અર્ધે આવીને જ અટકી ગયું. એ અંક હવે ઝડપથી તૈયાર થાય છે અને આ મહિનાના અંતમાં અવશ્ય પ્રગટ થઈ જશે. અમને વિશ્વાસ છે કે આ અંક હાથમાં આવશે ત્યારે ગ્રાહકો રોષ ભૂલી જશે અને એક સુંદર નવલકથા વાંચીને સંતોષ પામશે.

અતિ મોડું ન થઈ જાય એ માટે નવેમ્બર મહિનાનો અંક વચ્ચે જ તૈયાર કરીને આપને મોકલી આપીએ છીએ. હવે આ પછી ' નવલકથા અંક ' આવશે અને તે પછી ડીસેમ્બરની ૨૮મી તારીખે ' જીવનસાહિત્ય અંક ' પ્રગટ થશે. આ અંકમાં ગુજરાતના ઉત્તમોત્તમ લેખકોનો સહકાર અમને મળશે. ' નવલકથા અંક ' માં લેખકોના નામ અમે જાહેર કરી શક્યા. અમે ઘણા મોડા પડયા છીએ એટલે ગ્રાહકોને કદાચ નિયમિતતા વિષે અમારા ઉપર વિશ્વાસ નહિ આવે પરંતુ અમે ગ્રાહકોને વિશ્વાસ આપીએ છીએ કે ડીસેમ્બરની આખરમાં કરાંચી મુકામે સાહિત્ય સંમેલનનું ૧૩ મું અધિવેશન મળવાનું છે એટલે અમે કોઈ પણ હિસાબે તે પહેલાં જ અંક તૈયાર કરવાના છીએ.

જાન્યુઆરીથી થયેલા ગ્રાહકોને જણાવવાનું કે એ અંક, એટલે ' જીવનસાહિત્ય અંક ' આ વર્ષના છેલ્લા અંક તરીકે આવતા વર્ષનું લવાજમ વસુલ કરવા માટે વી. પી. થશે. વી. પી. રૂા. ૫–૪–૦નું થશે. અમારી વિનંતિ છે કે જે ગ્રાહકો ચાલુ રહેવા ઇચ્છતા હોય તે મોડામાં મોડા ડીસેમ્બરની ૨૦ મી સુધીમાં લવાજમ મોકલી વી. પી. ખર્ચ બચાવે અગર અમને જણાવે. અને પરદેશના ગ્રાહકો એમનું લવાજમ કૃપા કરી તુરત મોકલાવી આપે.

આ લવાજમ અને વી. પી. ની વિશેષ જાહેરાત ' નવલકથા અંક ' માં કરવામાં આવશે.

સંચાલક

'અંજલિ' ગ્રંથમાળાનું નવું પ્રકાશન

સાડા ચારસો પાનાંની
સળંગ આ નવલકથા છે.

એમાં આવતી કાવ કોની છે એ બનાવ્યું છે પ્રથમ સામાન્ય ખેડૂત, પછી ચોર અને છેવટે રાષ્ટ્રવીર થતા એક શ્રમજીવીની આમાં કથા છે. આખી કથામાં આજની અર્થવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થાની સ્ફુટ ચર્ચા છે નિર્ધનતા અને નિર્દયતાથી પીડાતી પ્રજાનું માનસ આમાં ચિતરાયું છે આ નવલકથા આ લેખકની પ્રથમ કૃતિ 'પચાસ વર્ષ પછી'-ના જેવી જ ગુજરાતને નવીન લાગશે

લેખક રામનારાયણ ના. પાઠક

ભારતી સાહિત્ય સંઘ

પાનકોરનાકા
અમદાવાદ

શાખાઓ

આનંદ ભુવન પ્રીન્સેસ સ્ટ્રીટ	ડેન્સો હૉલ	સૌરાષ્ટ્ર રોડ
મુંબઈ	કરાચી	રાણપુર

વિભાગો

અંજલિ ગ્રંથમાળા	આરોગ્ય ગ્રંથાવલી	ઊર્મિ કાર્યાલય
નવરચના કાર્યાલય	નૂતન પ્ર. મંદિર	નૂતન સા. ભંડાર

નવસર્જન ગ્રંથાવલી

સૌને માટે
તાકાત-તાજગીથી ભરપૂર
લિજ્જતદાર

ઝંડુ દ્રાક્ષાસવ

— વિના વિલંબે —
વાપરવા માંડો

ખાસ સ્ત્રીઓને માટે
તન્દુરસ્તી-તાકાતથી ભરપૂર
સ્ત્રીઓની નબળાઇમાં
આબાદ અસર કરનાર

ઝંડુ અશોકારિષ્ટ

પ્રદરાદિ રોગોનો
અકસીર ઇલાજ
દરેક ઘરમાં હોવો જોઇએ

મેલેરીઆને મારી હઠાવવા

ઝંડુ

મેલેરીઆ મિક્શ્ચર

ટાઢીયા તાવની રામબાણ દવા
એકવાર અજમાવી જુવો

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ લી. પો. બો. નં. ૫૫૧૭ મુંબઇ નં. ૧૪
સિંધના સોલ એજંટ ડાહ્યાલાલ બ્રધર્સ. સ્વામીનારાયણ બીલ્ડીંગ, બંદર રોડ, કરાચી.
○ આયુર્વેદિક દવાઓનું સૂચીપત્ર આજે જ મંગાવો ○

અસંખ્ય ડૉક્ટરો ભલામણ કરે છે.
સેંકડો હોસ્પીટલો ચાલુ વાપરે છે.
લાખો લોકોની પ્રશંસા પામ્યું છે.

લાઈફગાર્ડ કોલન વૉટર

Guaranteed strength of 150 Proof

એકલા બનાવનાર:—

હોમ એજન્સી.

મુંબઈ નં. ૪

દરેક ઠેકાણે વેચાય છે.

રૂવાબદાર વાળ

ઉત્તમ માર્ગ

કાશ્મીર બ્રિલિયન્ટાઈન
હમેશાં વાપરવાથી માથાના ગમે
તેવા કડક વાળને પણ વ્યવસ્થિત
રાખી શકાય છે. તેમજ વાળને
સુવાળા અને ચકચકિત રાખે
છે. દરેક સ્ટોરમાં વેચાય છે

કાશ્મીર બ્રિલિયન્ટાઈન

THE NATIONAL TRADING CO.,
Princess Street, . . . Bombay, 2.

એજન્ટ ધી. સ્ટાન્ડર્ડ ઈમ્પોર્ટીંગ કું.
નં. ૪૫, ખટાઉ મકનજી માર્કેટ નં ૧ કરાચી

જ્યોતિર્ધર [પાક્ષિક]

તંત્રીઓ. ગટુલાલ ગો. ધ્રુવ તથા પ્રાણલાલ કિ. દેસાઈ

તમે જોયુ છે? અત્યાર અગાઉ એણે એનુ સ્થાન નક્કી કરી લીધું છે
નમૂનાનો એક અંક મગાવી જુઓ તેના પૈસા પડતા નથી.

સમાજના મૂંઝવતા પ્રશ્નોની તેમા સમભાવી અને તલસ્પર્શી ચર્ચા કરવામાં આવે છે સ્ત્રીઓના વ્યક્તિગત હકો ઉપર તેમા પ્રકાશ પાડવામા આવે છે. તેમાં કેળવણી વિષયક નિરોગી અને સૂક્ષ્મ માર્ગ દર્શાવવામાં આવે છે. તેમાં જનઉપયોગી કૂટ કાયદાઓનુ નિદાન કરવામાં આવે છે

તેમાં નથી આડંબરયુક્ત અલંકારી શૈલી, સનસનાટી ભરેલી ખબરો કે હેવાલો. અતિશયોક્તિવાળાં અને ચિત્તને વ્યાકુળ કરે તેવાં મથાળાં, અંગત નિંદા કે આક્ષેપો, ધાર્મિક કે કોમી ઝઘડા, અધુરા તથા અર્ધસત્યવાળા ઉદગારો.

તેમાં તો જલતી રહે છે સમસ્ત જનકલ્યાણની, સમાજની દષ્ટિવાળી તેજસ્વી ભાવનાઓના અખૂટ જ્યોતિ.

ટૂંકમાં 'જ્યોતિર્ધર' પત્રે સમાજસુધારાના પથે અડગ કૂચ કરતાં યુવક યુવતીઓ સમક્ષ Search-light ફેંકવાનું બીડું ઝડપ્યું છે. અત્યાર સુધીમાં પ્રગટ થયેલા અંકોમાંથી કોઈ પણ અંક જુઓ. તમને તેની ખાત્રી થશે.

એક વર્ષમાં છવીશ અંકો એટલે ફૂલ્સકેપ સાઈઝનો ચોથીઆના કદનાં ૨૦૮ પાનાંનું સંગીન વાચન. વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે ફક્ત રૂા. બે.

આંકડીના ભયંકર દર્દમાંથી

તમારાં વ્હાલાં બાળકોને બચાવો

કેમકે

બાળકો તમારા જીવનની અમુલ્ય દોલત છે.

ગમે તે કારણથી બચ્ચાંને થતી આંકડી, તાણ, મુંગી વાઈ, વિગેરે રોગને નાબુદ કરનારી વિશ્વાસપાત્ર રામબાણ દવા

જયકર્સ કન્વલ્શન ક્યોર

અનેક વર્ષોના અનુભવ અને શોધખોળથી શાસ્ત્રોય રીતે ઉત્તમ અને નીર્દોષ; દેશી અને જર્મન વનસ્પતિઓથી ઘણી મહેનત કાળજી પૂર્વક તૈયાર કરેલી લોકપ્રીય દવા. કારણ-દાંત આવતી વખતે પેઢાના દુખાવાને લીધે તાવ આવવાથી શરદી કે ભેજવાળી જગ્યામા રહેવાથી અથવા શરદીની અસરથી બાળકોને આકડીનો રોગ થઇ આવે છે.

તેને જો તાત્કાલ ચાપતો ઇલાજ કરવામા ન આવે, તો પરિણામ ભયકર નીવડે છે. આ બધું લક્ષમાં લઈ થોડાજ ખર્ચમા એ ભયકર રોગને દૂર કરવાની શોધને પરિણામે આ દવા તૈયાર કરવામાં આવી છે આ દવાનો ફક્ત એકજ ભાગ આપવાથી આંકડીનું જોર તરત નરમ પડી જાય છે અને દર્દ નાબુદ થઇ જાય છે આજે પચાસ વર્ષ થયા આ દવા લોકોમાં છુટથી સર્વત્ર વપરાય છે.

નામાંકિત વૈદ-ડોકટરોએ વાપરીને ઉત્તમ અભિપ્રાય આપ્યો છે.

બાટલીની કી. રૂા. ૨-૦-૦ વી. પી. ખર્ચ જુદું.

શહેર તેમજ ગામડાઓમાં, ધનવાન કે ગરીબ દરેક બચ્ચાવાળા કુટુંબમાં આ દવા અવશ્ય રાખવી જોઇએ.

આજેજ એક બાટલાનો ઓર્ડર આપો. લખો-

સોલ એજન્ટો

વનમાળી ભીખાની કંપની કેમીસ્ટસ, પ્રીન્સેસ સ્ટ્રીટ **મુંબઈ નં. ૨**

ધી લક્ષ્મી

[સ્થાપના ૧૯૨૪]

જીંદગીના વીમાના સઘળા ક્ષેત્રોમાં આગળ પડતી

૩૦મી એપ્રિલ ૧૯૪૭ સુધીમા પુરા થતા વર્ષ દરમ્યાન
પુરૂ કરેલુ કામકાજ

રૂા. ૧,૫૧,૦૦,૦૦૦ (રૂપીયા એક કરોડ અને એકાવન લાખ)

બોનસ — આખી જીંદગીપર રૂા ૨૦ દર વર્ષે દર હજારે
એન્ડાઉમેન્ટ પર રૂ ૧૬ " "

+ તુરત દાવાઓ ચુકવવા માટે જાણીતી થયેલી +

સમસ્ત હિંદ, બર્મા અને સાઉથ આફ્રીકામા શાખાઓ ધરાવે છે
વધુ વિગતો માટે લખો:—આસ સેક્રેટરી.

ધી લક્ષ્મી ઇન્સ્યુરન્સ કાં. લી.

બંદર રોડ, કરાચી.

બંદર રોડ પર બંધાનારૂં કંપનીનું નવું મકાન

જે ચાલુ વર્ષ દરમ્યાન લગભગ પાંચ લાખને ખર્ચે જ બાગ સાથનુ તૈયાર થશે આ આલીશાન મકાન અને તેના ઉપરના જગી કલોક ટાવરથી બંદર રોડની સુંદરતામાં ઓર વધારો થશે એ નિસંશય છે

દાંતની સ્વચ્છતાં

ઉપરજ શરીરની નિરોગિતા, સુંદરતા અને મુખની સુંદરતા અવલંબે છે અને તે મેળવવા તેમજ સાચવવા ટુથ બ્રશ એક અગત્યની જરૂરીઆત છે.



આર્યન ટુથ બ્રશ

નો આકાર દાંતના પ્રખ્યાત ડાક્તર પી. ધારગલકરની સલાહ પ્રમાણે દાંતની રચના અનુસાર યોજાએલ હોઈ દાંતને સર્વ બાજુએથી સાફ કરી પેઢાં મજબૂત કરવાની શકિત ધરાવે છે. તેના બ્રિસલ ઉંચી કક્ષાના-સ્થિતિસ્થાપક-અને વૈજ્ઞાનિક પદ્ધતિએ શુદ્ધ કરેલા (Sterilized) છે.

સીંધ અને પંજાબના એજન્ટઃ-મેસર્સ એમ. જી. શહાની એન્ડ કંપની

વીકટોરીયા રોડ-કરાંચી.

: સ્ટોકીસ્ટ :

ચાંપશી નરશી દવાવાળા

પ્રીન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨.

SHIROMANI OIL

ભાંગરો તથા અનેક ઔષધીઓથી બનાવેલું આ તેલ વાળ વધારનાર અને મગજને મજબુત બનાવી મગજ શાન્ત રાખનાર તરીકે એક ઉત્તમ પ્રકારની દવાનું કામ કરે છે. સાથે ખુશબોથી મનને ખુશ ખુશ કરે છે.

બનાવનાર— ધી બોમ્બે કલકત્તા ટ્રેડીંગ કાું.

(સ્થાપના ઇ. સ. ૧૯૦૫)

સ્ટોકીસ્ટ:- **મેસર્સ વીઠ્ઠલદાસ નારણદાસની કાું.**

જુમા મસ્જીદ.—મુંબઈ ૨

યુવક

છેલ્લાં છ વર્ષથી મહાગુજરાતમાં
ઘેર ઘેર વંચાતું માસિકપત્ર

- દરરોજની એક પાઈમાં તમારા ઘર આંગણે પ્રેરણા પ્રોત્સાહન અને નવા યુગની પુનર્રચના ફેલાવે છે.
- એના પાને પાને નવી તાઝગી કલ્પના પ્રાણ અને ભાવનાનાં દર્શન થાય છે.
- યુવક જીવનને સ્પર્શતા અનેક વિષયોથી ભરપુર લેખો, વાર્તાઓ, કાવ્યો. નિબંધો અને જીવન ચરિત્રો તેમજ ચાલુ બનાવો વિષે વિવિધ વાચન એમાં આપવામાં આવે છે.
- એના આકર્ષણોમાં ખાસ કરીને પહેલે પાને જીવન જ્યોત, ઉઘડતે પાને, અજ્ઞાન કૂપ, તરણાઓથે ડુંગર, મારી નોંધ પોથી. નારી વિભાગ, તંત્રીની નેનોંધ એટલાં સરસ અને પ્રેરણાત્મક લખાય છે.
- ઉછળતી પ્રજાને પ્રેરણાત્મક સાહિત્ય આપવામાં જ એ હંમેશા પ્રયત્ન કરે છે.

ઉંચા, ચીકણા ને સફેદ દુધ જેવા કાગળો
સુઘડતા ને સુંદર છપાય અને પુંઠા

ઉપરનું બેરંગી કવર ચિત્ર હોવા છતાંએ
વાર્ષિક લવાજમ દેશમાં રૂપિયા બે
પરદેશ માટે શિલિંગ પાંચ

:લખો:

યુવક ઑફીસ: વડોદરા.

મહાગુજરાતનું માનીતું માસિક

શારદા

વાર્ષિક લવાજમ
હિંદમાં રૂા ૧ ૮-૦
પરદેશ શીલીંગ ચૌદ

તંત્રી
ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા

ગુજરાતી માસિકોમાં શારદા કઈ રીતે ભાત પાડે છે ?

'શારદા' એ એકજ ગુજરાતી માસિક છે જે દર મહિને બે ત્રિરંગી ચિત્રો આપે છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે જે સોરઠી લોક-સાહિત્યની રસલ્હાણ માટે સુપ્રસિદ્ધ છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે કે જેના તંત્રી-અંક, નવલિકા અંક, લોકસાહિત્ય અંક અને દીપોત્સવી અંક માટે હજારો લોકો દર વખતે રાહ જુએ છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે કે જે શિષ્ટવર્ગ અને આમવર્ગના સાહિત્યનો સુમેળ સાધે છે

'શારદા' એ એકજ ગુજરાતી માસિક છે જે દર વર્ષે સોરઠી ઇતિહાસની રા. રાયચુરાકૃત નવલકથા ગ્રાહકોને ભેટ તરીકે આપે છે

'શારદા' એ એકજ ગુજરાતી માસિક છે કે જે રોજના એક પૈસામાં સાહિત્ય અને જ્ઞાનનો રસથાળ દર માસે તમારે ત્યાં પહોંચાડે છે

'શારદા' સાત વર્ષથી પ્રગટ થાય છે તમે એના ગ્રાહક થયા હશો જ ન થયા હો તો નીચેના કોઈપણ સ્થળે આજ ને આજ ખબર આપો એટલે 'શારદા' શરૂ થશે

તંત્રી 'શારદા' ચોખવાડ (ગણદાબાદ)

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લી વડોદરા

આર આર શેઠની કંપની બુકસેલર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં ૨

ઓલવીન ના
ગોલ્ડન શીકાકાઈ સાબુ
માં શીકાકાઈ, આમળા, અરીઠા સુખડ,
લોબાન, અને લીમડાનું તથા કોકમનું તેલ
હોવાથી તમારા વાળ ઉતરતા અટકાવી
ચકચકીત રેશમી
ઝુમાશદાર બનાવે
છે.

ત
મા
રા
વાળ.

એ
તમારૂં
સૌભાગ્ય
સૌંદર્ય

બદામના તેલમાં બનાવેલું
ઓલવીનનું
બ્રાહ્મી આમંડ હેર ઑઈલ
વાળ ઉતરતા અટકાવી માથાનાં
તમામ દરદો નાબુદ
કરે છે.

ખાત્રી નો માલ ....અને... વાજબી દામ

● કોઈપણ વસ્તુ ખરીદતા પહેલા ઉપરની એ બાબત પર પુરતું લક્ષ આપશો ●

જુના જાણીતા અનુભવી જૈન ગાંધી

શા. શાંતીલાલ ઓધવજી ની કું.

૩૧૭ જુમામસીદ ચોક, મુંબઈ. (ટેલીફોન નં. ૨૭૫૨૩)

કેસર, કસ્તુરી, અંબર, બરાસકપુર, દસાંગીધુપ.

ગોરાંદન શીલાજીત ખાપરીયુ મોમપાઇ મોટી હરડો
અગર તગર ચંદન અગરબની સુખડનું તેલ
વાસક્ષેપ વાલાકુંચી બાદલુ-કટોરી અત્તર સોના ચાંદીના વરખ

અખુટ શકિત આપનાર કસ્તુરી અંબર મિશ્રીત

"સાંતિ ટોનીક પીલ્સ"

દમ, ખાંસી, નબળાઈ, ક્બજીયાત, ગરદી, વીગેરે ઉપર રામબાણ

તે સીવાય દરેક જાતનું કરીયાણું પંસારી મળશે

ધર્મ અને તત્ત્વજ્ઞાનનું ગહન જ્ઞાન

સરલ અને સચોટ, હ્રદયમા ઉતરી જાય તેવી રીતે લખાયેલા –

શ્રી પ્રભુતત્વ પ્રચારક મંડળ

તરફથી પ્રગટ થયેલા શ્રી જમિયતરામ આચાર્ય કૃત પુસ્તકો

તમે વાંચ્યા ?

ન વાંચ્યા હોય તો એક એક પ્રત વસાવી લ્યો આટલું સમૃધ્ધ અને સ્પષ્ટ, સરલ અને સસ્તુ સાહિત્ય તમને બીજે ક્યાંય નહિ મળે

(થોડી નકલો બાકી છે)

આધ્યાત્મિક વિચાર સૃષ્ટિ	૦	૪	૦
દિવ્ય સંદેશ	૦	૪	૦
યુગ સ્મૃતિ	૦	૪	૦
અખંડ દર્શન	૦	૬	૦
આર્ય દૃષ્ટિ	૦	૯	૦
પ્રભુનો આદેશ	૦	૯	૦
જીવન વિકાસ	૦	૭	૦
નિષ્કામસત્કર્મયોગ			
યોગામૃત ભા ૧	૦	૮	૦
નિષ્કામ સદ્ભાવ યોગ			
યોગામૃત ભા ૨	૦	૧૦	૦
સંપ્રદાય વિજ્ઞાનયોગ			
યોગામૃત ભા ૩	૦	૯	૦

શ્રી પ્રભુતત્વ પ્રચારક મંડળ

રામસ્વામી ગાડીખાતા તુલસી સ્ટ્રીટ
કરાચી

ગાંડીવની કુમાર માળા

માધ્યમિક શાળાઓમાં ઇતર વાચન તથા ઇનામ વગેરે માટે ખાસ ઉપયોગી કુમારોને જોમ આપે ને શૂરવીર બનાવે તેવા હેતુથી ખાસ રચાયલું વીર સાહિત્ય

૧. ગોરીલાનો પ્રેમ:

આ પુસ્તક ગુજરાતી ભાષામાં એક નવુ જ પાનુ ખોલે છે દોડતી દુનિયામા થતા સાચ્ચા સાહસોની કહાણીઓ આમાં આપી છે

કિંમત માત્ર આઠ આના.

૨. પુછડિયા પ્રદેશમાં:

ચાર ગુજરાતી જુવાનડાંને મન થઇ જાય છે કે શિર માટે કઇ શોધખોળ કરવા નીકળી પડવુ અને પછી અવનવા અદ્ભુત અનુભવો મેળવે છે

કિ. ૦-૮-૦

૩. શિકારિકા:

લે શ્રી જીવરામ જોશી ગુજરાતી જુવાને જાતે અને કોઇની સાથે કરેલા શિકારોની સાચ્ચી કહાણીઓ કિ. ૦-૪-૦, ૦-૫-૬ની ટિકીટો મોકલી જરૂર મંગાવી લ્યો

૪-૫. ગેબી સૃષ્ટિ!

બે ખંડમા સર આર્થર કોનન ડોઇલની લખેલી વિજ્ઞાન અને સાહસના સમન્વયવાળી રસીલી વાર્તાઓ દરેકના ૧૦ આના બે ભાગ સાથેજ મળશે

ગાંડીવ સાહિત્ય મંદિર,

સુરત.

કળા, ઉદ્યોગ, અને ધંધો

સૌની આબાદી માટે એક અને અજોડ સાધન

નીઓન સાઇન

એટલે

વિજળીના સળગતા અક્ષરો

માહિતી પત્ર માટે લખો :—

NEON AGENCY

Princess St. BOMBAY 2

Telegram
"MIDLINK"

શું શીયાળો ??? ....

ખરેખર, શક્તી મેળવવાની ઉત્તમ સીઝન

તમે કદી વાપરી છે ?"

"કાન્તી ટોનીક પીલ્સ'

કસ્તુરી, અંબર મીશ્રીત ગોળીઓ, જે ઠંડીની સીઝનમાં ઉપડતા દમ તથા ઉધરસ ઉપર સારામા સારો ફાયદો કરી નબળા પડી ગયેલા શરીરને શક્તી આપે છે

નાના બચ્ચાને થતી આંચકી તેમજ ભરાઈ જવા ઉપર અકસીર છે.

ઉપરાંત અમારે ત્યા સીઝનને લગતી ચીજો જેવી કે, કેસર, કસ્તુરી, અંબર, બરાસ, સોના ચાંદીના વરખ, મોતી ઈત્યાદી તથા સાલમ પાકને લગતા દરેક વસાણાઓ મળશે.

શા. દ્વારકાદાસ ભાણજી પાનાચંદ

કરીયાણાના વેપારી અને કમીશન એજન્ટ

૩૧૩, જુમા મસ્જીદ. મુબઈ ૨.

તા. ક. — વેપારીઓને પુરતી સગવડતા આપવામાં આવે છે

યુવાન હૃદયને જાગૃત કરતું

વિજય

(યુવાનોનું માસિક)

સારા સારા સાહિત્ય રસિકોની રસ-વાનીઓથી ભરપુર જેમાં દરમહિને જેમાં દરમહિને નવલિકા, નિબંધ, પત્રસાહિત્ય કાવ્યો વગેરે પ્રસિધ્ધ થશે.

: લવાજમ :

સ્થાનિક રૂપિયા ૨-૦-૦

બહારગામ રૂપિયા ૨-૮-૦

ગ્રાહક માટે લખો :

વિજય કાર્યાલય

પ્રભુનિવાસ, વિઠ્ઠલભાઈ પટેલ રોડ

મુંબઇ ૪

મહાગુજરાતના માનીતા

ગોવિંદાશ્રમ મીઠાઈવાલા

(દેશી ખાંડની મીઠાઇનુ ગંજાવર મથક.)

જુમ્મા મસ્જીદ, મુંબઈ—૨

બહેનોને ખાસ સંદેશ

અમારે ત્યાં દરેક જાતના કપડાં રંગવાનું તથા છાપવાનું સારામાં સારૂં ખાતું છે. અમારા શો રૂમની એકજ વખતની મુલાકાતથી આપ અમારા કાયમી ગ્રાહક બનશો

ગ્રાહકોને સંતોષ આપવો એજ અમારો મુદ્રાલેખ છે. અમારી એકજ વખતની મુલાકાત લઇ ખાત્રી કરશો.

બહારગામના ઓર્ડરો પર પુરતું ધ્યાન આપવામા આવે છે.

લખો યા મળો :—

ધી હિન્દ કેલીકો ડાયર્સ એન્ડ પ્રીન્ટર્સ

ગોપાલદાસ બરફીવાલા સામે, સી. પી ટેંક,

મુંબઇ—૪

ધી કોમનવેલ્થ એસ્યુરન્સ કું., લી.

હેડ ઓફીસ : પુના સીટી.

બોનસ વર્ષ ૧૯૩૭-૩૮

વાર્ષિક આવક	૬૦૦૦૦૦	થી વધુ
લાઇફ ફંડ	૯૦૦૦૦૦	થી વધુ
૧૯૩૬મા મેળવેલું કામ	૪૨૦૦૦૦૦	થી વધુ
,, ભરપાઇ કામ	૩૨૨૩૦૦૦	થી વધુ
ચાલુ કામ	૧૫૦૦૦૦૦૦	ઉપરાંત

એજન્સી તેમજ વીમા માટે લખો યા મળો –

લક્ષ્મીનારાયણ એમ દવે.

બ્રાન્ચ મેનેજર

રીડ રોડ, અમદાવાદ.

ઝાંઝવાનાં જળ

લેખક : સોપાન

એક અભિપ્રાય

આ પુસ્તકનો પરિચય એક વાક્યમાં આપવો હોય તો એમ કહીએ કે આ પુસ્તક ખરે ખર આવકારલાયક છે. સ્ત્રીપુરૂષના જીવનમાં લગ્નજીવન જેવો મહત્ત્વનો બીજો કોઈ કાળ નથી. એ કાળમાં અનેક કૂટ, ગૂઢ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આ વાર્તાઓમાં આવે છે એમ, પ્રેમલગ્ન કરનારના પ્રેમમાં પણ ભરતીઓટ અને પરિવર્તન આવે છે. પ્રેમ, સૌંદર્ય અને લગ્નનો પરસ્પર સબંધ, એક પત્ની હોય તો બીજી પરણી શકાય કે કેમ, ઝાંઝવાનાં જળ પીવા દોડતા યુવકયુવતીઓ વગેરે વગેરે પ્રશ્નો અને દશ્યો વાર્તાઓમાં સરસ રીતે આયોજ્યાં છે. શ્રી સોપાને આ દશ વાર્તાઓ દ્વારા લગ્નજીવનનો પ્રશ્ન કુશળતાથી, વાસ્તવિકતાથી અને સમજણથી ચર્ચ્યો છે.

—પ્રસ્થાન

'સંજીવની'ના લેખકનો અણમોલ વાર્તાસંગ્રહ : રૂા. સવા

પ્રકાશક

નૂતન પ્રકાશન મંદીર : પાનકોર નાકા અમદાવાદ

સોલ એજન્ટ

શ્રી જમનાદાસની કાં. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

મુદ્રક ધનશંકર કું. શુક્લ
પ્રભાત પ્રેસ • ડેન્સો હૉલ • કરાચી

ઊર્મિ

પ્રકાશક • સુરેશ રા. બાબરીઆ
ઊર્મિ કાર્યાલય • ડેન્સો હૉલ : કરાચી

વર્ષ છઠ્ઠું
અંક અગિયારમો

સળંગ અંક
૭૧

અનુક્રમણિકા

ત્રણ આવરણો	કિશોરલાલ ઘ. મશરૂવાલા	૭૧૩
અંતિમ કથન	સુંદરમ્	૭૧૫
મંથન	મોહિનીચંદ્ર	૭૧૫
ધાગપુરી	અજ્ઞાત	૭૧૬
'શાને ?'	પ્રભુદાસ કા. વ્યાસ	૭૧૬
જીવનવિકાસી સંગઠન	દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર	૭૧૭
વસંતને સુખ આપવા	શ્રીકાંત	૭૨૩
પૈસાનુ નૈતિક મૂલ્ય	" ज "	૭૩૧
અમર આશા	પ્રજારામ ન રાવલ	૭૩૮
શિયાળાની રાત	'હિમાંશુ'	૭૩૯
સદ્‌ગુરૂપરાયણ માસ્ટર મહાશય	કાકા કાલેલકર	૭૪૩
યુરોપનો સન્નિપાત	ડુંગરસી ધરમસી સંપટ	૭૪૯
રમણ રેતીમાં	નટવરલાલ ગાંધી	૭૫૩
સંસ્કૃતિના વહેણ	મૂળશંકર મો. ભટ્ટ	૭૫૪
નવલકથાનું કલાવિધાન	રતિભાઈ ઉ પટેલ	૭૬૧
ઉઘાડ	દેવજી રા મોઢા	૭૬૬
બાવીજી	સાંદીપનિ	૭૬૭
આપણી સ્વરાજયાત્રા	....	૭૮૧
સાહિત્યના પ્રદેશમાં	.. ..	૭૮૬
સામયિકોની દીપોત્સવી	'શ્રીકંત'	૭૮૭

અમારા મુખ્ય એજન્ટો:—

શ્રી જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨
નૂતન સાહિત્ય ભંડાર, રમકડાં મારકેટ, અમદાવાદ
એલ. કે. મેઘાણી, ૧૪, અમરતલા સ્ટ્રીટ, કલકત્તા
પુસ્તકાલય સ સ. મંડળ લી. રાવપુરા, વડોદરા
ગાંડીવ લવાજમ એજન્સી, હવાડીયો ચકલો, સુરત

વાર્ષિક :::: લવાજમ :::: રૂપિયા પાંચ
છૂટક અંકની કિંમત સાત આના • પરદેશ બાર શિલિંગ



* વર્ષ છઠ્ઠું * • નવેમ્બર ૧૯૫૭ * * અંક અગિયારમો *

ત્રણ આવરણો

[એક પત્રમાંથી]

શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળા

"…. આપ શાસ્ત્રમાં અથવા સાહિત્યમાં બહુ પ્રગતિ ન થાય તેથી મૂંઝાવાની કે પોતાની બુદ્ધિ વિષે ઓછો ખ્યાલ રાખવાની જરૂર નથી. જુદી જુદી ભાષાઓ પર કાબૂ કે સાહિત્યમાં પ્રવેશ એ બુદ્ધિનું એક જ અંગ છે. ખરું પૂછતાં, એ બુદ્ધિનું અંગ છે એમ પણ ન કહેવાય કારણ, બુદ્ધિ એટલે કોઈ પણ પ્રશ્નને ગ્રહણ કરવાની અને તેના મૂળમાં ઉતરી વિચાર કરવાની શક્તિ એવી બુદ્ધિ સાવ નિરક્ષરોમાં પણ સારી પેઠે વિકસેલી હોય છે (અને તમારામાં યે છે)

પૂ. બાપુને યે એક દિવસ કેવળ ભાષાના વિદ્વાનો અધિકાન–ચમત્કાર–સભ્યના. મર રમણભાઈએ તો એકવાર એટલે સુધી કહેલું કે બાપુના કરતાં તો આજનો મેટ્રીકવાળો પણ સારું ગુજરાતી લખે અને એકવારને માટે એ સાચુંયે હતું. પણ તેથી તે દિવસે પણ બાપુની બુદ્ધિ અવિકસિત હતી એમ થોડું જ હતું? સ્પષ્ટ વિચાર કરવાની શક્તિ — Clear thinking — એ મોટા વિદ્વાનોમાં યે નથી હોતી અને નિરક્ષરોમાં યે હોય છે એવો વારંવાર અનુભવ થાય છે બાપુમાં એ કદાપિ નહોતી એમ કદાપિ બન્યું નહોતું. હવે આજકાલ હું મોટો લેખક ગણાઉં છું. પણ ભાષા અને વ્યાકરણની દૃષ્ટિએ મારું ગુજરાતી કોઈ તપાસવા બેસે તો પાને પાને ભૂલો કાઢી શકે. શૈલીની શિથિલતાઓ હોય તો કહે જ છે. અને અંગ્રેજીમાં તો એથી યે વધારે ભૂલો નીકળે. અંગ્રેજી લખવાની મારી આજે તો હિંમત પણ ચાલતી નથી. સાવ નિરક્ષર રામકૃષ્ણ પરમહંસ એમ. એ થયેલા વિવેકાનંદના બુદ્ધિપદાતા હતા એટલે શું? એનો અર્થ એ કે રામકૃષ્ણ પરમહંસમાં જે સ્પષ્ટ વિચારશક્તિ હતી તે વિવેકાનંદ વગેરેમાં સ્વયંભૂ નહોતી. એટલે બુદ્ધિ અને વિદ્વત્તા એ બે ભિન્ન વસ્તુઓ છે એ ધ્યાનમાં રાખવાનું. અને આપણામાં બુદ્ધિનો એટલે–કોઈ પણ પ્રશ્ન પર સ્પષ્ટતાથી વિચાર કરવાની શક્તિનો–વિકાસ થાય એ માટે જરૂર આગ્રહ અને ન થાય ત્યાંસુધી અસંતોષ

રાખવો પણ વિદ્વત્તામા આપણી પ્રગતિ મદપણે થાય છે તેનો ઉદ્વેગ ન રાખવો એમા તો 'ટીપે ટીપે સરોવર ભરાય' એમ માની ખતપૂર્વક પ્રયત્ન રાખ્યા કરવો પણ ઝપાટો નથી લગાવી શકાતો તેથી દુખ ન પામવુ.

આ તો એક વાત થઇ પણ તે સાથે વિદ્યાભ્યાસની દૃષ્ટિએ પણ કેટલીક જાતના આવરણો હોય છે તેનો પણ ધ્યાન રાખવાની જરૂર છે એ આવરણો દૂર થાય તો પ્રગતિ ઝપાટાબંધ થાય તેમા એક આવરણ વિરોધી વલણનુ છે દાખલા તરીકે ઘણી વાર જોવામા આવે છે કે ગણિતમા પ્રવીણ હોય તે ભાષામા પ્રવીણ નથી હોતા આનુ કારણ ગણિતના વ્યાસગીનુ મગજ દરેક અભ્યાસમા તે જ બાજુ દોડી જતુ હોય છે અને ભાષામા કાઇક એવી વસ્તુ છે કે જે ગણિતથી પર છે અને તેને પકડવી એને અત્યત કઠણાઇ લાગે છે એ જ પ્રમાણે ગણિતમા પણ એવી વસ્તુ છે જે ભાષાશક્તિથી પર છે અને તેને પકડતા ભાષાના વ્યાસગીને કઠણતા લાગે છે કેટલાકને એ બન્ને શક્તિઓ હોય છે. પણ મોટે ભાગે એમાથી એક જ હોય છે માટે ગણિતના વ્યાસગીએ ભાષાનો પણ ગણિતના, વિજ્ઞાનના, સગીતના અને કદાચ તત્ત્વજ્ઞાનના પુસ્તકો દ્વારા જ પરિચય કરવો જોઇએ અને એ રીતે જેટલો થાય તેટલાથી સતોષ માનવો જોઇએ

ભાષાના અભ્યાસમા બીજુ આવરણ કલ્પનાપ્રધાન અને વ્યવહારપ્રધાન સ્વભાવ વચ્ચેના વિરોધથી થાય છે કલ્પનાપ્રધાન મનુષ્ય ભાષામા જેટલો પ્રવેશ કરી શકે છે તેટલો વ્યવહારપ્રધાન કરી શકતા નથી કારણ પહેલાને એ વસ્તુને જીવન સાથે સબધ છે કે નહિ તેની પરવા નથી હોતી એ પોતાની કલ્પના સૃષ્ટિને જ સત્ય માને છે અને ભાષાદ્વારા કલ્પનવિહાર મળવાથી એનો તુર્ત ભાષામા પ્રવેશ થાય છે વ્યવહાર પ્રધાન માણસ જાણે અજાણે ડગલે ને પગલે પ્રત્યક્ષ સૃષ્ટિનો જ વિચાર કરે છે અને કલ્પનવિહાર પ્રત્યક્ષથી જુદો લાગે છે તો તેમા બહુ રસ નથી લઇ શકતો અને નથી, ભાષાશિક્ષણમા એ પાછળ પડે છે તેવા એનો ભાષાનો અભ્યાસ પણ ઇતિહાસ, ભૂગોળ જીવનચરિત્ર ઇત્યાદિ સત્યપ્રધાન પુસ્તકો દ્વારા કરવો જોઇએ

વિદ્યાભ્યાસનુ ત્રીજુ આવરણ વિદ્યાર્થી પર જના જ સસ્કારનો પાશ હોવાને લીધે થાય છે શાળામા કેટલાક વિદ્યાર્થીઓ નાપાસ થયા જ કરે છે એ કાઇ ઠોઠ એટલે બુદ્ધિહીન નથી હોતા, પણ એમનુ મન આખો દિવસ અભ્યાસના વિષયો સિવાયના જ કોઇ વિષયમા ભટક્યા કરતુ હોય છે જેમકે ખાનપીવાના, નાટકસિનેમાના, રમતના, ભટકવાના વગેરે મોટા માણસોના મનને પણ કોઇકવાર એમ ભટકવાની ટેવ પડી જાય તો એવુ બને કે એને કાઢવા પ્રયત્ન કરે તો પણ એ વિચારો નીકળે નહિ અને તેથી અભ્યાસનુ પુસ્તક હાથમા રહી જાય અને પ્રગતિ થાય નહિ એણે એ આવરણ કરનાર વિષયની એકાગ્રતા પહેલા ટાળવી જોઇએ પછી એનુ ચિત્ત અભ્યાસમા લાગે

આ બધા ઉપરથી તમે જોશો કે તમારે નાઉમેદ થવાનુ કારણ નથી તમારી બુદ્ધિનો વિકાસ ઓછો થયો છે એવુ મને કદી લાગ્યુ નથી પણ વિદ્યાભ્યાસની તમે તમારી દિશા શોધી નથી તેથી જ કદાચ વિદ્યાભ્યાસમા તમને આવરણો નડે છે એ દૃષ્ટિએ વિદ્યાભ્યાસની દિશા બદલો તો તમારી પ્રગતિ જરૂર ઝપાટાબધ થાય અને ન થાય તો પણ નાઉમેદી લાગવાની જરૂર ન રહે બાકી ખતથી ન સિદ્ધ થાય એવુ કશુ રહેતુ નથી "[1]

---

[1] તા ૮-૫-૩૪ પોતાના એક વિદ્યાર્થી ઉપર જેલમા મોકલેલા પત્રમાંથી

અંતિમ ધ્યાન

: પૃથ્વી :

મહા ગહન મૌનમાં દિવસ જીવને મેં ...
સુખી થઈ છ ગાળિયા, શિખર શો હું કો અદ્રિ
ધરી મુકુટ તારકે ખચિત, મૂક ત્યાં રાત્રિ
સુના પ્રહરમાં, યદા ગગન નીલવર્ણું તહીં
બજાવત શું કૃષ્ણ શું મધુર બંસરી જાદુઈ,
અને ગહન પાણ્ડુ તેજ થકી જેહ છલકાવતું
વિરાટ તમના બધા પથ, અને નહીં આ ગધાં
સુરંગમય દૃશ્યની જવનિકાન્તરે ત્યાં ખડા
પ્રશાન્ત હિમ મન્દિરે નિરખું શોકને પ્રાયતો.
અરે સહન મેં કર્યું છ બહુ, રાહ જોઇ ઘણી
પ્રભો, બજતું આબરે તવ સુગાન રહ્યા રહું–
અને ય મુજ ગીતડાં ધવલ પામીશ ઊંડનાં
વિરાટ તણી વાડીઓ ફળવતી મહીં ઉભરે,
જહીં ન ખળ્ડે કદી સ્મરણ ભૂત સંગીતનાં,
વિરામ શુરુ મૌન એજ બસ છે જ તો ગાનનો–[1]

સુન્દરમ

1 હરીન્દ્ર ચટ્ટોપાધ્યાયના કાવ્યનો અનુવાદ

મંથન

: સ્રગ્ધરા :

ધૂમ્રે, ધૂપે ધરાને, ઉડત રજરજે, અબ્ધિના ઉમ્બરોમાં,
પ્હાડોમાં, ગહ્વરોમાં, ગિરિગિરિઝણને ઘેરતા પ્રાણપુંજે,
કૂપોમાં, સાગરોમાં, ઝરઝર ઝરતા નિર્ઝરોને નદોમાં,
પૃથ્વીના પત્થરોમાં અચલિત ખડકે, કારમા કંટકોમાં,
ગાઢાં સૂકાં વનોમાં, તૃણફૂલફૂલમાં, છોડવાઝાડવામાં,
કુંજેકુંજે, સરોમાં, કનકકમલનાં ઝૂલતાં અંતરોમાં,
સૂર્યે, ચન્દ્રે, પ્રકાશે, નભભર ઝુમતા તારકા મંડળોમાં,
નક્ષત્રોમાં, ગ્રહોમાં ઉપગ્રહગણમાં, વ્યોમના ગુંબજોમાં,
બ્રહ્માંડોની લટોમાં, ભુવનભુવનમાં, ચૌદ લોકોત્તરોમાં,
વિશ્વોનાં ઝૂમખાંમાં, સચરઅચરના કોટરામાં ઘૂમાતાં,
સૌને એકી સપાટે ઝટપટ વિંટતા વાયુના અંચળામાં,
સંગીતોના દિમાકે જનમનભરતા, ઝાંખતી રોશનીમાં
હર્ષોન્માદે, વિવેકે, પ્રણયઅભયને આશના તંતુઓમાં,
હૈયે હૈયે, અણુમાં અવિરત ગરજે કાળનાં ઘોરગીતો.

મોહિનીચંદ્ર

જીવનવિકાસી સંગઠન

શ્રી. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

આજકાલના કોઇ પણ માણસ લો તેને સ્વાભાવિક રીતે જ ઊંડે ઊંડેથી એમ લાગતું હોય છે કે આપણે હવે કોઇ નવા જમાનાની, નવા યુગની, નવા જીવનક્રમની શરૂઆત કરીએ છીએ. ભારતવર્ષ એક છે એમ આપણે ભલે કહેતા આવ્યા હોઇએ, તેમજ આપણી સાંસ્કૃતિક એકતા મુખ્ય મુખ્ય બાબતોમાં સ્પષ્ટપણે ભલે દેખાતી હોય તોયે આપણે આજ લગી નાની મોટી ટોળીઓમાં જ રહેતા આવ્યા છીએ એ ભૂલવું ન જોઇએ. વિવિધતામાં એકતા એ આપણી સંસ્કૃતિની ખાસિયત છે. પણ આપણે તો વિવિધતાને અનેકધા ફાલવા દીધી અને એકતા કેળવવાનું જ ભૂલી ગયા. તેથી સમાજમાં બળ હોવા છતાં આપણે નબળા નીવડ્યા. આપણા બધાની એકસરખી રહેણીકરણી તથા વિચારસરણી હોવા છતાં આપણે છિન્નભિન્ન થઇ ગયા.

मृत्यो : स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ।

જે પોતાના જીવનમાં કેવળ વિવિધતાની જ પાછળ પડે છે તે જીવનના એક પછી એક-ક્ષેત્રમાં મૃત્યુના-ક્ષયના સંકજામાં સપડાય છે, એમ આપણા પિતરોના પિતા એવા યમરાજાએ ક્યારનું કહી દીધેલું છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં પણ કહ્યું છે કે "જે જ્ઞાન ભેદભાવને પોષે છે અને વિવિધતાને જ ઓળખે છે તે જ્ઞાન સમાજની પ્રગતિ રોકી દે છે. વળી કેટલાક લોકો તો વસ્તુઓનું તારતમ્ય ન ઓળખતાં ક્ષુદ્ર એકાંગી વસ્તુઓને જ સર્વસ્વ માની લઇ અનાડીપણું કરવા માંડે છે. આવા લોકો સમાજને વધારે ને વધારે નીચે લઇ જાય છે. એક જ પ્રાન્તને જેઓ આખો દેશ માને છે, સંસ્કૃતિના કોઇ એક અંગને જ જીવન સર્વસ્વ માનતા થાય છે તેઓ પોતાની શક્તિનો યોગ્ય ઉપયોગ કરી શકતા નથી." કોઇ ગાડાના બધા ભાગ ભલે સાબૂત હોય પણ એ જો પોતાની જગ્યાથી ખસી ગયા હોય અથવા ઢીલા પડી ગયા હોય તો તે ગાડુ યાત્રા કેવી રીતે કરી શકે?

એક જમાનો હતો જ્યારે વેદોપાસના, સંસ્કૃત વિદ્યા, ભક્તિમાર્ગ, વિરક્તિ વગેરે મહાન તત્ત્વોને જોરે આપણે સાંસ્કૃતિક એકતા સ્થાપી શક્યા. પણ જેમ યુગાંતર થતો જાય તેમ સમન્વયકારી તત્ત્વ વધારે ને વધારે વ્યાપક બને એ જરૂરનું હોય છે. પશુગમને

વખતે બ્રાહ્મણસંગઠન કે ક્ષત્રિયસંગઠન સ્વાભાવિક હશે; વેદકાળમાં આર્યસંગઠન મહત્ત્વનું બન્યું હશે, છત્રપતિ શિવાજી મહારાજ કે રાણા પ્રતાપના વખતમાં હિન્દુસંગઠન ભલે અનિવાર્ય બન્યું હોય; પણ આજે તો ભારતીય સંગઠન એ જ એક માત્ર યુગધર્મ છે એ વિષે શંકા ઉઠાવવાનું કારણ નથી.

આ જાતનું સંગઠન જુદા જુદા ક્ષેત્રોમાં ક્યારનુંય શરૂ થઇ ગએલું છે. અખિલ ભારતીય સંસ્થાઓ તથા પ્રવૃત્તિઓ દેશમાં ઠેકઠેર નજરે પડે છે માત્ર કેળવણી અને સાહિત્યની બાબતમાં દરેક પ્રાન્ત એકલગંધો બની જઇ પોતા પૂરતો વિચાર કરતો આવ્યો છે આધુનિક સંસ્કૃતિના બ્રાહ્મણો એટલે કે અંગ્રેજ લોકો અને તેમની સત્તા, આ બાહ્ય કારણોને લીધે જે એકતા આપણા બધા ઉપર લદવામાં આવી છે તે એકતા કોઇ પ્રાણદાયી તત્ત્વ છે એમ તો ન જ કહી શકાય

પ્રાન્ત દીઠ કેળવણીની જુદી જુદી વ્યવસ્થા થઇ, સરકારી વિદ્યાપીઠો સ્થાપવામાં આવી. આ યુનિવર્સિટીઓએ એતદ્દેશીય તથા પ્રાન્તિક જીવન તથા સંસ્કૃતિને કેટલું પ્રાધાન્ય આપ્યું એ નો આપણી પ્રત્યક્ષ નજર આગળ જ છે, હવે પછી અખિલ ભારતની કેળવણી એક તંત્ર નીચે લાવવાના સરકારના પ્રયત્ન ચાલુ છે, સરકાર એમાં ફાવે નો પણ સમાજહૃદય તેથી એક થશે કે કેમ તે વિષે શંકા જ છે. બહારથી સ્થાપવામાં આવેલી એકતા સમાજને શી ધૃતિ આપી શકે?

સાહિત્યની બાબતમાં આપણે ત્યાં સંગઠન જેવું કશું જ નથી એમ કહીએ તો ખોટું નથી સાહિત્યને એક જ દોરડે બાંધવું અથવા તો નાથવું સહેલું નથી. સાહિત્યને મોઢે ડૂચો દેવો સહેલ હોય છે, પણ પ્રૌઢ સાહિત્યને નાથવું નામ જ સહન થતું નથી. કોઇ પણ ક્ષેત્રની બાલ્યાવસ્થામાં જ તેના ઉપર પારકો અંકુશ ટકી શકે છે.

સાહિત્ય! કેટલી શક્તિ છે એની જ્યારે ને વધારે પ્રતીતિ મનુષ્યજાતિને થતી જાય છે સાહિત્ય એકજાતનું ચૈતન્ય છે, સામાજિક તેજ છે, મનુષ્ય સંકલ્પની અમોઘ શક્તિ છે. આ શક્તિની મહાયથી માણસ ગમે તે સારું નરસું પરિણામ ચોક્કસ આણી શકે છે. પણ આ બેધારી તલવાર છે. એ એક રસાયણ હોવાથી જે એને જીરવશે તેને તે અજરામર બનાવશે; પણ જો એનો દુરુપયોગ થાય તો તે સમૂળ ઉચ્છેદ કર્યા વિના રહેશે નહિ એક વખત એવો હતો કે લોકો સાહિત્યનો મોક્ષસાધનાર્થે ઉપયોગ કરતા આગળ જતાં સત્તાધારીઓ અને પૈસાદાર લોકોના મનવિનોદન માટે સાહિત્યનો ઉપયોગ થવા માંડ્યો. આ ક્રમ વિષે હદપાર થયેલા એક જર્મન યહૂદી લેખકે કહ્યું છે કે

"આ સમય સાહિત્યકળા માટે કે સાહિત્યકારો માટે કપરો હતો. સાહિત્યકાર એટલે પોતાને ત્યાં સંઘરવા યોગ્ય એક ગુણીજન એવી કલ્પના સમાજમાં રૂઢ થઇ હતી. એનો પ્રત્યક્ષ જીવન સાથે કશો સંબંધ હોય નહિ સાહિત્યકાર ક્રુદ્ધ થયો શું કે સંતુષ્ટ થયો શું બન્ને વસ્તુઓ સરખી જ. એના શબ્દો હવાઇ બાર કે હવામાં ફેરવેલી બોથાટી જેવાં સાહિત્ય વિનોદનું એક ઉત્કૃષ્ટ સાધન મનાતું પણ, એથી વધારે પ્રતિષ્ઠા એને ન હતી

"અને સાહિત્યકાર પણ એક વાત ભૂલી ગયો કે માત્ર શબ્દકૌશલ્ય કે કલ્પનાવૈભવ એના ધંધા માટે બસ નથી પણ તે માટે ચારિત્ર્ય પણ આવશ્યક છે સાહિત્ય-કલાધર એ ભૂલી ગયો કે તે તે વખતે લોકોની જે અભિરુચી રૂઢ થઇ ગઇ હોય તેને પોષવી અથવા તો તેની ખિદમત કરવી એ તેનો ધર્મ નથી; પણ સત્ય, ન્યાય, પ્રસન્નતા, સૌન્દર્ય, સ્વાતંત્ર્ય માનવી, મન અને ચૈતન્ય આ સનાતન અને સાર્વભૌમ જીવનતત્ત્વોની અનન્ય નિષ્ઠાથી ઉપાસના કરવી એ તેનો ધર્મ છે સ્વધર્મકર્મનું ભાન ભૂલવાને કારણે તે સત્તાધારીના આશ્રિત પરિવારમાં ગણાવા લાગ્યો અને જીવનનું કઠોર સત્ય અને વાસ્તવિક પરિસ્થિતિને ભૂલાવી દેવાં એ જ તેનું એકમાત્ર કાર્ય બની ગયું એ જ હેતુથી લોકરંજન કરનાર અનેક વર્ગમાંનો એક એ બની ગયો. આ દુનિયા ઉપરના અલ્પકાળ એવા માનવી જીવનપથ પર પ્રકાશ પાડવાનું કાર્ય છોડી દઇ

વખત કેમ વિતાડવો એની તે ચિંતા કરવા લાગ્યો. કામને લોકો Pastime અથવા-મકામ તરફ કહે છે તેમ-કાલક્ષેપમ્ ગણવા લાગ્યા.

"પરિણામે પંડિત આશ્રય વિના શોભે નહિ એવી માન્યતા ફેલાઇ અને તે વનિતા અને લતાની હરોળમાં જઇને બેઠો, ખાને પીધે સુખી એવા લોકોને કંટાળો ઉપજે નહિ એટલા માટે શું શું કરી શકાય તેની ચિન્તા કરવાનું કામ જ આ કલાધરો માટે રહ્યું. માનવી જીવનનો બોજો ઉપાડીને જે બિચારા કેવળ ભારવાહી જ બન્યા છે એવા પામરોને સાહિત્યનો આસ્વાદ લેવા માટે ફુરસદ કયાંથી હોય? અને જ્યારે કામનો જ દુકાળ પડવાને કારણે આવા લોકોને નવરાશનો વખત મળે છે, ને વખતે રોટલાની તીવ્ર ચિંતાને લીધે સાહિત્ય કયાંથી સૂઝે? ભૂખ્યો માણસ વ્યાકરણથી પેટ ન ભરી શકે કે તરસ્યો કાવ્યરસથી તરસ છિપાવી ન શકે. ટૂંકમાં સાહિત્ય નિર્માણ થયું તોય એ કૃતાર્થ થયું નહિ

"આવે સમયે જે વર્ગોએ સાહિત્યને આશ્રય બક્ષ્યો તેમની મનોવૃત્તિ તેમાં પ્રતિબિંબિત થયા વગર કેમ રહે? સમાજમાંના ભીષણ જીવનકલહનું રૂપ સાવ બદલી નાખી તેને નસીબનું રૂપ આપવામાં આવ્યું. પ્રચંડ ધાર્મિક અને સામાજિક વિગ્રહોને વિનોદ જેવો હાસ્યાસ્પદ વેશ ચડાવીને તેમને નાટકોમાં ઉપાખ્યાનનું સ્થાન આપવામાં આવ્યું અને માનવી રાગદ્વેષના અદમ્ય પ્રવાહને તદ્દન ક્ષુદ્ર બનાવી દઇ કઇ સ્ત્રીઓએ કોની સાથે અભિસાર કર્યો અને કોને હાથતાળી દીધી એનાં જ વર્ણનો સાહિત્યમાં સર્વત્ર દેખાવા લાગ્યાં. બધા જ રસાસ્વાદ લોકો; નાટકકાર, નટ, તેમના શિક્ષક, અને પ્રેક્ષકો પણ-બધા જ સુખમાર કે સુખમના ભોગ થઇ પડેલા"

આ ખાડામાંથી સાહિત્યને ઉપર કાઢવાના પ્રયત્નો સેવાધુરીણ એવા પ્રજાના કેટલાક ઉપાસકો આદરી રહ્યા છે. આવા લોક-સેવક સાહિત્યકારોનું આંતરપ્રાન્તીય સંગઠન કરવું એ આપણો પ્રધાન ઉદ્દેશ છે. પાછલી સંસ્કૃતિની એક પછી એક ટેવ આવવાને કારણે આપણા લોકો બેબાકળા થયા હોય તો તેમાં નવાઇ નહિ પણ દરેક નવું પૂર પોતાના પાણી સાથે જે પૌષ્ટિક કાંપ લાવે છે તે જ ચૈતન્યના અંકુર માટે સારામાં સારું ખાતર બને છે, અને પછી જીવનાંકુર ઊગી નીકળતાં જ સત્તર આના પાક ઊતરે છે.

અમને લાગે છે કે આપણા દેશના ઇતિહાસમાં આવો સમય અત્યારે આવ્યો છે.

જમીન તૈયાર થયેલી હોય તે વખતે જે નિર્ભય થઇને બીજ વાવતો નથી, અને આજ સુધી જતન-જતન સાચવી રાખેલાં બી જમીનમાં વાવીએ તો કાદવમાં પડી જશે, કોહી જશે એવી ભીતિ મનમાં રાખે છે અને તેથી જૂની થાપણ છે એને સાચવી રાખવામાં જ મોટો પુરુષાર્થ છે એમ માને છે. તે આસ્તિકતાની ભાષા બોલતો હોય તો પણ વાસ્તવિક રીતે નાસ્તિક છે, જીવનદ્રોહી છે. મડદાની સાચવણી કરી ચૈતન્યની ઉપાસના ઊંચી રાખનારો છે, તે મોઢે ભલે ધર્મની જય બોલે પણ હાથે કાર્ય એવું કરશે કે ધર્મનો અચૂક ક્ષય જ થાય. હવે પછી આપણે ધર્મના રક્ષક બનવાનું નથી પણ ધર્મનું રક્ષણ મેળવવાનું છે. અલબત્ત આ ધર્મ તે જૂની કોહી ગયેલી કે બોખરી બનેલી રૂઢિનો ધર્મ નહિ પણ ચૈતન્યનો સનાતન ધર્મ હશે.

આ ધર્મ આપણે કરતાં કદી અચકાશે નહિ જીવવું એટલે જ આપણે કરવી જે આપે છે અને તે જ તેના ઉપર આ જીવનદેવતા પ્રસન્ન થાય છે ददाति प्रति-गृह्णाति नान्यथैषा प्रसीदति । પણ આપવું એટલે કે ગુલામની જેમ કર, વેરો કે દંડ તરીકે આપવું તે નહિ; અને લેવું એટલે ભિખારીની જેમ કે ખૂંચવી લેવા કરતા શીખવા નહિ. દુનિયામાં સમાન ભાવે બધાની સાથે બરાબરિયાની જેમ રહેવાની આવડત જોઇએ. આ સહયોગ આપવા માટે જ અરસપરસ સહકારની ખૂબ દરમ્યાન કરવાની જરૂર છે. આપણા દેશમાં દરેક પ્રાન્તની કંઇક ખાસિયત હોય છે જ. પ્રાન્તીય ભેદ સ્પષ્ટ દેખાય છે. પણ સંસ્કૃતિ કંઇ પ્રાન્ત દીઠ જુદી નથી. સંગીતના કોમ ચમક અને સંપૂર્ણ ગાનમાં જેમ આરોહ-અવરોહની જગામાં ભિન્નતા હોય છે તે જ જાતની ભિન્નતા

આપણા વિવિધ પ્રાન્તોમાં અને તેમાંના જુદા જુદા વર્ગોમાં છે.

જે વખતે રાષ્ટ્રનો આત્મવિશ્વાસ સર્વ ઊડી ગયો હતો, તેનામાં કોઈપણ જાતની હિંમત રહી નહોતી તે વખતે કેટલાક લોકો પારકાનું કેવળ અનુકરણ કરવાનો ઉપદેશ આપવા મંડ્યા, અને કેટલાક તેમનો વિરોધ કરી જૂના મડદાને મસાલામાં ઢાંકી દઈ તેની મમી બનાવી તેની પૂજા કરી જોઈએ એમ કહેવા લાગ્યા. આપણે ત્યાં આ ઝઘડો વરસો સુધી ચાલ્યો. પણ પાછળથી ખરી જાગૃતિનો ઉદય થતાં જ જૂની મૂડી ઉપર જીવવાની અશક્તિ તો ક્યારની ફેંક દીધી મનાતા પરદેશી ખોરાક ઉપર ગુજરાન ચલાવવાની નિરુપમ આવશ્યકતા નથી, પણ પોતીકી જમીનને ધરનું તેમજ બહારનું ખાતર આપી નવો પાક તૈયાર કરવો જરૂરનું છે એ વાત ડાહ્યા લોકોના મનમાં વસી. કષ્ટપૂર્વક જમીનને એ માટે તૈયાર કરી તાજો પાક લેવાથી જ રાષ્ટ્રજીવનને આવશ્યક એવાં બધાં વિટમીન્સ મળી શકે, એટલી સાદી વાત પણ આપણે ગળે ઊતરતા બે પેઢી જેટલો કાળ લાંબો લેવો પડ્યો. અને તેથી જ આન્તરપ્રાન્તીય સંગઠનની જરૂર આપણને આજ સુધી ભાસી નહિ સ્વાવલંબનનો પ્રયત્ન કરતી વખતે જ પરસ્પર સહકારની જરૂરિયાત ભાસવા લાગે છે. પરાવલંબનમાં માત્ર નાથ-નિષ્ઠા પૂરતી હોય એટલે બસ. હવે જ્યારે આપણે જાત અનુભવનું મહત્ત્વ સમજી પરાક્રમ કે પુરુષાર્થ કરવા લાગ્યા છીએ તે વખતે એકબીજાની સલાહ લેવાની જરૂર આપણને ભાસવા લાગી છે.

માણસો પ્રયોગવીર ન હોય, અનુભવ પરાયણ ન હોય તો **'कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ।'** એ જાતની પૂર્વાનુસારી વૃત્તિને તે ટેવાઈ જાય છે. એ જમાનામાં આપણે બહારના ગુરુઓ ઘણા કર્યા, પણ આત્મ ગુરુની શોધ ન કરી.

રાજકારણમાં 'પરની સામમાં પ્રથમ જૂની પદ્ધતિથી સીધું સાદું એવું એક બંડ આપણે કરી જોયું. તે પછી રાજકર્તાઓનો ઇતિહાસ વાંચી તેમનું જ અનુકરણ શરૂ કર્યું. પ્રથમ આપણે એવી આશા સેવતા હતા કે લિબરલપક્ષના લોકો બધા છે તેમને હાથે જ આપણું કલ્યાણ થવાનું છે. તે આશા ઠગારી છે એવો અનુભવ થતાં આપણે મજુરપક્ષનો છેડો પકડ્યો. તે જ જમાનામાં ફ્રાન્સ, ઇટલી, અમેરિકા વગેરે દેશોનો ઇતિહાસ વાંચી એમાંથી આપણે પ્રેરણા મેળવવા મથ્યા. એટલામાં રશિયાની પ્રગતિથી આખી દુનિયા અજાયબ થઈ અને તે દેશમાં થયેલી ક્રાન્તિ ઇતિહાસસિદ્ધ શાસ્ત્રના મજબૂત પાયા ઉપર સ્થાપેલી છે એવી આપણને ખબર પડી.

ગુરુમંત્ર ગમે તેની પાસેથી લેવાય; પણ જો તે આત્મસાત્ કરી ન શકાય તો તેમાંથી સામર્થ્ય પ્રાપ્ત થાય નહિ. સાહિત્યની બાબતમાં પણ અનુકરણને તથા ઉછીનું લેવાને મર્યાદા હોય છે. કોઈ ગ્રંથનું સ્વભાષામાં ભાષાંતર કરીએ અને તે લોકો સમજી ન શકે તો તેથી શો લાભ? અથવા સમજાય તોય તેને વિષે સહાનુભૂતિ પેદા ન થાય, તે કોઈને આકર્ષક ન લાગે તો તે એળે ગયું જ કહેવાય, પરંતુ તે આકર્ષક પણ નીવડે પણ જો તે લોકોના માનસમાં પ્રવેશ ન કરે, વિચારસરણી ઉપર અસર ન કરે લોકોના જીવનમાં કે તેમની ભાષામાં ઊતરે નહિ તોય તે નિષ્ફળ ગયું કહેવાય. સાહિત્યની શક્તિ અદ્ભુત છે, પણ તે રસાયણ જેવી છે. એકલા સાહિત્ય વાંચનથી અને બહારથી પામેલી આદર્શ અને અનુભવ ઉછીના લેવાથી બહુ બહુ તો સાહિત્યક્ષેત્ર સમૃદ્ધ થાય પણ તેમાંથી જીવનસાફલ્ય ક્યાંથી નિષ્પન્ન થાય?

જીવન સમૃદ્ધ, વ્યાપક અને ગંભીર થાય તો જ ઉપરના ગુણો સાહિત્યમાં ઊતરે. શોધખોળ, પરાક્રમ, પ્રવાસ, વેપાર-હુન્નર, કલાકૌશલ્ય, નિરીક્ષણ, પરીક્ષણ ઇત્યાદિ વસ્તુઓમાં જ્યારે સમાજ મોખરે હોય છે, તેની મહત્ત્વાકાંક્ષા જ્યારે ઉત્કટ થાય છે અને કર્તવ્યબુદ્ધિ જોરદાર થાય છે ત્યારે જ સાહિત્ય જોરદાર બને છે.

આવી જાતનું પોષણ સાહિત્યને હવે મળવા માંડ્યું છે અને તેથી જ સાહિત્યનું આન્તરપ્રાન્તીય સંગઠન કરવાની જરૂર આજે ભાસવા લાગી છે. તેમજ તે

ખાવું, કેટલું ખાવું અને કેવી રીતે ખાવું એ દરેક જણે પોતાની ભૂખ, તબિયત તથા અભિરૂચીનો વિચાર કરી નક્કી કરવાનું હોય છે આવી જ રીતે પ્રાન્તીય ભાષાઓએ કરવાનું રહેશે.

અને બધું આપવાનું હોય તો પણ આપતી વખતે શબરીની જેમ દરેક બોર તપાસીને જ અર્પણ કરવું સારું બીજી એક રીતે વિચાર કરવા જેવો છે. આપણે 'મહારાષ્ટ્રીય સાહિત્ય' કે 'ભારતીય સાહિત્ય' એવા શબ્દો વાપરીએ છીએ. મહારાષ્ટ્રીય સંસ્કૃતિ, ભારતીય સંસ્કૃતિ એવા શબ્દો પણ વાપરીએ છીએ. પણ તે તે સાહિત્યને અથવા સંસ્કૃતિને એકરૂપ બનાવવાનો આપણે કદી પ્રયત્ન કર્યો છે? 'મરાઠી બોલનારા તે બધા મહારાષ્ટ્રીય' એ વ્યાખ્યા તો બરાબર છે; પણ મરાઠી બોલનારા આપણે બધા લોક એક છીએ, એક બીજાના છીએ એ જાતની વૃત્તિ જાગૃત કરવા માટે અથવા દૃઢ કરવા માટે આપણે સાહિત્યમાં કોઈ પ્રયત્ન કર્યો છે? એક બીજાની ટીકા કરીને, એક બીજાના દોષ ઉઘાડા પાડીને આપણે એક બીજાની સેવા કરી છે એમ કદાચ આપણે માનતા હોઈશું, પણ એમ કરવાથી હૃદયોનું મિલન થયું છું? અણીને વખતે આપણી વહારે કોઇ દોડી આવશે એવો વિશ્વાસ એક બીજાના મનમાં પેદા થયો છે? મહારાષ્ટ્ર વિષેનું અભિમાન એટલે હું અને મારું એટલા પૂરતું અભિમાન નહિ પણ બધા મહારાષ્ટ્રીઓ વિષે પોતીકાપણું, બધા વિષે પ્રેમ એવો અર્થ આપણે ત્યાં થાય છે? આવી ભાવના હોય, અથવા ન હોય તો તે પેદા કરવાની ધગશ હોય તો જ ભારતીય સાહિત્યના સંગઠનની કલ્પના અને આસ્થા આપણામાં ઉત્પન્ન થવાની છે આજનું આપણું સાહિત્ય મોટે ભાગે ઉજળિયાત વર્ગનું સાહિત્ય છે. કેટલાક લોકો તેને બ્રાહ્મણી સાહિત્ય કહે છે. 'ब्राह्मण आणि त्यांचि विद्या' ના લેખક પ્રિન્સિપાલ ગોળેની વ્યાખ્યા મુજબ આજનું સાહિત્ય બ્રાહ્મણી સાહિત્ય છે એમાં શક નથી. એક રીતે જોતા ઉજળિયાત સાહિત્ય એ હારણ (defeatist) સાહિત્ય છે. હારણ સાહિત્યનું એક લક્ષણ એ છે કે આપણા પતિત દેશ માટે ક્યારેક ક્યારેક રોદણાં રડવાં; ક્યારેક બીજાના દોષ કાઢવા, ક્યારેક દેશની પતિત દશા ભૂલાવવા માટે પૂર્વજોના ગુણગાન કરવાં, વખતે કવખતે બીજાની સાથે સરખામણી કરવા બેસવું; અને પોતાને બીજા જેટલો યશ કેમ ન મળ્યો તેની કારણમીમાંસામાં ઘણી બારીકાઈથી ઊતરવું. કોઈને યશ મળે તો તેને ધન્યવાદ આપી તેનું અનુકરણ કરવાને બદલે બાહ્ય કારણોને લઈ તેને યશ મળ્યો તેવી ચિકિત્સા કરી એવી તક અમને મળત તો અમે પણ એવું પરાક્રમ કરી બતાવત એવું ધ્વનિત કરવાનો પ્રયત્ન કરવો, અને યશ મેળવવા માટે જે પુરુષાર્થ કરવો પડે છે, તે માટે જે સંયમ કેળવવો પડે છે, તેનો પ્રયત્ન કરવાને બદલે ધ્યેયવાદ સાધકજીવન, સંયમ અને ત્યાગનો ઉપહાસ કરી ધૂર્તતાને, વાચાળતાને જ મહત્ત્વ આપી બધી જાતના વિલાસને જ જીવનસર્વસ્વ માની લઇ ક્ષુદ્ર પરિસ્થિતિમાં પણ જે કાંઇ વિલાસસેવન તથા વિલાસચિંતન શક્ય હોય તેમાં જ મશગૂલ રહેવું અને એ જ સ્વાભાવિક છે એમ લોકોના મનમાં ઠસાવવાનો પ્રયત્ન કરવો.

ધ્યેયવાદની પણ એક એવી જ defeatist આવૃત્તિ હોય છે અને તે પણ આપણા ધ્યાન બહાર ન હોવી જોઇએ જેમને પરાક્રમ કે પુરુષાર્થ કરવાના હોતા નથી તેમને મનોરાજ્યો ઊભાં કરવાની ટેવ હોય છે, આવાં મનોરાજ્યો ક્યારેક ધ્યેયવાદનું રૂપ ધારણ કરે છે અને તેથી પ્રત્યક્ષ કાર્યને આરંભ કરવાનું ટાળે છે. આવું સાહિત્ય પણ હારણ સાહિત્ય જ છે એ જાણવું જોઇએ આદર્શચિત્રણ એ કાંઇ આદર્શસેવન ન કહેવાય. સમર્થભક્તિ એ કંઇ સામર્થ્યની ઉપાસના નથી. આપણે બાહોશ સાહિત્યનું સ્વરૂપ ઓળખવું જોઇએ, જીવન્ત વિચાર-ચિન્તનની ટેવ પાડવી જોઇએ અને તેમ કરવા માટે જીવનની જ ઉપાસના કરવી જોઇએ.

સાહિત્યનો દાવાનળ પ્રગટાવ્યે, સાહિત્યરૂપી દેવાવ્યે સમાજ સમર્થ અથવા સમૃદ્ધિ થવાનો નથી. સાચી સેવા કરવી હોય તો જીવનથી પરિપુષ્ટ એવા સાહિત્યનો વરસાદ પાડવાની શક્તિ હસ્તગત કરવી જોઇએ

વસંતને સુખ આપવા

શ્રી કાંત

સામાન્ય રીતે તો સાંજના ૭ વાગે ટપાલ આવી જતી પણ નિરંજનને આજે પોતાના કાગળની પાકી ખાત્રી હતી છતાં સાત વાગ્યા સુધી એને કાગળ મળ્યો નહિ આ કાગળની રાહમાં એનો આખો દિવસ, લાંબો પણ પ્રફુલ્લ ગયો હતો પણ છેલ્લા એક કલાકની આતુરતા અને મનમાં ઊઠેલી કલ્પનાઓને કોઈ સીમા નહોતી રહી. કાગળમાં શું હશે તે એણે કલ્પી લીધું હતું. એને આજ સુધીમાં આવા સોએક કાગળો તો મળ્યા હશે અને જો કોઇ નિરંજનને પૂછે અથવા તો નિરંજન પોતે પણ એ દરેક કાગળનું પૃથક્કરણ કરવા બેસે તો એક પણ કાગળમાં એવી વસ્તુ કે વિગત ન મળે જે બીજા કાગળોમાં ન હોય. છતાં નિરંજનને પ્રત્યેક કાગળમાંથી નવો જ પ્રાણ અને નવો જ શ્વાસ મળતા હતા. આજે જે કાગળની એ રાહ જોતો હતો એ કાગળના શબ્દો ને વાક્યો એના અંતરમાં રમતા હતા અને કાગળ ઉપર ચિતરેલા અવ્યવસ્થિત અને બેડોળ અક્ષરો કોઇ કલાવસ્તુ સમા એની આંખ સામે તરવરતા હતા. નિરંજનને હંમેશ વસન્તના કાગળમાં, કાગળની વિગતોમાં, અક્ષરમાં, અક્ષરની મરોડમાં, સંબોધનમાં અને સરનામામાં પણ, નવીનતા લાગતી. આવી નવીનતા શા માટે લાગે છે તે એણે કોઇ દિવસ વિચાર્યું જ નહોતું. વિચારવાની જરૂર પણ નહોતી ઊભી થઇ. તેમ માત્ર કાગળમાં જ એને નવીનતા લાગતી હતી એમ પણ નહોતું. હજાર વખત જોયેલી વસન્તની આંખમાં એ પ્રતિ પળે નવાં તેજનાં જ દર્શન કરતો હતો. એના કાનમાં જ્યારે વસંતના સુરીલા કંઠનો અવાજ અથડાતો ત્યારે એને તરેહ તરેહની રૂપાઘંટડીઓ વાગતી હોય એવું લાગતું. અને એટલું જ નહોતું વસન્તના · દેહની અને શ્વાસની સુવાસ પણ એને રૂચિકર અને પરિચિત હતી છતાં નવીન જ લાગ્યા કરતી હતી. એક જ વાક્યમાં કહીએ તો નિરંજને વસન્તમાં, વસન્તના પ્રત્યેક સ્વરૂપમાં નિત્ય નવનવાં રૂપ ધારણ કરતાં સૌંદર્યનો જ સાક્ષાત્કાર કર્યો હતો.

આવા નિરંજનને સાત વાગ્યા છતાં, પૂરી ખાત્રી હતી તો પણ કાગળ ન મળે તેથી થાક લાગી જાય એમાં શી નવાઈ? જ્યારે એને કાગળ ન મળ્યો ત્યારે એની બાજુમાં બેઠેલો સૂર્યકાન્ત બોલપટના લહેકાથી બોલ્યો : 'ક્યોં, ખત નહિ આયા ?'

'હાં, નહિ આયા.' મોં ઉપર હાસ્ય લાવી, એવા જ મુખભાવ સાથે નિરંજને

જવાબ આપ્યો

'તો અબ ક્યા કરના હૈ?' સૂર્યકાન્તે સવાલ કર્યો એ પણ નિરંજનના જેવો જ સિનેમાનો શોખીન હતો રાષ્ટ્રભાષાને કારણે નહિ પણ સિનેમાની, એટલે કે પ્રેમની, વ્યથાની, દર્દની શૌર્યની ભાષા હિંદી હતી એટલે એ હિંદીભાષાનો પ્રેમી બન્યો હતો એ મોજમા હોય ત્યારે હમેશ હિંદી જ બોલતો અને તે પણ સિનેમાના પાત્રોની જ ભાષા અને અભિનય મધમેસતા તો એ જ રીતે

'અબ કરના ક્યા જાય ગૃહદાહ' મે ' નિરંજને જવાબ આપ્યો અને 'ચલો' કહેતો સૂર્યકાન્ત ઊઠીને તૈયાર થયો

બને મિત્રો બહાર ગયા

૭

રાતના સાડા દસ વાગે ગૃહદાહ જોઈને પછા ફર્યા નિરંજનના ઘર પાસે આવતાં 'ગૃહદાહ' ની અચલાના અને મોહીમના વખાણ કરતા બને મિત્રો જુદા પડયા નિરંજન 'ગૃહદાહ' ની કલ્પનાસૃષ્ટિમા રમણ કરતો ઘરમાં દાખલ થયો પણ ઉંબરમા પગ મૂકતા જ એની કલ્પના સરી પડી કારણ કે એને તરત જ યાદ આવી ગયુ કે આજ કાગળ નહોતો આવ્યો મનમા થોડાક તર્ક પણ જાગી ઊઠ્યા પણ જેમ તેમ મનને મનાવી એ પોતાના ઓરડામાં ગયો ઘરના ઘણાખરા સઇ ગયા હતા એ પણ ધીમે પગને ઓરડામા દાખલ થઇ સૂવાની તૈયારી કરવા લાગ્યો તૈયારી કરી લીધા પછી ટેબલ ઉપર પડેલી બત્તી બુઝાવવા એ ટેબલ પાસે ગયો ત્યાં તો એના મો ઉપરની તમામ રેખાઓ બદલાઇ ગઇ અને લોહીની ગતિમા જ જાણે ફેર પડી ગયો હોય એમ એના શરીરનુ પ્રત્યેક અંગ પ્રફુલ્લ બની ઉઠવા લાગ્યુ જેની એ રાહ જોતો હતો તે કાગળને ઓળખતાં એને વાર ન લાગી 'કેમ મોડો થયો હશે?' એક ક્ષણ એ પ્રશ્ન ઊઠ્યો પણ તુરત શમી ગયો 'કોઈએ વાચ્યો તો નહિ હોય?' એ પ્રશ્ન ઊઠતા એણે કાગળને ચારે બાજુ ફેરવી જોયો, પણ કવર અકબંધ જ હતુ

નિરંજન જાણતો હતો કે પોતાના જેટલી જ અંદરના કાગળને પણ ઉતાવળ થઇ રહી છે છતા લગીર મોજ લૂટવા અથવા તો જીજ્ઞાસાને ઘેરી કરીને પછી સંતોષવાની મજા માણવા એણે ધીમેથી કવર ફોડ્યુ અને એથીયે ધીમે રહી કાગળ બહાર કાઢી એની ઘડી ઉખેળી અજાણપણે એનાથી ઓરડામા નજર ફરી ગઇ 'કોઇ જોતુ તો ન હોય!'

કાગળ ઉપરનુ સંબોધન વાંચ્યુ, બે લીટી વાંચી એના મો ઉપર હર્ષની ભરતી ચડી આવી એણે એકદમ બાજુમા પડેલી ખુરશી ઉપર ઝૂકાવ્યું અને પગ લાંબા કરી અત્યંત નિરાંતથી કોઇ શરબત પીતુ હોય એમ કાગળને પીવા માંડ્યો કાગળ તો લાંબા ચાર પાનાનો હતો એટલે અર્ધા કલાક સુધી નિરંજન એનુ રસપાન કરી શક્યો કાગળને અંતે તો કંઇ આ લખ્યુ હતુ 'હુ ચાર દિવસ પછી ત્યા આવવાની છુ અને 'ગૃહદાહ' જોવાની છુ પણ તારી સાથે નહિ, સૂર્યકાન્તની સાથે તને તો સાથે પણ નથી આવવા દેવો' આ વાક્યો વાચતાં નિરંજનનુ મોં મરકી ઊઠ્યુ અને પેલો પ્રેમનો શબ્દ એના મોંમાંથી છૂટી પડ્યો 'પગલી કહીં કી'

૮

ચાર દિવસ પછી વસન્ત ત્યા આવી અને નિરંજનને ત્યા જ ઉતરી એણે પહેલેથી જ નિરંજનને જણાવ્યુ હતુ એટલે એ સ્ટેશન ઉપર ગયો હતો સૂર્યકાન્ત એનો પરમ મિત્ર હતો અને એની પાસે કશુ છુપુ નહોતુ છતા નિરંજનને એકલા જ સ્ટેશને જવાની ઇચ્છા હતી એટલે એણે સૂર્યકાન્તને જેમ તેમ સમજાવી દીધો હતો સૂર્યકાન્ત બાળક નહોતો અને નિરંજન-વસન્તના પ્રેમ પ્રત્યે એને પૂરતી સહાનુભૂતિ હતી એટલે એ સાનમા જ સમજી જનારુ હમેશ પસંદ કરતો કેટલીક વખતે નિરંજન અને વસન્ત વચ્ચે વાત થતી કે 'આપણે સૂર્યકાન્તની હાજરીમા કેમ આગળ નથી વધી શકતા?' વસન્ત

જવાબ આપતી કે ' મને પણ ઘણીવાર એ વિચાર આવે છે આપણે એમને બધી વાતો, આપણા તોફાનની પણ કરીએ તો છીએ જ ' ફરી નિરંજન એવું ને એવું બોલતો અને વસંત પણ કંઇક જવાબ આપતી પણ બંને પોતાનામાં એના કારણો અસ્પષ્ટ રૂપમાં જાણતાં જ હતાં

નિરંજન સ્ટેશન ઉપર ગયો ત્યારે એના મનમાં એક બાજુ આનંદની ભરતી હતી અને બીજી બાજુ થોડો ભય હતો 'કોઇ ઓળખીતુ મળી જશે તો ?' અને એ ભય જેવો તેવો નહોતો ઓળખીતાની આંખ મળતાં જ દિલના બધા ઉછાળા સમાવી દેવા પડે મો ઉપરની હર્ષરેખાઓને છૂપાવી દઇ સામાન્ય આનંદની ગંભીરતા ધારણ કરવી પડે વસંત કરતા યે જાણે એ આખના ઓળખીતા પ્રત્યે વધુ લાગણી હોય એમ બધો વખત એની સાથે જ વાતો કરવી પડે અને એ વાતો પણ જેમા એ બે જ વધુ રસ લઇ શકે એવી અને અંતરમા રસ ન હોય તો પણ ખૂબ રસપૂર્વક કરી શકાય એવી રાજકારણની કે આંતરરાષ્ટ્રીય, સમાજવાદી–પક્ષની કે ગાંધીજીની ફીલસુફીની, ધર્મની કે આજની સામાજીક અસમાનતાની હોવી જોઇએ નિરંજનને આવી મુશ્કેલીઓ આજ પહેલા ઘણીવાર ભોગવવી પડી હતી એટલે એનો–બિચારાનો ડર સાચો હતો, પણ સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર ટ્રેન આવ્યા છતાં એવો કોઇ ઓળખીતો ના ટપકી પડ્યો નહિ એથી એને આશ્ચર્ય થયું અને આનંદ પણ થયો

વસંત સ્ત્રીઓના ડબામાથી ઉતરી. નિરંજન સ્ત્રીઓનુ પાટીઉં વાચી હસ્યો. ' તમને ન ખબર પડે ' કહી વસંત પણ હસી બંને એકમેકની આખમા આખ પરોવી બહાર આવ્યા ધારતા તો હાથ ને હૈયા પરોવી દેવાની હતી પણ એ સ્થળે એમ બની શકે તેમ નહોતુ બહાર જઇ ટપ્પામા બેસતા એમની નાનકડી સૃષ્ટિ ત્યાં ખડી થઇ ગઇ ટપ્પાવાળો પાછળ જૂએ એવો ભય નહોતો. અને કદાચ જૂએ કે સાંભળે તો એની દરકાર નહોતી કારણ કે ટપ્પાવાળા સાથે બંનેમાંથી કોઇને ખાસ ઓળખાણ નહોતી અને ટપ્પાવાળાને પણ આશ્ચર્ય પામવાનુ કે રોષે ભરાવાનું કાંઇ કારણ નહોતું એણે ઘણાં નિરંજન–વસંતને જોઇ નાખ્યા હતા

બંને ઘેર પહોંચીને સામાન્ય કામથી પરવાર્યાં ત્યા સૂર્યકાન્ત આવ્યો સૂર્યકાન્તને જોતાં જ વસંત–નિરંજન હસી પડ્યા. એમના મોં ઉપર આનંદની ભરતી લહેરાતી હતી. અત્યાર સુધી ભોગવેલા આનંદથી હૃદયપાત્ર ભરપૂર બની ગયું હતુ અને હવે છલકાવા ઇચ્છતું હતુ. એ કોની પાસે, કોની હાજરીમા છલકાય ! સૂર્યકાન્ત આવતા જ બંને છલકાવા લાગ્યા. સૂર્યકાન્ત પાસે લજ્જા પામવાનું કોઇ કારણ નહોતુ, કારણ કે એ બધુ જાણતો હતો. સૂર્યકાન્તને માઠું લાગશે એવો લગીર પણ ભય નહોતો કારણ કે સૂર્યકાન્ત આવા દરેક પ્રસંગે એમ જ સમજતો કે આ આનંદના ઉત્પાદકોમા હું પણ છુ

' કેમ 'ગૃહદાહ' એકના એકલા જોઇ આવ્યાને ?' થોડું ગીખળ કર્યાં પછી વસંત હસતા હસતાં બોલી.

' એકલા નહિ, બેકલા જ ગયા હતા તમે ત્યાં .. પણ સાથે જ હતા '

'પણ હું નહોતી ને '

'હુ તો ધારતો હતો કે તમે એમા સમાઇ જ ગયા હો '

'વાર છે વાર '

'એ ..મ ?' નિરંજન વસંત સામે જોઇને લહેકાથી બોલ્યો

'કેટલા સમયની વાર છે ?' મો ઉપર ખોટું ગાભિર્ય લાવી સૂર્યકાન્તે પૂછ્યું

'હજી એક વર્ષ. આવતી દીવાળી સુધી '

'હવે હુ એક વર્ષ નથી થોભવાનો' નિરંજન બોલ્યો:

'તો તમારો રસ્તો સાફ છે તમને કોણે રોક્યાં છે ?'

'જો જો હો !' નિરંજન હસતાં હસતાં બોલ્યો

'હવે જોયું જ છે !'

નિરંજન બોલવા જતો હતો ત્યાં સૂર્યકાન્ત બોલ્યો 'તમે બંને વાત વાતમાં લડી જ પડો છો આમ તમારું કેમ ચાલશે ?'

'મને પણ એમ જ થાય છે' વસંતી બોલી

'મને પણ '

'તો કરો સુધારો' વસંતી બોલી

આપણે તૈયાર છીએ' નિરંજન બોલ્યો

'રહેવા દેજો' સૂર્યકાન્ત બોલ્યો 'મારે આ પવિત્ર નિશ્ચય વખતે હાજર નથી રહેવું' એ હસતાં હસતાં ઊઠવા લાગ્યો

'તું ગભરામાં, તું જઈશ તો આ વસંતનો બધો વટ માર્યો જશે, પછી એની બહાદુરીની સાક્ષી કોણ પૂરશે?'

સૂર્યકાન્ત બેઠો 'પણ તમારે આમ લડવું ન જોઈએ'

'કોણ લડે છે સૂર્યભાઈ? તમને કોનો વાંક લાગે છે?'

'આવી લડાઈમાં એ જ ખબર પડતી નથી તમે બંને પૂરેપૂરા લુચ્ચા છો'

'એ મ ?' વસંતે લહેકો કર્યો

'હા, અને તમે કદાચ વધારે'

'વાહ' નિરંજન સાથે આખો વખત રહેવું છે એટલે માખણ દયો છો ?'

'ના, ના એમ કરું તો માખણની અછત થઈ જાય અને પછી તમને ભારે મુશ્કેલી ઊભી થાય તમારે તો દરરોજ એની જરૂર પડે'

નિરંજન હસી પડ્યો વસંતને તુરત જ ઘા ન સૂઝ્યો એટલે એણે જૂની વાત કરી

'નિરંજનને સુધારો કરવો હોય તો હું તૈયાર છું'

'હું તો છું જ' નિરંજન બોલ્યો

'પણ હું હાજર રહેવા તૈયાર નથી'

'શા માટે ? વસંત બોલી 'નિરંજનની ઇચ્છાને તમારે માન આપવું જોઈએ બિચારાને છૂટવા દો ને!'

'બિચારો !' નિરંજન બોલ્યો

'સત્તર વખત' વસંત બોલી

'તો તું કોણ ?'

'બિચારી.' સૂર્યકાન્ત બોલી ગયો અને બધા હસી પડ્યા

* * *

સાંજે સૂર્યકાન્ત, નિરંજન અને વસંત 'ગૃહદાહ' જોવા ઉપડ્યા સૂર્યકાન્ત હાજર હોય ત્યારે તોફાન અને મશ્કરી ચાને જ એવો શિરસ્તો પડી ગયો હતો આ વખતે સૂર્યકાન્તે જ શરૂઆત કરી

'વસંતબેન, તમારે હવે ચેતતા રહેવાનું છે હો'

'કેમ ?'

'નિરંજન સુધારા માટે તૈયાર છે'

વસંત બોલવા જાય ત્યાં નિરંજન બોલી ગયો 'પણ એ સુધારો છૂટાછેડા ગણાશે અને છૂટાછેડા પછી ઊભા થતા ઉચ્ચ ધર્મો આપણે પાળવા પડશે'

વસંત નિરંજનના મો સામે જોઈ રહી એના મો ઉપર આનંદની લાલી પ્રસરી ગઈ આખો હસી ઊઠી અંગે અંગમાં એક પ્રકારની ઉત્તેજના આવી ગઈ

'એ મ ?' સૂર્યકાન્તે એ લહેકાનો ઉપયોગ કર્યો, 'ત્યારે તો તમે બહુ આગળ વધી ગયા છો'

'હા, છેક અંતઃપુર સુધી' નિરંજન બોલ્યો

નહિ, ખોટી વાત છે. માત્ર પ્રવેશદ્વાર સુધી' વસંત બોલી

'એ પ્રવેશદ્વાર સુધી, હું અંતઃપુર સુધી' જરા ગંભીર બની નિરંજન બોલ્યો

સૂર્યકાન્ત મૂંઝો બની બંને સામે વારા ફરતી જોવા લાગ્યો

'ખોટું કહું છું ?' નિરંજને વસંતને પૂછ્યું.

ખોટું જ'

'તો સાચું તમે કહો'

'તમે ?'

'જો પ્રવેશદ્વાર સુધી જ આવ્યાં હો તો 'તમે' જ કહેવું જોઈએ ને !'

'પણ 'તમે' જ ન ગમતું હોય તો '

'ગમાડવું જોઈએ'

'પ્રયત્ન છતાં પણ ન ગમે તો ?'

'તો પ્રયત્ન કરીને અંતઃપુરમાં ચાલ્યા આવવું જોઈએ' મો મલકાવીને નિરંજન બોલ્યો.

'ત્યા આવતાં કોઇ રોકતું હોય તો ?'

'તો એને ખસેડી નાખવુ જોઇએ.'

'ન ખસે તો ? ન ખેસવાય તો ?'

'તો ઢાંકડીમાં પાણી......'

'બસ, એ જ ને ?' વસંત બોલી

'બીજુ શું થાય?' નિરંજન બોલ્યો.

'તમે પાછી લડાઇ શરૂ કરી.' સૂર્યકાન્ત બોલ્યો.

* * *

'ગુહદાહ' જોઇને ત્રણે ય પાછા ફર્યા છેલ્લા દશ્યે નિરંજન અને વસંતના મન ઉપર ઊંડી છાપ પાડી. બને ગંભીર હતા. સૂર્યકાન્ત મૂંગો હતો. ઘેર પહોંચતા સુધી બહુ ઓછી જ વાતો થઇ. થોડીવાર ઘેર બેઠાં પછી સૂર્યકાન્ત ઊઠયો.

'કેમ, આજ અહીં જ સૂઇ રહે' નિરંજને કહ્યું

'અહીં નહિ ફાવે.'

'કેમ?'

'તમે લોકો લડયા કરશો.'

'ખોટી વાત છે તમે જશો તો અમે બને ગંભીર બની જશું.'

'લડાઈ કરતા ગાભિર્ય સારૂં'

'ના, લડાઇ સારી.' નિરંજન બોલ્યો

'ના, બંને સારા' વસંત બોલી.

'મને એટલે? તમે બને ?'

'ના, એમ તો આપણે ત્રણે ય.' વસત બોલી

'ત્રણ કોઇ દિવસ સારા હોય જ નહિ આપણે ત્યાં એ અપશુકન મનાયુ છે તે ખોટું નથી'

'પણ અહીં તો એ શુકન જેવું લાગે છે અમને તો તમારા વિના બહુ વખત નથી ફાવતુ તમને બને મિત્રોને ફાવે છે?' વસંતે પૂછ્યું.

'ફાવે જ તો. ત્રીજું કયાંથી કાઢવું?'

'તમે ય એકાદ શોધી કાઢોને સૂર્યભાઈ?' વસત બોલી

'મને જ કોઇ નહિ શોધી કાઢે'

'એવી આશાએ રહીશ મા. વસતે મને નથી શોધ્યો; મેં વસંતને શોધી કાઢી છે.' નિરંજન બોલ્યો.

'મને તો કોઇ હાથમાં નથી આવતું.'

'ખોટી વાત. સૂર્યા જ કહેતી હતી કે મોટાભાઇ જ્યાં હોય ત્યા ના જ પાડયા કરે છે.'

'સૂર્યા હજી નાની છે. પહેલાં એ મારૂં જ માનતી હમણાં બાએ એને હાથમાં લીધી છે એટલે મને-મોટાભાઇને જ પજવ્યા કરે છે.'

'પણ અરજીઓ આવે છે એ તો સાચી વાત ને?'

'હા, અને વાચતા હું ટાઢો બોળ થઇ જાઉં એવી આવે છે એ પણ સાચી વાત છે.'

'પણ તમારે જોઇએ કોના જેવી?' વસત બોલી.

સૂર્યકાન્ત જવાબ આપતાં અચકાયો નિરજન ઝટ લઇને બોલી ગયો, 'તારા જેવી.'

'વાહ!... ..એવી જ શોધી આપું તો!'

'તમારા જેવી બહુ છોકરીઓ છે?' નિરંજને જરા કટાક્ષમાં પૂછ્યું.

'હા, તમારા જેવા છોકરાઓ ઘણા હોય તો એવી છોકરીઓ જોઇએ જ ને!'

'શાબાશ' સૂર્યકાન્ત જોરથી બોલ્યો અને હસવા લાગ્યો. નિરંજન અને વસંત પણ હસી પડયા.

'અચ્છા, અબ મૈં જાતા હું' થોડીવાર રહી સૂર્યકાન્ત ઊઠયો.

'અજી ઠહર જાવ.' નિરજને હાથ ઝાલી સૂર્યકાન્તને બેસાડયો. પણ સૂર્યકાન્ત ફરીને ઊઠયો.

'બાની આજે તબિયત બરાબર નથી, અને આખો દિવસ આજે હું અહીંઆ જ રહ્યો છું.'

'સવારે ક્યારે આવશો?' વસંતે પૂછ્યું.

'સવારે તમે જ ત્યાં આવજો ને.'

'ક્યારે આવું? અને હા, એકલી કે બેકલી?'

'ત્રણી' સૂર્યકાન્ત હસ્યો. 'સવારે આઠ વાગે અને બેકલાં'

'એકલી જ આવું તો?'

'તો પણ ચાલશે'

'ઘણીવાર.'

નિરંજન મૂગો રહ્યો. વસંત એના સામે ટાંપી રહી. થોડીક ક્ષણો કોઇ કશું બોલ્યું નહિ.

'કેમ, ગંભીર બની ગયા?'

'કંઇ નહિ'

'ના, હું સમજી ગઇ. નિરંજન, બીજું કશું બનવાનું જ નથી'

'એ તો હું પણ જાણું છું.'

'તો પછી?'

'તને તકલીફ ખૂબ થશે.'

'મહેનત વિનાના ફળમાં મીઠાશ પણ ન હોયને?'

'હા, પણ મારે તો કશી જ મહેનત કરવાની નથી'

'છે, મને જોશ આપવાની.'

'એ મહેનત ન કહેવાય. એમાં તો મારો સ્વાર્થ છે.'

'અને મારો નહિ?'

'બંનેનો.' નિરંજન ધીમેથી બોલ્યો.

મોડી રાત સુધી વાતો કરતા બંને સૂઇ ગયાં.

❖ ❖ ❖

જગતમાં કશું જ અકારણ કે અકસ્માત નથી થતું, પણ બધા બનાવોની પાછળના કારણો મળે જ છે એવું પણ નથી બનતું. નિરંજન અને વસંત એકબીજા પ્રત્યે કેમ ખેંચાય છે એનો જવાબ કોઇ ત્રીજો માણસ તો ન આપી શકે પણ એ બેમાંથી કોઇ આપી શકે કે કેમ એ પણ શંકા છે. એ બંને કયારેક રસને ખાતર આવી વાતો કરે છે, પ્રથમ મિલનની ઘડીઓ સંભારે છે પણ બંનેમાંથી કોઇ એમ નથી કહી શકતું કે આ બધું શા માટે અને એ પ્રશ્ન ઊમરૂપમાં કોઇ દિવસ ઊઠતો જ નથી કારણો વિષે ભલે એ સશંક હોય પણ પ્રેમની ઉત્કટ સ્થિતિ વિષે તો બંનેમાંથી કોઇને શંકા નથી

નિરંજન એક નાના કુટુંબનો નાનો પણ શક્તિશાળી જુવાન છે અને વસંત એક મોટા કુટુંબની, કુટુંબના પ્રમાણમાં ઓછી શક્તિશાળી કુમારિકા છે એ બંનેના જોડાણમાં નિરંજનને પક્ષે કશી જ તકલીફ નથી. વસંતને પક્ષે તકલીફનો પાર નથી. વસંતમાં નિરંજન સાથે ઓતપ્રોત થઇ જવાની પ્રબળ વૃત્તિ નહોત તો પોતાના કુટુંબની પ્રણાલિકા સમજીને આ તરફ જોવાની હિંમત પણ ન કરત, પણ નિરંજન વિના એના માટે જીવન અસહ્ય હતું. નિરંજન સાથે એ તોફાન કરતી, બેપરવાઇ પણ બતાવતી પણ પોતાની સાચી સ્થિતિનું એને સ્પષ્ટ ભાન હતું અને નિરંજન પણ એથી સાવ અજાણ્યો નહોતો. પરંતુ નિરંજનનો પ્રેમ વસંતની પ્રબળ ઇચ્છા ઉપર જ અવલંબેલ હતો એમ કહીએ તો એ ખોટું થશે કારણ કે એના અંતરમાં વસન્તનું અનેરૂં સ્થાન હતું બંનેના પ્રેમના સ્વરૂપમાં અને આવિર્ભાવમાં ફરક તો હતો જ. પણ એ તો બહુ ઊંડા ઊતરીને જોઇએ તો જ દેખી શકાય એવા સૂક્ષ્મ રૂપમાં બાહ્ય દૃષ્ટિએ બંને એક બીજા માટે ઝંખતા ને ઝૂરતા. એકબીજાના સ્મરણમાં રચ્યા પચ્યા રહેતા અને મળતા ત્યારે કશાયે ક્ષોભ વિના ઢળી પડતા સૂક્ષ્મ રીતે જોઇએ તો વસંત નિરંજનની સાથે જ જીવવા ઇચ્છતી અને એના સુખની અંતિમ કલ્પના સંયુક્ત જીવનની હતી નિરંજન વસંતની સાથે જીવવા ઇચ્છતો, એ ઘણા વખત સુધી ન મળી હોય તો જરા વ્યાકુળ પણ બની જતો પણ એના સુખની અંતિમ કલ્પના વસંતનું સુખદર્શન હતી વસંતને સુખી જોવા માટે જો વસંતને પણ છોડવી પડે તો છોડવા તત્પર થઇ જાય એવો હતો, કારણ કે પોતાનું સુખ એમાં જ સમાયેલું એને લાગતું હતું. એટલે પ્રેમીઓની પેઠે વસંત મરી શકે એટલી જ એના મનની તૈયારી નહોતી, એટલી તો વસંતની પણ નિરંજન માટે હતી પણ જરૂર પડે તો વસંતના સુખ માટે પોતાના જીવન ઉપર જખમ વેઠવાની પણ એની તૈયારી હતી અને એમાં જ એના પ્રેમદેવતાને પૂરેપૂરું પ્રાગટ્ય મળે એમ હતું. અને એટલે જ મશ્કરીમાં પણ છૂટા થવાની વાત આવતી ત્યારે એ કહેતો કે 'આ છડાછેડા ગણાશે અને છડાછેડાના ધર્મો હું પાળીશ' એ માનતો કે જીવનમાં લગ્ન એક જ વખત થઇ શકે એ નિષ્ફળ જાય કે ફોક જાય તો બાકીની જીંદગી માણસે એમને એમ ખેંચી કાઢવી

જોઈએ એની આ માન્યતા વસંત જાણતી હતી અને જ્યારે એ માન્યતાને સ્વપ્નમા કે ભાનભાવમા એ જોતી ત્યારે પોતાના અહોભાગ્યના ખ્યાલથી ગર્વિત બની જતી.

સૂર્યકાન્ત નિરંજનનો મિત્ર હતો, વસંતનો પણ મિત્ર હતો એ પ્રથમથી જ જાણતો હતો કે વસંતના માતા પિતા એને પોતાની સાથે જોડવા ઇચ્છે છે પણ વસંતના હૃદયની પણ એને ખબર હતી એ'ને એના જાગૃત હૃદયમા વસંતને પોતાની કરવાની કલ્પના કોઈ દિવસ આવી જ નહોતી એ વસંત નિરંજનને સાથે જોઈ અંતરથી રાચતો હતો અને એ યુગ્મ ઉપર પ્રેમ અને સહાનુભૂતિ વર્ષાવતો હતો વસંત અને નિરંજનમા પરિસ્થિતિ વસંતની વિકટ હતી અને બીજી રીતે પણ નિરંજન કુમાર હતો અને વસંત કન્યા હતી એટલે વસંતની વિકટ પરિસ્થિતિ વધુ વિકટ બનતી આ વિકટ પરિસ્થિતિનો સૂર્યકાન્તને પૂરો ખ્યાલ હતો અને તેથી એ વસંત પ્રત્યે એક પ્રકારનું મમત્વ અનુભવતો વસંતને દુ ખ ન થાય એ તરફ એની હમેશ વધુ કાળજી રહેતી એ જ્યારે ને ત્યારે વસંતને ઘરની સ્થિતિ પૂછતો અને આશ્વાસન તથા હિંમત આપતો વસંતને સૂર્યકાન્તનું આ વર્તન મહાદ નીવડતું અને ગમતું એ સૂર્યકાન્ત સાથે મજાક કરતી પરંતુ એના અંતરમાં સૂર્યકાન્ત પ્રત્યે વડીલનો ભાવ હતો

આ ત્રિપુટીના દિવસો મોજથી પસાર થતા હતા આખી જીંદગી આ રીતે જ જઈ શકે તો કોઈ લગ્નની એટલે કે લગ્નવિધિની કે સંસારસુખની ઇચ્છા કરે એમ નહોતું ત્રણેયના જીવનમા વ્યક્તિ પ્રત્યેના પ્રેમાકર્ષણ છતા ઉંચા આદર્શો હતા અને એ આદર્શોને જીવનમા ઉતારવા ત્રણેય મથતા હતા નિરંજન અને વસંતની ભાવી કલ્પનામા કાશ્મીરની કુંજોનું પરિભ્રમણ ક્યારેક જ આવતું, જ્યારે માનવતાને વિકસાવવાની અને પ્રગટ કરવાની આ યોજનાઓ એ હમેશ વિચારતા

શુદ્ધ અને શાન્ત રીતે દિવસો વહે જતા હતા એ ત્રણમાંથી તો કોઈને કશો ભય નહોતો પણ આજુમા જુના મિત્રોમા વાત થતી હતી કે આ લોકો ક્યારેક પેલા ભયાનક 'પ્રેમત્રિકોણ' માં આવી જવાના છે ક્યારેક આમના કાન સુધી શબ્દો પહોંચી જતા પણ એ ત્રણેય ત્યારે હસી કાઢતા કોઈના અંતરમાં મેલ નહોતો, અવિશ્વાસ નહોતો, જે છે અને જે થવાનું છે તે વિષે પૂરેપૂરી શ્રદ્ધા અને સહાનુભૂતિ હતાં એટલે આ ત્રણેય મિત્રો 'પ્રેમત્રિકોણ' ના ભય વિષે બેપરવા બની પોતાનો પ્રવાસ કરી રહ્યા હતા

બીજે દિવસે સવારે નિરંજન અને વસંત તૈયાર થઈને સૂર્યકાન્તને ત્યાં ગયા ત્યારે સૂર્યકાન્તે એમના સ્વાગતની તૈયારી કરી રાખી હતી વસંત અને નિરંજને આવા શિષ્ટાચારની આશા નહોતી રાખી પણ બધુ જોઈને પ્રસન્ન થઈ ગયા સૂર્યકાન્ત એ બન્ને સાથે હસતો હતો અને મશ્કરી કરતો હતો છતાં કોઈ મોંઘેરા મહેમાન પોતાને આંગણે આવ્યા છે એ ભાન એનાથી ભૂલાતું નહોતું પંદર સોળ વર્ષની સર્યૂ વસંત પાસે આવીને બેઠી હતી વસંત એના સાથે ગેલ કરતી કરતી ઘરની વાતો પૂછતી હતી અને બધા એમા રસ લેતા હતા

'હુ અહીં રહુ ?' વસંતે સર્યૂને પૂછ્યું સર્યૂએ માથું હલાવી હા પાડી અને ઉમેર્યું 'તો મોટાભાઈને બહુ જ ગમે '

'પણ બાને ન ગમે ?'

'ના, ના બા તો બહુ જ રાજી થાય '

'તું ?'

'હુ ? હુ તો તમારા પાસે જ રહુ '

'તો હુ રહી જઈશ હો ?'

'રહી જાવને '

'પણ મોટાભાઈ ક્યા કાંઈ બોલે છે ?' વસંતે સૂર્યકાન્ત સામે જોયુ

'મારે બોલવાની જરૂર છે ?' સૂર્યકાન્તે પૂછ્યુ

'હા, અને નિરંજનની પણ રજા જોઈએ ને ?'

'મારી રજા ? વાહરે વાહ, અત્યારથી જ આજ્ઞાંકિત બનવા લાગ્યા ' (અનુસંધાન પાન ૭૭૨ મે)

પૈસાનું નૈતિક મૂલ્ય

શ્રી. 'अ'

['સંસ્થાદ્વારા પગાર લઈને દેશસેવા કરવી કે જાતમહેનત કરી, પેટપૂરતું કમાઈ, બચત સમયમાં ?' એક ગ્રામસેવકે પૂછેલા આ પ્રશ્નનો ઉત્તર એક વિચારકે બહુ ઝીણવટથી અને વિગતથી આપ્યો છે તે અહીં રજૂ થાય છે. મહાન્ વિચારક રસ્કિનના જાતમહેનત અને પૈસાના નૈતિક મૂલ્યના સિદ્ધાંતને અત્યંત બારીકાઈથી આ લેખમાં છણવામાં આવ્યો છે. સં.]

કેટલાક કહે છે કે કોઈપણ ધંધો કરીને પોતાનું ઘરખર્ચ મેળવવું અને બાકી રહેતા સમયમાં બને તેટલું સમાજહિતનું કામ કરવું એ વધારે સારું, જ્યારે બીજાઓ કહે છે કે બધો સમય જાહેરકાર્યમાં ગાળવો અને પોતાનું ખર્ચ કાઢવા કોઈપણ સંસ્થાના પગારદાર બનીને રહેવું એ વધારે સારું. એવી પણ દલીલ સંભળાય છે કે બાંધેલ પગારે ગામડાઓમાં કામ કરીએ તો લોકોને આપણા કામની છાપ ઓછી પડે, જો ધંધો કરીને સાથે સાથે કામ કરીએ તો ગામડાના લોકોની લાગણી વધારે પ્રમાણમાં જીતી શકાય.

આવી દલીલોના અંદર બન્ને પક્ષે એટલું તો સ્વીકારેલું હોય છે કે કામ કરનારને જેટલું ઘરખર્ચ આવશ્યક છે તે તેને મળવું જોઈએ. અને એ મળે તેમાં કાંઈ ખોટું નથી માત્ર તે ખર્ચ કેવી રીતે મળવું જોઈએ એ પ્રશ્ન ઉપર જ મતભેદ છે. ધંધો કરીને મેળવનાર ઓછો સમય જાહેરકામમાં આપી શકે એવો સંભવ છે. પગારદાર વધારે સમય આપી શકે એ દેખીતું છે. ધંધો કરીને કમાનાર વ્યાજબી રીતે પૈસો મેળવે છે એમ મનાય છે. પગારદાર ધર્માદાનું ખાય છે એવી છાપ રહી જાય છે. ધંધા પાછળ વખત જાય એટલો સ્વાર્થ ખાતર વખત કાઢ્યો એવી સમજણ છે. સંસ્થાના કામ કરનારાનો બધો વખત સામાજિક કાર્યમાં જાય છે એવું માની લેવામાં આવે છે. ધંધો કરીને કમાનારના સ્થળ, કામનાં બંધન સેવાને મર્યાદિત કરે છે પગારદાર આ રીતે બંધનમુક્ત છે. આ બધું બન્ને પક્ષના વિચારનારાઓને માન્ય છે છતાં પ્રશ્ન રહે છે કે કઈ રીતે કામ કર્યું હોય તો સારું ? ધંધો કરતાં કે પગારદાર બનીને !

આવો સંશય મનમાં રહ્યા કરે . કારણ મનમાંથી અસર જતી નથી કે (૧) પગારદાર રહીને લોકોમાં કામ કરવાથી લોકો ઉપર સેવાની એટલે કે ત્યાગની ઓછી છાપ પડે છે. (૨) દુનિયાના ચાલુ ધંધામાંનો કોઈપણ એક ધંધો કરીને કમાઈએ તે હકપૂર્વક મેળવેલું. અને સંસ્થાના ફંડમાંથી પગાર રૂપે મેળવીએ તે ધર્માદાનું લાગે છે. (૩) ધંધામાં ખર્ચેલો વખત સ્વાર્થમાં ખર્ચેલો અને સંસ્થાના કામમાં ખર્ચેલો વખત સેવામાં ખર્ચેલો લાગે છે

આ ત્રણે મુદ્દાનો વિશેષ વિચાર કરવાનો આ લખાણનો ઉદ્દેશ છે. ધંધાનું વિચારીએ તો ભંગી કે ખેડૂતનો ધંધો સ્વાર્થનો ધંધો છે અને સમાજ સેવા નથી એમ કોઈપણ માણસ છાતી ઠોકીને નહીં કહી શકે. તેવું જ ઘણા ધંધા વિષે છે એટલે પોતાના ધંધામાં વખત ખર્ચવો એ સ્વાર્થના કામમાં વખત ખર્ચ્યો માનવો અને જાહેર સંસ્થામાં કામ કરવાના ધંધાને જ સેવાનું કાર્ય માનવું એ વ્યાજબી નજ કહેવાય. છતાં લોકો તો એમ જ માને છે કે પોતાનો નિભાવ કરવા માટે કોઈ માણસ ધંધામાં જેટલો વખત રોકે તેટલો વખત તે સેવા નથી કરતો આપણને પણ ઊંડે ઊંડે એમ જ લાગે છે. તેનું કારણ શું?

કોઈપણ ધંધો પ્રામાણિકપણે કરીને કમાઈએ તે વ્યાજબી કમાણી અને ફંડફાળો કરીને પગાર મેળવીએ તે ધર્માદાની કમાણી એવા ખ્યાલને આધાર શો છે? ધંધો કરનાર પણ અમુક વખત મહેનત કરે છે તેના બદલામા તેને પૈસા મળે છે સંસ્થામા કામ કરનાર પણ તેટલો અથવા કદાચ તેથી વધારે વખત મહેનત કરે છે તેના બદલામા તેને પૈસા મળે છે બન્ને મહેનત કામનું વળતર હોઈ સરખું જ વ્યાજબી વળતર છે છતા લોકો એકને ન્યાયભરની વ્યાજબી કમાઈ અને બીજાને ધર્માદાનું દાન સમજે છે. આપણને પણ ઊંડે ઊંડે કંઈક તેવું જ લાગે છે તેનુ કારણ શુ?

ત્યાગની લોકો ઉપર છાપ પડવાની બાબત લઈએ તો ધંધો કરીને ત્રીશ રૂપિયા કમાઈ ખર્ચનાર અને પગારમાં ત્રીસ રૂપિયા કમાઈ ખર્ચનાર બન્ને ત્રીશ રૂપિયા, જેટલો ભોગ પૂરો પાડી શકે તેટલો સરખો જ ભોગવે છે. ધંધો કરનારનો રૂપિયો જેટલાવાર કાપડ કે જેટલા શેર ઘી લાવી શકે તેટલા જ વાર કાપડ અને તેટલું જ ઘી પગારદારનો રૂપિયો પણ લાવી શકે છે. એટલે ત્રીસ રૂપિયા મેળવનાર બન્ને ભોગમાં એટલે પરિણામે ત્યાગમાં પણ સરખા જ છે. છતાં એકની સેવામાં ત્યાગની અસર પડે અને બીજાની સેવામાં તેટલી ત્યાગીની અસર ન પડે એ આમ હિસાબ કરીને જોતા માની શકાય તેવું નથી છતાં આપણા ઘણાખરાનો અનુભવ છે કે લોકોના હૃદય ઉપર બન્નેની અસર જુદી જુદી પડે છે તેનું કારણ શું?

કારણ એ કે દરેક રૂપિયાની આર્થિક કિંમત સરખી જ હોવા છતાં તેની નૈતિક કિંમત જુદી જુદી હોય છે. લોકો પૈસાની નૈતિક કિંમતનો આ ખ્યાલ સ્પષ્ટપણે સમજતા નથી, છતાં કાર્યકારણ પરિણામનો સંબંધ સમજ્યા વિના પણ જેમ કોઈપણ નૈતિક સિદ્ધાંત મનુષ્યના હૃદયને અજાણપણે અને આપોઆપ આંતર-પ્રેરણા આપી શકે છે અને બુદ્ધિ મદદ વિના જ તેના હૃદયમાં ખરા ખોટાનો ભેદ પરખાવી શકે છે તેમ પૈસાની નૈતિક કિંમતના આ સિદ્ધાંતનું પણ છે પૈસાની નૈતિક કિંમત વિષે કોઈપણ સમજતા નહિ હોવા છતાં આ સારું અને આ ખરાબ એમ માણસ જાણી જાય છે આ સિદ્ધાન વિષે મહાન વિચારક રસ્કિને મજુરોને ઉદ્દેશીને જે પત્રો છપાવેલા છે તેમાં બહુ સુંદર રીતે લખ્યું છે એમાંનું થોડું ઘણું જાણવાથી આપણે આપણા પ્રશ્નો વધારે સારી રીતે સમજી શકીશું. અર્થશાસ્ત્રીઓ કહે છે કે, "નાણું એટલે વિનિમયનું એક જડ સાધન." પાલી ભરીને દાણાને બદલે પાલી ભરીને બોરા મળે તો એવી આપલેમાં જેવી પાલીની ઉપયોગિતા તેવી નાણાથી વ્યવહાર ચાલતો હોય ત્યાં નાણાની ઉપ-યોગિતા. જેમ એક સ્થળના દરેક માણસની પાલી સરખી જ હોય છે તેમ દરેક રૂપીઓ પણ સરખો જ હોય છે. પરંતુ જોકે દરેક રૂપીઆ ઉપરની મોહર એક જ જાતની હોય છે અને વેપારી દૃષ્ટિએ દરેક રૂપીઓ સરખો જ માલ ખરીદી શકે છે છતાં નૈતિક દૃષ્ટિએ દરેક રૂપીઆ ઉપરની મહોર વાપરનારની સંસ્કારિતા પ્રમાણે વિવિધ રૂપ ધારણ કરે છે અને વિવિધ પ્રકારની નીતિ પેદા કરી શકે છે.

જેની જરૂર હોય તે વસ્તુ જ્યાં સુધી રૂપીઆ આપીને ખરીદાય ત્યા સુધી ગેરવ્યાજબી નથી અને રૂપીઆ આપ્યા વિના—એટલે કે ચોરી કરીને માલ લેનાર જ માણસ અનીતિમાન અને ગુનેગાર ગણાય—એવું ચાલુ અર્થશાસ્ત્રનું શિક્ષણ આપણા સમાજમાં રગે રગે વ્યાપેલું છે અને આપણું નીતિનું ધોરણ પણ અર્થશાસ્ત્રની આવી

માન્યતા ઉપર રચાયેલું છે.

જે વસ્તુની માણસને જરૂર હોય ને બજારમાંથી મળવાને બદલે, જો મંદિરમાં દેવ પાસે એ વસ્તુની કિંમત ધરવાથી દેવ તે અંતરીક્ષમાંથી ઉતારી દેતા હોય, અગર તો વસ્તુની કિંમત જેટલું નાણું ભોંમાં દાટવાથી તે વસ્તુ ત્યાં આપોઆપ ઊગી નીકળતી હોય તો અર્થશાસ્ત્રનું એ શિક્ષણ અને એ શિક્ષણ ઉપર રચાયેલી નીતિ વિષેની માન્યતા વ્યાજબી ગણાત. પરંતુ કોઈપણ વસ્તુ એમ જીવતા આત્માવાળા માણસના સંપર્ક વિના પેદા થતી નથી. વસ્તુમાં કેવળ જડ વસ્તુ નથી પણ વિકાસ માટે મથી રહેલા આત્માવાળા માણસના અમૂલ્ય જીવનના અમુક અંશે પ્રકૃતિના કલ્યાણકારી તત્ત્વોમાં લીધેલું ચોક્કસ રૂપ છે. પૈસાના બદલામાં જ્યારે આપણે અમુક ચીજ લઈએ છીએ ત્યારે કોઈ જડ ચીજ નથી લેતા પણ અમુક માણસોના જીવનના અમુક હીસ્સાએ લીધેલા મૂર્ત સ્વરૂપને લઈએ છીએ.

જો આમ નહોત અને રૂપીઓ માત્ર જડ વસ્તુ જ ખરીદી શકતો હોત તો માણસ રૂપીઆનું શું ખરીદે છે? શામાટે ખરીદે છે? તેની પંચાતમાં આપણે ઉતરત નહિ. લાખોપતિઓ અને રાજા-મહારાજાઓ પોતાની દોલત કેમ વેડફે છે તેની આપણને જરાપણ ચિંતા રહેત નહિ અને અર્થશાસ્ત્રીઓની પેઠે આપણે પણ કહેત કે માણસ મરજી પડે તે ભાવ પૈસા આપીને ખરીદે-અને ચોરી ન કરે ત્યાં સુધી કાંઈ જ અનીતિ નથી. કાંઈ જ ગુનો નથી.

પણ હકીકતે તેમ નથી. રૂપીઓ અમુક માલ ખરીદવાનું સાધન જ માત્ર નથી પણ અમુક માણસોએ અમુક રીતે જ જીવન ગાળવું એવી અફર આજ્ઞા કરતો કડક ફતવો છે. જ્યારે એક મીલની ધોતી ખરીદીને હું રૂપીઓ ફેંકું છું ત્યારે હું રૂપીઓ જ નથી ફેંકતો પણ તેમાં સંતાએલો એવો તાકીદી હુકમ ફેંકું છું કે ઘોર અંધારામાં, પૃથ્વીની અંદર કેટલાએ માઈલ ઊંડે ઝેરી વાયુની વચમાં જીવન ગુમાવનાર, કોલસાની ખાણની અંદર, અમુક મજુરે, અમુક વખત સુધી કામ કરવું અને લોઢાને પણ ઓગાળી નાખે એવી ગરમીની પાસે શેકાતા શેકાતા, અમુક માણસે, અમુક કલાક સુધી મીલના સંચા ચલાવવામાં મદદ કરવી, અને પોતાનાં ધાવણાં છોકરાને બચપણથી જ, અશીક્ષિત બનાવી રખડતું મૂકી, અમુક માતાએ પોતાની મહત્ત્વની કુદરતી લાગણીને કચરીને, ભ્રષ્ટ કરનાર સંજોગો વચ્ચે, સૂર્યનાં દર્શન ન થાય તેટલા કલાક સુધી, મીલમાં કામ કરવું, અને...અને...અને એવા એવા ઘણા ઘણા જહાંગીરી હુકમો જરાપણ ભાન વિના જ્યારે જ્યારે હું બજારમાંથી માલ ખરીદીને રૂપીઓ ફેંકું છું તેની અંદર ફેંકાઈ જાય છે. રૂપીઆની ઉપર ઊકેલી શકાય એવા અક્ષરો તો જૂજ છે પણ આવા અણઊકેલ્યા અક્ષરોમાં શું શું લખ્યું નથી હોતું? જેવો રૂપીઓ ખર્ચનાર તેવા વિધિના લેખ તે વાત ગુપ્ત લીપીમાં લખાઈ જાય છે. અર્થશાસ્ત્રીઓ તે ઊકેલી શકતા નથી અને તેથી કહે છે કે નાણું માત્ર વિનિમયનું જડ સાધન છે અને દરેક રૂપીઓ સરખો જ છે.

રૂપીઆમાં આમ અણઊકેલ્યા લખાતા ફતવાને અહીં વીધિના લેખ કહ્યા છે તેમાં જરાપણ અતિશયોક્તિ નથી. કોઈપણ સાર્વભૌમ સમ્રાટના ફતવા કરતાં પણ રંકમાં રંક માણસે રૂપીઆના ઓઠા હેઠે ફેંકેલો ફતવો વધારે બળુકો છે. સમ્રાટના ફતવાઓનું બળ લોકોની ભયની લાગણી ઉપર આધાર રાખે છે જ્યારે રૂપીઆના ફતવાના જોરને ક્ષુધા અને તૃષ્ણાનો આધાર છે. સમ્રાટો સામે બળવા થયા છે પણ રૂપીઆ સામે બળવા થયાના દાખલા ક્યાં છે? સમ્રાટના ફતવાનો ઇન્કાર કરતાં ફાંસી મેળવી દુઃખનો અંત આવે છે જ્યારે રૂપીઆના ફતવાનો ઇન્કાર કરનાર રીબાઈ રીબાઈને મરવાનો. જગમાં છે મોત સારું પણ રીબાવું નહિ સારું એમ માની રૂપીઆના ફતવામાં જે હુકમ છુપે તેને વીધિના લેખ માની આધીન થવામાં જ દુનીઆના તમામ લોકો જંપ મેળવે છે.

આમ રૂપીઓ માત્ર વિનિમયનું જડ સાધન જ નથી પણ ચેતનવંતા મનુષ્યના જીવનને વિરમાવવા કે

ફરમાવવાનો અત્યંત હથીઆર છે તેથી તેની સાચી કિંમત તેની અંદર કેટલું રૂપુ છે તેના અંદર નથી કે રાજ્યે તેની શી કિંમત છાપી છે તેના ઉપર નથી, કે તે કેટલો માલ ખરીદી શકે છે તેના ઉપર નથી પણ કેવો માણસ કેવી જાગૃત ધર્મબુદ્ધિથી તેનો ઉપયોગ કરે છે તેના ઉપર છે આમ તેનું નૈતિક મૂલ્ય ઘડાય છે આપણે દરેક કેટલી બધીવાર વિચાર કરીએ છીએ કે જો આપણા હાથમાં અધિકાર હોત જો આપણા હાથમા રાજ્યસત્તા હોત, જો આપણા હાથમાં અમલદારી હોત તો આપણે જનહીતનાં કેવા કેવાં કામો કર્યાં હોત પણ રાજ્યસત્તા અને અમલદારીની સત્તાથી વધારે શક્તિશાળી સત્તા આપણે જે નાણું બજારમા ખર્ચીએ છીએ તેમા વાપરી રહ્યા છીએ અને રાજા કે અમલદાર લોકોના જેવા દાન કરવાની હિંમત સુદ્ધા ન કરી શકે તેવા સારા કે ખરાબ દાન રૂપીઆના ફરમાનો કાઢી કાઢીને કરી શકીએ છીએ એનું આપણને પૂરું ભાન પણ નથી

રાજ્યવ્યવસ્થામા જે હોદ્દા વધારે સત્તાવાળો તે હોદ્દા વધારે કુશળ માણસને રાખવાની જરૂર પડે છે ઉલટ રીતે કહીએ તો જેવી માણસની કુશળતા તેના પ્રમાણમાં જ લોકકલ્યાણ છે સત્તાના સ્થાને બેઠેલો માણસ થોડી પણ ભૂલ કરે તો ઘણા માણસોને દુઃખમા લાવી મૂકે અને સત્તા વધારે તેમ ભૂલનુ પરિણામ વધારે ગંભીર તેથી લોકહિતની ખાતર જેની કુશળતા વધારે તેના હાથમા જ વધારે સત્તા રાખવી એવો રાજવ્યવસ્થાનો નિયમ છે પણ રાજ્યસત્તા છે તેનાથી ઘણી વધારે મોટી સત્તા અર્થની હોવાથી અર્થવ્યવસ્થામા પણ એ જ નિયમ લાગુ પડે છે જે વધારે કુશળ તેના હાથમા વધારે પૈસા ખરચવાની સત્તા મૂકવી જોઈએ પણ અર્થની બાબતમા તો કુશળતા એટલે નાણાની નૈતિક અસર સમજી તેનો ધાર્મિકપણે અમલ કરવાની શક્તિ એટલે જે માણસ પૈસાના નૈતિક મૂલ્યના સિદ્ધાંત પ્રમાણે રૂપિયાને વધારે ને વધારે મૂલ્યવાન બનાવી શકે તેના હાથમા વધારે રૂપિયા મૂકવા અને જે માણસ રૂપિયાને ઓછા મૂલ્યવાન બનાવી શકે તેના હાથમા ઓછા રૂપિયા મૂકવ એવું આથી નીપજે છે

અર્થશાસ્ત્રીઓ કહે છે જે માણસ ભૌતિક પદાર્થો વધારે ઝડપથી અથવા કુશળતાથી ઉત્પન્ન કરી શકે તેને વધારે પૈસા મળવા જોઈએ પૈસાની નૈતિક કિંમતનો સિદ્ધાંત કહે છે કે જે માણસ પૈસાનું નૈતિક મૂલ્ય વધારે નીપજાવે એટલે કે જેને પૈસો કેમ ખરચવો તેની આવડત હોય તેને વધારે પૈસા મળવા જોઈએ વ્યવહારમા આ સિદ્ધાંત કેવો પળાય છે તેના એક બે દાખલા લઈએ

કામ કરી શકે તેવો છતાં આળસને લીધે ગરીબ રહેલો માણસ મારી પાસે પોતાની ભૂખ ટાળવા માટે આટો લેવા એક કે બે આના માગે તેને હું દયા લાવી બે આના આપું તો આ સિદ્ધાંતની નજરે જોતા હું શું કરું છું? મારી દાનો અર્થ એ થયો કે ખરી રીતે બે આનાનું દાન નથી કર્યું, પણ કોઈ એકાદ ખેડૂત ઉપર એક આળસુ માણસ માટે મફત મજુરી કરવાનો મે હુકમ છોડ્યો છે અને એક ખેડૂતને એક આળસુ માણસ માટે ફોગટ કામ કરવાનો હુકમ કરવો એ ધાડ પાડવા જેવું જ થયું

આ બાબત વધારે સ્પષ્ટ થવાની જરૂર છે એક માણસ એક રૂપીઓ ચોરે છે ચોર છે એને કાઈપણ વ્યાજબી મહેનતના બદલામા રૂપિયો મેળવવાને બદલે તે ફોગટનો રૂપિયો છૂપી રીતે અથવા ખુલ્લી રીતે અથવા ખુલ્લી બળજબરીથી પડાવે છે તે રૂપિયો સાચો રૂપિયો છે પરંતુ તેનો માલ લેવા જતા ચોરીના રૂપિયાનો માલ જાણકાર વેપારી નહિ આપે કારણ કે સરકારને ખબર પડતા માલ પાછો આપવો પડે છતાં સરકાર તે રૂપિયો પડાવી લે અને માલ આપનારને માલ ફોગટમાં જાય ચોરી અથવા લૂંટ કરીને મેળવેલું ધન સાચું હોવા છતાં કાયદેસર માલ ખરીદવા માટે અયોગ્ય છે તેના બદલામા કોઈ માલ આપે તે તેના ઘરનો જાય તેવું જ બીજી કોઈ મહેનત કર્યા વિના મેળવેલા ધન વિષે છે ભિખારીને મે આપેલા બે આના પણ ચોરીનું જ ધન છે કેમકે તે તેણે કોઈ યોગ્ય મહેનત કરીને મેળવેલું નથી ભીખ માગીને ખુશામત કરીને કે પગાર લીધા વિના કોઈ કઈ પૈસા મેળવે તો

તે ચોરીનું ધન બને. એવા ધનના બદલામાં ખરી રીતે કાંઇ માલ મળવો જોઇએ નહિ. એ ધનની બાહ્ય કિંમત તેવા બીજા ધનના જેટલી જ છે, પરંતુ તે વાપરનારનો તેના ઉપર નૈતિક અધિકાર નહિ હોવાથી નૈતિક રીતે મૂલ્ય કાંઇ જ નથી. એવી રીતે મેળવેલો રૂપિયો અને એવડી જ ઠીકરાની ચકરડીની નૈતિક કિંમત સરખી જ છે.

હાલના મૂડીવાદીની દષ્ટિએ રચાએલા અર્થશાસ્ત્ર પ્રમાણે ઘડેલા કાયદાથી એવો હરામનો મળેલો રૂપિયો આપી તેના બદલામાં કોઇ ખેડૂતે પરસેવાથી પેદા કરેલ અનાજ મળી શકે છે ખરું; પણ તેથી મહેનત કરનાર વર્ગ જ દંડાય છે. અને એમ થવામાં આપણે કારણભૂત થઇએ તો આપણે તેમને દંડીએ છીએ એટલે જેને કાયદાથી ચોરેલું ધન મનાતું નથી છતાં જે યોગ્ય મહેનત કર્યા વિના મેળવેલું છે તે ધન, બન્ને ચોરીના જ ધન હોઇ, કોઇપણ માલ સરખાં જ નાલાયક છે. છતાં તેવા ધનથી કોઇ માણસ માલ ખરીદે અથવા કોઈ બીજાને માલ ખરીદવાની સગવડ કરી આપે, તો તે બન્ને દોષિત છે. કેમકે એવી રીતના હરામના ધનથી ખરીદેલો માલ છેવટે તો કોઇને ફોગટનો જ દેવો પડે છે.

જેવું ચોરીનું કે ભીખનું ધન છે તેવું જ પેન્શન કે જીવાઇનું ધન છે. શક્તિ હોવા છતાં કામ ન કરવું એ વાંક ચોરનો, ભિખારીનો અને જીવાઇદારનો સરખો જ છે. અમુક વર્ષ તાપ તપ્યાં અને વરસાદ ઝીલ્યો તેથી તેટલાં વર્ષ સુધી ઝાડને ફળ આવ્યાં. ઘણાં વર્ષ સુધી સારું સહન કર્યું, સારું કામ કર્યું અને સારાં ફળ પામ્યાં તેથી કાંઈ કોઇ સાલ તાપ ન સહે કે વરસાદ ન ઝીલે તો પણ તેને ફળ આવે એવું કુદરતમાં નથી. ઘણાં વર્ષો સુધી રખડપટ્ટી કરી અને શિકારમાં અત્યંત કુશળતા દાખવી તેથી કાંઇ કોઇ વનચરને તેના બદલામાં ફોગટનું ભક્ષ્ય મળતું નથી ઘણાં વર્ષો ખૂબ ખાધું માટે પાછળના વર્ષોમાં કાંઇ ભૂખ લાગ્યા વિના રહેતી નથી. તેમ જ કામ વિષે છે. જીવમાત્રો પોતે જીવે અને કુદરતનો ઉપભોગ કરે ત્યાં સુધી મહેનત કરી કુદરતના ચક્રને અનુસરવું જોઇએ એ નીતિસૂત્ર છે, જીવાઇ ભોગવવી કે નિવૃત્તિ લેવી કુદરતના નિયમ વિરુદ્ધ છે. તેથી તે પણ ચોરીની કક્ષામાં આવે છે.

આ દાખલાઓનો સાર એટલો જ છે કે ભીખ દેનાર, જીવાઇ દેનાર, નિવૃત્તિ લેનારને પોષનાર, કામ વિના અથવા થોડા કામને માટે માણસને નોકરીમાં રાખનાર, બધા જ પૈસાના આવા ખર્ચમાં તેનું નૈતિક મૂલ્ય હણે છે અથવા ઓછું કરી નાંખે છે. જેવો કામ કરી શકે તેવા માણસોને કામ કરાવ્યા વિના નભાવવા વિષે વિચાર કર્યો તેવો જ વિચાર કામમાં લઇ શકાય છતાં કામમાં લીધા વિના સંઘરી રાખેલી વસ્તુઓ વિષે પણ થઇ શકે. પણ અહીં આ દષ્ટિબિંદુ સમજવા માટે આટલાં દષ્ટાંત બસ છે.

આટલા વિચાર પછી હવે આ ધ્યાનમાં રાખીને આપણા મૂળ ત્રણ મુદ્દાનો વિચાર કરવાથી યોગ્ય નિર્ણય પર આવી શકાશે. પહેલો મુદ્દો એ છે કે ધંધો કરીને સેવા કરવાને બદલે પગારદાર બનીને સેવા કરવાથી લોકો ઉપર ઓછી છાપ પડે છે. પહેલું તો એ કે શહેરના એટલે કે ઉજળીઆત લોકો ઉપર અને ગામડાના એટલે કે મહેનતુ લોકો ઉપર એક જ જાતની છાપ પડતી નથી. શહેરના લોકો જેઓ સહેજે ૫૦થી૬૦ રૂપિયાનો મહિનો મેળવે છે તે તમારા ૨૫-૩૦ રૂપિયાના પગારમાં ત્યાગ જોઇ શકે છે જ્યારે ગામડીઆ તેમાં કાંઇપણ ત્યાગ જોઇ શકતા નથી. પણ આપણે ગામડીઆઓને જ ધ્યાનમાં રાખવાના છે તેઓના ઉપર જુદી છાપ પડે છે તેનું કારણ એ છે કે મૂડીવાદી અર્થશાસ્ત્રે હજી તેમનાં મગજને અભડાવેલાં નથી હોતાં તેથી તેમનાં અંતઃકરણમાં અણ-સમજ્યે કુદરતી ગંધ ઉઠે છે તે તેઓ સમજી શકે છે. જ્યારે ભણેલા કે શહેરી જીવનમાં ઉછરેલા લોકોની ઇંદ્રિય એવી ગંધ પારખવા જેટલી કોમળ રહી હોતી નથી.

મહેનતુ લોકને પગારદારની અમુક સૂગ પહેલી તો એ કારણે થાય છે કે તેઓ તેમને મળતા પગારના પૈસાનું નૈતિક મૂલ્ય વધારી નહિ શકે એવી તેમના ઉપર

છાપ પડે છે. અને કોઈપણ માણસ પૈસાનું મૂલ્ય ઘટાડે તો સરવાળે મહેનતુ વર્ગને જ રોવવાનું હોવાથી તેવા માણસ પ્રત્યે તેમને કુદરતી સૂગ થાય એ દેખીતું છે.

પગારદાર પૈસાનું નૈતિક મૂલ્ય નહિ વધારે એવો ડર રહે એ પણ અસ્થાને નથી. કારણ ઘણે ભાગે તો તેની સ્ત્રીને, તેના ઘરના તમામ બૈરાંઓને, જો સારો પગાર હોય તો તેના માબાપને પણ ચોરીનું ધન જ ખવરાવતો હશે. સ્ત્રીઓ અને વૃદ્ધોએ પણ અંગમજુરી કરવી જ જોઈએ—રળવું જ જોઈએ એમ કહેવાનો આશય નથી પણ અંગમજુરી ન કરે તો બુદ્ધિ મજુરી તો કરવી જ જોઈએ એમ કહેવાની મતલબ જરૂર છે. જેની પત્ની પોતાના જ બાળકને ઉછેરે છે તે તેમના ઉછેરમાં વિઘ્ન નાંખ્યા વિના પાડોશી મજુરણોનાં બાળકને તેની જ મહેનતે ઉછેરી શકે. આમ જે પત્ની બુદ્ધિ અને હૃદયની મજુરી કરે તેનો પતિ તેને ચોરીનું ધન નથી ખવરાવતો. અને ખરું પૂછો તો આજકાલની પત્ની પોતાના બાળકોને ઉછેરવાનું પણ ક્યાં કરે છે. તે તો તેમને શુંગારવાને મથતી રહે છે. અને છતાં પતિ તેને ફોગટનું ખવરાવ્યે જાય છે જેનામાં બાળકો ઉછેરવાની લાયકાત નથી તે સ્ત્રીએ તો મજુરણ જ રહેવું ઘટે. પણ આવી સ્ત્રીને પણ ઘરમાં નવરી નવરી નહિ પણ બાળકોના વિકાસને શુંગારવાના કામમાં રોકી રાખી પગારદાર પતિ તેને હરામનું ખવરાવ્યે જાય તો તે કસાઈને છુરી રાખવાના મહેનતાણા તરીકે જીવાઈ બાંધી આપ્યા જેવું થાય.

પણ, સામાન્ય રીતે પગારદાર આમ તેને મળતા પૈસાનું પ્રત્યેક મૂલ્ય શૂન્ય કરે જાય છે. એટલે પગારદારનો ધંધ જ મહેનતુ લોકોને શંકા અને અણગમો ઉપજાવે તો તેમાં કાંઈ નવાઈ નથી. કેટલાક પગારદાર કહેશે કે હું તેને પરણ્યો એટલે, મારે એને રોટલો પૂરવો જોઈએ કે નહિ! આનો જવાબ બીજા ઉદાહરણથી લઈએ. એક રાજ્યનો દિવાન રાજ્યની નોકરીમાં રહી, પોતાના સગાંઓને જુદી જુદી રકમની જીવાઈ રાજ્યની તિજોરીમાંથી બાંધી આપે તેને તમે શું કહો? તમે કહેશો કે ભાઈ, રાજ્યની તિજોરી આમ લૂંટો નહિ. તે દલીલ કરશે કે એ મારા સગાં છે તેથી તેમને નિભાવ કરી આપવો એ મારી ફરજ છે. તમને આ દલીલ ગળે નહિ ઉતરે. તમે કહેશો કે બહુ બહુ તો તું તેને રાજ્યની નોકરીમાં રાખ તેઓ નોકરી કરે અને પગાર ખાય તો પણ તું વગ તાણનાર તો ગણાઈશ જ છતાં તે કાંઈક ક્ષમ્ય હશે. આમ જ આપણે પગારદારને કહી શકીએ. તને પગાર મળે છે તે તું ખુશીથી ભોગવ, પણ જે દેહના માટે પગાર મળ્યો તે દેહને જ તે ભોગવવાનો. તેમાંથી તારાં સગાં સંબંધીઓને જીવાઈ આપવાની નથી. બહુ બહુ તો તેઓને તું કામે લગાડ કામ કરે ને ખાય. તેમાં પણ તું વગ તાણનાર તો ગણાઈશ જ પણ તે કંઈક ક્ષમ્ય હશે.

એટલે પગારદાર નાનો કે મોટો પગાર લે છે એમ કાંઈ લોકોમાં અણગમો પેદા થતો નથી પણ તે મળેલા પૈસાનું નૈતિક મૂલ્ય તોડી નાંખે છે તેથી અણગમો થાય છે. તથી તેની ખરાબ છાપ પડે છે. જો કોઈ માણસ ગામડામાં કામ કરે અને ૫૦૦ રૂપિયાનો પગાર લે પણ તે રૂપિયા નૈતિક મૂલ્ય વધે તે રીતે વાપરે તો અણગમો નહિ થાય પણ કદર થશે. બચરવાળ છે ભલે તેને પાંચ રૂપિયાનો પગાર વધો એમ લોકો કહે છે તેનો સાર એટલો જ છે કે બાળક ઉપર ખર્ચેલા પૈસાનું નૈતિક મૂલ્ય વધે છે. એટલે એવું ખર્ચ કરનારને વધારે પગાર ભલે મળે. એને આંધળા માબાપ છે તેને પંદર રૂપિયાનો પગાર તો જોઈએ જને! એમ કહેવાની મતલબ પણ એ જ છે કે યોગ્ય દયા દાન કરવાથી પૈસાનું નૈતિક મૂલ્ય વધે છે માટે તેવી રીતે ખર્ચનારને ભલે મોટો પગાર મળે. મદિરો, મઠો અને સંસ્થાના ચાલકો પાસે પુષ્કળ પૈસો આવતો અને ખર્ચાતો હોવા છતાં તેઓ પ્રત્યે અણગમો થતો નથી તેનું પણ એ જ કારણ છે. ધનપતિઓને પણ સ્થાન છે; તેઓ 'ટ્રસ્ટી' તરીકે રહે એવું ગાંધીજી કહે છે તેની પણ આ જ મતલબ છે.

ધંધો કરતાં કરતા સેવા કરનારથી લોકો ઉપર વધારે છાપ પડે તો તેનું એક કારણ એ છે કે જાતમહેનતના ધંધામાં ઓછી કમાણી હોવાને લીધે, તેમજ

મહેનતું વાતાવરણમાં હોવાને લીધે, ધંધો કરનારનાં બધાં કુટુંબીજનો કંઈને કંઈ મજૂરી કરે છે તેથી ધંધો કરનાર પૈસાનું નૈતિક મૂલ્ય સાચવી રાખી શકે છે. પણ પગારદાર પણ ધંધાદારની પેઠે જ પૈસાનું નૈતિક મૂલ્ય સાચવી શકે તેવું જીવન ગાળે તો તેના કામની લોકો ઉપર ઓછી છાપ ન પડે.

ધંધો અને સેવાનો ભેદ કેમ પડે છે તે પણ અહીં વિચારવાનું રહે છે. પગાર લઈને કામ કરનારની છાપ ઓછી પડતી હોય તો તેનું એક એ પણ કારણ છે કે તેનું કામ સેવાનું હોવાને બદલે ધંધાનું હશે. સેવાનું ધ્યેય જેની સેવા કરવાની હોય તેના હૃદયનો વિકાસ કરવાનું છે. જોકે લોકોનાં દુઃખદર્દો ઓછાં કરવાં એ સેવાનું કાર્ય સદા રહ્યું છે, છતાં દુઃખદર્દો તો પૃથ્વી ઉપર અનાદિ અનંત છે. દેહની સાથે જ તે જડેલાં છે. તે ટાળ્યાં ટળે તેમ નથી. માત્ર હૃદય એવું કરી શકાય કે જેથી દુઃખ દુઃખ ન લાગે. દર્દની પીડા પીડા ન કરે. હૃદયનો આવો વિકાસ કરવો એ જ અંતે તો એક શક્ય વસ્તુ છે. સ્થૂળ કે સૂક્ષ્મ બાહ્ય દુઃખદર્દો દૂર કરવાનો સેવા કરવામાં પ્રયાસ થાય છે. તે તેજ હેતુથી નથી થતો. પણ નિઃસ્વાર્થ અને પ્રેમથી નીતરતા હૈયાએ કરેલા પ્રયત્ન, સામા માણસના હૈયાને પણ જાગતું કરે અને એમ વિકસિત કરીને બાહ્ય સંજોગોથી પર એવા આનંદનો તેને અનુભવ કરાવે એ હેતુ સિદ્ધ કરવાનો છે. આવી રીતે હૃદયનો સ્પર્શ સાધી તેનો વિકાસ કરવાના સાધન તરીકે જ બાહ્ય સેવાનો ઉપયોગ છે. પણ જે કોઈ બાહ્ય સેવા કરે તે દરેક સામા માણસના હૃદયને સ્પર્શી શકે એવું નથી. એ માટે તો પોતાની શુદ્ધિ માટે સદા જાગ્રત અને હૃદયના સૂક્ષ્મ સંદેશાઓને ઝીલનાર, આત્માર્થી પુરુષની આવશ્યકતા છે. જે પોતાના હૃદયને ઢંઢોળી શકે છે તે જ સામાનાને સ્પર્શી શકે. એટલે જેને અંદરથી જ સેવા કરવાનો આદેશ મળે છે તે જ સેવા કરી શકે છે. બીજા સેવા કરનારા વૈદ કે પણ ઉપચારકો જેવા હિતસ્વી ઉપકારકો રહે છે ચોરીનો પણ ધંધો છે, મજૂરીનો પણ ધંધો છે, શિક્ષકનો ધંધો છે તેમ ધર્મગુરુનો અને સેવકનો પણ ધંધો જ હોઈ શકે છે, દરેક ધંધાદારી સાદાઈથી કે પ્રામાણિકપણે પોતાનું ગુજરાન કાઢે છે. અને પોતાને સોંપેલું કામ વફાદારીથી કરે છે. જ્યાં હૃદય ન પોકારતું હોય ત્યાં સેવાનો પણ ધંધો જ ગણી શકાય. કેટલાક ધંધામાં જડ શરીરનો વધારે ઉપયોગ પડે છે. કેટલાકમાં બુદ્ધિનો વધારે ઉપયોગ પડે છે. બુદ્ધિના ધંધામાં વધારે કુશળતા જોઈએ છીએ. પણ વધારે કુશળતા જોઈએ તેથી તે સેવા નથી થતી. તેમ જડ શરીરનો વધારે ઉપયોગ હોય ત્યાં સેવા મટી નથી જતી. જે કામને બીજા ના પસંદ કરતા હોય અને ત્યજતા હોય છતાં તે કામ સમાજના હિત માટે આવશ્યક ગણીને (ભંગી કે મોચીનું) કરવામાં પણ સેવાનો ધંધો થાય છે. કોઈ સંસ્થાના પગારદાર બનીને ખાદીકાર્ય કે હરિજનશિક્ષણ કરનારના સમાનપદે ઉપર કહ્યું તેમ ખેતી વગેરે હરકોઈ ધંધાનું કામ કરનાર છે. આ બધા જ કામ કરે છે અને પેટ ભરે છે. કોઈ વધારે મોજ કરે છે કોઈ ઓછી. પણ જો તે કાર્ય કરતાં કરતાં લોકો માટે તેનું હૃદય દયા કરે અને તેમના આત્માની સાથે પોતાનો આત્મા એકાકાર થવા મથ્યા કરે તો જ તે સેવાનો ધંધો કરનાર મટી કેવળ સેવક થાય. જેટલે અંશે તે સેવક થાય તેટલે અંશે તેની છાપ પડે. ભલે પછી તે પગાર લે કે ધંધો કરે.

એક કામ કરનાર ખાદીપ્રવૃત્તિ કરીને એક દિવસનો એક રૂપિયો કમાય છે તે રૂપિયાનું ઘર માટે અનાજ લાવે છે. બીજો એક ખેડૂત ખેતી કામના દિવસો અને ઉત્પન્નનો હિસાબ કરતાં એક દિવસના ખેતી કામ પેટે એક રૂપિયાની કિંમતનું અનાજ ઉત્પન્ન કરે છે. હવે આ રૂપિયાની કિંમતનું અનાજ ઉત્પન્ન કરવા માટે ખેડૂતે જે કામ કર્યું તે દિવસ તેનો સ્વાર્થના કામમાં ગયો એમ કહીએ તો ખાદીપ્રવૃત્તિને, જે દિવસ ઘર માટે અનાજ લાવવાનો રૂપિયો કમાવામાં ગયો તે દિવસ પણ ખાદી માટે નહિ પણ સ્વાર્થના ઘરકામ માટે કાઢેલો એમ જ કહી શકાય. એટલે ધંધાદારીનો સમય સ્વાર્થના કામમાં અને સેવકનો સમય સમાજહિતના કામમાં જાય છે એવું સમજવું ભૂલ ભરેલું છે. સેવક જેમ પોતાનું ઘરખર્ચ કમાતાં કમાતાં જે કાર્ય કરે છે તેમાં

સમાજનું હિત થાય છે તેમજ ખેડૂત પણ, પોતાનો રોટલો કમાતાં કમાતાં જે અનાજ ઉત્પન્ન કરે છે તેમાં સમાજનું હિત થાય છે. બન્ને એ રીતે જોતાં ધંધા છે અને સેવાના જ ધંધા છે. જ્યાં સુધી આપણે સમાજને પોષક ધંધો યોગ્ય મહેનત અને સમય ખર્ચીને વફાદારીથી કરીએ ત્યાં સુધી દરેક ધંધો સેવાનો જ ધંધો છે. અને દરેક ધંધામાં સમાજનું કામ થવા સાથે પોતાનું કામ થાય છે. માણસ પોતાની જવાબદારીથી કાંઇ ધંધો કરે કે સંસ્થામાં પગાર લઈને કોઇ કામ કરે તેથી તફાવત પડતો નથી. કોમ્યુનીસ્ટ રાજતંત્રમાં ખાનગી ધંધાની બધી કરી દરેક ધંધો સંસ્થાઓદ્વારા પગારદાર રોકીને ચલાવવામાં આવે છે ત્યાં બધા સંસ્થાના જ નોકરો છે એમ કહો અથવા બધા સેવકો છે એમ કહો

પણ જે લોકો ઉત્પાદક કાર્યના ધંધામાં પડવાને બદલે પૈસાનું નૈતિક મૂલ્ય હણનાર હાલના ધનિકોના શોખને પોષવા ખાતર, સંગીત શીખવવું, બાળકોની કાળજી રાખવી, મોટર હાંકવી, ફર્નીચર બનાવવું કે એવા જ ધંધા કરી ફાજલ વખતમાં સેવા કરવાની કે ફાજલ પૈસાથી સેવા કરવાની ઇચ્છા કરે છે તેઓ લોકોને પોલ મારી ગાય પંપાળવાનું કામ કરવા નીકળવાની ઇચ્છા કરવા જેવું કરે છે તેવા ધંધાને સેવાનો ધંધો કહી નહિ શકાય.

●

અમર આશા

. પૃથ્વી :

અયે સુહૃદ ! તાહરે પદ લળી, ભીના ઉરથી
ધરૂં પુનિત પ્રેમ અંજલિ, કઠોર થૈ કાં તદા
ચડાવી દઇ ઠોકરે ત્હું ધુતકારી કાઢે નફા ?
કરૂં હું તવ ગોદ માંહિ છૂપવા -ત્હુ હડસેલ કાં ?
ભૂલી જઇ હું ને તુમાં કંઈક ગાઢુ ઘેલું લવું
તદા દુખદ ભાન લાવી કયમ ઉરને ચીર ત્હું ?
ભલે તવ કઠોરતા થકી રહે ત્હું હણી મ્હને;
ભલે ગરળ ફૂંકથી પળ કરે મને મૂર્છિત;
ભરી મમ ઉરે સખે ! સભર ખાત્રી, કાઠિન્ય આ
તણા પડ નીચે અમીભર્યું મૃદુલ હૈયું ભીનું
રહ્યું ધબકતું.
અને અમર આશ મ્હારે ઉરે
જશે કઠિનતા તણું પડ ઘસાઈ કાલક્રમે,
અને અમીઝરો ફુટી દ્વિગુણ જોશથી, ધોધમાં
ડુબાવી મમ તપ્ત અંગ કરશે બધા શીતળ !

પ્રજારામ નરોત્તમ રાવળ

શિયાળાની રાત

શ્રી. 'હિમાંશુ'

પાત્રો

દાદુજી	—	પિતા
રામો મોહન		પુત્રો
મણિ		માતા

સ્થળ :—એકાદ બમજીવીના ઘરની ઓશરી.   કાળ :—શિયાળાની રાત્રિના નવ-દશ.

[એક ઓશરીને છેડે મણિ અને એની ગાય કડકડતી ઠંડીથી બચવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. બંને શરીરે સરખાં જ છે કારણ ગાયના પેટના ખાડા અને મણિના મોંની કરચલીઓમાં ખાસ ફેર નથી.

બરાબર આજ વખતે 'ખબ'...'ખબ' કરતો દાદુજી આવે છે. તે એક પટાવાળો છે. ખાખી લાંબા ડગલાને પાછળથી એક હાથનો ચીરો છે. અને ખંભે બ્રાહ્મણોની જનોઇની માફક પટો પડ્યો છે. માથેથી ફેંટાનો છેડો ઊતારી બુકાની બાંધેલી છે.

ઓશરી પાસે આવી જોડા ઊતારી, બુકાની છોડે છે ત્યારે જ તેનો ચહેરો દેખાય છે. પાંચ દસકા પસાર થઈ ગયા છતાય દાદુજી હજી ખડતલ છે.

પટો ઊતારી દાદુજી તાપણી પાસે બેસે છે. એટલે મણિ તેની સામે આવીને બેસે છે.]

મણિ : આવ્યા?

[એ પ્રશ્નમાં સ્નેહ નીતરે છે.]

દાદુ : છોકરાં હજી નથી આવ્યા?........આજતો મારેય મોડું થયું.

મણિ : (થોડાંક નવાં શડાં તાપણીમાં ઉમેરતાં)

આવતાં હશે........રોજ આટાણે જ આવે છે ને?

[એકાએક ઠંડા પવનની એક ફૂંક આવીને બંનેને ધ્રૂજાવી જાય છે. મણિ પોતાના ઓઢેલ સાડલાની સોડ વધુ સંકોરે છે.]

શિયાળાની રાત

શ્રી. ' હિમાંશુ '

પાત્રો

દાદુજી	—	પિતા
રામો મોહન		પુત્રો
મણિ		માતા

સ્થળ :—એકાદ શ્રમજીવીના ઘરની ઓશરી. કાળ :—શિયાળાની રાત્રિના નવ-દસ.

[એક ઓશરીને છેડે મણિ અને એની ગાય કડકડતી ઠંડીથી બચવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. બંને શરીરે સરખાં જ છે કારણ ગાયના પેટના ખાડા અને મણિના મોંની કરચલીઓમાં ખાસ ફેર નથી.

બરાબર આજ વખતે ' ખબ '...' ખબ ' કરતો દાદુજી આવે છે. તે એક પટાવાળો છે. ખાખી લાંબા ડગલાને પાછળથી એક હાથનો ચીરો છે. અને ખભે બ્રાહ્મણોની જનોઇની માફક પટો પડયો છે. માથેથી ફેંટાનો છેડો ઊતારી બુકાની બાંધેલી છે.

ઓશરી પાસે આવી જોડા ઊતારી, બુકાની છોડે છે ત્યારે જ તેનો ચહેરો દેખાય છે. પાંચ દસકા પસાર થઈ ગયા છતાંય દાદુજી હજી ખડતલ છે.

પટો ઊતારી દાદુજી તાપણી પાસે બેસે છે. એટલે મણિ તેની સામે આવીને બેસે છે.]

મણિ : આવ્યા ?

[એ પ્રશ્નમાં સ્નેહ નીતરે છે.]

દાદુ : છોકરાં હજી નથી આવ્યા !.........આજતો મારેય મોડું થયું.

મણિ : (થોડાંક નવાં રાડાં તાપણીમાં ઉમેરતાં)

આવતાં હશે.........રોજ આટાણે જ આવે છે ને ?

[એકાએક ઠંડા પવનની એક ફૂંક આવીને બંનેને ધ્રૂજાવી જાય છે. મણિ પોતાના ઓઢેલ સાડલાની સોડ વધુ સંકોરે છે.]

દાદુજી : તે શું થયું છે મોહન !

મોહન : તે આજે તો બાપુ ! શેઠે મોહનને એક તમાચો લગાવી કાઢ્યો.

મણિ : (એકદમ) તમાચો !...એટલું બધુ શું કરવા ?

મોહન : તે મારવો હોય તો મારે...પણ ગાળો શું કરવા...

[એકાએક મોહન અટકી જાય છે...રામો ડોળા કાઢીને ન કહેવાને સમજાવે છે]

(રામાને) તે એમાં ડોળા શુ કરવા કાઢે છે ! એતો તું બોલ્યા વગરનો બેગી રહે–મને તો એ એવી ગાળ દે ને તો સામી ચાર ચોપડુ

દાદુજી : શું થયુ છે રામા !

રામો : (ન છૂટકે) એતો આજે સવારે અમે મોડા ગયાને તે જરા વધુ વખત થઇ ગયો એટલે શેઠ જરા ખીજાયા અને એક નાની ટપલી મારી. ને...

મોહન : (વચ્ચે) ટપલી શાની ? આખો ગાલ તો લાલ લાલ થઇ ગયો'તો, અને મોડાય શેના ! રોજ કલાક તો આપણે લઇએ જ છીએ–આજ સવા કલાકમાં પણ ત્રણ મનીટ કમ હતી (દલીલ કરતાં) એ તે કાંઇ મોડું કે'વાય ! કોઇક દિવસ એમ પણ હોય ! અને પેલો મુનીમ કે' "કે એમને તો મીઠાઇઓ ખાવતીને ધોબીને ત્યાંથી કપડા લાવવાના એટલે વાર લાગેરતો ! " તે અમારે ઓછા ગલ્લામાંથી પૈસા ઉઠાવવા છે તે મીઠાઇ ખાઇએ અને કપડા ઉજળા રાખીએ તેમા એ શાનો બળે છે ? અમારા હાથના જોરે રાખીયે છીએને

મણિ : (દાદુજીને) તે તમે હાટડે જાવને ! મુનીમને અને શેઠને કો'ને કે છોકરાઓને આટલું બધું કેમ સતાવે છે

દાદુ : એતો હું જઇશ

રામો : એતો બધુ ઠીક બા ! પણ મારો તો શેઠે આઠઆના દંડ કર્યો .

મોહન : (આશ્ચર્યથી) ક્યારે વળી ? મને તો ખબર પણ નથી શુ થયું હતુ રામા !

રામો : એ તો એક કોફી પીનારને મે ભૂલથી સ્પેશીયલ બનાવી આપી તે એણે શેઠને ફરીઆદ કરી કે એને તો ચાહની બાધા હતી એટલે શેઠ ખીજયા અને અડધો રૂપીઓ દંડ કરી નાખ્યો પગાર આપે ત્યારે આખી આઠ રૂપરડી અને દંડ કરે ત્યારે અર્ધો–એ દિવસની રોજી.

મણિ : તે દિકરા ધ્યાન રાખીએને !

રામો : ધ્યાન ! ધ્યાન ! .. બા ! માણસ તે પછી કેટલુ ધ્યાન રાખી શકે ! સવારથી સાંજ સુધી...ભડભડતી સગડી ..ચાહ, ખાંડ, દૂધ સ્પેશીયલ કોફી .....અને એજ જૂના ઠીબડા .. ..મારું તો મગજ ફરવા માંડે છે બા ! સગડીની કને ઊભો રહી રહીને આંધળો તો થવા આવ્યો હવે બહેરો પણ થાશ ..અને તોય ઉપરથી શેઠના હુંકારા હુકારા ને માર–ખાણી રહ્યુ હોય એટલે દંડ .. ..

દાદુજી : એનો હું કાલે હાટડે જઇશ ને શેઠને મળી આવીશ વળી થોડાક રૂપીઆ પણ ત્યાંથી લાવવા પડશેને ! નહીં તો વળી રામાના લગન શી રીતે કરશુ ?

મોહન : (હર્ષમા) કોની ! ભાભી લાવવાની વાત કરોછો બાપા ! (મણિને) બા ! હવે તો ભૂખ લાગી છે

[મણિ ઊઠીને ઝૂંપડાની અંદરના ભાગમા થાળીઓ લેવા જાય છે]

(અનુસંધાન પાને ૭૭૧)

સદ્ગુરૂપરાયણ

માસ્ટર મહાશય

શ્રી. કાકા કાલેલકર

જેવી રીતે ન્યાયમૂર્તિ રાનાડેનાં ધર્મ વિષયક પુસ્તકોએ મને નાસ્તિકતાથી આસ્તિકતા તરફ વાળ્યો એવી જ રીતે સ્વામી વિવેકાનંદનાં મૂળ-ગ્રંથોને વાંચ્યા પછી હું 'સંત મત' તરફ વળતો થયો હતો. પણ સ્વામી વિવેકાનંદનું આ વાક્ય મારા અંતઃકરણને અસર કરી ન ગયું હોત કે, 'મારામાં જે કાંઇ છે તે બધું મને સદ્ગુરુ રામકૃષ્ણ પરમહંસ તરફથી મળ્યું છે,' તો સ્વામીજીને વાંચીને પણ મેં મારી 'પ્રાર્થનાસમાજી વૃત્તિ' ન છોડી હોત ધર્મનો આશય છે શ્રદ્ધા, નિષ્ઠા, અનુભવ અને સાક્ષાત્કાર. આ બધું સ્વામી રામકૃષ્ણમાં હતું, અને ખરેખર એઓ અવતારી પુરુષ હતા; યુગ પુરુષ હતા. મને આજે પણ એવું જણાય છે કે અંગ્રેજી શિક્ષણથી વિશેષ પ્રભાવિત હોવાથી અને સ્વામી વિવેકાનંદનો ઉપદેશ પણ અંગ્રેજીમાં હોવાથી જ તે વધુ હૃદયંગમ થઇ શક્યો

મેક્સમૂલરે પ્રગટ કરેલ રામકૃષ્ણ પરમહંસના ઉપદેશ પણ એટલા હૃદયંગમ ન થઇ શકત જો એ પહેલાં વિવેકાનંદને ન વાંચ્યા હોત

અંગ્રેજી ભાષાના આકર્ષણ ઉપરાંત સ્વામી વિવેકાનંદની વિવેચન શૈલી પણ ધ્યાન દેવા જેવી છે એમને એ વાતનો સ્પષ્ટ ખ્યાલ હતો કે એમણે પોતાની વાતો બુદ્ધિવાદી જગત સમક્ષ રજુ કરવી હતી સાથે સાથે તે જ શૈલીથી નિરૂપણ કરવામાં પણ તેઓ સિદ્ધહસ્ત હતા.

સ્વામી વિવેકાનંદે રાજકારણમાં કદી ભાગ નથી લીધો છતાં એમની નસેનસમાં દેશાભિમાન ભર્યું હતું. આ વિચારને એમણે જ જન્મ આપ્યો હતો કે, પતિત ભારત પ્રબુદ્ધ ભારત બનીને સંસારભરનું ગુરુપદ ગ્રહણ કરે. અને એ અનુસાર એમને અનેક પ્રાશ્ચાત્ય અનુયાયીઓ પણ મળ્યા એમાંનાં ભગિની નિવેદિતાનું નામ ખાસ લેવુ જોઇએ. આ મહાન ભગિનીએ ઇતિહાસ, કેળવણી અને કલાના શાસ્ત્રોનું ગંભીર અધ્યયન કર્યું હતું, તે જ રીતે એમનું સમાજશાસ્ત્ર વિશેનું જ્ઞાન પણ અસાધારણ હતું. સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરુષ પાસેથી હિંદુધર્મ-હિંદુસંસ્કૃતિનું રહસ્ય સમજી શકવાની પાત્રતા એમનામાં વિશેષ રૂપે હતી અને એ રહસ્યને પોતાની સંસ્કારી અને સહાનુભૂતિપૂર્ણ દૃષ્ટિથી ગૌરવપૂર્ણ શૈલીમાં

સંસાર સમક્ષ રજુ કરવામાં પણ એ ઠીક સફળ થયા. એમનું તમામ સાહિત્ય ઉચ્ચકોટીનું છે. અને એનું વાચન કરવું એટલે વિશ્વવિદ્યાલયની સંપૂર્ણ કેળવણી લઇ લીધા બરાબર છે. એ મહાન દેવીએ હિંદમાં આવી હિંદુધર્મની દીક્ષા લીધી અને હિંદુસમાજ સાથે એકરૂપ થઇને શુદ્ધ અંતઃકરણની લગનીથી સેવા કરતાં ચંદનની માફક પોતાની કાયા ઘસી ઘસી જીવન સફળ કર્યું. એમને એવી ખાત્રી થતી હતી કે રામકૃષ્ણ અને વિવેકાનંદ એ ગુરુ–શિષ્યની જોડી નહિ પરંતુ એ બે શરીરમાં વિચરતી એક જ વ્યક્તિ ઇશ્વરે નિર્માણ કરી હતી. એની જ પ્રેરણાથી અનેક બંગાળી યુવકોએ નિર નિરાળા ક્ષેત્રમા પ્રવેશ કરી પોતાના બુદ્ધિવૈભવથી તરેહવાર ચમત્કારો કરી દેખાડ્યા.

એક દિવસ ભગવા રંગની બાંધણીનું એક પુસ્તક મારા હાથમાં આવી ગયુ એ પુસ્તકનુ નામ "ગોસ્પેલ ઑફ રામકૃષ્ણ પરમહંસ, ધી આર્નડિમલ મે। ઑફ ઇન્ડિયા એન્ડ ધી વર્લ્ડ." સ્વામી વિવેકાનંદનો આભાર દર્શક પત્ર શરૂમાં હતો–'અત્યંત, અત્યંત, અત્યંત આભાર ! ઇશ્વર ઇચ્છા ગુરુદેવનું ચરિત્ર આપને હાથે જ લખાવી લેવાની હતી. અમારાથી તો એ કામ કદી ન બની શકત. ગ્રીસ દેશના અફલાતુને (પ્લેટોએ) પોતાના ગુરુ સુકરાત (સોક્રેટીસ)નો સંવાદ લખ્યો હતો પરંતુ એ આખામાં પ્લેટો જ દેખાયા કરે છે. આપે ગુરુદેવનું ચરિત્ર લખ્યુ પણ આપને તો આપે ગુપ્ત જ રાખ્યા છે'

ઉક્ત ગ્રંથના લેખક 'એમ' રામકૃષ્ણ પરમહંસના શિષ્ય મહીન્દ્રનાથ ગુપ્ત જ હતા સ્વામી વિવેકાનંદે ઉપરના પત્રમાં એમની અટક 'ગુપ્ત' શબ્દ પર શ્લેષની સુંદર રમત કરી છે. ('આ સ્મૃતિ–ચિત્ર લખતી વખતે મારી પાસે એક પણ ગ્રંથ નથી ઉપરનુ અવતરણ પણ યાદદાસ્ત ઉપર આધાર રાખીને લખેલ છે.) રામકૃષ્ણ મિશનમાં મહીન્દ્રનાથ ગુપ્તને માસ્ટર મહાશય કહેતા. એમણે "માર્ટન હાઇસ્કુલ" નામે એક મોટી હાઇસ્કુલ ચલાવી હતી, એટલે કદાચ એટલા જ કારણે એમનુ એ નામ પડી ગયું હશે.

માસ્ટર મહાશયનું 'ગોસ્પેલ' ખરેખર એક અપૂર્વ ગ્રંથ છે. રામકૃષ્ણ પરમહંસ પોતાના શિષ્યો વચ્ચે બેસીને જે અનેકાનેક ધર્મચર્ચા કર્યાં કરતા, તે ખાંતે ખૂબ નિષ્ઠાથી અક્ષરે અક્ષર ડાયરીમાં ઉતારી લેતા. એથી ગુરુદેવના દેહત્યાગ પછી સ્વામી વિવેકાનંદ દ્વારા રામકૃષ્ણ મિશનની સ્થાપના થયા પછી એમણે પોતાની ડાયરીમાંથી નોંધ જોઇ જોઇ આખો સંવાદ લખી નાખ્યો. પ્રત્યેક સંવાદની શરૂઆતમા ગુરુદેવ એ સમયે કર્યા બેઠા હતા, કઇ તરફ એમનું મોં હતું, કેવુ ઉપવસ્ત્ર પહેર્યું હતું, એમની હોડી કોણ તૈયાર કરતું હતું–આવી આવી ઝીણી બાબતો લખીને એમણે પ્રસંગનું આબેહૂબ ચિત્ર ખડુ કરી આપ્યું છે.

રામકૃષ્ણ પરમહંસે વાંચન પરથી વિદ્વત્તા તો નામ માત્રયે નહોતી મેળવી. એમનું સમગ્ર જ્ઞાન જુદા જુદા અવસરે એમણે ગુરુ મનાને જુદી જુદી વ્યક્તિઓને મુખેથી જ પ્રાપ્ત કરેલું. ભિન્ન ભિન્ન સંપ્રદાયોની ભિન્ન ભિન્ન સાધનાઓનો એમણે પ્રત્યક્ષ અનુભવ કરી જોયો હતો જ્યારે કોઇ એમની સામે બેસી શાસ્ત્ર–વાચન કરવા લાગતો ત્યારે એ કહેતા, "હું જે કહું છું તે જ સાચો અર્થ છે, કારણ કે એ અનુભવનો વિષય છે. જો મારો બતાવ્યો અર્થ શાસ્ત્રમાંથી વ્યક્ત ન થતો હોય યા શાસ્ત્રની સાથે તે સંગત ન હોય તો સમજી લેવું જોઇએ કે લખવામાં અથવા અર્થ કરવામાં જરૂર ક્યાંક ભૂલ થઇ છે."

દરેક શિષ્યને તૈયાર કરવા માટે એમની પદ્ધતિઓ પણ ભિન્ન ભિન્ન હતી. જેમની જેવી યોગ્યતા અને મનોવૃત્તિ એવી એમને સાધના બતાવવામાં આવતી. પોતાને પ્રથમ પહેલી જ મુલાકાતે ગુરુદેવે એમના ઉપર કેવી કૃપા કરેલી એનું ખૂબ છટાદાર વર્ણન આપીને માસ્ટર મહાશયે પોતાના ગ્રંથની શરૂઆત કરી છે. મૂળ તો આ સંવાદો "શ્રી રામકૃષ્ણ કથામૃત" નામે પ્રગટ થએલ એનું જ અંગ્રેજી તે 'ગોસ્પલ' થયું. આ પુસ્તકથી એમને ખૂબ જ લાભ થયો પરંતુ તેને એમણે 'કથામૃત–ફંડ' ના નામથી અલગ રાખીને ચરિત્રવાન

સાધકોને એમાંથી ઠીક સહાયતા મળી.

જેવી રીતે કાગડાને કંઈ ખાવાની ચીજ મળે તો તે કાકા કાકા કરીને પોતાના બધા જાતભાઈઓને બોલાવે છે અને એકલો જ ન ખાતાં ઇષ્ટમિત્રોની સાથે બેસીને ખાવાની શાસ્ત્ર આજ્ઞા પાળે છે, એવી જ દશા મનુષ્યજાતની છે. આથી મેં મારા એક મિત્રની સાથે મળી 'ગોસ્પેલ'નો મરાઠી અનુવાદ કરવાનો નિશ્ચય કર્યો. આ પહેલાં સ્વામી રામતીર્થના લેખોનો અનુવાદ હું કરી ચૂક્યો હતો એટલે "આધુનિક શિક્ષિતોના *વેદાંત" ને મરાઠીમાં પ્રતિપાદન કરવાની કળા હાથ બેસી* ગઈ હતી.

એ અરસામાં વેદાન્તના વાચન અને મનન તથા દેશની પરિસ્થિતિને કારણે વૈરાગ્યસાધના માટે હિમાલય જવું મને જરૂરી લાગ્યું આથી ત્યાં જતાં પહેલાં કલકત્તા જઈ આવી સ્વામી વિવેકાનંદનો મઠ, ઉદ્‌બોધન કાર્યાલયના સ્વામી શારદાનંદ, શ્રી રામકૃષ્ણનાં પત્ની શ્રી શારદા માતા અને માસ્ટર મહાશયને મળી લેવાનું મેં નક્કી કર્યું. સવારે ૯–૧૦ વાગ્યે હું માસ્ટર મહાશય પાસે પહોંચ્યો. ઘર બતાવવા મિશનનો એક બ્રહ્મચારી મારી સાથે આવ્યો હતો. મને ખબર મળી કે ત્યારે માસ્ટર મહાશય પૂજામાં બેઠા હતા. ઘરમાં જ્યાં ત્યાં સાદાઈ દેખાતી હતી. થોડી જ વારમાં એક ભવ્યમૂર્તિ અમારી સામે આવી ઊભી. મારી થોડી ઓળખાણ કરી લીધા પછી એમણે સંતોષ અનુભવતાં કહ્યું, 'ગોસ્પેલ'નો મરાઠી અનુવાદક કેવળ પંડિત જ નથી, તે સાધક પણ છે સફેદ દાઢીથી એમનો ચહેરો ભવ્ય દેખાતો જ હતો પરંતુ એથી વિશેષ તો એમનાં નેત્રોમાંથી લાંબા સમય સુધી ધ્યાનમાં બેસવાની દૃઢતા વ્યક્ત થતી હતી. સામું જોવાથી એમની દૃષ્ટિમાં વ્યવહારકુશળ મનુષ્યની વેધકતા અને અધ્યાત્મ પરાયણ સાધુતાનું ઉત્તમ મિશ્રણ જોઈ શકાતું હતું. થોડો સમય વાતો કર્યા પછી મેં એમની વિદાય લીધી

આ પછી મેં હિમાલય ઉપર ગંગોત્રી, જમનોત્રી, કેદાર–બદરી અને કાશ્મીરમાં અમરનાથ આદિની યાત્રા પૂરી કરી પુરશ્ચરણ માટે ઋષિકેશની બાજુમાં કોઈ સ્થાને રહેવાનો નિશ્ચય કર્યો. અહીં રહેતો હતો તે સમયે રામકૃષ્ણ મિશનના એક સંન્યાસી અને બે બ્રહ્મચારીઓ મારી પાડોશમાં રહેવા આવી ગયા હતા. એમની સાથે મુખ્યત્વે હું ધર્મ, સાધના, દેશ અને પરિસ્થિતિની જ કેવળ ચર્ચા કર્યા કરતો. મારા મિત્ર અનંત બુવા (બાબા) મર્ઢેકર અને સ્વામી આનંદ પણ એ દિવસોમાં ઋષિકેશમાં હતા, એક દિવસ નિર્મલ નામના બંગાળી બ્રહ્મચારીએ મને કહ્યું, માસ્ટર મહાશય આ વખતે શિયાળાના કેટલાક દિવસ રહેવા માટે ઋષિકેશમાં આવી રહેશે. આ જાણી મને ખૂબ આનંદ થયો. એમને રહેવા માટે સ્થળ વગેરેની ગોઠવણ કરવામાં મેં ઠીક પરિશ્રમ લીધો જે દિવસે એઓ આવ્યા તે દિવસે 'દાસ નવમી' (સમર્થ રામદાસની પુણ્યતિથિ) હતી અનંતબુવાએ સમર્થની તિથિ પાળી હતી. એ દિવસથી અમે રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદનાં સ્મરણો માસ્ટર મહાશય પાસે અનેકવાર જઈને સાંભળતા. એ વખતે એમના સ્વરમાં પ્રેમાર્દ્રતા અને અપત્ય (બાળકમાં હોય છે તેવી) પ્રેમવત્સલતા વિશેષ રૂપમાં પ્રગટ થતી. અમારામાંથી અનંતબુવાની ભક્તિ જોઈ એમને ખૂબ જ આનંદ થતો. એક દિવસ માસ્ટર મહાશયે મને પૂછ્યું, "તારે હજી ઘણાં કર્મ કરવાનાં છે જ્યારે બુવાનાં બધાં કર્મો સંપૂર્ણ થયેલ હોવાથી હવે એમનો ભાગે કેવળ ભક્તિ–ભક્તિ જ રહી છે."

સાધકે કઈ રીતે રહેવું, કેવું આચરણ રાખવું, અને કેટલું બોલવું તથા ક્યાં સુધી મૌન રહેવું એ બધી બાબતો એઓ ખૂબ વિસ્તારથી સમજાવતા.

માસ્ટર મહાશયની પાસે રામકૃષ્ણ પરમહંસના સમયની નિત્યનોંધની નાની નાની ચોપડીઓ રહેતી. એમાંનું કોઈ પાનું ઉઘાડીને એમાં વર્ણવેલી બાબતોને એ જોતા અને પછી પાંચ સાત મિનિટ આંખો બંધ કરીને એ વાતોનું ધ્યાન ધરતા. આમ કરતાં જ્યારે એ પ્રસંગ એમના અંતશ્ચક્ષુઓ સમક્ષ ખડો થતો ત્યારે

એનું તેઓ વર્ણન કરવા લાગતા. એ વખતે અમને એવું લાગતું કે એ અમારી સન્મુખ બેઠા જ નથી પરંતુ એ પ્રસંગના સમયમાં રામકૃષ્ણ પરમહંસના સાનિધ્યમાં પહોંચી ગયા છે.

શિષ્ટાચારમાં માસ્ટર મહાશય બહુ જ જુના મતના લાગતા. અમારું મંડળ તથા બીજા બ્રહ્મચારીઓ અને સાધુ–સંન્યાસીઓ પાસેથી પોતે ગૃહસ્થાશ્રમી હોવાને કારણે ડગલે પગલે સંકોચ અનુભવતા. ખાવાની વસ્તુઓ અમે બીજે ઠેકાણેથી લાવતા એટલે એ તો એઓ અમારી પાસેથી ન જ લેતા પરંતુ અમે એમનુ આસન ઉપાડી દઇએ કે પાણીનો લોટો ભરી દઇએ એ પણ એમને ઠીક નહોતું લાગતું. એમના આ સંકોચને દૂર કરવા માટે પ્રથમ તો મેં મારો મહારાષ્ટ્રીય અત્યાગ્રહ કરી જોયો પરંતુ બંગાળી સાથીઓએ મને મના કરી. એમણે કહ્યું, 'માસ્ટર મહાશય તમારા આ આગ્રહથી ખિન્ન થાય છે'

એક વિષયમાં તો મે એમને બહુ જ દુખી કર્યા. હૃષીકેશમાં જ્યારે માસ્ટર મહાશય પ્રસિદ્ધ સંન્યાસીઓ અથવા વિભિન્ન સંસ્થાઓ જોવા જતા ત્યારે મારે પણ એમની સાથે જવુ પડતું. એ સમયે મે એમની સાથે લોકો ઉચિત સન્માનપૂર્વક વર્તે એ વિચારે કોઇપણ વાર્તાલાપ શરૂ થતા પહેલાં હું જલદીથી એમનો પરિચય આપવા માંડતો કે એઓ સ્વામી વિવેકાનંદના ગુરુભાઇ હતા, એમણે શ્રી રામકૃષ્ણના સંવાદો પ્રત્યક્ષ સાંભળીને લખ્યા હતા, ઇત્યાદિ માસ્ટર મહાશય મને વારંવાર કહેતા કે મારે એમનો પરિચય ન આપવો કારણકે એઓ બીલકુલ સાધારણ માણસની પેઠે બધું જોવા માગતા; સાથેસાથે એમને એ પણ જાણવું હતું કે એ સન્યાસીઓ સાધારણ મનુષ્યના પ્રશ્નોના ઉત્તર કેમ આપતા. પણ મને તો એમ જ થતુ કે જો લોકો એમની સાથે સંપૂર્ણ વિનયપૂર્વક નહિ વર્તે અને સામુથી સમજીને વાત કરશે તો મારી શી દશા! હું મારી આંખો સમક્ષ એમનું અપમાન અથવા અનાદર કેમ જોઇ શકીશ. એમ થવા દેવું એ મારે માટે કર્તવ્યચ્યુત થવા જેવું ન ગણાય? આ ભાવનાથી હું જીવ મુઠ્ઠીમાં રાખીને એમની સાથે ઘૂમતો, કોઇપણ સ્થળે એમનો પરિચય આપવાનું ન ભૂલતો.

એક દિવસ એમને હું સ્વામી રામતીર્થના એક શિષ્ય પાસે લઇ ગયો. એઓ અંગ્રેજી જાણતા હતા. ત્યાંથી પાછા ફર્યા પછી બીજે દિવસે હું એકલો જ એ રામ–શિષ્ય પાસે ગયો. એ વખતે એમણે એક બીજા સજ્જન જોડે માસ્ટર મહાશયના સંબંધમાં વાત કરતા કહ્યું–એઓ પોતાને વિવેકાનંદના ગુરુ તરીકે ઓળખાવે છે. એમના આ ઉદ્‌ગારોમાં તિરસ્કાર જેવો કંઇક ભાવ સ્પષ્ટ દેખાતો હતો. હું તરત જ સમજી ગયો કે મે કરેલ વર્ણનમાંથી 'ગુરુભાઇ' શબ્દ એમણે પૂરો સાંભળ્યો નથી. એટલે મેં એ જ ક્ષણે એમની ભૂલ સુધારી. જો કે પોતાની આ ભૂલ તો એમણે સુધારી પરંતુ પેલો તિરસ્કારનો ભાવ એમના ચહેરા પરથી ન ખસ્યો પણ એમ કહી શકાય કે એ ભાવ વધુ દૃઢ થયો. મને બહુ જ માઠું લાગ્યું અને તે દિવસથી એક મહાપુરુષની મારે હાથે વ્યર્થ જ અવેહલના થઇ રહી છે એ વિચારીને મેં એમનો ઉચિત પરિચય આપવાનું સ્વેચ્છાએ સ્વીકારેલ કર્તવ્યનો ત્યાગ કર્યો.

ગંગાને કિનારે કેરી અને નાળિયેરના આકારના ઘણા પત્થર પથરાએલા હોય છે, એની ઉપર એક સાધુ એક જ સ્થાને સતત બેઠેલો દેખાતો કેઇ શ્રદ્ધાળુએ એમને તડકા અને હવાથી બચાવવા એના પર એક રાવટી જેવું ઊભું કરી દીધું હતું માસ્ટર મહાશયે હૃષીકેશના હજારો સાધુઓમાંથી એને જ પસંદ કર્યો. એઓ વારંવાર એની પાસે જઇને બેસતા. મને પણ બેચાર વાર એની પાસે લઇ ગયા. એ સાધુના બંગાળનો અર્થ હું કંઇ જ સમજ્યો નહીં હોવાથી એની ઉપેક્ષા કરતો પણ માસ્ટર મહાશય મને એ પ્રલાપમાંથી કોઇ ખાસ વચન લઇને એનો ગૂઢ અર્થ સમજાવ્યા કરતા. એમનું એ વિવેચન મને બહુ આકર્ષક અને શિક્ષાપ્રદ લાગતું પણ તે સાથે મનમાં એવી પણ શંકા રહેતી કે એ બધી વાત એ સાધુના મનમાં હતી કે માસ્ટર મહાશયે પોતાની

ભોળી શ્રધ્ધાથી એ પાગલના પ્રલાપમાંથી આવો મહાન અર્થ કાઢયો છે. એકવાર એ પણ શંકા થઇ હતી કે સ્વામી વિવેકાનંદ અને એમના ગુરુભાઇઓએ મળીને તો રામકૃષ્ણ પરમહંસનું આટલું મહત્ત્વ નહિ વધારી દીધું હોય! પણ આ જાતની શંકા કે નાસ્તિકતા એક ક્ષણ જ ટકી અને મને મારા પોતાને માટે બહુ શરમ લાગવા માડી. જ્યારે મેં પરમહંસનું ભવ્ય ચરિત્ર અને એમના ઉદ્દગારો જાતે જ વાંચ્યા હતા ત્યારે તો આ શંકા ટકવાનું શક્ય જ નહોતું. પણ આખરે તો માણસનું મન છે ને, ક્યાંય ક્યાંયથી શંકાઓ ઊભી કરશે અને ક્યાંય ક્યાંય આથડશે. માસ્ટર મહાશયને શ્રધ્ધા હતી કે રાવટીમાં રહેનાર તે સાધુ ઉચ્ચ કોટિના મહાત્મા હતા. હું એમની એ શ્રધ્ધાને માર્ગે ન ગયો પણ છતાં યે માસ્ટર મહાશય કંઇ ભોળા તો નહોતા જ પોતાની ટપાલ લેવા કયારેક કયારેક એ જાતે જ જતા એક દિવસ ત્યાંથી આવીને મને ધીરેથી કહેવા લાગ્યા, ત્યાંના પોસ્ટ માસ્તરને 'સર' કહી બોલાવવાથી તે બહુ ખૂશ થાય છે અને આપણું કામ ખૂબ શાંતિ અને શીઘ્રતાથી કરી આપે છે.

હૃષીકેશ પછી માસ્ટર મહાશય કેટલાક દિવસ વૃંદાવન જઇને પણ રહ્યા હતા. ત્યાં એકવાર હું પણ 'પ્રેમ વિદ્યાલય'ના ઉત્સવ ઉપર ગયો હતો. ઉત્સવના અવસરે એ સંસ્થાના પ્રાણરૂપ અને પ્રખ્યાત દેશભક્ત રાજા મહેન્દ્રપ્રતાપ તદ્દન સાદા વેષમાં નમ્રભાવે અહીંથી તહીં જતા આવતા દેખાતા હતા. જેમણે એમને જોયા હતા તેઓ તો એમની આત્મ–વિલોપનની ભાવના પર ખૂબ આશ્ચર્ય પામતા હતા. હું માસ્ટર મહાશયને એ ઉત્સવમાં લઇ ગયો. આ વખતે મેં નિશ્ચય કરી લીધો હતો કે એમનો કોઇપણ જાતનો પરિચય કોઇને નહિ આપું અમે અમારે સ્થાને જઇને બેઠા. એટલામાં જ માસ્ટર મહાશયે એટલા જબ્બર જનસમુદાય વચ્ચે રાજા મહેન્દ્ર પ્રતાપને બરાબર ઓળખી કાઢયા અને મારા કાનમાં ધીરેથી કહ્યું "એ પેલા મફેદ સાફો બાંધેલ પણે ઉભા રહેલા છે તે જ રાજા મહેન્દ્રપ્રતાપ કે? એ જ હોવા જોઇએ" હું તો આશ્ચર્ય જ પામી ગયો, હા એ જ હશે.. પરંતુ આપે એને કેવી રીતે ઓળખી કાઢયા? એમણે કહ્યું, "મને એવું અંતરમાં ઊગી આવ્યું કે, એ જ એ મહાપુરૂષ હોવા જોઇએ. એમની આંખો તો જુઓ. એમાં કેટલી ગંભીરતા, જનકલ્યાણ માટે અંતર્વેદના અને એક પ્રકારની ભવ્ય શાંતિ દેખાય છે એ મહાપુરૂષ જ્યાં હશે ત્યાં પોતાની ભવ્યતાથી ઊંચા જ દેખાશે.'

ઉત્સવ પછી મેં માસ્ટર મહાશય સાથે થોડી સાર્વજનિક જીવનની વાતો કરવાની ઇચ્છા કરી, પરંતુ એમને એ રૂચ્યું નહિ. અત્યંત કોમલ અને નમ્ર સ્વરે એમણે કહ્યું, "તમારા જેવા સાધકોએ એવી વાતોને મનમાં પણ સ્થાન ન આપવું જોઇએ તું તો અખંડ ઇશ્વર પ્રાપ્તિનો જ વિચાર કરે એ જ યોગ્ય છે."

એમનું કથન મને સાચું તો લાગ્યું પરંતુ મારો વૈરાગ્ય એવા પ્રકારનો નહોતો, એમાં હું શું કરૂં?

આ પછી એકવાર જ્યારે કલકત્તા એમને હું મળવા ગયો ત્યારે એઓ ખૂબ વૃદ્ધ થઇ ગયા હતા. પરંતુ છતાં એમને જર્જર તો ન કહી શકાય એમની બેઠકમાં બે નાની પાટ, એક પુસ્તક અને એક નોટબુક સિવાય કંઇ જ નહોતું એમણે મને મિઠાઇ મંગાવીને બહુ આગ્રહપૂર્વક ખવરાવી અને મારા મિત્રો વિષે આત્મીયપૂર્વક પૂછપરછ પણ કરી. જ્યારે એમણે જાણ્યું કે હું શાંતિનિકેતનમાં જઇને કેટલોક સમય અધ્યાપન–કાર્ય કરવાનો છું ત્યારે એમણે મને સૂચન કર્યું કે અમે પહાડીમાં એક શિક્ષણ-સંસ્થા ખોલવા ઇચ્છીએ છીએ, તું એમાં ભાગ લેશે? પરંતુ એમને હું અનિશ્ચિત જેવો જવાબ આપીને પાછો ફર્યો; કારણ કે એ સમયે ટાગોરની સંસ્થા તરફ મને વિશેષ આકર્ષણ હતું માસ્ટર મહાશય સમજ્યા હશે કે આ જુવાન એ એકાન્તને નહિ પચાવી શકે, શિક્ષણના ક્ષેત્રનો એ કીડો છે અને રામકૃષ્ણ મિશનના વૈરાગ્ય તરફ એનું વલણ છે, એટલા માટે એને ત્યાં જ લગાડી દેવો ઠીક છે, પરંતુ એ પોતે તો સર્વ પ્રકારના વ્યવસાયોથી મુક્ત થઇ ચૂક્યા હતા, "શ્રી રામકૃષ્ણ કથામૃત" ના અનેક ભાગોની અનેક આવૃત્તિઓ નીકળી ચૂકી હતી.

એનું સંશોધન કરવા ઉપરાંત અન્ય કથાપ્રસંગોના સંવાદોને નિષ્ઠાવાન લોકોને માટે નવી નવી ઢબે વિશિષ્ટ બનાવવા સિવાય બીજી કોઈપણ પ્રવૃત્તિમાં એઓ ભાગ ન લેતા.

હું એમને ઘણીવાર મળ્યો, અને અનેક પરિસ્થિતિ-ઓમાં મેં એમને જોયા. દરેક પ્રસંગે મારા મન પર એવી જ છાપ પાડી કે એઓ એક મહાન વિભૂતિ છે. રામકૃષ્ણ પરમહંસ પાસેથી એમને ખરેખર કોઈ અદ્ભુત વસ્તુ પ્રાપ્ત થઈ છે. અને એ જ કારણથી એમના જીવન-માં અલૌકિક અને સ્થાયી પરિવર્તન થયું છે એમની એ શાંતિ, ઈશ્વરનિષ્ઠા અને પિતાતુલ્ય વાત્સલ્ય હું કદી નહિ ભૂલી શકું.

મેં રામકૃષ્ણ પરમહંસના ત્રણ શિષ્યો જોયા, માસ્ટર મહાશયની સન્મુખ ગુરુદેવની ચર્ચા આરંભ કરતા જ એમના અંતરમાં જાણે પ્રેમની ધારા ફૂટતી અને એમના મોંમાથી પરમહંસના ઉપદેશનું દુગ્ધામૃત વહેવા લાગતું સ્વામી પ્રેમાનંદ સ્વભાવે બરાબર નામ જેવા ગુણ ધરાવનારા અને આચરણે મૂક સેવાનંદ હતા. એમને જ્યારે ગુરુદેવનાં સંસ્મરણો સંભળાવવાનું કહેતા ત્યારે કંઈક કહેવાનો પ્રયત્ન કરવા એકાગ્ર થતા પણ જોત જોતામાં જ ગદ્ગદ થઈ જતા અને મોંમાથી એક શબ્દ પણ ઉચ્ચારી શકતા નહિ અને ચૂપ થઈ રહેતા સ્વામી બ્રહ્માનંદની પાસે ગુરુદેવની ચર્ચા ઉપાડીએ તો ઘડીક ગંભીર ચર્ચા થયા પછી તુરત વિષયાંતર કરી નાખતા, જાણે મૂકભાવથી એમ કહેતા કે અમારો એ ગૂઢ અને પવિત્ર અનુભવ વાણીથી વ્યક્ત ન થઈ શકે. એ વાતો તમારે માટે નથી. એ અચિંત્ય ભાવનાઓને વાણી સાથે જોડી દેવો ઉચિત નથી.

કલકત્તામાં રહેતા ત્યારે માસ્ટર મહાશયને જ્યારે પણ કંઈ દવાની જરૂર પડતી તો તે પણ એઓ એ દુકાનેથી જ લેતા કે જ્યાંથી ગુરુદેવ લેતા. ગુરુદેવને જે ખોરાક પસંદ હતો તે જ તેઓ પસંદ કરતા. કેશવચંદ્ર સેનના બાલ-મંદિરમાં ગુરુદેવ જે સ્થાને ઊભા રહેતા તે જ સ્થાને એ જ ભાવનાથી એઓ થોડીવાર ઊભા રહેતા. કે જે ભાવનાથી આપણે દેવમંદિરમાં દર્શને જતાં થોડીવાર બેસી જઈએ છીએ ગુરુદેવને જે રંગની ચાદર ગમતી, જેવાં સ્લીપર એઓ પહેરતા, એવી જ ચીજો એ જ દુકાનોએથી મંગાવીને ઉપયોગમાં લેતા એમની એ ભક્તિ, એ વૈરાગ્ય અને ગૃહસ્થને ઉચિત એવો નમુનો જોઈને મનમાં થતું કે ભિક્ષુ-સંન્યાસી થવામાં શું ખરે-ખર જ કોઈ લાભ છે?

રામકૃષ્ણ મિશનના અનેક બ્રહ્મચારીઓ અને સંન્યા-સીઓ તથા મિશનની બહાર રહેનાર ઘણા શ્રદ્ધાવાન લોકોએ માસ્ટર મહાશય પાસેથી પ્રેરણાત્મક જ્ઞાન મેળવ્યું છે ખરે જ ગઈ પેઢીની એઓ એક અલૌકિક વિભૂતિ હતા.[1]

●

1[મરાઠી 'લોક શિક્ષણ' ઉપરથી અનુવાદક 'ચારુદત્ત']

યુરોપનો સન્નિપાત

: રાજકીય અને આર્થિક :

શ્રી. ડુંગરસી ધરમસી સંપટ

યુરોપમાં હમણાં વિનાશક વૃત્તિની જાગૃતિ થઇ છે. યુરોપના મહારાજ્યો સંસ્કૃતિમાં ખૂબ આગળ પ્રગતિશીલ થયાં. યંત્રવાદની અનેક શોધો ત્યાં થઇ. યંત્રો સામુદાયિક વસ્તુઓની કરોડોની સંખ્યામાં એક સાથે પેદાશ કરવા લાગ્યા છે. રસાયણીક પદાર્થોની મદદથી યુરોપે અનેક જાતની ઉપયોગી વસ્તુઓ તૈયાર કરી છે. વિદ્યુતને મદદમાં લઇ તાર, ટેલીફોન જેવા પદાર્થો શોધી કાઢયાં છે. તે પછી રેડીઓ, વાયરલેસ, ટેલીગ્રાફી અને હવે ટેલીવીઝન પણ શોધી કાઢયા છે. આગબોટો, રેલગાડીઓ, વરાળયંત્રથી ચાલતા કારખાનાઓ, અને છેવટે ગગન-ગામી વિમાનો પણ શોધ્યાં છે. છતાં યુરોપમાં નવી નવી શોધખોળો ચાલુ થતી જ રહી છે. એની પ્રગતિ યંત્રવાદમાં ભારે પ્રમાણમાં થઇ છે મોટરકારો, મોટરબોટો, વિમાનો એવા એવા જગતના અતિ છેટાને પણ સમીપ લાવનાર સાધનો યુરોપે શોધી કાઢી જગતને આશ્ચર્ય-મુગ્ધ બનાવ્યું છે.

ભુસ્તરવિદ્યામાં પણ એની શોધ અલૌકિક છે. પૃથ્વીનાગર્ભમાં રહેલ સોના, રૂપા, ત્રાંબા, પીતળ અને બીજી ઘણી ધાતુઓની ખાણો એણે શોધી છે વનસ્પતિશાસ્ત્રમાં પણ એવી જબરદસ્ત શોધો કરી છે. મનુષ્યના આરોગ્યશાસ્ત્રમાં પણ પ્રગતિ કરી મનુષ્યનું આયુષ્ય ખૂબ લંબાવ્યું છે. પ્રાણીશાસ્ત્રમાં અનેક જાતના પ્રાણીઓનાં લક્ષણોની શોધો કરી છે. જંતુશાસ્ત્રમાં પણ ઊંડી શોધો કરી છે. ખગોળશાસ્ત્રમાં પણ ઘણાં કોયડાઓનો નિકાલ કર્યો છે. વૈદકશાસ્ત્રમાં પણ સુક્ષ્મ પ્રવેશ કર્યો છે. રસાયણશાસ્ત્રમાં ઊંડી શોધો કરી દરેક દેશ-પરદેશના સાહિત્યોને મુદ્રણકળાની મદદથી હસ્તામલકવત્ કરેલ છે. પ્રાચીન અવશેષો, ઇતિહાસ, પુરાતત્ત્વ એ સર્વે વિષયોમાં યુરોપે ઊંડો ચંચુપાત કર્યો છે. અનેક દેશ-દેશાન્તરની ભાળ કાઢી તેને પોતાની સંસ્કૃતિ ઓઢાડવા પ્રયત્નો કર્યા છે. યુરોપિયનો હિમાલયની ટોચે, ઉત્તરધ્રુવના અગમ્ય પ્રદેશોમાં, ભયંકર વનોમાં, અને પૃથ્વીના પેટાળમાં પહોંચી જઇ જગતને -મૂઠીમાં સમાય તેવું બનાવ્યુ છે

યુરોપની છેલ્લી બસો વરસોની આ પ્રગતિ અતિ આશ્ચર્યકારક છે. એની શોધો

દરેક વિષયમાં ઊંડી અને વ્યાપક છે જગતની બધી પ્રજાઓએ હજારો વરસોમાં નથી કર્યું તે યુરોપે બસો વરસોમાં કરી બતાવ્યું છે. યુરોપની સર્વ શાખાઓમાં અજબ પ્રગતિ છે. એણે અતિ ઉદ્યોગપરાયણતા સેવી છે. એણે યુરોપનાં મનુષ્યોનાં આયુષ્યો વધાર્યાં છે બાળ-મરણ ખૂબ ઘટાડ્યું છે સ્ત્રીઓની સૂવારોગની ભયંકરતા ખૂબ ઓછી કરી છે. હાઇસ્કૂલો, કૉલેજો, યુનીવરસીટીઓ સ્થાપી છે. શારીરિક શક્તિ વધારવાની કસરતો અને રમતો શોધી કાઢી છે. શિલ્પકળા અને સ્થાપત્યના શ્રેષ્ઠ નમૂનાઓ ઊભાં કર્યાં છે. લંડન જેવા એક કરોડની વસ્તીવાળા મોટા શહેરો બાંધ્યાં છે મોટી બેંકો જેવી જબરદસ્ત શરાફી સંસ્થાઓ ઉભી કરી છે સાહિત્યના દરેક વિષયોમાં ખૂબ પ્રગતિ કરી છે. એના પંડિતોએ કોઈ વિષયને કોરો મૂક્યો નથી. યુરોપીયનો આજે જગતના ઔદ્યોગિક, આર્થિક અને લશ્કરી વિજયોમાં મહાલે છે. યુરોપની સંસ્કૃતિ હમણાં સર્વ શ્રેષ્ઠ બની છે.

પરંતુ એ સંસ્કૃતિ ભયંકર અત્યાચારો ઉપર રચાઈ છે યુરોપે જગતને ચૂસ્યું, ઘણું જ ચૂસ્યું પછાત પ્રજાઓને મજુરી કરાવી કાચી ધાતુઓ પેદા કરાવી એ કાચી ધાતુઓ અને વસ્તુઓને પોતાના કારખાનાઓમાં પાકી વસ્તુઓ બનાવી ને એ વસ્તુઓ પછાત પ્રજાને વેચી એમાં મોટો નફો ખાધો. જગતની ખાણોમાં એણે મજુરોને માત્ર નજીવી રોજી આપી બાકી મોટા લાભ પોતે ઊંડાવ્યો. આથી તકીથી સમૃદ્ધિ મોટા પ્રમાણમાં ભેગી કરી વેપારના નામ નીચે એણે જગતની પ્રજાને લૂંટવાનાં રસ્તા શોધ્યા સેંકડો સ્વતંત્ર પ્રજાઓને ગુલામગીરીમાં સપડાવી આફ્રિકા, એશીઆ અને અમેરિકાનાં પ્રદેશો જીતી એ યુરોપવાસીઓએ ત્યાં પોતાના સંસ્થાનો વસાવ્યા. અહીં એમણે પ્રથમ પોતાનાં પાદરીઓને મૂક્યાં પાદરીઓએ આ દેશોના વતનીઓને પાશ્ચિમાત્ય સંસ્કૃતિના બોધપાઠો શીખાવ્યાં એ પ્રજાઓનાં દુઃખો નિવારવા માટે પ્રયત્નો પણ કર્યા.

આ પ્રદેશોમાં રહીને પાદરીઓએ ત્યાં રહેલાં કાચાં પદાર્થોની શોધ કરી જંગલોમાં રહેલા વૃક્ષોની જાતો વિષે માહિતી મેળવી. ભાષા અને ભૂગોળનું જ્ઞાન મેળવ્યું. એ પ્રદેશમાં રહેલી સમૃદ્ધિ સંબંધી હકીકતો એકઠી કરી. ઇશુનો ધર્મપ્રચાર કર્યો. શાળાઓ બાંધી. દવાખાનાં બાંધ્યાં એ દેશવાસીઓને સુધારવા કોશીશો કરી. આ પાદરીઓએ અનેક દુઃખો, યાતનાઓ અને વ્યધિઓ સહન કરી. એમણે મેળવેલી હકીકતો પોતાનાં દેશબંધુઓને જાહેર કરી. ને ઉપરથી લોભાઇને યુરોપીયન વેપારીઓએ પગપેસારો કર્યો દેશી રાજ્યો અને પ્રજા પાસેથી અનેક કારખાના અને ખાણોનાં હક્કો મેળવ્યા. એ હક્કોમાં કામ કરવા માટે દેશી મજુરોને રાખ્યા. એ પ્રદેશો સાથે વાંધા ઉઠતાં એમની મનવરો મોટી મોટી તોપો સાથે આવી. ને એ દેશો જીતી લેવામાં આવ્યા હંમેશાં ગુલામગીરીમાં સપડાયાં. એમનો ઉદ્ધાર નહોતો.

આવી રીતે યુરોપીયનોએ એશિયા—આફ્રિકાના અનેક દેશો પોતાને કબજે લીધા આંકી એમણે સંસ્થાનો સ્થાપ્યા. મૂળ વતનીઓને પશુતુલ્ય માન્યા તેમનો ધીરે ધીરે વિનાશ કરી નાખ્યો અથવા એમને ગુલામગીરીમાં ડૂબાડ્યા. દરેક દેશનો એ જ ઇતિહાસ છે એ જ કરુણ વાર્તા સર્વ સ્થળે છે અમેરિકામાં પણ એ જ રીતે કામ લેવાણું ત્યાંના મૂળ ઇન્ડીયન લોકોનાં હવે માત્ર જુજ નામ નિશાન રહ્યાં છે આફ્રિકાના સીદીઓના પ્રદેશો લઇ તેમને ગૌણ ગણી કાઢ્યાં. ઓસ્ટ્રેલીઆને પછી ત્યાંના મૂળ વતનીઓનો વિનાશ કર્યો યુરોપીયનોએ આ વિજયોમાં માણસાઇ મૂકી દીધી હતી એમણે કરેલા જુલમો વિષે વાંચતા રૂવાં કંપે છે.

યુરોપીયનો સંસ્થાનો માટે માંહોમાંહે લડતા આવે છે એમણે જુદાં જુદાં સંસ્થાનો મેળવવા મૂળ-ભુત રહેવાસીઓને હરાવ્યા એમના ઉપર અમાનુષી જુલમો કર્યા. પછી એ સંસ્થાનો માટે અંદર અંદર યુદ્ધો કર્યાં અંગ્રેજો અને ફ્રેંચો લડ્યા પોર્ટુગીઝો લડ્યાં, સ્પેનીઆર્ડો લડ્યાં અને ડચ લોકો પણ લડ્યાં. એઓમાં અંદર અંદર ખૂબ હરિફાઇ ચાલતી હતી. એમને પૂર્વના દેશો કરીઆણાનો વેપાર જોઇતો હતો. અમેરિકામાંથી સ્પેનીઆર્ડોને અંગ્રેજોએ કાઢ્યા

હિંદમાં ફ્રેંચોના સંસ્થાનો અંગ્રેજોએ લીધાં. ડચોને જાવા આપી અંગ્રેજોએ સીલોન લીધું. ફ્રેંચો પાસેથી અંગ્રેજોએ કેનેડા લીધું. અંગ્રેજો પાસેથી યુરોપની મિશ્રવસ્તી અમેરિકાએ યુનાઇટેડ સ્ટેટ ઑફ અમેરિકાનો પ્રદેશ લીધો. સ્પેન પાસેથી અમેરિકાએ ફીલીપાઇનના બેટો લીધાં. આફ્રિકામાં નધણીઆતો પ્રદેશ હતો. જેના હાથમાં જે પ્રદેશ આવ્યો તે લઈ લીધો અંગ્રેજોએ હિંદ લઇ લીધું હતું.

યુરોપમાં પણ ધમસાણ ચાલુ હતા. નેપોલીઅને આખા યુરોપના મોટાં રાજ્યો ઓસ્ટ્રીઆ, ઇટલી, સ્પેન, હોલાંડ, બેલ્જીયમ, પ્રસિયા જીતી લીધા એના સાહસ, શક્તિ અને યુદ્ધચાતુર્ય અદમ્ય થયાં. છેવટે રશિયા ઉપરના આક્રમણમાં શિયાળાએ ચાર લાખ ફ્રેંચમેનોનો ભોગ લીધો. પછી અંગ્રેજ, પ્રશિયા, ઓસ્ટ્રીઆના લશ્કરે નેપોલીયનને વાટર્લુના યુદ્ધમા હરાવ્યો. ફ્રાન્સમાં તે પહેલા મોટી રાજ્યક્રાંન્તિ થઇ હતી ફ્રાન્સને સને ૧૮૭૦માં પ્રશિઆએ હરાવ્યુ. પછી બીસ્માર્કે જર્મન સામ્રાજ્યનુ અધારણ ઘણી ચતુરાઇથી અને કુનેહથી બાંધ્યું યુરોપમાં નાના મોટા યુદ્ધો ચાલુ જ હતાં. પરસ્પર ઈર્ષા, અદેખાઇ, શત્રુવટ અને નબળાને ખાઇ જવું એ ધોરણો હમેશાં ચાલુ જ હતાં. સંસ્કારી યુરોપીયનના બાહ્ય સરકાર નીચે એક જંગલી ક્રૂર પ્રાણી વીરાજે છે. તે યુદ્ધમાં મહાલે છે. અંગ્રેજોએ ઇજીપ્ત લીધું. રશિયનો અને અંગ્રેજોએ ઇરાનને વેંચી લીધું. રશિયા અને બાલ્કન રાજ્યો ટર્કીને નબળી પાડતાં હતા જાપાને ચીન ગળી જવાની વૃત્તિ રાખી હતી જર્મનીને વિશ્વાસ જોઇતો હતો. મહાયુદ્ધ પહેલાં આ સ્થિતિ હતી

સર્વીયાનાં કેટલાક લોકોએ ઓસ્ટ્રીઆના રાજકુમારનું ખુન કર્યું. તે પર જગતની મહાભારત લડાઇ શરૂ થઇ જર્મનીએ મોટી લશ્કરી તૈયારીઓ કરી રાખી હતી એને ઓસ્ટ્રીયાની મદદ મળી સામી બાજુ અંગ્રેજ, ફ્રેંચો અને રશિયનો થયા પછી એમની સાથે ઇટલી મળ્યું. રશિયા થાક્યુ એટલે અમેરિકાએ મિત્ર રાજ્યોને સાથ આપ્યો. એકલા જર્મનીએ ભારે શૌર્ય દેખાડ્યુ. જગતની લગભગ અનેક પ્રજાઓએ આ રણાંગણના યજ્ઞમાં દિક્ષા લીધી. લગભગ ૧ કરોડ મનુષ્યો માર્યા ગયા. કુલ ચાર કરોડ મનુષ્યો ઘાયલ થયા કે માર્યા ગયા કે ખોવાયાં. ૭ અબજ રૂપિયાનું સ્થાવર જંગમ નુકશાન થયુ. ચારેતરફ ભયંકર જાનમાલની નુકશાની થઇ. ફ્રાન્સની નુકશાની મનુષ્યો અને જમીનના શહેરો, ગામો, ખેતરો, ઘરોનાં નાશમાં પુષ્કળ થઇ. યુરોપ થાક્યું હતું. એના ગાત્રો ઢીલાં થઇ ગયા હતાં આર્થિક અને મનુષ્યોની અગણિત હાની થઇ હતી

પરંતુ યુરોપમાં રાગદ્વેષ, ઇર્ષા, અદેખાઇ અને દુષ્ટમાનસ ઘટ્યાં નહોતા. ફ્રાન્સ, અંગ્રેજ અને અમેરિકાએ વરસાઇની સંધિમા બંદુકના જોરે જર્મની અને આસ્ટ્રીઆને સહી કરવાની ફરજ પાડી, જર્મની વહાણો, સંસ્થાનો, સબમેરિનો, મનવારો, લશ્કર અને વિમાનો મિત્રરાજ્યોએ લઇ લીધા એના ઉપર ૭ અબજ રૂપિયાનો દંડ નાખ્યો. ઓસ્ટ્રીઆ–હંગરીનો ત્રણ ભાગ પ્રદેશ લઇ લીધો જર્મનીમાંથી કૈઝરને હાંકી કાઢ્યો. રશિયામાં પાંચસો વરસો થયા શાસન કરતા ઝારોનાં પ્રતિનીધિ નીકોલસ ઝાર અને તેના કુટુંબને ગોળીથી ઠાર મારવામા આવ્યા. ત્યાં સોવીયટ એટલે સામ્યવાદ લેનીને સ્થાપ્યો યુરોપમા મિત્રરાજ્યોએ ઝેકોસ્લોવિકા, પોલાંડ, ફીનલાંડ, લીટોનીઆ, લીથુનીઆ, આસ્ટોરીઆ વગેરે નવાં રાજ્યો ઊભા કર્યાં. ટર્કીના કમાલપાશાએ પોતાની પ્રજાના શૌર્ય અને પોતાની ચાતુરીથી સ્વતંત્રતા મેળવી.

હવે યુરોપના મહારાજ્યોએ પરસ્પર પ્રેમ, મૈત્રી, સમાધાન અને શાંતિના માર્ગો શોધ્યા નહિ. પરંતુ એક બીજાના ગરદન પકડી હત્યા કરવાનાં અને આર્થિક માર્ગે જેમ બને તેમ પોતાના દેશ પુરતો લાભ મેળવવાની યુક્તિઓ ઘડી છેલ્લા વીસ વરસો થયા યુરોપમા આર્થિક જંગ ચલે છે બધાં યુરોપીયન રાજ્યોએ લડાઇના દેવાં ન દેવાનો મનસૂબો રાખ્યો છે. અમેરિકાના જર્મનિ, ફ્રાન્સ, અને ઇંગ્લેંડ ઉપર અબજો ડોલરો લેણાં નીકળે છે. થોડાં વરસો વ્યાજ આપી હવે યુરોપના બધા રાજ્યોએ પોતાના માથા ઉપર ઉંધા ટોપીઓ પહેરી લીધા છે

નથી વ્યાજ આપતા કે નથી મુદ્દલ આપતા અમેરિકા પોતાના નાણા મેળવવા ઉત્સુક છે, પણ મહાયુદ્ધ વગર એ નાણા કોઇ આપે તેમ નથી મહાયુદ્ધમા ઉતરવા જેવુ અમેરિકા મૂર્ખ નથી તેમ એને યુરોપ જોડે વેપાર બધ કરવો પણ પાલવે તેમ નથી કારણ કે અમેરિકામા ભાગ પ્રમાણમા કપાસ, ઘઉં અને કાચા પદાર્થો થાય છે તે બધુ લેનાર યુરોપ સિવાય બીજુ કોઇ નથી એટને ભવિષ્યની ગણની કરી અમેરીકા મૂગે મોઢે બેસી રહ્યુ છે

યુરોપમા ભયકર આર્થિક મહાયુદ્ધ ચાલે છે સૌ મોટા રાજ્યોએ પરસ્પરના માલ ઉપર મોટી જકાતો નાખી છે પાડોશી પાસે પુષ્કળ માલ સસ્તે મળતો હોય પરતુ પાડોશી સાથે મૈત્રી ન હોય તો તે જ માલ મૈત્રી વાળા દૂરના દેશ પાસે મગાવાય છે તેમા પણ હવે દરેક દેશ આત્મસતોષી થવા માગે છે બ્રિટિશરાજ્ય પોતાના સામ્રાજ્યમાથી જ પોતાનો નિભાવ કરવાની હિલચાલ થયુ છે તેણે પરદેશી માલો ઉપર મોટી જકાતો નાખી છે ફ્રાન્સે તો પોતાના સસ્થાનો પાસેથી જ કુલ માલ મગાવવાનો ઠરાવ ઘણા વરસોથી અમલમા મૂક્યો છે યુનાઇટેડ સ્ટેટ ઑફ અમેરિકામા પણ એવુ જ છે માત્ર જર્મની ઇટલિ અને જાપાનને એવો પ્રદેશો માન પુષ્કળ પ્રમાણમા મળતો નથી. એટલે એમને અસ તોષ રહે છે એ અસતોષનુ મૂળ તે ભારે લશ્કરી તૈયારીઓ દરેક દેશ પોતાના પૂરતો સ્વતત્ર રહેવા માગે છે એટલે પોતાની નબળી ખેતીને પણ ઘણી આર્થિક મદદ આપે છે હમણા હમણા યુરોપના દેશમા સાકડુ સ્વદેશાભિમાન ભારે વધુ પડતુ થયુ છે મારા દેશનુ ભલુ કરવુ, પાડોશીનું ગમે તેમ થઓ, તે માટે દરકાર નહિ

યુરોપના રાજ્યોએ પરસ્પર મોટી જકાતો નાખી ઊભી કરી છે એટલુ જ નહિ પણ ચલણ અને વ્યાપારની મદદથી એક બીજાને અનેક મુશ્કેલીઓમા નાખવાની તકોનો પણ પૂરો લાભ લેવાય છે જર્મનીએ ચલણ ફુગાવાને એક જુની જોડની કિમત એક કરોડ માર્ક જેવી થવા દીધી પોતાનુ આતરિક કર્જ એક જ સપાટે સાફ કરી નાખ્યું ફ્રાસે પણ ફ્રાન્કોને ફુગાવીને મોટો આર્થિક લાભ લીધો ફ્રાસે આર્થિક નીતિમા એવા સફળ દાવો નાખ્યા કે સને ૧૯૩૧માં અગ્રેજોને ટોપી નમાવીને સોનાના ચલણ સાથે પૌડનો સબધ તોડી નાખવાની ફરજ પડી અમેરિકાએ ડોલરની ૩૩ ટકા ઉપર કિંમત ઘટાડી દીધી સોના સાથેનો સબધ છોડી દીધો અગ્રેજોએ પણ પોતાના ચલણની કિમત ઘટાડી જાપાને પણ પરદેશોના વેપારને ઉત્તેજન માટે યેનની કિમત ઘટાડીને ઓછી કરી આખા યુરોપે પોતાના ચલણની કિમત ઘટાડી દીધી સૌએ સોનાના ધોરણને મૂકી દીધુ માત્ર ફ્રાન્સે પોતાના ધોરણ માટે છેક સુધી મુક્યું નહિ એટલે એ ફ્રાન્કને બચાવવા સારુ પ્રધાનમડળો બદલ્યા છેવટે પણ સોનાનુ ધોરણ મુકવુ પડ્યુ ફ્રેન્કની કિંમત ઘણી જ નીચે જાય છે

મોટા રાજ્યોએ પોતાના ચલણોને નિભાવવા માટે અગ્રેજી રૂપિયાના ખાનગી ફડો ઊભા કર્યા છે જગતના સોનાનો મોટો સગ્રહ અમેરિકાએ ભેગો કર્યો છે એની પાસે બાર અબજ ડોલરનુ સોનુ છે અગ્રેજોએ અને ફ્રાન્સે પણ પુષ્કળ સોનુ ભેગુ કર્યું છે જગતનુ ઘણુ ખરુ સોનુ આ ત્રણ મહારાજ્યો પાસે છે એટલે જગતની આર્થિક સ્થિતિ ગોટાળે ચડી છે એ સમતોલપણુ પ્રાપ્ત થતી નથી એક બીજા સામે આર્થિક દાવો ઉગામ્યા કરે છે ચલણોના ભાવો ઘટાડવા, તેની મદદથી નિકાસ વેપાર વધારવો, ઓછી મૂડી ભેગી કરીને તે દેશને મુશ્કેલીમા નાખે છે આવી ચતુ મારામારી યુરોપમા છે જેટલુ કામ તોપ-તલવારો યુદ્ધ માટે કરે છે તેથી વધારે કામ અર્થશાસ્ત્રીઓ સામ્રાજ્યની આર્થિક પાયમાલી માટે કરે છે આવી મે પડી લડાઇ યુરોપમા ચાલે છે સૌ પોતાના નિકાસ વેપારને વધારી દેશની લક્ષ્મીને વધારવા કોશિશ કરે છે

જર્મનીમા હેર હીટલર આગીનો ફરી નીકળે એણે વરસાઇની સધી તોડી ફાડી નાખી જર્મનીને લશ્કર જમાવવાની આજ્ઞા નહોતી એણે ભારે લશ્કર જમાવ કરવા માડ્યો તેના માટે નાણાના

નવાં શસ્ત્રો શોધી કાઢી લશ્કરને એણે સુસજ્જીત કર્યું. એણે વિમાનોની મોટી તૈયારીઓ કરી. ટેંકો, મશીનગનો સબમરીનો મોટાં પ્રમાણમાં બાંધી. ક્રૂપનું હથિયારોનું કારખાનું રાત્રિદિવસ ચાલવા માડ્યું છે. પોતાના શત્રુને ભયંકર રીતે હથિયાર બંધ થતું જોઇ ફ્રાન્સે પોતાની સરહદ ઉપર હજારો માઇલના જમીન નીચેના સીમેંટના કિલ્લા બાંધ્યા છે. એણે ૨૧ વરસ સુધીના યુવાનોને લશ્કરી તાલીમ આપી છે. ચાલીસ લાખ યુવાનો લશ્કરી નોકરી માટે તૈયાર સજ્જ થઇ બેઠાં છે. વિમાનો, ઝેરીગેસ, ટેંકો, મોટી તોપો માટે શ્રીડર અને ક્રૂરડના કારખાનાઓ રાત્રિ દિવસ ચાલે છે આ લશ્કરી તૈયારીઓ જોઇ અંગ્રેજો જાગૃત થયા. એમણે પાંચ વરસમાં લશ્કરી સાધનો માટે ચાલીસ કરોડ પૌંડો વાપરવા સારૂ લોન ઉભી કરી છે. રશિયાને પણ જાપાન જર્મનીનો ભય છે એણે પણ અબજો રૂબલો લડાઇના સાધનો પાછળ ખર્ચવાનું રાખ્યું છે. યુરોપ હથિઆર ઘેલું થયું છે. યુદ્ધસામગ્રી પાછળ સને ૧૯૩૫-૩૬ માં ૮૬ કરોડ પાઉંડ એટલે ૯ અબજ રૂપિયા ખરચાયા છે. કેટલી ગંજાવર લશ્કરી તૈયારીઓ !

યુરોપ આ રીતે ભયંકર મહાયુદ્ધના આંગણે ઊભું છે. માત્ર એક ચીનગારી અને ભયંકર આગ સળગી ઉઠશે. ક્યારે આ મહાયુદ્ધ થાશે તે કોઇ કહી શકે તેમ નથી પરંતુ યુરોપમાં વિનાશ માટે દારૂગોળાનો મોટો જમાવ થયો છે. યુરોપ સળગી ઉઠવા માટે તૈયાર છે. એ માથાથી પગ સુધી હથિયારબંધ થયું છે મુસોલીની અને હીટલર આ જબરા લશ્કરી બળનાં મોટાં હિમાયતીઓ છે પરંતુ સૌ જાણે છે કે મહાયુદ્ધ થયું કે અમારી સંસ્કૃતિ, ધર્મ, સમાજ એ સર્વે એની વેદી ઉપરે હોમાઇ જશે. એટલે સૌ પ્રથમ શરૂવાત કરતાં ડરે છે. હમણાં મોટાં લશ્કરો, આગ્વારો, મનવારો, વિમાનો, સબમેરીન, તૈયાર કરનાર રાજ્યોમાં મુખ્ય ગ્રેટબ્રિટન, જર્મની, ફ્રાન્સ, ઇટલી, રશિયા, જાપાન, અને અમેરિકા છે. જર્મનીના ભયથી ઝેકોસ્લોવીકીયા, રૈમાનીઆ, વહ્ડોરીઆ, સ્વીટઝરલેંડ, બેલ્જીયમ વિગેરે રાજ્યો પણ હથિયારબંધ થયા છે. એક તરફ ફ્રાન્સ બીજી તરફ જર્મની યુરોપમાં પક્ષો બાંધે છે. હજારો-બરે લાખો જાસુસો એક બીજાં દેશના લશ્કર, કિલ્લા, સાધનો અને લડાયક તૈયારીઓની ખબરો માટે રોકવામાં આવ્યા છે. યુરોપ ખ્રીસ્તી ધર્મી છે. પરંતુ હમણા તો સંહારક-ધર્મી બન્યું છે, જડવાદ એ એનો યુદ્ધદેવતા છે. સમૃદ્ધ એની શક્તિ છે.

રમણરેતીમાં

નટવરલાલ મો. ગાંધી

: શાર્દૂલ૦

ત્હારાં ગાન મધુર શાં રણઝણી ઊઠે વિહંગ: સ્વરે
ને ઉન્માદ બનેલ પ્રેમજીવડાં, વૃક્ષો, લતાઓ વળી
વાળી અંગમરોડ પ્રેમસહુસા, ચારૂભર્યાં અંતરો
ઝીલી, નેન ઢળાવી શું નીરખતા, આ આભરેતી સરી

જાણે કોટીક તારલા ઝળકતા, વેરાયલા ભૂમીપે
આકાશી નભવૃંદરમ્યરજમાં, ઉત્સાહથી ઝીલતાં
માધુરી નખપાદમાં ભરી હતી, ખીલી સુંવાળી અને
મીઠી અંગુલીથી અરી હૃદયની કામાશ કણી કહીં;
એ એ પ્રેમભરી પ્રભુ ! પગલીઓ ત્હારી લપાઇ કહીં ?

સંસ્કૃતિનાં વહેણ

[એક પ્રવાસવર્ણન]

જુલાઈ અંકથી ચાલુ

શ્રી. મૂળશંકર મો ભટ્ટ

ચિત્તોડગઢને સવારમા ઊઠીને દૂરથી નીહાળ્યો, ત્યારે જાણે કોઈ જુના કાળનું ઝાંખુ પડી ગયેલુ ચિત્ર હોય, તેના જેવુ લાગ્યું. પ્રભાતના આકાશની પશ્ચાદ્‌ભૂમિકા ઉપર આ ગઢ અસ્પષ્ટ છતાં બહુજ રમણીય લાગતો હતો ચિત્તોડગઢની પાછળ રહેલો ઇતિહાસ આ ચિત્રને આછો રંગ આપતો હતો

ચિત્તોડનો કિલ્લો એક વિશાળ અને મથાળેથી સપાટ એવી ૮ માઇલના ઘેરાવાવાળી ટેકરી ઉપર બાંધવામા આવ્યો છે એમ કહો કે ટેકરી અને કિલ્લો, એ બન્ને મળીને જાણે એક બીજાને સાચવતા હોય એમ લાગે છે ઇતિહાસ કહે છે કે ૮મી સદીથી આ ટેકરી ઉપર કિલ્લાનો પાયો નખાયો છે તે અનેકવાર તૂટ્યો છે અનેકવાર બમણો મજબૂત બનાવાયો છે અને મેવાડના રાણાઓનુ લાબા વખતનુ ગૌરવ સાચવનાર આ 'ગઢમે' ગઢ ચિત્તોડગઢ કહેવાય છે

ખરુ જોતા તો આ કિલ્લો એક મોટુ શહેર કહી શકાય તેવડા વિસ્તારમા છે પણ શહેર કરતા પણ એક સ્વયસપૂર્ણ સસ્થાન હોય એવો વધારે છે તેના ઉપર તળાવો છે, ઝરણા છે, મોટા મોટા મહેલોના ખડિયેર છે, ખેતરો છે, ગામડાઓ છે, મોટી બજારોના અવશેષો છે એક વખત તો અહી આ ગઢ ઉપર ઝવેરીયોની બજારોનો લત્તો હતો અત્યારે પણ તે તે નામે જ ઓળખાય છે અત્યારે ત્યા એક બે નાનાં ગામડાઓ છે ખેડૂતો ઉપર ખેતી કરે છે સીતાફળના વાવેતર કરે છે આ ઉપરથી આ કિલ્લાની વિશાળતાનો ખ્યાલ આવશે આસપાસ ઘણે સુધી સપાટ મેદાન છે ફક્ત એક બાજુ એક ખીણ પછી અરવલ્લીના ડુંગરોની હાર શરૂ થાય છે બાકી ત્રણ બાજુ તો લાંબે સુધી ખુલ્લી છે દુશ્મનો કેટલેય દૂરથી સ્પષ્ટ જોઈ શકાય એવી તેની ભૌગોલિક સત્તા છે

આ ચિત્તોડના સ્થૂલ દેહ કરતા પણ તેનો પ્રાણ ઓછો બળવાન નથી આ ગઢના રક્ષણ માટે મેવાડની વંશપરંપરાઓ લડયા કરી છે અને જાણે આજ આખા રાજપૂતાનાનું નાક હોય તેમ કિ કીની સત્તાએ આ ગઢને પાડવા માટે અથાગ દ્રવ્ય અને મહેનત ખરચ્યા છે

કેટલાંય વર્ષોનો ઘેરો અને તોપોનો મારો આ કિલ્લાએ ઝીલ્યો છે. રાણા ઉદયસિંહના વખતમાં આખરે અકબરે આ કિલ્લો જીત્યો, પણ જીત્યો, તે લગભગ હાર્યા બરાબર. રાણા પ્રતાપે આ કિલ્લો પાછો મેળવવા જીવન અર્પણ કર્યું. અને તેના વંશવારસોએ પાછો આ કિલ્લો મેળવ્યો.

અલ્લાઉદીન ખીલજીને પદ્મિનીના જૌહર, જયમલનું મૃત્યુ, રાણા કુંભાનો માળવાના ને ગૂજરાતના સુલતાન ઉપરનો વિજય, આ બધા પ્રસંગો આ કિલ્લામાં જતાં સજીવન થાય છે. કિલ્લામાં પ્રથમ પ્રવેશ કરો ત્યાં જ તેની ભવ્યતા આપણા મનને ભરી મૂકે છે કિલ્લા ઉપર ચડવા માટે આ દરવાજા સિવાય બીજું કોઇ સ્થળ નથી. કહેવાય છે કે અકબરે કિલ્લા સિવાયને બીજે રસ્તે ચડવા માટેનો રસ્તો કરવા માટે એક મજુરને એક માટીના ટોપલાનો એક રૂપીઓ મજુરી આપીને પ્રયત્ન આદર્યો હતો.

દરવાજામાં પણ લશ્કર સીધું પેસવા જાય, તો સામી ભીંતે ભટકાય એને વાંકાવળીને જ જવું પડે. આમ સાત દરવાજા વટાવ્યા પછી કિલ્લા ઉપર પહોંચાય છે, આ દરવાજા પણ ચઢાવમા આવેલા છે

ઉપર ગયા પછી આપણે સપાટ જમીન પર આવીએ છીએ. અને અંદર ફરતાં ફરતા આપણે કાળના ગર્ભમાં જાણે અજાણ્યે પેસી જઇએ છીએ. ફક્ત કોઇ કોઇ જગ્યાએ શંકરના મંદિર આગળ પૂજારણને પૈસો માગતી જોઇએ, ત્યારે આપણે વર્તમાનમાં ફરીએ છીએ, તેનું ભાન થઇ જાય છે.

રાણાકુંભનો કે મીરાંબાઇનો મહેલ તો લોકો કહે ત્યારે જ ખબર પડે. પણ તે નામો કેવી સ્મૃતિ જગાડે છે! મીરાંબાઇનાં મંજીરાં જાણે રણકે છે એ મીરાંબાઇનું મંદિર પણ અત્યારે ઊભું છે. મંદિરનીસાથે મીરાંબાઇનું નામ જોડાએલું જોઇને એક શુદ્ધ સફેદ વસ્ત્રમાં કોમળ અંગવાળી મીરા મસ્ત બનેલી દેખાવા માડે છે. એ કીર્તિસ્તંભ! ખરેખર કુંભારાણાને માળવીના સુલતાનને બે બે વાર હરાવ્યા પછી આ કીર્તિસ્તંભ બાંધવાનું મન થાય તો તેમાં નવાઇ નથી. દૂર દૂરથી આ કીર્તિસ્તંભ કિલ્લાની મધ્ય ભાગમાં મુકુટના મણિની જેમ દેખાય છે. આ કીર્તિસ્તંભ કારીગરીના નમુના તરીકે તો મુગ્ધ કરી દે તેવો છે. પણ તેનું ઐતિહાસિક ગૌરવ પણ ઓછું નથી. એ પદ્મિનીનો મહેલ, આ મહેલમા કંઇ જોવાનું નથી. ખરુ જોતાં આ સ્થળોમાં સ્થૂલ દષ્ટિએ શું જોવા જેવું છે? પણ ઐતિહાસિક આંખ જ આમાથી આનંદ મેળવી શકે છે. કલિકાનું મંદિર અમે જોવા ગયા, ત્યાં પગથીઆ પર લોહીના તાજા જ ડાઘ પડેલા. હજુ દસેક દિવસ પહેલાં જ ત્યાં દર વરસની મારફક દશેરાના પર્વ નિમિત્તે રાજ તરફથી પાડાનો વધ કરવામાં આવેલો કહો કે માતાને તે પાડો ધરવામાં આવ્યો હતો. કાળ બધી જગ્યાએ સરખી ગતિથી નથી વહેતો. અહીં આ પ્રદેશમાં બહુ જ ધીમી ગતિએ વહેતો હશે?

એક બીજો નાનો કીર્તિસ્તંભ પણ ત્યાં હતો. તેમાં જૈન સ્થાપત્યની અસર હતી. તે નાજુક પણ મોહક હતો.

આમ મુખ્ય મુખ્ય સ્થળો ગઢ ઉપરનાં જોયાં, તેની ઉપર તોપોનો એક મોટો તબેલો છે. આ તબેલામાં અમે જતા હતા. ત્યા રખેવાળે બૂમ મારી. 'જોડા ઉતારીને જાઓ' તોપોને પણ દેવી તરીકે જ હવે તો પૂજવાનીને! એ સિવાય એનું ગૌરવ અત્યારે બીજી કઈ રીતે સૂચવાય? એક તોપ તો ખરેખર પ્રચંડ હતી. આ ઉપર ચડાવી હશે કે ઉપર જ ગાળી હશે? બન્નેની શક્યતા હોય તોપણ આશ્ચર્ય તો બન્નેમાં રહેલું છે.

આ ચિત્તોડગઢની તળેટીમાં જ ચિત્તોડનગર રહેલું છે. અત્યારે તો તેની ૨૦૦૦૦ની વસ્તી છે. વેપારવણજમાં ઉદેપુરથી કદાચ બીજે જ નંબરે (મેવાડરાજ્યમાં) આવે. પણ શહેર જોતાં કોઇ જુની મેવાડી સંસ્કૃતિની કંઇ છાપ ઊઠે તેવુ નહોતું.

ચિત્તોડમાં પણ આપણે બહુ રોકાયા. હવે એક એવા સ્થાને આવીને પહોંચીએ કે જ્યાં ભૂતકાળ અને

વતમાનકાળનું એકી સાથે દર્શન કરી શકીએ. અને તે સ્થાન તે શ્રી નાથદ્વારા

શ્રી નાથદ્વારા સબંધે મે ઘણુ સાભળેલુ દામોદર લાલજીના પ્રખ્યાત કિસ્સા પછી તેના તરફ જરા ધ્યાન પણ ખેચાયુ, અને જ્યારે ઉદેપુર જવાનું નક્કી કર્યું, ત્યારે નાથદ્વારા જવાશે એવી કલ્પના નહતી પણ જ્યારે ઉદેપુરમા ગયા, ત્યારે નાથદ્વારાનો કાર્યક્રમ પણ યોજાયો

નાથદ્વારાને સ્ટેશને અમે સમીસાજે ઊતર્યા. ત્યાથી સાત માઈલ દૂર નાથદ્વારાનુ ધામ છે અ ખે રસ્તે ઘોર અધારું હતુ જે વખતે અહીં જાત્રાળુઓની ઠઠ જામતી હશે, ત્યારે આ રાતની ગાડીમા ઊતરતા માણસો કઈ રીતે નાથદ્વારા પહોચતા હશે ? એ સવાલ છે કેટલાય માણસો તો માથે પોટલા મૂકીને ચાલતા જ પહોચી જાય છે

નાથદ્વારામા પ્રવેશ કરનાર કોઈપણ યાત્રાળુ એ શ્રીનાથજીનો એક ટકનો મહેમાન ગણાય છે અને ત્યા એવી વ્યવસ્થા જ છે કે કોઇ યાત્રાળુ આવ્યો, એટલે તેના ઉતારા ઉપર તેને માટે મદિરમાથી પ્રસાદ ' આવ્યો જ [જ]ાય આ પ્રસાદ એટલે પરસાદી નહિ. પણ ખાસ્સા બે [મ]ાણસ ધરાય એટલી મિઠાઈનો એક મોટો પડીઓ અથવા મોટી પાતળ આ પ્રસાદમા ઠોર, બુદી મોહન [થ]ાળ, અને એવી ચીજો જ હોય છે આ પ્રસાદ લાવવા બદલ ફક્ત આવનાર માણસને સેવકી નો એક આનો કે બે આના આપવા પડે છે પણ તે નિયમ આ પ્રસાદ લાવનારા સેવકોનો ખાનગી રીતે ઘડાયેલો છે અને એટલે જ અમે અગ્રેજી શબ્દ Tip ને બદલે આ સેવકી શબ્દનો પ્રચાર કરવાના મતના થયા છીએ

રાતે જ અમને મદિરના એક ભક્તજને બહુ જ કાળજીપૂર્વક કહેલુ કે સવારે ' મગનાના ' દર્શન માટે તમને ઊઠાડવા આવીશ

આ દર્શનોનો કાર્યક્રમ એ જ નાથદ્વારાનો અખા [દ]િવસનો મુખ્ય કાર્યક્રમ છે જાણે નથદ્વારા ગામની (આ ગામ દસેક હજારની વસ્તીનુ હશે) પ્રવૃત્તિ આ દર્શનો ઉપર જ કેન્દ્રિત થઈ હોય એમ લાગે છે

સવારના ચારેક વાગે ગામમા પ્રવૃત્તિ પ્રજ્વળી ઊઠે છે 'મગના' ના દર્શન માટેની હારો સડક ઉપર થવા લાગે છે અને લોકોનુ પૂર મદિર તરફ ધસી રહ્યું દેખાય છે અમે ગયા ત્યારે કોઇ ખાસ ઉત્સવના દિવસો નહતા છતાં ભીડ કોઇ ઉત્સવ જેટલી જ હતી ત્યા ઉત્સવના દિવસોમા તો શી સ્થિતિ હશે ! અમે પણ આખો ચોગતા ગયા મદિરના મુખ્ય પ્રવેશદ્વારમા થઇને અદર ગયા, અને એક બીજા નાના દરવાજામા થઇને એક ચોકમા આવ્યા ચોકમા કેટલાય માણસો પ્રભાતીયાની ધૂન મચાવતા બેઠા હતા કેટલીક જગ્યાએ કોઈ ખૂણામા બેઠુ બેઠ એકનુ ગણગણતું હતુ કોઇ જગ્યાએ સ્ત્રીઓ ઉઘતા છોકરાને તેડીને મોટે અવાજે ભજનોમા સુર પૂરાવતી હતી પ્રભાતની ઠંડી ચીમકીવાળી હવામા આ વાતાવરણ કોઇ નવીન પ્રદેશનો જ અનુભવ કરાવતુ હતુ હજી દર્શનનુ બારણુ બધ હતુ બારણુ કેટલીય વારે ખુલ્યુ અને લોકો અદરના ગર્ભદ્વારમા ધસ્યા ગર્ભદ્વાર પ્રમાણમા ઘણુ સાકડુ હતુ પણ સકડાશ એ માત્ર દૃષ્ટિએ જ પ્રતિકૂળ છે લોકોમા અને તે પણ હિંદના લોકોમા ભક્તજીના માનસોને તો ભીડથી જ ભક્તિભાવનો આવેશ વધે છે ભીડ, કોલાહલ ઘટાનાદ એમ કહો કે સતત અવાજમા જ શાતિનો અનુભવ થઇ શકે છે મૂર્તિ સાવ અધારામા છે મૂર્તિની પડખે જ બે નાની ઘીની દીવીઓ બળતી હોય છે અને એટલે જ આ દર્શનને દર્શન શબ્દ કરતા ત્યા વાપરવામાં આવતો 'ઝાખી' શબ્દ વધારે ઉચિત છે ખરેખર મૂર્તિની ઝાખી જ થઇ શકે છે બહુ જ થોડો વખત દર્શન માટે પડદો ખુલ્લો રાખવામા આવે છે ભીડ અપાર હોય દર્શન કરવા ઊભા રહેવાની જગા અપાર હોય, એટલે આગળના લોકો માડ દર્શન કરી શકે પાછળના લોકો આગળવાળાના ખભા ઉપર ચડીને દર્શન કરે છે કોઇ માણસ કોઇપણ માણસના ખભા ઉપર ચડે તેમા કોઇ વાંધો લેતુ જ નથી કોઇ ધક્કા મારે તોપણ તકરારો

ઊભી થતી નથી કારણ કે કોઈને ધક્કાનું કે શારીરિક દુ:ખનું ભાન જ નથી હોતું ફક્ત અમારા જેવા મૂર્તિ કરતાંય મૂર્તિના દર્શકોના દર્શન કરવા આવેલાઓને જ આમાં રસ પડે છે કેટલાક બિચારા અશક્ત માનવીઓ ખૂણે ઊભા ઊભા માનસિક દર્શનનો સંતોષ માને છે કોઈ કોઈની આંખમાંથી આ પ્રસંગે આંસુ ઊભરાતાં જોયાં છે. હાસ્યરસની છોળોમાં કરુણરસની પણ છાંટ દેખાતી હતી, ભેગા થયેલા માણસોમાં પંજાબી, સીંધી, બંગાળી, ગૂજરાતી, મારવાડી, એ પ્રમાણે ઉત્તર હિન્દુસ્તાનના બધા પ્રાંતોના પ્રતિનિધીઓ હતા એમાંય ગૂજરાતી અને મારવાડી વિશેષ હતા. મદ્રાસ અને દક્ષિણ તરફના બાવાઓ સિવાય બીજા માણસો નજરે નહોતા પડતા પણ બાવાઓને તો આ પીયર જેવું જ ગણાય।

આ શ્રી નાથદ્વારાનું સ્થાન કેટલાય વર્ષો થયાં હિંદુસ્તાનની વૈષ્ણવી ભક્તિનું મધ્યબિંદુ બની ગયું છે અલબત દક્ષિણ હિંદુસ્તાન આમાંથી ઘણી રીતે અલગ રહી ગયો છે આ નાથદ્વારાના ઈતિહાસની બરાબર ખબર નથી. પણ એમ માલમ પડ્યું છે કે આ નાથદ્વારાની મૂર્તિને મોગલોના પંજામાંથી બચાવવા માટે મેવાડના રાણાએ હિંમત બતાવી અને પોતાના રાજમાં ડુંગરાઓની વચ્ચે આવેલા આ એકાંત સ્થળમાં તેને સુરક્ષિત કરી અને એથી આ મૂર્તિ એ હિંદુ ધર્મભાવનાને સૌથી વધારે આકર્ષણ બની રહ્યું પછી તો જેમ બધે બને છે તેમ અહીં પણ ગાદી સ્થપાઈ અને તે એક 'ધર્મ–રાજ્ય' બની ગયું. નાથદ્વારાનો વહીવટ બહુ અજબ રીતે ચાલે છે, તે જગ્યાને પોતાની થોડી જાગીર પણ છે પણ જાગીરમાંથી અહીંનો ખર્ચ નીકળે તેમ છે નહિ પણ અહીંના તંત્રને પૈસા ક્યાંથી લાવવા તે પ્રશ્ન ઊભો થતો નથી પણ પૈસા ક્યાં વાપરવા તે પ્રશ્ન મુંઝવતો હોય એમ લાગે છે ત્યાં રોજ ઠાકોરજીને દોઢ હજાર રૂપીઆનો થાળ ધરવામાં આવે છે સાંભળ્યું છે તે પ્રમાણે ખમો રૂપીઆનું ઠાકોરજીને ભોજન પછી પાન ધરવામાં આવે છે આમાં કદાચ અતિશયોક્તિ હશે પણ અતિશયોક્તિની સાથે અલ્પોક્તિને સ્થાન છે ત્યાંનું સ્થાન, ત્યાંનો વહીવટ, ત્યાંનો વૈભવ, ત્યાંની અવ્યવસ્થિત વ્યવસ્થા, ત્યાંનો બગાડ એ બધું જોતાં તેને માટે કોઈ પણ કલ્પના કરવામાં આવે તેમ નથી ત્યાંનો કોઠાર જોઈને આપણે સ્તબ્ધ જ થઈ જઈએ એક મોટા ટાંકામાં તેલ અને ઘી ભર્યાં હોય સામાન્ય દિવસોમાં રોજના વીસ પચ્ચીસ ડબા ઘી તો ત્યાંની રસોઈમાં ગરમ થતું હોય કોઈ મકાન ચણાતું હોય ત્યાં આગળ જેમ ચુનાના ઢગલા પડ્યા હોય, સીમેન્ટની કોથળીઓ પડી હોય તેમ ત્યાં આગળ ઘઉં અને ચણાના લોટના ઢગલા અને ખાંડના કોથળા ખડકેલા નજરે આવે શાકભાજી તો ઈંટો ને પથ્થરની જેમ રસ્તામાં રઝળતાં પડ્યાં હોય આટલું બધું રોજ ક્યાંથી આવતું હશે તે ખબર પડતી નથી હિંદુસ્તાનને ખૂણે ખાંચરે પડેલા કેટલાય ભાવિકો, શુંત રીતે પોતાનાં 'ફૂલ નહિ તો ફૂલની પાંખડી' મોકલ્યા જ કરતા હોય છે, કેટલાયને ત્યાં તો નિયમિત લાગો જ હોય છે શાક, ભાજી તો અમે જોયું કે માણસો મોટમાં ભરી ભરીને ત્યાં ચોકમાં નાખી જતા હતા આવી વ્યવસ્થા જોઈને મન કેટલીવાર બહુ જ અસ્વસ્થ બની જાય છે મનુષ્યનું માનસ આપણે માનીએ તેટલું ઉકેલવું સહેલું નથી ત્યાંનું રસોડું જોવા માટેની લાયકાત અમારી ન ગણાઈ એટલે એ લાભ અમને ન મળ્યો નહિ તો આટલા મોટા કોઠારનું કઈ રીતે મિષ્ટાનમાં રૂપાંતર કરવામાં આવે છે તે જોવા મળત અમે તો દોઢ શેર દોઢ શેરનો મોહનથાળના બટકા, બુંદીના લાડુ, [illegible] છાણાં જેવા ઠોર જોઈને રસોડાની કલ્પના જ કરી શક્યા આ ઉપરાંત કઢી, ભાત શાક, દુધપાક, બાસુદી અને એવી વાનીઓ તો ગણાવવાનો કંઈ અર્થ જ નથી

આ 'પ્રસાદ' ઠાકોરજી આરોગી લે પછી વેચી દેવામાં આવે છે પણ એ વેચવાની રીત બહુ ધ્યાન ખેંચે તેવી છે મંદિરમાં તો વેપાર જેવી [illegible] અને ઐહિક બાબત થઈ શકે નહિ એટલે મંદિરના નોકરોને આ પ્રસાદ તેમના મહેનતાણા રૂપે આપવામાં આવે છે અને તે નોકરો તે પ્રસાદને પગાર ગણીને મંદિરની

બહાર તે પ્રસાદને વેપાર કરનારા દુકાનદારને વેચી દે છે. તે દુકાનદારો તે પ્રસાદને થાળનાં રૂપમાં ચાર ચાર આને વેચે છે. પ્રસાદનું પ્રમાણ જોતાં આ ચાર આના એ બહુ મોટી કિંમત નથી અને પ્રસાદમાં રહેલી દિવ્ય ભાવના જોતાં તો તે પ્રસાદ ખરેખર 'અમુલ્ય' જ છે. (અહીં અમુલ્ય શબ્દના બન્ને અર્થો કરવામાં વાંધો નથી) અમારા ઉપર તો વિશિષ્ટ કૃપા ઉતરી હોવાથી ખાસ જુદો થાળ મંદિરમાંથી મોકલવામાં આવ્યો હતો. એટલે અમારે તો તે થાળ લાવનાર નોકરને માત્ર 'સેવકી' આપવા ઉપરાંત વિશેષ કરવાનું રહેતું નહોતુ. અને રહેતું હતું તો અમે એમ કર્યું નહોતું એમ મને યાદ છે.

ધર્મસ્થાનનું વર્ણન કરતાં મેં ભોજનના વર્ણનમાં ઘણો વખત લઈ લીધો પણ તેમાં મને ખાસ ઔચિત્ય-ભંગ લાગતો નથી. કારણ કે આખા દિવસના ત્યાંના કાર્યક્રમમાં આજ વસ્તુ જ્યાં ત્યાં નજરે પડતી હતી પણ આ ઉપરાંત બીજી પણ એક બે બાબતો ઉપર અમારૂં ધ્યાન ખેંચાયું શ્રી નાથજીની 'ઝાંખી' કરવા માટેના પ્રયત્નો લોકો કઈ કઈ રીતે કરે છે, તે જોવામાં બહુ જ મઝા આવે તેવું હતું ઝાંખી કરવા માટેના કેટલાક ખાસ રસ્તાઓ ત્યાં રાખવામાં આવ્યા છે. મંદિરના કારભારીઓ અને લાગવગવાળા અને ઠાકોરજીનો પ્રસાદ ધરાવવાનો કે આરતી ઉતારવાનું ખાસ સદ્‌ભાગ્ય જેમને હજાર બેહજારને ખર્ચે મળ્યું હોય છે, એનાઓ જ આ માર્ગે આવીને નજીકથી મૂર્તિની ઝાંખી કરી શકે છે પણ ત્યાંય પછી તો એવી ભીડ થાય છે કે ઘણીવાર મૂર્તિની નજીક હોવા છતાં તેની ઝાંખી ન થવાનો અસંતોષ રહે છે. એનો અર્થ એમ નથી કે અમને પણ એ અસંતોષ રહી ગયો હતો કારણ કે મૂર્તિની ઝાંખી કરતા મૂર્તિના દર્શન કરવા આવેલા લોકોના દર્શન કરવાનો વધારે રસ હતો

આવી જ એક બીજી રમિક ક્રિયા અમને અણધારી જોવા મળી અમે ચોકમાં ઊભા હતા ત્યાં એકાએક ભક્તજનોની બૂમ પડી, "ચાલો ચરણસ્પર્શનો વખત થયો છે." પહેલાં તો અમે કે સમજ્યા નહિ પણ લોકો જે તરફ ધસતા હતાં તેમાં અમે પણ ભળ્યા. મેડી ઉપર એક મોટા ઓરડામાં એક ખૂબ સુશોભિત એવી ખુરશીમાં એક આઠ નવ વર્ષનો છોકરો બેઠો હતો. છોકરો સુંદર હતો, તેણે ઠાઠમાઠથી કપડાં પણ પહેર્યાં હતાં. લોકો તેના પાસે આવીને તેના પગોને હાથ અડાડીને તે હાથ આંખે અને માથે ફેરવતા ફેરવાતા મનમાં કંઈક ગણગણતા એક પછી એક ત્યાંથી પસાર થતા હતા. અમારી સ્થિતિ જરા કફોડી હતી, અમારાથી ચરણ સ્પર્શ થાય એવું હતું નહિ. અને હવે આટલે આવ્યા પછી પાછા ફરવું એ સામા પૂરમાં પડવા જેવું હતું. કારણ કે પાછળથી માણસોનો પ્રવાહ અમને ધકેલી રહ્યો હતો. ત્યાંથી ચરણ સ્પર્શ કર્યા સિવાય પસાર થવું એ પણ આપે ચડવા જેવું હતુ. તોપણ અમે તો હિંમત રાખીને સીધે સીધા પસાર થઈ ગયા. પણ આમાં એક ગેરલાભ થયો મારી ઇચ્છા તે છોકરાના મુખ ઉપર થતા હાવભાવો જોવાની હતી આટલી નાની ઉમ્મરે વારસા સિવાયની બીજી કોઈ પણ લાયકાત ન હોવા છતાં આટના બધા લોકો તેના પગને પૂજે જાય તેની અસર આ છોકરાના મન ઉપર કંઈ થતી નહિ હોય? વિખ્યાત થયેલા દામોદરલાલજીનો આ છોકરો પોતાની ખરેખરી સ્થિતિ કોઈ દિવસ સમજી શકશે ખરો! રાજાના પુત્ર કરતા આની સ્થિતિ વધારે કફોડી હતી. કારણ કે રાજા પ્રત્યે લોકોને સત્તાના ડરનો ખ્યાલ જ વધારે હોય છે જ્યારે ધર્માચાર્યો પ્રત્યે મૃત્યુ અને નરકના ભયનો ખ્યાલ વધારે હોય છે. મને સાચુ કહુ તો આ છોકરાની દયા આવી એક માણસ માણસ તરીકે ઉછરી જ ન શકે એનાથી વધારે કરુણતા બીજી કઈ હોય!

શ્રી કાકાસાહેબે એક અરધંદ તીર્થનું રૂપક હિન્દુ-ધર્મને માટે કલ્પ્યું છે. અલબત હિન્દુધર્મની તેમા નિંદા નથી પણ હિન્દુધર્મને સાચવવાનો દાવો કરતાં કેટલાય તીર્થક્ષેત્રોને તો આ રૂપક આબાદ લાગુ પડે છે ધર્મ જેવી મનુષ્યજીવનને ઉન્નત કરનારી ગણાતી વસ્તુ મનુષ્યની વિચારશક્તિને કેમ સાવ રૂંધી નાખતી હશે તે સમજવું અલબત મુશ્કેલ છે. મનુષ્ય જીવનમાં શ્રદ્ધા અને વિવેક

શક્તિ બેનું જ્યાં સરખું મિશ્રણ નથી હોતું અથવા માણસ જ્યારે પોતાની શ્રદ્ધાભક્તિને વિવેકની કસોટીએ ચડાવતો અટકી જાય છે ત્યારે આ સંસ્કૃતિના વહેણમાં અસ્પંદ તીર્થ બની જાય છે પાણી ગંધાવા લાગે છે, અને જેમ ગંધાય છે, તેમ માણસની શ્રદ્ધા વધારેને વધારે અંધ બનતી જાય છે અને તે ગંદકીમાં જ ભક્તિરસની પરાકાષ્ઠા અનુભવે છે નાથદ્વારામાં કહેવાય આવા ગંધાતા કુંડો છે, તેમાં માણસો અતિ ભક્તિપૂર્વક ન્હાય છે જ્યાં ઊભા રહેતાં માથું ફાટે ત્યાં માણસનું મન સ્વર્ગનો આનંદ અનુભવે છે, આ નાથદ્વારા જેવા સ્થળને માટે સ્વાભાવિક જ છે પણ સૌથી વધારે દુઃખદ ઘટના તો એ છે કે આવા તીર્થસ્થાનોના 'ભૂદેવો'એ મનુષ્યોમાં રહેલી આ પ્રસારીત શ્રધાને લૂંટવા માટેનું કેવું તંત્ર ગોઠવી દીધું છે! તે તંત્ર ગોઠવનારા પૂરેપૂરા જાગૃત છે તેમને મનુષ્ય સ્વભાવનું પૂરેપૂરું ભાન છે અને તેથી જ આ તીર્થસ્થાનો આને આ સ્વરૂપમાં ટકી શકે છે આ મંદિરોમાં થતા અનાચારો પૈસાની લૂંટ કાવાદાવા ખટપટોની ગંદકી તો અહીં ઉલેખવી એ નકામું છે કારણ કે તે તો વર્ણન બહાર જાય એવું છે મેવાડની વીરભૂમિના દર્શન કરીને મેળવેલી પ્રેરણા તેમાંથી સંસ્કૃતિના વહેણનું પાણી પીધા પછી આ ગંદું પાણી મોઢામાં નાખવાનું રુચે તેમ નથી આમાં તો શ્રી કાગ સાહેબે ઇચ્છ્યું છે તેમ જ યા ભયંકર કરની જરૂર છે એમ ઇચ્છવાનું મન થઈ જાય છે કે આ બાબતમાં તો—

જરીક જરીક ડગ માંડતા મારી જનનીને ના વળે જ પરે
આવો વિપ્લવ આવો જ્વાળામુખી તોડો ઘણુંતાના નૂતન પથ

આટલું શ્રીનાથદ્વારા વિષે કહ્યા પછી તેની નજીકમાં જ આવેલું કાંકરોલીનું તીર્થક્ષેત્ર વર્ણવવાની મારી હિંમત નથી ચાલતી અહીં પણ એક જ ગાદી છે કાંકરોલી સ્થળની પ્રાકૃતિક સમૃદ્ધિ અતિ સુંદર છે, એક સ્ફટિક જેવા સ્વચ્છ તળાવને કાંઠે ઊંચી ટેકરી ઉપર આ જગ્યા આવેલી છે આખું ગામ લગભગ ઊંચાણમાં છે અમે આ ગામમાં રાતે પહોંચ્યા હતા રાતે કંઈક બહુ જ વિચિત્ર એવી છાપ અમારા મન ઉપર આવી પડી ઊંચા ચઢાણવાળા રસ્તામાં સાવ અંધારું ગામની દુકાનોમાંની ઝાંખી બત્તીઓનો પ્રકાશ અંધારાને વધારતો હતો દૂર એક મોટા મહેલમાં (આ મહેલ અહીંના પ્રભુજીનો હતો) બત્તીઓ ઝાકઝમાળ બળતી દેખાતી હતી

અમે મંદિરની ધર્મશાળામાં ઉતર્યાં નિયમ પ્રમાણે પ્રસાદ વિગેરે મળ્યું અને તે જ માણસ આવીને રાત્રે કહી ગયો કે મંગળાના દર્શન માટે સવારે ઊઠાડવા આવીશ અમે તો હવે વધારે દર્શન માટે આતુર ન હોતા એટલે સવારના તળાવ વિગેરે જોયાં, અહીંના મંદિરના વાતાવરણની એવી અનેક વાતો અમારે કાને આવેલી કે અહીં વધારે રહેવા માટેનું મન થાય તેવું નહોતું પણ એમ તો લાગે છે કે અહીંના વાતાવરણનો પણ અભ્યાસ કરવાની જરૂર છે ફક્ત તે માટેનો વખત અને ઉત્સાહ જોઈએ અમારી પાસે એમાંથી એક નહોતું

અહીંથી થોડે જ દૂર રાજનગર અને તેની પાસે આવેલું રાજસમુદ્રનું સરોવર જોવા અમે ગયા રાજસમુદ્ર એ ખરેખર ભવ્ય સરોવર છે તે 'જયસમુદ્ર' જેટલું વિશાળ ન હોવા છતાં સૌંદર્યમાં તો તેની હરીફાઈ કરે તેવું છે તેની પાસે રાજનગરના ખંડિયેરો પણ જોવા મળે છે રાજસમુદ્રના શિલાલેખો વિગેરેની વાતો અહીં નહિ કરું કારણ કે અમે પણ તે બહુ ઉતાવળમાં જોઈ વળ્યા હતા

આટલે ત્યાંના મુખ્ય સ્થળો વિષે ભારતીય સંસ્કૃતિના બે પ્રવાહો—વીરત્વ અને ધર્મના અમે દર્શન કર્યા સંસ્કૃતિ કેમ વહેતી થાય છે અને વહેતી કેમ અટકી જાય છે, તે આ બધું જોવાથી બહુ જ સ્પષ્ટ થાય છે

પણ મેવાડની આ બધી સમૃદ્ધિની પાછળ જે ગરીબાઈ ડોકિયાં કરતી હોય છે, તેનો પણ કાંઈક ખ્યાલ અમને ઊડતા ઊડતાં મળી ગયો ને આ ઉદે

૧ મેઘાણી

શથી જ આ પ્રવાસ કર્યો હોત તો આ લેખ જુદી જ રીતે લખાયો હોત.

અમે થોડાંક ગામડાંઓ જોયાં. કંગાલિયતનો ગૂજરાતન્કાઠીઆવાડમાં ભાગ્યે જ આવી શકે એવો ખ્યાલ ત્યાંના માણસોને જોઇને આવ્યો. પણ ઓરિસ્સા વિગેરેના દુષ્કાળ પીડિત મનુષ્યોના વર્ણનો જેમણે વાચ્યાં છે, તેમને આમાં બહુ નવાઈ નહિ લાગે. આ દરિદ્રતાનાં દર્શન પણ અમારે તો લગભગ પહેલીવારનાં હતાં.

હલદીઘાટના અમારા ભોમીયા કમસદ્દીનની વાત હું આગળ લખી ગયો છું. તેને અમે પૂછ્યું કે ' તને પગાર શું મળે છે ' તેણે કહ્યું ' પાંચ રૂપીયા ' આ પાંચ રૂપીઆ પણ ઉદેપુરી. એટલે કે આપણા તો ૩॥ રૂા. આમાં તેનું મોટું કુટુમ્બ ભરણપોષણ કઇ રીતે મેળવતું હશે ! અમે જ્યારે તેને આઠ આના આપ્યા, ત્યારે તેણે જે ખાનદાનીથી એ આઠ આના લેવાની ના પાડી, તે જોઈને આપણને પણ શરમ આવે ! ૩॥ રૂા. નો પગારદાર માણસ એક કલાક કે બે કલાકની મહેનતમાં આઠ આના મેળવે તે તેને મન તો ચમત્કાર જ ગણાય ને ? છતાં તેનું મુસલમાની ખમીર તેને આ બક્ષીસ લેવાની ના પાડતું હતું. અમે તેને પકડીને તેના ખીસામાં પરાણે આ આઠ આના નાખી દીધા, તો પણ તેના મુખ પર નાખુશી દેખાતી હતી. શું હલદીઘાટની જમીનમાં હજુ પ્રતાપની અસર રહી હશે ! હું કમસદ્દીનને કદી નહિ ભૂલું. મને તે મૂર્તિમાં મેવાડની પ્રાચીન સંસ્કૃતિ અને અર્વાચીન દરિદ્રતાનાં દર્શન થયાં.

પણ કેટલું વિરોધી દર્શન ! ક્યાં ચિતોડ-હલદીઘાટનાં સ્મરણો અને ક્યાં આ નાથદ્વારા-કાંકરોલીના તામસી વૈભવ અને ગામડાંઓની દરિદ્રતાનો ચિતાર ! નથી અત્યારે પ્રાચીન તત્ત્વોની અસર કે નથી નવીન પ્રાણવાન સંસ્કૃતિનો પ્રવેશ. આની રીતે અરવલ્લીના પહાડોમાં જાણે આપણી સંસ્કૃતિ અટવાઇ ગઇ હોય, નવો પવન આવવા માટેની બારીઓ પણ નથી. જે કાંઇ નવો પવન આવે છે. તે અંગ્રેજ રાજકર્તાઓની મોટી મરજી દાનીમાંથી માંડ માંડ આવે છે. તેમની છાપની જ પેટંટ સંસ્કૃતિ ત્યાં પ્રવેશી શકે છે અને તે પણ માંડ માંડ ઉપલા થરને સ્પર્શ કરે છે. અલબત્ત વિદ્યાભુવન જેવી કેળવણીની એક માત્ર સંસ્થા મીઠી વીરડી જેવી લાગે છે. પણ સોય ભોંકાય એવા અંધકારમાં એક દિવાસળીનો પ્રકાશ કેટલો લાગે ! જૂનો દીવો ઓલવાઇ ગયો છે. નવો પ્રકટ કરવા માટેના પ્રયત્નો ક્યારે થશે ! અને કોણ કરશે ! મોટો ભડકો થાય અને તેમાં બધું ભસ્મીભુત થાય તે પહેલાં આ પ્રયત્નો થશે ! કે પછી એ પ્રયત્નોમાં શક્તિ ખરચવા કરતાં ભડકો જ થશે, એની રાહ જોવી !

આ આખો પ્રવાસ આપોઆપ અમારી દષ્ટિને ઘણી વિશાળતા આપી ગયો. મને લાગે છે કે આના કરતાંય પણ વધારે અભ્યાસપૂર્ણ દષ્ટિથી પ્રવાસ કરવામાં આવે તો હિન્દુસ્તાન વિષેના આપણા કાલ્પનિક છતાં વાસ્તવિક માનેલા ખ્યાલો ઘણા ફરી જશે.

●

નવલકથાનું કલાવિધાન

શ્રી. રતિભાઈ ઉકાભાઈ પટેલ

ગુજરાતના વાઙ્મય મહાપ્રવાહનું દર્શન કરતાં તેનાં અનેકવિધ આકર્ષક સ્વરૂપોમાં સર્જનાત્મક રસપ્રધાન વાઙ્મયના પ્રવાહોમાં નવલકથાનું સ્થાન છેલ્લા પાંચ દાયકાથી કોઈ અવનવી ભાત પાડે છે. નવલકથાનું અસ્તિત્વ શાથી? યુગયુગનાં રસરસિયાં જગતનાં નરનાર સૃષ્ટિના સર્જનકાળથી માનવભાવો અને માનવસ્વભાવગત મનોમંથન ને કુતૂહલપૂર્વક નિહાળવાને આતુર હોય છે. આ જીજ્ઞાસાનું પોષણ સાહિત્યપ્રવાહનાં વિધવિધ સ્વરૂપોથી થાય છે અને નવલકથા એ તદ્દન નૂતન સ્વરૂપ અને વિપુલ સ્વરૂપ છે. માનવભાવોનું આલેખન નાટકદ્વારા પણ થતું. પરંતુ નાટક એ સાહિત્યનું શુદ્ધ સ્વરૂપ નથી. નાટક એ મિશ્ર કળા છે અને તેમાં સાહિત્યનાં તત્ત્વોની સાથે રંગભૂમિનાં તત્ત્વોનું સંકલન આવશ્યક છે. નાટકમાં સૂચક કલાને પ્રાધાન્ય અપાય છે. નાટ્ય લેખક પોતે પ્રસંગ, પાત્ર કે વસ્તુને વિકસાવી શકતો નથી પોતે અહીં તટસ્થ રહે છે અને પાત્રદ્વારા નાટકનાં અન્ય તત્ત્વોનો વિકાસ થાય છે નવલકથા એ વિપુલ સાધન છે અને તેમાં સ્થળકાળનાં વર્ણન માટે પુષ્કળ અવકાશ રહે છે. વળી નવલકથાકાર પોતે પણ પાત્ર, પ્રસંગ અને વસ્તુવિકાસ સાધી શકે છે. આંગ્લ વિવેચકો નવલકથાને ગજવામાં રાખી શકાય એવું રંગભૂમિનું સર્જન (Pocket Theatre) ગણે છે. કારણ કે તેમાં નાટકને અનુરૂપ વસ્તુ હોવા ઉપરાંત નટ, પહેરવેશનું વર્ણન, દૃશ્યવર્ણન વગેરે હોય છે. આમ નવલકથામાં આટલાં આકર્ષક તત્ત્વો હોવાથી જનરૂચિ નાટકને બદલે નવલકથા તરફ વળે એ સ્વાભાવિક છે.

નવલકથાનો કલાદેહ મુખ્યત્વે કરીને ૬ વસ્તુથી ઘડાય છે. વસ્તુ, પાત્રવિધાન, વાર્તાલાપ, સ્થળકાળનાં વર્ણનો, નવલકથાકારની કથનકુશળતા, અને નવલકથાકારનો જીવનસંદેશ.

નવલકથા એટલે સુસંકલિત મનોરંજક કથા. વસ્તુ એ તો નવલકથાનો બાહ્ય દેહ છે. નવલકથાના કલાદેહના અન્ય પ્રધાન તત્ત્વો વસ્તુને સજીવતાની સાથે સૌંદર્ય અર્પે છે. નવલકથાનો સ્થૂલ દેહ તે એની વસ્તુ છે. જગતભરના વિખ્યાત નવલકથા સર્જકો ડીકન્સ, થેકરે, જ્યોર્જ ઇલીયટ, હાર્ડી, ડૂમા, ટોલસ્ટોય,—એમની મહત્તાનું કારણ સૌથી પહેલું એ એમની વસ્તુ ગૂંથણી છે.

નવલકથાની વસ્તુ નક્કી કરતી વખતે એક ખ્યાલ એ રાખવાનો છે કે વસ્તુની અંદર આવતા પ્રસંગો અને જીવનમાંથી સાંપડતા પ્રસંગો વચ્ચે સુમેળ સધાવો જોઈએ જીવનના જે કોઈ પ્રસંગને નવલકથાકાર સાહિત્યસ્વરૂપે અપનાવવા ઇચ્છે તે પ્રસંગથી પોતે વાકેફ હોવો જોઈએ જે વસ્તુનો એને પરિચય ન હોય તેને તજી દેવી એ જ ઇષ્ટ છે જીવનના વિધવિધ પાસાનો અનુભવ નવલકથાકાર સ્વાનુભવથી જ પ્રાપ્ત કરી શકે એ માન્યતા ભૂલ ભરેલી છે અનેક અવનવા પ્રસંગોની માહિતી પુસ્તકોના વાચનથી અગર અનુભવીઓ સાથેના વાર્તાલાપ દ્વારા મેળવી શકાય છે એટલે સાચો પ્રતિભાશીલ સર્જક આવું અનેકવિધ જ્ઞાનભંડોળ એકઠું કરીને પોતાની અપૂર્વ કલ્પનાબળે પોતે જેનો સ્વાનુભવ નથી કર્યો એવી વસ્તુઓનો પણ વાસ્તવ જીવન સાથે સુમેળ જળવાય એવા સ્વરૂપમાં સાહિત્ય તરીકે અવતારે છે

નવલકથાની વસ્તુની રજુઆત તરફ દ્રષ્ટિ કેંકતા આપણને સામાન્ય રીતે બે પ્રકારની વસ્તુવાળી નવલકથા સાંપડે છે (૧) સુસંકલિત વસ્તુ (Organic Plot) વાળી (૨) શિથિલ વસ્તુ (Loose Plot) વાળી

સુસંકલિત વસ્તુવાળી અને શિથિલ વસ્તુવાળી નવલકથાઓ એમ બે વિભાગમાં જ બધી નવલકથાઓને સમાવી શકાય નહિ કારણ કે શુદ્ધ સુસંકલિત વસ્તુ વાળી નવલકથાઓ અથવા તો શુદ્ધ શિથિલ વસ્તુવાળી નવલકથાઓ તો બહુ જ ઓછી હોય છે પરંતુ એ બન્નેના મિશ્રણથી બનેલી નવલકથાઓ ઘણા મોટા પ્રમાણમાં હોય છે

સુસંકલિત વસ્તુવાળી નવલકથા શૃંખલાબદ્ધ હોય છે આંગ્લસાહિત્યમાં આવી નવલકથાઓ શોધતાં સૌથી પહેલી દ્રષ્ટિ વિખ્યાત નવલકથાકાર ફીલ્ડીંગની ટોમજોન્સ નામની નવલકથા પર પડતાં આપણને લાગે છે કે અનેક પ્રસંગો અને વિપુલ પાત્ર સમૃદ્ધિવાળી આ નવલકથાના સર્જકનું અનોખું વ્યક્તિત્વ એને પાને પાને તરવરી રહ્યું છે આવી જ સુસંકલિત વસ્તુવાળી નવલકથાઓમાં કાઉન્ટ ઓફ મોન્ટેક્રીસ્ટો, અરેબીઅન નાઇટસ, બ્લીક હાઉસ, પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ રાજાધિરાજ વગેરે નવલકથાઓની ગણના અસ્થાને ન જ ગણાય

પરંતુ સુસંકલિત નવલકથાના દેહમાં રહેલ કેટલીક મર્યાદાનો નિર્દેશ કર્યા વિના પણ ચાલે નહિ આ પ્રકારની વસ્તુની રજુઆત ઘણી વખત યંત્રવત્ થઈ જતા વાચકને કંટાળો આપે એ સ્વાભાવિક છે પ્રસંગોનું યંત્રવત્ સંકલન કરવાની વૃત્તિમાં કલાકાર અનિચ્છાએ વસ્તુની વિપુલતાવધારી મૂકે છે પરિણામે સપ્રમાણતાનો અભાવ, કૃત્રિમતા અને અસ્વાભાવિકતાની સાથે કલાભંગ થાય છે વળી કલાકારનો આવી વસ્તુ તરફના પક્ષપાતથી કેટલાક વિસ્તૃતતા માગતા પ્રસંગોમાં સત્યાભાસ અવતરે છે અને પરિણામે કૃત્રિમ સમભાવના દર્શક પ્રસંગનું વૈવિધ્ય જણાય છે

શિથિલબંધવાળી નવલકથાના વસ્તુની ગૂંથણી જથ્થાબંધ અને હારબંધ ચાલી આવતી નથી વસ્તુનો એક સળંગ નમૂનો બનાવી કાઢવા માટે એવી નવલકથાઓ લખાતી નથી આવી નવલકથામાં વસ્તુપ્રવાહ ધીમે ધીમે વહે છે કોઈ હિમગિરિમાંથી ઝરણારૂપે વહેતી સરિતાની મંદતા એ સરિતાનું શીતળ આહ્લાદક વાતાવરણ ક્વચિત ધમકારાથી થતુ નાદગૂંજન અને વિશાળપટમાં વહી રહ્યા પછી ધીરગંભીર સાગર સંગેનું મીલન જેવું મધુર લાગે છે એવો જ મનોરંજકતા આ નવલકથાની વસ્તુ સરિતામાંથી સહૃદય વાચક અનુભવે છે શિથિલબંધ વસ્તુવાળી નવલકથાઓ આંગ્લસાહિત્યમાં તો પુષ્કળ છે અને તેમાં કલાનું ધોરણ પણ સચવાયું છે રોબીન્સનક્રૂઝો જોસેફએન્ડ્રુ, રોડરિક રેન્ડમ વેનિફીલ્ડ, આદિ પ્રસિદ્ધ નવલકથાઓ શિથિલબંધ વસ્તુવાળી છે સરસ્વતીચંદ્ર ગ્રામલક્ષ્મી, સંજીવની, પ્રાયશ્ચિત, સોરઠ તારાં વહેતાં પાણી, સ્નેહયજ્ઞ વગેરે નવલકથાઓ શિથિલબંધ વસ્તુવાળી નવલકથાઓ ગુજરાતી સાહિત્યમાં પણ છે

વસ્તુનું પૃથક્કરણ કરતા તેના બીજા બે પ્રકાર પણ

થઈ શકે છે. (૧) સાદી વસ્તુ (૨) સંકુલ વસ્તુ.

નવલકથાની મુખ્ય વસ્તુ કેટલીક વખત એક કરતાં વધારે કથાઓના સંકલનથી બને છે. સાદી વસ્તુવાળી નવલકથામાં માત્ર એક જ સળંગ કથા હોય છે. પરંતુ સંકુલ વસ્તુવાળી નવલકથામાં અનેક પ્રસંગોવાળી બે ત્રણ કથાઓ કલાપૂર્ણ રીતે સંકલીત થએલ હોય છે. આવા પ્રકાર તરફ વાચકવર્ગને ખાસ પક્ષપાત હોય છે અને તેના સર્જકની પ્રતિભાની કસોટી પણ આવી કૃતિઓમાં જ થાય છે. બ્લીક હાઉસમાં ત્રણ કથાઓને સાંકળી લીધી છે. આપણા પ્રતિભાસંપન્ન નવલકથાકાર ગોવર્ધનરામના સરસ્વતીચંદ્રની વસ્તુની ફૂલગૂંથણીનું દર્શન કરાવતાં રા. બ. ક. ઠાકોરે પંચજૂટ જટાકલાપમાં સંલગ્ન છતાં એક એક સ્વતંત્ર એવી પાંચે જટાનું કલાપૂર્ણ પૃથક્કરણ કરીને એની લટોને છુટી છુટી ઉકેલીને પાછી સંકેલી લઈને આપણા એક પ્રથમ પંક્તિના નવલકથાકારની અણમોલી કૃતિની મહત્તા સ્થાપિત કરી છે.

(નવલકથાની વસ્તુ વિષે આટલું વિસ્તૃત નિરૂપણ થવાથી સ્વાભાવિક રીતે જ વસ્તુનું મહત્ત્વ વધે છે. પરંતુ સાચો કલાકાર સમજે છે કે વસ્તુ તો માત્ર નવલકથાનો સ્થૂલ દેહ છે. એનો આત્મા તો અદશ્ય અને અગમ્ય રીતે વાચકહૃદય જ સમગ્રકૃતિમાંથી શોધી લે છે. વસ્તુના પૂજારીઓ જો વસ્તુને જ આત્મા ગણી લે એટલે કે સમગ્ર કલાતત્ત્વોને અવગણીને કથાપ્રવાહમાં જ ખેંચાવાની તત્પરતા બતાવવામાં આવે તો તેમાં કલાકારને અને તેની કલાભાવનાને પૂરો અન્યાય થાય. નવલકથાની વસ્તુના સ્થૂલ દેહમાં પ્રાણ રેડનાર પ્રથમ તો તેના સર્જકની પાત્ર દૃષ્ટિ છે. એટલે હવે આપણે નવલકથાના કલાવિધાનમાં અગત્યનું બીજું અંગ પાત્રવિધાન પર આવીશું.

કોઈપણ નવલકથાકારના પાત્રનિરૂપણમાં આપણે અપેક્ષા રાખીએ એવું કંઈ હોય તો તે એના માનસસંતાનની સજીવતા એની નવલસૃષ્ટિને પાને પાને આપણે નિહાળવા ઇચ્છીએ તે છે. પાત્રના મુખ્યત્વે બે પ્રકાર સહેલાઈથી પાડી શકાય.

(૧) મુખ્ય પાત્રો (૨) ગૌણ પાત્રો:

મુખ્ય પાત્રોને વિકસાવવા વિશાળવસ્તુ (Vast canvass) ની જરૂર છે. 'ગુજરાતનો નાથ' માં પરશુરામ, માનકુંવર શેઠાણી કે મદનપાળ જેવાં પાટણની પ્રભુતાનાં નાનાં પાત્રો કયારેક દેખાદે છે તેને વસ્તુ વિશાળતાની જરૂર નથી. પરંતુ કેટલીકવાર સાચો કલાકાર તેના ગૌણ પાત્રોથી અમર થાય છે. સંક્ષિપ્ત અથવા સઘનકળા નાના પાત્રોમાં દેખાડી શકાય છે. માનવમાનસની અટપટી ગૂંચો (subtlities and psychology of human life) મુખ્ય પાત્રોમાં દર્શાવી શકાય છે.

પાત્રના દેહનું ઘડતર:

પાત્રના દેહનું ઘડતર બે પદ્ધતિથી રચાય છે (૧) પૃથક્કરણી પદ્ધતિથી (૨) નાટ્યસ્વરૂપી પદ્ધતિથી.

પહેલી પદ્ધતિદ્વારા નવલકથાકાર પોતે પાત્રને રજુ કરે છે. પાત્રની લાગણી, ખમિરાત, વિચિત્રતા અને વિશિષ્ટતાનું નવલકથાકાર પોતે પૃથક્કરણ કરીને પોતાની ટીકા પણ સાથે રજુ કરે છે. આ પ્રકારની પદ્ધતિનાં ઉત્તમ દષ્ટાંતો ગોવર્ધનરામનાં પાત્રવિધાનનો સૂક્ષ્મ અભ્યાસ કરતાં આપણને સાંપડશે. માનચતુર, અર્થદાસ, ધર્મલક્ષ્મી, ગુણસુંદરી, ધનકોર, ચંડિકા વગેરે પાત્રોનું આલેખન આ પદ્ધતિથી થયું છે.

નાટ્યસ્વરૂપી પદ્ધતિદ્વારા નવલકથાકાર પોતે પાત્રનું ઘડતર કરી શકતો નથી. અહીં તો પાત્રનો દેહ પ્રસંગોના વિકાસ સાથે, અન્ય પાત્રોના વાર્તાલાપદ્વારા અને પાત્રના પોતાના કાર્યદ્વારા ઘડાય છે. આ પદ્ધતિના પ્રખર ઉપાસક તે આપણા અજોડ નવલકથાકાર મુન્શી. મીનલ, મુંજાલ, કાક, મંજરી, ત્રિભુવનપાળ, ઉદેમહેતો આદિપાત્રો વાર્તાલાપદ્વારા, પ્રસંગોદ્વારા અને પોતાના કાર્યદ્વારા આપણી સમક્ષ જીવંત અને ધબકતી માનવ પ્રતિમાઓ જેવાં લાગે છે. વર્તમાન કથાવિવેચકની

દૃષ્ટિએ પાત્રનું આ પ્રકારનું ઘડતર પ્રશંસાપાત્ર ગણાય છે

પાત્રના પ્રકારો

નવલકથાની પાત્રસૃષ્ટિમાં માનવ સંસ્કૃતિના વિકાસ સાથે ખૂબ વૈવિધ્ય આવ્યું આદર્શવાદ અને વાસ્તવવાદ આ બે ભાવનાઓનું અથડામણ યુગેયુગે નવસ્વરૂપે આપણી સમક્ષ ખડું થાય છે એક ભાવનાથી કંટાળ્યા પછી બીજી તરફ માણસ આકર્ષાય છે એટલે સાહિત્યમાં પણ એ બે ભાવનાઓવાળાં પાત્રો આપણા દૃષ્ટિપથ પર તરવરી રહે છે ઇબ્સેન, ગોર્કી વગેરેની પાત્રસૃષ્ટિ પર નજર ફેંકતાં વાસ્તવદર્શી પાત્રો આપણને સાંપડે છે ન્હાનાલાલનાં પાત્રો અમુક ભાવનાના મૂર્તસ્વરૂપે આપણી સમક્ષ રજૂ કરાયાં છે નવલકથાકાર આ બે પ્રકારના જ શુદ્ધપાત્રો ચિતરવાને બદલે એ બન્નેનું કલાપૂર્ણ મિશ્રણ સાધે તો અધઃપથે લઈ જનારી વાસ્તવિકતા અને નિરાશાજનક ગગનગામિ આદર્શ ભાવનાથી ઉપજતો નિર્વેદ શમી શકે પાત્રના આ બે પ્રકારો ઉપરાંત વ્યક્તિપ્રધાનપાત્રો (Tipical) વર્ગપ્રધાન પાત્રો (Class Portrait) સ્થિતિચુસ્ત પાત્રો (Stagnant) વિકાસશીલ પાત્રો (Evolutionary) માનવ સ્વભાવની અટપટી ગૂંચોવાળાં પાત્રો સાદાપાત્રો સર્વકાલીન પાત્રો, યુગજીવી પાત્રો, વિચારપ્રધાન પાત્રો, કાર્યશીલ પાત્રો સુસંગતપાત્રો (Consistent) અસંગત પાત્રો, વગેરે અનેકરીતે પાત્રોનું વર્ગીકરણ થઈ શકે

પાત્ર સર્જન ક્રમશ અને ધીમે ધીમે થવું જોઈએ કમળની પાંદડીઓ જેમ વિકસે છે તેમ પાત્રોનો વિકાસ ક્રમેક્રમે એકેક પાંદડી ઉઘડતા થાય છે પાત્રનું જીવન જ એના દેહનું ઘડતર રચે છે પ્રસંગોની સાથે પાત્રનું જીવન ક્રમશ વિકાસ પામે છે સાચો કલાકાર પાત્ર અને વસ્તુનો દોરો વણી લે છે પાત્રની પાંખડી ઉઘડતી જાય અને વસ્તુનો વિકાસ થતો જાય છે જીવન અને પ્રસંગ સંકળાએલ છે પ્રસંગ પાત્રને ઘડે અને પાત્ર પ્રસંગને ઘડે છે

વાર્તાલાપ

નવલકથાના બે પ્રધાન તત્ત્વો વસ્તુ અને પાત્રવિધાન વિષે આટલું જોયા પછી એ બન્ને તત્ત્વોને મ્યારસ્વરૂપ આપનાર ત્રીજું તત્ત્વ તે નવલકથામાં આવતો વાર્તાલાપ વાર્તાલાપદ્વારા વસ્તુનો, પ્રસંગનો વિકાસ થાય છે એટલું જ નહિ પણ આપણે ઉપર જોયું તેમ નવલકથાની પાત્રસૃષ્ટિને સજીવતા અર્પવામાં પણ વાર્તાલાપનો ફાળો ઓછો નથી નવલકથા એ નૂતનયુગના સાહિત્યમાં વિપુલ જીવતા કલાપૂર્ણ સ્વરૂપ છે તેમાંયે નૂતનકલાના આદર્શો નિહાળતા વાર્તાલાપની સચોટતા, સરસતા, અને માનવભાવોની અટપટી ગૂંચની રજૂઆત એ સાહિત્યના કલાસ્વરૂપના આવશ્યક તત્ત્વો છે લા મિઝરેબલ કે ટેલ ઓફ ટુ સીટીઝ હેન્રી એસમન્ડ કે ધી પ્રોગ્રેસ જેવી કૃતિઓમાં વાર્તાલાપમાં જે ચમક છે તે ગુજરાતી સાહિત્યમાં શોધી જડે એમ નથી આપણે ત્યાં અપવાદ બે નવલકથાકારોની અમુક કૃતિઓ બાદ કરતાં ગુજરાતનો વાર્તાલાપ બહુ શિથિલ લાગે છે સરસ્વતીચંદ્રમાં કેટલીક જગ્યાએ સૌથી પહેલો સારો વાર્તાલાપ દેખા દે છે ન્હાનાલાલે તેમાં મૃદુતા આણી અને વાર્તાલાપમાં વીજળીના ચેતન મુન્શીએ આણ્યાં બહુરૂપ ઉમરાવ ડીઆ, યશવંત પંડ્યા વગેરેએ તેમાં ઇબ્સેન અને શૉ ના વાર્તાલાપમાં જે પ્રકારના બુદ્ધિના ચમકારા દેખાય છે એવી ચમક ગુજરાતી સાહિત્યમાં પ્રથમ આણી સરળ ભાષાની સાથે કાવ્યપૂર્ણ વાર્તાલાપ રમણલાલ દેસાઈની નવલકથામાંથી સાંપડે છે મર્મસ્પર્શી કટાક્ષયુક્ત વાર્તાલાપ શ્રી મેઘાણીએ 'નિરંજન' અને 'વસુંધરાનાં વહાલાં દવલાં' માં બતાવ્યો આમ વાર્તાલાપનો વિકાસ આપણા સાહિત્યમાં થતો જાય છે અને એ તત્ત્વનો જેમ વધુ વિકાસ થાય તેમ તેમ નવલકથાની વસ્તુ અને પાત્રસૃષ્ટિને વધુ કલાપૂર્ણ તત્ત્વ સાંપડે એ નિર્વિવાદ છે

સ્થળકાળનાં વર્ણનો

વસ્તુ પાત્ર અને વાર્તાલાપ એ ત્રણ તત્ત્વો નવલકથાનાં પ્રધાન અંગો છે પરંતુ એને ઓપ આપનાર

આભૂષણરૂપે વપરાતાં તત્ત્વો તે સ્થળકાળવર્ણન, સમાજવર્ણન અને પ્રકૃતિવર્ણન છે સર વોલ્ટરસ્કોટ, શેક્સપિયર, થેકરે, ફીલ્ડીંગ આદિ આંગ્લ સાહિત્યકારોની કૃતિઓમાં આ તત્ત્વો આકર્ષક રીતે વણાયાં છે. ડીકન્સના નવલમાં ૧૮-૧૯ મી સદીનાં લંડનનું વર્ણન છે. આપણે ત્યાં વર્ણનોની શરૂઆત કરણઘેલાથી થાય છે. પરંતુ તેમાં રહેલ સમાજવર્ણન વગેરે મૂળ વસ્તુથી છૂટું પડી જાય છે એટલે એ અનાવશ્યક અને અપ્રાસંગિક લાગે છે. મુન્શીની નવલોમાં અર્ધ ઐતિહાસિક દર્શન રજુ થાય છે એમાં સમાજવર્ણન વર્તમાનસ્થિતિથી બહુ ફેરફારવાળું નથી. ઐતિહાસિક નવલોમાં સમાજવર્ણન તે સમયનું સાચું દર્શન કરાવનારૂં હોવું જોઇએ. વળી તેમાં પ્રકૃતિદર્શન પાત્રના માનસને અનુકૂળ હોવું જોઇએ. સ્થળકાળનાં વર્ણનમાં અચ્છો હાથ બેસી ગયો હોય એવા નવલકથાકાર મેઘાણીની તાજેતરમાં પ્રસિધ્ધ થએલ કૃતિ "સોરઠ તારાં વહેતાં પાણી' એ એક અભ્યાસ કરવા યોગ્ય કૃતિ ગણાય.

નવલકથાકારની કથનકુશળતા કે શૈલી :

નવલકથામાં વસ્તુ પાત્ર અને વાર્તાલાપ એ એનો દેહ છે એ દેહનાં આભૂષણ તરીકે સ્થળકાળ વગેરેનાં વર્ણનોનો ઉપયોગ થાય છે તે ઉપરાંત લેખકની કથનકળા કે શૈલી એ પણ નવલદેહનું આભૂષણ છે. નવલકથાકાર ત્રણ રીતે કથનકુશળતા દાખવે છે. (૧) નવલકથાકાર પોતે જ જેની અંદર કથાપ્રવાહના સંચાલક બને છે તે માટી, સીધી કથનકલા વધુ પ્રશંસા પાત્ર નીવડે છે. અલબત્ત આવી નવલકથામાં કલાપૂર્ણ તરર તો નાટયસ્વરૂપની પ્રદ્ધતિથી જ જળવાય છે અને એજ રીતે વાર્તાલાપને પ્રાધાન્ય અપાય છે એટલે વસ્તુ અને પાત્રનો સાથે વિકસ થાય છે. પરંતુ નવલકથાકાર પોતે આવી નવલકથામાં પાત્રરૂપે નહિ આવતાં એક જૂદી વ્યક્તિ તરીકે, પોતાના હકકની રૂએ અહીં આવી શકે છે. પોતાની સર્જેલ સૃષ્ટિની વિશિષ્ટતાની સાથે એમાં આવતાં પાત્રોને વેધકના અર્પના પોતાની ટીકાને અહીં સ્થાન અપાય છે. (૨) નવલકથાનો કથાપ્રવાહ બીજી રીતે પણ નવલકથાકાર વહાવી શકે છે. આત્મચરિત્રની પેઠે અહીં નવલકાર પોતે એકાદ પાત્રમાં પોતાનું વ્યકતિત્વ આરોપે છે અને પછી નવલકથાના અનેકવિધ પ્રસંગોનું સંકલન કલાપૂર્ણ રીતે સાધે છે. "ડેવીડ કોપર ફીલ્ડ" એ ડીકન્સની અદ્દભુત કૃતિ આ પ્રકારની નવલ રચનાનો સાદર નમૂનો છે.

(૩) નવલકથાની કથન શૈલીની ત્રીજી પદ્ધતિ તે પાત્રોદ્વારા કથાપ્રવાહ વહાવવાની છે, આંગ્લ સાહિત્યમાં રીચાર્ડસન અને સ્મોલેટની નવલકથાઓ આ શૈલીમાં સર્જાઇ છે. તેમાંની કેટલીક તો સુંદર કૃતિ તરીકે અત્યારે પણ આવકારદાયી થઇ પડે એવી છે.

આ ત્રણ શૈલીમાંથી પહેલી શૈલી એ વધુ મનોરંજક અને કલાપોષક છે, છતાં બાકીની બે શૈલીમાં પણ નવલકથા લખવાના અખતરા કરવામાં આવે તો સાચા સર્જકને તે કંઇ કપરૂં કાર્ય નથી. જીજ્ઞાસાનું સાતત્ય (Sustained interest,) ચમત્કૃતિમય વસ્તુ, ગૂંથન ચિત્ત થંભી જાય એવા પ્રસંગનું આલેખન, સૂચક કલાદર્શન, રસપ્રદેશોનું બાહુલ્ય વગેરે આવશ્યક તત્ત્વોની સાધના એ પણ નવલકથાની કથનશૈલીનાં બહુ અગત્યનાં અંગો છે.

નવલકથાકારનો જીવનસંદેશ :

નવલકથાનું છેલ્લું છતાં અગત્યનું તત્ત્વ તે નવલકારનો જીવનસંદેશ છે. દરેક દરેક સર્જકનું વ્યકિતત્વ એની કલાકૃતિમાં અજાણ્યે આવી જાય છે. સાહિત્ય એ જીવનની સમીક્ષા છે. મેથ્યુઆરનોલ્ડના આ સૂત્રને નવલકથાકાર પોતાની કૃતિમાં ચરિતાર્થ કરવા તલસે છે. કારણકે જીવન એ જ એની કથાની વસ્તુ છે. જીવન વિષે નવલકથાકાર જે કાંઇ વિચારે તે જાણ્યે અજાણ્યે એની કૃતિમાં આવ્યા વિના રહે નહિ અને એ જીવન દષ્ટિ એની વસ્તુ અને પાત્રસૃષ્ટિની સાથે એકતા સાધ્યા-વિના રહે નહિ. પરંતુ નવલકથાકારનું ધ્યેય અમૂર્ત ભાવનાઓ પાછળ ધસડાવાનું નથી. એની ફલસિદ્ધિ તો

ત્યારે જ ગણાય કે જ્યારે તે જીવનમાં મૂર્તિમંત સ્વરૂપે પ્રાપ્ત થતા સત્ય પ્રસંગોની સાથે સુયુક્ત ધ્વનિથી પોતાની નીતિભાવનાને, નૈસર્ગિકતાથી અવતારે, વસ્તુવિકાસમાં અને પાત્રવિકાસમાં અકારણ રૂપ થઈ પડે એ રીતે બોધ આપવા આવતા હોય એવી પદ્ધતિને બદલે નવલકથાકાર વસ્તુ અને પાત્રદ્વારા પોતાની ફીલસુફી રજુ કરે અને ક્વચિત ક્વચિત પોતે સીધી રીતે પણ વિચારો વ્યક્ત કરે એ ઇચ્છનીય છે. અત્યારની કલદૃષ્ટિએ જોતાં નવલકથામાં નીતિભાવના એવી રીતે રજુ થવી જોઇએ કે જેથી સમપ્રકૃતિ વંચાઈ રહેતા આપોઆપ વાંચકની નીતિભાવનાને તે સ્પર્શે. નીતિ અને કલાનો સંબંધ સૂક્ષ્મ છે. કલા એ જીવનમાંથી પાંગરે છે જીવનથી તે પોષાય છે અને એ જ કલા ફરીથી જીવનમાં રસ રેડે છે.

નવલકથાનો કલાદેહ તેના મુખ્ય મુખ્ય અંગોથી કેવી રીતે ઘડાયો છે એ આપણે ઉપર જોઈ લીધું. આ નિબંધનો ઉદ્દેશ પણ એ પ્રધાન અંગોનું દર્શન કરાવવા પૂરતો જ છે. નવલકથાની કળાના અભ્યાસીને અહીં તો માર્ગદર્શન પૂરતું માનીશું. આપણા સાહિત્યની આ અતિ મહત્વની કળાની ચાલુ સ્થિતિ તપાસતાં આશાના કિરણોથી આપણા સાહિત્યરસિક નરનારની આત્મજ્યોત પ્રજ્વલતી દેખાય છે. અલબત પ્રતિભાશીલ મર્મજ્ઞો તો સૈકામાં ભાગ્યે એક કે બે જન્મે છે, અને વધારેની આશા રાખવી એ વ્યર્થ છે.

અંતમાં નવલકથાનું કલાવિધાન એ વિષય પરનું રેખાદર્શન કરાવ્યા પછી કળાના ઉપાસકોને એક વિજ્ઞપ્તિ કરવી અત્રે અસ્થાને નહીં ગણાય. બીજા કળાવિદોની માફક નવલકથાકારોને પણ તેમની કળાકૃતિમાં જાળવાયેલ કલાયોગ્યતાને યોગ્ય માન આપવું જોઇએ. બધા નવલકથાકારો પ્રથમ પંક્તિના જ હોય એ બનવું અશક્ય છે છતાં પણ જ્યાં જ્યાં આપણા આત્માને સ્પર્શે અને મનોરંજક નીવડે એવું તત્ત્વ હોય, જ્યાં જ્યાં સત્ય, અનુકંપા અને ઉદ્દેશનો સ્પષ્ટ સાક્ષાત્કાર લાગે ત્યાં ત્યાં એ કૃતિના લેખકને કળાવિદ તરીકે માન આપવું જોઇએ.

●

ઉઘાડ

ઘન આંધી અંતરમાં છાઈ
દિશાભાન ગયું ભૂલાઈ
જાતો જુઠો નાદ અહાઈ
કર ને તાત! ઉઘાડ

અગાધ અંધારાની ભૂમ ડખે
તેજતૂર આતમ ના જંપે
પીલાતો એ ઉઘાડ ઝંખે
કર ને તાત! ઉઘાડ

દેવજી રા. મોઢા

ખરા પણ વિરહિણીની વેણીની જેમ એ સદાય એક ગાંઠે બાંધેલા રહેતા અને ભાગ્યે જ તેને ધૂપેલ પાડતા, નખથી શિખ સુધીના સૌભાગ્ય ચિન્હોમાં જાડા લીના કચની માત્ર એ પામાદાર બંગડી જણાતી, પણ તેનો ય મેળ તેમના હાથ સાથે ખાતો નહોતો લાગતો કોઇ વિધવા પોતાના હાથપર એકાન્તમાં બંગડીઓ ચડાવે અને છાનામાના તે જોઇ જતા પ્રથમ નજરે આપણને જે કમેળ લાગે તેવો કમેળ હમેશા તેમના હાથ પરની બંગડીઓ જોતા લાગતો નાક કાન વીંધાવેલા હતા ને કાંટો લોળીયું વગેરે છતા પણ તે કદી પહેરતા નહિ તેમના વાન અને વૃત્તિઓની સાથે ફક્ત બે જ વસ્તુઓ મને મેળ ખાતી લાગતી એક જમણા પગના અંગુઠાએ પહેરેલી વાળાની મંત્રેલી વીંટી અને બીજુ સૂકી છાતીના હાડકાં સાથે અથડાતુ કાળા ઊનના દોરામાં પરોવેલું શોકયપગલુ

વારતહેવારો કથાવાર્તા, મેળા ઉજાણીઓ નવરાત્રિ ભવૈયા રામલીલા વગેરે ગ્રામસુલભ રસપ્રાપ્તિના અંગોપ્રતિ તેઓ કદી અભિરુચિ દાખવતા નહિ બેશક જવા જેવુ લાગે ત્યા રસ્તાકૂટવા જતા કૂટતી વેળા બૈરાના ઘેરાવાની મોખરે ન ઊભા રહેતા હમેશા એ પાછળના ખૂણે ઊભા રહેતા અને ન ચાલે ત્યારે છાતીને હાથ અડે એટલુ કંગન ચલન કરતા મો વાળવાની કળા તેમને આવડતી નહોતી એ ને તે ક્રિયા તે સહાયની ટૂંકમા પતાવતા પણ ત્યારે ય તેમને આંસુ આવતા હશે કે કેમ તે હુ કહી શકતો નથી તેમના મો પર ઉમળકો નહિ ને આછા સ્મિતની લહરી ય નહિ આ મોમા ચાય ય અનુરાગ અને અમી નહિ પણ વૈરાગ્યનુ વિષાદ અને તિરસ્કારયુક્ત છતાય ગૌરવભર્યુ સ્વાશ્રય ગતિમા સ્ત્રી સુલભ ડોલન કે નચક કરતા પુરુષ સુલભ વેગ અને દ્રઢતા વિશેષ

તે બહુ ઓછુ બોલતા પણ બોલે ત્યારે એક ઝટકે બે ટુકડા કરતા ગામની કોઇ સ્ત્રી તેમની સાથે ઝઘડામા ઉતરતી નહિ મહાદેવના વડીલ સંબંધોની ચર્ચા કરવા પંચ ભેગુ મળ્યુ હોય ત્યા પણ તે જાજમ વચ્ચે કપાળ સુધી ઓઢીને ઊભા રહેતા અને સ્ત્રી સુલભ કોઈપણ તત્વને બહાર નહિ પડવા દેતા ટુંકી પણ સચોટ દલીલો કરીને ધારી મક્કમતાથી ચાલ્યા જતા પોતાના કોઇપણ વર્તનથી ગામને કે વ્યક્તિને નુકસાન, અન્યાય યા અપમાન ન થઇ બેસે તેની તે દરેક ક્ષણે દરકાર રાખતા પણ ગામ યા વ્યક્તિનુ તેમના તરફનું એવુ વર્તન તે સાંખતા પણ નહિ એવા પ્રસંગે તેમની સુક્કી ઝાંખરી કાયામા ચંડીનો વેગ આવતો, ને જીભ કુહાડીની ધાર ધારણ કરતી

પણ બને ત્યા સુધી બાવીજીનુ નામ કોઇ લેતુ જ નહિ કારણકે ગામને પૂજારી તરીકે કપાળગર બાવાનો જેટલો ખપ હતો તેથી સવિશેષ બીજી રીતે બાવીજીનો હતો શારિરીક ધર્મોને લઇને લાંબી યા ટુંકી મુદત માટે સ્ત્રીથી જ્યારે કામ થઇ શકે તેવુ ન હોય ત્યારે દરેક જણને બાવીજીની ગરજ પડતી ગામડામા પાણી અને દળણાનો પ્રશ્ન શહેર જેટલો સરળ નથી ગામડાનો ગરીબ ખેડૂત રોગના સારુ આખો દિવસ બાવળના લાકડા ફાડે છે એ વાત સાચી, પણ બનશે ત્યા સુધી પોતાની ઘરવાળીને બીજાના ઘરનુ પૈસા લઇને કામકાજ કરવા તો નહિ જ મોકલે અને ખરેખર એને જ લગભગ દરેક ગામમા તેની વસ્તીના પ્રમાણમા આવુ કામ કરનાર એક બે કે ચાર જણના નામ મુકરર જ થઇ ગયેલા હોય છે અમારા ગામમા બાવીજી એવા એક જ હતા

તેમની પાસે પાણી ભરાવવુ હોય તો પ્રથમ તેમને ત્યાં જઇને વિનમ્ર ભાવમા વિનંતિ કરવી પડે પછી તે જે સમય આપે તે જ સમયે ઘરના એક માણસે ઘેર હાજર રહેવુ જ પડે ને આવે એટલે આણે આવતી વેળા જ પાણિયારામાંથી બેડુ અને દોરડુ નાખીને તેમના હાથમા મૂકવા ને અને દરેક બેડુ ઉતારવા ને રેડી આપવા તૈયાર રહેવુ જ પડે

'છલકાતુ આવે બેડુ મલકાતી આવે નાર રે

આ કવિશ્રી કેશવ શેઠની પંક્તિનો અર્થ બાવ બાવીજીના સંબંધમા ખરો કદી થાયુ નથી પૂરુ

હોય તો તે કોઇ સ્રી પાસે ઉમેરણુ નહિ માગતા આખો ઘડો ખેંચી કાઢે પણ બેડુ છનકાતુ જ લાવે—ઢાંટોય ઢળવા દીધા સિવાય—ખરેખર બેડુ છનકાતું આવતુ પણ બાવીજી મલકાતા નહોતા આવતા એમની ભાવહીનતા દરેકને ડારી રહેતી

ભારે અપવા તો ફૂટાઇ ગયેલે ઘડે અને ગાડાવાળા દોરડે એ સ્ત્રી પાણી ન ભરે બાવીજીની આ બધી અનુકૂળતાઓ ન સાચવવાનો અપરાધ કરનારને આગણે તેઓ કદી ન ચડે કૂવા પર એમની ગરેડી અને ખામણુ ઇજારદા રહેતા—રાખવા જ પડતા—કોઇપણ સ્રી એમના ખામણે બેડુ મૂકવાનુ અટકચાળુ કરી શકતી નહિ તેઓ પાણી ભરતા હોય ત્યારે ગ્રામસુદરીને સુનમ એવો ઇદ્રધનુગમો સુરેખ કટિતટ, અવકાશમા ઝમૂકતી વીજળી સમી કરવેલનુ લાલિત્યભર્યુ નર્તન, દિશાઓ ભરી ઊડી રહેતુ ઓઢણુ કે ઝોલાતુ મસ્ત યૌવન એવુ એવુ કશુ જોવાનુ ન મળે, માત્ર એક અભાવાત્મક તત્ત્વ એકધારા વેગથી અવિરામ ઉછળી રહ્યુ હોય એમ લાગતુ કોઇપણ સ્રીની સ્ફૂર્તિ પાણી ખેંચવામા બાવીજીની બરોબરી કરી શકતી નહિ

આ પાણીની તો શી વાત, પણ પૈસાની ઢીંકણી સરખીય તે મૂધતા નહિ કર્તાગુગર બાવાએ બનાવેલુ મજુપાકુ ખાવાનુ મોમાથી બચકા ભીડ્યા જાય એટલી ઝડપે તે વહેલા મોડા ન ચાલે ખાઇ લેતા, ન શ્વાસ લેવાય થભ્યા સિવાય ટાઢતડકાની પરવા વગર વિના પગરખે રાશના મણકા ચડે ત્યાથી તે મધ્યાકાશ સુધી પાણી ભરતા

પહેલી ગતે થોડી ઊન નઇને તેમની ખડતલ કાયા પાછી જાગી જતી અને પહેરો મરડી ગોને ત્યાથી તે જલભાખર થાય ત્યા સુધી તેમની ધગી ફર્યા કરતી દમતા વખતે ધગીને હળવી બનાવવાનુ ગાણુ ય નહિ ને ભર બનાવવુ ઝોકુ ય નહિ. બેસે ત્યાથી તે ઊઠે ત્યા સુધી એકધારી ગતિ ને એકધારી સ્ફૂર્તિ પણ દમારાર્તને દાણ આપતા અને વેર તેના બાવીજીને ઘેર જવુ પડતુ તેમના આપેલ સમયે ન જઇ શકનારને બીજે દિવસે આવવાની સજા થતી દરેકની કુલડીમા બાવીજી પોતે જ લોટ ચાળી દબાવીને ભરી દેતા ઘેર જોખીએ તો રૂપીઆભાર વધે પણ ઘટે નહિ અને એમનો લોટ! આખોમા આજવાનો સફેદ સુરમો જોઇ લો!

આપણા ઘણા શોખીનોને જેમ અમુક હોટલની ચાહ સિવાય ચેન નથી પડતુ અથવા તો અમુક હેર ક્ટીંગ સલુનના અમુક જ કારીગર સિવાય કોઇના કાપેલા વાળ નથી ગમતા તેમ ગામની ઘણીખરી સ્રીઓને બાવીજીના છનકાતા બેડલાનુ અને સુરમા જેવા લોટનુ વ્યસન હતુ બાવીજી કામ આપવામા જેટલા પ્રામાણિક, નિયમિત અને ચોકકસ હતા તેટલા જ પૈસા લેવાની બાબતમા કડક હતા પાણીના દર શિયાળા ઉનાળામા ફેરવતા અને દળણનો ભાવ તો તે જીવ્યા ત્યા સુધી પાચ શેરના ત્રણ પૈસા પ્રમાણે જ લેતા પાછળથી લમણાઝીક તેમને પસદ નહોતી, દરેક વખતે પ્રથમથી જ ભાવનુ નક્કી નહિ કરી દેવા ગરજનુ તત્ત્વ તો તેમને ગણતરીમા જ મળેલુ નહોય એમ લાગતુ તેમના ભાવોનુ ધોરણ હકકેઇને માટે સમાન જ રહેતુ નખથી શીખ પર્યંત અગ્રેજી પોશાકમા સજ્જ થઇ મોટી જવાનમા મીલ મેનેજરોને માકર પીતા આજના બેકારો ને હુ જોઉં છુ ત્યારે અકકડ બાવીજી મને આપે આપ યાદ આવી જાય છે

બાવીજીને પૈસા ગમે ત્યારે આપીએ તો ચાલે પણ જ્યારે આપીએ ત્યારે તેમનુ બધુ બીલ નાણાના પૈસામા જ ચૂકવવુ પડે, ને તેમાય નાગી વિક્ટોરીયા કે એડ્વર્ડ સાતમાની છાપના પૈસા તે હાથમાય ન આવે પચમ જ્યોર્જનો જ પૈસો કામ લાગે અને તે પણ જગાય ઘાસણીઓ ન ચાલે એમની આ જીદ ખરેખર ભયકર હતી ઘણીવાર કશુ બોલ્યા સિવાય નમણાઈ દુકાનોને પૈસા લીધા સિવાય તે ચાલ્યા જતાં અને રીસા મણા મનામણા કરવા પડતા આથી ગામનુ વણમાગ દરેક ઘર જ્યોર્જ છાપના જ પૈસાનો સગ્રહ કરવા ઉત્સુક રહેતુ

આ પૈસાના બદલામાં તેઓ કદી પાછા રૂપીઆ ન લેતાં, ત્રાંબાના પૈસાને ત્રાંબાના જ દેગડામાં ભરી રાખતાં, એક દેગડો ભરાયે તે દાટી દઇને બીજાની શરૂઆત કરતાં. ગામમાં કોઇને ત્યાં લગ્ન, મરણ, હવન યા ચોરાશી જેવા દાન-દક્ષિણાના પ્રસંગો હોય ત્યારે બે પાંચના છૂટા બાવીજીને 'ભાઇબાપા' કરવાથી મળી શકતા, અને એ ઓરમાન નાણાંનો ઉપયોગ બાવીજી પોતાની જરૂરીઆતોમાં કરતા. આમ બાવીજીના તન, મન અને ધન ત્રણે ત્રાંબાના જ હતા.

જીવન જીવવાની થોડી ઘણી એમની પાસે દ્રષ્ટિ હોત, પોતાના અને સ્વજનોના થોડાક બૌધ્ધિક અને સંસ્કારી વિકાસ પાછળ થોડો સમય અને થોડી કમાણી ખરચ્યાં હોત તો તેમના અવિરત ઉદ્યમ, તીવ્ર ચોકસાઇ, દયા આવી જાય એટલી સહનશીલતા, અજાણ્યાને આશ્ચર્ય પમાડે એવાં પ્રામાણિકતા, ગૌરવ અને કાર્યવેગે કરીને તેમનું કુટુંબ ગામમંદિરના કળશ જેવું ઝગઝગતું હોત. પણ એ તો જયોજેછાપના જંઘ પાછળ જ જીવી ગયા, ભૂતને ભૂલી ગયા એટલું જ નહિ પણ ભવિષ્યને સૂવાની પથારી બનાવવા જીવ્યાં સુધી વર્તમાનને મ પીંજયા કર્યો. વળી એમનો ભવિષ્ય એમના જીવનમાં તો કદી આવવાનો જ નહોતો. અને ન જ આવ્યો. અંતકાળની ઘડી સુધીના જીવનનો ઉપયોગ તેમણે તેમની વર્તમાનની ફીવસૂરીમાં જ કર્યો. કોણ જાણે તેમના ભવિષ્યની કલ્પના કેવી હશે!

પાંચેક વર્ષ પહેલાં પાંત્રીસ વર્ષની ભરયુવાન વયે તેમનું અવસાન થયું. કલ્યાણગરે જમાત તેડી અને આજદિન સુધી અખંડિત રાખેલા બાવીજીની થાપણમાંથી પાઇ પણ ખરચ્યા વિના દેવું કરીને ભંડારો કર્યો. બાવીજીના જીવતાં ત્રાંબાના ચરૂમાં દાટેલું ત્રાંબાનાણું કલ્યાણગરને કાંકરા બરાબર હતું. અને જીવનભર કાંકરા બરાબર જ રહેવાનું છે એમ તે માનતા હતા કારણ કે પોતે બાવીજીનાથી બે દાયકા મોટા હતા. એટલે આજ એ ધનને કાંકરા બરાબર ગણતાં એમને નિમક જેવું નથી લાગતું.

ભગવી ઝોળીના પ્રતાપે તે પોતાનું ગાડું ગબડાવ્યે જાય છે, મરણ પર્યંત પોતાનો રોટલો પોતાની મેળે જ રળવો અને બાવીજીની થાપણનો ઉપયોગ મહાદેવમંદિરનો એક નાનો સરખો સોનેરી કળશ બનાવરાવવામાં કરવો એવો એમનો નિશ્ચય છે-બાવીજીને આ ગમશે કેમકે ત્યાં પણ એમની થાપણ અનામત જ રહેવાની છે-પણ ત્રાંબારમારક કદાચ એમને વધારે ગમત

બાવીજી જે કૂવે પાણી ભરતાં તેની આજુબાજુના આકડા અને કાસંદીના વિશાળ ઝૂંડોમાં તેમની સમાધિ આવેલી છે. તેમનું ખામણું અને ગરેડીનો ઉપયોગ કરતા પહેલાં ઘણીખરી સ્ત્રીઓથી હજી એ ઝૂંડો તરફ જાણેઅજાણે એક ભયભરી દ્રષ્ટિ નંખાઇ જાય છે.

જે સ્ત્રીઓને સાસુ થવાનું સાભાગ્ય પ્રાપ્ત થયું છે તે દરેક પોતપોતાની વહુઓને ધમકાવવા ધમકાવવામાં બાવીજીના નામનો ઉલ્લેખ કરે છે. પાણી અને કજીયા વિશેની કોઇપણ ચર્ચા ઉપસ્થિત થતાં ગામની દરેક જીભપર બાવીજીનું નામ અનેક બાંધીમાં સ્મરણોમાં ઉમળકાથી ઉછળી રહે છે.

અને વતનથી દૂર વસનાર મારે માટે એ જરાક છતાંય જાજરમાન, ભાવહીન છતાંય ભવ્યમુદ્રાને મૂર્તિમંત કરવા પંચમ જયોર્જનો જંઘ બસ થઇ રહે છે.

(અનુસંધાન પાન ૭૪૨થી ચાલુ)

રામો : બાપા ! તમારે લાવવા હોય તો કરજે પૈસા લાવજો પણ શેઠ પાસેથી તો નહીં જ......પાકો ૬ નોકરી કરી કરીને મરી જઈશ તોય એનો તાગ નહિ આવે.

મોહન : મારે તો એ નોકરી નથી કરવી લોકોનાં એંઠાં ઠીબડાં કોણ ઉટકે અને ઉપર વળી ગાળો...... અમે તે માણસ છીએ કે ઢોર ?

દાદુજી : (માથે હાથ ફેરવતા) હા દિકરા ! તમારે શા માટે નોકરી કરવી જોઈએ ?

[એક ભયંકર નિશ્વાસ તેનાથી નખાઈ જાય છે. મણિ એ સાંભળીને ચાળી-
ઓ માથે બહાર આવે છે.]

મણિ : હા દિકરા ! તમારે કોઈની નોકરીએ નથી જાવું (દાદુજીને) અને તમારે પણ શેઠને પેન્શન દેવું હોય તો દે......નહીં તો કાંઈ નહીં (ગાય તરફ નિર્દેશ કરીને) આ મારી મા ! હજુ કોઈનેય ક્ટકો ભેટયો ક્યાં રે’શે

રામો : (સ્વગત) એથી શું પેટ ભરાશે ? અને એમ કેટલા દિ ચાલે ? અને બાપા તો તેમાં વહુને લાવવાની વાત કરે છે—એક માણસ વધુ. મને મળે આખા આઠ રૂપીઆ ને તેમાં અધો ફંડના

[દાદુજી પટો અને કોટ તૈયાર કરતો હોય છે]

મોહન : અમે જઈએ છીએ ત્યારે બા !

મણિ : (ઘરમાંથી બહાર આવીને) કાલે વહેલા આવજો બેટા ! (દાદુજીને) તમે પણ જાવ છો ? સવારે તો આવશો ને !

દાદુજી : (પટો કસતા) હા ! આજે છેલ્લો દિ’ છે તો લાવને જઈ આવું

[ઓસરી નીચે ઉતરે છે—આગળ બે ભાઈ અને પાછળ દાદુજી બીડીના ધુમાડાના ગોટા કાઢતા
ચાલ્યા જાય છે ઓશરીને છેડે ઊભી ઊભી મણિ એક નેવજરી ગીરે તેમને જતા નીરખી રહે છે]

મણિ : કેમ શું થયું ! કેમ એકદમ પાછા આવ્યા ?

દાદુ : (ઓશરીની પાળી ઉપર બેસી જતા) શેઠે મને રજા આપી

મણિ : કેમ અત્યારથી જ ?...અને ‘પેન્શન’—?

દાદુજી : મારી જગાએ અત્યારે જ બીજા માણસને રાખી દીધો અને પેન્શન તો...હા પેન્શન તો ખરું પણ ...પણ એતો પે’લા પગારનો અર્ધો ભાગ

મણિ : પગ આતે કયાંનો ન્યાય ? તઈ તો તમને આખા છો રૂપીઆ મળતા

[એકાએક દેકતો મોહન દાખલ થાય છે. એના મોં ઉપર ભારે ગભરાટ અને વેદના છે
એનાથી એકદમ રડી પડાઈ જાય છે]

મોહન : બા ! બા !...ભાઈ દાઝયા છે—ભાઈ ! ઉપર ઉકળતું ઉકળતું તપેલું પડ્યું ...એને દવાખાનામાં લઈ ગયા

[એ પુષ્કળ રડે છે. દાદુજી એકદમ બેબાકળો થઈ જાય છે.]

દાદુજી : શું થયું મોહન ? ભાઈ દાઝયો ?

મોહન : હા બાપા ! દુધનું ઉકળતું તપેલું, મેં ન કર્યું તોય ઉપાડયું—આજે એનું મગજ જ ઠેકાણે નહોતું ને .. એ કહેતો’તો ‘ અડધો રૂપીઓ ઓછો બે દિની રોજી—હા ! મળતે આઠ રૂપીઆ”

[દાદુજી, મોહન, મણિ એકદમ દવાખાનાને રસ્તે દોડવા માંડે છે.

પડદો.

૦

વસંતને સુખ આપવા

અનુસંધાન પાન ૭૩૦થી ચાલુ.

'આતિથ્ય તો ઠીક, પણ તમારે ત્યાં ઉતરી છું એટલે રજા તો લેવી જોઈએને ?'

'એમ ? જો જરૂર જ હોય, તો આપી'

'તો લીધી ' વસંત કંઈ બોલે ત્યાર પહેલા સર્યકાન્ત બોલી ગયો

'ના' વસંત બોલી 'પછી નિરંજનને એકલા ગમે નહિ ને !'

'ના, એવી દયા ખાવાની જરૂર નથી નિરંજન ઘણા વર્ષો થયા વસંત વિના જ રહે છે' નિરંજન બોલ્યો

'પણ વસંત ગામમાં હાજર હોય ત્યારે પણ ?'

'ત્યારે ?' નિરંજન યાદ કરવા લાગ્યો. 'એવું તો કંઈ યાદ આવતું નથી'

'માટે જ કહું છું કે આપ પછી ફિ બની જાવ સમજ્યા ?' વસંત આંખ નચાવતી બોલી

'પણ વસંતબેન.' પ્રેમળ સ્વરે સૂર્યા બોલી 'નિરંજનભાઈ પણ અહીં રહે તો ?'

'બધાથી ન રહેવાય ઝાઝા થઈએ તો મઝા ન પડે ' વસંત સૂર્યાને સમજાવતી હોય એમ બોલી

'ઝાઝા ક્યાં છીએ ! તમે, નિરંજનભાઈ, મોટાભાઈ, હું, બા '

'જો ઘણા થઈ ગયા.'

'ના, મઝા આવશે તમે રહી જાવ ' સૂર્યા આગ્રહ કરવા લાગી

'ફરી આવીશ ત્યારે રહીશ હો ' વસંત વાત પૂરી કરવા માટે બોલી સૂર્યાએ મોટાભાઈ સામે જોયું મોટાભાઈના મો ઉપર પણ એ જ ભાવ હતા. સૂર્યાએ વધુ આગ્રહ ન કર્યો.

* * *

'સૂર્યભાઈના ઘરના બધા છે પ્રેમાળ ' સૂર્યકાન્તને ત્યાંથી પાછા ફરતા વસંતે નિરંજનને કહ્યું

'સૂર્યા તો પ્રેમાળ હોય પણ એના બા-બાપા પણ ખૂબ હેતાળ છે એ રીતે અમારાં બધા મિત્રોમાં સૂર્યકાન્ત નસીબદાર છે '

'સૂર્યભાઈએ આજે કમાલ કરી હો ! આપણું આટલું બધું સ્વાગત કરી એમ મેં ધાર્યું જ નહોતું. જાણે મહેમાનગતી કરતા હોય એવા ગંભીર હતા ઘર ?'

'હા, મને પણ આશ્ચર્ય થયું. હું જાઉં છું ત્યારે પણ થોડો શિષ્ટાચાર તો કરે જ છે પણ આજ તો દબદબાભર્યું બધું હતું '

'તમારે ત્યાં તો કશું ઠેકાણું જ મળે નહિ'

'એ ..મ ?'

'ત્યારે શું ? તમે પોતે જ ઠેકાણા વિનાના, પછી ઘરમાં ક્યાંથી ઠેકાણું હોય !'

'તો સૂર્યકાન્તને ત્યાં જ રહી જવું હતું ને !'

'પણ એક વસ્તુની ત્યાં ખામી છે તેનું શું ?'

'એ વસ્તુ કપ માંગીને ત્યાં આવશે'

'ન આવે તો ?'

'તો ધીરે ધીરે પાછા આવવુ.'

'હ '

'એમાં હ શું ?'

'પછી પાછા આવે એ બીજા'

'તો પધારો.'

'જઈશ હો '

'હો ' નિરંજન સ્વસ્થતાથી બોલ્યો અને તુરત હસી પડ્યો

'મારા કરતા સૂર્યકાન્તને ત્યાં સારું છે '

'પણ કોણ ના પાડે છે ?'

'અને મારી કેટલી મજાક નાખે છે ? તું તો સાવ બેસરના જ છો જાણે મારે જ ગરજ હોયને !'

'ન નથી ?'

'ના'

'જોજે હો '

'જોયું જ છે'

'ત્યારે વગો પાછા '

'સાચે જ જઈશ હા ' વસંત ચાલતા ચાલતા ઊભી રહી.

'પણ રાત કાઢવી મુશ્કેલ પડશે ' નિરંજન પણ ધીમો પડયો અને બોલ્યો.

'શું થશે ? '

'હું આ રીતે છાતી ઉપર ચડી બેસીશ '

'લોહી પીવા ? '

'પીઉં જ છું ને ' એમ કહી નિરંજને ચાલવા માંડયું અને વસંત પણ ચાલી

'તું મને સ્વપ્નામાં બહુ હેરાન કરે છે હો નિરંજન '

'તું નહિ કરતી હો ' નિરંજનનો અવાજ અને આંખ વિનમ્ર બની ગયાં

'હવે ઘેર રહેવું આકરું લાગે છે નિરંજન ! ' વસંત દુખિત સ્વરે બોલી

'હું ના ગમે તરે તૈયાર જ છું. તારામાં હિંમત આવવી જોઈએ '

'મા દુખી થાય એ જ નાગી આવે છે '

નિરંજને જવાબ ન આપ્યો એ મનનો તે એવું હતો કે આવી બાબતમાં માને દુખી કરવા જોઈએ પણ મા સાથે લડવામાં વસંત પણ દુખી થાય એમ હતું એટલે નિરંજન કશું બોલ્યો નહિ વસંત દયામણી આંખે એના સામે ટાંપી રહી જાણે તોફાન કરનારી એ વસંત જ નહિ

'મારું શું થશે ? ' થોડીવાર રહી વસંત બોલી

'તું ઘરડી થશે એ જ નિરંજન બોલ્યો

'બાને મારું મરું કરી દઉં એમ થાય છે '

'મને એમાં બેહૂદું નથી લાગતું કયારેક કેવું તો પડશે જ ને !

હ, અને તારી સામે આવી જાઉં વસંત ઉદ્ગાર કાઢતી હોય એમ બોલી નિરંજને પ્રેમપૂર્વક નેત્ર એના સામે જોયું વસંતની આંખમાંથી હૃદય નીતરવા લાગ્યું અને બંને બીજાયા

'વસંત ! ' ઘેર વહાલાને નિરંજને કહ્યું 'મને થાય છે કે આ રીતે તો તું દુખી જ રહ્યા કરીશ '

'પણ શું કરું ? હિંમત જ ચાલતી નથી. '

'અને આ સ્થિતિ મારી પણ ન કહેવાય. ' વસંતનો જવાબ ન સાંભળ્યો હોય એમ નિરંજન બોલ્યો 'આમાં સમાજ અને આપણે ગુનો કરતાં હોઈએ એવું મને લાગે છે '

'ગુનો શાનો ? '

'આમાં ચોરી તો છે જ ને ?

'તે શું બધું ચોકાને કહેવું જ જોઈએ ? '

'આવું તો કહેવું જોઈએ '

'મને એમ નથી લાગતું '

નિરંજને વાત પડતી મૂકી

હ નિરંજન ' થોડીવાર રહી વસંત બોલી

'તને મારા ઉપર પૂરો વિશ્વાસ છે ? '

નિરંજન ધીમું હસ્યો

'ના ના સાચે સાચ પૂછું છું '

તને ?

કહેના તું જવાબ આપ '

'હા નિરંજન જરા ગંભીર થતો બોલ્યો

'મારા વિના તું જીવી શકે ?' વસંતે બીજો સવાલ પૂછયો

'આ બધું કેમ પૂછવું પડે છે ?' નિરંજને સામે પૂછયું

'મને જવાબ આપ બાકી વાત નહિ ' વસંત બેઠી હતી તેથી નજીક આવીને બેસી

'અત્યારે કેમ ખબર પડે ? નિરંજને જવાબ આપ્યો

હું મરી જાઉં તો ?'

'તો હું મને વિધુર માનું ' નિરંજનના મો ઉપર આ શબ્દો બોલતાં એક ઝનક આવી ગઈ

'નિરંજન !' વસંત વધુ ન બોલી શકી એનું ગળું ભાર થઈ ગયું આંખો ઢળી પડી ગઈ પોતે વિધવા બની હોય એમ નિરંજન સામે જોઈ રહી

'વધુ તો પછી સૌના અનુમાનો. મારાં બા કહેતાં હતાં કે હવે વસંતને અહીં કોઇ દિવસ આવવા નહિ દે તેમ કાગળ લખવા પણ નહિ દે.'

'એમ બને જ નહિ વસંત એવું સાંખે જ નહિ' નિરંજન બોલી ગયો.

'હુ પણ એમ જ માનું છુ.'

'પણ તો પછી—' નિરંજન ધીરો પડયો. સૂર્યકાન્ત એના વ્યથિત મુખ સામે જોઇ રહ્યો. બંને મિત્રો થોડીક વાર એમ ને એમ મૂંગા જ બેસી રહ્યા.

'મોટાભાઇ છે?' બહારથી સૂર્યાનો અવાજ આવ્યો. સૂર્યકાન્ત તુરત જ ઊઠયો અને એણે સૂર્યાને બોલાવી સૂર્યાના હાથમાં એક બંધ કવર હતું. નિરંજન અને સૂર્યકાન્ત બંનેના મનમાં એક જ કલ્પના ફરી વળી અને એ કલ્પના સાચી હતી. સૂર્યા કવર દઇને પાછી ચાલી ગઇ. સૂર્યકાન્તને કવર ફોડતાં આજ પહેલ વહેલું એમ થયું કે 'નિરંજનને ન વંચાવાય એવું તો કંઇ નહિ હોય? મારા સગપણે કોઇ દિવસ ન'હ અને આજ શા માટે?' છતાં એણે ત્યાં જ કવર ફોડયું અને એણે કાગળ વાંચી લીધો એટલી ક્ષણ નિરંજનના હૃદયે કેટલા ઉછાળા લીધા તેની કોઇએ ગણતરી ન રાખી અંગે અંગની ચેતના ત્યારે એની આંખમાં વસી આવી અને કાગળને ઉકેલવા મથી રહી. સૂર્યકાન્તે કાગળ વાંચીને નિરંજનના હાથમાં મૂક્યો. કાગળ મારા માટે હતો. અને સૂર્યકાન્તના મો ઉપર સ્વાસ્થ્ય હતુ એટલે નિરંજનને કશો ભય ન લાગ્યો નિરંજન વાંચવા લાગ્યો:

'પ્રિય સૂર્યભાઇ,

તમને ખબર નહિ હોય પણ હું ત્યાં બાને નારાજ કરીને આવી હતી મારા ત્યાં આવ્યાં પછી બાએ એ ખબર પિતાશ્રીને પહોંચાડયા. હું અહીં આવી કે તુરત મને પિતાશ્રીનો ઠપકાનો અને શિખામણનો કાગળ મળ્યો. એ પછી બાની શિખામણ મળી. એ બંની શિખામણનો મતલબ એ છે કે મારે તમારી સાથે મૈત્રી ભલે રાખવી પણ નિરંજન સાથે ન રાખવી. મેં બાને આજે કહ્યું છે અને પિતાશ્રીને લખ્યું છે કે 'મારાથી એમ બની શકશે નહિ. તમારા માન ખાતર હું એક મહિના લગી નિરંજનને મળીશ નહિ તેમ કાગળ પણ લખીશ નહિ. એ દરમ્યાન તમે મારી સ્થિતિ સમજજો ને મને આનંદપૂર્વક રજા આપજો. અમારી મૈત્રી પવિત્ર છે એટલો વિશ્વાસ રાખજો'

એટલે નિરંજન મારા કાગળની રાહ ન જુએ અને મને કાગળ ન લખે એમ એને કહેજો સૂર્યા આનંદમાં હશે એના ભાભીની પધરામણી ક્યારે થાય છે?

તમારી બેન'

નિરંજન કાગળ વાંચીને જરા ગંભીર થઇ ગયો. સૂર્યકાન્ત એના ગંભીર મો સામે જોઇને બોલ્યો: 'સારું જ થયુ. હવે જલદી ફેંસલો આવશે.'

'પણ વસંતને ઘણુ સહન કરવુ પડશે' નિરંજન આર્દ્ર સ્વરે બોલ્યો

'એમાં સહન કરવાનુ શુ છે?'

'માતા પિતાની સામે થવુ એ આપણા જેટલુ એમને સહેલું નથી હોતુ'

'એનો હું પણ જાણું છું પણ વસંતનો બહાદુર છે'

'મને એમ નથી લાગ્યુ.' નિરંજન ધીમા સ્વરે બોલ્યો.

'હમણાં હમણાં જ તારા મોંએથી હુ આવું સાંભળુ છુ પ્રથમ તો તુ એના પરાક્રમની જ વાતો કરતો'

'હા' નિરંજનનો અવાજ વધુ ધીમો બન્યો 'હું એથી જ એના પ્રત્યે ખેંચાયો હતો, પણ જેમ હું નક્કી આવતો ગયો તેમ મેં જોયું કે એ તો એક સુકુમાર ફૂલ છે. એની સુકુમારતા જોયા પછી મારું આકર્ષણ ઓછું નથી થયું પણ એનું સ્વરૂપ જરા બદલાયું છે પ્રથમ હું એનો કશો વિચાર જ કરતો નહિ, હવે કંઇ પણ વિચારતાં એનો વિચાર હું છોડી શકતો નથી'

સૂર્યકાન્ત ગંભીર બનીને સાંભળતો રહ્યો એણે નિરંજનને આગળ ચલાવ્યું: 'એટલે જ મને બીક થાય

છે કે વસંતને લેશમાત્ર દુઃખ ન થાય એવું હું શું કરી શકું ? સૂર્યકાન્ત !' નિરંજનના હૃદય ઉપરથી બુદ્ધિનું સામ્રાજ્ય ખસી જતું હોય એવા સ્વરે એ બોલ્યો 'હું એને દુઃખ પામતી જોઈ શકું જ નહિ મને એના પ્રત્યે નિરવધિ પ્રેમ છે'

સૂર્યકાન્ત આ પ્રેમી તરફ બહુમાનની નજરે જોતો રહ્યો

'વસંતને મેં ઘણીવાર કહ્યું હશે કે તું મારો વિચાર જ કરીશ મા તું જે કરીશ તે જો તને સુખ આપતું હશે તો મને આપશે જ પણ એ કેવી છે ! ' નિરંજન જરા અટક્યો 'એ કેટલા તોફાન કરે છે ? પણ એનું હૈયું ત્યારે પણ ઓગળી જતું હોય છે સૂર્યકાન્ત તું હજી વસંતને પૂરી નહિ ઓળખતો હો એના જેટલો પ્રેમ આ જીવનમાં મેં કોઈના તરફથી અનુભવ્યો નથી એ પ્રેમ અને લાગણીની જાગે મજીવ અને સાકાર પ્રતિમા જ છે !'

સૂર્યકાન્ત પાસે કશું બોલવાનું જ નહોતું નિરંજનની સાથે એને વર્ષોની દોસ્તી હતી પણ મસ્ત અને ખંતન લાગતા નિરંજનની પાછળ આવો કોમળ નિરંજન છુપાયેલો હશે એવી એને આજે જ ખબર પડી એ ખબરથી એને નિરંજન તરફ મમતા વધી પણ નિરંજનની પ્રતિભા એને ઝાંખી પડતી લાગી એની કલ્પનામાં તો પેલો નિરંજન જ શોભતો હતો સૂર્યકાન્ત પોતાના માનમચમ્ સામે ને નિરંજનને જોતો બેઠો હતો ત્યાં ગૂર્ખો પાછો આવી નિરંજન અને સૂર્યકાન્ત બંને સૂર્ખાને જોઈ ચમકી ગયા 'કેમ ?' બંને બોલી ઊઠ્યા

'બા બોલાવે છે અત્યાર જ ' ગૂર્ખાએ કહ્યું

'શું છે ? કંઈ કામ છે ? ' નિરંજને ચિંતાભર્યા અવાજે પૂછ્યું

'હા.'

'શું ?' સૂર્યકાન્તે પૂછ્યું.

' વસંતબેનના બાપુજીનો કાગળ આવ્યો છે '

બંને મિત્રો ફરીને ચમક્યા વિજળીની ઝડપથી મગજમાં કલ્પનાઓ ઘૂમવા લાગી સૂર્યકાન્ત ' હમણાં પાછો આવું છું ' કહેતો ઊઠ્યો અને બહાર ગયો નિરંજન ખુરશી ઉપરથી ઊભો થઈ ઓરડામાં આંટા મારવા લાગ્યો

❖ ❖ ❖

સૂર્યકાન્ત પાછો આવ્યો ત્યારે એના હાથમાં વસંતના પિતાનો કાગળ હતો નિરંજને એ કાગળ વિષે ઓરડામાં આંટા મારતા જે કલ્પનાઓ કરી હતી તે સાચી પડી વસંત અને સૂર્યકાન્ત જોડાય એવી ઇચ્છા એ કાગળમાં પૂરતી હતી સાથે વસંતના પિતાએ મૂકી હતી સૂર્યકાન્તને એની લગીર પણ અસર થઈ હોય એવું ન લાગ્યું પણ નિરંજનના ગંભીર મુખના ભાવો જ જાણે બોલી દેતા હતા 'વસંતની ઇચ્છા હોય તો એમ જ થાઓ ' થોડીવાર મૂંગા રહ્યા પછી એ બોલ્યો ' સૂર્યકાન્ત ! '

સૂર્યકાન્તને એ અવાજ અનિશ્ચિત લાગ્યો હોય એમ એ ચમક્યો એણે નિરંજનનું ગંભીર મોં જોયું અને કંઈ કલ્પના કરવા જાય ત્યાં એના કાનમાં શબ્દો અથડાયા ' વસંત અને તું જોડાવ તો ? ' સૂર્યકાન્ત ચમકી ગયો 'ગંભીર પણે કહું છું ' બીજા શબ્દો આવ્યા ' વસંતને હું ચાહું છું વસંત મને ચાહે છે હું માનું છું કે જગતનાકની કોઈ પણ વસ્તુ કરતાં અમે એકમેકને વધુ વહાલાં છીએ પણ અમારા પ્રેમમાં એવું ય એવું તત્ત્વ નથી કે વસંત તારા સાથે જોડાય તો એમાં વિક્ષેપ આવે નિરંજને છેલ્લા શબ્દો ઉચ્ચાર્યા

સૂર્યકાન્ત થોડીવાર તો નિરંજનની સામે જોઈ જ રહ્યો શી રીતે, કયા શબ્દોમાં જવાબ આપવો તે એને સૂઝ્યું જ નહિ નિરંજનના શબ્દોને એણે વસંત પ્રત્યેની અનહદ પ્રેમની લહરીઓ રૂપે જ લીધા એમાં બીજો એકે ય અર્થ એણે વાંચ્યો નહિ થોડું સ્વાર્થ ભેગી મનમાં શબ્દો ગોઠવતો એ બોલ્યો

'વસંત તારા માટે અને તું વસંત માટે પરમાત્માની યોજનામાં એ જ છે અને બીજું નથી જ '

નિરંજન મૂંગો રહ્યો

અને હુ આજે વસંતના પિતાને સાચી વસ્તુ સ્થિતિ જણાવી દઉં છુ વસંતને અને એના બાને પણ' નિરંજનનો અભિપ્રાય પ્રગટતો હોય એમ આખુ બોલી સૂર્યકાન્ત એના સામે જોઈ રહ્યો વાણીથી કશો જ જવાબ ન મળ્યો એટલે એણે આગળ ચલાવ્યુ

'મને લાગે છે કે આ સારૂ જ થયુ વસંત કોઈ દિવસ સાચી વાત ન કહી શકત અને એના તરફથી જાણે એ કરતા મારા તરફથી જાણે એ વધુ સારૂ

'પણ વસંતને એ નહિ ગમે '

'એ તો જરી આચકો લાગશે પણ અંતે એને ગમશે જ ' સૂર્યકાન્તે જવાબ આપ્યો અને નિરંજનને વિચાર કરતો મૂકીને જ એ સામે પડેલા ટેબલ પાસે કાગળ લખવા પહોંચી ગયો

• ˎ ˎ

સૂર્યકાન્તે કાગળો લખ્યાને એક અઠવાડીઉં વીતી ગયુ છતાં ક્યાંયથી કશા જ સમાચાર ન આવ્યા એટલે બન્ને મિત્રો ચિંતામાં પડ્યા હતા સૂર્યકાન્ત કહેતો કે 'વિચારો ચાલતા હશે ' નિરંજન કહેતો કે 'વસંત બન્ને ધર્મો વચ્ચે ભીંસાતી હશે ને વેદના ભોગવતી હશે ' નવમે દિવસે સવારે નિરંજનના સરનામે એક સ્વર આવી પડ્યુ ને મિત્રો ત્યારે હાજર જ હતા સ્વર ફાડીને નિરંજને ગાભા કાગળ ઉપર આખ ફેરવી લીધી સૂર્યકાન્ત-કાગળનું પ્રતિબિંબ-નિરંજનનું મોં જોઈ રહ્યો હતો એ ઉપર આનંદની લાલી ઉપસી આવતી હતી નિરંજને કાગળ વાંચીને સૂર્યકાન્તના હાથમાં મૂક્યો કાગળમાં આટલા જ શબ્દો હતા

'બાપુજી આ ... આવી ગ... કે આઠ દિવસ ઠીક ધમાલ ચાલી અંતે લગ્નની કરવાની રજા મળી છે પણ એમની નારાજી તો ... કે હુ ચાર પાંચ દિવસ પછી ત્યાં આવીશ અને બાપુજીને સારૂ લાગે એના માટે સૂર્યભાઈને ત્યાં જ ઉતરીશ '

કાગળની ઉપર કે નીચે કશું લખેલુ ... પણ અંતમાં ... જ હતુ એને નિરંજન અને સૂર્યકાન્ત સતો ... પામ્યા અને વસંતના આવવાની રાહ જોવા લાગ્યા વસંત આવે ત્યારે આ વાતને હવે કેમ પતાવવી તેની બન્ને મિત્રોએ તૈયારી કરવા માંડી

•

'કેમ હુ અહીંઆ જ આવીને ?' બારણામાં પેસતા જ વસંતે સૂર્યાને કહ્યુ 'નિરંજનભાઈને ત્યાં કોણ જાય, ખરૂ ?'

સૂર્યા આનંદમાં આવી ગઈ હતી ઘરના બધા ... હતા એક નિરંજન, જાણે મર્યાદા ... હતુ ... ગંભીર હતો જરી પરવાર્યા પછી નિરંજને વસંતે એકાંત શોધી લીધુ અને સૂર્યકાન્તે ... ... કરી

કેમ ગભરાય છો ? વસંત પહેલા જ ... ...

... નહિ ' નિરંજન ધીમુ હસ્યા

નહિ સાચુ કો ... ... એમ વસંત બોલી

'સાચે જ ... ... '

જો ગભરાય રહેશો તો આપણે ... ... નહિ ... ' ... ... વસંત ... બોલી

એ ... નિરંજનનો એ લહેકો ... અને ... ગઈ વસંત આનંદમાં આવીને બોલી

'... ને તમે ... ... ને? ... ... પડે છે

... ... સૂર્યકાન્ત

... તો તમે શી ... ... કરી ... ?'

'... ' નિરંજન ... ... ને હસી ...

'સૂર્યકાન્તભાઈ કેવા ... ... ની તૈયારી જોવા ...'

'એ ... ?'

'હા એ ... પછી મેંદુ ... ... પડશે '

'બીજી ... ... દુનિયામાં ... ... '

'કોઈ છે ?'

'કેમ, તો રજા લેવી છે ?'

'બીજી હોય તો એને સગવડ કરી આપું'

'વાહ, બહુ ઉદારતા !'

'પણ અરે, હં, નિરંજન ! સૂર્યભાઈએ કંઈ ગોઠવ્યું ?'

'તું શોધી આપ ત્યારે ને ? એ ફરજ તો હવે તારા માથે'

'આ શોધવાનું કામ ભારે છે હો !'

'હા, જેને ગોઠવાયું હોય એને તો બહુ ન લાગે પણ બીજા માટે તો બહુ કપરું કામ છે'

'હું ન મળી ગઈ હોત તો આપ શું કરત ?'

'જે આપ કરત તે'

'આપ' લમણે હાથ દઈને બેસત'

'તો 'આપ' પણ એમજ કરત'

''આપ' બાપાને કહેત કે સરસ મઝેનો જુવાની શોધી આપો'

''આપ' પણ જ્ઞાતિની છોકરીઓના ટોળામાંથી આંખ મીંચીને એક ઉપર આંગળી મૂકી દેત'

'ભારે સરસ વાત હો !'

'હા કદાચ ગોઠવાઈ પણ જાત જેવા કિસ્મત'

'ચાનો, જવા દો એ બોનો હવે તમારે શું કરવું છે ! બાએ અને બાપુજીએ પોતાની છેલ્લી શિખામણ આપી દીધી'

નિરંજન ગંભીર બની ગયો મારે કશું કરવાનું જ નથી તું જેમ કહે તેમ કરવાની મારી તૈયારી છે

'તો ત્રણ મહિના પછી જ'

'તને મુશ્કેલી નહિ આવે ?'

'આવી ગઈ, આવે છે ને આવશે, પણ કેવું જ છે પછી શું થાય ?'

'શી મુશ્કેલીઓ આવી ? ઘરની વાત તો કર'

'ઘરની વાત તમને નહિ કહેવાની એ માટે તો સૂર્યભાઈ જ તમને શી અસર પડે ? સૂર્યભાઈ તો શાણા છે'

'એ મ ?'

'હા હવે કહો જોઈએ ત્રણ મહિના પછી સાહેબ તૈયાર છે ?'

'સેવક તૈયાર છે'

'ત્યારે બોલાવું સૂર્યભાઈને ?'

'ભલે'

વસંતે બૂમ પાડી અને સૂર્યકાન્ત હસતો હસતો આવ્યો વસંતે છેવટના નિર્ણયની વાત કરી સૂર્યકાન્ત ખૂબ આનંદ પામ્યો 'સરસ થયું' એ બોલ્યો.

'હવે જુઓ મારે બે મહિના અહીં જ રહેવું છે ને પછી ઘેર જવું છે એટલી રજા લઈને જ આવી છું'

સૂર્યકાન્ત વસંત સામે જોઈ રહ્યો નિરંજનને એ ધાર્યા કરતા બહાદુર લાગી સૂર્યકાન્તે પોતાની માન્યતા સાચી પડી હોય એવા વિજયના ભાવથી નિરંજન સામે જોયું નિરંજન હસી રહ્યો હતો

* *

વસંતને ત્યાં આવ્યે એક મહિનો થઈ ગયો હતો અને એ એક મહિના દરમ્યાન ઘરની ઝીણી ઝીણી બધી વાતો કરી દીધી હતી એ વાતોમાં પોતાને જેવું મંથન ભોગવવું પડ્યું, માતાપિતાની ઇચ્છા વિરુદ્ધ જતા કેવી કેવી વેદનાઓ સહેવી પડી તેનું વર્ણન જ હતું એ વર્ણન સાંભળતા સૂર્યકાન્ત દરખાયો વસંત કેમ છે એવું જાણવા માટે સાંભળ્યું હતું ત્યારથી એ વાત જુદી પડે એવી ઇચ્છા એના મનમાં રમ્યા કરતી હતી નિરંજનને એ બધી વાતોની જુદી જ અસર થઈ વસંત પોતાને માટે દુખ પામી રહી છે એમ જ એને લાગવા માંડ્યું અને એવા ખ્યાલથી એ પણ દુખી રહેવા લાગ્યો બરાબર એ દિવસો દરમ્યાન જ વસંતના પિતાનો નિરંજન ઉપર એક કાગળ આવ્યો. 'વસંત માનતી જ નથી એટલે અમારા તરફ બીજો રસ્તો નથી રહ્યો પણ અમારા અંતરના આશીર્વાદ એને નાહક મળી શકે એટલી ખાત્રી રાખજો અમને એમ લાગ્યું છે કે વસંત તમારા સાથે નહિ પણ તમારા મિત્ર સૂર્યકાન્ત સાથે ઉત્તમ

જીવે તો જ સુખી થશે. હવે તમને કંઈ પણ લખવું તે વ્યાજબી નથી, પણ વસંતને તમે કઈ યુક્તિથી વશ કરી લીધી છે તે અમને સમજાતું નથી. અમને તમારા પ્રત્યે કે તમારા કુળ પ્રત્યે લગીર પણ આકર્ષણ નથી આ બધું તમને શા માટે લખ્યું છે તે સમજવા જેટલી તમારામાં બુદ્ધિ હશે એમ સમજીને વધુ નથી લખતા.' કાગળનો આ સાર હતો. નિરંજનને કાગળ મળ્યો ત્યારે વસંત સૂર્યકાન્તને ત્યાં હતી નિરંજને ત્રણ ચાર વખત ફરીફરીને કાગળ વાંચ્યો. જેમ વાંચતો ગયો તેમ એની મૂંઝવણ વધવા લાગી. અંતે કંઈ ન સૂઝ્યું એટલે એ ઊઠીને સૂર્યકાન્તને ત્યાં જવા તૈયાર થયો.

'આ નિરંજન આવ્યા.' નિરંજન બારણામાં દેખાયો કે તુરત વસંત બોલી ઊઠી. નિરંજનના મો ઉપરની ગંભીરતા વસંતે જોઈ છતાં એણે પોતાની મજાક ચાલુ રાખી· 'નિરંજન, સૂર્યભાઈ તૈયાર છે હો·'

નિરંજન હસ્યો

'હવે આપણે એમને તુરત જ શોધી આપવાનું છે, નહિ તો એ આપણને જોઈ જોઈને અકળાશે'

સૂર્યકાન્ત હસવા લાગ્યો. નિરંજન પણ હસ્યો પણ એની ગંભીર મુખરેખાઓ ખસી નહિ.

'કેમ આજ મુખમંડળ વિકસ્યું છે? હસવાનું બંધ કરીને વસંત બોલી

'મને એવી ટેવ પડી છે.' બાજુમાં બેઠેલો નિરંજન બોલ્યો. સૂર્યકાન્ત વાતમાં રસ પૂરાવવા જતો હતો ત્યાં ઘરમાંથી બાની બૂમ પડી એટલે એ ત્યાં ગયો.

'આમ મોઢું ચડાવશો એ નહિ ચાલે' વસંતે મજાકની શરૂઆત કરી.

'તો શું કરશો?' અર્થવાળી દૃષ્ટિએ નિરંજન જોઈ રહ્યો

'નહિ ચાલે એમ કહ્યું ને!

'એટલે?'

'એટલે નહિ ચાલે' વસંત ખોટું ગાંભીર્ય ધારણ કરીને બોલી.

'સાચું કહો છો!'

'હા. અમે મોટા લોકો, માન આપવા લાયક લોકો જૂઠું બોલતાં જ નથી.'

નિરંજન મજાક સમજ્યો ને શાંત પડ્યો.

* * *

નિરંજનને વસંતના પિતાના કાગળની વાત વસંતને કે સૂર્યકાન્તને ન કરી, પણ ન કરી એટલે એના મનમાં એ વાત ઊંડી ને ઊંડી ઉતરવા લાગી. અને વિચાર કરતા એને એમ પણ લાગવા માંડ્યું કે 'વસંત સૂર્યકાન્ત સાથે જોડાશે તો વધુ સુખ પામશે' અને એમ પણ થયું કે 'સૂર્યકાન્ત પ્રત્યે એને પ્રેમ અને લાગણી તો છે જ અને સૂર્યકાન્તનો સ્વભાવ પણ એને ગમે છે'. નિરંજનની આંખ સામે પોતાના વિચાર સમર્થનમાં એવા અનેક પ્રસંગો પણ ખડા થવા લાગ્યા પણ એ વિચારમાળા પૂરી ન થઈ ત્યાં વસંત સાથેના પોતાના જીવનની દૃશ્ય પર પગ ચાલી નિરંજન એમાં તરબોળ બન્યો એને લાગ્યું કે 'આમાં કંઈક એવું છે કે જે સૂર્યકાન્ત સાથેના સંબંધમાં તલમાત્ર પણ નથી' અને નિરંજનના નવા ભાવો પણ શમી જવા લાગ્યા. એને થયું કે 'ભલે માતા પિતા નારાજ રહે. વસંતને એથી ભલે થોડું સહન કરવું પડે. અંતે તો વસંત સુખ જ પામશે' એ રીતે વિચાર કરતાં એ થાકી ગયો ત્યારે નિરંજને પોતાના મનમાંથી એ વિચાર કાઢી નાખ્યો અને વસંતના પિતાને ટૂંકમાં લખી નાખ્યું કે 'આપના દુઃખથી હું દુઃખી થયો છું. પણ આમાં બીજું કશું જ, હું ઈચ્છું તો પણ શકય નથી અમને માફ કરજો'

જેમ નિરંજન ઉપર તેમ વસંત ઉપર પણ એના પિતાનો કાગળ હતો અને એ કાગળ વાંચવાથી નિરંજન દુઃખી થાય એમ હતો એટલે વસંતે એ કાગળ છૂપાવી રાખ્યો હતો. એમાં પણ એ જ હતું. પણ વસંતે જવાબ આપવામાં નિરંજન જેટલો વિલંબ નહોતો કર્યો એણે તુરત જ પિતાને લખી નાખ્યું હતું કે 'જે બની ગયું છે તે મિથ્યાં કરવાનો હવે પ્રયત્ન ન કરો.'

સૂર્યકાન્ત આ બંને કાગળોથી અપરિચિત હતો પરંતુ વસંતના પિતાનો કાગળ એના ઘર ઉપર આવ્યો હતો અને એ ઉપરથી બા સૂર્યકાન્તને પૂછતાં હતાં, આગ્રહ પણ કરતાં હતાં. સૂર્યકાન્તે સ્પષ્ટ ના પાડી દીધી હતી પણ આ વાત નિરંજન વસંતને કહેવાનું એને યોગ્ય નહોતું લાગ્યું એટલે એ બોલ્યો નહોતો.

આમ ત્રણેય પોતપોતાના સ્વભાવ પ્રમાણે મૂળ નિશ્ચયને વળગી રહ્યાં હતાં અને પોષી રહ્યાં હતાં.

* * *

'પણ એમાં શો વાંધો ?'

નિરંજન પંદર દિવસ પછી સૂર્યકાન્તને પૂછતો હતો. વસંતના પિતાનો અત્યંત દર્દભર્યો કાગળ આવવાથી આજ સવારે વસંત રડી પડી હતી અને નિરંજન ગંભીર બની ગયો હતો. આ કાગળ વસંત ઉપર હતો અને એણે છૂપાવ્યો હતો પણ સૂર્યાને ખબર હતી એટલે એણે મોટાભાઇને વાત કરી હતી.

'એમ બને જ નહિ, તું સમજતો નથી નિરંજન! તું વસંતને સુખ આપવાની ઇચ્છા ભલે રાખ, પણ એ માટે ઘેલસો ન થા.' સૂર્યકાન્ત થાક્યો હોય એમ કંટાળાને બોલ્યો.

નિરંજન મૂંગો બન્યો.

'તું આવું બધું કરશે તો વસંતની હિંમત ઓછી થશે અને સુખ પણ હરાઇ જશે'. સૂર્યકાન્ત આગળ બોલ્યો: 'મને સમજાતુ જ નથી કે હમણાં હમણાં તને શું થઇ ગયું છે? તારી સ્થિરબુદ્ધિ જ જાણે લોપ પામી ગઇ હોય ને! વસંતને આ રીતે તો તું અતે દુ:ખ જ આપશે.'

નિરંજને આંખો નીચી નમાવી દીધી. સૂર્યકાન્તને એના મોં ઉપરથી લાગ્યું કે નિરંજન કદાચ મારા કહેવાનો મર્મ નથી સમજ્યો. એણે વધુ સ્પષ્ટતા કરી.

'જીવનસાથીના સુખની અત્યંત ચિંતા એને સુખ નથી આપતી પણ બોજારૂપ જ લાગે છે. તારે સમજવું જોઇએ કે વસંત પોતાના અંતિમ સુખ માટે જ થોડું-ઘણું દુ:ખ સહન કરી રહી છે. તને બહુ લાગી આવતું હોય તો તું મૂગો રહી જોયા કર અને વસંત જે નિર્ણય કરે તેને આધિન થા.'

નિરંજને ઊંચુ જોયું. એને સૂર્યકાન્તની વાત ઠીક લાગી હોય એમ લાગ્યું.

'હવે તારા પાસે એક વચન માગું ?' સૂર્યકાન્તે પૂછ્યું અને નિરંજને હા પાડી.

'આવી વાત ફરીને તારે કોઇ દિવસ ન કરવી.'

'ભલે.'

'વસંત પાસે પણ ન કરવી'

'ભલે.'

'અને વિચારવી પણ નહિ.'

નિરંજન જવાબ ન આપી શક્યો.

'કેમ?' સૂર્યકાન્તે પૂછ્યું.

'એ ન બની શકે, એ મારા હાથની વાત નથી'

સૂર્યકાન્તે વિશેષ આગ્રહ ન કર્યો અને ત્યારે તો એ વાત પૂરી થઇ.

અપૂર્ણ.

●

[વાર્તાનો બાકીનો ભાગ ડીસેમ્બર અંકમાં]

આપણી સ્વરાજયાત્રા

BOMBAY.

છેલ્લા ત્રણ મહિનામાં જે બનાવો બની ગયા છે તેનો વિસ્તૃત ઉલ્લેખ પણ એક લેખમાં કરવાનું મુશ્કેલ છે જેને માટે સ્વતંત્ર લેખમાળાઓ લખી શકાય એવા ઘણા બનાવો હમણાં હમણાં બની ગયા અને રોજને રોજ બનતા જ જાય છે. તા ૧૨ મી નવેમ્બરની સવારે અમે આ લખી રહ્યા છીએ. એક કલાક પછીના છાપામાં કોઇ નવીન જ વસ્તુ નહિ આવી પડે એવી ખાત્રી નથી. એટલે દેશના એકેએક બનાવ અને એ ઉપરની સમાલોચનાને આ નાનકડા લેખમાં નહિ સમાવી શકાય જે બનાવોને આપણે ભૂલવા માગીએ તો પણ ન ભૂલી શકીએ અને જેની અસર પ્રબળ પણે આપણા રાજકીય જીવન ઉપર થઇ છે ને થઇ રહી છે તેટલા જ બનાવોની માહિતી આપીને અમે સંતોષ માનશું.

મુસ્લીમ સંપર્ક :

દિલ્હીની મહાસમિતિના મંચ ઉપરથી રાષ્ટ્રપતિએ મુસ્લીમ સંપર્કની ઘોષણા કરી છે ત્યારથી એ પ્રશ્ન વિષેની દેશની હવામાં જ જાણે ફેર પડી ગયો છે. દેશમાંથી ન માની શકાય એટલી ઝડપથી કોમીવાદથી જડ ઉખડતી જાય છે. આ નવા વિચારના પ્રચારમાં મહાસભાવાદી સરકારોનો પણ ઓછો હિસ્સો નથી પણ સૌથી મોટો હિસ્સો તો કોમીવાદી નેતાઓનો જ છે. તેઓ પેલી જડને ટકાવવા માટે જે પ્રયત્નો કરી રહ્યા છે અને સાનભાન ભૂલ્યા હોય એમ બકવાદ કરે છે તેની પ્રજા ઉપર ભારે અસર પડી છે. પ્રજા સમજતી થઇ છે કે દીન, ધર્મ અને લઘુમતિના હકકોની આ સુંદર વાતો ભરમાવનારી અને અમારા આગેવાનો બની બેઠા છે તેમના ડોલતાં સિંહાસનો ટકાવવાની જ વાતો છે. હિંદની રગેરગમાં જે મહાન રોગો ફેલાઇ રહ્યા છે તેમાંથી નથી હિંદુને છટકવાના અધિકારો મળ્યા કે નથી મુસલમાનોને મળ્યા. બંને મજહબી કોમ એટલો જ ભૂખમરો વેઠે છે, એટલા જ સિતમો સહન કરે છે. બંનેની બેડીઓ એટલી જ મજબૂત છે. આ વિશાળ દેશના કોઇ ખૂણામાં કોમ કે પ્રજા તરીકે કોઇ માણસ સુખી નથી જેમ દુષ્કાળ કે મહામારી જેવી કુદરતી આફતો કોમ વચ્ચે ભેદ નથી રાખતી તેમ પરદેશી સરકારના જુલ્મના તંત્રો પણ ભેદ નથી રાખતા. હા, બંને કોમો એક ન થઇ શકે એવા બધા પ્રયત્નો કરવામાં આવે છે પણ દેશની સ્થિતિ જ એવી છે કે ભૂખમરા કે અજ્ઞાનમાં તેઓ ભેદ રાખી શકે જ નહિ. પરિણામ એ આવ્યું

છે કે શ્રીમાન ઝીણા સાહેબ જેવાની માથાફર મહેનત છતા હજારોની સખ્યામાં મુસ્લીમ બિરાદરો મહાસભા ના ઝંડા નીચે આવતા જાય છે અને કોમીવાદને દફનાવતા જાય છે

૧૯૩૪ મા ઝીણા અને રાજેનબાબુ વચ્ચે જે વાટાઘાટો થએલી તેની હકીકતો બહાર આવતા શ્રીમાન ઝીણાની સાચી સ્થિતિની પ્રજાને વધુ જાણ થઇ ગઇ છે અને ઝીણી નજરે જાપાએ જોનાર સમજી શક્યા હશે કે મુસ્લીમ કોમ અને બીજી લઘુમતિના રક્ષણની બડી બડી વાતો કરનાર એ મહાશયે આજ સુધી સમાધાનની વાતો કરી છે પણ પોતાના તરફથી એક પણ શરત રજુ કરી નથી, એટલુ જ નહિ પણ રાજેનબાબુ સાથે નક્કી થયેલી શરતોમાથી પણ ધૃણાજનક રીતે તેઓ છટકી ગયા છે આ કોમીવાદીઓનો છેલ્લો અને નિષ્ફળ તેમ જ કરુણાજનક પ્રયત્ન લખનૌની મુસ્લીમ લીગની પરિષદ્‌મા થયો એ પરિષદ્‌મા તો એમણે એવી આશાઓ ગણી હતી કે એથી લીગ મજબૂત બનશે, લીગના ઢીલા પડેલા ખીલાઓને તેઓ ઠોકીને જડબેસલાખ કરી શકશે, પણ પરિણામ ઉલટુ જ આવ્યુ મુસ્લીમજગતમા પ્રતિષ્ઠા ધરાવતા આગેવાનોએ જાહેર કર્યું કે આ સસ્થા દેશની સ્વતત્રતાની રોધક છે, આમા કોઇએ નહિ રહેવુ જોઇએ આમ છતાં ધ્યાન ખેચાય એવો એક પ્રયત્ન ત્યા થયો. પજાબ અને બગાળ જાણે ઝીણાની સાથે આવ્યુ હોય એમ ફેઝલુલ હક્ક અને સર સીકદર પોતે લીગની સાથે છે એમ જાહેરાત કરી પણ પ્રજા એમને સારી રીતે ઓળખે છે એટલે પરિસ્થિતિમા કશો જ ફેર પડયો નથી બગાળના વડા પ્રધાન ફેઝલુલ હક્ક તો ત્યાથી જાણે મહાસભા ઉપર ચડાઇ લઇને જ નીકળ્યા હોય એમ બોલી ગયાઃ 'મહાસભાના હિંદુ પ્રધાનો જો પોતાના પ્રાતમા જુલમની નીતિ ચાલુ રાખશે તો આ મચ ઉપરથી જાહેર કરુ છુ કે બગાળમા જાનના જોખમે પણ હું એનો બદલો લઇશ.' આવેશમાં ઉચ્ચારેલા આ શબ્દો ઉપર એમણે ત્યારપછી છટકી જવાની ઘણી વાતો કરી છે પરતુ એમના જેવા બગાળના વડા પ્રધાનના મોમાથી આ શબ્દો નીકળે ત્યારે એમા મૂર્ખતા સિવાય બીજુ કશુ નથી લાગતુ, તેઓ એ જાણે ભૂલી જ ગયા છે કે પોતે બગાળના વડા પ્રધાન છે

શ્રીમાન હક્કના આ શબ્દો વિષે એક રમુજી સૂચના થઇ હતી આ શબ્દો યુક્તપ્રાતમાં ઉચ્ચારવામા આવ્યા હતા, જ્યાની મહાસભાવાદી સરકારે કોમીપ્રચાર ઉપર સખ્ત પગલાં લેવાનુ જાહેર કર્યું છે સૂચના એવી હતી કે આ શબ્દો ઉચ્ચારવા માટે શ્રીમાન હક્કને પકડવા જોઇએ અને એમના ઉપર કામ ચલાવવુ જોઇએ આ સૂચનામા રમુજ પણ છે અને ગભીરતા પણ છે ગભીરતા એટલા માટે કે એકબીજા પ્રાતની સરકારો આ રીતે પગલા લેવા માડે તો આ દેશમા આતરયુદ્ધ જ મચી જાય બીજી બાજુ આમ નિરકુશ બોલવા પણ કેમ દેવાય ?

મુસ્લીમ સપર્કની મહાસભાની નીતિના વિજયરૂપે હમણા બે મોટા બનાવો બન્યા એક તો મહાસભાના દફતરે હજારોની સખ્યામાં મુસ્લીમ સભ્યો અને નેતાઓ નોંધાયા તે અને બીજો બીજનોરની ચૂટણીનો આ બીજો બનાવ તો લીગ-મહાસભા વચ્ચેના યુદ્ધના ફેસલા જેવો લાગે છે કારણ કે આ ચૂટણી વખતે શ્રીમાન ઝીણા કહેતા હતા કે 'યુક્તપ્રાત તો મુસ્લીમ જગતનુ હૃદય છે' એમને આ કરુણાજનક પરાજયથી ખાત્રી થઇ હશે કે એ હૃદય હવે બધ પડ્યુ છે અથવા તો મહાસભાની સાથે એકરૂપ બન્યુ છે ?

અહિંસાનો વિજય:

માત્ર રાષ્ટ્રિય યુદ્ધની દૃષ્ટિએ જ નહિ પણ જગતમા ઊભી થયેલી નવી સંસ્કૃતિ—અહિંસાની સસ્કૃતિનો વિજય થયો હોય એવા ભવ્ય પ્રસગો હમણા હમણા બનતા જાય છે દેશની આઝાદી માટે જેમણે હિંસાનો માર્ગ લીધો હતો તેઓ આજે જાહેર કરે છે કે 'અમારો માર્ગ ભૂલો હતો, અમે ભ્રમમા હતા અહિંસા વિના આ દેશની આઝાદી નથી' આ બનાવ આ યુગમા પણ મહત્ત્વનો તો લાગ્યો જ છે પણ ભવિષ્યના ઇતિહાસમાહિંસા અને અહિંસાના ઇતિહાસમા અત્યત મહત્ત્વનો

ગણાશે ગાંધીજી એમના જીવનના આરે ઊભા ઊભા પોતાના જીવનકાર્યનું આવું ફળ જોઇ શકશે એવો કોઇને વિશ્વાસ નહોતો. સત્ય અને અહિંસા પ્રત્યેની એમની અતૂટ શ્રદ્ધામાં આજે અજબ વધારો થયો હશે

દેશના પણ સુભાગ્ય છે કે જેલમાંથી છૂટતા એ કહેવાતા ત્રાસવાદીઓ મહાસભાના ઝંડા નીચે આવતા જાય છે અને ફરીફરીને જાહેર કરે છે કે દેશની આઝાદી માટે દેશની પ્રતિનિધિ આ એક માત્ર સંસ્થા છે. બીજી બાજુ આંદામાનમા જે બનાવો બની ગયા તેણે આખા દેશને ડોલાવી મૂક્યો છે ઉપવાસ કરીને પોઢેલા એ વીરોના મનમા શું શુ હશે તે આપણે જાણતા નહોતા. એમના ઉપવાસે આપણે હલમલી ગયા હતા, જાણે મોતનો ઓછાયો આપણા ઉપર આવતો હતો. આપણે ઠરાવો કર્યા, નિવેદનો કર્યા, દીનો ઉજવ્યા અને આપણા અંતરના તારને એ બાંધવોની સાથે જોડી દીધા પણ કોને ખબર હતી કે દૂર દૂર પેલા સેગાંવના ઝૂંપડામાં બેઠેલો પુરુષ અહિંસાનો વિજય જોવા માટે પોતાનો પ્રાણ નીચોવી રહ્યો હશે? એની પ્રવૃત્તિ વિષે આપણે ક્યાં કંઇ જાણીએ છીએ? આપણી જાડી આંખે તો માત્ર ચરખો ને અસ્પૃશ્યતા નિવારણ જ દેખાય છે. હમણા સ્વાવલંબી શિક્ષણની વાતો સાંભળીએ છીએ. એની બીજી પ્રવૃત્તિ તો મહિને બે મહિને બહાર આવે ત્યારે જ આપણે જાણીએ છીએ અને જાણીએ છીએ ત્યારે ચોંકી ઊઠીએ છીએ આંદામાનના કેદીઓના ઉપવાસ છોડાવવાની વિનંતી માટે જ્યારે કવિવરે ગાંધીજીને અપીલ કરી ત્યારે કોને ખબર હતી કે એમની પ્રવૃત્તિ ચાલી જ રહી છે. જે દિવસે આંદામાનના કેદીઓ, વાયસરોય અને ગાંધીજી વચ્ચેના તાર-પત્ર વ્યવહાર પ્રસિદ્ધ થયા ત્યારે જ જગતને જાણ્યું કે હિંસાવાદીઓના હૃદયામાં પણ આ પુરુષે પોતાનું સ્થાન જમાવી દીધું છે ઉપવાસ છૂટયા અને નિવેદનો બહાર પડયાં કે અમને 'હિંસામાં વિશ્વાસ નથી.' અમે આ નિવેદનને આ યુગનો એક મહાન પ્રસંગ ગણીએ છીએ.

મોતની સાથે લડતાં લડતાં:

અને આંદામાનનું તેમ જ બંગાળના નજરકેદીઓનું પ્રકરણ પણ હજી પૂરૂં નથી થયું. લંડનના મહાલયમા ગાંધીજીએ હરિજનોને ખાત્રી આપી હતી કે એના હિંદુત્વના અધિકારોના રક્ષણ અર્થે પોતે પ્રાણના જોખમે પણ લડશે, અને એ લડયા, સરકારની સાથે, પ્રજાની સાથે અને છેવટે મોતની સાથે પણ લડયા અને જીત્યા. આજે પણ જાણે એવું જ થઇ રહ્યું છે. આંદામાનના ઉપવાસીઓને એમણે વચન આપ્યુ હતુ કે 'તમે ઉપવાસ છોડો ને હું તમારા માટે મથી રહ્યો છું તેના હાથ મજબૂત કરો' તેઓ મથી રહ્યા છે કે નહિ તેની જાણે ખાત્રી મળતી હોય તેમ દરરોજ છાપામાં કલકત્તાના સમાચારો આવે છે ગાંધીજી કલકત્તામાં ગયા અને મહાસમિતિના મોટાં આંદોલનો ચાલ્યા પણ મહાસમિતિ પૂરી થતા જ દેશનો સર્વોપરી પ્રશ્ન કેદીઓનો બની ગયો છે અને એ પ્રશ્નની ગંભીરતા એક સાથે છાપામા આવતા બે સમાચારોથી મળે છે એક સમાચારમાં અહેવાલો છે ને અનુમાનો છે, બીજા સમાચારમાં ગાંધીજીની ગંભીર તબિયતના સમાચારો છે. લોહીનું દબાણ છતાં, ડૉકટરોની સંપૂર્ણ આરામની ભલામણ છતા ગાંધીજી મૌન રહીને, બીજી રીતે પ્રયત્નો કરીને શક્તિ મેળવે છે અને પોતે જે વચન આપ્યું છે તે પાળવા માટે એ શક્તિ ખર્ચી રહ્યા છે. ગવર્નરની મુલાકાત વખતે પણ ડૉકટરને સાથે લઇ જવા પડે અને ગાંધીજીની તબિયતના કારણે જ વડલાની છાયા નીચેના તંબુમા મુલાકાતની ગોઠવણ કરવી પડે એ જ બતાવે છે કે ગાંધીજી મોતની સાથે લડતાં લડતાં હજારો નજરકેદીઓ અને સેંકડો આંદામાનના વીરોને મુકત કરવા મથી રહ્યા છે. એ મુક્તિની પાછળ એમના સુખનો ખ્યાલ તો રહ્યો જ છે પણ જેને ખાતર ગાંધીજીના શ્વાસોચ્છ્વાસ ચાલે છે તે અહિંસાને ભવ્ય વિજય આપવાની મુરાદ પણ પડી છે.

આજસુધી મળેલા સમાચારોમાં કશું જ સત્તાવાર નિવેદન મળ્યુ નથી પણ જે રીતે મુલાકાતો થઇ છે અને

જે રીતે આજે પણ પ્રધાનો ગાંધીજીને મળી રહ્યા છે તે ઉપરથી લાગે છે કે ગાંધીજી સફળ થયા છે. છાપાના 'વિશ્વાસપાત્ર' સમાચારો સાચા હોય તો નજરકેદીઓ તો ગણ્યા દિવસોમાં જ મુક્ત થવા જોઇએ આંદામાનના કેદીઓને છોડવા વિષેની એક વિચિત્ર વાત છાપામાં આવી છેઃ 'સરકારને એમ લાગે છે કે કેદીઓએ કરેલું હિંસા ઉપરની અશ્રદ્ધાનું નિવેદન પૂરતું નથી થતું, એ માટે ગાંધીજીએ અંગત ખોળાધરી આપવી જોઇએ' અમને નથી લાગતું કે આ વાતમાં કાંઇ વજુદ હોય કારણ કે આ વાત બુદ્ધિમાં ઉતરી શકે એવી જ નથી

મહાસભાના પ્રધાન મંડળો :

સાત પ્રાંતના મહાસભાના પ્રધાનમંડળના કાર્યનો અહેવાલ અહીં આપી શકાય એમ નથી. આપણે ત્યાં ઊંચા આસનેથી ભલે એમ કહેવામાં આવે કે મહાસભાની દૃષ્ટિએ આ કામ તો બીજી કક્ષાનું કામ છે, પ્રથમ કક્ષાનું કામ તો બહારનું છે, પરંતુ જ્યારથી મહાસભાએ પ્રધાનપદો સ્વીકાર્યાં છે ત્યારથી બહારના અને અંદરના કામ એક સ્વરૂપ જ બની ગયા છે અને દેશમાં મોટામાં મોટા આંદોલનો પણ એ જ લાગે છે પ્રધાનપદો સ્વીકાર્યાને આજ તો ઠીક ઠીક સમય થઇ ગયો અને એ પ્રધાનોની દાનતની પરીક્ષા થઇ શકે એટલા બનાવો પણ એમના હાથે બની ગયા પરંતુ પ્રધાનપદ લેતાં પહેલાં, એ સ્થાન લેવાથી આપણી શક્તિ વધશે કે ઘટશે એ વિષે જે મતભેદ હતા તે આજે પણ કાયમ જ દેખાય છે. ઘણા જવાબદાર અને અગ્રણી નેતાઓને ખરેખર એમ લાગે છે કે આ રસ્તો બંધારણને તોડવાનો નથી પણ અમલ કરવાનો છે જ્યારે એટલા જ જવાબદાર અને આગળ વધીને કહીએ તો પ્રધાનપદના સૌથી કટ્ટર વિરોધી રાષ્ટ્રપતિ જવાહરલાલજીને એથી ઉલટું લાગે છે, તેઓ જાણે એકરાર કરતા હોય એમ કહે છે કે 'એથી આમપ્રજાની તાકાત વધી છે અને એમના દુઃખો અલ્પાંશે પણ ઓછાં થયાં છે.' દેશનું વાતાવરણ જોતાં અને પ્રધાનોનાં કાર્યો જોતાં અમને તો એમ લાગે છે કે ખરેખર આપણે સ્વરાજને માર્ગે વેગભર આગળ વધી રહ્યા છીએ. અમને એક ઘડી પણ એમ નથી લાગતું કે દૂરના મુકામે પહોંચવા માટે વચ્ચે આવેલી આ લીમડીની છાયા નીચે આપણે અટકી પડ્યા છીએ અને આપણા નિશાનને ભૂલી ગયા છીએ.

મહાસભાના પ્રધાનો અને એમને દોરનાર ગાંધીજી તરફથી પ્રજાના ઘડતરની જે યોજનાઓ બહાર પડે છે તે ઘણાને અકળાવે છે ત્રણ અને સાત વરસની વાતો ઉપલી નજરે તો એવી જ લાગે કે હવે લડાઇના નો સ્વપ્ના જ સેવવા રહ્યાં, પરંતુ અમને એમ નથી લાગતું. મહાસભાએ જે પ્રયોગ હાથ ધર્યો છે તે એણે સંપૂર્ણ શ્રદ્ધા સાથે પાર ઉતારવો જ જોઇએ ઉભડક પગે બેસીને આવા કામો થઇ જ ન શકે. એ માટે યોજનાઓ પણ જોઇએ અને લાંબી મુદતો પણ જોઇએ. અમે એમ માનીએ છીએ કે આપણે મુદત તરફ નહિ જોવું જોઇએ પણ યોજના તરફ અને એના અમલના વેગ તરફ જોવું જોઇએ યોજના રાષ્ટ્રશક્તિને ઘટાડનારી લાગે કે એનો વેગ મંદ લાગે તો અવશ્ય એનો વિરોધ કરવો જોઇએ અને જો યોજના રાષ્ટ્રશક્તિને વધારનારી હોય એનો વેગ શક્ય તેટલો બળવાન હોય તો મુદતથી ગભરાવું ન જોઇએ એ મુદતનો અર્થ એ થાય છે કે જો બધું સીધું ચાલશે તો આટલા સમયમાં કામ પૂરું થશે. સીધું ચાલવાનું માત્ર આપણા હાથમાં નથી, તેમ સરકારના હાથમાં પણ નથી સંયોગો અને પરસ્પરની શક્તિ ઉપર ઘણો આધાર રહે છે.

વંદેમાતરમ્ :

મુસ્લીમ કોમીવાદી આગેવાનોએ જે અનેક તોફાનો ઊભાં કર્યાં છે તેમાં એક તોફાન રાષ્ટ્રગીત તરીકે છેલ્લા ત્રીસેક વર્ષ થયા વપરાતા 'વંદેમાતરમ્' નું તોફાન છે. જાણવા જેવું તો એ છે કે આ ગીતનો પ્રબળ વિરોધ કરનાર મી. ઝીણા પોતે વર્ષો સુધી મહાસભામાં હતા અને આ ગીતનો આદર કરતા હતા. તેઓ મહાસભામાંથી ખસી ગયા તો 'સ્વરાજ'ના ધ્યેયના કારણે પણ આજે એ લોકો જ્યાં ફાવે ત્યાં હાથ નાખે છે હિંદી-ઉર્દૂ વિષે

પણુ લીગે ઠરાવ કર્યો છે ને બખાળા કાઢ્યા છે. પરંતુ 'વંદેમાતરમ્'નું આ તોફાન તો પૂરેપૂરું એમના ગેરલાભમાં જ ઊતર્યું છે. મહાસમિતિએ કલકત્તામાં ઠરાવ કરી આ ગીતની પ્રથમ બે કડીઓ મંજુર કરી અને જાહેર કર્યું કે આમાં કોઇ કોમનો ભાવ જ નથી આવતો, ઉપરાંત બીજાં રાષ્ટ્રગીતોને એકઠાં કરવા એક સમિતિ પણ નીમી. આપણને એ પણ જાણવા મળ્યું કે આ ગીત પ્રસિદ્ધ થયેલી 'આનંદમઠ'ની ચોપડીનું નથી પણ એ પહેલાંનું છે અને એના રચરો એકેશ્વરમાં પ્રબળપણે માનનારા કવિવર ટાગોરે રચ્યા છે. એ ગીતને કલકત્તાની મહાસભામાં પ્રથમ પહેલું ગાયું છે પણ એમણે જ.

આપણી મહાસભાએ રેંટિયાના ચિહ્નવાળો ત્રિરંગ ઝંડો રાષ્ટ્રધ્વજ તરીકે મુકરર કર્યો છે પણ આજસુધી કોઇ ગીત મુકરર નથી કર્યું. 'વંદેમાતરમ્'ની પાછળ તો જે બલિદાનો અપાયાં છે તે બલિદાનોએ જ એને રાષ્ટ્રગીત જેટલી પ્રતિષ્ઠા આપી છે. રાષ્ટ્રગીત એ રહે કે ન રહે પણ એની પ્રતિષ્ઠા તો આ દેશમાં કાયમ રહેવાની છે કારણકે એનું ઉચ્ચારણ કરવા માટે આ ભૂમિના અનેક સંતાનોએ હસને મોઓ મોતની ભેટ લીધી છે.

કરુણ મૃત્યુ :

ખાસ કરીને મુંબઇ, ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં જે પ્રશ્ને ઉહાપોહ કેટલાયે મહિનાઓ થયા વાતાવરણ ક્ષુબ્ધ બનાવ્યું હતું તે પ્રશ્નનો હમણાં જ અંત આવ્યો છે. ગાંધીજી અને બહાદુરજીની તપાસમાં નરીમાન સંપૂર્ણ રીતે દોષિત જાહેર થયા છે અને સરદાર નિર્દોષ સાબિત થયા છે. આ પ્રકરણ ચાલતુ હતું ત્યારે ગટર ઊખળી હોય એવું લાગતું હતું અને કંઇ સમજાતું જ નહોતું કે કોણ દોષિત છે ? પરંતુ જ્યારે ગાંધીજી અને નરીમાનનું નિવેદન વાંચ્યું ત્યારે પ્રજાને જાણ થઇ કે નરીમાન દોષિત ઠર્યા છે પણ શ્રી. નરીમાનનું એ નિવેદન એટલું નમ્ર અને પશ્ચાતાપ–યુક્ત લાગતું હતું કે નરીમાન પોતાના અધિકારો છોડે તો પણ પ્રજા એકાદ બે વર્ષમાં એને ફરીને પોતાના નેતાપદે સ્થાપે. પરંતુ પોતાના પ્રથમ નિવેદનને ફોક કરતું બીજું નિવેદન એમણે મડીસુરથી પ્રગટ કર્યું તેણે આખી વસ્તુસ્થિતિ બદલાવી નાખી. પરિણામ એ આવ્યું કે આખો ચુકાદો, જે નરીમાનની સંમતિથી અને ઇચ્છાથી અપ્રગટ રહ્યો હતો તે મહાસભાની કાર્યવાહક સમિતિને સોંપાયો અને 'નરીમાન એક પણ જવાબદાર અને વિશ્વાસભર્યા સ્થાન માટે લાયક નથી ' એવો ગાંધીજીનો અભિપ્રાય પ્રગટ થયો. કાર્યવાહક સમિતિએ એવી જ મતલબનો ઠરાવ કર્યો અને ' આપઘાત ' રૂપે ઓળખાતા નરીમાનના ફેંસલાને પ્રગટ કર્યો. એ ફેંસલાને ઉપર ઉપરની નજરે વાંચતા પણ એમ લાગે છે કે શ્રી. નરીમાને હવે મોં જ સંતાડી દેવું જોઇએ પણ એમના દુર્ભાગ્યે કારોબારીના નિર્ણય ઉપર પણ તેઓ પ્રહાર કરી રહ્યા છે અને પોતાના ઉપર મહાસભાના ઇતિહાસમાં અપૂર્વ એવો અત્યાચાર થયો છે એમ જાહેર કરે છે. બે દિવસ પહેલાંનું રાષ્ટ્રપતિનું નિવેદન કેટલીક ચોખવટ કરે છે પણ નરીમાનને એથી શાંતિ થઇ નથી. અમને એમ લાગે છે કે શ્રી. નરીમાને એમના કરુણ મૃત્યુને વધુ કરુણ ન બનાવવું જોઇએ અને એમની પાછળ બે આંસુ પાડી શકાય એવી સ્થિતિ રાખવી જોઇએ.

મહત્ત્વના બનાવો:

આ ઉપરાંત ઘણા મહત્ત્વના બનાવો બની ગયા. કલકત્તામાં મહાસમિતિની પ્રધાનપદ પછીની પહેલી જ બેઠક મળી. પ્રધાનોના કામ ઉપર પુષ્કળ ચર્ચાઓ થઇ અને ઠરાવો થયા. વર્ધામાં શિક્ષણ પરીષદ મળી અને શિક્ષણના ઇતિહાસમાં ક્રાંતિકારી ગણાય એવા ઠરાવો થયા અને સંપૂર્ણ યોજના માટે સમિતિની નિમણૂંક થઇ. હરિપુરા મહાસભાના સ્વાગત પ્રમુખ અને અધિકારીઓની ચૂંટણી થઇ. દેશમાં ત્રીસ લાખ જેટલા મહાસભાના સભ્યો નોંધાયા. આઠ વર્ષ પછી દરબાર ગોપાળદાસના પ્રમુખપણા નીચે કાઠિયાવાડ રાજકીય પરિષદની બેઠક મળી અને સફળ રીતે પાર ઊતરી. ગુજરાતમાં ઠેકઠેકાણે યુવકદળો સજીવન થયાં. દેશીરાજ્યોના અનેક જુલ્મોમાં મારા ગણાતા મડીસુર ગામના જુલ્મોનો ઉમેરો થયો. એમ પુષ્કળ બનાવો બની ગયા અને બની રહ્યા છે. તા. ૧૨ : ૧૧ : ૩૭

સાહિત્યના પ્રદેશમાં

અમારા અભિનંદન :

સાહિત્ય સંમેલનની સ્વાગત સમિતિએ શ્રી ડુંગરસી ધરમશી સંપટને સ્વાગતપ્ર... ચૂંટી ખરેખર અભિનંદન યોગ્ય પગલું ભર્યું છે અમને એ ભય હતો કે આ સ્થાને કો... સાહિત્ય સેવકને બદલે ધનપતિ આવી પડશે શ્રી સંપટ ધનપતિ ગણાય, પણ ગુજરાત અને ... ગુજરાતમાં એમની પ્રતિષ્ઠા તો સાહિત્ય સેવક લેખે જ છે એમનું નામ આજે સાહિ... જગતમાં જ નહિ પણ શિક્ષિત ગુજરાતમાં પ્રસિદ્ધ છે એમ કહી શકાય શ્રી સંપટના લે... વિનાનું આજે કદાચ એક પણ ગુજરાતી માસિક નહિ મળે એમનો અભ્યાસ વિવિધ પ્રકારનો છે પરંતુ વ્યાપાર અને અર્થશાસ્ત્ર વિષેના એમના લેખોએ એમને ઊંચુ સ્થાન અપ... છે આટલી સરળ અને વ્યવહારૂ રીતે હુંડીઆમણ, વહાણવટા, રેલ્વે ઈત્યાદી વિષે ... લખી શકે એવા ગુજરાતમાં બહુ ઓછા લેખકો હશે શ્રી સંપટ એમનું સ્થાન શોભાવશે અને કરાચીને દીપાવશે એ વિષે અમને સંદેહ નથી આવી વરણી કરવા બદલ સ્વાગતમંડળને અમારા અભિનંદન છે

કાકા સાહેબ જ શોભશે :

આ અંક પ્રગટ થશે ત્યારે કદાચ સંમેલનના પ્રમુખની વરણી થઈ ગઈ હશે ... હશે અમે અગાઉ અભિપ્રાય વ્યક્ત કરી ચૂક્યા છીએ અને એ અભિપ્રાયને ... સારો આદર મળ્યો છે ... એમ માનતા જ હતા કે ચૂંટણીનું પરિણામ પણ એ જ ... પરંતુ કાકા સાહેબનું એક નિવેદન ... પ્રગટ થયું અને આખી સ્થિતિ પલટાઈ ગઈ શ્રી મુનશી પ્રમુખ ચૂંટાઈ જ ગયા છે એવી એક ... અફવા પણ ફેલાઈ ગઈ અને જો કાકાસાહેબ ... તો આજની પરીસ્થિતિ જોતા શ્રી મુનશી જ આવે એવું લાગે છે પરંતુ ... નિવેદન પછી પણ અમે ભારપૂર્વક કહીએ છીએ કે જો પરિષદે નવીન ... પ્રેરણારૂપ બનવું હોય, કાર્યશીલ થવું હોય તો એણે કાકાસાહેબને જ ... જોઈએ અમે એમ માનીએ છીએ કે જો સ્વાગત સમિતિ કાકાસાહેબને ચૂંટે તો ... મગરૂર નથી કે આપણા પ્રેમભર્યા આમંત્રણને ઠેલી શકે ... સ્વભાવ નથી એ સાચી વાત છે પરંતુ આજે એમના હાથમાં ... જે ગમો છે તે પણ ખટપટથી મુક્ત નથી પ્રજાતંત્રના આ યુગમાં ... જ સસ્થાઓ પણ આવે જ ... તો પણ એમાંથી ... વિનતિ પહોંચી શકે એટલો સમય રહ્યો હોય તો અમે કાકાસાહેબને વિનવીએ છીએ ... લનના હિતને ખાતર તેઓ ... સહન કરે અને સ્વાગત સમિતિને પણ વિનવીએ ... કે કાકાસાહેબની પસંદગી કરી સંમેલનને બળવાન બનાવે

સામયિકોની દીપોત્સવી

[દર વર્ષની માફક આ વર્ષે પણ ઘણા માસિકોએ, અઠવાડીકોએ અને રોજ઼્દાપત્રોએ દીપોત્સવી તથા વાર્ષિક અંકો ભારે શ્રમપૂર્વક તૈયાર કરીને પ્રગટ કર્યા છે એની સંખ્યા દર સાલ કરતા કંઇક વિશેષ છે ત્રીસ કરતા વધારે આવા અંકો તો અમારી પાસે આવ્યા છે એ બધા દળદાર અંકો વાચવાનુ અને એમાથી સારનરસુ તારવવાનુ કામ ઘણુ મુશ્કેલ અને ઝાઝો સમય માગી લ્યે એવુ છે પણ આ બધા અંકોના મુખ્ય મુખ્ય લેખો વાચતા અને બીજાઓ ઉપર સામાન્ય નજર ફેરવતા જેવા લાગ્યા તેવા અવલોકન રૂપે અહી મૂકયા છે

કેટલાક અંકો સારા છે, ઉપયોગી છે પણ મોટા ભાગની લેખનકક્ષા જોઇએ તેટલી ઉંચા પ્રકારની અને વિચારપ્રેરક નથી રહી શકી કેટલાક અંકના પાનાઓ તો કેવળ સંખ્યા બતાવવા પૂરતા જ જાણે છાપી નાખ્યા હોય એમ લાગે છે દિવાળી જેવા શુભ અવસરે પ્રગટ થતુ સાહિત્ય ચોકકસ નેમથી ચળાઇ ચળાઇને પીરસાતુ હોય તો લોક અભિરૂચી સંસ્કારી અને સ્વચ્છ બને પણ આ કોણ કરે? તંત્રીઓ અને સંપાદકો આ પ્રત્યે જરા થતુ કાળજી રાખે તો? 'શ્રીકેત']

નવચેતન તંત્રી ચાપશી વિઠ્ઠલદાસ ઉદેશી, ૮૫ પોલોક સ્ટ્રીટ વાર્ષિક લવાજમ રૂા. ૬–૬–૦

'સંત હરિદાસ' જગન્નાથ અહિવાસીનુ ચિત્ર કોઇ ઉત્કટ ભાવનાથી ભરેલા કાવ્ય જેવુ છે એમાં પીંછીથી સજીવ કરેલી કુદરત છે, કલાપ્રિયોને પ્રેરણા આપે એવુ, કવીઓને કાવ્ય સ્ફુરાવે એવુ સુંદર ભાવવાહી એ ચિત્ર છે. જોતા ધરપત જ ન થાય એવું પ્રબળ એનું આલેખન છે. આ અંકમાં બીજુ એવું જ સુંદર ચિત્ર કનુ દેસાઇનુ 'દિવ્ય સંગીત' છે આસ્માનમા ઝઝૂમતા વાદળાઓ જાણે થીજી ગયા હોય, કુદરત જાણે સ્તબ્ધ બનીને થંભી ગઇ હોય અને આજુબાજુનુ વાતાવરણ પણ જાણે બંસીના કરૂણ સ્વરે રડી ઊઠતુ હોય એવુ લાગે છે 'દિવ્ય સંગીત'ની લહેરમા ઝાડ, પાન, પશુ વગેરે શાંત બનીને ઊભા છે ચિત્ર જોતા જ મન ઊપર ન ભૂંસાય એવી છાપ પડે છે

ધૂમકેતુની 'જનમટીપ' નામની વાર્તામા જનમભોમ કાના દર્શન આરુ ઝંખતા માનવીની દર્દભરી કથા છે રમણલાલ દેસાઇ 'ક્રુવરજી દેસાઇ' નામના નાટકમા એમના પૂર્વજોનો ગૌરવભર્યો ઇતિહાસ આલેખે છે. ફિરોઝશાહ મહેતાનો લેખ ચિત્રકળામા રેખાંકનનુ સ્થાન અને એના સૌંદર્યની મિમાંસા કરે છે એ ઉપરાંત લલિતમોહન ગાંધી દામોદર ભટ્ટ અને આનંદીશની નવલિકાઓ પણ છે. ઉમાશંકર જોશીનો પરિચય મનસુખલાલ ઝવેરીએ આપ્યો છે નવચેતને દરસાલની માફક એના સહિત્યની કક્ષાને આ વરસે પણ જાળવી રાખી છે.

ગુણસુંદરી તંત્રી પંન્નેશ હ શુકલ, મ્યાસુ બીલ્ડીંગ, કાદાવાડી મુંબઇ–૪ વાર્ષિક લવાજમ ૪–૮–૦

કવિશ્રી નર્મદના જીવનપ્રસંગોને વણીને બનાવેલુ 'નર્મદ' નામનુ ચંદ્રવદન મહેતાનુ નાટક આજના લેખકે અવશ્ય વાચવા જેવુ છે ધનસુખલાલ મહેતાનુ 'પ્રતિમાની પ્રતિજ્ઞા' નામનુ પ્રહસન મંજુલાલ મજમુદારની 'ખુલ્લના' નામની બંગાળી લોકકથા, અનંતરાવ રાવળનો 'કારુણ્યની મૂર્તિ ડમુ' ઉપરનો અને ડૉ કાન્તિલાલ પંડ્યાનો 'દુધ' ઉપરનો લેખ વગેરે આ અંકની સમૃદ્ધિ છે સુંદરજી બેટાઇ, બાદરાયણ કેશવ હ શેઠ પતીન વગેરેના કાવ્યો ઉચ્ચ કોટીના છે બે ત્રણ સારા સારા ચિત્રો પણ મૂક્યા છે

શારદા તંત્રી ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા નવ

પુરા, વડોદરા વાર્ષિક લવાજમ રૂા ૬-૯-૦

કાઠિયાવાડના લોકસાહિત્યને મહાર આણવાનું કામ જેણે વર્ષોથી કર્યું છે એવા આ માસિકનો દીપોત્સવી અંક વાર્તાઓ, કાવ્યો અને દુહાઓથી ભરપૂર બન્યો છે મુખપૃષ્ઠનું ચિત્ર કનાભ્યાની ચિત્રકળાને જેમ આપે એવુ બન્યુ છે 'ઊર્મિલાની હૃદય વ્યથા' ભદ્રા દેસાઈનું ચિત્ર એમના અગાઉના ચિત્રો કરતા ઘણુ ચડિયાતું છે શોક, વેદના અને ગ્લાનીની રેખાઓ જીવન્ત બનીને મન ઉપર એક પ્રકારની ઘેરી છાયા મૂકી જાય છે

'સાખાવાળો,' 'ઓશીયાળો' વગેરે વાર્તાઓ, ફિરોઝ શાહ મહેતાનો અને રતિલાલ ઠક્કરનો લેખ અવશ્ય વાચવા જેવા છે 'સંગીત અને શિક્ષણ' હસ્કાન્ત શુક્લનો લેખ આજે જ્યારે કેળવણીની પુનરચના થઇ રહી છે ત્યારે આવકાર પાત્ર છે કનુ દેસાઇ નો પરિચય આપીને એના લેખકે ઉપયોગી કાર્ય કર્યું છે

પ્રભાત તંત્રી નટવરલાલ મોદી, ગોદાવરી સદન ગઝદર પાર્ક–મુંબઈ, પૃષ્ઠ ૮૦ કિં. ચાર આના

આ વાર્ષિક અંક ગઇ સાલની માફક આ વર્ષે પણ પ્રગટ થયો છે. પણ આ વખતે એમા પ્રભાતની તાઝગી અને સૌંદર્ય બને છે પ્રથમ પંક્તિના કવિતાકારો જેવા કે સુંદરમ્ ઇંદુલાલ ગાંધી, ઉમાશંકર જોશી મનસુખલાલ ઝવેરી, ચંદ્રવદન મહેતા, પૂજાલાલ, બાદરાયણ, સુન્દરજી બેટાઇ, મોહિનિચંદ્ર વગેરેના સુંદર કાવ્યો આમા છે એ ઉપરાન્ત કેટલીક સારી ગદ્ય કૃતિઓ પણ છે ધૂમકેતુના 'રજકણો' દીપોત્સવીની રંગોળીની માફક આ અંકનો શણગાર છે બકુલેશની વાર્તા 'મીમાંસાતરૂ' એક નવા અણખેડયા પ્રદેશમા આપણને લઇ જાય છે 'ચીન જાપાનની લીલાઓમાંના લેખમા મહેરઅલીએ ચીન જાપાન ની સ્થિતિનું પૃથક્કરણ કર્યું છે આખો અંક સમગ્ર રીતે જોતા, પદ્ય વિભાગ જેટલો સમૃદ્ધ બન્યો છે તેટલો ગદ્ય વિભાગ નથી બની શક્યો. આ અંકની છપામણી કલાત્મક બની છે દરેક લેખના મથાળે લેખકોના પરિચય આપીને આ અંક વધુ ઉપયોગી બનાવ્યો છે પ્રભાત આશાપ્રેરક વાર્ષિક છે એમા ગંદેહ નથી

વ્યાયામ તંત્રી ઘોડો નારાયણ વિલાસ, રાવપુરા વડોદરા. વાર્ષિક લવાજમ રૂા અઢી

ત્રેવીસ ત્રેવીસ વર્ષ થયા એકધારી સેવા કરનારૂ એકનુ એક ગુજરાતભરનુ લોકપ્રિય વ્યાયામ માસિક ખરેખર વ્યાયામના પ્રચારકાર્યમા પોતાનો જબ્બર હિસ્સો આપી રહ્યું છે

એમાં કસરતને લગતા લેખો, કાવ્યો અને નાની નવલિકાઓ તથા વ્યાયામપ્રેમીઓને તેમ જ અન્ય વાચક વર્ગને ગમે તેવા વિષયો પણ આવે છે તે ઉપરાંત મલ્ લ કુસ્તીનો સચિત્ર વિભાગ, આસનોનો વિભાગ લનવાર પટાનો વિભાગ, સૂર્યનમસ્કાર વિભાગ, વાચકોની મુઝવણનો વિભાગ વગેરે વિભાગો ખરેખર વાચકવર્ગને પહેલેથી તે છેવટ સુધી ખેંચી રાખે એવા આવે છે વ્યાયામ હાથમા લીધા પછી પૂરૂ કર્યે જ ગમે એવી ઉત્તમ લેખન–સામગ્રી વ્યાયામના રસીઆઓને એ આપે છે

અને આ ઉપરાન્ત સચિત્ર વ્યાયામવીરોના આદર્શ જીવનચરિત્રો, વ્યાયામશાળાઓનો પરિચય વગેરે આપી આજના વ્યાયામરસીક વર્ગને પોતાના જીવનઘડતરમા ઉપયોગી ફાળો આપી રહ્યું છે

દર મહિને મુખપૃષ્ઠ ઉપર સુંદર અને સ્નાયુબદ્ધ શરીરનો આદર્શ નમૂનો રજુ કરતું કોઇ એકાદ ચિત્ર મૂકીને વ્યાયામ માસિક પોતાના દેહને વધુ ને વધુ આકર્ષક બનાવે છે અમે દરેક વ્યાયામ પ્રેમી જુવાનોને આ માસિકને ઉત્તેજન આપવાની ભલામણ કરીએ છીએ

પદ્મિની તંત્રી જસવંત ઠાકર નવચેતન સાહિત્ય મંદીર અમદાવાદ વાર્ષિક લવા રૂા ચાર

તાજેતરમા બહાર પડેલુ આ સ્ત્રી ઉપયોગી માસિક ચોક્કસ નેમ લઇને બહાર પડે છે, પણ બહાર પડેલા બે અંકો જોતા એ નેમની ઝાંખી બહુ ઓછી થઇ શકે એમ છે. પણ એમના સંચાલકોમા ઉત્સાહ છે. ધગશ છે એટલે એ સફળ થશે એવી આશા રહે છે આ નવા માસિકને અમે સત્કારીએ છીએ

આહુતિઃ તંત્રીઃ ધનેશ્વર માધવજી દવે, ઉન્સો.હોલ, કરાચી. વાર્ષિક લવાજમ રૂા. બે.

ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિનું આ માસિકપત્ર હોવા છતાં આમાં જ્ઞાતિનું સંકુચિતપણું નથી પણ વિશાળ દષ્ટિ રાખીને બીજી જ્ઞાતિમાંથી, બીજા સમાજમાંથી ઇષ્ટ વસ્તુઓ વીણી વીણીને એના તંત્રીશ્રીએ સ્વજ્ઞાતિ પાસે ધરી છે. જાગૃતિની હવા આજે ચોમેર ફેલાતી જાય છે એવે વખતે આવા માસિકો એને ઝીલીને ખૂણે ખૂણે પહોંચાડે છે.

આહુતિનો દીપોત્સવીઅંક સારા એવા કોઇ સાહિત્યક અંકની હરોલમાં ઊભો રહી શકે એવો બન્યો છે. ‘મણીબાઇ ચાંદલો,’ ‘રામુની પતંગ’ અને ‘મેરૂ’ એ ત્રણે ટૂંકી વાર્તાઓનું આલેખન તરી આવે એવું થયું છે. ‘ધર્મા’ નામની ટૂંકી નાટિકામાં જાણીતા ‘ધ. ન’ નામના લેખકે કૈકેયી અને મંથરાનો સંવાદ કુશળતાપૂર્વક ગૂંથ્યો છે. ‘કેદખાને દીપોત્સવી’માં જેલમાં અનેક દુઃખો, મુસિબતો અને સંકટો સામે ઝૂઝતા ઝુઝતા જે લાગણીઓ અનુભવેલી તે રજુ કરી છે. આ અંકનું મુખપૃષ્ટ સાદું છતાં સુંદર અને કલાત્મક બન્યુ છે.

પ્રગતિ: સંપાદક ચંદુલાલ જ. શાહ, ખેતવાડી મેન રોડ, મુંબઈ.

પોરવાડ જ્ઞાતિનું આ માસિકપત્ર જ્ઞાતિની સંકુચિત ભાવનાથી મોકળું રહ્યું છે. સમાજદેહ ઉપર ફૂટી નીકળેલાં- ગૂંમડાને આવા પ્રગતિદાયી પત્રો સાફીસફી કરે છે અને .શકય એટલું સમાજજીવને નિરોગી રાખવાને મથે છે. ‘પ્રગતિ’ નો દિવાળીઅંક ઝવેરચંદ મેઘાણીનો રાસ આપે છે. રતુભાઇ દેસાઇનુ કાવ્ય આપે છે. ‘મારાં જીવનનાં સંસ્મરણો’ વાંચવા જેવા છે. મુખ પૃષ્ટ ઉપરનું ચિત્ર સૌમ્ય ભાવનાને જાગ્રત કરનારું છે.

આગે કદમ: પ્રકાશક : યંગ મેન્સ વ્હોરા એસોસીએશન કરાચી.

કરાચીની યંગ મેન્સ વ્હોરા એસોસીએશનનું આ માસિક મુખપત્ર છેલ્લા ત્રણ વર્ષથી પ્રગટ થાય છે. પ્રત્યેક કોમમાં, પ્રત્યેક :સમાજમાં આજે ક્રાન્તિની ચિનગારીઓ લાગી ચૂકી છે એવા કાળે આ માસિક વહોરા કોમના જુવાનોને સડી ગએલી રૂઢિઓમાંથી, કોહાઇ ગએલી માન્યતાઓમાંથી જાગ્રત કરીને ખૂલ્લી હવામાં આણવાનું કામ કરે છે, એના ઉદ્દેશો, એનું કાર્ય એ બધું જોતા આ માસિકનું નામ યથાર્થ છે. ક્રાંતિની મશાલ લઇને આગેકદમ ભરતા આ માસિકને અમારા અભિનંદન છે.

ઝાલર : તંત્રી નાગેન્દ્ર મ. વ્યાસ, યાકુબખાન રોડ, કરાચી. વાર્ષિક લવાજમ રૂા. ચાર.

કરાચીમાંથી તાજેતરમાં બહાર પડેલ આ માસિકનો દિવાળી અંક અમને મળ્યો છે. અગાઉનો અને આ એમ બંને અંકો જોતા એની લેખન સામગ્રી જોઇએ એ પ્રકારની ઊંચી, નક્કર અને વૈવિધ્યભરી નથી રહી શકી. કરસનદાસ માણેકનું ‘સામ્યવાદની સપ્તપદી’ નામનું કાવ્ય ‘મંગલ આઝાદી’નું પ્રેરક દર્શન કરાવે છે. શ્રમજીવીઓના ક્રંદનો ઝીલીને વહેતી આ કવિતા આપણા પીડિતોના સાહિત્યમાં આગળ પડતુ સ્થાન મેળવશે, ‘અનાથાશ્રમની યાત્રાએ’ નામની મગનલાલ શેઠે લખેલી વાર્તા સમાજ જીવનનુ કરૂણ ચિત્ર રજુ કરે છે. વિધવાઓના જીવનની દુર્દશા આલેખે છે. પણ આ ટૂંકી વાર્તા કરતા એક પ્રસંગચિત્ર જેવું વધારે છે. કેટલાક નકામા જેવા શબ્દો કાઢી નાખ્યા હોત તો આ પ્રસંગચિત્ર વધુ સુંદર બનત. મોહનલાલ ગાંધીના ‘પ્લેગના જંતુનો વરસાદ’ નામના લેખમાં વિજ્ઞાનની શોધોનો કેવો ભયંકર ગેર-ઉપયોગ થઇ શકે છે એ બતાવ્યું છે. અન્ય વિભાગો પણ ઉપયોગી છે પણ એની પાછળ હજુ વધુ અભ્યાસપૂર્ણ દષ્ટિ કેળવવાની જરૂર છે. એકંદરે આ માસિકને સત્કારતા અમને આનંદ થાય છે

લોકવાણી : તંત્રી ઇશ્વરલાલ ઇચ્છારામ દેસાઇ, ચૌટાપૂલ, સુરત પૃષ્ટ ૧૨૦. કિં. દસ આના

સરદાર વલ્લભભાઇ, કાકા કાલેલકર અને ડૉ. ચંદુલાલ દેસાઇ વગેરેના આશિર્વાદ લઇને બહાર પડતો આ વાર્ષિક અંક કોઇ પણ પ્રકારના ભભકભર્યા રંગથી

અલિપ્ત છતાં સાદો અને ગૌરવપૂર્ણ લાગે છે. કાકા સાહેબે 'પરાક્રમનું પર્વ' માં ઉદ્યોગ મારફતે સંસ્કાર અને કેળવણી આપવાનું ભેદ્યું છે. એઓ કહે છે "ગાંધીજીએ ગૂજરાતને અનેક વસ્તુઓ આપી છે. તેઓ કહે છે કે: 'સંભવ છે કે આ મારી છેલ્લી અને સૌથી શ્રેષ્ટ બક્ષીસ છે'. ગૂજરાતના નવયુવકો આગળ ફરી એક નવો ઉત્સાહયુગ, પરાક્રમનું પર્વ અને સેવાની સંધિ આવ્યાં છે. કેળવણીદ્વારા જ દુનિયાનો ઉદ્ધાર છે. ગૂજરાત શો જવાબ આપશે?" ગૂજરાત આ પ્રશ્નને ઝીલશે એવી અમે આશા રાખીએ છીએ

"રાજકારણ અને વર્તમાનપત્રો" નામના ધૂમકેતુના લેખમા એમણે વેળામરની ચેતવણી ઉચ્ચારી છે. વર્તમાનપત્રોએ કેવી શ્રદ્ધા, ભાવના કે કોઇ પ્રકારના પૂર્વભાવમાં તણાયા વિના સમાજના સંસ્કાર–જીવનને કેળવે અને પોતે એવા પ્રશ્નોને બુદ્ધિપૂર્વક ચર્ચવા જોઇએ અને પ્રજાને યોગ્ય માર્ગે વાળવી જોઇએ તથા સ્વરાજની તાલિમ માટે નિડર ને વિશુદ્ધ વિચારોને આવકારવા જોઇએ અને આમ થશે તો જ આપણો પ્રાણ સદૈવ વિકસતો રહેશે. 'અવિનાશ,' 'એક આનો,' 'ભાંગેલ સ્વપ્ન' વગેરે વાર્તાઓ ધ્યાન ખેંચે એવી સંકલાએલી છે. 'કેળવણી અને સમાજ,' 'સર્વોત્તમ આર્થિક કાર્યક્રમ,' અને 'આગામી મહાસભા અને ગોપાલન' વગેરે લેખો અભ્યાસપૂર્ણ છે. વિજરાય વૈદ, નવલરામ ત્રિવેદી વગેરેના લેખો પણ છે.

'સિંધુની સંસ્કૃતિ'મા લેખકે સિંધના વિવિધ પ્રસંગો મૂકયા છે. અને દુહાઓમા સિંધના લોકસાહિત્યને બહાર આણવાનો નિર્દેશ કર્યો છે. બળવંતરાય ઠાકોર, ઉમાશંકર જોશી, સુન્દરમ્ અને બીજા કવિઓના કાવ્યો પણ આ અંકમાં છે.

બાલ વિભાગ ઉમેરીને નૂતન વર્ષે બાળકોને નજર સમક્ષ રાખ્યા છે એ આવકાર પાત્ર છે ઊંચા કાગળ ઉપર છપાયેલો આ આખો અંક મુદ્રણે અને ગોઠવણીએ મજાનો બન્યો છે.

પ્રતાપ : તંત્રી : કાલિદાસ કૃપાશંકર શેલત, કેળાપીઠ, સુરત. પૃષ્ટ ૧૩૨. કિં. આઠ આના

પ્રતાપનો આ વખતનો દીપોત્સવી અંક ગઇ સાલ કરતા કલાએ અને સાહિત્ય સમૃદ્ધિએ ઘણો ચઢીઆતો છે. ન્હાનાલાલ કવિનું 'પૂજનનો દીન' નામનું રાસગીત અને ખબરદારનું 'સોદાગર' દરેક વાંચનારને રસમાં તરબોળ કરી દે એવાં છે, ઉમાશંકરનું 'ગુજગતણ' અને સુંદરમનું 'વેશ્યા' બન્નેમાં નવીન કલ્પના છે.

ધૂમકેતુએ 'મહત્ત્વના પ્રશ્નો'માં ગ્રામસેવકોને ઉપયોગી થઇ પડે એ પ્રકારની ચર્ચા છણી છે. ગામડાના નકામા ગણાતાં સ્થળો અને તત્ત્વોનો પુનરુદ્ધાર કરીને એને કેમ ઉપયોગી બનાવી શકાય એ બતાવ્યું છે. 'રસઉત્પત્તિની સ્વતંત્રતા' એ એક મહત્ત્વનો લેખ પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ લખીને રસોનું પૃથક્કરણ કર્યું છે 'એ કોણ હતી?' એ અપદ્યાગદ્યની હળવી ભાષામાં કાલીદાસ શેલતે મર્માળુ હાસ્ય પૂર્યું છે. અનેક પ્રકારની ઉપમાઓ વાંચતાં વાંચતાં છેવટે જ્યારે "એ હતી તપખીરની ડાબલી!" વાંચીએ છીએ ત્યારે હસ્યા વિના નથી રહી શકાતું.

આ ઉપરાંત પણ અનેક લેખો અને કાવ્યો છે. શરૂઆતનુ ચિત્ર 'વૈષ્ણવ જન' મૂકીને અંકને વધુ સુંદર બનાવ્યો છે આખો અંક ઘરમાં વસાવવા જેવો બન્યો છે. આવો દળદાર અંક સફળ રીતે તૈયાર કરવા માટે અમે એના સંપાદકને ધન્યવાદ આપીએ છીએ.

હિંદુસ્તાન–પ્રજામિત્ર : સંપાદક બકુલેશ દલાલ સ્ટ્રીટ કોર્ટ, મુંબઇ. પૃષ્ટ ૧૯૨. કિં. એક રૂપિયો.

શરૂઆતના પાના ઉપર 'માળી' નું ભાવવાહી ચીત્ર જોઇને એના કલાકારની સાધનાનો ખ્યાલ આવે છે અને ચિત્ર જાણે સ્વયં કોઇ ઐતિહાસિક કાળની કથા ઉચ્ચારતું હોય એમ લાગે છે. અને એ પછી આવતું કોકીલનું ચિત્ર પણ મન ઉપર ઊંડી છાપ મૂકી જાય છે.

'ફૈઝપુરથી હરિપુરા' નામનો રવિશંકર મહેતાનો લેખ પસાર થએલા વર્ષનું સિંહાવલોકન કરે છે. એમાં લેખકે ટૂંકું અને સચોટ અવલોકન દેશ–પરદેશના

મહત્ત્વના બનાવોનું કર્યું છે. પણ મહાસભાની પ્રવૃત્તિ ઉપરનું એમનું અવલોકન અમને એકપક્ષી અને કેટલીક સત્ય વસ્તુને વેગળી મૂકીને કરેલું લાગે છે. અને એમાં જ્યારે જવાહરલાલ બહુમતિને વશ થઈને પોતાના હોદ્દાવિરોધના ઉગ્ર વિચારોને શમાવે છે ત્યારે લેખક એને 'હીનતાની અવધી' કહીને સંબોધે છે આ ઉપમાં વાંચીને દુઃખ અને આશ્ચર્ય થયા વિના નથી રહેતું. લેખકની કલમ લખાણના પ્રવાહમાં પૂરતું સ્વાસ્થ્ય નથી જાળવી શકી એમ કહેવું જોઈશે.

'તેતરની જોડી' બકુલેશે લખેલી વાર્તા, માનવ જીવનની કરૂણાને સ્પર્શીને આગળ ચલી જાય છે. 'અભિશાપના અવમાન,' 'શેર માટીની ભૂખ' 'ભૂખેમરી,' 'આશાના ટૂકડા' વગેરે સુંદર વાર્તાઓ છે. 'ગુન્હેગારોના જગતમાં' ત્રિરચંદ શેઠે જેલના ઊંચા કોટ પાછળ ઘરબાઈ જતી માનવતાનો ખ્યાલ આપ્યો છે. માણસની માણસાઈને જ એ જગતમાં કેવી ભયંકર રીતે છૂંદી નાખવામાં આવે છે એનું અસરકારક બયાન આપ્યું છે. એ ઉપરાંત ડૉ. સુમંત મહેતા, ઇન્દુલાલ યાજ્ઞિક, પ્રો. ખુશાલ ટી. શાહ, બી ટી આસર વગેરેના રાજકીય અને પ્રાસંગિક લેખો પણ છે 'નિની વિદાય' નંદલાલ બોઝ, 'માનતા' સતીશચંદ્ર સિંહા, 'વિરહિણી' 'સાગરની લહેરો' ભુપેન ગુપ્તા વગેરેના કલાભર્યાં ચિત્રો છે. 'જગતનો તાત,' 'સમાજનો ન્યાય,' 'લક્ષ્મીનો ઉદ્‌ભવ' ફ્રેઝ 'વસંતઋતુ' જયંત ખત્રી, વગેરેના ભાવવાહી અને કલ્પના પ્રેરક ચિત્રો પણ છે આખો અંક અનેક સુંદર ફોટાઓથી બરચક બન્યો છે. આટલી મહેનત લઈને અંકને સમૃદ્ધ બનાવવાનો યશ એના સંપાદક શ્રી બકુલેશને ફાળે જાય છે. આખા અંકનું મુદ્રણ પણ અનોખું બન્યું છે.

નવસૌરાષ્ટ્ર : તંત્રી કકલભાઈ કોઠારી, સલાપોસ ક્રોસ રોડ અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. ચાર

અંકને જોતાં જ એનું મુખ પૃષ્ઠ ઊડીને આંખ ને વળગે એવું અસરકારક છે. બીજા દિવાળીઅંકોના કરતાં નિરાળી ભાત પાડતો નવસૌરાષ્ટ્રનો દીપોત્સવી અંક સાહિત્યદૃષ્ટિએ પણ વિશિષ્ટ બન્યો છે. આમાં સંગ્રહેલી કૃતિઓ સમાજવાદની નવીન વિચારણાથી છવાએલી છે. અને એ રીતે ચોક્કસ દૃષ્ટિબિન્દુથી લખાએલો આ આખો અંક જુવાનોએ વાચવા જેવો અને વિચારવા જેવો બન્યો છે

હરિન્દ્ર ચટોપાધ્યાયના 'નવ કવિ' કાવ્ય ઉપરથી લીધેલું 'પ્રેરણા' આજના ઉગતા કવિને નવપ્રેરણા આપશે. આખા વર્ષનું અવલોકન ચોક્કસ વિચારસરણીથી લખેલું છે એટલે એ વિચારણાથી જે વિરૂદ્ધ છે તેમના વિચારોને ક્યાંક ક્યાંક વાસ્તવિક રીતે છે તેના કરતાં જુદી રીતે મૂકવામાં આવ્યા છે કાઠિયાવાડ વિષેના એમના ઉગ્ર વિચારો આજના તબક્કે અમને વ્યવહારુ, વાસ્તવિક અને ઉપયોગી નથી લાગતા. મોરચા સામના કરતાં નક્કર રચનાત્મક કામ અને સંગઠન એ જ આજના પ્રસંગે પ્રજાની સાચી તાકાત વધારનારું નીવડશે

'અમારો લેનિન' અને 'અમદાવાદ પચીસ વર્ષ પછી' એ બંને વાચવા જેવા લેખો છે 'દુનિયા જુની અને નવી' એ અંગ્રેજીમાંથી ઉતારેલું કાવ્ય સચિત્ર કરીને વધુ સુંદર બનાવ્યું છે, 'વડાવેલી વાટ'માં ડૉ. સુમન્ત મહેતાએ જીવનસ્મરણો આલેખ્યા છે. 'અમાઆની-કતલ'માં ચંદ્રભાઈ ભટ્ટે એમની ઢબે એબીસીનીયાની લડાઈના પ્રસંગો લખ્યા છે. રામભાઈ પટેલનો આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ઉપરનો લેખ અભ્યાસીઓએ વાચવા જેવો છે આ ઉપરાંત ગુણવંતરાય આચાર્ય, પન્નાલાલ પટેલ, નીરૂ દેસાઈ અને જયન્તિ દલાલ વગેરેની વાર્તાઓ પણ છે.

સ્ત્રી શક્તિ : તંત્રી છબીલદાસ નીમાવાળા, કેળાપીઠ સુરત પૃષ્ઠ ૯૦ કિ. આઠ આના

સ્ત્રી શક્તિ કાર્યાલયે આપણા અલ્પ ગુજરાતી સ્ત્રી ઉપયોગી સાહિત્યમાં અનેક પુસ્તકો આપીને કિંમતી ઉમેરો કર્યો છે આ વખતના દિવાળીઅંકમાં 'વહેમ વટાળ' 'વિદ્યાર્થીની' અને 'દિવાળીને દહાડે' આગળ પડતી કૃતિઓ છે. 'પત્રકારિત્વમાં' છોટાલાલ કામદારે સ્ત્રીઓને આ ધંધામાં પડવાનું સૂચવ્યું છે. 'નૂતન વર્ષ'-માં બે મિત્રોના પ્રેમની કથા આલેખાએલી છે. 'રમા-

બાર્ય માં શારદાપ્રસાદ વર્માએ એક ઐતિહાસીક પ્રસંગને જીવતો કર્યો છે 'ઊના આંસુ'માં પતન અને એ પછીના ભયંકર પ્રાયશ્ચિત્તની દારુણ મનોવ્યથાનું ચિત્ર આપ્યું છે ટૂંકમાં આખો અંક સુવાચ્ય બન્યો છે

ગુજરાતી તંત્રી નટવરલાલ ઇચ્છારામ દેસાઇ એલ્ફીન્સ્ટન સર્કલ મુંબઇ, ફોર્ટ પૃષ્ટ ૧૧૬ કિં એક રૂપિયો

ગુજરાતીના દીપોત્સવીઅંકો નાનપણમાં હોંશે હોંશે વાંચતા એ મને અત્યારે યાદ આવે છે એની વાર્તાઓ એનું સંવત્સરનું અવલોકન ચરિત્રો વગેરે વાંચતા એક પ્રકારનો ઉત્સાહ અનુભવતા ગુજરાતીનો દિવાળીઅંક એટલે ચોક્કસ પ્રકારનું સહિત્ય પીરસતો અંક એ અંકમાં ગાંભીર્ય હોય, ઐતિહાસિક ઘટનાઓના અભ્યાસપૂર્ણ લેખો હોય અને ધાર્મિક ભાવનાને પોષે એવા લખાણો હોય. આ અંકમાં પણ એ પ્રણાલિકા સચવાઇ રહી છે સમયના પ્રવાહ સાથે તાલ મેળવવાને કેટલાક નવા અંગો ઉમેરીને અંકને આકર્ષક બનાવ્યો છે

તત્વજ્ઞાનની ઊંડી અને સઘન ભાવનાથી છલકતું કવિશ્રી ખબરદારનું 'અજવાળિયા' નામનું ભજન ફરી ફરીને વાંચવું ગમે એવું છે નરીમાન ગોળવાલા મસ્તફકિર વગેરેના લખાણો વાંચવા જેવા છે સહસ્રલિંગ સરોવરની યોજના ઉપર કંઇક પ્રકાશ' નામનો લેખ સચિત્ર આપીને અભ્યાસીઓને રસ લેતા કરે એવો બનાવ્યો છે બીજી કેટલીક ઐતિહાસિક વાર્તાઓ પણ આમાં છે

બે ઘડી મોજ તંત્રી શયદા સંપાદક ભદ્રકુમાર યાજ્ઞિક મેક હાઉસ લેન ફોર્ટ, મુંબઇ પૃષ્ટ ૨૫૦ કિં સવા રૂપિયો

હળવા સાહિત્યના સાપ્તાહિકોમાં બે ઘડી મોજનું સ્થાન ઘણું આગળ પડતું છે એ રીતે એનો દીપોત્સવી અંક પણ ઘણો વિવિધતાભર્યો બન્યો છે ઝવેરચંદ મેઘાણીએ જેસલ જગનો ચોરટો' માં એક પ્રાચીન કથાને એમની વેગવાન શૈલીએ સર્જન કરી છે ધૂમકેતુએ 'કુળવધુઓ' નામની ટૂંકી વાર્તામાં સમજના મળગતા પ્રશ્નોનું ચિત્ર આલેખવા ચિતર્યું છે પણ એમના 'તણખા મંડળ'ના જેવી આ વાર્તા તેજસ્વી નથી લાગતી જાણે આ એક સુંદર પ્રસંગચિત્ર હોય એવું લાગે છે બાકી તો ધૂમકેતુની શૈલીએ આખા પ્રસંગને દાવકી રીતે ઉઠાવ્યો છે ઉમાશંકર જોષીની વાર્તા 'જનેયા' માં લગ્ન જીવનનું એક કરુણાપૂર્ણ ચિત્ર છે 'શ્રાવણી મેળો' ની વાર્તાઓ વાંચ્યા પછી આ વાર્તા વાંચવી નથી ગમતી જાણે 'શ્રાવણી મેળા'ના લખનારે આ વાર્તા જ ન લખી હોય એમ લાગે છે વિજયરાય વૈદનો 'સીમના મારી દ્રષ્ટિએ' નામનો પત્ર મથાળું જોઇને વાંચવાનું આકર્ષણ થાય પણ વાંચ્યા પછી ભારે નિરાશા થાય છેવટ સુધી વાંચી જઇએ પણ શા માટે આ કાગળ લખ્યો છે એ જ નથી સમજ પડતી

શામળદાસ ગાંધીનો 'ગાંધી વિરાટ વિભૂતિ' હરિલાલ ભટ્ટચાનો 'ગુજરાતનું રસજીવન' ખંડુભાઇ દેસાઇનો ગુજરાતનું યૌવન ધન' વગેરે લેખો વાંચવા જેવા છે સાત કોલમની સૃષ્ટિ' માં સીતારામ શર્માએ વર્તમાનપત્રોની દુનિયાનો અનુભવપૂર્ણ પરિચય કરાવ્યો છે એ પરિચય વાંચ્યા પછી છાપાઓ કેટલી ભારે મહેનત પછી તૈયાર થાય છે એનો જેને ખ્યાલ નથી અને આવશે ગુણવંતરાય આચાર્ય યજ્ઞેશ શુક્લ રતિલાલ મહેતા, જીતુભાઇ મહેતા ચંદ્રકાન્ત સુતરીઆ અને ગીજુભાઇ વગેરેના લેખો પણ છે કવિશ્રી ખબરદાર બાદરાયણ સ્નેહરશ્મિના કાવ્યો ઉચ્ચ કોટીના છે

આવો દળદાર અંક ભાગ્યે જ બીજા કોઇ સાપ્તાહિકે કાઢ્યો હશે અનેક રંગી ચિત્રો, ફોટાઓ અને વિવિધ વસ્તુસામગ્રીથી શોભતો આ અંક બે ઘડી મોજ' ના સંપાદકને યશ અપાવે એવો છે

મહાગુજરાત તંત્રી ભદ્રશંકર મછારામ ભટ્ટ ફ્રેન્ચેન સ્ટ્રીટ કરાંચી પૃષ્ટ ૧૨૬ કિં આઠ આના

સિંધમાંથી નીકળતા આ એકના એક અઠવાડીકનો દીપોત્સવીઅંક સિંધની સંસ્કૃતિ અને એના ઉદ્યોગોની માહિતી આપનો બહાર પડ્યો છે મુખપૃષ્ટ ઉપર કરાંચીના બંદરનો સુંદર ખ્યાલ આપતું ચિત્ર મૂકીને

અંકને આકર્ષક બનાવ્યો છે.

આખા અંકમાં મુખ્યપણે સિંધમાં ક્યા ક્યા ઉદ્યોગો છે, એને કેમ ખીલવી શકાય અને સાહસિક ગણાતી આપણી ગુજરાતી પ્રજા એનો કેમ લાભ લઇ શકે એ બતાવ્યું છે. કરાચી બંદરની પ્રગતીનો ઇતિહાસ હરિદાસ લાલજીએ હકિકતપૂર્ણ લખ્યો છે. સિંધમાં કામ કરતી બેંકો અને વિમા કંપનીઓની યાદી પણ આપી છે. અને છેલ્લે સિંધના ગુજરાતીઓનો ટૂંક પરિચય આપ્યો છે. આ પરિચય જરૂરનો હતો પણ એમાં થએલી પસંદગી ચોકકસ દષ્ટિબિન્દુ રાખીને કરી હોત તો ઘણા પરિચયો ઓછા થાત અને જે મહત્વના માણસોના જેમણે સિંધની ગુજરાતી પ્રજાને સંસ્કૃતિએ અને બીજી રીતે સમૃદ્ધ કરવ માં હિસ્સો પૂર્યો છે તેમના નામો રહી ગયા છે તે ન રહી જાત. અને સિંધના ગુજરાતીઓનો સાચો ખ્યાલ આપણા ગુજરાત કાઠીઆવાડના માણસોને અને મહાગુજરાતમાં છુટા છવાયા વેરાયલા ભાઇઓને આવી શકત. આવતા વર્ષે આ ઉણપ પૂરાઇ જશે એવી અમે આશા રાખી છીએ.

નવ પ્રકાશ : તંત્રી ચંદુલાલ જેઠાલાલ વ્યાસ (મયૂખ) પાંજરાપોળ રોડ, મુંબઇ, પૃષ્ટ ૧૧૨. કિં. આઠ આના

જગન્નાથ અહિવારી ચિત્રકાર સાથે લેખક પણ બન્યા છે અને એમણે ભારતીય સંસ્કૃતિનું પૃથક્કરણ શબ્દોથી અને ચિત્રોથી કર્યું છે. જ્યાં ભાષા અધુરી લાગે છે ત્યાં ચિત્ર એને પરિપૂર્ણ કરે છે. આમ 'ઘટિકા'માં મંદિરોના ધ્વજનું, સ્તંભોનું, ઘૂમટનું કલાભર્યું વિવેચન કર્યું છે આ ઉપરાંત બીજા ધાર્મિક, રાજકીય અને સામાજીક વિષયોના અભ્યાસપૂર્ણ લેખો પણ આમાં છે. 'કલાપીનો એક અપ્રકટ પત્ર' 'ચાણક્ય' વિષેનો લેખ વગેરે ધ્યાન ખેંચે એવા છે. રમણલાલ દેસાઇ, બાદરાયણ સુંદરમ જયમનગૌરી પાઠક વગેરે કવિઓના કાવ્યો વાંચ્યા વિના અંક પૂરો કરવો ગમે એમ નથી. ધાર્મિક ભાવનાને અનુરૂપ કેટલાંક ચિત્રો પણ આ અંકમાં આપવામાં આવ્યા છે.

ધૂપછાંવ : તંત્રી ચીમનલાલ નાથાલાલ શાહ. અમદાવાદ પૃષ્ટ ૬૪. કિં. ૬ આના.

વિધવિધ સામગ્રીથી ભરેલો આ અંક ગુણસમૃદ્ધિએ પાતળો છે પણ દરેક પત્રને વાંચનાર અમુક વર્ગ હોય છે તેમ ધૂપછાંવને પણ છે. એને આ ખુબ ગમશે. અમુક વાર્તાઓ અસરકારક છે, થોડાક લેખો પણ જાણવા જેવી હકીકતો આપે છે. અને કેટલાક કાવ્યો મૌકિત જેવા છૂટા છવાયા આમાં વેરાયલા પડયા છે. કવરપેજ આકર્ષક અને ભભકભર્યું બન્યું છે.

મોજ મજાહ: તંત્રી જયશંકર ખોડીદાસ ત્રિવેદી ગીરગામ, મુંબઇ. પૃષ્ટ ૯૫. કિ. ૭ આના.

આપણે ત્યાં જાણે અજાણ્યે એક માન્યતા પ્રસરતી જાય છે કે સીનેમાના પત્રો એટલે કેવળ નટ-નટીઓના ફોટાઓ અને થોડીક ઉપર છલ્લી દીવને ગલગલી કરે એવી વાતો. પણ એમાંથી આ પત્ર મુકત છે. આમાં શિષ્ટ સાહિત્ય તરફ ઉપેક્ષા કરી નથી બલ્કે એવી કૃત્તિઓને સારા પ્રમાણમાં સંગ્રહી છે.

'આપણી રંગભૂમિમાં' જાણીતા નટ જયશંકર સુંદરીએ હૈયાની વરાળ ખોલી છે. રંગભૂમિના થતા જતા પતનથી એમનું હૈયું ધગધગી ઊઠે છે આ આખો લેખ રંગભૂમિને ઊંચે લાવવાને જે જે ભાઇઓ મથી રહ્યા છે તેમણે અવશ્ય વાંચવો જોઇએ. 'મુન્શી અને સૌંદર્યદષ્ટિ' તથા 'એક્ટરની કલા' નામના લેખો અભ્યાસીઓએ વાંચવા જેવા છે. આ ઉપરાંત 'રંગભૂમિની ભિતરમાં' નો લેખ સીનેમાની દુનિયા ઉપર ઠીક ઠીક અજવાળું પાથરે છે.

ચિત્રપટ : તંત્રી નગીનદાસ શાહ. લેમીંગ્ટન રોડ મુંબઇ ૪.

સિનેમાનું સાહિત્ય આપણે ત્યાં હજી પ્રયોગદશામાં છે. એવે વખતે આ સાપ્તાહિક એમાં મહત્વની પ્રગતિ કરી રહ્યું છે. સીનેમાના નાજુક પ્રશ્નોને એ સચુકાઇથી અને બાહોશીપૂર્વક ચર્ચે છે. એનો દિવાળીઅંક આ વસ્તુની સાક્ષી પૂરે એવો છે. કોપી રાઇટનો કાયદો અને સીનેમા, રંગભૂમિની રંગત, આનંદભર્યો અંત સામેને

કલાદર્શન

ગુજરાતની ચિત્રકલાનો પ્રતિનિધિ સંગ્રહ

રવિશંકર રાવળ, રવિશંકર પંડિત, કનુ દેસાઇ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, કૃષ્ણલાલ ભટ્ટ, ચન્દ્રવદન ભટ્ટ, એ આઠે ગુજરાતી કલાકારોના, ૧૦"×૧૨"ના માપના વિવિધરંગી માઉન્ટ ઉપર ચોડેલાં દશ ચુનંદા, પૂર્ણરંગી ચિત્રોનો અભિનવ સંગ્રહ કાચું ૧-૪-૦; પાકું ૧-૮-૦ રજિ.-પોસ્ટેજ ૦-૬-૦

ચિત્રશતક

સવા રૂપિયામાં સો ચિત્રોનો સંગ્રહ

કોણે કહ્યું કે કલાનો ઉપભોગ શ્રીમંતો જ કરી શકે? શુદ્ધ ઊંચી પસંદગીની, વિવિધતાવાળી અને સંસ્કારી કલાનો સુસમૃદ્ધસંગ્રહ, મધ્યમ સ્થિતિનો ગમે તે ગૃહસ્થ કે કરકસર-વાળો કોઈ પણ વિદ્યાર્થી ખરીદી શકે એટલી કિંમતે મળે છે. સુંદર ઉઠાવ · મજબૂત બાંધણી · કિં. ૧-૪-૦ પોસ્ટેજ ૦-૩-૦

જેને વિષે હવે વિશેષ જાહેરખબર કરવાપણું રહ્યું નથી એવું ઘરઘરનું જાણીતું અને જનજનનું માનીતું આવતી પ્રજાનું માસિક એની વિશુદ્ધ ગૌરવાન્વિત કલા, એના સંસ્કાર સંપન્ન જ્ઞાનપ્રચુર લેખો, એની એકધારી ઊંચી કાવ્યસામગ્રી, એની મનોહારી વિવિધતાભરી માસેમાસની નવીનતા, બધું અનોખું છે-અજોડ છે વાર્ષિક લવાજમ રૂ. ૬-૦-૦ :: ::: :: પરદેશ ૧૨ શિ

નમુનાના અંકના પૈસા પડતા નથી.

એનો કોઇ પણ અંક જુઓ અને તમે ગ્રાહક થવા લલચાશો

કુમાર કાર્યાલય · ૧૪૫૪ · રાયપુર અમદાવાદ

મનુષ્યનો વિકાસ

એની આંખના સંરક્ષણમાં, એની આંખના જતનમાં રહેલો છે.

ચશ્મા એ આંખના સંરક્ષણનું ઉત્તમ સાધન છે.



સુશોભિત અને ટકાઉ ફ્રેમો તથા વિજ્ઞાનની છેલ્લી શોધ મુજબના ગ્લાસના ચશ્મા તૈયાર કરનાર

મનસુખલાલ એન્ડ કું. માં

આજે જ મુલાકાતે પધારો.

શો રૂમ

૩૫૬ કાલબાદેવી રોડ, મુંબઈ ૨.

ટેલીગ્રામ બાયફોકલ્સ — ટેલિફોન ૨૧૫૦૩

ફકત ત્રણ મિનિટમાં

રડતો હસે છે એટલે કે જ્યારે માણસોને માથાનો દુખાવો એટલો બધો થતો હોય કે દુખથી બેજાર થઇ રડી જવાય ત્યારે—

બીકસનનું બામ

ખરેખર રડતાને હસાવે છે જરા આંગળી ઉપર લઇ કપાળે લગાડો કે જાદુઇ અસર થઈ રડવું હસવામાં ફરી જાય છે. આ સિવાય હાથપગની કળતર, કમરનો દુખવો, આધાશીશી, સંધીવા, શરદીથી છાતીનો દુખાવો, ગરદનની નસનું અકડાઇ જવું કે શરીરના કોઇ પણ ભાગનો દુખાવો ફકત ત્રણ મીનીટમાં બંધ કરી આરામ આપે છે. કીમત બાટલી ૧ના છ આના ત્રણ બાટલી રૂા ૧)

દાંતનાં દરદો

આજકાલ જ્યાં જુઓ ત્યાં દાંતના દરદોની ફરીયાદ સાધારણ થઇ પડી છે તે માટે—

બીકસનનો લવિંગનો ટુથ પાઉડર

હલતા કે કળતા દાંત એકદમ અટકાવે છે દાંતનો સડો તથા દાંતમાં પરૂ થવું (પાયોરીઆ જેવા ભયંકર દરદો મટાડે છે. દાંત ઉપર બાઝેલી છારી કાઢી નાખી સફેદ મોતી જેવા બનાવી મોઢું તો એવું સાફ રાખે છે કે આખો દિવસ મનપસંદ વાસ આવ્યા કરે છે

કીમત ૧ અઊંસની ડબીના ૪ આના રતલ ૧ના રૂા ૩) અર્ધા આનાની ટીકીટ મોકલી નમુનો મફત મગાવો

હીરાચંદ ભીમજી, ગનબાઉ સ્ટ્રીટ કોટ, મુંબઈ.

લાખાણી હેર ઓઈલ

વાળની સૌંદર્યતા વધારી, ખરતા વાળને અટકાવી, મજબુત બનાવે છે અને આંખની ગરમી દુર કરી મગજને ઠંડક આપી માથા-ના વાળને પોષણ આપે છે. એક વખત વાપરવાની ખાસ ભલામણ છે

કિંમત	નાની બાટલી	વચલી	મોટી
	૦-૮-૦	૦-૧૪-૦	૧-૪-૦

લાખાણી પેઇન બામ

ગમે તેવી શરદી, સળેખમ, માથાની કળતર મગજનો અને માથાનો દુઃખાવો, ગધીવા વગેરે માટે એકજ અનેખાત્રી લાયક ઉપાય લાખાણી પેઇન બામ -

કીંમત શીશી એકના ૦-૮-૦

લાખાણી એગ્યુમીક્સચર

એકાંતરીઓ, તરીયો, ટાઢીયો, અને બીજા ગમે તેવા તાવને જલદી મટાડી આરામ કરે છે.

કીમત એક બાટલીના દશ આના.

એજન્સી માટે લખો —

ધી ચાન્દુર પરફ્યુમરી એન્ડ કેમીકલ વર્કસ.

આનંદ ભુવન; પ્રીન્સેસ સ્ટ્રીટ
મુંબઈ-૨

તમે મુંબઈ આવો ત્યારે

તમારા કફ, કોલર, તથા કોટનાં બટન ઉપર સુંદર મોનોગ્રામ માત્ર ૧૨ કલાકમાં જ કરાવી આપશું.

ઉ
પ
રાં
ત

તમારે જોઇતા દેશી સુડી, ચાકુ, તાળાં સસ્તા અને સારા સાબુ, અને બીજી તમામ જાતની સ્ટેશનરી, કટલરી, વગેરે કીફાયત ભાવથી આપીશું.

અમારા સ્ટોરની મુલાકાતથી તમને ખાત્રી થશે કે અહીં છેતરાવાનો બીલકુલ ભય નથી

માટે

તમે મુંબઇ આવો ત્યારે

બલવંત સ્ટોર્સ

ની મુલાકાત જરૂર લેજો

વસંતવાડી, કાલબાદેવી રોડ,
મુંબઈ-૨

સુરતના પ્રખ્યાત "શ્રી હરિહર પુસ્તકાલય" નાં પ્રકાશનો.

મોટી કે નાની જાહેરાત વગર ફક્ત

.... છજ માસમાં બીજી સચિત્ર આવૃતિ ....

"કુંવારા કે પરણેલા હરકોઇને ઉપયોગી ઘરગથ્થુ ખાનગી પુસ્તક"

સ ચિ ત્ર

દંપતી જીવન

પાકું પુઠું, ૩૨૫ પાનાં સુંદર જેકેટ.

મુલ્ય માત્ર સવા રૂપીઓ

ઉંચા બાદશાહી કાગળ, કાપડી બાઇન્ડીંગ, સચિત્ર વારનીસવાળું બાદશાહી એડીશનના

અઢી રૂપીઆ

ઘરઘરનું જાણીતું

યુવાન તથા મોટાઓનું માનીતું અસલ પુસ્તક

અસલ કોકશાસ્ત્ર

આ પુસ્તક માટે જેટલું પણ લખવું તેટલું ઓછું છે માટે નાણીદે ખરીદજો નહિં તો પસ્તાશો

મુલ્ય રૂપીઓ એક

શ્રી હરિહર પુસ્તકાલય ટાવર રોડ સુરત

સુરતના પ્રખ્યાત 'હરીહર' પુસ્તકાલયના પ્રકાશનો

પાણીને મુલે અજોડ ડીટેકટીવ સાહિત્ય

સફેદના સાયામાં છુપાયેલા ડાકુઓ, વિજ્ઞાનનો કેટલો દુરઉપયોગ કરી ભયાનક
—સનસનાટી ઉપજાવે છે તેનો આબેહુબ ચિતાર—

ગુજરાતના મશહુર લેખકોની
નવીન કૃતિઓ

૧૯૩૭ ના જાન્યુઆરી થી
...શરૂ થએલ માસીક સીરીઝ...

જેનું નામ

પાંચ આના સી. આઈ. ડી.

,૧૫૦૦ પાના, સચિત્ર કવર, ક્રાઉન સાઇઝમાં દર મહીને
— નિયમીત પ્રગટ થાય છે—

: : દશ પુસ્તકો : :

માયાવી માનવ	ખુની કે જાદુગર	પૈસા તારે ખાતર
જીવનનો જુગાર	દોઝખનો દરવાજો	,, ,, ,, ભા. ૨
વઠેલ વનીતા ભા. ૧, ૨	સેતાનનો સાથી	ખોફનાક ખવીમ

: ઉપરાંત :
ભેટ પુસ્તક પણ બહાર પડી ચૂકયું છે, ગ્રાહક થનારને ભેટ તરીકે
શ્રી મધુકરનું લખાયેલું પુસ્તક

મુંબઈના ગુલામ

ભેટ મળશે.

છુટક મુલ્ય રૂ. દોઢ.
: આટલું છતા વાર્ષીક લવાજમ ફકત :
રૂ. ૩—૪—૦
માટે આજેજ ગ્રાહક બનો.

શ્રી હરિહર પુસ્તકાલય, ટાવર રોડ, સુરત

☞ દરેક ગામના બુક સેલર્સ તથા ન્યુસ એજન્ટ પાસેથી મળશે.

સુરતના પ્રખ્યાત હરિહર પુસ્તકાલયના પ્રકાશનો

÷ ૧૯૩૭ નું મહાન્ સર્જન ×

શ્રી પુષ્પની કસાયલી કલમથી લખાએલી સામાજીક

ખંડખોર નવલકથા

અધુરી આશા

= યાને =

આશાની ઇમારત

૫૫૦ પાનાં પાકુ કપડાનુ પુઠું || સચિત્ર જરગી જેકેટ છતાં

મુલ્ય માત્ર રૂા. અઢી

ઘેર બેઠા .... વગર માસ્તરે

ટુંક સમયમાં અંગ્રેજી બોલતા, લખતા તથા વાંચતાં શીખવા માટે ખરીદો

ધી ઇઝી ઇંગ્લીશ ટીચર...

ભાગ ૧-૨ સાથે, પાના ૪૫૦ પાકું પુઠું છતાં || મુલ્ય માત્ર સવા રૂપીઓ

ફક્ત ૧૫ માસમાં ૪૦૦૦ નકલ ખલાસ થઇ એજ એની લોક પ્રોયતાને પુરાવો છે.

: માટે તાકીદે ખરીદો :

સુધારા વધારા સાથે નવી બીજી આવૃતી હાલમાંજ બહાર પડી છે

શ્રી હરિહર પુસ્તકાલય ટાવર રોડ સુરત

☞ દરેક ગામના કોઈપણ બુકસેલર તથા ન્યુસ એજન્ટ પાસે મળશે

સુરતના પ્રખ્યાત "શ્રી હરીહર પુસ્તકાલય" નાં પ્રકાશનો

રસભરી ડીટેકટીવ વાર્તાના શોખીનો માટે ખાસ

: : તદ્દન નવું સાહસ : :

બીજા વર્ષમાં પ્રવેશ કરે છે

નીચે મુજબ જેના પહેલા વર્ષના બાર પુસ્તકો બહાર પડી ચુકયાં છે. || દર વર્ષે નિયમીત બાર પુસ્તકો બહાર પાડતી

ભેદી ડીટેકટીવ ગ્રંથમાળા

જબરજસ્ત જાસુસ	ખવીસની ખોપરી	ભયાનક ભેદ
ભુતીઓ મહેલ	જીવતી લાશ	ભેદી રમણી
દીલ્હીનો ઠગ	બદમાશોની બાદશાહી	લંગડો બદમાસ
ઝાલીમ ઝીંગોમાર	પોલાદી પહેલવાન	ભેદી પુતળું

બીજું વર્ષ સપ્ટેમ્બર માસથી શરૂ થાય છે.

છુટક નકલ માટે ☞ પાંચ આનાની ટીકીટ બીડી મોકલો

સચિત્ર મુખપૃષ્ટો, ૧૫૦૦ પાનાં છતાં

વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૨—૮—૦

—ઉ પ ર ા ત—

ભેટ પુસ્તક તરીકે ૧૨૫ પાનાનું દળદાર પુસ્તક

કૃષ્ણા કુમારી

ભેટ મળશે,

બીજા વર્ષના પુસ્તકો

બળવાન બહુરૂપી | જુલ્મી જલ્લાદ

શ્રી હરિહર પુસ્તકાલય ટાવર રોડ સુરત

કાશ્મીર સ્નો : હમેશા વાપરવાથી ચહેરાની સુંદરતા વધારે છે. તેમજ ચામડી ઉપરના ખીલ, ફોલ્લા, ડાઘા વીગેરે સાફ કરી તેને સુંવાળી અને શોભાયમાન રાખે છે. દરેક સ્ટોરમાં વેચાય છે.

કાશ્મીર સ્નો

THE NATIONAL TRADING CO.,
Princess Street, . . . Bombay, 2.

એજન્ટ : ધી. સ્ટાન્ડર્ડ ઈમ્પોરટીંગ કું.
નં. ૪૫, ખટાઉ મકનજી મારકેટ નં. ૧ કરાચી.



આ તેલ વાપરવાથી માથાના વાળ વધે છે ...જ કાળા અને સુંવાળા રેશમ જેવા રહે છે. ઉપરાંત મગજને ઠંડક આપે છે અને ખરી પડતા વાળને અટકાવી મજબૂત બનાવે છે.

સ્ટોકીસ્ટ : **વિઠ્ઠલદાસ નારાણદાસ**
જુમા મસ્જીદ : મુંબઈ ૨.

મહિલા-શિષ્ટાચાર

મૂળ લેખિકા
શાંતાકુમારી અગ્રવાલ
તથા
કુમારી લીલાવતી ઝંવર એમ. એ

અનુવાદક : હર્ષદ પટેલ,

: એક અભિપ્રાય :

તમારી તરફથી 'મહિલા શિષ્ટાચાર' એ નામની પુસ્તિકા મળી એ ઉપયોગી છે. શિષ્ટાચાર બાળપણમાં શાળામાં શીખવાય એ ઇચ્છવા જેવું છે. એકંદરે સાદી સરળ અને જરૂરી પુસ્તિકા બહાર પાડવામાં તમે સારી સેવા બજાવી છે. કન્યાઓ તેનો લાભ એ ઇચ્છું છું

વિદ્યાબહેન ર. નીલકંઠ.

•

: આજે જ મંગાવો :

કિંમત છ આના : પોસ્ટેજ એક આનો

મળવાનું સ્થળ

નોવેલ્ટી સ્ટોર્સ

લલ્લુભાઈ ચકલા, ભરૂચ.

સૌંદર્યતા માટે
હજારો ફુલોની ખુશબોથી
મઘમઘતું

વરલકર સ્નો

અને

વરલકર ગ્લીસીયનટાઇન

વાપરો

—સેંકડો સર્ટીફીકેટો તથા અભિપ્રાયો મેળવનાર—

ર—જી—ષ્ટ—ર્ડ

બ્રાહ્મી તેલ
જેમ્સ, વકતા, વકીલો અને
પ્રોફેસરોએ અપનાવ્યું છે
તેમજ મગજની મજુરી કરના
રાઓ માટે ઉત્તમ તેલ

બામ
માથાના દર્દ માટે અત્યંત
અકસીર છે અને બીજા કોઇ
પણ જાતના દુખાવા પર માલીસ
કરવાથી એકદમ ફાયદો થાય છે

વ....ર....લ....ક....ર

લોશન
ગમે તેવી હઠીલી દરાજનો
મહાન દુશ્મન છે એકવાર
વાપરવાથી ખાત્રી થઇ
જાય છે

વરલકર સ્નો
આ સ્નો સૌંદર્યતાને ખીલવે છે
તથા શરીરની ચામડીને
સુવાળી અને મુલાયમ
બનાવે છે

આજે જ મગાવો —

વરલકર —૧૧૭-૧૧૯ જુની હનુમાન ગલ્લી મુંબઇ—૨

(ચમેલી, મોગરો, ગુલાબ, ખસની તેલો મળશે)

યંગ ઇન્ડીયા રેકર્ડઝ

દીવાળી રીલીઝમાં શું જોશો ?

કુમારી ગુણીયલ દેસાઇ બી. એ. અને પાર્ટી

ઝી. ઓ. { અવી કાયની ... ગીતો કૃષ્ણ
૮૨૭૦ { અખી ગા ... ભરવા ... ગરતી

શ્રીમતી મધુરિકાબહેન મઝુમદાર

ઝી. ઓ. { ... શ્રી ઘનશંકર
૫૨૮૦ { ... ત્રિવેદી કૃત

મા. અવિનાશ વ્યાસ

ઝી. ઓ. { ... જાણુ ... કૃત
૫૨૮૧ { ... મનમોહન ત્રિવેદી કૃત

યંગ ઇન્ડીયા પાર્ટી (ગરબા)

ઝી. ઓ. { ... ભાગ ૧ નાટિકા અમૃતલાલ
૫૨૮૨ { ભાગ ૨ ત્રિવેદી કૃત

મનુભાઇ ડી. ભટ્ટ અને પાર્ટી

ઝી. ઓ. { ... ભાગ ૧ ... શ્રી ... કૃત
૫૨૬૨ { ભાગ ૨

શ્રીમતી લક્ષ્મીબાઇ (...)

ઝી. ઓ. { ... દુગા
૮ ... { ... ભાગ ... ...

પંડિત રતન ...

ઝી. ઓ. ૫૨૮૨ થી ૫૨૮૪ શ્રીમદ ભગવદ ગીતા ભા ૧-૬ (...)

... , ...

... અને ... વગેરે ગાનારાઓની ... ... સાંભળો

શુ ... નોટ ધી ડીસ્ટ્રીબ્યુટર્સ ○ ... નોટ ધી ડીસ્ટ્રીબ્યુટર્સ

ધી ગ્રાન્ડ નેશનલ મ્યુઝીકલ હાઉસ — **મેસર્સ માલવીયા બ્રધર્સ**

... અમદાવાદ — રાજકોટ (કાઠીયાવાડ)

અધિક કેટલોગ માટે અમારા ઓથોરાઇઝડ ડીલરોને પુછો અથવા લખો —

ધી નેશનલ ગ્રામોફોન રેકર્ડ મેન્યુફેકચરીંગ કુંપની લીમીટેડ

૧૨૦ મેડોઝ સ્ટ્રીટ મુંબઇ ૧


नसाहित्य अंक

કિશોર મુંબઇ ઇલાકાના કેળવણીખાતા તરફથી મંજુર થયું છે
વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સિમાં 'કિશોર' શાળાઓ માટે મંજૂર થયું છે.

બે વર્ષ પૂરાં કરી 'કિશોરે' ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

અનેકવિધ સાહિત્ય અને સુંદર ચિત્રોથી સમૃદ્ધ ગુજરાતના કિશોર વિદ્યાર્થીઓનું માસિક

કિશોરોની જિજ્ઞાસાને ઉત્તેજી સંતોષે એવી અનેકવિધ અને રસમય સામગ્રી પૂરી પાડતું માસિક

કિશોર

તંત્રી . નગીનદાસ પારેખ

આવકાર

સૌને માટે

તાકાત-તાજગીથી ભરપૂર

લહેજતદાર

ઝંડુ દ્રાક્ષાસવ

— વિના વિલંબે —

વાપરવા માંડો

ખાસ સ્ત્રીઓને માટે

તન્દુરસ્તી-તાકાતથી ભરપૂર

સ્ત્રીઓની નબળાઇમાં

આબાદ અસર કરનાર

ઝંડુ અશોકારિષ્ટ

પ્રદરાદિ રોગોનો

અકસીર ઇલાજ

દરેક ઘરમાં હોવો જોઇએ

સાચી શકિતનો સંચય કરવા

ઝંડુની સુવર્ણ મિશ્રિત

મકરધ્વજગુટી

શકિતની સર્વોત્તમ દવા

આજથીજ અજમાવવા માંડો

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્ક્સ લી. પો. બો. નં. ૫૫૧૨ મુંબઇ નં. ૧૪

સિંધના સોલ એજંટ: ડાહ્યાલાલ બ્રધર્સ, સ્વામીનારાયણ બીલ્ડીંગ, બંદર રોડ, કરાચી.

આયુર્વેદિક દવાઓનું સૂચીપત્ર આજે જ મગાવો

મહાગુજરાતનું માનીતું માસિક
શારદા

વાર્ષિક લવાજમ
હિંદમાં : વા. ૬-૮-૦
પરદેશ શીલીંગ ચૌદ

તંત્રી :
ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા

ગુજરાતી માસિકોમાં શારદા કઈ રીતે ભાત પાડે છે ?

'શારદા' એ એકજ ગુજરાતી માસિક છે જે દર મહિને બે ત્રિરંગી ચિત્રો આપે છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે જે સોરઠી લોકસાહિત્યની રસલ્હાણ માટે સુપ્રસિદ્ધ છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે કે જેના તંત્રી અંક, નવલિકા અંક, લોકસાહિત્ય અંક અને દીપોત્સવી અંક માટે હજારો વાચકો દર વખતે રાહ જુએ છે

'શારદા' એ એક જ ગુજરાતી માસિક છે કે જે શિષ્ટવર્ગ અને આમવર્ગના સાહિત્યનો સુમેળ સાધે છે

'શારદા' એ એકજ ગુજરાતી માસિક છે જે દર વર્ષે સોરઠી ઇતિહાસની રા. રાયચુરાકૃત નવલકથા ગ્રાહકોને ભેટ તરીકે આપે છે

'શારદા' એ એકજ ગુજરાતી માસિક છે કે જે રોજના એક પૈસામાં સાહિત્ય અને કલાનો રસથાળ દર માસે તમારે ત્યાં પહોંચાડે છે,

'શારદા' બાર વર્ષથી પ્રગટ થાય છે તમે એના ગ્રાહક થયા હશો જ ન થયા હો તો નીચેના ઠેકાણે આજે ને આજ ખબર આપો એટલે 'શારદા' શરૂ થશે

તંત્રી '**શારદા**' ચાંદવાડ (અમદાવાદ)

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લી. વડોદરા,

આર. આર. શેઠની કંપની, બુકસેલર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨

ધી સેન્ટીનલ એશ્યુરન્સ કંપની લીમીટેડ

મુંબઇ

જીંદગીના વિમા ઉતારવાનું એક અજોડ સ્થાન

આ કંપનીમા
વિમા કેમ ઉતરાવશા ?
કારણ કે
તે સંપૂર્ણ સ્વદેશી છે તેના દરો
બધાને અનુકૂળ આવે તેવા છે.
તેમા દરેક માણસ વીમા
ઉતરાવી શકે એવી નવી
નવી યોજનાઓ છે

*

ચીફ એજન્ટસ
મુંબઇ અને દક્ષિણ ગુજરાત
એફ. કે. શ્રોફની કંપની
એમ્પાયર હાઉસ, ફીરોજશાહ મહેતા રોડ
કોટ, મુંબાઈ

ગેરંટીડ કામકાજ આપનારને
ભરપુર કમીશન આપવામાં
આવે છે.

વધુ વિગત માટે
લખો યા મળો

સેન્ટીનલની ફેમીલી
ઇન્કમની પોલીસી લઇ
તમારા કુટુંબીઓની ચિંતામાથી
મુક્ત બનો.
દાકતરી તપાસ વિના પણ વિમા
ઉતરાવી શકાય છે
વાર્ષિક પ્રિમિયમ ભરનારને
અઢી ટકા રીબેટ આપવામા આવે છે.
શરતો બહુજ ઉદાર છે.

ચીફ એજન્ટ
મહારાષ્ટ્ર, સી. પી. અને બિહાર
ડી. એફ. શ્રોફની કંપની
એમ્પાયર હાઉસ, ફીરોજશા મહેતા રોડ
કોટ, મુંબઇ

આંકડીના ભયંકર દર્દમાંથી

તમારા વ્હાલાં બાળકોને બચાવો

કેમકે

બાળકો તમારા જીવનની અમુલ્ય દોલત છે.

ગમે તે કારણથી બચ્ચાંને થતી આંકડી, તાણ, મુંગી વાઈ, વિગેરે રોગને નાબુદ કરનારી વિશ્વાસપાત્ર રામબાણ દવા

જયકર્સ કન્વલ્શન ક્યોર

અનેક વર્ષોના અનુભવ અને શોધખોળથી શાસ્ત્રીય રીત ઉત્તમ અને નીર્દોષ, દેશી અને જર્મન વનસ્પતિઓથી ઘણી મહેનત કાળજી પૂર્વક તૈયાર કરેલી લોકપ્રીય દવા

કારણ-દાંત આવતી વખતે પેઢાના દુખાવાને લીધે તાવ આવવાથી શરદી કે ભેજવાળી જગ્યામાં રહેવાથી અથવા શરદીની અસરથી બાળકોને આંકડીનો રોગ થઈ આવે છે

તેને જો તાત્કાલ ચાપતો ઇલાજ કરવામા ન આવે, તો પરિણામ ભયંકર નીવડે છે. આ બધુ લક્ષમા લઈ થોડાજ ખર્ચમા એ ભયંકર રોગ દૂર કરવાની શોધને પરિણામે આ દવા તૈયાર કરવામા આવી છે આ દવાનો ફકત એકજ ભાગ આપવાથી આંકડીનુ જોર તરત નરમ પડી જાય છે અને દર્દ નાબુદ થઇ જાય છે આજે પચાસ વર્ષ થયા આ દવા લોકોમા છુટથી સર્વત્ર વપરાય છે

નામાંકિત વૈદ-ડોકટરોએ વાપરીને ઉત્તમ અભિપ્રાય આપ્યો છે

બાટલીની કી. રૂ. ૨-૦-૦ વી. પી. ખર્ચ જુદુ.

શહેર તેમજ ગામડાઓમા, ધનવાન કે ગરીબ દરેક બચ્ચાવાળા કુટુંબમા આ દવા અવશ્ય રાખવી જોઇએ.

આજેજ એક બાટલાનો ઓર્ડર આપો લખો-

સોલ એજન્ટો

વનમાળી ભીખાની કંપની કેમીસ્ટસ, પ્રીન્સેસ સ્ટ્રીટ **મુંબઈ નં. ૨**

લાખાણી હેર ઓઈલ

વાળની સૌંદર્યતા વધારી, ખરતા વાળને અટકાવી, મજબુત બનાવે છે અને આંખની ગરમી દુર કરી મગજને ઠંડક આપી માથાના વાળને પોષણ આપે છે. એક વખત વાપરવાની ખાસ ભલામણ છે.

કિંમત નાની બાટલી ૦-૮-૦ વચલી ૦-૧૪-૦ મોટી ૧-૪-૦

લાખાણી પેઇન બામ

ગમે તેવી શરદી, સળેખમ, સાંધાની કળતર મગજનો અને માથાનો દુઃખાવો, સધીવા વગેરે માટે એકજ અને ખાત્રી લાયક ઉપાય લાખાણી પેઇન બામ

કીંમત શીશી એકના ૦-૮-૦

લાખાણી એગ્યુમીકસચર

એકાંતરીઓ, તરીયો, ટાઢીયો, અને બીજા ગમે તેવા તાવને જલદી મટાડી આરામ કરે છે.

કીમત એક બાટલીના દશ આના.

એજન્સી માટે લખોઃ—

ધી ચાન્દુર મરક્યુમરી એન્ડ કેમીકલ વર્કસ.

આનંદ ભુવન; પ્રીન્સેસ સ્ટ્રીટ મુબઈ-૨

તમે મુંબઈ આવો ત્યારે

તમારા કફ, કોલર, તથા કોટનાં બટન ઉપર સુંદર મોનોગ્રામ માત્ર ૧૨ કલાકમાં જ કરાવી આપશું.

ઉ-પ-શં-ત

તમારે જોઇતા દેશીસુડી, ચાકુ, તાળાં સસ્તા અને સારા સાબુ, અને બીજી તમામ જાતની સ્ટેશનરી, કટલરી, વગેરે કીફાયત ભાવથી આપીશું.

અમારા સ્ટોરની મુલાકાતથી તમને ખાત્રી થશે કે અહીં છેતરાવાનો બીલકુલ ભય નથી

માટે

તમે મુંબઇ આવો ત્યારે

બલવંત સ્ટોર્સ

ની મુલાકાત જરૂર લેજો

વસંતવાડી, કાલબાદેવી રોડ, મુબઈ-૨

પત્ની–પુત્રી–ભગિની

એમને

લગ્ન–વર્ષગાંઠ કે શુભ પ્રસંગે

શું ભેટ આપશો ?

સ્ત્રીશક્તિ ગ્રંથમાળાનાં પુસ્તકો

જે આખા ગુજરાતમાં વખણાયાં છે.
જેને સરકારે પણ મંજુર કર્યાં છે.
જે સચિત્ર અને રસિક છે.
જે ઉપયોગી અને જ્ઞાનદાયક છે.

તે–

કુલ ૬૦ પુસ્તકો બહાર પડયાં છે જે રૂ. ૨૫)માં આપવામાં આવે છે.

થોડાંક નામો

સુઘડતા અને સુંદરતા	૦-૮-૦	વીર રેખા	૧-૦-૦
રમનસિંહ સવિતા (વધ્યા)	૦-૪-૦	દેવી ચોધરાણી	૧-૮-૦
કાયદામાં સ્ત્રીઓનું સ્થાન	૦-૩-૦	રઝીયા બેગમ	૦-૩-૦
અર્ધાંગના	૦-૪-૦	મા ગી અને માત્રજત	૦-૪-૦
ભરત ગુંથણ	૦-૧-૦	પ્રતિ એવું છે	૦-૧-૦
પારસી વાર્તાઓ	૦-૬-૦	વાતનું વતેસર	૦-૧-૦
ઘરેણાંનો શોખ	૦-૧-૦	પારસી લગ્નગીતો	૦-૬-૦
જીવન પવગ	૦-૪-૦	સુખી ઘર	૦-૭-૦
રસવનું શાસ્ત્ર	૦-૩-૦	વહેમી પતિ	૦-૩-૦

લખોઃ–

સ્ત્રીશક્તિ • કળાપીઠ • સુરત

ચેરમેન : દેશભક્ત એન. સી. કેલકર

સધ્ધરતા : કરકસરતા : પ્રમાણિકતા : સંગીનતા

ચાલુ વીમા ૧,૫૦,૦૦,૦૦૦ દોઢ કરોડ ઉપરાંત

સંરક્ષણ અને સલામતી

— તમારા નાણાંની ચાહતા હો —

તો

કોમન વેલ્થ ની વીમા

પોલીસી એક અનુપમ ઉપયોગી સાધન છે.

અનેક વિશિષ્ટતાઓ સાથે દરેકને અનુકુળ અને આકર્ષક યોજનાઓ

બોનસ ત્રિવાર્ષિક

રૂ. ૪૫) જીંદગીની પોલીસી ઉપર

રૂ. ૩૭-૮-૦ હયાતીની પોલીસી ઉપર દર હજારે

એજન્સીની ઉદાર શરતો માટે લખો:-

ધી કોમન વેલ્થ એસ્યુરન્સ કું. લી. (પુના)

હેડ ઓફીસ:—
બુધવાર પેઠ, પુના-૨.

મળો અથવા લખો:—
લક્ષ્મીનારાયણ એમ. દવે
બ્રાંચ મેનેજર
રીડ રોડ, અમદાવાદ,

રામનાથ આઈડીયલ હેર ઓઈલ

કિંમતી વસાણામાંથી બનાવેલું આ તેલ માથામાં વાપરવાથી મગજ શાન્ત રહે છે. વાળ લાંબા, સુંવાળા, અને શોભાયમાન ઉગે છે. એની સુગંધ મીઠી અને મનમુગ્ધ બનાવે એવી છે. ઘણા લોકોએ આ તેલ વાપરીને સંતોષ મેળવ્યો છે.

—ખાત્રી માટે ૦–૧–૦ પોસ્ટની ટીકીટ મોકલી નમુનો મંગાવો—

કિંમત ૧ બાટલી ૧–૦–૦ :: ૩ બાટલી ૨–૧૦–૦ ટ. ખ. જુદું

રામનાથ એન્ટીસેપ્ટીક પેન બામ

ગરમીને લીધે અગર શરદીને લીધે થતો માથાનો દુખાવો, હાથપગની કળતર, છાતીમાં તેમજ કમરમાં આવીને નીકળી આવતા મરડા, 'વા' ને લીધે જકડાઈ ગએલા સાંધા વગેરે દરેક શારીરિક વ્યાધી માટે ઘણા વખતના અનુભવથી શોધી કાઢેલો આ વનસ્પતિ જન્ય બામ એક અકસીર ઇલાજ છે એક વખત દુખતા શરીરના ભાગ ઉપર માલીશ કરતાંજ એના ગુણની ખાત્રી થશે

કિંમત મોટી બાટલી રૂા ૧) નાની બાટલી ૧૦ આના ટ. ખ જુદુ

રામનાથની કંપની. ૩૦૩ જુમા મસ્જીદ, મુંબઈ નં. ૨.

લખો:—**કે. એન. અજાણી** સ્વદેશી માર્કેટ મુંબઈ નં. ૨

: અનુક્રમ :

પ્રાગતિક અને પરાગતિક	કાકા કાલેલકર	૭૯૬
સાહિત્યકારનો ધર્મ	ધૂમકેતુ	૭૯૯
એ. ઇ.	વિજયરાય ક. વૈદ્ય	૮૦૧
ડુંગરની કોરે	શેષ	અ ૮૦૨
થોભવાનું નથી	ઇન્દુલાલ ગાંધી	બ ૮૦૨
ધર્મ અને તત્ત્વજ્ઞાન	કિશોરલાલ ઘ. મશરૂવાળા	૮૦૩
બેડીઓ નવી અને જૂની	ઝવેરચંદ મેઘાણી	૮૧૧
શીલ અને સાહિત્ય	વિશ્વનાથ મ. ભટ્ટ	૮૧૫
જીવતો દેહ	અતિથિ	૮૨૩
ફેલાશા	દેવજી રા મોઢા	૮૩૦
'ઋતુગીતો' ના પદબન્ધો	ડોલરરાય રં. માંકડ	૮૩૧
બે રડો કેમ ?	અજ્ઞાત	૮૩૩
અક્ષરમૂર્તિઓને	મોહિનીચંદ્ર	૮૩૪
રવીન્દ્રનાથની નવલકથાઓ	નગીનદાસ પારેખ	૮૩૫
પ્રગતિશીલ સાહિત્ય	ભોગીલાલ ગાંધી	૮૩૯
સિંધનું લોક સાહિત્ય	ડુંગરશી સંપટ	૮૪૪
જલસો જોયા પછી	પ્રેમશંકર ભટ્ટ	૮૪૮
કવિતાનું આહ્વાન	ત્રિભુવનદાસ લુહાર	૮૪૯
ચિત્રપટની જીવન ઉપર અસર	ફિરોજશાહ મહેતા	૮૫૭
હૃદયની વ્યથા	નટવરલાલ ગાંધી	૮૬૭
ત્રણ અર્ધાંગના	ઉમેદભાઇ મણિયાર	૮૬૮
સાહિત્યનું મૂલ્યાંકન	અંબાલાલ પુરાણી	૮૭૩
વસંતને સુખ આપવા	શ્રીકાન્ત	૮૭૯
મહાસભા અને આપણો સંસ્કૃતિ પ્રવાહ	મગનભાઇ દેસાઇ	૮૮૪
સાહિત્યનો જીવનધર્મ	અનંતરાય રાવળ	૮૮૯

મુદ્રક ખીમશંકર મો. દ્વિવેદી · પ્રભાત પ્રેસ ડેન્સો હોલ, કરાચી
પ્રકાશક સુરેશ રા. બાબરીયા પ્રભાત પ્રેસ, ડેન્સો હોલ, કરાચી

આ અંકની છુટક કિંમત બાર આના

BOMBAY

* વર્ષ છઠ્ઠું * • જીવનસાહિત્ય અંક * * અંક બારમો *

પ્રાગતિક અને પરાગતિક

[એક આડુંઅવળું પ્રવચન]

શ્રી. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

જે સેવકની અથવા વિચારકની વિચારશ્રેણી અથવા કાર્યપદ્ધતિ આપણને ગમતી નથી તેને આપણે ઝટ દઈને Re-actionary (રિ-એક્શનરી) કહીએ છીએ. એ ફાવતો શબ્દ છે. શિષ્ટ સમાજમાં વપરાય એવી એક ગાળ કહેવાય. અને એની ખૂબી એ છે કે ગમે તે માણસ ગમે તેવા પ્રતિસ્પર્ધીને માટે એ વાપરી શકે છે અંગ્રેજીમાં Action (એક્શન) અને Re-action (રિ-એક્શન) એ જોડીઆ શબ્દોની શાસ્ત્રીય ચર્ચા ખૂબ થઈ છે. ચોક્કસ અર્થમાં જ એ શબ્દો ત્યાં વપરાય છે. આપણે ત્યાં એ બે શબ્દો માટે નિશ્ચિત પરિભાષા નથી. અંગ્રેજીમાં એ શબ્દો પાછળ જે વિચારણા થઈ છે એ જાતની વિચારણા આપણે ત્યાં તે ઢબે થઈ નથી; થવાની જરૂરે નહોતી. દરેક સમાજનું વિચારવહેણ જૂદું જૂદું હોય છે. દરેક સંસ્કૃતિની કલ્પના અને શ્રદ્ધાના ચોસલા અલગ અલગ રૂપ ધારણ કરે છે. તેથી દરેક પારિભાષિક શબ્દનું ભાષાન્તર તંતોતંત થઈ શકતું નથી. જે સમાજ બીજા સમાજ પાસેથી શિષ્યભાવે સંસ્કાર ગ્રહણ કરવા માગે છે તેણે તો મુરબ્બી સમાજની વિચારપ્રણાલિકા પોતાની કરી એને માટે જોઈતી પરિભાષા ઉપજાવવી જોઈએ અને એમાં એ બધી અર્થશક્તિ (Connotation) રેડવી જોઈએ. અથવા તો મુરબ્બી ભાષાની પરિભાષા જેવી ને તેવી માથે ચડાવવી જોઈએ

પણ જો બે સમાજ તુલ્યબળ હોય, સમવીર્ય હોય એટલે કે સમાન યોગ્યતાવાળા હોય તો એમની વચ્ચે આપલે થવા છતાં તેઓ પોતાની ઢબની જ પરિભાષા ચલાવે છે અને ભિન્ન સમાજનાં વિચારરત્નો (Thought-Crystals) સ્વીકારતી વખતે એમને પોતાની ઢબના પાસા પાડ્યા પછી જ એમને વાપરવાં માંડે છે

આપણે ત્યાં Reactionary માટે પ્રતિગામી, પ્રત્યાઘાતી વિગેરે શબ્દો વપરાય છે. પણ એ શબ્દો બંધ નથી બેસતા. જો કોઈ જાલીમ મારા પર જુલમ ગુજારવા માગે તો હું મરણિયો થઈ સામો થાઉં, બળવો કરું, જાલિમને જડમૂળથી ઉખેડી નાંખવા મથું, કેમ

નિવેદન

'ઊર્મિ'નો 'જીવનસાહિત્ય અંક' પ્રગટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ વિશેષ આનંદ તો એટલા માટે થાય છે કે બહુ થોડા જ સમયની અમારી તૈયારી છતાં અમે આ અંકને અનેક રીતે સમૃદ્ધ કરી શક્યા છીએ અને ધારેલા સમયે પ્રગટ કરી શક્યા છીએ આ અંકની વિવિધતા, નિયમિતતા અને સમૃદ્ધિના યશનો મોટો હિસ્સો ગુજરાતના વર્તમાન સાહિત્યમાં જેમના નામ શોભે છે તેવા આ અંકના લેખકોને ફાળે જાય છે કારણ કે બહુ થોડા જ દિવસ પહેલાં અપાયેલા અમારા આમંત્રણને લગભગ બધા જ લેખકોએ સ્વીકારીને અમને આભારી બનાવ્યા છે

આ અંકમાં લેખોની વિવિધતા છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગુજરાતના સાહિત્ય પ્રદેશમાં 'પ્રગતિશીલ અને પ્રત્યાઘાતી' તત્ત્વોની જોશભેર જે ચર્ચા ઉપડી છે તેના પડઘા આ અંકના ઘણા લેખોમાં દેખાય છે અમે પણ એમ માનીએ છીએ કે આ વિષય ખરેખર વિચારવાને યોગ્ય છે સાહિત્યના ક્ષેત્રમાં વસતા દરેક સાહિત્યપ્રેમીએ આ ઉપરના પોતાના મત રજૂ કરી લેવા જોઈએ આ અંક આમંત્રિત લેખકોના લેખોથી ધાર્યા કરતાં મોટો ન થઈ ગયો હોત તો અમે અમારો મત પણ આ અંકમાં જ રજૂ કરવાની ઇચ્છા રાખતા હતા અમને લાગે છે કે ગુજરાતના વિવેચકો આ અંકને જો વિવેચનયોગ્ય ગણે તો આ 'પ્રગતિશીલ અને પ્રત્યાઘાતી' પરત્વેનો સ્વમત જરૂર પ્રગટ કરે

આપણા ત્યાં ખબર નથી પડતી કે શા કારણે પરંતુ માસિકોનો ફેલાવો બહુ ઓછો છે એક મહિના પહેલાનો અંક, જેમાં મોટે ભાગે લેખો અને વાર્તાઓ જ હોય છે અને જે ક્યારેક પુસ્તકરૂપે પ્રગટ પણ થાય છે તે વાચકોને મન જૂનો ગણાય છે બે વરસ પહેલાં પ્રગટ થયેલું જૂનું પુસ્તક ન વાંચ્યું હોય ત્યાં સુધી નવું ગણાય છે પણ મહિના પહેલાંના માસિકની કીમત પસ્તી કરતાં સહેજ જ વધારે હોય છે આમ શા માટે બને છે તેનાં કારણો વિચારતાં એક મહત્ત્વનું કારણ એમ લાગે છે કે આપણે ત્યાં માસિકોનાં અવલોકનો અને વિવેચનો ભાગ્યે જ આવે છે ત્રણ પૈસાની પચીસ પાનાની ગમે તેવી ચોપડી દરેક સામયિકના અવલોકન વિભાગમાં આવી શકે છે પરંતુ મહિનામાં પ્રગટ થયેલાં ઉત્તમ પુસ્તકોમાં સ્થાન પામે એવા અંકોનું અવલોકન ભાગ્યે જ નજરે પડે છે એ ખરું છે, અમારો પોતાનો પણ અનુભવ છે કે અવલોકન વિભાગને એના સંચાલકો પહોંચી ન શકે એટલાં બધાં પુસ્તકો—સામયિકો—નીકળે છે પરંતુ એનો અર્થ એ ન જ થવો જોઈએ કે પુસ્તક માત્ર અવલોકનને યોગ્ય અને સામયિક વગેરે તે છૂટાં ફરફરિયાં દર મહિને ન બની શકે તો દર ત્રણ મહિને પણ દરેક સામયિક ઉપર વિવેચન તો આવવું જ જોઈએ અમે 'ઊર્મિ'ના નવા વર્ષમાં અવલોકન વિભાગ ઉપર વિશેષ ધ્યાન આપવાના છીએ ત્યારે ગુજરાતના અગ્રણી સામયિકોનાં અવલોકનો પણ લેવાના છીએ

ઉપરના વિચારો આ અંકમાં રજૂ થવા છે તેનું ખાસ કારણ તો એ છે કે 'ઊર્મિ'એ પોતાની યોજનામાં દર વર્ષે ચાર ખાસ અંકો આપવાનું ઠરાવ્યું છે 'નવલકથા અંક' પ્રગટ થઈ ગયો 'જીવન સાહિત્ય અંક' પ્રગટ થાય છે એ પછીના અંકોની તૈયારીઓ ચાલે છે આ બધા અંકોમાં અમે માનીએ છીએ કે એક મહિના કરતાં ઘણું વધારે જીવનતત્ત્વ છે ગુજરાતના અવલોકનકારોએ એના ગુણદોષ જણાવવા જ જોઈએ

અંતમાં ગયા વર્ષ દરમ્યાન 'ઊર્મિ'ને સહાય આપનાર સૌનો અમે આભાર માનીએ છીએ અને 'ઊર્મિ' આવતા વર્ષે ગુજરાતના નવજીવનમાં વધુ ઉપયોગી થવા ઇચ્છે છે તેમાં આપ સૌનો સહકાર હોય એવી પ્રાર્થના કરીએ છીએ

કરાચી સાહિત્ય સંમેલન
તા. ૩૧-૧૨-૩૭

સંપાદક અને સંચાલક

* વર્ષ ૭૬ મું * • જીવનસાહિત્ય અંક * * અંક બારમો *

પ્રાગતિક અને પરાગતિક

[એક આડુંઅવળું અવચન]

શ્રી. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

જે લેખકની અથવા વિચારકની વિચારશ્રેણી અથવા કાર્યપદ્ધતિ આપણને ગમતી નથી તેને આપણે ઝટ દઈને Re-actionary (રિ-એક્શનરી) કહીએ છીએ. એ ફાવતો શબ્દ છે. શિષ્ટ સમાજમાં વપરાય એવી એક ગાળ કહેવાય, અને એની ખૂબી એ છે કે ગમે તે માણસ ગમે તેવા પ્રતિસ્પર્ધીને માટે એ વાપરી શકે છે અંગ્રેજીમાં Action (એક્શન) અને Re-action (રિ-એક્શન) એ જોડીઆ શબ્દોની શાસ્ત્રીય ચર્ચા ખૂબ થઇ છે. ચોક્કસ અર્થમાં જ એ શબ્દો ત્યાં વપરાય છે. આપણે ત્યાં એ બે શબ્દો માટે નિશ્ચિત પરિભાષા નથી. અંગ્રેજીમાં એ શબ્દો પાછળ જે વિચારણા થઇ છે એ જાતની વિચારણા આપણે ત્યાં તે ઢબે થઇ નથી; થવાની જરૂરે નહોતી. દરેક સમાજનું વિચારવલણ જૂદું જૂદું હોય છે. દરેક સંસ્કૃતિની કલ્પના અને શ્રદ્ધાના ચોસલા અલગ અલગ રૂપ ધારણ કરે છે. તેથી દરેક પારિભાષિક શબ્દનું ભાષાંતર તતોતંન થઇ શકતું નથી. જે સમાજ બીજા સમાજ પાસેથી શિષ્યભાવે સંસ્કાર ગ્રહણ કરવા માગે છે તેણે તો મુરબ્બી સમાજની વિચારપ્રણાલિકા પોતાની કરી એને માટે જોઇતી પરિભાષા ઉપજાવવી જોઇએ અને એમાં એ બધી અર્થશક્તિ (Connotation) રેડવી જોઇએ અથવા તો મુરબ્બી ભાષાની પરિભાષા જેવી ને તેવી માથે ચડાવવી જોઇએ

પણ જો બે સમાજ તુલ્યબળ હોય, સમવીર્ય હોય એટલે કે સમાન યોગ્યતાવાળા હોય તો એમની વચ્ચે આપલે થવા છતાં તેઓ પોતાની ઢબની જ પરિભાષા ચલાવે છે અને ભિન્ન સમાજનાં વિચારરત્નો (Thought-Crystals) સ્વીકારતી વખતે એમને પોતાની ઢબના પાસા પાડ્યા પછી જ એમને વાપરવાં માંડે છે

આપણે ત્યાં Reactionary માટે પ્રતિગામી, પ્રત્યાઘાતી વગેરે શબ્દો વપરાય છે. પણ એ શબ્દો બંધ નથી બેસતા. જો કોઇ જાલીમ માણસ પર સિતમ ગુજારવા માગે તો હું મરણિયો થઇ સામો થાઉં, બળવો કરૂં; જાલિમને જડમૂળથી ઉખેડી નાંખવા મથું; કેમકે

હું સચેતન હોઇ પ્રત્યાઘાતી થઇ શકું છું. આઘાત સહન કરી બેસી રહેવું એ મારાથી ન બની શકે. આઘાત થયો કે મેં પ્રત્યાઘાત કર્યો જ છે. માટે હું પ્રત્યાઘાતી છું. અહીં મને કોઈ Re-actionary કહે ખરો !

હવે જો Re-actionary માટે પ્રત્યાઘાતી શબ્દ રૂઢ કર્યો તો એ શબ્દનો હવે અર્થ સંકુચિત અને નિશ્ચિત કરવો રહ્યો. કેમકે એ શબ્દ પાશ્ચાત્ય વિચાર-સરણીને દત્તક અપાયો. પછી મારા જેવાં બળવાખોરને પ્રત્યાઘાતી ન કહેતા **પ્રતિકારી** કહેવું જોઇએ અને પછી Re-action માટે પ્રતિકાર શબ્દ ન વાપરતા **પ્રત્યાઘાત** શબ્દ વાપરવો જોઇએ. આમ કરતાં આપણી પરિભાષા પારકી વિચાર-પ્રણાલીને આધીન થઇ સામન્ત-પદ ગ્રહણ કરે છે. આ સારું છે કે નહિ તે દરેક વખતે દરેકે પોતાના મન સાથે વિચારી લેવું જોઇએ.

+ + +

પુરોગામી, પ્રગતિશીલ, ઉદાર, ઉદ્ધારક, પ્રતિગામી, રુઢિમસ્ત, રુઢિજીર્ણ, પ્રત્યાઘાતી વગેરે શબ્દ વાપરતી વખતે પ્રગતિ કોને કહેવું અને પરાગતિ કોને કહેવું એની કસોટી હમેશ નક્કી નથી હોતી. કોઇ સમાજમાં આત્મા, પરમાત્મા, પરલોક અને પુણ્યપાપ વિષેની શિષ્ટ-માન્ય કલ્પના જો ઢીલી થય અથવા ઓગળી જાય તો કેટલાક લોકો કહેશે કે સમાજની સરસ પ્રગતિ થઇ રહી છે જ્યારે બીજા કેટલાક લોકો કહેશે કે સમાજનો અધઃપાત થવા માંડયો છે કોઇ અમલદારી માણસ મિશનરીઓને ત્યાં જઇ માસ-મદિરાનું સેવન કરવા માંડે ત્યારે આપણા સમાજના લોકો એને પતિત કહેતા, ભ્રષ્ટ કહેતા, અને તે જ વખતે એ મિશનરીઓ એના વખાણ કરતા કે આ ભાઇ લીબરલ છે, કોસ્મોપોલિટન છે, વિશ્વકુટુમ્બવાદી છે. હવે અહીં પ્રગતિ અને પરાગતિની કલ્પના જેમ બદલાય તેમ માણસને આપણે પ્રાગતિક ને પરાગતિક કહી શકીએ-છીએ. પ્રગતિ એટલે ઇષ્ટ દિશા તરફ પ્રયત્ન અને પરાગતિ એટલે ઇષ્ટ દિશાથી ઊલટું દૂર દૂર જવું તે.

+ × +

હવે ઇષ્ટ દિશા કઇ તેને સમાજશાસ્ત્રીઓ અને રાષ્ટ્રસેવકો, ધર્મકારો અને પેગમ્બરો નક્કી કરી શકે છે. ધર્મ એજ સાચું સમાજ-શાસ્ત્ર છે. સમાજશાસ્ત્રનો પાયો ધાર્મિક શ્રદ્ધા ઉપર જ દૃઢ થઈ શકે છે. પણ આજે જે વાસી કલ્પનાઓ, માન્યતાઓને કે રુઢિઓને લોકો ધર્મ સમજે છે તે ધર્મ નથી પણ સર્વોચ્ચ આદર્શ પ્રમાણે જીવન વ્યવસ્થા હૃદયને જોરે જે ગોઠવી આપે છે તે ધર્મ છે.

આવા ધર્મકારો અથવા સમાજશાસ્ત્રીઓ જેને પ્રગતિ કહે તે જ પ્રગતિ. સામાન્ય લોકો પોતાના ગમા અણગમા પ્રમાણે જેને પ્રગતિ કે પરાગતિ કહે તેનો વિચાર કરવાનું કારણ નથી.

+ × +

પણ જ્યાં ધર્મપુરુષો અને સમાજશાસ્ત્રીઓ ભિન્ન-મતના હોય છે ત્યાં પ્રગતિ કોને કહેવી, અને પરાગતિ તરીકે કોને ઓળખવી એ દુર્ઘટ બની જાય છે. છતાં કેટલાક સ્થૂળ સિદ્ધાન્તો બાંધી શકાય. કેટલાક લોકોને અસત્ય, જુઠાણું અને દંભ ફાવતા આવતા હોય તોયે સમાજ વ્યવસ્થાપકો અસત્યને પ્રધાન ધર્મ તરીકે સ્વીકારી જ ન શકે. માટે જે વ્યવસ્થા વિચાર અથવા યોજના સત્યને બાધક હોય તેને, આપણે પરાગતિ કહી શકીએ છીએ.

જેમ સત્ય વિષે તેમજ સ્વતંત્રતા વિષે પણ છે. દરેક માણસને થાય છે કે કોઇ પણ રીતે જો હું બીજા માણસ ઉપર પોતાનો અધિકાર જમાવી શકું તો એટલી મારી શક્તિ વધી બીજાને તાબામાં રાખવા, પછી તે બાહુબળથી હોય, બુદ્ધિબળથી હોય કે દ્રવ્ય બળથી હોય એ વાગ્ભ્રમ દરેકને ગમે છે છતાં કોઇ પણ ધર્મકાર કે સમાજ વ્યવસ્થાપક એમ ન કહી શકે કે કોઇનું સ્વા-તંત્ર્ય હરાવીને કે દબાવીને એને તાબામાં રાખવો એમાં એનું કે પોતાનું હિત છે. પારતંત્ર્ય એ જાતીય ને ગુલામ બંનેને માટે વખતે આપદ્ધર્મ હોઇ શકે પણ એને પ્રધાનધર્મ તરીકે કોઇ ગણી ન શકે. માટે, માણસનું શું કે પશુઓનું શું, સ્વાતંત્ર્ય હરાવીને એને દાસ બનાવવાની યોજના પ્રગતિવિરોધી, અપ.પાત્ર છે એમ કહેવું પડશે.

માંસાહાર દુનિયાના ઘણા લોકોને ફાવતો આવે છે, કેટલાક લોકોને તો એમાં અસ્વાભાવિક કે અધાર્મિક જેવું લાગતું જ નથી એ ખરું છે. છતાં જો પશુ પક્ષીઓની હત્યા કર્યા વગર 'માણસ જાતને જોઈતો બધો ખોરાક અને બધી તાકાત મળી શકે એમ બને તો તે ખોટું છે અને પશુપક્ષીઓને મારવાં જ જોઈએ એમ કોઈ સમાજ વ્યવસ્થાપક કહે નહિ. પશુઓને બચાવવા અને પશુઓને મારવા એ બેમાંથી બચાવવાનો પક્ષ જ હંમેશ શ્રેષ્ઠ ગણાશે. તેથી માંસાહારનો ત્યાગ એ પ્રગતિ ગણાય અને એથી વિરુદ્ધ તે અધઃપાતક ગણાય.

એ જ રીતે માણસ જાતમાં પરસ્પર વિશ્વાસ વધે અને બધાનું હિત સચવાય એવી રહેણી પ્રાગતિક ગણી શકાય અને એથી વિરુદ્ધ જે જીવન અથવા જીવન વ્યવસ્થા હોય તે પરાગતિ કહેવાય. જેમાં બીજાનું સ્વાતંત્ર્ય હરાય છે તે સ્વાતંત્ર્ય હરણ કરનારને અને જેનું સ્વાતંત્ર્ય હરાય છે તેને બંનેને અધઃપાતક હોઈ એવું આચરણ પરાગતિક કહેવાય.

× + ×

સંકુચિતતામાં, ટૂંકી દૃષ્ટિમાં માણસ જાતનો ઉત્કર્ષ નથી. જે વ્યાપક છે, વિશાળ છે, સર્વ સંગ્રાહક છે તેજ પ્રાગતિક હોઈ શકે. પ્રાચીન કાળમાં જ્યારે મોટા કુટુંબો હતાં ત્યારે કુટુંબની અંદર અંદર કજીયા કંકાસ પણ ચાલી શકતાં. તે વખતે બંધુવિગ્રહ અને બંધુદ્રોહ એ જ મોટામાં મોટો સામાજીક ગુનો હતો. પછી કેટલાક લોકોએ જોયું કે અંદર અંદર લડવા કરતાં સંપીને રહીએ તો આખાં કુટુંબની શક્તિ વધે છે આવી રીતે સંગઠન થયા પછી બંધુવિગ્રહ મટયો અને પછી ગોત્રવિગ્રહ જાગ્યો. દરેક ગોત્રના લોકો એકેક મોટો વાડો કે વાડો બાંધી એમાં આખા ગોત્રની ગાયો રાખી એ ગાયોનું ત્રાણ એટલે કે રક્ષણ કરતા અને વાડનાં બારણાં ઉપર ઊંચા ઊંચા ટાવર બાંધી આટલી ઊંચાઈએ બેસીને દૂર સુધી બાણ ફેંકીને ગાયોનું અને પોતાનાં કુટુંબોનું (ગો-ત્ર) રક્ષણ કરતાં. ગાયો પૂરી રાખવાનાં વાડાને ભાગોળ ને જે ઊંચા ટાવર રહેતા તેને ગોપુર કહેતા.

આમાંથી પ્રગતિ વધી અને અનેક ગોત્રો મળીને મોટાં મોટાં રાષ્ટ્ર તૈયાર થવા લાગ્યાં અનેક ગોત્રો જેમાં પૂરાતાં, એટલે કે સમાઈ રહેતા, તે પુરો કહેવાયા. ચારે-કોર જ્યાં પહાડ હોય એવે ઠેકાણે વિસ્તીર્ણ જગ્યા જોઈ ત્યાં ઘેરા બાંધીને રહેવાનું લોકોએ વધારે પસંદ કર્યું. નગૈઃ (પર્વતૈઃ) રક્ષિતં નગરમ્. નગર વિના રાષ્ટ્રનું રક્ષણ ન થાય એમ લોકોએ જોયું અને તેઓ નાગરીક થયાં. દરેક નગરની સંસ્કૃતિ પ્રમાણે એકેક રાષ્ટ્ર બંધાયું અને એ દરેકની પ્રગતિ થવા લાગી. હવે જે કોઈ નગરનું હિત બગાડીને ગોત્રનું હિત સાધવા માગે તે પરાગતિક ગણાવા લાગ્યો. વ્યાપક સંગઠન એ પ્રગતિની નિશાની ગણાઈ.

પણ વ્યાપક સંગઠન પાછળ બધાનાં હિતની વૃત્તિ હોવી જ જોઈએ. નહિ તો વ્યાપક સંગઠન આશિર્વાદ રૂપ ન નિવડતાં શાપરૂપ બને છે. કેવળ વિસ્તાર લઈને લાભ શો ? મૂઠીભર લોકો કોક કોક વાર બહુ મોટું વ્યાપક સંગઠન કરીને એમાંથી પોતાનો સ્વાર્થ શોધે છે. અને પોતાનાં સાથીઓને છેતરે છે અને ચૂસે છે. આવા લોકો પોતાના મોટાં સંગઠનોને પ્રગતિના લક્ષણ તરીકે વર્ણવી શકે છે, અને જે લોકો એમના સામર્થ્ય તળે અને એમની ધૂર્તતા તળે પીસાય છે તેઓ એજ સંગઠનને પરાગતિક તરીકે નવાજી શકે છે. અનેક રાષ્ટ્રોને પોતાના કબજા તળે આણી એમાંથી જે લોકોએ સામ્રાજ્યો સ્થાપ્યા તેમની સ્થિતિ આવી જ હતી. સામ્રાજ્ય જેમ મોટું તેમ પ્રજાને શાંતિ વધારે મળવાની; સવામતી વધવાની, આબાદી તો વધે જ; સુખાકારીના સાધનો પણ વધે; જેને આપણે ઉચ્ચ અર્થમાં સંસ્કૃતિ કહીએ છીએ તેનાં બીજ વવાય અને માણસની દૃષ્ટિ વ્યાપક બને.

ભારતવર્ષનો પ્રાચીન ઇતિહાસનો મર્મ જાણવો હોય તો તે 'સ્વરાજ્ય સારું ? કે સામ્રાજ્ય સારું ?' એનો અનુભવ લેવાનાં આપણા પ્રયત્નમાં આપણને જડશે. આપણે ત્યાં રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે એટલો તો વિગ્રહ ચાલ્યો કે ક્ષાત્રધર્મ સમાજદ્રોહી છે, પાપમૂલક છે એમ ડાહ્યા લોકો કહેવા લાગ્યા અને એ બધાં રાષ્ટ્રોનું સંગઠન કરી

સામંતચક્ર ગોઠવી ચક્રવર્તીનું સામ્રાજ્ય સ્થપાયું હોય તો કેવું સારું એમ લોકોને થયું.

પણ સામ્રાજ્યો સ્થાપે કોણ? સામ્રાજ્ય સ્થાપનારમાં ને ટકાવવાની શકિત હોવી જોઈએ. સમ્રાટ જો ન્યાયી હોય તો જ સામંતોને સાથે રાખી શકે અને સામર્થ્ય-શાળી હોય તો જ શત્રુઓને દૂર રાખી શકે છે. આમ ન્યાય અને બળ બેનો સંયોગ જ્યાં હોય ત્યાં જ સંગઠન થઇ શકે છે અને નભી શકે છે, એવો અનુભવ થયો. સમ્રાટ ધર્મરાટ્ પણ હોવો જોઈએ અને યુધિ-સ્થિર પણ હોવો જોઈએ

×   ×   ×

રાષ્ટ્ર-વિગ્રહ ટાળવા માટે સામ્રાજ્ય સ્થપાયાં પણ જ્યારે સમ્રાટો વચ્ચે વિગ્રહ જાગ્યો ત્યારે એનો ઇલાજ શો એ મોટી સમસ્યા મનુષ્યજાતિ આગળ ઊભી થઈ. નાના સંગઠનના ઝગડાં-છમકલાંથી ઝગડા-શી રીતે ઊકેલાય, શી રીતે ટળાય?

આ કામ સંગઠનથી થવાનું નથી કેમકે સંગઠનની તો અવધિ થઇ ચૂકી. હવે વિરાટ સંગઠન નહિ પણ વિરાટ પાયા ઉપર થતુ હૃદય-પરિવર્તન જ તારક છે એમ લોકોએ જોયું. અને તેથી સૈનિકો રાખી વિજય મેળવવાં કરતાં ઉપદેશકો મોકલી ધર્મ વિજય સાધવો એ જ પરમ મંગલ છે એમ મનુષ્યજાતિનાં અગ્રેસરોએ જોયું.

આપણે ત્યાં વર્ગવિગ્રહનો અનુભવ લેવાયો નહતો એમ નથી. વેદકાળમાં જે યુદ્ધો થયાં એમાં કેવળ જાતિ-વિગ્રહ હતો કે વર્ગવિગ્રહ પણ હતો એ કહેવું મુશ્કેલ છે, પણ Brahmins of the World, Unite ની હાકલ જગાડનાર પરશુરામના જમાનામાં જે એક-વીશ મહાયુદ્ધો થયા તે વર્ગવિગ્રહનાં જ હોવા જોઇએ એ વિષે શંકા નથી રહેતી, અને પછી ક્ષત્રિયોનું સંગઠન કરવા માટે ચક્રવર્તી અને સામંતની કલ્પનાનો ઉદય થયો હોય એમાં આશ્ચર્ય નથી

બ્રાહ્મણ અને ક્ષત્રિય વચ્ચેનો વિગ્રહ દીર્ઘકાળ સુધી ચાલ્યો હોવો જોઇએ અને એમાં ક્ષત્રિયો પણ હાર્યા નહિ અને બ્રાહ્મણો પણ જીત્યા નહિ એવી સ્થિતિ આવી હશે ત્યારેજ આગળ ક્ષાત્રતેજ ફિક્કું પડે છે અને ધર્મવ્યવસ્થાની મદદથી જ ક્ષાત્રતેજ આત્મહત્યા કરવામાંગી બચે છે એમ પણ જોવામાં આવ્યું અને પછી વર્ગવિગ્રહ એ અત્યંત ભૂંડો છે માટે દરેક સમાજ-શ્રેણી સ્વાર્થ છોડી દઇ સર્વાંનું હિત થાય એવા ધંધે માર્ગે લાગવું એવું ડહાપણ સૂઝયું. વર્ગવિગ્રહનું ઓસડ માણસને વર્ગવ્યવસ્થામાં જડયું, એ વ્યવસ્થા જો શુદ્ધ રીતે ચાલત તો દુનિયામાં મહેજે શાંતિ સ્થપાત. પણ જાતિભેદની બદીને કારણે વર્ણવ્યવસ્થા વિકૃત થઈ. ઉચ્ચ નીચ ભાવને લીધે વર્ણવ્યવસ્થાનું હીર ચૂસાયું. ધર્મસત્તાએ રાજસત્તાનું અનુકરણ કરી પોતાનું તેજ ગુમાવ્યું અને વર્ણવ્યવસ્થાને વિકૃત કરી મૂકી વર્ણવ્ય-વસ્થાનો સાચો પ્રયોગ હજી થયો જ નથી. હવે પછી થવાનો છે. અને એમાંથી જ આપણને પ્રગતિની દિશા જડશે કેવળ બાહુબળથી, ધન-બળથી કે સંખ્યાબળથી કલ્યાણકારી સામર્થ્ય મિળવાનું નથી. કેવળ સંગઠનથી પ્રગતિ થવાની નથી. સંગઠનનો અભાવ આપણને મરણ સુધી લઇ જાય છે જ્યારે આંધળું સંગઠન પરસ્પર વિગ્રહો પેદા કરી મોટા વિનાશ તરફ લઇ જાય છે. માટે, ખરું જોતા સદ્વ્રત્તિઓનું સંગઠન થવું જોઇએ. સર્વે વર્ગોને પોતપોતાના સ્વધર્મનું ભાન થવું જોઇએ અને સમષ્ટિના હિતમાં જ વ્યષ્ટિનું સર્વ સુખ અને હિત સમાયું છે એ વાત દરેકને ગળે ઉતરવી જોઈએ. આવું થાય ત્યારે જ પ્રગતિ સધાય. વિગ્રહની વૃત્તિ જ શમાવી જોઇએ પછી તે રાષ્ટ્ર-વિગ્રહ હોય કે વર્ગ-વિગ્રહ હોય.

પણ આ વાત એની મેળે થવાની નથી મહાન ભોગ આપ્યાં વગર આ અમૃત-ફળ મળવાનું નથી. શાંતિરસ્તુ, તુષ્ટિરસ્તુ, પુષ્ટિરસ્તુ-એવા શાંતિ પાઠ ગાવાથી ધર્મરાજ્ય સ્થપાવાનું નથી. સૂળીએ ચડવાનો એ માર્ગ છે, પણ એના ફળ પણ એટલા જ મીઠા છે. માણસ જાતના ઇતિહાસે એ જ સૂચવ્યું છે કે પ્રગતિનો બીજો માર્ગ નથી આથી જે કોઈ વિરોધી છે તે પરાગતિક છે. Re-actionary છે. શુદ્ધ અને સંપૂર્ણ સમાજ-શાસ્ત્રની, દષ્ટિએ વિચાર કરીને જ નક્કી કરવું જોઇએ કે પ્રાગતિક શાને કહેવાય અને પરાગતિક શું છે?

બાકી Re-actionary શબ્દ ગમે તે માણસ ગમે તેવા પ્રતિપક્ષીને વાપરી શકે . એ સોંઘી ગાળ છે. અને બે-જવાબદાર પણ છે.

સાહિત્યકારનો ધર્મ

['કલાની ખાતર જ કલા']

શ્રી. ધૂમકેતુ

આજે ચારે તરફ એવી અવાજે સૌ એમ મતપ્રદર્શન કરે છે કે સાહિત્ય હેતુપૂર્વકની રચનાત્મક ક્રિયામાં પોતાનો સ્વર પૂરાવનારું હોવું જોઈએ; વળી વાસ્તવવાદને છેક 'વાદ' સુધી લઈ જનારાઓ એમ માને છે કે પ્રચારાત્મક ન હોય તે સાહિત્ય ન કહેવાય. એવો મત પણ છે કે સાહિત્ય નીપજાવી શકાય છે. ને એની રચનામાં નૈસર્ગિક તત્ત્વને જેમ બને તેમ ઓછું સ્થાન હોવું ઘટે. જેમ ખેતરમાં ખાતર પાણી વગેરેના સુયોજનથી પાક લઈ શકાય છે, તેમ થોડો અભ્યાસ, ચીવટ, ચાલતી હવાની માહિતી, લોકમત પ્રદર્શન કરવાની કુનેહ, પ્રચાર—આ સઘળાં સાધનોથી સાહિત્ય નીપજાવી શકાય છે. અને સાહિત્યની નીપજમાં નિસર્ગને કાંઈ લેવા દેવા નથી.

આવે વખતે એમ કહેવું કે 'કલાની ખાતર કલા' એ જરાક બેહૂદું છે. પણ એના અર્થનો સ્પષ્ટ ખ્યાલ લેવામાં આવશે તો એમાં સાહિત્યકારના એક પ્રધાનધર્મ પ્રત્યે જ અંગુલિનિર્દેશ છે એ જોઈ શકાશે. 'કલાની ખાતર કલા' એ સાહિત્યકારનો પ્રધાન ધર્મ છે. આ વાક્યનો અર્થ એમ નથી કે અવાસ્તવિક સૃષ્ટિનો કેવળ સ્વપ્નમય ખ્યાલ લઈને, સાહિત્યકારે, હજારો શરાબની દુકાનમાં એકનો વધારો કરવો, તેમ જ એનો અર્થ એવો પણ નથી કે, વાસ્તવ જીવન જાણે નથી જ એવા હવાઈખ્યાલ વડે દુનિયાની સાચી પરિસ્થિતિ પ્રત્યે આંખમીંચામણાં કરીને, કેવળ કલ્પનાનાં જપ વડે, એવો ભ્રમ પેદા કરવો કે જે ન તો કાંઈ જ્ઞાનમાર્ગ કરાવે, ન તો કાંઈ નવીનમાર્ગ બતાવે. 'કલાની ખાતર કલા' એટલે સાહિત્યકાર જ્યારે જ્યારે કલાકૃતિ ઉત્પન્ન કરે ત્યારે એના માનસસંવેદનમાં કેવળ કૃતિનો મહિમા જ હોવો જોઈએ અને બીજું કાંઈપણ ન જ હોવું જોઈએ. જેવી રીતે મહદ્‌ગુણનું ઊંચામાં ઊંચું સ્વરૂપ એની ધ્વનિનાની ઉપાસનામાં રહ્યું છે તેમ સાહિત્યનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્વરૂપ એની નિર્લેપી ભક્તિમાં રહ્યું છે. સાહિત્યકારના માનસપટનું સમગ્ર લખતી વખતે—પોતાના દોષનો પડઘો, બીજાના ગુણની ભક્તિ, અન્યના દોષની ફરિયાદ, જગતના પાર્થિવસંબંધોની ધૂળ, પોતાના પૂર્વમતોની જડતા, મિત્રપ્રશંસાનો નાદ, દુશ્મનદંભીનો ભયંકર મંતવ્ય—આ કે એવું કાંઈ પણ વાતાવરણમાં ન હોવું જોઈએ. એણે લખવાનું છે, કારણ કે એણે લખવાનું છે. એ અસહકારયુદ્ધનું લખે, સમાજવાદનું લખે, સ્ત્રીજીવનનું લખે—ગમે તેનું લખે. પણ એ લખાણ એનું પોતાનું હોવું જોઈએ. કલાભ્યાસી આમ કહેશે—કે અમુક વર્તુલમાં આ વિચાર પસંદ પડશે માટે લખવું—એ

'કલાની ખાતરે કલા' નથી. માટે એ સાહિત્ય પણ નથી.

એક વખત એક સ્ત્રી કાર્યકરે કહ્યું: 'તમે સ્ત્રીઓને આવી ચીતરો તો ?'

જે જમાનામાં રાજાઓ કહેતા કે તમે આવો શ્લોક બનાવો તો–એ જમાનાનું આ ક્ષુદ્ર અનુકરણ છે સાચા સાહિત્યકારના મોંમાં એને માટે એક જ જવાબ હોઈ શકે 'એ નહિ બને'

લખાણ એ માણસની પોતાની નૈસર્ગિક ભાવનાનું ફળ હોવું જોઈએ

કોઈપણ સમય કરતાં આજે 'કલાની ખાતર કલા' એ સૂત્રનો ધ્વનિ સમજીને એ પ્રમાણે ચાલનારા સ્વતંત્ર સાહિત્યકારોની વધારેમાં વધારે જરૂરિયાત છે

ધાર્મિક સંપ્રદાયો પોતપોતાના સાહિત્ય અને સાહિત્યકારે પોષતા આવ્યા રીતે પોતાના સાહિત્યકારે કોઈ એમાં નૈસર્ગિક રીતે જ એ માનસને અનુકૂળ હોય –તે સિવાય સઘળા જ 'થર્ડ ક્લાસ થર્ડ' રહેતા

રાજનૈતિકો પણ એવી જ રીતે સાહિત્યકારોને આજે પોષવા નીકળે, તો કેવળ એ પોષણ માટે લખવું, અને પછી કહેવું કે અમે મધ્યયુગના ભાટ નથી–તો એમ કહેનારાઓ ખાડ ખાય છે એવા સાહિત્યકારો જમાનાને ઘડી શકે નહિ

રાજનીતિમાં ગમે તેનો ડંકો વાગે સાહિત્યકાર નિર્ભય ને સ્વતંત્ર રહેવો જોઈએ

એ જમાનાથી વિરુદ્ધ નહિ થાય. એ જેગજામાં મળીને જમાનાને તાળીઓથી વધાવશે પણ નહિ એની પોતાની જમાત છે. એનો અર્થ એ દુનિયાથી જુદો છે એમ નહિ, દુનિયા સાથે મેળ ન મળે, તો એ પોતાના 'મીશન'ને વળગી રહેશે ને ટોળાને છોડી દેશે સાહિત્યકારોમાં જમાનાને ઘડવાનું બળ હોવું જોઈએ, અને નરસિંહ મહેતાની પેઠે જમાનાની 'કુછ પરવા' ન કરવાનું સામર્થ્ય પણ હોવું જોઈએ બમ, ચે સમ કહેને ગાંધીજી મર્યા, માટે હમ ભી કહેતે ગાંધીજી મર્યા–એ ગુલામી મનોદશાનો અંત થવો જોઈએ ગાંધીજીના વિચારનો માનસનો પવિત્રતાનો, તેજનો બરાબર ધ્યાન કરવો અને પોતાને એ વિચારસરણી શુદ્ધ લાગે ત્યાં અનુસરવું અશુદ્ધ લાગે ત્યાં ગાંધીજીની, ગાંધીજીનેતાઓની, કે રાજનૈતિક ખેરખાંઓની કોઈની દરકાર કર્યા વિના કહેવું કે 'આ ખોટું છે।'

એમ કહેતાં એકાકી થઈ જવાય તો કંઈ ફિકર નહિ બહુમત એ સર્વોમત હોય એવો નિશ્ચિત નિયમ નથી આનું નામ 'કલાની ખાતર કલા'

પોતાના વિચાર માટે મથન કરવાની જેનામાં શક્તિ ન હોય એ માણસ પોતાને સાહિત્યકાર ન કહી શકે પોતાનો વિચાર દર્શાવવા પહેલાં તેને અનુભવ ને અભ્યાસના વડે ઘડવાની જેનામાં ધીરજ ન હોય તે પણ પોતાને સાહિત્યકાર કહી ન શકે સાહિત્ય એ કેવળ સાહિત્યની ખાતર જ સરજાવું જોઈએ

०

એ. ઇ.
[એક ડાયરી નોંધ]

શ્રી. વિજયરાય ક. વૈદ્ય

૨૫મી નવેંબર : વસ્તુ, વાસ્તવિકતા, છાયારૂપ વાસ્તવિકતા...' વસ્તુ ' એટલે, એ શબ્દના આખા ભકતવાળા અર્થમાં –પરમ પુરુષ, શુદ્ધ ચૈતન્ય વગેરે; એ વસ્તુના વિવર્તરૂપે મૂળ પ્રકૃતિ તથા એ પ્રકૃતિના પરિણામરૂપે આ દૃશ્ય જગત; અદૃશ્ય છતાં સામર્થ્યવાન પ્રકૃતિનાં અદૃશ્ય સ્વરૂપોમાં વસતાં અને કાર્ય કરતાં સત્ત્વો એ જો છે વાસ્તવિક, તો એનાં યે કોટ્યાધિ રૂપો વાળું દૃશ્ય જગત છે માત્ર છાયારૂપે, આપણી સાપેક્ષદર્શી ચેતનાથી મળતા અનુભવને જ માટે, ' વાસ્તવિક '...સવારના પહોરમાં જ, હજી નાહી ધોઈને પવિત્ર થયા પહેલાં જ પુરાણ-પુનિત વિષય લઈ બેઠો છું તે, કાલે ' ટા. લિટ્. સપ્.' માં (તા. ૨૩-૧૦-૩૭) વાંચેલા આઇરિશ કવિ ' એ. ઇ.' પરના અગ્રલેખમાંનાં એક બે બિન્દુને માનસિક રીતે વાગોળવા માટે; પ્રસંગોપાત્ત, ' વાસ્તવિકતા 'ના શહીદ બનવા નીકળેલા આપણા કેટલાક :અચિન્તનશીલ પરાગતિવાદી ચિન્તકોના લાભાર્થે થોડુંક ચિન્તન કરવા માટે પણ...ચાલતા યુગમાં કવિ સંજ્ઞાને પાત્ર જે બહુ થોડા જીવાત્મા પૃથ્વી પર અવતર્યા છે, તેમાંના બે એટલે ડબલ્યુ. બી. યેટ્સ અને ' એ. ઇ.' યેટ્સે હમણાં જ ' વિઝન ' એ ગ્રંથમાં અને ' એ. ઇ.' એ, ૭ કે આઠ વર્ષ પર કરાચીમાં એક મિત્રે મને મંગાવી હતી એ ' કેન્ડલ ઑફ વિઝન ' માં, અપાર્થિવ સૃષ્ટિનાં સત્ત્વોનાં દર્શન–સંવેદન–પ્રેરણ પોતાને થયાના અહેવાલો, એ સત્ત્વોની ' પરલક્ષી ' (' ઑબ્જેક્ટીવ ') હસ્તીની ખાતરી અને વિગતો, આપી છે. એ વર્ણનો એટલાં તો સ્પષ્ટ સ્થિરદર્શી અને વિસ્તૃત છે કે એ સર્વને આપણે ક્ષણ બે ક્ષણના કે ઘડી બે ઘડીના ભ્રમ–વિભ્રમ ' ડેલ્યુઝન ' કે ' હેલ્યુસિનેશન ' કે એવું કૈં–કહીને, આપણા માનીતા ' નવા ' માનસશાસ્ત્રની મદદથી એને એવાંતેવાં ગણી કાઢીને, દૂર હડસેલી શકીએ તેમ નથી. મતલબ, આપણા રોજિંદા અનુભવની સ્થૂલાતિસ્થૂલ વાસ્તવિકતા સિવાયની વાસ્તવિકતા પણ શક્ય છે તેના પુરાવારૂપે આવા કવિજનોના મનનીય અને માનનીય અનુભવોને લક્ષમાં લઈને, આપણાથી બનતું હોય તો એ દિશામાં વળવાનો યત્ન કરીએ; નહિ તો ઓછામાં ઓછું એટલું તો કરીએ જ કે એ કવિપ્રકાર અને એમના કાર્યની હાંસી કરવાના હલકા પાપમાં તો ન જ પડીએ...એ. ઇ. ને અદૃશ્ય વાસ્તવિકતાને ભજતા તો દૃશ્ય વાસ્તવિકતાને ઉવેખતા એવું પણ કૈં બન્યું નથી. અને એ બને રીતે : કાવ્યરચનામાં તેમ પોતાના બાહ્ય નામ સંસારી જીવનમાં પણ. દેવી વિશ્વોનાં કેટલા ય કાવ્યોમાં તેમણે એ જગતભરની જનનીનો મહિમા તો ગાયો છે, પણ પાર્થિવતાને નિન્દનારાને તેઓ પ્રબોધે છે કે (અને એ સ્વાનુભવને આધારે) કે પાર્થિવતાના ભીતરમાં,

એક તરેહની ખણખણતી નક્કરતાવાળું અપાર્થિવ તત્ત્વ છે તેને જોવા–અનુભવવાનું જો શરૂ કરો તો એ બંને વિરોધી લાગતાં તત્ત્વોના અવિરોધને પણ પ્રીછશો... એમના અર્થશાસ્ત્રીય અને રાજકારણીય ચિન્તનના નિષ્કર્ષરૂપ ગ્રંથ 'નેશનલ બીઇંગ' માં પણ જીવનની એમની અદ્વૈતમયી–અને તેથી સર્વમાંહી ભાવનાની દૃષ્ટિ સાચવીને જ એમણે લખ્યું છે. આપણે જે ખરાબ લતમાં પડ્યા છીએ–એ વિષયોની વાત કરતાં અધ્યાત્મ વિષયના નામથી જ ભડકી મરવાની તૈયારી કરવી, એ (આર્થિક રાજકીય વગેરે) વિષયો જાણે પોતાની એક સર્વતંત્રસ્વતંત્ર સૃષ્ટિમાં જ જીવી મરી શકતા હોય તેવી અવળપંથી વિચારણાને વશ બનવું–તેમાં તેઓ નથી પડ્યા; અને તેથી જ, કાવ્યો રચતા કાણા બની જઈને, બૈરાંસુલભ 'હાય' કારો ઉચ્ચારીને, તેઓ જગતના 'કવિજનો ગાયકગણો' ને એમ પૂછવા નથી મંડી જતા કે જગત આટઆટલું દુઃખી છે ત્યારે હે કવિ! તને ચંદ્ર તારા અને આકાશનાં ગીતો ગાવાં વળી શેં ગમે છ ?

—: 'એ. ઇ.' નું ઉત્ક્રમણ (દેહાવસાન) થયું ૧૯૩૫ના જુલાઈમાં. એ જ વર્ષના ડિસેમ્બરના 'આર્યન પાથ' માંનાં એમને વિશેનાં લખાણો વાંચવા લાયક છે. તેમના જીવન પર ગીતા પાતંજલ યોગ અને વેદાન્તે તથા મેડમ બ્લેવેટસ્કી–પ્રણીત થીઓસોફીએ કેટલી ગાઢ અસર કરી હતી, એ આપણે તેમાંથી જોઈ શકીએ છીએ...તેમનું ઉપનામ મૂળ ÆON હતું; એનું ટૂંકું રૂપ Æ. તેઓ વાપરતા; એને એક વાર મુદ્રકે તોડી નાંખ્યું ત્યારથી એ A. E એમ સામાન્યપણે લખાવા છપાવા માંડ્યું. પણ એ મૂળ રૂપે રહેવું જોઈતું હતું. કારણ, ÆON એટલે આપણી પુરાણપ્રજા જેને 'કલ્પ' કહે છે તેટલા યુગયુગાન્તરો. આપણા કવિનો સ્વાનુભવ હતો કે પોતે યુગયુગાન્તરો સાથે સંયુક્ત છે. તો પછી, AE. જ ઉચિતને ?

તદપિ–

વિલાયું ઝગકી ઘડી, તદપિ તારલાઓ હસે;
સુકાયું પ્રસરી સુવાસ ઘડી, તોય ફૂલો હસે;
હસે છ સહુ વર્તમાન મંહી રાચી; હુંયે હસું !
ભવિષ્ય તણી આજથી હૃદયમાં શી ચિંતા ધરૂં ?

દેવજી રા. મોઢા.

ડુંગરની કોરે

'શેષ'

[અનુષ્ટુપ]

અહીં ડુંગરની કોરે, સાન્ધ્ય છાંયા ઢળ્યા સમે,
સામે નિચે અને દૂર, દષ્ટિ ફેરવતાં બધે,
આઘે જતાં થતી પ્હોળી, કરાલ મુખ ફાડતી,
પડેલી ખીણ ગહ્વર, દેખું દુર્ભેદ્ય દષ્ટિને.
ને કરાડે ખીણ કેરી, ઊભું આ વૃક્ષ તોછડું:
જેમ કો માનવી દીન ભૂતકાલ તણા ઘન
સંબંધો નષ્ટ થૈ જતાં એક પાસ રહ્યાસહ્યા
સંબંધોના જ આધારે, ખીણ કરાલ કાલની
ઉપરે અદ્ધર રહી જીવે સંદિગ્ધ જીવન,
—અટૂલો ને અનાશ્રય,
તેમ આ વૃક્ષ એ આહીં, અદ્ધર ને ઝઝૂમતું,
કૈં આધાર વિના નીચે માત્ર એક જ બાજુના
મૂળોથી ભોયને ઝાલી, પડયા વાંકે ઊભું રહ્યું !

ને સામે દૂર દેખું તો અનેક ડુંગર દિસે
યુગો પ્હેલા થયેલા કો આસ્માની વજ્રપાતથી
કે અંતઃ ક્ષોભ ઊંડાથી, પૂર્વકાલિન સૃષ્ટિનો
મહાવિધ્વંસ નિરખી ડૂબેલા ઘન શોકમાં!
—થીજેલા દુઃખશૈત્યથી !
કો એક હાથ લંબાવી માથું તે તરફ ઢાળીને
બેઠેલા કોઈ બે હાથ લમણે દઈને, શિર
હાથને ટેકવી બેઠા લંબાવી એક પાય કો
કો બન્ને પાય લંબાવી, ઢાળી ઉરપરે શિર,
બેઠેલા એમના એમ, સ્તબ્ધ શોકાસને સ્થિર!
ને જાણે તેમના સ્થૂલ અને ગાઢ નિરંતર
નિઃશ્વાસો નાખવાથી આ વાતાવરણ યે બન્યું
ઝાંખું ઘન અને કાળું દષ્ટિને અવરોધતું.

ઘટે સરિતનાં નીર, સૂર્યચન્દ્રે ઘસાય છે,
ઘસાતા ડુંગરો પોતે, ન તોયે શોક મર્મભિદ્
ઘટે કે થાય કૈં આછો, ને જાણે ઘટશે ય ના !

૧ 'શેષનાં કાવ્યો' નામના લેખકના તાજેતરમાં પ્રગટ થનાર કાવ્ય સંગ્રહમાંથી એક અપ્રગટ કાવ્ય

શોભવાનું નથી

ઇન્દુલાલ ગાંધી

એવી એવી કોઇ આવે વસંત
જેવી વસંતોએ તારા લતાનોને
જીવનમાર્ગે કોડિયા મૂકયા
પૃથ્વીપ્રદક્ષિણા કાજ માટી, તારા
ચરણો આગળ આગળ ગૂંથ્યા
વીણાવતી, તું તો વિજયવંત
એવી એવી કોઇ આવે વસંત
કોઈની સુંદરતાએ તારે કદી શોભવાનું નથી,
કોઇની સમૃદ્ધિએ તારે કદી લોભવાનું નથી
શોભવાનું નથી
જ્યોતિર્મયી તારી જ્યોત જ્વલંત,
એવી એવી કોઇ આવે વસંત

■

[અનુસંધાન પાન ૮૨૪થી શીલ અને સાહિત્ય]

પરજીવન વચ્ચે માનવામાં આવ્યા છે એવું જ વાસના પ્રાધાન્ય કલાકારના શીલ અને સાહિત્ય વચ્ચે પણ કામ કરી રહેલું છે આપણે જેમ માનીએ છીએ કે **मरणे या मति सा गति** અને મરણ સમયની માણસની ચિત્તદશા કેવળ પરવશ હોય છે એટલે જીવનભર જે વાસનાઓ અતિ ઉત્કટ રૂપે સેવેલ હશે જે રાગદ્વેષ પ્રબળ રીતે અનુભવેલ હોય તે જ મરણ સમયની પરવશ દશામાં એની આગળ અનિવાર્ય રીતે ખડી થાય છે અને એના ભાવિ જીવનનું સ્વરૂપ નક્કી કરે છે તેમ કલાકારોના સંબંધમાં પણ કહી શકાય કે આખા જીવનભર જે વાસનાઓ ઉત્કટપણે સેવેલ હશે જે રાગદ્વેષ સમાનરીતે અનુભવેલ હશે જે ભાવનાઓનું નિરંતર સ્મરણ કર્યા કરેલ હશે તે જ સર્જન સમયે તેની આગળ અનિવાર્ય રીતે ખડી થશે અને તેને અડે આવ્યા કરાય ચમકારા કોઇ વાર એની ઇચ્છા હશે કે નહિ તો પણ પોતાના સ્વરૂપ અનુસાર એની એ કૃતિનું નિર્માણ કરશે—એના હાથમાંની કલમ જ બધું નક્કી કરી તેના જ પ્રતિબિંબ ઉતારી મળશે માટે સમજો કે આપણા મર્મ ઉદાત્ત સર્જન થવું હોય તો પહેલાં જ તમારા જીવનને ઉદાત્ત બનાવો તમારા શીલને સમૃદ્ધ કરો, અને તમારા માનસને ઉદાત્ત ભાવનાઓથી ભરો ઉચ્ચ જીવન વગર ચિરંજીવ ઉચ્ચ સર્જન શક્ય જ નથી ઉદાત્ત શીલ વગર ઉદાત્ત સાહિત્ય સર્જનનો બીજો કોઇ માર્ગ જ નથી **नान्य पन्था विद्यतेऽयनाय** આની કિંમત આપવા તૈયાર થયા સિવાય કલાકૃતિ કોઇને લાધવાની જ નથી મેથ્યુ આર્નોલ્ડ કહે છે તેમ —

Such a price
The gods exact for song
To become what we sing

■ અમદાવાદની ગુજરાત કૉલેજના ગુજરાતી સાહિત્ય મંડળ સમક્ષ ગઇસાલ મૌખિક ભાષણરૂપે ચર્ચેલો વિષય અહીં લેખરૂપે રજૂ કરેલ છે આ વિષય અત્યંત વ્યાપક અને ગહન છે, એટલે એક જ લેખ દ્વારા તેને પૂરતો ન્યાય ન જ આપી શકાય એના જુદા જુદા અંશો લઇ તેની સવિસ્તર ચર્ચા કરી શકાય એવી લેખમાળા કે સ્વતંત્ર પુસ્તક તેને માટે યોજવામાં આવે તો જ તેનું કંઇક સંતોષકારક નિરૂપણ થઇ શકે ભવિષ્યમાં અવકાશ અનુકૂળતા મળે તો આ વિષય વિસ્તારપૂર્વક ચર્ચવાની ઇચ્છા પણ છે પણ તે તો જ્યારે ત્યારે અત્યારે તો આપણી બાબતમાં બહુ ઓછા ચર્ચાયેલા આ મહત્ત્વના પ્રશ્ન તરફ સાહિત્યરસિકોનું લક્ષ ખેંચવા પૂરતો જ અહીં પ્રયત્ન કર્યો છે શીલ અને સાહિત્ય વચ્ચેના વિસંવાદનો મુદ્દો જ આમાં ચર્ચ્યો છે બાકીનો સ્વતંત્ર રીતે ભવિષ્યમાં

ધર્મ અને તત્ત્વજ્ઞાન

શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળા

બહેનો અને ભાઈઓ

સાહિત્ય સંમેલનમાં ભાગ લેવાનો મારે માટે આ પહેલો જ પ્રસંગ છે. પ્રતિનિધિ કે પ્રેક્ષક તરીકે પણ જેણે કદી ભાગ નથી લીધો, તેને એ સંસ્થાના એક વિભાગના એકદમ પ્રમુખ તરીકે ચૂંટી, આપે મને જે માન્યતા આપી છે, તે માટે હું આપનો આભારી છું. એ ઉદારતાના બદલામાં મારાથી ગૂજરાતની કાંઈ સેવા થાઓ એમ ઇચ્છું છું.

સાહિત્ય સંમેલનના વિભાગીય પ્રમુખની શી જવાબદારીઓ હોય છે તેનો મને બરાબર ખ્યાલ નથી. જો એમાંની એક જવાબદારી એ હોય કે તત્ત્વજ્ઞાન અને ધર્મના વિષય પર ગૂજરાતીમાં જે સાહિત્ય લખાયું હોય તેનો, અને તે વિષયના ગૂજરાતી લેખકોનો, મારે આ સભામાં ઓળખતી પરિચય આપવો જોઈએ, તો હું આપની આશાઓને સફળ નહિ કરી શકું એવો મને ખેદ છે. હું એ કરી શકું એમ નથી એનો અર્થ કોઈ એમ ન કરશો કે મને એ વિષય પરના બીજા સાહિત્યને કે લેખકોને નમણા સમજવાનો ઘમંડ છે. પણ સાહિત્યના અભ્યાસી તરીકે મારું વાચન કેટલું અલ્પ છે તેની નિશાની રૂપે એ ગણશો. ઉચિતતાની દૃષ્ટિએ હું જરૂર એમ માનું છું કે, જો સાહિત્ય સંમેલનનું કામ વિભાગોમાં વહેંચાઈને ઉકેલાતું હોય, તો પ્રમુખે, અથવા તે વિભાગના ખાસ મંત્રીએ, એ વિભાગ પર પ્રસિદ્ધ થયેલાં સાહિત્ય અને મુખ્ય લેખકોની તટસ્થપણે સમાલોચના કરી સંમેલન આગળ રજૂ કરવી, એ સંમેલનનો એક કાર્યક્રમ હોવો જોઈએ. પણ પ્રમુખની ચૂંટણી, સાધારણ રીતે, છેક છેલ્લી ઘડીએ થાય છે. અને તેની ચૂંટણીમાં, તેનો સાહિત્યનો અભ્યાસ વિશાળ હોવો જોઈએ, એ શરત મહત્ત્વની ન લેખાય એમ બને. આથી, એ કામ પ્રમુખથી ન થઈ શકે એવો ઘણો સંભવ છે. તેથી સંમેલન કે સ્થાયી મંડળ આ કામ માટે વિભાગીય મંત્રીઓ જ નીમે એ વધારે સગવડભર્યું થાય એ રીતે દરેક વિભાગના સાહિત્યની છેલ્લામાં છેલ્લી 'ખાનેશુમારી' થઈ શકે. દાખલા તરીકે, આ સંમેલન આવતી બેઠક માટે આ વખતે જ એક એક વિભાગના સમાલોચક નીમી દે, અને તે સમાલોચક આવતા સંમેલનના પ્રમુખોની ચૂંટણી પહેલાં જ પોતાની સમાલોચના તૈયાર કરી આપે, તો પ્રમુખો પર એટલી જ જવાબદારી રહે કે એ પ્રવૃત્તિને કઈ દિશામાં વાળવી જોઈએ તેનું માર્ગદર્શન કરાવવું. જ્યારે એ સમાલોચક જ તેનો પ્રમુખ પણ નિમાય, ત્યારે બેવડો લાભ થાય.

આમ મારી પરીક્ષાનો એક સવાલ મારે છોડી દેવો પડે છે. જે બીજો સવાલ હું કહું છું, તેમાયે હું વિદ્વાનોની કસોટીએ નહિ ઉતરું એવો મને ધાસ્તી છે. તત્ત્વજ્ઞાન અને ધર્મના વિષય પર હું લખતો આવ્યો છે એ સાચું પણ, તેથી, જો કોઈની એવી કલ્પના થતી હોય કે મેં એ વિષય પર ઘણાં પુસ્તકો વાચ્યાં હશે, અને કેટલાંકનો તો, બહુ ઝીણવટથી અભ્યાસ કર્યો હશે, તો તે ભૂલ છે "नाडमूलं लिख्यते किंचित्" એ પ્રાચીન પ્રણાલિકાનું પાલન કરવાની મારામાં લાયકાત નથી આમ આ વિષયમાં વિદ્વત્તાની કસોટીએ પણ મારે નાપાસ થવું પડે એમ છે

તત્ત્વજ્ઞાન તથા ધર્મના વિષયોને સાહિત્યિક અભ્યાસની દૃષ્ટિએ, કે ધાર્મિક વાચનના જ શોખની દૃષ્ટિએ મેં ભાગ્યે જ વિચાર્યા છે ભક્તિમય જીવન મને ગળથૂથીમાં જ મળેલું હતું, પણ જ્યાં સુધી તત્ત્વજ્ઞાન અને ધર્મનો ઊંડો વિચાર કર્યા વિના મારું જીવન મને ચૂંથાઈ ગયા જેવું થયું નહિ, ત્યાં સુધી મેં એમાં ઝાઝું ડહોળવા માંડ્યું નહોતું. જ્યારે મારી ખાતરી થઈ કે 'જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી,' ત્યારે મને એની પાછળ લાગ્યા વિના છૂટકો જ ન થયો આમ મારે એની સાધના અને શોધમાં ઉતરવું પડ્યું. એ ઉતરવામાં જેટલી મને જરૂર લાગી તેટલું જ મેં વાચ્યું અને જે વાચ્યું તેમાંથી ઉપયોગી લાગ્યા તેટલા સંસ્કારો લઈ લીધા, બાકીનું છૂટી ગયું.

આટલી મર્યાદાઓ સાથે મારે આપની સેવા કરવાની છે અને તે માટે મારે ૪૦–૪૫ મિનિટથી વધારે સમય લેવો તે પણ યોગ્ય નહિ થાય. ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિષયોમાં કેટલાયે પ્રશ્નો આજે વિદ્વાનોને મૂંઝવી રહ્યા છે. કેટલાક વિષયો પર મારા વિચારો સાધારણ રીતે આજે જે માન્યતાઓ પ્રચલિત છે તેથી જુદી દિશામાં વહે છે આ બધાની સવિસ્તર ચર્ચા કરવી શક્ય નથી આથી, મેં એવો વિચાર કર્યો છે કે મારા મતવ્યોને દલીલો વિના, ટૂંકામાં સૂત્રરૂપે, આ ભાષણના પરિશિષ્ટરૂપે આપની આગળ મૂકી દેવા, અને તેની પ્રસ્તાવનારૂપે કેટલાક વિચારો રજૂ કરવા. સમય હોય અને શ્રોતાઓ કંટાળ્યા ન હોય તો તે ઉપર કાંઈ પ્રશ્નોત્તરી થઈ શકે

પાશ્ચાત્ય સંસ્કૃતિ ભૌતિક અથવા આસુરી છે, અને પૂર્વની અથવા આર્યોની સંસ્કૃતિ આધ્યાત્મિક અથવા દૈવી છે હિંદુસ્તાનની પ્રજા બહુ ધર્મપરાયણ છે અને એ જ એની પડતીનું કારણ છે, વગેરે વગેરે કહેવાનો આપણા દેશમાં શિરસ્તો છે હું આવું માનતો નથી એમ કહેવાથી કોઈને આઘાત પહોંચે તો મને ક્ષમા કરશો. એ વાત સાચી છે કે વેદાન્તની ભાષા અને અતિવાક્યો (સોગનો) આપણા દેશના ખૂણે ખૂણામાં પ્રસરી ગયાં છે, ચોમાસાના ઘાસની પેઠે આપણા દેશમાં સંપ્રદાયો ઊગી નીકળે છે, સાધુઓનાં ટોળાં આખા દેશમાં ફરી આવે છે, રાજકીય આગેવાનો કરતાં બ્રહ્મજ્ઞાનીઓની સંખ્યા વધારે હોવાનો સંભવ છે, અને સંસારનાં દુઃખે દાઝેલા કેટલાએ લોકોને ભરતારુણ્યમાં વૈરાગ્ય આવી જાય છે છતાં મને લાગે છે કે કંઈ નહિ તોયે, હજારેક વર્ષથી આપણા દેશમાં ધર્મનો હ્રાસ થઈ ગયો છે, તત્ત્વની કહો કે ઈશ્વરની કહો, પ્રાણવાન નિષ્ઠાનો ઘણે અંશે લોપ થઈ ગયો છે અને આપણી સંસ્કૃતિમાં નથી અધ્યાત્મનું, નથી ધર્મનું, કે નથી ભૌતિક વિદ્યાનું યે બળ રહ્યું. પણ અધ્યાત્મનો વાઘો પહેરેલી ક્લોરોફોર્મ સૂંઘતી પડેલી કોઈક સંસ્કૃતિનું શરીર પડેલું છે આવા મોટા દેશમાં વચ્ચે વચ્ચે કબીર, નાનક સહજાનંદ દયાનંદ કે ગાંધીજી જેવી બેચાર ચેતનાગ્ર વ્યક્તિઓ નીકળી આવે અને સમાજને ખળભળાવી મૂકે એ કાંઈ મોટી વાત ન કહેવાય પણ એમનો દરેકનો ફાળો જોશું તો માલૂમ પડશે કે એમણે પ્રચલિત તત્ત્વજ્ઞાન કે ધર્મમાં નવો ફાળો આપ્યો છે તે કરતાં તેના પર પ્રહારો જ વધારે કર્યા છે જેમ ખેતરમાં પેંડનો દાભ કેવળ ઉપર ઉપરથી વાઢવાથી જતો નથી પણ તેને ખોદી નાખવો અને બાળવો પડે છે, તેમ તત્ત્વજ્ઞાન અને ધર્મના ક્ષેત્રમાં પેંડના દાભને ઉખાડવા તેમનામાંના કેટલાકે પ્રયત્ન કર્યો અને તેમાં જ તેમનું આખું જીવન ચાલ્યું ગયું

એમાંથી કાંઈ પાઠ લેવાનો એમને પોતાને ભાગ્યે જ અવસર મળ્યો. એમની પછીનાઓએ તો થોડા જ વખતમાં પાછો એટલો ને એટલો દાભ વધાર્યો.

હિંદુસ્તાનમાં દેખાતા ભક્તિભાવ વિષે કબીર એક પદમાં કહે છે :—

पसी दिवानी दुनिया
भक्तिभाव नहि बूजेजी ।
कोई आवे तो बेटा मांगे
यही गुंसाई दीजेजी ।
कोई आवे दु:ख का मारा
हम पर किरपा कीजेजी ।
कोई आवे तो दौलत मांगे
भेट रुपैया लीजेजी ।
सांचे का कोई गाहक नाहीं
जूठे जगत खोजेजी ।
कहे कबीर सुनो भाई साधो
अंधों को क्या कीजेजी ॥

પણ અધ્યાત્મ અને ધર્મ સામેના આ પ્રહારો અને આજે યુનિવર્સિટીઓમાંથી નીકળેલા વિદ્વાનોના પ્રહારોમાં ઘણો ફરક છે. સંતોએ પોતાના દેશના લોકોને વધારે નજીકથી, અને ઊંડાણથી જોયા હતા, અને પોતે ક્લોરોફોર્મના ઘેનનો અનુભવ લઈ ચૂકેલા હતા. એટલે એમનો પ્રયત્ન ક્લોરોફોર્મ ઉતારવાનો હતો. અર્વાચીન વિદ્વાનો આમ માનતા નથી તેઓ ધારે છે કે જો અધ્યાત્મ અને ધર્મનો પાશ ફાડી નાંખવામાં આવે તો ક્લોરોફોર્મ ઉતરી જાય અને આપણી પ્રજામાં નવો પ્રાણ આવી જાય. આ કપડાં બદલીને સાહેબ બનવા જેવું છે. એથી 'સાહેબ' કહેવાઈ જઈએ ખરા, પણ મનમાં જો હીનતાનો સંસ્કાર રહી ગયો હોય તો ગોરા સાહેબ આગળ તેજોહીન થઈને જ ઊભા રહેવું પડે.

બધી જાતની જ્ઞાનપ્રાપ્તિમાં મસ્તીનો એક કાળ આવી જાય છે. નવું અંગ્રેજી શીખતો છોકરો માને 'બ્રિંગ વૉટર' 'મી વૉન્ટ હૉટ હૉટ બ્રેડ' ના હુકમો છોડે છે; પછી સંસ્કૃત શીખવા માંડે છે ત્યારે 'જલં આનય' 'ઉષ્ણા ઉષ્ણા ગોધૂમ પત્રિકાં પચ' હુકમ કરે છે. તેવો જ મસ્તીનો કાળ તત્ત્વજ્ઞાનમાંયે આવે છે. 'હું બ્રહ્મ છું, હું આ વિશ્વનો આત્મા છું હું જ રામ છું, હું જ કૃષ્ણ છું' એવું એવું બોલતો આનંદમાં ડોલવા લાગે છે. ભૌતિક વિદ્યાઓમાં યે એવી મસ્તી ચડે છે. જેમ કોઈ ભક્ત 'રામ રામ' કે 'શિવ શિવ' કહે છે, તેમ તે 'અણુ, અણુ, અણુ,' કે 'મેટર, મેટર,' કહે છે. પણ મસ્તી એ ક્યારેય જ્ઞાન નથી. એ અપચાની નિશાની છે. આત્મામાં મસ્તીને માટે મને ક્યાંય અવકાશ દેખાતો નથી જો હું આત્મા કે બ્રહ્મ છું, તો બાકીનું જગત શું ઠીકરું છે? જો હું જ રામ છું, કૃષ્ણ છું, ઈશુ છું, મહમ્મદ છું, તો જગતનાં બીજાં પ્રાણીઓ શું છે? અને શું કામ કોઈને એમ કહેવાની મસ્તી નથી આવતી કે 'હું જ રામો ભંગી છું, હું જ કાનો ચમાર છું, 'જગતની હીનમાં હીન વસ્તુ હું જ છું'? આખુંયે જગત એક જ ચૈતન્ય-તત્ત્વ છે એમ દૃઢ પ્રતીતિ થઈ હોય તો બ્રહ્માનંદની ખુમારી માટે ક્યાં અવકાશ રહે છે? ચિત્તમાં હું અને બ્રહ્મ બન્નેને એકી વખતે રહેવાને જગા જ ક્યાં છે?

હકીકત એ છે કે આપણા પૂર્વજોએ આખા જગતમાં એક અખંડ, અવિનાશી, અમેય ચૈતન્યનું અસ્તિત્વ શોધ્યું, પણ આપણે એને એવી રીતે સાધ્યું કે જેથી આપણું પ્રત્યગભિમાન ટળવાને બદલે ઊલટું પાકું થયું. આપણે રીઢા વ્યક્તિવાદી બન્યા. જેને પોતાના જ હિતની વધારે લાગે અને જગતની બિલકુલ ન લાગે તે વધારે સાચો મુમુક્ષુ કહેવાય.

ભક્તિમાર્ગ પર પણ આપણે જે રીતે તત્ત્વજ્ઞાનને સાધ્યું તેનું, પરિણામ સારું નથી આવ્યું. એથી ભક્તિમાર્ગ કૃત્રિમ તો બન્યો જ; પણ વ્યભિચારીયે બન્યો. એકેશ્વરનિષ્ઠા, અનન્યાશ્રય, એકાંતિક ભક્તિ, અહૈતુકી ભક્તિ વધવાને વાતાવરણ જ ન રહ્યું. વૈદિક દેવો કરતાં યે દેવોની સંખ્યા વધી ગઈ, અને ગુરુશાહીને માટે માર્ગ મોકળો થયો તે જુદો. "ડાકી કે શ્રીકૃષ્ણ દેવ, ઔર કી જો કરું સેવ, કાટી ડારો કર મેરો તીખી તલવાર

સે" એ તો અનન્યના કોઈક વ્યક્તિઓની જ વિશિષ્ટતા બની, અને તે કેટલાકના મત પ્રમાણે અનુદારતામાં ગણાય છે. જ્ઞાની તો બધાનાં સ્તોત્રો રચે, અને બધાને પૂજે અને બધાનો મહિમા વધારે, અને બીજી જ ક્ષણે "કોણ દેવ અને કોણ ભક્ત, બધો જ અજ્ઞાનીઓનો આચાર છે" એમ કહે.

આ સ્થિતિમાં તત્ત્વજ્ઞાન અને ધર્મ મૂઢ, અવિકાસશીલ અને પ્રગતિવિરોધી બની જાય તેમાં આશ્ચર્ય નથી.

શ્રી શંકરાચાર્યે જે રીતે અનુભૂતિમાત્ર આત્માનું નિરૂપણ કર્યું છે, અને શ્રી વલ્લભાચાર્યે જે રીતે જગતને બ્રહ્મરૂપે વર્ણવ્યું છે, તે મને ઘણે અંશે માન્ય છે. પણ એમના માયાવાદ અને લીલાવાદ મને સ્થૂળ કે સૂક્ષ્મ એકે અવલોકનમાં સાચા લાગતા નથી. એના કરતાં શ્રી રામાનુજનું "જડ અને જીવ રૂપી શરીરધારી બ્રહ્મ"નું નિરૂપણ વધારે સરળ અને કમમાં કમ સ્થૂળ અવલોકનમાં સાચું લાગે છે. "શરીરધારી" ને બદલે "રાભાધા।" કહીએ તો ગીતાના સાતમા અધ્યાયના નિરૂપણને એ મળતું રહે છે. જેમ વ્યવહારદૃષ્ટિએ વેદાંતને માધ્વનું નિરૂપણ લગભગ આખું યે સ્વીકારી લેવું પડતું છે, તેમ શાંકરવેદાંતીને તેમ જ વલ્લભવેદાંતીને જગતના વ્યવહારોમાં વિશિષ્ટાદ્વૈત ભૂમિકા જ રાખ્યે છૂટકો છે. વિશિષ્ટાદ્વૈત એટલે આકાશ જેવું એક નહિ, ધોળા અને કાળા જેવું દ્વૈત નહિ, પણ કડું અને કુંડળ જેવી વિશેષતાવાળું અદ્વૈત. બીજી રીતે બોલીએ તો સમાનતાવાળું દ્વૈત એમ પણ કહેવાય. "હું જ રામ અને કૃષ્ણ છું," કે "હું જ ગમો ભંગી કે કાળો ચમાર છું," એ બને અધ્યાસયોગ છે; કલ્પનાનો વિહાર છે, સાક્ષાત અનુભવ નથી. પણ જે રામ છે, જે કૃષ્ણ છે, જે ભંગી છે, જે ચમાર છે, તથા જે હું છું, તે સૌ એક જ પરમ ચૈતન્યના રૂપો અને ઘટકો છીએ અને અનેક રીતે એક જ શરીરના અવયવોની જેમ એકબીજા સાથે જોડાયેલા છીએ એ અનુભવમાં આવે, વ્યવહારમાં ઉતારી શકાય, અને સાધારણ બુદ્ધિના માણસને સમજાય એવું સત્ય છે. સામી ભીંત જેને દેખાય છે તે, 'દેખાય છે,' એમ કહે તે અજ્ઞાની, 'નથી જ' એમ કહે, છતાં 'છે' એમ માનીને વર્તે તે જ્ઞાની; આત્મામાં અજ્ઞાન વસી શકતું નથી, છતાં અજ્ઞાનને લીધે જગતનો ભાસ થાય છે, અને એ અજ્ઞાનને વાસ્તવિક અસ્તિત્વ નથી; આ ઉપપત્તિએ પરમેશ્વરને એવો ગૂઢ બનાવી દીધો છે કે જે વસ્તુ ખુલ્લી આંખે ચારે તરફ પથરેલી દેખાવી જોઈએ, તે ખોવાઈ ગયેલા જેવી કે કેવળ કાલ્પનિક અને 'મનકા' કરવા જેવી લાગે છે.

"પાની બિચ મીન પિયાસી,
મોહિ સુન સુન આવત હાંસી;
ઘર મેં વસ્તુ નજર નહિ આવત,
બન બન ફીરત ઉદાસી"

આનું કારણ, મને એ લાગે છે કે તત્ત્વજ્ઞાન અને ધર્મનું ખેડાણ આજે કેટલાક સૈકાથી આપણા દેશમાં કેવળ તાર્કિક તથા સાહિત્યિકવિલાસનો વિષય બન્યું છે; શોધનનો નહિ. જેઓ તેનો કેવળ શોખ કે ધંધા માટે જ અભ્યાસ કરે છે, તેઓ ભરી જાય છે, પણ જેઓ સત્યને મેળવવા તેનો આધાર લે છે, તે બાપડા હેરાન થાય છે. શું આશ્ચર્ય કે કબીર જેવા કટાક્ષ કરે છે કે—

"ગૌતમ, કણાદ, કપિલ અરુ શેષ જૈમિનિ વ્યાસ
પડૂ ધીર પડ જાય રથી ડાલે છૂટકો કામ"

તર્કશાસ્ત્રનું કે સાહિત્યનું ખેડાણ જ્યારે એ રીતે થાય કે જે વાત અવિદ્વાન માણસ સહેલાઈથી સમજી જાય, તેને સમજતાં વિદ્વાન મૂંઝાઈ જાય, અથવા બહુ વિસ્તારથી તેને સમજાવવું પડે ત્યારે સમજવું જોઈએ કે ખેડાણમાં ક્યાંક પણ મોટો દોષ હોવાનો સંભવ છે. વિદ્વાનોની ઘણી ચર્ચાઓ આ પ્રકારની હોય છે, જે આપણે સહેલાઈથી જોઈ શકીએ એમ છીએ. દા. ત. કોઈ અ[illegible]ગોની સભાને આપણે પૂછીશું કે ગાંધીજીને સાહિત્યકાર કહેવા કે નહિ, તો તેઓ કહેશે કે અમે તો એમનાં જ લખાણો વાંચીને માર્ગદર્શન મેળવીએ છીએ અને એમના જ લખાણમાં અમને વધારેમાં વધારે

સમજ પડે છે એને જો સાહિત્યકાર ન કહેવાય તો કોને કહેવાય? ત્યાં, વિદ્વાનોની સભામાં આ પ્રશ્ન પર ઓછામાં ઓછી બે દિવસ ચર્ચા કરવી કઠણ ન પડે, અને એમ બને કે અંતે બહુમતે એવો નિર્ણય થાય કે ગાંધીજી લેખક તો ખરા પણ સાહિત્યકાર ન કહેવાય!

એ જ રીતે કોઇ અવિદ્વાનને આપણે પૂછીશું કે ગળપણ એટલે શું, તો તે કહેશે કે ગોળ જેવો સ્વાદ તે ગળપણ. તે માની લેશે કે કાં તો તમે ગોળ ચાખેલો છે, અથવા ચાખીને જાણી લેશો. એને જો વધારે પૂછશું કે ગોળ ગળ્યો કેમ લાગે છે, તો ઝાઝી ચોળાચોળ કર્યા વિના ઉત્તર આપશે કે એ એનો સ્વભાવિક ધર્મ જ છે. પણ જો કોઇ વિદ્વાનને એ પ્રશ્ન પૂછીશું તો તે ખૂબ વિચાર કરીને કદાચ આવો જવાબ આપશે: "પદાર્થોમાં રહેલા કેટલાંક કાર્બોહાઇડ્રેટ તથા કેટલાક મન્નાઇડ રસાયનોનો જીભની ત્વચામાં રહેલા અમુક ચોક્કસ રસાયનો સાથે સંબંધ થવાથી જીભના જ્ઞાનતંતુઓ પર જે અસર થાય છે, તે ગળપણને નામે ઓળખાય છે એટલે એવી જ અસર શું કામ થાય છે તે વિષે હજુ ચોક્કસપણે જાણી શકાયું નથી." આ ઉત્તર બાપડા અવિદ્વાનને તો સમજાશે જ નહિ, અને વિદ્વાન સમજીને અવિદ્વાન કરતાં જ્ઞાનમાં વધારે આગળ વધશે નહિ.

એજ પ્રમાણે કોઇ અવિદ્વાનને આપણે પૂછીશું કે પાપ શું છે અને તે કેમ થાય છે, તો તે કહેશે કે આપણી વિવેકબુદ્ધિ અને અંતઃકરણ જે ન કરવાનું કહે તે કરવું તે પાપ; અથવા, બીજાને અન્યાય કે પીડા થાય તેવું કરવું તે પાપ. અને તે આપણામાં રહેલી કામ, ક્રોધ, લોભ વગેરેની બળવાન વાસનાઓને લીધે થાય છે. સાધારણ જિજ્ઞાસુ, પણ અવિદ્વાન માણસ આટલા નિરૂપણમાંથી વ્યવહારોપયોગી નિયમો બનાવી લેશે. પણ કોઇ વિદ્વાનને એ પ્રશ્નો પૂછીશું તો કહેશે કે પાપના સ્વરૂપ વિષે વિદ્વાનો હજુ સંશોધન કરી રહ્યા છે અને કોઇ નિર્ણય ઉપર આવી શક્યા નથી; કારણ પાપ-પુણ્ય સાપેક્ષ છે કે નિરપેક્ષ, સાર્વદેશી અને સર્વકાલીન છે કે દેશકાલાનુસારી છે એ પ્રશ્નોનો હજુ ચોક્કસ નિર્ણય થયો નથી. એ શું કામ થાય છે એ કહેવું તો એથી યે મુશ્કેલ છે. કારણ કે કામ-ક્રોધ-લોભ વગેરે વૃત્તિઓ ખરાબ જ છે એમ એમાં ગૃહિત કરી લેવું પડે છે, એને માટે આધાર નથી આમ વિદ્વાન મૂંઝાઇને ઊભા રહે છે. અવિદ્વાનને એથી મૂંઝવણ થતી નથી. કારણ કે એ જાણે છે કે જેમ માણસમાં ધોળું અને કાળું પારખવાની કુદરતી નેત્રની શક્તિ છે, તેમ કામ-ક્રોધ-લોભ વગેરેની યોગ્ય અને અયોગ્ય વૃત્તિઓ કઇ તે પારખવાની પણ કાંઇક કુદરતી શક્તિ રહેલી છે. તેના નિર્ણયો પર આધાર રાખી જીવનનાં સામાન્ય કામો ઉકલી જાય છે. જેમ અમુક રંગને લાલ કહેવો કે લીલો કહેવો એવી મૂંઝવણ કોઇક જ વાર થાય છે, તેમ અમુક કામને પાપ કહેવું કે પુણ્ય કહેવું, એની મૂંઝવણ રોજરોજ થતી નથી. તેવે વખતે કોઇ વધારે અનુભવી અને શાણાને પૂછીને નિર્ણય કરી લેશું.

સહેલી વસ્તુને કઠણ કરવાની કળા તત્ત્વજ્ઞાન અને ધર્મની બાબતમાં સારી પેઠે થયેલી છે, અને ઘણા ધાર્મિક ઝગડાઓનું મૂળ આ કળાને આભારી છે. વસ્તુ પ્રત્યક્ષ અનુભવથી કે પ્રયોગ કરીને જાણવાની હોય તેનો વાદવિવાદથી જ નિર્ણય કરવા પ્રયત્ન કરીએ તો આવું જ પરિણામ આવે. બીજા ચાર્લ્સની એક વાત છે. એણે રોયલ સોસાયટી આગળ એક કોયડો રજૂ કર્યો કે છલોછલ ભરેલા પાણીના વાસણમાં મૂએલી માછલી મૂકીએ તો થોડું પાણી ઢોળાઇ જાય છે, પણ જીવતી માછલી મૂકતાં નથી ઢોળાતું તેનું શું કારણ? કહે છે કે રોયલ સોસાયટીના વિદ્વાનોએ એને માટે અનેક પ્રકારના ખુલાસાઓ લખી મોકલ્યા. પણ કોઇને એમ ન સૂઝયું કે જીવતી માછલી મૂકતા જતા પાણી ઢોળાય છે કે નહિ તેની ખાત્રી કરી લેવી! તેવા જ રીતે તત્ત્વજ્ઞાનના પંચીકરણનો વિચાર લો. આકાશમાંથી વાયુ, વાયુમાંથી તેજ, તેજમાંથી જળ, જળમાંથી પૃથ્વી થાય છે એમ કહ્યાં એક હજાર વર્ષથી આપણે સાંભળતા આવ્યા છીએ

તેના પર મોટાં મોટાં સંસ્કૃત અને પ્રાકૃત વિવેચનો લખાયાં છે. વળી, એક પંચપચીકૃત ગણિત પણ છે. તેમાં દરેક મહાભૂતમાં તે મહાભૂતનો અર્ધો અને બીજા ચારમાંથી દરેકનો આઠમો ભાગ છે એમ કહેવામાં આવે છે. આ કેટલું કાલ્પનિક ગણિત છે! કપિલે, અથવા જે એના મૂળ ઉત્પાદક હોય તેણે, તો કાંઈક અવલોકન પરથી એ કાર્યકારણ પરંપરા ગોઠવી, પણ ત્યારપછી ભાગ્યે જ કોઈએ એમાં સુધારોવધારો કરવાની કે એની સચ્ચાઈની કસોટી કરવાની મહેનત લીધી છે. એને કેવળ વધારે કઠ કરવા માટે જ કલ્પનાવિલાસ કર્યો છે.

એ જ પ્રમાણે સાધારણ માણસને સમજતાં વાર ન લાગે કે જગતમાં ચોકકસ નિયમાધીનતા છે. કુદરતના કેટલાક અચળ કાયદાઓ છે. જગતનું તંત્ર આપણી ધારણા મુજબ ભલે ન ચાલતું હોય, પણ એમાં અનવસ્થા નથી. સૂર્ય પાદડું યે કોઈ નિયમને વશ થઈ પોતાની જગાએથી ખમે છે. છતાં, યોગવાસિષ્ઠના વિદ્વાન કર્તાએ જગત કેવળ માયિક જ છે, એમાં કશી નિશ્ચિત વ્યવસ્થા છે જ નહિ, એમ સિદ્ધ કરવા માટે અરેબિયન નાઇટ્સને યે ભુલાવે એવી એવી અજબ કથાઓ જોડી છે! એણે પથ્થરમાં કમળ ઉગાડ્યાં છે. સાંખ્ય કાર્યકારણપરંપરાથી જુદીજુદી જાતની પરંપરાઓવાળી સૃષ્ટિઓ વર્ણવી છે, કલ્પે કલ્પે અને બ્રહ્માંડે બ્રહ્માંડે રામ કૃષ્ણાદિકના અવતારોની આવૃત્તિએ બહાર પાડી છે, અને સંયમી-સ્વચ્છંદી, ડાહ્યા-ગાંડા, દૈવી આસુરી બધી જાતના બ્રહ્મનિષ્ઠો સમાજ આગળ મૂકવા છે. બાપડા માણસે આ બધાનાં વારંવાર શ્રદ્ધાપૂર્વક પારાયણ કરવાં, અને એ બધું એમ જ છે એમ પોતાની બુદ્ધિમાં પેસાડવા પ્રયત્ન કર્યા કરવો અને પોતાને એ શંકાઓ ઊઠે અને અનુભવમાં ન ઊતરે ત્યારે પોતાની સાધનામાં ખામી સમજી ઉદ્વેગ કર્યા કરવો! જે આ બધનું બરાબર શાસ્ત્રની રીતે નિરૂપણ કરી શકે તે આપણા દેશમાં બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ બને!

તત્ત્વજ્ઞાનમાં સૂક્ષ્મતા અને કઠણતા છે ખરી. બુદ્ધિને ન સમજાય અથવા મુશ્કેલીથી સમજાય એવી ઘણી વિદ્યાઓ જગતમાં છે, તત્ત્વજ્ઞાન જ છે એમ નહિ. પણ એને જ ગૂઢ-મિસ્ટિરિયસ-મનાવવા અથવા બનાવવાના જે પ્રયત્નો થાય છે, એમાં મને રુચિ નથી. સ્વામિનારાયણ સંપ્રદાયમાં એને 'ખૂણિયું જ્ઞાન" કહે છે. છાની રીતે શિષ્યને અનુગ્રહરૂપે આપવાનું. એવા ખૂણિયા જ્ઞાન પ્રત્યે શંકાની નજરે જોવાય છે. એમાંની ઘણી ગૂઢતા તો માત્ર શબ્દાડંબર વધારીને જ કરવામાં આવે છે. ત્રણ દેહ, ત્રણ અવસ્થા, તેના ત્રણ અભિમાનીઓ, ત્રણ સૃષ્ટિ, ત્રણ સૃષ્ટિની અવસ્થા અને તેના અભિમાની ત્રણ ઈશ્વરો, ચાર વ્યૂહ, પાંચ કોશ, સાત ભૂમિકાઓ, ચૌદ પ્રકારનો બ્રહ્માનંદ, સ્વર્ગ, વૈકુંઠ, ગોલોક, અક્ષરધામ, જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ-પરબ્રહ્મ, જીવ-મુક્તિ-વિદેહ મુક્તિ વગેરે વગેરેનો પાછળ કેટલો શબ્દવિલાસ થયેલો છે! હમણાં મનુષ્યોના પ્રાણમય મનોમય-વિજ્ઞાનમય વગેરે કોશોનો ક્રમે વિકાસ થયો છે, એનો નિર્ણય કરવો તો કઠણ છે, પણ આ મય કોશો પર મારે આફત છે, એ સમજવું કઠણ નથી, અને આ શબ્દવિલાસ એ કોયડો ઉકેલવામાં ઝાઝો ફાળો આપતો નથી. આ બધામાં કાંઈ જ વિચારવા કે સમજવા જેવું નથી એમ નહિ પણ એની આજુબાજુ જે ગૂઢતાનું ધુમ્મસ પથરાય છે, તેથી તત્ત્વજ્ઞાન કે ધર્મને લાભ થતો નથી.

આજ પ્રમાણે ધર્મનિરૂપણમાં મૂળને છોડી શાખાઓને પોષવાનો અને તેને ચમત્કારોનો શણગાર ચડાવવાનો આડંબર થયો છે. અઢી હજાર વર્ષ પૂર્વે બુદ્ધે લોકો આગળ પાંચ વ્રતો મૂક્યાં હતાં: દારૂ ન પીવો, હિંસા ન કરવી, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો અને અસત્ય ન બોલવું. બૌદ્ધધર્મમાં આનાથી વધારે ગહન વિચારો અને વિભાગો પણ છે. એનું એક જુદું તત્ત્વજ્ઞાન પણ છે. પણ આ પાંચ નિયમો મહાયોગી પર સાર્વજનિક ઉપદેશ છે. એ ઉપદેશ થયાને ૨૫૦૦ વર્ષ થઈ ગયાં પણ મવાલો વગેરે પર થઈ ગયેલા સ્વામિનારાયણને પણ

દારૂ, માંસ, ચોરી, અવેરી, ચારનો ત્યાગ કરી"

ભજી લ્યોને સહજાનંદ હરિ" એવા ઉપદેશથી ગુજરાત કાઠિયાવાડની આમપ્રજામાં પોતાની પ્રવૃત્તિ ચલાવવી પડી. પાંચમાંથી એક ઓછું કરવું પડ્યું. અને તે ચોવીસસો વર્ષ પછી ! પણ આજે યે શું સ્થિતિ છે? વધારેમાં વધારે દારૂ છોડવા આપણે લોકોને કહી શકીએ છીએ. માંસાહારનો નિષેધ કરવાની આજે આપણી હિંમત નથી. ઉલટું, શાકાહારીઓમાંયે એનો પ્રચાર થવાનાં ચિહ્નો દેખાય છે. દવાને નામે તો લેવાય છે જ. વ્યભિચાર અસત્ય અને ચોરી પ્રત્યે તો લગભગ આંખ મીચામણાં કરીને જ ચાલવું પડે છે, આ સ્થિતિમાં આમપ્રજા માટેનો ધર્મોપદેશ કેટલી બાબતોમાં મર્યાદિત હોવો જોઈએ તેની કલ્પના કરી જોઈએ.

દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર, અને અસત્ય—એ બાબતોમાં વિદ્વાનો અને સંસ્કારી કહેવાતા વર્ગો અવિદ્વાનો અને અસંસ્કારી લોકોથી વધારે ચઢિયાતા હોય છે એવું કાંઈ નથી. છતાં, જો કોઈ ધર્મોપદેશક આટલી જ વાતો પર ભાર મૂકી વિદ્વાનો આગળ વ્યાખ્યાન કરે તો તે પ્રતિષ્ઠા મેળવી શકે નહિ. આથી મૂળાને છોડી શાખાઓને પોષવાના ધર્મવિવેચકોએ ખૂબ મહેનત કરી છે ખાદ્ય પાકો ક્યાં,—અખાદ્ય ક્યાં, એઠું શું—ચોકખું શું, કોણ સ્પૃશ્ય—કોણ અસ્પૃશ્ય, વગેરેનું ઝીણું વિવેચન કરે, નહાવાથી, ખેતી કરવાથી, સાંજ થયા પછી જમવાથી, વગર ઉકાળેલું પાણી પીવાથી તથા ચાલીને જવાથી કેટલી હિંસા થાય તેની ઝીણી સમીક્ષા કરે, પણ ધર્મના મૂળાને બેધડક ઊખાડે. એટલે કે ચોરી, વ્યભિચાર, અસત્ય, માનવહિંસા કે મોતી કે રેશમ જેવી ધનદાયી વેપારની હિંસા પર મૌન રાખે. છતાં, ધર્મને આપણે કેટલો સૂક્ષ્મપણે વિચારીએ અને પાળીએ છીએ તેનું આપણને અભિમાન લાગે. કેટલી વિકૃતરીતે આપણે વિચાર કરતાં શીખ્યા છીએ તે આ બતાવે છે.

આપણે કોઈ ધાર્મિક પુરુષના જીવનચરિત્ર, તથા સંપ્રદાયનાં પુસ્તકો જોઈએ. એમાંથી સાચા કે બનાવટી ચમત્કારોની વાતો, પૂજાઓ, પારાયણીઓ, જમણવારો, શૃંગારો વગેરેનાં વૃત્તાંતો કાઢી નાંખીએ અને ચરિત્રનાયકનો કેવળ ઇતિહાસ અને એનાં ચારિત્ર અને ગુણો ચિત્ર જોવા પ્રયત્ન કરીએ. કરી જોશો તો ખબર · કે ધૂળમાંથી કણ શોધવા જેટલું એ કઠણ કામ છે અને છતાં આપણે ક્યાંય ભૂલ્યા નહિ હોઈએ ? ખાતરી નહિ લાગે.

આ હકીકત આપણા જ દેશની છે, એમ કહેવાનો મારો આશય નથી. સર્વ દેશોનાં તત્ત્વજ્ઞાન અને ધર્મમાં આ દૂષણો પેઠેલાં છે. પણ આપણાં તત્ત્વજ્ઞાન અને ધર્મવિચાર જગતમાં સૌથી શ્રેષ્ઠ છે એવો આપણો દાવો છે. તો આપણે માટે તો આ દૂષણો વધારે લજ્જાસ્પદ છે, અને તેનું સંશોધન વધારે આવશ્યક છે.

વિદ્વાનોને મૂંઝવનારા અનેક પ્રશ્નોપૈકી પરમેશ્વર છે કે નહિ, અને છે, તો જગતમાં અન્યાય, દુઃખ વગેરે શું કામ છે, એ બે પ્રશ્નો પણ છે. એની પૂરી ચર્ચા અહીં કરવી મુશ્કેલ છે. એકાદ નાનાં પુસ્તકદ્વારા એ વિષય ચર્ચવાની હું ઇચ્છા રાખું છું. પણ એ તો બને ત્યારે ખરૂં. અહીં તો આટલું જ કહું :

પરમેશ્વર છે કે નહિ એ પ્રશ્નનો કેવળ તર્કથી નીવેડો લાવવા માગીએ તો તે ક્યારેય આવી શકે એમ નથી. એમાં અનુભવશુદ્ધિ, વિચારશુદ્ધિ અને ભાષાશુદ્ધિ, તથા પહેલી એના પાયારૂપે ભાવનાશુદ્ધિ એ ચારેની અપેક્ષા છે. જગત એકલું જડતત્ત્વનું બનેલું છે, કે જડ અને જીવ બે તત્ત્વોનું છે, કે તે ઉપરાંત એક પરમાત્મા તત્ત્વ પણ છે. કે પુરુષે નથી, પ્રકૃતિએ નથી. કેવળ શૂન્યમાંથી જ સર્વ થયું છે; વળી, એ આત્મા કે પરમાત્મા (બેમાંથી જે હોય તે) સગુણ છે કે નિર્ગુણ, કર્તા છે કે અકર્તા, એ બે વચ્ચે દ્વૈત છે, અદ્વૈત છે કે વિશિષ્ટાદ્વૈત છે, એવાએવા પ્રશ્નો તત્ત્વજ્ઞાનને માર્ગે જનાર દરેકને ઊઠે જ છે. પ્રાચીનકાળથી એ પ્રશ્નો ચર્ચાતા આવ્યા છે અને ચર્ચાશે. જગતમાં પરમેશ્વર છે તો દુઃખ અને અન્યાય શું કામ છે, એનો ઉત્તર પણ એ મૂળ પ્રશ્નના યોગ્ય નિકાલ સાથે સંબંધ રાખે છે. જેઓને એ શંકાઓ પ્રામાણિક શોધન દરમ્યાન ઊઠે છે, તેઓમાં તેની પરસ્પર ચર્ચા થાય, તોયે

ઝગડા થવાનું કાંઈ કારણ નથી પરમેશ્વરના અસ્તિત્વ વિષે અશ્રદ્ધા થવાથી જ કોઈ તત્ત્વજિજ્ઞાસુ દુરાચારી થઈ જતો નથી. પરમેશ્વરમાં શ્રદ્ધા હોવા જેટલી જ મહત્ત્વની વસ્તુ માણસમાત્રમાં શ્રદ્ધા હોવી એ છે. જેને માનવ્યમાં શ્રદ્ધા નથી તે પરમેશ્વરનું અસ્તિત્વ સ્વીકારે કે ન સ્વીકારે એ નાસ્તિક જ છે. તેઓને આ પ્રશ્નો અવશોધનમાં ઊંડેલા હોતા નથી, પણ વ્યક્તિગત પ્રેરશોધનને અનુકૂળ કરવા તેનું ઓથું લીધેલું હોય છે

ધાર્મિક ઝગડાઓને તપાસીશું તો માલમ પડશે કે બધા ધર્મો અનેકેશ્વરવાદી છે એમાં પહેલો ઈશ્વર બધા ધર્મોમાં એક જ છે એનું સ્વરૂપ સદ્રૂપ મનાયું હોય કે અસદ્રૂપ, એની સદ્રૂપતા તેમ જ અસદ્રૂપતા સનાતન અને સ્વાભાવિક સ્વીકારાયેલી છે પણ એ ઈશ્વરની મથે દરેક ધર્મને એક અથવા વધારે બીજા ઈશ્વરો મૂકવા–કહો કે તેના પેશવા અથવા પ્રતિનિધિ મૂકવા–હોય છે, અને ત્યાં કોને મૂકવો તથા કેવા રૂપમા મૂકવો તે માટે તકરાર થાય છે. કારણ કે એને માટે તાગકપણાનો દાવો હોય છે વળી, એ દાવો કરનારાઓને માત્ર પોતાના ઉદ્ધારની ચિંતા હોતી નથી, પણ બીજાના ઉદ્ધારની હોય છે, અને જરૂર પડે તો બળાત્કારે છેતરીને, કે લાલચ બતાવીને પણ તે કરવાનો આગ્રહ હોય છે. આથી, બીજા ધર્મોના હરીફ પેશવાઓને પદભ્રષ્ટ કરવા માટે લડાઈ કરવાની જરૂર લાગે છે જેટલી જે દાદો પોકારવામાં આવે છે તે આ પેશવાઓને નામે જ પોકારવામાં આવે છે એકને શિવની ઉપાસના ચાલુ કરવી હોય છે, બીજાને વિષ્ણુની, ત્રીજાને વિષ્ણુના કોઈ અમુક જ અવતારની, ચોથાને ગણપતિની, પાંચમાને દેવીની, છઠ્ઠાને તીર્થંકરોની. સાતમાને બુદ્ધની, આઠમાને પેગંબરોની, નવમાને મસીહ-ની, અને દસમાને છેલ્લા પેગંબરની જ તે ઉપરાંત હિંદુ-ધર્મમાં જુદા જુદા ગુરુસંપ્રદાયોમાં પોતપોતાના ગુરુ સર્વસ્વ છે હરેકને એમ લાગે છે કે પોતાનો જ પેશવા સાચો છે, બીજા ગૌણાધિકારી, પદચ્યુત થએલા અથવા ઢોંગી છે મરાઠાશાહીના ધીમે ધીમે છત્રપતિના ગાદી ખૂણામાં પડી ગઈ અને પેશવા જ મહત્ત્વના થઈ પડ્યા હતા પછી છત્રપતિને લીધે પેશવાની પેશવાઈ ન રહી, પણ પેશવાને લીધે છત્રપતિની 'સત્ખ્યાતિ' થઈ, અને છત્રપતિની આજ્ઞાઓ કરતાં પેશવાની આજ્ઞાઓનો વધારે ધાક લાગવા માંડ્યો, તેજ પ્રમાણે ધર્મસંપ્રદાયોમાં પરમેશ્વરને લીધે તેના પેશવા નહિ, પણ પેશવાને લીધે પરમેશ્વરને 'સત્ખ્યાતિ' મળે છે, અને ઈશ્વરના નિયમો કરતાં એ પેશવાઓના નિયમોનો વધારે ધાક લાગે છે.

હકીકત એ છે કે માણસને બુદ્ધિ મળી છે તે કેવળ આશીર્વાદ જ નહિ, પણ શાપ પણ છે તેને લીધે એ મૂળને છોડી ડાળીઓમાં ગૂંચવાય છે, અને ધર્મને પાળ-વાના પ્રયત્નમા જ અધર્મ કરવા માંડે છે શું આ એક આશ્ચર્યની વાત નથી કે જુદા જુદા ધર્મોએ ઈશ્વરના સ્વરૂપનો અને ધર્મના વિવિધ અંગોનો ઘણો જ સૂક્ષ્મ વિચાર કર્યો છે, સૂક્ષ્મ જંતુઓનીયે હિંસાનો વિચાર કરી તેનો નિષેધ કર્યો છે, પણ એકે મહાન ધર્મમાં સ્વય મનુષ્યની હિંસાનો સર્વથા નિષેધ કરવામા નથી આવ્યો ? માણસે બીજાં ઘણાં ઘણાં પાપો માન્યાં છે, પણ સ્વજાતિ સંહારમાં ભાગ્યે જ પાપ માન્યું છે તેથી, એક નહિ તો બીજે નિમિત્તે ઐહિક ન મળે તો પારલૌકિક ઊભા કરીને પણ, સ્વજાતિ સંહાર કરવા તત્પર થાય છે 'ચેતન કા ગલા કાટત હૈ, ઘર પત્થરપાહન માનત હૈ' નાસ્તિકતા અને મૂર્તિપૂજાનો નિષેધ કરનારા જગતમાં ઘણા સંપ્રદાયો છે. પણ પોતે નાસ્તિકતા કે બુતપરસ્તીમાં ન પડ્યો હોય એવો એક પણ ધર્મ નથી. કારણ એ છે કે નાસ્તિકતા અને બુતપરસ્તી ઈશ્વર વિષેના જ્ઞાનઅજ્ઞાનમાંથી જ થતાં નથી, પણ સ્વજાતિશત્રુત્વ અને તેની હિંસા કરવાની તત્પરતામાંથી થાય છે, તથા ઈશ્વરની અવેજીમાં કોને સ્વીકારવો તેના આગ્રહમાંથી થાય છે. ચેતન કરતાં જડનો વધારે મહિમા સમજવો, અને જડ પ્રતીકોના આદર માટે ચેતનનો સંહાર કરવો એનું જ નામ નાસ્તિકતા અને બુતપરસ્તી.

(અનુસંધાન પાને ૮૧૪)

બેડીઓ
નવી અને જૂની

શ્રી. ઝવેરચંદ મેઘાણી

જૂની બેડીઓ તૂટી રહી છે હજુ, ત્યાં જ નવી જંજીરો ઘડાઈને તૈયાર થઈ ચૂકી છે. સાહિત્યકાર જૂની પ્રણાલિકાઓને ફગાવતો આવે છે, એટલામાં તો નવા વાદો એને કારાગૃહના દરવાજા પર જ પાછા હાથકડી પહેરાવતા ઊભા છે. સાહિત્યકાર કાલે એક વર્ગના મનોરંજનનું સાધન હતો, આજે બીજો વર્ગ એની પાસેથી ફરમાવ્યા મુજબની ખુશામદ માગતો ભવાં ચઢાવી ઊભો છે. વિચારશક્તિ તારે હોવી ન જોઈએ: અમે એ વિચારો તારે માટે રાંધીને તૈયાર રાખ્યા છે અમે લખાવીએ તે જ અક્ષરો પાડ. અમે તને 'પ્રગતિશીલ'નું બિરુદ પહેરાવશું' આમ શ્રમજીવીઓની સરમુખત્યારી ગઈ કાલના રાજાઓ ઉમરાવોની જોહુકમીની જ જબાન વાપરી રહેલ છે. સાહિત્યકાર, સાવધાન રહેજે.

કલમના કારીગરનો જવાબ એક જ હોઈ શકે: હું આજે એકેય વર્ગની સરમુખત્યારી સ્વીકારવા તૈયાર નથી. મેં રાજ્યાશ્રયને તિલાંજલિ દીધી છે તે નવી સત્તાનું શરણું સ્વીકારવા માટે નથી લીધી. હું સ્વાધીનોનોય સ્વાધીન રહેવા માગું છું. મણિ-મંદિરો મઢાવવાના અભિલાષ મેં ધર્યા નથી મારે કોઈ પણ આશ્રયદાતાનો, વ્યક્તિનો કે સમૂહનો સોનાનો તોડો પહેરવો નથી.

હું એક નાગરિક છું. નાગરિકતાના સ્વધર્મો હું સમજપૂર્વક શીખવા ઊભો છું. પણ મારો સ્વધર્મ રાતો અથવા ત્રિરંગી એકેય વાવટો ફરકાવતા કોઈ સરઘસને મોખરે ચાલવાનો નથી હું એ ઢોલ નગારાં અને શરણાઈના શોર પાછળ ચાલનારા ટોળામાં નથી શામિલ થવાનો. માર્ગને એક ઓટલે હું ખડો છું. સંગ્રામથી બચી છટકવા માટે હું એક કોરે નથી ઊભનો. તમારા સંગ્રામોથી ન્યારો મારો પણ એક સંગ્રામ છે. હું સૈનિક છું એ સંગ્રામનો. એ છે વિચારોનો સંગ્રામ મંથનોનો સંગ્રામ એ સંગ્રામનો હું સૈનિક છું, તેમ રાષ્ટ્રની અવદશાનો તો હું ન છૂટકે જિમ્મેદાર પડેલો જ છું ને!

સાહિત્યકાર, તને ફરમાન થઈ રહેલ છે કે તું ધ્યેયવાદી લખાણો લખવા લાગ. કયું એ ધ્યેય? તો તને જવાબ જડશે કે અમે અમારા 'વાદ' અનુસાર મુકરર કરી ચૂક્યા છીએ તે જ ધ્યેય. તારી સર્વ કૃતિઓની સમાપ્તિ એ અમારા ઠરાવેલા 'ધ્યેય'થી જ થવી જોઈએ. નહિતર!

નહિતર તું પ્રત્યઘાતી છે, પીછેહઠવાદી છે, ગુનામ છે, વિચારોનાં જાગાં વણતો ફરેગીયો છે, અંધ ઉદ્દેશહીન શબ્દ જાદુગર છે બે ને બે ચાર થાય એટલી સહેલી કરી મૂકેલી અમારી વિચારસરણી જો તને માન્ય ન હોય તો અમે તને સામાજિક ફાંસીને લાકડે લટકાવીશું

સાહિત્યકાર, બે ને બે ચાર થાય છે એ વાત ખરી છે, પણ બે ને બે વાળી સંખ્યા વચ્ચે શતાંશો ને સહસ્ત્રાંશોની અટવી આવેલી છે એમાંના એક એક અંશની ભાંજગડનું એકડીયાના આંક ભણતા છોકરાઓને ભાન નથી સાહિત્યને માનવીની માનવતા સાથે કામ લેવાનું છે પ્રત્યેક માનવ રાજદ્વારી ચૂંટણીના મતાધિકારમાં એક એક એકમ લેખે વપરાય છે સાહિત્યકારની સમક્ષ એ તૈયાર પૂર્ણાંક નથી હજારો અસ્ફુટ ઊર્મિઓની લીલાભૂમિ એ અકેક માનવીના અંતઃકરણમાં વિસ્તરી રહેલ છે એને તળીએ જઈ તાગ લેનાર તું મરજીવો બનજે સાહિત્યકાર!

ખેડુ અને મજૂર ગઈ કાલ સુધીના સાહિત્યમાં યે હતો—પણ હતો કેવળ અનુકમ્પાનું પાત્ર આજે એની નવપ્રતિષ્ઠા કરવાની છે સાહિત્યમાં પણ સકળ વીરતાના પૂતળા લેખે નહિ નવી વાર્તાઓનો એ નાયક બને સ્થપાય પણ એ નાયકનો અંજામ હજુ કેટલાક કિસ્સાઓમાં કરુણ જ હોઈ શકે, કેટલાકમાં વિપરિત જ આલેખાઈ શકે ભાગ્યે જ સફળ સંગ્રામ-વિજેતાનું બિરુદ એને પહેરાવી શકાશે

આજનો ખેડુ ને મજૂર હજુ તો કંઈ ભાડૂતી ને કંઈ ભાવના ઘેલા ઉજળીયાતોની આગેવાની હેઠળ ઊઠતો, ઉશ્કેરાતો ઠગાતો અન્યના હિતોનો ઇન્કાર કરતો દોરે તેમ દોરાતો આવેશોના વમળોમાં અટવાતો ગુંગળાતો ઝનૂને ચડતો ને મંદ તો આખરે પાછો પટ કાઈને સમરભૂમિ ત્યજી નાસી જતો જોવાય છે એની સાહિત્યમાં પ્રતિષ્ઠા કરનારી કલમો સચ્ચાઈ પાળીને એના ઊરના આઘાત પ્રત્યાઘાતો આલેખશે તો જ એનું પાત્ર સત્યનિષ્ઠ સર્જાશે—નહિતર તો એ પણ આલેખાશે એના ખેતર વાડીઓમાં ઊભા કરવામાં આવતા નિર્જીવ ચાડિયાના જ જેવો

કયા ધ્યેય પર લઈ જઈને આપણે આજે ખેડુ મજૂરની કથાઓને ખડી કરશું? જગતના પેટમાં રોટી પૂરનારા અને માનવીની નગ્નતા ઢાંકીને એને ટાઢ તડકામાંથી ઉગારી લેનારા કારીગરો 'મારો કાપો'ની કીકીયારી પાડતા સમાજના સ્મશાન પર પોતાનો વિજયધ્વજ રોપી પોતાના વર્ગની સરમુખત્યારી ગજાવી મૂકે, એવી કથા આલેખીએ તો જ શું એ કથા ધ્યેય લક્ષી મનાશે?

સાચું ધ્યેય તો ખેડુત મજૂરને એનું આત્મદર્શન કરાવવાનું હોવું ઘટે તું તીર છે, તું જગતનો પોષક અને પાલક છે, તને બીજાઓએ લૂંટી ખાધો છે, એટલું તો સાહિત્યની ગાગની ઘટના પણ એને કહી શકે છે એક હતો ખેડુત, એને એના શાહુકારે ફોલી ખાધો, રંગી ખેડુને એના લોહીમાં પોતાની લાકડી ઝબોળીને સામુદાયિક બળવો પુકાર્યો, બળવાના મહા મગરો સામે શમકો નમી પડ્યા ને ખેડુનું શાસન સ્થપાઈ ગયું એટલે ખાધું પીધું ને રાજ કીધું જાહેર કરનારી કલમો ડાતાહોમી જ કરે છે નિરાંત હડતાલો સળગાવીને મજૂરો કારખાનાં કબજે લઈ પોતાનું 'સોવિયેટ' રચી નાખે છે એવું આલેખન પણ મજૂર-જગતના પરિવર્તનનો એક ઘા સુદ્ધાં માંડી શકશે નહિ.

આજની કૃતિઓનો વાર સમસ્ત જનસમૂહને —mass ને આ લેખવો હશે તો તો એ આલેખનારી કલમોએ સમૂહના મનોવ્યાપારો મથનો મહાશયો દુરાશયો, સાચાં અને જુઠાં બંનેનું સાચું પૃથક્કરણ કરવા જેટલો અનુભવ માગશે એ અનુભવોના ચરૂને સંવેદનની ભઠ્ઠી પર ચડાવવો પડશે એની વાર્તા આલેખવા બેસનાર હૃદયોએ એની પછાડે વલોવાઈ જવું પડશે બે ને બે ચાર જ્યાં જલદી થઈ જતું નથી એવા સરવાળા બાદબાકીઓની દુનિયા છે એ દુનિયા સાચા જીવાતા જીવનની છે તેમાં બેમાં બે ઉમેરવા જતાં ઘણીવાર સહસ્રનો આંકડો નીકળે છે ને ઘણીવાર શૂન્ય જ રહે છે

પ્રગતિશીલતા ક્યાં છે? કેવીક છે? પીછેહઠ થઈ છે

કોઈને? પોપટજીઓ પઢે છે, પણ પોતે જે બોલે છે તે જ વાણી સમજી શકતા નથી. પ્રગતિશીલતાની કસોટી હમણાં હમણાં નકારાત્મક બની છે; જેમાં આ નહોય તે ન હોય, ફલાણું ને ઢીંકણું નહોય તે પ્રગતિશીલ. અર્થાત્ પ્રગતિશીલતા આજે એક ચાળણી બની છે. પણ એમાં કાંકરા અને દાણા બેઉ જુદા પડી શકે તેવાં કાણાં નથી લાગતાં.

પ્રગતિશીલ કયું સાહિત્ય? જેમાં લખનારના અંતરની સચ્ચાઈ ટપકી હોય તે સાહિત્ય. રણકાર જ આપોઆપ કરી દેશે કે રૂપિયાની અંદર બનાવટ છે કે પ્રમાણસરનું ધાતુમિશ્રણ જ છે. અંતરમાં પૂર્ણ પ્રતીતિ થઈ ચૂક્યા પછી જે જે કલમમાંથી ટપક્યું હશે તેના જ અંશો પ્રગતિશીલ હશે. બનાવટ હશે તો ગમે તેવું કુશળ કલાવિધાન એને છુપાવી શકશે નહિ. કળાને અને કથનના આત્માને જુદાં અંગોરૂપે ઓળખવાની ભૂલ જબરી પ્રવર્તી રહી છે. Window-dressing ને કળા કહેશો નહિ, કળા માનશો નહિ.

એક પાનું યા ભલે સફળપણે આલેખવું હોય તો પાંચસો પાનાં આલેખવા જેટલા અનુભવ, સંવેદન અને વિચારની સામગ્રી સાહિત્યકાર પાસે જમા થવી જોઈએ. સાહિત્યકારની સામે પ્રશ્ન એ નથી કે તું પ્રગતિશીલ છે? પ્રશ્ન તો આ છે કે તારી અનુભવ-મૂડી કેટલી છે? તારી પાસે વિચાર અને ઊર્મિઓનાં મંથન કેટલાં છે? તારી પાસે સંયમપૂર્ણ શબ્દનું જરી-ભરત કરવાની માનસિક કારીગરી કેટલી છે? તારાં વાક્યો મનોવ્યથાના કેટલા ઊંડાણમાંથી નીકળે છે? તેં માનવીની માનવતાનું દર્શન કર્યું છે? આજની ભૂમિકા—અને કે સદાની સાહિત્યભૂમિકા માનવતા Humanism જ રહેશે, અન્ય સૌ 'isms' એ એક Humanism ની જ અમલગીરીએ ચડી ચડી સાહિત્યકારના મનોરાજ્યમાં આકાર ધરશે. એ 'માનવતા'ના ધાતુ-ઓગાળણમાંથી રાજા, અમીર, મજૂર, ચોર, ગરીબ, કે ધનવાન પણ બાતલ નહિ રહે. એક જ ભઠ્ઠીની આંચમાં ઊકળીને એ સર્વની જે એકરસતા થશે તે માનવતાની જ એકરસતા હશે.

ગાંધીવાદી વાર્તાઓ, સમાજવાદી કવિતાઓ, મૂડીવાદી કૃતિઓ, જૂનવાણી કલા ને નવસર્જનની કલા, આ પણ ખોટા વિભાગો છે. ગાંધીની ખાદી અને પૂણી, કુરડના ચોખા અને તકલી-રેંટીયા વગેરે કોઈપણ વાર્તા કે કવિતાના વિષયો બની શકે નહિ. અખિલ હિંદ ચરખાસંઘે હજુ એવી નવલકથાઓ નથી લખાવી ને ગાંધીજીએ હજુ એવી કોઈ કૃતિને શ્રેષ્ઠ ગાંધીવાદી નવલકથા લેખે સાહિત્યની છાતી પર નથી ચડાવી મારી. તેમ એકાદ ઝૂંપડીમાં રેંટીયો ફેરવતી ડોશીનું કોઈપણ વાર્તામાનું શબ્દચિત્ર એને ગાંધીવાદી કૃતિ નથી બનાવી મૂકતું. ગાંધી તો આજે Humanism માનવતાના અણદીઠ અકળ અગમ પ્રદેશોને પ્રકટ કરતા ઊભા છે. સાહિત્યકારની આંખો સામે એણે અણદીઠ જગતો અજવાળી આપેલ છે. એ જ અજવાળણું કરનાર લેનીન આવી ગયો. એમાંથી એકેયનો દાવો સાહિત્યને પોતાની બાંદી બનાવવાનો નથી. જીવનના નૂતન પ્રદેશો પ્રકાશમાં લાવીને એના અગોચર બનેલા અર્થો સુગમ બનાવનાર ગાંધીએ ને લેનીને સાહિત્યકારને લાખ લાખ નૂતન અનુભવોનો સમૃદ્ધિવંત સોદાગર બનાવ્યો છે. આજનો લેખક નિહાલ થઈ ગયો છે દીવતા એની થાવી ગઈ છે. એક એક કણિકા પકડીને પણ ઉર-સંવેદનની નળીમાં નાખતાં આજે તો નૂતન રસાયનના રસો રંગો નીપજે છે. એવા અનુભવ-ખજાનાના વારસદાર સાહિત્યકાર, તારી કલમને કોઈપણ વાદની બાંદી ન બનાવજે, કોઈ દુકાનદારની જાહેરખબર ન બનજે.

●

[અનુસંધાન પાને ૮૧૦થી ચાલુ]

આનો ઉપાય શો ? ધર્મોનો ઉચ્છેદ કરવો એમ કેટલાક કહે છે. લોહીની નદીઓ વહેવડાવીનેયે આ શક્ય નથી. જ્યાં સુધી માણસ વિચારી પ્રાણી છે, શ્રેયનો શોધક છે, જ્ઞાનનો શોધક છે, ત્યાં સુધી ધાર્મિક સમાજો બંધાવાના જ. અને જ્યાં સુધી તેનાં બુદ્ધિ અને ચારિત્રનો વિકાસ અપૂર્ણ છે ત્યાં સુધી અજ્ઞાન, વહેમ, પક્ષો અને ઝગડા પણ થયા કરવાના. ધર્મ સિવાયના ક્ષેત્રમાં યે કાંઈ ઓછા ઝગડા નથી. આ બધી પરિસ્થિતિમાંથી આપણે માનવકલ્યાણના માર્ગો શોધવાના છે. પરિશિષ્ટમાં આપેલાં સૂત્રો એ હેતુથી લખાયાં છે. એમાંથી ધર્મશોધનને લગતાં સૂત્રોમાં મારે કેટલીક વ્યાવહારિક સૂચનાઓ કરવાની હોવાથી તેટલો ભાગ આપની આગળ વાચું છું. બાકીનું આપને નીરાંતે મનન કરવા માટે છોડી દઉં છું.

× × ×

અંતમાં, માનવની અવધ્યતા, સર્વ માનવો વિષે સમવૃત્તિ, સર્વધર્મ સમભાવ, અસત્ય, મદ્ય, ચોરી અને વ્યભિચારથી પરહેજી, વ્યક્તિગત તેમજ સાર્વજનિક સ્વચ્છતા, અને જગત પ્રત્યે કર્તવ્યનિષ્ઠા એ મનુષ્યના ઓછામાં ઓછા સદાચારો અથવા ધર્મો છે. એના વિના બાકી બધું તત્ત્વચિંતન, યોગાભ્યાસ કે ધર્મપાલન પોતાની છાયા પકડવા માટેની દોડશરત છે, અને સર્વ સૂક્ષ્મચર્ચા પરિણામે ધુધળી બુદ્ધિ જ છે.

हिरण्मयेन पात्रेण सत्यस्याऽपिहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥

ગુજરાતી સાહિત્ય પરિષદના તેરમાં સંમેલનના 'ધર્મ અને તત્ત્વજ્ઞાન'નાં પ્રમુખસ્થાનેથી આપેલું ભાષણ.

શીલ અને સાહિત્ય

શ્રી. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ

Let me assure you once for all, that as you grow older if you enable yourselves to distinguish by the truth of your own lives what is true in those of other men you will gradually perceive that all good has its origin in good never in evil that the fact of either literature or painting being truly fine of their kind, whatever their mistaken aim or partial error is proof of their noble origin, and that, if there is indeed sterling value in the thing done, it has come of a sterling worth in the soul that did it however alloyed or defiled by conditions of sin which are sometimes more appalling or more strange than those which all may detect in their own hearts, because they are part of a personality altogether larger than ours and as far beyond our judgment in its darkness as beyond our following in its light And it is sufficient warning against what some might dread as the probable effect of such a conviction on your minds namely that you might permit yourselves in the weakness s which you imagined to be allied to genius, when they took *the form of personal temptation —it is surely, I say sufficient warning* against so mean a folly to discern as you may with little pains that of all human existences the lives of men of that distorted and tainted nobility of intellect are probably the most miserable

Ruskin Lectures On Art.

હા. ખરેખર એમ જ છે, સાહિત્યકલામાં જે કંઈ ઉદાત્ત સર્જન થાય છે, તે એના સર્જકની ઉદાત્તતામાંથી જ અવતરે છે. સર્જકનો આત્મા ભ્રષ્ટ, અને છતાં એનું સર્જન પુનિત, એવું સાચી કલાના સંબંધમાં તો કદીય બનતું નથી. સાચી કલામાં તો જ્યાં જ્યાં સંગીન તત્ત્વ જુઓ, ત્યાં ત્યાં ખચીત જાણજો કે એના સર્જનારના અંતરની એટલા પૂરતી સંગીનતાનો જ એ આવિર્ભાવ છે. જનતાના હૃદયને કોઈ પુણ્ય ઊર્ધ્વગામી આંદોલનોથી ભરી મૂકે અથવા ઉન્નત જીવનનો ચેપ લગાડે એવી અમર ચિરંજીવ કલાકૃતિ ક્યારેય સડેલા અંતરમાંથી ઉદ્‌ભવી શકતી જ નથી. જ્યાં જ્યાં સર્જનની સાચી સુન્દરતા, ત્યાં ત્યાં એટલા પૂરતી તો સર્જકના આત્માની સુન્દરતા હોય છે જ, એમ ખાતરીપૂર્વક માનજો. અને સર્જકનો આત્મા જેટલે અંશે દૂષિત કે પતિત, તેટલે અંશે એનું સર્જન પણ એક

નહિ તો બીજી રીતે ઓછાવત્તા પ્રમાણમાં અનિવાર્યપણે જ ક્ષતિવાળું નીવડવાનું એમાં પણ શંકા નથી. બાપ તેવા બેટા અને વડ તેવા ટેટા, એ કંઇ કેવળ પ્રાણીસૃષ્ટિનો જ નિયમ નથી; કલાસૃષ્ટિમાં પણ તે એટલો જ સાચો છે. એટલે સાહિત્યકલાના જગતમાં પણ જેવો જનક તેવું જ સંતાન, જેવું શીલ તેવું જ સાહિત્ય એ વિવાદાતીત વાત છે.

અને સ્વાભાવિક રીતે એમ જ હોય બહુ ઊંડા ન ઊતરતાં અથવા સૂક્ષ્મ શાસ્ત્રીય પૃથક્કરણમાં ન પડતાં કેવળ સાદી સમજથી જ વિચાર કરીએ, તોપણ એ જ હકીકત આપોઆપ ફલિત થાય કેમકે સાહિત્ય એટલે શું? સાહિત્ય એટલે એના સર્જકના સમસ્ત જીવનનો અર્ક—એના અનુભવ, આચાર, વિચાર, ઊર્મિ, ભાવના એ સઘળાના પિંડરૂપ જે એનું શીલ તેનો જ નિષ્કર્ષ. મિલ્ટન કહે છે કે Good book is the precious life-blood of a master spirit. અર્થાત્ ઉત્તમ ગ્રંથ એટલે કોઇ વિશિષ્ટ વ્યુત્પન્ન માનવ આત્માનું મહામોલું જીવનખમીર ત્યારે સઘળી સાચી સાહિત્યકૃતિઓ જો આ પ્રમાણે એના સર્જકના જીવન-સત્વરૂપ છે, તો પછી એ એના શીલથી ભિન્ન હોઇ જ શી રીતે શકે? ફલ જેમ વૃક્ષના વિકાસનું અંતિમ સ્વરૂપ છે, તેમ સાહિત્યકલાકૃતિ એના સર્જક આત્માના વિકાસનું અંતિમ સ્વરૂપ કે પરિણામ છે, અને તેથી જેમ ફલની શિરાએ શિરામાં તેને ઉત્પન્ન કરનાર વૃક્ષનો જ રસકણ ભરેલો હોય છે, તેમ સાહિત્યકલાકૃતિના અણુએ અણુમાં પણ તેના સર્જક આત્માના આચાર, વિચાર, ઊર્મિ આદિરૂપ એનું શીલ ધબકી રહેલું હોય એમાં નવાઇ જ શી?

આની આ વાત એક બીજી રીતે વિચારો આપણે જાણીએ છીએ કે દરેક પ્રજાની સંસ્કૃતિમાં પોતપોતાની વિશિષ્ટતા હોય છે દરેક પ્રજાની સંસ્કૃતિમાં એને અન્ય પ્રજાની સંસ્કૃતિથી નિરાળી પાડી બતાવે એવું વ્યાવર્તક તત્વ હોય છે. એ જ રીતે દરેક ભાષામાં પણ પોતપોતાની વિશિષ્ટતા હોય છે. ભાષા અને સંસ્કૃતિની આ વિશિષ્ટતા ક્યાંથી આવી? જુદી જુદી ભાષા અને સંસ્કૃતિનું આ વ્યક્તિત્વ કોણે નિર્માણ કર્યું? અલબત્ત, એ ભાષા અને સંસ્કૃતિને ઘડનારી પ્રજાએ જ. જેવી પ્રજાની પ્રકૃતિ, તેવી જ એની ભાષા, અને તેવી જ એની સંસ્કૃતિ. પ્રજા જો પ્રભાવશાળી વીર્યવાન, તો એની ભાષા અને સંસ્કૃતિ પણ પ્રભાવશાળી અને વીર્યવાન. પ્રજા જો નિર્માલ્ય અને મુડદાલ તો એની ભાષા અને સંસ્કૃતિ પણ નિર્માલ્ય અને મુડદાલ. આમ દરેક ભાષા, દરેક સંસ્કૃતિ પોતાને ઘડનારી પ્રજાના શીલની અવિલોપ્ય મુદ્રાથી અંકિત હોય છે એ સિદ્ધ વાત છે. તો ભાષા અને સંસ્કૃતિ એ તો સામુદાયિક વસ્તુઓ છે, કોઇ એક જ વ્યક્તિને અધીન રહેનારી નહિ, પણ સૈકાના સૈકાઓથી અમિત માનવસમુદાયને હાથે ઘડાયા કરતી વિરાટ વસ્તુઓ છે, એવી સામુદાયિક વિરાટ વસ્તુઓ પણ જો પોતાના સર્જકના શીલથી અંકિત હોય છે, તો સાહિત્યકલા તો વૈયક્તિક વસ્તુ છે, એની અને એના સર્જકની વચ્ચે તો જરા પણ વ્યવધાન વગરનો અત્યંત નિકટનો અને ઘનિષ્ઠ સંબંધ હોય છે, તો એવો ઘનિષ્ઠ સંબંધ ધરાવનાર સાહિત્યકલા એના સર્જક આત્માના શીલથી અંકિત થયા વગર રહે જ શી રીતે?

તેથી જ વિવેચનશાસ્ત્રનું એક સર્વસ્વીકૃત મહાસૂત્ર છે કે જેવું મન તેવી શૈલી—The style is the Man. શૈલી એટલે લેખકના શીલનો કોઇ અદ્ભુત આવિષ્કાર, એના માનસની કોઇ વિલક્ષણ મૂર્તિ, એના અનુભવ, આચાર વિચાર, રાગ, દ્વેષ, ભાવના, કલ્પના આદિ સર્વનું કોઇ ગૂઢ લિપિમાં લખાએલું અને છતાં એકવાર એ લિપિની ચાવી મળી જાય કે તરત જ સુસ્પષ્ટ બની જાય એવું અકલંકિત દસ્તાવેજ. શૈલી અને શીલ વચ્ચે એટલો અવિયોજ્ય સંબંધ છે કે માણસ ગમે તેટલું મથે છતાં જ્યાં સુધી પોતાના શીલને બદલે નહિ ત્યાં સુધી પોતાની શૈલીને પણ ફેરી બદલી શકતો નથી પોતાનું શીલ હોય તેથી સુન્દર શૈલીએ ગમે તેટલું કરે તો પણ સરજી શકતો નથી, તેમ બીજી બાજૂ પોતાના શીલની ક્ષતિઓને એમાં આવિષ્કૃત થતી રોકી

પણ શકતો નથી. યથાર્થ સ્વરૂપમા સમજવામા આવે તો શૈલી આવી અનિવાર્ય વસ્તુ છે. હવે શૈલી એ તો આપણે જાણીએ છીએ તેમ અતિ સૂક્ષ્મ તત્ત્વ છે—નજરે ન દેખાય અને છતા પ્રતિક્ષણ અનુભવાય એવી સાહિત્યની સૂક્ષ્મ ફોરમ છે—વર્ડ્ઝવર્થના શબ્દોનો જરા જુદી રીતે ઉપયોગ કરીએ તો the breath and the finer spirit of literature છે અર્થાત્ શૈલી એ તો સાહિત્યનો સૂક્ષ્મ પ્રાણ અને આત્મા છે. ત્યારે સાહિત્યના સૂક્ષ્મ પ્રાણ અને આત્મારૂપ શૈલીને પણ જો એના સર્જકના શીલ સાથે આટલો અનિવાર્ય સબધ હોય, તો પછી એ શૈલી જેનો પ્રાણ અને આત્મા છે એવુ જે સાહિત્ય તેને એ સર્જકના શીલ સાથે અનિવાર્ય સબધ હોય એમા તો શકા જ શી? શૈલી જો શીલનો આવિષ્કાર હોય તો એ શૈલી જેના અશેઅશમા વ્યાપી રહેલી છે એવી સાહિત્યકૃતિ શીલનો અનિવાર્ય આવિષ્કાર હોય એમા સવાલ જ શો?

ત્યારે આટલી પ્રાથમિક વિચારણા પણ પુરવાર કરે છે કે શીલ અને સાહિત્ય વચ્ચે સ્વાભાવિક રીતે જ અનિવાર્ય સબંધ હોય છે જગતના સાહિત્યમાથી થોડા ઉદાહરણો લઇએ તો આ વાતની વિશેષ પ્રતીતિ થશે ઉદાહરણો પહેલા અન્વય પદ્ધતિના અને પછી વ્યતિરેક પદ્ધતિના એમ ઉભય પ્રકારના લઇશુ

૨

પહેલુ ઉદાહરણ ગુજરાતી સાહિત્યના મહાગ્રંથ 'સરસ્વતીચદ્ર'નુ લઇએ એના ગુણદોષ વિશે આજની પેઢીને જે કહેવુ હોય તે ભલે કહે, પણ એના અગેઅગમા એના કર્તાનુ શીલ ધબકી રહ્યુ છે એની કોઇ પણ ના પાડી શકશે? એના નાયકના ગૃહત્યાગમા એના કર્તાનો પોતનો જ એક જીવનપ્રસંગ નથી પ્રતિબિબિત થયો? એના રજવાડી ચિત્રો તેમ ચિતનોમા એના કર્તાનો ભાવનગર વગેરે દેશી રાજ્યોનો સ્વાનુભવ જ નથી પ્રકટ થઇ રહ્યો? એના ત્રિવેણીસગમના નિરૂપણમા આજના મહાક્રાતિકાળમા દેશ સમક્ષ ખડા થએના પ્રશ્નોના અધ્યયન મનન દ્વારા પોતાના દેશબાધવોની યથાશકિત સેવા કરવાનુ એના કર્તાનુ જીવનવ્રત જ નથી મૂર્ત થયુ? એની ભાષાની એક બાજૂથી બાણભટ્ટાદિનુ સસ્કૃત સાહિત્ય તેમ બીજી બાજૂથી પશ્ચિમનુ સર્વોત્તમ સાહિત્ય એ બન્નેનુ પરિશીલન કરનાર એના મહારસિક પડિત કર્તાનું પદે પદે સ્મરણ નથી કરાવતી? અને સરસ્વતીચદ્ર, કુમુદ, ચદ્રાવલી આદિ જેવાં ચારિત્ર્ય સૌન્દર્યથી ઝગી રહેલા એના અનેક પાત્રોમા પણ એના કર્તાની અનુપમ વીતરાગવૃત્તિ, વિરલ સાધુતા, all for others, nothing for myself એવુ જીવનસૂત્ર સ્વીકારનાર Practical asceticism—એ બધું જ વ્યક્ત નથી થઇ રહ્યુ? It is a poor centre of man's action, himself એ બેકનના મહાવાકયને પણ એક ડગલુ આગળ વધી It is a poisonous centre of man's action, himself એના રૂપમા સુધારનાર સાચા નિષ્કામ કર્મયોગી અને ધર્મરાયના ખરેખરા પાર્ષદની જ આ સઘળી સૃષ્ટિ નથી લાગતી? સરસ્વતીચદ્રમાં જે રસવૈભવ ભર્યો છે, સાહિત્યની દૃષ્ટિએ એમાં જે ચારુતા અને ઉત્કૃષ્ટતા રહેલી છે તે સઘળું એના સર્જકના શીલનો જ સીધેસીધો વારસો નથી લાગતુ? ગોવર્ધનરામના મહા ઉદાત્ત શીલ સિવાય બીજુ કોઇ જ એ ગ્રંથમણિ સર્જી ન શકે એમ શુ એનું અગેઅગ અસંદિગ્ધ રીતે પુરવાર નથી કરી રહ્યુ?

બીજુ ઉદાહરણ કાર્લાઇલ જેને Moral King of English Literature એવું બિરુદ આપે છે એ મિલ્ટનનું લઇએ ગોવર્ધનરામ અને મિલ્ટન વચ્ચે અનેક રીતે એટલુ બધું સામ્ય છે કે એકના નામ પછી બીજાનું યાદ આવ્યા વિના રહે જ નહિ. આ વિષયમા મિલ્ટનનુ નામ લઇએ કે તરત જ એના જીવન સર્જનથી પરિચિત સાહિત્યરસિકો તો પોતાની મેળે જ બોલી ઊઠશે કે શીલ એવું સાહિત્ય એ સત્યનું એના જેવું સચોટ ઉદાહરણ બીજુ ભાગ્યે જ મળશે. કેમકે એણે જે કઇ લખ્યુ છે તે બધે અશે આત્મકથાત્મક–પોતાના જીવનપ્રસગો, અનુભવો, આપવીતીઓ, વિચારો, મંતવ્યો આદિથી રંગાએલું–જ એટલુ જ નહિ, પણ એના રસ, રુચિ, ભાવ-

આદિરૂપ એના શીલથી અનેકધા અંકિત થએલું છે. સર્જકના શીલની એની રચનાઓ પર છાપ ઊઠી અમર થાય છે એ સિદ્ધાન્તનું એને પોતાને ભાન પણ થએલું, અને તે બહુ નાની વયે, એટલે એણે પોતાના શીલની રક્ષા પણ બહુ જતનપૂર્વક કરેલી. The life of one aspiring to write great poetry must be a true poem એ એનું ઊગતી અવસ્થાનું વાક્ય બહુ જાણીતું છે અને એ પોતે તો પહેલેથી જ great poetry લખવાની મહત્ત્વાકાંક્ષા રાખતો જ હતો, તેથી એણે પોતે તો પોતાનું જીવન સાચા કાવ્યના જેવું સુન્દર બનાવવાનો પહેલેથી જ આદર્શ રાખ્યો હતો અને પોતાનો આખો જીવનક્રમ તદનુસાર જ યોજ્યો હતો. વિદ્યાર્થીદશામાંથી જ, સતી જેટલી ચીવટ પોતાની શિયળરક્ષાને માટે રાખે એટલી ચીવટ એ પોતાની આચારશુદ્ધિને માટે રાખતો હતો. આથી તેમ એના સુકુમાર સૌન્દર્યને લીધે એ કૅમ્બ્રિજમાં હતો ત્યારે સૌએ એનું નામ Lady પાડ્યું હતું. કૅમ્બ્રિજ છોડ્યા પછી પણ આપણી ભાષામાં જેને આપણે ગધ્ધાપચીસી કહીએ છીએ એ કપરા કાળમાં પણ એ અત્યંત સંયમપૂર્વક એનું જીવન ગાળતો હતો અને ઉદાત્ત કાવ્યરચનાને અર્થે પોતાના જીવનને બને તેટલું ઉદાત્ત કરવાને સતત રીતે મથતો હતો. એના એ દિવસોનું એક અંગ્રેજ વિવેચકે વર્ણન કર્યું છે કે Milton at Horton made up his mind to be a great poet—neither more nor less, and with that end in view he toiled unceasingly. A more solemn dedication of a man by himself to the poetical office cannot be imagined. Everything about him becames, as it were, pontificial, almost sacramental. A poet's soul must contain the perfect shape of all things good, wise, and just. His body must be spotless and without blemish, his life pure, his thoughts high, his studies intense. There was no drinking at the 'Mermaid' for John Milton. આવી[1] કઠોર શીલસાધનાનું મહાફળ તે જ Paradise Lost. વર્ષોની સાધનાને પરિણામે જે વિશિષ્ટ ચારિત્ર્યસૌન્દર્ય મિલ્ટને સિદ્ધ કરેલું તેનો જ અક્ષરાવતાર તે Pardise Lost, Samson Agonistes, Comus આદિ સાહિત્યકૃતિઓ. મિલ્ટનનું શીલ આવું અભિજાત નહોત તો આવી ઉચ્ચ સાહિત્યકૃતિઓ એ રચી જ ન શક્યો હોત અને સાહિત્યમાં એનું જે મહાગૌરવવંતું સ્થાન છે તે એ પ્રાપ્ત પણ કરી ન શક્યો હોત એમાં લેશ માત્ર શંકા નથી.

ત્રીજું નાનકડું ઉદાહરણ સ્વ. રમણભાઈના 'રાઈનો પર્વત'નું લઈએ. એમાં ગોવર્ધનરામ કે મિલ્ટનની કૃતિઓના જેટલું ગૌરવ તો નથી જ, છતાં શીલ તેવું સાહિત્ય એ સત્યનું એ નાનું છતાં સચોટ દૃષ્ટાંત છે. 'રાઈનો પર્વત' એટલે સ્વ. રમણભાઈના જીવન અને શીલની આબેહૂબ લઘુમૂર્તિ. સ્વ. રમણભાઈના જીવન તેમ પ્રકૃતિના સઘળા મુખ્ય મુખ્ય પાસા એમાં સુસ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થયા છે. સ્વ. રમણભાઈ એટલે કર્તવ્યપરાયણ, નીતિપ્રેમી, ઈશ્વરનિષ્ઠ, આશાક્ષિપ્ર વાદી, સંસારસુધારક સજ્જન પુરુષ. એમના શીલના આ સઘળા અંશોનું સાહિત્યીકરણ એ જ 'રાઈનો પર્વત' કહી શકાય.

જેવું શીલ તેવું સાહિત્ય, શીલની ઉદાત્તતા હોય તો જ સાહિત્યમાં ઉદાત્તતા આવે, જ્યાં જ્યાં ઉચ્ચ સાહિત્ય રચાયું છે ત્યાં ત્યાં એની પાછળ એના રચનારનું ઉચ્ચ શીલ જ પ્રેરકબળ રૂપે કામ કરી રહ્યું હતું એ સત્યના આ ઉપરાંત પણ બીજાં અનેક ઉદાહરણો આપી શકાય એમ છે, પરંતુ આ નાનકડા લેખમાં એ બધાંને માટે અવકાશ નથી. પણ આખા જગતનું સાહિત્ય તપાસી વળો, જ્યાં જ્યાં સર્જનની અમરદિવ્ય સર્વમાન્ય ઉદાત્તતા જોવામાં આવી કે ત્યાં ત્યાં એને અનુરૂપ એવી એના કર્તાના શીલની ઉદાત્તતા પણ એવી

[1] Augustine Birrell Obiter Dicta

પાછળ કામ કરી રહેલી સર્વત્ર નહિ તો ઘણે ખરે ઠેકાણે તો અવશ્ય જણાશે આનો અર્થ એમ નહિ કે કેવળ શીલ કે સાધુતા ઉચ્ચ સર્જનને માટે પર્યાપ્ત છે અથવા માણસ ચારિત્ર્યશાળી થયો એટલે લાગલો જ ઉચ્ચ કોટિનો સાહિત્યકાર થઇ જવાનો ના, એમ નહિ જ. સાહિત્યસર્જનની બુદ્ધિ, વિદ્વત્તા, પ્રતિભા આદિ સામાન્ય અનિવાર્ય સાધન-સંપત્તિ તો એનામા પ્રથમ જ જોઇશે, પણ સાથે જો સાહિત્ય ઉચ્ચ પ્રકારનુ સર્જવું હોય તો આ બધા ઉપરાંત ઉચ્ચ પ્રકારનુ શીલ પણ જોઇશે એ આહી કહેવાનું તાત્પર્ય છે શીલની અમુક પ્રકારની સુન્દરતા વગર કે ઉચ્ચતા વગર સાહિત્યમા સુન્દરતા કે ઉચ્ચતા આવી શકતી જ નથી એમ જગતસાહિત્યના અભ્યાસથી પણ ઘણાખરા દૃષ્ટાંતો તો અચૂક બતાવી આપશે થોડા અપવાદો અવશ્ય નીકળશે, અને એ અપવાદો વિશે શો ખુલાસો કરવો, એ દૃષ્ટાંતોમા શીલ અને સાહિત્ય વચ્ચે જે વિસંવાદ દેખાય છે તેને કઇ રીતે ઘટાવવો તેનો વીગતવાર વિચાર આપણે આગળ કરવાના જ છીએ. પણ એ અપવાદો હાલ તરત જરા બાજૂપર રાખીને બોલીએ તો જગતના બધા નહિ તો મોટા ભાગના શિષ્ટ સાહિત્યગ્રંથોની મહત્તાનું મૂળ એમના સર્જકના શીલની કોઇ નહિ ને કોઇ પ્રકારની ઉચ્ચતામા જ રહ્યુ હતુ એમ કહેવામા વાંધો નથી

જ્યાં જ્યાં ઉદાત્ત સાહિત્ય હોય છે ત્યાં ત્યાં તેની પાછળ ઉદાત્ત શીલ હોય છે એ અન્વયવ્યાપ્તિના થોડા ઉદાહરણો આપણે જોઇ ગયા હવે જ્યાં જ્યાં શીલની ઉદાત્તતા નથી હોતી, ત્યાં ત્યાં સાહિત્ય પણ ઉદાત્ત નથી હોતુ, અથવા શીલની જેટલી અનુદાત્તતા તેટલી સાહિત્યની પણ અનુદાત્તતા, એ વ્યતિરેકવ્યાપ્તિના થોડા ઉદાહરણો જોઇએ

પહેલુ ઉદાહરણ આપણા નર્મદનું લઇએ. શીલની ઉદાત્તતા સર્જકની પ્રતિભાના પ્રમાણમા એના સાહિત્યને કેવું ઉદાત્ત બનાવી શકે તેમ એની અનુદાત્તતા એને કેવું વણમાડે એ બન્નેનુ નર્મદના જેવુ સ્પષ્ટ પારદર્શક દૃષ્ટાંત ગુજરાતી સાહિત્યમા બીજું જવલ્લે જ જડશે એની 'હિંદુઓની પડતી,' 'વીરસિંહ' શૌર્યોદ્બોધનના કાવ્યો, રાષ્ટ્રભક્તિના કાવ્યો આદિ સાગી કૃતિઓને એની પ્રકૃતિની અંદરની સ્વદેશપ્રેમ, સ્વાતંત્ર્યપ્રેમ, શૌર્ય, ટેક સ્વમાન, લડાયક જુસ્સો એ બધા એના ઉદાત્ત અંશોએ જ ઉચ્ચ બનાવેલ છે પણ બીજી બાજૂથી એના શીલમા અનુદાત્ત પણ કેટલુંક હતુ, અને તે એના સાહિત્યમા આવ્યા વગર રહ્યુ નથી, 'રુદનરસિક' 'ધમધમ લોહી વહે ને ઇશકડો મહાને' 'આહા શી તગતગતી તસવીર તાકના તીર,' વગેરે અશ્લીલ શૃંગાર કાવ્યો, 'ઋતુવર્ણન,' 'વૈધવ્યચિત્ર' વગેરેમા એ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે એની કવિતાને કેવળ નીતિની જ નહિ પણ શુદ્ધ રસ અને કલાની દૃષ્ટિએ દૂષિત કરી તે એની આ અનુદાત્ત કામુકતાએ જ. એના શીલમા જો લાપટ્ય ન હોત અથવા ઉદ્દામ કામાસક્તિ નહોત તો એની કવિતા અત્યારે છે એ કરતા અનેકગણી ઉચ્ચ કોટિની બની શકી હોત એ ચોક્કસ છે. લેખકના શીલની ક્ષતિ એને સાહિત્યના ક્ષેત્રમા પણ મહાને માટે કેવો ભયંકર ફટકો લગાવે છે એનુ આ ભારે મનનીય ઉદાહરણ છે. કેવળ સાહિત્યકીર્તિને ખાતર પણ શીલરક્ષા કેટલી આવશ્યક છે તે નર્મદ જેટલુ કદાચ બીજુ કોઇ જ નહિ શીખવે

બીજુ ઉદાહરણ જોવાનુ લઇએ જીવનની, જીવનના અમુક અમુક વલણોની પણ, સર્જકની સમસ્ત સાહિત્ય પ્રવૃત્તિ ઉપર કેવી વજ્રલેપ જેવી છાપ પડે છે, અને એ ઢાંચામા ઘડાઇ ગયેલું એનુ શીલ એના જીવનભરના સર્જનને પોતાના રંગથી કેવું આબાદ રંગી દે છે એનું એ મસ જોવા જેવુ બીજુ દૃષ્ટાંત ભાગ્યે જ મળશે એમિલ ઝોલા એટલે આપણા સાહિત્યના પાત્રનમો આપીને પરિચય કરાવીએ તો 'ઇન્દ્રયશુ'માના ધના ભગતનો કિસન જુગારી જુવાની ઉમરે દેવાડે પધાર કર્યો પછી મોટી ઉંમરે મહાસર્જક જન્મ્યો હોય એવો સાહિત્યકાર. ધનાભગતના દેવવાડાનુ વાતાવરણ તો આપણા હિંદુ હરિજનોનુ હોય છે એવું શુદ્ધ, પવિત્ર, ધર્મપરાયણ હતુ, પણ ઝોલાને જે દેવવાડામા જુવાનીના વરસો ગાળવા પડેલા તે તો ખરેખર ગધાનો ચીતરી ચડે

એવો ઢેકવાડો હતો. એવા બીભત્સ ઢેકવાડાની બીભત્સતા જુવાનીના દિવસોમાં એના અંતરમાં અંકાઈ ગઈ, એનું શીલ ત્યારથી એ બીજા બીભત્સતામય બની ગયું, એટલે પછી પોતાનું આખું જીવન એણે એ બીભત્સના ચીતરવામાં જ ગાળ્યું. સ્પષ્ટતા, નગ્નતા, વાસ્તવવાદનો આ મહાન આચાર્ય કંઈ પહેલેથી એવો નહોતો. યુવાવસ્થામાં તો એ પણ સાચા યુવકો હોય છે એવો આદર્શવાદી, ભાવનાવિહારી સ્વપ્નદ્રષ્ટા હતો. આમાંથી એનું જે પરિવર્તન થયું તે ભોગની જુવાનીના જે બે વરસ એને Latin Queartrs માં ભારે કંગાલિયતમાં ગાળવા પડ્યાં તેને લીધે. અહીં એને ખાવાનાં સાંસા પડતા, શિયાળાની કડકડતી ટાઢમાં કાવ્ય લખવાના વિચાર આવ્યો હોય તો પોતાની ઓરડીમાં ગરમી રાખવાનું સાધન ન હોવાને લીધે, પથારીમાં ધાબળા ઓઢી, એક હાથમાં મીણબત્તી અને બીજા હાથમાં કલમ રાખી પથારીમાં પડ્યા પડ્યા જ તેને લખવું પડતું. અહીં એને વેશ્યાઓની બાજુમાં જ રહેવું પડતું. પોતે રહેતો હતો એની આજુબાજુની સઘળી ઓરડીઓમાં વેશ્યાઓનો દુરાચાર ચાલી રહ્યો હોય, અને વચ્ચેનાં પાતળા પાર્ટિશનોમાંથી એમના દુરાચારસમયના સીત્કારશબ્દો આખી રાત એને સંભળાવ્યા કરતા હોય, એવી રીતે એને જીવન ગાળવું પડ્યું. આવી સ્થિતિમાં એનો આદર્શવાદ ક્યાં સુધી ટકે? એનો ચરિત્રકાર કહે છે તેમ Poverty, Hunger, Squalor. Under the deadly scourge of these things, the flood of romanticism was waning. આ દિવસોમાં એને એવા ગંદા ફાટેલા તૂટેલા કપડાં પહેરવા પડતા કે એ રસ્તા પર થઈને નીકળે તોપણ લોકો એને તિરસ્કાર કરતું. અને ભૂખે એનું અંતર ખાધું, એવે એવે પ્રસંગે એને ખૂબ વસમું લાગતું, અને એનું અભિમાન ઘવાતું. એ પોતે કહે છે I felt the crowd move apart from me, and point its finger at me. Derision! Sarcasms were hurled at me. I bowed my head for a time and wondered what crime I could have committed, I so young, and my soul so affectionate. ...Then I lifted my brow and a great pride came to my heart. I felt myself great beside these dwarfs. I addressed my self to the Muse, and thought that if Heven should preserve a name for me, I would feel delight in hurling this name back at their faces, like a supreme retort to their stupid scorn.

ઝોલાની સમસ્ત સાહિત્યપ્રવૃત્તિનાં બીજ આ મનોદશામાં રહેલાં છે. આવો માણસ જ્યારે સાહિત્યકાર બને ત્યારે પોતાને ત્યાં આટલું આટલું સહન કરવું પડેલું એ ઢેકવાડાની બીભત્સતાના જ ચિત્રો દોરે ને? પોતાને જે કંગાલિયતને ભોગવેલી તે કંગાલિયતને જ એ નવલકથાઓની પરંપરાદ્વારા અમર કરે ને? જે વેશ્યાઓના સીત્કારશબ્દો વચ્ચે એને કડકડતી ટાઢમાં રાત્રિઓ ગાળવી પડેલી તે વેશ્યાઓની જ વાર્તાઓ એ પછી લખે ને? એમિલ ઝોલાનું જીવન સાહિત્યકારના શીલમાં જે અનુદાત્ત અંશો આવી ગયા હોય તે એના સર્જનમાં કેવા અમર થઈ જાય છે એનું જ નહિ, પણ સાહિત્યકારની સમાજ પરત્વે સંભાળ ન રાખે અને એને કંગાલિયતમાં સડવા દે તો કેવું પરિણામ આવે એનું પણ આપણને સૌને વિચારમાં નાખે એવું પ્રબળ દૃષ્ટાંત છે.

ત્રીજું ઉદાહરણ ટૉલ્સ્ટોયનું લઈએ. અનુદાત્તશીલના ઉદાહરણમાં આ મહાત્માનું નામ અપાતું જોઈને કેટલાક વાચકો કદાચ ચમકશે, પણ આ મહાત્માના શીલમાં પણ અનુદાત્તતા કંઈ ઓછી નહોતી અને એવી અનલ્પ અનુદાત્તતા છતાં એણે અંત સુધી ઉદાત્તતાને માટે મથ્યા કર્યું અને શુદ્ધિ અને ઉન્નત જીવનનો જ આગ્રહ રાખ્યા કર્યો એમાં જ એની મહત્તા રહેલી છે. ટૉલ્સ્ટોય એટલે એક રીતે કહીએ તો કાદવમાંથી ઊગી

1 Matthew Josephson Zola and his Time

નીકળેલું કમળ. એના જન્મ સમયનું રશિયાનું અને યૂરોપનું વાતાવરણ નીતિદૃષ્ટિએ કાદવ જેવું જ. આજુબાજુ સર્વત્ર ભ્રષ્ટાચાર વ્યાપી ગએલો, જીવનની નિત્ય વસ્તુરૂપ બની ગએલો. આવી પરિસ્થિતિ વચ્ચે એ ઊછરેલો, એટલે એના જીવન અને ચારિત્ર્ય પર પણ એની ભારે અસર થએલી. એના જીવનમાં અધઃપતનના પ્રસંગો ઘણા આવે છે. પણ એનો આત્મા મૂળે ઉચ્ચલક્ષી એટલે પ્રબળ આસુરી સંપત્તિનાં આક્રમણો સામે પણ અંતે એની દૈવીસંપત્તિનો જ વિજય થએલો. એના સર્જનમાં આ બધું સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. એની સાહિત્યકૃતિઓમાં પાપ, ગુના, દુરાચાર, ભ્રષ્ટતા એ બધું એટલી બધી વાર આવે છે અને એવા ભયંકર સ્વરૂપમાં આવે છે કે મહાત્મા ગણાતા આ સાહિત્યકારમાં આ બધું ક્યાંથી આવ્યું એમ જ વાંચનારને પ્રથમ દૃષ્ટિએ તો થાય છે. ઘણીવાર તો એમ જ લાગે છે કે જાણે આખું નરક જ વિકરાળ રૂપમાં એની કૃતિઓમાં ખડું થએલું છે. આવા સાધુ પુરુષના સર્જનમાં આવું ભયંકર નરક દેખીને એનો ભક્ત પહેલાં તો મૂંઝાઈ જ જાય છે. પણ પછી જ્યારે એના જીવનની વિગતો જાણે છે, એના પોતાના શીલના શુભાશુભ બન્ને તત્ત્વોનો પરિચય પામે છે, અને એ બન્ને તત્ત્વો અંત સુધી એના અંતરમાં સામસામે કેવા ઝઘડા કરતાં હતાં એ જ્યારે એ જાણે છે, ત્યારે એને બધી વાતનો ખુલાસો થઈ જાય છે. ત્યારે એને સમજાય છે કે એની સાહિત્યકૃતિઓની અંદરનું આ બધું નરક એ તો ખુદ ટૉલ્સ્ટૉયના પોતાના જ શીલની અંદર જે કેટલાક આસુરી અંશો હતા તેનું જ આવિષ્કરણ છે. ખરું છે કે આ બધાં આસુરી તત્ત્વો એના સર્જનમાં સિદ્ધાન્તપક્ષમાં નહિ પણ પૂર્વપક્ષમાં જ રહે છે. એ તત્ત્વોનો પોતાની સાહિત્યકૃતિઓમાં એ કદી યે વિજય થએલો બતાવતો નથી, પણ આખરે એનો વિનાશ થએલો એ ચીતરે છે—છતાં એના જેવા ભાવનાથી ભરપૂર અને ધર્મપરાયણ આધ્યાત્મિક સાહિત્યકારની કૃતિઓમાં પૂર્વપક્ષરૂપે પણ આટલી બધી બાબતો આવી એ એના શીલની અંદરની અનુભૂતિનું જ પરિણામ. સર્જક પાછળથી સાધુ પુરુષ થાય છતાં જીવનના પૂર્વભાગમાં પણ જો એના શીલમાં કંઈ પેસી ગયો હોય, કંઈ વિકૃતિ દાખલ થઈ ગઈ હોય, તો એની ઉત્તરાવસ્થાની સાચી સાધુતા છતાં અને એકંદરે તો એના જીવનમાં દૈવીપ્રકૃતિનું પ્રાધાન્ય હોવા છતાં પેલું એક વાર દાખલ થઈ ગએલું અશુભ તત્ત્વ એના સર્જનમાં ક્યાંક ક્યાંક તો ફૂટી નીકળ્યા વગર રહેતું જ નથી એ ટૉલ્સ્ટૉયની કૃતિઓ પગલે પગલે પુરવાર કરે છે. સર્જકના જીવન અને સ્વભાવની અશુદ્ધિ એના સર્જનને અમુક રૂપમાં તો રંગ્યા વિના રહેતી જ નથી એનું એના કૃતિસમૂહ આ રીતે સુંદર ઉદાહરણ છે.

ત્યારે અન્વયવ્યતિરેક ઉભય પ્રકારનાં આ થોડાં ઉદાહરણો ઉપરથી પણ વાચક એટલું તો જોઈ શકશે કે લેખકના શીલ અને સાહિત્ય વચ્ચે જરા જેટલો પણ સંબંધ હોતો નથી એમ ઘણીવાર આપણે માની લઈએ છીએ એ ભૂલ છે. જગતના મોટા નહિ તો ઘણાખરા સાહિત્યકારોના જીવન અને સર્જનનો જો સૂક્ષ્મ અભ્યાસ કરીએ તો આપણને માલૂમ પડે કે એમની કૃતિઓ એમના અનુભવ, આચાર, વિચાર, રાગ, દ્વેષ, આદિરૂપ એમનું જે શીલ તેનાથી ક્યાંક નહિ ને ક્યાંક, એક નહિ તો બીજી રીતે તો રંગાયા વિના રહેતી જ નથી. એમની કૃતિઓની જે મહત્તા છે તે ઘણીવાર તો એમના શીલની મહત્તાનું જ વાઙ્મય સ્વરૂપ હોય છે. એ જ રીતે એમની કૃતિઓની અંદર જે અશુભ તત્ત્વો જોવામાં આવે છે તે પણ એમના જીવનમાં કોઈક પ્રસંગે જાણ્યે અજાણ્યે જે અશુભ આચાર વિચાર એમને હાથે થઈ ગએલા અને એમના શીલમાં સ્પષ્ટ અસ્પષ્ટ રૂપે જડાઈ ગએલા તેના જ પરિણામરૂપ હોય છે. અર્થાત્ શીલ તેવું સાહિત્ય એ સર્વથા નહિ તો મોટે ભાગે તો સાચું છે, અને જ્યાં જ્યાં સાહિત્ય લેખકના શીલના સીધા પ્રતિબિંબ જેવું નથી હોતું ત્યાં પણ એ બે વચ્ચે અમુક જાતનો સંબંધ તો અવશ્ય રહેલો હોય જ છે. અર્થાત્ લેખકનું શીલ એના સાહિત્ય પર ક્યાંક નહિ તો ક્યાંક સીધી નહિ તો આડકતરી પણ અસર તો કર્યા વગર રહેતું જ નથી. કૃતિના તાત્ત્વિક સ્વરૂપનો

જો વિચાર કરીએ, સાહિત્યકૃતિ એના સર્જકના માનસમાંથી કેવી રીતે ઉદ્‌ભવે છે એના ચિત્તવ્યાપારનું જો પૃથક્કરણ કરીએ તોપણ આ જ વાત ફલિત થશે.

૩

કલા એટલે શું? આ વિષયના મહાચિંતક ટૉલ્સ્ટૉયને જ બોલવા દઈએ: Art is a human activity consisting in this, that one man consciously by means of certain external signs, hands on to others feelings *he has lived through* and that others are infected by those feelings and also experience them[૪] અર્થાત પોતે જીવનમાં એકવાર જીવી ગએલ હોય એવા ભાવનું શબ્દાદિ બાહ્યસંજ્ઞાદ્વારા અન્યના ચિત્તમાં સંક્રમણ કરવું અને એ રીતે અન્યને એ ભાવનો એટલો જબરો ચેપ લગાડવો કે પોતે અનુભવેલો ભાવ તે બીજા પણ જાતે અનુભવે—આ જાતની જે પ્રવૃત્તિ તેનું નામ કલા. આ પ્રમાણે કલા કે સાહિત્ય એટલે કંઈ અમુક ભાવ કે ઊર્મિનું કેવળ આલેખન કે નિરૂપણ જ નથી, પણ એ ભાવ કે ઊર્મિનું કલાકાર કે સાહિત્યકારના ચિત્તમાંથી શ્રોતા કે વાચકના ચિત્તમાં સંક્રમણ છે અને આવું સંક્રમણ ત્યારે જ શક્ય બને છે કે જ્યારે એ ભાવ કે ઊર્મિ સર્જકે પોતાના ચિત્તમાં અત્યંત તન્મયતાપૂર્વક અનુભવેલ હોય—વાસ્તવિક કે કાલ્પનિક કોઈપણ જીવનમાં એણે ઉત્કટતાપૂર્વક ખરેખર અનુભવેલ હોય એટલે સાચી કળા કે સાચા સાહિત્યમાં દંભને સ્થાન જ નથી. માણસ પોતે જીવનમાં જાતે અનુભવેલ ન હોય એવા ભાવોનું આલેખન કે નિરૂપણ કરી શકે, પણ એનું સંક્રમણ ન કરી શકે—એનું સંક્રમણ કરવા જેટલું સામર્થ્ય તો એ ભાવ જ્યારે એણે અત્યંત ઉત્કટતાપૂર્વક જીવનમાં અનુભવેલ હોય અને એનું શીલ જ્યારે એ અનુભવથી કોઈ વિશિષ્ટ પ્રકારે અંકિત થઈ ગએલ હોય ત્યારે જ શક્ય બને છે એટલે સાચી કલા કે સાહિત્યનું આ લક્ષણ જો આપણે બરાબર યાદ રાખીએ તો શીલ અને સાહિત્ય વચ્ચે જગતમાં જ્યાં જ્યાં વિસંવાદ જોવામાં આવે છે તેમાંના ઘણાખરાનો તો ખુલાસો થઈ જશે, કેમકે આ લક્ષણની કસોટીએ ધ્યાનપૂર્વક તપાસીશું તો શીલ અને સાહિત્ય વચ્ચે વિસંવાદ દેખાતો હોય એવી ઘણીખરી રચનાઓ સાચી કલાના વર્ગમાં દાખલ થવાને પાત્ર જ આપણને નહિ લાગે એ રચનાઓમાં અમુક ભાવોનું આલેખન થયું હશે ખરું, પણ એ રચનાઓના આસ્વાદથી એ આલેખિત ભાવોનું સંક્રમણ અન્યના ચિત્તમાં ભાગ્યે જ થતું હશે. એવું સંક્રમણ તો એના સર્જકે જ્યારે એ ભાવ જીવનમાં ખરેખર અનુભવેલ હોય—પછી વાસ્તવિક જીવનમાં કે કાલ્પનિક જીવનમાં એ ગૌણ વસ્તુ છે, પણ ક્યાંક પણ ખરેખર અનુભવેલ હોય—અને એવી ઉત્કટ રીતે ને તન્મયતાપૂર્વક અનુભવેલ હોય કે એના શીલ પર કોઈ વિશિષ્ટ પ્રકારની છાપ પાડી જાય—એને સર્જનદ્વારા વ્યક્ત કર્યા વિના ચેન ન પડે એવી ઊંડી છાપ પાડી જાય, ત્યારે જ શક્ય બને છે. એટલે સાચી કલામાં અંગત અનુભવ એ તો અનિવાર્ય અગત્યની વસ્તુ છે. કલા કે સાહિત્ય કંઈ અદ્ધરથી આવતાં નથી, એનો જન્મ કંઈ અંતરિક્ષમાંથી કોઈ એકાએક આવીને પ્રેરણા ફૂંકી જાય એ રીતે થતો નથી એ તો સ્વાનુભવના બીજમાંથી જ જન્મે છે. પ્રેરણા મળતી હોય તોપણ તે અદ્ધરથી નહિ પણ સ્વાનુભવની ઉત્કટતામાંથી જ મળે છે. સ્વાનુભવ વગર જે કંઈ લખાય તે લખાણ હોઈ શકે, પણ સાચું સાહિત્ય ન હોઈ શકે. માણસ કલ્પનાથી કે વાતાવરણમાંથી કે પરંપરામાંથી અમુક વિચારો કે ભાવો લઈને પોતાની રચનામાં એ વિચારો કે ભાવોનો જગત સમક્ષ દેખાડો કરી શકે, પણ એ ભાવોનું અન્યના ચિત્તમાં સંક્રમણ તો જાતે એ ભાવો અનુભવ્યા વગર કદી પણ ન જ કરી શકે. એટલે દંભ, પ્રતારણા કે ખેલાડીપણું હોય ત્યાં સાચી કલાનો સંભવ જ નથી. ત્યાં અમુક ભાવોનું પ્રદર્શન થઈ શકે, અને ખેલાડી બાજીગર પુરતો હોય તો પોતાના એ પ્રદર્શન પ્રત્યે લોકોનું ઘડીભર લક્ષ ખેંચી શકે, પણ એ ભાવોનું લોકોને સાચું સંવેદન એ નહિ જ કરાવી શકે, અને મહાને માટે સૌ કોઈને એનું સંવેદન

૪ Tolstoy: What is Art?

કરાવી શકે, એવી ચિરંજીવ ભાવસંક્રમણશક્તિ તો એની એ રમતમાં નહિ જ આવી શકે. એ ચિરંજીવ ભાવસંક્રમણશક્તિ તો એ ભાવો એણે જાતે અનુભવ્યા હશે અને જીવનમાં ઘૂંટીઘૂંટીને પોતાના શીલના અંશરૂપ બનાવી દીધા હશે તો જ એના સર્જનમાં આવી શકશે.

સાહિત્યકલાના સર્જનવ્યાપારનું પૃથક્કરણ કરીએ, સાચી કલા કલાકારના માનસમાંથી કેવી રીતે ઉદ્ભવે છે એનું નિરીક્ષણ કરીએ, તોપણ આ જ વાત પુરવાર થશે. આને માટે માનસશાસ્ત્રની ઝીણવટભરી ચર્ચામાં પડવાની જરૂર નથી, તેમ અહીં સ્થળ સમય પણ નથી, પણ જે જાતે સાચો કવિ હતો અને કવિત્વવ્યાપારનો મર્મજ્ઞ ચિંતક હતો એવા વર્ડ્ઝવર્થનો જ અભિપ્રાય ટાંકીશું. એ કહે છે કે Poetry is the spontaneous overflow of powerful feelings; it takes its origin from emotion recollected in tranquillity; the emotion is contemplated till by a species of reaction, the tranquillity gradually disappears, an emotion kindred to that which was before the subject of contemplation, is gradually produced, and does itself actually exist in the mind. અર્થાત્ સર્જનવ્યાપારનાં ત્રણ ક્રમિક અંગો (૧) કોઈ ભાવ કે લાગણીનો ઉત્કટ અનુભવ, પછી (૨) એ ભાવ કે લાગણીનું શમન અને પછી ચિત્તમાં એનું અમુક વખત ચિંતન કે ગુંજન થયા પછી–ઘટમાં ઘૂંટાયા પછી કોઈ નિમિત્ત મળતાં એ લાગણી કે ભાવનું પુનઃસંચલન. આ પુનઃસંચલનમાંથી એ કૃતિનો તાત્કાલિક જન્મ. એટલે કે કુદરતમાં જે બધે બની રહ્યું છે તે જ કલાસર્જનમાં પણ બની રહ્યું છે: પહેલું ચિત્તરૂપી ભૂમિમાં બીજ પડે પછી અમુક વખત સુધી એ બીજ ત્યાં પડી રહે અને ભૂમિની સાથે મળી જાય, અને પછી ઉચિત સમયે તેમાંથી નવો અંકુર ફૂટે. કલાકારની દૃષ્ટિએ જીવનમાં કોઈ ભાવનો ઊંડો અનુભવ–ચિત્તને અડકો ન અડકો ત્યાં તો પસાર થઈ જાય એવો ઉપરચોટિયો સ્પર્શમાત્ર જ નહિ, પણ ચિત્તમાં ઉત્કટ ક્ષોભ ઉત્પન્ન કરે એવો ઊંડો અનુભવ થાય–એ એનું બીજ, પછી એ અનુભવ એની મનોભૂમિમાં અમુક વખત સુધી વસે, એનું ચિત્ત પોતાની બધી પ્રક્રિયાઓ કરીને એ બીજને આત્મસાત્ કરી દે, એ એના બીજપોષણ (in cubation) રૂપ બીજી અવસ્થા, અને પછી એમાંથી કૃતિ જન્મે તે ત્રીજી અવસ્થા. એટલે કોઈપણ સાચી કલાકૃતિ જન્માવવી હોય તો એને માટે બે વસ્તુઓ અનિવાર્ય અગત્યની: એક તો એ કે કોઈપણ ભાવનો ઉત્કટ સ્વાનુભવ, અને બીજી એ કે એ સ્વાનુભવને પોતાના ઘટમાં ઘૂંટીને પોતાના શીલના અંગરૂપ બનાવી દેવો. ટોલ્સ્ટોય પણ વર્ડ્ઝવર્થના અભિપ્રાયની શાખ દેતો હોય એમ છતાં સ્વતંત્ર રીતે એ જ કહે છે: To evoke in oneself a feeling one has once experienced and having evoked it in oneself then by means of movements lines, colours, sounds, or forms expressed in words, so to transmit that feeling that others experience the same feeling–this is the activity of art. આ રીતે સાચી કલાકૃતિ ઉત્પન્ન કરવાને માટે ઊંડું ભાવસંચલન એ પરમ આવશ્યક વસ્તુ છે. પણ આ ભાવસંચલન કંઈ કલાકાર પોતે ઇચ્છે ત્યારે અથવા ઇચ્છે એ વિષયનું કરી શકતો નથી એ ભાવસંચલન તો એ ત્યારે જ કરી શકે છે કે જ્યારે એ ભાવને અનુરૂપ અનુભવરૂપી બીજ એના ચિત્તમાં સમાઈ પડી ચૂક્યું હોય અને એ અનુભવરૂપી બીજને ઘટમાં ઘૂંટીને પોતાના શીલના અંગરૂપ એણે બનાવી દીધું હોય. કલા એ કંઈ કલાકારની દાસી નથી કે એ હુકમ કરે કે તરત તે આવીને હાજર થઈ જાય. એ તો એની દેવી છે, અને જે સ્વરૂપે એનો સાક્ષાત્કાર કરવો હોય તેને અનુરૂપ અનુભવ અને શીલસાધના હોય તો જ તે પ્રકટ થાય છે.

કૉલરિજ કહે છે તેમ *The best words in the best order* એનું નામ કવિતા. આ જ પ્રમાણે

કલાનું લક્ષણ બાંધવું હોય તો આપણે કહી શકીએ કે યોગ્યતમ ઉપાદાનનું યોગ્યતમ સંયોજન તેનું નામ કલા. હવે જરા વિચાર કરો કે આ યોગ્યતમ ઉપાદાન કે સામગ્રીનું યોગ્યતમ સંયોજન કરવાનું સામર્થ્ય આવે છે ક્યાંથી? એ તે શું ક્યાંક અદ્ધરથી આવે છે? શું કોઈ દેવ આવીને સર્જકના કાનમાં એની ફૂંક મારી જાય છે? શું આકાશમાર્ગે કોઈ અદ્ભુત પ્રેરણા એને આ યોગ્યતમ સામગ્રીનું યોગ્યતમ સંયોજન કરવાની થઈ આવે છે? સીધો, સાદો માણસ જેવો માનવી, એને આ ગાંધર્વનગરી સરજવાનું સામર્થ્ય મળે છે કયાંથી? એની કલ્પના, એની બુદ્ધિ, એની પ્રતિભા, એ બધું ખરૂં, પણ એ બધું કેવળ સાધન છે, એ સાધનસામગ્રી સળગાવનારો તણખો તે એનો કોઈ ઉત્કટ સ્વાનુભવ અને સ્વાનુભવમાં રાગદ્વેષરૂપે ભળેલું એનું શીલ જ. એ સ્વાનુભવ અને શીલની ઉત્કટતા જ એને યોગ્યતમ સામગ્રીનું યોગ્યતમ સંયોજન કરવાનું સામર્થ્ય આપે છે. કલાકારો અને સાહિત્યકારો પ્રેરણા પ્રેરણાની વણસમજી બૂમો પાડ્યા કરે છે, પણ પ્રેરણા એ કોઈ બાહ્ય પદાર્થ છે જ નહિ, આંતર અનુભવની ઉત્કટતા એ જ પ્રેરણા છે, એ સિવાય પ્રેરણા જેવી બીજી કોઈ વસ્તુ જ નથી. આપણા કલાકારો અને સાહિત્યકારોમાં જો પોતાના સર્જનવ્યાપારનું પૃથક્કરણ કરવા જેટલી સૂક્ષ્મ કુશાગ્ર બુદ્ધિ હોય અને એવા બુદ્ધિયુક્ત પૃથક્કરણને અંતે જે જણાય તે દિવ્યતાનો પોકળ ઢોંગ કર્યા વગર યથાર્થ રૂપમાં પ્રકટ કરવા જેટલી પ્રમાણિકતા હોય તો એ સૌ આ જ વાત કબૂલ કરે કે એમની એકેએક કૃતિની પાછળ જીવનનો કોઈક ઉત્કટ અનુભવ રહેલો હતો, અને એ અનુભવરૂપી બીજ પર એના શીલમાંથી રાગ કે દ્વેષનું જે સેચન સતત થયું તેમાંથી જ એમની એ કૃતિરૂપી અંકુર ફૂટેલો. આપણે જેને પ્રેરણા કહીએ છીએ તે તો એને થયેલા અનુભવની ઉત્કટતા જ માત્ર છે. એ અનુભવ જો અને અત્યંત ઉત્કટ રૂપમાં થયો હશે તો તેને કલાનું રૂપ આપવાને એને નિરંતર ધકેલ્યા કરશે, જ્યાંસુધી કલારૂપે એને પ્રકટ નહિ કરે ત્યાંસુધી એને જંપવા જ નહિ દે. અને તે પણ એ અનુભવને પૂર્ણ માપમાં યોગ્યતમ વાહન અને યોગ્યતમ સંયોજન દ્વારા પોતાને જેવો અનુભવ થયેલો તેવો જ એ કલાના એકેએક ભોક્તાને થાય એવા સ્વરૂપમાં પ્રકટ નહિ કરે ત્યાં સુધી એને જંપવા નહિ દે. જગતના આદિકાળથી આટલા બધા કલાકારો અને સાહિત્યકારો નિરંતર રીતે પોતાના લોહીનું પાણી કર્યા કરે છે એ શું કેવળ કલાકાર ગણાવાની કીર્તિને જ માટે? નહિ જ. કીર્તિનો મોહ ખરેખર બહુ જબરો છે, છતાં આટલી બધી મહેનત આ સૌ કલાકારો જે અનુરાગથી કરી રહ્યા છે અને પોતાનું સમસ્ત જીવન જ એ કલાને ખાતર જે નિચોવી રહ્યા છે તે, એમને જીવનમાં કોઈ ઉત્કટ અનુભવ થયેલો, કોઈક પ્રબળ સંવેદન થયેલું તે એમને નિરાંતે બેસવા દેતું નથી, અને યોગ્ય આકારમાં આવિષ્કૃત ન થાય ત્યાં સુધી એમનો કેડો મૂકતું નથી તેથી જ. અમુક અનુભવ કે સંવેદન આવી રીતે કોઈનો પાલવ પકડીને એની પાછળ પડે તેનું જ નામ પ્રેરણા. એટલે કોઈ કલાકારને જો પોતાના સર્જનવ્યાપારમાં પ્રેરણા જોઈતી હોય તો તેણે એક જ કામ કરવું, કે પોતાને જે વિષયનું સર્જન કરવું હોય તેનો પૂર્ણ, સર્વાંગી, અને ઉત્કટ અનુભવ કરવો, અને એ અનુભવને પોષે એવું શીલ વિકસાવવું. યોગ્યતમ સામગ્રીના યોગ્યતમ સંયોજનરૂપ સાચી અનવદ્ય કલાકૃતિ નિર્માણ કરવાનો આ એક જ સાચો માર્ગ છે.

ત્યારે શીલ અને સાહિત્ય વચ્ચે આવો ગાઢ અવિયોજ્ય સંબંધ છે. કોઈ પણ વૃક્ષ જેમ અદ્ધર આકાશમાંથી ઊગી શકતું નથી, તેમ કોઈપણ સાચી કલાકૃતિ કેવળ ખાલી કલ્પનાના વિલાસમાંથી જન્મી શકતી નથી. એને ઊગવાને માટે પ્રથમ જીવનરૂપી જમીન જોઈએ છે, અને એ જમીનમાં અનુભવરૂપી જે બીજ પડે તેને જ્યારે યોગ્ય શી[illegible] પાણી મળે ત્યારે જ એ કલાકૃતિનો દેહ [illegible] ધારણ કરી શકે છે. કલાકારે જીવનભર જે આચાર સેવેલ હોય છે, વિચારો કરેલ હોય છે, ભાવનાઓ સેવેલ હોય છે, અને જે કામનાઓ કર્યા કરેલ હોય છે તે જ એના સર્જનરૂપે આવિર્ભાવ પામે છે. આપણા ધર્મમાં વાસનાપ્રાબલ્યનો જે મહિમા જીવન અને

[અનુસંધાન માટે પાન ૮૦૨ ઘ જુઓ]

જીવતો દેહ

શ્રી. 'અતિથિ'

ધર્મશાળાના આખા ચોગાનમાં કોઈ દેખાતું ન હતું. ચારે બાજુ આવી રહેલી કોટડીઓની હાર ઉપર નમી ગયેલી સાંજે ભર બપોરે સ્મશાનમાં દેખાય છે તેવી નિષ્ક્રિય વિષાદની છાયા પાથરી દીધી હતી ચૌદમાંથી એક કોટડીનું બારણું ખુલ્લું ન હતું. મુસાફરો સાંજ પડવા પહેલાં પોતપોતાને માર્ગે પડી ગયાં હતાં. ઊભી રહી હતી આ ઓરડીઓની ચતુષ્કોણ આકૃતિઓ—આવનાર અને જનારના માટે જરા પણ લાગણી અનુભવ્યા વગર, મૂંગી, મરી ગએલાં ઢોર જેવી.

દરીઆની રેતી, પાણા અને અહીં તહીં ઊડી રહેલા કાગળ અને ચીંથરાઓથી વિમના કાંઈક આકાંક લાગતું ચોગાન અત્યારે તો સાવ, માણસને કોઈ ન સમજાય તેવા ઊંડા શોકમાં દાટવા જાણે તૈયાર ન થઈ ગયું હોય તેવું નિષ્ઠુર લાગતું હતું. બરાબર વચમાં ઊભેલો આસમાની રંગનો લાકડાનો થાંભલો આ બધાંથી પોતે જાણે રજ પણ મગનો ન હોય તેમ ટટાર ઊભો હતો. તેના પગ આગળ બેસી એક બુઢ્ઢો પોતાનાં ધોતિયાનાં છેડા વડે ફાનસના કાચને અજવાળી રહ્યો હતો. તેનાં કપડાં અને વાળનો રંગ દિવસના કોણ જાણે કેવો દેખાતો હશે પણ અત્યારે તો ઘેરા થતા જતા અંધકારમાં એને રેતીથી જુદો તારવવો એ મુશ્કેલ થઈ પડ્યું હતું. કામ કરતાં કરતાં એ થોડી થોડી વારે કોઈક ભજનની લીટીઓ ફરી ફરીથી ગણગણ્યા કરતો હતો અને તેથી આસપાસ પ્રસરી રહેલી નીરવતા વધારે ને વધારે બીહામણી બની જતી હતી. દશેક મિનિટ ઘસ ઘસ કર્યા પછી એના જીવને સંતોષ વળ્યો હોય કે એ પછી અંધકારથી કંટાળ્યો હોય, ગમે તેમ હોય પણ તેના હાથમાં ઓચિંતું જોશ આવ્યું અને આંખ એક પલકારો મારે ત્યાં તો તેણે ફાનસ સામેના થાંભલાને માથે મૂકી દીધું. પીળા પ્રકાશને જોઈ તેણે બે હાથ જોડ્યા અને ફાનસને જાણે પોતે કોઈ જીવતાં માણસને સંબોધતો હોય તેમ 'જય શ્રી કૃષ્ણ' કર્યા.

"જય શ્રી કૃષ્ણ, બાપા," ક્યાંકથી દબાએલો અવાજ આવ્યો.

"કોણ બોલ્યું એ?" ચારે તરફ જોતાં ડોસાએ પૂછ્યું.

"એ તો હું" પાછો એ જ ખૂણામાંથી જવાબ મળ્યો.

રખેવાળ ભોખારો પાછો જે દિશામાંથી અવાજ આવ્યો હતો તે તરફ ગયો.

ડેલાના ઓટલા ઉપર બરાબર બારણાના ખૂણા આગળ એક બાઈ માણસ કાળા સાડલામાં વીંટાઈને બેઠું હતું

"બેટા ! સવારની અહીં જ બેઠી છો કે શું ?" ઓળખાણ પડતાં તેણે કહ્યું.

પેલી સ્ત્રીએ કાંઈ જવાબ ન આપ્યો

ડોસો બારણા બહારની અવરજવર જોતો સામેના ઓટલા ઉપર બેઠો કેડે ખોસેલા ગુંજવામાંથી તેણે એક બીડી કાઢી. દીવાસળીના અજવાળામાં તેણે એ બાઈના ચહેરા પરનાં આંસુઓ જોયાં ન જોયાં કે હમેશાં ટેવના બીડી સળગાવતાં તેનાથી ફૂંક મરાઈ ગઈ દીવાસળી ઓલવાઈ ગઈ અને તેના મોઢામાં રાતો અંગારો ઝગ-ઝગી રહ્યો કેમ આ દુખી મુસાફરને હિંમત આપવી તેના શબ્દો જાણે તે મનમાં ગોતતો હોય તેમ કંઈ પણ બોલ્યા વગર તેણે બીડીના બે-ચાર દમ માર્યા કર્યા

અંતર ! દુખને મૌન રહી ધીરજથી સહન કરી શકે છે પણ જ્યારે કોઈ સમભાવ દર્શાવનાર મળી આવે છે ત્યારે તેનો બેવડા આવેગથી આવિર્ભાવ થાય છે.

ડોસાના વાત્સલ્યભર્યા શબ્દોથી દબાઈ દબાઈ એકઠું થયેલું છાતીમાં જેમનું તેમ દાબી રાખેલું દુખ બહાર ઉછળી આવ્યું તે બીજી એક ડૂસકું મૂકી ગયું.

બીડીને પગ નીચે ચગદી નાખી ડોસો ઊભો થયો અને જાણે પોતાની જ દીકરીનું દુખ જોતો હોય તેમ પૂછ્યું "શું છે? બેટા !"

"મારો દીકરો" માંડ માંડ આવતા શબ્દો આંસુઓનો અંતરાય વટાવી હોઠ બહાર નીકળ્યા

"પાછો નથી આવ્યો કે શું?" ડોસાએ બહાર પહોંચાડાય ત્યાં સુધી નજર પહોંચાડતાં કહ્યું.

નકારમાં કાળા સાડલામાં ઢંકાએલું માથું હાલ્યું અને સામે રસ્તેથી પસાર થતી મોટરનું તેજ સામે આવેલી કોટડીઓ સાથે પછડાઈ અદૃશ્ય થઈ ગયું.

ક્ષણભર જોવા મળેલા આ ચહેરાને ડોસો આંખો મીંચીને જોઈ રહ્યો એણે પોતાની સુદીર્ઘ જિંદગીમાં કંઈક ચહેરાઓ જોઈ નાખ્યા હતા લક્ષ્મીપતિઓની શેઠાણીઓથી માંડી તે ઠેઠ ઝાડુ વાળવા આવનાર ભંગી સુધીના પણ કોઈ પણ ચહેરામાં અત્યારે તેણે જોયું તેવું કંઈક ન હતું. એ રૂપ ન હતું, ટાપટીપ ન હતી જુવાનીની મોહકતા ન હતી, એના નિષ્કપટ અંતઃકરણને એમાં કોઈ દેવીનું તેજ દેખાયું પણ એ તેજ જાણે કોઈએ ઝબકી નાખ્યું હોય એમ તેને લાગ્યું અને એ વધુ ઊંડો ઉતરે ત્યાં તો સવારનો કાળો સાડલો અને સોનાની બંગડીવાળા હાથ એને યાદ આવ્યા

"હેં ભૂડા," આવું સુંદર જોડું તોડી નાંખવા માટે તેણે મનમાં ને મનમાં યમરાજાને દબડાવ્યો હશે અને પોતાનાથી શબ્દો બીજાને કાને પડે તેના અવાજથી ઉચ્ચારાઈ ગયા તેથી નીચા વળી તેણે ગોદડાની ગાંસડી હાથમાં લઈ બારણા આગળ કાંઈ પણ પ્રયોજન વગર ઉભેલા કૂતરા તરફ ગુસ્સાનો ડોળ કરી દેખાવ કે જેથી એ શબ્દોની ખોટી અસર સાંભળનાર ઉપર ન થાય

કાંઈક બોલવું જોઈએ તેમ તેને લાગવાથી તે બારણા આગળ ગયો અને કહ્યું 'બાઈ ! ગભરાવું નહિ હું હમણાં જઈને તપાસ કરી આવું છું

પેલી બાઈ તેની વહાલની વર્તણૂકથી અંતરમાં થઈ જતી વ્યથાને આભાર અને આંસુ ભરેલી દૃષ્ટિથી જોઈ રહી

તે આ ધર્મશાળામાં સવારના બાર વાગે પોતાના એકના એક દીકરા અને બાનાર સાથે પોતાનું ગામ મૂકી આવી હતી તેનું વય અઠ્ઠાવીશ ત્રીશથી વધારે નહિ હોય એકના પડતાં તેની નજર આગળ તેનો ભૂતકાળ તરવરી રહ્યો

તે ચૌદ વરસે જટાશંકરને ઘેર ઉમંગના યૌવનને સાથે લઈ પોતાનું પીયર મૂકી આવી હતી પતિને તે રહેવા તેણે દીઠો પણ ન હતો છતાં ચૌદ પંદર વરસના ગાળામાં એક પણ પળ એવી નહોતી આવી કે જ્યારે એણે આ પસંદગી માટે પોતાના માબાપને મનમાં પણ ઠપકો આપ્યો હોય જટાશંકર જખૌના પુરોહિતનું કામ કરતો બેચાર વરસ કાશીમાં રહી તેણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો ત્યારથી ઉપાધ્યાય તે પોતાના બાપદાદાનો ધંધો કરતા પોતાને ગામ આવી રહ્યો હતો તે ધીમે ધીમે અદૃશ્ય થતા જતા જુના બ્રાહ્મણત્વનો પ્રતિનિધિ હતો જે માત્ર

તેનાથી સંતોષ માનવો અને બાકીનો સમય સ્વાધ્યાયમાં ગાળવો આ તેનું જીવનસૂત્ર હતું. એના સારાં કર્મોના પ્રભાવે એને પત્ની પણ ધર્મપરાયણ અને પતિવત્સલ મળી ગઈ હતી. ગામમાં એના કરતાં પૈસાદાર ઘણા માણસો હતા; છતાં તેનાથી વધારે સુખી કે પ્રતિષ્ઠિત બીજું કોઈ ભાગ્યે જ હશે ગામના માણસોમાં તેણે પોતાના શુદ્ધ આચાર અને વિચારથી એવું પદ પ્રાપ્ત કર્યું હતું કે તેની અદેખાઈ ગામના મોટા અમલદારને પણ થતી. અધૂરામાં પૂરું એને કુલીન અને રૂપવતી પત્ની મળી ગઈ હતી આ કારણથી ગામમાં એક જણાનો તો તે અપ્રીતિપાત્ર બની ગયો હતો અને એ મહાશય તે દરબારી દવાખાનાના યુવાન દાક્તર સાહેબ.

દાકતર સાહેબની સહુને જરૂર પડતી–મોટા અને નાના, સહુ કોઈ એમની તહેનાતમાં હાજર રહેતા અને એમને સંતોષવા પોતાથી બનતું કરતા. જટાશંકરને કાને આ દાકતરની જાહોજલાલી ઊડતી ઊડતી પહોંચી હતી. એ આવા પરસંસ્કારથી દૂષિત થએલા માણસથી ઉદાસીન ભાવે દૂર રહેવામાં જ પોતાનું શ્રેય માનતો.

દાકતર સાહેબની નજરને જટાશંકરનું સદાચારપરાયણ જીવન કરતાં રૂપયૌવનસંપન્ન કાન્તાનું આકર્ષક અંગ વધારે આકર્ષણ કરતા જેવું લાગ્યું. એણે કંઈક યુક્તિઓ અજમાવી–પણ એમાં એને સહેજ પણ સફળતા ન મળી પોતાના દૈવને ગાળો દેતો આ દાક્તર રોગની વાટ જોતો બેઠો. "રોગી મને મૂકીને ક્યાં જશે ?" દાક્તર સાહેબ–રોગના શત્રુ–રોગની મદદથી પોતાના શિકારને સપડાવવાના સમે સેવતા દિવસ ગાળવા લાગ્યા.

દાકતર સાહેબની અનન્ય ઉપાસનાથી પ્રસન્ન થઈને કે ગામના દુર્ભાગ્યને લઈને–ગમે તેમ હો–પણ ગામમાં ઈન્ફ્લુએન્ઝા માર માર કરતો આવ્યો. દાકતરનું હૈયું ગામની દુર્દશા જોઈ હરખાઈ ગયું. "હવે મારો વખત આવ્યો" મનમાંને મનમાં તેણે ખાડ ખાધી

નાનકડા ગામમાં હંમેશ દશથી પંદર ઠાઠડીઓ નીકળવા લાગી દાકતરને લોકોએ ઈશ્વરને જૂની આરાધના માંડ્યો. દરદીઓની હદ જામી હોય તેમાં દાકતર જટાશંકરના ઘરનું કોઈ દેખાય છે કે નહિ તેની તપાસ સૌથી પહેલાં કરી પછી બીજાઓને દવા આપવાનું અને તપાસવા જવાનું રાખતો. દિવસો ઉપર દિવસ જવા લાગ્યા. ગામમાં તાવના નામથી અરેરાટી ફેલાઈ ગઈ. કોઈ પણ ઘર એવું નહિ રહ્યું હોય કે જ્યાં યમદૂતે પ્રવેશ ન કર્યો હોય.

દશેરાના દિવસે જ બરાબર જટાશંકરને તાવ ચડ્યો. એક બાજુ ખાટલામાં કાન્તા પાંચ દિવસથી પીડાતી પડી હતી. તેને પડખેજ તેણે પોતાનો ખાટલો ઢાળ્યો બાર વર્ષના કેશુ ઉપર માતા અને પિતા, બંનેની ચાકરી કરવાનો ભાર આવી પડ્યો.

કાન્તાની બિમારીમાં જટાશંકરે ઘરગથ્થુ ઉપાયોનો જ આશ્રય લીધો હતો. ઝેરી દવાથી પોતાની પત્નીની કાયા અપવિત્ર કરવાની તેનાથી હિંમત થઈ ન હતી. જ્યારે એ પણ તાવમાં ઝડપાયો ત્યારે આયુર્વેદમાંથી કાન્તાની શ્રદ્ધા ઊડી ગઈ.

"દાક્તરને બોલાવોને," માંડમાંડ અટતા શબ્દો તેણે પતિના ધીકતા કપાળ ઉપર હાથ મૂકી ઉચ્ચર્યા.

"ગાડી થા મા દાક્તર જો આયુષ્ય આપી શકતો હોત તો એના ઘરમાં કોઈ મરત જ નહિ," જટાશંકરે આશ્વાસન આપવા આરંભ કર્યું અને ભીંત ઉપર ટાંગેલી ઠાકોરજીની છબી તરફ એકદૃષ્ટિએ જોઈ મનમાં ને મનમાં જપ જપવા શરૂ કરી દીધા.

એ જપના પ્રતાપે કે આજનો ખૂટ્યો ન'તો તેથી– કાન્તા પથારીમાંથી ઊઠી–ઊઠતાં વેંત જ આઠ આઠ દિવસના નકોરડા ઉપવાસને ગણકાર્યા વગર તે પતિની સુશ્રૂષામાં લાગી ગઈ. પતિની સેવા કરવા પ્રભુએ તેને ઉઠાડી એ વાતે જ તેના દેહમાં અપૂર્વ શક્તિ અને હિંમત ભરી દીધાં

પણ એની તનતોડ ચાકરી છતાં જટાશંકરનો તાવ નરમ ન પડ્યો. એનું હૃદય ખોટા ખોટા વિચારોથી પીડાઈ રહ્યું.

"તમે રજા આપો તો દાક્તરને બોલાવી લાવું,"

આજીજીભર્યા સ્વરે તેણે પતિને પ્રાર્થના કરી

જટાશંકરે જવાબ ન દીધો. ફક્ત આંખો ઉંચકી ભીંત ઉપર ટાંગેલી છબી સામે ટગર ટગર જોયાં કર્યું.

કેશુમાં તેના પિતાના સંસ્કારનો વારસો ઉતર્યો હતો. ઉંવટની ઘડીએ ગંગાસ્નાનથી શુદ્ધ થએલા દેહને પરદેશી દવાથી ભ્રષ્ટ ન કરવાનો તેણે મનમાં સંકલ્પ કર્યો. છતાં માતાની કાકલુદીને માન આપી તે દાકતરને તેડવા ગયો

દવાખાનામાં સારી પેઠે માણસો હતા. માંડ માંડ રસ્તો કરી તે દાકતર આગળ ગયો.

"સાહેબ! મારા બાપુને કંઇક થઇ જાય છે," તેણે ગળગળા અવાજે કહ્યું

"કોણ જટાશંકરનો દીકરો કે?" હસતા હસતાં દાકતરે પૂછ્યું.

હકારમાં કેશુએ માથું નમાવ્યું વિધાતા આખરે દાકતરની મદદે આવતી હતી મનમાં કંઇક વિચાર કરી દાકતરે પૂછ્યું,'

"છોકરા! મારી વિઝિટના રૂપિયા લાવ્યો છે?"

કેશુ સમજણ ન પડવાથી પથ્થર જેમ ઊભો રહ્યો.

"દાકતર સાહેબની ફીના રૂપિયા લાવ્યો છે?" ટોળામાંથી કોઇએ એને ઢંઢોળતા કહ્યું

કેશુ કાંઇ પણ સાથે લીધા વગર જ ઘેરથી નીકળ્યો હતો મરણ જેવા કટોકટીના સમયે માણસને રૂપિયાની વાત કેમ સૂઝતી હશે તેનો વિચાર કરતો તે રૂપિયા લેવા ઘર તરફ દોડ્યો. આખે રસ્તે તેને એક જ વિચાર મૂંઝવી રહ્યો "રૂપિયા ન હોય તો દવા ન અપાય?"

રૂપિયાથી તો એના બાપ સદાયે દૂર રહ્યા હતા એની પાછળ જવાથી માણસ છેવટ નરકના કુંડ આગળ જઇ પહોંચે છે એમ તેણે કંઇક વાર કેશુને વાતવાતમાં કહેલું છતાં આજે રૂપિયા વગર એના બાપને જોવા આવવાની દાકતર કેમ ના પાડતો હશે તે તેનાથી ન સમજાયું.

ઘરના બારણામાં જ કાન્તા ઊભી હતી

"દાકતર સાહેબ આવ્યા!" ધડકતે હૈયે તેણે પૂછ્યું

"રૂપિયા વગર આવવાની ના પાડે છે," હાંફતાં હાંફતા કેશુએ કહ્યું ધબકારા મારતી છાતીએ કાન્તા ઘરમાં ગઇ કેટલી ફી હશે એની એને પોતાને પણ ખબર ન હતી છતા પણ કાંઇક દેવું જોતું હશે એમ ધારી તેણે પોતાનો ટ્રંક ખોલ્યો ઉતાવળને ઉતાવળમાં રૂપિયા કાઢવા જતા તેનાથી અવાજ થઇ ગયો

જટાશંકરે ખાટલામાં પાસું બદલ્યું. વિષાદભરી નજરે તે કાન્તાના રૂપિયાવાળા હાથ તરફ જોઇ રહ્યો, કાંઇ પણ બોલ્યા વગર પણ એ મૂંગો ઠપકો કાન્તાના હૃદયમાં હજાર શબ્દો કરતા પણ વધારે સોંસરો નીકળી ગયો

છતા પતિના આયુષ્ય ખાતર એના સિદ્ધાન્તની પરવા ન કરતા તેણે બે રૂપિયા કેશુના હાથમાં મૂક્યા

મન ના કહેતું હતું છતા માની આંસુભરી આંખોની વિનવણીનો પુત્રથી અનાદર ન થઇ શક્યો તે પાછો દોડ્યો—ગાંડા વાછડા જેમ-દવાખાના તરફ—શ્વાસ લીધા વગર

દાકતરના હાથમાં તેણે કાંઇ પણ બોલ્યા વગર બે રૂપિયા મૂક્યા.

"તુ કેમ આવ્યો? તારી મા શું કરે છે?" રૂપિયા આંગળીઓ વતી રમાડતા દાકતરે પૂછ્યું

'એ મારા બાપુ આગળ બેઠી છે!" ધમણ જેમ હાંફતા પાંસળીઓમાંથી દબાઇને અવાજ નીકળ્યો

ત્યાં તો ગામના નગરશેઠનું તેડું આવ્યું હોઠે આવેલું અમૃત કોઇ છીનવી લેતું હોય એમ દાકતરને થયુ

"તું જા, હું હમણાં આવ્યો," કહી દાકતર શેઠના માણસ સાથે બહાર ઉભેલા ટાંગામાં બેસી ગયા

રૂપિયા આપવા છતાં દાકતર ન આવ્યા તેથી કેશુના મનમાં બહુ મુંઝવણ થઇ, થોડીક વાર સુનમુન તે ઊભો રહ્યો

"ભાઇ પૈસાદારનુ બહુ કોણ સગું છે" કેઇક પીડાતા ગરીબ દરદીએ કેશુને સંબોધી કહ્યું.

પૈસાદાર-રૂપિયા અને તેથી વધારે રૂપિયા કેશુનું

મગજ ચકડોળે ચડ્યું—ભારે પગે તે ઘર તરફ વળ્યો.

તે ઘેર પહોંચે તે પહેલાં દૈવે તેની વાટ જોયા વગર સઘળો હિસાબ પતાવી દીધો હતો.

તે સાંજે કાન્તાના ખોળામાં માથું મૂકી કેશુએ જીંદગીભરનાં આંસુઓ આંખથી વહાવી દીધાં

પિતાનું મૃત્યુ પૈસાના અભાવથી થયું એમ તેના મનમાં ખાતરી થઇ ગઇ.

પિતાએ કરેલો સદુપદેશ પિતાના મૃત્યુએ ભુંસાવી નાખ્યો. પૈસાદાર થઇ ગરીબોનું દુઃખ દૂર કરવાની તેણે મનમાં ને મનમાં પ્રતિજ્ઞા કરી

તેણે પરદેશ જઇ માણસો કેમ પૈસાદાર થાય છે તેની ઘણીય વાતો નિશાળના છોકરાઓ આગળ સાંભળી હતી.

દરરોજ નિશાળમાંથી આવ્યા પછી એક જ હઠ લઇ તે બેસતો, પરદેશ જવાની આટલી કાચી વયના છોકરામાં આટલું બધું ડહાપણ અને હિંમત જોઇ કાન્તા આકાશ સામું જોઇ ધીમેથી પૂછતી, "પ્રભુ! તારો શું વિચાર છે?"

પણ કાન્તા માટે ગામમાં રહેવું અને શાંત સાચવવું એ લગભગ અશક્ય થઇ પડ્યું.

જટાશંકરના મરણ પછી દાકતર સાહેબે એક અથવા બીજાં બહાનાં હેઠળ કાન્તા પાસે આવવાનું શરૂ કરી દીધું

"જો બહેન! કેશુના ભણતરની કોઇ વાતે ફીકર ચિંતા ન કરશો. હું એને ભણાવી ગણાવી મારા જેવો મોટો દાકતર બનાવીશ અને પછી એને ત્યાં કોઇ વાતની ખોટ નહિ રહે."

કાન્તા નીચું માથું ગાળી બધું સાંભળ્યા કરતી. જટાશંકરના જીવતાં જે માણસે આંગણામાં પણ પગ મુકવાની હિંમત કરી ન હતી તે માણસ હવે નિઃશંક એનાં રસોડાં સુધી ચાલ્યો આવતો હતો અને બધું કામકાજ મૂકી નીરાંતે બેસી શકતો હતો એ જોઇ કાન્તાની છાતી ફડફડી ઉઠતી.

કેશુનું ભાવિ ન બગડે એટલા માટે એ દાકતર સાહેબના શબ્દોનો પ્રતિવાદ કરવાની ઘણીય ઇચ્છા છતાં ચૂપ રહેતી.

દાકતર જ્યારે જતો ત્યારે આંસુભરી આંખોથી પોતાના પ્રભુને અભિષેક કરાવતી તે પ્રાર્થના કરતી, "પ્રભુ! અમંગળથી તમારી દીકરીને બચાવજો."

પણ જેમ જેમ તે વિચાર કરતી ગઇ તેમ તેમ તેને લાગ્યું કે જટાશંકરની કીર્તિને નિષ્કલંક રાખવી હોય તો ગમે તે ભોગે ગામને મૂકવું જ જોઇએ. બે ચાર વૃદ્ધ નાનીનીઓએ તેના ઘરમાં વધારે પડતાં થતાં દાકતરનાં પગલાંઓ વિશે ઇશારો વાતવાતમાં કરેલો. તે હકીકત પણ કાન્તાના ધ્યાન બહાર ન હતી.

કેશુના મનમાં તો ભૂત ભરાયું હતું કે પરદેશ જઇ એ પોતે કોઇ દાકતર પાસે નોકરી મેળવી લેશે અને બેચાર વરસમાં અનુભવ લઇ ગામના દાકતર સાહેબ જેવો હોંશિયાર થઇ જશે.

ખૂબ વિચારને અંતે કાન્તાએ કેશુના સ્વપ્નને અનુમોદન આપ્યું. એક દિવસ આખા ઘરની ઘરવખરી વેચી કાન્તાએ પોતાના ઘરને તાળું માર્યું.

એણે ગામ મૂક્યું ત્યારે એને જે વેદના થઇ હશે તે વર્ણવવાનું કામ શબ્દોનું નથી. ચૌદ ચૌદ વરસનું એકધારું, અખંડ, સૌભાગ્ય જેણે માણ્યું હોય એવી કોઇ કૃતકૃત્યજીવના નારી જ એની કલ્પના કરી શકે.

કેશુના બાલીશ મગજમાં તો ઉમંગ માતો ન હતો. જીવનના સ્વપ્નને આટલું વહેલું સિદ્ધ કરવાની તક મળી તે માટે એની આંખમાં આનંદનાં આંસુઓ આવી ગયાં.

પોતાના પ્રભુમાં અને કેશુમાં શ્રદ્ધા રાખી તે આજ વહાણમાંથી આ મોટા બંદરને કાંઠે ઉતરી હતી.

નાહી ધોઇ કેશુને જમાડતાં જમાડતાં તેની આંખો ભીની થઇ ગઇ હતી.

અઠ્ઠાવીશ વરસે વૈધવ્યનો કાળો સાડલો ઓઢી બાર વરસના અબુધ કોમળ બાળકના આધારે તે લાખો માણસની વસ્તીથી ઉભરાતાં શહેરમાં આવી હતી.

કેશુ ખાઇ પી જ્યારથી નોકરી શોધવા બહાર

ગયો હતો ત્યારથી તે ઓટલા ઉપર સંકોડાઈને બેઠી હતી તે અત્યારની ઘડી સુધી કેશુની વાટ જોવામાં એ બધુંય ભૂલી ગઈ—ભૂખ, તરસ અકાળ વૈધવ્ય."

એના શરીર અને મનની બધીય ક્રિયાઓ એકત્રિત થઈ તેની આંખોમાં સમાઈ ગઈ હતી ક્યારે એનો કેશુ પાછો આવે તેના ભણી જ તેનું હૈયું જોયા કરતું હતું.

જેમ જેમ વખત વધતો ગયો તેમ તેમ તેનું હૃદય આશંકાઓથી ઉભરાવા લાગ્યું

ગામડામાં ઉછરેલો બાળક પોતાના શરીરનું ટ્રામ, ગાડીઘોડા, મોટરોથી ઉભરાતા શહેરમાં કેમ રક્ષણ કરી શકશે એ વિચાર એને પીડી રહ્યો.

ધર્મશાળાના વૃદ્ધ રખેવાળે જ્યારે તેને આશ્વાસનના બે શબ્દો કહ્યા અને કેશુને શોધવા ગયા તે બહાર નીકળ્યો ત્યારે તેના હૈયામાં હામ આવી

દુનિયાથી સાવ અજાણ અને આશાથી ભરેલા કેશુએ જ્યારે ધર્મશાળા બહાર પગ મૂક્યા ત્યારે તેના મોઢા ઉપર શ્રદ્ધાની ચમક હતી સાંજ પહેલાં તો પાછા આવી માતાના ખોળામાં પોતાનું માથું મૂકી પોતાના વિજયની વાતો કહેવાના તેને કોડ હતા

પણ બાળકની શ્રદ્ધાનો વ્યવહાર જગતને ઝાઝો ખપ નથી હોતો. એની ગણત્રીઓમાં બીનઅનુભવીઓએ રચેલી કલ્પનાની હવેલીઓને સ્થાન નથી હોતું

દાકતરની વાતો સાંભળી સાંભળીને કેશુના મનમાં દૃઢ સંસ્કાર પડી ગયા હતા કે કોઈક દવાખાનામાં બે પાંચ વરસ નોકરી કરવાથી સારા દાકતર થઈ શકાય. ગામના દાકતર સાહેબની આનાથી વધારે લાયકાત ન હતી, તો શા માટે તે પણ તેના જેવો જ ન થઈ શકે, એવા એવા મનોરથો સેવતો તે શહેરના જાહેર રસ્તા ઉપર ચાલી રહ્યો હતો તેની આંખો શહેરની સમૃદ્ધ કે ધમાલ જોવા નવરી નહતી તે તો જ્યાં કોઈ દાકતરની દુકાનનું પાટિયું નજરે પડે ત્યાં જ અટકતી

ચાલતાં ચાલતાં તેણે કંઈક પાટિયાં વાંચી નાખ્યાં વાંચી વાંચી તેની આંખો પણ દુખવા આવી કલાકોના કલાક સુધી ઊંચે ને ઊંચે જોઈ રહેવાથી તેની ડોક પણ અકડાઈ ગઈ છતાં આશાને વરેલો તે ભોળો બાળક પોતાની શોધમાં જરી પણ પાછો ન પડ્યો

રસ્તામાં ધક્કા ખાતો, કોઈક કોઈક વાર અપશબ્દોથી અભિભૂષિત થતો તે કંઈ પણ ઉપદ્રવને ગણકાર્યા વગર આગળને આગળ વધી રહ્યો

બેચાર દવાખાનામાં તે બેસી આવ્યો દરદી જાણી દાકતર તેને પહેલાં તો માનથી બોલાવતા પણ જ્યારે ખબર પડતી કે આ દરદીને દવાને બદલે નોકરી જોઈએ છીએ ત્યારે તેમની વર્તણૂકમાં શહેરી જાનવરની કૃપણતા અને નિષ્ઠુરતા તરવરી રહેતાં અપમાનથી હતાશ ન થતાં બીજો કોઈ દયાળુ દાકતર મળી રહેશે એવી આશાથી તે બહાર નીકળતો અને ફરીથી પાટિયાં વાંચવાનું શરૂ કરતો

જેમ જેમ મોડું થતું જતું હતું તેમ તેમ તેને પોતાની માના વિચાર આવતા જતા હતા કેટલી આશાઓ આપી તે એને અહીં સુધી આવ્યો હતો. પરદેશમાં ધમકી લાગ્યો હતો તેનું જ્યારે તેને ભાન થતું ત્યારે તેના પગમાંથી ચેતન ઓસરી જતું પણ પાછો શ્રદ્ધાથી ભરેલો તે આગળ ચાલતો અને નિરુત્સાહ કરનારા બધા વિચારોને પાછળ મૂકતો

આમ આમ કરતાં રાત પડી ગઈ હવે તો તેનું શરીર પણ થાક્યું હતું ભૂખ અને તરસ પણ લાગી હતી. બરાબર બાર કલાક પહેલાં તેણે ત્રણ દિવસની વાસી ભાખરી અને બાજરનું અથાણું ખાધાં હતાં ફરસાણથી ભરેલા ગીતના ડબ્બાઓવાળા એક 'ક્ષુધા શાન્તિ ગૃહ' આગળ તેના પગ અનિચ્છાએ અટકી ગયા

તેના સંસ્કારોએ બળવો કર્યો તેના ગજવામાં બે કુંકા પરચુરણ હતું એ વાત સાચી પણ બહારની રાંધેલી વસ્તુ તેના માટે અભક્ષ્ય હતી તે ભૂખ તરસ થાક, બધુંય ભૂલી ગયો—જ્યારે તેની નજર આગળ આંસુઓથી ભરેલી બે મોટી મોટી આંખો તરવરી રહી ત્યારે

લથડતા પગે તે સહેજ આગળ ગયો ત્યાં તો એક દવાખાનું તેની નજરે પડ્યું સજ્જન સહાયક ઉત્સાહના

બધો તે અંદર ગયો અને એક બાંકડા ઉપર બેસી ગયો. બાર બાર કલાકની રખડપટ્ટીથી તેના શરીરનો અણુએ અણુ વિસામા માટે પોકારી રહ્યો હતો. બેસવાનું મળતાં તે મનુષ્ય ભૂલી થાક ઉતારી રહ્યો.

વિશાળખનામા ટેબલની આસપાસ બેસી ચારેક જણ ગપ્પાં મારી રહ્યા હતા. આઠ વાગી ગયા હતા એટલે ચાલુ ઘરાકો આવી ગયાં હતાં. નવા ઘરાકોની આવા બેકારીના જમાનામાં આશા ન હોવાથી ડાક્ટર પોતાના સોબતીઓ સાથે અહીંતહીંની વાતો કરી જીવ બહેલાવી રહ્યા હતા.

એને જોઈ ડાક્તરને પોતાનું મહત્ત્વ બતાવવાનો શોખ થઈ આવ્યો. એટલે એ બાંકડા ઉપર આવીને ચૂપચાપ બેસી ગયો તો પણ તેણે એક શબ્દ પણ ન કહ્યો.

એના સોબતીઓમાંથી એક વકીલાતના સાગરમાં તરવા પડેલો—પણ તરતાં તરતાં ખૂબ ખારું પાણી પીધેલ—વકીલ હતો—બીજો હતો શહેર સુધરાઈનો તરતનો જ ચુંટાએલો સભ્ય—ત્રીજો જણ ડાક્તરનો જૂનો ઘરાક અને મિત્ર હતો. ચાહનાં ત્રણ ત્રણ વાર કુમનાઓ થવા છતાં આ ડાક્તરના પ્રતાપે એ પોતાની પતિનોધારણી પ્રતિમા રચ્યો પચ્યો રહી શક્યો હતો. તેથી વખત મળતાં તે આ મંડળીમાં પોતાની હાજરી પૂરાવવાનું ન ચૂકતો.

વાતો કરતાં કરતાં લગભગ નવ થવા આવ્યા ત્યારે ડાક્તરને પોતાનો ધંધો ઉંચો મૂકવાની જરૂર દેખાઈ. ખુરશી ઉપરથી ઉભા થઈ તે બાંકડા આગળ ગયા અને અતિ મીઠાશથી પુછ્યું, "શું થયું છે? ભાઈ!"

તંદ્રામાં પડેલો કેશુ આ પ્રશ્નથી ઝબકી ઉઠ્યો. ડાક્તરને પાસે ઉભેલા જોઈ તેની આંખ આગળ દિવસના અનુભવો તરવરી આવ્યા. છતાં હિંમત કરી તેણે કહ્યું. "સાહેબ! મને થયું તો કાંઈ નથી પણ હું તમારી પાસે નોકરી માગવા આવ્યો છું."

ડાક્તર ખસીઆણા પડી ગયા.

"હ્યો, ડાક્તર! આ નવીન પ્રકારનો દરદી" વકીલે રોફમાં કહ્યું.

કેશુની આંખમાં આંસુઓ આવી ગયાં. પેલા શહેર સુધરાઈના સભ્યે એની વકીલાત કરતાં કહ્યું, "કોઈ દુખી જીવ લાગે છે."

"શું છે ભાઈ! વાત કર તો ખબર પડે," ખુરશી ઉપર પાછા બેસતાં ડાક્તરે અનિચ્છાએ કહ્યું.

કેશુએ પોતાના વિતકની અને વિમલ મનોરથની વાત ટૂંકામાં કહી.

"ભાઈ, અહીં નોકરી કેવી?" ઘડીઆળના કાંટા તરફ ઘમંડના જેવું બગાસું ખાતાં ડાક્તરે કહ્યું.

"ડાક્તર! એની માની ખાતર," શહેર સુધરાઈના સભ્યે વિચિત્ર અભિનયથી આજીજી કરી.

"છોકરાના ચહેરા ઉપરથી તો" ખાનદાન અંગ્રેજીમાં બોલાએલા તે વકીલના શબ્દો અખિલ ગમાર ... માટે અપમાનકારક હોઈ અહીં ગુજરાતીમાં ઉતારવાની જરૂર નથી પડતી.

"જો ભાઈ, મારી પાસે કાંઈ નોકરીબોકરી નથી. આ પડખેની હોટેલ છે ત્યાં જા. તારા જેવા વણજોતા છોકરાને ત્યાં તરત રાખી લેશે," આટલું કહી ડાક્તરે ટેબલ ઉપરના દીવાને ઓલવ્યો અને બારીને દવાખાનું બંધ કરવાનો હુકમ કર્યો.

હોટેલનું નામ સાંભળી કેશુના હાડે હાડમાં અગ્નિ વ્યાપી ગયો. નાનપણથી જ એ દાગ્તરો અનાથાશ્રમ માટે ધામ મગનો થયો હતો—"વ્યક્તિઓએ આપણો વહાલવા આ બાળકો બોલ્યા છો," એના પિતાના શબ્દો એના કાનમાં ગણગણી રહ્યા.

"સાહેબ હું ખાનદાનનો દીકરો છું" કોપના આવેશમાં તેનાથી વધારે બોલી ન શકાયું.

"તારી માને ખબર," આ શબ્દો એના કાન ઉપર પડે તે પહેલાં તો તે પેઢી દૂર નીકળી ગયો હતો.

અમેરિકેગવણીએ પોતાની મજબુતને વિજ્ઞાપિત કરનારા આ શહેરે જમાનાના નામ પાકનારૂપ મુલિકર્તીની ખાનપાનીના બેમાર કારા જાહેરાતની ભીડ જાય મારી હોય અને એ મજુરશહીનો રસ્તો ન હોય

તેની ખાતરી માટે ઉપલો પરિચય જ બસ થઇ રહેત, જો આ ગામડીઓ ઉચ્ચ કેળવણી શું તે સમજવાની શક્તિ ધરાવતો હોત તો.

તે થોડેક દૂર ગયો ત્યાં તો પડખેના ટાવરમાં નવના ડંકા પડ્યા—નિરાદરથી, ભૂખથી, થાકથી સંતપ્ત થએલો પોતાની માતાના વિચાર કરતો તે જે રસ્તેથી આવ્યો હતો તે તરફ પાછો વળી રહ્યો.

લાંબી લાંબી એસ્ફાલ્ટની કાળી સડક ઉપર વીજળીના પ્રકાશમાં ઝગઝગારા મારતા ટ્રામના લેખંડી પાટાઓ ક્યાંય સુધી દોડ્યા જતા હતા; પડખો પડખ, છતાંય એક બીજાને મળ્યા વગર.

જીવ વગરના યંત્ર જેમ તેના પગ ઉપડતા હતા અને પાછા પડતા હતા. એના ગામડી જોડાનો અવાજ અવરજવર ઓછી થવાથી વધારેને વધારે કઠોર બનતો જતો હતો જે શ્રદ્ધા અને ઉમંગથી બાર કલાક પહેલાં એણે આ શહેર તરફ મોઢું કર્યું હતું તેટલી જ નિરાશા અને ગમગીનીથી તેના તરફ પુંઠ ફેરવી તે પોતાની માને મળવા અને અપયશનું કારમું રુદન રોવા ધર્મશાળા તરફ પગલાં માંડી રહ્યો હતો.

નોકરી ન મળવાથી એને એટલું બધું દુઃખ થયું નહતું; જેટલું તેની લાયકાત માટે બીજાઓએ બતાવેલા અવિશ્વાસથી થયું હતું.

"નોકરી શોધવાના દિવસોનો ક્યાં દુકાળ હતો ! પણ શું તેનામાં હોટલમાં નોકરી કર્યા સિવાયની બીજી કોઈ લાયકાત જ નહતી !" આવા આવા વિચારોએ એને માત્ર મૂઢ બનાવી દીધો

ગીતાકાર ગમે તે કહે. આ જીવનયાત્રામાં આ દેહીને તો એકથી વધારે વાર મરવું પડે છે; પણ આ દેહ તો એક જ વાર મરે છે.

તેના દેહીને દુનીઆના ડહાપણે મારી નાખ્યો હતો. છતાં તેના બાર વર્ષના દેહના ભાર અને ભૂખ અને તરસ અને અનાદર અને નિરાશાથી ધુંધવાએલા તેના ગામડી જોડાની ચીંચીંઆરીઓ શાન્તી નગરવાસીને ઢંઢોળવાને વ્યર્થ પ્રયાસ કરી રહી હતી—કારણ કે તેનો દેહ હજુ મર્યો ન હતો.

ફ લા શા

: પૃથ્વી :

પ્રયત્ન કરું, ને પછી ફલ તણી ન આશા ધરું?
અહો! ક્યમ બને હું થી–મનુજથી–ફક્ત, એહવું?
બને, જરૂર આટલું બને શકે: કદિ જો થઉં
હતાશ, તદપિ નહીં શિથિલ યત્ન થાવા દઉં.

દેવજી રા. મોઢા

'ઋતુગીતો'ના પદબન્ધો

શ્રી. ડોલરરાય રંગીલદાસ માંકડ

આપણી કવિતામાં સંસ્કૃતકાળના છન્દોનો વપરાશ ઠીક ઠીક પ્રમાણમાં થાય છે. એનું મુખ્ય કારણ ગઇ પેઢીના આપણા કવિઓનો સંસ્કૃત મહાકાવ્યોના છન્દો સાથેનો મુખ્ય પરિચય હતો તે છે, જો કે કેટલાકો આપણાં પ્રાચીન ગુજરાતી સાહિત્યનો અભ્યાસ કરતા તેમણે 'દેશી,' 'ગરબી' ઇત્યાદિ પદો આપણી કવિતામા દાખલ કરવાના યત્નો કર્યાં હતા પણ તે વિજયી ન નીવડયા. આથી કરીને આજે આપણી કવિતાને પૃથ્વી જેવો છન્દ મળ્યો છે છતાં મનુષ્યહૃદયના વિવિધ ભાવોનો અનુરૂપ આવિષ્કાર જેના દ્વારા થઇ શકે તેવા શક્તિશાળી છન્દોની જરૂર તો હજી ઊભી જ છે. આજે વપરાય છે તે છન્દોને કાવ્યમાંથી બાતલ કરવા એમ કહેવાનું નથી, એમની જરૂર તો રહેશે જ પણ એના ઉપરાન્ત બીજાં કાવ્યવ્યક્તિવાહનોની પણ જરૂર આપણને છે. આ જરૂરત, જો આપણાં લોકગીતોનાં સાહિત્યને આપણે સમજીને તપાસીએ તો કદાચ કેટલેક અંશે પૂરી પડે એમ લાગે છે, કેમ જે ઘણી વખત લોકરુચિએ મંજુર કરેલ વાહનો ઘણાં જ ચમત્કારક નીવડે છે. આવા હેતુથી મેં નીચે કેટલાક છન્દોનું સ્વરૂપ આપ્યું છે.

રા. રા. ઝવેરચંદ કાળીદાસ મેઘાણીએ 'ઋતુગીતો' નામે એક કાવ્યસંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે. તેમાં જુની ચારણી ભાષામાં કેટલાંક લોકગીતો છે. આ ગીતોમાં ઋતુવર્ણન છે. અહીં હું એનાં વસ્તુ વિશે કશું જ લખવા ઇચ્છતો નથી, પણ એમાં વપરાયેલા પદબન્ધ વિષે થોડુંક લખવાની ઇચ્છા છે. આ સંગ્રહમાં જે મુખ્ય કાવ્યો છપાયાં છે તેમાં નીચેના પદબન્ધોનાં નામ મળે છે:—દોમળીઆ છન્દ, ગજગતિ છન્દ, ત્રિભંગી છંદ, સારસી છન્દ, ગીત સપાખરૂં. આ દરેક બન્ધનાં લક્ષણ નીચે મુજબ છે તે અભ્યાસીને ઉપયોગી નીવડશે એમ માનું છું.

૧ સારસી છન્દ

આ છન્દ હરિગીતનાં જ બંધારણનો છે એમ રા. મેઘાણીએ પ્રવેશકમાં જણાવ્યું છે તે યોગ્ય છે. આ છન્દનું બંધારણ રણપિંગળ, ભાગ પહેલામાં પૃ. ૪૭ ઉપર નીચે મુજબનું મળે છે.

૮+૪+૪+૭+૫=૨૮ માત્રા

૩, ૬, ૧૦, ૧૩, ૧૭, ૨૦, ૨૪, અને ૨૭ માત્રાએ તાલ.

નવ સાતપર ધરી માતપર વળી પાંચ માત્રા આણજે,
અઠ્ઠાવિશે છે ચરણ એવું સારસીમાં જાણજે;
ધરી ત્રણ ઉપર તો તાલ પછી ત્રણ ચાર ક્રમથી તો ધરો,
તજી જગણ જુગતે આઠ એવા તાલ પદમાં તો કરો,

નવ નવ મોરાં મેળવાની વાત રા. મેઘાણીએ નોંધી છે તેનો ઉલ્લેખ રણપિંગળમાં નથી. પણ આ ઋતુગીતોમાં વપરાયેલ સારસીની ચમત્કૃતિ મોરાંના એ મેળથી જ આવે છે તે સાચું છે.

૨ ગજગતિ છન્દ

રણપિંગળ ભાગ પહેલામાં પૃ. ૨૫૮ ઉપર ગજગતિ છન્દ આપ્યો છે તે વર્ણમેળ છન્દ છે. એમાં આઠ વર્ણો અને દશ માત્રાઓ આવે છે, તે છન્દ આ ઋતુગીતોમાં વપરાયેલા ગજગતિ કરતાં જુદો છે. અહીં વપરાયેલા છન્દનું બંધારણ ડિંગળ પૃ ૭૫ ઉપર મળે છે, તે નીચે મુજબ છે.

કૂલ ચરણ આઠ

ચરણ

૧ અન્તે લગ=કૂલ મળી ૯+૭ ⎫ ચારે ચરણનાં મોહોરાં મળે
૨ ,, = ,, ,, ⎬ ચોથીનું સિંહાવલોકન
૩ ,, = ,, +૭ ⎪ હરિગીતના પ્રથમ
૪ ,, = ,, ,, ,, ,, ⎭ ચરણમાં આણવું.

૫ ચોથીનું સિંહાવલોકન ૯+૭+૧૨=૨૮ અન્તે લગ.

૬ ૯+૭+૧૨=૨૮ ⎫
૭ ૯+૭+૧૨=૨૮ ⎬
૮ ૯+૭+૧૨=૨૮ ⎭

આમાં પહેલાં ચાર ચરણો ગજગતિનાં છે અને બીજાં ચાર ચરણો હરિગીતનાં છે. તેનું ઉદાહરણ ડિંગળમાં નીચે મુજબ આપ્યું છે તે વાંચવાથી ઋતુગીતોનો છન્દ ડિંગળમાં આપેલ છન્દ સાથે એકરૂપ જ છે તે સમજાશે.

કુંભજ કહ કહેછી,
સિયવર સુણ સહે,
વંદે પગ વહેછી,
ગેલો વન ગહે.

વન ગહે ગેલો જેણ વિચમે રહે રાક્ષસ રોસમેં,
તન તુંગ નામ કબંધ તિણરા કરગ જોજન કોસમેં,
સો હુતો ગંધ્રપ શ્રાપ વાસવ ભ્રિખે પ્રાક્રમ ધારિયા,
ત્રિણ શીશ દૂરે પાડ઼ાર બાંડાં ઘણા જીવ સંધારિયા.

૩ ગીત સપાખરૂં.

આ જાતનો પદબન્ધ ડિંગળ પૃ. ૧૨૨ ઉપર 'સપાખરો—સાડ અક્ષરો' તે નામે મળે છે. તેનું લક્ષણ આમ આપ્યું છે :

૧ પાદમાં અક્ષર=૧૮ ⎫ ૨, ૪ નાં મોહોરાં મળે. અન્તે
૨ ,, =૧૪ ⎬ ગુરૂલઘુ. સભન એ ત્રણ ગણ ન
૩ ,, =૧૬ ⎪ આવે તો સારૂં.
૪ ,, =૧૪ ⎭

એનું ઉદાહરણ નીચે આપ્યું છે.

અંગા સવાયો ઉસસે તાયો સુણ વેણ રાણવાળા;
વડાળા છોહળે છાયો ચખાં ચોળ વૃત
કહેણું અઘાયો લેણ રટકાં સજોર કાયે
કટકાં રામરે માથે આયો કુંભકન

'ઋતુગીતો' માં આ પદબન્ધનાં આપેલ બન્ને કાવ્યોનાં લક્ષણ ઉપર મુજબ મળી રહે છે.

૪. ત્રિભંગી છન્દ.

આ છન્દનું માપ રણપિંગળ ભા. ૧ પૃ. ૫૩ ઉપર નીચે મુજબ આપ્યું છે.

આઠ ડગણ=૩૨ માત્રા, ૧૦, ૮ ૮, ૬ યતિ તેમાં અંતે ગ. આઠે ડગણમાં જગણ ન આણવો. દરેક યતિએ અનુપ્રાસ. ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩, ૨૭, ૩૧, માત્રાએ તાલ.

ઉદાહરણ નીચે મુજબ છે.

લીલાવતી તાસે, કલ રદ ભાસે.
બહુ સંભાસે, કવિજ ખરો,
અન્તે ગુરૂ એમાં, જગણ ન જેમાં.
શ્રુતિ યતિ તેમાં, પ્રાસ કરો;
યતિ દશને આઠે, વસુના કાઠે
રસને માથે, એસ ભરો,
એ જાતિત્રિભંગી, રચિબહુ રંગી
અધિક ઉમંગી, ઠીક ઠરો.

ઋતુગીતમાં આપેલ કાવ્ય આ માપમાં મળી રહે છે.

૫. દો મળીઆ છન્દ

ઋતુગીતોમાં બે જાતના દોમળીઆ છન્દો વપરાયા છે. 'કહે રાધા કાનને' નામનાં કાવ્યમાં 'છન્દ દોમળીઆ' વપરાયો છે. તેનું ધડતર તપાસતાં તે ગજગતિનાં છેલ્લાં ચાર ચરણો સાથે મળી રહે છે. પણ પૃ. ૫૦ ઉપર ફરીથી છંદ દોમળીઆ વપરાયો છે તેનું બંધારણ જુદું છે. તે છન્દ રણપિંગળ ભાગ ૧, પૃ. ૫૮ ઉપર આપેલ દુમિલા, દુમિલિયા કે દુમિલા છન્દને મળતો છે. એનું બંધારણ આમ છે.

૧૦, ૮, ૧૪ યતિ=૩૨ માત્રા આઠ ડગણ
૩, ૭, ૧૫, ૧૯, ૨૩, ૨૭, ૩૧ માત્રાએ તાલ.

ઉદાહરણ નીચે મુજબ છે.

ગણ ચોકલિયા ડિક, આઠ રચી બધા,
બત્રિશ માત્રા તો કરજો;
દશ આઠ અને વળી, ચૌદ-ઉપર યતિ
એમ તમે ત્રણ ઠિક ધરજો.
તજી બે માત્રા પછી શ્રુતિ શ્રુતિ ઉપર,
આઠ કરી કુલ તાલ ધરે;
દુમિલા, દુમિંલા, દુમિલિયા વળી
નામ ધરે કૃતિ એમ કરે.

આની સાથે ઋતુગીતોમાં આપેલ આ લક્ષણ લગભગ મળી રહે છે.

આ છન્દો તરફ ખાસ લક્ષ દોરવાનું કારણ એ કે આ છન્દો મસ્તી એકાગ્રતા ભવ્યતા અને અદ્ભુતતા ભાવોને વ્યક્ત કરવામાં અસીમ સામર્થ્ય ... લાગે છે. આજની આપણી કવિતામાં એનો ઉ[illegible] કરવાથી વૈવિધ્ય જરૂર વધશે. શબ્દાલંકારો આ શૈલીનું મુખ્ય આકર્ષણ છે અને જે કોઇ કવિએ આ વાપરવા હોય તેણે શબ્દાલંકાર ઉપર પ્રભુત્વ પહેલાં મેળવી લેવું જોઇએ.

●

ખેંચ્યો કેમ ?

ખેંચ્યો કેમ મને સુદૂર અહીં? દે આશા અનેરી, નવાં
શોભીતાં સપનાં હુલાવી વરસ્યાં; ને જોઉં તો કાંઇ ના.
આવી માર્ગ ભૂલેલ પાન્થ સુજપે તું રે'મ જો દાખવે
તોયે-કેદી મનોદશા પચી ગઇ હાડે,–હવે ના હલું.

' અજ્ઞાત '

અક્ષરમૂર્તિઓને

મોહિનીચંદ્ર

પધારો સ્વચ્છન્દે અવિરત ઘુમી ઘોષ કરતા,
મહાનુભાવીઓ! મનસનભનો કોટ ચણતા,
તરંગો સર્જંતાં, બુદ બુદ થઇ સાગર તીરે
રમંતા–નર્તંતા, ધૂળ રજકણો જેમ અનિલે,
મળે ના કો ઠામે ઘડિભર થવા સ્થિર, ઉડતા
પતંગો ધારીને નિજ કરમહીં કલ્પન ગુંથી,
ધરી વાચો ભૂપે, તદપિ ભૂંતણાં ભાંડુગણ–ને
ઉવેખી રાચંતા દલિત-પિડિતો ને અછુત–ને,

પધારો લેખોને બહુ વિધ નવા દેશપ્રીતિના
લખી હોંશે હોંશે જનસમુહમાં ઓર કુદતાં,
પરંતુ આચારે લવ નહિ મુકો એ અમલમાં.
મહાપ્રેમી એવા કયમ વિસરવા આપ ગુણને?
અહો તારા ઇન્દુ દિનકર પજે જ્યાં વિચનમાં
વિંધી એ સન્ધાને તમ મુખ થકી, ભાવવૃની,
વિરાટે ઝૂલંતી, ગહન સ્ફુરતી, રાષ્ટ્રભરનાં,
ભરી સેવા ઐક્યે અમર રમણાઓ વચનની,
પસારીને ભર્ગો નિજ અસ્મિમને પાટ ઝૂમતી,
પરંતુ પૃથ્વીપે સકળ કરમે ફર્જ ચૂકતાં.
ઉડાડો ધૂલીને અવર જનનાં ચક્ષુ પૂરતા
પછી શબ્દો–યુધ્ધે લડી લડી તમે ભોંય પડતા.
પધારો એવા ઓ શબ્દરમના બ્રહ્મતનુજો!

વર્ષો ખૂબ વીત્યાં હવે ભ્રમણામાં, વાણીવિલાસો તણાં.
આંહીં–જ્યાં જગગાંધીએ-વિતરતાં પૃથ્વી પટે વાવીયાં
મુક્તિ-સામ્ય તણાં બીજો સ્વનપથી, ત્યાંથી તમે એકડો
ઘૂંટોને મમ શબ્દ મુક્ત થઈને કાર્યો મહીં પાંગરે.
સૃષ્ટાઓ અક્ષરોના! ત્રણ દિ મળી રહ્યા થાશું અંતે બધાએ,
કિંતુ ત્યાં જે કરીશું અભિનવ, ફળશે એ કદિ વિસ્મરો ના.

રવીન્દ્રનાથની નવલકથાઓ

શ્રી. નગીનદાસ પારેખ

[અમદાવાદમાં મળેલા બારમા સાહિત્ય સંમેલન વખતે સ્વાગત સમિતિ તરફથી 'વર્તમાન બંગાળી, મરાઠી અને હિંદી સાહિત્યના પ્રવાહ' નામનું પુસ્તક પ્રગટ થયું હતું તેમાંના 'આધુનિક બંગાળી સાહિત્યનું વિહંગદર્શન' નામના લેખમાંથી આ ઉતારો લીધો છે]

બંકીમની ઉત્તરાવસ્થામાં જ રવીન્દ્રનાથે કવિતાઓ લખવાનું શરૂ કરી દીધું હતું, અને બંકીમ સાથેની પહેલી મુલાકાતનું વર્ણન પણ એમણે એમની જીવનસ્મૃતિમાં આપેલું છે. રવીન્દ્રનાથ પ્રધાનતઃ કવિ છે. કવિતા લેખન એ જ એમની મુખ્ય પ્રવૃત્તિ છે. છતાં એમણે નવલકથાઓ, નાટકો અને ટૂંકી વાર્તાઓ પણ એટલાં બધાં લખ્યાં છે, અને એવાં સરસ અને સુંદર લખ્યાં છે કે એ એક એક પ્રકાર પણ કોઈ ઉચ્ચ કોટિના લેખકની કલમને જશ આપી શકે.

બંકીમ પછી ચારેકોર નવલકથાઓનો જે જુવાળ આવી રહ્યો હતો, એમાં જ્યારે 'રાજર્ષિ' લખીને રવીન્દ્રનાથે પ્રવેશ કર્યો ત્યારે એમણે એક નવું જ તત્ત્વ દાખલ કર્યું. પોતે પ્રધાનતઃ કવિ અને તેમાં યે મુખ્યત્વે ભાવકવિ (Lyrical) જ, એટલે એમની નવલકથામાં પણ આ તત્ત્વે પ્રવેશ કર્યો. જો કે શરૂઆતની એમની બે નવલકથાઓ 'રાજર્ષિ' અને 'બૌ ઠાકુરાણીર હાટ'માં એમની નવલકથા-લેખનની શરૂઆત હોઈ પ્રચલિત પદ્ધતિનું પ્રાધાન્ય વિશેષ જોવા મળે છે, અને એમનું વિશેષ કાંઈ એવું પ્રગટ થયું નથી.

નવલકથા બે પ્રકારની હોય છે. કેટલીક નવલકથાની ઘટનાગૂંથણી અને રચનાકૌશલ જ એવાં મનોહર હોય છે કે તેમાંથી જ આપણી રસવૃત્તિ સંતોષ પામે છે. કેટલીક સુંદર ગતિ ગૂંથણીની વાતો જ એટલી સરસ હોય છે કે તરત સડસડાટ વાંચી જવાય તો યે તેમાંથી રસનિષ્પત્તિ થાય. આવી વાર્તાના રસને આપણે કથારસ કહી શકીએ. બીજા વર્ગમાં આ કથારસ ઉપરાંત એક બીજી વસ્તુ પણ હોય છે. એમાં પાત્રોનું જે ચરિત્રાલેખન કરવામાં આવે છે, તેના પ્રત્યેક અંગમાં કાવ્યરસ માટે ખૂબ અવકાશ હોય છે, અને એ રસ ભાવાત્મકના જેવો હોય છે. બીજા પ્રકારની નવલકથામાં આ ભાવરસ જ પ્રધાન હોય છે.

રવીન્દ્રનાથની નવલકથાઓમાં પણ કથારસ કરતાં ભાવરસ જ પ્રધાન હોય છે. એમની મોટી મોટી નવલકથાઓની વાત તો પણ નવલકથાઓમાં ઘટના ખૂબ થોડી હોય છે. એમની વાત ખૂબ ટૂંકમાં કહી શકાય એવી હોય છે. કદાચ કોઈ બીજા લેખક એમાંથી ઘણું વધુ રચત.

તો તે ટૂંકી વાર્તા સિવાય બીજું કશું લખી જ ન શકત. 'નૌકાડુબી'માં લગભગ ચારસો પાનાનો વિસ્તાર એમણે કર્યો છે, છતાં વાત જોવા જઈએ તો કેટલી છે? પણ એમની નવલકથાની વિશેષતા એ છે, કે પોતે જે પાત્રો દ્વારા કથાગૂંથણી કરે છે તેમના અંતરમાં ચાલી રહેલી પ્રવૃત્તિને અને એમના જીવનમાં જ્યાં જ્યાં ભાવરસનો સંચાર થઈ શકે એવા પ્રસંગો હોય તેને તેઓ કુશળતાપૂર્વક શોધી કાઢે છે, અને તેને જ સ્પષ્ટ અને પુષ્ટ કરવામાં પોતાની શક્તિ વાપરે છે. પણ આનો અર્થ એવો તો નથી જ કે એમની વાર્તામાં ઘટનાની ગૂંથણીમાં કોઈ જાતનું નૈપુણ્ય કે સૌષ્ઠવ નથી હોતું. તે તો હોય છે જ, પણ અહીં હું જે કહેવા માગું છું તે એ કે એમના નવલકથાઓમાં જે પ્રધાન વસ્તુ છે તે વાર્તાનું સંકલન નથી, પણ તેના અંગેઅંગમાં જે ભાવરસ સીંચ્યો હોય છે તે છે.

એમની પહેલી જ નવલકથાની ઉત્પત્તિ જુઓ કેવી કાવ્યમય છે! એમને એક દિવસ સ્વપ્ન આવ્યું: "સ્વપ્નમાં મેં જોયું કે કોઈ એક મંદિરના પગથિયા ઉપર બલિના રક્તચિહ્ન જોઈને એક બાલિકા અત્યંત કરુણ વ્યાકુળતા સહિત પોતાના બાપને પૂછે છે 'બાપુ, આ શું! આ તો લોહી છે!' બાલિકાની આ કાતરતાથી પિતાને અંતરમાં તો દુઃખ થયું છતાં તેણે ઉપરથી ક્રોધનો ઢોંગ કરી જેમ તેમ તેના પ્રશ્નને દાબી દેવાનો પ્રયત્ન કર્યો. હું જાગી ગયો કે તરત જ મને લાગ્યું કે આ મને સ્વપ્નમાં મળેલી વાર્તા છે."

આમાંથી 'રાજર્ષિ'ની ઉત્પત્તિ થઈ. મંદિરના પગથિયા ઉપર લોહીના છાંટા જોઈ બાલિકાના મનમાં જે ભય અને ક્ષોભ જાગ્યો તેના પરિણામે ગોવિંદમાણિક્યના અંતરમાં જે આઘાત લાગ્યો તેને પરિણતિએ પહોંચાડવામાં જ 'રાજર્ષિ'નું પાનાલેખન સમાપ્ત થાય છે, એ જ એનો વિષય છે. સહુ સહુ તો આ વિચારને એક કથાકાવ્ય તરીકે લખી શકાત એમ આપણને લાગે, પણ એમને એ મર્યાદા બાંકડી લાગી અને થોડા ઘણા પ્રસંગો ઉમેરી ગોવિંદમાણિક્યના મનોભાવ અને તેની ઘનતાનો ક્રમિક વિકાસ બતાવવા એમણે આખી નવલકથા લખી.

આમ એમની પ્રથમ જ નવલકથામાં જે તત્ત્વ આપણે બીજ રૂપે જોઈએ છીએ તેનો ધીમે ધીમે વિકાસ થતો આપણે એમની બીજી નવલકથાઓમાં જોઈએ છીએ. એ વિકાસની શરૂઆત 'નષ્ટ નીડ'માં થઈ છે અને 'ચોખેર બાલી'માં અને 'નૌકાડુબી'માં તે વધારે પુષ્ટ થઈ છે. પણ તેનો પરિપૂર્ણ વિકાસ તો 'ગોરા'માં અને 'ઘરે બાહિરે'માં જોવા મળે છે. પોતાના પાત્રોના અંતરના ગંભીરતમ પ્રદેશમાં ઊતરી તેના એક એક સૂક્ષ્મ લાગણી સ્પંદનની ચામડી એની માફક વાચક સમક્ષ એકેએક સોની ઉતારવી તેનું સંપૂર્ણ માધુર્ય વ્યક્ત કરવું એ રવીન્દ્રનાથની કવિ–પ્રતિભાને શક્ય બન્યું છે અને એ જ એમની અનુપમ શક્તિ છે. પોતાના કાવ્યોમાં અંતરના ઊંડા ભાવને વ્યક્ત કરી એમણે બંગાળને મુગ્ધ કર્યું હતું. હવે એ જ શક્તિ એમણે પોતાની નવલકથામાં પ્રેરી. એમને પોતાને એ શક્તિનો ખ્યાલ 'નષ્ટ નીડ', 'ચોખેર બાલી' અને 'નૌકાડુબી'માં આવ્યો. પછી એમણે એની સઘળી ય જાદુઈ શક્તિ સંપૂર્ણ રીતે વાપરી 'ગોરા'માં અને 'ઘરે બાહિરે'માં. 'યોગાયોગ' અને 'શેષેર કવિતા'માં પણ એ જ શક્તિનો વધારે વિકાસ થયેલો જોવા મળે છે અને ત્યાર પછી લખેલી 'દુઈ બોન' અને 'ચાર અધ્યાય'માં તો આ ભાવરસ જ એટલો પ્રધાન બની જાય છે કે જો કોઈને એ વાર્તા કહી સંભળાવવી હોય તો મુશ્કેલી પડે છે. તમે ગમે તેટલો પ્રયત્ન કરો પણ એમાં નિષ્ફળતા જ મળે છે. હમણાં તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ 'માલંચ'માં પણ કથાવસ્તુ તદ્દન નજીવું જ છે.

આમ કથાવસ્તુ અને ઘટના–વૈચિત્ર્ય એ એમની નવલકથાનું પ્રધાન અંગ નથી. એટલે તો એમની નવલકથાઓમાં માણસોની ભીડ પણ હોતી નથી. ચારસો પાનાની 'ગોરા'માં માણસ કેટલા?—વિમલા,

નિખિલ, સંદીપ, માસ્ટર મશાય અને અમૂલ્ય, ઉપરાંત ઘરમાં રહેતી નિખિલની બે ભાભીઓ અને બે નોકર. અંગ્રેજીમાં તો એમણે એક જ ભાગમાંથી ચલાવી લીધું છે. 'ચતુરંગ'માં કેટલાં? 'બે બહેનો'માં કેટલાં? 'નૌકાડૂબી'માં યે કેટલાં? એમની મોટામાં મોટી નવલકથા 'ગોરા.' તેમાં યે કેટલાં? વળી એમની નવલકથામાં કોઈ ચમકાવે એવો વિસ્મયકારક બનાવ પણ બનતો નથી. કાર્યની ધમાલ કે ઉતાવળ પણ હોતી નથી અને 'શેષેર કવિતા' અને 'ગોરા'માં તો કેટલીક વાર બે પાત્રોની વાતચીત એ જ મુખ્ય બનાવ બની રહે છે. આમ છતાં એમની નવલકથામાં રસ કાયમ રહે છે, એનું કારણ એ છે કે એઓ જે રસની સૃષ્ટિ કરે છે, તેનો આધાર ઘટના ઉપર નથી હોતો.

આમ એમની નવલકથા ઘટનાની ઘટાટોપથી મુક્ત છે. ઘટનાના ઘટાટોપથી મુક્ત નવલકથાઓનો પણ એક વર્ગ હોય છે જેમકે માનસ પૃથક્કરણભરી નવલકથા. પણ રવિન્દ્રનાથની નવલકથામાં આપણે જેવા પામીએ છીએ તે માનસ પૃથક્કરણ પણ નથી. કોઈ મનોવિજ્ઞાનશાસ્ત્રી આ પાત્રોના મનનું વિશ્લેષણ કરતો હોય એવું અહીં નથી. અહીં તો જે વિશ્લેષણ છે, તે કવિનું કરેલું છે એટલે એને જો કહેવું હોય તો ભાવ વિશ્લેષણ પણ કહો અથવા અંતર્વિશ્લેષણ કહો. અહીં તો પાત્રોના મન વાચકોની સામે ખુલ્લાં થઈ જાય છે અને પોતાની વાત શ્રોતાને કહે છે. આ ઑગસ્ટના 'મોડર્ન રિવ્યૂ'માં પ્રસિદ્ધ થયેલી વાર્તા 'દુરાશા'માં જેમ નવાબની બેગમ દાર્જીલિંગના રસ્તા ઉપર બેઠેલી પોતાની કહાણી અભાગણી શ્રોતાને મંત્રમુગ્ધ કરી નાખે છે, અથવા 'ક્ષુધિત પાષાણ'ની ઇન્દ્રજાળ જેમ સૌને ભાવ-ભીના પોતાના અંતરમાં ખેંચી લે છે, તેમ એમના દરેક પાત્રની કથા વાચકોને પોતાના અંતરમાં અપનાવી લે છે. 'ઘરે બાહિરે'માં નિખિલ સંદીપ અને મોટી વિમળાના અંતરનો ઝંઝાવાત એમણે જે રૂપમાં, તેના હૃદયની પાંખડીએ પાંખડી ઉકેલીને વાચકો સમક્ષ રજૂ કર્યો છે, તે વાચતાં આપણા મનમાં જે ઉત્સુકતા જાગે છે, તે કોઈ પણ ઘટનાપ્રધાન

નવલકથા વાચતાં ઉત્પન્ન થતી ઉત્સુકતા કરતાં લેશ પણ ઓછી હોય છે, એમ મને નથી લાગતું. સામાન્ય નવલકથાઓમાં બહારની ઘટનાઓના આઘાત-પ્રત્યાઘાતને લીધે આ ઉત્પન્ન થાય છે, જ્યારે એમની નવલકથામાં અંતરના ભાવોના આઘાત પ્રત્યાઘાતને લીધે એ ઉત્પન્ન થાય છે. નવલકથાનું કાર્ય વાચકના અંતરમાં ઉત્સુકતા જગાડી તેને સંતોષવાનું છે, અને આ કાર્ય એઓ કેવળ અથવા પ્રધાનતઃ પોતાનાં પાત્રોના મનોભાવોમાં થતા ક્ષોભ અને પરિવર્તન દ્વારા, તેમના મનોમંથનના તાદૃશ ચિત્રોદ્વારા સાધે છે. એ જ એમની વિશેષતા છે.

આ રીતે જોતાં આપણને સમજાય છે, કે રવીન્દ્રનાથની નવલકથામાં કથાભાગ એ કેવળ હાડપિંજર છે. એને રક્તમાંસાદિથી પુષ્ટ કરી ચામડીથી મઢી સુશોભિત બનાવવા માટે એઓ જે મસાલો વાપરે છે, તે ખૂબ વિવિધ હોય છે. એમાં રાજકારણ, ધર્મ, સમાજ વગેરે અનેક પ્રશ્નોની ચર્ચા આવી જાય છે પણ એ પણ મુખ્ય વસ્તુ નથી હોતી. એમની નવલકથાનું સાચું વસ્તુ તો ભાવ જ હોય છે તે જ એમની નવલકથાનો આત્મા હોય છે. આથી એમની નવલકથામાં ચર્ચાયેલા પ્રશ્નોને અથવા તે ચર્ચાને અંગે વ્યક્ત થયેલા કોઈ અભિપ્રાયને કોઈ મહત્ત્વ આપે છે, ત્યારે તે કવિને ભારે અન્યાય કરે છે. ભાવ વ્યક્ત કરવામાં જેમ કથાવસ્તુ સાધન રૂપ થાય છે, તેમ આ વિવિધ પ્રશ્નોની ચર્ચા પણ ભાવને પરિપુષ્ટ અને સુસ્પષ્ટ કરવાનું સાધન માત્ર જ છે, એ સમજવાની જરૂર છે. મતપ્રચાર એ કાંઈ નવલકથાનું લક્ષ્ય હોતું નથી. તેનું લક્ષ્ય તો હોય છે રસનિષ્પાદન. અને એ રસનિષ્પાદનને સિદ્ધ કરવા માટે જે તાત્ત્વિક ચર્ચાની પણ જરૂર હોય તો તે નવલકથામાં જરૂર સ્થાન પામે. રવીન્દ્રનાથની નવલકથામાં જે જે તાત્ત્વિક ચર્ચાઓ છે, તે ચર્ચા કરવા ખાતર નાખેલી છે, એમ નથી, પણ નવલકથાના વસ્તુના વિકાસ માટે એ આવશ્યક હતી માટે જ નાખેલી છે. 'ઘરે બાહિરે'માં કે 'ગોરા'માં ચર્ચાઓનો પાર નથી. 'ગોરા'માં કોઈ પણ બીજું પાત્ર ગોરાને મળે કે એટલે ચર્ચા જ શરૂ થાય છે. આમ છતાં એમાંથી એક

પણ ચર્ચા અવાંતર નથી. પ્રત્યેક ચર્ચાને રસપુષ્ટિની યોજનામાં નિશ્ચિત સ્થાન છે. 'ઘરે બાહરે'માં રાજકારણ સંબંધે ચર્ચા છે એમાં નિખિલનો કે તેના માસ્ટર મશાયનો મત એ રવીન્દ્રનાથનો મત છે, અથવા સંદીપનો મત એ રવીન્દ્રનાથનો મત છે, એમ કહેવું અથવા રવીન્દ્રનાથનો હેતુ સંદીપને ખોટો ઠરાવી નિખિલને સાચો ઠરાવવાનો છે એમ કહેવું—એ બંને વસ્તુ ખોટી છે, બેહૂદી છે. એમણે જે કાંઈ ચર્ચા કરી છે તે એ નવલકથાના વિકાસને અંગે અત્યાવશ્યક હતી. સંદીપ અને નિખિલ વચ્ચે રાજકારણ સંબંધે જે મતભેદ છે તે વાર્તાના રસને ડગલે ને પગલે પુષ્ટ કરતો જાય છે, વાર્તાને વિકસાવતો જાય છે અને જ્યાં જેટલી જરૂર હોય તેટલો જ તે વ્યક્ત થાય છે. ક્યાંય આપણને એમ નથી લાગતું કે અહીં લેખકે મારી મચડીને કે મારી ઠોકીને ચર્ચા ઘુસાડી દીધી છે. એ ચર્ચા પણ વસ્તુ—પ્લોટ—નું જ એક અંગ છે. એ ચર્ચા કાઢી નાખો તો વાર્તા પાંગળી થઈ જાય. એમની નવલકથામાંની તાત્ત્વિક ચર્ચાને અને તેમાં વ્યક્ત થતા અભિપ્રાયને ઉદ્દેશી ઊભી થયેલી ચર્ચાને અંગે હમણાં સવા વર્ષ પહેલાં એમણે જે એક લેખ લખ્યો હતો તેમાંથી નીચેનો ભાગ હું ઉતારું છું:

'બીજી એક ચર્ચા એ છે કે વાર્તાના પ્રસંગોમાં વિપ્લવકારી પ્રવૃત્તિ સંબંધી મત પાત્રોને મોઢે પ્રગટ થાય છે. વાર્તામાં ક્યાંય કોઈ પણ જાતનો મત હોત જ નહિ તો વાર્તાની ભૂમિકા નકામી થઈ જાત એમ માની લેવું જોઈએ કે જેઓ બોલે છે તેમના ચરિત્રના સમર્થન માટે એ મતો મૂકેલા છે. કોઈને જો એવો વહેમ હોય કે એ મતોમાંના કોઈ કોઈ મત સાથે મારો મત મળતો આવે છે, તો હું કહીશ 'एव वस्तु'—એ વાત ખોટી હોય કે ખરી હોય, એથી વાર્તામાં એનું મહત્ત્વ વધતું–ઘટવાનું નથી. કોઈ મત પ્રગટ કરવાથી પાત્રોના ચરિત્રને હાનિ પહોંચતી હોય તો જ તે દોષ ગણાય.”

—'ચાર અધ્યાય' સંબંધે ખુલાસો

રવીન્દ્રનાથની નવલકથા વિષે બીજી એક બે વાતો નોંધવાની જરૂર લાગે છે. એક તો એ કે એમની નવલકથાનાં પાત્રો મોટે ભાગે સુશિક્ષિત અને સંપન્ન હોય છે અને એમના જીવનમાં ઝાઝું વૈવિધ્ય અને રોમાંચકારી પ્રસંગો હોતા નથી, છતાં એઓ સુંદર નવલકથાઓ લખી શક્યા છે. પણ અહીં તો મારે એક બીજી જ વાત કહેવી છે. એમને પોતાની નવલકથામાં જે સફળતા મળી છે તેમાં એમણે સમાજના જે થરનાં પાત્રો લીધાં છે તેનો પણ ભાગ છે. એમણે પોતે સમાજનો ઉપનો થર જ જોયેલો છે. એ લોકોના આચાર વિચાર, ભાવના, આકાંક્ષા બધું એમને સુપરિચિત છે. એ લોકોની ઝીણામાં ઝીણી ટેવો અને ખાસિયતો એમને જાણીતી છે. આને લીધે જ એમને એ પાત્રોના સર્જનમાં આટલી સફળતા મળી છે. એ ને કે લેખકે જે જીવન જોયું હોય છે, તે જ તે સુંદર રીતે આલેખી શકે છે, અને તેમાં જ તે કલાસર્જન કરી શકે છે. આજે રવીન્દ્રનાથને નીચલા વર્ગનાં પાત્રો લઈને લખવાનું કહેવામાં આવે તો તેઓને આટલી સફળતા ન જ મળે કારણ એમને એ વર્ગના જીવનનો પરિચય નથી. એ જ રીતે જે લેખકને માત્ર મધ્યમ વર્ગનો જ પરિચય છે તે જો હલકા કે ઉપલા વર્ગ વિષે લખવા બેસે તો જરૂર ભૂલ કરે અને પોતાની કલાને વેડફી મારે એ વિષે મને શંકા નથી. રવીન્દ્રનાથે હલકા વર્ગનું જીવન જેટલું જોયું છે તેટલું તેમણે પોતાની ટૂંકી વાર્તાઓમાં અને નવલકથામાં તથા કાવ્યોમાં પણ રજૂ કર્યું છે. પણ તે ખૂબ પરિમિત પ્રમાણમાં અને માટે જ તે સજીવ અસરકારક અને સુંદર રહ્યું છે. સાહિત્ય-સર્જનમાં એ વસ્તુનું મહત્ત્વ ભારે છે, અને હમણાં સર્જનની બાબતમાં કંઈક ફરમાશ કરવાની પ્રવૃત્તિ શરૂ થઈ છે, એટલે આ વસ્તુ ઉપર ધ્યાન દોરવું મેં ઉચિત ધાર્યું છે.

પ્રગતિશીલ સાહિત્ય

શ્રી. ભોગીલાલ ગાંધી

સાહિત્ય અને કલાનાં ક્ષેત્રોમાં પણ આજે તો પ્રગતિશીલતાનો પોકાર જાગ્યો છે. પ્રત્યાઘાતી તત્ત્વો સામે જેહાદ જગાવવા અખિલ હિન્દ પ્રગતિશીલ લેખકમંડળ સ્થાપના થઈ ચૂકી છે અને ત્યાર બાદ પ્રાંતિકમંડળો પણ સ્થપાયાં છે. આ બધાં મંડળ બંધારણીય રીતે કદાચ એક બીજા સાથે સંકળાયેલાં નહિ પણ હોય, એમાં જોડાયેલાં સાહિત્યકો જીવનના દરેક ક્ષેત્રમાં સાથે ઊભેલાં નહિ પણ હોય; અને છતાંય 'પ્રગતિશીલ સાહિત્ય'ની તરફ દૃષ્ટિ કરનાર આ સૌ મંડળો અને વ્યક્તિઓ વચ્ચે એક એવી વિચારની સમાનતા છે જ કે જેને કારણે સાહિત્ય જેવા પોચા ગણાતા ક્ષેત્રમાં પણ ચોક્કસ નોખો પ્રવાહ શરૂ થઈ ગયેલો દેખાય છે આ નવો પ્રવાહ જૂના કરતાં ક્યાં અને કેવી રીતે જુદો પડે છે એ જોવું અને સમજવું એટલે સાહિત્યમાં પ્રગતિશીલતાની આવશ્યકતા લગભગ સ્વીકારવા બરાબર જ છે.

સૌથી પ્રથમ તો, કેટલાક સાહિત્યકારોનો એક એવો ખ્યાલ છે કે, 'સાહિત્ય તો પ્રગતિશીલ જ હોય સાહિત્યની અંદર જ પ્રગતિનાં તત્ત્વો સમાઈ જાય છે. પછી એને 'પ્રગતિશીલ' એવું કહેવાની જરૂર નથી. એમ કહેવાથી એકનો એક ભાવ નકામી રીતે બેવડાય તો છે જ પણ એથી સાહિત્યની જે 'સહજ પ્રતિષ્ઠા' છે તેને પણ ધોખો પહોંચે છે. કેમકે જેનો સ્વભાવ જ પ્રગતિશીલતાનો છે તેને વિશે પ્રત્યાઘાતી થવાપણાની આશંકા જ અપમાનકારક છે.'

આ મંતવ્યની પાછળ દલીલ એ હોઈ શકે કે, 'સાહિત્ય એ જીવનનું પ્રતિબિમ્બ છે. અને જીવન હમેશાં પ્રગતિશીલ જ હોય છે એટલે પ્રતિબિમ્બ પણ તેવું જ હોવા સર્જાયેલું છે.' આ દલીલમાં એક ભારે નજરચૂક થાય છે તે તરફ લક્ષ ખેંચાવું જરૂરી છે કે, 'જીવન હમેશાં પ્રગતિશીલ જ હોય છે' એમ કહેવું એ સત્ય છે પણ એનો અર્થ એ છે કે, 'જીવન એ તો એક સંગ્રામ છે. અથડામણોમાંથી એ આગળ ધપે છે. અને જે જે પ્રગતિકારક બળો હોય છે તેઓ પ્રત્યાઘાતી તત્ત્વોને દબાવી દઈ આખરે તો વિજયી નીવડે છે અને એ રીતે જીવનની પ્રગતિ હરહમેશ થયા જ કરે છે.'—આ અર્થમાં એ સાચું છે. પરંતુ આની અંદર જે એક હકીકત રહેલી છે તે ભૂલી નહિ જઈ શકાય કે, જીવન તો પ્રગતિશીલ અને પ્રત્યાઘાતી તત્ત્વોથી ભરેલું છે. બંને વચ્ચે નિરંતર સંગ્રામ ચાલ્યા જ કરે છે. એક

બીજાને મહાત કરવા મથે છે આખરે ભલે પ્રગતિનો જ વિજય થવાનો હોય પરંતુ એવા ઘણા પ્રસંગો ઉપસ્થિત થાય છે-જ્યારે પ્રત્યાઘાતી તત્ત્વો પણ પોતાનું જોર જમાવે છે અને અમુક સમય પૂરતાં પણ ફાવી જાય છે. આવી પરિસ્થિતિ થતાં પ્રગતિશીલ તત્ત્વોએ જાગૃત બની વધારે ભીષણ સંગ્રામ ખેલવાનો રહે છે અને એ વખતે જીવનનાં એકે એક ક્ષેત્રમાં Workers of the Revolution Unite ની હાકલ પડે છે. એ હાકલને માન્ય કરી જે ઝંપલાવે છે તે જ પ્રગતિશીલતાની પદવી પામે છે અને તે જ આખરે જીવવાને અધિકારી ઠરે છે!

એટલે કે, 'છે એનું પ્રતિબિમ્બ' એટલું જ સાહિત્યનું કર્તવ્ય નથી. કેમકે તો તો પછી જગતમાં-જીવનમાં પ્રગતિશીલ અને પ્રત્યાઘાતી બંને તત્ત્વો, બંને બળો છે. બંને વાસ્તવિક છે. આ બંને વાસ્તવિકતાનું માત્ર પ્રતિબિમ્બ બનીને જ સંતોષ માનવાનું સાહિત્ય માટે રહે છે. પણ આપણે જોયું તેમ એ બે ભાગો વચ્ચે સતત સંગ્રામ ચાલે છે. એ મોટામાં મોટી વાસ્તવિકતા છે. એ વખતે બધાં પ્રગતિશીલ બળોએ પોતાનો હિસ્સો પ્રગતિની જીત માટે જ આપવાનો એક સહજ ધર્મ બને છે. સાહિત્ય-પ્રગતિશીલ સાહિત્ય તટસ્થની જેમ (એટલે 'મૂઢ'ની જેમ જ ને?) કિનારે ઊભું ઊભું પોતાનો-પ્રગતિનો વિનાશ શી રીતે જોઈ રહે! અથવા તટસ્થ આલેખનો કરી શી રીતે ચૂપકી પકડી રહે? સહજ રીતે જ તેણે, તેનો સ્વાભાવિક પંથ-પ્રગતિશીલ તત્ત્વોની જીતનો પક્ષ-સ્વીકારવો જ જોઈએ. એટલે એણે વાસ્તવિકતાનું કેવળ પ્રતિબિમ્બ બનવા ઉપરાંત, બે વાસ્તવિકતામાંથી પોતાની પસંદગીની વાસ્તવિકતાનો ખુલ્લે ખુલ્લો સ્વીકાર કરી લેવો જોઈએ. આમ, સાહિત્યે માત્ર 'છે તેનું પ્રતિબિમ્બ' નહિ પણ 'પ્રગતિશીલ તત્ત્વોને બહેલાવનારું સબળ વાહન' બનવું જોઈએ. શ્રી રમણલાલ વ. દેસાઈ કહે છે કે, "પ્રગતિવાદી ઘણી વખત ક્રાંતિવાદી બની જાય છે. ક્રાંતિના મિત્ર-ally તો બને જ છે."

આટલું સ્વીકારી લીધા પછી પણ એક સનાતન પ્રશ્ન તો રહે જ છે કે, જગતમાં-જીવનમાં પ્રગતિશીલ તત્ત્વો ક્યાં અને પ્રત્યાઘાતી તત્ત્વો ક્યાં? તમે જેને પ્રગતિ કહો છો તેને જ બીજો પ્રત્યાઘાત કહેશે તો! એક દિવસ તમે જ જેને પ્રગતિ કહેતા હતા તેને જ આજે પ્રત્યાઘાત કહેતા થયા હો તો? અને આ પ્રશ્નોનો જવાબ દુનિયાના ઇતિહાસનો, માનવપ્રગતિના ઇતિહાસનો મર્મ સમજવાની સાથે જ મળી રહે છે. પ્રગતિનો અર્થ જ એ છે કે 'આગળ'-'આગે આગે' એટલે ગઈકાલ કરતાં આજે અને આજ કરતાં આવતી કાલે આપણે આગળ ગયા હોઈએ તો જરૂર ગઈકાલ-એ 'પાછળ'જ ગણાય અને 'આજે' જે માણસ 'પાછળ' જવાની વાત કરે અથવા છીએ ત્યાં જ થોભી જવાની વાત કરે તો જરૂર તે પ્રગતિરોધક અથવા પ્રત્યાઘાતી ગણાય. એક રીતે તો,-'આજની દૃષ્ટિએ' તો 'ગઈકાલ' હમેશાં જ 'પાછળ' છે. પણ એમ છતાં, 'ગઈકાલની દૃષ્ટિએ' 'ગઈકાલ' કાંઈ પાછળ ન હતી હા, જો 'ગઈકાલે' પણ 'આગળ જવાની વાત' ન કરી હોય અને 'પાછળ જવાની' એટલે 'ગયા પરમ દિવસ'ની વાત જ મૂકી રાખી હોય તો તે 'ગઈ કાલ'ની દૃષ્ટિએ પણ 'પ્રત્યાઘાતી' જ ગણાય. એટલે કે માનવ પ્રગતિ જેટલી હદે આજે આવી પહોંચી છે તેને 'આગે બઢાવનાર' બધાં તત્ત્વો, બધાં બળો પ્રગતિકારક ગણાય; જ્યારે, એની પ્રગતિનાં ચક્ર ઊંધાં ફેરવવા મથનાર અથવા છે ત્યાં જ થંભાવી દેવાની મૂર્ખ કલ્પના કરનાર પ્રત્યાઘાતી ગણાય એટલે, દરેક યુગમાં, દર સૈકામાં, દર દશકામાં, દર સાલ અને બહુ જ સૂક્ષ્મરીતે વિચાર કરીએ તો દરરોજ-કદાચ, દરક્ષણમાં જેમ જેમ 'પ્રગતિ' થતી જાય તેમ તેમ સાહિત્ય પણ વિકાસ પામતુ જાય-પ્રગતિશીલ સાહિત્યની મર્યાદા પણ બદલતી જાય અને, જેમ જીવનના દરેક ક્ષેત્રમાં તેમ સાહિત્યની વાતમાં પણ આખા એક દાયકાને અથવા એક પચ્ચીસીને અનુરૂપ થાય અને બહુમાન્ય થાય તેવી એક મર્યાદા જરૂર આંકી શકાય.

એ મર્યાદા કેવી હોવી જોઈએ? પ્રગતિના પ્રવાહ

સમજનાર જાણે છે કે 'જે છે' એમાંથી 'નવું' જન્મે છે. આ આપણી Dialectical Process છે. એટલે એક જ જમાનામાં, એક જ યુગ કે દસકામાં 'તદ્દન-પ્રત્યાઘાતી'થી માંડી 'અતિ ઉદ્દામ પ્રગતિશીલ' વિચારો અને પ્રવૃત્તિઓ પ્રવર્તે છે. જો કે, આગળ જોઈ ગયા તેજ નિયમ અનુસાર એ 'તદ્દન પ્રત્યાઘાતી' અને 'અતિ ઉદ્દામ પ્રગતિશીલ'માં પણ ફેર થતો જ રહે છે. આજનું 'તદ્દન પ્રત્યાઘાતી' ગઈ કાલે 'તદ્દન' વિનાનું હતું અને આજનું 'અતિ ઉદ્દામ' એક 'સામાન્ય પ્રગતિશીલ' તરીકે આવતી કાલે લેખાવા માંડશે. છતાં કોઈ પણ એક સ્વીકારી લીધેલા સમાજમાં, એટલું તો નક્કી જ છે કે, જેને બંને 'છેડા'–Extremes–કહેવાય છે એવું તો હશે જ. આ સ્થિતિમાં બીજે છેડેના અતિ ઉદ્દામ–ultra extreme—વિચારો કે પ્રવૃત્તિઓને જ માત્ર 'પ્રગતિશીલ' તરીકે ઓળખનારો અને બીજાં બધાંને 'પ્રત્યાઘાતી' કહી ફેંકી દેનારો એક વિચારકસંઘ હોય છે આમાં Dialectical Process ની અવગણના છે. અને એથી એ સંઘ ગમે તેટલો તેજસ્વી અને તીક્ષ્ણ બુદ્ધિ તથા શક્તિવાળો હોય, તેના વિચારો ગમે તેટલા પ્રગતિશીલ હોય છતાં તે જ પ્રગતિને ગૂંગળાવી નાખનાર નીવડવાનો ભય રહે છે એટલે પ્રગતિના પુરસ્કર્તાઓએ સમગ્ર સામાજિક બળોની અત્યંત ઝીણવટપૂર્વક તુલના કરી લઈને જ ગતિમાન થવું જોઈએ. કે જેને પરિણામે, પ્રગતિશીલ તરીકે સિદ્ધ નહિ થઈ ચૂકેલાં છતાં પ્રગતિપ્રેમી અને જેમનામાં પ્રગતિની શક્યતા રહેલી છે તે બધાં બળોને વિખેરાઈ ન જવા દેતાં તેમનો એક દિશાએ સહકાર અને જમાવટ થાય. અને જેઓ સદંતર પ્રત્યાઘાતી જ છે, અને જેમનાં પરિવર્તનની શક્યતા નથી તેવાં બળોને બીજી દિશાએ, પ્રગતિશીલ બળોથી અલગ પાડી ધકેલી દેવાં જોઈએ; જેથી તેમની કલુષિત છાયા પેલાં અર્ધપક્વ—અર્ધજાગૃત પ્રગતિશીલ બળો કે તત્ત્વો ઉપર પડવા ન પામે આ 'છૂટાં પાડીને જમાવટ કરવાની ક્રિયા'—crystalization ની ક્રિયા, પ્રગતિની એક મહાન ચાવી સમાન છે–શું સમાજમાં કે શું સાહિત્યમાં. સમાજમાં ગમે તેટલા મતભેદો, વિચારભેદો, હોવા-છતાં આ પ્રક્રિયા (Process) શક્ય છે. અલબત્ત, જેમ વધારે સૂક્ષ્મ હોય તેમ એ કાર્ય વધારે મુશ્કેલ અને ધીમું બને છે. પરંતુ તીક્ષ્ણ દૃષ્ટિ અને બુદ્ધિશાળી સમાજનેતા જેમ સફળતાપૂર્વક એ પાર પાડી જાય છે તેવું જ સાહિત્ય જીવન પણ શક્ય છે જ છે. કેમકે આખરે તો 'પ્રગતિ' માનવસ્વભાવ છે. (પરંતુ 'એ માનવ સ્વભાવ છે' કહી એને માટે પ્રયત્નશીલ ન થવાની ભૂલ તો આપણે ન જ થાય.)

આપણા સાહિત્યમાં આપણે આજે અનેક પ્રવાહો વહેતા જોઈએ છીએ. જો કે એ બધા પ્રવાહો હજી ખડુ આછા છે કેટલાક તો છીછરા પણ છે. છતાં આખી દુનિયાના સાહિત્યમાં જે પ્રવાહો ગતિમાન થયા છે તેનાથી છેક જ અલિપ્ત આપણું સાહિત્ય ન રહી શકે, એ સ્વાભાવિક છે.

વિશ્વસાહિત્યમાં જે ત્રણ નવા પ્રવાહો દૃશ્યમાન થાય છે તે–'સોવિયેટ લિટરેચર', 'પ્રોલિટેરિયેટ લિટરેચર' (શ્રમજીવી સાહિત્ય) તથા 'લેફ્ટ લિટરેચર' (ઉદ્દામ સાહિત્ય). આ ત્રણે ભિન્ન ભિન્ન છે, ત્રણેની વિશેષતાઓ છે. આ ત્રણે પ્રવાહો પ્રગતિશીલ પ્રવાહો છે. પરંતુ આ ત્રણે પ્રવાહો માર્ક્સવાદી ફિલસૂફીમાંથી જન્મેલા છે. આ ત્રણે સાહિત્યનો પાયો વર્ગદૃષ્ટિ છે ત્રણેને શ્રમજીવીઓની ક્રાંતિ સાથે સીધો સંબંધ છે પરંતુ આ ત્રણેમાં જેનો સમાવેશ ન થતો હોય તેવું, આ ત્રણે પ્રવાહોથી અલગ પ્રગતિશીલ સાહિત્ય હોઈ શકે છે, દરેક દેશમાં હોય છે. આ પ્રગતિશીલ સાહિત્ય એટલે શ્રી૦ રમણલાલ વસંતલાલ દેસાઈ કહે છે તેમ–"જે સાહિત્યનું વાચન આપણને પ્રગતિનાં તત્ત્વો તરફ અભિમુખ કરે, પ્રગતિ સાધવાનું બળ આપે, અને આપણા મનુષ્યત્વને ખીલવે એવો કોઈ ધ્વનિ ઉત્પન્ન કરે તો એવું વસ્તુ પ્રગતિશીલ કહી શકાય."

આ પ્રગતિશીલ સાહિત્ય ક્રાંતિકારી સાહિત્યનું વિરોધ

નથી હોતું. દુશ્મન નથી હોતું. ઊલટું પ્રગતિશીલ સાહિત્ય ક્રાંતિકારી સાહિત્ય તરફ મીઠી દૃષ્ટિથી જોતું હોય છે યુરોપના સાહિત્યના ઇતિહાસમાં આજે તો એવું બની રહ્યું છે કે ગઇ કાલના પ્રગતિશીલ લેખકો આજે ખુલ્લં-ખુલ્લા 'લેફ્ટ લિટરેચર'ના પુરસ્કર્તાઓ બની ચૂક્યા છે. અને આ પરિવર્તન સહજ છે. પ્રગતિનું આ સ્વાભાવિક લક્ષણ છે. પ્રગતિશીલ લેખકો જ્યારે સમાજનાં બળોની–પરસ્પરની અથડામણોની નિરીક્ષા કરી એમાંથી જીવનને બદલાવે, મનુષ્યત્વને ખીલવે એવાં બળોની સીધી તરફદારી કરવા લાગે છે ત્યારે વર્ગદૃષ્ટિ એનામાં આપોઆપ જાગૃત થાય છે અને ત્યાર પછીનું એમનું સાહિત્ય કેવળ માનવદયાની ભાવનાવાળું (Humanetarian) મટી જઈ વર્ગદૃષ્ટિની કસોટીએ ચડેલું 'લેફ્ટ લિટરેચર' બને છે. અને એના પગલા શ્રમજીવી સાહિત્ય' તરફ મંડાય છે. પ્રગતિશીલોનો આ સ્વાભાવિક ઈષ્ટ વિકાસ છે. પરંતુ એનાથી ઊલટું બનવાનો પણ ભય સમૂળો નથી જ એમ ન કહેવાય. રાજકીય અને સામાજીક અથડામણ વધારે ક્રૂર અને કાતીલ બને ત્યારે વર્ગદૃષ્ટિ તો જન્મે જ છે, પણ કેટલાક સત્તાધારી વર્ગના પક્ષમા ભેગી જાય છે અને પ્રગતિશીલ તથા ક્રાંતિશીલ તત્ત્વોનું પોતાને હાથે– પોતાની કલમે સત્યાનાશ કરવા લાગી જાય છે. જ્યાં જ્યાં ફેસિસ્ટ સરમુખત્યારી વધુ પ્રબળ નીવડી છે ત્યાં ત્યાં આવા ઉદાહરણો ઠીક ઠીક પ્રાપ્ત થાય છે

પ્રગતિશીલો માટે આ ભય છે જ્યાં લગી વર્ગદૃષ્ટિ જાગૃત થઇ નથી, અને એ દૃષ્ટિ કચડાયેલી આમજનતાના કલ્યાણ પ્રતિ અભિમુખ બની નથી ત્યાં લગી આ ભય રહે છે.

પરંતુ આપણા ગુજરાતી સાહિત્યના આજના તબક્કે આ ભય હજી દૂરનો છે હજી આપણે ત્યા પ્રગતિશીલ તત્ત્વોની જ છણાવટ થઇ નથી હજી આપણે ત્યાં સાહિત્ય અને જીવનને કેવોક સંબંધ છે એની સ્પષ્ટતા જ થઇ નથી. 'સાહિત્ય એ સમાજનું માત્ર પ્રતિબિંબ નથી, પણ તે પ્રેરકબળ હોવું જોઇએ પ્રજાજીવનના વિકાસનું એ એક સાધન હોવું જોઇએ. સાહિત્યકૃતિની અસર સમાજ જીવન ઉપર સારી અગર નરસી થાય છે માટે દરેક સર્જકે જીવનને વિકસાવે–મનુષ્યત્વને ખીલવે એવા જ વિચારો, એવો જ ધ્વનિ પોતાની સાહિત્યકૃતિદ્વારા પ્રચારિત કરવો જોઇએ. જે સાહિત્યકાર "મને ગમ્યું ને મેં લખ્યું, મને પ્રેરણા થઈ ને મેં સર્જ્યું. હું તો કલાનો ભોક્તા છું–કલાનો સૃષ્ટા છું. મારે બધી દુન્યવી વસ્તુ સાથે નિસ્બત નથી. મારે કોઇનો કશો પક્ષ નથી. મારે કોઇ કશાં બંધન નથી. હું કલાકાર છું, સર્જક છું–આ બધા ધોરણોથી પર છું"–વગેરે કહે તેને આપણે આપણાથી અળગ કરવો જોઇએ. સાહિત્યસર્જનની પાછળ ચોક્કસ દૃષ્ટિ હોવી જ જોઇએ; અને તે સમગ્ર જીવનના વિકાસની'. આ બધા વિચારો હજી આપણે ત્યાં પૂરા ચર્ચાયા નથી. એ તરફ પૂરતું લક્ષ જ ગયું નથી. એનું મહત્ત્વ હજી આપણે સ્વીકારતા થયા નથી.

આવી પરિસ્થિતિમાં પ્રગતિશીલ અને ક્રાંતિશીલ, ગાંધીવાદી, સમાજવાદી અને સામ્યવાદી, શ્રમજીવી અને સોવિયેટ સાહિત્ય વગેરે જુદા જુદા પ્રકારના સાહિત્યોના સંકુચિત વાડાઓ બાંધી બેસી જવાનું પાલવે એમ નથી. આનો અર્થ એ નથી કે આ દરેક સાહિત્યમાં પુરસ્કર્તાઓએ પોતાના પ્રવાહોને રૂંધી નાખવાની જરૂર છે. જે છોડી દેવાની જરૂર છે એ તો એક બીજા પ્રત્યેનું અતડું વલણ. એકબીજા માટેની 'સૂગ'. જે જે સાહિત્યકારો જીવનની પ્રગતિ કરાવે તેવા ઉદ્દેશપૂર્ણ સાહિત્યના સર્જન અને પ્રચારમાં માનતા હોય તેઓ સર્વ પ્રગતિશીલ મંડળમાં શામેલ થાય અને એક બીજા પ્રત્યે વેર રાખ્યા વિના પણ મેળાપ અને એક બીજાની ટીકા–સમાલોચન–વિવેચના કરે, એ આ તબક્કે અત્યંત આવશ્યક અને મહત્ત્વનું છે. એનો અર્થ એમ પણ નથી કે જેઓ આ મંડળમાં જોડાયા હોય તે તમામને 'પ્રગતિશીલતા'નો ખિતાબ મળી ચૂક્યો છે અને બાકીના સૌ પ્રત્યાઘાતી જ છે પરંતુ એટલું તો ચોક્કસ જ છે કે દૃષ્ટિપૂર્ણ

સાહિત્યની તરફદારી કરનારો વિશાળ વર્ગ આ મંડળમાં જોડાય અને જેઓ 'કલા કલાની ખાતર' કહેનારા હોય તેમને પોતાથી જુદા તરીકે જાહેર કરે, એ જરૂરી છે. શરૂઆતમાં કદી તે Crystalization ની આ પ્રક્રિયા જેટલી ત્વરિત બને એટલું સાહિત્યનું ભાવિ ઉજ્જ્વળ થશે. આ પ્રક્રિયા દરમિયાન અનિવાર્ય હોય તેટલી અથડામણ ભલે થાય. કેમકે એ ઘર્ષણમાંથી જ પ્રગતિ થશે, એ પણ આપણે જાણી લેવું જોઈએ. અયોગ્ય ઉતાવળ અને વેરઝેરની વૃત્તિ આપણે ઊભી ન કરીએ. પણ એના મિથ્યા વધારે પડતા ભયે પ્રગતિ જ ન કરીએ એવું પણ ન થવું ઘટે

❖ ❖ ❖

અહીં એક મહત્ત્વની વાત રજુ કરવી આવશ્યક છે. સાહિત્ય પ્રગતિશીલ છે કે પ્રત્યાઘાતી એનો વિચાર સાહિત્યની અંદર જે વસ્તુ, જે વિચાર, જે ભાવના રજુ કરવામાં આવી હશે તેના ઉપરથી થશે. પરંતુ એનો અર્થ એ નથી થતો કે બાહ્ય કલા તરફ ઉપેક્ષા થવી જોઈએ. એથી ઊલટું મને તો એમ લાગે છે કે જેમાં કલા નથી તે તો સાહિત્ય જ નથી. કોઈ પણ સુંદર વિચાર કલાવિહીન સ્વરૂપમાં રજુ થયો હોય તો એ બીજું ગમે તે હોઈ શકે પણ સાહિત્ય તો આપણે એને નહિ જ કહીએ. સાહિત્ય એટલે જ ભાવનાનો ભાષામાં થયેલો કલામય આવિષ્કાર. અમુક વિચાર જીવનદૃષ્ટિએ પ્રગતિશીલ છે. કલ્યાણગામી છે. પરંતુ એ વિચાર માત્ર કલા નથી.

આથી ઊલટું એક પ્રત્યાઘાતી વિચાર, એક અકલ્યાણકારી ભાવના અત્યંત સુંદર કલાસ્વરૂપે રજૂ કરવામાં આવે તો આપણે તેને સાહિત્યનું બિરુદ તો આપવું જ જોઈશે. પછી વર્ગીકરણમાં આપણે એને જરૂર પ્રત્યાઘાતી સાહિત્ય તરીકે લેખીશું. અહીં ફરીથી યાદ દેવરાવું છું કે કલા, સાહિત્યદ્વારા ઉમદા અને કલ્યાણગામી જ વિચારો વ્યક્ત કરી શકાય એવું કાંઈ નથી. દુષ્ટ માણસને કલા કદી વરે જ નહી, કલાનો કદી દુષ્ટ ઉપયોગ થાય જ નહિ એમ કહેવું એ અત્યારે દુનિયા ભરમાં ચાલી રહેલી વાસ્તવિકતાનો ઇન્કાર કરવા બરાબર છે આપણા ગુજરાતી સાહિત્યમાં પણ એવી વાર્તાઓ, નવલકથાઓ, કવિતાઓ ક્યાં નથી કે જેઓ કલાદૃષ્ટિએ સુંદર–ઉચ્ચકક્ષાની હોવા છતાં જીવનદૃષ્ટિએ પ્રત્યાઘાતી હોય ?

આ બે વાત ચોખ્ખી કરી લીધા પછી પ્રગતિશીલતાનો આગ્રહ કલા તત્ત્વનો વિરોધી છે એવો ખ્યાલ કરવાને કારણ નહિ રહે. તેવી જ રીતે કલા અને પ્રચાર અથવા કલા અને ઉદ્દેશગામીપણું એ વિરોધી હોય જ હોય એવું પણ માનવાને કારણ નથી.

આ નિબંધમાં રજુ કરેલી વાત મોટાભાગના સાહિત્યકારોને માન્ય થાય તો પ્રગતિશીલ સાહિત્યનું ભાવિ ઉજ્જ્વળ છે, એ વિષે શંકા નથી.

●

ચહું અમરતા નહીં—

ચહું અમરતા નહીં, ક્ષણિકતા ચહું ઊલટી;
ન કાલ તણી વેળુમાં પગલી ઉંડી ખૂંચાડવી !
સમીર લહરી વહી વિષમતા ભૂંસી નાંખશે,
અને મુજ તણું પછી કંઇ નિશાન ત્યાં ના હશે.

સિંધનું લોકસાહિત્ય

શ્રી. ડુંગરસી ધરમસી સંપટ

સિંધની ભાષા સિંધી કહેવાય છે એની માતા સંસ્કૃત અને પિતા પ્રાકૃતભાષા છે એના મૂળભૂત ધાતુઓ તદ્ધિતો અને કૃતો સૌ સંસ્કૃત વ્યાકરણની પ્રણાલિ ઉપર રચાયેલા છે સંસ્કૃત વ્યાકરણના સિદ્ધાંતોએ એનું કલેવર રચ્યું છે એ ભાષાના આભિવેશ, વાતાવરણ રીતભાત ઉપર ઘણી અસરો થઈ છે સિંધ એ વિજેતાઓનો દેશ છે અનેક સંસ્કૃતિઓ એના ઉપરથી પસાર થઈ ગઈ છે સિંધી ભાષા ઉપર એ સંસ્કૃતિઓ વત્તી ઓછી અસરો મૂકતી ગઈ છે તેમાં પણ દીર્ઘ સમય એટલે ત્રણસો વરસોના આરબ આધિપત્યે એ ભાષાને આરબી લીપી આપી તે પછીના મોગલ સામ્રાજ્ય અને બલુચી આધિપત્યે એની ભાષામાં અનેક વિદેશી શબ્દો ભર્યા બલુચ અમીરોએ સિંધીને માતૃભાષા તરીકે સ્વીકારી પરંતુ એમાં ઘણા વિદેશી શબ્દોનો ઉમેરો કરાવ્યો આરબી લીપી આ ભાષાએ સ્વીકારી છે પરંતુ સંસ્કૃતની પ્રકૃતિને એ લીપી શુદ્ધ ઉચ્ચારો માટે યોગ્ય નહોતી તેથી ઉર્દુ લીપીમાંથી ઘણા સુધારા સ્વીકારાયા છે હવે અંગ્રેજી અસર નીચે એનો સરસ વિકાસ થાય છે

સિંધનું પ્રાચીન સાહિત્ય હમણાં ઘણું થોડું જ ઉપલબ્ધ થાય છે વારંવાર થતા પરદેશી આક્રમણોને લીધે મૂળ પ્રજા મારું સાહિત્ય કદાચ રચી શકી નહિ હોય આ દેશમાં શુદ્ધ સંસ્કૃતિ તે પહેલાં શક સંસ્કૃતિ, તે પહેલાં ગ્રીક સંસ્કૃતિએ પોતાના મોરચા એક પછી એક ફેલાવ્યા છે આરબ સંસ્કૃતિ અને પઠાણ સંસ્કૃતિ પછી મોગલ સંસ્કૃતિ આવી સૌથી છેલ્લી બ્રિટનથી સંસ્કૃતિ આવી. વચ્ચમાં ઈરાનના નાદીરશાહ અને અફઘાનના શાહની સત્તા પણ સિંધ ઉપર ફેલાઈ હતી પ્રજા હમેશા સંપૂર્ણ વ્યવસ્થાપૂર્ણ રીતે શાંતિ લાંબો વખત ભોગવી શકી નહિ હોય આથી સરસ સાહિત્ય રચાયું શકાયું લાગતું નથી અથવા રચાયું હોય તો લુપ્ત થયું છે આધુનિક સિંધી સાહિત્યના સર્જકો તરીકે દિવાન ગીદુમલ દિવાન કૌડોમલ અને મિરઝાં કલીચબેગ સાહેબ છે દિવાન નવલરાયના કુટુંબનું સાહિત્ય ઘણું સુંદર છે

સિંધમાં વ્યવસ્થિત સાહિત્ય સંપત્તિ મંદ હશે પરંતુ લોકસાહિત્યનો તો સિંધમાં કીમતી ખજાનો ભર્યો છે સિંધી ભાષા અને કચ્છી ભાષા લગભગ એક જેવી જ છે. કચ્છી ભાષાની ઉત્પત્તિ સિંધીમાંથી છે એટલે કચ્છના લોકસાહિત્ય ઉપર પણ સિંધીની દીર્ઘ અસર

. સિંધનું લોકસાહિત્ય ઘણું વિશાળ અને કીમતી છે. આખા સિંધમાં એ લોકસાહિત્ય મળી શકે છે. કરાંચીમાં તો એનાં આછાં રણકારાં જ સંભળાય છે. ખરી સિંધી અસલ કોરીઓની મોઝ માણવી હોય તો સિંધના ગામડાંઓમાં જાઓ. મોટાં કદના તેવડાજ મોટા ફેંટા પહેરેલા, મોટા ચોરણાવાળાં સિંધી ગ્રામ્યવાસીઓ તમને અસલ સિંધી કોરીએ.નાં ઘૂંટડા પાઈ દેશે. પરંતુ ભાષા અને અંદરનો ભાવાર્થ સમજવા અને પચાવવાની શક્તિની શ્રોતાઓમાં જરૂર છે.

આવું આવું લોકસાહિત્ય ક્યાં અને કેવી રીતે મેળવવું ? ક્યાં સાંભળવું ? એ સ્વાભાવિક પ્રશ્નો થાય. બાઇબલના કથન પ્રમાણે દ્વાર ઉપર ઠોકો અને તે પોતાની મેળે ખુલ્લી પડશે. માત્ર જીજ્ઞાસા બતાવીને શોધો તો અસલ માલ હજી પણ પુષ્કળ પ્રમાણમાં મળશે. એમાં ભક્તોની પ્રસાદી, ઈશ્વરભક્તિના ચમત્કારો, રાજારાણીઓનાં પ્રેમ પ્રસંગો, રાજકુંવરોની પરાક્રમ ગાથાઓ, રાજકન્યાઓની આકરી કસોટીઓ, સુખો દુઃખો, વૈભવો, ગરીબાઈ, ગ્રામ્યજીવન, એવાં એવાં અનેક વર્ણનો મળશે. એમાં પણ સિંધની વાણીમાં સૂફીવાદનું પ્રાબલ્ય સ્વયમેવ તરવું જણાશે. ગુજરાતના બંધુઓ, માત્ર તમે એ વિષયમાં રસીકતા દેખાડો. ભાષાનો મર્મ સમજવાની કોશિશ કરો. પુષ્કળ મધુર પકવાન્નો તમારી પાસે પીરસ.શે

સિંધી લોકસાહિત્ય વિશાળ છે. હજી બહુ થોડું લિપિબદ્ધ થયું છે. એની પાછળ હજી ફકીર બની સંગ્રહ કર્તા મળ્યાં નથી. રાયચુરા કે મેઘાણી જેવાં ચાયલો એને મળ્યાં નથી. સિંધી લોકસાહિત્યમાં ઈશ્કથી ભરેલાં દૂહાનો મોટો સંગ્રહ થાય તેમ છે. સૂફી શાયરોએ તો પ્રેમલક્ષણા ભક્તિના ભંડાર ખાલી કર્યા છે. એક વાત ચોખ્ખી કરવી જોઈએ. જુની સિંધી અને આધુનિક સિંધીની રચના અને ભાષા એક જ ધોરણ ઉપર હોવા છતાં પ્રાચીન સિંધીમાં ઘણાં નવીન શબ્દો જોવામાં આવે છે. શ્રી. જ્ઞાનેશ્વરના સમયની મરાઠી અને આધુનિક મરાઠીમાં જમીન આસમાનનો ભેદ છે. તેમ પ્રાચીન સિંધી હમણાંના સિંધી ભાષા બોલનારને સહજ ગમ્ય નથી. પ્રાચીન સિંધીમાં સંસ્કૃત શબ્દો કાંઈક વિશેષ પ્રમાણમાં છે. હમણાં અરબ્બી ફારસી શબ્દો વધારે વપરાય છે.

મી. કીનકેડે સિંધી લોકકથાનો મોટો સંગ્રહ કરેલ. અસલ સ્વરૂપે સિંધી ભાષામાં એ કવિતા ગ્રંથ બહાર પડ્યો હોય તો અમને એ જોવા મળેલ નથી. પરંતુ મી કીનકેડે એનો અંગ્રેજી તરજુમો બહાર પાડેલ છે. ઘણું કરી ડૉ. ગુરબક્ષાણીએ શાહલતીફનું "શાહ જો રસાલો" સટીક બહાર પાડ્યો છે. શ્રી. જેઠમલ ફરસરામે પણ સિંધી સૂફી સાહિત્ય વિષે એક સિંધી ભાષામાં ગ્રંથ લખ્યો છે. મારી અહીંની ગેરહાજરી દરમ્યાન બીજું પણ લોકસાહિત્ય બહાર પડ્યું હશે। આ દેશમાં સવાલાખ ગુજરાતી ભાઈઓ સંસ્થાન કરી રહ્યાં છે. ઘણાંઓ તો બહુ લાંબા સમયથી અહીં ધામા નાખી પડ્યાં છે. છતાં સિંધી ભાષનો ગુજરાતી બંધુઓનો અભ્યાસ બહુજ મોળી દશામાં છે. બોલી તો ઘણા જાણે છે, સમજી પણ મોટી સંખ્યામાં શકે છે. પરંતુ સિંધી લખતાં વાંચતાં આવડે એવાં ગુજરાતીઓ આંગળીના વેઢાં ઉપર ગણાય તેટલાં માંડ નીકળશે.

જુઓ રાત્રીના નવ વાગ્યા છે. ગામડાંઓનાં ચોરામાં કાંઈ પણ પાથર્યા વગર સેંકડો માણસોનો સમુહ ભેગો થયો છે. ઠેક ઠેકાણે ઝાંખી બત્તીઓ પ્રકટાવી છે. સિંધી ભક્ત એ છોકરાને લઈ વચ્ચમાં લઈ ઊભો છે. એ ઈશ્વર પ્રેમના-ઈશ્કના દુહા બોલે છે મોઢા ઉપર અમુક પ્રકારે હાથ રાખી એ પોતાની ઢબથી દુહા આલાપે છે. એ છોકરાં પગમાં ઝાંઝર પહેરી એ દુહાઓ મીઠાં રણકથી ગાય છે. વચ્ચમાં સિંધી કોરીઓ પણ ગવાય છે. ભક્ત ભક્તિરસમાં શ્રોતાઓને તરબોળ કરી દે છે શ્રોતાઓમાં જરાપણ ગરબડ નથી. સૌ એકધારા શ્રવણ કરે છે. ભાવની મીઠાશ વાતાવરણમાં પ્રસરાય છે. એ પ્રેમની અજબ મસ્તીને છેડે છે. આખી રાત આ ભક્તોની મંડળી બેસે છે. સવારના અરૂણોદય થતાં જ ભક્તોના ભજનો વિરમે છે. આખાં સિંધમાં આવાં ભક્તોના

મેળાવડા થાય છે. એમાં મુખ્ય ભક્તોની કીર્તિ તો આખા સિંધમાં ફેલાયલી હોય છે. તેઓને પ્રજા વારંવાર નિમંત્રણ કરીને પોત પોતાના ગામે બોલાવે છે.

ગામડાંઓની ઘણી ખરી સ્ત્રીઓ નિરક્ષર હોય છે. તેમની સંસ્કૃતિ ગૃહકામમાં આવી જાય છે. પરંતુ લોકગીતોનો એમની પાસે ભંડાર હોય છે. પ્રસંગો અને ઉત્સવોમાં એ સ્ત્રીઓનું વૃંદ કોઈના ઘરે મળે છે. એક સ્ત્રીના હાથમાં ઢોલક હોય છે. ઢોલક વાગે છે અને સ્ત્રીઓ મીઠી હલકથી લોકગીતો ગાવા લાગે છે સાદી ભાષામાં કોઈ ભજન અથવા કોઈ શૂરવીરના શૌર્ય-ગીતો ગવાય છે લૂગડાંઓ સાથે લઈને આવેલ કોઈ ભગવાન પુરાણી યશગાથા ગવાય છે કોઈ સાદા માન્ય-ગીતો પણ ગવાય છે વિવાહ પ્રસંગ માટેનાં લગ્નગીતો મોટી સંખ્યામાં સિંધીમાં સ્ત્રીઓ ગાય છે મરણ પ્રસંગના મરસિયા પણ પુષ્કળ હોય છે. સિંધની ગ્રામ્ય સ્ત્રીઓ પાસે લોકગીતોનો મોટો સંગ્રહ છે. પરંતુ સંગ્રહકર્તા ક્યાં છે?

સિંધના ગામડાંઓમાં પોતાના હાથમાં મોટા રાવણ-હથ્થા લઈને ગાયકો ગાન કરે છે એ મધુર રીતે ગાઈ જાણે છે પુષ્કળ વીર ધર્મકથાઓનો એમની પાસે ભંડાર છે. એઓ પોતાની આજીવીકા પોતાના લોક કથાના ગાન ઉપર નિભાવે છે દરેક ગામડાના ચોરામાં એમની પાછળ મેદની ભેગી થાય છે. અહીં એકાદ ભડવીરની કાલિંગાથા તે છેડે છે. રાવણહથ્થો મધુર આલાપો કાઢે છે. ગાયકોનો કંઠ પણ સારો હોય છે. પ્રેક્ષકો થોડા થોડા દાણો આપી તેને સંતુષ્ટ કરે છે આ લોકો અમર સિંધી ગાથાઓ ગાય છે. પ્રાચીન રાજાઓના ચરિત્રો પણ એમને કંઠે હોય છે સિંધના સમા રાજાઓની પરાક્રમ ગાથાઓ પણ એમને કંઠે હોય છે. જામ નિંદો એના ડહાપણ, ન્યાયીપણું, અને બહાદુરીના યશોગાન પણ ગવાય છે.

સિંધના પુરાતન ભક્તો (સંતો) ઉપર સૂફીવાદની ઊંડી અને વ્યાપક અસર હતી શાહ લતીફ, મિયાં અબ્દુલ વહાબ (સચલ) રોહિલ, સામિ એ ચાર લોક-ગીતોનાં મુખ્ય ગાયકો થઈ ગયાં છે. સિંધને ખૂણે ખૂણે એમના નામો અમર છે. સિંધના દૂર દૂર ગામડાંમાં પાણી ભરતી બહેનો સુંદરી પોતાના સુંદર કંઠથી શાહ લતીફની એતો ગાતી સંભળાય છે. મુઝર્ગ પ્ર મજનોના મંડળીમાં સચલના દોહરા પણ તેટલાંજ પ્રસિદ્ધ છે. એમની ઉપર પંજાબના સૂફિ કવિઓની પ્રતિભા જરૂર ઉતરી છે. બેદરકાર, મસ્ત, જગત તરફનાં ભાવો ઉપર ઉદાસીન, પોતાના અનલહકના કેફમાં મસ્ત રહેનાર એ સૂફિ કવિઓ ખરાં ભક્તો હતાં. એઓને હિંદુ અને મુસલમાન એવો ભેદ નહોતો બંને વચ્ચે સમાન આદર એમને મળતો હતો.

એમને પ્રિયા (ઈશ્વર) માટે તાલાવેલી લાગી હતી એ બધા માસુક (ઈશ્વર) પાછળ જાન આપવાવાળા ઘાયલો હતા ઈશ્કેહકીકી એ એમનો ધર્મ હતો પ્રિયા (ઈશ્વર) પાછળ દર્દભર્યાં ગીત ગાવા સિવાય એમને કાંઈ સૂઝતું નહોતું. કવિતા વણનોંતરી સ્વયં એમની મસ્તીમાંથી પ્રકટતી હતી એમની વાણી-વૈખરી બેપરવાહ અને દુનિયાને કાંઈ પણ ગણકારતી નહોતી. વેદાંતનો ભગવો રંગ એમના હૃદય ઉપર રંગાયો હતો. વૈરાગ્ય અને પ્રભુપ્રેમ એ એમના ધ્યેય હતાં ફકીરીના તેઓ સાચાં ભોગી હતાં, શાહ કહે છે.

સુરત જા માહેકજી સાજે ડિઠીઆ,
હુન્દ ન પનેમાં, પિઠો મસ ધડાં ખણી.

મારાં વહાલાની મૂરતના મને દર્શન થયા છે. જ્યારે તમે એ પ્રિય મુખારવિંદના દર્શન કરશો ત્યારે તમને આંખમાં નિદ્રા આવશે નહિ ત્યારે તમે સિંધુ નદીમાં ઘડો લઈ નિમજ્જન કરવા જશો. એને પણ મીરાંબાઈની ઘેડે—

અન્ન ન ભાવે નેણે નિંદ્રા ન આવે, મેળે પધારો મારાં શ્યામ... જેવું થયું હતું. શાહ કહે છે કે–

વાલ્હ વહન નવાં, અજા વદ અને ઘોર.
ધર વેઢ્યુ પિણા કયો, સર્યું સંગસિરા.

હજુ તો પ્રેમના શરૂઆતના રેના વધ્યા છે પ્રચંડ

પાણીના મોજા તો હવે તને ઝનકોરશે. સખીઓ, ઘરમાં બેસીને ભલે હમણાં ગુફતેગો કર્યા કરો

શાહ લતીફના આશીર્વાદ પામેલો સચલ પણ સાચો ભક્ત હતો. એના દુહાઓમાં મસ્તી અને ધરક તરી નીકળે છે. એમાં શાહનું ઊંડું તત્ત્વજ્ઞાન નથી. રહસ્યપૂર્ણ અને ઊંડું ચિંતન પણ નથી. એના બેદરકાર છૂટા શબ્દે શબ્દમાં મસ્તી ઊભી કરે છે તે દુન્યવી વાતો ભૂલી આકાશમાં ઉડ્ડયન કરે છે એને મન સૌંદર્ય અને પ્રેમયોગ જ સર્વસ્વ છે એ અજબ મસ્તી સાથે ઉન્નત પવિત્રતાનો પૂજારી છે. તે કહે છે કે—

" આહે જોકો જલે, તિખો તાત હુસનજો ?
ભિલે ધાગે બિરહજે, બાણુ ધ્યા મેં ભસે

એવો કોઈ વિરહી છે જે સુન્દરના મોહનો તાપ સહન કરી શકે? વિરહી જીવોને માટે તો વૈરાગ્ય રૂપી અમૃત છે. ભાગવતના પુરરૂવાની પેઠે એને શુદ્ધ વૈરાગ્યરૂપી ભક્તિ વરી છે.

ઉગકિન આડાહમે પસ્યો નિઝારો
ગાહ રાણીમે છપ ગર્યા બઈ ગરે છ્વ પારો,
નાતક કોન્યારો જલે રચ્યન ગીયજો.

આરાફાની મદરીનમાં એક અત્તાન ભરેલો દેખાવ જોયો. તેઓ બગલાની પેઠે ઓગળી જતા હતા ઘવર માસુકરૂપી સૂર્ય તેમને ઓગળી રહ્યો હતો ગીતાબાજના/ બાજન—

વહાકું દેખાડ્યો ગેરો બદન માગે બેઠ ગયો એમાં પણ એ જ અર્થ રહ્યો છે. સચલ તો પ્રાણની આહુતિ આપવાનું કહે છે

શત્રુ ડિંહા ૩રખુમેં દીપરો ઉનામ દિયરો,
ગાહઅર આવે રમાગો પ્રેમ-પયામ તુંદીજે

સુન્દરનો તુ માલીક છો હું તો તારો નવી જ ગુલામ છું. તારી જ બેપરવાહ છે. તું જ મારો આગમનું ઠેકાણું છો. દીલદાર જે તમારા પોતાના છે તેને ચિંતવન ભૂલશો નહિ. મારી ફરજ તે તમારા ચર-ણોમાં પડવાની છે તમને મારા સલામ છે રાતદિવસ આંસુ સારવામાં જાય છે. આ હાલમાં આગ લાગી છે. તુ ગહનર એટલે રસ્તો બનાવનાર માલીક છો. તારા પ્રેમની પ્યાલી મને પા

આ ટૂંકા લેખમાં સચલની પ્રસાદીઓ કેટલી આપવી! એકએક શબ્દે શબ્દ રૂવાડી ખડી કરે છે.

સ્નારૂરગ ગલ્યા ડિહા. આરે લુડખ કેદુગ સામે,
દિ મિથે મેરો મદાગો કીકી નિખુ મ કે

માસુકને માટે હિમ્મત મારે સોદીના આંસુઓની ધારા વરસાવી પડશે એ કાચ ગરતામાં મરો તેમ છે ! એને માટે તો માથું મૂકવું પડે

શિકારપુરમાં ચેનરાય બુડ નામે સુફીવાદ થઈ ગયા છે એ ધનવાન અને શ્રીમંત કુટુંબમાં જન્મેલા એને સાધુઓની સંગતિ અને સેવાનો બહુ પ્રેમ હતા એમ મનમાં ગૂઢ વૈરાગ પ્રગટ્યો. એકે ગામના મુલ્લાઓ બનાવ્યા તેને અને અધ્યાત્મવાદથી એ ભરેલા છે એના શ્લોકોમાં વેદાન્તની નિષ્ઠા અને નામને એનું વર્ણન કરી છે થોડા નમૂના.

સ્વાર્પણ સુભગનાં ચિહ્નો નેણ ઠર્યાં
મનાઈ ગઈ સર્વાર્પણ ભગીર ગિરિબાલના
સ્વાભા જગૃત માનુષોના નેત્રો એમને જોઈને ઠરે
. આથી ઉર્મિવાળાના બધાં કાર્યો પૂર્ણ ફતેહમં
[illegible] છે

પ્રેમ બિના લિખુ પદ કરી પાતો ખનખ
વગી પુછ તિનિખુ, જિન પાનો મ્હોબતમદ

આ ઉચ્ચ સ્થાન પ્રેમ વગર કોઈએ મેળવ્યું નથી જેણે પ્રેમ કંઈ કર્યો છે તેને જ એની ખબર ને કદર પૂછો

દંપતના ભજનો પણ વખાણવા લાયક છે

સિંધમાં આવા આવા રત્નો તો ઘણાં પડ્યા છે આપણા ગુજરાતી ભાઈઓ આ વિષયમાં રસ લઈ આ મધુર પ્રસાદ ગુજરાતી પ્રજા સમે મૂકે એ જ અભ્યર્થના

•

જલસો જોયા પછી

દગાવી ચાંપો ને ઝગઝગ બધી બત્તી પ્રજળી
અને પંખા કેરી મધુર લહરી મંદ વહવા,
ખૂંપાવી કાયાને મખમલ મઢયા કોચ ખુરશી-
મહીં બેઠેલા યે નિજ અચલ નેત્રે નિરખતા
રૂપાળા રંગોના ચઢ ઉતર લેવા પગથીયા
પરે હીંચાળાના વિવિધ સ્વર ઠેકા ઠમકતા

બુઝાણી બત્તી ને ઘન તિમિરમાં માંડી ડગવા
ઘરે આવ્યો ત્યારે દિવસભરનો થાક ભૂલવા
પડેલી પાંગતે અરધ ઉંઘમાં ત્યાગી ગૂદડી
થયું કે રંગો શું? વિવિધ સ્વર શું? ને શું ઠમક
મારે જોને તિમિર ઘનથી વ્યાપ્ત આ આંગણામાં
ભાળી આયખું આખું રુદનપડઘા સાંભળી મહાલવાનું!

અન્તણ દાવાનળની પરે જ્યાં
આયુષ્યની જાતને મિટાવવી!
જ્યાં આથડે જીવનની પળેપળ
ફગાવ દે લેખડ સાથ વ્યર્થ!
આષાઢની શ્યામલ મેઘભીની
હેકાર ગાતે અથવા ઉનાળે

મધ્યાન્હે ધોમ ધીખ્યા ભવરણ ખુદના આથડી આમનેમ
સોનેરી પામવાને મૃગજળ જગતું દૂર એમાંદ ટીપું!

અસ્તિત્વ કાજ હોયે જ્યાં ઝૂઝવું ભાગ સર્વદા!

પ્રેમશંકર હ ભટ્ટ

કવિતાનું આહ્‌વાન

શ્રી. ત્રિભુવનદાસ લુહાર

જીવનમાં કવિતાનું આહ્‌વાન દરેકને ઓછામાં ઓછું એક વખત તો આવે જ છે. કવિતા એટલે કોઈપણ રસાત્મક સંવેદન એવો અર્થ લઈએ તો આ વાત તદ્દન સ્પષ્ટ જ છે. એવા સંવેદન વિના તો માણસ જીવી શકતો જ નથી. પણ કવિતા એટલે એક વિશિષ્ટ પ્રકારનું કલાસ્વરૂપ એવો અર્થ લઈએ તો પણ વાત સાચી છે એમ હું કહેવાની હિંમત કરું છું

તો શું દરેક માણસ કવિતા કરે છે ? ના, દરેક માણસ કવિતા કરતો નથી, પણ કવિતાની પાસે તો જાય છે જ ઘણીવાર કવિતા પોતે જ તેની પાસે આવીને ઊભી રહે છે. ઘણીવાર તે પોતે જ તેને શોધવા નીકળે છે પણ એ બેનું મિલન તો કોઈને કોઈ ઉપાયે થાય છે જ.

પણ આવી રીતે કવિતા દરેક માણસનો કબજો લે છે એમ જો સ્વીકારીશું તો ઘણાને અનર્થ થતો લાગશે, ઘણાને અસત્યાભાસ લાગશે, ઘણાને પોતાનું ગૌરવ ખંડિત થતું લાગશે, ઘણાને એ કેવળ અત્યુક્તિ લાગશે. પણ આ વાતને જુદી રીતે સમજવાની જરૂર છે.

કવિતાના હાથમાં સપડાનારના બે વર્ગ પડી જાય છે એક કવિતાને પોતાદ્વારા પ્રગટ થવા દેનારાઓનો અને બીજો એ પ્રગટ થએલીને ઝીલનારાઓનો. જેના દ્વારા કવિતાનું પ્રાગટ્ય થતું રહે છે તે વર્ગનો એટલે કે કવિનું મહત્ત્વ તો દરેક સ્વીકારતા આવ્યા છે. એમનું મહત્ત્વ અવશ્ય છે જ. પણ જે કવિતાનો ભોક્તા વર્ગ છે તેનો કવિતાકલામાં જે મહત્ત્વનો ફાળો છે તે હજી કલાની દૃષ્ટિએ પૂર્ણ રૂપે આપણે સમજતા નથી થયા.

ખરું જોતાં કલાનો રચનાર અને કલાનો આસ્વાદ લેનાર એ બન્ને મળીને કલાવ્યાપારનું આખું વર્તુળ પૂરું થાય છે. એ બન્ને કાર્યથી મળીને એક સંપૂર્ણ ગોલક બને છે. કલાકારના હૃદયમાંથી ઊઠેલો ભાવ કળારૂપ પામી છેવટે ભોક્તાના હૃદયમાં પાછો ભાવ રૂપે પરિણમીને પોતાનું વર્તુળ પૂરું કરે છે કલાકૃતિની રચના એ કલાવ્યાપારનું અડધું જ કાર્ય છે તે કલાકૃતિ જ્યારે સહૃદય ભોક્તાના હૃદયમાં ભાવ રૂપે પરિણમે છે ત્યારે તે અડધું કાર્ય પૂરું થાય છે કલાપીએ કહેલું વાક્ય ' ભોક્તા વિણ ક્લા નહિ ' એ ગાંભીર્યથી કાવ્યમાં દેખાય છે

તે કરતાં પણ ઘણું વિશેષ છે રસાનુભવની દૃષ્ટિએ પણ કવિ અને સહૃદય ભોક્તાના સંવેદનમાં કશો ફર્ક હોતો નથી એટલે આ કલાવ્યાપારના બે અર્ધાંગ સરખા મહત્ત્વના છે

આટલું સમજી લીધા પછી આપણે પ્રથમનું કથન વિચારી જોઈશું તો તે સાચું જ લાગશે કે જગતમાં એવું કોઈ નથી જેના હૃદય ઉપર કવિતા ટકોરા ન લગાવી ગઈ હોય જો માણસમાં કાવ્યકરણની કલાશક્તિ હશે તો તે કવિ બનશે નહિ તો તે તેનો ભોગવનાર રહેશે આ કથનને હું નિરપવાદ હકીકત તરીકે રજૂ કરવા માગું છું અને એ રજૂઆત કરતાં કેટલાક મોટા, છતાં સહેલા પ્રશ્નો આપણી આગળ ઊભા થાય છે

શું દરેકે દરેક માણસના હૃદય ઉપર કવિતા ટકોરા વગાડી જાય છે? મારો જવાબ છે હા જગતમાં જગતી માણસ લો, ભીલ લો, ભંગી લો, રાનીપરજ લો, ખેડૂત લો, વેપારી લો, કારીગર લો, સિપાહી લો, ખૂની લો, જલ્લાદ લો, કે ગમે તે લો સમાજના કોઈ પણ થરમાંથી સમાજની કોઈપણ પ્રવૃત્તિમાંથી તમે માણસને ઉપાડો અને તમે જોશો તો જણાશે કે હા ત્યાં તેનામાં કોઈ ને કોઈ સ્થળે અમસ્તુંમાં અમસ્તું સ્થળે કવિતા પહોંચેલી છે

હવે આ સ્વીકાર્યા પછી એમ પ્રશ્ન થશે કે શું સમાજના આ અનંત થરોમાં એક જ કોટિની કવિતા વ્યાપેલી છે? ના એમ તો નથી જ માણસમાં વ્યક્ત થતા ચૈતન્યના જેમ માણસે માણસે જુદા જુદા આવિર્ભાવો છે તેમ થરેથરે અને કહો વ્યક્તિએ વ્યક્તિએ પણ કવિતાનો આવિર્ભાવ જુદો જુદો હોય છે અર્થાત દરેક માણસને પોતાની કવિતા હોઈ શકે છે અર્થાત્ ચૈતન્યના આવિર્ભાવ પેઠે કવિતાના પણ અનેક આવિર્ભાવ છે તેની અનેક કોટિઓ છે

તો પછી આ અનેક કોટિની કવિતામાં સારી કઈ, નરસી કઈ ઊંચી કઈ નીચી કઈ, કે પછી બધી સરખી જ છે? ના બધી સરખી જ તો ક્યાંથી હોઈ શકે? જો આપણે વ્યક્તિએ વ્યક્તિએ કવિતાનું ભિન્નત્વ સ્વીકારીએ છીએ ત્યાં એવી સમાનતાને સ્થાન ન જ હોય પણ એ અનેક કોટિઓમાં એક ચીજ સમાન છે એ છે એની કલાત્મકતા પ્રત્યેક સજીવ વસ્તુમાં જેવી રીતે ચૈતન્યની સ્ફુરણા થતી જ હોય છે તેવી રીતે પ્રત્યેક કવિતાપ્રકારમાં કલાત્મકતા હોય છે જ એ બાળકને રીઝવવાનું જોડકણું હોય હાલરડું હોય ઘંટી દળવાનું ગીત હોય રાનીપરજનો રાસડો હોય ભીલજોગીના ગીત હોય ચારણોના દૂહા હોય ગરબે રમનારીના કુદામણાં હોય, ગરબા હોય, રાસ હોય ધોળ હોય નરસિંહના પ્રભાતિયા હોય, મીરાંના ભજન હોય, દયારામની ગરબી હોય, પ્રેમાનંદના આખ્યાનો હોય પ્રબંધ હોય, સરઘસના ગીતો હોય, ઊર્મિગીતો હોય કે વિચારપ્રધાન સોનેટો હોય એ બધી કોટિઓમાં તેના પ્રકારની કલા હોય છે જ

એ કલા એટલે કે રસ જમાવવાની શક્તિ પણ અહીં આપણે ધ્યાનમાં રાખવાનું છે કે એકના રસ તે હંમેશા બીજાના રસ હોતા નથી જો આટલી ઉદારતા નહિ સ્વીકારીશું તો કલાનું વિવેચન હંમેશા પોતાના ધર્મને સર્વોચ્ચ મનાવનાર ધર્મઝનૂનીનું જોગીકાર બની જવાનું એના વિવેચકને પ્રિય એવા એક કલાપ્રકાર સિવાય બાકીના કલાપ્રકારોને જીવવાનો હક જ ન રહે પણ જે વિવેચક કવિતાના વ્યાપક સમગ્ર કલારૂપને ન્યાય આપવા માગે છે તેણે આ ત્રણે હકીકતો ધ્યાનમાં રાખવાની છે

એ હકીકતો ફરીથી નોંધી લઈએ પહેલી હકીકત એ કે જીવનમાં દરેક જણ કવિતાનો આસ્વાદ ઓછામાં ઓછું એક વાર તો કરે જ છે બીજી હકીકત એ કે દરેકના રસમાં ભિન્નતા અથવા વિવિધતા હોય છે, અને ત્રીજી હકીકત એ કે એ રસોને ન્યાય આપતી પ્રગટ કરતી કવિતા પણ અનેક કોટિની છે

આ ત્રણ મુખ્ય હકીકતો અનુક્રમે નીચેના કથનને બહાર લાવવા પુષ્ટ કરવા તરફ લઈ આવી છે દરેક વ્યક્તિને કવિતાના આસ્વાદનો હક છે દરેક વ્યક્તિ માટે કવિતાને ગમ તેનું શક્ય છે અને કવિ થવાનું પણ શક્ય છે અર્થાત જે એમ માનતા હોય કે કવિતા

કળા એ તો અમારો જ, અમુક વર્ગનો જ ઇજારો છે, તેમનો ફાંકો વીંછીના ડંખની પેઠે પહેલી તકે કાપી નાખવાની જરૂર છે, અને જે હતોત્સાહ બની ગયા હોય તેમને આ આશ્વાસન આપવાની જરૂર છે કે જો તમારા જીવનમા કવિતા નહિ આવી હોય તો હજી પણ આવશે જ.

બીજુ કથન એ કે માણસ જાતના રસોના વિકાસને લક્ષમા રાખી, દરેક બીજાના રસો માટે ઉદારતા, સહિષ્ણુતા, અને સમભાવ કેળવવાની જરૂર છે વિચારપ્રધાન સોનેટનો અભ્યાસી ખુમારી રાખીને કહે કે છદ્દ આ બાળકના જોડકણામા તે શુ બળ્યુ છે ? તો તે કવિતાનો દ્રોહ જ કરે છે ગઝલનો આશક એમ કહે કે બસ કવિતાના જગતમા જે કાઇ હોય તે હુ જ છુ અને બીજા બધાએ મને માર્ગ કરી આપવા રૂખસદ લેવી જોઇએ તો તેવુ કહેનાર રાજકારણમા ખૂનખાર યુદ્ધો ફેલાવનાર શાહીવાદથી કે ડખીની સરમુખત્યારીઓથી જરાયે જુદી જાતનો નથી

અને ત્રીજુ કથન એ છે કે કવિતાની આ અનેક કોટિઓ એ કલાના ભંડારની સમૃદ્ધિની સૂચક છે બગીચામા જેમ અનેક ફૂલો ખીલે છે, તેમ કવિતાની કળા પણ આમ અનેક રૂપે પ્રફુલ્લે છે, જેમ જેમ એ રૂપવૈવિધ્ય વધતુ જાય તેમ તેમ કલાપ્રિયે તો રાચવાનુ જ હોય

કવિતાનો વ્યાપાર નૈસર્ગિક રીતે જ, જીવનની બીજી ક્રિયાઓ પેઠે જગતની આદિથી ચાલુ રહ્યો છે પણ માણસે જેમ નિસર્ગે આપેલી વસ્તુઓની પુનર્વ્યવસ્થા કરી છે, તેના સંસ્કરણો કર્યાં છે, તેના નવાં આયોજનો કરી તેમાની ગુપ્ત શક્તિઓને બહાર આણી છે, તે જ રીતે માત્ર ગળામાથી નીકળતા કેટલાક ઉદ્ગારોના જ બનેલાં જંગલી લોકોનાં ગીતોની સામગ્રીનુ આપણે સવર્ધન સયોજન, સસ્કરણ અને બૃહત્કરણ કરતા ગયા છીએ માણસની પ્રજ્ઞાએ આ નૈસર્ગિક કવિતા તત્ત્વને સસ્કૃત બનાવ્યુ છે, વ્યવસ્થિત બનાવ્યુ છે, બલવત્તર બનાવ્યુ છે

મનુષ્યના હૃદયમાં નિસર્ગસ્થ કવિતાનુ પ્રજ્ઞાદ્વારા સસ્કરણ થતુ આવ્યુ છે તે દૃષ્ટિએ જો આ સસ્કારમા માનતા હોઇએ તો આપણુ દરેક ..િ પ્રિયનુ શુ કર્તવ્ય હોઇ શકે તેનો ટૂકામાં વિચાર કરી પણ તે પહેલા આપણે એક વસ્તુ વિચારી લેવાની છે

માનવીની પ્રજ્ઞા અથવા બુદ્ધિશક્તિની સેવાઓ ` જગતને જેમ નિરપવાદ લાભકારક નથી નીવડી, વિમ શોધનાર બુદ્ધિશક્તિએ જેમ ઝેરી ગેસ પણ શોધી કાઢ છે તે જ રીતે કવિતાનુ સસ્કરણ કરવા નીકળનાર બુદ્ધિ તેનુ વિકૃતકરણ પણ કરી નાખ્યુ છે અને સા સસ્કરણના ઇચ્છુકે આ વિકૃતકરણમાથી પણ પોતા અને કવિતાને બચાવી લેવાની જરૂર છે

કવિતાના પ્રદેશમા બુદ્ધિએ જે વિકૃતિઓ ઉપજાવે છે તેમાની મુખ્ય એ છે કે તેણે કવિતાને જન્મ આપ નારી સ્વાભાવિક પ્રેરણાને સ્થાનભ્રષ્ટ કરીને તેને સ્થા પોતાની સ્થાપના કરી દીધી છે સ્વાભાવિક પ્રેરણાથ ઉત્પન્ન થતા જે સુદર તત્ત્વો, જે બાહ્ય આકારો, અથ કવિતાના જે અનેક ઘાટો અર્થાત્ કવિતાનો આક રમ દેહ મૂળ કવિતામાથી જન્મે છે તે ભૂલી જઇને બુદ્ધિએ એમ માન્યુ કે આવો દેહ જો હુ રચી શકુ તો તે પણ કવિતા બની જાય આ પેના પૂતળાં બનાવનાર અથવ કહો કે રૅાબોટના રચનાર જેવુ છે પૃથ્વીના કુદરતન તત્ત્વોમાથી જન્મી ને પોષણ પામીને વિકસ સુદર, પુ બનેલા માનવદેહની પેઠે નહિ, પણ સીધી માગી લઇને કે સીવી ધાતુઓ લઇને આખો માનવદેહ ઊભો કર તેની પાસે જીવતા પ્રાણીની બધી મનબુદ્ધિ અને હૃદયન ક્રિયાઓ કરાવવા જેવુ છે જો કે આ બંને શિ પક અને યત્રકારની અદર આવા હેતુનુ આરોપણ આપ ઉદાહરણ દાખલ કરી લઇએ છીએ, ખરુ વસ્તુના તો શિલ્પકરના પણ વિશિષ્ટ કલાહેતુઓ છે, તેવી ર રીતે યત્રકારના પણ ઉપયોગ હેતુઓ છે

ત્યારે બુદ્ધિ એ કેવળ કાનનો બહારનો ઘાટ જાળવી તૈયાર કરેલી કૃતી એ પ્રેરણાથી જ બનેલી કૃતિ જેવી ક જીવન હોતી નથી ૧૪ લીટીઓ પૂંઠાળ છદમા લખી એટ

તે સૉનેટ નથી બની જતી કે ચાર લીટી લખવાથી મુક્તક નથી બનતું મન્દાક્રાન્તામા લખવાથી મેઘદૂતની સુન્દરતા નીપજાવી શકાતી નથી કે નાનાલાલની પેઠે અપદ્યાગદ્ય લખવાથી એવુ ભાવઉદ્બોધન ઉપજાવી શકાતુ નથી કેવળ કાવ્યના ધ્વનિભેદો, કે અલકાર પ્રકારો સિદ્ધ કરવાથી, રસના વિવેચનો કંઠસ્થ કરવાથી અથવા સમસ્ત રસશાસ્ત્રના પારગત બનવાથી પણ એક બે લીટીનો દુહો રચનાર જેટલી પણ કવિતા સર્જી શકાતી નથી કવિતા સર્જી શકાય છે કેવળ અન્દરના મસાલાથી મેઘદૂતની સુન્દરતાનો મસાલો મન્દાક્રાન્તા છંદમા નહિ પણ કાલિદાસના ભેજામા હતો અપદ્યાગદ્યનુ ભાવઉદ્બોધન તે બ્રહ્મ, રસ, વિગેરે શબ્દોના આડી અવળી ગોઠવણીમા નહિ પણ નાનાલાલના કલ્પનાખમા છે. એ હકીકત આપણે ધ્યાનમા રાખવાની છે. પ્રતિભાના અસ્તિત્વ વિના કેવળ બુદ્ધિના કૌશલ્યથી રચાતી કલાકૃતિઓ કેવળ નિષ્પ્રાણ પૂતળા જ હોય છે બુદ્ધિ સ્વય વાંઝણી છે. ઓછામા ઓછુ કવિત પુરતુ તો આ કહી શકીએ જ પણ તેથી તેનુ મહત્ત્વ, પ્રતિભાના વિકાસમા તેનો ફાળો નાનોસૂનો નથી તેનુ કામ પ્રસૂતિકાનુ–દાયણનુ અને નર્સનુ છે તેની મદદ વિના ઘણી યે પ્રતિભા જન્મ પામ્યા વિના જ રહી જાય છે, કે જન્મવાની ક્રિયામા જ મરી જાય છે યા તો જન્મ્યા પછી પણ ઊછરી શકતુ નથી આ રીતે પ્રથમ પ્રતિભાનુ અસ્તિત્વ સ્વીકારવાનુ છે અને તે પછી તેને ચમક આપનાર, તેના પર પાસા ઉપજાવનાર તેને ધાર આપનાર મગજનુ કામ કરતી બુદ્ધિનું

જગતની ઉત્તમ કાવ્યકૃતિઓના નેમકોમા અદ્ભુત પ્રતિભા અને અસાધારણ પ્રજ્ઞા એ બનેનો સમન્વય દેખાય છે આ વાતને ઉદાહરણથી પુષ્ટ કરવાની જરૂર નથી કેવળ કાલીદાસનો જ જો આ રીતે અભ્યાસ કરવામા આવે તો એ મનુષ્ય જ્ઞાનની કેટલી શાખાઓમા પારગત હતો તે તરત જણાઈ આવશે પ્રતિભાવિહીન માણસ કદી કવિ થઈ શકતો નથી એ જેટલુ સાચુ છે, તેટલુ એ પણ સાચુ છે કે પ્રતિભાસપન્ન છતાં જ્ઞાનહીન માણસ કદિ કવિ થઈ શકતો નથી

હવે આપણે મુખ્ય વિષય ઉપર જઈએ આપ કવિતાની સર્વવ્યાપકતા સ્વીકારી, સર્વઆસ્વાદ્યતા સ્વીકા અને અનતવિવિધતા સ્વીકારી આ ત્રણ વસ્તુઓ આપણને કવિતાનુ અને આપણુ પોતાનુ વર્તમા અને ભાવિ ઊજળુ લાગશે હવે આપણે કહી શકીએ કે કોઈને કવિતા વના રહેવાની જરૂર નથી નહ આગળ વધીને એમ કહી શકીએ કે કોઈ કવિતા વિના રહેતુ જ નથી

આ સામગ્રી ઘણાયે ચમકશે જેઓ મહાન કવિઓ તરફ, અરે, સાધારણ જોડકણા જોડનાર તરફ પણ મહા અહોભાવથી જોતા હશે તેમને થશે કે ક્યા છે અમારું કને કવિતા ?' આવા મુગ્ધ પ્રશ્નકોને આપણે કવિતાની વ્યાપકતા અને અનતવિધતા જાણનારાઓને કહેવાનુ રહેશે 'છે ભાઈ, છે માત્ર તમારે તે જોતા શીખવાની જરૂર છે જે કાલિદાસ કે શેક્સપિયર વાચે સમજે તે જ કવિતાનો રસ લેનાર છે એમ નથી દરેકની પાસે પોતાની નાનકડી કવિતા હોય છે અને એમ કહી આપણે દરેક જણની આસપાસ વેરાયેલી કવિતા તેને બતાવી આપવાની રહેશે દરેક જણ પોતાના ઓછાવત્તા વિકટ કે અનુકૂળ સજોગોના જેવુ જીવન જીવી રહ્યો હોય છે તેના જીવનમા પણ ક્યાક તો કાવ્ય રડ્યુખડ્યુ જ હોય છે તે આપણે તેને બતાવવાનુ રહેશે

કવિતા એટલે સૌન્દર્ય, કુદરતનુ, પ્રાણીના શરીરનુ મનનુ અને હૃદયનુ કવિતા એટલે કલ્યાણ એકનુ અને અનેકનુ, વ્યક્તિનુ અને સમષ્ટિનુ કવિતા એટલે સત્ય ભૌતિક જગતનુ વિચાર જગતનુ, અને કદીક એ બને જગતનો ઇન્કાર કરીને પોતાને સ્થાપિત કરતા ભાવ જગતનુ આનુ નામ સત્ય, શિવ, અને આનુ સત્ય ચ ત્રિવિધ કાવ્ય જગતમા ક્યા નથી ક્યા માણસમા નથી ?

પ્રત્યેક માણસ આ ત્રિવિધ કાવ્યનો અનુભવ કરે છે

સૂરજ ઊગ્યો રે ઝળહળતી કોરે

કે વાગેલા બત્તે વાગ્યા રે

ને પ્રભાતના પહોરે વગર મેળા ગાતી ગુજરાતણો કુદરતના સૌંદર્યનુ રસપાન નથી કરાવતી ?

છેડો ઢળકતો મેલ્ય, અલી પાતળી!
છેડો ઢળકતો મેલ્ય

ગાનાર કોઈ લોકગીતને ગુંજતો જુવાન તેનામાં તીવ્ર સંવનનનો ભાવ નથી અનુભવતો?

અને

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ

નો ગાનાર તત્ત્વનું એક ગૂઢ દર્શન નથી કરતો? સવારના પહોરે ઉષા ઊગતી હોય ત્યારે ગીત ગાવા ભેગી થતી ગુજરાતણો, મેળાઓના, કુદરતના સૌન્દર્ય ખીલવતી ઋતુઓના મનોરમ સ્થળે ઊભરાતા માનવ સમુદાયોના રાસડાની રમઝટ બોલાવતા જુવાન જુવાનડીઓ, કે ભગીવાસમાં નીતરતી રાતે મંજીરાના રણકારે તણુ ને ગુંજારતા તત્ત્વજ્ઞાનના ઊંડાણને આપતા ભગી ભજનિકો આ બધા પરમ કાવ્યના પરમભોક્તા છે એની —કોણ ના પાડશે?

એ તો નિસર્ગની રીતે જ કાવ્ય રસાસ્વાદ કરી રહ્યા છે જીવનની અમુક ક્ષણે એ કાવ્યનો અનુભવ કરી વળી તેઓ પોતાની પ્રાકૃતતામાં સરી જાય છે એ જ ગીત ગાનાર, રાસડા લેનાર, કે ભજન ગાનાર મેણાંટાણાં મારવામાં, એકબીજાને ગાળો ચોપડવામાં, કે દીનવદને વેઠે ચડવામાં સરી જાય છે

આપણો કહેવાતો સંસ્કૃતવર્ગ એથી બે ડગલાં આગળ વધે છે તે રેકર્ડો સાંભળે છે, નાટકસિનેમા જુએ છે, કાવ્યગ્રંથો વાંચે છે, વિવેચનો કરે છે, મુશાયરા કરે છે, સભાઓમાં ગીતો લલકારે છે, કે કવિતા વિષયક તત્ત્વનાં રૂપણાં ઉપજાવે છે પણ એ સર્વ પણ કવિતાથી છૂટાં પડતાં પાછી પોતાની પ્રાકૃતતામાં સરી પડે છે.

તે વખતે મોમાંથી એક હાય સરી પડે છે અને મન થાય છે 'ક્યાં ગઈ રે તું ઓ દિવ્ય કવિતા? તું અમારી ચિરસહચારિણી, ચિરસખી ન બની શકે?'

આ સવાલનો જવાબ આપણે આપણી પ્રજાની મહત્તામાં ગોધવાનો રહે છે પ્રતિભાથી પ્રેરાયેલી કવિતા તો પોતાનું એ કામ કરે જ છે પોતાના દુર્ધર્ષ વજ્રથી એ જગતની ગંભીર કઠોરતાને ભેદી રહી છે અને સત્ય શિવ અને સૌન્દર્યનાં પાણી જગતમાં રેલાવી રહી છે પણ એ કાવ્યનાં સર્જનનો કે પઠનનો ક્રમ હમેશાં આપણા કાર્યક્ષેત્રમાં હોતો નથી. આપણી પ્રજાના વ્યાપારો પણ એવી રીતે યોજી શકીએ કે જેથી આ કવિતારાણીને ચાલવાનો માર્ગ નિષ્કંટક બની, ફૂલ અને સુવાસથી ઊભરાઈ રહે

જગતને આપણે નંદનવન કરવું છે અને જગતના મહાવનની વન્યતાને સુધારી તેમાં સંસ્કૃતિનો બગીચો કોઈ રચી શકે તેમ હોય તો તે આ કળાની માલણો છે કવિતા એ એમાંની એક છે

કલા એ હૃદયની વાણી છે પણ વાણી તો અનેક સ્થળેથી પ્રગટે છે પાણી પર કાંકરી પેનનો લસરકો થતાં પણ એક ઉદ્વેગકારી રોમાંચ પ્રગટતી વાણી પ્રગટે છે. તોપમાંથી વછૂટતા ગોળાની પણ વાણી છે પરદેશની સાથે જોહુકમીથી, ગરજાળુ વિનમ્રતાથી, કે કાગેલ ચાલબાજીથી થતા કરારોની પણ એક વાણી છે એ બધી વાણીઓમાં કવિતાએ પોતાનો અવાજ સંભળાવવાનો છે શરીરની લાગણીઓની વાણી, ભૂખની વાણી, સ્વાર્થ લોલુપતાની વાણી, અન્યનું સંહારણ કરતાં આત્મસંવર્ધનની વાણી, હરકોઈ ઉપાયે આત્મતૃપ્તિ માગતી કામનાઓની વાણી, એવી એવી અનેક વાણીઓમાં થઈને કલાએ અને કવિતાએ એ સર્વથી ઊંચી પ્રાણી માત્રનું કલ્યાણ સાધતી, અનંત સૌન્દર્યની રચના ઉપજાવતી, અને પરમ સત્યની ચિરપ્રતિષ્ઠા કરતી પોતાની વાણી સંભળાવવાની છે

જગતની આદિથી આ બધી વાણીઓથી ઊંચા સ્વરે એ પોતાની વાણી સંભળાવવા મથી રહી છે પણ એનો સુયોજિત મંજુલ સ્વર ધનુષ્યના ટંકાર અને તોપોના ઘર્ઘર નિનાદોમાં અનેકવાર ટકાઈ રહ્યો છે આજે પણ કવિતાની વાણી દરેકના મને પહોંચી ગઈ છે છતાં તોપોના ઘર્ઘર અવાજો વધારેને વધારે ઘોર બનતા જાય છે. અને હૃદયમાંથી એક તીવ્ર ચિત્કાર નીકળી જાય છે. 'જગતનો ન્યાય શું હજી સુધરેલા માનવસમાજમાંથી નથી જ મટ્યો?'

કલાઓએ આજે પોતાની હાર કબૂલે જ છૂટકો છે. એમાં જ સત્યનું દર્શન છે. આ માણસો જગતના મહાવનને ગમે તેટલું કાપીકૂપી, છેદીછાંદી, ઉપવનમાં ફેરવવા માગે, પણ એ જેટલી ઝડપથી નવા ફુવારાની રચના કરી શકે છે તેથી બમણી ઝડપે ઝાંડ઼ા ઝાંખરા ફૂટી નીકળે છે.

તો શું કલાને નસીબે હંમેશાં પરાજય જ નિર્માયો છે ? ના, આ પ્રશ્નનો હકારમાં જવાબ આપણે સ્વીકારી શકીએ જ નહિ. જો એ સ્વીકારીએ તો આપણે જિન્દગીથી હાથ જ ધોઈ નાખવા પડે. અને ઉઘાડી આંખે જોઈશું તો જગત પણ એ પ્રશ્નનો હકારમાં જવાબ સ્વીકારતું નથી.

એશક આબિસિનિયાને હડપ કરી ગયેલ ઇટલીની તોપોની સામ્રાજ્યવાદી વાણી કવિતાની વાણી નથી. સ્પેનને ભીંસી રહેલ ફાસિઝમની વાણી કવિતાની વાણી નથી. તેમજ ચીનને ભરખી રહેલ જાપાનની તોપોની શિકારભૂખ્યા વાઘની વાણી એ પણ કવિતાની વાણી નથી. પણ જગતમાં એટલી એક જ વાણી નથી. એ આક્રમણોનો મંદ કે પ્રબળ સામનો કરી રહેલ પ્રજાઓની વાણી કવિતાની વાણી છે. ભૂતકાળમાં થયેલા કે અત્યારે થઈ રહેલા દમનની સામે ઊભી એકેએક પ્રજાની વાણી કવિતાની વાણી છે એ હૃદયની વાણી છે કારણ ત્યાં બીજાને હડપ કરવાં જતાં ક્રૂરતાથી દાંત ભીંસવાના નથી, કે શિકારની પુષ્ટતા જોઈ મોમાંથી લાળ દદડાવવાની નથી. પણ પોતાના ટકાવને ખાતર, મુક્તિને ખાતર, માનવતાને ખાતર, શરીરને કટકા થઈ જવા દેવાની વાત છે. તોપની આગળ ફૂરચે ફૂરચા બનીને ઊડી જવાની વાત છે, ક્ષણેક્ષણે દમનના ચક્ર નીચે કચડાઈને ભુક્કા બની જવાની વાત છે. જો માનવભક્ષક તોપોની વાણી ભયંકરતર બની છે, તો એનો સામનો કરનાર, માનવતાની સ્થાપના કરનારી હૃદયવીણાની વાણી પણ આજ લગી હતી તે કરતાં પ્રબળતર અને વ્યાપક બની છે. આજે કોઈપણ પ્રકારના આક્રમણને કે દમનને મૂંગે મોંએ કોઈ વશ થતું નથી એજ જગતનું મોટું સુચિહ્ન છે. એ જ બતાવે છે કે છૂંદાઈ ગયેલું કચડાયેલું હૃદય ફરી પાછું જાગૃત થશે અને જ્યાં લગી પોતાની સ્થાપના જગતમાં નહિ થાય ત્યાં લગી તે જંપશે નહિ. આપણે માનીએ છીએ અને સ્વીકારીએ છીએ કે સ્વાર્થની ભૂખનો પોકાર બહુ જબરો છે, વાસનાઓનો આક્રોશ અતિ તીવ્ર છે, પણ હૃદયનાં સ્પન્દન એ બન્નેથી જબરાં અને તીવ્ર છે. ઘડીક હૃદયના સ્પંદનને પેલાં બે ડાંબી દે છે. પણ માણસને પરમ શાંતિ અને સુખ તો જ્યારે તે હૃદયનાં સ્પંદનને મુક્ત રીતે થવા દે છે ત્યારે જ થાય છે. જગને એ રસ્તે ગયા વિના છૂટકો જ નથી.

આ બહુ ભારે વાત છે. જગતનાં સૂત્રોનું સંચલન કલાઓના હાથમાં ? અને તેય આ કવિતાના હાથમાં ? કોઈ ખૂણે રચાતી કે ચોપડીમાં બહાર પડતી, કે વિવેચનોમાં ચર્ચાતી, કે મુશાયરોમાં ગવાતી નાચીઝ કવિતાના હાથમાં ? આપણે કહીશું હા, એના હાથમાં પણ તે વેળા એનું સ્વરૂપ આપણે ધારીએ છીએ તેવું નથી હોવાનું બલ્કે આ વામનરૂપમાં જ તેની વિરાટતા ગુપ્ત પડેલી છે. એ વામનતા ક્યારે અને કેવી રીતે વિરાટ બને છે !

આ પ્રશ્ન પણ ઘણો વિશદ છે. આપણે જાણીએ છીએ કે જીવનની ક્રિયાશક્તિ પ્રેરાય છે હૃદયથી, નહિ કે બુદ્ધિથી. બુદ્ધિ તો તર્કવિતર્ક કર્યાં કરે છે. અને કદી તે અમુક સત્યનો સ્વીકાર કરી લે છે છતાં એ સત્યની પાછળ જીવનને ઝુકાવવાનું બળ તેની પાસેથી મળતું નથી. અર્જુન જેવો મહારથી પણ કહેતો હતો કે 'હું જાણું છું છતાં મારાથી કુકર્મમાંથી અટકાતું નથી, અને સત્કર્મમાં પ્રવર્તાતું નથી.' એટલે જીવનને પ્રેરનાર હૃદય અને તેના ભાવો અને આવેગોને જે જીતી શકે, ઘડી શકે, પ્રેરી શકે, ઉત્તેજી શકે, અને નવા સર્જી શકે, તેજ જીવનને ઘડનાર બનવાનું છે. અને આ કામ કરવા કલા સિવાય—કવિતા સિવાય બીજું કોણ વધુ સમર્થ છે ?

કવિતા જીવનનું ગાન છે, જીવનનું દર્શન છે, અને વળી એ દર્શનનું ગાન છે. જીવનની વિષમતાને એ

...ાઇને હળવી કરે છે, સુંદરતાને ગાઈને એ વધુ સુમધુર કરે છે, હૃદયના ઉદ્‌ગારના મુદ્રઅશ્રુ. આંદોલનોને ઝીલી તેમને તે મસ્તી આપે છે જીવનના તમામ પ્રદેશોમાંથી એ દુઃખ અને સુખનાં તત્ત્વો ઉપાડી લઈ એક અપૂર્વ ઇમારત તૈયાર કરે છે જેને સામગ્રી માણસ કવિનો મોક્ષ અનુભવે છે વિકાસ અનુભવે છે જેને જેને જીવો મદદ કરીને પુનિત કરે છે તે પોતાની સાનંદી હૃદયની વાડકી લઈ તેની પાસે પહોંચી જાય છે અને જીવનનાં અમૃત ઝીલી જગતને તે પાય છે એ તો કવિઓ થયા, નાના અને મોટા, એકાદ દુહો જોડનાર એકાદ પુસ્તક લખનાર એકાદ સોનેટ રચનાર કે ખંડકાવ્ય, પ્રબંધો, અને મહાકાવ્યો રચનાર આત્મગીત ગાનાર, કે વિશ્વગીત ગાનાર એ બધા કવિઓ

આ ગાન એ દરેક વખતે દર્શન હોય છે અનંત અનંત રીતે પથરાયેલા જીવનના મર્મસ્થાનોમાંથી કવિ અમુક જ ચીજ કેમ ગાય છે અને બીજી કેમ નહિ? એનો જવાબ એટલો જ કે કવિને જીવનનું એ અંગ દર્શનયોગ્ય ગાનયોગ્ય લાગ્યું છે જો કવિની પ્રતિભા ઊંડી હોય છે તો તેનું ગાન જ તેના સૂક્ષ્મ હૃદયના અનુભવો જ જગત માટે પરમ દર્શન બની જાય છે

પરમ દર્શનને આગળ ચાલી પણ ત્યારે અર્થમાં કવિતામાં ઘણી શકીએ છીએ. દર્શન એટલે જીવનનો સમન્વય ઉકેલ, અને બંધનમાંથી મુક્તિના માર્ગની ચાવી પોતે જે કાંઈ જોયું તે તેવી જ રીતે બીજાને બતાવવું એ જ બસ નથી પણ એ જોવામાં જોનાર જે વિશિષ્ટતા ધારે છે તે જરૂરનું છે દરેક કવિમાં એક કાળે આ દર્શનની દૃષ્ટિ ખૂલે જ છે એનો એક માર્ગ કોઈ નથી જો કેવળ દૃષ્ટા ન બન્યા હોય કવિના એની ઊંચી ભૂમિકાએ ચઢી ઉપર તત્ત્વજ્ઞાન સાથે હાથ મિલાવી લે છે એ તત્ત્વનું દર્શન જ જગતને ઘડે છે જીવનના પ્રવાહોને પલટી નાખે છે, જીવનની મહત્તાને વેગીલી બનાવી દે છે અને સૃષ્ટિ પર નવરચના પ્રગટાવે છે

આ તત્ત્વદર્શન જગતમાં બે રીતે અવતાર લે છે એક કવિની મારફતે, બીજું ઉપદેશની મારફતે ઉપદેશક, પ્રચારક, વિવેચક એ બધાની પાસે ચોક્કસ લગભગ પગથિયાંવાળી બુદ્ધિની સીડી હોય છે એ સીડી કેટલીક વાર ઢાળની તો કેટલીક વાર બહુ જ ઊભી ગોઠવાયેલી હોય છે અને એ ઉપરથી તત્ત્વદર્શનને જગતમાં ઊતરવું પડે છે કવિ પાસે એ ચોક્કસ પગથિયાંની સીડી નહિ પણ કંઈ બીજું છે એ જે છે તેને તમે ગમે તે રીતે ઓળખાવો હૃદયની માયા કહો, સુમંજુલ વીણાનો સુનિત પ્રવાહ કહો એના મારફતે દર્શનને લોકો પાસે પહોંચવું ઘણું સરળ થઈ પડે છે એટલે જ ઘણાયે તત્ત્વજ્ઞાનીઓ કવિ પણ હોય છે જ એ જીવનનું દર્શન જ્યારે ગાનરૂપે પ્રગટ થાય છે ત્યારે બુદ્ધિ તેની આગળ આનાકાની નથી કરી શકતી, હૃદય બને સાકુને પ્રમરી તેને ઝીલી લે છે

જગતમાં કવિતા આ રીતે નવજીવન પ્રેરે છે. લોકોને જીવન મળેલું છે અને એ જીવનશક્તિ માણસના ગમે તેવા મૂઢ બનેલા છતાં પોતાનું માહાત્મ્ય તેની પાસે શોધાવે છે માણસ મૂઢમાંથી ચતુર બને વિજયી બને, પણ જીવનનો સાચો સાક્ષાત્કાર વિના તેને ચાલવાનું નથી જુવાનીની ધુમાડી મગજમાં ભલે થોડો વખત ભરાય પ્રણયની સાધના ઘડીવાર ભલે મહા મોહક લાગે, અને સ્થૂળ સંપત્તિના સંચયમાં જ ઘણીવાર ભલે જીવનનું પરમ સાર્થક્ય અનુભવાય પણ એક એવો વખત માણસના જીવનમાં જરૂર આવે છે જ્યારે તે પ્રશ્ન કરે છે કે 'આ જીવન, તું શું છે?'

એ પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે કવિતા પ્રગટે છે, દર્શન પ્રગટે છે, ગાન પ્રગટે છે જગતની આદિથી આ ગાન અને દર્શન પ્રગટ્યાં છે અને દરેક તે ઝીલે છે જીવનની અંદર આ ગાનની તથા આ દર્શનની જેટલી પળો વધુ બને તેટલું જીવન વધુ સમૃદ્ધ બને છે

આ વસ્તુ એક જ રીતે સાધી શકાય છે જીવનના નમ્ર અને છતાં દૃઢ ભક્ત બનીને ગંભીરતાથી તેની ઉપાસના કરીને, તેની સાથે મેળ કરવાની આકાંક્ષા છોડી દઈને, જીવનમાં કાંઈક સત્ય હેતુની સ્થાપના કરીને કવિતા એ જીવનનો ઉત્તમ આવિર્ભાવ છે એની ઉપા

સના એનો પરિચય પણ ઉપરની રીતે જ કરવાનો છે એનો અર્થ એમ નથી કરવાનો કે ચોવીસે કલાક બારેખમ મોઢું કરીને ફર્યા કરવાનું અને કોઈ પૂછે કે તને શું થયું છે? તો અધરોને વાંકડી કરી, હોઠને શુષ્ક રીતે સંકોડીને કહેવાનું 'હું જીવનની સાધના કરું છું.'

ના આ ગંભીરાઈ હેતુની દૃઢ સ્થાપનાને ઉમંગ મુક્ત હાસ્ય, પ્રફુલ્લ વિનોદ કે તંદુરસ્ત ટોળટપ્પાંની સાથે વેર નથી. બલ્કે પરમ મૈત્રી છે એ ગાંભીર્ય અને સહેતુકતા એ જીવન કાર્યનાં મૂળિયાં છે જીવનમાં એ ચોંટ્યા પછી પ્રફુલ્લતા ઉલ્લાસ હાસ્ય વિનોદ જીવન રસથી લસલસતાં હોય છે એ વિનાના હાસ્યવિનોદ બનાવટી કાગળનાં પાંદડાં જેવાં જ ક્ષણિક ચળકાટવાળાં હોય છે

અને એટલે માણસે કવિતાનું આહ્વાન આવે તેને પૂરા ગાંભીર્યથી ઝીલી લેવું જોઈએ જીવનની કવિતા તો દરેક માણસના હૃદયબારણે ટકોરા લગાવતી ફરે છે. આપણે એ જોવાનું કે આપણે એને નકારીએ નહિ આપણે એ ન ભૂલીએ કે આપણને દરેકને જીવનની પેઠે જીવનની કવિતા પણ જન્મની સાથે વારસામાં મળેલી છે જો એ કવિતાને આપણે પ્રગટ કરી શકીએ તો વધુ સારું. એ માટે કવિતાના કલારૂપની ઉપાસના જરૂરની છે એમાં વ્યાયામની જરૂર છે એમાં વિવેકદૃષ્ટિની જરૂર છે એવું સાધવા જેટલી જેની હિંમત થતી હોય તે કવિતાના વાહક બનવાનું ભાગ્ય મેળવી શકે છે પણ એવું ન કરી શકનાર પણ પ્રગટતી કવિતાને ઝીલી શકે છે એ ઝીલવાને પણ ઉપર કહી તેવી કલારૂપની ઓળખ તો જરૂરી છે જ પણ એ જેટલી દુઃસાધ્ય ગણાય છે તેટલી નથી. અને મહેનત કર્યા વિના તો કશું ક્યારે મળે છે મહેનતથી કંટાળનાર માટે જીવન નથી તો પછી કવિતા તો ક્યાંથી જ હોય? પણ જે માણસ જીવનમાં સ્વલ્પ પુરુષાર્થને પણ સ્થાન આપે છે તે આ જીવનના પરમ અમૃતરૂપ કવિતાનો રસ પણ ચાખે છે અને આ કવિતા તો એવી ઉદાર છે કે તમારી ઓછામાં ઓછી મહેનતનો પણ સોગણો બદલો વાળી આપે છે

બાળક માત્ર કાન ઉઘાડા રાખે છે અને માનું હાલરડું તેને મળી જાય છે ગામ રમનાર ચાંદનીરાતે ભેગા થાય છે અને જીવને ગરબે તે ચઢી જાય છે ના આમાં મહેનત છે તે મહેનત જ નથી એ મહેનત પણ એક રસરૂપ જ બની જાય છે એટલે દરેકને હૃદય બારણે ટકોરા દેતી કવિતાને દરેક જણ પોતાનાં બારણાં હોય તેટલાં ખુલ્લાં કરી દે તો તે બારણામાં થઈને તેની કવિતા તેના જીવનમાં આવશે જ જો કોઈનો આરોપ મૂકવો હોય તો તે માણસ ઉપર મૂકાય કવિતા ઉપર નહિ અશ્રદ્ધા, કારણ માણસ હૃદયનું દ્વાર ઉઘાડતો જ નથી અને ઉઘાડે છે તો પણ અતિ અલ્પ જ પણ એટલામાંથી યે જીવનદાતા પ્રાણની પેઠે કવિતા તો ધસમસતી પેસી જીવનમાં બધા મથે છે એ ધસમસતી કવિતાને કોઈ રોકશે નહિ

એનાથી જીવન પ્રફુલ્લ થવાનું છે બૃહત્ થવાનું છે સફળ થવાનું છે એના ઇનકારમાં જીવનનો ઇનકાર છે એના સ્વીકારમાં જીવનનું સાફલ્ય છે આપણે દેખતા છતાં જોતા નથી પણ એ વાત તો સાચી છે કે જગતની આદિથી ઊંચીનીચી સીમ સાંભળતા કરનાર સ્વામી ક્યારી માંડી આજ લગી દરેક માણસના હૃદયે કવિતાનું આહ્વાન અખંડ રીતે ચાલુ રહ્યું છે એ આહ્વાનને સમજીએ અને તેનો યથાશક્તિ જવાબ આપીએ

૧૨-૧૨-૩૭ ગુજરાત કૉલેજ–અમદાવાદમાં વાંચેલું

BOMBAY

ચિત્રપટની જીવન ઉપર અસર

શ્રી. ફિરોજશાહ રુસ્તમજી મહેતા

જીવ અસરને મેળવીને અનુભવને પામે અને અનુભવને પામીને ઉન્નતિને સાધે એજ ક્રમાનુસાર આ આખું વિશ્વ અને તેમાંનું દરેક કાંઇ પોતાનો વિકાસ કરી રહ્યું છે. એ રીતે જોતાં અસર એ બીજ છે. અનુભવ એ વૃક્ષ છે અને ઉન્નતિ એ ફળ છે.

સ્વેચ્છાએ કે અનિચ્છાએ તથા જાણે અજાણે અસરની આપલેનો વહેવાર-વેપાર સૃષ્ટિની સર્વ ઉત્પત્તિઓ વચ્ચે નિરંતર ચાલતો જ રહે છે. કોઇપણ કોઇને પરસ્પર અસર આપવાથી અને અસર લેવાથી અલગ કિંવા મુકત નથી. એમ પ્રત્યેક કાંઇ દરેકના જીવન ઉપર અસર કરે છે.

પૃથ્વીની જે બધી પેદાશો પોતાના જીવન ઉપર અસર લાવવાનું કાર્ય અહોનિશ કરી રહી છે તે સર્વેમાં મનુષ્યજીવો સૌથી વિશેષ અસર ભોગવે છે અને સામાને આપી શકે છે એ વાત નિર્વિવાદ છે.

એ રીતે જોતાં મનુષ્યજીવને અને મનુષ્યજીવનને આ જગતમાં જે જે કાંઇ અસર કરી રહ્યું છે તે સર્વમાં આજકાલ ચિત્રપટ યાને સિનેમા સૌથી સબળ અને અગ્રેસર છે. તેનો ખાસ સબબ જ આ કે એ કાંઇ પડદા ઉપરનું મનોરંજક ચિત્ર માત્ર જ નથી; પરંતુ પડદા પાછળ એમાં માનવતા છે માનવ જીવન છે. માનવ સૃષ્ટિ છે. માનવીને માનવનું વધારે જ સ્પર્શે; વધારે જ અસર કરે અને તેમાં યે આ માનવતાની અસર અનેકવિધ સરસ સરસ પ્રકારે માનવ પ્રેક્ષકોના તન મન હૃદય અને આત્મા ઉપર, ચિત્રપટ સૌથી સબળ રીતે ઉપજાવતું હોવાથી જીવન ઉપર એની અસર અને એ અસરનું આકર્ષણ જબરદસ્ત છે.

કલાક બે કલાકના ટૂંક અરસામાં જ, અનેકવિધ રસિકતાથી અને સુંદરતાથી, માનવીને માનવનું મળી રહે તેવું પ્રખર ઉર્મિ ઉત્પાદક અતિ અસરકારક સાધન તે સિનેમા છે. આટલા જ માટે આજનું આપણું ચિત્રપટ-જગત કાંઇ કાંઇ દોષોથી અલિપ્ત નથી છતાં યે તે જીવનની એક આવશ્યક વસ્તુ સમાન લોકોને અત્યંત વહાલું અને આકર્ષક થઇ પડયું છે.

આટલા પ્રસ્તાવ ઉપરથી જનતા ઉપરની સિનેમાની અસરનું કેવળ પાયા રૂપ અંતર્ગત કારણ જ આપણે જાણ્યું. પણ ચિત્રપટની જીવન ઉપર અસર શાને લીધે આટલી અને આવી પ્રચંડ કિંવા પ્રબળ છે યાને એ અસર જીવનને કઇ કઈ રીતે આવીને મળે છે તે જાણવાની આપણને અતિ ખાસ જરૂર છે કારણ એ જો આપણે જાણીએ તો જ પછી આપણે નક્કી કરી શકીએ કે સિનેમા વડે જીવન ઉપર થતી અસરને આપણે કેમ આપણા જીવનને હિતકર થઇ પડે તેમ સુસાધ્ય બનાવી શકીએ.

જીવન ઉપર અસર લાવવા માટે કળા આત્મસ્પર્શી હોવી જ જોઇએ

જીવ પોતાના જીવન ઉપર મન અને હૃદયદ્વારા અસર લાવે છે મનને સમજદારી તથા જ્ઞાન આપીને અને હૃદયને રસિકતાના તથા સૌંદર્યના તેમજ સુભાવનાઓના સ્પર્શ આપીને પરંતુ અંતે તો એ અસર એટલી વેધક અને બળવાન હોવી જોઇએ (અને હોય નહીં તો તેને બનાવવી જોઇએ) કે તે ઠેઠ મનુષ્યના આત્માને જઇને અથડે પ્રત્યેક કળાનો અને કળાદર્શનનો ધર્મ જ એ છે એટલા માટે જે કળા પ્રકટ કે પછી અપ્રકટ રીતે પણ, જલ્દીથી નહીં તો મોડેથી પણ, મનુષ્યના આત્મા સુધી જઇ પહોંચે એવી હોય નહીં તેને સત્ય જોતાં કળાનું નામ પણ છાજતું નથી 'આત્મા સુધી જઇ પહોંચે' એનો અર્થ અમલમાં એ જ થાય છે કે તે કળા આત્માને હેઠો ન પાડે પણ આત્માને ચઢાવે. ખુલ્લું નહીં તો ગુપ્ત હમણા નહીં તો હવે પછી પણ કળા આટલું કરી શકે તો બસ છે

વિશ્વભાષા અને વિશ્વશાળા સમું ચિત્રપટ

ચિત્રપટ આ બધું કરી શકવા જેટલું શક્તિમાન છે કારણ એ ખુદ એવી લાયકાતોથી ભરેલું છે કે જેની અસર મનુષ્યના જીવન ઉપર સરસ અને સુંદર, ઉપયોગી અને ઉન્નતિકર થવી જ જોઇએ

સિનેમાની આ લાયકાતો યાને યોગ્યતાઓ શી છે? પ્રથમ તો આ કે સિનેમા જેમ કળાનું એક અંગ છે તેમ તે સાહિત્યની એક શાખા છે કળાએ એ પોતાની અંદર સઘળી કળાઓને સમાવતી એક મહાનમાં મહાન લલિતકળા છે-સાહિત્ય એ લેખે જોવાની અને સમજવાની વાર્તા કિંવા નાટ્ય છે સિનેમા આજે મૂંગા અને બોલતા ચિત્રરૂપે દુનિયાની દરેકે દરેક કોમની કે અભણ પ્રજાની વિશ્વભાષા (Universal Language) છે. એ ઉપરાંત સિનેમા એક ઉપયોગી કળા (Useful Art) છે, કારણ તે જેમ જનતાને તેના જીવન માટે ઉપયોગી થઇ પડે એવું શિક્ષણ આપનારી એક સર્વદેશીય શાળા જ નહીં પરંતુ એ પૃથ્વી ઉપરનો પાંચમો મહાન ઉદ્યોગ પણ છે તો પછી ચિત્રપટની અસર જીવન પર ન હોય, અથવા તો તેની ખાસ જ અસર હોય, અથવા સિનેમા તો કેવળ એક શોખ, મોજ અને આનંદનું જ સાધન છે એમ કોણ કહેશે?

આનંદદાયક ચિત્રપટ ફિલસૂફ સમું ચિત્ર છે

કદાચ, કેવળ વિવાદ ખાતર આપણે આમ પણ માની લઇએ કે ચિત્રપટ માત્ર મોજશોખનું સાધન છે તોયે તે જનતાને માટે જરૂર વિનાનું તો નથી જ. કોઇ વિચારવંત પાશ્ચાત્ય લેખકે આ આક્ષેપનો ઉત્તર વાજબી જ લખ્યું છે કે:-

"Cinema taken merely as an enjoyment, serves its purpose best Taking off a human being's mind from his engrossing problems is a philosophy in itself—perhaps the greatest philosoPhy"

પણ ના, જીવનના એક આનંદ લેખે જ, સમય પસાર કરવાના એક સાધન લેખે જ, ઘડીભર જિંદગીની જંજાળોને વિસારવા અર્થે જ ચિત્રપટ સર્જાયેલું નથી સિનેમા નામે નવી શોધને જગત ઉપર લઇ આવવામાં જગકર્તાનો ઉદ્દેશ અતિ ઉચ્ચ છે અને તે પ્રમાણે ચિત્રપટનું કાર્યક્ષેત્ર બહુ જ વિશાળ છે અને હજી યે તે વધારે વિસ્તૃત થતું જ જશે અને મહાન માત્ર છે ચિત્રપટને સમાર્ગે પ્રકટાવવાનો અને તેની શુભ અસર ઉપજે એમ તેને પ્રેરવાનો આપણે તે આગળ જતે

જોઇશું.

એક રમકડાનો ચમત્કાર

સર્વે કોઇ જાણે છે કે, કુદરત જેટલી બળવાન છે તેટલી ડાહી અને પ્રગતિવાન (Progressive) છે. ઇસ્વી સને ૧૮૨૪માં વિલાયતની રોયલ સોસાએટી સમક્ષ Peter Mark Roget નામના અંગ્રેજ વિજ્ઞાનીએ "The persistance of vision with regard to Moving objects" નો પંડે લખેલો નિબંધપત્ર વાંચી સંભળાવ્યો–જ્યારે સને ૧૮૩૩ની સાલમાં "Loetrop" નામે બાળકોને રમવા માટેનું ચક્રચિત્રરૂપી રમકડું અસ્તિત્વમાં આવ્યું–૧૮૭૮માં જ્યારે કાચની પટીઓ ઉપર ચિત્રોચક્રમાં ફરે એવો "Photographic Gun" નામે કેમેરા બનાવવામાં આવ્યો–૧૮૮૮ જ્યારે ચકચકાંની ફિલમ પટીવાળા કેમેરા શોધાયા–અને છેવટ જ્યારે મહાન વિજ્ઞાનશાસ્ત્રી અને શોધક થોમસ આલ્વા એડીસનની શોધ પ્રમાણે તા ૧૪મી એપ્રિલ ૧૮૯૪ની સૌભાગ્યવંતી સાંજે સૌથી પહેલીવાર ન્યુયોર્કના બ્રોડવેના રાજમાર્ગ ઉપરના ૧૧૫૫ નંબરવાળા ઘરમાં "Kinetoscope" નામે સિનેમાયંત્ર વડે હાલતાં ચાલતાં ચિત્રોનો પહેલો પ્રયોગ, રૂપેરી ચાદર પર દર્શાવવામાં આવ્યો ત્યારે કોણે જાણ્યું હતું કે તદ્દન નવી રમત જેવી જગતની એ નાનકડી શોધને ફાળે દુનિયાની એક અતિ મનોરંજક તથા બેહદ ઉપયોગી સેવા બજાવવાનું મહાન કાર્ય સોંપાયું છે અને એટલા જ ખાતર ડાહી તથા દૂરન્દેશ કુદરતે એને જન્મ આપ્યો છે?

ચિત્રપટની કેળવણી લેખે જીવન ઉપર અસર

પ્રગતિવાન કુદરતે પોતાના ધર્મકાર્ય પ્રમાણે આ ઓગણીસમી સદીના અંતભાગમાં અને વીસમી સદીના આરંભમાં જગતમાં એક દેખીતી મહાન કારવાઇ કરવા માંડી· આ આખી વિશાળ પૃથ્વીને "એક જ મહાન ઘર જેવી નાનકડી" બનાવવા માંડી. દુનિયાના દૂર દૂરના પ્રદેશોને એકેકની બહુજ પાસે પાસે લાવીને મનુષ્ય મનુષ્યો વચ્ચે સ્થળ અને સમયના અંતરાયને આછો ઓછો કરવા માંડ્યો. મનુષ્ય જીવોની પ્રગતિ માટે–પ્રજા પ્રજા પરસ્પરને જાણી પિછાણી એકબીજાનું શીખી કરી તેનો લાભ ઉઠાવે અને જગત એક મોટું કુટુંબ બને એવો અખતરો શરૂ કર્યો. એ શરૂવાત પછી એના ફાયદા દુનિયાને મળ્યા છે તેની કોઇ ના પાડી શકે એમ નથી. પ્રભુનો આ મોટા પ્રયાસમાં આંતરદેશીયપણું ખીલી વધી આંતરદેશીય પ્રચારકાર્ય થવા પામે એ પ્રયત્નમાં ચિત્રપટ એ એક ઘણું અસરકારક એટલે જ ઘણું સરસ સાધન હોઇ સૌથી આગેવાન સ્થાનને પામ્યું છે. તે આ રીતે:

૧. ચિત્રપટ વીસમી સદીની વાર્તાપોથી, વર્તમાનપાત્ર અને પાઠ્યપુસ્તક છે.

૨. News Films અને Educational Films દર્શાવીને ચિત્રપટે જગતના મહાનપુરુષોના મુખેથી 'A Form of Journalistic esperanto and Informational Esperanto તથા "The resources of Universality" ની યોગ્ય ઉપમાઓ મેળવી છે.

૩. સિનેમા જોત જોતામાં "જગતની આંખો અને જગતના કર્ણો" બની ગયો છે. પૃથ્વીના રહેવાસીઓ પંડે વિશ્વદૃષ્ટા તથા વિશ્વશ્રોતા બન્યાં છે અને તેઓ 'ટેલી-વિઝન'ની આમદ સાથે એ વિષયમાં નક્કી આગળ ને આગળ પ્રગતિ કરશે જ.

૪. પ્રજાસંઘ સ્થપાયો તેની પણ પહેલાંથી સિનેમાએ "War is Hell"નો સચોટ તથા હૃદયદ્રાવક ખ્યાલ એવી સેંકડો ફિલ્મો બનાવીને આપવા માંડ્યો છે. "Futility of War" એણે પોતાની તરફથી સૌથી સરસ રીતે સિદ્ધ કરી દીધી છે.

૫. આકાશમાં, પાતાલમાં અને પૃથ્વીમાં દરેક કાંઇ જોવા લાયક, જાણવા લાયક એવું–પૂર્વે કદી ન જોએલું એવું કીમતી તથા સુંદર અને બોધદાયક તેમજ જ્ઞાનની અભિવૃદ્ધિ કરે એવું પૃથ્વીની પ્રત્યેક પ્રજાને એણે બતાવ્યું છે અને બતાવતું જાય છે.

પટોનો જબરો ચસ્કો લાગ્યો હશે; સિનેમા જોતા ચાકર વર્ગના કોઇ કોઇ અભણ માણસો ચિત્રપટ જોવાને બની આવે એટલા સારૂં ચાર છ આનાની ચોરી ચપાટી કદી કદી કરતા હશે, વળી તે માંહેલા કોઇ આગળ વધી સિનેમાના દશ્યોનું અનુકરણ કરી કાંઇક લૂંટફાટ કોઇ કોઇવાર યુક્તિ પુરઃસર કરતા હશે; પણ તેવાં કોઇ કદાચ બનતાં અભણવર્ગથી થતાં અનેકોને લીધે અને તેવા કોઇ જાતે જ અપ્રમાણિક વૃત્તિના માણસોને લઇને ચિત્રપટોની અવગણના કરીને તો ન જ રહેવાય–સિનેમાની ઘણીએક સારી બાજુઓનો તો અસ્વીકાર ન જ થાય.

ચિત્રપટ અને સમાજ સુધારો

જનતા ઉપર ચિત્રપટની અસરનો જ્યારે આપણે હિસાબ લેવા બેઠા છીએ ત્યારે આપણાથી નોંધ્યા વિના ન જ રહેવાય કે જાતીય અનીતિની બદી સામે અને ગલીચ ગદા ગરમીના રોગોની સામે અજ્ઞાન જનતાને ચેતવણી અને શિક્ષણ આપવા સહુ સિનેમાચિત્રોએ પોતાનો સારો ફાળો આપ્યો છે. મુંબાઇ શહેરની "'The Social Purity League" ના એક રિપોર્ટમાં જાહેર થયું હતુ કે 'લોકોને અનીતિની બદીથી બાજ રહેવા માટે સિનેમા મારફતે ઘટતી કેળવણી આપી હતી, જેનો ૩૦૦૦ આસામીઓએ લાભ લીધો હતો'' વળી આપણી દેશી સમાજોની અને કોમોની કાંઇ કાંઇ દુષ્ટ પ્રથાઓ, કુરિવાજો તથા વહેમી માન્યતાઓ વગેરેની સામે થવા માટે આજનાં આપણાં કેટલાક દેશી ચિત્રપટો ખચિત જ સારૂ કાર્ય કરી બતાવે છે. એક પક્ષે તમે હરિજન અને અછૂતના પ્રશ્નો ઉપર સો ભાષણો સાંભળો અને બીજી બાજુએ "ધર્માત્મા" જેવી અછૂત ઉદ્ધારનો ચિતાર આપતી ફિલ્મ જુઓ તો ચિત્રપટ હરિજન પ્રચારનું કાર્ય કરવામાં કદાચ ચડી જશે. તેજ પ્રમાણે રૂઢપ્રયોગનો પ્રશ્ન "દુનિયા ન માને" સૌથી અસરકારક રીતે છણશે. વળી હમણા હમણા અનેક આપણા દેશી ચિત્રપટોમાં સ્વદેશ પ્રીતિ અને સદાચાર પ્રાપ્તિ માટે શુભ અસરો જામે એવી અનેક સુંદર, બોધક તથા હૃદયદ્રાવક ફિલ્મો પ્રેક્ષકો સમક્ષ મૂકાતી આવે છે તો - પછી ચિત્રપટની જીવન ઉપર અસરના સંબંધમાં આપણને નિરાશાવાદ મેળવવાની જરાયે જરૂર રહેતી નથી. વધુમાં આપણે એટલું જ માગીશું કે કેળવણીને લગતી, વિદ્યાહુન્નરને લગતી, આરોગ્યને લગતી, વિજ્ઞાનને લગતી, આદિ એવી એવી ફિલ્મો આપણે ત્યાં પશ્ચિમમાં જેમ થાય છે તેમ તૈયાર થવા પામો એમ થતાં ચિત્રપટની જીવન ઉપર અસર ખચિત જ ઘણી કીમતી એવી કાર્યસાધક તથા ફાયદાકારક થવા પામશે.

ચિત્રપટની ઉદ્યોગ લેખે જીવન ઉપર અસર

જો કેળવણી લેખે ચિત્રપટની જીવન પર અસર હોય–જો કળા લેખે ચિત્રપટની જીવન પર અસર હોય તો ઉદ્યોગ (Industry) લેખે તેની જીવન પર અસર શા માટે નહોય? ઉદ્યોગ વડે એક વ્યક્તિની આર્થિક સ્થિતિ સુધરવા પામે–દેશ અને દેશવતનીઓમાં આબાદી આવે–બેકારી અને બેરોજગારી ટળી જઇ તેના તરેહવાર અનિચ્છનીય તથા અનિષ્ટ પરિણામો દૂર થવા પામે એ જોતાં પણ ચિત્રપટ આર્થિક તથા નૈતિક શુભ અસર જીવનને લાવી આપે છે

જનતા નિરુદ્યમી રહે એમાંથી ગરિબાઇ સાથે ગુન્હાઓ પણ વધે. આર્થી વળી પ્રજાનો માનસિક અને નૈતિક વિકાસ પણ અટકી પડે તેટલા ખાતર દેશ દેશની સરકારો અને તેના નેતાઓ ભારે ચિન્તાતુર બની જાત જાતની વિચારવંત યોજનાઓ ઘડી રહ્યા છે. આ યોજનાઓમાં ચિત્રપટનો ઉદ્યોગ તેમની નજર બહાર રહ્યો નથી–રહી શકે પણ નહીં

આ ચાલુ માસમા જ સંયુક્ત પ્રાન્તની સરકારે એવી યોજના ઘડી છે કે નવયુવાન સ્ત્રી પુરુષોને નૃત્ય, સંગીત અને અભિનય વગેરે શીખડાવવામાં આવે અને તેઓ પછી નૃત્ય અને સંગીતની તથા ચિત્રપટની રંગભૂમિની આરાધના કરી આબરૂ દરજ્જાથી પોતાનું ગુજરાન ચલાવે.

તે સાથે ચિત્રપટનો ઉદ્યોગ જ પોતાની જાતમાં

મેવો છે કે એમાં અન્ય ઉદ્યોગો કરતાં પણ અધિક વૈશેષતાથી મનોવિકાસ થઈ શકે એવાં ઘણાં ઘણાં ાધનો એક જ જગ્યે એકત્ર થએલાં છે. એમાં યાંત્રિક, ક્ષુગત (Optic) રસાયણિક અને વિજળીક એવાં ાર મોટાં હુન્નર તત્વો સામટાં ભળેલાં છે. પશ્ચિમ કે ર્વમાં જ્યાં જ્યાં પણ ચિત્રપટ બને છે ત્યાં ત્યાં એ દ્યોગને અંગે મોટી મોટી રસાયનશાળાઓ, પ્રકાશ વિજ્ઞાન ાળાઓ, પદાર્થ વિજ્ઞાન શાળાઓ, વીજળિક કારખા-ાઓ, ફોટોગ્રાફિક ઇત્યાદિ ઇત્યાદિ ખાતાઓ રાતદિવસ મધોકાર કામ કરી રહ્યા છે. કેટકેટલી જાતના કારીગરો, ંધાદારીઓ અને કામદારો ચિત્રપટ બનાવવા માટે ેક જ સ્થળે એકઠા થવા પામે છે અને તેને અંગે પાર રોજગાર કેટલો બધો વધવા ખીલવા પામી હજારો ને લાખો મનુષ્ય જીવોને પોષણ મળી પ્રજાઓની આર્થિક માબાદીનો નવો માર્ગ ખુલે છે અને ખુલતો જાય છે.

સ્થળ સંકોચને લઇને આ ચિત્રપટના ઉદ્યોગને ાગતા તેનાથી થતી આર્થિક જીવન ઉપરની અસરના ાણાવાર જંગી આંકડાઓ આપણે રજુ નહીં કરીશું. ાણ ખ્યાલ મળે એટલા ખાતર એક જ વાત નોંધેલી મત્રે પૂરતી થઈ પડશે કે માત્ર એકલા અમેરિકા દેશમાં ૮ ૧૫૦૦૦૦૦૦ (એક કરોડ પચાસ લાખ) માણસો સેનેમા જુએ છે. તેની વાર્ષિક ઉપજનો આંકડો ૦૦૦૦૦૦૦૦ (એંસી કરોડ થવા જાય છે, અને ત્યાંની સરકારને માત્ર કરવેરા લેખે જ હરસાલ ૩૩૫૦૦૦૦ તેત્રીસ લાખ પચાસ હજાર) ડોલર મળે છે. એ રીતે ેતાં નક્કી માનવું કે જ્યારે આપણો દેશ સ્વતંત્ર થશે યારે ચિત્રપટની હિન્દી સરકારને મળતી આમદાનીમાંથી જાની કેળવણી, પ્રજાનું આરોગ્ય અને પ્રજાના અનેક-ેત્ર સુખ સગવડના માર્ગો આપણે ત્યાં જરૂર ખુલ્લા ઃરા પામશે.

ચિત્રપટની લલિતકળા લેખે જીવન ઉપર અસર

લલિતકળા (Fine art) લેખે ચિત્રપટની અસર જીવન ઉપર સૌથી વિશેષ હોય જ એ આપણે સર્વે કોઇ સમજી શકીએ છીએ, કારણ લલિતકળા જીવને જ જીવનમાં ઉમંગ, આનંદ, ઉલ્લાસ, અલ્હાદ અને રસ આપનારી વસ્તુ છે. જગતમાંથી બધી લલિતકળાઓને કેવળ બે દિવસને જ માટે ઉઠાવી લ્યો અને જુઓ કે જગતનું શું થાય છે ! રે ! મનુષ્યો આઠે પહોર ઉદ્યોગમાં મચ્યાં રહે તો યે લલિતકળા વિના જિંદગી અકારી બની જાય-જીવન અસહ્ય અને અસંભાવ્ય (Inconceivable) થઇ પડે.

જ્યારે એરોપ્લેન, ઓટોમોબાઇલ, રેડિયો અને સિનેમા વડે દુનિયાના દેશ દેશો એક બીજાની પાસે પાસે આવતા જાય ત્યારે સ્વાભાવિક જ તેને લીધે મળતા આવતા શોખ, લાયકાત અને વિચાર તથા વિષયના માણસ માણસો એક દેશથી બીજે દેશ જઇ પોતપોતાના સંગઠન જમાવે, સંમેલન બનાવે અને તેમાંથી પછી કેન્દ્ર સ્થળો (Centers) દુનિયાના મોટા મોટાં શહેરોમાં ઊભા થવા પામે; એથી જીવની કેટલી બધી ઉન્નતિ થવા પામી તેના જીવન પર અસર થવા પામે એ સ્હેજે સમજી શકાય એમ છે. આજ કારણ સર સિનેમાના સુપ્રતાપે આજે હોલીવુડમાં, બર્લિનમાં, લેનિનગ્રેડમાં, પેરિસમા, લન્ડનમાં, રોમમાં, કલકત્તામાં, મુંબઇમાં, કોલ્હાપુરમાં, પૂનામાં, મદ્રાસમા વગેરે વગેરે મોટાં મોટા શહેરોમા દેશ દેશના સંખ્યાબંધ કળાકારોના સંગઠનો થવા પામી ત્યાં કળાના મોટા કેન્દ્રો (World Art Centers) ઊભાં થવા પામ્યાં છે. ખ્યાલ કરો કે જે એક કળાની અંદર સંબંધ ધરાવતી બીજી સો કળાઓ સમાઇ જાય ત્યાં આવું મહાન પરિણામ ઉપજ્યા વિના રહી જ કેમ શકે ? એ કારણને લઇને તો ત્યાં તેનાં અનેકાનેક કળાવિભાગો (Art Departments) ઉપ-સ્થિત થઇ શકયા છે, જેવા કે : ચિત્રપટનો સાહિત્ય વિભાગ જેમાં ‘ સિનારિયો ’ લેખકો ‘ સિનારિયો ’ અધિ-પતિઓ, ફિલ્મ એડીટરો, ટાઇટલ રાઇટર્સ આદિ સમાઇ જાય છે.

આ ઉપરાંત જગતના મોટા મોટા વાર્તાકારો, સ્વરકારો, સંગીતકારો, શણગારકો, ગાયકો, વાજકો, નૃત્યકારો હોલીવુડ વગેરે કળાકેન્દ્રોમાં જઇ ત્યાં અમુક વખત રહીને સિનેમાની સાહિત્ય વિષયક તથા કળા વિષયક સેવા બજાવે છે તે જુદું. ચિત્રપટ પોતાનું

લલિત ખાતું, સ્થાપત્ય ખાતું, સંશોધનખાતું, શણગાર ખાતું, સંગીતખાતું, અને છેવટ અભિનય મહો ધરાવે છે, અહીં લેખનકળા, છાયાકળા, પત્રકારિત્વકળા, નાટ્યકળા, ચિત્રકળા, સંગીતકળા, શણગારકળા, વસ્ત્રપરિધાનકળા, મુખ સજાવટકળા, સ્વરકળા, રંગકળા, કોઠારકળા વગેરે વગેરે લલિતકળાઓનો ભંડાર મોટો સુમેળ જામે છે તો એ બધામાં કારીગર લેખે કાંઇ ને કાંઇ નાનો મોટો ભાગ લેનાર લાખો મનુષ્યોનાં જીવ અને જીવન પર ચિત્રપટની જબરી અસર ઉપજવા પામે એમાં કાંઇ નવાઇ છે? કલાભિજ્ઞોની કળાનો વિકાસ એજ તેમના જીવ અને જીવનનો વિકાસ

ચિત્રપટના કલાકારોની ફરજ

પરંતુ ચિત્રપટના આ સર્વે પ્રકારના કળાકારોએ ખાસ કરીને તેના લેખકવર્ગે, તેના દિગ્દર્શકોએ અને તેના અભિનેતાવર્ગે પોતાને વિષે અને પોતાની કળાને પેખનારા લાખો પ્રેક્ષકોને વિષે આ એક પોતાની મહાન જોખમદારીને બરાબર સમજવી જોઇએ છે કે ચિત્રપટ વડે તેઓ પોતાના અને બીજા લાખો મનુષ્યોના જીવન ઉપર જે અસર લાવે છે તે અસરનો પ્રવાહ હર હમેશ એમણે ચોખ્ખો અને શુદ્ધ રાખવો જોઇએ છે જેમ પશ્ચિમમાં તેમ આપણા દેશના ચિત્રપટના નટનટીઓએ પોતાને ફિલ્મકંપનીના પગારદાર કામદારો નહીં પણ જનતાના સેવકો સમજવા જોઇએ છે તેમણે અને એટલું પોતાનું જીવન શુદ્ધ, સંસ્કારી અને ઉચ્ચ ઉદ્દેશથી ભરેલું રાખીને, પોતે પોતાના દેશની અને પોતાની પ્રજાની બહેતરી ખાતર સર્જાએલા છે એમ સમજીને, પોતાને સમાજના માર્ગદર્શક અને સુધારક માનીને, ચિત્રપટની જીવન ઉપરની શુભ અસરના સમજદાર સંરક્ષક એવા પહેરેગીર બનાવવા જોઇએ છે આગલા શબ્દો આજે અને આ લેખ લખતાં ભાર મૂકીને લખ્યા વિના ચાલે એમ નથી. જ્યાં લગી આપણા દેશના ચિત્રપટ બનાવનારાઓ પોતાના ચિત્રોમાં આપણી આર્યસંસ્કૃતિને સ્થાન આપતા રહેશે પ્રેક્ષકોના સુરુચિને તથા મનોવૃત્તિને વિકૃત બનાવવાથી અલગ રહેશે, રસિક સાથે બોધક અને આત્મા પર સારી જ અસર લાવે એવી વસ્તુઓ પીરસશે, સૌંદર્યના નામે વિકારજનક દૃશ્યો બતાવવાથી પોતાને વિમુખ રાખશે ત્યાં લગી તેઓ ચિત્રપટ વડે જીવન ઉપર અસર લઇ આવવાના સંબંધમાં જ્યાના કસાઇઓ અને પ્રભુ તથા પ્રજાના અપરાધીઓ બનવાની બદનામીમાંથી પોતાને બચાવી શકશે–ત્યાં લગી તેઓ પોતાના કળાધર્મને અને પોતાના દેશને તથા પોતાના હમવતનીઓને વફાદાર તથા સાચા સ્નેહી લખાવી શકશે

ચિત્રપટ વિષે માતપિતાની ફરજ

પરંતુ ચિત્રપટની જીવન ઉપરની અસરનો પ્રવાહ શુદ્ધ રહે તેટલા માટે જેમ ચિત્રપટના કળાકારોએ તેમ ચિત્રપટના પ્રેક્ષકોએ પણ તેમાં પોતાની તરફનો સાથ આપવો જોઇએ છે. કારણ જેમ ચિત્રપટને બનાવવાની કળા છે તેમ તેને જોવાની પણ કળા છે. આપણા માબાપોએ અને આપણી યુવક પ્રજાએ એ કળા શીખવી જોઇશે.

આપણા ઘણા ઘણા દેશી માબાપો "વય પ્રમાણે મોજ"નો નિયમ બાજુએ રાખી પોતાના બાળકોને અને ઉગતા છોકરા છોકરીઓને, આ ચિત્રપટ તેમને લાયકનું છે કે નહીં તે જોયા વિચાર્યા વિના સિનેમા જોવા વારંવાર મોકલી આપે છે એ ખરે જ શોચનીય છે નાના છોકરાંઓને શૃંગારી વસ્તુવાળી અને શૃંગાર સૂચક વસ્ત્ર પરિધાનવાળી અને શૃંગારી દૃશ્યોવાળી ફિલ્મો જોવા વિરૂદ્ધ માબાપોએ મક્કમ ના પાડવી જોઇએ છે ખરો માર્ગ તો એ જ છે કે તેમણે પ્રથમ જાતે ચિત્ર જોઇ આવીને પછી જ તે લાયક હોય તો જ પોતાના પુત્રપુત્રીઓને તે જોવા મોકલવા–મોકલવા એટલું નહીં પણ પછી તેમની સાથે જવું–તેમની જોડે બેસીને તેમને ચિત્ર જોતા શીખવવું ચિત્રમાં કઇ જગ્યે શું અગત્યનું સમજવાનું છે એમાં જે સુંદર અને આકર્ષક દેખાય છે તેમાં ખરેખર જોવા સમજવાનું શું છે કહેવું અને શા માટે–ફિલ્મનો વિષય શો છે–એનું વસ્તુ શું

છે—એનો ઉદ્દેશ શો છે—એમાંથી બોધ શું લઇ શકાય એ સર્વેની સમજ, ચિત્ર જોયા બાદ ઘરે આવીને માબાપોએ પોતાના ઉછરતાં ઉગતા દીકરા દીકરીઓને કહેવી સમજાવવી જોઇએ છે.

જુવાન પ્રજાને સૌંદર્ય જોતાં શીખવો

ગમે એમ, પણ, ચિત્રકારે ચીતરેલા ચિત્રો કે સિનેમા કુંપનીએ બનાવેલા ચિત્રો એ લલિતકળાને લગતી વસ્તુઓ છે, એટલે એમાં વાસ્તવિકતા કારણે અને કળાધર્મ પ્રમાણે પણ અમુક પ્રકારના સૌંદર્યદર્શનો તો આવશે અને આવતા રહેશે જ. આજે નહીં અને વય વધતે ભવિષ્યમાં પણ આપણી જુવાન પ્રજા તે જોવાની અને જોવાની જ. માટે આપણા દેશમાં આવેલા સંતાનોને આપણે યોગ્ય અંકુશ ભેગી તેમને સૌંદર્ય જોવા-જીરવવાની; ખાસ કરીને માનવદેહસૌંદર્ય જોવા માટેની "લાયક આંખો" પણ આપવી જોઈએ છે અને એ "લાયક આંખો" આપવાનું જ કે લાયક આંખો બનાવવાનું કામ આપણાં માબાપોનું અને આપણા શિક્ષકોનું છે ખાતરીથી માનવું કે આવી બાબતમાં મંત્ર બંધી, અટકાવ કે કેવળ અંકુશ લાભ નહિ એમ નથી કાગળ કેનવાસ કે 'સ્ક્રીન' ઉપરના માનવદેહ સૌંદર્યમય દ્રશ્યો જોતા છતા, તેને યોગ્ય રીતે જોવા વિચારવાને લગતી પણ એક ખાસ વિદ્યા છે તે પ્રમાણે માનવદેહ સૌંદર્ય માત્ર એકજ ઉપલક નજરથી નહીં પરંતુ બારથી પંદર દ્રષ્ટિબિંદુઓ વાળી સમજણથી જોવાઇ શકાય છે; અને એમ જોવાથી મન પર માઠી અસર ન થતા સુખ, ફાયદો અને સાર પ્રાપ્ત કરી શકાય છે. માબાપો તથા શિક્ષકોએ તે જાણીને તે પ્રમાણે પોતાના બેટા બેટીઓને અને વિદ્યાર્થીઓને દોરવવા જોઇએ છે, કે જેથી ચિત્રપટ જોતા તેઓ પોતાના મનને નિર્મળ તથા હૃદયને નિર્દોષ રાખી શકે.

ગાંધીજીએ દોરેલું કાવ્ય

અમદાવાદ ખાતે છેલ્લા મળેલા "ગુજરાતી સાહિત્ય પરિષદ"ના ૧૨ મા સમેલન વેળાએ પ્રમુખપદેથી ભાષણ કરતા માનનીય ગાંધીજીએ બેલુરમઠમાં આવેલાં એક નગ્નાકૃતિ ચિત્રનાં વખાણ કર્યાં હતા અને ખુલ્લું જણાવ્યું હતું કે "એની પાછળ મોટું કાવ્ય હતું"

આવી દ્રષ્ટિએ માનવદેહ સૌંદર્ય જોવા જોવડાવવાની કળા-બુધ્ધિ આપણી ચિત્રપટ જોતી ઉગતી યુવક આલમને તો સાંપડવી જ જોઇએ. એ કાર્ય યુવકો અને યુવતીઓના માતપિતાનું અને શિક્ષક-શિક્ષિકાઓનું એ માટે જો ચિત્રપટના જુવાન જીવન પર શુભ અસર લાવવી હોય તો તેમનાં વડીલ વાલીઓએ અને આચાર્યોએ આજના યુગને જોઇ વિચારીને એ વિષયમાં યુવકો તથા યુવતિઓને જતનપૂર્વક દોરવવા જોઈએ છે.

યુવાન વિદ્યાર્થીઓને બે શબ્દો

ચિત્રપટની અસર જીવન ઉપર હોય તો પછી જુવાની કે જે જીવનનો એક ઉછળતો ઉકળતો ધગધગતો ધસમસતો તબક્કો છે તેના પર તો તેની અસર જબરદસ્તજ હોય એમ કોઇ શક નથી.

આટલા જ માટે શાળા તથા કોલેજની ઉચ્ચ કેળવણી લેતા યુવકવર્ગે એટલું યાદ રાખવું કે સિનેમાના શોખને તેમણે જીવનના એક શોખ પુરતો જ વાપરવો તેને પોતાનો જીવન-શોખ ન બનાવી દેવો ચિત્રપટ દર્શનના શોખી થવું ? પરંતુ તેના એક અભ્યાસી-શોખી થવું તેમાં કોઇ જીવનની એવી મોટાઇ કે નામદારી સમાએલી નથી સિનેમા ગમે એવો બઢાવો હોય છતા જીવન કાજે એનાંથીયે ઊંચા શોખો, શિક્ષણો, અનુભવો, ફરજો અને કાર્યસિધ્ધિઓ નિર્માએલા છે જ વળી શક્તિ પ્રમાણે સિનેમા જોવાઇ શકાય તો તે મુન્તની વાત છે પણ જો એક યા બીજા સબબસર સિનેમા જોવાને ન મળે ત્યારે પણ તે વિષે મનને જરાયે ખેદ કે ઉદ્વેગ હોવા ન ઘટે. યાદ રાખવું સિનેમાજીવનને માટે છે છતાં જીવન સિનેમા માટે નથી. માટે ચિત્રપટ જોવાના શોખને જુવાન જીવોએ અંકુશ તથા મર્યાદામાં રાખવો.

વળી ચિત્રપટને કેવળ આનંદપ્રાપ્તિ અર્થે ન જોતાં તેને માહિતિ તથા કળાના અભ્યાસની ખાસ નજરથી—એક સમજુ અને ટીકાકાર પ્રેક્ષકની દૃષ્ટિથી જોતા તે

સાથે ચિત્રપટના સૌંદર્યદર્શક કે સૂચનકારી દેખાવોને સ્પૃહાપૂર્વક જ જોઈ વિચારી ન રહેવું તેમને કલા જ્ઞાનની ઉચ્ચ ભૂમિકાથી જ જોવા તપાસવા

તદુપરાંત ચિત્રપટ સમ્બન્ધી એક અંગી (one sided) શોખ કદી ન રાખવો રંગરાગથી જ ભરેલા અથવા તો રમુજ અને હાસ્યથી છલકાતા ચિત્રપટો જોઈ સંતોષ ન માનવો મનનો વિભ્રમ કરે હૃદયની ઊંડામાં ઊંડી ઊર્મિઓ તથા ભાવનાઓને જગાડે અને આત્માને સ્પર્શે એવી જ્ઞાની, કલાવંત, ઉપયોગી, અસરકારક બોધક અને નીતિવર્ધક ફિલ્મો જોવાનો ખાસ શોખ રાખવો તથા ખીલવવો અને વધારવો એથી જ ચિત્રપટની જીવન ઉપર અસર સાચી શોભિત સુંદર અને સફળ નીપજવા પામશે

આજે દુનિયામાં ચિત્રપટ શા માટે ?

ચિત્રપટની અવગણના કરનાર એક વર્ગ એવો પણ હસ્તી ધરાવે છે કે જે એને રૂપેરી ચાદર પર તેજછાયા રમતો હોય દોઝખના દૈત્યનો નાગો નાચ ગણે છે લોક સન્ચવતુ–ભવ બગાડતુ શયતાનનું શોભિત વાચિત સ્વર્ગ સમજે છે અને જીવન ઉપર એની અસરને હાનિકારક તથા અનિષ્ટ ધારીને એવું માનતા સંભળાય છે કે અરે ! આ પૃથ્વી ઉપર સિનેમા ન આવ્યો હોત તો કેવું સારું થાત !

જગતના નાથશા પણ પોતાને ડાહ્યા સમજતા ચિત્રપટના આવા વિરોધીઓ પૂરું વિચાર્યા વિના ચિત્રપટની ખામી કિંવ શોધીને મિરફ અન્યાય જ કરે છે

હું તો કહું છું કે ચિત્રપટ ભલે આવ્યું અને ભલે અહીં એ રહે–ખીલે વધે અને આબાદ બને ! સર્વેને તેના સાચા ઉદ્દેશ પ્રમાણે જ્ઞાની રસિક અને સુખી બનાવે !

આ અદના લખનારનું નમ્રતાપૂર્વક પણ ખાતરી પૂર્વક માનવું છે કે પરમેશ્વર પિતાએ આ પૃથ્વી ઉપર સિનેમાને પધરાવ્યો તેમાં તેનો મુખ્ય હેતુ અને સૌથી મોટી ધારણા એ જ હતી અને છે કે હવે જગતના મનુષ્યોના એક મોટા ભાગ વિભાગને જેમ બને એમ ઝડપબંધ પ્રગતિ કરાવવી અને તેમના જીવન ઉપર જોરાવર અસર લાવી તેમના આત્માને વધુ સુંદર અને વિશેષ યોગ્ય બનાવવો

ઈશ્વર કહો કે પછી કુદરત કહો, તેનું સર્વ આ યુગમાં નિરાંક ઝડપબંધ ચાલે છે તેથી તો જ્યાં જુઓ ત્યાં આજે Speed-Speed અને Speed ના જ ધોરણે દુનિયા વહે છે એ અનુસાર મનુષ્ય જીવોના આત્માને વિકસાવવા સુધારવા કુદરતે પણ Speed નો જ આશ્રય લીધો છે એ જૂના જમાના વહી ગયા જ્યારે જનવૃદ્ધિનું જૂનું ગાડું બહુ ધીરે ધીરે ગબડયા કરતું પણ હવે તે મનુષ્યોને તરેહવાર નવનવા સાધનો વડે આચકા (Shocks) પાછળ આચકા આપીને તેમનો આત્મવિકાસ કરવામાં આવે છે એ સઘળાં વૃદ્ધિકારક નવા નવા નીકળતા અને શોધાતા સાધનો મહીં કુદરતે ચિત્રપટને પોતાનું સૌથી સબળ અને ઉપયોગી હથિયાર બનાવ્યું લાગે છે નક્કી મનાવું કે જ્યાં શાન્તિ અને સ્થિરતા છે ત્યાં ઝડપી પ્રગતિ નથી, પણ જ્યાં મન તથા હૈયાની અથડામણ છે જ્યાં મોજાંઓ ઊછળી કે–તુફાન જાગે છે અને પરિવર્તન થાય છે ત્યાં જ વૃદ્ધિનો વેગ છે

એ રીતે વિચારતા ચિત્રપટ પોતાની જાતમાં જ એવું છે કે એને જોતાં અનુભવતાં મનુષ્યોના ઊર્મિપ્રદેશમાં આગળ નહીં ઉભરાએલાં જબરદસ્ત છોળો, પ્રવાહો મોજાંઓ અને ઉછાળાઓ જોરશોરથી થવા પામી એમનું ઊર્મિક્ષેત્ર અવારનવાર ત્વરાપૂર્વક ખેડાવા કેળવાવા પામે છે આમ જીવોના મન તથા લાગણીના શરીરો ઉછળવા માંડી જીવનું બારીક ઘડતર કર્યે જાય ચુપ આગળ ધપે છે એટલે કે આત્મવિકાસ થવા પામે છે

ઇન્સાન જાતનો મોટો ભાગ માણસોના આ આત્મવિકાસને બહારથી દેખાઈ આવે એવો જોવા માગે છે પરંતુ તેઓ સમજતા નથી કે આત્મિક વિકાસ એ ઘણું ખરું તો એક આંતરક્રિયા છે એ આંતરક્રિયા પાકવ સ્વરૂપે હોવે અને તેનું તેવું બહુ દર્શન થઈ શકે તેને

માટે માત્ર સમયની જ આવશ્યકતા રહે છે. એ રીતે સમજતાં, ચિત્રપટ રૂપી ઇશ્વરે શરૂ કરેલાં આ નવાં સાધનમાં પણ જેમ ચંદ્રમાં માંહે પણ તેના ડાઘ હોય તેમ, કાંઇક કલંક હોવા છતા પણ ત્યાં પણ આત્મિક વિકાસને સ્થાન છે જ, અને મનુષ્ય જીવો એ નવાં સાધનનો ઉપયોગ કરતા અમુક અમુક આંતરક્રિયાઓ-માંથી પસાર થઇ અનુભવની ચાળણીમાં ચળાઇને ચાલુ આત્મવિકાસ તો કરે જાય છે.

છેવટ

છેવટે આ લેખને બંધ કરતાં અખરી અભિપ્રાય એ જ આપી શકાય કે ચિત્રપટ જીવન ઉપર અસર કર-વાને માટે જ અત્રે આવેલું હોઇ એની અસરને શુભ અને શુભ જ બનાવવી એ આપણી પોતાની વાત છે.

જેણે વિશ્વની વિશાળતા, સુંદરતા, રસિકતા, મોહ-કતા અને અજબ ગજબ અદ્ભુતતાને એક રૂપેરી પડદે રંગ અને રૂપમાં રજુ કર્યાં—જેણે કેળવણી, કળા, સાહિત્ય, વિદ્યા અને વિજ્ઞાનને અદ્ભુત રસિકતાના આક-ર્ષક આભુષણોની સુસજ્જ કરી મારાપે સંસારમાં દૂર કે નજીક બધેબધ પ્રસારી દીધાં-જેણે કુલ ઇન્સાનની ~ઓ, ઇચ્છાઓ, ઊર્મિઓ, આલ્હાદો, જુસ્સાઓ સ્વમાંઓને, ગાયન, વાદન, નૃત્ય, અભિનય અને અવાજ અંકિત કર્યાં—જેણે પૃથ્વી પાતાળ અને આકા.. અનહદ ખજાનાને 'રૂપેરી ચાદર' ની ચમત્કારી . ડીમાં ઝીણી ઝીણી પ્રેક્ષકના પગ પાસે જ લાવી મેલ્યે જેણે ઊંચા આકાશે ઊડતાં પંખીને આંખ પણ ભાગ્યે . જોઇ શકે એવી અવનીની અસંખ્ય અદ્દભ્યતાઓને જાદુઇ તિલેસ્માત દ્દશ્યતાઓમાં ફેરવી નાખી—જેણે વિશ્વ: નાનામા નાની અને સામાન્યમાં યે સામાન્ય વસ્તુઓને મનરૂપી રત્નો અને હૃદયના જવાહીરોથી મઢી તેમને સમૃદ્ધ તથા સુવિખ્યાત કીધી—જેણે બ્રહ્માંડભરનાં રસ રંગ તથા રહસ્યને પ્રલયના પૂર પેઠે પૃથ્વી પર રેલમછેલ કરી નાખ્યાં—જેણે આખી ઇન્સાન જાતને નવી આંખો, નવા કર્ણો અને નવું જગત કે નવું જીવન બક્ષી દીધું; એવી આ સુગ, શોભિત, સુરમ્ય સર્વવ્યાપી ચિત્રપટ કળાની જીવન ઉપરની શુભ અસરો સદૈવ અમારે હૈયે રહો એજ સ્તુતિવચનો સહિત હવે આપણે આ લેખને સમાપ્ત કરીશુ.

હૃદયની વ્યથા

નટવરલાલ પ્રા. ગાંધી

: પૃથ્વી :

જહીં હૃદયની વ્યથા કદી ન લેશ સાંખી શકું,
બને બધિર બુદ્ધિ ને જગતશાનના વાયરા
અસહ્ય કટુ સ્વાર્થના અનલરંગ, ઇર્ષાભર્યાં
વૃથા વહન જાડયનાં, મલિનવૃત્તિ સંતોષવા,
હવે હૃદય બાવરૂં, હૃદયગીત રેલાવવા.
અગમ્ય પટ ઉજ્જ્વળાં જીવનનૃત્ય ઉલ્લાસનાં
વિશાળ તટ ભાવિનાં સ્વપ્નભોમમાં મ્હાલવા
ડગે ડગમગે જહીં, હૃદયની વ્યથા જાગૃત!

અરે! પ્રણય સિન્ધુની અમરછાંટ પ્રોત્સાહની
ઉડી નયન, અંગ ને હૃદય વીંધી પેલે તટે:
પ્રિયે! ઉભય જિન્દગી હૃદય હોડલે તારવા
રચે સુભગ સ્વપ્ન જ્યાં; હૃદય હાસ્યની ભાવના,
બધી વિષમતા અને સતતદીન દારિદ્રતા
અહીંહ રળમાં દયાં. હૃદયની વ્યથા ના હવે!!

ત્રણ અર્ધાંગના

શ્રી. ઉમેદભાઇ મણિયાર

શહેરના એક મોટા વર્તમાનપત્રનો ખબરપત્રી લાંબે સમયે ગામમાં રજા ભોગવવા આવ્યો ત્યારે ગામમાં ઘણાઘણા ફેરફારો અને બનાવો બની ગયેલા. બે વર્ષ પહેલાં શિતળાનો ભયંકર રોગચાળો ફાટી નીકળેલો. એ માંડ શમ્યો ત્યાં મરકી આવી, એને લઈને શહેર સુધરાઇ ખાતાએ નાનીનની અંધારી ગલીઓ અને જૂનાં અંધારા મકાનો તોડાવી નાખ્યા આથી ગામ કંઈક સારૂં અને રોગમુક્ત દેખાતુ હતું.

એ ખબરપત્રીને આવ્યે માંડ ત્રણ દિવસ થયા હતા ત્યાં એક સવારે સાડાચારે, હજી તો મોં સુઝણું પણ થયું નહોતું ત્યાં એની ડેલીની સાંકળ ખખડી અને કોઈની બાએ એને સ્મશાને જવા માટે ઊઠાડયો. ખાસ નજીકનું સગું નહોતું, પણ સદ્ગતના કુટુંબની યુક્તિ હતી કે એ આવે તો મર્હૂમના ખેદજનક અવસાનના સમાચાર એમના પત્રદ્વારા જગત જાણતું થાય

સ્મશાને પહોંચ્યા અને મૃતદેહને અગ્નિદાહ આપ્યા પછી કેટલાક લોકો ચિતાના તાપથી સળગતી હાંડી ઉડાડતા, અગર કેટલાક દૂર ગોળેમળી હસી મજાક કરી વાતોમાં સમય વિતાવતા હતા ખબરપત્રી એકલો બધાથી દૂર આસપાસ નવુંનવું દેખાતું હતું એ શાન્તપણે જોયા કરતો હતો. પૂર્વમાં ધીમેધીમે અજવાળું ફેલાતુ હતું અને એ અજવાળામાં નદીની પેલી પાર મંદિરોના કળશો ઝળકી ઊઠ્યા લગભગ એના પગ પાસેથી જ નદી વહી જતી હતી દુન્યવી કામમાં બહુ જ સફળ મનાતા એવા એક આધેડ વયના પુરુષે સ્મિતપૂર્વક આવી ખબરપત્રીની બાજુમાં પોતાનું સ્થાન લઈ લીધું અને ચિતા તરફ ડોક વાળી કહ્યું 'ડોસા પૂરા સુખમાં મર્યા. પૈસો છે, પુત્ર છે, ઘર છે, બહાર છે. માથે ઘોતિયું વીંટી બેઠા બેઠા એ એમના મોટા દીકરા. એનાથી નાનો છ સાત વરસનો એક ઘેર બીજો પણ દીકરો છે બે વર્ષ પહેલાં અહીંયાં શિતળા પધાર્યાં'તા ત્યારે ગામના નાનામોટા માણસો પાકયા પાનની જેમ ટપોટપ ખરવા લાગ્યા એમાયે નાના છોકરાઓનો તો, સાહેબ, બસ મરો હતો! ગામના સદ્ભાગ્યે એ વખતે બહાર ગામની એક બાઈ અહીં આવી વસેલી ગામનું નાનુંમોટું કામ કરતી, દળણાં દળતી, પાણી ભરતી, છોકરા રમાડતી. એક નાનકડી ઓરડીમાં એ એકલી રહેતી. ક્યાંથી એ આવી, શા માટે એકલી રહે છે, પરણી છે કે કેમ એ કોઈને એ કહેતી નહિ, એથી કોઈ જાણતું પણ નહિ પણ છોકરાંઓ પ્રત્યે એને બહુ ભાવ હતો અને રોજ સાંજ

સવારે વખત મળે ત્યારે પાડોશના છોકરાં એકઠા કરી કંઇને કંઇ ખાવાનું આપે, રમાડે અને વાતો કરાવે. સાચ્ચે જ એ તો કોઇ અલૌકિક આત્મા હતો !'

એ પુરુષે એટલું કહી આકાશ તરફ હાથ ઊંચો કર્યો અને ઊંડો નિસાસો નાખ્યો. વળી એક નિઃશ્વાસ નાખી એણે આગળ ચલાવ્યું 'બિચારી આજ તો આ દુનિયામાં છે ય નહિ ! પણ એ કોઇથી ભૂલી ભૂલાય એમ નથી. જુઓ, સામે નવ દેરીઓનું એક ઝુમખું દેખાય છે ને એમાં એક દેરીમાં, અત્યારે ચિતામાં સળગે છે એણે એ બાઇનો હાથ પગ ગ કોતરાવી, મિંદર લગાવી મૂકાવ્યો છે ડોસા દિવાતર દિવના હતા. એના નાના છોકરાને પણ જ્યારે માતાજી દેખાયા ત્યારે ડોસા બહુ ગભરાઇ ગયેલા એ વખતે મે કહ્યું કે સારવાર માટે આપણે આ બાઇને બોલાવીએ

એ બાઇ પ્રથમ આવી ત્યારે અમારા ઘરનું કામણ ત્યાતી ઘેરઘેર માતાજી દેખાયા હતા ત્યારે મારે ઘેર પણ એક સામટા બે છોકરાને માતાજી દેખાયા છોકરાની મા ગભરાઇ ગઇ અને એથી અમે એ બાઇને પૂછ્યું, 'તું અમારા છોકરાની સારવાર માટે આવે કે ?' પૂછતા અમે, સાચું કહું તો, અચકાતા હતા કારણ બાઇ કોઇ સારા કુટુંબની સંસ્કારવાળી હોય એમ દેખાતું હતું. પણ એણે હા પાડી ઇશ્વરકૃપાએ બન્ને છોકરા બચી ગયા, બીજે કે ત્રીજે દિવસે પાડોશીના છોકરાને માતા દેખાયા. એમણે પણ આ બાઇને સારવાર માટે રાખી, અને કોણ જાણે, સાહેબ, કહો કે એના હાથે મશ હો કે ગમે તેમ, પણ એ છોકરો પણ બચી ગયો ગામના છોકરા ટપોટપ મરતા હોય ત્યા એ જેની સારવાર કરે એ બચી જાય એ કાંઇ ઓછી આશ્ચર્યની વાત કહેવાય ? એમ કરતા એની કીર્તિ આખા ગામમા ફેલાઇ ગઇ. એને નાના બાળકો પ્રત્યે મૂળથી જ પ્રેમ હતો એટલે બને ત્યા સુધી એ કોઇને ના ન પાડતી.

મારાં બે છોકરાને એણે જીવનદાન આપ્યા પછી મને એ બાઇ વિશે જાણવા ખૂબ મન થયું. એને પૂછીએ તો એના તો બીડયા હોઠ ઉઘડે શાના ? એટની ખબર જ્યા ત્યાથી મળી કે એના માબાપ જીવે
એ પરણી છે, પણ અહીં અજાણ્યા ગામમાં અ
એકલી કેમ રહેતી હશે વગેરે કાંઇ માહિતી મળી નિ
આટલું બોલી થોડીવાર એ પુરુષે વિસામો લીધો -
ત્યાં બેઠાબેઠા એક માણસને ચિતામાં થોડા લા
નાખવા બૂમ મારી વળી ખોખારો ખાઇ પાછી
શરુ કરી 'આપતો એક મોટા છાપાના અધિકારી
આ બાઇ વિષે આપના જાણવામાં તો જરૂર હશે જ

એણે એ પ્રશ્ન પૂછ્યો, માત્ર એને કંઇક વાતે
ચલાવવા. બાકી, એને એ બાઇનો ઇતિહાસ જાણવ
ખાસ ઉત્કંઠા હોય એ માનવાને કારણ નથી. સ્વ
હતો માત્ર એટલો કે એને વાતો કરાવી, રીઝાવી ચિતા
બળતા એમતા પિત્રાઇ ભાઇ વિષે થોડું સારૂ મ
છાપામાં લખવાનો. એ માટે ફરી એણે સદ્‌ગતના સ
દિલની વાત ઉપાડી 'મે આપને કહ્યુને કે સામે
દેરી મારા ભાઇએ એ બાઇની યાદમા ચણાવી આપ
મારા કહ્યાથી મારા ભાઇએ નાના છોકરાને માત
નીકળ્યા ત્યારે એ બાઇને રાખી. આ પહેલા કેટલ
છોકરાને એણે જીવતદાન આપ્યું હતું. આ છોકરા
સૌએ હાથ ધોઇ નાખેલા, પણ બાઇના પ્રતાપે એ બ
ગયો. છોકરાના માથે પાણી નાખ્યું, પણ ત્યાં
અરેરે, એ બાઇને જ માતાજી દેખાયા. બાર દિવસ સુ
અમે એને રાખી, પણ એ માતાજીનો ભોગ બની ચા
ગઇ ! ગામમાં કોઇને કહીએ તો સાચુ ન માને મ
ભાઇને બહુ લાગી આવ્યું. ગામને તો એમજ થઇ ગ
કે ખરેખર આ તો કોઈ દેવી કે સતિ જ છે. એ
સામે દેખાય એ દેરી મારા ભાઇએ અહીંયો રૂપિ
ખર્ચી બંધાવી આપી. હાલ તો એ દેરીનો એટલ
મહિમા વધી ગયો છે કે જેનું કોઇનું છોકરું મા
પડ્યું હોય, કોઇને છોકરૂ ન થતું હોય, કોઇનાં છોક
જીવતા ન હોય એ બધાય એની માનતા કરે અ
અજબ તો એ છે, સાહેબ, કે સૌની મનકામન
ફળે છે '

વર્તમાનપત્રને ખબરપત્રી જે અત્યારસુધી અવિ

અને શાન્ત બેસી રહ્યો હતો. એ એના પગના ટેકે ઉભડક બેઠો અને એણે એ પુરુષને પૂછ્યું 'એ બાઈનું નામ તમે જાણો છો ?'

પેલા પુરુષે ઉત્તર વાળ્યો 'ખરુ નામ કોણ જાણે શુ હોય, પણ અમને તો એ એનુ નામ લક્ષ્મી કહેતી,' ખબરપત્રીએ તરત જ કહ્યું 'હા, હા. એ જ લક્ષ્મી ઊંચી અને ગોરી સરખી હતી ?'

'હા'

'અને એના કપાળ ઉપર એક ઘાની નીશાની હતી?'

હા!' વિસ્મયમા એ પુરુષના નેત્રો પહોળા થયા, તરત જ ખબરપત્રીએ હાથની ચપટી વગાડી ધીમે અવાજે કહ્યુ 'હું ! તમારા ભાઈએ સારૂ કર્યું, એના જેવી સ્ત્રીની યાદમા દેરી ચણાવી એ એના પૈસાનો સારો વ્યય થયો.'

વચ્ચે જ પેલો પુરુષ બોલી ઊઠ્યો 'તો, સાહેબ એ લીટી તમારા છાપામા ..'

'હા, હા અને વળતા મને તમારા ભાઈનું જરા જીવનચરિત્ર કહેજો છપાવશુ'

પેલો પુરુષ અત્યંત ખુશ થઈ પોતની યુક્તિની સફળતાનો આનંદ અનુભવતો બોલ્યો 'જરૂર હા, જરૂર. સાચુ પૂછો તો મારા ભાઈએ તો સાહેબ એના આત્મભોગ અને સેવાના હિસાબે કંઈયે કર્યુ નથી'

ખબરપત્રીએ કહ્યુ 'જે બાઈની તમે અને અત્યાર સુધી વાત કરો છો એ બાઈની તમે કહી એ વાત તો હું જાણતો નહોતો, પણ એની બીજી વાત મારી જાણમા છે. એ ત્યાંની કડિયા હતી અને અમારા શહેરના એક મિસ્ત્રીને ત્રીજી વારની વહુ તરીકે પરણી હતી. મિસ્ત્રી પૈસાપાત્ર પણ નહિ ને ગરીબ પણ નહિ એવી મધ્યમ સ્થિતિનો માણસ હતો ઘર બાંધવાના કંટ્રાક્ટ લેતો અને થોડુ ઘણું કમાતો એનુ એક લગ્ન એ ઓગણીસ વીસ વર્ષનો હતો ત્યારે થયેલુ પણ એ બાઈ નણેક વર્ષ જીવી મરી ગઈ. એને એકેય છોકરુ હતુ નહિ ત્યાર પછી એણે બીજું લગ્ન કર્યું લગ્ન કર્યાં પછી એ કામ શીખવા અને કમાવા મુંબઈ ગયો અને પાચ છ વર્ષ ત્યાં રહ્યો એ દરમ્યાન એની વહુ અને કુટુંબ દેશમા જ હતું. વર્ષે દોઢ વર્ષે એ આંટો મારી જતો પણ પછી એકવાર તો એ એવો સખત બિમાર પડયો કે એ દેશમાં આવ્યો અને ત્યારપછી મુંબઈ પાછો ગયો જ નહિ ત્યાજ મિસ્ત્રી કંટ્રાક્ટરનું કામ એણે શરૂ કર્યું.

એને બીજુ લગ્ન કર્યે દશ વર્ષ થયા પણ ઘેર એકે છોકરુ હતુ નહિ આની એના કરતા એની માને વધુ બળતરા હતી, અને ઘરમા કંકાસ પેઠો એની મા એની વહુને 'મુઈ વાંઝણી' સિવાય તો ઘરમા મહેમાન આવ્યા હોય ત્યારે જ બોલાવે

બીજા ત્રણ વર્ષ પણ એમ જ વીત્યા. પુત્રની ઉંમર હવે પાકવા આવી અને આ ઉંમરે જો છોકરુ નહિ થાય તો આખો વંશ સ્નેહ પરથી લીટો ભૂંસી નાખીએ એમ ભૂંસાઈ જશે ડોશીને મર્યા પછી કોઈ પાણી નાખ વાવાળો નહિ હોય અને સમસ્ત કુટુંબના માણસ પિંડ વિના નર્કમા જઈ પડશે, એ ઉપરાંત મિસ્ત્રી કુટુંબનું નામ નિશાન આ લોકમા નહિ રહે

એક ડોસીમા એવા નરોના મિસ્ત્રી પણ એવો જ અબૂઝ હતો મુંબઈના પાંચ વર્ષના વસવાટ છતા સરકાર, દાન સુધારો જે કરે તે એના પરથી તાનપની ઉપરથી વરસાદનું પાણી ચાલ્યુ જાય એમ એને લેશ માત્ર પણ ભીંજવ્યા વિના ચાલી ગયા એની બીજી પત્ની તો બિચારી ગાય જેવી રાંક હતી જુલમ કોના છતાય કોઈના સામે ઊંચે સાદે જવાબ ન આપતી છતાંય આ માણસ વાંક શોધી શોધી એ બિચારીને ઘણીવાર પશુની જેમ મારતો

આ મરે માદીકરા વચ્ચે એમ નક્કી થયુ કે દીકરાએ ત્રીજીવાર લગ્ન કરવુ બીજી વહુને સંતતિ થાય એ આશા રાખી બેસી રહેવુ એ વ્યર્થ હતુ. એક વહુ જીવતે બીજી લાવવી એ કેટલુ મુશ્કેલ હતુ એ ત્રીજી વહુની શોધ ચાલી ત્યારે ખબર પડી ડોશીની અને મિસ્ત્રીની, વહુને મારઝૂડ કરે છે એવી વાતો ફેલાયેલી એટલે કોઈ ડોસીના દીકરાને કન્યા આપે નહિ જે ડોસી વાતવાતમા વહુને કહેતી 'મુઈ વાંઝણી તું જેવા કરી કાળમુખી

તારા માથા પર ત્રીજી લાવું તારે લઈને એમ વગોવેલો નહિ કપાઈ જવા દઉં' એ ડોસી ઢીલા પડ્યા ને ગાળ સાથે કૃત્રિમ મિઠાશથી વર્તવા લાગ્યા.

ડોસીમાના કાન સવારે ત્રીજી વહુ લાવું એ મેણા પછી કેટલાયે મહિનાની સવાર પડી ગઈ, પણ ન્યાતમાંથી કોઈએ ડોસીના દીકરાને વહુ આપી નહિ

આ તે ઘરની વહુ ઉપર એક નવા પ્રકારનો જુલમ શરૂ થયો. છેલ્લો એકમાત્ર ઉપાય હતો. મારથી, મેંણાથી, શાન્તિથી, મીઠા શબ્દોથી જુદે જુદે વખતે વહુને કહેવામાં આવ્યું 'તારા કાકાને દીકરી છે કાકાને ગમેતેમ કરી તારા કાકાની દીકરીનું નક્કી કરાવી આપ'

એક સબળ કારણને લઈને, એટલે કે ખાનગીમાં બે હજાર રૂપિયા લઈ કાકાએ છોકરી આપવા હા પાડી છોકરી એ વખતે પંદરેક વર્ષની હતી અને છોકરીઓની નિશાળમાં ચોથી અંગ્રેજી ભણતી હતી ન્યાતમાં આ અસાધારણ હતું એ તો ન્યાત પૂરતી વાત થઈ, પણ છોકરી ભણવામાં ખરેખર ઉત્સાહી ને હોશિયાર હતી જ પિતાશ્રીએ ગળામાં લગ્નનું દોરડું નાખી એને નિશાળ બહાર ખેંચી લીધી અને તરતમાં અગ્નિદેવની સાક્ષીએ શુભ મુહૂર્તે ચાર ફેરા પણ ફેરવી આપ્યા'

વાક્ય પૂરું થતાં સ્મશાનમાં બેઠેલા પેલા પુરુષે કંઈક અધિરાઈથી ખબરપત્રીને પૂછ્યું 'આ મિસ્ત્રીની ત્રીજી વહુ એ જ અમે જેને લક્ષ્મી કહીએ છીએ એ?'

ખબરપત્રીએ કહ્યું 'એનું ખરું નામ પણ લક્ષ્મી જ છે, હું જાણું છું'

'તો પછી એના ધણીથી જુદી અહીં એકલી કેમ રહેતી?' મેં પૂછ્યો, શોક્યોને ન બન્યું કે કેમ?'

'ના શોક્યો તો લગ્ન પછી થઈ, પણ આમ તો બહેનો જ ને? બન્ને બહેનો વચ્ચે પ્રેમ પુષ્કળ હતો અને એ પ્રેમ કાયમ રાખીને જ એ ઘરથી ચાલી નીકળી' આવું બોલતાં જાણે એનું હૃદય ભરાઈ આવ્યું હોય અને ગળે ડૂમો આવ્યો હોય એમ એ ખબરપત્રીનો અવાજ એકાએક ધીમો પડી ગયો, પણ સામે બેઠેલો પુરુષ એના ખુલાસારૂપે એને કાંઈ પૂછે

ત્યાર પહેલાં જ એણે સ્વસ્થતા મેળવી લીધી અને બોલ્યો 'બિચારી લક્ષ્મી દુઃખી હતી! મારી પત્ની કહેતી કે એ અને લક્ષ્મી બન્ને એક વર્ગમાં સાથે ભણતાં આથી કોઈકોઈવાર લક્ષ્મી અમારે ઘેર આવતી માબાપે પરાણે ભણતી ઉઠાડી એથી મન નારાજ તો થયેલું જ, અને એમાં પરણ્યા પછી જે બનાવો બનવા લાગ્યા એથી એનો જીવનનો આનંદ, રસ બધું ઊડી ગયું ચામડી કાંઈક ગોરી હતી એટલે હું એને જોતો ત્યારે ત્યારે મને તો એ જીવતી સ્ત્રી કરતાં આરસપહાણની પૂતળી જેવી નિર્જીવ લાગતી

દીકરાદીકરી જણી આપે એ શરતે એને પરણી લાવવામાં આવી હતી એ શરત જ કેટલી ભયંકર હતી!'

સામા બેઠેલા પુરુષને પણ એ ભય કરતાં માન્ય હોય એમ એણે દાંત વચ્ચે જરા જીભ કચરી.

ખબરપત્રી બોલ્યો 'લક્ષ્મીને પરણ્યે માંડ મહિનો થયો હશે ત્યાં ખબર પડી કે એની બહેન, એટલે કે આગલી વહુ ગર્ભવતી બની છે આથી ઘરમાં કંઈક અણધારી જ પરિસ્થિતિ ઊભી થઈ લોકોને એ વાતોનો વિષય થઈ પડ્યો. દશ અગિયાર વર્ષ સુધી વાંઝિયા રહેનાર સ્ત્રી એક સામગ્રી જ્યારે એનો ધણી છોકરા મેળવવા ત્રીજું લગ્ન કરે ત્યારે જ ગર્ભવતી બને એ કિસ્સો ગામને મન માયનાગી ભર્યો તો કહેવાય જ માત્ર જાણવામાં વાત આવી, પણ મારે એને છાપે ચડાવવી બનતામાં થી હામનું નહોતું.

બન્ને બહેનો અંદર અંદર કેટલી દુઃખી થઈ હશે! વિધિએ જાણે પહેલેથી જ કાવતરું રચી રાખ્યું હોય! નવ મહિને જૂની વહુને પુત્ર આવ્યો અને ડોસીમાને અને મિસ્ત્રીને થયું કે હવે તો એની એકોતેર પેઢીને તારનાર આવી પહોંચ્યો

બે વર્ષ રહીને જૂની વહુને ત્યાં બીજો પુત્ર આવ્યો ચૂનાની ચપટી અને ટાંકણું નાભિમાં લગાવી આવેલા આ બે ભાઈઓમાં હવે એક 'મોટો' કહેવાયો અને બીજો 'નાનો' કહેવાયો. એક સાથે નાના બે બાળકો માયસતા મુશ્કેલી પડતી ત્યારે નવી વહુ પોતાની બહેનને

હેનથી મૂઢ઼ક કરતી મોગે છોકરો તો જાણે એનો હોય એમ ટેવાઇ ગયેલો. બન્ને બહેનો વચ્ચે આગળ જેવો જ પ્રેમ કાયમ રહ્યો ઊલટાનુ મોટી બહેનનું હૃદય નાની બેનના વિચાર આવતા બળી જતુ, પણ ડોસી મા અને મિસ્ત્રીએ ત્રીજી વહુ પ્રત્યે પોતાના વર્તનમા ધીમે ધીમે ફેર કરવા માંડ્યો પરણ્યે ત્રણ વરસ થયા, પણ નાનીને કાઇ સતતિ થવાની નિશાની સરખી પણ નહોતી ડોસી અને મિસ્ત્રીને થયુ કે એને પરણી લાવવાના પૈસા નકામા ગયા જતે દિવસે જોરજુલમ પૂર્વક એના બાપને બે હજાર રૂપિયા આપેના એ પાછા લાવવા કહેવામા આવ્યુ. પણ બાપ પાછા આપી શકે એવી સ્થિતિમા કે દાનતનો હોત તો લેત જ શું કામ ?

એક દિવસે મારી પત્નીએ લક્ષ્મીને ઘેર જઇ આવ્યા પછી મને કહ્યું કે લક્ષ્મી બહુ દુ ખી લાગે છે એ ગઇ ત્યારે લક્ષ્મીના કપાળે પાટો બાંધ્યો હતો પૂછ્યુ ત્યારે કહે કે ઠેસ વાગતા પડી ગઇ પણ મારી પત્નીએ કહ્યુ અને મને પણ સાચુ લાગે છે કે એના વરે એને મારી હશે

ત્યાર પછી ચારપાંચ મહિને એ અમારે ત્યા આવી ત્યારે અમે એના કપાળ પર એક ઊંડા ઘાની નિશાની જોઇ. પૂછવા છતા એ એના મોઢામાથી શબ્દ પણ બોલી નહિ અમારે મન તો દીવા જેવુ સ્પષ્ટ હતું કે લક્ષ્મી દુ ખી છે અને ફૂલ માફક કરમાતી જાય છે

એક દિવસે હુ અને મારી પત્ની સવારમા ઓટલે ચા પીતા હતા, ત્યા ડોસી અને મિસ્ત્રી મારે ત્યા આવ્યાં અને મને પૂછ્યુ ' લક્ષ્મી ક્યા છે એ તમને ખબર છે ? ' મે ના પાડી નિદાન આપી હું અને મારી પત્ની આશ્ચર્યમા ક્યાય સુધી એક બીજા સામે જોઇ રહ્યા અમને સમજાઇ ગયુ કે લક્ષ્મી જુલમ ન સહન થઇ શકવાથી રાતોરાત ઘરમાથી નાસી છૂટી છે મને બીક એવી હતી કે દુ ખમા ને દુ ખમા કૂવે પડી કે ઝેર ખાઇ એ આપઘાત ન કરે તો સારુ

એ લોકોએ એને માવતરે તપાસ કરાવી ત્યા પણ એ ગઇ નહોતી એવા બાપ પાસે એ ન જ જાય એમ મે પણ ધારેલ પણ આથી તો મારી બીક વધતી ગઇ એ લોકોએ અને એના માબાપે થોડા દિવસ તપાસ કર્યા પછી એમ માની લીધુ કે કોઇ અજાણ્યે ઠેકાણે જઇ લક્ષ્મીએ આપઘાત કર્યો હશે '

સ્મશાનમા શબ બળી પૂરું થયુ હતુ અને માણસો એક પછી એક ઊંડી નદીમા નહાવા જતા હતા ખબર પત્રીએ પણ ઊંડતા ઊંડતા પેલા આવેદનપત્ર પુરુષને કહ્યુ 'લક્ષ્મીની પાછલી વાત તમારા પાસેથી જાણી મને ખરેખર આનંદ થયો, કારણ હું એમ માનતો હતો કે એ આપઘાત કરી મરી ગઇ હશે તમે કહો છો તેમ, મરી તો આમે ગઈ હશે આમ એની જિંદગી ગાળવાની, કોઇની દયા ઉપર ન જીવવાની આવી હિંમત બતાવશે એમ મે નહિ કલ્પેલુ '

સાહિત્યનું મૂલ્યાંકન

શ્રી. અંબાલાલ પુરાણી

પ્રાચીન સાહિત્ય ઉત્પન્ન થયું હતું. આજે સાહિત્ય ઉત્પન્ન કરવામાં આવે છે. સમસ્ત પ્રજાનો, એટલે કે કોઈ વિશિષ્ટ સંસ્કૃતિવાળા લોકસમૂહનો આત્મા ભાષાદ્વારા પ્રગટ થતો. કાળ જતાં તે સાહિત્ય તરીકે પ્રસિદ્ધિ પામ્યો, અને પેઢીઓને સૈકાઓ સુધી તે સાચવી રાખવા જેવો અમૂલ્ય સાંસ્કારિક વારસો છે એમ લાગ્યું. આજે વ્યક્તિ પોતાની અંગત અભિવ્યક્તિ વાંછે છે, આજે કલાસર્જનને ખાતર સાહિત્ય લખાય છે. બુદ્ધિપૂર્વક કલાવિધાન કરવા તરફ આજે વધારે ધ્યાન અપાય છે. જાતિ અને સંસ્કૃતિના આત્માની અભિવ્યક્તિ ગૌણ મનાય છે; જ્યારે લેખકનું વ્યક્તિત્વ, તેની વિચારસરણી, મીમાંસા, માન્યતાઓ વગેરે પ્રગટ કરવાં એ મુખ્ય હેતુ મનાય છે, અલબત્ત, એવી મીમાંસા મારફત અને એ વ્યક્તિત્વ મારફત પણ આખરે તો આ જમાનાની સંસ્કૃતિ અને આજના સમાજની સ્થિતિ પ્રગટ થાય છે. ત્યાં કલાવિધાયકનો હેતુ વધારે અંગત હોય છે. આજે પ્રચાર, કલાસર્જન વાસ્તવિકતા, વ્યક્તિ-વૈચિત્ર્ય વગેરે તત્ત્વો વધારે આગળ પડતાં જણાય છે.

આ રીતે આજનો જમાનો સાહિત્ય સર્જનની પ્રવૃત્તિ વિષે જાગૃત છે તે એક રીતે સારું છે. એવા આત્મભાનથી કૃત્રિમ પ્રયત્નો અને પરિણામે નિષ્ફળ અને નિરર્થક સર્જનો થશે એ ખરું પરંતુ જાગ્રત સત્ય અને વિવેકી વાચકવર્ગ એવા નિષ્ફળ પ્રયોગોને, અને નિષ્ફળ કૃતિઓને બીજાવસ્થામાં જ અટકાવી દઈ શકશે આ કામમાં નિષ્પક્ષપાત સમાલોચના અને શાસ્ત્રીય વિવેચના પણ ઉપયોગી સહાય કરી શકે.

આવું કડક આત્મનિરીક્ષણ અને નિરર્થકનું નિવારણ કરવાની જરૂર કેટલાક જમાનાઓમાં ખાસ કરીને વધારે હોય છે. તેમાં યે મૂલ્યપરિવર્તનના યુગોમાં તો એવી આત્મનિરીક્ષક વૃત્તિ ઘણી જ ઉપયોગી થઈ પડે છે. આપણો જમાનો એવાં મૂલ્યપરિવર્તનોનો યુગ છે એ વિષે બે મત નથી. આર્યાગમન પછી હમણાં જ આપણી પેઢી એવા મહાપરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. પૂર્વ અને પશ્ચિમના સંસ્કારોના સંઘર્ષનો એ જમાનો જેટલાં ક્ષેત્રોમાં અને જેટલા અર્થમાં મૂલ્યપરિવર્તનનો હતો તેના કરતાં આપણો યુગ વધારે વિશાળ અને વ્યાપક ક્ષેત્રોમાં અને અર્થોમાં મૂલ્યપરિવર્તનનો જમાનો છે. પ્રજાઓની રાજકીય અને આર્થિક પરિસ્થિતિ પરત્વે અનેક ફેરફારો થઈ ગયા છે તેને લીધે, તથા હિંદમાં થઈ ગએલા અને થઈ રહેલા અનેક ફેરફારોને લઈને જ નહિ પરંતુ ભૌતિકશાસ્ત્રીઓની શોધખોળોને પરિણામે

જગત સમસ્તની બદલાતી પરિસ્થિતિને લઇને પણ પહેલાના જમાનામાં જે સુચિહ્નો જ મનાતાં હતાં તેમાંથી આજે વિકટ પ્રશ્નોની પરંપરા માનવજાતિની સમક્ષ આવીને ઊભી રહેલી છે. ઉદાહરણ તરીકે ઉદ્યોગોની ખીલવણી અને વેપારનો વિકાસ ગયા જમાનામાં ઉન્નતિના સુચિહ્નો હતા આજે ઉદ્યોગોની પેદાશ અને વેપારના વિકાસને પરિણામે દુનિયાભરમાં વિકટ કોયડાઓ ઊભા થયા છે અને ઉત્તમોત્તમ નેતાઓની શક્તિની કસોટી કરી રહ્યા છે તેમના નિરાકરણ માટે જે ઉકેલો તથા ઉકેલોની મીમાંસાઓ રજૂ થયેલી છે તેથી પણ માનવ જીવનના સર્વ ક્ષેત્રમાં મૂલ્યપરિવર્તનો થયા જ જાય છે. ગોવર્ધનયુગના વિચારકને પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનાં ઊંડાં તત્ત્વોની સમાલોચના કરવાનો સમય મળતો અને વૃત્તિ પણ હતી. પણ આજે પૂર્વ અને પશ્ચિમ જ નહિ પરંતુ સંસ્કૃતિ માત્રના મૌલિક તત્ત્વો વિષે વિચારણા રહી છે.—નૈકો મુનિર્યસ્ય મતં પ્રમાણમ્—એવી સ્થિતિ સર્વત્ર છે પશ્ચિમમાં પણ ૫૦ વર્ષ પૂર્વે જગતના પ્રશ્નોના ઉકેલ વિષે, માનવજાતિની પ્રગતિના ઉપાયો વિષે જે વિશ્વાસભરી એકવાક્યતા હતી તે આજે રહી નથી ભૌતિકશાસ્ત્રોની પ્રગતિની તથા વ્યાપાર ઉદ્યોગદ્વારા આર્થિક ઉન્નતિ સાધવાની જરૂર, પ્રજાકીય પ્રતિનિધિત્વવાળી સરકાર, સ્વતંત્રતા, પ્રજાસત્તાક રાજ્યવ્યવસ્થા નિયમીતતા શિસ્તપાલન વ્યવસ્થા સંઘશક્તિનો વિકાસ, સહકાર અને તેનાં પરિણામો, જીવનમાં નગદ લાભ આપનારા ચરિત્રગુણો વગેરે પશ્ચિમે સાધેલી પ્રગતિની પેદાશ મનાતી માનવજાતિની ઉન્નતિ માટે એ સઘળાની જરૂર સ્વીકારવામાં યુરોપની પ્રગતિશીલપ્રજાઓની એકવાક્યતા હતી

ઉત્કના મહાયુદ્ધ પછી પ્રગતિની ધ્વજા ધારણ કરવાનું યુરોપનું વર્ચસ્વ ખસવા માંડ્યું છે થોડી પ્રજાઓએ મર્યાદિત પ્રગતિ જ્યારે ઘણી પ્રજાઓએ સાધી ત્યારે એ પ્રગતિનું મૂલ્યાંકન કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો એ પ્રસંગ તે ફરીથી ... માહાત્મ્યથી પ્રગતિની ... કરવામાં યુરોપની પ્રજાએ અને

જગતમાં પડેલા હોય, પરંતુ તેઓ જીવંત છે, સોહીસાળ છે, જાગૃત છે એટલે એ વિષે તો બેમત સંભવતા નથી એટલે છેલ્લી પાકવારથણી પછી તુર્ત જ તેમણે જીવનના ક્ષેત્રોમાં મૂલ્યપરિવર્તનો સાધવા પ્રયત્નો કર્યા જ કર્યા છે. પરિણામે ભૌતિકશાસ્ત્રોની માન્યતાઓને જ અંતિમ જ્ઞાન તરીકે સ્વીકારનારો એક વર્ગ ઉત્પન્ન થયો છે બીજો ભૌતિકશાસ્ત્રોની શોધના પરિણામો સ્વીકારનાર જડવાદી સમાજવાદમાં માનનારાઓના વર્ગ છે તો ત્રીજી તરફ રાષ્ટ્રીયચેતનાની અતિશયોક્તિ ભરેલી અગત્ય સ્વીકારનાર, તેની જ ભક્તિ કરનાર, અને તેને ખાતર વ્યક્તિસ્વાતંત્ર્યનો અને માનવજાતિના હિતનો પણ, જરૂર પડે તો, ભોગ આપનાર વિચારસરણી પ્રચારમાં આવી છે

આવી પરિસ્થિતિમાં સાહિત્યના ક્ષેત્રમાં પણ મૂલ્ય પરિવર્તનો થાય એ સ્વાભાવિક છે સમાજવાદ સાહિત્યને સામાજિક દૃષ્ટિએ જ જોઇ શકે છે અને સમાજને પણ મુખ્યત્વે આર્થિક દૃષ્ટિએ જ નિહાળી શકે છે. પરંપરાનો સમાજવાદને મન સાહિત્ય તેના મતના પ્રચારનું સાધન હતું. પરંતુ એ વાદનો અમલ કરનાર રશિયાએ થોડા જ વખતમાં જોયું કે પ્રચારિયા સાહિત્યમાં અને સાચા સાહિત્યમાં ફેર છે અને રશિયાના નેતાઓએ પોતાની ભૂલ છોડી તુર્ત જ સુધારો કર્યો એ તેમને શોભે એવી હકીકત છે

અનર્થ માત્રનું મૂળ મૂડી એવું માનનાર સમાજવાદ મૂડીવાદને પોષક—એમ કે તેની સેવાના મદદગાર—સાહિત્યનો તિરસ્કાર કરવા લાગ્યો છતાં અનુભવને અંતે તેને પોતાને જણાવા લાગ્યું છે કે માનવીઓ સર્વ પ્રકારે સમાન થઇ શકે તેમ નથી અને જે આર્થિક સમાનતા તે સ્થાપવા માગે છે તે સ્થપાયા છતાં પણ જેને Aristocracy of Talent—બુદ્ધિશાળી વિશિષ્ટ વર્ગ—કહેવામાં આવતો તે રહે છે અને રહેશે છતાં આજે આપણા સાહિત્યમાં જાણે અજાણે સમાજવાદ નહિ તો સમાજવાદનો દૃષ્ટિકોણ પ્રવેશ્યો છે અને પ્રવેશતો જાય છે એને પ્રવેશ એ પણ ઉપર જણાવેલ મુખ્ય

પરિવર્તનનું એક સાધન અને ચિહ્ન છે એને લઈને સર્જકના વિષયોના ક્ષેત્રમાં, તેની પસંદગીના રૂપોમાં ઘણો વધારો થયો છે એ એક મોટો લાભ આપણા સાહિત્યને થાય છે.

પરંતુ મૂલ્યપરિવર્તનનો જમાનો જ સર્જકો અને વિવેચકો માટે સાવચેત રહેવાનો જમાનો છે તાત્કાલિક પ્રત્યક્ષ પરિણામો લાવવા ઉપર વધારે પડતો ઝોક, પ્રચલિત પ્રગતિ પ્રવાહમાં ઘસડાઈ જવાનો સંભવ, અનુકરણ કરવાથી અમલની પ્રેરણા મળશે યા તો અમલની પ્રેરણાના પરિણામો સધાઈ જશે એવી મોટી આશા કે ધારણા, પ્રચારસાહિત્યનો વિવેક વગર ઉપયોગ વગેરે અનેક સ્ખલન સ્થાનો એમાં રહેલાં છે.

સત્યં; શિવં સુન્દરમ્‌ની પ્રાપ્તિ એ ગઈ પેઢીમાં માનવજીવનના અંતિમ ધ્યેય તરીકે મનાતી. દત્તાત્રેયની મૂર્તિ પેઠે આ ત્રિમૂર્તિ પણ અવિભાજ્ય છે. કોઈકને ભલે, આજના લેખકો પેઠે, શિવના બીભત્સ લાગતા સ્વરૂપ પ્રત્યે આકર્ષણ થાય અને ત્રણ મુખમાંથી એને જ તેઓ ત્રિપુંડ ભલે કરે. યા તો સુંદરમ્‌ના ઉપાસકો તેના અલંકારોની કીમત આંકી તેની ઉપયોગિતાથી મનમાં ભલે આનંદ પામે. આપણા જમાના સામે આટલું હશે ત્યાં સુધી ફરિયાદ નથી જ્યારે ત્રિમૂર્તિમાંથી એકને કાપીને જુદી પાડવાનો પ્રયત્ન થતો આજ કાલ જોવામાં આવે છે ત્યારે આપણને લાગે છે કે ત્રણેને અત્યાચાર થઈ રહ્યો છે. અને ત્રણેનું જીવન જોખમમાં છે બિભત્સરસના સ્વરૂપની કપની વાસ્તવિકતાનું યથાર્થ દર્શન થાય છે ત્યારે ત્યારે સુંદરતા અને સત્ય બન્નેનાં દર્શન પણ થાય છે. સાચો સાહિત્ય સર્જક ત્રણેમાંથી એકની પણ ઉપાસના કે દર્શન કરતા ત્રણેનાં દર્શનનું પુણ્ય પામે જ છે.

એટલે જ સત્યના અનુશીલનનો આગ્રહ રાખનારને જ્યારે છાતી ઠોકીને કહેવામાં આવે છે—' સત્ય !—સત્ય તો દીવા જેવું પ્રગટ છે ને !—સત્ય—નગ્ન, અને તમે માગતા હો તો, નગ્ન સત્ય શું તમે જોઈ શકતા નથી ' સમાજવાદ નહિ તો સત્ય શું છે ?—' કોઈ વાર ' મૂડી એટલે શું ? ' ' મૂડીવાદી કે મૂડીવાળો કોણ ? ' એ પ્રશ્નોનો વિચાર સરખો કર્યા વિના ' આખી સમાજ રચનાનો અંત લાવો ' એવો પોકાર પણ કરવામાં આવે છે, પરંતુ માનવ માની લે, કદાચ પોતે સમજી પણ જાય, સહેલાઈથી સ્વીકારી લે તથા આગ્રહપૂર્વક પોકારે તે જ ' સત્ય ' હરતું નથી સત્ય તો અનંત પાસાનો હીરો છે એટલે સમાજવાદમાં અને તેના આગ્રહમાં રહેલ સત્ય સ્વીકારતાં પણ સત્ય બાકી રહે છે.

જ્યારે સત્યના અંતિમ સ્વરૂપનો વિચાર કરીએ છીએ ત્યારે કવિઓને સાહિત્યમાં ઉચ્ચ સ્થાન શા માટે મળે છે તે સમજાય છે. કવિઓ સત્યના ' દ્રષ્ટા ' ગણાય છે, દ્રષ્ટા એટલે બુદ્ધિથી પર રહેલ સત્યને પણ પોતાની દૃષ્ટિથી જોનાર. વિવાદ કે આંકડાબાજી સત્યને પૂરવાર કરવાની ગૌણ પદ્ધતિઓ છે. સાચી રીત પ્રત્યક્ષ જ્ઞાનની છે—દર્શન કરીને જાણવાની છે એકવાર મુંબાઈ જોનારને મુંબાઈ છે જ નહિ તેના હજારો પુરાવાઓ આપવામાં આવે છતાં તેના જ્ઞાન પરથી તેની શ્રદ્ધા ડગાવી શકાતી નથી, તેમ દર્શન વડે પ્રાપ્ત કરેલ સત્ય ચીરંજીવી હોય છે, દૃઢપ્રતિષ્ઠ હોય છે. આંતરદૃષ્ટિ વડે સત્યનું દર્શન વાઙ્‌મય દેહના સંવાદિ અને સુંદર સ્વરૂપોમાં—પ્રેરણા પ્રેરિત વાણીમાં—રજુ કરનાર કવિ યથાર્થ રીતે ઉચ્ચ સ્થાનનો અધિકારી છે.

આવા મૂલ્યપરિવર્તનનાં જમાનામાં આપણને જીવનમાં મૌલિક સત્યોની ખોજ કરનાર યાત્રાળુઓની, સત્યની પ્રત્યક્ષ કરવા ખાતર સહૃદય પ્રયત્નો કરનાર ભગીરથોની, અંતરાત્માની કેટલીએ શામાયણો અને ચોકસીઓમાંથી પસાર થનાર શ્રોતાઓની જરૂર છે. સાહિત્ય જેમ સમકાલિન પેઢીનો પરિપાક હોય છે તેમ સમકાલિન સમાજની જરૂરીયાતોને તે પૂરી પાડે એ પણ સંભવિત છે અને ઇષ્ટ છે પરંતુ તેમાં પણ માનવજીવનના જેટલાં સનાતન તત્ત્વોને, સનાતન પ્રશ્નોને અને આત્માનાં ઊંડા મંથનોને જેટલી સચ્ચાઈપૂર્વક, જેટલે પ્રમાણિકપણે અને સૌંદર્યના નિત્ય નવીન સ્વરૂપોમાં જેટલી સચોટરીતે રજૂ કરી શકે તેટલે અંશે તે સાચું અને ચીરંજીવી

સાહિત્ય બને છે.

આનો અર્થ એવો નથી કરવાનો કે સમકાલિન પ્રશ્નોથી અને જીવનનાં મંથનોથી પર–નિર્લેપ–રહીને જ ઉત્તમોત્તમ સાહિત્ય સર્જન થઈ શકે. જીવનના મંથનમાંથી જ સાહિત્યનાં રત્નો સાંપડયાં છે–પછી ભલે તે મંથનો સમાજના કે પ્રજાના બાહ્ય જીવનથી નિર્લેપ દેખાતા જીવનમાં થયેલાં હોય પરંતુ કહેવાનો આશય એ છે કે તત્કાલિન જાહેર પ્રશ્નો મારફત, કે હૃદય હચમચાવી નાંખનાર અંગત મંથનોમાંથી સર્જકે જીવનના સનાતન, અતળ સાગરના ઊંડાણને પહોંચવાની–અને વાચકને ત્યાં લઈ જવાની–શક્તિ મેળવવી જોઈએ. સાચા સાહિત્ય સર્જનની એ શરત છે વહેતી નદી જેમ કાંઠાના લોકોની જરૂરિયાતો પૂરી પાડતી પણ પોતાના અંતિમ લક્ષ સાગરને પહોંચવાનું ચૂકતી નથી તેમ સાહિત્યની કૃતિએ પણ વર્તમાન જીવનની જરૂરને સંતોષી ચેતનાના ચીરંજીવી તત્ત્વો સાથે પોતાનો સંબંધ સ્થાપન કરવો જોઈએ આજનાં સર્જનોમાં આ શક્તિનો પરિચય ઓછો થાય છે એ કડવું સત્ય આપણે સ્વીકારવું જોઈએ

આમાં કોઈપણ પ્રકારની "વાદ'–"ઇઝમ"–અથવા વાદનો આગ્રહ મુકેલ નથી પરંતુ જ્યારે સાહિત્યમાં ઉધાડી આંખે સર્જન કરવાના પ્રયત્નો આજે થાય છે ત્યારે પોતાની કૃતિ કેટલે અંશે Inevitable–અપરિહાર્ય–છે એનો વિચાર પ્રત્યેક સર્જકે કરવો ઘટે છે. જીવન અને સાહિત્યનો સંબંધ અવિભાજ્ય છે એમ સ્વીકારતાં પણ આજકાલના કેટલાક લેખકો માને છે તેમ વાસ્તવિક જીવનની હૂબહૂ પ્રતિકૃતિ રજુ કરવી, યા તો જીવનનાં સડી ગયેલાં રૂપોનો વિકાસ કરવો, પ્રચલિત માન્યતાઓ અને ધોરણોથી મનને મુક્ત કરીને નવાં જ ધોરણો સ્થાપન કરવા પ્રયત્ન કરવો, જીવનની કડક સમાલોચના કરવી, કઠિન દામન ઉપર પ્રહાર કરવા, વગેરેમાં ઉત્તમોત્તમ સાહિત્યનો સમાવેશ થતો નથી અને ઉપયોગિતાની નજરે જોતાં પણ જણાય છે કે નમોગુણી, ચોકસાઈ ધોરણનો વિરોધ કરવો. લેખકને પોતાને ગમતા વાદને ધોરણોને બાજુએ મૂકીને પ્રચાર કરવો, વ્યક્તિના સ્વચ્છંદને સહકાર્ય દર્શાવવો, તથા જીવનના ગંદામાં ગંદા ખૂણાઓ ઉપર પ્રકાશ નાંખવો એટલેથી સાહિત્યસર્જનના ઉચ્ચમાં ઉચ્ચ હેતુઓ સધાતા નથી. ભૂતકાળને કલ્પના બળે જવલંત અને જીવંત કરવાથી પણ તે કાર્ય સધાતું નથી. આવી કૃતિઓની સેવા, કે ઉપયોગિતા અભાવાત્મક છે–ઉધારિયા છે એવા આઘાતોને પરિણામે જનસમાજનું જડ થઈ ગયેલ–બહેર મારી ગએલ, માનસ જાગ્રત થવાનો સંભવ છે, પરંતુ એનો એ પ્રયોગ જીવનનો સંજીવન મંત્ર જાણનાર વધારે સફળતાથી કરી શકે છે. અને વધારે સફળતાપૂર્વક તો એ કામ તે કરી શકશે જે એ થીજી ગયેલા માનસને જાગ્રત કરવાને જરૂરી પ્રાણની ઉષ્માનો પ્રવાહ જનસમાજ પર રેલાવી શકશે, જે માનવજીવનની કોઈ ભાવિ પૂર્ણતાના આદર્શનું દર્શન કરીને આદર્શ તથા વાસ્તવ વચ્ચેના અંતરને પોતાની સહૃદયતાના સેતુ વડે દૂર કરી શકશે અને પોતાના અમુલ્ય દર્શનને અન્ય માનવોની મિલ્કત બનાવી શકશે. આ માર્ગ ભાવાત્મક છે, પરંતુ દુષ્કર છે–દુર્ગપથ છે.

માનવમાં ત્રણ શક્યતાઓ ભેગી મળી છે તેનામાં પશુ છે, તેનામાં દેવ પણ છે. એ બન્નેનું મિલન સ્થાન માનવ છે સત્યનો શોધક માનવ ઊર્ધ્વદર્શી છે, શિવનો ઉપાસક માનવ ઉન્નતગામી બને છે. સૌંદર્યનો પૂજક સત્યને અને શિવને પ્રાપ્ત કરે છે જ પરંતુ વધારામાં તે સૌંદર્યના આનંદને પૃથ્વી ઉપર પ્રગટાવવા મથે છે પરંતુ આ ત્રણે અર્થોની સાધના કરતા માનવને તેની અંદર રહેલ પાશવતાનો પૂરેપૂરો ભાગ ઉચકીને યા તો તેને ફેંકી દઈને પોતાનું મસ્તક ઉન્નત રાખવું પડે છે. સત્યના અને શિવના ઉપાસકને પૃથ્વીની પાશવતાનો ભારનું ગુરુત્વાકર્ષણ એટલું લાગે એ સંભવિત છે. પરંતુ આનંદના રસિક સર્જકને એ અધોગામી આકર્ષણથી બહુ સંભળાવવાનું હોય છે.

'આનંદ પ્રાપ્તિ'–અને ઉપદેશ હોય ત્યાં પણ "કાંતા સંમિતતયા"–જ એ સાહિત્યસર્જનનો ઉદ્દેશ સમજાય છે ક્ષણે ક્ષણે નવનવીનતાના દર્શન કરાવનાર

રમણિયતાનો સાક્ષાત્કાર કરાવવો, રસાસ્વાદ કરાવવો એ સાહિત્યનો હેતુ છે. સાહિત્ય આનંદ તો આપે જ, રસાસ્વાદ કરાવે જ. પરંતુ એ તો ખરું જોતા એ અર્થમાં કે સૌંદર્યના રથમાં આરૂઢ થઇને સત્ય વગર પ્રયત્ને પોતાની વિજયયાત્રા કરે અને વાતાવરણમા આનંદની મધમધાટ મૂકી જાય. પરંતુ એ મધમધાટ શેની હશે? વાસનાતૃપ્તિની, સુરાની જ કે કામનાઓના તુચ્છ સંતોષની જ, કે માનવતાના વિરલ પ્રભાવની તેની ઉત્તમોત્તમ શક્યતાની, અને અધમાધમતામા રહેલ કરૂણતાની, તેના દિવ્ય બીજો એળે ગયા તેના શોકની, જીવનના અનંતપટ પર ચાલી રહેલાં ચિત્રોની વિચિત્રતાઓની અને છતાં તેમની અંદર વણાઇ રહેલી કોઇ સનાતન વસ્તુસંકલનાની ઝાંખીની અને સમજુતિની?

સાહિત્યસર્જનમાં જેટલે અંશે અને જેટલી સહેલાઇથી પાશવતાના ખેંચાણથી પોતાની જાતને સર્જક મૂક્ત કરી શકે છે તેટલે અંશે તે પોતે તો ઉન્નતગામી થાય છે જ પરંતુ સમસ્ત સમાજને પણ ઉંચે ચઢવામાં સહાય કરે એવા વાયુપ્રવાહો ને એવી ગતિ ઉત્પન્ન કરે છે. સાહિત્ય સર્જકનો જીવન સાથેનો સંબંધ અવિભાજ્ય હોવો જોઇએ એની આવશ્યકતા આ સંબંધમાં આપણને સમજાય છે. કેમકે જીવત સાહિત્ય એટલે માનવ મનનાં કેવળ દુર્લભ સ્વપ્નાંઓ જ નહિ, માતો શેખચલ્લીના જેવા મિથ્યા કલ્પનાના કે તરંગના વિહારો નહિ, યાનો અવાસ્તવિક વાતાવરણમાં અશક્ય ઉડ્ડયનો કેવળ નહિ, પરંતુ કોઇ દુષ્કર વિરલ સિદ્ધિ માટે મથતા આત્મની પ્રેરણા અને તેનો સાદ.

અત્યારે તો મોટે ભાગે પ્રેમના 'ત્રિકોણો,' સામાજીક રૂઢિગ્રસ્તના ઉપર પ્રહારો, પશ્ચિમ તરફથી ચાલતા વાદના અનુકરણીયા પ્રચારને વાસ્તવિકતાને નામે સપ્રમાણ ઠરાવવાના પ્રયત્નો જોવામાં આવે છે, જ્યારે સાચું સાહિત્ય ઓછું લખાય છે. પાશવ પ્રાણની ક્ષુધાઓની બેહદ રજુઆત એ ઉત્તમોત્તમ સાહિત્ય એ માન્યતા સાચી નથી એ સત્ય આપણા જમાનાએ સમજવાની જરૂર છે. વાસ્તવિકતાને નામે માનવની અશક્તિઓને અને અધમવૃત્તિઓને સ્વાભાવિક ઠરાવવી, અને સ્વાભાવિક છે તેથી સપ્રમાણ અને ઇષ્ટ છે એવું મનાવવાના પ્રયત્નો સાહિત્યના જે જમાનામાં થાય છે તે જર્જરિત અને અધોગામી. –Decadent– જમાનાના પુરોગામી જમાનાઓ હોય છે

સમાજવાદની પેઠે જ ભૌતિકશાસ્ત્રોની શોધોના અને જડવાદના અતિશયોક્તિ ભરેલા મૂલ્યાંકનમાંથી પણ એક પ્રકારની Utopia–પૂર્ણતાનું કલ્પના રાજ્ય–પ્રગટાવવાનું સ્વપ્ન પણ કેટલાક સાહિત્ય સર્જકો સેવે છે. આમાં પણ તેઓ જે વાસ્તવિકતાનો આગ્રહ રાખે છે તેનું અનુસરણ જાતે કરે તો તેમની એ–Utopia–સ્વપ્ન સૃષ્ટિ–કેટલી અવાસ્તવિક છે તેનો તેમને ખ્યાલ આવ્યા વિના નહિ રહે. મનાય છે કે ઘેરઘેર વિજળીની ઝળઝળતી બતીઓ થઇ જાય, ઝડપથી દોડતી મોટરો, રેડીઓ તથા વાયરલેસ તથા છેલ્લામાં છેલ્લી શોધખોળોની સગવડો સમાજની એકે એક વ્યક્તિને આપી શકાય તથા શરીરયાત્રા ટકાવવાનું કામ 'હાલમાં જેટલું' કઠણ છે તેટલુ ન હોય તો માનવને માટે સતયુગ આવ્યો ગણાય. આવી ભ્રમણામાં પડેલા લેખકોએ કાંઇ નહિ તો એક વાર આ બધી બાબતોમાં આગળ વધેલા પશ્ચિમના કોઇ દેશમાં, યા તો યુરોપથી પણ આગળ વધેલા અમેરિકામાં આંટો મારી આવવાની જરૂર છે. ત્યાં આજકાલની ઘણી શોધખોળો થયા પછી હયાતિમાં આવેલાં શહેરો છે. જેમાં એકએક શહેરીને આપણા સૌથી આધુનિક ગણાતા શહેરોમાં ધનવાનને પણ ન મળી શકે એવી સગવડો આજે પણ મળી રહી છે, એટલે ભૌતિકશોધોના અને જડવાદના હિમાયતીઓનું માની લીધેલું સ્વર્ગ આજે પણ પ્રગટ થયેલું છે. એમ છતાં તે પ્રજાથી "સુખ," 'આનંદ' "પૂર્ણતા" બીજી એ બાબતમાં પછાત ગણાતી પ્રજાઓના જેટલાં જ દૂર છે, આ કડવી વાસ્તવિકતા, વાસ્તવિકતાના હિમાયતીઓ એકવાર સમજી જાય તો જીવનના સનાતન પ્રશ્નોમાં અત્યારે દેખાય છે તે કરતાં અનેકગણી વધારે વાસ્તવિકતા તેમને લાગવા માંડશે. આથી ભૌતિક-

એમ નથી પરતુ એ કોઇ ગભીર પગલુ ભર્યા વિના ન રહી શકે એવી એના મનની ત્યારે સ્થિતિ હતી

પિતાનો પત્ર વાચીને વસત રડી હતી અને એ રુદને નિરંજનને ખળભળાવી મૂક્યો હતો પરતુ નિરજન પાસેથી વચન લઇને સૂર્યકાન્ત વસતને હિમત આપવા આવ્યો ત્યારે વસતને જોઇ એને આશ્ચર્યનો પાર ન રહ્યો એણે ધાર્યું હતુ કે વસતની આખો રડી રડીને ઉપસી આવી હશે અને એના મો ઉપરની તમામ નિશ્ચયરેખાઓ લુપ્ત થઇ ગઇ હશે પરતુ સૂર્યકાન્તે એ મુખ ઉપર એથી ઉલટા જ ભાવોના દર્શન કર્યાં આખો રડેલી અને ભીની હતી પરતુ એ ભીનાશમા લાચારી કે હતાશના ભાવો નહોતા એમા નિશ્ચયની ઝનક ચોક્ખી દેખાતી હતી સૂર્યકાન્ત એ જોતાં જ ચમક્યો ને મનમા આનદ પામ્યો ધીમે પગલે એ વસતની પાસે આવ્યો વસતે ખસીને એને બેસવા માટે થોડી જગ્યા આપી સૂર્યકાન્ત વસતના મો સામે જોતો મૂગો મૂગો બેઠો વસતે સૂર્યકાન્ત સામે એક દૃષ્ટિ ફેકી પોતાના પગ નીચે દબાવી રાખેલો કાગળ કાઢી એના હાથમા મૂક્યો સૂર્યકાન્તે વિશ્વાસપૂર્વક એ કાગળ વાચ્યો પોતે ધાર્યું હતુ એ જ એ કાગળમા હતુ સૂર્યકાન્તના મો ઉપર હર્ષની લાલી આવી ગઇ. એ બોલી ઊઠ્યો 'બહુ સરસ કર્યું !'

'મારી ઇચ્છા છે કે આજે જ લગ્ન કરી લેવા' વસત સૂર્યકાન્તના મુખભાવ જોતી બોલી

'આજે જ ?' સૂર્યકાન્ત આશ્ચર્યથી બોલી ઊઠ્યા

'હા એ પછી જ પિતાજી શાત થશે'

'પણ એમ '

'શો વાધો ?'

'એ યોગ્ય ન ગણાય' જરા સ્વસ્થ થઇને સૂર્યકાન્ત બોલ્યો 'તમારા ને નિરજન જેવા પાસે લોકો વિશેષ હિમતની આશા રાખે'

'હુ આ પ્રશ્ન લોકદૃષ્ટિએ નથી વિચારતી'

'ત્યારે ?'

'કેવળ અગત દૃષ્ટિએ જ વિચારુ છુ '

'આપણા જેવા માણસોથી એમ કહી શકાય જ નહિ કોઇ પ્રશ્ન કેવળ અગત હોઇ શકે જ નહિ હોવો જ ન જોઇએ '

'હુ એમ નથી માનતી ' વાત પૂરી કરવા માગતી હોય એમ વસત બોલી

'તમારે એમ માનવુ જોઇએ ' જરા ગભીર સ્વરે સૂર્યકાન્ત બોલ્યો વસતે ચમકીને એના સામે જોયુ 'તમારા કોઇ પણ વ્યવહારની લોકો ઉપર શી અસર થાય તે વિચારવુ જ જોઇએ અને જ્યારે એ વ્યવહારમા નિર્બળતા ભરી હોય ત્યારે તો ખાસ '

વસત વિચાર કરતી સૂર્યકાન્ત સામે જોઇ રહી સૂર્યકાન્ત ફરીને દૃઢ સ્વરે બોલ્યો 'તમારા વિશે હુ વધુ ન કહી શકુ, પણ નિરજન આ રીતે વર્તન કરવા કબૂલ થાય તો મને ભારે દુખ થાય હુ માનુ કે નિરજને એના જીવનની અમૂલ્ય કારકિર્દી ખોઇ નાખી'

'પણ આ તો સાવ અગત પ્રશ્ન છે, લોકોને આ સાથે શી લેવા દેવા ?' પોતે હારતી હોય એમ વસત બોલી

'કેમ લેવા દેવા નહિ ? નિરજન અને હુ લોકોના અગત વ્યવહારોમા ક્રાંતિ નથી સૂચવતા ? અને અયોગ્ય લગ્નોને નથી અટકાવતા ? લોકો નિર્ભય થાય એવુ નથી વિચરતા અને નથી આચરતા ? આ પ્રશ્ન અગત તો પ્રેમ, પસદગી અને સહચાર પૂરતો જ છે એની વ્યવહારબાજુ સાથે તો લોકોને બહુ સબધ છે નિરજનને અને તમને હુ એટલા કાયર કહી શકતો જ નથી કે ભાગેડુની પેઠે તમે પરણી જાવ ' સૂર્યકાન્ત જરા ઉશ્કેરાઇને બોલ્યો વસત એના ઉગ્ર થતા મો સામે જોઇ રહી થોડીવાર ગભીર મૌન પ્રસરી રહ્યુ અને એના પરિણામરૂપે વસતે સૂર્યકાન્તના હાથમા રહેલો કાગળ હળવેકથી ખેચી લઇ ફાડવા માડ્યો કાગળના ચીરા સાથે જ સૂર્યકાન્તની ઉગ્રતા શમવા લાગી

* * *

આઠ દિવસ વીતી ગયા છે વસતે પિતાને જવાબ

લખ્યો નથી. દરેક ટપાલમાં એ બીજા કાગળની રાહ જુએ છે. નિરંજન તે દિવસથી ગંભીર બન્યો છે. છેલ્લા આઠ દિવસમાં એકેય વખત એણે આ વિષે સામાન્ય સવાલ જવાબ ઉપરાંત ચર્ચા કરી નથી. સૂર્યકાન્ત બંનેની વચ્ચે, હતો તે કરતાં પીઢ બન્યો છે. બંનેને કંઈક અંશે એ સહાયરૂપ છે અને દોરી રહ્યો છે. મશ્કરીની મઝા હમણાં ક્યાંય ડૂબી ગઈ છે.

બરાબર નવમે દિવસે સવારે વસંત સૂર્યકાન્ત સાથે વાત કરતી હતી. એ કહેતી હતી કે 'પિતાનો કાગળ નથી એટલે મારા મનમાં અશુભ શંકાઓ ઊઠે છે. એમ થાય છે કે હું ઘેર જાઉં અને પિતા સાથે વાત કરી લઉં. પિતા મને દુઃખી નહિ કરી શકે.' સૂર્યકાન્ત ખાસ જવાબ આપતો નહોતો પણ વસંતની વાત એને ઠીક લાગતી હતી. ત્યાંથી એ નિરંજન પાસે ગયો અને એને આ વાત કરી. નિરંજન કંઈ બોલ્યા વિના સૂર્યકાન્ત સામે જોઈ રહ્યો. સૂર્યકાન્ત એનું મૌન સહન કરી શક્યો નહિ. એણે પૂછ્યું: 'તારો શો અભિપ્રાય છે?'

'જે વસંતનો અભિપ્રાય હોય.' નિરંજને જવાબ આપ્યો.

સૂર્યકાન્ત એની સામે તાકી રહ્યો. આઠ દિવસ પહેલાં નિરંજને આપેલું વચન એને કરુણ રીતે યાદ આવ્યું. એ વધુ પ્રશ્નો પૂછી શક્યો નહિ. ઊઠતા ઊઠતાં એટલું જ બોલ્યો: મેં આવું નહોતું ધાર્યું.' જવાબમાં નિરંજન દુઃખભર્યાં નેત્રે એની સામે જોઈ રહ્યો.

*   *   *

'**મારાથી** આ નથી જોવાતું'

બે દિવસ પછીની એક મધરાતે નિરંજન અને સૂર્યકાન્ત રસ્તા ઉપરના નાળા ઉપર બેઠા બેઠા વાતો કરતા હતા. નિરંજનની આંખો સહેજ ભીની હતી. સૂર્યકાન્ત ઊંડી ચિંતામાં ડૂબતો હોય એમ ગંભીર હતો.

'તું ઘણો જ ઢીલો છે. લગ્નનો પ્રશ્ન અત્યારે ક્રાંતિકાળમાં છે. દરેક નવાં લગ્નમાં આવું બનશે જ' સૂર્યકાન્તે જવાબ આપ્યો.

'તો મારે લગ્ન નથી કરવાં. વસંતને હું ગંભી જોઈ શકતો જ નથી. છેલ્લા દસ દિવસ થયા હું આંખો ખેંચી ખેંચીને શોધી રહ્યો છું પણ પેલી વસંત દેખાતી જ નથી. એના ઉપર જાણે ઘેરી વાદળી ઢંકાઈ ગઈ!'

'પણ આવું તો બને જ. આ વાદળી લાંબા જીવનની સરખામણીમાં તદ્દન ક્ષણિક છે. તું ભાવી જીવનને કેમ જોઈ શકતો જ નથી?'

'હું જોઈ શકું છું. મને એમ છે કે વસંત માતાપિતાની ઇચ્છા વિરુદ્ધ લગ્ન કરશે તો એ મને મેળવશે પણ માતાપિતા તો ગુમાવશે જ. અને એ એને ડંખ્યા જ કરવાનું છે.'

'નિરંજન.' સૂર્યકાન્ત એને પડકારતો હોય એમ બોલી ગયો. 'બાળક બની ગયો છે કે શું? સંસારનું અવલોકન જ સાવ વિસરી ગયો છે? પ્રેમ, કર્તવ્ય, સ્વતંત્રતા ઇત્યાદી જીવનસૂત્રો જીવનમાં ઉતર્યાં જ નથી કે શું?'

'એ ગમે તેમ હોય, 'મારાથી આ સહન નથી થતું' થાકેલા સ્વરે નિરંજન બોલ્યો.

'તો તું હમણાં અહીંથી ચાલ્યો જા. થોડા દિવસમાં આ પ્રશ્ન પતી જશે; પછી તું આવજે.'

નિરંજનથી લગીર ચમકી જવાયું પણ સૂર્યકાન્તની આ સૂચના એને ઠીક લાગી.

અને એ જ વખતે સૂર્યકાન્તની સલાહ લઈ એણે પોતાનો કાર્યક્રમ ઘડવા માંડ્યો.

'એક મહિનામાં આ પ્રશ્ન પતી જ જશે. જો કે વસંત તો એટલી અધીરી થઈ છે કે માતાપિતાને મળતાં જ આ વાતનો ફેંસલો લાવશે' સૂર્યકાન્તે કહ્યું.

'પણ મને તો થાય છે કે હું એકાદ વર્ષ પ્રવાસમાં જ ગાળી નાખું.' કંઈક ડરતો હોય તેમ નિરંજન બોલ્યો.

'એક વર્ષ? એક વર્ષ શા માટે?'

'ત્યા સુધીમાં બધું પતી જશે'

'હું ન સમજ્યો.' કંઈક ગભરાતો હોય એમ સૂર્યકાન્ત બોલ્યો.

'હું સમજતી નથી. તમે આ શું બોલો છો ?'

'કહું, ફરી કહું' બબડતો હોય એમ નિરંજન બોલ્યો અને પળવાર ગંભીર બની એણે કહેવા માંડ્યું : 'મને થાય છે કે તું દુઃખી થઈ રહી છે અને તે પણ મારા માટે . '

'તમને કોણે કહ્યું ?'

'તું સાંભળ. મારાથી એ સહન નથી થતું. હું તારું દુઃખ નથી જોઈ શકતો માતાપિતાની અવજ્ઞા તું નહિ કરી શકે. તું તે દિવસે કહેતી હતી તે સાચી વાત છે એમણે તારા ઉપર વિશ્વાસ મૂકી મરજી અને સ્વાતંત્ર્ય આપ્યા, લોકનિંદા સહન કરી તારો વિકાસ માગ્યો. તારાથી હવે એમને . '

'મારે આ નથી સાંભળવું. હું બધું સમજું છું તમને આ બધું શું થયું છે ?'

વસંત ' નિરંજનનો ઉશ્કેરાયેલો અવાજ જરા શાંત પડ્યો 'એક વાત પૂછું ?'

વસંતે હા પાડી

'માતાપિતા કહે કે એમ ન થઈ શકે ?'

વસંત જવાબ ન આપી શકી એની આંખો નિરંજન સામે મંડાઈ રહી

મને એથી લગીર પણ દુઃખ નહિ થાય '

'સાચું કહો છો ?' વસંત બોલી.

'હા' નિરંજને જવાબ આપ્યો.

વસંત કંઈ ન બોલતા ઊભી થઈ અને નિરંજનને સૂર્યકાન્તના વરના એ જ ઓરડામાં એકલો મૂકી બહાર ચાલી ગઈ વિચારોમાં ગૂંચવાતો નિરંજન ત્યાં જ બેસી રહ્યો

* * *

બપોરે સૂર્યકાન્ત ઘેર આવ્યો ત્યારે નિરંજન પાસેથી એણે થોડીક વાત સાંભળી અને એ ઉપર વધુ વિચાર કરવા જતાં હતા એને સ્ટેશનેથી આવેલી ચિઠ્ઠી મળી

'ચિર સૂર્યકાન્ત

ઘેર આવ્યા જવાનું ઠીક લાગ્યું એટલે તમને જણાવ્યા વિના જાઉં છું સાથે આવેલ ઘણા બીજા સાથીઓને જેમ તેમ સમજાવી દેજો નિરંજનને ઘેર પહોંચ્યા પછી કાગળ લખીશ તમારા બધા પ્રયત્નો ધૂળ મળ્યા તે મેં જોયું.

તમારી બેન

વસંત.'

ચિઠ્ઠી વાંચી સૂર્યકાન્તે નિરંજનના હાથમાં મૂકી. નિરંજનની આંખો અક્ષરો ઉપર ફરી ગઈ પણ અનેક વિચારોથી ઘેરાયેલું મન કંઈ વિચારી શક્યું નહિ.

'તેં બહુ ખરાબ કર્યું' ' સૂર્યકાન્ત બોલ્યો. નિરંજને સાંભળી લીધું.

'તેં વાત જ શા માટે કરી ? હું આટલા માટે જ તને બહારગામ મોકલવા ઈચ્છતો હતો. હું જાણતો હતો કે તારું મગજ હમણાં ઠેકાણે નથી '

નિરંજન કંઈ પણ બોલ્યા વિના ઉઘાડી આંખે જોઈ જ રહ્યો એનું મન જાણે બધિર બનવા લાગ્યું.

'નિરંજન !' નિરંજનના મોં ઉપર વિચિત્ર ભાવો જોતા સૂર્યકાન્ત બોલી ઊઠ્યો નિરંજન ઉંઘમાંથી જાગતો હોય એમ ઝબક્યો અને એણે હોંકારો દીધો

'તું કંઈ મુંઝાય છે ?' છેક નજીક આવીને સૂર્યકાન્ત બોલ્યો.

'એમ થાય છે કે ભૂલ થઈ ગઈ ' નિરંજન અત્યંત ધીમા સાદે બોલ્યો સૂર્યકાન્ત સામે જોતા એણે બીજા ઉદ્‌ગારો કાઢ્યા 'વસંત હવે નહિ આવે...મેં એને દુઃખી કરી ' સૂર્યકાન્ત આશ્ચર્યપૂર્વક નિરંજન સામે તાકી રહ્યો 'સાચું કહું છું ' કચવામણે સ્વરે નિરંજન બોલ્યો.

'બધું ઠીક થઈ રહેશે ' આશ્વાસન આપતો હોય એમ સૂર્યકાન્તે કહ્યું. 'વસંત તારા જેવી ભૂલ નહિ કરે એ કેમ ગઈ એનું જ મને આશ્ચર્ય થાય છે '

'હું નથી ગઈ ' વસંતનો અવાજ સંભળાયો અને બીજી જ ક્ષણે એ બારણામાં ઊભેલી દેખાઈ

'હેં !' નિરંજન બોલી ઊઠ્યો એના શરીરમાં વ્યાપેલું ચેતન જાણે આંખમાં ધસી આવ્યું એ ઊઠી શક્યો નહિ પણ એની આંખોમાંથી કિરણો છૂટ્યાં અને વસંતની આંખમાં પ્રવેશ્યાં વસંત દોડીને એને પગે પડી સૂર્યકાન્ત હળવેકથી ઊઠીને ઓરડા બહાર ચાલ્યો ગયો.

મહાસભા અને
આપણો સંસ્કૃતિ-પ્રવાહ

શ્રી. મગનભાઈ દેસાઈ

અખિલ ભારતીય રાષ્ટ્રીય મહાસભાની અનેકાનેક સેવાઓની કદર થઈ છે, અને જેમ જેમ સમય જતો જાય છે તેમ તેમ તેની નવી નવી કદરની દિશાઓ સૂઝતી જ જાય છે. આ લેખમાં એક એવા પ્રકારની અને અતિ મૂલ્યવાન સેવાનું દિગ્દર્શન કરાવવા ચાહું છું. તે કરવાને માટે વાચકને જરા આપણા દેશના ઇતિહાસમાં લઈ જવો જોઈશે.

પહેલું તો એ ખ્યાલમાં લેવાની જરૂર છે કે, રાષ્ટ્રીય મહાસભાની અર્ધ સૈકાની સેવા આપણા સળંગ ઇતિહાસનો જ છેલ્લો મણકો છે. આમે પણ વિચારો તો, સ્વતંત્ર રીતે પણ ૫૦ સાલ સુધી જીવંત ને અથાક સેવા કરનારી સંસ્થા પોતે જ એક ઇતિહાસની યુગ-વિધાયક થઈ પડે, અને એવી રીતે પણ આ આપણી સંસ્થાએ હિંદના જીવનમાં નવીન યુગ નિર્માણ કર્યું છે એ તો આજ આપણા વિરોધીઓ અને આખું જગત પણ કહે છે. પણ, આ લેખમાં એ ઉપરાંતનું એક સમીક્ષણ રજૂ કરવાનું છે, અને તે એ કે, હિંદી રાષ્ટ્રીય મહાસભાએ આપણા દેશમાં નવો યુગ નિર્માણ કર્યો છે એ તો ખરું જ. પરંતુ એ યુગ આપણા પ્રજાકીય વિકાસ અને ખાસ ગુણને અનુરૂપ જ છે: આપણો આખો ઇતિહાસ જોઈએ તો તેની પરંપરામાં બરોબર બંધબેસતો આવે એવો તે અનુરૂપ મણકો, આ આપણી રાષ્ટ્રીય મહાસભાની કારકિર્દી છે.

ઇતિહાસના આદિકાળથી આપણે ત્યાં સરહદથી નવી નવી કોમો આવતી જ ગઈ છે, મૂળ વતનીઓ જોડે ઝઘડી છે, અને પોતપોતાના સંસ્કારબળ અને સુધારા-બળ પ્રમાણે આપણા પ્રજા-શરીરમાં ગોઠવાતી ગઈ છે. આવા પ્રકારનું પ્રજાકીય સંઘટન થતાં થતાં જ આપણી આર્ય-સંસ્કૃતિ ઘડાઈ હતી ને આજ આપણી આખી સંસ્કૃતિના સાચા પ્રાણરૂપે રહેલી છે. આ પ્રકારના સંઘટનથી અને જે જાતનું જીવનતત્ત્વ ને તેની ફિલસૂફી આપણે આ ભૂમિમાં કેળવ્યા તે પરથી, આપણને આખી પ્રજા તરીકે એક વાત બહુ સરસ આવડી છે, ને તે પ્રજાઓનો સમન્વય કરી એકસાથે હળીમળીને રહેવાનું. જરૂર પડે કે ધીરજ ખૂટે તો માંહોમાંહે લડવાના પ્રસંગો નહોતા આવ્યા એમ કહેવાનો આશય નથી. એ તો માત્ર ખોટી બીના જ ઠરે. પરંતુ, લડી વઢીને, પણ છેવટે એકમેકમાં મળીને રહેવાનો રસ્તો આપણે શોધ્યો છે. આ ટૂંકમાં આપણાં ખ્રિસ્તી સનનાં પહેલાં ૧૦ સૈકાંની સમીક્ષા ગણાય. એ સૈકાંનાં બે ત્રણેક લક્ષણ તરફ ખાસ ધ્યાન દોરવાની જરૂર છે.

આ સૈકામાં વિદ્યા અને જ્ઞાનનો વિકાસ સારી પેઠે થયેલો એની કોઇ ના ન પાડે. પરંતુ એના ભોગીલોક ઉપલા બે વર્ણ જ મોટે ભાગે હતા, અને જ્ઞાનની તથા વિકાસની પદ્ધતિ વિશેષ સાક્ષરી હતી, એમ આજની પરિભાષામાં કહીએ તો ચાલે. એટલે 'સ્ત્રીઓ, વૈશ્યાસ્તથા શૂદ્રાઃ' જાણે બહાર જ રહી જતાં અને અસ્પૃશ્ય વર્ણો તો દૂર જ હતા. આત્મૈક્ય અને સમન્વયની સંસ્કૃતિમાં આ એક ભારે પ્રમાદ હતો. ઊંચનીચભાવનું ઝેર પ્રજાશરીરમાં નીપજવા પામ્યું હતું એની ના ન પડાય, જે ઝેર કાળાન્તરે વધતું જ ગયું છે.

બીજી એક વસ્તુ એ કે, જે નવી નવી પ્રજાઓ આવતી કે જૂની અહીં વસેલી હતી તે બધીના કરતાં આર્યપ્રજા પાસે વધારે સારી સંસ્કૃતિ હતી. એથી કરીને એકીકરણનું કામ એકધારું ચાલી શકતું હતું. અને એમાં પણ આર્યોનો હાથ ઉપર રહેલો હતો. વૈદિક, બૌદ્ધ કે જૈન વિચારસૃષ્ટિઓ આખરે એક જ થડની શાખાઓ હતી. એક અપવાદ નોંધવો જોઈએ અને તે ગુજરાતમાં આવીને વસેલા પારસીઓનો. તે ધર્મત્રાસના માર્યા પોતાના વતનને છોડી અહીં આવ્યા. તેમને મૂળ વતનીઓએ નિરાંતે પોતા ભેગા રાખ્યા. પણ એમા એક વસ્તુ હતી જે કદાચ ઓછી ધ્યાનમાં આવી છેઃ કે પારસીધર્મ ધર્માન્તકારી-'મીશનરી' નથી. તેમને પોતાની આત્મપ્રીત્યર્થે જે ધર્મ પાળવો હતો તે તેમને પાળવા દેવામાં આવે અને નિરાંતે ગૃહસ્થ-જીવન ગાળવા દેવામાં આવે, તો તેઓ પ્રસન્ન હતા.

એટલે આ સૈકામાં આપણી પ્રજામાં બે વસ્તુ ઘડાયેલી જોવામાં આવીઃ—

(૧) પ્રજાઓનું સમન્વિત એકીકરણ કરવાની આવડત. પરંતુ તેમાં એક પ્રકારની ગફલત રહી હતી કે, નીચલા વર્ણો માટે ઓછી દરકાર થાય એવી જ્ઞાનપદ્ધતિ હતી. આ બાબતમાં એક મર્યાદા આંકવી જોઇએ જે હું પછીથી ચર્ચું છું.

(૨) આ એકીકરણમાં આર્યસંસ્કૃતિનો પ્રધાન હાથ હતો.

ઉપર વિદ્યા અને જ્ઞાનની વિકાસપદ્ધતિ વિષે વાત કરતાં મેં એક આક્ષેપક કથન કર્યું છે કે, તેમાંથી નીચલા વર્ણોની ઉપેક્ષા જન્મી હોય આજ પણ આ ઉપેક્ષા ચાલુ છે ને તે જો જોઇએ તો એ આક્ષેપ આપણે સ્વીકારવો તો ઘટે. અરે, આ ઉપેક્ષાનું જોર તો એવું છે કે, જૈન, શીખ, ખ્રિસ્તી ને ઇસ્લામ કોમોને પણ એનો પાસ લાગ્યો હતો. પરંતુ, એમાં એક વસ્તુ અહીં નોંધવી જોઇએ, તો જ આ ઐતિહાસિક સમાલોચના સાચી ઠરે. અને તે બૌદ્ધ, જૈન તથા ભાગવત ધર્મોનું કાર્ય. આ ત્રણમાંથી બે ધર્મોએ લોકભાષામાં જ પોતાનું કામ કર્યું અને વેદપ્રામાણ્યની પણ પરવા ન રાખી; અને ત્રણે ધર્મોનાં દ્વાર સૌ કોમને માટે સરખાં ખુલ્લાં હતાં. અને એજ ત્રણ ધાર્મિક બળોમાંથી ૧૧મા સૈકા બાદ સંતધર્મનો ઉદય થયો, કે જેમાં નીચલા વર્ણોની ઉપેક્ષા ટળી એમજ નહિ, એ ધર્મને જોરે એ બધા વર્ણો પણ હિંદુધર્મનાં ઉત્તમોત્તમ રહસ્ય, પોતાની ભાષામાં અને પોતાને ગમ્ય એવી સરળ શૈલીમાં, પામ્યા છે ૧૦ સૈકાના આપણા વિકાસની સમાલોચના કરતી વખતે, બૌદ્ધ, જૈન અને ભાગવત (કે એકાંતિક) ધર્મની આ મોટી સેવા ભૂલવી ન જોઇએ કેમ કે તે ત્રણે પણ એ વિકાસનાં ઓતપ્રોત બળો હતાં.

૨

એ આપણા પ્રાચીન કાળમાંથી નીકળ્યાનું ઐતિહાસિક સીમાચિહ્ન ઇસ્લામી પ્રજાઓનું આપણા દેશમાં આગમન છે. આ પ્રજા પાસે બે વસ્તુ નવી હતી, જેથી કરીને પૂર્વે આવેલી પ્રાચીન પ્રજાઓ કરતાં એમના આગમનની અસર જુદી જ થઇ. આ બે વસ્તુ તે નીચે પ્રમાણે છેઃ—

૧. પોતાના ધર્મ માટે ઝનૂનભર્યું અભિમાન ને તે અન્યધર્મીઓને આપવાનો ઉછાળો. ટૂંકમાં, તેઓ મિશનરી-ધર્માંતરકારી પ્રજા હતા.

૨. એક સાદીસરળ આધ્યાત્મિક માન્યતા, તેનો પેગંબર, અને તેનો ખલીફ અને સૌ-સમાનની ભાવના : આ બધાથી તેમનું જોર ને ઝનૂન ભારે

મોટું હતું

દરેક પ્રજાકીય સંઘર્ષ વખતે બને તેમ, આ વેળા પણ સમાજમાં નરાજૂની તો જાગી જ. રાજકીય ક્ષેત્રમાં મુસલમાન સત્તાએ પગપેસારો કર્યો અને એક વાર તો બધું ડામાડોળ થઇ ગયું. સમાજ-ક્ષેત્રમાં કાંઇક ઓલિયા પીરની અસરથી, કાંઇક હિંદુ સમાજના ઊંચનીચભાવને કારણે, ને રાજસત્તાની ધાક તથા જોરજુલમ પણ મદદમાં આવીને, ધર્માન્તર થવા લાગ્યું. પણ ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં રામાનંદ, કબીર, ધનો, પીપો, નાનક, તુલસી, ચૈતન્ય વગેરે સંતોએ હિંદના પુરાણા ધર્મનું મંથન કરી જે નવનીત કાઢ્યું તે નવા ધર્મ સામે ટક્કર ઝીલવા સમર્થ નીવડ્યું. ઇસ્લામના ઓલિયા તથા આ સંતો ભક્તિમાં એક બનવા લાગ્યા. બીજી બાજુથી લૌકિક દસ્તાનમમાં હિંદુ ધર્મના લોકાચારના ને તેની માન્યતાના ઠાઠા ઊંડા લાગ્યા નથી લૂખી અદ્વૈતભાવના લોકમાનસને કેટલોક કાળ રુચે? ભક્તિના ભીનાશને વહેમના જાળાં ભમાં ભળવા લાગ્યા.

મોગલોના જમાના લગીમાં આ સંઘર્ષ ધાળે પડવા લાગ્યો ને સમન્વયના નિશાન સમો અકબર પેદા થયો. એટલે સુધી એ દિશામાં તે ગયો કે એક નવો સમન્વિત ધર્મ જ તેણે સ્થાપવા બીડું ઝડપ્યું! ધર્મસ્થાપન નાનક કે પંડિતનું જ કામ હોત તે એ રાજ્ય તે કરી શકત. છતાં આપણા સમન્વયના ઇતિહાસમાં આ બીના પણ યાદ રાખવા જેવી છે. એના જ સમકાલિન ગુરુ નાનક એમની ધર્મભાવના ને નન િવિશાળ ... ને મર્યાદી હતી. ધર્મ-ક્ષેત્રમાં એમણે હિંદુધર્મની તે ... તેને અનુરૂપ અકૃતિ આત્મમંથન કરી ઉતારી. પણ અકબરનો આ શુભ આરંભ તેના વંશમાં ટક્યો નહિ. ઔરંગઝેબે અકબરનું કર્યું કારવ્યું ધોયું ધાર્યું. ઇસ્લામનું ઝિંગનરી રાજ્ય જ એક નીવડ્યું અને ઉપાય શો? વગર આપણું ઐતિહાસિક કાર્ય-સમન્વયનું થોભશે કે વિફળ જશે એ જ સ્થિતિ આવીને ઊભી ... અગર આ સામે એ એકવાર તો ઔરંગઝેબના કાર્યને તોડી ... અને મરાઠાઓ હિંદને એક છત્ર તળે કરવા લાગી

ગયા. તેમાં એમને ઠીક અંશે સફળતા મળી. એની ના ન કહેવાય. પછી આગળ વધવાનું હતું. સંતધર્મનું પાન કરનારા આ લોકો આગળ વધત પણ ત્યાં તો કાળબળે ગોરી પ્રજાનો નવો ઉમેરો અહીં કર્યો. મુસલમાન પ્રજા ને હિંદુ પ્રજા સૌ સ્થિર રાજતંત્ર થતાં હળીમળીને રહેતા શીખે એ આજના આપણા ગામડાં જોતાં પણ સિદ્ધ થાય છે. પરંતુ ધર્માંતરકારી સંઘર્ષનું અમોઘ શું? તે જડે તે પહેલાં એવા જ ગુણના સંઘ ... હાથવાળી ગોરી પ્રજા અહીં આવી. અને એણે વળી એક નવો કોયડો ઉમેર્યો. આજ સુધી આવેલી પ્રજાઓ અહીં જ વસી હતી. આ પ્રજા તો રાજ હાથ કરતાં છતાં આજસુધી પારદેશી ને પરદેશી જ રહી છે! આ એક સાવ નવી વસ્તુ હતી. આપણા લોકો આ વસ્તુને સમજી જ ન શક્યા. પ્રજા આવે, લડે-વઢે, પણ પછી ઘર કરી રહે ને એક સાથે સંસાર ચલાવે—આ આપણો ઇતિહાસ—જૂનો અનુભવ. તૈમૂર સિકંદર જેવા પણ આ લોકો નહોતા કે, આવી લૂંટી કે જીતીને ગયા, ને નામશેષ થયા.

એટલે આ નવયુગમાં વસ્તુસ્થિતિ આમ થઇ કે, આપણી સામે એક પ્રશ્ન હતો જ—હિંદુ મુસ્લીમ એકતાનો ... જ વચ્ચે અંગ્રેજો આવ્યા ને એણે આપણા ઇતિહાસમાં પહેલપ્રથમ પરદેશી સત્તા નાખી.*

આ પરદેશી સત્તાને સમન્વય પાચવે એમ નહોતો. કદાચ પશ્ચિમમાં એ જાતનું તત્ત્વ જ અજાણ્યું હોવાથી અગ્રે તે ... જોઇ જ ન શક્યા હોય. ગમે તેમ હો, સમન્વયનો સ્વાદ ચખાયો, વધારે ... તેમાં નવી વિધિઓ, નવા કોયડા ઉમેરાયા. પણ એ પ્રસાદ ... જ હતો. અની પૂરી સાબિતી તો એ કે ૧૯મા સૈકાના પ્રારંભ ... આપણી સમન્વયની નજર ખીલવવા

*અહીં એટલું ખાસ નોંધવા જેવું છે કે અકબર, ઔરંગઝેબ હિંદી હતા, હિંદી તરીકે જીવ્યા ને મર્યા. એક હિંદ જોવામાં એકને એનો ધર્મ આડે આવ્યો ને એણે આત્મ ... કર્યાં. મુસલમાનો દેશમાં વાસ કરીને રહ્યા. પછી તેમણે જે લડાઇઓ કરી તે ખરી આન્તર-કલહ હતી. આ આપણા અંગ્રેજ ઇતિહાસશિક્ષકોએ નથી શીખવ્યું, પણ આપણે બરોબર યાદ કરવા જેવું છે.

લાગ્યા. અંગ્રેજ પ્રજા, તેનો ધર્મ, તેની વિદ્યાઓને અપનાવવા તરફ ધ્યાન ગયું. રામમોહનરાયના પ્રયત્નો આવી જાતના હતા. અંગ્રેજી કેળવણી એ દિશામાં લઈ જતી હતી. પણ આ પ્રવાહને સમન્વય કહી ન શકાય, અને તે એટલા જ કારણે કે અંગ્રેજ પ્રજા ભૂમિયા બનવા તૈયાર નહોતી. એટલે આ બધું આપણી શક્તિ વધારવામાં સંગીન ન નીવડ્યું. અને આ કાળની મોટી આફત એ જ હતી કે હિંદીઓને આ એક મોટી બીના ધ્યાનમાં જ ન આવી. ૧૮૫૮માં દૂર દેશની રાણી આપણી મહારાણી થઈ છતાંય આ એક આપણા ઇતિહાસમાં નવીન જ બને છે એ આપણને ખ્યાલમાં ન આવ્યું. ખરેખર પરાયા રાજતંત્ર તળે પહેલી વાર જ આવીએ છીએ એ આપણને ન સમજાયું. રાજતંત્ર શાંતિ સ્થાપે છે એટલે બસ; આપણે ઊંઘતા રહ્યા, અથવા જાગ્યા તોય એ એક મુખ્ય અંધારાના જ પ્રકાશમાં !

એટલે ત્યારે ઇસ્લામ અને ખ્રિસ્તી સંસ્કૃતિ આવતાં, સમન્વયના ક્ષેત્રમાં જે જે પ્રશ્નો ઊભા થયા છે એ સમજીએ તો જ રાષ્ટ્રીય મહાસભાએ એમને અંગે શું કર્યું તે સમજાશે. અને એ આપણી ચર્ચાનું મંડાણ પણ છે.

અંગ્રેજી સામ્રાજ્ય સ્થપાયું ત્યારે મોટો પ્રશ્ન તો ખરું જોતાં, એ સ્થાપના જ બન્યો. આપણી ઉપર પહેલપ્રથમ પરદેશીસત્તા સ્થપાઈ પરંતુ જૂની પરંપરામાં ઊછરેલી આપણી પ્રજા એ સમજી ન શકી. સમન્વય મરજીવસત્તાનો જ સંભવે. આ નવી પ્રજાએ તો 'ઉદર સિન્ધીના સમન્વય'ની ભાવના જગવવા માંડી.

પણ, આ પ્રશ્નની પૂર્વનો પ્રશ્ન અણઉકલ્યો જ હતો. અને તે ઇસ્લામના મંથાંનો. ઉપર જોઈ આવ્યા કે તેનું નવીન લક્ષણ ધર્માન્તરકારિતા હતું. આપણી નવી સમાજ-ફિલસૂફીએ આ પ્રશ્નનો ઉતર આપવાનો હતો. એ પ્રશ્ન ઊકલવા લાગે ત્યાં જ તેમાં અંગ્રેજોના આગમન ને રાજ્યસ્થાપનાની નવી પંચાત ઊભી થઈ. અંગ્રેજોનો ધર્મ પણ ધર્માન્તરકારી; એટલા પૂરતો પેલો જૂનો પ્રશ્ન વધુ ગૂંચવાળો બન્યો: જગતના મિશનરી અને બિન-મિશનરી ધર્મોનું રણક્ષેત્ર જ હિંદમાં સ્થપાયું. પણ એનાથી વધારે અઘરો કોયડો તો અંગ્રેજ રાજકર્તાઓએ આ ધર્મભેદને રાજકીય રૂપ આપ્યું તે બન્યો. પરિણામે ધર્મને કારણે જે ભેદ મોટે ભાગે ભૂલાતા ગયા હતા તે જ ભેદ રાજકીય કારણે જાગ્યા, જેમાંથી આજ કોમી ઐક્યનો મોટો પ્રશ્ન થઈ પડ્યો છે. માત્ર અંતરનો સૂક્ષ્મ સવાલ જે હતો તેને બાહ્યગણનાનો ને દુન્યવી સ્થૂલતાનો બનાવી મૂકાયો છે. જેવું ગુરુ નાનકે તેમના જમાના માટે કહેલું કે, કોઈ હિંદુ નથી કે કોઈ મુસલમાન નથી; તેવું જ આજના માટે એકવાર ગાંધીજીએ કહ્યું હતું—આપણ સૌ સરખા જ નાસ્તિક બન્યા છીએ; નહિ તો આપણ સૌ રામરહિમનાં બાળકો સહેજે એક થઈ શકત.

એટલે, સારાંશરૂપે બે વસ્તુઓ આપણી સંસ્કૃતિની પાસે ઉકેલ માગતી પડી હતી :—

૧. ધર્માન્તકારી સંપ્રદાયોનો નોડ શો ?
૨. જે પ્રજા પરદેશી જ રહેવા માગે છે તેનું શું કરવું ?

આ બેઉ પ્રશ્નોનો ઉતર મહાસભાએ આજ વ્યાપક રૂપે આપ્યો છે. પહેલો પ્રશ્ન તેના ક્ષેત્રમાં સીધી રીતે નથી. છતાં કોમી ઐક્ય સાધવાની પાછળ જે મનોભૂમિકા ઊભી કરવામાં આવી છે તેમાં એ ધર્માન્તરના પ્રશ્નનો પૂરો ઉતર આવી જાય છે. એ ઉતરનું આખું શ્રેય ગાંધીજીને ઘટે છે. એમણે બતાવ્યું કે, સૌ ધર્મ તેના તેના અનુયાયી માટે, જો તે શુદ્ધ ભાવે તે પાળવા ઇચ્છે તો, ઉન્નતિકર છે. અને જો તેઓની વચ્ચે સરસાઈનો જ પ્રશ્ન હોય તો, દરેક ધર્મ અધૂરો છે, છતાં દરેકમાં સત્યાંશ છે તેનું અનુશીલન કરી તેને સુધારવા મથવું. અને એમ સૌ ધર્મો સમાન ભાવે જોવા. ધર્માન્તર એ વ્યક્તિના આત્માનું ને સૂક્ષ્મ કાર્ય છે. કોઈ ધર્મ લોભ લાલચ કે ભયને જોરે ધર્મ-પલટો કરાવવા તાકે તો તેટલા જ માત્રે તે અધર્મ કરે છે. સૌ જો પોતપોતાના કર્તવ્યનું ને ધર્મનું પાલન કરે તો, "Sufficient unto the day are the o i's thereof"—દરેકને પોતાપૂરતું 'એક ડગલું બસ' થશે આ માન્યતા વગર સાર્વભૌમ માનવધર્મનું મંડાણ

જ અશક્ય છે. એ મંડાણ, આટલાં સૈકાંના અંધકાર બાદ, આજ આપણી સમન્વય-સંસ્કૃતિનો પ્રતિનિધિ-ત્વ કરે છે, એ એક મોટું સાંસ્કૃતિક સીમાચિહ્ન છે.

બીજો પ્રશ્ન પરપ્રજાનો. આપણા લોક કેટલાય વખત સુધી સમજી જ ન શક્યા કે અંગ્રેજે આપણો ઇતિહાસ ઊંધો વાળ્યો છે. જે પ્રજા આવે તે ઘર કરીને અહીં રહે, એ અગર ધર્માન્તરકારી ધર્મ જેમ નહિ વસનારી પ્રજા એ નવો જ અનુભવ હતો. છતાં આપણે આ સૈકાના પ્રારંભ સુધી એમ જ માનતા હતા કે, ઈશ્વરે જ અંગ્રેજને અહીં મોકલ્યો છે. અંગ્રેજ પરદેશી જ રહેવા માગે તો તે સંસ્કૃતિનો પ્રવાહ જ ઉલટાવે, એ આપણને સૂઝ જ ન પડી તે સૂઝનો સૂરજ પહેલ-વહેલો દાદાભાઈની આર્થિક આંખે જોયો; ને તેમણે 'સ્વરાજ' શબ્દ પણ પોકાર્યો. પરંતુ તેનું ચોક્કસ અને મૂર્તરૂપ તો લાહોરની મહાસભાનો સ્વાતંત્ર્યનો ઠરાવ જ ગણાય. એમાં આપણે સ્પષ્ટ જાહેર કર્યું કે અંગ્રેજ પ્રજાનું હિંદનું રાજ્ય આપણો સામાજિક, આર્થિક, ધાર્મિક, અને સમગ્ર સાંસ્કૃતિક હ્રાસ કરે છે,-પૂર્ણ સ્વરાજ જ એમાંથી ઉગારી છે. અને સાથે સ્પષ્ટતા કરી કે, મિત્ર બનીને જેમ અનેક લોકો હિંદને ઘર કરીને રહ્યા છે તેથી તેઓ આ સમન્વય-સંસ્કૃતિની ભૂમિમાં જરૂર રહી શકે.

આમ, આપણી મહાસભાએ હિંદની સંસ્કૃતિના વહેણને આગળ ધપાવ્યું છે. અને એક એવો વેગ એને આપ્યો છે કે તે જો જામે તો જગતના કેટલાક કોયડા તો આપોઆપ ઉકલી જાય. સંસ્કૃતિવાહક બનવાને કારણે તો મહાસભા, છેલ્લા દોઢ દાયકામાં, પોતાના કાર્યક્ષેત્રમાં સામાજિક, આર્થિક, રાજકીય, એટલે કે સંસ્કૃતિનો સમગ્ર પ્રશ્ન ઉકલતી થઈ ગઈ છે આ બધું વર્તમાન હોવાથી એ વર્ણવવાની જરૂર નથી. આ લેખનો આશય એટલેથી પૂરો થાય છે. મહાસભા આવડી મોટી જબરી બનવામાં પણ એ જ કારણ નથી કે, તેણે આપણી સંસ્કૃતિની સાચી નાડ પારખી તેને વહેવાનો માર્ગ સાફ કર્યો છે! આની પૂરી કદર તો હવે પછીનો ઇતિહાસકાર કરશે.

ધી લક્ષ્મી

[સ્થાપના ૧૯૨૪]

જીંદગીના વીમાના સઘળા ક્ષેત્રોમાં આગળ પડતી

૩૦ મી એપ્રિલ ૧૯૩૭ સુધીમાં પુરા તથા વર્ષ દરમ્યાન પુરૂં કરેલું કામકાજ

રૂા. ૧,૫૧,૦૦,૦૦૦ (રૂપીયા એક કરોડ અને એકાવન લાખ)

બોનસ — આખી જીંદગીપર રૂા. ૨૦ દર વર્ષે દર હજારે
એન્ડોવમેન્ટ પર રૂા. ૧૬ " "

+ તુરત દાવાઓ ચુકવવા માટે જાણીતી થયેલી +

સમસ્ત હિંદ, બર્મા અને સાઉથ આફ્રીકામાં શાખાઓ ધરાવે છે.

વધુ વિગતો માટે લખોઃ—બ્રાંચ સેક્રેટરી.

ધી લક્ષ્મી ઈન્સ્યુરન્સ કાં. લી. બંદર રોડ, કરાચી.

બંદર રોડ પર બંધાનારૂં કંપનીનું નવું મકાન

જે ચાલુ વર્ષ દરમ્યાન લગભગ પાંચ લાખને ખર્ચે [illegible] કંપનીનું તૈયાર થશે. આ આલીશાન મકાન અને તેના ઉપરના બંદર રોડ કરાચી બંદર રોડની મુખ્યમાં [illegible] [illegible] નિશાન છે.